महर्षि कृष्णद्वैपायन वेदव्यासप्रणीत

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

(રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ)

श्रीम

ॐ

महर्षि कृष्णद्वैपायन वेदव्यासप्रणीत

श्रीमहाभारत

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

भाग छट्ठो–शान्तिपर्व

(રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ)

सस्तुं साहित्य वर्धक कार्यालय
સ્થળઃ અમદાવાદ અને મુંબઈ–૨

આ ભાગના રૂ. ૫, સાતે ભાગના ૩૬)

* ओ३म् *
पुस्तक की संख्या.........२९
पुस्तकालय-पञ्जिका-संख्या.........९९-च (1)
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

1265

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

12065 A

११
११ च (1)
दे.

महर्षि कृष्णद्वैपायन वेदव्यासप्रणीत

श्रीमहाभारत

શુદ્ધ ગુજરાતી ભાષાંતર

भाग छट्ठो-शान्तिपर्व

सस्तुं साहित्य वर्धक कार्यालय माटे
भा०क० शास्त्री गिरिजाशंकर मयाशंकर-मु.अमदावाद
संपादक अने प्रकाशकः भिक्षु-अखंडानंद
સ્થળઃ અમદાવાદ અને મુંબઈ-૨

CHECKED 1973
Initial

આ ભાગની પૃષ્ઠસંખ્યા ૯૨૮, ચિત્રસંખ્યા ૪ અને પ્રતસંખ્યા ૩૮૦૦

આ ભાગના છૂટક રૂ. પાંચ-સાતે ભાગના રૂ. ૩૬)

" સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન "

ઈ. સ. ૧૯૨૭, સંવત ૧૯૮૩

અમદાવાદ-રાયખડમાં 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય' માં
ભિક્ષુ-અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત



भक्तवत्सल भगवान श्रीकृष्ण–श्याम मुरारी.

यदा यदाहि धर्मस्य ग्लानिर्भवति भारत। अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्। धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे ॥
આ ભક્તવત્સલ ભગવાન ભજો, વળી જ્ઞાન--કર્મના યોગ સજો.
પ્રભુગાન--ગીતા--બંસી મધુરી! સુણી, સ્વધર્મ લહી, પરધર્મ ત્યજો.

પ્રકાશક--સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઈ ૨ અને અમદાવાદ.

સંપાદકનું નિવેદન

આ સંસ્થા તરફના મહાભારતના સાત ભાગ પૈકી આ છઠ્ઠો ભાગ છે. આમાં અઢાર પર્વોમાંના બારમા ‘ શાન્તિપર્વ ’ નો સમાવેશ છે.

“ ભારતવર્ષમાં મહાભારતના નામથી અપરિચિત કોઈકજ હિંદુ હશે. તે રચાયું ત્યારથી માંડીને અદ્યાપિ સુધી હિંદુજાતિમાં જે જે સંસ્કૃત ગ્રંથો અતિ આકર્ષક, માર્ગદર્શક અને ઉપકારક ગણાતા આવ્યા છે, તેમાં મહાભારત પણ સદા પ્રથમ શ્રેણીમાંજ રહ્યું છે અને રહેશે.”[†]

“મહાભારતરૂપી જે મહાસાગરના એક સ્વલ્પ અંશરૂપ ‘શ્રીમદ્‌ભગવદ્‌ગીતા’ જગતભરના વિદ્વાનોને પોતાના અલૌકિક જ્ઞાનગૌરવથી ચકિત કરી રહી છે; ગીતા ઉપરાંત બીજાં ચાર રત્ન વિષ્ણુસહસ્રનામ, ભીષ્મસ્તવરાજ, અનુસ્મૃતિ અને ગજેન્દ્રમોક્ષ (જેનું એકત્ર નામ‘**પંચરત્ન**’છે), તે રત્નો પણ એજ મહાસાગરમાંથી પ્રાપ્ત કરાયેલાં હોઇ નિત્યપ્રતિ લક્ષાવધિ અધિકારીજનોનાં હૃદયને જ્ઞાનભક્તિના અનુપમ પ્રકાશથી અજવાળી રહ્યાં છે; જે મહોદધિનોજ એક મહત્ત્વનો ખંડ આ “ શાંતિપર્વ ” હોઇને તેમાંનું પ્રશાન્ત ધર્મવારિ, તેમાં નિમજ્જન કરનારાં હજારો ધર્મજિજ્ઞાસુ હૃદયોને શાન્ત, પવિત્ર અને પદાર્થચતુષ્ટય(ધર્મ, અર્થ, કામ અને મોક્ષ)ને પાત્ર બનાવતું આવ્યું છે; જે મહાન ગ્રંથ સહસ્રો વર્ષથી આર્ય નૃપતિઓની પરંપરાને રાજધર્મ અને વીરત્વના અનુપમ આદર્શ દર્શાવતો આવ્યો છે; જે મહાન ગ્રંથે શતાવધિ નૃપતિઓને અને લક્ષાવધિ ક્ષત્રિયોને પ્રભાવિત કરી, તે તે હિતકારી ધર્મપંથે પળાવ્યા છે; જે મહાગ્રંથના શિક્ષણે અતિ વિકટ સમયે પણ પ્રતાપ, ગુરુ ગોવિંદ અને શિવાજી જેવા મહાવીરોને આર્યધર્મની રક્ષા માટે અપૂર્વ ચેતના અને અદ્‌ભુત પરાક્રમ આપી અપાર બળશાળી શત્રુદળો સામે અડગ ભાવે ઉભા રાખ્યા છે; જે મહાન ગ્રંથની જ્વલંત પ્રેરણાઓથી પ્રેરાઇને લક્ષાવધિ ક્ષાત્રકુળદીપક વીરાત્માઓએ આ નશ્વર જગતપ્રત્યેનાં મોહમમતા છોડી દીધાં, અને પોતાનાં પ્રચંડ શરીરોને પ્રફુલ્લવદને સ્વધર્મપાલનના મહાયજ્ઞમાં તૃણની પેઠે હોમી દઈ અત્યંત દિવ્ય એવી વીરગતિને પ્રાપ્ત કરી છે; જે મહાન ગ્રંથ ભારતવર્ષની વર્તમાન દીનહીન દશામાં પણ વિદ્વાનથી માંડી ખેડુત અને રાજાથી માંડી રંકપર્યંતનાં કોટ્યવધિ સંતાનોને આર્યોની પ્રાચીન જાહોજલાલીનું સ્મરણ આપતો થકો એક મણિખચિત સ્મારકસ્તંભરૂપે ભારતવાસીઓને ‘**उत्तिष्ठत जाग्रत,प्राप्य वरान्निबोधत**’ઇત્યાદિ અનેકવિધ **મહામંત્રો** અનેકમુખે સુણાવી રહ્યો છે; અને જે મહાન ગ્રંથ દેવર્ષિ,બ્રહ્મર્ષિ,રાજર્ષિ અને ચારે વર્ણાશ્રમના અનેકાનેક મહાત્માઓનાં ચરિત્રોરૂપી મહામણિઓથી સુશોભિત હોવા ઉપરાંત તેમના વ્યવહારપરમાર્થને લગતા અનેકાનેક પ્રોત્સાહક અનુભવોથી અને ઉન્નતિપ્રદ શિક્ષણોથી ભરપૂર છે; આવો આ આર્યોનાં આદર્શભૂત જ્ઞાનચારિત્ર્યના સંગ્રહથી શોભી રહેલો મહાસાગરસમો મહાભારત ગ્રંથ, તે પોતાના સમગ્ર સ્વરૂપમાં અને ભારતની પ્રત્યેક ભાષામાં પ્રચલિત થઇ પ્રત્યેક હિંદુ–આર્યગૃહને સુશોભિત અને ઉન્નતિપરાયણ કરે અને તેટલા સારૂ તે બને તેટલા સ્વલ્પ મૂલ્યે બહાર પડે, એવું કોણ નહિ ઇચ્છે ?”[†]

એવા મહામહિમાવંતા મહાભારતના એક અગત્યના ખંડરૂપ આ ‘ શાંતિપર્વ ’ હોઇને તેમાં રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મના પેટામાં ચારે વર્ણ અને ચારે આશ્રમના સામાન્ય ધર્મ, વિશેષ ધર્મ, મુખ્ય ધર્મ, ગૌણ ધર્મ ઇત્યાદિ અનેક સ્થળે, અનેક રીતે અને વિસ્તારપૂર્વક

[†] † અત્ર તરફથી આજથી તેર વર્ષપર–સં. ૧૯૭૦માં–નીકળેલા શાંતિપર્વના નિવેદનમાંથીજ આ બંને પેરા સહજ ફેરફાર સાથે લીધા છે.

સમજાવેલું છે. મહાભારતના સમયની તેમજ પ્રાચીન સમયની અનેકાનેક હકીકતો, ચર્ચાઓ, કથા-
ઓ, અનુભવો, સંવાદો અને વર્ણનો વગેરે એમાં એવી સુંદર અને અસરકારક રીતે અપાયાં છે કે
જેથી કરીને ધર્મજિજ્ઞાસુઓ માટે તો આ એકલા શાંતિપર્વને પણ ધર્મરૂપી અમૃતનો સાગર કહી
શકાય. આવા ધર્મસિંધુમાં જે કોઇ જ્ઞાનચારિત્ર્યની ઇચ્છાપૂર્વક ડૂબકી મારી જાણે, તેને તો તેના
તળીઆમાં એવાં એવાં દિવ્ય અને મનોહર રત્નો જણાઇ આવે, કે જેને આન્તરબાહ્ય પ્રદેશમાં-
અર્થાત્ આચારવિચારમાં-ધારણ કરવાથી પછી આ અસાર સંસારસમુદ્રમાં ડૂબી નહિ જવાતાં
સુખપૂર્વક તર્યા કરાય; ભ્રાન્તિરૂપી ભૂતપિશાચો વિષયરૂપી વિષ પાયા કરી ખારા જળ પેરે તેની
તૃષ્ણા વધાર્યે જતાં હતાં, તેને બદલે સત્યસુખદાયક અને જ્ઞાનચારિત્ર્યવર્ધક ધર્મામૃતનાજ ઘુંટડા
પીવાતા ચાલે; અને તેના પરિણામે સાધનચતુષ્ટયરૂપી દિવ્ય સંપત્તિસંપન્ન કોઈ અતિ દયાળુ
નાવિક પણ જરૂર શોધાય અને જડી જાય; કે જેની સહાયથી આ અસાર સંસારરૂપી મહા-
સાગરને કિનારે ઝટ પહોંચી જવાઈ જીવતાંજીવતજ તે સચ્ચિદાનંદ પરમાત્માને પમાય, અને
‘ હરિ કરતાં હરિજન વધે ’ એવા જીવનમુક્ત બની શકાય.
ધર્મજિજ્ઞાસુઓ માટે ‘શાંતિપર્વ’ આવું ઉપકારક હોવાથી પ્રથમ તો માત્ર એ એકજ પર્વ
પ્રસિદ્ધ કરવા વિચાર ઉપજ્યો હતો. આથી અમદાવાદમાં અગાઉ સદ્ગત શ્રીમાન ભાઇશંકર સોલી-
સીટરની સહાયથી મહાભારતના પેટામાં શાંતિપર્વની જે ત્રણ આવૃત્તિઓ નીકળેલી; અને જેનું
ભાષાંતર સાક્ષરવર્ય શ્રી છોટાલાલ નિર્ભયરામના હાથથી તૈયાર થયેલું હોઇ તત્રપ્રકાશિત મહાભા-
રતનાં અન્ય પર્વો કરતાં ચઢીઆતું જણાયેલું, તેને માટે ઘટતી પરવાનગી લેવામાં આવી હતી;
તથા પુષ્કળ સંશોધનાદિ કરાવીને અત્ર તરફથી તેની ચોથી આવૃત્તિ (સં. ૧૯૭૦માં) પ્રસિદ્ધ કરાઇ હતી.

પરંતુ એ પછી શાંતિપર્વની એ આવૃત્તિ ખલાસ થાય તે પહેલાંજ મહાભારતનું નવું અને વધારે સારૂં ભાષાંતર તૈયાર કરાવવાનો સુયોગ મળી આવ્યો; અને તેને અંગે શાંતિપર્વનું ભાષાંતર પણ વધારે સારૂં તૈયાર થવાની આશા બંધાઈ; અને તેથી એ આવૃત્તિ ખૂટયા પછી પણ તે નવુંજ ભાષાંતર છપાવવાની વલણ રહ્યા કરી.

આવી રીતે આ બાબતમાં પ્રથમ તો જનવર્ગના કિસ્મતે કંઇક જોર કરેલું જણાયું; પરંતુ પાછળથી એમાં પણ તત્કાળ માટે તો ‘ **दरिद्राणां मनोरथाः** ’ અથવા ‘અકર્મીના પડિયા કાણા’ એવુંજ જણાયું. પેલો દેવ જેવો બ્રાહ્મણપુત્ર (શાસ્ત્રીજી કરુણાશંકર ભાનુશંકર) કે જે ‘મહેનતમાં કાંઇ કસર ન કરે, (અને તે છતાં પણ) બદલાની આશા નવ ધરે’ એવો દૈવી પ્રકૃતિવાળો હોઇને પૂર્ણ ઉત્સાહથી ભાષાંતરકાર્ય ચલવ્યે જતો હતો; તે અર્ધું પણ તૈયાર કરવા પામે તે પહેલાંજ નશ્વર દેહ તજી કૈલાસવાસી થયો! પરમાત્મા તેના પુણ્યાત્માને અધિકાધિક ઉન્નતિ અર્પી સચ્ચિદાનંદપદે સ્થાપે, એવી પ્રભુપ્રાર્થના સાથે પ્રત્યેક વાંચનારને પણ વિનતિ છે કે તેઓ પણ એ પ્રાર્થનામાં સામિલ થાય.×

× આ પ્રમાણે એ શાસ્ત્રીજી સદ્ગત થયા અને શાંતિપર્વની માગણી તો જારીજ હતી, એટલે પાછું તેનું તેજ ભાષાંતર પુનઃ પ્રસિદ્ધ કરવાના વિચારો આવેલા; પરંતુ એવામાં ઈશ્વરકૃપાથી આબેહુબ એજ ભાષાંતર (પાંચમી આવૃત્તિરૂપે) એક પ્રકાશકદ્વારા પ્રસિદ્ધ થયેલું જણાયું હતું.

જો કે એ આવૃત્તિ તેમણે નાના અક્ષરમાં અને રૂા. સાડાઅગીઆરની કિંમતે કાઢી હતી; અને જે ભાષાંતર ઉપર જણાવ્યું તેમ આ સંસ્થાએ સદ્ગત ભાઈશંકર મહોદયની લેખિત પરવાનગી લઇને તથા ખર્ચપૂર્વક સંશોધન કરાવીને (ચોથી આવૃત્તિરૂપે) છપાવેલું, તેજ ભાષાંતર આ સંસ્થાને પૂછયાવિના અક્ષરશઃ છપાવી દીધું હતું; તથા અત્ર તરફની એ (ચોથી) આવૃત્તિના મુખપૃષ્ઠમાં સંશોધકતરીકે શાસ્ત્રી નરહરિ શર્માનું નામ અપાયેલું તે, તેમજ નિવેદનમાં જરૂરી હકીકત અપાયેલી, તેમાંનું પણ કશુંજ નહિ લેતાં તેમણે ઉલટું એવાજ ભાવનું છાપી મારેલું કે, એ પુસ્તકના સર્વ હક્ક તેમને સ્વાધીન છે! માની લઇએ કે સ્વ૦ ભાઈશંકર મહોદયે આ સંસ્થા ઉપરાંત તેમને પણ પરવાનગી આપી હોય; પરંતુ તેઓ સ્વપ્રકાશિત ત્રીજી આવૃત્તિને બદલે આ સંસ્થાએ ખાસ ખર્ચ અને સંશોધનાદિપૂર્વક જે ચોથી આવૃત્તિ છપાવેલી તે મુજબ છાપવાની પરવાનગી આ સંસ્થાની જાણ બહાર આપી દે એવા ભોળા તો હતાજ નહિ.

આવી વિલક્ષણ નીતિપૂર્વક એ આવૃત્તિ એ બંધુએ પ્રસિદ્ધ કર્યા પછી વળી એકવાર કોણ જાણે કેવી સમજણથી એક પત્ર પણ એવા ભાવનો મોકલેલો કે, એ પુસ્તક આ સંસ્થાએ છપાવવું નહિ!

અસ્તુ. એવું તેવું થવા છતાં પણ આ સેવકને ન તો મેળવેલી પરવાનગી બાતલ ગયેલી લાગી, કે ન તો

આમ થવાથી પછી સામાન્ય દૃષ્ટિથી તો આ સેવકે અન્ય સારા અનુવાદકની શોધ કરવીજ જોઇતી હતી; પરંતુ એ દૃષ્ટિથી શોધવા-સાધવા જેવા અન્ય પણ પ્રસંગોએ એવું તેવું બની શકેલું નહિ, તેમ આ પ્રસંગે પણ નજ બની શક્યું. એક તો અન્ય સદ્ગ્રંથોના અને પુનરાવૃત્તિઓના તૈયાર સંયોગોને સેવવા આડે વખત મળે નહિ; અને બીજી તરફ શ્રદ્ધામૈયા પણ એવુંજ કહ્યા કરે કેઃ-'ગાંડા, પાછો પેલી વાત અને પ્રભુની કબુલાત ભૂલી ગયો! ડાહ્યો થઇને મહત્ત્વના સંયોગ માટે તો નિર્ણય અને પ્રયત્ન, બધું તે સર્વપ્રેરક સર્વેશ્વરનેજ સાંપતો રહે; અને તું તો તેના તરફથી જે કાંઇ સાધન-સંયોગ આપોઆપ પ્રેરાઇ આવે તેનેજ રૂડે પ્રકારે પહોંચી વળાય તેમ કર, એટલે એવા થોડા કાર્યને પણ તે ભક્તવત્સલ ભગવાન હજારોગણું માની લેશે.' આથી આ સેવકથી પણ મહાભારત જેવા મહાન ગ્રંથના અનુવાદન માટે કોઇ કોઇ સજ્જનો આપોઆપ આવી મળે, તેમને-તેમનું નમુના દાખલ કાર્ય કાંઈપણ ઉતરતા જેવું જણાતાં-નાજ કહી દેવાતી. જેવું પણ મળી આવે તેવું ચલાવી લેવું હોત, તો તો સદ્ગત ભાઈશંકર નાનાભાઇ બધા ભાષાંતરની રજા આપવાને તૈયાર હતા; અને વર્તમાન પેટાયુગ માટે એ ભાષાંતર છેક સામાન્ય હોવા છતાં પણ તે કિંમતમાં તો ગુજરાતી પ્રેસની તે સમયની કિંમત (રૂા. ૨૫-૩૦) કરતાં અર્ધીજ કિંમતે અપાય તેમ હતું; એટલે તે પણ ખપી તો જાતજ.+ પરંતુ સસ્તાની સાથે સારૂં હોવાની સમજણ પણ પાયામાંજ પડી ચૂકેલી, એટલે સારા અનુવાદક મળી આવતાં સુધી બીજાં પર્વો ભેગું શાંતિપર્વનું ભાષાંતર પણ અનેક વર્ષસુધી અદ્ધરજ રહ્યું. એ પછી ઈશ્વરકૃપાથી આજથી ત્રણેક વર્ષપર જ્યારે બીજો એક સંસ્કૃતજ્ઞ બ્રાહ્મણપુત્ર (શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકર) લગભગ કૈલાસવાસી શાસ્ત્રીજીના જેવીજ યોગ્યતા અને કાળજીવાળો આવી મળ્યો, ત્યારેજ એ મહાભારતના બાકી રહેલા કાર્યભેગું શાંતિપર્વનું પણ ભાષાંતર આવા રૂપે તૈયાર થવા પામ્યું અને આજે આ ગ્રંથરૂપે બહાર પડ્યું.

હવે મહાભારતના સાત ગ્રંથો સાથે આ શાન્તિપર્વની પ્રતો છપાવા ઉપરાંત વધારે પ્રતો પણ છપાઇ છે; એટલે એકલો એ ભાગ લેનારાની જાણ માટે અહીં પણ જણાવવાનું કેઃ-

મહાભારતના એકંદર કદના શુમારે પાંચમા ભાગ જેટલું આ પુસ્તક હોવા છતાં તેનું મૂલ્ય રૂા. ૩૬)ને ફાળે સાત રૂપિયા નહિ રખાતાં, માત્ર પાંચજ રૂપિયા શાથી રખાયું? હકીકત એવી છે કે,-ભાષાંતર, નવાં ચિત્ર, કંપોઝ, શોધન વગેરેનો ખાસ ખર્ચ મહાભારતના આખા સૅટ ઉપર ચઢી ચૂકેલો હોવાથી છુટક માગણીના સંભવપર શાન્તિપર્વની જે વધુ પ્રતો છપાઇ તેના ઉપર ચઢયો નથી.

क-કોઇને ઉપલક દૃષ્ટિથી એમ લાગે કે આ સંસ્થાએ ચાલુ સાલમાંજ બે પ્રકારની રામાયણો પ્રસિદ્ધ કરી, તેના કરતાં આ મહાભારતનું કદ બહુ તો ચારગણું થાય; છતાં મૂલ્ય તેનું છગણું શાથી રખાયું હશે ? મહાભારતના હાલના પહેલા ભાગમાં (આદિ અને સભાપર્વમાં) તેમજ વાલ્મીકિ રામાયણની હાલની આવૃત્તિમાં મૂલ્યની જે ગણના અપાઇ છે તથા અપાશે તે ધ્યાનપૂર્વક જોનારને તો એનાં કારણો સમજાયજ; પરંતુ તે સર્વ કોઇને સહજે સમજાય તે સારૂ જણાવવાનું કેઃ—

વગરફીએ વકીલ બૅરિસ્ટર મળે તેવું છતાં કોર્ટે ચઢી નાદ ઉતારવાની બુદ્ધિ જાગી. એટલુંજ નહિ પણ ઉંડા વિચાર પછી પ્રભુએ સાદેસાદી એવીજ બુદ્ધિપ્રસાદી આપી કે, 'જે ધર્મગ્રંથ ખલાસ થઇ જવાથી મળી શકતો નહિ, તે ગ્રંથ એ પ્રકાશકે કોઈ પણ રીતે ને કિંમતે કાઢયો તે ઠીકજ કર્યું છે. કેમકે જેઓને તેની તત્કાળમાં જરૂર હોય અને એટલા ખર્ચની સગવડ હોય, તેઓ માટે તો એટલી કિંમતવાળી એ આવૃત્તિ પણ ઉપકારકજ ગણાય. વળી અમદાવાદવાળા ભાષાંતર સાથે એ પ્રકાશકને હાથે શાંતિપર્વનું એ સંશોધિત ભાષાંતર અપાશે તે પણ તેટલે અંશે વધારેજ લોકહિતાવહજ થશે.' આવી બુદ્ધિ ઉપજવાથી થયું એમ કે જે કારણથી એ ગ્રંથ એના એ રૂપમાં છપાવવાની ઉતાવળ પેઠેલી તે પણ અમુક સમયમાટે દૂર થઇ; અને નવા સારા ભાષાંતરમાટે વધારે મોડું થાય તેની પણ ફિકર ગઈ!

+ કેમકે એ સમયે સસ્તાપણા વગેરેને લીધે અત્ર તરફથી એ ગ્રંથ રૂ. ૧૬ માં અને પ્રથમથી ગ્રાહક થનાર માટે ૧૨ાા માં કહાડવાની યોજના હતી.

× અત્ર તરફથી મહાભારતનું હાલનું મૂલ્ય ઠરાવવાની ગણના ઉપરાંત બીજી પણ બનતી હકીકતો મહાભારતના પહેલા કે છેલ્લા ગ્રંથમાં અપાશે તે પણ વાંચવા ભલામણ છે.

૧ અત્ર તરફથી હાલ પ્રસિદ્ધ થયેલી બન્ને રામાયણોમાં કાગળો પચાસ રતલી વપરાયા છે, ત્યારે આ મહાભારતના ગ્રંથમાં તે સાઠ રતલી વપરાયા છે.

૨ વાલ્મીકિ રામાયણ કરતાં મહાભારતનું કદ ચારગણું છે, પણ તેના ભાગો ચારને બદલે સાત બંધાવ્યા છે.

૩ કોઇપણ પુસ્તકની ચાર હજાર પ્રત છપાવતાં દર પ્રતે જે લાગત આવે, તેના કરતાં બે હજાર પ્રત છપાયાથી વધુ લાગત આવે છે.×

ख-રામાયણ કરતાં મહાભારતમાં ચિત્રોનું પ્રમાણ ઓછું છે, તે બદલ પણ મૂલ્ય ઓછું આવવું જોઇએ કે નહિ ? એ વિષે જણાવવાનું કે, મહાભારતનાં ચિત્ર અને બ્લૉક લગભગ બધાંજ નવાં કરાવવાં પડેલાં; તેવું રામાયણની બાબતમાં ન હતું. વળી રામાયણની બાબતમાં એવો તેવો જે ખાસ ખર્ચ થયેલો તે પણ (બન્ને રામાયણો મળીને) આઠ હજાર પ્રત ઉપર ફળવાઇ ગયેલો; ત્યારે મહાભારતમાં તો તે બે હજારજ પ્રતોપર ફાળવવો પડયો છે.

હવે ભાષાંતરાદિ બાબતમાં શાંતિપર્વની આગલી આવૃત્તિમાં જે કાંઇ લખ્યું છે તે ગમે તેના ગમે તે ગ્રંથમાટે પણ લાગુ પડે એવું હોવાથી અમે તો આ સંસ્થાનાં પણ સર્વ પુસ્તકોને તે લાગુ સમજીને આ ગ્રંથના પણ ભાષાંતરાદિ માટે જણાવીશું કેઃ-

"આવાં કાર્યોપર જેમ જેમ અધિક દ્રવ્યનો, સમયનો અને શ્રમનો વ્યય કરવામાં આવે, તેમ તેમ તે અધિક ઉત્તમતાવાળાં બને એ તો સ્પષ્ટજ છે; અને તેથી એ દૃષ્ટિએ જોતાં તો જગતમાંનું કોઇપણ કાર્ય કાંઇ ને કાંઇ દોષ કે ન્યૂનતાવાળુંજ જણાઇ રહે તેમ છે. બીજા હાથપર તેનાથી ઉતરતા પદાર્થ વા કાર્યની સાથે સરખાવતાં તેજ કાર્ય 'ચઢતું' લાગે એ પણ સ્વાભાવિક છે. આથી આ ભાષાંતરમાટે પણ એટલુંજ કહીશું કે પ્રાપ્ત સંયોગાનુસાર તે બને તેટલા સારા રૂપમાં અનુવાદિત અને મુદ્રિત કરાવવા પ્રયત્ન કર્યો છે; અને વિશેષ યોગ્યતાવાળી તૈયારી જો કોઇ વિદ્વાન વા ધનવાન કરી કરાવી આપશે, તો બહુ ઉપકાર સાથે પુનરાવૃત્તિ વખતે તેનો ઉપયોગ કરીશું અને જો તે પોતેજ બહાર પાડશે તો એથીએ વધુ ઉપકૃત થઇશું." ÷

"શાન્તિપર્વના કોઇ કોઇ અધ્યાયમાં કપટ ઇત્યાદિની કનિષ્ઠ નીતિ આવેલી હોય, તેને પણ ઉત્તમ નીતિ માનવાની ભૂલ ન થઇ જાય, તેની વાચકે બહુ સાવચેતી રાખવાની છે. આવું તેવું જે કંઇ આવે તેને અર્થભેદની, પ્રસંગભેદની કે અધિકારભેદની ખેંચાતાણ કરીને બંધબેસ્તું કરવા મથવું, તેના કરતાં અમને તો એજ માન્યતા ઠીક લાગે છે કે, ગ્રંથને રચાયા પછીનાં હજારો વર્ષમાં અનેક કારણોસર તેમાં લોભી અને વામમાર્ગી જેવા રાજસતામસ પંડિતોએજ કાઢઘાલ કરેલી હોવી જોઇએ."÷

સર્વ દિવ્ય સંપત્તિઓના અમાપ સાગરસ્વરૂપ સર્વેશ્વરના સ્મરણપૂર્વક ૐ **तत्सत्**

અમદાવાદ
સંવત ૧૯૮૩-જ્યેષ્ઠ માસ }

લી૦ અવગુણસાગર **ભિક્ષુ-અખંડાનંદ**ના યથાયોગ્ય

÷ આ પેરાઓ શાન્તિપર્વની અત્ર તરફની આગલી આવૃત્તિમાંથી (થોડા સુધારા સાથે) લીધા છે.

અનુક્રમણિકા

અધ્યાય વિષય પૃષ્ઠાંક

રાજધર્માનુશાસન પર્વ

૧ કર્ણના વધમાટે યુધિષ્ઠિરનો પશ્ચાત્તાપ ૩
૨ કર્ણને શાપ થવાનું કારણ … … ૬
૩ કર્ણને બ્રહ્માસ્ત્રની પ્રાપ્તિ… … … ૭
૪ દુર્યોધને સ્વયંવરમાંથી કરેલું કન્યાહરણ ૯
૫ કર્ણનું પરાક્રમ … … … … ૧૦
૬ જગતની સર્વ સ્ત્રીઓને યુધિષ્ઠિરનો શાપ ૧૧
૭ રાજ્યનો ત્યાગકરી હુંવનમાંચાલ્યોજઇશ ૧૨
૮ અર્જુનનાં વાક્યો–ધનવિના ધર્મ નથી. ૧૫
૯ યુધિષ્ઠિરનાં વાક્યો–ના, હું તો સંન્યાસીજ થઇશ. … … … … ૧૭
૧૦ ભીમસેનનું ભાષણ–ક્ષત્રિયને માટે સંન્યાસ છેજ નહિ. … … … ૨૦
૧૧ ઋષિઓ અને પક્ષીનો સંવાદ … … ૨૨
૧૨ નકુલનું ભાષણ–ગૃહસ્થાશ્રમજ શ્રેષ્ઠ છે. ૨૪
૧૩ સહદેવનું ભાષણ–મમતાજ મૃત્યુરૂપ છે. ૨૬
૧૪ દ્રૌપદીની વિનવણી … … … ૨૮
૧૫ અર્જુનનું પુનર્ભાષણ–દંડનીતિનું પ્રાધાન્ય ૩૦
૧૬ ભીમનું પુનર્ભાષણ–દેહની પીડાથી આત્મા પીડાતો નથી,પણ મનજ પીડાય છે. ૩૩
૧૭ યુધિષ્ઠિરવાક્ય–તપશ્ચરણથી સુખ મળે છે. ૩૫
૧૮ અર્જુનવાક્ય–વિદેહી જનકની પેઠે વર્તો. ૩૭
૧૯ યુધિષ્ઠિરવાક્ય–આત્મતત્ત્વ દુર્જ્ઞેય છે. ૩૯
૨૦ યુધિષ્ઠિરને દેવસ્થાનનો ઉપદેશ … ૪૧
૨૧ દેવસ્થાનનો ઉપદેશ (ચાલુ) … … ૪૨
૨૨ અર્જુનવાક્ય–ક્ષાત્રધર્મનેજ માન આપો. ૪૪
૨૩ વ્યાસનો ઉપદેશ–શંખ ને લિખિતનીકથા ૪૪
૨૪ વ્યાસનો ઉપદેશ (ચાલુ) … … ૪૭
૨૫ સંસારનું સ્વરૂપ… … … … ૪૯
૨૬ યુધિષ્ઠિરનાં વાક્યો–સર્વ દોષોનું મૂળ ધન છે. … … … … … ૫૧
૨૭ યુધિષ્ઠિરનો ખેદ … … … … ૫૩
૨૮ બ્રાહ્મણઅશ્માનો અને જનકરાજાનો સંવાદ ૫૫
૨૯ શ્રીકૃષ્ણનો ઉપદેશ–સોળ રાજાઓનાં ચરિત્રો … … … … … ૫૯
૩૦ નારદ અને પર્વતમુનિનું આખ્યાન ૬૭
૩૧ સુવર્ણષ્ઠીવીનું જન્મવૃત્તાંત … … ૬૯

અધ્યાય વિષય પૃષ્ઠાંક
૩૨ રાજાઓનું કર્તવ્ય … … … ૭૧
૩૩ કાળજ સર્વનો ભક્ષક છે. … … ૭૩
૩૪ પાપપુણ્યવિચાર … … … … ૭૫
૩૫ પ્રાયશ્ચિત્તાધ્યાય … … … … ૭૭
૩૬ ભગવાનમનુએ કહેલો ભક્ષ્યાભક્ષ્યવિવેક ૮૧
૩૭ યુધિષ્ઠિરનો શોકત્યાગ અને હસ્તિનાપુરમાં પ્રવેશ … … … … ૮૪
૩૮ રાજમંદિરમાં પ્રવેશ અને ચાર્વાકનો વધ ૮૬
૩૯ ચાર્વાકવૃત્તાંત … … … … ૮૮
૪૦ યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક … … ૮૯
૪૧ રાજ્યરક્ષામાટે અધિકારીઓની યોજના ૯૦
૪૨ યુધિષ્ઠિરે સંબંધીઓનાં શ્રાદ્ધ કર્યાં. ૯૧
૪૩ આભારપ્રદર્શન–શ્રીકૃષ્ણસ્તુતિ … ૯૨
૪૪ ગૃહવિભાગ … … … … ૯૩
૪૫ યુધિષ્ઠિર અને શ્રીકૃષ્ણ … … … ૯૪
૪૬ મહાપુરુષ ભીષ્મની પ્રશંસા … … ૯૫
૪૭ શ્રીભીષ્મસ્તવરાજ … … … ૯૭
૪૮ પરશુરામચરિત્રનો ઉપક્રમ … …૧૦૬
૪૯ પરશુરામચરિત્ર … … … …૧૦૭
૫૦ શ્રીકૃષ્ણ અને ભીષ્મ … … …૧૧૧
૫૧ ભીષ્મ અને શ્રીકૃષ્ણનો સંવાદ … ૧૧૩
૫૨ ભીષ્મને શ્રીકૃષ્ણનું વરપ્રદાન … ૧૧૫
૫૩ શ્રીકૃષ્ણાદિકનું ભીષ્મ પાસે પુનર્ગમન ૧૧૬
૫૪ શ્રીકૃષ્ણની ભીષ્મને આજ્ઞા … ૧૧૮
૫૫ ભીષ્મકૃત યુધિષ્ઠિરઆશ્વાસન … ૧૨૦
૫૬ રાજધર્મનો ઉપદેશ … … ૧૨૧
૫૭ રાજધર્મનો ઉપદેશ (ચાલુ) … ૧૨૫
૫૮ સંક્ષિપ્ત રાજધર્મ … … ૧૨૮
૫૯ રાજા અને રાજ્યબંધારણનો કાળ ૧૩૦
૬૦ વર્ણાશ્રમધર્મ … … … ૧૩૮
૬૧ આશ્રમોના ધર્મો … … … ૧૪૨
૬૨ બ્રાહ્મણોના ધર્મો … … … ૧૪૪
૬૩ ચારેય આશ્રમધર્મોનો રાજધર્મ સાથે સંબંધ … … … ૧૪૫
૬૪ ક્ષાત્રધર્મની શ્રેષ્ઠતા … … ૧૪૭
૬૫ ઇંદ્રના રૂપમાં આવેલા વિષ્ણુ અને માંધાતાનો સંવાદ … … ૧૪૯

અધ્યાય વિષય પૃષ્ઠાંક
૬૬ રાજધર્મજ સર્વ ધર્મોનું કેન્દ્ર છે. ૧૫૧
૬૭ રાષ્ટ્રમાં રાજાની આવશ્યકતા … ૧૫૪
૬૮ બૃહસ્પતિએ વર્ણવેલું રાજાનું ગૌરવ ૧૫૬
૬૯ રાજ્યરક્ષાના ઉપાયો અને દંડનીતિ મહત્ત્વ … … … … ૧૫૯
૭૦ રાજાના વર્તનના છત્રીસ પ્રકારો ૧૬૫
૭૧ રાજધર્મનો સંક્ષેપ … … ૧૬૬
૭૨ બ્રાહ્મણોની શ્રેષ્ઠતાવિષે વાયુ અને પુરૂરવાનો સંવાદ… … … ૧૬૮
૭૩ રાજપુરોહિત કેવો કરવો જોઇએ? ૧૬૯
૭૪ મહારાજા મુચુકુંદનું જીવનચરિત્ર ૧૭૩
૭૫ રાજ્ય કરવું એજ રાજાનો ધર્મ છે. ૧૭૪
૭૬ બ્રાહ્મણોના ભેદ … … … ૧૭૬
૭૭ રાજા કૈકેયનું આખ્યાન … ૧૭૭
૭૮ આપદ્ધર્મ … … … ૧૭૯
૭૯ ઋત્વિજનાં લક્ષણો અને યજ્ઞની આવશ્યકતા … … … ૧૮૨
૮૦ મિત્રામિત્રવિચાર… … … ૧૮૩
૮૧ શ્રીકૃષ્ણ અને નારદનો સંવાદ … ૧૮૬
૮૨ કાલકવૃક્ષીય મુનિનું આખ્યાન … ૧૮૮
૮૩ સભાસદો વગેરે કેવા હોવા જોઇએ? ૧૯૨
૮૪ ઇંદ્ર અને બૃહસ્પતિનો સંવાદ … ૧૯૬
૮૫ અમાત્યયોજના અને વિવાદનિર્ણય ૧૯૭
૮૬ રાજધાનીનું શહેર કેવું હોવું જોઇએ? ૧૯૯
૮૭ રાષ્ટ્રરક્ષણના પ્રકાર … … ૨૦૧
૮૮ કોશસંચય કેવી રીતે કરવો? … ૨૦૪
૮૯ રાજનીતિવર્ણન … … … ૨૦૬
૯૦ ઉતથ્યગીતા–ધર્મનું મહત્ત્વ … ૨૦૭
૯૧ ઉતથ્યગીતા–રાજાનાં કર્તવ્ય … ૨૦૯
૯૨ વામદેવગીતા–રાજાનાં વર્તન … ૨૧૨
૯૩ વામદેવગીતા–રાજોપનિષદ્ … ૨૧૪
૯૪ વામદેવગીતા–રાજધર્મ … ૨૧૬
૯૫ યુદ્ધધર્મ … … … … ૨૧૭
૯૬ વિજયી રાજાનો ધર્મ … … ૨૧૮
૯૭ યુદ્ધજન્ય પ્રાણીહત્યાનું પ્રાયશ્ચિત્ત અને યુદ્ધમરણનું માહાત્મ્ય … … ૨૨૦
૯૮ યુદ્ધયજ્ઞ અને તેના ફળનું વર્ણન … ૨૨૧
૯૯ વીર પુરુષનું વર્તન … … ૨૨૪
૧૦૦ યુદ્ધ કરવાની રીતિ … … ૨૨૫
૧૦૧ શૂરાઓનાં લક્ષણ … … ૨૨૯
અધ્યાય વિષય પૃષ્ઠાંક
૧૦૨ વિજયનાં લક્ષણો અને સામાદિક ઉપાયોનું મહત્ત્વ… … … ૨૩૦
૧૦૩ શત્રુને જીતવાના ઉપાયો… … ૨૩૩
૧૦૪ ઐશ્વર્ય સદાને માટે સ્થિર રહેતું નથી. ૨૩૬
૧૦૫ બળવાન શત્રુને કપટથી પણ જીતવો. ૨૪૦
૧૦૬ કપટ કરવા નહિ ઇચ્છતો ધાર્મિક રાજા સાંત્વથી પણ શત્રુને જીતે છે. ૨૪૨
૧૦૭ વીરપુરુષોના સમુદાયોનું વર્તન … ૨૪૩
૧૦૮ માતા, પિતા અને ગુરુનું માહાત્મ્ય ૨૪૫
૧૦૯ સત્યાસત્યવિભાગ… … … ૨૪૭
૧૧૦ સંકટો તરી જવાના ઉપાયો … ૨૫૦
૧૧૧ વ્યાઘ્ર અને શિયાળની કથા … ૨૫૧
૧૧૨ આળસનું પરિણામ–એક ઉંટની કથા ૨૫૭
૧૧૩ નમ્રતા રાખવાવિષે નેતરનું દૃષ્ટાંત ૨૫૮
૧૧૪ દુર્જન સામે દુર્જન થવું નહિ … ૨૫૯
૧૧૫ રાજાના સહાયકો કેવા હોવા જોઇએ? ૨૬૧
૧૧૬ એક શ્વાનનું દૃષ્ટાંત … … ૨૬૨
૧૧૭ નીચ તે તો નીચજ–શ્વાનની કથા ૨૬૩
૧૧૮ અમાત્ય અને રાજાના ગુણો … ૨૬૫
૧૧૯ પરીક્ષા કરીનેજ સેવકોને રાખવા. ૨૬૬
૧૨૦ સંક્ષિપ્ત રાજનીતિ… … … ૨૬૭
૧૨૧ દંડનું સ્વરૂપ … … … ૨૭૨
૧૨૨ દંડની ઉત્પત્તિ … … … ૨૭૫
૧૨૩ ધર્મ, અર્થ અને કામ–એ ત્રિવર્ગનો વિચાર … … … … ૨૭૮
૧૨૪ શીલનું મહત્ત્વ અને તેની પ્રાપ્તિનો ઉપાય … … … … ૨૮૦
૧૨૫ ઋષભગીતા–સુમિત્રની મૃગયા … ૨૮૪
૧૨૬ ઋષભગીતા–કોણ વિશાળ ? આશા કે આકાશ ? … … … ૨૮૫
૧૨૭ ઋષભગીતા–રાજા વીરદ્યુમ્ન અને તનુઋષિનો સંવાદ … … ૨૮૬
૧૨૮ ઋષભગીતા–આશા, આકાશના કરતાં પણ વિશાળ છે અને ક્ષુદ્ર છે. ૨૮૮
૧૨૯ માતાપિતાના ઋણમાંથી કેમ છૂટાય? ૨૮૯
૧૩૦ આપત્તિના સમયે દ્રવ્ય મેળવવાનો ઉપાય … … … … ૨૯૦

આપદ્ધર્મ પર્વ

૧૩૧ આપત્સમયનાં રાજાનાં વર્તન … ૨૯૭
૧૩૨ આપત્પ્રસંગે રાજર્ષિઓના આચાર ૨૯૮
૧૩૩ કોશ(ભંડાર)સંગ્રહની આવશ્યકતા ૩૦૦

અધ્યાય વિષય પૃષ્ઠાંક
૧૩૪ બળની શ્રેષ્ઠતા ૩૦૨
૧૩૫ કાયવ્ય લૂંટારાની કથા ૩૦૩
૧૩૬ કોશસંચય અને તેનો ઉપયોગ... ૩૦૫
૧૩૭ ત્રણ માછલાંઓની વાર્તા ... ૩૦૫
૧૩૮ મહાવિકટ સમયે શત્રુસાથે પણ સંધિ કરવી. ૩૦૭
૧૩૯ રાજા બ્રહ્મદત્ત અને પૂજની(ચકલી)-નો સંવાદ ૩૧૮
૧૪૦ મુનિ ભારદ્વાજ અને શત્રુંજય રાજાનો સંવાદ ૩૨૫
૧૪૧ બાર વર્ષનો ભયંકર દુષ્કાળ ... ૩૩૧
૧૪૨ શાસ્ત્રજ્ઞાન બુદ્ધિપૂર્વકજ હોવું જોઇએ ૩૩૮
૧૪૩ એક પારધિ અને હોલાની કથા ૩૪૧
૧૪૪ હોલાની ચિંતા અને સ્ત્રીપ્રશંસા ૩૪૨
૧૪૫ હોલીનાં વચનો ૩૪૩
૧૪૬ અતિથિસત્કાર-હોલાનું આત્મસમર્પણ ૩૪૪
૧૪૭ પારધિનો વૈરાગ્ય ૩૪૫
૧૪૮ હોલો ને હોલી સ્વર્ગમાં ! ... ૩૪૬
૧૪૯ પારધિ પણ સ્વર્ગમાં ગયો. ... ૩૪૭
૧૫૦ ઇંદ્રોત અને જનમેજયનો સંવાદ ૩૪૮
૧૫૧ બ્રાહ્મણોનો દ્રોહ નહિ કરવામાટે જનમેજયની પ્રતિજ્ઞા ૩૪૯
૧૫૨ ઇંદ્રોતનો ઉપદેશ ને જનમેજયની શુદ્ધિ ૩૫૧
૧૫૩ ગીધ અને શિયાળનો વિવાદ ... ૩૫૩
૧૫૪ શાલ્મલિવૃક્ષની કથા ૩૬૦
૧૫૫ શાલ્મલિના મિથ્યા પ્રલાપ ... ૩૬૧
૧૫૬ વાયુનો કોપ ૩૬૨
૧૫૭ શાલ્મલિનો નાશ અને કથાનું તાત્પર્ય ૩૬૩
૧૫૮ લોભજ સર્વ અનર્થોનું કારણ છે. ૩૬૪
૧૫૯ અજ્ઞાનનું વર્ણન... ... ... ૩૬૬
૧૬૦ દમ-ઇંદ્રિયનિગ્રહનું માહાત્મ્ય ... ૩૬૭
૧૬૧ તપની પ્રશંસા... ... ... ૩૬૯
૧૬૨ સત્યની પ્રશંસા ૩૭૦
૧૬૩ ક્રોધાદિક તેર શત્રુઓનું નિરૂપણ ૩૭૧
૧૬૪ નૃશંસ-ઘાતકી પુરુષનાં લક્ષણો ૩૭૩
૧૬૫ પાપો અને તેનાં પ્રાયશ્ચિત્તો ... ૩૭૪
૧૬૬ ખડ્ગ(તરવાર)ની ઉત્પત્તિ ... ૩૭૮
૧૬૭ ષડ્જગીતા-ધર્માદિ ત્રિવર્ગનું કથન ૩૮૩
૧૬૮ કૃતઘ્ન આખ્યાન-કેવાની સાથે મિત્રતા કરવી ? ૩૮૬
૧૬૯ કૃતઘ્ન આખ્યાન-ગૌતમને બકરાજ નાડિજંઘનાં દર્શન ૩૮૯
૧૭૦ કૃતઘ્ન આખ્યાન-ગૌતમનો મેરુવ્રજ નગરમાં પ્રવેશ ૩૯૦
૧૭૧ કૃતઘ્ન આખ્યાન-ગૌતમને દ્રવ્યપ્રાપ્તિ અને તેનો દુષ્ટ વિચાર ૩૯૧
૧૭૨ કૃતઘ્ન આખ્યાન-ગૌતમનું ઘોર પાપ અને તે પાપનું ભયંકર ફળ ... ૩૯૩
૧૭૩ કૃતઘ્ન આખ્યાન-સજ્જન કદી દુર્જન થતોજ નથી. ૩૯૫

મોક્ષધર્મ પર્વ

૧૭૪ રાજા સેનજિત્ અને બ્રાહ્મણનો સંવાદ-પિંગલાગીતા ૩૯૭
૧૭૫ પિતા-પુત્રનો સંવાદ ૪૦૨
૧૭૬ શંપાકગીતા-ત્યાગવિના સુખ નથી. ૪૦૪
૧૭૭ મંકિગીતા—દૈવબળવિના પુરુષાર્થ વ્યર્થ છે. ૪૦૬
૧૭૮ બોધ્યગીતા-મારા ગુરુઓ છ છે. ૪૦૯
૧૭૯ અજગરવૃત્તિની પ્રશંસા... ... ૪૧૦
૧૮૦ ઇંદ્રનો કાશ્યપને ઉપદેશ ... ૪૧૩
૧૮૧ કરેલાં કર્મો ભોગવવાંજ પડે છે. ૪૧૬
૧૮૨ મુનિ ભરદ્વાજ અને ભૃગુનો સંવાદ ૪૧૭
૧૮૩ સૃષ્ટિરચના ૪૨૦
૧૮૪ પ્રત્યેક શરીરો પંચમહાભૂતોથી બનેલાં છે. ૪૨૧
૧૮૫ પ્રાણવાયુ અને જઠરાગ્નિની ક્રિયા ૪૨૩
૧૮૬ જીવતત્ત્વ હશે કે નહિ ?... ... ૪૨૫
૧૮૭ જીવના સ્વરૂપનું નિરૂપણ... ... ૪૨૬
૧૮૮ ચાતુર્વર્ણ્ય વિભાગ ૪૨૮
૧૮૯ ચારેય વર્ણોનું સ્વરૂપ ૪૨૯
૧૯૦ સત્ય અને અસત્યનું સ્વરૂપ ... ૪૩૦
૧૯૧ બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમધર્મ... ૪૩૨
૧૯૨ વાનપ્રસ્થ અને સંન્યાસાશ્રમના ધર્મ ૪૩૪
૧૯૩ સદાચાર ધર્મ ૪૩૭
૧૯૪ અધ્યાત્મશાસ્ત્ર ૪૪૦
૧૯૫ ધ્યાનયોગ ૪૪૪
૧૯૬ જપયોગ ૪૪૭
૧૯૭ જપયોગનું ફળ... ... ... ૪૪૮
૧૯૮ વાસનાવાસિત જાપકને કેવું નરક મળે છે ? ૪૪૯
૧૯૯ નિષ્કામ જપયજ્ઞનું ફળ ... ૪૫૦
૨૦૦ જાપક બ્રાહ્મણની તથા રાજા ઈક્ષ્વાકુની મુક્તિ ૪૫૮

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૨૦૧	વેદોક્ત કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગનું ફળ (મનુ અને બૃહસ્પતિનો સંવાદ)...	૪૬૦
૨૦૨	મનુ-બૃહસ્પતિસંવાદ (ચાલુ) ...	૪૬૨
૨૦૩	આત્માનું અસ્તિત્વ	૪૬૫
૨૦૪	મોક્ષવર્ણન	૪૬૮
૨૦૫	આત્મસાક્ષાત્કારનો ઉપાય ...	૪૬૯
૨૦૬	બ્રહ્મજ્ઞાનનું પ્રાધાન્ય	૪૭૧
૨૦૭	જગતની ઉત્પત્તિનું વર્ણન ...	૪૭૫
૨૦૮	પ્રજાપતિઓ, દેવતાઓ અને દિશાઓના ઋષિઓ	૪૭૭
૨૦૯	વરાહ અવતાર	૪૭૯
૨૧૦	અધ્યાત્મવિચાર	૪૮૦
૨૧૧	અધ્યાત્મવિચાર (ચાલુ) ...	૪૮૩
૨૧૨	કર્મોનો સ્વીકાર નિષ્કામ અને સાત્વિકજ હોવો જોઇએ	૪૮૫
૨૧૩	સ્ત્રીઓ,એ ઘોર દેખાવની કૃત્યાઓ છે.	૪૮૮
૨૧૪	ઇંદ્રિયનિગ્રહનો ઉપાય	૪૮૯
૨૧૫	યોગીના નિયમો	૪૯૨
૨૧૬	સ્વપ્નાવસ્થાનું નિરૂપણ... ...	૪૯૪
૨૧૭	પ્રવૃત્તિ-નિવૃત્તિ	૪૯૫
૨૧૮	જનકપંચશિખસંવાદ-નાસ્તિક મતનું ખંડન	૪૯૯
૨૧૯	જનકપંચશિખસંવાદ-સાંખ્યશાસ્ત્ર	૫૦૪
૨૨૦	દમની પ્રશંસા	૫૦૯
૨૨૧	અહિંસાદિ સદાચાર	૫૧૦
૨૨૨	ઇંદ્ર અને પ્રહ્લાદનો સંવાદ-આત્મજ્ઞાનનું માહાત્મ્ય	૫૧૧
૨૨૩	બલિરાજા અને ઇંદ્રનો સંવાદ ...	૫૧૪
૨૨૪	ઇંદ્ર અને બલિનો સંવાદ-કાળનો વિલાસ	૫૧૬
૨૨૫	બલિ અને ઇંદ્રનો સંવાદ-લક્ષ્મીનું પ્રાકટ્ય	૫૧૯
૨૨૬	ઇંદ્ર અને નમુચિનો સંવાદ-ભાવિ અન્યથા થતું નથી.	૫૨૧
૨૨૭	બલિઅને ઇંદ્રનોસંવાદ-કાળનુંસામર્થ્ય	૫૨૩
૨૨૮	ચઢતીપડતીનાં લક્ષણો	૫૨૯
૨૨૯	બ્રહ્મપદને પ્રાપ્ત કરવાનાં સાધનો...	૫૩૪
૨૩૦	નારદના ગુણો ...	૫૩૬
૨૩૧	વ્યાસશુકસંવાદ-કાળનું પરિમાણ	૫૩૭
૨૩૨	વ્યાસશુકસંવાદ-જગતની રચના	૫૩૯
૨૩૩	વ્યાસશુકસંવાદ-જગતનો પ્રલય...	૫૪૩
૨૩૪	વ્યાસશુકસંવાદ-બ્રાહ્મણનાં કર્તવ્ય	૫૪૫
૨૩૫	વ્યાસશુકસંવાદ-બ્રાહ્મણનાં કર્તવ્ય	૫૪૬
૨૩૬	વ્યાસશુકસંવાદ-સાંખ્ય અને યોગ	૫૪૮
૨૩૭	વ્યાસશુકસંવાદ-મતમતાંતરનિરૂપણ	૫૫૪
૨૩૮	વ્યાસશુકસંવાદ-સાંખ્યસિદ્ધાંત અને યુગધર્મ	૫૫૬
૨૩૯	વ્યાસશુકસંવાદ-આત્માનું સ્વરૂપ	૫૫૮
૨૪૦	વ્યાસશુકસંવાદ-યોગદ્વારા મુક્તિ...	૫૬૧
૨૪૧	વ્યાસશુકસંવાદ-કર્મ અને જ્ઞાનનું ફળ	૫૬૩
૨૪૨	વ્યાસશુકસંવાદ-બ્રહ્મચારીના ધર્મ	૫૬૫
૨૪૩	વ્યાસશુકસંવાદ-ગૃહસ્થધર્મ ...	૫૬૭
૨૪૪	વ્યાસશુકસંવાદ-વાનપ્રસ્થધર્મ ...	૫૬૯
૨૪૫	વ્યાસશુકસંવાદ-સંન્યાસીના ધર્મ	૫૭૧
૨૪૬	વ્યાસશુકસંવાદ-સંક્ષિપ્ત અધ્યાત્મ	૫૭૪
૨૪૭	વ્યાસશુકસંવાદ-અધ્યાત્મકથન ...	૫૭૫
૨૪૮	વ્યાસશુકસંવાદ-મન અને બુદ્ધિ...	૫૭૭
૨૪૯	વ્યાસશુકસંવાદ-બુદ્ધિ અને આત્મા	૫૭૯
૨૫૦	વ્યાસશુકસંવાદ-અજ્ઞાનરૂપ નદી	૫૮૦
૨૫૧	વ્યાસશુકસંવાદ-જ્ઞાનીનું સ્વરૂપ...	૫૮૧
૨૫૨	વ્યાસશુકસંવાદ-સર્વ સૃષ્ટિ પાંચ ભૂતોની બનેલી છે.	૫૮૩
૨૫૩	વ્યાસશુકસંવાદ-શાસ્ત્રવેત્તા યોગીઓ લિંગાત્માનો સાક્ષાત્કાર કરે છે.	૫૮૫
૨૫૪	વ્યાસશુકસંવાદ-કામનારૂપી વૃક્ષ અને શરીરરૂપી નગર	૫૮૬
૨૫૫	વ્યાસશુકસંવાદની સમાપ્તિ-ભૂતાદિકના ગુણો	૫૮૭
૨૫૬	મૃત્યુ કોણ? અને તેની ઉત્પત્તિ કયાંથી?	૫૮૮
૨૫૭	મૃત્યુની ઉત્પત્તિ...	૫૮૯
૨૫૮	મૃત્યુ અને બ્રહ્મદેવનો સંવાદ ...	૫૯૧
૨૫૯	ધર્મનું લક્ષણ	૫૯૩
૨૬૦	યુધિષ્ઠિરનો ધર્મવિષયક આક્ષેપ...	૫૯૫
૨૬૧	મહામુનિ જાજલિની ઘોર તપશ્ચર્યા	૫૯૮
૨૬૨	તુલાધાર અને જાજલિનો સંવાદ-અહિંસા એજ પરમ ધર્મ છે.	૬૦૦
૨૬૩	તુલાધાર અને જાજલિનો સંવાદ-યજ્ઞનું રહસ્ય	૬૦૪
૨૬૪	તુલાધાર અને જાજલિનો સંવાદ-શ્રદ્ધાની પ્રશંસા	૬૦૯
૨૬૫	વિચખ્નુગીતા-હિંસાધર્મની નિંદા	૬૧૦
૨૬૬	ચિરકારીની કથા-કોઇપણ કાર્ય વિચાર	

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
	કર્યાપછીજ કરવું. ...	૬૧૨
૨૬૭	ધુમત્સેન અને સત્યવાનનો સંવાદ	૬૧૭
૨૬૮	કપિલગીતા–કોણ શ્રેષ્ઠ ? ગૃહસ્થધર્મ કે યોગધર્મ ?	૬૨૧
૨૬૯	કપિલગીતા–યોગધર્મ શ્રેષ્ઠ છે. ...	૬૨૪
૨૭૦	કપિલગીતા–કર્મો જ્ઞાનનું અંગ છે.	૬૩૦
૨૭૧	કુંડધાર મેઘની કથા	૬૩૪
૨૭૨	હિંસાપ્રધાન યજ્ઞ નિંદ્ય છે. ...	૬૩૮
૨૭૩	મોક્ષ, વૈરાગ્ય, ધર્મ અને પાપ કેવી રીતે પ્રાપ્ત થાય છે ?	૬૩૯
૨૭૪	મોક્ષનો માર્ગ	૬૪૧
૨૭૫	નારદ અને અસિતનો મોક્ષવિષે સંવાદ	૬૪૩
૨૭૬	તૃષ્ણાના ત્યાગમાટે જનકનો ઉપદેશ	૬૪૬
૨૭૭	પિતાપુત્રનો સંવાદ–કોઇપણ આશ્રમમાં મોક્ષપરાયણ રહેવું.	૬૪૭
૨૭૮	હારીતગીતા–મોક્ષનાં સાધનો ...	૬૫૦
૨૭૯	શુક્રાચાર્ય અને વૃત્રાસુરનો સંવાદ	૬૫૧
૨૮૦	વૃત્રાસુરને સનત્કુમારનો ઉપદેશ ...	૬૫૩
૨૮૧	વૃત્રાસુરના વધની કથા	૬૬૦
૨૮૨	વૃત્રાસુરવધ અને બ્રહ્મહત્યાવિભાગ	૬૬૨
૨૮૩	જ્વરની ઉત્પત્તિ	૬૬૫
૨૮૪	શિવસહસ્રનામ	૬૬૮
૨૮૫	અધ્યાત્મવર્ણન	૬૮૯
૨૮૬	આનંદમગ્ન રહેવાવિષે નારદ અને સમંગનો સંવાદ	૬૯૨
૨૮૭	નારદ અને ગાલવનો સંવાદ ...	૬૯૪
૨૮૮	સગરને અરિષ્ટનેમીનો ઉપદેશ	૬૯૮
૨૮૯	શુક્રાચાર્યનું ચરિત્ર ...	૭૦૦
૨૯૦	પરાશરગીતા–કર્મોની ગહન ગતિ...	૭૦૩
૨૯૧	પરાશરગીતા–કર્મની ગહન ગતિ(ચાલુ)	૭૦૬
૨૯૨	પરાશરગીતા–દાનમાહાત્મ્ય ...	૭૦૮
૨૯૩	પરાશરગીતા–ચારે વર્ણોનાં કર્તવ્યો	૭૦૯
૨૯૪	પરાશરગીતા–અવાંતર ધર્મો ...	૭૧૧
૨૯૫	પરાશરગીતા–તપની પ્રશંસા ...	૭૧૩
૨૯૬	પરાશરગીતા–ચારે વર્ણોના વિશેષ અને સામાન્ય ધર્મો	૭૧૫
૨૯૭	પરાશરગીતા–મૃત્યુ અને તે પછીની ગતિ	૭૧૮
૨૯૮	પરાશરગીતા–શ્રેયનું સત્ય સ્વરૂપ ...	૭૨૧
૨૯૯	હંસગીતા–સત્ય, દમ, ક્ષમા અને જ્ઞાનની પ્રશંસા	૭૨૪
૩૦૦	યોગવિધિ	૭૨૭
૩૦૧	સાંખ્યકથન	૭૩૨
૩૦૨	વસિષ્ઠ અને જનકનો સંવાદ–ક્ષર તથા અક્ષરનું વર્ણન	૭૪૦
૩૦૩	વસિષ્ઠજનકનો સંવાદ–જીવનું અજ્ઞાન	૭૪૩
૩૦૪	વસિષ્ઠજનકસંવાદ–અજ્ઞાનદશાનું ફળ	૭૪૬
૩૦૫	વસિષ્ઠજનકસંવાદ–અક્ષર અને ક્ષર	૭૪૭
૩૦૬	વસિષ્ઠજનકસંવાદ–યોગનું રહસ્ય અને સાંખ્યદર્શન	૭૫૦
૩૦૭	વસિષ્ઠજનકસંવાદ–વિદ્યા અને અવિદ્યા	૭૫૫
૩૦૮	વસિષ્ઠ અને જનકનો સંવાદ–બુદ્ધ અને અબુદ્ધનો વિભાગ	૭૫૯
૩૦૯	વસુમાન અને ભૃગુવંશી ઋષિનો સંવાદ–શ્રેયઃસાધન	૭૬૩
૩૧૦	યાજ્ઞવલ્કયગીતા–નવ પ્રકારની સૃષ્ટિ	૭૬૪
૩૧૧	યાજ્ઞવલ્કયગીતા–કાલગણના ...	૭૬૫
૩૧૨	યાજ્ઞવલ્કયગીતા–સૃષ્ટિનો પ્રલય ...	૭૬૭
૩૧૩	યાજ્ઞવલ્કયગીતા–અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવત	૭૬૮
૩૧૪	યાજ્ઞવલ્કયગીતા–ત્રિગુણાધીન જન્મ	૭૬૯
૩૧૫	યાજ્ઞવલ્કયગીતા–પ્રકૃતિ અને પુરુષ અન્યોન્યથી ભિન્ન છે.	૭૭૦
૩૧૬	યાજ્ઞવલ્કયગીતા–યોગદર્શન ...	૭૭૨
૩૧૭	યાજ્ઞવલ્કયગીતા–હઠયોગનું ફળ અને મૃત્યુસૂચક ચિહ્નો	૭૭૫
૩૧૮	યાજ્ઞવલ્કયગીતા–પરબ્રહ્મનું સ્વરૂપ અને તેના જ્ઞાનનું ફળ... ...	૭૭૭
૩૧૯	પંચશિખ અને જનકનો સંવાદ	૭૮૪
૩૨૦	જનક અને સુલભાનો સંવાદ ...	૭૮૫
૩૨૧	વ્યાસનો વૈરાગ્યસંબંધી ઉપદેશ ...	૮૦૦
૩૨૨	જેવાં કર્મ તેવાં ફળ અવશ્ય મળે છે.	૮૦૬
૩૨૩	વ્યાસનું તપ અને વરપ્રાપ્તિ ...	૮૦૭
૩૨૪	શુકજન્મનો મહોત્સવ	૮૦૯
૩૨૫	જ્ઞાનપ્રાપ્તિમાટે શુકનું મિથિલાગમન	૮૧૦
૩૨૬	જનક અને શુકદેવનો સમાગમ તથા સંવાદ	૮૧૨
૩૨૭	શુકનું વ્યાસ પાસે પુનરાગમન–હિમાલયવર્ણન	૮૧૫
૩૨૮	સાત વાયુનું વર્ણન	૮૧૮
૩૨૯	શુકદેવને નારદનો ઉપદેશ ...	૮૨૨
૩૩૦	નારદનો ઉપદેશ (ચાલુ) ...	૮૨૬

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૩૩૧	સંસારસંગનો ત્યાગ કરી શુકદેવનું કૈલાસ તરફ જવું	૮૨૭
૩૩૨	શુકદેવની યોગસાધના અને સિદ્ધિ	૮૩૧
૩૩૩	શુકચરિત્રની સમાપ્તિ	૮૩૩
૩૩૪	સર્વના કરતાં ઉત્તમ દેવ કોણ ? ...	૮૩૬
૩૩૫	શ્વેતદ્વીપવર્ણનઅને પંચરાત્રમાહાત્મ્ય	૮૩૮
૩૩૬	નારાયણમાહાત્મ્ય	૮૪૧
૩૩૭	યજ્ઞમાં પશુવધનો મત આપવાથી વસુરાજાની અધોગતિ	૮૪૪
૩૩૮	નારદે કરેલું નારાયણસ્તોત્ર ...	૮૪૬
૩૩૯	નારદને નારાયણનો સાક્ષાત્કાર ...	૮૪૯
૩૪૦	યજ્ઞકર્તા અને યજ્ઞભોક્તા શ્રી નારાયણ પોતેજ છે.	૮૫૫
૩૪૧	ભગવન્નામસ્મરણમાહાત્મ્ય ...	૮૬૧
૩૪૨	અગ્નિ તથા સોમનું માહાત્મ્ય અથવા "હૃષીકેશ" આદિ નામોનું રહસ્ય	૮૬૫
૩૪૩	શ્વેતદ્વીપમાંથી પાછા ફરેલા નારદનો નરનારાયણ સાથે સમાગમ ...	૮૭૭
૩૪૪	એકાંતિક ભક્તોજ પરમાત્માને પામે છે.	૮૮૦
૩૪૫	પિતૃપિંડની કથા	૮૮૧
૩૪૬	વાસુદેવની પ્રશંસા	૮૮૨
૩૪૭	હયગ્રીવ અવતાર અથવા મધુકૈટભવધ	૮૮૪
૩૪૮	એકાંતભાવ અથવા સાત્વતધર્મ ...	૮૮૮
૩૪૯	વ્યાસની ઉત્પાત્ત	૮૯૩
૩૫૦	બ્રહ્મા અને રુદ્રનો સંવાદ ...	૮૯૬
૩૫૧	બ્રહ્મા અને રુદ્રનો સંવાદ–પુરુષની એકતાનું પ્રતિપાદન	૮૯૮
૩૫૨	નારદ અને ઈંદ્રનો સંવાદ–ઉત્તમ આશ્રમધર્મ કયો ? ...	૮૯૯
૩૫૩	ઉત્તમ આશ્રમધર્મ કયો? (ચાલુ) ...	૯૦૦
૩૫૪	ઉત્તમ આશ્રમધર્મ કયો? (ચાલુ) ...	૯૦૧
૩૫૫	ઉત્તમ આશ્રમધર્મ કયો? (ચાલુ) ...	૯૦૨
૩૫૬	ઉત્તમ આશ્રમધર્મ કયો? (ચાલુ) ...	૯૦૨
૩૫૭	ઉત્તમ આશ્રમધર્મ કયો? (ચાલુ) ...	૯૦૩
૩૫૮	ઉત્તમ આશ્રમધર્મ કયો? (ચાલુ) ...	૯૦૪
૩૫૯	ઉત્તમ આશ્રમધર્મ કયો? (ચાલુ) ...	૯૦૫
૩૬૦	ઉત્તમ આશ્રમધમ કયો ? (ચાલુ) ...	૯૦૬
૩૬૧	ઉત્તમ આશ્રમધર્મ કયો ? (ચાલુ) ...	૯૦૭
૩૬૨	ઉત્તમ આશ્રમધર્મ કયો ? (ચાલુ) ...	૯૦૮
૩૬૩	સર્વ આશ્રમધર્મોમાં ઉંછવૃત્તિજ શ્રેષ્ટ છે.	૯૦૯
૩૬૪	ઉંછવૃત્તિજ શ્રેષ્ઠ છે. (ચાલુ)	૯૦૯
૩૬૫	ઉંછવૃત્તિની મહત્તા	૯૧૦

શુદ્ધિપત્ર

પૃ૦	વિ૦	પં૦	અશુદ્ધ	શુદ્ધ
ખાસ સુધારવા યોગ્ય અશુદ્ધિઓ				
૬૦	૨	૧૧	(ચળચર જીવો)	(જળચર જીવો)
૬૪	૨	૧	દાયચામાં	દાયજામાં
૭૧	૧	૨૫	ચિત્રને	ચિત્તને
૭૨	૨	૧	પ્રાપ્ત, થશે	પ્રાપ્ત થશે,
૭૫	૨	૩૫	કરવાતી	કરવાથી
૮૦	૧	૧૨	ગાયત્રીજય	ગાયત્રીજપ
૮૦	૧	૩૧	**मुच्ययते**	**मुच्यते**
૮૭	૧	૫	લાગ્યો	લાગ્યા
૯૩	૨	૯	થુધિષ્ઠિર	યુધિષ્ઠિર
૯૫	૧	૧૨	૪૬	૪૫
૯૬	૧	૧૨	અધાર	આધાર
૯૬	૧	૨૫	જઈરે	જઈને
૯૮	૧	૨૭	પુષ્પમાળા	માળા
૧૦૪	૨	૩૦	**यथा**	**माज्यं यथा**
૧૦૫	૨	૨૫	દાસકે	દારુકે
૧૧૬	૨	૩૨	**ग्रामिन्यां**	**यामिन्यां**
૧૪૦	૨	૨૧	**पुष्कलम्**	**स पुष्कलम्**
૧૮૩	૨	૩૧	હોય	હોય તે
૧૯૬	૧	૧૭	નિશ્ચત	નિશ્ચિત
૧૯૭	૨	૧૬	પુરુ–	પુરુષ
૨૩૨	૧	૩૪	એમ ક–	એમ
૨૪૧	૨	૨૭	વિષત્રયોગોનો	વિષપ્રયોગોનો
૨૫૧	૧	૨૧	દુખો	દુઃખો
૨૬૭	૧	૨૧	હો–	હોય
૨૭૩	૧	૪૦	(સાક્ષી-	સાક્ષી),
૨૭૩	૨	૧૯	ક્ષી) ક્રિયા	ક્રિયા
૨૯૭	૧	૧૭	આમાત્ય	અમાત્ય
૩૧૨	૨	૬	ક–	કરી
૩૨૪	૨	૧–૨	સંબંધીધીઓનો	સંબંધીઓનો
૩૫૮	૨	૩૫	રહ્યા!	રહ્યાં
૩૬૦	૧	૧૯	**नित्यमास**	**नित्यमासन्न**
૩૬૨	૧	૧૫	ધાવડે	ધાવડો
૩૬૪	૧	૧૧	ક–	કરે
૩૬૮	૨	૧૬	તે પુરુષ	પુરુષ
૩૭૦	૧	૧૯	જ્યોર્તિગણો	જ્યોતિર્ગણો
૩૭૬	૧	૩૧	અદિ	આદિ
૪૧૩	૧	૫	**पृष्टा**	**पृष्टा**
૪૨૩	૧	૩૮	ધૈવન	ધૈવત
૪૭૧	૨	૩૩	**भनुरुवाच**	**मनुरुवाच**

૪૭૭ ના સ્થળે ૩૭૭ વાંચવું.

પૃ૦	વિ૦	પં૦	અશુદ્ધ	શુદ્ધ
૪૯૮	૧	૩૬	પારાકાષ્ઠા	પરાકાષ્ઠા
૫૩૫	૧	૩૮	કરતા નથી,	કરતા
૫૩૬	૧	૩	કરતા	કરતા નથી
૫૪૫	૨	૩૨	સ્ર્વસ્વ	સર્વસ્વ
૫૬૨	૧	૩૧	કરવી)અર્થાત્	કરવી (અર્થાત્
૫૭૪	૧	૨૦	૨૪૬	૨૪૫
૫૯૩	૧	૩૪	**मानवाः**	**मानवाः**
૬૦૫	૨	૩૪	૧૯	૧૦
૬૨૦	૧	૨૦	જોઈએ	જોઈએ)
૬૫૮	૧	૧૫	છે	છે)
૬૭૨	૨	૩૩	પાણિકર્મ	પાણિકર્ણ
૬૮૦	૧	૩૦	સમુદ્રરૂપ	તલાવરૂપ
૬૮૫	૧	૧૩	**निषंगायश्च**	**निषंगाय**
૬૯૦	૧	૧	–અર્થાત્	(અર્થાત્
૭૧૬	૧	૩	સેળભેળનો	સેળભેળને
૭૧૮	૧	૮	**वश्याश्वा**	**वश्याश्च**
૭૩૨	૨	૧૪	માત્રા	માત્ર
૭૩૪	૧	૩૬	છે)	છે
૭૫૯	૧	૩૧	કુશલ	કરાલ
૭૬૭	૧	૧૪	૨૧૧	૩૧૧
૭૮૪	૧	૧૭	શકાય !	શકાય !)
૭૮૫	૨	૨૦	મોક્ષશાસ્રમાં	મોક્ષશાસ્ત્રમાં.
૭૯૨	૨	૩૩	સુકુમારૈતા	સુકુમારતા
૭૯૨	૨	૩૪	ઉદારતા	ઉદાત્તતા
૭૯૭	૨	૧૨	નું .	તેનું
૮૦૨	૨	૩૦	જા–	જાય
૮૦૮	૨	૩૬	મનમાં પ્રસન્ન	પ્રસન્ન
૮૩૫	પૃષ્ઠારંભે		૩૩૨	૩૩૩
૮૪૪	૧	૨૫	ર્યંત એકાંતિક	એકાંતિક

૮૫૫ ને સ્થળે ૩૫૫ છે તે ૮૫૫ વાંચવું.

પૃ૦	વિ૦	પં૦	અશુદ્ધ	શુદ્ધ
૮૫૫	૨	૨૧	**मवाच**	**उवाच**
૯૦૬	૨	૩૨	મહબળવાન	મહાબળવાન
અક્ષરો ભાગવા તૂટવાથી થયેલી અશુદ્ધિઓ				
૭	૨	૧૧	શત્ર	શત્રુ
૧૧	૨	૧૯	રજા	રાજ

પૃ૦	વિ૦	પં૦	અશુદ્ધ	શુદ્ધ
૨૬	૨	૩૪	**द्रव्यमुत्सज्य**	**द्रव्यमुत्सृज्य**
૨૮	૨	૩૭	પુરુષાસંહ	પુરુષસિંહ
૩૧	૨	૩૭	નાહ	નહિ
૩૭	૨	૧૮	પુત્રાવનાની	પુત્રવિનાની
૩૯	૨	૨૦	**१९ मे**	**१९ मो**
૪૯	૧	૪	કીતિને	કીર્તિને
૬૭	૧	૨૩	તઓ	તેઓ
૭૪	૧	૮	સાક્ષી ભૂતકાળ	સાક્ષીભૂત કાળ
૭૮	૨	૧૯	દારદ્ર	દરિદ્ર
૮૦	૧	૩૧	**पापे:**	**पापै:**
૮૨	૨	૮	હવ	હવે
૧૦૩	૨	૩૧	શાંતમૂાત	શાંતમૂર્તિ
૧૦૭	૧	૨૩	કાશિકને	કૌશિકને
૧૨૭	૨	૬	આણનારા	આણનારો
૧૩૦	૨	૧૯	શર	શૂર
૧૩૩	૨	૨૭	ક્રાધ	ક્રોધ
૧૪૫	૨	૧૧	શદ્ર	શૂદ્ર
૧૪૫	૨	૧૪	શદ્રની	શૂદ્રની
૧૬૫	૧	૩૩	પવ	પર્વ
૧૬૮	૨	૨૫	મૂાત	મૂર્તિ
૧૭૧	૧	૧૧	અલે	ઐલે
૧૭૪	૧	૨૭	ઉદ્યાગ	ઉદ્યોગ
૧૮૩	૧	૧૭	શ્રતિ	શ્રુતિ
૧૮૭	૧	૨૪	ક્રરનો	ક્રૂરનો
૧૮૯	૨	૪	અશ્વર્યની	ઐશ્વર્યની
૧૯૪	૨	૪	પ્રીતિશન્ય	પ્રીતિશૂન્ય
૨૦૮	૨	૩૧	નાહ	નહિ
૨૦૯	૨	૫	ક્રર	ક્રૂર
૨૨૧	૧	૧૨	શરાઓ	શૂરાઓ
૨૨૮	૨	૧૪	સાથી	સૌથી
૨૩૨	૧	૬	તટી	તૂટી
૨૩૨	૧	૩૦	શત્રના	શત્રુના
૨૩૫	૨	૩૮	રહેવાન	રહેવાનાં
૨૩૬	૨	૩૩	સન્યથી	સૈન્યથી
૨૪૯	૧	૧૦	છટી	છૂટી
૨૫૭	૧	૮	ાવનવ્યો	વિનવ્યો
૨૫૭	૧	૨૦	પતામહ	પિતામહ
૨૭૨	૨	૩૦	ક્રર	ક્રૂર
૨૭૨	૨	૩૭	શિક્ષ	શિક્ષા
૨૭૩	૨	૧૯	માટે સા–	માટે સાક્ષી
૨૮૪	૧	૨૩–૨૪	પ્રદશિત	પ્રદર્શિત
૨૮૯	૧	૧૭	છત	છતાં
૨૯૩	૨	૭–૮	પદાર્થા	પદાર્થો
૩૦૩	૧	૧૪	છટવું	છૂટવું
૩૧૪	૨	૧૦	શત્રને	શત્રુને
૩૧૬	૨	૧૬	જાગૃતથ યો	જાગૃત થયો
૩૧૮	૨	૨૦	**कयं**	**कथं**
૩૧૮	૨	૨૦	**वैंतत**	**वर्तेंत**
૩૨૧	૨	૧	વર	વૈર
૩૨૫	૨	૮	યુગન	યુગના
૩૨૯	૧	૩૭	શત્રને	શત્રુને
૩૩૦	૨	૨	શ ત્રુબીકણ	શત્રુ બીકણ
૩૩૭	૨	૧૦	નાહ	નહિ
૩૪૨	૧	૨૩	પારાધ	પારધિ
૩૪૬	૨	૨૯	ધરાવ	ધરાવે
૩૪૮	૨	૨૯	છટે	છૂટે
૩૫૩	૨	૨૯	અીહં	અહીં
૩૬૯	૨	૧	ધાામકશ્રેષ્ઠ	ધાર્મિકશ્રેષ્ઠ
૩૭૧	૧	૨	તમજ	તેમજ
૩૭૭	૨	૧૪	પ્રાયાશ્ચત્ત	પ્રાયશ્ચિત્ત
૩૮૨	૧	૩૬	અલવિલ	ઐલવિલ
૩૯૩	૨	૨૬	ગાતમની	ગૌતમની
૪૦૨	૧	૧૦	**ब्राहि**	**ब्रूहि**
૪૦૬	૨	૬	મોટ	મોટા
૪૧૬	૧	૨૭	**ब्रहि**	**ब्रूहि**
૪૧૬	૨	૫	બુાદ્ધ	બુદ્ધિ
૪૧૮	૧	૭	અદિ	આદિ
૪૩૪	૨	૨૦	ધમ	ધર્મ
૪૪૧	૨	૨૦	યારે	ત્યારે
૪૪૧	૨	૨૮	**चतन्ये**	**चैतन्ये**
૪૪૧	૨	૪૦,૪૧	સંસ્કારે નું	સંસ્કારોનું
૪૪૬	૨	૬	મૂાત	મૂર્તિ
૪૪૮	૧	૩૧-૩૨	આત્મપરુષને	આત્મપુરુષને
૪૫૧	૧	૨૦	દોવ	દેવિ
૪૫૨	૨	૨૯	પ્રાસદ્ધ	પ્રસિદ્ધ
૪૬૦	૨	૧૭	આપ્રય	અપ્રિય
૪૬૬	૧	૧૦	બુાદ્ધની	બુદ્ધિની
૪૭૦	૧	૨	યાવનને	યૌવનને
૪૭૨	૧	૧૬	આષધિઓના	ઔષધિઓના
૪૭૨	૨	૨૨	છટી	છૂટી
૪૭૫	૧	૯	બહસ્પતિનો	બૃહસ્પતિનો
૪૮૨	૨	૧	પ્રેર ત	પ્રેરિત
૪૮૬	૧	૫	નિવૃાત્ત	નિવૃત્તિ

પૃ૦	વિ૦	પં૦	અશુદ્ધ	શુદ્ધ
૪૮૭	૨	૧૮	નાહ	નહિ
૪૮૯	૨	૨૫	ક્ષાત્રય	ક્ષત્રિય
૪૯૦	૧	૧૭	છટી	છૂટી
૪૯૧	૨	૫	નિાવકલ્પ	નિર્વિકલ્પ
૪૯૧	૨	૮	છટી	છૂટી
૫૨૫	૧	૨૫	બુાદ્ધબળનો	બુદ્ધિબળનો
૫૩૨	૧	૩૮	પ્રાસદ્ધ	પ્રસિદ્ધ
૫૩૨	૨	૧૪	અતિાથઓને	અતિથિઓને
૫૩૫	૧	૨	જગીષવ્યને	જૈગીષવ્યને
૫૩૫	૨	૩૮	શાંાતવ્રતનુંજ	શાંતિવ્રતનુંજ
૫૩૭	૨	૧૦	**तथैर्वायुयुगे**	**तथैर्वायुर्युगे**
૫૪૧	૧	૨	શ્રુતિવાકયો)	(શ્રુતિવાકયો)
૫૪૯	૧	૩૬	સંહાર	**સંહાર**
૫૬૦	૨	૩૫	શ્રતિ	શ્રુતિ
૫૬૭	૨	૮	નાહ	નહિ
૫૬૭	૨.	૩૭	નાહ	નહિ
૫૬૮	૧	૨૫	અતિાથ	અતિથિ
૫૯૪	૧	૩૨	યુાધષ્ઠિર	યુધિષ્ઠિર
૫૯૪	૨	૩૮	વૃાદ્ધ	વૃદ્ધિ
૬૦૨	૧	૧	બુાદ્ધમાન	બુદ્ધિમાન
૬૨૦	૨	૩૨	ઉપાલંભભરેલી	મેંણાંવાળી
૬૨૨	૨	૧૦	તા	તો
૬૩૫	૨	૨૬-૨૭	માણભદ્ર	મણિભદ્ર
૬૩૭	૨	૧૫	ધામક	ધાર્મિક
૬૪૦	૨	૧૫	ધામક	ધાર્મિક
૬૪૩	૨	૩૦	સત્ ૫	સતરૂપ
૬૪૮	૨	૩૮	વ્યાધનો	વ્યાધિનો
૬૬૮	૧	૨૬	ગંધર્વા	ગંધર્વો
૬૭૨	૨	૧૫	પાાણકર્ણ	પાણિકર્ણ
૬૭૫	૧	૨૧	સ્થિાત	સ્થિતિ
૬૮૩	૧	૭	ાવરાટ	વિરાટ
૬૮૩	૨	૧૧	અવ્યાાધરૂપ	અવ્યાધિરૂપ
૬૮૪	૨	૨	ાપતામહ	પિતામહ
૬૮૬	૧	૧૩	ચાટાઓમાં	ચાટાઓમાં
૬૯૦	૧	૬	બુાદ્ધ	બુદ્ધિ
૬૯૧	૧	૧૪	નાહ	નહિ
૭૦૬	૨	૨૫	નાહ	નહિં
૭૨૨	૧	૨	વૃાદ્ધકર્તા	વૃદ્ધિકર્તા
૭૨૬	૨	૧૨	સુરાક્ષત	સુરક્ષિત
૭૨૯	૧	૩૫	શાસ્ત્રીએ	શાસ્ત્રીઓ
૭૪૪	૧.	૧	માલન	મલિન
૭૫૦	૧	૧૫	સ્ફુાત	સ્ફુર્તિ
૭૬૫	૧	૨૫	બુાદ્ધવાળા	બુદ્ધિવાળા
૭૬૬	૧	૧૩	સ્વગ	સ્વર્ગ
૭૬૮	૧	૩	આાધભૂત	અધિભૂત
૭૬૮	૧	૧૭	આાધષ્ઠાતા	અધિષ્ઠાતા
૭૬૯	૨	૩૮	પોતપોતાન	પોતપોતાના
૭૭૫	૧	૫	નિાવકાર	નિર્વિકાર
૭૯૦	૧	૨૯	તારે	તારે ન
૭૯૫	૨	૨૫	સ્થાનકોર હે	સ્થાનકો રહે
૭૯૬	૨	૭	પ્રત્યક	પ્રત્યેક
૭૯૬	૨	૩૫	આાવ	આવે
૮૩૬	૨	૧૩	હાર	હરિ
૮૬૦	૧	૨૧	ત	તે
૮૬૫	૨	૨૭	તું તું	તેનું તું
૮૭૧	૧	૨૭	આગ્નિ	અગ્નિ
૮૭૨	૨	૧	નાહ	નહિ
૮૭૨	૨	૧૨	આગ્નિ	અગ્નિ
૮૭૨	૨	૧૮	ભગુ	ભૃગુ
૮૭૩	૧	૨૭	શિાપવિષ્ટ	શિપિવિષ્ટ
૮૭૮	૧	૧૬	મનુષ્યનાશરીરમાં	મનુષ્યના શરીરમાં
૮૮૦	૧	૧૮	તાર	તારા
૮૮૩	૨	૩૪	ગાતરૂપ	ગતિરૂપ
૮૯૩	૧	૩-૪	યાતઓની	યતિઓની
૮૯૪	૧	૩	તમના	તેમના
૮૯૫	૧	૧૦	નિાવકાર	નિર્વિકાર
૯૦૦	૧	૨૦	કુતૂહલવાળ	કુતૂહલવાળા
૯૦૫	૨	૧૨	રીત	રીતે

श्रीमहाभारत

१२-शांतिपर्व

ॐ

श्रीकृष्णद्वैपायनप्रणीत

श्रीमहाभारत

१२–शांतिपर्व

राजधर्मानुशासन पर्व

अध्याय १ लो

કર્ણના વધમાટે યુધિષ્ઠિરનો પશ્ચાત્તાપ

मंगलाचरणः–नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ॥
देवीं सरस्वतीं चैव ततो जय मुदीरयेत् ॥ १ ॥

ભગવાન નારાયણને, નરોમાં ઉત્તમ નર ભગવાનને તથા દેવી સરસ્વતીને નમસ્કાર કરી ઇતિહાસ આદિ માંગલિક શાસ્ત્રગ્રંથોનો આરંભ કરવો.[1]

वैशंपायन उवाचः–कृतोदकास्ते सुहृदां सर्वेषां पांडुनंदनाः ॥
विदुरो धृतराष्ट्रश्च सर्वाश्च भरतस्त्रियः ॥ १ ॥

વૈશંપાયન બોલ્યાઃ–“ હે જનમેજય રાજા ! એ પ્રમાણે રણમાં મરણ પામેલા પોતાના સર્વ સંબંધીઓની ઉદકદાન આદિ મરણક્રિયાઓ કર્યા પછી મહાત્મા પાંડવો, વિદુર, ધૃતરાષ્ટ્ર અને ભરતકુળની સર્વ સ્ત્રીઓ, કુલવધના દોષથી પ્રાપ્ત થયેલા પાતકને દૂર કરવા માટે એક માસપર્યંત હસ્તિનાપુરથી બહાર ગંગાનદીના તટપરજ રહ્યાં હતાં.[1,2] ત્યાં ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિરે પોતાના સંબંધીઓની ઉત્તરક્રિયા કરી લીધી, એટલે કેટલાએક મહાત્માઓ, સિદ્ધો, મોટા મોટા બ્રહ્મર્ષિઓ, વ્યાસ, નારદ, મહર્ષિ દેવલ, દેવસ્થાન, કણ્વ, તેઓના સારા સારા શિષ્યો, બીજા કેટલાએક વેદોને જાણનારા બુદ્ધિકુશલ બ્રાહ્મણો, ગૃહસ્થો, સ્નાતકો અને કેટલાએક સત્પુરુષો, કુરુશ્રેષ્ઠ રાજા યુધિષ્ઠિરને મળવા માટે આવ્યા.[3–5] રાજા યુધિષ્ઠિરે પણ પોતાને મળવા માટે આ-

વેલા મહાત્માઓની સામે જઇને વિધિપૂર્વક આગતાસ્વાગતા કરી અને તે સર્વ મહર્ષિઓને મોટાં કિંમતી આસનોપર બેસાડીને યથાવિધિ પૂજા કરી.[૬] આ પ્રમાણે રાજાએ કરેલી સમયોચિત પૂજાનો સ્વીકાર કરી તે સર્વ મહાત્માઓ, ગંગાનદીના પવિત્ર તટપર વસી રહેલા અને શોકથી વ્યાકુલ થયેલા મનવાળા યુધિષ્ઠિરને ચોતરફથી વીંટાઈ વળીને યથાયોગ્ય સ્થાને સમીપમાં બેઠા અને પછી સેંકડો તથા હજારોની સંખ્યામાં આવેલા તે બ્રાહ્મણો, અનેક દૃષ્ટાંતોદ્વારા યુધિષ્ઠિર રાજાની સાંત્વના કરવા લાગ્યા. તેમજ મુનિ નારદ, કૃષ્ણ દ્વૈપાયન આદિ કેટલાએક મુનિઓની સાથે કેટલીએક વાતચીત કર્યા પછી ધર્મપુત્ર યુધિષ્ઠિરને તે સમયે આ પ્રમાણે કહેવા લાગ્યાઃ—"હે યુધિષ્ઠિર! તમે તમારા બાહુબળથી તથા શ્રીકૃષ્ણની કૃપાથી આ સમગ્ર પૃથ્વીને ધર્મપૂર્વક જીતી અને લોકને ભય કરે એવા આ સંગ્રામમાંથી તમે તમારા ભાગ્યયોગે અક્ષત રહીને મુક્ત થયા, તે ઘણાજ આનંદની વાત છે. હે પાંડવ! તમે હવે સર્વ વાતે નિશ્ચિંત થયા છો, જેથી ક્ષાત્રધર્મમાં આસક્ત રહીને તમે હવે પ્રસન્ન થયા છોની?[૭-૧૧] હે રાજા! તમારા સર્વ શત્રુઓનો હવે નાશ થઇ ગયો છે અને તમે આ સમૃદ્ધ રાજ્યલક્ષ્મીને પામ્યા છો, તેથી તમારા સુહૃદોને તમે પ્રસન્ન કરો છો કે? અને તમે પોતે પણ શોકથી પીડાતા નથી કે?"[૧૨]

યુધિષ્ઠિર બોલ્યાઃ—"હે મુનિરાજ! શ્રીકૃષ્ણના બાહુબળના આશ્રયથી અમે આ સમગ્ર પૃથ્વી જીતી છે અને બ્રાહ્મણોની કૃપાથી તથા ભીમ અને અર્જુનના બળથી મારો સંપૂર્ણ વિજય થયો છે;[૧૩] પરંતુ આ એક મહાન દુઃખ મારા હૃદયમાં નિત્ય ઘોળાયા કરે છે. મેં લોભને વશ થઈ મારા જ્ઞાતિલાઓનો આ મહાન સંહાર કર્યો, મારા પ્રિયપુત્ર અભિમન્યુનો તથા દ્રૌપદીના સર્વ પુત્રોનો ઘાત પણ કરાવ્યો અને અંતે વિજય પણ મેળવ્યો, તથાપિ હે ભગવન્! આ વિજય મને પરાજયના જેવોજ દેખાય છે;[૧૪,૧૫] કારણકે યાદવપુત્રી મારા ભાઈની વહુ સુભદ્રા, મારા સંબંધમાં શ્રીકૃષ્ણને શું કહેશે? તેમજ શ્રીકૃષ્ણ અહીંથી જ્યારે દ્વારકાં પધારશે, ત્યારે ત્યાંની પ્રજા મારા સંબંધમાં શ્રીહરિને શું કહેશે?[૧૬] રે! રે! જેના સર્વ પુત્રોનો તથા બાંધવોનો નાશ થઇ ગયો છે એવી દ્રૌપદી, કે જે નિત્ય અમારૂં પ્રિય અને હિત કરવામાંજ યુક્ત રહે છે, તે બિચારી દીન અવસ્થામાં આવી પડી છે. તેનો વિચાર કરતાં પણ મને ઘણોજ ખેદ થાય છે.[૧૭] હે ભગવન્ નારદ! વળી એક બીજું દુઃખ મારા હૃદયમાં નિત્ય સાલ્યા કરે છે, તે પણ હું તમને કહું છું તે સાંભળો. મારી માતા કુંતીએ આ વાતને આજ દિવસ સુધી ગુપ્ત રાખીને મને મહાન દુઃખમાં ધકેલી દીધો છે.[૧૮] તે એજ કે, જે કર્ણ દશ હજાર હાથીઓના બળને ધરાવતો હતો, જેની સામે એક પણ રથી યોદ્ધો યુદ્ધ કરવા ઉતરી શકતો ન હતો, જેની યુદ્ધક્રીડા અને ગમન સિંહની સમાન અદ્ભુત હતાં, જે મહાબુદ્ધિમાન હતો, જે ઘણો દયાળુ હતો, જે મોટો દાતા હતો, જે નિયમિત વ્રતોને ધારણ કરનારો હતો, જે પારકા ઉત્કર્ષને સહન કરી શકતો ન હતો, જે નિત્ય ક્રોધી સ્વભાવનો હતો, જે કૌરવોના આશ્રયભૂત હતો, જે ઘણો અભિમાની હતો, જેનું પરાક્રમ અત્યંત તીક્ષ્ણ હતું, જેણે પ્રત્યેક યુદ્ધોમાં અમને હંફાવ્યા હતા, જે ઘણી ઝડપથી અસ્ત્રો ફેંકનારો હતો, જે તરેહ તરેહનાં યુદ્ધોને કરી જાણતો હતો, જે ઘણોજ કુશલ હતો અને જેનું પરાક્રમ ઘણું આશ્ચર્યકારક હતું, તે કર્ણ અમારો ભાઈ હતો. અરે! તે અમારી માતા કુંતીનોજ પુત્ર હતો—કુંતીના ઉદરે ગૂઢ રીતે તે ઉત્પન્ન થયો હતો.[૧૯-૨૧] હું જ્યારે મારા સંબંધીઓની ઉદકદાનક્રિયા કરવા બેઠો હતો, ત્યારેજ મારી માતા કુંતાએ મને જણાવ્યું કેઃ—"તમે કર્ણને પણ જલાંજલિ આપજો; કારણ કે સર્વગુણસંપન્ન એવો તે કર્ણ મારોજ પુત્ર હતો. સૂર્યના સંબંધથી મારી કુખે તે ઉત્પન્ન થયો હતો; પરંતુ લોકલજ્જાને લીધે મેં તેને જન્મસમયે-

જ એક પેટીમાં પૂરીને ગંગાનદીના જળ પ્રવાહમાં વહેતો મૂકી દીધો હતો." હે ભગવન્ નારદ ! જે કર્ણને લોકો સૂતપુત્ર અથવા રાધાપુત્ર માનતા હતા તે કર્ણ, વાસ્તવિક રીતે કુંતીનો પુત્ર હતો અને તેથી તે અમારો જ્યેષ્ઠભ્રાતા હતો. માત્ર રાધાએ અને સૂતે તો ગંગાપ્રવાહમાંથી મળી આવતાં તેને ઉછેરીને મોટોજ કર્યો હતો. તેને જન્મ આપનાર મારી માતા કુંતીજ હતી; પણ હાય ! રાજ્ય લેવામાં લુબ્ધ બનેલા મેં અજાણપણે અમારા મોટા ભાઇ કર્ણને મારી નંખાવ્યો છે. ઓહ ! તે મારી મૂર્ખતા, અગ્નિ જેમ રૂના ઢગને બાળી નાખે તેમ, મારાં સર્વ ગાત્રોને બાળી નાખે છે. અફસોસ ! શ્વેતવાહન અર્જુન પણ એ કર્ણને પોતાના ભાઈતરીકે ઓળખતો ન હતો; તેમજ હું, ભીમસેન, નકુલ કે સહદેવ પણ તેને મોટાભાઇતરીકે ઓળખતા ન હતા, પરંતુ સદાચારી કર્ણ તો અમને પોતાના ભાઇઓતરીકે જાણતોજ હતો; કારણ કે અમારા સાંભળવામાં આવ્યું છે કે, માતા કુંતા એક સમયે અમારૂં કલ્યાણ ઈચ્છીને તેની પાસે ગયાં હતાં અને તેને કહ્યું હતું કે, "હે કર્ણ ! તું મારો પુત્ર થાય છે, માટે હું કહું છું તે પ્રમાણે તું પાંડવોને સહાય કર;" પરંતુ એ મહાત્માએ કુંતામાતાની ઈચ્છા પ્રમાણે કરવાની ના પાડી હતી અને તેણે કહ્યું પણ હતું કે:—"હે માતા ! કોઈ રીતે પણ હું દુર્યોધન રાજાનો રણમાં ત્યાગ કરી શકું તેમ નથી, છતાં કદાચ હું તમારા કહેવા પ્રમાણે કરૂં અને યુધિષ્ઠિર સાથે જો સંધિ કરૂં તો હું અનાર્ય, ઘાતકી અને કૃતઘ્ની કહેવાઉં. વળી લોકો મારા સંબંધમાં એમ પણ માને કે, યુદ્ધસમય ઉપસ્થિત થતાં કર્ણ અર્જુનથી ડરી ગયો; માટે રણમાં અર્જુનનો તથા શ્રીકૃષ્ણનો પરાજય કર્યા પછી યુધિષ્ઠિર સાથે હું સંધિ કરીશ." કર્ણનાં એ વચન સાંભળીને કુંતામાતાએ વળી પાછું તે વિશાળ વક્ષઃસ્થળવાળાં કર્ણને કહ્યું હતું કે:—"તારે અર્જુન સામે યુદ્ધ કરવાની ઇચ્છા હોય તો ભલે તેમ કરજે; પરંતુ મારા ચાર પુત્રોને તું અભય આપ." તે સાંભળી બુદ્ધિમાન કર્ણે થરથર કંપી રહેલી પોતાની માતાને હાથ જોડીને કહ્યું હતું કે:—"હે દેવિ ! તમારા ચાર પુત્રો યુદ્ધ કરતાં મારા કબજામાં આવી જશે, તોપણ હું તેઓને મારીશ નહિ. વળી હે માતા ! તમારા પુત્રો, પાંચના પાંચજ અંતે જીવતા રહેવાના છે; કારણ કે જો કદાચ કર્ણનું મૃત્યુ થશે તો અર્જુન સાથે પાંચનીજ સંખ્યા રહેશે અને જો કદાચ અર્જુનનું મૃત્યુ થશે તો કર્ણની સાથે પાંચની સંખ્યા પૂર્ણ રહેશે." કર્ણે આમ કહ્યું, એટલે વળી પાછાં કુંતામાતાએ પોતાના પુત્રોપરના લોભને લીધે કર્ણને કહ્યું હતું કે:—"જે ભાઇઓનું તું કલ્યાણ કરવા ઇચ્છે છે, તેઓનું છેવટ સુધી કલ્યાણજ કરજે." આમ કહીને કુંતામાતા કર્ણને છોડીને ઘેર આવ્યાં હતાં.[૨૨–૩૫]

હે સમર્થ ઋષિ નારદ ! આ રીતે વીર કર્ણ અમારો સહોદર ભાઈ હતો; પરંતુ કુંતામાતાએ અથવા કર્ણે આ વાતને કદી પ્રકટ કરી ન હતી; જેને લીધે અર્જુને પોતાના ભાઇને રણમાં મારી નાખ્યો છે.[૩૬] હે બ્રાહ્મણોત્તમ નારદ ! કર્ણ અમારો જ્યેષ્ઠ ભ્રાતા થાય છે; આ વાતને મેં પાછળથીજ કુંતાના વચનપરથી જાણી છે અને તેથીજ મહાધનુર્ધર શૂરવીર કર્ણને અર્જુને યુદ્ધમાં માર્યો છે. હે પ્રભુ ! મારા ભાઇનો મેં ઘાત કરાવ્યો, એ વાતનું સ્મરણ આવતાંજ મારૂં હૃદય અત્યંત તપી જાય છે—મારા હૃદયમાં તીવ્ર દુઃખ થાય છે.[૩૭,૩૮] અરે ! કર્ણની તથા અર્જુનની જો મને સહાયતા હોત તો હું સાક્ષાત્ ઈંદ્ર દેવનો પણ પરાજય કરત. પૂર્વે સભામાં દુરાત્મા કૌરવો મને અનેક અપ્રિય વચનો કહીને દુઃખી કરતા હતા, ત્યારે મને એકાએક ક્રોધ ઉત્પન્ન થઈ જતો હતો; પરંતુ કર્ણને જોતાંજ મારો તે ક્રોધ શાંત થઇ જતો હતો. (તેનું કારણ હવેજ મારા જાણવામાં આવ્યું છે.) વળી તે સમયે જુગાર રમતી વેળા કર્ણ, દુર્યોધનનું હિત ઇચ્છીને મને ઘણીજ કડવી અને રુક્ષ વાણી કહી સંભળાવતો હતો, ત્યારે પણ તેના ચરણ તરફ દૃષ્ટિ કરતાંજ મારો ક્રોધ નષ્ટ થઇ જતો

હતો. હે ભગવન્! કર્ણના ચરણો લગભગ કુંતામાતાના ચરણોને મળતાજ હતા, એ મને નિશ્ચય ખાત્રી છે અને તેના ચરણો જોતાં મને વિચાર પણ આવતો કે, આ કર્ણના તથા કુંતીના ચરણો કયા હેતુથી લગભગ સરખાજ હશે? પરંતુ ખૂબ વિચાર કરતાં કોઇ રીતે પણ તેનું કારણ હું સમજી શકયો ન હતો. એ તો ઠીક, પણ હે ભગવન્! હું આપને પૂછું છું કે, સંગ્રામમાં પૃથ્વી, તેના રથના પૈડાને શામાટે ગળી ગઇ હતી? શામાટે મારા ભાઇને તેવો શાપ થયો હતો? તે સર્વ વૃત્તાંત તમે મને કહો. તમારી પાસેથીજ તે સર્વ વૃત્તાંત યથાર્થ રીતે હું સાંભળવા ઇચ્છું છું; કારણ કે તમે સર્વજ્ઞ છો, આત્મવેત્તા છો અને તેથીજ આ લોકમાં કાર્યકારણના જ્ઞાનને તમે સંપૂર્ણપણે ધારણ કરો છો.

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં “કર્ણનું અભિજ્ઞાન” એ વિષયનો અધ્યાય ૧ લો સમાપ્ત.

अध्याय २ जो

કર્ણને શાપ થવાનું કારણ

॥ वैशंपायन उवाच ॥

स एव मुक्तस्तुमुनिर्नारदो वदतां वरः ॥
कथयामास तत्सर्व यथाशप्तः स सूतजः ॥१॥

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય! યુધિષ્ઠિરે એ પ્રમાણે પૂછ્યું, એટલે વક્તાઓમાં શ્રેષ્ઠ મુનિ નારદ, સૂતપુત્ર કર્ણને જે રીતે શાપ થયો હતો, તે સર્વ વૃત્તાંત કહેવા લાગ્યા.[૧] નારદ કહે છેઃ-હે ભરતવંશી મહાબાહુ યુધિષ્ઠિર! તમે જે કહો છો તે તેમજ છે. કર્ણ તથા અર્જુનને માટે સંગ્રામમાં કોઈપણ કાર્ય અસહ્ય નજ કહી શકાય.[૨] હે નિર્દોષ રાજા! હવે તમે સાંભળો. કર્ણ તથા અર્જુનના વૈરના સંબંધની દેવોની એક ગુપ્ત વાત હું તમને કહું છું. એ વાત પૂર્વકાળની ઐતિહાસિક છે.[૩] હે રાજા! એક સમયે દેવોએ, શસ્ત્રપ્રહારથી મરણ પામીને પવિત્ર થયેલા ક્ષત્રિયો સ્વર્ગમાં કેવીરીતે જાય, આવો વિચાર કરીને, અન્યોન્ય વૈરાગ્નિને ઉદ્દીપન કરનાર એ કર્ણરૂપ કન્યાગર્ભને તેઓએ ઉત્પન્ન કર્યો.[૪] બાલ્યાવસ્થામાંજ તે કર્ણ, તેજઃસંપન્ન હતો અને લોકલજ્જાને લીધે કુંતીએ ત્યાગ કર્યા પછી સૂતના પુત્રતરીકે જગતમાં પ્રસિદ્ધ થયો હતો. અભ્યાસ કરવાની યોગ્ય વયે આવતાં તેણે આંગિરસ ગોત્રીઓમાં શ્રેષ્ઠ એવા દ્રોણાચાર્યને ગુરુ બનાવીને ધનુર્વેદનો અભ્યાસ કર્યો હતો.[૫] હે રાજેંદ્ર! તે કર્ણ, પ્રથમથીજ ભીમસેનના બળનો, અર્જુનના ચાતુર્યનો, તમારી બુદ્ધિનો, નકુલસહદેવના વિનયનો, અર્જુનની શ્રીકૃષ્ણ સાથેની મિત્રતાનો તથા તમારેવિષે બંધાયલા પ્રજાઓના અનુરાગનો મનમાં વિચાર કરીને સદાકાળ બળ્યા કરતો હતો;[૬,૭] જેથી તેણે બાલ્યાવસ્થામાંજ રાજા દુર્યોધનની સાથે મિત્રતા કરી હતી અને તમારી સાથે, પૂર્વોક્ત દેવતાઓના સંકલ્પથી તથા પોતાના દ્વેષી સ્વભાવથી નિત્યને માટે વૈર બાંધ્યું હતું.[૮] વળી તેના જાણવામાં આવી ગયું હતું કે, અર્જુન, ધનુર્વેદમાં મારા કરતાં અધિક વીર્યવાન છે; જેથી એક સમયે એકાંતમાં દ્રોણાચાર્યને મળીને તેણે આ પ્રમાણે કહ્યું હતું કેઃ-[૯]“હે આચાર્ય! અર્જુનની સાથે હું યુદ્ધ કરું, આવો મારા મનમાં દઢ વિચાર થયા કરે છે; માટે હું તમારી પાસેથી બ્રહ્માસ્ત્રના પ્રયોગને તથા ઉપસંહારને તેના રહસ્યની સાથે જાણવા ઇચ્છું છું.[૧૦] મને નિશ્ચય છે કે, તમારો પુત્રના પર તથા શિષ્યોના પર સમાન સ્નેહ રહેલો છે; માટે તમારા પ્રસાદથી અસ્ત્રકુશલ પુરુષો મને અસ્ત્રવિદ્યામાં અકુશલ ન કહે તેમ કરો અને મને બ્રહ્માસ્ત્રનો ઉપદેશ આપો.”[૧૧] કર્ણે આ પ્રમાણે કહ્યું, એટલે અર્જુનપ્રત્યે અધિક સ્નેહ રાખનારા દ્રોણાચાર્ય, કર્ણના દુષ્ટ ભાવને મનથી જાણી લઇને આ પ્રમાણે બોલ્યા હતા કેઃ-[૧૨]“હે કર્ણ! જેણે યથાવિધિ બ્રહ્મચર્યવ્રતનું આચરણ કર્યું હોય તેવો બ્રાહ્મણ અથવા તપસ્વી ક્ષત્રિય, બ્રહ્માસ્ત્રને જાણવા યોગ્ય થઈ શકે છે; પરંતુ બ્રાહ્મણક્ષત્રિયથી ઈતર તારા જેવો સૂતપુત્ર, બ્રહ્માસ્ત્રને જાણવા અયોગ્ય છે.”[૧૩]

દ્રોણાચાર્યનું એ વચન સાંભળ્યા પછી કર્ણ તેમની પ્રતિપૂજા કરીને આજ્ઞા લઇ તત્કાલ પરશુરામ પાસે જવા માટે મહેંદ્ર પર્વત તરફ ચાલી નીકળ્યો હતો.[૧૪] ત્યાં ગયા પછી "ગુરુ પોતાના પિતાતુલ્ય ગણાય છે" આવો મનમાં વિચાર કરી "હું ભગુગોત્રનો બ્રાહ્મણ આપને શિરસા પ્રણામ કરૂં છુ" આમ કહીને કર્ણ, પરશુરામની સન્મુખ ઉભો રહ્યો.[૧૫] એટલે પરશુરામે તેને ગોત્રાદિકના સંબંધમાં કેટલાએક પ્રશ્નો પૂછ્યા અને તેને પોતાનાજ ગોત્રનો જાણી પ્રીતિપૂર્વક કહ્યું કેઃ-"તું ભલે આવ્યો, ઘણીજ ખુશીથી તું અહીં રહે." આમ કહીને તેમણે કર્ણને પોતાના શિષ્યતરીકે સ્વીકાર્યો.[૧૬] પછી કર્ણ, સ્વર્ગસરખા તે મહેન્દ્ર પર્વત ઉપર વસવા લાગ્યો; અને ત્યાં ગંધર્વો, રાક્ષસો, યક્ષો તથા દેવોની સાથે પણ પ્રતિદિન તેને સમાગમ થવા લાગ્યો.[૧૭] ત્યાં રહીને તેણે પરશુરામ પાસેથી વિધિપૂર્વક અસ્ત્રવિદ્યાનો અભ્યાસ કરવા માંડયો ને દેવો, દાનવો તથા રાક્ષસોમાં પણ તે અત્યંત પ્રિય થઇ પડયો.[૧૮]

હવે એક સમયે એવું બન્યું કે, સૂર્યપુત્ર કર્ણ, તરવારને કેડે લટકાવીને તથા ધનુષ્યને હાથમાં લઇને આશ્રમની સમીપમાં આવેલા દક્ષિણસમુદ્રની પાસેના અરણ્યમાં એકલો ફરતો હતો.[૧૯] તેવામાં કોઈ અગ્નિહોત્રી બ્રહ્મવેત્તા બ્રાહ્મણની હોમકર્મમાં ઉપયોગી પદાર્થોને આપનારી એક ગાય, દૈવેચ્છાએ ત્યાં આવી ચઢી અને કર્ણે અજ્ઞાનથી તેને કોઈ આરણ્યક શિકારી પશુ માનીને મારી નાખી;[૨૦] પરંતુ સમીપમાં જતાં તેને જણાયું કે, અજ્ઞાનથી મેં ગાયનો વધ કર્યો છે, જેથી તે, એ ગાયના માલીક બ્રાહ્મણ પાસે જઈને પોતે કરેલા ગોવધને નિવેદન કરી તેને પ્રસન્ન કરવા લાગ્યો અને આવું વચન બોલ્યોઃ-[૨૧] હે ભગવન્ ! મેં કેવળ અજ્ઞાનથીજ આપની હોમધેનુનો વધ કર્યો છે, તો મારા તે અપરાધની ક્ષમા કરવા આપ મારાપર કૃપા કરો." કર્ણે આવાં પુનઃ પુનઃ નમ્ર વચનો કહ્યાં, છતાં પણ તે બ્રાહ્મણ તેનાપર ક્રોધે ભરાયો અને વાણીથી તેને ધિક્કારી કાઢી બોલ્યો કેઃ-"ઓ દુરાચારિ! અરે ઓ દુર્મતિ! આ અપરાધથી તારો વધ કરવો તેજ યોગ્ય છે, માટે તારા આ પાપી કર્મનું તને અવશ્ય ફળ મળશે.[૨૨,૨૩] તું જે પુરુષની સાથે સ્પર્ધા કરે છે અને તું જે પુરુષનો પરાજય કરવા માટે અહર્નિશ આવો યત્ન કર્યા કરે છે, તે પુરુષની સાથે જ્યારે તું યુદ્ધ કરીશ ત્યારે, ઓ પાપી! તારા રથના પૈડાને પૃથ્વી ગળી જશે-તારા રથનું પૈડું પૃથ્વીમાં પેસી જશે.[૨૪] ઓ નરાધમ! પછી તે સમયે તું જ્યારે હાવરો બાવરો બની જઇશ, ત્યારે તારો એ શત્ર પરાક્રમ કરીને તારા મસ્તકને કાપીનાખશે. ઓ મૂઢ! જા, અહીંથી હવે ચાલ્યો જા. તેં પ્રમત્ત અવસ્થામાં મારી હોમધેનુનો વધ કર્યો છે, માટે તું પણ જે સમયે પ્રમત્ત અવસ્થામાં હોઇશ તે સમયે તારો શત્રુ તારૂં મસ્તક છેદી નાખશે."[૨૫,૨૬] બ્રાહ્મણે આ રીતે શાપ આપ્યો એટલે કર્ણ ગાયો, ધન અને રત્નોનું દાન આપીને તેને પ્રસન્ન કરવા લાગ્યો; ત્યારે પુનઃ તે બ્રાહ્મણ કહેવા લાગ્યોઃ-"અલ્યા ઓ! મારૂં વચન કદીપણ મિથ્યા થશે નહિ, રે! સર્વ લોકો એકઠા મળશે તોપણ મારા શાપને મિથ્યા કરી શકશે નહિ; માટે તારે અહીંથી જવું હોય તો જા, ઉભા રહેવું હોય તો ઉભો રહે અથવા જે કંઇ તારે કરવું હોય તે કર."[૨૭,૨૮] બ્રાહ્મણે આમ કહ્યું એટલે કર્ણ, દીનતાથી નીચું મુખ કરીને મનમાં તે શાપવિષેનોજ વિચાર કરતો કરતો પરશુરામ પાસે ગયો.[૨૯]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજ-
ધર્માનુશાસન પર્વમાં "કર્ણને શાપ" એ
વિષયનો અધ્યાય ૨ જો સમાપ્ત.

अध्याय ३ जो

કર્ણને બ્રહ્માસ્ત્રની પ્રાપ્તિ

॥ नारद उवाच ॥

कर्णस्य बाहुवीर्येण प्रणयेन दमेन च ॥
तुतोष भृगुशार्दूलो गुरुशुश्रूषया तथा ॥ १ ॥

નારદ કહે છેઃ-હે યુધિષ્ઠિર રાજા! કર્ણના

બાહુબળથી, વિનયથી, ઇંદ્રિયનિગ્રહથી અને ગુરુસેવાથી ભૃગુકુલશ્રેષ્ઠ પરશુરામ તેનાપર પ્રસન્ન થયા;[૧] જેથી તપસ્વી પરશુરામે, અંગ, પ્રત્યંગ, દેવતારાધન અને રહસ્યસાહત સંપૂર્ણ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરતાં અને ઉપસંહાર કરતાં તપસ્વી કર્ણને શાંતિપૂર્વક શીખવી દીધું.[૨] આ રીતે બ્રહ્માસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કર્યાપછી કર્ણ, આનંદથી પરશુરામના આશ્રમમાં રહેવા લાગ્યો અને પોતે અદ્‌ભુત પરાક્રમી હોવાથી ધનુર્વેદનો યત્નપૂર્વક અભ્યાસ કરવા લાગ્યો.[૩] તે પછી કોઇએક સમયે ઉપવાસથી શરીરે કૃશ થયેલા બુદ્ધિમાન પરશુરામ કર્ણની સાથે આશ્રમમાં ફરતા હતા.[૪] ફરતાં ફરતાં ગુરુ પરશુરામ શરીરની કૃશતાને લીધે થાકી ગયા, જેથી કર્ણના ખોળામાં મસ્તક મૂકીને નિદ્રાધીન થઇ ગયા; કારણ કે પરશુરામને કર્ણનાપર સંપૂર્ણ વિશ્વાસ અને પ્રેમ ઉત્પન્ન થઇ ગયો હતો.[૫] તેવામાં કર્ણના દુર્દૈવના યોગે એવું બન્યું કે, કોઇએક તીક્ષ્ણ દંશ કરનારો ક્રૂર ભ્રમરો કે જે મેદ, માંસ અને રુધિરનું ભોજન કરનારો હતો, તે ઉડતો ઉડતો કર્ણની સમીપમાં આવ્યો અને તેની સાથળપર બેઠો. તે ભયંકર ભ્રમરાએ રુધિર પીવાની ઇચ્છાથી કર્ણની સાથળને ઉતરડી નાખી; પરંતુ કર્ણ, ગુરુની નિદ્રાનો ભંગ થશે, આવા ભયથી તેને ઉરાડી શક્યો નહિ, તેમ મારી પણ શક્યો નહિ.[૬,૭] હે ભરતવંશી યુધિષ્ઠિર! તે ભ્રમરાએ, કર્ણની સાથળપર ઉપરાઉપરી દંશ કરવા માંડ્યા, છતાં સૂર્યપુત્ર કર્ણે, ગુરુ જાગી જાય, તેવી શંકાથી તેની ઉપેક્ષાજ કરી.[૮] ભ્રમરાના દંશની વેદના ઘણીજ અસહ્ય હતી, તોપણ કર્ણે ધૈર્યથી તેને સહ્યા કરી અને લગારે ડગમગ્યાવિના અથવા ગભરાયાવિના પરશુરામના મસ્તકને તેમનું તેમ ખોળામાં ધારણ કરી રાખ્યું;[૯] પરંતુ તેના રુધિરથી ભૃગુકુલધુરંધર પરશુરામનું શરીર જ્યારે રેબઝેબ થઇ ગયું, ત્યારે તેજસ્વી એવા તે પરશુરામ એકાએક જાગી ઉઠ્યા અને સંત્રસ્ત થઇને બોલી ઉઠ્યાઃ– [૧૦] “અહો! આ રુધિરથી હું અપવિત્ર થયો છું. બોલ, તેં આ શું કર્યું? તું નિર્ભય થઇને સત્ય વાત મને કહી દે.”[૧૧] તે સાંભળી કર્ણે, પોતાની સાથળપર ભ્રમરાએ દંશ કર્યો હતો, તે વાત તેમને કહી સંભળાવી અને પરશુરામે પણ ડુક્કર સરખા પુષ્ટ તે ભ્રમરાને સમીપમાં જોયો.[૧૨] એ ભ્રમરાને આઠ પગ હતા, તીક્ષ્ણ દાઢ હતી, સર્વાંગે સોયની પેઠે તીક્ષ્ણ અણીવાળાં રૂવાંટાંથી તે વ્યાપ્ત હતો અને તેનું નામ ‘અલર્ક’ હતું.[૧૩] પરશુરામે તે ભ્રમરાને માત્ર જોયો, તેવામાં તો તેના પ્રાણ ચાલ્યા ગયા અને તેનું ગતપ્રાણ શરીર, તત્કાળ રુધિરથી તરબોળ થઇ ગયું, એ એક આશ્ચર્યની વાત બની હતી;[૧૪] અને તેજ સમયે આકાશમાં ઇચ્છાનુસાર રૂપને ધારણ કરનારો એક ભયંકરસ્વરૂપ રાક્ષસ દેખાયો કે જેની ગ્રીવા(ડોક)લાલ રંગની હતી, શરીર શ્યામ વર્ણનું હતું અને મેઘના ઉપર તે બેઠો હતો;[૧૫] જેની મનઃકામના સંપૂર્ણ થયેલી હતી એવો તે રાક્ષસ, બે હાથ જોડીને પરશુરામને કહેવા લાગ્યોઃ–“હે ભૃગુકુલશ્રેષ્ઠ મહામુનિ! આપનું કલ્યાણ થાઓ. હું જ્યાંથી આવ્યો હતો ત્યાં હવે જાઉં છું.[૧૬] આપે મને આ નરકાગારમાંથી મુક્ત કર્યો છે, આપે મારૂં પ્રિય કર્યું છે અને આપને હું પ્રણામ કરૂં છું.”[૧૭] રાક્ષસે આમ કહ્યું એટલે મોટી ભુજાવાળા પ્રતાપી પરશુરામે તેને કહ્યુંઃ–“અરે! પણ તું કોણ છે? અને શા કારણથી આ નરકાગારમાં તું પડ્યો હતો? તે મને કહે.”[૧૮] તે સાંભળી રાક્ષસ બોલ્યોઃ–“હું પૂર્વે સત્યયુગમાં દંશ નામનો એક મહાસુર હતો. તે સમયે મારી વય લગભગ તમારા પિતા ભૃગુ ઋષિના સમાનજ હતી. મેં એ ભૃગુ ઋષિની પ્રિય પત્નીનું બલાત્કારે હરણ કર્યું હતું, જેથી મહર્ષિ ભૃગુના શાપને લીધે હું કીડો થઇને પૃથ્વીપર પડ્યો.[૧૯,૨૦] તમારા પૂર્વ પિતામહ ભૃગુ ઋષિએ મને શાપ આપતાં ક્રોધપૂર્વક કહ્યું હતું કે, “ઓ પાપી! તું મળમૂત્રનું ભક્ષણ કરનાર એક કીડો થઇને નરકમાં પડ.” તેમણે મને આવો શાપ આપ્યો એટલે મેં તેમને નમ્ર થઇને પૂછ્યું કે, “હે બ્રહ્મન્! આ શાપમાંથી મારી મુક્તિ ક્યારે થશે?” આના ઉત્તરમાં ભૃગુ ઋષિએ કહ્યું કેઃ–

“અમારા ગોત્રમાં ઉત્પન્ન થયેલા પરશુરામ આ શાપમાંથી તને મુક્ત કરશે.” આ રીતે હું આ અમંગલ એવી નીચ યોનિમાં અવતર્યો હતો અને હે મહાત્મન્! આપનો સમાગમ કરીને એ પાપયોનિમાંથી મુક્ત થયો છું.”[21-23] આ પ્રમાણે પરશુરામને કહીને તે મહાસુર તેમને નમસ્કાર કરી પોતાને સ્થાનકે ગયો; તે પછી પરશુરામે ક્રોધ કરીને કર્ણને કહ્યુઃ- “અલ્યા ઓ મૂઢ! તારી સાથળ આ રીતે અત્યંત કોચાઈ ગઇ ત્યાંસુધી મહાન દુઃખ તેં સહન કર્યું, તે પરથી જણાય છે કે, તું બ્રાહ્મણજાતિનો નથી. બ્રાહ્મણ, આવું મહાન દુઃખ કદી સહન કરી શકે નહિ. તારૂં ધૈર્ય કોઇ ક્ષત્રિયના જેવું દેખાય છે; માટે બોલ, તું કોણ છે? તારી જાતિના સંબંધમાં જેવું હોય તેવું સત્ય કહી દે.”[24,25] પરશુરામનાં આવાં ક્રોધભરેલાં વચનો સાંભળી કર્ણ, શાપની દહેશતથી ભયભીત બની ગયો અને તેમને પ્રસન્ન કરતો બોલ્યોઃ-“હે ભૃગુવંશી મહાત્મન્! આપ જાણો કે, હું બ્રાહ્મણ અને ક્ષત્રિયથી ઇતર-સૂતજાતિમાં ઉત્પન્ન થયો છું અને મને “રાધાપુત્ર કર્ણ” આવા નામથી મનુષ્યો પૃથ્વીપર ઓળખે છે. હે બ્રહ્મન્! અસ્ત્ર મેળવવાના લોભથી મેં આપની પાસે અસત્ય ભાષણ કર્યું છે; પણ ખરૂં જોતાં હું આપની પાસે અસત્ય બોલ્યોજ નથી; કારણ કે વેદવિદ્યાને આપનાર સમર્થ ગુરુને પિતાતરીકેજ માનેલા છે, એમાં સંદેહ નથી. આ શાસ્ત્રવચન પ્રમાણે મેં આપની પાસે “હું ભૃગુકુળનો બ્રાહ્મણ છુ” આમ ગોત્રોચ્ચાર કર્યો છે, માટે આપ મારા ઉપર કૃપા કરો.”[28] કર્ણનાં એ વાક્યો સાંભળી ભૃગુશ્રેષ્ઠ પરશુરામ રોષથી જાણે બાળી નાખતા હોય તેમ, દીન અવસ્થાએ બે હાથ જોડીને પૃથ્વીપર પડેલા કંપાયમાન કર્ણને ઉદ્દેશીને બોલ્યાઃ-[29] “ઓ મૂઢ કર્ણ! તેં અસ્ત્ર મેળવવાના લોભથી મિથ્યા ઉપચારવચનો કહીને મને છેતર્યો છે અને તારી જાતને ગુપ્ત રાખી તેં મારી પાસેથી બ્રહ્માસ્ત્ર મેળવ્યું છે; માટે તું જ્યારે તારા સમાન પુરુષની સામે યુદ્ધ કરવા ઉતરીશ, ત્યારે લગભગ પ્રાણાંતસમયે એ બ્રહ્માસ્ત્રનું તને સ્મરણ રહેશે નહિ; પરંતુ તે સિવાયના સમયે એ અસ્ત્રનું તને સ્મરણ રહેશે. તેનું કારણ એજ છે કે, બ્રાહ્મણથી ઇતર જાતિના પુરુષની પાસે બ્રહ્માસ્ત્ર, તેના મરણપર્યંત કદી રહેતું નથી.[30,31] હવે તું અહીંથી ચાલ્યો જા. અસત્ય ભાષણ કરનાર મનુષ્ય આ સ્થાનમાં કદી રહી શકતો નથી. તેં આજ દિવસસુધી મારી સેવા સારી કરી છે, તેને માટે હું તને આશીર્વાદ આપું છું કે, પૃથ્વીમાંહેનો કોઈપણ ક્ષત્રિય, યુદ્ધમાં તારી તુલના કરી શકશે નહિ.”[32] પરશુરામે એ પ્રમાણે કહ્યું એટલે કર્ણ, તેમને પ્રણામ કરી ત્યાંથી ચાલી નીકળ્યો અને દુર્યોધનની પાસે આવીને તેણે કહ્યું કે, મેં બ્રહ્માસ્ત્ર મેળવ્યું છે.[33]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં “કર્ણને અસ્ત્રની પ્રાપ્તિ” એ વિષયનો અધ્યાય ૩ જો સમાપ્ત.

अध्याय ४ थो

દુર્યોધને સ્વયંવરમાંથી કરેલું કન્યાહરણ.

॥ नारद उवाच ॥

कर्णस्तु समवाप्यैवमस्त्रं भार्गवनंदनात् ॥
दुर्योधनेन सहितो मुमुदे भरतर्षभ ॥१॥

નારદ કહે છેઃ-હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર! એ રીતે કર્ણ, પરશુરામ પાસેથી બ્રહ્માસ્ત્ર મેળવીને દુર્યોધનની સાથે આનંદથી રહેવા લાગ્યો.[1] હે રાજન્! કેટલોએક સમય વીત્યા પછી કલિંગ દેશમાં, રાજા ચિત્રાંગદે, પોતાની કન્યાનો સ્વયંવર આરંભ્યો; અને તેની રાજધાની રાજપુર નગરમાં સેંકડો અને હજારો રાજાઓ કન્યાને મેળવવાના લોભથી એકઠા મળ્યા.[2,3] રાજા દુર્યોધનના સાંભળવામાં પણ આવ્યું કે, રાજપુર નગરમાં સ્વયંવરના મહોત્સવનિમિત્તે સર્વ રાજાઓ એકઠા થયા છે, જેથી તે પોતે પણ સુવર્ણજડિત રથમાં બેસીને કર્ણની સાથે ત્યાં ગયો.[4] હે મહારાજા! જ્યારે ત્યાં સ્વયંવરનો મહોત્સવ ચાલુ થયો, ત્યારે શિશુપાલ, જરાસંધ, ભીષ્મક,

વક્ર, કપોતરોમા, નીલ, દૃઢ પરાક્રમી રુક્મિ, મહારાજા શૃગાલ, સ્ત્રીરાજ્યનો (કામરૂપ દેશનો) અધિપતિ રાજા અશોક, શતધન્વા, વીર ભોજરાજા અને બીજા ઘણા દક્ષિણ દિશાના રાજાઓ, મ્લેચ્છ રાજાઓ, પૂર્વ દિશાના રાજાઓ અને ઉત્તર દિશાના રાજાઓ કન્યાનિમિત્તે મંડપમાં આવી પહોંચ્યા.[૫-૮] તે સર્વ રાજાઓએ સુવર્ણનાં બાજુબંધો ધારણ કર્યાં હતાં, સર્વ રાજાઓની કાંતિ શુદ્ધ સુવર્ણના જેવી હતી, સર્વનાં શરીરો ઘણાંજ તેજસ્વી હતાં અને સર્વે વ્યાઘ્રના જેવા બલોત્કટ હતા.[૯] હે ભારત ! આ બધા રાજાઓ મંડપમાં આવીને બેસી ગયા, એટલે પોતાની ધાવમાતાની સાથે તથા અંતઃપુરનું રક્ષણ કરનારા નાજરો(હીજડા)ની સાથે કન્યા રંગમંડપમાં દાખલ થઈ.[૧૦] પછી ભિન્ન ભિન્ન દેશના મહારાજાઓનાં નામો તે કન્યાને સંભળાવવામાં આવ્યાં અને ઇચ્છિત વરને વરનારી તે કન્યાને સર્વ રાજાઓની આગળ અનુક્રમે લઇ જવામાં આવી. સુંદર વર્ણવાળી તે રાજકન્યા, એક પછી એક બધા રાજાઓનું ઉલ્લંઘન કરી છેક દુર્યોધન પાસે આવી, પરંતુ તેનો પણ ત્યાગ કરીને તે આગળ વધી.[૧૧] કુરુવંશી દુર્યોધન પોતાનું તે અપમાન સહન કરી શક્યો નહિ. તેણે સર્વ રાજાઓને નહિ ગણકારીને તે કન્યાને આગળ જતાં અટકાવી અને ભીષ્મ તથા દ્રોણના આશ્રયથી અને પોતાના વીર્યના મદથી મત્ત બની જઇને પોતાના રથમાં બેસાડી દઇ રાજકન્યાનું હરણ કર્યું.[૧૨,૧૩] હે મહાપુરુષ યુધિષ્ઠિર ! તુરતજ જેણે તરવાર લટકાવી હતી અને જેણે ચંદનઘોના ચામડાનાં મોજાં હાથે બાંધ્યાં હતાં એવો શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ ગણાયલો કર્ણ પણ રથમાં બેસીને દુર્યોધન રાજાની પાછળ ચાલી નીકળ્યો.[૧૪] તેવામાં સર્વ રાજાઓમાં યુદ્ધ કરવાની ઇચ્છાથી મોટી ભારે ચળવળ ચાલુ થઇ ગઇ. પોતપોતાનાં કવચો પહેરીને તથા રથો જોડાવીને સર્વ રાજાઓ કર્ણ અને દુર્યોધનની પાછળ દોડી ગયા; ને મેઘો જેમ બે પર્વતોપર વૃષ્ટિ કરે તેમ, તેઓ બન્નેના પર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા.[૧૫,૧૬] આ રીતે પોતાનાપર ચઢી આવેલા તે રાજાઓને જોઇને કર્ણ, માત્ર એક એક બાણ મારીને તેઓનાં ધનુષ્યોને તથા સંખ્યાબંધ બાણોને ટપોટપ પૃથ્વીપર પાડવા લાગ્યો.[૧૭] યોદ્ધાઓમાં શ્રેષ્ઠ એવા કર્ણે, જોતજોતામાં તો ધનુષવિનાના કેટલાએક રાજાઓને, ઉગામેલા ધનુષવાળા કેટલાએક રાજાઓને તથા બાણ, શક્તિ અને ગદાઓને ધારણ કરનારા કેટલાએક રાજાઓને પોતાની ચતુરાઇથી આકુળવ્યાકુળ કરી દીધા અને લગભગ બધાઓના સારથીઓનો નાશ કરી નાખી સર્વ રાજાઓનો પરાજય કર્યો.[૧૮,૧૯] આવી દુર્દશા થવાથી તે રાજાઓનાં મન પડી ભાંગ્યાં અને "અમારી રક્ષા કરો, રક્ષા કરો" આવી બૂમો પાડીને પોતેજ ઘોડાઓને દોડાવી મૂકીને તેઓ રણસંગ્રામને છોડી ગયા.[૨૦] રાજા દુર્યોધન તો કર્ણની રક્ષાતળે રહીને હરખાતો હરખાતો કન્યાને લઇને હસ્તિનાપુર તરફ ચાલ્યો ગયો.[૨૧]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત
રાજધર્માનુશાસન પર્વમાં "દુર્યોધને સ્વયંવરમાંથી કરેલું કન્યાહરણ" એ
વિષયનો અધ્યાય ૪ થો સમાપ્ત.

अध्याय ५ मो

કર્ણનું પરાક્રમ

॥ नारद उवाच ॥

आविष्कृतबलं कर्णं श्रुत्वा राजा स मागधः।
आह्वयद्वैरथेनाजौ जरासंधो महीपतिः ॥१॥

નારદ કહે છેઃ—હે યુધિષ્ઠિર રાજા ! દુર્યોધને કરેલા કન્યાહરણમાં કર્ણે પોતાનું બળ પ્રકટ કર્યું, એ વાત મગધદેશના રાજા જરાસંધના સાંભળવામાં આવી, જેથી તેણે કર્ણને દ્વંદ્વ યુદ્ધ કરવા માટે બોલાવ્યો.[૧] એટલે એક સ્થાને એકઠા મળી તેઓ બન્ને દિવ્ય અસ્ત્રોને જાણનારા યોદ્ધાઓનું યુદ્ધ થવા લાગ્યું. એ યુદ્ધમાં અન્યોન્યના પર અનેક જાતનાં આયુધોની વૃષ્ટિ કરતાં કરતાં તેઓ બન્નેની પાસે બાણો ખૂટી પડયાં અને ધનુષ્યો તથા તરવારો પણ ભાંગી

પડી, જેથી બળસંપન્ન એવા તેઓ બન્ને યોદ્ધા પૃથ્વીપર ઉભા રહીને બાહુયુદ્ધ કરવા લાગ્યા.[૨,૩] તેમાં કર્ણે બાહુકંટક* નામની યુદ્ધરીતિથી જરા રાક્ષસીએ સાંધેલા જરાસંધના શરીરના સાંધાને તોડી નાખ્યો.[૪] રાજા જરાસંધે પોતાના શરીરને ચીરી નાખવારૂપ વિકારને જોઇને કર્ણ સાથેનું વૈર છોડી દીધું અને "હું તારાપર પ્રસન્ન થયો છું" આમ કર્ણને તેણે કહ્યું.[૫] વળી વધારામાં હે પુરુષસિંહ યુધિષ્ઠિર ! જરાસંધે અંગદેશમાં આવેલી માલિની નામની નગરી પ્રીતિપૂર્વક કર્ણને અર્પણ કરી, જેથી કર્ણ શત્રુઓનો પરાજય કરી અંતે રાજા થયો.[૬] તે પછી શત્રુઓના સૈન્યને પીડા કરનારો કર્ણ, દુર્યોધનની સંમતિથી ચંપાનગરીનું રાજ્ય પણ કરતો હતો, તે વાત તમારા જાણવામાંજ છે.[૭] આ રીતે કર્ણ પોતાના શસ્ત્રોના પ્રતાપથી પૃથ્વીમાં વિખ્યાત થયો હતો અને તેની પાસે સાક્ષાત્ દેવરાજાએ પણ તમારૂં હિત કરવા માટે દિવ્ય કવચની તથા કુંડલોની ભિક્ષા માગી હતી.[૮] દેવોની માયાથી મોહિત થયેલા કર્ણે પણ સાક્ષાત્ દેવરાજાને પોતાને ત્યાં ભિક્ષા માગવા આવેલો જાણી અભિમાનમાં ને અભિમાનમાં પોતાના જન્મની સાથેજ ઉત્પન્ન થયેલાં કુંડલોને તથા દિવ્ય કવચને દાનમાં આપી દીધાં હતાં;[૯] જેથી કર્ણ, પોતાના જન્મની સાથે ઉત્પન્ન થયેલાં કવચ-કુંડલથી રહિત થયો હતો અને તે કારણથીજ શ્રીકૃષ્ણના દેખતાં અર્જુન તેને મારી શક્યો હતો.[૧૦] વળી તેને પરશુરામના આશ્રમમાં વસતી વેળા બ્રાહ્મણનો શાપ થયો હતો, મહાત્મા પરશુરામે પણ પોતાની પાસે અસત્ય જાતિ જણાવવાના કારણથી તેને શાપ આપ્યો હતો, માતા કુંતાએ પોતાના ચાર પુત્રોને નહિ મારવા માટે તેની પાસેથી વરદાન મેળવ્યું હતું, ઇંદ્રે માયા કરીને તેને મોહિત કર્યો હતો તથા તેનાં કવચકુંડલને પડાવી લીધાં હતાં. પિતામહ ભીષ્મે અર્ધરથી કહીને તેનું અપમાન કર્યું હતું, શલ્ય રાજાએ તેના તેજનું હરણ કર્યું હતું અને શ્રીકૃષ્ણે તેના રથના પૈડાને પૃથ્વીમાં પેસી ગયેલું જોઇ તેને મારવા માટે અર્જુનને પ્રેરણા કરીને નીતિનો ઉપયોગ કર્યો હતો, જેને લીધે સૂર્યસમાન તેજસ્વી વૈકર્તન કર્ણને, ગાંડીવ ધનુર્ધારી અર્જુને શંકર, ઇંદ્ર, યમ, વરુણ, કુબેર, દ્રોણાચાર્ય અને મહાત્મા કૃપાચાર્યની પાસેથી મેળવેલાં દિવ્ય અસ્ત્રોના પ્રતાપથી યુદ્ધમાં મારી નાખ્યો છે.[૧૧-૧૪] હે પુરુષવ્યાઘ્ર યુધિષ્ઠિર! આ રીતે કર્ણને શાપ થયો હતો અને તેને ઇંદ્ર આદિ ઘણા લોકોએ છેતર્યો હતો તેથીજ યુદ્ધમાં તે મરણ પામ્યો છે, માટે તે શોક કરવા યોગ્ય નથી.[૧૫]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રજાધર્માનુશાસન પર્વમાં "કર્ણના પરાક્રમનું કથન" એ વિષયનો અધ્યાય ૫ મો સમાપ્ત.

अध्याय ६ ठ्ठो

જગતમાંહેની સર્વ સ્ત્રીઓને યુધિષ્ઠિરનો શાપ

॥ वैशंपायन उवाच ॥

एतावदुक्त्वा देवर्षिर्विरराम स नारदः ॥
युधिष्ठिरस्तु राजर्षिर्दध्यौ शोकपरिप्लुतः ॥१॥

વૈશંપાયન બોલ્યા:-હે જનમેજય ! દેવર્ષિ નારદ, આટલું કહીને બોલતા બંધ થઈ ગયા; અને રાજા યુધિષ્ઠિર તો શોકમાં ગરકાવ બની જઈ ને વિચારગ્રસ્તજ બની ગયા.[૧] એ સમયે રાજા યુધિષ્ઠિર મનમાં દીન થઇ ગયા હતા, શોકને લીધે ભાનવિનાના થઇ ગયા હતા, તેમનાં નેત્રોમાં અશ્રુઓ ભરાઈ આવ્યાં હતાં અને ઘણાજ આતુર થઈ જઇને સર્પની પેઠે નિઃશ્વાસ નાખતા હતા.[૨] રાજાની આવી સ્થિતિ જોઇ

---

* જે યુદ્ધમાં બળવાન શત્રુ પોતાના દુર્બળ શત્રુના શરીરને કેવડાના પાંદડાની પેઠે ચીરી નાખે, તે યુદ્ધને બાહુકંટક યુદ્ધ કહે છે. યુદ્ધશાસ્ત્ર કહે છે:-"**एकां जंघां पदाक्रम्य परामुद्यस्य प्राव्यते। केतकीपत्रवच्छत्रुयुंद्धंतद् वाहुकंटटकम्**" શત્રુની એક જાંઘને પગથી દબાવીને તથા બીજી જાંઘને ઉંચે ખેંચીને તેના શરીરને વચમાંથી કેવડાના પાંદડાની પેઠે જેમાં ચીરી નાખવામાં આવે તે યુદ્ધને 'બાહુકંટક' યુદ્ધ કહે છે. **નીલકંઠ.**

જેનાં સર્વ અંગોમાં શોક વ્યાપી ગયો હતો અને જેની ચેતના દુઃખને લીધે નષ્ટ થઇ ગઇ હતી એવાં કુંતામાતા મિષ્ટ વાણીથી આવું સમયોચિત અર્થવાળું વચન બોલ્યાં;[૩] હે મહાબાહુ યુધિષ્ઠિર! તારે એ કર્ણનો શોક કરવો યોગ્ય નથી. તું મહાબુદ્ધિમાન છે, માટે શોકનો ત્યાગ કર અને આ મારૂં વચન સાંભળ.[૪] તે કર્ણને મેં પૂર્વે કહ્યું હતું કે, યુધિષ્ઠિર આદિ પાંડવો, તારા નાના ભાઈઓ છે અને નાના ભાઇઓનું રક્ષણ કરવું તે તારો ધર્મ છે; માટે તું તેઓની સાથે ભ્રાતૃભાવથી વર્તન કર, તેમજ ધાર્મિકોમાં શ્રેષ્ઠ એવા તે કર્ણના પિતા સૂર્યદેવે પણ હિત ઇચ્છનારા સંબંધીએ જે કહેવું ઘટે તે સર્વ તેને કહ્યું હતું. કોઈ સમયે સ્વપ્નામાં આવીને તથા કોઇ સમયે મારી સમક્ષ પણ સૂર્યનારાયણે તેને હિતોપદેશનાં વચનો કહ્યાં હતાં.[૫,૬] આ રીતે મેં અને સૂર્યદેવે અનેક સ્નેહકારક વચનો કહ્યાં હતાં, છતાં તે કર્ણને અમે શાંત કરી શક્યાં ન હતાં, અથવા તારી સાથે તેની એકતા પણ કરી શક્યાં ન હતાં;[૭] કારણ કે તે કર્ણ કાળના સપાટામાં સપડાઈ ગયો હતો અને તેથીજ વૈરનો ઉદ્ધાર કરવામાં તે આસક્ત થયો હતો. વળી તે તમારૂં અપ્રિય કરનારો હતો, જેથી મેં તેની ઉપેક્ષા કરી હતી.[૮] પોતાની માતાએ આ પ્રમાણે કહ્યું, તોપણ ધર્માત્મા ધર્મરાજાનાં નેત્રો અશ્રુઓથી ઉભરાઇ જવા લાગ્યાં અને તેમની ઇંદ્રિયો શોકથી વ્યાકુળ થઇ ગઈ.[૯] પછી તેમણે કહ્યું કેઃ–"ઓ માતા! તમે કર્ણના જન્મના વૃત્તાંતને આજદિનપર્યંત ગૂઢ રાખીને અને મહાન વ્યથા ઉપજાવી છે."[૧૦] આમ કહીને મહાતેજસ્વી યુધિષ્ઠિર રાજાએ જગતની સર્વ સ્ત્રીઓને શાપ આપ્યો કે, "આજથી આરંભી જગતની કોઇપણ સ્ત્રી પોતાના હૃદયમાં ગુપ્ત વાત રાખી શકશે નહિ." પછી રાજા યુધિષ્ઠિર પોતાના પુત્રોનું, પૌત્રોનું, સંબંધીઓનું તથા સુહૃદોનું સ્મરણ કરીને દુઃખસંપન્ન થઇ ગયા, તેમના હૃદયમાં ઘણોજ ઉદ્વેગ થવા લાગ્યો, તેમનું ચિત્ત અત્યંત ઉદાસ થઇ ગયું તેમનો આત્મા શોકથી ઘેરાઇ ગયો અને પોતે બુદ્ધિમાન હતા છતાં ધૂમાડાવાળા અગ્નિનીપેઠે ધુંધવાઇ જઇને સંતાપથી પીડાવા લાગ્યા તથા અત્યંત ખિન્ન થઈ ગયા.

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં 'સ્ત્રીઓને શાપ' એ વિષયનો અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત.

અધ્યાય ૭ મો

રાજ્યનો ત્યાગ કરી હું વનમાં ચાલ્યો જઇશ.

॥ वैशंपायन उवाच ॥

युधिष्ठिरस्तु धर्मात्मा शोकव्याकुल चेतनः ॥
शुशोचदुःखसंतप्तः स्मृत्वा कर्णं महारथम्॥१॥

વૈશંપાયન બોલ્યાઃ–હે જનમેજય! શોકથી મનમાં વ્યાકુલ થયેલા ધર્માત્મા યુધિષ્ઠિર રાજા મહારથી કર્ણને યાદ કરી દુઃખસંતપ્ત થઇને શોક કરવા લાગ્યા.[૧] દુઃખ અને શોકના આવેશથી વારંવાર નિશ્વાસ નાખતા અને શોકથી કૃશ થયેલા તે રાજા, અર્જુન સામે જોઇને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૨]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"ઓ અર્જુન! યાદવ અને અંધકવંશના રાજાઓના નગરમાં ભટકીને જો આપણે ભિક્ષાચરણ કર્યું હોત તો આ સમયે આપણા સંબંધીઓના પુરુષોનો નાશ કરીને આવી દુર્ગતિને પામ્યા ન હોત.[૩] અરેરે! જ્ઞાતિઓનો વધ કરીને આપણે હતભાગ્ય બન્યા છીએ. અરે! આપણા શત્રુ કૌરવો ભાગ્યસંપન્ન થયા છે–તેઓનો અર્થ સિદ્ધ થયો છે. આપણે તો કેવળ આપણો પોતાનોજ નાશ કરીને ધર્મનું શું ફળ પ્રાપ્ત કર્યું છે?[૪] હાય! ધિક્કાર છે ક્ષત્રિયોના આચારને, ધિક્કાર છે ક્ષત્રિયોના બળને અથવા પુરુષાર્થને અને ધિક્કાર છે ક્ષત્રિયોની અસહિષ્ણુતાને કે જેને લીધે આપણે આવી આપત્તિમાં ધકેલાઇ પડયા છીએ.[૫] મને નિશ્ચય થાય છે કે ક્ષત્રિયોનો ધર્મજ નિંદ્ય છે; પણ ક્ષમા, ઇંદ્રિયનિગ્રહ, કાયિક વાચિક પવિત્રતા, વૈરાગ્ય, અમત્સર, અહિંસા અને સત્યભાષણ–આ નિયમો જેઓને માટે નિત્ય હોય છે, તેવા વનવાસીઓનો

ધર્મજ સર્વોત્તમ છે.[૬] આપણે તો રાજ્યના લોભને લીધે તથા મોહને લીધે દંભ અને મનનો આશ્રય કર્યો, જેથી આવી હીન અવસ્થાને પામ્યા છીએ.[૭] જે આપણા બાંધવો પૃથ્વીપર વિજય મેળવવાની ઈચ્છા રાખતા હતા,તેઓને મરણ પામેલા જોઈ હવે આપણને કોઇ, ત્રણે લોકનું રાજ્ય આપી દે તોપણ અત્યાનંદ થઇ શકે તેમ નથી.[૮] ઓહ ! ધિક્, ધિક્! કેવળ પૃથ્વીના રાજ્યને માટે આપણે અવધ્ય રાજાઓનો વધ કર્યો છે, આપણા સર્વ પુરુષાર્થોનો નાશ થઇ ગયો છે અને આપણે બાંધવોથી રહિત થઇ પડયા છીએ, છતાં જીવીએ છીએ.[૯] અવશ્ય રાજ્યરૂપ માંસના નિમિત્તે સર્વ કોઇનું, માંસના ટુકડામાટે કૂતરાઓનું માંહોમાંહે જેમ અશુભ થાય છે તેમ, જ્ઞાતિઓના દ્રોહરૂપ અશુભ થાયજ છે; માટે આપણે બંધુઓના રક્ષણરૂપ માંસને ઇષ્ટ ગણવું યોગ્ય હતું તેમજ રાજ્યરૂપી માંસનો ત્યાગ કરવો તેને ઇષ્ટ ગણવું ઉત્તમ હતું.[૧૦] રે! રે! આપણને આ સમગ્ર પૃથ્વી સ્વાધીન થાય, સુવર્ણના મોટા ઢગો મળે અથવા ગાય, ઘોડા વગેરે સર્વ ઇષ્ટ પદાર્થોનો લાભ થાય તોપણ આ મારી નાખેલા બાંધવોનો ત્યાગ કરવો અયોગ્ય હતો.[૧૧] નિઃશંક, આ યુદ્ધમાં મરણ પામેલા સર્વ યોદ્ધાઓ, રાજ્યાભિલાષ અને ક્રોધથી પૂર્ણ થઇને ક્રોધ અને હર્ષાવેશમાં મૃત્યુના માર્ગમાં આરોહણ કરી, કેવળ યમલોકમાંજ ગયા છે– અર્થાત્ આ યુદ્ધમાં મરણ પામેલા યોદ્ધાઓને સ્વર્ગ મળશેજ નહિ પરંતુ તેઓને નરકનીજ પ્રાપ્તિ થશે; કારણ કે તેઓ, કામવાસનાઓમાં દટાઈ ગયા હતા.[૧૨] આ જગતમાં સર્વ કોઈના પિતાઓ તપ, બ્રહ્મચર્ય, સત્ય અને ક્ષમાસંપન્ન થઇને અનેક કલ્યાણોનો લાભ મેળવનારા પુત્રોને પ્રાપ્ત કરવા ઇચ્છે છે;[૧૩] અને તેજ પ્રમાણે સર્વ કોઇની માતાઓ ઉપવાસો,અનેક દેવોની પૂજાઓ, ગૌરીવ્રત આદિ વ્રતો,દુર્ગોત્સવઆદિ કૌતુકો અને બીજાં ઘણાં માંગલિક કર્મો કરીને ગર્ભધારણાને પ્રાપ્ત કરી શકે છે અને દશ માસપર્યંત તે ગર્ભને ધારણ કરે છે.[૧૪] વળી “આ ગર્ભ ક્ષેમકુશળ જન્મ પામે તો સારૂં, જન્મીને ચિરકાળપર્યંત જો જીવે તો ઘણુંજ સારૂં, જીવીને જો માનવંત અને બલવંત થાય તો આપણને સુખદાતા થઈ પડે” આવા આવા આ લોકના તથા પરલોકના કૃપણ ફળહેતુઓની આશાઓમાં કાળ નિર્ગમન કરે છે![૧૫] પણ અફસોસ! આ યુદ્ધમાં મરણ પામેલા મહાપુરુષોની માતાઓના પૂર્વોક્ત સર્વ પ્રકારના આશાંકુરો કેવળ નિષ્ફળ થયા છે; કારણ કે તે માતાઓના સુંદર કુંડળોને ધારણ કરનારા તરુણ વયના પુત્રો, પૃથ્વીના કોઈ જાતના ભોગો ભોગવ્યા વિના તથા ત્રણ પ્રકારનાં ઋણોમાંથી એક ઋણને પણ સંપૂર્ણ રીતે અદા કર્યા વિના યમલોકમાં સિધાવી ગયા છે.[૧૬-૧૮] અરેરે! આ યુદ્ધમાં મરણ પામેલા દુર્યોધન આદિ રાજાઓનાં માતાપિતાઓ, પુત્રોને યુવાવસ્થામાં આવેલા જોઇ ધન–રત્ન–આદિનો ઉપભોગ કરી સુખી થવાની સ્થિતિપર આવ્યાં હતાં, તેટલામાં તો તેઓના રાજપુત્રો યુદ્ધમાં માર્યા ગયા છે.[૧૯] વળી જેઓ, પંચાલવંશના અથવા કુરુવંશના યોદ્ધાઓ આ રણસંગ્રામમાં મૃત્યુ પામ્યા છે તેઓ, કેવળ મૃત્યુનેજ પામ્યા છે, પણ સ્વર્ગ આદિ દિવ્ય લોકને પામ્યા નથી; કારણ કે તેઓ અર્થની તૃષ્ણાવાળા હતા, તે તૃષ્ણા પરિપૂર્ણ ન થાય તો દીન અવસ્થાને પામનારા હતા, ઈચ્છિત પદાર્થનો લાભ નહિ થતાં સંતાપ કરનારા હતા અને કોઇ ઇષ્ટ પદાર્થોનો લાભ થતાં અત્યંત હર્ષ પામનારા હતા. આવા વિષમ સ્વભાવના તે પુરુષોએ જો કદાચ વિજય મેળવ્યો હોત તોપણ પૃથ્વીનો ઉપભોગ કરી શકત નહિ અને મૃત્યુને પામ્યા છતાં પણ તેઓને* સ્વર્ગાદિફળ મળશે નહિ. જો એમ ન હોય તો, પોતપોતાના કર્મયોગે સ્વર્ગમાં ગયેલા તે સર્વ પુરુષોને આ લોક કેમ જોઈ શકતો નથી?[૧૯-૨૧] સ્થૂલદૃષ્ટિએ જોતાં આ લોકનો વિનાશ કરવામાં આપણેજ અવાંતર કારણભૂત ગણાયલા છીએ ,પરંતુ સૂક્ષ્મદૃષ્ટિએ જોતાં આ વિનાશનું મુખ્ય કારણ, આપણા રાજ્યને

---

*યુધિષ્ઠિરનાં આ વચનો લોકાયતિક સંપ્રદાયને અનુસરતાં છે, તે ધ્યાનમાં રાખવું. **નીલકંઠ**

છીનવી લેવાથી, ધૃતરાષ્ટ્રના પુત્રોજ છે;[૨૨] અને આ બાબતમાં સર્વનું મૂળકારણ તો રાજા ધૃતરાષ્ટ્રજ છે; કારણ કે તેમનો આપણે કોઇ જાતનો અપરાધ કર્યો ન હતો છતાં આપણને ઠગવામાંજ તેમની બુદ્ધિ સ્થિર થઈ હતી, નિત્ય આપણો દ્વેષ કર્યાં કર્યો હતો, સદાકાળ કપટદ્યૂત આદિથીજ તેમનું જીવન ઘડાઇ ગયું હતું અને કેવળ ઉપરઉપરનો મિથ્યા વિનય તેમણે દર્શાવ્યા કર્યો હતો.[૨૩] આખરે આ યુદ્ધ કરીને તેઓની મનઃકામના પૂર્ણ થઇ નથી તેમ આપણી કામના પણ અપૂર્ણજ રહી છે, તેઓ જીત્યા નથી તેમ આપણે પણ જીત્યા નથી, તેઓએ આ પૃથ્વીનો ઉપભોગ કર્યો નહિ તેમ આપણે પણ ઉપભોગ કરી શકયા નહિ. રે ! એટલુંજ નહિ પણ સ્ત્રીઓનાં સુખનો અથવા ગીતવાદ્યના શ્રવણસુખનો પણ કોઈએ ઉપભોગ કર્યો નથી.[૨૪] અરેરે! ઘણી શોકજનક વાત છે કે, રાજા ધૃતરાષ્ટ્રે પોતાના વિદ્વાન અમાત્યોનું અથવા સુહૃદોનું વચન સાંભળ્યું નહિ; મહાકિંમતી રત્નોનો, પૃથ્વીનો તથા અઢળક ધનની આવકનો લેશમાત્ર ઉપભોગ કર્યો નહિ; આપણાપર દ્વેષ હોવાને લીધે નિત્ય સંતાપ કર્યા કર્યો; આ લોકનું કોઈજાતનું સુખ મેળવ્યું નહિ; પૂર્વકાળની આપણી સમૃદ્ધિ જોઇને નિસ્તેજ, ફિક્કા અને કૃશ થતા ગયા, જેથી સુબલપુત્ર શકુનિએ જુગાર રમવાનું જણાવ્યું અને પોતાના પુત્રપરના પ્રેમમાં લુબ્ધ બની જઇને પિતા ધૃતરાષ્ટ્રે અન્યાયમાર્ગમાં પગ મૂકવાની પણ સંમતિ આપી.[૨૫-૨૭] એટલે પછી તો રાજા દુર્યોધને પોતાના પિતાની, ભીષ્મની કે વિદુરની કોઇની પણ દરકાર કરી નહિ અને આખરે મારો જેમ નાશ થયો છે, તેમ તેનો પણ નિઃસંશય નાશ થયો છે.[૨૮] રાજા ધૃતરાષ્ટ્રે પણ વશમાં રાખ્યો નહિ, જેથી તે દુર્યોધન, પ્રદીપ્ત યશથી ભ્રષ્ટ થઈને, સહોદરોનો ઘાત કરાવીને મરણશરણ થયો.[૨૯] વળી દુર્યોધન, સદાને માટે પાપી બુદ્ધિનો હતો અને તેથી નિત્ય આપણો દ્વેષ કરવામાંજ તે યુક્ત રહેતો હતો; જેના પરિણામે તે પોતાનાં વૃદ્ધ માતાપિતાને શોકાગ્નિમાં ફેંકી દઈ આ સંસારમાંથી ચાલ્યો ગયો છે.[૩૦] અરે! તેવો કયો બંધુ પોતે કુળવાન હોઇને પોતાનાં બંધુજનોના સંબંધમાં તેવાં અયોગ્ય વચનો બોલે, કે જેવાં યુદ્ધ કરવાની ઈચ્છાવાળા દુર્યોધને શ્રીકૃષ્ણની સમીપમાં કહ્યાં હતાં.[૩૧] ખરેખર ! આપણે આપણા પોતાનાજ દોષથી સદાને માટે નાશ પામ્યા છીએ, અર્થાત્ દુર્યોધન આપણો હતો અને તેણે જે દોષ કર્યો હતો તે આપણોજ દોષ ગણાય; માટે આપણે સૂર્યની પેઠે સર્વ દિશાઓને બાળી નાખનારા હતા, છતાં આ સમયે તે દોષને લીધે બળી ગયા છીએ.[૩૨] દુર્મતિ દુર્યોધન આપણો વૈરી પુરુષ હતો અને તે પોતે એકલોજ મરણ પામ્યો છે તેમ નથી; પણ તેણે આપણા સર્વ કુળનો નાશ કરાવ્યો છે.[૩૩] કેવળ તે દુર્યોધનને માટેજ ઘણા અવધ્ય પુરુષોનો વધ કરીને આપણે જગતમાં નિંદાપાત્ર થયા છીએ; અને રાજા ધૃતરાષ્ટ્ર પણ, કુળનો સંહાર કરનારા બુદ્ધિદુષ્ટ પાપી પુરુષનો રાજ્યાસનપર અભિષેક કરીને હવે શોકજ કરે છે. હાય! હાય! ઘણા શૂરાઓ માર્યા ગયા, મહાન પાપી કૃત્ય કર્યું અને આપણે પોતેજ આપણી અભીષ્ટ વસ્તુનો નાશ કર્યો, જેને લીધે આપણા બધાનો ક્રોધ જો કે દૂર થઇ ગયો છે તોપણ ઉત્પન્ન થયેલો આ શોક મને ગુંગળાવી નાખે છે-ગભરાવી નાખે છે. ઓ ધનંજય! મનુષ્યે જે કંઇ પાપકર્મ કર્યું હોય તેનો તે બદલ ઉપકાર કરવાથી, ગુરુજન આદિની પાસે નિવેદન કરવાથી, પશ્ચાત્તાપ કરવાથી, દાન દેવાથી, તપશ્ચર્યા કરવાથી, સર્વ ઉપાધિની નિવૃત્તિ કરીને સંસારનો ત્યાગ કરવાથી અથવા વેદાધ્યયન કે શાસ્ત્રાધ્યયન કરવાથી નાશ કરી શકાય છે.[૩૪-૩૭] તેમાં પણ શ્રુતિ કહે છે કે, જે પુરુષ સંસારનો ત્યાગજ કરી દે છે, તે પુરુષને પુનઃ પાપકર્મ કરવાનો અવકાશજ રહેતો નથી; એટલુંજ નહિ પણ સંસારનો ત્યાગ કરનાર પુરુષ, પુનઃ જન્મમરણના ફેરામાં પડતોજ નથી. એજ આશયથી શ્રુતિ કહે છે કે, "त्यागेनैके अमृतत्व मानशुः"-કેટલાએક પુરુષો કેવળ સંસારત્યાગથીજ મોક્ષને પામી ગયા છે.[૩૮] તેમાં કારણ એજ છે કે, સંસારનો ત્યાગ

કરવાથી પુરુષને યોગમાર્ગ મળી આવે છે. પછી શ્રવણ-મનન-નિદિધ્યાસન આદિ કર્મોથી તેની બુદ્ધિ, "अहं ब्रह्मास्मि" આવા નિશ્ચયવાળી થાય છે અને અંતે અખંડાનંદ-પરબ્રહ્મની સાથે તે પુરુષ એકતાને પામે છે. ઓ ધનંજય! બ્રહ્મજ્ઞાનસંપન્ન એવો મનનશીલ-મુનિ, જેવો સુખદુઃખાદિ દ્વંદ્વથી રહિત થાય છે કે તુરતજ બ્રહ્મસ્વરૂપ થઇ રહે છે; [39] માટે હે શત્રુતાપન અર્જુન! હું તમારી બધાની સંમતિ લઇને હવે વનમાંજ ચાલ્યો જઇશ. વળી શ્રુતિ પણ કહે છે કે, પરિગ્રહવાન પુરુષ, જીવન્મુક્તિના સુખરૂપ સંપૂર્ણ ધર્મને કદી સંપાદન કરી શકતો નથી. આ વાત મને પણ પ્રત્યક્ષજ જોવામાં આવી છે. જો, હે શત્રુસૂદન! મેં પરિગ્રહની ઈચ્છા રાખીને આ મહાન પાપ કર્યું છે. વળી પણ શ્રુતિ કહે છે કે, પુરુષ, પરિગ્રહનો ત્યાગ કરવાથી જન્મમરણના નાશના કારણભૂત આત્મજ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે, માટે હું પણ રાજ્યનો તથા સુખોનો ત્યાગ કરી શોક અને મમતાથી રહિત થઇને કોઈ વનવગડામાં ચાલ્યો જઈશ;અને હે કુરુનંદન! તું નિષ્કંટક થયેલી આ કલ્યાણી પૃથ્વીપર રાજ્ય કર. મને રાજ્યનું કે ભોગોનું કંઈ પણ પ્રયોજન નથી."

આમ કહીને રાજા યુધિષ્ઠિરે બોલવું બંધ કર્યું એટલે તેમનો નાનોભાઈ અર્જુન બોલી ઉઠયો.

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજ-
ધર્માનુશાસનપર્વમાં "યુધિષ્ઠિરનો શોક' એ
વિષયનો અધ્યાય ૭ મો સમાપ્ત

अध्याय ८ मो

અર્જુનનાં વાકયો-ધનવિના ધર્મ નથી.

॥ वैशंपायन उवाच ॥
अथार्जुन उवाचेदमधिक्षिप्त इवाक्षमी ॥
अभिनीततरं वाक्यं दृढवादपराक्रमः ॥१॥

વૈશંપાયન બોલ્યા:-હે જનમેજય! જાણે કોઇએ તિરસ્કાર કર્યો હોય તેમ યુધિષ્ઠિરનાં વાકયોને સહન નહિ કરનારો દૃઢવચની અને દૃઢ પરાક્રમી એવો મહા તેજસ્વી ઇંદ્રપુત્ર અર્જુન પોતાનું પરાક્રમ અને સ્વરૂપ અતિ ઉગ્ર કરીને હસતો હસતો અને ગલોફાં ચાટતો ચાટતો આવું ન્યાયયુક્ત વચન બોલ્યો.[1,2]

અર્જુન બોલ્યો:-"અહો! આ તે કેવું દુઃખ? અહો ! આ તે કેવું કષ્ટ ? અહો ! આ તે કેટલી બધી મૂર્ખતા, કે જે પ્રથમ મહાદિવ્ય કર્મ કરીને ઉત્તમ લક્ષ્મી સંપાદન કરી અને હવે તેનો ત્યાગ કરવા માટે તમે તૈયાર થઇ જાઓ છો, તે શું ?[3] પ્રથમ શત્રુઓનો સંહાર કર્યો અને સ્વધર્માનુસાર પૃથ્વીને મેળવી લીધી; તો હવે સર્વ થઇ ગયા પછી બુદ્ધિની હીનતાને લીધે આવી મળેલા સર્વ વૈભવોનો તમે શામાટે ત્યાગ કરો છો?[4] અરે ! પણ ખરૂં છે કે, નપુંસકને અથવા દીર્ઘસૂત્રીને (ઠંડી પ્રકૃતિના માણસને) રાજ્ય ક્યાંથી હોઇ શકે? ઓ રાજા ! તમે પોતાનો નાશ થઈ જાય તે માટે કાયર હતા અને બીજાઓનો વધ કરવા માટે જો આળસુ હતા તો પછી તે સમયે ક્રોધથી ધુંધવાઈ ઉઠીને સર્વ રાજાઓનો શામાટે નાશ કર્યો?[5] જે પુરુષનાં કલ્યાણો સર્વ તરફથી નષ્ટ થયાં હોય; પોતે દરિદ્રી હોય, તેથીજ સર્વ લોકમાં અપ્રસિદ્ધ હોય અને પુત્ર, પશુ આદિ પરિવારથી હીન હોય તે પુરુષજ ભિક્ષાચરણ કરીને આજીવિકા ચલાવવાની ઇચ્છા કરે છે અને કોઈ બીજાનાજ પુરુષાર્થપર આધાર રાખી અર્થસંપાદન કરવાની ઇચ્છા કરતો નથી; પણ તમો તો સર્વ કલ્યાણોને પામ્યા છો, ધનસંપત્તિથી સંપન્ન છો, જગતમાં વિખ્યાત છો, પુત્ર,પશુ આદિ પરિવારથી યુક્ત છો અને પોતાનાજ પુરુષાર્થથી સર્વ અર્થોને પામ્યા છો, છતાં ભિક્ષાચરણ કરી આજીવિકા ચલાવવાની તમે ઈચ્છા રાખો છો તેથી મને જણાય છે કે, તમારી બુદ્ધિ વિપરીતજ થઇ ગઇ છે.[6] ઓ રાજા! સમૃદ્ધિપૂર્ણ રાજ્યનો ત્યાગ કરી તમે ભિક્ષાનું પાત્ર હાથમાં લઇ પાપિષ્ઠ કાપાલી વૃત્તિનો આશ્રય કરશો અને તેદ્વારા તમારૂં જીવન ગાળશો તેથી લોકો તમારા સંબંધમાં શું કહેશે ?[7] હે પ્રભુ ! ધર્માદિક સર્વ અર્થોનો ત્યાગ કરી કલ્યાણભ્રષ્ટ અને દરિદ્ર થઇને મૂઢ મનુષ્યની પેઠે

ભિક્ષા માગવાની તમે શામાટે ઈચ્છા કરો છો?[૮] તમે આ રાજકુળમાં ઉત્પન્ન થયા છો અને સમગ્ર પૃથ્વીને પણ જીતી છે, છતાં ધર્મ અને અર્થનો સંપૂર્ણ ત્યાગ કરીને તમે વનમાં ચાલ્યા જાઓ છો, તે કેવળ મૂર્ખતા છે.[૯] વળી તમારા ધર્મરૂપ યજ્ઞમાર્ગનો ત્યાગ કરી તમે વનમાં ચાલ્યા જશો તો પાછળથી દુષ્ટ પુરુષો આ પૃથ્વીપરથી યજ્ઞમાર્ગનો છેક નાશ કરી નાખશે; તેનું પાપ કેવળ તમારેજ શિરે આવી લાગશે, તેનો વિચાર કરો.[૧૦] પરિગ્રહના ત્યાગરૂપ નિષ્કિંચનતા, કેવળ મુનિઓના ધર્મતરીકેજ ગણાય છે. એજ કારણથી રાજા નહુષે ધનના અભાવને લીધે ઘાતકી કર્મ કરીને કહ્યું છે કે, “આ જગતમાં નિર્ધનતાને સર્વથા ધિક્કાર હજો!”[૧૧] તમારા જાણવામાંજ છે કે, આવતી કાલમાટે પણ ધાન્યાદિકનો પરિગ્રહ નહિ કરવારૂપ નિષ્કિંચનતા, કેવળ ઋષિઓનાજ ધર્મતરિકે ગણાય છે; પણ જેને વિદ્વાનો ગૃહસ્થધર્મ કહે છે, તે તો કેવળ ધનદ્વારાજ થઈ શકે છે;[૧૨] માટેજ જગતમાં કહેવાય છે કે, જે મનુષ્ય પારકાના ધનનું હરણ કરે છે,તે મનુષ્ય વાસ્તવિક દૃષ્ટિએ તેના ધર્મનુંજ હરણ કરે છે; તો હે રાજન્! આપણે ક્ષત્રિયો ધનનું હરણ કરી આપણા ધર્મનોજ નાશ કરનારા કયા પિતાનો અથવા ભાઇનો અપરાધ સહન કરી શકીએ?[૧૩] આ જગતમાં દરિદ્ર મનુષ્યને પાસે ઉભેલો જોઈને પણ લોકો તેના તરફ તિરસ્કારભરેલી દૃષ્ટિ કરે છે, માટે અવશ્ય દરિદ્રતા, આ લોકમાં એક પાપરૂપ છે. તેની પ્રશંસા કરવી તે તમને યોગ્ય નથી.[૧૪] ઓ રાજા! જેમ પતિત પુરુષ શોક કરવા યોગ્ય છે, તેમ નિર્ધન પુરુષ પણ શોક કરવા યોગ્યજ છે; માટે પતિતમાં કે નિર્ધનમાં મને તો કોઇ જાતનો વિશેષ દેખાતો નથી.[૧૫] અહીંતહીંથી એકઠું કરીને ધનની જો વૃદ્ધિ કરવામાં આવે છે, તો પર્વતમાંથી જેમ નાની નાની અનેક નદીઓ ચાલુ રહે છે. તેમ, તે ધનમાંથી અનેક જાતની ક્રિયાઓ ચાલુ રહે છે સર્વ કાર્યો ધનસંચયથી સિદ્ધ થઇ શકે છે.[૧૬] ઓ રાજા! ધનથીજ ધર્મ, અર્થ અને મોક્ષ-એ ત્રણે પુરુષાર્થો સિદ્ધ થાય છે. રે! એટલુંજ નહિ પણ ધનવિના લોકોની પ્રાણયાત્રા પણ સિદ્ધ થઇ શકતી નથી.[૧૭] પુરુષ બુદ્ધિથી હીન હોય અને અધુરામાં પૂરૂં વળી ધનથી [૫૧] જો રહિત હોય, તો ગ્રીષ્મ ઋતુમાં નાની નાની નદીઓનો જેમ નાશ થઈ જાય છે, તેમ તેની સર્વ ક્રિયાઓનો નાશ થઇ જાય છે;[૧૮] માટેજ જેની પાસે ધન છે તેના મિત્રો છે, જેની પાસે ધન છે તેના સર્વ કોઇ બાંધવો છે, જેની પાસે ધન છે તેજ પુરુષ ગણાય છે અને જેની પાસે ધન છે તેજ પંડિત કહેવાય છે.[૧૯] ધર્માર્થકામ આદિ પુરુષાર્થોની ઈચ્છા રાખનારો પુરુષ જો ધનહીન હોય તો તેનાથી કોઈ જાતનો પુરુષાર્થ સિદ્ધ કરી શકાતો નથી; માટે જેમ હાથીઓ બીજા હાથીઓને ખેંચી લાવે છે, તેમ ધનજ સર્વ પુરુષાર્થોને સિદ્ધ કરી શકે છે.[૨૦] ઓ રાજા! ધર્મ, કામ, સ્વર્ગ, હર્ષ, ક્રોધ, શાસ્ત્રશ્રવણ અને ઇંદ્રિયનિગ્રહ-એ બધું કેવળ ધનથીજ થઈ શકે છે.[૨૧] હે મહાપુરુષ! ધનથી કુળ પ્રભુતાને ભોગવે છે અને ધનથી ધર્મની અભિવૃદ્ધિ થાય છે; પરંતુ ધનહીન પુરુષને આ લોકમાં કે પરલોકમાં પણ સુખ મળી શકતું નથી.[૨૨] વળી નિર્ધન પુરુષ યથાવિધિ ધર્મકૃત્યોને કરી શકતો નથી અને પર્વતમાંથી જેમ નદીપ્રવાહ ઝરે છે, તેમ ધનમાંથીજ ધર્મનાં ઝરણાંઓ ઝરે છે.[૨૩] હે રાજન્! નિર્ધન મનુષ્યોને ત્યાં પશુઓ હોતાં નથી, નોકરચાકરો હોતા નથી તેમ અતિથિઓ પણ કદી હોતા નથી; માટે ધનહીન પુરુષનેજ લોકો કૃશ (ક્ષીણ) કહે છે. શરીરે કૃશ થયેલાને ક્ષીણ કહેતા નથી.[૨૪] હે રાજન્! લગાર ન્યાયદૃષ્ટિથી તમે જુઓ તો ખરા. દેવો અને અસુરો કે જેઓ શિષ્ટ ગણાય છે, તેઓના આચાર તરફ તમે દૃષ્ટિ કરો! દેવતાઓએ પોતાના જ્ઞાતિ-અસુરોનો વધ કરીનેજ ધન સંપાદન કર્યું છે.[૨૫] વળી બીજાઓના ધનનું રાજાથી હરણ ન થઇ શકતું હોય તો પછી રાજાએ કયે માર્ગે ધર્માચરણ કરવું? કારણ કે રાજાને માટે તેવી બીજી કોઈ પણ વૃત્તિ છેજ નહિ; માટેજ વેદવેત્તાઓએ

સર્વે વેદોમાં આટલોજ નિશ્ચય કરી મૂક્યો છે કે, રાજાએ નિત્ય વેદાધ્યયન કરવું, દોષોને જાણવાની શક્તિ ખીલવવી, સારી પેઠે ધનસંચય કરવો અને યત્નપૂર્વક યજ્ઞયાગો કરવા.[૨૬,૨૭] જુઓ, સ્વર્ગમાં દેવતાઓએ જે જે દિવ્ય સ્થાનો મેળવ્યાં છે,તે સર્વ કેવળ દ્રોહથીજ મેળવ્યાં છે. દેવતાઓએ પોતાના બાંધવ-અસુરોનો દ્રોહ કર્યા વિના બીજું શું કર્યું છે?[૨૮] આ રીતે દેવોએ પણ અન્યાયી બાંધવોનો દ્રોહ કરીને સ્વર્ગ મેળવ્યું છે; અને સનાતન વેદવચનો પણ ક્ષત્રિયોને તેવી આજ્ઞા આપે છે કે, તેઓએ ધન મેળવીને નિત્ય અધ્યયન કરવું, અધ્યાપન કરવું, યજ્ઞો કરવા અને યજ્ઞો કરાવવા.[૨૯] રાજા, બીજાના ધનનું હરણ કરે છે અને તેજ ધન તેને માટે શ્રેયસ્કર થઇ પડે છે; કારણ કે રાજાને માટે અન્ય વૃત્તિથી ધનસંચય કરવાનું છેજ નહિ, જેથી યજ્ઞને માટે પશુબીજ આદિના વધનું પાતક જેમ ગણવામાં આવતું નથી, તેમ રાજાઓને પણ બીજાઓના ધનનું હરણ કરવામાં દોષ લાગતો નથી. [૩૦] રાજાઓ, એ રીતેજ આ પૃથ્વીને જીતે છે અને જીત્યા પછી તેઓ કહે છે કે, આ પૃથ્વી અમારી છે. દૃષ્ટાંતતરિકે પિતાના ધનને મેળવીને પુત્રો જેમ કહે છે કે, આ ધન અમારૂં છે,તેમ[૩૧] મોટા મોટા રાજર્ષિઓ કે જેઓ સ્વર્ગમાં ગયા છે તેઓ પણ આ ધર્મનેજ સર્વોત્કૃષ્ટ કહી ગયા છે. જેમ કોઇ પૂર્ણ મહાસાગરમાંથી જૂદા જૂદા અનેક જળપ્રવાહો દશે દિશાઓમાં વહી રહે છે, તેમ ધનસંપન્ન રાજકુળથી જૂદા જૂદા અનેક ધનપ્રવાહો જગતમાં વિસ્તીર્ણ બની રહે છે. આ પૃથ્વી પૂર્વે દિલીપની, નૃગની, નહુષની, અંબરીષની તથા માંધાતાની હતી. તે પૃથ્વી હાલ તમારે સ્વાધીન થયેલી છે. તમારી પાસે સર્વસ્વ દક્ષિણાવાળો દ્રવ્યમય યજ્ઞ કરવાનો સમય આવી પહોંચ્યો છે, છતાં તમે યજ્ઞ નહિ કરો તો રાજ્યનું સર્વ પાપ તમારાપર આવી લાગશે. વળી જે માંડલિક તથા પ્રજાઓનો ધન હતો રાજા, સંપૂર્ણ દક્ષિણાવાળો અશ્વમેધ યજ્ઞ કરે છે તેના એ યજ્ઞમાં તે સર્વ માંડલિકો અને પ્રજાઓ આવીને અવભૃથસ્થાનમાં પવિત્ર થાય છે; કારણ કે રાજાએ કરેલો તે યજ્ઞ,માંડલિકોના તથા પ્રજાઓના ધનમાંથી પરિપૂર્ણ થયેલો હોય છે. વળી આવા સર્વમેધ મહાયજ્ઞમાં વિશ્વસ્વરૂપ મહાદેવે સર્વ ભૂતોનો હોમ કરી દીધો હતો અને છેવટે પોતાના દેહનો પણ હોમ કર્યો હતો; તો પછી તે યજ્ઞમાં બીજાઓના દ્રવ્યનો હોમ થાય, તેમાં શું આશ્ચર્ય છે? હે રાજન્! આ યજ્ઞિય માર્ગ અનાદિ અનંત કાળનો છે. તેનો અંતજ નથી એમ અમારા સાંભળવામાં આવ્યું છે;વળી એ યજ્ઞિય માર્ગમાં પશુ, યજમાન,પત્ની, ત્રણ વેદો અને ચાર ઋત્વિજો—આ દશ પ્રકારના રથો પ્રચાર કરી રહ્યા છે, માટે આ સનાતન મહામાર્ગનો ત્યાગ કરી તમે કુમાર્ગે જાઓ મા.”[૩૨-૩૭]

ઇતિ શ્રી મહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં “અર્જુનનાં વાક્યો”
એવિષયનો અધ્યાય ૮ મો સમાપ્ત.

अध्याय ९ मो

યુધિષ્ઠિરનાં વાક્યો—ના, હું તો સંન્યાસીજ થઈશ.

॥ युधिष्ठिर उवाच: ॥

मुहूर्ततावदेकाग्रो मनःश्रोत्रेऽन्तरात्मानि ॥
धारयन्नापितच्छ्रुत्वा रोचेतवचनं मम ॥१॥

યુધિષ્ઠિર બોલ્યા:-હે અર્જુન! એક મુહૂર્તભર તું પ્રથમ એકાગ્ર થઇને તારા મનને શ્રોત્રેન્દ્રિયમાં તથા હૃદયમાં સ્થિર કર એટલે મારૂં વચન, સાંભળતાંની સાથેજ તને રુચિકર થશે.[૧] હું સત્પુરુષોના આચરેલા માર્ગમાંજ ગમન કરીશ અને આ સર્વ ગ્રામ્ય સુખોનો ત્યાગ કરીશ; પણ તારામાટે આ રાજ્યનો કદી સ્વીકાર કરીશ નહિ.[૨] તું પ્રથમ મને પ્રશ્ન કર કે, આ જગતમાં કેવળ એકલા માણસથીજ જઇ શકાય તેવો કલ્યાણકારક માર્ગ કયો છે? એટલે હું તને તે માર્ગ દેખાડીશ; અથવા તું મને તેના સંબંધમાં પ્રશ્ન નથી પૂછતો છતાં હું તને તે માર્ગ બતાવું

છું; સાંભળ.[૩] પ્રથમ તો હું વનવાસીઓના ધર્મનું આચરણ કરીશ. તે આ રીતે કે, ગ્રામ્ય સુખોને લગતા સર્વ આચારોનો ત્યાગ કરી હું મહાન તપશ્ચર્યા કરીશ અને અરણ્યનાં ફળમૂળોનું પ્રાશન કરી મૃગોની સાથે વિચરીશ.[૪] વનમાં વસીને બે વખત સ્નાન કરી યથાયોગ્ય સમયે અગ્નિમાં હોમ કરીશ અને નિયમિત આહાર લઇને શરીરને કૃશ કરી નાખીશ તથા મૃગચર્મ, વલ્કલ વસ્ત્રો અને જટા ધારણ કરીશ.[૫] ટાઢ, તાપ, વાયુ, ક્ષુધા, તૃષા અને પરિશ્રમને સહન કરી શાસ્ત્રોક્ત તપશ્ચરણદ્વારા મારા શરીરને શોષવી નાખીશ.[૬] ત્યાં અરણ્યમાં વસનારા મૃગો અને પક્ષીઓની, મન અને કાનને પ્રીતિ કરનારી હર્ષજનક સુંદર વાણી શ્રવણ કરીશ;[૭] અને વળી પ્રફુલ્લ થયેલાં વૃક્ષોનો તથા લતાઓનો રમ્ય સુગંધ સુંઘતો સુંઘતો અનેક જાતનાં રમણીય વનદૃશ્યોને નિહાળ્યા કરીશ.[૮] તેમજ ગુરુકુળમાં વસી રહેલા વાનપ્રસ્થ મનુષ્યોનાં દર્શન કરીશ ને કદાપિ તે વનવાસીઓનુંજ જ્યારે અપ્રિય નહિ કરૂં તો પછી ગ્રામવાસી મનુષ્યોનું અપ્રિય કેમજ કરીશ?[૯] હું નિત્ય એકાંતમાં રહેવાનો અભ્યાસ કરી સંસારના તાત્ત્વિક વિષયોપર વિચાર ચલાવીશ, પકવ-અપકવ હરકોઇ ભોજ્ય પદાર્થથી મારી આજીવિકા ચલાવીશ અને વનમાં ઉત્પન્ન થયેલાં ફળમૂળોથી અથવા છેવટ જળ કે વાણીવડે પિતૃઓનું તથા દેવતાઓનું તર્પણ કરીશ.[૧૦] આ પ્રમાણે આરણ્યક શાસ્ત્રના મહા ઉગ્ર વિધિનું સેવન કરી આ મારા શરીરના અંતની રાહ જોયા કરીશ;[૧૧] અથવા મસ્તક મુંડાવીને સંન્યાસધર્મનો સ્વીકાર કરી હું એકલો પ્રતિદિન એક એક વનસ્પતિ પાસે ફળની ભિક્ષા માગીને મુનિવૃત્તિથી નિર્વાહ કરીશ અને એમ કરતાં મારા શરીરને ખપાવી દઇશ.[૧૨] તે સમયે મારૂં આ શરીર અરણ્યની ધૂળથી ખરડાઇ જશે, શૂન્ય પર્ણકુટીઓનો હું આશ્રય લઇશ, કોઈ સમયે વૃક્ષોના મૂળ પાસે પણ નિવાસ કરીશ અને સર્વ પ્રિય-અપ્રિય સંબંધોનો ત્યાગ કરીશ.[૧૩] કોઇ વસ્તુને માટે હું હર્ષશોક કરીશ નહિ, નિંદા અને સ્તુતિમાં મારી વૃત્તિને સમાનજ કરી દઈશ;તેમજ સર્વ આશાઓનો, સર્વ મમતાઓનો, સર્વ સુખદુઃખાદિ દ્વંદ્વોનો તથા પરિગ્રહનો ત્યાગ કરી દઇશ.[૧૪] કેવળ યોગમાર્ગનોજ આશ્રય કરી મારા આત્મામાંજ રમણ કરીશ, મારા અંતઃકરણને શુદ્ધ કરીશ. તે સમયનો મારો દેખાવ જડના જેવો, આંધળાના જેવો અથવા બહેરાના જેવો થઇ જશે અને કોઇની સાથે કદી પણ વાર્તાલાપ સુદ્ધાં કરીશ નહિ.[૧૫] વળી વિશેષમાં જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ આદિ ચાર પ્રકારનાં જંગમ પ્રાણીઓની કે વૃક્ષ આદિ સ્થાવર પ્રાણીઓની કદીપણ હિંસા કરીશ નહિ અને સ્વધર્મસ્થ અથવા કેવળ ઇન્દ્રિયપોષક સર્વ પ્રજાઓપ્રત્યે અથવા સર્વ પ્રાણીઓપ્રત્યે હું સમભાવથી વર્તીશ.[૧૬] હું કોઇની હાંસી કરીશ નહિ, કોઇના પર ભ્રમર ચઢાવીશ નહિ, નિત્ય પ્રસન્નમુખ રહીશ અને સર્વદા ઇન્દ્રિયોને વશમાં રાખીશ.[૧૭] જતાં જતાં કોઇને માર્ગ પૂછીશ નહિ, હરકોઇ માર્ગે ચાલ્યો જઇશ. કોઇ દિશા અથવા દેશમાં વિશેષે કરી જવાની ઇચ્છાજ કરીશ નહિ;[૧૮] રે! એટલુંજ નહિ પણ કોઇ પ્રદેશે જવાની હું અપેક્ષાજ રાખીશ નહિ, પાછળ દૃષ્ટિ પણ કરીશ નહિ, કામક્રોધાદિકનો ત્યાગ કરી કેવળ અંતરાત્મામાંજ મારી વૃત્તિને સ્થિર કરીશ અને આજુબાજુ ચાલતી વેળા પણ સ્થૂલસૂક્ષ્મ શરીરના અભિમાનનો ત્યાગ કરીશ.[૧૯] અહીં તને કદાચ શંકા થશે કે, આવી રીતે વર્તન કરવાથી તમારા શરીરને ટકાવી રાખવા માટે તમે શું કરી શકશો? તેના સમાધાનમાં તું સાંભળ. સર્વ કોઇ શરીરોના પૂર્વજન્મના સંસ્કારો, તે શરીરોનો નિર્વાહ કરી દેવા માટે સ્વાભાવિક રીતેજ આગળ આગળ ચાલીને વ્યવસ્થા કરી આપે છે જેથી તેઓને માટે તે સંસ્કારથી ઉત્પન્ન થયેલાં ભોજનો સ્વતઃજ તૈયાર રહે છે; જેથી હું પણ મારા પ્રાચીન સંસ્કારોથી પ્રાપ્ત થયેલાં ભોજનોનો બન્ને પ્રકારના શરીરોના અભિમાનનો ત્યાગ કરીને સ્વીકાર કરી લઇશ. માત્ર અપમાન, અલ્પભોજ્ય આદિ વિરુદ્ધ દ્વંદ્વોનો હું વિચાર

નહિ કરૂં.[૨૦] સંન્યાસીઓનો ધર્મ છે કે, અલ્પ અને સ્વાદવિનાનું ભોજન માત્ર એકજ ગૃહેથી જો મળી રહે તો બીજે ગૃહે જવું નહિ; પણ જો એકજ ગૃહે ન મળે તો બીજે ગૃહે જઇને, બીજે ગૃહે ન મળે તો ત્રીજે ગૃહે જઇને–આમ સાત ગૃહે ફરીને ભિક્ષા લઇ લેવી.[૨૧] તેમાં પણ જે ઘરમાંથી ધૂમાડો નીકળતો ન હોય, જેમાં સાંબેલું સ્વસ્થાને મૂકી દેવામાં આવ્યું હોય, રસોઇ થઇ ગયેલી હોવાથી અગ્નિદેવને જ્યાંથી રજા આપી દીધી હોય, ઘરનાં સર્વ મનુષ્યોએ ભોજન કરી લીધું હોય, ભોજનપાત્રોનો સંચાર જ્યાં દૂર થઈ ગયો હોય અને સર્વ ભિક્ષુકો ભિક્ષા લઇને જ્યાંથી ચાલ્યા ગયા હોય, તેવાં ગૃહેજ સંન્યાસીએ ભિક્ષાલેવા માટે જવું જોઇએ; તે પણ એક વખતજ ભિક્ષામાટે જવું જોઈએ; અને બે, ત્રણ કે પાંચ ગૃહે ફરીનેજ જે મળે તે લઇને પાછા ફરવું જોઇએ. હું પણ તે પ્રમાણેજ ભિક્ષાચરણ કરીશ, સર્વ જાતના સ્નેહપાશોનો ત્યાગ કરી આ પૃથ્વીપર વિચરીશ, ઇષ્ટ–અનિષ્ટનો લાભ–અલાભથતાં પણ સમદૃષ્ટિ રાખીને મહાન તપશ્ચર્યા કરીશ, જીવવાની ઇચ્છાવાળા મનુષ્યની પેઠે ધનાદિનો સંગ્રહ કરીશ નહિ, તેમ મરવાની ઇચ્છાવાળા મનુષ્યની પેઠે અન્નાદિનો ત્યાગ પણ કરીશ નહિ, જીવિતને કે મરણને અભિનંદન આપીશ નહિ, કોઇનો દ્વેષ કરીશ નહિ, મારા એક હાથને કોઇ પુરુષ વાંસલાથી છોલી નાખશે અને બીજા હાથને કોઈ બીજો પુરુષ ચંદનનું લેપન કરશે તો. તેઓ બંનેના કલ્યાણ કે અકલ્યાણનું હું ચિંતન કરીશ નહિ. જીવતો મનુષ્ય જે કોઈ પોતાના અભ્યુદય માટેની ક્રિયાઓને કરે છે, તે સર્વ ક્રિયાઓનો હું ત્યાગ કરીશ, માત્ર નિમેષ, ઉન્મેષ, અશન, પાન આદિ શરીરનિર્વાહમાટેનીજ ક્રિયાઓને હું કરીશ, પરંતુ તે ક્રિયાઓમાં પણ હું આસક્તિ રાખીશ નહિ, સર્વ ઇન્દ્રિયોની ક્રિયાઓનો તો સર્વથા ત્યાગજ કરી દઇશ, મનના સંકલ્પોને નિત્ય વશમાં રાખીશ, બુદ્ધિના મળને સારી પેઠે દૂર કરીનાખીશ, સર્વ જાતના સંગોથી મુક્ત થઇશ, સર્વ સ્નેહપાશોને તોડી નાખીશ અને વાયુસમાન ધર્મનો આશ્રય કરી સ્વતંત્ર જીવન ગાળીશ.[૨૨-૨૮] આ રીતે વીતરાગ થઇને પૃથ્વીપર હું વિચરીશ અને ચિરસ્થાયિની તુષ્ટિને હું પ્રાપ્ત કરીશ. ઓહ! આ સંસારજાળમાં ફસાવીને તૃષ્ણાએ અજ્ઞાનદ્વારા મારી પાસે મહાન પાપ કરાવ્યું છે.[૨૯] આ સંસારમાં તેવા પણ કેટલાએક મૂઢ પુરુષો છે, કે જેઓ કેવળ સ્વસુખના નિમિત્તેજ વળગી રહેલાં સ્ત્રીપુત્રાદિકના પોષણમાટે સારાંનરતાં અનેક કાર્યો કરે છે;[૩૦] પરંતુ તેઓ સમજતા નથી કે, આયુષ્ય પૂર્ણ થતાં શરીરનો ત્યાગ કરીને પ્રાણો જ્યારે ચાલ્યા જાય છે, ત્યારે માત્ર પોતે કરેલાં કર્મોજ સર્વ કોઇનો કેડો પકડે છે અને કર્મના કરનારનેજ તેનું ફળ ભોગવવું પડે છે.[૩૧] હે અર્જુન! આ સંસારચક્ર રથનાં પૈડાંની પેઠે આ રીતે ફર્યાજ કરે છે; અને તેમાં ભ્રમણ કરનારો આ સર્વ ભૂતસમુદાય તેવા તેવા કાર્યપ્રસંગે અન્યોન્ય સાથે સંયોગમાં આવે છે.[૩૨] ખરેખર, આ સંસાર જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિઓની વેદનાઓથી ભરપૂર છે, રજ્જુમાં દેખાતા ભ્રાંતિજન્ય સર્પની પેઠે કેવળ મિથ્યા છે, છતાં જાણે અપાર હોય તેવો દેખાય છે; માટે જે પુરુષ તેનો ત્યાગ કરે છે તેનેજ સુખ મળે છે.[૩૩] દેવતાઓ પણ સમય પૂર્ણ થતાં સ્વર્ગમાંથી જ્યારે ચ્યુત થાય છે અને મોટા મહર્ષિઓ પણ પોતાના પદથી જ્યારે ભ્રષ્ટ થાય છે, ત્યારે સર્વના કારણભૂત અવિદ્યાના તત્ત્વને દુઃખમય જાણનારો કયો જ્ઞાની પુરુષ સ્વર્ગના ઐશ્વર્યની પણ ઈચ્છા કરે?[૩૪] અરે, આ પૃથ્વીમાં પણ કેટલાએક ક્ષુદ્ર રાજાઓ, પોતાના અપમાનરૂપ સ્વલ્પ કારણોમાટે સામાદિક ઉપાયોવાળાં અનેક જાતનાં કપટો કરીને મોટા ચક્રવર્તી રાજાનો વધ કરેછે;[૩૫] માટે આ સમયે ઘણું ઘણું કર્યા પછી મને જ્ઞાનરૂપી અમૃત મળ્યું છે. તેનો આસ્વાદ લઇ નિત્યને માટે ક્ષયશૂન્ય અને સર્વદા એકસ્વરૂપ એવા મોક્ષસ્થાનનેજ હું મેળવીશ;[૩૬] અને નિરંતર એ પૂર્વોક્ત ધૃતિમાર્ગનો આશ્રય કરી નિર્ભયરીતે જગતમાં વિચરીને જન્મ, મૃત્યુ, જરા

અને વ્યાધિઓની વેદનાથી ભરેલા આ મારા દેહનો અંત આણીશ.[37]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "યુધિષ્ઠિરનાં વાક્યો" એ વિષયનો અધ્યાય ૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૦ મો

ભીમસેનનું ભાષણ--ક્ષત્રિયને માટે સંન્યાસ છેજ નહિ.

॥ भीम उवाच ॥

श्रोत्रियस्येव ते राजन् मंदकस्याविपश्चितः ॥
अनुवाकहता बुद्धिर्नैषा तत्त्वार्थदर्शिनी ॥१॥

યુધિષ્ઠિરનાં એ વચનો સાંભળી ભીમસેન બોલી ઉઠયો:-" હે રાજન્ ! મંદબુદ્ધિના અને અર્થજ્ઞાનથી શૂન્ય એવા કોઈ વેદપાઠક શ્રોત્રિય બ્રાહ્મણની (વેદીઆ ઢોરની) બુદ્ધિ, નિત્ય કેવળ વેદપાઠ કરીને જેમ નષ્ટ થઇ જાય છે, તેમ તમારી બુદ્ધિ પણ નષ્ટ થઈ ગઇ છે, તત્ત્વાર્થનું દર્શન કરવામાં અશક્ત થઈ પડી છે.[1] હે ભરતશ્રેષ્ઠ રાજા ! આ રીતે તમારૂં ચિત્ત કેવળ આલસ્યમાંજ તલ્લીન હતું અને તમે પોતે રાજધર્મોની આ પ્રમાણે નિંદા કરનારા હતા તો પછી આ કૌરવોનો નાશ કરી તમારા હાથમાં શું ફળ આવ્યું ? શામાટે કૌરવોનો નાશ કર્યો ?[2] માત્ર તમારાસિવાય, ક્ષાત્રધર્મનું આચરણ કરનારા પુરુષની અંદર ક્ષમા, અનુકંપા, દયા કે કોમળતા અમારા જોવામાં આવીજ નથી.[3] તમારી બુદ્ધિને પ્રથમથીજ આવા પ્રકારની જો જાણી હોત તો અમે હથિયાર હાથમાં લેતજ નહિ અને કોઇને મારત પણ નહિ;[4] પરંતુ શરીરનો નિર્વાહ કરવા માટે કેવળ ભિક્ષાચરણજ કરત અને રાજાઓનું આ દારુણ યુદ્ધ પણ થાત નહિ.[5] અરે, પણ તમારા જાણવામાં નથી કે, "वीरभोग्या वसुंधरा--આ પૃથ્વી વીરપુરુષોનોજ ભોગ્યપદાર્થ છે." એ ન્યાય પ્રમાણે જે પુરુષ સર્વના કરતાં વિશેષ બળવાન છે; તે પુરુષને આ સર્વ જગત અન્નની પેઠે ભોગ્ય છે: સ્થાવરજંગમ સર્વ ભૂતસમુદાય કેવળ બળવાન પુરુષના ઉપભોગમાટેજ સરજાયલો છે, એમ વિદ્વાનો કહે છે.[6] બળવાન પુરુષે પોતાના બળનોજ આશ્રય કરી રાજ્ય મેળવવું જોઇએ અને તેના એ કાર્યમાં જે કોઈ વિઘ્નસંતોષી મનુષ્યો વિઘ્ન કરે તો તેઓને ઠાર મારી નાખવા, એમ ક્ષાત્રધર્મને જાણનારા પંડિતો કહે છે.[7] દુષ્ટ કૌરવો પણ આપણા રાજ્ય લેવાના કાર્યમાં વિઘ્ન કરનારા હતા, જેથી તેઓને આપણે માર્યા છે; માટે હે યુધિષ્ઠિર ! ધર્મપૂર્વક તેઓનો વધ કરીને પ્રાપ્ત થયેલી આ પૃથ્વીનો તમે ઉપભોગ કરો.[8] જેમ કોઇ પુરુષ, કૂવો ખોદીને જળપાન કર્યાવિના કેવળ કાદવથી ખરડાઇને પાછો ફરે, તેના જેવુંજ આપણું આ કર્મ છે ![9] તેમજ કોઈ એક પુરુષ મોટા વૃક્ષપર ચઢીને મધ મેળવ્યા પછી તેનું પ્રાશન કર્યા વિનાજ જેમ પડી મરે, તેમ આપણે પણ કેવળ પડીજ મુવા છીએ.[10] જેમ કોઇ પુરુષ આશામાં ને આશામાં મહાન માર્ગ ઉપર ગમન કરે અને ત્યાંથી નિરાશ થઇને પાછો ફરે, તેવી આપણી દશા થઇ છે.[11] ઓ કુરુનંદન ! જેમ કોઇ મનુષ્ય પોતાના શત્રુઓનો ઘાત કર્યા પછી આત્મઘાત કરીને મરણ પામે, તેના જેવુંજ આપણું આ કર્મ છે.[12] અથવા કોઇ ક્ષુધાતુર મનુષ્ય અન્ન મેળવ્યા છતાં તેનો જેમ સ્વેચ્છાનુસાર ઉપભોગ કરી શકે નહિ અને જેમ કોઇ કામી પુરુષ કામિનીને પામ્યા છતાં ભોગવી શકે નહિ, તેવીજ આપણી સ્થિતિ થયેલી છે.[13] અફસોસ ! આ બાબતમાં ખરૂં જોતાં અમેજ નિંદાપાત્ર છીએ; કારણ કે ઓ રાજા ! તમને અમારા વડીલ ભાઈ માનીને અમે અનુસરી રહ્યા છીએ.[14] અમે બાહુબળસંપન્ન છીએ, વિદ્યાકુશલ છીએ તેમજ શૂરવીર છીએ, છતાં શક્તિહીન પુરુષોની પેઠે એક નપુંસક મનુષ્યની આજ્ઞામાં રહીએ છીએ.[15] અમે અનાથોનું રક્ષણ કરીએ તેવા છીએ છતાં, અમને સ્વકાર્યની સિદ્ધિ કરવા માટે અસમર્થ થયેલા જોઈ, બીજા સામાન્ય મનુષ્યો પણ પોતાની કાર્યસિદ્ધિના વિષયમાં કેમ વિચારગ્રસ્ત નહિ થઈ

જાય-અર્થાત્ અમારા જેવા સમર્થ પુરુષોનું કાર્ય જ્યારે સિદ્ધ થયું નહિ, ત્યારે બીજા સામાન્ય મનુષ્યો પોતાનાં કાર્યોને સિદ્ધ કરવા માટે કેમ હિંમત કરી શકશે? તેનો તમે વિચાર કરો; માટે સમર્થ પુરુષોએ તો સ્વાર્થસિદ્ધિને માટે અવશ્ય યત્ન કરવો જોઈએ.[૧૬] તમે કદાચ કહેશો કે, આપણા જેવા પુરુષોને માટે તો સંન્યાસજ શ્રેયસ્કર છે, પણ તમારૂં એ કથન યોગ્ય નથી; કારણ કે પોતાનાપર જ્યારે કોઈ આપત્તિ આવી પડી હોય, શરીર જ્યારે જરાગ્રસ્ત થઈ ગયું હોય અને શત્રુઓએ પોતાને જ્યારે પદભ્રષ્ટ કર્યો હોય, ત્યારેજ પુરુષે નહિછૂટકે સંન્યાસ લઇ લેવો.[૧૭] બુદ્ધિકુશલ તત્ત્વવેત્તાઓ પણ કહે છે કે, ક્ષત્રિયને માટે સંન્યાસ છેજ નહિ; છતાં પણ જે ક્ષત્રિય સંન્યાસધર્મનો સ્વીકાર કરે છે, તે સ્વધર્મથી ભ્રષ્ટજ* થાય છે.[૧૮] વળી આ ક્ષાત્રધર્મ હિંસાપ્રધાન હોવાથી નિંદ્ય છે, એમ તમારાથી કહી શકાય તેમજ નથી; કારણ કે હિંસા કરવા માટેજ હિંસ્રયોનિમાં ઉત્પન્ન થયેલા અને હિંસા કરીનેજ જીવન ગાળનારા આપણા જેવા ક્ષત્રિયો હિંસાપ્રધાન એવા પણ ક્ષાત્રધર્મની નિંદા શી રીતે કરી શકે+ ? છતાં પણ ક્ષત્રિયો તે ધર્મની જો નિંદા કરશે તો ક્ષાત્રધર્મના સ્રષ્ટા વિધાતાનીજ તેઓએ નિંદા કરેલી નહિ ગણાય કે?[૧૯] જોકે જાબાલ ઉપનિષદ્‌માં ભરત, રૈવતક આદિ ક્ષત્રિયોની પણ સંન્યાસદશાનું વર્ણન કર્યું છે, તથાપિ તે વર્ણન કેવળ અર્થવાદરૂપ હોવાથી સર્વમાન્ય નથી અને તેવાં અર્થવાદવચનોથી ક્ષત્રિયને માટે સંન્યાસ સિદ્ધ પણ થતો નથી. જગતમાં જે સંન્યાસધર્મ ક્ષત્રિયોને માટે જોવામાં આવે છે, તે તો વેદોક્તસત્યવિજ્ઞાનવિનાના, નિર્ધન અને નાસ્તિક મનુષ્યોએજ ચલાવેલો છે, ખરી રીતે તે અસત્યજ છે.[૨૦] તમે પ્રથમ કહ્યું કે, કામક્રોધાદિથી શૂન્ય થઈને હું મારી વૃત્તિને અંતરાત્મામાં સ્થિર કરીશ, પણ તેમ કરવાથી તમારા કાર્યની સિદ્ધિ થાયજ નહિ; કારણ કે જે મનુષ્ય મૌન રહીને પોતાના દેહને પોતાના બળથીજ નિશ્ચળ ધારણ કરી રાખે છે અને ધર્મચ્છદ્મરૂપ કપટયોગનોજ કેવળ આશ્રય કરે છે તે મનુષ્ય કેવળ પોતાના પ્રાણથીજ ભ્રષ્ટ થાય છે, પણ જીવી શકતો નથી.[૨૧] હા, એ વાત ખરી છે કે, અરણ્યમાં વસીને મનુષ્ય પોતે એકલો સુખેથી જીવી શકે છે ખરો; કારણ કે પુત્ર, પૌત્ર, દેવર્ષિઓ, અતિથિઓ કે પિતૃઓનું તેને પોષણ કરવું પડતું નથી, પરંતુ તે જીવન, પશુઓના જીવનસરખુંજ હોવાથી કેવળ દોષપાત્રજ છે;[૨૨] અને જો કદાચ વનવગડામાં એકલા રઝળવાથી સિદ્ધિ થતી હોત તો, જંગલમાં સદાકાળ એકલાંજ ફરનારાં મૃગો, ડુક્કરો અને પક્ષીઓએ પણ સ્વર્ગલોક જીતી લીધો હોત; કારણ કે જે મનુષ્યો, અરણ્યમાં એકચર્યા કર્યાવિના બીજા પ્રકારે જો પુણ્યફળને કહેતાજ નથી તો તે એકચર્યા મૃગાદિવિષે પણ સરખીજ છે.[૨૩] જો કદાચ કોઈ એક રાજા સંન્યાસ લઇનેજ સિદ્ધિને પામતો હોય, તો અરણ્યમાં રહેલા પર્વતોને તથા વૃક્ષોને પણ સત્વર સિદ્ધિ મળવી જોઈએ;[૨૪] કારણ કે તેઓ નિત્યને માટે સંન્યાસીજ છે, કોઇને ઉપદ્રવ પણ કરતાં નથી, સર્વ જાતના પરિગ્રહનો તેઓએ ત્યાગ પણ કર્યો છે અને સદાને માટે તેઓ બ્રહ્મચારીજ છે.[૨૫] કદાચ તમે કહેશો કે, આરણ્યક પશુ વગેરે પ્રાણી, કર્મ કરવાને અધિકા-

---

* ધર્મશાસ્ત્ર કહે છે કે, **मुखजानामयं धर्मो वैष्णवं लिंगधारणम् । वाहुजातोरुजातानां नायं धर्मो विधीयते ’**।।-વૈષ્ણવ લિંગધારણ-અર્થાત્ સંન્યાસધર્મ બ્રાહ્મણોને માટેજ શાસ્ત્રવિહિત છે. ક્ષત્રિયો અથવા વૈશ્યોને માટે એ ધર્મ શાસ્ત્રવિહિત નથી; માટે ક્ષત્રિયને માથું મુંડાવવાનો નિષેધજ છે. **નીલકંઠ**

+ કહેવાનો ભાવ એજ છે કે, ક્ષાત્રધર્મને વિધાતાએ રચ્યો છે અને તે આપણો સહજ છે, માટે નિંદ્ય નથી. એજ આશયથી ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે, ‘**सदोषमपि कौंतेय सहजं कर्म न त्यजेत्** ’ પોતાનું સહજ કર્મ દોષવાળું હોય તોપણ તેનો ત્યાગ ન કરવો. **નીલકંઠ**

રી નથી; પરંતુ તેઓ તો પોતાનાં જન્માંતરીય કર્મોનાં ફળનેજ ભોગવનારાં છે અને હું તો કર્મ કરવાને અધિકારી છું, જેથી મારીજાતે ગાઢ પ્રયત્ન કરીને મોક્ષપદને મેળવીશ, એ વાતને તો અમે પણ માન્ય કરીએ છીએ; કારણ કે પુરુષ, જ્યારે પોતાની સંપત્તિવિષે બીજાઓનાં કર્મજન્ય ફળને કદી પ્રાપ્ત કરી શકતો નથી તો પછી કર્મોજ કરવાં, એ વાત સિદ્ધ થાય છે. કર્મો કર્યાવિના મનુષ્યને સિદ્ધિ (મોક્ષ) મળતીજ નથી.[૨૬] વળી પણ તમે કહેશો કે, જેઓને મોક્ષ મેળવવાની ઈચ્છા છે તેઓને સ્વદેહભરણસિવાય બીજું કર્મ કરવાની જરૂરજ નથી; તો તેના ઉત્તરમાં કહેવાનું કે, સ્વદેહભરણથીજ જો સિદ્ધ મળતી હોય તો સર્વ જળચર પ્રાણીઓને તથા પૃથ્વીપરનાં સ્થાવર પ્રાણીઓને પણ સિદ્ધિ મળવી જોઇએ; કેમકે તેઓને કેવળ પોતાના શરીરનુંજ પોષણ કરવાનું હોય છે, અન્ય કોઈનું પોષણ કરવાનું હોતું નથી;[૨૭] માટે ઓ રાજા! તમે જરા તત્ત્વદૃષ્ટિથી જુઓ અને વિચાર કરો કે, આ સર્વ જગત પોતપોતાનાં કર્મોમાંજ કેવળ વ્યાપાર કરી રહેલું છે, જેથી તમારે પણ અવશ્ય કર્મોજ કરવાં જોઇએ. કર્મ કર્યાવિના કદી સિદ્ધિ મળતીજ નથી.[૨૮]

ઇતિશ્રી મહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં “ભીમસેનનાં વાક્યો” એ વિષયનો અધ્યાય ૧૦ મો સમાપ્ત.

अध्याय ११ मो

ઋષિઓ અને પક્ષીનો સંવાદ

॥ अर्जुन उवाच ॥

अत्रैवोदाहरंतीममितिहासं पुरातनम् ॥
तापसैः सह संवादं शक्रस्य भरतर्षभ ॥१॥

(અધિકાર નહિ હોવા છતાં લીધેલા સંન્યાસના કરતાં ગૃહસ્થાશ્રમ ઘણોજ ઉત્તમ છે, એ વાતને સિદ્ધ કરવા માટે અર્જુન, દૃષ્ટાંત આપતાં કહેવા લાગ્યો.).

અર્જુન બોલ્યો:–હે ભરતશ્રેષ્ઠ રાજા ! આના સંબંધમાં ઇન્દ્ર અને તપસ્વીઓની વચ્ચે એક સંવાદ થયો હતો અને તેને પંડિતો એક પ્રાચીન ઇતિહાસરૂપ કહે છે, તે હું તમને કહું છું; સાંભળો.[૧] પૂર્વે કેટલાએક મૂર્ખબુદ્ધિના બ્રાહ્મણો કે જેઓને હજી દાઢીમૂછ ઉગી ન હતી, એવા લગભગ બાલ્યવયના તેઓ, ઉત્તમકુળમાં જન્મ્યા હતા છતાં અજ્ઞાનતાને લીધે ગૃહનો ત્યાગ કરી વનમાં ચાલ્યા ગયા.[૨] તેઓની માન્યતાજ એવી હતી કે સંન્યાસ લેવો તેજ ધર્મ છે; જેથી ભાઇઓનો, તથા માતાપિતાઓનો ત્યાગ કરી વનમાં જઇને તેઓ બ્રહ્મચર્યને પાળવા લાગ્યા; પરંતુ તેઓને જોઇને ઇન્દ્રના મનમાં દયા ઉત્પન્ન થઈ અને તેણે સુવર્ણમય શરીરવાળા પક્ષીનું સ્વરૂપ ધારણ કરી તેઓની પાસે આવીને આ પ્રમાણે કહ્યું કે:–“ જેઓ પંચમહાયજ્ઞો કરીને અવશેષ રહેલા પવિત્ર અન્નનું ભોજન કરે છે તેઓનું કર્મ, જગતમાંહેના સર્વ કોઇ મનુષ્યોને માટે મહા દુષ્કર છે. અવશ્ય તેઓનું કર્મ ઘણું પવિત્ર છે અને તેઓનું જીવન પણ અતિ પ્રશંસાપાત્ર છે. નિઃશંક, તે ધર્મપરાયણ મનુષ્યો, સર્વ પુરુષાર્થોને સંપાદન કરી મુખ્ય ગતિને પામે છે.”[૩–૫]

પક્ષીરૂપ થયેલા ઇન્દ્રનું તે વચન સાંભળી બાલબ્રહ્મર્ષિઓ બોલ્યા:–“ અહો ! અતિ આનંદની વાત છે કે, આ પક્ષી આપોઆપ નીચે પડી ગયેલાં પાંદડાં, ફળો અને તૃણનું ભક્ષણ કરનારા મુનિઓની પ્રશંસા કરે છે; માટે જરૂર, તે આપણીજ પ્રશંસા કરે છે; કારણ કે તેવાં ફળફૂલ આદિનું ભક્ષણ કરનારા અહીં આપણેજ છીએ.”[૬]

તે સાંભળી પક્ષી બોલ્યું:–“ અરે, ઓ બ્રાહ્મણો ! હું તમારી પ્રશંસા કરતો નથી; કારણકે તમે તો પાપથી ખરડાયલા છો, આગંતુક અને સ્વાભાવિક દોષોથી યુક્ત છો, મૃગો, કીડા અને પક્ષીઓનાં ઉચ્છિષ્ટ તૃણ, પાંદડાં, ફળ આદિનું ભક્ષણ કરનારા છો અને મૂર્ખ છો. હું તો તેઓનીજ પ્રશંસા કરૂં છું, કે જેઓ પંચમહાયજ્ઞો કરીને અવશેષ રહેલા પવિત્ર અન્નનું ભક્ષણ કરે છે, તેઓનેજ ધન્ય છે. ”[૭]

ઋષિબાળકો બોલ્યાઃ-“ હે પક્ષિ! તારૂં આ વચન પરમ શ્રેયસ્કર જણાય છે,તું જે માર્ગ દેખાડીશ, તે માર્ગનું અમે સેવન કરીશું; માટે બોલ, જે કલ્યાણકારક માર્ગ હોય તે અમને દેખાડ, અમને તારાપર અત્યંત શ્રદ્ધા થયેલી છે.”[૮]

પક્ષી બોલ્યુંઃ-“ હે બ્રાહ્મણો ! તમે મારી તરફ કોઇ જાતની શંકા ન રાખો અને મારા વચનપર વિશ્વાસ રાખી તમે જો ધૂર્ત ન થાઓ તો હું તમને સત્ય અને હિતકારક વચન કહું.”[૯]

ઋષિબાળકો બોલ્યાઃ-“ હે તાત ! અમે તારા વચનને શ્રદ્ધાપૂર્વક સાંભળીશું. અમને જણાય છે કે,સર્વ જાતના શ્રેયસ્કર માર્ગો તારા જાણવામાં છે; માટે હે ધર્માત્મન્! તું અમને ઉપદેશ આપ,અમે તારી આજ્ઞામાં રહેવા કબૂલ છીએ.”[૧૦]

પક્ષી બોલ્યુંઃ-“ હે બ્રાહ્મણો ! ચાર પગવાળાં પ્રાણીઓમાં ગાય શ્રેષ્ઠ છે, સર્વ ધાતુઓમાં સુવર્ણ શ્રેષ્ઠ છે, શબ્દોમાં મંત્ર શ્રેષ્ઠ છે અને મનુષ્યોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે;[૧૧] કારણ કે બ્રાહ્મણનં જન્મથી આરંભી મરણપર્યંત સર્વ કાળે જાતકર્મ આદિ વેદોક્ત મંત્રસંસ્કાર કરવામાં આવે છે.[૧૨] વળી વેદોક્ત કર્મો, બ્રાહ્મણને માટે ઉત્તમોત્તમ સ્વર્ગમાર્ગ છે. એમ જો ન હોય તો સ્વર્ગની ઇચ્છા રાખનારા પ્રાચીન બ્રાહ્મણોએ મારી સમક્ષ તે તે કર્મો શામાટે કર્યાં હશે? માટે સિદ્ધ થાય છે કે, મંત્રસિદ્ધ વેદોક્ત કર્મો, અવશ્ય સ્વર્ગપ્રદ છે.[૧૩] જે કોઈ પુરુષ દૃઢ નિશ્ચયવાળો થઇને પોતાના આત્માને જે જે દેવતાસ્વરૂપ જાણે છે, તે પુરુષને તે તે દેવતાના તાદાત્મ્યરૂપ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તે સિદ્ધિ, ત્રણ પ્રકારની છે. માઘ આદિ છ માસો, શુકલપક્ષો અને શિશિર આદિ ત્રણ ઋતુઓ આદિત્યમાર્ગની પ્રાપ્તિરૂપ એક સિદ્ધિને આપે છે, કે જે સિદ્ધિ ક્રમમુક્તિના સ્થાનભૂત છે અને બ્રહ્મલોકની પ્રાપ્તિના ફળને આપનારી છે; તેમજ શ્રાવણ આદિ છ માસો, કૃષ્ણપક્ષો અને વર્ષાઆદિ ત્રણ ઋતુઓ ચંદ્રમાર્ગની પ્રાપ્તિરૂપ બીજી સિદ્ધિને આપે છે, કે જે સિદ્ધિ, પુનર્જન્મને આપનારી તથા સ્વર્ગલોકમાં પહોંચાડનારી છે. આ દેવયાનમાર્ગ અથવા અર્ચિરાદિ માર્ગની તથા પિતૃયાન માર્ગ અથવા ધૂમમાર્ગની જેમાં અપેક્ષાજ રહેતી નથી, તે તારકબ્રહ્મની પ્રાપ્તિરૂપ ત્રીજી સિદ્ધિ, આધ્યાત્મિક અથવા આધિભૌતિક વિમુક્તની ઉપાસના કરનારાઓને દેહાંતે પ્રાપ્ત થાય છે; અને તે સિદ્ધિનું ફળ સદ્યોમુક્તિ છે-અર્થાત્ આ સિદ્ધિને પ્રાપ્ત થયેલા પુરુષોને તત્કાલ મોક્ષપદ મળે છે.[૧૪] હે બ્રાહ્મણો ! જગતમાંહેનાં સર્વ પ્રાણીઓ, પૂર્વોક્ત ત્રણ પ્રકારની સિદ્ધિઓમાંથી અવશ્ય એકની તો ઇચ્છા રાખે છે; પરંતુ તે ત્રણે સિદ્ધિઓ, વૈદિક કર્મોનાં ફળરૂપેજ શાસ્ત્રમાં વર્ણવેલી છે અને કર્મો કરવાના અધિકારમાટેનું યોગ્ય સ્થાન કેવળ ગૃહસ્થાશ્રમજ છે; માટે સર્વ આશ્રમોના કરતાં ગૃહસ્થાશ્રમ મહા પવિત્ર છે અને બીજા આશ્રમોમાં કર્મો કરવાનો અધિકાર નહિ હોવાથી ગૃહસ્થાશ્રમજ સિદ્ધિઓનું ક્ષેત્ર છે;[૧૫] પણ જે મૂઢ મનુષ્યો, કર્મોની નિંદા કરીને તમે સ્વીકારેલા કુત્સિત ત્યાગમાર્ગનો (સંન્યાસનો) આશ્રય કરે છે, તેઓ સર્વ પુરુષાર્થોથી હીન બનીને કેવળ પાપનાજ ભોક્તા બને છે.[૧૬] વળી જે મૂઢ પુરુષો, સનાતન કાળથી ચાલી રહેલા પૂર્વોક્ત દેવયાન માર્ગનો, પિતૃયાન માર્ગનો અને તારક બ્રહ્મપ્રાપ્તિરૂપ બ્રહ્મમાર્ગનો ત્યાગ કરી યથેચ્છ વર્તન કરે છે, તેઓ મરણ પછી સર્પ આદિ ક્ષુદ્ર યોનિઓને પામે છે;[૧૭] માટે તમે “ ददामि ” એ વૈદિક મંત્રથી પ્રવૃત્ત થયેલું અધ્યાત્મ અને અધિયજ્ઞરૂપ બે પ્રકારની ઉપાસનાવાળું કર્મજ કરો; કારણ કે તે તે કર્મમાર્ગોમાં નિષ્ઠાપૂર્વક જે સ્થિતિ તેનેજ તપસ્વીઓનું તપ કહેલું છે; પણ તમે સ્વીકારેલાં આ શરીરશોષણ આદિને તપ કહેલ નથી.[૧૮] દેવયાન, પિતૃયાન અને સનાતન બ્રહ્મમાર્ગ-એ ત્રણમાંથી હરકોઈ એકનું અવલંબન કરી, ગુરુજનની સેવા કરતાં કરતાં દિવસની ઘટિકાઓનો યથાયોગ્ય વિભાગ કરી, વૈદિક કર્મોનું જે અનુષ્ઠાન કરવું તેજ મહાદુષ્કર તપ કહેવાય છે.[૧૯] આ દુષ્કર કર્મમાર્ગનો

આશ્રય કરીનેજ દેવતાઓ મહાન ઐશ્વર્યને પામ્યા છે; માટે ગૃહસ્થાશ્રમ સ્વીકારીને વૈદિક કર્મો કરવાં તેજ મહાદુષ્કર તપ છે, એમ તમને હું કહું છું.૨૦ કર્મરૂપી તપજ સર્વ પ્રજાઓનું મૂળ છે અને તેથીજ તે સર્વશ્રેષ્ઠ છે, એમાં સંશય નથી; પણ એ કર્મરૂપી તપ, જેનું નામ કુટુંબવિધિ છે, એવા ગૃહસ્થાશ્રમથીજ થઈ શકે છે કે જે ગૃહસ્થાશ્રમ ઉપર બીજા સર્વ આશ્રમોનો આધાર રહેલો છે;૨૧ માટેજ રાગદ્વેષ આદિ દ્વંદ્વોથી રહિત થયેલા અને મત્સરનો ત્યાગ કરનારા વેદવેત્તા બ્રાહ્મણો, બ્રહ્મચર્ય આદિ વ્રતોથી યુક્ત વેદાધ્યયનનો તથા મધ્યમ-યજ્ઞાદિ કર્મનો જગતમાં તપઃ શબ્દથી વ્યવહાર કરે છે-અર્થાત્ તેનેજ તપ કહે છે.૨૨ તેમાં પણ વેદાધ્યયનના કરતાં યજ્ઞાદિ કર્મ વિશેષ ઉત્તમ છે; કારણ કે જે મનુષ્યો, પ્રાતઃકાળે તથા સાયંકાળે યથાવિધિ પોતાના કુટુંબમાં અન્નનો વિભાગ કરી પંચમહાયજ્ઞોથી અવશેષ રહેલા પવિત્ર અન્નનું ભક્ષણ કરે છે, તેઓ દુષ્પ્રાપ્ય એવા પરમ પદને પામે છે;૨૩ અને જેઓ અતિથિઓને, દેવોને, પિતૃઓને તથા સ્વજનોને અન્નવિભાગ આપીને અવશેષ રહેલાંનું ભોજન કરે છે, તેઓનેજ વેદવેત્તાઓ "વિઘસાશી" કહે છે;૨૪ માટે હે બ્રાહ્મણો ! એ રીતે વિઘસાશી થઇને જેઓ સદાચારી અને સત્યવાદી થઇને સ્વધર્મનો આશ્રય કરે છે, તેઓ સર્વ જાતના સંશયોથી મુક્ત થઇને લોકોના પૂજ્ય બને છે; એટલુંજ નહિ પણ મેં દર્શાવેલા દુષ્કર કર્મમાર્ગનો આશ્રય કરનારા તે વિમત્સર મનુષ્યો, આ લોકનો ત્યાગ કર્યા પછી પણ ઇંદ્રના સ્વર્ગલોકમાં ઘણાં વર્ષોપર્યંત નિવાસ કરે છે."૨૬

અર્જુન બોલ્યોઃ-" હે યુધિષ્ઠિર રાજા ! પક્ષીના સ્વરૂપમાં આવેલા ઇન્દ્રનું ધર્માર્થયુક્ત આવું હિતવચન સાંભળીને તે તરુણવયના બ્રહ્મર્ષિઓ "ગૃહસ્થાશ્રમવિના બીજા આશ્રમોમાં સિદ્ધિ નથી" આમ માનીને વન છોડી ઘેર ગયા અને ગૃહસ્થાશ્રમનો તેઓએ આશ્રય કર્યો;૨૭ માટે હે સર્વજ્ઞ મહાપુરુષ ! તમે પણ નિરંતર ધૈર્યપર આધાર રાખી શત્રુરહિત થયેલી આ સમગ્ર પૃથ્વીપર રાજ્ય કરો."૨૮

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત
રાજધર્માનુશાસન પર્વમાં " અર્જુનનાં
વાક્યો " એ વિષયનો અધ્યાય
૧૧ મો સમાપ્ત.

अध्याय १२ मो

નકુલનું ભાષણ—ગૃહસ્થાશ્રમજ શ્રેષ્ઠ છે.

॥ वैशंपायन उवाच ॥

अर्जुनस्य वचः श्रुत्वा नकुलो वाक्यमब्रवीत्॥
राजानमभिसंप्रेक्ष्य सर्वधर्मभृतांवरम् ॥ १ ॥

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય ! પૂર્વોક્ત અર્જુનનાં વચન સાંભળ્યા પછી મહાબુદ્ધિમાન, શત્રુઓનું દમન કરનાર, વિશાળ વક્ષઃસ્થળવાળો, મિતભાષી, મોટી ભુજાઓવાળો અને દુઃખથી લાલચોળ થયેલા મુખવાળો નકુલ, સર્વ જાતના ધર્મોને ધારણ કરનારા પુરુષોમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિર રાજાની સામે જોઇને તથા પોતાના ભાઈના ચિત્તને અનુસરીને આવું વાક્ય બોલ્યોઃ-૧,૨

"હે મહારાજા! વિશાખયૂપ નામના ક્ષેત્રમાં હજીસુધી પણ દેવોએ પૂર્વકાળમાં અગ્નિનું સ્થાપન કરવા માટે ઇંટોવતી બાંધેલાં સ્થંડિલો આપણા જોવામાં આવે છે. તે ઉપરથી તમારે જાણવું જોઇએ કે, દેવો પણ યજ્ઞાદિ કર્મોનાં ફળો ઉપરજ બ્રહ્મલોક આદિની પ્રાપ્તિનો આધાર રાખે છે.૩ હે રાજા! નાસ્તિક મનુષ્યોને પણ વૃષ્ટિદ્વારા અન્નદાન કરનારા પિતૃઓ, વેદોક્ત વિધિને અનુસરી નિત્ય કર્મોજ કર્યા કરે છે;૪ માટે જેઓએ કર્મમાર્ગનો ત્યાગ કરી વેદાજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે, તેઓને તો તમારે અત્યંત નાસ્તિકજ જાણવા; કારણ કે વેદોક્ત કર્મોનો ત્યાગ કરી બીજાં વેદવિરુદ્ધ કર્મોને કરનારો મનુષ્ય, દેવયાન માર્ગદ્વારા સ્વર્ગમાં કદી જઇ શકતો નથી. હે ભરતવંશી રાજા! વેદોક્ત નિશ્ચયને માન્ય કરનારા શાસ્ત્રસંપન્ન બ્રહ્મવેત્તાઓ, ગૃહસ્થાશ્રમનેજ બીજા સર્વ આશ્રમોના કરતાં શ્રેષ્ઠ કહે છે; માટે તેવા બ્રહ્મ-

વેત્તાઓ પાસે જઇને તમે ગૃહસ્થાશ્રમની શ્રેષ્ઠતાને જાણો. હે મહારાજ! જે મનઃસંયમી પુરુષ, ધર્મપૂર્વક મેળવેલાં દ્રવ્યોનો યજ્ઞાદિ કર્મોદ્વારા સુપાત્રોને વિષે વિનિયોગ કરે છે, તેજ પુરુષ ખરો સાત્ત્વિક સંન્યાસી કહેવાય છે; પરંતુ જે પુરુષ ગૃહસ્થાશ્રમના સુખોપભોગનો ત્યાગ કરી કોઈ જાતનાં કર્મો કર્યાવિના વનગમન કરીને દેહનો ત્યાગ કરે છે, તે પુરુષને તામસ* સંન્યાસીજ કહેવામાં આવે છે;[૫-૯] અને હે પાર્થ! જે પુરુષ વનવગડામાં જઇને કોઇ નિવાસસ્થાન બાંધ્યાવિના આડોઅવળો રઝળ્યા કરે છે, વૃક્ષોનાં મૂળનો આશ્રય લે છે, મૌનવૃત્તિ ધારણ કરે છે, સ્વયંપાકી નહિ હોવાથી ભિક્ષાચરણ કરે છે અને હઠયોગ આદિનું અનુષ્ઠાન કરે છે, તે પુરુષને ભિક્ષુક કહેવામાં આવે છે અથવા રાજસ સંન્યાસી કહેવામાં આવે છે.[૧૦] વળી જે બ્રાહ્મણ ક્રોધ, હર્ષ અને નીચપણાનો અનાદર કરી નિત્ય વેદાધ્યયનજ કર્યા કરે છે, તેને પણ રાજસત્યાગીજ કહે છે.[૧૧] હે ભારત! પ્રાચીન વિદ્વાનોએ સર્વ આશ્રમોની તુલના કરી જોઈ હતી અને એક તરફ ત્રણે આશ્રમોને મૂકી, બીજી તરફ એકલા ગૃહસ્થાશ્રમને મૂકી તેઓએ નિશ્ચયપૂર્વક કહ્યું હતું કે, બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ અને સંન્યાસથી કેવળ સ્વર્ગનોજ લાભ મળે છે અને ગૃહસ્થાશ્રમથી તો સ્વર્ગ તથા કામનો બંનેનો લાભ મળે છે; માટે આ ગૃહસ્થાશ્રમજ લોકવેત્તા મહર્ષિઓનો ઉત્તમ માર્ગ છે અને પરમ ગતિરૂપ છે.[૧૨,૧૩] હે ભરતશ્રેષ્ઠ રાજા! વિદ્વાનોના એ નિશ્ચયને જાણી લઈને જે પુરુષ, "ગૃહસ્થાશ્રમમાં રહીને મારે અવશ્ય કર્મોજ કરવાં જોઇએ" આવો દઢ સંકલ્પ કરીને સંગ તથા ફલેચ્છાના ત્યાગપૂર્વક કર્મોનેજ કર્યા કરે છે, તે પુરુષજ ત્યાગી ગણાય છે, ઘરબારનો ત્યાગ કરી મૂઢની પેઠે વનમાં જનારો ત્યાગી ગણાતો નથી.[૧૪] આમ હોવા છતાં પણ જે કોઇ ધર્મઢોંગી પુરુષ સંન્યાસ લઈને વનમાં ચાલ્યો જાય છે અને ત્યાં જઇને કામભોગનું જો સ્મરણ કરે છે, તો મૃત્યુરાજા તેના કંઠમાં મૃત્યુપાશનુંજ બંધન કરે છે;[૧૫] તેમજ ગૃહસ્થાશ્રમમાં રહીને યજ્ઞયાગાદિ હરકોઈ કર્મ, જો અભિમાનથી કરવામાં આવે છે તો તે કર્મ ફળસંપન્ન થતું નથી, માટે હે મહારાજ! સર્વ કર્મ સંગ અને ફલેચ્છાનો ત્યાગ કરીનેજ કરેલું હોય તો તેનું મહાન ફળ પ્રાપ્ત થાય છે.[૧૬] શમ, દમ, ધૈર્ય, સત્ય, શૌચ, આર્જવ, યજ્ઞ અને ધૃતિ—આ સર્વ ધર્મવિધિ, કેવળ ઋષિઓનેજ હિતકારક છે, પણ ક્ષત્રિયોને હિતકારક નથી; કારણ કે ક્ષત્રિયોને ગૃહસ્થાશ્રમમાં રહીને સર્વનું ભરણપોષણ કરવું પડે છે,[૧૭] માટે હે મહારાજ! ક્ષત્રિયે તો ગૃહસ્થાશ્રમમાં રહીને પિતૃઓ, દેવો અને અતિથિઓને માટે પંચમહાયજ્ઞ આદિનો જે સમારંભ કરવો તેજ ઉત્તમ છે. વળી કેવળ આ ગૃહસ્થાશ્રમસાંજ ધર્મ, અર્થ અને કામ, એ ત્રિવર્ગરૂપ ફળ મળી શકે છે;[૧૮] એટલુંજ નહિ પણ શાસ્ત્રમાં જેનો નિષેધ કરવામાં આવ્યો ન હોય તેવા આ ગૃહસ્થાશ્રમધર્મની વિધિમાં એકનિષ્ઠ થઇને વર્તનાર પુરુષનો કદી પણ નરકપાતરૂપ નાશ થતોજ નથી.[૧૯] હે રાજન્! નિર્દોષ અને ધર્માત્મા એવા પ્રજાપતિ બ્રહ્મદેવે, "વિવિધ દક્ષિણાઓવાળા યજ્ઞો કરીને સર્વે મારૂં યજન કરશે" આવી મનમાં ઇચ્છા કરીનેજ આ સર્વ પ્રજાઓને ઉત્પન્ન કરી છે;[૨૦] અને લતાઓ, વૃક્ષો, ઔષધિઓ, પવિત્ર પશુઓ તથા ઘૃત આદિ હવ્યપદાર્થો પણ કેવળ યજ્ઞને માટેજ તેમણે ઉત્પન્ન કર્યા છે.[૨૧] વળી તે યજ્ઞાદિ કર્મ, ગૃહસ્થાશ્રમી મનુષ્યને બેડીઓની પેઠે ખાસ કરીને રોધક છે; અર્થાત્ આડાઅવળા કુમાર્ગોમાં પડતાં નિવારણ કરનાર છે, માટે ગૃહસ્થાશ્રમ ધર્મજ સર્વના:

---

* આવા તામસ સંન્યાસીના સંબંધમાં ભગવાન મનુ લખે છે કે:-"**अनधीत्य द्विजो वेदाननुत्पाद्य सुतानपि' अनिष्ट्वा शक्तितो यज्ञैर्मोक्षमिच्छन् पतत्यधः**-"બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય જાતિનો જે મનુષ્ય, વેદાધ્યયન કર્યા વિના, પુત્રોત્પાદન કર્યા વિના અને પોતાની શકિત પ્રમાણે યજ્ઞયાગાદિ કર્યાવિના મોક્ષની ઇચ્છા રાખે છે-સંન્યાસ ધર્મ સ્વીકારે છે, તેનો અધઃપાતજ થાય છે-નરકના ખાડામાંજ તે પડે છે, **નીલકંઠ**

કરતાં દુષ્કર અને દુર્લભ છે.[૨૨] હે મહારાજ! જે ગૃહસ્થો ગાર્હસ્થ્યધર્મને પ્રાપ્ત કરીને ધન, ધાન્ય, પશુ આદિથી સમૃદ્ધ હોવા છતાં યજ્ઞયાગાદિ કર્મ કરતા નથી, તેઓ સદાને માટે પાપભાગી બને છે.[૨૩] કેટલાએક ઋષિઓ સ્વાધ્યાયરૂપી યજ્ઞો કરે છે, કેટલાએક જ્ઞાની મહાત્માઓ, આત્મજ્ઞાનરૂપી યજ્ઞ કરે છે અને બીજા કેટલાએક સિદ્ધ પુરુષો, મનમાંજ તેવા મહાયજ્ઞોનો વિસ્તાર કરે છે.

હે રાજા ! એ રીતે મનની એકાગ્રતારૂપ સમાધિમાર્ગનો અભ્યાસ કરનારા બ્રહ્મસ્વરૂપ દ્વિજની દેવતાઓ પણ સ્પૃહા કરે છે,[૨૫] તો હે રાજા! આમ તેમ સર્વ તરફથી વિચિત્ર રત્નોને એકઠાં કરી તેઓનો યજ્ઞોની અંદર ઉપયોગ નહિ કરવા માટે તમે કહો છો તેથી તમારી નાસ્તિકતા સ્પષ્ટ જણાઇ આવે છે.[૨૬] હે રાજન્ ! કુટુંબપરિવારના આશ્રિત એવા પુરુષને માટે સંન્યાસ હોય તેમ મારા જોવામાં આવતું નથી; માટે હે મહીપાલ ! અશ્વમેધ, સર્વમેધ અથવા બ્રાહ્મણોએ માન્ય કરેલા બીજા અનેક યજ્ઞો કરીને તમે ઇશ્વરનું આરાધન કરો. અરે! ઇંદ્ર પોતે પણ અનેક યજ્ઞો કરીને દેવોનો રાજા થયો છે, તો તમે શામાટે યજ્ઞો કરવાની ના પાડો છો?[૨૭,૨૮] રાજાના પ્રમાદરૂપ દોષને લીધે પ્રજાઓમાં ચોર લોકો લૂંટફાટ ચલાવે છે અને પ્રજાઓનું રક્ષણ નહિ કરનારો તેવો રાજા, કલિસ્વરૂપ કહેવાય છે;[૨૯] જેથી હે રાજા! ઘોડા, ગાયો, દાસીઓ, શણગારેલી હાથિણીઓ, ગ્રામો, દેશો, ક્ષેત્રો અને ગૃહોનું બ્રાહ્મણોને દાન કર્યા વિના બંધુદ્રોહથી આવિષ્ટ ચિત્તવાળા આપણે, રાજ્યપાલનરૂપ કર્મ કરવામાં જો પ્રમાદી થઇશું તો 'કલિસ્વરૂપ રાજાતરીકે જગતમાં પ્રસિદ્ધ થઈશું'.[૩૦,૩૧] વળી જો આપણે દાન આપીશું નહિ અને શરણાગતનું રક્ષણ કરીશું નહિ તો રાજ્યના પાપનાજ ભાગી બનીને કેવળ દોષોનાજ ભોક્તા બનીશું, પણ સુખોના ભોક્તા થઈશું નહિ.[૩૨] હે રાજા ! તમે મહાયજ્ઞોદ્વારા દેવોનું યજન કર્યાવિના, પિતૃઓનું તર્પણ કર્યાવિના તથા અનેક તીર્થોમાં સ્નાન કર્યાવિના જો સંન્યાસ લઇને ચાલી નીકળશો તો, આકાશમાં વાયુના ઝપાટાથી બંને તરફના મેઘમંડલોથી છૂટું પડી ગયેલું નાનું વાદળ જેમ વચમાંજ નાશ પામે, તેમ આ લોક અને પરલોકથી ભ્રષ્ટ થઇ ત્રિશંકુની પેઠે મધ્યમાંજ લટકી રહેશો, પિશાચયોનિમાં જઇ પડશો. મનુષ્ય, બાહ્ય અને આંતર્વિષયોમાં મનની આસક્તિ કરાવનાર અહંતાનો તથા મમતાનો ત્યાગ કરીનેજ સંન્યાસી થઇ શકે છે; પણ ગૃહસંસારનો ત્યાગ કરી માથું મુંડાવીને ચાલી નીકળવાથી સંન્યાસી થઈ શકતો નથી.[૩૫] હે મહારાજા! આ ગૃહસ્થાશ્રમમાંજ રહીને શાસ્ત્રમાં અનિષિદ્ધ એવાં વેદોક્ત કર્મો કરીને જે દ્વિજાતિ યથાયોગ્ય વર્તન કરે છે, તેનો કદીપણ નાશ થતો નથી, નરકપતનરૂપ અધઃપાત થતો નથી.[૩૬] હે પાર્થ! ઇંદ્રે જેમ દૈત્યોનાં સૈન્યોનો નાશ કર્યો હતો, તેમ તમે પણ સમૃદ્ધિવાળા બળવાન શત્રુઓનો બળવડે નાશ કર્યો છે; તો તમારા સરખો બીજો કયો પુરુષ શોક કરે? તમે તો હવે પ્રાચીન ધર્માચાર્યોએ કહેલા અને મોટા મોટા રાજર્ષિઓએ સેવેલા સ્વધર્મમાં (ક્ષાત્રધર્મમાં) આસક્ત થાઓ.[૩૭] હે નરેન્દ્ર ! ક્ષાત્રધર્મપૂર્વક પરાક્રમ કરીને તમે જે પૃથ્વીને જીતી છે, તેની સર્વ સમૃદ્ધિનું મોટા મોટા યજ્ઞોમાં દક્ષિણાદાનતરીકે, મંત્રવેત્તા મહર્ષિઓને સમર્પણ કરી દઈ તમે બ્રહ્મલોકમાં જશો, માટે હે રાજા ! હવે તમારે શોક કરવો યોગ્ય નથી.[૩૮]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "નકુલનાં વાકયો" એ વિષયનો અધ્યાય ૧૨ મો સમાપ્ત.

अध्याय १३ मो

સહદેવનું ભાષણ મમતાજ મૃત્યુરૂપ છે.

॥ सहदेव उवाच ॥

न बाह्यं द्रव्यमुत्सृज्य सिद्धिर्भवति भारत ॥
शारीरं द्रव्यमुत्सज्य सिद्धिर्भवति वा नवा ॥

તે પછી સહદેવ બોલ્યો:-"હે ભરતવંશી રાજા ! વ્યવહારોપયોગી બાહ્યદ્રવ્યનો ત્યાગ કર-

વાથી સિદ્ધિ મળતી નથી, તેમજ વાસનાઓરૂપ આભ્યંતર દ્રવ્યનો ત્યાગ કરવાથી સિદ્ધિ મળે કે નહિ તે કંઈ નિશ્ચય કહી શકાય નહિ; કારણ કે મન ઘણું ચંચલ છે, જેથી વાસનાઓનો ત્યાગ કર્યા છતાં પણ કદાચ તેઓનું પુનર્ગ્રહણ જો થઇ જાય તો સિદ્ધિ નજ મળે; માટે મનનો પ્રથમ જય કરી વાસનાઓનો જે સમૂળગો નાશ કરવો તેનું નામજ ત્યાગ કહેવાય છે અને તે ત્યાગથીજ સિદ્ધિ મળે છે.[૧] જે પુરુષ બાહ્યદ્રવ્યથી મુક્ત થયો હોય અને વાસનાઓરૂપ આભ્યંતર દ્રવ્યમાં ગરકાવ રહેતો હોય, તે પુરુષને જે ધર્મની અથવા જે સુખની પ્રાપ્તિ થાય તે તો આપણા શત્રુઓનેજ ભલે પ્રાપ્ત થાઓ;[૨] પણ જે પુરુષ વાસનાઓરૂપ શારીરદ્રવ્યનો (આભ્યંતર દ્રવ્યનો) ત્યાગ કરી પૃથ્વીપર રાજ્ય કરતો હોય, તે પુરુષને જે ધર્મનો તથા જે સુખનો લાભ થાય, તે આપણા મિત્રોને પણ ભલે હો.[૩] આ જગતમાં 'मम' એ બે અક્ષરો મનુષ્યોને મૃત્યુરૂપ છે અને 'नमम' એ ત્રણ અક્ષરો, સનાતન પરબ્રહ્મનો આનંદ આપનારા છે.[૪] હે રાજા ! 'मम' શબ્દથી કરવામાં આવતો સ્વીકાર અને नमम' શબ્દથી કરવામાં આવતો પરિત્યાગ, મનુષ્યને બંધનકર્તા અને મોક્ષકર્તા થઇ પડે છે–અર્થાત્ સંસાર અને મોક્ષનું તેઓ બંનેજ મૂળકારણ છે. મૃત્યુસ્વરૂપ તે ममकार અને બ્રહ્મસ્વરૂપ તે नममकार હરકોઇ પ્રાણીઓના શરીરમાં ગુપ્તપણે રહે છે અને તેઓ બંનેજ સર્વ કોઇને માંહોમાંહે લડાવી મારે છે.[૫] હે ભરતવંશી રાજા ! હવે હું તમને પૂછું છું કે, આત્મા નિત્ય છે કે અનિત્ય? જો આપણે આત્માને નિત્ય માનીએ તો તો કોઈ જાતનો દોષ પ્રાપ્ત થતો નથી, તેમજ પ્રાણીઓના શરીરનો નાશ કર્યા છતાં પણ હિંસા પ્રાપ્ત થતી નથી; પણ આત્માને જો આપણે અનિત્ય માનીએ તો શરીરની ઉત્પત્તિની સાથેજ આત્માની ઉત્પત્તિ થયેલી મનાશે અને શરીરના નાશની સાથેજ આત્માનો નાશ થયેલો ગણાશે, જેથી વેદોક્ત કર્મમાર્ગ છેક નિષ્ફળ થઇ પડશે; કારણકે કર્મફળનો ભોક્તા કોઇ રહેશેજ નહિ. માટે આત્માને અનિત્ય માનવાથી મહાન દોષ ઉપસ્થિત થાય છે અને નિત્ય માનવાથી કોઇ જાતનો દોષ રહેતો નથી. વળી સર્વમાન્ય આત્માની નિત્યતાનો સ્વીકાર કરવાથી એ પણ સિદ્ધ થાય છે કે, આ યુદ્ધમાં તમે કોઇપણ પ્રાણીનો (આત્માનો) નાશ કર્યો નથી કે કોઇ પણ જીવની હિંસા કરી નથી.[૬,૭] હે રાજા! તમે મારા કરતાં વિશેષ જ્ઞાની છો, જેથી તે વિષેનો મનમાં વિચાર કરીને વનમાં જવાનો એકાંત નિશ્ચય છોડી દો અને આપણા પ્રાચીન પૂર્વજોએ જે માર્ગનું સેવન કર્યું છે તે માર્ગને તમે પણ સેવો.[૮] જે રાજા, સ્થાવરજંગમસહિત આ સમગ્ર પૃથ્વીને સંપાદન કરીને પણ રૂડી રીતે તેનો ઉપભોગ કરતો નથી, તે રાજાનું જીવિત નિષ્ફળજ છે;[૯] તેમજ જે કોઇ રાજા, વનમાં જઈને વસે અને ત્યાંનાં ફળફૂલથી આજીવિકા ચલાવે, પણ મનની અસ્થિરતાને લીધે કદાચિત્ દ્રવ્યની અંદર મમતા કરે, તો મૃત્યુના મુખમાંજ તે પડયો છે, એમ સમજવું;[૧૦] માટે હે ભરતવંશી રાજા! સર્વ ભૂતોના બાહ્ય–આભ્યંતર સર્વ દ્રવ્યમાં તમે કેવળ પ્રત્યગાત્માનાંજ દર્શન કરો–સર્વ સ્થળે કેવળ આત્મદૃષ્ટિજ કરો; કારણ કે જે પુરુષો સર્વ દૃશ્યોમાં આત્માના નિત્યસિદ્ધ સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે, તેઓ જન્મમરણના મહાન ભયમાંથી મુક્ત થઈ જાય છે.[૧૧] હે મહારાજા! તમે મારા પિતા છો, માતા છો, ભ્રાતા છો અને ગુરુ છો; માટે હું દુઃખને લીધે તમારી પાસે જે કંઈ વિશેષ બકવાદ કરી ગયો હોઉં તેને માટે મને ક્ષમા આપવી તે તમને યોગ્ય છે. હું તમારી પાસે સત્ય વા અસત્ય જે કંઇ બોલ્યો છું તે કેવળ ભક્તિને લીધેજ બોલ્યો છું, પણ મારા જ્ઞાનની વિશેષતા દેખાડવાને માટે બોલ્યો નથી.

**ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત
રાજધર્માનુશાસન પર્વમાં "સહદેવનાં
વાક્યો" એ વિષયનો અધ્યાય
૧૩ મો સમાપ્ત.**

अध्याय १४ मो

દ્રૌપદીની વિનવણી

॥ वैशंपायन उवाच ॥

अव्याहरति कौंतेये धर्मराजे युधिष्ठिरे ॥
भ्रातृणांब्रुवतांतांस्तान्विविधान्वेदनिश्चयान्॥

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય! એ રીતે પોતાના ભાઈઓએ તે તે અનેક પ્રકારના વેદોક્ત નિશ્ચયો કહી સંભળાવ્યા છતાં ધર્મરાજા યુધિષ્ઠિર કંઇપણ બોલ્યા નહિ.[1] એટલે મહાકુળસંપન્ન, સ્ત્રીઓમાં શ્રેષ્ઠ અને વિશાળ નેત્રોવાળી શ્રીમતી દ્રૌપદી, યુધિષ્ઠિર રાજાને સમજાવવા તૈયાર થઈ.[2] હાથીઓથી જેમ યૂથપતિ વીંટાઇને બેઠો હોય તેમ, સિંહ અને વ્યાઘ્રસરખા પોતાના ભાઇઓથી વીંટાઇને બેઠેલા પોતાના પતિ મહારાજા યુધિષ્ઠિર સામે જોઇને અભિમાનવાળી, યુધિષ્ઠિર તરફ નિત્ય વિશેષ માન ધરાવનારી, રાજા યુધિષ્ઠિરે નિત્ય લાડ કરાવેલી ધર્મના સ્વરૂપને જાણનારી, વિશાળ કટિપશ્ચાદ્ભાગવાળી, ધર્મદર્શિની દ્રૌપદી, સામવાદથી ભરેલાં સુંદર વાકયો બોલીને તેમને આ પ્રમાણે સમજાવવા લાગી.[3-5]

દ્રૌપદીએ કહ્યું:-"હે પાર્થ! તમારા આ ભાઇઓ, ચાતકોની પેઠે (બપૈયાઓની પેઠે) વારંવાર આક્રંદ કરીને શુષ્કકંઠ થઇ ગયા અને તમારા પ્રત્યુત્તરની રાહ જોતા ઉભા રહ્યા છે, છતાં તમે તેઓને કેમ અભિનંદન આપતા નથી?[6] હે મહારાજ! મદમત્ત હાથીઓસરખા આ તમારા ભાઈઓ નિરંતર દુઃખભાગીજ બનેલા છે, માટે તેઓને યોગ્ય પ્રત્યુત્તર આપીને તમે પ્રસન્ન કરો.[7] હે રાજન્! પૂર્વે આપણે જ્યારે દ્વૈતવનમાં વસતાં હતાં ત્યારે ટાઢ, તાપ અને વાયુના ક્લેશથી દુઃખી થયેલા આ તમારા સર્વ ભાઇઓને-તમે આવાં વચન કેમ કહ્યાં હતાં કે:-"દુર્યોધનને યુદ્ધમાં મારી નાખીને આપણે પૃથ્વીનું રાજ્ય ભોગવીશું અને સર્વ અર્થોથી ભરપૂર એવી પૃથ્વીને સ્વાધીન કરીશું. વિજય મેળવવાની ઇચ્છાથી યુદ્ધ કરવા આવેલા રથીયોદ્ધાઓને રથોવિનાના કરી નાખીને, મોટા મોટા હાથીઓનો સંહાર કરી નાખીને તથા ઘોડાઓસહિત રથોવડે પૃથ્વીને ઢાંકી દઇને આપણે વિજય મેળવીશું; અને પછી હે શત્રુદમન ભાઇઓ! સંપૂર્ણ દક્ષિણાવાળા અને સમૃદ્ધિપૂર્ણ એવા વિવિધ જાતના યજ્ઞો કરીને તમે કૃતકૃત્ય થશો અને તે સમયેજ આ વનવાસનું દુઃખ તમને સુખરૂપ થઇ પડશે."[8-11] હે ધર્મધારીઓમાં શ્રેષ્ઠ વીર રાજા! આ પ્રમાણે પ્રથમ કહીને હવે અમારા મનને તમે કેમ ભાંગી નાખો છો?[12] નપુંસક પૃથ્વીને ભોગવી શકતો નથી, નપુંસક ધનને મેળવી શકતો નથી અને કાદવમાં જેમ માછલાં હોતાં નથી તેમ, નપુંસકના ઘરમાં છોકરાં હોતાં નથી.[13] હે ભારત! દંડવિનાનો રાજા શોભતો નથી, દંડવિનાનો રાજા પૃથ્વીને સંપાદન કરી શકતો નથી અને દંડવિનાના રાજાની પ્રજાઓ સુખને પામી શકતી નથી.[14] હે મહારાજા! સર્વ ભૂતોપર મિત્રભાવ, દાન, અધ્યયન અને તપ વગેરે બ્રાહ્મણોનાજ ધર્મો ગણાય છે, પણ રાજાના ધર્મો ગણાતા નથી.[15] રાજાનો તો એજ ધર્મ છે કે, દુષ્ટોને શિક્ષા કરવી, સત્પુરુષોનું રક્ષણ કરવું અને યુદ્ધમાંથી પલાયન ન કરવું.[16] જે રાજાની અંદર દાન આદાન, ક્રોધ, ક્ષમા ભય અભય, નિગ્રહ અને અનુગ્રહ-આ દ્વંદ્વો, નિત્ય નિવાસ કરી રહ્યાં હોય છે, તે રાજા ધર્મવેત્તા કહેવાય છે.[17] હે રાજા! તમે શાસ્ત્રથી, દાનથી, સાંત્વનાથી, યજ્ઞથી કે યાચનાથી આ પૃથ્વી સંપાદન કરી નથી, પણ પરાક્રમ કરીને સંપાદન કરી છે.[18] હે વીર! શત્રુઓનું જે સૈન્ય વીર્યસમૃદ્ધિથી સજ્જ હતું; હાથી, ઘોડા અને રથોથી ભરપૂર હતું; પ્રભુશક્તિ, મંત્રશક્તિ અને ઉત્સાહશક્તિરૂપ ત્રણ અંગોથી ઉત્તમોત્તમ હતું અને દ્રોણ, કર્ણ, અશ્વત્થામા તથા કૃપાચાર્ય આદિ મહારથીઓથી રક્ષાયલું હતું, તે સૈન્યનો તમે સંહાર કર્યો છે, માટે હવે આ પૃથ્વીને તમે ભોગવો.[19,20] હે પુરુષસિંહ મહારાજા! અનેક જૂદા જૂદા દેશોથી યુક્ત જંબૂદ્વીપને તમે દંડબળથી કબજે કર્યો

છે;[૨૧] તેમજ મહામેરુની પશ્ચિમમાં આવેલા જંબૂદ્વીપની બરોબરી કરનારા ક્રૌંચદ્વીપને પણ તમે દંડબળથીજ તાબે કર્યો છે.[૨૨] વળી હે રાજા! મહામેરુની પૂર્વમાં આવેલા ક્રૌંચદ્વીપની તુલના કરનારા શાકદ્વીપને પણ તમે દંડબળથીજ સ્વાધીન કર્યો છે;[૨૩] અને હે પુરુષવ્યાઘ્ર રાજા! મહામેરુની ઉત્તરમાં આવેલા શાકદ્વીપસમાન ભદ્રાશ્વદ્વીપને પણ તમે દંડબળથીજ જીત્યો છે;[૨૪] તેમજ હે વીર! નૌકાસૈન્યના બળથી મહાસાગરમાં પ્રવેશ કરીને જૂદા જૂદા અનેક દેશોવાળા બીજા કેટલાએક દ્વીપોને તથા અંતરદ્વીપોને તમે જીત્યા છે.[૨૫] વળી આ ઉપરાંત બીજાં ઘણાં પરાક્રમો તમે કર્યાં છે અને દ્વિજાતિઓ (ત્રિવર્ણ) તમારો ઘણોજ આદરસત્કાર પણ કરે છે, છતાં તમે કેમ પ્રસન્ન થતા નથી?[૨૬] હે ભારત! મદમત્ત આખલાઓસરખા બલવાન અને બલવંત ગજેંદ્રો સરખા ઓજસ્વી આ તમારા ભાઈઓની સામે જોઇને તમે કેમ આનંદ પામતા નથી?[૨૭] તમે પાંચે ભાઇઓ દેવોના જેવા તેજસ્વી છો, શત્રુઓ સામે ટક્કર ઝીલનારા છો અને શત્રુઓને તપાવનારા છો. મને નિશ્ચય ખાત્રી છે કે, તમારામાંહેનો કોઈ એકજ મારો સ્વામી હોય તોપણ મને સર્વ જાતનાં સુખો મળી શકે તેમ છે,[૨૮] તોપછી હે પુરુષવ્યાઘ્ર! તમે પાંચે મહાપુરુષો, ઇંદ્રિયો જેમ શરીરચેષ્ટાની સ્વામી છે, તેમ મારા સ્વામી છો, જેથી મને સર્વ સુખો મળે તેમાં શું આશ્ચર્ય છે?[૨૯] સર્વજ્ઞ અને સર્વદ્રષ્ટા એવાં મારાં સાસુ કુંતાજીએ મને જે કહેલું છે તે કદી અસત્ય થાય તેમ નથી. તેમણે મને એક દિવસે કહ્યું હતું કેઃ–"હે પાંચાલિ! શીઘ્ર પરાક્રમ કરનારા યુધિષ્ઠિર અનેક હજારો રાજાઓનો સંહારકરીને તને ઉત્તમોત્તમ સુખ આપશે." હે રાજા! પણ આ સમયે તમારી મૂઢતાને લીધે મારી સાસુનાં તે વચનો વ્યર્થ થશે, એમ મને દેખાય છે;[૩૦,૩૧] પણ ખરૂં છે કે, જેઓના કુળમાં સૌથી મોટો ગણાતો પુરુષ જ્યારે ઉન્મત્ત બની જાય છે, ત્યારે તેની પાછળ તેને અનુસરનારાં સર્વ મનુષ્યો ઉન્મત્ત (ગાંડાં) બની જાય છે. તેજ પ્રમાણે હે મહારાજ! તમારા ઉન્માદથી સર્વ પાંડવો પણ ઉન્માદ દશામાં આવી પડ્યા છે;[૩૨] કારણકે હે રાજા! તમારી પાછળ તમારા ભાઇઓ પણ જો ઉન્મત્ત ન થઇ ગયા હોય, તો બીજા સર્વ નાસ્તિક મનુષ્યોની સાથે તમને બાંધી મૂકીને પૃથ્વીનું રાજ્ય કરવા મંડી પડયા હોય.[૩૩] હે રાજા! તમારા જેવો મૂઢ પુરુષ આવા ઉન્માદીના જેવા વિચારો કરીને જો કાર્ય કરે છે તો તેને શ્રેય મળતું નથી. વળી જે મૂઢ પુરુષ આવા ઉન્માદીના માર્ગે ગમન કરે છે, તેને માટે અંતે ધૂપો, સિદ્ધાંજનો, નાસિકાદ્વારા લેવામાં આવતાં ઔષધો અને બીજા અનેક ઉપચારોનો પ્રયોગ કરી ચિકિત્સા કરવી પડે છે. હે ભરતશ્રેષ્ઠ રાજા! લોકમાંહેની સર્વ સ્ત્રીઓમાં હું અધમ થઇ ગઈ છું; કારણકે મારા સર્વ પુત્રોનો નાશ થઇ ગયો છે, છતાં હું જીવવાની ઇચ્છા રાખું છું; એ મારાં વચન, યત્ન કરી રહેલા તમારા આ ભાઇઓનાં વચનોને અનુસરી આ સમયે મિથ્યા બોલાયલાં નથી.[૩૪–૩૬] હું તમને સત્ય કહું છું કે, આ સર્વ પૃથ્વીનો ત્યાગ કરીને તમે પોતાની મેળેજ આપત્તિને સ્વીકારી લ્યો છો. હે મહારાજા! પૂર્વે થઈગયેલા માંધાતા અને અંબરીષ રાજા, જેમ સર્વ રાજાઓમાં માન્ય થઈ પડયા હતા, તેમ તમે પણ માન્ય થઈ પડશો અને વિરાજી રહેશો, માટે હે રાજન્! ધર્મપૂર્વક પ્રજાનું રક્ષણ કરીને પર્વતો, વનો અને દ્વીપોસહિત આ સમગ્ર પૃથ્વી દેવીનું તમે પાલન કરો, આમ ઉદાસ થાઓ મા. હે મહારાજા! વિવિધ પ્રકારના યજ્ઞો કરીને ઈશ્વરનું પૂજન કરો, શત્રુઓ સામે યુદ્ધ કરો અને બ્રાહ્મણોને ધન, ભોગ, વસ્ત્ર આદિનું દાન આપો.[૩૭–૩૯]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "દ્રૌપદીનાં વાક્યો" એ વિષયનો અધ્યાય ૧૪ મો સમાપ્ત.

* * *

अध्याय १५ मो

અર્જુનનું પુનર્ભાષણ-દંડનીતિનું પ્રાધાન્ય

॥ वैशंपायन उवाच ॥

याज्ञसेन्या वचः श्रुत्वा पुनरेवार्जुनोऽब्रवीत्॥
अनुमान्य महाबाहुं ज्येष्ठं भ्रातरमच्युतम्॥ १॥

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય રાજા! દ્રૌપદીનું એ વચન સાંભળ્યા પછી અર્જુન, મોટી ભુજાવાળા પોતાના મોટાભાઇ યુધિષ્ઠિર રાજાનું માન જાળવીને પુનઃ કહેવા લાગ્યો.[૧]

અર્જુન બોલ્યોઃ-દંડ, સર્વ પ્રજાઓનું શાસન કરે છે, દંડ સર્વ કોઇનું રક્ષણ કરે છે અને દંડ સર્વના સૂઇ ગયા પછી પણ જાગ્રત રહે છે; માટે વિદ્વાનો દંડનેજ ધર્મ કહે છે.[૨] હે રાજા! દંડ ધર્મની રક્ષા કરે છે, દંડ અર્થની રક્ષા કરે છે અને દંડ કામની પણ રક્ષા કરે છે; માટે દંડ ત્રિવર્ગસ્વરૂપ કહેવાય છે;[૩] તેમજ દંડ ધાન્યની તથા ધનની રક્ષા કરે છે. આમ સમજીને હે વિદ્વાન રાજા! તમે દંડને ધારણ કરો અને લોકવ્યવહાર તરફ દૃષ્ટિ કરો.[૪] જગતમાંહેના કેટલાએક પાપી લોકો, રાજ્યદંડના ભયથી પાપકર્મ કરતા નથી, કેટલાએક યમદંડના ભયથી પાપકર્મ કરતા નથી, કેટલાએક પરલોકના ભયથી પાપકર્મ કરતા નથી અને કેટલાએક અન્યોન્યના ભયથી પણ પાપકર્મ કરતા નથી. આ રીતે સર્વ લોકનો સ્વભાવ, પશુના સ્વભાવની પેઠે કેવળ દંડનેજ પાત્ર છે; જેથી સંક્ષેપમાં કહી શકાય કે, સર્વ કોઈનો આધાર કેવળ દંડપરજ રહેલો છે.[૫,૬] વળી કેટલાંએક સર્વભક્ષી પ્રાણીઓ દંડના ભયથીજ એકબીજાને ખાઈ જતાં નથી, માટે જો દંડ, સર્વ જગતનું પાલન ન કરે, તો સર્વ પ્રજાઓ ગાઢ અંધકારમાં ડૂબી મરે.[૭] વિદ્વાનો દંડ શબ્દનો આવોજ અર્થ કરે છે કે, ઇંદ્રિયોને વશ નહિ રાખનારાઓનું જે દમન કરે છે અને શિષ્ટાચારવિરુદ્ધ વર્તનારાઓને જે શિક્ષા કરે છે, દમે છે અથવા દંડે છે, તેનું નામ દંડ કહેવાય છે.[૮] બ્રાહ્મણોને કડક શબ્દો કહીને તિરસ્કારમાત્રથી દંડાય છે, ક્ષત્રિયોને તેની માલમિલ્કત જપ્ત કરી માત્ર નિર્વાહપૂરતુંજ આપીને દંડાય છે, વૈશ્યોને તેઓનું સર્વસ્વ જપ્ત કરી દંડાય છે અને શૂદ્રોને તેઓનાપર વિશેષ સેવાભાર નાખી દઇ દંડાય છે.[૯] હે રાજા! મનુષ્યોને અન્યોન્ય સંમોહ ન થાય તે માટે અને તેઓના ધનનું રક્ષણ થાય તે માટે વિધાતાએ દંડરૂપ મર્યાદાનું લોકમાં સ્થાપન કર્યું છે.[૧૦] જે રાજાના રાજ્યમાં શ્યામ વર્ણવાળો તથા લાલચોળ નેત્રવાળો પ્રચંડ દંડ પોતાની સત્તા ચલાવે છે, તે રાજ્યમાં પ્રજાઓ મોહવશ થતી નથી, સ્વધર્મમાં નિયમિત રીતે વર્તે છે; પરંતુ એ દંડનો નેતા રાજા, સર્વનો અપરાધ યથાયોગ્ય દૃષ્ટિથી જોઈ શકતો હોય,[૧૧] તો હરકોઇ બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અથવા સંન્યાસી દંડના ભયથીજ પોતપોતાના ધર્મમાર્ગમાં નિયમિત રીતે વર્તે છે.[૧૨] હે રાજા! દંડના ભયવિના પુરુષ યજ્ઞ કરતો નથી, દંડના ભયવિના પુરુષ દાન આપવાની ઇચ્છા કરતો નથી અને દંડના ભયવિના પુરુષ યથાયોગ્ય સમયે આવીને ઉભો રહેવા ઇચ્છતો નથી.[૧૩] જેમ કોઈ મચ્છીમાર કાંટાવાળી જાળ પાથર્યાવિના માછલાંઓને પકડી શકતો નથી, તેમ રાજા પણ બીજાઓનાં મર્મસ્થાનોને છેદ્યાભેદ્યાવિના અથવા મહા દુષ્કર કર્મ કર્યાવિના મોટી રાજ્યલક્ષ્મીને પામી શકતો નથી.[૧૪] કોઇનો પણ ઘાત કર્યા વિના રાજાને કીર્તિ અથવા ધન મળેજ નહિ, તેમ પ્રજાઓ તેના તાબામાં રહેજ નહિ. દાખલાતરિકે, વૃત્રાસુરનો વધ કરીનેજ ઇંદ્ર મહેન્દ્રપદને પામ્યો છે.[૧૫] તેમજ રુદ્ર, કાર્તિકસ્વામી, ઇંદ્ર, અગ્નિ, વરુણ, યમ, કાળ, વાયુ, મૃત્યુ, કુબેર, સૂર્ય, વસુઓ, મરુતો, સાધ્યો અને વિશ્વેદેવાઓ-વગેરે સર્વ દેવતાઓએ અનેક શત્રુઓનો ઘાત કર્યો છે અને તેથીજ તેવી મહાન સમૃદ્ધિઓને તેઓ પામ્યા છે; એટલુંજ નહિ પણ લોકો તે દેવોના પ્રતાપથી નમ્ર થઇને નિરંતર તેઓની પૂજા કર્યા કરે છે; પરંતુ સર્વના ઘાતા બ્રહ્મદેવને કે પૂષાદેવને કોઇ નમતું નથી કે કોઈ પૂજતું પણ નથી, કારણ કે તે બન્નેએ તેવાં પરાક્રમ કર્યાં નથી.[૧૬-૧૮] જે પુરુષો

સર્વ પ્રાણીઓપર સમભાવ રાખીને મધ્યસ્થ રહેનારા છે, ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા છે અને કેવળ શમમાંજ તત્પર રહેનારા છે, તેઓનો તો ઘણા મનુષ્યો પરાભવ કરી જાય છે, માટે સર્વ કામોમાં અત્યંત શાંત સ્વભાવથી વર્તનારા મનુષ્યોમાંથી કોઇ એકનોજ કવચિત્ જય થાય છે; અર્થાત્ કેવળ શાંતિનોજ સ્વીકાર કરી કાર્ય સાધી શકાતું નથી.[૧૯] આ લોકમાં કેવળ અહિંસાથીજ જીવન ગાળનાર એક પણ મનુષ્ય મારા જોવામાં આવતો નથી. બળવાન પ્રાણીઓ દુર્બલ પ્રાણીઓનું ભક્ષણ કરીનેજ જીવે છે.[૨૦] નોળીઓ ઉંદરોને ખાઇ જાય છે, બિલાડો નોળીઆને ખાઈ જાય છે, કૂતરો બિલાડાને ખાઈ જાય છે અને કૂતરાને વળી બીજું કોઇ શિકારી પ્રાણી ખાઇ જાય છે;[૨૧] તેમજ તે તે બળવાન સર્વ પશુઓને મનુષ્ય ખાઇ જાય છે અને મનુષ્યને યથાસમયે આવી પહોંચેલો કાળ આરોગી જાય છે; માટે આ સર્વ સ્થાવરજંગમ જગત પ્રાણીઓના અન્નરૂપ છે તેનો તમે વિચાર કરો.[૨૨] હે રાજેંદ્ર! આ સર્વ વિધાનનું દૈવેજ નિર્માણ કર્યું છે, જેથી વિદ્વાન પુરુષ તેમાં મોહને પામતો નથી અને તમે પોતે પણ તે દૈવનીજ ઇચ્છાથી આ ક્ષત્રિયકુલમાં ઉત્પન્ન થયા છો, માટે બરાબર ક્ષત્રિય થવાને યોગ્ય છો.[૨૩] અરે ! કેટલાએક મંદમતિના રાજાઓ તામસવૃત્તિ સ્વીકારીને તથા ક્રોધ, હર્ષ આદિ દ્વંદ્વોનો ત્યાગ કરીને વનમાં ચાલ્યા જાય છે, તેઓ પણ હિંસા કર્યાવિના પ્રાણ ધારણ કરી શકતા નથી;[૨૪] કારણ કે જળની અંદર અનેક જીવો છે અને પૃથ્વીમાં તથા ફળોમાં પણ અસંખ્યાત જીવો છે, તેઓનો વધ નહિ કરનારો કયો તપસ્વી વનમાં રહી શકે છે? પ્રાણધારણામાટેનું તેવું કયું સાધન છે, કે જેથી વનમાં ગયેલો તપસ્વી હિંસાથી મુક્ત રહે? માટે હિંસા કર્યા વિના કોઈનાથી જીવી શકાતુંજ નથી.[૨૫] કેટલાએક જીવો તો ઘણાજ સૂક્ષ્મ શરીરોવાળા હોય છે અને કેટલાએક જીવો તો કેવળ અનુમાનથીજ જાણવામાં આવી શકે છે, કે જેઓનાં શરીરોનો માત્ર આપણાં નેત્રોની પાંપણના આઘાતથીજ નાશ થઇ જાય છે.[૨૬] આપણા જોવામાં આવે છે કે, કેટલાએક મુનિઓ ક્રોધ તથા મત્સરનો ત્યાગ કરીને ગ્રામ છોડી વનમાં ચાલ્યા જાય છે; પરંતુ ત્યાં ગયા પછી પણ દુર્દૈવના યોગે મોહજાળમાં ફસાઇને કુટુંબધર્મી (ગૃહસ્થી) થઈ જાય છે.[૨૭] વળી કેટલાએક મનુષ્યો તો પૃથ્વી ખોદીને ઔષધિઓ તથા વૃક્ષોને કાપીને તથા પશુપક્ષીઓનું વિશસન (હિંસા) કરીને યજ્ઞો કરે છે અને તેઓ સ્વર્ગને પણ પામે છે.[૨૮] હે કુંતાપુત્ર ! દંડયુક્ત નીતિનો જગતમાં પ્રચાર થવાથી સર્વ ભૂતોના સર્વ આરંભો સિદ્ધ થાય છે, એમાં મને સંશય નથી.[૨૯] લોકમાં જો દંડ ન હોય તો આ સર્વ પ્રજાઓનો નાશ થઈ જાય, જળમાં મોટાં માછલાં નાનાં માછલાંઓને જેમ ખાઈ જાય છે, તેમ પ્રજાઓમાં પણ બળવાનો દુર્બળોનું ભક્ષણ કરી જાય.[૩૦] બ્રહ્મદેવે પણ પૂર્વે આ પ્રમાણે સત્યજ કહ્યું છે કે, અપરાધને જોઇને યોગ્ય રીતે કરેલો દંડ પ્રજાઓનું રક્ષણ કરે છે. રે! જુઓ તો ખરા. અગ્નિ પણ ફુંક મારવારૂપ દંડના ભયથી પ્રજ્વલિત રહે છે.[૩૧] અરે ! આ લોકમાં જો દંડની મર્યાદા ન હોય તો ઘોર અંધકાર વ્યાપી જાય-અંધેર અંધેર થઈ જાય, સારાંનરસાંનો લગારે વિભાગ ન રહે અને કંઇ પણ જાણવામાં ન આવે.[૩૨] વેદોની નિંદા કરનારા તથા મર્યાદાને તોડી પાડવા ઇચ્છનારા નાસ્તિકો પણ કેવળ દંડનાજ ભયથી મર્યાદાનું પાલન કરવા તત્પર થઇ જાય છે;[૩૩] એટલુંજ નહિ પણ સર્વ લોકને કેવળ દંડથીજ વશમાં રાખી શકાય છે, કારણ કે મનુષ્યમાત્ર પવિત્ર હોય, એ વાત દુર્લભ છે, જેથી દંડના ભયથીજ તેઓ સર્વે મર્યાદાનું પાલન કરવા પ્રવૃત્ત થાય છે.[૩૪] વિધાતાએ ચારે વર્ણોને સંતોષ પમાડવા માટે અને તેઓને નીતિના માર્ગે દોરવા માટે તથા ધર્મ અને અર્થનું પૃથ્વીમાં રક્ષણ કરવામાટે દંડની મર્યાદા બાંધી છે.[૩૫] જગતમાંહેનાં બળવાન પક્ષીઓ અને શિકારી પશુઓ દંડથી જો ભય પામત નહિ, તો તેઓ મનુષ્યોનું, નિર્બળ પશુઓનું તથા યજ્ઞિય હવ્ય દ્રવ્યોનું ભક્ષણજ

કરી જાત.[૩૬] દંડ સર્વ કોઇનું જો રક્ષણ ન કરત તો બ્રહ્મચારી વેદાધ્યયન કરત નહિ, લોકો વાછરડાંવાળી ગાયને દોહત નહિ અને કન્યાઓ યથાવિધિ લગ્ન કરતજ નહિ, પણ વ્યભિચારજ કરત.[૩૭] અરે ! દંડ જગતનું જો રક્ષણ ન કરત તો સર્વનો ઉચ્છેદ થઈ જાત, સર્વ મર્યાદાઓનો નાશ થઈ જાત અને અમુકજ પદાર્થ મારો ગણાય, આવું જ્ઞાન કોઇનામાં રહેત નહિ.[૩૮] જો દંડની રક્ષા ન હોત તો સર્વ કોઇ નિર્ભય થઇ જાત અને વિધિપૂર્વક દક્ષિણાદાનવાળા સંવત્સર યજ્ઞોને કોઈ કરતજ નહિ.[૩૯] વળી દંડનું જો રક્ષણ ન હોત તો શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે વર્ણાશ્રમ ધર્મનું કોઇ પાલન કરત નહિ અને વેદવિદ્યાને કોઈ ભણત નહિ.[૪૦] દંડની જો રક્ષા ન હોત તો ઊંટ, બળદ, ઘોડાં, ખચ્ચર અને ગધેડાં, યોગ્યરીતે જોડાઇને વાહનોને વહત નહિ.[૪૧] અરે! દંડ જગતનું જો પાલન ન કરત તો નોકરો અને બાળકો કોઇનું માનત નહિ અને સ્ત્રીઓ, પોતાના ધર્મમાં રહેત નહિ.[૪૨] વિદ્વાનો કહે છે કે, દંડના ભયથીજ પ્રજાઓ મર્યાદામાં રહેલી છે, દંડમાંજ સર્વ જાતનાં ભયનો સમાવેશ થઈ જાય છે અને મનુષ્યોનું સ્વર્ગ દંડમાંજ રહેલું છે.[૪૩] જે દેશમાં શત્રુઓનો વિનાશ કરનારા દંડની મર્યાદિત વ્યવસ્થા સત્તા ચલાવે છે, તે દેશમાં ફૂડ, કપટ, પાપ કે ઠગાઇ લેશમાત્ર જોવામાં આવતાં નથી.[૪૪] લોકમાં દંડની જો રક્ષા ન હોય તો કૂતરાં યજ્ઞિય હુતદ્રવ્યોને ચાટી જાય અને કાગડાઓ પુરોડાશને ઉઠાવી જાય.[૪૫] હે રાજા ! આ રાજ્ય આપણને ધર્મથી મળ્યું હોય અથવા અધર્મથી મળ્યું હોય, તેની તમારે દરકાર કરવાની નથી. તેના સંબંધમાં તમારે શોક કરવોજ નહિ. તમારે તો હવે ભોગો ભોગવવા અને યજ્ઞો કરવા.[૪૬] આ જગતમાં જેઓ શ્રીમંત છે તેઓ સુખપૂર્વક ધર્માચરણ કરે છે, ઉત્તમ વસ્ત્રો ધારણ કરે છે, ઉત્તમ ફળવાળાં દાનો બ્રાહ્મણોને આપે છે અને ઉત્તમ અન્નનું ભોજન કરે છે.[૪૭] પુરુષોના સર્વ સમારંભો ધનને અધીન છે, એમાં સંશય નથી અને તે ધન, દંડને અધીન છે; માટે દંડનું કેટલું બધું ગૌરવ છે, તે તમે જુઓ ![૪૮] લોકવ્યવહાર ચલાવવા માટેજ વિધાતાએ ધર્મનું પ્રવચન કરેલું છે. તે આ રીતે કે, અહિંસા પરમ ધર્મરૂપ છે; પરંતુ કોઇ સમયે તેવું પણ બને છે કે, 'अहिंसा परमो धर्मः' એ સામાન્ય સૂત્રનેજ વળગી રહેવાથી ભયંકર હિંસા થઈ જાય છે. દાખલાતરીકે, વાડામાં પેસી ગયેલા વાઘની સામાન્ય સૂત્રાનુસાર કરેલી અહિંસા, વાઘે કરેલા ગાયોના વધથી ભયંકર હિંસારૂપે પરિણમે છે; માટે હિંસા–અહિંસાના મધ્યમાં જેનાવડે આર્ત્તનું રક્ષણ થાય તેનોજ સ્વીકાર કરવો યોગ્ય છે અને તેજ પરમ ધર્મરૂપ છે.[૪૯] આ જગતમાં કોઈપણ વસ્તુ અત્યંત ગુણવાન નથી અને કોઇપણ વસ્તુ અત્યંત નિર્ગુણ પણ નથી. સર્વ કાર્યોમાં ગુણ અને અવગુણ–બન્ને જોવામાં આવે છે.[૫૦] જુઓ, જગતના લોકો બળદોને વશ કરવા માટે પ્રથમ તેઓના અંડકોશને કાપી નાખે છે, પછી તેઓનાં નાકને વીંધીને નાથે છે અને ત્યારપછી તેઓને બાંધે છે અને વશ કરે છે.[૫૧] આ રીતે હે મહારાજ ! તે તે અસત્યોવડે અસ્તવ્યસ્ત સ્વભાવના આ લોકમાં સર્વકોઇને કેવળ દંડથીજ સીધા કરવામાં આવે છે; કારણકે તેમ નહિ કરવાથી પોતપોતાના કાર્યમાં કોઇ પ્રવૃત્ત થાયજ નહિ; માટે તમે પણ તે તે ન્યાયમાર્ગોનું અવલંબન કરી પુરાણધર્મનું આચરણ કરો અને તેમાં પ્રવાહન્યાય પ્રમાણે આવી લાગતા હિંસા આદિના દોષ તરફ દૃષ્ટિ કરો મા.[૫૨] હે કુંતાપુત્ર! તે પુરાણધર્મનું પાલન કરી તમે યજ્ઞો કરો, શત્રુઓનો નાશ કરો, પ્રજાઓનું રક્ષણ કરો અને મિત્રોનું પાલન કરો.[૫૩] હે ભરતવંશી રાજા ! શત્રુઓનો સંહાર કરવાથી તમે દીન થાઓ મા; કારણકે શત્રુઓનો વધ કરવાથી કર્તાને કોઇ જાતનો દોષ લાગતો નથી.[૫૪] અરે! કોઇ બાળક પણ શસ્ત્ર ધારણ કરી મારવા માટે ચઢી આવે તો તેનો પણ પુરુષે શસ્ત્ર ધારણ કરીને વધ કરવો યોગ્યજ છે અને તેમ કરવાથી તે પુરુષને બાળહત્યા પણ લાગતી નથી; કારણકે એકનો ક્રોધ, બીજાના ક્રોધમાં

સર્વ તરફથી વ્યાપી જાય છે અને તે ક્રોધજ વધકાર્યમાં નિમિત્તરૂપ ગણાય છે;[૫૫] અને તત્ત્વદૃષ્ટિએ જોતાં તો એજ નિશ્ચય થાય છે કે, સર્વ પ્રાણીઓનો આત્મા નિત્યને માટે અવધ્ય છે–આત્માનો કદી પણ વધ થઈ શકતો નથી અને આત્મા જો અવધ્ય છે તો પછી દેહનો દેહવડે નાશ થતાં કોનો આત્મા હણાય છે અને કયો આત્મા હણનાર બને છે?[૫૬] જેમ કોઈ પુરુષ પોતાના જૂના ઘરનો ત્યાગ કરી નવા ઘરમાં રહેવા જાય છે, તેમ જીવાત્મા પણ જૂનાં શરીરોનો ત્યાગ કરી નવાં શરીરોમાં પ્રવેશ કરે છે; માટેજ તત્ત્વવેત્તાઓ કહે છે કે, પ્રાણીઓનું શરીરજ મૃત્યુનું દ્વાર છે, આત્મા તો અજરામર છે–અવિનાશી છે.[૫૭,૫૮] (આમ સમજીને હે રાજા! તમારે શોક કરવો યોગ્ય નથી.)

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં ‘અર્જુનનાં વાક્યો” એ વિષયનો અધ્યાય ૧૫ મો સમાપ્ત.

अध्याय १६ मो

ભીમનું પુનર્ભાષણ–દેહની પીડાથી આત્મા પીડાતો નથી પણ મનજ પીડાય છે.

॥ वैशंपायन उवाच ॥

अर्जुनस्य वचः श्रुत्वा भीमसेनोऽत्यमर्षणः ॥
धैर्यमास्थायतेजस्वी ज्येष्ठं भ्रातरमब्रवीत् ॥१॥

વૈશંપાયન બોલ્યા:–“હે જનમેજય રાજા! અત્યંત ક્રોધી સ્વભાવનો તેજસ્વી ભીમસેન, અર્જુનનું વચન સાંભળ્યા પછી ધૈર્ય ધરીને પોતાના મોટા ભાઈને કહેવા લાગ્યો:–[૧] હે રાજન્! તમે સર્વ ધર્મોને જાણનારા છો. તમારાથી કંઇ પણ અજાણ્યું નથી. તમારાં સદાચરણ પ્રમાણે વર્તવાનું અમે સદાકાળ શીખ્યા કરીએ તોપણ તે પ્રમાણે વર્તવાને અમે સમર્થ થઈ શકીએ તેમ નથીજ.[૨] વળી તમે મારા જ્યેષ્ઠભ્રાતા છો, જેથી મારા મનમાં એમજ હતું કે, “હું ન બોલું તો સારૂં.” પરંતુ દુઃખના અત્યંત દબાણને લીધે હું તમને કહું છું, તે તમે સાંભળો.[૩] “ઘણીજ અફસોસની વાત છે કે, કેવળ તમારાજ ગાઢ મોહને લીધે અમારા સર્વ મનોરથો સંશયમાં આવી પડયા છે; એટલુંજ નહિ પરંતુ તેને લીધે અમે ઘણા વિહ્વળ અને નિર્બળ બની ગયા છીએ.[૪] રે! તમે સર્વશાસ્ત્રમાં કુશળ છો, વળી લોકના રાજા છો; છતાં એક બીનકેળવાયલા પુરુષની પેઠે દીનતાને લીધે મોહને કેમ પામ્યા છો?[૫] હે રાજા! લોકની સદ્ગતિ અને દુર્ગતિ તમારા જાણવામાં છે. તેમજ ભવિષ્યકાળની તથા વર્તમાન કાળની પરિસ્થિતિ તમારાથી અજાણી પણ નથી;[૬] છતાં હે મહારાજ! આ રીતે મોહવશ થઇને રાજ્યનો ત્યાગ કરવા માટે તમે તૈયાર થયા છો તેના સંબંધમાં મેં એક કારણ શોધી કાઢયું છે, તે હું તમને કહું છું. એકચિત્ત થઇ તમે સાંભળો.[૭] સર્વ પ્રાણીઓને બે પ્રકારના વ્યાધિઓ ઉત્પન્ન થાય છે. એક શારીરિક વ્યાધ અને બીજો માનસિક વ્યાધિ. આ બન્ને વ્યાધિઓની ઉત્પત્તિ પણ અન્યોન્યના સંબંધથીજ થાય છે–અર્થાત્ શરીરવિના વ્યાધિ થતો નથી અને મનવિના આધિ થતો નથી; માટે શરીર અને મન–એ બન્નેજ બે વ્યાધિઓનું મૂળ છે.[૮] તેમાં શારીરિક વ્યાધિથી માનસિક આધિ ઉત્પન્ન થાય છે અને માનસિક આધિથી શારીરિક વ્યાધિ ઉત્પન્ને થાય છે, એમાં સંશય નથી.[૯] હવે જે પુરુષ, ભૂતકાળમાં થઈ ગયેલા પોતાના શારીરિક વ્યાધિમાટેનો તથા માનસિક આધિમાટેનો શોક કરે છે, તે પુરુષ તજ્જન્ય દુઃખને લીધે બીજું નવું દુઃખ પ્રાપ્ત કરે છે અને પુનઃ શારીર તથા માનસ--બન્ને અનર્થોને વહોરી લે છે.[૧૦] વાત, પિત્ત અને કફ–આ ત્રણ ગુણો મનુષ્યના શરીરમાંજ ઉત્પન્ન થાય છે અને તે ત્રણ ગુણોની જે સામ્યાવસ્થા તેને (વૈદ્યો) શરીરના આરોગ્યનું લક્ષણ કહે છે.[૧૧] પરંતુ તે ત્રણ ગુણોમાંથી હરકોઇ એકનું જ્યારે આધિક્ય થાય છે, ત્યારે શરીરમાં વ્યાધિની ઉત્પત્તિ થાય છે અને તેને માટે ચિકિત્સા કરવાનું કહેવાય છે. જેમકે, જ્યારે કફની વૃદ્ધિ થઈ ગઈ હોય ત્યારે, તેને દૂર કર-

વા માટે પિત્તની વૃદ્ધિ કરવી જોઈએ અને પિત્તની વૃદ્ધિ થઇં ગઇ હોય ત્યારે કફની વૃદ્ધિ કરવી જોઈએ; અર્થાત્ જે ગુણની વૃદ્ધિ થઇ ગઇ હોય તે ગુણના વિરોધી ગુણની વૃદ્ધિ કરનાર ઉપચાર કરવાથી પુનઃ સર્વ ગુણની સામ્યાવસ્થા થઇ જાય છે.[૧૨] હવે સત્ત્વ, રજ અને તમ, એ ત્રણ ગુણો મનમાં ઉત્પન્ન થાય છે અને તે ગુણોની જે સામ્યાવસ્થા તેને માનસશાસ્ત્રવેત્તાઓ મનની સ્વસ્થતાનું લક્ષણ કહે છે;[૧૩] પરંતુ તે ગુણોમાંથી કોઈ એકનું જ્યારે આધિક્ય થાય છે, ત્યારે મન અસ્વસ્થ બને છે–માનસિક આધિનો ઉદ્‌ભવ થાય છે; અને તેની ચિકિત્સા કરવા માટે પણ શાસ્ત્રમાં કહેલું છે. જેમકે, તમોગુણના આધિક્યને રજોગુણના આધિક્યથી દૂર કરવું જોઈએ અને રજોગુણના આધિક્યને તમોગુણના આધિક્યથી દૂર કરવું જોઈએ; એટલે કે શોકનો હર્ષથી બાધ કરવો જોઈએ અને હર્ષનો શોકથી બાધ કરવો જોઈએ.[૧૪] જે કોઇ પુરુષ સુખમાં રહેલો હોય છે તેને દુઃખનું સ્મરણ કરવાની ઈચ્છા થાય છે અને દુઃખમાં રહેલા કોઇએક પુરુષને સુખનું સ્મરણ કરવાની ઇચ્છા થાય છે; પરંતુ તે સર્વ પુરુષો દેહાદિકને વિષે અભિમાન ધરાવનારા હોય છે અને તેથીજ તેઓ શારીરિક અથવા માનસિક સુખદુઃખનો અનુભવ કરે છે;[૧૫] પણ હે રાજા! તમે તો જ્ઞાની છો, શારીર અને માનસ અભિમાનથી ભિન્ન છો, જેથી ત્રણે કાળમાં સુખી પણ નથી અને દુઃખી પણ નથી; તો પછી તે તે વિકારોમાં સુખદુઃખનો અનુભવ કરનાર શરીરાદિકને વિષે અભિમાન કરી તમારા જેવા જ્ઞાની પુરુષે સુખકાળે દુઃખનું સ્મરણ કરવું યોગ્ય નથી અને દુઃખકાળે સુખનું સ્મરણ કરવું યોગ્ય નથી;[૧૬] છતાં પણ તમે તે સુખદુઃખાદિનું સ્મરણ કરવાની જો ઇચ્છા કરો તો તેમાં દૈવનેજ સર્વના કરતાં વિશેષ બળવાન માનવું પડે. વળી હે રાજા! તમે કદાચ એમ કહેશો કે, દેહાદિ સમુદાયનેજ આત્માતરીકે માનનારા સર્વ અજ્ઞાની પ્રાણીઓનો તેવો સ્વભાવજ હોય છે અને તેને લીધેજ મને દુઃખ થાય છે, પણ તેમ કહેવું યોગ્ય નથી; કારણ કે તે સમયે શત્રુઓએ સભામાં ઘસડી આણેલી, એક વસ્ત્રને ધારણ કરનારી અને રજસ્વલા થયેલી દ્રૌપદીને પાંડવોના દેખતાં જે જે દુઃખો આપવામાં આવ્યાં હતાં તેનું તમને કેમ સ્મરણ થતું નથી? વળી આપણું રાજપાટ છીનવી લઇને શત્રુઓએ આપણને મૃગચર્મો પહેરાવીને નગરમાંથી હાંકી કાઢ્યા હતા અને આપણે મહાન અરણ્યની અંદર વસ્યા હતા, તેનું તમને કેમ સ્મરણ થતું નથી? અને વનવાસ સમયે જટાસુરથી પ્રાપ્ત થયેલું દુઃખ, ચિત્રસેન ગંધર્વ સાથેનું યુદ્ધ અને દ્રૌપદીનું હરણ કરનારા જયદ્રથથી થયેલું દુઃખ તમે કેમ ભૂલી જાઓ છો ?[૧૭-૨૦] વળી એક વર્ષના ગુપ્તવાસમાં રાજપુત્રી દ્રૌપદીને કીચકે પગની લાત મારી હતી, તે પણ તમે શું ભૂલી ગયા?[૨૧] હે શત્રુદમન રાજા! તમારા તુલ્ય પરાક્રમ કરનારા ભીષ્મ અને દ્રોણાચાર્યની સાથે તમારે જેવું યુદ્ધ થયું હતું તેવુંજ હવે તમારે તમારા એકલા મનની સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ આવ્યો છે.[૨૨] એ યુદ્ધમાં તમારે બાણોની, મિત્રોની કે બંધુઓની કોઈની પણ જરૂર પડે તેમ નથી. કેવળ તમારે એકલાનેજ તે યુદ્ધ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે.[૨૩] હવે યાદ રાખજો કે, મન સાથેના એ યુદ્ધમાં, મનરૂપી તમારા શત્રુથી પરાજય પામીને તમે જો પ્રાણનો ત્યાગ કરશો તો બીજા દેહનો આશ્રય કરીને જન્માંતરમાં પણ એ મન શત્રુની સાથે તમારે અવશ્ય યુદ્ધ કરવું પડશે; માટે હે ભરતશ્રેષ્ઠ રાજા! આજેજ યમનિયમાદિક અષ્ટાંગ યોગસાધન કરીને સ્થૂલશરીરપરના અભિમાનનો ત્યાગ કરો અને મનના કટ્ટા શત્રુ પરમાત્માની સાથે તમારી એકતા પ્રાપ્ત કરો અને પછી મનનો જય કરવા માટે તૈયાર થાઓ.[૨૫] હે મહારાજા! તમે મનને જો જીતી શકશો નહિ તો તમારી શી અવસ્થા થશે? માટે જરૂર, મનનો જય કર્યા પછીજ તમે કૃતકૃત્ય થશો.[૨૬] મન અને દેહથી આત્મા ભિન્ન છે, આવો નિશ્ચય કરીને તથા મન અને દેહ ઉપરના આત્મભાવરૂપ અભિમાનને લીધેજ સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ અને નાશ ભાસિત થાય છે; આવો દૃઢ નિશ્ચય કરીને હર્ષનો

તથા શોકનો તમે ત્યાગ કરો અને તમારા પૂર્વજોએ સ્વીકારેલા આચારમાં રહીને રાજ્યનું યથાયોગ્ય રીતે પાલન કરો.[૨૭] માનો કે, તમારા સુદૈવને લીધેજ પાપી દુર્યોધન તેના પરિવારની સાથે યુદ્ધમાં મરણ પામ્યો છે અને તમારા સુભાગ્યના યોગેજ દ્રૌપદીના કેશપાશની પેઠે તમે તમારી રાજાતરીકેની પદવીને પુનઃ પામ્યા છો.[૨૮] હે પાર્થ! હવે તો રાજ્યાસનપર બેસીને સંપૂર્ણ દક્ષિણાવાળો અશ્વમેધ યજ્ઞ કરીને ઈશ્વરનું યજન કરો. અમે અને વીર્યવાન શ્રીકૃષ્ણ, તમે કહેશો તેમ કરવા તૈયાર છીએ.[૨૯]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "ભીમનાં વાક્યો" એ વિષયનો અધ્યાય ૧૬ મો સમાપ્ત.

अध्याय १७ मो

યુધિષ્ઠિર વાક્ય—તપશ્ચરણથીજ સુખ મળે છે.

॥ युधिष्ठिर उवाच ॥

असंतोषः प्रमादश्च मदो रागोऽप्रशांतता ॥
बलं मोहोऽभिमानश्चाऽप्युद्वेगश्चेव सर्वशः॥१॥

(ભીમસેનનાં વચન સાંભળી) યુધિષ્ઠિર બોલ્યાઃ– "હે ભીમસેન ! અસંતોષ, પ્રમાદ, મદ, રાગ, અશાંતિ, બળ, મોહ, અભિમાન અને ઉદ્વેગ–આ સર્વ પાપી વિકારોથી તારૂં ચિત્ત વ્યાપ્ત થઇ ગયું છે, જેથી તું રાજ્યની આકાંક્ષા કરે છે; માટે રાજ્યરૂપ માંસભક્ષણનો ત્યાગ કરી શાંતિપ્રધાન ગુણોનો તું સ્વીકાર કર અને સુખી થા.[૧,૨] અરે ! તું વિચાર તો કર કે, જે એક રાજા આખી પૃથ્વીપર રાજ્ય કરે છે, તેને પણ ઉદર (પેટ) તો એકજ હોય છે; તો પછી તું એ રાજ્યની કેમ પ્રશંસા કરે છે ? [૩] હે ભરતશ્રેષ્ઠ ભીમસેન ! સર્વ કોઈની અભિલાષા, દિવસો, મહિનાઓ કે આખું આયુષ્ય પૂર્ણ થઇ જાય છે તોપણ પૂર્ણ થતી નથી–કોઈપણ મનુષ્ય પોતાની આશાને પૂર્ણ કરી શકતોજ નથી.[૪] જેમ પ્રદીપ્ત થયેલા અગ્નિને, ઇંધણાંઓ નહિ નાખવાથી શાંત કરી શકાય છે, તેમ તું પણ તારા ઉદરમાં ઉત્પન્ન થયેલા રાજ્યાભિલાષરૂપ અગ્નિને સંતોષરૂપ અલ્પ આહારથી શાંત કરી નાખ.[૫] મૂર્ખ પુરુષજ કેવળ પોતાના ઉદરપોષણને માટે પુષ્કળ આહાર એકઠો કરે છે, પણ બુદ્ધિમાન પુરુષ તેમ કરતો નથી; માટે તું પણ તારા ઉદરને પ્રથમ વશમાં રાખ અને પછી પરલોકમાં જય કરવા માટે પ્રયાસ કર; કારણ કે પારલૌકિક કલ્યાણનો તું જય કરીશ એટલે પૃથ્વીને તો તેં જીતીજ છે.[૬] તું મનુષ્યસંબંધી કામભોગોની તથા ઐશ્વર્યની પ્રશંસા કરે છે; પણ તું જાણતો નથી કે, ભોગોનો ત્યાગ કરનારા અને તપશ્ચરણથી શરીરે કૃશ થયેલા તપસ્વી પુરુષોજ ઉત્તમોત્તમ સ્થાનમાં જઈ શકે છે.[૭] હે ભીમસેન ! તું રાજ્યનો સ્વીકાર કરીશ, એટલે દેશના યોગનો, ક્ષેમનો, ધર્મનો તથા અધર્મનો મહાન ભાર તારા એકલાપર આવી પડશે; માટે તે મોટા ભારનો ત્યાગ કરી તું સંન્યાસનો સ્વીકાર કરી લે.[૮] જેમ કોઈ એક વાઘ કેવળ પોતાના એકલાના પેટને માટેજ ઘણી મોટી હિંસા કરે છે અને તેની પાછળ બીજાં લોભવશ થયેલાં નિર્બળ પ્રાણીઓ પોતાની આજીવિકા કરે છે, પરંતુ તે હિંસાના પાપનો ભોક્તા પેલો વાઘજ છે, તેમ રાજા પણ પોતાના એક ક્ષુલ્લક ઉદરને માટે અનેક પાપાંચરણો કરે છે પણ તે સર્વનાં ફળનો ભોક્તા તે પોતેજ છે.[૯] તેં પ્રથમ કહ્યું કે, રાજાઓ, વિષયોને ગ્રહણ કરીને પણ અનાસક્ત રહી ઘેર બેઠાં સંન્યાસધર્મ પાળી શકે છે; પરંતુ આ તારી માન્યતામાં બુદ્ધિનો વિપર્યાસજ છે, એમ તારે સમજવું; કારણ કે વિષયોને ગ્રહણ કરીને રાજાઓ કદી સંતુષ્ટ રહી શકતા નથી,[૧૦] માટે જેઓ વનમાં ખરી પડેલાં પાંદડાંઓનો આહાર કરે છે, પથ્થરોવતી ફૂટીને તથા દાંતોવતી કરડીને ફળભક્ષણ કરે છે અથવા જળનો કે વાયુનોજ આહાર કરે છે, તે પુરુષોજ નરકને જીતે છે.[૧૧] જે રાજા આ સમગ્ર પૃથ્વીપર રાજ્ય કરે છે, તે કદીપણ કૃતાર્થ થઇ શકતો નથી; પરંતુ જે મુનિ પથ્થરને તથા સુવર્ણને સમાન ગણે છે તેજ કૃતાર્થ થઈ શકે છે.[૧૨] માટે તું પણ સર્વ સંકલ્પોના

આરંભોનો, સર્વ આશાઓનો તથા સર્વ મમતાઓનો ત્યાગ કરી દે; અને આ લોકમાં તથા પરલોકમાં જેનો કદી નાશ નથી તેવા શોકરહિત સ્થાનનો આશ્રય લે.[૧૩] અરે! જેઓએ માંસસરખા સર્વ ભોગ્ય પદાર્થોનો ત્યાગ કર્યો છે,તેઓ કદીપણ શોક કરતા નથી અને તું તો આ રાજ્યરૂપી માંસ મેળવવા માટે શોક કરે છે છતાં પોતાને ત્યાગી કહેવડાવે છે; માટે પ્રથમ સર્વ માંસતુલ્ય ભોગોનો તું ત્યાગ કરી દે, એટલે મૃષાવાદથી તું મુક્ત થઈશ.[૧૪] પિતૃયાન અને દેવયાન આ બે માર્ગો,મનુષ્યોને ઉચ્ચ સ્થાને પહોંચાડવા માટે જગતમાં પ્રસિદ્ધ છે. તેમાં વર્ણાશ્રમ આદિનું અભિમાન ધરાવનારા યાજ્ઞિકો પિતૃયાનમાર્ગદ્વારા સ્વર્ગલોકમાં જઇ શકે છે અને નિઃસંગ થયેલા સંન્યાસી પુરુષો, દેવયાનમાર્ગદ્વારા અતિ ઉત્તમ મોક્ષપદને પામી શકે છે.[૧૫] જે મહર્ષિઓ તપશ્ચરણથી, બ્રહ્મચર્યથી અને સ્વાધ્યાયથી યુક્ત થઇ મરણસમયે શરીરોનો ત્યાગ કરે છે,તેઓ મૃત્યુના વિષયમાં રહેતા નથી; અર્થાત્ જન્મમરણના ફેરામાંથી છૂટી જઇને મોક્ષને પામે છે-[૧૬] આ લોકમાં વસ્તુતઃ બે પદાર્થોજ આમિષ (માંસ) ગણાય છે. એક તો સંસારમાં બંધન કરાવનારાં કર્મો અને બીજું રાજ્યસંગ. આ બન્ને પાપજનક આમિષોથી મુક્ત થયેલો પુરુષજ પરમ પદને પામે છે.[૧૭] હે ભીમસેન ! તું કહે છે કે, તમારા પૂર્વજોના પૂર્વજોએ પણ રાજ્યને ભોગવ્યું છે, માટે તમે પણ ભોગવો;પણ તારા એ કહેવાથી જો હું રાજ્યનો સ્વીકાર કરૂં તો અવશ્ય તેમાં આસક્તજ થાઉં. પૂર્વે મોક્ષમાર્ગનો આશ્રય કરી રાગદ્વેષાદિ દ્વંદ્વોથી મુક્ત થયેલા રાજા જનકે પણ પોતાની મિથિલા નગરીમાં કોઇએક સમયે આગ લાગેલી જોઇને આવી એક ગાથા ગાઇ હતી, કે જે ગાથાને હજી પણ લોકો ગાઇ રહ્યા છે જે, "સ્થૂલદૃષ્ટિએ જોતાં મારી પાસે અઢળક ધન છે, પરંતુ તત્ત્વદૃષ્ટિએ તે મારૂં નથી, તો પછી આ સર્વ નગરી અથવા મારા સર્વ રાજમહેલો બળી જાય તોપણ મારૂં શું બળવાનું છે ? કંઇજ નહિ."[૧૮।૧૯] જનકના આ કથનપરથી જણાય છે કે, રાજ્યાસક્તિ વૃથા છે. જેમ કોઈ મંદબુદ્ધિ પુરુષ પર્વતના શિખરપર ચઢીને પૃથ્વીપર રહેલાઓને જોતો નથી, તેમ તું પણ આ લૌકિક વિજય મેળવીને સ્વર્ગમાં ગયેલા અશોચ્ય દુર્યોધન આદિ રાજાઓનો શોક કરી રહેલી તેઓની રાણીઓને તથા તેઓના સંબંધીઓને જોતો નથી—અર્થાત્ તેઓને જોઇને તું દુઃખી થતો નથી,પણ ઉલટો બીજાઓના દુઃખથી સુખી થાય છે; માટે તું મૂર્ખ છે અને તેથીજ બુદ્ધિરૂપી રાજમહેલ ઉપર ચઢવા અશક્ત છે.[૨૦] બુદ્ધિનું એજ લક્ષણ હોઈ શકે કે, જે કર્તવ્યાકર્તવ્યનો સમ્યક્ નિશ્ચય કરાવે અને પુરુષને સુમાર્ગે દોરે. વળી જે પુરુષ, પૂર્વોક્ત પ્રકારની બુદ્ધિદ્વારા કર્તવ્યાકર્તવ્યનું યોગ્ય જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે, તેનેજ બુદ્ધિમાન કહી શકાય છે, અથવા તેવાજ પુરુષને દેખતો કહી શકાય છે, કે જે તે બુદ્ધિદ્વારા કર્તવ્યાકર્તવ્યને જોઇ શકે છે.[૨૧] તારા જેવો જે કોઇ પુરુષ, બ્રહ્મભાવને પામેલા અને મનઃશુદ્ધિને પામેલા જ્ઞાની પુરુષોની વાણીનેજ માત્ર સમજી શકે છે પણ તેના અર્થને સમજી શકતો નથી, તે પુરુષ પંડિતાઇનો ડોળ કરીને પોતાના ગુરુઓને પણ ઉપદેશ આપવાની યોગ્યતા માની બેસે છે,પણ તેને તત્ત્વજ્ઞાન હોતુંજ નથી.[૨૨] વાસ્તવિક તત્ત્વજ્ઞાન મેળવવા માટે તો પુરુષે, આકાશાદિ સર્વ ભૂતોના પૃથગ્ ભાવને એક પરમાત્મામાં રહેલો જોવો જોઇએ અને તે પરમાત્માથીજ સર્વભૂતસમુદાય વિસ્તાર પામેલો છે, આવી દૃષ્ટિ કરવી જોઇએ. જ્યારે પુરુષને તે પ્રકારનું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારે તે બ્રહ્મની સાથે એકતાને પામે છે.[૨૩] હે ભીમસેન ! પૂર્વોક્ત બુદ્ધિવાળા બુદ્ધિમાન પુરુષોજ તેવી બ્રહ્મસંપત્તિરૂપ પરમ ગતિને પામી શકે છે; પણ મંદ બુદ્ધિના તારા જેવા વિદ્વાનો માત્ર શાસ્ત્રનુંજ ઉપરચોટીઉં જ્ઞાન પ્રાપ્તકરીને તેવી પરમ ગતિને પામી શકતા નથી;માટે તત્ત્વજ્ઞાનનો સર્વ આધાર કેવળ બુદ્ધિ ઉપરજ રહેલો હોય છે અને તેવી ઉત્તમ બુદ્ધિ તપશ્ચરણવિના મળતી નથી.[૨૪]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત

રાજધર્માનુશાસન પર્વમાં “ યુધિષ્ઠિરનાં વાકયો ” એ વિષયનો અધ્યાય ૧૭ મો સમાપ્ત.

अध्याय १८ मो

અર્જુનવાક્ય-વિદેહી જનકની પેઠે વર્તો.

॥ वैशंपायन उवाच ॥

तूष्णींभूतं तु राजानं पुनरेवार्जुनोऽब्रवीत् ॥
संतप्तःशोकदुःखाभ्यां राजवाक्शल्यपीडितः॥

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય રાજા! ભીમસેનને એ પ્રમાણે કહીને યુધિષ્ઠિર રાજા શાંત થયા, એટલે રાજાનાં વાકયબાણોથી પીડાયલો અને શોક તથા દુઃખથી તપી ગયેલો અર્જુન પુનઃ બોલી ઉઠયો.[૧]

અર્જુને કહ્યુંઃ-“હે ભરતવંશી રાજા ! પૂર્વે વિદેહી રાજા જનકનો તેની રાણી સાથેનો જે સંવાદ થયો હતો, તેના સંબંધમાં લોકો એક પ્રાચીન ઇતિહાસ કહે છે કેઃ-[૨] રાજા જનકે રાજ્યનો ત્યાગ કરી ભિક્ષા માગવા માટેજ જ્યારે નિશ્ચય કર્યો, ત્યારે તેની પટરાણીએ દુઃખી થઇને ઘણાં હિતવચનો કહ્યાં હતાં.[૩] રાજા જનકે ધનનો, સંતાનોનો, સ્ત્રીઓનો, વિવિધ પ્રકારનાં રત્નોનો તથા યજ્ઞકર્મરૂપ અગ્નિમાર્ગનો ત્યાગ કરી સંન્યાસી થવાનો મૂર્ખાઇભરેલો વિચાર કર્યો હતો;[૪] પરંતુ ઉદાર મનની તેની પ્રિય રાણીએ, પોતાના પતિ જનક રાજાને, પરિગ્રહનો ત્યાગ કરી ભિક્ષાવૃત્તિદ્વારા પ્રાપ્ત થયેલા મુઠ્ઠીભર શેકેલા જવ ઉપર નિર્વાહ કરીને મત્સર અને મમતાનો ત્યાગ કરી નિર્ભય સંન્યાસી થયેલા જ્યારે જોયા, ત્યારે તેને ઘણોજ ક્રોધ ચઢયો અને રાજાની પાસે એકાંતમાં આવીને તેણે આવાં હેતુવાળાં વચન કહેવા માંડયાંઃ-[૫,૬] “હે રાજા ! ધનધાન્યથી ભરેલા પોતાના રાજ્યનો ત્યાગ કરી તમે કાપાલી વૃત્તિનો કેમ આશ્રય કર્યો છે? તમારા જેવા રાજાએ શેકેલા જવની એક મુષ્ટિની ભિક્ષા માગવી તે યોગ્ય નથી.[૭] હે રાજા! તમારી પ્રતિજ્ઞા તો એ હતી કે, હું સર્વનો ત્યાગ કરીશ; છતાં તમે તે પ્રતિજ્ઞાનું સંપૂર્ણ પાલન કર્યુંજ નથી. તમે પોતાના મહાન રાજ્યનો ત્યાગ કરી સ્વલ્પથી સંતુષ્ટ રહીને ભિક્ષા માગવાનું પાત્ર સ્વીકાર્યું, તેથી પણ તમારી પ્રતિજ્ઞા તો નષ્ટજ થઇ છે.[૮] વળી આ મુઠ્ઠી જવથી અતિથિઓનું, દેવોનું, ઋષિઓનું કે પિતૃઓનું તમે પોષણ કરી શકો તેમ નથી, જેથી તમારો આ સર્વ પરિશ્રમ વ્યર્થજ છે.[૯] હે રાજા! તમે ક્રિયામાર્ગનો ત્યાગ કરેલો હોવાથી દેવતાઓએ, અતિથિઓએ અને પિતૃઓએ પણ તમારો પરિત્યાગજ કર્યો છે, જેથી તમે સર્વના અપ્રીતિપાત્ર થઇનેજ સંન્યાસ લ્યો છો.[૧૦] આહ! અફસોસની વાત છે કે, જે તમે પૂર્વે હજારો વેદવેત્તા જ્ઞાનવૃદ્ધ બ્રાહ્મણોનું તથા સર્વ લોકનું ભરણપોષણ કરતા હતા, તેજ તમે હવે સર્વ લોકોની પાસે ઉદરપૂર્તિની ઇચ્છા રાખો છો.[૧૧] પ્રદીપ્ત રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી તમે હવે કૂતરાની પેઠે ઘેર ઘેર ભટકતા જોવામાં આવશો અને આજથી આરંભી તમારી માતા પુત્રાવનાની થશે તથા તમારી રાણી કૌશલ્યા પતિવિનાની થશે.[૧૨] ધર્મરૂપ ફળની ઇચ્છાવાળા આ બિચારા ક્ષત્રિયો, અનેક આશાઓની આકાંક્ષા રાખીને તમારી સેવા કરે છે, તેઓની આશાઓનો ભંગ કરીને તમે કયા લોકમાં જશો? હે રાજા ! જગતમાંહેનાં સર્વ પ્રાણીઓ, પોતપોતાનાં પૂર્વજન્મનાં કર્મોરૂપ અદૃષ્ટને અધીન રહેનારાં છે, જેથી તેઓનો મોક્ષ કયારે થાય, એ વાત સંશયભરેલી છે. તેમાં પણ તમે તો ધર્મપૂર્વક વર્તનારી રાજરાણીઓનો ત્યાગ કરી એકલા જીવવાની ઇચ્છા રાખો છો, માટે તમે સર્વના કરતાં વિશેષ પાપકર્મી છો અને તેથીજ તમારે માટે આ લોકમાં કે પરલોકમાં સ્થાન છેજ નહિ.[૧૩-૧૫] અરે ઓ રાજા ! સુગંધી પુષ્પમાળાઓનો, સુગંધદાર ચંદનનો અને વિવિધ જાતના અલંકારોનો તથા વસ્ત્રોનો ત્યાગ કરી, ક્રિયાઓનો પણ પરિત્યાગ કરી શામાટે સંન્યાસી થાઓ છો?[૧૬] અરે! જે તમે પૂર્વે સર્વ પ્રાણીઓની આશા-પિપાસાને શાંત કરનારા મહા પવિત્ર જળાશયરૂપ હતા અને સર્વ કોઇને વિશ્રામ આપનાર ફળ-

સમૃદ્ધ એક વનસ્પતિરૂપ હતા, તે તમે હવે બીજાઓની ઉપાસના કેમ કરશો?[૧૭] કોઈએક હાથીપણ સર્વજાતનાં કર્મોનો જો ત્યાગ કરે તો અનેક માંસાહારી પશુપક્ષીઓ તેને કોચી કોચીને ખાઈ જાય છે અને તેના શરીરમાં અનેક કીડાઓ પડી જાય છે; તો પછી સર્વ પુરુષાર્થોનો ત્યાગ કરનારા તમારી વનમાં શી દશા થશે?[૧૮] ધારો કે કદાચ કોઈ મનુષ્ય તમારા આ ભિક્ષાપાત્રને ભાગી નાખશે અથવા તમારા આ ત્રિદંડને કે ભગવાં વસ્ત્રને ઉઠાવી જશે તો તેના સંબંધમાં તમારૂં મન કેવા સ્વરૂપને ધારણ કરશે?[૧૯] તમે જે સર્વ પરિગ્રહનો ત્યાગ કર્યા છતાં ભુંજેલા જવની મુષ્ટિનો તો સ્વીકાર કરો છો, તો પછી રાજ્યનો સ્વીકાર કરવામાં શો દોષ રહેલો છે? કારણકે રાજ્યના સ્વીકારમાં અથવા ભુંજેલા જવની મુષ્ટિના સ્વીકારમાં સંગીપણું તો સરખુંજ છે; તો પછી આમ બાવા થઈ જવાનો શામાટે વિચાર કરો છો?[૨૦] જવની મુષ્ટિનો પણ સ્વીકાર કરીને તમારે જીવવાની જો જરૂર દેખાય છે અને જીવનના નિર્વાહાર્થે બાહ્ય અર્થનો પણ તમે જો ત્યાગ કરી શકતા નથી તો પછી દેહ, ઇંદ્રિય આદિ આંતર્વિષયોનો તમે કેમ ત્યાગ કરી શકશો? વળી જીવનના નિર્વાહમાટે જવની મુષ્ટિનું પણ તમને જો પ્રયોજન રહે છે તો પછી સર્વ પ્રકારનો સંગ ત્યજી દેવાના સંબંધની તમારી પ્રતિજ્ઞા વ્યર્થજ થાય છે. કદાચ તમે જો જ્ઞાનબુદ્ધિથી સર્વનો ત્યાગ કરવા ઇચ્છતા હો તો ઘેર રહીને પણ દેહ, ઇંદ્રિય,મન અને બુદ્ધિના વિષયોનો તમે ત્યાગ કરી શકો છો; અને તમારૂં સ્વરૂપ શુદ્ધ ચિન્માત્રરૂપજ જો છે તો પછી તમારામાં અને મારામાં ભેદ શો છે? હું તમારી કોણ? અને તમે મારા કોણ? તેમજ મારાપર તમારો અનુગ્રહ પણ શો છે? બસ, આનું નામજ સર્વ જાતના સંગનો ત્યાગ કર્યો ગણાય છે.[૨૧] હે રાજા! માત્ર વ્યાવહારિક દૃષ્ટિએજ તમારો મારાપર જો અનુગ્રહ હોય તો હું કહું છું તે પ્રમાણે તમે કરો અને પ્રારબ્ધકર્મોના અવસાનપર્યંત દેહને ધારણ કરી અસંગ બુદ્ધિથી પૃથ્વીનું રાજ્ય કરો. વળી ત્યાગ કરીને પણ ભિક્ષાપાત્ર આદિ સ્વલ્પ પરિગ્રહનો તમે સ્વીકાર કરો છો તો મહેલ, શયન, વાહન, વસ્ત્રો અને અલંકારોનો સ્વીકાર કરવામાં તમને શી હાનિ છે?[૨૨] જે પુરુષ લક્ષ્મીથી હીન થયેલા, નિર્ધન,મિત્રોએ ત્યજી દીધેલા અને દરિદ્રી એવા સંન્યાસીઓએ પરમ સુખ મેળવવાની ઇચ્છાથી સ્વીકારેલાં કુંડિકા આદિ ભિક્ષાપાત્રને, ત્રિદંડને તથા ભગવાં વસ્ત્રોને જોઈને પોતે પણ તે તે વસ્તુઓનો સ્વીકાર કરી રાજ્યાદિકનો ત્યાગ કરે છે, તે શું સર્વનો ત્યાગ કરનાર કહેવાય છે કે? અર્થાત્ નહિજ; કારણકે તે હતભાગી પુરુષે, યોગ્ય પરિગ્રહનો ત્યાગ કરી ઉલટો અયોગ્ય પરિગ્રહજ સ્વીકાર્યો ગણાય.[૨૩] જે પુરુષ સદાકાળ પ્રતિગ્રહ(દાન)નોજ સ્વીકાર કર્યા કરે છે અને જે પુરુષ સદાકાળ બીજાઓને દાનજ આપ્યા કરે છે, તેઓ બન્નેમાં કેટલો બધો અંતર છે? અને તેઓ બન્નેમાંથી કયો પુરુષ અતિ ઉત્તમ ગણાય છે? તેનો તમે પોતેજ વિચાર કરો.[૨૪] જે સંન્યાસીઓ નિત્ય યાચના કર્યા કરે છે અને દંભસંપન્ન (પાખંડી) છે, તેઓને જે દક્ષિણા આપવી તે તો દાવાનળમાં આહુતિ આપવા સરખું છે.[૨૫] હે રાજન્! અગ્નિ જેમ કાષ્ઠ આદિ પદાર્થોને બાળ્યાવિના શાંત થતો નથી, તેમ નિત્ય યાચના કરનારો બ્રાહ્મણ અથવા સંન્યાસી હમેશાં કાંઈપણ પ્રાપ્ત કર્યા વિના જંપીને બેસતો નથી.[૨૬] આ જગતમાં સંન્યાસીઓનું જીવન, અન્નદાન આપનાર ગૃહસ્થના આધારેજ ટકી રહે છે, માટે જો સંન્યાસીઓને અન્નદાન આપનારો રાજા ન હોય તો મોક્ષને ઇચ્છનારા સંન્યાસીઓ કયાંથીજ હોઈ શકે?[૨૭] આ લોકમાં અન્નથીજ ગૃહસ્થો અને ભિક્ષુકો નભી રહ્યા છે અને અન્નથીજ સર્વ કોઈના પ્રાણ ટકી રહે છે; માટે અન્નદાતાને પ્રાણદાતાજ કહી શકાય.[૨૮] ગૃહસ્થાશ્રમથી મુક્ત થઈ ઇંદ્રિયોનું દમન કરનારા સંન્યાસીઓ પણ પુનઃ ગૃહસ્થોનોજ આશ્રય કરે છે અને ગૃહસ્થો પાસેથીજ જીવનને તથા પ્રતિષ્ઠાને મેળવી રહ્યા છે.[૨૯] મૂર્ખાઈને લીધે સંસારનો ત્યાગ કરવાથી અ-

થવા ભિક્ષા માગવા મંડી પડવાથી ભિક્ષુક (સંન્યાસી) થવાતું નથી; પણ જે પુરુષ, સરળ હૃદયથી સર્વ અર્થોનો ત્યાગ કરે છે તે ભિક્ષુક થઇ શકે છે, માટે તમે જાણો કે, ભિક્ષુક થવું સહજ અથવા સહેલું નથી.[૩૦] હે રાજા! જે પુરુષ,સર્વ વિષયોમાં આસક્તિ રાખતો ન હોય છતાં જાણે આસક્તિ રાખનારની પેઠે વર્તતો હોય, નિઃસંગ હોય, બંધનોથી મુક્ત થયેલો હોય અને શત્રુ તથા મિત્રના પર સમભાવ રાખનારો હોય,તે પુરુષજ મુક્ત (સંન્યાસી) કહેવાય છે.[૩૧] તે સિવાયના બીજાઓ તો કેવળ લોકોનાં દાન લેવા માટે અને ધન, મઠ, પુસ્તકો આદિનો પરિગ્રહ કરવા માટે “મારો શિષ્ય થશે, મને મઠ મળશે, લોકોમાં મારૂં માન થશે” ઇત્યાદિ અનેક આશાઓરૂપ પાશોમાં બંધાઇને માથાં મુંડાવે છે, ભગવાં વસ્ત્રો પહેરી વૃથા સંન્યાસી થઇ જાય છે[૩૨] અને જેઓ વેદોનો, પોતાની આજીવિકાનો તથા પુત્રોનો ત્યાગ કરી સંન્યાસી થાય છે અને દંડ તથા ભગવાં વસ્ત્રોને ધારણ કરે છે, તેઓ અવશ્ય બુદ્ધિહીન છે;[૩૩] માટે રાગ આદિ દોષોનો ત્યાગ કર્યા વિના જેઓ ભગવાં વસ્ત્ર ધારણ કરે છે, તેઓને કેવળ પેટ ભરવા માટેજ સંન્યાસી થયેલા તમારે જાણવા; અને હું નિશ્ચય માનું છું કે, ધર્મઢોંગી મુડીઆઓનો આજીવિકામાટેનોજ તે એક માર્ગ છે.[૩૪] હે મહારાજા! તમે તો એમજ કરો કે, આ જગતમાં જે ભિક્ષુકો નાગા ફરે છે, માથાં મુંડાવીને ઘૂમે છે અને માથા ઉપર મોટી જટાઓ ધારણ કરીને વિચરે છે,તેઓ બધાને તમે ભગવાં વસ્ત્રો અને અન્ન વગેરે આપીને પોષો, રાગદ્વેષાદિ કષાયોથી મુક્ત થયેલા સત્પુરુષોનું રક્ષણ કરો અને જિતેંદ્રિય થઇ દિવ્ય લોકોને જીતો.[૩૫] જે પુરુષ, પોતાને ઘેર રહીને અગ્નિહોત્રનો સ્વીકાર કરે, ઉત્તમ દક્ષિણાવાળા યજ્ઞો કરે અને પ્રતિદિન પોતાનાં કાર્યો કર્યા પહેલાં ગુરુઓને દાન આપે,તેનાથી બીજો કયો પુરુષ અધિક ધર્મિષ્ઠ ગણાય!”[૩૬]

અર્જુન બોલ્યો:-“હે યુધિષ્ઠિર રાજા! જે જનક રાજા આ લોકમાં એક તત્ત્વજ્ઞ કહેવાઈ ગયો છે,તે પોતે પણ આ રીતે પ્રથમ મોહમાં પડી ગયો હતો અને પછી પોતાની રાણીનાં પૂર્વોક્ત વચનો સાંભળીને સંન્યાસી થતાં અટક્યો હતો, માટે તમે પણ તેની પેઠે મોહવશ થાઓ મા.[૩૭] હે રાજા! આપણે પણ આ રીતે ગૃહસ્થધર્મમાં રહીને નિત્ય દાન અને તપશ્ચર્યા કરવામાં જો તત્પર રહીશું; દયા, મૃદુતા આદિ ગુણોથી જો યુક્ત થઇશું, કામ અને ક્રોધનો જો ત્યાગ કરીશું, પ્રજાઓનું પાલન કરવામાં જો આસક્ત રહીશું, ઉત્તમ દાન આપવા માંડીશું, ગુરુઓની તથા વૃદ્ધોની જો સેવા કરીશું, દેવતાઓનો, અતિથિઓનો તથા સર્વ ભૂતોનો યથાવિધિ જો સત્કાર કરીશું, બ્રાહ્મણોનું જો પૂજન કરીશું અને નિરંતર જો સત્ય ભાષણ કરીશું તો અવશ્ય સ્વર્ગ આદિ ઇષ્ટ લોકોને પામીશું અને છેવટે મોક્ષપદરૂપ ઇષ્ટ સ્થાનને પણ પ્રાપ્ત કરીશું-[૩૮-૪૦]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં “અર્જુનનાં વાક્યો” એ વિષયનો અધ્યાય ૧૮ મો સમાપ્ત.

अध्याय १९ मे

યુધિષ્ઠિરવાક્ય—આત્મતત્ત્વ દુર્જ્ઞેય છે.

॥ युधिष्ठिर उवाच ॥

वेदाहं तात शास्त्राणि अपराणिपराणिच ॥
उभयं वेदवचनं कुरु कर्म त्यजेति च ॥१॥

(અર્જુને એ પ્રમાણે કહ્યું એટલે) યુધિષ્ઠિર બોલ્યા:-“હે અર્જુન! ધર્મનું પ્રતિપાદન કરનારાં અપર શાસ્ત્રો તથા બ્રહ્મનું પ્રતિપાદન કરનારાં પરશાસ્ત્રો મારા જાણવામાં છે અને તેઓના જ્ઞાનને આધારે હું કહી શકું છું કે, કર્મો કરવાં અને કર્મોનો ત્યાગ કરવો-એ બન્ને વેદાનુકૂલ વચન છે.[૧] જોકે શાસ્ત્રોમાં પરસ્પર વિરુદ્ધ જણાતી કેટલીએક ગૂઢ વ્યવસ્થાઓ પણ જોવામાં આવે છે, પણ તે સર્વનો મેં કારણોના જ્ઞાનપૂર્વક વિચાર કર્યો છે અને મંત્રશાસ્ત્રમાં જે નિશ્ચય કરવામાં આવ્યો છે, તેનું પણ મેં યથાવિધિ જ્ઞાન સંપાદન કર્યું છે.[૨] હે અર્જુન! તું તો કેવળ અસ્ત્રવિદ્યા-

નેજ જાણનારો છે તથા વીરવ્રતમાંજ એકનિષ્ઠ છે, જેથી શાસ્ત્રના તાત્ત્વિક અર્થને જાણવા તું કોઇ રીતે પણ સમર્થ નથી.[૩] તું ધર્મ તરફ દૃષ્ટિ કરતો હો તો તને પોતાને પણ જણાય કે, જે પુરુષ શાસ્ત્રાર્થના સૂક્ષ્મ તત્ત્વને જાણનાર છે અને ધાર્મિક નિશ્ચયોમાં જે નિષ્ણાત બનેલો છે તે પુરુષ પણ મને આમ દૂષણ આપી શકે તેમ નથી.[૪] હે કુંતાપુત્ર અર્જુન! ભ્રાતૃસ્નેહને અધીન થઈ તેં મને જે વચનો કહ્યાં છે, તે યોગ્યજ છે અને તેથી તારાપર હું પ્રસન્ન થયો છું.[૫] જો કે આ ત્રણે જગતમાં યુદ્ધશાસ્ત્રના સર્વ ધર્મોમાં તથા યુદ્ધને લગતી ક્રિયાઓની કુશલતામાં તારા સરખો બીજો કોઈ પણ પુરુષ નથી,[૬] તોપણ હે ધનંજય! મારે તને કહેવું જોઇએ કે, ધર્મનું તત્ત્વ ઘણુંજ સૂક્ષ્મ છે,તે તારાથી જાણી શકાય તેમ નથી; માટેજ તારે મારી બુદ્ધિપ્રત્યે શંકા કરવી યોગ્ય નથી.[૭] તું માત્ર યુદ્ધશાસ્ત્રનેજ જાણે છે. તેં વૃદ્ધોની સેવા કરી નથી,જેથી તું ધર્મના સંક્ષેપને તથા વિસ્તારને જાણનારા જ્ઞાની પુરુષોના નિશ્ચયને જાણતો નથી.[૮] જેઓની બુદ્ધિ કલ્યાણમાર્ગમાં સ્થિર થયેલી છે, તેવા બુદ્ધિમાન પુરુષોનો એજ નિશ્ચય છે કે,તપ,સંન્યાસ અને બ્રહ્મજ્ઞાન–એ ત્રણે ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે; અર્થાત્ તપના કરતાં સંન્યાસ શ્રેષ્ઠ છે અને સંન્યાસના કરતાં બ્રહ્મજ્ઞાન શ્રેષ્ઠ છે.[૯] હે પાર્થ! તું તો એમજ માને છે કે,ધનના કરતાં બીજું કંઇ પણ ઉત્તમ નથી, પણ તે તારી ભ્રાંતિજ છે. ધનનું લેશમાત્ર પણ પ્રાધાન્ય નથી. એના સંબંધમાં હું તને કહું છું, સાંભળ.[૧૦] જે ઋષિજનો કેવળ તપ અને સ્વાધ્યાયનુંજ પરિશીલન કર્યા કરે છે,તેઓ પણ સંપૂર્ણ ધાર્મિક થઇ ગયા છે અને તેઓ તપના પ્રભાવથી સનાતન એવા બ્રહ્મલોકમાં ગયા છે. આમ સર્વના કરતાં ઉતરતી પંક્તિમાં રહેલું એવું પણ તપ, ધનના કરતાં જો શ્રેષ્ઠ છે તો પછી સંન્યાસવિધિ ધનના કરતાં શ્રેષ્ઠ હોય તેમાં શું આશ્ચર્ય છે![૧૧] તેમજ બીજા ઘણા કામાદિ શત્રુઓથી રહિત થયેલા ધીર સ્વભાવના વનવાસીઓ અરણ્યમાં તપ અને સ્વાધ્યાયનું પરિશીલન કરીનેજ સ્વર્ગલોકમાં ગયા છે[૧૨] અને તે સિવાયના બીજા ઘણા આર્ય પુરુષો, ઇંદ્રિયોના શબ્દાદિ વિષયોનો ત્યાગ કરીને તથા અજ્ઞાનજન્ય અંધકારથી મુક્ત થઇને (સંન્યાસી થઇને)ઉત્તરમાર્ગદ્વારા (દેવયાનમાર્ગદ્વારા) સંન્યાસીઓના દિવ્ય લોકોમાં ગયા છે;[૧૩] પરંતુ જે પુરુષો યજ્ઞ આદિ ક્રિયાઓ કરવામાંજ એકનિષ્ઠ હોય છે તથા મરણ પછી જેઓ સ્મશાનમાં ગયેલા હોય છે–અર્થાત્ જેઓ સ્મશાનમાંજ ભસ્મીભૂત થએલા હોય છે તેવા યાજ્ઞિકો, દક્ષિણમાર્ગદ્વારા (પિતૃયાન માર્ગદ્વારા) પ્રકાશિત એવા ચંદ્રલોકમાં જાય છે. કર્મનિષ્ઠ* પુરુષોને માટે વિદ્વાનોએ આજ ગતિ કહેલી છે;[૧૪] પણ મોક્ષને ઇચ્છનારા બ્રહ્મજ્ઞાનીઓ, જે ગતિને પામે છે તે તો અનિર્દેશ્યજ છે,વર્ણન કરવાને પણ અશક્યજ છે. તે ગતિને મેળવવા માટે ચિત્તવૃત્તિઓના નિરોધરૂપ યોગનોજ આશ્રય કરવો જોઇએ અને યોગસાધનાજ તેને માટે મુખ્યત્વે કરીને ઇષ્ટ છે; પરંતુ તે યોગમાર્ગનું જ્ઞાન મેળવવામાં ઘણુંજ કષ્ટ છે. તારા જેવા અનધિકારી પુરુષો તે યોગમાર્ગને સહજ જાણી શકતા નથી.[૧૫] તેને માટે તો વિદ્વાનો અનેક શાસ્ત્રોનુ ચિંતન કર્યા કરે છે અને સાર–અસારનો નિર્ણય કરવા માટે "અહીં સાર હશે, અહીં સાર હશે."આવા અનેક તર્કો કરીને અંતે સારવસ્તુનો સ્વીકાર કરી, અસારનો પરિત્યાગ કરી તત્ત્વ વસ્તુનો સારી પેઠે નિશ્ચય કરે છે[૧૬]અને બીજા કેટલાએક વિદ્વાનો તો અનેક વેદવાદોનો તથા અનેક વેદાન્તશાસ્ત્રોનો અભ્યાસ કરવા ઘણાજ મથે છે અને તે તે શાસ્ત્રોનો સંપૂર્ણ અભ્યાસ પણ કરે છે,છતાં કેળના થાંભલાને ચીરીને જેમ કંઇ પણ સાર જોવામાં આવતો નથી, તેમ તેઓ કંઈ પણ સારભૂત તત્ત્વને શોધી શકતા નથી.[૧૭]

---

* આ ચોદમા શ્લોકમાં એજ સૂચવ્યું છે કે, યજ્ઞ આદિ ક્રિયાઓ કરનારા યાજ્ઞિકોને જન્મમરણનો સંબંધ સદાકાળ રહેજ છે–તેઓનો સંસાર સાથેનો સંબંધ કદીપણ છૂટતો નથી, માટે ક્રમમુક્તિને આપનાર સંન્યાસનોજ સ્વીકાર કરવો તે ઉત્તમ છે.

નીલકંઠ.

વળી કેટલાએક વિદ્વાનો એકાંતનો ત્યાગ કરી કહે છે કે, પંચમહાભૂતોથી બનેલા આપણા શરીરમાંજ આત્મા વસી રહેલો છે અને તે ઈચ્છા, દ્વેષ આદિ ગુણોથી યુક્ત છે; કારણ કે “મને આ વસ્તુ મળે, આ વસ્તુ મારી છે” ઈત્યાદિ આંતરઅહંગ્રહ કરનારનાં ચિહ્નો જોવામાં આવે છે,[૧૮] પરંતુ તેઓ કોઇ પણ સમજતા નથી; કારણ કે જે તત્ત્વ મનસહિત ચક્ષુ આદિ ઇંદ્રિયોથી અગ્રાહ્ય છે, સર્વ સૂક્ષ્મ પદાર્થોના કરતાં પણ સૂક્ષ્મ છે, વાણીવડે પણ અનિર્દેશ્ય છે-અવર્ણનીય અથવા અકથનીય છે અને અવિદ્યાને લીધેજ “હું બ્રાહ્મણ છું-હું ગૃહસ્થ છું” ઇત્યાદિ અભિમાનને કરનારૂં તે તત્ત્વ સર્વ પ્રાણીઓની અંદર જીવરૂપે રહેલું છે;[૧૯] માટે જે પુરુષ, પોતાના મનને કલ્યાણસ્વરૂપ આત્મામાંજ આસક્ત કરે છે, સર્વ જાતના કર્મપ્રવાહને દૂર ફેંકી દે છે અને અહંકારથી રહિત થાય છે, તેજ સુખી થઇ શકે છે.[૨૦] હે અર્જુન ! સૂક્ષ્મ બુદ્ધિથી પ્રાપ્ત કરવા યોગ્ય અને સત્પુરુષોએ સેવેલો આ આંતરિક અહંકારના ત્યાગરૂપ મોક્ષમાર્ગ, જગતમાં પ્રસિદ્ધ છે, છતાં તું અનર્થરૂપ અર્થની શામાટે પ્રશંસા કરે છે?[૨૧] હે ભારત ! કર્મકાંડનાં પ્રાચીન શાસ્ત્રોને જાણનારા તથા દાન, યજ્ઞ આદિ ક્રિયાઓમાં નિત્ય આસક્ત રહેનારા કર્મનિષ્ઠ પુરુષો પણ અર્થને જો અનર્થરૂપ જુએ છે તો પછી જ્ઞાની પુરુષો જુએ તેમાં તો શુંજ કહેવું?[૨૨] જે પુરુષો હેતુમત્ શાસ્ત્રોનું (તર્કશાસ્ત્રોનું) અધ્યયન કરીને પંડિતો થયેલા હોય છે, તેઓ પણ પૂર્વજન્મમાં રૂઢ થયેલા દૃઢ સંસ્કારોને લીધે આત્મજ્ઞાનના સંબંધમાં મૂઢ બની જાય છે અને તેઓ “જગતમાં કોઇ સ્થળે આત્મવસ્તુ છેજ નહિ” આવા નાસ્તિકવાદનો સ્વીકાર કરનારા હોવાથી આત્મવિષયક સિદ્ધાંતને ગ્રહણ કરાવી શકાતા પણ નથી. કેવળ અસત્ય ભાષણો કરનારા અને કેવળ બોલવામાંજ કુશલ એવા તે બહુશ્રુત-પંડિતો સ્થલે સ્થલે મનુષ્યોની જાહેર સભાઓ ભરીને પોતાનું વક્તૃત્વ દર્શાવવા માટે જેમ આવે તેમ ભરડે છે અને આખી પૃથ્વીમાં ભટકે છે.[૨૪] હે પાર્થ! જે લૌકિક વ્યવહારોને આપણે પણ જાણી શકતા નથી, તેઓને બીજો સામાન્ય મનુષ્ય તો ક્યાંથી જાણી શકે? અર્થાત્ નજ જાણી શકે; તેમજ આ જગતમાં તેવા મહાશાસ્ત્રવેત્તા બ્રહ્મજ્ઞાની પુરુષો પણ હોય છે કે જેઓને આપણે અથવા બીજા કોઇ મનુષ્યો જાણી શકતા નથી.[૨૫] હે કુંતીપુત્ર ! તપ આદિના તત્ત્વને જાણનારો જ્ઞાનીપુરુષ, તપશ્ચર્યા કરીને વૈરાગ્યને પામે છે, બુદ્ધિદ્વારા બ્રહ્મના સ્વરૂપને જાણે છે અને સંન્યાસથીજ પરમ સુખને પ્રાપ્ત કરે છે.[૨૬]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજ-
ધર્માનુશાસન પર્વમાં “યુધિષ્ઠિરનાં વાક્યો”
એ વિષયનો અધ્યાય ૧૯ મો સમાપ્ત.

अध्याय २० मो

યુધિષ્ઠિરને દેવસ્થાનનો ઉપદેશ.

॥ वैशंपायन उवाच ॥

अस्मिन् वाक्यांतरे वक्ता देवस्थानो महातपाः॥
अभिनीततरं वाक्यमित्युवाच युधिष्ठिरम् ॥१॥

વૈશંપાયન બોલ્યા:-હે જનમેજય! એ પ્રમાણે અર્જુનને કહીને યુધિષ્ઠિર રાજાએ બોલવું બંધ કર્યું, એટલે તેજ સમયે મહાતપસ્વી અને વક્તા એવા મુનિ દેવસ્થાન, યુધિષ્ઠિરને ઘણુંજ યુક્તિભરેલું વચન કહેવા લાગ્યા.[૧]

દેવસ્થાને કહ્યું:-“ હે યુધિષ્ઠિર રાજા! ‘ધનના કરતાં કંઇપણ ઉત્તમ નથી. આ અર્જુનના વચનનેજ વિશેષ સ્પષ્ટ કરવા માટે હું તમને કહું છું તે તમે એકચિત્ત થઇને સાંભળો.[૨] હે રાજા! તમે આ સમગ્ર પૃથ્વીને ધર્મપૂર્વક જીતી છે, તો હવે તેનો પરિત્યાગ કરવો તે તમને યોગ્ય નથી.[૩] હે પૃથ્વીપતિ! પરબ્રહ્મરૂપ ઉચ્ચસ્થાને આરોહણ કરવા માટે ચાર આશ્રમોરૂપ ચાર પગથીઆંવાળી એક નિસરણીજ બાંધવામાં આવી છે. તે નિસરણી ઉપર તમે અનુક્રમે પગથીએ પગથીએ ચઢો. અનુક્રમે ચારે આશ્રમોનો જય કરો. હે પાર્થ! તે ચારે આશ્રમોપ્રત્યે આરોહણ કરવા માટે પ્રથમ તો તમારે પુષ્કળ દક્ષિણાઓવાળા

મોટા યજ્ઞોજ કરવા જોઇએ; કારણ કે બ્રહ્મચારી ઋષિઓ સ્વાધ્યાયરૂપ યજ્ઞ કરે છે,જ્ઞાની સંન્યાસીઓ જ્ઞાનરૂપી યજ્ઞ કરે છે, ગૃહસ્થાશ્રમીઓ કર્મોરૂપી યજ્ઞ કરે છે અને વાનપ્રસ્થો તપરૂપી યજ્ઞ કરે છે. હે કુંતાપુત્ર! હિરણ્યગર્ભનું ઉપાસન કરનારા કેટલાએક વૈખાનસ તાપસો, જો કે આમ કહે છે કે, જે પુરુષ યજ્ઞો કરવા માટે ધનસંપાદન કરવાની ઇચ્છા કરે છે તેના કરતાં તેણે કોઈ જાતની ઈચ્છા ન કરવી તેજ વધારે ઉત્તમ છે; પરંતુ તે ધર્મ બ્રાહ્મણોનો છે, ક્ષત્રિયોનો નથી; છતાં પણ જે ક્ષત્રિય તે ધર્મનો આશ્રય કરે છે તેને મહાન દોષ લાગે છે;[૫-૭] માટે જે પુરુષો યજ્ઞને માટેજ ધનસંગ્રહ કરે છે,તેઓ ઉત્તમ છે. પરંતુ જે પુરુષ, સંન્યાસ લેવાની બુદ્ધિથી દૂષિત થઇને એકઠા કરેલા ધનનું કોઇ કુપાત્રને દાન કરી દે છે તે પુરુષ, જાણતો નથી કે, તેમ કરવાથી તેને ભ્રૂણહત્યાનું મહાન પાતક લાગે છે. વળી તેણે કોઈ સુપાત્રને દાન આપ્યું નથી, તેથી તેને દાનનું ફળ પણ મળતું નથી; માટેજ વિદ્વાનો કહે છે કે, પાત્ર-અપાત્રના અજ્ઞાનને લીધે દાનધર્મ પણ દુષ્કર થઇ પડે છે.[૮,૯] વિધાતાએ યજ્ઞને માટેજ ધન ઉત્પન્ન કર્યાં છે અને વેદે પણ તે ધનનું રક્ષણ કરવા માટે તથા યજ્ઞયાગાદિ કર્મોનું અનુષ્ઠાન કરવા માટેજ પુરુષને આજ્ઞા આપેલી છે, માટે સર્વ ધનનો યજ્ઞમાંજ ઉપયોગ કરવો, જેથી બીજી સર્વ કામનાઓ સિદ્ધ થાય છે.[૧૦] મહાતેજસ્વી ઇંદ્રે પણ વિવિધ જાતનાં રત્નોના દાનવાળા ઘણા યજ્ઞો કર્યા હતા, જેથી તે સર્વ દેવોનો રાજા થયો છે અને ઇંદ્રપદને પામીને હજીસુધી પણ સ્વર્ગલોકના રાજ્યસિંહાસનપર વિરાજી રહ્યો છે; માટે સર્વધનનો કેવળ યજ્ઞોમાંજ ઉપયોગ કરવો.[૧૧] મહાત્મા મહાદેવે પણ સર્વમેધ નામના મહાયજ્ઞમાં પોતાના શરીરસુદ્ધાંનો હોમ કરી દીધો હતો, જેને લીધે તેઓ દેવના દેવ થયા છે અને કીર્તિથી સર્વ લોકોને વ્યાપ્ત કરી દઈ કાંતિમાન તથા ગજચર્મને ધારણ કરીને ઉચ્ચપદે વિરાજી રહ્યા છે[૧૨] અરે! જેણે પોતાની સમૃદ્ધિથી દેવરાજા ઇંદ્રને પણ છક કરી દીધો હતો તે અવિક્ષિતના પુત્ર રાજા મરુત્તના યજ્ઞમાં સાક્ષાત્ લક્ષ્મી દેવી પોતે હાજર થયાં હતાં અને યજ્ઞનાં સર્વ પાત્રો તદ્દન સુવર્ણનાં થઈ ગયાં હતાં.[૧૩] હે રાજા! જે એક મનુષ્યયોનિમાં જન્મ્યો હતો છતાં પોતાની સમૃદ્ધિથી ઇંદ્રનો પણ પરાજય કરનાર થયો હતો, તે મહારાજા હરિશ્ચંદ્રનું નામ તો તમે સાંભળ્યુંજ હશે. તેણે પણ અનેક જાતના યજ્ઞો કરીને પુણ્ય સંપાદન કર્યું હતું અને સાંસારિક શોકનો ત્યાગ કર્યો હતો,[૧૪] માટે પોતાના સર્વ ધનનો યજ્ઞમાંજ ઉપયોગ કરવો.[૧૪]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં "દેવસ્થાનનાં વાક્યો" એ વિષયનો અધ્યાય ૨૦ મો સમાપ્ત.

अध्याय २१ मो

દેવસ્થાનનો ઉપદેશ (ચાલુ)

॥ देवस्थान उवाच ॥

अत्रैवो दाहरंतीममितिहासं पुरातनम् ॥
इन्द्रेण समये पृष्टो यदुवाच बृहस्पतिः ॥१॥

(વળી પણ)દેવસ્થાને યુધિષ્ઠિરને કહ્યું:-" હે રાજા! વિદ્વાનો જગતના સત્યધર્મના સંબંધમાં એક પ્રાચીન ઇતિહાસ કહે છે. એક સમયે ઇંદ્રના પ્રશ્ન ઉપરથી બૃહસ્પતિએ જે તત્ત્વોપદેશ કહ્યો હતો, તેનો સાર હું તમને કહું છું, સાંભળો.[૧] સત્યદૃષ્ટિએ જોતાં જણાય છે કે, સંતોષજ સ્વર્ગનું એક મહારાજ્ય છે, સંતોષજ પરમ સુખરૂપ છે અને સંતોષના કરતાં બીજું કંઈ પણ ઉત્તમ નથી; પરંતુ એ સંતોષ શું કરવાથી નિશ્ચળ થાય ? તે જાણવું વિશેષ આવશ્યક છે.[૨] કાચબો જેમ સર્વ અંગોને સંકોચી લે છે તેમ પુરુષ, સર્વ વિષયાભિલાષોને, જ્યારે સંકુચિત કરી નાખે છે, ત્યારે સ્વયંજ્યોતિસ્વરૂપ આત્મા, પોતાના સ્વરૂપમાંજ પ્રસન્ન થઈ રહે છે અને દ્રષ્ટાનું દર્શન કરી દૃશ્યઆદિના ભેદ-દર્શનરૂપ મળનો ત્યાગ કરે છે. આ સ્થિતિએ પહોંચતાં પુરુષનો સંતોષ નિશ્ચળ બને છે.[૩] વળી જ્યારે પોતે કો-

ઈનાથી બીતો નથી અને બીજાઓ પણ જ્યારે પોતાનાથી ભય પામતા નથી તેમજ કામક્રોધનો જ્યારે પોતે જય કરે છે, ત્યારે તેને આત્મદર્શન થાય છે.[૪] વળી જ્યારે એ પુરુષ મન, વચન અને કર્મથી કોઇપણ પ્રાણીનો દ્રોહ કરતો નથી તેમ કોઇનાપર સ્નેહ પણ રાખતો નથી, ત્યારે તે બ્રહ્મસ્વરૂપ થઈ શકે છે.[૫] હે ભરતવંશી રાજા ! જે અધિકારી જીવો જે જે પ્રકારે યજ્ઞાદિ કર્મોને અથવા સગુણ–નિર્ગુણ બ્રહ્મની ઉપાસનાને સર્વાંગે સંપૂર્ણ અથવા ન્યૂનતાથી કરે છે, તેઓ તે તે પ્રકારે તે તે કર્મને ફળસ્વરૂપે પ્રકટ થયેલું અનુભવે છે; અર્થાત્ સર્વ ભૂતોને જો ભય આપે છે તો પોતે પણ ભયનો અનુભવ કરે છે અને સર્વ ભૂતોને જો અભય આપે છે તો પોતે પણ અભયનો અનુભવ કરે છે. આમ સમજીને તમે પણ પ્રજાઓનું સારી પેઠે પરિપાલન કરીને અભયનો અનુભવ કરો.[૬] આ જગતમાં કેટલાએક મનુષ્યો સર્વના પર પ્રીતિ રાખવારૂપ સામની પ્રશંસા કરે છે, કેટલાએક કેવળ યત્નની પ્રશંસા કરે છે, કેટલાએક ધ્યાનની પ્રશંસા કરે છે, કેટલાએક સામ અને યત્ન બન્નેની પ્રશંસા કરે છે, કેટલાએક યજ્ઞનીજ પ્રશંસા કરે છે, કેટલાએક સંન્યાસની પ્રશંસા કરે છે, કેટલાએક દાનની પ્રશંસા કરે છે, કેટલાએક પ્રતિગ્રહની પ્રશંસા કરે છે, કેટલાએક સર્વનો પરિત્યાગ કરી શાંત બેસી રહેવાનીજ પ્રશંસા કરે છે, કેટલાએક શત્રુઓને મારી, કાપી,ચીરી નાખીને પ્રજાઓનું રક્ષણ કરવારૂપ રાજ્ય મેળવવાની પ્રશંસા કરે છે અને બીજા કેટલાએક મનુષ્યો અરણ્યમાં એકાંતવાસને પસંદ કરે છે. આ સર્વ ભિન્ન ભિન્ન મતોનું આલોચન કરીને વિદ્વાનોએ એજ નિશ્ચય કર્યો છે કે, જે ધર્મ પ્રાણીઓનો દ્રોહ કરનાર ન હોય, તેજ સત્પુરુષોને માન્ય છે. ભગવાન સ્વાયંભુવ મનુએ પણ સર્વમાન્ય પ્રધાન ધર્મનું પ્રવચન કરતાં કહ્યું છે કે, સર્વ પ્રાણીઓનો અદ્રોહ, સત્યભાષણ, અતિથિ આદિને માટે અન્નાદિનો યોગ્ય વિભાગ, દયા, ઇન્દ્રિયનિગ્રહ, પોતાની સ્ત્રીમાંજ પ્રજાનું ઉત્પાદન, મૃદુતા, લજ્જા અને અચાપલ્ય–આ નવજ ધર્મનાં મુખ્ય અંગો છે.[૭-૧૨] હે કુંતાપુત્ર યુધિષ્ઠિર રાજા ! તમે પણ પૂર્વોક્ત ધર્મનાં નવે અંગોનું યત્નપૂર્વક પાલન કરો; કારણ કે જે રાજા, રાજ્યાસન ઉપર આરૂઢ થઈને નિરંતર જિતેન્દ્રિય રહે છે, પ્રિય તથા અપ્રિય વસ્તુપર સમદૃષ્ટિ રાખે છે, નિત્ય પંચમહાયજ્ઞો કરીને અવશેષ રહેલા અન્નનું ભોજન કરે છે, શાસ્ત્રાર્થના તત્ત્વને બરાબર જાણે છે, દુષ્ટોને શિક્ષા કરવામાં આસક્ત રહે છે, સત્પુરુષોનું રક્ષણ કરે છે, સર્વ પ્રજાઓને ધર્મમાર્ગમાં સ્થાપીને પોતે પણ ધર્મચુસ્ત રહે છે, વૃદ્ધાવસ્થા થતાં પોતાના પુત્રને રાજ્યલક્ષ્મી અર્પણ કરી વનમાં જઇને વાનપ્રસ્થધર્મ ધારણ કરે છે અને તેમાં પણ નિત્ય પ્રમાદરહિત થઇને શાસ્ત્રોક્ત વિધિએ કર્મો કરીને નિત્ય ધર્મપૂર્વક વર્તન કરે છે, તે રાજાને ધાર્મિક નિશ્ચયવાળો કહી શકાય છે.[૧૩-૧૬] વળી તેવા ધર્મિક રાજાનો આ લોક તથા પરલોક બન્ને સફળ થાય છે; અન્યથા તો મોક્ષમાર્ગ અતિશય દુર્લભ થઇ પડે છે અને તેમાં અનેક વિઘ્નો આવે છે, એમ હું માનું છું.[૧૭] પ્રાચીન કાળના અનેક રાજાઓ પણ મેં દર્શાવેલા ધર્મ પ્રમાણે વર્તીને, સત્ય, દાન અને તપશ્ચરણમાં તત્પર થઈને, અહિંસાદિક ગુણોથી યુક્ત થઇને, કામક્રોધાદિકનો ત્યાગ કરીને, પ્રજાઓનું રક્ષણ કરવામાં આસક્ત રહીને, પોતના ઉત્તમ ધર્મનો આશ્રય કરીને તથા ગાયો અને બ્રાહ્મણોને માટે મોટાં યુદ્ધ કરીને મહા ઉત્તમ ગતિને પામી ગયા છે.[૧૮,૧૯] હે શત્રુતાપન રાજા ! રુદ્રો, વસુઓ, આદિત્યો, સાધ્યો અને સંખ્યાબંધ રાજર્ષિઓ પણ નિત્ય પ્રમાદરહિત થઇને આ ધર્મનોજ આશ્રય કરી રહ્યા હતા અને પોતપોતાનાં પુણ્યકર્મોના પ્રભાવે સ્વર્ગલોક પામ્યા છે.”

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં “દેવસ્થાનનાં વાક્યો” એ વિષયનો અધ્યાય ૨૧ મો સમાપ્ત.

अध्याय २२ मो

અર્જુનવાક્ય—તમારા ક્ષાત્રધર્મનેજ માન આપો

॥ वैशंपायन उवाच ॥

अस्मिन्नेवांतरे वाक्यं पुनरेवार्जुनोऽब्रवीत् ॥
निर्विण्णमनसंज्येष्ठमिदं भ्रातरमच्युतम् ॥१॥

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય રાજા! એ પ્રમાણે દેવસ્થાન ઋષિએ કહ્યું, એટલે વળી પણ અર્જુન, ઉદાસ મનના થયેલા પોતાના ધર્મિષ્ઠ મોટા ભાઇને કહેવા લાગ્યોઃ-[૧]“હે ધર્મજ્ઞ મહાપુરુષ! તમે તમારા ક્ષાત્રધર્મનો આશ્રય કરી મહાદુર્લભ રાજ્ય મેળવ્યું છે અને શત્રુઓને જીત્યા છે તો પછી તમે શામાટે સંતાપ કરો છો?[૨] હે મહારાજા! ક્ષત્રિયોનું સંગ્રામમાં થયેલું મરણ, અનેક યજ્ઞો કર્યા પછીના મરણ કરતાં પણ અતિ ઉત્તમ માનેલું છે, માટે તમે તમારા ક્ષાત્રધર્મનેજ માન આપો.[૩] હે સમર્થ રાજા! નિત્ય તપશ્ચર્યા કરવી અને સર્વનો ત્યાગ કરી સંન્યાસ લેવો, એ બ્રાહ્મણોનો ધર્મવિધિ છે અને તે ધર્મવિધિ બ્રાહ્મણોનેજ મરણ પછી શ્રેયસ્કર છે; પરંતુ ક્ષત્રિયોને માટે તો રણસંગ્રામમાં યુદ્ધ કરીનેજ મરણ પામવું, એજ શાસ્ત્રસંમત છે.[૪] હે ભરતશ્રેષ્ઠ! ક્ષત્રિયોનો ધર્મ મહાભયંકર છે અને તેમાં નિત્ય શસ્ત્રનીજ પ્રાધાન્યતા છે; તેમજ ક્ષત્રિયોનો વધ પણ સમય આવતાં યુદ્ધમાંજ શસ્ત્રવડે થવો જોઈએ,એમ શાસ્ત્રમાં કહેલું છે.[૫] હે રાજન્! બ્રાહ્મણજાતિનો પુરુષ પણ જો કદાચિત્ શાસ્ત્રધર્મ પ્રમાણે વર્તતો હોય તો તેનું જીવન પણ આ લોકમાં પ્રશંસાપાત્ર ગણાય છે; કારણ કે ક્ષત્રિયો મૂળ બ્રાહ્મણોથીજ ઉત્પન્ન થયા છે;[૬] હે મનુષ્યોના રાજા! સંન્યાસ, યજ્ઞ, તપ અથવા પારકાંના દ્રવ્ય ઉપર આજીવિકા ચલાવવી તે ક્ષત્રિયને માટે શાસ્ત્રવિહિત નથી.[૭] હે ભરતશ્રેષ્ઠ રાજા! તમે તો સર્વ ધર્મને જાણનારા છો, ધર્માત્મા છો, સર્વના રાજા છો, બુદ્ધિમાન છો,લોકમાં કુશલ ગણાઓ છો અને પ્રાચીન અર્વાચીન સર્વ વિષયોને જાણનારા છો; માટે સંતાપથી ઉત્પન્ન થયેલા શોકનો ત્યાગ કરો અને સ્વજાતિનાં કર્મો કરવા માટે તૈયાર થાઓ. ક્ષત્રિયનું હૃદય તો વજ્રથી પણ વિશેષ કઠિન હોવું જોઇએ;[૮,૯] માટે હે મનુષ્યેન્દ્ર! ક્ષાત્રધર્મથી શત્રુઓનો પરાજય કરીને તથા આવું નિષ્કંટક રાજ્ય પ્રાપ્ત કરીને હવે તમે મનને સ્થિર કરો અને યજ્ઞો કરવા માટે તથા દાન આપવા માટે તત્પર થાઓ.[૧૦] હે રાજા! આપણે સાંભળીએજ છીએ કે, ઇંદ્ર પણ કશ્યપ નામના બ્રાહ્મણનોજ પુત્ર હતો, છતાં તેવાં ક્ષાત્રધર્મને લગતાં કર્મો કરીને તે ક્ષત્રિય થયો છે; એટલુંજ નહિ પણ તેણે પાપાચરણ કરનારા આઠસોદશ પોતાના જ્ઞાતિલાઓને મારી નાખ્યા હતા છતાં લોકમાં તેનું એ કર્મ સ્તુતિપાત્ર અને પ્રશંસાપાત્ર કહેવાયું છે. વળી તે કર્મ કરીનેજ ઇંદ્ર દેવોનો રાજા થયો છે.[૧૧,૧૨] હે મનુષ્યેંદ્ર! તમે પણ તે ઇંદ્રની પેઠે ઘણા સમયસુધી સંતાપરહિત થઇને પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞો કરીને ઇશ્વરનું પૂજન કરો.[૧૩] હે ક્ષત્રિયશ્રેષ્ઠ! આ યુદ્ધમાં જે આપણા સંબંધીઓ મરણ પામ્યા છે, તેઓનો તમારે લગારે શોક કરવો ન જોઇએ; કારણ કે તેઓ ક્ષાત્રધર્મથી યુદ્ધ કરીને મરણ પામ્યા છે અને શસ્ત્રોથી પવિત્ર થઇ પરમ ગતિએ ગયા છે.[૧૪] વળી હે રાજસિંહ! જે ભાવી બનાવ બનવાનો હતો તે બન્યો છે. દૈવ નિર્મિતભાવનું ઉલ્લંઘન કરવા કોઈ શક્તિમાન થતોજ નથી.”[૧૫]

ઇતિ શ્રીમહાભારતમાં શાતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં “અર્જુનનાં વાક્યો” એ વિષયનો અધ્યાય ૨૨મો સમાપ્ત.

अध्याय २३ मो

વ્યાસનો ઉપદેશ-શંખ અને લિખિતની કથા

॥ वैशंपायन उवाच ॥

एवमुक्तस्तुकौंतेयो गुडाकेशेन पांडवः ॥
नोवाच किंचित् कौरव्यस्ततो द्वैपायनोऽब्रवात् ॥

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય રાજા!

એ રીતે નિદ્રાને જીતનારા અર્જુને પોતાના મોટા ભાઇ યુધિષ્ઠિર રાજાને કહ્યું પણ રાજાએ તેનો કંઈ ઉત્તર આપ્યો નહિ. તે પછી દ્વૈપાયન વ્યાસમુનિ, યુધિષ્ઠિરને કહેવા લાગ્યા.[૧]

વ્યાસ બોલ્યાઃ-હે સૌમ્ય રાજા યુધિષ્ઠિર! અર્જુને જે વચન કહ્યાં છે તે સત્ય છે. શાસ્ત્રમાં કહેલો ઉત્તમ ધર્મ, કેવળ ગૃહસ્થાશ્રમનોજ આશ્રય કરી રહ્યો છે;[૨] માટે હે ધર્મજ્ઞ રાજા! શાસ્ત્રમાં કહેલા વિધિપ્રમાણે તમે સ્વધર્મનુંજ આચરણ કરો. ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી તમારે અરણ્યમાં જવું તે શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધ છે.[૩] હે રાજા! દેવો, પિતૃઓ, અતિથિઓ અને સ્વકુટુંબના પોષ્ય મનુષ્યો ગૃહસ્થ પુરુષનોજ આશ્રય કરીને જીવી રહ્યા છે, માટે તેઓનું તમે પોષણ કરો.[૪] વળી હે રાજા! પશુઓ, પક્ષીઓ અને બીજાં ઘણાં પ્રાણીઓ ગૃહસ્થોને આધારેજ નભી રહ્યાં છે, જેથી ગૃહસ્થાશ્રમી, બીજા સર્વ આશ્રમીઓના કરતાં શ્રેષ્ઠ છે.[૫] હે પાર્થ! ચારે આશ્રમોના મધ્યમાં આ ગૃહસ્થાશ્રમનું આચરણ કરવું ઘણુંજ કઠિન છે. તેમાં પણ જે પુરુષોની ઇંદ્રિયો દુર્બળ હોય છે, તે પુરુષો તો ગૃહસ્થાશ્રમની વિધિનું મહાદુઃખેથી આચરણ કરી શકે છે. તે વિધિનું હવે તમે આચરણ કરો.[૬] તમને વેદોનું સંપૂર્ણ જ્ઞાન છે. વળી તમે મહાન તપશ્ચર્યા પણ કરી છે; માટે બળદ જેમ ઝુંસરીને વહન કરે, તેમ તમે તમારા પૂર્વજોની પરંપરાથી પ્રાપ્ત થયેલા રાજ્યકારભારને વહન કરવા યોગ્ય છો.[૭] હે મહારાજા! યજ્ઞ, તપ, બ્રહ્મજ્ઞાન, ભિક્ષાચરણ, ઇંદ્રિયસંયમ, ધ્યાન, એકાંતસેવન, સંતોષ અને યથાશક્તિ શાસ્ત્રવિષયક જ્ઞાન-આ સર્વ ધર્મો બ્રાહ્મણોનાજ છે અને તેઓનેજ સિદ્ધિ આપનારા છે. ક્ષત્રિયોને માટે તો તેથી જૂદાજ ધર્મો છે અને તે બધા તમારા જાણવામાંજ છે તોપણ હું તમને કહું છું. સાંભળો.[૮,૯] યજ્ઞાનુષ્ઠાન, વિદ્યાપઠન, યુદ્ધાદિકમાં ઉત્સાહ, લક્ષ્મીપ્રત્યે અસંતોષ, દંડધારણ, ઉગ્રતા, પ્રજાઓનું રક્ષણ, વેદોનું સંપૂર્ણ જ્ઞાન, યથાવિધિ તપશ્ચરણ, દ્રવ્યોપાર્જન અને સુપાત્રે દાન-આ પુણ્યજનક કર્મો રાજાઓને માટે હિતકારક છે. હે રાજા! અમે પરંપરાથી સાંભળ્યું છે કે, પૂર્વોક્ત કર્મોનું સારી રીતે આચરણ કરીને રાજાઓ આ લોકને તથા પરલોકને સાધી શકે છે.[૧૦-૧૨] હે કુંતાપુત્ર! એ સર્વ ધર્મોમાં દંડ ધારણ કરવો, એ સર્વના કરતાં વિશેષ આવશ્યક છે; કારણકે દંડ એજ ક્ષત્રિયોના બળરૂપ ગણાય છે.[૧૩] હે રાજન્! આ સર્વ કર્મો ક્ષત્રિયોને સિદ્ધિ આપનારાં છે. બૃહસ્પતિએ પણ રાજાઓના સંબંધમાં તથા બ્રાહ્મણોના સંબંધમાં આવી એક ગાથા ગાયેલી છે કેઃ-"દરમાં બેસી રહેનારા ઉંદરોને જેમ સર્પ ગળી જાય છે, તેમ દંડધારણ કર્યાવિના શાંત બેસી રહેનારા રાજાને તથા સંસારમાં આસક્ત થઈ ગયેલા બ્રાહ્મણને પૃથ્વી ગળી જાય છે અર્થાત્ તેનો સત્વર નાશ થઇ જાય છે." વળી આપણે સાંભળીએ છીએ કે, રાજર્ષિ સુદ્યુમ્ન, દંડધારણ કરવાથીજ પ્રચેતાપુત્ર દક્ષની પેઠે પરમ સિદ્ધિને પામી ગયો છે![૧૪-૧૬]

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ-"હે ભગવન્! રાજા સુદ્યુમ્ન કયા કર્મથી પરમ સિદ્ધિને પામી ગયો છે તેનું ચરિત્ર સાંભળવાની મને ઇચ્છા છે, માટે આપ કહો."[૧૭]

વ્યાસ બોલ્યાઃ-" હે રાજા! લોકો આ જગતમાં એક પ્રાચીન ઇતિહાસને કહે છે, તે હું તમને કહું છું. સાંભળો. પૂર્વે શંખ અને લિખિત નામના બે ભાઇઓ હતા. તેઓ બાહુદા નામની નદીની પાસે નિત્ય પુષ્પ અને ફળોથી ભરેલાં વૃક્ષોવાળા બે જૂદા જૂદા આશ્રમોમાં તીક્ષ્ણ વ્રતને ધારણ કરી રહેતા હતા. એક સમયે લિખિત ફરતો ફરતો શંખના આશ્રમમાં આવી ચઢયો, પણ દૈવેચ્છાએ તે વેળા, શંખ આશ્રમમાંથી બહાર ગયો હતો. લિખિત પોતાના ભાઇ શંખના આશ્રમમાં આવીને સારાં પાકેલાં ફળો જોઇને તેને પાડવા લાગ્યો અને તે ફળો લઇને 'આ મારાંજ છે' આવા નિશ્ચયથી નિરાંતે બેસીને ખાવા લાગ્યો. તેવામાં શંખ આશ્રમમાં આવી પહોંચ્યો અને તેણે લિખિતને ફલાહાર કરતો જોઇ આ પ્રમાણે કહ્યુંઃ-"અરે! તેં આ ફળ ક્યાંથી

તોડયાં ? અને શામાટે તું આ ફળોને ખાય છે?” તે સાંભળી લિખિત પોતાના મોટાભાઈની પાસે ગયો અને તેને વંદન કરી હસતો હસતો બોલ્યો:-“પેલાં સામે દેખાતાં વૃક્ષપરથીજ આ ફળોને મેં તોડયાં છે. પોતાના ભાઇનું વચન સાંભળી શંખ અત્યંત ક્રોધાયમાન થઇ ગયો અને તેણે લિખિતને કહ્યું કે:-“અલ્યા લિખિત! તેં તારી મેળે ફળ તોડીને આ એક ચોરીનુંજ કર્મ કર્યું છે; માટે જા,રાજા પાસે જઈને કહે કે, હે મહારાજ ! મેં કોઈને પૂછયાવિના ફળો તોડીને ચોરીનું કર્મ કર્યું છે, માટે મને ચોર જાણીને તમે સ્વધર્મનું પાલન કરો અને ચોરને જે શિક્ષા કરવામાં આવતી હોય તે મને પણ કરો.” હે મહાબાહુ યુધિષ્ઠિર રાજા! એ રીતનાં પોતાના ભાઇ શંખનાં વચનોને માન્ય કરી તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારો લિખિત, તુરતજ રાજા સુદ્યુમ્નની પાસે જવા નીકળી પડયો. રાજાની રાજધાનીમાં આવીને દ્વારપાલોને તેણે જણાવ્યું કે:-“ રાજા સુદ્યુમ્નને નિવેદન કરો કે, લિખિત નામનો એક બ્રાહ્મણ તમને મળવા ઇચ્છે છે. ” દ્વારપાલોએ પણ રાજાની પાસે જઇને લિખિતના કહેવા પ્રમાણે કહ્યું, એટલે તે સાંભળીને રાજા સુદ્યુમ્ન, પ્રધાનોને સાથે લઈ પગે ચાલતો લિખિતની સામે આવ્યો અને મહા ધર્મવેત્તા લિખિતને મળીને વિનયપૂર્વક બોલ્યો કે:-“હે ભગવન્! બોલો, આપ શામાટે પધાર્યા છો ? આપનું જે કાર્ય હશે તેને હું અવશ્ય કરીશ.” રાજાનાં વચન સાંભળી બ્રહ્મર્ષિ લિખિતે કહ્યું:-“જો, યાદ રાખજે, તેં પ્રથમ પ્રતિજ્ઞા કરી લીધી છે કે, હું તમારૂ જે કાર્ય હશે તે કરીશ; માટે હવે તારે એ કરવુંજ પડશે. હે રાજા! મેં મારા મોટા ભાઇની આજ્ઞા લીધા વિના તેના આશ્રમમાંથી ફળ તોડીને ખાધાં છે, મેં અદત્તાદાન કરીને ચોરીનું કર્મ કર્યું છે, જેથી હું ચોર છું; માટે ચોરને જે શિક્ષા થવી જોઇએ તેજ શિક્ષા તમે મને સત્વર કરો.”

લિખિત ઋષિનાં એ વાકયો સાંભળી સુદ્યુમ્ન રાજાએ કહ્યું:-“ હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! દંડધારણમાં તમે રાજાને જો પ્રમાણ માનો છો તો રાજાની અનુજ્ઞા પણ તમારે પ્રમાણ માનવી જોઇએ, જેથી હું તમને કહું છું કે, જાઓ, તમે મારી અનુજ્ઞાથીજ તે પાપકર્મથી શુદ્ધ થયા છો. વળી તમે મોટાં વ્રતોને ધારણ કરનારા છો તેથી સદાકાળ દોષોથી મુક્ત છો. બોલો, હવે તમારી બીજી શી ઇચ્છા છે ? તમારા કહેવા પ્રમાણેજ હું કરીશ.”

વ્યાસે કહ્યું:-“ હે યુધિષ્ઠિર રાજા ! મહાત્મા સુદ્યુમ્ન રાજાએ, બ્રહ્મર્ષિ લિખિતને ઘણા ઘણા સમજાવ્યા, છતાં તેમણે ચોરીની શિક્ષાવિના બીજું કંઇ પણ તેની પાસે માગ્યું નહિ, ૩૫ જેથી લાચાર થઇને તે રાજાએ, મહાત્મા લિખિતના બન્ને હાથ કપાવી નાખ્યા. આ રીતે રાજાએ જ્યારે શિક્ષા કરી, ત્યારે લિખિત ત્યાંથી ચાલી નીકળી પોતાના મોટાભાઇના આશ્રમમાં આવ્યો અને દુઃખી થઇ આ પ્રમાણે બોલ્યો:- “ મને દુર્બુદ્ધિને આ પ્રમાણે શિક્ષા થઈ છે, માટે હવે મારા અપરાધની આપ ક્ષમા કરો. ” તે સાંભળી શંખે કહ્યું:-“ હે ધર્મજ્ઞ લિખિત ! તને શિક્ષા થઇ છે, છતાં તું મારાપર દોષારોપ કરતો નથી તેથી મને તારા પર લગારે ક્રોધ ચઢયો નથી. માત્ર ધર્મનું તેં ઉલ્લંઘન કર્યું હતું તેથી તને આવી શિક્ષા થઇ છે; પરંતુ હવે તું સત્વર બાહુદા નદીપર જા અને ત્યાં જઈને વિધિપૂર્વક દેવોનું, ઋષિઓનું તથા પિતૃઓનું તર્પણ કર; પણ હવે પછી તારા મનને કદી અધર્મ તરફ જવા દઈશ નહિ. ” શંખનું આવું વચન સાંભળી લિખિત તેજ સમયે બાહુદા નદી તરફ ચાલી નીકળ્યો અને ત્યાં જઇને એ પવિત્ર નદીમાં સ્નાન કરી તર્પણક્રિયામાટે અંજલિ ભરવાનો જેવો તેણે આરંભ કર્યો કે તુરતજ તેના હુંઠા બાહુઓમાંથી કમળસરખા નવા હાથ પ્રકટ થઇ ગયા. તે જોઇને તેને ઘણુંજ વિસ્મય થયું અને તે આશ્ચર્યજનક દેખાવ પોતાના ભાઇને તેણે દેખાડયો. પછી તેના ભાઈ શંખે આ પ્રમાણે કહ્યું:-“ ભાઈ લિખિત ! એમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું છેજ નહિ. મેં મારા તપના પ્રભાવથી આ બધું કર્યું છે. તેમાં તું શંકા કરીશ નહિ. દૈવઘટના સર્વ કંઈ કરી

શકે છે." મોટાભાઈનાં વચન સાંભળી લિખિત બોલ્યો:-"હે મહાતેજસ્વી શ્રેષ્ઠ બ્રાહ્મણ! તમારા તપનું આટલું બધું સામર્થ્ય છે, તો પછી તમે મને પ્રથમજ કેમ પવિત્ર ન કર્યો?" શંખે તેનો ઉત્તર આપ્યો:-"ભાઇ લિખિત! તું કહે છે તે તેમજ છે, પણ મારે તેમ કરવું યોગ્ય નહતું. મારાથી તને કદી પણ શિક્ષા કરી શકાય નહિ; કારણ કે અપરાધીઓને શિક્ષા કરવાનો ધર્મ રાજાનોજ છે, બ્રાહ્મણનો નથી. રાજા સુદ્યુમ્ન, તને શિક્ષા કરીને સ્વધર્મ પાલનને લીધે પવિત્ર થયો છે અને તું પણ એ શિક્ષાને સ્વીકારી તારા પિતૃઓની સાથે પવિત્ર થયો છે."[૩૫-૪૪]

વ્યાસ બોલ્યા:-"હે પાંડવશ્રેષ્ઠ યુધિષ્ઠિર! આ રીતે રાજા સુદ્યુમ્ન, સ્વધર્મનું આચરણ કરીને પ્રચેતાપુત્ર દક્ષની પેઠે પરમ સિદ્ધિને પામ્યો છે,[૪૫] માટે પ્રજાઓનું રક્ષણ કરવું તે ક્ષત્રિયોનો ધર્મ છે અને તે સિવાયનો બીજો (ધર્મ) ક્ષત્રિયોને માટે અધર્મ છે, માટે હે મહારાજા! તમારા મનમાંથી શોકને દૂર કરી દ્યો અને તમારા ભાઇ અર્જુનનાં હિતવાક્યોનું શ્રવણ કરી તે પ્રમાણે વર્તવા તત્પર થાઓ. હે રાજેન્દ્ર! પ્રજાઓના રક્ષણાર્થે દંડ ધારણ કરવો તેજ ક્ષત્રિયોનો ધર્મ છે, પણ માથું મુંડાવી સંન્યાસી થવું તે ક્ષત્રિયોનો ધર્મ નથી કિંતુ અધર્મ છે."

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં "વ્યાસનાં વાક્યો" એ વિષયનો અધ્યાય ૨૩ મો સમાપ્ત.

અધ્યાય ૨૪ મો

વ્યાસનો ઉપદેશ (ચાલુ)

॥ वैशंपायन उवाच ॥

पुनरेवमहर्षिस्तं कृष्णद्वैपायनो मुनिः ॥
अजातशत्रुं कौंतेयमिदंवचनमब्रवीत् ॥१॥

વૈશંપાયન બોલ્યા:-હે જનમેજય રાજા! વળી પણ મહર્ષિ વ્યાસે અજાતશત્રુ રાજા યુધિષ્ઠિરને આ પ્રમાણે કહ્યું:-[૧]"હે તાત યુધિષ્ઠિર! મહારથી અને શૂરવીર એવા તમારા ભાઇઓએ વનવાસ વેઠીને જે મનોરથો ઘડી રાખ્યા છે, તેમને તેઓ ભલે પરિપૂર્ણ કરે અને હે પાર્થ! નહુષના પુત્ર યયાતિ રાજાની પેઠે તમે પૃથ્વીપર રાજ્ય કરો.[૨,૩] તમારા આ તપસ્વી ભાઈઓએ વનમાં રહીને ઘણાં દુઃખોનો અનુભવ કર્યો છે, માટે હે પુરુષવ્યાઘ્ર! "દુઃખને અંતે સુખ હોવુંજ જોઇએ" એ ન્યાય પ્રમાણે તેઓ, હવે ભલે સુખોનો અનુભવ કરે.[૪] હે ભરતવંશી રાજા! તમે તમારા ભાઇઓની સાથે પ્રથમ ધર્મ, અર્થ અને કામનો અનુભવ કરો અને પછી મોક્ષસાધના કરવા માટે સુખેથી વનમાં જજો.[૫] હે પાંડુપુત્ર! તમારા આ સર્વ ભાઇઓને પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞો કરવાનો લહાવો લેવડાવીને તમે અતુલ કીર્તિ સંપાદન કરશો.[૬] હે મહારાજ! તમે સર્વમેધ અને અશ્વમેધ યજ્ઞો કરીને ઈશ્વરનું આરાધન કરો, જેથી તમે પરમ ગતિને પામશો.[૭] હે ભારત! અતિથિઓ, દેવતાઓ અને પિતૃઓના ઋણમાંથી તમે મુક્ત થાઓ અને તે પછી સંન્યાસ વગેરે સર્વ મોક્ષનાં કાર્યો કરજો.[૮] હે પુરુષવ્યાઘ્ર! 'ક્ષત્રિયોનો ધર્મ હિંસાપ્રધાન છે, તેથી મને તે માન્ય નથી.' આ તમારૂં વચન સત્ય છે, એમ અમે જાણીએ છીએ; પણ હે રાજા! જે કરવાથી તમે ધર્મભ્રષ્ટ ન થાઓ તે કરવા માટે હું તમને કહું છું. સાંભળો.[૯] હે યુધિષ્ઠિર! આ વિષમ ધર્મનું બંધારણ કરવામાં કુશલ એવા ધર્માચાર્યો, યુદ્ધ અને વિજય દ્વારા પરદ્રવ્યનું હરણ કરનારા રાજાઓના સંબંધમાં આ રીતનાં અવશ્ય કર્તવ્યોની વ્યવસ્થા કરે છે.[૧૦] હે રાજા! દેશ અને કાલ તરફ દૃષ્ટિ કરીને તથા શાસ્ત્રજન્ય બુદ્ધિનો આશ્રય કરીને ચોર લોકોના પર ક્ષમા કરે છે, તે રાજાને ચોરને શિક્ષા નહિ કરવાનું પાપ લાગતું નથી;[૧૧] પરંતુ જે રાજા, પોતાના છઠ્ઠા ભાગને પ્રજાઓ પાસેથી લે છે છતાં ચોર લોકોથી દેશનું રક્ષણ કરતો નથી તે રાજા, પ્રજાઓના પાપના ચતુર્થાંશનો ભાગી બનેજ છે.[૧૨] હે રાજા! તમારે જાણવું કે, જે રાજા ધર્મશાસ્ત્રોનું ઉલ્લંઘન કરી અધર્માચરણ કરે

છે, તે રાજા ધર્મથી ભ્રષ્ટ થાય છે; પણ ધર્મશાસ્ત્રોની આજ્ઞાને અનુસરી વર્તન કરનારો રાજા ધર્મભ્રષ્ટ થતો નથી, એટલુંજ નહિ પણ નિર્ભય થાય છે.[૧૩] શાસ્ત્રજન્ય બુદ્ધિનો આશ્રય કરી કામ તથા ક્રોધનો ત્યાગ કરી પ્રજાઓપર પિતાની પેઠે સમદૃષ્ટિ રાખીને વર્તનારો રાજા, કદી પણ પાપલિપ્ત થતો નથી.[૧૪] હે મહા તેજસ્વી યુધિષ્ઠિર રાજા ! દૈવયોગે કદાચિત્ નષ્ટશક્તિ થયેલો રાજા, પોતાના કર્તવ્યકર્મને યથાયોગ્ય સમયે સાધી શકે નહિ તોપણ તેણે પોતાના કર્તવ્યકર્મનું ઉલ્લંઘન કર્યું નજ ગણાય, એમ વિદ્વાનો કહે છે.[૧૫] હરકોઇ રાજાએ બળ અથવા બુદ્ધિનો આશ્રય કરીને પણ શત્રુઓને શિક્ષા કરવીજ જોઇએ અને પાપીઓની સાથે કદી પણ સંધિ નહિ કરવી જોઇએ તથા રાજ્યને તે તે કર્મોદ્વારા પવિત્ર કરવું જોઇએ.[૧૬] હે યુધિષ્ઠિર ! રાજાએ શૂરવીરોનું, આર્યજનોનું તથા વિદ્વાનોનું સદાકાળ માન જાળવવું જોઇએ અને વેદોક્ત જ્ઞાનકાંડ તથા કર્મકાંડના અર્થને જાણનારા બ્રાહ્મણોનું અથવા ધનવાન વ્યાપારીઓનું ખાસ કરીને રક્ષણ કરવું જોઇએ.[૧૭] વળી સર્વ વિચક્ષણ રાજાઓએ પોતાનાં વ્યાવહારિક અને ધાર્મિક કાર્યોમાં બહુશ્રુત-જ્ઞાનસંપન્ન પુરુષોની યોજના કરવી જોઇએ અને ગુણવાન એવા પણ એકજ માણસપર કદી વિશ્વાસ રાખવો ન જોઇએ.[૧૮] જે રાજા ! પ્રજાઓનું રક્ષણ કરતો નથી, વિનયસંપન્ન હોતો નથી, અભિમાની હોય છે, અનમ્ર સ્વભાવનો હોય છે અને ગુણવાનોનો દ્વેષ કરનાર હોય છે, તે રાજા પાપનો ભાગી બને છે અને પ્રજાઓમાં દુર્દાંત-ઉદ્ધત-ક્રૂર કહેવાય છે.[૧૯] હે રાજા ! જે રાજ્યની પ્રજાઓ દુષ્કાળ આદિ દૈવી આપત્તિઓથી અથવા ધાડપાડુ-લૂંટારૂઓના જુલમથી નાશ પામે છે, તેનું સર્વ પાપ તેના રાજાનેજ શિરે ગણાય છે; કારણ કે તેનું રક્ષણ નહિ હોવાથીજ પ્રજાઓને તેવો ત્રાસ ભોગવવો પડે છે.[૨૦] હે યુધિષ્ઠિર ! દેશના રક્ષણમાટેના ઉત્તમ વિચારો તથા ઉત્તમ નીતિની યોજના કરી પુરુષાર્થ કરવામાં આવ્યો હોય છતાં પણ તેવા સંયોગોને લીધે પ્રજાઓનો નાશ થવા લાગે તો તેમાં રાજાનો અધર્મ ન ગણાય;[૨૧] કારણ કે પ્રજાઓના રક્ષણને માટે લેવાયલા ચાંપતા ઉપાયો, દૈવયોગે કોઈ વેળા નિરર્થક થાય છે અને કોઇ વેળા સાર્થક પણ થાય છે, પણ પુરુષાર્થ કરવાથી રાજાને પાપનો સ્પર્શ થતો નથી.[૨૨]

હે રાજસિંહ પાંડુપુત્ર ! આના સંબંધમાં હું તમને પૂર્વકાળના રાજર્ષિ હયગ્રીવની ઐતિહાસિક કથા કહું છું, તે તમે સાંભળો.[૨૩] હે યુધિષ્ઠિર ! હયગ્રીવ રાજાએ, યુદ્ધમાં શત્રુઓનો સંહાર કરીને શૂરવીર પુરુષને છાજે તેવાં ઉત્તમ કર્મો કર્યાં હતાં; પણ અંતે સહાયવિનાનો થઇ પડવાથી યુદ્ધમાં તે પરાજય પામ્યો હતો-શત્રુઓને હાથે રણમાં માર્યો ગયો હતો.[૨૪] શત્રુઓને વશ કરવામાં જે કર્મ કરવું ઘટે છે અને પ્રજાઓનું પાલન કરવામાં જે ઉત્તમ ઉપાયોની યોજના કરવામાં આવે છે, તે સર્વનું યથાયોગ્ય આચરણ કરીને રાજા હયગ્રીવ, ઉત્તમ કીર્તિને પામ્યો હતો અને અંતે યુદ્ધથી મરણ પામીને સ્વર્ગલોકમાં આનંદ કરી રહ્યો છે.[૨૫] મહાત્મા હયગ્રીવે શસ્ત્રોથી સજ્જ થઇને યુદ્ધમાં ઘણી વખત પોતાના આત્માને ઝંપલાવ્યો હતો, કર્મો કરવાનો તેનો સ્વભાવજ પડી ગયો હતો અને અંતે યુદ્ધમાંજ ' ચોર લોકોને હાથે શસ્ત્રોથી છિન્ન ભિન્ન થઇને મરણ પામ્યો હતો; પરંતુ તે પોતાનાં સર્વ કાર્યો સાધીને હમણાં સ્વર્ગલોકમાં આનંદ કરી રહ્યો છે.[૨૬] રાજાઓમાં સિંહસમાન બળવાન રાજા હયગ્રીવ, ધનુષરૂપી યજ્ઞસ્તંભવાળા, પ્રત્યંચારૂપ પશુબંધનની દોરીવાળા, બાણોરૂપી સ્રુકૂવાળા, તરવારરૂપી સ્રુવવાળા, રુધિરરૂપી ઘૃતધારાવાળા, રથરૂપી વેદિકાવાળા, ક્રોધરૂપી અગ્નિવાળા અને ચાર ઘોડાઓરૂપી ચાર ઋત્વિજોવાળા યુદ્ધરૂપી યજ્ઞમાં પોતાના શત્રુઓને હોમીને પાપથી મુક્ત થયો હતો તથા છેવટે રણસંગ્રામરૂપ યજ્ઞના અવભૃથસ્નાનસમયે પોતાના પ્રાણોની પણ આહુતિ આપીને સ્વર્ગલોકમાં આનંદ કરી રહ્યો છે.[૨૭,૨૮] વળી શૂર-

વીર મહાત્મા હયગ્રીવે બુદ્ધિ અને નીતિપૂર્વક દેશની રક્ષા કરી હતી, ઘણા યજ્ઞો કર્યા હતા અને યુદ્ધમાં પ્રાણોનો ત્યાગ કરી સર્વ લોકમાં કીર્તિને ફેલાવી દીધી હતી, પણ તે હમણાં સ્વર્ગલોકમાં ઘણોજ સુખી છે.[૨૯] ધર્મશીલ મહાત્મા હયગ્રીવે, સર્વ ક્રિયાઓ કરતી વેળા સંપૂર્ણ ઉત્સાહ રાખ્યો હતો, અભિમાનનો ત્યાગ કરી યજ્ઞાદિ ક્રિયારૂપ દૈવી સિદ્ધિનું પાલન કર્યું હતું; તેમજ માનુષી સિદ્ધિનું, દંડનીતિનું તથા પૃથ્વીનું સારી પેઠે રક્ષણ કર્યું હતું, જેથી તે રાજા હમણાં સ્વર્ગલોકમાં અત્યંત આનંદ કરી રહ્યો છે.[૩૦] રાજા હયગ્રીવ વિદ્વાન હતો, સુપાત્રે દાન કરનારો હતો, શ્રદ્ધાળુ હતો અને કૃતજ્ઞ હતો. તેણે મહાઉત્તમ કર્મો કરીને આ મનુષ્યલોકનો ત્યાગ કર્યો છે અને આ સમયે તે પ્રયાગ આદિ પવિત્ર ક્ષેત્રોમાં પ્રાણત્યાગ કરીને વિદ્વાનોમાં માન્ય થયેલા બુદ્ધિમાન પુરુષોના દિવ્ય લોકમાં જઇને આનંદ કરી રહ્યો છે.[૩૧] મહાત્મા હયગ્રીવે વેદોનું તથા શાસ્ત્રોનું વિધિપૂર્વક અધ્યયન કર્યું હતું, રાજ્યનું રૂડી રીતે પાલન કર્યું હતું અને ચારે વર્ણોને પોતપોતાના ધર્મમાં સ્થાપિત કર્યા હતા, જેથી સ્વર્ગલોકમાં તે અત્યંત સુખી છે.[૩૨] રાજા હયગ્રીવે ઘણા સંગ્રામોમાં વિજય મેળવ્યો હતો, પ્રજાઓનું યોગ્યતાપૂર્વક રક્ષણ કર્યું હતું, યજ્ઞમાં સોમરસનું પાન કર્યું હતું, ઉત્તમ બ્રાહ્મણોને તૃપ્ત કર્યા હતા અને પ્રજાઓપર યુક્તિપૂર્વક દંડધારણા કરી હતી, જેથી યુદ્ધમાં મરણ પામ્યા પછી સ્વર્ગલોકમાં જઇને તે આનંદ કરી રહ્યો છે.[૩૩] જે રાજાના જીવનચરિત્રને સ્તુતિપાત્ર અને પૂજાપાત્ર જાણીને વિદ્વાન મનુષ્યો માન આપે છે, તે પવિત્રકીર્તિ મહાત્મા હયગ્રીવ, સ્વર્ગલોકને જીતીને વીર પુરુષોના લોકમાં ગયો છે અને ઉત્તમ સિદ્ધિને પામ્યો છે.[૩૪]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "વ્યાસનાં વાક્યો" એ વિષયનો અધ્યાય ૨૪ મો સમાપ્ત.

* * *

अध्याय २५ मो

સંસારનું સ્વરૂપ

॥ वैशंपायन उवाच ॥

द्वैपायनवचः श्रुत्वा कुपिते च धनंजये ॥
व्यासमामन्त्र्य कौंतेयःप्रत्युवाच युधिष्ठिरः ।१।

વૈશંપાયન બોલ્યા:– હે જનમેજય! એ પ્રમાણે વ્યાસનાં વચનો સાંભળ્યા પછી અને અર્જુનને કોપાયમાન થયેલો જોયા પછી રાજા યુધિષ્ઠિર વ્યાસને સંબોધીને આ પ્રમાણે કહેવાલાગ્યા.[૧]

યુધિષ્ઠિર બોલ્યા:–"હે મુનિ! પૃથ્વીનું આ રાજ્ય અને વિવિધ પ્રકારના ભોગવૈભવો હવે મારા મનને પ્રસન્ન કરી શકે તેમ નથી. આ સમયે મને જે શોક થાય છે તે મારા હૃદયને ગુંગળાવી નાખે છે.[૨] પોતાના વીર પતિઓથી તથા પુત્રોથી વિયોગી થયેલી આ સ્ત્રીઓનો વિલાપ સાંભળી મને લગારે શાંતિ મળતી નથી."[૩]

યુધિષ્ઠિરે એ પ્રમાણે કહ્યું, એટલે યોગવેત્તાઓમાં શ્રેષ્ઠ, મહાબુદ્ધિમાન અને વેદના પારને પામેલા ધર્મજ્ઞ ભગવાન વ્યાસે યુધિષ્ઠિરને કહ્યું.[૪]

વ્યાસ બોલ્યા:–"હે રાજા! કોઇ પણ મનુષ્યને યજ્ઞાદિ કર્મો કરવાથી અથવા બીજી હરકોઈ ક્રિયાઓ કરવાથી કંઈ પણ મળી શકતું નથી, તેમજ મનુષ્યને કોઇ કંઇ આપી શકતું પણ નથી. વિધાતાએ જે સમયે, જે વસ્તુનું, જેને માટે નિર્માણ કરેલું હોય છે, તે વસ્તુ તે સમયે તેનેજ મળી શકે છે. સંક્ષેપમાં એટલુંજ કહી શકાય કે, મનુષ્ય સમય આવતાંજ સર્વ કંઇ મેળવી શકે છે; અર્થાત્ વિલાપ કરી રહેલી આ વીર પત્નીઓને તેઓના પતિઓ હવે મળી શકે તેમ નથી, તેમજ રડવાથી તેઓને તેઓના પતિ કોઇ પાછા આપી શકે તેમ પણ નથી; કારણ કે તેઓને તેઓના પતિઓ સાથે સમાગમ કરવાનો સમય હવે વીતી ગયો છે, માટે તમારે હવે તે સ્ત્રીઓના સંબંધમાં શોક કરવો યોગ્ય નથી.[૫] વિધાતાએ નિર્માણ કરેલો સમય જ્યાંસુધી ઉપસ્થિત થયો ન હોય, ત્યાંસુધીમાં મનુષ્યો બુદ્ધિપૂર્વક સર્વ શાસ્ત્રોનું અધ્યયન કરે તોપણ પુત્રાદિક ઇષ્ટ વસ્તુઓને

પ્રાપ્ત કરવા શક્તિમાન થતા નથી. કોઇ સમયે મૂર્ખ મનુષ્ય પણ વિશેષ જાતના અર્થોને પ્રાપ્ત કરી શકે છે; કારણ કે કાળને કોઇપણ કાર્યપ્રત્યે વિશેષતાવાળી વ્યક્તિની અપેક્ષા હોતી નથી.[૬] જ્યાંસુધી અભ્યુદયનો કાળ ઉપસ્થિત થયો ન હોય, ત્યાંસુધી કોઇ જાતની કળા, મંત્રો કે ઔષધિઓ ફળ આપી શકતાં નથી; પરંતુ તેનાં તેજ, જ્યારે તેઓનો ફળકાળ પ્રાપ્ત થાય છે ત્યારે, ફળસમૃદ્ધથી સિદ્ધ બને છે અને વૃદ્ધિ પામે છે.[૭] જુઓ, વાયુઓ પણ સમય આવતાંજ ઝપાટાબંધ વહેવા માંડે છે, વૃષ્ટિ પણ સમય આવતાંજ મેઘમંડળોદ્વારા પ્રાપ્ત થાય છે, સમય આવતાંજ જળાશયોમાં કમળો ખીલી નીકળે છે, સમય આવતાંજ વનની અંદર વૃક્ષો ફાલી નીકળે છે, સમય આવતાંજ શુક્લપક્ષની તથા કૃષ્ણપક્ષની રાત્રીઓ શ્યામ,શ્વેત બને છે અને સમય આવતાંજ ચંદ્રનું બિંબ પારપૂર્ણ થઇ ઝળકી નીકળે છે; પણ સમયવિના વૃક્ષોમાં પુષ્પો ખીલતાં નથી કે ફળો આવતાં નથી, સમયવિના નદીઓ વેગપૂર્વક વહેતી નથી, સમયવિના પક્ષીઓ, સર્પો, મૃગો, હાથીઓ કે સિંહો મદમત્ત થતા નથી, સમયવિના સ્ત્રીઓ ગર્ભને ધારણકરી શકતી નથી, સમયવિના શિશિર ઋતુ, ગ્રીષ્મ ઋતુ કે વર્ષાઋતુ આવતી નથી, સમયવિના કોઇનું મરણ થતું નથી સમયવિના કોઇનો જન્મ થતો નથી, સમયવિના બાલક બોલતાં શીખતું નથી, સમયવિના બાળકને યુવાવસ્થા પ્રાપ્ત થતી નથી, સમયવિના વાવેલું બી ઉગતું નથી, સમયવિના સૂર્યનો ઉદયાસ્ત થતો નથી, સમયવિના ચંદ્રનો વૃદ્ધિક્ષય થતો નથી અને સમય આવ્યાવિના સમુદ્રમાં તરંગમાળાઓ ઉછળતી નથી.[૮-૧૨] હે યુધિષ્ઠિર રાજા ! આના સંબંધમાં એક પ્રાચીન ઇતિહાસ લોકો કહે છે. રાજા સેનજિત પુત્રના શોકથી જ્યારે વિહ્વળ થઈ ગયો હતો,ત્યારે તેણે આ પ્રમાણે કહ્યું હતું:—[૧૩] અરેરે! અફસોસ ! આ દુઃસહ કાળગતિ, અનુક્રમે સર્વ મનુષ્યોને ઝડપી લે છે. પૃથ્વીમાંહેનાં સર્વ પ્રાણીઓ કાળથી પરિપકવ થઇને મરણધર્મને પામે છે.[૧૪] હે રાજા ! વ્યવહારદૃષ્ટિએ આપણને જોવામાં આવે છે કે, 'અમુક મનુષ્યે અમુક મનુષ્યને માર્યો. વળી પેલે માણસ પેલા માણસને મારે છે.' પરંતુ વાસ્તવિક દૃષ્ટિએ જોતાં જણાય છે કે, કોઈ કોઇને મારી શકતો નથી અને કોઇનાથી કોઈ મરતો પણ નથી.[૧૫] કોઈએક માને છે કે, અમુક અમુકને મારે છે અને કોઈએક માને છે કે અમુક અમુકને મારતો નથી; પરંતુ સિદ્ધાન્ત તો એજ છે કે, પ્રાણીઓની ઉત્પત્તિ અને નાશ ચૈતન્યસત્તારૂપ સ્વભાવથીજ સ્વતઃ થયા કરે છે.[૧૬] ધન, સ્ત્રી, પુત્ર અથવા પિતાનો જ્યારે નાશ થાય છે, ત્યારે મનુષ્ય મૂર્ખાઇને લીધે "હાય, હાય, મારાપર મહાન દુઃખ આવી પડ્યું" આવો વિચાર કરીનેજ દુઃખનો એક ઉપાય કરી બેસે છે; પણ જો તે દુઃખનો વિચારજ ન કરે તો તેને દુઃખ થતુંજ નથી.[૧૭] તો પછી તમે મૂઢ પુરુષની પેઠે શોકાક્રાંત મનુષ્યોમાટે કેમ શોક કરો છો ? તમારે સમજવુંજોઇએ કે, જે મનુષ્ય દુઃખનું સ્મરણ કરે છે તેનાં દુઃખો ઉલટાં વૃદ્ધિ પામે છે અને જે મનુષ્ય ભયનું સ્મરણ કરે છે તેનાં ભય વૃદ્ધિ પામે છે.[૧૮] અહંપ્રત્યયવિષયક એવો આ મારો જીવાત્મા મારૂં વાસ્તવિક સ્વરૂપ નથી અને પૃથ્વી આદિ સર્વ દૃશ્યમાન પ્રપંચ પણ મારૂં સ્વરૂપ નથી. વ્યવહારમાં જેવું મારૂં છે તેવું બીજાઓનું છે, આવું જ્ઞાન ધરાવનાર મનુષ્ય કદીપણ મોહવશ થતો નથી.[૧૯] આ જગતમાં હજારો શોકનાં સ્થાનો છે અને સેંકડો હર્ષનાં સ્થાનો છે; પરંતુ તે બધાં મૂઢ મનુષ્યનેજ હર્ષશોક આપી શકે છે, પણ જ્ઞાની પુરુષને કંઇ આપી શકતાં નથી.[૨૦] મનુષ્યોને પ્રથમ જે જે પ્રિય વસ્તુઓ જોવામાં આવે છે, તે તે બધી સમય આવતાં શોકજનક જોવામાં આવે છે; અને જે જે શોકજનક વસ્તુઓ દેખાય છે, તે તે પ્રિય થતી જોવામાં આવે છે. આમ વિભાગવાર સર્વ જીવોના પર સુખદુઃખનાં પરિવર્તન થયા કરે છે![૨૧] ખરૂં જોતાં જગતમાં દુઃખજ છે.સુખ તો છેજ નહિ,જેથી વારંવાર આપણને દુઃખજ આવી મળે છે. સુખનું તથા દુઃખનું લક્ષણ એવુંજ બાંધી શકાય કે, તૃષ્ણાને

લીધે ચિત્તની જે અસ્વસ્થતા તેનું નામ દુઃખ છે અને દુઃખનો જે નાશ તે સુખ છે.[૨૨] મનુષ્યમાત્રને સુખને અંતે દુઃખ આવે છે અને દુઃખને અંતે સુખ આવે છે; પરંતુ કોઇપણ મનુષ્યને સદાકાળ સુખ મળતું નથી. અથવા સદાકાળ દુઃખ મળતું નથી.[૨૩] કોઇ સમયે દુઃખ પછી સુખ મળે છે અને કોઈ સમયે સુખ પછી દુઃખ મળે છે. આ રીતે સુખદુઃખનો અવિચ્છિન્ન પ્રવાહ જગતમાં ચાલ્યાજ કરે છે; માટે જે પુરુષને શાશ્વત સુખની ઈચ્છા હોય તેણે એ બન્ને સાંસારિક સુખદુઃખોનો ત્યાગ કરવો જોઇએ.[૨૪] આમ સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ જ્યારે આવ્યાજ કરે છે, ત્યારે તેના નિમિત્તે શોક, તાપ, દુઃખ અને આયાસની પણ વૃદ્ધિ થયા કરે છે, માટે બુદ્ધિમાન પુરુષે તે સુખદુઃખના નિમિત્તભૂત પોતાના એક અંગને પણ સર્પે કરડેલા અંગુઠાની પેઠે ત્યજી દેવું જોઇએ; તોપછી બાહ્ય અંગભૂત રાજ્યાદિનો ત્યાગ કરવો, એમાં શું કહેવાનું છે?[૨૫] અથવા પોતાનાપર જ્યારે સુખ,દુઃખ, પ્રિય કે અપ્રિયનો પ્રસંગ આવી પડે, ત્યારે શોકના મૂલભૂત હૃદયને વશમાં રાખી તેની સામે થવાનો યત્ન કરવો જોઈએ અને નિર્વિકાર મનથી તેઓને સહન કરવાં જોઇએ.[૨૬] હે રાજા! તમારા પોતાના પુત્રોનાં તથા સ્ત્રીઓનાં પ્રિય કરવામાં તમારી જ્યારે કોઇ જાતની ન્યૂનતા થશે, ત્યારેજ તમે જાણી શકશો કે, કોણ કોનો કયા કારણથી અથવા કયા પ્રકારથી સંબંધી છે?[૨૭] આ જગતમાં જેઓ અતિશય મૂઢ છે અથવા જેઓ બુદ્ધિથી પર રહેલા પરબ્રહ્મને પ્રાપ્ત થયેલા છે, તેઓ સુખી છે; પરંતુ વચલા વર્ગના(નહિ અજ્ઞાની કે નહિ જ્ઞાની) મનુષ્યો નિરંતર દુઃખીજ છે."[૨૮] હે યુધિષ્ઠિર રાજા! મહાબુદ્ધિમાન અને ભૂત-ભવિષ્યને જાણનારા રાજા સેનજિતે લોકોના સુખદુઃખના સંબંધમાં એ પ્રમાણે કહેલું છે.[૨૯] વળી જે પુરુષ, જે કારણથી પોતાને દુઃખી માને છે તે પુરુષ કદી સુખી થતો નથી અને દુઃખોનો તો કદી નાશજ નથી. તે તો એક પછી એક એમ ઉપરાઉપરી આવ્યાજ કરે છે.[૩૦] સુખ-દુઃખ, ઉત્પત્તિ-નાશ, લાભ-અલાભ, મરણ અને જીવિત સર્વ પ્રાણીઓને અનુક્રમે પ્રાપ્ત થાયજ છે, જેથી ધીર પુરુષે તેના સંબંધમાં હર્ષ કે શોક કરવો ન જોઇએ.[૩૧] રણક્ષેત્રમાં ઉતરી યુદ્ધ કરવું તે રાજાની યજ્ઞદીક્ષા છે, રાજ્યાસનપર બેસી દંડનીતિમાં નિપુણતા મેળવવી તે રાજાનો યોગ છે અને યજ્ઞમાં સારી રીતે દક્ષિણાદાન કરીને દ્રવ્યનો જે ત્યાગ કરવો તે રાજાનો સંન્યાસ છે, એમ વિદ્વાનો કહે છે. વળી તે ત્રણજ રાજાને પવિત્ર કરનારાં છે;[૩૨] તેમજ જે રાજા બુદ્ધિ અને નીતિપૂર્વક રાજ્યનું રક્ષણ કરે છે, અહંકારરહિત થઇ યજ્ઞયાગ કરે છે અને સર્વ લોકોના તરફ ધર્મદૃષ્ટિથી વર્તન કરે છે, તે મહાત્મા રાજા, મરણ પછી દેવલોકમાં જઇને આનંદ કરે છે.[૩૩] અનેક યુદ્ધોમાં વિજય મેળવ્યા પછી, રાજ્યનું સારી રીતે રક્ષણ કર્યા પછી, યજ્ઞમાં સોમરસનું પાન કર્યા પછી, પ્રજાઓનો અભ્યુદય કર્યા પછી અને યુક્તિપૂર્વક પ્રજાઓનું નિયમન કર્યા પછી જે રાજા યુદ્ધમાં પ્રાણત્યાગ કરે છે, તે રાજા સ્વર્ગલોકમાં આનંદનો અનુભવ કરે છે.[૩૪] વળી વેદોનું તથા શાસ્ત્રોનું વિધિપૂર્વક અધ્યયન કરીને, રાજ્યનું બરાબર રક્ષણ કરીને તથા ચારેય વર્ણના લોકોને સ્વધર્મમાં સ્થાપીને પવિત્રાત્મા થયેલો રાજા મરણ પછી સ્વર્ગલોકમાં સુખ ભોગવે છે.[૩૫] જે રાજા સ્વર્ગમાં ગયો હોય છતાં પાછળથી જેના ચરિત્રનું શહેરના તથા દેશના લોકો અને સર્વ મંત્રીવર્ગ ઘેર ઘેર વર્ણન કરે છે, તે રાજા જગતનો મહારાજા ગણાય છે.[૩૬]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં "રાજા સેનજિતનું ઉપાખ્યાન" એ વિષયનો અધ્યાય ૨૫ મો સમાપ્ત.

अध्याय २६ मो

યુધિષ્ઠિરનાં વાક્યો—સર્વ દોષોનું મૂળ ધન છે.

॥ वैशंपायन उवाच ॥

अस्मिन्नेव प्रकरणे धनंजयमुदारधीः ॥
अभिनीततरंवाक्यमित्युवाच युधिष्ठिरः ॥१॥

વૈશંપાયન બોલ્યાઃ–હે જનમેજય ! એ પ્રમાણે વ્યાસમુનિના ઉપદેશનું પ્રકરણ ચાલી રહ્યું હતું, તેજ સમયે બુદ્ધિકુશલ રાજા યુધિષ્ઠિર અર્જુનને ઉદ્દેશીને આ પ્રમાણે બોલ્યાઃ–[૧] "હે પાર્થ! તું સર્વના કરતાં ધનનેજ શ્રેષ્ઠ માને છે અને કહે છે કે, નિર્ધન પુરુષને સ્વર્ગ, સુખ અને પુરુષાર્થનો લાભ થતો નથી, પણ તે તારી ભૂલ છે.[૨] ઘણા મનુષ્યો કેવળ સ્વાધ્યાયરૂપ યજ્ઞ કરીનેજ સિદ્ધ થયેલા જોવામાં આવે છે; તેમજ અનેક મુનિઓ કેવળ તપશ્ચર્યા કરીનેજ સનાતન બ્રહ્મલોકમાં ગયેલા છે.[૩] વળી જે બ્રહ્મચારીઓ વેદાધ્યયનરૂપ માર્ગનો આશ્રય કરી ઋષિઓના સંપ્રદાયનું અવિચ્છિન્ન રીતે રક્ષણ કરે છે, તેઓને સર્વ ધર્મને જાણનારા દેવતાઓ બ્રાહ્મણ કહે છે.[૪] હે ધનંજય! જે કેટલાએક ઋષિઓ કેવળ સ્વાધ્યાયનિષ્ઠ હોય છે અને જે બીજા ઋષિઓ કેવળ જ્ઞાનનિષ્ઠ હોય છે, તેઓ બધાને તારે ધર્મનિષ્ઠજ જાણવા.[૫] હે સમર્થ અર્જુન! રાજ્યનાં સર્વ કાર્યો જ્ઞાનનિષ્ઠ પુરુષોના કહેવા પ્રમાણેજ કરવાં જોઇએ, આવું વૈખાનસ (વાનપ્રસ્થ) મુનિઓનું વચન છે, તે આપણે જાણીએજ છીએ.[૬] હે ભારત ! અજ, પૃશ્નિ, સિકત, અરુણ અને કેતુ આદિ ઋષિગણો કેવળ સ્વાધ્યાયકર્મથીજ સ્વર્ગમાં ગયા છે.[૭] હે ધનંજય! દાન, અધ્યયન, યજ્ઞ અને મહાદુષ્કર ઇંદ્રિયનિગ્રહ–એ સર્વ વેદોક્ત કર્મો કરવામાં જે પુરુષો આસક્ત રહે છે, તેઓ સૂર્યના દક્ષિણમાર્ગમાં થઇને (દક્ષિણાયન માર્ગદ્વારા) સ્વર્ગલોકમાં જાય છે; અને એ બધા કર્મનિષ્ઠ પુરુષોને જે જે દિવ્ય લોકોની પ્રાપ્તિ થાય છે, તેના સંબંધમાં મેં પ્રથમ પણ તને કહેલું છે.[૮,૯] તેમજ હે પાર્થ! સૂર્યના ઉત્તર તરફના જે માર્ગને (ઉત્તરાયણ માર્ગને) તું જાણે છે, તે તરફ યોગીઓના પ્રકાશિત લોકો શોભી રહેલા છે.[૧૦] આ બન્ને દક્ષિણ માર્ગ અને ઉત્તરમાર્ગમાં ઉત્તરમાર્ગનીજ પ્રાચીન વિદ્વાનો પ્રશંસા કરે છે. આ જગતમાં સંતોષજ સ્વર્ગનું મહારાજ્ય છે, સંતોષજ પરમ સુખરૂપ છે અને સંતોષના કરતાં બીજું કંઈપણ ઉત્તમ નથી. વળી તે સંતોષ, પરમ વૈરાગ્ય નામની ઉત્તમ સિદ્ધિ કહેવાય છે અને તે, ક્રોધહર્ષાદિકનો જય કરનારા પુરુષનેજ સંપૂર્ણ રીતે પ્રાપ્ત થાય છે, પણ તે સિવાયના બીજાને પ્રાપ્ત થતી નથી..[૧૧,૧૨] આવાજ આશયથી યયાતિરાજાએ એક ગાથા ગાયેલી હતી કે જેનું હજી પણ લોકો ગાન કરી રહ્યા છે. જેમકેઃ–કાચબો પોતાનાં સર્વ અંગોને જેમ સંકોચી લે છે, તેમ પુરુષ, જ્યારે સર્વ વાસનાઓને યથાર્થજ્ઞાન કરીને સંકુચિત કરી નાખે છે, પોતે કોઇનાથી ભય પામતો નથી તેમ બીજાઓ પોતાનાથી ભય પામતા નથી, કોઈ પ્રિય વસ્તુની ઇચ્છા કરતો નથી અને અપ્રિય વસ્તુનો દ્વેષ કરતો નથી, ત્યારે તે બ્રહ્મસ્વરૂપ થઇ શકે છે. વળી જ્યારે મન, વચન કે કર્મથી પણ કોઇ પ્રાણીનું અનિષ્ટ કરવા તત્પર થતો નથી, ત્યારે તે બ્રહ્મસ્વરૂપ થઇ શકે છે; તેમજ માનનો, મોહનો તથા ભિન્ન ભિન્ન સર્વ જાતના સંગોનો જ્યારે ત્યાગ કરે છે, ત્યારે તે આત્મજ્ઞ સાધુ પુરુષ મોક્ષને પામી શકે છે."[૧૩-૧૬] હે પાર્થ! વળી પણ હું તને એક ધ્યાન રાખવા જેવી વાત કહું છું તેને તું એકચિત્ત થઇને સાંભળ. આ જગતમાં કેટલાએક ધર્મ કરવાની ઇચ્છા રાખે છે અને બીજા કેટલાએક સદાચરણપૂર્વક વર્તન કરવાની ઇચ્છા રાખે છે. તે તો જાણે કે યોગ્યજ છે, પરંતુ જેઓ ધર્મ કરવામાટે ધન સંપાદન કરવાની ઇચ્છા રાખે છે, તેઓને માટે જો કહીએ તો એજ કે, તેઓએ તે ધનદ્વારા ધર્મ કરવાની ઇચ્છાજ ન કરવી તે વધારે ઉત્તમ છે; કારણકે ધનની અંદર ઘણા દોષો રહેલા છે, તેમજ એ ધનમૂલક યજ્ઞાદિક ધર્મની અંદર પણ વિશેષે કરી દોષોજ ભરપૂર હોય છે.[૧૭,૧૮] તેનો હું પ્રત્યક્ષ અનુભવ કરી શકું છું અને તું પણ તેને પ્રત્યક્ષ અનુભવે છે. વળી જે પુરુષ ધનની ઇચ્છા રાખે છે, તેને ત્યાજ્ય વિષયોનો પણ ત્યાગ કરવો અશક્ય થઈ પડે છે અને જેઓ ધનને પ્રાપ્ત કરે છે તેઓની અંદર સત્પુરુષોને યોગ્ય એવાં કર્માચરણ દુર્લભજ થઇ પડે છે; કારણકે જેઓ બીજાઓના દ્રોહ કરનારા

હોય છે તેઓનેજ તે ધન પ્રાપ્ત થાય છે; અર્થાત્ હિંસાવિના ધનપ્રાપ્તિ થતીજ નથી. વળી ધનની પ્રાપ્તિ થયા પછી પણ તે સર્વથા પ્રતિકૂલજ દેખાય છે–તેનું રક્ષણ કરવા માટે અનેક જાતનાં સંકટો વેઠવાં પડે છે.[૧૯,૨૦] ઘણા દુરાચારી સ્વભાવના મનુષ્યો તો શોક તથા ભયનો ત્યાગ કરી દઇ થોડા ધનને માટે પણ તૃષ્ણાકુલ થઇને બીજાઓપર અનેક અત્યાચારો કરે છે; પરંતુ તે તે કૃત્યોથી બાળહત્યા આદિ ઘોર પાતકો ઉપસ્થિત થાય છે, તેઓની તેને ખબરજ પડતી નથી.[૨૧] વળી ધનવાન પુરુષો, મહાદુર્લભ ધનને પ્રાપ્ત થયા પછી પણ પોતાના નોકરચાકરોને પગાર આપતી વેળા જાણે ચોર લોકોથી લૂંટાઈ જતા હોય તેમ, મનમાં ઘણોજ સંતાપ પામે છે અને ઘણે ભાગે દાન કરીને પણ પાછળથી પસ્તાય છે. જો કદાચ લોભને લીધે નોકરચાકરોને પૂરતા પગાર ન આપે તોપણ ધનવાનોને દુઃખજ ભોગવવું પડે છે; કારણ કે નોકરો જગતમાં તેઓને દેવાળીઆતરીકે પ્રસિદ્ધ કરે છે.[૨૨] પરંતુ જે પુરુષ નિર્ધન છે તેને કોણ શું કહી શકે તેમ છે? તે તો સર્વ ઉપાધિઓથી મુક્ત છે અને સંપૂર્ણ સુખી છે. વળી ધનનો સંગ્રહ કરવાથી કોઇપણ મનુષ્ય સુખી રહી શકતો નથી; કારણકે સંગ્રહ કરેલું દ્રવ્ય વાસ્તવિક રીતે દેવદ્રવ્યજ ગણાય છે અને તે દેવદ્રવ્યનો, દેવોને આપ્યા વિના સંગ્રહ કરી રાખવાથી મનુષ્ય કેમ સુખી થઇ શકે? પ્રાચીન ઈતિહાસવેત્તાઓ દ્રવ્યનો સંગ્રહ નહિ કરવા વિષે આ પ્રમાણે વેદાનુકૂલ વચનો કહે છે:–" વિધાતાએ યજ્ઞોમાટેજ ધનને ઉત્પન્ન કર્યું છે અને વેદોએ પણ યજ્ઞોનું અનુષ્ઠાન કરવા માટે તથા યજ્ઞોનું રક્ષણ કરવા માટેજ પુરુષને આજ્ઞા આપેલી છે; માટે સર્વ મનુષ્યોએ પોતાના સર્વ ધનનો કેવળ યજ્ઞોમાંજ ઉપયોગ કરવો, પરંતુ ભોગવૈભવો ભોગવવા માટે ધનનો ઉપયોગ કરવો તે હિતકારક કે પ્રશંસાપાત્ર નથી."[૨૩–૨૫] હે કુંતાપુત્ર! વિધાતા, મનુષ્યોને પોતાના પોષણમાટે તથા યજ્ઞાદિ ક્રિયાઓ કરવા માટે ધન આપે છે, માટે હે ધનવાનોમાં શ્રેષ્ઠ અર્જુન! ધન, કેવળ યજ્ઞો કરવા માટેજ છે, એમ તારે જાણવું[૨૬] અને તે ઉપરથીજ જ્ઞાની પુરુષો સમજે છે કે, ધનનો કોઈ સ્વામીજ નથી; માટે સર્વ શ્રદ્ધાળુ મનુષ્યોએ ધનનું દાન કરી દેવું અથવા યજ્ઞયાગોમાં તેનો ઉપયોગ કરવો.[૨૭] વિદ્વાનો કહે છે કે ,એકઠા કરેલા ધનનો દાન કરવામાંજ ઉપયોગ કરવો, પણ ભોગવૈભવો ભોગવીને તેનો દુરુપયોગ કરવો નહિ; કારણકે યજ્ઞદાનાદિક મોટાં મોટાં કાર્યો જ્યારે અવશ્ય કરવાનાં હોય છે, ત્યારે ધનનો સંગ્રહ કરવાથી શું ફળ છે?[૨૮] હવે, ધનનું દાન કરતી વેળા પણ પાત્રાપાત્રનો અવશ્ય વિચાર કરવો. જો કદાચ પાત્રાપાત્રનો વિચાર કર્યા વિના સ્વધર્મથી ભ્રષ્ટ થયેલા કુપાત્રને દાન અપાઇ જાય છે તો તે દાન કરનારા અલ્પબુદ્ધિ પુરુષો, મરણ પછી સો વર્ષપર્યંત વિષ્ઠાનું ભોજન કરે છે.[૨૯] કોઈ સમયે એવું પણ બને છે કે,દાન કરનારો મનુષ્ય,પાત્રાપાત્રનો વિચાર કર્યા વિના કુપાત્રને દાન આપે છે અને સુપાત્રને દાન આપતો નથી, માટે ખરૂં જોતાં દાનધર્મ પણ મહાદુષ્કર છે.[૩૦] મેળવેલા ધનનો ઉપયોગ કરતી વેળા બે જાતના ગંભીર પ્રમાદો જરૂર થાય છે, એમ સમજવું. તે એજ કે, કુપાત્રને દાન અપાય છે ત્યારે સુપાત્રને અપાતું નથી.[૩૧]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "યુધિષ્ઠિરનાં વાક્યો" એ વિષયનો અધ્યાય ૨૬ મો સમાપ્ત.

अध्याय २७ मो

યુધિષ્ઠિરનો ખેદ

॥ युधिष्ठिर उवाच ॥

आभिमन्यौ हते बाले द्रौपद्यास्तनयेषु च ॥
धृष्टद्युम्ने विराटे च द्रुपदे च महीपतौ ॥१॥

(ત્યારપછી)યુધિષ્ઠિર રાજા(ભગવાન વ્યાસને ઉદ્દેશીને) બોલ્યા:–" આ મહાન યુદ્ધમાં બાળક અભિમન્યુ,દ્રૌપદીના પુત્રો, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ્ રાજા,

દ્રુપદ રાજા, વૃષસેન, રાજા ધૃષ્ટકેતુ અને બીજા ઘણા જૂદા જૂદા દેશના રાજાઓ માર્યા ગયા છે, તેથી મને જે શોક થાય છે તે છોડયો છોડી શકાય તેવો નથી. ઓહ ! અફસોસ ! રાજ્ય લેવાની કામનાથી આતુર અને અતિ ક્રૂર થઇને મેં મારા જ્ઞાતિલાઓનો સંહાર કરાવ્યો છે. રે! સ્વવંશનોજ ઉચ્છેદ કરાવ્યો છે.[૧-૩] અરેરે ! બાલ્યાવસ્થામાં જેમના ખોળામાં આળોટીને તથા રમતગમત કરીને હું મોટો થયો છું, તે ગંગાપુત્ર ભીષ્મ પિતામહને રાજ્યલોભી એવા મેં યુદ્ધમાં મારી નંખાવ્યા છે.[૪] વૃદ્ધ સિંહસરખા ઉન્નત પુરુષસિંહ પિતામહ ભીષ્મ જે સમયે શિખંડીની દૃષ્ટિએ ચઢયા હતા અને અર્જુનનાં વજ્રપાતસરખાં બાણોના ચોતરફના મારાને લીધે કંપાયમાન થઇ વિહ્વળ થઇ ગયા હતા, તે સમયેજ તેમના તરફ જોઇને મારૂં મન અત્યંત ઉદાસ થઈ ગયું હતું. વળી જે સમયે શત્રુ મહારથીઓને પીડા કરનારા અમારા પિતામહ, કડકડી પડેલા પર્વતની પેઠે પૂર્વ દિશાસન્મુખ મુખ કરી રથમાં ઢળી પડયા હતા, તે સમયે તેમને સીદાતા જોઇને હું બેભાન જેવો થઈ ગયો હતો.[૫-૭] કુરુવંશમાં જન્મેલા જે ભીષ્મ પિતામહે ધનુષબાણ હાથમાં લઇને પરશુરામની સામે કુરુક્ષેત્રમાં ઘણા દિવસો સુધી મહાન યુદ્ધ કર્યું હતું,[૮] કાશીનગરીમાં સર્વ રાજમંડળ જ્યારે એકઠું થયું હતું, ત્યારે તેઓની વચ્ચેથી કન્યાનું હરણ કરીને વીર ભીષ્મ પિતામહે, એક રથનીજ સહાય લઇને સર્વ રાજાઓને યુદ્ધ કરવા માટે આહ્વાન કર્યું હતું.[૯] અરે ! જે પિતામહે જગતમાં અજિત ગણાતા ચક્રવર્તી રાજા ઉગ્રાયુધને પોતાના અસ્ત્રના પ્રતાપથી બાળી ભસ્મ કરી નાખ્યો હતો, તે ભીષ્મપિતામહને મેં યુદ્ધમાં મારી નંખાવ્યા છે.[૧૦] જે ભીષ્મે, પંચાલપુત્ર શિખંડિને પોતાનો કાળરૂપ જાણ્યા છતાં બાણોવડે મારી નાખ્યો ન હતો પણ ઉલટી રક્ષા કરી હતી, તે પિતામહને મેં અર્જુનદ્વારા મારી નંખાવ્યા છે.[૧૧] હે મહામુનિ વ્યાસ ! એ પિતામહને લોહીલુહાણ થઇ પૃથ્વીપર પડી ગયેલા જ્યારે મેં જોયા હતા, ત્યારથીજ મારા મનમાં મહાતીવ્ર સંતાપ પેસી ગયો છે.[૧૨] હાય, હાય! જેમણે અમને બાલ્યાવસ્થાથીજ ઉછેરીને મોટા કર્યા હતા અને જેમણે સદાકાળ અમારૂં રક્ષણ કર્યું હતું, તે પિતામહ ભીષ્મને મેં ગુરુહત્યારાએ અલ્પકાળના રાજ્ય લેવામાં લુબ્ધ અને મૂઢ બની જઇને મારી નંખાવ્યા છે.[૧૩] રે! રે! તે કરતાં પણ વિશેષ પાપ કરવા માટે મેં, સર્વ રાજાઓમાં પૂજાયલા મહાધનુર્ધર મારા આચાર્યને જાણી જોઇને મરાવી નાખ્યા છે. તેમણે રણમાં મારી સન્મુખ આવીને પોતાના પુત્રનું જ્યારે કુશલ પૂછ્યું હતું, ત્યારે મેં પાપીએ "અશ્વત્થામા મરી ગયો" આવું મિથ્યા ભાષણ કર્યું હતું. હાય! તે વાતનું સ્મરણ આવતાં તો મારાં ગાત્રો બળીને ભસ્મ થઇ જાય છે, કે મારા ગુરુએ મને સત્ય બોલનારો જાણીને વિશ્વાસથી પૂછ્યું હતું કેઃ-"હે રાજા! તું મને સત્ય કહી દે, કે મારો પુત્ર જીવે છે કે મરી ગયો?" આના ઉત્તરમાં પણ મેં મારા સત્યવચનીપણાને તિલાંજલિ આપી તેમને કહ્યું હતું કેઃ-"અશ્વત્થામા મરી ગયો છે." ખરી રીતે તો અશ્વત્થામા નામનો હાથીજ મરી ગયો હતો છતાં હું આવું અસત્ય વચન બોલ્યો તેથી મેં મહાપાપી કૃત્ય કર્યું છે; અને તેનું ફળ ભોગવવા માટે મારે કયા નારકી લોકોમાં જવું પડશે તે હું કહી શકતો નથી.[૧૪-૧૮] વળી યુદ્ધોમાંથી કદી પલાયન નહિ કરનારા મારા મોટાભાઈ કર્ણને પણ મેં મરાવી નાખ્યો છે, જેથી મારા કરતાં વધારે પાપી આ જગતમાં બીજો કોણ કહેવાય? અરેરે! મેં લોભીઆએ, પર્વતોમાં ઉત્પન્ન થયેલા સિંહસમાન બળવાન, કુમાર અભિમન્યુને દ્રોણના રક્ષણતળે રહેલી સેનાસામે યુદ્ધ કરવા મોકલ્યો અને ચક્રવ્યૂહમાં દાખલ કર્યો. જ્યારથી અભિમન્યુનું મરણ થયું છે, ત્યારથી હું અર્જુનસામે એકીટસે જોઈ શકતો પણ નથી; તેમજ બાળહત્યારો મનુષ્ય જેમ કોઇની સામે નિરખી શકતો નથી, તેમ કમળનેત્ર શ્રીકૃષ્ણ સામે પણ હું નિરખી શકતો નથી. વળી તે સિવાય પાંચ પર્વતોથી હીન થયેલી પૃથ્વીની પેઠે પાંચ

પુત્રોથી હીન થયેલી દુઃખાર્ત્ત દ્રૌપદીને માટે પણ હું શોક કર્યા કરૂં છું. આ રીતે હું સર્વનો અપરાધી છું, પાપી છું અને પૃથ્વીનો નાશ કરાવનાર છું માટે હવે હું જીવીશ નહિ, પણ અહીંજ બેસી રહીને મારા શરીરને શોષવી નાખીશ. તમે બધા જાણો કે, હું ગુરુઓની હત્યા કરનારો છું અને આખા કુળનો નાશ કરનારો છું, જેથી આવતા જન્મમાં ફરીથી હું તેવો પાપી ન થાઉં તે માટે અહીંજ અનશન વ્રતનો સ્વીકાર કરીને બેસી જઈશ. આજથી અન્નજળ હું લઈશજ નહિ.[૧૯-૨૫] હે તપસ્વીઓ! હું આપને સર્વને પ્રસન્ન કરીને પ્રાર્થના કરૂં છું કે, આ કાર્ય કરવા માટે મેં નિશ્ચય કર્યો છે અને હું અહીં બેસીનેજ મારા પ્રિય પ્રાણોનું શોષણ કરી નાખીશ,માટે આપ સર્વે મને અનુજ્ઞા આપીને સ્વેચ્છાનુસાર પોતપોતાને સ્થાનકે પધારો."[૨૬,૨૭]

વૈશંપાયન બોલ્યાઃ–હેજનમેજય! બંધુઓના શોકથી વિહ્વળ થયેલા યુધિષ્ઠિર રાજાએ એ પ્રમાણે કહ્યું,એટલે મુનિશ્રેષ્ઠ વેદવ્યાસે તેમને કહ્યું.[૨૮]

વ્યાસ બોલ્યાઃ–" હે મહારાજ! આમ અત્યંત શોક કરવો તમને યોગ્ય નથી. મેં તમને પ્રથમ કહેલું છે છતાં પણ ફરીથી કહું છું કે, આ બધું દૈવેચ્છાથીજ બનેલું છે.[૨૯] જગતમાં ઉત્પન્ન થયેલાં પ્રાણીઓને જે જે પદાર્થોની સાથે સંયોગ થાય છે, તેઓનો છેડો વિયોગજ છે. જળની અંદર પરપોટાઓ એક પછી એક જેમ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, તેમજ પ્રાણીઓ પણ આ સંસારમાં જન્મે છે અને મરે છે.[૩૦] સર્વ એકત્ર થયેલા પદાર્થોનો અંતે નાશજ છે, સર્વ સમુન્નતિઓનો છેડો અવનતિરૂપેજ આવે છે, સર્વ સંયોગોનો છેડો વિયોગના સ્વરૂપમાંજ હોય છે અને સર્વ કોઇના જીવિતનો છેડો મરણજ છે.[૩૧] કોઇ સમયે આલસ્યનું પ્રાધાન્ય હોય ત્યારે સુખ પણ દુઃખરૂપ જણાય છે અને કોઇ સમયે જ્યારે ઉત્સાહશક્તિનું પ્રાધાન્ય હોય,ત્યારે દુઃખ પણ સુખના સ્વરૂપમાં દેખાય છે; પણ એ વાત નિશ્ચય છે કે, અણિમાદિક સિદ્ધિ, લક્ષ્મી, લજ્જા, ધૃતિ અને કીર્તિ ઉત્સાહશક્તિવાળા પુરુષનોજ આશ્રય કરે છે પણ આળસુ પુરુષનો આશ્રય કરતાં નથી.[૩૨] વળી સુહૃદો સદાકાળ સંપૂર્ણ સુખ આપી શકતા નથી તેમજ શત્રુઓ નિરંતરને માટે દુઃખ આપી શકતા નથી. એજ પ્રમાણે પ્રજાઓ સર્વ અર્થોને આપી શકતી નથી અને ધન સર્વ જાતનાં સુખો આપી શકતું નથી;[૩૩] માટે હે કુંતાપુત્ર! વિધાતાએ તમને જેને માટે ઉત્પન્ન કર્યા છે તે કર્મોનેજ તમે કર્યા કરો. હે રાજા! કર્મો કરવાથીજ તમને સિદ્ધિ મળશે, માટે કર્મોનો ત્યાગ કરવામાં તમે સમર્થજ નથી."[૩૪]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "વ્યાસનાં વાક્યો" એ વિષયનો અધ્યાય ૨૭ મો સમાપ્ત.

अध्याय २८ मो

બ્રાહ્મણ અશ્માનો અને જનક રાજાનો સંવાદ

॥ वैशंपायन उवाच ॥

ज्ञातिशोकाभितप्तस्य प्राणानभ्युत्सिसृक्षतः ॥
ज्येष्ठस्य पांडुपुत्रस्य व्यासःशोकमपानुदत् ॥

વૈશંપાયન બોલ્યાઃ–" હે જનમેજય રાજા! જ્ઞાતિબંધુઓના શોકથી તપી જઇને પ્રાણોનો ત્યાગ કરવા તત્પર થયેલા પાંડુનાવડાપુત્ર યુધિષ્ઠિરના શોકને દૂર કરવા માટે પુનઃ વેદવ્યાસ બોલ્યા." [૧]

વ્યાસે કહ્યુંઃ–" હે યુધિષ્ઠિર ! પૂર્વે જનક રાજાના પ્રશ્ન ઉપરથી અશ્મન્ મુનિએ આ સંસારનું જે રીતે વર્ણન કર્યું હતું તેના સંબંધનો પ્રાચીન ઇતિહાસ જગતમાં કહેવાય છે, તે હું તમને કહું છું. સાંભળો.[૨] વિદેહી રાજા જનક, જે સમયે સાંસારિક દુઃખ અને શોકમાં ગરકાવ થઈ ગયા હતા, તે સમયે તેણે મહાબુદ્ધિમાન અશ્મન્ નામના એક બ્રાહ્મણને પોતાનો સંશય પૂછયો હતો કેઃ–[૩]"પોતાનું કલ્યાણ ઇચ્છનારા પુરુષે જ્ઞાતિઓના સમાગમસમયે, વિયોગના સમયે, ધનની પ્રાપ્તિના સમયે તથા

વિનાશના સમયે કેવી રીતે વર્તવું જોઇએ?" આના ઉત્તરમાં અશ્મન્ મુનિએ જનક રાજાને આ પ્રમાણે કહ્યું હતું:-[૪]"હે જનક રાજા! હરકોઇ મનુષ્યનું શરીર જ્યારે ઉત્પન્ન થાય છે,ત્યારે તુરતજ તેની પાછળ દુઃખ અને સુખ પણ અનુસરે છે.[૫] પછી જ્યારે તે સુખદુઃખમાંથી કોઈ એકની અધિકતા થાય છે, ત્યારે વાયુને લીધે વાદળાંઓ જેમ નષ્ટ થઇ જાય છે,તેમ મનુષ્યની ચેતનાશક્તિ પણ (સારાસારનું વિવેકજ્ઞાન) નષ્ટ થઇ જાય છે,[૬] જેને લીધે તે માને છે કે, હું કુળવાન છું, હું સિદ્ધ છું અને હું કંઇ સામાન્ય મનુષ્ય નથી. બસ, આ ત્રણ માન્યતાઓરૂપ ત્રણ કારણોથીજ મનુષ્યનું ચિત્ત વિવેકથી શિથિલ બની જાય છે, ભ્રષ્ટ થઈ જાય છે[૭] અને તે વિવેકભ્રષ્ટતાને લીધે જાત જાતના કુમાર્ગોમાં આસક્તચિત્ત થયેલો પુરુષ, પોતાના પૂર્વજોએ એકઠા કરેલા ધનાદિક ભોગ્ય પદાર્થોનો જેમ આવે તેમ નાટ્ય, ગીત, વાદિત્ર આદિના મોજશોખમાં વ્યય કરી નાખે છે. પોતાના પૂર્વજોએ સંચિત કરેલા ધનને દુરુપયોગદ્વારા ઉડાવી નાખે છે. પછી ધનનો અભાવ થતાં દરિદ્રાવસ્થામાં જઈ પડીને પરદ્રવ્યનું હરણ કરવાના કૃત્યને (ચોરીને પણ) ઉત્તમ માને છે; અર્થાત્ ચોરી કરવાના કાર્યમાં પણ પ્રવૃત્ત થાય છે.[૮] આ રીતે મર્યાદાનું ઉલ્લંઘન કરી અકાર્યો કરવામાં તે પ્રવૃત્ત થાય છે, એટલે પારધિઓ જેમ મૃગોને બાણો મારીને દુઃખી કરે છે, તેમ રાજાઓ તે પુરુષને બેહાલ કરનારી શિક્ષાઓ કરીને દુઃખી કરે છે અને તે તે કુમાર્ગેથી અટકાવે છે.[૯] હે રાજા! એ પ્રમાણે જેઓ ચોરી આદિ અકાર્યો કરવામાં પ્રવૃત્ત થયેલા હોય છે,તેઓ વીસ વર્ષથી અથવા ત્રીસ વર્ષથી વધારે સો વર્ષપર્યંત કદીપણ જીવી શકતા નથી;[૧૦] માટે સર્વ કોઈ રાજાએ,તેવા દારિદ્ર્યદુઃખમાં સપડાયલા અને તેથીજ તેવા અનાચારો કરવામાં આસક્ત થયેલા પુરુષોનાં ઉંડાં દુઃખોનો બુદ્ધિ સાથે વિચાર કરીને યથાયોગ્ય ઉપાય કરવો જોઇએ અને સર્વ પ્રજાઓના ચારિત્ર્ય તરફ સંપૂર્ણ દૃષ્ટિ રાખવી જોઇએ.[૧૧] મનુષ્યોનાં હરકોઇ માનસદુઃખોનું ઉત્પત્તિકારણ તેઓના ચિત્તનો વિભ્રમ અને પુત્રશોક આદિ અનિષ્ટોની પ્રાપ્તિ-આ બેજ હોય છે. ત્રીજું કારણ હોતુંજ નથી.[૧૨] એવી રીતેજ બીજાં વિવિધ પ્રકારનાં તે તે વિષયસંગથી થયેલાં દુઃખો પણ પૂર્વોક્ત બે કારણોથીજ મનુષ્યને આવી મળે છે.[૧૩] પુરુષો બળવાન હોય કે નિર્બળ હોય,ઠીંગણા હોય કે લાંબા તાડ જેવડા હોય, તોપણ તેઓને વૃદ્ધાવસ્થા અને મૃત્યુ, બે વરૂઓની પેઠે અવશ્ય ભક્ષણ કરીજ જાય છે.[૧૪] કોઇ મહાબળવાન પુરુષ સમુદ્રપર્યંતની પૃથ્વીપર વિજય મેળવે, પરંતુ વૃદ્ધાવસ્થા અને મૃત્યુના પર કદી વિજય મેળવી શકતો નથી;[૧૫] માટે કાળના સપાટામાં સપડાઇ રહેલાં સર્વ પ્રાણીઓએ પોતાનાપર જે જે સુખ અથવા દુઃખ આવી પડે તેને સહન કરી લેવાં, કારણ કે સુખદુઃખ ટાળ્યાં ટળે નહિ તેવાં છે.[૧૬] હે રાજા! પ્રાણિમાત્રને અજર-અમર થવાની ભારે મોટી આકાંક્ષા હોય છે, પરંતુ વૃદ્ધાવસ્થા અને મૃત્યુ તેઓની પાછળ પડીને બાલ્યાવસ્થામાં, યુવાવસ્થામાં કે વૃદ્ધાવસ્થામાં તેઓને અવશ્ય પકડીજ પાડે છે; માટે તે જરા આદિ પદાર્થો ત્યજ્યા ત્યજાય તેવા નથી.[૧૭] વળી સર્વ પ્રાણીઓને અપ્રિય સાથે સંયોગ, પ્રિય સાથે વિયોગ, અર્થ, અનર્થ, સુખ અથવા દુઃખ જે કંઇ પ્રાપ્ત થાય છે, તે બધું દૈવાધીન છે.[૧૮] રે! એટલુંજ નહિ પણ પ્રાણીઓની ઉત્પત્તિ, નાશ, લાભ અને અલાભ, એ સર્વનો સંબંધ પણ કેવળ દૈવાધીનજ છે.[૧૯] વળી વિવિધ પ્રકારનાં અનિર્વાર્ય સુખદુઃખો દૈવચેષ્ટાનેજ અનુસરે છે. જેમ ઉત્પન્ન થયેલા ફળમાં પ્રથમ સ્થિતિના ગંધ, વર્ણ, રસ અને સ્પર્શ દૂર થઇને જૂદા જૂદા અનુક્રમે પ્રાપ્ત થાય છે, તેમ પ્રાણીઓને પણ ભિન્ન ભિન્ન સુખદુઃખાદિ અનુક્રમે પ્રાપ્ત થયા કરે છે. તે પણ દૈવનેજ અધીન હોય છે.[૨૦] સર્વ કોઇને આસન, શયન, યાન, ઉત્થાન, પાન, ભોજન વગેરે નિયત રીતે સમયાનુસારજ આવી મળે છે.[૨૧] જુઓ, જગતમાં જે વૈદ્યો છે તેજ રોગી હોય છે, બળવાનો છે તે પણ દુર્બળ હોય છે અને શ્રીમંતો

પણ નપુંસક હોય છે; માટે કાળની ગતિ વિચિત્રજ છે.[૨૨] ઉત્તમ કુળમાંજન્મ, વીર્ય, આરોગ્ય, રૂપ, સૌભાગ્ય અને સુખવૈભવો પ્રારબ્ધાનુસારજ મળે છે.[૨૩] દરિદ્ર મનુષ્યો સંતાનોમાટે ઇચ્છા પણ કરતા નથી, ત્યારે તેઓને ત્યાં ઘણા પુત્રોજ ઉત્પન્ન થાય છે અને શ્રીમંતો બિચારા સંતાનોમાટે ઘણા ઘણા ઉપાયો કરે છે, છતાં તેઓને ઘેર સંતાનનું નામનિશાન પણ હોતું નથી, જેથી જણાય છે કે, દૈવઘટના વિચિત્ર છે.[૨૪] વ્યાધિ, અગ્નિ, જળ, શસ્ત્ર, ક્ષુધા, આપદાઓ, ઝેર, જ્વર, મરણ અને પ્રાણીઓનું ઉંચેથી પડવું–એ બધું દૈવે જેને માટે નિર્માણ કર્યું હોય તેનેજ તેસમયે પ્રાપ્ત થાય છે. જગતમાં તેવો એકે મનુષ્ય નથી, કે જે આ દૈવમર્યાદારૂપ પૂલની ઉપર ચાલતી વેળા રેખામાત્ર પણ આડોઅવળો જઈ શકે! સર્વ કોઇ પ્રાણી તે મર્યાદા પ્રમાણે ચાલતો જોવામાં આવે છે, પણ કોઈ તે મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી તેમ તેની બહાર પગલું પણ ભરી શકતો નથી.[૨૫,૨૬] આ સંસારમાં કોઇ ધનવાન પુરુષ યુવાવસ્થામાંજ મૃત્યુને વશ થતો જોવામાં આવે છે, ત્યારે બીજો દરિદ્ર પુરુષ, વૃદ્ધાવસ્થાના દુઃખમાં ઘેરાઇને સો વર્ષપર્યંત જીવતો જોવામાં આવે છે.[૨૭] અરે! ઘણા નિર્ધન પુરુષો દીર્ઘકાળપર્યંત કષ્ટભરેલું જીવન ગાળતા નજરે પડે છે, ત્યારે સુસમૃદ્ધ કુળમાં ઉત્પન્ન થયેલા અનેક શ્રીમંતો તરુણવયમાં પતંગીઆંની પેઠે કાળના ભોગ થઈ પડે છે.[૨૮] વળી કેટલાએક શ્રીમંતોને સાત્ત્વિક એવું ઉત્તમ ભોજન જમવાની શક્તિ પણ હોતી નથી, ત્યારે બીજા દરિદ્રપુરુષોને લાકડાં પણ પચી જાય છે.[૨૯] જગતમાં સર્વકોઇ મનુષ્ય કાળની પ્રેરણાથીજ સર્વ કાર્ય કરી શકે છે, છતાં કોઈ દુરાત્મા મનુષ્ય, “હું કરૂં છું” એમ અભિમાન કરે છે અને અસંતોષને લીધે પોતાની ઇચ્છામાં આવે તેવાં પાપકર્મ કરે છે.[૩૦] વિદ્વાનોએ મૃગયા ખેલવા માટે, જુગાર રમવા માટે, પરસ્ત્રીગમનમાટે તથા મદ્યપાન કરવા માટે શાસ્ત્રોમાં નિષેધ કર્યો છે, છતાં કેટલાએક બહુશ્રુત પંડિતો પણ તે તે દુર્વ્યસનોમાં રચ્યાપચ્યા રહેલા જોવામાં આવે છે.[૩૧] આ રીતે કાળની પ્રેરણાથીજ સર્વ પ્રાણીઓને ઇષ્ટ–અનિષ્ટ વિષયોથી પ્રસંગ થતો જોવામાં આવે છે. તેમાં કાળ અથવા દૈવવિના બીજું એક પણ કારણ અમારા જોવામાં આવતું નથી.[૩૨] વાયુ, આકાશ, અગ્નિ, ચંદ્ર, સૂર્ય, દિવસ, રાત્રિ, નદીઓ, નક્ષત્રો, પર્વતો વગેરે દૃશ્યમાન પદાર્થોને કોણે બનાવ્યા? રે! તેઓને કોણ ધારણ કરી રાખે છે? કાળજ.[૩૩] અરે! કાળના યોગથીજ શીત, ઉષ્ણ અને વૃષ્ટિની ઋતુઓ નિયમપૂર્વક આવ–જા કર્યા કરે છે. હે મહાપુરુષ! એ રીતેજ મનુષ્યોને પ્રાપ્ત થતાં સુખો અને દુઃખો પણ કાળ અથવા અદૃષ્ટના યોગેજ મનુષ્યોને આવી મળે છે.[૩૪] વળી મનુષ્ય, વૃદ્ધાવસ્થાના તથા મૃત્યુના સપાટામાં જ્યારે સપડાઈ પડે છે, ત્યારે ઔષધો, મંત્રો, હોમો કે મૃત્યુંજય આદિના જપો તેનું રક્ષણ કરી શકતા નથી.[૩૫] જેમ મહાસાગરમાં તરંગોના આઘાતથી એક લાકડું બીજા લાકડાને મળે છે અને થોડો સમય સાથે રહી પાછાં બન્ને લાકડાં અન્યોન્યથી વિખૂટાં પડી જાય છે, તેમજ આ સંસારમાં પ્રાણીઓનો અન્યોન્યની સાથે સમાગમ થાય છે અને સમય પૂર્ણ થતાં પુનઃ વિયોગ થાય છે.[૩૬] જગતમાંહેના જે પુરુષોનું ગાન, તાન, વાદિત્ર આદિ મનમોહક સામગ્રીઓથી સજ્જ થઇ ઉત્તમ સ્ત્રીઓ નિત્ય સેવન કર્યા કરે છે અને જે પુરુષો અનાથ અને પારકું અન્ન ભક્ષણ કરીને જીવે છે, તેઓ સર્વના પર કાળની ક્રિયા તો એકસરખીજ છે.[૩૭] અરે! અનેક જન્મોમાં આપણે હજારો માતાપિતાઓના તથા સેંકડો પુત્રોના અને સ્ત્રીઓના પ્રસંગમાં આવી ગયા છીએ, પણ તેઓમાંથી કોણ આપણું થયું છે અને કોના આપણે થયા?[૩૮] રે! આ જીવનો હજીસુધી કોઇ પણ સગો થયો નથી, તેમ થશે પણનહિ; અને આ જીવ પણ હજીસુધી કોનો સગો થયો છે તેમ ભવિષ્યમાં કોનો સગો થશે? અર્થાત્ કોઇનો નહિ. જગતમાં કોઈ કોઇનું સગુંજ નથી. સ્ત્રીઓ, બંધુઓ અને સુહૃદોની સાથે જે સમાગમ થાય છે, તે કેવળ વાટમાં થયેલા મુસાફરના સમા-

ગમસરખો છે[૩૯] “ હું ક્યાં હતો ? હવે પછી ક્યાં જઈશ ? હું પોતે કોણ છું ? અહીં શામાટે આવ્યો છું ? અને શામાટે કોનો શોક કરૂં છું ?” આવો ક્ષણે ક્ષણે વિચાર કરીને મનને સ્થિર કરવું જોઇએ.[૪૦] ચક્રની પેઠે ભ્રમણ કરી રહેલા આ સંસારમાં પ્રિયજનોની સાથેનો સંવાસ અનિત્ય છે. ભાઇ, માતા, પિતા અને મિત્ર સાથેનો સંબંધ માર્ગમાં મળેલા મુસાફરના સંબંધ જેવોજ છે.[૪૧] વિદ્વાનો કહેજ છે કે, સ્વર્ગ આદિ પરલોકને કોઇએ પણ પહેલેથી પ્રત્યક્ષ જોયો નથી. માત્ર સર્વ કોઇએ શાસ્ત્રવચનોપરજ શ્રદ્ધા રાખવી જોઇએ અને જ્ઞાન મેળવવાની ઇચ્છા રાખનારાએ શાસ્ત્રાજ્ઞાનું કદી ઉલ્લંઘન કરવું નહિ.[૪૨] વિદ્વાન મનુષ્યે નિરંતર પિતૃઓનાં તથા દેવતાઓનાં ધર્મયુક્ત કાર્યો કર્યા કરવાં, વિધિપૂર્વક યજ્ઞો કરવા અને ધર્મ, અર્થ તથા કામરૂપ ત્રિવર્ગનું યથાવિધિ સેવન કરવું.[૪૩] આ સમગ્ર જગત જરા અને મૃત્યુરૂપી મોટા ઝુંડવાળા ગંભીર કાળસાગરમાં ડૂબતું ચાલ્યું જાય છે; હાય! છતાં પણ કોઈ જાણી શકતું નથી.[૪૪] રે ! આયુર્વેદનું સંપૂર્ણ અધ્યયન કરી કેવળ પરિગ્રહનેજ (વ્યર્થ ઉપાધિનેજ) વહોરી બેઠેલા ઘણા વૈદ્યો, રોગોથી ઝડપાયલા જોવામાં આવે છે.[૪૫] તેઓ બિચારા જાત જાતનાં ઉકાળા પીએ છે અને મધઘીની સાથે જૂદી જૂદી ધાતુઓની ભસ્મો ચાટયા કરે છે; પરંતુ મહાસાગર જેમ તટનું ઉલ્લંઘન કરી શકતો નથી તેમ, તેઓ મૃત્યુનું ઉલ્લંઘન કરી શકતા નથી.[૪૬] તેમજ બીજા અનેક રસાયણશાસ્ત્રીઓ પોતાના શરીરમાં વૃદ્ધાવસ્થાનો પ્રવેશ નહિ થવા દેવા માટે જાત જાતનાં રસાયણોનું સેવન કરે છે, પણ અફસોસ! મદમત્ત હાથીઓ જેમ વૃક્ષોને ભાંગી નાખે, તેમ તેઓનાં શરીરોને વૃદ્ધાવસ્થા ભાંગી નાખે છે.[૪૭] વળી ઘણા પુરુષો નિત્ય તપશ્ચરણમાંજ આસક્ત રહે છે ત્યારે બીજા કેટલાએક વેદસંહિતાઓનો સ્વાધ્યાયજ કર્યા કરે છે, કેટલાએક દાતાઓ દાન આપ્યા કરે છે અને કેટલાએક યજ્ઞશીલ યાજ્ઞિકો ઉપરાઉપરી યજ્ઞો કર્યા કરે છે; છતાં તેઓ જરાનું કે મૃત્યુનું ઉલ્લંઘન કરી શકતા નથી.[૪૮] સંસારમાં જન્મેલાં સર્વ પ્રાણીઓના ગયેલા દિવસો, ગયેલી રાત્રીઓ, ગયેલાં પખવાડીઆંઓ, ગયેલા મહિનાઓ અને ગયેલાં વર્ષો ફરી કદી આવવાનાં નથી.[૪૯] કાળના પંજામાં સપડાયલા સર્વ પુરુષો, પરાધીન થઇને અનાદિ કાળના આ સંસારમાર્ગમાં આવ–જા કર્યા કરે છે કે જે સંસારનો ધોરી માર્ગ, સર્વ પ્રાણીઓથી સેવાયલો છે.[૫૦] કેટલાએક માને છે કે, જીવથકી દેહની ઉત્પત્તિ થાય છે અને કેટલાએક માને છે કે, દેહથકી જીવની ઉત્પત્તિ થાય છે. ભલે તેના સંબંધમાં ગમે તે હો, પરંતુ આ સંસારના માર્ગમાં સ્ત્રીઓ અને બંધુઓ સાથેનો સમાગમ કેવળ વટેમાર્ગુના સમાગમ જેવોજ છે.[૫૧] સ્ત્રીપુત્રાદિમાંથી કોઇની સાથે પણ પુરુષનો નિત્ય સંવાસ રહી શકતો નથી. અરે! પોતાના શરીરની સાથે પણ નિત્યનો સંબંધ રહેતો નથી, તો પછી બીજાઓની સાથે તો ક્યાંથીજ રહી શકે?[૫૨] ઓ નિર્દોષ રાજા! તારા પિતા અત્યારે ક્યાં છે? તારા પિતામહો હાલ ક્યાં જઈ વસ્યા છે? ખરેખર તું તેઓને દેખતો નથી અને તેઓ તને દેખતા નથી.[૫૩] હે રાજા! કોઇ પણ પુરુષે સ્વર્ગને કે નરકને પ્રત્યક્ષ–ચક્ષુથી જોયું નથી. શાસ્ત્ર એજ સત્પુરુષોનું નેત્ર છે, માટે તમે પણ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વર્તો.[૫૪] સર્વ અધિકારી મનુષ્યોનો ધર્મ છે કે, પ્રથમ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે બ્રહ્મચર્ય પાળવું અને પછી ગૃહસ્થાશ્રમ માંડી પ્રજા ઉત્પન્ન કરવી, યજ્ઞો કરવા અને અસૂયાનો ત્યાગ કરી દેવ, પિતૃ તથા મનુષ્યોના ઋણમાંથી મુક્ત થવું.[૫૫] પ્રથમ બ્રહ્મચર્ય પાળી ગૃહસ્થાશ્રમમાં દાખલ થયેલા મનુષ્યે પ્રજા ઉત્પન્ન કરવી, નિરંતર યજ્ઞો કરવા અને પછી અહંતામમતાનો હૃદયમાંથી ત્યાગ કરી ગૃહસ્થાશ્રમમાંજ રહીને સ્વર્ગમાં જવાનો યત્ન કરવો અથવા વાનપ્રસ્થાશ્રમ સ્વીકારીને પરમાત્માનું આરાધન કરવું.[૫૬] જે રાજા રાગદ્વેષરહિત થઇને ધર્માચરણ કરે છે, યથાયોગ્ય રીતે પ્રજાઓ પાસેથી દ્રવ્યનો છઠ્ઠો ભાગ ગ્રહણ કરે છે, તે રાજા ચરાચર સર્વ લોક-

માં યશસ્વી થઈને અભ્યુદય પામે છે."[૫૭]

વ્યાસ બોલ્યાઃ-"હે યુધિષ્ઠિર રાજા! અશ્મન્ મુનિનાં એ હેતુગર્ભ વાક્યોનો સંપૂર્ણ વિચાર કરીને રાજા જનક, બુદ્ધિશુદ્ધ થયો હતો અને તે મુનિની રજા લઇ શોકરહિત ચિત્તે પોતાને ઘેર જઈને રહ્યો હતો;[૫૮] માટે તમે પણ આમ શોક કરવો છોડી દ્યો અને હર્ષ પામી ઉભા થાઓ. હે ઇંદ્રસરખા રાજા! આ પૃથ્વીને તમે ક્ષાત્રધર્મથી જીતી છે, માટે તેનો હવે ઉપભોગ કરો પણ તેનું અપમાન કરો મા."[૫૯]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં "વ્યાસનાં વાક્યો" એ વિષયનો અધ્યાય ૨૮ મો સમાપ્ત.

* * *

अध्याय २९ मो

શ્રીકૃષ્ણનો ઉપદેશ—સોળ રાજાઓનાં ચરિત્રો

॥ वैशंपायन उवाच ॥

अव्याहरतिराजेन्द्रे धर्मपुत्रे युधिष्ठिरे ॥
गुडाकेशोहृषीकेशमभ्यभाषत पांडवः ॥१॥

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય રાજા! વેદવ્યાસે એ પ્રમાણે ઉપદેશ આપ્યો છતાં પણ ધર્મપુત્ર મહારાજા યુધિષ્ઠિર, કંઈ બોલ્યાવિના શાંત બેસી રહ્યા. તે જોઇને પાંડુપુત્ર અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું.[૧]

અર્જુન બોલ્યોઃ- "હે માધવ! શત્રુઓને તપાવનારા આ યુધિષ્ઠિર રાજા, જ્ઞાતિબંધુઓના શોકથી તપી જઇને શોકસાગરમાં ડૂબી ગયા છે, માટે તમે તેમને ધીરજ આપો.[૨] હે જનાર્દન! આ સમયે અમે વળી પણ રાજ્યસુખમાટે સંશયમાં આવી પડયા છીએ, માટે હે મહાબાહુ! તમારે આ રાજાના શોકનો નાશ કરવો યોગ્ય છે."[૩]

વૈશંપાયને કહ્યુંઃ-હે જનમેજય! મહાત્મા અર્જુને એ પ્રમાણે કહ્યું, એટલે કમળસરખા નેત્રવાળા શ્રીકૃષ્ણ, રાજા યુધિષ્ઠિરની સન્મુખ જઈને ઉભા રહ્યા.[૪] યુધિષ્ઠિર રાજા, શ્રીકૃષ્ણના વચનનું કદીપણ ઉલ્લંઘન કરતા નહિ. બાલ્યાવસ્થાથી આરંભીનેજ શ્રીકૃષ્ણના પર તેમને અર્જુનના કરતાં પણ અધિક પ્રીતિ હતી.[૫] મહાબાહુ શ્રીકૃષ્ણે, ચંદનથી ચર્ચેલા યુધિષ્ઠિર રાજાના પર્વતના સ્તંભસરખા બાહુને પોતાના હાથવતી પકડયો અને પછી વિનોદ કરાવતા નીચેનું વચન બોલ્યા.[૬] તે સમયે સુંદર દાંતોવાળું તથા સુંદર નેત્રોવાળું શ્રીકૃષ્ણનું મુખકમળ, સૂર્યોદયના સમયે સંપૂર્ણ રીતે ખીલી નીકળેલા કમળસરખુંજ શોભતું હતું.[૭]

શ્રીકૃષ્ણ બોલ્યાઃ-"હે પુરુષવ્યાઘ્ર યુધિષ્ઠિર રાજા! ગાત્રોને સૂકાવી નાખનારો આવો શોક તમે કરો નહિ. આ રણસંગ્રામમાં જે તમારા સંબંધીઓ માર્યા ગયા છે, તેઓ આમ શોક કરવાથી તમને પાછા મળી શકશે નહિ.[૮] હે રાજન્! સ્વપ્નમાં પ્રાપ્ત થયેલા ભોગલાભો, જાગ્યા પછી જેમ મિથ્યા જણાય છે, તેમ આ મહારણમાં પ્રથમ દેખાઇને મરણ પામેલા ક્ષત્રિયો પણ મિથ્યાજ હતા.[૯] રણસંગ્રામને શોભાવનારા તે શૂરાઓ સામે પગલે લઢીને વિજય મેળવ્યા પછી મરણ પામ્યા છે. તેઓમાંથી કોઈએક પણ રણમાંથી નાસી જતાં પીઠ ઉપર પ્રહાર ખાઇને મુઓ નથી.[૧૦] આ મહારણમાં સર્વ વીરપુરુષોએ પોતાના પ્રિય પ્રાણોનો યુદ્ધ કરીનેજ ત્યાગ કર્યો છે. તેઓ બધા શસ્ત્રોથી પવિત્ર થઇને સ્વર્ગમાં ગયા છે, માટે તેઓનો શોક કરવો યોગ્ય નથી.[૧૧] વળી એ બધા શૂરાઓ, ક્ષાત્રધર્મપર પ્રીતિ રાખનારા હતા અને વેદવેદાંગના પારને પામેલા હતા, જેથી તેઓ પવિત્ર વીરગતિને પામ્યા છે. તેઓનો શોક કરવો તમને યોગ્ય નથી.[૧૨] યુદ્ધમાં મરણ પામેલા મહાનુભાવ રાજાઓને સંભારીને તમે શોક કરો મા. હે યુધિષ્ઠિર રાજા! આ જગતમાં એક પ્રાચીન ઇતિહાસ કહેવાય છે કે, પૂર્વે રાજા સૃંજય, પુત્રના શોકથી ઘણો વિહ્વળ થઈગયો, જેથી તેનો શોક દૂર કરવા માટે નારદમુનિએ તેને આ પ્રમાણે ઉપદેશ આપ્યો હતોઃ-"હે સૃંજય રાજા! હું, તું

અને આ સર્વ પ્રજાઓ સુખદુઃખથી મુક્ત થયાવિનાજ મરણ પામીશું; તો પછી તેમાં શોક કરવાનું શું કારણ છે? હે રાજા! પૂર્વકાળના રાજાઓનું ઉત્તમ ચરિત્ર સાંભળવાથી તમારો શોક દૂર થશે, આમ ધારીને હું તે રાજાઓનું ચરિત્ર તમને કહું છું. તે એકાગ્ર ચિત્તથી સાંભળો. પૂર્વકાળના મહાનુભાવ રાજાઓને પણ મરણ પામેલા સાંભળી તમારો સંતાપ દૂર થશે. અવશ્ય તે રાજાઓનું ચરિત્ર ક્રૂર ગ્રહોને પણ શાંત કરનારૂં છે, આયુષ્યની વૃદ્ધિ કરનારૂં છે, મનોહર છે અને વળી ઉત્તમ છે, તે હું તમને વિસ્તારથી કહું છું, સાંભળો. હે સૃંજય રાજા! અવિક્ષિત્‌નો પુત્ર મરુત્ત રાજા પણ મરી ગયો છે, એમ આપણે સાંભળીએ છીએ. જે મહાત્મા રાજાના યજ્ઞમાં સર્વ પ્રજાપતિઓ અને ઇંદ્રતથા વરુણસહિત દેવતાઓ, બૃહસ્પતિને આગળ કરીને પોતપોતાના યજ્ઞભાગો લેવા માટે પ્રત્યક્ષ આવ્યા હતા.[૧૩-૧૯] જેણે સ્પર્ધાથી દેવરાજ ઇંદ્રને પણ જીત્યો હતો અને ઇંદ્રનું પ્રિય કરવાની ઇચ્છાથી વિદ્વાન બૃહસ્પતિએ યજ્ઞમાં આચાર્યપદ સ્વીકારવા માટે જ્યારે ના પાડી હતી, ત્યારે જેણે બૃહસ્પતિના નાનાભાઈ સંવર્તને આચાર્ય બનાવીને ઘણા યજ્ઞો કર્યા હતા, હે રાજા! આ પૃથ્વીપર તે મરુત્ત રાજા જ્યારે રાજ્ય કરતો હતો, ત્યારે ખેડયા વિના પૃથ્વીમાં ધાન્યો ઉગી નીકળતાં હતાં અને આખી પૃથ્વીપર દેવમંદિરોની સંખ્યાબંધ પંક્તિઓ શોભી રહી હતી. વળી મહાત્મા મરુત્તરાજાએ જ્યારે યજ્ઞ સમારંભ કર્યો હતો, ત્યારે વિશ્વેદેવતાઓ સભાસદ થયા હતા અને સર્વ વાયુગણો તથા સાધ્યગણો સર્વ લોકોને ભોજન પીરસનારા થયા હતા; તેમજ એ રાજાના યજ્ઞમાં સર્વ દેવગણોએ યથેષ્ટ સોમપાન કર્યું હતું તથા દેવો, ગંધર્વો અને મનુષ્યોથી જેનો ભાર ન ઉંચકી શકાય તેવી પુષ્કળ દક્ષિણાઓ તેણે આપી હતી.[૨૦-૨૩] હે સૃંજય! આવો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યસંપન્ન રાજા મરુત્ત, તારા કરતાં અને તારા પુત્રના કરતાં ઘણોજ અધિક પુણ્યવાન હતો છતાં પણ મૃત્યુવશ થયો છે, માટે તું તારા પુત્રનો શોક કર મા.

વળી હે સૃંજય રાજા! જગતમાં વિખ્યાત થયેલો રાજા સુહોત્ર પણ મરણ પામ્યો છે, એમ આપણે સાંભળીએ છીએ, જેના રાજ્યમાં પ્રત્યેક વર્ષે ઇંદ્રે સુવર્ણની વૃષ્ટિ કરી હતી, જે રાજાના રાજ્યકાળમાં આ પૃથ્વી 'વસુમતી' (ધનભરપૂર) એવા સત્યનામવાળી થઇ હતી અને જે રાજાના રાજ્યસમયમાં નદીઓ સુવર્ણમય જળપ્રવાહને વહેતી હતી.[૨૫,૨૬] હે રાજન્‌! લોકમાન્ય ઇંદ્રદેવે, તે રાજાના સમયમાં સર્વ નદીઓમાં સુવર્ણના કાચબા, સુવર્ણનાં માછલાં, સુવર્ણના મગરમચ્છો અને સુવર્ણના કિંશુકો (ચળચરજીવો) આકાશમાંથી નાખ્યા હતા.[૨૭] તે સમયે રાજા સુહોત્ર પણ નદીઓમાં પડેલાં સેંકડો ને હજારો સુવર્ણનાં માછલાં, મગરો અને કાચબાઓને જોઇને વિસ્મય પામી ગયો હતો.[૨૮] પછી તે રાજાએ એ અઢળક સુવર્ણને એકઠું કરાવી કુરુજાંગલ દેશમાં મોટો યજ્ઞ આરંભ્યો હતો અને તેમાં તે બધું સુવર્ણ તેણે બ્રાહ્મણોને આપી દીધું હતું.[૨૯] હે સૃંજય! તારા કરતાં અને તારા પુત્રના કરતાં ઘણોજ અધિક ધર્મિષ્ઠ, જ્ઞાનસંપન્ન, વૈરાગ્યસંપન્ન અને ઐશ્વર્યસંપન્ન એવો તે સુહોત્ર રાજા પણ જો મરી ગયો છે તો પછી તું તારા પુત્રનો શોક કર મા; કારણકે તારા પુત્રે તેવા યજ્ઞો કર્યા ન હતા તેમ તેવી દક્ષિણાઓ પણ આપી ન હતી, માટે શાંત થા અને શોક કર નહિ.

વળી હે સૃંજય રાજા! અંગદેશનો રાજા બૃહદ્રથ પણ મરી ગયો, એમ આપણે સાંભળીએ છીએ, કે જેણે પોતાના યજ્ઞમાં શ્વેતવર્ણના દશ લાખ ઘોડાઓ, સુવર્ણમાળાઓથી શણગારેલી દશલાખ કન્યાઓ, દશ લાખ ઉત્તમ હાથીઓ, એક કરોડ સુવર્ણની માળાઓવાળા બળદો અને અનુચરોસહિત એક હજાર ગાયો દક્ષિણામાં આપી હતી. અંગરાજા બૃહદ્રથે વિષ્ણુપદગિરિ ઉપર જ્યારે યજ્ઞદીક્ષા લીધી હતી, ત્યારે ઇન્દ્ર તેના યજ્ઞમાં સોમરસનું પાન કરીને તથા બ્રાહ્મણો દક્ષિણાદાન લઇને ગાંડા ગાંડા બની ગયા હતા. હે રાજેન્દ્ર! પૂર્વકાળમાં તેણે કરેલા સો યજ્ઞોમાં એટલી બધી દક્ષિણા આપવામાં આવી હતી કે જેને ઉંચકવા

માટે મનુષ્યો, ગંધર્વો કે દેવો પણ સમર્થ થઈ શકે નહિ! અને તે અંગરાજાએ અગ્નિષ્ટોમ, અત્યગ્નિષ્ટોમ, ઉકથ્ય, ષોડશીય, વાજપેય, અતિરાત્ર અને આપ્તોર્યામ–આ સાત સોમ સંસ્થાઓમાં જેટલું દ્રવ્યદાન કર્યું હતું, તેટલું દ્રવ્યદાન કરનાર બીજો એકપણ પુરુષ હજી જન્મ્યો નથી; અને હવે પછી જન્મશે પણ નહિ. હે સુંજય રાજા! તારા પુત્રના કરતાં અને તારા કરતાં અતિશય વિશેષ ધાર્મિક, જ્ઞાની, વૈરાગી અને ઐશ્વર્યવાન તે બૃહદ્રથ રાજા પણ જો મરી ગયો છે તો પછી તું તારા પુત્રમાટે શોક કર મા.

તેમજ હે સુંજય! ઉશીનરનો પુત્ર શિબિરાજા મરી ગયો, એમ પણ અમે સાંભળીએ છીએ.[૩૦–૩૯] જે રાજાએ આખી પૃથ્વીને જેમ ચામડાંથી વીંટી લેવામાં આવે, તેમ પોતાની આજ્ઞાથી વીંટી લીધી હતી અને પોતાના રથની ગર્જનાથી સમગ્ર પૃથ્વીને ગજાવી મૂકી હતી.[૪૦] વળી જેણે જયનશીલ પોતાના રથવડે આખી પૃથ્વીપર ઘૂમીને સર્વના પર પોતાની સત્તા બેસાડી હતી. શિબિરાજાએ, પોતાના યજ્ઞમાં જંગલી પશુઓની સાથે બળદોનું, ઘોડાઓનું તથા ગાયોનું એટલું બધું દાન આપ્યું હતું, કે જેની સંખ્યાજ ન હતી. હે સુંજય રાજા! ભૂત અને ભવિષ્યકાળના સર્વ રાજાઓમાં તે રાજાની બરોબરીમાં આવી શકે તેવો એક પણ રાજા પ્રજાપતિ બ્રહ્મદેવને દેખાયો ન હતો! આવો ઇંદ્રસમાન પરાક્રમી રાજા શિબિ પણ ધર્મમાં, જ્ઞાનમાં, વૈરાગ્યમાં તથા ઐશ્વર્યમાં તારા કરતાં ઘણો ચઢિયાતો હતો, છતાં જો મરી ગયો તોપછી તેના સરખું દક્ષિણાદાન નહિ કરનાર તથા તેના જેટલા યજ્ઞો નહિ કરનાર તારા પુત્રનો તું શોક કર મા.[૪૧–૪૪]

વળી હે સુંજય! દુષ્યંતનો પુત્ર ભરતરાજા પણ મરી ગયો, એમ અમે સાંભળીએ છીએ. એ રાજા શકુંતલાનો પુત્ર હતો; તેની પાસે દ્રવ્યનો સંગ્રહ પુષ્કળ હતો અને તેણે યમુના નદીના તટપર ત્રણસો, સરસ્વતી નદીના તટપર વીસ અને ગંગા નદીના તટપર ચૌદ ઘોડાઓને બાંધીને એક હજાર અશ્વમેધ યજ્ઞો કર્યા હતા તથા એકસો રાજસૂય યજ્ઞો કરીને દેવોનું યજન કર્યું હતું. ઉપરાંત મહાતેજસ્વી દુષ્યંતના પુત્ર ભરતે પૂર્વે અનેક યજ્ઞો કર્યા હતા.[૪૫–૪૭] પૃથ્વીમાંહેના સર્વ રાજાઓ, મનુષ્યો જેમ બે હાથવતી આકાશમાં ગમન કરી શકે નહિ, તેમ ભરતરાજાનાં મહાન કર્મોનું કદી અનુકરણ કરી શકે તેમ નથી. ભરતરાજાએ, યજ્ઞવેદિકામાં એક અબજ ઘોડાઓ બાંધીને હજારો બ્રાહ્મણોને દાનમાં આપી દીધા હતા ને વિશેષમાં કણ્વમુનિને એક હજાર પદ્મ રત્નોનું દાન કર્યું હતું.[૪૯] હે સુંજય! ધર્મમાં, જ્ઞાનમાં, વૈરાગ્યમાં અને ઐશ્વર્યમાં તારા કરતાં તથા તારા પુત્રના કરતાં ઘણોજ ચઢીઆતો અને પુણ્યશાળી તે ભરતરાજા પણ કાળનો ગ્રાસ થઈ ગયો છે તોપછી તું તારા પુત્રમાટે શોક કર મા.[૫૦]

એવીજ રીતે હે સુંજય રાજા! દશરથના પુત્ર રામચંદ્રને આપણે મરણ પામેલા સાંભળીએ છીએ. તેમણે પોતાના ઔરસ પુત્રોની પેઠે પ્રજાઓનું નિરંતર રક્ષણ કર્યું હતું, તેમના રાજ્યમાં કોઈ સ્ત્રીઓ વિધવા થતી ન હતી અથવા કોઇ સ્ત્રીઓ અનાથ થઇ પડતી ન હતી અને તે પોતે પિતાની પેઠે રાજ્યશાસન કરતા હતા.[૫૧,૫૨] રામચંદ્રના રાજ્યકાળમાં મેઘ સમયપૂર્વક વૃષ્ટિ કરીને ધાન્યોને પકાવી દેતો હતો, દેશમાં નિત્ય સુકાળજ થતો હતો, કોઇપણ પ્રાણી જળમાં ડૂબી મરતું ન હતું, કોઇને અગ્નિ બાળી મૂકતો ન હતો, રોગનો લેશમાત્ર પણ ભય ન હતો, સ્ત્રીઓનાં તથા પુરુષોનાં આયુષ્યો એક એક હજાર વર્ષનાં હતાં, મનુષ્યો નીરોગી રહેતાં હતાં, સર્વના મનોરથો સિદ્ધ થતા હતા, સ્ત્રીઓમાં પણ કદી અન્યોન્ય વાદવિવાદ થતો ન હતો ત્યારે પુરુષોમાં તો કયાંથી થતો હશે? પ્રજાઓ નિત્ય ધર્મપરાયણ રહેતી હતી, સર્વ કોઇ સંતુષ્ટ રહેતું હતું, સર્વનાં કાર્યો સિદ્ધ થતાં હતાં, સર્વ પ્રાણીઓ નિર્ભય અને યથેષ્ટ રીતે વિચરી શકતાં હતાં, પુરુષો સત્ય વ્રતને ધારણ કરનારા હતા, વૃક્ષો નિત્ય પુષ્પો ને ફળોથી લચી રહીને નિરુપદ્રવ દેખાતાં હતાં અને ગાયો સાયંપ્રાતઃ–બન્ને સમયે એક ઘડો ભરાય તેટલું દૂધ આપતી હતી.[૫૩–૫૮] મ-

હાતપસ્વી રામચંદ્ર, ચૌદ વર્ષપર્યંત વનવાસ વેઠીને રાજ્યાસનપર આરૂઢ થયા હતા અને તેમણે સર્વ જાતનાં ખાનપાનની છૂટવાળા અને ત્રણગણી દક્ષિણાઓવાળા દશ અશ્વમેધ યજ્ઞો કર્યા હતા.[૫૯] રાજા રામચંદ્ર તરુણવયના હતા, શરીરે શ્યામવર્ણા હતા, યૂથપતિ હાથીની પેઠે રક્ત (લાલ) નેત્રવાળા હતા, તેમના બંને બાહુઓ છેક ઢીંચણસુધી લાંબા હતા, તેમનું મુખ અતિ સુંદર હતું, તેમની ખાંધ સિંહના જેવી પુષ્ટ હતી, તેમની ભુજાઓ વિશાળ હતી અને તેમણે અયોધ્યાની રાજ્યગાદીપર આવીને અગીઆરહજાર વર્ષપર્યંત રાજ્ય કર્યું હતું.[૬૦,૬૧] હે સૃંજય રાજા! ધર્મમાં, જ્ઞાનમાં, વૈરાગ્યમાં તથા ઐશ્વર્યમાં તારા પુત્રના કરતાં તથા તારા પોતાના કરતાં ઘણાજ ચઢીઆતા અને આધક પુણ્યશાળી રાજા રામચંદ્ર પણ કાળના ઝપાટામાં જ્યારે આવી ગયા છે તોપછી તારા પુત્રોનો તું શોક કર મા.[૬૨]

હે સૃંજય રાજા! ભગીરથ રાજા પણ મરી ગયો એમ આપણે સાંભળીએ છીએ. તે રાજાના વિસ્તીર્ણ યજ્ઞમાં સોમરસનું પાન કરી મદોત્કટ બનેલા ભગવાન ઇંદ્રે, પોતાના બાહુબળથી અનેક હજારો અસુરોને જીત્યા હતા.[૬૩,૬૪] વળી તેણે મોટો યજ્ઞ કરીને સુવર્ણથી શણગારેલી દશ લાખ કન્યાઓ, ચાર ચાર ઘોડાઓ જોડેલા તેટલાજ રથો, એ પ્રત્યેક રથોની પાછળ કમળમાળાઓને તથા સુવર્ણમાળાઓને ધારણ કરનારા સો સો હાથીઓ, તે એક એક હાથીની પાછળ એક એક હજાર ઘોડાઓ અને તે પ્રત્યેક ઘોડાઓની પાછળ એક એક હજાર ગાયો, ઘેટાં તથા બકરાં બ્રાહ્મણોને દાનમાં આપી દીધાં હતાં.[૬૫-૬૭] ભગીરથ રાજા એક સમયે સભાગૃહમાં બેઠો હતો, ત્યારે ગંગાનદી દેવીસ્વરૂપે આવીને તેના ખોળામાં બેઠાં હતાં તેથી તેનું "ઉર્વશી" એવું નામ જગતમાં પ્રસિદ્ધ થયું છે.[૬૮] વળી સ્વર્ગમાર્ગમાં વહેનારી ગંગા નદીએ, પુષ્કળ દક્ષિણા આપનારા યજમાન ભગીરથ રાજાની પુત્રીતરીકે થઇને, પૃથ્વીપર આરોહણ કર્યું હતું તેથી તેનું "ભાગીરથી" એવું નામ જગમાં વિખ્યાત થયું છે.[૬૯] હે સૃંજય રાજા! ધર્મમાં, જ્ઞાનમાં, વૈરાગ્યમાં તથા ઐશ્વર્યમાં તારા કરતાં અતિશય ઉત્તમ અને તારા પુત્રના કરતાં અધિક પુણ્યવાન તે ભગીરથ રાજા પણ મૃત્યુનો ગ્રાસ થઈ ગયો છે તોપછી તું તારા પુત્રનો શોક કર મા.[૭૦] હે સૃંજય! મહાત્મા દિલીપ રાજા પણ મરી ગયો, એમ અમે સાંભળીએ છીએ. જે રાજાનાં પુષ્કળ કર્મોનું હજીપણ દ્વિજાતિઓ વર્ણન કર્યા કરે છે, જે રાજાએ પોતાના મહાયજ્ઞમાં ધનથી ભરેલી આખી પૃથ્વીનું બ્રાહ્મણોને દાન કરી દીધું હતું અને પ્રત્યેક યજ્ઞમાં તેણે સુવર્ણના એક હજાર હાથીઓનું પુરોહિતને દક્ષિણાદાન આપ્યું હતું.[૭૧-૭૩] વળી તે રાજાએ યજ્ઞસમારંભમાં સુવર્ણનો સુશોભિત યજ્ઞસ્તંભ ઉભો કર્યો હતો અને ઇંદ્ર આદિ દેવતાઓ પણ તેના યજ્ઞકર્મમાં સહાયકતરીકે આવીને હાજર થયા હતા;[૭૪] જે રાજાએ સ્થાપેલા સુવર્ણમય યજ્ઞસ્તંભ ઉપરના સુવર્ણ કટક ઉપર છ હજાર દેવો તથા ગંધર્વો સાતે સ્વરોને અનુસરી નૃત્ય કરતા હતા[૭૫] અને તેઓના મધ્યમાં બેસીને વિશ્વાવસુ ગંધર્વ પોતેજ વીણા વગાડતો હતો તે સમયે આસપાસ ઉભેલાં સર્વ પ્રાણીઓ એમજ માનતાં હતાં કે, આ ગંધર્વ અમારી પાસેજ ઉભો રહીને વીણા વગાડે છે.[૭૬] રાજા દિલીપના ચરિત્રનું ભૂતભવિષ્યના કોઈપણ રાજાઓ અનુકરણ કરી શકે તેમ નથી; કારણકે જેના સુવર્ણભૂષિત હાથીઓ મદમત્ત બનીને ગમે તે સ્થળે માર્ગમાં પડી રહેતા હતા.[૭૭] અરે! અનંત શત્રુઓ સામે ટક્કર ઝીલનાર ધનુષને ધારણ કરનારા સત્યવાદી મહાત્મા દિલીપ રાજાનાં જેઓએ દર્શન કર્યાં હતાં તે પુરુષો પણ સ્વર્ગલોકમાં ગયા છે.[૭૮] વળી રાજા દિલીપના મહેલની પાસે સ્વાધ્યાયનો ઘોષ, ધનુષની પ્રત્યંચાનો ટંકાર અને 'જે આવે તેને આપો' આવો દાનસૂચક શબ્દ કદીપણ બંધ પડતો ન હતો.[૭૯] હે સૃંજય રાજા! ધર્મમાં, જ્ઞાનમાં, વૈરાગ્યમાં તથા ઐશ્વર્યમાં તારા કરતાં ઘણોજ ચઢીઆતો અને તારા પુત્રના કરતાં ઘણોજ પુણ્યશાળી રાજા દિલીપ પણ જ્યારે મરી ગયો છે, ત્યારે તું

તારા પુત્રનો શોક કર મા.[૮૦]

તેમજ હે સૃંજય! યુવનાશ્વનો પુત્ર રાજા માંધાતા પણ મરી ગયો, એમ આપણે સાંભળીએ છીએ. તે રાજાને સર્વ દેવતાઓએ એકઠા મળીને તેના પિતાના પડખામાંથી બહાર કાઢ્યો હતો;[૮૧] કારણ કે કોઇ બીજા મનુષ્યની સ્ત્રીના ઉદરમાં પુત્રગર્ભની ઉત્પત્તિ કરવા માટે બ્રાહ્મણોએ દહીંથી મિશ્ર કરેલા ઘીને મંત્રીને યજ્ઞમંડપમાં રાખ્યું હતું. તે ઘીને માંધાતાનો પિતા યુવનાશ્વરાજા, ભૂલથી ચાટી ગયો હતો જેથી તે મહાત્માના ઉદરમાં ગર્ભરૂપે ઉત્પન્ન થઈને શ્રીમાન માંધાતા રાજા, દેવોની શક્તિથી બહાર નીકળ્યો હતો અને તેણે ત્રણે લોકને જીત્યાહતા.[૮૨] દેવસમાન સ્વરૂપવાળો માંધાતા રાજા, પિતાના ઉદરમાંથી નીકળીને તેના ખોળામાં જ્યારે સૂતો હતો, ત્યારે દેવતાઓ તેને જોઈને માંહોમાંહે કહેવા લાગ્યા કેઃ-"આ બાળક કોને ધાવશે ?"[૮૩] દેવોનું એ વાકય સાંભળીને ઇંદ્ર બોલી ઉઠયો હતો કેઃ-" આ બાળક મને ધાવશે." પછી ઇંદ્રે તેના મુખમાં પોતાના હાથની આંગળી આપી કે જેમાંથી એ મહાત્માનું પોષણ કરી શકે તેવી દૂધની ધારા ઝરવા માંડી. વળી ઇંદ્રે, " આ બાળક મને ધાવશે-"માં ધાતા" એ વાકયપરથીજ તેનું 'માંધાતા' એવું નામ પાડયું હતું.[૮૪,૮૫] રાજા માંધાતા, બાલ્યાવસ્થામાં ઇંદ્રના હાથની આંગળીનું એક દિવસ ધાવણ કરીને લગભગ સો દિવસ જેટલો વધી ગયો અને બાર દિવસ ધાવન કરીને લગભગ બાર વર્ષ જેટલો મોટો થઇ ગયો હતો.[૮૬] યુદ્ધમાં ઇંદ્રસમાન શૂરવીર અને ધર્માત્મા એવા મહાત્મા માંધાતા રાજાએ માત્ર એકજ દિવસમાં આખી પૃથ્વીને પોતાના તાબામાં કરી લીધી હતી.[૮૭] વળી તેણે યુદ્ધમાં અંગાર રાજાને, મરુત્ત રાજાને, અસિત રાજાને, ગય રાજાને તથા અંગદેશના બૃહદ્રથ રાજાને જીત્યા હતા.[૮૮] માંધાતા રાજા, જે સમયે આંગારરાજા સામે યુદ્ધ કરવા ઉતર્યો હતો, તે સમયે દેવતાઓ પણ તેના ધનુષના ટંકારથી સ્વર્ગને તૂટી પડેલું માની બેઠા હતા.[૮૯] જ્યાં સૂર્યનો ઉદય થાય છે,ત્યાંથી આરંભી જ્યાં સૂર્યનો અસ્ત થાય છે ત્યાંસુધીનું સર્વ ક્ષેત્ર, યુવનાશ્વપુત્ર માંધાતા રાજાનુંજ તે સમયે કહેવાતું હતું.[૯૦] માંધાતાએ સો અશ્વમેધ યજ્ઞો કર્યા હતા અને સો રાજસૂય યજ્ઞો કર્યા હતા. તે યજ્ઞોમાં દક્ષિણાદાન આપતી વેળા એક યોજનની ઉંચાઇવાળાં તથા દશ યોજનની લંબાઇવાળાં સુવર્ણમય રોહિત નામનાં માછલાં તૈયાર કરાવીને તેણે બ્રાહ્મણોને આપ્યાં હતાં, કે જેઓનો વિભાગ કરનારા બીજા ઘણા મનુષ્યો બ્રાહ્મણો પાસેહાજર રહ્યા હતા.[૯૧,૯૨] હે સૃંજય રાજા! ધર્મમાં, જ્ઞાનમાં, વૈરાગ્યમાં તથા ઐશ્વર્યમાં તારા કરતાં અતિ ઉત્કૃષ્ટ અને તારા પુત્રના કરતાં અધિક પુણ્યવાન તેમાંધાતા રાજા પણ જો મરી ગયો છે,તોપછી તું પુત્રશોક કર મા.[૯૩]

વળી હે સૃંજય રાજા! નહુષનો પુત્ર યયાતિ રાજા પણ મરી ગયો, એમ આપણે સાંભળીએ છીએ. તે રાજાએ સમુદ્રપર્યંતની આ સમગ્ર પૃથ્વીપર વિજય મેળવ્યો હતો;અને તેણે કોઇએક બળવાન પુરુષ હાથમાં ખીજડીનો દંડ લઇને બળપૂર્વક ફેંકે અને તે દંડ જેટલે અંતરે પડે તેટલે અંતરે યજ્ઞવેદિકાઓ તૈયાર કરાવીને અનેક જાતના મુખ્યમુખ્ય યજ્ઞો કર્યાહતા અને એ રીતે કરીને સમુદ્રસુધીની આખી પૃથ્વીને વેદિકાઓથી અદ્ભુત દેખાવની કરી દીધી હતી.[૯૪,૯૫] વળી તેણે એક હજાર અશ્વમેધ યજ્ઞો કરીને તથા સો વાજપેય યજ્ઞો કરીને સુવર્ણના પર્વતોનું દક્ષિણાદાન આપ્યું હતું કે જેથી બ્રાહ્મણો તૃપ્ત થઈ ગયા હતા.[૯૬] રાજા યયાતિએ પોતાના સૈન્યોને વ્યૂહરચનામાં ગોઠવી દઇ દૈત્યોનો તથા દાનવોનો યુદ્ધમાં સંહાર કરી નાખ્યો હતો અને આખી પૃથ્વી પોતાના પુત્રોને વહેંચી આપી હતી.[૯૭] પછી પોતાની વૃદ્ધાવસ્થા થતાં યદુ, દ્રુહ્યુ આદિ રાજકુમારોપર પોતાના રાજ્યનો સર્વ કારભાર નાખી દઇ પૂરુ નામના પાટવી કુમારનો રાજ્યાભિષેક કરીને તે રાજા, વનમાં ચાલ્યો ગયો હતો.[૯૮] હે સૃંજય! ધર્મજ્ઞાનાદિક ચાર પદાર્થોમાં તારા કરતાં ઘણીજ વિશેષતાવાળો અને તારા પુત્રના કરતાં અતિશય પુણ્યવાન તે યયાતિ રાજા પણ મૃત્યુને

વશ થઇ ગયો છે, તોપછી તું તારા પુત્રને માટે શોક કર મા.[૯૯]

વળી હે સુંજય! નાભાગનો પુત્ર અંબરીશ રાજા પણ મરી ગયો છે, એમ અમારા સાંભળવામાં આવ્યું છે, કે જે મહારાજાનો સર્વ પ્રજાએ પોતાના પવિત્ર રક્ષકતરીકે સ્વીકાર કર્યો હતો.[૧૦૦] અને વળી તે રાજાએ બરાબર સાવધાન થઈને યજ્ઞ કરવાનો જ્યારે આરંભ કર્યો હતો, ત્યારે યજ્ઞમાં વરેલા બ્રાહ્મણોનો અતિથિસત્કાર કરવા માટે તેણે હજારો રાજાઓનેજ નિમ્યા હતા.[૧૦૧] તે સમયે ઘણા બુદ્ધિમાન પુરુષોએ પણ અંબરીષ રાજાના તે કૃત્યને અનુમોદન આપતાં કહ્યું હતું કે, નાભાગના પુત્ર અંબરીષે જે આ યજ્ઞસમારંભ કર્યો છે, તેના જેવો પૂર્વકાળના અથવા પશ્ચિમકાળના રાજાઓ કરી શકયા નથી અને કરી શકશે પણ નહિ.[૧૦૨] તેના યજ્ઞમાં જે હજારો અને સેંકડો રાજાઓ બ્રાહ્મણોનું દાસકર્મ કરવામાં જોડાયા હતા, તે સર્વે અશ્વમેધ યજ્ઞ કર્યાના હળભાગી થઇને અંબરીષ રાજાના માહાત્મ્યથી ઉત્તરાયણમાર્ગદ્વારા હિરણ્યગર્ભના લોકમાં ગયા છે.[૧૦૩] હે સુંજય રાજા! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારા કરતાં ઘણીજ વિશેષતાવાળો અને તારા પુત્રના કરતાં ઘણોજ અધિક પુણ્યશાળી તે અંબરીષ રાજા પણ મરણધર્મને પામી ગયો છે, માટે તું તારા પુત્રનો શોક કર મા.[૧૦૪]

તેમજ હે સુંજય! ચિત્રરથનો પુત્ર શશબિંદુ રાજા કાળનો ભોગ થઇ પડયો છે, એમ અમારા સાંભળવામાં આવ્યું છે, કે જે મહાત્માને એક લાખ રાણીઓ હતી[૧૦૫] તથા સુવર્ણનાં કવચોને ધારણ કરનારા અને ઉત્તમ ધનુર્ધારી એવા દશ લાખ પુત્રો હતા.[૧૦૬] તે પ્રત્યેક રાજપુત્રોએ સો સો રાજ્યકન્યાઓ સાથે લગ્ન કર્યાં હતાં અને તે કન્યાઓ જ્યારે પરણીને આવી હતી, ત્યારે પોતાની પાછળ સો સો હાથીઓને, તે પ્રત્યેક હાથીની પાછળ સો સો રથોને, તે પ્રત્યેક રથની પાછળ સો સો ઉત્તમ દેશમાં ઉત્પન્ન થયેલા અને સુવર્ણની માળાઓને ધારણ કરનારા ઘોડાઓને તથા તે પ્રત્યેક ઘોડાની પાછળ સો સો ગાયોને તથા સો સો ઘેટાંબકરાંને દાયચામાં લાવી હતી.[૧૦૭,૧૦૮] હે મહારાજા! આ સમગ્ર ધનને રાજા શશબિંદુએ અશ્વમેધનામના મહાયજ્ઞમાં બ્રાહ્મણોને દાનમાં અર્પણ કરી દીધું હતું.[૧૦૯] આવો ઐશ્વર્યાદિકથી સંપન્ન રાજા શશબિંદુ તારા કરતાં અને તારા પુત્રના કરતાં ઘણોજ અધિક પુણ્યવાન હતો, છતાં પણ તે કાળના સપાટામાંથી જો મુક્ત થયો નહિ તો હે સુંજય! તું તારા પુત્રનો શોક કર મા.[૧૧૦]

વળી હે સુંજય! અમૂર્ત રયસૂનો પુત્ર ગય રાજા પણ મરી ગયો એમ આપણા સાંભળવામાં આવ્યું છે કે, જે રાજાએ સો વર્ષપર્યંત યજ્ઞાવશેષ અન્નનુંજ ભોજન કર્યું હતું.[૧૧૧] પછી છેવટે અગ્નિદેવ તેનાપર પ્રસન્ન થયો હતો અને તેણે વરદાન માગવા માટે જ્યારે કહ્યું હતું, ત્યારે ગય રાજાએ આ પ્રમાણે વરદાનો માગ્યાં હતાં:—"હે અગ્નિદેવ! આપ મારાપર જો પ્રસન્ન થયા હો તો હું માગું છું કે, હું નિત્ય દાન આપ્યા કરૂં છતાં મારૂં ધન અક્ષય રહીને વૃદ્ધિ પામ્યા કરો અને આપની કૃપાથી મારૂં મન નિરંતર સત્યભાષણ કરવામાંજ તથા ધર્માચરણ કરવામાંજ શ્રદ્ધાપૂર્વક આસક્ત રહો!" આમ તેણે અગ્નિદેવ પાસેથી પોતાના સર્વ ઇષ્ટ મનોરથો પ્રાપ્ત કરી લીધા હતા, એમ અમે સાંભળ્યું છે.[૧૧૨,૧૧૩] વળી તે ગયરાજાએ દર્શપૌર્ણમાસ તથા ચાતુર્માસ્ય યજ્ઞો કરીને એક હજાર વર્ષપર્યંત અશ્વમેધ યજ્ઞો કર્યા હતા;[૧૧૪] અને તે રાજા નિરંતર પ્રાતઃકાળે ઉઠીને એક લાખ ગાયો અને સો ખચ્ચરો બ્રાહ્મણોને દાનમાં આપતો હતો. આમ તેણે એક હજાર વર્ષપર્યંત કર્યું હતું.[૧૧૫] હે મહાપુરુષ સૃંજય રાજા! ગય રાજાએ સોમરસથી દેવોને તૃપ્ત કર્યા હતા, દ્રવ્યદાનથી બ્રાહ્મણોને તૃપ્ત કર્યા હતા, સ્વધાન્નથી પિતૃઓને તૃપ્ત કર્યા હતા અને વિષયસુખ આપીને પોતાની સ્ત્રીઓને તૃપ્ત કરી હતી;[૧૧૬] એટલુંજ નહિ પણ તેણે પચાસહાથ પહોળી અને સો હાથ લાંબી સુવર્ણમય પૃથ્વી તૈયાર કરાવીને અશ્વમેધ મહાયજ્ઞમાં દક્ષિણાતરિકે આપી દીધી હતી.[૧૧૭] હે રાજા! તેના દાનનું વિશેષ વર્ણન શું કરીએ! પણ

ગંગાનદીમાં જેટલા રેતીના કણો છે તેટલી ગાયોનું ગયરાજાએ દાન કર્યું હતું.[૧૧૮]

હે સૃંજય! ધર્માદિક વિષયોમાં તારા કરતાં અતિશય વિશેષતાવાળો અને તારા પુત્રના કરતાં અતિશય પુણ્યવાન રાજા ગય પણ કાળનો ગ્રાસ થઈગયો,ત્યારે તારા પુત્રમાટે તું શોક કર મા.

અરે ઓ સૃંજય! સંકૃતિનો પુત્ર મહારાજા રંતિદેવ પણ મરી ગયો, એમ અમારા સાંભળવામાં આવ્યું છે. તેણે મહાન તપશ્ચર્યા કરીને ઇંદ્રદેવનું આરાધન કર્યું હતું ને તેને પ્રસન્ન કરી આ રીતે વરદાનો મેળવ્યાં હતાં;[૧૨૦] "મારે ત્યાં અક્ષય અન્ન રહો, મારે ત્યાં અતિથિઓ આવ્યા કરો, મારી શ્રદ્ધાનો કદી પણ લોપ ન થાઓ અને હું કોઇની પાસે કદી યાચના કરૂં નહિ."[૧૨૧] તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારો યશસ્વી મહાત્મા રંતિદેવ, યજ્ઞારંભ કરીને જ્યારે બેસતો હતો, ત્યારે ગામમાંથી અને અરણ્યમાંથી પશુઓનાં ટોળેટોળાં પોતાની મેળે આવીને તે રાજાને કહેતાં હતાં કે, "હે રાજા! તમે મારો યજ્ઞમાં નિયોગ કરો, તમે મારો યજ્ઞમાં નિયોગ કરો."[૧૨૨] આ રીતે સ્વયં આવેલા તે પશુઓનું યજ્ઞમાં વિશસન કરીને યજ્ઞમંડપની પાસે ચામડાના જે મોટા ઢગો ગોઠવી દેવામાં આવ્યા હતા, તેઓમાંથી રુધિરના પ્રવાહો ચાલુ થવાથી એક મોટી નદી ઉત્પન્ન થઈ ગઈ હતી કે જેનું "ચર્મણ્વતી" એવું નામ જગતમાં પ્રસિદ્ધ થયું છે.[૧૨૩] વળી રાજા રંતિદેવ, નિત્ય સભાઓ ભરીને બ્રાહ્મણોને સોનામહોરોનું દાન આપતો હતો, જેથી મહાધનાઢ્ય બની ગયેલા બ્રાહ્મણો પણ "લ્યો, હું તમને સોના મહોરોનું દાન આપું, લ્યો, હું તમને સો સોના મહોરોનું દાન આપું," આવી બૂમો પાડીને દાન દેવા તૈયાર થઈ જતા હતા; પણ સર્વ બ્રાહ્મણો રાજાનું દાન લઇને નિઃસ્પૃહ થઇ ગયા હતા,તેથી કોઈ પણ અન્યોન્યનું દાન લેતો ન હતો.[૧૨૪] હરકોઈ બ્રાહ્મણની પાસે,–"લ્યો, રાજા તમને આ હજાર સોના મહોરો આપે છે." આમ કહીને અનેક રાજસેવકો હાજર થતા હતા. વળી બુદ્ધિમાન રાજા રંતિદેવના યજ્ઞમાં સર્વ યજ્ઞોપયોગી પાત્રો તથા ઘડા, તપેલીઓ, તાવડીઓ, થાળીઓ અને વાડકાઓ સુદ્ધાં તદ્દન સુવર્ણનાજ હતા;[૧૨૫,૧૨૬] અને સંકૃતિના પુત્ર રંતિદેવ રાજાને ઘેર જે રાત્રિએ અતિથિઓ નિવાસ કરતા હતા,તે રાત્રિએ વીસ હજારને એકસો ગાયોનું આલભન (વિશસન) કરવામાં આવતું હતું, તોપણ મણિજડિત સુંદર કુંડલોને ધારણ કરનારા રસોઈઆઓ બૂમો પાડીને અતિથિઓને કહેતા હતા કેઃ– "આજે માંસ ખૂટી પડયું છે કારણ કે; સર્વ પશુઓનો વિશેષે કરી યજ્ઞમાંજ ઉપયોગ થઇ ગયો છે, માટે તમે બધા ભાવે તેટલું મિષ્ટાન્ન જમો."[૧૨૭,૧૨૮] હે સૃંજય રાજા! ધર્માદિક ચારે સંપત્તિઓમાં તારા કરતાં અતિશય વિશેષતાવાળો અને તારા પુત્રના કરતાં ઘણોજ પુણ્યવાન રાજા રંતિદેવ પણ કાળના મુખમાં જઈ પડયો છે તોપછી તું તારા પુત્રને માટે શોક કર મા.

વળી હે સૃંજય! મહાત્મા સગર રાજા પણ મરી ગયો, એમ આપણે સાંભળીએ છીએ. તે રાજા ઇક્ષ્વાકુવંશમાં જન્મ્યો હતો, તેનું પરાક્રમ મનુષ્યોના કરતાં ઘણુંજ અધિક હતું; અને તે રાજા જ્યારે બહાર ફરવા નીકળતો હતો, ત્યારે શરદૃઋતુમાં મેઘરહિત થયેલા ગગનમંડલમાં ચંદ્રની પાછળ જેમ નક્ષત્રગણો ગમન કરે છે, તેમ સાઠ હજાર પુત્રો તેની પાછળ ચાલતા હતા.[૧૨૯–૧૩૧] પૂર્વે તે રાજાના પ્રતાપથી આખી પૃથ્વીપર એકજ તેનું પોતાનું સામ્રાજ્ય ઝળકી રહ્યું હતું અને તેણે એક હજાર અશ્વમેધ યજ્ઞો કરીને દેવતાઓને તૃપ્ત કર્યા હતા.[૧૩૨] વળી તે રાજાએ નરદમ સુવર્ણનો તથા કેવળ સુવર્ણના સ્તંભોવાળો એક પ્રાસાદ (મહેલ) તૈયાર કરાવીને તેમાં કમળસમાન નેત્રોવાળી અનેક સ્ત્રીઓને દાખલ કરાવીને તથા વિવિધ જાતની શય્યાઓ અને કામ્ય વિષયોથી ભરપૂર કરીને યોગ્યતાવાળા બ્રાહ્મણોને દાનમાં આપી દીધો હતો. પછી તે રાજાની આજ્ઞા પ્રમાણે તે સર્વ દ્રવ્યસમુદાય બ્રાહ્મણોએ વહેંચી લીધો હતો.[૧૩૪] કોઈ સમયે તેવા પ્ર-

સંગમાં ક્રોધાયમાન થઇને તે રાજાએ સમુદ્રસુધીની પૃથ્વીને ખોદાવી નાખી હતી અને સમુદ્ર પણ તેના નામ ઉપરથીજ “ સાગર ” કહેવાયો છે.[૧૩૫] હે સૃંજય! ધર્માદિક ચાર પદાર્થોમાં તારા કરતાં ચઢીઆતો અને તારા પુત્રના કરતાં અધિક પુણ્યશાળી રાજા સગર પણ કાળનો કોળિયો થઈ ગયો છે, માટે તું તારા પુત્રનો શોક કર મા.[૧૩૬]

હે સૃંજય ! અમારા સાંભળવામાં આવ્યું છે કે, વેનનો પુત્ર પૃથુરાજા પણ મરી ગયો, કે જેનો મોટા ઋષિઓએ એકઠા મળીને દંડકારણ્યની અંદર રાજ્યાભિષેક કર્યો હતો; અને “ આ રાજા લોકોનો પૃથ્વીપર વિસ્તાર કરશે ” આમ ધારીને ઋષિઓએ તેનું ‘ પૃથુ ’ એવું નામ પાડયું હતું. તેમજ “ આ રાજા પ્રજાઓનું નાશથી રક્ષણ કરશે ” આમ કહીને મહર્ષિઓએ તેને ‘ ક્ષત્રિય ’ તરીકે પ્રસિદ્ધ કર્યો હતો.[૧૩૭,૧૩૮] વળી વેનપુત્ર પૃથુરાજાને જોઇને પ્રજાઓ એકે અવાજે બોલી ઉઠી હતી કેઃ– “ અમે આ રાજાની અનુરાગી છીએ. ” તેથી એનું નામ “રાજા” એવું યથાર્થ થયું હતું.[૧૩૯] એ પૃથુરાજાના રાજ્યમાં પૃથ્વી, ખેડયાવિના અન્નને નીપજાવતી હતી, વૃક્ષોને પાંદડે પાંદડે મધ ઉત્પન્ન થતું હતું અને સર્વ ગાયો એક ઘડો ભરાય તેટલું દૂધ આપતી હતી.[૧૪૦] સર્વ મનુષ્યો રોગ તથા ભયથી રહિત હતા, તેઓના સર્વ મનોરથો સિદ્ધ થતા હતા અને સર્વ કોઈ ક્ષેત્રોમાં કે ગૃહોમાં યથેષ્ટ વસી શકતા હતા.[૧૪૧] પૃથુરાજા, જ્યારે સમુદ્રની મુસાફરી કરતો, ત્યારે જળ આપોઆપ સ્તંભી જતું હતું, તે જ્યારે નદીઓ પાસે જતો ત્યારે નદીઓ પણ શાંત થઈ જતી હતી તથા પૃથ્વીમાર્ગે પ્રયાણ કરતી વેળા તેની ધ્વજાનો કોઇ સ્થલે પણ ભંગ થતો ન હતો.[૧૪૨] રાજા પૃથુએ બારસો હાથ ઉંચા સુવર્ણના એકવીસ પર્વતો તૈયાર કરાવીને અશ્વમેધ મહાયજ્ઞમાં બ્રાહ્મણોને આપી દીધા હતા.[૧૪૩] હે સૃંજય ! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ઐશ્વર્યમાં તારા કરતાં અતિશય ચઢીઆતો અને તારા પુત્રના કરતાં ઘણોજ પુણ્યવાન રાજા પૃથુ પણ કાળના સપાટામાંથી જો છૂટયો નહિ તો તારા પુત્રમાટે તું શોક કર મા.

હે સૃંજય ! રાજા મૌન ધારણ કરીને તું શો વિચાર કરે છે ? મારી આ વાણી તેં સાંભળી કે નહિ ? મરણશય્યાપર પડેલા મનુષ્યને હિતકારક એવું પણ ઉત્તમ ઔષધ જેમ નિષ્ફળ દેખાય છે, તેમ મારૂં વચન તને હિતકારક છે છતાં નિષ્ફળ અથવા બકવાદ જેવું તો દેખાયું નથી ? ”[૧૪૫]

નારદના એ પ્રશ્નનો સૃંજય રાજાએ ઉત્તર આપ્યો,– “ હે નારદ ! પવિત્ર ગંધવાળી પુષ્પમાળાસરખી અને અદ્‌ભુત અર્થથી ભરેલી આ તમારી વાણી મેં બરાબર સાંભળી છે. ખરેખર, પુણ્યકર્મ કરનારા મહાત્મા રાજર્ષિઓની કીર્તિથી યુક્ત એવી આ તમારી વાણી હરકોઈના શોકનો નાશ કરવા માટે સમર્થ છે.[૧૪૬] હે બ્રહ્મવાદિન્ ! આપનું આ વચન લેશમાત્ર વ્યર્થ થયું નથી. અરે! આપ મહર્ષિનાં દર્શન કરીનેજ હું શોકરહિત થયો છું; એટલુંજ નહિ પણ અમૃતતુલ્ય આપનાં વચનામૃતોનું પાન કરતાં હું તૃપ્તજ થતો નથી, નિરંતર આપનાં વચનો જાણે હું સાંભળ્યા જ કરૂં, એવી મને ઇચ્છા થયા કરે છે.[૧૪૭] હે સમર્થ નારદ ! આપનું દર્શન સર્વ પ્રાણીઓને સફળજ થાય છે અને તે દર્શન, સંતાપથી દગ્ધ થયેલા મને પણ થયું છે, તો આપની કૃપાથી મારો પુત્ર ફરીથી સજીવન થાય અને મને પુત્રનો મેળાપ થાય, તેમ આપે કરવુંજ જોઇએ.”[૧૪૮]

નારદ બોલ્યાઃ–“ હે રાજા ! આ તારો સુવર્ણષ્ઠીવી નામનો પુત્ર કે જે તને પર્વતમુનિની કૃપાથી મળ્યો હતો, તે આ સમયે મરણશરણ થઇને પૃથ્વીપર પડયો છે, પરંતુ હું તેને પુનઃ સજીવન કરી દઉં છું અને તે “ હરિણ્યનાભ ” એવા નામથી જગતમાં પ્રસિદ્ધ થઇને એકહજાર વર્ષપર્યંત જીવિત રહેશે.[૧૪૯]

ઈતિશ્રી મહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં “સોળ રાજાઓનું ચરિત્ર” એ વિષયનો અધ્યાય ૨૯ મો સમાપ્ત.

अध्याय ३० मो

નારદ અને પર્વત મુનિનું આખ્યાન

।। युधिष्ठिर उवाच ।।

स कथं कांचनष्ठीवी सृंजयस्य सुतोऽभवत् ।।
पर्वतेन किमर्थं वा दत्तस्तेन ममार च ।।१।।

યુધિષ્ઠિર પૂછે છે :–“ હે શ્રીકૃષ્ણ ! સૃંજય રાજાને કાંચનષ્ઠીવી નામનો પુત્ર કેવી રીતે થયો હતો ? પર્વતમુનિએ તેને શામાટે તે પુત્ર આપ્યો હતો અને તે કુમાર કેવી રીતે મરણ પામ્યો હતો ? [૧] તે સુવર્ણષ્ઠીવી કુમારનું કાંચનષ્ઠીવી (સુવર્ણ થુંકમાર) એવું નામ યથાર્થ હતું કે કહેવામાત્ર હતું ? વળી તે સમયે મનુષ્યોનાં આયુષ્યો એક હજાર વર્ષનાં હતાં, છતાં તે કુમાર કુમારાવસ્થાને પ્રાપ્ત કર્યાવિના પણ કેમ મરી ગયો હતો?તે સર્વ વૃત્તાંત તમે મને કહો.” [૨,૩]

શ્રીકૃષ્ણ બોલ્યા:–“ હે રાજા ! તે વૃત્તાંત જેવી રીતે બન્યું હતું તેવી રીતેજ હું તમારી પાસે વર્ણન કરૂં છું. સાંભળો. નારદ અને પર્વત નામના બે લોકમાન્ય ઋષિઓ એક સમયે દેવલોકમાંથી અહીં મનુષ્યલોકમાં આવ્યા હતા. કારણ કે તેઓ બન્ને મામાભાણેજને મનુષ્યોની વચ્ચે વિહાર કરવાની તે સમયે ઇચ્છા થઇ હતી, જેથી પ્રીતિપૂર્વક તેઓ બન્ને અહીં આવ્યા હતા. [૪,૫] મામા–નારદ અને ભાણેજ–પર્વતમુનિ, આ મનુષ્યલોકમાં આવીને મનુષ્યભોગ્ય એવા ઘી, ભાત આદિ પદાર્થોનો ઉપભોગ કરી સર્વ સ્થળે વિચરવા લાગ્યા. [૬] તપસંપન્ન એવા તેઓ બન્ને મહર્ષિઓ પૃથ્વીપર વિચરીને એ રીતે મનુષ્યોના ભોગો ભોગવતા હતા,તે સમયે બન્નેએ પ્રસન્ન થઇને અન્યોન્ય આવી પ્રતિજ્ઞા કરી હતી કે, “ આપણ બન્નેના હૃદયમાં જે કોઈ શુભ–અશુભ સંકલ્પ ઉત્પન્ન થાય, તે અન્યોન્યને તુરતજ કહી દેવો, પણ ગુપ્ત રાખવો નહિ; અને તે સંકલ્પને જે કોઇ ગુપ્ત રાખે, તે બીજાના શાપને પાત્ર બને.” આ પ્રતિજ્ઞાને બન્નેએ તે સમયે માન્ય કરી હતી અને પછી તેઓ બન્ને લોકમાન્ય મહર્ષિઓ, શ્વિત્યના પુત્ર સૃંજયરાજાની પાસે જઇને આ પ્રમાણે કહેવા લાગ્યા:–

“હે સૃંજય રાજા ! તારૂં હિત કરવા માટે અમે બન્ને કેટલોએક સમય સુધી તારે ત્યાં નિવાસ કરવા ઇચ્છીએ છીએ, માટે તું અમને યોગ્ય નિવાસસ્થાનની સવડ કરી આપ.” “જેવી આજ્ઞા ” એમ કહીને રાજાએ, તેઓ બન્નેનો સારો સત્કાર કર્યો અને યોગ્ય સ્થાનકે પધરામણી કરીને બન્નેની સેવા કરવા માંડી. [૭-૧૧] આમ કરતાં કેટલોએક સમય વીતી ગયો, તે પછી એક દિવસે અત્યંત પ્રસન્ન થયેલા:રાજાએ તેઓ બન્ને તપોધન મહાત્માઓને આ પ્રમાણે વિનતિ કરી કે:–“ આ મારી એકની એક સુંદરવર્ણી પુત્રી, આજથી તમારી બન્નેની સેવા કરવા હાજર રહેશે. તેનું નામ ‘ સુકુમારી ’ છે, વળી તે દેખાવડી છે, સર્વાંગે સુંદર છે, સદાચરસંપન્ન છે, હજીસુધી કુંવારીજ છે અને તેની કાંતિ કમળના કેસરાઓના સરખી ઉત્તમ છે.” રાજાનું એ વચન સાંભળીને બન્ને મુનિઓએ “ઘણીજ સારી વાત ” એમ કહીને રાજાને અનુમતિ આપી, જેથી રાજાએ પોતાની પુત્રીને આજ્ઞા કરી કે, “ હે પુત્રિ ! આજથી તારે આ બન્ને બ્રાહ્મણોની દેવ અને પિતૃઓની પેઠે સેવા કરવી.” પોતાના પિતાની એ આજ્ઞાને “ બહુ સારૂં ” એમ કહીને તે ધર્મનિષ્ઠ કન્યાએ માન્ય કરી અને પછી રાજાની આજ્ઞા પ્રમાણે તેઓ બન્ને મુનિઓની સત્કારપૂર્વક સેવા કરવા લાગી. આમ કેટલોક સમય સુધી ચાલ્યા પછી એક દિવસે તેની નિષ્કપટ સેવાભક્તિથી તથા તેના અતુલ લાવણ્યથી નારદમુનિના હૃદયમાં એકાએક કામવિકાર જાગૃત થયો; અને શુકલપક્ષના આરંભ પછી ચંદ્રમા જેમ ધીમે ધીમે વૃદ્ધિ પામે છે, તેમ એ મહાત્માના હૃદયમાં પ્રતિદિન કામદેવની વૃદ્ધિ થવા લાગી. પરંતુ ધર્મવેત્તા નારદે, શરમને લીધે પોતાના હૃદયમાં પ્રકટ થયેલા તીવ્ર કામવિકારની પર્વતમુનિને વાત કહી નહિ. પણ તપના પ્રભાવથી તથા કેટલીએક તેવી ચેષ્ટાઓથી પર્વતમુનિએ નારદના હાર્દ રહસ્યને જાણી લીધું અને નારદને કામવિહ્વળ થયેલા જોઇને અત્યંત કો-

ધાયમાન થઇ શાપ આપતાં તેણે કહ્યું કેઃ–“ આપણે બન્નેએ અન્યોન્યના ગુપ્ત સંકલ્પોને ખુલ્લા કરી દેવા માટેની જે પ્રતિજ્ઞા કરી હતી તેથી તમે ભ્રષ્ટ થયા છો,માટે હવે હું તમને શાપ આપીશ. તમે રાજપુત્રી આ સુકુમારી ઉપર કામાસક્ત થયા છો, તમારા હૃદયમાં કામવિકારો જાગી ઉઠયા છે, પરંતુ તે વાત તમે મને કહી નહિ તેથી હું તમને શાપ દઇશ. તમે બ્રહ્મચારી છો, વળી મારા ગુરુ છો, તપસ્વી છો અને બ્રાહ્મણ છો છતાં તમે આપણી પ્રતિજ્ઞાનો ભંગ કરી બેઠા છો, માટે હું તમને શાપ આપું છું તે તમે સાંભળો. હે બ્રહ્મન્! આ સુકુમારી કન્યા તમારી પત્ની થશે, એમાં લેશમાત્ર સંશય નથી; પરંતુ તેની સાથે લગ્ન કર્યા પછી તમારૂં સ્વરૂપ વાનરના જેવું થઇ જશે અને તમારા એ વાનરસ્વરૂપને એ રાજકન્યા તથા બીજા મનુષ્યો સ્પષ્ટ રીતે જોઈ શકશે.” ભાણેજ પર્વતમુનિએ આવો શાપ આપ્યો, એટલે મામા નારદ પણ ક્રોધથી ધુંધવાઈ ઉઠયા અને તેણે પણ તેને શાપ આપતાં કહ્યું કે, “અરે ઓ પર્વત! તું તપ, બ્રહ્મચર્ય, સત્ય અને દમથી યુક્ત છે તેમજ નિત્ય ધર્માચરણ કરનારો પણ છે,છતાં મારા શાપના પ્રભાવથી તું સ્વર્ગમાં જઇ શકીશ નહિ.” આ રીતે ક્રોધપૂર્વક અન્યોન્યને શાપ આપીને તેઓ બન્ને મુનિઓ,કોપેલા બે ગજેન્દ્રોની પેઠે અમર્ષમાં ને અમર્ષમાં ત્યાંથી ચાલી નીકળ્યા. હે ભરતવંશી યુધિષ્ઠિર રાજા! તે પછી મહાબુદ્ધિમાન પર્વત મુનિ પોતાના તેજના પ્રભાવથી સર્વ સ્થળે યથાયોગ્ય પૂજાપાત્ર બનીને સમગ્ર પૃથ્વીપર વિચરવા લાગ્યા. બીજી તરફ નારદ મુનિ, કેટલોએક સમય વીત્યા પછી સૃંજય રાજાની નિર્દોષ કન્યા સુકુમારી સાથે લગ્નસંબંધથી જોડાયા, પરંતુ તેની સાથે વિવાહ કરતાંજ અને બ્રાહ્મણોના વૈવાહિક મંત્રોનો વિનિયોગ થતાંજ નારદમુનિનું સ્વરૂપ વાનરના જેવું થઇ ગયું,કે જેને તે કન્યાએ સ્પષ્ટ રીતે જોયું પણ ખરૂં. આ રીતે દેવર્ષિનારદ વાનરના જેવા મુખવાળા થઈ ગયા, તોપણ સુકુમારી રાજકન્યાએ તેના તરફ કદી અણગમો અથવા અરુચિ દર્શાવી ન હતી, પણ ઉલટી પ્રીતિયુક્ત થઇને પોતાના તે ભરથારની નિરંતર સેવા કર્યા કરતી હતી; એટલુંજ નહિ પણ પોતાના પતિ ઉપરજ પ્રેમ રાખનારી તે રાજકન્યાએ, પરપુરુષતરીકે ગણાતા કોઈ દેવની, મુનિની, કે યક્ષની પોતાના પતિતરીકે કદી પણ ઉપાસના કરી ન હતી. તે પછી કોઇ એક દિવસે ભગવાન પર્વતમુનિ, પૃથ્વીપર ફરતા ફરતા એક એકાંત વનપ્રદેશમાં આવી ચઢયા. ત્યાં આશ્રમ બાંધી વસી રહેલા નારદમુનિનાં તેને દર્શન થયાં. તુરતજ પર્વતમુનિએ નારદને પ્રણામ કર્યા અને કહ્યું કે, “ હે પ્રભુ! તમે મારા ઉપર હવે કૃપા કરો અને મને સ્વર્ગમાં જવા માટે આદેશ આપો.” બે હાથ જોડીને આમ વિનવી રહેલા પર્વત મુનિને શાપથી દીન થઇ ગયેલા જોઇ નારદમુનિ પોતે પણ અત્યંત દીનતાપૂર્વક બોલ્યાઃ–“ તેંજ પ્રથમ મને વાનર થઇ જવાનો શાપ આપ્યો એટલે મેં પણ તને સ્વર્ગમાં નહિ જવા માટે ક્રોધપૂર્વક શાપ આપ્યો છે. હે પર્વત! તું મારા પુત્રને સ્થાનેજ ગણાય છે, છતાં તારે મારી સામે આવું અયોગ્ય વર્તન ન કરવું જોઇએ. જા, હવે હું તને શાપથી મુક્ત કરૂં છું.” નારદમુનિએ આમ કહ્યું, એટલે પર્વતમુનિએ પણ કહ્યું કે, “ હું પણ તમને શાપથી મુક્ત કરૂં છું.” આ રીતે તેઓ બન્ને મુનિઓએ અન્યોન્યના શાપ દૂર કર્યા એટલે તુરતજ નારદ ઋષિનું પૂર્વનું દિવ્ય સ્વરૂપ શોભાયુક્ત થઇને ઝળકી નીકળ્યું, પરંતુ નારદનું તે સ્વરૂપ જોઇને રાજકન્યા સુકુમારીને પરપુરુષનીજ શંકા થઇ ગઈ અને તે તો નારદને જોઇને નાસભાગ કરવા લાગી. રાજકન્યાને આમ નાસભાગ કરતી જોઇ પર્વતમુનિએ કહ્યું કેઃ–“ હે નિર્દોષ રાજકન્યા! આ તમારા પતિજ છે. તમારે એમાં કોઇ જાતનો વિચાર કરવો નહિ; કારણ કે આ કોઈ પરપુરુષ નથી પણ પરમ ધર્માત્મા અને મહાસમર્થ એવા નારદ ઋષિજ છે, કે જે તમારા હૃદયની સાથે એક થયા છે, માટે તમે સંશય કરો મા.” ૧૨–૪૨

શ્રીકૃષ્ણ બોલ્યાઃ–" હે યુધિષ્ઠિર રાજા! મહાત્મા પર્વતે એ પ્રમાણે જ્યારે ઘણી ઘણી સમજાવી તથા તેણે પોતે પણ પોતાના પતિને શાપના દોષથીજ વાનરસ્વરૂપ થયેલા સાંભળ્યા, ત્યારે તે રાજપુત્રી સ્વસ્થ થઈ અને નારદ મુનિથી જાણીતી થઈ. પછી પર્વતમુનિ સ્વર્ગમાં ગયા અને નારદ મુનિ અહીં પૃથ્વીપરજ પોતાના આશ્રમમાં રહ્યા. [૪૩] હે રાજા! આ સર્વ વૃત્તાંત તને પ્રત્યક્ષ રીતે અનુભવ કરનાર ભગવાન નારદ ઋષિ, અહીં ઋષિમંડલમાંજ બેઠા છે. માટે તેમને પૂછવાથી તે પોતેજ આ વૃત્તાંતના શેષ ભાગનું વર્ણન કરશે."[૪૪]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંગર્ત
રાજધર્માનુસાશન પર્વમાં " નારદ અને
પર્વતનું ઉપાખ્યાન એ વિષયનો
અધ્યાય ૩૦ મો સમાપ્ત.

अध्याय ३१ मो

સુવર્ણષ્ઠીવીનું જન્મ વૃત્તાંત

॥ वैशंपायन उवाच ॥

ततो राजा पांडुसुतो नारदं प्रत्यभाषत ॥
भगवन् श्रोतुमिच्छामि सुवर्णष्ठीविसंभवम् ।१।

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય! તે પછી રાજા યુધિષ્ઠિરે નારદ ઋષિને પૂછ્યું-" હે ભગવન્! રાજકુમાર સુવર્ણષ્ઠીવીનું જન્મવૃત્તાંત સાંભળવાની મને ઇચ્છા છે, માટે કૃપા કરીને તે મને કહો."[૧] ધર્મરાજા યુધિષ્ઠિરે નારદમુનિને એ પ્રમાણે કહ્યું એટલે તેમણે રાજકુમાર સુવર્ણષ્ઠીવીનો જન્મઇતિહાસ કહેવાનો આરંભ કર્યો.

નારદ બોલ્યાઃ– હે મહાબાહુ યુધિષ્ઠિર રાજા! શ્રીકૃષ્ણે તમને જે પ્રમાણે કહ્યું છે, તે તેમજ છે; પરંતુ તેના સંબંધમાં તમે મને પૂછો છો માટે તમને તે વૃત્તાંતનો શેષ ભાગ કહું છું. સાંભળો.[૩] પૂર્વે હું અને મારો ભાણેજ મહામુનિ પર્વત, અમુક સમયપર્યંત આ પૃથ્વીપર નિવાસ કરવા માટે આવ્યા હતા અને જયનશીલ રાજા સૃંજયને ત્યાં ચાતુર્માસ રહેવા માટે ગયા હતા[૪]. જે વેળા અમે સૃંજય રાજાને ઘેર ગયા હતા, તે વેળા તેણે અમારો ઘણોજ આદરસત્કાર કર્યો હતો અને શાસ્ત્રોક્ત વિધિથી અમારી પૂજા પણ કરી હતી. પછી અમે તેને ત્યાં રહેવા માટે કહ્યું, એટલે તેણે અમને સર્વ ઇષ્ટ પદાર્થોની સારી રીતે સગવડ કરી આપી જેથી અમે તેને ત્યાં સુખેથી રહ્યા હતા.[૫] એ રીતે ત્યાં નિવાસ કરતાં વર્ષાઋતુના ચારે માસ વીતી ગયા અને જવાનો જ્યારે સમય થયો, ત્યારે પર્વતમુનિએ મને ઉદ્દેશીને સમયોચિત અર્થવાળું આવું વચન કહ્યુંઃ–"હે બ્રહ્મન્! આ સૃંજય રાજાને ઘેર આપણે આજ દિવસ સુધી ઘણા માનપૂર્વક વસ્યા છીએ, માટે આપણે તેનું શું કલ્યાણ કરવું જોઇએ, તેનો તમે વિચાર કરો." પર્વતમુનિનું આ વચન સાંભળી મેં પણ તેને કહ્યુંઃ–, "હે ભાણેજ પર્વત! સર્વ જાતના વરો આપવાની તારામાં સંપૂર્ણ યોગ્યતા છે, માટે તુંજ એ રાજાની જે ઇચ્છા હોય તે વર આપ; અથવા તારી એમજ ઇચ્છા હોય તો ભલે આપણા બન્નેના તપના પ્રભાવથી રાજા, તેની ઇષ્ટ સિદ્ધિને પામે." મેં આ રીતે સંમતિ આપી એટલે પર્વતમુનિએ જયનશીલ રાજા સૃંજયને પોતાની પાસે બોલાવીને કહ્યું કેઃ–" હે રાજા! તારા નિષ્કપટ આદરાતિથ્યથી અમે બન્ને જણા પ્રસન્ન થયા છીએ અને તને આજ્ઞા આપીએ છીએ કે, તને જે ઈષ્ટ હોય તે તું માગી લે. હે મહારાજા! જેથી દેવોને કે મનુષ્યોને કોઇ જાતની પીડા ન થાય તેવો ઇષ્ટ વર તું માગી લે. અમે બન્નેએ ધાર્યું છે કે, કોઈપણ ઇષ્ટ વસ્તુ આપીને તારૂં અમારે સન્માન કરવું યોગ્ય છે."[૬–૧૨] પર્વતમુનિનાં એ વાકયો સાંભળીને સૃંજય રાજાએ ઉત્તર આપ્યો કે, "આપ બન્ને જણા મારા ઉપર પ્રસન્ન થયા, તેથીજ મારા સર્વ મનોરથો પૂર્ણ થયા છે. આપની પ્રસન્નતા એજ મને મહા ફળદાયક ઉત્કૃષ્ટ લાભ પ્રાપ્ત થયો છે, એમ હું માનું છું."સૃંજય રાજાએ આમ કહ્યું એટલે પુનઃ પર્વતમુનિએ તેને કહ્યુંઃ–"હે રાજન્! તારા હૃદયમાં આજે ઘણા દિવસથી આરંભી જે સંકલ્પ ઘોળાયા કરે છે, તેના સંબંધમાં આજે તું માગી

લે" એટલે સૃંજયે કહ્યું:-"હે મહામુનિ! આપની કૃપાથી મારે ત્યાં વીર્યવાન, દૃઢવ્રતધારી, આયુષ્માન, મહાભાગ્યશાળી અને ઇંદ્રસમાન કાંતિવાળો એક વીર પુત્ર જન્મે, એમ હું ઇચ્છું છું." રાજાની તે પ્રાર્થના સાંભળીને પર્વતમુનિએ કહ્યું કે, "હે રાજા! તારો એ મનોરથ સફળ થશે. તારે ત્યાં દેવરાજાના સરખો પુત્ર જન્મ લેશે, પરંતુ તે લાંબા આયુષ્યવાળો થશે નહિ; કારણ કે તારા હૃદયમાં દેવરાજાનો પરાભવ કરવાનો સંકલ્પ છે. તારે ત્યાં જન્મેલો પુત્ર, 'સુવર્ણષ્ઠીવી,' એવા નામથી જગતમાં પ્રસિદ્ધ થશે અને તેની કાંતિ દેવરાજા (ઇંદ્ર)ના સરખીજ થશે, પરંતુ તારે તે પુત્રનું ઇંદ્રથી રક્ષણ કરવું." મહાત્મા પર્વત મુનિનું તે વાકય સાંભળીને સૃંજય રાજા તેને પ્રસન્ન કરતો બોલ્યો:-"હે મુનિ! ઇંદ્રથી મારા પુત્રનું મૃત્યુ થાય, એમ કદી પણ ન થવું જોઇએ, પણ આપના તપના પ્રભાવથી મારો પુત્ર ભલે દીર્ઘાયુષ થાય." સૃંજયે આમ કહ્યું તોપણ પર્વત મુનિએ ઇંદ્રનું કલ્યાણ કરવાની ઇચ્છાથી કંઇ પ્રત્યુત્તર આપ્યો નહિ. પછી દીન અવસ્થામાં ઉભેલા રાજા સૃંજય સામે જોઈને મેં કહ્યું કે, "હે મહારાજા! તારો પુત્ર જ્યારે મરણસંકટમાં આવી પડે, ત્યારે તું મારૂં સ્મરણ કરજે; એટલે હું તને તારા પુત્રનાં દર્શન કરાવી આપીશ.તારો પ્રિયપુત્ર કદાચ પ્રેતરાજાને સ્વાધીન થઇ ગયો હશે તોપણ હું તને તેની પાસેથી પાછો લાવી આપીશ. માટે હે રાજા તું શોક કર મા."૧૩-૨૧

હે યુધિષ્ઠિર રાજા! આમ કહીને અમે બન્ને જણા યથેષ્ટ સ્થાને ચાલ્યા ગયા હતા અને સૃંજય રાજા પણ પ્રસન્ન થઇને પોતાના રાજમહેલ તરફ રવાના થઈ ગયો.૨૨ પછી કેટલોએક સમય જતાં રાજર્ષિ સૃંજયને ત્યાં તેજથી જાણે બળતો હોયની તેવો મહાવીર્યવાન પુત્ર ઉત્પન્ન થયો; અને તે, તળાવડીમાં જેમ કમળ વૃદ્ધિ પામે તેમ, પ્રતિદિન વધવા લાગ્યો. હે કુરુશ્રેષ્ઠ રાજા! તે કુમારનું "કાંચનષ્ઠીવી" એવું નામ યથાર્થજ હતું,જેથીસર્વને આશ્ચર્યજનક હોઇને લોકમાં તે અત્યંત પ્રસિદ્ધ થઇ ગયું હતું. પછી કેટલોક સમય ગયો, એટલે "મહર્ષિ પર્વતના વરદાનથી સૃંજય રાજાને ત્યાં મહાતેજસ્વી પુત્ર થયો છે" એ વાતની દેવેન્દ્રને ખબર પડી. બૃહસ્પતિનો મત લેતાં જણાયું કે, તે કુમાર જો મોટો થશે તો મારો પોતાનોજ પરાભવ કરનાર થશે. આમ ભયભીત થઇને વૃત્રહંતા ઇંદ્ર, રાજકુમાર કાંચનષ્ઠીવીનાં છિદ્રોને જોવા લાગ્યો. એક દિવસે તેણે પોતાની પાસે સાક્ષાત્ મૂર્તિમંત થઇને રહેનારા પોતાના દિવ્યાસ્ત્ર વજ્રને આજ્ઞા કરી કે, "તું વ્યાઘ્રનું સ્વરૂપ ધારણ કરીને આ રાજપુત્રને મારી નાખજે; કારણ કે હે વજ્ર! સૃંજયરાજાનો આ પુત્ર જો મોટો થઇ જશે તો પરાક્રમથી મારો પરાભવ કરશે. આમ પર્વતમુનિએ પણ એ કુમારના સંબંધમાં સૃંજય રાજાને કહ્યું છે." ઇન્દ્રે એ પ્રમાણે આજ્ઞા આપી, એટલે શત્રુઓના નગરને જીતનારૂં તે વજ્ર, સૃંજયના કુમારનું છિદ્ર શોધતું નિરંતર તેની પાછળ ફરવા લાગ્યું. આ તરફ સૃંજય રાજા પણ ઇંદ્રસમાન કાંતિવાળા તે પુત્રને પ્રાપ્ત કરીને હર્ષસંપન્ન થઈ સર્વ અંતઃપુરની સાથે નિત્ય વનમાંજ રહેવા લાગ્યો.૨૩-૩૦ તે પછી એક દિવસે ગંગાનદીના તટપર આવેલા નિર્જન અરણ્યમાં રાજકુમાર સુવર્ણષ્ઠીવી,પોતાની ધાવમાતાની સાથે રમતો રમતો દોડી ગયો.૩૧ તે સમયેએ બાળક,પાંચ વર્ષની વયનો થયો હતો; પરંતુ તેનામાં મોટા એક હાથીના સરખું પરાક્રમ જોવામાં આવતું હતું. તે કુમાર આડોઅવળો વૃક્ષોની ઘટામાં રમવા લાગ્યો. તેવામાં એકાએક કૂદી આવેલા એક મહાબળવાન વ્યાઘ્રના સપાટાનો ભોગ થઈ પડયો.૩૨ થર થર ધ્રૂજી રહેલા રાજકુમાર સુવર્ણષ્ઠીવીને પકડી પાડીને તે વાઘે મારી નાખ્યો,એટલે તુરતજ પ્રાણરહિત થઇને કુમાર ધરણીપર ઢળી પડયો. તે જોઇ સમીપમાં ઉભેલી તેની ધાવમાતા, મોટી મોટી બૂમો પાડવા લાગી.૩૩ બીજી તરફ વ્યાઘ્રના સ્વરૂપમાં આવેલું ઇંદ્રનું વજ્ર, રાજપુત્રને એ રીતે મારી નાખીને ઇંદ્રના માયાબળથી ત્યાંજ અંતર્ધાન થઇ ગયું.૩૪ કુમારની ધાવમાતા, અત્યંત વિહ્વળ થઇને પોકે પોકે રડવા લાગી

એટલે તેના રોદનધ્વનિને સાંભળીને રાજા સૃંજય હાવરોબાવરો બનીને પોતે-જાતેજ ત્યાં દોડી આવ્યો.[35] ત્યાં આવીને તેણે જોયું તો વાઘે ચૂસી પીધેલો રાજકુમાર સુવર્ણષ્ઠીવિ, આકાશમાંથી ચ્યવી પડેલા ચંદ્રની પેઠે પ્રાણ અને આનંદથી રહિત થઇને પૃથ્વીપર પડ્યો હતો.[36] આ રીતે રુધિરથી ખરડાયલા પોતાના પુત્રને જોતાંજ રાજા સૃંજય, મનમાં ઘણોજ પીડાવા લાગ્યો અને કુમારને ખોળામાં લઇને આતુર સ્થિતિએ વિલાપ કરવા લાગ્યો.[37] રાજા સૃંજયને એ રીતે વિલાપ કરતો સાંભળ્યો; એટલે તે કુમારની માતાઓ પણ રડતી રડતી શોકથી કૃશ થઇ જઇને તે પ્રદેશપર દોડી આવી.[38] પછી સૃંજય રાજાએ તે સમયે મારૂંજ સ્મરણ કર્યું, જેથી હું તેનું ચિંતન જાણી લઈને એકદમ તેની પાસે પ્રત્યક્ષપણે ગયો.[38] હે યુધિષ્ઠિર રાજા! તેની પાસે જઇને મેં તેનો શોક દૂર કરવા માટે તેજ સોળ રાજાઓનું ચરિત્ર કહી સંભળાવ્યું હતું; કે જે ચરિત્ર તમારી પાસે શ્રીકૃષ્ણે કહ્યું છે,[40] અને પછી ઇંદ્રની સંમતિ લઈ તે રાજકુમાર સુવર્ણષ્ઠીવીને મેં જીવતો પણ કર્યો હતો; માટે કહેવાનો સારાંશ એ છે કે, જે થવાનું હોય છે તે થાયજ છે. તેને કોઇ અન્યથા કરી શકતું નથી.[41] મહાયશસ્વી કુમાર સુવર્ણષ્ઠીવી જીવતો થયો તે પછી તેણે પોતાના માતાપિતાના ચિત્રને પ્રસન્ન કર્યું હતું[42] અને હે રાજા! સૃંજયરાજાના સ્વર્ગવાસ પછી ભયંકર પરાક્રમ કરનારા તે કુમારે અગીઆરસો વર્ષપર્યંત પોતાના પિતાના રાજ્યનું પાલન કર્યું હતું[43] એટલુંજ નહિ; પરંતુ મહા તપસ્વી તે રાજકુમારે પુષ્કળ દક્ષિણાવાળા અનેક યજ્ઞો કરીને દેવોનું યજન કર્યું હતું, દેવોને તથા પિતૃઓને તૃપ્ત કર્યા હતા અને કુળની વૃદ્ધિ કરનારા ઘણા પુત્રો ઉત્પન્ન કર્યા પછી તે કાળધર્મને પામ્યો હતો;[44,45] માટે હે રાજેંદ્ર! તમે પણ ઉત્પન્ન થયેલા આ શોકને મનમાંથી દૂર કરો અને કૃષ્ણ તથા મહાતપસ્વી વ્યાસ મુનિના કહેવા પ્રમાણે વર્તીને પૂર્વજોની પરંપરાથી પ્રાપ્ત થયેલા રાજ્યાસનપર બેસો ને સર્વ રાજ્યકારભાર ઉઠાવી પવિત્ર એવા મોટા મોટા યજ્ઞો કરો, જેથી તમે ઇષ્ટલોકને પામશો.[46,47]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "સુવર્ણષ્ઠીવીનું જન્મવૃત્તાંત" એ વિષયનો અધ્યાય ૩૧ મો સમાપ્ત.

अध्याय ३२ मो

રાજાઓનું કર્તવ્ય

॥ वैशंपायन उवाच ॥

तूष्णींभूतं तु राजानं शोचमानं युधिष्ठिरम् ॥
तपस्वीधर्म तत्त्वज्ञः कृष्णद्वैपायनोऽब्रवीत् ॥१॥

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય રાજા! નારદનાં પૂર્વોક્ત વાક્યો સાંભળીને પણ રાજા યુધિષ્ઠિર, શોક કરતા શાંત બેસી રહ્યા. એટલે ધર્મનાં તત્ત્વને જાણનારા તપસ્વી વ્યાસમુનિ તેમને ઉપદેશ આપવા લાગ્યા.[1]

વ્યાસ બોલ્યાઃ-"હે કમળનયન યુધિષ્ઠિર રાજા! પ્રજાઓનું પાલન કરવું તે રાજાઓનો ધર્મ છે- અને ધર્મ પ્રમાણે વર્તનારા રાજાઓ સ્વધર્મનેજ નિત્ય પ્રમાણ માને છે,[2] માટે હે રાજા! તમે તમારા ધર્મ પ્રમાણે વર્તો અને પૂર્વજોની પરંપરાથી આવેલા રાજ્યનું પાલન કરો. વેદનો સનાતન કાળનો એજ નિશ્ચય છે કે, તપ કરવું તે બ્રાહ્મણોનો નિત્ય ધર્મ છે; તેમજ હે ભરતશ્રેષ્ઠ! અનાદિ કાળથી ચાલ્યું આવેલું તપશ્ચરણ બ્રાહ્મણોનેજ સ્વધર્મતરીકે પ્રમાણ હોય છે અને તે સર્વ ધર્મનું રક્ષણ કરનાર તો ક્ષત્રિયજ છે.[4] જે કોઇ વિષયાસક્ત પુરુષ રાજશાસનનું ઉલ્લંઘન કરે તેને લોકવ્યવહારનો વિઘાતક જાણી રાજાએ બાહુબંધનથી કેદ પકડીને શિક્ષા કરવી જોઇએ.[5] રાજાએ પ્રમાણભૂત ધર્મથી વિરુદ્ધ વર્તનાર અને મોહવશ થઈને પાપકર્મ કરનાર પોતાના સેવકને, પુત્રને અથવા તપસ્વીને કે હરકોઇને પણ તે તે યોગ્ય પગલાં લઇને કેદ પકડવા જોઇએ અથવા ઠાર મારી નાખવા જોઇએ, કારણકે રાજાઓનો તે ધર્મ છે;

છતાં પણ કોઇ રાજા તે સ્વધર્મથી જો વિરુદ્ધ વર્તે છે તો પાપનોજ ભોક્તા બને છે.[૬,૭] વિનાશ પામતા ધર્મનું જે રાજા રક્ષણ કરતો નથી,તે કેવળ ધર્મહત્યારોજ ગણાય છે. તેથી તમે એ ધર્મહત્યારાઓનોજ (કૌરવોનો) તેઓના પરિવારની સાથે નાશ કરીને સ્વધર્મ પ્રમાણેજ વર્ત્યા છો તો પછી હે પાંડુપુત્ર! તમે શોક શામાટે કરો છો? રાજાએ તો દુષ્ટોને શિક્ષા કરવીજ જોઇએ; નિરંતર દાન આપવું જોઇએ અને પ્રજાઓનું ધર્મપૂર્વક રક્ષણ કરવું જોઇએ,"[૮-૯]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"હે તપોધન! આપ જે વચન કહો છો તેમાં મને લેશમાત્ર શંકા નથી; કારણકે આપ સર્વ પ્રકારના ધર્મોને જાણો છો તેથી આપને ધર્મનું સ્વરૂપ પરોક્ષ નથી;[૧૦] પરંતુ મેં રાજ્ય જેવા તુચ્છ કારણને માટે આ યુદ્ધમાં અનેક અવધ્ય મહાપુરુષોનો ઘાત કરાવ્યો છે, તે મારાં કર્મો મને બાળી નાખે છે, હાય! મારા હૃદયને રાંધી નાખે છે."[૧૧]

વ્યાસ બોલ્યાઃ– "હે ભારત! આ જગતમાં પુણ્યપાપરૂપ કર્મનો કર્તા કોણ? ઈશ્વરકર્તા છે? જીવ કર્તા છે? સ્વભાવ કર્તા છે? કે જન્માંતરીય કર્મોનાં ફળ કર્તા છે?[૧૨] જો ઈશ્વર કર્તા હોય તો એમજ સિદ્ધ થાય છે,કે હરકોઇ પુરુષ ઈશ્વરની પ્રેરણાથીજ શુભાશુભ કર્મ કરે છે, તેથી તે કર્મોનું ફળ ઈશ્વરનેજ મળવું જોઇએ.[૧૩] જેમ દૃષ્ટાંત તરીકેઃ–કોઇએક પુરુષ વનમાં જઇને કુહાડાવતી વૃક્ષને કાપે છે, પણ તેનું પાપ તે કાપનારને લાગે છે, નહિ કે છેદનક્રિયામાં તેના સાધનભૂત કુહાડાને તેનું પાપ લાગે છે![૧૫] અહીં કદાચ તમે એમ કહેશો કે, તે કુહાડો તો જડ છે તેથી તેને પાપ લાગતું નથી, પણ ઈશ્વરપ્રેરિત જીવ તો ચેતન છે,માટે તેને અવશ્ય પાપ લાગવું જોઇએ. હા, એ વાત ખરી છે. તોપછી એમજ માનવું જોઇએ કે, વૃક્ષને કાપવાથી લાગેલું પાપ કુહાડાને તો શું પરંતુ કુહાડાના બનાવનારા લુહારને પણ તે પાપ લાગવું જોઇએ અને કુહાડો હાથમાં લઇ કાપનારા પુરુષને તો પાપનો લેશમાત્ર સંબંધ નહિ રહે; કારણકે એકે કરેલા પાપનું ફળ બીજાને પ્રાપ્ત, થશે માટે હે કુંતાપુત્ર! તે સિદ્ધાંત યુક્તિયુક્ત નથી જે, એકના પાપફળને બીજાએ ભોગવવું પડે! વાસ્તવિક રીતે તો તમારે ઈશ્વરનેજ પુણ્યપાપનું ફળ અર્પણ કરી દેવું જોઇએ અને તમારે નિર્લેપ રહેવું જોઇએ.[૧૫,૧૬] હવે કદાચ એમ માનીએ કે પુણ્યપાપનો કર્તા જીવ છે, એ સિવાય બીજો કોઇ નથી. આ માન્યતામાં પણ શુભાશુભ કર્મનાં ફળનો નિયંતા કોઇ નહિ હોવાથી તમને કોનો ભય લાગે છે? વળી તમે તો આ શુભ કૃત્યજ કર્યું છે, પરંતુ અશુભ કૃત્ય કર્યું હોય તોપણ તમને તેનું ફળ આપનાર કોણ છે? અને હે રાજા! સત્ય વાત તો એજ છે કે, કોઈપણ પુરુષ દૈવનું કદી ઉલ્લંઘન કરી શકતો નથી, તેથી કુહાડો બનાવનાર પુરુષને તે કુહાડાવતી કાપનાર પુરુષે કરેલું પાપ જેમ લાગતું નથી, તેમ દૈવપ્રેરિત પુરુષને આ જન્મમાં કરેલાં પુણ્યપાપ સાથે ફળસંબંધ રહેતો નથી;[૧૭,૧૮] અથવા હે રાજન્! સર્વ કર્મનો કર્તા સ્વભાવજ છે, આમ જો માનતા હો તોપણ તમને પુણ્યપાપનો સંબંધ ઘટી શકતોજ નથી; કારણકે સ્વભાવને કર્તા માનનારાઓના મતમાં જીવને ભૂતકાળમાં કે ભવિષ્યકાળમાં શુભાશુભ સાથે સંબંધજ હોતો નથી, માટે તે રીતે તમારો શોક વૃથાજ છે.[૧૯] હવે, સ્વભાવવાદને અનુસરતાં લોકનાં પુણ્ય પાપના સંબંધની વ્યવસ્થા સિદ્ધ થઇ શકતી નથી, આમ માનીને તમે પુણ્યપાપની જો વ્યવસ્થા કરવા ઇચ્છતા હો તો તમારે ધર્મ-અધર્મ તરફજ દૃષ્ટિ કરવી પડશે; અને તે ધર્મ-અધર્મનું યથાર્થ સ્વરૂપ શાસ્ત્રદ્વારાજ તમારે જાણવું પડશે. તો. શાસ્ત્ર તો કહેજ છે કે, ઉદ્ધત પુરુષોને શિક્ષા કરવી તે રાજાઓનો શાસ્ત્રાનુકૂલ અને લોકાનુકૂલ પરમ ધર્મ છે.[૨૦] હે ભારત! તમે કદાચ એમ કહેશો કે, લોકોનું યોગ્ય રીતે શાસન કરવાછતાં પણ સ્થળે સ્થળે શુભ–અશુભ કર્મો થતાં જોવામાં આવે છે અને તેઓનાં શુભ–અશુભ ફળપણ પ્રાપ્ત થાય છે, માટે મને તો અહીં અનશન લઇને પ્રાણત્યાગ કરવાનું વધારે યોગ્ય લાગે છે;[૨૧]

પણ આમ કહેવું તે યોગ્ય નથી, કારણકે હે રાજસિંહ! પાપકર્મ કરવાથીજ પાપપ્રવૃત્તિરૂપ અશુભ ફળ ઉત્પન્ન થાય છે. આમ સમજીને તમારે પાપમૂલક કર્મોનો ત્યાગ કરવો અને શોકને મનમાંથી દૂર કરવો.[૨૨] જો કે તમારો ક્ષાત્રધર્મ સામવાદ અથવા નિંદ્ય છે, તોપણ સ્વધર્મ પ્રમાણે વર્તવું તેજ યોગ્ય છે; પરંતુ આત્મહત્યા કરવી તે યોગ્ય નથી.[૨૩] હે કુંતાપુત્ર! પુરુષોએ કરેલાં અશુભ કર્મમાટે શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત્ત કહેલાં છે, તેઓને શરીર ધારણ કરનારો પુરુષજ (જીવતો પુરુષજ) કરી શકે છે પરંતુ શરીરનો ત્યાગ કરનાર પુરુષ કરી શકતો નથી.[૨૪] માટે હે રાજા! તમે જો જીવતા હશો તો પ્રાયશ્ચિત્ત કરી શકશો, પરંતુ પ્રાયશ્ચિત્ત કર્યાવિના પ્રાણનો ત્યાગ કરશો તો પરલોકમાં ગયા પછી જરૂર પસ્તાશો."[૨૫]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજ-
ધર્માનુશાસન પર્વમાં "વ્યાસનો ઉપદેશ"
એ વિષયનો અધ્યાય ૩૨મો સમાપ્ત.

अध्याय ३३ मो

કાળજ સર્વનો ભક્ષક છે.

॥ युधिष्ठिर उवाच ॥

हताःपुत्राश्च पौत्राश्च भ्रातरःपितरस्तथा ॥
श्वशुरागुरुवश्चैव मातुलाश्च पितामहाः ॥१॥

યુધિષ્ઠિર બોલ્યા:–"હે પિતામહ વેદવ્યાસ! મેં એકલાએ રાજ્યમાં લુબ્ધ થઇને પુત્રોનો, પૌત્રોનો, ભાઈઓનો, પિતાઓનો, સસરાઓનો, ગુરુઓનો, મામાઓનો, પિતામહોનો, મહાત્મા-ક્ષત્રિયોનો, સંબંધીઓનો, હૃદોનો, મિત્રોનો, ભાણેજોનો, જ્ઞાતિઓનો તથા બીજા અનેક જૂદા જૂદા દેશોમાંથી આવેલા રાજાઓનો ઘાણ કાઢી નાખ્યો છે.[૧–૩] અરેરે! જે રાજાઓ નિત્ય ધર્માચરણ કરનારા હતા, વારંવાર સોમરસનું પાન કરી સોમયાગ કરનારા હતા અને વીર હતા, તે રાજાઓનો સંહાર કરીને હું કયા નિંદ્યલોકમાં જઈશ, તે કહી શકાતું નથી.[૪] હે તપોધન! તે તે શ્રીમાન રાજસિંહોથી શૂન્ય થયેલી આ પૃથ્વીનો મને જ્યારે વિચાર આવે છે,ત્યારે હું બળીને ભસ્મ થઇ જાઉં છું.[૫] હાય! પોતાના પતિઓ, પુત્રો અને ભાઇઓથી રહિત થઈ પડેલી તે તે ઉત્તમ સ્ત્રીઓની હવે શી દશા થશે?[૬] હે પિતામહ! જ્ઞાતિઓનો આ ઘોર સંહાર જોઈને તથા સેંકડો અને કરોડો પુરુષોને આ યુદ્ધમાં મરણ પામેલા જોઇને મને ઘણોજ સંતાપ થાય છે.[૭] આ યુદ્ધમાં મરણ પામેલા સર્વ મહાપુરુષોની સ્ત્રીઓ યાદવો સાથે મળીને સર્વનો વિનાશ કરનારા અમને ક્રૂર પાંડવોને ગાળો દેશે–અમારા નામનાં છાજીઆં લેશે,રે!બિચારી કૃશ થઇને પૃથ્વી પર પછડાઇ પડશે.[૮] અફસોસ! બીજી ઘણી સ્ત્રીઓ તો પોતાના પિતાઓને, ભાઇઓને, પતિઓને તથા પુત્રોને નહિ જોઇને સ્નેહને લીધે પ્રાણત્યાગ કરશે, પોતાના સંબંધીઓની પાછળજ પરલોકમાં પ્રયાણ કરી જશે. હે શ્રેષ્ઠબ્રાહ્મણ! આ હું કહું છું તે સત્ય છે, એમાં લગારે સંશય નથી. ધર્મનું સ્વરૂપ ઘણું સૂક્ષ્મ હોય છે જેથી અમે ઘણી સ્ત્રીઓની હત્યાના પાતકને પ્રાપ્ત થઇશું.[૯,૧૦] અમે અમારા સુહૃદોનો ઘાત કરીને અનંત પાપ કર્યું છે, તેથી અવશ્ય અમે ઉંધે મસ્તકે નરકના ખાડામાં પડીશું.[૧૧] હે મહર્ષિ! અમારો તો હવે નિશ્ચય થઈ ગયો છે કે, ઉગ્ર તપશ્ચર્યા કરીને અમે અમારાં શરીરોનો ત્યાગ કરીશું તોપણ સર્વ આશ્રમોમાંથી કયો આશ્રમ વધારે ઉત્તમ છે? અને કયા આશ્રમમાં રહેવાથી અમે પૂર્વોક્ત દોષોથી મુક્ત થઇ શકીએ, તે મને કહો."[૧૨]

વૈશંપાયન કહે છેઃ–હે જનમેજય! યુધિષ્ઠિરનું એ વાક્ય સાંભળ્યા પછી દ્વૈપાયન–વ્યાસ ઋષિ, બુદ્ધિસાથે ખૂબ વિચાર કરીને તેમને કહેવા લાગ્યા.[૧૩]

વ્યાસ બોલ્યા:–" હે રાજન્! ક્ષાત્રધર્મનું સ્મરણ કરી તમે ખેદ કરો મા. હે ક્ષત્રિયશ્રેષ્ઠ! આ સર્વે ક્ષત્રિયો સ્વધર્માનુસાર યુદ્ધ કરીને મરણ પામ્યા છે.[૧૪] તેઓ બધા ક્ષત્રિયો પુષ્કળ રાજ્યલક્ષ્મીમાટે ઈચ્છા રાખતા હતા અને પૃથ્વીપર મહાન યશ ફેલાવવાની આકાંક્ષા રાખતા હ-

તા; પરંતુ તેઓ બીજાઓનો પ્રાણ હરી લેવા તત્પર થયા તેથી પોતાના અપરાધને લીધેજ કાળયોગે મરણ પામ્યા છે.[૧૫] તેઓમાંથી કોઇ એકનો પણ તમે નાશ કર્યો નથી, અર્જુને નાશ કર્યો નથી કે ભીમસેને, નકુલે અથવા સહદેવે પણ નાશ કર્યો નથી, પરંતુ કાળેજ તે સર્વ દેહધારીઓના પર્યાયધર્મ પ્રમાણે પ્રાણ લીધા છે.[૧૬] સર્વ પ્રજાઓનાં કર્મોનો સાક્ષી ભૂતકાળ એટલો બધો ક્રૂર છે કે, પોતાનાં માતાપિતા ઉપર પણ તે કદી કૃપા કરતો નથી, માટે તે કાળેજ સર્વનો સંહાર કર્યો છે.[૧૭] હે ભરતશ્રેષ્ઠ રાજા! આ યુદ્ધ તો તેઓ બધાના નાશમાં માત્ર નિમિત્તભૂતજ હતું. વાસ્તવિક દૃષ્ટિએ તો કાળજ સર્વ પ્રાણીઓને માંહોમાંહે લડાવી મારે છે, એ તેની એક સર્વનિયંત્રી સત્તા છે.[૧૮] તમે જાણો કે, પુણ્યપાપનો સાક્ષી કાળસ્વરૂપ ઈશ્વર, હરકોઇ પ્રાણીને તેનાં કર્મ પ્રમાણેજ સુખદુઃખાદિ શુભાશુભ ફળને આપે છે; અર્થાત જીવે કરેલાં કર્મોજ સુખ તથા દુઃખરૂપે પરિણમે છે, માટે કર્મજ સર્વને યથાયોગ્ય ફળ આપતું હોવાથી ઈશ્વરની અંદર વિષમતા અથવા નિર્દયતા આદિ દોષો ઘટી શકતા નથી.[૧૯] હે મહાબાહુ યુધિષ્ઠિર રાજા! આ યુદ્ધમાં જેઓ મરણ પામ્યા છે, તેઓનાં કર્મોજ તેઓનો વિનાશ કરવામાં કારણભૂત હતાં કે જે કર્મોવડે તેઓ કાળને સ્વાધીન થયા છે. તેનો તમે વિચાર કરો.[૨૦] અરે! તમે પોતે તમારોજ વિચાર કરોની, કે જે તમે નિત્ય શાંતવ્રતમાંજ એકનિષ્ઠ છો છતાં તમે તે કાળના દબાણથી આવું હિંસ્રકર્મ કરી બેઠા છો; અર્થાત્ આ બધું કાળના માહાત્મ્યથીજ બનેલું છે.[૨૧] જેમ સુતારે બનાવેલું યંત્ર, તેના પ્રવર્તકના વશમાં રહીને કાર્ય કરે છે, તેમ આ સર્વ જગત કાળ સહચરિત કર્મના વશમાં રહીને કાર્ય કર્યા કરે છે.[૨૨] પુરુષની જગતમાં જે રીતે ઉત્પત્તિ થાય છે, તે રીતેજ કોઇ જાતનાં નિમિત્તવિના તેનો સ્વતઃ નાશ થાય છે; માટે તેનો હર્ષશોક કરવો વ્યર્થ છે;[૨૩] છતાં પણ તમારા મનમાં "મેંજ સર્વનો નાશ કર્યો છે" આવી અસત્ય ભ્રાંતિ પ્રવેશ કરી ગઈ હોય તો તે ભ્રાંતિજન્ય પાપભાવનાની નિવૃત્તિ કરવા માટે તમે પ્રાયશ્ચિત્ત કરો.[૨૪] વળી હે પાર્થ! આપણે સાંભળીએ છીએ કે, પૂર્વે દેવો તથા અસુરોવચ્ચે મહાન યુદ્ધ થયું હતું. દેવો મોટા ભાઇ હતા અને અસુરો નાના ભાઇ હતા, તોપણ તેઓની વચ્ચે રાજ્યલક્ષ્મીના નિમિત્તે મહાન વિરોધ ઉભો થયો હતો. તેઓનું યુદ્ધ બત્રીસ હજાર વર્ષપર્યંત ચાલ્યું હતું અને તેમાં અંતે લોહીથી રેબઝેબ થઈ ગયેલી પૃથ્વીને મહાસમુદ્રમાં ડૂબાવી દઇ દેવોએ દૈત્યોને મારી નાખ્યા હતા અને સ્વર્ગનું રાજ્ય મેળવ્યું હતું.[૨૭] તેમજ પૂર્વે વેદપારંગત એવા બ્રાહ્મણો પૃથ્વીને મેળવીને ગર્વથી છકી ગયા હતા, જેથી તેઓએ અસુરોને સહાય આપી યુદ્ધમાટે તૈયાર કર્યા હતા જેને લીધે 'શાલાવૃક' એવા નામથી ત્રણે લોકમાં પ્રસિદ્ધ થયેલા એંશીહજાર અસુરોને દેવોએ મારી નાખ્યા હતા.[૨૮,૨૯] મતલબ–કહેવાનો ભાવ એ છે કે, જે દુરાત્માઓ ધર્મનો નાશ કરી અધર્મની પ્રવૃત્તિ કરવા ઇચ્છતા હોય, તેઓને દેવોએ જેમ દૈત્યોને મારી નાખ્યા હતા, તેમ મારીજ નાખવા જોઇએ;[૩૦] એટલુંજ નહિ પણ શાસ્ત્રની ત્યાંસુધીની આજ્ઞા છે કે, કુળમાં એકનો નાશ થવાથી જો સર્વ સુખી થતાં હોય તો તે એક (દુષ્ટ) પુરુષને મારી નાખવો અને કોઇએક દુષ્ટતાભરેલા કુળનો નાશ થવાથી આખા દેશને સુખ મળતું હોય તો બેધડકપણે તે કુળનો નાશ કરી નાખવો; કારણ કે તેમ કરવાથી ધર્મનો નાશ થતો નથી.[૩૧] હે રાજા! કોઈ સમયે એવું બને છે કે, સ્થૂલદૃષ્ટિએ દેખાતો અધર્મ પણ સૂક્ષ્મ દૃષ્ટિએ ધર્મસ્વરૂપ થઇ પડે છે અને કોઈ સમયે સ્થૂલદૃષ્ટિએ દેખાતો ધર્મ પણ તત્ત્વદૃષ્ટિએ અધર્મસ્વરૂપે પરિણમે છે; માટે વિદ્વાન પુરુષે ધર્મ તથા અધર્મનું સ્વરૂપ શાસ્ત્રદ્વારા જાણવું જોઇએ.[૩૨] હે ભરતવંશી પાંડુપુત્ર! આ રીતે તમે પણ સ્થૂલદૃષ્ટિએ અધર્મવર્તન કરીને પણ સૂક્ષ્મદૃષ્ટિએ ધર્મવર્તન કર્યું છે, એટલે કે તમે દેવોએ ચાલુ કરેલા પ્રાચીન માર્ગમાં ગયા છો; માટે તમારા આત્મા-

ને સ્થિર કરો. તમને વધારે શું કહેવું! તમે તો શાસ્ત્રોનાં તત્ત્વને જાણોજ છો.[૩૩] હે પાંડવશ્રેષ્ઠ! તમે નિશ્ચય જાણો કે, તમારા જેવા ધર્માત્મા અને સદાચારી પુરુષો કદીપણ નરકમાં જતા નથી, માટે હે પરંતપ! તમારા આ ભાઇઓને તથા સુહૃદોને શાંત કરો.[૩૪] જે પુરુષ, પાપી ભાવનાથી ભાવિત થઇને પાપકાર્યનો આરંભ કરે છે અને આરંભ કર્યા પછી પણ તે કાર્ય કરતાં મનમાં તેવી પાપી ભાવના રાખે છે તથા તે કાર્ય કર્યા પછી પણ પશ્ચાત્તાપ કર્યા વિના ઉલટો નિર્લજ્જ થઇને ફર્યા કરે છે, તે પુરુષનેજ તે પાપકાર્યનું ફળ અવશ્ય મળે છે; એટલુંજ નહિં પરંતુ તેને શુદ્ધ કરવા માટે શાસ્ત્રમાં કોઈ સ્થળે પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું નથી અને તે પુરુષના પાપકર્મનો કદી હ્રાસ પણ થતો નથી.[૩૫-૩૬] પણ તમે તો આ યુદ્ધના આરંભસમયથીજ શુદ્ધ ભાવનાથી ભાવિત છો, વળી તમે જે આ યુદ્ધ કર્યું છે તે પણ કેવળ બીજાઓના(દુર્યોધન આદિના) દોષને લીધેજ કર્યું છે અને પોતાની ઇચ્છા ન હતી છતાં આવું યુદ્ધકર્મ કરીને તમે પશ્ચાત્તાપ પણ કરો છો, માટે તમે લેશમાત્ર દોષપાત્ર નથી;[૩૭] તોપણ હે મહારાજ! તમને ખેદ થતો હોય તો તમે પ્રાયશ્ચિત્ત કરો. અશ્વમેધ મહાયજ્ઞ કરવો તેજ આવા કર્મનાં પ્રાયશ્ચિત્તતરીકે શાસ્ત્રોમાં કહેલ છે, તે યજ્ઞ કરીને તમે અવશ્ય પાપથી મુક્ત થશો.[૩૮] ભગવાન ઇંદ્રે પણ પૂર્વે શત્રુઓને જીત્યા પછી દેવોની સાથમાં રહી એક પછી એક એમ સો અશ્વમેધ યજ્ઞો કર્યા હતા, જેથી તેનું 'શતક્રતુ' એવું નામ પ્રસિદ્ધ થયું છે;[૩૯] અને તે અશ્વમેધ યજ્ઞો કરીનેજ ઈન્દ્ર પાપરહિત થયા છે, સ્વર્ગને જીત્યા છે, સુખોદયવાળા દિવ્યલોકોને પામ્યા છે, દેવગણોથી વીંટાઇને સર્વ દિશાઓને પ્રકાશમાન કરતા શોભી રહ્યા છે, સ્વર્ગલોકમાં પૂજાય છે, અપ્સરાઓથી સેવાય છે અને દેવોના રાજા થઇ ઋષિઓ તથા દેવોથી ઉપાસાય છે.[૪૦-૪૧] હે નિર્દોષ રાજા! તમે આ પૃથ્વીને પરાક્રમથી પ્રાપ્ત કરી છે તથા પરાક્રમથીજ સ્વર્ગના રાજાઓને તમે જીત્યા છે.[૪૨] માટે હવે સર્વ સુહૃદોને સાથે લઇ તમે તે મરણ પામેલા રાજાઓનાં રાજ્યોમાં જાઓ અને તેઓના ભાઇઓનો, પુત્રોનો અથવા પૌત્રોનો તેઓનાં રાજ્યાસનોપર અભિષેક કરો.[૪૩] વળી તે તે રાજ્યોમાં જે સ્થળે હજી અંતઃપુરમાંજ રહેનારા જે બાળરાજકુમારો હોય તેઓને શાંતિજનક વચનો કહીને તમે શાંત પાડો તથા સર્વ પ્રધાનમંડળનું રંજન કરી આખી પૃથ્વીનું રક્ષણ કરો.[૪૪] આ યુદ્ધમાં મરણ પામેલા રાજાઓમાં જેઓને કુમાર ન હોય તેઓની કન્યાઓનો પણ રાજ્ય ઉપર અભિષેક કરો જેથી વિષયગ્રસ્ત ચિત્તવાળો સર્વ સ્ત્રીવર્ગ શોકનો ત્યાગ કરી દેશે.[૪૫] હે ભારત! આ રીતે સર્વ રાજ્યોમાં શાંતિ પાથરી દીધા પછી પૂર્વે જેમ વિજયી બનેલા ઇન્દ્રે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો તેમ, તમે પણ અશ્વમેધ યજ્ઞ કરો.[૪૬] હે ક્ષત્રિયશ્રેષ્ઠ! યુદ્ધમાં મરણ પામેલા તે મહાત્મા ક્ષત્રિયો શોક કરવા યોગ્ય નથી. તેઓ કાળના બળથી મોહિત થઇને પોતપોતાનાં કર્મોને લીધેજ નાશ પામ્યા છે.[૪૭] હે ભારત! તમે ક્ષાત્રધર્મ પ્રાપ્ત કર્યો છે, વળી નિષ્કંટક એવું રાજ્ય પણ મેળવ્યું છે તોપછી હવે તમારે સ્વધર્મનુંજ રક્ષણ કરવું જોઇએ; કારણ કે પરલોકમાં ગયા પછી તમારો ધર્મજ તમને શ્રેયસ્કર થઇ પડશે."[૪૮]

ઇતિશ્રી મહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "પ્રાયશ્ચિત્તીય ઉપાખ્યાન"એ વિષયનો અધ્યાય ૩૩ મો સમાપ્ત.

अध्याय ३४ मो

પાપપુણ્યવિચાર

॥ युधिष्ठिर उवाच ॥

कानिकृत्वेह कर्माणि प्रायश्चित्तीयते नरः ॥
किं कृत्वा मुच्यते तत्र तन्मेब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે પિતામહ વેદવ્યાસ! પુરુષ:ક્યાં કર્મો કરીને પ્રાયશ્ચિત્તનો ભોક્તા બને છે અને શું કર્મ કરવાતી તે પાપથી મુક્ત થાય છે, તે મને કહો."[૧]

વ્યાસ બોલ્યા:—“ હે રાજા! શાસ્ત્રોક્ત કર્મ નહિ કરવાથી તથા શાસ્ત્રનિષિદ્ધ કર્મોનું આચરણ કરવાથી પુરુષ પ્રાયશ્ચિત્તનો ભોક્તા બને છે; અર્થાત્ તે પાપ દૂર કરવામાટે તેણે પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ.[૨] વળી જે પુરુષ બ્રહ્મચારી હોય છતાં સૂર્યોદય પહેલાં ઉઠતો નથી તથા સૂર્યાસ્ત પહેલાં સૂઈ જાય છે, તેણે પણ પ્રાયશ્ચિત્ત કરવું. તેમ, જેના નખ તથા દાંત આપોઆપ કાળા પડી ગયા હોય તે પુરુષે પૂર્વજન્મમાં સુવર્ણ ચોર્યું હોવું જોઇએ અને મદ્યપાન કરેલું હોવું જોઇએ, માટે તેણે પણ આ જન્મમાં પ્રાયશ્ચિત્ત કરીને પાપથી મુક્ત થવું જોઇએ.[૩] મોટાભાઇની પહેલાં પરણી બેઠેલા નાના ભાઇએ, વચેટ ભાઈનેજ કુંવારો રાખી પરણેલા સૌથી મોટા ભાઇએ, બ્રહ્મહત્યારાએ, હરકોઈની નિંદા કરનારાએ, નાની બહેનનાં લગ્ન થઇ ગયા પછી તેની મોટી બહેનને પરણનારા પુરુષે, મોટી બહેન પરણી ન હોય છતાં તેની નાની બહેનને પરણનારા પુરુષે, બ્રહ્મચર્યવ્રતને ખંડિત કરનારા પુરુષે, દ્વિજાતિનો વધ કરનારાએ, અપાત્રને દાન આપનારાએ,પાત્રને દાન નહિ આપનારાએ,આખા ગામનો નાશ કરનાએ, માંસનો વ્યાપાર કરનારાએ અગ્નિહોત્રીય અગ્નિનો ત્યાગ કરનારા બ્રાહ્મણે, પગાર લઇ વેદ ભણાવનાર બ્રાહ્મણે, ગુરુની તથા સ્ત્રીની હત્યા કરનારાએ, યજ્ઞઆદિ નિમિત્તવિના પશુઓનો ઘાત કરનારાએ, બીજાના ઘરમાં આગ લગાડનારાએ, અસત્ય વ્યવહાર કરી આજીવિકા ચલાવનારાએ, ગુરુનું અપમાન કરનારાએ તથા વ્યાવહારિક,નૈતિક અથવા ધાર્મિક નિયમનો ભંગ કરનારાએ શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ; કારણકે, એ બધાં પાપકૃત્યો કરીને તે પુરુષો પાપી બનેલા હોય છે.[૪-૮]

હે રાજા!હવે, વેદમાં તથા લોકમાં જે કર્મોને અકાર્ય ગણવામાં આવ્યાછે તેઓનું હું તમારી પાસે વર્ણન કરૂં છું. તે તમે એકાગ્ર ચિત્તથી સાંભળો.[૯] સ્વધર્મનો પરિત્યાગ, પરધર્મનો સ્વીકાર, યજ્ઞો કરવા માટે અનધિકારી શૂદ્રાદિકને યજ્ઞો કરાવવા, લસણ આદિ અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ કરવું, પોતે રક્ષણ કરવા સમર્થ હોવા છતાં શરણે આવેલાનો પરિત્યાગ કરવો, પોષ્યવર્ગનું પોષણ નહિ કરવું, મીઠું, ગોળ, દૂધ, દહીં, ઘી વગેરે રસોનો વેપાર કરવો, પશુપક્ષીનો વધ કરવો, શક્તિ હોય છતાં ગર્ભાધાન આદિવૈદિક સંસ્કારો નહિ કરવા, ગોગ્રાસ, શ્વાનભાગ આદિ નિત્ય દાનો નહિ આપવાં, ‘હું તને આપીશ’ એમ પ્રતિજ્ઞા કરીને બ્રાહ્મણને દક્ષિણા નહિ આપવી, બ્રાહ્મણો ઉપર અત્યાચાર,—આ સર્વ વેદવિરુદ્ધ તથા લોકવિરુદ્ધ અકાર્યો છે, એમ ધર્મવેત્તા વિદ્વાનો કહે છે.[૧૦-૧૩] હે પુરુષવ્યાઘ્ર રાજા! પિતાની સાથે વાદવિવાદ કરનાર પુત્ર, ગુરુની સ્ત્રી સાથે વ્યભિચાર કરનાર શિષ્ય તથા ઋતુકાળે પોતાની સ્ત્રી સાથે મૈથુન નહિ કરનાર પુરુષ પણ અધાર્મિક ગણાય છે.[૧૪] આવાં આવાં ઘણાં કર્મોનું ધર્મશાસ્ત્રોમાં વિસ્તારથી તથા સંક્ષેપથી વર્ણન કરવામાં આવ્યું છે, કે જે કર્મો નહિ કરવાથી તથા કરવાથી પુરુષને પ્રાયશ્ચિત્ત કરવું પડે છે.[૧૫] હવે આ પૂર્વોક્ત પાપ કર્મોનું પણ જે જે નિમિત્તે આચરણ કરવાથી મનુષ્ય પાપી થતો નથી, તે તે નિમિત્તોનું તમારી પાસે હું વર્ણન કરૂં છું, તે તમે સાંભળો.[૧૬] વેદના પારને પામેલો એવો પણ કોઇ બ્રાહ્મણ, હાથમાં શસ્ત્ર લઇને રણમાં મારી નાખવાની ઇચ્છાથી જો ધસી આવે તો તેને મારી નાખવો; અને તેમ કરવાથી તે પુરુષને બ્રહ્મહત્યા લાગતી નથી.[૧૭] હે કુંતીપુત્ર યુધિષ્ઠિર! વેદોમાં પણ આવા આશયના મંત્રો જોવામાં આવે છે; માટે હું તમારી પાસે જે ધર્મનું વર્ણન કરૂં છું તે વેદોક્ત પ્રમાણોથી યુક્તજ છે પરંતુ વેદવિરુદ્ધ નથી.[૧૮] વળી જે બ્રાહ્મણ તેનાં જાતીય સદાચરણોથી ભ્રષ્ટ થયો હોય તથા શસ્ત્રો ધારણ કરીને આજીવિકા ચલાવતો હોય તેવા આતતાયી બ્રાહ્મણને પણ મારીજ નાખવો અને તેમ કરવાથી મારનારને બ્રહ્મહત્યા પણ લાગતી નથી. કારણકે, ધસી આવેલા ક્રોધસામે સામાનો ક્રોધ પણ ચઢાઈ કરેજ છે.[૧૯] અજ્ઞાનતાથી અને તેવા અસાધ્ય રોગાદિકના ઉપદ્રવથી પ્રાણોનો નાશ થઈ જતો હોય તો તેવે પ્રસંગે ધર્મચુસ્ત વૈદ્યોની આજ્ઞા

પ્રમાણે મદિરાપાન કરીને પણ પુરુષ પાપભાગી બનતો નથી, પરંતુ તે પુરુષે રોગાદિકની નિવૃત્તિ થયા પછી પુનઃ શાસ્ત્રોક્ત સંસ્કાર કરવા જોઈએ.[૨૦] હે યુધિષ્ઠિર ! પૂર્વે અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ કરવાથી જે પાપ કહેવામાં આવ્યું છે તે પણ જો અજ્ઞાનજન્ય હોય, તો પ્રાયશ્ચિત્ત કરવાથી શોધી શકાય છે.[૨૧] વળી પ્રથમ કહેલું છે કે; ગુરુની સ્ત્રી સાથે વ્યભિચાર કરનાર શિષ્ય પાતકી છે; પરંતુ ગુરુની આજ્ઞાથી તેની સ્ત્રી સાથે ગમન કરવાથી શિષ્યને પાપ લાગતું નથી. આવાજ આશયથી ઉદ્દાલક ઋષિએ પોતાના શિષ્યદ્વારા શ્વેતકેતુ નામના પુત્રને ઉત્પન્ન કરાવ્યો હતો.[૨૨] માત્ર ગુરુજનોનું પોષણ કરવા માટેજ આપત્તિકાળમાં ચોરી કરનાર પુરુષ પાપી થતો નથી. પરંતુ તે પુરુષે પોતાના ગુરુજનોના પોષણપૂરતીજ ચોરી કરવી જોઇએ, નહિ કે પોતાની ઇચ્છામાં આવે તેટલી ચોરી કરીને ધનવાન બની જવું જોઈએ.[૨૩] વળી ગુરુજન માટે ચોરી કરનાર પુરુષ, જો બ્રાહ્મણના દ્રવ્યની ચોરી કરતો નથી તોજ તેને દોષ લાગતો નથી, તેમજ ચોરેલા ધનનો જો પોતે ઉપભોગ કરતો નથી તોજ તેને પાપ લાગતું નથી અન્યથા તો તે પાપીજ છે.[૨૪] પોતાના અથવા પારકાના પ્રાણ જે વેળા ભયમાં આવી પડયા હોય, તે વેળા પ્રાણનું રક્ષણ કરવામાટે અસત્ય ભાષણ કરવું તેમજ ગુરુને માટે, સ્ત્રીઓની પાસે તથા વિવાહકાળે પણ અસત્ય ભાષણ કરવું. સ્વપ્નમાં વીર્ય સ્ખલિત થઈજવાથી બ્રહ્મચારી વ્રતભ્રષ્ટ થતો નથી, પરંતુ તેણે પ્રાતઃકાળે સ્નાનસંધ્યા કરીને પ્રજ્વલિત અગ્નિમાં ઘીનો હોમ કરી પ્રાયશ્ચિત્ત કરી લેવું.[૨૬] મોટો ભાઈ પતિત થઈ ગયો હોય–વટલી ગયો હોય અથવા સંન્યાસી થઈ ગયો હોય તો નાના ભાઇને લગ્ન કરવામાં પાપ લાગતું નથી; અને કોઈ પરસ્ત્રીએ પણ માત્ર ગર્ભાધાનમાટેજ જો મૈથુનમાટે પ્રાર્થના કરી હોય તો તે પરસ્ત્રીગમન પણ પુરુષને ધર્મભ્રષ્ટ કરતું નથી.[૨૭] યજ્ઞાદિ નિમિત્તવિના પશુઓનો વધ કરવો નહિ તેમ કરાવવો પણ નહિ પરંતુ યજ્ઞમાં શાસ્ત્રોક્ત વિધિએ કરેલું પશુઓનું વિશસન, તે પશુઓને પવિત્ર કરનાર છે તથા પશુયોનિમાંથી મુક્ત કરાવનાર છે, માટે યજ્ઞનિમિત્તે કરેલો પશુવધ પાપજનક નથી.[૨૮] કુપાત્ર બ્રાહ્મણને જો અજ્ઞાનથી દાન અપાઈ જાય તો તે દૂષક નથી, તેમજ સુપાત્રને પણ અજ્ઞાનથીજ દાન ન અપાયું હોય તો તે દૂષક નથી.[૨૯] પોતાની સ્ત્રી જો વ્યભિચારિણી હોય તો તેનો ધિક્કાર કરી પોતાનાથી દૂર કબજે રાખવી અને તેનું માત્ર પોષણજ કરવું; કારણ કે તેમ કરવાથી તેના પતિને દોષ લાગતો નથી અને પેલી સ્ત્રી પણ અમુક સમય ગયા પછી પવિત્ર થાય છે.[૩૦] સોમવલ્લીનો રસ સર્વ મનુષ્યોને તથા દેવોને તૃપ્તિ આપનારો છે, આમ સમજીને તેનો જો વ્યાપાર કરવામાં આવે અર્થાત્ તેને વેચવામાં આવે તો તેથી પાપ લાગતું નથી. પોતાનાં કાર્યો કરવામાં અસમર્થ થયેલા નોકરને રજા આપવાથી પણ શેઠને દોષ લાગતો નથી, તેમજ ગાયોને માટે વનને સળગાવી મૂકવાથી દોષ લાગતો નથી.[૩૧] હે ભરતવંશી યુધિષ્ઠિર રાજા ! જે કર્મો કરવાથી પુરુષને દોષ લાગતો નથી, તેવાં કર્મો મેં તમને કહ્યાં હવે તે તે કર્મોનાં પ્રાયશ્ચિત્તો વિસ્તારપૂર્વક હું તમને કહું છું, તે સાંભળો. ”[૩૨]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત
રાજધર્માનુંશાસન પર્વમાં “ પ્રાયશ્ચિત્ત
ઉપાખ્યાન” એ વિષયનો
અધ્યાય ૩૪ મો સમાપ્ત.

अध्याय ३५ मो

પ્રાયશ્ચિત્તાધ્યાય

॥ व्यास उवाच ॥

तपसा कर्मणा चैव प्रदानेन च भारत ॥
पुनाति पापं पुरुषः पुनश्चेन्न प्रवर्तते ॥ १ ॥

વ્યાસ બોલ્યા:–“ હે ભરતવંશી રાજા ! કૃચ્છ્રચાંદ્રાયણ આદિ તપથી, યજ્ઞાદિ કર્મથી તથા ગાયો વગેરેના દાનથી પુરુષ, પાપથી મુક્ત થાય છે; પરંતુ તે તે પાપકર્મોમાં પુનઃ તે આ-

સક્ત થાય નહિ તોજ.[૧] જેણે બ્રહ્મહત્યા કરી હોય, તે મનુષ્યે ભિક્ષા માગી લાવીને એક વખત ભોજન લેવું, નોકરચાકર રાખ્યાવિના પોતે જાતેજ સર્વ કાર્યો કરી લેવાં, હાથમાં કપાલ અને ખટ્વાંગ ધારણ કરવાં, નિરંતર કાળજીપૂર્વક બ્રહ્મચર્ય પાળવું, કોઈની અસૂયા કરવી નહિ, કંઈ પણ પાથર્યાવિના પૃથ્વીપર શયન કરવું અને પોતે કરેલી બ્રહ્મહત્યાને લોકમાં પ્રકાશ કરી દેવી. આમ બાર વર્ષપર્યંત કરવાથી બ્રહ્મહત્યાના પાપમાંથી મનુષ્ય મુક્ત થાય છે;[૨,૩] અથવા પોતાની જો ઈચ્છા હોય તો પ્રાયશ્ચિત્તનો ઉપદેશ કરનારા વિદ્વાનોનો મત લઇને અથવા પોતાનામાં જો વિદ્વત્તા હોય તો પોતાના મતપર ' આધાર રાખીને શસ્ત્રધારી પુરુષોના શસ્ત્રનું નિશાન થઇને પ્રાણોનો ત્યાગ કરવો; અથવા બળતા અગ્નિ ઉપર ઉંધે મસ્તકે ત્રણ વખત લટકીને છેવટે બળી મરવું; અથવા ચારે વેદોમાંથી કોઇ એક વેદનું પઠન કરતાં કરતાં સો યોજનસુધી ચાલ્યા જવું; અથવા વેદવેત્તા બ્રાહ્મણને પોતાનું સર્વસ્વ દાનમાં આપી દેવું; અથવા પોતાનું જીવનોપયોગી ધન કે સર્વ સાહિત્યોથી ભરેલું પોતાનું ગૃહ વેદ ભણેલા બ્રાહ્મણને દાનમાં આપી દેવું, જેથી પુરુષ બ્રહ્મહત્યાના પાપમાંથી મુક્ત થઇ જાય છે. તેમજ ગાયોનું તથા બ્રાહ્મણોનું રક્ષણ કરનાર અને છ વર્ષપર્યંત કૃચ્છ્રભોજન કરનાર અર્થાત્ ત્રણ દિવસ પ્રાતઃકાળે, ત્રણ દિવસ સાયંકાળે અને બીજા ત્રણ દિવસ માગ્યાવિના મળેલા અન્નનું ભોજન કરનાર પુરુષ, બ્રહ્મહત્યાના પાપથી મુક્ત થઈ પવિત્ર થાય છે. એજ પ્રમાણે સાત દિવસ પ્રાતઃકાળે, સાત દિવસ સાયંકાળે અને સાત દિવસ માગ્યાવિના મળેલા અન્નનું ભોજન કરનાર તથા પાછળથી સાત દિવસ ઉપવાસ કરી ત્રણ વર્ષપર્યંત વ્રત કરનાર પુરુષ પણ બ્રહ્મહત્યાથી મુક્ત થાય છે.[૪,૭] તેમજ હે રાજા ! એક માસ થઇ ગયા પછી સાયંકાળે, બીજો માસ થઇ ગયા પછી પ્રાતઃકાળે ત્રીજો માસ થઈ ગયા પછી માગ્યાવિના મળેલા અન્નનું ભોજન કરી, ચોથે માસે ઉપવાસ કરનાર પુરુષ એક વર્ષપર્યંત વ્રત કરે, તો તે પણ હરકોઈ પાપથી મુક્ત થાય છે. વળી એક માસથી કંઇક અધિક સમયસુધી કેવળ જળપાન કરી પ્રાણ ધારણ કરનાર પુરુષ, તે અનશન વ્રતના પ્રભાવથી થોડાજ સમયમાં પાપથી છૂટો થઇ પવિત્ર થાય છે;[૮] અને કેટલાએક તેવા બ્રહ્મહત્યારા પુરુષો, અશ્વમેધ યજ્ઞ કરીને પણ પવિત્ર થાય છે. આવાજ આશયની એક શ્રુતિ પણ કહે છે કે, “ तरति तरति ब्रह्महत्यां योऽश्वमेधेन यजते ” અશ્વમેધ યજ્ઞ કરી અંતે અવભૃથ સ્નાનથી પુરુષ પવિત્ર થાય છે. વળી જે પુરુષ બ્રાહ્મણોને માટે યુદ્ધમાં મરણ પામે છે, તે પણ બ્રહ્મહત્યાથી મુક્ત થાય છે; અથવા એક લાખ ગાયોનું સુપાત્રને દાન કરીને બ્રહ્મઘાતી મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે; તેમજ પચીસ હજાર દૂઝણી કપિલા ગાયોનું દાન કરનાર પુરુષ સર્વ જાતનાં પાપોથી મુક્ત થાય છે; અથવા જે પુરુષ, પ્રાણસંશયપ્રસંગે દારદ્ર એવા સાધુ પુરુષોને એક હજાર વાછરડાંવાળી દૂઝણી ગાયોનું દાન કરીને પાપથી મુક્ત થાય છે.[૯-૧૩] વળી હે મહીપાલ ! જે મનુષ્ય, કાંબોજદેશમાં જન્મેલા સો ઘોડાઓનું સુપાત્ર બ્રાહ્મણોને દાન કરે તે પણ પાપથી છૂટી જાય છે;[૧૪] અને હે ભારત ! જે પુરુષ એક સુપાત્રને પણ તેના મનોરથ જેટલું ધન આપે છે અને આપ્યા પછી કોઇની પાસે કહી દેખાડતો નથી, તે પણ પાપબંધનથી છૂટી જાય છે.[૧૫] જે મનુષ્યે મદિરાપાન કર્યું હોય તેણે અગ્નિસરખી તપાવેલી મદિરા પીવી, જેથી તે મનુષ્ય આ લોકમાં તથા પરલોકમાં પોતાના આત્માને પવિત્ર કરે છે;[૧૬] અને જે પાપી, નિર્જલ પ્રદેશમાં જઇને પર્વતના શિખર ઉપરથી પડતું મૂકે, અથવા અગ્નિમાં પ્રવેશ કરે, કે કેદારતીર્થમાં જઈને મહાપ્રસ્થાન કરે; અર્થાત્ હિમાલયમાં જઈને ગાત્રો ગાળી નાખે તે પણ સર્વ પાપોથી મુક્ત થઈ જાય છે.[૧૭] શ્રુતિ કહે છે કે, જે બ્રાહ્મણે, મદ્યપાન કર્યું હોય તેણે ‘ બૃહસ્પતિ સવ ’

નામનો યજ્ઞ કરવો, જેથી તે નિષ્પાપ થઇને બ્રાહ્મણોની સભામાં પુનર્ગમન કરી શકે છે;૧૮ તેમજ જે પુરુષ મદ્યપાન કરીને મત્સરરહિત ચિત્તે પૃથ્વીનું દાન કરે અને ફરીથી કદી મદ્યનું પાન ન કરે તો તે પણ સંસ્કારયુક્ત થઇને શુદ્ધ થાય છે.૧૯ જેણે ગુરુની સ્ત્રી સાથે વ્યભિચાર કર્યો હોય, તેણે તપાવેલી લોખંડની શિલાપર સૂવું અથવા પોતાનું લિંગ કાપી નાખી ઊર્ધ્વ દૃષ્ટિએ સંન્યાસ લઇને વનમાં ચાલ્યા જવું;૨૦ અથવા તેથી પણ તીવ્ર પ્રાયશ્ચિત્ત કરવું હોય તો તે શરીરનોજ ત્યાગ કરી દેવો, જેથી પાપથી મુક્ત થવાય છે. વ્યભિચાર આદિ દુષ્ટ કર્મ કરનારી સ્ત્રીઓ, એક વર્ષપર્યંત આહારવિહારનો ત્યાગ કરી દઈને તે તે પાપ કર્મોથી મુક્ત થઈ જાય છે.૨૧ વળી જે પુરુષ એક માસપર્યંત જળસુદ્ધાંનો ત્યાગ કરી મહાવ્રતનું આચરણ કરે, અથવા પોતાના સર્વસ્વનું દાન કરી દે અથવા ગુરુને માટે યુદ્ધમાં પ્રાણત્યાગ કરે, તે અશુભ કર્મથી મુક્ત થાય છે.૨૨ જેણે અસત્ય ભાષણ કરીને ગુરુનું અપમાન કર્યું હોય, તેણે ગુરુની ઇચ્છાનુસાર પ્રિય કાર્ય કરીને તે પાપમાંથી મુક્ત થવું.૨૨ બ્રહ્મચર્યવ્રતનું સ્ખલન કરનારા બ્રહ્મચારીએ પૂર્વોક્ત બ્રહ્મહત્યાનાં વ્રતોનું આચરણ કરવું તથા છ મહીના સુધી ગાયના ચામડાને શરીરે લપેટી રાખવું, જેથી તે વ્રતસ્ખલન-જન્યપાપથી મુકત થવાય છે. ૨૪ પરસ્ત્રીનું તથા પરદ્રવ્યનું હરણ કરનાર પુરુષે એક વર્ષપર્યંત બ્રહ્મચર્યવ્રત પાળવું, એટલે તે પાપથી મુક્ત થવાય છે; ૨૫ અથવા જેનું દ્રવ્ય હરી લીધું હોય તેને તેટલુંજ દ્રવ્ય આપવું અને વિવિધ ઉપાયોથી તેને વિનવવો, જેથી તે પુરુષ પરદ્રવ્યહરણના પાપથી મુક્ત થાય છે. ૨૬ જે પુરુષે પોતાના મોટા ભાઇને મૂકીને પરણી લીધું હોય તથા જે મોટા ભાઇએ પોતાના વચેટ ભાઇનેજ મૂકીને ત્રીજા ભાઈને પરણાવીને પરણી લીધું હોય તેઓ બન્નેએ જિતેન્દ્રિય થઇને બાર દિવસનું કૃચ્છ્રવ્રત કરવું, જેથી તેઓ બન્ને પાપથી મુક્ત થઇ પવિત્ર થાય છે; ૨૭ પણ નાના ભાઇએ તથા તેની સ્ત્રીએ મોટા ભાઈનાં લગ્ન થઇ ગયા પછી પોતાના પિતૃઓને તારવામાટે પુનઃ લગ્નવિધિ કરવો જોઇએ, તેવિના તેની શુદ્ધિ થતી નથી અને વળી તેમ કરવાથી તે પૂર્વવિવાહિત સ્ત્રી પણ પાપથી લિપ્ત થતી નથી અને પવિત્ર થાય છે. ૨૮ ધર્મવેત્તાઓ કહે છે કે, પાપિની સ્ત્રીઓએ, ચાતુર્માસમાં એક દિવસે ઉપવાસ અને બીજે દિવસે મધ્યાહ્ન ભોજન કરવારૂપ ધારણા-પારણા નામનું શુદ્ધ વ્રત કરીને શુદ્ધ થવું. ૨૯ જે સ્ત્રીએ એકજ વખત વ્યભિચાર કર્યો હોય અથવા વ્યભિચાર કરવાની મનમાં ભાવનામાત્ર કરી હોય તો તેના પતિએ રજોદર્શનના સમયસુધી તેની પાસે જવું નહિ; તેમજ પોતાની સ્ત્રીએ વ્યભિચાર કર્યો છે, એવી શંકામાત્ર થતાં પણ તેના પતિએ તે સ્ત્રી પાસે રજોદર્શનપર્યંત જવું નહિ; પરંતુ ભસ્મથી જેમ પાત્ર શુદ્ધ થાય છે, તેમ સ્ત્રીઓ રજોદર્શનથી શુદ્ધ થાય છે; માટે રજોદર્શન પછી તેની સાથે વ્યવહાર કરવામાં પુરુષને બાધ નથી. ૩૦

વળી શૂદ્રજાતિના મનુષ્યે ઉચ્છિષ્ઠ કરેલું કાંસાનું પાત્ર, ગાયનું સુંઘેલું કાંસાનું પાત્ર અને જેમાં કોગળા કર્યા હોય તેવું કાંસાનું પાત્ર અગ્નિમાં તપાવ્યા પછી પંચગવ્યથી, માટીથી, જળથી, ભસ્મથી, તથા ખટાશથી સાફ કરવાથી શુદ્ધ થાય છે. ૩૧ બ્રાહ્મણને માટે ચારે પાદવાળો સંપૂર્ણ ધર્મ શાસ્ત્રવિહિત છે, ક્ષત્રિયને માટે ત્રણ પાદવાળો શૌચાદિ ધર્મ શાસ્ત્રવિહિત છે, વૈશ્યને માટે બે પાદવાળો શૌચાદિ ધર્મ શાસ્ત્રવિહિત છે તથા શૂદ્રને માટે એક પાદવાળો શૌચાદિ ધર્મ શાસ્ત્રજ્ઞાપિત છે; માટે તેઓના પાપનું ગૌરવલાઘવ વિચારીને યથાયોગ્ય પ્રાયશ્ચિત્તો માટે તેઓને ઉપદેશ આપવો. ૩૨,૩૩ જે પુરુષે શ્રાદ્ધાદિ નિમિત્તવિના પશુપક્ષીઓનો વ્યર્થ વધ કર્યો હોય અથવા વ્યર્થ અનેક વનસ્પતિઓનું છેદનભેદન કર્યું હોય તો તેણે ત્રણ રાત્રિપર્યંત કેવળ વાયુનુંજ ભક્ષણ કરી રહેવું તથા પોતાનાં પાપકર્મો જગતમાં પ્રસિદ્ધ કરવાં. ૩૪ હે રાજન્! હરકોઇ અગમ્યા સ્ત્રીની સાથે ગમન કરનાર પુરુષમાટે પણ શાસ્ત્રમાં

પ્રાયશ્ચિત્ત કહેલું છે. તે એજ કે, તેવા પાપી પુરુષે છ મહિનાસુધી શરીરપર ભીનું વસ્ત્ર લપેટીને ફર્યા કરવું અને રાત્રિએ ભસ્મ લગાવીને ભસ્મના ઢગ ઉપરજ શયન કરવું. [૩૫] આ સિવાયનાં બીજાં સર્વ અકાર્યોમાટે પણ શાસ્ત્રમાં એજ* વિધિ બ્રહ્માએ કહેલો છે; તોપણ કેટલાંએક પ્રાયશ્ચિત્તો દૃષ્ટાંતભૂત આગમમાં કહેલાં અનેક કારણો તરફ દૃષ્ટિ કરીને પણ કરવામાં આવે છે.[૩૬] વળી જે પુરુષ સંપૂર્ણ અહિંસાધર્મ પાળીને, રાગદ્વેષાદિથી રહિત થઇને તથા પવિત્ર પ્રદેશ ઉપર એકાસન ઠેરવીને કોઈની સાથે વાતચીત કર્યાવિના નિત્ય ગાયત્રીજપ કર્યા કરે છે, તે સર્વજાતનાં પાપોથી મુકત થઈ જાય છે. [૩૭] વળી જે, દિવસે અવિચ્છિન્ન રીતે ઉભોજ રહે, રાત્રે ખુલ્લા પ્રદેશમાં સ્થંડિલપર શયન કરે તથા દિવસમાં ત્રણ વાર અને રાત્રિમાં ત્રણ વાર વસ્ત્રસહિત જળમાં પ્રવેશ કરે, તે પણ અજ્ઞાનથી કરેલાં પાપોથી મુક્ત થાય છે; પરંતુ તે પુરુષે જ્યાંસુધી વ્રત લીધું હોય ત્યાંસુધી કોઇ શૂદ્ર જાતિના મનુષ્યની સાથે અથવા કોઈ સ્ત્રીની સાથે સંભાષણમાત્ર પણ કરવું નહિ. [૩૮,૩૯] પંચમહાભૂતોની સાક્ષીમાં જે પુરુષ પાપપુણ્ય કરે છે, તેને મરણ પછી તેનું ફળ મળે છે. જો પુણ્ય અધિક કર્યું હોય તો પાપફળ દૂર કરીને પુણ્યફળને ભોગવે છે; અને પાપકર્મ જો અધિક કર્યું હોય તો પુણ્યફળ દૂર કરી પાપફળને ભોગવે છે;[૪૦] માટે સર્વ કોઈ મનુષ્યે દાન, તપ અને યજ્ઞાદિ કર્મો કરીને પુણ્યફળનીજ વૃદ્ધિ કરવી, જેથી કરીને કોઇ સામાન્ય પાપકર્મોનું પ્રાયશ્ચિત્ત કરી લેવાથી અધિક પુણ્યવાન થવાય. [૪૧] વળી નિરંતર શુભ કર્મો કરવાં, પાપકર્મ કરતાં અટકવું અને નિત્ય સુપાત્રોને દાન આપવાં, જેથી સર્વ જાતનાં પાપોથી મનુષ્ય મુક્ત થાય છે. [૪૨] સામાન્ય પાતકોને દૂર કરવા માટેજ ધર્મશાસ્ત્રોમાં તેને તેને યોગ્ય પ્રાયશ્ચિત્તો કહેલાં છે; અને પૂર્વે કહેવાઈ ગયેલાં વ્રતાદિરૂપ પ્રાયશ્ચિત્તો પણ તેવાં સામાન્ય પાપોને માટેજ છે; કારણ કે મહાન પાપોનું પ્રાયશ્ચિત્ત, શાસ્ત્રમાં કોઈ સ્થળે કહ્યું નથી.[૪૩] હે રાજા! ભક્ષ્યાભક્ષ્ય અને વાચ્યાવાચ્યના સંબંધમાં બે રીતે પાપ થઈ શકે છે. એક અજ્ઞાનથી કરેલું પાપ અને બીજું જ્ઞાનથી (જાણી જોઇને) કરેલું પાપ. આ બન્ને પ્રકારમાં અજાણતાં કરેલાં પાપો જાણવામાં આવતાં પુરુષે શાસ્ત્રમાં કહેલાં પ્રાયશ્ચિત્તો કરવાં જોઈએ [૪૪] જે પુરુષ જાણી જોઇને પાપ કરે છે, તે સર્વ મહાપાતક ગણાય છે; અને અજ્ઞાનથી કરેલું પાપ સ્વલ્પ દોષવાળું ગણાય છે. પ્રાયશ્ચિત્ત પણ તે અજ્ઞાનથી કરેલાં પાપને માટેજ શાસ્ત્રમાં કહેલ છે. [૪૫] શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણેજ જો પ્રાયશ્ચિત્ત કરવામાં આવે તો પાપને દૂર કરી શકાય છે: અને તે શાસ્ત્રવિધિ પણ આસ્તિક અને શ્રદ્ધાળુ મનુષ્યને માટેજ કહેલો છે;[૪૬] પરંતુ નાસ્તિક અને અશ્રદ્ધાળુ પુરુષોને માટે કદીપણ પ્રાયશ્ચિત્તવિધિ હોતો નથી; કારણ કે દંભ તથા દ્વેષનું જેઓમાં પ્રાધાન્ય છે તેવા એ નાસ્તિકોને માટે શાસ્ત્રવિધિ જોવામાંજ આવતો નથી.[૪૭] હે ધર્મધારીઓમાં શ્રેષ્ઠ પુરુષવ્યાઘ્ર રાજા! આ લોકમાં તથા પરલોકમાં સુખ મેળવવાની ઇચ્છાવાળા સર્વ કોઈ મનુષ્યે શિષ્ટ પુરુષોના આચારનું તથા શિષ્ટધર્મનું સેવન કરવું. [૪૮] હે રાજન્! તમે તમારા પ્રાણોનું રક્ષણ કરવા માટે અથવા પોતાના રાજધર્મને અનુસરી સંપૂર્ણ કારણ હોવાને લીધે કૌરવોનો વધ કર્યો છે, જેથી તમે પાપથી મુક્ત થશો. [૪૯] છતાં પણ તમારા મનમાં પાપ લાગવાની જો ઘૃણા રહેતી હોય તો તમે પ્રાયશ્ચિત્ત કરો; પણ અનાર્ય પુરુ-

---

* વૃદ્ધ શાતાતપ નામના એક આચાર્ય કહે છે કે, "**मद्यं पीत्वा गुरुदारांश्च गत्वा स्तेयं कृत्वा ब्रह्महत्यां च कृत्वा भस्मच्छन्नो भस्मशय्यां शयानो रुद्राध्यायी मुच्ययते सर्व पापैः**" મદ્યપાન કરનારા પુરુષે, ગુરુપત્ની સાથે વ્યભિચાર કરનારા પુરુષે, ચોરી કરનારા પુરુષે તથા બ્રહ્મહત્યા કરનારા પુરુષે શરીરે ભસ્મ લગાવીને ભસ્મનીજ શય્યાપર શયન કરવું; તથા નિત્ય રુદ્રાધ્યાયનો પાઠ કર્યા કરવો. આમ કરવાથી તે પુરુષો સર્વ પાપથી મુકત થાય છે; પરંતુ તેઓએ આમ ક્યાંસુધી કર્યા કરવું તેની વ્યવસ્થા બીજાં શાસ્ત્રોમાંથી જોઇ લેવી. **નીલકંઠ**

પોએ આચરેલા શોકને વશ થઈને આત્મહત્યા કરો મા."[૫૦]

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય! એ પ્રમાણે ભગવાન વેદવ્યાસે કહ્યું, એટલે એક મુહૂર્તભર વિચાર કરીને યુધિષ્ઠિર રાજા, તેમના પ્રતિ બોલ્યા.[૫૧]

ઈતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "પ્રાયશ્ચિત્તીયઉપાખ્યાન' એ વિષયનો અધ્યાય ૩૫ મો સમાપ્ત.

* * *

अध्याय ३६ मो

ભગવાન મનુએ કહેલો ભક્ષ્યાભક્ષ્ય વિવેક

॥ युधिष्ठिर उवाच ॥

किं भक्ष्यं चाप्यभक्ष्यं च किं च देयं प्रशस्यते ॥
किं च पात्रमपात्रं वा तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-" હે પિતામહ વેદવ્યાસ! ભક્ષ્ય પદાર્થ કયો અને અભક્ષ્ય પદાર્થ કયો? કયું દાન ઉત્તમ ગણાય છે? તેમજ કોને પાત્ર જાણવો અને કોને અપાત્ર જાણવો? તે મને કહો."[૧]

વ્યાસ બોલ્યાઃ-હે યુધિષ્ઠિર રાજા! આના સંબંધમાં સિદ્ધો અને પ્રજાપતિ મનુના સંવાદરૂપે એક પ્રાચીન ઇતિહાસમાં કહેવામાં આવે છે.[૨] પૂર્વે વ્રતપરાયણ રહેનારા ઋષિઓ કોઈએક સમયે એકઠા મળીને મહાસમર્થ પ્રજાપતિ મનુ ભગવાનની પાસે જઇને ધર્મવિષયક પ્રશ્નો પૂછવા લાગ્યા કે,[૩] હે પ્રજાપતિ! કયા પદાર્થો અન્નરૂપે ભક્ષ્ય છે? કયું દાન પ્રશંસાપાત્ર છે? કોને પાત્ર સમજવો? અધ્યયનનું, તપનું, કર્તવ્યનું તથા અકર્તવ્યનું સ્વરૂપ શું? તે સર્વ અમને કહો.[૪] ઋષિઓએ આ પ્રમાણે પૂછ્યું, એટલે ભગવાન સ્વાયંભુવ મનુ બોલ્યા:-" હે ઋષિઓ! જે પ્રમાણે ધર્મનું સ્વરૂપ શાસ્ત્રોમાં કહેલું છે તે પ્રમાણેજ હું તમને સંક્ષેપથી અને વિસ્તારથી કહું છું તે તમે સાંભળો.[૫] ધર્મશાસ્ત્રોમાં જે પાપોનું પ્રાયશ્ચિત્ત કરવામાટે વિશેષ વિધાન કહેવામાં આવ્યું નથી, તેવાં પાપો કરનારા પુરુષે, જે પ્રદેશમાં જપહોમ કરનારા મહાત્માઓ વસતા હોય, તે પ્રદેશમાં જઇને અથવા ગંગા આદિ પવિત્ર નદીઓના કિનારે જઇને જપ, હોમ, ઉપવાસ વગેરે કરવાં અને આત્મજ્ઞાન મેળવવું, એજ તેઓને પ્રાયશ્ચિત્તરૂપ છે.[૬] એ સિવાયનાં બીજાં કેટલાંએક પવિત્ર કરનારાં સામાન્ય પ્રાયશ્ચિત્તો પણ છે. જેવાં કે, બ્રહ્મગિરિ આદિ પર્વતોમાં જઈને નિવાસ કરવો, સુવર્ણનું પ્રાશન કરવું, રત્નમિશ્રિત જળથી સ્નાન કરવું, દેવતાઓને સ્થાનકે જવું અને ઘીનું પ્રાશન કરવું. આ બધાં પણ પુરુષને તત્કાળ પવિત્ર કરે છે, એમાં સંશય નથી.[૭,૮] દીર્ઘ આયુષ્યની ઇચ્છાવાળા સર્વ બુદ્ધિમાન પુરુષે કદી પણ ગર્વ કરવો નહિ; છતાં પણ કોઇ સમયે જો ગર્વ થઈ જાય તો તેણે ધર્મશાસ્ત્રમાં કહેલું ત્રણ રાત્રિનું તપ્તકૃચ્છ્ર* નામનું વ્રત કરવું.[૯] અદત્તાદાન, (ચોરી નહિ કરવી તે) દાન, વેદાધ્યયન, તપ, અહિંસા, સત્ય, અક્રોધ અને યજ્ઞયાગાદિ-આ બધાં ધર્મનાં લક્ષણો છે;[૧૦] પરંતુ જૂદી જૂદી અવસ્થાઓમાં દેશ અને કાળને અનુસરીને ધર્મનું સ્વરૂપ અધર્મના રૂપમાં આવે છે અને અધર્મનું સ્વરૂપ ધર્મના રૂપમાં આવે છે. જેમકે ગુરુ આદિને માટે ચોરી, પ્રાણસંકટસમયે અસત્ય ભાષણ અને યજ્ઞાદિનિમિત્તે હિંસા ધર્મરૂપજ ગણાય છે;[૧૧] માટે ધર્મ તથા અધર્મનું વિશેષ સ્વરૂપ જાણનારા પંડિતો તેઓના બબ્બે પ્રકાર કહે છે અને તેજ રીતે પ્રવૃત્તિ તથા નિવૃત્તિને પણ બે પ્રકારની કહેવામાં આવે છે. એક વૈદિકી પ્રવૃત્તિ-નિવૃત્તિ તથા એક લૌકિકી પ્રવૃત્તિ-નિવૃત્તિ. તેમાં વૈદિકી પ્રવૃત્તિથી

---

* 'तप्तक्षीर घृतांबूनामेकैकं प्रत्यहं पिबेत् एकरात्रोपवासश्च तप्तकृच्छ्र उदाहृतः:-પહેલા દિવસે ગરમ કરેલું આઠ રૂપીઆભાર દૂધ પીવું, બીજે દિવસે ગરમ કરેલું આઠ રૂપીઆભાર ઘી પીવું, ત્રીજે દિવસે ગરમ કરેલું આઠ રૂપીઆભાર પાણી પીવુ અને ચોથે દિવસે ઉપવાસ કરવો, એને તપ્તકૃચ્છ્ર વ્રત કહેવામાં આવે છે. **યાજ્ઞવલ્કય**

જન્મમરણ રહે છે અને વૈદિકી નિવૃત્તિથી જન્મમરણ ટળી જાય છે; તેમજ લૌકિકી પ્રવૃત્તિ-નિવૃત્તિ જો શુભ હોય તો સામાન્ય શુભ ફળ મળે છે અને તે જો અશુભ હોય તો અશુભ ફળ મળે છે; અર્થાત્ બે પ્રકારનાં કર્મો કરનારા મનુષ્યોને તેઓના કર્મના શુભપણા ઉપર અને અશુભપણા ઉપર યોગ્યાયોગ્ય ફળનો આધાર રહે છે;[૧૨,૧૩] કારણ કે કોઈ સમયે શુભ કર્મનું ફળ અશુભ પણ આવે છે અને કોઇ સમયે અશુભ કર્મનું ફળ શુભ પણ આવે છે. જેમકે દેવોનિમિત્તે, શાસ્ત્રનિમિત્તે, પ્રાણસંરક્ષણનિમિત્તે તથા પ્રાણદાતાનિમિત્તે અપેક્ષાપૂર્વક કરવામાં આવેલું હરકોઇ કર્મ નીચ પુરુષોને પણ શુભ ફળ આપનારૂં થાય છે;[૧૪] પરંતુ 'આ કર્મ કરવાથી પાપનો નાશ થશે કે નહિ' આવો સંદેહ હોવા છતાં કેવળ લોકનિંદા દૂર કરવા માટે અપેક્ષાપૂર્વક કરવામાં આવેલું નિત્યાદિ કર્મ, તથા શત્રુઓના નાશરૂપ દૃષ્ટફળને પ્રાપ્ત કરવા માટે કરવામાં આવેલું શ્યેનયાગાદિ કર્મ, બન્ને લોકમાં પણ શુભ ફળને આપી શકતું નથી, પણ ઉલટું તે કર્મ કરવાથી પ્રાયશ્ચિત્ત કરવું પડે છે.[૧૫,૧૬] વળી ક્રોધ તથા મોહને વશ થઇને પોતાના મનને પ્રિય અથવા અપ્રિય એવું જે કોઈ પાપ કર્યું હોય તેથી મુક્ત થવામાટે ઉપવાસ આદિથી શરીરને કષ્ટ આપવારૂપ પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ; અથવા નિત્ય હવિષ્યાન્નનું ભક્ષણ કરવું, પવિત્ર મંત્રોનો જાપ કર્યા કરવો અને તીર્થાટન કરી શુદ્ધ થવું. આ બધાં પ્રાયશ્ચિત્તો દૃષ્ટાંતપૂર્વક શાસ્ત્રોમાં કહેલાં કારણોદ્વારા નિશ્ચિત કરવાં, જેથી પાપની શાંતિ થાય છે.[૧૬] અપરાધીને શિક્ષા નહિ કરનારો રાજા, ચોવીસ કલાકનો ઉપવાસ કરીને શુદ્ધ થાય છે અને રાજાને યોગ્ય ઉપદેશ નહિ આપનાર પુરોહિત, ત્રણ દિવસના ઉપવાસો કરીને શુદ્ધ થાય છે.[૧૭] પુત્ર આદિના મરણને લીધે શોકાધીન થયેલો કોઇ પુરુષ, હાથમાં શસ્ત્ર લઈને આત્મહત્યા કરવા તૈયાર થાય અને પછી જો મરે નહિ તો તેણે ત્રણ દિવસના ઉપવાસ કરવા[૧૮] પણજે પુરુષો બ્રાહ્મણત્વ આદિ જાતિથી ભ્રષ્ટ થયેલા હોય છે, વર્ણાશ્રમ ધર્મથી વિમુખ થયેલા હોય છે, પોતાની જન્મભૂમિ છોડીને દૂર વસ્યા હોય છે તથા કુલધર્મનો ત્યાગ કરી બેઠા હોય છે તેઓને માટે પ્રાયશ્ચિત્ત છેજ નહિ.[૧૯] જ્યારે કોઇ ધાર્મિક સંશય ઉભો થાય,ત્યારે વેદશાસ્ત્રનેજાણનારા દશ બ્રાહ્મણોને અથવા ત્રણ ધર્મશાસ્ત્રીઓને બોલાવવા અને તેઓ જે નિશ્ચય આપે તેને ધર્મતરિકે માનવો.[૨૦] હવ ભક્ષ્યાભક્ષ્યના સંબંધમાં જે કહેવામાં આવે છે તે સાંભળો.બળદ, મૃત્તિકા, વિષ, ક્ષુદ્ર કીડાઓ અને શ્લેષ્માતક (એક જાતનું પ્રાણી) દ્વિજાતિઓને ભક્ષ્ય નથી. તેમજ શલ્ક (બન્ને તરફ લટકતી ચામડાની કોથળી) વિનાનાં માછલાં, કાચબા સિવાયનાં—દેડકાં વગેરે ચાર પગવાળાં જળચર પ્રાણીઓ, ભાસ, હંસ, ગરુડ, ચક્રવાક, બતક, બગલાં, કાગડા, મદ્દ્રુ (એક જાતનું જળચર પ્રાણી), ગીધ, બાજ તથા ઘુવડ વગેરે પક્ષીઓ અને માંસાહારી દાઢવાળાં પ્રાણીઓ, ચાર પગવાળાં પક્ષીઓ તથા ઉપર નીચે બન્ને બાજુ દાંતવાળાં મનુષ્ય, વાનર વગેરે પ્રાણીઓ અને ચાર દાઢોવાળાં પ્રાણીઓ દ્વિજાતિઓને અભક્ષ્ય છે.[૨૧-૨૪] બ્રાહ્મણે બકરી, ઘેટી, ગધેડી, ઉંટડી, સુવાવડી ગાય, મનુષ્યજાતિની સ્ત્રી તથા મૃગલીનું દૂધ પીવું નહિ.[૨૫] સુવાવડી સ્ત્રીએ રાંધેલું અન્ન, પ્રેતનિમિત્તક અન્ન અને હરકોઈના વૃદ્ધિસૂતક અથવા મૃત્યુસૂતકથી દૂષિત થયેલું અન્ન બ્રાહ્મણને ભક્ષ્ય નથી,તેમજ સુવાવડી ગાયનું દૂધ પણ બ્રાહ્મણને પીવા યોગ્ય નથી.[૨૬] રાજાનું અન્ન બ્રહ્મતેજનો નાશ કરે છે, શૂદ્રનું અન્ન પણ બ્રહ્મતેજનો નાશ કરે છે તથા સોનીનું અન્ન અને પતિપુત્રવિનાની સ્ત્રીનું અન્ન આયુષ્યનો નાશ કરે છે, માટે તે પણ અભક્ષ્ય છે.[૨૭] વ્યાજવટાવનો ધંધો કરી આજીવિકા ચલાવનાર મનુષ્યનું અન્ન વિષ્ઠાસમાન છે તથા વેશ્યાનું, પોતાની સ્ત્રીના રખાત પતિને સહન કરી સ્ત્રીની કમાઇ ખાનારાનું અને સ્ત્રીને વશ થઇ ગયેલા પુરુષનું અન્ન શુક્ર,(વીર્ય)સમાન છે અર્થાત્ તે પણ અભક્ષ્ય છે.[૨૮] આગ્નષોમીય વપાનો હોમ થયો ન હોય ત્યાંસુધી તે દીક્ષિત યજ-

માનનું અન્ન અભક્ષ્ય છે. લોભી પુરુષનું, યજ્ઞકર્મનો વિક્રય કરનારાનું, સુતારનું, મોચીનું, વ્યભિચારિણી સ્ત્રીનું, ધોબીનું, વૈદ્યનું તથા ગ્રામરક્ષક-ચોકીદારનું અન્ન અભક્ષ્ય છે, તેમજ સમાજ અને ગામના સર્વ મનુષ્યોએ બહિષ્કૃત કરેલાનું, રંગારાનું, સ્ત્રી ઉપર જીવનારાનું, મોટા ભાઈની પહેલાં લગ્ન કરનારા નાના ભાઈનું, ભાટચારણોનું, જુગારીઓનું, ડાબા હાથે પીરસેલું અને એઠું-જૂઠું-વાસી અન્ન ભોજન કરવા માટે અયોગ્ય છે.[૨૯-૩૧] જે અન્ન મદિરાથી મિશ્ર હોય, ઉચ્છિષ્ટ હોય અને કુટુંબને આપ્યાવિના પોતાને માટેજ રાખી મૂકવામાં આવ્યું હોય તે સર્વ અન્ન ભક્ષણ કરવા યોગ્ય નથી. ઘણા વખતથી પડી રહેલો લોટનો પદાર્થ, જૂનો ગોળ, વાસી શાકપાન, વાસી દૂધપાક અને ઘણા સમયથી વાસી પડી રહેલો સાથવો, શેકેલા જવ તથા બે ત્રણ દિવસનું દહીં ભક્ષ્ય નથી, દેવ પિતૃઆદિના નિમિત્તવિના કરવામાં આવેલો દૂધપાક, તલ ભેળવેલી ખીચડી, માંસ અને પુડા-માલપુડા વગેરે અભક્ષ્ય છે.[૩૨,૩૩] ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણોએ દેવોને, ઋષિઓને, મનુષ્યોને, પિતૃઓને તથા પોતાના ઇષ્ટ દેવતાઓને અન્નવિભાગ આપ્યા વિના ભોજન કરવું નહિ, પણ તેઓને ધરાવ્યા પછીજ ભોજન કરવું. પોતાની પ્રિય ધર્મપત્ની સાથે ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં જે બ્રાહ્મણ (ત્રણે જાતિ) સંન્યાસી અથવા ભિક્ષુકના જેવુંજ વર્તન રાખે-અર્થાત્ સાંસારિક વિષયોમાં અનાસક્ત રહીને ગૃહધર્મ પાળે છે, તે ધર્મ સંપાદન કરી શકે છે. હવે, દાન કોને ન આપવું અને કોને આપવું તે કહેવાય છે. પોતાની કીર્તિ ફેલાય તે માટે દાન આપવું નહિ; કોઈના ભયથી દાન આપવું નહિ; પોતાનો ઉપકાર કરનારા મનુષ્યને દાન આપવું નહિ તેમજ ધાર્મિક ગૃહસ્થ પુરુષે નાટકીઆઓને, ગવૈયાઓને, વિદૂષકોને, દારૂડીઆઓને, ઉન્મત્તોને, ચોરી કરનારાઓને, નિંદા કરનારાને, મૂર્ખાને, બ્રહ્મતેજથી ભ્રષ્ટ થયેલાને, ખોડખાંપણવાળાને, ઠીંગણાને, દુર્જનને, કુળહીનને, ઉપનયનાદિ સંસ્કારથી રહિતને, વેદ નહિ ભણેલા અશ્રોત્રિયને તથા કેવળ મૂર્ખાઈભરેલા બ્રાહ્મણને દાન આપવું નહિ, કારણ કે કુપાત્રોને આપેલું દાન અને કુપાત્રે લીધેલો પ્રતિગ્રહ દુષ્ટ છે, જેથી તે દાન અને પ્રતિગ્રહ, દાતાને તથા પ્રતિગ્રહીતાને નરકમાંજ ધકેલી દે છે.[૩૪-૩૯] જેમ ખેરનાં લાકડાંને વળગીને તથા મોટી શિલાને હાથમાં રાખીને સમુદ્ર તરવાની ઇચ્છાવાળો પુરુષ ડૂબી મરે છે, તેમ કુપાત્રે દાન આપનારો દાતા અને તે દાન લેનારો કુપાત્ર પ્રતિગ્રહીતા, નરકમાં ડૂબી મરે છે-અર્થાત્ તેઓ બન્ને નરકનાજ અધિકારી બને છે.[૪૦] જેમ લીલાં લાકડાંઓથી ઢાંકી દીધેલો અગ્નિ દેદીપ્યમાન થઈને પ્રજ્વલિત થતો નથી, તેમ તપ અને સ્વાધ્યાયરૂપ ચારિત્ર્યવિનાનો કુપાત્ર પ્રતિગ્રહીતા (બ્રાહ્મણ) પણ પોતાના બ્રહ્મતેજથી પ્રકાશતો નથી-અર્થાત્ નિસ્તેજ હોય છે, (આ એક કુપાત્ર બ્રાહ્મણોને ઓળખવાનાં ચિહ્ન છે.)[૪૧] વળી જેમ માણસની ખોપરીમાં પડેલું પાણી તથા કૂતરાના ચામડાની બનાવેલી બતકમાં ભરેલું પાણી તેના આશ્રયના દોષથી અશુદ્ધ છે-અપવિત્ર છે, તેમ ચારિત્ર્યહીન બ્રાહ્મણની અંદર રહેલું શાસ્ત્ર પોતે પવિત્ર હોવા છતાં આશ્રયના દોષથી અપવિત્ર છે.[૪૨] વેદાધ્યયન અને શાસ્ત્રાધ્યનથી રહિત એવો પણ જે બ્રાહ્મણ સંતોષી હોય અને ઈર્ષ્યાળુ સ્વભાવનો ન હોય તો તેનાપર દયા કરીને દાન આપવામાં દોષ નથી; તેમજ બ્રહ્મચર્યાદિ વ્રતને નહિ પાળનારા સંસ્કારહીન બ્રાહ્મણોને પણ દયાદાન આપવામાં બાધ નથી.[૪૩] હરકોઈ દીનને, આર્ત્તને તથા આતુરને પણ દયાને લીધે આપવું, પણ સત્પુરુષોએ આચરેલો આ ધર્મ છે, આવી બુદ્ધિથી આપવું નહિ.[૪૪] વેદાધ્યયનરહિત બ્રાહ્મણને આપેલું દાન કેવળ નિષ્ફળ છે. તેને દાન આપવાથી અવશ્ય કુપાત્ર દાનના દોષો ઉપસ્થિત થાય છે, એમાં સંશય નથી.[૪૫] જેમ લાકડાંનો બનાવેલો હાથી અને ચામડાંનો બનાવેલો મૃગ કેવળ નામધારી છે, તેમ અભણ બ્રાહ્મણ પણ કેવળ નામધારી છે-કહેવાનોજ બ્રાહ્મણ છે.[૪૬] જેમ નપુંસક પુરુષ, સ્ત્રીઓ માટે નકામો છે, ગાય

ગાયોને માટે નકામી છે અને પાંખોવિનાનું પક્ષી જેમ નકામું છે, તેમ અભણ બ્રાહ્મણને આપેલું દાન નકામું છે-નિષ્ફળ છે.[૪૭] જેમ સડી ગયેલું ગ્રામધાન્ય નકામું છે, જળવિનાનો કૂવો જેમ નકામો છે અને ભસ્મની અંદર હોમેલું જેમ નિષ્ફળ છે, તેમ મૂર્ખ બ્રાહ્મણને આપેલું દાન નિષ્ફળ છે.[૪૮] દેવોના તથા પિતૃઓના હવ્યકવ્યનો વિનાશ કરનાર અને તેથીજ દેવપિતૃઓનો શત્રુ એવો મૂર્ખ બ્રાહ્મણ દાતાઓનું ધન વ્યર્થ છીનવી લઈને સદ્‍ગતિએ જઇ શકતો નથી, પણ દુર્ગતિએજ જાય છે.[૪૯]

હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા! આ પ્રમાણે ભગવાન સ્વાયંભુવ મનુએ સિદ્ધોની પાસે જે રીતે કહ્યું હતું તે સર્વ વૃત્તાંત મેં તમને કહ્યું; પરંતુ હે ભરતશ્રેષ્ઠ! એ વૃત્તાંત મેં તમને સંક્ષેપમાં કહ્યું છે. એનો વિસ્તાર તો ઘણો મોટો છે, તે યથાસમયે સાંભળવો.[૫૦]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં 'વ્યાસનાં વાક્યો' એ વિષયનો અધ્યાય ૩૬ મો સમાપ્ત.

* * *

अध्याय ३७मो

યુધિષ્ઠિરનો શોકત્યાગ અને હસ્તિનાપુરમાં પ્રવેશ

॥ युधिष्ठिर उवाच ॥

श्रोतुमिच्छामि भगवन् विस्तरेण महामुने ॥
राजधर्मान् द्विजश्रेष्ठ चातुर्वर्ण्यस्य चाखिलान्॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે ભગવાન! હેમહામુનિ!હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! હું આપની પાસેથી રાજાઓના સમગ્ર ધર્મોનો તથા ચારે વર્ણોના સર્વધર્મોનો વિસ્તારથી શ્રવણ કરવા ઇચ્છું છું.[૧] હે દ્વિજશ્રેષ્ઠ! આપત્તિના સમયે મનુષ્યે કયી નીતિનો ઉપયોગ કરવો? અને ધર્મમાર્ગનું જ્ઞાન પ્રાપ્ત કરીને હું કેવી રીતે પૃથ્વીને વશ કરી શકું? તે પણ કહો.[૨] ઉપવાસ આદિ રૂપ પ્રાયશ્ચિત્તના સંબંધમાં આપે જે કથા કહી તે ઘણી આશ્ચર્યજનક છે અને તે સાંભળીને મને આનંદ થયો છે;[૩] પરંતુ એક તરફ ધર્માચરણ કરવું અને બીજી તરફ રાજ્યપાલન કરવું; એ બન્ને પરસ્પર વિરુદ્ધ છે. આવો વિચાર કરતાં મારૂં ચિત્ત મૂઢ બની જાય છે."[૪]

વૈશંપાયન કહે છેઃ-હે મહારાજા જનમેજય! યુધિષ્ઠિરનું એ વચન સાંભળ્યા પછી વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ ભગવાન વેદવ્યાસ, સર્વજ્ઞ પુરુષોમાં પુરાતની ગણાતા નારદમુનિ સામે જોઈને યુધિષ્ઠિરપ્રતિ બોલ્યા:-[૫] "હે રાજા! તમારે ધર્મનું સંપૂર્ણ સ્વરૂપ જો સાંભળવાની ઇચ્છા હોય તો તમે કુરુઓમાં વૃદ્ધ એવા ભીષ્મ પિતામહની પાસે જાઓ.[૬] ગંગાપુત્ર ભીષ્મ, ધર્મરહસ્યોના સંબંધના તમારા જેટલા સંશયો હશે તે સર્વને દૂર કરશે; કારણ કે તે ભીષ્મ સર્વજ્ઞ હોવાથી સર્વ ધર્મોને જાણે છે.[૭] જે ભીષ્મને ત્રણ માર્ગે વહેનાર દિવ્ય નદીએ (ગંગાએ) જન્મ આપ્યો છે, જેણે ઇન્દ્ર આદિ સર્વ દેવોનાં સાક્ષાત્ દર્શન કર્યાં છે, વળી જેણે યોગ્ય ઉપચારદ્વારા બૃહસ્પતિ આદિ સર્વ દેવર્ષિઓને વારંવાર પ્રસન્ન કરી રાજનીતિનો સંપૂર્ણ અભ્યાસ કર્યો છે, કુરુઓમાં શ્રેષ્ઠ એવા જે ભીષ્મ પિતામહ, જે નીતિશાસ્ત્રને શુક્રાચાર્ય જાણે છે તથા જે નીતિશાસ્ત્રને દેવગુરુબૃહસ્પતિ જાણે છે, તે સર્વ નીતિશાસ્ત્રને વ્યાખ્યાસહિત જાણે છે;[૮-૧૦] અને બ્રહ્મચર્યવ્રતનિષ્ઠ મહાબાહુ ભીષ્મે પરશુરામ પાસેથી, ચ્યવનઋષિ પાસેથી તથા વસિષ્ઠઋષિ પાસેથી સાંગોપાંગ વેદાધ્યયન કર્યું છે;[૧૧] તેમજ બ્રહ્મદેવના જયેષ્ઠપુત્ર પ્રતાપી સનત્કુમારની પાસેથી તેમણે અધ્યાત્મશાસ્ત્રના તત્ત્વનો પણ પૂર્વે અભ્યાસ કર્યો છે.[૧૨] વળી મહાપુરુષ ભીષ્મે, માર્કંડેય ઋષિ પાસેથી યતિઓનો સંપૂર્ણ ધર્મ સંપાદન કર્યો છે તથા પરશુરામ પાસેથી અને ઇન્દ્ર પાસેથી અસ્ત્રવિદ્યા મેળવી છે.[૧૩] જે મહાત્માનો મનુષ્યોમાં જન્મ હોવા છતાં સ્વેચ્છામૃત્યુ છે તથા જે ભીષ્મ પુત્રાદિ સંતતિથી રહિત છે છતાં પવિત્ર કીર્તિવાળા વિખ્યાત દિવ્ય લોકમાં જશે;[૧૪] જેની પૂર્વકાળની સભાઓમાં મહાપવિત્ર બ્રહ્મર્ષિઓજ સભાસદો હતા અને સર્વ જ્ઞાનયજ્ઞોમાં જેને કંઈપણ અજાણ્યું નથી તે

ધર્મજ્ઞ અને સર્વ ધર્માર્થનાં તત્ત્વોને જાણનારા ભીષ્મપિતામહ, તમને સર્વ પ્રકારના ધર્મો કહેશે,માટે તેના પ્રાણગમન પહેલાં તમે તેની પાસે પહોંચી જાઓ.[૧૫-૧૬] મહાબુદ્ધિમાન કુંતીપુત્ર યુધિષ્ઠિરને વ્યાસે એ પ્રમાણે કહ્યું એટલે તેમણે વક્તાઓમાં શ્રેષ્ઠ સત્યવતીપુત્ર વ્યાસને જણાવ્યું કે, "હે બ્રહ્મન્! મેં મારા જ્ઞાતિબંધુઓનો આવો રોમાંચજનક મહાન સંહાર કર્યો છે. વળી મેં આખી પૃથ્વીનો નાશ કરાવી સર્વલોકોનો અપરાધ કર્યો છે, એટલુંજ નહિ પણ ધર્મપૂર્વક યુદ્ધ કરનાર એ ભીષ્મપિતામહને મેં કપટ કરીને યુદ્ધમાં મરાવ્યા છે, જેથી હું કયું કારણ દર્શાવીને તેમને મારા ધાર્મિક સંશયો પૂછું"?

વૈશંપાયન કહે છેઃ–હે જનમેજય! યુધિષ્ઠિરનાં એ વાકયો સાંભળીને મહાબુદ્ધિમાન યાદવશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ, ચારેય વર્ણોનું હિત કરવાની ઇચ્છાથી તે મહારાજાને કહેવા લાગ્યા.[૨૦]

શ્રીકૃષ્ણ બોલ્યાઃ– "હે મહારાજા! હવે તમારે શોકમાટે અતિ આગ્રહ કરવો તે યોગ્ય નથી. ભગવાન વ્યાસ જે કરવાનું કહે છે તેજ તમે કરો.[૨૧] હે મહાબાહુ! આ સર્વ બ્રાહ્મણો તથા મહાતેજસ્વી એવા આ તમારા ભાઇઓ, વર્ષાઋતુમાં લોકો જેમ મેઘની પ્રાર્થના કરે છે તેમ, તમારી પ્રાર્થના કરી રહ્યા છે અને અહીં તમારી સમીપમાં બેઠા છે;[૨૨] તેમજ મરતાં બચેલા આ રાજાઓ તથા કુરુજાંગલ દેશની સર્વ ચાતુર્વર્ણ્ય પ્રજાઓ અહીં તમારી સેવામાં હાજર થયેલ છે;[૨૩] માટે હે શત્રુહંતા રાજા! આ મહાત્મા બ્રાહ્મણોનું પ્રિય કરવામાટે મહાતેજસ્વી ગુરુ વેદવ્યાસની આજ્ઞા પ્રમાણે વર્તીને અમારૂં–સર્વ સુહૃદોનું તથા દ્રૌપદીનું મન ગમતું કરો તથા સર્વ લોકનું હિત કરો."[૨૪,૨૫]

વૈશંપાયને કહ્યુંઃ–હે જનમેજય! શ્રીકૃષ્ણે આમ કહ્યું એટલે કમળસમાન નેત્રવાળા અને મહા ઉદાર મનના રાજા યુધિષ્ઠિર, સર્વલોકનું હિત કરવામાટે તત્પર થઇ ગયા.[૨૬] હે પુરુષવ્યાઘ્ર! મહાયશસ્વી યુધિષ્ઠિર રાજાને શ્રીકૃષ્ણે પોતે, વેદવ્યાસે, દેવસ્થાન ઋષિએ, અર્જુને તથા બીજા ઘણા મહાત્માઓએ જ્યારે ખૂબ સમજાવ્યા, ત્યારે તેમણે માનસિક દુઃખનો તથા શરીરિક સંતાપનો ત્યાગ કર્યો;[૨૭,૨૮] અને ઘણાં વૈદિક વાકયોનું, મીમાંસાશાસ્ત્રનું તથા બીજાં ઘણાં નીતિશાસ્ત્રોનું શ્રવણ કરી તેઓનો ઉહાપોહ કરવામાં કુશલ બનેલા રાજા યુધિષ્ઠિર, કર્તવ્ય અર્થનો મનમાં નિશ્ચય કરીને શાંત થયા.[૨૯] પછી નક્ષત્રોથી વીંટાયલા ચંદ્રમાની પેઠે, વ્યાસ આદિ મહર્ષિઓથી વીંટાયલા રાજા યુધિષ્ઠિર, કાકા ધૃતરાષ્ટ્રને આગળ કરી હસ્તિનાપુર જવા તૈયાર થયા;[૩૦] અને નગરમાં પ્રવેશ કરવાની ઇચ્છાથી ધર્મજ્ઞ તે યુધિષ્ઠિર રાજાએ, પ્રથમ સર્વ દેવોનું તથા હજારો બ્રાહ્મણોનું પૂજન કર્યું.[૩૧] તે પછી ચંદ્રમા જેમ અમૃતમય રથમાં બેસે તેમ બંદિજનોથી સ્તુતિ કરાતા રાજા યુધિષ્ઠિર, નવા ઉજ્જવળ રથમાં બેઠા. એ રથને ગાલીચા અને મૃગચર્મોથી આચ્છાદિત કરવામાં આવ્યો હતો, સુંદર લક્ષણોવાળા અને શ્વેતવર્ણા સોળ બળદોથી જોડવામાં આવ્યો હતો તથા વેદોક્ત પવિત્ર મંત્રોથી પ્રથમ પૂજવામાં આવ્યો હતો.[૩૨,૩૩] એ રીતે રાજા રથમાં બેઠા હતા એટલે ભયંકર પરાક્રમી કુંતીપુત્ર ભીમસેને, બળદોને હાંકવામાટે રાશ હાથમાં લીધી અને અર્જુને ઝળહળાટ કરતું શ્વેત વર્ણનું છત્ર રાજાના મસ્તકપર ધરી રાખ્યું.[૩૪] તે સમયે રથ ઉપર અર્જુને ધરી રાખેલું તે શ્વેત છત્ર, આકાશમાં તારાગણોથી વ્યાપ્ત એવા ઉજ્જવળ મેઘસરખું શોભતું હતું.[૩૫] બીજી તરફથી માદ્રીના વીર પુત્ર નકુલે તથા સહદેવે ચંદ્રનાં કિરણસમાન પ્રભાવાળાં બે ઉજ્જવળ ચામરો હાથમાં લઇ લીધાં અને રથ ઉપર આજુબાજુ ઉભા રહીને યુધિષ્ઠિર રાજાને પવન ઢોળવા માંડયો.[૩૬] હે રાજા! તે વેળા સુંદર રાજવી પોશાકોથી શોભી રહેલા તે પાંચે ભાઈઓ જ્યારે રથમાં બેઠા, ત્યારે એકત્ર થયેલાં પંચમહાભૂતોના સરખા દેખાતા હતા.[૩૭] હે રાજન્! આમ સૌથી આગળ ચાલતા રાજા યુધિષ્ઠિરના રથની પાછળ મનનાસમાન વેગવાળા ઘોડાઓથી જોડેલા ચળકતા રથ-

માં બેસીને ધૃતરાષ્ટ્રનો પુત્ર યુયુત્સુ, જવા લાગ્યો;[૩૮] અને તે કૌરવ ભાઇઓના રથોની પાછળ શૈબ્ય અને સુગ્રીવ નામના ઘોડાઓથી જોડેલા સુવર્ણમય પ્રદીપ્ત રથમાં બેસીને શ્રીકૃષ્ણ તથા સાત્યકિ જવા લાગ્યા.[૩૯] હે ભરતવંશી જનમેજય! પાંડવોના કાકા રાજા ધૃતરાષ્ટ્ર તથા ગાંધારી, પાલખીમાં બેસીને યુધિષ્ઠિરના રથની આગળ જવા લાગ્યાં.[૪૯] તેમજ કુંતી, દ્રૌપદી આદિ સર્વ કુરુસ્ત્રીઓ સૌ સૌની યોગ્યતાપૂર્વક ઉત્તમ-મધ્યમ પાલખીઓમાં બેસીને હસ્તિનાપુર તરફ જવા લાગી અને તે સર્વ સ્ત્રીઓની આગળ વિદુર જવા લાગ્યા.[૪૧] આ રીતે સર્વ રાજકુટુંબ જ્યારે નગરમાં જવા લાગ્યું, ત્યારે તેની પાછળ અનેક શણગારવામાં આવેલા રથો, હાથીઓ ઘોડાઓ તથા પાળાઓ અનુક્રમે ચાલવા લાગ્યા. રાજા યુધિષ્ઠિરની સ્વારી આ પ્રમાણે હસ્તિનાપુર તરફ જતી હતી, ત્યારે ઘણા વૈતાલિકો, ભાટો, ચારણો તથા માગધો સુંદર ભાષાવાળાં કાવ્યોથી તેમની સ્તુતિ કરી રહ્યા હતા.[૪૩] તે સમયના મહાબાહુ યુધિષ્ઠિરના નગરપ્રયાણની ઉપમા પૃથ્વીપર એક પણ ન હતી. તે સ્વારીને જોવા માટે આવેલાં માણસોની મોટી ઠઠ જામી હતી અને સર્વ તરફ ઉભરાઇ જતાં હૃષ્ટપુષ્ટ મનુષ્યોના હર્ષનાદોથી સર્વ પ્રદેશ ગાજી રહ્યો હતો.[૪૪] રાજા યુધિષ્ઠિરે જે વેળા નગર તરફ પ્રયાણ કર્યું, તે વેળા નગરવાસી મનુષ્યોએ આખા શહેરને તથા શહેરના રાજમાર્ગોને સારી પેઠે શણગાર્યા હતા, પૃથ્વીપર શ્વેત રંગનાં પુષ્પો વેરી દીધાં હતાં, રાજમાર્ગમાં આસપાસ સર્વ સ્થળે પતાકાઓ બાંધી દીધી હતી તથા સુગંધીદાર ધૂપો કરી મૂકયા હતા.[૪૫,૪૬] રાજમહેલને પણ જાતજાતનાં સુવાસિત ચૂર્ણોથી સુગંધપૂર્ણ કરી દીધો હતો અને વિવિધ જાતનાં પુષ્પોની માળાઓથી તથા પ્રિયંગુ નામની લતાના વેલાઓથી આસપાસ વેષ્ટિત કરીને શણગારી દીધો હતો;[૪૭] તેમજ નગરને દરવાજે દરવાજે શ્વેતવર્ણનાં ચૂર્ણથી (કળીચુનાથી) ઉજ્જ્વળ કરેલા જળ ભરેલા નવા ઘડાઓ સ્થાપી દીધા હતા તથા પુષ્પમાળાઓ બાંધી દીધી હતી.[૪૮] આ રીતે સારી પેઠે શણગારેલા દરવાજાવાળા નગરમાં સુહૃદોથી વીંટાયલા પાંડુપુત્ર યુધિષ્ઠિરે, જય જયકારનાં શુભવાકયોથી સ્તવાતાં સ્તવાતાં પ્રવેશ કર્યો.[૪૨]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "યુધિષ્ઠિરનો પ્રવેશ" એ વિષયનો અધ્યાય ૩૭ મો સમાપ્ત.

अध्याय ३८ मो

રાજમંદિરમાં પ્રવેશ અને ચાર્વાકનો વધ

॥ वैशंपायन उवाच ॥

प्रवेशने तु पार्थानां जनानां पुरवासिनाम् ॥
दिदृक्षूणां सहस्राणि समाजग्मुः सहस्रशः॥१॥

વૈશંપાયને કહ્યું:– હે જનમેજય રાજા! એ રીતે પાંડવોએ નગરમાં જ્યારે પ્રવેશ કર્યો, ત્યારે તેઓનું દર્શન કરવા માટે હજારો નગરવાસી મનુષ્યો ટોળે મળીને રાજમાર્ગમાં આવી પહોંચ્યા હતા.[૧] હે રાજન્! ચંદ્રોદયસમયે ઉછાળા મારતો મહાસાગર જેમ શોભે છે, તેમ શણગારેલાં ચૌટાંવાળો તે રાજમાર્ગ પણ તે વેળા મનુષ્યોની ભીડને લીધે શોભી રહ્યો હતો.[૨] હે ભારત! રાજમાર્ગ ઉપર આવેલી રત્નજડિત મોટી મોટી હવેલીઓ રાજદર્શનમાટે એકઠી મળેલી સ્ત્રીઓના ભારથી જાણે કંપી જતી હોયની તેવી દેખાતી હતી.[૩] પાંડવોના દર્શનાર્થે આવી મળેલી સર્વ સુંદરીઓ લજ્જાને લીધે ધીમા કોમળ સ્વરથી યુધિષ્ઠિરની, ભીમસેનની, અર્જુનની, નકુલની તથા સહદેવની પ્રશંસા કરતી હતી અને કહેતી હતી કે:–[૪] "હે કલ્યાણિ પાંચાલપુત્રિ! તને ધન્ય છે; કારણકે ગૌતમી જેમ મહર્ષિઓનું સેવન કરે છે, તેમ તું આ મહાપુરુષોનું સેવન કરે છે!"[૫] હે મહારાજા! આ રીતે સર્વ સ્ત્રીઓ તે સમયે દ્રૌપદીની પ્રશંસા કરતી હતી, જેથી હે ભારત! તે સ્ત્રીઓનાં પ્રશંસાવચનોથી તથા માંહોમાંહેનાં પ્રીતિયુક્ત ભાષણોથી આખું નગર ગરજી રહ્યું હતું.'[૬,૭] રાજા યુધિષ્ઠિર, યથાયોગ્ય શણગારેલા અને તેથીજ

શોભી રહેલા એ રાજમાર્ગનું ઉલ્લંઘન કર્યાં પછી રાજમહેલ પાસે આવી પહોંચ્યા.[૮] ત્યાં પણ એકઠો મળેલો સર્વ અમાત્યવર્ગ તથા ગ્રામનગરવાસી લોક, તેમની સમીપમાં આવીને કાનને સુખદાયક એવી વાણી કહેવા લાગ્યોઃ–"અહો! ધન્યભાગ્ય! હે શત્રુસંહર્તા રાજેન્દ્ર! તમે શત્રુઓનો પરાજય કર્યો તથા ધર્મ અને બળના આશ્રયથી રાજ્યને પુનઃ પ્રાપ્ત કર્યું, તે બહુજ સારૂં થયું છે. હે મહારાજા! તમે સો વર્ષપર્યંત અમારા સર્વના રાજા રહો અને ઇન્દ્ર જેમ સ્વર્ગનું પાલન કરે છે, તેમ ધર્મપૂર્વક પ્રજાઓનું પાલન કરો." આ રીતે રાજમંદિરના દ્વારમાં માંગલિક વાણીથી સન્માન પામીને તથા ચોતરફથી બ્રાહ્મણોએ કહેલા શુભ આશીર્વાદો ગ્રહણ કરીને રાજા યુધિષ્ઠિર, ઇન્દ્રના ભુવનસરખા રાજમહેલમાં દાખલ થયા કે જે રાજમહેલ શ્રદ્ધા તથા વિજયનું નિવાસસ્થાન હતો. પછી પોતાના રથ ઉપરથી તે નીચે ઉતર્યા[૯-૧૩] અને પગે ચાલતા રાજમહેલના અંદરના ભાગમાં પ્રવેશ કરી શ્રીમાન યુધિષ્ઠિરે, પ્રથમજ પોતાના ઇષ્ટદેવોનાં (કુળદેવતાઓનાં) દર્શન કર્યાં; ને રત્નો, ચંદન તથા પુષ્પમાળાઓવડે દેવોનું પૂજન પણ કર્યું.[૧૪] પછી મહાયશસ્વી એવા તે રાજા, તે તે દેવમંદિરોમાંથી બહાર નીકળ્યા કે તુરતજ તેમણે માંગલિક દ્રવ્યો હાથમાં લઈને સન્મુખ ઉભેલા બ્રાહ્મણોનાં દર્શન કર્યાં.[૧૪,૧૫] તે સમયે શુભસૂચક આશીર્વાદો આપી રહેલા તે બ્રાહ્મણોથી વીંટાયલા રાજા યુધિષ્ઠિર, તારાગણોથી વીંટાયલા નિર્મળ ચંદ્રના સરખા શોભતા હતા.[૧૬] પછી કુંતીપુત્ર યુધિષ્ઠિર રાજાએ કાકા ધૃતરાષ્ટ્રને તથા ધૌમ્ય ગુરુને આગળ કરી સર્વ બ્રાહ્મણોની વિધિપૂર્વક પૂજા કરી;[૧૭] તથા પુષ્પોની માળા, મોદક, રત્નો, પુષ્કળ સુવર્ણ, ગાયો તથા વસ્ત્રો આપીને સર્વનો યોગ્ય સત્કાર કર્યો. હે રાજેન્દ્ર! એ સમયે રાજાના અનુચરો "તમને શી ઇચ્છા છે, તમને શી ઇચ્છા છે" આમ સન્માનપૂર્વક બ્રાહ્મણોને પૂછીને તેઓની ઇચ્છાનુસાર વિવિધ પદાર્થોનું દાન આપી રહ્યા હતા.[૧૮] પછી હે ભારત! તે સ્થળે આકાશને વ્યાપ્ત કરી દેનારો પુણ્યાહવાચનનો મંગલ ધ્વનિ બ્રાહ્મણોએ ચાલુ કર્યો, કે જે ધ્વનિ રાજાના સુહૃદોને પ્રીતિ ઉપજાવનારો, પવિત્ર તથા શ્રોત્રેન્દ્રિયને સુખાવહ હતો.[૧૯] રાજા યુધિષ્ઠિરે, વેદવેત્તા વિદ્વાન બ્રાહ્મણોની પુષ્કળ અર્થભરેલા પદાક્ષરોવાળી વૈદિક વાણી, હંસની પેઠે સાર ગ્રહણ કરીને સાંભળવા માંડી.[૨૦] હે રાજા! તેજ સમયે બીજી તરફ પાંડવોના વિજયને સૂચવનારા શંખોનો તથા દુંદુભિઓનો મનોહર શબ્દ સંભળાવા લાગ્યો.[૨૧] આમ થોડોએક સમયસુધી ચાલ્યા પછી તે સ્થળે સર્વ જાતના શબ્દો શાન્ત થયા અને સર્વ મનુષ્યો કુતૂહલને લીધે બોલતા બંધ થયા; એટલે સંન્યાસીના વેશમાં આવેલો ચાર્વાક નામનો રાક્ષસ, બ્રાહ્મણસભામાંથી ઉભો થઈને યુધિષ્ઠિરપ્રત્યે કહેવા લાગ્યો.[૨૨] એ દુષ્ટ ચાર્વાક રાક્ષસ, સંન્યાસીનો વેશ લઇને બ્રાહ્મણસભામાં ઘુસી ગયો હતો, તેણે રુદ્રાક્ષની માળા, શિખા તથા ત્રિદંડ ધારણ કર્યાં હતાં, તે નિર્લજ્જ અને નિર્ભય દેખાતો હતો અને રાજા યુધિષ્ઠિરને આશીર્વાદ આપવાની ઇચ્છાવાળા હજારો તપ અને નિયમસંપન્ન બ્રાહ્મણોના મધ્યમાં આવી બેઠો હતો. હે રાજેન્દ્ર! તે ચાર્વાક રાક્ષસ દુર્યોધનનો મિત્ર હોવાથી મહાત્મા પાંડવોનું અપ્રિય (અનિષ્ટ) કરવા ઇચ્છતો હતો, તેથી સર્વ બ્રાહ્મણોની અનુમતિ લીધાવિનાજ ઉભો થઇને યુધિષ્ઠિર રાજાને કહેવા લાગ્યો કેઃ–[૨૩-૨૫] "હે કુંતીપુત્ર યુધિષ્ઠિર! આ સર્વે બ્રાહ્મણો મારા વચનદ્વારા તને કહે છે કે, સર્વ જ્ઞાતિઓનો ઘાત કરાવનારા તને દુષ્ટ રાજાને ધિક્કાર છે. ઓ રાજા! આવો ઘોર સંહાર કરીને તારા હાથમાં શું આવ્યું છે? પોતાના જ્ઞાતિબંધુઓનો ક્ષય કરીને તથા સર્વ ગુરુજનોનો ઘાત કરાવીને તારે જીવવા કરતાં મરી જવું, તેજ વધારે ઉત્તમ છે."[૨૬,૨૭]

તે દુષ્ટ રાક્ષસનું એ વચન સાંભળીને ત્યાં બેઠેલા સર્વ બ્રાહ્મણો મનમાં અત્યંત ખિન્ન થઇ ગયા અને તેના વાક્યથી જાણે અપમાન પામ્યા હોય, તેમ કોલાહલ કરવા લાગ્યા.[૨૮] હે રાજા!

તે બધા બ્રાહ્મણો તથા રાજા યુધિષ્ઠિર અત્યંત ઉદ્વિગ્ન થઇને લજ્જાધીન થઈ ગયા અને કેવળ સ્તબ્ધજ થઈ ગયા.૨૮,૨૯

તે પછી યુધિષ્ઠિર બોલ્યાઃ-" હે બ્રાહ્મણો ! હું આપ સર્વને પ્રણામ કરીને પ્રાર્થના કરૂં છું કે, આપ સર્વે મારા ઉપર પ્રસન્ન થાઓ. આપની સમીપમાં શરણાગત થઇને ઉભેલા મને-દુઃખાકુલ મનુષ્યને ધિક્કાર આપવા આપ યોગ્ય નથી. "૩૦

વૈશંપાયન કહે છેઃ-હે જનમેજય ! યુધિષ્ઠિરનું એ નમ્ર વચન સાંભળી સર્વ બ્રાહ્મણો એકદમ બોલી ઉઠયાઃ-"હે રાજન્ ! એ અમારૂં વચન નથી, અમે એમ કહેતાજ નથી. અમે તો તમને એજ આશીર્વાદ આપીએ છીએ કે, તમારૂં નિરંતર કલ્યાણ થાઓ" રાજાને આમ કહીને તપથી શુદ્ધ થયેલા અંતઃકરણવાળા અને વેદવેત્તા એવા તે મહાત્મા બ્રાહ્મણોએ જ્ઞાનદષ્ટિથી જોઇને રાક્ષસ ચાર્વાકને ઓળખી કાઢયો ને પછી તેઓ બોલી ઉઠયાઃ-" અરે ! આ તો દુર્યોધનનો મિત્ર ચાર્વાક રાક્ષસ છે. સંન્યાસીના વેશે અહીં અમારીવચ્ચે ઘૂસી જઇને દુર્યોધનનું હિત કરવા ઇચ્છે છે. હે ધર્માત્મા રાજા ! અમે તેમ કહેતાજ નથી, માટે તમારો આવા પ્રકારનો ભય દૂર થાઓ અને હે રાજા ! તમારૂં તથા તમારા ભાઇઓનું કલ્યાણ થાઓ. "૩૧-૩૪

વૈશંપાયન કહે છેઃ- હે જનમેજય ! તે પછી ક્રોધાધીન થયેલા તે પવિત્ર બ્રાહ્મણોએ એકી સાથે હુંકાર કરીને તે પાપી રાક્ષસનો તિરસ્કારપૂર્વક નાશ કરી નાખ્યો,૩૫ એટલે તુરતજ મહેન્દ્રના વજ્રપ્રહારથી, અંકુરયુક્ત વૃક્ષ જેમ ભસ્મ થઈને પૃથ્વીપર ઢળી પડે, તેમ બ્રહ્મવાદીઓના તેજથી બળીને ભસ્મ થઈ ગયેલો તે રાક્ષસ ધરણીપર ઢળી પડયો.૩૬ એ રીતે રાક્ષસ મરણ પામ્યો તે પછી સારીપેઠે પૂજાસત્કારને પામેલા સર્વ બ્રાહ્મણો રાજાને અભિનંદન આપી પોતપોતાને સ્થાનકે ગયા અને યુધિષ્ઠિર રાજા પણ પોતાના સર્વ સુહૃદોની સાથે આનંદ પામ્યા.૩૦

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "ચાર્વાકનો વધ" એ વિષયનો અધ્યાય ૩૮ મો સમાપ્ત.

अध्याय ३९ मो

ચાવાકવૃત્તાંત

॥ वैशंपायन उवाच ॥

ततस्तत्र तु राजानं तिष्ठंतं भ्रातृभिः सह ॥
उवाच देवकीपुत्रः सर्वदर्शी जनार्दनः ॥१॥

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય રાજા ! રાજસભામાં સર્વ ભાઇઓની સાથે બેઠેલા યુધિષ્ઠિર રાજાને ચાર્વાકના વધના વિચારમાં લીન થઇ ગયેલા જોઇ, સર્વદ્રષ્ટા જનાર્દન શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા.૧

વાસુદેવ બોલ્યાઃ-"હે તાત યુધિષ્ઠિર ! આ જગતમાં બ્રાહ્મણો મારે પણ સદા પૂજ્ય છે. તેઓ પૃથ્વીપર વિચરનારા દેવતાઓ છે તથા સર્વકોઇના પર તત્કાલ અનુગ્રહ કરનારા તથા ક્રોધાયમાન થતાં સર્વ કોઇના પર વાણીરૂપી ઝેર ફેંકીને બાળી ભસ્મ કરનારા છે.૨ હે મહાબાહુ રાજન્! આ ચાર્વાક રાક્ષસે પૂર્વે સત્યયુગમાં ઘણાં વર્ષોપર્યંત બદરિકાશ્રમમાં તપશ્ચર્યા કરી હતી,૪ જેથી પ્રસન્ન થયેલા બ્રહ્મદેવે વરદાન માગવા માટે પુનઃ પુનઃ તેને સમજાવ્યો હતો. પછી હે ભારત! તે આ રાક્ષસે સર્વ પ્રાણીઓ તરફથી અભય થવા માટેનું વરદાન માગ્યું હતું.૪ બ્રહ્મદેવે પણ "બ્રાહ્મણોના અપમાનવિના તને સર્વ પ્રાણીઓથી અભય થશે" આવું મહાઉત્તમ વરદાન તેને આપી દીધું; જેથી મહાબળવાન થઇ પડેલો અતુલ પરાક્રમી તે પાપી રાક્ષસ મહાતીવ્ર કર્મો કરીને દેવોને સંતાપવા લાગ્યો.૫,૬ તે સમયે રાક્ષસના બળથી પરાભવ પામીને સર્વ દેવતાઓ એકઠા મળ્યા અને બ્રહ્મદેવ પાસે જઇને તે રાક્ષસનો વધ કરવા માટે પ્રાર્થના કરવા લાગ્યા.૭ પછી હે ભારત! બ્રહ્મદેવે દેવતાઓને કહ્યું કે, "હે દેવો ! તે રાક્ષસનો હવે થોડાજ સમયમાં વિનાશ થાય, તે માટે મેં વ્યવસ્થા કરી નાખી છે. આ



યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક—યુધિષ્ઠિરને સંબંધીઓના શોકમાં ડૂબેલા જોઇને ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કેઃ– હે રાજા ! તમારા વીરશ્રેષ્ઠ સગાસંબંધીઓ ક્ષાત્રધર્મથીજ હણાયા છે અને સ્વર્ગમાંજ ગયા છે; માટે તમે શોકનો ત્યાગ કરીને રાજકાર્યો કરો, શત્રુઓને હણો, પ્રજાનું પાલન કરો અને બ્રાહ્મણોનું પૂજન કરો. પછી તે સંતાપથી રહિત થઇને દ્રૌપદીસહિત રાજસિંહાસને બિરાજ્યા. આસપાસ વડીલો, માતાઓ, પુરોહિતો અને બંધુઓ વગેરે બિરાજ્યા.

પૃથ્વીપર દુર્યોધન નામનો એક રાજા થશે, તે આ રાક્ષસનો મિત્ર થશે. પછી તેવા કોઇ પ્રસંગે પોતાના મિત્ર દુર્યોધનના સ્નેહથી બંધાઇને એ રાક્ષસ બ્રાહ્મણોનું અપમાન કરશે કે તુરતજ વાણીરૂપી બળવાળા બ્રાહ્મણો ક્રોધાયમાન થઇને તે પાપીને બાળી ભસ્મ કરી નાખશે. આ રીતે તે રાક્ષસ નાશ પામશે. [૮,૯]

હે ભરતશ્રેષ્ઠ રાજા! બ્રહ્મદેવના એ કથન પ્રમાણેજ તે આ ચાર્વાક રાક્ષસ બ્રહ્મદંડના બળથી મરણ પામી પૃથ્વીપર સૂતો છે, માટે હે મહારાજા! તમે એને બ્રાહ્મણ માની શોક કરો મા; [૧૦] તેમજ હે રાજા! ક્ષાત્રધર્મનો આશ્રય કરી યુદ્ધમાં મરણ પામેલા તમારા સર્વ સંબંધીઓ તથા બીજા વીર મહાત્મા ક્ષત્રિયો સ્વર્ગલોકમાં ગયા છે, [૧૧] માટે હવે તમે ધૈર્ય ધારણ કરો અને ગ્લાનિનો ત્યાગ કરી સર્વ રાજકાર્યો કરો, શત્રુઓનો સંહાર કરો, પ્રજાનું રક્ષણ કરો તથા બ્રાહ્મણોની પૂજા કરો." [૧૨]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં "ચાર્વાકવરદાનાદિકકથન' એ વિષયનો અધ્યાય ૩૯ મો સમાપ્ત.

अध्याय ४० मो

યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક

॥ वैशंपायन उवाच ॥

ततः कुंतीसुतो राजा गतमन्युर्गतज्वरः ॥
कांचने प्राङ्मुखो हृष्टो न्यषीदत् परमासने॥१॥

વૈશંપાયન બોલ્યાઃ—હે જનમેજય! શ્રીકૃષ્ણનાં એ વાક્યપરથી રાજા યુધિષ્ઠિર શોક અને દીનતાથી રહિત થઇ ગયા; અને પછી અભિષેકસમયે સુવર્ણના એક ઉત્તમઆસનપર પૂર્વાભિમુખે હર્ષપૂર્વક બેઠા. [૧] તેની સન્મુખજ સુવર્ણનાં બે પ્રદીપ્ત અને સુંદર આસનો ગોઠવી દેવામાં આવ્યાં હતાં. તેઓના પર શત્રુઓનું દમન કરનારા શ્રીકૃષ્ણ અને સાત્યકિ બેઠા. [૨] મહાત્મા ભીમસેને અને અર્જુને રાજા યુધિષ્ઠિરને મધ્યમાં રાખીને આજુબાજુ ગોઠવેલાં બે મણિજડિત લીસાં આસનોપર બેઠક લીધી. [૩] બીજી તરફ સુવર્ણથી મઢેલા દાંતના ઉજ્જવળ સિંહાસનપર નકુલ અને સહેદેવની સાથે કુંતાજી બેઠાં. [૫] તેમજ સુધર્મા, વિદુર, ધૌમ્ય અને ધૃતરાષ્ટ્ર રાજા, અગ્નિસરખાં પ્રદીપ્ત જૂદાં જૂદાં આસનોપર બેઠા; [૫] અને યુયુત્સુ, સંજય તથા યશસ્વિની ગાંધારી, જે બાજુ ધૃતરાષ્ટ્ર રાજા બેઠા હતા તે બાજુ બેઠાં. [૬] આ રીતે સર્વ રાજકુટુંબ યથાયોગ્ય આસને બેસી ગયું. તે પછી રાજસિંહાસનપર બેઠેલા ધર્માત્મા યુધિષ્ઠિરે, શ્વેતવર્ણનાં પુષ્પોનો, સર્વતોભદ્ર આદિથી ચિહ્નિત એવાં દેવતાઓનાં સ્થાપનોનો, અક્ષતોનો, મૃત્તિકાનો, સુવર્ણનો, રૂપાનો તથા મણિનો હાથવતી સ્પર્શ કર્યો. [૭] પછી સર્વ પ્રધાનમંડલ પુરોહિત ધૌમ્યને આગળ કરી ઘણા માંગલિક પદાર્થો હાથમાં લઇને ધર્મરાજાના દર્શનાર્થે આવી પહોંચ્યું. [૮] એટલે તુરતજ માટી, સુવર્ણ, તરેહ તરેહનાં રત્નો, સર્વ સામગ્રીઓથી ભરેલું અભિષેકમાટેનું પાત્ર, સુવર્ણના, ત્રાંબાના, રૂપાના તથા માટીના જળભરેલા કળશો, પુષ્પો, લાજા (ડાંગરની ધાણી), દર્ભો, ગોરસ, ખીજડીની, પીપળાની તથા ખાખરાની સમિધો, મધ, ઘી, ઉંબરાના કાષ્ઠનો સરવો અને સુવર્ણથી મઢેલો શંખ વગેરે સર્વ સાહિત્યો ત્યાં ગોઠવી દેવામાં આવ્યાં; [૯-૧૧] તે પછી શ્રીકૃષ્ણની આજ્ઞા થતાં પુરોહિત ધૌમ્યે, વેદિકાપર પૂર્વ તથા ઉત્તરભાગમાં સરવાવડે રેખા કાઢી અને તે વેદિકાની સમીપમાં વ્યાઘ્રચર્મથી સર્વ તરફ આચ્છાદિત કરેલા, મજબૂત પગથીઆવાળા તથા અગ્નિસમાન કાંતિવાળા ઉજ્જવળ સર્વતોભદ્ર આસનપર મહાત્મા યુધિષ્ઠિરને અને દ્રૌપદીને બેસાડયાં ને પછી બુદ્ધિમાન એવા તે પુરોહિતે વિધિ તથા મંત્રોચ્ચારપૂર્વક અગ્નિમાં આહુતિઓ આપી. [૧૨-૧૪] આ રીતે હવનક્રિયા થઈ રહી, એટલે યાદવવંશી શ્રીકૃષ્ણ લોકપૂજિત શંખને હાથમાં લઈ ઉભા થયા ને કુંતીપુત્ર યુધિષ્ઠિરનો પૃથ્વીના પતિતરીકે અભિષેક કર્યો. [૧૫] વળી તેજ પ્રમાણે શ્રીકૃષ્ણની આજ્ઞા થવાથી રાજર્ષિ ધૃતરાષ્ટ્રે તથા સર્વ પ્રધાનમંડળે

પણ યુધિષ્ઠિર રાજાનો અભિષેક કર્યો. તે સમયે પાંચજન્ય શંખના જળથી અભિષેક કરતા રાજા યુધિષ્ઠિર, પોતાના ભાઇઓની સાથે ઘણાજ શોભાયમાન દેખાતા હતા. એ પ્રમાણે અભિષેકક્રિયા ચાલી રહી હતી, ત્યારે બીજી તરફ ઢોલ, નગારાં અને દુંદુભિઓના ગડગડાટ પણ થઇ રહ્યા હતા.[૧૬,૧૭] પુષ્કળ દક્ષિણાઓ આપનારા ધર્મરાજાએ પણ તે સર્વ ઉપચારનો ધર્મપૂર્વક સ્વીકાર કર્યો તથા શ્રીકૃષ્ણ આદિ સર્વ સભ્યોની યથાવિધિ પૂજા પણ કરી.[૧૮] પછી તેમણે સ્વસ્તિવાચન કરાવીને ધૃતિ, શીલ તથા વેદાધ્યયનથી સંપન્ન એવા વિદ્વાન બ્રાહ્મણોને હજારો સોનામહોરોની દક્ષિણાઓ આપી.[૧૯] હે રાજા! દક્ષિણા લઇને પ્રસન્ન થયેલા સર્વ બ્રાહ્મણોએ રાજા યુધિષ્ઠિરને કલ્યાણસૂચક તથા વિજયસૂચક આશીર્વાદો આપ્યા અને હંસસરખા મંજુલ સ્વરથી તેમની પ્રશંસા કરવા લાગ્યા કે, [૨૦] "હે મહાબાહુ યુધિષ્ઠિર રાજા! ઘણી સુદૈવની વાત છે કે, તમારો આ રીતે વિજય થયો છે. હે મહાતેજસ્વી રાજા! તમે પરાક્રમથી સ્વધર્મ પ્રાપ્ત કર્યો તે મહાસુભાગ્યની વાત બની છે. હે રાજન્! અતિ આનંદ પામવા જેવું છે કે, વીર પુરુષોનો સંહાર કરનારા આ ઘોર સંગ્રામમાંથી તમે, ભીમસેન, અર્જુન, નકુલ તથા સહદેવ ક્ષેમકુશળ મુક્ત થયા છો. હે ભારત! હવે તમારા સર્વ શત્રુઓ જીતાયા છે, માટે સત્વર સર્વ રાજ્યકારભાર તમે સંભાળી લ્યો."[૨૧-૨૩]

હે ભરતવંશી જનમેજય રાજા! આ રીતે સત્પુરુષોએ સન્માન કર્યું તે પછી ધર્મરાજા યુધિષ્ઠિરે, સર્વસુહૃદોની સાથે મહાન રાજ્યનો સ્વીકાર કર્યો.[૨૪]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં 'યુધિષ્ઠિરનો અભિષેક' એ વિષયનો અધ્યાય ૪૦ મો સમાપ્ત.

અધ્યાય ૪૧ મો

રાજ્યરક્ષામાટે અધિકારીઓની યોજના

॥ वैशंपायन उवाच ॥

प्रकृतीनां च तद्वाक्यं देशकालोपबृंहितम् ॥
श्रुत्वा युधिष्ठिरो राजा सोंतरं प्रत्यभाषत॥१॥

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય! સર્વ પ્રજાવર્ગનું તથા પ્રધાનમંડલનું તે દેશકાલોચિત વચન સાંભળ્યા પછી રાજા યુધિષ્ઠિર બોલ્યા કેઃ-[૧] "હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! ખરેખર અમે-પાંડવો ધન્યવાદને પાત્ર તો છીએજ; કારણ કે અહીં એકત્ર થયેલા તમે બધા અમારા સત્ય અથવા અસત્ય ગુણોનું વર્ણન કરી રહ્યા છો.[૨] હું નિશ્ચય માનું છું કે, તમે બધા અમારાપર કેવળ અનુગ્રહજ કરી રહ્યા છો. અમે એટલા બધા ગુણશાળી નથી, છતાં તમે મત્સરનો ત્યાગ કરી અમને ગુણસંપન્ન કહો છો.[૩] હું તમારી આગળ સત્ય કહું છું કે, અમારા પિતા મહારાજા ધૃતરાષ્ટ્ર મારૂં પરમ દૈવત છે, માટે જેઓ મારૂં પ્રિય કરવા ઇચ્છતા હોય તેઓએ એ મહારાજાની પ્રિય આજ્ઞા પાળવા માટે સદોદિત તત્પર રહેવું.[૪] મેં મારા જ્ઞાતિબંધુઓનો મહાન સંહાર કર્યો છે, તેથી હું પાપી થયા છતાં કેવળ એ મહારાજામાટેજ જીવી રહ્યો છું. મારે પોતાને પણ નિત્ય ઉત્સાહયુક્ત થઇને તેમની સેવા કરવાનીજ હવે અવશ્ય જરૂર છે.[૫] તમે મારા સુહૃદો છો, તેથી તમારે મારા ઉપર જો અનુગ્રહ કરવો આવશ્યક હોય તો હું કહું છું તે પ્રમાણે સર્વ કોઇએ મહારાજા ધૃતરાષ્ટ્ર તરફ દુર્યોધનના રાજ્યકાળની પેઠેજ પૂજ્ય વર્તન રાખવું યોગ્ય છે.[૬] અરે, હું ત્યાંસુધી કહું છું કે, આ સર્વ જગતના મારા અને તમારા બધાના ધૃતરાષ્ટ્ર પોતેજ મહારાજા છે; અને આખી પૃથ્વી તથા અમે સર્વ પાંડવો સદાય એમનાજ છીએ.[૭] આ મારા વચનને તમારે બધાએ હૃદયમાં દૃઢપણે સ્થાપી રાખવું. જાઓ, હવે તમારી ઇચ્છા હોય તો સૌ સૌને સ્થાનકે પધારો." આમ કહીને કુરુનંદન રાજા યુધિષ્ઠિરે સર્વ નગરવાસી તથા દેશવાસી લોકોને

જવા માટે રજા આપી. પછી રાજા યુધિષ્ઠિરે કુંતીપુત્ર ભીમસેનની યુવરાજના પદ ઉપર યોજના કરી. રાજ્યને લગતા વિચારો કરવા ઉપર તથા સંધિવિગ્રહાદિક છ ગુણોનો વિચાર કરી, રાજ્યવ્યવસ્થાનો નિશ્ચય કરવાના કાર્ય ઉપર બુદ્ધિમાન વિદુરની પ્રીતિપૂર્વક યોજના કરી. [૮-૧૦] કરેલાં તથા નહિ કરેલાં રાજ્યકાર્યોની દેખરેખ રાખવાપર તથા આવકજાવકનો હિસાબ રાખવાના કાર્યપર સર્વગુણસંપન્ન વૃદ્ધ સંજયની યોજના કરી. [૧૧] તેમજ રાજા યુધિષ્ઠિરે, સૈન્યબળનું માપ રાખવામાટે તથા સૈનિકોને ખોરાક પગાર આપવાના કાર્ય માટે નકુલને આજ્ઞા કરી. [૧૨] શત્રુરાજ્યોનું આક્રમણ કરવા માટે અને દુષ્ટોને શિક્ષા કરવામાટે યુધિષ્ઠિરે અર્જુનને આજ્ઞા આપી. [૧૩] બ્રાહ્મણો, દેવો તથા બીજાં સર્વ ધાર્મિક કાર્યોની સદા દેખરેખ રાખવામાટે પુરોહિતોમાં શ્રેષ્ઠ એવા ધૌમ્યની યોજના કરી; [૧૪] અને હે રાજા! સહદેવને નિરંતર પોતાની પાસે રહેવાનું કહીને જણાવ્યું કે, સર્વ અવસ્થાઓમાં રાજાની તેણે રક્ષા કરવી. [૧૫] આ રીતે જે જે કાર્યો કરવામાં પોતે જેને જેને યોગ્ય માન્યા, તેઓ સર્વની તે તે કાર્યો કરવામાં રાજા યુધિષ્ઠિરે પ્રસન્નતાપૂર્વક યોજના કરી દીધી. પછી શત્રુવીરોનો સંહાર કરનારા ધર્મપ્રિય ધર્માત્મા યુધિષ્ઠિરે મહાબુદ્ધિમાન વિદુરને, સંજયને તથા યુયુત્સુને કહ્યું કે, [૧૭] તમારે સર્વ જણાએ મારા પિતા આ ધૃતરાષ્ટ્ર રાજાનું જે કંઇ કાર્ય હોય તેને નિત્ય સાવધાન થઈને યથાયોગ્ય રીતે કર્યા કરવું. તેમાં કદી પ્રમાદ કરવો નહિ![૧૮] તેમજ નગરનાં કે દેશનાં જે કોઈ કાર્યો હોય તે બધાં પણ મહારાજા ધૃતરાષ્ટ્રની આજ્ઞા લઇનેજ વિભાગવાર કરવાં.[૧૯]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંગત રાજધર્માનુશાસન પર્વમાં “ભીમ આદિકનો રાજ્યકાર્યોમાં વિનિયોગ”એ વિષયનો અધ્યાય ૪૧ મો સમાપ્ત.

અધ્યાય ૪૨ મો

યુધિષ્ઠિરે સંબંધીઓનાં શ્રાદ્ધ કર્યાં.

॥ वैशंपायन उवाच ॥

ततो युधिष्ठिरो राजा ज्ञातीनां ये हता युधि ॥
श्राद्धानि कारयामास तेषां पृथगुदारधीः॥१॥

વૈશંપાયન બોલ્યાઃ—હે જનમેજય! તે પછી ઉદાર બુદ્ધિના રાજા યુધિષ્ઠિરે યુદ્ધમાં મરણ પામેલા સર્વજ્ઞાતિબંધુઓનાં જૂદાં જૂદાં શ્રાદ્ધ કરાવવા માંડયાં.[૧] મહાયશસ્વી ધૃતરાષ્ટ્રે પોતાના સર્વ રાજપુત્રોનાં પ્રેતકાર્યો કર્યાં ને તેઓની પાછળ પુણ્યાર્થે બ્રાહ્મણોને સર્વ જાતના અભીષ્ટ ગુણોથી યુક્ત અન્ન, ધન તથા મહા અદ્ભુત કિંમતી રત્નોનું દાન આપ્યું. [૨] યુધિષ્ઠિરે પણ દ્રોણાચાર્ય, મહાત્મા કર્ણ, ધૃષ્ટદ્યુમ્ન, અભિમન્યુ, રાક્ષસ ઘટોત્કચ, વિરાટઆદિ બીજા ઉપકાર કરનારા સંબંધીઓ, રાજા દ્રુપદ તથા દ્રૌપદીના પુત્રો વગેરે પોતાના સ્નેહીઓનાં ઉત્તરકાર્યો કરીને તેઓ પ્રત્યેકને ઉદેશી હજારો બ્રાહ્મણોને ધન, રત્નો, ગાયો તથા વસ્ત્રોનાં દાન આપ્યાં. એ સિવાય બીજા, જે રાજાઓના સંબંધી જન ન હતા તેઓને ઉદેશીને પણ રાજા યુધિષ્ઠિરે પિંડદાનાદિક ઉત્તરક્રિયા કરી. યુદ્ધમાં મરણ પામેલા પોતાના સર્વ સંબંધીઓના આત્માના કલ્યાણાર્થે રાજા યુધિષ્ઠિરે અનેક ધર્મશાળાઓ બંધાવી, ઘણી પરબો ચાલુ કરાવી તથા પુષ્કળ તળાવો બંધાવ્યાં. આ રીતે સર્વ સંબંધીઓનાં શ્રાદ્ધ કરીને ધર્મપૂર્વક પ્રજાઓનું પાલન કરતા રાજા યુધિષ્ઠિર મરણ પામેલાઓના ઋણમાંથી મુક્ત થયા, લોકોમાં નિર્દોષ ઠર્યા તથા પોતે કૃતકૃત્ય થયા. તેમણે ધૃતરાષ્ટ્રનું, ગાંધારીનું તથા વિદુરનું યથાયોગ્ય માન જાળવ્યું હતું તથા બીજા કૌરવોના માન્ય સેવકોનો સારી પેઠે સત્કાર કર્યો હતો. વળી જેઓના પુત્રો તથા પતિઓ મરણ પામ્યા હતા, તેવી સર્વ કૌરવની સ્ત્રીઓનું દયાળુ રાજા યુધિષ્ઠિર માનપૂર્વક પાલન કરતા હતા, તેમજ ગરીબો, આંધળાં તથા બીજા દયા કરવા યોગ્ય નિરાધાર મનુષ્યોને રહેવામાટે ગૃહ, પહેરવામાટે વસ્ત્ર

તથા ભોજનમાટે અન્ન વગેરે આપીને રાજા યુધિષ્ઠિરે અનુગ્રહ કર્યો હતો અને નિત્ય સર્વ મનુષ્યોની સાથે માયાળુપણે વર્તી રાજા શબ્દને સાર્થક કર્યો હતો. આ રીતે યુધિષ્ઠિર રાજા, સમગ્ર પૃથ્વીને જીતીને તથા શત્રુઓના ઋણમાંથી મુક્ત થઇને શત્રુરહિત થયા હતા અને સુખેથી રાજ્યવૈભવો ભોગવી રહ્યા હતા. [૩-૧૨]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંગત રાજધર્માનુશાસન પર્વમાં "શ્રાદ્ધક્રિયા" એ વિષયનો અધ્યાય ૪૨ મો સમાપ્ત.

अध्याय ४३ मो

આભારપ્રદર્શન—શ્રીકૃષ્ણસ્તુતિ

॥ वैशंपायन उवाच ॥

अभिषिक्तो महाप्राज्ञो राज्यं प्राप्य युधिष्ठिरः॥
दाशार्हं पुंडरीकाक्षमुवाच प्रांजलिः शुचिः ॥१॥

વૈશંપાયન કહે છે:-હે જનમેજય રાજા! એ રાતે અભિષેક થઇ ગયા પછી રાજ્ય સંપાદન કરીને મહાબુદ્ધિમાન રાજા યુધિષ્ઠિર, બે હાથ જોડીને શુદ્ધ અંતઃકરથી કમળનયન શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહેવા લાગ્યા[૧]:-"હે યાદવસિંહ શ્રીકૃષ્ણ! તમારા કૃપાથી, નીતિથી, બળથી, બુદ્ધિથી તથા પરાક્રમથી મેં મારા પૂર્વજોના રાજ્યને પુનઃ પ્રાપ્ત કર્યું છે. હે કમળનયન! હે શત્રુદમન શ્રીકૃષ્ણ! હું તમને પુનઃ પુનઃ પ્રણામ કરૂં છું. તત્ત્વવેત્તા મહાપુરુષો તમને એકનેજ સર્વ પ્રાણીઓના શરીરમાં વસી રહેલા પરમ પુરૂષતરિકે વર્ણવે છે, ઉપાસક ભક્તોના પરિપાલક કહે છે, અને સંયમશીલ બ્રાહ્મણો તમારીજ અનેક નામો લઇને સ્તુતિ કરે છે.[૨-૪] હે કૃષ્ણ! હે વિશ્વસ્રષ્ટા! હે વિશ્વાત્મા! હે જગતના ઉત્પત્તિકારણ! હે સર્વવ્યાપક! હે જિષ્ણુ! હે હરિ! હે વૈકુંઠસ્વરૂપ! હે પુરુષોત્તમ! હું તમને નમસ્કાર કરૂં છું.[૫] તમે પુરાણપુરુષ છો છતાં અદિતિના ઉદરમાં સાત વખત ગર્ભરૂપે નિવાસ કરીને અનુક્રમે પૃશ્નિગર્ભ, પરશુરામ, રામચંદ્ર, આદિત્ય, વામન, શ્રીકૃષ્ણ તથા બલરામના સ્વરૂપે ઉત્પન્ન થયા છો. અને આ સર્વ ગર્ભોમાં તમે તો એકજ સ્વરૂપે વ્યાપ્ત છો, પણ પ્રત્યેક ગર્ભે ભિન્ન સ્વરૂપ નથી. વળી બીજા કેટલાએક જ્ઞાની પુરુષો તો તમને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શ્રી તથા યશસ્વરૂપ પણ કહે છે.[૬] વળી તમે પવિત્ર કીર્તિવાળા છો, સર્વ ઇન્દ્રિયોના નિયંતા છો, યજ્ઞના પણ ઈશ્વર છો અને બ્રહ્મદેવના પણ ગુરુ કહેવાઓ છો. તમે એકજ ત્રિનેત્ર શંકરસ્વરૂપ છો, વ્યાપક છો તથા દામોદર છો.[૭] વરાહ, અગ્નિ, સૂર્ય, ધર્મ, અને ગરુડધ્વજ, તમે છો; તેમજ શત્રુઓની સેનાનું મર્દન કરનાર તથા સર્વનાં શરીરોમાં જીવસ્વરૂપે રહેનાર પરમ પુરુષ તમે છો.[૮] તમે સર્વદેવોમાં ઉત્તમ છો, ઉગ્ર સેના નાયક છો, સત્યસ્વરૂપ છો, અન્નદાતા છો, દેવોના સેનાપતિ ગુહસ્વરૂપ છો, અસ્ખલિત જ્ઞાનશક્તિવાળા અચ્યુત છો, શત્રુઓનો વિનાશ કરનારા છો, બ્રાહ્મણાદિ સંસ્કૃતજાતિ[૯] સ્વરૂપ છો, અનુલોમ પ્રતિલોમ વિકૃત જાતિસ્વરૂપ છો, સર્વશ્રેષ્ઠ છો સંન્યાસિસ્વરૂપ છો, યજ્ઞાદિરૂપ છો, સર્વના આદિ છો, ઇન્દ્રના ગર્વનો નાશ કરનારા છો, હરિ અને હરસ્વરૂપ છો, સમુદ્રરૂપ છો, નિર્ગુણ છો કર્મ કરવાયોગ્ય પૂર્વ, ઉત્તર અને ઇશાન-એ ત્રણ દિશાઓરૂપ છો, સૂર્ય, ચંદ્ર તથા અગ્નિસ્વરૂપ છો અને સ્વર્ગમાંથી અહીં પૃથ્વીપર અવતરેલા છો.[૯,૧૦] વળી તમે સર્વના મહારાજા છો, વિરાટ્ છો, સ્વરાટ્ છો, દેવોના રાજા છો, સંસારના ઉત્પત્તિકારણ છો, સર્વવ્યાપક છો, સત્તાસ્વરૂપ છો, શરીરરહિત છો, કૃષ્ણ છો અને અગ્નિસ્વરૂપ છો[૧૧] તમે યજ્ઞોનાં ઉત્કૃષ્ટ ફળને આપનારા છો, અશ્વિનીકુમારોના પિતા છો, સાંખ્યાચાર્ય કપિલ સ્વરૂપ છો, વામનરૂપ છો, યજ્ઞ છો, નિશ્ચળ સ્વભાવ છો, ગરુડસ્વરૂપ છો અને યજ્ઞસેન પણ તમેજ કહેવાઓ છો.[૧૨] તમે શિખંડી, નહુષ, મહેશ્વર, આકાશમાં વસનાર પુનર્વસુ નક્ષત્ર અને અત્યંત પિંગલવર્ણ સુવર્ણ છો, તમે રુકયયજ્ઞ છો, સુશેણ છો, દુંદુભિ છો, કાળચક્રરૂપ છો, શ્રીપદ્મ છો, લક્ષ્મીના નિવાસસ્થાનભૂત

કમળ છો, પુષ્પમાળાને ધારણ કરનારા છો, ઋભુ નામના દેવસ્વરૂપ છો, વિભુ છો, સર્વના કરતાં સૂક્ષ્મ છો અને ચારિત્ર્યવાન પણ તમેજ કહેવાઓ છો.[૧૩-૧૪] હે કેશવ! તમે મહાસાગરસ્વરૂપ છો, બ્રહ્મદેવરૂપ છો, પવિત્ર ધામ છો, તૈજસ પદાર્થને જાણનારા છો, તમનેજ વેદવેત્તાઓ હિરણ્યગર્ભ, સ્વાહા અને સ્વધા કહે છે.[૧૫] હે કૃષ્ણ! આ સર્વ જગતનું ઉત્પત્તિસ્થાન તથા પ્રલયસ્થાન તમે છો, તમેજ પૂર્વે આ જગતને ઉત્પન્ન કર્યું છે અને હે વિશ્વયોનિ! આ સમગ્ર જગત તમારે અધીન રહેનારૂં છે. હે ખડ્ગ, ચક્ર અને ધનુષને ધારણ કરનારા ભગવાન! હું આપને નમસ્કાર કરૂં છું."[૧૬]

આ રીતે સભાની વચ્ચે ધર્મરાજાએ સ્તુતિ કરી એટલે કમળસમાન નેત્રવાળા યાદવશ્રેષ્ઠ શ્રીકૃષ્ણે પ્રસન્ન થઇને અનેક વચનોથી ભરતકુલોત્પન્ન જ્યેષ્ઠપાંડવ યુધિષ્ઠિરને અભિનંદન આપ્યું.[૧૭]

ઇતિશ્રી મહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "વાસુદેવની સ્તુતિ" એ વિષયનો અધ્યાય ૪૩ મો સમાપ્ત.

अध्याय ४४ मो

ગૃહવિભાગ

॥ वैशंपायन उवाच ॥

ततो विसर्जयोमास सर्वाः प्रकृतयो नृपः ॥
विविशुश्चाभ्यनुज्ञाता यथा स्वानि गृहाणि ते॥

વૈશંપાયન કહે છે:–હે જનમેજય! તે પછી રાજા યુધિષ્ઠિરે, સર્વ પ્રધાનમંડલને સૌ સૌને ઘેર જવા માટે રજા આપી, એટલે રાજાની આજ્ઞા લઇ તેઓ સર્વે, પોતપોતાના ગૃહતરફ ચાલ્યા ગયા.[૧] પછી શ્રીમાન યુધિષ્ઠિર રાજા, ભયંકર પરાક્રમ કરનારા ભીમસેનને, અર્જુનને, નકુલને તથા સહદેવને સાંત્વન આપવા માટે આ પ્રમાણે બોલ્યા:[૨]–"હે ભરતકુળના મહાપુરુષો! આ મહારણમાં શત્રુઓએ તમારાં શરીરોને અનેક પ્રકારનાં શસ્ત્રોવડે ક્ષતવિક્ષત કરી નાખ્યાં છે. વળી તમે આટલા દિવસ સુધી મહાન શ્રમ કરીને અત્યંત થાકી ગયા છો. તથા શોક અને ક્રોધથી ઘણાજ તપી ગયા છો, તમે મારેમાટે વનવાસ વેઠીને કોઇ સામાન્ય પુરુષોની પેઠે અત્યંત દુઃખો ભોગવ્યાં છે, માટે હવે સુખ તથા શાંતિપૂર્વક આ વિજયથી પ્રાપ્ત થયેલા વૈભવોને ભોગવો. તમે આજે સારી પેઠે વિશ્રાંતિ લઇ લેશો અને સુખોનો અનુભવ કરી લેશો એટલે પછી આવતી કાલે હું તમને મળીશ."[૩-૫] આમ કહીને યુધિષ્ઠિર રાજાએ, ધૃતરાષ્ટ્રની આજ્ઞા લઇને અનેક રત્નોથી વ્યાપ્ત, પુષ્કળ દાસદાસીઓથી ભરેલો તથા ઘણા જૂદા જૂદા ઓરડાઓવાળો દુર્યોધનનો રાજમહેલ ભીમસેનને અર્પણ કર્યો, જેથી ઇન્દ્ર જેમ દેવમંદિરમાં નિવાસ કરે તેમ, મહાબાહુ ભીમસેને મોટા ભાઇએ આપેલા દુર્યોધનના રાજમહેલમાં નિવાસ કર્યો.[૬,૭] જેવો દુર્યોધનનો રાજમહેલ સુશોભિત હતો, તેવોજ દુઃશાસનનો મહેલ પંક્તિબંધ ઓરડાઓથી યુક્ત હતો, સુવર્ણનાં તોરણોથી શણગારેલો હતો, પુષ્કળ દાસદાસીઓથી ભરપૂર હતો તથા પુષ્કળ ધનધાન્યથી પરિપૂર્ણ હતો. તે મહેલમાં મોટા ભાઈની આજ્ઞા પ્રમાણે મહાબાહુ અર્જુને નિવાસ કર્યો;[૮,૯] તેમજ એ દુઃશાસનના મહેલ કરતાં પણ દુર્મર્ષણનો મહેલ ઘણો શ્રેષ્ઠ હતો, તે કુબેરના ભવનસરખો સુંદર હતો તથા મણિ અને સુવર્ણના જડાવકામથી શોભી રહ્યો હતો. હે મહારાજા જનમેજય! ધર્મપુત્ર યુધિષ્ઠિરે, મહાવનમાં દુઃખ વેઠીને કૃશ થયેલા અને શ્રેષ્ઠ ભોગોને ભોગવવા યોગ્ય એવા નકુલને પ્રસન્નતાપૂર્વક તે દુર્મર્ષણનો મહેલ અર્પણ કર્યો.[૧૦-૧૧] પછી પોતાનું નિત્ય પ્રિય કરનાર સહદેવને દુર્મુખનો મહેલ સોંપી દીધો, કે જે મહેલ ઘણોજ ઉત્તમ હોઈને શોભાસંપન્ન હતો, સુવર્ણથી શણગારેલો હતો તથા કમળસમાન નેત્રોવાળી સ્ત્રીઓનાં શયનોથી વ્યાપ્ત હતો. સહદેવ પણ, કુબેર જેમ કૈલાસભવન મેળવીને પ્રસન્ન થાય તેમ, એ રાજભવન મેળવીને પ્રસન્ન પ્રસન્ન થઇ ગયો.[૧૨,૧૩] હે રાજા! એ રીતે ગૃહવિભાગ થઇ ગયા પછી યુયુત્સુ, વિદુર, સંજય, સુધર્મા

અને ધૌમ્ય પોતપોતાને ગૃહે વિદાય થયા;[૧૪] અને પુરુષવ્યાઘ્ર શ્રીકૃષ્ણ, વ્યાઘ્ર જેમ પર્વતની ગુફામાં પ્રવેશ કરે તેમ, સાત્યકિને સાથે લઈ અર્જુનના મહેલમાં દાખલ થયા.[૧૫] આ રીતે પોતપોતાના રાજમહેલોમાં ભક્ષ્ય,અન્નપાન આદિનો ઉપભોગ કરી પ્રસન્ન થયેલા તે સર્વ રાજાઓ તે રાત્રિ સુખેથી સૂઇ રહ્યા :અને બીજે દિવસે પ્રાતઃકાળમાં સુખશય્યામાંથી જાગ્રત થઈને રાજા યુધિષ્ઠિની પાસે હાજર થયા.[૧૬]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં " ગૃહવિભાગ " એ વિષયનો અધ્યાય ૪૪ મો સમાપ્ત.

अध्याय ४५ मो

યુધિષ્ઠિર અને શ્રીકૃષ્ણ

॥ जनमेजय उवाच ॥

प्राप्य राज्यं महाबाहुर्धर्मपुत्रो युधिष्ठिरः ॥
यदन्यदकरोद्विप्र तन्मे वक्तुमिहार्हसि ॥१॥

જનમેજયે પૂછ્યું:–હે મુનિ વૈશંપાયન ! ધર્મપુત્ર મહાબાહુ યુધિષ્ઠિરે, તે રાજ્ય મેળવ્યા પછી જે બીજાં કર્મો કર્યાં હોય. તે મને કહો;[૧] અને હે ઋષિ ! ત્રૈલોક્યના પરમ ગુરુ વીર ભગવાન શ્રીકૃષ્ણે પણ જે જે કર્મો કર્યાં હોય તેનું કથન કરવાની કૃપા કરો.[૨]

વૈશંપાયન બોલ્યા:–હે નિર્દોષ મહારાજા ! પાંડવોએ રાજ્ય મેળવીને શ્રીકૃષ્ણની આગેવાની હેઠળ જે જે કર્મો કર્યાં હતાં, તે સર્વનું હું યથાર્થ રીતે વર્ણન કરૂં છું, તે તમે સાંભળો.[૩]

હે મહારાજ! રાજ્ય સંપાદન કર્યા પછી કુંતીપુત્ર યુધિષ્ઠિરે, ચારેય વર્ણોની પ્રજાને પોતપોતાનાં સ્થાનકોપર યથાયોગ્ય રીતે સ્થાપી દીધી;[૪] અને પાંડુપુત્ર યુધિષ્ઠિરે, બ્રહ્મચર્યવ્રત સમાપ્ત કરી સ્નાતક બનેલા એક હજાર મહાત્મા બ્રાહ્મણોને એક એક હજાર સોનામહોરો દાનમાં અપાવી;[૫] તેમજ સેવકોને, ચાકરોને, આશ્રિતોને, અતિથિઓને, કૃપણોને તથા જ્યોતિષીઓને યથેષ્ટ દાન આપીને તેઓના મનોરથો પૂર્ણ કર્યા.[૬] પુરોહિત ધૌમ્યને દશ હજાર ગાયો, બીજું કેટલુંએક ધન, સુવર્ણ, ચાંદી તથા વિવિધ પ્રકારનાં વસ્ત્રો દાનમાં આપ્યાં.[૭] હે મહારાજ ! નિયમનિષ્ઠ રાજા યુધિષ્ઠિરે, કૃપાચાર્યપ્રત્યે ગુરુના જેવુંજ વર્તન રાખવા માંડ્યું તથા વિદુરને પૂજ્યતરીકે સન્માન આપવા માંડયું.[૮] દાતાઓમાં શ્રેષ્ઠ એવા તે યુધિષ્ઠિરે, બીજા સર્વ આશ્રિતોને ભક્ષ્ય, અન્ન, પાન, વિવિધ વસ્ત્રો, શયનો તથા આસનો અર્પણ કરીને સંતુષ્ટ કર્યા.[૯] હે શ્રેષ્ઠ રાજા! આ રીતે પ્રાપ્ત થયેલા ધનનો સદ્વ્યય કરી મહાયશસ્વી થયેલા યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રના પુત્ર યુયુત્સુનું પણ ઘણું સન્માન કર્યું.[૧૦] રાજા ધૃતરાષ્ટ્રને, ગાંધારીને તથા વિદુરને તો આખું રાજ્ય નિવેદન કરી દઇ યુધિષ્ઠિર રાજા, સ્વસ્થની પેઠે સુખેથી રહેવા લાગ્યા.[૧૧]

હે ભરતશ્રેષ્ઠ જનમેજય ! એ પ્રમાણે સર્વ નગરને પ્રસન્ન કરી દીધા પછી યુધિષ્ઠિરરાજા, બે હાથ જોડી મહાત્મા શ્રીકૃષ્ણની પાસે ગયા.[૧૧] તેમણે મણિ અને સુવર્ણથી ભૂષિત એવા મહાન પલંગપર બેઠેલા શ્યામ મેઘસમાન કાંતિવાળા શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં.[૧૨] એ સમયે શ્રીકૃષ્ણસ્વરૂપ મહાત્મા વિષ્ણુ, જાજ્વલ્યમાન શરીરવાળા ભાસતા હતા, દિવ્ય અલંકારોથી સુશોભિત જણાતા હતા, તેમણે પીળાં પીતાંબર ધારણ કર્યાં હતાં, તેમના વક્ષઃસ્થલમાં,જાણે સુવર્ણમાં જડ્યો હોય નહિ તેમ,કૌસ્તુભમણિ વિરાજી રહ્યો હતો; અને ઉદયાચલના શિખર ઉપર આરૂઢ થયેલા સૂર્યદેવ હોય તેમ,તે શોભી રહ્યા હતા. અવશ્ય, તેમના એ દિવ્ય સ્વરૂપને ઉપમા આપી શકાય તેવી એક પણ વસ્તુ આ ત્રૈલોક્યમાં નથી.આવા સ્વરૂપસંપન્ન શ્રીકૃષ્ણની પાસે જઇને રાજા યુધિષ્ઠિર, સ્મિતપૂર્વક મધુરી વાણીથી કહેવા લાગ્યા કેઃ–"હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ શ્રી અચ્યુત! તમારી રાત્રિ સુખેથી પસાર થઈ છે ને? તમારાં સર્વ જ્ઞાનો પ્રસન્ન છે કે? અને હે મહાબુદ્ધિમાન શ્રીકૃષ્ણ ! બુદ્ધિદેવીએ તમારો પૂર્વની પેઠેજ આશ્રય કર્યો છે ને?[૧૨-૧૮] હે ભગવન્! તમારૂં પરાક્રમ ત્રણે લોકમાં ગતિ કરવાને સમર્થ છે,



રાજ્યાભિષેક થયા પછી રાજા યુધિષ્ઠિર ભગવાન શ્રીકૃષ્ણ પાસે ગયા; અને બે હાથ જોડી પલંગપાસે ઉભા. વંદન કર્યું. મંદમંદ હસતાં કુશળતા પૂછી રાજ્યાદિ મળવા માટે આભાર માન્યો. હજીપણ તેમને ધ્યાનમગ્ન જોઈ પૂછ્યું:–"હે પ્રભો! આપ કોના ધ્યાનમાં છો ? તે કૃપા કરીને કહો. હું આપનો શરણાગત છું, ભક્ત છું, યાચક છું." વાસુદેવ ધ્યાનમુક્ત થતાં મંદમંદ હસતા બોલ્યા:–"બાણશય્યામાં પોઢેલા નરકેસરી ભીષ્મે મારે શરણ થઈ મારૂં ધ્યાન ધરવાથી હું મનવડે ત્યાં ગયો હતો." વળી (વિના પૂછ્યે) વધુમાં પણ કહ્યું કે, "પરશુરામ અને વસિષ્ઠ જેવા ગુરુઓને સેવનારા, વેદવેત્તા, ધર્મનીતિના સર્વોપરિ જ્ઞાતા, અડંગટેકી, નૈષ્ઠિક બ્રહ્મચારી અને સર્વ વિદ્યાઓ તથા પુષ્કળ અનુભવોના ભંડાર એવા પિતામહનો દેહાન્ત થતાં [illegible]માંથી [illegible] જ્ઞાનનો અસ્ત થઈ જઈ પૃથ્વી નિસ્તેજ થશે; માટે ત્યાં પહોંચી જાઓ અને સદા સાથે રહે એવો સર્વોત્તમ ખજાનો–વારસો મેળવી લ્યો."

જેથી અમે તમારા એ પરાક્રમથી તથા અનુગ્રહથી રાજ્યને પામી શક્યા છીએ અને આખી પૃથ્વીને વશ કરી શક્યા છીએ;[19] એટલુંજ નહિ પણ તમારી કૃપાથીજ અમે આવો ઉત્તમ વિજય મેળવ્યો છે અને ધર્મભ્રષ્ટ પણ થયા નથી."

શત્રુદમન યુધિષ્ઠિરે, એ પ્રમાણે કહ્યું તોપણ ભગવાન શ્રીકૃષ્ણે તેનો કંઈ પ્રત્યુત્તર આપ્યો નહિ; કારણ કે તે તો કોઇ જાતના વિચારમાંજ મગ્ન થઈ ગયા હતા.[20]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં "કૃષ્ણપ્રત્યે યુધિષ્ઠિરનાં વાક્યો"એ વિષયનો અધ્યાય ૪૬ મો સમાપ્ત

* * *

अध्याय ४६ मो

મહાપુરૂષ ભીષ્મની પ્રશંસા

॥ युधिष्ठिर उवाच ॥

किमिदं परमाश्चर्यं ध्यायस्यमितविक्रम ॥
कच्चिल्लोकत्रयस्यास्य स्वस्ति लोकपरायण॥१॥

(એ પ્રમાણે શ્રીકૃષ્ણને વિચારલીન થયેલા જોઇ) યુધિષ્ઠિરે પૂછ્યું:—"હે મહાપરાક્રમી શ્રીકૃષ્ણ ! આજે આ શું આશ્ચર્ય ? આપ શા વિચારમાં મગ્ન થયા છો ? આ ત્રૈલોક્યનું ક્ષેમકુશળ તો છે ને ? બોલો, બોલો, તમે તો આ સર્વ લોકના આધારભૂત છો.[1] હે મહાપુરુષ ! તમે આ સમયે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિથી પર રહેલા ચોથા ધ્યાનમાર્ગમાં સ્થિત થયા છો અને તમારો જીવાત્મા આ સ્થૂલશરીરમાંથી જાણે બહાર ગયો હોય તેમ, મને જણાય છે, જેથી મારૂં મન વિસ્મિત થઈ ગયું છે.[2] તમે શરીરની અંદર પ્રાણનઆદિ પાંચ કર્મોને કરી રહેલા વાયુનો આ વેળા નિગ્રહ કર્યો છે તથા પ્રસન્ન એવી સર્વ ઇંદ્રિયોને મનમાં સ્થાપી દીધી છે.[3] હે ગોવિંદ ! વાણીને તથા મનને તમે બુદ્ધિની અંદર દાખલ કરી દીધાં છે તથા શ્રોત્રાદિક સર્વ ઇંદ્રિયોને અને તે તે ઇંદ્રિયોના શબ્દાદિ ગુણોને ક્ષેત્રજ્ઞ જીવાત્મામાં સ્થાપિત કર્યાં છે.[4] અહો શ્રીમાધવ ! મને ઘણુંજ આશ્ચર્ય થાય છે કે, આ સમયે તમારાં રોમાંચો પણ લેશમાત્ર ચેષ્ટા કરતાં નથી, બુદ્ધિ તથા મન સ્થિર દેખાય છે અને તમે પોતે પણ કાષ્ઠ, ભીંત કે શિલાની પેઠે કેવળ નિશ્ચેષ્ટ દેખાઓ છો ![5] હે ભગવન્ ! વાયુરહિત પ્રદેશમાં રહેલો દીવો જેમ સ્થિર થઈને પ્રકાશે છે, તેમ તમે પણ આ વખતે સ્થિર થઈ ગયા છો અને હે દેવ ! પાષાણની પેઠે નિશ્ચલ જણાઓ છો તે શું?[6] હું આપને શરણે આવીને યાચના કરૂં છું કે, આપ જે વિચારમાં ધ્યાનમગ્ન થયા છો, તે જો ગુપ્ત ન હોય તથા મારે સાંભળવાયોગ્ય હોય તો આપ મને કહો અને હે દેવ ! મારો સંશય દૂર કરો.[7] હે પુરુષોત્તમ ! આપ સર્વના કર્તા છો, વિકર્તા છો, ક્ષરાક્ષરસ્વરૂપ છો, આદિઅંતરહિત છો અને આપજ સર્વના આદ્ય છો.[8] હે ધાર્મિકોમાં શ્રેષ્ઠ ભગવન્ ! હું આપને શરણે આવ્યો છું, મસ્તક નમાવીને આપનો ચરણસ્પર્શ કરૂં છું તો કૃપા કરીને આપના આ ધ્યાનનું યથાર્થ સ્વરૂપ મને જણાવો."[9]

યુધિષ્ઠિર રાજાએ એ પ્રમાણે પ્રાર્થના કરી એટલે ઉપેન્દ્ર ભગવાન શ્રીકૃષ્ણે મન, બુદ્ધિ તથા ઇંદ્રિયોને પોતપોતાના વિષયોમાં પ્રવૃત્ત કરી દઇ મંદહાસ્ય કરીને કહ્યું.[10]

શ્રીકૃષ્ણ બોલ્યા:—" હે રાજા ! શાંત થયેલા અગ્નિની પેઠે બાણશય્યામાં પોઢેલા પુરુષવ્યાઘ્ર ભીષ્મે આ સમયે મારૂં ધ્યાન કર્યું હતું, તેથી મારૂં મન તેની પાસે ગયું હતું.[11] અરે ! જે ભીષ્મ પિતામહના વજ્રના કડાકા સરખા ધનુષની દોરીના ટંકારને સાક્ષાત્ દેવરાજ પણ સહન કરી શકતો નહોતો, તે ભીષ્મની પાસે હું મનદ્વારા ગયો હતો.[12] જેણે પૂર્વે સમસ્ત રાજમંડળને બળપૂર્વક જીતીને કાશીરાજની અંબા, અંબાલિકા અને અંબિકા નામની ત્રણ રાજકન્યાઓનું હરણ કર્યું હતું અને તે કન્યાઓ પોતાના ભાઇને પરણાવી હતી, તે ભીષ્મની પાસે હું મનદ્વારા ગયો હતો.[13] જેણે ત્રેવીસ દિવસ સુધી પોતાના ગુરુ પરશુરામ સાથે યુદ્ધ કરીને તેમને હંફાવ્યા હતા તે ભીષ્મની પાસે હું મનદ્વારા ગયો હતો,[14] પિતામહ ભીષ્મ આ સમયે

ઇન્દ્રિયોને, મનને તથા બુદ્ધિને મારામાં સ્થાપી દઇ મારે શરણે આવ્યા હતા તેથી મારૂં મન તેમની પાસે ગયું હતું.[૧૫] હે રાજા! જેને દેવી ગંગાએ વિધિપૂર્વક ગર્ભમાં ધારણ કર્યા હતા, હે તાત! જેને વસિષ્ઠે શિક્ષણ આપ્યું હતું, તે ભીષ્મની પાસે હું મનદ્વારા ગયો હતો.[૧૬] મહાબુદ્ધિમાન અને મહાતેજસ્વી એવા જે ભીષ્મ દિવ્ય અસ્ત્રોને તથા અંગોપાંગસહિત ચારે વેદોને સંપૂર્ણ રીતે જાણે છે તે ભીષ્મની પાસે હું મનદ્વારા ગયો હતો.[૧૭] હે પાંડુપુત્ર! જે ભીષ્મ જમદગ્નિના પુત્ર પરશુરામના પ્રિય શિષ્ય છે અને સર્વવિદ્યાઓના અધાર છે, તેની પાસે હું મનદ્વારા ગયો હતો.[૧૮] હે ભરતશ્રેષ્ઠ રાજા! જે ભીષ્મ ભૂત, ભવિષ્ય તથા વર્તમાનને જાણે છે અને ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ છે તેની પાસે હું મનદ્વારા ગયો હતો.[૧૯] હે પાર્થ! ચંદ્રનો અસ્ત થતાં રાત્રિ જેમ અંધકારમય બની જાય છે, તેમ પુરુષવ્યાઘ્ર એ ભીષ્મ, પોતાનાં સુકૃત્યોને લીધે જ્યારે સ્વર્ગારોહણ કરશે, ત્યારે આ પૃથ્વી અજ્ઞાનરૂપ અંધકારથી વ્યાપ્ત થઈ જશે;[૨૦] માટે હે યુધિષ્ઠિર! ભયંકર પરાક્રમી ગંગાપુત્ર ભીષ્મ સ્વર્ગારોહણ કરે નહિ તે પહેલાં તમે તેમની પાસે પહોંચી જાઓ અને તેમના ચરણમાં મસ્તક નમાવીને તમારા મનોગત ધર્મપ્રશ્નો પૂછો, હે રાજા! એ ભીષ્મ પાસે જઇરે તમે ધર્મ, અર્થ, કામ તથા મોક્ષના સંબંધમાં પ્રશ્નો પૂછો, બ્રાહ્મણાદિ ત્રણ વર્ણોમાટેના યજ્ઞાદિ વિશિષ્ટ ધર્મો પૂછો, બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સંન્યાસ–એ ચારે આશ્રમોના ધર્મો પૂછો અને સમગ્ર રાજધર્મો પૂછો,[૨૨] કૌરવોના ધુરંધર એ ભીષ્મનો આ પૃથ્વીપરથી જ્યારે અસ્ત થશે, ત્યારે તેની સાથે સર્વ પ્રકારનાં જ્ઞાનોનો પણ અસ્ત થશે, માટે હું તમને કહું છું કે, તેમની પાસે જઇને જ્ઞાનોપદેશ ગ્રહણ કરો."[૨૩]

વાસુદેવ શ્રીકૃષ્ણનું સત્યતાભરેલું તે ઉત્તમ વચન સાંભળીને ધર્મજ્ઞ રાજા યુધિષ્ઠિરના કંઠમાં અશ્રુઓ ભરાઇ આવ્યાં. તેમણે શ્રીકૃષ્ણને કહ્યું કેઃ–[૨૪] "હે શ્રીમાધવ! તમે, ભીષ્મપિતામહનો પ્રભાવ વર્ણવ્યો તે યથાર્થજ છે, એમાં મને લગારે સંદેહ નથી.[૨૫] હે મહાતેજસ્વી શ્રીકૃષ્ણ! મેં કેટલાએક મહાત્મા બ્રાહ્મણો પાસેથી પણ ભીષ્મના પ્રભાવના સંબંધમાં તથા તેમના મહાન ભાગ્યના સંબંધમાં ઘણું ઘણું સાંભળ્યું છે.[૨૬] હે શત્રુસૂદન શ્રીયાદવનંદન! સર્વ લોકના કર્તા એવા આપ જે કંઇ કહો છો તેમાં વિચારવા જેવું છેજ નહિ,[૨૭] માટે હે માધવ! મારા ઉપર અનુગ્રહ કરવાનો આપનો જો નિશ્ચય હોય તો મારી પ્રાર્થના સ્વીકારીને એમજ કરો કે, અમે બધા આપને અગ્રેસર કરીને ભીષ્મની પાસે જઇએ અને આપ અમારા અગ્રેસર થાઓ.[૨૮] હે મહાબાહુ! ભગવન્ સૂર્યદેવ ઉત્તરાયણના થશે એટલે તુરતજ કુરુવંશી ભીષ્મપિતામહ દિવ્ય લોકોમાં પ્રયાણ કરશે. માટે આપનાં દર્શન કરવાને તે યોગ્ય છે.[૨૯] વળી સર્વના આદ્યદેવ તથા ક્ષર–અક્ષરસ્વરૂપ એવા આપનું દર્શન ભીષ્મને લાભ તરીકેજ થશે; કારણ કે આપ બ્રહ્મસ્વરૂપ એક નિધિ છો."[૩૦]

વૈશંપાયન બોલ્યાઃ–હે જનમેજય! ધર્મરાજાનું એ વાકય સાંભળ્યા પછી મધુસૂદન શ્રીકૃષ્ણે પાસે બેઠેલા સાત્યકિને કહ્યું કે, "મારો રથ તૈયાર કરો."[૩૧] તુરતજ સાત્યકિ, ત્યાંથી ઉઠીને બહાર ગયો અને તેણે દારુક સારથિને કહ્યું કેઃ–"શ્રીકૃષ્ણનો રથ જોડી લાવ,"[૩૨] સાત્યકિનું એ વચન સાંભળીને દારુકે એકદમ શ્રીકૃષ્ણનો ઉત્તમ રથ જોડયો કે જે રથ સર્વાંગે સુવર્ણથી મઢેલો હોવાથી ઝળહળાટ કરી રહ્યો હતો, મરકતમણિ, સૂર્યકાંતમણિ તથા ચંદ્રકાંતમણિથી આસપાસ જડેલો હતો, સુવર્ણથી મઢેલાં પૈડાંવાળો હોઇને પ્રકાશી રહ્યો હતો, સૂર્યનાં કિરણોસમાન પ્રભાવાળો હતો, ઝડપથી ચાલનારો હતો, વિચિત્ર અનેક પ્રકારના મણિઓથી મધ્યમાં ભૂષિત હતો, નવોદિત સૂર્યના સરખો પ્રતાપી હતો, ઉપર ફરકતા ગરુડધ્વજથી અદ્દભુત દેખાતો હતો, પતાકાઓથી વિરાજી રહ્યો હતો અને મનસમાન વેગવાળા તથા સુવર્ણના સાજથી શણગારેલા સુગ્રીવ અને શૈબ્ય નામના ઉત્તમ ઘોડાઓથી જોડેલો હતો. હે રા



ब्रह्मवेत्ताओ वच्चे वाणशय्यापर पोढेला भीष्मपितामहे–મનવાણીકાયાથી પવિત્ર થઇ બે હાથ જોડયા, ભગવાન મધુસૂદનનું ધ્યાન ધર્યું, અને ધીર ગંભીર સ્વરથી 'ભીષ્મસ્તવરાજ'દ્વારા સ્તુતિ કરીને સર્વભાવથી તેમને શરણ થયા. ભક્તવત્સલ માધવ તરતજ તે જાણી જઈ મનોમય–સૂક્ષ્મશરીરથી ત્યાં પહોંચી ગયા; દર્શન દઈ સર્વ પીડા દૂર કરી દીધી, અને ત્રિલોકી તથા ત્રિકાળને પણ જાણવાની શક્તિ આપી! પછી મહાભક્ત ભીષ્મે ગદ્‌ગદ્ કંઠે **श्रीकृष्णाय नमः** કહીને મનોમય પ્રણામ કર્યા. પછી આગળ કહ્યા મુજબ માધવે સ્વશરીરમાં આવી શરણાંગત ભક્ત યુધિષ્ઠિરને માગ્યાવિનાજ જે સૂચના આપી, તે પ્રભુપ્રેરણાને તેમણે ગદ્‌ગદ્ કંઠે માથે ચઢાવી; પરંતુ સ્વાશ્રયના મિથ્યાભિમાનમાં ન ડૂબતાં શ્રીહરિને આગેવાન બનાવીનેજ તે પિતામહ પાસે ગયા!! પછી તો [illegible] થઈ ! તેમનો જ્ઞાનાનુભવનો અદ્ભુત [illegible] મળ્યો. કે હજારો વર્ષથી તેનો લાભ જે કોઈ ઇચ્છે તે **શાંતિપર્વ**દ્વારા લઈ શકે છે !!!

જસિંહ જનમેજય! એ પૂર્વોક્ત રથને તૈયાર કરી સારથિ દારુકે બે હાથ જોડીને શ્રીકૃષ્ણને જણાવ્યું કે, "પધારો, રથ તૈયાર છે." [૩૩-૩૫]

ઈતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત
રાજધર્માનુશાસન પર્વમાં "મહાપુરુષ
ભીષ્મની પ્રશંસા" એ વિષયનો
અધ્યાય ૪૬ મો સમાપ્ત.

अध्याय ४७ मो

શ્રીભીષ્મસ્તવરાજ

॥ जनमेजय उवाच ॥

शरतल्पेशयानस्तु भारतानां पितामहः ॥
कथमुत्सृष्टवान्देहं कं च योगमधारयत् ॥१॥

જનમેજયે પૂછ્યું:-હે મુનિ વૈશંપાયન! બાણશય્યામાં સૂતેલા ભરતવંશીઓના પિતામહ ભીષ્મે, કેવી રીતે શરીરત્યાગ કર્યો હતો અને તે સમયે તેમણે કયો યોગ ધારણ કર્યો હતો, તે મને કહો. [૧]

વૈશંપાયન બોલ્યા:-હે કુરુસિંહ રાજા! મહાત્મા ભીષ્મના શરીરત્યાગની કથા હું તમને કહું છું તે તમે પવિત્ર અને એકચિત્ત થઇને ધ્યાનપૂર્વક સાંભળો. [૨]

સૂર્ય, ઉત્તરાયણના થયા એટલે તુરતજ ભીષ્મપિતામહે, સાવધાન થઈને પોતાના ચિત્તને આત્મામાંજ સ્થિર કર્યું [૩] અને તે સમયે અનેક ઉત્તમ બ્રાહ્મણોથી વીંટાયલા તથા સેંકડો બાણોથી શરીરે વ્યાપ્ત થયેલા તે ભીષ્મ, વિસ્તારેલા કિરણોવાળા સૂર્યની પેઠે પરમ શોભાસંપન્ન થઇને દીપી નીકળ્યા હતા. [૪] વળી વેદવેત્તા વ્યાસ, દેવર્ષિ નારદ, દેવસ્થાન, વાત્સ્ય, અશ્મક, સુમંતુ, જૈમિનિ, મહાત્મા પૈલ, શાંડિલ્ય, દેવલ, બુદ્ધિમાન મૈત્રેય, અસિત, વસિષ્ઠ, મહાત્મા કૌશિક, હારીત, લોમશ, બુદ્ધિમાન આત્રેય, બૃહસ્પતિ, શુક્ર, મહામુનિ ચ્યવન, સનત્કુમાર, કપિલ, વાલ્મીકિ, તંબુરુ, કુરુ, મૌદ્‌ગલ્ય, ભૃગુવંશી પરશુરામ, તૃણબિંદુ, મહામુનિ પિપ્પલાદ, વાયુ, સંવર્ત, પુલહ, કચ, કશ્યપ, પુલસ્ત્ય, ક્રતુ, દક્ષ, પરાશર, મરીચિ, અંગિરા, કાશ્ય, ગૌતમ, મુનિ ગાલવ, ધૌમ્ય, વિભાંડ, માંડવ્ય, ધૌમ્ર, કૃષ્ણાનુભૌતિક, બ્રાહ્મણશ્રેષ્ઠ ઉલૂક, મહામુનિ માર્કંડેય, ભાસ્કરિ, પૂરણ, કૃષ્ણ તથા પરમ ધાર્મિક સૂત-આ સર્વ મુનિગણોથી તથા બીજા મોટા ભાગ્યવાળા અને શ્રદ્ધા, દમ, શમ આદિ ગુણસંપન્ન મહાત્માઓથી વીંટાયલા પુરુષવ્યાઘ્ર ભીષ્મ, ગ્રહગણોથી વીંટાયલા ચંદ્રમાના સરખા શોભતા હતા. તેમણે બાણશય્યામાં સૂતાં સૂતાં બે હાથ જોડીને શુદ્ધ અંતઃકરણથી મન, વચન અને કર્મવડે શ્રીકૃષ્ણનું ધ્યાન ધર્યું અને પછી પરમ ધર્માત્મા, વાણીને જાણનારાઓમાં શ્રેષ્ઠ અને મહાસમર્થ એવા તે ભીષ્મે યોગીઓના ઈશ્વર, કમળસમાન નાભિવાળા, સર્વવ્યાપક, વિજયશીલ અને જગતના પતિ, શ્રીકૃષ્ણની હૃષ્ટપુષ્ટ સ્વરથી સ્તુતિ કરવા માંડી. [૫-૧૫]

॥ भीष्म उवाच ॥

आरिराधयिषुः कृष्णं वाचं जिगदिषामि याम् ।
तया व्याससमासिन्या प्रीयतां पुरुषोत्तमः ।१६।

ભીષ્મ બોલ્યા:-"શ્રીકૃષ્ણનું આરાધન કરવાની ઈચ્છાથી હું જે વાણીનો ઉચ્ચાર કરૂં છું તે વિસ્તૃત અથવા સંક્ષિપ્ત વાણીથી પુરુષોત્તમ શ્રીકૃષ્ણ, મારા પર પ્રસન્ન થાઓ. [૧૬]

शुचिं शुचिपदं हंसं तत्पदं परमेष्ठिनम् ॥
युक्त्वा सर्वात्मनात्मानं तं प्रपद्ये प्रजापतिम् ।१७।

સ્વપર દોષથી રહિત, દોષ શૂન્ય માર્ગદ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય, સર્વના કરતાં અધિક શક્તિમાન, "तत्त्वमसि" એ મહાવાકયના 'तत्' પદના અર્થભૂત-ઈશ્વર, સર્વના આત્મારૂપ તથા હિરણ્યગર્ભસ્વરૂપ શ્રીકૃષ્ણને, સ્થૂલ, સૂક્ષ્મ અને કારણશરીરના અહંભાવનો ત્યાગ કરી હું શરણે જાઉં છું. [૧૭]

अनाद्यंतं परं ब्रह्म न देवा नर्षयो विदुः ॥
एकोऽयं वेद भगवान् धाता नारायणोहरिः ।१८।

આદિ તથા અંતરહિત જે પરબ્રહ્મને દેવો

કે ઋષિઓ જાણતા નથી,તે પરબ્રહ્મને સર્વના ઉત્પાદક તથા સંહારક ભગવાન નારાયણ જાણે છે. ૧૮

नारायणा द्दषिगणास्तथा सिद्धमहोरगाः ॥
देवा देवर्षयश्चैव यं विदुः परमव्ययम् ॥१९॥

એ નારાયણ પાસેથી સર્વ ઋષિગણોએ, દેવોએ, દેવર્ષિઓએ, સિદ્ધોએ તથા નાગરાજાઓએ અવિનાશી પરબ્રહ્મનું જ્ઞાન સંપાદન કર્યું છે.

देवदानवगंधर्वा यक्षराक्षसपन्नगाः ॥
यं न जानन्ति को ह्येष कुतो वा भगवानिति।२०।

દેવો, દાનવો, ગંધર્વો, યક્ષો, રાક્ષસો તથા સર્પો, ભગવાનને “આ કોણ છે? અને શામાટે ઉત્પન્ન થયા છે?” આવો વિચાર કરતાં પણ જાણી શકતા નથી. ૨૦

यस्मिन् विश्वानि भूतानि तिष्ठंति च विशंति च॥
गुणभूतानि भूतेशे सूत्रे मणिगणा इव ॥ २१ ॥

સર્વભૂતોના નિયંતા એવા જે પરમાત્માવિષે, માળાના મણકાઓ જેમ સૂત્ર(દોરા)વિષે ગુંથાઇને રહે છે તેમ, સત્ત્વાદિ ગુણવાળા આ સર્વ સ્થાવરજંગમ ભૂતસમુદાયો રહેલા છે તથા અંતે–સૃષ્ટિના પ્રલયસમયે તે પરમાત્મામાંજ લીન થઇ જાય છે. ૨૧

यस्मिन्नित्ये तते तंतौ दृढे स्रगिव तिष्ठति॥
सदसद्ग्रथितं विश्वं विश्वांगे विश्वकर्माणि।२२।

વિશ્વના આધારભૂત, સર્વકર્મના પ્રવર્તક અને સર્વવ્યાપક જે નિત્યસ્વરૂપ પરમાત્માવિષે કાર્યકારણથી ગુંથાયલું આ સમગ્ર જગત, મજબૂત તંતુ (દોરા) વિષે જેમ પુષ્પમાળા રહેલી હોય છે તેમ, રહેલું છે. ૨૨

हरिं सहस्रशिरसं सहस्रचरणेक्षणम् ॥
सहस्रबाहुमुकुटं सहस्रवदनोज्ज्वलम् ॥२३॥

જે હરિ ભગવાનને હજાર મસ્તકો છે, હજાર ચરણો છે, હજાર નેત્રો છે,હજાર બાહુઓ છે, હજાર મુકુટો છે અને હજાર ઉજ્જવળ મુખો છે,

प्राहुर्नारायणं देवं यं विश्वस्य परायणम् ॥
अणीयसामणीयांसं स्थविष्ठं च स्थवीयसाम्।२४
गरीयसां गरिष्ठं च श्रेष्ठं च श्रेयसामपि ॥२५॥

વિદ્વાનો જે નારાયણ દેવને જગતના પરમ આધારભૂત કહે છે, અત્યંત સૂક્ષ્મના કરતાં પણ અતિસૂક્ષ્મ કહે છે, અતિસ્થૂલના કરતાં પણ અતિસ્થૂલ કહે છે, અતિગુરુના કરતાં પણ અતિગુરુ કહે છે તથા શ્રેષ્ઠના કરતાં પણ શ્રેષ્ઠ કહે છે,

यं वाकेष्वनुवाकेषु निषत्सूपनिषत्सु च ॥
गृणंति सत्यकर्माणं सत्यं सत्येषु सामसु।२६।

અબાધિત સ્વરૂપ અને સત્યકર્મનિષ્ઠ જે પરમાત્માની સામાન્ય રીતે કર્મનો પ્રકાશ કરનારા વૈદિક મંત્રોના અર્થનું વિવરણ કરનારા બ્રાહ્મણ ગ્રંથોમાં, કર્મના અંગભૂત દેવતા આદિકનું જ્ઞાન કરાવનારાં, નિષત્–વાકયોમાં, કેવળ આત્મજ્ઞાનનેજ પ્રસિદ્ધ કરનારાં ઉપનિષત્–વાકયોમાં તથા સત્યાર્થનો પ્રકાશ કરનારાં, સામવેદનાં વાકયોમાં સ્તુતિ કરેલી છે, ૨૬

चतुर्भिश्चतुरात्मानं सत्त्वस्थं सात्वतां पतिम् ॥
यं दिव्यैर्देव मर्चंति गुह्यैः परमनामभिः ॥२७॥

બ્રહ્મ, જીવ, મન તથા અહંકારસ્વરૂપ, બુદ્ધિની અંદર પ્રકટ થનારા તથા ભક્તોના પતિ એવા જે દેવનું ઉપાસકો વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ, આ ચાર દિવ્ય નામોવડે પૂજન કરે છે, ૨૭

यस्मान्नित्यं तपस्तप्तं यदंगेष्वनुतिष्ठति ॥
सर्वात्मा सर्ववित् सर्वः सर्वज्ञः सर्वभावनः।२८

જેને પ્રસન્ન કરવા માટે આચરેલો સ્વધર્મ જેના પ્રભાવથી ચિત્તમાં સ્થિર થઇને રહે છે અને જે સર્વના આત્મા છે,સર્વના વેત્તા છે,સર્વસ્વરૂપ છે,સર્વને જાણનારા છે તથા સર્વના ઉત્પાદક છે; તે શ્રીકૃષ્ણ પરમાત્માને હું શરણે જાઉં છું. ૨૮

यं देवं देवकी देवी वसुदेवादजीजनत् ॥
भौमस्य ब्रह्मणो गुप्त्यै दीप्तमग्निमिवारणिः॥२९॥

અરણિનું કાષ્ઠ જેમ પ્રદીપ્ત અગ્નિને ઉત્પન્ન કરે છે, તેમ જે દેવને દેવી દેવકીજીએ વેદ, બ્રાહ્મણો અને યજ્ઞોનું રક્ષણ કરવા માટે વસુદેવથી ઉત્પન્ન કર્યા છે તે શ્રીકૃષ્ણને હું શરણે જાઉં છું. ૨૯

यमनन्यो व्यपेताशीरात्मानं वीतकल्मषम् ॥
दृष्ट्वाऽऽनंत्याय गोविंदं पश्यत्यात्मानमात्मनि।

સર્વ પ્રકારની ભેદબુદ્ધિનો ત્યાગ કરનાર તથા સર્વ ઇચ્છાઓને દૂર કરનાર જે જ્ઞાની પુરુષ, પોતાના હૃદયાકાશમાં, સૂક્ષ્મ બુદ્ધિથી, નિષ્પાપ શ્રીગોવિંદને, પરમાત્મસ્વરૂપેજ જુએ છે તે પુરુષ, મોક્ષને માટે અધિકારી બને છે.[૩૦]

अतिवाय्विन्द्रकर्माणमतिसूर्यातितेजसम् ॥
अतिबुद्धीन्द्रियात्मानं तं प्रपद्ये प्रजापतिम्।३१।

વાયુ તથા ઇંદ્રના કરતાં પણ અધિક પરાક્રમી, સૂર્યના કરતાં પણ અધિક તેજસ્વી અને બુદ્ધિ, ઇંદ્રિયો તથા મનથી અગોચર એવા પ્રજાપતિ શ્રીકૃષ્ણને હું શરણે જાઉં છું.[૩૧]

पुराणे पुरुषं प्रोक्तं ब्रह्म प्रोक्तं युगादिषु ॥
क्षये संकर्षणं प्रोक्तं तमुपास्यमुपास्महे ॥३२॥

જેને સૃષ્ટિની આદિમાં ‘પુરુષ’ નામથી કહ્યા છે, સૃષ્ટિના આરંભ સમયે ‘બ્રહ્મ’ એવા નામથી કહ્યા છે તથા સૃષ્ટિના પ્રલય સમયે ‘સંકર્ષણ’ એવા નામથી કહ્યા છે તે ઉપાસના કરવા યોગ્ય શ્રીકૃષ્ણ ભગવાનની અમે ઉપાસના કરીએ છીએ.[૩૨]

यमेकं बहुधाऽऽत्मानं प्रादुर्भूतमधोक्षजम् ॥
नान्यभक्ताः क्रियावंतो यजन्ते सर्वकामदम्।३३।

ઇંદ્રિયજન્ય જ્ઞાનથી અતીત એવા જે ભગવાન, એકજ છે છતાં ઇંદ્રાદિક દેવોનાં અનેક સ્વરૂપે પ્રકટ થયેલા ભાસે છે અને સર્વ પ્રકારના અભીષ્ટ કામોને આપનારા જે ભગવાનની; ક્રિયાનિષ્ઠ અનન્ય ભક્તો યજ્ઞોદ્વારા પૂજા કરે છે તે શ્રીકૃષ્ણને હું શરણે જાઉં છું.[૩૩]

यमाहुर्जगतः कोशं यस्मिन् सन्निहिताः प्रजाः॥
यस्मिँल्लोकाः स्फुरंतीमे जले शकुनयो यथा।३४।

જે દેવને વિદ્વાનો જગતના કોશ (સંગ્રહસ્થાન) તરીકે વર્ણવે છે, જેની અંદર આ સર્વ પ્રજાઓ વસી રહી છે અને જેનાવિષે સર્વજગત જળમાં સંચરી રહેલાં જળપક્ષીઓ(હંસ કારંડવ વગેરે)ની પેઠે સંચાર કરી રહેલું છે,[૩૪]

ऋतमेकाक्षरं ब्रह्म यत्तत् सदसतोः परम् ॥
अनादिमध्यपर्यंतं न देवा नर्षयो विदुः॥
यं सुरासुरगंधर्वाः सिद्धा ऋषिमहोरगाः॥३५॥
प्रयता नियमर्च्चंति परमं दुःखभेषजम् ॥
अनादिनिधनं देवमात्मयोनिं सनातनम्॥३६॥

વળી સત્યસ્વરૂપ, કાર્યકારણથી પર, આદિ મધ્ય અને અંતથીરહિત તથા એકાક્ષર(ॐ)બ્રહ્મસ્વરૂપ જે ભગવાનને દેવો અને ઋષિઓ પણ જાણી શકતા નથી તેને હું શરણે જાઉં છું.

દુઃખના પરમ ઔષધભૂત, આદિ અને અંતરહિત, સ્વયંભૂ તથા સનાતન એવા જે દેવની દેવો, અસુરો, ગંધર્વો, સિદ્ધો, ઋષિઓ અને નાગરાજાઓ પ્રયત્નશીલ થઈને નિત્ય પૂજા કર્યા કરે છે, તે દેવને હું શરણે જાઉં છું.[૩૫,૩૬]

अप्रेक्ष्यमनाभिज्ञेयं हरिं नारायणं प्रभुम् ॥
यं वै विश्वस्य कर्तारं जगतस्तस्थुषां पतिम् ॥
वदंति जगतोऽध्यक्षमक्षरं परमं पदम् ॥३७॥

દૃષ્ટિથી જોવાને અશક્ય, મનબુદ્ધિથી દુર્જ્ઞેય, સંહારશક્તિસંપન્ન, નારાયણસ્વરૂપ, સર્વના પ્રભુ, વિશ્વના કર્તા, સ્થાવરજંગમના પતિ અને જગતના અધ્યક્ષ એવા જે દેવને પંડિતો અક્ષરબ્રહ્મ કહે છે તેને હું,શરણે જાઉં છું.[૩૭]

हिरण्यवर्णं यं गर्भमादितेर्दैत्यनाशनम् ॥
एकं द्वादशधा जज्ञे तस्मै सूर्यात्मने नमः।३८।

સુવર્ણસમાન પ્રદીપ્ત વર્ણવાળા તથા દૈત્યોનો નાશ કરનારા જે ભગવાન નિત્ય એક સ્વરૂપજ છે છતાં અદિતિના ગર્ભરૂપે અવતીર્ણ થઈને બાર સ્વરૂપે પ્રકટ થયા છે તે સૂર્યસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૩૮]

शुक्ले देवान् पितॄन् कृष्णे तर्पयत्यमृतेन यः॥
यश्च राजा द्विजातानां तस्मै सोमात्मने नमः।३९।

જે ભગવાન શુક્લપક્ષમાં દેવોને તથા કૃષ્ણપક્ષમાં પિતૃઓને અમૃતવડે તૃપ્ત કરે છે અને જે બ્રાહ્મણોનારાજા છે,તે ચંદ્રસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૩૯]

महतस्तमसः पारे पुरुषं ह्यतितेजसम् ॥
यं ज्ञात्वा मृत्युमत्येति तस्मै ज्ञेयात्मने नमः।४०।

અજ્ઞાનરૂપી ઘોર અંધકારની પેલે પાર રહેલા પરમ પુરુષ અને મહા તેજસ્વી જે પરમાત્માનું જ્ઞાન મેળવીને મનુષ્ય મૃત્યુથી મુક્ત થાય છે, તે જ્ઞેય સ્વરૂપ પ્રભુને હું નમસ્કાર કરૂં છું.[૪૦]

यं बृहंतं बृहत्युक्थे यमग्नौ यं महाध्वरे ॥
यं विप्रसंघा गायंति तस्मै वेदात्मने नमः।४१।

જેનો બૃહદુક્થ નામની ઋચાઓ ભણતી વેળા તથા મોટાં યજ્ઞોમાં અગ્નિચયનના પ્રસંગે, અધ્વર્યું બ્રાહ્મણો સ્તુતિપાઠ કરે છે તે વેદ સ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૪૧]

ऋग्यजुःसामधामानं दशार्धहविरात्मकम् ॥
यं सप्ततन्तुं तन्वान्ति तस्मै यज्ञात्मने नमः।४२।

જે પરમાત્માનું ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદ નિવાસસ્થાન છે; પંચધાના, કરંભ, પરિવાપ, પુરોડાશ તથા દૂધ-આ પાંચ હવ્ય પદાર્થો જેનું સ્વરૂપ છે અને ગાયત્રી આદિ સપ્તતંતુઓની જેમાં યોજના કરવામાં આવે છે, તે યજ્ઞસ્વરૂપ પરમેશ્વરને હું નમસ્કાર કરૂં છું.[૪૨]

चतुर्भिश्च चतुर्भिश्च द्वाभ्यां पंचभिरेवच ॥
हूयते च पुनर्द्वाभ्यां तस्मै होमात्मने नमः।४३।

જેને ઉદ્દેશીને “ आश्रावय ” એ ચાર અક્ષરોવડે, “ अस्तु श्रौषट् ” એ ચાર અક્ષરોવડે “यज” એ બે અક્ષરો વડે “ये यजामहे”એ પાંચ અક્ષરોવડે તથા “वषट्” એ બે અક્ષરોવડે હોમ કરવામાં આવે છે, તે હોમમૂર્તિ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૪૩]

यः सुपर्णो यजुर्नाम छंदोगात्रस्त्रिवृच्छिराः॥
रथंतरं बृहत्साम तस्मै स्तोत्रात्मने नमः॥४४॥

જે વેદપુરુષનું ‘યજુષ્’ એવું નામ છે, ગાયત્રી આદિ છંદો, હસ્તપાદાદિક અવયવ છે, યજ્ઞરૂપી મસ્તક છે તથા રથંતર સામ અથવા બૃહત્સામ પ્રીતિયુક્ત ભાષણ છે તે સ્તોત્રસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૪૪]

यः सहस्रसमे सत्रे जज्ञे विश्वसृजामृषिः ॥
हिरण्यपक्षः शकुनिस्तस्मै हंसात्मने नमः।४५।

જ્ઞાનસ્વરૂપ જે ભગવાન, પૂર્વે એક હજાર વર્ષપર્યંત ચાલેલા પ્રજાપતિઓના યજ્ઞમાં સુવર્ણની પાંખોવાળા પક્ષીસ્વરૂપે પ્રકટ થયા હતા તે હંસમૂર્તિ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૪૫]

पादांगं संधिपर्वाणं स्वरव्यंजन-भूषणम् ॥
यमाहुरक्षरंदिव्यं तस्मै वागात्मने नमः॥४६॥

વિદ્વાનો, જેને વાક્યસમૂહોરૂપી અંગવાળા, સંધીઓરૂપી સાંધાઓવાળા તથા સ્વર અને વ્યંજનરૂપી આભૂષણવાળા દિવ્ય અક્ષરરૂપે વર્ણવે છે તે વાણીસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૪૬]

यज्ञांगो यो वराहो वै भूत्वा गामुज्जहार ह ॥
लोकत्रयहितार्थाय तस्मै वीर्यात्मने नमः॥४७॥

જેણે યજ્ઞરૂપ અંગવાળા વરાહનું સ્વરૂપ ધારણ કરીને પૂર્વે ત્રણલોકનું હિત કરવામાટે પૃથ્વીનો ઉદ્ધાર કર્યો હતો તે વીર્યમૂર્તિ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૪૭]

यः शेते योगमास्थाय पर्यंके नागभूषिते ॥
फणासहस्ररचिते तस्मै निद्रात्मने नमः॥४८॥

જે, યોગ ધારણા કરીને હજારો ફણાઓથી યુક્ત એવા શેષનાગરૂપ ભવ્ય પલંગપર શયન કરે છે તે નિદ્રાત્મા ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૪૮]

यस्तनोति सतां सेतुमृतेनामृतयोनिना ॥
धर्मार्थव्यवहारांगैस्तस्मै सत्यात्मने नमः।४९।

જે ભગવાન સત્પુરુષોને સેતુભૂત યોગધર્મનો, મોક્ષદાયી વેદોક્ત ઉપાયથી કેવળ ધર્માર્થેજ વ્યવહાર કરનારી વશીભૂત ઇંદ્રિયોદ્વારા જગતમાં વિસ્તાર કરે છે, તે સત્યમૂર્તિ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૪૯]

यं पृथग्धर्मचरणाः पृथग्धर्मफलैषिणः ॥
पृथग्धर्मैः समर्चंति तस्मै धर्मात्मने नमः॥५०॥

ભિન્ન ભિન્ન ધર્મવાળાં ફળો મેળવવાની ઈચ્છાવાળા પુરુષો, જૂદા જૂદા ધર્મોનું આચરણ ક

રીને પૃથક્ પૃથક્ ધર્મોદ્વારા જેનું પૂજન કરે છે, તે ધર્મમૂર્તિ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૫૦]

यतः सर्वे प्रसूयंते ह्यनंगात्मांगदेहिनः ॥
उन्मादः सर्वभूतानां तस्मै कामात्मने नमः ॥

જેઓના પ્રત્યેક અવયવો કેવળ કામનારૂપજ બનેલા હોય છે, એવાં સર્વ પ્રાણીઓ જેનાથી ઉત્પન્ન થાય છે તથા જેને લીધે પ્રાણીઓને ઉન્માદ દશા પ્રાપ્ત થાય છે, તે કામસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૫૧]

यं च व्यक्तस्थमव्यक्तं विचिन्वन्ति महर्षयः ॥
क्षेत्रे क्षेत्रज्ञमासीनं तस्मै क्षेत्रात्मने नमः ॥५२॥

જે ક્ષેત્રજ્ઞ નામધારી પરમાત્મા, શરીરની અંદરજ રહેલા છે છતાં ઇંદ્રિયોથી અગોચર છે તથા બુદ્ધિની અંદર વસી રહેલા જે દેવને મહર્ષિઓ શોધ્યા કરે છે તે ક્ષેત્રસ્વરૂપ પરમાત્માને, હું નમસ્કાર કરૂં છું.[૫૨]

यं त्रिधात्मान मात्मस्थं वृतं षोडशभिर्गुणैः ॥
प्राहुः सप्तदशं सांख्यास्तस्मै सांख्यात्मने नमः॥

જે આત્મા નિત્યસ્વરૂપમાંજ રહે છે છતાં જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિરૂપ ત્રણ અવસ્થાઓમાં સાંખ્યાચાર્યો, અગીઆર ઇંદ્રિયો તથા પાંચ મહાભૂતોરૂપ સોળ ગુણોથી વીંટાયલો માને છે અને સત્તરમા તત્ત્વતરીકે સ્વીકારે છે, તે સાંખ્યસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૫૩]

यं विनिद्राजितश्वासाः सत्त्वस्थाः संयतेन्द्रियाः॥
ज्योतिःपश्यन्ति युंजानास्तस्मै योगात्मने नमः।

સત્ત્વ ગુણમાં સ્થિત થઇ, નિદ્રાનો ત્યાગ કરી ઇંદ્રિયોને વશ રાખનારા સમાધિનિષ્ઠ પુરુષો યોગધારણા કરીને જ્યોતિસ્વરૂપે જેનો સાક્ષાત્કાર કરે છે, તે યોગમૂર્તિ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૫૪]

अपुण्यपुण्योपरमे यं पुनर्भवनिर्भयाः ॥
शांताः संन्यासिनो यांति तस्मै मोक्षात्मने नमः।

પુણ્યપાપની નિવૃત્તિ થઇ ગયા પછી પુનર્જન્મના ભયથી મુક્ત થયેલા શાંત સંન્યાસીઓ જેને પામે છે, તે મોક્ષરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૫૫]

योऽसौ युगसहस्रांते प्रदीप्तार्चिर्विभावसुः ॥
संभक्षयति भूतानि तस्मै घोरात्मने नमः।५६।

જે, હજારો યુગને અંતે પ્રદીપ્ત જ્વાળાઓવાળા અગ્નિસ્વરૂપ થઇને ભૂતોનું ભક્ષણ કરે છે, તે ઘોર સ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.

संभक्ष्य सर्वभूतानि कृत्वा चैकार्णवं जगत् ॥
बालः स्वपिति यश्चैकस्तस्मै मायात्मने नमः॥

પ્રલયસમયે સર્વભૂતોનું ભક્ષણ કરીને તથા સમગ્ર વિશ્વને એક સમુદ્રાકાર કરી દઇને જે એકલા બાલકસ્વરૂપે શયન કરે છે, તે માયાસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૫૭]

तद्यस्य नाभ्यां संभूतं यस्मिन् विश्वं प्रतिष्ठितम्॥
पुष्करे पुष्कराक्षस्य तस्मै पद्मात्मने नमः॥५८॥

કમળસમાન નેત્રવાળા જે ભગવાનની નાભિમાંથી પૂર્વે કમળ ઉત્પન્ન થયું હતું કે, જે કમળવિષે આ સમગ્ર વિશ્વ સ્થિતિ કરી રહ્યું છે, તે કમળસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૫૮]

सहस्रशिरसे चैव पुरुषायामितात्मने ॥
चतुःसमुद्रपर्याययोगनिद्रात्मने नमः ॥५९॥

હજાર મસ્તકોવાળા તથા પરિણામશૂન્ય શરીરવાળા જે પરમ પુરુષ પરમાત્મા પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન અને ઉદાર, એ ચાર કામનાઓરૂપ સમુદ્રો જેમાં નષ્ટ થઈ ગયા છે તેવી યોગનિદ્રાસ્વરૂપ છે, તે પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૫૯]

यस्य केशेषु जीमूता नद्यः सर्वांगसंधिषु ॥
कुक्षौ समुद्राश्चत्वारस्तस्मै तोयात्मने नमः।६०॥

જેના કેશોની અંદર મેઘો વસી રહ્યા છે, જેનાં સર્વ અંગોના સંધિઓમાં નદીઓ વહી રહી છે તથા જેની કુક્ષિ(પેટ)નીઅંદર ચારે સમુદ્રોનો નિવાસ છે, તે જળરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૬૦]

यस्मात्सर्वाः प्रसूयंते सर्गप्रलयविक्रियाः ॥
यस्मिँश्चैव प्रलीयन्ते तस्मै हेत्वात्मने नमः।६१॥

જેનાથી જગતની ઉત્પત્તિ અને નાશ આદિ સર્વ વિક્રિયાઓ ઉત્પન્ન થાય છે અને જેનામાં પાછી લય પામે છે, તે કારણસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૬૧]

अकुंठं सर्वकार्येषु धर्मकार्यार्थमुद्यतम् ॥
वैकुंठस्य च तद्रूपं तस्मै कार्यात्मने नमः॥६२॥

સર્વ કાર્યોમાં જેની ગતિ અસ્ખલિત છે, ધર્મનાં કાર્યોમાં નિત્ય જે તત્પર રહે છે તથા જે વૈકુંઠનું સ્વરૂપ છે, તે કાર્યસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૬૨]

यो निषण्णो भवेद्रात्रौ दिवा भवति विष्ठितः ॥
इष्टानिष्टस्य च द्रष्टा तस्मै द्रष्ट्रात्मने नमः॥६३॥

જે, સુષુપ્તિની અંદર સાક્ષીતરીકે જાગતાજ બેસી રહે છે પણ સૂઇ જતા નથી તથા જાગ્રત અને સ્વપ્નમાં પણ જે અકર્તારૂપેજ રહે છે તેમજ ઇષ્ટ તથા અનિષ્ટના જે દ્રષ્ટાજ છે પણ કર્તા નથી, તે દ્રષ્ટાસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૬૩]

त्रिःसप्तकृत्वो यः क्षत्रं धर्मव्युत्क्रांतगौरवम् ॥
क्रुद्धोनिजघ्ने समरे तस्मै क्रौर्यात्मने नमः।६४।

ધર્મમર્યાદાનો લોપ કરનારા ક્ષત્રિયોનો જેણે રણમાં ક્રોધાયમાન થઈ એકવીસ વાર સંહાર કર્યો હતો તે ક્રૂરાત્માને હું નમસ્કાર કરૂં છું.[૬૪]

विभज्य पंचधात्मानं वायुर्भूत्वा शरीरगः ॥
यश्चेष्टयति भूतानि तस्मै वाय्वात्मने नमः॥

પોતાના સ્વરૂપનો પાંચ પ્રકારે વિભાગ કરીને સર્વના શરીરમાં વાયુસ્વરૂપે જે વસી રહ્યા છે અને સર્વ પ્રાણીઓને ચેષ્ટાવાળાં કરી રહ્યા છે, તે વાયુમૂર્તિ પ્રભુને હું નમસ્કાર કરૂં છું[૬૫]

युगेष्वावर्तते योगैर्मासर्त्वयनहायनैः ॥
सर्गप्रलययोः कर्ता तस्मै कालात्मने नमः ॥

સત્યયુગ વગેરે યુગોમાં યોગમાયાના બળનો આશ્રય કરીને નટની પેઠે જે મત્સ્ય, વરાહ, નૃસિંહ આદિ સ્વરૂપો ધારણ કરે છે તથા માસ, ઋતુ, અયન અને વર્ષના ક્રમથી જગતની ઉત્પત્તિ તથા પ્રલયના જે કર્તા છે, તે કાળસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૬૬]

ब्रह्म वक्त्रं भुजौ क्षत्रं कृत्स्नमूरूदरं विशः ॥
पादौ यस्याश्रिताः शूद्रास्तस्मै वर्णात्मने नमः॥

બ્રાહ્મણો જેનું મુખ છે, ક્ષત્રિયો જેની ભુજાઓ છે, વૈશ્યો જેના જાંઘો તથા ઉદર છે અને શૂદ્રો જેના બે પાદ (પગ) છે, તે ચાર વર્ણરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૬૭]

यस्याग्नि रास्यं द्यौर्मूर्धा खं नाभिश्चरणौ क्षितिः॥
सूर्यश्चक्षुर्दिशःश्रोत्रे तस्मै लोकात्मने नमः॥६८॥

તેમજ અગ્નિ જેનું મુખ છે, સ્વર્ગ જેનું મસ્તક છે, આકાશ જેની નાભિ છે, પૃથ્વી જેના ચરણ છે, સૂર્યચંદ્ર જેનાં નેત્રો છે તથા દિશાઓ જેનાં શ્રોત્ર (કાન) છે, તે લોકસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૬૮]

परः कालात्परोयज्ञात् परात्परतरश्च यः ॥
अनादिरादिर्विश्वस्य तस्मै विश्वात्मने नमः॥

જે કાળથી પર છે, જે યજ્ઞથી પર છે અને જે પરથી પણ અતિશય પર છે તથા જે પોતે અનાદિ હોઇને જગતના આદિ છે, તે વિશ્વસ્વરૂપ પરમાત્માને હું નમકાર કરૂં છું.[૬૯]

विषये वर्तमानानां यं तं वैशेषिकैर्गुणैः ॥
प्राहुर्विषयगोप्तारं तस्मै गोप्त्रात्मने नमः।७०।

વિષયમાં સર્વ મનુષ્યોની સ્વયંપ્રવૃત્તિ હોય છે પરંતુ ભગવાન, તે તે રાગદ્વેષાદિ ગુણો દ્વારા વિષયોનું રક્ષણ કરે છે, એમ વિદ્વાનો જેને વિષયોના રક્ષક કહે છે, તે રક્ષકસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૭૦]

अन्नपानेन्धनमयो रसप्राणविवर्धनः ॥
यो धारयति भूतानि तस्मै प्राणात्मने नमः।७१॥

અન્ન તથા જળરૂપ પુષ્કળ ઇંધણાંદ્વારા શરીરમાં રસની તથા બળની વૃદ્ધિ કરી સર્વ પ્રાણીઓને જે જીવાડે છે તે, પ્રાણમૂર્તિ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૭૧]

प्राणानां धारणार्थाय योऽन्नं भुङ्क्ते चतुर्विधम्॥
अंतर्भूतः पचत्यग्निस्तस्मै पाकात्मने नमः।७२

પ્રાણોનું ધારણ કરી રાખવામાટે ચાર પ્રકારનાં અન્નનું જે ભોજન કરે છે તથા સર્વનાં શરીરોમાં અગ્નિસ્વરૂપે પ્રવેશ કરી તે અન્નનું જે પાચન કરે છે, તે પાકમૂર્તિ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.૭૨

पिंगेक्षणसटं यस्य रूपं दंष्ट्र नखायुधम् ॥
दानवेन्द्रांतकरणं तस्मै दृप्तात्मने नमः॥७३॥

જેણે દાનવેન્દ્ર હિરણ્યકશિપુનો નાશ કરવા માટે પિંગળાં નેત્રવાળું તથા પીંગળી કેશવાળીવાળું અને દાઢો તથા નખોરૂપ આયુધવાળું નરસિંહસ્વરૂપ ધારણ કર્યું હતું, તે નૃસિંહ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.૭૩

यं न देवा न गंधर्वा न दैत्या न च दानवाः ॥
तत्त्वतो हि विजानंति तस्मै सूक्ष्मात्मने नमः ॥

દેવો, ગંધર્વો, દૈત્યો કે દાનવો જેને યથાર્થ રીતે જાણી શકતા નથી, તે સૂક્ષ્મમૂર્તિ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.૭૪

रसातलगतः श्रीमाननंतो भगवान् विभुः ॥
जगद्धारयते कृत्स्नं तस्मै वीर्यात्मने नमः।७५।

સર્વવ્યાપક જે ભગવાન રસાતલમાં રહીને શ્રીમાન શેષનાગના સ્વરૂપે સમગ્ર જગતને ધારણ કરી રાખે છે તે વીર્યમૂર્તિ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.૭૫

यो मोहयति भूतानि स्नेहपाशानुबंधनैः ॥
सर्गस्य रक्षणार्थाय तस्मै मोहात्मने नमः।७६।

જે ભગવાન સૃષ્ટિનું રક્ષણ કરવામાટે સ્નેહપાશરૂપ બંધનથી સર્વ પ્રાણીઓને મોહિત કરી નાખે છે, તે મોહમૂર્તિ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.૭૬

आत्मज्ञानमिदं ज्ञानं ज्ञात्वा पंचस्ववस्थितम्॥
यं ज्ञानेनाभिगच्छंति तस्मै ज्ञानात्मने नमः ॥

શબ્દાદિક પાંચ વિષયોમાં રહેલું જ્ઞાન પ્રાપ્ત થયા પછી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે આત્મસ્વરૂપ ભૂતજ આત્મજ્ઞાન છે, આમ સમજીને મુમુક્ષુ પુરુષો, જ્ઞાનસાધનભૂત વાકયોદ્વારા જેનો સાક્ષાત્કાર કરે છે, તે જ્ઞાનમૂર્તિ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.૭૭

अप्रमेयशरीराय सर्वतो बुद्धिचक्षुषे ॥
अनंतपरिमेयाय तस्मै दिव्यात्मने नमः॥७८॥

જેનું શરીર પરિમાણશૂન્ય હોઇને દુર્જ્ઞેય છે, જેની બુદ્ધિ તથા દૃષ્ટિ સર્વત્ર વ્યાપક છે, અને જે અપાર વિષયસમુદાયોના આધારભૂત છે, તે દિવ્યસ્વરૂપ પરમાત્માને હું પ્રણામ કરૂં છું.૭૮

जटिने दंडिने नित्यं लंबोदरशरीरिणे ॥
कमंडलुनिषंगाय तस्मै ब्रह्मात्मने नमः ॥७९॥

જે નિત્ય જટા અને દંડને ધારણ કરે છે, જેનું શરીર વિશાળ ઉદરવાળું છે તથા કમંડલુરૂપ ભાથામાં રહેલા જળરૂપ બાણોનો પ્રયોગ કરી અસુરોનો જે વિનાશ કરે છે, તે બ્રહ્માસ્વરૂપ પરમાત્માને હું પ્રણામ કરૂં છું.૭૯

शूलिने त्रिदशेशाय त्र्यंबकाय महात्मने ॥
भस्मदिग्धोर्ध्वलिंगाय तस्मैरुद्रात्मनै नमः।८०।

જે ત્રિશૂલને ધારણ કરે છે, જે દેવોના નિયંતા છે, જે મહાત્માને ત્રણ નેત્રો છે તથા જેનું લિંગ (મૂર્તિ), ભસ્મચર્ચિત, અને ઊર્ધ્વમુખ છે તે રુદ્રાત્મા ભગવાનને હું નમસ્કાર કરૂં છું.૮૦

चंद्रार्धकृतशीर्षाय व्यालयज्ञोपवीतिने ॥
पिनाकशूलहस्ताय तस्मै उग्रात्मने नमः॥८१॥

જે, મસ્તકે અર્ધચંદ્રને ધારણ કરે છે, શરીરે સર્પનું જનોઇ પહેરે છે, હાથમાં પિનાક ધનુષને તથા ત્રિશૂલને ધારણ કરે છે, તે ઉગ્રમૂર્તિ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.૮૧

सर्वभूतात्मभूताय भूतादिनिधनाय च ॥
अक्रोधद्रोहमोहाय तस्मै शांतात्मने नमः।८२।

જે, સર્વ ભૂતસમુદાયોમાં જીવાત્મારૂપે વસી રહેલા છે, વળી જે અહંકારના મૃત્યુરૂપ છે તથા ક્રોધ, દ્રોહ અને મોહથી જે રહિત છે, તે શાંતમૂર્તિ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.૮૨

यस्मिन् सर्वं यतः सर्वं यः सर्वं सर्वतश्च यः ॥
यश्च सर्वमयो नित्यं तस्मै सर्वात्मने नमः।८३।

જેનાવિષે આ સર્વ જગત નિવાસ કરી રહ્યું છે, જેનાથી સર્વ જગતની ઉત્પત્તિ થાય છે, જે સર્વસ્વરૂપ છે, જે સર્વત્ર વ્યાપક છે અને જે

નિત્ય સર્વમય છે, તે સર્વસ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૮૩]

विश्वकर्मन् नमस्तेऽस्तु विश्वात्मन् विश्वसंभव॥
अपवर्गस्थभूतानां पंचानां परतः स्थित ॥८४॥

હે વિશ્વસ્રષ્ટા ! હું તમને નમસ્કાર કરૂં છું. હે વિશ્વાત્મન્! હે વિશ્વોત્પાદક ! હે મોક્ષસ્વરૂપ ! હે પાંચેય ભૂતોથી પર રહેલા! તમને હું નમસ્કાર કરૂં છું.[૮૪]

नमस्ते त्रिषु लोकेषु नमस्ते परतस्त्रिषु ॥
नमस्ते दिक्षु सर्वासु त्वं हि सर्वमयोनिधिः।८५।

ત્રણે લોકમાં વસી રહેલા તમને મારા નમસ્કાર હો, સર્વલોકથી પર રહેલા તમને મારા નમસ્કાર હો, ત્રણે કાળથી પર રહેલા તમને મારા નમસ્કાર હો, સર્વ દિશામાં નિવાસ કરી રહેલા તમને મારા નમસ્કાર હો. હે ભગવન્! અવશ્ય તમે સર્વસ્વરૂપ એક નિધિજ છો.[૮૫]

नमस्ते भगवन् विष्णो लोकानां प्रभवाप्यय ॥
त्वं हि कर्ता हृषीकेश संहर्ता चापराजितः॥८६॥

હે ભગવન્ વિષ્ણો ! લોકોની ઉત્પત્તિ કરનાર તથા વિનાશ કરનાર તમને હું નમસ્કાર કરૂં છું. હે ઇંદ્રિયોના પ્રવર્તક ! તમે સર્વદા અજિત છો અને સૃષ્ટિના ઉત્પાદક તથા સંહારક છો.[૮૬]

न हि पश्यामि ते भावं दिव्यं हि त्रिषु वर्त्मसु॥
त्वां तु पश्यामि तत्त्वेन यत्ते रूपं सनातनम् ॥

હે ભગવન્ ! વર્તમાનાદિ ત્રણે કાળમાં રહેનારી તમારી દિવ્ય સત્તાને હું જોઈ શકતો નથી તોપણ તમારા સનાતન સ્વરૂપને હું તત્ત્વતઃ જાણું છું.[૮૭]

दिवं ते शिरसा व्याप्तं पद्भ्यां देवी वसुंधरा॥
विक्रमेण त्रयो लोकाः पुरुषोऽसि सनातनः ॥

તમારા મસ્તકથી સ્વર્ગ વ્યાપ્ત છે, તમારા બે ચરણોથી દેવી પૃથ્વી વ્યાપ્ત છે તથા તમારા પરાક્રમથી ત્રણે લોકો વ્યાપ્ત છે, તમે સનાતન પુરુષ છો.[૮૮]

दिशो भुजा रविश्चक्षुर्वीर्ये शुक्रः प्रतिष्ठितः ॥
सप्त मार्गा निरुद्धास्ते वायोरमिततेजसः॥८९॥

દિશાઓ તમારી ભુજાઓ છે, સૂર્યચંદ્ર તમારાં નેત્રો છે, તમારા વીર્યને સ્થાને શુક્ર રહેલ છે, અને તમે મહાતેજસ્વી એવા વાયુદેવના પ્રવહ, નિવહ આદિ સાતે માર્ગોને રૂંધી દીધા છે. (અર્થાત્ સર્વ કંઇ તમારાવડેજ વ્યાપ્ત છે.)[૮૯]

अतसीपुष्पसंकाशं पीतवाससमच्युतम् ॥
ये नमस्यंति गोविंदं न तेषां विद्यते भयम् ।९०।

જે મનુષ્યો અળસીના પુષ્પસમાન કાંતિવાળા, પીળાં પીતાંબરને ધારણ કરનારા તથા અસ્ખલિત જ્ઞાનશક્તિવાળા શ્રીગોવિંદને (ગોપ્રતિપાલક શ્રીકૃષ્ણને) નમસ્કાર કરે છે, તેઓને કોઈ જાતનો ભય નથી.[૯૦]

एकोऽपि कृष्णस्य कृतः प्रणामो ।
दशाश्वमेधावभृथेन तुल्यः ॥
दशाश्वमेधी पुनरेति जन्म ।
कृष्णप्रणामी न पुनर्भवाय ॥ ९१ ॥

શ્રીકૃષ્ણને કરેલો એક પણ પ્રણામ દશ અશ્વમેધયજ્ઞોના અવભૃથ સ્નાનતુલ્ય છે. (અર્થાત શ્રીકૃષ્ણને એકજ વખત પ્રણામ કરનારો પુરુષ દશ અશ્વમેધ યજ્ઞો કર્યાના પુણ્યને પ્રાપ્ત કરે છે; એટલુંજ નહિ પણ) દશ અશ્વમેધ યજ્ઞોને કરનારા મનુષ્યને પુનઃ સંસારમાં જન્મ લેવો પડે છે, પરંતુ શ્રીકૃષ્ણને પ્રણામ કરનારા પુરુષને પુનર્જન્મ રહેતોજ નથી પણ મોક્ષ મળે છે.[૯૧]

कृष्णव्रताः कृष्णमनुस्मरंतो ।
रात्रौ च कृष्णं पुनरुत्थिता ये ॥
ते कृष्णदेहाः प्रविशंति कृष्ण ।
यथा मंत्रहुतं हुताशे ॥ ९२ ॥

શ્રીકૃષ્ણનુજ જેઓને વ્રત છે અને દિવસે, રાત્રે, સૂતી વખતે અને ઉઠતી વખતે જેઓ શ્રીકૃષ્ણનુંજ સ્મરણ કરે છે તેઓ, મંત્રથી હોમેલું ઘી જેમ અગ્નિમાં પ્રવેશ કરે છે, તેમ શ્રીકૃષ્ણ સ્વરૂપ થઇને શ્રીકૃષ્ણમાંજ પ્રવેશ કરે છે—સાયુજ્ય મુક્તિને પામે છે.[૯૨]

नमो नरकसंत्रासरक्षामंडलकारिणे ॥
संसारनिम्नगावर्ततरिकाष्ठाय विष्णवे ॥९३॥

સંસારના ત્રાસથી રક્ષણ કરવામાટે શરીરધારણરૂપી મંડલને કરનાર અને સંસારરૂપી નદીના આવર્તને (ઘુમરીને) તરી જવામાં સાધનભૂત કાષ્ઠસમાન એવા શ્રીવિષ્ણુ સ્વરૂપ કૃષ્ણને મારા નમસ્કાર હો.[૯૩]

नमो ब्रह्मण्यदेवाय गोब्राह्मणहिताय च ॥
जगद्धिताय कृष्णाय गोविंदाय नमो नमः ॥

ગાયો, બ્રાહ્મણો તથા સર્વ જગતનું હિત કરનાર, વેદવાણીનું રક્ષણ કરનાર તથા બ્રહ્મનિષ્ઠ જ્ઞાની પુરુષોના પરમ ઇષ્ટદેવ શ્રીકૃષ્ણને મારા અનેકવાર નમસ્કાર હો.[૯૪]

प्राणकांतारपाथेयं संसारोच्छेदभेषजम् ॥
दुःखशोकपरित्राणं हरिरित्यक्षरद्वयम् ॥९५॥

'હરિ' એ બે અક્ષરો સંસારરૂપી અરણ્યમાં પ્રવાસ કરનારાં પ્રાણીઓને મુસાફરીમાં ઉપયોગી ખોરાક (ટીમણ) રૂપ છે, સંસારનો ઉચ્છેદ કરનાર ઔષધરૂપ છે તથા દુઃખ અને શોકથી રક્ષણ કરનાર છે.[૯૫]

यथा विष्णुमयं सत्यं तथा विष्णुमयं जगत् ॥
यथा विष्णुमयं सर्वं पाप्मा मे नश्यतां तथा ॥

જેમ સત્ય વિષ્ણુનું સ્વરૂપ છે તેમજ જગતપણ વિષ્ણુસ્વરૂપ છે. જ્યારે આ દૃશ્યમાન પ્રપંચ કેવળ વિષ્ણુમય છે, તો પછી મારાં પાપો નષ્ટ થઇ જાઓ.[૯૬]

त्वां प्रपन्नाय भक्ताय गतिमिष्टां जिगीषवे ॥
यच्छ्रेयः पुंडरीकाक्ष तद्ध्यायस्व सुरोत्तम ।९७।

હે કમળસમાન નેત્રવાળા ઉત્તમ દેવ! હું આપનો ભક્ત છું, ઇષ્ટ ગતિ મેળવવા ઇચ્છું છું અને આપને શરણે આવેલો છું, માટે મારા શ્રેયસ્કર માર્ગનું તમે ચિંતન કરો.[૯૭]

इति विद्यातपोयोनिरयोनिर्विष्णुरीडितः ॥
वाग्यज्ञेनार्चितो देवः प्रीयतां मे जनार्दनः ॥

આ રીતે વિદ્યા અને તપના કારણભૂત શ્રીવિષ્ણુનું મેં સ્તવન કર્યું છે તથા વાણીરૂપ યજ્ઞદ્વારા પૂજન કર્યું છે, જેથી જનાર્દન શ્રીવિષ્ણુદેવ મારાપર પ્રસન્ન થાઓ.[૯૮]

नारायणः परं ब्रह्म नारायणपरं तपः
नारायणः परो देवः सर्वं नारायणः सदा ।९९

નારાયણ પરબ્રહ્મસ્વરૂપ છે, તપનું મુખ્ય ફળ નારાયણ છે, નારાયણજ પરમ દેવ છે તથા સર્વદા સર્વ વસ્તુ નારાયણસ્વરૂપજ છે.[૯૯]

વૈશંપાયન બોલ્યાઃ–હે જનમેજય! આટલું સ્તુતિવચન કહ્યા પછી શ્રીકૃષ્ણમાંજ જેમનું મન લીન થયું હતું એવા શ્રીભીષ્મે “નમઃ” એમ કહીને શ્રીકૃષ્ણને પ્રણામ કર્યો[૧૦૦] શ્રીકૃષ્ણ પણ ભીષ્મની એ ભક્તિને યોગબળથી જાણી લઇને મનદ્વારા તેમની પાસે આવ્યા હતા અને સમગ્ર ત્રૈલોક્યનાં દર્શન કરાવનારૂં દિવ્ય જ્ઞાન તેમને આપીને પાછા પોતાના નિવાસસ્થાનમાં જઇ પહોંચ્યા હતા.[૧૦૧] આ તરફ ભીષ્મ, સ્તુતિ કરતા વિરામ પામ્યા એટલે સમીપમાં બેઠેલા સર્વ બ્રહ્મવાદિ મહર્ષિઓ, અશ્રુભરેલા કંઠે મહાબુદ્ધિમાન ભીષ્મનાં વાણીથી વખાણ કરવા લાગ્યાં.[૧૦૨] ઘણા ઉત્તમ બ્રાહ્મણો તે સમયે પુરુષોત્તમ શ્રીકૃષ્ણની સ્તુતિ કરતા હતા તેમજ મંદસ્વરે ભીષ્મની પણ વારંવાર પ્રશંસા કરતા હતા.[૧૦૩]

પુરુષોત્તમ શ્રીકૃષ્ણ, ભીષ્મના ભક્તિયોગને જાણી લઇને એકદમ હર્ષપૂર્વક શયનમાંથી ઉભા થઈ ગયા ને પછી દાસકે તૈયાર કરેલા રથમાં પોતે અને સાત્યકિ–બન્ને જણા બેસીને ભીષ્મ તરફ જવા નીકળી પડયા. તેમજ મહાત્મા યુધિષ્ઠિર અને અર્જુન બીજા એક રથમાં બેસીને તથા ભીમસેન, નકુલ અને સહદેવ તેની પાછળ એક રથમાં બેસીને ભીષ્મ પાસે જવા ચાલી નીકળ્યા. એ પાંચે ભાઈઓની પાછળ કૃપાચાર્ય, યુયુત્સુ અને સંજય, એ ત્રણ મહાપુરુષો પણ નગરના સમાન આકારવાળા મોટા રથમાં બેસીને નેમિના મોટા ધ્વનિથી પૃથ્વીને ધણધણાવી મૂકતા ભીષ્મની પાસે જવા નીકળી પડ્યા.[૧૦૪–૧૦૭] એ પ્રમાણે જ્યારે તેઓ ભીષ્મ પાસે જતા હતા, ત્યારે માર્ગમાં બ્રાહ્મણોના મુખથી નીકળતી મહાપુરુષ ભીષ્મની સ્તુતિભરેલી વાણી સાંભળીને

શ્રીકૃષ્ણ મનમાં પ્રસન્ન થયા અને તે સમયે જે મનુષ્યો બે હાથ જોડીને તેમને નમન કરતા હતા, તે સર્વને કેશિનિદૂષન શ્રીકૃષ્ણે પ્રસન્ન ચિત્તથી અભિનંદન આપ્યું.૧૦૮

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "ભીષ્મસ્તવરાજ" એ વિષયનો અધ્યાય ૪૭ મો સમાપ્ત.

अध्याय ४८ मो

પરશુરામચરિત્રનો ઉપક્રમ

॥ वैशंपायन उवाच ॥

ततः स च हृषीकेशः स च राजा युधिष्ठिरः ॥
कृपादयश्च ते सर्वे चत्वारः पांडवाश्च ते ॥१॥

વૈશંપાયન બોલ્યા:– હે જનમેજય ! તે પછી શ્રીકૃષ્ણ, રાજા યુધિષ્ઠિર, કૃપાચાર્ય વગેરે તથા ચાર પાંડવભાઈઓ નગરસમાન દેખાવના તથા ધ્વજાપતાકાથી શોભતા મોટા રથોમાં બેસીને ઉતાવળી ચાલના ઘોડાઓને દોડાવતા સત્વર કુરુક્ષેત્ર ભણી જવા લાગ્યા.૧,૨ જે કુરુક્ષેત્રમાં મહાત્મા ક્ષત્રિયોએ દેહત્યાગ કર્યો હતો અને કેશ, મજ્જા તથા હાડકાંથી જે ભરપૂર હતું, તેમાં આવીને તેઓએ જોયું તો સ્થળે સ્થળે હાથીઓનાં, ઘોડાઓનાં તથા મનુષ્યોનાં હાડકાંઓના પર્વતોના જેવડા મોટા ઢગો એકઠા થયા હતા, સર્વ તરફ શંખોના જેવાં મનુષ્યોનાં શીર્ષકપાલો (ખોપરીઓ) રડવડતાં હતાં, હજારો ચિતાઓ તેમાં દૃષ્ટિએ પડતી હતી, કવચો તથા જાત જાતનાં શસ્ત્રોથી સર્વ પ્રદેશ વ્યાપ્ત થઈ ગયો હતો; જાણે ઉપભોગ કરીને છોડી દીધેલી કાળની મદ્યપાનમાટેની ભૂમિ હોયની તેવો દેખાવ લાગતો હતો, ઠેકઠેકાણે ભૂતોનાં ટોળાં ત્યાં ઘૂમી રહ્યાં હતાં અને સંખ્યાબંધ રાક્ષસો તે પ્રદેશનું સેવન કરતા હતા. આવા ભયંકર દેખાવના તે કુરુક્ષેત્રને જોતા જોતા તે મહારથીઓ આગળ વધ્યે જતા હતા.૩–૬ પછી જતાં જતાં મહાબાહુ શ્રીકૃષ્ણે, યુધિષ્ઠિરને પરશુરામનું પરાક્રમ કહી સંભળાવવા માટે આરંભ કર્યો.૭ તે બોલ્યા કે, "હે પાર્થ ! સામે અહીંથી કેટલેક દૂર અંતરે જે પાંચ સરોવરો દેખાય છે તે 'રામહ્રદ' એવા નામથી જગતમાં પ્રસિદ્ધ છે. પરશુરામે તે સરોવરોને ક્ષત્રિયોના રુધિરથી ભરી દઈ તેમાં પોતાના પિતૃઓને જલાંજલિ આપી તૃપ્ત કર્યા હતા.૮ મહાસમર્થ પરશુરામે એકવીસ વાર પૃથ્વીને ક્ષત્રિયોવિનાની કરીને આ સ્થળે આવ્યા પછી તે સંહારકર્મથી વિરામ લીધો હતો."૯

યુધિષ્ઠિર બોલ્યા:–" હે કૃષ્ણ ! તમે મને કહો છો કે, પરશુરામે પૂર્વે એકવીસ વાર પૃથ્વીને ક્ષત્રિયોવિનાની કરી હતી, પરંતુ તેના સંબંધમાં મને મહાન સંશય લાગે છે. પરશુરામે ક્ષત્રિયોનો સમૂળગો જો ઉચ્છેદ કરી નાખ્યો હતો તો પછી તેઓની આટલી બધી વૃદ્ધિ કેમ થઈ ? હે મહાપરાક્રમી યાદવશ્રેષ્ઠ ! પરશુરામે ક્ષત્રિયોના બીજને બાળીને ભસ્મ કરી નાખ્યું હતું તોપછી તેઓની ફરી આટલી બધી ઉત્પત્તિ કયાંથી થઈ?૧૦,૧૧ હે યદુપુંગવ ! મહાત્મા ભગવાન પરશુરામે ક્ષત્રિયોનો કેવી રીતે નાશ કરી નાખ્યો હતો અને પાછી તેઓની વૃદ્ધિ કેવી રીતે થઈ' તે મને કહો.૧૨ હે વક્તાઓમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ! મહાન રથયુદ્ધ કરીને પરશુરામે કરોડો ક્ષત્રિયોનો સંહાર કરી નાખ્યો હતો છતાં પૃથ્વી પાછી ક્ષત્રિયોથી ઉભરાઇ ગઈ છે.૧૩ હે યાદવસિંહ! ભૃગુવંશના મહાત્મા પરશુરામે પૂર્વે ક્ષત્રિયોનો શામાટે સંહાર કરી નાખ્યો હતો? આ મારા સંશયનો તમે નાશ કરો. હે ગરુડધ્વજ! હે ઉપેન્દ્ર ! આપના કહેવાથી મારો સંશય દૂર થશે; કારણકે વેદ પણ તમારા વચનથી શ્રેષ્ઠ નથી."૧૫

વૈશંપાયન બોલ્યા:–યુધિષ્ઠિરનું એ પ્રશ્નવચન સાંભળ્યા પછી ગદના મોટા ભાઇ ભગવાન્ શ્રીકૃષ્ણે, ક્ષત્રિયોનો પૂર્વે કેવી રીતે વિનાશ થયો હતો અને પુનઃ પૃથ્વીપર ક્ષત્રિયોની વૃદ્ધિ કેવી રીતે થઈ, તે સંબંધની કથા મહાતેજસ્વી યુધિષ્ઠિરની આગળ કહેવા માંડી.૧૬

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "પરશુરામનું ઉપાખ્યાન" એ વિષયનો અધ્યાય ૪૮મો સમાપ્ત.

अध्याय ४९ मो

પરશુરામચરિત્ર

॥ वासुदेव उवाच ॥

शृणु कौंतेय रामस्य प्रभावो यो मया श्रुतः॥
महर्षीणां कथयतां विक्रमं तस्य जन्म च ॥१॥

શ્રીકૃષ્ણ બોલ્યા:–"હે કુંતીપુત્ર યુધિષ્ઠિર ! જન્મ અને પરાક્રમનું વર્ણન કરતા મહર્ષિઓ પાસેથી તેમનો જે પ્રભાવ, સાંભળ્યો છે, તે હું તમને કહું છું તે સાંભળો,[1] પરશુરામે કરોડો ક્ષત્રિયોનો સંહાર કરી નાખ્યો હતો; પરંતુ તે ક્ષત્રિયોના વંશમાં પુનઃ તેઓ ઉત્પન્ન થયા હતા અને આ મહાભારત યુદ્ધમાં તેઓ નાશ પામ્યા છે.[2] હે રાજા! પૂર્વે જહ્નુ નામે એક રાજા હતો. તેને અજ નામનો એક પુત્ર થયો. તે અજને બલાકાશ્વ નામનો પુત્ર થયો અને બલાકાશ્વને ધર્મવેત્તા કુશિક નામનો પુત્ર થયો.[3] પૃથ્વીમાં ઇંદ્રસમાન વિખ્યાત થયેલા તે કુશિકે "મને ત્રણ લોકનો રાજા થાય તેવો અજિત પુત્ર મળે"આવી કામનાથી મહા ઉગ્ર તપ કરવા માંડ્યું.[4] આમ તેને ઉગ્ર તપશ્ચર્યા કરતો જોઇ સહસ્રાક્ષ–ઇન્દ્ર પોતેજ પુત્રોત્પાદન કરવામાં સમર્થ એવા તે કુશિકને ત્યાં પુત્રરૂપે ઉત્પન્ન થયો.[5] હે રાજા ! આ રીતે લોકેશ્વરનો ઈશ્વર ઇંદ્ર, કાશિકને ત્યાં પુત્રરૂપે જન્મ્યો અને તેનું "ગાધિ" એવું નામ પાડવામાં આવ્યું.[6] તે ગાધિરાજાને સત્યવતી નામની એક પુત્રી હતી. તે પુત્રીને ગાધિરાજાએ ભૃગુપુત્ર ઋચીક મુનિને પરણાવી હતી.[7] હે કુરુનંદન ! ભૃગુવંશના તે ઋચીકમુનિ,સત્યવતીની પવિત્રતાથી અત્યંત પ્રસન્ન થયા, જેથી તેમણે સત્યવતીને એક પુત્ર આપવા માટે તથા તેના પિતા ગાધિને એક પુત્ર આપવા માટે જૂદા જૂદા બે ચરુ તૈયાર કર્યા[8] અને પોતાની પત્ની સત્યવતીને પાસે બોલાવી તેમણે કહ્યું કે:–"આ બન્ને ચરુઓમાંથી એકનો તારે ઉપયોગ કરવો અને બીજાનો તારી માતાએ ઉપયોગ કરવો.[9] તારી માતામાટે તૈયાર કરેલા આ ચરુથી તેને મહાતેજસ્વી અને ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ એવો પુત્ર ઉત્પન્ન થશે કે જે પુત્ર જગતમાંના સર્વ ક્ષત્રિયોથી અજિત અને મોટા મોટા ક્ષત્રિયોનો પરાજય કરનાર થશે.[10] તેમજ હે કલ્યાણી ! તને પણ આ ચરુનું ભક્ષણ કરવાથી ધૈર્યસંપન્ન, શમગુણપ્રધાન અને તપોનિષ્ઠ એવો એક દ્વિજશ્રેષ્ઠ પુત્ર થશે." પોતાની સ્ત્રીને આમ કહીને ભૃગુનંદન શ્રીમાન ઋચીકમુનિ, તપશ્ચરણમાં અભિરક્ત થઈ અરણ્યમાં ગયા.[11,12]

મુનિના ગયા પછી તેજ સમયે રાજા ગાધિ તીર્થયાત્રા કરતો કરતો પોતાની સ્ત્રીની સાથે ઋચીકમુનિના આશ્રમમાં આવી પહોંચ્યો.[13] હે રાજન્ ! પોતાનાં માતાપિતાને જોતાંજ હર્ષઘેલી બની ગયેલી સત્યવતીએ, પેલા બે ચરુ હાથમાં લઇ પોતાના પતિનું વાક્ય જણાવતાં જણાવતાં હર્ષપૂર્વક પોતાની માતાને તે અર્પણ કર્યા.[14] હે કુંતીપુત્ર! હવે એવું બન્યું કે, તેની માતાએ પોતાને ખબર નહિ હોવાથી પુત્રીને પોતાનો ચરૂ આપ્યો અને પુત્રીમાટેનો ચરુ પોતે રાખ્યો.[15] આ પ્રમાણે ચરુની અદલાબદલી થઇ જવાથી સત્યવતીએ, ક્ષત્રિયોનો સંહાર કરનારો તથા પ્રદીપ્ત શરીરથી ઘોર દેખાવનો ગર્ભ ધારણ કર્યો.[16] પછી તે સમયે તપોવનમાંથી આવેલા ભૃગુશ્રેષ્ઠ ઋચીકમુનિએ સત્યવતીની માતાના ઉદરમાં રહેલા બ્રાહ્મણગર્ભને જ્ઞાનદષ્ટિથી જોઇ લઇને દિવ્યસ્વરૂપવાળી પોતાની સ્ત્રીને કહ્યું કે:–" હે ભદ્રે! ચરુની અદલાબદલી કરીને તારી માતાએ તને છેતરી છે. ક્ષત્રિયને ઉત્પન્ન કરનારા ચરુનું ભક્ષણ કરવાથી તને મહાક્રૂર કર્મ કરનારો તથા અતિ અમર્ષી ક્રોધી પુત્ર થશેઅને તારી માતાના ઉદરમાં ઉત્પન્ન થનારો તારો ભાઇ, તપશ્ચરણમાં આસક્તિ રાખનારો ઉત્તમ બ્રાહ્મણ થશે. તેનું કારણ એજ છે કે, મેં તને આપવાના ચરુમાં સંપૂર્ણ રીતે અતિમહાન બ્રહ્મતેજ સ્થાપિત કર્યું હતું અને તારી માતાને આપવાના ચરુમાં સંપૂર્ણ ક્ષાત્રતેજ મૂકી દીધું હતું; પરંતુ હે કલ્યાણિ ! ચરુની ફેરબદલી થઇ જવાથી હવે તેમ થશે નહિ હવે તો તારી માતાને બ્રાહ્મણપુત્ર થશે અને તને ક્ષત્રિયપુત્ર થશે." પોતાના પતિએ એ પ્રમાણે કહ્યું એટલે મહાભાગ્યવતી સત્યવતી પોતાના પ-

તિના ચરણમાં મસ્તક નમાવીને ધ્રૂજતી ધ્રૂજતી કહેવા લાગી કે:–" હે ભગવન્! 'તને બ્રાહ્મણકર્મથી હીન (ક્ષત્રિય) પુત્ર થશે' આમ મને કહેવું તે તમને યોગ્ય નથી "[૧૭-૨૨]

તે સાંભળી ઋચીક બોલ્યા:–" હે ભદ્રે! મેં તારેમાટે કંઇ પ્રથમથીજ આવો સંકલ્પ કર્યો ન હતો. ચરુની અદલાબદલીને લીધેજ તને ઉગ્ર કર્મ કરનારો પુત્ર થશે, માટે તેસંબંધમાં હું તો કેવળ નિર્દોષ છું." [૨૩]

સત્યવતી બોલી:–" હે મહાસમર્થ મુનિ! તમે જો ઇચ્છા કરો તો બીજા લોકોની પણ સૃષ્ટિ કરી શકો છો, તો પછી એક પુત્રને ઉત્પન્ન કરવો તેમાં કંઈ આશ્ચર્ય જેવું નથી; માટે હે ભગવન! મને શમગુણપ્રધાન અને સદાચારી પુત્ર આપવાની તમે કૃપા કરો." [૨૪]

ઋચીક બોલ્યા:–" હે ભદ્રે! મેં તને પરિહાસ કરવાના સમયે પણ પૂર્વે કદી અસત્ય વચન કહ્યું નથી, તોપછી અગ્નિસમાધાન કરી મંત્રપૂર્વક સિદ્ધ કરેલા ચરુના સંબંધમાં મેં તારેમાટે અસત્યભરેલું કાર્ય કેમ કર્યું હશે, તેનો તુંજ વિચાર કરી લે. [૨૫] વળી હે કલ્યાણિ! મેં પ્રથમથીજ તપોબલથી જાણી લીધું હતું અને જોઈ લીધું હતું કે, તારા પિતાનું સમગ્ર કુળ કેવળ બ્રાહ્મણમય બની જશે." [૨૬] સત્યવતી બોલી:–" હે પ્રભુ! ભલે, તમારી જો ઇચ્છા હોય તો તમારો અને મારો પૌત્ર (છોકરાનો છોકરો) તેવો ક્ષત્રિયધર્મી થાય, પરંતુ હે જિતેન્દ્રિય શ્રેષ્ઠ ભગવાન્! મને તો શમગુણપ્રધાન બ્રાહ્મણપુત્ર મળવો જોઇએ." [૨૭] ઋચીક બોલ્યા:–" હે સુંદરિ! મને તો પુત્રપર કે પૌત્રપર કોઈ જાતની વિશેષ મમતા નથી, તોપણ તારો જ્યારે આટલો બધો આગ્રહ છે ત્યારે હું તને કહું છું કે, ભલે, તારા કહેવા પ્રમાણે તારો પુત્ર ઉત્તમ બ્રાહ્મણ થશે અને પૌત્ર, બ્રાહ્મણ હોઈને ક્ષાત્રકર્મી થશે." [૨૮]

શ્રીકૃષ્ણ બોલ્યા:–" હે યુધિષ્ઠિર રાજા! તે સત્યવતીએ તપોનિષ્ઠ, શાંત અને જિતેન્દ્રિય એવા ભૃગુવંશી જમદગ્નિ નામના બ્રાહ્મણપુત્રને જન્મ આપ્યો [૨૯] અને કુશિકના પુત્ર ગાધિને ત્યાં સત્યવતીની માતાએ, વિશ્વામિત્ર નામના પુત્રને જન્મ આપ્યો, કે જે વિશ્વામિત્ર, બ્રાહ્મણોના સમગ્ર ગુણથી યુક્ત હોઈને પાછળથી સર્વમાન્ય 'બ્રહ્મર્ષિ' પદને પામ્યો હતો.[૩૦] આ રીતે ઋચીક મુનિએ તપના ભંડાર જમદગ્નિ પુત્રને ઉત્પન્ન કર્યા પછી તે જમદગ્નિએ મહાદારુણ કર્મ કરનારા પુત્રને ઉત્પન્ન કર્યો. તે પુત્ર સર્વવિદ્યાસંપન્ન થયો, ધનુર્વેદનો પારગામી થયો, ક્ષત્રિયોનો સંહાર કરનાર થયો, પ્રદીપ્ત અગ્નિસરખો તેજસ્વી થયો અને તેજ 'પરશુરામ' એવા નામથી પ્રસિદ્ધ થયો.[૩૧,૩૨] તેમણે ગંધમાદન પર્વતમાં જઇને તપશ્ચર્યાથી મહાદેવને પ્રસન્ન કર્યા અને તે મહાદેવ પાસેથી અનેક જાતનાં અસ્ત્રો તથા મહાતેજસ્વી ફરશી સંપાદન કરી.[૩૩] જેને લીધે તે પરશુરામ, મહાતીક્ષ્ણ ધારાવાળી તથા ધગધગતા અગ્નિ સરખી તેજસ્વી એવી અનુપમ ફરશી ધારણ કરીને લોકમાં અતુલ પરાક્રમી થઇ પડયા.[૩૪]

હવે, એ પરશુરામના સમયમાંજ કૃતવીર્યનો પુત્ર અને હૈહયોનો રાજા અર્જુન નામનો તેજસ્વી ક્ષત્રિય મહાબળવાન થઇ પડયો.[૩૫] તે રાજાએ દત્તાત્રેયના પ્રસાદથી એક હજાર હાથ મેળવ્યા હતા અને સમગ્ર જગતમાં મહા તેજસ્વી ચક્રવર્તીનું પદ પ્રાપ્ત કરી અશ્વમેધ યજ્ઞમાં, સાત સમુદ્રો અને પર્વતોસહિત સમગ્ર પૃથ્વી બ્રાહ્મણોને દક્ષિણામાં આપી દીધી હતી. વળી પરમ ધર્મવેત્તા તે રાજાએ પ્રત્યેક યુદ્ધમાં પોતાના બાહુના તથા અસ્ત્રોના બળથી વિજય મેળવ્યો હતો.[૩૬,૩૭] હે કુંતીપુત્ર! એક સમયે તૃષાતુર થયેલા અગ્નિદેવે તેની પાસે ભિક્ષા માગી હતી અને મહાપરાક્રમી તે સહસ્રાર્જુને પણ અગ્નિદેવને યથેષ્ટ ભિક્ષા આપી હતી.[૩૮] જેથી વીર્યવાન એવા અગ્નિદેવે તે રાજાના બાણના અગ્રભાગમાંથી પ્રકટ થઇ ઘણાં ગ્રામો, નગરો, દેશો તથા વાડાઓને બાળી ભસ્મ કરી મૂકયા;[૩૪] એટલુંજ નહિ પરંતુ મહાપુરુષ સહસ્રાર્જુનના પ્રભાવથી અગ્નિએ ઘણા પર્વતોને તથા વૃક્ષોને

પણ બાળી ખાખ કરી નાખ્યાં.[૪૦] વળી પવનના સપાટાથી પ્રજ્વલિત થયેલા તથા સહસ્રાર્જુનના બાહુબલથી ઉત્તેજિત બનેલા અગ્નિએ, મહાત્મા આપવ મુનિના (વસિષ્ઠના) શૂન્ય એવા સુંદર આશ્રમને પણ છોડ્યો નહિ.[૪૧] હે મહાબાહુ રાજા! એ રીતે પોતાના આશ્રમને અગ્નિએ બાળી નાખ્યો એટલે વીર્યવાન વસિષ્ઠ મુનિને ક્રોધ ચઢી ગયો. તેમણે સહસ્રાર્જુનને શાપ આપ્યો કેઃ–“હે અર્જુન! તેં મારા મહાન આશ્રમને પણ છોડ્યો નહિ ને વિચાર કર્યાવિના બાળી નાખ્યો માટે જા, હું તને શાપ આપું છું કે, પરશુરામ, યુદ્ધમાં તારા હજારે બાહુઓને કાપી નાખશે.[૪૩] હે ભારત! મહાતેજસ્વી, બળવાન, નિત્ય શાંતિસંપન્ન, બ્રાહ્મણભક્ત, શરણાગતનું રક્ષણ કરનાર, દાની અને શૂરવીર એવા સહસ્રાર્જુને તો મહાત્મા વસિષ્ઠે આપેલા તે શાપનો કંઇ વિચારજ કર્યો નહિ પરંતુ તેના પુત્રોજ બળથી છકી જઇને શાપદ્વારા પોતાના પિતાનો વિનાશ કરવામાં નિમિત્તભૂત થયા.[૪૪,૪૫] સહસ્રાર્જુનના પુત્રો એ શાપના કારણથીજ સર્વદા ગર્વિષ્ઠ અને ક્રૂર બનતા ગયા. તેઓ એક દિવસે પોતાના પિતાને જણાવ્યા વિના જમદગ્નિ ઋષિની ગાયના વાછરડાને હરી લાવ્યા. આ વાતની મહાત્મા પરશુરામને ખબર પડી કે તુરતજ તેમણે બુદ્ધિમાત્ર હૈહયરાજા સહસ્રાર્જુનની સામે યુદ્ધમાટે ચઢાઇ કરી અને તે યુદ્ધમાં ક્રોધાયમાન થયેલા પરશુરામે, સહસ્રાર્જુનના હજારે બાહુઓ છેદી નાખીને તેના મહેલમાં રહેલા પોતાની ગાયના વાછરડાને આશ્રમમાં પોતાને ઘેર આણ્યો.[૪૬-૪૮] હે રાજેન્દ્ર! મહાસમર્થ પરશુરામે એ પ્રમાણે યુદ્ધ કરી સહસ્રાર્જુનના અંતઃપુરમાંથી વાછરડાને પાછો આણ્યો તેપછી કોઈએક સમયે સહસ્રાર્જુનના બુદ્ધિહીન છોકરાઓ એકઠા મળીને મહાત્મા જમદગ્નિના આશ્રમમાં આવ્યા અને હે રાજા ! ત્યાં આવીને તે અજ્ઞાનીઓએ ભાલાના અગ્રભાગથી જમદગ્નિના મસ્તકને ધડથી જૂદું પાડ્યું.[૪૯,૫૦] તે સમયે યશસ્વી પરશુરામ સમિધો તથા દર્ભો લેવાને માટે વનમાં નીકળી ગયા હતા. એ સમયનો લાભ લઈ તે ઘાતકી રાજકુમારોએ તેમના પિતાનો વધ કર્યો હતો અને પછી ત્યાંથી પલાયન કરી ગયા હતા; પરંતુ એ વાતની પરશુરામને જ્યારે ખબર પડી, ત્યારે પિતૃવધના ક્રોધને લીધે અત્યંત કોપાયમાન થઇને તેમણે પ્રતિજ્ઞા કરી કે, આ પૃથ્વીમાંથી સર્વ ક્ષત્રિયોનો હું ઉચ્છેદ કરી નાખીશ. આવી પ્રતિજ્ઞા કરીને ભૃગુવંશમાં સિંહસમાન તે પરશુરામે પોતાની ફરશી હાથમાં લીધી; અને તેમણે સહસ્રાર્જુનની રાજધાનીપર ચઢાઈ કરી, તેના સર્વ પુત્રોનો, પૌત્રોનો તથા હજારો હૈહયવંશી ક્ષત્રિયોનો સંહાર કરી નાખ્યો; અને હે રાજા! અત્યંત કોપાયમાન થયેલા વીર્યવાન પરશુરામે પૃથ્વીને લોહીના કીચડવાળી કરી દીધી. પરંતુ આખી પૃથ્વીને ક્ષત્રિયોથી રહિત કરી નાખ્યા પછી પ્રતાપી પરશુરામને ઘણીજ દયા આવી ગઈ, જેથી તે વનમાંજ ચાલ્યા ગયા. આમ તેમના વનગમનને કેટલાંએક હજારો વર્ષો વીતી ગયાં તે પછી કોઇએક સમયે ક્રોધી સ્વભાવના પ્રભુ પરશુરામે વનમાં રહેતાં રહેતાં જગતમાં પોતાની નિંદા થતી સાંભળી કે, “પરશુરામ ક્ષત્રિયોનો વિનાશ કરવા અશક્ત થયો તેથી વનમાં ચાલ્યો ગયો.” હે મહારાજા! તે સમયે વિશ્વામિત્રનો પૌત્ર અને રૈભ્યનો પુત્ર મહાતપસ્વી પરાવસુ રાજા પૃથ્વીપર રાજ્ય કરતો હતો. તે રાજાએ એક દિવસે મનુષ્યોની સભાવચ્ચે પરશુરામને ધિક્કારી કાઢી કહ્યું કેઃ–“હે રામ ! યયાતિરાજાના નગરમાં યજ્ઞનિમિત્તે પ્રતર્દન આદિ જે સત્પુરુષો એકઠા થયા હતા તેઓ શું ક્ષત્રિય ન હતા કે ? અલબત્ત, તેઓ ક્ષત્રિયજ હતા. હે રામ ! તમે તમારી પ્રતિજ્ઞાને મિથ્યા કરી છે.તમે સર્વ ક્ષત્રિયોનો વધ કરી શક્યા નથી તોપછી મનુષ્યોની સભામાં શા માટે વ્યર્થ બડાઇ મારો છો ? તમે તો ક્ષત્રિયવીરના ભયના માર્યા પર્વતમાંજ ભરાઇ રહો છો, પણ તમે જાણો છો કે, વળી પાછી પૃથ્વી સેંકડો ક્ષત્રિયોથી સર્વ તરફ છવાઇ ગઈ છે.” પરાવસુ રાજાનું એ વચન સાંભળ્યા પછી પરશુરામે પુનઃ શસ્ત્ર

હાથમાં લીધું અને વળી પાછો સેંકડો ક્ષત્રિયોનો તેમણે સંહાર કરી નાખ્યો; પરંતુ તેમણે જે સેંકડો ક્ષત્રિયોના બાળકોને છોડી દીધા હતા તેઓ પુનઃ વૃદ્ધિ પામીને પૃથ્વીના મહા પરાક્રમી રાજાઓ થયા અને વળી પાછી પૃથ્વી ક્ષત્રિયોથી ભરાઇ ગઇ. હે રાજા! પછી તો પરશુરામે મોટા મોટા સર્વ ક્ષત્રિયોનો તથા ક્ષત્રિયોના બાળકોનો પણ ઘાણ કાઢી નાખ્યો; પરંતુ તે સમયે જે ક્ષત્રિયબીજો ગર્ભમાં રહી ગયાં હતાં, તેઓને છોડી દીધેલાં હોવાથી વળી પણ પૃથ્વી ક્ષત્રિયોથી વ્યાપ્ત થઇ ગઇ. તે જોઇ પુનઃ પરશુરામે પૃથ્વીને નિઃક્ષત્રિય કરી. મોટા નાના સર્વ ક્ષત્રિયોને મારી નાખ્યા, તેમજ જેઓ ગર્ભમાં હતા તેઓને પણ જેમ જેમ જન્મતા ગયા, તેમ તેમ મારી નાખવા માંડ્યા. તે સમયે કેટલીએક ક્ષત્રિય સ્ત્રીઓએ ગુપ્તપણે કેટલાએક ક્ષત્રિયોને જન્મ આપી રક્ષણ કર્યું હતું. સમર્થ પરશુરામે પણ એ રીતે એકવીશ વાર પૃથ્વીને ક્ષત્રિયોવિનાની કરીને એક અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. તેમાં આખી પૃથ્વીનું તેમણે કશ્યપ મુનિને દક્ષિણામાં દાન કરી દીધું. પછી તે કશ્યપમુનિએ, ગુપ્ત રીતે રાખવામાં આવેલા ક્ષત્રિયોનું રક્ષણ કરવા માટે, સ્રુવો ધારણ કરેલો હાથ ઉંચો કરીને પરશુરામને કહ્યું કેઃ—“હે મહામુનિ! તમે હવે દક્ષિણસમુદ્રના તીર ઉપર નિવાસ કરવા માટે ચાલ્યા જાઓ. હું તમને આજ્ઞા આપું છું કે, તમારે હવે મારા તાબામાં આવેલી પૃથ્વીપર કોઇ સ્થળે પણ રહેવું નહિ.” કશ્યપ મુનિનું વચન સાંભળ્યા પછી પરશુરામ દક્ષિણસમુદ્રને તીરે વસવા માટે ચાલ્યા ગયા અને સમુદ્રે પણ તેમને વસવા માટે શૂર્પારક નામનો પ્રદેશ નિર્માણ કરી દીધો, જેથી જમદગ્નિપુત્ર પરશુરામ, જેના બીજા છેડા ઉપર પૃથ્વીનો ભાગ હતો તેવા એ શૂર્પારક દેશમાં વસવા લાગ્યા.[૫૧-૬૭] હે મહારાજા! કશ્યપમુનિએ પરશુરામ પાસેથી તે પૃથ્વીનું દાન લીધા પછી આખી પૃથ્વી બ્રાહ્મણોને અર્પણ કરી દીધી અને પોતે તપશ્ચર્યા કરવામાટે મોટા વનમાં ચાલ્યા ગયા.[૬૮]

હે ભરતશ્રેષ્ઠ રાજા! એ રીતે બ્રાહ્મણોના હાથમાં પૃથ્વી ગઈ એટલે રાજ્યરક્ષણની યોગ્ય વ્યવસ્થાના અભાવે લોકો જેને જેમ ફાવે તેમ વર્તવા લાગ્યા. શૂદ્રો અને વૈશ્યો સ્વેચ્છાચારી બની ગયા અને તેઓએ ઉત્તમ ઉત્તમ બ્રાહ્મણોની સ્ત્રીઓ સાથે વ્યભિચારકર્મો કરવા માંડ્યાં.[૬૯] આખી પૃથ્વીપર અરાજકતા થઇ જવાથી અતિ બળવાન પુરુષો દુર્બળોને પીડવા લાગ્યા અને બ્રાહ્મણોમાં પણ કોઇના હાથમાં કોઈ જાતની પ્રભુતા રહી નહિ.[૭૦] આમ કેટલોએક સમય વીતી ગયો અને ધર્મની રક્ષા કરનારા ક્ષત્રિયોની વિધિપૂર્વક રક્ષા કોઈ સ્થળે પણ જ્યારે ન રહી, ત્યારે દુરાત્મા પુરુષોનાં અનેક દુરાચરણોથી ત્રાહિ ત્રાહિ પોકારી ગયેલી પૃથ્વી, એકદમ રસાતલમાં પેસી જવા તત્પર થવા લાગી. આમ રક્ષાહીન થઈ પડેલી પૃથ્વીને ત્રાસને લીધે રસાતલમાં પ્રવેશ કરતી જોઇ ઉદાર મનના કશ્યપ મુનિએ તેને પોતાની સાથળ ઉપર(ઉરુ ઉપર)ધારણ કરી રાખી. એ રીતે કશ્યપે પૃથ્વીને પોતાના ઉરુપર ધરી રાખી તેથી પૃથ્વીનું ‘ઉર્વી’ એવું નામ તે દિવસથી પ્રસિદ્ધ થયું છે.[૭૧-૭૩] પછી પૃથ્વીદેવીએ કશ્યપમુનિને પ્રસન્ન કરીને પોતાનું રક્ષણ કરનાર રાજા માટેનો વર માગતાં આ પ્રમાણે કહ્યું.[૭૪]

પૃથ્વી બોલીઃ—“હે મુનિ! જેઓ હૈહયક્ષત્રિયોના વંશમાં જન્મ્યા છે તેવા ઘણા શ્રેષ્ઠ ક્ષત્રિયોનું મેં ક્ષત્રિયસ્ત્રીઓદ્વારા રક્ષણ કર્યું છે. તેઓ હાલ હયાત છે, માટે તેઓ મારી રક્ષા કરે, એમ હું આપની પાસે માગું છું.[૭૫] હે પ્રભુ! પૌરવ રાજાનો વંશજ વિદૂરથ રાજાનો એક પુત્ર હાલ હયાત છે તે, ઋક્ષવાન પર્વતમાં રહીને રીંછોની સાથે ઉછરીને મોટો થયો છે.[૭૬] તેમજ મહાતેજસ્વી યાજ્ઞિક પરાશરે, સૌદાસ રાજાના પુત્રની પણ દયાને લીધે રક્ષા કરી છે.[૭૭] તે બિચારો ઉત્તમ ક્ષત્રિય છે, તોપણ હમણાં શૂદ્રની પેઠે સર્વ જાતનાં કર્મો કરી રહ્યો છે, તેથી તેનું “સર્વકર્મ” એવું નામ પ્રસિદ્ધ થયું છે. તે રાજા ભલે મારું રક્ષણ કરે.[૭૮] હે મુનિ! શિબિરાજાનો પુત્ર ગોપતિ ના-

મનો, વનમાં ગાયોની સાથે ઉછરીને હાલમાં મોટો થઈ ગયો છે. તે પણ મારૂં ભલે રક્ષણ કરે.[૭૯]તેમજ પ્રતર્દનનો વત્સ નામનો મહાબળવાન પુત્ર હાલ હયાત છે તે વાડામાં ગાયોનાં વાછરડાંઓની સાથે રહીને ઉછર્યો છે, માટે તે પણ રાજા થઈને મારૂં ભલે રક્ષણ કરે.[૮૦] વળી દધિવાહનના પૌત્ર અને દિવિરથના પુત્ર એક ક્ષત્રિય કુમારનું ગૌતમ ઋષિએ ગંગાકિનારે રાખીને રક્ષણ કર્યું છે.[૮૧] ઉપરાંત વળી મહાતેજસ્વી અને પુષ્કળ ઐશ્વર્યપાત્ર હોવાથી દીપી રહેલો બૃહદ્રથ નામનો એક મહાભાગ્યશાળી રાજકુમાર, ગૃધ્રકૂટપર્વતમાં ગોલાંગુલ વાનરોની રક્ષાતળે રહેલો છે.[૮૨] એજ પ્રમાણે મરુત્તરાજાના વંશના ઇંદ્રસમાન પરાક્રમી ઘણા ક્ષત્રિયકુમારોનું સમુદ્રના તટપર ગુપ્ત રીતે રક્ષણ કરવામાં આવ્યું છે.[૮૩] આ મેં ગણાવેલા એ સર્વ રાજકુમારો તે તે સ્થળે રહેલા પ્રસિદ્ધ રીતે સાંભળવામાં આવે છે; પરંતુ તેઓ હાલના સમયમાં કડીઆ, સુતાર, સોની વગેરે જાતિઓનો આશ્રય કરીને રહેલા છે.[૮૪] તે રાજકુમારો જો મારૂં રક્ષણ કરશે તોજ હવે હું નિશ્ચળ રહી શકીશ; કારણ કે તેઓના પિતાઓ તથા પિતામહો કેવળ મારામાટેજ પરાક્રમી પરશુરામ સાથે યુદ્ધ કરીને માર્યા ગયા છે; માટે હે મહામુનિ ! તેઓના ઋણમાંથી મુક્ત થવા માટે મારે તેઓના વંશજોનો યોગ્ય સત્કાર કરવોજ જોઇએ.[૮૫,૮૬] વળી હું ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરનાર દુરાત્મા પુરુષોના રક્ષણતળે રહેવા હવે ઇચ્છતી નથી; પરંતુ ધર્મમાર્ગમાં રહેનારા પુરુષોના રક્ષણતળેજ રહેવામાટે ઇચ્છું છું, માટે સત્વર તમે મારૂં રક્ષણ કરે તેવા ક્ષત્રિયોની યોજના કરી દ્યો."[૮૭]

શ્રીકૃષ્ણ કહે છેઃ-હે યુધિષ્ઠિર રાજા! તે પછી પૃથ્વીદેવીએ દર્શાવેલા તે તે સર્વ વીર્યવાન ક્ષત્રિયકુમારોને શોધી આણી કશ્યપ મુનિએ, તેઓનો રાજાઓતરીકે પૃથ્વીપર અભિષેક કર્યો.[૮૮] અને પછી તો તેઓના પુત્રો, પૌત્રો અને બીજા તેઓના ઘણા વંશજો આ પૃથ્વીપર રાજ્ય કરી ગયા. આ રીતે તમે મને જેના સંબંધનો પૂર્વે ઇતિહાસ પૂછ્યો હતો તેનું વૃત્તાંત મેં તમને કહ્યું."[૮૯]

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય ! ધાર્મિકોમાં શ્રેષ્ઠ રાજા યુધિષ્ઠિરને આમ કહીને યદુવીર મહાત્મા શ્રીકૃષ્ણ, રથમાં બેસીને ભગવાન સૂર્યની પેઠે દિશાઓને પ્રકાશિત કરતા એકદમ વેગથી આગળ જવા લાગ્યા.[૯૦]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં "પરશુરામનું ઉપાખ્યાન" એ વિષયનો અધ્યાય ૪૯ મો સમાપ્ત.

अध्याय ५० मो

શ્રીકૃષ્ણ અને ભીષ્મ

॥ वैशंपायन उवाच ॥

ततो रामस्य तत्कर्म श्रुत्वा राजा युधिष्ठिरः॥
विस्मयं परमं गत्वा प्रत्युवाच जनार्दनम् ॥१॥

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય રાજા ! શ્રીકૃષ્ણે કહેલું તે પરશુરામનું ચરિત્ર સાંભળીને રાજાયુધિષ્ઠિર પરમ વિસ્મય પામ્યા. તેમણે શ્રીકૃષ્ણપ્રત્યે કહ્યું કે,[૧] "અહો શ્રીકૃષ્ણ! જેમણે ક્રોધે ભરાઇને પૃથ્વીને એકવીસ વાર નિઃક્ષત્રિયા કરી હતી, તે મહાત્મા પરશુરામનું પરાક્રમ ઇંદ્રના સરખુંજ અદ્ભુત છે.[૨] અહો ! કેટલું બધું આશ્ચર્ય ! પરશુરામના ભયથી ઉદ્વિગ્ન થયેલા ક્ષત્રિયોના કુળધુરંધર કુમારોની તે સમયે ગાયોએ, સમુદ્રે, ગોલાંગૂલોએ, રીંછોએ તથા વાનરોએ રક્ષા કરી હતી.[૩]અહો! આ મનુષ્યલોક ધન્યવાદને પાત્ર છે તથા પૃથ્વીપરના સર્વ મનુષ્યો પણ ખરેખર ભાગ્યશાળી છે, કારણ કે તે ઠેકાણે બ્રાહ્મણ પરશુરામે આવું ધાર્મિક કૃત્ય કર્યું છે."[૪] હે તાત જનમેજય! એ પ્રમાણે અન્યોન્ય વાર્તાલાપ કરતા તે યુધિષ્ઠિર અને શ્રીકૃષ્ણ, જ્યાં ગંગાપુત્ર ભીષ્મપિતામહ, બાણશય્યામાં સૂતા હતા ત્યાં જઇ પહોંચ્યા.[૫] એ સમયે બાણશય્યામાં પોઢેલા ભીષ્મપિતામહ, પોતાનાં કિરણજાળથી વીંટાયલા સાયંકાલના સૂર્યસમાન તેજસ્વી જણાતા હતા. તેમનાં તેઓએ દૂરથી દર્શન કર્યાં.[૬] પરમધર્મિષ્ઠ

ઓઘવતી નદીના તટપર આવેલા કુરુક્ષેત્રના પ્રદેશમાં ભીષ્મ સૂતા હતા; અને દેવો જેમ ઇંદ્રનું ઉપાસન કરે, તેમ મુનિગણો તેમનું ઉપાસન કરી રહ્યા હતા–અર્થાત્ સંખ્યાબંધ મુનિઓ તેમની પાસે બેઠા હતા.[૭] શ્રીકૃષ્ણ, ધર્મરાજા, ચારે પાંડવો તથા કૃપાચાર્ય આદિ મહાપુરુષો દૂરથીજ તેમનાં દર્શન થતાં પોતપોતાના રથોપરથી નીચે ઉતરી પડ્યા; અને ચંચલ મનને નિયમમાં રાખી, સર્વ ઇંદ્રિયોને એકાગ્ર કરી જ્યાં આગળ મહામુનિઓ બેઠા હતા, ત્યાં તેઓની સમીપમાં ગયા.[૭-૯] શ્રીકૃષ્ણ, સાત્યકિ અને તે રાજાઓ (પાંડવો), પ્રથમ વ્યાસ આદિ મહર્ષિઓને નમ્યા અને પછી ગંગાપુત્ર ભીષ્મની પાસે જઇ ઉભા રહ્યા.[૧૦] તે પછી ગંગાના પુત્ર વૃદ્ધ ભીષ્મનાં દર્શન કરી તે સર્વ મહાપુરુષો તેમને વીંટાઇ વળીને બેઠા;[૧૧] અને શાંત થતા અગ્નિ સરખા જણાતા એ ગંગાકુમાર સન્મુખ દૃષ્ટિ કરીને મનમાં કંઈક ઉદાસ થયેલા શ્રીકેશવ (શ્રીકૃષ્ણ), ભીષ્મપ્રત્યે બોલ્યા કેઃ–[૧૨] "હે વક્તાઓમાં શ્રેષ્ઠ ભીષ્મ ! તમારાં સર્વ જ્ઞાનો પૂર્વની પેઠે નિર્મળ છે વારૂ ? તમારી બુદ્ધિ વ્યાકુળ તો નથી ?[૧૩] બાણોના આવા સખત પ્રહારો થયા છતાં તમારાં ગાત્રોમાં પીડા થતી નથી? મને તો જણાય છે કે, માનસિક દુઃખના કરતાં શારીરિક દુઃખ ઘણું વિશેષ બળવાન હોય છે. હે સમર્થ ભીષ્મ ! નિત્ય ધર્મનિષ્ઠ તમારા પિતા શંતનુના વરદાનથી તમે સ્વેચ્છામરણ સંપાદન કર્યું છે. તેને માટે હું સત્યજ કહું છું કે, આવા સ્વેચ્છામરણના કારણભૂત તેવી મહાન પિતૃભક્તિ જ્યારે મેં પોતે પણ કરી નથી, ત્યારે અન્ય મનુષ્યે તો ક્યાંથીજ કરી હશે ![૧૫] હે રાજા ! એક અતિ સૂક્ષ્મ કાંટો પણ જો શરીરમાં ખૂંપી જાય છે તો તે પણ ઘણી વેદના કરનારા થઇ પડે છે, ત્યારે બાણોના મોટા જથ્થાથી તમારૂં શરીર વ્યાપ્ત થઈ ગયું છે, જેથી તમને ઘણી મોટી વ્યથા થાય એમાં શું પૂછવાનું છે ?[૧૬] હે ભારત ! પ્રાણીઓની ઉત્પત્તિ અને નાશ કેવી રીતે થાય છે, તેના સંબંધમાં તમને જે કંઇ કહેવું તે ખરેખર અયોગ્યજ છે; કારણ કે તમે દેવોને પણ તે વિષયમાં ઉપદેશ આપવા સમર્થ છો; અર્થાત્ તમે સર્વજ્ઞ હોવાથી તમને ઉપદેશ આપવો તે યોગ્યજ નથી.[૧૭] હે મહાપુરુષ ભીષ્મ! ભૂત, ભવિષ્ય અને વર્તમાનવિષયક સર્વ જ્ઞાન તમારી બુદ્ધિમાં સ્થિર થઈને રહેલું છે, તેથીજ તમે કેવળ વયોવૃદ્ધ નહિ હોઇને જ્ઞાનવૃદ્ધ પણ છો.[૧૮] હે મહાબુદ્ધિ ભીષ્મ! પ્રાણીઓનો સંહાર કેવી રીતે થાય છે અને ધર્માચરણ કરવાથી મનુષ્યોને કેવી રીતે ફલોદય પ્રાપ્ત થાય છે, એ સર્વ વાત તમારા જાણવામાં છે; કારણ કે તમે ધર્મના એક નિધિ છો.[૧૯] તમે જ્યારે મહાસમૃદ્ધિપૂર્ણ મહારાજ્યમાં રહેતા હતા, ત્યારે તમારાં સર્વ અંગો સંપૂર્ણ રીતે નીરોગી હતાં તથા તમારા શરીરના અવયવોમાં એકની પણ ન્યૂનતા ન હતી; છતાં હજારો સ્ત્રીઓના ટોળાંઓના મધ્યમાં પણ હું તમને ઊર્ધ્વરેતાજ (બ્રહ્મચારીજ) જોતો હતો.[૨૦] હે રાજા ! સત્યધર્મનિષ્ઠ, મહાવીર્યવાન, શૌર્યસંપન્ન તથા નિત્યધર્મપરાયણ શંતનુકુમાર ભીષ્મવિના આ ત્રિલોકીમાં આજદિનપર્યંત તેવો એક પણ પુરુષ અમારા સાંભળવામાં આવ્યો નથી કે, જેણે આવી બાણશય્યામાં શયન કરી પોતાનાં તપોબળથી નૈસર્ગિક મૃત્યુને અટકાવી રાખ્યું હોય;[૨૧,૨૨] તેમજ સત્યમાં, તપમાં, દાનમાં, યજ્ઞકર્મમાં, ધનુર્વેદમાં, વેદવિજ્ઞાનમાં, નીતિશાસ્ત્રમાં, શરણાગતનું રક્ષણ કરવામાં, દયાલુતામાં, પવિત્રતામાં, ઇંદ્રિયોના સંયમમાં તથા સર્વ ભૂતોનું હિત કરવાની સાહજિક અભિરતિમાં તમારી તુલના કરે તેવો બીજો કોઈ પણ મહારથી અમારા સાંભળવામાં આવ્યો નથી.[૨૪] તમે તમારા એક રથમાંજ બેસીને (બીજા કોઇની સહાય લીધાવિના) દેવોને, ગંધર્વોને, અસુરોને, યક્ષોને તથા રાક્ષસોને જીતવા માટે સમર્થ છો, એમાં લગારે સંશય નથી.[૨૫] હે મહાબાહુ ભીષ્મ! ઉત્કૃષ્ટ ગુણસંપન્ન તથા ઇંદ્રસમાન પરાક્રમી તમને બ્રાહ્મણો, વસુઓના(તે નામના દેવોના) અંશમાંથી ઉત્પન્ન થયેલા નવમા વસુ તરિકેજ કહે છે.[૨૬] હે મહાપુરુષ ! પોતાની

શક્તિના પ્રભાવથી દેવોના મધ્યમાં પણ વિખ્યાત થયેલા તમે એક ઉત્તમ પુરુષ છો, એ હું સારી પેઠે જાણું છું.[૨૭] હે મનુષ્યોના ઇંદ્ર! મનુષ્યોમાં તમારાસરખો એક પણ મનુષ્ય મેં જોયો નથી કે સાંભળ્યો નથી; અથવા તમારા ગુણો જેવા ગુણોથી યુક્ત એવો એક પણ પુરુષ આ પૃથ્વીપર કોઇ સ્થળે નથી.[૨૮] હે રાજન્! સર્વ પ્રકારના ગુણસમુદાયોથી તમે દેવોના કરતાં પણ ઘણા અધિક છો; એટલુંજ નહિ પણ તમે તમારી તપની શક્તિથી બીજા સ્થાવરજંગમ લોકની રચના કરવામાં પણ સમર્થ છો,[૨૯] તોપછી મહાઉત્તમ ગુણવાળા અનુત્તમ દિવ્ય લોકોની તમે તમારે પોતાને માટે પ્રાપ્તિ કરશો, એમાં શું આશ્ચર્ય છે? હે ભીષ્મ! જ્ઞાતિઓનો સંહાર કરીને પાંડુના જ્યેષ્ઠપુત્ર આ યુધિષ્ઠિર નિત્ય સંતાપ કર્યા કરે છે, માટે તેના શોકને તમે દૂર કરો. હે ભારત! ચાતુર્વર્ણ્ય મનુષ્યલોકના ચાતુરાશ્રમ્ય (ચારે આશ્રમોને લગતા) જે ધર્મો ધર્મશાસ્ત્રોમાં કહેલા છે, તે સર્વ તમારા જાણવામાં છે; તેમજ હે ભારત! ચાર વેદ, યજ્ઞાદિ પ્રકરણ તથા યોગ અને સાંખ્યમાં જે સનાતન ધર્મો કહેવામાં આવ્યા છે,તે તથા જેનું સેવન કરવાથી ચારે વર્ણોને કોઇ જાતનો વિરોધ ન આવે તેવા સર્વસામાન્ય ધર્મને પણ વ્યાખ્યાસહિત તમે જાણો છો. વળી પ્રતિલોમ આદિ સંકર જાતિઓનો જે ધર્મ છે તથા દેશ, જાતિ અને કાળને અનુસરતું જે ધર્મલક્ષણ છે, તે અને વેદમાં કહેલા તથા શિષ્ટપુરુષોએ પ્રતિપાદન કરેલા જે સચ્ચારિત્ર્યમાટેના ધર્મો છે, તેનું પણ તમને જ્ઞાન છે; એટલુંજ નહિ પરંતુ ઇતિહાસ તથા પુરાણની સર્વ કથાઓનું તમને સંપૂર્ણ જ્ઞાન છે,અને આખું ધર્મશાસ્ત્ર તો તમારામાંજ રમી રહ્યું છે.[૩૦-૩૬] હે મહાપુરુષ! આ જગતમાંહેના જે જે વિષયો સંશયાસ્પદ છે, તે તે વિષયોના સર્વ સંશયોનો નાશ કરનારા તમારાવિના બીજો કોઇ પણ નથી,[૩૭] માટે હે નરેંદ્ર! યુધિષ્ઠિરના મનમાં ઉત્પન્ન થયેલા શોકને તમે તમારી બુદ્ધિથી નાશ કરો; કારણ કે તમારા જેવા ઉત્તમ અને વિશાળ બુદ્ધિસંપન્ન મહાપુરુષો, મોહવશ થયેલા મનુષ્યને ઉપદેશદ્વારા શાંતિજનક થાયજ છે.[૩૮]

ઈતિ શ્રીમહાભારતમ શાંતિપર્વાંતર્ગત રાજ-
ધર્માનુશાસન પર્વમાં "શ્રીકૃષ્ણ વાક્ય' એ
વિષયનો અધ્યાય ૫૦ મો સમાપ્ત.

अध्याय ५१ मो

ભીષ્મ અને શ્રીકૃષ્ણનો સંવાદ

॥ वैशंपायन उवाच ॥

श्रुत्वा तु वचनं भीष्मो वासुदेवस्य धीमतः ॥
किंचिदुन्नाम्य वदनं प्रांजलिर्वाक्यमब्रवीत्॥१॥

વૈશંપાયન બોલ્યા:—હે જનમેજય! બુદ્ધિમાન શ્રીકૃષ્ણનાં એ-વચન સાંભળ્યા પછી ભીષ્મ પિતામહે મુખને સહેજ ઉંચું કર્યું ને પછી બે હાથ જોડી તે આ પ્રમાણે બોલ્યા.[૧]

ભીષ્મ કહે છે:—"હે ભગવન્! શ્રીકૃષ્ણ! તમે લોકોનાઉત્પાદક તથા સંહારક છો,સર્વદા અજિત છો અને સર્વના સ્રષ્ટા તથા સંહર્તા પણ તમેજ છો;માટે હું તમને નમસ્કાર કરૂં છું.[૨] હે વિશ્વકર્મન્! હે વિશ્વાત્મન્! હે વિશ્વોત્પાદક! હે મોક્ષસ્વરૂપ! પંચમહાંભૂતોથી પર રહેલા તમને હું પ્રણામ કરૂં છું.[૩] હે યોગીશ્વર! તમે ત્રણે લોકથી પર છો, ત્રણે કાળમાં અગમ્ય છો અને સર્વના પરમ આશ્રયસ્થાન છો, જેથી હું તમને નમસ્કાર કરૂં છું.[૪] હે પુરુષોત્તમ! તમે મારા સંબંધમાં જે જે વચનો કહ્યાં તેના પ્રભાવથી હું ત્રણે લોકમાં રહેલા સર્વ દિવ્ય પદાર્થોને જોઈ શકું છું.[૫] વળી હે ગોવિંદ! તમારૂં જે સનાતન સ્વરૂપ છે, તેનાં પણ મને દર્શન થયાં છે અને મને પ્રત્યક્ષ થાય છે કે, મહાતેજસ્વી વાયુના પ્રવહ, નિવહ આદિ સાતે માર્ગોને તમે રૂંધી દીધા છે. સ્વર્ગ તમારા મસ્તકથી વ્યાપ્ત થયું છે, બે ચરણોથી દેવી વસુંધરા વ્યાપ્ત થયેલી છે, દિશાઓ તમારી ભુજાઓ છે, સૂર્યચંદ્ર તમારાં નેત્ર છે તથા શુક્ર તમારા વીર્યમાં રહ્યો છે.[૬,૭] અળસીના પુષ્પસમાન શ્યામ કાંતિવાળું, પીળા પીતાંબરને ધારણ કર-

નારૂં તથા અસ્ખલિત ચેતનાશક્તિવાળું તમારૂં આ દિવ્ય શરીર, વિજળીવાળા મેઘસરખું અમને જણાય છે.[૮] હે કમળનયન ઉત્તમ દેવ ! હું તમારો ભક્ત છું, વળી શરણે આવ્યો છું અને ઈષ્ટ ગતિ સંપાદન કરવા આવ્યો છું, માટે હે ભગવન્! મારૂં જેનાવડે શ્રેય થાય તેનો તમે વિચાર કરો."[૯]

શ્રીવાસુદેવ બોલ્યાઃ–"હે મહાપુરુષ! તમારી મારાપર પરમ ભક્તિ છે તેથી મેં તમને મારૂં આ દિવ્ય શરીર પ્રદર્શિત કર્યું છે.[૧૦] હે ભરતવંશી રાજેંદ્ર! જે પુરુષ મારો ભક્ત નથી, સરલ સ્વભાવનો નથી અને શાંતિસંપન્ન નથી તેને મારા સ્વરૂપનાં હું દર્શન કરાવતો નથી.[૧૧] હે ભીષ્મ! તમે તો મારા ભક્ત છો, નિત્ય સરલગુણસ્વભાવ છો, ઇંદ્રિયનિગ્રહ, તપશ્ચરણ અને સત્ય ભાષણમાં નિરંતર આસક્ત છો અને પવિત્ર છો, તેથી હે રાજન્! પોતાના તપોબલના પ્રભાવથી તમે મારૂં દર્શન કરવાને યોગ્ય છો અને તેથીજ તમે જ્યાંથી પુનરાવૃત્તિ થતી નથી તેવા દિવ્ય લોકો મેળવ્યા છે.[૧૨,૧૩] *હે કુરુવીર ભીષ્મ! તમારા જીવિતના હવે ત્રીસ દિવસો અવશેષ રહેલા છે, પરંતુ તે ત્રીસ દિવસોમાં તમે સો દિવસોથી કરી શકાય તેટલું કાર્ય કરી શકશો અને પછી તે ત્રીસ દિવસો પૂર્ણ થતાં શરીરનો ત્યાગ કરી શુભ કર્મોના પુણ્ય ફલોદયને લીધે નિર્માણ કરાયલા દિવ્ય લોકોમાં તમે જશો.[૧૪] જુઓ, પેલી તરફ દષ્ટિ કરો. ધગધગતા અગ્નિસમાન તેજસ્વી પેલા દિવ્યસ્વરૂપી વસુઓ, વિમાનોમાં બેસીને અહીં આવ્યા છે અને તેઓ સૂર્ય ઉત્તરાયણના થાય ત્યાંસુધી અંતરિક્ષમાં રહીને તમારી રાહ જોયા કરે છે.[૧૫] હે મહા વીરપુરુષ! કાળને અધીન એવા આ જગતમાં આવીને ભગવાન સૂર્યદેવ જ્યારે ઉત્તરમાં ગમન કરશે, ત્યારે તમે એવા દિવ્ય લોકોમાં જશો કે જે લોકની પ્રાપ્તિ કર્યા પછી જ્ઞાની પુરુષ પુનઃ સંસાર તરફ પાછો ફરતો નથી;[૧૬] પરંતુ હે વીર ભીષ્મ! તમે જ્યારે દિવ્ય લોકોમાં પ્રયાણ કરશો, ત્યારે આ જગતમાંહેનાં સર્વ વિજ્ઞાનો સંપૂર્ણ રીતે નષ્ટ થઇ જશે. આવા હેતુથી આ બધા, તમારા મુખથી ધર્મનું વિવેચન સાંભળવા માટે એકઠા મળી અહીં તમારી

---

* આ ચૌદમા શ્લોકના મૂળમાં ઉપલક દષ્ટિએ જોતાં હરકોઇને તેવોજ અર્થ ભાસિત થાય કે, "હે ભીષ્મ! તમારા જીવિતના હવે છપ્પન દિવસો બાકી છે." પરંતુ અમે આ શ્લોકનો અર્થ નીલકંઠને અનુસરી લખ્યો છે. નીલકંઠે, આગળ પાછળનો સંબંધ જોઇને તે અર્થ યોગ્યજ કર્યો છે. તેણે મૂળમાંહેનાં '**पंचाशतं**' એ પદને એક નહિ માનતાં જૂદાં જૂદાં માની '**पंच**' અને '**आशतं**' એવો છેદ કર્યો છે અને પછી '**पंच**' પદનો '**षट्**' પદની સાથે સંબંધ કરી, 'પાંચે ગુણેલા છે' એવો અર્થ કરી ત્રીસ દિવસની સંખ્યા કાઢી છે અને '**आशतं**' એ પદનો 'સો દિવસ' એવો અર્થ કર્યો છે. ને પછી તાત્પર્યમાં સ્પષ્ટ આશય એવો જણાવ્યો છે કે, "હે ભીષ્મ! તમારૂં આયુષ હવે ત્રીસ દિવસનું છે, પરંતુ તે ત્રીસ દિવસમાં તમે સો દિવસોના જેટલું કાર્ય કરી શકશો." વળી નીલકંઠ આ સ્થળે લખે છે કે, પોતાના પ્રાણત્યાગના સમયે ભીષ્મ યુધિષ્ઠિરને કહેશે કે, "**अष्टपंचाशतं रात्र्यः शयानस्याद्य मे गताः**"–હે યુધિષ્ઠિર! આ બાણશય્યામાં સૂતાં સૂતાં આજે મારી અઠ્ઠાવન રાત્રિઓ વીતી ગઇ છે." આ ભીષ્મના વાક્યમાં એવો આશય છે કે, "આજે ત્રીસ દિવસો થયાં હું તને ઉપદેશ આપી રહ્યો છું અને તે પહેલાં અઠ્ઠાવીસ દિવસો આ બાણશય્યામાં મારા વીતી ગયા છે." આ વાક્યપરથી તે અઠ્ઠાવન દિવસોની સંખ્યા આ પ્રમાણે હોવી જોઇએ. મહાભારતના યુદ્ધના દશમે દિવસે ભીષ્મ પડ્યા તે પછી આઠ દિવસ યુદ્ધ ચાલ્યું. યુદ્ધ પૂરૂં થયા પછી સોળ દિવસ પર્યંત યુયુત્સુએ તથા પાંડવોએ દુર્યોધનનું સૂતક પાળી નગરની બહાર નિવાસ કર્યો. તે પછી પચીસમે દિવસે સર્વની શ્રાદ્ધક્રિયા કરવામાં આવી, છવ્વીસમે દિવસે નગરમાં પ્રવેશ કર્યો. સત્તાવીસમે દિવસે રાજ્યાભિષેક થયો, અઠ્ઠાવીસમે દિવસે પ્રજામંડલનું સાંત્વન અને અભ્યુદયનિમિત્ત દાન આદિ કર્યાં અને ઓગણત્રીસમે દિવસે ભીષ્મ પાસે ધર્મોપદેશ સાંભળવા માટે આવ્યા તે દિવસથી આરંભી ત્રીસ દિવસોપર્યંત ભીષ્મ જીવ્યા. આ રીતે અઠ્ઠાવન દિવસો થાય છે.

પાસે આવ્યા છે;[૧૭] માટે સંબંધીઓના શોકથી નષ્ટ થયેલા જ્ઞાનવાળા તથા સત્ય પ્રતિજ્ઞાવાળા આ યુધિષ્ઠિરને તમે ધર્મ તથા અર્થવિષયક સમાધાનથી યુક્ત એવું સત્ય શિક્ષણ આપો અને તેના શોકને સત્વર દૂર કરો."[૧૮]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "શ્રીકૃષ્ણનાં વાક્યો" એ વિષયનો અધ્યાય ૫૧ મો સમાપ્ત.

अध्याय ५२ मो

ભીષ્મને શ્રીકૃષ્ણનું વરપ્રદાન

वैशंपायन उवाच

ततः कृष्णस्य तद्वाक्यं धर्मार्थसहितं हितम्॥
श्रुत्वा शांतनवो भीष्मः प्रत्युवाच कृतांजलिः॥

વૈશંપાયન બોલ્યા:-હે જનમેજય! ધર્માર્થયુક્ત એવું શ્રીકૃષ્ણનું તે હિતવાક્ય સાંભળ્યા પછી શંતનુકુમાર ભીષ્મે, બે હાથ જોડીને પ્રત્યુત્તર આપ્યો કે:-[૧] "હે લોકના નાથ! હે મહાબાહુ! હે શિવ! હે નારાયણ! હે અચ્યુત! તમારૂં વાક્ય સાંભળીને હું હર્ષમાં મગ્ન બની ગયો છું.[૨] હું તમારી પાસે જે કંઇ બોલીશ તે તમારાં વાક્યોજ તમારી પાસે બોલીશ; કારણ કે, વાણીના સર્વ વિષયો તમારી વેદરૂપ વાણીમાં અંતર્ગત થઈ જાય છે.[૩] આ લોકમાં કે પરલોકમાં, ભૂત, ભવિષ્ય કે વર્તમાન કાળમાં જે કોઈ સ્થળે જે કંઇ કર્તવ્યને વિદ્વાનો કરી રહ્યા છે, તે સર્વ, બુદ્ધિમાન એવા તમારામાંથીજ ઉત્પન્ન થયેલું હોય છે.[૪] વિશ્વમાંહેનો જે કોઈ પુરુષ દેવરાજાની પાસે સ્વર્ગલોકનું વર્ણન કરી શકે તે પુરુષ કદાચ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું તમારી પાસે વર્ણન કરી શકે.[૫] વળી હે મધુસૂદન! બાણોના પ્રહારને લીધે મારૂં મન વ્યથિત થઇ ગયું છે, શરીરના સર્વ અવયવોમાં ભારે વેદના થાય છે અને મારી બુદ્ધિ પ્રસન્નતારહિત થઇ ગઈ છે.[૬] હે ગોવિંદ! વિષ તથા અગ્નિસમાન દાહ કરનારાં આ બાણોના પ્રહારને લીધે મને એટલી બધી પીડા થાય છે કે, કોઇ જાતનું ભાષણ કરવા માટે મારી પ્રતિભા કામજ કરી શકતી નથી-મારામાં કોઈ જાતની સ્ફૂર્તિજ રહી નથી.[૭]

મારૂં બળ જાણે મને ત્યજી જતું હોય તેમ લાગે છે, મારા પ્રાણો પણ હવે ઉતાવળ કરી રહ્યા છે, મારા સર્વ મર્મભાગોમાં બળતરા થઇ રહી છે અને મારૂં ચિત્ત ભ્રમિત થઇ ગયું છે.[૮] વળી એટલો શક્તિહીન થઇ ગયો છું, કે જેથી મારી વાણી સ્ખલન પામે છે-અવિચ્છિન રીતે હું બોલી શકતો પણ નથી; માટે હે યદુકુલની વૃદ્ધિ કરનાર શ્રીકૃષ્ણ! મારા ઉપર કૃપા કરી તમે પ્રસન્ન થાઓ અને હે મહાબાહુ! આ સમયે હું કંઈ પણ બોલી શકું તેમ નથી, તેને તમે ક્ષમા કરો; વળી હે અચ્યુત! તમારી સમક્ષ બોલતાં જો બૃહસ્પતિને પણ ભય ઉત્પન્ન થાય તો પછી મારી શી વિસાત?[૯,૧૦] હે મધુસૂદન! મને આ સમયે દિશાઓનું, આકાશનું કે પૃથ્વીનું કંઇ પણ ભાન નથી. હું તો કેવળ તમારા વીર્યપ્રભાવથી આ સ્થિતિમાં પણ નભી રહ્યો છું;[૧૧] માટે તમેજ ધર્મરાજાને જે કંઇ હિતોપદેશ આપવો હોય તે આપો, વિલંબ કરો મા; કારણ કે તમે સર્વ શાસ્ત્રોના પણ શાસ્ત્ર છો.[૧૨] વળી જગતના સ્રષ્ટા અને સનાતન એવા તમે-શ્રીકૃષ્ણ અહીં ઉભા છો, ત્યારે તમારી સમક્ષમાં મારા જેવો કયો પુરુષ ધાર્મિક વિષયોની ચર્ચા કરી શકે તેમ છે? છતાં હું તે ધર્મચર્ચા જો કરૂં તો ગુરુની હયાતીમાં શિષ્યનું ડહાપણ જેમ અવિનયરૂપ ગણાય છે તેમ, મારો પણ અવિનયજ ગણાય."[૧૩]

શ્રીકૃષ્ણ બોલ્યા:-"હે ભીષ્મ! કૌરવકુલધુરંધર, મહાવીર્યવાન, અતિ બલસંપન્ન, સ્થિરબુદ્ધિ અને સર્વાર્થદ્રષ્ટા એવા તમે જે વચનો કહ્યાં તે યોગ્યજ છે.[૧૪] હે ગંગાપુત્ર! બાણોના પ્રહારની વેદનાના સંબંધમાં તમે જે કહ્યું તેને માટે હે સમર્થ ભીષ્મ! હું તમને પ્રસન્નતાપૂર્વક વર આપું છું તેનો તમે સ્વીકાર કરો.[૧૫] હે ગંગાકુમાર! મારા પ્રસાદથી તમને ગ્લાનિ, મૂર્છા,

દાહ, વ્યથા, ક્ષુધા કે તૃષા કોઈ જાતની અસર કરી શકશે નહિ [૧૬] વળી હે નિર્દોષ ભીષ્મ! તમારા અંતઃકરણમાં સર્વ પ્રકારનાં જ્ઞાનો સ્ફુરી નીકળશે અને તમારી બુદ્ધિ કોઈ વિષયમાં પણ સ્ખલન પામશે નહિ. [૧૭] હે ભીષ્મ! તમારૂં મન નિત્ય સત્ત્વગુણમાં સ્થિર રહેશે અને મેઘમંડલથી મુક્ત થયેલા ચંદ્રની પેઠે રજોગુણ તથા તમોગુણથી મુક્ત રહી નિર્મળ થશે. [૧૮] તમે જે કંઈ ધર્મવિષયક અથવા અર્થવિષયક ચિંતન કરશો તેમાં તમારી બુદ્ધિ ઉત્કૃષ્ટપણે આગળ વધશે. [૧૯] હે મહાપરાક્રમી રાજસિંહ! સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જ અને જરાયુજ, એ ચારે પ્રકારના ભૂતસમુદાયોને તમારી દિવ્ય દષ્ટિ પ્રત્યક્ષ જોઈ શકશે; [૨૦] અને હે ભીષ્મ! નિર્મળ જળમાં માછલું જેમ સર્વ પદાર્થોને જોઇ શકે છે, તેમ તમે પણ આ સંસારમાં જન્મમરણ પામતી સર્વ પ્રજાઓને જ્ઞાનદષ્ટિદ્વારા યથાર્થ રીતે જોઈ શકશો."

વૈશંપાયને કહ્યું:-હે જનમેજય! તે પછી વ્યાસ-આદિક સર્વ મહર્ષિઓએ, ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદનાં મંત્રવચનોથી શ્રીકૃષ્ણની સ્તુતિ કરી. [૨૨] તે સમયે ભીષ્મ અને યુધિષ્ઠિરની સાથે શ્રીકૃષ્ણ જે સ્થળે બેઠા હતા, તે સ્થળે આકાશમાંથી સર્વ ઋતુઓનાં દિવ્ય પુષ્પોની વૃષ્ટિ પડી. [૨૩] ઉપરાંત, સર્વ પ્રકારનાં દિવ્ય વાદિત્રો વાગવા લાગ્યાં, અપ્સરાઓ ગાવા લાગી અને એ વેળા ત્યાં અહિત કે અનિષ્ટ કંઇ પણ જોવામાં આવતું ન હતું. [૨૪] કલ્યાણકારક, સુખકારક અને પવિત્ર એવો વાયુ સર્વજાતના સુગંધોને વહીને વાવા લાગ્યો તથા સર્વ શાંત દિશાઓમાં મૃગો અને પક્ષીઓના ગણો મધુર શબ્દો કરવા લાગ્યા. [૨૫] તે પછી એક મુહૂર્તકાળમાં સહસ્રકિરણ ભગવાન સૂર્ય, નિર્જન પ્રદેશમાં અરણ્યને જાણે બાળતો હોય, તેમ પશ્ચિમ દિશામાં દેખાયો. [૨૬] તે જોઇ સર્વ મહર્ષિઓ પોતપોતાને સ્થાનકે જવા માટે ઉભા થઇને શ્રીકૃષ્ણની, ભીષ્મની તથા રાજા યુધિષ્ઠિરની આજ્ઞા માગવા લાગ્યા. [૨૭] એટલે શ્રીકૃષ્ણે, યુધિષ્ઠિરે, સાત્યકિએ, સંજયે તથા કૃપાચાર્યે તે ધર્માસક્ત મુનિઓને પ્રણામ કર્યાં અને વિધિપૂર્વક પૂજા કરી. પછી તે મહર્ષિઓ, "આવતી કાલે પાછા અમે આવીશું" એમ કહીને ઉતાવળા યથેષ્ટ સ્થાને વિદાય થયા. [૨૮,૨૯] તેમજ શ્રીકૃષ્ણ અને પાંડવો પણ ભીષ્મપિતામહની આજ્ઞા લઈ, તેમની પ્રદક્ષિણા કરી પોતપોતાના સુંદર રથોપર બેઠા. [૩૦] ત્યારે, મોટા પર્વતોસમાન દેખાવના તથા સુવર્ણના અદ્ભુત ઉંટડાવાળા રથોવડે, મદ ઝરતા હાથીઓવડે, ગરુડની પેઠે ઝડપથી ચાલનારા ઘોડાઓવડે તથા ધનુષ્યોને ધારણ કરનારા પાળાઓવડે ભરપૂર એવી પાંડવી સેના, મહાનદી નર્મદા જેમ ઋક્ષવાન પર્વતના આગળપાછળના ભાગમાં વહે છે, તેમ કૃષ્ણસહિત પાંડવોના રથોની આગળપાછળના ભાગમાં ઝડપથી ચાલવા લાગી. [૩૧,૩૨] તેજ સમયે તે સેનાને હર્ષ પમાડતા અને જેઓના રસનું સૂર્યે પાન કર્યું હતું તેવી મહૌષધીઓને પુનઃ પોતાના ગુણથી યુક્ત કરતા ભગવાન ચંદ્ર, પૂર્વ દિશામાં ઉદય પામ્યા. [૩૩] તે પછી યાદવશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ અને પાંડવો, દેવનગરસમાન શોભાવાળા હસ્તિનાપુરમાં પ્રવેશ કરીને, શ્રમિત થયેલા સિંહો જેમ ગુફાઓમાં પ્રવેશ કરે તેમ, ઉત્તમ પ્રતિના રાજમહેલોમાં દાખલ થયા. [૩૪]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં "યુધિષ્ઠિર આદિનું નગરમાં આગમન" એ વિષયનો અધ્યાય ૫૨ મો સમાપ્ત.

अध्याय ५३ मो

શ્રીકૃષ્ણાદિકનું ભીષ્મ પાસે પુનર્ગમન

॥ वैशंपायन उवाच ॥

ततः शयनमाविश्य प्रसुप्तौ मधुसूदनः ॥
याममात्रार्धशेषायां यामिन्यां प्रत्युबुद्धयत ॥१॥

વૈશંપાયન બોલ્યાઃ-હે જનમેજય! ત્યાર પછી મધુસૂદન શ્રીકૃષ્ણ શયનમંદિરમાં પ્રવેશ કરી નિદ્રાવશ થયા અને અર્ધ પ્રહર જેટલી રાત્રિ જ્યારે અવશેષ રહી, ત્યારે પુનઃ જાગૃત થયા. [૧]

પછી તેમણે સર્વ જ્ઞાનેન્દ્રિયોને તથા બુદ્ધિને સ્થિર કરી ધ્યાનમાર્ગમાં પ્રવેશ કર્યો ને સનાતન બ્રહ્મનું ધ્યાન કર્યું.[૨] તે ધ્યાનાદિક ક્રિયા થઇ રહી એટલે સ્તુતિની પદ્ધતિને તથા પુરાણને જાણનારા અને સારી પેઠે કેળવાયલા પ્રાભાતિક મંગલપાઠકો, જગતના સ્રષ્ટા અને પ્રજાઓના પતિ શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા.[૩] હાથવડે મૃદંગ વગાડનારા કેટલાએક ગવૈયાઓ મંગલ પાઠો ભણવા લાગ્યા, કેટલાએક ગવૈયાઓ પ્રભાતીઆં ગાવા લાગ્યા અને બીજા હજારો વાદક પુરુષો શંખ, મૃદંગ આદિ વાદિત્રો વગાડવા લાગ્યા.[૪] વીણા, પણવ, વાંસળી આદિ વાદિત્રોનો અતિ મનોહર શબ્દ, જાણે શ્રીકૃષ્ણના રાજમહેલનો વિસ્તીર્ણ હાસ્યધ્વનિ હોયની, તેમ સર્વતરફ સંભળાવા લાગ્યો.[૫] એજ પ્રમાણે બીજી તરફ યુધિષ્ઠિર રાજાના મહેલમાં પણ મંગલયુક્ત મધુર વાણીઓનો ઉચ્ચાર થવા લાગ્યો તથા ગીતવાદિત્રનો સુંદર ધ્વનિ સંભળાવા લાગ્યો[૬] પછી મહાબાહુ શ્રીકૃષ્ણે શયનમાંથી ઉઠીને સ્નાન કર્યું, કોઈ ગુપ્ત મંત્રનો જાપ કર્યો ને અગ્ન્યાધાન કરી નિત્યકર્મના અંગભૂત હોમ કર્યો.[૭] એ નિત્યકર્મ કરીને શ્રીકૃષ્ણે ચારે વેદોને જાણનારા એક હજાર બ્રાહ્મણોને એક એક હજાર ગાયોનું દાન આપ્યું, બ્રાહ્મણોદ્વારા સ્વસ્તિવાચન કરાવ્યું, ગાય વગેરે માંગલિક પદાર્થોનો સ્પર્શ કર્યો અને પછી સ્વચ્છ દર્પણમાં પોતાનું મુખ જોઇને તેમણે સાત્યકિને કહ્યું કેઃ-[૯] “હે સાત્યકિ! તું યુધિષ્ઠિર રાજાના મહેલમાં જા અને તપાસ કરી લાવ કે, મહાતેજસ્વી યુધિષ્ઠિર રાજા ભીષ્મનાં દર્શન કરવા માટે તૈયાર થયા કે નહિ?”[૧૦] શ્રીકૃષ્ણની એ આજ્ઞા થતાંજ સાત્યકિ એકદમ ઉતાવળો ત્યાંથી ચાલી નીકળ્યો અને યુધિષ્ઠિર રાજાની પાસે આવીને તેણે કહ્યું કેઃ-[૧૧] “હે રાજન્! બુદ્ધિમાન શ્રીવાસુદેવનો રથ જોડાઇને તૈયાર થઇ ગયો છે અને તેઓ પોતે પણ ભીષ્મ પાસે જવા સજ્જ થયા છે. હે મહાતેજસ્વી ધર્મરાજા! શ્રીકૃષ્ણ તમારી રાહ જોતાજ ઉભા રહ્યા છે, માટે હવે પછી તમારે જે કૃત્ય કરવાનું હોય તે કરી લ્યો.”[૧૨,૧૩] સાત્યકિએ આમ કહ્યું, એટલે ધર્મપુત્ર યુધિષ્ઠિરે અર્જુનને આજ્ઞા કરી.

યુધિષ્ઠિર બોલ્યાઃ-“હે મહાકાંતિમાન અર્જુન! જા, મારા મહાન રથને જોડી લાવ. આજે આપણે એકલાજ જવું છે. કોઇ સૈનિકોને સાથે લેવાના નથી; કારણ કે ધાર્મિકોમાં શ્રેષ્ઠ ભીષ્મ પિતામહને પીડિત કરવા તે યોગ્ય નથી, માટે હે ધનંજય! આપણી આગળ ચાલનારા સેવકોને પણ આજે રજા આપી દે. ગંગાપુત્ર ભીષ્મ આજથી આપણને અતિ ગુહ્યતત્ત્વનો ઉપદેશ કરશે, જેથી હે અર્જુન! તેવા સામાન્ય માણસોને સાથે રાખવા હું ઇચ્છતો નથી.”

વૈશંપાયને કહ્યુંઃ-હે જનમેજય! યુધિષ્ઠિર રાજાનાં એ વાક્યો સાંભળ્યા પછી અર્જુને એક રાજરથ જોડાવી લીધો અને રાજાને જણાવ્યું કેઃ-“હે મહારાજ! રથ તૈયાર છે.” પછી રાજા યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુલ તથા સહદેવ તે રથમાં બેસીને, પંચમહાભૂતો જેમ ગમન કરે તેમ, શ્રીકૃષ્ણના મહેલ તરફ જવા લાગ્યા. બીજી તરફ બુદ્ધિમાન શ્રીકૃષ્ણ પણ મહાત્મા પાંડવોને આવતા જોઇ સાત્યકિની સાથે પોતાના રથમાં બેસી ગયા. તે સર્વ મહાપુરુષોએ અન્યોન્યનો સમાગમ થતાં રાત્રિની સુખાકારીવિષેના એકબીજાને પ્રશ્નો પૂછ્યા ને પછી મેઘસમાન ગર્જના કરનારા રથોમાં બેસીને ભીષ્મ પાસે જવા પ્રયાણ કર્યું. સારથિ દારુકે બલાહક, મેઘપુષ્પ, શૈબ્ય અને સુગ્રાવ નામના શ્રીકૃષ્ણના ઘોડાઓને જેવા હંકાર્યા કે તુરતજ તે મહાબળવાન ઘોડાઓ આકાશને જાણે ગળી જતા હોયની, તેમ એકદમ વેગથી પૃથ્વીને ખરીઓથી ખોદી નાખતા આગળ વધવા લાગ્યા.[૧૪-૨૩] જોત જોતામાં તો જે સ્થળે મહાસમર્થ ભીષ્મ, બાણશય્યામાં પોઢ્યા હતા ત્યાં-સમગ્ર ધર્મના ક્ષેત્રભૂત કુરુક્ષેત્રમાં તે મહાપુરુષો આવી પહોંચ્યા.[૨૪] ત્યાં આવીને દેવગણોથી વીંટાયલા બ્રહ્મદેવની પેઠે મોટા ઋષિગણોથી વીંટાયલા ભીષ્મપિતામહનાં દર્શન થતાંની સાથેજ શ્રીકૃષ્ણ, યુધિષ્ઠિર, ભીમસેન, નકુલ, સહદેવ તથા સાત્યકિ, પોતપોતાના

રથોમાંથી ઉતરી ગયા અને પોતાના જમણા બાહુઓ ઉંચા કરીને તેઓએ સર્વ ઋષિમંડલને સન્માન આપ્યું.[૨૫,૨૬] પછી નક્ષત્રગણોથી વીંટાયલા ચંદ્રમાની પેઠે શ્રીકૃષ્ણ આદિથી વીંટાયલા રાજા યુધિષ્ઠિર, ઇંદ્ર જેમ બ્રહ્મદેવની પાસે જાય, તેમ ગંગાપુત્ર ભીષ્મની પાસે ગયા[૨૭] અને આકાશમાંથી પડેલા સૂર્યની પેઠે બાણશય્યામાં પડેલા મહાબાહુ ભીષ્મનાં, ભયથી કમકમી જઇને તેમણે દર્શન કર્યાં.[૨૮]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં "ભીષ્મ પાસે ગમન" એ વિષયનો અધ્યાય ૫૩ મો સમાપ્ત.

अध्याय ५४ मो

શ્રીકૃષ્ણની ભીષ્મને આજ્ઞા

॥ जनमेजय उवाच ॥

धर्मात्मनि महावीर्ये सत्यसंधे जितात्मनि॥
देवव्रते महाभागे शरतल्पगतेऽच्युते ॥१॥

જનમેજયે પૂછ્યું:–હે મહામુનિ! સર્વ સૈન્યોનો સંહાર થઇ ગયા પછી જે સમયે ધર્માત્મા, મહાવીર્યવાન, સત્ય પ્રતિજ્ઞાવાળા, જિતેન્દ્રિય, મહાભાગ્યવાન, અસ્ખલિત જ્ઞાનશક્તિવાળા, શંતનુ અને ગંગાના પુત્ર, પુરુષોમાં વ્યાઘ્રસમાન અને જેમનું બીજું નામ દેવવ્રત હતું એવા તે ભીષ્મપિતામહ, વીરશયનમાં પોઢ્યા હતા અને પાંડવો તેમની ઉપાસના કરી રહ્યા હતા; તે સમયે એ વીર પુરુષનો સમાગમ થતાં શી શી કથાઓ ચાલી હતી તે મને કહો.[૧–૩]

વૈશંપાયને કહ્યું:–હે જનમેજય રાજા! કુરુકુલધુરંધર ભીષ્મપિતામહ જે સમયે વીરશય્યામાં સૂતા હતા, તે સમયે નારદ વગેરે ઘણા સિદ્ધ ઋષિઓ ત્યાં–કુરુક્ષેત્રમાં આવ્યા હતા;[૪] તેમજ એ યુદ્ધમાંથી મરતાં બચી ગયેલા યુધિષ્ઠિરાદિ રાજાઓ, ધૃતરાષ્ટ્ર, શ્રીકૃષ્ણ, ભીમસેન, અર્જુન, નકુલ, સહદેવ વગેરે મહાત્માઓ, સ્વર્ગમાંથી ચ્યવી પડેલા સૂર્યસરખા ભરતવંશીઓના પિતામહ ભીષ્મની પાસે આવીને તેમને માટે શોક કરી રહ્યા હતા.[૫,૬] એ વેળા દિવ્ય જ્ઞાનસંપન્ન દેવર્ષિ નારદ એક મુહૂર્તભર વિચાર કરીને પાંડવોને તથા યુદ્ધમાંથી મરતાં બચેલા સર્વ રાજાઓને કહેવા લાગ્યા કે,[૭] "હું તમને આ વેળા જે કહું છું તે સમયોચિત છે. આ ભીષ્મને તમારે જે વિષયના પ્રશ્નો પૂછવા હોય તે પૂછી લ્યો; કારણકે ભરતવંશના આ ગંગાપુત્ર, સૂર્યની પેઠે હવે અસ્ત પામવાની તૈયારીપર છે.[૮] મને લાગે છે કે, હવે તેઓ પ્રાણોનો ત્યાગ કરવા ઇચ્છે છે, માટે તમે બધા તેમને જે કંઇ પૂછવું હોય તે પૂછી લ્યો. આ ભીષ્મ, ચાતુર્વર્ણ્યના વિવિધ ધર્મોને સંપૂર્ણ પણે જાણે છે.[૯] જુઓ, આ વૃદ્ધ ભીષ્મ શરીરનો ત્યાગ કરી પરલોકમાં પધારે છે, માટે હવે સત્વર તેને તમારા માનસિક સંશયો પૂછી લ્યો."[૯,૧૦]

વૈશંપાયને કહ્યું:– હે જનમેજય! નારદ મુનિએ એ પ્રમાણે કહ્યું, એટલે સર્વ રાજાઓ પોતપોતાના ધર્મ સંશયો પૂછવામાટે ભીષ્મની સમીપમાં ગયા, પરંતુ તેમને પ્રશ્નો પૂછવાની હિંમત નહિ ચાલવાથી તેઓ અન્યોન્યના મુખસામે જોવા લાગ્યા.[૧૧] પછી પાંડુપુત્ર યુધિષ્ઠિર, "શ્રીકૃષ્ણવિના બીજો કોઈપણ પિતામહને પ્રશ્નો પૂછી શકે તેમ નથી" એવો મનમાં વિચાર કરીને શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા:–[૧૨] "હે યદુશ્રેષ્ઠ! શ્રીકૃષ્ણ! તમેજ અમારા બધાની વતી પિતામહને પ્રશ્નો પૂછો. હે તાત મધુસૂદન! તમે અમારા સર્વના કરતાં ઉત્તમ ધર્મવેત્તા છો."[૧૩] યુધિષ્ઠિરના એ કથન ઉપરથી ભગવાન શ્રીકૃષ્ણ, તેજ સમયે દુરાધર્ષ ભીષ્મ પાસે ગયા અને આ પ્રમાણે પૂછવા લાગ્યા.[૧૪]

શ્રીકૃષ્ણ બોલ્યા:–"હે ઉત્તમ રાજા! કેમ, તમારી આજની રાત્રિ સુખપૂર્વક વીતી છે ને? તમને સ્પષ્ટ લક્ષણોવાળી બુદ્ધિ ઉપસ્થિત થઈ છે કે?[૧૫] હે નિર્દોષ ભીષ્મ! તમારા અંતઃકરણમાં સર્વ પ્રકારનાં જ્ઞાનો સ્ફુરી નીકળ્યાં છે કે? તમારા હૃદયમાં કોઈ જાતની ગ્લાનિ તો થતી નથી? અને તમારૂં મન હવે:વ્યાકુલ નથી ને?"[૧૬]

ભીષ્મ બોલ્યાઃ-“હે શ્રીકૃષ્ણ! મારા શરીરમાં જે દાહ, મોહ, શ્રમ, દુઃખ, ગ્લાનિ અને વ્યથા થતાં હતાં,તે સર્વે તમારી કૃપાથી એકદમ નાશ પામ્યાં છે.[૧૭] હે પરમતેજસ્વી પ્રભુ! ભૂતકાળના, ભવિષ્ય કાળના તથા વર્તમાન કાળના સર્વ વિષયોને હું હાથમાં રહેલા ફળની પેઠે પ્રત્યક્ષ જોઇ શકું છું.[૧૮] હે અચ્યુત! તમારા વરપ્રદાનના પ્રભાવથી વેદ અને વેદાંતમાં કહેલા સર્વ ધર્મોનું જ્ઞાન હું સારી પેઠે જાણી શકયો છું.[૧૯] હે જનાર્દન! શિષ્ટ પુરુષોએ જે ધર્મનું પ્રવચન કર્યું છે,તે તો મારા હૃદયમાંજ છે અને દેશ, જાતિ તથા કુલના ધર્મોનું પણ મને જ્ઞાન થઇ ગયું છે.[૨૦] વળી હે કેશવ! ચારે આશ્રમોના ધર્મોમાં જે અર્થ રહ્યો છે, તે તથા રાજાઓના સમગ્ર ધર્મોને પણ હું જાણી શકયો છું;[૨૧] માટે હે જનાર્દન! હવે જે વિષયના સંબંધમાં જે કંઇ કહેવું હશે તે બધું હું કહી શકીશ; કારણ કે તમારા અનુગ્રહથી મારા અંતઃકરણમાં શુભ બુદ્ધિએ નિવાસ કર્યો છે-અર્થાત્ તમારી કૃપાથી મારા હૃદયમાં સર્વોત્કૃષ્ટ જ્ઞાનનો ઉદય થઇ ગયો છે;[૨૨] એટલુંજ નહિ પણ હે જનાર્દન! તમારા ધ્યાનના બળથી પુષ્ટ બનેલો હું એક તરુણ મનુષ્યના જેવો બળવાન બની ગયો છું, જેથી હવે તમારી કૃપાથી સર્વ વિષયોનો શ્રેયસ્કર ઉપદેશ આપવા હું સમર્થ છું;[૨૩] પરંતુ હે માધવ! હું તમને પૂછું છું કે, તમે પોતેજ યુધિષ્ઠિરને કલ્યાણ માર્ગનો ઉપદેશ કેમ આપતા નથી? અને મારી પાસે ઉપદેશ અપાવવામાં તમારો શો હેતુ રહેલો છે તે મને કહો.”[૨૪]

વાસુદેવ બોલ્યાઃ-“હે કુરુવંશી ભીષ્મ! સર્વ યશનું તથા શ્રેયનું હું એક મૂળ છું, એમ તમારે જાણવું અને જગતમાંહેના સર્વ સત્-અસત્ પદાર્થોની મારામાંથીજ ઉત્પત્તિ થયેલીછે.[૨૫] ચંદ્રનાં કિરણો શીતલ હોય છે, એમ કહેવાથી લોકમાં કોને વિસ્મય થશે ? તેમજ મારા યશની પરિપૂર્ણતાના સંબંધમાં કોને આશ્ચર્ય થશે![૨૬] પરંતુ હે મહાકાંતિમાન ભીષ્મ ! મારે તમારા યશને આ વિશ્વમાં વિસ્તારવો છે અને તે માટેજ મેં તમને વિશાળ બુદ્ધિ અર્પણ કરી છે.[૨૭] હે રાજા! જ્યાંસુધી આ પૃથ્વી અચળ રહેશે ત્યાંસુધી તમારી કીર્તિ પણ આ જગતમાં અક્ષય રહીને ઉપરનીચેના સર્વ લોકમાં સંચાર કરશે;[૨૮] અને હે ભીષ્મ! પ્રશ્ન કરનાર આ યુધિષ્ઠિરને તમે જે હિતોપદેશ આપશો, તે વેદવચનની પેઠે સર્વમાન્ય થઈને પૃથ્વીપર સ્થિર રહેશે.[૨૯] તેમજ એ તમારા હિતોપદેશને પ્રમાણ માની જે મનુષ્ય પોતાના અંતઃકરણને પરમાત્માની સાથે યોજશે, તે મનુષ્ય પોતાના મરણ પછી સર્વ પ્રકારનાં પુણ્યફળોનો અનુભવ કરશે.[૩૦] હે ભીષ્મ! તમારી વિશાળ કીર્તિ આ જગતમાં પુષ્કળ વિસ્તારને કેમ પામે, એનો વિચાર કરીને મેં તમારામાં દિવ્ય બુદ્ધિ સ્થાપિત કરી છે;[૩૧] કારણ કે એવો એક સિદ્ધાંત છે કે, પૃથ્વીપર જે પુરુષનો અન્ય સર્વ પ્રાણીઓના અંતઃકરણને આશ્ચર્યચકિત કરનાર સદ્‌ગુણસમુદાય, જેટલા પ્રમાણમાં વિસ્તાર પામે છે તેટલાજ પ્રમાણમાં તેની કીર્તિ દૃઢ અને અક્ષય થાય છે.[૩૨] હે ભરતવંશી રાજા! આ યુદ્ધમાંથી મરતાં બચી ગયેલા આ રાજાઓ, પોતાના ધાર્મિક સંશયો પૂછવામાટે તમારી આસપાસ બેસી ગયા છે, માટે તેઓને તમે ધર્મોપદેશ આપો.[૩૩] તમે વયોવૃદ્ધ છો, શાસ્ત્રોક્ત આચાર અને જ્ઞાનથી સંપન્ન છો તથા સર્વ વર્ણાશ્રમના ધર્મોમાં અને રાજાઓના ધર્મોમાં કુશલ છો.[૩૪] તમારા જન્મથી આરંભી આજદિનપર્યંત તમારામાં કોઇ જાતનું પાપ કોઇ પણ વ્યક્તિના જોવામાં આવ્યું નથી, તેમજ સર્વ રાજાઓ પણ તમને સર્વ ધર્મોના જ્ઞાતા જાણે છે; માટે તે રાજાઓને, પિતા જેમ પુત્રને નીતિનું શિક્ષણ આપે,તેમ તમે ધર્મનું શિક્ષણ આપો. તમે અનેક ઋષિઓની તથા દેવોની નિત્ય ઉપાસના કરી છે, માટે તમારે ધર્મ શ્રવણ કરવાની ઇચ્છાવાળા આ રાજાઓને અવશ્ય સંપૂર્ણ ઉપદેશ આપવો જોઈએ; કારણ કે વિદ્વાન પુરુષે, ધર્મનો જ્યારે કોઇ પ્રશ્ન કરે ત્યારે તેને જરૂર ઉપદેશ આપવો જોઇએ, એમ પ્રાચીન પંડિતો કહે છે. તેથી હે રાજા! પ્રશ્ન કર્યા છતાં તમે જો ઉપદેશ નહિ આપો

તો તમને દુઃખદાયક દોષ લાગશે, માટે હે ભરતશ્રેષ્ઠ! તમે વિદ્વાન છો, એમ ધારીને તમારા પુત્રો અને પૌત્રો, સનાતન ધર્મના સંબંધમાં તમને પ્રશ્ન પૂછે છે, તો જિજ્ઞાસાવાળા તે સર્વને તમે ઉપદેશ આપો.૩૫-૩૯

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "શ્રીકૃષ્ણનાં વાક્યો" એ વિષયનો અધ્યાય ૫૪ મો સમાપ્ત.

अध्याय ५५ मो

ભીષ્મકૃત યુધિષ્ઠિર આશ્વાસન

॥ वैशंपायन उवाच ॥

अथाब्रवीन्महातेजा वाक्यं कौरवनंदनः ॥
हंत धर्मान् प्रवक्ष्यामि दृढे वाङ्मनसी मम ॥

વૈશંપાયન બોલ્યાઃ-" હે જનમેજય! એ પ્રમાણે શ્રીકૃષ્ણની આજ્ઞા થયા પછી મહાતેજસ્વી કૌરવનંદન ભીષ્મ બોલ્યા કેઃ-" ભલે, જો તમારી એવીજ ઇચ્છા છે તો અતિ આનંદપૂર્વક હું ધર્મનું પ્રવચન કરીશ. તમારી કૃપાથી હવે મારૂં મન અને વાણી સ્થિર થયેલ છે. હે ગોવિંદ! તમે સર્વ ભૂતોના સનાતન અંતરાત્મા છો, તેથી તમારી કૃપા મારા ચિત્તને કેમ પ્રસન્ન ન કરે? હવે હું તમને કહું છું કે, ધર્માત્મા યુધિષ્ઠિર, ધર્મોના સંબંધમાં જે પ્રશ્નો પૂછવા ધારતા હોય તે ભલે મને પૂછે. હું તેને સમગ્ર ધર્મોનો ઉપદેશ આપીશ.૧,૨ રાજાઓમાં શ્રેષ્ઠ એવા જે ધર્માત્મા યુધિષ્ઠિર મહાત્માનો જ્યારે જન્મ થયો, ત્યારે સર્વ ઋષિઓ હર્ષ પામ્યા હતા, તે યુધિષ્ઠિર ભલે મને ધર્મપ્રશ્નો પૂછે.૩ પ્રદીપ્ત યશવાળા તથા નિત્ય ધર્મનું આચરણ કરનારા કુરુવંશી રાજાઓમાં જેના સરખો બીજો એક પણ રાજા થયો નથી; તે યુધિષ્ઠિર ભલે મને ધર્મપ્રશ્નો પૂછે.૪ જેની અંદર ધૃતિ, દમ, બ્રહ્મચર્ય, ક્ષમા, ધર્મ, પ્રભાવ અને તેજ નિત્ય નિવાસ કરી રહ્યાં છે, તે યુધિષ્ઠિર ભલે મને ધર્મપ્રશ્નો પૂછે.૫ જે પોતાના સંબંધીઓને, અતિથિઓને, ભૃત્યોને તથા આશ્રિતોને સત્કારપૂર્વક સન્માન આપે છે, તે યુધિષ્ઠિર ભલે મને ધર્મપ્રશ્નો પૂછે.૬ જેનેવિષે સત્ય, દાન, તપ, શૌર્ય, શાંતિ, દક્ષતા અને અસંભ્રમ (સંકટના સમયે પણ નહિ ગભરાવું તે) નિત્ય વસી રહ્યાં છે, તે યુધિષ્ઠિર ભલે મને ધર્મપ્રશ્નો પૂછે.૭ જે ધર્માત્મા કામવશ થઇને, ક્રોધવશ થઇને, ભયભીત થઇને કે ધનલુબ્ધ થઇને કદી અધર્માચરણ કરતો નથી, તે યુધિષ્ઠિર ભલે મને ધર્મપ્રશ્નો પૂછે.૮ વળી જે નિત્ય સત્યવાદી છે, ક્ષમાશીલ છે, જ્ઞાનસંપન્ન છે, અતિથિઓના પર પ્રીતિ રાખનારો છે અને સર્વદા સુપાત્રોને દાન આપનારો છે, તે યુધિષ્ઠિર ભલે મને ધર્મપ્રશ્નો પૂછે;૯ અને જે, નિત્ય યજ્ઞયાગો કરનારો છે, વેદાધ્યયનમાં જે તત્પર રહે છે, ધર્મમાં આસક્ત રહે છે, નિત્ય ક્ષમાશીલ છે અને શાસ્ત્રના રહસ્યને જાણનારો છે તે યુધિષ્ઠિર ભલે મને ધર્મપ્રશ્નો કરે."૧૦

શ્રીકૃષ્ણ બોલ્યાઃ-" હે ભીષ્મ! ધર્મરાજા યુધિષ્ઠિરને તમારી પાસે આવતાં ઘણીજ લજ્જા આવે છે. વળી તેને તમારા શાપનો ભય પણ લાગે છે, તેથી તમારી પાસે તે આવી શકતા નથી.૧૧ હે રાજા! લોકના નાથ થઇને યુધિષ્ઠિરે લોકોનો સંહાર કર્યો છે, જેથી તમે શાપ આપો, તેવા ભયથી તમારી પાસે તે આવી શકતા નથી.૧૨ વળી તેણે પોતાના પૂજ્ય પુરુષોને, માન્ય પુરુષોને, ભક્ત પુરુષોને, ગુરુઓને, સંબંધીઓને, બાંધવોને તથા અર્ધ્યપ્રદાનને યોગ્ય મહાપુરુષોને બાણે મારીને વીંધી નાખ્યા છે, તે માટેની ઘૃણાને લીધે તમારી પાસે તે આવી શકતા નથી."

ભીષ્મ બોલ્યાઃ-" હે શ્રીકૃષ્ણ! દાન, અધ્યયન અને તપ, એ જેમ બ્રાહ્મણોનો ધર્મ છે, તેમ યુદ્ધમાં જે દેહપાત કરવો, તે ક્ષત્રિયોનો ધર્મ છે.૧૪ જે ક્ષત્રિય, પોતાના પિતાઓને, પિતામહોને, ભાઇઓને, ગુરુઓને, સંબંધીઓને તથા બાંધવોને અધર્મમાં પ્રવૃત્ત થયેલા જોઇને યુદ્ધમાં જો મારી નાખે તો તેણે એ ધર્મજ કર્યો ગણાય છે.૧૫ હે કેશવ! જે ક્ષત્રિય, ધર્મમર્યાદાનો ત્યાગ કરી ધનલુબ્ધ બનેલા ગુરુઓનો પણ જો વધ કરે છે, તોજ તે ધર્મવેત્તા

ગણાય છે;[૧૬] જે પુરુષ લોભને અધીન થઈ ધર્મમર્યાદા તરફ દૃષ્ટિ કરતો નથી તે પુરુષને યુદ્ધમાં મારી નાખી ક્ષત્રિય ધર્મવેત્તાજ કહેવાય છે;[૧૭] જે ક્ષત્રિય યુદ્ધમાં રણભૂમિને લોહીરૂપ જળવાળી, કેશોરૂપી ઘાસવાળી, હાથીઓરૂપી પર્વતોવાળી અને ધ્વજાઓરૂપી વૃક્ષોવાળી કરી દે છે, તે ક્ષત્રિય ધર્મવેત્તા ગણાય છે.[૧૮] યુદ્ધમાટે જ્યારે કોઈ આહ્વાન કરે ત્યારે સર્વ ક્ષત્રિયોએ નિત્ય યુદ્ધ કરવુંજ જોઇએ; કારણ કે યુદ્ધ, ક્ષત્રિયોને ધર્મવિહિત છે, સ્વર્ગપ્રદ છે તથા ઉભયલોકમાં સુખપ્રદ છે, એમ ભગવાન મનુએ કહ્યું છે."[૧૯]

વૈશંપાયને કહ્યું:-"હે જનમેજય! ભીષ્મે એ પ્રમાણે કહ્યું, એટલે ધર્મપુત્ર યુધિષ્ઠિર, વિનયપૂર્વક તેમની પાસે ગયા અને તેમની દૃષ્ટિ આગળ જઇને ઉભા રહ્યા.[૨૦] પછી તેમણે ભીષ્મના ચરણનો સ્પર્શ કર્યો એટલે ભીષ્મે પણ અભિનંદન આપ્યું અને મસ્તક સુંઘીને કહ્યું કે, 'આવ, અહીં બેસ'![૨૧] આમ કહ્યા પછી વળી પણ સર્વ ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ ગંગાપુત્ર ભીષ્મે યુધિષ્ઠિરને કહ્યું કે, "હે કુરુશ્રેષ્ઠ તાત યુધિષ્ઠિર! તારે જે પ્રશ્નો પૂછવા હોય, તેને નિર્ભય થઇને પૂછ, ડર મા."[૨૨]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "યુધિષ્ઠિરનું આશ્વાસન" એ વિષયનો અધ્યાય ૫૫ મો સમાપ્ત.

अध्याय ५६ मो

રાજધર્મનો ઉપદેશ

॥ वैशंपायन उवाच ॥

प्राणिपत्य हृषीकेशमभिवाद्य पितामहम् ॥
अनुमान्य गुरून् सर्वान् पर्यपृच्छद्युधिष्ठिरः॥

વૈશંપાયને કહ્યું:- "હે જનમેજય! એ પ્રમાણે પ્રશ્નો પૂછવામાટે ભીષ્મપિતામહે આજ્ઞા કરી એટલે યુધિષ્ઠિર રાજા, શ્રીકૃષ્ણને પ્રણામ કરીને, પિતામહ ભીષ્મને વંદન કરીને તથા વ્યાસાદિક સર્વ ગુરુઓની અનુમતિ લઇને ભીષ્મને પૂછવા લાગ્યા.[૧]

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે રાજા! ધર્મવેત્તાઓ કહે છે કે, પ્રજાઓનું રક્ષણ કરવું તે રાજાઓનો પરમ ધર્મ છે;પરંતુ હું તો તે ધર્મને એક મોટા ભાર જેવો માનું છું, માટે તમે મને રાજધર્મનો ઉપદેશ આપો.[૨] હે પિતામહ! તમે મને રાજધર્મનુંજ વિશેષસ્વરૂપ સમજાવો; કારણ કે રાજધર્મ એ સર્વ જીવલોકનો એક મુખ્ય આધાર છે.[૩] હે કુરુવંશી પિતામહ! રાજધર્મમાંજ ધર્મ, અર્થ અને કામનો અંતર્ભાવ થઈ જાય છે અને સંપૂર્ણ મોક્ષધર્મ પણ સ્પષ્ટ રીતે રાજધર્મમાં રહેલો છે.[૪] જેમ લગામ ઘોડાને વશ રાખનાર છે અને અંકુશ જેમ હાથીને વશ રાખનાર છે, તેમ રાજધર્મ સર્વ લોકને વશ રાખનાર છે.[૫] રાજર્ષિઓએ સેવેલા એ રાજધર્મમાં કોઈ રાજાનો મોહ અથવા પ્રમાદ થઈ જાય તો અવશ્ય લોકમર્યાદા અથવા લોકવ્યવસ્થાનો વિનાશજ થઈ જાય અને સર્વ સ્થળે સુલેહશાંતિનો ભંગ થઇ જાય.[૬] જેમ ઉદય પામતો સૂર્ય અશુભ અંધકારનો વિનાશ કરે છે,તેમ રાજધર્મ× પણ મનુષ્યોની અપ્રકાશરૂપ અશુભ ગતિનો (નરકાદિ ગતિનો) વિનાશ કરે છે;[૭] માટે હે પિતામહ! બીજા સર્વ ધર્મોનું વ્યાખ્યાન કરતા પહેલાં તે રાજધર્મનુંજ તમે મારી આગળ વ્યાખ્યાન કરો. હે ભરતકુલશ્રેષ્ઠ! તમે ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ છો જેથી હે પરંતપ! અમને બધાને ધર્મનું પરમ રહસ્ય તમારી પાસેથીજ ભલે પ્રાપ્ત થાઓ. વળી વાસુદેવ શ્રીકૃષ્ણ પણ તમને સર્વોત્કૃષ્ટ બુદ્ધિમાન માને છે.[૮,૯]

× ધર્મશાસ્ત્ર કહે છે કે:-

'राजभिः कृतदंडास्तु शुध्यंति मलिना जनाः।
कृतार्थाश्च ततो यांति स्वर्गं सुकृतिनो यथा॥'

રાજાઓએ જેઓને શિક્ષા કરેલી હોય છે તેવા પાપી મનુષ્યો આ લોકમાંજ શુદ્ધ અને કૃતાર્થ થાય છે. અર્થાત્ પાપમુક્ત થઇને પવિત્ર થાય છે અને અંતે મરણ પછી પુણ્યશાળી મહાત્માઓ જેમ સ્વર્ગમાં જાય છે, તેમ તેઓ પણ સ્વર્ગમાં જાય છે. **નીલકંઠ**

ભીષ્મ બોલ્યા:–"સર્વપૂજ્ય મહાન ધર્મને હું નમસ્કાર કરૂં છું, સર્વોત્પાદક શ્રીકૃષ્ણને હું પ્રણામ કરૂં છું તથા સર્વ બ્રાહ્મણોને પણ હું નમન કરૂં છું; અને હવે વેદપરંપરાથી ચાલતા આવેલા સનાતન ધર્મોનું પ્રવચન કરૂં છું. હે યુધિષ્ઠિર! હું તને સંપૂર્ણ રાજધર્મો કહું છું તથા બીજી તારી જે સંબંધની ઇચ્છા હશે તે પણ હું કહું છું, માટે તું સાવધાન થઇને સાંભળ.[૧૦,૧૧] હે કુરુશ્રેષ્ઠ! હરકોઈ રાજાએ પ્રજાઓનું રંજન કરવાની ઇચ્છાથી પ્રથમ તો દેવતાઓની તથા બ્રાહ્મણોની યથાવિધિ પૂજા કરીને તેઓને પ્રસન્ન કરવાની ઇચ્છાથી પવિત્ર આચરણપૂર્વક વર્તવું જોઇએ;[૧૨] કારણ કે હે કુરુકુલધુરંધર રાજા! દેવતાઓનું તથા બ્રાહ્મણોનું પૂજન કરીને રાજા ધર્મના ઋણમાંથી મુક્ત થાય છે અને લોકમાં બહુ માનપાત્ર થઇ પડે છે.[૧૩]

હે પુત્ર યુધિષ્ઠિર! વિજય આદિ સંપાદન કરવા માટે તારે નિત્ય પુરુષાર્થ ઉપરજ આધાર રાખવો; કારણ કે પુરુષાર્થવિના પાંગળું ગણાતું દૈવ એકલુંજ, રાજાઓના ઇષ્ટ અર્થને સાધી શકતું નથી.[૧૪] રથનાં બે પૈડાંઓની પેઠે દૈવ અને પુરુષાર્થ એ બન્ને જો કે સમાનજ છે, તોપણ દૈવના કરતાં પુરુષાર્થને હું વધારે શ્રેષ્ઠ માનું છું; કારણ કે તેનું સ્વરૂપ પ્રત્યક્ષ જોવામાં આવે છે અને દૈવનો તો ભવિષ્યમાં ફળદ્વારા નિશ્ચય કરી શકાય છે.[૧૫] કોઇ સમયે તારો કાર્યારંભ જો નિષ્ફળ નિવડે તો તું સંતાપ કરીશ નહિ, પરંતુ પુનઃ તે કાર્યની સિદ્ધિ કરવા માટે યત્ન કરજે; કારણ કે એમ કરવું તેજ રાજાઓની ઉત્તમ નીતિ કહેવાય છે.[૧૬] વળી રાજાઓની કાર્યસિદ્ધિને માટે સત્યના જેવો બીજો એક પણ ઉપાય નથી; એટલુંજ નહિ પણ સત્યનિષ્ઠ એવો રાજા આ લોકમાં અને પરલોકમાં આનંદમગ્ન રહે છે.[૧૭] હે રાજેંદ્ર! જેમ ઋષિઓને સત્ય એજ પરમ ધનરૂપ છે, તેમ રાજાઓને પણ સામંત આદિ પ્રકૃતિમંડળનો વિશ્વાસ મેળવવા માટે સત્યવિના બીજું એક પણ ઉત્તમ સાધન નથી.[૧૮] જે રાજા ગુણવાન હોય છે, સદાચારસંપન્ન હોય છે, ઇંદ્રિયોને વશ રાખનારો હોય છે, દયાવાન હોય છે, ધર્મનિષ્ઠ હોય છે, મનને જીતનારો હોય છે, પ્રસન્ન મુખવાળો હોય છે અને દાન આપવામાં ઘણોજ ઉદાર હોય છે, તે રાજા રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થતો નથી. હે કુરુનંદન! તું રાજકીય સર્વ કાર્યો કરતી વેળા સરળતાનો આશ્રય કરજે; પરંતુ પોતાનાં છિદ્રો ગુપ્ત રાખવામાં, બીજાઓનાં છિદ્રોનું શોધન કરવામાં, પોતાનાં કાર્યોને બીજાઓથી ગુપ્ત રાખવામાં તથા પોતાના રાજકીય વિચારોને ગુપ્ત રાખવામાં તું સરળતાનો આશ્રય કરીશ મા.[૨૦] વળી કેવળ કોમળતાનોજ આશ્રય કરનાર રાજા, હરકોઈના અપમાનનું પાત્ર બને છે અને કેવળ તીક્ષ્ણતાનો આશ્રય કરનારા રાજાથી હરકોઇને ઉદ્વેગ થાય છે, માટે તું મૃદુતાનો અને તીક્ષ્ણતાનો બન્નેનો આશ્રય કરજે.[૨૧] હે પુત્ર! તીક્ષ્ણ ગુણનો આશ્રય કરતી વેળા પણ તારે બ્રાહ્મણોને કદી શિક્ષા કરવી નહિ; કારણ કે હે પાંડવ! બ્રાહ્મણો આ લોકમાં પરબ્રહ્મનુંજ સ્વરૂપ ગણાય છે.[૨૨] હે કુરુવંશી રાજેંદ્ર! મહાત્મા ભગવાન મનુએ એ સંબંધમાં બે શ્લોક કહ્યાછે તે સ્વધર્મનું ચિંતન કરવા માટે તારે હૃદયમાં સદાકાળ ધારણ કરી રાખવા.[૨૩]

अद्भ्योऽग्निर्ब्रह्मतः क्षत्रमश्मनो लोहमुत्थितम्॥
तेषां सर्वत्रगं तेजःस्वासु योनिषु शाम्यति॥२४॥
अयो हंति यदाश्मानमग्निना वारिहन्यते ॥
ब्रह्म च क्षत्रियो द्वेष्टि तदा सीदंति ते त्रयः॥२५॥

"જળથી અગ્નિ ઉત્પન્ન થયો છે, બ્રાહ્મણથી ક્ષત્રિય ઉત્પન્ન થયા છે અને પથ્થરથી લોઢું ઉત્પન્ન થયું છે. એ ત્રણે–અગ્નિ, ક્ષત્રિય અને લોઢાનું તેજ જગતમાં સર્વત્ર વ્યાપક છે–સર્વના પર સત્તા ચલાવનારૂં છે; પરંતુ પોતપોતાનાં ઉત્પત્તિકારણોનો સમાગમ થતાં તેઓનું (અગ્નિ, ક્ષત્રિય અને લોઢાનું) તેજ શાંત પડી જાય છે–અર્થાત્ અગ્નિ, ક્ષત્રિય અને લોઢું પોતાનાં ઉત્પાદક જળ, બ્રાહ્મણ અને પથ્થરના ઉપર પોતાની સત્તા ચલાવી શકતાં નથી; છતાં પણ કોઇ સમયે લોઢું જો પથ્થરનો નાશ કરવા જાય, અગ્નિ જળ-

નો નાશ કરવા જાય અને ક્ષત્રિય બ્રાહ્મણનો નાશ કરવા જાય તો તેઓ ત્રણે (અગ્નિ, ક્ષત્રિય અને લોઢું) પોતાનોજ વિનાશ કરી બેસે છે."[૨૪,૨૫] આમ સમજીને હે મહારાજા ! તારે બ્રાહ્મણોને તો સદાય નમસ્કારજ કરવા; કારણ કે જગતમાં માન્ય ગણાયલા ઉત્તમ બ્રાહ્મણો પાર્થિવ બ્રહ્મને (વેદોને તથા યજ્ઞોને) ધારણ કરી રાખનારા છે.[૨૬] હે પુરુષવ્યાઘ્ર ! બ્રાહ્મણોને શિક્ષા નહિ કરવા વિષે મેં તમને કહ્યું; પરંતુ જે બ્રાહ્મણો ત્રણે લોકનો વિઘાત કરવા તત્પર થયેલા હોય તેઓને તો તારે બાહુઓ બાંધીને કેદ પકડવા જોઇએ.[૨૭] હે મહારાજ ! એ વિષયમાં મહર્ષિ શુક્રાચાર્યે પૂર્વે બે શ્લોક કહ્યા છે, તે તું એકાગ્ર ચિત્તથી સાંભળ.[૨૮]

उद्यम्य शस्त्रमायान्तमपि वेदांतगं रणे ॥
निगृह्णीयात् स्वधर्मेण धर्मापेक्षी नराधिपः ॥
विनश्यमानं धर्मं हि योऽभिरक्षेत् स धर्मवित् ॥
न तेन धर्महा स स्यान्मन्युस्तन्मन्युमृच्छति ॥

"વેદ અને વેદાંતના પારને પામેલો એવો પણ કોઇ બ્રાહ્મણ શસ્ત્ર ઉગામીને જો યુદ્ધ કરવા ચઢી આવે તો ધર્મની અપેક્ષા રાખનારા રાજાએ સ્વધર્માનુસાર સામે શસ્ત્ર ઉગામીને તે બ્રાહ્મણને શિક્ષા કરવી;[૨૯] કારણ કે તેવા આતતાયી બ્રાહ્મણને શિક્ષા નહિ કરવાથી વિનાશ પામતા ધર્મની જે રાજા રક્ષા કરે છે તે ધર્મવેત્તા કહેવાય છે. વળી તેવા આતતાયીને શિક્ષા કરવાથી રાજા ધર્મભ્રષ્ટ થતોજ નથી; કારણ કે એવો સિદ્ધાંતજ છે કે, શાંત રહેલો એવો ક્રોધ, પણ પોતાની સામે ચઢી આવેલા બીજાના ક્રોધ સામે ધસારો કરેજ છે."[૩૦]*

હે નરશ્રેષ્ઠ ! શુક્રાચાર્યે એ પ્રમાણે કહ્યું છે, તોપણ બ્રાહ્મણોની તો નિરંતર રક્ષાજ કરવી જોઇએ અને કોઇ સમયે તેઓએ જો અપરાધ કર્યો હોય તોપણ તેઓને દેહાંત દંડની શિક્ષા નહિ કરતાં દેશનિકાલનીજ શિક્ષા કરવી.[૩૧] હે રાજા ! કોઇ મનુષ્યે આવીને બ્રાહ્મણોની સારીનરતી ચાડીચુગલી કરી હોય તોપણ તેઓના પર કૃપા કરવી; પરંતુ જે બ્રાહ્મણે બ્રહ્મહત્યા કરી હોય, ગુરુપત્નીની સાથે વ્યભિચાર કર્યો હોય, બાળહત્યા કરી હોય અને રાજાનો દ્રોહ કર્યો હોય, તેને દેશનિકાલનીજ શિક્ષા કરવી પણ દેહાંત શિક્ષા કદી ન કરવી.[૩૨,૩૩] વળી જે પુરુષો બ્રાહ્મણોના પર ભક્તિ રાખનારા હોય, તેઓની પણ તારે કૃપા સંપાદન કરવી; કારણ કે રાજાઓને તેવા બ્રાહ્મણભક્ત પુરુષોનો સંગ્રહ તેજ મોટા ભંડારરૂપ છે. બીજા ભંડાર તે ભંડાર નથી.[૩૪] હે મહારાજ ! મરુ (નિર્જળ પ્રદેશ), જળ, પૃથ્વી, વન, પર્વત અને મનુષ્યો, આ છ પ્રકારના દુર્ગોનું (કિલ્લાઓનું) શાસ્ત્રમાં વર્ણન છે; પરંતુ તેઓમાં મનુષ્યોના દુર્ગને વિદ્વાનોએ મહાદુસ્તર માન્યો છે,[૩૫] માટે વિદ્વાન રાજાએ ચારે વર્ણોની પ્રજા ઉપર નિત્ય દયા કરવી; અને જે રાજા ધર્માત્મા તથા સત્યવચની હોય છે તે રાજા પ્રજાઓનું રંજન કરી શકે છે.[૩૬] વળી હે પુત્ર ! તારે નિત્ય ક્ષમાપરાયણ પણ થવું નહિ; કારણ કે ક્ષમાવાન હાથીની પેઠે ક્ષમાવાન અથવા નરમ સ્વભાવનો રાજા ધર્મનો વિરોધી કહેવાય છે.[૩૭] હે મહારાજ ! આના સંબંધમાં બૃહસ્પતિના નીતિશાસ્ત્રમાં એક પ્રાચીન શ્લોક કહ્યો છે, તે હું તમને કહું છું, સાંભળો.[૩૮]

क्षममाणं नृपं नित्यं नीचः परिभवेज्जनः ॥
हस्तियंता गजस्येव शिर एवारुरुक्षति ॥३९॥

"જે રાજા નિત્યક્ષમાશીલ હોય છે તેનું નીચ માણસ પણ અપમાન કરી જાય છે. દૃષ્ટાંત-તરીકે, હાથી જો ક્ષમાશીલ છે તો તેનો માવત સામાન્ય બળવાળો હોઈને પણ તેના મસ્તકપર ચઢી બેસે છે."[૩૯] માટે રાજાએ નિત્ય મૃદુસ્વભાવના થવું નહિ, તેમ નિત્ય તીક્ષ્ણસ્વભાવના

---

* અર્થાત્–જેમ સૂર્યનાં કિરણોથી તપી ગયેલો સ્ફટિકમણિ રૂના ઢગને સળગાવી મૂકી તેના તાપદ્વારા પોતે પણ નાશ પામે છે, તેમ આતતાયી (હથિયાર લઇ મારવા આવેલા) મનુષ્યનો ક્રોધ, સામેથી બીજાના ક્રોધને પ્રદીપ્ત કરીને તેના દ્વારા પોતાનો તથા પોતાના આશ્રય–આતતાયીનો નાશ કરે છે, માટે આતતાયીનો વધ કરનારા રાજાને કોઇ જાતનો દોષ લાગતો નથી. **નીલકંઠ**

પણ થવું નહિ; પરંતુ વસંતઋતુનો શોભાયમાન સૂર્ય જેમ શીત હોતો નથી અને ઉગ્ર પણ હોતો નથી, તેમ રાજાએ પણ નહિ તીક્ષ્ણ અને નહિં ઉગ્ર, સામાન્ય બન્ને ધર્મનો આશ્રય કરવો. [૪૦] તેમજ હે મહારાજા! રાજાએ પ્રત્યક્ષ (ઉપકાર અપકાર વગેરે જોઈને), અનુમાન (મુખના તથા નેત્રના વિકારો જોઈને), ઉપમાન (બીજે સ્થળે કરેલાં કાર્યોની સરખામણી કરીને) તથા સામુદ્રિક શાસ્ત્રમાં દર્શાવેલાં લક્ષણોદ્વારા તપાસ કરીને પોતાના અને પારકા માણસોની નિરંતર પરીક્ષા કરવી. [૪૧] વળી હે પુષ્કળ દક્ષિણા આપનાર રાજા! તારે અઢારે પ્રકારનાં× વ્યસનોનો ત્યાગ કરવો, શત્રુઓનો પરાજય કરવામાટે શૂરવીર પુરુષોની સદાકાળ યોજના કર્યા કરવી તથા પ્રયુક્તિ અપ્રયુક્તિના સંકીર્ણ ઉપાયનો ત્યાગ કરવો. [૪૨] સર્વથા વ્યસનોમાંજ આસક્તિ રાખનારો રાજા પ્રજાઓના તિરસ્કારને પાત્ર થઇ પડે છે અને પ્રજાઓનો દ્રોહ કરનાર રાજા પણ લોકને ઉદ્વેગકર્તા થઇ પડે છે; [૪૩] માટે રાજાએ તો ગર્ભિણી સ્ત્રીના જેવુંજ સદા વર્તન રાખવું જોઇએ. હે મહારાજ! એમ વર્તવામાં શું કારણ છે તે હું તમને કહું છું તે સાંભળો. [૪૪] જેમ ગર્ભિણી સ્ત્રી પોતાની મનગમતી વસ્તુઓનો ત્યાગ કરી કેવળ ગર્ભનુંજ હિત થાય તેમ કરે છે, તે પ્રમાણેજ નિરંતર ધર્મપરાયણ એવા રાજાએ પોતાની પ્રિય વસ્તુનો પણ પરિત્યાગ કરીને જે જે લોકહિત હોય તેજ કરવું જોઈએ—લોકનું હિત થાય તેમ વર્તવું જોઈએ. [૪૫,૪૬] વળી હે પાંડવ! તમારે ધૈર્યનો કદી પણ ત્યાગ કરવો નહિ; કારણ કે જે રાજા ધૈર્યવાન છે તથા જેનો દંડ—હાથી, ઘોડા, રથો અને પાળાઓનો સમુદાય જગતમાં પ્રસિદ્ધ છે, તે રાજાને કોઈનાથી ભય રહેતો નથી. [૪૭] તેમજ વક્તાઓમાં : શ્રેષ્ઠ એવા હે રાજસિંહ! રાજાઓએ પોતાના નોકરચાકરોની સાથે અતિશય ઠઠ્ઠામશ્કરી કરવી નહિ; કારણ કે તેમ કરવામાં ઘણા દોષો છે તે હું તમને કહું છું તે સાંભળો. [૪૮] નોકરચાકરોની સાથે અતિશય હાસ્યવિનોદનો પરિચય કરવાથી તેઓ કોઇ સમયે રાજાનુ અપમાન કરી બેસે છે, પોતપોતાની મર્યાદામાં રહેતા નથી, રાજાની આજ્ઞાનું પણ ઉલ્લંઘન કરે છે, કોઇ કાર્યને માટે મોકલતી વેળા તે કાર્યના સંબંધમાં સંશય દેખાડે છે, રાજાની ગુપ્ત વાતને પણ પ્રકટ કરી દે છે, નહિ માગવા જેવી વસ્તુને પણ માગે છે, રાજાને ભોજન કરવા યોગ્ય પદાર્થોને વચમાંથીજ ખાઇ જાય છે, કોઇ સમયે સામી ગાળો પણ ભાંડી દે છે, રાજાના કરતાં પણ વિશેષ પ્રતાપી થઇ પડે છે, રાજાની ઉપર ચઢી બેસે છે, લાંચો લઈને તથા ખોટા ગુણદોષોનું પ્રદર્શન કરીને રાજાનાં કાર્યોનો વિનાશ કરે છે, બનાવટી આજ્ઞાપત્રો ઘડી કાઢીને રાજાના દેશને પાયમાલ કરી મૂકે છે, અંતઃપુરમાં પ્રવેશ કરવાની ઇચ્છાથી સ્ત્રીરક્ષક અધિકારીઓની સાથે પ્રીતિ બાંધે છે, રાજાના

×ભગવાન મનુ અઢાર વ્યસનો ગણાવે છેઃ—

‘मृगयाऽक्षा दिवास्वप्नः परिवादः स्त्रियो मदः॥
तौर्यत्रिकं वृथापानं कामजो दशको गणः’॥

મૃગયા, જુગાર, દિવસે નિદ્રા, નિંદા, સ્ત્રીસેવન, મદ, વાદિત્રનો શોખ, ગાયનો સાંભળવાની ટેવ, નાચરંગ જોવાનો પ્રેમ તથા વૃથા મદિરાનું પાન—આદશ કામસબંધી વ્યસનો છે.

‘पैशुन्यं साहसं द्रोह ईर्ष्याऽसूयाऽथ दूषणम्॥
वाग्दंडजं च पारुष्यं क्रोधजोऽपि गणोऽष्टकः’॥

ચાડિયાપણું, સાહસ, દ્રોહ, ઇર્ષ્યા, અસૂયા, અર્થદૂષણ, કઠેર વાણી તથા મારામારી કરવી—આ આઠ ક્રોધસંબંધી વ્યસનો છે. આ અઢાર વ્યસનોમાંથી સાત વ્યસનો મહાદુઃખદાયી છે.જેવાં કે,

‘पानमक्षाः स्त्रियश्चैव मृगया च यथाक्रमम्॥
एतत् कष्टतमं विद्याच्चतुष्कं कामजे गणे॥”

પૂર્વોક્ત કામસંબંધી વ્યસનોમાં મદિરાપાન, જુગાર, સ્ત્રીસેવન તથા મૃગયા, એ ચાર વ્યસનો મહાદુઃખદાયી છે, એમ સમજવું.

અને—**‘दंडस्य पातनं चैव वाक्पारुष्यार्थदूषणे॥**
क्रोधजेऽपि गणे विद्यात् कष्टमेतत्त्रिकं सदा’॥

પૂર્વોક્ત ક્રોધસંબંધી આઠ વ્યસનોમાં મારામારી કરવી, કઠોર વાણીથી કોઇનો તિરસ્કાર કરવો તથા અર્થદૂષણ કરવું—એ ત્રણ વ્યસનો મહાદુઃખદાયી છે, એમ સમજવું. **નીલકંઠ**

જેવાજ પોશાકો પહેરીને મહાલે છે, રાજાની સમીપમાં પણ અપાન વાયુ છોડે છે, થુંકે છે અને હે રાજસિંહ! નિર્લજ્જ બની જઇને રાજાની સમક્ષમાં જેમ આવે તેમ બકે છે;[૪૯-૫૩] એટલુંજ નહિ પણ હે મહારાજા! જો કદાચ રાજા હાસ્યવિનોદી સ્વભાવનો અને જો કોમળ સ્વભાવનો હોય તો તેના સેવકો તેનું અપમાન કરે છે, અને તેના ઘોડા ઉપર, હાથી ઉપર કે રથ ઉપર ચઢી બેસવા પણ ચૂકતા નથી.[૫૪] વળી તેવા રાજાના સેવકો, સભાની વચ્ચે "હે રાજા! તમે આ કામ ખરાબ કર્યું છે, આ તમારૂં ચેષ્ટિત દુષ્ટ છે" આવાં મિત્રોને ન કહેવાનાં વચનો કહેવા મંડી જાય છે. (તેથી રાજાનો દરજ્જો પ્રતિદિન ઘટતો જાય છે.)[૫૫] એવો રાજા જો ક્રોધાયમાન થાય તોપણ તેના સેવકો સામા ઉભા રહીને ખડખડ હસે છે, નિત્ય સત્કાર કરવામાં આવતો હોય છતાં પ્રસન્ન થતા નથી, તે સમયે અન્યોન્યના કારણથી તેઓ હર્ષિત થાય છે, રાજાના ગુપ્ત વિચારને પ્રકટ કરે છે, રાજાના દુષ્ટ કૃત્યને જાહેર કરી દે છે, રાજાની આજ્ઞાને રમત જેવી ગણી બેદરકારીથી અનુસરે છે અને નિર્ભય થઇને રાજાના અલંકારોમાટે, ખાનપાન માટે, સ્નાનમાટે તથા વિલેપનમાટે યથાયોગ્ય સવડ રાખતા નથી અને રાજાના સાંભળતાં પણ અયોગ્ય શબ્દોનો વ્યવહાર કરે છે. વળી હે ભારત! તેવા રાજાના સેવકો પોતાના અધિકારીઓની નિંદા કરે છે, પોતાના અધિકારોને પણ તિલાંજલિ આપી દે છે, પોતાને મળતા પગારમાં સંતોષ પામતા નથી, રાજાના ભાગને છીનવી લે છે, સૂત્રથી બાંધેલા પક્ષીની સાથે જેમ તેમ, રાજાની સાથે રમત ગમત કરે છે અને પ્રજાઓને કહે છે કે, રાજા અમારે વશ છે.[૫૬-૬૦] હે યુધિષ્ઠિર! આ પ્રમાણે રાજા જો હાસ્યવિનોદી અને કોમળ સ્વભાવનો હોય તો તેના સેવકો અનેક દોષોથી યુક્ત બની જાય છે; એટલુંજ નહિ પરંતુ પરસ્ત્રીહરણ આદિ બીજાં ઘણાં નિંદ્ય કર્મોને પણ કરવા મથી પડે છે."[૬૧]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત
રાજધર્માનુશાસન પર્વમાં
અધ્યાય ૫૬ મો સમાપ્ત.

अध्याय ५७ मो

રાજધર્મનો ઉપદેશ (ચાલુ)

॥ भीष्म उवाच ॥

नित्योद्युक्तेन वै राज्ञा भवितव्यं युधिष्ठिर ॥
प्रशस्यते न राजा हि नारीवोद्यमवर्जितः ॥१॥

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! રાજાએ નિત્ય ઉદ્યોગપરાયણજ રહેવું જોઇએ. સ્ત્રીની પેઠે ઉદ્યમવિનાનો રાજા પ્રશંસાપાત્ર નથી.[૧] હે રાજા! એ સંબંધમાં ભગવાન્ શુક્રાચાર્યે એક શ્લોક કહ્યો છે તે હું તમને કહું છું, સાંભળો.[૨]

'द्वाविमौ ग्रसते भूमिः सर्पो बिलशयानिव ॥
राजानं चाविरोद्धारं ब्राह्मणं चाप्रवासिनम्'॥३॥

"સર્પ જેમ દરમાં ભરાઇ બેસનારા ઉંદરોને ગળી જાય છે, તેમ પૃથ્વી પણ શત્રુઓ સામે ચઢાઇ નહિ કરનાર રાજાને તથા વેદાધ્યયનમાટે પ્રવાસ નહિ કરનાર બ્રાહ્મણને ગળી જાય છે."[૩] હે પુરુષસિંહ રાજા! તમારે પણ એ શુક્રાચાર્યના શ્લોકને હૃદયમાં સ્થાપી રાખવો યોગ્ય છે, અને તેમાં કહ્યા પ્રમાણે વર્તીને સંધિ કરવા યોગ્યની સાથે તમે સંધિ કરો અને વિરોધ કરવા યોગ્ય સાથે વિરોધ કરો.[૪] રાજા, મંત્રી, મિત્ર, કોશ, દેશ, દુર્ગ અને સૈન્ય, આ સાત રાજ્યનાં અંગોમાંહેના એક અંગનું પણ જે પુરુષ અપ્રિય કરવા ઇચ્છે તે ભલે ગુરુ હોય અથવા મિત્ર હોય તોપણ રાજાએ મારીજ નાખવા યોગ્ય છે.[૫] હે રાજેન્દ્ર! એ રાજાધિકારના સંબંધમાં બૃહસ્પતિના મતને અનુસરી મરુત્ત રાજાએ એક પ્રાચીન શ્લોક કહ્યો છે.[૬]

गुरोरप्यवलिप्तस्य कार्याकार्यमजानतः ॥
उत्पथ प्रतिपन्नस्य दण्डो भवति शाश्वतः॥७॥

"ગુરુ પણ ગર્વિષ્ઠ બની જઇને અવળા માર્ગનો સ્વીકાર કરે અને કાર્યાકાર્યના વિવેકથી

જો ભ્રષ્ટ થાય તો તેને શાશ્વત (અપ્રતિ સમાધેય પર્વતારોહ આદિ) દંડ આપી શકાય છે.”[૭] બાહુના બુદ્ધિમાન પુત્ર સગર રાજાએ, પ્રજાઓને રંજાડનાર પોતાના ‘અસમંજસ્’ નામના પાટવી કુમાર પુત્રને નગરના લોકોનું હિત ઈચ્છીને ત્યજી દીધો હતો.[૮] હે રાજા! સગર રાજાનો પાટવી કુમાર અસમંજસ્, નગરવાસીઓનાં બાળકોને પકડીને સરયૂ નદીમાં ડૂબાડી દેતો હતો તેથી એના પિતાએ તેને ધિક્કારી કાઢીને દેશનિકાલની સજા કરી હતી.[૯] મહાતપસ્વી ઋષિ ઉદ્દાલકે પણ બ્રાહ્મણોને ઠગનાર પોતાના પ્રિય પુત્ર શ્વેતકેતુનો ત્યાગ કરી દીધો હતો.[૧૦] પ્રજાઓનું રંજન કરવું, સત્યની રક્ષા કરવી અને વ્યવહારમાં સરળ રહેવું, એજ રાજાઓનો સનાતન ધર્મ છે.[૧૧] જે રાજા કર લેવા માટે ખેડુત વર્ગનાં નિપજેલાં અન્નોને ખેતરોમાં અટકાવી રાખી વૃષ્ટિ આદિથી બગાડતો નથી, બરાબર સમય થતાંજ નોકરોના પગારો ચૂકાવી દે છે, નિત્ય પરાક્રમ કર્યા કરે છે, સત્યવચની હોય છે અને ક્ષમાશીલ હોય છે, તે રાજા શુભમાર્ગથી કદી ભ્રષ્ટ થતો નથી.[૧૨] જે કોઇ પુરુષ માનસિક જય કરનારો હોય છે, ક્રોધને વશ રાખનારો હોય છે, શાસ્ત્રીય વિષયોમાં નિઃસંદેહ હોય છે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—એ ચાર પુરુષાર્થોનું સેવન કરવામાં નિત્ય આસક્ત હોય છે અને પોતાનાં છિદ્રોને ઢાંકવામાં, પારકાં છિદ્રોને શોધી કાઢવામાં, પોતાનાં કૃત્યોને ગુપ્ત રાખવામાં તથા રાજકીય વિચારોને ગુપ્ત રાખવામાં કુશલ હોય છે, તે પુરુષ રાજા થવાને યોગ્ય છે. રાજકીય વિચારોને ગુપ્ત ન રાખવા, એનાથી બીજું રાજાઓને સંકટ નથી; અર્થાત્ ગુપ્ત વિચારો પ્રકટ થઈ જવાથીજ રાજાઓનાપર સંકટ આવી પડે છે.[૧૩,૧૪] વળી દરેક રાજાએ ચારે વર્ણોના ધર્મની રક્ષા કરવી જોઇએ અને સર્વ વર્ણોમાં ધર્મસંકરતા થતી અટકાવવી તે પણ રાજાઓનો સનાતન ધર્મ છે.[૧૫] તેમજ રાજાએ પોતાના આપ્તવર્ગના માણસોવિના બીજા કોઇનો વિશ્વાસ કરવો નહિ, તેમ વિશ્વાસપાત્ર એવા આપ્ત માણસોનો પણ અત્યંત વિશ્વાસ કરવો નહિ અને* સંધિ, વિગ્રહ, યાન, આસન, સંશ્રય અને દ્વૈધીભાવ, એ છ રાજનીતિના ગુણોનો તથા દોષોનો પોતાનીજ બુદ્ધિ સાથે નિરંતર વિચાર કર્યા કરવો.[૧૬] જે રાજા શત્રુઓનાં છિદ્રોને જોનારો છે, ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગના તત્ત્વને જાણનારો છે અને છુપા દૂતો મોકલીને શત્રુઓના અધિકારીઓને ગુપ્ત રીતે ફોડે છે; તે રાજા પ્રશંસાપાત્ર ગણાય છે.[૧૭] વળી યમ અને કુબેરની પેઠે જે રાજા કોશને ધનથી ભરપૂર રાખે છે, પોતાના તથા શત્રુના અમાત્ય, રાષ્ટ્ર, દુર્ગ, કોશ અને દંડ-ઈત્યાદિ દશેનું બરાબર જ્ઞાન મેળવીને બન્ને તરફની જો સમાનતા જાણવામાં આવે છે તો શાંત બેસી રહે છે, પોતાનામાં જો ન્યૂનતા જાણવામાં આવે છે તો વૃદ્ધિ કરે છે અને શત્રુનામાં જો અધિકતા જાણવામાં આવે છે તો તેનો (શત્રુના અમાત્ય આદિ પાંચેનો) નાશ કરવા તત્પર થાય છે, તે રાજા ઉત્તમ કહેવાય છે.[૧૮] હરકોઈ રાજાએ જેઓનું પોષણ ન થતું હોય તેવાઓને પોષવા જોઇએ, પોષ્યવર્ગના પોષણની દેખરેખ રાખવી જોઇએ, મુખનો દેખાવ પ્રસન્ન રાખવો જોઇએ, મુખને હસતું રાખી ભાષણ કરવું જોઈએ, વૃદ્ધોની સેવા કરવી જોઇએ, આળસને દૂર કરવું જોઈએ, અતિલુબ્ધ નહિ થવું જોઇએ, સત્પુરુષોના વર્તન તરફ બુદ્ધિને સ્થિર કરવી જોઇએ, પોતાના અનુયાયીઓને સંતુષ્ટ

---

*શત્રુબળવાન હોય તો તેની સાથે સલાહ કરવી તે ‘સંધિ’ કહેવાય છે, શત્રુ સમાન બળવાળો હોય તો તેની સામે લડાઈ જાહેર કરવી તે ‘વિગ્રહ’ કહેવાય છે, શત્રુ નિર્બળ હોય તો તેની સામે ચઢાઈ કરીને તેના કિલ્લા વગેરેને ઘેરી લેવાં તે ‘યાન’ કહેવાય છે, શત્રુના કરતાં પોતે જો તિર્બળ હોય તો તેની સામે ચઢાઈ ન કરતાં કિલ્લામાં રહીનેજ પોતાનું રક્ષણ કરવું તે ‘આસન’ કહેવાય છે. શત્રુના કરતાં પોતે જો નિર્બળ હોય તો શત્રુસેનામાં ફાટફુટ કરીને કાર્ય સાધી લેવું તે ‘દ્વૈધી ભાવ’ કહેવાય છે અને શત્રુના કરતાં પોતે જો નિર્બળ હોય તો પોતાના મિત્ર વગેરેનો આશ્રય કરી યુદ્ધ કરવું તે ‘સંશ્રય’ કહેવાય છે. **નીલકંઠ**

રાખવા જોઇએ, સુંદર પોશાક પહેરીને દેખાવડા રહેવું જોઇએ, સત્પુરુષોના ધનને કદી હરી લેવાં નહિ જોઈએ અને દુષ્ટ પુરુષોનું ધન હરી લઇ સત્પુરુષોને અર્પણ કરવું જોઇએ.[૧૯–૨૧] વળી રાજાએ પોતેજ શત્રુઓને શિક્ષા કરવી. નિત્ય દાન આપવાં, મનને વશ રાખવું, સુંદર સાધનો રાખવાં, યોગ્ય સમયે ઇનામો વગેરે આપીને નોકરોની કદર કરવી, વૈભવો ભોગવવા અને પોતાનું ચારિત્ર્ય શુદ્ધ રાખવું.[૨૨] વળી સમૃદ્ધિસંપન્ન એવા રાજાએ જે પુરુષો શૂરા હોય, ભક્તિનિષ્ઠ હોય, બીજાઓથી છેતરાય નહિ એવા હોય, કુળવાન હોય, નીરોગી હોય, સદાચારી હોય, ઉત્તમ મનુષ્યોની સાથે સંબંધ રાખનારા હોય, અભિમાની હોય, બીજાઓનું અપમાન કરનારા ન હોય, વિદ્વાન હોય, લોકવ્યવહારને જાણનારા હોય, પરલોક તરફ દૃષ્ટિ રાખનારા હોય, ધર્મમાં આસક્ત હોય, સદ્ગુણસંપન્ન હોય અને આપત્તિના સમયે પર્વતની પેઠે અડગ રહેનારા હોય તેવા પુરુષોને પોતાના સહાયકો કરવા અને છત્રધારણ તથા આજ્ઞામાંજ માત્ર પોતાની અધિકતા રાખી તે સહાયક પુરુષોની સાથે સર્વ ભોગવૈભવોમાં પોતે સમાન રીતેજ વર્તવું જોઇએ;[૨૩–૨૫] એટલુંજ નહિ પણ તે સહાયક પુરુષોની પ્રત્યક્ષમાં અથવા પરોક્ષમાં પોતાની વૃત્તિ સમાનજ રાખવી જોઈએ. આ પ્રમાણે વર્તન કરનારો રાજા આ લોકમાં કદી ખેદ પામતો નથી.[૨૬] જે રાજા સર્વના તરફ શંકાભરેલી દૃષ્ટિથી જોનારો હોય છે, સર્વ કોઇને લૂંટી લેનારો હોય છે, વક્રપ્રકૃતિનો હોય છે અને લોભી હોય છે તે રાજાને તેના સેવકોજ છળ કપટ કરીને સત્વર મારી નાખે છે.[૨૭] પરંતુ જે રાજા પ્રજાઓનું ચિત્ત આકર્ષવા માટે નિત્ય તત્પર રહે છે અને પવિત્ર વર્તનવાળો હોય છે તે રાજા કદાચ શત્રુઓના સપાટામાં સપડાઈ ગયો હોય તોપણ રાજ્યાસનથી ભ્રષ્ટ થતો નથી, પરંતુ ઉલટો સર્વતઃ સત્તાવાન થઇ પડે છે.[૨૮] તેમજ ક્રોધવિનાનો, વ્યસનોથી મુક્ત, સૌમ્ય શિક્ષા કરનારો તથા ઇંદ્રિયોને વશમાં રાખનારો રાજા, હિમાલય પર્વતની પેઠે સર્વ પ્રજાસંઘમાં વિશ્વાસપાત્ર થઇ પડે છે.[૨૯] વળી જે રાજા બુદ્ધિમાન છે, દાનરૂપી ગુણથી યુક્ત હોય છે, શત્રુઓનાં છિદ્રો જોવામાં તત્પર હોય છે, સુંદર દેખાવનો છે, સર્વ વર્ણોના ન્યાય–અન્યાયને જાણનારો છે, આરંભેલા કાર્યનો સત્વર અંત આણનારો છે, ક્રોધનો જય કરનાર છે, આશ્રિતોનો અનુગ્રહ કરનાર છે; ઉદાર મનનો છે, શાંત પ્રકૃતિનો છે, ઉદ્યોગી છે, ક્રિયાઓ કરવામાં શૂરો છે, આત્મશ્લાઘારહિત છે અને જેનાં આરંભેલાં કાર્યો રૂડીરીતે સંપૂર્ણ જોવામાં આવે છે, તે રાજા ઉત્તમ ગણાય છે.[૩૦–૩૨] પુત્રો જેમ પિતાના ઘરમાં નિર્ભય થઇને વિચરે છે, તેમ જે રાજાના રાજ્યમાં મનુષ્યો નિર્ભય થઇને વિચરે છે, તે રાજા ઉત્તમ કહેવાય છે,[૩૩] જે રાજાના રાજ્યમાં નગરવાસી અને દેશવાસી સર્વ મનુષ્યોના વૈભવો પ્રકટ રીતે જાણવામાં આવતા હોય અને જે રાજાની પ્રજા નીતિ-અનીતિને જાણનારી હોય તે રાજા ઉત્તમ કહેવાય છે.[૩૪] વળી જેના રાજ્યમાં મનુષ્યો પોતપોતાનાં કર્મોની અંદર તત્પર રહેનારાં હોય, શરીર ઉપર પ્રીતિ નહિ રાખનારાં હોય, પરંતુ શરીરથી સાધી શકાતા ધર્મ ઉપર પ્રીતિ રાખનારાં હોય, વિધિપૂર્વક પાલન કરાતાં હોય, રાજાના વશમાં રહેનારાં હોય, કેળવાયલાં હોય, અન્યોન્ય કલેશ કરવાના સ્વભાવથી મુક્ત હોય અને દાન આપવામાં પ્રીતિવાળાં હોય તેજ રાજા વાસ્તવિક રીતે 'રાજા' કહેવાય છે.[૩૫,૩૬] વળી જેના રાજ્યમાં ફૂડ, કપટ, માયાકે મત્સરનો છેક અભાવજ હોય છે, તે રાજાને સનાતન ધર્મનો લાભ પ્રાપ્ત થાય છે એમ સમજવું,[૩૭] અને જે રાજા જ્ઞાનસંપન્ન પંડિતોનો યોગ્ય સત્કાર કરે છે, બીજાઓનું હિત કરનારા શાસ્ત્રીય અર્થોમાં આસક્ત રહે છે, સત્પુરુષોએ આચરેલા માર્ગમાં ગમન કરે છે અને દાનશીલ છે, તે રાજા રાજ્ય કરવાને યોગ્ય ગણાય છે.[૩૮] તેમજ જે રાજાના છુપા દૂતો તથા વિચારો કૃતકૃત્ય હોય છતાં અકૃતાર્થ જેવા જણાય છે અને તપાસ કરવા છતાં પણ શત્રુઓ જેઓના ભેદને સમજી શકતા નથી તે રાજા રાજ્ય-

ને યોગ્ય ગણાય છે.[૩૯] હે ભરતવંશી યુધિષ્ઠિર રાજા! પૂર્વે મહાત્મા શુક્રાચાર્યે રામચરિત્ર કહ્યા પછી રાજાને ઉદ્દેશીને એક શ્લોક આ પ્રમાણે કહ્યો છે:-[૪૦]

राजानं प्रथमं विन्देत् ततो भार्यां ततो धनम्॥
राजन्यसति लोकस्य कुतो भार्या कुतो धनम् ॥

“સર્વ કોઈ મનુષ્યે પ્રથમ તો સારા રાજાને મેળવવો જોઈએ અને પછી સ્ત્રી તથા ધન મેળવવાની વાત કરવી જોઈએ; કારણકે લોકના ઉપર સારા રાજાનું જો રક્ષણ ન હોય તો સ્ત્રી અને ધન પાસે રહીજ કયાંથી શકે?”[૪૧] માટે રાજ્યની ઇચ્છાવાળા રાજાઓનો પ્રજાઓનું રક્ષણ કરવું તેજ સનાતન ધર્મ છે. એ સિવાય તેઓનો બીજો ધર્મજ નથી; કારણકે પ્રજાઓનું રક્ષણ તેજ લોકોને ધારણ કરી રાખે છે.[૪૨] એ વિષયમાં પ્રચેતાના પુત્ર ભગવાન મનુએ રાજધર્મને અનુસરતા બે શ્લોક કહ્યા છે. હે રાજેન્દ્ર! તે બન્ને શ્લોકો તમે એકાગ્ર ચિત્તથી સાંભળો.[૪૩]

षडेतान् पुरुषोजह्याद् भिन्नां नावामिवार्णवे ॥
अप्रवक्तारमाचार्यमनधीयानमृत्विजम् ॥४४॥

अरक्षितारं राजानं भार्यां चाप्रियवादिनीम् ॥
ग्रामकामं च गोपालं वनकामं च नापितम्॥४५॥

“સમુદ્રમાં ભાંગી પડેલી નાવનો જેમ ત્યાગ કરી દેવો જોઈએ, તેમ પુરુષે ઉપદેશ નહિ આપનાર આચાર્યનો, વેદાધ્યયન નહિ કરનાર બ્રાહ્મણનો, રક્ષણ નહિ કરનાર રાજાનો, અપ્રિય બોલનારી પોતાની સ્ત્રીનો, ગામમાં વસવાની ઇચ્છાવાળા ગોવાળનો તથા વનમાં વસવાની ઇચ્છાવાળા હજામનો ત્યાગ કરી દેવો જોઈએ; કારણ કે એ છએ જણા પ્રજાઓનો અનર્થ કરનાર છે.”

ઈતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત
રાજધર્માનુશાસન પર્વમાં અધ્યાય
૫૭ મો સમાપ્ત.

अध्याय ५८ मो

સંક્ષિપ્ત રાજધર્મ

॥ भीष्म उवाच ॥

एतत्ते राजधर्माणां नवनीतं युधिष्ठिर ॥
बृहस्पतिर्हि भगवान् न्याय्यं धर्मं प्रशंसति ॥

ભીષ્મ બોલ્યા:-“ હે યુધિષ્ઠિર રાજા! એ પ્રમાણે મેં તમને રાજધર્મોનો સર્વ તાત્ત્વિક સાર કહ્યો. ભગવાન બૃહસ્પતિ પણ મેં કહ્યા તેવા ન્યાય યુક્ત ધર્મની પ્રશંસા કરે છે.[૧] એ સિવાય ભગવાન વિશાલાક્ષ, મહાતપસ્વી શુક્રાચાર્ય, સહસ્રનેત્ર ઇંદ્ર, પ્રચેતાના પુત્ર મનુ, ભગવાન ભરદ્વાજ અને મુનિ ગૌરશિરા-વગેરે રાજાઓને લગતાં ધર્મશાસ્ત્રો રચનારા વેદપારંગત બ્રહ્મનિષ્ઠ મહાપુરુષોએ, પ્રજાઓના રક્ષણનેજ રાજાઓના મુખ્ય ધર્મતરીકે કહેલ છે. હે ધાર્મિક શ્રેષ્ઠ! હે કમળસમાન લાલ નેત્રવાળા યુધિષ્ઠિર! એ રક્ષાધર્મ કયી યુક્તિથી આચરી શકાય છે તે હું તમને કહું છું, સાંભળો.[૨-૪] છુપા દૂતો રાખવા; પ્રકટ રીતે કામ કરનારા દૂતો રાખવા; યથાયોગ્ય સમયે સર્વ અધિકારીઓને પગાર આપી દેવા; મત્સરનો ત્યાગ કરવો; યુક્તિથી પ્રજાઓ પાસેથી પોતાનો રાજભાગ લેવો; પણ દમનનીતિનો ઉપયોગ કરી પ્રજાઓ પાસેથી કર ન લેવો; સત્પુરુષોનો સંગ્રહ કરવો; શૂરવીરતા કેળવવી; ડહાપણનો ઉપયોગ કરવો; સત્યતાભરેલો વ્યવહાર કરવો; પ્રજાઓનું હિત કરવું; સરળતાથી અથવા કુટિલતાથી પણ શત્રુપક્ષમાં ફાટફુટ કરવી; જૂનાં થયેલાં મકાનોનો પુનરુદ્ધાર કરાવવો; દુઃખી મનુષ્યોની માવજત રાખવી; યથાયોગ્ય સમયે શારીરિક અને આર્થિક દંડનો ઉપયોગ કરવો; સદ્ગુણી પુરુષોનો ત્યાગ નહિ કરવો; કુળવાનોનું પોષણ કરવું; સંગ્રહ કરવા યોલ્ય ધાન્યાદિ પદાર્થોનો સંગ્રહ કરવો; કેવળ સેવાબુદ્ધિ ધરાવનારા પુરુષોને પોતાની પાસે રાખવા; સૈન્યોને નિત્ય હર્ષથી પ્રફુલ્લ રાખવાં; પ્રજાઓની દેખરેખ રાખવી; હરકોઈ કાર્ય કરતી વેળા ખિન્ન થવું

નહિ; કોશની (ભંડારની) વૃદ્ધિ કર્યા કરવી; નગરનું રક્ષણ કરવામાં સાવધ રહેવું; પહેરેગીરોનો પણ સંપૂર્ણ વિશ્વાસ ન રાખવો; વેપાર આદિનો લોભ બતાવી શત્રુઓએ વશ કરેલા નગરના લોકોમાં માંહોમાંહે ભેદ પડાવવો; શત્રુ રાજાની, તટસ્થ રાજાની તથા મિત્ર રાજાની આંતરિક તપાસ રાખવી; પોતાના સેવકોને પણ અંદર અંદર ફોડી જોવા; પોતાના નગરની ચર્ચા પંડેજ જોવી; સેવકવર્ગનો વિશ્વાસ નહિ રાખવો; શત્રુનું પણ યોગ્ય સમયે આશ્વાસન કરવું; નીતિ અને ધર્મને અનુસરીને વર્તવું; નિત્ય પુરુષાર્થ કરતા રહેવું; શત્રુઓનું પણ અપમાન કરવું નહિ; અનાર્ય-હીન કર્મોનો ત્યાગ કરવો, આ સર્વ પ્રજારક્ષણનાં સાધનો છે.[૫-૧૨] વળી બૃહસ્પતિએ રાજાઓને ઉદ્યોગી રહેવા માટે ખાસ ભાર દઇને કહ્યું છે. કારણ કે, રાજધર્મનું મૂળ ઉદ્યોગજ છે. તેના સંબંધમાં બૃહસ્પતિએ કહેલા શ્લોકો તમે સાંભળો.[૧૩]

उत्थानेनामृतं लब्धमुत्थानेना सुरा हताः ॥
उत्थानेन महेन्द्रेण श्रैष्ठ्यं प्राप्तं दिवीह च १४॥
उत्थानवीरः पुरुषो वाग्वीरानधितिष्ठति ॥
उत्थानवीरान् वाग्वीरा रमयंत उपासते ॥१५॥
उत्थान हीनो राजा हि बुद्धिमानपि नित्यशः ॥
प्रधर्षणीयः शत्रूणां भुजंग इव निर्विषः ॥१६॥

“ઇંદ્રાદિક દેવતાઓએ પૂર્વે ઉદ્યોગ કરીનેજ અમૃત મેળવ્યું હતું, ઉદ્યોગ કરીનેજ તેઓએ અસુરોનો સંહાર કર્યો હતો અને મહેન્દ્રે ઉદ્યોગ કરીનેજ સ્વર્ગલોકમાં તથા આ લોકમાં શ્રેષ્ઠ પ્રતિષ્ઠા મેળવી છે.[૧૪] વળી જે પુરુષ ઉદ્યોગ કરવામાં વીર છે,તે પુરુષ વાગ્વીર-વિદ્વાનોને પણ દબાવી શકે છે, એટલુંજ નહિ પણ વાગ્વીર-વિદ્વાનો તેવા ઉદ્યોગવીર મહાપુરુષોને પોતાના વાણીવિલાસથી રંજન કરતા ઉપાસે છે;[૧૫] નિત્ય ઉદ્યોગશૂન્ય રહેનારો રાજા બુદ્ધિમાન હોય તોપણ, વિષ(ઝેર)વિનાનો સર્પ જેમ સર્વ લોકના અપમાનનું પાત્ર બને છે, તેમ શત્રુઓના અપમાનનું પાત્ર બને છે.”[૧૬] વળી બળવાન રાજાએ પોતાના દુર્બળ શત્રુનું પણ અપમાન કરવું નહિ-તેને તુચ્છ ગણી કાઢી તેની ઉપેક્ષા કરવી નહિ; કારણ કે અગ્નિનો નાનો તણખો પણ બાળી શકે છે અને થોડું ઝેર પણ મનુષ્યના પ્રાણ લે છે.[૧૭] હાથી, ઘોડા,રથ અને પાયદલ,એ માંહેના એકજ અંગથી જો શત્રુસંપન્ન હોય છે તો કિલ્લાનો આશ્રય કરી, મહાસમૃદ્ધિમાન એવા રાજાના દેશને પણ રંજાડી શકે છે.[૧૮]રાજાનું એ કર્તવ્ય છે કે, પોતાનું જે કોઇ યથાર્થ ગુપ્ત વચન,શત્રુઓનો પરાજય કરવા માટે કરેલો સેનાસંગ્રહ,તેવા કોઇ કારણને અંગે પોતાના હૃદયમાં જે કંઇ કપટ હોય તથા શત્રુઓનો વિજય કરવામાટે પોતે તેવું જે કોઇ નીચ કામ કર્યું હોય તે સર્વનું પ્રજાઓની પાસે પોતાની સરળતા દેખાડીને ગોપન કરવું જોઇએ અને લોકોનું ઐક્ય-સંગઠન કરવા માટે તેવી ધાર્મિક ક્રિયાઓનું આંચરણ કરવું જોઈએ;[૧૯,૨૦] કારણ કે રાજ્ય એ અતિ મહાન તંત્ર છે. ક્રૂર પુરુષો તે રાજ્યતંત્રને ચલાવી શકતા નથી. તેમ એ તંત્ર ચલાવવામાં ઘણોજ પરિશ્રમ પડતો હોવાથી કોમળ પ્રકૃતિનો પુરુષ, તેના ભારને વહી શકતો નથી.[૨૧] વળી રાજ્ય એ સર્વનો ભોગ્ય પદાર્થ છે જેથી કેવળ સરળતાના ગુણનો આશ્રય કરવાથી તેનું રક્ષણ કરી શકાતું નથી; માટે હે યુધિષ્ઠિર! તમારે સરળતા અને કઠોરતા, એ બન્ને ગુણોથી મિશ્રવૃત્તિનો આશ્રય કરીને વર્તન કરવું.[૨૨] જો કે એ રીતે વર્તન કરી પ્રજાઓનું રક્ષણ કરનારા રાજાને ઘણાં સંકટો વેઠવાં પડે છે તોપણ એમ વર્તવાથી રાજાને મહાન ધર્મનો લાભ થાય છે અને પૂર્વકાળના રાજાઓ એ માર્ગેજ વર્ત્યા છે.[૨૩] હે કુરુશ્રેષ્ઠ યુધિષ્ઠિર! આ તો મેં તમારી પાસે રાજધર્મોના એક લેશનુંજ વર્ણન કરી બતાવ્યું છે, છતાં એમાં તમને જે કંઇ સંદેહ થતો હોય, તે વિષે મને ફરી પૂછો.”[૨૪]

વૈશંપાયને કહ્યું:-હે જનમેજય! ભીષ્મે એ પ્રમાણે કહ્યું, એટલે ભગવાન વ્યાસ, દેવસ્થાન, અશ્મા, શ્રીકૃષ્ણ, કૃપાચાર્ય, સાત્યકિ તથા સંજય હર્ષથી પ્રફુલ્લ થયેલાં મુખોવડે “વા-

હવા, વાહવા ” એમ કહીને મહાન ધર્મવેત્તા પુરુષવ્યાઘ્ર ભીષ્મની સ્તુતિ કરવા લાગ્યા.[૨૫,૨૬] તે પછી કુરુમહારાજા યુધિષ્ઠિર, દીનચિત્ત થઇને પોતાનાં અશ્રુભરેલાં બન્ને નેત્રોવડે ભીષ્મના ચરણને સ્પર્શ કરી બોલ્યા કેઃ–[૨૭] “ હે પિતામહ ! મારા સંદેહવિષે હવે હું આવતી કાલે આપને પૂછીશ; કારણ કે ભગવાન સૂર્યદેવ, પૃથ્વીના રસનું પાન કરીને અસ્ત પામવાની તૈયારીપર છે.”[૨૮] આમ કહીને યુધિષ્ઠિર, શ્રીકૃષ્ણ અને કૃપાચાર્ય વગેરેએ સર્વ બ્રાહ્મણોને વંદન કર્યું તથા ગંગાપુત્ર ભીષ્મની પ્રદક્ષિણા કરી પોતપોતાના રથોમાં બેઠા.[૨૯] પછી દૃષદ્વતી નદીના તટપર જઇને તેઓએ સ્નાનાદિક ઉદકક્રિયાઓ, વિધિપૂર્વક સંધ્યાવંદન તથા જપાદિક મંગલ કર્મો કર્યાં ને તે કર્યા પછી શત્રુતાપન તે રાજાઓ હસ્તિનાપુરમાં દાખલ થયા.[૩૦]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત
રાજધર્માનુશાસન પર્વમાં અધ્યાય
૫૮ મો સમાપ્ત.

अध्याय ५९ मो

રાજા અને રાજ્યબંધારણનો કાળ

॥ वैशंपायन उवाच ॥

ततः कल्यं समुत्थाय कृतपूर्वाह्णिकक्रियाः॥
ययुस्ते नगराकारै रथैः पांडवयादवाः ॥१॥

વૈશંપાયને કહ્યુંઃ–હે જનમેજય ! તે પછી બીજે દિવસે પ્રાતઃકાળમાં ઉઠીને પાંડવોએ તથા યાદવોએ દિવસના પૂર્વભાગને લગતી સર્વ સ્નાનસંધ્યાદિક નિત્યક્રિયાઓ કરી અને પછી નગરસમાન દેખાવના રથોમાં બેસીને તેઓ ભીષ્મ પાસે જવા નીકળ્યા.[૧] હે નિર્દોષ રાજા ! જોતજોતામાં તેઓ કુરુક્ષેત્રમાં પોઢેલા ભીષ્મની પાસે આવી પહોંચ્યા અને ત્યાં આવીને તેઓએ રથીશ્રેષ્ઠ ગંગાપુત્ર ભીષ્મને રાત્રિની સુખાકારીના પ્રશ્નો પૂછ્યા, વ્યાસાદિક મહર્ષિઓને વંદન કર્યું અને પછી તેઓનું અભિનંદન સ્વીકારી, ભીષ્મની ચોતરફ વીંટાઇને તેમની સમીપમાં તેઓ બેઠા.[૨,૩] પછી મહાતેજસ્વી ધર્મરાજા યુધિષ્ઠિર, વિધિપૂર્વક ભીષ્મની પૂજા કરી બે હાથ જોડીને બોલ્યા.[૪]

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ–“ હે શત્રુતાપન ભરતવંશી રાજન્ ! આ જગતમાં “ રાજા ” એવો શબ્દ જે પ્રસિદ્ધ થયો છે તે કેવી રીતે ઉત્પન્ન થયો તે મને કહો,[૫] મને આશ્ચર્ય થાય છે કે જે એક પુરુષને બીજા સર્વ મનુષ્યોની પેઠે ભુજા, હાથ અને કંઠ સમાન છે, ઇંદ્રિયો, બુદ્ધિ અને આત્મા સરખો છે, સુખ તથા દુઃખ પણ સર્વની સમાન છે, પીઠ, મુખ, ઉદર, વીર્ય, હાડકાં, મજ્જા, માંસ અને રુધિર પણ બીજાના જેવાં છે, નિશ્વાસ અને ઉચ્છ્વાસ પણ સર્વના જેવો છે, પ્રાણ તથા શરીર પણ અન્યના સમાન છે તેમજ જન્મ અને મરણ પણ બીજાઓની પેઠે સરખુંજ છે, આ રીતે મનુષ્યોના સર્વ ગુણોની સમાનતા ધરાવનારો તે રાજા શબ્દવાચ્ય એકજ પુરુષ જગતમાંહેના મહાબુદ્ધિમાન અને શૂર પુરુષોની ઉપર પણ પોતાનો અધિકાર કેમ ચલાવી રહ્યો છે ?[૬,૮] તે એકલો શૂરવીર અને આર્યપુરુષોથી ભરેલી સમગ્ર પૃથ્વીનું કેમ રક્ષણ કરે છે ? અને શામાટે જગતના સર્વ લોકો તેનીજ કૃપા મેળવવાની ઇચ્છા રાખે છે ?[૯] વળી એ પણ નિશ્ચય જોવામાં આવે છે કે, ‘ રાજા ’ શબ્દને ધારણ કરનારા તે એકજ પુરુષની પ્રસન્નતાથી આખું વિશ્વ પ્રસન્ન થાય છે અને તેની એકની વ્યાકુળતાથી સમગ્ર જગત વ્યાકુળ થઈ જાય છે, તે શું ?[૧૦] હે વક્તાઓમાં શ્રેષ્ઠ ભરતવંશના મહાપુરુષ ! તે ‘ રાજા ’ શબ્દની ઉત્પત્તિના સંબંધમાં જે યથાર્થ તત્ત્વ રહેલું હોય તે સાંભળવાની મને ઇચ્છા છે, માટે તેજ મને કહો.[૧૧] હે રાજા! માત્ર એકજ પુરુષને આખું જગત દેવની પેઠે નમે છે, તેમાં કંઈ અલ્પ કારણ નહિ હોય. ”[૧૨]

ભીષ્મ બોલ્યાઃ–“હે પુરુષવ્યાઘ્ર રાજા પૂર્વે સત્યયુગના સમયમાં રાજ્યની જે રીતે ઉત્પત્તિ થઇ હતી તે સર્વ હું તમને સંપૂર્ણ કહું છું, તમે સાવધાન થઈને સાંભળો.[૧૩] તે સમયે–

સત્યયુગમાં રાજ્ય ન હતું, રાજા ન હતો, દંડ ન હતો અને દંડને પાત્ર કોઇ મનુષ્ય પણ ન હતો. માત્ર ધર્મને અનુસરીનેજ સર્વ પ્રજાઓ પરસ્પરનું રક્ષણ કરતી હતી. [૧૪] હે ભારત ! તે સમયના મનુષ્યોએ ધર્મપૂર્વક વર્તીને એ પ્રમાણે ઘણા કાળસુધી અન્યોન્યનું રક્ષણ કર્યું; પરંતુ આખરે એ રીતે રક્ષણ કરવામાં તેઓને ઘણોજ પરિશ્રમ પડવા લાગ્યો અને પછી તેઓમાં મોહ દાખલ થયો. [૧૫] હે મનુષ્યશ્રેષ્ઠ! આમ જ્યારે તેઓ મોહવશ થઈગયા, ત્યારે તેઓના જ્ઞાનનો લોપ થઇ ગયો અને જ્ઞાનનો લોપ થવાથી તેઓનો ધર્મ પણ નાશ પામ્યો. [૧૬] હે ભરતશ્રેષ્ઠ રાજા! એ રીતે જ્ઞાનનો લોપ થતાં મોહાધીન થયેલા તે કાળના મનુષ્યો અનુક્રમે લોભના સપાટામાં પણ સપડાયા [૧૭] અને પછી તો પોતાને નહિ મળેલી વસ્તુના લોભને અધીન થઇ તે વસ્તુ મેળવવાની ઇચ્છા કરવા લાગ્યા, જેથી હે રાજા! તેઓનામાં કામ નામના બીજા શત્રુએ પણ પ્રવેશ કરી દીધો. [૧૮] આમ જેવા તેઓ કામાધીન થયા કે તુરતજ કામજન્ય રાગ નામના શત્રુએ તેઓનો સ્પર્શ કર્યો અને પછી તો હે યુધિષ્ઠિર! રાગાધીન થયેલા તે મનુષ્યો કાર્યાકાર્યના વિવેકથી ભ્રષ્ટજ બની ગયા. [૧૯] એટલુંજ નહિ પરંતુ શું ગમન કરવા યોગ્ય છે શું ગમન કરવા યોગ્ય નથી, શું બોલવા યોગ્ય છે શું બોલવા યોગ્ય નથી, શું ભક્ષણ કરવા યોગ્ય છે શું ભક્ષણ કરવા યોગ્ય નથી, અને શું કરવાથી દોષ લાગે છે તથા શું કરવાથી દોષ નથી લાગતો–એ સંબંધનું પણ તેઓને જ્ઞાન રહ્યું નહિ. [૨૦] આવો જ્ઞાનવિપ્લવ થયો એટલે મનુષ્યલોકમાંથી વેદનો નાશ થઈ ગયો અને વેદનો નાશ થયો કે તુરત હે રાજા! તેના અંગભૂત યજ્ઞાદિ ધર્મનો પણ છેક લોપ થઈ ગયો. [૨૧] હે પુરુષસિંહ! એ રીતે વેદનો તથા યજ્ઞાદિ ધર્મનો લોપ થતાં દેવોમાં ભયપેસારો થયો. ત્રાસ પામી જઇને તેઓ બ્રહ્મદેવને શરણે ગયા. [૨૨] લોકોના પિતામહ ભગવાન બ્રહ્મદેવને સ્તુતિદ્વારા પ્રસન્ન કરી દુઃખના વેગથી હાવરાબાવરા બની ગયેલા તે દેવો, બે હાથ જોડીને તેમને કહેવા લાગ્યા કેઃ–[૨૩]"હે ભગવન્! મનુષ્યલોકમાં રહેલો સનાતન કાળનો વેદ આજે નષ્ટપ્રાય થઇ ગયો છે. સર્વ સ્થળે લોભ, મોહ આદિ દુષ્ટભાવોનું પ્રાબલ્ય વધી પડયું છે જેથી અમે ભયગ્રસ્ત બની ગયા છીએ. [૨૪] હે જગતના નિયંતા ! વેદનો વિનાશ થવાથી યજ્ઞાદિ ધર્મનો છેક લોપ થઈ ગયો છે અને તેથી હે ત્રિભુવનેશ્વર! અમે મનુષ્યોની સમાનતામાં આવી પડયા છીએ–અર્થાત્ સ્વાહા આદિનો અભાવ થઇ જવાથી અમે ક્ષીણ થઇ ગયા છીએ–મનુષ્યોની પેઠે મરણધર્મની અણીપર આવી પડયા છીએ. [૨૫] આ વેદધર્મના નાશથી પહેલાં યજ્ઞ કરનારા મનુષ્યો અગ્નિમાં, હવિર્ધારાઓ કરીને ઊર્ધ્વવૃષ્ટિ કરતા હતા અને અમે ઉપરથી જળવૃષ્ટિ કરીને અન્નાદિ નીપજાવતા હતા. જેથી અમારૂં અને તેઓનું સારી રીતે પોષણ થતું હતું પરંતુ હાલના સમયમાં તો યજ્ઞાદિ ક્રિયાઓ બંધ પડી ગયેલી હોવાથી અમે સંશયમાં આવી પડયા છીએ–અન્નપુષ્ટિ નહી હોવાથી મરણશરણ થઇ ગયા છીએ, [૨૬] માટે હે પિતામહ ! આ સ્થિતિમાં અમારૂં શું કરવાથી કલ્યાણ થાય, તેનો તમે વિચાર કરો અને જે કરવાથી તમારા પ્રભાવથી પ્રાપ્ત થયેલાં અમારાં ઐશ્વર્યોનો વિનાશ ન થઇ જાય, તે તમે કરો."[૨૭] સ્વયંભૂ ભગવાન બ્રહ્મદેવની દેવોએ એ પ્રમાણે જ્યારે પ્રાર્થના કરી, ત્યારે તેમણે કહ્યું કેઃ–" હે દેવો ! આમ ભયભીત ન બનો, હું તમારા કલ્યાણમાટેનો જરૂર વિચાર કરીશ. "[૨૮] દેવોને આવું સાંત્વન આપ્યા પછી ભગવાન બ્રહ્મદેવે પોતાની બુદ્ધિના બળથી એક લાખ અધ્યાયનું નીતિશાસ્ત્ર રચીને તૈયાર કર્યું કે જે શાસ્ત્રમાં ધર્મ, અર્થ અને કામ–એ વિખ્યાત ત્રિવર્ગનું સંપૂર્ણ વર્ણન છે. વળી ચોથા પુરુષાર્થ મોક્ષનું પણ ભિન્ન ભિન્ન ઉદ્દેશપરત્વે અને ભિન્ન ભિન્ન સત્ત્વાદિ ગુણોના અધિકારીપરત્વે વર્ણન કરવામાં આવ્યું છે, [૨૯।૩૦] તથા પૂર્વોકત ત્રિવર્ગથી ભિન્ન મોક્ષનોજ ત્રિવર્ગ તેમાં વર્ણવ્યો છે કે જે

ત્રિવર્ગમાં સત્ત્વ, રજ અને તમનો સમાવેશ થઇ જાય છે. વળી તે ઉપરાંત દંડજન્ય ત્રિવર્ગ— ÷ સ્થાન, વૃદ્ધિ અને ક્ષય—નું પણ તેમાં વર્ણન કરેલું છે. [૩૧] તેમજ ચિત્ત*, દેશ, કાળ, ઉપાય, કૃત્ય અને સહાય—આ છ નીતિજન્ય ગુણોનું તે શાસ્ત્રમાં બ્રહ્મદેવે વર્ણન કર્યું છે. [૩૨] હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર! બ્રહ્મદેવે રચેલા એ લક્ષ અધ્યાયના શાસ્ત્રમાં કર્મકાંડનું, જ્ઞાનકાંડનું, જીવિકા કાંડનું (ખેતીવાડી, વ્યાપારરોજગાર વિષેનું), દંડનીતિ(પાલનવિદ્યા)નું તથા બીજી ઘણી વિદ્યાઓનું કથન કરવામાં આવ્યું છે. [૩૩] વળી અંદર અંદર ફાટફુટ થવાની શંકાથી મંત્રીઓની ખાનગી તપાસ રાખવા માટે, ગુપ્ત દૂતો રાખવા માટે, રાજપુત્રનાં લક્ષણો જાણવા માટે, બ્રહ્મચારી આદિનો વેષ ધારણ કરનારા છુપા જાસુસો રાખવા માટે, એક એક સ્થાને જૂદા જૂદા ત્રણ ત્રણ વેષો ધારણ કરનારા ચાલાક ગુપ્ત દૂતો એકઠા કરવા માટે, સામ, દાન, દંડ, ભેદ અને ઉપેક્ષા, એ પાંચ ઉપાયોનું યોજન કરવા માટે એ શાસ્ત્રમાં વિસ્તારથી વર્ણન કરેલું છે. [૩૪,૩૫] વળી પણ બ્રહ્મદેવે પોતાના એ શાસ્ત્રમાં સર્વ પ્રકારના રાજ્યસંબંધી ગુપ્ત વિચારોનું, શત્રુઓમાં ફાટફુટ કરવા માટેના ઉપાયોનું, તે ઉપાયોમાં પડનારા વિભ્રમોનું, રાજકિય વિચારોની સિદ્ધિ, અસિદ્ધિ તથા ફળનું ઉત્તમ મધ્યમ અને અધમ—એ ત્રણ પ્રકારની સંધિનું અને ભય, સત્કાર તથા દ્રવ્યદાન કરીને કરવામાં આવતા સંધિનું સંપૂર્ણ વર્ણન કરેલું છે. [૩૬,૩૭] તે ઉપરાંત શત્રુસામે ચઢાઇ લઇ જવાના ચાર *સમયો ધર્મ, અર્થ અને કામ, એ ત્રિવર્ગનો વિસ્તાર, ધાર્મિક, આર્થિક અને ×આસુરી વિજય, તથા ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ભેદથી અમાત્ય, રાષ્ટ્ર, દુર્ગ, બળ અને કોશ—એ પાંચેનાં લક્ષણો એ શાસ્ત્રમાં સમગ્ર વર્ણવેલાં છે. [૩૮,૩૯] તેમજ અનેક પ્રકારની પ્રકટ સેનાઓ રાખવા વિષે, આઠ પ્રકારની ગુપ્ત સેનાઓ રાખવા વિષે, રથો, હાથીઓ, ઘોડાઓ અને પાળાઓ એકઠા કરવા વિષે, કેવા માણસોને વેઠે પકડી જવા તે વિષે, નૌકાબળ જમાવવા વિષે, અનુચરો રાખવા વિષે તથા રાજ્યના ખર્ચથી ધર્મોપદેશકો રાખવા વિષે એ શાસ્ત્રમાં સંપૂર્ણ વર્ણન કરેલું છે. [૪૦,૪૧] હે કુરુવંશી રાજા! પૂર્વોક્ત સૈન્યનાં આઠે પ્રકટ અંગો, વીંછી, સર્પ આદિ જંગમ વિષ, સોમલ વગેરે સ્થાવર વિષ, વસ્ત્રાદિકમાં છાંટી દેવાનાં ઝેરી ચૂર્ણો, ભોજનમાં નાખી દેવાનાં ઝેરી ચૂર્ણો, અનેક પ્રકારના મારણ-જારણ વગેરેના આભિચારિક પ્રયોગો તથા શત્રુ, મિત્ર અને તટસ્થ મનુષ્યોનાં લક્ષણો પણ એ બ્રહ્મદેવના શાસ્ત્રમાં વર્ણવ્યાં છે. [૪૨,૪૩] તે ઉપરાંત ગ્રહનક્ષત્રાદિના માર્ગનાં ફળો, ચોરાશી પ્રકારના પૃથ્વીના ગુણો, મંત્રયંત્રાદિકથી પોતાનું રક્ષણ, આશ્વાસન, જૂદાં જૂદાં કારખાનાંઓની દેખરેખ, પોતાના માણસો, હાથીઓ, રથો અને ઘોડાઓને દૃઢ તથા પુષ્ટ કરવાના તરેહ તરેહના

÷ રાજકીય દંડના બળથીજ વ્યાપારીઓના વ્યાપારનું સ્થાન નિર્વિઘ્નતાવાળું થાય છે. અર્થાત્ વ્યાપારસ્થિતિનું બંધારણ મજબૂત થાય છે, દંડના બળથીજ તપસ્વિઓના તપની વૃદ્ધિ થાય છે અને દંડના બળથીજ પ્રજાઓમાંથી ચોર લૂંટારૂઓનો ક્ષય થાય છે. માટે સ્થાન, વૃદ્ધિ અને ક્ષય એ દંડજન્ય ત્રિવર્ગ છે.

* નીતિના બળથી પ્રજાઓનું ચિત્ત અવ્યવસ્થિત હોય તોપણ વ્યવસ્થિત અને શાંત થાય છે, દેશની કોઇ જાતની પાયમાલી થઇ ગઇ હોય તોપણ આબાદી થાય છે, કળિયુગ ચાલતો હોય તોપણ સત્યયુગનું વાતાવરણ પ્રકટ થાય છે, સર્વ સાધનો પણ અનુકૂળ થઇ પડે છે અને કાર્યસાધક કારણો તથા મિત્ર આદિ સહાયકો યોગ્ય સમયે આવી મળે છે. આ છયે નીતિજન્ય ગુણોનું બ્રહ્મદેવના નીતિશાસ્ત્રમાં વર્ણન છે.

* પોતાના મિત્ર રાજાના અભ્યુદયના સમયે, પોતાના ખજાનામાં ધનનો સારો સંગ્રહ થઈ ગયો હોય તે સમયે, શત્રુના મિત્રનો નાશ થયો હોય તે સમયે તથા શત્રુના ખજાનામાં ધન ખૂટી પડયું હોય તે સમયે શત્રુના પર ચઢાઇ કરવા માટે શાસ્ત્રકારો કહે છે. નીલકંઠ.

× પ્રથમ સૌપ્તિકપર્વમાં વર્ણવ્યો છે તે.

ઉપાયો, ચક્રવ્યૂહ, ક્રૌંચવ્યૂહ વગેરે ભિન્ન ભિન્ન વ્યૂહરચનાઓ, જાત જાતનાં યુદ્ધોની કુશળતા, આકાશમાં થનારાં ગ્રહયુદ્ધ તથા ધૂમકેતુ આદિ ઉત્પાતો, ઉલ્કાપાત અને ભૂમિકંપ આદિ નિપાતો, ઉત્તમ પ્રકારનાં યુદ્ધો, સમયને અનુસરી યુદ્ધમાંથી કરેલું પલાયન, શસ્ત્રોને તીક્ષ્ણ કરવાના પ્રકારો તથા હે ભરતશ્રેષ્ઠ! સામર્થ્યનું અને સંકટ-વિષેના વર્તનનું જ્ઞાન એ નીતિશાસ્ત્રમાં દર્શાવેલ છે.[૪૪–૪૬] તેમજ હે પાંડવ! સૈન્યને સંકટમાં આવી પડેલું જોઇ શાં પગલાં લેવાં તે વિષે, સૈન્યને ઉત્સાહિત કરવા વિષે, પીડા તથા આપત્તિના સમયે તેને અનુસરતું વર્તન રાખવા વિષે, પાયદલવિદ્યાવિષે, મંત્રેલું નગારૂં આપોઆપ જ્યારે વાગવા માંડે ત્યારે શત્રુ સામે ચઢાઇ કરવા વિષે, પોતાની પતાકા દેખાડીને તથા મોહજનક મંત્રો સંભળાવીને શત્રુને ગભરાવી નાખવા વિષે, ચોરોદ્વારા તથા જંગલમાં ભટકનારા ભયંકર ભિલ્લોદ્વારા શત્રુના રાજ્યમાં પીડા કરવા વિષે, આગ લગાડનારા, ઝેર આપનારા તથા પ્રતિમા (પ્રતિબિંબ અથવા પ્રતિમૂર્તિ કે છબી) પાડનારા પુરુષોદ્વારા શત્રુના રાજ્યમાં પીડા કરવા વિષે અને શત્રુના સેનાપતિઓને ફોડીને શત્રુએ સંગ્રહ કરેલા ધાન્યાદિકનો નાશ કરી નાખીને મંત્ર, તંત્ર, ઔષધિ વગેરેના પ્રયોગથી શત્રુઓના હાથીઓને દૂષિત અથવા રોગી કરી નાખીને તથા શત્રુના ભક્ત માણસને વશ કરીને અથવા તેનો પોતાના પર વિશ્વાસ બેસાડીને પણ શત્રુના દેશને પાયમાલ કરવા વિષે એ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે.[૪૭–૫૦] વળી સાત અંગવાળાં રાજ્યની વૃદ્ધિ, ક્ષય તથા સમસ્થિતિનું સ્વરૂપ, દૂતોના સામર્થ્યના યોગથી પોતાના રાજ્યની કેવી રીતે વૃદ્ધિ કરવી અને શત્રુ, મધ્યસ્થ તથા મિત્ર કોને જાણવા, તેનું પણ તે શાસ્ત્રમાં વિસ્તારથી વર્ણન છે. બળવાન શત્રુઓને કેવી રીતે દબાવી દેવા, તેઓના પર કેવી રીતે છાપો મારવો, અતિ સૂક્ષ્મ વ્યવહારમાં કેવી રીતે વર્તવું, ખળ પુરુષોનું ઉન્મૂલન કેવી રીતે કરવું, મલ્લવિદ્યા તથા કસરતવિદ્યાનો ક્યાં ઉપયોગ કરવો, સૈનિકોને શસ્ત્રો વાપરવા માટે કયી જાતનું શિક્ષણ આપવું, કેવા મનુષ્યને દાન આપવું, દ્રવ્યનો સંગ્રહ કયા ઉપાયે કરવો, પોષણ નહિ પામતાનું કેવી રીતે પોષણ કરવું, પોષણ પામતા પોષ્યવર્ગની કેવી રીતે દેખરેખ રાખવી, યોગ્ય સમયે દ્રવ્યદાન ક્યાં કરવું, વ્યસનોમાં અત્યંત આસક્ત શામાટે ન થવું, રાજાના ગુણો કેવા હોવા જોઇએ, સેનાપતિમાં કેવા ગુણો હોવા જોઈએ, ધર્મ, અર્થ તથા કામનું મૂળ કારણ શું, તે ત્રિવર્ગના દોષો અને ગુણો કેવી રીતે જાણવા, અનેક પ્રકારના દુરાચારોનું શું ફળ છે, પોતાના અનુયાયીઓની આજીવિકા કેવી રીતે બાંધી આપવી, સર્વ કોઈના પર શામાટે વિશ્વાસ ન રાખવો જોઇએ, પ્રમાદનો કેવી રીતે ત્યાગ કરવો, નહિ મળેલું કેવી રીતે મેળવવું, મળેલાંની કેવી રીતે વૃદ્ધિ કરવી, વૃદ્ધિ પામેલા ધનનું વિધિપૂર્વક સુપાત્રોને કેવી રીતે દાન કરી દેવું, ધર્મને માટે કેવાને દાન આપવું, કામ્યદાન કયે સ્થળે આપવું તથા સંકટસમયે દાન આપીને કેમ છૂટી જવું, તે વિષેનાં સર્વ સમાધાનો એ શાસ્ત્રમાં દર્શાવ્યાં છે;[૫૧–૫૮] તેમજ હે કુરુશ્રેષ્ઠ! ક્રોધથી તથા કામથી થનારાં દશ ઉગ્ર વ્યસનો એ નીતિશાસ્ત્રમાં વર્ણવ્યાં છે.[૫૯] હે ભરતશ્રેષ્ઠ! મૃગયા, જુગાર, મદિરાપાન તથા સ્ત્રીસેવન–એ ચાર કામજન્ય ઉગ્ર વ્યસનો છે તથા વાણીની કઠોરતા, મારામારી, મનનો અસંયમ, તથા બીજાઓનું આર્થિક નુકસાન કરવું તે ક્રોધજન્ય ઉગ્ર વ્યસનો છે, એમ કેટલાએક આચાર્યોએ તથા બ્રહ્મદેવે પોતે પણ કહેલું છે.[૬૦–૬૧] વળી વિવિધ જાતનાં યંત્રોવિષે, તે યંત્રોને બનાવવાની ભિન્ન ભિન્ન ક્રિયાઓવિષે, બીજાઓની લશ્કરી સહાય લઇને શત્રુના દેશને પાયમાલ કરવા વિષે, શત્રુના પર અકસ્માત્ ધસારો લઈ જવા માટે, શત્રુના રાજમહેલોને તથા વૃક્ષોને જમીનદોસ્ત કેમ કરવાં તે વિષે, તેનાં જીર્ણ દેવાલયોનો નાશ કરવા વિષે, તેની ખેતીવાડીના ફળની લૂંટ કરવા વિષે, પોતાની ખેતીવાડીના ફળનું રક્ષણ કરવાની આજ્ઞા કરવા વિષે, લડાયક સાધનો એકઠાં ક-

રવા વિષે તથા કવચ વગેરે બનાવવાની યુકિતઓવિષે બ્રહ્મદેવના શાસ્ત્રમાં વર્ણન આપેલું છે[૬૨,૬૩] તે ઉપરાંત ઢાલ, નગારાં, શંખો તથા ભેરીઓ વગેરે વાદિત્રો તૈયાર કરવાની યુકિતઓમાટે, મણિઓ, પશુઓ, પૃથ્વી, વસ્ત્રો, દાસ દાસીઓ તથા સુવર્ણ, એ છ દ્રવ્યો એકઠાં કરવા માટે, શત્રુઓનાં તે છ દ્રવ્યોનો નાશ કરવા માટે, જીતીને મેળવેલાં રાજ્યોમાં શાંતિ સ્થાપવા માટે, સત્પુરુષોનું પૂજન કરવા માટે, વિદ્વાનોની સાથે એકતા રાખવા માટે, દાનવિધિનું તથા હોમવિધિનું જ્ઞાન સંપાદન કરવા માટે, સ્વર્ણ (સોનું) આદિ મંગલ પદાર્થોનો સ્પર્શ કરવા વિષે, શરીરપર અલંકારો ધારણ કરવાની રીતિઓ વિષે, કેવા આહારની યોજના કરવી તે વિષે નિત્ય આસ્તિકતા રાખવા માટે, રાજાએ એકલાએ પણ કેવા ઉદ્યોગો કરવા જોઇએ તેના પ્રકારોવિષે, સત્ય ભાષણવિષે, મધુર વાણી બોલવાવિષે, ઉત્સવોનાં તથા સમાજોનાં કર્તવ્યોવિષે, ધ્વજારોપણ આદિ ગૃહકૃત્યો કરવા વિષે, મનુષ્યોનાં એકત્ર થવાનાં ચૌટા વગેરે સ્થાનોમાં ચર્ચાતી રાજકીય વાતોનું પ્રત્યક્ષ અથવા પરોક્ષ શ્રવણ કરવા વિષે, અને હે ભરતસિંહ રાજા! પોતાના અનુચરોનાં વર્તનની દેખરેખ રાખવા વિષે એ નીતિશાસ્ત્રમાં કથન કરવામાં આવ્યું છે.[૬૪-૬૮] બ્રાહ્મણોને શિક્ષા નહિ કરવા માટે, તેઓને યુક્તિપૂર્વક શિક્ષા કરવામાટે, પોતાના નોકરચાકરોને જાતિ અને ગુણના પ્રમાણમાં માન્ય અધિકારો આપવામાટે, નાગરિકોના રક્ષણ માટે, પોતાના રાજ્યની વૃદ્ધિને માટે, ચારે દિશાના ચાર શત્રુ રાજા, ચાર મિત્રરાજા—તથા ચાર તટસ્થરાજા—એમ બધા મળીને બાર રાજાઓના મંડળનો મધ્યસ્થ જિગીષુ રાજાએ વિચાર કરવા માટે, વૈદ્યકશાસ્ત્રમાં દર્શાવેલા શૌચ, અભ્યંગ આદિ બોતેર શરીરસંસ્કારો કરવા માટે અને દેશના, કુળના તથા જાતિના ધર્મોમાટે બ્રહ્મદેવના એ નીતિશાસ્ત્રમાં સંપૂર્ણ વર્ણન કરવામાં આવ્યું છે.[૬૯-૭૧] પુષ્કળ દક્ષિણા આપનારા હે રાજા! તે ઉપરાંત બ્રહ્મદેવના એ નીતિશાસ્ત્રમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચારે પુરુષાર્થો વર્ણવ્યા છે, તથા વિવિધ પ્રકારના ઉપાયો અને દ્રવ્ય મેળવવાની અનેક જાતની ઇચ્છાઓ તેમાં દર્શાવેલી છે.[૭૨] વળી તે સિવાય ખેતીવાડી વગેરે કોશની વૃદ્ધિ કરનારી મૂળ ક્રિયાઓ કરવાના પ્રકારો, અનેક જાતના કપટભરેલા પ્રયોગો, વહેતા પાણીવાળા ઝરાઓમાં ઝેરી પદાર્થો નાખીને તેઓને દૂષિત કરવાના ઉપાયો અને જે જે ઉપાયોની યોજના કરવાથી મનુષ્યો આર્યમાર્ગથી ભ્રષ્ટ થાય નહિ તેવા તેવા સર્વ ઉપાયો એ નીતિશાસ્ત્રમાં વર્ણવ્યા છે.[૭૩,૭૪] મહાસમર્થ ભગવાન બ્રહ્મદેવે સર્વનું કલ્યાણ કરનારૂં તે નીતિશાસ્ત્ર રચીને ઇંદ્રપ્રમુખ દેવતાઓને હર્ષપૂર્વક કહ્યું કે:—[૭૫] "હે દેવો! લોકોનો ઉપકાર કરવા માટે તથા ધર્મ, અર્થ, અને કામરૂપ ત્રિવર્ગનું સ્થાપન કરવા માટે મેં મારી બુદ્ધિના પ્રભાવથી સર્વ શાસ્ત્રના સારભૂત આ નીતિશાસ્ત્ર રચ્યું છે.[૭૬] મારી બુદ્ધિથી ઉત્પન્ન થયેલું આ નીતિશાસ્ત્ર, દંડદ્વારા નિગ્રહ અનુગ્રહ કરીને લોકોનું રક્ષણ કરશે અને સર્વ લોકમાં પ્રચાર પામશે.[૭૭] આ શાસ્ત્રમાં દર્શાવેલા દંડના ઉપયોગથી લોકો પુરુષાર્થરૂપી ફળને પ્રાપ્ત થશે અથવા આ શાસ્ત્રના અભ્યાસથી સર્વનું દંડની પ્રાધાન્યતા તરફ વલણ થશે, માટે આનું 'દંડનીતિ' એવું નામ પ્રસિદ્ધ થશે અને તે ત્રણે લોકમાં વ્યાપ્ત થશે.[૭૮] વળી આ દંડનીતિ શાસ્ત્રમાં નીતના છયે ગુણોનો સાર દર્શાવ્યો છે, તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચારે પુરુષાર્થોનું સંપૂર્ણ વર્ણન કર્યું છે, તેથી આ શાસ્ત્ર મહાત્મા પુરુષોમાં માન્ય થઈ પડશે" બ્રહ્મદેવે એ પ્રમાણે કહ્યું તે પછી અનેક સ્વરૂપોને ધારણ કરનારા તથા વિશાળ નેત્રવાળા પાર્વતીપતિ ભગવાન શંકર દેવે સૌની પહેલાં એ નીતિશાસ્ત્ર ગ્રહણ કર્યું.[૮૦] કાળપરત્વે પ્રજાઓનાં આયુષ્યો ટુંકાં થતાં જોઇ ભગવાન શંકરે, મોટાં મોટાં અસ્ત્રોનું જેમાં વર્ણન છે તેવા એ બ્રહ્મદેવનાં શાસ્ત્રને સંક્ષેપમાં રચીને 'વૈશાલાક્ષ' એવું નામ આપ્યું.[૮૧] પછી દશ હજાર અધ્યાયના પ્રમાણમાં

તૈયાર થયેલા તે વૈશાલાક્ષ નીતિશાસ્ત્રનું મહાતપસ્વી અને બ્રહ્મનિષ્ટ ભગવાન ઇંદ્રદેવે શંકર પાસેથી અધ્યયન કર્યું અને તેણે પણ સમય તરફ લક્ષ્ય આપીને તે શાસ્ત્રને પાંચહજાર અધ્યાયના પ્રમાણમાં સંક્ષિપ્ત કરી નાખ્યું તથા 'બાહુદંતક' એવું નવું નામ આપ્યું.[૮૨-૮૩] તે પછી મહા સમર્થ પુરોહિત બૃહસ્પતિએ તે શાસ્ત્રનું ઇંદ્ર પાસેથી અધ્યયન કરીને સંક્ષેપમાં ત્રણ હજાર અધ્યાયોના પ્રમાણમાં તેની રચના કરી દીધી, જેથી તે શાસ્ત્ર 'બાર્હસ્પત્ય' એવા નામથી જગતમાં પ્રસિદ્ધ થયું;[૮૪] અને તે પછી અપાર બુદ્ધિમાન અને મહાયશસ્વી એવા શુક્રાચાર્યે તે શાસ્ત્રને એક હજાર અધ્યાયના પ્રમાણમાં સંક્ષિપ્ત કરી નાખ્યું.[૮૫] આમ લોકોનાં આયુષ્યને ટુંકાં થતાં જોઇ મહર્ષિઓએ તે તે યુગના મનુષ્યોને નીતિશાસ્ત્રનું જ્ઞાન કરાવવા માટે સંક્ષિપ્ત શાસ્ત્રની રચના કરી છે.[૮૬]

આ પ્રમાણે બ્રહ્મદેવના નીતિશાસ્ત્રની વ્યવસ્થા થઈ ગયા પછી દેવો, પ્રજાપતિ વિષ્ણુ પાસે ગયા અને તેમને કહેવા લાગ્યા કેઃ–"હે ભગવન્! મનુષ્યોમાં જે એક પુરુષ સર્વના કરતાં શ્રેષ્ઠ હોય તે અમને બતાવો." પછી મહાસમર્થ ભગવાન, નારાયણ દેવે તેવિષે વિચાર કરીને 'વિરજા' નામના એક મહાતેજસ્વી પુત્રને મનથી ઉત્પન્ન કર્યો;[૮૭,૮૮] પરંતુ હે પાંડુપુત્ર! મહાભાગ્યશાળી વિરજાએ પૃથ્વીના રાજા થવાની ઇચ્છા કરી નહિ, તેને તો સંન્યાસ લેવાનીજ બુદ્ધિ સૂઝી હતી.[૮૯] વિરજાનો કીર્તિમાન નામનો પુત્ર હતો તે પણ વિષયોથી મુક્ત થવાની ઇચ્છાવાળો હતો અને તે કીર્તિમાનનો પુત્ર કર્દમ પણ મહાન તપશ્ચર્યા કરવામાંજ તત્પર થયો.[૯૦] પ્રજાપતિ કર્દમનો અનંગ નામનો પુત્ર થયો અને તેણે દંડનીતિમાં કુશળતા સંપાદન કરીને પ્રજાઓનું સારી પેઠે રક્ષણ કર્યું.[૯૧] એ અનંગનો અતિબલ નામનો નીતિમાન પુત્ર થયો અને તેણે મહારાજ્યનો સ્વીકાર પણ કર્યો; પરંતુ આખરે તે ઇંદ્રિયોને અધીન થઇ ગયો.[૯૨] હે રાજા! મૃત્યુની સુનીથા નામની ત્રણે લોકમાં વિખ્યાત એવી એક માનસી (મનથી ઉત્પન્ન થયેલી) પુત્રી હતી. તેનાથી અતિબલે વેન નામના એક પુત્રને ઉત્પન્ન કર્યો.[૯૩] તે વેન રાજા, મહારાજ્ય ઉપર આવીને પ્રજાઓપર અધર્મ ગુજારવા લાગ્યો અને રાગદ્વેષને અધીન થઇ અનાર્ય આચરણ કરવા લાગ્યો, જેથી બ્રહ્મવાદી ઋષિઓએ મંત્રેલી દર્ભશલાકા (સળી)નો પ્રહાર કરી તેને મારી નાખ્યો.[૯૪] પછી સર્વ ઋષિઓએ એકઠા મળી મંત્રોચ્ચારપૂર્વક તે વેન રાજાના મૃતશરીરની જમણી સાથળ ચીરી, એટલે તુરતજ તેની સાથળમાંથી એક બેડોળ આકૃતિનો પુરુષ ઉત્પન્ન થયો. તે પુરુષનું શરીર ઠીંગણું હતું, તેનો વર્ણ બળી ગયેલી થાંભલીના જેવો હતો, તેનાં નેત્રો લાલ વર્ણનાં હતાં તથા તેના કેશ શ્યામ વર્ણના હતા. તે પુરુષને જોઇ બ્રહ્મવાદિ ઋષિઓએ કહ્યું કે 'તું નીચે બેસી જા.'[૯૫,૯૬] ઋષિઓએ તેને એ પ્રમાણે કહ્યું એટલે તુરત તે પુરુષના શરીરમાંથી નિષાદ(ભિલ્લ) જાતિના ક્રૂર પુરુષો ઉત્પન્ન થયા. તેઓ પર્વતો અને વનોના પ્રદેશમાં વસવા લાગ્યા અને તેમાંના જેઓ વિંધ્યાચલ પર્વતની આસપાસ જઈ વસ્યા તેઓના સેંકડો અને હજારો વંશજો 'મ્લેચ્છ' એવા નામથી ઓળખાયા.[૯૭] પછી બધા મહર્ષિઓએ પુનઃ વેન રાજાના મૃતશરીરના જમણા હાથને મંત્રીને ચીરી જોયો. એટલે તેમાંથી સ્વરૂપમાં જાણે બીજો ઇંદ્ર હોય તેવો એક પુરુષ ઉત્પન્ન થયો.[૯૮] તેણે શરીરપર કવચ ધારણ કર્યું હતું, કેડે તરવાર લટકાવી હતી, હાથમાં બાણ ચઢાવેલું ધનુષ પકડયું હતું, તે વેદો અને વેદોનાં અંગોનો વેત્તા હતો અને ધનુર્વેદના પારને પામેલો હતો.[૯૯] વળી હે રાજા! એ મહાપુરુષનો રાજનીતિએ સંપૂર્ણ રીતે આશ્રય કર્યો હતો. પછી વેન રાજાના જમણા હાથમાંથી ઉત્પન્ન થયેલા તે પુરુષે બે હાથ જોડીને મહર્ષિઓને કહ્યું કેઃ–[૧૦૦] "હે મુનિઓ! મારામાં જન્મની સાથે અતિસૂક્ષ્મ બુદ્ધિ ઉત્પન્ન થયેલી છે. તે બુદ્ધિ ધર્મના તથા અર્થના તાત્ત્વિક સ્વરૂપને જોનારી છે, માટે તમે મને કહો, એ બુદ્ધિનો મારે શો ઉપયોગ કરવો?[૧૦૧] તમે મને જે અર્થવાળું

કાર્ય કરવા માટે કહેશો તેને હું વિચાર કર્યા વિના તત્કાળ કરીશ."[૧૦૨]

તે સાંભળી દેવોએ અને મહર્ષિઓએ તેને કહ્યું કેઃ–" જે કાર્ય નિત્ય ધર્મયુક્ત હોય તે તારે નિઃશંક થઇને કરવું. તારે કોઇનાપર પ્રીતિ કે અપ્રીતિ રાખ્યા વિના સર્વ પ્રાણીઓના પર સમદૃષ્ટિ સાખીને વર્તવું. કામ, ક્રોધ, લોભ અને માનને તો દૂરજ ફેંકી દેવા અને નિરંતર ધર્મ તરફ દૃષ્ટિ કરીને તારે, જે કોઈ મનુષ્ય ધર્મવિરુદ્ધ પગલું ભરે તેને બે બાહુઓ બાંધીને કેદ પકડવો. તું તારા મન, વચન અને કર્મથી અમારી પાસે પ્રતિજ્ઞા કર કે, હું પૃથ્વીમાં પરબ્રહ્મસ્વરૂપ ગણાયલા વેદનું નિત્ય રક્ષણ કરીશ, દંડનીતિશાસ્ત્રમાં જે ધર્મ દર્શાવેલો છે તેનું હું નિત્ય આચરણ કરીશ અને મારી ઇંદ્રિયોને વશ કદિ હું થઇશ નહિ. વળી હે વિભુ ! તું પ્રતિજ્ઞા કર કે, બ્રાહ્મણોને હું કદી દંડીશ નહિ, અને લોકોમાં વર્ણસંકરતા થતી અટકાવીને તેઓનું હું રક્ષણ કરીશ.

ઋષિઓનાં તે વચનો સાંભળ્યા પછી વેનના પુત્રે તે મહર્ષિઓને કહ્યું કેઃ–"હે મહાપુરુષો ! મહાભાગ્યશાળી બ્રાહ્મણો મારે સદા પૂજ્ય છે." તેણે એ પ્રમાણે કહ્યું એટલે બ્રહ્મવાદી મહર્ષિઓએ"एवमस्तु" એમ કહીને તેને ધન્યવાદ આપ્યો; ને પછી વેદના ભંડારરૂપ શુક્રાચાર્ય તેના પુરોહિત થયા, વાલખિલ્ય અને સારસ્વત નામના મુનિગણો તેના મંત્રિઓ થયા તથા મહર્ષિ ભગવાન ગર્ગાચાર્ય તેના જ્યોતિષી થયા. એ રીતે વેનનો પુત્ર જ્યારે રાજ્યાસને આવ્યો, ત્યારે મનુષ્યોમાં પ્રમાણભૂત એવી એક ઐતિહાસિક કહેણી સંભળાવા લાગી કે "આ વેનપુત્ર વિષ્ણુથી આઠમો *પુરુષ છે." એ પૃથુરાજાની ઉત્પત્તિ પહેલાંજ સૂત અને માગધ નામના તેના બે સ્તુતિપાઠકો ઉત્પન્ન થયા હતા. કોઇ એક સમયે વેનપુત્ર પ્રતાપી પૃથુરાજા તેઓ બન્નેના પર પ્રસન્ન થયો જેથી સૂતને અનુપદેશ (કચ્છ વાગડ) અને માગધને મગધદેશ તેણે ભેટમાં આપી દીધા. વળી બીજું અમારા સાંભળવામાં આવ્યું છે કે, પૃથુરાજાના રાજ્યકાળમાં પૃથ્વી સ્થળે સ્થળે ઉંચીનીચી હતી; પરંતુ તે રાજાએ પૃથ્વીને સરખી કરી છે.[૧૦૯-૧૧૪] જો કે સામાન્ય એવો નિયમજ હોય છે કે, સર્વ મન્વંતરોના આરંભસમયે પૃથ્વી ઉંચીનીચી થઇ જાય છે, તેથી વેનપુત્ર પૃથુ રાજાએ ચારેબાજુ જામી ગયેલા મોટા મોટા પથ્થરોને તથા વધી પડેલા મોટા મોટા પર્વતોને પોતાના ધનુષની અણીથી ઉખેડી નાખ્યા હતા અને પૃથ્વીને સપાટ કરી હતી. હે મહારાજા! તે પછી વિષ્ણુદેવે, ઇંદ્રે, બીજા દેવોએ, ઋષિઓએ, પ્રજાપતિઓએ તથા બ્રાહ્મણોએ પૃથુરાજાનો રાજ્યાભિષેક કર્યો અને તે સમયે હે પાંડવ! પૃથ્વીદેવી, સાક્ષાત્ સ્વરૂપ ધારણ કરીને, હાથમાં રત્નો લઇને પૃથુરાજાની સેવા કરવા માટે હાજર થઈ હતી.[૧૧૫-૧૧૭]વળી તે વેળા હે યુધિષ્ઠિર! નદીઓના પતિ સમુદ્રે, પર્વતોમાં ઉત્તમ હિમાચલે તથા ઇંદ્રે પૃથુરાજાને અખૂટ ધન આપ્યું હતું.[૧૧૮] તેમજ સુવર્ણાચલ મહામેરુ પર્વતે જાતે આવીને તેને પુષ્કળ સુવર્ણની ભેટ કરી હતી અને મનુષ્યપર સ્વારી કરનારા તથા યક્ષોના અને રાક્ષસોના રાજા ભગવાન કુબેરે, ધર્મ, અર્થ અને કામની સિદ્ધિ કરવામાં સમર્થ એવા તે પૃથુરાજાને પુષ્કળ ધન અર્પણ કર્યું હતું. હે પાંડુપુત્ર ! ઘોડાઓ, રથો, હાથીઓ તથા કરોડો પુરુષો પૃથુરાજાના ચિંતનમાત્રથીજ તે વેળા ઉત્પન્ન થઇ ગયા હતા; એટલુંજ નહિ પરંતુ એ રાજાના રાજ્યરક્ષણના સમયે પ્રજાઓને વૃદ્ધાવસ્થાનો, દુષ્કાળનો, માનસિક પીડાનો, શારીરિક વ્યથાનો, સર્પોનો, ચોરોનો કે માંહોમાંહેની કોઈ જાતની અશાંતિનો ભય ન હતો.[૧૧૯-૧૨૨] એ પૃથુરાજા, જ્યારે સમુદ્રમાર્ગે મુસાફરી કરવા નીકળતો, ત્યારે સમુદ્રનું જળ સ્તંભીજતું, પૃથ્વીપર જ્યારે મુસાફરી કરવા નીકળતો ત્યારે પર્વતો પણ તેને માર્ગ આપી દેતા અને તેની ધ્વજાનો કોઈ સ્થળે ભંગ થતોજ નહિ. વળી તેણે સત્તર પ્રકારનાં ધાન્યોનું પૃથ્વીમાંથી દોહન કર્યું હતું અને પ્રજાઓમાં જેને જે વસ્તુ

---

*પહેલા વિષ્ણુ, બીજો વિરજા, ત્રીજો કીર્તિમાન, ચોથો કર્દમ, પાંચમો અનંગ, છઠ્ઠો અતિબલ, સાતમો વેન અને આઠમો પૃથુ. **નીલકંઠ**

ઇષ્ટ હતી તેને તે વસ્તુ યક્ષો, રાક્ષસો તથા સર્પો પાસેથી અપાવી હતી.[૧૨૪] એ મહાત્માએ આ મનુષ્યલોકને અતિશય ધાર્મિક કર્યો હતો અને તેણે સર્વ પ્રજાઓનું રંજન કર્યું હતું, તેથી એ 'राजा' કહેવાયો હતો;[૧૨૫] તેમજ એણે સર્વ સંકટોમાંથી બ્રાહ્મણોનું રક્ષણ કર્યું હતું તેથી લોકો એને 'क्षात्रिय' એવા નામથી કહેતા અને તેણે આ ભૂમિને ધર્મમાર્ગથી પ્રાથત (પ્રસિદ્ધ) કરી માટે ઘણા લોકો, તે દિવસથી આરંભીનેજ ભૂમિને 'पृथ्वी' એવું નામ પ્રાપ્ત થયેલું કહે છે,[૧૨૬] હે ભારત! સનાતન ભગવાન વિષ્ણુએ પોતેજ એ રાજાને મર્યાદા બાંધી આપી હતી કેઃ—"હે રાજા! જગતમાંહેનો કોઇ પણ પુરુષ તારૂં અપમાન કરી શકશે નહિ"[૧૨૭] વળી એ રાજાના શરીરમાં ભગવાન વિષ્ણુએ તપશ્ચર્યાદ્વારા પ્રવેશ કર્યો હતો, જેથી આજકાલ હજીસુધી પણ આખું જગત રાજાને દેવની પેઠે નમે છે.[૧૨૮] હે રાજા! સર્વ કોઇ રાજાઓએ દંડનીતિશાસ્ત્રનો આધાર લઇનેજ પ્રજાઓનું રક્ષણ કરવું જોઇએ અને ગુપ્ત દૂતોનો રાજ્યમાં સંચાર કરાવીને લોકોની સઘળી હીલચાલથી વાકેફ થવું જોઇએ, જેથી રાજ્યક્રાંતિ થવાનો સંભવ ન રહે.[૧૨૯] હે રાજેન્દ્ર! જે રાજાનું આચરણ મન, વચન અને કર્મમાં એકસરખું હોય છે, તે રાજાનાં પ્રત્યેક શુભ કર્મોનું ફળ શુભજ આવે છે;[૧૩૦] અને હે યુધિષ્ઠિર! 'રાજા' એવા નામને ધારણ કરનારા એકજ પુરુષના વશમાં આખું જગત રહે છે તેમાં દૈવી ગુણવિના બીજું કયું કારણ માની શકાય?

હે પાંડુપુત્ર! વિષ્ણુભગવાને પૃથુરાજાના શરીરમાં પ્રવેશ કર્યો હતો તે સમયે તેમના લલાટમાંથી એક સુવર્ણનું કમળ ઉત્પન્ન થયું હતું અને તે કમળમાં બુદ્ધિમાન ધર્મદેવની ધર્મપત્ની શ્રીદેવી (લક્ષ્મી) ઉત્પન્ન થઈ હતી. પછી તે શ્રીદેવીથી ધર્મના સંયોગે અર્થની ઉત્પત્તિ થઈ હતી.[૧૩૧,૧૩૨] એ ધર્મ, અર્થ અને શ્રીદેવી (લક્ષ્મી), તે સમયથી આરંભીનેજ રાજ્યમાં સ્વસ્થ થઇને રહેવા લાગ્યાં છે. હે તાત! કોઇ દૈવી જીવના પુણ્યનો જ્યારે ક્ષય થાય છે; ત્યારે તે સ્વર્ગલોકમાંથી ચ્યવીને પૃથ્વીપર આવે છે અને કોઈ રાજ્યકુટુંબમાં દંડનીતિકુશલ રાજાતરીકે અવતરે છે. તે પુરુષ સ્વાભાવિક રીતેજ વૈષ્ણવી માહાત્મ્યથી યુક્ત હોય છે તથા વિશાળ બુદ્ધિથી સંપન્ન હોય છે, જેથી પૃથ્વીપર સર્વના કરતાં અધિક માહાત્મ્યને તે સંપાદન કરે છે. એવા રાજાની દેવોએજ આ પૃથ્વીના મહાન અધિકારીતરીકે સ્થાપના કરેલી હોય છે, તેથી જગતનો કોઈપણ પુરુષ તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકતો નથી અને સર્વ જગત તેના વશમાં રહીને પોતાનું સ્વતંત્ર સામર્થ્ય ચલાવી શકતું નથી. હે રાજેન્દ્ર! એવો સિદ્ધાંતજ છે કે, હરકોઈ મનુષ્ય જો શુભ કર્મ કરે છે તો તેનું શુભજ ફળ આવે છે, જેને લીધે હાથ, પગ આદિ અવયવોમાં સર્વની સમાનતા ધરાવનારા એકજ ઉત્કૃષ્ટ પુણ્યશાળી મહાપુરુષની આજ્ઞામાં આખા જગતને રહેવું પડે છે.[૧૩૬] જે કોઇ પુરુષ, એ પુણ્યવાન મહાપુરુષ(રાજા)ના સૌમ્ય મુખનું દર્શન કરે છે, તે પુરુષ તુરતજ તેનો વશવર્તી બની જાય છે અને તે મહાપુરુષનેજ સર્વના કરતાં અધિક ભાગ્યશાળી, અધિક રૂપસંપન્ન તથા અધિક અર્થસંપન્ન જુએ છે.[૧૩૭] એ રાજારૂપે અવતરેલા પુરુષની દંડનીતિ સ્પષ્ટ લક્ષણોવાળી તથા મહાસામર્થ્યવાળી હોઇને જગતમાં મહાન ન્યાયધર્મનો પ્રચાર કરે છે કે જે ન્યાયધર્મવડે આ સર્વ જગત વ્યાપ્ત બની જાય છે.[૧૩૮] હે યુધિષ્ઠિર! પિતામહ બ્રહ્મદેવે જે દંડનીતિશાસ્ત્રની રચના કરી છે, તેમાં સર્વ ધર્મશાસ્ત્રોનું, પુરાણોનું, મહર્ષિઓની ઉત્પત્તિનું, તીર્થો તથા નક્ષત્રોના વંશનું, સંપૂર્ણ ચારે આશ્રમોનું, ચાર પ્રકારનાં હોમકર્મનું, ચારે વર્ણોના ધર્મોનું, ચારે વેદોનું, ઇતિહાસોનું, વેદવિદ્યાનું, સંપૂર્ણ ન્યાયશાસ્ત્રનું, તપનું, જ્ઞાનનું, અહિંસાનું, સત્યનું, અસત્યનું, શ્રેષ્ઠ નીતિનું, વૃદ્ધોની સેવાનું, દાનનું, શૌચનું, ઉદ્યોગનું તથા સર્વ પ્રાણીઓપર દયા રાખવાવિષેનું સર્વ વર્ણન કરવામાં આવ્યું છે;[૧૩૯-૧૪૨] એટલુંજ નહિ પણ હે પાંડવ! તે પિતામહના નીતિશાસ્ત્રમાં આ પૃથ્વીપરના સર્વ પદાર્થો વિષે તથા નીચે-

ના પાતાલલોકસંબંધના સર્વ જાણવા યોગ્ય વિષયોવિષે પણ પૂરેપૂરૂં વર્ણન કરેલું છે, એમાં સંશય નથી.[૧૪૩] હે રાજેન્દ્ર! એ નીતિશાસ્ત્રનું જ્ઞાન સંપાદન કરીનેજ વિદ્વાનોએ નિરંતર જગતમાં જાહેર કર્યું છે કે, “ દેવો અને મનુષ્યોના દેવો (રાજાઓ) સર્વથા સમાન યોગ્યતાવાળા હોય છે. ”[૧૪૪]

હે ભરતશ્રેષ્ઠ! એ પ્રમાણે રાજાઓના મહત્ત્વના સંબંધમાં જે કહેવાનું હતું તે સર્વ મેં તમને સંપૂર્ણ કહી સંભળાવ્યું. હવે બીજું તમને શું કહું તે મને કહો. ”[૧૪૫]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં “ સૂત્રાધ્યાય ” એ વિષયનો અધ્યાય ૫૯ મો સમાપ્ત.

अध्याय ६० मो

વર્ણાશ્રમધર્મ

॥ वैशंपायन उवाच ॥

ततः पुनः स गांगेयमभिवाद्य पितामहम् ॥
प्रांजलिर्नियतो भूत्वा पर्यपृच्छद्युधिष्ठिरः ॥१॥

વૈશંપાયને કહ્યું:–હે જનમેજય! તે પછી નિયમશીલ યુધિષ્ઠિર રાજાએ, ગંગાના પુત્ર પિતામહ ભીષ્મને પ્રણામ કરી બે હાથ જોડીને પુનઃ પૂછ્યું કેઃ–[૧] “હે ભરતશ્રેષ્ઠ પિતામહ! અનુલોમ-વિલોમ આદિ સર્વ વર્ણોના ધર્મો કયા કયા છે? તેમજ ચારે વર્ણોના ભિન્ન ભિન્ન ધર્મો, ચારે વર્ણોના જૂદા જૂદા આશ્રમધર્મો અને રાજાઓના ધર્મો કેવા પ્રકારના શાસ્ત્રકારોએ કહ્યા છે? વળી કયા ઉપાયથી રાજ્યનો તથા રાજાનો અભ્યુદય થાય? અને શું કરવાથી નગરના લોકોની તથા સેવકોની અભિવૃદ્ધિ થાય?[૨,૩] રાજાએ કેવા કોશનો, દંડનો, દુર્ગનો, સહાયકોનો, મંત્રીઓનો, ઋત્વિજોનો, પુરોહિતોનો તથા આચાર્યોનો ત્યાગ કરી દેવો જોઇએ?[૪] તેમજ હે પિતામહ! રાજાએ કોઈ જાતની આપત્તિ આવી પડે ત્યારે, કેવા પુરુષોપર વિશ્વાસ રાખવો જોઇએ અને રાજાએ કેવા માણસોથી પોતાનું ખાસ કરીને રક્ષણ કરવું જોઇએ, તે સર્વ મને કહો.”[૫]

ભીષ્મ બોલ્યાઃ–“ પ્રથમ મહાન ધર્મને, સર્વોત્પાદક શ્રીકૃષ્ણને તથા અહીં બેઠેલા સર્વ બ્રાહ્મણોને નમસ્કાર કરી હું સનાતન ધર્મોનું પ્રવચન કરવાનો આરંભ કરૂં છું.[૬] ક્રોધ નહિ કરવો, સત્ય ભાષણ, અતિથિઆદિને માટે અન્નનો સંવિભાગ, ક્ષમા, પોતાની ધર્મપત્ની વિષે પ્રજાનું ઉત્પાદન, દ્રોહ નહિ કરવો (અહિંસા), શૌચ (બાહ્ય અને આભ્યંતર પવિત્રતા), આર્જવ (સરળતા) અને પોષ્ય વર્ગનું પોષણ–આ નવ ધર્મો સર્વસાધારણ હોઇને સર્વ વર્ણોના લોકોએ પાળવા યોગ્ય છે.

હવે હું તમને કેવળ બ્રાહ્મણોનાજ ધર્મો કહું છું. હે મહારાજ! ઇંદ્રિયોનું દમન કરવું અને સ્વાધ્યાયનો અભ્યાસ કરવો, તે બ્રાહ્મણોનો સનાતન ધર્મ છે. તેમાં પણ સ્વાધ્યાયાભ્યાસ (વેદાધ્યયન)ની અંદર તો બ્રાહ્મણોનાં સર્વ કર્મોની સમાપ્તિ થઈ જાય છે. એ પોતાનાં કર્મોની અંદર યથાયોગ્ય રીતે વર્તન કરનારા, વિરુદ્ધ-કર્મોનું આચરણ નહિ કરનારા, શાંત અને જ્ઞાનમાંજ કેવળ તૃપ્ત રહેનારા બ્રાહ્મણે પોતાની મેળેજ જે ધન આવી મળે તેદ્વારા માત્ર પ્રજોત્પત્તિની બુદ્ધિથીજ વિધિપૂર્વક વિવાહ કરવો, સંતાન ઉત્પન્ન કરવાં, દાન આપવું, યજ્ઞો કરવા અને પોતાને મળેલા ધનમાંથી પાત્ર પુરુષોને વિભાગ આપી દીધા પછી તે ધનનો ઉપભોગ કરવો, એમ સત્પુરુષોએ કહેલું છે.[૭–૧૧] વળી બ્રાહ્મણ તો કેવળ વેદસ્વાધ્યાય કરીનેજ સંપૂર્ણ કૃતાર્થ થઇ શકે છે, જેથી સદાકાળ સ્વાધ્યાય કરવામાંજ એકનિષ્ઠ થયેલો બ્રાહ્મણ, પોતાનાં બીજાં કર્મો કરે તો ભલે અથવા ન કરે તોપણ ભલે; કારણ કે તેવો બ્રાહ્મણ સાક્ષાત્ મિત્રદેવ (સૂર્ય)નુંજ સ્વરૂપ કહેવાય છે.[૧૨]

હવે હે ભારત! હું તમને ક્ષત્રિયોના ધર્મો પણ કહું છું તે તમે સાંભળો. હે રાજા! ક્ષત્રિયે નિત્ય દાન આપવું, યાચના કરવી નહિ, યજ્ઞો કરવા પણ પોતે યજ્ઞોનો પ્રયોગ કરાવવા તૈયાર

થવું નહિ, વેદોનું અધ્યયન કરવું પણ અધ્યયન કરાવવું નહિ, પ્રજાઓનું પાલન કરવું, નિત્ય ઉદ્યોગપરાયણ રહેવું, [૧૩] ચોર લોકોનો વિનાશ કરવો અને રણક્ષેત્રમાં પરાક્રમ કરવું. [૧૪] જે રાજાઓ યજ્ઞો કરીને ઈશ્વરનું યજન કરે છે, શાસ્ત્રજ્ઞાનસંપન્ન છે અને યુદ્ધોમાં વિજયને સંપાદન કરનારા છે, તે રાજાઓ દિવ્ય લોકોને જીતનારા મહાપુરુષોમાં અગ્રેસર થઇને વિરાજે છે. [૧૫] જે ક્ષત્રિય શરીરે ક્ષતવિક્ષત થયા વિનાજ રણમાંથી પલાયન કરી જાય છે, તેને પ્રાચીન ઇતિહાસવેત્તાઓ ક્ષત્રિયજ કહેતા નથી અને તેના એ કર્મની તેઓ પ્રશંસા પણ કરતા નથી.[૧૬] સંગ્રામમાં યથાશક્તિ પરાક્રમ કરવું તેનેજ ક્ષત્રિયોનો મુખ્ય ધર્મ કહ્યો છે અને પ્રજાઓમાં લૂંટફાટ કરનારા દુષ્ટ લૂંટારૂઓનો વિનાશ કરવો, તેજ ક્ષત્રિયનું પરમ કર્તવ્ય છે, તે સિવાય તેનું કંઈ કર્તવ્યજ નથી.[૧૭] દાન, અધ્યયન, અને યજ્ઞ એ તો રાજાઓને પોતાની સંપત્તિનું રક્ષણ કરવા માટેનો એક શાસ્ત્રીય ઉપાયમાત્ર જ છે, પરંતુ વિશેષે કરી કેવળ ધર્મનીજ અભિલાષા ધરાવનારા ક્ષત્રિયે, સદાય યુદ્ધજ કર્યા કરવું જોઇએ. [૧૮] તે સિવાય રાજાએ સર્વ પ્રજાઓને પોતપોતાના વર્ણાશ્રમધર્મમાં સ્થાપવી જોઈએ અને પોતે પણ ધર્મનિષ્ઠ થઇને પ્રજાઓમાં શાંતિ ફેલાવનારાં કર્મો કરાવવાં જોઇએ. [૧૯] પ્રજાઓનું પરિપાલન કરીનેજ રાજા કૃતાર્થ થઇ શકે છે. જેથી તેવો પ્રજારક્ષક રાજા, પોતાનાં બીજાં કર્મો કરે અથવા ન કરે, તોયે ચાલી શકે છે; કારણ કે રાજા સાક્ષાત્ ઇંદ્રનું સ્વરૂપ કહેવાય છે. [૨૦]

હવે હું તમને વૈશ્યોના સનાતન ધર્મો કહું છું તે તમે સાંભળો. દાન આપવું, અધ્યયન કરવું, યજ્ઞો કરવા અને નીતિથી ધનસંચય કરવો, એ વૈશ્યોના ધર્મો છે. [૨૧] પ્રત્યેક વૈશ્યે, પિતાની પેઠે સાવધાન થઇને સર્વ પશુઓનું પાલન કરવું જોઇએતથા પોતાનાં જે કર્મો શાસ્ત્રમાં કહેલાં છે તેનુંજ આચરણ કરવું પણ બીજાં સ્વજાતિથી વિરુદ્ધ કર્મોનું કદિ આચરણ કરવું; નહિ કારણ કે તે કર્મો તેને માટે વિકર્મ (વિરુદ્ધ કર્મ)ગણાય છે.[૨૨] વૈશ્ય, પશુઓનું રક્ષણ કરવાથી મહાન સુખ સંપાદન કરે છે; કારણ કે પ્રજાપતિએ સર્વ પશુઓ ઉત્પન્ન કરીને તેઓનું રક્ષણ કરવાનું વૈશ્યોને સોંપ્યું છે [૨૩] તથા સર્વ પ્રજાઓનું રક્ષણ બ્રાહ્મણોને સોંપ્યું છે. હવે, વૈશ્યોએ પોતાની આજીવિકા કેવી રીતે ચલાવવી તે વિષે હું તને કહું છું; કોઇ વૈશ્ય, જ્યારે છ ગાયોનું રક્ષણ કરે ત્યારે તેણે એક ગાયનું દૂધ પોતાના પગાર બદલ લેવું અને જો સો ગાયોનું રક્ષણ કરે તો દર વર્ષે એક ગાય અને એક બળદ પોતાના પગાર બદલ લેવાં. જો તેણે વ્યાપાર કર્યો હોય તો મળેલા લાભમાંથી સાતમો ભાગ પોતાના નિર્વાહમાટે રાખવો અને શિંગડાંવાળાં પશુઓનો જો વ્યાપાર કર્યો હોય તો તેના નફામાંથી પણ સાતમો ભાગજ લેવો તથા એક ખરીવાળાં ઘોડાં વગેરે પશુઓનો જો વ્યાપાર કર્યો હોય તો તેના લાભમાંથી સોળમો ભાગ લેવો.[૨૪,૨૫] વળી તેણે ધાન્યનો, ઘાસનો અથવા કોઇ જાતનાં બીજોનો જો વ્યાપાર કર્યો હોય તોપણ તેના લાભમાંથી સાતમો ભાગ લેવો અને દરેક વૈશ્યજાતિના પુરુષે એક વર્ષ ચાલે તેટલું ધાન્ય પોતાના ઘરમાં એકઠું કરીજ રાખવું જોઇએ; પરંતુ "હું પશુઓનું પાલન કરીશ નહિ" એવી તો તેણે ઇચ્છા પણ કરવી નહિ.[૨૬] જ્યાંસુધી વૈશ્ય, પશુઓનું પાલન કરવાની ઇચ્છા રાખે ત્યાંસુધી બીજા કોઈ પણ વર્ણે પશુઓનું રક્ષણ કરવું નહિ.

હે ભરતવંશના યુધિષ્ઠિર રાજા! હવે હું શૂદ્રોના ધર્મો કહું છું તે તમે સાંભળો. પ્રજાપતિએ, શૂદ્રને સર્વ વર્ણોનું દાસત્વ કરવા માટેજ ઉત્પન્ન કર્યા છે, માટે શૂદ્ર વર્ણના પુરુષે સર્વવર્ણોની સેવાજ કરવી જોઇએ.[૨૭,૨૮] ત્રણે વર્ણોની સેવા કરવાથી શૂદ્ર મહાન સુખ સંપાદન કરે છે, માટે શૂદ્રે ત્રણે વર્ણોની અનુક્રમે સેવા કરવી.[૨૯] વળી શૂદ્રે કદી પણ ધનનો સંગ્રહ કરવો નહિ, કારણ કે ધન મેળવીને શદ્ર અતિશય પાપી બની જાય છે; એટલુંજ નહિ પણ ધનના ગર્વથી છકી જઈને તે મોટા પુરુષોને વશ કરવા તૈયાર થઈ જાય છે, માટે ધાર્મિક શૂદ્રે રાજાની આજ્ઞા

લઈને ધર્મકાર્યમાં ઉપયોગ આવે તેટલુંજ માત્ર ધન એકઠું કરવું, પણ ભોગવૈભવો ભોગવવામાટે અથવા લોભને વશ થઇને ધન એકઠું કરવું નહિ. હવે શૂદ્રે પોતાની આજીવિકા કેવી રીતે ચલાવવી તે હું તમને કહું છું. ત્રણે વર્ણોના મનુષ્યોએ શૂદ્રનું અવશ્ય ભરણપોષણ કરવું જોઈએ, એમ શાસ્ત્રકારો કહે છે, માટે પોતાની સેવા કરનારા શૂદ્રને, ત્રણે વર્ણના મનુષ્યોએ, પોતાનાં જૂનાં કપડાં, છત્રી, પાઘડીઓ, ઘર ઢાંકવા માટેનાં ઘાસનાં છજાં, ઉપાનહ (પગરખાં), અને પંખા વગેરે આપવાં જોઇએ. તેમજ સર્વ દ્વિજાતિ ત્રિવર્ણિકોએ, પોતાને પહેરવા માટે નહિ ઉપયોગનાં ફાટચાં તૂટચાં વસ્ત્રો શૂદ્રનેજ આપવાં જોઈએ; કારણકે, તે વસ્ત્રો શૂદ્રનું ધર્મોપયોગી ધન છે. ધર્મવેત્તાઓ કહે છે કે, ત્રણ વર્ણના હરકોઇ ગૃહસ્થ પુરુષની પાસે, કોઇ શૂદ્ર સેવા કરવાની ઇચ્છાથી જો આવે તો તેણે તેની આજીવિકામાટેનો નિર્વાહ કરીજ દેવો જોઇએ તેમજ શૂદ્રે પણ પુત્રરહિત મરણ પામેલા પોતાના પોષક સ્વામીની પિંડદાનાદિક ક્રિયાઓ કરવી, વૃદ્ધોનું તથા દુર્બળનું પાલન કરવું અને પોતાનાપર કોઈ જાતની આપત્તિ આવી પડી હોય તે સમયે પણ પોતાના પોષક સ્વામીનો તેણે પરિત્યાગ કરવો નહિ; એટલુંજ નહિ પણ કોઇ સમયે પોતાના પોષક સ્વામીની પાસે દ્રવ્ય જો ખૂટી પડયું હોય તો ઘણી વિશેષ કાળજી રાખીને તેનું ભરણપોષણ કરવું. શૂદ્રે કરેલો ધનસંચય તેની પોતાની માલીકીનો કદી ગણાતોજ નથી; કારણ કે તેણે એકઠા કરેલા ધન ઉપર તેના પોષકસ્વામી (શેઠ)નોજ હક્ક હોય છે.* અને હે ભારત! ત્રણે વર્ણના મનુષ્યો જે યજ્ઞયાગાદિ કરે છે, તેના ફળમાંથી શૂદ્રને પણ ફળ મળે છે; કારણ કે વૈદિક સ્વાહાકાર અને વષટ્કારયુક્ત મંત્રોનો તેને અધિકાર નથી, તોપણ હરકોઇ શૂદ્ર વૈદિક મંત્રોની યોજનાવિનાનો (પૌરાણિક) યજ્ઞ કરી શકે છે, માટે શૂદ્રે શ્રૌતવ્રત લીધા વિના તથા વૈદિક મંત્રોનો ઉચ્ચાર કર્યા વિના ગ્રહશાંતિ, વૈશ્વદેવ આદિ નાના પાકયજ્ઞો કરવા, અને તે પાક યજ્ઞોમાં પૂર્ણ પાત્રની÷ દક્ષિણા આપવી.[૩૭,૩૮] અમારા સાંભળવામાં આવ્યું છે કે, પૂર્વે પૈજવન નામના એક શૂદ્રે ઐન્દ્રાગ્ન વિધિ (શ્રૌતમાં જે ચરુનો અથવા પશુનો વિધિ કરવામાં આવે છે તે) વૈદિક મંત્રોના વિનિયોગવિના યજ્ઞ કરીને એકલાખ પૂર્ણપાત્રોનું (બે કરોડ ને છપ્પન લાખ મુષ્ટિ ધાન્યનું) દક્ષિણાદાન કર્યું હતું.[૩૯] આ ઉપરથી હે ભારત! તમારે એવી શંકા ન કરવી કે, तस्माच्छूद्रो यज्ञेऽन वक्लृ શૂદ્રને યજ્ઞ કરવાનો અધિકાર નથી" એ શ્રુતિવાક્યપ્રમાણે શૂદ્ર, વૈદિક મંત્રોના વિનિયોગવિના પણ કેમ યજ્ઞ કરી શકે? કારણ કે ત્રણે વર્ણોના લોકો જે યજ્ઞ કરે છે તેનું ફળ તેઓના સેવક શૂદ્રને પણ મળે છે.+ વળી શાસ્ત્રમાં કહેલું પણ

---

*'**त्रय एवाधना राजन् भार्यादासस्तथाऽसुतः। यत्ते समधिगच्छंति यस्यैते तस्य तद्धनम्**' હે રાજા! સ્ત્રી, શૂદ્ર અને વાંઝીઓ પુરુષ એ ત્રણે સદાકાળ નિર્ધન ગણાય છે. અર્થાત્ તેઓએ એકઠા કરેલા ધનપર તેઓનો પોતાનો હક્ક નથી; પરંતુ તેઓ જેના તાબામાં હોય છે તેનેજ તેઓનું ધન મળે છે." આ વચન પ્રમાણેજ મૂળમાં કહ્યું છે કે, શૂદ્રના ધન ઉપર તેના સ્વામીનો હક્ક છે. **નીલકંઠ**

÷'**अष्टमुष्टि भवेत् किंचित् किंचिदष्टौ पुष्कलम्।**
पुष्कलानि तु चत्वारि पूर्णपात्रं प्रचक्षते ॥'

આઠ મુષ્ટિ ધાન્યને એક કિંચિત્ કહે છે, આઠ કિંચિત્ ધાન્યને એક પુષ્કલ કહે છે અને ચાર પુષ્કલને એક પૂર્ણપાત્ર કહે છેઃ—અર્થાત્ ૨૫૬ મુષ્ટિ ધાન્યને એક પૂર્ણપાત્ર કહે છે.

ત્રણ વર્ણોના લોકો જ્યારે યજ્ઞ કરે છે, ત્યારે તેમાં ગાયોનું દાન આપે છે અને શૂદ્ર જ્યારે યજ્ઞ કરે છે ત્યારે તેમાં પૂર્ણપાત્રનું દાન આપે છે. ત્રણ વર્ણોના લોકોના યજ્ઞોમાં વૈદિક મંત્રોથી કર્મ કરવામાં આવે છે, અને શૂદ્રના યજ્ઞમાં ૐકારના ઉચ્ચારવિના પૌરાણિક મંત્રોથી કર્મ કરાય છે. આ વિષયનો વિશેષ વિસ્તાર "શૂદ્રકર્મ પદ્ધતિ" નામના ગ્રંથમાં જોઇ લેવો. **નીલકંઠ**

+ અર્થાત્—પૂર્વે, શ્રદ્ધાયુક્ત થઇને ગુરુનું તથા અગ્નિનું ઉપાસન કરનારા ઉપકોસલને અધિકાર ન હતો છતાં અગ્નિએ જેમ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો હતો, તેમ શ્રદ્ધાયુક્ત થઇ બ્રાહ્મણાદિ ત્રણ વર્ણોની સેવા કરનારા શૂદ્રને પણ અધિકાર નહિ

છે કે, સર્વ જાતના યજ્ઞોમાં શ્રદ્ધાયજ્ઞ સર્વોત્કૃષ્ટ છે, અને સર્વજાતના યજ્ઞો કરનારા પુરુષોનું શ્રદ્ધા એજ મહાપવિત્ર દૈવત છે. તેમજ બ્રાહ્મણો, સર્વ પ્રજાઓનું પરમ દૈવત છે અને પોતપોતાનામાં તેઓ પરસ્પર પરમ દૈવત છે.[૪૦,૪૧] વળી બ્રાહ્મણોએ સર્વ પ્રજાઓને ઉત્પન્ન કરેલી છે, જેથી તેઓ બીજા સર્વ વર્ણોને પોતાનાજ માનીને તેઓના વતી તે તે કામનાઓ દ્વારા સાવધાન થઈને યજ્ઞયાગો કરી શકે છે. (અર્થાત્ સર્વ વર્ણો બ્રાહ્મણોથીજ ઉત્પન્ન થયેલા હોવાથી શૂદ્રને પણ બ્રાહ્મણોએ કરેલા યજ્ઞોનું ફળ મળી શકે છે અથવા તે શૂદ્રને પૌરાણિક પદ્ધતિ પ્રમાણે યજ્ઞો કરવાનો અધિકાર સંભવી શકે છે.)[૪૨] બ્રાહ્મણો દેવોના પણ દેવો છે, તેથી તેઓ તને જે કર્મ કરવાનું કહે છે તે તને પરમ હિતકારકજ હશે. વળી શૂદ્રસહિત સર્વ વર્ણોએ શ્રૌત-સ્માર્ત વગેરે યજ્ઞોમાં સ્વેચ્છાથી પ્રવૃત્તિ કરી શકાતી નથી, પણ પોતપોતાના અધિકારપરત્વેજ પ્રવૃત્તિ કરી શકાય છે; માટેજ ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદને જાણનારો દ્વિજ (ત્રણ વર્ણોમાંહેનો હરકોઈ પુરુષ), દેવની પેઠે પૂજ્ય ગણાય છે. પરંતુ શૂદ્રને ઋગ્વેદનો, સામવેદનો કે યજુર્વેદનો અધિકાર નથી અને તેના ઇષ્ટ દેવ પણ પ્રજાપતિજ કહેવાય છે; તેમજ હે ભારત ! ચાર વર્ણોમાંહેનો હરકોઈ પુરુષ માનસિક અગ્નિ સ્થાપન કરીને તથા માનસિક હવિર્હોમ કરીને સર્વ જાતના યજ્ઞો કરી શકે છે, જેથી શૂદ્ર પણ માનસિક યજ્ઞો કરવા માટે અધિકારી છેજ; અને તેવા માનસિક યજ્ઞને કરનારા શૂદ્રના યજ્ઞમાં બીજા લોકો અથવા દેવતાઓ યજ્ઞભાગ લેવાની ઇચ્છા નથી રાખતા એમ નથી; કારણ કે તે માનસ યજ્ઞ કરનાર શૂદ્ર શ્રદ્ધા ધારણ કરીને પવિત્ર થયેલો હોય છે તેથી સર્વે દેવો અને મનુષ્યો તેણે આપેલા યજ્ઞભાગનો સ્વીકાર કરેજ છે. આવા હેતુથીજ શ્રદ્ધારૂપ યજ્ઞ કરવાનો શાસ્ત્રકારોએ સર્વ વર્ણોને અધિકાર આપેલો છે. [૪૩-૪૫] હવે તમે અહીં શંકા કરશો કે, વૈશ્વદેવાદિક ક્ષુદ્ર પાક યજ્ઞો અથવા પૌરાણિક વિધિના યજ્ઞો કરવા માટે જો શૂદ્રને અધિકાર છે તો પછી તેણે યજ્ઞોપયોગી અગ્નિમાટે શું કરવું ? આ શંકાનું સમાધાન પણ શાસ્ત્રમાં છે. જેમકે, બ્રાહ્મણો ત્રણે વર્ણોનું અસાધારણ પરમ દૈવત ગણાય છે, જેથી તે બ્રાહ્મણો પોતાનાદ્વારા બીજા વર્ણોને માટે પણ યજ્ઞો કરી શકે છે. માત્ર તેમાં ભેદ એટલોજ રાખવામાં આવે છે કે, તેવા ઇતર વર્ણોના યજ્ઞસમારંભમાં ‘ વિતાન ’ નામના લૌકિક અગ્નિનું યજ્ઞકુંડમાં સ્થાપન કરવું જોઈએ અને તે વિતાન નામનો લૌકિક અગ્નિ, કોઈ ધનાઢ્ય વૈશ્યના ગ્રહમાંથીજ આણેલો હોવો જોઈએ; માટેજ બ્રાહ્મણોને સર્વ વર્ણોના યજ્ઞસ્રષ્ટા કહ્યા છે. તેઓ ત્રણે વર્ણોને ઉદ્દેશી યજ્ઞો કરી શકે છે.[૪૬] આ રીતે સર્વવર્ણો બ્રાહ્મણોદ્વારા યજ્ઞ કરી શકે છે, માટે યજ્ઞના સંબંધને લીધે તેઓ સદાય પવિત્ર છે; તેમજ ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ત્રણે વર્ણો બ્રાહ્મણોથીજ ઉત્પન્ન થયેલા છે; કારણ કે બ્રાહ્મણને ચારે વર્ણોની કન્યાઓ સાથે વિવાહ કરવાનો અધિકાર છે, માટે જેમ એક ‘ अकार ’ વર્ણ (અક્ષર) નો ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદરૂપ વિસ્તાર થયેલો છે, તેમ એકજ બ્રાહ્મણવર્ણનો બીજા ત્રણ વર્ણોરૂપી વિસ્તાર થયો છે. અર્થાત સર્વ વર્ણો બ્રાહ્મણોનીજ સંતતિ હોઈને બ્રાહ્મણસ્વરૂપજ છે.[૪૭] હે રાજેન્દ્ર! પૂર્વે વૈખાનસ મુનિઓએ યજ્ઞો કરવાની જ્યારે ઇચ્છા કરી, ત્યારે આ વિષયનીજ પ્રાચીન ઇતિહાસવેત્તા પંડિતોએ યજ્ઞની સ્તુતિરૂપ ગાથાઓ ગાયેલી છે, તે તમે સાંભળો.[૪૮]

उदितेऽनुदितेवापि श्रद्दधानो जितेन्द्रियः ॥
वह्निं जुहोति धर्मेण श्रद्धा वै कारणं महत् ॥४९॥
यत्स्कन्नमस्यतत्पूर्वं यदस्कन्नं तदुत्तरम् ॥
वहूनि यज्ञरूपाणि नानाकर्मफलानि च ॥५०॥
तानि यः संप्रजानाति ज्ञाननिश्चयनिश्चितः ॥
द्विजातिः श्रद्धयोपेतः स यष्टुं पुरुषोऽर्हति ॥५१॥
स्तेनो वा यदि वा पापो यदि वा पापकृत्तमः॥
यष्टुमिच्छति यज्ञं यः साधुमेव वदंति तम्॥५२॥

હોવા છતાં બ્રાહ્મણાદિએ કરેલા યજ્ઞોનું ફળ અવશ્ય મળે છે. **નીલકંઠ**

ऋषयस्तं प्रशंसंति साधु चैतदसंशयम् ॥
सर्वथा सर्वदा वर्णैर्यष्टव्यमिति निर्णयः ॥
नहि यज्ञसमं किंचित् त्रिषु लोकेषु विद्यते॥५३॥
तस्माद्यष्टव्यमेवेति पुरुषेणानसूयता ॥
श्रद्धापवित्रमाश्रित्य यथाशक्ति यथेच्छया ५४॥

"સૂર્યનો ઉદય થયા પછી અથવા સૂર્યોદયની પૂર્વે પોતાનાં નિત્ય કર્મો કરી લીધા પછી સર્વ કોઇ મનુષ્યે ઇંદ્રિયોનો જય કરીને તથા શ્રદ્ધાયુક્ત થઇને ધાર્મિક વિધિ પ્રમાણે અગ્નિમાં આહુતિઓ આપવી જોઇએ. તેમાં શ્રદ્ધા એજ મહાન કારણ છે.[૪૯] બહ્‌વૃચ બ્રાહ્મણ ગ્રંથમાં સોળ પ્રકારનાં જે અગ્નિહોત્રો દર્શાવ્યાં છે તેમાંથી 'સ્કન્ન' નામનું જે અગ્નિહોત્ર છે તેના અધિષ્ઠાયક દેવતા 'मरूत' છે અને તે અગ્નિહોત્રની પહેલાંનું જે 'અસ્કન્ન' નામનું અગ્નિહોત્ર છે તેમાં યથાવિધિ હવન કર્મ દર્શાવેલું છે અને તે સર્વોત્કૃષ્ટ (ઉત્તમ) છે. વૈદિક શાસ્ત્રમાં અનેક પ્રકારનાં યજ્ઞોનાં સ્વરૂપો તથા ભિન્ન ભિન્ન પ્રકારનાં કર્મફળો દર્શાવ્યાં છે. તે સર્વને જે શ્રદ્ધાસંપન્ન દ્વિજાતિ પુરુષ જ્ઞાનનિશ્ચયદ્વારા નિઃસંશયપણે જાણે છે, તે પુરુષ યજ્ઞ કરવાને યોગ્ય ગણાય છે. હરકોઈ પુરુષ ભલે પછી તે ચોર હોય, પાપી હોય,અથવા મહાન પાપકર્તા હોય,તે પુરુષ પણ જો યજ્ઞ કરવાની ઇચ્છા કરે, તો તેને સાધુપુરુષજ કહેવામાં આવે છે. ઋષિઓ તેવા પુરુષની અવશ્ય પ્રશંસા કરે છે અને કહે છે કે, યજ્ઞ કરવો એ મહા ઉત્તમ કર્મ છે, એમાં સંશય નથી; માટે સર્વ વર્ણના મનુષ્યોએ સર્વથા યજ્ઞયાગજ કરવા, એવો નિશ્ચય થાય છે; કારણ કે યજ્ઞસમાન ત્રણે લોકમાં બીજું કંઇ પણ પવિત્ર નથી. આવા હેતુથી સર્વ કોઇ પુરુષે, અસૂયાનો ત્યાગ કરીને તથા શ્રદ્ધા અને પવિત્રતાનો આશ્રય કરીને પોતાની ઇચ્છાનુસાર યથાશક્તિ યજ્ઞયાગ કરવા, એમ ધર્મવેત્તાઓ કહે છે."૫૦,૫૪

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "વર્ણાશ્રમધર્મકથન" એ વિષયનો અધ્યાય ૬૦ મો સમાપ્ત.

અધ્યાય ૬૧ મો

આશ્રમોના ધર્મો

॥ भीष्म उवाच ॥

आश्रमाणां महाबाहो शृणु सत्यपराक्रम॥
चतुर्णामपि नामानि कर्माणि च युधिष्ठिर॥१॥

ભીષ્મ બોલ્યાઃ–" હે સત્યપરાક્રમી મહાબાહુ યુધિષ્ઠિર! હવે હું તમને ચારે આશ્રમોનાં નામ અને કર્મો કહું છું તે તમે સાંભળો.[૧] બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ અને સંન્યસ્ત, આ ચાર આશ્રમો જગતમાં પ્રસિદ્ધ છે. તેમાં ચોથો સંન્યસ્ત આશ્રમ કેવળ બ્રાહ્મણોનેજ સ્વીકાર કરવા યોગ્ય છે.[૨] શિખાધારણસંસ્કાર થઈ ગયા પછી ઉપનયન (જનોઈ) આદિના સંસ્કારોદ્વારા બ્રાહ્મણત્વ સંપાદન કરીને પ્રથમ વેદોનું અધ્યયન કરવું અને પછી વિવાહ કરીને અગ્ન્યાધાન વગેરે ધર્મકર્મો કરવાં અને તે સર્વ ગૃહસ્થના ધર્મોનું આચરણ કર્યા પછી કૃતકૃત્ય થઇને સ્ત્રીને સાથે રાખીને અથવા ત્યજી દઇને વાનપ્રસ્થ આશ્રમનો સ્વીકાર કરવો, એ વાનપ્રસ્થ આશ્રમમાં આવીને ધર્મવેત્તા પુરુષે મન તથા ઇંદ્રિયોનો જય કરવો, વાનપ્રસ્થ આશ્રમને લગતાં આરણ્યક શાસ્ત્રોનું અધ્યયન કરવું અને બ્રહ્મચર્ય પાળવું. આમ કેટલોએક સમય સુધી વ્રતનિષ્ઠ રહીને મન તથા ઇંદ્રિયોની બરાબર દૃઢતા પ્રાપ્ત કર્યા પછી તે વાનપ્રસ્થી પુરુષે સંન્યાસ આશ્રમનો સ્વીકાર કરવો, જેથી તેને પરમ પદની(મોક્ષની) પ્રાપ્તિ થાય છે.[૩–૫] હે રાજન્! બ્રહ્મચર્યનિષ્ઠ મુનિઓને પણ એ પૂર્વોક્ત શિખાધારણ આદિ સંસ્કારો પ્રથમ અવશ્ય કરવા પડે છે અને તે સદ્વારાજ તેઓને મોક્ષની પ્રાપ્તિ થાય છે; માટે સમજુ બ્રાહ્મણે પણ તેમજ કરવું[૬] અને હે રાજા! બ્રાહ્મણને તો બ્રહ્મચર્ય આશ્રમ ધારણ કર્યા પછી લાગલોજ સંન્યાસ લેવા માટે પણ અધિકાર છે; પરંતુ તે પક્ષ કેવળ મોક્ષનીજ ઇચ્છાવાળા બ્રાહ્મણને માટે ઉત્તમ છે.[૭] તે આ સંન્યાસાશ્રમનો સ્વીકાર કરનારા સંન્યાસીએ, જે સ્થળે સૂર્યનો અસ્ત થાય તે સ્થળેજ રાત્રિવાસ કરીને શયન કર-

વું જોઈએ, સર્વ જાતની આશાઓનો ત્યાગ કરવો જોઈએ, મઠો બાંધીને સ્થાયી નિવાસ ન કરવો, જે કંઈ મળી આવે તેથી આજીવિકા ચલાવી લેવી, મુનિવૃત્તિ ધારણ કરવી, સુખદુઃખાદિ દ્વંદ્વો સહન કરવાં, ઇંદ્રિયોનો જય કરવો, સર્વ ઇચ્છાઓનો ત્યાગ કરવો, સર્વના પર સમભાવ રાખવો, ભોગવૈભવોનો ત્યાગ કરવો અને કામસંકલ્પાદિ વિકારોને ચિત્તમાંથી દૂર કરવા. આ રીતે કલ્યાણકારક સંન્યાસ આશ્રમમાં રહેલો બ્રાહ્મણ તે ધર્મોનું બરાબર જો પાલન કરે છે તો બ્રહ્મસ્વરૂપ થઇ શકે છે–મોક્ષપદને પામી જાય છે.[૮,૯]

હવે હું તમને ગૃહસ્થાશ્રમ ધર્મ કહું છું, સાંભળો. વેદાધ્યયન કરીને બ્રહ્મચર્યાશ્રમને લગતાં સર્વ કર્મોનું અનુષ્ઠાન કર્યા પછી પુરુષે ગુર્વાજ્ઞાનુસાર ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો. તેમાં પ્રથમ વિવાહ કરીને સંતાનો ઉત્પન્ન કરવાં, સંસારસુખો ભોગવવાં, મનને વશ રાખવું અને મુનિઓના ધર્મની પ્રણાલિકા પ્રમાણે વર્તી મહાદુશ્ચર ગૃહસ્થધર્મોનું પાલન કરવું.[૧૦] તે ગૃહાશ્રમી પુરુષે પોતાની સ્ત્રીમાંજ સંતુષ્ટ રહેવું, ઋતુકાળે સ્ત્રીગમન કરવું, શાસ્ત્રાજ્ઞાનું પાલન કરવું, શઠ થવું નહિ, કુટિલતાનો ત્યાગ કરવો, નિયમિત આહાર લેવો, દેવો પર ભક્તિ રાખવી, કૃતજ્ઞ થવું, સત્ય વચન બોલવું, મૃદુતા રાખવી, દયા રાખવી, ક્ષમાશીલ થવું, ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, ગુરુ તથા શાસ્ત્રની આજ્ઞાનું પાલન કરવું, યજ્ઞો કરી દેવોને હવ્ય આપવાં, શ્રાદ્ધ કરી પિતૃઓને કવ્ય આપી તૃપ્ત કરવા, નિત્ય સાવધાન રહેવું. નિત્ય બ્રાહ્મણોને અન્નનું દાન આપવું, કોઈની ઇર્ષ્યા કરવી નહિ, સર્વ આશ્રમીઓનું પોષણ કરવું તથા અહર્નિશ શ્રૌત–સ્માર્ત કર્મો કરવાં. આ સર્વ ગૃહસ્થકર્તવ્યોનું યથાવિધિ આચરણ કરનારો પુરુષ પણ કૈવલ્ય (મોક્ષ) પદને પામે છે.[૧૧,૧૨] હે તાત યુધિષ્ઠિર! આ ગૃહસ્થાશ્રમ ધર્મના સંબંધમાં ભગવાન નારાયણે એક શ્લોક કહ્યો છે. તે શ્લોક મહાન તપશ્ચરણથી પ્રયુક્ત હોઈને ગંભીર અર્થવાળો છે અને મોટા પ્રભાવશાળી મહર્ષિઓ તેનું ગાન કર્યા કરે છે. તે હું તમને કહું છું તે સાંભળો.[૧૩] ‘ગૃહસ્થાશ્રમીએ સત્યતાભરેલો વ્યવહાર કરવો, સરલ થવું, અતિથિઓનું પૂજન કરવું, ધર્મ તથા અર્થ સંપાદન કરવા, પોતાની સ્ત્રીવિષે રતિસુખનો અનુભવ લેવો, અને આ લોકમાં તથા પરલોકમાં સુખદાયક થાય તેવાં કર્મોનું સેવન કરવું–આવો મારો મત છે.[૧૪] વળી બીજા મોટા મોટા ઋષિઓ પણ કહે છે કે, સર્વશ્રેષ્ઠ ગૃહસ્થાશ્રમમાં વસનારા પુરુષોએ પુત્ર, સ્ત્રી વગેરેનું પોષણ કરવું તથા વેદોનું અધ્યયન કરવું.[૧૫] આમ વર્તનારો જે બ્રાહ્મણ ન્યાયથી સંપાદન કરેલા ધનવડે આજીવિકા ચલાવતો અને યથાશક્તિ યજ્ઞયાગ કરતો શાસ્ત્રાજ્ઞાપૂર્વક ગૃહસ્થાશ્રમમાં રહે છે તે બ્રાહ્મણ સ્વર્ગલોકમાં ઉત્તમ ફળને પ્રાપ્ત કરે છે.[૧૬] એટલુંજ નહિ; પરંતુ તેઓ સ્વધર્મનિષ્ઠ ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણ પોતાના સ્થૂળ શરીરનો ત્યાગ કર્યા પછી સ્વર્ગમાં અથવા પોતાના હૃદયાકાશમાં યથેષ્ટ અવિનાશી ભોગોનો ઉપભોગ કરે છે અને જે સમયે જે વિષયમાટે મનમાં સંકલ્પ કરે છે, તે સમયે તે વિષય અનંતકાળપર્યંત તેની પાસે રહેવા માટે હાજર થાય છે.[૧૭] એ પ્રમાણેજ બ્રહ્મચર્યાશ્રમમાં રહેનારા પુરુષને પણ મોક્ષપદ મળે છે, તે વિષે હું તમને કહું છું. હે યુધિષ્ઠિર! બ્રહ્મચારીએ એકલા બેસીને ઈશ્વરસ્મરણ કરવું, એકલા બેસીને મંત્રજાપ કરવો, એકલા બેસીને દેવપૂજા કરવી, એકજ આચાર્યની સેવા કરવી, શરીરને મળ તથા કાદવથી ખરડેલું રાખવું, બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું, નિત્ય વિશેષ નિયમોનો સ્વીકાર કરવો, ઇંદ્રિયોને વશમાં રાખવી, વેદાંતશાસ્ત્રનું પરિશીલન કરવું, સર્વદા ધ્યાનયોગપરાયણ રહેવું, નિરંતર ગુરુની સેવા કરવી, ગુરુને નમન કરવું, યજન આદિ છ કર્મોથી નિવૃત્ત થવું, સર્વત્ર પ્રવૃત્તિ રાખવી નહિ, કોઇનો નિગ્રહ અનુગ્રહ કરવારૂપ અધિકાર ધારણ કરવો નહિ તથા પોતાનો દ્વેષ કરનારાઓનો સંસર્ગ રાખવો નહિ. હે તાત યુધિષ્ઠિર! આ સર્વ બ્રહ્મચારી પુરુષના આશ્રમ ધર્મ મેં તમને કહ્યા.[૧૮,૨૧]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં " ચાર આશ્રમોના ધર્મોનું કથન " એ વિષયનો અધ્યાય ૬૧ મો સમાપ્ત.

અધ્યાય ૬૨ મો

બ્રાહ્મણોના ધર્મો

॥ યુધિષ્ઠિર ઉવાચ ॥

शिवान् सुखान्महोदर्कानहिंस्रान् लोकसंमतान्
ब्रूहि धर्मान् सुखोपायान् मद्विधानां सुखावहान्

યુધિષ્ઠિરે “પૂછ્યું-" હે પિતામહ ! જે ધર્મો કલ્યાણકારક હોય, સુખાવહ હોય, મહાન ફળ આપનારા હોય, હિંસાથી રહિત હોય, સર્વ લોકને માન્ય હોય, સુખ મેળવવાના ઉપાયભૂત હોય તથા મારા જેવા પુરુષોને સુખ આપનારા હોય તે ધર્મોનું તમે કથન કરો. "[૧]

ભીષ્મ બોલ્યાઃ- " હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ રાજા ! શાસ્ત્રમાં કહેલા ચારે આશ્રમોનો સ્વીકાર કરવા માટે માત્ર બ્રાહ્મણોનેજ અધિકાર છે, પણ બીજા ત્રણ વર્ણોને ચારે આશ્રમોનો સ્વીકાર કરવા માટે અધિકાર નથી. અર્થાત્ છેલ્લા-સંન્યાસ આશ્રમસિવાયના ત્રણ આશ્રમોમાં ત્રણ વર્ણોનો પ્રવેશ થઇ શકે છે.[૨] હે રાજા ! ક્ષત્રિયોને માટે અનેક સ્વર્ગપ્રદ કર્મોનું શાસ્ત્રમાં વર્ણન કરેલું છે. વળી ક્ષત્રિયોનું ધર્મશાસ્ત્ર કેવળ પ્રવૃત્તિમાર્ગનેજ પ્રધાનપદ આપનારૂં છે તથા હિંસાકર્મની આજ્ઞા આપનારૂં છે; અને બ્રાહ્મણધર્મ-શાસ્ત્ર તો નિવૃત્તિમાર્ગનેજ પ્રધાનપદ આપનારૂં હોઇને અહિંસાકર્મની આજ્ઞા આપનારૂં છે, જેથી ક્ષાત્રધર્મ અને બ્રાહ્મણધર્મની અન્યોન્ય ભિન્નતાને લીધે કેવળ ક્ષાત્રધર્મનુંજ વર્ણન કરવું તે, તમારા હમણાંના પ્રશ્નના ઉત્તરતરીકે યોગ્ય નથી.[૩] જે પુરુષ બ્રાહ્મણવર્ણનો હોવા છતાં ક્ષત્રિયોનાં, વૈશ્યોનાં અથવા શૂદ્રોનાં કર્મો કરવા મચી પડે છે, તે મંદબુદ્ધિ પુરુષ આ લોકમાં નિંદાપાત્ર બને છે અને મુવા પછી પરલોકમાં નરકનાં દુઃખો ભોગવે છે.[૪] હે પાંડુપુત્ર! આ લોકની અંદર દાસને, શ્વાનને(કૂતરાને) વૃકને(નહારને) તથા પશુને જે જે સંજ્ઞાઓ આપવામાં આવી છે, તેજ સંજ્ઞાઓ સ્વકર્મભ્રષ્ટ બ્રાહ્મણને આપી શકાય છે; અર્થાત્ કર્મભ્રષ્ટ થયેલો બ્રાહ્મણ દાસ, શ્વાન, વૃક અને પશુસમાન છે.[૫] પરંતુ જે બ્રાહ્મણ પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, તર્ક અને સમાધિ-એ છ નિત્યકર્મોમાં પ્રવૃત્ત રહે છે, ચારેય આશ્રમોમાં અનુક્રમે પ્રવેશ કરે છે, અહિંસા ધર્મમાં પરાયણ રહે છે, મનનો જય કરે છે, બાહ્યાભ્યંતર પવિત્રતા જાળવે છે, તપશ્ચરણમાં આસક્ત રહે છે, નિઃસ્પૃહવૃત્તિ ધારણ કરે છે અને દાનશીલ હોય છે, તે બ્રાહ્મણને અક્ષય્યલોકની પ્રાપ્તિ થાય છે.[૬,૭] આમ હોવા છતાં બ્રાહ્મણ સ્વધર્મનો ત્યાગ કરીને હીન ધર્મમાં અભિરક્ત થાય છે તેનું કારણ એજ છે કે, જે પુરુષ જે અવસ્થામાં જે દેશ અથવા કાળને અનુસરીને જે ફળ મેળવવા માટે જેવું કંઇ સારૂંનરતું કર્મ કરે છે, તે પુરુષ લોભ અને લાંબા સમયના અભ્યાસના બળથી તે કર્મને સંપૂર્ણ રીતે ગુણયુક્ત માને છે, જેથી "આ કર્મ ઉત્તમોત્તમ છે" આમ સ્વકલ્પનાથીજ માની લઇને સ્વધર્મભ્રષ્ટ થતાં તે અટકતો નથી.[૮] હે રાજેન્દ્ર! આ જગતમાંહેના ઘણા બ્રાહ્મણો, વેદાધ્યયન આદિ સ્વજાતીય કર્મોનો ત્યાગ કરી દઇ વ્યાજ વટંતરનો ધંધો કરવા મંડી જાય છે, ખેતીવાડીનો આરંભ કરી બેસે છે, વ્યાપાર કરવા મચી પડે છે અને મૃગયાદ્વારા પણ આજીવિકા ચલાવવા તત્પર થઇ જાય છે. તેમાં પૂર્વોક્ત કારણ પ્રમાણેજ તેઓની એજ માન્યતા હોય છે કે, આ અમારાં કર્મો, સર્વમહાન એવાં વેદાભ્યાસ આદિ કર્મોની સાથે પણ સમાનતા ધરાવનારાં છે; આમ તમારે જાણવું;[૯] માટે એ વાતજ સિદ્ધ છે કે, હરકોઈ મનુષ્યને તે તે અભ્યાસને લીધેજ અમુક કર્મો કરવાની રુચિ થાય છે, છતાં પણ સર્વ કોઇને ઉત્તમ કર્મો કરવાનીજ કેમ રુચિ થતી નથી? તેમાં વળી એક મહાન હેતુ રહેલો છે તે એજ કે, સર્વ મનુષ્યો કાળને તથા પૂર્વજન્મના સંસ્કારોને નિત્ય અધીન રહેનારા છે, જેથી તે કા-

ળની તથા પૂર્વજન્મોના સંસ્કારોની વાસનાઓની પ્રેરણાદ્વારા પોતાના મનમાં અમુક દૃઢ નિશ્ચય કરીને ઉત્તમ, મધ્યમ અથવા અધમ કર્મો કરવા તત્પર થઇ જાય છે;[10] તોપણ શાસ્ત્રોક્ત વિધિનિષેધની આજ્ઞાઓ નિરર્થક થતી નથી. કારણકે શરીરજ નાશવંત હોવાથી તે શરીરનો આરંભ કરાવનારાં પૂર્વજન્મનાં શુભ અશુભ કર્મો પણ નાશવંત છે. માત્ર તેનો સંબંધ ધરાવનારાં સુખ અને દુઃખ ટાળ્યાં ટળે તેવાં નથી; પરંતુ લોક શુભ અથવા અશુભ કર્મોમાં જે પ્રવૃત્તિ કરે છે તે તો કેવળ પોતાને ઇષ્ટ રાગાદિ વિષયોને અધીન થઇને-જાણી જોઇનેજ પ્રવૃત્તિ કરે છે; કારણ કે જીવાત્મા પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ કરવામાં સ્વતંત્ર છે-અર્થાત્ પૂર્વજન્મનાં કર્મોના યોગથી પ્રાપ્ત થનારાં સુખદુઃખસિવાય બીજાં સ્વેચ્છાથી કરવામાં આવતાં કર્મોમાં અશુભનો પરિત્યાગ કરવો જોઇએ અને શુભનો સ્વીકાર કરવો જોઇએ, તે માટેજ વિધિશાસ્ત્ર અને નિષેધશાસ્ત્રની આવશ્યકતા છે.[11]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "વર્ણાશ્રમ ધર્મકથન" એ વિષયનો અધ્યાય ૬૨ મો સમાપ્ત.

अध्याय ६३ मो

ચારેય આશ્રમધર્મોનો રાજધર્મ સાથે સંબંધ

॥ भीष्मउवाच ॥

ज्याकर्षणंशत्रुनिबर्हणंचकृषिर्वणिज्यापशुपालनंच
शुश्रूषंणचापितथार्थहेतोरकार्यमेतत्परमंद्विजस्य।

ભીષ્મ કહે છેઃ-"હે યુધિષ્ઠિર! ધનુષની પણછ ખેંચવી, શત્રુઓનો સંહાર કરવો, ખેતી કરવી, વ્યાપાર કરવો, પશુપાલન કરવું અને ધનને માટે અન્યની સેવા કરવી-એ સર્વ બ્રાહ્મણોમાટે અકાર્ય છે.[1] બુદ્ધિમાન બ્રાહ્મણે બ્રહ્મચર્યાશ્રમમાં રહ્યા પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો અને તે આશ્રમમાં રહી પોતાનાં ષટ્કર્મોનું સેવન કરવું તે પછી કૃતકૃત્ય થઇને વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરવા માટે અરણ્યવાસ કરવો, તે બ્રાહ્મણને માટે ઉત્તમ ગણાય છે.[2] સર્વ બ્રાહ્મણે રાજાની સેવા, ખેતીનું ધન, વ્યાપારમાર્ગે જીવન, કુટિલતા, પરસ્ત્રીસેવન અને વ્યાજવટંતરથી આજીવિકા સર્વથા ત્યજી દેવા યોગ્ય છે.[3] હે રાજન! જે બ્રાહ્મણ દુષ્ટ ચરિત્રવાળો છે, ધર્મથી ભ્રષ્ટ થયેલો છે, શૂદ્ર જાતિની સ્ત્રીને ઘરમાં રાખી બેઠેલો છે, ચાડીચુગલી કરનારો છે, નાટક ભવાઇ કરનારો છે, રાજાનો સેવક છે અને સ્વકર્મથી હીન છે, તે બ્રાહ્મણ નથી પણ શૂદ્ર છે.[4] તેવો બ્રાહ્મણ વેદાધ્યયન કરે અથવા નકરે તોપણ કેવળ શદ્રસમાનજ છે અને તેને શૂદ્રની પંક્તિમાંજ ભોજન આપવું યોગ્ય છે. વળી હે રાજા ! તેવા શૂદ્રની યોગ્યતાવાળા બ્રાહ્મણોનો,સર્વ દેવકાર્યોમાં પણ ત્યાગ કરવો જોઇએ.[5] તેમજ જે બ્રાહ્મણ મર્યાદાનો લોપ કરનાર છે, અપવિત્ર આચરણવાળો છે, ક્રૂર વૃત્તિનો છે, હિંસામય જીવન ગાળનારો છે તથા ધર્મ અને આચારને તિલાંજલિ આપનારો છે, તે બ્રાહ્મણને દેવપિતૃનિમિત્ત ભોજન આપવું નહિ અને બીજાં કોઈ જાતનાં દાનો પણ આપવાં નહિ કારણ કે તેવાને આપેલું નહિ આપ્યા જેવુંજ છે.[6] માટે હે રાજા ! બ્રાહ્મણોનો શાસ્ત્રવિહિત એજ ધર્મ છે કે, તેઓએ ઇંદ્રિયોનું દમન કરવું, બાહ્યાભ્યંતર શુદ્ધિ રાખવી તથા કુટિલતાનો ત્યાગ કરવો. ઉપરાંત હે રાજા ! બ્રહ્મદેવે પ્રથમ ચારે આશ્રમોનું કેવળ બ્રાહ્મણોને માટેજ બંધારણ કરેલું છે. (માટે તે આશ્રમોના ધર્મોનું પણ તેઓએ પાલન કરવું જોઇએ.)[7] જે બ્રાહ્મણ ઇંદ્રિયોને વશ રાખે છે, સોમરસનું પાન કરે છે, સદાચરણથી વર્તે છે, સર્વ પ્રાણીઓના પર દયા રાખે છે, સર્વ સુખદુઃખાદિ સહન કરે છે, કામનાઓનો ત્યાગ કરે છે, સરલ સ્વભાવનો છે, કોમળ પ્રકૃતિનો છે, ક્રૂરતારહિત છે અને ક્ષમાસંપન્ન છે, તેનેજ બ્રાહ્મણ કહી શકાય છે; પણ એથી વિરુદ્ધ વર્તનવાળો પાપકર્મ કરનાર બ્રાહ્મણ કહેવાતો નથી.[8] હે પાંડુપુત્ર! ધર્મસંપાદનની અભિલાષા રાખનારા સર્વે લોકો તેવા ભિન્નભિન્ન પ્રસંગોમાં શૂદ્ર, વૈશ્ય તથા ક્ષત્રિ-

યનો માંહોમાંહે આશ્રય કરે છે, માટે ભગવાન વિષ્ણુ, (સર્વવ્યાપક પરમાત્મદેવ) શાંતિધર્મમાં આસક્તિ નહિ રાખનારા તેવા આચારભ્રષ્ટ લોકોને પોતાનાતરીકે સ્વીકારવા ઇચ્છતા નથી;[૯] અને ધારો કે, ભગવાન વિષ્ણુ સર્વ કોઈને માટે તેવી ઇચ્છા કરે તો સ્વર્ગલોકમાંથી સર્વ પ્રકારનાં સુખો લુપ્તપ્રાય થઇ જાય, આ ભૂ લોકમાંથી સર્વ લોકોનો વિનાશ થઇ જાય, ચારેય વર્ણોનું સનાતન બંધારણ છિન્નભિન્ન થઈ જાય, વેદવાદોનો લોપ થઇ જાય, યજ્ઞયાગાદિ સર્વ લોકક્રિયાઓ નાશ પામે અને જૂદા જૂદા આશ્રમોમાં રહેલા મનુષ્યો પોતપોતાના ધર્મમાં રહે નહિ; અર્થાત્ સ્વર્ગાદિનાં સર્વ સુખો કેવળ વ્યાપક પરમાત્માની કૃપાથીજ મળે છે, જેથી તેમની કૃપાવિના કરેલાં સર્વ કર્મો વ્યર્થજ છે. [૧૦]

હવે જે કોઈરાજા, પોતાના રાજ્યમાં બ્રાહ્મણ, વૈશ્ય અને શૂદ્ર, એ ત્રણવર્ણોના આશ્રમધર્મોની યોગ્ય વ્યવસ્થા કરવા ઇચ્છતો હોય તેણે અવશ્ય જાણવા યોગ્ય ચારે આશ્રમોના ધર્મો હું તમને કહું છું તે સાંભળો.[૧૧] હે રાજા! જે કોઇ શૂદ્ર વેદાન્તશાસ્ત્રમાં પોતાને અધિકાર નહિ હોવાથી પુરાણ આદિના શ્રવણદ્વારા આત્મસ્વરૂપ જાણવાની ઇચ્છા કરે છે, પોતાના શરીરની શક્તિ પ્રમાણે ત્રણે વર્ણની સેવા કરે છે, પોતાના આચારમાં એકનિષ્ઠ હોવાથી ત્રણે વર્ણના લોકોની સમાન યોગ્યતા ધરાવનારો છે તથા યોગના ધર્મથી અજાણ્યો છે, તે શૂદ્ર પણ પોતાની સ્ત્રીવિષે પ્રજોત્પાદન કર્યા પછી રાજાની આજ્ઞા લઇને ચારે આશ્રમોના ધર્મો પાળવા અધિકારી થઇ શકે છે. માત્ર શમદમાદિ કલ્યાણગુણોને તે ધારણ કરી શકતો નથી.*[૧૨,૧૩] હે રાજેન્દ્ર! પૂર્વોક્ત સ્વધર્મનું આચરણ કરનારા શૂદ્રને વૈશ્યને તથા ક્ષત્રિયને પણ સંન્યાસાશ્રમ સ્વીકારવા માટે શાસ્ત્રકારોએ આજ્ઞા આપી છે.[૧૪] ગૃહસ્થધર્મનું પાલન કરી કૃતકૃત્ય થયેલો તથા રાજાનાં કાર્યોમાં જેણે પરિશ્રમ કરેલો છે તેવો વૃદ્ધ વૈશ્ય, રાજાની આજ્ઞા લઇને સંન્યાસ આશ્રમમાં જઈ શકે છે;[૧૫] તેમજ હે નિર્દોષ રાજા! ધર્મપૂર્વક વેદાધ્યયન કરીને રાજાને લગતાં ધર્મશાસ્ત્રોનું અધ્યયન કરીને, પોતાની સ્ત્રીવિષે પ્રજા ઉત્પન્ન કરીને, સોમયાગ કરીને, સર્વ પ્રજાઓનું ધર્મપૂર્વક પાલન કરીને, રાજસૂય, અશ્વમેધ તથા બીજા પુષ્કળ યજ્ઞયાગો કરીને, બ્રાહ્મણોને તેઓના વેદાધ્યયનના પ્રમાણમાં દક્ષિણાઓ આપીને, નાનોમોટો પણ સંગ્રામમાં વિજય મેળવીને, પ્રજાઓનું પાલન કરી શકે તેવા પુત્રને રાજ્યાસનપર બેસાડીને, પોતાને જો પુત્ર ન હોય તો પોતાના ગોત્રનાજ કોઈ ઉત્તમ ક્ષત્રિયને દત્તક કુમારતરિકે રાજ્યગાદીપર સ્થાપીને, શ્રાદ્ધાદિ પિતૃયજ્ઞોદ્વારા વિધિપૂર્વક પિતૃઓનું પૂજન કરીને તથા યજ્ઞોથી દેવોનું અને વેદાધ્યયનથી ઋષિઓનું પ્રયત્નપૂર્વક આરાધન કરીને જે રાજા, પોતાનો અંતકાળ જ્યારે સમીપમાં આવે ત્યારે, ચારે આશ્રમોનો અનુક્રમે સ્વીકાર કરે છે તે રાજા સિદ્ધિપદને-મોક્ષને પામે છે. [૧૬-૨૧] હે રાજેન્દ્ર! ગૃહધર્મનો ત્યાગ કરીને રાજાએ, કેવળ વેદાંત શ્રવણ કરવાની ઇચ્છાથી સંન્યાસ લેવાની ઇચ્છા કરવી. પરંતુ ગુરુની સેવાપૂર્વક વેદાંત શ્રવણ નહિ કરીને માત્ર અન્નપ્રાપ્તિની ઇચ્છાથીજ ભિક્ષાવૃત્તિ કરવી નહિ-અર્થાત્ કેવળ જીવિતનું રક્ષણ કરવા માટે શ્રવણમનનપૂર્વકજ ભિક્ષાવૃત્તિ કરવી. [૨૨] હે રાજસિંહ! સંન્યાસાશ્રમરૂપી કર્મ ક્ષત્રિયાદિ ત્રણ વર્ણોને માટે નિત્ય અને અવશ્ય કર્તવ્ય તો નથીજ. માત્ર તેઓએ વિક્ષેપક કર્મોના ત્યાગરૂપી કામ્ય સંન્યાસજ સ્વીકારવો યોગ્ય છે અને તે કામ્યસંન્યાસ તો ચારે આશ્રમવાસી લોકોને સરખોજ છે.[૨૩] મેં વેદમાંથી સાંભળ્યું છે કે, સર્વ લોકમાં શ્રેષ્ઠ ગણાયલા ધર્મનું સેવન કરનારા ક્ષત્રિયોએ મનુષ્યોનાં સર્વ કલ્યાણો પોતાના બાહુબળને અધીન કરી લીધાં છે; કારણ કે ત્રૈવર્ણિકોના સર્વ ધર્મો તથા ઉપધર્મો, રાજધર્મને લીધેજ સ્થિતિ કરી રહ્યા છે.[૨૪] હે રાજન્! જેમ

---

* અર્થાત્ શૂદ્ર પણ નૈષ્ઠિક બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સમગ્ર વિક્ષેપક કર્મોનો ત્યાગ કરી શાંતિ, દાંતિ આદિ કલ્યાણગુણોથી રહિત સંન્યાસી થઇ શકે છે. **નીલકંઠ**

હાથીના એક પગલામાં સર્વ પ્રાણીઓનાં પગલાંઓનો સમાવેશ થઇ જાય છે, તેમ રાજધર્મમાં બીજા સર્વ ધર્મોનો સર્વ પ્રકારે સમાવેશ થઇ જાય છે, એમ તમારે સમજવું.[૨૫] ધર્મવેત્તા આર્ય મનુષ્યો કહે છે કે, જગતમાંહેના બીજા સર્વ ધર્મો અલ્પ આશ્રયવાળા હોઇને અલ્પ ફળને આપનારા છે; પણ ક્ષાત્રધર્મ તો મહાન આશ્રયવાળો હોઇને અનેક કલ્યાણોનું સાક્ષાત્ સ્વરૂપ છે, જેથી બીજો કોઇ પણ ધર્મ તે ધર્મની તુલનામાં ઉભો રહી શકે તેમ નથી.[૨૬] તેમજ હે રાજા! સર્વ વર્ણોના ધર્મોને રાજધર્મનીજ મુખ્યતાની અપેક્ષા રહે છે, કારણ કે રાજધર્મ સર્વ ધર્મોનું પાલન કરે છે; એટલુંજ નહિ પણ હે રાજા! જે દાનધર્મને વિદ્વાનો સર્વોત્કૃષ્ટ અને પુરાણકાળનો કહે છે, તે દાનધર્મનો પણ રાજધર્મમાંજ અંતર્ભાવ થઇ જાય છે.[૨૭] જો કદાચ કોઇ રાજા દંડનીતિનો તથા પુરાણ રાજધર્મનો ત્યાગ કરે તો સર્વ વેદો પ્રથમજ રસાતલમાં ગરક થઇ જાય, વૃદ્ધિ પામેલા સર્વ ધર્મો ક્ષય પામે તથા આશ્રમોના ધર્મોનો પણ વિનાશજ થઇ જાય.[૨૮] વળી સર્વ દાનધર્મોનો રાજધર્મમાં સમાવેશ થઈ જાય છે, સર્વ દીક્ષાધર્મોનો રાજધર્મમાં અંતર્ભાવ થઇ જાય છે, સર્વ વિદ્યાઓનો રાજધર્મમાંજ સમાસ થઇ જાય છે તથા સર્વ લોકો રાજધર્મને આધારેજ સ્થિતિ કરીરહ્યા છે—અર્થાત્ જગતના ધર્મોને, દીક્ષાઓને, વિદ્યાઓને તથા લોકોને રાજધર્મનુંજ રક્ષણ હોવાથી સંપૂર્ણ નિર્ભયતા છે.[૨૯] જેમ નીચ મનુષ્યોએ કરેલી પ્રાણીઓની હિંસા, તે પ્રાણીઓનો વધ કરનારા પુરુષોના ધર્મનો તથા શાસ્ત્રજ્ઞાનનો નાશ કરે છે, તેમ રાજધર્મથી ત્યજાયલા જગતના સર્વે બીજા ધર્મો, પાખંડીઓના પ્રાબલ્યને લીધે વિનાશ પામીને ધાર્મિક પુરુષોના ચિત્તને ખેદજનક થઈ પડે છે અને ધર્માચરણ કરનારા પુરુષો પણ પોતાના રક્ષણની શોધમાં વ્યાકુળ બની જઇને સ્વધર્મનો આદર કરી શકતા નથી, માટે રાજધર્મજ સર્વ ધર્મોમાં મુખ્ય છે.”[૩૦]

અધ્યાય ૬૩ મો સમાપ્ત.

અધ્યાય ૬૪ મો

ક્ષાત્રધર્મની શ્રેષ્ઠતા

॥ भीष्म उवाच ॥

चातुराश्रम्यधर्माश्च यतिधर्माश्च पांडव ॥
लोकवेदोत्तराश्चैव क्षात्रधर्मे समाहिताः ॥१॥

ભીષ્મે કહ્યું:-“હે પાંડવ! લોકમાં તથા વેદમાં ઉત્તમ ગણાયલા ચાર આશ્રમધર્મોનો તથા યતિધર્મોનો મુખ્ય આધાર ક્ષાત્રધર્મ છે.[૧] હે ભરતશ્રેષ્ઠ! વળી સર્વ જાતનાં લૌકિક, વૈદિક કર્મો પણ ક્ષાત્રધર્મનેજ અવલંબી રહ્યાં છે, માટે ક્ષાત્રધર્મની વ્યવસ્થાનો જો ભંગ થાય તો જીવલોકનાં સર્વ કલ્યાણો પણ પડી ભાંગે.[૨] બીજા સર્વ આશ્રમવાસીઓના ધર્મો પરોક્ષ ફળ આપનારા છે અને ઘણાં દ્વારવાળા છે. ઘણા વાદવિવાદ કરનારા પુરુષો વિરુદ્ધશાસ્ત્રોનાં પ્રમાણ આપીને તે ધર્મોનાં સનાતન સ્વરૂપને ડહોળી નાખે છે, તેમજ બીજા કેટલાએક વાદિઓ તો યુક્તિપ્રયુક્તિવાળાં શાસ્ત્રવિરુદ્ધ વચનોવડે તે આશ્રમધર્માનુયાયી લોકોના ધાર્મિક નિશ્ચયને ફેરવી પણ નાખે છે; કારણ કે તેઓ ધર્મના પરમ નિશ્ચયને નહિ સમજનારા હોવાથી સારાસાર બુદ્ધિથી હીન હોય છે;[૩,૪] પણ જે ધર્મ પ્રત્યક્ષ ફળવાળો છે, લગભગ પુષ્કળ સુખથી ભરેલો છે, સ્વતઃજ સમજી શકાય તેવો છે, છળકપટથી રહિત છે તથા સર્વ લોકનું હિત કરનારો છે તે ધર્મ ક્ષત્રિયોનો આશ્રય કરીને રહેલો છે.[૫] હે યુધિષ્ઠિર! ગૃહસ્થધર્મમાં જેમ બીજા ત્રણે વર્ણોના ધર્મોનો અંતર્ભાવ થઈ જાય છે તથા બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ, સંન્યાસ તથા સર્વ બ્રાહ્મણધર્મોનો પણ તે ગૃહસ્થધર્મમાં જેમ અંતર્ભાવ થઇ જાય છે, તેમ રાજધર્મમાં સર્વ ધર્મોનો તથા લોકોનો અંતર્ભાવ થઇ જાય છે. હે રાજેન્દ્ર! મેં તમને પ્રથમ એ કથા કહેલીજ છે કે, પૂર્વે એક સમયે અનેક સંખ્યાબંધ શૂરા રાજાઓ, પોતાના આશ્રમસંબંધી એક એક કર્મ તથા દંડનીતિની તુલના કરીને એમાંથી વિશેષ ઉત્તમ કોણ છે, એ વિષેનો સંશય થવાથી તેને દૂર

કરનાર સિદ્ધાંતનું શ્રવણ કરવા માટે સર્વ ભૂતોના ઈશ્વર, મહાતેજસ્વી અને સર્વવ્યાપક પ્રભુ નારાયણ દેવની પાસે ગયા હતા. ૬-૯ વળી પૂર્વના પ્રાચીન સમયમાં પણ આદિદેવ નારાયણે ઉત્પન્ન કરેલા સાધ્યો, દેવો, વસુઓ, અશ્વિનીકુમારો, રુદ્રો, વિશ્વેદેવતાઓ, મરુદ્ગણો તથા સિદ્ધો ક્ષાત્રધર્મ પ્રમાણેજ વર્ત્યા હતા. ૧૦ આ ક્ષાત્રધર્મના સંબંધમાં અર્થના નિશ્ચયવાળો એક ધાર્મિક ઇતિહાસ હું તમને કહું છું તે તમે સાંભળો. પૂર્વે જે સમયે દાનવોરૂપી સમુદ્ર મર્યાદાનો ત્યાગ કરી જગતને બોળી દેવા તૈયાર થયો હતો, તે સમયે હે રાજેન્દ્ર! માંધાતા નામનો એક વીર્યવાન રાજા આ પૃથ્વીપર રાજ્ય કરતો હતો. હે રાજસિંહ! તે રાજાએ આદિ,મધ્ય અને અંતરહિત પ્રભુ નારાયણ દેવનાં દર્શન કરવાની ઇચ્છાથી યજ્ઞસમારંભ કર્યો. તે યજ્ઞમાં એણે મહાત્મા વિષ્ણુના ચરણમાં પોતાનું મસ્તક નમાવ્યું, એટલે તુરત ઇંદ્રના સ્વરૂપમાં આવેલા શ્રીવિષ્ણુનાં તે રાજાને દર્શન થયાં. પછી તે સમયે માંધાતાએ કેટલાએક મોટા મોટા રાજાઓને સાથે રાખી તે પ્રભુનું પૂજન કર્યું અને તે વેળા રાજસિંહ તે માંધાતા રાજાનો તથા એ મહાત્માનો (વિષ્ણુના સાયિક સ્વરૂપે ઇંદ્રનો) મહાતેજસ્વી શ્રીવિષ્ણુના સંબંધમાં આવો મહાન સંવાદ થયો.

ઇંદ્ર બોલ્યોઃ- "હે ધાર્મિકશ્રેષ્ઠ રાજા! તું શ્યામસ્વરૂપ, પ્રમાણાતીત, અનંત માયાઓથી યુક્ત, અપાર મંત્રવીર્યશાળી અને પુરાણપુરુષ આદિદેવ નારાયણનાં દર્શન કરવાની ઇચ્છા કરે છે, તે તારી કેવી ઇચ્છા છે? ૧૬ તું નથી જાણતો કે વિશ્વસ્વરૂપ એ નારાયણ દેવનાં હું કે બ્રહ્મદેવ પણ સાક્ષાત્ દર્શન કરી શકતા નથી, માટે હે રાજા! એ નારાયણ દેવનાં દર્શનવિના તારા હૃદયમાં જે જે કામનાઓ હશે તે હું પૂર્ણ કરીશ; કારણ કે તું મનુષ્યોનો રાજા છે. ૧૭ વળી તું સત્યનિષ્ઠ છે, ધર્મપરાયણ છે, જિતેન્દ્રિય છે, શૂરવીર છે, દેવોના પર દૃઢ પ્રીતિ રાખનારો છે, બુદ્ધિસંપન્ન છે, ભક્તિયુક્ત છે તથા ઉત્તમ શ્રદ્ધાળુ છે; માટે હું તને યથેષ્ટ વર આપવા તૈયાર છું."૧૮

માંધાતા બોલ્યોઃ-"હે ભગવન્! હું તમારા ચરણમાં મસ્તક નમાવી પ્રથમ તમારો પોતાનોજ પ્રસાદ મેળવીશ અને તે દ્વારા આદિદેવ નારાયણનાં હું અવશ્ય દર્શન કરીશ. હું હવે સર્વ કામનાઓનો ત્યાગ કરી કેવળ ધર્મ સંપાદન કરવાની ઇચ્છાથી લોકમાં સન્માર્ગરૂપ ગણાયલો અરણ્યવાસ કરવા ઇચ્છું છું. મને વાનપ્રસ્થ ધર્મ સ્વીકારવાનીજ હવે ઇચ્છા થઇ છે. ૧૯ મેં વિશાળ અને અમર્યાદ એવા ક્ષાત્રધર્મનું આચરણ કરીને અભીષ્ટ દિવ્ય લોકો મેળવ્યા છે તથા પોતાના યશને જગતમાં સ્થાપિત કર્યો છે; પણ માત્ર આદિદેવથી ચાલુ થયેલા લોકશ્રેષ્ઠ ધર્મનું આચરણ કરવા માટે મારામાં જ્ઞાન નથી." ૨૦

ઇંદ્ર બોલ્યોઃ-આ જગતમાં જેઓ રાજા નથી તેઓ ધર્મપરાયણ હોવા છતાં બીજા-ધર્મજ્ઞાનરહિત પુરુષોને ધર્મના વિષયમાં ઉત્કૃષ્ટ ગતિ પમાડી શકતા નથી, તેમ પોતે પણ સંપૂર્ણ ધર્માચરણ કરી શકતા નથી; પરંતુ રાજાઓ તો માત્ર પોતાના ધર્મનું આચરણ કરીનેજ પોતે પણ ધર્મિષ્ઠ બને છે અને બીજાઓને પણ ધર્મિષ્ઠ બનાવી શકે છે. વળી ક્ષાત્રધર્મજ પ્રથમ આદિદેવથી ઉત્પન્ન થયેલો છે અને બીજા ધર્મો તો તેના અંગરૂપે પાછળથીજ ઉત્પન્ન થયેલા છે. ૨૧ તેમજ બીજા સંન્યાસધર્મ સુદ્ધાં અનેક ધર્મો નાશવંત ફળવાળા હોઇને ક્ષાત્રધર્મની અપેક્ષાએ ઉત્તમતા ધરાવી શકતા નથી; પરંતુ ક્ષાત્રધર્મમાં તો સર્વ ધર્મોનો સમાવેશ થઇ જાય છે, માટેજ વિદ્વાનો એ ધર્મને શ્રેષ્ઠ કહે છે. ૨૨ પૂર્વે વિષ્ણુ ભગવાને પણ ધર્મોક્ત કર્મોનું અવલંબન કરીને અસુરોનો પરાજય કર્યો હતો અને મહાતેજસ્વી એવા દેવોનું તથા ઋષિઓનું રક્ષણ કર્યું હતું. ૨૩ જો કદાચ તે સર્વવ્યાપક ભગવાન વિષ્ણુએ અસુરોનો સંહાર ન કર્યો હોત તો આ જગતમાં બ્રાહ્મણો રહેત નહિ, લોકસ્રષ્ટા બ્રહ્મા પણ રહેત નહિ, ક્ષાત્રધર્મ પણ રહેત નહિ તથા બ્રાહ્મણધર્મનો પણ લોપ થઈ જાત. ૨૪ દેવોમાં શ્રેષ્ઠ એવા તે આદિદેવે પરાક્રમ કરીને અસુરોથી ઉભરાઇ ગયેલી આ પૃથ્વીને જો ન જીતી હોત તો

બ્રાહ્મણોનો સર્વથા વિનાશ થઈ જાત અને તેને લીધે ચારે વર્ણોના તથા ચારે આશ્રમોના સર્વ ધર્મો પણ રહેત નહિ. [૨૫] આ જગતમાંથી સનાતન ધર્મોનો સેંકડોવાર વિનાશ થયો હતો અને તેઓનો ક્ષાત્રધર્મેજ પુનરુદ્ધાર કર્યો હતો તથા પ્રત્યેક યુગમાં તે ક્ષાત્રધર્મના બળથીજ બ્રાહ્મણધર્મોની પુનઃ પ્રવૃત્તિ થયેલી છે; માટે ક્ષાત્રધર્મને વિદ્વાનો સર્વશ્રેષ્ઠ કહે છે. [૨૬] ક્ષાત્રધર્મમાં વર્તનારા રાજાઓનાં એજ કર્તવ્યો છે કે, તેઓએ સંપૂર્ણ આત્મત્યાગ કરવો, સર્વ પ્રાણીઓના પર દયા રાખવી, લૌકિક જ્ઞાન મેળવવું, પ્રજાઓનું પાલન કરવું, સર્વને ભયમાંથી મુક્ત કરવાં, દુખીઆરાંને દુઃખથી છોડાવવાં અને પીડાગ્રસ્તની પીડાઓ દૂર કરવી. [૨૭] સર્વ લોકો સ્વાભાવિક રીતેજ કામ તથા ક્રોધમાં વિશેષ પ્રવૃત્તિ કરે છે અને મર્યાદાનો ત્યાગ કરી ઉચ્છૃંખલ રીતે વર્તવા તત્પર થાય છે, પરંતુ રાજાના ભયથીજ તેઓ પાપ કર્મ કરતા નથી. તેમજ સદાચારસંપન્ન એવા બીજા સત્પુરુષો પણ રાજાના રક્ષણને લીધે પોતાના સદાચારોનું સારી રીતે પાલન કરી શકે છે; માટે લોકો ક્ષાત્રધર્મનેજ સર્વશ્રેષ્ઠ કહે છે. [૨૮] આ પૃથ્વીપર રાજ્ય કરનારા રાજાઓ, પોતાના રાજધર્મને અનુસરીને સર્વપ્રાણીઓનું પુત્રની પેઠે રક્ષણ કરે છે, તેથી તેઓ નિર્ભય થઇને લોકમાં સંચાર કરી શકે છે, એમાં સંશય નથી. [૨૯] આમ સર્વ રીતે ક્ષાત્રધર્મ, બીજા સર્વ ધર્મોની રક્ષા કરનાર હોઇને લોકોમાં શ્રેષ્ઠ ગણાય છે, સનાતન છે, નિત્ય છે, મોક્ષપર્યંત ઉપયોગી છે, અવિનાશી છે તથા સર્વપ્રધાન છે. [૩૦]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજ-
ધર્માનુશાસનપર્વમાં "વર્ણાશ્રમધર્મકથન"
એ વિષયનો અધ્યાય ૬૪ મો સમાપ્ત.

અધ્યાય ૬૫ મો

ઇંદ્રના રૂપમાં આવેલા વિષ્ણુ અને માંધાતાનો સંવાદ

॥ इंद्रउवाच ॥

एवंवीर्यःसर्वधर्मोपपन्नःक्षात्रःश्रेष्ठःसर्वधर्मेषु-
धर्मः ॥ पाल्यो युष्माभिर्लोकहितैरुदारैर्विपर्य-
येस्याद्भावः प्रजानाम् ॥१॥

ઇંદ્ર બોલ્યોઃ–"એવા મહાન સામર્થ્યવાળા, સર્વ ધર્મોથી યુક્ત અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ ક્ષાત્રધર્મનું લોકનું હિત કરનારા તમારા જેવા ઉદાર રાજાઓએ યથાયોગ્ય પાલન કરવું જોઇએ. જો તેનું પાલન કરવામાં ન આવે તો પ્રજાઓનો વિનાશજ થઇ જાય. [૧] સર્વપ્રાણીઓના પર દયા રાખનારા રાજાનો મુખ્ય ધર્મ એજ છે કે, તેણે ધાન્યાદિકના વાવેતરમાટે પૃથ્વીને સંપૂર્ણ સંસ્કારોવાળી કરવી, (જમીનને ખેડાવીને તેમાં ખાતર વગેરે પૂરાવવાં જેથી પાક સારો થાય.) રાજસૂય, અશ્વમેધ આદિ યજ્ઞો કરી અવભૃથસ્નાન કરવું, ભૈક્ષ્યચર્યા ન કરવી (સંન્યાસ ન લેવો,) પ્રજાઓનું પાલન કરવું તથા યુદ્ધમાં શરીરનો ત્યાગ કરવો. આ મુખ્ય ધર્મનું રાજાએ જ્ઞાન મેળવવું જોઇએ. [૨] મુનિઓ, ત્યાગનેજ સર્વના કરતાં શ્રેષ્ઠ કહે છે. તેમાં પણ ક્ષત્રિયો યુદ્ધ કરીને પોતાનાં શરીરનો ત્યાગ કરે છે તે તો ઉત્તમોત્તમ છે. આવા હેતુથીજ સર્વ રાજાઓ રાજધર્મમાં નિત્ય આસક્ત રહીને યુદ્ધોમાં પોતાનાં શરીરોનો ત્યાગ કરે છે, એ તેં પ્રત્યક્ષ જોયું છે. [૩] પુષ્કળ શાસ્ત્રજ્ઞાન સંપાદન કરીને ગુરુની સેવા કર્યા પછી રણક્ષેત્રોમાં પરસ્પર સંહાર કરીને પ્રાણોનો ત્યાગ કરવો, એ ક્ષત્રિયનો ઉત્તમ ધર્મ છે અને ધર્મની ઇચ્છાવાળા ક્ષત્રિયે પ્રથમ એકલું બ્રહ્મચર્યવ્રત પાળીને ગૃહસ્થાશ્રમનો આશ્રય કરવો. [૪] પછી તે ગૃહસ્થાશ્રમમાં દાખલ થઇને તેણે સામાન્ય વ્યાવહારક પ્રવૃત્તિઓમાં પ્રિય અપ્રિય તરફ સમાનદૃષ્ટિ રાખવી, ચારે વર્ણોને પોતપોતાના ધર્મોમાં સ્થાપવા,

પ્રજાઓનું પાલન કરવું અને તે તે ઉપાયોની યોજના કરીને, નિયમો ધારણ કરીને તથા પુરુષાર્થભરેલા સર્વ પ્રકારના ઉદ્યોગોની ખીલવણી કરીને પોતાના આશ્રમધર્મને એક આદર્શરૂપ બનાવવો. વિદ્વાનો ક્ષાત્રધર્મને શ્રેષ્ઠ કહે છે તેનું એજ કારણ છે કે, તે ધર્મમાં બીજા સર્વ ધર્મોનો સમાવેશ થઈ જાય છે.

હવે, જે લોકો પોતપોતાના વર્ણાશ્રમ ધર્મોનું આચરણ કરતા નથી અને તે તે સર્વ ધર્મોને નિષ્ફળ તથા વિપરીત અર્થવાળા ઠરાવે છે તથા પોતે તો કેવળ અર્થ(ધન)સંપાદન કરવામાંજ મશગુલ રહે છે, તે લોકોને શાસ્ત્રકારોએ નિર્મર્યાદ (ઉદ્ધત) કહ્યા છે તથા પશુસમાનજ ગણ્યા છે; પરંતુ તેવા ઉદ્ધત લોકોને પણ પોતાની ઉદ્ધતાઈનું ફળ દેખાડી, જે ક્ષાત્રધર્મ નીતિના માર્ગ ઉપર આણી મૂકે છે, માટેજ તેને બીજા ધર્મોના કરતાં કલ્યાણકારક કહેવામાં આવ્યો છે.[૫,૭] ત્રણે વેદનું જ્ઞાન ધરાવનારા બ્રાહ્મણોને માટે જે યજ્ઞાદિ કર્મો તથા આશ્રમધર્મો શાસ્ત્રમાં કહ્યા છે, તેજ બીજા સર્વ બ્રાહ્મણોને પણ મુખ્ય કર્તવ્યતરીકે છે; છતાં પણ કોઇ બ્રાહ્મણ શૂદ્રની પેઠે બીજાં ફાવે તે કર્મો કરવા તત્પર થાય તો તે બ્રાહ્મણ શસ્ત્રથી વધ કરવા યોગ્ય ગણાય છે.[૮] હે રાજા! ચારે આશ્રમધર્મોનું તથા વેદોક્ત યજ્ઞયાગાદિ કર્મકલાપનું બ્રાહ્મણેજ જ્ઞાન સંપાદન કરવું જોઇએ, પણ બીજા વર્ણના કોઇ પુરુષે તે જ્ઞાન કદી સંપાદન કરવું નહિ.[૯] બ્રાહ્મણવર્ણનો કોઈ પુરુષ પૂર્વોક્ત સ્વધર્મથી જો વિરુદ્ધ વર્તન કરે તો તેની આજીવિકા ધર્મયુક્ત ગણાતી નથી; કારણ કે કર્મના અંગેજ ધર્મની વૃદ્ધિ થાય છે અને જેવો ધર્મ તેવોજ ધર્મી પણ ગણાય છે.[૧૦] જે બ્રાહ્મણ, પોતાનાં જાતીય કર્મોથી ભ્રષ્ટ થઇને વિજાતીય કર્મો કરવા તત્પર થાય છે તે બ્રાહ્મણ, બ્રાહ્મણતરીકેના સન્માનને પાત્ર રહેતો નથી; એટલુંજ નહિ પણ સ્વકર્મોનું આચરણ નહિ કરનારો તે બ્રાહ્મણ વિશ્વાસપાત્ર પણ નથી.[૧૧] સર્વ વર્ણોના જે ધર્મો શાસ્ત્રોમાં વર્ણવ્યા છે, તેઓને ઉત્કર્ષમાં આણવા, એ ક્ષત્રિયોનો પરમ ધર્મ છે. આવા હેતુથીજ બીજા સર્વ ધર્મોના કરતાં રાજધર્મોને શ્રેષ્ઠ કહ્યા છે, અને હું માનું છું કે, વીરપુરુષોના પણ તેજ ધર્મો હોવાથી જેઓ તે ધર્મોને આચરણમાં મૂકે છે તેઓજ સર્વ વીરપુરુષોમાં શ્રેષ્ઠ ગણાય છે."[૧૨]

માંધાતા બોલ્યો:– "હે ભગવન્ ઇંદ્ર! મારા રાજ્યમાં યવનો, કિરાતો, ગાંધારો, ચાઇનાઓ (ચીન દેશના વતનીઓ), શબરો, બર્બરો, શકો, તુષારો, કંકો, પલ્હવો, આંધ્રો, મદ્રકો, પૌંડ્રો, પુલિંદો, રમઠો, કાંબોજો તથા બ્રાહ્મણો અને ક્ષત્રિયોથી ઉત્પન્ન થયેલા વૈશ્ય અને શૂદ્ર જાતિના સંકીર્ણ વર્ણો વસે છે, તેઓ આ વૈદિક ધર્મોનું આચરણ કેવી રીતે કરી શકશે? વળી તેઓ ચોરી કરીનેજ આજીવિકા ચલાવનારા છે તેથી મારા જેવા રાજાઓએ તેઓને ધર્મમાર્ગમાં કેવી રીતે સ્થાપવા, એ સાંભળવાની મને ઇચ્છા છે, માટે તે મને કહો. હે સુરેશ્વર! તમે અમારા ક્ષત્રિયોના એક બંધુરૂપ છો."[૧૩-૧૬]

ઇંદ્ર બોલ્યો:– "હે નિર્દોષ રાજા! ચોરી કરીને આજીવિકા ચલાવનારા તે સંકીર્ણ વર્ણના લોકોએ પોતાનાં માતાપિતાની સેવા કરવી, આચાર્યની, ગુરુની તથા સર્વ આશ્રમવાસીઓની સેવા કરવી, રાજાની સેવા કરવી, વૈદિક ધર્મક્રિયાઓને પણ તેઓએ પોતાનો ધર્મ સમજીને કરવી, શ્રાદ્ધો કરવાં, કૂવા ખોદાવવા, પરબો મંડાવવી, ધર્મશાળાઓ બંધાવવી, બ્રાહ્મણોને નિરંતર સમયોચિત દાનો આપવાં, અહિંસા પાળવી, સત્ય બોલવું, ક્રોધ નહિ કરવો, વંશપરંપરાથી આવેલી વૃત્તિનું પાલન કરવું, સ્ત્રીપુત્રાદિનું ભરણપોષણ કરવું, પવિત્રતા જાળવવી, દ્રોહ નહિ કરવો, પોતાનો અભ્યુદય કરવાની ઇચ્છાથી સર્વ યજ્ઞોમાં દક્ષિણાદાન કરવું તથા પોતાને માટે અત્યંત યોગ્ય ગણાતા પાકયજ્ઞો કરવા. આ રીતે સર્વ લોકોને માટે કર્મો કરવાની વ્યવસ્થા પ્રાચીન કાળથીજ બંધાયલી છે."[૧૭-૨૨]

માંધાતા બોલ્યો:–" આ મનુષ્યલોકમાં પ્રત્યેક વર્ણોમાં તથા ચારેય આશ્રમોમાં જૂદા

જૂદા વેષોમાં ગુપ્ત રહેલા ઘણા ચોર લોકો જોવામાં આવે છે, તેનું કારણ શું?"[૨૩]

ઇંદ્ર બોલ્યો:-"હે નિર્દોષ રાજા! આ જગતમાં દંડનીતિનો જ્યારે વિનાશ થાય છે તથા રાજધર્મની અધોગતિ થાય છે, ત્યારે રાજાનીજ દુષ્ટતાને લીધે સર્વ પ્રાણીઓ મૂઢ બની જાય છે-કાર્યાકાર્યના જ્ઞાનથી ભ્રષ્ટ થાય છે.[૨૪] અરે! આ સત્યયુગ વીત્યા પછી તો માત્ર વેશનેજ ધારણ કરનારા સંખ્યાબંધ સાધુ લંગોટાઓ જગતમાં ઉભરાઇ નીકળશે અને માત્ર ચારજ આશ્રમોને બદલે અસંખ્યાત નવા નવા આશ્રમોની રચના ઘડાઈ જશે.[૨૫] તે કાળના મનુષ્યો, ઉત્કૃષ્ટ ગતિને આપનારાં પુરાણોનું કે ધર્મશાસ્ત્રોનું શ્રવણ કરશે નહિ, અને કામ તથા ક્રોધથી પ્રેરાઇને અવળા માર્ગનો સ્વીકાર કરશે;[૨૬] માટેજ મહાત્મા પુરુષો દંડનીતિનો ઉપયોગ કરીને પાપી મનુષ્યોને પાપ કર્મ કરતા જ્યારે અટકાવે છે, ત્યારેજ સનાતન સત્ય ધર્મ જગતમાંથી ચલિત થતો નથી.[૨૭] જે મનુષ્ય સર્વલોકના ગુરુ રાજાનું અપમાન કરે છે તેનાં દાન, હોમ, શ્રાદ્ધ વગેરે સર્વ કર્મો નિષ્ફળ થાય છે.[૨૮] ધર્મની ઇચ્છા રાખનારો રાજા કેવળ મનુષ્યોનોજ અધિપતિ છે એમ નથી, પણ તે સનાતન દેવનુંજ એક સ્વરૂપ છે, તેથી દેવતાઓ પણ તેનું અપમાન કરતા નથી.[૨૯] જો કે આ સર્વ જગતની રચના ભગવાન પ્રજાપતિએજ કરી છે, તોપણ તે જગતની શુભ કર્મમાં પ્રવૃત્તિ કરાવવા માટે તથા અશુભ કર્મમાંથી નિવૃત્તિ કરાવવા માટે તે પ્રજાપતિને પણ ક્ષત્રિયની અપેક્ષા રહી છે.[૩૦] જે રાજા! જગતમાં પ્રવર્તેલા ધર્મનું બુદ્ધિવડે જ્ઞાન ધરાવે છે તે રાજા આસ્તિક હોવાને લીધે મને પણ માન્ય અને પૂજ્ય છે, કારણ કે તે રાજા ક્ષાત્રધર્મનો આધારભૂત છે."[૩૧]

ભીષ્મ બોલ્યા:- હે યુધિષ્ઠિર! આમ કહીને ઇંદ્રના સ્વરૂપમાં આવેલા તે ભગવાન વિષ્ણુ પ્રભુ, દેવગણોને સાથે લઈ, વિષ્ણુલોકરૂપી પોતાના સનાતન સ્થાન ભણી ચાલ્યા ગયા.[૩૨]

હે નિર્દોષ રાજા! એ પ્રમાણે પ્રાચીન કાળની ક્ષાત્રધર્મની શુભ પ્રવૃત્તિ ચાલીજ આવેલી છે, જેથી કયો જ્ઞાની પુરુષ તેવા ક્ષાત્રધર્મસંપન્ન ક્ષત્રિયની અવગણના કરે?[૩૩] છતાં પણ કોઈ પુરુષ તે ક્ષાત્રધર્મની અવજ્ઞા કરીને કોઇ જાતનાં કર્મોમાં પ્રવૃત્તિ કરે છે અથવા કોઇ જાતનાં કર્મોમાંથી નિવૃત્તિ કરે છે તો તેનાં એ સર્વ કર્મો અંધમનુષ્યોની પેઠે મધ્યમાંથીજ નાશ પામે છે.[૩૪] માટે હે પુરુષવ્યાઘ્ર યુધિષ્ઠિર રાજા! આદિ કાળથી ચાલી આવેલી તથા આપણા પૂર્વજોના પૂર્વજોએ પણ સંપૂર્ણ રીતે સ્વીકારેલી એ ક્ષાત્રધર્મરૂપી વિધાતાની આજ્ઞાને અનુસરીને તમે વર્તન કરો. તે આજ્ઞાનું પાલન કરવા માટે તમે સારી રીતે સમર્થ છો, એમ હું જાણું છું.[૩૫]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "ઇંદ્ર અને માંધાતાનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૬૫ મો સમાપ્ત.

अध्याय ६६ मो

રાજધર્મજ સર્વ ધર્મોનું કેન્દ્ર છે.

॥ युधिष्ठिर उवाच ॥

श्रुता मे कथिताः पूर्वे चत्वारो मानवाश्रमाः ॥
व्याख्यानायित्वा व्याख्यानमेषामाचक्ष्व पृच्छतः

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પિતામહ! તમે મને મનુષ્યોના પ્રાચીન એવા ચારે વર્ણાશ્રમો કહ્યા; પણ હવે તે આશ્રમોનું વિસ્તારથી સ્પષ્ટીકરણ કરીને તમે મને કહો."[૧]

ભીષ્મ બોલ્યા:-"હે મહાબાહુ યુધિષ્ઠિર! સત્પુરુષોએ માન્ય ગણેલા જે ધર્મો હું જાણું છું તે ધર્મોનેજ તમે પણ જાણો છો;[૨] પરંતુ હે ધાર્મિક શ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા! તે ધર્મોનું સૂક્ષ્મ સ્વરૂપ જાણવા માટે તમે મને પૂછો છો તેથી હું તમને તે સૂક્ષ્મ ધર્મ કહું છું, તે સાંભળો.[૩] હે મનુષ્યોમાં શ્રેષ્ઠ કુંતીપુત્ર! જે ચારે આશ્રમવાસી મનુષ્યોનાં સર્વ આશ્રમદ્યોતક ચિહ્નો હોય છે, તે બધાં સદાચારસંપન્ન રાજાઓના રાજધર્મોમાં પણ હોય છે.[૪] હે યુધિષ્ઠિર! જે કોઈ રાગદ્વેષરહિત રાજા દંડનીતિનો ઉપયોગ કરીને સર્વ પ્રાણીઓપર સમ-

દૃષ્ટિ રાખીને વર્તે છે, તે રાજાને સંન્યાસીને પ્રાપ્ત થનારા બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે;[૫] તેમજ જે રાજા જ્ઞાન, દાન, નિગ્રહ તથા અનુગ્રહના યથાર્થ સ્વરૂપને જાણે છે તથા શાસ્ત્રોક્ત કર્મોનું આચરણ કરીને યોગ્ય વૃત્તિએ વર્તે છે, તે ધીર રાજાને ગૃહસ્થાશ્રમ ધર્મ આચરવાનું ફળ મળે છે.[૬] હે પાંડવ! જે રાજા પૂજાપાત્ર મનુષ્યોને અન્નાદિનો વિભાગ આપી નિત્ય પૂજે છે, તેને બ્રહ્મચર્યાશ્રમનું સંપૂર્ણ ફળ મળે છે[૭] અને હે યુધિષ્ઠિર! જે રાજા આપત્તિઓમાં આવી પડેલા પોતાના જ્ઞાતિલાઓનો, સંબંધિઓનો તથા મિત્રોનો આપત્તિમાંથી ઉદ્ધાર કરે છે તે રાજાને વૈખાનસ મુનિઓને પ્રાપ્ત થનારા દિવ્યલોકની પ્રાપ્તિ થાય છે.[૮] વળી હે કુંતીપુત્ર! જે રાજા લોકમાં મુખ્ય ગણાતા મહાપુરુષોનો તથા સાધુસંન્યાસીઓમાં મુખ્ય ગણાતા મહાત્માઓનો નિરંતર સત્કાર કરે છે, તેને વાનપ્રસ્થ મુનિઓને મળતી ગતિ મળે છે.[૯] તેમજ હે પાર્થ! જે રાજા નિત્ય આહ્નિક ક્રિયાઓ, પિતૃયજ્ઞ (શ્રાદ્ધાદિ), ભૂતયજ્ઞ તથા મનુષ્યયજ્ઞને વિસ્તારપૂર્વક કરે છે, તે રાજાને પણ વૈખાનસમુનિઓને મળતી પવિત્ર ગતિ મળે છે.[૧૦] વળી હે રાજેન્દ્ર! જે રાજા 'પોતાના ઐશ્વર્યમાં સર્વ કોઇનો હક્ક રહેલો છે' આમ માનીને સર્વ પ્રાણીઓને અન્નાદિનો વિભાગ આપે છે તથા અતિથિઓનું પૂજન અને દેવયજ્ઞાદિ કરે છે, તે રાજાને વાનપ્રસ્થ આશ્રમીઓના લોકની પ્રાપ્તિ થાય છે.[૧૧] હે સત્ય પરાક્રમી મહાપુરુષ! જે રાજા સત્પુરુષોનું રક્ષણ કરવા માટે શત્રુઓના રાજ્યનો નાશ કરે છે, તેને પણ વાનપ્રસ્થની ગતિ મળે છે.[૧૨] હે રાજા! સર્વ પ્રાણીઓનું રક્ષણ કરવાથી તથા સ્વદેશનું પાલન કરવાથી રાજાને અનેક યજ્ઞદીક્ષાઓ લીધાનું ફળ મળે છે તથા સંન્યાસીને મળનારા બ્રહ્મલોકની ગતિ મળે છે.[૧૩] વળી જે રાજા નિત્ય વેદાધ્યયન કરે છે, સર્વના પર ક્ષમા રાખે છે, આચાર્યોનું પૂજન કરે છે અને ઉપાધ્યાયની સેવા કરે છે, તે રાજાને પણ સંન્યાસીના બ્રહ્મલોકની ગતિ મળે છે.[૧૪] હે પુરુષવ્યાઘ્ર! જે રાજા દિવસે જપવા યોગ્ય મંત્રોનો જાપ કરે છે અને યજ્ઞાદિ ધર્મદ્વારા દેવોનું નિરંતર પૂજન કરે છે, તેને ગૃહસ્થાશ્રમીના લોકની ગતિ મળે છે;[૧૫] તેમજ જે રાજા પ્રાણદ્યૂત ખેલવાના પ્રસંગે (યુદ્ધમાં) મરવું કે મારવું, એવો નિશ્ચય કરે છે તેને સંન્યાસીને પ્રાપ્ત થનારા બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે.[૧૬] તેમજ હે ભારત! જે રાજા છળકપટનો અને શઠતાનો ત્યાગ કરીને સર્વ પ્રાણીઓની સાથે સર્વદા સન્માર્ગે વર્તન રાખે છે, તેને પણ સંન્યાસીના બ્રહ્મલોકની ગતિ મળે છે.[૧૭] હે ભરતવંશી રાજા! સર્વ વાનપ્રસ્થોને તથા સંપૂર્ણ વેદ ભણેલા બ્રાહ્મણોને પુષ્કળ દ્રવ્યદાન આપનારા રાજાને વાનપ્રસ્થ આશ્રમીઓની ગતિ મળે છે.[૧૮] વળી હે ભારત! સર્વ પ્રાણીઓપર દયા રાખનારા અને ક્રૂરવૃત્તિનો ત્યાગ કરી વર્તનારા રાજાને ચારે આશ્રમીઓને મળનારા દિવ્ય લોકો મળે છે.[૧૯] હે કુંતીપુત્ર યુધિષ્ઠિર! હરકોઇ અવસ્થામાં બાળકોના પર તથા વૃદ્ધોના પર દયા રાખનારા રાજાને પણ સર્વ આશ્રમીઓની ગતિ મળે છે.[૨૦] હે કુરુકુલધુરંધર! જે રાજા કોઇ નીચ પુરુષોએ કરેલા બળાત્કારના ત્રાસથી શરણે આવેલા પ્રાણીઓનું રક્ષણ કરે છે, તેને ગૃહસ્થાશ્રમીની ગતિ પ્રાપ્ત થાય છે;[૨૧] તેમજ સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓનું રક્ષણ કરનારો તથા તેઓનું યથાયોગ્ય સન્માન કરનારો રાજા ગૃહસ્થની ગતિ સંપાદન કરે છે.[૨૨] હે પાર્થ! પોતાના મોટાભાઈની અને નાનાભાઇની સ્ત્રીઓ, પોતાના ભાઈઓ, પોતાના પુત્રો અને પૌત્રો વગેરે જે કોઈ સંબંધીઓમાં શિક્ષાપાત્ર હોય તેને શિક્ષા કરે છે અને અનુગ્રહપાત્ર હોય તેનાપર અનુગ્રહ કરે છે, તે રાજાને ગૃહસ્થાશ્રમમાં પણ તપશ્ચરણનું ફળ મળે છે.[૨૩] હે પુરુષોમાં વ્યાઘ્ર સમાન રાજા! પૂજા કરવા યોગ્ય આત્મજ્ઞાની સત્પુરુષોનું પૂજન અને પાલન કરનારા રાજાને ઉત્તમ ગૃહસ્થાશ્રમીની ગતિ મળે છે.[૨૪] હે ભરતવંશી યુધિષ્ઠિર! જે રાજા ચારે આશ્રમવાસી મનુષ્યોને પોતાને ત્યાં નિમંત્રીને ભોજન આપે છે, તે રાજાનો ગૃહસ્થાશ્રમ સર્વના કરતાં ઉત્તમ

છે; [૨૫] અને બીજો હરકોઈ પુરુષ પણ વિધાતાએ નિર્માણ કરેલા એ ધર્મમાં રહીને યથાર્થ વર્તન કરે છે તે પુરુષ પણ સર્વ આશ્રમોના અવિનાશી ફળને પ્રાપ્ત કરે છે. [૨૬] હે કુંતાપુત્ર યુધિષ્ઠિર! જે કોઈ સદ્ગુણી પુરુષવિષે રહેલા અનેક સદ્ગુણો હરકોઇ પ્રસંગે પણ નાશ પામતા નથી, પરંતુ સર્વદા તેને તેજ સ્થિતિમાં રહે છે, તે મહાપુરુષ, એકજ આશ્રમમાં રહ્યો હોય છતાં સર્વ આશ્રમોમાં રહેલો ગણાય છે, એમ વિદ્વાનો કહે છે. [૨૭]

વળી હે યુધિષ્ઠિર! જે પુરુષ હરકોઈ મનુષ્યના સ્થાન તરફ દૃષ્ટિ કરીને, કુળ તરફ દૃષ્ટિ કરીને તથા વય તરફ દૃષ્ટિ કરીને તેને યોગ્ય સન્માન આપે છે તે પણ એક આશ્રમમાં રહ્યો હોય છતાં સર્વ આશ્રમમાં રહેલો ગણાય છે. [૨૮] હે પુરુષવ્યાઘ્ર રાજા! પોતાના દેશધર્મોનું તથા કુલધર્મોનું પાલન કરનારો રાજા પણ સર્વ આશ્રમધર્મોનું પાલન કરનારો ગણાય છે. [૨૯] હે પુરુષશ્રેષ્ઠ! યોગ્ય સમયે ઐશ્વર્ય સંપાદન કરનારો, સર્વ પ્રાણીઓને તે ઐશ્વર્યમાંથી બલિ (તેઓનો વિભાગ) આપનારો અને સત્પુરુષોની યોગ્યતા જાળવનારો રાજા, આશ્રમમાં નિવાસ કર્યાનું યોગ્ય ફળ મેળવે છે. [૩૦] હે કુંતાપુત્ર! જે રાજા, કોઇ સંયોગોને લીધે મોટા ભયમાં આવી પડ્યો હોય અને તેને લીધે અત્યંત વ્યાકુળ થઇને ધર્મ અધર્મના જ્ઞાનથી રહિત થયો હોય તોપણ સર્વ લોકનું રક્ષણ કરવામાં પ્રમાદી થતો નથી તે રાજાને સર્વ આશ્રમોનું ફળ મળે છે. [૩૧] હે ભરતવંશી રાજા! જેના રાજ્યમાં સારી રીતે રક્ષણ પામેલા ધર્મકુશલ પુરુષો લોકમાં રહીને ધર્માચરણ કરે છે, તે રાજાને એ ધાર્મિક પુરુષોના ધર્મમાંથી અમુક ભાગ મળે છે; [૩૨] પણ હે મહાપુરુષ! જે રાજાઓ, ધર્મમાંજ રમણ કરનારા ધર્મનિષ્ઠ પુરુષોનું રક્ષણ કરતા નથી તે રાજાઓ એ પુરુષોના પાપના ભાગી થાય છે. [૩૩] હે નિર્દોષ યુધિષ્ઠિર! જે પુરુષો પ્રજાપાલનરૂપ સ્વધર્મમાં આસક્ત રહેનારા રાજાઓને પોતાનાથી બનતી સહાય આપે છે, તે પુરુષોને પણ બીજાઓએ કરેલા ધર્મમાંથી ભાગ મળે છે. [૩૪] હે પુરુષવ્યાઘ્ર! જે ગૃહસ્થધર્મનું આપણે ઉપાસન કરી રહ્યા છીએ તે ગૃહસ્થધર્મ, બીજા સર્વ આશ્રમોના ધર્મો કરતાં અત્યંત ઉજ્જ્વળ, શુદ્ધિકારક અને પાવન છે. [૩૫] જે કોઈ મનુષ્ય સર્વ પ્રાણીઓને પોતાની માફક જુએ છે, કોઈની હિંસા કરતો નથી અને ક્રોધનો જય કરે છે, તે આ લોકમાં સુખી થાય છે અને મુવા પછી પરલોકમાં પણ સુખ સંપાદન કરે છે. [૩૬] રાજધર્મરૂપી એક નૌકા ધર્મરૂપી સમુદ્રના મધ્ય પ્રદેશમાં આવી રહે છે, સત્ત્વગુણરૂપી ચાલાક નાવિકના બળથી તે આગળ વધી રહી છે, ધર્મશાસ્ત્રરૂપ શઢબંધનની દોરડીથી તેને બાંધવામાં આવી છે અને દાનધર્મરૂપ અનુકૂલ વાયુથી ઝપાટાબંધ તે ચાલી રહી છે. આ રાજધર્મરૂપી નૌકા અંદર બેઠેલા રાજાને તારી શકે છે; [૩૭] અને જ્યારે રાજાના હૃદયમાં રહેલી સર્વ પ્રકારની કામનાઓ સર્વ તરફથી નિવૃત્ત થઈ જાય છે, ત્યારે તેની સ્થિતિ માત્ર બુદ્ધિસત્ત્વમાંજ અચળ થાય છે અને પછી તેને બ્રહ્મપદની પ્રાપ્તિ થાય છે. [૩૮] હે પુરુષસિંહ રાજા! પ્રજારક્ષણના કાર્યમાં આસક્ત રહેનારો રાજા, ચિત્તવૃત્તિના નિરોધરૂપ યોગના બળથી ચિત્તની અતિશય પ્રસન્નતા પ્રાપ્ત કરીને ધર્મ સંપાદન કરે છે. [૩૯] હે યુધિષ્ઠિર! જે બ્રાહ્મણો સત્કર્મપરાયણ છે અને વેદાધ્યયનશીલ છે, તેઓનું તથા સર્વ લોકોનું પાલન કરવામાં તમારે પ્રયત્ન કરવો. [૪૦] કારણ કે હે ભારત! જે પુરુષો વનમાં જઇને અથવા આશ્રમોમાં રહીને જે ધર્માચરણ કરે છે, તેથી સોગણો ધર્મ, પ્રજાઓનું રક્ષણ કરનારો રાજા પ્રાપ્ત કરે છે. [૪૧] હે પાંડુપુત્ર! મેં તમને આ વિવિધ પ્રકારનો ધર્મ કહી સંભળાવ્યો, માટે તમે એ પરંપરાથી ચાલી રહેલા પ્રાચીન સનાતન ધર્મનું આચરણ કરો. [૪૨] હે પુરુષસિંહ! તમે પ્રજાપાલનરૂપ સ્વધર્મમાં પરાયણ રહેશો તો ચારે વર્ણોના તથા ચારે આશ્રમોના ધર્મોનું ફળ પ્રાપ્ત કરશો.

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં “ચાર આશ્રમોના વિધિ”એ વિષયનો અધ્યાય ૬૬ મો સમાપ્ત.

अध्याय ६७ मो

રાષ્ટ્રમાં રાજાની આવશ્યકતા

॥ युधिष्ठिर उवाच ॥
चातुराश्रम्यमुक्तं ते चातुर्वर्ण्यं तथैव च ॥
राष्ट्रस्य यत्कृत्यतमं ततो ब्रूहि पितामह॥१॥

યુધિષ્ઠિરે કહ્યુંઃ—"હે પિતામહ! તમેં મને ચારે આશ્રમોનાં તથા ચારે વર્ણોના ધર્મો કહ્યા. હવે રાષ્ટ્ર-પ્રજાનું જે મુખ્ય કર્તવ્ય હોય તે કહો."[૧]

ભીષ્મ બોલ્યાઃ—"રાષ્ટ્રનું એજ મુખ્ય કર્તવ્ય છે કે, કોઈ એક રાજાનો રાજ્યાભિષેક કરવો; કારણ કે રાજાવિનાના નિર્બળ રાષ્ટ્રમાં ચોર લોકો લૂંટફાટ ચલાવી મૂકે છે અને પ્રજાને હેરાન કરે છે.[૨] વળી રાજાવિનાના રાષ્ટ્રમાં ધર્મની વ્યવસ્થા રહેતી નથી તેમજ પ્રજાઓ માંહોમાંહે લઢીને વિનાશ પામે છે, માટે અરાજકતા સર્વથા ધિક્કારપાત્ર છે.[૩] પ્રજાઓ પોતાના પર એક રાજાને નીમીને સાક્ષાત્ એક ઇંદ્રનેજ પોતાનો નિયંતા બનાવે છે, એમ શ્રુતિ કહે છે, માટે અભ્યુદયની ઇચ્છા રાખનારા પુરુષે રાજાની ઇંદ્રની પેઠે પૂજા કરવી.[૪] હું તો એજ પસંદ કરૂં છું કે, રાજાવિનાના રાષ્ટ્રમાં કદી નિવાસજ ન કરવો. વળી રાજાવિનાના રાષ્ટ્રમાં અગ્નિ હુતદ્રવ્યનો સ્વીકાર કરતો નથી.[૫] જે રાષ્ટ્રો રાજારહિત હોવાથી નષ્ટવીર્ય હોય છે, તે રાષ્ટ્રોપર રાજ્યની ઇચ્છાવાળો મહાબળવાન રાજા જો ચઢાઈ કરી આવે, તો તે રાષ્ટ્રની પ્રજાઓએ તેની સામે જઇને તેનું સન્માન કરવું, એજ તે વેળા રાષ્ટ્રના રક્ષણનો એક મહાન ઉપાય છે; છતાં પણ એ સમયે તે બળવાન રાજાને જો સન્માન આપવામાં ન આવે તો અત્યંત કોપાયમાન થઇને તે રાજા સમગ્ર રાષ્ટ્રનો સમૂળગો નાશ કરી નાખે, પરંતુ તેને જો પ્રસન્ન કરવામાં આવે તો એની દેખરેખનીચે આખા દેશનું કલ્યાણ થઇ જાય. આવા હેતુથીજ વિદ્વાનો કહે છે કે, અરાજકતાના જેવું બીજું એક પણ રાષ્ટ્રિય પાપ નથી.[૬-૮] જગતમાં પણ આપણે જોઇએ છીએ કે, જે ગાય મહાપ્રયત્ને દોહવા દે છે, તેને પ્રહાર આદિનું ઘણું દુઃખ સહન કરવું પડે છે; પણ જે ગાય વિનાપ્રયાસે દોહવા દે છે, તેને લોકો દુઃખ દેતા નથી.[૯] તેમજ જે કાષ્ઠ તપાવ્યા વિના વળી જાય છે તેને અગ્નિનો તાપ આપવાની યોગ્યતા નથી રહેતી અને જે કાષ્ઠ પોતાની મેળે નમી પડે છે, તેને કોઈ નમાવતું નથી.[૧૦] હે વીર યુધિષ્ઠિર! એ ઉપમા પ્રમાણે નિર્બળ પુરુષે પોતાના કરતાં અધિક બળવાળા પુરુષને સદાય નમતા રહેવું. આ ઉપરથીજ કહેવાય છે કે, જે પુરુષ બળવાનને નમે છે તે પુરુષ સાક્ષાત્ ઇંદ્રનેજ નમે છે.[૧૧] તે માટેજ પોતાની નિરંતરની આબાદીની ઇચ્છા રાખનાર સર્વ કોઈ રાષ્ટ્રે રક્ષણકર્તા એક રાજાની નિમણુક કરવી જોઇએ; કારણ કે જે મનુષ્યોના પર રાજાનું રક્ષણ નથી તેઓના ધનની કે સ્ત્રીઓની સહીસલામતી રહી શકતી નથી.[૧૨] વળી રાજાવિનાનો રાષ્ટ્રમાં પાપી લોકો બીજાઓનું દ્રવ્યહરણ કરીને પ્રસન્ન થાય છે, પણ જ્યારે ચોરના ભાઈ–ઘંટીચોરો તે પાપી લોકોના દ્રવ્યને લૂંટી જાય છે, ત્યારે તેઓ પણ રાજાની ઇચ્છા કરે છે.[૧૩] તેમજ અરાજક રાષ્ટ્રમાં કોઇ એકના ધનને બે લૂંટારાઓ લૂંટી જાય છે અને તે બે લૂંટારાઓનાં ધનને બીજા અનેક લુંટારાઓ લૂંટી જાય છે, તે સમયે એ પાપી લોકો પણ કદી ક્ષેમકુશળ રહી શકતા નથી અને રાજસત્તાની ઇચ્છા કરે છે. અરે એટલુંજ નહિ પણ રાજાવિનાના રાજ્યમાં ગુલામ ન હોય તેને પણ જોરજુલમથી ગુલામ કરવામાં આવે છે, અને સ્ત્રીઓનું બલાત્કારે હરણ કરાય છે. આ કારણથીજ દેવોએ પ્રજાઓનું પાલન કરનારા રાજાઓની સ્થાપના કરી છે.[૧૪,૧૫] આ પૃથ્વીપરના સર્વ દેશોમાં દંડને ધારણ કરનારો રાજા જો ન હોય, તો જળમાં નાનાં માછલાંઓને જેમ મોટાં માછલાંઓ ખાઈ જાય છે, તેમ બળવાન મનુષ્યો દુર્બળ મનુષ્યોનું ભક્ષણ કરી જાય–તેઓની માલમત્તાને હજમ કરી જાય.

અમારા સાંભળવામાં આવ્યું છે કે, પૂર્વે અરાજક પ્રજાઓનો વિનાશ થઇ ગયો હતો અને પાણીમાં મોટાં માછલાં જેમ નાનાં માછલાંઓનું ભક્ષણ કરી જાય છે, તેમ બળવાન

પ્રજાઓ દુર્બળ પ્રજાઓનું ભક્ષણ કરી ગઇ હતી.[૧૭] પછી તે સમયે સર્વ પ્રજાઓએ મળીને આવા કાયદા ઘડ્યા હતા કે, આપણામાંહેનો જે કોઈ મનુષ્ય કઠોર ભાષણ કરે, બીજાઓ સાથે મારામારી કરે, પરસ્ત્રી સાથે ગમન કરે અથવા બીજાઓના દ્રવ્યની ચોરી કરે, તેને આપણે દેશપાર મૂકી દેવો. સર્વ વર્ણોનો માંહોમાંહે સંપૂર્ણ વિશ્વાસ ચાલુ રહે તે માટે તેઓએ એવા પ્રકારના કાયદા ઘડ્યા હતા; પરંતુ તેઓએ એ કાયદાઓનું પાલન કર્યું નહિ, જેથી તેવી ને તેવી દુઃખી સ્થિતિ પુનઃ ચાલુ રહી. પછી દુઃખથી ઘણીજ વિહ્વળ થઇ ગયેલી તે પ્રજાઓ એકઠી મળીને પિતામહ બ્રહ્મદેવ પાસે ગઇ અને તેમને કહેવા લાગી કે, “હે ભગવન્! રાજાવિના અમારો વિનાશ થતો જાય છે, માટે અમને કોઇ એક રાજા આપો કે જે અમારૂં રક્ષણ કરે અને અમે જેનું યથાયોગ્ય પૂજન કરીએ.” પ્રજાઓની એ પ્રાર્થના સાંભળીને બ્રહ્મદેવે મનુને રાજા થવાની આજ્ઞા આપી, પરંતુ મનુએ તે પ્રજાઓપર રાજ્ય કરવા અભિનંદન આપ્યું નહિ અને આ પ્રમાણે કહ્યું.[૧૮-૨૧]

મનુ બોલ્યાઃ-“મને પાપકર્મનો ભય લાગે છે. રાજ્ય કરવું, અને તેમાં પણ વિશેષે કરી નિરંતર અસન્માર્ગે પ્રવૃત્તિ કરનારા મનુષ્યોનાપર રાજ્ય કરવું, તે મહાક્લિષ્ટ કામ છે”[૨૨]

ભીષ્મે કહ્યુંઃ-મનુનાં એ વચન સાંભળીને સર્વ પ્રજાઓએ તેને કહ્યું કેઃ-“તમે ડરો મા. અમારામાં જે કોઇ પાપ કરશે તેનું ફળ તેના કર્તાનેજ ભોગવવું પડશે. વળી તમારા ખજાનામાં દ્રવ્યની વૃદ્ધિ થાય, તે માટે અમે પચાસ પશુઓનો લાભ થતાં એક પશુ તમને અર્પણ કરીશું અને સુવર્ણમાંથી પણ પચાસમો ભાગ તથા ધાન્યના ઉત્પન્નમાંથી દશમો ભાગ તમને રાજાના કરતરીકે અર્પણ કરીશું. તેમજ અતિશય રૂપવતી કન્યાનું પલ્લું લેવાનો જ્યારે પ્રસંગ આવશે અથવા તે કન્યાના વિવાહના સંબંધમાં અમારામાં અંદરઅંદર વાદવિવાદ ઉભો થશે, ત્યારે તે કન્યા તમને અર્પણ કરી દઇશું. વળી અમારામાંહેના જે પુરુષો શસ્ત્રોનો ઉપયોગ કરવામાં તથા વાહનોપર સ્વારી કરવામાં કુશલ છે, તેઓ દેવો જેમ મહેન્દ્રના અનુયાયીઓ થાય છે, તેમ તમારા અનુયાયીઓ થશે. આમ સર્વ અનુકૂલ સહાયકોને લીધે બળવાન, દુરાધર્ષ અને પ્રતાપી થઇ પડેલા તમે અમારા રાજા થઇને, કુબેર જેમ યક્ષોને સુખી કરે છે તેમ, અમને સુખી કરશો અને તમે સર્વના રાજા થઇને પ્રજાઓનું યથાયોગ્ય રક્ષણ કરશો જેથી તે પ્રજાઓએ આચરેલા ધર્મમાંથી ચતુર્થાંશ (ભાગ) તમને પ્રાપ્ત થશે; માટે હે રાજન્! અનાયાસે આવી મળેલા મહાન ધર્મને સંપાદન કરી ઇંદ્ર જેમ દેવોનું રક્ષણ કરે છે તેમ તમે પણ અમારૂં સર્વ તરફથી રક્ષણ કરો અને પ્રખર તપતા સૂર્યની પેઠે પ્રતાપી થઇને વિજય કરવા માટે નીકળી પડો તથા શત્રુઓના અભિમાનનો નાશ કરો. અમે તમને આશીર્વાદ આપીએ છીએ કે, તમારો સર્વદા વિજય થાઓ”[૨૩-૨૯]

પ્રજાઓએ એ પ્રમાણે કહ્યું, એટલે મહાતેજસ્વી અને મહાકુલસંપન્ન મનુ મહારાજા, મોટા સૈન્યથી વીંટાઈને તેજને લીધે જાણે પ્રજ્વલિત થયા હોય તેમ, પ્રકાશિત દેખાતા રાજ્ય કરવામાટે નીકળી પડ્યા.[૩૦] તે સમયે દેવતાઓ જેમ મહેન્દ્રનું મહત્ત્વ જોઇને ત્રાસ પામી જાય છે તેમ, એ મનુ મહારાજના મહત્ત્વને જોઇને સર્વ મનુષ્યો ત્રાસ પામી ગયાં અને પોતપોતાના ધર્મમાં લક્ષ્ય આપવા લાગ્યાં.[૩૧] પછી એ મનુ મહારાજાએ, મેઘ રાજા વૃષ્ટિ કરતો કરતો જેમ આખી પૃથ્વીપર સંચાર કરે છે, તેમ પાપી મનુષ્યોનો સર્વ સ્થળેથી નાશ કરી નાખી પૃથ્વીપર સંચાર કર્યો અને સર્વ પ્રજાઓને પોતપોતાના ધર્મકર્મમાં આસક્ત કરી દીધી.[૩૨]

એ પ્રમાણે સર્વ રાષ્ટ્રની પ્રજાઓએ પૃથ્વીપર સમૃદ્ધિસંપન્ન થવા માટે કોઈ એક મહાપુરુષને રાજા બનાવી આગળ કરવો જોઈએ અને તેનાદ્વારા પોતાના દેશને આબાદ કરવો જોઇએ;[૩૩] એટલુંજ નહિ પણ શિષ્યો જેમ ગુરુને ભક્તિપૂર્વક સદા નમન કરે છે તથા દેવો જેમ

દેવેન્દ્રને પ્રણામ કરે છે, તેમ સર્વ પ્રજાઓએ ભક્તિપૂર્વક સમીપમાં જઇને રાજાને નમન કરવું જોઇએ.[34] જેમ પોતાનાં કુટુંબી મનુષ્યોના સત્કારને પામેલા પુરુષને બીજા લોકો પણ ઘણું માન આપે છે અને પોતાનાં કુટુંબી માણસોના અપમાનપાત્ર થયેલા પુરુષનું બીજાઓ પણ અપમાન કરે છે, તેમ રાજા પણ પોતાની પ્રજાના સત્કારને પામીને બીજા રાજાઓના સત્કારને પામી શકે છે અને પ્રજાઓના તિરસ્કારને પામીને બીજા રાજાઓના તિરસ્કારને પામે છે; માટે પ્રજાઓએ પોતાના રાજાનું નિરંતર સન્માન કરવું જોઇએ; કારણ કે બીજા શત્રુ રાજાઓ પોતાના રાજાનો જો તિરસ્કાર કરે છે તો તેને લીધે સર્વ પ્રજાઓને મહાન દુઃખ ભોગવવું પડે છે આટલા માટે, પ્રજાએ પોતાના રાજાને છત્ર, વાહન, વસ્ત્રો, અલંકારો, ભોજનો, જાતજાતનાં પેય દ્રવ્યો, ગૃહો, આસનો, શય્યાઓ અને બીજી સર્વ રાજ્યોપયોગી સામગ્રી આપવી જોઈએ,[35-37] જેથી રાજા શત્રુઓ સામે ટક્કર ઝીલે તેવો મહાબળવાન થાય. એ પ્રમાણેજ હે યુધિષ્ઠિર! પ્રજાઓનું રક્ષણ કરનારા રાજાએ પણ હરકોઇ મનુષ્યની સાથે ભાષણ કરતી વેળા મુખને હસતું રાખવું જોઇએ, કોઇ મનુષ્ય જ્યારે વિજ્ઞપ્તિ કરવા આવે ત્યારે તેને મધુર ભાષામાં ઉત્તર આપવો જોઇએ, પોતાનું માન જાળવવું જોઇએ, કોઇએ કરેલાં કામની કદર કરવી જોઇએ, પ્રજાઓપર પ્રેમ રાખવો જોઈએ, પોતાની સંપત્તિમાંથી સર્વને યથાયોગ્ય વિભાગ આપવા જોઈએ, ઇંદ્રિયોનો જય કરવો જોઈએ અને પોતાની સામે દૃષ્ટિ કરનાર મનુષ્ય સામે સૌમ્ય, સુંદર અને વિશ્વાસજનક દૃષ્ટિએ જોવું જોઇએ."[38,39]

ઈતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં "રાષ્ટ્રમાં રાજાની આવશ્યકતા" એ વિષયનો અધ્યાય ૬૭મો સમાપ્ત.

अध्याय ६८ मो

બૃહસ્પતિએ વર્ણવેલું રાજાનું ગૌરવ

॥ युधिष्ठिर उवाच ॥

किमाहुर्दैवतं विप्रा राजानं भरतर्षभ ॥
मनुष्याणामधिपतिं तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે ભરતશ્રેષ્ઠ પિતામહ! મનુષ્યોના અધિપતિ રાજાને બ્રાહ્મણો દેવસ્વરૂપ શામાટે કહે છે, તે મને કહો."[1]

ભીષ્મ બોલ્યા:–"હે ભારત! તમારા એ પ્રશ્નનોજ સંબંધ ધરાવનાર એક પ્રાચીન ઇતિહાસ જગતમાં કહેવાય છે, તે આ પ્રમાણે છે. પૂર્વે વસુમના નામનો એક મહાબુદ્ધિમાન રાજા થઇ ગયો છે. તે રાજા કોસલદેશ ઉપર રાજ્ય કરતો હતો. એક સમયે તેણે બુદ્ધિકુશલ મહર્ષિ બૃહસ્પતિને પૂછ્યું હતું. તે રાજા વિનયની રીતિને જાણનારો હતો, જેથી પોતાને ત્યાં આવેલા મહર્ષિ બૃહસ્પતિની સામે અભ્યુત્થાન, અભિવાદન આદિ વિનય કરીને તથા તેમની પ્રદાક્ષણા કરીને સર્વ લોકનું હિત કરવામાં પ્રીતિવાળા તે રાજાએ, પ્રજાઓના સુખની મનમાં ઇચ્છા રાખીને ધર્મશીલ બૃહસ્પતિને રાજ્યવિધિવિષે આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો.[2,5]

વસુમનાએ પૂછ્યું:–"હે મહાબુદ્ધિમાન બૃહસ્પતિ! કયા ઉપાયથી પ્રજાઓની વૃદ્ધિ થાય, કયાં કર્મો કરવાથી તેઓ નાશ પામે અને કોનું પૂજન કરીને તેઓ અવિનાશી સુખ સંપાદન કરે?"[6]

મહાતેજસ્વી કોસલ રાજા વસુમનાએ જ્યારે આવો પ્રશ્ન પૂછ્યો, ત્યારે મહાબુદ્ધિમાન મહર્ષિ બૃહસ્પતિ, રાજાનોજ સત્કાર કરવાના સંબંધમાં સાવધાન થઈને કહેવા લાગ્યા.[7]

બૃહસ્પતિ બોલ્યા:–"હે મહાબુદ્ધિમાન રાજા! પ્રજાઓના ધર્મનું મૂળ કેવળ રાજાજ છે, એમ અમને જણાય છે. વળી તે ઉપરાંત રાજાના ભયને લીધેજ પ્રજાઓ પરસ્પરનું ભક્ષણ કરી જતી નથી.[8] આ સમગ્ર લોક, જ્યારે મર્યાદાનો ત્યાગ કરીને પરસ્ત્રીગમન આદિ અનાચારો કર-

વા તત્પર થઈ જાય છે, ત્યારે રાજાજ પોતાના રાજધર્મ પ્રમાણે તેઓને શિક્ષા કરીને સદાચારનિષ્ઠ કરે છે-શુદ્ધ કરે છે; અને તેઓને પવિત્ર કરીને પોતે શોભાસ્પદ બને છે.[૯] હે રાજન્! આ જગતમાં ચંદ્રસૂર્યનો જો ઉદય ન થાય તો સર્વ પ્રજાઓ અને પ્રાણીઓ જેમ ગાઢ અંધકારમાં ડૂબી જાય તથા અન્યોન્યને જેમ જોઇ શકે નહિ,[૧૦] તેમજ વળી અલ્પ જળવાળા કોઇએક જલાશયમાં નાનાંમોટાં માછલાંઓ અન્યોન્યનું જેમ ભક્ષણ કરી જાય છે અને કોઇ એક હિંસક પશુઓવિનાના અરણ્યમાં એક બીજાનો સંહાર કરનારાં પક્ષીઓ પોતાની ઇચ્છાનુસાર જેમ હરેફરે છે તથા માંહોમાંહે મારફૂટ કરીને એકબીજાને દબાવી દે છે અને પછી થોડાજ સમયમાં જેમ વિનાશ પામે છે, તેમ આ જગતમાં જો રાજા ન હોય તો આ સર્વ પ્રજાઓ, માંહોમાંહે લઢીને વિનાશ પામે અને ગોવાળવિનાનાં પશુઓની પેઠે દુઃખરૂપી ઘોર અંધકારવાળા ખાડામાં પછડાઇ મરે.[૧૧-૧૩] જો કદાચ રાજા, કોઇનું પાલન ન કરે તો બળવાન મનુષ્યો, દુર્બળ મનુષ્યોનાં ઘરબાર લૂંટી લે અને તેઓ જો આગ્રહ કરીને ઘરબારનું રક્ષણ કરવા તૈયાર થાય તો તેઓને પેલા (બળવાનો) ઠાર કર્યા વિના પણ ન છોડે.[૧૪] જો રાજા પ્રજાઓનું રક્ષણ ન કરે, તો પાપી લોકો બીજાઓનાં વાહનો, વસ્ત્રો, અલંકારો અને જાત જાતનાં રત્નોને બળાત્કારે લૂંટી લે.[૧૫] જગતમાં રક્ષણ કરનારો રાજા જો ન હોય તો "આ વસ્તુ મારી છે" આમ કોઇપણ માની શકે નહિ. સર્વ કોઇનાં સ્ત્રીપુત્ર તથાધનાદિક પરિગ્રહનો સર્વથા અભાવ થઈ જાય અને ધનને માટે સર્વ તરફ મોટી લૂંટફાટ ચાલુ રહે.[૧૬] જો પ્રજાઓપર રાજાનું રક્ષણ ન હોય તો ધર્માચરણ કરનારા પુરુષોપર અનેક પ્રકારના શસ્ત્રપ્રહારો થવા લાગે અને સર્વ મનુષ્યો અધર્મનો સ્વીકાર કરી બેસે.[૧૭] વળી જો રાજાનું રક્ષણ ન હોય તો દુષ્ટ પુરુષો માતા, પિતા, વૃદ્ધ, આચાર્ય, અતિથિ અને ગુરુને પણ દુઃખ દેવા લાગે અથવા મારી નાખે, ધનવાનોને તો નિરંતર મરણનાં તથા બંધનનાં દુઃખો ભોગવવાં પડે, કોઈ પણ "આ વસ્તુ મારી છે" એમ ન કહી શકે, અકાલ મૃત્યુઓનો તો પારજ ન રહે, સર્વ લોક લગભગ લૂંટારાઓને સ્વાધીન થઇ જાય, સર્વ મનુષ્યોને ઘોર નરકમાં પડવું પડે, વ્યભિચારનું તો કંઇ પ્રમાણજ ન રહે, ખેતીવાડીનો તથા વ્યાપારમાર્ગનો વિનાશ થઇ જાય, ધર્મ તો રસાતળમાં પેસી જાય, વેદોનો લોપ થઇ જાય, વિધિપૂર્વક દક્ષિણાદાનવાળા યજ્ઞો ચાલુ રહે નહિ, વિવાહવિધિને કોઇ કરેજ નહિ, સમાજબંધારણ રહે નહિ, બળદો ગાયોવિષે વીર્યસિંચન કરે નહિ, દહીંનાં વલોણાં વલોવાય નહિ, નેસડાઓનો નાશ થઇ જાય, સર્વનાં હૃદયો ત્રાસને લીધે ઉદ્વિગ્ન રહે, કોઇને કંઇ સૂઝ પડે નહિ, સર્વ સ્થળે હાહાકાર થઇ રહે અને સર્વ જગતનો એક ક્ષણવારમાં વિનાશ થઇ જાય.[૧૮-૨૪] જગતનું પાલન કરનાર રાજા જો ન હોય તો લોકો નિર્ભય થઇને વિધિપૂર્વક જેમાં દક્ષિણા અપાય છે તેવા એક વર્ષપર્યંત ચાલનારા યજ્ઞો કરી શકે નહિ, વિદ્યાસ્નાત અને વ્રતસ્નાત એવા બ્રાહ્મણો તપોનિષ્ઠ રહીને ચારે વેદોનું અધ્યયન કરે નહિ, બ્રાહ્મણો વિનાશ પામે, તેને લીધે મનુષ્યો પણ નષ્ટપ્રાય થઇ જાય, લૂંટારો પારકું ધન ચોરી લઇને નીરાંતે ચાલ્યો જાય, ચોરો લોકોના હાથમાં રહેલી વસ્તુઓને પણ ઝૂંટ મારીને લઇ જાય, સર્વ મર્યાદાઓ નષ્ટ થઇ જાય, લોકો ભયભીત અને વ્યાકુળ થઇને ખૂણાખાંચામાં પલાયન કરી જાય, પરસ્ત્રીગમન આદિ અનેક અનીતિઓ ચાલુ થઇ જાય, પ્રજાઓમાં વર્ણસંકરતા ફેલાઈ જાય અને રાષ્ટ્રમાં ઉપરાઉપરી દુષ્કાળ પડે.[૨૫,૨૯] રાજાનું રક્ષણ છે, તેથીજ મનુષ્યો ઘરનાં બારણાં ખુલ્લાં મૂકીને નિર્ભય થઈ યથેષ્ટ શયન કરી શકે છે.[૩૦] ધર્મનિષ્ઠ રાજા સારી રીતે પૃથ્વીનું જો રક્ષણ કરે નહિ તો મનુષ્યો એકબીજાની નિંદાને પણ સહન કરે નહિ તો પછી એકબીજાના મારને તો કયાંથીજ સહન કરે ![૩૧] પરંતુ જો રાજા જગતનું રક્ષણ કરે છે તો સ્ત્રીઓ સર્વ અલંકારોથી ભૂષિત થઇને પુરુષોને

સાથે રાખ્યાવિના એકલી પણ નિર્ભય થઈને માર્ગમાં આવજા કરી શકે છે.[૩૨] જો રાજા સર્વનું રક્ષણ કરે છે તો પ્રજાઓ ધર્મનોજ સ્વીકાર કરે છે, માંહોમાંહે મારફૂટ કરતી નથી અને એકબીજાને મદદ કરવા તૈયાર થાય છે.[૩૩] રાજા પ્રજાઓનું રક્ષણ કરે છે તેથી દરેક વર્ણો જૂદા જૂદા પ્રકારના મોટા યજ્ઞો કરીને દેવોનું યજન કરી શકે છે તથા એકાગ્ર ચિત્તે વિદ્યા ભણી શકે છે.[૩૪] આ લોકનું મૂળ કોઈએક કૃષિ આદિક આજીવિકાજ છે અને વેદોક્ત કર્મોને લીધેજ સર્વ જગતની પ્રાણધારણા થઇ રહી છે; કારણ કે વેદોક્ત યજ્ઞાદિ કર્મોદ્વારા જગતમાં વૃષ્ટિ થાય છે અને તે સર્વ યજ્ઞયાગાદિ કર્મો રાજાનું ઉત્તમ પ્રતિનું જો રક્ષણ હોય તોજ લોકમાં ચાલુ રહે છે.[૩૫] જ્યારે રાજા, રાજ્યરૂપી શકટ (ગાલ્લું)ની મહા ઉત્તમ ઝુંસરીને પોતાના મહાનસામર્થ્યના યોગથી ધારણ કરે છે, ત્યારે લોક પ્રસન્ન અને સુખી રહે છે.[૩૬] જે રાજાના અભાવથી સર્વ લોકોનો પણ અભાવ થઇ જાય છે અને જેની હયાતીથી સર્વ લોકની પણ હયાતી રહે છે, તે રાજાને કયો મનુષ્ય ન પૂજે![૩૭] વળી જે પુરુષ, રાજાનું પ્રિય અને હિત કરવા તત્પર થઇને, સર્વ લોકને ભય ઉત્પન્ન કરે તેવા એના રાજ્યભારને ઉઠાવી લે છે,(અર્થાત્ રાજાને બનતી સહાય કરે છે) તે પુરુષ આ લોકમાં ને પરલોકમાં સુખી થાય છે;[૩૮] પરંતુ જે પુરુષ, માત્ર મનથી પણ રાજાનું અપ્રિય કરવાનો વિચારજ કરે છે તોપણ તે પુરુષ, આ લોકમાં અવશ્ય દુઃખી થાય છે અને મુવા પછી નરકમાં જાય છે.[૩૯] “ આ પણ એક સામાન્ય મનુષ્ય છે ” એમ માનીને રાજાનું કદાપિ અપમાન કરવું નહિ; કારણ કે, રાજા મનુષ્યના સ્વરૂપમાં એક દેવજ છે.[૪૦] વળી રાજા, તે તે ભિન્ન ભિન્ન સમયને અનુસરીને અગ્નિ, સૂર્ય, મૃત્યુ, કુબેર અને યમ એ, પાંચે દેવોનાં સ્વરૂપોને નિરંતર ધારણ કરે છે.[૪૧] જે સમયે કોઇ નીચ લોકો તેને ઠગે છે, તે સમયે સન્મુખ ઉભેલા તે પાપી લોકોને પોતાના ઉગ્ર તેજથી બાળવા તત્પર થયેલો રાજા, અગ્નિનું સ્વરૂપ ધારણ કરે છે.[૪૨] જે સમયે રાજા પોતાના ગૂઢ ચારોદ્વારા સર્વ લોકોના પર દેખરેખ રાખે છે અને તેઓનું કલ્યાણ કરવા તત્પર થાય છે, તે સમયે તે સૂર્યનું સ્વરૂપ ધારણ કરે છે.[૪૩] વળી જે સમયે રાજા ક્રોધાયમાન થઇને પાપયુક્ત અને અપવિત્ર એવા સેંકડો પુરુષોનો તેઓના પુત્રો, પૌત્રો અને અમાત્યોસહિત નાશ કરી નાખે છે, તે સમયે તે મૃત્યુનું સ્વરૂપ ધારણ કરે છે;[૪૪] અને જે સમયે રાજા, અધર્માચરણ કરનારા દાંભિક પુરુષોને તીક્ષ્ણ શિક્ષાઓ કરીને નિયમમાં રાખે છે તેમજ ધાર્મિક પુરુષોનો અનુગ્રહ કરે છે,તે સમયે તે યમનું સ્વરૂપ ધારણ કરે છે.[૪૫] વળી જ્યારે રાજ્યનો ઉપકાર કરનારા પુરુષોને પુષ્કળ ધન આપીને રાજા તૃપ્ત કરે છે અને રાજ્યનો અપકાર કરનારા પુરુષો પાસેથી વિવિધ જાતનું રત્નાદિ દ્રવ્ય હરી લે છે, ત્યારે તે કુબેરનું સ્વરૂપ ધારણ કરે છે.[૪૬,૪૭] જે મનુષ્ય ધર્માચરણથી પ્રાપ્ત થનારા પરમાત્માના સ્વરૂપને પામવાની ઇચ્છા રાખનારો છે, કોઇના પર અસૂયા રાખ્યા વિના ઉત્તમ કર્મ કરનારો છે અને વ્યવહારકુશળ છે, તે મનુષ્યે પણ રાજાના પર દોષારોપ કરવામાં સામેલ થવું નહિ.[૪૮] કારણકે રાજાનું અપ્રિય કરનાર પુરુષ કદી સુખસંપત્તિ પામતો નથી. ભલે પછી તે રાજાનો પુત્ર હોય, ભાઇ હોય, મિત્ર હોય અથવા તેના પોતાના સમાન હોય![૪૯] પોતાના ગમનમાર્ગને કાળો મેસ જેવો કરી નાખનાર અગ્નિ, વાયુની સહાયથી ભડભડાટ સળગી ઉઠ્યો હોય તોપણ કંઈક વસ્તુને બાળ્યાવિના શેષ રહેવા દે છે, પરંતુ રાજાનો અપરાધ કરનારા મનુષ્યપર તૂટી પડેલો રાજાનો કોપાગ્નિ તેના સર્વસ્વનો નાશ કરી નાખે છે.[૫૦] વળી જે પદાર્થો રાજાના રક્ષણતળે રહેલા હોય છે, તેઓનો તો દૂરથીજ ત્યાગ કરી દેવો, કારણકે રાજદ્રવ્યનું હરણ કરનારા પુરુષની મૃત્યુના જેવીજ પાયમાલી થઈ જાય છે.[૫૧] જેમ મૃગ,મારણયંત્રનો સ્પર્શ કરતાંજ મૃત્યુ પામે છે, તેમ મનુષ્ય ચોરી કરવાની ઇચ્છાથી રાજદ્રવ્યનો સ્પર્શ કરતાંજ નાશ પામે છે; માટે બુદ્ધિમા-

ન પુરુષે પોતાના દ્રવ્યની પેઠેજ, રાજાના દ્રવ્યનું રક્ષણ કરવું.[૫૨] છતાં જેઓ રાજદ્રવ્યનું હરણ કરે છે, તેઓ ઘણા કાળપર્યંત છેડાવિનાના અને જડરૂપ એવા મહાઘોર નરકમાં પડે છે.[૫૩] રાજા (રંજન કરનાર), ભોજ (સુખ ભોગવનાર), વિરાટ (વિરાજનાર) સમ્રાટ્ (મહારાજા), ક્ષત્રિય (નાશથી રક્ષણ કરનાર), ભૂપતિ (પૃથ્વીનું પાલન કરનાર) અને નૃપ (મનુષ્યોનો અધિપતિ) વગેરે શબ્દોથી જેની સ્તુતિ કરાય છે, તેનું કોણ સન્માન ન કરે! અર્થાત્ સર્વ કોઇએ કરવુંજ જોઇએ.[૫૪] માટે જે પુરુષ અભ્યુદયની ઇચ્છા રાખે છે, સાવધાનપણે મનનો જય કરે છે, ઇંદ્રિયોને વશ રાખનારો છે, બુદ્ધિમાન છે, સ્મરણશક્તિસંપન્ન છે તથા ઉત્સાહ શક્તિથીયુક્ત છે. તેણે રાજાનો અવશ્ય આશ્રય કરવો.[૫૫] તેમજ રાજાએ પણ કરેલા ઉપકારને જાણનારા, મહાબુદ્ધિમાન, ક્ષુદ્ર વૃત્તિવિનાના, પોતાનેવિષે દૃઢ ભક્તિ રાખનારા, ઇંદ્રિયોનો જય કરનારા, નિત્ય ધર્મચુસ્ત રહેનારા અને નીતિભરેલું વર્તન રાખનારા મંત્રીને યથાયોગ્ય માન આપવું.[૫૬] રાજાએ દૃઢ ભક્તિ ધરાવનારા, બુદ્ધિકુશલ, ધર્મવેત્તા, જિતેન્દ્રિય, ઉત્તમ કર્મ કરનાર અને યુદ્ધાદિના સમયે "હું એકલોજ આપણા શત્રુઓને જીતી આવીશ, આ સૈનિકોનું મારે શું કામ છે!" આમ વીરતાભરેલાં વચનો બોલનાર શૂરવીર પુરુષને પણ નિરંતર માન આપવું.[૫૭] જેમ જ્ઞાનસંપન્ન બુદ્ધિ મનુષ્યને પ્રૌઢ બનાવે છે, તેમ રાજા પોતાના આશ્રિતને સુખી કરે છે, પરંતુ પોતાનો અપરાધ કરનારા મનુષ્યને તો પાયમાલજ કરી નાખે છે; માટે રાજાના તિરસ્કારપાત્ર બનેલા મનુષ્યને સુખો કયાંથી મળી શકે?[૫૮] હે રાજેન્દ્ર! (કહેવાનો ભાવ એજ છે કે,) રાજા પ્રજાઓનું ગૌરવયુક્ત હૃદય છે, રાજા પ્રજાઓનો આધાર છે, રાજા પ્રજાઓની પ્રતિષ્ઠા છે અને રાજા પ્રજાઓનું ઉત્તમ સુખ છે; એટલુંજ નહિ પણ જે પુરુષો રાજાનો આશ્રય કરે છે, તેઓ આ લોકમાં અને પરલોકમાં સારી રીતે સુખી થાય છે.[૫૯] તેમજ રાજા પણ ઇંદ્રિયદમન, સત્યતા અને સુહૃદ્ભાવ ધારણ કરી આ પૃથ્વીનું પાલન કરે છે અને મોટા મોટા યજ્ઞો કરીને પરમાત્માનું પૂજન કરે છે તો, આ લોકમાં મહાયશસ્વી બને છે અને મુવા પછી સ્વર્ગ લોકમાં સનાતન સ્થાન સંપાદન કરે છે."[૬૦]

ભીષ્મ કહે છેઃ—હે યુધિષ્ઠિર! કોસલ દેશના વીર મહારાજા વસુમનાને બૃહસ્પતિએ એ પ્રમાણે કહ્યું તે પછી એણે યત્નપૂર્વક પ્રજાઓનું પાલન કરવા માંડ્યું.[૬૧]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજ-
ધર્માનુશાસન પર્વમાં "બૃહસ્પતિનાં વાક્યો"
એ વિષયનો અધ્યાય ૬૮ મો સમાપ્ત.

अध्याय ६९ मो

રાજ્યરક્ષાના ઉપાયો અને દંડનીતિમહત્વ

॥ युधिष्ठिर उवाच ॥

पार्थिवेन विशेषेण किं कार्यमवशिष्यते ॥
कथं रक्ष्यो जनपदः कथं जेयाश्च शत्रवः ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–હે ભરતવંશી પિતામહ! તમે કહ્યાં તે સિવાયનાં રાજાનાં અવશ્ય કર્તવ્યો બીજાં કયાં છે? રાજાએ દેશની કેવી રીતે રક્ષા કરવી અને શત્રુઓને કેવી રીતે જીતવા?[૧] વળી રાજાએ ગુપ્ત દૂતોની કેવી રીતે યોજના કરવી તથા ચારે વર્ણોનો, સેવકોનો, સ્ત્રીઓનો તથા પુત્રોનો વિશ્વાસ શી રીતે મેળવવો? તે મને કહો."[૨]

ભીષ્મ બોલ્યા:–"હે મહારાજા! વિશાળ વંશમાં ઉત્પન્ન થયેલા રાજાએ અથવા રાજાએ મોકલેલા તેના પ્રાતનિધિએ કેવી રીતે વર્તવું જોઇએ અને તેણે પ્રથમ શું કરવું જોઇએ, તે સર્વ હું તમને કહું છું, સાવધાન થઇને સાંભળો.[૩] પ્રથમ તો રાજાએ પોતાના ચિત્તનો જય કરવો જોઇએ અને પછી પોતાના શત્રુઓને જીતવા જોઇએ; કારણ કે જે રાજાએ પોતાના ચિત્તનો જય કર્યો નથી તે રાજા, પોતાના શત્રુઓને કયાંથી જીતી શકે?[૪] શ્રોત્રાદિ પાંચ ઇંદ્રિયોનો જે જય કરવો તેનું નામજ આત્મવિજય કહેવાય છે અને

જેણે ઇંદ્રિયોને જીતી છે, તે રાજા પોતાના બાહ્ય શત્રુઓને પણ જીતી શકે છે.[૫] હે કુરુનંદન! રાજાએ શહેરોના કિલ્લાઓમાં, રાજ્યની હદ ઉપર, રાજધાનીના શહેરમાં, ઉપવનોમાં, નગરના બાગબગીચાઓમાં, સર્વ સંસ્થાનોમાં, પુરોમાં, નગરોમાં, અંતઃપુરમાં તથા રાજમહેલમાં પાયદલ સૈનિકોનાં થાણાં રાખવાં જોઇએ. તેમજ સર્વ મંત્રીઓ, મિત્રો અને પુત્રોસુદ્ધાંની પરીક્ષા કરવા માટે ગુપ્ત દૂતો રાખવા જોઇએ. પરંતુ તે બધા દૂતો જડ, અંધ અને બહેરા માણસોના જેવી આકૃતિવાળા પુરુષોની પરીક્ષા કરનારા અને ભૂખ, તરસ તથા પરિશ્રમને સહન કરનારા હોવા જોઇએ.[૬,૯] વળી નગરમાં, દેશમાં તથા સામંત રાજાઓના રાજ્યમાં પણ એવા દૂતોને મોકલવા જોઇએ કે જે દૂતો માંહોમાંહે પણ એકબીજાને ઓળખતા ન હોય તથા અન્યોન્યના કર્તવ્યને જાણતા ન હોય.[૧૦] હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા ! એ રીતેજ બજારોમાં, તરુણ પુરુષોના વિહાર ક્ષેત્ર–અખાડાઓમાં, સમાજોના મેળાવડાઓમાં, ભિક્ષુકોની, મંડળીઓમાં, નગરના બાગબગીચાઓમાં નગર બહારની વાડીઓમાં, પંડિતોની સભાઓમાં,પોતાના તાબાના દેશોમાં, અધિકારીઓને બેસવાનાં સ્થળોમાં, રાજકીય સભાઓમાં તથા રાજકિય પુરુષોના ગૃહોમાં પોતાના છુપા દૂતો રાખીને રાજાએ શત્રુઓના ગુપ્ત મનુષ્યોને શોધી કાઢવા.[૧૧,૧૨] હે પાંડવ ! એ પ્રમાણે જે કોઇ વિચક્ષણ રાજા શત્રુઓના દૂતોને પ્રથમથીજ જો શોધી કાઢે છે તો તેનું પરિણામ હિતકારક આવે છે.[૧૩]

વળી બીજું, રાજા પોતેજ પોતાની જો નિર્બળતા જાણતો હોય તો તેણે પોતાના ખાનગી સલાહકારો સાથે તે વિષેનો વિચાર ચલાવી બળવાન શત્રુ સાથે સલાહ કરવી;[૧૪] અને પોતાની નિર્બળતા જણાતી ન હોય તોપણ અમુક કોઇ જાતનું કાર્ય સાધી લેવાની ઇચ્છાથી ચતુર રાજાએ શત્રુની સાથે સત્વર સંધિ કરી લેવી.[૧૫] તેમજ ધર્મપૂર્વક રાજ્યનું રક્ષણ કરવાની ઇચ્છાવાળા રાજાએ, જે રાજાઓ ગુણવાન હોય, મહાન ઉત્સાહી હોય, ધર્મવેત્તા હોય અને સજ્જન હોય તેવાઓની સાથે પણ સંધિજ કરવી.[૧૬] જો કદાચ મહાબુદ્ધિમાન રાજાને પોતાને પદભ્રષ્ટ થવાનો પ્રસંગ જાણવામાં આવે એટલે તુરતજ તેણે પ્રથમના સમયે અપકાર કરનારા રાજદ્રોહીઓનો તથા પ્રજાદ્રોહીઓનો સર્વ તરફથી નાશ કરી નાખવો;[૧૭] પરંતુ જે રાજા કોઇનો ઉપકાર કરવાને સમર્થ નથી, કોઇનો અપકાર કરવાને સમર્થ નથી, તેમ શત્રુઓનો ઉચ્છેદ કરવા માટે પણ શક્તિમાન નથી, તેવો નિર્માલ્ય રાજા પ્રજાઓની ઉપેક્ષાનું પાત્ર બને છે.[૧૮] જે રાજાને શત્રુપર ચઢાઇ કરવાની ઇચ્છા હોય તેણે પોતાના કરતાં દુર્બળ શત્રુસામેજ ચઢાઇ કરવી અને તે પણ શત્રુને મિત્રહીન, બંધુહીન તથા બીજા સામે યુદ્ધ કરવામાં આસકત રહેલો અને પ્રમાદી જાણ્યા પછીજ ચઢાઇ કરવી.[૧૯] તેવા નિર્બલ શત્રુ સામે ચઢાઇ કરવાના સમયે પણ રાજાએ પ્રથમ પોતાના રાજ્યરક્ષણની વ્યવસ્થા કરી લેવી, એટલુંજ નહિં પણ પોતે શૌર્યસંપન્ન, પુષ્ટ બળવાળો,નિશ્ચિંત અને સામગ્રીઓથી સજ્જસ્થિતિવાળો હોવો જોઇએ તથા પ્રથમથીજ તેણે સર્વ તૈયારીઓ કરી લઈને અકસ્માત્ આક્રમણ કરવા માટે સૈનિકોને નગરમાંથી નીકળવાની આજ્ઞા આપવી જોઈએ.[૨૦] જો કોઈ સમયે પોતે બળ અને વીર્યમાં હીન થયેલો હોવાથી મહાવીર્યવાન શત્રુ રાજાને વશ કરી શકતો ન હોય તો તે નિર્બળ રાજાએ કોઈ બીજા માર્ગે શત્રુને પાયમાલ કરવા તત્પર થવું.[૨૧] શસ્ત્રોદ્વારા, આગ લગાડીને, જલાશયોમાં ઝેર નખાવીને તથા મુખ્ય મુખ્ય મંત્રીઓમાં ફાટફૂટ કરાવીને તે શત્રુ રાજાના રાજ્યને દુઃખિત કરવું.[૨૨] બૃહસ્પતિ કહે છે કે, રાજ્યનું કુશળ ઇચ્છનારા બુદ્ધિમાન રાજાએ, યુદ્ધનો તો સદા ત્યાગજ કરવો; પરંતુ સામ, દાન અને ભેદ, એ ત્રણ ઉપાયોદ્વારાજ પોતાના ઇષ્ટ અર્થને સાધી લેવો.[૨૩] હે રાજા ! બુદ્ધિસંપન્ન રાજાએ* સામ,દાન અને ભેદ,એ ત્રણ ઉપાયોદ્વારા

---

*તમારે મારી પાસેથી વાર્ષિક કર લેવો નહિ

જે અર્થ પ્રાપ્ત થાય તેથીજ સંતુષ્ટ રહેવું જોઈએ. હે કુરુનંદન! ડાહ્યા રાજાએ પ્રજાઓ પાસેથી ષષ્ટાંશ કર પણ લેવો અને તેની આવકના સઘળા ભાગનો તેઓના રક્ષણમાંજ ઉપયોગ કરવો.[૨૫] મત્ત, પ્રમત્ત, ઉન્મત્ત આદિ દશ પ્રકારના મનુષ્યો જ્યારે અપરાધ કરે, ત્યારે તેઓની પાસેથી દંડ બદલ લેવામાં આવતું થોડું-ઘણું દ્રવ્ય એકદમ લઇ લેવું, અને તેનો ઉપયોગ પણ પ્રજાઓના રક્ષણમાંજ કરવો.[૨૬] રાજાએ પોતાના પુત્ર અને પૌત્ર પ્રમાણેજ પ્રજાઓપર દૃષ્ટિ રાખવી જોઈએ, પરંતુ વ્યાવહારિક નિશ્ચય આપવાના સમયે તેઓ તરફ પ્રેમભાવ રાખવો નહિ.[૨૭] પ્રજાઓના ટંટાફિસાદ પતાવવાના વ્યાવહારિક પ્રસંગો ઉપસ્થિત થાય, ત્યારે રાજાએ, સર્વ પ્રકારના વિષયોનું જ્ઞાન ધરાવનારા પંડિતો નીમીને તેઓની ફરીઆદો સાંભળવી; કારણ કે રાજ્યનો સર્વ આધાર તેવા વ્યાવહારિક નિર્ણયો ઉપરજ રહેલો છે.[૨૮] સુવર્ણ વગેરે ધાતુઓની ખાણોપર, મીઠું નીપજવાના સ્થાન ઉપર, ધાન્યાદિ વેચવાના સ્થાન ઉપર, નદી તરવાના ઘાટ ઉપર તથા હાથીઓના સૈન્ય ઉપર રાજાએ પોતાના ખાસ મંત્રીઓની અથવા હિતૈષી આપ્ત પુરુષોની નિમણુંક કરવી.[૨૯] રાજા હમેશાં યથાયોગ્ય દંડધારણ કરે છે તો તે ધર્મ સંપાદન કરે છે; કારણ કે નિરંતર યથાયોગ્ય દંડ ધારણ કરવો તે રાજાનો ઉત્તમ ધર્મ કહેવાય છે.[૩૦] વળી હે ભારત! બુદ્ધિમાન રાજાએ વેદોનું તથા વેદોનાં અંગોનું જ્ઞાન મેળવવું જોઇએ, મહાતપસ્વી થવું જોઇએ, નિરંતર દાનશીલ થવું જોઈએ તથા યજ્ઞશીલ પણ થવું જોઇએ.[૩૧] સર્વ કોઇ રાજાની અંદર એ પૂર્વોક્ત સમગ્ર ગુણો સદાને માટે સ્થિર હોવા જોઈએ. તેમજ રાજા, વ્યવહારનો જો લોપ કરે તો તેને સ્વર્ગ ક્યાંથી મળે અને યશ પણ ક્યાંથી મળે?[૩૨]

હવે જે સમયે કોઇ અતિ બળવાન શત્રુરાજા, પોતાનાપર ચઢી આવીને પીડા કરે તે સમયે બુદ્ધિમાન છતાં પણ નિર્બળ રાજાએ કિલ્લાનોજ આશ્રય લેવો[૩૩] અને પોતાના મિત્ર રાજાઓને વશ કરીને તેને માટે યોગ્ય ઉપાયો ઘડવા અથવા સામ, દાન કે ભેદની યોજના કરીને કાર્યસિદ્ધિમાં નિષ્ફળ થતાં છેવટે લડાઇ માટેની તૈયારી કરવી.[૩૪] તેમાં પ્રથમ તો વનમાં રહેનારી વસ્તીને પ્રસિદ્ધ રાજમાર્ગોપર વસાવી દેવી, પોતાના શહેરની આસપાસનાં ગામડાંઓને ઉજ્જડ કરી મૂકવાં અથવા તેઓને શાખાનગરો (પરાં)ની સાથે મેળવી દેવાં, ધનવાન મનુષ્યોને તથા સૈન્યના મુખ્ય ભાગોને વારંવાર ધીરજ આપીને શહેરમાંહેના ગુપ્ત પ્રદેશોમાં અથવા કિલ્લામાં દાખલ કરી દેવા, બહાર ખેતરોમાં જે ધાન્ય તૈયાર થયેલું હોય તેને જેમ બને તેમ સત્વર નગરમાં દાખલ કરી દેવું; પણ જો કદાચ સમયના અભાવને લીધે તેમ ન બની શકે તો તે સર્વ ધાન્યને સળગાવી મૂકવું, પરંતુ શત્રુને હાથ જવા દેવું નહિ; અને કદાચ તેમ કરવાનો સમય પણ ન મળે તો શત્રુના માણસને ફોડીને અથવા પોતાના સૈન્યને મોકલીને પણ તે સર્વ ધાન્યનો નાશ કરી નાખવો. તેમજ નદીઓ ઉપરના પૂલના માર્ગોને તોડી પાડવા, બહારના પ્રદેશમાં આવેલાં બાંધેલાં જળાશયોમાંથી પાણીને બહાર ફેલાવી દેવું અને જેમાંથી પાણી બહાર ન નીકળી શકે તેવા વાવકૂવા વગેરેમાં ઝેર નાખી દઈને પાણી દૂષિત કરી નાખવું.[૩૫-૩૯] જો કદાચ તેવે સમયે પોતાના મિત્રરાજાનું કાર્ય કરવાનો પ્રસંગ પણ સાથેજ આવી પડે તો વર્તમાન સ્થિતિનો તથા ભવિષ્યની સ્થિતિનો વિચાર કરીને પોતાના રાજ્યનું રક્ષણ કરવા માટે તે મિત્રકાર્યને પણ પડતું મૂકવું અને પોતાના

અને મારે તમારા દેશને નુકસાન કરવું નહિ. આવો કરાર સામથી કર્યો કહેવાય છે, અને તમારે મને અમુક બે ગામ આપી દેવાં જેથી હું શાંત થઇશ, આવો જે ઠરાવ તે દાનથી કર્યો કહેવાય છે અને શત્રુરાજાના અમાત્યો વગેરેને ફોડીને પોતાનાપર ચઢાઈ કરતાં તેને જે અટકાવવો તેનું નામ ભેદ કર્યો કહેવાય છે. આ ત્રણ ઉપાયોની યોજના કરીને નિર્બળ રાજાએ પોતાના બળવાન શત્રુસામે યુદ્ધ કર્યાં વિનાજ સ્વાર્થ સાધી લેવો. **નીલકંઠ**

દેશમાં આવેલા કોઈ સુરક્ષિત સ્થાનનો આશ્રય લઇ ચઢી આવેલા શત્રુનો, જે કોઇ શત્રુ રાજા પાસેના દેશમાં વસતો હોય અને આવેલા શત્રુ સામે યુદ્ધમાં ટક્કર ઝીલે તેવો હોય તેની સાથે મિત્રતા બાંધીને તેના સૈન્યદ્વારા શત્રુને પોતાના રાજ્યમાંથી નસાડી મૂકવો.[૪૦] પોતાની રાજધાનીની આસપાસ આવેલા નાના નાના કિલ્લાઓને રાજાએ મૂળમાંથી ઉખેડી પાડવા, જેથી શત્રુઓ તેનો આશ્રય લઇ શકે નહિ; તેમજ લોકો જેઓનું પૂજન કરતા હોય તેવાં ચૈત્ય વૃક્ષોસિવાયનાં બીજાં સર્વ નાનાં વૃક્ષોને કપાવી નાખી દેશમાં ઝાડીઓ થવા દેવી નહિ અને ઘણાંજ વધી ગયેલાં મોટાં વૃક્ષોની પણ શાખાઓને કપાવી નાખવી પણ ચૈત્યવૃક્ષોનું તો એક પાંદડું સરખું એ કપાવવું નહિ.[૪૧,૪૨] કિલ્લાની આજુબાજુ બહારના પ્રદેશમાં બાંધવામાં આવતી * પ્રગંડીઓ (પ્રાકારો) ઘણીજ ઉંચી બંધાવવી જેથી તેના ઉપર ચઢીને શત્રુનો સંચાર દૂરથીજ જાણી શકાય. શહેરના કિલ્લાની આસપાસ ફરતી ખાઇ ખોદાવીને તેમાં પુષ્કળ જળ ભરાવી રાખવું અને તેમાં ઉપર ભાલાઓવાળા સ્તંભો રોપાવી દેવા કે જેના ઉપર ચઢનારો શત્રુ વીંધાઈ જાય; તથા તે ખાઈના જળમાં પુષ્કળ મગરમચ્છો, ઝૂડો અને માછલાં લાવી મૂકવાં કે જેથી તેને તરીને શત્રુઓ કિલ્લાપાસે આવી શકે નહિ.[૪૩] તેમજ શહેરનું રક્ષણ કરવા માટે બાંધેલા કિલ્લામાં નાનાં નાનાં જાળીઆં પણ બંધાવવાં જેથી તેવા કોઇ સંકટના સમયે તે દ્વારા બહાર નીકળી જવાય; પરંતુ તે જાળીઆંઓનું પણ બીજા મોટા દરવાજાઓની પેઠેજ પૂરતા જાપતાથી રક્ષણ કરવું.[૪૪] શહેરના દરવાજાઓ ઉપર મોટાં મોટાં યંત્રો નિરંતર ગોઠવેલાંજ રાખવાં અને કિલ્લાના ઉપરના ભાગમાં પણ ફરતી હારબંધ તોપો ગોઠવી રાખી; પરંતુ તે સર્વ યંત્રો પોતાના સ્વાધીનમાં રાખવાં.[૪૫] શહેરના અંદરના ભાગમાં લાકડાંઓનો મોટો સંગ્રહ એકઠો કરી રાખવો, કૂવાઓ ખોદાવવા અથવા પૂર્વકાળમાં કોઈએ ખોદાવેલા કૂવાઓને ગાળી શોધાવવા અને જે ઘરો ઘાસનાં છજાંઓથી ઢંકાયલાં હોય તેઓને માટીથી લીંપાવવાં, લડાઈ જે સમયે ચાલુ થાય તે સમયે જો ચૈત્ર મહિનો ચાલતો હોય તો તેવા ઘાસના છજાંવાળાં ઘરોપરથી છજાં ઉતરાવીજ લેવાં જેથી આગ લાગવાનો ભય રહે નહિ અને તેવે સમયે પોતાના સૈનિકોમાટે પણ રાત્રેજ રસોઇ પકાવવાની વ્યવસ્થા કરવી; પરંતુ અગ્નિહોત્રના અગ્નિસિવાય દિવસે અગ્નિ સળગાવવોજ નહિ.[૪૫-૪૮] માત્ર લુહાર, સુતાર વગેરે કારીગરોના ઘરમાં તથા સૂતિકાગૃહમાં (જે ગૃહે સ્ત્રીને સુવાવડ આવી હોય તે ગૃહમાં) દિવસે અગ્નિ સળગાવવા દેવો. તે પણ બહુ સાવચેતી રખાવીનેજ સળગાવવા દેવો અને જ્યાં જ્યાં ગૃહોની અંદર અગ્નિ હોય તેને પણ ભારી રખાવવો.[૪૯] આખા શહેરની અંદર દાંડી પીટાવીને જાહેર કરવું કેઃ—"નગરનું રક્ષણ જાળવવા માટે કોઈ પણ મનુષ્યે દિવસે અગ્નિ સળગાવવો નહિ. છતાં જો કોઈ દિવસે અગ્નિ સળગાવશે તો તેને દેહાંત દંડની શિક્ષા કરવામાં આવશે."[૫૦] હે પુરુષશ્રેષ્ઠ! શત્રુસામે જ્યારે લડાઇ જાહેર થાય ત્યારે, રાજાએ પોતાના શહેરમાંથી ભિક્ષુકોને, ગાડાં હાંકનારાઓને, હીજડાઓને, ઉન્મત્તોને, (ગાંડા માણસોને) ગવૈયાઓને અથવા કૃપણ-કંજુસોને બહાર કાઢી મૂકવા. અન્યથા તેઓ અનર્થના કારણભૂત થઇ પડે છે.[૫૧] તે ઉપરાંત રાજાએ ચૌટાઓમાં, મંત્રી આદિ પૂર્વોક્ત અઢાર તીર્થો (સ્થાનો) માં, સભાઓમાં તથા અધિકારી

---

* "संचारा यत्र लोकानां दूरादवावबुध्यते ।
'प्रगंडी सा च विज्ञेया बहिःप्राकारसंज्ञिता ॥
प्रणिधिस्तत्र यत्नेन कर्तव्यो भूतिमिच्छता । स-
एवाकाशरक्षीति ह्युच्यते शास्त्रकोविदैः॥" જેનાં ઉપર ચઢીને લોકોનો સંચાર દૂરથીજ જાણવામાં આવે તેને પ્રગંડી અથવા બહિઃપ્રાકાર કહેવામાં આવે છે. શહેરના કિલ્લાની બાજુમાં ચારે દિશાઓમાં આવી પ્રગંડીઓ બાંધવામાં આવે છે. રાજાએ પોતાની રક્ષા જાળવવા માટે એ પ્રગંડીઓપર વિશ્વાસપાત્ર માણસોને રાખવા જોઇએ, કે જે માણસોને નીતિશાસ્ત્રના પંડિતો "આકાશરક્ષક" એવા નામથી કહે છે. **નીલકંઠ**

પુરુષોના ગૃહોમાં ચાલાક ગુપ્ત દૂતોની યોજના કરવી.[૫૨] વળી રાજાએ રાજમાર્ગો વિશાળ કરાવવા તથા પાણીનાં પરબો અને દુકાનો જ્યાં જોઇએ ત્યાં મંડાવવી.[૫૩] વળી હે કુરુવંશી રાજા! ભંડારો, આયુધશાળાઓ, યોદ્ધાઓનાં નિવાસસ્થાનો (કૅમ્પો), અશ્વશાળાઓ, ગજશાળાઓ, સૈન્યોનાં મુખ્ય મથકો (હેડ કવૉર્ટરો), ખાઇઓ, શેરીઓ અથવા પોળો અને મકાનોના નાના બાગબગીચાઓ શત્રુપક્ષના કોઇપણ મનુષ્યના જોવામાં ન આવે તેવે સ્થળે બાંધીને તૈયાર કરાવવા જોઇએ.[૫૪,૫૫] તેમજ શત્રુસૈન્યોની ચઢાઇના સમયે ઉપયોગમાં આવે તે માટે રાજાએ તેલ, ચરબી, મધ, ઘી, સર્વ જાતનાં ઔષધો, કોલસા, દર્ભ, મુંજ નામનું ઘાસ, ખાખરાનાં પાંદડાં, બાણો, લેખકો, જવનું પરાળ, લાકડાં અને ઝેર ચોપડેલાં બાણો વગેરેનો તથા પુષ્કળ ધનનો પ્રથમથીજ સંગ્રહ કરી રાખવો જોઇએ.[૫૭] ઉપરાંત સર્વ જાતનાં આયુધોનો, શક્તિઓનો, બેધારી તરવારોનો, ભાલાઓનો તથા બખ્તરોનો પણ પ્રથમથીજ સંગ્રહ કરી રાખવો.[૫૮] સર્વ જાતનાં ઔષધોનો, મૂળોનો અને ફળોનો પણ સંગ્રહ કરવો તથા વિષવૈદ્ય, શસ્ત્રવૈદ્ય, રોગવૈદ્ય, અને દુષ્ટ દૈવી ક્રિયાઓનું નિર્માણ કરી જાણનાર કૃત્યાવૈદ્ય, એ ચારે પ્રકારના વૈદ્યોને પણ તે સમયે ખાસ સમીપમાંજ રાખવા.[૫૯] વળી નટોને, નાટકીઆઓને, મલ્લોને તથા ઇંદ્રજાલાદિક માયાઓને જાણનારા માયાવી પુરુષોને પણ રાજાએ આશ્રય આપવો. કારણ કે તેઓ રાજધાનીના પટ્ટનગરને શોભાવનારા છે અને સર્વ પ્રજાવર્ગને પ્રસન્ન કરનારા છે.[૬૦] રાજાને હરકોઈ પોતાના સેવકનું, મંત્રીનું, નાગરિકનું કે સામંત રાજાનું વર્તન જો શંકાભરેલું જોવામાં આવતું હોય તો તુરતજ તેઓને કેદ પકડાવવા.[૬૧] હે રાજેંદ્ર! કોઈ પોતાના સેવકે યથાયોગ્ય રીતે રાજ્યનું કામ પૂર્ણ કર્યું હોય તો રાજાએ તેને કામના પ્રમાણમાં ઇનામ વગેરે આપીને તથા જૂદા જૂદા પ્રકારનાં સાંત્વ વચનો કહીને સન્માન આપવું.[૬૨] હે કુરુનંદન! શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે શત્રુને બરાબર હંફાવીને અથવા મારી નાખીને રાજા રાજ્યના ઋણમાંથી મુક્ત થાય છે.[૬૩]

હવે, રાજાએ રાજ્યનાં સાત અંગોનું રક્ષણ કરવું જોઇએ, તે વિષે હું તમને કહું છું, સાંભળો. હે કુરુનંદન! રાજા, મંત્રી, કોશ, દંડ, મિત્ર, દેશ અને રાજધાનીનું નગર–આ સાત રાજ્યનાં અંગો છે અને તેઓનું રાજાએ યત્નપૂર્વક રક્ષણ કરવું જોઇએ.[૬૪,૬૫] હે પુરુષવ્યાઘ્ર! જે રાજાને છ ગુણોનું, ત્રિવર્ગનું તથા પરમ ત્રિવર્ગનું યથાર્થ જ્ઞાન છે તે રાજા આ પૃથ્વીપર રાજ્ય કરી શકે છે.[૬૬] હે યુધિષ્ઠિર! છ ગુણોનું નીતિશાસ્ત્રમાં કથન કર્યું છે, તે હું તમને કહું છું, સંધાનાસન (શત્રુની સાથે સંધી કરીને બેસી રહેવું), યાત્રાસંધાન (ચઢાઇ કરવી), વિગૃહ્યાસન (શત્રુ સામે લડાઈ જાહેર કરી ઘેરો ઘાલવો), શત્રુને ભય ઉપજાવવા માટે ચઢાઈ કરવાનો ડોળ દેખાડીને સ્વસ્થાને બેસી જવું, શત્રુઓના માણસોમાં ફાટફુટ કરવી અને સંકટ સમયે કિલ્લાનો અથવા કોઈ બળવાન રાજાનો આશ્રય કરવો, આ છ પ્રકારના ગુણો શાસ્ત્રમાં કહ્યા છે.[૬૭,૬૮] હવે ત્રિવર્ગ અને પરમ ત્રિવર્ગના સંબંધમાં હું તમને કહું છું તે એકચિત્ત થઇને સાંભળો. ક્ષય, સ્થાન અને વૃદ્ધિ, એ ત્રિવર્ગ કહેવાય છે; તથા ધર્મ, અર્થ અને કામ, એ પરમ ત્રિવર્ગ કહેવાય છે. બરાબર સમયને અનુસરીને જે રાજા એ બન્ને પ્રકારના ત્રિવર્ગોનું ધર્મપૂર્વક સેવન કરે છે, તે રાજા ચિરકાળપર્યંત આ પૃથ્વીનું પાલન કરે છે.[૬૯,૭૦] હે કુંતીપુત્ર યુધિષ્ઠિર! આના સંબંધમાં અંગિરા મુનિએ પોતેજ બે શ્લોકો કહ્યા છે તે હું તમને કહી સંભળાવું છું, તે તમે સાંભળો, તમારૂં કલ્યાણ થાઓ.[૭૧]

कृत्वासर्वाणिकार्याणिसम्यक्संपाल्यमेदिनीम् ।।
पालयित्वा तथा पौरान् परत्र सुखमेधते ।।७२।।
किं तस्य तपसा राज्ञः किं च तस्याध्वरैरपि ।
सुपालितप्रजो यः स्यात्सर्वधर्मविदेव सः ।।७३।।

“જે રાજા રાજ્યને લગતાં સર્વ કાર્યો કરીને પૃથ્વીનું સારી રીતે પાલન કરે છે, તથા નાગરિકો-

નું રક્ષણ કરે છે, તે રાજા પરલોકમાં સુખી થાય છે.[૭૨] એટલુંજ નહિ પણ પ્રજાઓનું રૂડીરીતે પાલન કરે છે તે રાજાને તપ અથવા યજ્ઞો કરવાનું શું પ્રયોજન છે? કારણ કે તે તો પ્રજાપાલનથીજ સર્વ ધર્મનો વેત્તા થઇ શકે છે."[૭૩]

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે પિતામહ! દંડનીતિ એકલી રાજાને શું ફળ આપનારી છે? રાજા એકલો દંડનીતિને શું ફળ આપનારો છે? અને તેઓ બન્ને સાથે મળીને અન્યોન્યને શું ફળ આપે છે? તે મને કહો."[૭૪]

ભીષ્મ બોલ્યાઃ–"હે ભરતવંશી રાજા! દંડનીતિથી રાજાનું તથા પ્રજાનું જે કલ્યાણ થાય છે, તે હું તમને હેતુવાળા સિદ્ધ શબ્દોથી યથાવત્ કહું છું, સાંભળો.[૭૫] રાજાએ જો દંડનીતિનો સારી રીતે ઉપયોગ કર્યો હોય તો તે ચારે વર્ણોને પોતપોતાના ધર્મમાં પ્રવૃત્ત રાખે છે; અને અધર્મથી અટકાવે છે.[૭૬] દંડનીતિ ચારે વર્ણોને સ્વકર્મોમાં સ્થિર કરે છે, મર્યાદાને સંકીર્ણ થવા દેતી નથી, પ્રજાઓનું કલ્યાણ કરે છે તથા સર્વને નિર્ભય કરે છે.[૭૭] તે ઉપરાંત દંડનીતિના સામર્થ્યથીજ ત્રણે વર્ણો માંહોમાંહે શાંતિ પાથરવાનો યથાવિધિ પ્રયત્ન કરે છે જેથી સર્વ મનુષ્યોને સમાધાનયુક્ત સુખની પ્રાપ્તિ થાય છે, એમ તમારે જાણવું.[૭૮] હે યુધિષ્ઠિર! કાળ રાજાની ઉત્પત્તિનું કારણ હશે, કે રાજા કાળની ઉત્પત્તિનું કારણ હશે, આવો તમારે સંશય કરવો નહિ; કારણ કે રાજાજ કાળની ઉત્પત્તિનું કારણ છે.[૭૯] જે સમયે રાજા દંડનીતિને સંપૂર્ણ રીતે અનુસરે છે તે સમયે જગતમાં સત્યયુગ નામનો કાળ ચાલુ થાય છે.[૮૦] જેથી એ સત્યયુગમાં સર્વ સ્થળે ધર્મજ જોવામાં આવે છે પણ કયાંય અધર્મ જોવામાં આવતો નથી. તેમજ સર્વ વર્ણોનું મન કેવળ ધર્મમાંજ આસક્ત રહે છે, પ્રજાઓનાં યોગ અને ક્ષેમ નિઃસંશયપણે ચાલુ રહે છે, વેદોક્ત સર્વ કર્મો સંપૂર્ણ ફળ આપનારાં થાય છે. સર્વ ઋતુઓ સુખાકારી અને રોગરહિત થાય છે, મનુષ્યોના સ્વરો, વર્ણો (રંગો) તથા મનો પ્રસન્ન રહે છે, રોગો રહેતાજ નથી, કોઈ પણ મનુષ્ય અલ્પ આયુષવાળો દેખાતો નથી, સ્ત્રીઓ વિધવા થતી નથી, કોઈ પણ મનુષ્ય દીન થતો નથી, પૃથ્વીમાં ખેડયાવિના ધાન્ય પાકે છે, ઔષધિઓ ઉગી નીકળે છે, છાલ, પાંદડાં, ફળ અને મૂળ રસાળ નીપજે છે અને અધર્મ નહિ રહેતાં જ્યાં ત્યાં કેવળ ધર્મજ સત્તા ભોગવે છે. હે યુધિષ્ઠિર! એબધા સત્યયુગના ધર્મો છે, એમ તમારે સમજવું.[૮૧,૮૬] એ રીતે જ્યારે રાજા દંડનીતિના ત્રણ અંશને અનુસરે છે અને ચોથા અંશનો ત્યાગ કરે છે, ત્યારે જગતમાં ત્રેતાયુગ શરૂ થાય છે.[૮૭] પછી તે યુગમાં અધર્મનો ચતુર્થાંશ ચાલુ થાય છે, ધર્મના ત્રણ અંશને લોક અનુસરે છે, ખેડવાથીજ પૃથ્વીપર અન્ન પાકે છે અને વાવેતર કરવાથીજ ઔષધિઓ નીપજે છે.[૮૮] તે પછી જ્યારે રાજા દંડનીતિના અર્ધ ભાગનો ત્યાગ કરી કેવળ અર્ધ ભાગનેજ અનુસરે છે ત્યારે જગતમાં દ્વાપરયુગ ચાલુ થાય છે.[૮૯] એટલે તે યુગમાં લોકો અધર્મના અર્ધ ભાગને તથા ધર્મના અર્ધ ભાગને અનુસરે છે અને પૃથ્વીમાં ખેડવાથીજ ધાન્ય નીપજે છે ખરૂં પણ તે સંપૂર્ણ નીપજતું નથી.[૯૦] પછી જ્યારે રાજા દંડનીતિનો સંપૂર્ણ ત્યાગ કરે છે અને અનીતિ કરીને પ્રજાઓને દુઃખ દે છે ત્યારે જગતમાં કલિયુગનો આરંભ થાય છે.[૯૧] એ યુગમાં અધર્મ ઘણો વધી જાય છે, ધર્મ તો કોઈ સ્થળે રહેતોજ નથી, ચારે વર્ણોનું મન સ્વધર્મથી ભ્રષ્ટ થાય છે, શૂદ્ર લોકો ભિક્ષાવૃત્તિ કરીને આજીવિકા ચલાવે છે, બ્રાહ્મણો સેવા કરીને આજીવિકા ચલાવે છે, સર્વ મનુષ્યોના યોગક્ષેમનો વિનાશ થાય છે, પ્રજાઓ વર્ણસંકર બની જાય છે, વેદોક્ત કર્મો ગુણહીન થઇ જાય છે, સર્વ ઋતુઓ દુઃખકારી થઇ પડે છે, લોકો રોગી થાય છે, મનુષ્યોના સ્વરોનો, રંગોનો તથા મનોનો હ્રાસ થાય છે, રોગોનું પ્રબળ વધે છે, અકાળ મૃત્યુઓ પુષ્કળ થાય છે, સ્ત્રીઓ વિધવાઓ બને છે, પ્રજાઓ ક્રૂર બની જાય છે, વરસાદ કોઇ કોઇ સ્થળે સાધારણ વરસે છે અને ધાન્ય પણ તેવુંજ સાધારણ પાકે છે.[૯૨-૯૬] જે સમયે રાજા પ્રજાઓ-

નું રક્ષણ કરવા માટે બરાબર લક્ષ્ય આપીને દંડનીતિનો ઉપયોગ કરતો નથી તે સમયે પૃથ્વીપરના સર્વ રસો નાશ પામે છે.[૯૭] આ રીતે રાજાજ સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિયુગના સમયનું કારણ થાય છે.[૯૮] રાજા જગતમાં જો સત્યયુગનો આરંભ કરે છે તો તેને સદાને માટે સ્વર્ગ મળે છે અને જગતમાં જો ત્રેતાયુગનો આરંભ કરે છે તો તેને તેટલા અલ્પ સમયના પ્રમાણમાં સ્વર્ગનાં સુખો મળે છે.[૯૯] તેમજ રાજા જગતમાં જો દ્વાપરયુગનો આરંભ કરે છે તો તેને તેટલા પુણ્યના પ્રમાણમાં સ્વર્ગનાં સુખો મળે છે; પરંતુ કલિયુગનો આરંભ કરવાથી તો રાજા અત્યંત પાપભાગીજ બને છે એટલુંજ નહિ પણ તે દુષ્ટકર્મી રાજા સદાને માટે નરકમાં નિવાસ કરે છે, પ્રજાઓના પાપમાં ડૂબી જાય છે અને અપકીર્તિ તથા અધર્મનાં ફળોને પામે છે;[૧૦૦,૧૦૧] આમ સમજીને રાજાએ સદા દંડનીતિને માન આપવું, નહિ મેળવેલી વસ્તુને મેળવવાની ઇચ્છા કરવી તથા મેળવેલી વસ્તુનું રક્ષણ કરવું.[૧૦૨] વળી દંડનીતિ, લોકોની વ્યવસ્થા કરનારી છે તથા મર્યાદાનું રક્ષણ કરનારી છે એટલુંજ નહિ પણ દંડનીતિનો જો યથાયોગ્ય ઉપયોગ કરવામાં આવ્યો હોય તો તે, માતા અને પિતાની પેઠે સર્વનું પાલન કરનારી છે[૧૦૩] હે મનુષ્યશ્રેષ્ઠ! દંડનીતિની હયાતીને લીધેજ સર્વ પ્રાણીઓ જગતમાં સ્થિતિ કરી રહ્યાં છે; અને દંડનીતિને ધારણ કરનારો રાજાજ પરમધર્મિષ્ઠ ગણાય છે, એમ તમારે જાણવું.[૧૦૪] માટે હે કુરુવંશી રાજા! તમે દંડનીતિનો આશ્રય કરીનેજ ધર્મપૂર્વક પ્રજાઓનું રક્ષણ કરો જેથી અંતે દુર્જય સ્વર્ગને જીતશો.[૧૦૫]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં અધ્યાય ૬૯ મો સમાપ્ત.

* * *

अध्याय ७० मो

રાજાના વર્તનના છત્રીસ પ્રકારો

॥ युधिष्ठिर उवाच ॥

केन वृत्तेन वृत्तज्ञ वर्तमानो महीपतिः ॥
सुखेनार्थान् सुखोदर्कानिह च प्रेत्य चाप्नुयात्॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે સદ્‌વર્તનને જાણનારા ભીષ્મપિતામહ! કયા સદાચાર પ્રમાણે વર્તવાથી રાજા અનાયાસે આ લોકમાં અને પરલોકમાં શુભ પરિણામવાળા અર્થોને સંપાદન કરી શકે? તે મને કહો?”[૧]

ભીષ્મ બોલ્યા:–“રાજાના વર્તનના છત્રીસ પ્રકારો છે, તે છત્રીસ ગુણ પ્રકારોથી યુક્ત એવો ગુણી રાજા ધર્માદિ ગુણોનું આચરણ કરીને કલ્યાણ સંપાદન કરે છે. માટે હું તમને તે છત્રીસે પ્રકારો કહું છું સાંભળો.[૨] રાજાએ રાગદ્વેષરહિત થઇને સર્વ ધર્મોનું આચરણ કરવું. (૧) શ્રદ્ધાળુ થઇને કેવળ પરલોક મેળવવાનોજ સ્નેહ કરવો; પરંતુ લોભાદિકને વશ થઇને કોઈ સ્થળે સ્નેહ કરવો નહિ, (૨) ક્રૂરતાનો ત્યાગ કરી અર્થસંપાદન કરવો. (૩) ધર્મ–અર્થનો નાશ કર્યાવિના અને ઉદ્ધત થયા વિના ઇન્દ્રિયોને પ્રસન્ન કરવી, (૪) દીન થવું નહિ (૫) આત્મશ્લાઘા કરવી નહિ ને શૂરવીર થવું,(૬) સર્વ પ્રાણીઓના પર દયા રાખવી,(૭) પોતાના આર્યપણાનો વિચાર કરીને શત્રુસાથે સંધિ કરવી, (૮) દાતા થવું પણ કુપાત્રે દાન આપવું નહિ, (૯) કોઈ બંધુઓ સાથે લડાઇ કરવી નહિ, (૧૦) ભક્તિહીન માણસને ગુપ્ત દૂત બનાવવો નહિ,(૧૧) કોઈને દુઃખ દીધાવિના કાર્ય સાધી લેવું,(૧૨) દુષ્ટ માણસોને પોતાનો ઉદ્દેશ જણાવવો નહિ, (૧૩) પોતાના ગુણોનું વર્ણન કરવું નહિ, (૧૪) સત્પુરુષો પાસેથી કર લેવો નહિ, (૧૫) દુષ્ટ પુરુષનો આશ્રય કરવો નહિ, (૧૬) પરીક્ષા કર્યાવિના કોઈનો દંડ કરવો નહિ, (૧૭) પોતાના ગુપ્ત વિચારને જાહેર કરવો નહિ, (૧૮) લોભીઆઓને દાન આપવું નહિ,(૧૯) પોતાનો અપકાર કરનારા માણસોનો વિશ્વાસ કરવો

નહિ,(૨૦) ઈર્ષ્યા કર્યા વિના પોતાની સ્ત્રીનું રક્ષણ કરવું, (૨૧) નિર્દય થયાવિના બાહ્યાભ્યંતર પવિત્રતા જાળવવી, (૨૨) સ્ત્રીઓનું અત્યંત સેવન કરવું નહિ, (૨૩) મિષ્ટાન્ન ભોજન કરવું પણ પોતાને જે અપથ્ય હોય તેનું ભોજન કરવું નહિ, (૨૪) પોતાના માનનીય મહાપુરુષોનું નમ્રતાપૂર્વક પૂજન કરવું,(૨૫) નિષ્કપટ ભાવથી ગુરુઓનું સેવન કરવું,(૨૬) દંભ (ડોળ)નો ત્યાગ કરીને દેવોની પૂજા કરવી,(૨૭)ન્યાયમાર્ગે લક્ષ્મી મેળવવાની ઈચ્છા રાખવી, (૨૮) અતિશય આસક્તિ રાખ્યાવિના લક્ષ્મીનો ઉપભોગ કરવો, (૨૯) ચતુર થવું પણ સમયના જ્ઞાનથી રહિત થવું નહિ (૩૦) કોઇ જાતના ફળને આપવાની ઇચ્છા દર્શાવીનેજ હરકોઈને ધૈર્ય આપવું, (૩૧) તિરસ્કારપૂર્વક અનુગ્રહ કરવો નહિ, (૩૨) શત્રુતરીકે અથવા અપરાધી તરીકે જાણ્યા વિના કોઇને પ્રહાર કરવો નહિ, (૩૩) શત્રુઓને માર્યા પછી શોક કરવો નહિ (૩૪) અકસ્માત કોઇના પર ક્રોધ કરવો નહિ, (૩૫)અને અપરાધી ઉપર દયા રાખવી નહિ.(૩૬)

હે યુધિષ્ઠિર! આ લોકમાં અને પરલોકમાં જો તમારે કલ્યાણ સંપાદન કરવાની ઈચ્છા હોય તો રાજ્યાસનપર આરૂઢ થઇને એ છત્રીસે પ્રકારોને તમે વર્તનમાં મૂકો, કારણ કે, તેથી વિરુદ્ધ રીતે વર્તનારો રાજા અતિ મહાન ભયમાં આવી પડે છે. [૧૨] પરંતુ મેં કહેલા એ સર્વ પ્રકારોને જે રાજા અનુસરે છે તે આ લોકમાં સર્વ જાતનાં કલ્યાણોનો અનુભવ કરીને મુવા પછી સ્વર્ગલોકમાં પૂજાય છે.” [૧૩]

વૈશંપાયન કહે છેઃ–હે જનમેજય ! ભીષ્મ પિતામહનો એ ઉપદેશ સાંભળ્યા પછી ભીમસેન આદિ પાંડવભાઇઓથી વીંટાયલા બુદ્ધિમાન યુધિષ્ઠિર રાજાએ તેમને વંદન કર્યું અને તેમના કહ્યા પ્રમાણે વર્તવાનો આરંભ કર્યો.[૧૪]

ઈતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં અધ્યાય ૭૦ મો સમાપ્ત.

अध्याय ७१ मो

રાજધર્મનો સંક્ષેપ

॥ युधिष्ठिर उवाच ॥

कथं राजा प्रजा रक्षन्नाधिबंधेन युज्यते ॥
धर्मे च नापराध्नोति तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ–“ હે પિતામહ! હરકોઈ રાજા “ આટલી બધી પ્રજાઓનું હું એકલો કેવી રીતે રક્ષણ કરી શકીશ ? ” આવી માનસિક ચિંતાના બંધનમાં શું ન આવી પડે ? અને તેવી ચિંતાને લીધે તેના હાથે કોઈ ધાર્મિક અપરાધ શું ન થાય ? તે મને કહો”[૧]

ભીષ્મ બોલ્યાઃ–“ હે રાજન્ ! ધર્મોનું જો વિસ્તારથી કથન કરવા બેસીએ તો તેનો અંતજ ન આવે, માટે હું તમને સંક્ષેપમાંજ સર્વ સનાતન રાજધર્મો કહું છું તે તમે સાંભળો. [૨] ધર્મમાં નિષ્ઠાવાળા, શાસ્ત્રજ્ઞાનસંપન્ન, દેવોનું પૂજન કરવામાં તત્પર રહેનારા અને ગુણવાન એવા બ્રાહ્મણોનું પૂજન કરીને તમારે નિત્ય ગૃહયજ્ઞો કરવા. [૩] વળી તેવા પૂજ્ય બ્રાહ્મણો જ્યારે તમારે ઘેર આવે ત્યારે એકદમ ઉઠીને તેમની સામા જવું, તેમને ઘરમાં તેડી લાવી સન્માન આપવું અને તેમના ચરણોનો સ્પર્શ કરી પ્રણામ કરવા અને પછી પુરોહિતને સાથે રાખી તમારે સર્વ રાજ્યકાર્યો કરવાં. [૪] તે પહેલાં પણ તમારે સર્વ માંગલિક ધર્મકાર્યો કરી લેવાં ને પછી બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવીને અર્થસિદ્ધિ તથા વિજયને આપનારા વેદમંત્રોના આશીર્વાદ ગ્રહણ કરવા. [૫] હે ભારત ! સરળતા, ધૈર્ય અને બુદ્ધિસંપન્ન થઇને તમારે કામ અને ક્રોધનો ત્યાગ કરવો, ને તે પછી સર્વ યોગ્યતાભરેલાં કામકાજ હાથમાં લેવાં. [૬] પણ જે રાજા કામક્રોધને અધીન થઇને કાર્ય કરવાનો આરંભ કરે છે. તે રાજા પોતાની મૂર્ખાઇને લીધે ધર્મ કે અર્થને સંપાદન કરી શકતો નથી. [૭] હે રાજા ! તમારે પોતાનાં ઇષ્ટ કાર્યો સિદ્ધ કરવામાટે લોભી કે મૂર્ખ માણસોની યોજના કરવી નહિ, પણ ઉદાર અને બુદ્ધિસં-

પન્ન માણસોનીજ સર્વ કાર્યોમાં યોજના કરવી.[૮] કારણ કે કાર્યો કરવામાં અકુશલ એવા મૂર્ખ અધિકારીની કાર્યોમાં યોજના કરી હોય તો તે કામક્રોધાધીન અધિકારી, અનીતિ કરીને પ્રજાઓને દુઃખી કરે છે. [૯] પ્રજાઓ પાસેથી રાજગ્રાહ્ય છઠ્ઠો ભાગ લઇને, અપરાધીઓને યથાયોગ્ય દંડ કરીને તથા વ્યાપારીઓ પાસેથી શાસ્ત્રાનુસાર દાણ લઇને તમારે ધન સંપાદન કરવાની ઇચ્છા કરવી. [૧૦] પ્રજાઓ પાસેથી યથાયોગ્ય કર લઇને નીતિ અને વિધિપૂર્વક રાજ્યનું રક્ષણ કરવું તથા તેવા કોઇ ગરીબ માણસો પાસેથી ધાન્યાદિનો છઠ્ઠો ભાગ લઇ લેતાં તેઓ પાસે એક વર્ષપર્યંત ચાલે તેટલી ખોરાકી જો ન રહે તો રાજાએજ ઉત્સાહપૂર્વક તેઓના યોગક્ષેમનો નિર્વાહ કરવો. [૧૧] જે રાજા યથાયોગ્ય રક્ષણ કરે છે, દાનશીલ હોય છે, નિત્ય ધર્મપરાયણ હોય છે, આલસ્યથી રહિત હોય છે તથા રાગદ્વેષથી રહિત હોય છે તેનાપર મનુષ્યો પ્રેમાળ બની રહે છે. [૧૨] વળી હે યુધિષ્ઠિર! લોભથી કે અધર્મથી ધન મેળવવાની તમારે કદી ઇચ્છા કરવી નહિ. કારણ કે જે રાજા શાસ્ત્રપરાયણ રહેતો નથી તે રાજાના ધર્મ અને અર્થ નાશવંત હોય છે.[૧૩] કેવળ અર્થશાસ્ત્રનેજ અનુસરનારો રાજા ધર્મને કે અર્થને સંપાદન કરી શકતો નથી અને તેણે મેળવેલું સર્વ દ્રવ્ય પણ અયોગ્ય માર્ગે ખર્ચાઈજઇને વિનાશજ પામે છે;[૧૪] અને જે રાજા કેવળ અર્થાર્થીજ બની જઈને પ્રજાઓ પર શાસ્ત્રવિરુદ્ધ અનેક જાતના કરો નાખે છે અને તેદ્વારા પ્રજાઓને પીડે છે, તે રાજા મોહાધીન થઇને કેવળ પોતેજ પોતાનો નાશ કરે છે. [૧૫] જેમ દાખલા તરીકે, કોઈ એક પુરુષ દૂધ મેળવવાની ઇચ્છાથી ગાયના ઉધસૂને (આઉને-આવલાને-અડાણને-જેમાંથી દૂધ નીકળે છે તેને) જો કાપી નાખે તો તેને દૂધ મળી શકતું નથી પણ ઉલટું ગાયનું મૃત્યુ થવાથી પોતાની ગાયનેજ ખોઈ બેસે છે તેમ, રાષ્ટ્રને પણ અનીતિના માર્ગે જો પીડવામાં આવે તો તેની વૃદ્ધિ થતી નથી પણ ઉલટો નાશ થાય છે. [૧૬] જેમ કોઈ મનુષ્ય દૂઝણી ગાયનું નિરંતર જો પાલન કરે છે તો તેને સદાકાળ દૂધ મળ્યા કરે છે, તેમ યોગ્ય ઉપાયોથી રાષ્ટ્રનું રક્ષણ કરનારો રાજા ઉત્તમ ફળ મેળવે છે.[૧૭] હે યુધિષ્ઠિર! જે રાજા યોગ્ય ઉપાયોદ્વારા રાષ્ટ્રનું રક્ષણ કરીને તેનો જો ઉપભોગ કરે છે તો તેનો કોશ, ધનથી ભરચક બની જાય છે;[૧૮] જેમ તૃપ્ત થયેલી (ગો) માતા પોતાના બાળકોને તથા બીજાઓને બન્નેને નિરંતર દૂધ આપે છે તેમ રાજાના સુયોગ્ય રક્ષણથી રક્ષાયલી પૃથ્વી નિરંતર ધાન્ય અને સુવર્ણ આપ્યા કરે છે. [૧૯] હે રાજન્! તમારે વૃક્ષોનું પાલનપોષણ કરનારા માળીના જેવું થવું પણ વૃક્ષોને બાળી મૂકીને કોલસા પાડનારાના જેવા થવું નહિ; અને આ રીતે બરાબર સાવધાન થઈને પ્રજાઓનું તમે જો પાલન કરશો તો ચિરકાળપર્યંત રાજ્ય ભોગવી શકશો.[૨૦]

હવે, જો શત્રુ સૈન્યનાપર ચઢાઇ કરવાથી તમારી પાસે કદાચ ધન ખૂટી પડે તો તમારે બ્રાહ્મણોસિવાયની સર્વ પ્રજાઓ પાસેથી સામ ઉપાયવડે ધન મેળવવું. [૨૧] હે ભરતવંશી રાજા! તમે કદાચ છેક દ્રવ્યરહિત થઇને અધમ અવસ્થામાં આવી પડો તોપણ તમારૂં મન ધનવાન બ્રાહ્મણને જોઇને તેનું દ્રવ્ય લેવામાટે ચલાયમાન થવું નહિ જોઈએ, તો પછી તમે જ્યારે ધનસમૃદ્ધિસંપન્ન હો ત્યારે તો બ્રાહ્મણદ્રવ્ય લેવા માટે ક્યાંથીજ તત્પર થઇ શકો? [૨૨] તમારે તમારી શક્તિ પ્રમાણે અને તેઓની યોગ્યતા પ્રમાણે બ્રાહ્મણોને ધનનું દાન કરવું તથા તેઓનું સાંત્વન કરીને રક્ષણ કરવું, જેથી તમે દુર્લભ એવા સ્વર્ગને પણ મેળવી શકશો. [૨૩] હે કુરુનંદન! એ રીતનું ધર્માચરણ કરીને તમારે પ્રજાઓનું પાલન કરવું, જેથી તમને અક્ષય પુણ્યની તથા યશની પ્રાપ્તિ થશે. [૨૪] હે પાંડુપુત્ર યુધિષ્ઠિર! તમે ધર્મ તથા વ્યવહારને અનુસરીને પૂર્વોક્ત પ્રકારે જો પ્રજાઓનું પાલન કરશો તો માનસિક પીડાના બંધનમાં કદી સપડાશો નહિ. [૨૫] સર્વ પ્રજાઓનું રક્ષણ કરવું અને પ્રાણિમાત્રપર પરમ દયા રાખવી, એ રાજાનો પરમ ધર્મ છે.[૨૬] એ ઉપર-

થીજ ધર્મવેત્તા મહાપુરુષો માને છે કે, લોકરક્ષણમાં યુક્ત થઈને જે રાજા સર્વ પ્રાણીઓપર દયા કરે છે, તેજ એનો પરમ ધર્મ છે.[૨૭] ભયના પ્રસંગોમાંથી પ્રજાઓનું રક્ષણ નહિ કરનારો રાજા,એકજ દિવસમાં જે કંઇ પાપ કરે છે, તેમાંથી છૂટવા માટે તેને એક હજાર વર્ષ જેટલા સમયસુધી નરકયાતનાઓ ભોગવવી પડે છે;[૨૮] તેમજ પ્રજાઓનું ધર્મપૂર્વક પાલન કરીને રાજા એકજ દિવસમાં જે ધર્મ સંપાદન કરે છે, તે બદલ તેને દશહજાર વર્ષપર્યંત સ્વર્ગનો સુખોપભોગ મળે છે.[૨૯] અરે, એટલુંજ નહિ પણ ઉત્કૃષ્ટ યજ્ઞો કરનારો ગૃહસ્થાશ્રમી, ઉત્તમ પ્રકારે વેદાધ્યયન કરનારો બ્રહ્મચારી અને મહાતીક્ષ્ણ તપશ્ચર્યા કરનારો વાનપ્રસ્થ જે દિવ્યલોકને મેળવે છે, તેજ લોકને ધર્મપૂર્વક પ્રજાઓનું પાલન કરનારો રાજા એક ક્ષણમાં મેળવે છે;[૩૦] માટે હે કુંતાપુત્ર! એ પ્રજાપાલનરૂપ સ્વધર્મનુંજ તમે પરિપાલન કરો, જેથી મહાન પુણ્યફળ સંપાદન કરીને તમે માનસિક વ્યથાના બંધનમાં સપડાશો નહિ;[૩૧] અને હે પાંડવ! સ્વર્ગલોકમાં તમને મહાન લક્ષ્મી (ઐશ્વર્ય) પ્રાપ્ત થશે. રાજાસિવાયના બીજા પુરુષોવિષે આવું ધર્માચરણ છેક અસંભવિતજ છે, માટે રાજાનેજ આવા પરમ ધર્મનું ફળ મળે છે. તે સિવાયના બીજા પુરુષને તે ધર્મનું ફળ મળતું નથી; અને વળી તમે તો ધૈર્યસંપન્ન છો, તેમજ ધર્મપૂર્વક રાજ્યને પામ્યા છો, માટે રાજ્યારૂઢ થઇને પ્રજાઓનું પાલન કરો, સોમયાગ કરીને ઇંદ્રને તૃપ્ત કરો અને મનોરથો પૂર્ણ કરાવીને સુહૃદ્વર્ગને પ્રસન્ન કરો.[૩૨,૩૩]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત
રાજધર્માનુશાસન પર્વમાં અધ્યાય
૭૧ મો સમાપ્ત.

अध्याय ७२ मो

બ્રાહ્મણોની શ્રેષ્ઠતાવિષે વાયુ અને પુરૂરવાનો સંવાદ

॥ भीष्म उवाच ॥

य एव तु सतो रक्षेदसतश्च निवर्तयेत् ॥
स एव राज्ञा कर्तव्यो राजन् राजपुरोहितः॥१॥

ભીષ્મ બોલ્યાઃ-“હે રાજન્! જે બ્રાહ્મણ સત્પુરુષોનું રક્ષણ કરે તથા દુષ્ટોને રાજ્યમાંથી દૂર કરે, તે બ્રાહ્મણનેજ રાજાએ રાજપુરોહિત કરવો.[૧] આના સંબંધમાં વાયુ અને ઈલાપુત્ર પુરૂરવાના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસ જગતમાં કહેવાય છે તે આ પ્રમાણે છેઃ-[૨] એક સમયે પુરૂરવાએ વાયુદેવને પૂછ્યું કેઃ-“હે વાયુદેવ! બ્રાહ્મણવર્ણ ક્યાંથી ઉત્પન્ન થયો અને બીજા ત્રણ વર્ણો પણ ક્યાંથી ઉત્પન્ન થયા ? વળી તેમાં બ્રાહ્મણવર્ણ સર્વના કરતાં શ્રેષ્ઠ શામાટે ? તે મને કહો.”[૩]

વાયુએ કહ્યુંઃ-“બ્રાહ્મણવર્ણ બ્રહ્મદેવના મુખમાંથી ઉત્પન્ન થયેલ છે, ક્ષત્રિય તેમના બાહુમાંથી ઉત્પન્ન થયેલ છે, વૈશ્ય તેમની સાથળમાંથી ઉત્પન્ન થયેલ છે અને તે ત્રણે વર્ણોની સેવા કરવા માટે ચોથો શૂદ્રવર્ણ તેમના ચરણમાંથી ઉત્પન્ન થયો છે.[૪-૫]

ब्राह्मणो जायमानो हि पृथिव्यामनुजायते ॥
ईश्वरः सर्वभूतानां धर्मकोशस्य गुप्तये ॥६॥

‘બ્રાહ્મણ, પોતાના જન્મની સાથેજ સર્વ ભૂતોનો ઇશ્વર થઇને પૃથ્વીપર રહેલા ધર્મરૂપ કોશ (ખજાનો)નું રક્ષણ કરવા માટે અધિકારી બને છે.’[૬] આ બ્રાહ્મણ વર્ણ પછી ક્ષત્રિયવર્ણને પૃથ્વીનું નિયમન કરવા માટે તથા દંડ ધારણ કરીને પ્રજાઓનું રક્ષણ કરવા માટે જાણે મૂર્તમાન બીજો દંડજ હોયની તેમ ઉત્પન્ન કર્યો છે.[૭] ત્રીજા વૈશ્યવર્ણે ધનધાન્યાદિ ઉત્પન્ન કરીને સર્વ મનુષ્યોનું ભરણપોષણ કરવું તથા ચોથા શૂદ્રવર્ણે સર્વ વર્ણોની સેવા કરવી, એવી બ્રહ્મદેવની આજ્ઞા છે.”[૮]

પુરૂરવાએ પૂછ્યુંઃ-“હે વાયુદેવ! આ પૃથ્વીપર ધર્મસિદ્ધ હક્ક કોનો ગણાય ? બ્રાહ્મણનો હક્ક ગણાય કે ક્ષત્રિયનો? તે મને સ્નેહપૂર્વક કહો.”

વાયુએ કહ્યુંઃ-“ધર્મકુશલ મહાત્માઓ કહે છે કે, બ્રાહ્મણકુલ સર્વ વર્ણોના કરતાં જયેષ્ઠ છે-શ્રેષ્ઠ છે, માટે આ પૃથ્વી અને પૃથ્વીપરના જેટલા પદાર્થો છે તે સર્વના પર કેવળ

બ્રાહ્મણનોજ ધર્મસિદ્ધ હક્ક છે.[૧૦] તેથી બ્રાહ્મણ પોતાનાજ દ્રવ્યનો ઉપભોગ કરે છે, પોતાનાંજ વસ્ત્રો પહેરે છે અને પોતાનુંજ સર્વ કોઇને આપે છે. વળી બ્રાહ્મણ સર્વ વર્ણોનો ગુરુ છે, સર્વના કરતાં જ્યેષ્ઠ છે અને શ્રેષ્ઠ પણ છે.[૧૧] આ મુખ્ય પક્ષ મેં તમનો કહ્યો; પણ જેમ પોતાના પતિના મૃત્યુ પછી સ્ત્રી પોતાના દિયરને પતિતરીકે સ્વીકારે છે, તેમ આ પૃથ્વી બ્રાહ્મણોની સંમતિને લીધેજ ક્ષત્રિયને પોતાના પતિતરીકે સ્વીકારે છે અને આપત્કાળમાં આનાથી પણ બીજો એક પક્ષ શાસ્ત્રમાં છે.[૧૨] હે રાજા! તમને સ્વર્ગમાં જો ઉત્તમ સ્થાન મેળવવાની ઈચ્છા હોય અને સ્વધર્મ સંપાદન કરવાની જો ઇચ્છા હોય, તો તમે જે પૃથ્વીપર વિજય મેળવો તે સઘળી પૃથ્વી શાસ્ત્રજ્ઞાનસંપન્ન, સદાચરણનિષ્ઠ, સ્વધર્મને જાણનાર, તપશ્ચરણયુક્ત, સ્વધર્મમાં તૃપ્ત રહેનાર અને ધનસંચય કરવામાં આસક્ત નહિ રહેનાર બ્રાહ્મણને અર્પણ કરી દેજો;[૧૩,૧૪] કારણ કે જે બ્રાહ્મણ ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલો હોય છે, બુદ્ધકુશળ હોય છે તથા ઉત્તમ કેળવણીને પામેલો હોય છે,તે બ્રાહ્મણ પોતાની બુદ્ધિનો સંપૂર્ણ ઉપયોગ કરીને રાજાને સન્માર્ગે લઇ જાય છે અને અનેક પ્રકારના ઉપદેશવાળી વાણી કહીને રાજાનું કલ્યાણ કરે છે; તેમજ જે કોઈ બુદ્ધિમાન રાજા તેવા બ્રાહ્મણે દર્શાવેલા ધર્મનું આચરણ કરે છે અને ક્ષાત્રધર્મપરાયણ રહીને તથા અહંકારનો ત્યાગ કરીને જો બ્રાહ્મણે કહેલાં હિતોપદેશનાં વચનો સાંભળવાની આદરપૂર્વક ઇચ્છા કરે છે તો તે રાજા પ્રજાઓનો સત્કાર સંપાદન કરીને ઘણોજ યશસ્વી બને છે.[૧૫,૧૭] તેમજ તે રાજાનો પુરોહિત પણ સર્વ પ્રકારના ધર્મોનો ભાગી બને છે. એ પ્રમાણેજ જે રાજ્યની સર્વ પ્રજાઓ રાજાનો આશ્રય કરી રહે છે, શાસ્ત્રોક્ત આચારથી સંપન્ન છે, પોતપોતાના ધર્મમાં સ્થિતિ કરનારી છે, સર્વ પ્રકારના ભયથી રહિત છે અને રાજાના ઉત્તમ રક્ષણથી રક્ષિત છે, તે સર્વ પ્રજાઓ જે કંઈ ધર્માચરણ કરે છે, તેનો ચોથો ભાગ તેના રાજાને પણ મળે છે. સર્વ દેવો, મનુષ્યો, પિતૃઓ, ગંધર્વો, સર્પો અને રાક્ષસો કેવળ યજ્ઞ ઉપરજ જીવી રહ્યા છે, પરંતુ જે દેશમાં રાજાનો અભાવ હોય છે તે દેશમાં યજ્ઞ યાગાદિ થતા નથી. વળી યજ્ઞોની અંદર અર્પણ કરેલાં હવ્ય દ્રવ્યોવડે દેવો તથા પિતૃઓ જીવી રહ્યા છે, અને તે સર્વ યજ્ઞાદિ ધર્મના યોગક્ષેમનો નિર્વાહ કેવળ રાજાના આધારેજ સ્થિતિ કરી રહ્યો છે. સર્વ કોઈ નિર્ભય પુરૂષનું અંતઃકરણ, ગ્રીષ્મઋતુના પ્રખર તાપમાં વૃક્ષોની શીતળ છાયામાં, જળમાં તથા વાયુવાળા પ્રદેશમાં સુખી થાય છે; શીતકાળની ઠંડીના સમયે અગ્નિ, વસ્ત્ર કે સૂર્યનું સેવન કરીને સુખી થાય છે, તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પાંચ વિષયોને લગતા સર્વ ભોગોમાં પણ જે મનુષ્ય નિર્ભય હોય તેજ સુખ મેળવી શકે છે, માટે જે રાજા સર્વને અભય આપે છે તેને અતિ મહાન પુણ્યફળ પ્રાપ્ત થાય છે; કારણ કે ત્રણે લોકમાં પ્રાણદાન(અભયદાન)સમાન બીજું એક પણ દાન ઉત્તમ નથી, જેથી તે પ્રાણદાનને આપનારો રાજા ઇંદ્રસ્વરૂપ છે, યમસ્વરૂપ છે તથા ધર્મસ્વરૂપ છે અને ખરી રીતે તો રાજા, સર્વ દેવોનાં સ્વરૂપ ધારણ કરે છે એટલુંજ નહિ પણ રાજાજ સર્વ જગતને ધારણ કરી રાખે છે.[૧૮,૨૬]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત
રાજધર્માનુશાસન પર્વમાં અધ્યાય
૭૨ મો સમાપ્ત.

अध्याय ७३ मो

રાજપુરોહિત કેવો કરવો જોઇએ?

॥ भीष्म उवाच ॥

राज्ञा पुरोहितः कार्यो भवेद्विद्वान् बहुश्रुतः।
उभौ समीक्ष्य धर्मार्थावप्रमेयावनंतरम् ॥१॥

ભીષ્મે કહ્યુંઃ-હે રાજા! “ધર્મ તથા અર્થનું સ્વરૂપ ઘણું વિશાળ હોઇને દુર્જ્ઞેય પણ છે.” આમ સમજીને સર્વ રાજાએ, વિ-

લંબ કર્યા વિના તુરતજ બહુશ્રુત અને વિદ્વાન એવો એક પુરોહિત કરવો જોઇએ.[૧] હે રાજન્! જે રાજાઓનો પુરોહિત, ધર્માત્મા અને રાજકીય વિચારોને જાણનારો છે તથા જે પ્રજાઓનો રાજા પણ તેવોજ ધર્માત્મા અને મંત્રવેત્તા છે, તેઓનું સર્વથા કુશલ થાય છે.[૨] રાજા અને પુરોહિત જો અન્યોન્ય મિત્રભાવથી વર્તીને એકચિત્ત રહે છે, તો તેઓ બન્ને એકઠા મળીને પ્રજાઓની વૃદ્ધિ કરી શકે છે; દેવો, પિતૃઓ તથા પુત્રોને તૃપ્ત કરી શકે છે પરંતુ તેઓ બન્નેએ ધર્મનિષ્ઠ, શ્રદ્ધાળુ અને મહાતપસ્વી થવું જોઇએ. તેમજ પ્રજાઓએ પણ બ્રાહ્મણોનું અને ક્ષત્રિયોનું સન્માન કરવું જોઇએ, જેથી તેઓ સુખી થાય છે; પણ સર્વ વર્ણોનું મૂળ બ્રાહ્મણો અને ક્ષત્રિયોજ કહેવાય છે, માટે તેઓનું અપમાન કરવાથી પ્રજાઓ નાશજ પામે છે.[૩-૫] હે યુધિષ્ઠિર! આ વિષયમાં ઐલ રાજાના તથા કશ્યપ મુનિના સંવાદરૂપે એક પ્રાચીન ઇતિહાસ કહેવાય છે, તે હું તમને કહું છું સાંભળો.[૬]

ઐલે પૂછ્યું:-" હે કશ્યપ મુનિ! જ્યારે બ્રાહ્મણ ક્ષત્રિયના આશ્રયનો ત્યાગ કરે છે અને ક્ષત્રિય બ્રાહ્મણના આશ્રયનો ત્યાગ કરે છે, ત્યારે પાછળથી તેઓમાં કોણ વિશેષ બળવાન થાય છે? અને બીજા વર્ણો તેઓ બન્નેમાંથી કોના બળને આધારે ટકી રહે છે, તે મને કહો."[૭]

કશ્યપે કહ્યું:-" જે રાષ્ટ્રમાં બ્રાહ્મણો અને ક્ષત્રિયોવચ્ચે વિરોધ ઉભો થાય છે, તે રાષ્ટ્ર ક્ષત્રિયની રક્ષાતળે રહ્યું હોય તોપણ નાશ પામે છે અને તે રાષ્ટ્રમાં પાછળથી ચોર લોકો બળવાન થઈ પડે છે તેથી સત્પુરુષો અનુમાનથી* જાણે છે કે, આ રાષ્ટ્રનો રાજા મ્લેચ્છજાતિનો છે.[૮] જ્યારે બ્રાહ્મણો અને ક્ષત્રિયો અન્યોન્યનો ત્યાગ કરે છે, ત્યારે તેઓમાં બ્રહ્મજ્ઞાનની વૃદ્ધિ થતી નથી, તેઓને ત્યાં પુત્રપૌત્ર થતા નથી, દહીંનાં વલોણાં વલોવાતાં નથી અને તેઓની સંતતિ વેદાધ્યયન કરતી નથી;[૯] તેમજ જ્યારે ક્ષત્રિયો બ્રાહ્મણોનો ત્યાગ કરે છે, ત્યારે તેઓનાં ગૃહોમાં ધનની વૃદ્ધિ થતી નથી, તેઓને ઉત્તમ પ્રકારની સંતતિ પ્રાપ્ત થતી નથી, તેઓને હાથે યજ્ઞયાગાદિ થતા નથી અને તેઓ પોતે પણ ચોરના જેવી સ્થિતિમાં આવી પડીને વર્ણસંકર બની જાય છે;[૧૦] માટે બ્રાહ્મણ અને ક્ષત્રિય, અન્યોન્યના અસ્તિત્વમાં કારણભૂત હોઇને બ્રાહ્મણ, ક્ષત્રિયનું ઉત્પત્તિસ્થાન છે અને ક્ષત્રિય, બ્રાહ્મણનું ઉત્પત્તિસ્થાન છે.[૧૧] બ્રાહ્મણ અને ક્ષત્રિય અન્યોન્યનું શરણ લઇને જો કામ કરે છે, તો સદાને માટે મહાન પ્રતિષ્ઠાને+ પામે છે; પરંતુ તેઓ બન્ને વચ્ચેની પુરાણ સંધિમાં કોઇ જાતની જો ફાટફૂટ થાય છે તો જગતનો સર્વ પ્રજાસંઘ મોહગ્રસ્ત બની જાય છે-મહાન સંશયમાં આવી પડે છે;[૧૨] એટલુંજ નહિ પણ બ્રાહ્મણક્ષત્રિય વચ્ચેની પ્રાચીન કાળની સંધિનો ભેદ થતાં, મહા અગાધ સમુદ્રમાં ભાંગી પરેલી નૌકાની પેઠે કોઇ પણ મનુષ્ય આ સંસારસમુદ્રના પારને પામી શકે નહિ, ને પછી ચારે વર્ણો જ્યારે અત્યંત મોહગ્રસ્ત બની જાય છે, ત્યારે સર્વ પ્રજાઓનો સંહાર થવા લાગે છે.[૧૩] બ્રાહ્મણરૂપી એક વૃક્ષ છે. તેનું જો રક્ષણ કરવામાં આવે તો સુખ અને સુવર્ણરૂપી ફળોની વૃષ્ટિ કરી મૂકે છે; અને જો રક્ષણ કરવામાં ન આવે તો તે, દુઃખ અને નરકરૂપ ફળની વૃષ્ટિ કરી મૂકે છે.[૧૪] જે દેશમાં રાજ્યરક્ષારહિત થયેલો બ્રાહ્મણ બ્રહ્મચારી, દુષ્ટ મનુષ્યોએ કરેલાં વિઘ્નોને લીધે પોતાની વેદશાખાથી ભ્રષ્ટ થાય છે અને વેદાધ્યયન કરવા માટે ક્ષત્રિયરૂપ રક્ષણની ઇચ્છા કરે છે, તે દેશમાં વૃષ્ટિ અત્યંત દુર્લભ થઇ પડે છે ને તે ઉપરાંત મહામારી, દુષ્કાળ વગેરે દુઃસહ ઉપદ્રવો વધી પડે છે.[૧૫] જે સમયે કોઇ પાપી પુરુષ, સ્ત્રીહત્યા અથવા બ્રાહ્મણહત્યા

---

* "भोगेन ज्ञायते कर्म कर्मणा ज्ञायते जनिः" ભોગથી કર્મ જણાય છે અને કર્મથી જાતિ જણાય છે.

+ ક્ષત્રિયનું શરણ લઇને બ્રાહ્મણો નિર્વિઘ્ન તપશ્ચર્યા કરી શકે છે અને બ્રાહ્મણોનું શરણ લઇને ક્ષત્રિયો વિજયને મેળવી શકે છે. **નીલકંઠ**

કરીને પણ જગતમાં પ્રશંસાને પામે છે તથા રાજાની પાસે જઇને પણ લેશમાત્ર ડરતો નથી તે સમયે સમજવું કે, ક્ષત્રિયો હવે ભયમાં આવી પડ્યા છે.[૧૬] હે ઐલરાજા! પાપી લોકો જ્યારે પુષ્કળ પાપ કરવા માંડે છે, ત્યારે આ જગતમાં રુદ્રદેવ અવતાર ધારણ કરે છે (કલિકાળનો આરંભ થાય છે). પાપી લોકોજ પોતાનાં પાપકર્મોને લીધે રુદ્રદેવને જગતમાં જન્મ આપે છે અને પછી તે રુદ્રદેવ સર્વ સાધુ–અસાધુ પુરુષોનો વિનાશ કરે છે."[૧૭]

અલે પૂછ્યું:–"હે કશ્યપ મુનિ! એ રુદ્રદેવ કયાંથી ઉત્પન્ન થાય છે? તેમનું સ્વરૂપ કેવું હોય છે? જ્યારે પ્રાણીજ પ્રાણીનો નાશ કરતું જોવામાં આવે છે, ત્યારે એ રુદ્રદેવને સર્વના સંહારકર્તા કેમ માની શકાય? વળી એ રુદ્રદેવ જન્મ શામાટેં ધરે છે? તે સર્વ મને કહો."[૧૮]

કશ્યપ બોલ્યા:–"હે રાજા! સર્વ પુરુષોના હૃદયમાં રહેલો આત્માજ તેવા પ્રસંગોમાં રુદ્રનું સ્વરૂપ ધારણ કરે છે અને તેજ પોતાના શરીરનો તથા પારકા શરીરનો નાશ કરે છે. જેમ આકાશમાં ઉત્પન્ન થયેલો ઉત્પાત વાયુ આકાશમાં રહેલાં મેઘમંડલોને જ્યાં પોતાની ઈચ્છામાં આવે ત્યાં ઘસડી જાય છે, કડાકા ને ભડાકા કરાવી મૂકે છે અને વિજળી, વજ્ર તથા જળધારાની વૃષ્ટિ વરસાવી મૂકે છે, તેમ હૃદયમાં ઉત્પન્ન થયેલા રુદ્રદેવ (કામક્રોધાદિ), જીવદ્વારા સર્વ હિંસક કર્મોજ કરાવે છે–અર્થાત્ રુદ્રદેવનું સ્વરૂપ ઔત્પાતિક વાયુના જેવું અથવા તે વાયુએ ભમાવેલા મેઘમંડલોના જેવું હોય છે."[૧૯]

ઐલે પૂછ્યું:–"હે કશ્યપ મુનિ! તમે કહ્યું કે, રુદ્રદેવનું સ્વરૂપ વાયુના જેવું અથવા મેઘના જેવું છે, પણ તે ઘટી શકતું નથી; કારણ કે આકાશની અંદર રહેલો વાયુ અને મેઘ, પ્રત્યક્ષ અથવા શાસ્ત્રજ્ઞાનદ્વારા આકાશથી ભિન્નસ્વરૂપે દેખાય છે; પરંતુ એ પ્રમાણે આત્મા અને આત્માને ભમાવનારા કામક્રોધાદિ, અન્યોન્યથી ભિન્નસ્વરૂપે જોવામાં આવતા નથી; તેમજ અગ્નિમાં જેમ ઉષ્ણતા રહેલી છે તેમ આત્માની અંદર કામ અને ક્રોધ રહેલા છે અને તેઓ આત્માના સંબંધમાં આવી તેને મોહિત કરી દે છે. વળી વાયુ અમુક કોઇએક વસ્તુને જોઇને તેની આસપાસ વીંટાઈ વળતો નથી ને મેઘ પણ સદાને માટે વૃષ્ટિ કર્યા કરતો નથી. પણ મનુષ્યોમાં રહેલા કામક્રોધવડે તો સર્વ કોઇ બંધાય છે અને સર્વ કોઇ મોહિત થાય છે; માટે તમે આપેલું દૃષ્ટાંત સંપૂર્ણ રીતે ઘટી શકતું નથી તેનું કેમ"?[૨૦]

કશ્યપે કહ્યું:–"જેમ કોઇએક ગૃહમાં પ્રદીપ્ત થયેલો અગ્નિ ધીમે ધીમે આખા ગામને અથવા અમુક મહોલ્લાને બાળીને ભસ્મ કરી નાખે છે, તેમ આ રુદ્રદેવ પણ સર્વ કોઇને મોહિત કરી નાખે છે તથા સર્વ જગતને પુણ્યપાપનો સંબંધ કરાવે છે.*"[૨૧]

ઐલે પૂછ્યું:–"પાપી અને પુણ્યાત્મા બન્ને પુરુષને રુદ્રદેવ સરખીજ શિક્ષા કરે છે તોપછી પાપ વિશેષ કરવાથી અથવા પુણ્ય વિશેષ કરવાથી ફળદૃષ્ટિએ અધિકતા શી રહી? અને પછી

---

* આ એકવીસમા શ્લોકમાં કહેવાનો ભાવ એ છે કે, જેમ અગ્નિ અલ્પ હોય છે છતાં અધિક અધિક કાષ્ઠસમુદાયમાં આરૂઢ થઇને આખા ગામને બાળી મૂકે છે, પણ તેમાં ઉપલક દૃષ્ટિએ જોતાં એમજ જણાય છે કે, કાષ્ઠસમુદાય જ્યાંસુધી એકલો હતો, ત્યાંસુધી તેમાં દાહકશક્તિ ન હતી અને અગ્નિ પણ જ્યાંસુધી એકલો હતો ત્યાંસુધી તેનામાં એટલી બધી દાહકશક્તિ ન હતી. પરંતુ તેઓ બન્ને એકત્ર મળીનેજ સર્વને બાળી નાખે છે. વળી જો વિવેકદૃષ્ટિથી જોઇએ છીએ તો જણાય છે કે, અગ્નિજ કાષ્ઠરૂપ ઉપાધના યોગથી અન્યનો દાહક થઇ શકે છે. એ પ્રમાણેજ આત્મારૂપ કાષ્ઠમાં આરૂઢ થઇને અહંકારરૂપ અગ્નિ, કામક્રોધાદિરૂપ વાયુના ઝપાટાથી પ્રદીપ્ત થઇને રુદ્રદેવનું સ્વરૂપ ધારણ કરે છે અને પછી 'લોઢું બાળે છે, લાકડાં રાંધે છે' ઇત્યાદિ ઔપચારિક વાક્યોની પેઠે અહંકારકૃત કર્તૃત્વનો આત્માને વિષે કેવળ ઔપચારિક આક્ષેપ કરવામાં આવે છે; માટે સર્વ જગત ખરૂં જોતાં અસંગ છે તોપણ જળમાં રહેલા ચંદ્રની પેઠે પુણ્યપાપના સંગવાળું કહેવાય છે–અર્થાત્ જગત શબ્દવાચ્ય આત્મા કેવળ અસંગ છે. **નીલકંઠ**

મનુષ્ય ઉત્તમ ફળ મેળવવા માટે પુણ્ય શામાટે કરે અને કેવળ પાપજ શામાટે ન કરે? અર્થાત્ આત્મા પુણ્યપાપથી રહિત છે છતાં પાપની અધિકતારૂપ નિમિત્તને લીધે ગાલનતાડન આદિ પાપજન્ય દુઃખનો તેને અનુભવ કરવો પડે છે; અને તેમાં મોહજ કારણભૂત છે, એમ તમે જો કહેતા હો તો " પુણ્ય કરવું અને પાપ નહિ કરવું " એ શાસ્ત્રની આજ્ઞા વ્યર્થ થાય છે; અને આત્માની અંદર વાસ્તવિક દૃષ્ટિએ દુઃખનો અભાવ જો સિદ્ધજ છે તોપછી મોહ જન્ય દુઃખની નિવૃત્તિ કરવા માટે તે તે સાધનોનો સ્વીકાર કરવો તે પણ વ્યર્થજ છે, તે માટે તમે શું કહો છો ?"[૨૨]

કશ્યપે કહ્યું:–"પાપનો લેશમાત્ર સંબંધ નહિ હોવા છતાં નિષ્પાપ પુરુષોને પાપીઓના સંગને લીધેજ રુદ્રદેવની શિક્ષા ભોગવવી પડે છે. જેમ દાખલાતરીકે, લીલું લાકડું સૂકાં લાકડાંનો સંગ કરીને જો રહ્યું હોય છે તો તેની સાથે તે પણ બળી જાય છે; માટે પુણ્યવાન પુરુષે પાપીઓનો કદી પણ સંગ કરવો નહિ×"[૨૩]

ઐલે પૂછ્યું:–" પાપ અને પુણ્યના ફળમાં કોઇ જાતની વિશેષતા હોય, એમ મને જોવામાં આવતું નથી; કારણ કે પૃથ્વી પાપીને તથા પુણ્યશાળીને બન્નેને એકસરખી રીતેજ ધારણ કરે છે, સૂર્ય પાપીને તથા પુણ્યવાનને–બન્નેને એકસરખોજ તાપ આપે છે, વાયુ પાપીને તથા પુણ્યશાળીને બન્નેને એકસરખી રીતે વાય છે, તથા જળ પાપીને અને પુણ્યશાળીને બન્નેને એકસરખી રીતેજ પવિત્ર કરે છે, તોપછી પાપ અને પુણ્યના ફળમાં વિશેષતા શી છે"?[૨૪]

કશ્યપે કહ્યું:–"હે રાજપુત્ર! તમે કહો છો તેમ, કેવળ આ મનુષ્યલોકમાંજ જોવામાં આવે છે; પણ પરલોકમાં તેમ હોતું નથી. જે મનુષ્ય કેવળ પુણ્યજ કરે છે. અને જે મનુષ્ય કેવળ પાપજ કરે છે, તેઓ બન્નેને મરણ પછી જૂદાં જૂદાં વિશેષ ફળોનો અનુભવ કરવો પડે છે.[૨૫] પુણ્યશાળી મનુષ્યને મધુમાન, ઘતાર્ચિ, હિરણ્યજયોતિ અને અમૃતનાભિ–વગેરે દિવ્ય લોકોની પ્રાપ્તિ થાય છે, કે જે લોકમાં ગયેલો બ્રહ્મનિષ્ઠ પુરુષ, જરા, મૃત્યુ અને દુઃખના અભાવને લીધે આનંદમગ્ન રહે છે. તેમજ પાપી મનુષ્યને નરકલોકની પ્રાપ્તિ થાય છે. કે જે લોકમાં ગાઢ અંધકાર છે, સદાને માટે દુઃખજ છે તથા લગભગ શોકનીજ અધિકતા છે. પાપકર્મ કરનારો મનુષ્ય એ નરકલોકમાં ઘણાં વર્ષોસુધી અધમ સ્થિતિએ રહીને પોતાનાં પાપકર્મોમાટે શોક કર્યા કરે છે.

આ રીતે બ્રાહ્મણ અને ક્ષત્રિયોમાં માંહોમાંહે વિરોધ થયાના પરિણામે પ્રજાઓમાં દુઃસહ દુઃખનો પેસારો થઇ જાય છે, એમ સમજીને રાજાએ, સર્વ વિદ્યામાં કુશળતા ધરાવનારો એક રાજપુરોહિત અવશ્ય કરવો જોઇએ;[૨૮] અને તેવો પુરોહિત કર્યા પછીજ રાજાએ પોતાનો રાજ્યાભિષેક કરાવવો જોઇએ, એવી ધર્મશાસ્ત્રની આજ્ઞા છે. વળી બ્રહ્મવેત્તાઓ કહે છે કે, ધર્મદૃષ્ટિએ જોતાં જણાય છે કે, આ લોકમાં બ્રાહ્મણજ સર્વના કરતાં અધિક શ્રેષ્ઠ છે; કારણ કે બ્રાહ્મણ, બ્રહ્મદેવની સૌથી પ્રથમ સૃષ્ટિ છે, જેથી સર્વોત્કૃષ્ટ કુલીનતાવાળા બ્રાહ્મણોને સર્વના વડીલ ગણીને જગતની ઉત્તમોત્તમ વસ્તુનો ભાગ સૌની પહેલાં અપાય છે;[૨૯,૩૦] માટે ધર્મ પ્રમાણે વર્તનારા હરકોઈ મનુષ્યે બ્રાહ્મણને, ઉત્પન્ન થયેલા ફળના મુખ્ય ભાગીદાર ગણીને માન આપવું જોઇએ, પૂજવા જોઇએ ને પોતાની ઉત્તમ અને વિશિષ્ટ વસ્તુ પણ તેમને અર્પણ કરવી જોઇએ.[૩૧] જે રાજા બળવાન છે, તેણે પણ એ પ્રમાણેજ અવશ્ય કરવું જોઇએ અને "બ્રાહ્મણના તપોબળથી ક્ષત્રિયની વૃદ્ધિ થાય છે તથા ક્ષત્રિયના રક્ષણબળથી બ્રાહ્મણોની વૃદ્ધિ થાય છે " આમ સમજીને દરેક રાજાએ, નિત્ય બ્રાહ્મણોની અવશ્ય પૂજા કરવી જોઇએ.[૩૨]

અધ્યાય ૭૬ મો સમાપ્ત.

× કહેવાનો ભાવ એ છે કે, આત્મા અને અહંકારના મિત્રભાવને. લીધેજ અહંકારજન્ય દુઃખની આત્માવિષે પ્રતીતિ થાય છે, માટે અહંકારના સંગનો ત્યાગ કરવાથી નિઃસંગ થયેલા આત્માને કોઇ જાતનું દુઃખ પ્રતીત થતું નથી.

નીલકંઠ

अध्याय ७४ मो

મહારાજા મુચુકુંદનું જીવનચરિત્ર

॥ भीष्म उवाच ॥

योगक्षेमोहि राष्ट्रस्य राजन्यायत्त उच्यते ॥
योगक्षेमश्च राज्ञोहि समायत्तःपुरोहिते ॥ १ ॥

ભીષ્મે કહ્યું:-“હે યુધિષ્ઠિર રાજા ! રાષ્ટ્રનું ક્ષેમકુશળ રાજાને અધીન છે, અને રાજાનું ક્ષેમકુશળ પુરોહિતને અધીન છે, એમ વિદ્વાનો કહે છે.[૧] જ્યારે પ્રજાઓપર દુર્ભિક્ષ આદિ દૈવી ભય આવી પડે છે, ત્યારે બ્રાહ્મણો તેની શાંતિ કરે છે, અને શત્રુ સૈન્યાદિકનું દષ્ટભય જ્યારે આવી પડે છે, ત્યારે રાજા પોતાના બાહુબલથી તે ભયને શાંત કરે છે.[૨] આ વિષયમાં રાજા મુચુકુંદનો અને કુબેરનો જેમાં સંવાદ રહેલો છે, એવો એક પ્રાચીન ઇતિહાસ કહેવાય છે તે તમે સાંભળો.[૩] એક સમયે રાજા મુચુકુંદ આખી પૃથ્વીને જીત્યા પછી પોતાના બળની પરીક્ષા કરવામાટે અલકા નગરીના રાજા કુબેરપર ચઢાઇ લઈ ગયો.[૪] ત્યારે રાજા કુબેરે મુચુકુંદને પાછો હઠાવી દેવામાટે પોતાના રાક્ષસ સૈનિકોને આજ્ઞા આપી કે તુરતજ તે રાક્ષસોએ મુચુકુંદનાં સૈન્યોનો સંહાર કરવા માંડયો.[૫] આ રીતે પોતાના સૈન્યનો જ્યારે સંહાર થવા માંડયો, ત્યારે શત્રુદમન રાજા મુચુકુંદે પોતાના વિદ્વાન પુરોહિત વસિષ્ઠની નિંદા કરવા માંડી.[૬] પછી મહાન ધર્મવેત્તા પુરોહિત વસિષ્ઠે ઉગ્ર તપશ્ચર્યા કરીને કુબેરના સર્વ રાક્ષસોનો સંહાર કરી નાખ્યો અને રાજા મુચુકુંદને શત્રુ સામે આગળ વધવાનો માર્ગ કરી આપ્યો.[૭] આમ શત્રુને આગળ વધતો જોઈને તથા પોતાનાં સૈન્યોનો સંહાર થતો જોઇને રાજા કુબેરે મુચુકુંદને પ્રત્યક્ષ દર્શન દીધાં અને આ પ્રમાણે કહ્યું.[૮]

કુબેર બોલ્યાઃ-“હે રાજા ! તારી પહેલાંના ઘણા રાજાઓ પણ પુરોહિતની સહાયને લીધે તારા જેવા બલિષ્ઠ હતા, પણ તેઓએ આમ તારી પેઠે વર્તન કર્યું ન હતું, અર્થાત્ તેઓએ મારા પોતાનાપર કદી ચઢાઇ કરી ન હતી.[૯] તે રાજાઓ પણ ઘણા અસ્ત્રકુશલ અને બળવાન હતા, છતાં મારી પાસે આવીને મારી ઉપાસના કરતા હતા; કારણ કે હું સુખદુઃખ આપવામાં સમર્થ છું.[૧૦] જો તારા પોતાનામાં તેવું બાહુબળ હોય તો તું મને દેખાડી આપ; પરંતુ બ્રાહ્મણના બળનો આશ્રય કરીને તું આમ શામાટે ઉદ્ધતાઈ કરી રહ્યો છે?”[૧૧] કુબેરનાં એ વચનો સાંભળીને મુચુકુંદને ક્રોધ ચઢી ગયો; પણ તેણે ક્ષોભનો તથા ગભરાટનો ત્યાગ કરીને ન્યાયપૂર્વક આવું વચન કહ્યું:-[૧૨] “બ્રાહ્મણને તથા ક્ષત્રિયને બ્રહ્મદેવે એકસરખા બંધુભાવને માટે ઉત્પન્ન કર્યા છે અને તેઓનું મૂળઉત્પત્તિકારણ એકજ છે, જેથી તેઓ બન્નેનાં સામર્થ્ય અને ક્રિયાઓ જો અલગ અલગ થઇ જાય તો તેઓ લોકનું રક્ષણ કરી શકે નહિ.[૧૩] તપોબળ અને મંત્રબળ નિત્ય બ્રાહ્મણમાં વસી રહ્યું છે તેમજ અસ્ત્રબળ અને બાહુબળ નિત્ય ક્ષત્રિયોનો આશ્રય કરી રહ્યું છે.[૧૪] માટે હે કુબેર ! બ્રાહ્મણે અને ક્ષત્રિયે બન્નેએ એકત્ર મળીને પ્રજાઓનું પાલન કરવું જોઇએ. આવા હેતુથીજ હું પણ તે પ્રમાણે વર્તી રહ્યો છું, તેમાં તમે મારી નિંદા શામાટે કરો છો?” રાજાએ આમ કહ્યું એટલે કુબેરે તેને તથા તેના પુરોહિતને કહ્યું કે:-“ હે રાજા ! ઈશ્વરની આજ્ઞાવિના હું કોઇને રાજ્ય આપી શકતો નથી, તેમ કોઈનું રાજ્ય છીનવી લઇ શકતો પણ નથી, એમ તારે જાણવું; તોપણ જા, હું તને આખી પૃથ્વી અર્પણ કરૂં છું. તું એનાપર યથેષ્ટ રાજ્ય કર.” કુબેરે એ પ્રમાણે કહ્યું એટલે મુચુકુંદ રાજાએ તેના પ્રત્યે કહ્યું.[૧૫-૧૭]

મુચુકુંદ બોલ્યોઃ-“હે રાજા કુબેર ! તમે આપેલા રાજ્યનો ઉપભોગ કરવાની મને ઇચ્છાજ નથી. હું તો મારા બાહુબળથી મેળવેલા રાજ્યનેજ ભોગવવા ઇચ્છું છું.”[૧૮]

ભીષ્મે કહ્યું:- “ હે યુધિષ્ઠિર ! મુચુકુંદનો એ યોગ્ય ઉત્તર સાંભળીને તથા ક્ષાત્ર ધર્મમાં તેની અડગ સ્થિતિ જોઇને રાજા કુબેર આશ્ચર્ય-

મનુષ્ય ઉત્તમ ફળ મેળવવા માટે પુણ્ય શામાટે કરે અને કેવળ પાપજ શામાટે ન કરે? અર્થાત્ આત્મા પુણ્યપાપથી રહિત છે છતાં પાપની અધિકતારૂપ નિમિત્તને લીધે ગાલનતાડન આદિ પાપજન્ય દુઃખનો તેને અનુભવ કરવો પડે છે; અને તેમાં મોહજ કારણભૂત છે, એમ તમે જો કહેતા હો તો "પુણ્ય કરવું અને પાપ નહિ કરવું" એ શાસ્ત્રની આજ્ઞા વ્યર્થ થાય છે; અને આત્માની અંદર વાસ્તવિક દૃષ્ટિએ દુઃખનો અભાવ જો સિદ્ધજ છે તોપછી મોહજન્ય દુઃખની નિવૃત્તિ કરવા માટે તે તે સાધનોનો સ્વીકાર કરવો તે પણ વ્યર્થજ છે, તે માટે તમે શું કહો છો?"[૨૨]

કશ્યપે કહ્યું:-"પાપનો લેશમાત્ર સંબંધ નહિ હોવા છતાં નિષ્પાપ પુરુષોને પાપીઓના સંગને લીધેજ રુદ્રદેવની શિક્ષા ભોગવવી પડે છે. જેમ દાખલાતરીકે, લીલું લાકડું સૂકાં લાકડાંનો સંગ કરીને જો રહ્યું હોય છે તો તેની સાથે તે પણ બળી જાય છે; માટે પુણ્યવાન પુરુષે પાપીઓનો કદી પણ સંગ કરવો નહિ×"[૨૩]

ઐલે પૂછ્યું:-"પાપ અને પુણ્યના ફળમાં કોઇ જાતની વિશેષતા હોય, એમ મને જોવામાં આવતું નથી; કારણ કે પૃથ્વી પાપીને તથા પુણ્યશાળીને બન્નેને એકસરખી રીતેજ ધારણ કરે છે, સૂર્ય પાપીને તથા પુણ્યવાનને-બન્નેને એકસરખોજ તાપ આપે છે, વાયુ પાપીને તથા પુણ્યશાળીને બન્નેને એકસરખી રીતે વાય છે, તથા જળ પાપીને અને પુણ્યશાળીને બન્નેને એકસરખી રીતેજ પવિત્ર કરે છે, તોપછી પાપ અને પુણ્યના ફળમાં વિશેષતા શી છે"?[૨૪]

કશ્યપે કહ્યું:-"હે રાજપુત્ર! તમે કહો છો તેમ, કેવળ આ મનુષ્યલોકમાંજ જોવામાં આવે છે; પણ પરલોકમાં તેમ હોતું નથી. જે મનુષ્ય કેવળ પુણ્યજ કરે છે. અને જે મનુષ્ય કેવળ પાપજ કરે છે, તેઓ બન્નેને મરણ પછી જૂદાં જૂદાં વિશેષ ફળોનો અનુભવ કરવો પડે છે.[૨૫] પુણ્યશાળી મનુષ્યને મધુમાન, ઘતાર્ચિ, હિરણ્યજ્યોતિ અને અમૃતનાભિ-વગેરે દિવ્ય લોકોની પ્રાપ્તિ થાય છે, કે જે લોકમાં ગયેલો બ્રહ્મનિષ્ઠ પુરુષ, જરા, મૃત્યુ અને દુઃખના અભાવને લીધે આનંદમગ્ન રહે છે. તેમજ પાપી મનુશ્યને નરકલોકની પ્રાપ્તિ થાય છે. કે જે લોકમાં ગાઢ અંધકાર છે, સદાને માટે દુઃખજ છે તથા લગભગ શોકનીજ અધિકતા છે. પાપકર્મ કરનારો મનુષ્ય એ નરકલોકમાં ઘણાં વર્ષોસુધી અધમ સ્થિતિએ રહીને પોતાનાં પાપકર્મોમાટે શોક કર્યા કરે છે.

આ રીતે બ્રાહ્મણ અને ક્ષત્રિયોમાં માંહોમાંહે વિરોધ થયાના પરિણામે પ્રજાઓમાં દુઃસહ દુઃખનો પેસારો થઇ જાય છે, એમ સમજીને રાજાએ, સર્વ વિદ્યામાં કુશળતા ધરાવનારો એક રાજપુરોહિત અવશ્ય કરવો જોઇએ;[૨૮] અને તેવો પુરોહિત કર્યા પછીજ રાજાએ પોતાનો રાજ્યાભિષેક કરાવવો જોઇએ, એવી ધર્મશાસ્ત્રની આજ્ઞા છે. વળી બ્રહ્મવેત્તાઓ કહે છે કે, ધર્મદૃષ્ટિએ જોતાં જણાય છે કે, આ લોકમાં બ્રાહ્મણજ સર્વના કરતાં અધિક શ્રેષ્ઠ છે; કારણ કે બ્રાહ્મણ, બ્રહ્મદેવની સૌથી પ્રથમ સૃષ્ટિ છે, જેથી સર્વોત્કૃષ્ટ કુલીનતાવાળા બ્રાહ્મણોને સર્વના વડીલ ગણીને જગતની ઉત્તમોત્તમ વસ્તુનો ભાગ સૌની પહેલાં અપાય છે;[૨૯,૩૦] માટે ધર્મ પ્રમાણે વર્તનારા હરકોઈ મનુષ્યે બ્રાહ્મણને, ઉત્પન્ન થયેલા ફળના મુખ્ય ભાગીદાર ગણીને માન આપવું જોઇએ, પૂજવા જોઇએ ને પોતાની ઉત્તમ અને વિશિષ્ટ વસ્તુ પણ તેમને અર્પણ કરવી જોઇએ.[૩૧] જે રાજા બળવાન છે, તેણે પણ એ પ્રમાણેજ અવશ્ય કરવું જોઇએ અને "બ્રાહ્મણના તપોબળથી ક્ષત્રિયની વૃદ્ધિ થાય છે તથા ક્ષત્રિયના રક્ષણબળથી બ્રાહ્મણોની વૃદ્ધિ થાય છે" આમ સમજીને દરેક રાજાએ, નિત્ય બ્રાહ્મણોની અવશ્ય પૂજા કરવી જોઇએ.[૩૨]

અધ્યાય ૭૬ મો સમાપ્ત.

× કહેવાનો ભાવ એ છે કે, આત્મા અને અહંકારના મિશ્રભાવને લીધેજ અહંકારજન્ય દુઃખની આત્માવિષે પ્રતીતિ થાય છે, માટે અહંકારના સંગનો ત્યાગ કરવાથી નિઃસંગ થયેલા આત્માને કોઇ જાતનું દુઃખ પ્રતીત થતું નથી.

નીલકંઠ

अध्याय ७४ मो

મહારાજા મુચુકુંદનું જીવનચરિત્ર

॥ भीष्म उवाच ॥

योगक्षेमोहि राष्ट्रस्य राजन्यायत्त उच्यते॥
योगक्षेमश्च राज्ञोहि समायत्तःपुरोहिते ॥ १ ॥

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર રાજા ! રાષ્ટ્રનું ક્ષેમકુશળ રાજાને અધીન છે, અને રાજાનું ક્ષેમકુશળ પુરોહિતને અધીન છે, એમ વિદ્વાનો કહે છે.[૧] જ્યારે પ્રજાઓપર દુર્ભિક્ષ આદિ દૈવી ભય આવી પડે છે, ત્યારે બ્રાહ્મણો તેની શાંતિ કરે છે, અને શત્રુ સૈન્યાદિકનું દૃષ્ટભય જ્યારે આવી પડે છે, ત્યારે રાજા પોતાના બાહુબલથી તે ભયને શાંત કરે છે.[૨] આ વિષયમાં રાજા મુચુકુંદનો અને કુબેરનો જેમાં સંવાદ રહેલો છે, એવો એક પ્રાચીન ઇતિહાસ કહેવાય છે તે તમે સાંભળો.[૩] એક સમયે રાજા મુચુકુંદ આખી પૃથ્વીને જીત્યા પછી પોતાના બળની પરીક્ષા કરવામાટે અલકા નગરીના રાજા કુબેરપર ચઢાઇ લઈ ગયો.[૪] ત્યારે રાજા કુબેરે મુચુકુંદને પાછો હઠાવી દેવામાટે પોતાના રાક્ષસ સૈનિકોને આજ્ઞા આપી કે તુરતજ તે રાક્ષસોએ મુચુકુંદનાં સૈન્યોનો સંહાર કરવા માંડયો.[૫] આ રીતે પોતાના સૈન્યનો જ્યારે સંહાર થવા માંડયો, ત્યારે શત્રુદમન રાજા મુચુકુંદે પોતાના વિદ્વાન પુરોહિત વસિષ્ઠની નિંદા કરવા માંડી.[૬] પછી મહાન ધર્મવેત્તા પુરોહિત વસિષ્ઠે ઉગ્ર તપશ્ચર્યા કરીને કુબેરના સર્વ રાક્ષસોનો સંહાર કરી નાખ્યો અને રાજા મુચુકુંદને શત્રુ સામે આગળ વધવાનો માર્ગ કરી આપ્યો.[૭] આમ શત્રુને આગળ વધતો જોઈને તથા પોતાનાં સૈન્યોનો સંહાર થતો જોઇને રાજા કુબેરે મુચુકુંદને પ્રત્યક્ષ દર્શન દીધાં અને આ પ્રમાણે કહ્યું.[૮]

કુબેર બોલ્યા:-"હે રાજા ! તારી પહેલાંના ઘણા રાજાઓ પણ પુરોહિતની સહાયને લીધે તારા જેવા બલિષ્ઠ હતા, પણ તેઓએ આમ તારી પેઠે વર્તન કર્યું ન હતું, અર્થાત્ તેઓએ મારા પોતાનાપર કદી ચઢાઇ કરી ન હતી.[૯] તે રાજાઓ પણ ઘણા અસ્ત્રકુશલ અને બળવાન હતા, છતાં મારી પાસે આવીને મારી ઉપાસના કરતા હતા; કારણ કે હું સુખદુ:ખ આપવામાં સમર્થ છું.[૧૦] જો તારા પોતાનામાં તેવું બાહુબળ હોય તો તું મને દેખાડી આપ; પરંતુ બ્રાહ્મણના બળનો આશ્રય કરીને તું આમ શામાટે ઉદ્ધતાઈ કરી રહ્યો છે?"[૧૧] કુબેરનાં એ વચનો સાંભળીને મુચુકુંદને ક્રોધ ચઢી ગયો; પણ તેણે ક્ષોભનો તથા ગભરાટનો ત્યાગ કરીને ન્યાયપૂર્વક આવું વચન કહ્યુ:-[૧૨] "બ્રાહ્મણને તથા ક્ષત્રિયને બ્રહ્મદેવે એકસરખા બંધુભાવને માટે ઉત્પન્ન કર્યા છે અને તેઓનું મૂળઉત્પત્તિકારણ એકજ છે, જેથી તેઓ બન્નેનાં સામર્થ્ય અને ક્રિયાઓ જો અલગ અલગ થઇ જાય તો તેઓ લોકનું રક્ષણ કરી શકે નહિ.[૧૩] તપોબળ અને મંત્રબળ નિત્ય બ્રાહ્મણમાં વસી રહ્યું છે તેમજ અસ્ત્રબળ અને બાહુબળ નિત્ય ક્ષત્રિયોનો આશ્રય કરી રહ્યું છે.[૧૪] માટે હે કુબેર ! બ્રાહ્મણે અને ક્ષત્રિયે બન્નેએ એકત્ર મળીને પ્રજાઓનું પાલન કરવું જોઇએ. આવા હેતુથીજ હું પણ તે પ્રમાણે વર્તી રહ્યો છું, તેમાં તમે મારી નિંદા શામાટે કરો છો?" રાજાએ આમ કહ્યું એટલે કુબેરે તેને તથા તેના પુરોહિતને કહ્યું કે:-" હે રાજા ! ઈશ્વરની આજ્ઞાવિના હું કોઇને રાજ્ય આપી શકતો નથી, તેમ કોઈનું રાજ્ય છીનવી લઇ શકતો પણ નથી, એમ તારે જાણવું; તોપણ જા, હું તને આખી પૃથ્વી અર્પણ કરૂં છું. તું એનાપર યથેષ્ટ રાજ્ય કર." કુબેરે એ પ્રમાણે કહ્યું એટલે મુચુકુંદ રાજાએ તેના પ્રત્યે કહ્યું.[૧૫-૧૭]

મુચુકુંદ બોલ્યો:-"હે રાજા કુબેર ! તમે આપેલા રાજ્યનો ઉપભોગ કરવાની મને ઇચ્છાજ નથી. હું તો મારા બાહુબળથી મેળવેલા રાજ્યનેજ ભોગવવા ઇચ્છું છું."[૧૮]

ભીષ્મે કહ્યું:- " હે યુધિષ્ઠિર ! મુચુકુંદનો એ યોગ્ય ઉત્તર સાંભળીને તથા ક્ષાત્ર ધર્મમાં તેની અડગ સ્થિતિ જોઇને રાજા કુબેર આશ્ચર્ય-

ચકિત થઈ ગયા.[૧૯] પછી ક્ષાત્ર ધર્મપ્રમાણે વર્તનારો તે મુચુકુંદ રાજા, પોતાના બાહુબળથી મેળવેલી આખી પૃથ્વીપર સારી રીતે રાજ્ય ચલાવવા લાગ્યો.[૨૦] આ રીતે જે ધર્મવેત્તા રાજા બ્રાહ્મણને આગળ કરીને રાજ્યશાસન ચલાવે છે, તે રાજા આખી પૃથ્વીને જીતીને મહાન યશ સંપાદન કરે છે;[૨૧] માટે બ્રાહ્મણે નિત્ય પોતાનાં ષટ્કર્મો કરવામાં તત્પર રહેવું અને ક્ષત્રિયે નિત્ય શસ્ત્ર ધારણ કરીને સજ્જ રહેવું; કારણ કે પૃથ્વીપર જે કંઇ રહેલું છે તે સર્વ તેઓ બન્નેના આધારેજ ટકી રહ્યું છે.”[૨૨]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિ પર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં “મુચુકુંદનું આખ્યાન” એ વિષયનો અધ્યાય ૭૪ મો સમાપ્ત.

अध्याय ७५ मो

રાજ્ય કરવું, એજ રાજાનો ધર્મ છે.

॥ युधिष्ठिर उवाच ॥

यया वृत्त्यामहीपालो विवर्धयति मानवान् ॥
पुण्यांश्च लोकान् जयति तन्मे ब्रूहि पितामह॥ १॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે પિતામહ ભીષ્મ! કયી વૃત્તિનો આશ્રય કરીને રાજા પ્રજાઓની વૃદ્ધિ કરી શકે છે અને મરણ પછી સ્વર્ગાદિ પવિત્ર લોકને મેળવી શકે છે ? તે મને કહો.”[૧]

ભીષ્મે કહ્યું:–“હે ભારત! રાજાએ દાનશીલ થવું, યજ્ઞશીલ થવું, ઉપવાસશીલ થવું, તપઃશીલ થવું અને પ્રજાઓનું પાલન કરવામાં આસક્ત થવું.[૨] રાજાએ નિત્ય ઉદ્યોગપૂર્વક સર્વ પ્રજાઓનું ધર્માનુસાર રક્ષણ કરવું તથા ધાર્મિક પુરુષોનું માન–દાનાદિકથી પૂજન કરવું.[૩] રાજા, જો ધર્મનું સારી રીતે આચરણ કરે છે તો તે ધર્મ સર્વ સ્થળે માન્ય થઇ પડે છે; કારણ કે રાજા જે જે આચરણ કરે છે, તે પ્રજાને પ્રિય થઇ પડે છે;[૪] તેમજ રાજાએ મૃત્યુની પેઠે શત્રુઓને નિત્ય દંડયા કરવા જોઇએ, ચોર લોકોનો સર્વ તરફથી નાશ કરી નાખવો જોઇએ અને કોઇને બુદ્ધિપૂર્વક ક્ષમા નહિ આપવી જોઇએ.[૫] હે ભારત ! રાજાના યોગ્ય રક્ષણતળે રહેલી પ્રજાઓ જે કંઇ ધર્માચરણ કરે છે, તેમાંથી ચોથો ભાગ રાજાને પણ મળે છે.[૬] સુરક્ષિત પ્રજાઓ જે કંઇ વેદાધ્યયન કરે છે, જે કંઇ દાન આપે છે, જે કંઈ યજ્ઞયાગ કરે છે અને જે કંઇ પૂજાપાઠ કરે છે, તે સર્વમાંથી ધર્મપૂર્વક પ્રજાપાલન કરનારા રાજાને ચોથો ભાગ મળે છે.[૭] તેમજ હે ભારત! પ્રજાઓનું રક્ષણ નહિ કરનારા રાજાના રાજ્યમાં જે કંઇ પાપાચરણ થાય છે, તેમાંથી પણ ચોથો ભાગ રાજાને મળે છેજ.[૮] વળી કેટલાએક ધર્માચાર્યો કહે છે કે, કોઇ ક્રૂર પુરુષ અથવા મિથ્યાભાષી પુરુષ જે કંઇ દુષ્ટ કર્મ કરે છે, તે સર્વનું પાપ સંપૂર્ણ અથવા તેથી પણ અધિક કેવળ રાજાનેજ પ્રાપ્ત થાય છે અને સિદ્ધાંત દૃષ્ટિએ જોતાં પણ તે પાપમાંથી અર્ધો ભાગ તો રાજાને મળેજ છે.[૯] હે રાજા ! તેવા પાપમાંથી રાજાએ કેવી રીતે મુક્ત થવું, તે પણ હું તમને કહું છું, સાંભળો. કોઇ મનુષ્યના સર્વસ્વને ચોર લોકો લૂંટી જાય તો રાજાએ ગમે તે ઉપાયે પણ તેને પાછું લાવી આપવું જોઈએ; પણ તેમ ન બની શકે અને તેને લીધે તે મનુષ્ય પોતાની આજીવિકા ચલાવવાને માટે જો અશક્ત થઇ પડે તો રાજાએ પોતાના ખજાનામાંથી પણ તે મનુષ્યને તેટલું દ્રવ્ય આપવું જોઇએ.[૧૦] સર્વ વર્ણોનો એ પણ ધર્મ છે કે, તેઓએ બ્રાહ્મણના પ્રાણની પેઠે બ્રાહ્મણના દ્રવ્યની પણ રક્ષા કરવી અને જે મનુષ્ય બ્રાહ્મણોને દુઃખ દેતો હોય તેણે દેશમાં રહેવું પણ નહિ.[૧૧] બ્રાહ્મણના દ્રવ્યનું જો રક્ષણ કરવામાં આવે છે તો સર્વની રક્ષા થયેલીજ છે, અને તેમ થતાં બ્રાહ્મણોના અનુગ્રહથીજ રાજા કૃતાર્થ થાય છે.[૧૨] જેમ મેઘના આશ્રયથી સર્વ પ્રાણીઓ જીવી રહ્યા છે અને કોઇ એક મોટા વૃક્ષનો આશ્રય કરીને પક્ષીઓ જેમ નિવાસ કરી રહે છે, તેમ સર્વના મનોરથોને પરિપૂર્ણ કરનાર રાજાનો આશ્રય કરીને સર્વે લોકો પોતાની આજીવિકા ચલાવી રહે છે.[૧૩] પણ જે રાજા વિષયાસક્ત છે, નિરંતર વિષયલંપટ બુદ્ધિવાળો છે, ક્રૂર છે અને અતિશય લોભી છે, તે રાજા પ્રજાઓનું પાલન કરી શકતો નથી.”[૧૪]

યુધિષ્ઠિરે કહ્યું:-"ઓ પિતામહ! હું રાજ્યસુખની શોધ કરનારો નથી, મને એક ક્ષણ વાર હું તો કેવળ ધર્મને પણ રાજ્યની ઇચ્છા નથી, માટેજ રાજ્ય કરવાની ઇચ્છા રાખું છું; પણ ધર્મઅફસોસ! એ રાજ્ય કરવાથી મને લગારે પ્રાપ્તિ થશે નહિ; માટે જેમાં ધર્મ નથી એવું રાજ્ય કરવાની મને તૃષ્ણા નથી. હું તો ધર્મ સંપાદન કરવાની ઇચ્છાથી વનમાંજ ચાલ્યો જઇશ અને ત્યાં પવિત્ર તપોવનમાં કોઇની હિંસા કર્યાવિના માત્ર ફળમૂળનુંજ ભક્ષણ કરીને મુનિવૃત્તિ ધારણ કરીશ તથા જિતેન્દ્રિય થઇને ધર્મનું આરાધન કરીશ.[૧૫-૧૭]"

ભીષ્મ બોલ્યા:-"હું જાણુંજ છું કે, તમારી બુદ્ધિ ક્રૂરતારહિત છે પણ તેવી સાત્ત્વિકી બુદ્ધિ, હિંસાપ્રધાન રાજધર્મોનું આચરણ કરવા માટે છેક નિષ્ફળ નિવડે છે. જે રાજા કેવળ શુદ્ધ અને દયાળુ હોય છે, તેનાથી રાજ્યપાલન થઈ શકતું નથી.[૧૮] વળી તમે અત્યંત સૌમ્ય બુદ્ધિના છો, અતિશય આર્ય છો, અતિશય ધાર્મિક છો, ધૃષ્ટતારહિત છો અને કેવળ ધર્મભાવ તથા દયાથી યુક્ત છો, તેથી લોકો તમને બહુ માન આપશે નહિ,[૧૯] તમે તમારા પિતા પિતામહોના આચાર તરફ દૃષ્ટિ કરો. તમે જે પ્રમાણે વર્તવાની ઇચ્છા રાખો છો, તે પ્રમાણે પૂર્વકાળના રાજાઓ વર્ત્યા ન હતા.[૨૦] તમે કેવળ વ્યાકુળતાનો અથવા દયાનો આશ્રય કરશો તો પ્રજાપાલનથી પ્રાપ્ત થતા ધર્મને તમે પામી શકશો નહિ.[૨૧] હે તાત! હમણાં તમે જે બુદ્ધિ અને જે ધારણાશક્તિનો આશ્રય કરીને આચરણ કરવા ધારો છો, તે આવા પ્રકારની તમારી બુદ્ધિને માટે અથવા ધારણાશક્તિને માટે કુંતીએ કે પાંડુરાજાએ લેશમાત્ર આશા રાખી ન હતી.[૨૨] તમારા પિતાએ તમારેમાટે શૌર્ય, બળ અને સત્યયુક્ત થવાનીજ આશા બાંધી હતી અને કુંતીએ તમારેમાટે માહાત્મ્ય અને મોટી ઉદારતાનીજ યાચના કરી હતી.[૨૩] દેવો અને પિતૃઓ પોતપોતાના દિવ્ય લોકમાં રહીને પોતાના પુત્રોની પાસે એજ આશા રાખે છે કે, તેઓ નિત્ય સ્વાહાકારરૂપી દેવયજ્ઞ અને સ્વધાકારરૂપી પિતૃયજ્ઞ કર્યા કરે.[૨૪] દાન, અધ્યયન, યજ્ઞ અને પ્રજાપાલન, એ ચારે ધર્મયુક્ત હો અથવા× અધર્મયુક્ત હો, પણ તે કરવા માટે તમે જન્મથીજ બંધાયલા છો.[૨૫] હે કુંતીપુત્ર! ગાડાની ઝુંસરીની પેઠે પોતાનાપર સ્થાપિત થયેલા રાજ્યભારને સમયાનુસાર વહી રહેલા રાજાઓ કોઈ સમયે દુઃખી સ્થિતિમાં આવી પડે તોપણ તેઓની કીર્તિનો નાશ થતો નથી.[૨૬] જેમ સર્વ તરફથી પરતંત્ર દશામાં રહેલો સારો કેળવાયલો ઘોડો પણ અસ્ખલિત રીતે રથાદિને વહ્યે જાય છે, તેમ રાજા પણ શાસ્ત્રોક્ત કર્મવચનને અનુસરીને યથાયોગ્ય કર્મો કરે છે તો સર્વથા નિર્દોષજ છે; એટલુંજ નહિ પણ એમ વર્તવું તેજ કર્મની મહાસિદ્ધિ ગણાય છે.[૨૭] હરકોઇ ધાર્મિક ગૃહસ્થાશ્રમી, રાજા કે બ્રહ્મચારી કેવળ એકાંત પક્ષનોજ આગ્રહ સ્વીકારી બેસીને ધર્મનું આચરણ કરી શકતો નથી; કારણ કે પ્રત્યેક ધર્મમાં રહેલો સૂક્ષ્મ અધર્મ ત્યજ્યો ત્યજાય તેમ નથીજ;[૨૮] માટે ગમે તે કોઇ એક દુષ્ટકર્મ હિંસામય હોવાથી ઘણુંજ તુચ્છ હોય તોપણ અનેક મનુષ્યોના સુખનું કારણ હોઇને પુષ્કળ સારવાળું હોય તો તે કર્મ ઉત્તમજ ગણાય છે-તે કરવામાં લેશમાત્ર દોષ નથી; કેમકે કર્મ નહિ કરવું તેના કરતાં કર્મ કરવું તેજ શ્રેયસ્કર છે, પણ કેવળ કર્મનો ત્યાગજ કરી દેવો, એ તો મહાપાપ છે.[૨૯] જ્યારે કોઇ કુળવાન અને ધર્મજ્ઞ પુરુષને રાજ્યના અમાત્ય આદિ અધિકાર પ્રાપ્ત થાય છે, ત્યારે ખરૂં જોતાં રાજાનાજ યોગક્ષેમની કુશળતા તેનાદ્વારા સિદ્ધ થાય છે.[૩૦] આ પૃથ્વીપરનું રાજ્યાસન પ્રાપ્ત કર્યા પછી ધાર્મિક રાજાએ પ્રથમ એજ કરવું જોઇએ કે, તેણે કોઇ-

---

×અર્થાત્ "श्रेयान् स्वधर्मो विगुणः" 'પોતાનો ધર્મ અમુક સદ્‌ગુણોથી રહિત હોય તોપણ પોતાને માટે તેજ શ્રેયસ્કર છે' એ ન્યાય પ્રમાણે હિંસાગુણથી મિશ્ર એવો પણ ક્ષાત્રધર્મ તમારો સ્વધર્મ છે, જેથી તમને એ ધર્મજ શ્રેયસ્કર થઇ પડશે. **નીલકંઠ**

ને દાનથી વશ કરવા જોઈએ, કોઈને બળથી વશ કરવા જોઈએ;અને કોઇને સત્ય તથા માધુર્યવાળી વાણીથી વશ કરવાજોઇએ.[૩૧] કેટલાએક કુળવાન વૈદ્યો,પોતાનું ભરણપોષણ નહિ થવાના ભયથી પીડિત થઈને રાજાનો આશ્રય કરીને નિશ્ચિંત બને છે. આ નિરાશ્રિતનું પાલન કરવારૂપ ધર્મના કરતાં બીજો કયો ધર્મ અધિક યોગ્યતાવાળો છે ?”[૩૨]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે પિતામહ ! સ્વર્ગપ્રાપ્તિનું સર્વોત્તમ સાધન શું ? તે સ્વર્ગપ્રાપ્તિનો ઉત્તમ આનંદ કયો ? અને તે આનંદથી કયા મહાન ઐશ્વર્યનો લાભ થાય છે, તે તમે જાણતા હો તો મને કહો.”[૩૩]

ભીષ્મ બોલ્યા:–“ ભયવિહ્વળ થયેલો મનુષ્ય જેને લીધે એક ક્ષણવાર પણ ઉત્તમ પ્રતિનું સુખ મેળવે છે, તેને અમે સર્વના કરતાં ઉત્તમ સ્વર્ગજેતા માનીએ છીએ, આ હું તને સત્ય કહું છું.[૩૪] હે કુરુશ્રેષ્ઠ રાજા ! એ પ્રમાણે તમે પણ સર્વ કુરુદેશવાસીઓની પ્રીતિ સંપાદન કરો, રાજા થાઓ, સ્વર્ગને જીતો, સત્પુરુષોનું રક્ષણ કરો અને દુષ્ટોનો સંહાર કરો.[૩૫] હે તાત ! પ્રાણીઓ જેમ મેઘના આધારે જીવે છે અને પક્ષીઓ જેમ કોઇ સ્વાદિષ્ટ ફળવાળા વૃક્ષપર જીવે છે, તેમ તમારા સુહૃદો અને સત્પુરુષો તમારા આશ્રયે ભલે જીવતા રહો![૩૬] જે પુરુષ ધૃષ્ટ છે, શૂરો છે, દુષ્ટોને શિક્ષા કરનારો છે, દયાળુ છે, જિતેન્દ્રિય છે, સર્વના પર પ્રેમ રાખનારો છે અને પોતાના વૈભવોમાંથી સર્વને ભાગ આપનારો છે, તેના આશ્રયનીચે ઘણા મનુષ્યો જીવે છે.”[૨૭]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં અધ્યાય ૭૫ મો સમાપ્ત.

अध्याय ७६ मो

બ્રાહ્મણોના ભેદ

॥ युधिष्ठिर उवाच ॥

स्वकर्मण्यपरे युक्तास्तथैवान्ये विकर्माणि ॥
तेषां विशेषमाचक्ष्व ब्राह्मणानां पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–હે પિતામહ ! કેટલાએક બ્રાહ્મણો પોતાનાં કર્મોમાંજ આસક્ત હોય છે ત્યારે બીજા કેટલાએક બ્રાહ્મણો સ્વકર્મથી ભ્રષ્ટ થઇને વિજાતીય કર્મો કરવા મચી પડયા હોય છે, તો એ બધા બ્રાહ્મણોમાં વિશેષતા શી સમજવી ? તે મને કહો.”[૧]

ભીષ્મ બોલ્યા:–“ હે રાજન્ ! જે બ્રાહ્મણો સંપૂર્ણ વિદ્યાઓને ભણેલા હોય છે, સ્વજાતિય લક્ષણોથી યુક્ત હોય છે અને સર્વત્ર સમદૃષ્ટિ રાખનારા હોય છે,તે બ્રાહ્મણો સાક્ષાત્ બ્રહ્મદેવ સમાન હોઇને **બ્રહ્મ બ્રાહ્મણ** કહેવાય છે.[૨] તેમજ હે રાજન્ ! જે બ્રાહ્મણો ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદને ભણેલા હોય છે અને પોતાનાં ષટ્કર્મમાં પરાયણ રહેનારા હોય છે તે, બ્રાહ્મણો **દેવ બ્રાહ્મણ** કહેવાય છે;[૩] પરંતુ હે રાજા ! જે બ્રાહ્મણો પોતાનાં જન્મસિદ્ધ કર્મોનો ત્યાગ કરી બેઠા હોય છે, કૃપણ હોય છે અને કેવળ નામધારીજ હોય છે,તેઓને **શૂદ્ર બ્રાહ્મણ** કહેવામાં આવે છે.[૪] આવા અશ્રોત્રિય (વેદાધ્યયનરહિત) અને અગ્નિહોત્રકર્મથી હીન થયેલા બ્રાહ્મણો પાસેથી ધાર્મિક રાજાએ કર લેવો જોઇએ અને તેઓ પાસે વેઠ પણ કરાવવી જોઇએ.[૫] વળી જેઓ રાજાની કચેરીઓમાં અથવા અદાલતોમાં ધર્માધિકારીની નોકરી કરનારા છે, પગાર લઇને દેવમંદિરોમાં પૂજા કરનારા છે, જયોતિષનો ધંધો કરનારા છે, અમુક ઇષ્ટ સિદ્ધિમાટે ગામ પાસે યજ્ઞ કરાવનારા છે અને દાણ લેવાની રાજસેવા કરનારા છે, તેઓને **ચાંડાલ બ્રાહ્મણ** કહ્યા છે.[૬] હે રાજન્ ! જે બ્રાહ્મણ ઋત્વિજ, પુરોહિત, મંત્રી, દૂત અને ખેપીઆનો ધંધો કરનારા છે તેને **ક્ષત્રિય બ્રાહ્મણ** કહ્યા છે.[૭] તેમજ હે રાજા ! જે બ્રાહ્મણો ઘોડેસ્વાર, હાથીસ્વાર, રથી સ્વાર અને પાયદલ થઇને આજીવિકા ચલાવનારા છે, તેઓ **વૈશ્યબ્રાહ્મણ** કહેવાય છે.[૮] રાજાના કોશમાં જે વેળા ધન ખૂટી પડે તે વેળા એવા નીચ બ્રાહ્મણો પાસેથી તેણે કર લેવો. માત્ર પૂર્વોકત બ્રહ્મબ્રાહ્મણ અને દેવબ્રાહ્મણ પાસેથીજ કર ન લેવો.[૯] રાજા બ્રાહ્મણોસિવાયના બીજા સર્વના ધનનો

સ્વામી છે અને બ્રાહ્મણોમાં પણ જેઓ સ્વકર્મથી ભ્રષ્ટ થઈને વિરુદ્ધ કર્મોને સ્વીકારી બેઠેલા હોય છે તેઓના ધનનો પણ રાજા સ્વામી છે, આવી વૈદિક આજ્ઞા છે.૧૦ રાજાએ વિરુદ્ધ કર્મોનું આચરણ કરી રહેલા બ્રાહ્મણોની કોઈ પ્રકારે ઉપેક્ષા કરવી નહિ, પણ ધર્મ ટકાવી રાખવાની ખાતર તેઓને શિક્ષા કરીને નિયમમાં રાખવા અને તેઓની આજીવિકામાટે પોતાના વૈભવમાંથી અમુક વિભાગ તેઓને આપવો.૧૧ હે રાજન્ ! જે રાજાના રાજ્યમાં બ્રાહ્મણ ચોરીનો ધંધો કરવા લાગે છે, તેમાં ખરૂં જોતાં રાજાનોજ અપરાધ માનવામાં આવે છે.૧૨ વેદવેત્તાઓ કહે છે કે, જો કદાચ આજીવિકાના અભાવે કરીને કોઈ વેદવેદાંગ ભણેલો સ્નાતક બ્રાહ્મણ ચોરી કરવા મંડી પડે તો રાજાએજ અમુક વર્ષાસન બાંધી આપીને તેનું ભરણપોષણ કરવું જોઇએ.૧૩ હે શત્રુતાપન રાજા! રાજાએ તેવું વર્ષાસન બાંધી આપ્યા છતાં જે બ્રાહ્મણ તેવી નીચવૃત્તિ કરતાં અટકતો નથી તેને રાજાએ તેના કુટુંબપરિવાર સાથે પોતાના દેશમાંથી હાંકી કાઢવો જોઇએ.૧૪

ઈતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં અધ્યાય ૭૬ મો સમાપ્ત.

अध्याय ७७ मो

રાજા કૈકેયનું આખ્યાન

॥ युधिष्ठिर उवाच ॥

केशां प्रभवते राजा वित्तस्य भरतर्षभ ॥
कया च वृत्या वर्तेत तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે પિતામહ ! કોના ધન ઉપર રાજાનો અધિકાર ગણાય છે અને રાજાએ કેવા પ્રકારની આજીવિકા કરવી, તે મને કહો.૧"

ભીષ્મ બોલ્યા:–" વેદની આજ્ઞા છે કે, બ્રાહ્મણસિવાયના ત્રણે વર્ણોના ધન ઉપર રાજાનો અધિકાર ગણાય છે અને બ્રાહ્મણોમાં પણ જેઓ સ્વકર્મથી ભ્રષ્ટ થયેલા હોય છે, તેઓના ધનનો પણ રાજા હક્કદાર છે.૨ રાજાઓના પ્રાચીન આચારવિષે સત્પુરુષો કહે છે કે, સ્વકર્મથી ભ્રષ્ટ થયેલા બ્રાહ્મણોની રાજાએ કદી ઉપેક્ષા કરવી નહિ, પણ તેઓને નિયમમાં રાખવા.૩ નીતિકુશલ પંડિતો કહે છે કે, જે રાજાના રાજ્યમાં બ્રાહ્મણ ચોરી કરે છે,તેમાં કેવળ રાજાનોજ અપરાધ માનવામાં આવે છે.૪ પ્રાચીન કાળના સર્વ રાજર્ષિઓ બ્રાહ્મણોનું રક્ષણ નહિ કરવાથી પોતાને દૂષિત માનતા હતા અને તેથીજ તેઓ બ્રાહ્મણોનું રક્ષણ કરતા હતા.૫ આ વિષયમાં એક રાક્ષસના હાથમાં સપડાતાં કૈકેય રાજાએ કહેલો એક પ્રાચીન ઇતિહાસ કહેવામાં આવે છે, તે આ પ્રમાણે છે.૬

હે રાજન્! પૂર્વે કેકય દેશનો રાજા કૈકેય, પોતે સ્વાધ્યાયસંપન્ન અને તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારો હતો;છતાં એક સમયે કોઈ એક અરણ્યમાં ભયંકર રાક્ષસના હાથમાં સપડાઈ ગયો, ત્યારે તેણે આ પ્રમાણે કહ્યું.૭

રાજા બોલ્યો:–"હે રાક્ષસ! મારા રાજ્યમાં કોઇપણ મનુષ્ય ચોર નથી,*કદર્ય નથી, મદિરાપાન કરનાર નથી, અગ્ન્યાધાન રહિત નથી, તેમ યજ્ઞકર્મથી ભ્રષ્ટ પણ નથી; છતાં તેં મારા શરીરમાં કેમ પ્રવેશ કર્યો ?૮ હું નથી ધારતો કે, મારા રાજ્યમાં કોઈ બ્રાહ્મણ મૂર્ખ,ચારિત્ર્યહીન, સોમરસનું પાન નહિ કરનાર, અગ્નિહોત્રવગરનો કે યજ્ઞ ન કરનારો હોય, છતાં તેં મારા શરીરમાં શામાટે પ્રવેશ કર્યો ?૯ મારા રાજ્યમાં સર્વ મનુષ્યો ભિન્ન ભિન્ન દક્ષિણાઓવાળા યજ્ઞો કરીને પરમાત્માનું યજન કરે છે, ત્રણે વર્ણો વેદાધ્યયન કરે છે અને સર્વકોઈ વ્રતનિષ્ઠ છે, તો પછી તેં મારા શરીરમાં કેમ પ્રવેશ કર્યો ?૧૦ મારા રાજ્યના બ્રાહ્મણો પોતાના ષટ્કર્મમાં પરાયણ રહીને પોતે

---

*કદર્ય કોને કહેવો ? તે માટે શાસ્ત્રકારો કહે છે:–
'आत्मानं धर्मकृत्यं च पुत्रदारांश्च पीडयेत् ।
विभवे सति यो दुष्टः स कदर्य इति स्मृतः'॥
પોતાની પાસે સંપૂર્ણ વૈભવસાધન હોય છતાં જે દુષ્ટ માણસ પોતાની જાતને, પુત્રોને તથા સ્ત્રીને દુ:ખી કરે છે અને ધર્મકાર્યો કરવામાં પણ ખર્ચ થઇ જવાના ભયથી પ્રવૃત્તિ કરતો નથી તેને 'કદર્ય' કહેવામાં આવે છે.

અધ્યયન કરે છે, બીજાઓને અધ્યયન કરાવે છે, પોતે યજ્ઞ કરે છે, બીજાઓને યજ્ઞ કરાવે છે, પોતે દાન આપે છે અને બીજાઓ પાસેથી દાનનો પ્રતિગ્રહ લે છે, વળી તેઓ સર્વ વર્ણોમાં પૂજાય છે, પોતાની સંપત્તિમાંથી સર્વને વિભાગ આપનારા છે, દયાળુ છે, સત્યવાદી છે અને સ્વજાતીય કર્મો કરવામાં ચુસ્ત રહેનારા છે, તોપણ તેં મારા શરીરમાં શામાટે પ્રવેશ કર્યો ?[૧૧,૧૨] તેમજ મારા રાજ્યમાં વસનારા ક્ષત્રિયો પોતપોતાનાં કર્મો કરવામાં તત્પર રહીને કોઈની પાસે યાચના કરતા નથી, સુપાત્રોને દાન આપે છે, સત્યધર્મમાં કુશલ છે, બીજાઓને વેદાધ્યયન કરાવતા નથી પણ પોતે વેદાધ્યયન કરે છે.પોતે યજ્ઞ કરાવતા નથી પણ કરે છે, બ્રાહ્મણોની રક્ષા કરે છે અને સંગ્રામોમાંથી પાછા હઠતા નથી, છતાં તેં મારા શરીરમાં કેમ પ્રવેશ કર્યો?[૧૩,૧૪] મારા દેશના વૈશ્યો પોતપોતાનાં કર્મોમાં રહીને ખેતીવાડી કરે છે, ગાયોનું પાલન કરે છે, નિષ્કપટ વ્યાપાર કરીને આજીવિકા ચલાવે છે. ધર્મકાર્યમાં પ્રમાદ કરતા નથી, યજ્ઞયાગાદિ ક્રિયાઓ કરવામાં તત્પર રહે છે, ઉત્તમ નિયમોને ધારણ કરનારા છે, સત્યવાદી છે, પોતાની સંપત્તિમાં બીજાઓનો વિભાગ સમજનારા છે, ઇંદ્રિયોને વશ રાખનારા છે, બાહ્યાભ્યંતર પવિત્રતા જાગવનારા છે અને અન્યોન્ય મિત્રભાવે વર્તનારા છે, છતાં તેં મારા શરીરમાં શા કારણથી પ્રવેશ કર્યો?[૧૫,૧૬] મારા રાજ્યના શૂદ્રો પોતાનાં કર્મોમાં પરાયણ રહીને તથા અસૂયાનો ત્યાગ કરીને ત્રણે વર્ણોની યથાવત્ સેવા કરી રહ્યા છે છતાં તેં મારા શરીરમાં કેમ પ્રવેશ કર્યો?[૧૭] તેમજ હું પણ કૃપણ, અનાથ, વૃદ્ધ, દુર્બળ, આતુર અને સ્ત્રીઓ વગેરે સર્વને અન્નાદિનો વિભાગ આપનારો છું, તો પછી તેં શા હેતુથી મારા શરીરમાં પ્રવેશ કર્યો?[૧૮] યોગ્ય પ્રકારે વિસ્તાર પામેલા કુલધર્મો, દેશધર્મો વગેરે કોઈ ધર્મનો પણ મેં નાશ કર્યો નથી, તોપણ તેં મારા શરીરમાં કેમ પ્રવેશ કર્યો?[૧૯] મારા દેશમાં તપસ્વીઓ પૂજાય છે, રક્ષાય છે અને સત્કારપૂર્વક પોતાના સંવિભાગોને પ્રજાઓ પાસેથી ગ્રહણ કરે છે, છતાં તેં મારા શરીરમાં શામાટે પ્રવેશ કર્યો ?[૨૦] વળી હું પોતે પણ અતિથિ આદિને વિભાગ આપ્યા વિના ભોજન લેતો નથી, પરસ્ત્રી સાથે વ્યભિચાર કરતો નથી અને સ્વતંત્ર થઈને, કદી ખેલતો નથી તોપણ તેં મારા શરીરમાં શામાટે પ્રવેશ કર્યો?[૨૧] મારા રાજ્યમાં બ્રહ્મચારીસિવાય કોઈ ભિક્ષાચરણ કરતો નથી, બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલો એક પણ ભિક્ષુ નથી ને ઋત્વિજવિના કોઇ અગ્નિહોત્ર કરતો નથી, તોપણ તેં મારા શરીરમાં કેમ પ્રવેશ કર્યો?[૨૨] હું પણ કોઇ વિદ્વાનોનું, વૃદ્ધોનું કે તપસ્વીઓનું અપમાન કરતો નથી ને આખો દેશ જ્યારે નિદ્રાવશ થાય છે, ત્યારે પણ જાગ્રત રહું છું છતાં તેં મારા શરીરમાં કયા કારણથી પ્રવેશ કર્યો ?[૨૩] મારો પુરોહિત પણ આત્મવિજ્ઞાનથી યુક્ત છે, તપસ્વી છે, સર્વધર્મોનો વેત્તા છે, આખા દેશ ઉપર આધિપત્ય ભોગવનારો છે અને બુદ્ધિમાન છે, છતાં તેં મારા શરીરમાં કેમ પ્રવેશ કર્યો ?[૨૪] હું દાન આપીને વિદ્યાધ્યયન કરવાની ઇચ્છા રાખું છું, સત્ય અને બ્રાહ્મણોની રક્ષા કરીને અર્થ સંપાદન કરૂં છું ને સેવા કરવાની ઇચ્છાથી ગુરુઓને શરણે જાઉં છું, તેથી મને રાક્ષસોનો ભય નથી.[૨૫] મારા રાજ્યમાં સ્ત્રીઓ વિધવા નથી, નામધારી બ્રાહ્મણ નથી, કપટી અથવા ચોરી કરનાર બ્રાહ્મણ પણ નથી તેમજ કોઈ બ્રાહ્મણ અયજ્ઞશીલ અને પાપકર્મશીલ પણ નથી, જેથી મને રાક્ષસો તરફનો ભય નથી.[૨૬] હું ધર્મને માટે યુદ્ધ કરનારો છું, જેને લીધે મારૂં શરીર બે આંગળના અંતરમાં પણ શસ્ત્રોના પ્રહારોવિનાનું નથી, તોપણ તેં મારા શરીરમાં કેમ પ્રવેશ કર્યો?[૨૭] વળી મારી પ્રજાઓ, ગાયો, બ્રાહ્મણો અને યજ્ઞોદ્વારા નિત્ય મારૂં કલ્યાણ ઇચ્છે છે, તોપણ તેં મારા શરીરમાં કેમ પ્રવેશ કર્યો, તે મને કહે.”[૨૮]

રાક્ષસે કહ્યું:–“હે કૈકેય રાજા ! સર્વ અવસ્થાઓમાં તું ધર્મતરફજ લક્ષ્ય આપે છે, માટે ખુશીથી તું તારે ઘેર જા, તારૂં કલ્યાણ થાઓ. હું પણ હવે જાઉં છું.[૨૯] હે કૈકેય રાજા! જે રાજા-

ઓ ગાયોની, બ્રાહ્મણોની તથા સર્વ પ્રજાઓની રક્ષા કરે છે, તેઓને રાક્ષસોથી કે અગ્નિથી લેશમાત્ર ભય નથી;[૩૦] અને જે રાજાઓ બ્રાહ્મણોને સર્વપ્રધાન ગણે છે, વેદનેજ પોતાનું સર્વોત્તમ બળ માને છે તથા અતિથિઓનાપર અને પ્રજાઓપર સંપૂર્ણ પ્રેમ રાખે છે, તે રાજાઓ સ્વર્ગલોકને જીતે છે."[૩૧]

ભીષ્મે કહ્યું:-"હે રાજન્! એ ઐતિહાસિક વૃત્તાંતને લક્ષ્યમાં રાખીને તમારે બ્રાહ્મણોનું રક્ષણ કરવું, જેથી તેઓ તમારૂં પણ રક્ષણ કરી શકશે. જે રાજાઓ બ્રાહ્મણોનું સારી રીતે રક્ષણ કરે છે, તેઓને બ્રાહ્મણોનો શુભ આશીર્વાદ મળે છે;[૩૨] માટે દરેક રાજાએ સ્વકર્મથી વિરુદ્ધ રીતે વર્તનારા બ્રાહ્મણોને તેઓનાપર અનુગ્રહ કરવાની ખાતર ખાસ નિયમમાં રાખવા જોઇએ અને પછી પોતાની સંપત્તિમાંથી તેઓને અમુક અંશ આપવો જોઈએ.[૩૩] આ રીતે વર્તીને જે રાજા પોતાની નાગરિક અને રાષ્ટ્રીય પ્રજાઓપર રાજ્યશાસન ચલાવે છે, તે આ લોકમાં કલ્યાણોનો અનુભવ કરીને અંતે ઇંદ્રલોકમાં જાય છે."[૩૪]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "કૈકેયનું ઉપાખ્યાન" એ વિષયનો અધ્યાય ૭૭ મો સમાપ્ત.

* * *

અધ્યાય ૭૮ મો

આપદ્ ધર્મ

॥ युधिष्ठिर उवाच ॥

व्याख्याता राजधर्मेण वृत्तिरापत्सु भारत ॥
कथंस्विद् वैश्यधर्मेण संजीवेद् ब्राह्मणोनवा ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે ભારત! બ્રાહ્મણે આપત્તિના સમયે રાજધર્મ સ્વીકારીને પણ પોતાની આજીવિકા ચલાવવી, એમ શાસ્ત્રમાં કહ્યું છે પણ તેવે સમયે વૈશ્યધર્મ સ્વીકારીને તેણે આજીવિકા કરવી કે કેમ? તે મને કહો."[૧]

ભીષ્મ બોલ્યા:-"આપત્તિકાળમાં પોતાની આજીવિકાના સાધનનો જ્યારે નાશ થાય, ત્યારે બ્રાહ્મણે ક્ષાત્રધર્મનો આશ્રય લઈને પણ આજીવિકા કરવી, પણ તે ધર્મનું આચરણ કરવામાં જે બ્રાહ્મણ અશક્ત હોય તેણે ખેતીવાડી અથવા ગોપાલનરૂપ વૈશ્યધર્મનો સ્વીકાર કરીને પણ આજીવિકા કરવી."[૨]

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે ભરતશ્રેષ્ઠ પિતામહ! વૈશ્યધર્મ સ્વીકારીને આજીવિકા કરનારો બ્રાહ્મણ, કયા કયા પદાર્થો વેચીને સ્વર્ગથી ભ્રષ્ટ થતો નથી?"[૩]

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! બ્રાહ્મણ અતિમહાન આપત્તિમાં આવી પડ્યો હોય તોપણ તેણે મદિરા, મીઠું, તલ, ઘોડાં, ગાયો, બકરાં, ઘેટાં, બળદ, મધ, માંસ અને રાંધેલું અન્ન, એ સર્વ વસ્તુઓ કદી વેચવી નહિ; કેમકે હે તાત! એ વસ્તુઓ વેચવાથી બ્રાહ્મણ નરકમાં પડે છે.[૪,૫] બકરાં વેચનાર બ્રાહ્મણને અગ્નિ વેચ્યાનું પાપ લાગે છે, ઘેટાં વેચનાર બ્રાહ્મણને વરુણદેવને વેચ્યાનું પાપ લાગે છે, ઘોડા વેચનાર બ્રાહ્મણને સૂર્ય વેચ્યાનું પાપ લાગે છે, પૃથ્વી વેચનાર બ્રાહ્મણને વિરાટ્ સ્વરૂપ પરમાત્માને વેચ્યાનું પાપ લાગે છે, અને ગાય વેચનાર બ્રાહ્મણને યજ્ઞ અને સોમ વેચ્યાનું પાપ લાગે છે; માટે તે પદાર્થોને કદી વેચવા નહિ.[૬] હે ભારત! રાંધેલું અન્ન આપીને તેના બદલામાં કાચું અન્ન લેવું તેને સત્પુરુષો ઉત્તમ માનતા નથી, પણ કાચું અન્ન આપીને તેના બદલામાં રાંધેલું અન્ન લેવું અને તેનોજ ભોજનને માટે ઉપયોગ કરવો, તે ઉત્તમ છે.[૭] "અમે રાંધેલાં અન્નનું ભોજન કરીશું, તમે આ કાચું અન્ન રાંધીને તૈયાર કરો" આમ કહીને અન્નની અદલાબદલી કરનાર પુરુષને કોઈ રીતે અધર્મજન્ય પાપ લાગતું નથી.[૮] આના સંબંધમાં હું તમારી પાસે માંહોમાંહે આવો વ્યવહાર કરતા પુરુષોના પ્રાચીન કાળના સનાતન ધર્મનું વર્ણન કરૂં છું.[૯] "હું તમને આ અમુક વસ્તુ આપું છું તેના બદલામાં તમે મને પેલી અમુક વસ્તુ આપો" આમ કહીને અન્યોન્યની ઇચ્છાનુસાર વ્યવહાર કરવો તે તો ધર્મજ છે, પણ ઇચ્છા ન હોવા છતાં બળાત્કારે એવો વ્યવહાર કરવો, તે ધર્મ

નથી;[૧૦] અને આ રીતના વ્યવહારો ઋષિઓના તથા બીજાઓના ઘણા પ્રાચીન કાળથી ચાલ્યા આવે છે ને તે યોગ્યજ છે, એમાં સંશય નથી."[૧૧]

યુધિષ્ઠિરે પૂછ્યું:-" હે તાત! જે સમયે સર્વ પ્રજાઓ શસ્ત્રો ઉઠાવીને રાજાની સામે થઈ જાય અને સ્વધર્મથીજ ભ્રષ્ટ થઇ જાય તે સમયે રાજાનું બળ તો ક્ષીણજ થઇ જાય;[૧૨] અને એરીતે ક્ષીણબળ થયેલો રાજા લોકોનું રક્ષણ કેવી રીતે કરી શકે? વળી તેવે સમયે રાજાને મુખ્ય આશ્રય કોનો? હે રાજા! આ મારો સંશય દૂર કરવા માટે તમે મને વિસ્તારથી કહો."[૧૩]

ભીષ્મ બોલ્યા:-" બ્રાહ્મણપ્રમુખ સર્વ વર્ણોએ દાન, તપ, યજ્ઞ, અહિંસા અને ઇંદ્રિયનિગ્રહદ્વારા પોતપોતાનું કલ્યાણ કરવાની ઇચ્છા કરવી જોઇએ. [૧૪] એમાં પણ જે બ્રાહ્મણો વૈદિક મંત્રોનું વિશેષ બળ ધરાવતા હોય તેઓએ, દેવો જેમ ઇંદ્રના બળની વૃદ્ધિ કરે છે, તેમ સર્વ પ્રકારનો ઉદ્યમ કરીને રાજાના બળની વૃદ્ધિ કરવી.[૧૫] વિદ્વાનો કહે છે કે, જે સમયે રાજા ક્ષીણબળ થયો હોય, તે સમયે તેને મુખ્ય આધાર બ્રાહ્મણોનોજ છે. આમ સમજીને તેવા રાજાએ બ્રહ્મબળનો આશ્રય કરીનેજ પ્રજાઓનાં હુલ્લડો શાંત કરવા સજ્જ થવું જોઇએ. [૧૬] આખી પૃથ્વીપર વિજય મેળવનારો રાજા, જ્યારે પોતાના દેશમાં શાંતિને ફેલાવી દે છે, ત્યારે સર્વ વર્ણો પોતપોતાના ધર્મપ્રમાણે કોઇ રીતેપણ વર્તવા તત્પર થાય છે;[૧૭] અને હે યુધિષ્ઠિર! જે સમયે દુષ્ટ લોકોએ સંકરતા કરવા માંડી હોય અને તેથી સર્વ લોકો જ્યારે નિર્મર્યાદ બની જાય, ત્યારે દરેક વર્ણના મનુષ્યોએ શસ્ત્ર ધારણ કરવાં ને તે અધર્મપ્રવૃત્તિને અટકાવવી એમાં કોઇને દોષ લાગતો નથી."[૧૮]

યુધિષ્ઠિરે પૂછ્યું:-" હવે જે સમયે બધા ક્ષત્રિયોજ એકઠા મળીને બ્રાહ્મણોનો દ્વેષ કરવા લાગી પડે, ત્યારે બ્રાહ્મણોનો રક્ષક કોણ? તેવે સમયે બ્રાહ્મણોનો ધર્મ કયો અને તેઓને મુખ્ય આશ્રય કોનો?"[૧૯]

ભીષ્મે કહ્યું:-" જ્યારે બ્રાહ્મણો સામેજ તેવો પ્રસંગ પ્રાપ્ત થાય, ત્યારે તેઓએ તપશ્ચર્યા કરીને, બ્રહ્મચર્ય પાળીને, શસ્ત્રો ઉઠાવીને, બાહુબળનો આશ્રય કરીને તથા કપટ કે અકપટ ગમે તે કરીને પણ ક્ષત્રિયોને વશ કરવા જોઇએ.[૨૦] અતિ ઉદ્ધત બની ગયેલા ક્ષત્રિયો જ્યારે બ્રાહ્મણોપરજ વિશેષે કરીને અત્યાચારો કરવા માંડે, ત્યારે બ્રાહ્મણોએજ તેઓને શિક્ષા કરવી; કારણ કે બ્રાહ્મણો ક્ષત્રિયોના ઉત્પાદક છે.[૨૧] અગ્નિ, ક્ષત્રિય અને લોઢું-એ ત્રણે જળ, બ્રાહ્મણ અને પથ્થરથી ઉત્પન્ન થયેલ છે. એ ત્રણેની શક્તિ જોકે સર્વત્ર અસ્ખલિત ગતિ કરનારી છે, તોપણ પોતપોતાનાં ઉત્પત્તિક્ષેત્રોમાં તેઓની શક્તિ શાંત પડી જાય છે, ત્યાં તેઓનું કંઇ પણ ચાલતું નથી.[૨૨] આમ હોવાથી જે સમયે લોઢું પથ્થરનો નાશ કરવા જાય છે, અગ્નિ જળનો નાશ કરવા જાય છે અને ક્ષત્રિય, બ્રાહ્મણનો નાશ કરવા જાય છે, તે સમયે તેઓ (લોઢું, અગ્નિ અને ક્ષત્રિય), પોતાનોજ નાશ કરે છે;[૨૩] માટે હે યુધિષ્ઠિર! અતિશય ઉત્કૃષ્ટ અને સર્વતઃ અજેય એવાં પણ ક્ષત્રિયોનાં તેજ અને બળ બ્રાહ્મણોસામે થતાં શાંત પડી જાય છે.[૨૪] વળી જે સમયે બ્રાહ્મણોનું તેજ શાંત પડી ગયું હોય, ક્ષત્રિયોનું પરાક્રમ દુર્બળ થઇ પડ્યું હોય અને સર્વ વર્ણો બ્રાહ્મણોપ્રત્યે દુષ્ટ ભાવથી વર્તતા હોય, તેવે સમયે જે મનસ્વી પુરુષો, આવેશાવિષ્ટ થઇને તથા પોતાના જીવિતની દરકાર નહિ રાખીને યુદ્ધ કરે છે અને બ્રાહ્મણોની, ધર્મની તથા પોતાની રક્ષા કરે છે, તેઓ મહાપવિત્ર યશસ્વી બને છે; માટે બ્રાહ્મણોમાટે તો સર્વ વર્ણોએ હથિયાર હાથમાં લેવાંજ જોઇએ.[૨૫-૨૭] જે શૂરાઓ બ્રાહ્મણોને માટે યુદ્ધ કરીને પોતાના પ્રાણોની આહુતિ આપે છે, તેઓ યજ્ઞ કરનારા, વેદાધ્યયન કરનારા, મહાન તપશ્ચર્યા કરનારા, અનશનવ્રત સ્વીકારનારા તથા અગ્નિ પ્રવેશ કરનારા પુણ્યવાન લોકોને મળનારી દિવ્ય ગતિને પામે છે.[૨૮] ધર્મવેત્તાઓ કહે છે કે, એ રીતેજ જ્યારે ત્રણે વર્ણો સંકટમાં આવી પડે, ત્યારે શસ્ત્રગ્રહણ

કરનારા બ્રાહ્મણને પણ દોષ લાગતો નથી; કારણ કે એમ ધર્માર્થે પ્રાણોનો ત્યાગ કરવા જેવો બીજો એક પણ ધર્મ નથી.[૨૯] જે મહાપુરુષો, બ્રાહ્મણોનું રક્ષણ કરવા માટે બ્રહ્મદ્વેષીઓસામે યુદ્ધયજ્ઞ આરંભીને પોતાનાં શરીરોને હોમે છે, તેઓને અમે નમસ્કાર કરીએ છીએ, તેઓનું સદા કલ્યાણ થાઓ અને તેઓને મળેલી ગતિ અમને પણ મળો.[૩૦] ભગવાન મનુ પણ કહે છે કે, અશ્વમેધ યજ્ઞમાં અવભૃથ સ્નાન કરીને પવિત્ર થયેલા પુરુષોની પેઠે બ્રાહ્મણાર્થે યુદ્ધ કરીને શસ્ત્રોથી મરણ પામેલા શૂરાઓ બ્રહ્મલોકનો તથા સ્વર્ગલોકનો જય કરે છે, અને સર્વ પાપોથી મુક્ત થઇને પવિત્ર થાય છે.[૩૦,૩૧] દેશ અને કાળના કારણને લીધે કોઇ સમયે ધર્મ અધર્મરૂપ થાય છે અને અધર્મ ધર્મરૂપ થાય છે; કેમકે દેશ અને કાળનો એવો પ્રભાવજ હોય છે.[૩૨] સર્વ પ્રાણીઓ તરફ મિત્રભાવે વર્તનારા એવા પણ ઘણા મહાપુરુષો ક્રૂર કર્મ કરવા છતાં ઉત્તમ સ્વર્ગલોકને મેળવે છે; અને કેટલાએક ધાર્મિક પુરુષો પાપકર્મ કરવા છતાં પરમગતિને પામે છે.[૩૩]* ત્રણે વર્ણો અસન્માર્ગે જઇ રહ્યા હોય, ઉદ્ધત લોકોને શિક્ષા કરવી હોય અને પોતાનું જો રક્ષણ કરવું હોય તો બ્રાહ્મણે પણ શસ્ત્ર ગ્રહણ કરવાં અને તેમ કરવાથી તેને ત્રણે કાળમાં દોષ લાગતો નથી.”[૩૪]

યુધિષ્ઠિર પૂછે છેઃ-“ જે સમયે દસ્યુ લોકોનું બળ વધી પડયું હોય, પ્રજાઓ વર્ણસંકર બની ગઈ હોય અને સર્વ મનુષ્યોનું રક્ષણ કેમ કરવું, એ બાબતમાં સર્વ લોકો જ્યારે મૂઢ બની ગયા હોય, ત્યારે ક્ષત્રિયવર્ણસિવાયના બીજા વર્ણનો હરકોઇ બળવાન પુરુષ, દસ્યુ લોકોનો જો પરાજય કરે અને પ્રજાઓનું જો રક્ષણ કરે તો તે પુરુષ ધર્મદૃષ્ટિએ રાજાનું કાર્ય કરનાર ગણાય કે નહિ ? અને જો તેણે એ કાર્ય યોગ્યજ કરેલું ગણાય તો પછી તે પુરુષ સર્વનો સ્વામી થઇ શકે કે નહિ ? તે મને કહો. હું તો ધારૂં છું કે, તેવે પ્રસંગે ક્ષત્રિયસિવાયના હરકોઇ વર્ણના પુરુષે શસ્ત્રગ્રહણ કરવું આવશ્યક છે.”

ભીષ્મ બોલ્યાઃ-“ હે રાજન્ ! ક્ષત્રિયસિવાયના હરકોઇ વર્ણનો પુરુષ, ભલે તે પછી શૂદ્ર હો, વૈશ્ય હો, કે બ્રાહ્મણ હો, પરંતુ તે પુરુષ અપાર સંકટસાગરમાં જો પારરૂપ બનતો હોય અને દુઃખરૂપી નિરાધાર મહાસાગરમાં જો નૌકારૂપ બનતો હોય, તો સર્વથા તે માનપાત્રજ છે-પ્રજાએ તે પુરુષને પોતાના સ્વામી તરીકે વધાવીજ લેવો જોઇએ.[૩૫-૩૮] દુષ્ટ શત્રુઓના ત્રાસથી પીડિત થયેલી અનાથ પ્રજાઓ જે કોઇ પુરુષનો આશ્રય કરીને સુખેથી રહી શકતી હોય, તે પ્રજાઓએ પોતાના બાંધવની પેઠે એ પુરુષને પૂજવો જોઇએ; કારણ કે હે કુરુવંશી રાજા ! જે પુરુષ નિર્ભય થઇને નિરંતર કાર્ય કરી શકે છે, તેને સન્માન આપવું યોગ્યજ છે.[૩૯,૪૦] જેમ ભારને નહિ ઉંચકનારા બળદો ઉપયોગી નથી, દૂધને નહિ આપનારી ગાય ઉપયોગી નથી અને પ્રજા નહિ ઉત્પન્ન કરનારી વાંઝણી સ્ત્રી ઉપયોગી નથી, તેમ રક્ષણ નહિ કરનારો રાજા પણ પ્રજાઓને ઉપયોગી નથી.[૪૧] હે પાર્થ ! જેમ લાકડાનો હાથી, ચામડાનો મૃગ, નપુંસક પુરુષ, ક્ષારવાળું ક્ષેત્ર, અભણ બ્રાહ્મણ અને નહિ વરસનારો મેઘ પ્રજાઓને નકામો છે, તેમ રક્ષણ નહિ કરનારો રાજા પણ પ્રજાઓને નકામોજ છે; [૪૨,૪૩] માટે જે પુરુષ સત્પુરુષોનું રક્ષણ કરી શકે અને દુષ્ટોને શિક્ષા કરી શકે, તેનેજ દેશનો રાજા કરવો જોઇએ; કારણ કે તેને આધારે આ સર્વ જગત સ્વસ્થ રહી શકે છે.”[૪૪]

અધ્યાય ૭૮ મો સમાપ્ત.

---

* જેમકે ઉત્તંક અને પરાશર આદિ મહામુનિઓએ તે તે કાળને અનુસરીને સર્પયજ્ઞ તથા રાક્ષસયજ્ઞ (સર્પો અને રાક્ષસોને હોમી દેવાના યજ્ઞો) જેવાં ક્રૂર કર્મો કર્યાં હતાં, પરંતુ તે કર્મો ધર્મરૂપ થઇને સ્વર્ગ આપનારાં થયાં હતાં. તેવી રીતેજ કેટલાએક ધાર્મિક રાજાઓએ શત્રુઓના દેશને પાયમાલ કરી નાખવા જેવાં પાપી કૃત્યો કર્યાં હતાં, છતાં તે તે દેશકાળને અનુસરીને તે કર્મો તેઓને પરમ ગતિ આપનારાં થયાં હતાં.

નીલકંઠ

અધ્યાય ૭૯ મો

ઋત્વિજનાં લક્ષણો અને યજ્ઞની આવશ્યકતા

॥ युधिष्ठिर उवाच ॥

क्क समुत्थाः कथं शीला ऋत्विजः स्युः पितामह।
कथं विधाश्च राजेन्द्र तद्ब्रूहि वदतां वर ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે વક્તાઓમાં શ્રેષ્ઠ રાજેન્દ્ર ! ઋત્વિજોની ઉત્પત્તિ ક્યાંથી થઈ? તેઓનો આચાર કેવો હોવો જોઇએ અને તેઓ કેવા પ્રકારના હોવા જોઇએ, તે હે પિતામહ ! તમે મને કહો ?”[૧]

ભીષ્મ બોલ્યા:–“ બ્રાહ્મણોમાં જેઓ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને મીમાંસાશાસ્ત્રને જાણનારા હોય, તેવા ઋત્વિજોએ રાજાનાં શાંતિક, પૌષ્ટિક આદિ પ્રયોગશુદ્ધિ નામનાં કર્મો લક્ષ્યપૂર્વક કરવાં જોઇએ;[૨] પરંતુ તે ઋત્વિજો અન્યોન્ય એકજ નિશ્ચયવાળા, વીર પુરુષો સામે નિત્યવાદવિવાદ કરી શકે તેવા, પરસ્પર મિત્રભાવે વર્તનારા, સર્વ સ્થળે સમદૃષ્ટિ રાખનારા, ક્રૂરતારહિત, સત્ય ભાષણ કરનારા, વ્યાજવટંતરનો ધંધો નહિ કરનારા અને સરલ સ્વભાવના હોવા જોઇએ. વળી જે ઋત્વિજ દ્રોહ અને અભિમાનથી રહિત હોય છે, લજ્જા, ક્ષમા, ઇંદ્રિયદમન અને શાંતિથી યુક્ત હોય છે, બુદ્ધિમાન હોય છે, સત્ય અને ધૈર્યથી યુક્ત હોય છે, ઇંદ્રિયોને વશ રાખનારો હોય છે, સર્વ પ્રાણીઓપર દયા રાખનારો હોય છે, રાગદ્વેષથી રહિત હોય છે, શુદ્ધ શાસ્ત્ર, શુદ્ધ વર્તન અને શુદ્ધ વંશવાળો હોય છે, હિંસાકર્મથી રહિત હોય છે તથા જ્ઞાનમાંજ તૃપ્ત રહેનારો હોય છે, તે ઋત્વિજ :યજ્ઞમંડપમાં બ્રહ્માના આસનપર બેસવાને યોગ્ય છે. હે તાત ! આ સર્વ ઉત્તમ (બ્રહ્માસનને યોગ્ય) ઋત્વિજનું અને બીજા સર્વે સામાન્ય (બ્રાહ્મણાચ્છંસી વગેરે) ઋત્વિજોનું ધનાદિકથી યથાયોગ્ય સન્માન કરવું જોઇએ.”[૩–૬]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ ઋત્વિજોને દક્ષિણા આપવી” એવું વેદ વચન છે, પણ અમુક આટલા પ્રમાણમાંજ દક્ષિણા આપવી, એવી કોઈ વ્યવસ્થા જોવામાં આવતી નથી.[૭] યજ્ઞ કરનાર યજમાને બારસો રૂપીઆની દક્ષિણા આપવી, એવું એક શાસ્ત્રવચન છે અને બીજું આપદ્ધર્મશાસ્ત્ર કહે છે કે, યજ્ઞ કરનાર યજમાન, બારસો રૂપીઆની દક્ષિણા જો ન આપી શકે તો તેણે પોતાનું સર્વસ્વ દક્ષિણામાં આપી દેવું. આ ધર્મશાસ્ત્રની આજ્ઞા તો મહા ભયંકર છે. તેણે યજ્ઞ કરનારની શક્તિનો લેશમાત્ર વિચારજ કર્યો નથી.[૮] વળી એક વૈદિકી શ્રુતિ કહે છે કે, શ્રદ્ધાવાન પુરુષે યજ્ઞ કરવો. આ શ્રુતિની આજ્ઞાથી કોઈ નિર્ધન પુરુષે કરેલા મિથ્યાચાર યજ્ઞને શ્રદ્ધા કેવી રીતે પૂર્ણ કરી શકશે?–અર્થાત્ યજ્ઞમાં જ્યાં ગાય આપવાનું કહ્યું છે ત્યાં અશક્તિને લીધે તે પુરુષ માત્ર એક ચરુનું દાન આપશે, જ્યાં વસ્ત્ર આપવાનાં કહ્યાં છે ત્યાં માત્ર એક જવનો દાણો આપશે ને જ્યાં સુવર્ણ આપવાનું કહ્યું છે, ત્યાં માત્ર એક પૈસોજ આપશે, જેથી તે યજ્ઞ મિથ્યાચાર થશે અને તેવી મિથ્યા શ્રદ્ધાવાળો યજ્ઞ સાંગોપાંગ સંપૂર્ણ થયેલો કેમ કહેવાશે?”[૯]

ભીષ્મે કહ્યું:–“ વેદાજ્ઞાઓનું અપમાન કરવાથી અથવા તે આજ્ઞાઓનું પાલન કરવામાં શઠતા કે માયા (કપટ) કરવાથી કોઇ પણ મનુષ્ય મહત્ત્વ સંપાદન કરી શકતો નથી; માટે તમને એવી બુદ્ધિ ન થાઓ.[૧૦] હે તાત! દક્ષિણા એ યજ્ઞનું અંગ છે અને વેદોની વૃદ્ધિ કરવાનું એક સાધન છે; એટલુંજ નહિ પણ દક્ષિણાવિનાના યજ્ઞો યજમાનોને કદિ તારી શકતા નથી.[૧૧] પોતાની શક્તિ અનુસારજ દક્ષિણા આપવાનું વેદમાં કહ્યું છે, જેથી યજ્ઞ કરનારાએ આપેલી દક્ષિણાની તુલના નહિ કરતાં કેવળ તેની શક્તિનીજ તુલના કરવી જોઇએ–અર્થાત્ એક પ્રસ્થ (ત્રણશેર) સાથવાનું દાન કરનારને જેમ એક અશ્વમેધ યજ્ઞથી પણ અધિક ફળ મળે છે, તેમ એક પૂર્ણપાત્ર (૨૫૬ મુષ્ટિ ચોખા) નું દાન કરનાર દરિદ્ર યજમાનને–બારસો રૂપીઆ દક્ષિણા આપ્યાનું ફળ મળે છે; માટે હે તાત! ત્રણે વર્ણોના મનુષ્યોએ

વેદોક્ત વિધિપ્રમાણે અવશ્ય યજ્ઞો કરવા.[૧૨] 'સોમ (તે નામની એક લતા) એ બ્રાહ્મણોનો રાજા છે' એમ વેદમાં કહ્યું છે; માટે કેવળ યજ્ઞ કરવાની ઇચ્છાથીજ બ્રાહ્મણ, એ સોમવલ્લીને વેચી શકે છે, પણ પોતાની આજીવિકા ચલાવવા માટે તેને વેચી શકે નહિ.[૧૩] ધર્માચરણ કરનારા ઋષિઓએ ધર્માનુસાર નિર્ણય કર્યો છે કે, સોમવલ્લીને વેચવાથી મળેલા દ્રવ્યવડે માત્ર યજ્ઞજ કરી શકાય છે.[૧૪] યજ્ઞકર્તા પુરુષ, યજ્ઞ અને સોમ, એ ત્રણે જો ન્યાયસંપન્ન હોય તોજ કલ્યાણકર્તા થઇ શકે છે; પરંતુ યજ્ઞકર્તા પુરુષજ જો અન્યાય આચારવાળો હોય તો પોતાનું કે પારકું શ્રેય કરી શકતો નથી.[૧૫] જે મહાત્મા બ્રાહ્મણો માત્ર શરીરધારણામાટેજ કર્મપ્રવૃત્તિ કરી રહ્યા હોય છે, તેઓને માટે અગ્નિસાધ્ય યજ્ઞાદિ કર્મો શ્રેયસ્કર નથી, કારણ કે તે કર્મો કેવળ હિંસાપ્રધાનજ હોય છે;[૧૬] માટે શ્રુતિ કહે છે કે, તેવા બ્રહ્મનિષ્ઠ પુરુષોએ યજ્ઞો નહિ કરતાં તપ કરવું, એજ અતિ ઉત્તમ છે. હે વિદ્વાન રાજા! તે તપનું સ્વરૂપ પણ હું તમને કહું છું તે સાંભળો.[૧૭] અહિંસા, સત્ય વચન, આનૃશંસ્ય (ક્રૂરતાનો અભાવ),–ઇંદ્રિયદમન અને દયા, આને ધીર પુરુષો તપ કહે છે, પણ શરીરનું શોષણ કરવું તે કંઇ તપ નથી.[૧૮] વેદાજ્ઞાઓનું અપમાન કરવું, શાસ્ત્રમર્યાદાનું ઉલ્લંઘન કરવું ને સર્વ પ્રકારના આચારોમાં અવ્યવસ્થા કરી નાખવી, તે આત્મનાશનું કારણ છે.[૧૯] હે પાર્થ! યજ્ઞમાં દશ હોતાઓના વિધાનનો શો ઉદ્દેશ છે, તે હું તમને કહું છું, સાંભળો. યજ્ઞમાં જે સરવો હોય છે, કે જેનાવડે આહુતિ અને અગ્નિનું ઐક્ય થાય છે, તે કેવળ સરવોજ નથી પણ જીવ અને પરમાત્માનું ઐક્ય સાધવાના સાધનભૂત યોગ છે તેમજ અગ્નિમાં હોમવાનું જે દ્રવ્ય–ઘી છે, તે માત્ર હોમદ્રવ્યજ નથી પણ આત્મામાં હોમી દેવાનું ચિત્ત છે; માટે ખરૂં જોતાં બાહ્ય યજ્ઞોના કરતાં આભ્યંતર જ્ઞાનયજ્ઞજ ઉત્તમ અને પવિત્ર છે; અને સંક્ષેપમાં એટલુંજ કહી શકાય કે, મનુષ્યોનાં સર્વ કર્મો જો કુટિલતાભરેલાં હોય છે તો મૃત્યુપદને આપે છે ને જો નીતિથી ભરેલાં હોય છે તો બ્રહ્મપદને આપે છે બસ, આટલોજ જ્ઞાનનો વિષય છે. વિશેષ પ્રલાપો કરવાથી શું ફળ છે? [૨૦,૨૧]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં અધ્યાય ૭૯ મો સમાપ્ત.

अध्याय ८० मो

મિત્રામિત્ર વિચાર

॥ युधिष्ठिर उवाच ॥

यदप्यल्पतरं कर्म तदप्येकेन दुष्करम् ॥
पुरुषेणासहायेन किमु राज्ञा पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે પિતામહ! નાનું સરખું એવું પણ કોઇએક કાર્ય સહાયવિનાના એકલા પુરુષને મહા દુષ્કર થઇ પડે છે, તો પછી કોઈની સહાયવિનાનો એકલો રાજા રાજ્યકાર્યરૂપ સર્વમહાન કાર્યને કેમ કરી શકે? (માટે અવશ્ય રાજાને કોઇએક સહાયકની તો જરૂર છેજ)[૧] તેથી હું પૂછું છું કે, રાજાનો સહાયક મંત્રી કેવા સ્વભાવનો અને કેવા આચરણવાળો હોવો જોઇએ? તેમજ રાજાએ કોનાપર વિશ્વાસ કરવો અને કોનાપર વિશ્વાસ ન કરવો?"[૨]

ભીષ્મ બોલ્યા:–" હે રાજન્! રાજાઓને ચાર પ્રકારના મિત્રો હોય છે. એક સહાર્થમિત્ર, બીજો ભજમાન મિત્ર, ત્રીજો સહજમિત્ર અને ચોથો કૃત્રિમમિત્ર. તેમાં "આપણે બન્નેએ મળીને અમુક આપણા શત્રુ રાજાનો નાશ કરવો ને તેનું રાજ્ય સરખે ભાગે વહેંચી લેવું" આવી શરત કરીને કરેલો મિત્ર સહાર્થમિત્ર કહેવાય છે; પોતાના પિતા, પિતામહોના સમયથી જે સેવા કરતો આવતો હોય તે ભજમાન મિત્ર કહેવાય છે; માસીનો પુત્ર, ફોઈનો પુત્ર વગેરે સહજ મિત્ર કહેવાય છે અને જેને ધનાદિકથી વશ કરેલો હોય કૃત્રિમમિત્ર કહેવાય છે.[૩] આ સિવાયનો એક પાંચમો મિત્ર પણ હોય છે, કે જે કેવળ ધર્માત્મા હોય છે અને બન્ને પક્ષમાંથી કોઈ એકનોજ પક્ષ નહિ સ્વીકારતાં જે તરફ ધર્મજ હોય છે, તે તરફ પોતે મિત્રતરિકે રહે છે.[૪] જે કોઇ વિષય અધાર્મિક

હોઈને આ ધર્માત્મા મિત્રને રુચતો ન હોય તે વિષય એની પાસે પ્રકટજ કરવો નહિ, કારણ કે રાજાઓએ વિજય મેળવવાની ઇચ્છાથી ધર્મ અધર્મ બન્નેનું આચરણ કરવું પડે છે, જેથી અધર્માચરણમાં તે ધર્માત્મા મિત્ર પોતાની અનુમતિ આપતો નથી.[5] પૂર્વોક્ત ચાર મિત્રોમાં વચલા બે ભજમાન અને સહજ મિત્ર ઉત્તમ ગણાય છે; પરંતુ પહેલા અને છેલ્લા, સહાર્થ અને કૃત્રિમમિત્ર તો નિત્ય શંકા કરવા યોગ્યજ હોય છે,* પણ જ્યારે દુષ્ટ અમાત્યોને શિક્ષા કરવા જેવાં પોતાનાં ખાસ કાર્યો કરવાનાં હોય ત્યારે તો એ પાંચે મિત્રોના પર શંકા રાખવી, તે યોગ્ય છે–અર્થાત્ એવાં કાર્યો,એ પાંચે મિત્રોની સમક્ષમાં કદી કરવાં નહિ.[6] વળી રાજાએ મિત્રનું રક્ષણ કરવામાં પ્રમાદી થવું નહિ; કેમકે પ્રમાદી રાજાનો લોકો તિરસ્કાર કરે છે,[7] તેમજ મનુષ્યોનાં ચિત્ત સદાને માટે સમાન સ્થિતિમાં રહેતાં નથી, જેથી કોઈ સમયે દુર્જન મનુષ્ય સજ્જન થઈ જાય છે, સજ્જન મનુષ્ય દુર્જન બની જાય છે, શત્રુ મિત્ર થઇ જાય છે, ને મિત્ર પણ શત્રુ બની જાય છે. આમ હોવાથી અમુક કોઇ એકજ મનુષ્યપર કોણ વિશ્વાસ રાખી શકે ? માટે રાજાએ પોતાના અંગત માણસનો પણ વિશ્વાસ કર્યા વિના કોશ, દુર્ગ આદિના રક્ષણરૂપ મુખ્ય કાર્યો પોતાની દેખરેખનીચેજ કરાવવાં.[8,9] રાજા, કોઇ એકના પર જો સંપૂર્ણ વિશ્વાસ રાખે છે તો પોતાના ધર્મનો તથા અર્થનો નાશજ કરી બેસે છે, તેમ સર્વ સ્થળે માત્ર જો અવિશ્વાસજ રાખે તો મૃત્યુથી પણ અધિક દુઃખમાં આવી પડે છે–અર્થાત્ કોઇનો કેવળ વિશ્વાસ પણ ન કરવો અને કેવળ કોઇનો અવિશ્વાસ પણ ન રાખવો; કારણ કે કેવળ અવિશ્વાસ ઉપરજ વ્યવહાર કરનારો વિશ્વાસુ માણસ, કોઇ સમયે અકાલમૃત્યુનો ભોગ થઇ પડે છે. તેનો હેતુ એજ છે કે,જેનો તેણે વિશ્વાસ કર્યો હોય છે તેની ઇચ્છાને આધારેજ તેની જીવનદોરી ટકી રહી છે.[11] માટે હે તાત ! રાજાએ કોઈ કોઇ સ્થળે વિશ્વાસ પણ રાખવો ને કોઈ કોઈ સ્થળે શંકા પણ રાખવી. આ સનાતન કાળની રાજનીતિ છે, જેથી તેના તરફ લક્ષ્ય આપવું.[12] હવે કોનો કોનો વિશ્વાસ ન કરવો, તે કહેવાય છે. પોતાના મરણ પછી પોતાની સંપત્તિનો માલીક થનાર મનુષ્ય, ભલે પછી તે પોતાનો ભાઇ હોય કે પુત્ર હોય તોપણ તેનાપર શંકાજ રાખવી; કારણ કે વિદ્વાનોએ તેને શત્રુજ કહ્યો છે.[13] જેમ કોઈ ક્ષેત્રમાં થઈને કોઇએક મોટા તળાવનું પાણી આસપાસનાં બધાં ક્ષેત્રોમાં વહેતું હોય તે ક્ષેત્રનો માલીક તળાવના બંધનું જો બરાબર રક્ષણ કરે છે તો બધાં ક્ષેત્રોમાં એકસરખું પાણી પહોંચી વળવાથી ઉત્તમ ધાન્યનિષ્પત્તિ થાય છે; પરંતુ કોઇ સમયે પાણી ઘણુંજ છલકાઇ જશે, એવા ભયથી તે પુરુષ તળાવના બંધને જો તોડી નાખે તો બધાં ક્ષેત્રોમાં પાણી ભરાઈ જવાથી ઘણું મોટું નુકસાન થઈ જાય; એ પ્રમાણેજ રાજ્યની સરહદનું રક્ષણ કરનારો પુરુષ, સીમાડાનું જો બરાબર રક્ષણ કરે છે તો બીજાના દેશોમાંથી ઉત્તમ વસ્તુઓની આવકને લીધે રાજાનો દેશ આબાદ અને સુખી થાય છે; પણ તે સીમાન્તપાલક પુરુષ, શત્રુ રાજાથી ડરી જઇને સીમાડાનું જો રક્ષણ ન કરે તો તે માર્ગે શત્રુઓ રાજ્યમાં પ્રવેશ કરે ને દેશનો નાશ કરી નાખે; માટે એ સીમાંતપાલકનો પણ રાજાએ વિશ્વાસ કરવો નહિ પણ તેને શત્રુતરીકેજ જાણવો.[14,15] હવે ઉત્તમ મિત્રનું લક્ષણ શું? તે વિષે કહેવામાં આવે છે. જે પુરુષ, રાજાના અભ્યુદયથી તૃપ્તજ ન થાય ને વિપત્તિના સમયે અત્યંત ઉદાસ થઈ જાય તે, રાજાનો ઉત્તમ મિત્ર કહેવાય છે.[16] વળી રાજા, જેના સંબંધમાં ખાત્રીથી માનતો હોય કે, ‘મારા નાશથી આનો પણ નાશ થઈ જશે’ તેવા પુરુષનો પિતાની પેઠે તેણે વિશ્વાસ કરવો;[17] એટલુંજ નહિ

---

* સહાર્થ મિત્ર પોતાના કરતાં જો વિશેષ બળવાન હોય તો ફલપ્રાપ્તિના સમયે બધું પોતેજ પચાવી પાડે છે અને કૃત્રિમ મિત્રને બીજા તરફથી જો વિશેષ ધનલાભ થાય તો તુરતજ તે બીજાનો મિત્ર થઇ બેસે છે, માટે એ બન્ને મિત્રોના પર શંકાજ રાખવી. **નીલકંઠ**

પણ પોતાની શક્તિની વૃદ્ધિ થતાંજ તે પુરુષનો સર્વ પ્રકારે અભ્યુદય કરી દેવો. તેમજ જે પુરુષ હરકોઇ ધર્મકાર્યોમાં પણ રાજાનો જો પ્રમાદ થતો હોય તો તે પ્રમાદરૂપ નાશથી તેને અટકાવે છે અને તે સિવાયના બીજા પ્રસંગોમાં પણ રાજાની હરકોઇ હાનિથી ભયભીત રહ્યા કરે છે, તેને પણ રાજાએ પોતાનો ઉત્તમ મિત્ર જાણવો; પરંતુ જેઓ તેથી ઉલટું વર્તન કરવા ઇચ્છતા હોય તેને પોતાના શત્રુજ જાણવા,[૧૮–૧૯] પણ જે મિત્ર રાજાના પર સંકટ આવતાંજ ભયથી ધ્રૂજી જતો હોય અને સમૃદ્ધિ દેખીને બુદ્ધિદુષ્ટ ન થતો હોય, તેને તો રાજાએ પોતાના સમાનજ ગણવો જોઇએ.[૨૦] વળી જે પુરુષ રૂપરંગમાં સર્વોત્તમ હોય, મધુર સ્વરથી યુક્ત હોય, ક્ષમાશીલ હોય; અસૂયાદોષથી રહિત હોય, કુળવાન હોય ને સંતતિમાન હોય, તેને રાજાએ પૂર્વોક્ત મિત્રોથી બીજી પદવીનો ગણવો.[૨૧] તે સિવાય જે પુરુષ, ભલે પછી તે ઋત્વિજ હોય, આચાર્ય હોય કે અતિપ્રશંસાપાત્ર મિત્ર હોય, પણ જો બુદ્ધિમાન હોય, સ્મરણશક્તિસંપન્ન હોય, ઉત્સાહશક્તિથી પૂર્ણ હોય, સ્વભાવે દયાળુ હોય, ને માનાપમાનમાં કદી પ્રફુલ્લ કે ખિન્ન થતો ન હોય, તે પુરુષને તો અમાત્યતરીકેજ પોતાની સમીપમાં રાખવો ને અતિ માનપૂર્વક પોતાના રાજમહેલમાંજ વસાવવો.[૨૨–૨૩] એટલુંજ નહિ પણ તે પુરુષને તમારે ગુપ્ત વિચારોથી તથા ધર્મપ્રકૃતિ અને અર્થ *ધર્મપ્રકૃત્તિ વગેરેથી જાણીતો રાખવો ને પિતાની પેઠે તેનો વિશ્વાસ કરવો.[૨૪] વળી બીજું, કોઇ એકજ રાજકાર્ય કરવા ઉપર અધ્યક્ષતરીકે કામ કરનાર એકજ પુરુષની નિમણુંક કરવી, પણ બે કે ત્રણ પુરુષની નિમણુંક કરવી નહિં; કેમકે સામાન્ય એવો નિયમજ હોય છે કે, એક કાર્યમાં મનુષ્યોના અનેક મતભેદો સર્વદા હોયજ છે ને તેવા એકજ કામ ઉપર નિમાયલા બે ત્રણ અધિકારીઓ એકબીજાના સ્વતંત્ર વિચારોને સહન પણ કરી શકે નહિ;[૨૫] તેમજ જે પુરુષ મહાકીર્તિમાન હોય, નીતિમર્યાદામાં સ્થિર રહેનારો હોય, સમર્થ પુરુષોનો દ્વેષ્ટા ન હોય, અનર્થો કરતો ન હોય, કામથી, ભયથી લોભથી કે ક્રોધથી ધર્મનો ત્યાગ કરતો ન હોય, કાર્યકુશલ હોય અને બોલ્યા પ્રમાણેજ સંપૂર્ણ કાર્ય કરનારો હોય, તે પુરુષને તમારે પ્રતિનિધિ અથવા પ્રધાનતરીકે નીમવો.[૨૬,૨૭] વળી જે પુરુષો કુળવાન, શીલવાન, ક્ષમાવાન, આત્મશ્લાઘા નહિ કરનારા, શૂરવીર, આર્ય, વિદ્વાન અને કાર્યાકાર્યના વિવેકમાં કુશલ હોય તે પુરુષોને પોતાના અમાત્યો બનાવીને રાજ્યને લગતાં સર્વ કાર્યોમાં નિમવા, તથા તેઓ જ્યારે પોતાનું કર્તવ્ય સારી રીતે બજાવે, ત્યારે તેઓને ધનાદિકથી ઉત્તમ સન્માન આપવું અને યથાયોગ્ય સહાય આપવી,[૨૮,૨૯] જેથી તે ઉત્તમ અમાત્યો, પોતાને સોંપવામાં આવેલાં યોગ્ય કાર્યોમાં સંપૂર્ણ લક્ષ્ય આપીને તથા બીજાં કેટલાંએક મહાન કાર્યોમાં પણ ઉત્સાહભેર જોડાઇને તમારાં અનેક કલ્યાણો કરતા રહેશે;[૩૦] કારણ કે તેઓ અન્યોન્યની સ્પર્ધા કરીને કાર્યો કર્યા કરે છે ને તેવા કોઈ ગહન વિષયોમાં એકબીજાની સલાહ લઈનેજ કાર્યક્રમણ રચે છે.[૩૧]

હે યુધિષ્ઠિર રાજા! પ્રાણીઓને જેવું મૃત્યુથી ભય હોય છે, તેવુંજ જ્ઞાતિઓથી પણ ભય હોય છે, એ પણ તમારે લક્ષ્યમાં રાખવું. જેમ પાસે રહેનારો સામંત રાજા પોતાના મહારાજાની સમૃદ્ધિને સહન કરી શકતો નથી, તેમ જ્ઞાતિભાઇ પણ પોતાની જ્ઞાતિની સમૃદ્ધિને સહન કરી શકતો નથી.[૩૨] સરળ, દયાળુ, દાતા, લજ્જાળુ અને સત્યવાદી, એવા પણ કોઈ મહાપુરુષના વિનાશને તેના જ્ઞાતિસિવાય બીજો કોઈ (પરાયો) પુરુષ પસંદ કરતો નથી.[૩૩] વળી એ પણ લક્ષ્યમાં રાખવું કે, જેઓ જ્ઞાતિજનોથી રહિત છે, તેઓ પણ કદી સુખી થતા નથી; એટલુંજ નહિ પણ તે પુરુષોના જેવા અપમાનપાત્ર બીજા કોઇ પણ હોતા નથી.

---

* દુર્ગાધ્યક્ષ (કોટવાળ), બલાધ્યક્ષ (સેનાપતિ), ધર્માધ્યક્ષ, રાજા, પુરોહિત, રાજવૈદ્ય ને રાજજોશી. આ સાતે પ્રકૃતિ કહેવાય છે. તેમાં ધર્માધ્યક્ષને ધર્મપ્રકૃતિ કહેવામાં આવે છે અને બીજાઓને અર્થધર્મપ્રકૃત્તિ કહેવામાં આવે છે. **નીલકંઠ**

જે પુરુષ જ્ઞાતિવર્ગથી બહિષ્કૃત છે, તેનો બીજાઓ પણ પરાભવ કરી જાય છે.[૩૪] જે સમયે પરજ્ઞાતિના મનુષ્યો તે પુરુષને ધિક્કારી કાઢે છે ત્યારે જ્ઞાતિજ તેને પરમ આશ્રયભૂત થઇ પડે છે બીજો નહિ પણ જ્ઞાતિભાઇ, પોતાના જ્ઞાતિભાઇના અપમાનને કદી સહન કરતો નથી;[૩૫] કારણ કે કોઇ પુરુષના સંબંધીજનોએ પણ તેનું જો અપમાન કર્યું હોય છે તો તેની આખી જ્ઞાતિ એમજ માને છે કે, તે અપમાન કેવળ તેનુંજ કરવામાં આવ્યું છે એમ નથી, પણ અમારૂંજ કરવામાં આવ્યું છે. આ રીતે જ્ઞાતિઓમાં કેટલાએક ગુણો પણ છે અને અવગુણો પણ છે.[૩૬]* જ્ઞાતિવિનાનો પુરુષ બીજા કોઈ મનુષ્યના પર અનુગ્રહ કરી શકતો નથી, તેમ જ્ઞાતિ વિનાનો પુરુષ બીજે ક્યાંય નમતો પણ નથી. માટે જ્ઞાતિવર્ગમાં અનુગ્રહ-નિગ્રહ-સારૂં નરતું બન્ને જોવામાં આવે છે.[૩૭]આમ સમજીને તમારે નિત્ય મન,વચન અને કર્મથી જ્ઞાતિઓનું સન્માન કરવું, સત્કાર કરવો ને પ્રિય કરવું; પણ તેઓનું અપ્રિય તો કદી કરવુંજ નહિ.[૩૮] તમારે તેઓના તરફ વિશ્વાસ ન હોવા છતાં સંપૂર્ણ વિશ્વાસ રાખ્યાના જેવું વર્તન કરવું; પરંતુ ખરો વિશ્વાસ તો રાખવોજ નહિ; કારણ કે તેઓની અંદર રહેલા ગુણદોષ, બારીકીથી જોયા છતાં જોઇ શકાતા નથી;[૩૯] માટે દરેક પુરુષે એ પ્રમાણે પ્રમાદ રાખ્યાવિના જ્ઞાતિઓ તરફ વર્તન રાખવું, જેથી પોતાના શત્રુઓ પણ પ્રસન્ન થાય છે અને મિત્ર થઇ રહે છે;[૪૦] એટલુંજ નહિ પણ આ રીતે પોતાના જ્ઞાતિમંડલ, સંબંધીમંડલ, મિત્રમંડલ, શત્રુમંડલ અને મધ્યસ્થ-હરકોઇની સાથે વર્તનારા પુરુષનો યશ ચિરકાળપર્યંત પૃથ્વીપર સ્થિર રહે છે.[૪૬]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં અધ્યાય ૮૦ મો સમાપ્ત.

અધ્યાય ૮૧ મો

શ્રીકૃષ્ણ અને નારદનો સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

एवमग्राह्यके तस्मिन् ज्ञातिसंबंधिमंडले ॥
मित्रेष्वमित्रेष्वपि च कथं भावो विभाव्यते॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પિતામહ! તમારાએ કથન પ્રમાણે જ્ઞાતમંડળ અને સંબંધિ મંડળ વશ કરવું જો અશકયછે તો પછી તે માંહેના કોઈ મિત્રનું અથવા શત્રુનું ચિત્ત કેવી રીતે વશ કરી શકાય?" [૧]

ભીષ્મ બોલ્યા:-"હે રાજા! આ વિષયમાં શ્રીકૃષ્ણ અને નારદના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસ કહેવાય છે, તે આ પ્રમાણે છે.[૨]

એક વખતે શ્રીકૃષ્ણે નારદને પૂછ્યું કે:-"હે નારદ! જે પુરુષ પોતાનો મિત્ર ન હોય તેને પોતાનો ગુપ્ત વિચાર જણાવવો તે યોગ્ય નથી તેમજ મિત્ર હોય પણ પંડિત ન હોય અને પંડિત હોય પણ ઠરેલ મનનો ન હોય તો તે પણ ગુપ્ત વિચાર જણાવવા માટે યોગ્ય નથી; માટે હું તમારામાં મિત્રતા અને સંપૂર્ણ બુદ્ધિબળ જોઇને કોઇ એક ગુપ્ત વિષયનો પ્રશ્ન પૂછું છું તે તમે સાંભળો.[૩,૪] હું ઐશ્વર્યવાદથી જ્ઞાતિઓનું દાસત્વ કરતો નથી પણ ઉલટો મારી આવકમાંથી અર્ધોભાગ તેઓને આપીને અવશેષ રહેલા અર્ધભાગનોજ ઉપભોગ કરૂં છું તથા તેઓનાં દુષ્ટ ભાષણોને સહન કરૂં છું.[૫] હે દેવર્ષિ! અગ્નિની ઇચ્છાવાળો કોઈ પુરુષ અરણીના કાષ્ઠને જેમ મથી નાખે છે,તેમ આહુક અને અક્રૂર જેવા કેટલાએક મારા જ્ઞાતિલાઓ દુષ્ટ વચનો બોલીને મારા હૃદયને નિત્ય મથી નાખે છે, બાળી નાખે છે.[૬] હે નારદ! બળદેવને વિષે બળ રહેલું છે, મારા નાનાભાઇ ગદને વિષે કોમળતા રહેલી છે અને પ્રદ્યુમ્ન તો રૂપના મદથી છકીજ

---

* આ છત્રીસમા શ્લોકની ટીકા કરતાં નીલકંઠે જ્ઞાતિઓના સંબંધમાં એક શ્લોક ટાંકયો છે:
'परस्परविरोधे हि वयं पंच च ते शतम ।
अन्यैः सह विरोधे तु वयं पंचोत्तरं शतम्॥'
માંહોમાંહેના વિરોધપ્રસંગે અમે પાંચજ છીએ અને તેઓ સો છે, પરંતુ બીજાઓ સાથેના વિરોધપ્રસંગે અમે પાંચજ નથી પણ એકસો પાંચ છીએ.

ગયો છે. તેથી હું કેવળ સહાયવિનાનો થઈ પડયો છું. ૭ હે નારદ! બીજા ઘણા અંધક અને યાદવવંશના મહાપુરુષો મહાભાગ્યશાળી, બળવાન, બીજાઓથી સહન ન થઇ શકે તેવા અને નિત્ય ઉત્સાહસંપન્ન પણ છે. ૮ એ બધા પુરુષો જેના પક્ષમાં ન હોય તેનો નાશજ થઈ જાય અને જેના પક્ષમાં તેઓ હોય છે તેને સંપૂર્ણ પુરુષાર્થ મળે છે; છતાં મને તો તેઓ સહાય કરતા નથી. ૯ અહા! જેની પાસે આહુક અને અક્રૂર હોય તેને એનાથી મોટું દુઃખ કયું છે અને જેની પાસે આહુક અને અક્રૂર મંત્રીતરીકે નથી તેને એનાથી બીજું વિશેષ દુઃખ કયું છે? અર્થાત્ બે પાડા લઢતા હોય અને તેમાં વચ્ચે રહેલા વૃક્ષનો જેમ ક્ષય થાય છે તેમ, આહુક અને અક્રૂરના વિરોધમાં વચ્ચે મને મહાન દુઃખ થયા કરે છે. અક્રૂર કહે છે કે, આહુક ઉપર સ્નેહ રાખીને કૃષ્ણ મારો દ્વેષ કરે છે અને આહુક કહે છે કે, અક્રૂર ઉપર સ્નેહ રાખીને કૃષ્ણ મારો દ્વેષ કરે છે; પણ ખરૂં જોતાં મને તો બન્નેનાપર સરખીજ પ્રીતિ છે, હું તો બન્નેને એકસરખી રીતેજ ચાહું છું. ૧૦ જેમ બે જુગારીઓની માતા પોતાના બન્ને પુત્રોના વિજયને ઇચ્છે છે, તેમ હું પણ આહુકનો તથા અક્રૂરનો બન્નેનો વિજયજ ઇચ્છું છું. મને કોઇનાપર રાગદ્વેષ નથી, છતાં મારે તેઓ બન્નેનાં દુર્ભાષણો સાંભળીને દુઃખ સહન કરવું પડે છે, માટે તમે મને કહો કે, શું કરવાથી મારૂં અને મારા જ્ઞાતિલાઓનું-બન્નેનું શ્રેય થાય?"૧૧,૧૨

નારદ બોલ્યાઃ- "હે કૃષ્ણ! મનુષ્યોના પર હમેશાં બાહ્ય અને આભ્યંતર-એમ બે પ્રકારની આપત્તિઓ આવે છે. તેમાં બાહ્ય આપત્તિ પરાયા માણસોથી આવે છે અને આભ્યંતર આપત્તિ પોતાથી અથવા જ્ઞાતિઓથી પ્રાપ્ત થાય છે. ૧૩ તમારાપર આ સમયે જે કષ્ટદાયક આપત્તિ આવી પડી છે, તે આભ્યંતર આપત્તિ છે અને તેનું મૂળ કારણ-તમારાં તેવાં કર્મો તથા આ બળદેવ, અક્રૂર, ભોજ અને તેના વંશજો પણ છે. બીજા કેટલાએક તમારા જ્ઞાતિલાઓ પણ અર્થના હેતુથી, તેવા કોઇ અભિલાષાના હેતુથી અથવા બીભત્સ વાણીના પ્રભાવથી આ વેળા અક્રૂરને અનુસરે છે. હે સહાયવાન શ્રીકૃષ્ણ! તમે પોતેજ હાથે કરીને આવું દુઃખ ઉત્પન્ન કર્યું છે; કારણકે તમે તમારી જાતે જે ઐશ્વર્ય સંપાદન કર્યું હતું, તે બધું પ્રથમથીજ આહુકને અર્પણ કરી દીધું અને હવે દૃઢમૂલ થઇ ગયેલા તે ઐશ્વર્યનો તમારી જ્ઞાતિના (આહુક) પાસેથી તમે નાશ કરી શકો તેમ નથી. હે કૃષ્ણ! વમન કરેલા અન્નનું જેમ ફરીથી ભક્ષણ થતું નથી, તેમ બભ્રુ અને ઉગ્રસેનને પ્રથમ આપી દીધેલું રાજ્ય હવે તમે પાછું લઇ શકો તેમ પણ નથી; કેમકે તેમ કરવા જતાં તમારા જ્ઞાતિલાઓમાં માંહોમાંહે મહાન ફાટફુટ થવાનો ભય રહે છે, ૧૪-૧૭ છતાં પણ મહા દુષ્કર પ્રયત્ન અથવા પરાક્રમ કરીને તે રાજ્યને તમે કદાચ પાછું મેળવો તોયે અંદર અંદર મહાન સંહાર થઈ જાય, ધનનો પુષ્કળ ખર્ચ થઇ જાય ને કદાચ વિનાશપ્રસંગ પણ આવી પડે; ૧૮ માટે આપત્તિ દૂર કરવા માટે લોખંડથી નહિ બનેલા, કોમળ અને હૃદયને ચીરી નાખનારા એક શસ્ત્રનો ઉપયોગ કરીને તેઓની જીભજ ખેંચી લ્યો, જેથી સર્વ દોષો સાફ થઈ જઇને કલહનું બીજજ નહિ રહે."૧૯

શ્રીકૃષ્ણ બોલ્યાઃ-"હે મુનિ! લોખંડથી નહિ બનેલા તે કોમળ શસ્ત્રને હું કેવી રીતે જાણી શકું? કે જેથી તે શસ્ત્રનો ઉપયોગ કરીને હું સર્વની જીભ ખેંચી લઉં ને દોષોનું નિવારણ કરી દઇ કલહનું બીજજ રહેવા ન દઉં?"૨૦

નારદે કહ્યુંઃ-"શક્તિપૂર્વક અન્નદાન કરવું, નિરંતર ક્ષમા, સરળતા અને મૃદુતા રાખવી તથા યથાયોગ્ય સર્વનો આદરસત્કાર કરવો, એ લોઢાવિના બનેલું શસ્ત્ર છે. ૨૧ તમારા જ્ઞાતિલાઓ જે વેળા કડવાં અને હલકાં વચનો બોલવાની ઇચ્છા કરે તે વેળા મધુરી વાણીથી તમારે તેઓનાં હૃદયને, વાણીને તથા મનને શાંત પાડી દેવાં. ૨૨ કોઈએક ક્ષુદ્ર પુરુષ, પ્રથમ પોતાના મનને જીત્યા વિના તથા ઉત્તમ સહાય પ્રાપ્ત કર્યાવિના રાજ્યની મહાન ધુરાને કદી ધારણ કરી શ-

કતો નથી; પણ તમે તો એક મહાપુરુષ છો, મનને જીતનારા છો અને સહાયવાન છો, જેથી એ રાજ્યધુરાને છાતી ઉપર લઈને ક્ષમાપૂર્વક વહન કરો.[૨૩] જે રસ્તો સરળ અને સપાટ હોય છે, તેના ઉપર તો બધા બળદો મોટો ભારે બોજો વહી જાય છે, પણ ખાડાટેકરાવાળા વિષમ માર્ગમાં તો જે બળદ પુષ્ટ અને ઉત્તમ હોય છે, તેજ મહાન ભારને વહી શકે છે.[૨૪] હે કેશવ! અંદર અંદર ફાટફુટ થવાથી સર્વ કોઈ પ્રજાસંઘોનો નાશ થઈ જાય છે; તમે આ યાદવસંઘના મુખ્ય પુરુષ છો; તો તમારે શરણ પડેલા તેનો જે રીતે વિનાશ ન થાય તે રીતે તમે કરો.[૨૫] હરકોઇ મનુષ્ય સંઘ, બુદ્ધિ, ક્ષમા, ઇંદ્રિયનિગ્રહ અને ધનદાન—એ ચાર ગુણો જેમાં ન હોય તેવા સુજ્ઞ મનુષ્યના અધીનમાં પણ રહેતો નથી.[૨૬] વળી સ્વપક્ષીય સમુદાયનો સદાય અભ્યુદય કરવો તે, ધન આપનાર,યશ આપનાર તથા આયુષ્યની વૃદ્ધિ કરનાર છે; માટે હે કૃષ્ણ! જે કર્મ કરવાથી તમારા જ્ઞાતિલાઓનો વિનાશ ન થાય તે કર્મ તમે કરો.[૨૭] હે પ્રભુ ! સંધિવિગ્રહાદિ છ નૈતિક ગુણોનો ઉપયોગ કરવામાં તથા શત્રુસામે ચઢાઈ લઈ જવાના સંબંધમાં વર્તમાન કાળ અને ભવિષ્યકાળને માટે શું શ્રેયસ્કર છે, એ તમારાથી અજાણ્યું નથી.[૨૮] હે મહાબાહુ! સર્વ યાદવો, કુકુરો, ભોજો, અંધકો, અને વૃષ્ણિઓ તમારા દૃઢ અનુરાગી છે, તેમજ સર્વ લોક અને લોકપાલો પણ કેવળ તમારામાંજ આસક્ત છે;[૨૯] એટલુંજ નહિ પણ હે માધવ! સમગ્ર ઋષિઓ પણ કેવળ તમારીજ બુદ્ધિનો આશ્રય લે છે; કારણકે હે યદુશ્રેષ્ઠ! તમે સર્વ પ્રાણીઓના ગુરુ છો, ભૂતભવિષ્યને જાણનારા છો અને તમારૂં શરણ લઈનેજ સર્વ યાદવો સુખપૂર્વક વૃદ્ધિ પામ્યે જાય છે.

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિ૦ રાજધર્માનુશાસન પર્વમાં “વાસુદેવ અને નારદનો સંવાદ” એ વિષયનો અધ્યાય ૮૧ મો સમાપ્ત.

अध्याय ८२ मो

કાલકવૃક્ષીય મુનિનું આખ્યાન

॥ भीष्म उवाच ॥

एषा प्रथमतो वृत्तिर्द्वितीयां शृणु भारत ॥
यः कश्चिज्जनयेदर्थं राज्ञा रक्ष्यः सदा नरः॥१॥

ભીષ્મે કહ્યું:—“હે ભરતવંશી રાજા યુધિષ્ઠિર! એ પ્રમાણે મેં તમને રાજાના વર્તનનો પ્રથમ પ્રકાર કહ્યો, પણ હવે તેનો બીજો પ્રકાર હું તમને કહું છું, તે સાંભળો. જે કોઇ પુરુષ રાજાના કોશમાં (ભંડારમાં) દ્રવ્યની વૃદ્ધિ કરે તેનું રાજાએ નિરંતર રક્ષણ કરવું જોઈએ.[૧] હે યુધિષ્ઠિર! રાજાના કોશને અમાત્ય (મંત્રી) ચોરી જતો હોય અને તેને લીધે કોશમાં ધનનો જ્યારે નાશ થવા લાગે, ત્યારે કોઈ પોતાનો વિશ્વાસુ નોકર અથવા બીજો હરકોઇ મનુષ્ય તે વાતની જો સૂચના કરવા આવે તો રાજાએ એકાંતમાં તેની સઘળી વાત સાંભળવી ને તેવા પોતાના હિતૈષી માણસનું અમાત્યથી રક્ષણ કરવું; કેમકે હે ભારત! ઘણે ભાગે અમાત્યોજ રાજાના કોશને ચોરી જનારા હોય છે અને તેઓ રાજાના કોશનો નાશ કરનારા હોવાથી જે પુરુષ તેનું (કોશનું) રક્ષણ કરનારા હોય છે,તેને એકઠા મળીને દુઃખ દે છે; માટે કોશનું રક્ષણ કરનારા પોતાના હિતૈષી પુરુષનું જો રક્ષણ કરવામાં ન આવે તો અમાત્યોદ્વારા તે નાશ પામે છે.[૨-૪] આના સંબંધમાં કાલકવૃક્ષીય નામના એક મુનિએ કોસલ દેશના રાજાને જે કંઇ કહ્યું હતું તે વિષયનો એક પ્રાચીન ઇતિહાસ જગતમાં કહેવાય છે. એમ અમે સાંભળ્યું છે. તે આ પ્રમાણે છે:—

પૂર્વે ક્ષેમદર્શી નામનો એક રાજા કોસલ દેશ ઉપર રાજ્ય કરતો હતો. તે સમયે કાલકવૃક્ષીય નામના એક મુનિ તે રાજાનું હિત કરવાની ઇચ્છાથી એ કોસલ દેશમાં આવી ચઢયા હતા.[૫,૬] તે મુનિ, એક કાગડાને પાંજરામાં પૂરીને તે પાંજરાની સાથે ક્ષેમદર્શી રાજાના આખા રાજ્યમાં પુનઃ પુનઃ ફરવા લાગ્યા ને અમાત્યના દોષ જોવાં માટે રાજાને પ્રેરણા કરવાની

ઇચ્છાથી લક્ષ્યપૂર્વક રાજ્યવ્યવસ્થા તપાસવા લાગ્યા.[૭] તે મુનિ સર્વ સ્થળે ફરતા ફરતા આ પ્રમાણે કહેતા હતા કે ‘હે મનુષ્યો! તમે બધા કાકવિદ્યાનું અધ્યયન કરો. આ મારો કાગડો ભૂત, ભવિષ્ય અને વર્તમાનની સમગ્ર વાત કહી શકે છે.” આમ કહીને અનેક પુરુષોની સાથે રાજ્યમાં ફરતાં ફરતાં તે મુનિએ રાજાના સર્વ અધિકારીઓનું દુષ્કૃત્ય નજરે જોઇ લીધું.[૮] તે ઉપરાંત રાષ્ટ્રનો સમગ્ર વ્યવસાય તથા રાજ્યના અધિકારીઓ કેવી રીતે ધનની ચોરી કરે છે, તે બધું ચોતરફથી જાણી લઇને પવિત્ર આચરણવાળા તે મુનિ, કાગડાને સાથે લઇ રાજાને મળવામાટે આવ્યા અને કહ્યું કે, તમારા રાજ્યની સર્વ વ્યવસ્થા હું જાણું છું.[૯-૧૧] પછી છેક રાજાની સમીપમાં જઇને તે મુનિ, અલંકારો પહેરીને બેઠેલા રાજાના અમાત્યને રાજાની સમક્ષ કહેવા લાગ્યા કેઃ-“અમુક સ્થળેથી તેં રાજાનું અમુક દ્રવ્ય ચોરી લીધું છે, વળી તેં રાજાના ભંડારમાંથી કેટલુંક ધન હરી લીધું છે અને તે બાબતમાં અમુક અમુક માણસોને ખબર પણ છે, એમ આ કાગડો કહે છે ને તેના કહેવા ઉપરથીજ હું તને કહું છું; માટે તે ચોરી તું સત્વર કબૂલ કર.” આમ રાજાના અમાત્યને પ્રથમ કહ્યા પછી તે મુનિએ, રાજાના કોશને ચોરનારા બીજા કેટલાએક અધિકારીઓને પણ તે પ્રમાણે કહ્યું અને પછી રાજાની સમક્ષ સર્વ મંત્રીઓને જણાવ્યું કેઃ-“આ મારો કાગડો કોઈ વિષયમાં કદી અસત્ય બોલ્યો નથી.”

હે કુરુવંશી યુધિષ્ઠિર રાજા! એ પ્રમાણે તે મુનિએ રાજાના સર્વ અધિકારીઓને દોષયુક્ત ઠરાવ્યા, જેથી રાત્રિના સમયે મુનિએ શયન કર્યું એટલે તે સર્વ અધિકારીઓએ એક નિશ્ચય કરીને પેલા કાગડાને બાણવડે વીંધી નાખ્યો.[૧૫] બીજે દિવસે પ્રાતઃ કાળમાં બાણવડે વીંધાઇ ગયેલા કાગડાને પાંજરામાં મરણ પામેલો જોઇ બ્રાહ્મણ કાલકવૃક્ષીય, રાજા ક્ષેમદર્શી પાસે જઇને કહેવા લાગ્યા કેઃ-[૧૬]“હે રાજન્! હું તારી પાસે અભયમાટે યાચના કરૂં છું. તું સર્વના પ્રાણોનો તથા ધનનો પ્રભુ છે-ઈશ્વર છે. હું તારી સાથેની મિત્રતાને લીધે સંતાપ પામીને કેવળ સંપૂર્ણ ભકિતભાવને લીધે અહીં આવ્યો છું, માટે જો તારી આજ્ઞા હોય તો હું તને તારા હિતની વાત કહું.[૧૭] જે પુરુષ નિત્ય ઐશ્વર્યની અભિલાષા રાખે છે અને પોતાના અભ્યુદયને ઇચ્છે છે તેણે, સારથિ જેમ ઉત્તમ ઘોડાને કેળવવાની ઈચ્છા કરે તેમ, પોતાને બોધ આપવા ઇચ્છનાર કોઇ એક મિત્ર, શત્રુવર્ગના માણસોનું અન્યાય આચરણ સહન નહિ થવાથી અત્યંત ક્રોધાયમાન થઇને બલાત્કારે પણ હિત કરવાની ઇચ્છાથી “આ માણસ તમારૂં ધન ચોરી જાય છે” એમ ખરા મિત્ર ભાવથી જો સૂચના કરે, તો તેને પોતાનો હિતૈષી જાણીને ક્ષમા આપવી જોઇએ-સંભાળવો જોઇએ. (પણ પ્રમાદવશ થઈને આ કાગડાને જેમ મરાવી નાખ્યો તેમ, તેવા મિત્રને શત્રુને હાથે મરાવી નાખવો નહિ જોઇએ.)”[૧૮,૧૯]

મુનિ કાલક વૃક્ષીયનાં એ વચનો સાંભળીને ક્ષેમદર્શી રાજાએ તેના પ્રત્યે કહ્યું કેઃ-“બ્રાહ્મણ! તમે મારૂં હિત કરવા માટેજ જો મને કહો છો તો પછી હું મારૂં હિત ઇચ્છીને તમને કેમ ક્ષમા નહિ આપું વારૂ? હે વિપ્ર! હું તમારી પાસે પ્રતિજ્ઞા કરૂં છું કે, તમે મને જે કંઇ કહેશો તે પ્રમાણેજ હું કરીશ, માટે તમારે જે કહેવું હોય તે ખુશીથી કહો.”[૨૦,૨૧]

મુનિ *કાલકવૃક્ષીય બોલ્યાઃ-“ હે રાજા! તમારા અધિકારીઓમાં પાપી કોણ છે અને નિષ્પાપ કોણ છે, તે જાણીને તથા કેટલાએક અધિકારીઓ તરફથી તમારાપર ભય આવી પડવાના પ્રસંગને જાણી લઇને ભક્તિને લીધે તે વૃત્તાંત જણાવવા માટે હું તમારી પાસે આવ્યો છું.[૨૨] જો કે પ્રાચીન આચાર્યોએ રાજસેવા કરનારાઓને દોષપાત્રજ કહ્યા છે ને રાજસેવકોની વૃત્તિને પાપી, નીચ અને નિરાધારની વૃત્તિસમાનજ કહેલી છે.[૨૩] વળી વિદ્વાનોએ કહ્યું છે કે, રાજાઓ સાથે જે પુરુષને સંગત છે, તેને દાઢમાં ઝેરવાળા સર્પોની સાથેજ સંગત છે. રાજાઓના ઘણા મિત્રો હોય છે, ને ઘણા શત્રુઓ હોય છે, જેથી તે સર્વના તરફથી રાજસેવકોને ભય રહેલો છે;

તેમજ હે રાજા! જેઓ રાજાની સેવા કરે છે, તેઓને એક મુહૂર્ત જેટલા સમયમાં રાજા તરફથી પણ ભય આવી નડે છે.[૧૪-૨૫] રાજ સેવા કરનાર પુરુષ છેક પ્રમાદ નજ કરી શકે તેમ બનતું નથી તોપણ કલ્યાણની ઇચ્છાવાળા રાજસેવકે, રાજાની પાસે રહીને કોઈ પ્રકારનો પ્રમાદ કરવો નહિ;[૨૬] કેમકે સેવકે કરેલા એકાદ પ્રમાદથી પણ રાજા, તેના પૂર્વકૃત ઉપકારોને ભૂલી જઇને કોપાયમાન થઇ જાય છે અને રાજા કોપાયમાન થાય, ત્યારે સમજી લેવું કે, હવે જીવિત ટકશે નહિ; માટે સુશિક્ષિત સેવકે બળતા અગ્નિસરખા તીક્ષ્ણ અને કોપેલા સર્પસરખા ભયંકર એવા રાજાની પાસે નિત્ય સાવધ થઇને રહેવું તેમજ પોતાના જીવનની આશાનો ત્યાગ કરીને સર્વના પ્રાણધનના ઈશ્વર પ્રભુ – રાજા – ની નિત્ય પ્રયત્નપૂર્વક સેવા કરવી.[૨૭-૨૮] વળી રાજાની સેવા કરનારા પુરુષે, “મારાથી કંઈ દુષ્ટ ભાષણ તો બોલાઈ જતું નથી, હું અવિનયથી તો ઉભો રહેતો નથી, મારી બેસવાની રીતિમાં કોઇ જાતની ભૂલ તો નથી, મારી હાલવાચાલવાની રીતિ બેઅદબીભરેલી તો નથી અને મારા શારીરિક વ્યાપારોમાં કોઇ જાતનો દોષ તો નહિ હોય” ઇત્યાદિ શંકાઓ હમેશાં કર્યા કરવી.[૨૯] રાજા જો પ્રસન્ન થાય છે, તો દેવતાની પેઠે સર્વ મનોરથોને પૂર્ણ કરે છે અને જો ક્રોધાયમાન થાય છે, તો અગ્નિની પેઠે મૂલમાંથી બાળી ભસ્મ કરી નાખે છે.[૩૦] એ પ્રમાણે યમ રાજાએ પોતેજ કહ્યું છે અને તે તેમજ છે તોપણ હે રાજા! હું તારી સેવા સ્વીકારીને તને મહાન ઐશ્વર્યવાળો કરી દઈશ.[૩૧] જો કે મારા જેવો અમાત્ય, આપત્તિના સમયે બુદ્ધિની ઉત્તમ સહાય આપે છે, તોપણ હે રાજા! તેવી સહાય આપવા જતાં મારી પણ મારા કાગડાના જેવીજ દુર્દશા થાય, એમ હું ધારૂં છું. જેમ મારો કાગડો તારૂં કાર્ય કરવા જતાં અમાત્યોને હાથે મરણ પામ્યો છે, તેમ હું પણ તારૂં કાર્ય કરવા જતાં અમાત્યોને હાથે કદાચ મરણ પામીશ, એવી મને શંકા રહે છે.[૩૨] હા, એ વાત ખરી છે કે, મારો કાગડો, મરણ પામ્યો તેમાં તું લેશમાત્ર નિંદાપાત્ર નથી, તેમ તારા ઉપર જેઓને પ્રીતિ છે તેઓ પણ આ બાબતમાં તદ્દન નિર્દોષ છે, તોપણ તારે હિતેચ્છુ માણસોને તથા અહિતેચ્છુ માણસોને ઓળખવા જોઇએ ને કેવળ પરોક્ષ બુદ્ધિવાળા ન થવું જોઈએ.[૩૩] જેઓ કોશમાંથી ચોરી કરવાની ઇચ્છાથીજ તારા ઘરમાં અમાત્યતરીકે વસી રહ્યા છે અને જેઓ પ્રજાઓનો વિનાશ કરવાની ઇચ્છાવાળા છે, તેઓએજ મારા કાગડાને મારી નાખીને મારીસાથે વૈર ઉભું કર્યું છે.[૩૪] હે રાજા! જે કોઇ પુરુષ, તારો વિનાશ કરીને તારા પછી રાજ્યગાદી લેવાની ઇચ્છા રાખે છે, તે પુરુષનો ઇષ્ટ અભિલાષ, રસોઇઆ વગેરે તારા આંતર સેવકોની સાથે સ્નેહ કરવાથી જરૂર સિદ્ધ થાય. માત્ર તારૂં આયુષ શેષ હોય તોજ તેવા પ્રસંગોમાંથી તું બચવા પામે.[૩૫] હે રાજન્! આ પ્રમાણે જેઓ તારા અંતઃશત્રુ છે, તેઓના ભયને લીધે હું કોઇ બીજા આશ્રમમાંજ ચાલ્યો જઇશ. હું તો કેવળ નિઃસ્પૃહ છું, છતાં મનેજ મારી નાખવા માટે કપટ ઇચ્છીને તેઓએ મારા ઉપરજ બાણસંધાન કર્યું હતું, પણ દૈવયોગે તે બાણ મને નહિ વાગતાં મારા કાગડાને વાગ્યું, જેથી તે બિચારો યમલોકમાં પહોંચી ગયો છે. આ બધું મેં મારી તપોદીર્ઘદૃષ્ટિથી જોઈ લીધું છે.[૩૬,૩૭] તારા રાજ્યરૂપી જે નદી, હરકોઇ સજાતીય વિજાતીય દુર્બલ પ્રાણીનું ભક્ષણ કરી જનારા તારા અધિકારી પુરુષોરૂપી ઝુંડોથી ભરપૂર છે અને સંખ્યાબંધ લાંચીઆ માણસોરૂપ મગરમચ્છોથી વ્યાપ્ત છે, જેથી વૃક્ષો, પથ્થરો, કાંટા, સિંહો અને વ્યાઘ્રોથી વીંટાયલી હિમાલયની ગુફાની પેઠે તે રાજ્યનદી દુર્ગમ અને દુઃસહ છે, છતાં હું એક મૂર્ખ કાગડાની સહાય લઇને એ નદીને તરી ગયો છું; પણ અંતે તે કાગડાના મરણથી હું પણ મરણની અણીપર આવી ચઢ્યો છું.[૩૮,૩૯] પંડિતો કહે છે કે, ઘોર અંધકારરૂપી દુર્ગને અગ્નિની સહાયથી ઉલ્લંઘી શકાય છે અને જળથી સં-

પૂર્ણ ભરેલી અગાધ નદીને પણ નૌકાની સહાયથી તરી શકાય છે .પણ રાજારૂપી દુર્ગમ દુર્ગનું ઉલ્લંઘન કરવા માટે કોઇ જાતનો ઉપાય નથી.[૪૦] હે રાજા! તારૂં રાજ્ય કપટરૂપી ઘોર અંધકારથી છવાયલું છે અને ધર્માધર્મદર્શનથી છેક શૂન્ય હોઇને મહાગહન છે, તેથી તેનો તું પણ વિશ્વાસ કરી શકે તેમ નથી, તો પછી મારાથી તો કયાંથીજ વિશ્વાસ કરી શકાય ?[૪૧] ખરેખર,તારા આ રાજ્યમાં નિવાસ કરવો તે ઉત્તમ નથી; કારણ કે અહીં સજ્જન અને દુર્જન બન્નેને સરખોજ ન્યાય આપવામાં આવે છે, જેથી ધર્મકૃત્ય કરવા જતાં કે અધર્મકૃત્ય કરવા જતાં પણ સર્વથા વિનાશનોજ સંભવ છે, એમાં સંશય નથી.[૪૨] વાસ્તવિક રીતે તો અધર્મકૃત્ય કરવાથીજ મનુષ્યનો વિનાશ થવો જોઇએ, પણ ધર્મકૃત્ય કરવાથી મનુષ્યને કોઈ પ્રકારનો ભય ન રહેવો જોઇએ; પરંતુ અહીં, તે તત્ત્વદષ્ટિની સ્થિતિ નથી, માટે સમજુ મનુષ્યે ઝાઝો સમય અહીં રહેવું નહિ, પણ સત્વર અહીંથી પલાયનજ કરી જવું.[૪૩] હે રાજન્ ! સીતા નામની એક નદીમાં જેમ મોટી મોટી નૌકાઓ પણ ડૂબી જાય છે, તેમ તારા રાજ્યરૂપી સીતા નદીમાં મારા જેવો પુરુષ અવશ્ય ડૂબી જાય તેમ છે. તારા આ રાજ્યને હું તો સર્વનો સંહાર કરનારી એક જાળ માનું છું.[૪૪] હે રાજા ! તું મધમાખોથી છવાયલા મધ જેવો છે, ઉપરથી સુંદર દેખાતા ઝેરી ભોજન જેવો છે, સર્પોથી વીંટાયલા એક કૂવા જેવો છે, મહાભયંકર પગથીઆંવાળી, વિશાળ તટપ્રદેશવાળી અને કેરડાનાં તથા નેતરનાં વૃક્ષોથી છવાયલી મધુર જળવાળી નદીના જેવો છે; કૂતરાં, ગીધડાં અને શિયાળવાંથી વીંટાયલા રાજહંસ જેવો છે અને તારો ઉપલક આશય અસત્પુરુષોના જેવો છે,પણ સત્પુરુષોના જેવો નથી.[૪૫–૪૭] અરણ્યમાં કોઇ મહાન વૃક્ષનો આશ્રય કરીને નાની નાની લતાઓનો સમુદાય પ્રથમ ખૂબ વૃદ્ધિ પામે છે ને પછી તે વૃક્ષને ચોતરફથી ઢાંકી દઇ તેની ઉપરના ભાગમાં પણ સર્વ તરફ ફેલાઈ જાય છે;પણ જ્યારે આસપાસ દારુણ દાવાનલ સળગી ઉઠે છે, ત્યારે તે જામી પડેલો લતાગુલ્મ પુષ્કળ ઇંધણાંઓનું કામ સારીને પોતાના આશ્રયભૂત વૃક્ષને તથા પોતાને બાળી ભસ્મ કરી નાખે છે; તેમ તારા અમાત્યો પ્રથમ તારોજ આશ્રય લઈને વૃદ્ધિ પામ્યા છે અને હવે તારૂંજ ઉલ્લંઘન કરી રહ્યા છે, જેથી આસપાસ સળગી ઉઠેલા વૈરાગ્નિથી તેઓની સાથે તારો નાશ થઇ જશે, તેનો તું વિચાર કર અને તે અમાત્યોને વશ કર.[૪૮,૪૯]

હે રાજન્! જેઓને તેંજ વૃદ્ધિ પમાડયા છે અને તેંજ પાળીપોષીને ઉચ્ચ પદે ચઢાવ્યા છે, તેઓ તને પોતાનેજ છેતરીને તારા પ્રિય મનુષ્યનો ઘાત કરવા ઇચ્છે છે.[૫૦] જેમ કોઇ સર્પવાળા ઘરમાં મનુષ્ય શંકાશીલ થઈને રહે છે અને કોઈ વીર પુરુષના ઘરમાં તેની સ્ત્રીનો ઉપપતિ ભયપૂર્વક ભરાઇ રહે છે, તેમ હું પણ તારૂં તથા તારા અધિકારીઓનું વર્તન જાણવાની ઇચ્છાથી ઘણોજ સાવધ અને શંકાશીલ થઇને તારા રાજ્યમાં રહ્યો છું. હે મહારાજા! “ આ દેશનો રાજા જિતેન્દ્રિય છે કે નહિ, આ દેશના રાજાએ કામાદિ આંતરશત્રુઓને જીત્યા છે કે નહિ, આ દેશનો રાજા પ્રજાઓને પ્રિય છે કે નહિ અને અહીંના રાજાને પોતાની પ્રજાઓપર પ્રીતિ છે કે નહિ, ” એ જાણવાની ઈચ્છાથી તારા રાજ્યમાં હું આવ્યો છું. હે રાજા ! ક્ષુધિત થયેલા મનુષ્યને જેવી ભોજન ઉપર રુચિ થાય, તેવીજ મને તારાપર રુચિ અથવા પ્રીતિ થયેલી છે, પણ તૃષારહિત મનુષ્યને જળ ઉપર જેમ રુચિ થતી નથી. તેમ તારા અમાત્યોપર મને રુચિ અથવા પ્રીતિ થતી નથી; કારણ કે તેઓ મને તારૂં પ્રિય કરનાર જાણીને મારો દ્રોહ કરવા લાગ્યા છે. તે સિવાય બીજું કંઈ કારણ નથી. એ નિઃસંશય છે.[૫૧–૫૪] મેં તેઓનો દ્રોહ કર્યો નથી છતાં તેઓ મને દ્રોહ કરનાર માને છે, એ તેઓની દોષદૃષ્ટિ છે અને તેથીજ હવે મારે અહી રહેવું નથી. પીઠ ઉપર જેને પ્રહાર કરવામાં આવ્યો હોય, તેવા ક્રોધે ભરાયલા સર્પથી જેમ ડરવું જોઇએ, તેમ

એક વખત દુષ્ટ હૃદય થયેલા શત્રુથી પણ મનુષ્યે ડરવું જોઇએ." [૫૫]

રાજાએ કહ્યું:-"હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તમારે ઘણે ભાગે મારા ઘરમાંજ રહેવું. હું તમારો દ્રોહ કરનારા સર્વ મનુષ્યોનો ત્યાગ કરી દઈને તમારો આદરસત્કાર કરીશ-તમારી પૂજા કરીશ. [૫૬] વળી હે બ્રાહ્મણ! જેઓ તમને ઇચ્છતા નથી તેઓને મારા ઘરમાંથી હું હાંકી કાઢીશ અને હવે પછી તેઓને માટે શાં શાં પગલાં લેવાં, તે પણ તમારેજ જાણવાનું રહ્યું છે. [૫૭] હે ભગવન્! મેં ધારણ કરેલો દંડ જે રીતે યોગ્ય કહેવાય અને મેં કરેલાં કાર્યો જે રીતે ઉત્તમ ગણાય તે રીતે સંપૂર્ણ વિચાર કરીને તમે મને કલ્યાણને માર્ગે લઇ જાઓ." [૫૮]

મુનિ બોલ્યા:-"પ્રથમ તો મારા કાગડાને શામાટે મારી નાખવામાં આવ્યો છે, તેની તપાસ કર્યા વિના એક એક અમાત્યને તું દુર્બળ કર-પોતપોતાના અધિકારપરથી ભ્રષ્ટ કર અને પછી કાગડાને શામાટે મારી નાખ્યો હતો, તેનું કારણ જાણી લઇને તેમાંના એક એકને મારી નાખ. [૫૯] આમ કરવામાં કારણ એ છે કે, એકીસાથે સર્વને જો શિક્ષા કરવામાં આવે તો આપણા ગુપ્ત વિચારોમાં ફાટફુટ થવાનો ભય રહે અને એક જાતનો અપરાધ કરનારા અનેક મનુષ્યો એકઠા મળીને કંટકસરખા તીક્ષ્ણ પુરુષોને પણ જો મસળી નાખે તો પછી મારા જેવા એક બ્રાહ્મણને મસળી નાખે, તેમાં શું આશ્ચર્ય છે? આવા હેતુથી હું તને તેમ કરવાની સલાહ આપું છું. [૬૦] અમે તો બ્રાહ્મણ કહેવાઇએ, જેથી સ્વાભાવિક રીતેજ કોમળ દંડ કરનારા અને દયાળુ હોઈને પોતાની પેઠે તારૂં કે બીજા હરકોઈનું પણ કલ્યાણજ ઇચ્છીએ છીએ. [૬૧] હે રાજા! હવે હું તને મારા પોતાના સંબંધમાં કહું છું, તે તું સાંભળ. હું તારો એક સંબંધી છું. 'મુનિ કાલકવૃક્ષીય' એવા નામથી જગતમાં પ્રસિદ્ધ છું. સત્ય પ્રતિજ્ઞાવાળો એવો હું, તારા પિતાનો માનીતો મિત્ર છું, પણ જ્યારે તારા પિતા મરણ પામ્યા અને તારૂં રાજ્ય જ્યારે સંકટમાં આવી પડયું ત્યારે હું સર્વ પ્રકારની કામનાઓનો ત્યાગ કરી તપશ્ચર્યા કરવા માટે વનમાં ચાલ્યો ગયો હતો; પરંતું તારા ઉપરના સ્નેહને લીધે ફરી અહીં આવ્યો છું અને તારો પ્રમાદ ન થાય, તે માટે તને આ પ્રમાણે કહી રહ્યો છું. [૬૨-૬૪] હે રાજન્! તને સુખનો અને દુઃખનો બન્નેનો અનુભવ થઈ ચૂક્યો છે, તને દૈવેચ્છાથીજ રાજ્ય પ્રાપ્ત થયું છે; છતાં અમાત્યો ઉપર સર્વ રાજ્યકારભાર મૂકી દઇને તું શામાટે પ્રમાદકરે છે?" [૬૫]

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! પુરોહિતકુલના બ્રાહ્મણશ્રેષ્ઠ તે કાલકવૃક્ષીય મુનિએ એ પ્રમાણે કહ્યું અને રાજા ક્ષેમદર્શીની પ્રાર્થનાથી તેમણે જ્યારે મંત્રીપદ સ્વીકાર્યું, ત્યારે તે રાજાના રાજકુળમાં પુનઃ આનંદ આનંદ થઇ રહ્યો. [૬૬] મુનિ કાલકવૃક્ષીયે, પોતાના બુદ્ધિબલના પ્રભાવથી, કોસલદેશના યશસ્વી રાજા ક્ષેમદર્શીને આખી પૃથ્વીનું સામ્રાજ્ય અપાવ્યું અને પોતે ઉત્તમ ઉત્તમ યજ્ઞો કરીને પરમાત્માનું યજન કર્યું. [૬૭] હે ભારત! રાજા કોશલેશે પણ તે મુનિનાં હિતકારક વચનો સાંભળીને આખી પૃથ્વીપર જય મેળવ્યો, અને તેમના કહેવા પ્રમાણેજ સર્વ રાજ્યવ્યવસ્થા કરી. [૬૮]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦પર્વમાં "અમાત્યની પરીક્ષાવિષે કાલકવૃક્ષીયનું ઉપાખ્યાન" એ વિષયનો અધ્યાય ૮૨ મો સમાપ્ત.

अध्याय ८३ मो

સભાસદો વગેરે કેવા હોવા જોઇએ?

॥ युधिष्ठिर उवाच ॥

सभासदः सहायाश्चा सुहृदश्च विशांपते ॥
परिच्छदास्तथाऽमात्याः कीदृशाः स्युःपितामह

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પિતામહ! રાજાના સભાસદો (વ્યાવહારિક નિશ્ચય્ કરનારા), સહાયકો (યુદ્ધાદિમાં સલાહ આપનારા), સુહૃદો (હિત કરનારા મિત્રો), પરિચ્છદો (સેનાપતિ વગેરે) અને અમાત્યો (મંત્રીઓ) કેવા હોવા જોઇએ?" [૧]

ભીષ્મે કહ્યું:-"હે રાજા! જે પુરુષો લોક-

લજ્જાએ વર્તનારા હોય, ઇંદ્રિયોને વશ રાખનારા હોય, સત્ય અને સરલતાથી યુક્ત હોય અને ન્યાય–અન્યાય કહેવાને શક્તિમાન હોય, તે પુરુષોને તમારે સભાસદ બનાવવા.[૨] હે કુંતીપુત્ર! જે બ્રાહ્મણજાતિના પુરુષો અતિ શૂરા હોય, જગતમાં પ્રસિદ્ધ હોય, અતિશય સંતોષી હોય અને કાર્યો કરવામાં મહાન ઉત્સાહ ધરાવનારા હોય, તેઓને સર્વ આપત્તિઓમાં તમારે સહાયક બનાવવા. જે પુરુષ કુળવાન હોય, લોકમાં નિત્ય સન્માનપાત્ર હોય અને પોતાની શક્તિને ગુપ્ત રાખતો ન હોય, તેનેજ તમારે સુહૃદતરીકે પાળવો; કારણ કે તેવા પુરુષને તમે પ્રસન્ન કરો, અપ્રસન્ન કરો, પીડા આપો, કે માર મારો, તોપણ તે ઉલટો વધારે ને વધારે તમારી સમીપમાંજ રહે છે.[૩,૫] જેઓ કુળવાન હોય, પોતાના દેશમાંજ જન્મેલા હોય, બુદ્ધિમાન હોય, રૂપવાન હોય, અનેક શાસ્ત્રોને ભણેલા હોય, પ્રગલ્ભ હોય અને તમારાપર પ્રેમ રાખનારા હોય, તેઓનેજ તમારે સેનાપતિ વગેરેના અધિકારો આપવા;[૬] કેમકે હે તાત! નીચ કુળના, લોભીઆ, ઘાતકી અને નિર્લજ્જ પુરુષોને જો તમે તેવા અધિકાર આપશો તો તેઓ જ્યાંસુધી પોતાના હાથ ભીના રહેશે–અર્થાત્ જ્યાંસુધી પોતાને દ્રવ્ય મળશે, ત્યાંસુધીજ તમારી સેવા કરશે પણ ખરે સમયે તમારી સેવા નહિ કરે.[૭] જેઓ કુળવાન, શીલસંપન્ન, નેત્ર, મુખ આદિની ચેષ્ટા ઉપરથી અભિપ્રાયને જાણનારા, કોમળ સ્વભાવના, દેશકાળનાં કાર્યોને જાણનારા તથા સ્વામીના કાર્યમાં હિત ઇચ્છનારા હોય, તેઓને રાજાએ પોતાનાં સર્વ કાર્યોમાં મંત્રીતરીકે નિમવા; અને તમે જેઓને પોતાના પ્રિય માનતા હો તેઓને તમારે ધન, માન, આદરસત્કાર અને નાના મોટા પ્રિય ભોગોનો ઉપભોગ કરાવીને ધનવાન અને સુખી કરવા;[૮,૯] કેમકે તેઓ આપત્તિના સમયમાં પણ એકજ વૃત્તિવાળા રહીને પોતાના સ્વામીના દુઃખમાં ભાગીદાર બને છે, વિદ્વાન હોય છે, સદાચારી હોય છે, વ્રતનિષ્ઠ હોય છે, ઉદાર સ્વભાવના હોય છે, સુખદુઃખ બન્નેમાં નિત્ય સંબંધ રાખનારા હોય છે અને સત્યવાદી હોય છે તેથી તેઓ તમારો કદી ત્યાગ કરશે નહિ;[૧૦] પણ જેઓ મંદબુદ્ધિના તથા અનાર્ય હોઇને ધર્માધર્મની મર્યાદાને જાણતા નથી અને જેઓ તે મર્યાદાનો ભંગ કરી ધર્મથી ભ્રષ્ટ થયેલા હોય છે, તેઓથી તો તમારે તમારા આત્માનું રક્ષણ કરવું.[૧૧] તમારે સમુદાયના પક્ષનો ત્યાગ કરીને કોઇ એકજ મનુષ્યનો પક્ષ સ્વીકારવાની ઇચ્છા કરવી નહિ; પણ જે સમયે એક ગુણવાન પુરુષ અને નિર્ગુણ પુરુષોનો સમુદાય, એ બન્નેમાંથી કોનો પક્ષ સ્વીકારવો? આવો પ્રશ્ન ઉભો થાય, તે સમયે સમુદાયને પડતો મૂકીને એક ગુણવાન પુરુષનેજ પોતાના પક્ષમાં લેવો; કેમકે નિર્ગુણના સમુદાય કરતાં તે એકલો ગુણવાન પુરુષ વધારે શ્રેયસ્કર થઈ પડે છે.[૧૨] જેનામાં પરાક્રમ જોવામાં આવતું હોય, કીર્તિને જે મુખ્ય માનતો હોય અને ધર્માધર્મમર્યાદામાં જે રહેતો હોય તે સત્પુરુષ છે, એમ તેના લક્ષણ ઉપરથી સમજવું.[૧૩] જે પુરુષ સમર્થ પુરુષોની પૂજા કરે છે, સ્પર્ધા નહિ કરવા યોગ્યની સાથે સ્પર્ધા કરતો નથી, કામ, ભય, ક્રોધ કે લોભને લીધે ધર્મનો ત્યાગ કરતો નથી, માનરહિત છે, સત્યનિષ્ઠ છે, ક્ષમાશીલ છે, મનને વશ રાખનારો છે, લોકમાં જે માન્ય થયેલો છે અને સર્વ અવસ્થાઓમાં જેની પરીક્ષા કરવામાં આવી છે, તે પુરુષને તમારે સલાહ આપનાર મંત્રીતરીકે માનવો.[૧૪,૧૫] હે પૃથાપુત્ર! કુળવાન, આબરૂદાર, ક્ષમાવાન, કાર્યકુશલ, જિતેન્દ્રિય, શૂરવીર, કૃતજ્ઞ અને સત્યવાદી પુરુષને તમારે સજ્જનતરીકે ઓળખવો.[૧૬] જે જ્ઞાનસંપન્ન રાજા, એ રીતે પુરુષના ગુણ અવગુણોનો વિચાર કરીને તથા ઉત્તમ પુરુષોને પાસે રાખીને રાજ્યતંત્ર ચલાવે છે, તેના શત્રુઓ પણ પ્રસન્ન થાય છે; એટલુંજ નહિ પણ તેના મિત્ર બની જાય છે.[૧૭] મનને વશ રાખનાર, બુદ્ધિમાન અને ઐશ્વર્યની ઇચ્છા રાખનાર રાજાએ રાજ્યની યોગ્ય વ્યવસ્થા કર્યા પછી પોતાના સંબંધીપુરુષો, હિતેચ્છુઓ, કુળવાનો, સ્વદેશમાં જન્મેલા,

લાંચ લઈને વશ નહિ થનારા, વ્યભિચાર નહિ કરનારા, અને સંપૂર્ણ રીતે પરીક્ષા કરેલા પુરુષોદ્વારા અમાત્યોના ગુણદોષની બારીકીથી પરીક્ષા કરવી. [૧૮,૧૯] વૈભવવાન થવાની ઇચ્છાવાળા રાજાએ ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલા, વૈદિક માર્ગે ચાલનારા, કુલપરંપરાથી રાજસેવા કરનારા અને અહંકારનો ત્યાગ કરનારા પુરુષોને પોતાના મંત્રી બનાવવા.[૨૦] જેઓની બુદ્ધિ વિનયશીલ હોય, પ્રકૃતિ સૌમ્ય હોય, જેઓમાં તેજ, ધૈર્ય, ક્ષમા, શૌચ, સ્વામીભકિત, અવ્યભિચારિતા, ધારણાશકિત અને સ્થિરતા હોય, જેઓ નિત્ય પ્રૌઢ ભાવવાળા, મહાન ધુરાને ધારણ કરનારા, કપટથી રહિત, રાજાનાં કાર્યો કરનારા, બોલવા પ્રમાણે કાર્ય કરનારા, વીર, કાર્યકુશલ, કુલીન, સત્ત્વસંપન્ન, બીજાઓના અભિપ્રાયને જાણનારા, દયાળુ, દેશકાળનાં સ્વરૂપને જાણનારા અને સ્વામીના કાર્યનું હિત ઇચ્છનારા હોય, તેવા પાંચ પુરુષોને ગુણદોષની બરાબર પરીક્ષા કરીને રાજાએ પોતાનાં સર્વ કાર્યોમાં સલાહ આપનારા મંત્રીતરીકે નિમવા.[૨૧-૨૪] પણ જે મંત્રી તેજોહીન, અને શત્રુઓની સાથે સંબંધ રાખનારો હોય તે મંત્રી રાજકીય કર્તવ્યનો અથવા અકર્તવ્યનો નિશ્ચય કરી શકતો નથી; પણ ઉલટો સર્વ પ્રકારનાં કાર્યોમાં સંશયજ ઉત્પન્ન કરે છે.[૨૫] એ પ્રમાણેજ જે મંત્રી ઉત્તમ કુળનો હોય અને ધર્માર્થકામથી યુક્ત હોય પણ શાસ્ત્રના જ્ઞાનથી જો રહિત હોય તો તે પણ રાજકીય વિચારોની પરીક્ષા કરી શકતો નથી.[૨૬] તેમજ જે મંત્રી ઘણોજ વિદ્વાન હોય પણ જો કુળવાન ન હોય તો તે પણ નાયક(દોરનાર)વિનાના અંધ મનુષ્યની પેઠે સામાન્ય કાર્યો કરવામાં પણ મૂઢ બની જાય છે; [૨૭] અને વળી જે મંત્રી બુદ્ધિમાન હોય, વિદ્વાન હોય અને ઉપાયોને જાણનારો હોય પણ સ્થિર સંકલ્પવાળો ન હોય, તો તે પણ કોઈ જાતનું કાર્ય સમાપ્ત કરી શકતો નથી.[૨૮] એ રીતેજ જે મંત્રી દુર્મતિ અથવા મૂર્ખ હોય છતાં આરંભ કરવામાં શૂરો હોય તેનાથી પણ એ કર્મ, કેવળ હાથમાં લઇનેજ સિદ્ધ કરીશકાતું નથી; કારણ કે કર્મનાં જૂદાં જૂદાં ફળોને તે જાણી શકતો નથી. [૨૯] જે મંત્રી પોતાનાપર પ્રીતિ રાખનારો ન હોય તેનો કદી પણ વિશ્વાસ કરવો નહિ, તેમજ તેવા પ્રીતિશૂન્ય મંત્રી આગળ પોતાના ગુપ્ત વિચારો પ્રકટ કરવા નહિ;[૩૦] કેમકે તેવો કપટી મંત્રી, બીજા મંત્રીઓ સાથે મળી જઇને, વાયુએ કરેલાં છિદ્રોદ્વારા અંદર દાખલ થઇને અગ્નિ જેમ વૃક્ષને બાળી નાખે છે તેમ, રાજાનો નાશ કરે છે. [૩૧]

રાજા કોઇ સમયે જો કોપાયમાન થાય છે, તો પોતાના વિશ્વાસુ મંત્રીને પણ તેના અધિકારથી ભ્રષ્ટ કરે છે, અતિઆવેશમાં આવી જઇને ખૂબ ઝાટકી નાખે છે અને પાછો પ્રસન્ન પણ થાય છે. [૩૨] આવાં આવાં રાજાનાં તે કૃત્યોને જે મંત્રી અત્યંત અનુરાગી હોય છે, તેજ સહન કરે છે; માટે પોતાનાપર પ્રીતિ રાખનારા સહનશીલ પુરુષનેજ રાજાએ મંત્રી બનાવવો, કેમકે મંત્રીઓનો ક્રોધ વજ્રપાતસરખો ભયંકર થઈ પડે છે. [૩૩] જે મંત્રી પોતાના સ્વામીનું પ્રિય કરવાની ઇચ્છાથી તેનાં સર્વ પ્રકારનાં વર્તનોને સહન કરે છે અને સુખદુ:ખમાં સમાન રીતે વર્તે છે, તે મંત્રીને રાજાએ પોતાનાં સર્વ કાર્યોમાં સલાહ પૂછવી;[૩૪] પરંતુ જે મંત્રી પોતાનાપર પ્રીતિ રાખતો હોય, ઉત્તમ જ્ઞાનથી યુક્ત હોય અને બીજા સર્વ પ્રકારના ગુણોથી સંપન્ન હોય, તોપણ જો શઠ હોય, તો તે મંત્રી રાજાનો ગુપ્ત વિચાર સાંભળવાને યોગ્ય નથી. [૩૫] જે મંત્રી શત્રુની સાથે સંબંધ રાખનારો હોય અને નગરના લોકોને બહુ માન આપતો ન હોય, તેને પોતાનો શત્રુજ જાણવો; ને તે પણ રાજ્યના ગુપ્ત વિચારો સાંભળવાને યોગ્ય નથી. [૩૬] જે મંત્રી મૂર્ખ છે, અપવિત્ર છે, અભિમાની છે, શત્રુની સેવા કરનારો છે, આત્મશ્લાઘી છે, ક્રોધી છે અને લોભી છે, તેને પોતાનો સુહૃદ જાણવો નહિ, અને તે પણ રાજકીય વિચારો સાંભળવાને યોગ્ય નથી. [૩૭] જે મંત્રી પોતાનાપર પ્રીતિ રાખનારો હોય, અતિશય વિદ્વાન હોય, સત્કારપાત્ર થયેલો હોય અને રાજ્યસંપત્તિમાંથી વિભાગને પા-

મેલો હોય તોપણ જો નવો આવેલો હોય તો રાજ્યના ગુપ્તવિચારો સાંભળવાને યોગ્ય નથી.[૩૮] જેના પિતાને તેવાં કોઈ અધર્માચરણને લીધે પ્રથમ દંડેલો હોય અને પછી સત્કાર કરીને તેને પાછો તેની જગ્યાએ નિમ્યો હોય તે પણ રાજ્યના ગુપ્ત વિચારો સાંભળવાને યોગ્ય નથી;[૩૯] તેમજ જેને પોતાનો સ્નેહી હોવા છતાં તેવા કોઈ અલ્પ કાર્યને માટે ધન છીનવી લઇને ખાલી કરી મૂકયો હોય તેવો પુરુષ, બીજા અનેક ગુણોથી યુક્ત હોવા છતાં રાજ્યના ગુપ્ત વિચારો સાંભળવાને યોગ્ય નથી;[૪૦] પણ જે પુરુષ કુશળબુદ્ધિવાળો હોય, ધારણાશક્તિથી યુક્ત હોય, વિદ્વાન હોય, સ્વદેશમાંજ જન્મેલો હોય, પવિત્ર હોય અને સર્વ કર્મોમાં શુદ્ધ જણાયો હોય, તે પુરુષ રાજકીય વિચારો સાંભળવાને યોગ્ય છે.[૪૧] જે પુરુષ જ્ઞાનવિજ્ઞાનસંપન્ન હોય, સ્વપરની પ્રકૃતિને જાણનારો હોય, પવિત્ર હૃદયવાળો હોય અને પોતાના સમાન ગુણવાળો હોય, તે પુરુષ રાજકીય વિચારો સાંભળવાને યોગ્ય છે.[૪૨] તેમજ સત્યવાદી, શીલસંપન્ન, ગંભીર, લજ્જાશીલ, મૃદુ સ્વભાવનો અને પોતાના પૂર્વજોની પરંપરાથી રાજસેવા કરતો આવતો હોય તે પુરુષ રાજ્યસંબંધી વિચારો સાંભળવાને યોગ્ય છે.[૪૩] નિત્ય સંતુષ્ટ રહેનારો, પ્રજાઓમાં પ્રિય થઇ પડેલો, સત્ય ભાષણ બોલનારો, પ્રૌઢ, પાપનો દ્વેષ કરનાર, ગુપ્ત વિષયના વિચારને જાણનાર, સમયને જાણનાર અને શૂરવીર એવો પુરુષ રાજકીય વિચારો સાંભળવાને યોગ્ય છે.[૪૪] હે રાજા! દંડને ધારણ કરવાની ઇચ્છાવાળા રાજાએ, જે પુરુષ સાંત્વવાદનાં વચનોથી આખા જગતને વશ કરવા સમર્થ હોય, તેને પોતાનો વિચાર જણાવવો.[૪૫] જેનેવિષે નગરના તથા દેશના સર્વ લોકો ધર્માનુસાર વિશ્વાસ પામ્યા હોય, તેવો નીતિકુશલ અને યુદ્ધકુશલ પુરુષ રાજાના ગુપ્ત વિચારો સાંભળવાને યોગ્ય છે.[૪૬] આવા સર્વગુણસંપન્ન, સર્વલોકમાન્ય અને સ્વામી, અમાત્ય આદિ સર્વ રાજકીય પ્રકૃતિને જાણનારા પાંચ પુરુષોને રાજાએ મંત્રી બનાવવા, અને તેવા પાંચ પુરુષ જો ન મળે તો ઓછામાં ઓછા ત્રણ પુરુષોને પોતાના મંત્રી બનાવવા.[૪૭] મંત્રીઓએ પણ પોતાનાં તથા પારકાં છિદ્રો લક્ષ્યપૂર્વક જોવાં જોઇએ, તેમજ પોતાની સાતે રાજકીય પ્રકૃતિઓમાં કોઇ જાતની ફાટફુટ થઇ નથી ને, તેની તપાસ રાખવી જોઇએ; કારણ કે મંત્રીઓનો મંત્ર, એ રાજ્યનું મૂળ છે અને તેને લીધેજ રાજાના રાજ્યની વૃદ્ધિ પણ થાય છે.[૪૮] પોતાનું છિદ્ર શત્રુની દૃષ્ટિએ પડવા ન દેવું, શત્રુનું છિદ્ર શોધી કાઢીને તે માર્ગે તેનાપર ચઢાઈ કરવી અને કાચબો જેમ પોતાનાં અંગોને ગુપ્ત રાખે છે, તેમ રાજાએ પોતાનાં છિદ્રોને ગુપ્ત રાખવાં.[૪૯] જે મંત્રીઓ રાજ્યના ગૂઢ વિચારોને ગુપ્ત રાખે છે, તેઓજ ખરા બુદ્ધિમાન છે; કેમકે મંત્ર, એ રાજાનું કવચ છે અને રાજ્યના શૂરા પુરુષો મંત્ર(ગુપ્તવિચાર)નાં અંગ છે. વિદ્વાનો કહે છે કે, રાજ્યરક્ષાના ગુપ્ત દૂતો રાજ્યનું મૂળ છે, અને ગુપ્ત સ્થળે કરવામાં આવેલા રાજકીય ગૂઢ વિચારો રાજ્યના સારભૂત છે.[૫૧] રાજાઓ અને મંત્રીઓ મદ, ક્રોધ, માન અને ઈર્ષ્યાનો ત્યાગ કરીને અન્યોન્યના ચિત્તને જો અનુસરેછે તો સુખી થાય છે, પણ કેવળ આજીવિકાને માટેજ અન્યોન્યને અનુસરનારા તેઓ, કદી સુખી થતા નથી. વળી રાજાએ *પાંચ પ્રકારના કપટભાવનો

---

* એ પાંચ પ્રકારનાં કપટ આ પ્રમાણે સમજવાં:–કેવળ વાચિક, કાયિકવાચિક મિશ્ર, કેવળ માનસિક, કાયિકવાચિક અને માનસિક મિશ્ર તથા કેવળ કાયિક. આ પાંચે પ્રકારનાં કપટો મહાભારતમાં જોવામાં આવે છે. જેમકે, દ્રોણના વધપ્રસંગે યુધિષ્ઠિરે “અશ્વત્થામા હણાયો” એમ કહીને કેવળ વાચિક કપટ કર્યું હતું. ભીમસેને અશ્વત્થામા નામના એક હાથીને મારીને “અશ્વત્થામા હણાયો” એમ કહીને કાયિકવાચિકમિશ્ર કપટ કર્યું હતું. રાજા ધૃતરાષ્ટ્રે પાંડવોપર દ્વેષભાવ રાખીને કેવળ માનસિક કપટ કર્યું હતું; કારણ કે તેણે વાણીથી અથવા શરીરથી કોઇવખતે પાંડવોપરનો દ્વેષ જાહેર કર્યો ન હતો. દુર્યોધન આદિ ધૃતરાષ્ટ્રના પુત્રોએ લાક્ષાગૃહમાં પાંડવોને બાળી મૂકવાના વિચારથી કાયિક, વાચિક અને માનસિક મિશ્ર કપટ કર્યું હતું; તથા સૌપ્તિક

ત્યાગ કરનારા મંત્રીઓનો સાથે રહીને રાજકીય વિચારો કરવા.[૫૦-૫૨] તેમાં પ્રથમ ત્રણે મંત્રીઓના ભિન્નભિન્ન વિચારોને જાણી લઇને પોતાના ચિત્તવિષે તેઓને સ્થિર કરવા અને પોતે નિશ્ચય કરેલા ચોથા વિચારને તેની સાથે જોડીને એ ચારે વિચારોનો અંતિમ નિર્ણય કરવાનાં સમયે નિશ્ચયવેત્તા પુરોહિતને તે સર્વ મતભેદો જણાવવા.[૫૩] ધર્મ, અર્થ અને કામસંબંધી સર્વ વિષયોને જાણનારા બ્રાહ્મણજાતના પુરોહિત પાસે જઇને તેનો અંતિમ નિર્ણય પૂછવો અને તે પુરોહિત પણ ચારેની સાથે ઉહાપોહ કરીને જે સિદ્ધાંત નિશ્ચય કરે, તેમાં સર્વ મંત્રીઓનો તથા પોતાનો પણ જ્યારે એકમત થાય ત્યારે તે નિશ્ચિત વિચારને તટસ્થતરીકે રહીને રાજાએ અમલમાં મૂકવે.[૫૪] વિચારના તત્ત્વાર્થનો નિશ્ચય જાણનારા પંડિતો કહે છે કે, એ રીતેજ રાજાએ સદા મંત્રણા કરવી. જેથી તે નિશ્ચિત થયેલો મંત્ર, જ્યારે અમલમાં મૂકાય છે ત્યારે, પ્રજાઓને વશ કરવામાં સમર્થ થાય છે;[૫૫] પણ આવો રાજકીય વિચાર જે સ્થળે ઘડવાનો હોય તે સ્થળની ઉપરના ભાગમાં, નીચેના ભાગમાં, આડાઅવળા ખૂણાખાંચાઓમાં, આગળના ભાગમાં કે પાછળના ભાગમાં કોઇ ઠીંગણા, કુબડા, દુર્બળ, લૂલા, લંગડા, આંધળા, મૂર્ખ, સ્ત્રી અને નપુંસક મનુષ્યોની કોઇ રીતે આવ જા થવા દેવી નહિ;[૫૬] અથવા કોઈ શૂન્ય ગૃહના ઉપરના માળ ઉપર ચઢીને કે જે સ્થળમાં સૂર્યનો પ્રકાશ આવતો હોય અને ઘાસચારાનો સંગ્રહ ન હોય, એવે સ્થળે બેસીને સમયોચિત કાર્યમાટે જ્યારે વિચાર કરવો હોય, ત્યારે ઉચ્ચ સ્વરે ભાષણ કરવું નહિ તેમ નેત્ર, મુખ વગેરે અંગોના ચાળા કરવા નહિ.[૫૭]

ઇતિ શ્રીમહ૦ શાં૦ રાજ૦ પર્વમાં “સભાસદ આદિનાં લક્ષણોનું કથન’ એ વિષયનો અધ્યાય ૮૩ મો સમાપ્ત.

અધ્યાય ૮૪ મો

ઇંદ્ર અને બૃહસ્પતિનો સંવાદ

॥ भीष्म उवाच ॥

अत्राप्युदाहरंतीमामितिहासं पुरातनम् ॥
बृहस्पतेश्च संवादं शक्रस्य च युधिष्ठिर ॥१॥

ભીષ્મે કહ્યું:-“હે યુધિષ્ઠિર! આના સંબંધમાં પણ બૃહસ્પતિ અને ઇંદ્રના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસ જગતમાં કહેવાય છે, તે હું તમને કહું છું, તે સાંભળો.”[૧]

એક સમયે ઇંદ્રે બૃહસ્પતિને પૂછ્યું:-“હે બ્રહ્મન્! જેમાં સર્વ ગુણોનો અંતર્ભાવ થાય છે, તેવું એકજ કર્તવ્ય કયું છે, કે જેનું સારી રીતે આચરણ કરીને પુરુષ જગતમાં સર્વમાન્ય મહાન યશને પામે?”[૨]

બૃહસ્પતિ બોલ્યા:-“હે ઇંદ્ર! નિષ્કપટ એવું પ્રિય ભાષણ તેજ સર્વ ગુણોનો જેમાં અંતર્ભાવ થાય છે તેવું એક પરમ કર્તવ્ય છે, જેનું સારી રીતે આચરણ કરીને પુરુષ, સર્વમાન્ય એવા મહાન યશને પામે છે.[૩] સર્વલોકને સુખી કરનારા એ નિષ્કપટ પ્રિય ભાષણરૂપ પરમ કર્તવ્યનું આચરણ કરનાર પુરુષ સર્વ પ્રાણીઓમાં સર્વદા પ્રિય થઈ પડે છે.[૪] જે પુરુષ કોઇની સાથે ભાષણ કર્યા વિના મૂગો બેસી રહે છે અને સદાને માટે મુખ ઉપર ભ્રૂકુટી ચઢાવેલીજ રાખે છે, તે પુરુષ સર્વ પ્રાણીઓનો દ્વેષપાત્ર બની રહે છે, કારણ કે તેણે પૂર્વોક્ત સાંત્વવાદને આચરણમાં મૂકયો નથી;[૫] પણ જે પુરુષ હરકોઈ મનુષ્યને જોઇને તેના બોલતા પહેલાં પ્રથમજ મંદહાસ્યપૂર્વક તેની સાથે ભાષણ કરવાનો આરંભ કરે છે; તેનાપર સર્વ લોકો પ્રસન્ન થાય છે.[૬] જેમ મસાલેદાર શાકપાનવિનાનું ઉત્તમ ભોજન પણ મનુષ્યોને પ્રીતિકર થતું નથી, તેમ પૂર્વોક્ત સાંત્વવાદ(નિષ્કપટ પ્રિય ભાષણ)વિનાનું ઉત્તમ દાન પણ પ્રાણીઓને પ્રસન્ન કરી શકતું નથી.[૭] હે ઇંદ્ર! મધુરવાણી બોલતો સર્વસ્વ છીનવી લેનાર પુરુષ પણ તે સાંત્વવાદના પ્રભાવથી સર્વ લોકને વશ કરે છે,[૮] માટે

પર્વમાં જણાવ્યા પ્રમાણે અશ્વત્થામાએ નિદ્રાવશ થયેલા પાંડવ સૈનિકોનો સંહાર કરીને કેવળ કાયિક કપટ કર્યું હતું. **નીલકંઠ**

દંડ ધારણ કરવાની ઇચ્છાવાળા રાજાએ જેમ બને તેમ સાંત્વવાદનોજ પ્રયોગ કરવો, જેથી પોતાને ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે અને સર્વ લોક પણ ઉદ્વિગ્ન થતા નથી.[૯] મધુર અને હૃદયાકર્ષક એ સાંત્વવાદરૂપ પુણ્યનું સારી પેઠે સેવન કરનાર પુરુષના પુરુષાર્થની તુલના કરી શકે તેવું બીજું એક પણ કૃત્ય આ જગતમાં નથી.”[૧૦]

ભીષ્મે કહ્યું:–“ પોતાના પુરોહિત બૃહસ્પતિએ એ પ્રમાણે કહ્યું, એટલે ઇંદ્રે તેવું નિષ્કપટ પ્રિય ભાષણ કરવાનોજ આરંભ કરી દીધો. માટે હે કુંતીપુત્ર ! તમે પણ તે ઉત્તમ રીતેનું આચરણ કરો.”[૧૧]

ઈતિ શ્રીમ૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં “ બૃહસ્પતિ અને ઈન્દ્રનો સંવાદ” એ વિષયનો
અધ્યાય ૮૪ મો સમાપ્ત.

अध्याय ८५ मो

અમાત્યયોજના અને વિવાદનિર્ણય

॥ युधिष्ठिर उवाच ॥

कथंस्विदिह राजेन्द्र पालयन् पार्थिवः प्रजाः॥
प्रीतिं धर्मं विशेषेण कीर्तिमाप्नोति शाश्वतीम्॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે રાજાધિરાજ ભીષ્મપિતામહ ! કેવી રીતે પ્રજાપાલન કરીને રાજા સર્વની પ્રીતિને, ધર્મને તથા ચિરકાળ રહેનારી કીર્તિને પ્રાપ્ત કરે છે?”[૧]

ભીષ્મ બોલ્યા:– “પ્રજાઓના વ્યાવહારિક વાદવિવાદપ્રસંગે સત્યાસત્યનો નિષ્પક્ષપાત નિર્ણય આપીને પ્રજાઓનું પાલન કરવામાં તત્પર રહેનારો પવિત્ર રાજા ધર્મ અને કીર્તિ મેળવીને આ લોકમાં તથા પરલોકમાં સુખી થાય છે.”[૨]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે મહાબુદ્ધિમાન પિતામહ! રાજાએ કેવા પ્રકારના વ્યવહારોથી કેવા મનુષ્યોની સાથે કેવી રીતે વર્તવું ? તે હું તમને પૂછું છું, માટે તે વિષે મને કહો.[૩] વળી તમે પ્રથમ જે ગુણોનું વર્ણન કર્યું તે સમગ્ર ગુણો કોઈએકજ પુરુષમાં સર્વથા હોતા નથી, એમ હું નિશ્ચય માનું છું.”[૪]

ભીષ્મ બોલ્યા:–“હે મહાબુદ્ધિમાન યુધિષ્ઠિર! તમે કહો છો તે તેમજ છે. ખરેખર, તેવા સર્વ સદ્‌ગુણોથી યુક્ત એવો કોઈ એકજ પુરુષ જગતમાં ભાગ્યેજ મળી શકે છે,[૫] તેમજ પ્રયત્નપૂર્વક તપાસ કરવા છતાં સદ્‌વર્તન પણ જગતમાં દુર્લભજ છે, તોપણ તમારે અમાત્યો કેવા પ્રકારના કરવા, તે વિષે હું તમને સંક્ષેપમાં કહું છું.[૬]

વેદવિદ્યાનિષ્ઠ, પ્રૌઢ, સ્નાતક અને પવિત્ર એવા ચાર બ્રાહ્મણો, હાથમાં શસ્ત્રો ધારણ કરનારા અને મહાબલિષ્ઠ આઠ ક્ષત્રિયો, ધનસંપન્ન એવા એકવીસ વશ્યો અને પોતાનાં નિત્યકર્મો કરીને પવિત્ર રહેનારા વિનયસંપન્ન ત્રણ શદ્રો–આ છત્રીસ પુરુષોને તમારે અમાત્યપદે નિમવા;[૭,૮] તેમજ શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ઊહન, અપોહન, વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન–એ આઠ ગુણોથી યુક્ત સૂતજાતિના એક પુરાણવેત્તા પુરુષને પણ અમાત્યતરીકે સમીપમાં રાખવો. આ કુલ સાડત્રીસ પુરુષોનું અમાત્યમંડળ પચાસ પચાસ વર્ષના વૃદ્ધ પુરુષોવાળુંજ હોવું જોઈએ, પ્રૌઢ સ્વભાવનું હોવું જોઈએ, અસૂયાદોષથી રહિત, શ્રુતિસ્મૃતિના જ્ઞાનથી યુક્ત, વિનયશીલ, સર્વપર સમદૃષ્ટિ રાખનાર, વાદવિવાદ કરનારા લોકોના કાર્યનો યોગ્ય નિર્ણય આપવામાં સમર્થ, દ્રવ્યના લોભથી રહિત અને સાત પ્રકારનાં ઘોર *વ્યસનોથી મુક્ત હોવું જોઇએ. રાજાએ આ અમાત્યમંડળમાંથી ચાર બ્રાહ્મણોને, ત્રણ શૂદ્રોને તથા એક સૂત પૌરાણિકને સાથે રાખીને રાજકીય વિચારોમાટે મંત્રણા કરવી; અર્થાત્ એ આઠ પુરુષોનું સલાહકાર મંત્રીમંડળ નિમવું અને તે મંડળની સાથમાં રહીનેજ કોઈ રાજકીય વિચારનો નિર્ણય કરવો.[૯-૧૧] પછી એ નિર્ણીત થયેલા વિચારને રાજ્યમાં પ્રસિદ્ધ કરવો અને તેને અમલમાં મૂકવા માટે રાજ્યના મુખ્ય અધિકારી તરફ મોકલી આપવો. આવા પ્રકારના વ્યવહારથી તમારે નિરંતર પ્રજાઓનું રક્ષણ ક-

---

* મૃગયા, જુગાર, સ્ત્રીસેવન, મંદિરાપાન, મારામારી કરવી, કઠોર ભાષણ અને અર્થદૂષણ, આ સાત વ્યસનો મહા ઘોર છે. **નીલકંઠ**

રવું.[૧૨] કોઇની ગુપ્ત થાપણ કોઇએ ઓળવી હોય તો તે ધનને તમારે લેવું નહિ, તેમજ અમુક કોઇ મિલ્કતને માટે બે જણા વાદવિવાદ કરતા હોય અને તે મિલ્કતનો ખરો વારસ કોણ છે, તે જ્યાંસુધી સાબિત ન થાય, ત્યાંસુધી એ મિલ્કત રાજાની છે, એમ જાણીને તમારે લેવી નહિ; કેમકે તેમ કરવાથી કોઈના કાર્યનો વિનાશ થાય છે અને તેથી અધર્મ તમને પીડશે;[૧૩] એટલુંજ નહિ પણ તેવા અન્યાયોની જો વૃદ્ધિ થાય છે તો, પક્ષીઓ જેમ શકરાને જોઈને નાસી જાય છે તેમ, પ્રજાઓ તમારાથી દૂર નાસી જશે; અને સમુદ્રમાં ભાંગી પડેલી નૌકા જેમ નાશ પામે છે, તેમ તમારા રાજ્યનો નાશ થઇ જશે.[૧૪] જે રાજા અધર્મથી અથવા અન્યાયથી પ્રજાઓને પીડે છે, તેનાપર કોઈ સમયે હાર્દ ભય આવી પડે છે અને તેને સ્વર્ગ નહિ મળતાં નરકજ મળે છે.[૧૫] હે પુરુષશ્રેષ્ઠ યુધિષ્ઠિર! ધર્મમૂલક ન્યાયાસનપર આરૂઢ થઇને જે રાજા, મંત્રી કે રાજપુત્ર પ્રજાઓપર અન્યાય ગુજારે છે,તેની પણ તેજ ગતિ થાય છે.[૧૬] તે તે રાજકીય કાર્યો કરવાના અધિકારપર નિમાયલા રાજાના અધિકારીઓ પોતાને સોંપવામાં આવેલું કામ જો બરાબર નથી કરતા,તો તેઓ પોતે તો નરકમાં જાય છે અને સાથે પોતાના રાજાને પણ નરકમાં ઘસડી જાય છે;[૧૭] કેમકે બળવાન લોકોના ત્રાસથી અનેક પ્રકારના કૃપણ વિલાપો કરનારા અનાથ મનુષ્યોનો નાથ રાજા પોતેજ છે; માટે રાજાએ પ્રજાઓનું બરાબર રક્ષણ કરવું.[૧૮] ન્યાયાસનપર આરૂઢ થયેલો રાજા કે મંત્રી, વ્યાવહારિક વાદવિવાદોનો જો યોગ્ય ઈન્સાફ આપતો નથી તો પોતે અધોગતિમાં જાય છે. આવા હેતુથી જ્યારે કોઇ વાદિ પ્રતિવાદીઓની એકજ મિલ્કતને માટે તકરાર ઉભી થાય, ત્યારે બન્ને તરફના સાક્ષીઓના પુરાવા તરફ લક્ષ્ય આપીનેજ રાજાએ યોગ્ય ન્યાય આપવો; પણ કોઇ તકરાર એવીજ હોય કે જેમાં કોઇ સાક્ષી ન હોય અને પૂરાવો પણ ન હોય, ત્યારે તેનો ન્યાય આપવા માટે બુદ્ધિપૂર્વક ખૂબ પરીક્ષા કરવી-અર્થાત્ એક મિલ્કતમાટે જ્યારે બે જણ વાદવિવાદ કરતા હોય, ત્યારે રાજાએ તેઓના સાક્ષીઓ ઉપર આધાર રાખીને ન્યાય કરવો; પણ જ્યારે કોઇ સાક્ષી ન મળે અને તકરારી મિલ્કત ઉપર બેમાંથી એકેનો દાવો સાબીત ન થાય ત્યારે તેની પરીક્ષા, વિશેષે કરીને સોગંદ વગેરે આપીને કરવી.[૧૯] રાજાએ, પાપીઓને તેઓના અપરાધ પ્રમાણેજ શિક્ષા કરવી. ધનવાન માણસે જો અપરાધ કર્યો હોય તો તેની પાસેથી દંડ લેવો-શિક્ષા બદલ અમુક ધન લેવું; પણ નિર્ધન માણસે જો અપરાધ કર્યો હોય તો તેને કેદની શિક્ષા કરવી.[૨૦] પોતાના રાજ્યમાં જેઓ દુરાચારી હોય, તેઓને રાજાએ માર મારીને પણ સીધા કરવા; ને જેઓ શિષ્ટ અથવા સજ્જન હોય તેઓને દાન, માન વગેરે આપીને પાળવા.[૨૧] જે પુરુષ રાજાનું ખૂન કરવા ઇચ્છે, કોઈના ઘરમાં આગ લગાડે, ચોરી કરે અને પ્રજાઓમાં વર્ણસંકરતા ફેલાવે, તેને અનેક ઉપાયે પણ મારીજ નાખવો.[૨૨] હે રાજા! શાસ્ત્રોક્ત વિધિપ્રમાણે પ્રજાઓના અપરાધ તરફ દૃષ્ટિ કરીને યથાયોગ્ય શિક્ષા કરનાર રાજાને અધર્મ થતો નથી, પણ ઉલટો ધર્મજ થાય છે;[૨૩] પરંતુ શાસ્ત્રજ્ઞાનરહિત એવો જે અણઘડ રાજા, પોતાની ઇચ્છાનુસાર જો દંડ કરે છે, તો આ લોકમાં તેની અપકીર્તિ થાય છે અને મુઆ પછી તે નરકમાં પડે છે;[૨૪] તેમજ કોઈના અપરાધને લીધે રાજાએ કોઈ બીજાને શિક્ષા કરવી નહિ-અર્થાત્ પિતાના અપરાધને લીધે પુત્રને શિક્ષા કરવી નહિ; પણ પિતા પકડાય ત્યાંસુધી પુત્રને કેદ પકડી રાખી જણાવવું કે, તારા પિતાને પત્રાદિદ્વારા અહીં તેડાવ અને તું છૂટો થા. પછી તેનો પિતા જ્યારે આવે, ત્યારે તેને શિક્ષા કરવી અને તેના પુત્રને છોડી મૂકવો; પણ જો તેનો પિતા નજ આવે તો પુત્રને શિક્ષા કર્યા વિનાજ છૂટો કરવો; કેમકે તેના પિતાએ હાથે કરીનેજ દેશપાર થવાની સજા વહોરી લીધી છે.[૨૫] રાજાએ ગમે તેવી આપત્તિના સમયે પણ દૂતને કદી મારવો નહિ, કેમકે દૂતનો વધ કરનાર રાજા પોતાના મંત્રીઓની સાથે નરકમાં પડે છે;[૨૬] એટલુંજ નહિ

પણ ક્ષાત્રધર્મમાં પ્રીતિ રાખનારો જે રાજા, જેવું હોય તેવું સત્ય બોલનાર દૂતનો જો વધ કરે છે તો તેના પિતૃઓને ગર્ભહત્યાનું પાતક લાગે છે.[૨૭] રાજાનો દૂત કુલવાન, આબરૂદાર, વાચાળ, ચતુર, પ્રિયભાષી, સત્યવાદી અને સ્મરણશક્તિમાન આવા સાત ગુણોથી યુક્ત હોવો જોઇએ.[૨૮] તેમજ રાજાનો પ્રતિહાર, અંગરક્ષક અને છત્રાદિ ધારણ કરનાર શિરસ્થાનનો રક્ષક પણ તેવા સાત ગુણોથી યુક્ત હોવો જોઇએ.[૨૯] સંધિ અને વિગ્રહના કાર્ય ઉપર નિમાયલો રાજાનો એલચી પણ ધર્મશાસ્ત્રના તત્ત્વાર્થને જાણનારો, બુદ્ધિમાન, ધૈર્યસંપન્ન, લજ્જાશીલ અને ગુપ્ત વાર્તાને છુપી રાખનારો હોવો જોઈએ.[૩૦] અમાત્ય સત્ત્વસંપન્ન, કુળવાન અને સદાચારી હોય તેજ ઉત્તમ ગણાય છે, ને સેનાપતિ પણ તેવાજ ગુણોવાળો હોવો જોઈએ,[૩૧] તથા વ્યૂહ, યંત્ર અને આયુધોની રચનાને જાણનારો, તત્ત્વજ્ઞ, પરાક્રમી, ટાઢ, તાપ, વૃષ્ટિ વગેરેને સહન કરનારો અને શત્રુઓનાં છિદ્રોને જાણનારો હોવો જોઇએ.[૩૨] હે રાજેન્દ્ર! રાજાએ બીજાઓને વિશ્વાસુ બનાવવા, પરંતુ પોતે કોઇના વિશ્વાસુ થવું નહિ. પુત્રો ઉપર પણ રાજાએ વિશ્વાસ કરવો ઉત્તમ નથી.[૩૩] હે નિર્દોષ રાજા! આ સઘળો મેં તને નીતિશાસ્ત્રનોજ સાર કહ્યો છે. રાજાઓનું પરમ ગુહ્ય એજ કહેવાય છે કે, તેઓએ કોઇનો વિશ્વાસ કરવો નહિ.[૩૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦પર્વમાં "અમાત્ય વિભાગ"એ વિષયનો અધ્યાય ૮૫ મો સમાપ્ત.

अध्याय ८६ मो

રાજધાનીનું શહેર કેવું હોવું જોઇએ?

॥ युधिष्ठिर उवाच ॥

कथं विधं पुरं राजा स्वयमावस्तुमर्हति॥
कृतं वा कारयित्वा वा तन्मे ब्रूहि पितामह॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે પિતામહ! રાજાએ પોતેજ બંધાવેલા અથવા પોતાના પૂર્વજોએ બંધાવેલા કેવા નગરમાં નિવાસ કરવો, તે મને કહો."[૧]

ભીષ્મ બોલ્યા:–"હે ભારત! જે નગરમાં રાજાએ પોતાના પુત્રો, જ્ઞાતિલાઓ અને બંધુઓ સાથે નિવાસ કરવો હોય તે નગરનું રક્ષણ કેવા પ્રકારનું હોવું જોઇએ અને તેમાં કેવી રીતે વસવું જોઇએ, એ વિષયનો પ્રશ્ન પૂછવો તે યોગ્યજ છે;[૨] માટે પ્રથમ તો હું તમને રાજધાનીના શહેરનું રક્ષણ કરવા માટે કિલ્લા કેવા બાંધવા, તે વિષે કહું છું. તે સાંભળીને તમારે તેમ કરવાનો યત્ન કરવો.[૩] રાજાએ જેમાં સર્વ પ્રકારની મુખ્ય સંપત્તિઓ રહી શકે અને સર્વ મનુષ્યોનો સમાવેશ થઈ શકે તેવા છ પ્રકારના કિલ્લાઓ બંધાવીને નગરો વસાવવાં.[૪] ધન્વદુર્ગ (ચોબાજુ પાંચ યોજનસુધી જેમાં જળ પણ ન હોય તેવા વેરાન પ્રદેશરૂપ કિલ્લો), ભૂદુર્ગ (શહેરની આસપાસ પાકી ભીંત બાંધેલો કિલ્લો), ગિરિદુર્ગ (આજુબાજુ રહેલા પર્વતો રૂપી કિલ્લો), મનુષ્યદુર્ગ (આસપાસ છાવણી નાખીને પડેલા સૈનિકોના રક્ષણરૂપ કિલ્લો), મૃત્તિકાદુર્ગ (માટીથી બાંધેલો કિલ્લો) અને વનદુર્ગ (શહેરની આસપાસ દુર્ગમ ઝાડીરૂપ કિલ્લો) આ છ પ્રકારના કિલ્લાઓ બાંધીને નગરો વસાવવાં.[૫] જે નગર પૂર્વોક્ત કિલ્લાઓમાંના કોઈ એકથી રક્ષિત હોય, ધાન્ય અને શસ્ત્રોથી ભરપૂર હોય, આસપાસ મજબૂત ભીંત અને પાણીની ખાઇવાળું હોય, હાથી, ઘોડા અને રથોના સંગ્રહવાળું હોય, જેમાં વિદ્વાન કારીગરો વસતા હોય, જેમાં ધાન્યાદિ સર્વ પદાર્થોનો સંચય કરેલો હોય, જેમાં કાર્યકુશલ એવા ધાર્મિક મનુષ્યોની વસ્તી હોય, બળવાન પુરુષો, હાથીઓ અને ઘોડાઓથી જે ભરપૂર હોય, ચૌટાં અને બજારોથી જે શોભી રહ્યું હોય, જેમાં પ્રકટ રીતે વ્યવહારો થતા હોય, જેમાં સર્વ પ્રકારની શાંતિ જળવાતી હોય, જેમાં વસનારાઓને કોઈનાથી ભય ન હોય, જે કાંતિસંપન્ન હોય, ગીતવાદિત્રોના ધ્વનિથી ગાજી રહ્યું હોય, ઉત્તમ બાંધણીનાં ઘરોથી દીપી નીકળ્યું હોય, શૂરવીર અને ધનાઢ્ય પુરુષોથી વ્યાપ્ત હોય, વેદની ગર્જનાથી ગાજી રહ્યું હોય, સામાજિક ઉત્સવોથી યુક્ત હોય અને જેમાં દેવોની નિરંતર પૂજાઓ થતી હોય, તેવા નગરમાં રાજાએ

પોતાના વશમાં રહેનારા અમાત્યને તથા સૈન્યને સાથે રાખી નિવાસ કરવો.[૬-૧૦] એ નગરમાં નિવાસ કર્યા પછી રાજાએ કોશની, સૈન્યની, મિત્રની તથા વ્યવહારની વૃદ્ધિ કરવી અને નગરમાં તથા પ્રાંતિક સંસ્થાનોમાં જે જે દોષો જોવામાં આવે તે સર્વ દૂર કરવા.[૧૧] ભંડાર અને આયુધશાળામાં પણ ધાન્ય વગેરેનો તથા યંત્ર અને આયુધ વગેરેનો યત્નપૂર્વક વધારો કર્યે જવો.[૧૨] ઉપરાંત લાકડાં, લોખંડ, ધાન્યાદિકનાં ફોતરાં, કોલસા, (ઇમારતી) લાકડાં, શીંગડાં, હાડકાં, વાંસ, ચરબી, ઘી, તેલ, *વસા, મધ, સર્વ જાતનાં ઔષધો, શણ, રાળ, ધાન્ય, શસ્ત્રો, બાણો, ચામડાં, તાંત, નેતર, મુંજ નામનું ઘાસ, છાજ અને નોબત વગેરે વાદિત્રોનો સંગ્રહ કરવો.[૧૩-૧૪] રાજાએ તે તે મોટાં મોટાં રાજ્યનગરોમાં પુષ્કળ પાણીથી ભરેલાં તળાવો, વાવ, કૂવા વગેરે બંધાવવાં, ને જેમાંથી છીર નીકળે છે તેવાં વૃક્ષોનું નિરંતર રક્ષણ કરવું.[૧૫] તેમજ બુદ્ધિમાન ધારણાશક્તિવાળા, ઇન્દ્રિયોનું દમન કરનારા, કાર્યકુશળ, શૂરવીર, વિદ્વાન, કુળવાન અને સત્ત્વસંપન્ન એવા પોતાના આચાર્યનો, ઋત્વિજોનો, પુરોહિતોનો, મોટા ધનુર્ધર યોદ્ધાઓનો, સલાટ વગેરે કારીગરોનો, જોશીઓનો તથા વૈદ્યોનો પ્રયત્નપૂર્વક સત્કાર કરવો અને તેઓની સર્વ કાર્યોમાં યોજના કરવી.[૧૬,૧૭] વળી રાજાએ ધાર્મિક પુરુષોની પૂજા કરવી, અધાર્મિક પુરુષોને શિક્ષા કરવી ને સર્વ વર્ણના મનુષ્યોને પોતપોતાના ધર્મકર્મમાં સ્થાપવા.[૧૮] નગરનાં તથા દેશનાં સર્વ મનુષ્યોનાં બાહ્યાભ્યંતર વર્તનોને પોતાના ગુપ્ત અનુચરોદ્વારા જાણવાં ને પછી પોતાને યોગ્ય લાગે તેવા પુરુષોને રાજકીય અધિકારોપર નીમવા.[૨૯] સર્વ અધિકારીઓની, મંત્રની, કોષની તથા સૈન્યબળની રાજાએ પોતેજ દેખરેખ રાખવી; કેમકે રાજ્યનો સર્વ આધાર મુખ્યત્વે તેનાપરજ રહેલો હોય છે.[૨૦] વળી તે ઉપરાંત મધ્યસ્થરાજા, શત્રુરાજા અને મિત્રરાજા પોતપોતાના નગરમાં અથવા આખા દેશમાં જૂદી જૂદી શી પ્રવૃત્તિ કરી રહ્યા છે, તે પણ પોતાના ગુપ્તચરોદ્વારા જાણવું;[૨૧] અને તે સર્વ જાણ્યા પછી પ્રમાદ રાખ્યાવિના તે તે માટે ચાંપતા ઉપાયો લેવા. પોતાના ભક્ત પુરુષોનું સન્માન કરવું ને શત્રુઓને શિક્ષા કરવી.[૨૨] હમેશાં યજ્ઞયાગ કરવા, કોઇને પીડા કર્યાવિના દાન દેવું, પ્રજાઓનું રક્ષણ કરવું, ધર્મને બાધ આવે તેવું કાર્ય કરવું નહિ, કૃપણ, અનાથ, વૃદ્ધ અને વિધવા સ્ત્રીઓનું રક્ષણ કરવું, તેઓને વર્ષાસનો બાંધી આપવાં અને સર્વ આશ્રમવાસી લોકોને યથાયોગ્ય સમયે સત્કાર, પૂજા અને માનપૂર્વક વસ્ત્ર, પાત્ર, ભોજન વગેરે આપવાં.[૨૩-૨૫] જે પુરુષ તપસ્વી હોય તેની પાસે રાજાએ, પોતાની જાતને તથા સર્વ રાજકીય કાર્યોને યત્નપૂર્વક નિવેદન કરવાં ને સર્વદા નમ્રતાપૂર્વક વર્તવું.[૨૬] ઉપરાંત જે પુરુષ સર્વાર્થનો ત્યાગી હોય, ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયેલો હોય અને ઘણોજ વિદ્વાન હોય, તેને શયન, આસન, ભોજન વગેરે આપીને સન્માન આપવું;[૨૭] એટલુંજ નહિ પણ પોતાનાપર તેવી કોઇ આપત્તિ આવી પડે, ત્યારે તેવા પુરુષપર વિશ્વાસ રાખવો; કેમકે ચોર લોકો પણ તપસ્વી પુરુષોનો વિશ્વાસ કરે છે,[૨૮] માટે તેવા પુરુષોને તમારે ધનભંડારો સોંપવા તથા તેઓની પાસેથી બુદ્ધિ ગ્રહણ કરવી; પણ એટલું લક્ષ્યમાં રાખવું કે, તેવા તાપસ પુરુષોની તમારે અત્યંત સેવા અથવા પૂજા ન કર્યા કરવી. તમે તેઓનું જો નિરંતર સેવન કરો, તો તેઓની પાસે રાજધન હોવાની ચોર લોકોને ખબર પડી જાય અને તેથી ચોર લોકો તેવા તપસ્વીઓને વખતે મારી પણ નાખે.[૨૯] રાજાએ પોતાના દેશમાંથી કોઈ એક તાપસને પોતાનો મિત્ર બનાવવો, શત્રુરાજાના દેશમાંથી એક તાપસને મિત્ર બનાવવો, અરણ્યમાં વસનારા તાપસોમાંથી એકને મિત્ર બનાવવો અને એક સામંત (ખંડીઆ) રાજાઓના રાજ્યમાંથી તાપસમિત્ર કરવો.[૩૦] એ ચારે તાપસમિત્રોને સત્કાર, માન વગેરે આપીને પોતાની

---

* ‘**शुद्धमांसस्य यः स्नेहः सा वसा परिकीर्तिता** શુદ્ધ માંસમાંહેના ચીકાશવાળા પદાર્થને વસા કહે છે. **સુશ્રુત**

સંપત્તિમાંથી યથાયોગ્ય રીતે સંતોષવા ને પોતાના દેશમાં જેવી રીતે તપસ્વીઓનું માન જાળવવામાં આવે, તેવી રીતેજ શત્રુરાજાના દેશના તપસ્વીઓનું પણ માન જાળવવું;[31] જેથી ઉત્તમ વ્રતાચરણવાળા તે તાપસો, કોઇ અવસ્થામાં આપત્તિના પ્રસંગને લીધે રાજા જો શરણે જાય તો તેને યથેષ્ટ આશ્રય આપે છે.[32] આ રીતે રાજાએ કેવા નગરમાં નિવાસ કરવો યોગ્ય છે, એ વિષે મેં તમને સંક્ષેપમાં નગરનાં લક્ષણો કહી સંભળાવ્યાં.

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦પર્વમાં “દુર્ગપરીક્ષા” એ વિષયનો અધ્યાય ૮૬ મો સમાપ્ત.

अध्याय ८७ मो

રાષ્ટ્રરક્ષણના પ્રકાર

॥ युधिष्ठिर उवाच ॥

राष्ट्रगुप्तिं च मे राजन् राष्ट्रस्यैव तु संग्रहम्।।
सम्यग् जिज्ञासमानाय प्रब्रूहि भरतर्षभ ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે ભરતશ્રેષ્ઠ પિતામહ! રાષ્ટ્રનું રક્ષણ શું કરવાથી થઇ શકે અને રાષ્ટ્રને સ્વાધીનમાં કેવી રીતે રાખવું, એ સારી રીતે જાણવાની મને ઇચ્છા છે, માટે તે કહો.”[1]

ભીષ્મ બોલ્યા:–“હે રાજા! રાષ્ટ્રનું રક્ષણ કેવી રીતે કરવું અને રાષ્ટ્રને વશમાં કેવી રીતે રાખવું, તે સર્વ હું તમને કહું છું, સાવધાન થઇને તમે સાંભળો.[2] રાજાએ એક એક ગામ ઉપર એક એક સામાન્ય અધિકારી નિમવો. પછી તેવાં દશ દશ ગામો ઉપર એક ઉપરી અધિકારી નિમવો. એવા બે અધિકારીઓપર એટલે વીસ ગ્રામોના અધિકારીઓપર વળી એક અધિકારી નિમવો. તેવા પાંચ અધિકારીઓપર એટલે સો ગ્રામોના અધિકારીઓપર વળી એક અધિકારી નિમવો અને તેવા દશ ઉપર અધિકારીઓપર એટલે એક હજાર ગ્રામોની તપાસ રાખનારા અધિકારીઓપર દેખરેખ રાખનાર એક અધિકારી નિમવો.[3] પ્રત્યેક ગામમાં ગામવાસી લોકોના જે જે દોષો જાણવામાં આવે, તે સર્વને ગામના પટેલે અથવા મુખીએ, પોતાના ઉપરી–દશ ગામના અધિકારીને જણાવવા, દશગામના અધિકારી પુરુષે, પોતાના તાબાનાં દશે ગામોમાં જે જે દોષો જણાય તે સર્વ, પોતાના ઉપરી અધિકારી વીસ ગામોપર દેખરેખ રાખનારને જણાવવા અને તે વીસ ગામ ઉપર તપાસ રાખનારા અમલદારે પોતાના તાબાનાં ગામોના જે જે દોષો જાણ્યા હોય તે બધા, સો ગામોનું રક્ષણ કરનારા પોતાના ઉપરી અધિકારીને જણાવવા.[4,5] એક ગામ ઉપર દેખરેખ રાખનારા મુખીએ પોતાના તાબાના ગામમાં જે જે ભોજ્ય પદાર્થો ઉત્પન્ન થાય તેમાંથી અમુક ભાગ પોતાના ઉપભોગમાટે લેવો તેમજ તેણે પોતાના તાબાના ગામની આવકમાંથી દશ ગામના અધિપતિ પોતાના ઉપરી અમલદારનું પોષણ કરવું અને તે દશગામના અધિપતિએ પોતાના ઉપરી વીસ ગામના અધિકારીનું પોષણ કરવું.[6] હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર! જે અધિકારી સો ગામ ઉપર અધ્યક્ષપણું કરતો હોય, તેને ધનધાન્યાદિની સમૃદ્ધિવાળું અને મનુષ્યોની વસ્તીથી ભરપૂર એવું એક મોટું ગામ ઉપભોગમાટે માનપૂર્વક અર્પણ કરવું; પણ હે ભારત! રાજાના રાષ્ટ્રમાં સો સો ગામનું રક્ષણ કરનારા અધિકારીઓને જે એક ગામ અર્પણ કરવામાં આવે તેનાપર અનેક અધિકારીઓની દેખરેખ હોવી જોઈએ; કેમકે જો તેમ કરવામાં ન આવે તો સો ગામનો ઉપરી અમલદાર પોતાને અર્પણ કરવામાં આવેલા તે એક ગામને ધનના લોભથી ઘણું જ દુ:ખી કરે. રાષ્ટ્રીય પ્રજાઓની સાથે મળીને ચાલનારો એકહજાર ગામનો ઉપરીઅમલદાર, પોતાની લાયકાત પ્રમાણે–એક શાખાનગરના ઉત્પન્નનો ઉપભોગ કરે અને તે શાખાનગરમાં જે કંઇ ધાન્ય અને સુવર્ણાદિની પેદાશ થતી હોય તે સંબંધી ધનને પોતાના પગારબદ્દલ લઈ શકે. જ્યારે કોઈ યુદ્ધપ્રસંગ ઉપસ્થિત થાય, ત્યારે તે હજાર ગામોના ઉપરી અમલદારોએ યુદ્ધકાર્યોની તપાસ રાખવી ને તે સિવાયના પ્રસંગે પોતાના તાબાનાં ગ્રામકૃત્યો કરવાં. આ સર્વ અધિકારીઓપર દેખરેખ રાખવામાટે, પ્રમાદર-

હિત એવો એક ધર્મજ્ઞ અમાત્ય નિમવો જોઇએ; તેમજ પ્રત્યેક નગરોમાં બીજો એક એવો અધિકારી રાખવો જોઈએ કે જે નક્ષત્રોમાં સર્વથી ઉચ્ચસ્થાને રહેલા ઘોરસ્વરૂપ ગ્રહની પેઠે સર્વ અધિકારીઓના કરતાં ઉચ્ચ દરજ્જાપર રહીને સર્વ કાર્યોની દેખરેખ રાખે, વળી તે સર્વોપરી પ્રધાન અધિકારીએ રાજ્યના તમામ અમલદારોપાસે પોતે જાતે જઇને તેઓની માંહોમાંહેની વૃત્તિ જાણવી અને રાષ્ટ્રની અંદર જે કોઈ પરકીય રાજ્યનો ગુપ્ત દૂત ફરતો હોય તેની તપાસ રાખવી. ઘણેભાગે રાજ્યરક્ષાપર નિમાયલા સર્વ અધિકારીઓ પ્રજાઓને ચૂસી લેવાની ઇચ્છાવાળા, પાપકૃત્ય કરનારા, પરદ્રવ્યને છીનવી લેનારા અને શઠ હોય છે; માટે રાજાએ તેવા અધિકારીઓથી પ્રજાઓનું રક્ષણ કરવું. વેપારીઓ ઉપર કર નાખતાં પહેલાં તેઓનો વેપાર કેવી રીતે ચાલે છે, તેઓને શી આવક થાય છે, તેઓ કયે માર્ગે વેપાર કરે છે, વેપારમાંથી તેઓનું પોતાંના પરિવારની સાથે પોષણ થાય છે કે નહિ અને તેઓના યોગક્ષેમનો નિર્વાહ યોગ્ય રીતે ચાલે છે કે નહિ, તે વિષેની બરાબર તપાસ કરીને તેઓના પર યથાયોગ્ય કર નાખવો; તેમજ કારીગરો ઉપર પણ તેઓની આવક, જાવક, કારીગરી વગેરેની તપાસ કર્યા પછીજ ઘટતી રીતે કર નાખવો. હે યુધિષ્ઠિર ! રાજાએ પ્રજાઓ પાસેથી નાના મોટા કર ન્યાયપૂર્વકજ લેવા. ૭-૧૫ સારાંશ કે, જે પ્રકારના કર લેવાની યોજનાથી પ્રજાનો નાશ ન થઇ જાય, તે પ્રકારના કરો રાજાએ લેવા. કોઇ પણ મનુષ્ય અમુક કાર્યનો આરંભ કરતી વેળા તેના ઉદ્દેશનો અથવા ફળનો વિચાર કરે છેજ; પણ અમુક ફળની અપેક્ષા રાખ્યા વિના કોઇ પ્રકારનો ઉદ્યમ કરતો નથી, માટે પુરુષના ઉદ્યમ તરફ અને તેના ફળ તરફ દૃષ્ટિ કરીનેજ રાજાએ તેનાપર ઘટતો કર મૂકવાની યોજના કરવી. જેથી રાજાને તથા જૂદા જૂદા ધંધા કરનારા પ્રજાકીય મનુષ્યોને ધંધામાંથી યથાવિભાગ ધનપ્રાપ્તિ થયા કરે. ૧૬,૧૭

રાજાએ કર નાખતી વેળા આસપાસનો બરાબર વિચાર કરવો, પણ તૃષ્ણાધીન થઇ જઇને પોતાના તથા પ્રજાના મૂળનો (દેશનો તથા દેશના રોજગારનો) ઉચ્છેદ કરી નાખવો નહિ. ૧૮ પોતાની લોભવૃત્તિને વશમાં રાખીને રાજાએ પ્રજાઓપર અત્યંત પ્રીતિ દેખાડવી; કેમકે સર્વભક્ષકતરીકે પ્રખ્યાત થયેલો લોભી રાજા, પ્રજાઓના દ્વેષનું પાત્ર થઇ પડે છે. ૧૯ જે રાજા પ્રજાઓના દ્વેષનું અને અપ્રીતિનું પાત્ર બની રહે છે, તેનું શ્રેય તો ક્યાંથી થાય પણ તેને કોઇ પ્રકારનું ફળસુદ્ધાં મળતું નથી; માટે મહાબુદ્ધિસંપન્ન રાજાએ પોતાના રાજ્યને ગાયના વાછરડા જેવું સમજીને પ્રજાઓ પાસેથી કરરૂપ દૂધ લેવું. ૨૦ હે યુધિષ્ઠિર ! વાછરડાને સારીપેઠે પ્રથમ ધવરાવીને જો ગાયને દોહી હોય તો વાછરડો પુષ્ટ અને બળવાન બને છે, તેમ દોહનારને દૂધ પણ મળે છે; પરંતુ વાછરડાને બરાબર ધવરાવ્યાવિના જો ગાયને દોહવામાં આવે તો વાછરડો નિર્બળ થઇ જઇને ધણીના ઉપયોગનો રહેતો નથી અને તેનું કંઇ કામ પણ કરી શકતો નથી. એ રીતેજ રાષ્ટ્રને જો અત્યંત દોહવામાં આવે, તેમાંથી સંપૂર્ણ રસકસ ખેંચી લેવામાં આવે તો તે ઘણું વિશાળ હોય તોપણ નિર્બળ બની જઇને રાજાનું કાર્ય કરી શકતું નથી—અર્થાત્ કરના અતિશય ભારે બોજાથી પ્રજાઓ નિર્માલ્ય અને નિરુદ્યમી બની જાય છે; માટે જે રાજા પોતાના રક્ષણની સાથે રાષ્ટ્રનું પણ સારી રીતે રક્ષણ કરે છે અને રાજ્યના ઉત્પન્ન ઉપરજ પોતાની આજીવિકા કરે છે, તે રાજાને સદાકાળ અતિ મહાન ફળ મળે છે.

સંકટપ્રસંગે પોતાને ઉપયોગમાં આવે, એવા વિચારથી રાજાએ, વ્યાજ લઈને પણ રાષ્ટ્રને ધન આપવું ને તેની વૃદ્ધિ કરવી; કેમકે રાષ્ટ્ર, એ રાજાનો ઘરમાં રહેલો કોશ (ભંડાર–તીજોરી) છે. જે જે પોતાના નગરવાસીઓ, દેશવાસીઓ, આશ્રિતો અને ઉપાશ્રિતો અલ્પ ધનવાળા હોય તેઓ સર્વને રાજાએ, યથાશક્તિ ધન આપીને વ્યાપાર-રોજગારમાં સહાય કરવી. ૨૧-૨૪ જે સમયે પોતાને ધનની જરૂર પડે, તે સમયે અરણ્યના લૂંટારૂઓને ફોડીને મધ્યમ વર્ગના મનુષ્યોની

પાસેથી પણ, ચોર લોકોથી રક્ષણ કરવાને બહાને, જેટલું જોઇએ તેટલું ધન લેવું. એમ કરવાથી સુખી કે દુઃખી કોઈ પણ મનુષ્ય રાજા ઉપર કોપ કરતા નથી.[૨૫] “ચોર લોકોને શિક્ષા કરવામાટે લશ્કરની તૈયારી કરવી પડશે, તે માટે અમુક ધનની જરૂર છે” આમ સર્વ પ્રજાઓમાં જાહેર કરીને પોતે જાતેજ પોતાના દેશમાં ફરી વળીને રાષ્ટ્રમાં દેખાડી આપવું કે, આ સમયે દેશ ભયમાં આવી પડ્યો છે.[૨૬] વળી સર્વ લોકોને જણાવવું કે, “આપણાપર આ સમયે આપત્તિ આવી પડી છે, શત્રુઓનું મહાન સૈન્ય દેશપર ચઢી આવશે, એવો ભય રહે છે, વાંસને આવેલાં ફળો વાંસનોજ નાશકર્તા થઈ પડે છે, તેમ આપણી સંપત્તિ આપણોજ નાશ કર્તા થઇ પડશે, મારા કેટલાએક શત્રુઓ ચોર લોકોની સાથે મળી જઇને આપણાપર ચઢી આવવા તૈયાર થયા છે અને આપણા દેશને દુઃખ દેવા ઇચ્છે છે, પણ તેથી આપણે ડરવાનું નથી. તેઓનો એ પ્રયાસ કેવળ પોતાના વિનાશનોજ હેતુ છે; તોપણ આ ઘોર આપત્તિના સમયે આપણે મહા દારુણ ભયમાં આવી પડ્યા છીએ, જેથી આ વેળા તમારૂં રક્ષણ કરવા માટે હું તમારી પાસે ધનની સહાય માગું છું. તમે મને આ વખતે જો ધન આપશો તો આવી પડેલું ભય દૂર થતાંજ હું તમને તે ધન પાછું આપી દઇશ; પણ શત્રુઓ બલાત્કારે ચઢી આવીને તમને જો લૂંટી જશે તો તેઓ તમારૂં ધન કદી પાછું આપશે નહિ. તમે કદાચ કહેશો કે, ‘અમે કરેલો ધનસંચય તમને આપી દેવા માટે નથી પણ અમારાં સ્ત્રીપુત્રાદિનું પોષણ કરવા માટે છે.’ એ તમારૂં કહેવું ખરૂં છે, પણ મને સહાય નહિ કરવાથી શત્રુઓ અહીં ચઢી આવશે અને તમારાં સ્ત્રીપુત્રાદિ સર્વનો જો નાશ કરી નાખશે તોપછી એ ધનસંચયનો શો ઉપયોગ ? પુત્રોના ઉદયસમયે જેમ પિતા પ્રસન્ન થાય છે, તેમ તમારાં આ (મને સહાય આપી શકવાના) પ્રભાવને લીધે હું પ્રસન્ન થાઉં છું અને આખા દેશને તથા તમને જે રીતે પીડા ન થાય તે રીતે મારી શક્તિ અનુસાર ઉપાય કરીને તમારાપર હું અનુગ્રહ કરવા ઇચ્છું છું. આવી આપત્તિના સમયે તમારે, બળવાન બળદોની પેઠે સર્વ પ્રકારનો ભાર ઉઠાવી લેવો જોઇએ અને આવી કોઇ પ્રકારની આપત્તિ આવી પડે, ત્યારે તમારે ધનને વહાલામાં વહાલું ન ગણવું જોઇએ.”[૨૭-૩૩] આવી મધુર, કોમળ અને ઉપચાર વચનવાળી વાણી કહીને સમય ઓળખનાર રાજાએ પ્રજાઓ પાસેથી ધનકઢાવવાનો ઉપાય યોજીને, પોતાના અંગત પાયદલ અધિકારીઓને તેઓ પાસેથી ધન લેવામાટે મોકલવા.[૩૪]

વળી રાજાએ કિલ્લાનું બાંધકામ દેખાડીને, પોષ્યવર્ગનું પોષણ બતાવીને, રાજ્યનો ખર્ચ દેખાડીને તથા સંગ્રામ થવાનો ભય દર્શાવીને વેપારીઓ પાસેથી કર લેવો; પણ તેઓના નિર્વાહસાધનનો સંપૂર્ણ વિચાર કરવો.[૩૫] જે વેપારીઓ અરણ્યમાં વસતા હોય, તેઓના તરફ જો ઉપેક્ષા રાખવામાં આવે છે તો તેઓનો નાશ થઇ જાય છે; માટે રાજાએ તેઓના તરફ ઘણીજ કોમળતાથી વર્તવું.[૩૬] હે કુંતાપુત્ર! રાજાએ વેપારીઓને વારંવાર ધીરજ આપ્યા કરવી, તેઓનું રક્ષણ કરવું, દાન આપવું, રાજ્યમાં રહેવામાટે તેઓને વ્યવસ્થા કરી આપવી અને પોતાની સંપત્તિના ભાગીદાર ગણીને તેઓનું પ્રિય કરવું. હે ભારત! વેપારીઓને યથાસમયે (ઉપર્યુક્ત સહાય) આપીને તેના ફળનો રાજાએ નિરંતર ઉપયોગ કરવો; કેમકે વેપારીઓ ખેતીવાડી, ધંધોરોજગાર અને વ્યવહારની વૃદ્ધિ કરીને દેશને આબાદ કરે છે, માટે બુદ્ધિકુશલ રાજાએ, વેપારીઓની ખાસ કરીને પ્રીતિ મેળવવી, તેઓના તરફ દયા રાખવી અને તેઓનાથી ઉપડી શકે તેવા કોમળ કરો લેવામાટે સાવધાન રહેવું.[૩૭,૩૮] હે યુધિષ્ઠિર! સર્વ કોઇનું ક્ષેમ કરવાનો એક સ્વાભાવિક ગુણ વેપારીઓવિષેજ સુલભ છે. માટે તેઓના રક્ષણથી બીજું ઉત્તમ કાર્ય રાજાને એક પણ નથી.”[૪૦]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસનપર્વમાં “રાષ્ટ્રરક્ષા આદિનું કથન” એ વિષયનો અધ્યાય ૮૯ મો સમાપ્ત.

अध्याय ८८ मो

કોશસંચય કેવી રીતે કરવો ?

॥ युधिष्ठिर उवाच ॥

यदा राजा समर्थोऽपि कोशार्थी स्यान्महामते ॥
कथं प्रवर्तेत तदा तन्मे ब्रूहि पितामह ॥ १ ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:– “ હે મહાબુદ્ધિમાન પિતામહ! જ્યારે સમર્થ રાજાને પણ દ્રવ્યસંગ્રહ કરવાની જરૂર હોય, ત્યારે તેણે કેવા પ્રકારે વર્તવું, તે મને કહો.”[૧]

ભીષ્મે કહ્યું:–“ હે યુધિષ્ઠિર ! ધર્માર્થી રાજાએ પ્રજાઓનું હિત કરવામાં આસક્ત રહીને દેશ, કાળ, બુદ્ધિ અને બળને અનુસરીને પ્રજાપાલન કરવું.[૨] રાજાએ પોતાના રાષ્ટ્રમાં તેવા પ્રકારનાં સર્વ કાર્યો આરંભવાં જોઇએ, કે જેથી પ્રજાઓનું અને પોતાનું બન્નેનું કલ્યાણ થાય.[૩] ભમરાઓ વૃક્ષમાંથી જેમ મધને ચૂસી લે છે, તેમ રાજાએ રાષ્ટ્રને દુઃખ દીધા વિના દ્રવ્ય ગ્રહણ કરવું; તેમજ વાછડાના પોષણની અપેક્ષાવાળો પુરુષ ગાયનું દૂધ દોહી લે છે ખરો પણ તેના આંચળોને કચરીને જેમ નીચોવી લેતો નથી, તેમ રાજાએ પણ પ્રજાઓના પોષણની અપેક્ષા રાખીને રાષ્ટ્રમાંથી ધન ગ્રહણ કરવું અથવા રાજાએ જળોના જેવું થવું. એટલે જળો જેમ કોમળ દંશ કરીને રુધિરને ચૂસી લે છે, તેમ રાજાએ કોમળ ઉપાયોની યોજના કરીનેજ દેશમાંથી દ્રવ્ય હરણ કરવું. જેમ વાઘણ પોતાનાં બચ્ચાંને દાંતવતી પકડીને લઇ જાય છે પણ તેના શરીરમાં દાંત ઘોંચી દઈને પીડા ઉપજાવતી નથી, તેમ રાજાએ પ્રજાઓને પીડા આપ્યાવિના રાષ્ટ્રમાંથી દ્રવ્ય હરણ કરવું; અથવા જેમ તીણાદાંતવાળો ઉંદર નિદ્રાવશ થયેલા મનુષ્યના પગને ફુંકી ફુંકીને કોચી ખાય છે કે જેથી નિદ્રાધીન થયેલો મનુષ્ય કંઇક સાધારણ વેદનાથી માત્ર પગને સહેજ હલાવે છે, પણ તીવ્ર વેદનાથી એકદમ જાગી ઉઠીને ઉંદરને નસાડી મૂકતો નથી, તેમ રાજાએ કોમળ ઉપાયોની યોજના કરીનેજ રાષ્ટ્રમાંથી દ્રવ્ય સંપાદન કરવું.[૪-૬] પ્રથમ થોડો થોડો કર નાખીને પ્રજાઓ પાસેથી ધન લેવું ને પછી તેઓને જેમ ભારે ન પડે તેમ, કરમાં અનુક્રમે વૃદ્ધિ કરી દઈને રાજ્યના ઉત્પન્નમાં યથાયોગ્ય વધારો કરી દેવો.[૭] જેમ કોઇ પુરુષ, નાના નાના વાછરડાઓને પ્રથમ ધીમે રહીને નાથી દે છે ને પછી નિરંતર થોડો થોડો ભાર ઉપડાવીને તેઓને પુષ્કળ ભાર ઉપાડી શકે તેવી યોગ્યતાવાળા કરી મૂકે છે, તેમ રાજાએ પણ યત્નપૂર્વક કોમળ કરો લેવાની યોજના પ્રથમ ચાલુ કરીને પ્રજાઓને વશ કરવી ને પછી ધીમે ધીમે મોટા ભારે કર આપતી કરી દેવી.[૮] જેઓએ કદી ભાર ઉપાડયો નથી,તેવા નાના વાછરડાઓને નાથ ઘાલ્યા પછી તુરતજ મોટા એક ગાડાને ખેંચવા માટે જોડી દેવામાં આવે તો તેઓ હાંકનારના વશમાં નહિ રહીને એકદમ મરણ પામે છે. એ પ્રમાણેજ પ્રજાઓને ધીમે ધીમે પ્રથમ યથોચિત કર આપતી કરી દેવી, જેથી તેઓની પાસેથી જોઇતું દ્રવ્ય કઢાવી શકાશે અને તેઓને તે ભારભૂત પણ થશે નહિ.[૯] પ્રત્યેક મનુષ્યની પાસે પ્રથમ સર્વ પ્રકારના સમારંભો કરાવવા, તે મહાક્લિષ્ટ થઈ પડે છે, માટે રાજાએ પ્રથમ આગેવાન માણસોને સમજાવીપટાવીને બીજા સામાન્ય માણસોને કર આપતા કરી દેવા પ્રજાઓમાં મુખ્ય ગણાતાઓમાં અંદર અંદર ફાટફૂટ કરાવીને રાજાએ, પોતાને વશ કરવા ધારેલા અને કાર્યભારને ઉઠાવી શકે તેવા બીજા મનુષ્યોને પ્રથમ તાબે કરવા ને પછી તે સર્વને શાંત પાડીને વિનાપ્રયાસે અને સુખપૂર્વક તેઓ પાસેથી જોઈતું ધન કઢાવી લેવું.[૧૧] રાજાએ પ્રજાઓ પાસેથી અયોગ્ય રીતે અને અયોગ્ય સમયે કર લેવો નહિ, પણ ધીમે ધીમે સમજુતી આપીને સમયાનુસાર અને રીતસર કર લેવો.[૧૨] હું તમને આ પ્રમાણે જે કહું છું તે કર લેવાના ઉપાયો છે, પણ કોઇએક જાતનું કપટ નથી–અર્થાત્ કપટ કરવા માટે હું તમને કહેતો નથી; કેમકે એ તો સ્વાભાવિકજ છે કે, યથાયોગ્ય ઉપાયોની યોજના કર્યા વિના ઘોડાઓને વશ કરવા જનારો પુ-

રુષ, ઉલટા તેઓને કોપાયમાન કરે છે.[૧૩] રાજાનો ધર્મ છે કે, તેણે મદ્યશાળાઓ (દારૂનાં પીઠાં) વેશ્યાઓ, વ્યભિચારમાટે સ્ત્રીપુરુષોનો મેળાપ કરાવી દેનારી કુટ્ટણીઓ, ધર્મહિંસક દુરાચારીઓ, જુગારીઓ અને તેવા બીજા જે કોઈ દેશહત્યારા પુરુષો હોય તે સર્વને નિયમમાં રાખવા; કેમકે તેઓ રાષ્ટ્રમાં રહીને ભદ્રિક પ્રજાઓને પણ નીતિભ્રષ્ટ કરે છે.[૧૪,૧૫] ભગવાન મનુએ, સર્વ મનુષ્યોના સંબંધમાં પ્રથમથીજ એવી વ્યવસ્થા કરી છે કે, કોઈ પણ મનુષ્યે પોતાનાપર આપત્તિ ન આવી હોય તેવા સમયમાં અન્ય કોઇની પાસે લેશમાત્ર યાચના કરવી નહિ; કેમકે સર્વ મનુષ્યો તે પ્રમાણે યાચના કરીનેજ જો આજીવિકા ચલાવે અને કોઈ પ્રકારનું કર્મ જો ન કરે તો અવશ્ય, જગતમાંહેના સર્વ લોકો નાશ પામે.[૧૬,૧૭] વેદમાં પણ કહ્યું છે કે, પાપીઓનુ નિયમન કરવામાં સમર્થ હોવા છતાં જે રાજા તેઓનું નિયમન કરતો નથી, તેને એકત્ર થયેલા પાપનો એક ચતુર્થાંશ મળેજ છે.[૧૮] રાજા જેમ પાપના ચતુર્થાંશનો ભોક્તા બને છે, તેમ પુણ્યના ચતુર્થાંશનો પણ ભોક્તા બને છે; માટે હે રાજા! રાષ્ટ્રની અંદર જે લોકો પાપ કૃત્ય કરનારા હોય, તેઓને શિક્ષા કરીને રાજાએ વશ રાખવા.[૧૮,૧૯] છતાં જે રાજા પાપકૃત્ય કરનારા દુષ્ટ લોકોને વશમાં રાખતો નથી, તો તે પણ પાપકર્મ કરનારજ ગણાય છે; માટેજ પાપીઓને વશ રાખનારો રાજા પ્રજાઓના પુણ્યમાંથી ચતુર્થાંશ પુણ્યને ભોગવે છે.[૨૦] સારાંશ એજ કે, રાજાએ પોતાના રાજ્યમાં મદ્યશાળા આદિ પૂર્વોક્ત પાપસ્થાનકોને થવાજ દેવાં નાહિ; કેમકે તેવાં પાપસ્થાનકોમાં આસક્ત થયેલો પુરુષ, પોતાના સર્વ ઐશ્વર્યનો વિનાશ કરી દે છે; એટલુંજ નહિ પણ તેવા કામોત્તેજક વિષયોમાં લંપટ બનેલો પુરુષ કયા અકાર્યનો ત્યાગ કરે છે? અર્થાત્ તે પુરુષ સર્વ અકાર્યને કરેજ છે.[૨૧] સર્વ પ્રકારના કામ્ય વિષયોમાં રાગાધીન થયેલો પુરુષ મદ્ય, માંસ, પરદ્રવ્ય અને પરસ્ત્રી-વગેરે સર્વનું સેવન કરે છે અનેતેમ કરવા માટે બીજાઓને પણ કલ્પિત શાસ્ત્રાજ્ઞા પ્રદર્શિત કરે છે.[૨૨] ધનાદિક પરિગ્રહના અભાવને લીધે પોતાનાપર જ્યારે આપત્તિં આવી પડી હોય, ત્યારે જેઓ યાચનાવૃત્તિને સ્વીકારે છે, તેઓને રાજાએ દયા અથવા ભયની લાગણીથી નહિ પણ ધર્મની લાગણીથી યથાશક્તિ ધનાદિક આપવું.[૨૩] હે રાજા! હું ઇચ્છું છું કે, તમારા રાજ્યમાં યાચકો અને લૂંટારૂઓ સર્વથા ન થાઓ! કેમકે તેઓ પ્રજાઓ પાસેથી દ્રવ્યનું હરણ કરનારાજ છે પણ પ્રજાઓનું કલ્યાણ કરનારા નથા;[૨૪] માટે જેઓ સર્વ પ્રાણીઓનો અનુગ્રહ કરનારા છે અને પ્રજાઓની વૃદ્ધિ કરનારા છે તેઓજ તમારા રાજ્યમાં સર્વથા રહો; પણ પ્રાણીઓનું અશુભ કરનારા લોકો તમારા રાજ્યમાં ન રહો.[૨૫] રાજાએ ખાનપાન, વસ્ત્ર વગેરે આપીને ધનવાન પુરુષોનુ નિત્ય સન્માન કરવું અને તેઓને કહેવું કે, તમે મારી સાથે રહીને પ્રજાઓપર કૃપા કરો.[૨૬] હે મહારાજા! તમારા રાજ્યમાં જે અધિકારીઓ પ્રજાઓ પાસેથી ધન કઢાવવાનોજ ઈરાદો રાખનારા હોય, તેઓને તમારે અવશ્ય શિક્ષા કરવી અને તેવા અધિકારીઓ, પ્રજાઓ પાસેથી યથાયોગ્ય રાજ્યકર ગ્રહણ કરે, તે માટે બીજા અધિકારીઓની તેઓનાપર દેખરેખ રખાવવી.[૨૭] ખેતીવાડી, ગોરક્ષા, વેપાર વગેરે સર્વ પ્રકારનાં કર્મો જૂદા જૂદા અનેક પુરુષો પાસે રાજાએ કરાવવાં. નહિ તો તે તે કર્મોનો કાલાંતરે વિનાશ થવાનો સંભવ રહે છે.[૨૮] તેમજ ખેતીવાડી, ગોરક્ષા, વેપાર વગેરે હરકોઇ ધંધો કરવામાં તત્પર થયેલા મનુષ્યને ચોર લોકોનો કે રાજ્યાધિકારીઓનો જો ભય હોય છે અને તેને લીધે પોતાના ધંધામાં તેને જો સંશય પ્રાપ્ત થાય છે, તો રાજાનીજ લોકો નિંદા કરે છે; માટે રાજાએ ચોરોને તથા દુષ્ટ અધિકારીઓને બરાબર નિયમમાં રાખવા.[૨૯] હે ભારત! રાજ્યમાં વસી રહેલા ધનવાન પુરુષો રાજ્યનું મોટું એક અંગ ગણાય છે અને તેઓ સર્વ પ્રાણીઓમાં ઉત્તમ છે, એમાં સંશય નથી; માટે ધનવાનોને નિરંતર માન આપવું.[૩૦] જે રાજા જ્ઞાનસંપન્ન, શૂરવીર, ધનવાન, ધાર્મિક,

તપસ્વી, સત્યવાદી અને બુદ્ધિમાન છે, તેજ પ્રજાઓનું રક્ષણ કરી શકે છે;[૩૧] માટે હે રાજા! તમે સર્વ પ્રાણીઓપર પ્રીતિ રાખનારા થાઓ અને સત્યનું, સરળતાનું, અક્રોધ(ક્ષમા)નું અને દયાનું પાલન કરો.[૩૨] જેથી હે રાજા! તમને સૈન્યબળનો, કોશનો (ભંડારનો), મિત્રનો તથા પૃથ્વીનો લાભ થશે; માટે હું તમને ફરીથી કહું છું કે, મિત્રબળ અને કોશબળથી યુક્ત થઇને તમે સત્ય અને સરલતાપરાયણ થજો."[૩૩]

ઇતિ શ્રીમહાભારતમાં શાંતિપર્વાંતર્ગત રાજધર્માનુશાસન પર્વમાં "કોશસંચયના પ્રકારનું કથન" એ વિષયનો અધ્યાય ૮૮ મો સમાપ્ત.

अध्याय ८९ मो

રાજનીતિવર્ણન

॥ भीष्म उवाच ॥

वनस्पतीन् भक्ष्यफलान्न छिंद्युर्विषये तव ॥
ब्राह्मणानां मूलफलं धर्म माहुर्मनीषिणः ॥१॥

ભીષ્મે કહ્યું:– "હે યુધિષ્ઠિર! તમારા રાજ્યમાં જેઓનાં ફળ ભક્ષણ કરવા યોગ્ય હોય તેવાં વનસ્પતિઓને કોઇ કાપે નહિ, તેની તમારે સંભાળ રાખવી; કેમકે વિદ્વાનો કહે છે કે, ફળમૂળ એ બ્રાહ્મણોનું ધર્મસાધન દ્રવ્ય છે.[૧] બ્રાહ્મણોના ઉપભોગ કરતાં જે ફળમૂળ અવશેષ રહે, તેમાંથી બીજા સર્વ મનુષ્યોએ સમાન હિસ્સે ઉપભોગ કરવો; પણ બ્રાહ્મણોનો અપરાધ કરીને બીજો કોઈ મનુષ્ય તેની વૃત્તિનું હરણ કરે, તેમ કોઇ પ્રકારે થવું ન જોઈએ.[૨] હે રાજા! પોતાની આજીવિકા નહિ ચાલવાથી બ્રાહ્મણ, દેશનો જો ત્યાગ કરી જતો હોય તો રાજાએ તેના કુટુંબની અને તેની પોતાની આજીવિકા કરી આપવી;[૩] છતાં પણ તે બ્રાહ્મણ પોતાના દેશમાં રહેવા માટે જો ન ઇચ્છે તો બ્રાહ્મણોની સભા બોલાવીને તેની વચ્ચે તે બ્રાહ્મણને કહેવું કે, "આપ જેવા પણ આમ જો ચાલ્યા જશે તો હવે આ લોક શું મર્યાદામાં રહેશે કે?"[૪] હે કુંતાપુત્ર! એમ કહેવાથી અવશ્ય તે, દેશનો ત્યાગ કરી જતાં અટકશે તોપણ તે બ્રાહ્મણ કદાચ આવો ઉપાલંભ આપે કે, "જ્યારે હું વિદેશ જવા તૈયાર થયો ત્યારેજ તેં મારી આજીવિકા બાંધી આપી." આના ઉત્તરમાં તેને કહેવું કે, "હે બ્રહ્મન્! આપની આજીવિકા કૃશ થઈ હતી, એ વાતને હું જાણતો ન હતો તે માટે મને ક્ષમા આપો." આમ કહીને પણ બ્રાહ્મણની ક્ષમા માગવી, એ સનાતન ધર્મ છે. વળી તે ઉપરાંત રાજાએ તે બ્રાહ્મણને કહેવું જોઇએ કે, "લોકોના કહેવા પ્રમાણે, બ્રાહ્મણને આજીવિકાથી વધારે કંઇ આપવું ન જોઇએ; તોપણ મને એ વાત ઉપર શ્રદ્ધા નથી. મારૂં માનવું તો ત્યાંસુધીનું છે કે, બ્રાહ્મણને આજીવિકા બાંધી આપવી અને તેટલાથી પણ જો ન માને તો તેને બોલાવીને રાજ્યવૈભવો ભોગવવાની પણ છૂટ આપવી, જેથી તેને સ્વદેશત્યાગ ન કરવો પડે."[૫,૬]

હે યુધિષ્ઠિર! ખેતી, ગોરક્ષા અને વેપાર એ આ લોકમાં મનુષ્યોનાં ઉપજીવિકા ચલાવવાનાં સાધનો છે; અને વેદોક્ત યજ્ઞયાગાદિ કર્મો મનુષ્યોનાં પારલૌકિક આજીવિકાનાં સાધનો છે તથા ખરી રીતે તો વેદવિદ્યાજ સર્વ પ્રાણીઓનું રક્ષણ કરે છે;[૭] પણ જ્યારે એ વેદવિદ્યાની પડતી દશા આવે છે, ત્યારે તેનાથી વિરુદ્ધ વર્તનારા જે દુષ્ટ લોકો જગતમાં ઉત્પન્ન થાય છે તેઓનો વિનાશ કરવા માટે બ્રહ્માએ ક્ષત્રિયોને ઉત્પન્ન કર્યા છે;[૮] માટે હે કૌરવનંદન રાજા! તમે શત્રુઓનો પરાજય કરો, પ્રજાઓનું રક્ષણ કરો, યજ્ઞો કરીને પરમાત્માનું પૂજન કરો અને સંગ્રામમાં વીર થઇને યુદ્ધ કરો.[૯] જે રાજા, રક્ષણ કરવા યોગ્ય પ્રજાનું રક્ષણ કરે છે, તે ઉત્તમ ગણાય છે; પણ જેઓ તેનું રક્ષણ કરતા નથી (પણ ઉલટું ભક્ષણ કરે છે,) તેઓની આ જગતમાં લેશમાત્ર જરૂર નથી.[૧૦]

હે યુધિષ્ઠિર! લોકનું હિત કરવા માટે રાજાએ સદાકાળ યુદ્ધ કર્યા કરવું ને પોતાનું તથા શત્રુનું ચરિત્ર જાણવામાટે કેટલાએક ગુપ્ત દૂતોની સર્વ સ્થળે યોજના કરવી.[૧૧] ઉપરાંત પોતાના અંતરંગ મનુષ્યોથી બહારના સામાન્ય મનુષ્યોનું, બહારના સામાન્ય મનુષ્યોથી પોતાના અંત-

રંગ મનુષ્યોનું, બહારના માણસોથી બહારના માણસોનું અને પોતાના માણસોથી પોતાના માણસોનું રાજાએ રક્ષણ કરવું. આમ વર્તીને હે રાજા! તમારે પ્રજાઓનું નિત્ય રક્ષણ કરવું. હે રાજા! પોતાના આત્માનું સર્વ તરફથી રક્ષણ કર્યા પછી તમારે પૃથ્વીનું રક્ષણ કરવું; કેમકે વિદ્વાનો કહે છે કે, આ સર્વ જગત પોતાના હોવાને લીધેજ છે.[૧૩] રાજાએ નિત્ય વિચાર કરવો જોઇએ કે, મારાં છિદ્રો શાં છે? મને કયા વ્યસનનો સંગ છે? મેં કયા શત્રુરાજ્યને જમીનદોસ્ત કર્યું નથી? અને કયા કારણથી દોષે મારો આશ્રય કર્યો?[૧૪] વળી મેં ગઇ કાલે કરેલા કાર્યની આજે લોકો પ્રશંસા કરે છે કે નહિ? પ્રજાઓ મારા આચરણને જો જાણે છે તો તેને વખાણે છે કે નહિ? અથવા દેશમાં અને સર્વ રાજ્યમાં મારા યશને લોકો પસંદ કરે છે કે નહિ, ઇત્યાદિ સર્વ વૃત્તાંત જાણવામાટે રાજાએ પોતાના પ્રિય અને ગુપ્ત દૂતોને પૃથ્વીપર ફરતા રાખવા. હે યુધિષ્ઠિર! ધર્મને જાણનારા, ધૃતિસંપન્ન અને યુદ્ધમાંથી કદી પાછા નહિ હઠનારા અમાત્યોમાં, સર્વ મધ્યસ્થ પુરુષોમાં, જેઓ રાષ્ટ્ર ઉપર જીવી રહ્યા હોય તેઓમાં અને જેઓ પોતાને આધારે જીવી રહ્યા હોય તેઓ સર્વમાં જે કોઇ પોતાની પ્રશંસા કરતા હોય અથવા નિંદા કરતા હોય તે બધાનો તમારે સત્કાર કરવો; કેમકે હે તાત! અમુક એકજ પ્રકારનું વર્તન જગતના સર્વ મનુષ્યોને રુચતું આવે, એમ કદી પણ બની શકતું નથી, જેથી હે ભારત! સર્વ પ્રાણીઓને મિત્ર, શત્રુ અને મધ્યસ્થ હોયજ છે.[૧૭-૧૯]

યુધિષ્ઠિરે પૂછ્યું:–સર્વ મનુષ્યોને હાથ, પગ, બળ વગેરે સમાન છે અને સર્વ મનુષ્યો ગુણદૃષ્ટિએ પણ સરખાજ છે, છતાં તેમાંહેનો કોઈ એકજ પુરુષ સર્વના કરતાં અધિક થઇને સર્વના ઉપર આધિપત્ય કેમ ભોગવે?[૨૦]

ભીષ્મે કહ્યું:–હે યુધિષ્ઠિર! જે પ્રમાણે જંગમપ્રાણી સ્થાવરપ્રાણીનું ભક્ષણ કરી જાય છે, દાઢવાળાં પ્રાણીઓ પોતાના કરતાં દુર્બળ એવાં દાઢવાળાં પ્રાણીઓને ખાઈ જાય છે અને ક્રોધાયમાન થયેલા ઝેરી દાઢવાળા સર્પો બીજા સામાન્ય સર્પોનો ગ્રાસ કરી જાય છે, તેમ મનુષ્યોમાં પણ દુર્બળ મનુષ્યોના પર બળવાન મનુષ્યો સત્તા ચલાવે છે; માટે તમારે પણ તેવા બળવાન પુરુષોથી અથવા શત્રુથી સદા સાવધ રહેવું; કેમકે જે પુરુષ પ્રમાદમાં રહે છે તેનાપર તેઓ ગીધ પક્ષીની પેઠે એકદમ તૂટી પડે છે–તેઓને પોતાની ઝડપમાં લઇ લે છે.[૨૧,૨૨] હે રાજા! તમારા રાજ્યમાં કરના ત્રાસને લીધે વેપારીઓ દુઃખી થતા નથી ને? તેઓને ઘણું આપીને થોડું તો લેવું પડતું નથી ને? અથવા તેઓને વનવગડામાંજ વિશ્રામ કરવો પડતો નથી ના? અને ખેડુતો અત્યંત પીડાઇને તમારા રાજ્યને છોડી જતા નથી ને? કેમકે તે ખેડુતોજ રાજાઓની ભારે ધુસરીને ઉઠાવનારા છે અને બીજા સર્વ મનુષ્યોનું પણ પોષણ કરનારા છે. ખેડુતો જ્યારે તૈયાર કરીને આપે છે, ત્યારે દેવો, પિતૃઓ, મનુષ્યો, સર્પો, રાક્ષસો, પક્ષીઓ અને પશુઓ જીવી રહે છે.[૨૩,૨૫] હે ભારત! એ પ્રમાણે મેં તમને રાષ્ટ્રની વૃત્તિ અને રાજાના રક્ષણના સંબંધમાં કહી સંભળાવ્યું; તોપણ હે પાંડવ! હજી એ વિષયને હું પુનઃ ચર્ચવા ઇચ્છું છું.[૨૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં "રાષ્ટ્રરક્ષણ" એવિષયનો અધ્યાય ૮૯ મો સમાપ્ત.

अध्याय ९० मो

ઉતથ્ય ગીતા–ધર્મનું મહત્ત્વ

॥ भीष्म उवाच ॥

यानंगिराः क्षत्रधर्मानुतथ्यो ब्रह्मवित्तमः॥
मांधात्रे यौवनाश्वाय प्रीतिमानभ्यभाषत॥१॥

ભીષ્મ બોલ્યા:–"હે યુધિષ્ઠિર! અંગિરસ ગોત્રમાં ઉત્પન્ન થયેલા મહાબ્રહ્મવેત્તા ઉતથ્ય મુનિએ, યુવનાશ્વના પુત્ર માંધાતા રાજા ઉપર પ્રસન્ન થઇને તેને જે ક્ષાત્રધર્મો કહ્યા હતા અને જે ધર્મશિક્ષણ આપ્યું હતું, તે સર્વ હું તમને સંપૂર્ણ રીતે કહું છું."[૧,૨]

ઉતથ્ય બોલ્યા:–હે માંધાતા! તારે જા-

ણવું કે, લોકનું રક્ષણ કરનારો રાજા ધર્મનું રક્ષણ કરવા માટેજ જન્મે છે, પણ વિષયોપભોગ કરવા માટે (મોજશોખ કરવા માટે) જન્મતો નથી.[૩] રાજા જો ધર્માચરણ કરે છે તો દેવસમાન ગણાય છે, પણ જો અધર્માચરણ કરે છે તો નરકમાંજ જાય છે.[૪] ધર્મ એ સર્વ પ્રાણીઓનો આધાર છે અને રાજા ધર્મનો આધારભૂત છે; માટે જે રાજા ધર્મનું રક્ષણ કરે છે, તેજ ખરો રાજા છે.[૫] પરમ ધર્માત્મા અને લક્ષ્મીવાન એવો રાજા ધર્મસ્વરૂપજ કહેવાય છે, પણ જ્યારે 'ધર્મ નથીજ' એવો નાસ્તિકવાદ જગતમાં બોલાય છે, ત્યારે દેવતાઓ નિંદાપાત્ર બને છે.[૬] સ્વધર્મમાં વર્તનારા રાજાઓનાં સર્વ કાર્યો સિદ્ધ થયેલાં જોવામાં આવે છે અને તેથી સર્વ લોકો પણ તેજ પરમ મંગલ રાજવર્તનને અનુસરે છે.[૭] પંડિતો કહે છે કે, જ્યારે મહાપાપસ્વરૂપ અધર્મને અટકાવવામાં આવે નહિ અને તેનેલીધે તે અધર્મ સર્વસ્થળે પ્રવૃત્ત થઇ જાય, ત્યારે ધર્માચરણનો ઉચ્છેદ થઈ જાય છે ને પ્રજાઓપર રાત્રિદિવસ ભય રહ્યા કરે છે;[૮] એટલુંજ નહિ પણ હે તાત! જે સમયે અધર્મની પાપી પ્રવૃત્તિને અટકાવવામાં આવે નહિ તે સમયે સત્પુરુષો "અમુક વસ્તુ મારી છે" એમ ધર્મદૃષ્ટિએ કહી શકતા નથી અને લોકમાં કોઇ પ્રકારની વ્યવસ્થા રહેતી નથી.[૯] આમ જ્યારે મનુષ્યોમાં પાપનું બળ સર્વત્ર વ્યાપી જાય છે, ત્યારે સ્ત્રીઓ, પશુઓ, ક્ષેત્રો કે ગૃહો વગેરે કંઇપણ જોવામાં આવતાં નથી-અર્થાત્ તે સર્વનો નાશ થઈ જાય છે. તેમજ હે મહારાજા! જે વેળા અધર્મની પાપી પ્રવૃત્તિનું વારણ કરવામાં આવતું નથી, તે વેળા દેવોની પૂજા થતી નથી, પિતૃઓનાં શ્રાદ્ધ થતાં નથી, અતિથિઓ પૂજાતા નથી, બ્રાહ્મણો બ્રહ્મચર્ય પાળીને વેદાધ્યયન કરતા નથી, યજ્ઞો કરતા નથી અને શરીરો જાણે કપાઈ ગયાં હોય તેમ, સર્વ પ્રાણીઓનાં મન વિહ્વળ રહે છે. ઋષિઓએ પોતે આ લોકનો તથા પરલોકનો વિચાર કરીને "આ એક સાક્ષાત્ ધર્મનુંજ સ્વરૂપ થશે" આવી ઈચ્છાથી રાજારૂપી એક મહાન પ્રાણીને ઉત્પન્ન કરેલ છે, માટે જેની અંદર ધર્મ વિરાજી રહે છે તેને મહર્ષિઓ રાજા કહે છે;[૧૦-૧૪] પરંતુ જેના રાજ્યકાળમાં ધર્મનો લય થાય છે; તે રાજાને દેવો 'वृषल' કહે છે; કેમકે 'वृष' એટલે ભગવાન ધર્મ અને તેનો જે 'अलं' એટલે નાશ કરે છે તે હેતુથી દેવો અધર્મી રાજાને 'वृषल' કહે છે; માટે જેમ બને તેમ ધર્મની તો વૃદ્ધિજ કરવી.[૧૫] ધર્મની વૃદ્ધિ થતાં સર્વ પ્રાણીઓની સર્વદા વૃદ્ધિ થાય છે અને તેનો હ્રાસ થતાં સર્વ પ્રાણીઓનો પણ હ્રાસ થાય છે, માટે ધર્મનો કદી લોપ કરવો નહિ.[૧૬] હે મનુષ્યેન્દ્ર! ધનાદિ આપીને મનુષ્યોનાપર જે કૃપા કરે છે, તેનું નામ ધર્મ કહેવાય છે અથવા સર્વકોઇનું જે ધારણ કરી રાખે તેનું નામ ધર્મ કહેવાય છે. આમ ધર્મ શબ્દની બે પ્રકારે વ્યાખ્યા થતી હોવાથી ધર્મ, મનુષ્યોનાં દુષ્કર્મોની મર્યાદા બાંધનારો છે-જેઓનું જેટલું પાપ હોય તેઓને તેટલી નરકયાતના આપનારો છે.[૧૭] સર્વ પ્રાણીઓના અભ્યુદયને માટેજ બ્રહ્મદેવે ધર્મમર્યાદા બાંધી છે; માટે રાજાએ પ્રજાઓનું શ્રેય કરવાની ઇચ્છાથી ધર્મપ્રવૃત્તિ કરવી.[૧૮] હે રાજસિંહ માંધાતા! શાસ્ત્રકારોએ કહ્યું છે કે, ધર્મ સર્વના કરતાં શ્રેષ્ઠ છે અને હે મહાપુરુષ! ઉત્કૃષ્ટ પ્રકારનાં ધર્મકૃત્યો કરીને પ્રજાઓનું જે પાલન કરે છે તેજ ખરો રાજા છે.[૧૯] હે ભરતશ્રેષ્ઠ રાજા! કામક્રોધને દૂર કરીને તું સર્વથા ધર્મનુંજ પાલન કર; કેમકે ધર્મ રાજાઓનું અત્યંત શ્રેય કરનાર છે.[૨૦] હે માંધાતા! ધર્મનું મૂળ બ્રાહ્મણો છે, માટે તેઓની સદા પૂજા કરવી; એટલુંજ નહિ પણ મત્સરનો ત્યાગ કરીને તેઓના સર્વ મનોરથો પૂર્ણ કરવા.[૨૧] બ્રાહ્મણોની ઈચ્છા પ્રમાણે નાહ કરવાથી રાજાઓને ભય રહે છે, તેઓના શત્રુઓ વધી પડે છે અને મિત્રો પણ શત્રુ બની રહે છે.[૨૨] વિરોચનનો પુત્ર બલિરાજા, પૂર્વે બાલ્યાવસ્થાથી આરંભીનેજ નિરંતર બ્રાહ્મણોની ઈર્ષ્યા કર્યા કરતો હતો, જેને લીધે તેનામાં વસી રહેલી પ્રતાપિની રાજ્યલક્ષ્મી તેનો ત્યાગ કરીને દૂર નાસી ગઈ હતી;[૨૩] અને તે બલિરાજાનો ત્યાગ કરીને ઇંદ્રનો આશ્રય કરી

રહી હતી. આ રીતે જ્યારે પોતાની રાજ્યલક્ષ્મીને ઇંદ્ર પાસે જઈને વસી રહેલી જોઈ, ત્યારેજ બલિરાજાને પશ્ચાત્તાપ થયો હતો કે, આ બધું બ્રાહ્મણોની ઈર્ષ્યાનું તથા અભિમાનનુંજ ફળ છે, માટે હે રાજા માંધાતા! બ્રાહ્મણોનું કદી અપમાન નહિ કરવા માટે તું સદા જાગ્રત રહે જેથી આ પ્રતાપિની રાજ્યલક્ષ્મી તારો કદી ત્યાગ કરે નહિ.[૨૪,૨૫] દર્પ નામનો લક્ષ્મીનો પુત્ર અધર્મના સંબંધથી ઉત્પન્ન થયો છે, એમ શ્રુતિ કહે છે. હે રાજન્! તું જાણ કે એ દર્પે (અભિમાને), અનેક દેવોનો, અસુરોનો તથા રાજર્ષિઓનો સંહાર કરી નાખ્યો છે,માટે જે પુરુષ એ દર્પનો પરાજય કરે છે, તે રાજા થઇ શકે છે અને તેનાથી જે પરાજય પામે છે તે તેનો દાસ થઈ રહે છે.[૨૬,૨૭]હે માંધાતા ! તારે જો ઘણા સમય સુધી પૃથ્વીપર રાજાતરીકે રહેવું હોય તો તારે એવી રીતે વર્તવું જોઇએ, કે જેથી દર્પ અને અધર્મ તારો પરાજય કરે નહિ.[૨૮] વળી તારે મત્ત, પ્રમત્ત, પાખંડી અને ઉન્મત્તનો પરિચય રાખવો નહિ અને તેઓના એકત્ર મંડળનું કદી સેવન કરવું નહિ.[૨૯] તેમજ જે અમાત્યને એક વખત શિક્ષા કરી હોય તેનો, સ્ત્રીઓનો, પર્વતનો, વિષમ પ્રદેશનો, હાથીનો, ઘોડાનો તથા સર્પનો વિશ્વાસ કરવો નહિ, રાત્રિએ ફરવા નીકળવું નહિ; લોભનો, અભિમાનનો ગર્વનો તથા દંભનો ત્યાગ કરવો;અજાણી સ્ત્રીઓ સાથે, નપુંસક સ્ત્રીઓ સાથે, વ્યભિચારિણી સ્ત્રીઓ સાથે, પારકી સ્ત્રીઓ સાથે અને કન્યાઓ સાથે મૈથુન કરવું નહિ.[૩૦-૩૨] જે સમયે રાજા ધર્મથી ભ્રષ્ટ થાય છે, તે સમયે પ્રજાઓનાં ઉત્તમ કુળોમાં પાપી અને રાક્ષસો જન્મ ધરે છે-પ્રજાઓ વર્ણસંકર બની જાય છે અને નપુંસક, ખોડખાંપણવાળાં, મુંગાં અને વિચારશૂન્ય બાળકો અવતરે છે; માટે રાજાએ પ્રજાનું હિત થાય તેમ વિશેષ કરીને ધર્મપૂર્વક વર્તવું જોઇએ.[૩૩,૩૪] ક્ષત્રિય જો પ્રમાદી બની જાય તો જગતમાં મહાન દોષ ઉત્પન્ન થાય છે, અધર્મો વધી પડે છે અને પ્રજાઓ વર્ણસંકર બની જાય છે;[૩૪] એટલુંજ નહિ પણ ઠંડીની ઋતુ ન હોય છતાં ઠંડી પડે છે, ઠંડીની ઋતુ હોય છતાં ઠંડી પડતી નથી, વૃષ્ટિ થતી નથી, જો થાય છે તો પુષ્કળ થઇને પાકને હાનિકારક થઇ પડે છે, પ્રજાઓમાં રોગચારો વધી પડે છે, ધૂમકેતુ વગેરે ઉત્પાતસૂચક નક્ષત્રો ઉદય પામે છે, ક્રૂર ગ્રહો આકાશમાં ઉગી નીકળે છે અને તે સિવાયના બીજા ઘણા રાજાનો નાશ સૂચવનારા ઉત્પાતો જગતમાં દેખાવ દે છે.[૩૬,૩૭] જે રાજા ધર્મરક્ષણદ્વારા પોતાનું રક્ષણ કરતો નથી અને પ્રજાઓનું પણ રક્ષણ કરતો નથી, તે રાજાની પ્રજાઓ વિનાશ પામે છે તથા તેની પાછળ પોતે પણ નાશ પામે છે.[૩૮] જ્યારે રાષ્ટ્રમાં બે લૂંટારાઓ એક મનુષ્યના હાથમાંથી ધન લૂંટી જાય છે, એક લૂંટારો બે મનુષ્યના હાથમાંથી દ્રવ્ય ઝુંટવી જાય છે, અનેક લુંટારાઓ અનેકના હાથમાંથી પૈસા પડાવી લે છે તથા કુમારી સ્ત્રીઓની લાજ લૂંટાય છે,ત્યારે એ બધો રાજાનોજ દોષ ગણાય છે;[૩૯] અને જે સમયે રાજા ધર્મનો ત્યાગ કરીને પ્રમાદી બની જાય છે તે સમયે મનુષ્યોમાં કોઈ પણ "આ વસ્તુ મારી છે" એમ કહી શકતો નથી;[૪૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં "ઉતથ્યગીતા" એ વિષયનો અધ્યાય ૯૦ મો સમાપ્ત.

अध्याय ९१ मो

ઉતથ્યગીતા-રાજાનાં કર્તવ્ય

॥ उतथ्य उवाच ॥

कालवर्षी च पर्जन्यो धर्मचारी च पार्थिवः ॥
संपद्यदैषा भवति सा बिभर्ति सुखं प्रजाः॥१॥

ઉતથ્ય બોલ્યાઃ-" જ્યારે મેઘ સમયાનુસાર વરસે છે અને રાજા ધર્માચરણ કરે છે, ત્યારે રાષ્ટ્રમાં સંપત્તિ વધે છે અને તે સંપત્તિ પ્રજાઓનું સુખેથી પોષણ કરે છે.[૧] જે ધોબી મલિન વસ્ત્રોના મેલને દૂર કરી જાણતો નથી અને રંગિત વસ્ત્રોના મેલને, રંગને કાયમ રાખી દૂર કરી શકતો નથી તે ધોબી નથી.[૨] એ પ્રમાણેજ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચારે વર્ણોમાંનો હરકોઈ મનુષ્ય, પોતાના કર્મથી ભ્રષ્ટ થઇને અન્ય

જાતિનાં ભિન્ન ભિન્ન કર્મોમાં જો આસક્ત થાય છે તો તેનો ચાર વર્ણોમાંના કોઇએકમાં પણ સમાવેશ ગણાતો નથી.[૩] સેવાકર્મ શૂદ્રનું છે, ખેતીવાડી કરવી એ વૈશ્યનું કર્મ છે, દંડનીતિનું પાલન એ ક્ષત્રિયનું કર્મ છે અને બ્રહ્મચર્ય, તપ, સ્વાધ્યાય તથા સત્ય, એ બ્રાહ્મણનું કર્મ છે.[૪] તેમાં જે ક્ષત્રિય, વસ્ત્રશોધનને જેમ ધોબી જાણે છે, તેમ પ્રજાઓના આચરણદોષોને દૂર કરી જાણે છે તે ક્ષત્રિય, પ્રજાપતિ અથવા પ્રજાઓનો પિતા ગણાય છે.[૫]

હે ભરતકુલશ્રેષ્ઠ માંધાતા ! સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ, એ ચારે યુગો રાજાનાં તે તે આચરણ ઉપરથીજ જગતમાં પ્રવૃત્ત થાય છે, જેથી રાજાજ યુગનું કારણ કહેવાય છે.[૬] જ્યારે રાજા, સ્વધર્મથી ભ્રષ્ટ થાય છે, ત્યારે ચારે વર્ણો, ચારે વેદો, ચારે આશ્રમો અને આ સર્વ જગત અજ્ઞાનના વાતાવરણથી મૂઢ બની જાય છે.[૭] જ્યારે રાજા સ્વધર્મથી ભ્રષ્ટ થાયછે, ત્યારે ગાર્હપત્ય દક્ષિણાગ્નિ અને આહવનીય એ ત્રણ અગ્નિઓ, ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ, એ ત્રણ વેદો અને દક્ષિણાવાળા સર્વે યજ્ઞો જગતમાંથી લુપ્તપ્રાય બની જાય છે.[૮] આ ઉપરથી જણાય છે કે, રાજાજ સર્વ જગતનો સૃષ્ટિકર્તા અને વિનાશકર્તા છે.જ્યારે તે ધર્મપૂર્વક વર્તે છે,ત્યારે સર્વનો સૃષ્ટિકર્તા બને છે અને ધર્મથી ભ્રષ્ટ થાય છે, ત્યારે સર્વનો વિનાશકર્તા બને છે.[૯] જે સમયે રાજા પ્રમાદવશ થાય છે તે સમયે રાજાની સ્ત્રીઓ, પુત્રો, બાંધવો અને સુહૃદો એકત્ર મળીને શોક કરે છે;[૧૦] એટલુંજ નહિ પણ રાજા અધર્માચરણ કરવા મંડી જાય છે,ત્યારે તેના હાથીઓ, ઘોડા, બળદો, ગાયો, ઉંટો, ખચ્ચરો અને ગધેડાં વગેરે મૂગાં પ્રાણીઓ પણ દુઃખી થઇ જાય છે.[૧૧] હે માંધાતા! વિધાતાએ દુર્બલ પ્રાણીને માટેજ રાજારૂપ બળની ઉત્પત્તિ કરી છે, જેથી જેનાપર રાજાના સર્વ સુખદુઃખનો આધાર રહેલો છે તેવા નિર્બળ પ્રાણીનું રક્ષણ કરવાથી રાજાને મહાન પુણ્ય થાય છે અને રક્ષણ નહિ કરવાથી રાજાને મહાન પાપનો સંબંધ થાય છે.[૧૨] હેરાજા ! જે વેળા રાજા અધર્મ કરવામાં પ્રવૃત્ત થાય છે, તે વેળા અન્નાદિક લઇને તેનું સેવન કરનારાં દુર્બળ પ્રાણીઓ અને બીજા તેના વંશજ મનુષ્યો અત્યંત શોકાતુર બની જાય છે.[૧૩] હું માનું છું કે, દુર્બળ મનુષ્યનો, તપસ્વી મુનિનો તથા ઝેરી દાઢવાળા સર્પનો ક્રોધયુક્ત દૃષ્ટિપાત, મહા અસહ્ય થઇ પડે છે; માટે તું દુર્બળ પ્રાણીઓને કદી દુઃખ દઈશ નહિ.[૧૪] હે તાત ! દુર્બળ પ્રાણીઓ સદાને માટે અપમાનજ પામી રહ્યાં હોય છે, એમ તારે જાણવું, જેથી તેઓની ક્રોધભરેલી દૃષ્ટિ તને તારા બાંધવોની સાથે બાળી ભસ્મ કરી ન નાખે, તે માટે તું લક્ષ્ય રાખજે.[૧૫] જે પુરુષના કુલને દુર્બલે, પોતાની ક્રોધભરી દૃષ્ટિથી બાળી નાખ્યું હોય છે, તેમાં પુનઃ અંકુર ફૂટતાજ નથી–અર્થાત્ તે કુળનો જડમૂળથી નાશ થઇ જાય છે, માટે તું દુર્બળ સામે કદી થઈશ નહિ.[૧૬] બળવાનના કરતાં નિર્બળનું બળ અતિશય અધિક અને બલવત્તર છે; કેમકે બળવાને નાશ કરેલા નિર્બળનો અમુક અંશ અવશેષ રહે છે પણ નિર્બળે બાળીને ખાખ કરી નાખેલા બળવાનનું નામ નિશાન રહેતું નથી.[૧૭] કોઇનાથી અપમાન પામેલો, માર મરાયલો અથવા ધિક્કારપાત્ર કરાયલો દુર્બળ મનુષ્ય, પોતાના રક્ષક અથવા સહાયકને મેળવી શકતો નથી, તો તેના તરફથી ઉતરી આવેલો દૈવી દંડ, રાજાનું સત્યાનાશ વાળી નાખે છે.[૧૯] હે તાત ! દુર્બળનો શત્રુ થઈને તું તેની પાસેથી કર લઇશ મા. તેમજ અગ્નિ જેમ કાષ્ઠને બાળી નાખે છે, તેમ દુર્બળનો દૃષ્ટિપાત તને બાળી નાખે નહિ, તે માટે તું સાવધ રહેજે.[૧૯] જેઓનાપર ખોટો દોષારોપ મૂકવામાં આવ્યો હોય અને તેને લીધે રુદન કરતા તેઓનાં નેત્રોમાંથી જે અશ્રુબિંદુઓ પૃથ્વીપર પડે છે તે, તેઓના પર મિથ્યા દોષારોપ મૂકનારા મનુષ્યોના પુત્રોનો તથા પશુઓનો સંહાર કરી નાખે છે[૨૦] હરકોઈ મનુષ્યે કરેલું પાપકર્મ તેને પોતાનેજ ફળદાતા થાય છે, પણ તેને પોતાને જો ફળ ન આપે તો તેના પુત્રોને,પુત્રોને નહિ તો પૌત્રોને અને પૌત્રોને નહિ તો પ્રપૌત્રોને પણ પોતાનું ફળ અવ-

શ્ય આપે છે; કેમકે પૃથ્વીમાં વાવેલું બીજ જેમ તુરતજ ફળદાયક થતું નથી, તેમ કરેલું પાપકર્મ પણ તુરતજ ફળદાયક થતું નથી.[૨૧] જે દેશમાં દુર્બળ પ્રાણીનો વધ કરવામાં આવતો હોય અને તે દુર્બળનો કોઈ રક્ષક ન હોય, તે દેશમાં દૈવકૃત મહાદારુણ દંડ અકસ્માત્ તૂટી પડે છે.[૨૨] જે સમયે ઉદ્યોગશીલ એવી પણ રાષ્ટ્રીય પ્રજાઓ પોતાનું ભરણ કરી શકે તેવા ઉદ્યોગોને અભાવે બ્રાહ્મણોની પેઠે ભિક્ષાચરણ કરે છે, તે સમયે તેવી ભિક્ષુસ્વરૂપ પ્રજાઓ, પ્રતિદિન રાજાનોજ ક્ષય કરે છે.[૨૩] જે રાજાના રાજ્યમાં અનેક રાજકીય પુરુષો પ્રજાઓપર અત્યાચાર ગુજારે છે, તે રાજાને મહાન પાપ ભોગવવું પડે છે અથવા તે દોષ કેવળ તે રાજાનોજ છે.[૨૪] કોઈ પ્રકારની યુક્તિ કરીને, કામાધીન થઇને અથવા લોભાકૃષ્ટ બનીને રાજા, પોતાની પાસે દીનતાપૂર્વક યાચના કરી રહેલા લોકોનો અનાદર કરીને તેઓના ધનને હરી લે છે તે એની મહાન ક્રૂરતા છે.[૨૫] જેમ કોઇ એક મહાન વૃક્ષ પ્રથમ ઉત્પન્ન થાય છે, પછી ધીમે ધીમે વૃદ્ધિ પામે છે ને પછીથી સર્વ પ્રાણીઓ તેનો આશ્રય કરે છે, પણ જ્યારે તે વૃક્ષને કાપી નાખવામાં આવે અથવા બાળી નાખવામાં આવે, ત્યારે તેનો આશ્રય કરનારાં પ્રાણીઓ છેક નિરાશ્રિત બની જાય છે,[૨૬] તેમજ જે રાષ્ટ્રમાં રાજાનો ગુણાનુવાદ ગાનારી રાષ્ટ્રીય પ્રજાઓ ઉત્તમ પ્રકારના ધર્મનું અથવા સદ્વર્તનનું જ્યારે આચરણ કરે છે, ત્યારે રાજાનો અભ્યુદય થાય છે; પણ તે પ્રજાઓ ધર્મતત્ત્વમાં મોહિત થઇ જઈને જો અધર્માચરણ કરવા મંડી પડે છે, તો સત્વર રાજા પુણ્યથી ભ્રષ્ટ થાય છે અને પાપનો ભાગી બને છે.[૨૭] વળી જે રાજ્યમાં પાપી લોકો જાહેર રીતે સત્પુરુષોનાં મંડળોમાં પાપભરેલી વર્તણુકો ચલાવે છે, તે રાજ્યમાં રાજાજ, તે સર્વ પાપનો ભોકતા બને છે; પણ જે રાજ્યમાં રાજા, દુષ્ટ લોકોને શિક્ષા કરે છે તે રાજ્યની પોતાના રાજાની સાથે ચઢતીકળા વૃદ્ધિ પામે છે.[૨૮] જે રાજા પોતાના મંત્રીઓનું માન જાળવીને તેઓની, યોગ્યતાભરેલા રાજકીય વિચારો ચલાવવામાં તથા યુદ્ધવિષયક મંત્રણા કરવામાં યોજના કરે છે, તે રાજાનું રાજ્ય પ્રતિદિન વૃદ્ધિ પામે છે અને તે રાજા, ચિરકાળપર્યંત આખી પૃથ્વીપર રાજ્ય કરે છે.[૨૯] પ્રજાઓનાં પુણ્યભરેલાં કર્મોને તથા ઉત્તમ શ્રુતિનાં સુભાષિત ભાષણોને જોઈ-વિચારીને સન્માન આપનારો રાજા, ઉત્તમોત્તમ ધર્મ પ્રાપ્ત કરે છે.[૩૦] પોતાની સંપત્તિમાંથી યથાયોગ્ય વિભાગ આપવા, અમાત્યોનું અપમાન ન કરવું અને મદાંધ બની ગયેલા બળવાન શત્રુનો વિનાશ કરવો, તે રાજાનો ધર્મ છે.[૩૧] મન, વચન અને કાયાથી સર્વનું રક્ષણ કરવું અને અપરાધ કરનારા પુત્રને પણ ક્ષમા નહિ આપતાં યથાયોગ્ય શિક્ષા કરવી, એ રાજાનો ધર્મ છે.[૩૨] રાજા જ્યારે દુર્બળ મનુષ્યોને અન્નવિભાગ આપીનેજ ભોજન કરે છે, ત્યારે તેઓ બળવાન બને છે અને તેમ કરવું એ રાજાનો ધર્મ પણ છે.[૩૩] રાષ્ટ્રનું સારી રીતે રક્ષણ કરવું, ચોર લોકોને દૂર હાંકી કાઢવા અને સંગ્રામોમાં વિજય મેળવવો, એ રાજાનો ધર્મ છે.[૩૪] પોતાનો પ્રીતિપાત્ર મનુષ્ય પણ વાણીથી અથવા કર્મથી જો પાપાચરણ કરે તો તેને ક્ષમા નહિ આપતાં શિક્ષાજ કરવી, એ રાજાનો ધર્મ છે.[૩૫] પોતાના રાજ્યના મુખ્ય વેપારીઓનું રક્ષણ કરવું અને કોઇ પ્રકારની મર્યાદાનો ભંગ ન કરવો, તે રાજાનો ધર્મ છે.[૩૬] સંપૂર્ણ દક્ષિણાવાળા યજ્ઞો કરીને શ્રદ્ધાપૂર્વક પરમાત્માનું પૂજન કરવું ને રાગદ્વેષનો અનાદર કરવો, એ રાજાનો ધર્મ છે.[૩૭] કૃપણ, અનાથ અને વૃદ્ધોનાં શોકાશ્રુઓને લૂછી નાખવાં-અર્થાત્ તેઓને બનતી સહાય આપવી અને તેમ કરીને પ્રજાવર્ગને સંતોષ પમાડવો, તે રાજાનો ધર્મ છે.[૩૮] મિત્રોનો અભ્યુદય કરવો, શત્રુઓનો વિનાશ કરવો અને સત્પુરુષોનું પૂજન કરવું, એ રાજાનો ધર્મ છે.[૩૯] સત્યનું પાલન કરવું, પ્રીતિપૂર્વક નિરંતર ભૂમિદાન આપવું, અતિથિઓનો સત્કાર કરવો ને પોષ્ય વર્ગનું પોષણ કરવું, એ રાજાનો ધર્મ છે.[૪૦] જે રાજામાં યોગ્યતાભરેલો નિગ્રહ અને અનુગ્રહ વ્યવસ્થિત અથવા પ્રતિષ્ઠિત છે, તે રાજા આ લોકમાં તથા પરલોકમાં ઉત્તમ ફળ સંપા-

દન કરે છે.[૪૧] હે માંધાતા! રાજા, ધાર્મિક મનુષ્યોનો પરમેશ્વર છે–અનુગ્રાહક છે; માટે તે, ઇંદ્રિયોને જો વશમાં રાખે છે તો ઐશ્વર્યવાન થાય છે અને ઇંદ્રિયોને જો વશમાં નથી રાખતો તો નરકમાંજ પડે છે.[૪૨] પોતાના ઋત્વિજ, પુરોહિત અને આચાર્યનું અપમાન નહિ કરતાં સન્માન કરીને તેઓને સારી રીતે સહાય આપવી, એ રાજાનો ધર્મ છે.[૪૩] જેમ યમરાજા સર્વ પ્રાણીઓને એકસરખી રીતેજ નિયમમાં રાખે છે, તેમ સર્વ પ્રજાઓને નિયમમાં રાખીને રાજાએ સ્વધર્મપૂર્વક વર્તન કરવું જોઇએ.[૪૪] હે મહાપુરુષ! રાજાને સાક્ષાત્ ઇંદ્રનીજ ઉપમા આપવામાં આવે છે, જેથી રાજા જેને ધર્મ તરીકે જુએ છે તેજ પરમ ધર્મ છે.[૪૫] તારે પ્રમાદનો ત્યાગ કરીને ક્ષમા, બુદ્ધિ, ધૃતિ અને મતિને કેળવવાં જોઇએ તથા પ્રાણીઓની સારીનરતી જિજ્ઞાસાને સર્વદા ઓળખવી જોઇએ.[૪૬] સર્વ પ્રાણીઓને આશ્રય આપવો, દાન આપવું, મધુર વાક્યો કહેવાં અને નાગરિક પ્રજાનું તથા સર્વ ગ્રામ્યપ્રજાનું જે રીતે સુખ થાય તે રીતે પાલન કરવું, એ તારૂં કર્તવ્ય છે.[૪૭] જે રાજામાં દક્ષતા નથી તે રાજા પ્રજાઓનું રક્ષણ કરી શકતો નથી, માટેજ હે તાત! રાજ્ય ચલાવવું, એ મહાદુષ્કર અને અતિશય ભારભૂત છે,[૪૮] તેથીજ જે રાજા દંડનીતિને જાણનારો છે, બુદ્ધિમાન છે અને શૂરો છે, તેજ રાજા પ્રજાઓનું રક્ષણ કરી શકે છે; પણ દંડનીતિ નહિ જાણનારો બુદ્ધિહીન અને નપુંસક રાજા પ્રજાઓને પાળી શકતો નથી.[૪૯] હે રાજા! તારે વિદ્વાન, કુલીન, કાર્યદક્ષ, રાજભક્ત અને બહુશ્રુત એવા અમાત્યોની સાથમાં રહીને સર્વ તાપસોની તથા સર્વ આશ્રમવાસીઓની બુદ્ધિની પરીક્ષા કરવી,[૫૦] જેથી તું સર્વ પ્રાણીઓના પરમ ધર્મને જાણીશ અને તારા પોતાના દેશમાં અથવા પરદેશમાં તારા ધર્મનો નાશ થશે નહિ.[૫૧] અર્થ અને કામના કરતાં ધર્મજ શ્રેષ્ઠ છે; કેમકે ધર્માત્મા પુરુષજ આ લોકમાં તથા પરલોકમાં સુખી થાય છે.[૫૨] મનુષ્યોને રાજા તરફથી જો યથોચિત માન આપવામાં આવે છે તો તેઓ રાજાને અર્થે સ્ત્રીઓનો તથા પુત્રોનો પણ ત્યાગ કરી દે છે; માટે સર્વ પ્રાણીઓને આશ્રય આપવો, મધુર વાણી બોલવી, સદાકાળ પ્રમાદરહિત થવું અને બાહ્યાભ્યંતર પવિત્રતા જાળવવી, એ રાજાના મહાન ઐશ્વર્યના હેતુઓ છે, હે માંધાતા! તારે એ પૂર્વોક્ત કર્તવ્યોમાં કદી પ્રમાદ કરવો નહિ; કેમકે રાજાએ નિત્ય પ્રમાદરહિત થવું જોઇએ, પોતાનાં અને પારકાં છિદ્રો જોવાં જોઇએ, પોતાનું છિદ્ર પારકો ન જોઈ જાય તે માટે સાવધ રહેવું જોઈએ તથા શત્રુનાં છિદ્રો જોવા માટે સદા તત્પર રહેવું જોઇએ.[૫૩,૫૫] આવોજ આચાર ઇંદ્રનો, યમનો, વરુણનો તથા સર્વ રાજર્ષિઓનો હોય છે માટે તું તેનું પાલન કર.[૫૪] હે ભરતશ્રેષ્ઠ મહારાજા! મોટા મોટા રાજર્ષિઓએ પણ પૂર્વે એ આચારનુંજ સેવન કર્યું હતું, માટે તું પણ સત્વર એ દિવ્ય માર્ગનો આશ્રય કર.[૫૫] હે ભારત! મહાતેજસ્વી દેવર્ષિઓ, પિતૃઓ અને ગંધર્વો, ધર્મશીલ રાજાનાં આ લોકમાં ને પરલોકમાં વખાણ કરે છે."[૫૬]

ભીષ્મે કહ્યું:–" હે યુધિષ્ઠિર ! ઉતથ્ય મુનિએ એ પ્રમાણે કહ્યું, એટલે માંધાતાએ શંકાનો ત્યાગ કરીને તેમના કહેવા પ્રમાણેજ કર્યું ને આખી પૃથ્વીપર રાજ્યશાસન કર્યું.[૫૭] તે પ્રમાણેજ હે રાજા! તમે પણ સારી રીતે ધર્માચરણ કરીને પૃથ્વીનું રક્ષણ કરો, જેથી તમને સ્વર્ગીય સ્થાન પ્રાપ્ત થાય."[૫૮]

ઇતિ શ્રીમ૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં "ઉતથ્યગીતા" એ વિષયનો અધ્યાય ૯૧ મો સમાપ્ત.

अध्याय ९२ मो

વામદેવગીતા–રાજાનાં વર્તન

॥ युधिष्ठिर उवाच ॥
कथं धर्मे स्थातुमिच्छन् राजा वर्तेत धार्मिकः ॥
पृच्छामि त्वां कुरुश्रेष्ठ तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે કુરુશ્રેષ્ઠ ભીષ્મપિતામહ! ધર્મમાં સ્થિર રહેવા ઇચ્છનારા ધાર્મિક રાજાએ કેવી રીતે વર્તવું, તે મને કહો."[૧]

ભીષ્મ બોલ્યાઃ—"હે યુધિષ્ઠિર ! આ વિષયમાં બુદ્ધિમાન વામદેવ ઋષિએ, શાસ્ત્રાર્થતત્ત્વને અનુસરીને જે એક પ્રાચીન ઇતિહાસ કહ્યો છે, તેને લોકો આ પ્રમાણે કહે છે.[૨] પૂર્વે જ્ઞાનવાન, ધીર અને પવિત્ર એવા વસુમના નામના એક રાજાએ, મહાતપસ્વી મહર્ષિ વામદેવને એક સમયે પૂછ્યું કેઃ—[૩] "હે ભગવન્ ! ધર્માર્થયુક્ત વાક્યોવડે મને આપ ઉપદેશ આપો, કે જે પ્રમાણે વર્તીને હું સ્વધર્મથી ભ્રષ્ટ થાઉં નહિ."[૪] તે સાંભળીને મહાતપસ્વી અને તેજસ્વી મહર્ષિ વામદેવે, નહુષના પુત્ર યયાતિની પેઠે સુખપૂર્વક બેઠેલા અને સુવર્ણસમાન કાંતિવાળા રાજા વસુમનાને ઉપદેશ આપવાનો આરંભ કર્યો.[૫]

વામદેવ બોલ્યાઃ—"હે રાજા ! ધર્મના કરતાં બીજું કંઈ ઉત્તમ નથી માટે તું ધર્મનું આચરણ કર. ધર્મમાં સ્થિર રહેનારા રાજાઓ આ પૃથ્વીને જીતી શકે છે.[૬] જે રાજા ધર્મને અર્થસિદ્ધિના કરતાં ઉત્તમ માને છે અને ધર્મવૃદ્ધિ કરવા માટેજ નિશ્ચય કરે છે, તે રાજા ધર્મના પ્રભાવથી દીપી નીકળે છે.[૭] અધર્મ તરફ દૃષ્ટિ રાખનારો જે રાજા, પ્રજાઓ સાથે બલાત્કારથીજ વર્તન ચલાવે છે, તે રાજાની પાસેથી ધર્મ અને અર્થ એ બંને પુરુષાર્થો સત્વર દૂર ચાલ્યા જાય છે—તે રાજા ધર્માર્થથી ભ્રષ્ટ થાય છે.[૮] દુષ્ટ અને પાપી સલાહકારોની સલાહ પ્રમાણે વર્તનારો ધર્મહત્યારો રાજા, લોકદ્વારા વિનાશ પામવાને યોગ્ય બનીને થોડાજ સમયમાં પોતાના પરિવારની સાથે નાશ પામે છે.[૯] અર્થશાસ્ત્રના નિયમોનું આચરણ નહિ કરનારો અને પોતેજ પોતાની પ્રશંસા કરનારો સ્વચ્છંદી રાજા, આખી પૃથ્વીનું રાજ્ય મેળવીને પણ તુરત વિનાશ પામે છે;[૧૦] પણ જે બુદ્ધિમાન રાજા, કલ્યાણકારક કર્મપ્રવૃત્તિનો સ્વીકાર કરે છે, અસૂયાનો ત્યાગ કરે છે અને ઇંદ્રિયોને જીતે છે, તે રાજા નદીઓના પ્રવાહોથી જેમ સમુદ્ર વૃદ્ધિ પામે છે તેમ, પ્રતિદિન વૃદ્ધિ પામે છે.[૧૧] હે રાજા ! "ધર્મ, અર્થ, કામ, બુદ્ધિ અને મિત્રોના સંબંધમાં હું પૂર્ણ છું" એમ રાજાએ કદી માનવું નહિ;[૧૨] કેમકે લોકોનો સર્વ વ્યવહાર ધર્માદિ પુરુષાર્થોના આધારપરજ અવલંબી રહ્યો છે; માટે તે સમગ્રનું શ્રવણ કરનારો રાજા યશ, કીર્તિ, લક્ષ્મી અને પ્રજાને સંપાદન કરે છે[૧૩] અને તેથીજ ત્વરાપૂર્વક ધર્માચરણ કરનારો ને ધર્મ તથા અર્થના વિષયમાં પરિપૂર્ણ વિચાર કરનારો જે રાજા, પૂર્વાપર દૃષ્ટિ કરીને અર્થ સંપાદન કરે છે, તે રાજા અવશ્ય મહાન ફળને પામે છે;[૧૪] પણ જે રાજા કોઈને દાન આપતો નથી, કોઈનાપર સ્નેહ રાખતો નથી અને કેવળ દંડનીતિનોજ ઉપયોગ કરીને પ્રજાઓને વશ કરે છે, તે સાહસી પ્રકૃતિનો રાજા, થોડાજ સમયમાં નાશ પામે છે.[૧૫] વળી જે રાજા વિચારશક્તિથી રહિત હોઇને પ્રજાઓમાં 'પાપકૃત્ય કરનારો કોણ છે?' એ વિષેનો પોતાની બુદ્ધિ સાથે વિચાર કરી શકતો નથી તેની આ લોકમાં અપકીર્તિ થાય છે ને મુવા પછી તે નરકમાં પડે છે;[૧૬] પરંતુ જે રાજા સર્વનું સન્માન કરનારો છે, દાતા છે, કોમળ પ્રકૃતિનો છે અને ગુરુની આજ્ઞામાં વશ રહેનારો છે, તે રાજા ઉપર કોઈ સમયે જો સંકટ આવી પડે છે તો સર્વ પ્રજાજનો, તેના સંકટને પોતાના પર આવેલુંજ માની લઇને, તેને દૂર કરવા માટે તૈયાર થાય છે;[૧૭] પણ જેનો કોઈ ગુરુ નથી, ધર્મવિષયમાં બીજાઓને જે પૂછતો નથી અને દ્રવ્ય મેળવવામાંજ કેવળ સુખ માનીને જે સ્વચ્છંદપણે વર્તે છે, તે રાજા ચિરકાળપર્યંત સુખ ભોગવી શકતો નથી.[૧૮] સારાંશ કે, જે રાજા, ધાર્મિક વિષયોમાં ગુરુઓનું પ્રાધાન્ય ગણે છે, પોતે કેવળ આર્થિક વિષયોમાંજ લક્ષ્ય આપે છે અને કોઈ પ્રકારના લાભપ્રસંગે ધર્મનુંજ મહત્ત્વ માને છે, તે રાજા ચિરકાળપર્યંત સુખ ભોગવે છે.[૧૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં "વામદેવ ગીતા" એ વિષયનો અધ્યાય ૯૨ મો સમાપ્ત.

अध्याय १३ मो

વામદેવગીતા-રાજોપનિષદ્

॥ वामदेव उवाच ॥

यत्राधर्मं प्रणयते दुर्बले बलवत्तरः ॥
तां वृत्तिमुपजीवंति ये भवंति तदन्वयाः॥१॥

વામદેવે કહ્યું:–“હે રાજા! જે દેશમાં મહાબળવાન થઇ પડેલો રાજા દુર્બલ પ્રજાઓપર અધર્મ ગુજારે છે, તે દેશમાં એ રાજાના જે વંશજો હોય છે તેઓ પણ એ વૃત્તિએજ પોતાની આજીવિકા ચલાવે છે; [૧] એટલુંજ નહિ પણ તે દેશમાં બીજા મનુષ્યો પણ તે પાપપ્રવર્તક રાજાનુંજ અનુકરણ કરે છે,જેથી ઉદ્ધત મનુષ્યોથી વ્યાપ્ત બની ગયેલું તે રાષ્ટ્ર, આખરે વિનાશ પામે છે. [૨] સ્વધર્મમાં સ્થિર રહેનારા રાજાના જે આચરણને ઉત્તમોત્તમ માનીને મનુષ્યો અનુસરી રહ્યા હોય છે,તેજ (બાહ્ય) આચરણને રાજા, જો કુમાર્ગે પ્રવૃત્ત થાય છે તો તેના સ્વજનોજ સહન કરી શકતા નથી. [૩] શાસ્ત્રવિરુદ્ધ લક્ષણોવાળો જે રાજા, સાહસપૂર્ણ પ્રકૃતિવાળો થઇને જ્યારે કંઇ ભયંકર આચરણ કરે છે, ત્યારે તેનો તત્કાલ વિનાશ થાય છે. [૪] જે રાજા, સંગ્રામમાં પકડાયલા પોતાના શત્રુરાજાને તેણે પ્રથમ ઉપકાર કર્યો હોય છતાં તેનાપરના દ્વેષને લીધે માન આપતો નથી, તે ક્ષાત્રધર્મથી ભ્રષ્ટ થાય છે; [૫] અથવા જે ક્ષત્રિય, પોતે જીતેલા અથવા નહિ જીતેલા રાજાઓના સંબંધમાં પોતાના પૂર્વજોએ ખાસ આચરેલી વૃત્તિને અનુસરતો નથી, તે પણ ક્ષાત્રધર્મથી ભ્રષ્ટ થાય છે. [૬] રાજાએ પોતે જ્યારે સશક્ત સ્થિતિમાં હોય ત્યારે સુખનો અનુભવ કરવો અને પોતે જ્યારે આપત્તિમાં આવી પડ્યો હોય, ત્યારે આપત્તિને દૂર કરવાનો ઉપાય કરવો. આમ વર્તવાથી રાજા, પ્રજાઓમાં પ્રિય થઇ પડે છે અને રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ પણ થતો નથી. [૭] પોતે જેનું કોઇ સમયે અપ્રિય કર્યું હોય તેનું રાજાએ પુનઃ પ્રિય કરવું; કેમકે જે કોઇ, પ્રથમ બીજાનું અપ્રિય કરીને પાછળથી તેનું જો પ્રિય કરે છે, તો તે સર્વનો પ્રેમપાત્ર બની રહે છે. [૮] રાજાએ મિથ્યાભાષણનો ત્યાગ કરવો, લોકોએ પ્રાર્થના કર્યા વિના તેઓનું પ્રિય કરવું ને કામ, ક્રોધ અથવા દ્વેષને અધીન થઇને ધર્મનો ત્યાગ કરવો નહિ. [૯] કોઇ મનુષ્ય જ્યારે પ્રશ્ન કરે, ત્યારે તેને તિરસ્કારભરેલો ઉત્તર આપવો નહિ; ગંભીરતાવિનાની વાણી બોલવી નહિ; હરકોઇ કાર્ય કરતી વેળા અત્યંત ઉતાવળા થવું નહિ અને કોઇનાપર અસૂયા રાખવી નહિ, જેથી શત્રુ પણ વશ થઇ શકે છે. [૧૦] પ્રજાનું હિત વિચારનારા રાજાએ, પોતાનું પ્રિય થતાં અતિ હર્ષઘેલા બનવું નહિ, અપ્રિય થતાં સંતાપ કરવો નહિ તેમજ દ્રવ્યસંબંધના સંકટપ્રસંગે પરિતાપ કરવો નહિ. [૧૧] જે રાજા ગુણ તરફ દૃષ્ટિ કરીને પ્રજાઓનું નિત્ય પ્રિય કરે છે, તેનાં સર્વ કાર્યો સિદ્ધ થાય છે ને પોતે રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ પણ થતો નથી. [૧૨] રાજાએ સદાકાળ સાવધાન રહીને પોતાનું પ્રતિકૂલ નહિ કરનારા અને અનુકૂળ કરવામાંજ આસક્ત રહેનારા રાજભકત પુરુષનું હમેશાં સેવન કરવું; [૧૩] અને જે રાજસેવક ઇંદ્રિયવર્ગનો જય કરનાર હોય છે, અત્યંત અનુરાગી હોય છે પવિત્ર હોય છે, શક્તિમાન હોય છે તથા પોતાને અનુસરનાર હોય છે, તેને રાજાએ મહાન કાર્ય કરવા માટે યોજવો. [૧૪] એ પ્રમાણેજ પૂર્વોક્ત ગુણોથી જે યુક્ત હોય, રાજાપર સ્નેહ રાખનારો હોય અને સ્વામીનું કાર્ય કરવામાં સાવધાન રહેનારો હોય, તેને રાજકીય દ્રવ્યસાધનના કાર્યમાં રાજાએ નિમવો; [૧૫] પણ જે રાજપુરુષ મૂઢ હોય છે, ઇંદ્રિયોના વશમાં રહેનારો હોય છે, લોભી હોય છે, અનાર્ય આચરણવાળો હોય છે, શઠ હોય છે, કપટી હોય છે, હિંસક હોય છે, બુદ્ધિભ્રષ્ટ હોય છે, વિદ્ધત્તારહિત હોય છે, ઉદાર કર્મોનો ત્યાગ કરનાર હોય છે, મદિરાપાનમાં પ્રીતિ રાખનારો હોય છે, જુગારી, વ્યભિચારી અને શિકારી હોય છે, તે પુરુષની મહાન કાર્ય કરવામાં નિમણુંક કરીને રાજા, લક્ષ્મીથી ભ્રષ્ટ થાય છે. [૧૬,૧૭] જે રાજા પોતાના આત્માનું રક્ષણ કરીને રક્ષણ કરવા યોગ્ય પ્રજા

ઓનું પણ બરાબર રક્ષણ કરે છે,તે રાજાની પ્રજાઓ વૃદ્ધિ પામે છે અને તેને પોતાને પણ મહાઅચળ પદ પ્રાપ્ત થાય છે. [૧૮] રાજાએ, પોતાના અને પારકા માણસોથી અજ્ઞાત રહેનારા ગુપ્ત દૂતોની યોજના કરીને જે કોઇ રાજાઓ પોતાના વશમાં રહેનારા હોય તે સર્વની તપાસ રાખવી, જેથી પોતે સર્વના કરતાં શ્રેષ્ઠ થઈ શકે છે. [૧૯] કોઈ બળવાન રાજા સાથે વૈર બાંધીને રાજાએ, “ હું તેનાથી ઘણો દૂર છું ” એમ માનીને સ્વસ્થ બેસી રહેવું નહિ; કેમકે તેવા પ્રમાદી રાજાના ઉપર શત્રુઓ, બાજપક્ષીની પેઠે આવીને એકદમ તૂટી પડે છે. [૨૦] અંતઃકરણની દુષ્ટતાનો ત્યાગ કરનારા દૃઢમૂલ બનેલા રાજાએ, પોતાના બળના પ્રમાણમાં નિર્બળ રાજાઓ સામેજ ચઢાઇ કરવી, પણ પોતાના કરતાં અધિક બળવાળા રાજાઓ સામે ચઢાઇ કરવી નહિ. [૨૧]

ધર્મપરાયણ રાજાએ,પરાક્રમથી પૃથ્વી મેળવીને ધર્મપૂર્વક પ્રજાઓનું રક્ષણ કરવું અને રણમાં યુદ્ધ કરી શત્રુઓનો વિનાશ કરવો. [૨૨] આ જગતમાં જે કંઇ વસ્તુ વિદ્યમાન છે,તે સર્વનો અંતે વિનાશજ થવાનો છે, જેનો કદી વિનાશ ન થાય તેવી એક પણ વસ્તુ નથી,આમ સમજીને રાજાએ, સ્વધર્મમાં સ્થિર રહીને ધર્મપૂર્વકજ પ્રજાઓનું પાલન કરવું. [૨૩] રક્ષણના આધારભૂત કિલ્લાઓ, રણસંગ્રામ, ધર્માનુશાસન (ન્યાયમંદિરો), રાજકીય ગુપ્ત વિચારોની મંત્રણા અને સમયાનુસાર પ્રજાઓને સુખ આપવું-એ પાંચ સાધનોથી રાષ્ટ્રની વૃદ્ધિ થાય છે. [૨૪] હે મહારાજા ! જે રાજાનાં પૂર્વોક્ત પાંચ સાધનો બરાબર સુરક્ષિત હોય છે, તે રાજાજ નિરંતર પૃથ્વીનું પાલન કરી શકે છે; [૨૫] પણ એ પાંચે સાધનોપર રાજા એકલો કદી દેખરેખ રાખી શકતો નથી, માટે તેઓ પ્રત્યેકના પર રક્ષક અધિકારીઓની યથાયોગ્ય યોજના કરીને, રાજા દીર્ઘકાળપર્યંત પૃથ્વીપર રાજ્ય કરી શકે છે. [૨૬] જે પુરુષ દાનશીલ છે, પોતાની સંપત્તિમાંથી સર્વને વિભાગ આપનારો છે, માર્દવગુણથી યુક્ત છે, પવિત્ર આચારવાળો છે અને સંકટસમયે પણ પોતાનાં મનુષ્યોનો ત્યાગ નહિ કરનારો છે, તે પુરુષને પ્રજાઓ રાજા બનાવે છે. [૨૭] જે રાજા પોતાનો મત છોડી દઇને કલ્યાણકારક હિતોપદેશને શ્રવણ કરે છે અને તે શ્રવણ કરીને તે પ્રમાણે વર્તે છે,તે રાજાને લોકો અનુસરે છે; [૨૮] પણ જે રાજા પોતાના હિતૈષી મિત્રના વચનને દ્વેષભાવને લીધે પ્રતિકૂળ માનીને સહન કરતો નથી, શત્રુએ કહેલાં પ્રતિકૂળ વચનોને પણ સાંભળે છે, સર્વદા ઉદાસીનના જેવો રહે છે અને જીતાયલા અથવા નહિ જીતાયલા શત્રુઓના સંબંધમાં બુદ્ધિમાન પુરુષોએ આચરેલા વર્તનનું સેવન કરતો નથી, તે રાજા ક્ષાત્રધર્મથી ભ્રષ્ટ થાય છે. [૨૯,૩૦] હમેશાં સાવધાન રહીને રાજાએ, એક વખત જેને શિક્ષા કરી હોય તેવા મંત્રીથી, સ્ત્રીઓથી, પર્વતથી, વિષમ પ્રદેશોથી, હાથીઓથી, ઘોડાઓથી અને સર્પોથી પોતાનું રક્ષણ કરવું. [૩૧] પોતાના મુખ્ય અમાત્યોનો ત્યાગ કરીને તેઓનાથી ઉતરતી કોટીના મનુષ્યોની સાથે પ્રેમ રાખનારો રાજા, મહાઘોર સંકટમાં આવી પડીને દુઃખી થાય છે ને તે સમયે પોતાના રક્ષક પુરુષને મેળવી શકતો નથી. [૩૨] વળી જે રાજા કલ્યાણકારક ગુણ ધરાવનારા પોતાના જ્ઞાતિભાઇઓના પર દ્વેષ રાખીને તેઓની તરફેણમાં રહેવા ઇચ્છતો નથી, મનને વશ રાખતો નથી અને ક્રોધને અત્યંત વશ થઇ રહે છે,તે રાજા મૃત્યુની પડોશમાંજ વસે છે, એમ સમજવું; [૩૩] પરંતુ જે રાજા પોતાના હૃદયને પ્રિય લાગનારા પુરુષોને તથા બીજા ગુણવાન પુરુષોને પણ પ્રિય ભાષણ, પ્રિયકાર્ય આદિથી વશ કરે છે,તેનો યશ પૃથ્વીમાં દીર્ઘકાળપર્યંત સ્થિર રહે છે. [૩૪] રાજાએ અયોગ્ય સમયે કર નાખી દઇને પ્રજાઓનું દ્રવ્ય લેવું નહિ, પોતાનું અપ્રિય થતાં કદી સંતાપ કરવો નહિ, પ્રિય થતાં અતિ હર્ષઘેલા થવું નહિ અને પોતાના આરોગ્યની વૃદ્ધિ કરનારાં કર્મો કરવામાં તત્પર રહેવું. [૩૫] પોતાનાપર સ્નેહ રાખનારા રાજાઓ કયા છે,કયા રાજાઓ કેવળ ભયને લીધેજ પોતાનો આશ્રય કરી રહ્યા છે અને તે રાજાઓમાં મધ્યસ્થ અથવા શત્રુરૂપ કયા કયા

છે? એ વિષેનો રાજાએ નિરંતર વિચાર કરવો.[૩૬] રાજા, પોતે બળવાન હોય તોપણ તેણે દુર્બળોનો કદી વિશ્વાસ કરવો નહિ; કેમકે તેઓ પ્રમાદવશ રહેનારા બળવાન રાજા ઉપર પણ સમય આવ્યે ગીધપક્ષીઓની પેઠે તૂટી પડે છે.[૩૭] પાપી મનુષ્યનો સ્વભાવજ હોય છે કે, તે, પોતાનો સ્વામી સર્વ ગુણોથી યુક્ત હોય અને પ્રિયભાષણ કરનારો હોય તોપણ તેનો (સ્વામીનો) દ્રોહ કરે છે, માટે રાજાએ કોઇ મનુષ્યપર સંપૂર્ણ વિશ્વાસ કરવો નહિ.[૩૮] હે વસુમના રાજા! નહુષના પુત્ર યયાતિ રાજાએ, મેં કહેલી આ રાજોપનિષદ્ (રાજાઓની રહસ્યવિદ્યા) કહી હતી, કે જેનું શ્રવણ કરી મનુષ્યોના સંબંધમાં સાવધાનપણે વર્તનારો રાજા, પોતાના મહાન શત્રુઓનો પણ નાશ કરી શકે છે.”[૩૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦પર્વમાં “વામદેવ ગીતા” એ વિષયનો અધ્યાય ૯૩ મો સમાપ્ત.

अध्याय ९४ मो

વામદેવગીતા-રાજધર્મ

॥ वामदेव उवाच ॥

अयुद्धेनैवविजयं वर्धयेद् वसुधाधिपः ॥
जघन्यमाहुर्विजयं युद्धेन च नराधिप ॥१॥

વામદેવે કહ્યું:-“ હે વસુમના રાજા! પ્રત્યેક રાજાએ યુદ્ધ કર્યા વિનાજ વિજય મેળવવો, તે સર્વોત્તમ છે. યુદ્ધ કરીને મેળવેલા વિજયને તો વિદ્વાનો અધમ કહે છે.[૧] જો પોતાનું મૂળ અત્યંત દઢ ન હોય તો રાજાએ નહિ મળેલું મેળવવા માટે ઈચ્છા કરવી નહિ; કેમકે દુર્બળ મૂળવાળા રાજાને અલભ્ય વસ્તુનો લાભ થતો નથી.[૨] જે રાજાનો દેશ સમૃદ્ધિસંપન્ન હોય છે, વિશાળ હોય છે, રાજા ઉપર પ્રીતિ રાખનારો હોય છે અને સંતુષ્ટ તથા પુષ્ટ મંત્રીમંડળોવાળો હોય છે, તે રાજા દઢ મૂળવાળો ગણાય છે.[૩] જેના યોદ્ધાઓ અતિશય સંતોષી હોય છે, સાંત્વનાને પમાડેલા હોય છે અને શત્રુઓને ઠગવામાં કુશળ હોય છે, તે રાજા અલ્પ સૈન્યથી પણ પૃથ્વીને જીતી શકે છે.[૪] જે રાજાની નાગરિક પ્રજાઓ તથા ગ્રામ્ય પ્રજાઓ પ્રાણીઓપર દયા રાખનારી હોય છે તથા ધનધાન્યથી સંપન્ન હોય છે, તે રાજાનું મૂળ દઢ ગણાય છે.[૫] બુદ્ધિમાન રાજા, જે સમયે પોતાના પ્રતાપની ચઢતી કળા માનતો હોય, તે સમયે તેણે શત્રુની પૃથ્વીને તથા ધનસંપત્તિને મેળવવાની ઇચ્છા કરવી.[૬] જેના ભોગવૈભવોનો પ્રતિદિન ઉદય થતો જાય છે, પ્રાણીઓપર જે દયાળુ હોય છે અને ચાલાકીપૂર્વક પોતાનું જે રક્ષણ કરનારો છે, તે રાજાનો દેશ પ્રતિદિન આબાદ બને છે.[૭] જે રાજા યથાસ્થિત વર્તન કરનારા પોતાના પ્રજાવર્ગ તરફ અન્યાયથી વર્તે છે, તે રાજા ફરશીથી જેમ વનને કાપે તેમ, પોતાનેજ છિન્નભિન્ન કરે છે.[૮] રાજા, શત્રુઓનો નિત્ય સંહાર કર્યા વિના તેઓનો નાશ કરી શકતો નથી; પણ જે રાજા ક્રોધનોજ સમૂળગો નાશ કરી જાણે છે, તેનો એક પણ શત્રુ હયાત રહેતો નથી.[૯] આર્યપુરુષો જે કર્મનો તિરસ્કાર કરતા હોય તે કર્મને સુજ્ઞ રાજાએ કદી કરવું નહિ; પરંતુ જે કર્મથી પોતાનું કલ્યાણ થતું જોવામાં આવે તે કર્મજ રાજાએ કરવું.[૧૦] પોતે આરંભેલા કાર્યનો અંત આણ્યા પછીજ જે રાજા સુખનો અનુભવ લેવાની ઇચ્છા રાખે છે તેનું બીજા લોકો અપમાન કરતા નથી, તેમજ તેને પોતાને પણ અમુક કાર્ય અપૂર્ણ રહ્યા બદલ પશ્ચાત્તાપ થતો નથી;[૧૧] માટે જે રાજા મેં કહેલા આ વર્તનને જનસમુદાયના મધ્યમાં આચરી દેખાડે છે, તે રાજા આ લોકને તથા પરલોકને હસ્તગત કરીને સદા વિજયનિષ્ઠ રહે છે.”[૧૨]

ભીષ્મે કહ્યું:-“ હે યુધિષ્ઠિર! મહર્ષિ વામદેવે એ પ્રમાણે ઉપદેશ આપ્યો, તે પછી રાજા વસુમનાએ તે પ્રમાણેજ સર્વ રાજ્યવ્યવસ્થા કરી હતી; માટે તમે પણ એ રીતે જો વર્તશો તો અવશ્ય ઉભય લોકને જીતશો.”[૧૩]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦પર્વમાં “વામદેવગીતા” એ વિષયનો અધ્યાય ૯૪ મો સમાપ્ત.

* * *

अध्याय ९५ मो

યુદ્ધધર્મ

॥ युधिष्ठिर उवाच ॥

अथ योविजिगीषेत क्षत्रियः क्षत्रियंयुधि ॥
कस्तस्य विजये धर्मो ह्येतं पृष्टो ब्रवीहि मे ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:—" હે પિતામહ ! જે ક્ષત્રિય, પોતાના ક્ષત્રિયશત્રુને યુદ્ધમાં જીતવા માટે ઇચ્છે છે તેણે વિજય મેળવવા માટે કયા ધર્મનો આશ્રય કરવો, તે મને કહો. "[૧]

ભીષ્મ બોલ્યા:—"હે યુધિષ્ઠિર! વિજયેચ્છુ રાજાએ સહાયકોને સાથે લઇને અથવા સાથે લીધા વિનાજ અકસ્માત બીજા દેશપર ચઢાઈ લઇ જઈને ત્યાંની પ્રજાઓને જાહેર કરવું કે, " હું તમારો રાજા છું અને નિરંતર તમારૂં રક્ષણ કરીશ, માટે તમે મને ધર્મ પ્રમાણે કર આપો અથવા મારી સામે શસ્ત્ર ગ્રહણ કરો." આમ કહેતા તે ચઢી આવેલા રાજાને તે દેશની પ્રજાઓ પોતાના રાજાતરીકે જો સ્વીકારી લે છે તો બન્નેનું કુશલ થાય છે અને યુદ્ધ પણ બંધ રહે છે;[૨,૩] પરંતુ હે રાજા! તે દેશના લોકો ક્ષત્રિય જાતિથી ઇતર જાતિના હોઇને પણ તે રાજાની સામે વિરોધ કરવા તૈયાર થાય તો તેઓને હરકોઇ ઉપાયે તેણે વશ કરવા; કેમકે તેઓ પોતાની મેળેજ વિરોધ કરવા ઉભા થયા હોય છે.[૪] કોઈ દેશમાં પોતાનું રક્ષણ કરવા માટે પણ અસમર્થ અને શત્રુને પોતાના કરતાં અધિક બળવાન માનનારા ક્ષત્રિયને શસ્ત્રહીન ઉભેલો જાણીને અન્ય હીનજાતિનો પુરુષ પણ શસ્ત્ર ગ્રહણ કરે છે. (માટે વિજયેચ્છુ રાજાએ શસ્ત્રબળથીજ જીતવામાં આવેલાં ગ્રામાદિકનું ઉલ્લંઘન કરીને તે તે સ્થળે અધિપતિ મુખેજ સ્થિર રહેવું, જીતેલા રાષ્ટ્રને સામાદિક ઉપાયથીજ વશ કરવું.)"[૫]

યુધિષ્ઠિરે પૂછ્યું:—" હે પિતામહ ! જે ક્ષત્રિય રાજા કેવળ યુદ્ધ કરવાની ઇચ્છાથીજ અન્ય ક્ષત્રિયરાજા સામે ચઢાઈ કરે, તેણે ધર્મદૃષ્ટિએ તેની સામે કેવી રીતે યુદ્ધ કરવું, તે મને કહો."[૬]

ભીષ્મે કહ્યું:—"રણમાં જે ક્ષત્રિયે કવચ પહેર્યું ન હોય તેની સામે યુદ્ધ કરવું નહિ;અને યુદ્ધપ્રસંગ ઉપસ્થિત થાય તે વેળા એકે બીજાને કહેવું જોઇએ કે, "તું મારી સામે શસ્ત્ર ફેંક, હું તારી સામે શસ્ત્ર ફેંકું છું."[૭]પછી જ્યારે તે, બરાબર સજ્જ થઈને પોતાની સામે ચઢી આવે ત્યારે પોતે પણ તેની સામે સજ્જ થવું અને જો સૈન્ય લઈને સામો આવે તો પોતે પણ સૈન્ય લઇનેજ સામા જવું.[૮] શત્રુ પોતાની સામે જો કપટથી યુદ્ધ કરે તો પોતે પણ તેની સામે કપટથીજ યુદ્ધ કરવું અને જો ધર્મથી યુદ્ધ કરે તો તેની સામે ધર્મથીજ યુદ્ધ કરવું.[૯] શત્રુ જો રથ ઉપર બેસીને આવ્યો હોય તો તેની સામે ઘોડેસ્વાર થઇને યુદ્ધ કરવા જવું નહિ, પણ રથમાં બેઠેલા સામે રથમાં બેસીનેજ યુદ્ધ કરવું. શત્રુ જ્યારે સંકટમાં આવી પડયો હોય, ભયમાં આવી પડયો હોય અથવા જીતાઈ ગયો હોય ત્યારે તેની સામે હુમલો કરવો નહિ.[૧૦] યુદ્ધ કરતી વેળા ઝેર ખરડેલાં બાણનો અથવા વાંકા કાંટાવાળાં બાણનો પ્રયોગ કરવો નહિ; કેમકે તેવાં આયુધોનો નીચ પુરુષોજ પ્રયોગ કરે છે. વળી ન્યાયપૂર્વકજ યુદ્ધ કરવું અને પોતાનો વિનાશ કરવાની ઇચ્છાવાળા શત્રુપર ક્રોધે ભરાવું નહિ.[૧૧] સત્પુરુષોના મધ્યમાં કોઈ પ્રકારની ફાટફુટ થવાથી એકાદો સત્પુરુષ જો સંકટમાં આવી પડે તો તેને મારવો નહિ, તેમજ બેભાન થયેલા શત્રુને તથા પુત્રરહિત શત્રુને પણ કદી મારવો નહિ.[૧૨] જેનું શસ્ત્ર ભાંગી પડયું હોય, જેના ઉપર વિપત્તિ આવી પડી હોય, જેના ધનુષની દોરી તૂટી ગઇ હોય અને જેના વાહનનો નાશ થઇ ગયો હોય, તેવા શત્રુપર કદી પ્રહાર કરવો નહિ. વળી જો શત્રુ ઘાયલ થઇને પડયો હોય તો તેને એના દેશમાંજ પહોંચતો કરી દેવો અથવા પોતાને ત્યાંજ રાખીને વૈદ્યોદ્વારા તેની ચિકિત્સા કરાવવી ને તે જ્યારે બરાબર વ્રણરહિત (રૂઝાયલા ઘાવાળો) થઈને સાજો થઈ જાય, ત્યારે તેને છોડી મૂકવો, આવો સનાતન ધર્મ છે.ભગવાન સ્વાયંભુવ મનુએ પણ કહ્યું છે કે, જ્યારે સત્પુરુષોસામે યુદ્ધપ્રસંગ પ્રાપ્ત થાય,

ત્યારે સત્પુરુષોએ ધર્મપૂર્વકજ યુદ્ધ કરવું પણ અધર્મયુદ્ધ કરીને ધર્મનો નાશ કરવો નહિ. જે યુદ્ધમાં ધાર્મિક યુદ્ધ કરવાની પ્રતિજ્ઞાવાળો ક્ષત્રિય, અધર્મ કરીને જય મેળવે છે તે ક્ષત્રિય પાપી અને કપટી જીવનવાળો બનીને પોતેજ પોતાનો નાશ કરે છે; તેમજ એવા પ્રકારનું અધર્મ કૃત્ય દુષ્ટ પુરુષોજ કરે છે, માટે ધાર્મિક ક્ષત્રિયે, અસાધુ પુરુષોને પણ ધર્મયુદ્ધથીજ જીતવા.[૧૩-૧૬] ધર્મયુદ્ધ કરતાં જો મરણ થાય તો તે શ્રેયસ્કર છે, પણ પાપકર્મ કરીને વિજય મેળવવો તે ઉત્તમ નથી. હે રાજન્! વાવેલા બીજવાળી પૃથ્વી તત્કાળ ફળને આપતી નથી, તેમ આચરેલો અધર્મ પણ તત્કાળ ફળ આપતો નથી;[૧૭] પરંતુ તે અધર્મ, અનુક્રમે વૃદ્ધિ પામીને કર્તાપુરુષનાં મૂળોને તથા શાખાપ્રશાખાઓને પણ બાળીને ભસ્મ કરી નાખે છે, પાપી પુરુષ પાપકર્મદ્વારા દ્રવ્ય મેળવીને અત્યંત હરખાય છે; પણ તે જાણતો નથી કે, ચૌર્યકર્મથી અત્યંત ભરપૂર બની જઇને પાપીમનુષ્ય પાપમાંજ ડૂબી મરે છે. જે પુરુષ, "જગતમાં ધર્મ છેજ નહિ" એમ માનીને સર્વના તરફ અશ્રદ્ધા રાખે છે તથા ધર્માચરણ કરનારા પવિત્ર પુરુષોની હાંસી કરે છે, તે પુરુષ વિનાશની અણી ઉપર જઈ પહોંચે છે. વળી તેવો પાપી પુરુષ વરુણના પાશોથી જકડાયલો હોય છે, છતાં પોતાને અજરામર માને છે; એટલુંજ નહિ પણ વાયુથી ફૂલી ગયેલી ચામડાની ધમણની પેઠે કેવળ પાપકૃત્યો કરીને ફૂલી જાય છે-રાતોમાતો બની જાય છે અને ધર્મમાં પ્રવૃત્તિ કરતોજ નથી; પણ આખરે, નદીના તટપર ઉગેલું વૃક્ષ જેમ મૂળસહિત ઉખડી જઈ ને પાણીમાં તણાઈ જાય છે, તેમ એ પાપી પુરુષ પણ પરિવારની સાથે નાશ પામે છે.[૧૮-૨૧] જેમ પથ્થરની સાથે અફળાયલો માટીનો ઘડો ભાંગી-ફુટી જાય છે, તેમ સંસારપ્રદેશમાંથી નષ્ટ થયેલા એ પાપી પુરુષની લોકો પાછળથી નિંદા કરે છે, માટે રાજાએ ધર્મપૂર્વકજ વિજય મેળવવાની ઇચ્છા રાખવી અને ધર્મથીજ ધનસંચય કરવો. [૨૨]

અધ્યાય ૯૫ મો સમાપ્ત.

अध्याय ९६ मो

વિજયી રાજાનો ધર્મ

॥ भीष्म उवाच ॥

नाधर्मेण महीं जेतुं लिप्सेत जगतीपतिः ॥
अधर्मविजयं लब्ध्वा कोऽनुमन्येत भूमिपः ॥१॥

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! અધર્માચરણ કરીને પૃથ્વીનો જય કરવા માટે રાજાએ ઇચ્છા કરવી નહિ અને એવો કયો ધાર્મિક રાજા હોય, કે જે અધર્મવિજય મેળવીને પોતાને ઉત્તમ ધાર્મિક માને?[૧] જે વિજય અધર્મયુક્ત છે તે નાશવંત છે, સ્વર્ગથી ભ્રષ્ટ કરનારો છે અને રાજાને તથા પૃથ્વીને દુઃખ આપનારો છે.[૨] વિજયી રાજાએ જેનું કવચ તૂટી ગયેલું હોય, જે કહેતો હોય કે "હું આપનોજ છું" અને જેણે શસ્ત્રો ફેંકી દઈ હાથ જોડ્યા હોય તેવા શત્રુને પકડીને મારી નાખવો નહિ, પણ કેદ કરવો.[૩] જે શત્રુરાજા સૈન્યથી જીતાઈ ગયો હોય તેની સામે વિજયી રાજાએ યુદ્ધ કરવું નહિ, પરંતુ એક વર્ષપર્યંત તેને કેદમાં રાખીને "હું તમારો દાસ છું" એમ તેની પાસે બોલાવવું ને પછી તેને છોડી મૂકવો; અને કદાચ તે રાજા, પોતે દાસ હોવાનું જો ન કહે તોપણ એક વર્ષપર્યંત કેદમાં રાખીને પોતાના પુત્રતુલ્ય ગણાયલા તે રાજાને છોડીજ મૂકવો.[૪] તેમજ જે રાજકન્યાનું પરાક્રમપૂર્વક પોતે હરણ કર્યું હોય, તેને એક વર્ષપર્યંત પોતાના રાજમહેલમાં અલગ રાખ્યા પછી પૂછવું કે:-" તારે મને પરણવાની ઇચ્છા છે કે કોઇ બીજાને?" આમ પૂછતાં તે જો બીજાને પરણવા ઇચ્છતી હોય તો તેને પોતાને ત્યાં રાખવી નહિ. વળી એજ પ્રમાણે દાસી, દાસ વગેરે જે કંઇ શત્રુરાજાનું ધન પોતે હરી આણેલું હોય તેને એક વર્ષપર્યંત પોતાને ત્યાં રાખીને પુનઃ તે જેનું હોય તેને પાછું આપી દેવું, જેથી તે પોતાનુંજ આપેલું ગણાય છે.[૪] દેહાંતદંડની શિક્ષાને પાત્ર ચોર વગેરેના ધનને રાજાએ ભંડારમાં રાખવું નહિ પણ વાપરી નાખવું-તેનું દૂધ લઇને બ્રાહ્મણોને પાઈ દેવું; પણ ચોરસિવાયના પકડી આ-

ણેલા શિક્ષાપાત્ર પુરુષને દેહાંતદંડની શિક્ષા નહિ કરતાં ક્ષમા આપવી ને તેનું ધન પાછું આપવું. તે સિવાય શત્રુરાજાના બળદો જો પકડી આણ્યા હોય તો તેઓનો ખેડવાના કામમાં અથવા બીજો કંઈ બોજો ઉપાડવાના કામમાં ઉપયોગ કરવો.[6] ધર્મશાસ્ત્રની આજ્ઞા છે કે, રાજાએ રાજાસામેજ યુદ્ધ કરવું અને રાજાસિવાય બીજા કોઇ પણ પુરુષે રાજાસામે શસ્ત્ર ફેંકવું નહિ.[7] બન્ને સૈન્યો યુદ્ધ કરતાં હોય અને તે વેળા કોઈ બ્રાહ્મણ, શાંતિ કરવાની ઇચ્છાથી વચમાં આવી ઉભો રહે તો બન્ને પક્ષનાં સૈન્યોએ યુદ્ધ બંધ કરવું;[8] કેમકે જે પુરુષ બ્રાહ્મણનું અપમાન કરે છે, તે સનાતન કાળની મર્યાદાનો ભંગ કરે છે, માટે જો કોઇ નીચ ક્ષત્રિય તે મર્યાદાનું ઉલ્લંઘન કરે તો તેને ક્ષત્રિયોની ગણનામાં ગણવો નહિ અને ક્ષત્રિયસભામાં બેસવા પણ દેવો નહિ;કારણ કે તે નામધારી ક્ષત્રિયે મર્યાદાનો ભંગ કરીને ધર્મનોજ લોપ કર્યો ગણાય છે,[10] માટે વિજય મેળવવાની ઇચ્છાવાળા રાજાએ તેવા અધર્મવર્તનનું અનુકરણ કરવું નહિ, પણ ધર્મપૂર્વકજ વિજય મેળવવો; કેમકે ધાર્મિક વિજયના કરતાં બીજો અધિક લાભ કયો હોય ?[11] રાજાઓની આવી એક નીતિ હોય છે કે, તેઓએ, પારકાં રાજ્યની પ્રજાઓપર જીત મેળવ્યા પછી તુરતજ તે પ્રજાને દાન, ભોગ, ધીરજ—વગેરે આપીને પ્રસન્ન કરવી જોઇએ;[12] અન્યથા અશાંતિજનક ઉપાયો યોજીને તેઓના પર જો રાજ્યસત્તા ચલાવવામાં આવે તો તેઓ પોતાના રાષ્ટ્રથી કંટાળી જાય છે અને પોતાના પર જીત મેળવનાર રાજાને સંકટમાં આવી પડેલો જોવાની રાહ જુએ છે ને ત્યાંસુધી શત્રુભૂત બનીને તે રાજાની ઉપાસના કરી રહે છે.[13] હે રાજન્ ! પછી જ્યારે તે વિજયી રાજા, સંકટમાં આવી પડે છે, કે તુરતજ તેનાથી કંટાળેલી સર્વ પ્રજાઓ, અત્યંત સંતુષ્ટ થઇને તે રાજાના શત્રુરાજાને પક્ષમાં લે છે અને પોતાને દુઃખ દેનાર રાજાનો નાશ કરવા તૈયાર થાય છે.[14] વિજયી રાજાએ પોતાના શત્રુને કપટથી છેતરવો નહિ તેમ એને અત્યંત ઘાયલ પણ કરવો નહિ; કેમકે તેને જો અત્યંત ઘાયલ કરવામાં આવે છે તો કદાચ તેના જીવિતનો પણ નાશ થઇ જાય.[15] વળી કોઇ સમયે રાજા અલ્પ લાભથી યુક્ત થઇને પણ સંતુષ્ટ રહે છે અને તેવો રાજા, પોતાના શુદ્ધ જીવિતનેજ અતિ મહત્ત્વનું માને છે.[16] જે રાજાનો દેશ વિશાળ તથા સમૃદ્ધિસંપન્ન છે, પોતાના રાજા ઉપર પ્રીતિ રાખનારો છે તથા જેના સેવકો અને અમાત્યો સંતુષ્ટ રહેનારા છે, તે રાજા દૃઢ મૂળવાળો ગણાય છે.[17] વળી જે રાજા, પૂજાપાત્ર ઋત્વિજોની, પુરોહિતની, આચાર્યની તથા વિદ્વાનોની પૂજા કરે છે, તે રાજા લોકવેત્તા કહેવાય છે.[18] આ વર્તનપ્રમાણેજ વર્તીને દેવશ્રેષ્ઠ ઇંદ્રે રાજ્ય સંપાદન કર્યું છે તથા બીજા ઘણા રાજાઓ એ પ્રમાણે વર્તીને ઇંદ્રલોકને જીતવા ઇચ્છે છે.[19] હે રાજા:! પૂર્વે પ્રતર્દન નામના રાજાએ, શત્રુઓસામે મહાન યુદ્ધ કરીને પૃથ્વીસિવાયનું તેઓનું સર્વ ધન જીતી લીધું હતું અને તેઓના રાજ્યની સર્વ ઔષધિઓ પણ હરી લીધી હતી.[20] તેમજ દિવોદાસ નામના રાજાએ શત્રુઓના અગ્નિહોત્રસંબંધનું સર્વ દ્રવ્ય, યજ્ઞોપયોગી સર્વ પદાર્થો તથા ભોજ્ય પદાર્થો સુદ્ધાંનું હરણ કર્યું હતું; પણ તેવી અતિશય અનીતિ કરવાના કારણથી તેણે સ્વર્ગને ગુમાવ્યુંજ હતું, માટે રાજાએ તેવો પુષ્કળ અન્યાય કરવો નહિ.[21] હે ભારત ! નાભાગ નામના રાજાએ, શ્રોત્રિય બ્રાહ્મણો તથા તાપસોના દ્રવ્યસિવાય શત્રુઓનાં સર્વ રાજ્યો જીતી લઇને તે બધા દ્રવ્યની બ્રાહ્મણોને દક્ષિણા આપી દીધી હતી.[22] હે યુધિષ્ઠિર! પ્રાચીનકાળના ધર્મવેત્તા રાજાઓની પાસે ઉત્તમ અને મધ્યમ—બન્ને પ્રકારનાં દ્રવ્યો, શત્રુઓ પાસેથી હરી લીધેલાંજ હતાં; માટે રાજાએ શત્રુઓનું સર્વ કંઇ હરી લેવું, એ વાત મને સંમત છે;[23] તોપણ રાજાએ પોતાનો અભ્યુદય ઇચ્છીને કપટ અથવા દંભપૂર્વક વિજય મેળવવાની ઇચ્છા રાખવી નહિ. માત્ર કપટ અને દંભનો ત્યાગ

કરીને સર્વ વિદ્યાઓનો અધિક ઉપયોગ કરવો ને તેદ્વારા વિજય મેળવવો.[૨૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦પર્વમાં "વિજયેચ્છુ રાજાનાં વર્તન" એ વિષયનો
અધ્યાય ૯૬ મો સમાપ્ત.

अध्याय ९७ मो

યુદ્ધજન્ય પ્રાણિહત્યાનું પ્રાયશ્ચિત્ત અને યુદ્ધમરણનું માહાત્મ્ય

॥ युधिष्ठिर उवाच ॥

क्षत्रधर्माद्धि पापीयान्नधर्मोऽस्ति नराधिप ॥
अपयानेन युद्धेन राजा हंति महाजनम्॥ १ ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે મનુષ્યશ્રેષ્ઠ પિતામહ ! ક્ષાત્રધર્મના કરતાં બીજો એક પણ ધર્મ અતિશય પાપભરેલો નથી; કેમકે રાજા, યુદ્ધ કરતી વેળા અને યુદ્ધમાંથી પલાયન કરતી વેળા અનેક મનુષ્યોનો સંહાર કરી નાખે છે,[૧] માટે હે ભરતશ્રેષ્ઠ વિદ્વાન્ ભીષ્મ ! રાજા કયું કર્મ કરીને દિવ્ય લોકોને જીતી શકે છે, તે જાણવાની મને ઇચ્છા છે, માટે તે કહો."[૨]

ભીષ્મે કહ્યું:–"હે યુધિષ્ઠિર ! રાજાઓ પાપીઓને શિક્ષા કરીને, સત્પુરુષોને આશ્રય આપીને, યજ્ઞો કરીને તથા દાન આપીને પવિત્ર અને શુદ્ધ થાય છે.[૩] જો કે વિજય મેળવવાની ઇચ્છાથી રાજાઓ પ્રાણીઓને દુઃખ દે છે, તોપણ તેના તેજ રાજાઓ વિજય મેળવ્યા પછી પુનઃ પ્રજાઓની વૃદ્ધિ કરે છે.[૪] જે રાજાઓ પ્રજાઓપર અનુગ્રહ કરવા માટે દાન, યજ્ઞ અને તપોબળદ્વારા પોતાનાં પાપોનો નાશ કરે છે, તેઓનું પુણ્ય પણ પ્રતિદિન વધે છે.[૫] જેમ ક્ષેત્રની શુદ્ધિ કરનારો પુરુષ (ખેતરને નિંદનારો ખેડુત), ક્ષેત્રની શુદ્ધિ કરવા માટે તેમાં ઉગી નીકળેલા ઘાસને તથા નિષ્ફળ ધાન્યને ઉખેડી નાખે છે પણ તેથી ક્ષેત્રમાં પક્વ થયેલા ધાન્યનો નાશ થતો નથી,[૬] તેમજ શસ્ત્રપ્રહાર કરીને વધ્ય પુરુષોનો સંહાર કરનારો ક્ષત્રિય રાજા, અનેક મનુષ્યોનો સંહાર કરે છે તોપણ વિજય મેળવ્યા પછી સર્વ પ્રાણીઓની પુનઃ અભિવૃદ્ધિ કરીને તે રાજા, ભૂતકાળના પાપ બદલ સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત કરી શકે છે.[૭] જે રાજા ચોર લોકોથી થતા દ્રવ્યહરણને, નાશને તથા ક્લેશને અટકાવી દઇ પ્રજાઓનું રક્ષણ કરે છે, તે રાજા પ્રાણદાતા, ધનદાતા તથા સુખદાતા ગણાય છે અને તેજ સર્વનો મહારાજા છે;[૮] એટલુંજ નહિ પણ તે રાજા, અભયદાનરૂપ દક્ષિણાઓવાળા સર્વ પ્રકારના યજ્ઞો કરીને પરમાત્માનું પૂજન કરનારો મનાય છે ને આ લોકમાં અનેક કલ્યાણોનો અનુભવ કરીને અંતે ઇંદ્રલોકને પામે છે.[૯] વળી જે રાજા, બ્રાહ્મણોમાટેના ધર્મ્ય યુદ્ધમાં શત્રુઓ સામે ધસી જઇને યુદ્ધ કરે છે અને તે યુદ્ધમાં પોતાના શરીરરૂપ યજ્ઞસ્તંભનો ત્યાગ કરીને મૃત્યુ પામે છે, તે રાજાને અનંત દક્ષિણાઓવાળા યજ્ઞ કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે.[૧૦] હરકોઇ ક્ષત્રિય યુદ્ધમાં નિર્ભય થઇને, પોતાના શત્રુસામે સંખ્યાબંધ બાણો ફેંકે છે અને શત્રુનાં સંખ્યાબંધ બાણોને પોતાના શરીરપર ઝીલે છે, તેના જેવું આ પૃથ્વીમાં બીજું એક પણ શ્રેયસ્કર નથી, એમ દેવો પોતે માને છે.[૧૧] રણમાં તે ક્ષત્રિયની ત્વચાને જેટલાં શસ્ત્રો ભેદે છે, તેટલા અક્ષય દિવ્ય લોકો કે જેમાં સર્વ મનોરથો પૂર્ણ થાય છે, તેઓની તેને પ્રાપ્તિ થાય છે.[૧૨] વળી રણક્ષેત્રમાં યુદ્ધ કરતાં કરતાં ક્ષત્રિયનાં ગાત્રોમાંથી જે રુધિરધારા વહે છે, તેની સાથેજ તેનાં સર્વ પાપો પણ બહાર વહી જાય છે, જેથી તે પાપરહિત થાય છે.[૧૩] ધર્મવેત્તાઓ કહે છે કે, શસ્ત્રોના પ્રહારોથી યુદ્ધમાં સંતપ્ત થયેલો ક્ષત્રિય જે જે દુઃખો સહન કરે છે, તે તે દુઃખો તેના તપનીજ વૃદ્ધિ કરે છે.[૧૪] મેઘથી લોકો જેમ જળની ઇચ્છા રાખે છે, તેમ શૂરવીર ક્ષત્રિય પાસેથી શરણ મેળવવાની ઇચ્છા રાખનારા ધર્મનિષ્ઠ ભીરુ પુરુષો યુદ્ધમાં સૌનાથી પાછળના ભાગમાં રહે છે.[૧૫] જે વેળા યુદ્ધપ્રસંગ ઉપસ્થિત થાય અને પ્રજાઓપર ભય આવી પડે, તે વેળા શૂરવીર પુરુષ, બીજા સામાન્ય મનુષ્યોને યુદ્ધમાં આગળ નહિ કરતાં પોતેજ આગળ થઇને તેઓનું ક્ષેમપૂર્વક જો રક્ષણ કરે છે, તો તેને અતિ મહાન પુણ્ય પ્રાપ્ત થાય

છે;[૧૬] પરંતુ તે ભીરુ પુરુષો પોતાનું રક્ષણ કરનારા શૂરવીર ક્ષત્રિયના પૂર્વકૃત ઉપકારોને લક્ષ્યમાં લઈને સદાકાળ તેને નમતા ભજતા રહે અને યુદ્ધપ્રસંગે પોતાની મેળેજ સૌનાથી આગળ નીકળી પડે,તો તેઓનું એ કર્મ યોગ્ય તથા ન્યાયયુક્તજ ગણાય છે; પણ તેથી પેલા શૂરવીરને પૂર્વના જેવું પુણ્ય મળતું નથી.[૧૭] જ્યારે સંગ્રામમાં ઉભય પક્ષનાં સૈન્યોની સામસામી ભેટંભેટા થઈજાય છે અને અન્યોન્યની ગર્જનાઓ થવા લાગે છે,ત્યારેઆકૃતિમાં પ્રથમ સમાન દેખાતા સર્વ પુરુષોમાં મહાન ભેદ જોવામાં આવે છે. જેમકે, તે વેળા કેટલાએક શૂરાઓ નિર્ભયતાપૂર્વક સન્મુખ ધસી જાય છે અને બીજા ભીરુઓ રણમાંથી પલાયન કરી જાય છે.[૧૮] સ્વર્ગીય માર્ગનો આશ્રય કરીને શૂરવીર પુરુષ, શત્રુઓને દેખતાંજ તેઓની સામે તૂટી પડે છે; પણ કાયર પુરુષ, શત્રુઓને દેખતાંજ પલાયન કરી જાય છે અને પોતાના સહાયકોને પ્રાણસંકટના પ્રસંગમાં મૂકી જાય છે.[૧૯] હે તાત! જે નીચ પુરુષો રણમાં પોતાના સહાયકોને પડતા મૂકીને પોતે કુશળક્ષેમ ઘેર પહોંચી જાય, તેવા પુરુષોને તમે ઉત્પન્ન કરશો મા.[૨૦] જે કાયર પુરુષ, પોતાના સહાયકોનો રણમાં ત્યાગ કરીને પોતાનાજ પ્રાણની રક્ષા કરવા ઇચ્છે છે, તે પુરુષનું ઇંદ્રાદિ દેવતાઓ સદા અકલ્યાણજ કરે છે;[૨૧] એટલુંજ નહિ પણ તેવા અધમ ક્ષત્રિયોને રાજાએ પોતેજ લાકડીઓ અથવા માટીનાં ઢેફાં મારીને મારી નાખવા,તેઓના શરીરપર ઘાસ લપેટીને સળગાવી મૂકવા અથવા પશુની પેઠે માર મારીને તેઓનો નાશ કરી નાખવો.[૨૨] જે પુરુષ ક્ષત્રિયજાતિનો થઇને પથારીમાં પડ્યો પડ્યો બડખા અને મૂત્ર કાઢતો કાઢતો તથા દીનતાભરેલા વિલાપ કરતો કરતો મરણ પામે છે, તે તેને માટે અધર્મભરેલું છે.[૨૩]પોતે ક્ષત્રિયજાતિનો હોવા છતાં શરીરે ઘાયલ થયાવિના જે મરણ પામે છે, તેના એ કર્મને પ્રાચીન શાસ્ત્રકારો વખોડી કાઢે છે.[૨૪] હે તાત ! શૌર્યનું અભિમાન રાખનારા ક્ષત્રિયોનું ઘરમાં થયેલું મરણ પ્રશંસનીય નથી. પણ કાયરતાભરેલું, નિંદાપાત્ર, ધર્મવિરુદ્ધ અને દીનતાયુક્તજ છે.[૨૫] “હાય, હાય! આ દુઃખ તો મહાકષ્ટદાયક છે અને અતિશય પાપભરેલું છે.” આમ પથારીમાં પડ્યો પડ્યો કલ્પાંત કરીને, નિસ્તેજ મુખવાળો થઇને તથા દુર્ગંધયુક્ત શરીરવાળો થઇને સ્ત્રીપુત્રાદિનો શોક કરતો કરતો જે પુરુષ મરણ પામે છે,તે ક્ષત્રિય નજ હોય;[૨૬] કેમકે વીરતાના અભિમાનથી ગર્વિષ્ઠ રહેનારો ક્ષત્રિય તો, નિરંતર નીરોગીઓના મરણનીજ મનમાં ઇચ્છા રાખે છે-યુદ્ધમરણનેજ પ્રિય ગણે છે; પણ પૂર્વોક્ત કંગાલમરણને પસંદ કરતો નથી.[૨૭] તેજ ખરો ક્ષત્રિય છે, કે જે પોતાના જ્ઞાતિલાઓથી વીંટાઇને રણમાં ઘોર સંહાર કરે છે અને આખરે તીક્ષ્ણ શસ્ત્રોથી ઘાયલ થઇને મૃત્યુ પામે છે.[૨૮] શૂરવીર પુરુષનું લક્ષણજ એ છે કે,જે વિજયાભિલાષ અને ક્રોધાવેશથી યુક્ત થઇને યુદ્ધમાં તૂટી પડે છે અને જેને, શત્રુઓથી કાપી નંખાતાં પોતાનાં ગાત્રોનું પણ ભાન રહેતું નથી.[૨૯] આવા લક્ષણવાળો વીર ક્ષત્રિય, યુદ્ધમાં મરણ પામીને લોકમાન્ય એવા ઉત્તમ ધર્મને સંપાદન કરે છે તથા ઇંદ્રના લોકમાં જાય છે.[૩૦] યુદ્ધમાં પીઠ દેખાડ્યાવિના હરકોઇ ઉપાયે સામે પગલે લઢનારો શૂરવીર પુરુષ, પ્રાણોનો ત્યાગ કરીને ઇંદ્રલોકને પામે છે.[૩૧] વળી જે શૂરવીર પુરુષ, આખે શરીરે જખમી થયા છતાં અને શત્રુઓથી ચોતરફ ઘેરાયા છતાં જો દીનતાનો આશ્રય કરતો નથી,તો અક્ષય એવા દિવ્યલોકોને પામે છે.[૩૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં
અધ્યાય ૯૭ મો સમાપ્ત.

अध्याय ९८ मो

યુદ્ધયજ્ઞ અને તેના ફળનું વર્ણન

॥ युधिष्ठिर उवाच ॥

के लोका युध्यमानानां शूराणामनिवर्तिनाम् ॥
भवंति निधनं प्राप्य तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે કહ્યું:–“ હે પિતામહ ! પીઠ દેખાડ્યાવિના રણમાં યુદ્ધ કરનારા શૂરા પુરુષોને

મરણપછી કયા દિવ્યલોકો મળેછે,તે મને કહો.”[૧]

ભીષ્મે કહ્યું:–“હે યુધિષ્ઠિર ! આ વિષે ઇંદ્ર અને અંબરીષ રાજાના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસ કહેવાય છે, તે તમે સાંભળો.[૨] નાભાગનો પુત્ર અંબરીષ રાજા, મહાદુર્લભ એવા સ્વર્ગલોકમાં જ્યારે ગયો, ત્યારે ત્યાં દેવલોકમાં ઇંદ્રની સાથે રહેલા પોતાના સેનાપતિને તેણે જોયો.[૩] પછી તેણે નીરખીને જોયું તો, એ સેનાપતિ મહાતેજસ્વી દેખાતો હતો, ઉત્તમ વિમાનમાં બેઠેલો હતો અને તે સ્વર્ગના કરતાં પણ ઉપર ઉપરના લોકમાં જતો હતો. ઉદાર બુદ્ધિવાળો અંબરીષ રાજા, સુદેવ નામના પોતાના સેનાપતિને આવો ઐશ્વર્યવાન તથા સમૃદ્ધિમાન જોઇને આશ્ચર્ય પામ્યો, જેથી તેણે ઇંદ્રને પૂછ્યું.”[૪,૫]

અંબરીષ બોલ્યો:–“હે ઇંદ્ર! સમુદ્રસુધી આખી પૃથ્વીપર મેં યથાવિધિ રાજ્ય કર્યું છે, ધર્મ સંપાદન કરવાની ઇચ્છાથી ચારે વર્ણોની પ્રજાઓ તરફ મેં શાસ્ત્રોક્ત વર્તન રાખ્યું છે, ઘોર બ્રહ્મચર્ય પાળીને, ઉત્તમ પ્રતિનું આચરણ કરીને તથા ગુરુની સેવા કરીને મેં ચારે વેદોનું તથા સંપૂર્ણ રાજશાસ્ત્રનું ધર્માનુસાર અધ્યયન કર્યું છે, અન્નપાન વગેરે આપીને અતિથિઓને તૃપ્ત કર્યા છે,સ્વધાન્નવડે પિતૃઓનાં શ્રાદ્ધ કર્યાં છે, સ્વાધ્યાયદીક્ષાઓ લઈને ઋષિઓનું આરાધન કર્યું છે, ઉત્તમોત્તમ યજ્ઞો કરીને દેવતાઓનું યજન કર્યું છે તેમજ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે મારા ક્ષાત્રધર્મમાં સ્થિર રહીને તથા મારાં સર્વ સૈન્યોપર દેખરેખ રાખીને મેં યુદ્ધોમાં વિજય પણ મેળવ્યો છે;[૬-૯] છતાં હે દેવરાજા ! મારો સેનાપતિ આ સુદેવ કે જે પૂર્વે શાંત સ્વભાવનો એક યોદ્ધો હતો તે મારા કરતાં અધિક ઐશ્વર્યવાળો કેમ થયો ?[૧૦] હે ઇંદ્ર ! આ મારા સેનાપતિએ ઉત્તમ પ્રતિના યજ્ઞો કર્યા નથી તેમ શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે દેવોનું પૂજન પણ કર્યું નથી, છતાં તે મારા કરતાં અધિક ઐશ્વર્યવાન કેમ થયો ?”[૧૧]

ઇંદ્રે કહ્યું:–“ હે તાત અંબરીષ ! તારા સેનાપતિ આ સુદેવે, યુદ્ધયજ્ઞ નામનો એક મહાન યજ્ઞ કર્યો હતો, અને બીજો હરકોઇ ક્ષત્રિય પણ રણમાં ઉતરીને યુદ્ધ કરે છે તે પણ તેવોજ યજ્ઞ કરે છે, એમ સમજવું.[૧૨] શાસ્ત્રકારોએ નિશ્ચય કર્યો છે કે, યુદ્ધ કરવાની દીક્ષા લઇને તથા સેનાના મોખરામાં રહીને યુદ્ધ કરવા સજ્જ થયેલો હરકોઈ યોદ્ધો, યુદ્ધયજ્ઞમાં અધિકારી થઇ શકે છે. ”[૧૩]

અંબરીષે પૂછ્યું:–“ હે ઇંદ્ર ! એ યુદ્ધયજ્ઞમાં હોમવાનાં હુતદ્રવ્યો કયાં હોય છે ? તેમાં ઘી કયું હોય છે ? તેમાં દક્ષિણા શી હોય છે અને તે યજ્ઞમાં ઋત્વિજો કયા કહ્યા છે, તે મને કહો. ”[૧૪]

ઇંદ્રે કહ્યું:–“ હે રાજા ! યુદ્ધયજ્ઞમાં હાથીઓ ઋત્વિજ છે, ઘોડાઓ અધ્વર્યુ છે, શત્રુઓનાં માંસ હુતદ્રવ્યો છે અને રુધિર આજ્ય (ઘી) છે.[૧૫] શિયાળ, ગીધ, કાગડા અને બીજાં કેટલાંએક માંસાહારી પક્ષીઓ તે યજ્ઞના સદસ્ય છે, કે જેઓ એ યજ્ઞમાં આહુતિ આપતાં અવશેષ રહેલા રુધિરમાંસરૂપ હવિષનું પાન કરે છે તથા પ્રાશન કરે છે.[૧૬] તીક્ષ્ણ, પાણીદાર અને જ્વલંત એવા ભાલા, તોમર, તરવાર, શક્તિ અને ફરશીઓ એ યજ્ઞકર્તાના સ્રુક્ (સરવા) છે.[૧૭] ધનુષના વેગથી છૂટેલું, શત્રુના શરીરને ચીરી નાખનારૂં, સીધી ગતિનું અને પાણીદાર એવું જે તીક્ષ્ણ બાણ તે એ યજ્ઞકર્તાનો મહાન શરવો છે.[૧૮] વળી એ રણયજ્ઞમાં વ્યાઘ્રચર્મના મ્યાનવાળો, હાથીદાંતની મૂઠવાળો તથા હાથીની સૂંઢને વિદારી નાખનારો ખડ્ગ (તરવાર) યજ્ઞોપયોગી સ્ફિક્ (રેખાઓ દોરવાનું ખડ્ગાકાર કાષ્ઠ) તરીકે છે. તીક્ષ્ણ અને જાજ્વલ્યમાન એવા ભાલાં, શક્તિ, બેધારી તરવાર, ફરશી અને બીજાં નરદમ લોખંડનાં અણીદાર શસ્ત્રોવડે જે માર મારવામાં આવે છે તે, એ યજ્ઞમાં યજ્ઞિય દ્રવ્યો છે.[૨૦] કુલીન યોદ્ધાઓના શરીરમાંથી નીકળેલું તથા યુદ્ધનિયમના આધારે અન્યોન્ય પ્રહાર કરવાથી વિસ્તીર્ણ થયેલું જે રુધિર એકદમ વેગપૂર્વક સંગ્રામભૂમિપર સ્રવે છે, તે યજ્ઞકર્તાના સર્વ

મનોરથોને પૂર્ણ કરનારી હોમકર્મની સમૃદ્ધિમાન પૂર્ણાહુતિ છે. સેનાઓના મોખરાના ભાગમાં “ મારો, કાપો ” એવો જે શબ્દ સંભળાય છે, તે યમગૃહે મોકલનાર એ રણયજ્ઞમાં સામવેત્તા ઋત્વિજોનાં સામગાનો છે. શત્રુસેનાના મુખભાગને એ યજ્ઞનું હવિર્ધાન (હુતદ્રવ્ય સ્થાપવાનું સ્થળ) કહે છે.[૨૧-૨૩] હાથી, ઘોડા અને કવચ પહેરીને સજ્જ ઉભેલા યોદ્ધાઓનો જે સમૂહ, તે એ યજ્ઞમાં શ્યેનચિત્ નામનો અગ્નિ છે.[૨૪] હજારોનો સંહાર થઇ ગયા પછી રણક્ષેત્રમાં મસ્તકવિનાનાં ધડો ઉઠીને જે ઉભાં થઇ જાય છે તે, શૂરવીર પુરુષના રણયજ્ઞમાં આઠ ખૂણાઓવાળો ખેરનો યજ્ઞસ્તંભ છે.[૨૫] તેમજ હે રાજા ! અંકુશોના પ્રહારોથી પ્રેરવામાં આવેલા અને તેથી ગર્જના કરી રહેલા જે હાથીઓ, તે ઈડામંત્રનો ઉચ્ચાર કરનારા યજ્ઞિય બ્રાહ્મણો છે, તેઓની ગર્જનાઓ તે મંત્રધ્વનિ છે અને વીર પુરુષોના સિંહનાદો તથા હસ્તતલના પ્રચંડ આઘાતો એ યજ્ઞમાં વષટ્કાર છે.[૨૬] હે રાજા! સંગ્રામભૂમિ ઉપર દુંદુભિઓનો જે ગડગડાટ થઇ રહ્યો હોય છે, તે એ રણયજ્ઞમાં ત્રિસામા ઉદ્ગાતાનો સામધ્વનિ છે અને તે પોતેજ ત્રિસામા ઉદ્ગાતા છે. જે ક્ષત્રિય, બ્રાહ્મણોનું દ્રવ્ય જ્યારે ચોરાઈ જતું હોય ત્યારે, પોતાના પ્રિય શરીરની દરકાર કર્યા વિના યુદ્ધમાં ઝંપલાવે છે અને પોતાના શરીરરૂપી યજ્ઞસ્તંભનો ત્યાગ કરીને પ્રાણોનો હોમ કરે છે, તેને અનંત દક્ષિણાવાળા યજ્ઞનું ફળ મળે છે. જે શૂરવીર પુરુષ, પોતાના સ્વામીનું કાર્ય કરવા માટે સેનાના મોખરામાં રહીને પરાક્રમ કરે છે અને પ્રાણ જતાં પણ ભયનો માર્યો કદી પાછો હઠતો નથી, તેને મારા જેવા દિવ્ય લોકોનો લાભ થાય છે. જે પુરુષના રણયજ્ઞની વેદિકા, શ્યામરંગનાં મ્યાનોવાળી તરવારોવડે તથા પરિઘસરખા વિશાળ બાહુઓવડે આચ્છાદિત થયેલી હોય છે, તેને મારા જેવા દિવ્ય લોકોનો લાભ થાય છે. જે વીર પુરુષ, યુદ્ધમાં કોઇની સહાયમાટે અપેક્ષા રાખતો નથી અને વિજય મેળવવાનો નિશ્ચય કરીને શત્રુઓની સેનાના મધ્ય ભાગમાં દાખલ થઈ ઝૂઝી મરે છે, તેને મારા જેવા દિવ્યલોકોનો લાભ થાય છે. જે યોદ્ધાએ સંગ્રામભૂમિપર રુધિરના પ્રવાહને વહી રહેલી, ભેરીઅને મહુક આદિ વાદિત્રોરૂપ કાચબાઓવાળી, વીરપુરુષોનાં હાડકાંના ચૂર્ણરૂપ રેતીવાળી, માંસ અને રુધિરના કાદવવાળી, ઢાલ અને તરવારરૂપ નાના ત્રાપાઓવાળી, કેશોરૂપ શેવાળ અને લીલાં ઘાસવાળી, કપાઇ પડેલા ઘોડા, હાથી અને રથોથી બંધાઇ ગયેલા પૂલવાળી, પતાકાઓ અને ધ્વજાઓરૂપી નેતરવાળી, મરણ પામેલા હાથીઓને ખેંચી જનારી, લોહીરૂપ જળથી ભરપૂર બનેલી, તીર ઉપર ઉભેલા મનુષ્યોને તરવી અશક્ય એવી, મરેલા હાથીઓરૂપી મોટા મગરમચ્છોવાળી, પરલોકમાં વહી જનારી, અમંગલસ્વરૂપ, ઋષ્ટિ અને ખડ્ગોરૂપ મોટી નૌકાઓવાળી, ગીધ, કાગડા અને કંક પક્ષીઓરૂપ હોડકાંઓવાળી, રાક્ષસોના ભયંકર સંચારવાળી, કાયર પુરુષોને ત્રાસ આપનારી, મહા દુર્ગમ અને ઘોર એવી નદી ચાલુ કરી દીધી છે તે યોદ્ધાને યજ્ઞમાં કરાતા અવભૃથ સ્નાનનું પુણ્ય પ્રાપ્ત થાય છે. વળી જે પુરુષના રણયજ્ઞની વેદિકા, શત્રુઓનાં મસ્તકોથી તથા હાથીઘોડાઓની કાંધોથી છવાઈ ગયેલી હોય છે, તેને મારા જેવા દિવ્ય લોકો મળે છે. રણયજ્ઞની દીક્ષા લેનારા જે પુરુષને શત્રુઓની સેનાનો અગ્રભાગ પોતાની પત્નીના ગૃહરૂપ છે, પોતાની સેનાનું મુખ હવિષ સ્થાપવાના સ્થાનભૂત છે, જમણી બાજુ ઉભેલા યોદ્ધાઓ સદસ્યભૂત છે, ઉત્તર દિશામાં ઉભેલા યોદ્ધાઓ આગ્નીધ્રરૂપ છે અને શત્રુઓની સેના જેની સ્ત્રી છે, તે પુરુષને દેવતાઓના સર્વલોક દૂર નથી, એમ વિદ્વાનો કહે છે. ઉભય પક્ષનાં સૈન્યોની વ્યૂહરચના થઈ ગયા પછી તે બન્ને સૈન્યોના મધ્યભાગમાં જે ખુલ્લું મેદાન જોવામાં આવે છે, તે વીર પુરુષની યજ્ઞવેદિકાં છે, કે જે વેદિકામાં વેદોરૂપ ત્રણ અગ્નિઓનું સ્થાપન કરીને તે પુરુષ

યુદ્ધરૂપી યજ્ઞ કર્યા કરે છે. જે યોદ્ધો યુદ્ધ કરતાં ડરી જઈને રણમાંથી પાછો ફરે છે અને તે વેળા શત્રુઓના હાથે જો મરણ પામે છે, તો જગતમાં પ્રતિષ્ઠારહિત થઇને નરકમાં જાય છે, એમાં સંશય નથી; પણ જે પુરુષના રણયજ્ઞની વેદિકા રુધિરના વેગથી તરબોળ બની જાય છે અને કેશ, માંસ તથા હાડકાંના ઢગોથી ભરપૂર બની જાય છે, તે પુરુષ પરમ ગતિને પામે છે. વળી જે પુરુષ, શત્રુઓના સેનાપતિને હણીને તેના વાહન ઉપર ચઢી બેસે છે, તે પુરુષ બૃહસ્પતિસમાન પૂજ્ય અને સમર્થ બનીને વિષ્ણુના વિહારસ્થાનભૂત વૈકુંઠલોકમાં ગમન કરે છે; તેમજ જે યોદ્ધો શત્રુસેનાના નાયકને, તેના પુત્રને અથવા બીજા હરકોઇ માનપાત્ર શત્રુને જીવતો પકડી લાવે છે, તેને મારા જેવા દિવ્યલોકોનો લાભ થાય છે. યુદ્ધમાં મરણ પામેલા શૂરવીર પુરુષનો કોઈ પણ રીતે શોક કરવો નહિ; કેમકે રણમાં મરણ પામેલો શૂરો પુરુષ સ્વર્ગમાં પૂજાય છે, તેથી શોક કરવા યોગ્ય નથી અને તે માટેજ યુદ્ધમાં મરણ પામેલા મનુષ્યને પિંડદાન કે ઉદકદાન આપવાની અથવા તેના સંબંધનું સ્નાન કરવાની કે સૂતક પાળવાની શાસ્ત્રકારો મનાઇ કરે છે. તે પુરુષને મરણ પછી કયા લોકોની પ્રાપ્તિ થાય છે, તે હું તને કહું છું, સાંભળ. યુદ્ધમાં મરણ પામેલો વીર પુરુષ મર્ત્યલોકમાંથી જ્યારે સ્વર્ગલોકમાં આવે છે, ત્યારે હજારો સુંદર અપ્સરાઓ “ આ મારો પતિ થશે, આ મારો પતિ થશે ” એમ બોલતી ઉતાવળી ઉતાવળી તેની સામે દોડી જાય છે; માટે જે પુરુષ, યુદ્ધધર્મનું પાલન કરે છે, તેને તપ, પુણ્ય, સનાતન ધર્મ અને ચારે આશ્રમોનું ફળ મળે છે; પણ યુદ્ધ કરનાર પુરુષે વૃદ્ધનો, બાળકનો, સ્ત્રીનો, પીઠ દેખાડનારનો તથા મુખમાં તૃણ લઇને “ હું તમારે શરણે છું ” એમ બોલનારનો કદી વધ કરવો નહિ. હે અંબરીષ રાજા ! જંભાસુરનો, વૃત્રાસુરનો, બલાસુરનો, પાક દૈત્યનો, શતમાયનો, વિરોચનનો, દુર્વાર્ય એવા નમુચિનો, અનેક માયાઓને જાણનારા શંબરાસુરનો, દૈત્ય વિપ્રચિત્તિનો, દનુના સર્વ પુત્રોનો તથા પ્રહ્લાદનો યુદ્ધમાં વધ કરીને હું દેવોનો રાજા થયો છું. ”

ભીષ્મ બોલ્યાઃ-“ હે યુધિષ્ઠિર ! ઇંદ્રનું એ વચન સાંભળ્યા પછી અંબરીષ રાજાએ, ‘પોતાના સેનાપતિને મળેલી સિદ્ધિ યોગ્યજ છે. ’ એમ કબૂલ કર્યું.”૨૭-૫૧

ઇતિ શ્રીમહા૦ શાં૦ રાજ૦પર્વમાં “ઇંદ્ર અને
અંબરીષનો સંવાદ ’ એ વિષયનો
અધ્યાય ૯૮ મો સમાપ્ત.

અધ્યાય ૯૯ મો

વીર પુરુષનું વર્તન

॥ भीष्म उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ॥
प्रतर्दनो मैथिलश्च संग्रामं यत्र चक्रतुः ॥१॥

ભીષ્મે કહ્યુંઃ-“ હે યુધિષ્ઠિર! રાજા પ્રતર્દને અને મિથલાધિપતિ જનકે જે સ્થળે પૂર્વે સંગ્રામ કર્યો હતો, તે વિષયનો એક પ્રાચીન ઇતિહાસ લોકોમાં કહેવાય છે, તે આ પ્રમાણે છે.[૧] હે યુધિષ્ઠિર! યજ્ઞોપવીત(જનોઈ)ને ધારણ કરનારા મિથિલાધિપતિ જનક રાજાએ, કોઇ એક સંગ્રામના સમયે પોતાના યોદ્ધાઓને કેવી રીતે ઉત્સાહ આપ્યો હતો, તે હું તમને કહું છું તે સાંભળો.[૨] સર્વતત્ત્વને જાણનારા મૈથિલ મહાત્મા જનકે, યોગબળના પ્રભાવથી પોતાના યોદ્ધાઓને સ્વર્ગ તથા નરકનાં દર્શન કરાવીને કહ્યું હતું કેઃ-[૩]“મારા વીર સૈનિકો ! જુઓ, આ તરફ દૃષ્ટિ કરો. આ દેદીપ્યમાન અક્ષય લોકો, સંગ્રામમાં ભય નહિ પામનારા શૂરાઓને મળે છે. જુઓ, જુઓ, તે લોકોમાં ગંધર્વની કન્યાઓ કેટલી બધી દેખાય છે? તેમાં સર્વ પ્રકારના મનોરથો પૂર્ણ થાય છે.[૪] હવે જુઓ, આ બીજી તરફ જે લોક જોવામાં આવે છે, તે નરકલોક છે. જેઓ યુદ્ધમાંથી પલાયન કરે છે, તેઓને આ નરકલોકની પ્રાપ્તિ થાય છે. ઉપરાંત, સદાને માટે તેઓની જગતમાં અપકીર્તિ થાય છે, માટે આ જોઇને હવે પછી તમને યોગ્ય લાગે

તેવો યત્ન કરો.[5] ઓ વીર યોદ્ધાઓ! આ બન્ને ગતિને પ્રત્યક્ષ જોઇને હવે તમે શરીરત્યાગનોજ નિશ્ચય કરો ને સન્મુખ ઉભેલા શત્રુઓને જીતો; પણ પ્રતિષ્ઠાશૂન્ય એવી નરકગતિને વશ ન થાઓ. યુદ્ધમાં શરીરોનો ત્યાગ કરવો તેજ શૂરાપુરુષોને ઉત્તમોત્તમ સ્વર્ગ મેળવવામાં કારણભૂત છે.”

હે શત્રુના નગરોને જીતનારા યુધિષ્ઠિર! રાજા જનકે એ પ્રમાણે જ્યારે કહ્યું,ત્યારે તેના યોદ્ધાઓએ રણમાં શત્રુઓનો પરાજય કર્યો ને પોતાના રાજાને હર્ષ પમાડયો; માટે સર્વ કોઈ બુદ્ધિમાન ક્ષત્રિયે, નિત્ય રણના મોખરામાંજ ઉભા રહેવું, હાથીસ્વારોના મધ્યમાં રથી યોદ્ધાઓને ગોઠવવા, રથીઓના મધ્યમાં ઘોડેસ્વારોને ગોઠવવા અને ઘોડેસ્વારોની વચમાં કવચધારી પાયદલ સૈન્યને ઉભું રાખવું.[6-9] હે યુધિષ્ઠિર ! જે રાજા, પોતાના સૈન્યને એ પ્રમાણે વ્યૂહરચનામાં ગોઠવે છે, તે નિત્ય પોતાના શત્રુઓને જીતે છે, માટે તમારે હમેશાં તે પ્રમાણેજ કરવું.[10] સર્વે યોદ્ધાઓ અતિશય ક્રોધમાં આવી જઇને મગરમચ્છો જેમ સમુદ્રોને ખળભળાવી દે છે તેમ, ઉત્તમ પ્રતિનું યુદ્ધ કરીને શત્રુઓનાં સૈન્યોને ખળભળાવી દે છે અને સ્વર્ગ મેળવવાની ઇચ્છા રાખે છે.[11] શૂરવીર યોદ્ધાઓએ પરસ્પર યોગ્ય વ્યવસ્થા કરીને ખિન્ન થયેલા સૈનિકોને હર્ષ પમાડવો જોઇએ, જીતેલી પૃથ્વીનું રક્ષણ કરવું જોઇએ તથા રણમાંથી પલાયન કરી જનારા શત્રુઓની પાછળ બહુ દોડાદોડી કરવી નહિ.[12] કેમકે હે રાજન્ ! જીવિતને માટે નિરાશ થયેલા તેવા શત્રુઓ મરણીઆ થઇને જો પાછા ફરે છે,તો તેઓનો વેગ મહા દુઃસહ થઈ પડે છે, માટેજ તેવા નાસી જતા શત્રુઓની પાછળ બહુ સુધી જવું નહિ[13] અને જેઓ શૂરવીર છે તેઓ રણમાંથી પલાયન કરી જનારા શત્રુઓના પર પ્રહાર કરવાની ઇચ્છા રાખતા નથી. આમ સમજીને પણ નાસભાગ:કરનારાની પાછળ બહુસુધી દોડવું નહિ.[14] આ જગતમાં જંગમ પ્રાણીઓનું અન્ન સ્થાવર પ્રાણીઓ છે, દાઢવાળાં પ્રાણીઓનું અન્ન દાઢવિનાનાં પ્રાણીઓ છે, તૃષાતુર થયેલાં પ્રાણીઓનું અન્ન જળ છે અને શૂરવીર પુરુષનું અન્ન કાયર પુરુષો છે.[15] જો કે ભીરુપુરુષોને પણ પીઠ, ઉદર, હાથ, પગ-વગેરે અવયવો સરખાજ હોય છે, છતાં તેઓ પોતાની ભીરુતાને લીધે પરાભવ પામે છે અને તેથીજ ભયવિહ્વળ બની જઇને તેઓ બે હાથ જોડી, વારંવાર પ્રણામકરીને શૂરવીર પુરુષોને શરણે જાય છે;[16] એટલુંજ નહિ પણ આ સઘળો લોક, પુત્ર જેમ પિતાનો આધાર રાખે તેમ, શૂરવીર પુરુષના બાહુનોજ આધાર રાખી રહ્યો છે; માટે શૂરવીર પુરુષ, સર્વ અવસ્થાઓમાં સંમાનને યોગ્ય છે.[17] આ ત્રણે લોકમાં શૂરવીરતાના કરતાં અધિક ઉત્તમ કાઈ પણ વસ્તુ નથી અને ખરી રીતે તો શૂરવીર પુરુષજ સર્વ જગતનું પાલન કરે છે તથા શૂરવીરના આધારેજ સર્વ કંઈ ટકી રહ્યું છે.[18]

ઇતિ શ્રીમહા૦શાંતિ૦રાજ૦પર્વમાં “વિજયેચ્છુનું વર્તન”એ વિષયનો અધ્યાય ૯૯ મો સમાપ્ત.

अध्याय १०० मो

યુદ્ધ કરવાની રીતિ

॥ युधिष्ठिर उवाच ॥

यथाजयार्थिनः सेनां नयंति भरतर्षभ ॥
ईषद्धर्मं प्रपीड्यापि तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે ભરતશ્રેષ્ઠ પિતામહ! વિજયેચ્છુ રાજાઓ ધર્મને લગાર હાનિ પહોંચાડીને પણ-અર્થાત્ ભીરુ પુરુષોને પણ રાજભય દેખાડીને સેનામાં આગળ કરીને શત્રુઓ સામે લઈજાય છે, તે શામાટે ? એ મને કહો.” ૧

ભીષ્મે કહ્યું:- “ હે યુધિષ્ઠિર! કેટલાએક માને છે કે, કેવળ ક્ષાત્રધર્મને લીધેજ યુદ્ધધર્મ સ્થિર થાય છે; કેટલાએક માને છે કે, “મારવું કે મરવુ” આવા નિશ્ચયથીજ યુદ્ધધર્મ સ્થિર થાય છે; કેટલાએક માને છે કે, “શિષ્ટપુરુષોના આચાર પ્રમાણે વર્તવાથીજ યુદ્ધધર્મ સ્થિર થાય છે” અને બીજા કેટલાએક માને છે કે, “રાજભય દેખાડીને પણ ભીરુઓને શત્રુઓ સામે લઈ જવાથી યુદ્ધધર્મ સ્થિર થાય છે.”[2] હવે,

ધર્મ તથા અર્થનું સત્વર ફળ આપનારા ઉપાયો કેવા છે? અને તે ઉપાયોને કામે લગાડવા માટે કેવા ધર્મોનું આચરણ કરવું જોઇએ, તે હું તમને કહું છું. જે મનુષ્યો અર્થ અને ધર્મની મર્યાદાનો ત્યાગ કરીને પ્રવૃત્તિ કરે છે, તેઓ દસ્યુતરીકેજ કહેવાય છે અને સર્વનો વિનાશ કરનારા ગણાય છે;[૩] માટે તેવા મનુષ્યોનો વિનાશ કરવામાટે તથા કાર્યોની હરકોઇ પ્રકારની સિદ્ધિને માટે જે જે ઉપાયો વેદમાં કહ્યા છે, તે સર્વ હું તમને કહું છું,તે સાંભળો.[૪] હે ભરતવંશી રાજા! શાસ્ત્રમાં બે પ્રકારની બુદ્ધિ કહેલી છે. એક વક્ર બુદ્ધિ અને બીજી સરલ બુદ્ધિ. તેમાં વક્ર બુદ્ધિનું જાણીજોઇને કદી સેવન કરવું નહિ, પણ સામા પક્ષવાળા મનુષ્યોએ જો વક્ર બુદ્ધિનો ઉપયોગ કર્યો હોય તો આપણે પણ વક્ર બુદ્ધિનો ઉપયોગ કરીને તેનો નાશ કરવો.[૫] જે સેવકો ભેદબુદ્ધિનો આશ્રય કરીને રાજાની સેવા કરે છે તેઓ રાજાના શત્રુજ છે; માટે રાજાએ,તેવા સેવકોની એ પ્રકારની કપટબુદ્ધિને જાણી લઇને શત્રુઓની પેઠે તેનો નાશ કરી નાખવો.[૬] પાર્થ! બાણના પ્રહારથી હાથીઓનું રક્ષણ કરનારાં ગાય, બળદ અને અજગરના ચામડાનાં બખ્તરો, શલ્ય, કંટક, લોખંડ, કવચો, ચામરો, તીક્ષ્ણ અને પાણીદાર શસ્ત્રો, પીળા વર્ણનાં તથા લાલ વર્ણનાં બખ્તરો, જૂદા જૂદા રંગથી રંગેલી ધ્વજાપતાકાઓ, બેધારી તરવારો, તોમરો, ખડ્ગો, તીક્ષ્ણ ફરશીઓ, બાણોનાં ફળાંઓ અને અનેક પ્રકારની ઢાલો—વગેરે પુષ્કળ યુદ્ધસામગ્રીની શત્રુસામે ચઢાઇ કર્યા પહેલાંજ તૈયારી કરી રાખવી.[૬-૯] તેમજ યુદ્ધની તાલીમમાં ઉપયોગ કરીને બરાબર પરીક્ષા કરાયલાં શસ્ત્રોને તથા યુદ્ધમાં દૃઢ નિશ્ચયવાળા યોદ્ધાઓને પ્રથમથીજ સજ્જ રાખવા જોઇએ; અને પછી જ્યારે યુદ્ધપ્રસંગ ઉપસ્થિત થાય,ત્યારે ચૈત્ર મહિનામાં અથવા માર્ગશીર્ષ મહિનામાં શત્રુઓસામે સૈન્ય મોકલવું, તે ઉત્તમ ગણાય છે;[૧૦] કેમકે હે ભારત! તે વખતે પૃથ્વીપર ધાન્યનો પાક થઈ ગયો હોય છે, સર્વ પ્રદેશપર જલાશયો ભરપૂર હોય । સમય પણ અતિશીત હોતો નથી તેમ અતિ ઉષ્ણ હોતો નથી;[૧૧] માટે તેવે સમયે અથવા શત્રુઓ જ્યારે સંકટમાં આવી પડયા હોય તેવે સમયે શત્રુઓ સામે ચઢાઇ કરવી, તે ઉત્તમ છે.[૧૨] વળી શત્રુસામે જવા માટે જળ અને ઘાસચારો જે માર્ગે પુષ્કળ હોય, તેજ માર્ગ પ્રશંસનીય છે; પણ તે માર્ગ, વનમાં ફરનારા અને કુશળ એવા દૂતોનો જાણીતો અને પરિચિત હોવો જોઇએ,[૧૩] મૃગનાં ટોળાંઓ અરણ્યમાં જેમ ગમે ત્યાં જઈ શકે છે, તેમ લશ્કરી સેનાઓ અરણ્યમાં ગમન કરી શકતી નથી; માટે વિજયેચ્છુ રાજાઓએ સેનાઓને પૂર્વોક્ત માર્ગોદ્વારાજ શત્રુઓ સામે લઈ જવી.[૧૪] પછી સેના જ્યારે કૂચ કરે, ત્યારે તેના અગ્રભાગમાં શક્તિમાન અને કુળવાન યોદ્ધાઓની એક પાયદલ ટુકડી ગોઠવાયલી રહેવી જોઇએ. માર્ગમાં કોઈ સ્થળે જો પડાવ કરવો હોય તો જ્યાં સમીપમાં જલાશય હોય ત્યાં અને જે પ્રદેશ શત્રુઓથી દુર્ગમ હોય ત્યાં—મેદાનમાં પડાવ કરવો, તે ઉત્તમ ગણાય છે; કેમકે તેવે સ્થળે પડાવ કરવાથી શત્રુઓને ચઢી આવવાનો પ્રતિષેધ થઇ શકે છે. વળી તેવા ખુલ્લા પ્રદેશમાં પડાવ નાખ્યા કરતાં કોઈ અરણ્યની સમીપમાં પડાવ નાખવો તે વધારે ગુણભરેલો છે, 'એમ યુદ્ધકુશલ પુરુષો માને છે; કારણકે તેવે સ્થળે પડાવ નાખવાથી સમીપની ઝાડીઓમાં સૈન્યસાંહેનો અમુક ભાગ અનામત તરીકે રાખી શકાય છે. વળી તે અનામત રાખેલા સૈન્યને અકસ્માત્ જો આવી પહોંચવું હોય તોપણ બની શકે છે, તેમ કેટલુંએક પાયદલ સૈન્ય પણ શત્રુઓને છેતરવા માટે વૃક્ષોની ઘટાઓમાં ગુપ્તરીતે રહી શકે છે; અને તેવે સમયે શત્રુઓ જો અચાનક ચઢી આવે તો પેલું અનામત રાખેલું સૈન્ય તથા વૃક્ષોમાં છુપાઈ રહેલું પાયદલ સૈન્ય, ચઢી આવેલા શત્રુઓનો નાશ કરી શકે છે ને મુખ્ય લશ્કર પર આવી પડેલી આપત્તિ દૂર કરવા માટે પરમ આશ્રયભૂત થઈ પડે છે.[૧૫-૧૮] પછી યુદ્ધ કરવાનો જ્યારે સમય આવે, ત્યારે સર્વ યોદ્ધાઓએ સપ્તર્ષિમંડળને પાછળ

રાખીને તથા પર્વતની પેઠે અડગ ઉભા રહીને યુદ્ધ કરવું; કેમકે એ વિધિપ્રમાણે યુદ્ધ કરવાથી દુર્જય શત્રુઓને પણ જીતી શકાય છે. [૧૯] હે યુધિષ્ઠિર ! વાયુ, સૂર્ય અને શુક્ર જે દિશામાં ગતિ કરી રહ્યા હોય, તે દિશામાં અવશ્ય વિજય મળી શકે છે; પણ એ ત્રણેના સમુદાયમાં શુક્રની ગતિના કરતાં સૂર્યની ગતિ અને સૂર્યની ગતિ કરતાં વાયુની ગતિ વધારે અનુકૂળ ગણાય છે–અર્થાત્ જે દિશામાં વાયુની ગતિ હોય તે દિશામાં પ્રયાણ કરવાથી વિજયજ મળે છે. [૨૦] યુદ્ધકુશળ પુરુષો માને છે કે, જે ભૂમિપર કાદવકીચડ ન હોય, પાણીનાં ખાબોચીઆં ન હોય, પૂલ અથવા પ્રાકાર (કિલ્લો) ન હોય અને પથ્થર કે માટીનાં ઢેફાં ન હોય, તે ભૂમિ અશ્વસૈન્યને માટે ઉત્તમ છે. [૨૧] તેમજ કાદવકીચડવિનાની તથા ખાડાખૈયાવિનાની ભૂમિ, રથીસેનાને માટે શ્રેષ્ઠ ગણાય છે, હાથીસૈન્યને માટે નાનાં નાનાં વૃક્ષોવાળી, પુષ્કળ ઘાસવાળી તથા પુષ્કળ જળભરેલી ભૂમિ વખણાય છે અને પાયદલ સૈન્યને માટે અતિદુર્ગમ પ્રદેશવાળી, પુષ્કળ ઘાસવાળી, વાંસ અને નેતરનાં વૃક્ષોની ઝાડીવાળી ને પર્વતો તથા ઉપવનોવાળી ભૂમિ વધારે ઉત્તમ છે–અર્થાત્ પાયદલસૈન્યને તેવી ભૂમિ ઉપર યુદ્ધ કરવું અનુકૂલ થઈ પડે છે. [૨૨,૨૩] હે ભારત ! જે સેનામાં પાયદલ યોદ્ધાઓ પુષ્કળ હોય, તે સેના દૃઢ ગણાય છે અને જેમાં રથો તથા ઘોડાઓ પુષ્કળ હોય તેવી સેના વર્ષાઋતુસિવાયના સમયમાં ઉત્તમ ગણાય છે; [૨૪] પણ જેમાં પાળાઓ અને હાથીઓ પુષ્કળ હોય, તેવી સેના વર્ષાઋતુના સમયે પણ ઉત્તમ કાર્ય કરી શકે છે. આ સર્વ ગુણોનો સારી રીતે વિચાર કર્યા પછી શ્રેષ્ઠ તિથિ અને શ્રેષ્ઠ નક્ષત્રમાં સ્વસ્તિવાચન વગેરે કરીને તથા દેશ અને કાળની અનુકૂળતા જોઈને જે રાજા, શત્રુસામે ચઢાઈ કરે છે તેને સદાય વિજયજ મળે છે. વળી યુદ્ધ કરતી વેળા જે શત્રુઓ નિદ્રાવશ થયા હોય, તૃષાતુર થયા હોય, થાકી ગયા હોય અને છૂટા છવાયા નાસી જતા હોય તેઓને કદી મારવા નહિ. [૨૫,૨૬] તેમજ બાણ છોડવાના સમયે, એક સ્થાનેથી બીજે સ્થાને જવાના સમયે અને ભોજન કરવાના સમયે જેઓ તે તે કાર્યમાંજ આસક્ત થયા હોય, આકુળવ્યાકુળ બની ગયા હોય, ઘાયલ થયેલા હોય, શરીરે ક્ષીણ થયેલા હોય, અવિશ્વાસમાં ફસાઇ ગયેલા હોય, ધાર્મિક કાર્યનો આરંભ કરનારા હોય, ગુપ્ત ઉપાયોથી જેઓને દુઃખી કર્યા હોય, સુરંગ આદિ ગુપ્તમાર્ગે બહાર નીકળીને ઘાસની શોધમાં જેઓ ફરતા હોય, ઘાસ વગેરેને જેઓ લઇ જતા હોય, જેઓ પોતાના નિવાસસ્થાને જતા હોય, પરંપરાથી જેઓ દ્વારપાલનું કામ કરતા હોય, જેઓ સામાન્ય સેવા કરનારા હોય અને જેઓ રાજદ્વારમાં તથા અમાત્યદ્વારમાં રહેનારા સામાન્ય મનુષ્યોપર ઉપરીપણું કરતા હોય,તે સર્વને રાજાએ યુદ્ધસમયે મારવા નહિ. [૨૭-૨૯]

હે રાજા ! પોતાના અધિકારીઓમાં જેઓ શત્રુઓના સૈન્યમાં ભંગાણ પાડનારા હોય અને શત્રુઓએ ભંગાણ પાડેલા પોતાના સૈન્યને સ્થિર કરી શકનારા હોય તેવા પુરુષોને તમારે પોતાના જેવાંજ ખાનપાન આપવાં ને તેઓને બમણો પગાર આપવો. [૩૦] વળી પોતાના સૈન્યમાં દશ સૈનિકો ઉપર દેખરેખ રાખનારા તથા સો સૈનિકોપર આજ્ઞા ચલાવનારા જૂદા જૂદા પુરુષોની તમારે નિમણુંક કરવી; અને જે પુરુષ શૂરો તથા ઉત્સાહી હોય તેને એક હજાર સૈનિકોના સરદારતરીકે નિમવો. [૩૧] જે સમયે યુદ્ધ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તે સમયે પોતાના મુખ્ય મુખ્ય સરદારોને એકઠા કરીને તેઓને જણાવવું કેઃ–“ આ સમયના યુદ્ધમાં આપણો વિજય થશે કે કેમ, એ સંશયભરેલું છે, તોપણ આપણે બધાએ એકત્ર મળીને નિશ્ચય કરવો જોઇએ કે, આ સંગ્રામમાં વિજય મેળવવા માટે આપણે બનતો પ્રયત્ન કરીશું અને સંકટસમયે પણ અન્યોન્યનો ત્યાગ કરીશું નહિ. આપણા આ સૈન્યમાં જે પુરુષો ભીરુ હોય અને શત્રુઓ સામે તુમુલ રણસંગ્રામ કરાવીને આપણા મુખ્ય મુખ્ય પુરુષોનો ઘાત કરાવવા માગતા હોય, તે-

ઓએ અહીંથીજ આપણા દેશતરફ પાછા ફરવું કેમકે તેવા ભીરુ યોદ્ધાઓ ખરી કટોકટીના સમયે શત્રુઓમાં ભંગાણ પાડી શકતા નથી તેમ તેઓનો વધ પણ કરી શકતા નથી. જે યોદ્ધા પોતાનું તથા પોતાના પક્ષનું રક્ષણ કર્યે જાય છે, તેજ યુદ્ધમાં શત્રુઓને મારી શકે છે. વળી રણમાંથી પલાયન કરનારા પુરુષના સર્વ પુરુષાર્થોનો નાશ થાય છે, જગતમાં તેની અપકીર્તિ થાય છે, અપયશ બોલાય છે અને અપ્રિય તથા દુઃખદાયી વાણીનું તેને શ્રવણ કરવું પડે છે. જેના હોઠ અને દાંત છિન્નભિન્ન થઇ ગયા હોય, જેનાં સર્વ આયુધો છીનવી લેવામાં આવ્યાં હોય અને જેને શત્રુઓએ ચોતરફથી ઘેરી લીધો હોય, તેવા યોદ્ધાની જે દુર્દશા થાય, તે આપણા શત્રુઓનેજ ભલે પ્રાપ્ત થાઓ, એમ તમે ઇચ્છો. જે યોદ્ધાઓ રણમાંથી પાછી પાની કરે છે, તેઓની નીચ મનુષ્યોમાંજ ગણના થાય છે, એટલુંજ નહિ પણ તેવા નરાધમો, મનુષ્યસંખ્યામાં કેવળ વ્યર્થ વૃદ્ધિ કરનારા છે, તેઓનો આ લોકમાં કે પરલોકમાં લેશમાત્ર ઉપયોગ નથી. જે પુરુષ રણમાંથી પલાયન કરી જાય છે, તેના શત્રુઓ મનમાં અત્યંત પ્રસન્ન થઇને તેને મારી નાખવા માટે ધસે છે અને અંતે તેનાપર વિજય મેળવીને તેઓ અતિશય હર્ષપૂર્વક ચંદનાદિ અલંકારો ધારણ કરે છે. હું માનું છું કે, સંગ્રામ કરવા ચઢી આવેલા શત્રુઓ જેના યશનો નાશ કરે છે, તે પુરુષને મરણના કરતાં પણ મહા અસહ્ય દુઃખ અનુભવવું પડે છે. તમારે જાણવું કે, શત્રુઓપર મેળવેલો વિજય ધર્મનું તથા સર્વ પ્રકારનાં સુખોનું મૂળ છે; અને ભીરુ પુરુષોને પ્રહાર આદિથી જે રીતની મનમાં મોટી ગ્લાનિ થાય છે તેજ ગ્લાનિ શૂરવીર પુરુષને મહા હર્ષપ્રદ અને સુખપ્રદ થઇ પડે છે—શૂરવીર પુરુષ સામે પગલે થઇને તેનો સ્વીકાર કરે છે; માટે આપણે પણ આ સંગ્રામમાં જીવિતનો ત્યાગ કરીને સ્વર્ગ મેળવવાની ઈચ્છા રાખીશું અથવા શત્રુઓને મારીને વિજય મેળવીશું; અને તેમ નહિ બને તો શત્રુઓને હાથે મરણ પામીને સદ્‌ગતિને પામીશું." ૩૨-૪૧

એ પ્રમાણે માંહોમાંહે પ્રતિજ્ઞા કરીને તથા જીવિતની દરકાર નહિ કરીને વીરપુરુષો, નિર્ભયતાપૂર્વક શત્રુસેનામાં પ્રવેશ કરે છે.[૪૨] સૈન્યના આગળના ભાગમાં ઢાલતરવારવાળા યોદ્ધાઓનું સૈન્ય રાખવું જોઇએ, તેના પાછળના ભાગમાં રથીસૈન્ય ગોઠવવું જોઇએ અને સૈન્યના મધ્યભાગમાં પોતાના કુટુંબને રાખવું જોઇએ.[૪૩] શત્રુઓ સામે મારો ચલાવતી વેળા સૈન્યના મોખરામાં રહેલા મુખ્ય મુખ્ય સેનાનીઓએ શત્રુઓનો વિઘાત કરવા માટે પાયદલસૈન્યને ઉત્સાહ આપ્યા કરવો જોઇએ.[૪૪] સૈન્યમાંહેના જે પુરુષો બલાઢ્ય, લોકમાન્ય અને શૂરા હોય, તેઓએ સૌથી આગળ થઇને શત્રુઓસામે ધસારો કરવો, જેથી તેઓની પાછળ બીજા સામાન્ય યોદ્ધાઓ પણ ધસારો કરે.[૪૫] સૈન્યમાં જેઓ બીકણ હોય તેઓને એ સમયે પ્રયત્નપૂર્વક ઉત્સાહ આપવો; કેમકે 'સૈન્યસમુદાય ઘણોજ છે, એમ દેખાડવા માટે પણ તેવા ભીરુ પુરુષોને અવશ્ય સમીપમાં રાખવા જોઇએ.[૪૬] યુદ્ધ ચાલુ થાય તે વેળા, સેનાપતિએ પોતાના સૈનિકોને અન્યોન્યની સહાયમાં રાખીને શત્રુઓસામે લડાવવા. જો પોતાની સંખ્યા અલ્પ હોય તો બધાએ એકત્ર મળીને યુદ્ધનો આરંભ કરવો અને તેવે સમયે પોતાના સૈન્યને ઘણા વિસ્તારમાં ફેલાવી દેવું તથા સૂચીમુખ નામનો વ્યૂહ રચવો, જેથી અલ્પ સંખ્યાવાળા યોદ્ધાઓ પણ ઘણા સૈનિકો સાથે યુદ્ધ કરી શકે.[૪૭] શત્રુઓસામે જ્યારે બરાબર ભેટંભેટા થઈ જાય અને તેમાં પોતાનું સૈન્ય જો હારી જવા માંડે, તો મુખ્યમુખ્ય પુરુષોએ બાહુઓ ઉંચા કરીને સાચીખોટી બૂમો પાડવી કે 'શાબાશ શાબાશ, આગળ વધો, મારો, કાપો, શત્રુઓમાં ભંગાણ પડ્યું છે, માટે ગભરાઓ મા. આપણને સહાય કરવા માટે મિત્રોનું સૈન્ય આવી પહોચ્યું છે, લઢો! નિર્ભય થઇને લઢો!' આવા ભયંકર શબ્દો કરીને સત્ત્વસંપન્ન યોદ્ધાઓએ પોતાના સૈન્યને ધીરજ આપવી ને શત્રુઓને ડરાવવા.[૪૮,૪૯] તેમજ એ સમયે સિંહનાદો કરવા, કિલકિલા

શબ્દો કરવા, ક્રકચ અને રણશીંગાં વગડાવવાં ને આગળ ચાલનારા માણસોદ્વારા ભેરી, મૃદંગ, પણવ વગેરે વાદિત્રો વગડાવવાં.[૫૦]

ઇતિ શ્રીમહા૦શાંતિ૦રાજ૦પર્વમાં "સેનાનીતિ-કથન" એ વિષયનો અધ્યાય ૧૦૦ મો સમાપ્ત.

अध्याय १०१ मो

શૂરાઓનાં લક્ષણ

॥ युधिष्ठिर उवाच ॥

किंशीलाः किं समाचाराः कथंरूपाश्च भारत ॥
किं सन्नाहाः कथं शस्त्रा जनाः स्युःसंगरे क्षमाः ।१।

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે ભારત ! કેવા સ્વભાવના, કેવા આચારવાળા, કેવા દેખાવના, કેવાં કવચ પહેરનારા અને કેવાં શસ્ત્રો ધારણ કરનારા યોદ્ધાઓ યુદ્ધ કરવા સમર્થ થઇ શકે છે ?"[૧]

ભીષ્મે કહ્યું:–"વીર પુરુષનું શસ્ત્ર અને વાહન પોતાના કુલાચાર અને દેશાચારને અનુકૂળજ હોય છે અને પરાક્રમો કરતી વેળા પણ પોતાના આચારને અનુસરીનેજ તે વર્તે છે.[૨] ગાંધાર, સિંધુ અને સૌવીર દેશના યોદ્ધાઓ વાઘનખ અને ભાલાઓથીજ યુદ્ધ કરનારા હોય છે અને તેઓ ભયરહિત તથા મહા બળવાન હોય છે જેથી તે યોદ્ધાઓનું સૈન્ય સર્વ પ્રકારનાં યુદ્ધોમાં વિજય મેળવનારૂં હોય છે.[૩] ઉશીનર દેશના યોદ્ધાઓ સર્વ જાતનાં શસ્ત્રો વાપરવામાં કુશલ હોય છે અને પૂર્વ દેશના યોદ્ધાઓ હાથીઓપર બેસીને યુદ્ધ કરવામાં કુશલ હોય છે; પણ તેઓ કપટયુદ્ધ કરનારા હોય છે.[૪] યવનો, કાંબોજો અને મથુરાની આસપાસ વસનારા યોદ્ધાઓ બાહુયુદ્ધમાં પ્રવીણ હોય છે, ત્યારે દક્ષિણ દેશના યોદ્ધાઓ તરવારના યુદ્ધમાં કુશલ હોય છે.[૫] ઘણું કરીને સર્વ દેશોમાં મહાસત્ત્વવાન અને મહાબળવાન શૂરવીર પુરુષો ઉત્પન્ન થાય છે, કે જેજેઓ તે તે દેશોમાં પ્રખ્યાત હોય છે. તેઓનાં લક્ષણો હું તમને કહું છું, સાંભળો.[૬] જેઓનાં વચન, ગમન અને નેત્ર સિંહ અથવા વ્યાઘ્ર જેવાં હોય છે, વળી જેઓનાં નેત્રો પારેવાના જેવાં અથવા સર્પના જેવાં હોય છે, તે સર્વ પુરુષો શૂરવીર હોય છે ને શત્રુઓનો નાશ કરનારા હોય છે.[૭] મૃગસમાન સ્વરવાળા, વ્યાઘ્રસમાન નેત્રવાળા તથા બળદસમાન દૃષ્ટિવાળા પુરુષો ઘણાજ બળવાન્ હોય છે. જેઓનો સ્વર ક્ષુદ્રઘંટડીના જેવો હોય તે પુરુષો પ્રમાદી, ક્રોધી અને મૂર્ખ હોય છે;[૮] તેમજ જેઓનો સ્વર મેઘના જેવો ગંભીર હોય છે, મુખ ક્રોધપૂર્ણ હોય છે, ઉંચાઇમાં જેઓ ઉંટના જેવા હોય છે અને જેઓની નાસિકા તથા જીભ અગ્રભાગમાં સહેજ વાંકી હોય છે, તે પુરુષો ઘણે દૂરસુધી જઈ શકનારા અને શત્રુઓપર અત્યંત તૂટી પડનારા હોય છે.[૯] જેઓનાં શરીર બિલાડાનાં જેવાં કુબ્જ હોય છે, જેઓના કેશ અને શરીરની ચામડી સૂક્ષ્મ હોય છે, જેઓની ગતિ ઉતાવળી હોય છે અને જેઓનું વર્તન ચપળતાભરેલું હોય છે, તેઓ શત્રુઓને દુરાસદ (દુર્જેય) થઈ પડનારા હોય છે.[૧૦] જે પુરુષો ચંદનઘોની પેઠે લગાર મીંચાયલાં નેત્રવાળા હોય છે, કોમળ સ્વભાવના હોય છે અને ઘોડાના જેવી ગતિ અને સ્વરવાળા હોય છે, તેઓ હરકોઈ શત્રુને પહોંચી વળનારા હોય છે.[૧૧] જેઓના અવયવો ઘણાજ મજબૂત હોય છે, શરીર અત્યંત સુંદર હોય છે, વક્ષઃસ્થળ વિશાળ હોય છે અને જેઓની આકૃતિ રમણીય હોય છે, તે પુરુષો રણવાદિત્રોનો ધ્વનિ સાંભળતાંજ કોપી ઉઠે છે અને લડાઇપ્રસંગે હર્ષમાં આવી જાય છે.[૧૨] જેઓનાં નેત્રો ઘણાંજ ઉંડાં હોય છે અથવા કંઇક બહાર પડતાં હોય છે અને કંઈક પીંગળા વર્ણનાં હોયછે તેમજ જેઓનાં મુખ સદાએ ચઢેલી ભ્રમરવાળાં હોય છે અને આંખો નોળીઆના જેવી હોય છે, તે બધા પુરુષો શૂરવીર અને શરીરની દરકાર નહિ રાખનારા હોય છે.[૧૩] વળી જેઓની દૃષ્ટિ કંઇક વક્રતા(કુટિલતા)વાળી હોય છે, જેઓનાં લલાટ વિશાળ હોય છે, જેઓની હડપચી માંસવિનાની શુષ્ક હોય છે, જેઓના બાહુઓ વજ્રના જેવા મજબૂત હોય છે, જેઓની આંગળીઓમાં ચક્રાકાર રેખાઓ હોય છે, જેઓનાં શરીર કૃશ હોય છે અને જેઓનાં શરીરમાં સર્વ નાડીઓ

સ્પષ્ટ જોવામાં આવતી હોય, તે પુરુષો યુદ્ધપ્રસંગ ઉપસ્થિત થતાંજ શત્રુસેનાઓમાં પ્રવેશ કરે છે ને મદોન્મત્ત હાથીઓની પેઠે દુર્જય થઇ પડે છે.[૧૪,૧૫] જેઓના કેશના છેડા ચળકતા અને ફાટ પડેલા હોય છે, જેઓનાં પડખાં, હડપચી અને મુખ માંસથી ભરાવદાર હોય છે, જેઓના ખભા ઉન્નત હોય છે, જેઓની ગ્રીવા વિશાળ હોય છે, જેઓનો દેખાવ મહાવિકટ (ઉગ્ર) હોય છે, જેઓના પગની પિંડીઓ ઘણીજ સ્થુલ હોય છે, વાસુદેવના ઘોડાઓની પેઠે જેઓ ઉદ્ધત હોય છે, ગરુડની પેઠે જેઓ ઉંચે ઉછળી શકનારા હોય છે, જેઓનાં મસ્તકો ગોળમટોળ હોય છે, જેઓનાં મુખ ઘણાંજ પહોળાં અને બિલાડાના જેવાં હોય છે, જેઓનો સ્વર અતિ ઉગ્ર હોય છે અને જેઓ ક્રોધી સ્વભાવના હોય છે, તેઓ યુદ્ધમાં વાદિત્રોના શબ્દ સાંભળતાંજ શત્રુઓ સામે ધસી જનારા હોય છે. વળી જેઓ કેવળ અધર્મનેજ સમજનારા, ગર્વિષ્ઠ, ક્રૂર કર્મ કરનારા અને રૌદ્ર દેખાવના હોય છે, તેઓ સર્વ દેશના પ્રાંતભાગમાં ઉત્પન્ન થયેલા ભિલ્લ,કિરાત વગેરે અંત્યજો, યુદ્ધમાં જીવને જોખમે લડનારા હોય છે અને કદી પાછી પાની કરનારા હોતા નથી. આવા જંગલી યોદ્ધાઓને હમેશાં સૈન્યના અગ્રભાગમાંજ રાખવા; કેમકે તેઓ શત્રુઓને મારે છે અને શત્રુઓને હાથે મરણ પણ પામે છે;[૧૪-૧૯] પરંતુ યાદ રાખવું કે તે જંગલી લોકો અધાર્મિક અને આચારભ્રષ્ટ હોય છે, તેથી તેઓના પ્રત્યે જો બહુમાનપૂર્વક વર્તવામાં આવે છે તો તેઓ વશ થતા નથી,કેમકે તેઓ પોતાના શત્રુઓ ઉપર જેમ કોપાયમાન થઈ જાય છે તેમ પોતાના રાજા ઉપર પણ વારંવાર કોપાયમાન થઈ જાય છે.[૨૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં 'વિજયેચ્છુ રાજાનું વર્ણન" એ વિષયનો અધ્યાય ૧૦૧ મો સમાપ્ત.

अध्याय १०२ मो

વિજયનાં લક્ષણો અને સામાદિક ઉપાયોનું મહત્ત્વ

॥ युधिष्ठिर उवाच ॥

जयित्र्याः कानि रूपाणि भवंति भरतर्षभ ॥
पृतनायाः प्रशस्तानि तानि चेच्छामि वेदितुम् ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે ભરતશ્રેષ્ઠ પિતામહ! ભવિષ્યમાં વિજય મેળવનારી સેનાનાં ઉત્તમ લક્ષણો કેવા પ્રકારનાં હોય છે, તે જાણવાની મને ઇચ્છા છે."[૧]

ભીષ્મે કહ્યું:-"હે ભરતવંશના શ્રેષ્ઠ રાજા! ભવિષ્યમાં વિજયશીલ થનારી સેનાનાં જે જે ઉત્તમ લક્ષણો હોય છે તે સર્વ હું તમને કહું છું, સાંભળો.[૨] યુદ્ધની પૂર્વે દૈવનો જે પ્રકારનો કોપ થાય છે અને પછી કાલપ્રેરિત મનુષ્યોમાં જે રીતનો ખળભળાટ થવા લાગે છે તે બધું, જ્ઞાની પુરુષો દિવ્ય દૃષ્ટિથી જોઈ શકે છે[૩] અને તે તે અશુભ ઉત્પાતોની શાંતિને માટે વિદ્વાનો અનેક પ્રકારનાં પ્રાયશ્ચિત્તો કરે છે, જપહોમ વગેરે માંગલિક કર્મો કરે છે ને તે અનિષ્ટોને શાંત કરે છે.[૪] હે ભારત! જે સેનામાં યોદ્ધાઓનાં મન તથા સર્વ વાહનો ઉત્સાહપૂર્ણ જોવામાં આવે છે, તે સેનાનો ભવિષ્યમાં અવશ્ય વિજય થાય છે, એમ સમજવું.[૫] વળી તે સેના, શત્રુઓ સામે જ્યારે હલ્લો કરે છે ત્યારે, વાયુ અનુકૂળ વાય છે. પાછળના ભાગમાં ઇંદ્રધનુષ્યો પ્રકટ થાય છે, મેઘમંડલ તેની પાછળ પાછળ ગતિ કરે છે અને સૂર્યનાં કિરણો પાછળના ભાગમાં રહે છે.[૬] શિયાળ, ગીધ, કાગડા-વગેરે પક્ષીઓ જ્યારે અનુકૂળ શબ્દો કરીને તે સેનાને માન આપે ત્યારે સમજવું કે, એ સેનાને મહા ઉત્તમ સિદ્ધિનો લાભ થશે.[૭] જે કોઈ સેનાના નીકળવાના સમયે અગ્નિની કાંતિ જો નિર્મળ જણાય, શિખાઓ ઊર્ધ્વ ગતિ કરે, ઝાળ જમણી બાજુએથી નીકળે તે અગ્નિમાંથી ધૂમાડો ન નીકળે અને આહુતિઓનો પવિત્ર સુગંધ છૂટી ની-

ફળે તો તે સેનાનો ભવિષ્યમાં વિજય થાય છે, એમ વિદ્વાનો કહે છે.[૮] જે સેનામાં શંખો અને ભેરીઓ મહાગંભીર શબ્દની ગર્જનાઓ કરે અને સર્વ યોદ્ધાઓ પોતાના નાયકની આજ્ઞાને અનુકૂળ રહે તો ભવિષ્યમાં તેનો વિજય થાય છે, એમ યુદ્ધકુશલ પુરુષો કહે છે.[૯] યુદ્ધમાટે નીકળી ચૂકેલા અથવા નીકળવામાટે તૈયાર થયેલા જે સેનાનીઓની પાછળના ભાગમાં અથવા ડાબી બાજુમાં શુભસૂચક મૃગોનાં ટોળાં જો ગમન કરે તો તેઓને વિજય મળે છે; અને યુદ્ધમાં શત્રુઓનો સંહાર કરતી વેળા મૃગોનાં ટોળાં જો જમણી બાજુ ઉતરે તોપણ તેઓ સિદ્ધિસૂચક છે; પરંતુ આગળના ભાગમાં તેઓ જો ગમન કરે તો અનિષ્ટસૂચક છે અને શત્રુઓ સામે યુદ્ધ કરવા ન જવાનું તેઓ જણાવે છે, એમ સમજવું.[૧૦] સેનાના પ્રયાણસમયે હંસ, ક્રૌંચ, શતપત્ર (મોર) અને ચાસ વગેરે પક્ષીઓ મંગલસૂચક શબ્દો બોલીને જો શકુન જણાવે ને સર્વ યોદ્ધાઓ ધૈર્યસંપન્ન થઇને હર્ષપૂર્ણ જો દેખાતા હોય તો તે ચિન્હને ભવિષ્યના વિજયનું સ્વરૂપ કહે છે.[૧૧] તેમજ જે યોદ્ધાઓની સેના ઝગઝગાટ કરી રહેલાં શસ્ત્રોથી, યંત્રોથી, કવચોથી, ધ્વજાઓથી અને યુવાન પુરુષોનાં પ્રફુલ્લ મુખકમળોથી પ્રકાશમાન અને દુષ્પ્રેક્ષ્ય દેખાતી હોય તે, યોદ્ધાઓ શત્રુઓનો પરાજય કરે છે.[૧૨] વળી જેઓના યોદ્ધાઓ, સેનાપતિઓની આજ્ઞા સાંભળવા માટે તત્પર રહે છે, અભિમાનથી રહિત હોય છે, પરસ્પર મિત્રભાવે વર્તનારા હોય છે અને બાહ્યાભ્યંતર પવિત્રતાને જાળવનારા હોય છે, તેઓને ભવિષ્યમાં અવશ્ય વિજય મળે છે, એમ વિદ્વાનો કહે છે.[૧૩] જે સેનાના યોદ્ધાઓનો શબ્દ, સ્પર્શ અને ગંધ, મનને આનંદ આપનારો બહાર પડે છે ને તે યોદ્ધાઓમાં ધૈર્યનો સંપૂર્ણ સંચાર અડગ રહે છે, તે તેના ભાવિ વિજયનું સુખ છે.[૧૪] રણમાં પ્રવેશ કર્યા પછી કાગડો જો ડાબી બાજુ શબ્દ કરે તો તે ઉત્તમ શકુન જાણવું, રણમાં પ્રવેશ કરતાં પહેલાં કાગડો જો જમણી બાજુ શબ્દ કરે તો તે શુભસૂચક છે અને તે વેળા જો પાછળ રહીને શબ્દ કરે તો કાર્યની સિદ્ધિ સૂચવે છે, પણ આગળ રહીને જો બોલે તો કાર્ય નહિ કરવા માટે તે સૂચવે છે, એમ જાણવું.[૧૫] હે યુધિષ્ઠિર! ચતુરંગી મહાન સેનાને એકઠી કરીને પણ પ્રથમ સામ ઉપાયથીજ શત્રુને વશ કરવાનો તમારે યત્ન કરવો અને તેમ કરતાં જો શત્રુ વશ નજ થાય તોપછી અંતે યુદ્ધ કરવા તૈયાર થવું[૧૬] હે ભારત! યુદ્ધ કરીને વિજય મેળવવો, તે ઘણોજ અધમ છે. કેમકે, યુદ્ધથી મળેલો વિજય યાદૃચ્છક–એટલે ઘુણાક્ષરન્યાયના જેવો છે અથવા દૈવહેતુક ગણાય છે, એમ વિદ્વાનો માને છે.[૧૭] વળી પાણીનો મહાન વેગ અને ભયભીત થયેલાં મૃગોનાં ટોળાં જેમ દુર્નિવાર્ય છે–અટકાવ્યાં અટકે નહિ તેવાં છે, તેમ શત્રુઓએ હાંકી કાઢેલી મોટી સેના પણ અટકાવી અટકતી નથી.[૧૮] સેનામાંથી અમુક માણસો નાઠા એટલે તેઓને જોઇને વિદ્વાન અને અનુભવી યોદ્ધાઓ પણ વિનાકારણે નાસવા માંડે છે; ભલે પછી તે સેના ઘણી બળવાન અને મોટી હોય, તોપણ તેને રુરુ મૃગનાં ટોળાંનીજ ઉપમા ઘટી શકે છે–અર્થાત્ રુરુ મૃગના ટોળામાં એક મૃગને નાસતો જોઈ તેની પાછળ બીજા સર્વ મૃગો પણ વિનાકારણ જેમ નાસી જાય છે, તેમ સેનામાં પણ એક સૈનિકની પાછળ બીજા અનેક સૈનિકો એક પછી એક નાસભાગ કરી મૂકે છે;[૧૯] માટે તેવી મોટી સેનાના કરતાં માત્ર પચાસજ શૂરા પુરુષો કે જેઓ અન્યોન્યના સ્વભાવને જાણતા હોય, હર્ષપૂર્વક યુદ્ધ કરવા તૈયાર થયા હોય અને પ્રાણોની પરવા કર્યા વિના મારવું કે મરવું, એવોજ નિશ્ચય કરીને શત્રુઓસામે ઉતરી પડયા હોય, તેઓ પણ શત્રુઓની મહાન સેનાનો સંહાર કરી શકે છે.[૨૦] અરે! તેવા પચાસ પુરુષો તો શું, પણ દૃઢનિશ્ચયવાળા, કુળવાન અને લોકમાન્ય એવા માત્ર પાંચ, છ કે સાતજ પુરુષો એકઠા મળીને શત્રુઓપર જો તૂટી પડે તો તેઓ પણ સારી રીતે વિજય મેળવી શકે

છે ![૨૧] સારાંશ કે, જ્યાંસુધી બની શકે ત્યાંસુધી યુદ્ધ માટે કદી પણ તૈયાર થવું નહિ; કારણ કે સામ, દાન અને ભેદ–એ ત્રણ ઉપાયો પછીનો છેલ્લો ઉપાયજ યુદ્ધ છે.[૨૨] જેમ બળબળતી વિજળીને જોઇને લોકો, “અરેરે! આ કોનાપર તૂટી પડશે” આવા વિચારથી ભયગ્રસ્ત બની જાય છે,તેમ સેનાને જોતાં વેંતજ કેટલાએક ભીરુ પુરુષો ભયથી અત્યંત ગભરાય જાય છે–હાવરાબાવરા બની જાય છે.[૨૩] સંગ્રામપ્રસંગ ઉપસ્થિત થયો છે, એમ જાણીને જે યોદ્ધાઓ ભયભીત ચિત્તે શત્રુઓ સામા ધસી જાય છે,તેઓનાં ગાત્રો ત્યાં પહોંચતાંજ પાણી પાણી થઈ જાય છે અને તે યોદ્ધાઓપર વિજય મેળવવાની ઈચ્છાવાળા સેનાનીનાં ગાત્રો પણ નરમ ઘેંસ જેવાં બની જાય છે.[૨૪] હે રાજન્! પોતાનાપર અમુક સેના ચઢી આવી છે, આમ જાણતાંની સાથેજ સ્થાવરજંગમ પ્રાણીઓસહિત આખો દેશ ગભરાઇ જાય છે; એટલુંજ નહિ પણ અસ્ત્રોના પ્રતાપથી તપી ગયેલાં સર્વ પ્રાણીઓની મજ્જા (ચરર્બી), શિથિલ શિથિલ થઈ જાય છે;[૨૫] માટે યુદ્ધ કરવાનું બાજુપર મૂકી દઇને પ્રથમ તો શત્રુને વશ કરવા માટે ક્રૂરતામિશ્ર એવા સામ ઉપાયનોજ વારંવાર પ્રયોગ કરવો, જેને લીધે શત્રુઓના ચોતરફના ત્રાસથી પીડાઈને સલાહ કરવા માટે તે કબૂલ કરે છે;[૨૬] તેમજ શત્રુઓના આંતરિક મિત્રવર્ગમાં ફાટફૂટ કરાવવા માટે ગુપ્તદૂતોની યોજના કરવી અને પછી તેઓમાં જે શ્રેષ્ઠ રાજા હોય તેની સાથે સંધિ કરવી તે વધારે ઉત્તમ છે. આમ એકી વખતે ભય દેખાડીને, સંધિ કરીને તથા શત્રુના શત્રુને પોતાના સ્વાધીનમાં કરીને શત્રુને જીતવો.[૨૭] એ સિવાય બીજી કોઇ પણ રીતે શત્રુને વશ કરી શકાતો નથી. શત્રુની સાથે એવું વર્તન કરવું જોઇએ, કે જેથી તેના ઉપર સર્વ તરફથી દુઃખ આવી પડે.[૨૮] હવે, કદાચ તમે એમ કહેશો કે, શત્રુસામે કપટ નહિ કરતાં તેનાપર ક્ષમાજ કેમ ન કરવી ! આના ઉત્તરમાં જણાવવાનું કે, સત્પુરુષના પ્રત્યે ક્ષમા કરવી યોગ્ય છે; પણ અસત્પુરુષોપ્રત્યે ક્ષમા કરવી યોગ્ય નથી માટે હે પાર્થ! ક્ષમા અને અક્ષમાનું શું પ્રયોજન છે તેનો તથા કોનાપ્રત્યે ઉપયોગ કરી શકાય છે, તે પણ તમારે સમજવું જોઈએ.[૨૯] શત્રુના પર વિજય મેળવ્યાપછી તેનાપર ક્ષમા કરનાર રાજાનો યશ જગતમાં વૃદ્ધિ પામે છે અને તેવા રાજાએ કદાચ મહાન અપરાધ કર્યો હોય, તોપણ તેના જીતાયલા શત્રુઓ તેનો વિશ્વાસ કરે છે.[૩૦] શંબરાસુર પણ માને છે કે, શત્રુને પ્રથમ સારી રીતે શિક્ષા કર્યા પછી તેના પર ક્ષમા કરવી તે વધારે ઉત્તમ છે; કેમકે જે કાષ્ઠને અગ્નિમાં તપાવ્યાવિના સીધું કરવામાં આવે છે, તે પુનઃ પોતાની મૂળસ્થિતિમાં જઇને વાંકુજ બની રહે છે;[૩૧] પરંતુ શંબરાસુરના એ મતને ઘણા નીતિકુશલ આચાર્યો ઉત્તમ માનતા નથી તેમ તેણે આપેલા દૃષ્ટાંતને પણ યોગ્ય માનતા નથી. તેઓનો તો એવોજ મત છે કે, જેમ પોતાના પુત્રને શાંતિપૂર્વક અને માર માર્યા વિના વશ કરવામાં આવે છે, તેમ શત્રુને પણ શાંતિપૂર્વક અને શિક્ષા કર્યા વિનાજ વશ કરવો.[૩૨] હે યુધિષ્ઠિર! જે રાજા અતિ ઉગ્રહોય છે, તે સર્વ પ્રાણીઓના દ્વેષનું પાત્ર બને છે અને જે રાજા અતિશય શાંત હોય છે તેનું સર્વ કોઇ અપમાન કરે છે; માટે રાજાએ ઉગ્રતા અને મૃદુતા–એ બન્ને ગુણોનો આશ્રય કરવો.[૩૩] હે ભારત ! શત્રુઓના પર શસ્ત્રપાત કરતાં પહેલાં અને શસ્ત્રપાત કરતાં કરતાં પણ રાજાએ પ્રિય ભાષણજ કરવું તેમજ શત્રુઓનો સંહાર કર્યા પછી પણ તેઓના સંબંધીઓની આગળ શોક અને રુદન કરવાનો આડંબર દેખાડીને દયાળુતા દેખાડવી.[૩૪] શત્રુઓને મારી નાખ્યા પછી તેઓના સ્નેહીઓપાસે રાજાએ કહેવું કે, અરેરે! ઘણુંજ ખોટું થયું છે કે, આ સંગ્રામમાં મારા સૈનિકોએ તેઓને મારી નાખ્યા છે. હું ખરૂં કહું છું કે, તેઓનું મૃત્યુ મને લગારે પ્રિય લાગતું નથી. અફસોસ! મેં તેઓને વારંવાર સમજાવ્યા હતા છતાં તેઓએ મારૂં કહેવું માન્યું ન હતું. અહો! તેવા મહાન પુરુષો તો જગતમાં સદાકાળ જીવતાજ રહે, એવી આકાંક્ષા રાખવી જોઇએ. તેઓનો

આવો વધ થવો યોગ્યજ ન હતો; કેમકે સંગ્રામમાંથી કદી પાછા નહિ હઠનારા તેવા મહાપુરુષો આ જગતમાં હવે દુર્લભ છે. મારા જે માણુસોએ તેઓનો યુદ્ધમાં વધ કર્યો છે, તેઓએ ખરી રીતે મારૂંજ અપ્રિય કર્યું છે." આવી વાણીથી શત્રુઓના સ્નેહીઓ આગળ પોતાને શોક થયાનું જાહેર કરીને એકાંતમાં તે શત્રુઓનો નાશ કરનારા પોતાના સૈનિકોનું યથાયોગ્ય સન્માન કરવું;[૩૫-૩૭] તેમજ શત્રુઓને હાથે જેઓ ઘવાયલા હોય અને જેઓ મરણ પામ્યા હોય, તેવા પોતાના સૈનિકોનો જાણે પોતે અપરાધ કર્યો હોય તેવો દેખાવ કરીને લોકોની પ્રીતિ સંપાદન કરવા માટે, તેઓના (ઘવાઈ પડેલાઓના તથા મરી ગયેલાઓના) બાહુઓ પકડીને ધ્રુસ્કે ધ્રુસ્કે રડવું અને તેઓના સંબંધીઓને ધીરજ આપવી.[૩૮] આ રીતે સર્વ અવસ્થાઓમાં રાજાએ સાંત્વપૂર્વકજ વર્તન કરવું, જેથી તે ધર્મજ્ઞ રાજા, લોકોમાં પ્રિય થઇ પડે છે અને સર્વ વાતે નિર્ભય બને છે;[૩૯] એટલુંજ નહિ પણ હે ભારત! તેવા રાજાનો સર્વ પ્રાણીઓ વિશ્વાસ કરે છે અને એ રીતે વિશ્વાસુ બનેલી પ્રજાઓ પાસેથી રાજાએ પોતાની ઇચ્છા પ્રમાણે ભોગ ભોગવી શકાય છે;[૪૦] માટે જે રાજાને પૃથ્વીપર ભોગો ભોગવવાની ઇચ્છા હોય તેણે નિષ્કપટભાવથી સર્વને વિશ્વાસુ બનાવવા જોઇએ અને સર્વ પ્રકારે પ્રજાઓનું રક્ષણ કરવું જોઇએ.[૪૧]

ઇતિ શ્રીમહા૦શાંતિ૦રાજ૦પર્વમાં "સેનાનીતિકથન" એ વિષયનો અધ્યાય ૧૦૨ મો સમાપ્ત.

अध्याय १०३ जो

શત્રુને જીતવાના ઉપાયો

॥ युधिष्ठिर उवाच ॥

कथं मृदौ कथं तीक्ष्णे महापक्षे च पार्थिव ॥
आदौ वर्तेत नृपतिस्तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછયું:- "હે પિતામહ! રાજાએ કોમળ સ્વભાવના શત્રુ તરફ, તીક્ષ્ણ સ્વભાવના શત્રુ તરફ અને મોટા પક્ષવાળા બળવાન શત્રુ તરફ કેવી રીતે વર્તવું, તે મને કહો"[૧]

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિર! આ વિષયમાં બૃહસ્પતિનો તથા ઇંદ્રનો એક સંવાદ પ્રાચીન ઇતિહાસરૂપે લોકમાં કહેવાય છે, તે હું તમને કહું છું, સાંભળો.[૨] એક સમયે શત્રુવીરોનો સંહાર કરનારા દેવરાજા ઇંદ્રે, ગુરુ બૃહસ્પતિ પાસે જઇ હાથ જોડીને પ્રણામપૂર્વક પૂછયું.[૩]

ઇંદ્ર બોલ્યો:-"હે બ્રહ્મન્! મારે સાવધાન થઇને શત્રુઓ તરફ કેવી રીતે વર્તવું? અને શત્રુઓને ઉખેડી નાખ્યા વિના કયા ઉપાયે તેઓને હું વશ કરૂં?[૪] ઉભય પક્ષનાં સૈન્યોનું યુદ્ધ થવાથી અમુક એક પક્ષનોજ વિજય નિશ્ચિત હોય છે, પણ બન્નેનો તો કદી વિજય થતોજ નથી, માટે શું કરવાથી આ પ્રતાપિની અને જ્વલંત એવી રાજ્યલક્ષ્મી મારો ત્યાગ ન કરે?[૫]"

ઇંદ્રે એ પ્રમાણે પૂછયું એટલે ધર્માર્થકામના વિષયમાં કુશળ, અતિશય પ્રતિભાશાળી અને રાજધર્મના વિધિને જાણનારા ગુરુ બૃહસ્પતિએ તેના પ્રત્યે કહ્યું.[૬]

બૃહસ્પતિ બોલ્યા:-"યુદ્ધ કરીને શત્રુઓને વશ કરવા માટે કદી ઇચ્છા કરવી નહિ; કેમકે અમર્ષ અને અક્ષમાને લીધે કલહપ્રસંગ ઉપસ્થિત થાય છે અને તે અમર્ષ તથા અક્ષમાનો મૂર્ખ પુરુષોજ આશ્રય કરે છે.[૭] શત્રુનો વધ કરવાની ઇચ્છા રાખનારા રાજાએ ક્રોધ, ભય અને હર્ષને પોતાના વશમાં રાખીને "અમુક મારો શત્રુ છે" એમ પ્રકટ થવા દેવું નહિ ને શત્રુને સાવધાન થવા દેવો નહિ.[૮] જાણે પોતે વિશ્વાસ રાખ્યો હોય તેવો ડોળ કરીને શત્રુનું સેવન કરવું પણ તેનો વાસ્તવિક વિશ્વાસ કરવો નહિ. વળી નિત્ય શત્રુને પ્રિય લાગે તેવુંજ ભાષણ કરવું, પણ તેને અપ્રિય લાગે તેવું આચરણ કરવું નહિ.[૯] શુષ્ક વૈર કરવાં છોડી દેવાં, વ્યર્થ કંઠશોષ કરવો નહિ અને પક્ષીઓને પકડીને આજીવિકા ચલાવનારો પુરુષ, જેમ પક્ષીઓના જેવા શબ્દો કરીને પક્ષીઓને પકડી લે છે, તેમ હે ઇંદ્ર! રાજાએ પણ શત્રુ જેવી રીતે વશ થાય તેવા પ્રયોગો કરવા અને તેને વશ કર્યા પછી સમય

આવ્યે મારી નાખવો.[૧૦,૧૧] હે વાસવ ! શત્રુઓનો નિત્ય પરાભવ કરીને રાજા, સુખેથી સૂઇ શકતો નથી; કેમકે જેનું મન દુષ્ટ બનેલું હોય છે, તેવા શત્રુઓ નિત્ય જાગ્રત્ રહે છે અને અગ્નિની ચીણગારીની પેઠે અકસ્માત્ ભભૂકી ઉઠે છે–ચઢી આવે છે.[૧૨] હે સમર્થ ઇંદ્ર! યુદ્ધ કરવાથી વિજય મળેજ છે, એવો કંઇ નિશ્ચય નથી, માટે યુદ્ધ તો કદી કરવુંજ નહિ, પણ વિશ્વાસ પમાડીનેજ શત્રુને વશ કરવો અને જ્યારે તે વશ થઈજાય ત્યારે પોતાનું કાર્ય સાધી લેવું.[૧૩] શત્રુ રાજાએ કોઈ સમયે પોતાનું જો અપમાન કર્યું હોય તો પ્રથમ તો તેના તરફ ઉપેક્ષાજ બતાવવી, પણ તેનું વૈર લેવા માટે હૃદયમાં હારી ગયા વિના મંત્રને જાણનારા મહાત્મા મંત્રીઓ સાથે તે વિષે વિચાર ચલાવવો ને પછી જ્યારે વખત મળે ત્યારે અને શત્રુના મૂળ સ્થાનમાં તેવી કંઈક વિરુદ્ધ ચળવળ ચાલુ થાય ત્યારે, અકસ્માત્ તેનાપર પ્રહાર કરવો ને પોતાનું હિત કરનારા પુરુષોદ્વારા શત્રુના સૈન્યમાં ફાટફુટ કરાવવી.[૧૪,૧૫] કાર્યના આરંભમાં, મધ્યમાં અને અંતમાં પરિણામ કેવું આવશે, તે વિષેનું જ્ઞાન ધરાવનારા રાજાએ, શત્રુવિષયક દ્વેષને પોતાના મનમાં ગુપ્ત રાખવો અને શત્રુસૈન્યોનું પ્રમાણ કેટલું છે, તે જાણી લઇને તેઓમાં ભેદ પડાવવો.[૧૬] આ રીતે ભેદ પડાવીને, લાંચ આપીને અથવા ઔષધોના પ્રયોગો કરીને પણ શત્રુઓને હેરાન કરવા; પણ યાદરાખવું કે, તેણે પોતે શત્રુઓનો સંસર્ગ કરતાં સંભાળવું.[૧૭] કોઈ સમયે શત્રુઓનો સંહાર કરવામાટે ઘણા લાંબા સમયસુધી પણ તક મેળવવાની રાહ જોયા કરવી અને પછી જેવી તક મળે કે તુરતજ તેઓનો નાશ કરી નાખવો. શત્રુઓ વિશ્વાસ પામે, એટલા માટે કેટલાએક સમય સુધી ચૂપચાપ બેસી રહેવું ને પછી લાગ આવતાં કામ કાઢી નાખવું;[૧૮] પણ એકદમ વગરવિચાર્યું પગલું ભરીને શત્રુઓનાપર પ્રહાર કરવો નહિ; પરંતુ 'વિજય મળશેજ' એવો જો નિશ્ચય હોય તોજ તેઓનાપર પ્રહાર કરવો. જે રાજા બુદ્ધિમાન હોય છે, તે વિનાસમયે શત્રુનાપર શસ્ત્રપ્રહાર કરતો નથી તેમ વાણીવડે પણ તેને છંછેડતો નથી; પરંતુ જેવો સમય મળે કે તુરતજ પ્રહાર કરી દે છે. તે સમયે કાલાંતરમાટે રાહ જોતો નથી;[૧૯,૨૦] કેમકે હરકોઈ પ્રકારનું કાર્ય કરવાની ઈચ્છાથી તે કાર્યને યોગ્ય એવા સમયની રાહ જોનારો પુરુષ, પોતાને મળેલો જે સમય ગુમાવે છે તે સમય પુનઃ દુર્લભ થઈ પડે છે.[૨૧] જો કદાચ શત્રુ પોતેજ અકસ્માત્ પોતાનાપર ચઢી આવે તો તેવે સમયે પોતાના સામર્થ્યને બાજુપરજ મૂકી દેવું અને સત્પુરુષોના મતનો સ્વીકાર કરીને તેની સાથે મિત્રતા બાંધી લેવી પણ તેને પીડવો નહિ અને પાછો વખત આવે ત્યારે ચૂકવું પણ નહિ.[૨૨] કામ, ક્રોધ તથા અહંકારનો ત્યાગ કરીને રાજાએ, સાવધાન થઇને શત્રુઓનાં છિદ્રો વારંવાર જોયા કરવાં.[૨૩] હે દેવશ્રેષ્ઠ ઇંદ્ર! અતિશય મૃદુતા, અતિશય ઉગ્રતા, આલસ્ય, પ્રમાદ અને સારી રીતે યોજેલાં એવાં કપટો પણ બુદ્ધિહીન રાજાનો વિનાશ કરી નાંખે છે;[૨૪] માટે તે મૃદુતા આદિ ચારેય દોષોનો તથા કપટોનો ત્યાગ કર્યા પછી વિચાર કર્યા વિના પણ શત્રુઓનો સંહાર કરી શકાય છે.[૨૫] જે કોઈ ગુપ્ત કાર્ય એકજ મંત્રીથી બની શકે તેવું હોય તેને એકજ મંત્રીદ્વારા કરાવી લેવું, પણ તે કાર્ય એકથી વધારે મંત્રીઓને જણાવવું નહિ. કેમકે, તેમ કરવાથી મંત્રીઓ તે કાર્યને પ્રકટ કરી દે છે અને એકબીજાના મતભેદને લીધે તે કાર્યને પૂર્ણ કરી શકતા નથી;[૨૬] પરંતુ તે કાર્ય એકથી બનવું જો અશક્યજ હોય તો પછી તેમાં બીજાઓની સંમતિ લેવી. શત્રઓ પોતાનાપર ચડી આવતા હોય અને તેઓ નજરે ન દેખાય તેટલા દૂર હોય, તો તેઓનાપર બ્રહ્મદંડનો ઉપયોગ કરવો–અર્થાત્ પુરોહિતદ્વારા આભિચારિક પ્રયોગ કરાંવવો. પણ નજરે દેખાય તેટલા સમીપમાં જો આવી પહોંચ્યા હોય તો તેઓની સામે ચતુરંગી સેનાજ મોકલી દેવી.[૨૭] રાજાએ, શત્રુઓસામે પ્રથમ ભેદ ઉપાયનોજ ઉપયોગ કરવો અને તેવે સમયે શાંત પણ બેસી રહેવું–અર્થાત્ તે તે સમયને અનુસરીનેજ તે તે ઉપા-

યોની યોજના કરવી.[૨૮] શત્રુ જો બળવાન હોય તો તેને નમસ્કાર પણ કરી દેવો. પછી જ્યારે તે પ્રમાદી બની જાય, ત્યારે સાવધાન થઈને તેનો વધ કરવાની ઈચ્છા કરવી.[૨૯] શત્રુને બળવાન જોઈને પ્રણિપાત (નમસ્કાર), દાન અને મધુર વાણીથી તેનું સેવન કરવા મંડી પડવું, પણ તે શત્રુને સેવતી વખતે પોતાનાપર તેને શંકા થવા દેવી નહિ.[૩૦] પોતાના શત્રુની સાથે પ્રીતિ રાખનારા અને પોતે જેઓને પ્રથમ કાઢી મૂક્યા હોય તેવા શંકાપાત્ર પુરુષોનાં સ્થાનકોનો રાજાએ સદાય ત્યાગ કરવો અને તે પુરુષોનો પણ રાજાએ વિશ્વાસ કરવો નહિ; કેમકે તેઓ રાજાનો પરાભવ કરવા માટે નિત્ય જાગ્રત્ રહે છે.[૩૧] હે દેવપતિ ઇંદ્ર! અનેક પ્રકારનું આચરણ કરનારા, અસ્થિરચિત્ત રાજાઓનું ઐશ્વર્ય ચિરકાળપર્યંત ટકી રહે, તેના જેવું બીજું કંઇપણ દુષ્કર અથવા અસંભવિત નથી; માટે રાજાએ નિત્ય સ્થિરચિત્ત થવું,[૩૨] જેથી વિવિધપ્રકારનું આચરણ કરવા છતાં તેનું ઐશ્વર્ય સ્થિર રહે, તેવો સંભવ છે, એમ વિદ્વાનો કહે છે; માટે રાજાએ બરાબર સાવધાન થઇને રાજ્યરક્ષાનો યત્ન કરવો તથા મિત્ર કોણ અને અમિત્ર કોણ; તેનો વિચાર કરવો.[૩૩] જે રાજા કેવળ કોમળતાનો આશ્રય કરે છે, તેનું સર્વ લોકો અપમાન કરે છે અને જે રાજા કેવળ તીક્ષ્ણતાનો આશ્રય કરે છે તેનાથી પ્રજાઓ કંટાળે છે; માટે તારે કેવળ કોમળ ન થવું તેમ કેવળ તીક્ષ્ણ પણ ન થવું; પરંતુ મૃદુતા અને તીક્ષ્ણતા–બન્નેનો આશ્રય કરવો.[૩૪] જેમ કોઈ જળાશયમાં સર્વ તરફ ફેલાયલું પાણીનું વેગવાળું પૂર, કાંઠો તોડી નાખવાથી એકદમ નષ્ટ થઈ જાય છે, તેમ પ્રમાદવશ થયેલા રાજાનું મહાવિસ્તીર્ણ રાજ્ય પણ અંદર અંદર ફાટફુટ થવાથી નષ્ટથઈ જાય છે.[૩૫] હે પુરંદર! અનેક શત્રુઓ સાથે એકીવખતે વૈર બાંધી બેસવું નહિ; પણ સામ, દાન, દંડ અને ભેદ–એ ચારે ઉપાયોની યોજના કરીને અનુક્રમે એક એક શત્રુનો વિનાશ કરતા રહેવું;[૩૬] તથા સર્વનો સંહાર કર્યા છતાં પણ અમુક શત્રુઓ જે બાકી રહ્યા હોય તેઓથી સાવધ રહીને કુશળતાપૂર્વક તેઓનો પણ ઘાટ ઘડવો. હે દેવરાજ! પોતે શક્તિમાન હોવા છતાં પણ બુદ્ધિમાન રાજા, અનેક શત્રુઓ સામે એકીવખતે વૈરનો આરંભ કરતો નથી.[૩૭] જે વેળા પોતાની મહાન સેના પુષ્કળ હાથી, ઘોડા અને રથ વગેરેથી ભરપૂર હોય, પાયદલ અને યંત્રોથી વ્યાપ્ત હોય, પોતાનાપર પ્રેમ રાખનારી હોય, રથ, ઘોડા, હાથી, પાયદલ, કોશ અને વાણિજ્યમાર્ગરૂપ છ અંગોથી પરિપૂર્ણ હોય અને જે સમયે પોતાની આબાદી શત્રુના કરતાં ઘણીજ અધિક જોવામાં આવતી હોય, તે વેળા રાજાએ, કોઈ જાતનો પણ વિચાર કર્યા વિના પ્રકટ થઇને શત્રુના પર તૂટી પડવું.[૩૮,૩૯] શત્રુ જો બળવાન હોય તો તેની સામે સામ ઉપાયનો પ્રયોગ કરવો યોગ્ય નથી, પણ તેવા શત્રુને ગુપ્તદંડથી અને પ્રપંચકપટથી શિક્ષા કરવી. માટેજ શાસ્ત્રકારો કહે છે કે, શત્રુઓ સામે અત્યંત કોમળતા પણ દાખવવી નહિ અને વિજયની વાત અનિશ્ચિત હોય છે, જેથી એકદમ ચઢાઈ પણ કરવી નહિ. વળી શત્રુસામે ચઢાઈ કરવાથી ઘણાં હિંસામૂલક અને ચિંતાજનક કાર્યો કરવાં પડે છે. જેવાંકે, તેનાં દેશમાં તૃણધાન્ય વગેરેનો નાશ કરવો પડે છે, તેનાં જલાશયોને ઝેર વગેરે ઉપાયથી દૂષિત કરવાં પડે છે અને પોતાના રાજ્યની સાતે પ્રકારની પ્રકૃતિઓના સંબંધમાં “મારા સૈન્યમાં કોઇ જાતની ફાટફુટ તો નહિ થાય, મારો ખજાનો ખૂટી તો નહિ પડે, મારા પ્રધાનોમાં કોઈ જાતનો ભેદ તો તો નહિ પડે?” ઇત્યાદિ અનેક સંશયો ઉભા થાય છે; માટે ગુપ્ત રીતે દંડ કરવાનીજ કોઈ યુક્તિ ઘડવી.[૪૦] જેવી કે, તેને વશ કરવા માટે અનેક પ્રકારનાં છળકપટ કરવાં, તેઓમાં માંહોમાંહે લડાઇ જગાડવી, પોતાના યશનું રક્ષણ કરીને તેવું કોઇ પાપકૃત્ય (વિશ્વાસઘાત વગેરે) પણ કરવું અને પોતાના વિશ્વાસુ માણસોદ્વારા તેઓનાં નગરોમાં તથા રાષ્ટ્રમાં હાનિકારક પ્રયોગો કરવા.[૪૧] તેમજ હે બલદૈત્યનો તથા વૃત્રાસુરનો નાશ કરનાર ઇંદ્ર! શત્રુઓને વશ કરવાની ઇચ્છાવાળા રાજાઓ, તેઓનાં નગરોમાં તથા રહેવાન

સ્થાનકોમાં ગુપ્ત રીતે પાછળ પડીને તેઓના સર્વ ભાગોને જીતી લે છે ને પોતાના તાબામાં આવેલાં તેઓનાં નગરોમાં યથાવિધિ રાજનીતિનો પ્રયોગ કરે છે-અર્થાત્ ત્યાંની પ્રજાઓને શાસ્ત્રોક્ત ઉપાયોથી વશ કરે છે.[૪૨] હે રાજા! પોતાના અમાત્યોને ગુપ્ત રીતે દ્રવ્ય આપીને તથા જાહેરમાં તેઓની સર્વ માલમિલ્કતને લૂંટી લઇને લોકમાં પ્રકટ કરવું કે "મારા અમુક અમાત્યો પોતાનાજ દોષથી દુષ્ટ છે, તેઓએ મારો ત્યાગ કરીને મારા શત્રુરાજાનો આશ્રય કર્યો છે" આમ સર્વ સ્થળે જાહેર કરી દઈને તે અમાત્યોને શત્રુઓનાં નગરોમાં તથા રાષ્ટ્રોમાં છળકપટ કરવા માટે મોકલવા.[૪૩] તેમજ વળી શત્રુઓનું ખેદાનમેદાન કરી નાખવા માટે પોતાના નગરમાં જે બીજા પુરુષો શાસ્ત્રોને જાણનારા હોય, ઉત્તમ મર્યાદાથી અલંકૃત હોય શાસ્ત્રોક્ત વિધિને અનુસરનારા હોય, સારી પેઠે કેળવાયલા હોય અને ભાષ્યો તથા કથાઓના વ્યાખ્યાનમાં કુશલ હોય, તેવા પુરુષોદ્વારા મૃત્યુકારક દેવતાનું આરાધન કરાવવું."[૪૪]

ઇંદ્રે પૂછ્યું:-"હે ઉત્તમ બ્રાહ્મણ! દુષ્ટ પુરુષનાં લક્ષણ કેવાં હોય છે અને દુષ્ટ પુરુષને હું કેવી રીતે જાણી શકું? એ હું આપને પૂછું છું, માટે તે મને કહો."[૪૫]

બૃહસ્પતિ બોલ્યા:-"જે પુરુષ દુષ્ટ હોય છે, તે પરોક્ષમાં દુર્ગુણોનું કથન કરે છે, સદ્ગુણોની ઈર્ષ્યા કરે છે, બીજાઓના મુખથી સદ્ગુણોનું વર્ણન થતું હોય છે ત્યારે ચૂપ બેસી રહે છે અથવા અવળું મુખ કરીને ઉભો રહે છે;[૪૬] એટલુંજ નહિ પણ કોઈ જાતનું કારણ ન હોવા છતાં અને મૂગો બેસી રહ્યો હોય છે છતાં ઘણા જોસથી શ્વાસોચ્છ્વાસ બહાર કાઢે છે, માથું ધૂણાવે છે, હોઠ દસે છે, કોઈની સાથે જાણે વાતચીત કરતો હોયની, તેમ કંઇક બબડે છે, નિત્ય આપણી સાથે સંસર્ગ રાખે છે, વાતચીત કરતી વખતે જાણે પારકો માણસ હોય તેવો દેખાય છે, આપણાથી પરોક્ષમાં પોતે સ્વીકારેલું કાર્ય પણ કરતો નથી અને સામો મળે ત્યારે કોઇ વેળા બોલે પણ નહિ.[૪૭,૪૮] વળી તેવો દુષ્ટ માણસ, પંક્તિની અંદર ભોજન કરવા ન બેસતાં સૌનાથી જૂદોજ ભોજન કરવા બેસે છે અને તે વખતે તેમ કરવા માટે કોઇ તેને પ્રશ્ન કરે તો તે કહે છે કે, "આજે સૌની સાથે બેસવું મને ઠીક લાગતું નથી." આ રીતે બેસવામાં, જવામાં, સૂવામાં અને ખાવાપીવામાં જૂદા જૂદા ભાવો વ્યક્ત કરે છે, જે ઉપરથી તેની દુષ્ટતા જાણી શકાય છે;[૪૯] પણ મિત્રનાં લક્ષણ તો એવાં હોય છે કે, આપણને દુઃખી જોઈને તે દુઃખી થાય છે અને આપણને પ્રસન્ન જોઇને તે પ્રસન્ન થાય છે; તેમજ એનાથી જે વિરુદ્ધ લક્ષણોવાળો હોય છે તે શત્રુ છે, એમ સમજવું.[૫૦] હે દેવપતિ ઈંદ્ર! પૂર્વે કહેલાં એ લક્ષણોપરથી તારે શત્રુમિત્રને ઓળખવા અને જાણવું કે, દુષ્ટ પુરુષોનો સ્વભાવ બીજા સર્વના કરતાં મહાબળવાન હોય છે-તે તેના સ્વભાવ ઉપર જઇનેજ ઉભો રહે છે.[૫૧] હે દેવશ્રેષ્ઠ ઇંદ્ર! એ પ્રમાણે શાસ્ત્રોક્તતત્ત્વને યથાવત રીતે વિચારીને મેં તને દુષ્ટનું લક્ષણ કહ્યું છે."[૫૨]

ભીષ્મે કહ્યું:-બૃહસ્પતિનું એ સત્યવચન સાંભળ્યા પછી શત્રુઓનો વિનાશ કરવામાં તત્પર રહેનારા ઇંદ્રે વિજય મેળવવા માટે યથાયોગ્ય સમયે શત્રુઓપ્રત્યે ચઢાઇ કરી અને તેઓને વશ કર્યા.[૫૩]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં "ઇંદ્રનો અને બૃહસ્પતિનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૧૦૩ જો સમાપ્ત.

अध्याय १०४ थो

ઐશ્વર્ય, સદાને માટે સ્થિર રહેતું નથી.

॥ युधिष्ठिर उवाच ॥
धार्मिकोऽर्थानसंप्राप्य राजाऽमात्यैःप्रबाधितः॥
च्युतः कोशाच्च दंडाच्च सुखमिच्छन् कथं चरेत्॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પિતામહ! અમાત્યોના ત્રાસથી દુઃખી થઈ ગયેલો ધાર્મિક રાજા, દ્રવ્યને ન પામીને જે સમયે કોશ અને સૈન્યથી રહિત થયેલો હોય છે તે સમયે સુખ મેળવવાની ઈચ્છાથી કેવી રીતે વર્તે ?"[૧]

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર ! આ વિષયમાં રાજા ક્ષેમદર્શીનો ઇતિહાસ જગતમાં કહેવાય છે તે હું તમને કહું છું, સાંભળો.[2] અમારા સાંભળવામાં આવ્યું છે કે, પૂર્વે ક્ષેમદર્શી નામનો એક રાજકુમાર જ્યારે નિર્બળ થઈ પડયો, ત્યારે કાલકવૃક્ષીય નામના એક મુનિ પાસે આવ્યો અને પોતે મહા કષ્ટદાયક આપત્તિમાં આવી પડયો હતો તેથી મુનિને પ્રણામ કરીને પૂછવા લાગ્યો."[3]

રાજાએ પૂછ્યું:-" હે બ્રહ્મન્ ! મારા જેવો સંપત્તિ ભોગવવાને યોગ્ય એવો પુરુષ, રાજ્ય સંપાદન કરવા માટે વારંવાર યત્ન કર્યા કરે છે; છતાં તેને રાજ્ય મળતું નથી તો પછી તેણે શું કરવું યોગ્ય છે?[4] હે સત્પુરુષ ! મરણ, દીનતાપૂર્વક અન્યનો આશ્રય અને બીજું ક્ષુદ્ર આચરણ કર્યાવિના મારા જેવાએ બીજું શું કરવું, તે મને કહો.[5] જે પુરુષ શારીરિક પીડાથી ગ્રસ્ત થયો હોય અને જેને બીજા કોઈ પ્રકારનો માનસિક વ્યાધિ લાગુ થયો હોય, તે પુરુષે તમારા જેવા ધર્મજ્ઞ અને કૃતજ્ઞ પુરુષનું શરણ લેવું જોઇએ.[6] જ્ઞાનરૂપ અખૂટ ધન દોલતને મેળવ્યા પછી મનુષ્ય, સાંસારિક પદાર્થોપરની પ્રીતિનો તથા શોકનો ત્યાગ કરીને વિષયોપભોગથી વિરક્ત થાય છે અને પછી અવિનાશી સુખને પામે છે;[7] પણ જે મનુષ્યોનું સુખ અર્થ (ધન)ને અધીન છે, તેઓનો હું શોક કરૂં છું; કેમકે મારી પાસે અખૂટ ધન હતું, છતાં તે સ્વપ્નમાં મળેલા પદાર્થની પેઠે નષ્ટ થઈ ગયું છે, જેથી મારૂં સુખ પણ હતું ન હતું થઇ ગયું છે.[8] ખરેખર, જેઓ પોતાની પાસે રહેલી મહાન સંપત્તિનો ત્યાગ કરી દે છે, તેઓ મહાદુષ્કર કર્મ કરે છે-તેઓ ધન્યવાદને પાત્ર છે; કેમકે અમારી પાસે દ્રવ્ય નથી છતાં તેનો અમે ત્યાગ કરી શકતા નથી.[9] હે બ્રહ્મન્ ! હું દીન અને દુઃખી થઇ ગયો છું, લક્ષ્મીથી ભ્રષ્ટ થઇને આવી દુષ્ટ અવસ્થામાં આવી પડયો છું; માટે આ લોકમાં બીજું જે કંઈ સુખ હોય તેને માટે તમે મને ઉપદેશ આપો."[10] કોસલદેશના બુદ્ધિમાન રાજપુત્ર ક્ષેમદર્શીએ એ પ્રમાણે કહ્યું, એટલે મહાતેજસ્વી મુનિ કાલકવૃક્ષીયે તેને ઉત્તર આપ્યો.[11]

મુનિએ કહ્યું:-"આ સમયે તને જે બુદ્ધિ સૂઝી છે, તે બુદ્ધિ સુજ્ઞ મનુષ્યને પ્રથમજ સૂઝેલી હોવી જોઈએ. આ જગતમાં હું અને મારી પાસે જે કંઈ વસ્તુ રહેલી છે તે સર્વ અનિત્યજ છે-નાશવંતજ છે, આમ પ્રથમજ સમજવું જોઈએ.[12] તું જે કંઈમાને છે કે, "અમુક પદાર્થ મારી પાસે વિદ્યમાન છે;" પરંતુ તે પદાર્થ તુચ્છ હોવાથી કદી વિદ્યમાન નથીજ, એમ તારે સમજવું. જે બુદ્ધિમાન પુરુષ જગતના પદાર્થોને નાશવંત અને મિથ્યા માને છે, તે મહાદુઃખદાયી આપત્તિમાં આવી પડે તોપણ ગભરાતો નથી.[13] ભૂતકાળમાં જે વસ્તુ હતી અને ભવિષ્યકાળમાં જે વસ્તુ હશે, તે સર્વ હતી નહિ અને હશે પણ નહિ-અર્થાત્ મિથ્યા છે. આવા પ્રકારનું જ્ઞાન જ્યારે તને થશે, ત્યારે તું અધર્મોથી મુક્ત થઈશ.[14] તારાથી પૂર્વકાળના રાજાઓની પાસે જે જે ધાન્યાદિક સંપત્તિ હતી અથવા તે રાજાઓથી અતિ પ્રાચીન કાળના રાજાઓ પાસે જે જે સંપત્તિ હતી, તે સર્વ સંપત્તિ સાથે તારો લેશમાત્ર સંબંધ નથી, આમ સમજીને તું સર્વત્ર મમતાનો ત્યાગ કર, જેથી તને સંતાપ થશે નહિ.[15] વર્તમાન કાળમાં જે પદાર્થો ઉત્પન્ન થયેલા જોવામાં આવે છે, તે વસ્તુતઃ છેજ નહિ. અને જે પદાર્થો ઉત્પન્ન થયેલા જોવામાં આવતા નથી તેઓ પણ તેવાજ સ્વરૂપમાં ઉત્પન્ન થશે; તો પછી તેઓની અપ્રાપ્તિને લીધે શોક શામાટે કરવો ? શોકમાં કંઈ તેવું સામર્થ્ય નથી કે જે નહિ મળેલા પદાર્થને મેળવી આપે ? માટે શોક તો કદી કરવોજ નહિ.[16] હે રાજન્ ! તારા પિતા અને પિતામહ કે જેઓ તારા દેશપર રાજ્ય કરતા હતા, તેઓ આજે કયાં છે? આજે તું તેઓને જોઇ શકતો નથી અને તેઓ તને જોઇ શકતા નથી.[17] અરે ! એ પ્રમાણેજ તું તારા પોતાના શરીરને પણ જો નાશવંત જુએ છે, તો પછી તું કોનો શોક કરે છે ? જો, લગાર બુદ્ધિ સાથે વિચાર કર ! તું પણ આ જગતમાં રહેવાનો નથી પણ મરવાનોજ છે.[18] એ રાજા ! હું, તું, તારા મિત્રો અને શત્રુઓ આ જગતમાં

અવશ્ય રહીશું નહિ, તેમ આ સર્વ જગત પણ રહેશે નહિ.[૧૯] આજે જે મનુષ્યો વીસ વર્ષની વયના અને ત્રીસ વર્ષની વયના જોવામાં આવે છે તેઓ સર્વે સો વર્ષ થતાં થતાં મરી જશે.[૨૦] પોતાની પાસે અથાગ સંપત્તિ હોવાને લીધે પુરુષ, તે સંપત્તિથી જો મુક્ત ન થાય તોપણ "આ બધું મારૂં નથી" એમ માનીને તે પુરુષે આત્મકલ્યાણજ કરવું જોઇએ.[૨૧] ભવિષ્યકાળમાં જે વસ્તુ મને મળનારી છે, તે મારી નથી અને ભૂતકાળમાં જે વસ્તુ મારી પાસે હતી તે પણ મારી ન હતી; પરંતુ દૈવજ સર્વના કરતાં અધિક બળવાન છે, આમ માનીને જેઓ સર્વ પદાર્થને અનિત્ય જાણે છે તેઓજ ખરા પંડિત કહેવાય છે અને તેઓજ સત્પુરુષોની પદવીને યોગ્ય છે, એમ જ્ઞાની પુરુષો કહે છે.[૨૨] આ જગતમાં જેઓ બુદ્ધિ અને પુરુષાર્થથી યુક્ત છે તેવા તારા જેવા અનેક પુરુષો અથવા તારા કરતાં કંઈક અધિકતાવાળા ઘણા પુરુષો, ધનાઢ્ય નહિ હોવા છતાં જીવી રહ્યા છે અને રાજ્ય પણ કરી રહ્યા છે; પરંતુ તારી પેઠે તેઓ શોક કરતા નથી, માટે તું પણ શોક કર મા. શું, બુદ્ધિ અને પુરુષાર્થમાં તું તે પુરુષોના સમાનનથી? અથવા તેઓના કરતાં અધિકનથી?"

રાજાએ કહ્યું:-"હે બ્રાહ્મણ! મને જે રાજ્ય મળ્યું હતું તે કેવળ યત્ન કર્યા વિનાજ મળ્યું હતું, પણ તે સર્વ રાજ્યને મહાઉગ્ર એવા કાળે મારી પાસેથી છીનવી લીધું છે.[૨૫] હે તપોધન! હું જાણું છું કે, જળનો પ્રવાહ જેમ કોઈ પદાર્થને હરી જાય છે, તેમ કાળે મારા રાજ્યને હરી લીધું છે અને તેના ફળતરીકેજ આ શોક મને ઉપસ્થિત થયો છે. વળી હું મને જે કંઇ મળે છે, તેથી મારી આજીવિકા ચલાવી લઉં છું છતાં શોકનો ત્યાગ કરી શકતો નથી."[૨૬]

મુનિએ કહ્યું:-"હે કોસલદેશના રાજા! 'પદાર્થોની વાસ્તવિક સ્થિતિનો નિશ્ચય કરીને ભૂતભવિષ્યના સંબંધમાં કદી શોક કરવો નહિ.' આ સિદ્ધાંતવાક્યને તું સર્વ વિષયોમાં અનુસર.[૨૭] જે પદાર્થો તને અવશ્ય મળી શકે તેવા હોય તેઓની તું ઈચ્છા કર, પણ દુર્લભ પદાર્થોની ઈચ્છા કર મા; તેમજ જે વિષયો તને આવી મળ્યા છે, તેઓનો તું ઉપભોગ કર; પણ જે વિષયો તને મળ્યા નથી તેઓમાટે તું શોક કર મા.[૨૮] હે કોસલદેશના રાજા! જે ભોગો તને આવી મળ્યા હોય તેઓમાંજ તું રમણ કર. તું લક્ષ્મીથી રહિત થયો છે તોપણ શુદ્ધ સ્વભાવે વર્તન કરવામાં તને શોક થતો નથી ને?[૨૯] જે પુરુષ દુષ્ટ બુદ્ધિનો છે, તે પૂર્વકાળના ભોગોનો વિનાશ થવાથી પોતે જ્યારે ભોગોથી રહિત થઈ પડે છે, ત્યારે વિધાતાની નિંદા કરે છે અને દૈવયોગે ભોગવૈભવોની જો પ્રાપ્તિ થાય તો સંતુષ્ટ રહેતો નથી;[૩૦] એટલુંજ નહિ પણ તે પુરુષ, મ્લેચ્છ આદિ નીચ મનુષ્યોને ધનવાન જોઇને માને છે કે, "જેઓ યોગ્ય નથી તેઓને ઇશ્વરે શામાટે ધન આપ્યું હશે?" આવી માન્યતાથી પણ તેને ઘણું દુઃખ થયા કરે છે.[૩૧] હે કોસલપતિ રાજા! કેટલાએક પોતાને પુરુષાર્થી માનનારા પુરુષો ઈર્ષ્યા અને અભિમાનથી યુક્ત હોય છે. તેઓના જેવો તું ઈર્ષ્યાખોર તો નથી ને?[૩૨] તારી પાસે લક્ષ્મી ન હોય તોપણ બીજાઓની લક્ષ્મીને તું સહન કરજે; કેમકે કુશલ પુરુષો બીજાઓ પાસે રહેલી લક્ષ્મીનો પણ ઉપભોગ કરી શકે છે; પરંતુ જેઓ અન્ય મનુષ્યોને ધનવાન જોઇને તેઓનો દ્વેષ કરે છે, તેઓની પાસેથી લક્ષ્મી હોય છે તે પણ ચાલી જાય છે.[૩૩] યોગધર્મને જાણનારા કેટલાએક ધીર પુરુષો, ધર્માચરણ કરવાની ઈચ્છાથી લક્ષ્મીનો, પુત્રોનો તથા પૌત્રોનો પોતાની મેળેજ ત્યાગ કરી દે છે;[૩૪] તેમજ બીજા કેટલાએક પ્રાકૃત (બુદ્ધિહીન) પુરુષો ઉપરાઉપરી ક્રિયાસાધનો કરવાથી કંટાળી જઈને તથા નિત્યનવો નવો આરંભ કરવાની ખટપટ જોઈને દ્રવ્યોપાર્જનને દુર્લભ માને છે અને પછી તેનો ત્યાગ કરી દે છે.[૩૫] ત્યારે તું તો બુદ્ધિમાન છે, છતાં કૃપણતાભરેલો સંતાપ કેમ કરી રહ્યો છે? અને કામના કરવાને અયોગ્ય પરાધીન તથા નાશવંત એવા પદાર્થોની ઇચ્છા શામાટે કરી રહ્યો છે?[૩૬] ઉપર ઉપરથી

અનર્થના જેવા દેખાતા જ્ઞાનસાધન ક્રિયાકલાપો અને ઉપર ઉપરથી અર્થના જેવા દેખાતા સાંસારિક અનર્થોનું તારે જો સમ્યગ્ જ્ઞાન સંપાદન કરવું હોય તો હું તને કહું છું તે બુદ્ધિનો તું આશ્રય કર અને સર્વ કામ્યવસ્તુઓનો ત્યાગ કરી દે.[37] કેટલાએક પુરુષોનું ધન નાશ પામે છે ત્યારે તેઓને મહાન અર્થનો લાભ થાય છે-તેઓને મોક્ષરૂપ અનંત સુખ, તે નાશદ્વારાજ મળી આવે છે. આમ પોતે માનતો હોય છે, છતાં કોઈ બીજો પુરુષ, લક્ષ્મી સંપાદન કરવાનીજ ઇચ્છા કરે છે[38] અને તે લક્ષ્મીની સાથેજ રમણ કરનારા કેટલાએક પુરુષો તો લક્ષ્મીસિવાયનું બીજું શ્રેયઃસાધન માનતાજ નથી; પણ તેવી માન્યતાવાળા પુરુષોના વાસ્તવિક કલ્યાણના સમારંભોનો વિનાશ થઇ જાય છે.[39] હે કોસલ દેશના રાજા! જ્યારે તે અર્થાભિલાષી પુરુષોની મહાકષ્ટથી મેળવેલી અભીષ્ટ સંપત્તિ નષ્ટ થઇ જાય છે, ત્યારે તેઓ નિરુપાય બની જઇને દ્રવ્યોપાર્જનના સંબંધમાં વિરક્ત થઇ જાય છે-ઠોકર ખાય છે; ત્યારેજ તેઓને સમજણ આવે છે;[40] માટેજ કેટલાએક મહા કુળવાન પુરુષો, પરલોકમાં સુખ મેળવવાની ઇચ્છાથી ધર્મનુંજ શરણ લે છે અને લૌકિક ભોગવૈભવોથી વિરક્ત બની જાય છે;[41] પણ તે સિવાયના બીજા કેટલાએક ધનલુબ્ધ પુરુષો તો ધન મેળવવાને માટે પોતાનાઃ જીવિત સુદ્ધાંનો ત્યાગ કરે છે; કેમકે તેવા કૃપણ પુરુષો, ધનોપાર્જનવિના બીજું કંઇ પણ જીવિતનું સાર્થકય માનતા નથી.[42] અહા! જે જીવિત ક્ષણભંગુર અને અવશ્ય વિનાશી છે, તેનાપર મોહને લીધે જેઓ અર્થદૃષ્ટિ કરી રહ્યા છે, તેઓની કૃપણતા અને મૂર્ખતા કેટલી બધી છે, તે તો તું જો![43] ગમે તેટલા ધનનો સંગ્રહ કર્યો હોય, તોપણ અંતે તેનો વિનાશજ છે, જીવિતને અંતે મરણજ છે અને સંયોગને અંતે વિયોગજ છે, આમ સમજનારો કયો સુજ્ઞ પુરુષ નાશવંત ધનસંચયમાં, મરણશીલ જીવતરમાં અને અશાશ્વત સંયોગવિયોગમાં પોતાનું મન લગાડે?[44] હે રાજન્! કાં તો પુરુષ ધનનો ત્યાગ કરે છે અને કાં તો ધન પુરુષનો ત્યાગ કરે છે; પણ તેઓ અન્યોન્યનો ત્યાગ તો અવશ્ય કરેજ છે, તો પછી કયો વિદ્વાન પુરુષ, ધનના નાશને લીધે સંતાપ પામે?[45] હે રાજા! આ જગતમાં બીજા ઘણા મનુષ્યોના ધનનો તથા મિત્રોનો નાશ થાય છે, તે વિષેનો તું તારી બુદ્ધિ સાથે વિચાર કર. જેમ સર્વકોઈનાપર કલ્પિત આપત્તિ આવી પડે છે, તેમ તારા પોતાના પર પણ કલ્પિત આપત્તિજ આવી પડી છે, તેનો ખ્યાલ કર. તું તારી ઇંદ્રિયોને વશમાં રાખ, મન ઉપર કાબૂ મેળવ અને વાણીને નિયમમાં રાખ, જેથી તને જગત્તત્ત્વનું સમ્યગ્ જ્ઞાન થશે અને પોતાનાપર આવી પડેલી આપત્તિનું કલ્પિતપણું સ્ફુટ સમજાશે. જગતમાંહેના સર્વ પદાર્થો કે જેઓ દુર્બલ છે અને શત્રુભૂત પણ છે, તેઓ સર્વે માત્ર દર્શનથીજ ઉત્પન્ન થયેલા છે-માત્ર કલ્પિત સ્વરૂપે દેખાયજ છે, વસ્તુતઃ ખરા નથી; છતાં તેઓના દર્શનને કોઇ અટકાવી શકતો નથી-અર્થાત્ તે તે પદાર્થોનું દર્શન સર્વથા અપ્રત્યાખ્યેય છે-અખંડનીય છે. તોપણ ભૂતકાળના તથા ભવિષ્યકાળના તે તે દૂરસ્થ પદાર્થો દૈવયોગે, જ્યારે દેશ અને કાળથી અંતર્હિત થાય છે, ત્યારે તેઓનું દર્શન અસંભવિત થઇ પડે છે, આવા પ્રકારના ઉત્તમજ્ઞાનમાંજ તૃપ્ત રહેનારો તારા જેવો પરાક્રમી પુરુષ, તે પદાર્થોને માટે શોક કરેજ નહિ.[46-48] તારા જેવો પુરુષ કે જે દેહનિર્વાહયોગ્ય અલ્પ સાધનનીજ અપેક્ષા રાખે છે, ચપળતાથી રહિત છે, કોમળ સ્વભાવનો છે, ઈંદ્રિયોને વશ રાખનારો છે, આત્મનિશ્ચયમાં દૃઢ રહેનારો છે અને બ્રહ્મચર્યને પાળનારો છે, તે એવા તુચ્છ પદાર્થોને માટે કદી શોક કરેજ નહિ.[49] કેવળ તારા ઉદરપોષણને માટેજ તારે અતિશય નીચતાભરેલી કાપાલિકી વૃત્તિ સ્વીકારવાની ઇચ્છા કરવીજ નહિ; કેમકે તે ક્રૂરવૃત્તિ પાપિષ્ઠ, દુષ્ટ અને નિંદ્ય પુરુષોને માટેજ યોગ્ય ગણાય છે,[50] માટે તું

વનનાં ફળમૂળોપરજ આજીવિકા ચલાવીને આ મહાવનમાં એકલો રહીને પણ રમણ કર અને તારા મનવચનને વશમાં રાખીને સર્વ પ્રાણીઓપર દયાળુ થા.[૫૧] જેમ ઇષના જેવી સૂંઢવાળો કોઈએક આરણ્યક હાથી વનમાં એકલો વિહાર કરે છે અને અરણ્યમાં જે કંઈ મળે છે તેવડે આનંદ માને છે, તેમ અરણ્યમાં એકલા રહીને વનનાં ફળફલોથી સંતુષ્ટ રહેવું અને તેમાંજ આનંદ માનવો, તે પંડિત પુરુષને શોભે તેવું છે.[૫૨] જેમ કોઇએક મોટો ધરો ડહોળાઈ જઇને પોતાની મેળેજ પાછો નિર્મળ બની જાય છે, તેમ જે કોઇ મહાત્મા પુરુષ પણ તેવા કોઈ સંયોગોને લીધે ક્ષુબ્ધ થઇ જઇને મેં કહેલી વૃત્તિનો જો આશ્રય કરે છે, તો સુખેથી જીવી શકે છે, એમ હું જોઇ શકું છું.[૫૩] હે રાજન્! તને લક્ષ્મી પ્રાપ્ત થવાનો જ્યારે સંભવ નથી, પ્રધાનો વગેરેથી તું હીન થઇ પડયો છે અને આ સમયે તારૂં દૈવ પણ જ્યારે પ્રતિકૂળ છે, ત્યારે તું શું શ્રેયસ્કર માને છે?”[૫૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં “મુનિ
કાલકવૃક્ષીયનો ઉપદેશ’ એ વિષયનો
અધ્યાય ૧૦૪ મો સમાપ્ત.

*अध्याय १०५ मो

બળવાન શત્રુને કપટથી પણ જીતવો.

॥ मुनिरुवाच ॥

अथ चेत् पौरुषं किंचित् क्षत्रियात्मनि पश्यसि॥
ब्रवीमि तां तु ते नीति राज्यस्य प्रतिपत्तये ॥१॥

મુનિ(કાલકવૃક્ષી)એ કહ્યું:–“હે ક્ષત્રિય! પણ જો તારા પોતાનામાં તને કંઇ પુરુષાર્થ દેખાતો હોય તો રાજ્ય પ્રાપ્ત કરવા માટે હું તને નીતિનો ઉપદેશ આપું[૧] કે જે પ્રમાણે વર્તીને તું જો કર્મ કરીશ તો તારા ધાર્યા પ્રમાણે ફળ મેળવી શકીશ; માટે સાંભળ, હું તને તે સર્વ રાજનીતિનો યથાર્થ ઉપદેશ આપું છું.[૨] તું તે પ્રમાણે જો કર્મ કરીશ તો મહાન અર્થોને સંપાદન કરીશ એટલુંજ નહિ પણ રાજ્ય, રાજ્યનો મંત્ર તથા મહાન રાજ્યલક્ષ્મીને પણ મેળવી શકીશ; માટે હે રાજા! બોલ, તને એ રુચે છે? જો રુચતું હોય તો હું તને કહું.”

રાજાએ કહ્યું:–“ હે પ્રભુ! રાજ્ય મેળવી શકું તેટલો મારામાં પુરુષાર્થ છે, માટે આપ તે નીતિનો મને ઉપદેશ આપો; જેથી આપની સાથે થયેલો મારો સમાગમ આજે સફળ થાય.”

મુનિએ કહ્યું:–“હે રાજા! તારે દંભ, કામ, ક્રોધ, હર્ષ અને ભયનો ત્યાગ કરીને, બે હાથ જોડી પ્રણામ કરીને શત્રુઓનું પણ સેવન કરવું; એટલુંજ નહિ પણ ઉત્તમ અને પવિત્ર એવાં કર્મોનું આચરણ કરીને તારે શત્રુઓને પ્રસન્ન કરવા.[૩-૬] વિદેહી રાજા જનક, સત્ય પ્રતિજ્ઞાવાળો છે. તે તને અમુક પગારબદલ દ્રવ્ય જરૂર આપશે, જેથી તું સર્વ પ્રજાવર્ગમાં વિશ્વાસપાત્ર બની રહીશ ને રાજા જનકના જમણા બાહુને ઠેકાણે થઈ પડીશ.[૭] વળી તું મેં શીખવેલા નીતિશાસ્ત્રપ્રમાણે વર્તીને મન તથા ઇંદ્રિયોને જો વશ કરીશ, તો ઉત્સાહી સહાયકોને મેળવી શકીશ, જે સહાયકો વ્યસનોવિનાના તથા પવિત્ર હશે.[૮] જે રાજા સ્વધર્મને અનુસરીને રાજ્યશાસન ચલાવે છે,તે રાજા પોતાના આત્માનો ઉદ્ધાર કરે છે તેમ પ્રજાઓને પણ પ્રસન્ન કરે છે. રાજા જનક શ્રીમાન અને ધૃતિમાન છે, તેથી તે જ્યારે તારો સત્કાર કરશે ત્યારે તું સર્વ પ્રજાઓમાં માન્ય થઇ પડીને મોટો આદર પામીશ. પછી તારે ઉત્તમ મંત્રીઓ સાથે વિચાર કરીને મિત્રોનું મહાન બળ સંપાદન કરવું ને શત્રુઓમાં અંદર અંદર ફાટફુટ કરાવીને, બીલાવડે જેમ બીલું ભાંગી નાખવામાં આવે તેમ, શત્રુઓનો નાશ કરાવવો અથવા શત્રુઓના શત્રુ સાથે સંધિ કરીને પણ

---

* પૂર્વના અધ્યાયમાં શત્રુથી પરાજય પામેલા દુર્બળ રાજાએ આરણ્યક ધર્મોનું (નિવૃત્તિમાર્ગનું) સેવન કરવું યોગ્ય છે, એમ કહ્યું. હવે આ અધ્યાયમાં શત્રુથી પરાજય પામેલા બળવાન રાજાએ કેવી રીતે વર્તવું, તે વિષેનો ઉપદેશ અપાશે. વળી આ અધ્યાયમાં વિદેહી રાજા જનકનું નામ ઘણા શ્લોકમાં દેખાય છે. તે પરથી જણાય છે કે, જનક રાજા, કોસલરાજા ક્ષેમદર્શીનો શત્રુ હતો

તેઓના સૈન્યનો તારે ઘાત કરાવવો.[૯-૧૧] સુંદર અને દુર્લભ એવા પદાર્થો, સ્ત્રીઓ, આચ્છાદનો, શય્યાઓ, આસનો, વાહનો, મહાકિંમતી ઘરો, પક્ષીઓ, જાતજાતનાં પશુઓ, રસો, સુગંધી પદાર્થો અને ફળો વગેરે ભોગ્યપદાર્થોમાં તારા શત્રુને તારે એટલો બધો આસક્ત કરી દેવો કે જેથી તે નાશ પામે.[૧૨,૧૩] વળી તે તે ભોગ્યપદાર્થોમાં શત્રુ જ્યારે અત્યંત આસક્ત બની જાય, ત્યારે એકાદી વખત તેને અટકાવવો પણ ખરો અને પછી સદાને માટે તેની ઉપેક્ષા કરવી; પરંતુ ઉત્તમ પ્રકારની નીતિને ઇચ્છનારા પુરુષે, શત્રુને કદી પ્રકટરીતે શત્રુતા જણાવવી નહિ.[૧૪] હે શ્રેષ્ઠ રાજા! રાજ્યના બુદ્ધિમાન પુરુષોમાં માન્ય થઇને તારે શત્રુની સમીપમાં કૂતરાની પેઠે નિત્ય જાગ્રત્ રહેવું, મૃગની પેઠે નિત્ય ભયચકિત રહેવું તથા કાગડાની પેઠે બીજાઓના અભિપ્રાયોથી જાણીતા રહીને મિત્રધર્મનો આશ્રય કરવો અને તે પ્રમાણે વર્તીને શત્રુનો ઘાટ ઘડનારા દાવ રમવા.[૧૫] વળી તેને સલાહ આપીને મોટાં અને દુઃસાધ્ય કાર્યોનો તું આરંભ કરાવજે અને તેના બળવાન શત્રુઓની જોડે મોટી નદીના જેવા દુસ્તર વિરોધો ઉભા કરાવજે.[૧૬] ।· મોટા મોટા બાગબગીચાઓ, મહાકિંમતી શયનો તથા ઉત્તમ પ્રતિનાં આસનો–વગેરે ભોગવૈભવ ભોગવવાનાં સાહિત્યોમાં સુખ ઉપજાવવાના બહાનાથી તારા શત્રુનો ખજાનો ખાલી કરાવજે.[૧૭] વળી બ્રાહ્મણોનાં વખાણ કરીને યજ્ઞ, દાન વગેરે ધાર્મિક કાર્યો કરવાનો તું ઉપદેશ આપજે, જેથી બ્રાહ્મણો તને કલ્યાણકારક આશીર્વાદો આપશે અને તારા શત્રુનું વરૂઓની પેઠે ભક્ષણ કરી જશે.[૧૮] જે મનુષ્ય પુણ્યશીલ છે તેને અવશ્ય પરમગતિ પ્રાપ્ત થાય છે અને સ્વર્ગમાં મહા પવિત્ર સ્થાન મળે છે.[૧૯] હે કોસલ દેશના રાજા ! ધર્મથી કે અધર્મથી કોશનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે રાજા શત્રુઓના સપાટામાં સપડાઈ જાય છે; માટે જેમ બને તેમ, શત્રુ રાજાના કોશનોજ પ્રથમ વિનાશ કરવો; કેમકે કોશ (ખજાનો) સ્વર્ગઆદિ ફળનું તથા વિજય આદિ અર્થનું મૂળકારણ છે. વળી તારા શત્રુરાજાના કોશનો ક્ષય થશે એટલે તેના શત્રુઓ પણ આનંદમાં આવી જશે અને તારે શત્રુની પાસે મનુષ્યલોકસંબંધી કર્મોનું કદી વર્ણન કરવું નહિ, પણ યજ્ઞાદિ દૈવી કર્મોનુંજ વર્ણન કરવું; કેમકે કેવળ દૈવી કર્મોમાંજ આસક્ત રહેનારો રાજા, તત્કાળ વિનાશ પામે છે. ઉપરાંત વળી જેમાં સર્વસ્વની દક્ષિણા અપાય છે તેવો વિશ્વજિત નામનો યજ્ઞ કરવાની શત્રુને તું સલાહ આપજે. પછી જ્યારે યજ્ઞાદિ કાર્યો કરવામાં તે ઘણોજ આસક્ત બની જાય, ત્યારે તે નિમિત્તે થતી પ્રજાઓની પીડા તેને જણાવજે અને તે પીડા દૂર કરવા માટે કોઈએક યોગધર્મવેત્તા પવિત્ર આચાર્યનું (શરણ લેવા માટે) તારા શત્રુ પાસે તું વર્ણન કરજે, જેથી તે તારો શત્રુ ત્યાગી બની જવાની પણ ઈચ્છા કરશે અને રાજ્ય વગેરેનો ત્યાગ કરીને નિર્વિઘ્ને અરણ્યમાં પણ ચાલ્યો જશે; અથવા તેમ કદાચ ન બને તો સર્વ શત્રુઓનો નાશ કરનારા ઔષધિઓના સિદ્ધ પ્રયોગોનો તથા કૃત્રિમ વિષપ્રયોગોનો ઉપયોગ કરીને શત્રુના હાથીઓનો, ઘોડાઓનો તથા મનુષ્યોનો ઘાત કરાવવો. હે રાજા ! આવા પ્રકારના બીજા અનેક દાંભિક ઉપાયો પણ છે, કે જેઓનો નીતિશાસ્ત્રમાં સારી રીતે વિચાર કરવામાં આવ્યો છે; પરંતુ તેઓનો પ્રયોગ જિતેન્દ્રિય અને સહનશીલ એવો કોઇ એકજ પુરુષ કરી શકે છે."[૨૦-૨૫]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં "કાલકવૃક્ષીય મુનિનો ઉપદેશ" એ વિષયનો
અધ્યાય ૧૦૫ મો સમાપ્ત.

।· દરેક રાજાએ આ બાબત ઉપર તથા આ અધ્યાયમાં પ્રથમ કહેવાયલી બાબતોપર લક્ષ્ય આપવું આવશ્યક છે. પોતાના મંત્રીઓની અથવા બીજા હરકોઈ મનુષ્યની સલાહ ઉપલકરીતે હિતકારક દેખાતી હોય પણ અંદરખાનેથી પોતાના ખજાના વગેરેનો અથવા સૈન્યબળનો જો નાશ કરનારી હોય તો તે વિષે પૂરતો વિચાર કરીનેજ કાર્ય કરવાનો આરંભ કરવો.

अध्याय १०६ मो

કપટ કરવા નહિ ઇચ્છતો ધાર્મિક રાજા, સાંત્વથી પણ શત્રુને જીતે છે.

॥ राजोवाच ॥

न निकृत्या न दंभेन ब्रह्मन्निच्छामि जीवितुम्॥
नाधर्मयुक्तानिच्छेयमर्थान् सुमहतोऽप्यहम्॥१॥

રાજા ક્ષેમદર્શીએ કહ્યું:–"હે બ્રાહ્મણ કાલકવૃક્ષીય! કપટ અથવા દંભ કરીને જીવવાની મને ઇચ્છાજ નથી. અધર્મભરેલી મહાન સંપત્તિ મને મળે તોપણ હું તેની ઇચ્છા કરૂં નહિ.[૧] હે ભગવન્! મારાપ્રત્યે કોઇને શંકા ન થાય અને મારૂં સંપૂર્ણ હિત થાય, આવા હેતુથી મેં પ્રથમથીજ કપટનો તથા દંભનો ત્યાગ કર્યો છે.[૨] હું, ક્રૂરતાભરેલા ધર્મનો આશ્રય કરીને આ લોકમાં જીવવા ઇચ્છતો નથી, મારાથી તેવું અધર્માચરણ કદી થઈ શકે તેમ નથી; માટે તમારે મને એવો ઉપદેશ આપવો યોગ્ય નથી."[૩]

મુનિએ કહ્યું:–"હે ક્ષત્રિય! તું જે પ્રમાણે બોલે છે, તે પ્રમાણેજ આચરણસંપન્ન પણ છે. ખરેખર, તું તારા સ્વભાવથીજ બુદ્ધિમાન અથવા બહુદર્શી છે,[૪] જેથી હું તારામાટે તથા રાજા જનકને માટે જરૂર યત્ન કરીશ અને તમારા બન્ને વચ્ચે કદી નાશ ન પામે તેવી શાશ્વતી સંધિ કરી આપીશ.[૫] તારા જેવા કુળવાન, સૌમ્ય, રાજ્યવિદ્વાન અને રાજનીતિકુશળ પુરુષને પામીને કયો પુરુષ અમાત્ય કરવા તૈયાર ન થાય–અર્થાત્ તારા જેવાને સર્વે પુરુષો પોતાનો અમાત્ય કરેજ.[૬] હે ક્ષત્રિય! જે તું તારા રાજ્યપદથી ભ્રષ્ટ થયો છે અને મોટા ભારે સંકટમાં આવી પડયો છે, છતાં ક્રૂરતારહિત–ધાર્મિક આચરણથી જીવવાની ઇચ્છા રાખે છે. (માટે તને ધન્ય છે.)[૭] હે તાત! સત્ય પ્રતિજ્ઞાવાળો રાજા જનક, મારા બોલાવવાથી મારે ઘેર આવશે અને હું તેને જે પ્રમાણે કરવાની આજ્ઞા કરીશ તે પ્રમાણેજ તે કરશે, એમાં સંશય નથી."[૮]

આમ કહીને મુનિ કાલકવૃક્ષીયે જનક રાજાને પોતાને ત્યાં બોલાવ્યો ને તેને આ પ્રમાણે કહ્યું:–"આ પુરુષ, રાજકુળમાં જન્મેલો છે. મેં તેનો આંતરિક અભિપ્રાય જાણી લીધો છે. તેનું મન શરદ્ઋતુના ચંદ્ર જેવું અથવા દર્પણ જેવું શુદ્ધ છે. સર્વ તરફથી પરીક્ષા કરતાં મને જણાયું છે કે, એનામાં લેશમાત્ર પાપ નથી;[૯,૧૦] માટે હું કહું છું કે, તું એની સાથે સંધિ કર અને મારાપર જેવો વિશ્વાસ રાખે છે તેવોજ એનાપર પણ તું વિશ્વાસ રાખ. તારે નિશ્ચય જાણવું કે, અમાત્યવિનાનો રાજા, માત્ર ત્રણ દિવસ પણ રાજ્ય કરી શકતો નથી.[૧૧] હે રાજન્! અમાત્ય શૂરવીર અને બુદ્ધિસંપન્ન હોવો જોઇએ; કેમકે શૌર્ય અને બુદ્ધિના બળથીજ આ લોક તથા પરલોક સાધી શકાય છે અને રાજ્ય પણ તેના આધારેજ ટકી રહે છે.[૧૨] વળી ધર્માત્મા રાજાઓને તેવા શૂરવીર અને બુદ્ધિમાન અમાત્યોવિના બીજો એક પણ આધાર નથી. આ રાજપુત્ર મહાત્મા છે, સત્પુરુષોને માર્ગે ચાલનારો છે અને ધર્મનેજ મુખ્ય માનનારો છે; માટે તું એનો સ્વીકાર કર અને તારા રાજ્યમાં લઇ જઇને તેને માન આપ. યાદ રાખજે કે, એમ કરવાથી તે, તારા મહાન શત્રુગણોને વશ કરશે.[૧૩,૧૪] જો કદાચ આ પુરુષ, પોતાના પૂર્વજોનું રાજ્યપદ મેળવવાની ઇચ્છાથી યુદ્ધમાં તને જીતવા માટે તૈયાર થાય, તોપણ તે અયોગ્ય નહિજ ગણાય; કેમકે તેમ કરવું, એ ક્ષત્રિયનું પરમ કર્તવ્ય છે[૧૫] અને તેવો પ્રસંગ જો ઉપસ્થિત થાય તો તું પણ વિજયેચ્છુ રાજાના વ્રતમાં સ્થિર રહીને તેની સામે યુદ્ધ કરવા માટે તૈયાર થજે; પણ મારી આજ્ઞાપ્રમાણે વર્તીને તું યુદ્ધ કર્યા વિનાજ પોતાનું હિત કરવા માટે આ પુરુષને વશ કરી લે.[૧૬] તું અયોગ્ય એવી લોભી વૃત્તિનો ત્યાગ કરીને સ્વધર્મ તરફ લક્ષ્ય આપ. કામ અને ક્રોધને અધીન થઇને તારે તારા ધર્મનો ત્યાગ કરવો યોગ્ય નથી.[૧૭] હે તાત! સદાને માટે કદી વિજય મળતો નથી તેમ સદાકાળ પરાજય પણ થતો નથી; માટે ખાનપાન વગેરે ભોગસાધનો પૂરાં પાડીને શત્રુઓની સાથે સંધિજ કરવી–[૧૮]અર્થાત

દંડની અપેક્ષાએ સામ ઉપાયજ વધારે શ્રેયસ્કર છે. હે તાત! જેમ કોઈ સમયે શત્રુનો જય અથવા પરાજય થાય છે, તેમ કોઈ સમયે પોતાનો પણ જય અથવા પરાજય થાય છે, એમ જાણવું જોઈએ. શત્રુઓનો સંહાર કરીને કેવળ વિજય મેળવવાનીજ ઇચ્છાવાળા રાજાઓને તેમ કરવાથી કોઇ વેળા ભય પણ પ્રાપ્ત થાય છે."[૧૯]

મુનિ કાલકવૃક્ષીયે જનક રાજાને એ પ્રમાણે કહ્યું, એટલે તેણે પૂજવાયોગ્ય એવા તે શ્રેષ્ઠ બ્રાહ્મણનું પૂજન તથા આદરસત્કાર કર્યો અને તેમનું માન જાળવીને આ પ્રમાણે કહ્યું:-"[૨૦] મહાબુદ્ધિમાન, મહાવિદ્વાન અને સર્વનું શ્રેય કરવાની ઇચ્છાવાળા તમે, અમારા બન્નેના સંબંધમાં જે કંઇ કહ્યું તે યોગ્યજ છે.[૨૧] તમે મને જે પ્રમાણે કરવાની આજ્ઞા આપી તે પ્રમાણેજ હું કરીશ, એમાં કંઇ વિચારવા જેવું છેજ નહિ; કેમકે એમ કરવાથી મારૂં પરમ કલ્યાણજ થશે." આમ કહીને જનક રાજાએ, કોસલદેશના ક્ષેમદર્શી રાજાને પોતાની સમીપમાં બોલાવીને કહ્યું કેઃ- "હે મહારાજા! ધર્મથી તથા નીતિથી મેં આ સમગ્ર લોકને જીત્યો છે, પણ તમે તમારા પોતાના ગુણોથી મને જીતી લીધો છે; માટે તમે તમારા આત્માને પરાજય નહિ પામેલો માનીને વિજય પામેલાની પેઠેજ વર્તજો.[૨૩,૨૪] હું તમારી બુદ્ધિની કે તમારા પુરુષાર્થની અવગણના કરતો નથી, તેમજ મેં તમારાપર વિજય મેળવ્યો છે, આમ માનીને હું તમારૂં અપમાન કરતો નથી; માટે તમે પોતાને વિજયી થયેલા માનીનેજ મારી સાથે વર્તજો.[૨૫] હે રાજન્! હું તમારો યથાયોગ્ય આદરસત્કાર કરીશ, માટે તમે મારે ઘેર ચાલો."

આ રીતે જનકરાજાએ કહ્યું, એટલે તેઓ બન્ને રાજાઓ અન્યોન્યનો વિશ્વાસ પામ્યા અને બ્રાહ્મણ કાલકવૃક્ષીયની પૂજા કરીને ઘર તરફ વિદાય થયા. રાજા જનકે, કોસલરાજા ક્ષેમદર્શીને પોતાના રાજમહેલમાં લઈજઈને પાદ્ય, અર્ઘ્ય, મધુપર્ક વગેરેથી તેનું પૂજન કર્યું; એટલુંજ નહિ પણ તે પૂજાપાત્ર રાજાને પોતાની પુત્રી પરણાવી તથા અનેક પ્રકારનાં રત્નોની ભેટ આપી. ખરેખર, રાજાઓએ તેમ કરવું તેજ ઉત્તમ ધર્મ છે, કેમકે જય અને પરાજય તો અનિત્ય છે.[૨૬-૨૮]

ઇતિ શ્રીમ૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં "કાલકવૃક્ષીય આખ્યાન" એ વિષયનો અધ્યાય ૧૦૬મો સમાપ્ત.

અધ્યાય ૧૦૭ મો

વીરપુરુષોના સમુદાયોનું વર્તન

॥ युधिष्ठिर उवाच ॥

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप ॥
धर्मवृत्तं वित्तं च वृत्त्युपायाः फलानि च॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે શત્રુતાપન ભીષ્મ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોના ધર્મો, તેઓનાં આચરણ, દ્રવ્ય મેળવવાના ઉપાયો, આજીવિકાનાં સાધનો, તેઓનાં ફળો, રાજાઓના ધર્મો, તેઓનું દ્રવ્ય, તેઓનો કોશ (ખજાનો), કોશસંગ્રહ કરવાનો વિધિ, વિજય મેળવવાનો ઉપાય, અમાત્યોના ગુણો, તેઓનાં વર્તન, પ્રજાઓની વૃદ્ધિ કરવાનો પ્રકાર, સંધિવિગ્રહાદિ છ ગુણોની યોજના, તેના ગુણો, સેનાનું વર્તન, દુષ્ટને ઓળખવાની રીતિ, સત્પુરુષોનાં લક્ષણો, ઉત્તમ, મધ્યમ અને અધમનાં લક્ષણો, અભ્યુદય પામનારા રાજાએ મધ્યમ વર્ગના લોકોને પ્રસન્ન રાખવા માટે કેવી રીતે વર્તવું તેનો પ્રકાર, જેઓની આજીવિકા ક્ષીણ થઈ ગઈ હોય તેવા મનુષ્યોનું કેવી રીતે ગ્રહણ કરવું તથા તેઓની આજીવિકા કેવી રીતે ચલાવવી તે સર્વના સંબંધમાં તમે મને સારી રીતે સમજી શકાય તેમ ધર્માનુસાર અને ઉપદેશાત્મક વાક્યોવડે કહ્યું;[૧-૫] તેમજ હે મહાબુદ્ધિમાન ભીષ્મ! વિજય મેળવવાની ઈચ્છાવાળા રાજાએ કેવી રીતે વર્તવું, તે વિષે પણ તમે મને કહ્યું; પણ હવે, શૂરવીર પુરુષોના સમુદાયોએ કેવી રીતે વર્તવું, તે વિષે સાંભળવાની મને ઈચ્છા છે.[૬] હે ભારત! શું કરવાથી વીરપુરુષોના સમુદાયની વૃદ્ધિ થાય? કયા ઉપાયની યોજના કરવાથી તેઓમાં અંદર અંદર ફાટફુટ ન થાય? શું કરવાથી તેઓ શત્રુઓને જીતવાની ઇચ્છા કરે?

અને તેઓ કેવી રીતે વર્તવાથી સુહૃદોને સંપાદન કરે? તે મને કહો.[૭] મને જણાય છે કે, વીરપુરુષોના વિનાશનું મૂળકારણ તેઓમાં થયેલી ફાટફુટજ હોય છે. વળી હું માનું છું કે, રાજદ્વારી વિચારોને અનેક પુરુષોના મધ્યમાં ગુપ્ત રાખવા, તે મહાકઠિન કામ છે;[૮] માટે હે શત્રુતાપન રાજા! કયા પ્રકારે વર્તવાથી પોતાના તાબાના વીરપુરુષોમાં ફાટફુટ ન થાય, તે સાંભળવાની મને સંપૂર્ણ ઇચ્છા છે."[૯]

ભીષ્મે કહ્યું:–"હે ભરતશ્રેષ્ઠ રાજા! લોભ અને અમર્ષ–એ બન્નેજ રાજાઓના વીરપુરુષોમાં તથા કુળોમાં વૈરાગ્નિને સળગાવનારા છે.[૧૦] રાજા જ્યારે લોભી બને છે,ત્યારે તેના વીરપુરુષો કોપી ઉઠે છે અને પછી તે લોભ અને ક્રોધના સંઘર્ષણને લીધે તેઓ બન્ને પક્ષમાં ક્ષીણતા તથા દ્રવ્યનાશનો સંબંધ થાય છે; અને આખરે તેઓ બન્ને પક્ષ માંહોમાંહે, વિનાશકર્તા થઈ પડે છે.[૧૧] વળી ગુપ્ત દૂતોની યોજના કરીને, માંહોમાંહે મસલત ચલાવીને, બલાત્કારે ગ્રહણ કરીને, સામનો ઉપયોગ કરીને, અન્યને લાંચ આપીને, ભેદ પડાવીને, ક્ષય કરીને, દ્રવ્યાદિકનો વ્યય કરીને તથા ભયદર્શક ઉપાયો યોજીને તેઓ એકબીજાને પોતાના પક્ષમાં ખેંચે છે.[૧૨] તેમાં રાજા, લોભવૃત્તિને અધીન થઇને વીરસમુદાયને કંઇ આપતો નથી, ત્યારે સંઘાતવૃત્તિવાળા તે વીરપુરુષોમાં અંદર અંદર ફાટફુટ થાય છે, તેઓનાં મન રાજા ઉપરથી ઉતરી જાય છે અને પછી તેઓ બધા ભયના માર્યા શત્રુઓને તાબે થઈ જાય છે.[૧૩] વળી જ્યારે વીરગણોમાં માંહોમાંહે ભેદ પડે છે, ત્યારે તેઓ નાશ પામે છે અને શત્રુઓથી એકદમ જીતાઈ જાય છે; માટે વીરગણોએ સદાય એકમત રહેવા માટે યત્ન કરવો,[૧૪] કેમકે નિરંતર એકમત રહેનારા વીરગણો, પોતાના બળ અને પુરુષાર્થના પ્રભાવથી સર્વ પ્રકારના અર્થો સંપાદન કરી શકે છે અને સંઘાતવૃત્તિનો આશ્રય કરનારા તેઓના સમુદાયની સાથે બીજા બહારના લોકો પણ મિત્રતા કરે છે.[૧૫] જ્ઞાનવૃદ્ધ પુરુષો કહે છે કે, અન્યોન્યની સેવા કરીને સદાય-એકસંપે રહેનારા વીરગણો સર્વોત્કૃષ્ટ સુખને પામે છે,[૧૬] તેમજ વીરગણોના આગેવાન પુરુષો, શાસ્ત્રોક્ત ધાર્મિક વ્યવહારોની સ્થાપના કરીને સર્વનાપર જો યોગ્ય પ્રકારે દેખરેખ રાખે છે, તો પોતાના ગણની સંપૂર્ણ વૃદ્ધિ કરી શકે છે.[૧૭] પોતાના પુત્રો હોય કે ભાઇઓ હોય, તોપણ તેઓને પોતપોતાના અપરાધબદલ યોગ્ય શિક્ષા કરનારા, નિરંતર ઉત્તમ કેળવણી આપનારા અને કેળવાયલાઓનો ઉત્તમપ્રતિનો સત્કાર કરનારા ગણનાયક પુરુષો, મહાન અભ્યુદયને પામે છે.[૧૮] હે મહાબાહુ રાજા! ગુપ્ત દૂતોની યોજના કરવામાં, રાજદ્વારી વિચારો ચલાવવામાં તથા કોશનો સંગ્રહ કરવામાં નિરંતર સાવધાન રહેનારા વીરગણો, સર્વ પ્રકારે વૃદ્ધિને પામે છે.[૧૯] હે રાજા! બુદ્ધિમાન, શૂરવીર, મહાન ઉત્સાહવાળા તથા કાર્યોની અંદર અડગ પુરુષાર્થ પ્રકટ કરનારા પુરુષોનું હમેશાં માન જાળવનારા કાર્યકુશલ વીરગણો, સદાય અભ્યુદય પામે છે.[૨૦] જે વીરગણો દ્રવ્યવાન, શૂરા, શસ્ત્રકુશલ અને શાસ્ત્રકુશલ હોય છે, તેઓ મહાકષ્ટકારક આપત્તિમાં આવી પડીને અત્યંત મૂઢ બની ગયેલા પુરુષોને પણ તારી શકે છે.[૨૧] હે ભરતશ્રેષ્ઠ રાજા! ક્રોધ, ભેદ (અંદર અંદર ફાટફુટ), ભય, દંડ, માંહોમાંહેની ખેંચતાણ, મારામારી અને એકબીજાનો વધ–આ સર્વ કારણો વીરસમુદાયને તત્કાલ શત્રુઓને અધીન કરનારાં છે;[૨૨] માટે હે રાજા! વીરસમુદાયના જે મુખ્ય મુખ્ય પુરુષો હોય તેઓનું તમારે ખાસ કરીને સન્માન કરવું; કેમકે લોકવ્યવહારના પુષ્કળ વિષયોનો તેઓનાપરજ આધાર રહેલો હોય છે.[૨૩] હે શત્રુહંતા ભારત! ગુપ્ત વિચારો ચલાવતી વેળા અને રાજ્યમાં ગુપ્ત દૂતોની યોજના કરતી વેળા વીરગણોના મુખ્ય પુરુષોનેજ પોતાની સમીપમાં રાખવા; કેમકે વીરસમુદાયના સમગ્ર પુરુષો રાજ્યના ગુપ્ત વિચારો સાંભળવાને યોગ્ય હોતા નથી.[૨૪] જે પુરુષો, વીરસમુદાયમાં આગળ પડતા હોય, તેઓએ એકત્ર મળીને અંદર અંદર વિચાર ચલાવવા અને પો-

તાના સમુદાયનું જે રીતે હિત થાય તે રીતે કાર્ય કરવું; કેમકે પ્રત્યેક ગણ, જ્યારે ભિન્નભિન્ન થઇ જાય છે અને જૂદાં જૂદાં સ્થળોમાં વિસ્તાર પામી જાય છે, ત્યારે તેથી ઉલટું તેઓનું અહિત થાય છે.[૨૫] વીરસમુદાયના પુરુષો, અન્યોન્યથી જૂદા પડી જઇને પોતપોતાની શક્તિનો જો ઉપયોગ કરવા માંડે છે, તો દ્રવ્યનો વિનાશ થાય છે અને બીજા ઘણા અનર્થો ઉત્પન્ન થાય છે.[૨૬] હરકોઈ કુળમાં જ્યારે કલહનાં બીજ ઉત્પન્ન થાય અને તેઓની કુલના વૃદ્ધ પુરુષો જ્યારે ઉપેક્ષા કરે, ત્યારે બીજા મુખ્ય ગણાતા બુદ્ધિમાન પુરુષોએ સત્વર તેઓનો નાશ કરવો.[૨૭] સમુદાયની અંદર કોઇએક કલહબીજ ઉત્પન્ન થઇને જો વૃદ્ધિ પામે છે, તો તે આખા સમુદાયનો નાશકર્તા થઇ પડે છે અને સમુદાયને છિન્નભિન્ન કરી નાખે છે; માટે તેવા આભ્યંતર ભયથીજ સમુદાયનું રક્ષણ કરવું. બાહ્યભયમાં તો કોઇ જાતનો સાર હોતો નથી.[૨૮] હે રાજન્! સમુદાયમાં ઉત્પન્ન થયેલો આભ્યંતર ભય, સત્વર તેનાં મૂળોનેજ કાપી નાખે છે. વળી જે વીર પુરુષો, પોતાની જાતિ તથા કુળ સમાન હોય છે છતાં અકસ્માત્ ઉદ્ભવેલા ક્રોધને લીધે, મોહને લીધે અથવા સ્વાભાવિક લોભને લીધે અન્યોન્ય સામે જ્યારે ભાષણ કરતા નથી, ત્યારે સમજવું કે, તેઓના પરાજયનાં લક્ષણો હવે પ્રકટ થયાં છે.[૨૯,૩૦] કોઇ પ્રકારનો ઉદ્યોગ કરીને, બુદ્ધિનો ઉપયોગ કરીને અથવા રૂપસંપન્ન દ્રવ્યનો યોગ કરીને શત્રુઓ, વીરસમુદાયોને ફોડી શકતા નથી; પણ અંદર અંદર વિરોધ ઉભો કરાવીને અથવા લાંચ રૂશ્વત આપીનેજ તેઓને ફોડી શકે છે, માટે નિરંતર એકસંપથી વર્તવું તેજ વીરસમુદાયોને મહાન શરણભૂત છે.[૩૧,૩૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં “વીરસમુદાયનું વર્તન” એ વિષયનો અધ્યાય ૧૦૭ મો સમાપ્ત.

* * *

अध्याय १०८ मो

માતા, પિતા અને ગુરુનું માહાત્મ્ય

॥ युधिष्ठिर उवाच ॥

महानयं धर्मपथो बहुशाखश्च भारत ॥
किं स्विदेवेह धर्माणामनुष्ठेयतमं मतम् ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે ભરતવંશી પિતામહ! ધર્મરૂપી માર્ગ ઘણો વિસ્તીર્ણ છે, અને તેની શાખાઓ પણ અનેક છે, માટે તે ભિન્ન ભિન્ન ધર્મશાખાઓમાં કોનું અવશ્ય સેવન કરવું?[૧] સર્વ પ્રકારના ધર્મોમાં તમે કયા ધર્મને અતિશય ગૌરવવાળો માનો છો, તે મને કહો, જેથી હું આ લોકમાં તથા પરલોકમાં ઉત્તમ ધર્મફળને સંપાદન કરૂં.”[૨]

ભીષ્મે કહ્યું:–“માતા, પિતા અને ગુરુઓની પૂજા કરવી તેજ સર્વના કરતાં શ્રેષ્ઠ છે, એમ હું માનું છું. જે પુરુષ, એ પૂજાધર્મમાં પરાયણ રહે છે, તેને સ્વર્ગાદિ દિવ્યલોકો મળે છે અને આ લોકમાં મહાન યશ મળે છે.[૩] હે તાત યુધિષ્ઠિર! અત્યંત માન્ય ગણાતાં માતા, પિતા અને ગુરુઓ, ધર્માધર્મથી વિરુદ્ધ એવું પણ જે કાર્ય કરવા માટે આજ્ઞા કરે, તે કાર્ય અવશ્ય કરવું જોઇએ.[૪] તેમણે જે ધર્મપ્રમાણે વર્તવાની આજ્ઞા કરી હોય તેથી વિરુદ્ધ બીજા ધર્મનું કદી આચરણ કરવું નહિ; કેમકે તેઓ જે કર્મ કરવાની આજ્ઞા કરે તેજ ધર્મ છે, એવો શાસ્ત્રીય નિશ્ચય છે.[૫] માતા, પિતા અને ગુરુ–એજ સ્વર્ગાદિ ત્રણ લોક છે, એજ બ્રહ્મચર્યાદિ ત્રણ આશ્રમો છે, એજ ઋગ્વેદ આદિ ત્રણ વેદો છે અને એજ ગાર્હપત્યાદિ ત્રણ અગ્નિઓ છે. પિતા એ ગાર્હપત્ય અગ્નિ છે, માતા એ દક્ષિણાગ્નિ છે અને ગુરુ એ આહવનીય અગ્નિ છે. ખરેખર માતા, પિતા અને ગુરુરૂપ ત્રણ અગ્નિઓ, યજ્ઞોપયોગી ત્રણ અગ્નિઓના કરતાં ઘણાજ શ્રેષ્ઠ છે;[૬,૭] માટે નિત્ય પ્રમાદરહિત થઇને તમે એ ત્રણેય વડીલોનું જો સેવન કરશો તો ત્રણે લોકોને જીતશો; પિતાની સેવા કરવાથી તમે આ લોકને જીતશો, માતાની સેવા કરવાથી તમે પરલોકને જીતશો અને ગુરુ-

ની નિયમપૂર્વક સેવા કરવાથી તમે બ્રહ્મલોકને મેળવી શકશો; માટે હે ભારત! ત્રણે લોકપર વિજય મેળવવાની જો ઈચ્છા હોય તો તમે એ ત્રણે વડીલો તરફ પૂજ્યભાવે વર્તન કરજો,[૮,૯] જેથી તમે યશ, કલ્યાણ, ધર્મ અને ઉભય લોકમાં મહાન ફળ પ્રાપ્ત કરશો. હરકોઈ ભોજનાદિક ક્રિયાઓમાં તમે તેઓનું કદી પણ અતિક્રમણ કરશો મા-તેઓના કરતાં તમારી પોતાની અધિકતા દર્શાવશો મા અને તેઓના મનને દુભાવશો મા.[૧૦] હે મહારાજા! નિત્ય તમારે તેમની પરિચર્યા કરવી, કેમકે એજ ઉત્તમ પુણ્યરૂપ છે. વળી તેમ કરવાથી તમને કીર્તિનો, પુણ્યનો, યશનો તથા દિવ્ય લોકોનો લાભ થશે.[૧૧] જે પુરુષ, એ ત્રણે વડીલોનો આદરસત્કાર કરે છે, તેનો સર્વ લોકો આદરસત્કાર કરે છે અને જે તેઓનું અપમાન કરે છે, તેનું સર્વે લોકો અપમાન કરે છે ને તેની સર્વ ક્રિયાઓ અફળ થાય છે.[૧૨] હે શત્રુતાપન રાજા! જે પુરુષ, એ ત્રણે વડીલોનું નિત્ય અપમાન કરે છે, તે આ લોકથી અને પરલોકથી ભ્રષ્ટ થાય છે;[૧૩] એટલુંજ નહિ પણ તે પુરુષનો યશ આ લોકમાં કે પરલોકમાં પ્રકાશતો નથી ને તેને બીજું પારલૌકિક કલ્યાણ પણ મળતું નથી.[૧૪] હે યુધિષ્ઠિર! હું પોતે જે કંઇ કર્મ કરૂં છું, તે સર્વ મારા એ પૂજ્ય વડીલોનેજ અર્પણ કરી દઉં છું, જેથી મારાં કર્મો સોગણાં અને હજારગણાં ફળોને આપે છે ને આ ત્રણે લોક મને સ્પષ્ટ રીતે દેખાય છે. એક આચાર્ય દશ શ્રોત્રિય બ્રાહ્મણોના કરતાં શ્રેષ્ઠ છે, એક ઉપાધ્યાય દશ આચાર્યોના કરતાં શ્રેષ્ઠ છે, એક પિતા દશ ઉપાધ્યાયોના કરતાં શ્રેષ્ઠ છે એક માતા દશ પિતાઓના કરતાં અધિક શ્રેષ્ઠ છે અથવા માતા તો આખી પૃથ્વીનાકરતાં પણ વધારે શ્રેષ્ઠ છે. ખરેખર, માતાસમાન ગૌરવવાળો એક પણ પદાર્થ આ જગતમાં નથી; તોપણ હું માનું છું કે, પિતાના કરતાં અને માતાના કરતાં ગુરુ અત્યંત શ્રેષ્ઠ છે;[૧૫-૧૮] કેમકે, હે ભારત! માતા અને પિતા તો કેવળ જન્મજ આપે છે અથવા શરીરનેજ ઉત્પન્ન કરે છે, પરંતુ વિદ્યાધ્યયન કરાવીને ગુરુએ આપેલો નૂતન જન્મ અથવા સાંસ્કારિક શરીર દિવ્ય છે અને અજરામર છે; માટેજ. માતા, પિતા અને ગુરુએ તેવો કોઇ અપરાધ કર્યો હોય તોપણ તેઓ વધને પાત્ર નથી.[૧૯,૨૦] જેમ રાજા વધ્ય પુરુષોનો વધ નહિ કરવાથી દોષપાત્ર ગણાય છે, તેમ પુત્ર અથવા શિષ્ય, વધપાત્ર એવા પણ પિતા, માતા અને ગુરુનો વધ નહિ કરીને દોષપાત્ર ગણાતો નથી. અરે, એટલુંજ નહિ પણ માતા, પિતા અને ગુરુ દુષ્ટ હોય તોપણ તેઓનું પાલન કરવારૂપ સ્વધર્મનું આચરણ કરનારા પુરુષો, દેવતાઓના તથા મહર્ષિઓના અનુગ્રહપાત્ર બને છે.[૨૧] જે ગુરુ, સત્યકર્મમાં એકનિષ્ઠ રહીને વેદનું અધ્યાપન કરાવે છે અને તે દ્વારા મોક્ષરૂપ દુર્લભ સ્થાનનું દાન કરે છે, તે ગુરુને કૃતજ્ઞ પુરુષે પોતાના માતાપિતાસમાન માનવા જોઈએ અને તેનો કદીપણ દ્રોહ કરવો ન જોઇએ.[૨૨] જે પુરુષો, ગુરુપાસેથી વિદ્યાધ્યયન કરી લીધા પછી નિત્ય તેની સમીપમાં રહીને મન, વચન અને કર્મથી તેની સેવા કરતા નથી, તેઓને બાળહત્યાનું પાતક લાગે છે, તેઓના જેવો આ લોકમાં બીજો એક પણ પાપી મનુષ્ય નથી. જે પ્રમાણે ગુરુઓએ, પોતાના શિષ્યોને જગતમાં સર્વોત્કૃષ્ટ બનાવ્યા હોય છે અથવા વિશ્વમાં સર્વમાન્ય બનાવ્યા હોય છે, તે પ્રમાણેજ તે શિષ્યોએ ગુરુઓનું પૂજન-અર્ચન કરવું જોઈએ;[૨૩] માટે સનાતન ધર્મ પ્રમાણે વર્તન કરવાની ઈચ્છાવાળા સર્વ કોઈ મનુષ્યે, ગુરુઓનું યત્નપૂર્વક પૂજન-અર્ચન કરવું ને પોતાની સંપત્તિમાંથી તેઓને યથાયોગ્ય સંવિભાગ આપવો.[૨૪] જે પુરુષ, પોતાના પિતાને પ્રસન્ન કરે છે, તે પુરુષે પ્રજાપતિને પ્રસન્ન કર્યાજ છે, જે પુરુષ પોતાની માતાને પસંદ કરે છે તેણે સાક્ષાત્ પૃથ્વી દેવીનેજ પ્રસન્ન કરી છે અને જેણે પોતાના ગુરુને પ્રસન્ન કર્યા છે તેણે સાક્ષાત્ પરબ્રહ્મનીજ પૂજા કરી છે. આવા હેતુથીજ માતા અને પિતાના કરતાં ગુરુ અધિક પૂજ્ય છે.[૨૫,૨૬] ગુરુનું પૂજન કરવાથી સર્વ ઋષિઓ, દેવો અને પિતૃઓ પ્રસન્ન થાય છે; માટેજ ગુરુ, સર્વના ક-

રતાં અધિક પૂજ્ય છે.[૨૭] કોઈ પણ પ્રકારના આચરણદ્વારા ગુરુનું કદી અપમાન કરવું નહિ; કેમકે જેવા ગુરુ માન્ય ગણાય છે તેવાં માતાપિતા પણ માન્ય ગણાતાં નથી;[૨૮] પરંતુ તેથી એમ સમજવાનું નથી કે, ગુરુનું અપમાન ન કરવું અને માતાપિતાનું અપમાન કરવું– કહેવાનું તાત્પર્ય એ છે કે, તેઓ ત્રણે અપમાનપાત્ર ગણાતાંજ નથી; એટલુંજ નહિ પણ તેઓએ કરેલાં કાર્યસુદ્ધાંને દોષપાત્ર ન ગણતાં સન્માન આપવું જોઈએ, કેમકે ગુરુઓના (માતા, પિતા અને ગુરુના) કરેલા સત્કારનેજ દેવો તથા મહર્ષિઓ પોતાનો સત્કાર કરેલો માને છે.[૨૯] જે પુરુષો મન, વચન અથવા કર્મથી માતા, પિતા અને ગુરુનો દ્રોહ કરે છે, તેઓને બાળહત્યા કર્યાનું પાતક લાગે છે અને તેઓના જેવો આ લોકમાં બીજો એક પણ પાપી પુરુષ નથી.[૩૦] માતાપિતાએ ઉછેરીને મોટો કરેલો જે ઔરસ પુત્ર, પોતાનાં માતાપિતાનું ભરણપોષણ કરતો નથી તે બાળહત્યાના પાપનો ભોકતા બને છે અને તેના જેવો આ લોકમાં બીજો એક પણ પાપી મનુષ્ય નથી.[૩૧] જે પુરુષ મિત્રદ્રોહી છે, જે પુરુષ કૃતઘ્ની છે, જે પુરુષ સ્ત્રીહત્યારો છે અને જે પુરુષ ગુરુઘાતી છે, એ ચારેને માટે શાસ્ત્રમાં કોઈ જાતનું પ્રાયશ્ચિત્ત હોય, એમ અમે સાંભળ્યુંજ નથી.[૩૨] પુરુષે આ લોકમાં જે કંઇ અવશ્ય કરવું જોઇએ તે સર્વ મેં તમને વિસ્તારથી કહી સંભળાવ્યું છે. બસ, એ પૂર્વોક્તજ આચરણ અત્યંત શ્રેયસ્કર છે, એના કરતાં બીજું કંઈ પણ શ્રેષ્ઠ નથી; કેમકે મેં તમને જે આ ઉપદેશ આપ્યો છે તે સર્વધર્મને અનુસરતો છે.[૩૩]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં “માતા, પિતા અને ગુરુનું માહાત્મ્ય” એ વિષયનો અધ્યાય ૧૦૮ મો સમાપ્ત.

* * *

*अध्याय १०९ मो

સત્યાસત્યવિભાગ

॥ युधिष्ठिर उवाच ॥

कथं धर्मेस्थातुमिच्छन्नरो वर्तेत भारत ॥
विद्वन् जिज्ञासमानाय प्रब्रूहि भरतर्षभ ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે ભારત ! ધર્મમાં સ્થિર રહેવાની ઇચ્છાવાળા પુરુષે કેવી રીતે વર્તવું, તે જાણવાની મને ઇચ્છા છે;માટે હે ભરતવંશના શ્રેષ્ઠ વિદ્વન્ ! તે મને કહો.[૧] હે રાજન્! સત્ય અને અસત્ય જગતના સર્વ લોકમાં વ્યાપ્ત થઇને રહેલાં છે, પણ ધાર્મિક વિષયમાં નિશ્ચય કરનારા પુરુષે તે બન્નેમાંથી કોનું આચરણ કરવું ? શું સત્યજ સનાતન ધર્મને પુષ્ટિ આપનારૂં છે કે શું અસત્યજ સનાતન ધર્મને પુષ્ટિ આપનારૂં છે ? કયે સમયે સત્ય ભાષણ કરવું ? અને કયે સમયે અસત્ય ભાષણ કરવું ?”[૨,૩]

ભીષ્મે કહ્યું:–“હે ભરતવંશના રાજા ! સત્ય ભાષણ કરવું તેજ ઉત્તમ છે,સત્યના કરતાં બીજું કંઇ પણ શ્રેષ્ઠ નથી; પરંતુ એ સત્યના સંબંધમાં જે વિપરીત જ્ઞાન ફેલાયલું છે તેને માટે હું તમને કહું છું.[૪] જે સમયે સત્યનું સ્વરૂપ અસત્યના રૂપમાં આવતું હોય, તે સમયે સત્યભાષણ કરવું નહિ પણ અસત્ય ભાષણ કરવું; અને જ્યાં અસત્યનું પરિણામ સત્યના જેવું આવતું હોય ત્યાં પણ અસત્ય ભાષણ કરવું.[૫] જે મૂર્ખ પુરુષ

---

* આ અધ્યાય સત્ય અને અસત્યના વિવેકને સમજાવનારો છે. સત્ય એ ધર્મ છે અને અસત્ય એ અધર્મ છે; તોપણ જે સત્ય હિંસા આદિ દોષનું જનક હોય અને જે અસત્ય અહિંસા આદિ ધાર્મિક ગુણોને ઉત્પન્ન કરનારૂં હોય, તે અનુક્રમે ધર્મસ્વરૂપ અને અધર્મસ્વરૂપ થઇ શકે છે; માટે સત્યભાષણરૂપ ધર્મનું આચરણ કરીને હિંસા જેવો અધર્મ થવા દેવો કે અસત્યભાષણરૂપ અધર્મનું આચરણ કરીને અહિંસા જેવો ધર્મ થવા દેવો ? આ સાહજિક સંશયને દૂર કરવા માટે યુધિષ્ઠિરે આ અધ્યાયના આરંભમાં ધર્મસંબંધી પ્રશ્ન કર્યો છે.

સત્યાસત્યના તત્ત્વને બરાબર સમજતો નથી, તે પુરુષ પાપજાળમાં બંધાઇ જાય છે; માટે જે વિષયમાં અસત્ય બોલવાથી પણ હિંસા અટકતી હોય અથવા અનેકનો ઉપકાર થતો હોય, ત્યાં સત્ય હોય છતાં અસત્ય બોલવું અને જ્યાં સત્ય બોલવાથી હિંસા થવાનો પ્રસંગ જણાતો હોય અથવા અનેકને નુકસાન થતું હોય ત્યાં સત્ય હોય તોપણ અસત્ય બોલવું. આવા સત્યાસત્યના નિર્ણયને અનુસરીને જે પુરુષ વર્તન કરે છે, તે ધર્મવેત્તા થઈ શકે છે.[૬] જે પુરુષ અનાર્ય હોય, બુદ્ધિકૌશલ્યથી રહિત હોય અને અતિ દારુણ કર્મ કરનારો હોય તોપણ કોઇ સમયે અતિ મહાન પુણ્ય સંપાદન કરે છે. જેમકે, બલાક નામના એક હિંસક પારધિએ, સર્વ પ્રાણીઓનો વધ કરવા તૈયાર થયેલા એક અંધ પક્ષીનો વધ કરીને પણ સ્વર્ગગતિ મેળવી હતી.[૭] વળી એ કેવું આશ્ચર્યકારક વૃત્તાંત છે કે, ધર્મ સંપાદન કરવાની ઇચ્છાવાળો હોય છતાં જો મૂઢ હોય તો ધર્મવેત્તા થઈ શકતો નથી;* તેમજ એ કેવું આશ્ચર્ય છે કે, ધર્મજ્ઞાનથી રહિત હોય છતાં જો બુદ્ધિમાન હોય તો હિંસાકર્મ કરીને પણ અતિ મહાન પુણ્ય પ્રાપ્ત કરી શકે છે. જેમકે, ગંગાના તીર ઉપર વસનારા એક ધુવડે સર્પનાં ઇંડાંઓનો સંહાર કરીને પણ મહાન પુણ્ય પ્રાપ્ત કર્યું હતું.×

હે રાજા! તમે ધર્મવિષયક જે પ્રશ્ન પૂછયો છે, તેમાં ધર્મનું પ્રવચન કરવું મહા કઠિન છે. ખરેખર, તમારા આ પ્રશ્નનો ઉત્તર આપવા માટે કોઇ પણ સમર્થ થઇ શકે તેમ નથી; એટલુંજ નહિ પણ તે વિષેનો કોઇનાથી નિશ્ચય પણ થઇ શકે તેમ નથી, છતાં હું તમને તેનો ઉત્તર આપુ છું.[૯] સર્વ પ્રાણીઓનો અભ્યુદય થાય, તે માટે ધર્મનું પ્રવચન કરવામાં આવ્યું છે અને ધર્મવેત્તાઓનો એવો નિશ્ચય છે કે, જેનાથી સર્વનો અભ્યુદય થાય તેનું નામ ધર્મ.[૧૦] વળી જેને લીધે સર્વનુ ધારણ-એટલે સંરક્ષણ થાય તેનું નામ ધર્મ-અર્થાત્ ધર્મથીજ પ્રજાઓનું રક્ષણ થાય છે, માટે જે ધારણાશક્તિથી યુક્ત હોય તેને વિદ્વાનો ધર્મ કહે છે, આવો નિશ્ચય છે.[૧૧] કોઈ પણ પ્રાણીને પીડા કરવામાં ન આવે એટલામાટે ધર્મનું પ્રવચન કરવામાં આવ્યું છે, માટે જે અહિંસાથી યુક્ત હોય તેનેજ ધર્મ કહી શકાય, આવો શાસ્ત્રીય નિશ્ચય છે.[૧૨] કેટલાએક કહે છે કે, વેદમાં જે કંઈ કહેવામાં આવ્યું છે, તે સર્વ ધર્મ છે; ત્યારે બીજા કેટલાએક કહે છે કે, વેદમાં જે કંઇ કહેવામાં આવ્યું છે, તે સર્વ ધર્મરૂપ હોઇ શકે નહિ. આ બન્ને પ્રકારના મતવાદીઓ તરફ અમારી કોઇ પ્રકારની ઈર્ષ્યા નથી તોપણ અમે કહીશું કે, વેદોક્ત સર્વ વિષયોનું ધર્મતરીકે વિધાન નથીજ.[૧૩]* જે પુરુષો બીજાઓ પાસેથી અન્યાયમાર્ગે ધન હરી લેવાની ઇચ્છા રાખતા હોય, તેઓને પોતાના જાણવામાં હોય છતાં બીજાઓનું ધન બતાવવું નહિ, એ ધર્મ છે.[૧૪] ચોર વગેરે દુષ્ટલોકો કોઈ ધનવાન મનુષ્યના ઘરને જાણવા માટે જ્યારે પ્રશ્ન પૂછે, ત્યારે કોઇ પ્રકારનો ઉત્તર નહિ આપતાંજ જો

---

* આ કથા કર્ણપર્વના ૬૯ મા અધ્યાયમાં ગયેલી છે, તે ત્યાંજ જોઇ લેવી.

× ગંગાના તીર ઉપર એક ધુવડ રહેતું હતું. એક સમયે તે પ્રદેશ ઉપર ઝેરી સર્પનાં હજારો ઈંડાં તેના જોવામાં આવ્યાં. પછી તેણે મનમાં વિચાર કર્યો કે, આ ઇંડાંઓમાંથી ઉત્પન્ન થયેલા હજારો સર્પો જગતનો નાશ કરી નાખશે, માટે તે સર્પોની ઉત્પત્તિ થયા પહેલાંજ હું આ ઇંડાંઓને ફોડી નાખું. આવો વિચાર કરીને તેણે પોતાની ચાંચવતી તે સઘળાં ઇંડાંઓને ફોડી નાખ્યાં અને તે કર્મથી મહાન પુણ્ય સંપાદન કર્યું.

* કેમકે, શ્યેનયાગ વગેરે કેટલાંએક વૈદિક કર્મો, શત્રુનાશ આદિ અનર્થજનક અને હિંસામૂલક હોવાથી તેઓને ધર્મતરીકે નજ માની શકાય. ધર્મજનક કર્મ તો એજ હોઇ શકે કે, **'फलतोऽपिचयत्कर्म नानर्थेनानुवध्यते। केवलं प्रीतिहेतुत्वात्तद्धर्मइति कथ्यते'**-અર્થાત જે કર્મનું ફળ અનર્થની સાથે લેશમાત્ર સંબંધવાળું ન હોય પરંતુ જગતનાં પ્રાણીઓને કેવળ પ્રીતિ ઉપજાવનારૂં હોય તે કર્મને ધર્મસ્વરૂપ કહી શકાય છે. આ ઉપરથીજ જણાય છે કે, વેદોક્ત સર્વ વિષયો કેવળ ધર્મરૂપજ હોતા નથી.

નીલકંઠ

છૂટકો થતો હોય તો તેવે પ્રસંગે અસત્ય બોલવાની જરૂર નથી, પણ કંઇ બોલવુંજ નહિ; પરંતુ તેમ કરવાથી તેઓને શંકા થાય અને ઉત્તર આપવાની જો આવશ્યકતા જણાય, તો તે વેળા સત્યનહિ બોલતાં અસત્યજ બોલવું; કેમકે એવે પ્રસંગે સત્ય બોલવા કરતાં અસત્ય બોલવું તેજ વધારે શ્રેયસ્કર છે, આવો શાસ્ત્રકારોએ નિર્ણય કર્યો છે. વળી કોઇ પ્રસંગે પાપી પુરુષોના પંજામાં સપડાઇ જવાયું હોય, તો જૂઠા જૂઠા સોગંદ ખાઇને પણ તેઓ પાસેથી છૂટી જવું; પણ તે વેળા બની શકે ત્યાંસુધી પોતાના છૂટકારાબદ્દલ તેઓને ધન તો આપવુંજ નહિ; કેમકે પાપી પુરુષોને આપેલું ધન તેના દાતાને નરકમાંજ ધકેલી દે છે.[૧૭] જ્યારે કોઇ બે પુરુષોએ એકત્ર મળીને આવો ઠરાવ કર્યો હોય કે, ‘આપણે બન્ને જણા ભાગીદાર થઇને અમુક કાર્યનો આરંભ કરીએ. તેમાં જે કંઇ દ્રવ્ય જોઇએ તે તારે આપવું અને જે કંઇ પ્રયત્ન કરવો પડે તે હું કરીશ; પણ તે કાર્યમાં જે કંઇ લાભ મળે તે આપણે બન્નેએ સરખે ભાગે વહેંચી લેવો.’ આવો ઠરાવ કર્યા પછી અમુક કાર્યનો આરંભ કરવા માટે તેમાંના એક પુરુષે કાઢેલા દ્રવ્યને ચોર લોકો ચોરી જાય, ત્યારે પેલો દ્રવ્ય આપનાર પુરુષ, બીજા પોતાના ભાગીદાર પુરુષ પાસેથી ધન લેવાની ઈચ્છાથી તેને પોતાનો દાસ બનાવવાની જો ઈચ્છા કરે તો તે વેળા સત્યાસત્યનો નિર્ણય કરવા માટે બોલાવવામાં આવેલા સાક્ષીઓ, પેલા લેણદાર પુરુષની તરફેણમાં થઈને જે કહેવાનું હોય છે તે કહેતા નથી અને માત્ર એટલુંજ કહે છે કે, “ પહેલા ભાગીદારે બીજા ભાગીદારને અમુક ધન આપ્યું હતું ” તો તે સાક્ષીઓ અસત્યભાષીજ કહેવાય છે; કેમકે તેઓએ, બન્ને ભાગીદારો વચ્ચે થયેલા ઠરાવને પણ સભાવચ્ચે કહેવો જોઈએ. જે સમયે પ્રાણ જવાનો પ્રસંગ આવી પડ્યો હોય અથવા વિવાહ તૂટી જવાનો પ્રસંગ આવી પડ્યો હોય, તે વેળા અસત્ય ભાષણકરવાથી દોષ લાગતો નથી. તે વેળા અસત્યજ બોલવું.[૧૮,૧૯] બીજાઓના દ્રવ્યનું રક્ષણ કરવા માટે અને સ્વધર્મનું પાલન કરવા માટે અસત્ય ભાષણ કરવું પડે, તેમાં દોષ નથી. વળી બીજાઓના કાર્યને સિદ્ધ કરવાની ઈચ્છાથી જો નીચ થવું પડે અથવા ધર્મને માટે જો ભિક્ષુક થવું પડે તો તે પણ ધર્મજ ગણાય છે.[૨૦] જે પુરુષે, અમુક વસ્તુ આપવા માટે પ્રતિજ્ઞા કરી હોય તેણે તે વસ્તુ આપવીજ જોઈએ; છતાં તે જો ન આપે તો રાજાએ તેની પાસેથી બળાત્કારે પણ તે વસ્તુ બીજાને અપાવવી; તેમજ જે કોઈ ધર્મસાધન કરવાની ઈચ્છાવાળા પુરુષે, અમુક કાર્યનો આરંભ કર્યા પછી તે સંબંધની ધાર્મિક પ્રતિજ્ઞા જો તોડી હોય તો તેને રાજાએ સખ્ત શિક્ષા કરવી જોઈએ; કેમકે આસુરી ધર્મનો આશ્રય કરનાર તે પ્રતિજ્ઞાભ્રષ્ટ પુરુષ, વિરુદ્ધમાર્ગનો આશ્રય કરીને ધર્મથી સદાય ભ્રષ્ટ થયેલો ગણાય છે.[૨૧,૨૨] જે શઠ પુરુષ સ્વધર્મનો ત્યાગ કરીને અધર્મમાર્ગે આજીવિકા કરવાની ઇચ્છા કરે, તેને પાપી અને કપટભરેલા જીવનવાળો જાણીને રાજાએ, દેહાંતદંડનીજ શિક્ષા કરવી ઘટે છે.[૨૩] સર્વ પાપી પુરુષોનો એવોજ નિશ્ચય હોય છે કે, ‘ધનજ સર્વનું શ્રેય કરનાર છે પણ ધર્મ સર્વનું શ્રેય કરનાર નથી.’ આવા નિશ્ચયવાળા તે પાપી પુરુષો ક્ષમા કરવાને યોગ્ય નથી, તેમ આજીવિકામાટે કંઇ આપવા યોગ્ય પણ નથી; કેમકે તેઓ કપટભરેલું વર્તન કરીને પતિત થયેલા હોય છે—અધોગતિને પામ્યા હોય છે, પ્રેતોની પેઠે દેવલોકથી તથા મનુષ્યલોકથી ભ્રષ્ટ થયેલા હોય છે અને યજ્ઞ, તપ વગેરે ધાર્મિક કર્મોથી હીન હોય છે. તમારે તેઓની સાથે લગારે સંબંધ રાખવો નહિ;[૨૪,૨૫] કેમકે તેવા પાપી પુરુષોમાંના કોઈ એકના ધનનો જ્યારે નાશ થાય છે, ત્યારે તે મહાન દુઃખમાં આવી પડે છે કે જેને લીધે આત્મહત્યા કરવાને પણ તૈયાર થઇ જાય છે. પાપીઓના મધ્યમાં તેવો એક પણ પુરુષ હોતો નથી કે જેને ઘણો યત્ન કરીને પણ “આ તારો સ્વધર્મ છે, માટે તું એને પસંદ કર” આવી વાણીથી યથાયોગ્ય ઉપદેશ આપી શકાય! કારણ કે તેઓનો એવોજ નિશ્ચય હોય છે કે, જગતમાં જે કંઈ કર્મ કર-

વામાં આવે છે, તે સર્વ ધર્મસ્વરૂપજ હોય છે. અધર્મ એ વસ્તુજ નથી.[૨૬] 'અમુક કર્મ ધાર્મિક ગણાય છે અને અમુક કર્મ અધાર્મિક ગણાય છે' આવો નિશ્ચય પાપી પુરુષોને હોતોજ નથી; માટે જે પુરુષ પાપી મનુષ્યનો વધ કરે છે, તેને દોષ લાગતોજ નથી.[૨૭] તેનો હેતુ એ છે કે, પાપી મનુષ્ય પોતાનાં પાપકર્મોને લીધે મૂએલોજ પડયો છે જેથી તેનો વધ કરનાર પુરુષ મૂએલાનેજ મારે છે; માટે તેવા બુદ્ધિહીન પાપી પુરુષોનો વધ કરવા માટે જે પુરુષ પ્રતિજ્ઞા લે છે તેને પુણ્યજ થાય છે, પાપ લાગતું નથી.[૨૮] શાસ્ત્ર કહે છે કે, છળકપટ કરીને જીવન ગાળનારા પાપી પુરુષો કાગડા અને ગીધના જેવા છે અને તેઓ આ લોકમાંથી મરણ પામ્યા પછી પણ કાગડા અને ગીધની યોનિઓમાંજ જન્મે છે.[૨૯] હે રાજા! જે મનુષ્ય પોતાની સાથે જે રીતે વર્તન રાખે, તે રીતેજ તેની સામે વર્તન રાખવું, એ ધર્મ ગણાય છે. જે પોતાની સાથે કપટથી વર્તતો હોય તેની સામે કપટ કરીનેજ તેને દુઃખી કરવો અને જે પોતાની સામે સદાચરણથી વર્તતો હોય તેની સામે સદાચરણથી વર્તીનેજ તેનો ઉપકાર કરવો."[૩૦]

ઇતિ શ્રીમ૦ શાંતિ૦ રાજ૦પર્વમાં "સત્યાસત્યવિભાગ" એ વિષયનો અ૦ ૧૦૯ મો સમાપ્ત.

अध्याय ११० मो

સંકટો તરી જવાના ઉપાયો

॥ युधिष्ठिर उवाच ॥

क्लिश्यमानेषु भूतेषु तैस्तैर्भावैस्ततस्ततः ॥
दुर्गाण्यतितरेद्येन तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પિતામહ! સર્વ પ્રાણીઓ તે તે ક્લેશજનક સ્થિતિઓમાં આવી પડીને જ્યારે દુઃખી થઈ જાય, ત્યારે તેઓ કયા ઉપાયે દુસ્તર દુઃખોને તરી જાય? તે મને કહો."[૧]

ભીષ્મે કહ્યું:-"જે દ્વિજાતિઓ (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય), ઇંદ્રિયોને વશમાં રાખીને પોતપોતાના વર્ણાશ્રમ ધર્મોમાં શાસ્ત્રોક્ત રીતે વર્તે છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે.[૨] જેઓ હરકોઇ ધાર્મિક કાર્ય દંભપૂર્વક કરતા નથી, જેઓની માનસિક વૃત્તિ સંયમી હોય છે અને જેઓ ઇંદ્રિયોને વશમાં રાખે છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે.[૩] જેઓ પોતાની નિંદા કરવામાં આવતી હોય છતાં સામાની નિંદા કરતા નથી, માર્યા છતાં સામે મારતા નથી, સુપાત્રોને દાન આપે છે અને કોઈની પાસે યાચના કરતા નથી, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે.[૪] જેઓ નિત્ય અતિથિઓને પોતાને ગૃહે નિવાસ આપે છે, કોઇની અસૂયા કરતા નથી અને નિત્ય સ્વાધ્યાય કર્મ કર્યા કરે છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે.[૫] જે ધર્મકુશલ પુરુષો, માતાપિતાની મનોવૃત્તિને અનુસરે છે અને દિવસે નિદ્રા કરતા નથી, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે.[૬] જેઓ મન, વચન અને કર્મથી પાપાચરણ કરતા નથી તેમજ કોઈ પણ પ્રાણીની હિંસા કરતા નથી તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે.[૭] જે રાજાઓ, લોભને તથા રજોગુણને અધીન થઇને કોઇનું દ્રવ્યહરણ કરતા નથી તથા ધર્મપૂર્વક રાષ્ટ્રનું રક્ષણ કરે છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે.[૮] જેઓ, નિત્ય અગ્નિહોત્રકર્મમાં પરાયણ રહીને પોતાની સ્ત્રી સાથેજ કેવળ ઋતુકાળે સમાગમ કરે છે અને ન્યાયવૃત્તિથી વર્તે છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે.[૯] જે રણશૂરા પુરુષો, મરણના ભયનો ત્યાગ કરીને યુદ્ધમાં ધર્મપૂર્વક વિજય મેળવવાની ઇચ્છા કરે છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે.[૧૦] જેઓ પ્રાણસંકટનો પ્રસંગ ઉપસ્થિત થયો હોય:તે વેળા પણ સત્ય ભાષણજ બોલે છે, તેઓ સર્વ લોકમાં માન્ય થઇ પડે છે અને દુસ્તર દુઃખોને તરી જાય છે.[૧૧] જેઓનાં કર્મો દંભને માટે હોતાં નથી, જેઓની વાણી નિરંતર સત્યપૂર્ણ હોય છે અને જેઓનું દ્રવ્ય ન્યાયમાર્ગે સંપાદિત હોય છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે.[૧૨] જે બ્રાહ્મણો, અનધ્યાયના દિવસે સ્વાધ્યાય કર્મ કરતા નથી અને જેઓ તપમાં નિષ્ઠા રાખીને ઉત્તમ પ્રતિનું તપ કર્યા કરે છે,

તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે. ૧૩ જેઓ વિદ્યાસ્નાત, વ્રતસ્નાત અને વેદસ્નાત બનીને કુમારાવસ્થાથીજ બ્રહ્મચર્યનું પાલન કરે છે તથા ઉત્તમ પ્રકારનું તપશ્ચરણ કરે છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે. ૧૪ જેઓનો રજોગુણ તથા તમોગુણ શાંત થઈગયો હોય છે અને જેઓનું મન કેવળ સત્ત્વગુણમાંજ સ્થિર થયેલું હોય છે, તે મહાત્મા પુરુષો, દુસ્તર દુઃખોને તરી જાય છે. ૧૫ જેઓનાથી કોઇને ભય થતો નથી, જેઓ કોઈનાથી ભય પામતા નથી અને જેઓને સર્વલોક આત્મવત્ દેખાય છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે. ૧૬ જે મહાપુરુષો, બીજાઓની લક્ષ્મીને દેખીને સંતાપ પામતા નથી અને ગ્રામ્ય વિષયોથી નિવૃત્ત થયેલા હોય છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે. ૧૭ જેઓ શ્રદ્ધાસંપન્ન થઇને સર્વ દેવોને નમન કરે છે, સર્વ ધર્મોનું શ્રવણ કરે છે તથા શાંત હોય છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે. ૧૮ જેઓ અભિમાનીપણાનો અભિલાષ રાખતા નથી, બીજા માન્ય પુરુષોને માન આપે છે તથા પોતાને માન આપનારાઓને નમન કરે છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે. ૧૯ જેઓ સંતાનોત્પત્તિને માટે પ્રત્યેક તિથિએ શુદ્ધ અંતઃકરણપૂર્વક પિતૃઓનાં શ્રાદ્ધ કરે છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે. ૨૦ જેઓ ક્રોધને વશમાં રાખે છે, ક્રોધાયમાન થયેલા મનુષ્યોને શાંત કરે છે અને કોઇ પણ પ્રાણી ઉપર કોપ કરતા નથી, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે. ૨૧ જેઓ જન્મથી આરંભીને મદ્યમાંસ વગેરેનો ત્યાગ કરી દે છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે. ૨૨ જેઓનું ભોજન કેવળ શરીરધારણાર્થેજ હોય છે, જેઓનું મૈથુન કેવળ પ્રજોત્પત્તિને માટેજ હોય છે અને જેઓનું ભાષણ કેવળ સત્યને માટેજ હોય છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે. ૨૩ જે ભક્ત પુરુષો, સર્વ પ્રાણીઓના ઈશ્વર અને જગતના ઉત્પાદક તથા સંહારક દેવ નારાયણનું ભજન કરે છે, તેઓ દુસ્તર દુઃખોને તરી જાય છે. ૨૪ આ શ્રીકૃષ્ણ જે લાલ કમળસમાન નેત્રોવાળા છે, પીળાં પીતાંબરને ધારણ કરનારા છે, મોટી ભુજાઓવાળા છે, તમારા સુહૃદ્, મિત્ર અને સંબંધી છે તથા અવિનાશી છે, તેમણે આ સર્વલોકોને ચર્મની પેઠે વેષ્ટન કર્યું છે–સર્વ લોકમાં તે વ્યાપ્ત થઈને રહેલા છે. વળી જે પ્રભુ, પોતાની ઇચ્છાથીજ અર્જુનનું પ્રિય તથા હિત કરવામાં તત્પર રહે છે, તે આ અચિંત્યસ્વરૂપ શ્રી ગોવિંદ સાક્ષાત્ પુરુષોત્તમ છે. હે મહાપુરુષ યુધિષ્ઠિર રાજા ! આ વૈકુંઠાધિપતિ શ્રીકૃષ્ણ ભગવાનનું તમે કદીપણ ધર્ષણ કરી શકો તેમ નથી–તેમનાથી તમે કદી પણ અધિક થઈ શકો તેમ નથી, ૨૫–૨૭ જે ભક્ત પુરુષો, સર્વનો સંહાર કરનારા આ નારાયણ દેવનો આશ્રય કરે છે, તેઓ મહાદુસ્તર દુઃખોને તરી જાય છે, એમાં કંઇ સંદેહજ નથી; ૨૮ અને જે પુરુષો 'દુર્ગાતિતરણ' નામના આ અધ્યાયનું પઠન કરે છે અથવા અન્ય દ્વિજાતિઓને શ્રવણ કરાવે છે તેઓ મહાદુસ્તર દુઃખોને તરી જાય છે. ૨૯ હે નિર્દોષ રાજા ! એ પ્રમાણે મનુષ્યો જે ઉપાયથી આ લોકમાં તથા પરલોકમાં દુસ્તર દુઃખોને તરી જાય છે તે સર્વ કર્તવ્ય ઉપાય મેં તમને કહી દર્શાવ્યો છે. ૩૦

ઇતિ શ્રીમહા૦શાંતિ૦રાજ૦પર્વમાં "દુર્ગાતિતરણ" એ નામનો અધ્યાય ૧૧૦ મો સમાપ્ત.

अध्याय १११ मो

વ્યાઘ્ર અને શિયાળની કથા

॥ युधिष्ठिर उवाच ॥

असौम्याः सौम्यरूपेण सौम्याश्चासौम्यदर्शनाः।
ईदृशान् पुरुषाँस्तात कथं विद्यामहे वयम् ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે તાત ભીષ્મ! કેટલાએક પુરુષો ઉપરથી સૌમ્ય દેખાતા હોય છે, પણ વસ્તુતઃ સૌમ્ય હોતા નથી અને કેટલાએક જો વસ્તુતઃ સૌમ્ય હોય છે તો ઉપર ઉપરથી ક્રૂર દેખાતા હોય છે; માટે તેવા પુરુષોને કેવી રીતે ઓળખવા, તે મને કહો."૧

ભીષ્મે કહ્યું:–"હે યુધિષ્ઠિર ! આ વિષયમાં એક પુરાતની ઈતિહાસ કહેવામાં આવે છે, કે

જેમાં એક વ્યાઘ્રનો તથા શિયાળનો સંવાદ વર્ણવેલો છે, તે હું તમને કહું છું, સાંભળો. ૨ પૂર્વે પુરિકા નામની શોભાયમાન નગરીમાં પૌરિક નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજા ક્રૂર સ્વભાવનો હતો, બીજાઓની હિંસા કરવામાં તત્પર રહેતો હતો અને અધમ પુરુષ હતો. તેનું આયુષ્ય જ્યારે ક્ષીણ થયું, ત્યારે તે મરણ પામ્યો અને પૂર્વજન્મનાં દુષ્ટ કર્મોના દોષને લીધે અનીપ્સિત ગતિને પામ્યો, શિયાળના જન્મને પામ્યો.૩,૪ એ જન્મમાં તેને પોતાના પૂર્વજન્મના ઐશ્વર્યનું સ્મરણ થયું, તેથી તેને પરમ વૈરાગ્ય થયો અને બીજાઓએ આણી આપેલા માંસનું પણ તે ભક્ષણ કરતો ન હતો. ૫ તે શિયાળ કોઈ પણ પ્રાણીની હિંસા કરતો નહિ, સત્ય વાણી બોલતો, દૃઢતાપૂર્વક વ્રતપરાયણ રહેતો અને આપોઆપ પૃથ્વીપર પડી ગયેલાં ફળોનોજ સમય પ્રમાણે આહાર કરતો. ૬ વળી તેણે પોતાની જન્મભૂમિને અનુસરીને શ્મશાનમાંજ રહેવાને પસંદ કર્યું હતું, પણ બીજે સ્થળે રહેવાને પસંદ કર્યું ન હતું. ૭ આ રીતના તેના શૌચાચારને બીજા તેના સજાતીય શિયાળો સહન કરી શક્યા નહિ, જેથી તેઓ એકઠા મળીને તેની બુદ્ધિને ચલાયમાન કરવા લાગ્યા અને વિનયયુક્ત વચન કહેવા લાગ્યા. ૮ "તું આ ભયંકર શ્મશાનમાં રહીને શૌચાચરણથી વર્તવા ઇચ્છે છે, પણ તું જ્યારે માંસાહારી પ્રાણી છે તો તારી એ બુદ્ધિ વિપરીત છે, ૯ માટે તું અમારી સમાન આચરણ કર, અમે તને ભોજન લાવી આપીએ તેનું તું ભક્ષણ કર અને આ શૌચાચારનો ત્યાગ કરી દે. ઈશ્વરે તારેમાટે જે ભોજનનું નિર્માણ કર્યું છે તેજ સદાને માટે ભલે રહે." ૧૦

એ પ્રમાણે તે શિયાળોનું કહેવું સાંભળ્યા પછી તે પવિત્ર શિયાળે, મધુર, વિસ્તારવાળાં, સૌમ્ય અને હેતુગર્ભિત વાક્યો કહીને તેઓને સમાધાનપૂર્વક ઉત્તર આપ્યો. ૧૧

"(ખરૂં છે, હું તમારી પેઠે માંસાહારી પ્રાણી તરીકેજ જન્મ્યો છું,) પરંતુ જન્મને હું પ્રમાણ માનતો નથી; કારણ કે મુખ્યત્વે કરીને પ્રત્યેક કુળનો આધાર તેના સદ્વર્તન ઉપરજ રહેલો હોય છે—ઉત્તમ ચારિત્ર્યથીજ પુરુષ કુળવાન થઇ શકે છે; માટે હું તેવું કર્મ કરવાનીજ ઇચ્છા રાખું છું, કે જેને લીધે મારો યશ પૃથ્વીપર વિસ્તાર પામે ૧૨ તમે કહો છો તે પ્રમાણે મારો વાસ શ્મશાનમાંજ છે, પણ તેમાં મારો શો અભિપ્રાય રહેલો છે તે તમે સાંભળો. હરકોઇ ધાર્મિક કર્મો પ્રાણીના પોતાના સ્વભાવને લીધેજ ઉત્પન્ન થાય છે. ધર્મક્રિયામાં પ્રાણીનો સ્વભાવજ કારણભૂત છે, પણ કોઇ જાતનો આશ્રમ ધર્મક્રિયાઓનું કારણ નથી. ૧૩ ધારો કે, કોઇ પુરુષ પવિત્ર આશ્રમમાં (સંન્યાસાશ્રમમાં) રહીને પણ બ્રાહ્મણનો વધ કરે અને બીજો કોઇ પુરુષ તેવા આશ્રમમાં રહ્યાવિનાજ ગાયનું દાન કરે તો શું, તેઓ બન્ને પુરુષોને પાપ અને પુણ્યનું ફળ નહિ મળે? આશ્રમવાસીએ કરેલી બ્રહ્મહત્યા અને આશ્રમમાં નહિ રહેલાએ કરેલું ગોદાન શું વૃથા થશે કે? ૧૪ તમે બધા કેવળ સ્વાર્થના લોભને આધીન થઇને માંસભક્ષણજેવાં દુષ્ટ કર્મમાં મગ્ન રહો છો, પણ મોહને લીધે તમે જાણતા નથી કે, તે કર્મના પરિણામે ત્રણ પ્રકારના દોષો ઉત્પન્ન થાય છે;૧૫ માટેજ હું અસંતોષના કારણભૂત ધર્મહત્યાથી દૂષિત થયેલી અને આ લોકમાં તથા પરલોકમાં અનિષ્ટ ગણાતી નીચ વૃત્તિને પસંદ કરતો નથી."૧૬ આ પ્રમાણે તે શિયાળે કહ્યું, એટલે એક પ્રખ્યાતપરાક્રમી વ્યાઘ્રે, તેને પવિત્ર અને પંડિત માનીને પોતાના જેવુંજ સન્માન આપ્યું અને પોતાનું અમાત્ય પદ સ્વીકારવા માટે આ પ્રમાણે કહ્યું.૧૭

વ્યાઘ્ર બોલ્યોઃ—"હે સૌમ્ય શિયાળ! મેં તારા સ્વભાવને જાણી લીધો છે, માટે તું મારી સાથે રહીને રાજ્યનાં તમામ કાર્યો કર, તને ઇષ્ટ લાગે તેવા પુષ્કળ ભોગો ભોગવ અને અનિષ્ટ ભોગોનો ત્યાગ કર.૧૮ અમે તને પ્રથમથીજ સૂચના આપીએ છીએ કે, અમે તીક્ષ્ણતરીકે જગતમાં પ્રસિદ્ધ થયા છીએ, માટે તું અમને કોમળતાપૂર્વક હિતશિક્ષા આપીને શ્રેયઃસાધન સંપાદન કર."૧૯ મહાત્મા મૃગેન્દ્ર(વાઘ)નાં તે

વાક્યને નમ્ર મસ્તકે માન આપીને શિયાળે, વિનયપૂર્વક કહ્યું કે:–[૨૦] "હે મૃગરાજ! તમે મારા સંબંધમાં જે કંઈ કહ્યું છે, તે યોગ્ય છે અને તમે ધર્માર્થકુશલ તથા પવિત્ર સહાયકોની શોધ કરો છો તે પણ પ્રશંસાપાત્ર છે.[૨૧] હે વીર વ્યાઘ્ર! જે રાજા અમાત્યથી રહિત હોય છે, તે મહત્તાપૂર્ણ એવા રાજ્યતંત્રનું કદી પાલન કરી શકતો નથી. તેમજ રાજ્યરૂપ શરીરના શત્રુભૂત એવા દુષ્ટ અમાત્યને સાથે રાખીને પણ રાજા, રાજ્યતંત્રને ચલાવી શકતો નથી;[૨૨] માટે હે મહાભાગ્યશાળી વ્યાઘ્ર રાજા! જેઓ તમારાપર પ્રેમ રાખનારા હોય, નીતિશાસ્ત્રને જાણનારા હોય, પરસ્પર મળીને વર્તનારા હોય, અન્યોન્ય વિરોધ ન કરનારા હોય, શત્રુઓને જીતવાની ઇચ્છાવાળા હોય, લોભીવૃત્તિથી રહિત હોય, છળકપટથી રહિત હોય, બુદ્ધિમાન હોય, તમારૂં હિત કરવામાં યુક્ત રહેતા હોય અને શૂરવીર હોય તેવા સહાયકોને (અમાત્યોને) પોતાના આચાર્ય અથવા પિતૃઓની પેઠે તમે સન્માન આપજો.[૨૩,૨૪] હે મૃગપતિ! મને તો સંતોષને લીધે બીજું કંઇ પણ રુચતું નથી અને સુખોની, ભોગોની કે તેના આશ્રયભૂત ઐશ્વર્યની પણ ઇચ્છા નથી.[૨૫] વળી બીજી વાત એ છે કે, તમારા જૂના નોકરોની સાથે મારો સ્વભાવ મળશે નહિ, જેથી તે દુષ્ટ સ્વભાવના નોકરો મારાં નિમિત્તે તમારા અંતઃકરણમાં ભેદભાવ ઉત્પન્ન કરશે.[૨૬] તેમજ હું બીજા મહા તેજસ્વી રાજકારભારીઓના આશ્રયતળે રહું, એ પણ વખાણવાયોગ્ય નથી; કેમકે હું કૃતકૃત્ય છું, મહાઉત્તમ ભાગ્યવાળો છું, પાપીઓના તરફ પણ દયાદૃષ્ટિ રાખનારો છું, દીર્ઘદર્શી છું, અતિશય ઉત્સાહી છું, મોટો દાતા છું, મહાબળવાન છું, સર્વ વાતે કૃતાર્થ છું, હરકોઇ કાર્યને સફળ કરનારો છું અને ભોગ્યપદાર્થોથી અલંકૃત છું.[૨૭,૨૮] વળી હું સ્વલ્પ મેળવીને સંતોષ માનતો નથી, મેં સેવાવૃત્તિ કરી નથી અને તેથી હું સેવા કરવામાં અજાણ્યો છું. હું તો મારી ઇચ્છામાં આવે તેમ આ વનમાં ફરનારો છું.[૨૯] જે પુરુષો રાજાનો આશ્રય કરીને તેની સમીપમાં રહે છે, તેઓનાપર નિંદાજન્ય અનેક દોષો આવી પડે છે; પણ વનમાં નિવાસ કરીને વ્રતાચરણ કરનારા પુરુષોને તો કોઇ પ્રકારનો ભય હોતો નથી; કેમકે તેઓની વૃત્તિ નિઃસંગ હોય છે.[૩૦] હરકોઈ રાજસેવકને જ્યારે રાજા પોતાની પાસે બોલાવે છે, ત્યારે તેના (તે સેવકના) હૃદયમાં જે ભયપેસારો થઈ જાય છે, તે ફળમૂળનું ભક્ષણ કરીને સંતોષ માનનારા વનવાસીઓના હૃદયમાં કદી પણ થતો નથી.[૩૧] વિનાપ્રયાસે મળી આવે તેવું માત્ર પાણી અને જેની પાછળ મહાન ભયનો સંબંધ હોય તેવું સ્વાદિષ્ટ મિષ્ટાન્ન–આ બન્ને વસ્તુઓની સરખામણીનો વિચાર કરતાં મારો નિશ્ચય થાય છે કે, જેમાં સ્વર્ગ જેટલું સુખ મળે છે, તેવું વિનાપ્રયાસે મળેલું પાણીજ વધારે સુખદાયી છે.[૩૨] વળી રાજકીય કારસ્થાનોમાં મિથ્યા દોષારોપ મૂકીને અપરાધી ઠરાવવામાં આવેલા રાજસેવકોનો જેટલા પ્રમાણમાં રાજાઓ વધ કરે છે, તેટલા પ્રમાણમાં ખરા અપરાધીઓનો વધ કરવામાં આવતો નથી–અર્થાત્ રાજાને હાથે નિરપરાધી સેવકોનાં જેટલાં મરણ થાય છે, તેટલાં અપરાધી સેવકોનાં (મરણ) થતાં નથી;[૩૩] તોપણ હે મૃગેન્દ્ર! તમે માનતા હો કે, મારે તને અમાત્યપદ આપવુંજ છે, તો મારાપ્રત્યે તમારે જે રીતે વર્તવું જોઇએ તે વિષેનો હું ઠરાવ કરવા ઈચ્છું છું.[૩૪] જેઓને હું મારા પોતાના ગણીને રાજ્યસેવામાં દાખલ કરૂં, તેઓને તમારે માન આપવું. મારાં હિતકારક વચનો સાંભળવાં, તમે મારેમાટે જે વૃત્તિનું નિર્માણ કરો તેને તમારે કાયમને માટે નભાવવી. હું તમારા બીજા કોઇ પણ મંત્રીઓની સાથમાં રહીને રાજકીય વિચારો ઘડીશ નહિ; કારણ કે રાજનીતિમાં કુશળ એવા બીજા મંત્રીઓ, પોતાની મોટાઈ ઈચ્છીને મારી આગળ વ્યર્થ બડાઇઓ મારશે. હું એકલોજ, મારા બીજા એક વિશ્વાસુ માણસની સાથે મળીને સર્વ વિચારો ચલાવીશ અને જેમાં તમારૂં હિત હશે તે વિચા-

રને એકાંતમાં તમને જણાવીશ. તમારે તમારા જ્ઞાતિઓના કાર્યવિષે હિત અહિતના સંબંધમાં મને કંઈ પણ પૂછવું નહિ. મારી સાથે વિચાર કર્યા પછી તુરતજ તમારે મંત્રીઓને મારવા નહિ અને મારા વિશ્વાસુ માણસોપર કોપાયમાન થઈને તમારે તેઓને દંડવા નહિ."[૩૫-૩૮]

શિયાળની એ પૂર્વોક્ત શરતોને વ્યાઘ્રે, "બહુ સારૂં, તેમ કરીશું" એમ કહીને કબૂલ કરી અને પછી તે શિયાળે અતિશય આદરપૂર્વક વ્યાઘ્રનું અમાત્યપદ સ્વીકાર્યું.[૩૯] શિયાળની કાર્યકુશલતા એટલી બધી હતી જેથી વ્યાઘ્ર તરફથી તેને ઘણુંજ માન મળવા લાગ્યું. તે જોઇને વ્યાઘ્રના પૂર્વસેવકો પરસ્પર ઐક્ય કરીને વારંવાર તેનો દ્વેષ કરવા લાગ્યા.[૪૦] તે બુદ્ધિદુષ્ટ રાજસેવકો, ઉપર ઉપરથી મિત્રબુદ્ધિ દેખાડીને શિયાળને શાંત કરવા લાગ્યા અને તેને પ્રસન્ન કરીને પોતાના જેવો દોષયુક્ત કરવા ઇચ્છવા લાગ્યા.[૪૧] બીજાઓના દ્રવ્યનું હરણ કરી લેવાનીજ જેઓને ટેવ પડી ગઈ હતી એવા તે જૂના સેવકો, શિયાળના રાજવહિવટ પહેલાં પોતાને ફાવે તેમ વર્ત્યા હતા; પણ જ્યારથી શિયાળના હાથમાં રાજવહિવટ આવ્યો, ત્યારથી તેઓ એટલા બધા નિયંત્રિત થઇ ગયા હતા, જેથી કોઇનું કંઈ પણ હરી શકતા ન હતા.[૪૨] તે રાજસેવકો, શિયાળની બુદ્ધને વિપરીત કરી નાખવાની ઇચ્છાથી અનેક પ્રકારની કથાઓ કહીને તથા ધનની મોટી રકમો આપી આપીને તેને લોભાવવા લાગ્યા; પણ તે મહા બુદ્ધિમાન શિયાળ, કોઈ રીતે ધૈર્યથી ભ્રષ્ટ થયો નહિ તેમ તેની બુદ્ધિ પણ લોભાઇ નહિ. પછી તો તે શિયાળનો ઘાટ ઘડવા માટેજ તેઓએ ઠરાવ કર્યો[૪૩,૪૪] અને તે માટે એવું એક કપટ કર્યું કે, જે માંસ વ્યાઘ્રને અતિપ્રિય હતું અને ખાસ તેને માટેજ તૈયાર કરીને તેના રહેવાના સ્થાનપર રાખી મૂક્યું હતું તેને ત્યાંથી ઉઠાવી લઇને તેઓએ, જ્યાં પેલો શિયાળ રહેતો હતો ત્યાં લાવી મૂક્યું.[૪૫] એ માંસ કયા કારણથી વ્યાઘ્રના ઘરમાંથી ચોરાયું હતું, કયો ચોર તેને પોતાના ઘરમાં મૂકી ગયો હતો અને તે કાર્ય કરવામાટે કોણે કોણે વિચાર કર્યો હતો, એ સર્વ વાત શિયાળના જાણવામાં હતી; પણ અમુક કોઇ કારણને લીધે, તેણે એ બધું સહન કર્યું હતું.[૪૬] વળી તેણે પ્રથમ અમાત્યપદ સ્વીકારતી વખતેજ વ્યાઘ્રની સાથે કરાર કર્યો હતો કેઃ-"હે રાજા! તમારે મારી સાથે મિત્રતા રાખવાની જો ઇચ્છા હોય તો તમારે મારા પક્ષનો કદી પણ ઘાત કરવો નહિ."[૪૭]

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિર! પછી વ્યાઘ્રને જ્યારે ક્ષુધા લાગી, ત્યારે તે ભોજન કરવા માટે ઉઠયો પણ પોતાના ભોજનને માટે જે માંસ પ્રથમથી તૈયાર કરીને લાવી મૂકવાનું હતું તે તેના જોવામાં આવ્યું નહિ.[૪૮] એટલે તુરતજ મૃગરાજાએ (વ્યાઘ્રે) મંત્રીઓને આજ્ઞા કરી કે "માંસના ચોરની તપાસ કરો." તે આજ્ઞા સાંભળતાંજ પેલા કપટી મંત્રીઓએ મૃગેન્દ્રને તે માંસના સંબંધમાં આ પ્રમાણે જાહેર કર્યું:-"હે મહારાજા! પોતાને બુદ્ધિમાન માનનારા તમારા વિદ્વાન મંત્રી શિયાળેજ તે માંસ લીધું છે." શિયાળની એ ચપળતા સાંભળીને રાજા વ્યાઘ્ર ક્રોધાયમાન થઇ ગયો અને અત્યંત અમર્ષમાં આવી જઇને શિયાળનો વધ કરવાનોજ તેણે વિચાર કર્યો. એ સમયનો લાગ જોઇને પેલા જૂના મંત્રીઓ બોલી ઉઠયા કે:-"અરે! તે શિયાળ તો અમારા બધાની આજીવિકાને પણ તોડી નાખવા માટે તૈયાર થયો છે" આમ કહીને વળી પણ તેઓ નિશ્ચય કરીને શિયાળનાં બીજાં કર્મોનું પણ વર્ણન કરવા લાગ્યા. "હે મહારાજા! તે શિયાળે માંસ જેવા તુચ્છ પદાર્થની પણ જ્યારે ચોરી કરી છે, ત્યારે તેણે બીજું કયું કર્મ નહિ કર્યું હોય? આવું કર્મ કરનાર મંત્રી તો સર્વ કંઈ કરે, આપ નામદારે તેને પ્રથમ જેવો સાંભળ્યો હતો તેવો તે નથી. વાણીમાત્રમાંજ તે ધર્મિષ્ઠ જણાય છે, પણ સ્વભાવે તો મહાદારુણ છે. એ પાપી શિયાળ, ધર્મનો કેવળ ઢોંગજ કરે છે અને મિથ્યા આચારનો ડોળ ઘાલી બેઠો છે. પોતાનું કાર્ય સિદ્ધ કરવા માટે અને સારાં સારાં ભોજનો મેળવવા માટે તેણે વ્રતો કરવાની ખટપટ આરં-

ભી છે. અમારા આ વચન ઉપર આપ મહારાજાને જો અવિશ્વાસ હોય તો અમે આ પ્રત્યક્ષ બતાવીએ છીએ."[૪૯-૫૫] આમ કહીને તેઓએ સત્વર શિયાળને ત્યાં મૂકાવેલું માંસ મંગાવીને વ્યાઘ્રને બતાવ્યું. તે વખતે પોતાની નજર આગળ આણેલા તે માંસને જોઇને તથા તે જૂના સેવકોનાં વચન સાંભળીને વ્યાઘ્રને એવીજ ખાત્રી થઇ કે, માંસની ચોરી કરનાર તે શિયાળજ છે; અને પછી તો તેણે આજ્ઞાજ આપી દીધી કે, "એ શિયાળનો વધ કરો." વ્યાઘ્રની એ આજ્ઞા સાંભળીને તેની માતા, હિતકારક વાક્યોથી તેને બોધ આપવા માટે ત્યાં આવી પહોંચી અને તેણે કહ્યું કે:-"હે પુત્ર! છળકપટથી ભરેલાં વચનો સાંભળીને તારે આવું સાહસકર્મ કરવું નહિ. જે પુરુષ પવિત્ર હોય છે તે પણ અન્યોન્યની સ્પર્ધાને લીધે ઉત્પન્ન થયેલા અપવિત્ર દોષોના આરોપથી કોઈ સમયે દોષપાત્ર જણાય છે અને એ વાત સ્પષ્ટ છે કે, રાજ્યનો હરકોઈ સેવક, બીજા સેવકને ઉચ્ચસ્થાને આરૂઢ થયેલો જોઇને સહન કરી શકતો નથી. વળી દેખીતુંજ છે કે, અન્યકોઇએ કરેલું ઉત્તમ કર્મ તેના પ્રતિસ્પર્ધી બીજા પુરુષના હૃદયમાં વૈરની જાગૃતિ કરેજ છે અને તેને લીધે કાર્ય કરવામાં તત્પર રહેનાર પવિત્ર પુરુષ ઉપર પણ દોષારોપ મૂકવામાં આવે છે. વનમાં નિવાસ કરનારો કોઇએક મુનિ, પોતાનાં ધાર્મિક કાર્યો કરવામાંજ આસક્ત હોય છે છતાં તેની આગળ મિત્રપક્ષ, ઉદાસીનપક્ષ અને શત્રુપક્ષ-એવા ત્રણ પક્ષો ઉત્પન્ન થાય છે. તેમજ સ્વાભાવિક એવો નિયમ હોય છે કે, લોભીઓ પુરુષો પવિત્ર પુરુષોનો દ્વેષ કરે છે, કાયર પુરુષો બળવાનોનો દ્વેષ કરે છે, મૂર્ખાઓ પંડિતોનો દ્વેષ કરે છે, દરિદ્રો ધનવાનોનો દ્વેષ કરે છે, અધાર્મિકો ધર્મિષ્ઠોનો દ્વેષ કરે છે અને કદ્રૂપાઓ અતિશય રૂપવાળાઓનો દ્વેષ કરે છે.[૫૬-૬૨] તે સિવાય મૂર્ખ, લોભી અને કપટથી આજીવિકા ચલાવનારા ઘણા પંડિતો પણ બૃહસ્પતિસમાન બુદ્ધિવાળા કોઇ નિર્દોષ પુરુષનાપર દોષ મૂકેજ છે.[૬૩] ધારો કે, કદાચ તારા શૂન્યગૃહમાંથી તેણે માંસની ચોરી કરી હશે, તોપણ તારે પૂરતો વિચાર કરવો જોઇએ કે, જ્યારે આપણે તેને ઘણોજ આગ્રહ કરીને માંસ આપીએ છીએ, ત્યારે તે શામાટે નહિ લેતો હોય?[૬૪] આ જગતમાં ઘણા પુરુષો અસભ્ય હોય છે, છતાં ઉપરથી સભ્યના જેવા દેખાય છે અને ઘણા પુરુષો ઉપરથી અસભ્યના જેવા દેખાય છે છતાં વસ્તુતઃ સભ્ય હોય છે; માટે તેવા વિવિધ ભાવોના સંબંધમાં પરીક્ષા કરીનેજ કામ કરવું તે યોગ્ય છે.[૬૫] આકાશ, ઉંધા મુખવાળા કટાહના ગર્ભ જેવું (તળવાના કડાયાના અંદરના ભાગના જેવું) પ્રત્યક્ષ દેખાય છે અને આગીઓ કીડો અગ્નિના જેવો પ્રત્યક્ષ દેખાય છે, પણ આકાશમાં કટાહના ગર્ભ જેવું કંઇ હોતું નથી, તેમ આગીઆ કીડામાં અગ્નિ હોતો નથી.[૬૬] કહેવાનું તાત્પર્ય એ છે કે, જે બાબતને પ્રત્યક્ષ જોઈ હોય તેમાં પણ સૂક્ષ્મ રીતે પરીક્ષા કરવી યોગ્ય છે; કેમકે પરીક્ષા કરીને વસ્તુતત્ત્વને જણાવનારા પુરુષને પશ્ચાત્તાપ કરવાનો સમય આવતો નથી.[૬૭] હે પુત્ર! કોઇએક સમર્થ રાજા, બીજા સામાન્ય પુરુષનો ઘાત કરે, એ કાર્ય કંઈ દુષ્કર નથી; પણ તેવા સામર્થ્યસંપન્ન રાજાઓ, જો ક્ષમા કરનારા હોય તો જગતમાં વખણાય છે અને યશસ્વી બને છે.[૬૮] હે પુત્ર! તેં પોતેજ આ શિયાળને ઉચ્ચપદવીએ સ્થાપિત કર્યો છે, વળી તે તારો હિતૈષીમિત્ર છે અને સર્વ સામંતોમાં પ્રખ્યાત પણ થયો છે; માટે તે સત્પાત્ર મંત્રીને પુનઃ દુર્લભ માનીને તું જીવતો રાખ.[૬૯] જે રાજા, અન્યના દોષારોપોને લીધે પવિત્ર અમાત્યોને પણ દૂષિત માને છે અને બીજા અપવિત્ર અમાત્યોને પવિત્ર માને છે, તે તુરતજ વિનાશ પામે છે."[૭૦] આ રીતે વ્યાઘ્રની માતા વ્યાઘ્રને ઉપદેશ આપતી હતી, તેટલામાં શિયાળના શત્રુસમુદાયમાંથી પણ કોઇએક ધર્માત્મા પુરુષ, વ્યાઘ્રની પાસે આવ્યો અને તેણે, શિયાળ ઉપર જે તરકટ ઉભું કરવામાં આવ્યું હતું તે જાહેર કરી દીધું.[૭૧] તે સાંભળીને, શિયાળનું ઉત્તમ ચરિત્ર વ્યાઘ્રના જાણવામાં આવ્યું અને તે ઉપરથી તેને સત્કારપૂર્વક

છૂટો કરવામાં આવ્યો; એટલુંજ નહિ પણ મૃગરાજાએ તેને સ્નેહપૂર્વક વારંવાર આલિંગન આપ્યું.[૭૨] પછી નીતિશાસ્ત્રને જાણનારા તે શિયાળે, પોતાનાપર ઉભું કરવામાં આવેલ તરકટથી અમર્ષવડે તપી જઇને અનશનવ્રત સ્વીકારવાની ઈચ્છા કરી અને તે માટે વ્યાઘ્રની અનુજ્ઞા માગી.[૭૩] તે વખતે શિયાળપરના સ્નેહને લીધે જેનાં નેત્રો પ્રફુલ્લિત થઇ ગયાં હતાં એવા તે વ્યાઘ્રે, ધર્મમાંજ એકનિષ્ઠા રાખનારા એ શિયાળનું પૂજાસત્કારવડે અતિશય સન્માન કર્યું અને અનશનવ્રત લેતાં તેને અટકાવવા માંડયો.[૭૪] એટલે તે શિયાળે, સ્નેહથી વિહ્વળ થયેલા પોતાના રાજા સામે જોઇને તેને પ્રણામ કર્યા ને પછી અશ્રુવડે ગદ્ગદ્ થયેલી વાણીથી આ પ્રમાણે કહેવા માંડયું:-"ઓ રાજા! તમે પ્રથમ મને અત્યંત માન આપ્યું અને પાછળથી મારૂં અપમાન કરીને શત્રુના સ્થાનમાં મને લાવી મૂકયો; માટે હવે, હું તમારી પાસે રહેવાને યોગ્ય નથી.[૭૫,૭૬] રાજાના જે સેવકો અસંતોષ પામ્યા હોય, સ્થાનથી ભ્રષ્ટ થયા હોય, માનથી રહિત કરાયા હોય, પોતેજ પોતાની મેળે લૂંટાયા હોય, શત્રુઓથી ઠગાયા હોય, ક્ષીણ થયા હોય, લોભી હોય, ક્રોધી હોય, ભયભીત હોય, છેતરાયા હોય, દ્રવ્યરહિત થઈ પડયા હોય, અભિમાની હોય, પારકું દ્રવ્ય લેવાનો ત્યાગ કરી બેઠા હોય, મહત્ત્વનો અભિલાષ રાખનારા હોય, સંતપ્ત:કરાયલા હોય, રાજા ઉપર કયારે આપત્તિ આવે તે માટે રાહ જોઈ રહ્યા હોય, ગુપ્ત રીતે છિદ્રોને જોનારા હોય અને જેઓ છેતરપીંડી કરનારા હોય, તે સર્વ સેવકો રાજા ઉપરની પ્રીતિથી શૂન્ય હોય છે અને નિર્ધન હોય છે.[૭૭-૭૯] જેનું અપમાન કરવામાં આવ્યું છે અને જેને ઉચ્ચસ્થાનથી ભ્રષ્ટ કરવામાં આવ્યો છે, એવા મારા ઉપર હવે તમે વિશ્વાસ કેવી રીતે રાખી શકશો? અને હું પણ તેવી સ્થિતિમાં તમારી પાસે શી રીતે રહી શકીશ?[૮૦] તમે મને પ્રથમ સમર્થ જાણીને તથા પરીક્ષા કરીને ઉચ્ચપદવીપર ચઢાવી દીધો અને પાછળથી મેં કરેલા ઠરાવનો ભંગ કરીને મારૂં તમે અપમાન કર્યું છે.[૮૧] પોતાની પ્રતિજ્ઞાનું રક્ષણ કરવા ઇચ્છનાર હરકોઇ પુરુષે, સભામાં પ્રથમ જે શીલવાન (સદાચારી) તરીકે પ્રસિદ્ધ થયો હોય તે પુરુષને પાછળથી દુરાચારીતરીકે જાહેર નહિ કરવો જોઈએ.[૮૨] તમે આ રીતે મારૂં અપમાન કર્યું છે, તેથી હવે તમને મારાપર વિશ્વાસ રહેશે નહિ. તેમ મને પણ તમારાપરનો વિશ્વાસ નહિ હોવાથી હમેશાં ઉદ્વેગ રહ્યા કરશે.[૮૩] વળી તમે નિત્ય શંકાશીલ રહ્યા કરો, હું સદાય ભયભીત રહ્યા કરૂં અને બીજાઓનું છિદ્ર જોનારા આપણા શત્રુભૂત મનુષ્યો નિરંતર સંતુષ્ટ રહે. આમ અનેક પ્રકારનાં છળથી ભરેલું આ રાજ્યરૂપ કર્મ, હવે મને દુઃખદ જણાય છે.[૮૪] તેમજ સામાન્ય એવો નિયમ છે કે, જેનો એક વખત ભંગ થયો હોય તેનું પુનઃ સંધાન કરવું અતિશય કઠિન થઈ પડે છે અને જેનો કદી ભંગ ન થયો હોય તેને મહાદુઃખથી અથવા અતિશય પ્રયાસથી ભેદી શકાય છે-જૂદું પાડી શકાય છે; પણ જે પ્રીતિ પ્રથમ અત્યંત ગાઢ રીતે બંધાયલી હોય અને તેનો અકસ્માત્ જ્યારે ભેદ થાય છે, ત્યારે તેમાં સ્નેહ રહેતો નથી-અર્થાત્ તે સાંધી સંધાતી નથી.[૮૫] કોઇ પણ સેવક, કેવળ પોતાના સ્વામીનુંજ હિત કરવામાં આસક્ત હોતો નથી; પણ પોતાનું અને સ્વામીનું બન્નેનું હિત કરનારા સેવકોજ આજકાલ જોવામાં આવે છે-અર્થાત્ સ્વામી ઉપરનો સેવકનો સ્નેહ કેવળ સ્વામીનુંજ કાર્ય કરવામાટે હોતો નથી, માત્ર પોતાનુંજ કાર્ય સિદ્ધ કરવાની અપેક્ષાએ આજકાલના સેવકો, સેવા કરી રહ્યા છે; પણ સ્વાભાવિક સ્નેહથી સેવા કરનારા નિરપેક્ષ સેવકો, અત્યંત દુર્લભ હોય છે.[૮૬] રાજાઓનું ચિત્ત સદાને માટે ચલાચલ અથવા અસ્થિર હોય છે, તેથી પોતાના હિતૈષી પુરુષોને ઓળખવાનું જ્ઞાન તેઓને દુર્લભ થઈ પડે છે. જે રાજા સમર્થ હોય છતાં પણ નિઃશંક હોય તેવો તો સેંકડોમાંથી એકાદજ મળી શકે છે.[૮૭] જોયાવિચાર્યાવિના અકસ્માત્ મનુષ્યોને ઉચ્ચ દરજ્જે ચઢાવી દેવા, અકસ્માત્ ઉચ્ચ સ્થાનેથી ઉતારી પાડવા, અકસ્માત્ કોઇનું શુભ કરવું,

અકસ્માત્ કોઈનું અશુભ કરવું અને એકદમ કોઈને મોટાઈ આપી દેવી, તે બુદ્ધિની લઘુતા છે.[૮૮] એ પ્રમાણે ધર્મ, અર્થ અને કામના હેતુઓવાળુ સાંત્વયુક્ત વચન કહીને તે બુદ્ધિમાન શિયાળે પોતાના રાજાને (વ્યાઘ્રને) પ્રસન્ન કર્યો ને પછી પોતે વનમાં ચાલ્યો ગયો.[૮૯] વ્યાઘ્ર રાજાએ તેને પોતાની પાસે રાખવા માટે ઘણો ઘણો વિનવ્યો હતો, પણ તેની એ વિનવણીને નહિ સ્વીકારીને તે બુદ્ધિમાન શિયાળે અનશન વ્રતનોજ સ્વીકાર કર્યો, જેથી દેહનો ત્યાગ કરીને તે સ્વર્ગમાં ગયો.[૯૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦માં "વ્યાઘ્ર અને શિયાળનો સંવાદ" એ વિષે અ૦૧૧૧ મો સમાપ્ત

* * *

अध्याय ११२ मो

આલસ્યનું પરિણામ-એક ઉંટની કથા+

॥ युधिष्ठिर उवाच ॥

किं पार्थिवेन कर्तव्यं किं च कृत्वा सुखी भवेत् ॥
एतदाचक्ष्व तत्त्वेन सर्वधर्मभृतां वर ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે સર્વ ધાર્મિકોમાં શ્રેષ્ઠ પિતામહ! રાજાએ શું કરવું યોગ્ય છે? અને શું કરીને તે સુખી થાય, તે મને યથાર્થ રીતે કહો."[૧]

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! રાજાએ, આ લોકમાં શું કરવું યોગ્ય છે અને કયું કાર્ય કરીને તે સુખી થાય, તે વિષે હું તમને મુખ્ય નિશ્ચય કહું છું, તેને આનંદથી સાંભળો.[૨] હે યુધિષ્ઠિર! એક ઉંટનું મહાન વૃત્તાંત જે રીતે અમારા સાંભળવામાં આવ્યું છે, તે રીતે રાજાએ વર્તવું નહિ. હું તમને તે ઉંટનું વૃત્તાંત કહુંછું, સાંભળો.[૩]

પૂર્વે પ્રજાપતિના યુગમાં, જેને પોતાના પૂર્વજન્મનું સ્મરણ હતું એવું એક મોટું ઉંટ, તીક્ષ્ણ વ્રત ધારણ કરીને અરણ્યમાં મહાન તપશ્ચર્યા કરતું હતું.[૪] તેની તપશ્ચર્યા જ્યારે પૂર્ણ થઈ, ત્યારે પિતામહ બ્રહ્મદેવ તેનાપર પ્રસન્ન થયા ને તેમણે પોતાનો ઇષ્ટ વર માગવામાટે તેને આજ્ઞા કરી.[૫] પછી ઉંટે વરદાન માગ્યું કે, "હે ભગવન્! આપની કૃપાથી મારી ડોક એટલી બધી લાંબી થઇ જાઓ, કે જેથી હું એકજ સ્થળે બેસીને સો યોજનથી પણ વધારે દૂરના પ્રદેશ ઉપરથી ચારો ચરી શકું."[૬] ઉંટની એ પ્રાર્થના પ્રમાણે, વર આપનારા મહાત્મા બ્રહ્મદેવે 'તથાસ્તુ' એમ કહીને તેને વર આપ્યો, પછી ઉંટ પણ તે ઉત્તમ વરદાન મેળવીને પોતાના વન તરફ ચાલ્યું ગયું; પરંતુ કાલાંતરે તે ઉંટ, વરદાનના સાધનથી અત્યંત આળસુ બની ગયું અને કાળથી મોહિત થઇને તે દુરાત્માએ ચરવા જવાનું માંડી વાળ્યું. હવે, એક દિવસે તે ઉંટ પોતાની સો યોજનની ડોકને વનમાં પ્રસારીને નીરાંતે ચારો ચરતું હતું, તેવામાં એકાએક પવનનું તોફાન વધી ગયું અને સાથે સાથે વરસાદ પણ એટલો બધો પડવા લાગ્યો, કે જેથી આખું જગત પાણીમાં ગરકાવ થઇ ગયું. એ વખતે પેલું મૂર્ખ ઉંટ, પોતાની ડોકને, એક પર્વતની ગુફામાં મૂકીને બેસી રહ્યું હતું.[૭-૧૦] તે અરસામાં એક શિયાળ કે જે ટાઢથી થર થર ધ્રૂજતો હતો, ક્ષુધા અને શ્રમથી વિહ્વળ થઇ ગયો હતો અને પાણીથી નીતરી રહ્યો હતો, તે પોતાની સ્ત્રીને સાથે લઇને એકદમ તે ગુફામાં આવી પેઠો.[૧૧] તે શિયાળ, માંસ ઉપરજ જીવનારો હતો અને વળી તેને ક્ષુધા પણ કકડીને લાગી હતી, તેથી હે ભરતશ્રેષ્ઠ રાજા! ત્યાં પડેલી ઉંટની ડોકને જોતાંજ તેનું તેણે ભક્ષણ કરવા માંડ્યું.[૧૨] એ વખતે જ્યારે ઉંટના જાણવામાં આવ્યું કે, મારી ડોકને કોઈ માંસાહારી પ્રાણી કરડી ખાય છે, ત્યારે અત્યંત દુઃખિત થઇને ડોકને સંકુચિત કરવામાટે તેણે ઘણોજ યત્ન કર્યો; પણ તે સર્વ વ્યર્થજ થયો.[૧૩] જેટલામાં તેણે પોતાની ડોકને ઉંચીનીચી કરીને સંકોચી લેવાનાં ફાંફાં માર્યાં, તેટલામાં તો પેલા શિયાળે અને તેની સ્ત્રીએ તેને મારી ખાધો.[૧૪] એ પ્રમાણે ઉંટને મારી નાખીને તથા તેના માંસનું ભક્ષણ કરીને તે શિયાળ, વાયુ

+ આ કથાનો સાર એ છે કે, નીચ પુરુષ મહાન પદને પામે તોપણ મૂર્ખતા અને આળસને લીધે નાશજ પામે છે.

અને વરસાદ જ્યારે શાંત થયા, એટલે ગુફામાંથી બહાર નીકળી ગયો.[15] આ રીતે દુષ્ટ બુદ્ધિવાળું તે ઉંટ મરણ પામ્યું હતું. તે ઉપરથી તમે વિચાર કરો કે, આલસ્યમાંથી અનુક્રમે કેવા દોષો ઉભા થાય છે.[16] હે રાજા! તમે પણ એ પ્રકારના આલસ્યનો ત્યાગ કરીને તથા ઇંદ્રિયોને વશમાં રાખીને નિરંતર ઉદ્યમ કરતા રહો; કેમકે ભગવાન મનુ કહે છે કે, વિજયનું મૂળ બુદ્ધિ છે.[17] હે ભારત! બુદ્ધિબળથી કરાતાં કાર્યો શ્રેષ્ઠ છે, બાહુબલથી કરાતાં કાર્યો મધ્યમ છે, કેવળ પાદસંચારથી (પગ ચલાવીને) કરાતાં કાર્યો અધમ છે અને પીઠ ઉપર ભાર વહીને કરાતાં કર્મો અધમાધમ છે.[18] જે રાજા ઉત્સાહસંપન્ન હોય છે, ઇંદ્રિયોને વશ રાખનારો હોય છે અને અત્યંત દ્રવ્યલોભી હોય છે, તેનું રાજ્ય સ્થિર થઇને ટકી રહે છે; માટેજ મનુ ભગવાન કહે છે કે, વિજયનું મૂળ બુદ્ધિ છે. હે નિર્દોષ યુધિષ્ઠિર! રાજ્યના ગુપ્ત વિચારોને એકાંતમાં સાંભળનાર, ઉત્તમ પ્રતિના સહાયકોવાળા અને પરીક્ષાપૂર્વક કાર્ય કરનારા રાજાની રાજ્યલક્ષ્મી સ્થિર થઇને રહે છે; અને જે રાજા સહાયકોથી યુક્ત હોય છે તે આખી પૃથ્વી ઉપર રાજ્ય કરી શકે છે.[19,20] હે ઇંદ્રસમાન પ્રભાવવાળા રાજા! રાજનીતિના વિધિને જાણનારા પ્રાચીન સત્પુરુષોએ, એ પ્રમાણેજ વર્તવામાટે રાજાઓને આજ્ઞા કરી છે અને મેં પણ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણેજ તમને આ ઉપદેશ આપ્યો છે, માટે તેને બુદ્ધિથી ગ્રહણ કરીને તે પ્રમાણે તમે વર્તો."[21]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦રાજ૦પર્વમાંઉંટની ડોકનું ઉપાખ્યાન એ વિષયનો અ૦ ૧૧૨મો સમાપ્ત.

अध्याय ११३ मो

નમ્રતા રાખવાવિષે નેતરતું દૃષ્ટાંત

॥ युधिष्ठिर उवाच ॥

राजा राज्यमनुप्राप्य दुर्लभं भरतर्षभ ॥
अमित्रस्यातिवृद्धस्य कथं तिष्ठेदसाधनः॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે ભરતશ્રેષ્ઠ પિતામહ! દુર્લભ એવું રાજ્ય સંપાદન કર્યા પછી રાજાએ, અતિશય બળવાન થઇ પડેલા શત્રુ સામે, સાધનરહિતપણાને લીધે કેવી રીતે વર્તવું, તે મને કહો."[1]

ભીષ્મે કહ્યું:–" હે ભારત! આ વિષયમાં સમુદ્ર અને નદીઓના સંવાદરૂપે એક પ્રાચીન ઇતિહાસ કહેવાય છે તે હું તમને કહું છું, સાંભળો.[2] એક સમયે દૈત્યોના નિત્યના નિવાસસ્થાનભૂત નદીઓના પતિ સમુદ્રે, સર્વ નદીઓને પોતાનો સંશય પૂછ્યો."[3]

સમુદ્રે પૂછ્યું:–" હે નદીઓ! તમારામાં જ્યારે પાણીનું ભારે પૂર આવે છે, ત્યારે તમે મહા પ્રચંડ વૃક્ષોને તેઓનાં મૂળો અને શાખાઓની સાથે ઉખેડી નાખીને અહીં સુધી ખેંચી લાવો છો, એ હું જોઉં છું; પણ તેમાં કોઇ વખતે નેતરને હું જોતો નથી.[4] નેતર તો બિચારૂં નાની કાયાવાળું હોય છે, અલ્પ બળવાળું હોય છે અને તમારા તીર ઉપરજ ઉગેલું હોય છે, છતાં તેને તમે અહીંસુધી ઘસડી નથી લાવતી તેનું કારણ શું? શું, તેને તુચ્છ સમજીને તેના પરની અવજ્ઞાને લીધે તમે એને નથી ખેંચી લાવતી? અથવા શું, તેણે તમારૂં કંઈ પ્રિય કર્યું છે, કે જેથી નેતર તમારા કાંઠાઓનો ત્યાગ કરીને અહીંસુધી આવતું નથી? એ વિષે તમારો સર્વનો અભિપ્રાય સાંભળવાની મને ઇચ્છા છે."[5,6]

તે સાંભળીને ગંગા નદીએ, નદીઓના પતિ સમુદ્ર પ્રત્યે ઉત્તમ અર્થવાળું, હેતુ ગર્ભિત અને હૃદયાકર્ષક એવું વાક્ય કહી સંભળાવ્યું.[7]

ગંગા બોલી:–" આ બધાં વૃક્ષો પોતાનાં સ્થાન ઉપર રહીને અમારા વેગસામે ટટાર ને ટટાર ઉભાં રહે છે, તેથી તેઓ પોતાના સ્થાન ઉપરથી ભ્રષ્ટ થાય છે; પણ નેતર તેથી વિરુદ્ધ રીતે વર્તે છે અને તેથીજ પોતાના સ્થાનપર સ્થિર રહે છે.[8] અમારા વેગને આવતો જોઇને નેતર એકદમ નમી જાય છે અને પછી વેગ જ્યારે નરમ પડી જાય છે, ત્યારે પાછું પોતાના સ્થાનપર જઇને ઉભું રહે છે; પણ બીજાં વૃક્ષો તેની પેઠે નમી જતાં નથી અને તેથીજ તેઓને

પોતાનું સ્થાન છોડવું પડે છે.[૯] વળી નેતર સમયને તથા આચારને જાણનારૂં છે, સદાય વશ રહેનારૂં છે, ઉદ્ધતાઇથી રહિત છે, અનુકૂલ રહેનારૂં છે અને અભિમાનથી રહિત છે, તેથી તે અહીં સુધી ઘસડાઇ આવતું નથી.[૧૦] જે ઔષધિઓ, વૃક્ષો અને લતાગુલ્મો વાયુના તથા પાણીના વેગને જોઇને નમી જાય છે અને તે વેગના ગયા પછી પાછા ઉન્નત રહે છે, તેઓ પરાભવને પામતા નથી. ”[૧૧]

ભીષ્મે કહ્યું:– “ હે યુધિષ્ઠિર ! જે પુરુષ હરકોઇ બંધનનો નાશ કરવામાં સમર્થ એવા બળવાન શત્રુના વેગને પ્રથમ સહન કરતો નથી, તે સત્વર વિનાશ પામે છે;[૧૨] અને જે બુદ્ધિમાન પુરુષ પોતાના તથા શત્રુના સામર્થ્યનો, અસામર્થ્યનો, સૈન્યનો અને પરાક્રમનો વિચાર કરીને વર્તે છે, તે કદી પરાભવ પામતો નથી.[૧૩] એ પ્રમાણેજ જે પુરુષ, શત્રુને અત્યંત બળવાન માનીને નેતરના જેવી વૃત્તિનો આશ્રય કરે છે, તે વિદ્વાન ગણાય છે અને તેમ કરવું એજ જ્ઞાનનું લક્ષણ છે.”[૧૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં “નદીઓનો અને સમુદ્રનો સંવાદ” એ વિષયનો અધ્યાય ૧૧૩ મો સમાપ્ત.

अध्याय ११४ मो

દુર્જનસામે દુર્જન થવું નહિ.

॥ युधिष्ठिर उवाच ॥

विद्वान् मूर्खप्रगल्भेन मृदुतीक्ष्णेन भारत ॥
आक्रुश्यमानः सदसि कथं कुर्यादारिंदम ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે શત્રુદમન ભરતવંશી પિતામહ ! કોઇ મૂર્ખ અને નિર્લજ્જ પુરુષ, કોમળતાભરેલાં ક્રૂર વચનો કહીને સભાવચ્ચે વિદ્વાન પુરુષની જો નિંદા કરે તો તે વિદ્વાન પુરુષે શું કરવું ?” ૧

ભીષ્મે કહ્યું:–“ હે રાજા ! તેવિષે શાસ્ત્રકારોએ જે કંઇ કહ્યું છે તે હું તમને કહું છું, સાંભળો. જે પુરુષનું મન ઉદાર હોય છે, તે અલ્પ બુદ્ધિવાળા પુરુષનાં કટુ વચનોને હમેશાં સહન કરે છે.[૨] જે પુરુષ પોતાની નિંદા કરનાર મનુષ્ય ઉપર ક્રોધાયમાન થતો નથી, તેને પેલા નિંદક મનુષ્યનું પુણ્ય પ્રાપ્ત થાય છે અને તે ક્ષમાશીલ પુરુષ, પોતાનાં પાપને પેલા નિંદક પુરુષને અર્પણ કરે છે.[૩] ટીંટોડો જેમ અતિશય આતુર થઇને વ્યર્થ ટેં ટેં કરે છે, તેમ નિંદક પુરુષ પણ વ્યર્થ લવારી કરનારો છે, એમ સમજીને તેની ઉપેક્ષાજ કરવી; કેમકે લોકમાં દ્વેષપાત્ર થયેલો તે નિંદક પુરુષ, નિષ્ફળ બકવાદ કર્યા કરે છે.[૪] નિંદા કરનારો પુરુષ, તેવું પાપકર્મ કરીને નિત્ય પોતાની પ્રશંસા કરે છે કે, “ મેં એક લોકમાન્ય પુરુષને આ પ્રમાણે એવો તો ધિક્કારી કાઢયો, કે જેથી તે શરમાઇ ગયો, ઝંખવાણો પડી ગયો અને મૃતવત્ બની ગયો. ” આ રીતે નિંદ્ય એવા પોતાના કર્મનાં તે નિર્લજ્જ પુરુષ વખાણ કરે છે;[૫,૬] તોપણ વિદ્વાન પુરુષે તેવા અધમ પુરુષની યત્નપૂર્વક ઉપેક્ષાજ કરવી અને તે અલ્પમતિ પુરુષ, જે કંઇ બકવાદ કરે તે સહન કરવા;[૭] કારણ કે તેવો પ્રાકૃત પુરુષ પ્રશંસા કરે અથવા તો નિંદા કરે, પણ તેથી વળવાનું શું છે ? જેમ કોઇ બુદ્ધિહીન કાગડો વનમાં નિરર્થક શબ્દ બોલ્યા કરે છે, તેમ એ પ્રાકૃત પુરુષ પણ પ્રશંસાના કે નિંદાના નિરર્થક શબ્દો બોલ્યા કરે છે.[૮] “ અમુક માણસે અમુક કુકર્મ કર્યું છે ” આમ કહીને નિર્દોષ ઉપર દોષારોપ મૂકનાર નિંદક પુરુષ, કેવળ વાણીમાત્રથીજ દોષસિદ્ધિ કરી શકે છે. વાસ્તવિક રીતે તેનાથી બીજું કંઇ પણ થઇ શકતું નથી. જેમ “ તારો પુત્ર મરી જાઓ ” એમ કહેવામાત્રથી કોઇના પુત્રનું મરણ થતું નથી, તેમ માત્ર વાણીથીજ દોષયુક્ત કરાયલો પુરુષ વસ્તુતઃ દૂષિત થતો નથી.[૯] જે પુરુષ કોઇની વ્યર્થ નિંદા કરીને પોતાનું દુષ્ટ આચરણ વ્યક્ત કરે છે, તે પોતાની એવી ચેષ્ટાથી પોતાની માતામાં વિપરીત રીતે કરાયલા વીર્યસેકને જાહેર કરે છે–અર્થાત્ પોતાની માતાવિષે કોઇ પરપુરુષેજ વીર્યસિંચન ક-

રીને પોતાને ઉત્પન્ન કર્યો છે, એમ સ્પષ્ટ જણાવી આપે છે. જેમ મયૂર પક્ષી, પોતાના ગુહ્યપ્રદેશને (ગુદા ભાગને) ખુલ્લો કરીને જ્યારે નાચવા માંડે છે, ત્યારે પોતાના મનમાં માને છે કે, “ હું કેવું ઉત્તમ નૃત્ય કરૂં છું ? ” પરંતુ તેને એ વિષે લજ્જા નથી આવતી કે, “ મારા ગુહ્ય પ્રદેશને લોકો જોઇ જાય છે (તેમજ ખળ પુરુષ પણ “ મેં અમુક લોકમાન્ય પુરુષને ભરીસભા વચ્ચે દુષ્ટ વાક્યો કહીને ધિક્કારી કાઢયો છે ” આમ કહીને પોતાનાં વખાણ કરે છે; પરંતુ તેથી પોતે લાજતો નથી કે, મેં તેવું દુષ્ટ કર્મ કરીને મારી માતાનોજ દોષ ઉઘાડો કર્યો છે–મેંજ મારી માતાને વ્યભિચારિણીતરીકે જાહેર કરી દીધી છે.)[10] જે પુરુષને જગતમાં કંઇ અવાચ્ય (નહિ બોલવા યોગ્ય) નથી અથવા અકાર્ય (નહિ કરવા યોગ્ય) નથી, તેવા દુષ્ટકર્મી પુરુષની સાથે પવિત્ર પુરુષે ભાષણ પણ ન કરવું.[11] જે મનુષ્ય, પ્રત્યક્ષમાં ગુણાનુવાદ કરે છે અને પરોક્ષમાં નિંદા કરે છે, તે મનુષ્ય લોકમાં કૂતરાના જેવો છે; એટલુંજ નહિ પણ તેના પરલોકનો, જ્ઞાનનો તથા ધર્મનો નાશ થાય છે.[12] વળી પરોક્ષમાં નિંદા કરનારો જે પુરુષ, સેંકડો મનુષ્યોને દાન આપે અથવા યજ્ઞયાગ કરે, તોપણ તેના એ પુણ્યકૃત્યનો તત્કાલ વિનાશજ થાય છે;[13] માટે બુદ્ધિમાન પુરુષે, સજ્જનોએ ત્યાજ્ય ગણેલા તેવા પાપી ચિત્તવાળા પુરુષનો કૂતરાના માંસની પેઠે એકદમ ત્યાગ કરી દેવો.[14] જેમ સર્પ પોતાની ફણાને ઉંચી કરીને ક્રૂરપણું જાહેર કરે છે, તેમ દુરાત્મા પુરુષ પણ જનસમુદાયમાં કોઇની નિંદા કરીને પોતાના દોષોનેજ પ્રકટ કરે છે;[15] માટે નિંદારૂપ સ્વકર્તવ્યમાં નિરંતર તત્પર રહેનાર તેવા નીચ મનુષ્યની સામે જે પુરુષ પ્રતિકાર કરવા ધારે છે અથવા તે નિંદક પુરુષને સુધારવા માટે કોઈ પ્રકારનો યત્ન કરવા ઇચ્છે છે તે પુરુષ, રાખોડીના ઢગમાં આળોટતા ગધેડાની પેઠે દુઃખમાંજ ડૂબી જાય છે.[16] મનુષ્યોની નિંદા કરવામાંજ સદોદિત તત્પર રહેનારો નિંદક પુરુષ, મનુષ્યના રૂપમાં એક કૂતરોજ છે અથવા ઉન્મત્ત થઇને મોટી ચીસો પાડનારો એક તોફાની હાથી છે અથવા તો એક ભયંકર શ્વાનજ છે, આમ સમજીને ડાહ્યા માણસોએ તેનાથી દૂરજ રહેવું.[17] જે પાપબુદ્ધિ મનુષ્ય, પારકી નિંદા કરવારૂપ અધીર પુરુષોના કર્તવ્યમાર્ગનું સેવન કરી રહ્યો છે, ઇંદ્રિયદમન અને વિનયથી ભ્રષ્ટ થયેલો છે, નિત્ય બીજાઓની શત્રુતા કરવાનુંજ વ્રત સ્વીકારી બેઠો છે અને સર્વનું અપ્રિય કરવાનીજ ઇચ્છા રાખનારો છે,તે પાપી મનુષ્યને સદાય ધિક્કાર હજો.[18] કોઇ સમયે દુર્જનો કોઈ સુજનની નિંદા કરતા હોય અને તે સુજન, તેઓને જો પ્રત્યુત્તર આપતો હોય તો તે વેળા બીજાઓએ, “ ભાઈ ! તું એમને પ્રત્યુત્તર ન આપ અને તેઓએ કરેલી નિંદાથી દુઃખી થા મા. ” એમ કહીને તેને અટકાવવો જોઇએ; કેમકે સ્થિર બુદ્ધિવાળા મહાત્માઓ ઉત્તમ પુરુષના નીચ મનુષ્ય સાથેના સંભાષણઆદિ પ્રસંગને, નિંદા ગણે છે.[19] ક્રૂર એવો મૂર્ખ પુરુષ, જ્યારે કોપાયમાન થાય છે, ત્યારે હાથની પાંચે આંગળીઓ પહોળી કરીને લપડાક લગાવી દે છે,ધૂળ ઉરાડવા મંડી પડે છે,ધાન્યનાં ફોતરાં ફેંકે છે અથવા દાંત બહાર કાઢીને બીવરાવે છે; કારણ કે કોપાયમાન થયેલા તેવા મૂઢ પુરુષમાં પૂર્વોક્ત કોપચિન્હો સ્વતઃસિદ્ધ હોય છે.[20] જે પુરુષ, મેં કહેલા આ ઉપદેશનું પઠન કરે છે, તે સભાવચ્ચે દુર્જનોએ કરેલી પોતાની નિંદાને સહન કરે છે; એટલુંજ નહિ પણ તે પુરુષને,દુર્જનોની વાણીરૂપ અપ્રિયની લગારે અસર થતી નથી.” [21]

ઇતિ શ્રીમહા૦શાંતિ૦રાજ૦પર્વમાં “ ટિટ્ટિભક ”
એ નામનો અધ્યાય ૧૧૪ મો સમાપ્ત.

अध्याय ११५ मो

રાજાના સહાયકો કેવા હોવા જોઈએ.

॥ युधिष्ठिर उवाच ॥

पितामह महाप्राज्ञ संशयो मे महानयम् ॥
संछेत्तव्यस्त्वया राजन् भवान् कुलकरोहिनः॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે મહાબુદ્ધિમાનપિતામહ! મને આ એક મહાન સંશય થયો છે તેને તમારે દૂર કરવો જોઈએ; કારણ કે તમે અમારા કુળમાં સ્થિતિકર્તા પુરુષ છો.[૧] હે તાત! દુરાચારી અને દુરાત્મા પુરુષોનાં નિંદારૂપ વાક્યો સહન કરવાવિષે તમે મને કહ્યું; પણ હવે હું તમને વિનતિ કરૂં છું કે,[૨] જે કર્મ રાજ્યતંત્રને તથા કુળને હિતકારક હોય, સુખને ઉત્પન્ન કરનારૂં હોય, વર્તમાનકાળમાં અને ભવિષ્યકાળમાં કલ્યાણકારક હોય, ઉન્નતિજનક હોય, પુત્રોને તથા પૌત્રોને સુંદર લાગે તેવું હોય, રાષ્ટ્રની વૃદ્ધિ કરનારૂં હોય અને અન્ન, પાન તથા શરીરને હિતકારક હોય તે મને કહો.[૩,૪] રાજ્યારૂઢ થયા પછી રાજાએ, પોતાના મિત્રો અને સુહૃદોની સાથે રાષ્ટ્રમાં રહીને પ્રજાઓનું કેવી રીતે રંજન કરવું? જે રાજા ઇંદ્રિયોને વશ રાખી શકતો નથી અને સ્નેહ તથા રાગને અધીન થઇ ગયેલો હોય છે, તે રાજા ઇંદ્રિયોના અનિગ્રહને લીધે પ્રાયઃ દુર્જનતાનોજ સ્વીકાર કરવા ઇચ્છે છે; એટલુંજ નહિ પણ તેના અસંયમીપણાને લીધે તેના કુળવાન સેવકો તેનાથી વિરુદ્ધ થઇ જાય છે અને તેથી તે રાજાને સેવકોના બળથી પ્રાપ્ત થનારા ધનાદિક અર્થોનો લાભ થતો નથી;[૬,૭] માટે (સુખાભિલાષી રાજાએ કેવી રીતે વર્તીને રાજ્યફળ સંપાદન કરવું) એ વિષે મને સંશય થયો છે, તેનું નિવારણ કરવા માટે મહાદુર્બોધ એવા રાજધર્મોનું તમે વર્ણન કરો. તમે બુદ્ધિમાં સાક્ષાત્ બૃહસ્પતિસમાન છો.[૮] હે પુરુષવ્યાઘ્ર ભીષ્મપિતામહ! આપણા કુલનું હિત કરવામાં આસક્ત એવા તમે એકજ અમને હિતોપદેશ આપનારા છો અને એક મહાબુદ્ધિમાન વિદુર અમને સર્વદા ઉપદેશ આપી શકે તેમ છે.[૯] તમારી પાસેથી કુલનું તથા રાજ્યનું હિત કરનાર વાક્ય સાંભળીને હું જાણે નિર્વિકાર એવા અમૃતનું પાન કરીને તૃપ્ત થયો હોઉં તેમ તૃપ્ત થઈને સુખેથી શયન કરીશ.[૧૦] (માટે હું પૂછું છું કે,) રાજાની સમીપમાં રહેનારા સેવકો કેવા પ્રકારના સર્વ ગુણોવાળા હોવા જોઇએ અને કેવા કુળના તથા કેવા શીલના સેવકોને સાથે રાખીને રાજાએ શત્રુઓ સામે ચઢાઇ કરવી જોઈએ?[૧૧] હું ધારૂં છું કે, સેવકોવિનાનો એકલો રાજા રાજ્યનું રક્ષણ કરી શકતો નથી, માટેજ રાજ્યમાં સર્વ કુળવાન સેવકોની તે આકાંક્ષા રાખે છે."[૧૨]

ભીષ્મ બોલ્યા:–હે ભરતવંશના રાજા! સેવકોવિનાનો એકલો રાજા, રાજ્યતંત્રને ચલાવી શકતો નથી; કેમકે હે તાત! સહાયવિનાનો કોઈ પણ પુરુષ અર્થનું (દ્રવ્યનું) રક્ષણ કરી શકતો નથી,[૧૩] માટે જે રાજાની પાસે જ્ઞાનવિજ્ઞાનકુશળ પ્રજાઓનું હિત ઇચ્છનારા, કુળવાન અને સ્નેહાળ એવા સેવકો હોય છે તે રાજા ધનાદિક અર્થોને સંપાદન કરી શકે છે, મેળવેલા અર્થોનું રક્ષણ કરી શકે છે અને રાજ્યના ફળને પામે છે.[૧૪,૧૫] જે રાજાના મંત્રીઓ કુળવાન હોય છે, લાંચરૂશ્વત લઈને શત્રુઓને વશ થનારા હોતા નથી, નિત્ય રાજાની સાથેજ રહેનારા હોય છે, રાજાને સદ્બુદ્ધિ આપનારા હોય છે, સંબંધને જાણવામાં કુશલ હોય છે, સંકટને દૂર કરવા માટે આગળથી ઉપાયો યોજી રાખનારા હોય છે, સમયસૂચક હોય છે અને બની ગયેલા બનાવમાટે શોક કરનારા હોતા નથી, તે રાજા રાજ્યનું ફળ સંપાદન કરે છે.[૧૬-૧૭] વળી જે રાજાના સહાયકો સુખદુઃખમાં સમાન ભાગ લેનારા હોય છે, રાજાનું પ્રિય કરનારા હોય છે, દ્રવ્ય કેવી રીતે મળે, તે વિષેનો વિચાર કરનારા હોય છે અને સત્યનિષ્ઠ હોય છે, તે રાજા રાજ્યનું ફળ સંપાદન કરે છે.[૧૮] જે રાજાનો દેશ કોઈરીતે દુઃખી હોતો નથી, સદાય રાજાના હૃદયમાંજ વસી રહ્યો હોય છે, ક્ષુદ્રતાથી રહિત હોય છે અને સન્માર્ગનું અવલંબન કરનાર હોય છે, તે રાજા રા-

જયનું ફળ પામી શકે છે.[૧૯] જે રાજાના કોશાધ્યક્ષો, રાજાના હિતેચ્છુ અને સંતુષ્ટ રહીને નિરંતર કોશની વૃદ્ધિ કરનારા હોય છે, તે રાજા સર્વના કરતાં ઉત્તમ થઇ શકે છે.[૨૦] જે રાજાનો ભંડાર લાંચરૂશ્વતથી વશ નહિ થનારા, હિતેચ્છુ, સંગ્રહ કરવામાં તત્પર, સુપાત્ર અને લોભવૃત્તિથી રહિત એવા સેવકોથી સુરક્ષિત હોય છે, તે રાજા ઘણોજ ગુણવાન થઇ શકે છે.[૨૧] જે રાજાના નગરમાં વાદિપ્રતિવાદીના વિવાદનિર્ણયનો વ્યવહાર, †શંખલિખિતના વ્યવહાર પ્રમાણે કર્માનુસાર ફલોદયવાળો જોવામાં આવે છે, તે રાજાને સ્વધર્મનું ફળ મળે છે.[૨૨] રાજધર્મને જાણનારો જે રાજા, પોતાના રાજ્યમાં ઉત્તમ મનુષ્યોનો સંગ્રહ કરે છે અને સંધિવિગ્રહાદિક છ ગુણોનો યથાયોગ્ય આશ્રય કરે છે, તે રાજા ધર્મનું ફળ સંપાદન કરે છે.[૨૩]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં
અધ્યાય ૧૧૫ મો સમાપ્ત.

अध्याय ११६ मो

એક શ્વાનનું દષ્ટાંત

॥ भीष्म उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ॥
निदर्शनं परं लोके सज्जनाचरितं यथा॥१॥

ભીષ્મે કહ્યું:–“હે યુધિષ્ઠિર રાજા! ઉત્તમ, મધ્યમ અને અધમ સ્થાનોપર અનુક્રમે ઉત્તમ, મધ્યમ અને અધમ મનુષ્યોનીજ યોજના કરવી, પણ ઉત્તમ સ્થાનપર નીચની યોજના કદી કરવી નહિ, એ વિષયમાં ઉત્તમ દૃષ્ટાંતભૂત એક પ્રાચીન ઇતિહાસ લોકમાં કહેવાય છે અને તે, સજ્જનોનું આચરણ કરનારા લોકસમુદાયમાં પરમ પ્રમાણભૂત ગણાય છે.[૧] પૂર્વે હું જમદગ્નિના પુત્ર પરશુરામના તપોવનમાં જ્યારે રહેતો હતો, ત્યારે આ વિષયનેજ લગતું તે દૃષ્ટાંત, મોટા મોટા ઋષિઓના કહેવાપરથી મેં સાંભળ્યું હતું.[૨] તે આ પ્રમાણે છેઃ–જેમાં મનુષ્યોનો સંચાર પણ ન હતો, એવા એક મહાન વનમાં ફળમૂળોનોજ આહાર કરનારા કોઇએક મહર્ષિ રહેતા હતા. તે ઋષિ નિયમો પાળવામાં એકનિષ્ઠ હતા, ઇંદ્રિયોને વશ રાખનારા હતા, વ્રતોની દીક્ષામાં તથા બાહ્ય વિષયોથી નિવૃત્ત થવામાં પરાયણ રહેતા હતા, શાંત હતા, સ્વાધ્યાયનિષ્ઠ હતા, પવિત્ર હતા, ઉપવાસોથી શુદ્ધ મનવાળા હતા અને નિરંતર સત્ત્વગુણનોજ આશ્રય કરનારા હતા.[૩,૪] આ રીતે ચારિત્ર્યનિષ્ઠ રહીને પોતાના સ્થાનપર બેસી રહેનારા તે બુદ્ધિમાન ઋષિના મનોગત સદ્ભાવને જોઇને વનવાસી સર્વ પ્રાણીઓ તેમની સમીપમાં આવીને બેસતાં હતાં. સિંહો, વ્યાઘ્રો, ક્રૂર અને મદમત્ત એવા મોટા હાથીઓ, દીપડાઓ, ગેંડાઓ, રીંછો અને બીજાં ઘણાં ભયંકર દેખાવનાં માંસાહારી પ્રાણીઓ, અન્યોન્યના કુશલ પ્રશ્નનો ઉત્તર આપીને ત્યાં એકઠાં થતાં હતાં અને તે ઋષિના શિષ્યોની પેઠે અથવા દાસોની પેઠે આજ્ઞાપરાયણ રહીને તેમનું પ્રિય કરતાં હતાં[૬,૭] જ્યારે રાત્રિનો સમય થતો હતો, ત્યારે તે સર્વ પ્રાણીઓ અન્યોન્ય કુશલ સમાચાર પૂછીને જ્યાંથી આવતાં હતાં ત્યાં પાછાં ચાલ્યાં જતાં હતાં; પણ તેમાંનો એક ગ્રામ્યપશુ (કૂતરો) એ મહામુનિનો કદી પણ ત્યાગ કરતો ન હતો.[૮] તે કૂતરો ઋષિનો ભક્ત હતો, અનુરાગી હતો, નિરંતર ઉપવાસો કરીને શરીરે કૃશ થઇ ગયો હતો, કોઇ સમયેજ ફળ, મૂળ અથવા જળનો આહાર કરતો હતો, સ્વભાવે શાંત હતો અને કોઇ એક સજ્જનના જેવો દેખાતો હતો.[૯] હે મહાબુદ્ધિમાન રાજા! પોતાની પર્ણકુટીમાં બેસી રહેનારા તે ઋષિના ચરણ પાસેજ તે કૂતરો બેસી રહેતો હતો અને અત્યંત સ્નેહબદ્ધ થઈને કોઈ એક મનુષ્યની પેઠે ઋષિના પર ભાવ રાખતો હતો.[૧૦]

હવે, એક સમયે કોઇ મહાપરાક્રમી અને રુધિરનું ભોજનકરનારા એક દીપડો, તે ઋષિના આશ્રમ પાસે આવી ચઢ્યો. તે દીપડો કેવળ પો-

---

† શંખ અને લિખિત નામના બે ભાઇઓની કથા પ્રથમ ૨૩ મા અધ્યાયમાં ગયેલી છે.

તાના સ્વાર્થમાંજ અત્યંત સંતુષ્ટ રહેતો હતો, સર્વભક્ષક કાળના જેવો ક્રૂર દેખાતો હતો, તૃષાતુર થયેલો હોવાથી વારંવાર પોતાનાં ગલોફાં ચાટતો હતો, જમીનપર પૂછડું પછાડતો હતો અને ક્ષુધાથી અત્યંત પીડિત થયેલો હોવાથી મોઢું પહોળું કરીને પેલા કૂતરાના માંસની ઈચ્છા રાખતો હતો.૧૧,૧૨ હે રાજા! તે ક્રૂર દીપડાને ત્યાં આવી ચઢેલો જોઈ, કૂતરાએ, પોતાના પ્રાણનું રક્ષણ કરવાની ઇચ્છાથી મુનિપ્રત્યે જે વચન કહ્યું હતું તે તમે સાંભળો.૧૩ તેણે કહ્યું કે, "હે ભગવન્! આ દીપડો કૂતરાનો શત્રુ છે, તે મને મારી નાખવા ઇચ્છે છે; માટે હે મહામુનિ! તમારી કૃપાથી મને તેનો ભય ન રહે તેમ તમારે કરવું જોઇએ. હે મહાબાહુ મુનિરાજ! તમે તો સર્વજ્ઞજ છો એમાં કંઇ સંશય નથી."તે સાંભળીને સર્વના અભિપ્રાયનું તથા સર્વ પ્રાણીઓની ભિન્ન ભિન્ન ભાષાઓનું જ્ઞાન ધરાવનારા તે ઐશ્વર્યસંપન્ન ઋષિ, કૂતરાના ભયનું કારણ જાણી ગયા.૧૫

મુનિએ કહ્યું:-"હે પુત્ર! મૃત્યુરૂપ આ દીપડાથી તારે ભયભીત થવું નહિ. જો, તું શ્વાનના રૂપનો ત્યાગ કરીને દીપડો બની ગયો છે." આમ કહીને તેમણે એ કૂતરાને સુવર્ણસમાન રંગવાળો, શરીરે અટાપટાવાળો અને ચમકતી દાઢોવાળો દીપડો બનાવી દીધો, જેથી તે દીપડારૂપ બનેલો કૂતરો નિર્ભય થઇને વનમાં રહેવા લાગ્યો.૧૬,૧૭ એ પ્રમાણે તે કૂતરાને પોતાના સમાન આકારવાળો થઇને સન્મુખ ઉભેલો જોઇ પેલો બીજો દીપડો એક ક્ષણવારમાં તેની સામેના વિરોધથી રહિત થયો.૧૮ તે વાતને કેટલોએક સમય વીતી ગયો, તે પછી એક સમયે મહાભયંકર અને રુધિરની ઈચ્છાવાળો એક મોટો વ્યાઘ્ર, મુખ પહોળું કરીને ક્ષુધાને લીધે ગલોફાં ચાટતો ચાટતો પેલા દીપડા (કૂતરા) સામે ધસી આવ્યો. ક્ષુધાતુર અને મોટી દાઢોવાળા તે જંગલી વ્યાઘ્રને ધસી આવેલો જોઇ દીપડારૂપ બનેલો તે કૂતરો, પોતાના પ્રાણ બચાવવામાટે ઋષિને શરણે ગયો.૧૯,૨૦ એટલે ઋષિએ પણ પોતાના સહવાસજન્ય સ્નેહને અધીન થઇને તે કૂતરાને દીપડાના આકારમાંથી મોટો વ્યાઘ્ર બનાવી દીધો કે જે વ્યાઘ્ર, પોતાના શત્રુઓપર અત્યંત બળવાન થઈ પડયો.૨૧ પછી હે રાજા! પેલા ચઢી આવેલા વ્યાઘ્રે પોતાના સજાતીય એવા તે વ્યાઘ્રને (કૂતરાને) માર્યો નહિ. આ પ્રમાણે તે કૂતરો, દીપડો મટીને બળવાન અને માંસભક્ષક વ્યાઘ્ર બની ગયો. તે પછી તેણે ફળમૂળવગેરેનો આહાર છોડી દીધો અને સિંહ જેમ વનવાસી પ્રાણીઓનો નિત્ય આહાર કરે છે, તેમ તે વ્યાઘ્ર પણ પ્રાણીઓનું ભક્ષણ કરવા લાગ્યો.૨૩

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં "શ્વાન અને ઋષિનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૧૧૬ મો સમાપ્ત.

अध्याय ११७ मो

નીચ તે તો નીચજ-શ્વાનની કથા (ચાલુ)

॥ भीष्म उवाच॥

व्याघ्रश्चोटजमूलस्थस्तृप्तः सुप्तो हतैर्मृगैः ॥
नागश्चागात्तमुद्देशं मत्तो मेघ इवोद्धतः॥ १ ॥

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! એ રીતે વ્યાઘ્રસ્વરૂપ થયેલો તે કૂતરો, નિત્ય મૃગોને મારવા લાગ્યો અને તેઓના માંસનું ભક્ષણ કરી, તૃપ્ત થઇને, ઋષિની પર્ણકુટી પાસે નીરાંતે પડી રહેવા લાગ્યો. સમય જતાં વળી એક દિવસે એવું બન્યું કે, કોઇએક મદમત્ત હાથી, આકાશમાં જેમ મેઘ ચઢી આવે છે, તેમ તે પ્રદેશપર ચઢી આવ્યો.૧ તે હાથી ઘણોજ ઉંચો હતો,તેનાં લમણાંઓમાંથી મદની ધારા વહી રહી હતી, તેના શરીરપર પદ્માકાર (કમળાકાર) ચિન્હો હતાં, તેનું ગંડસ્થળ વિશાળ હતું, તેના દંતશૂળો મોટા હતા, તેનું શરીર મહાપ્રચંડ હતું અને તેની ગર્જના મેઘગર્જના જેવી ગંભીર હતી.૨ બળથી ગર્વિષ્ઠ થયેલા તે મદમત્ત હાથીને પોતાની સામે આવતો જોઇ પેલો વ્યાઘ્ર (કૂતરો) ભયભીત બની ગયો, એટલે વળી પાછો તે ઋષિને શરણે ગયો.૩ ત્યારે તે શ્રેષ્ઠ ઋષિએ, પોતાને શરણે આવેલા એ વ્યાઘ્રને હાથી બનાવી દીધો. પછી મોટા મેઘસમાન દેખાતા તે હાથીને (કૂતરાને) જોઈને પેલો ચઢી

આવેલો હાથી એકદમ ભયભીત થઇને નાસી ગયો.[૪] આ રીતે વ્યાઘ્રમાંથી હાથી બની ગયેલો તે કૂતરો, હર્ષયુક્ત થઇને કમળોના વનમાં તથા શલ્લકી નામનાં વૃક્ષોના અરણ્યમાં પદ્મના પરાગથી વિભૂષિત બનીને ઘૂમવા લાગ્યો.[૫] આમ અનેક દિવસોપર્યંત પર્ણકુટીમાં રહેલા ઋષિની સંમુખ ભમતાં ભમતાં અને તે આશ્રમમાં રહેતાં રહેતાં તે હાથીનો ઘણો સમય વીતી ગયો.[૬] પછી એક દિવસે કોઇએક કેસરી સિંહ, કે જે કેશવાળીથી લાલ વર્ણનો દેખાતો હતો, પર્વતની ગુફામાં ઉત્પન્ન થયેલો હતો, મહાભયંકર હતો અને હાથીઓના કુળનો કાળ હતો, તે ફરતો ફરતો તે પ્રદેશપર આવી ચઢયો.[૭] એ સિંહને ત્યાં આવી ચઢેલો જોઈ પેલો હાથી ભયથી વિહ્વળ થઇ ગયો ને ત્રાસથી ધ્રૂજતો ધ્રૂજતો તે, ઋષિને શરણે ગયો.[૮] એટલે ઋષિએ તે હાથીને કેસરી સિંહ બનાવી દીધો; ત્યારે તુલ્યજાતિના સંબંધને લીધે તે સિંહને (કૂતરાને) પેલા જંગલી સિંહનો ભય લાગ્યો નહિ, પણ ઉલટો પેલો જંગલી સિંહજ તે સિંહને જોઇને ભય પામ્યો.(ત્યાંથી પલાયન કરી ગયો.) પછી હાથીમાંથી સિંહ બનેલો તે કૂતરો એ મહાવનમાં(સુખેથી)રહેવા લાગ્યો.[૯,૧૦] તેના ભયથી ત્રાસ પામી ગયેલાં બીજાં સર્વ પશુઓ, જીવિતની આકાંક્ષાથી એ તપોવનની સમીપમાં બીલકુલ દેખાતાં ન હતાં.[૧૧]

એ પ્રમાણે તે કૂતરો સિંહના સ્વરૂપને પામીને તે આશ્રમમાં રહેતો હતો. તેવામાં એક દિવસે સર્વ પ્રાણીઓનો શિકાર કરનારો, રુધિરનો આહાર કરનારો, અનેક પ્રાણીઓને ભય ઉપજાવનારો, આઠ પગવાળો, કપાળમાં નેત્રવાળો અને બળવાન એવો એક જંગલી શરભ(તે નામનું એક પ્રાણી કે જે સિંહ કરતાં પણ ઘણું બળવાન હોય છે), પેલા સિંહને (કૂતરાને) મારી નાખવા માટે મુનિના આશ્રમમાં આવી ચઢ્યો.[૧૨,૧૩] હે શત્રુદમન રાજા! તે શરભને ત્યાં આવેલો જોઇ મુનિએ પેલા સિંહને બલોત્કટ શરભ બનાવી દીધો, જેથી પેલો જંગલી શરભ, અતિ ઉગ્ર એવા મુનિના શરભને પોતાની સન્મુખ આવેલો જોઇ, સત્વર તે આશ્રમમાંથી નાસી ગયો. આ રીતે મુનિએ સિંહમાંથી શરભના સ્થાનમાં આણી મૂકેલો તે કૂતરો નિત્ય મુનિની પાસે રહીને સુખપૂર્વક જીવન ગાળવા લાગ્યો. હે રાજન્! એ શરભના ત્રાસને લીધે તપોવનનાં સર્વે પ્રાણીઓ જીવ બચાવવાની ખાતર જૂદી જૂદી દિશાઓમાં નાસી ગયાં અને પેલો શરભ (કૂતરો) પણ પ્રાણીઓનો વધ કરવામાંજ આસક્ત રહીને અતિશય હૃષ્ટપુષ્ટ બની ગયો હતો અને માંસાહારી બની જઇને ફળમૂળનો આહાર લેવાની તો તે ઇચ્છાજ કરતો નહિ. આમ કેટલોએક સમયસુધી ચાલ્યું અને પછી એક દિવસે તે શરભને રુધિરપાન કરવાની મહાબળવાન ઇચ્છા થઇ તેથી તે કૃતઘ્ની શરભે મુનિનેજ મારી નાખવાનો વિચાર કર્યો. અહા! નીચ તે તો નીચજ–ભલે તે શરભ થયો હતો, પણ મૂળ તો કૂતરામાંથીજ થયો હતો ને! તેથીજ તેને એ દુષ્ટ વિચાર સૂઝયો હતો, પરંતુ તે મુનિ મહાબુદ્ધિમાન હતા. તેમણે શરભના એ દુષ્ટ વિચારને પોતાની તપઃશક્તિથી અને જ્ઞાનદૃષ્ટિથી તુરતજ જાણી લીધો અને પછી તેમણે એ કૂતરાને કહ્યું:–"અરે ઓ નીચ કૂતરા! મેં તને કૂતરામાંથી દીપડો બનાવ્યો, દીપડામાંથી વ્યાઘ્ર બનાવ્યો, વ્યાઘ્રમાંથી મદમત્ત હાથી બનાવ્યો, હાથીમાંથી સિંહ બનાવ્યો અને સિંહમાંથી બળવાન શરભ બનાવ્યો.[૧૪-૨૧] આમ તારાપરના સ્નેહને લીધે મેં તને અનુક્રમે સર્વોત્કૃષ્ટપદે સ્થાપિત કર્યો, તોપણ તું કુળવાન ન થયો–તને તે તે ઉચ્ચકુળના ગુણોની સાથે સંબંધ નજ થયો અને અંતે તારી જાત ઉપર જઇનેજ તું ઉભો રહ્યો. અરે ઓ પાપી! હું નિષ્પાપ છું, છતાં તું મને મારી નાખવા માટે ઇચ્છે છે; માટે જા,ફરીથી તું કૂતરોજ બની જા." આ રીતે ઋષિએ શાપ આપ્યો કે તુરતજ મુનિજનનો દ્વેષ કરનાર, દુષ્ટાત્મા અને મૂર્ખ એવો તે નીચ શરભ પુનઃ તેજ રૂપને પામ્યો–કૂતરો બની ગયો.[૨૨-૨૩]

અધ્યાય ૧૧૭ મો સમાપ્ત.

अध्याय ११८ मो

અમાત્ય અને રાજાના ગુણો

॥ भीष्म उवाच ॥

स श्वा प्रकृतिमापन्नः परं दैन्यमुपागतः ॥
ऋषिणा हुंकृतः पापस्तपोवन बहिष्कृतः ॥

ભીષ્મે કહ્યું:-“હે યુધિષ્ઠિર ! એ પ્રમાણે તે પાપી કૂતરો, જ્યારે પોતાના મૂળ સ્વરૂપને પામી ગયો, ત્યારે અત્યંત દીન થઇ ગયો અને પછી તો ઋષિએ, હુંકારપૂર્વક તેને ધિક્કારી કાઢીને તપોવનમાંથી હાંકી મૂકયો. [1] એ રીતે બુદ્ધિમાન રાજાએ સત્ય, પવિત્રતા, સરલતા, સ્વભાવ, વાસ્તવિક શાસ્ત્રજ્ઞાન, સદાચાર, કુળ, સંયમ, દયા, બળ, વીર્ય, પ્રભાવ, વિવેક અને ક્ષમા-વગેરે ગુણોની પરીક્ષા કર્યા પછી જેઓની યોગ્યતા જણાય તેવા સેવકોનેજ પોતાની પાસે રાખવા અને તેઓનું સારી રીતે રક્ષણ કરવું. [2,3] રાજાએ પરીક્ષા કર્યાવિના કોઇ પુરુષને પોતાનો પ્રધાન બનાવવો યોગ્ય નથી; કેમકે નીચ કુળના મનુષ્યોથી વીંટાયલો રાજા સુખ પામતો નથી. [4] વળી કુળવાન સેવકને રાજા કોઇ સમયે અપરાધવિના શિક્ષા કરે છે તોપણ તે સેવક પોતાની કુલીનતાને લીધે રાજા ઉપર પાપબુદ્ધિ કરતો નથી. [5] પણ જે સેવક નીચ કુળનો હોય છે અને તે સામાન્ય મનુષ્ય હોય છે છતાં કોઇ મહાપુરુષનો આશ્રય કરીને જો દુર્લભ ઐશ્વર્યને પામે છે તો કોઈવખતે માત્ર તેની નિંદા કરવાથીજ તે શત્રુતાને ધારણ કરે છે; [6] માટે રાજાએ, જે પુરુષ કુળવાન, શિક્ષિત, બુદ્ધિમાન, જ્ઞાન અને વિજ્ઞાનમાં પારંગત, સર્વ શાસ્ત્રીય અર્થના તત્ત્વને જાણનાર, સહનશીલ, સ્વદેશમાં ઉત્પન્ન થયેલ, કૃતજ્ઞ, બળવાન, ક્ષમાવાન, સંયમી, જિતેન્દ્રિય, લોભરહિત, જેટલું મળે તેટલાથી સંતુષ્ટ રહેનાર, પોતાના રાજાને તથા મિત્રોને ઐશ્વર્ય પ્રાપ્ત થાય એવી ઇચ્છા રાખનાર, હરકોઈ પ્રસંગમાં સહાય કરનાર, દેશકાળને જાણનાર, પ્રાણિમાત્રનું રંજન કરનાર, સ્વામીનું હિત કરવામાંજ મન લગાડનાર, હિતૈષી, ઉદ્યોગશીલ, પોતાના દેશના આચારોનું યોગ્ય રીતે પાલન કરનાર, સંધિ કરવામાં તથા વિગ્રહ કરવામાં કુશલ, રાજાના ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગને જાણનાર, નગરવાસી અને દેશવાસી લોકોમાં પ્રીતિપાત્ર, શત્રુસૈન્યોનો સંહાર કરનારા વ્યૂહોને રચી જાણનાર, સૈન્યોને ઉત્સાહ આપવામાં પ્રવીણ, અભિપ્રાય અને આકાર ઉપરથી તત્ત્વાર્થને જાણનાર, શત્રુઓપર કયારે અથવા કેવી રીતે ચઢાઇ કરવી, તે વિષેના જ્ઞાનમાં કુશળ, હાથીઓને કેળવવાના તત્ત્વને જાણનાર, અહંકારથી રહિત, પ્રૌઢ, ચતુર, ઈંદ્રિયોનું દમન કરનાર, બળવાન, યોગ્ય કાર્ય કરનાર, શુદ્ધ, શુદ્ધ મનવાળા મનુષ્યોથી વીંટાયલો, સુંદર મુખવાળો, દેખાવડો, સેનાપતિપણું કરી શકે તેવો, નીતિકુશળ, ગુણભરેલી ચેષ્ટાઓવાળો, નમ્ર, સૂક્ષ્મ વિષયોને સમજનારો, કોમળ, મૃદુ વચનોને બોલનારો, ધૈર્યવાન, શૂરવીર, મોટા ઐશ્વર્યવાળો અને દેશકાળપ્રમાણે કાર્યને સાધનારો હોય છે, તેને પોતાનો પ્રધાન બનાવવો અને તે પુરુષનું કદી અપમાન કરવું નહિ. જે રાજા પૂર્વોક્ત ગુણોવાળા પુરુષને પોતાનો મંત્રી બનાવે છે તેનું રાજ્ય ચંદ્રમાની ચાંદનીની પેઠે સર્વત્ર વિસ્તીર્ણ થાય છે. [7-15]

હે યુધિષ્ઠિર! સર્વ પ્રજાઓએ પણ જે પુરુષ પૂર્વોક્ત સર્વ ગુણોથી યુક્ત હોય, શાસ્ત્રકુશલ હોય, ધર્મપરાયણ હોય અને પ્રજાઓનું પાલન કરવામાં તત્પર હોય, તેનેજ પોતાના રાજાતરિકે ઇચ્છવો જોઇએ. [16] તેમજ ધીર, ક્ષમાશીલ, પવિત્ર, કાલપરત્વે તીક્ષ્ણતાનો સ્વીકાર કરનાર, મનુષ્ય અને કાળને ઓળખનાર, સેવ્ય પુરુષોની સેવા કરનાર, કાર્યકુશળ, હિતવચનને સાંભળનાર, તર્કવિતર્ક કરવામાં કુશળ, બુદ્ધિમાન, ધારણાશક્તિયુક્ત, ન્યાય પ્રમાણે કાર્યને સિદ્ધ કરનારો, ઇંદ્રિયોને વશ રાખનારો, સદાય પ્રિય બોલનારો, પોતાનો અપકાર કરનારા પુરુષ ઉપર પણ ક્ષમા કરનારો, નિરંતર પોતેજ દાન આપનાર, શ્રદ્ધાળુ, સુખકારક દેખાવનો, દુઃખીને સહાય કરનારો, નિત્ય પ્રજાઓની સમીપમાં રહેનારો, પ્રજાઓનું હિત કરનારો, અહંકારર-

હિત, પરિગ્રહવાળો, જેવું તેવું તુચ્છ કાર્ય નહિ કરનારો, અમુક કોઈ કાર્ય થઇ ગયા પછી અમાત્યોનો ઉપકાર કરનારો, પોતાના સેવકોપર પ્રેમ રાખનારો, ઉત્તમ મનુષ્યોનો સંગ્રહ કરનારો, નમ્ર, સદાય પ્રસન્ન મુખવાળો, નોકરવર્ગને રાજી રાખનારો, ક્રોધરહિત, ઉદાર મનનો, યોગ્ય રીતે દંડ કરનારો, દંડનો સર્વથા ત્યાગ નહિ કરનારો, ધાર્મિક કાર્યોનું રક્ષણ કરનારો, ગુપ્ત દૂતોરૂપી નેત્રોવાળો, પ્રજાઓપર દેખરેખ રાખનારો અને ધર્મ તથા અર્થના વિષયમાં કુશળતાવાળો રાજા, પ્રજાઓએ ઇચ્છવાયોગ્ય ગણાય છે. સારાંશ કે, બધા મળીને ×સો ગુણવાળો રાજા, પ્રજાઓમાં પ્રેમપાત્ર થઇ પડે છે. વળી હે રાજા ! રાજ્યનું ધારણ થઇ શકે માટે રાજાએ સર્વ પ્રકારના ગુણોથી યુક્ત એવા મહાપુરુષોને, યોદ્ધાઓતરીકે પોતાની સહાયમાં રાખવા અને રાજ્યની આબાદી ઇચ્છનારા રાજાએ તેવા યોદ્ધાઓનું કદી અપમાન કરવું નહિ.[૧૭-૨૪] જે રાજાના યોદ્ધાઓ યુદ્ધ કરવામાં કુશલ હોય છે, કરેલાં કામને જાણનારા હોય છે, શસ્ત્રો વાપરવામાં પ્રવીણ હોય છે, ધર્મશાસ્ત્રને જાણનારા હોય છે, પાયદલ સૈન્યથી વીંટાયલા હોય છે, ભયથી રહિત હોય છે, હાથીઓપર બેસી જાણનારા હોય છે, રથમાં બેસીને લડાઈ કરવામાં કુશળ હોય છે અને અસ્ત્રવિદ્યામાં પારંગત હોય છે, તે રાજા આખી પૃથ્વીપર રાજ્ય કરી શકે છે.[૨૫,૨૬] જે રાજા સર્વ પ્રજાઓનું રંજન કરવામાં નિરંતર યુક્ત રહે છે, ઉદ્યોગશીલ હોય છે અને મિત્રોની સહાયતાવાળો હોય છે, તે રાજા ઉત્તમ ગણાય છે.[૨૭] હે ભારત! ઉત્તમ મનુષ્યોનો સંગ્રહ કરનાર રાજા, માત્ર એક હજાર વીર ઘોડેસ્વારોની સહાય લઇને આખી પૃથ્વીને જીતી શકે છે.[૨૮]

ઇતિ શ્રીમહા૦શાંતિ૦ રાજ૦ પર્વમાં "અમાત્ય વગેરેના ગુણોનું વર્ણન" એ વિષયનો અધ્યાય ૧૧૮ મો સમાપ્ત.

* * *

अध्याय ११९ मो

પરીક્ષા કરીનેજ સેવકોને રાખવા

॥ भीष्म उवाच ॥

एवं शुना समान् भृत्यान् स्वे स्वे स्थाने नराधिपः
नियोजयति कृत्येषु स राज्यफलमश्नुते ॥१॥

ભીષ્મે કહ્યું:– હે યુધિષ્ઠિર! પૂર્વોક્ત શ્વાનનું દૃષ્ટાંત લક્ષમાં લઈને જે રાજા, તે શ્વાનના જેવી વૃત્તિવાળા પુરુષોને તેમના યોગ્ય સ્થાનોપર અને કાર્યોપર યોજના કરે છે, તે રાજાને રાજ્યનું ફળ મળે છે.[૧] શ્વાન જેવી વૃત્તિવાળા પુરુષને તેને યોગ્ય સ્થાન નહિ આપીને ઉચ્ચ સ્થાને ચઢાવી દેવો નહિ; કેમકે તેવા પુરુષને સત્કારપૂર્વક જો ઉચ્ચસ્થાને ચઢાવી દેવામાં આવે છે, તો તે પોતાની સ્થાનમર્યાદાનું ઉલ્લંઘન કરે છે અને પ્રમાદી બની જાય છે;[૨] માટે જેઓ સ્વજાતીય ગુણોથી યુક્ત હોય અને પોતપોતાનાં જાતીય કર્મો કરવામાં સ્થિર રહેનારા હોય, તેઓને રાજાએ પોતાના અમાત્યો બનાવવા. પણ અયોગ્ય ગુણવાળા પુરુષોને અયોગ્ય સ્થાનોપર ચઢાવી દેવા, તે યોગ્ય નથી.[૩] જે રાજા, સેવકોને તેઓની યોગ્યતા પ્રમાણે કાર્યો સોંપે છે, તે રાજા સેવકોથી પ્રાપ્ત થનારા લાભોથી યુકત થઇને મહાન ફળને પામે છે.[૪] જેમ શરભની શરભને સ્થાને યોજના થવી જોઇએ, બળવાન સિંહની સિંહને સ્થાને યોજના થવી જોઇએ, વ્યાઘ્રની વ્યાઘ્રને સ્થાને યોજના થવી જોઇએ અને દીપડાની દીપડાને સ્થાને યોજના થવી જોઇએ,[૫] તેમજ સેવકોની પણ તેઓની યોગ્યતા પ્રમાણેજ અને તેઓને યોગ્ય હોય તેવાં સ્થાનોપરજ નિમણુંક કરવી; પણ કર્મનાં ફળની ઇચ્છા રાખનારા રાજાએ, અયોગ્ય સ્થાનોપર અયોગ્ય સેવકોની યોજના કરવી નહિ—અર્થાત્ નીચને નીચ સ્થાન ઉપર નિમવો અને ઉત્તમને ઉત્તમ સ્થાન ઉપર નિમવો.[૬] જે મૂર્ખ રાજા, પૂર્વોક્ત શ્વાનના દૃષ્ટાંતનું ઉલ્લંઘન કરીને અ-

---

× કુલીનત્વ આદિ એકાવન અમાત્યના ગુણો અને ધર્મપરાયણતા આદિ એકતાળીશ ગુણો તથા સંધિવિગ્રહમાં કુશળતા વગેરે બીજા આઠ ગુણો—એ બધા મળીને સંપૂર્ણ સો ગુણો ચાલુ અધ્યાયમાંજ પ્રદર્શિત કર્યા છે.

યોગ્ય સેવકોને અયોગ્ય સ્થાનોપર નિમે છે, તે રાજા પ્રજાઓનું રંજન કરી શકતો નથી.[૭] જે રાજાને સંખ્યાબંધ લાભો મેળવવાની ઇચ્છા હોય, તેણે મૂર્ખ, ક્ષુદ્ર, બુદ્ધિરહિત, ઇંદ્રિયાધીન, અને નીચકુળના પુરુષોને ઉચ્ચ સ્થાનોપર નિમવા નહિ; પરંતુ જેઓ સજ્જન હોય, કુળવાન હોય, શૂરવીર હોય, જ્ઞાનસંપન્ન હોય, અસૂયારહિત હોય, અક્ષુદ્ર હોય, પવિત્ર હોય અને ચતુર હોય, તે પુરુષોનેજ રાજાએ પોતાના સેવકો બનાવવા[૯] અને જેઓ નમ્રતાપૂર્વક આજ્ઞાને પાળનારા હોય, શાંત હોય, શુદ્ધ હોય, સ્વાભાવિક ઉત્તમ ગુણોથી યુક્ત હોય અને પોતાના અધિકારપર રહીને લોકોની નિંદાને ન પામ્યા હોય તેવા સેવકો તો રાજાના બહાર ફરનારા પ્રાણજ ગણાય છે.[૧૦] સિંહની પાસે તો હમેશાં સિંહજ રહેવો જોઇએ અને તેનો અનુયાયી પણ સિંહજ હોવો જોઇએ; તેમજ જે કોઈ સિંહ ન હોય છતાં જો સિંહની સાથે રહે છે તો સિંહના જેવુંજ ફળ સંપાદન કરે છે. (કહેવાનો ભાવ એ છે કે, રાજાએ પોતાની પાસે શૂરવીર પુરુષોનેજ રાખવા,જેથી રાજા પોતે કદાચિત્ શૌર્યહીન હોતોપણ પોતાના શૂરવીર સેવકોના પ્રભાવથી શૂરો બની જાય છે;)[૧૧] પણ જે સિંહ, કૂતરાઓથી વીંટાઇને કૂતરાઓ સાથેજ જો પડી રહે છે તો સિંહના જેવું કર્મ કર્યા છતાં પણ તે સિંહના જેવું ફળ ભોગવી શકતો નથી; કેમકે તેની સેવા કરનારા કૂતરા હોય છે, (તેથી તે કૂતરા જેવોજ બની જાય છે.)[૧૨] માટે હે રાજા! શૂરવીર, બુદ્ધિમાન, બહુશ્રુત (પંડિત)અને કુળવાન સેવકોની સાથે રહીનેજ રાજા, આખી પૃથ્વીને જીતી શકે છે.[૧૩] હે સેવકસંપન્ન રાજાઓમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા! જે પુરુષ વિદ્યાવાન ન હોય, સરળ ગુણવાળો ન હોય, બુદ્ધિમાન ન હોય અને દ્રવ્યસંપન્ન ન હોય, તેને રાજાઓએ પોતાના સેવકતરીકે પાસે રાખવોજ નહિ;[૧૪] પણ જેઓ આજ્ઞા આપતાંની સાથેજ છૂટેલાં બાણની પેઠે કામ કરવા નીકળી પડે છે, સ્વામીનું કાર્ય કરવામાં તત્પર રહે છે અને રાજાનું હિત કરનારા હોય છે, તે સેવકોને રાજાએ, શાંતિયુક્ત વચનોથી પ્રસન્ન રાખવા.[૧૫] વળી રાજાઓએ નિરંતર યત્નપૂર્વક કોશનું રક્ષણ કરવું; કેમકે કોશ રાજાઓનું મૂળ છે અને કોશ રાજાઓનો અભ્યુદય કરનાર છે.[૧૬] હે રાજા! તમારો ધાન્ય ભરવાનો કોઠાર હમેશાં પુષ્કળ ધાન્યથી ભરપૂર હોવો જોઇએ અને તેનું રક્ષણ રાજ્યના ઉત્તમ અધિકારીઓદ્વારાજ થવું જોઇએ. હું તમને સલાહ આપું છું કે, ધનધાન્યનો સંગ્રહ કરવા માટે તમારે ખાસ લક્ષ્ય આપવું.[૧૭] તમારા સેવકો નિરંતર ઉદ્યોગશીલ અને યુદ્ધકુશલ થાઓ, તેમજ તેઓ ઘોડાઓપર સ્વારી કરવામાં તથા અશ્વયુદ્ધ કરવામાં કુશલ થાઓ,એમ હું ઇચ્છું છું, કારણ કે રાજ્યમાં અશ્વકુશલ યોદ્ધાઓ અવશ્ય હોવા જોઈએ.[૧૮] હે કૌરવનંદન! મિત્રો અને સંબંધીઓથી વીંટાઇને તમારે જ્ઞાતિજનોની તથા બંધુજનોની નિત્ય સંભાળ લેવી ને પ્રજાઓનું હિતકાર્ય કરવામાં તત્પર રહેવું.[૧૯] હે તાત! રાજાની પ્રજાઓપ્રત્યે કેવા પ્રકારની નૈષ્ઠિકી બુદ્ધિ હોવી જોઈએ, એ વિષે મેં તમને કહ્યું(અને જેવા તેવા સેવકોનહિ રાખવા વિષે)મેં તમને શ્વાનનું દ્રષ્ટાંત આપીને સમજાવ્યું. બોલો, હવે પુનઃ તમારે શું સાંભળવાની ઇચ્છા છે?[૨૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં
અધ્યાય ૧૧૯મો સમાપ્ત.

અધ્યાય ૧૨૦ મો

સંક્ષિપ્ત રાજનીતિ

॥ યુધિષ્ઠિર ઉવાચ ॥

राजवृत्तान्यनेकानि त्वया प्रोक्तानि भारत ।।
पूर्वैः पूर्वनियुक्तानि राजधर्मार्थवेदिभिः ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-“હે ભારત! રાજધર્મના તત્ત્વાર્થને જાણનારા પ્રાચીન પુરુષોએ પ્રથમ જેઓનું આચરણ કર્યું છે, તેવા અનેક રાજધર્મો તમે મને કહ્યા[૧] તોપણ હે ભરતશ્રેષ્ઠ ભીષ્મપિતામહ! રાજધર્મને જાણનારા સત્પુરુષોમાં માન્ય ગણાયલો પ્રાચીન રાજધર્મ તમે મને જે વિસ્તા-

રથી કહ્યો છે, તેને સહેલાઈથી સમજવામાટે પુનઃ સંક્ષેપમાં કહો."[2]

ભીષ્મે કહ્યું:-"હે રાજા! સર્વ પ્રાણીઓનું રક્ષણ કરવું, એ ક્ષત્રિયોનો મુખ્ય ધર્મ છે; પણ તે રક્ષણ કેવી રીતે કરી શકાય, તે વિષે હું તમને કહું છું, સાંભળો.[3] જેમ મયૂર અનેક પ્રકારનાં રંગબેરંગી પીછાંઓને ધારણ કરે છે, તેમ ધર્મવેત્તા રાજાએ અનેક પ્રકારનાં સ્વરૂપો ધારણ કરવાં; ક્રૂરતા, કુટિલતા, અભયપ્રદાન, સત્ય અને સરલતા-વગેરે સર્વ ગુણના મધ્યમાં રહીને રાજાએ,સત્ત્વગુણનો આશ્રય કરવો,જેથી સુખ પ્રાપ્ત થાય છે.[5] રાજાએ જે વિષયમાં જે સ્વરૂપ દર્શાવવું હિતકર જણાય તે સ્વરૂપ દર્શાવવું-અર્થાત શિક્ષા કરતી વખતે ક્રૂર સ્વરૂપ પ્રદર્શિત કરવું અને અનુગ્રહ કરતી વખતે સૌમ્ય સ્વરૂપ ધારણ કરવું. આમ અનેક સ્વરૂપોને ધારણ કરનારા રાજાનો સૂક્ષ્મ એવો પણ અર્થ નષ્ટ થતો નથી.[6] જેમ શરદ્ઋતુમાં મયૂર મૌનગુણનો આશ્રય કરે છે, તેમ રાજાએ પણ પોતાના રાજકીય વિચારોનું રક્ષણ કરવા માટે મૌનપણું ધારણ કરવું, તેમજ નિત્ય સ્વલ્પ અને મૃદુતાભરેલું ભાષણ કરવું, શાસ્ત્રીય વિષયમાં કુશલ રહેવું અને વસ્ત્રાલંકાર ધારણ કરીને શોભાયમાન રહેવું.[7] જળનાં ઝરણાંઓ જેમ એકદમ વહી જાય છે, તેમ રાજકીય ગુપ્ત વિચારો પણ એકદમ ફુટી જાય છે અને તેથીજ તે આપત્તિઓનાં દ્વાર ગણાય છે; માટે રાજાએ તે તરફ અત્યંત સાવધ રહેવું-ગુપ્તવિચારોને સુરક્ષિત રાખવા અને પર્વતના પ્રદેશમાં વૃષ્ટિથી ઉત્પન્ન થયેલાં મહાનદીઓનાં જળનો મનુષ્યો જેમ આશ્રય કરે છે તેમ, વિદ્યાસિદ્ધ બ્રાહ્મણોનો રાજાએ આશ્રય કરવો; તેમજ દ્રવ્યસંપાદન કરવાની ઇચ્છાથી ધર્મનિષ્ઠના જેવો ડોળ કરીને સમયાનુસાર ક્રૂરત્વાદિક ચિન્હો પ્રકટ કરવાં.[8] નિત્ય દંડ ધારણ કરવામાં ઉદ્યત રહેવું, પણ કદી પ્રમાદ કરવો નહિ. જે પ્રમાણે તાડી કાઢનારો પુરુષ, તાડવૃક્ષના કોઇ એકજ પ્રદેશમાં આઘાત કરીને તેમાંથી રસ કાઢી લે છે, તે પ્રમાણે રાજાએ લોકોની આવકજાવક ઉપર વિચાર કરીને તેઓના પર કર નાખવો-અર્થાત્ તાડીની ઇચ્છા રાખનારો પુરુષ તાડવૃક્ષનો જેમ સમૂળ ઉચ્છેદ કરતો નથી, તેમ રાજાએ પણ પ્રજાઓનો સમૂળ ઉચ્છેદ કરવો નહિ.[9] વળી રાજાએ પોતાના આંતરપક્ષના મનુષ્યોની સાથે શુદ્ધ અંતઃકરણથી વર્તવું. શત્રુઓનાં ધાન્યાદિકનો અશ્વાદિકની ધૂમાધૂમ કરાવીને નાશ કરાવવો, પોતાના પક્ષની વૃદ્ધિના સમયેજ શત્રુસામે ચઢાઇ કરવી, પોતાની ન્યૂનતા જોવી, શત્રુઓના દોષો જાહેર કરવા, મૃગયા આદિનું બહાનું કાઢીને અકસ્માત્ શત્રુપક્ષ ઉપર આક્રમણ કરવું અને અરણ્યમાંહેનાં પુષ્પોની પેઠે તેઓને ધ્રૂજાવવા;[10,11] જે રાજાઓ મહાબળવાન અને પર્વતોના જેવા ઉન્નત હોય, તેઓના દુર્ગાધ્યક્ષ પુરુષોને ઓળખાણ આપ્યાવિના ફોડીને તથા દેવદર્શન આદિને બહાને અકસ્માત્ તેઓના નગરમાં ઘુસી જઇને તેઓનો નાશ કરવો,પણ તે વેળા ગુપ્તરીતે યુદ્ધ કરવું.[12] મયૂર વર્ષાઋતુની રાત્રિમાં જેમ એકાંત પ્રદેશમાં બેસી રહે છે, તેમ રાજાએ, મયૂરના ગુણનો આશ્રય કરીનેજ ગુપ્તરીતે અંતઃપુરમાં સ્ત્રીઓ સાથે રમણ કરવું.[13] પોતાના શરીર ઉપરથી કવચને કદી ઉતારવુંજ નહિ, પોતેજ પોતાના વિશ્વાસપર આધાર રાખીને પોતાનું રક્ષણ કરવું અને ગુપ્ત દૂતોદ્વારા જાણવામાં આવેલા વિષાદિક દુષ્ટ પ્રયોગના પાશલાઓથી પણ પોતાનું રક્ષણ કરવું-અર્થાત્ પોતાની ધાવ, રસોઇઆ અથવા અંતઃપુરનો કોઇપણ માણસ શત્રુને મળ્યો છે અને તેણે વિષાદિકનો પ્રયોગ કર્યો છે, એમ જાણવામાં આવતાંજ તેઓનો નાશ કરીને પોતાનું રક્ષણ કરવું.[14] શત્રુઓએ પાથરેલી ગહન કપટજાળ જો જાણવામાં આવતી નથી, તો શત્રુઓના માણસોદ્વારા તેમાં ફસાઇને રાજા નાશજ પામે છે. વળી કેટલાએક શત્રુઓ એવા પ્રકારનું કપટ પણ કરે છે કે, તેઓ એક વિષકન્યાને બનાવીને પોતાના માણસોને રાજા પાસે મોકલે છે અને તે માણસોદ્વારા કહેવરાવે છે કે, આ પદ્મિની કન્યા અમને એક દ્વીપાંતરમાંથી

મળી આવી છે, તેને આપ ભેટતરીકે સ્વીકારો. આ કન્યામાં એવો મહાન ગુણ છે કે, તેનો માત્ર સ્પર્શ કરવાથી એંશી વર્ષનો પુરુષ પણ સોળ વર્ષનો તરુણ બની જાય છે, માટે એનો સ્વીકાર કરીને આપ અમારા ઉપર કૃપા કરો. આમ કહેનારા શત્રુઓના કપટને પોતાના દૂતોદ્વારા જાણી લઈને રાજાએ તે વિષકન્યાનો તથા કુટિલ જણાયલા ક્રોધાયમાન શત્રુઓનો વધ કરવો[૧૫] મયૂર પક્ષી જેમ પોતાનાં મોટાં મોટાં પીછાંઓને દૂર કરે છે તેમ રાજાએ, સૈન્યના પક્ષભૂત ગણાતા મોટાં મોટાં શિબિરોને, વેશ્યાઓને, નટોને તથા નર્તકોને દૂર કરવા, પોતાના તાબામાં આવેલાં શત્રુઓનાં ગ્રામનગરાદિમાં દૃઢમૂલ એવા અમાત્ય આદિ શૂરા પુરુષોને સ્થાપિત કરવા અને મોર જેમ પોતાની ઈચ્છા પ્રમાણે પીછાંઓને પહોળાં કરે છે, તેમ રાજાએ પોતાના પક્ષભૂત માણસોને સર્વત્ર યોજી દેવા; તેમજ રાજાએ પ્રત્યેક પશુપક્ષી વગેરેની જાતિઓ પાસેથી બુદ્ધિ ગ્રહણ કરવી* અને તીડ જેમ ગહન પ્રદેશ ઉપર તૂટી પડીને કોઇ સ્થળે એક પાંદડુંસરખું પણ રહેવા દેતાં નથી, તેમ શત્રુઓનાં રાજ્યોપર તૂટી પડીને તેઓને પાયમાલ કરી નાખવા.[૧૬] મયૂર પક્ષી જેમ પોતાના આશ્રયસ્થાનનું રક્ષણ કરે છે, તેમ રાજાએ રાજ્યનું રક્ષણ કરવું, અને પોતાની બુદ્ધિની વૃદ્ધિ કરે તેવી ઉત્તમ રાજનીતિનો સુજ્ઞ રાજાએ આશ્રય કરવો.[૧૭] શાસ્ત્ર કહે છે કે, અમુક કોઇ કાર્ય કરવા માટે પ્રથમ પોતાનીજ બુદ્ધિથી સારી રીતે વિચાર કરવો, પછી તેજ વિષયમાં બીજાની બુદ્ધિની અનુકૂળતા લઇને તે કાર્યનો દૃઢતર નિશ્ચય કરવો અને પછી શાસ્ત્રજન્ય જ્ઞાનદ્વારા તે નિશ્ચયને અમલમાં મૂકવો.[૧૮] રાજાએ સામોપચારનો પ્રયોગ કરીને શત્રુને વિશ્વાસુ બનાવવો, પોતાની શક્તિનો પણ સાથે સાથે પ્રકાશ પાડતા રહેવું, તેમજ ભૂતભવિષ્યના સંબંધમાં પોતાની વિચારશક્તિ દોડાવીને ઊહાપોહ કરવામાં કુશલ એવી બુદ્ધિથી કાર્યાકાર્યનો નિશ્ચય કરવો—અર્થાત્ કાર્યની સાધક ભૂમિકાપર તથા કાર્યની બાધક ભૂમિકાપર પોતાની બુદ્ધિનો સંચાર કરવો.[૧૯] જે રાજા નિત્ય સામોપચારનો પ્રયોગ કરવામાંજ દૃઢ બુદ્ધિવાળો રહે છે, જ્ઞાન સંપન્ન છે, કાર્યાકાર્યની યોજનાને કરી જાણનારો છે, રાજકીય વિચારોને ગુપ્ત રાખનારે છો અને ધૈર્યસંપન્ન છે, તે રાજાને કોઇ પ્રકારનો ઉપદેશ આપવાની જરૂર નથી;[૨૦] કેમકે બુદ્ધિમાં બૃહસ્પતિસમાન બુદ્ધિમાન્ તે રાજા કોઈ સમયે બુદ્ધિહીન પુરુષના જેવું ભાષણ કરે તોપણ, અગ્નિથી તપી ગયેલો લોઢાનો ગોળો જળમાં પડીને જેમ પોતાના મૂળસ્વરૂપને પામે છે તેમ, પોતાના મૂળ સ્વભાવને પામી શકે છે.[૨૧] રાજાએ પોતાનાં અથવા પારકાં સર્વ કાર્યો શાસ્ત્રના ઉપદેશ પ્રમાણેજ કરવાં;[૨૨] તેમજ કર્તવ્યના વિધાનને જાણનારા રાજાએ જે પુરુષ મૃદુસ્વભાવનો હોય, બુદ્ધિમાન હોય, શૂરવીર હોય અને અતિશય બળવાન હોય, તેનેજ પોતાનું કાર્ય કરવામાટે નિમવો;[૨૩] અને પછી જેમ એક વિશાળ વીણા સપ્ત પ્રકારના સ્વરોને અનુસરે છે, તેમ સેવકોને પોતાનાં કર્મોમાં યોગ્યરીતે જોડાયલા જોઇ પોતે પણ તેઓ સર્વને અનુસરીનેજ ચાલવું;[૨૪] પરંતુ યાદ રાખવું કે, જે રીતે કરવાથી ધર્મને વિરોધ ન આવે તે રીતે વર્તીને સર્વ કોઈનું પ્રિય કરવું. જેની પ્રજાઓ "આ અમારો રાજા છે" એમ માનીને નિત્ય પ્રસન્ન રહે છે, તે રાજા પર્વતની પેઠે સ્થિર રહે છે—અર્થાત્ તેનું રાજ્ય ચિરસ્થાયી રહે છે.[૨૫] જેમ સૂર્ય સારી કે નરતી હરકોઈ વસ્તુ ઉપર પોતાનાં વિશાળ કિરણોને ફેંકે છે, તેમ રાજાએ પણ પ્રિય-અપ્રિય સમાન ગણીને નિત્ય ઉદ્યોગ કરતાં રહેવું ને જેમ બને તેમ ધર્મનુંજ રક્ષણ કરવું.[૨૬] જેઓ કુલના, પ્રજાઓના તથા દેશના ધર્મોને જાણતા હોય, સૌમ્ય ભાષણ કરનારા હોય, મ-

---

* નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે, **बक वच्चिंतयेदर्थान् सिंहवच्च पराक्रमेत्**- રાજાએ બકપક્ષીની પેઠે શાંતગુણનો ડોળ કરીને રાજકીય વિષયોનું ચિંતન કરવું અને સિંહની પેઠે પરાક્રમ કરવું.

નીલકંઠ

ક્ષ્યમ વચના હોય, સર્વ કોઇનું હિત કરનારા હોય, વિકલવતારહિત હોય, લોભશૂન્ય હોય, કેળવાયલા હોય, ઇંદ્રિયોનું દમન કરનારા હોય, ધર્મમાં પરમ નિષ્ઠાવાળા હોય અને ધર્મ તથા અર્થની રક્ષા કરનારા હોય, તે પુરુષોની રાજાએ સર્વ કાર્યોમાં નિમણુંક કરવી.[૨૭,૨૮]

આ પ્રકારે નિત્ય સાવધાન રહીને, સંતુષ્ટ રહીને તથા ગુપ્ત દૂતોદ્વારા સર્વના પર દેખરેખ રાખીને રાજકાર્યોના આરંભને તથા અંતને રાજાએ પોતેજ કરવો.[૨૯] જે રાજાનો ક્રોધ અને હર્ષ સફળ હોય છે, કાર્યોની પોતેજ તપાસ રાખે છે અને કોશવૃદ્ધિનો આધાર પોતાની બુદ્ધિ ઉપરજ રાખે છે તે, રાજાને આખી પૃથ્વી ધનદાતા થઈ પડે છે.[૩૦] જે રાજાનો અનુગ્રહ સ્પષ્ટ સ્વરૂપમાં દેખાય છે, જેનો નિગ્રહ યથાર્થજ હોય છે અને જે પોતાનું તથા દેશનું રક્ષણ કરે છે, તે રાજા રાજધર્મને જાણે છે.[૩૧] ઉદય પામેલો સૂર્ય જેમ પોતાનાં કિરણોદ્વારા આખા જગતને જોઈ લે છે, તેમ રાજાએ પણ ઉત્તમ આચારવાળા ગુપ્ત દૂતોદ્વારા રાજ્યની હમેશાં તપાસ રાખવી અને કાર્ય અકાર્યમાં પોતાની બુદ્ધિ સાથે વિચાર કર્યા પછીજ આગળ વધવું.[૩૨] બુદ્ધિમાન રાજાએ મળેલી તક ગુમાવવી નહિ, પોતાનું ધનવાનપણું જાહેર કરવું નહિ ને પ્રતિદિન જેમ ગાયને દોહવામાં આવે છે તેમ પૃથ્વીને દોહ્યા કરવી.[૩૩] જેમ ભ્રમર, અનુક્રમે એક એક પુષ્પમાંથી મકરંદને એકઠો કરે છે, તેમ રાજાએ, ધીમે ધીમે દ્રવ્ય સંપાદન કરીને કોશસંગ્રહ કરવો.[૩૪] વળી શાસ્ત્રોને જાણનારા બુદ્ધિમાન રાજાએ, કોશસંગ્રહ કર્યા પછી જે ધન બાકી રહે તેમાંથીજ ધર્મકાર્યો કરવાં અને સુખોપભોગ કરવો, પણ સંગ્રહ કરેલા ધનમાંથી કોઇને કંઈ આપવું નહિ; (કેમકે તે ધન કોઇ સમયે આપત્તિનો પ્રસંગ આવે ત્યારે ઉપયોગી થઈ પડે છે.)[૩૫] તેમજ કોઈપણ બાબતને નાની સૂની માનીને તેનો તિરસ્કાર કરવો નહિ, શત્રુઓની અવગણના કરવી નહિ, પોતાની બુદ્ધિથીજ પોતાના આત્માને ઓળખવો અને મૂર્ખ પુરુષોનો વિશ્વાસ કરવો નહિ.[૩૬] ધૈર્ય, દક્ષતા (ઉત્સાહશક્તિ), સંયમ, બુદ્ધિ, દેહ, સ્થિરતા, શૌર્ય અને દેશકાલમાં અપ્રમાદ—આ આઠ ગુણો થોડા અથવા ઘણા ધનની વૃદ્ધિ કરનારા છે.[૩૭] અગ્નિ થોડો હોય, તોપણ તેનાપર ઘૃતધારાનું જો સિંચન કરવામાં આવે છે, તો એકદમ વધી પડે છે; તેમજ એકજ બીજ સારી રીતે જો પોષાયું હોય છે તો હજારો બીજને ઉત્પન્ન કરી શકે છે. આમ સમજીને રાજાએ, પોતાની આવકજાવક પુષ્કળ હોય છતાં સ્વલ્પ દ્રવ્યની પણ અવગણના કરવી નહિ (તાત્પર્ય કે, થોડા દ્રવ્યને પણ જતું કરવું નહિ;)[૩૮] શત્રુ બાળક હોય, યુવાન હોય કે વૃદ્ધ હોય, તોપણ તે પ્રમાદી પુરુષનો નાશ કરી શકે છે. એટલુંજ નહિ પણ તે શત્રુ, સમય આવ્યે બળવાન થઈ પડીને પ્રમાદી પુરુષના મૂળ સુદ્ધાંનો નાશ કરી નાખે છે, માટે જે રાજા, સમયને ઓળખનારો છે તે સર્વ રાજાઓમાં શ્રેષ્ઠ ગણાય છે.[૩૯] વળી મનમાં દ્વેષ રાખનારો દુર્બળ અથવા બળવાન શત્રુ, પોતાનો જ્યારે સમય આવે છે, ત્યારે રાજાની કીર્તિનો, ધર્મનો, ધનનો તથા અતિમહાન પરાક્રમનો પણ નાશ કરી નાખે છે; માટે મનને વશ રાખનારા રાજાએ શત્રુથી સાવધજ રહેવું.[૪૦] પોતાના ઐશ્વર્યના નાશનો, અભિવૃદ્ધિનો, પાલનનો, સંગ્રહનો તથા વિજયેચ્છાનો પૂરતો વિચાર કર્યા પછીજ રાજાએ શત્રુ સાથે સંધિ અથવા વિગ્રહ (યુદ્ધ) વગેરે કરવાં, તેમજ બુદ્ધિમાનપણાનો આશ્રય કરવો—અર્થાત્ બુદ્ધિમાન થવું.[૪૧] બુદ્ધિ જવલંત હોય છે તો રાજા બળવાન શત્રુને પણ મારી શકે છે; બુદ્ધિના બળથી પ્રતિદિન ક્ષીણ થતા રાજ્યનું પણ પાલન કરી શકાય છે અને બળવાન શત્રુને પણ બુદ્ધિના બળથી પીડી શકાય છે; માટેજ બુદ્ધિપૂર્વક કરવામાં આવેલું હરકોઇ કર્મ પ્રશંસાપાત્ર થઇ શકે છે.[૪૨] પોતે અલ્પસત્વથી યુક્ત હોય છતાં પણ જે રાજા દોષોથી રહિત હોય છે અને ધૈર્યસંપન્ન હોય છે તે પોતાની ઇચ્છાનુસાર સર્વ મનોરથોને પામી શકે છે; પરંતુ લોભી અને ગર્વિષ્ઠ એવો રાજા કલ્યાણથી ભ્રષ્ટજ થાય છે,[૪૩] માટે

રાજાએ સ્નેહાળ દૃષ્ટિ રાખીનેજ લક્ષ્મીના મૂળભૂત એવી પ્રજાઓ પાસેથી ન્યાયપૂર્વક દ્રવ્ય ગ્રહણ કરવું; કેમકે તેવો માયાળુ રાજા ઘણા કાળ સુધી પ્રજાઓપર વિજળીની પેઠે તૂટી પડીને પણ-અર્થાત્ યુક્તિપૂર્વક જુલમ ગુજારીને પણ બળવાન થઇ શકે છે. (આ વિષયમાં પ્રથમ કહેવાયલું તાડવૃક્ષનું દૃષ્ટાંત લક્ષ્યમાં રાખવું.)[૪૪] વિદ્યા,તપ અને પુષ્કળ ધન સંપત્તિ-એ બધું કેવળ ઉદ્યોગથીજ મેળવી શકાય છે અને તે ઉદ્યોગ, બુદ્ધિને અધીન હોઇને પ્રત્યેક પ્રાણીઓવિષે વસી રહ્યો છે; માટે રાજાએ જેમ બને તેમ પુષ્કળ ઉદ્યોગજ કરવો.[૪૫] બુદ્ધિમાન અને મનસ્વી પુરુષો પણ જેનો આશ્રય કરે છે, ઇંદ્ર, વિષ્ણુ અને સરસ્વતીનો જેમાં નિવાસ છે, તથા સર્વ પ્રાણીઓ જેના આધારે ટકી રહે છે તેવા પોતાના શરીરનો વિદ્વાન રાજાએ, ઉદ્યોગ કર્યાવિના વ્યર્થ નાશ કરવો નહિ.[૪૬] રાજાએ, લોભી મનુષ્યને નિત્ય કંઇક આપીનેજ વશ કરવો. લોભી મનુષ્ય પારકું દ્રવ્ય લઈને તૃપ્તજ થતો નથી. જગતના સર્વ મનુષ્યોને યજ્ઞાદિ કર્મના ફળભૂત સુખોપભોગનો તો લોભ હોયજ છે, પરંતુ જેઓની પાસે દ્રવ્ય હોતું નથી તેઓ એ પ્રકારનું સુખ મેળવવાના લોભથી ધર્મ અને કામનો ત્યાગ કરી દે છે.[૪૭] લોભી મનુષ્ય, બીજાઓના ધનની, ભોગોની, પુત્રોની, સ્ત્રીઓની તથા સમૃદ્ધિની, એમ સર્વની ઇચ્છા કરે છે; એટલુંજ નહિ પણ લોભી મનુષ્યવિષે લગભગ સર્વ દોષોનો સંભવ હોય છે, માટે રાજાએ લોભી મનુષ્યને પોતાની પાસે રાખવો નહિ.[૪૮] બુદ્ધિમાન રાજાએ કોઈ નીચ પુરુષને જોઇને પણ જરૂર હોય તો આજ્ઞા આપવી. અને શત્રુઓના આરંભોનો તથા સર્વ પ્રકારનાં કાર્યોનો મૂલતઃ વિનાશ કર્યા કરવો.[૪૯] હે પાંડુપુત્ર! જે રાજા, ધર્મયુક્ત બ્રાહ્મણમંડળમાં જઇને જ્ઞાન સંપાદન કરતો હોય, મંત્રીઓથી રક્ષાયલો હોય, પ્રજાઓનું હિત ઈચ્છનારો હોય અને કુળવાન હોય, તે પોતાના સામંત રાજાઓને વશ કરી શકે છે.[૫૦]

હે રાજા! એ પ્રમાણે શાસ્ત્રોક્ત રાજધર્મો મેં તમને સંક્ષેપમાં કહી સંભળાવ્યા, તેને તમે બુદ્ધિથી ગ્રહણ કરો. આ રાજધર્મોને જે રાજા પોતાના ગુરુ પાસેથી ગ્રહણ કરી હૃદયમાં સ્થાપિત કરે છે,તે પૃથ્વીનું પાલન કરવામાટે સમર્થ થઇ શકે છે. જે રાજાનું સુખ અનીતિજન્ય હોય, દૈવથી પ્રાપ્ત થયેલું હોય અથવા બળાત્કારે સંપાદિત કરેલું હોય, તે ઉપર ઉપરથી વિધિવત્ જેવું ભાસે છે; પરંતુ રાજધર્મના અજ્ઞાનને લીધે તે રાજ્યસુખ સર્વોત્તમ ગણાતું નથી,તેમજ એ રાજાને ઉત્તમ ગતિ પણ મળતી નથી.[૫૨] બુદ્ધિમાન રાજા, સંધિવિગ્રહાદિક રાજકીય ગુણોનો સંપૂર્ણ વિચાર કર્યા પછી અતિશય ધનાઢય, બુદ્ધિ અને શીલના પ્રભાવથી જગતમાં માન્ય ગણાયલા, ગુણોથી યુક્ત અને યુદ્ધમાં જેઓનું પરાક્રમ પોતે જોયેલું હોય તેવા બળવાન શત્રુઓની સાથે પ્રથમ સંધિ કરીને સમય આવતાં તેઓનો નાશ કરી નાખે છે.[૫૩] અનેક પ્રકારના ક્રિયામાર્ગોદ્વારા રાજાએ ધન સંપાદન કરવાના ઉપાયો યોજવા, પણ જે ઉપાય શાસ્ત્રસંમત નથી તેમાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો નહિ. વળી જે રાજા, નિર્દોષ પુરુષો ઉપર પણ દોષદૃષ્ટિ કરે છે, તે રાજા મોટી રાજ્યલક્ષ્મીને, મહાન યશને તથા પુષ્કળ ધનને મેળવી શકતો નથી.[૫૪] કોઈ બે મિત્ર, અન્યોન્ય પ્રીતિ રાખનારા હોય, તેઓ બન્નેને એકજ કાર્ય સોંપવામાં આવ્યું હોય અને તેઓ બન્ને, તે કાર્યને બરાબર કરી રહ્યા હોય તોપણ તેમાં, જે એક મિત્ર બીજાના કરતાં ઘણુંજ અધિક કાર્ય કરતો હોય, તેને વિદ્વાન પુરુષે પોતાનો ખરો સ્નેહી જાણીને વખાણવો.[૫૫] હે રાજા! મેં કહેલા આ રાજધર્મોનું આચરણ કરીને પ્રજાઓનું રક્ષણ કરવાનો તમે નિશ્ચય કરો, જેથી તમે સુખેથી પુણ્યફળ પ્રાપ્ત કરશો. કેમકે સર્વ લોકોનું મૂળ રાજધર્મજ છે.[૫૬]

ઇતિ શ્રીમહા૦શાંતિ૦રાજ૦પર્વમાં "રાજધર્મ-કથન" એ વિષયનો અ૦ ૧૨૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૨૧ મો

દંડનું સ્વરૂપ

॥ युधिष्ठिर उवाच ॥

अयं पितामहेनोक्तो राजधर्मः सनातनः ॥
ईश्वरश्च महादंडो दंडे सर्वं प्रतिष्ठितम् ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પ્રભુ! તમે-મારા પિતામહે, સનાતન એવો રાજધર્મ મને કહી સંભળાવ્યો અને તેમાં દંડને એક મહાનઈશ્વરતરીકે તમે વર્ણવ્યો. વળી પણ તમે કહ્યું કે, દંડને આધારેજ આ સર્વ જગત રહ્યું છે;એટલુંજ નહિ પણ દેવો, ઋષિઓ, પિતૃઓ, યક્ષો, રાક્ષસો, પિશાચો, સાધ્યો અને લોકમાંહેનાં સર્વ પશુપક્ષીપર્યંતનાં પ્રાણીઓમાં મહાતેજસ્વી એવો દંડ વ્યાપી રહ્યો છે, દંડ સર્વનું શ્રેય કરનાર છે અને સ્થાવરજંગમ સર્વ જગતને કેવળ દંડનોજ આધાર છે; તેમજ દેવો, અસુરો અને મનુષ્યો સદાય દંડનુંજ અવલંબન કરે છે.૧-૪ તો હે ભરતશ્રેષ્ઠ પિતામહ! હું યથાર્થ રીતે જાણવા ઇચ્છું છું કે, એ દંડ કોણ છે? તે કેવા પ્રકારનો છે? તેનું સ્વરૂપ કેવું છે? તે કોના આધારે રહેલો છે? તેનો આત્મા કોણ છે? તેનો સ્વભાવ કેવો છે? તેની મૂર્તિ કેવી છે? અને હે પ્રભુ! પ્રજાઓપર નિરંતર સાવધાન રહીને તે કેવી રીતે જાગ્રત્ રહે છે?૫,૬ વળી નિત્ય જાગ્રત્ રહીને પૂર્વાપર સમગ્ર જગતનું જે પાલન કરે છે તે દંડ કોણ છે? પૂર્વે એ દંડને કઈ રીતે જાણ્યો હતો? દંડ સંજ્ઞાને ધારણ કરનારો એ સર્વોત્તમ કોણ છે? તેની સ્થિતિ કેવી છે? અને તેની ગતિ શી કહેવાય છે"?૭

ભીષ્મે કહ્યું:-"હે કુરુવંશી રાજા! એ દંડ કોણ છે? અને તેનું "વ્યવહાર" એવું બીજું નામ શા ઉપરથી પડયું છે? તે વિષે હું તમને કહું છું, સાંભળો. આ જગતમાંનું સર્વ કંઈ, જેને અધીન રહેલું છે તેવો કેવળ એક દંડજ છે.૮ હે મહારાજા! ધર્મનો જગતમાં સમ્યક પ્રકાશ પાડે તેનેજ દંડ અથવા વ્યવહાર કહેવામાં આવે છે. લોકમાં નિત્ય સાવધ રહેનાર એવા રાજાના ધર્મનો કયા પ્રકારે વિનાશ ન થાય, તે માટેનો જે એક પ્રકાર તેને વ્યવહાર અથવા દંડ કહેવાય છે. વ્યવહારનો અર્થજ એ છે કે, જેને લીધે નીચ માર્ગે પર દ્રવ્યાદિનું હરણ થતું અટકે તેનું નામ વ્યવહાર. આ વ્યવહારના સંબંધમાં ભગવાન મનુએ પણ પૂર્વે કહ્યું છે કે,૯,૧૦

सुप्रणीतेन दंडेन प्रियाप्रियसमात्मना ॥
प्रजा रक्षति यः सम्यग्धर्म एव स केवलः॥१॥

જે રાજા,પ્રિયઅપ્રિય મનુષ્યપર સમાનભાવ રાખીને તથા દંડનો યથાયોગ્ય ઉપયોગ કરીને પ્રજાઓનું સારી રીતે રક્ષણ કરે છે,તે કેવળ ધર્મસ્વરૂપજ ગણાય છે."૧૧ મનુ ભગવાનનું આ પ્રાચીન વચન, સર્વરક્ષક વ્યવહારનુંજ સૂચન કરે છે અને હે રાજા! મેં કહેલું એ મનુ મહારાજાનું વચન વાસ્તવિક રીતે બ્રહ્મદેવનુંજ મહાવચન છે-અર્થાત્ એ વચન બ્રહ્મદેવનું પોતાનુંજ હોઈને મનુ રાજાના મુખેથી જગતમાં પ્રસિદ્ધ થયું છે.૧૨ એ વચન ઘણા પ્રાચીન કાળમાં કહેવામાં આવ્યું છે,માટે વિદ્વાનો તેને "પ્રાગ્વચન" અથવા "ધર્મવચન" પણ કહે છે. તેમજ એ વચનથી વ્યવહારનું કથન કરાય છે, માટે તેને વ્યવહાર પણ કહે છે. ૧૩ દંડનો જો યથાયોગ્ય રીતે પ્રયોગ કરવામાં આવે છે તો તેદ્વારા ધર્મ, અર્થ અને કામ-એ ત્રિવર્ગની સતત પ્રવૃત્તિ ચાલુ રહે છે, માટેજ દંડ એ પરમ દૈવત ગણાય છે. તેનું સ્વરૂપ જાજ્વલ્યમાન અગ્નિના જેવું પ્રદીપ્ત[૧] છે, તેનો વર્ણ નીલકમલની પાંખડીના જેવો શ્યામ[૨] છે, તેને ચાર દાઢો[૩] છે, ચાર ભુ-

---

[૧] બળબળતો અગ્નિ બીજાઓને જેમ તપાવે છે, તેમ દંડ પણ અપરાધી પુરુષોને તપાવે છે તેથી તેનું સ્વરૂપ અગ્નિના જેવું ક્રૂર વર્ણવ્યું છે. **નીલકંઠ**

[૨] જે અપરાધીને શિક્ષા કરવામાં આવી હોય છે તેનો વર્ણ લગભગ શ્યામજ બની જાય છે, આવા આશયથી દંડનો વર્ણ શ્યામ હોવો જોઈએ, એમ સિદ્ધ થાય છે.

[૩] કેટલાએક ગુન્હેગારોને કેવળ અપમાન કરીનેજ શિક્ષા કરવામાં આવે છે, કેટલાએકના ધનનું હરણ કરીને દંડવામાં આવે છે, કેટલાએકને

જાઓ[૪] છે, આઠ પગ[૫] છે, અનેક નેત્રો[૬] છે, તેના કાન શંકુના જેવા[૭] છે અને તેના કેશ ઉભા છે.[૧૪,૧૫] તે જટાને ધારણ[૮] કરે છે, તેને બે જીભો છે, તેનું મુખ લાલ વર્ણનું છે અને તેણે શરીરપર મૃગરાજનું ચર્મ ધારણ કર્યું છે. આ રીતે નિત્ય દુર્ધર એવો તે દંડદેવ, મહાઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે.[૧૬] તરવાર, ધનુષ, ગદા, શક્તિ, ત્રિશૂલ, મુદ્ગર, બાણ, મુસલ, ફરસી, ચક્ર, પાશ, દંડ, બેધારી તરવાર અને તોમર વગેરે જે જે શસ્ત્રો આ જગતમાં જોવામાં આવે છે, તે બધાં વાસ્તવિક દંડનાંજ સ્વરૂપો છે અને તે તે સ્વરૂપો ધારણ કરીને સર્વાત્મા દંડજ મૂર્તિમાન થઈને લોકમાં ઘૂમ્યા કરે છે.[૧૭-૧૮] શિક્ષા કરવા યોગ્ય પુરુષોને ભેદતો, છેદતો, પીડા કરતો, કાપતો, ચીરતો, ફાડી નાંખતો, મારતો અને ઠોકતો દંડજ સર્વત્ર ઘુમ્યા કરે છે.[૧૯] હે યુધિષ્ઠિર! અસિ, વિશસન, ધર્મ, તીક્ષ્ણવર્મા, દુરાધર, શ્રીગર્ભ, વિજય, શાસ્તા, સનાતન વ્યવહાર, શાસ્ત્ર, બ્રાહ્મણમંત્ર, (વેદનો અમુક ભાગ) પ્રાગ્વદતાંવર, ધર્મપાલ, અક્ષર, દેવ, સત્યગ, નિત્યગ, અગ્રજ, અસંગ, રુદ્રપુત્ર, મનુ, જ્યેષ્ઠ અને શિવંકર આ બધાં દંડનાં નામો છે.[૨૦,૨૨] ખરેખર, દંડ એ ભગવાન વિષ્ણુનુંજ સ્વરૂપ છે, દંડ એ પ્રભુ નારાયણજ છે અને દંડ નિરંતર મહાન સ્વરૂપ ધારણ કરે છે; માટે તેને મહાપુરુષ કહેવામાં આવે છે.[૨૩] તેમજ બ્રહ્મકન્યા, લક્ષ્મી, વૃત્તિ, સરસ્વતી અને જગદ્ધાત્રી–એ બધાં દંડ દેવની ધર્મપત્ની દંડનીતિનાં નામો છે. હે રાજા! દંડનાં અનેક સ્વરૂપો છે.[૨૪] અર્થ, અનર્થ, સુખ, દુઃખ, ધર્મ, અધર્મ, બળ, અબળ, દુર્ભાગ્ય, સુભાગ્ય, પુણ્ય, પાપ, ગુણ, અવગુણ, કામ, અકામ, ઋતુ, માસ, રાત્રિ, દિવસ, ક્ષણ, અપ્રમાદ, પ્રમાદ, હર્ષ, ક્રોધ, શમ, દમ, દૈવ, પુરુષાર્થ, મોક્ષ, બંધ, ભય, અભય, હિંસા, અહિંસા, તપ, યજ્ઞ, સંયમ, વિષ, અમૃત, આદિ, મધ્ય, અંત, કાર્યોનો વિસ્તાર, મદ, પ્રમાદ, ગર્વ, દંભ, ધૈર્ય, ન્યાય, અન્યાય, અશક્તિ, શક્તિ,

---

નાક, કાન વગેરે અવયવો કાપી લઇને દંડવામાં આવે છે અને કેટલાએકને દેહાંત દંડની શિક્ષા કરવામાં આવે છે; માટે આ ચારે શિક્ષા કરવાના પ્રકારોને દંડની ચાર દાઢોતરીકે વર્ણવ્યા છે.

નીલકંઠ

[૪] પ્રજાઓ અને સામંતો પાસેથી જે કર લેવાય છે, કોઇના પર ખોટો દાવો માંડનાર પુરુષ પાસેથી તેણે દાવો કરેલા ધન કરતાં જે બમણું ધન લેવામાં આવે છે, મિથ્યા ભાષણ કરનારા પ્રતિવાદી પાસેથી જે સમાન દ્રવ્ય લેવામાં આવે છે અને ધનવાન લોભી બ્રાહ્મણ પાસેથી તેનું સર્વસ્વ જે લઈ લેવામાં આવે છે, તે ચારે આદાન પ્રકારોને દંડના ચાર બાહુઓતરીકે વર્ણવ્યા છે. **નીલકંઠ**

[૫] આવેદન (ફરીઆદ) ભાષા (વાદીપ્રતિવાદીનાં લખાણ), પ્રતિપત્તિ (અપરાધની કબૂલાત), મિથ્યોત્તર (અસત્ય ઉત્તર), કારણોત્તર (મેં અમુક વસ્તુ લીધી હતી પણ તેને પાછી આપી દીધી હતી, આવું કારણ દર્શાવીને આપેલો ઉત્તર), પ્રાડ્.ન્યાયોત્તર (મેં તેની સામે પહેલાં ફરીઆદ માંડી હતી અને તેમાં તે હાર્યો હતો આવો ઉત્તર આપવો તે.) પ્રતિભૂ (સાક્ષી-ક્ષી), ક્રિયા (પોતાનો મત સિદ્ધ કરવા માટે સાઓ આપવા, સોગંદ ખાવા વગેરે) અને ફળસિદ્ધિ (આખરે સાચા ખોટાનો નિર્ણય કરીને આપેલો ફેંસલો) આ આઠ નિમિત્તોદ્વારા દંડ ચાલી શકે છે, માટે તે એના પગ છે. **નીલકંઠ**

[૬] રાજા, પ્રધાન, પુરોહિત અને ધારાસભા એ બધા મળીને સર્વ પ્રકારનાં કાર્યો તપાસે છે, માટે દંડને અનેક નેત્રો છે. **નીલકંઠ**

[૭] દંડના કાન શંકુના જેવા તીક્ષ્ણ હોય છે, જેથી તે અવશ્ય સર્વનું સાંભળેજ છે.

[૮] દંડ જટાધારી છે–અર્થાત્ અનેક પ્રકારના સંદેહોથી તે જટિલ છે અને તેને બે જીભો છે–અર્થાત્ વાદિપ્રતિવાદીઓનાં પરસ્પર વિરુદ્ધ એવાં જે વાકયો તે દંડની બે પ્રકારની જીહ્વાઓ છે. દંડના હાથ, પગ વગેરે અવયવોવાળું સ્વરૂપ વર્ણવીને એમ જણાવવામાં આવે છે કે, કોઈ અમાત્ય વગેરે રાજપુરુષોએ કોઈ સમયે અજાણતાં નિરપરાધી પુરુષને પણ જો શિક્ષા કરી દીધી હોય તો તેથી થયેલો દોષ દૂર કરવા માટે તેઓએ દંડાધિષ્ઠાયક દેવતાનું ધ્યાન કરવું અને તે માટે તેઓએ અહીં વર્ણવેલું સ્વરૂપજ લક્ષ્યમાં રાખવું.

નીલકંઠ

માન, અપમાન, નાશ, અનાશ, વિનય, દાન, કાલ, અકાલ, અસત્ય, સત્ય, જ્ઞાનીપણું, શ્રદ્ધા, અશ્રદ્ધા, નપુંસકતા, વ્યવસાય(ઉદ્યોગ), લાભ, અલાભ, જય, પરાજય, તીક્ષ્ણતા, મૃદુતા, મૃત્યુ, આગમ, અનાગમ, વિરોધ, અવિરોધ, કાર્ય, અકાર્ય, અસૂયા, અનસૂયા, ધર્મ, અધર્મ, લજ્જા, અલજ્જા, સંપત્તિ, વિપત્તિ, તેજ, કર્મો, પાંડિત્ય, વાક્શક્તિ અને તત્ત્વજ્ઞાન, આ પ્રમાણે દંડનાં અનેક સ્વરૂપો જગતમાં જોવામાં આવે છે.[૨૫-૩૩] હે યુધિષ્ઠિર! જો આ જગતમાં દંડ ન હોય તો મનુષ્યો અન્યોન્યનો સંહાર કરી નાખે; પણ દંડના ભયથીજ તેઓ અન્યોન્યનો વિનાશ કરતા નથી.[૩૪] હે રાજન! દંડના રક્ષણ તળે રહેલી પ્રજાઓ રાજાનો અભ્યુદય કરે છે, માટે દંડજ સર્વનો આધારભૂત છે.[૩૫]

વળી હે રાજા! દંડ, આ સર્વ લોકને સત્વર વ્યવસ્થિત કરે છે અને એ પ્રમાણે વ્યવસ્થા થયા પછી સત્યમાં સ્થિર થયેલો ધર્મ બ્રાહ્મણોમાં પ્રતિષ્ઠા પામે છે.[૩૬] ધર્મનિષ્ઠ થયેલા ઉત્તમ બ્રાહ્મણો વેદાધ્યયન કરવામાંજ નિરંતર તત્પર રહે છે, વેદોમાંથી યજ્ઞોની ઉત્પત્તિ થાય છે અને યજ્ઞ દેવતાઓને પ્રસન્ન કરે છે.[૩૭] પ્રસન્ન થયેલા દેવતાઓ લોકોની ધાર્મિકતાના સંબંધમાં ઇંદ્ર પાસે વખાણ કરે છે, જેથી ઇંદ્ર વૃષ્ટિદ્વારા પ્રજાઓપર અનુગ્રહ કરીને તેઓને અન્ન આપ્યા કરે છે.[૩૮] જગતનાં સર્વ પ્રાણીઓના પ્રાણો મુખ્યત્વે કરીને અન્નના આધારેજ ટકી રહ્યા છે, માટે અન્નાદિના મૂળકારણ તરફ દૃષ્ટિ કરતાં એમજ સિદ્ધ થાય છે કે, જે પ્રજાઓ આ જગતમાં સ્થિતિ કરી રહી છે, તે સર્વના પર દંડ હમેશાં જાગ્રત રહે છે.[૩૯] આ પ્રકારનું દંડનું પ્રયોજન હોવાથી દંડજ મનુષ્યોમાં ક્ષત્રિયસ્વરૂપ થઇને પ્રજાઓનું રક્ષણ કરે છે અને અવિનાશીસ્વરૂપ દંડ, નિત્ય સાવધાન રહીને પ્રજાઓપર જાગ્રત રહેછે.[૪૦] એ દંડનાં બીજાં પણ આવાં નામો છે. જેમકે, ઈશ્વર, પુરુષ, પ્રાણ, સત્ત્વ, ચિત્ત, પ્રજાપતિ, ભૂતાત્મા અને જીવ.[૪૧] આ જગતમાં ક્ષત્રિયને ધર્મ, વ્યવહાર, દંડ, ઈશ્વર અને જીવસ્વરૂપે માનેલો છે, વળી તે(ક્ષત્રિય) બળથી યુક્ત હોય છે; કેમકે પરમાત્માએ તેને દંડ, ધૈર્ય અને ઐશ્વર્ય અર્પણ કર્યાં છે.[૪૨] હે યુધિષ્ઠિર! કુળ, પુષ્કળ ધનવાળા અમાત્યો અને બુદ્ધિ—એ બધાં ક્ષત્રિયનાં નૈસર્ગિક બળ કહેવાય છે, પરંતુ તે સિવાય હવે પછીના શ્લોકમાં કહેવાતાં આઠ સાધનોવડે બીજા પ્રકારનાં (કોશવૃદ્ધિ વગેરે) બળ પણ રાજાએ સંપાદન કરવાં જોઇએ.[૪૩] હાથી, ઘોડા, રથ, પાયદલ, નૌકા, વેઠ કરનારા મનુષ્યો, દેશની પ્રજાઓ અને ઘેટાં, બકરાં વગેરે પશુઓ—આ અષ્ટાંગ બળનું પણ નીતિશાસ્ત્રમાં વર્ણન છે.[૪૪] અથવા સર્વાંગે સંપૂર્ણ એવું સૈન્ય, રથીઓ, હાથીસ્વારો, ઘોડેસ્વારો, પાળાઓ, મંત્રીઓ, વૈદ્યો, ભિક્ષુકો, ન્યાયાધીશો, મુહૂર્તવેત્તાઓ, દૈવવેત્તાઓ, કોશ, મિત્રો, ધાન્ય, સર્વ સામગ્રીઓ, રાજકીય સાત પ્રકૃતિઓ અને પૂર્વોક્ત આઠ અંગો રાજ્યનું શરીર કહેવાય છે, એમ વિદ્વાનો કહે છે; અને વળી દંડ તો રાજ્યનું મુખ્ય અંગ ગણાય છે એટલુંજ નહિ પણ રાજ્યની ઉત્પત્તિ કરનારો દંડજ છે.[૪૫-૪૭] આ સમગ્ર લોકનું યત્નપૂર્વક રક્ષણ કરી શકાય એ કારણથી ઈશ્વરે, સર્વત્ર સમાન રીતે વર્તનારો દંડ, ક્ષત્રિયને અર્પણ કર્યો છે, જેથી એમજ કહી શકાય કે, આ અનાદિ કાળનું જગત કેવળ દંડનેજ અધીન છે.[૪૮] બ્રહ્મદેવે લોકોનું રક્ષણ કરવા માટે તથા સ્વધર્મનું સ્થાપન કરવા માટે દંડરૂપી ધર્મને પ્રદર્શિત કર્યો છે કે જે ધર્મ રાજાઓને, બીજા ધર્મના કરતાં અતિશય પૂજ્ય ગણાય છે;[૪૯] તેમજ બીજો એક વ્યવહાર કે જે વાદિપ્રતિવાદિના વિવાદમાંથી ઉત્પન્ન થાય છે તે પણ લોકનું સંરક્ષણ કરનારો અને સ્વધર્મનું સ્થાપન કરનારો છે. આ વ્યવહાર, વાદિપ્રતિવાદિમાંહેના એક મનુષ્યને પરાજય આપનારો છે અને બીજાને જય આપનારો છે.[૫૦] આ વ્યવહાર પણ વેદોક્ત છે, તેથી તેને 'વેદપ્રત્યય' એવું નામ આપવામાં આવ્યું છે. હે પુરુષવ્યાઘ્ર રાજા! એ વ્યવહારના બીજા બે ભેદો પણ માનવામાં આવ્યા છે. એક વૈદિક વ્યવહાર અને બીજો કુલાચાર પ્રયુક્ત વ્યવહાર. (તેમાં પ્રથમનો

વ્યવહાર એવો છે કે, કોઇ એક ત્રૈવર્ણિક પુરુષે, પરસ્ત્રીગમન આદિ હરકોઇ શાસ્ત્રવિરુદ્ધ કર્મ કર્યું હોય તો તેનો દોષ દૂર કરવા માટે તેણે પ્રજાઓ તરફથી નિમાયલી વિદ્વત્પરિષદ્ પાસે જવું અને તેની આગળ પોતે કરેલું કર્મ નિવેદન કરવું. પછી તે પરિષદ્, વેદોક્ત પ્રાયશ્ચિત્તરૂપ જે કંઈ દંડ ફરમાવે છે, તે વૈદિક વ્યવહારતરીકે ગણાય છે. હવે, બીજો કુલાચારપ્રયુક્ત વ્યવહાર એવો છે કે, કોઈ એક શૂદ્ર જાતિના પુરુષે મદિરાપાન કર્યું હોય તો તેને માટે શાસ્ત્રમાં કોઈ પ્રકારનું પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું નથી તોપણ તેના કુળમાં એવા પ્રકારનો જો પ્રતિબંધ કરવામાં આવ્યો હોય કે, “આપણામાંથી જે કોઇ પુરુષ મદિરાપાન કરે તેને જ્ઞાતિબહાર મૂકવો” તો એ શૂદ્રને તેનો કુલાચારજ મદિરાપાનના પ્રાયશ્ચિત્તતરીકે ગણાય છે. આ સર્વ વ્યવહારોમાં શાસ્ત્રવેત્તા પુરુષોએ બાંધેલો ક્રમ, ધાર્મિક પુરુષોએ કરેલા ઠરાવો અને વૈદિક આજ્ઞાઓ પ્રમાણભૂત ગણાય છે;)[૫૧] પરંતુ પૂર્વોક્ત “ભર્તૃપ્રત્યયલક્ષણ” નામના વાદિપ્રતિવાદિના વિવાદથી ઉત્પન્ન થયેલા વ્યવહારમાં અમુક અંશે રાજાની સત્તા પણ પ્રમાણભૂત ગણાય છે-અર્થાત્ તેમાં નિર્ણય આપવાનું કામ રાજાને અધીન હોય છે, માટે આપણે-રાજાઓએ દંડવિષયક જ્ઞાન અને વાદિપ્રતિવાદિના સાક્ષીપૂરાવાને ઓળખવાનું જ્ઞાન અવશ્ય સંપાદન કરવું જોઈએ.[૫૨] જો કે, આ વ્યવહારાત્મક દંડ, સુખ્યત્વે કરીને વાદિપ્રતિવાદીઓના સાક્ષીપૂરાવા ઉપરજ આધાર રાખે છે, તોપણ તેનો નિર્ણય શાસ્ત્રવિહિતજ છે-અર્થાત્ મનુ વગેરે ધર્મશાસ્ત્રકારોએ તે તે ધર્મગ્રંથોમાં દંડને વ્યવહારતરીકેજ વર્ણવ્યો છે અને તે ઉપરથી સિદ્ધ થાય છે કે, પૂર્વોક્ત ‘ભર્તૃપ્રત્યયલક્ષણ’ નામનો વાદિપ્રતિવાદિથી જણાતો વ્યવહાર પણ દંડ શબ્દથી કહેવાય છે અને વેદવિષયાત્મક છે-વૈદિકજ છે.[૫૩] આ પ્રમાણે જો દંડરૂપ ધર્મ, વેદમાંથીજ ઉત્પન્ન થયેલો છે તો તે સર્વ કોઈને ગુણકારક હોય, તેમાં કંઈ આશ્ચર્ય જેવું નથી. આમ સમજીને કાર્યકુશળ એવા પ્રાચીન વિદ્વાનોએ, પોતપોતાના ધર્મોનું યથાર્થ રક્ષણ જળવાઇ રહે, તે માટે આ દંડરૂપ ધાર્મિક વ્યવહારને જગતમાં પ્રદર્શિત કર્યો છે.[૫૪] હે યુધિષ્ઠિર! બ્રહ્મદેવે દર્શાવેલો આ વ્યવહારરૂપ દંડધર્મ, પ્રજાઓનું રક્ષણ કરનાર છે, ત્રણે લોકને ધારણ કરે છે, સત્યસ્વરૂપ છે અને પ્રજાઓની આબાદીમાં વૃદ્ધિ કરનારો છે.[૫૫] પંડિતોનો આવો નિશ્ચય છે કે, જેને દંડ કહેવામાં આવે છે, તેજ આપણો સનાતન વ્યવહાર છે; જેને વ્યવહાર કહેવામાં આવે છે, તેજ વેદોક્ત હોઇને વેદસ્વરૂપ ગણાય છે; જે વેદ છે તે ધર્મરૂપ છે અને ધર્મ તે એક પ્રકારનો સન્માર્ગજ છે. આ સૃષ્ટિના આરંભની પૂર્વે પ્રજાઓના પતિ પિતામહ બ્રહ્મદેવ ઉત્પન્ન થયા અને તેમણે દેવ, અસુર, મનુષ્ય, રાક્ષસ અને સર્પ વગેરે સર્વ લોક ઉત્પન્ન કર્યા; માટેજ એ દેવને લોકો ‘ભૂતકૃત્’ એવા નામથી ઓળખે છે.[૫૬-૫૮] પિતામહ બ્રહ્મદેવે, સર્વ પ્રજાઓને ઉત્પન્ન કર્યા પછી વાદિપ્રતિવાદિના વિવાદરૂપ “ભર્તૃપ્રત્યયલક્ષણ” નામનો વ્યવહાર ઉત્પન્ન કર્યો અને તે વ્યવહારના સંબંધમાં તેમણે આવું એક વચન કહ્યું છે કે:-[૫૯]

माता पिता च भ्राता च भार्या चैव पुरोहितः॥
नादंड्यो विद्यते राज्ञो यः स्वधर्मेण तिष्ठति॥

જે રાજા સ્વધર્માનુસાર વર્તીને રાજ્યતંત્ર ચલાવે છે, તેણે માતા, પિતા, ભાઈ, સ્ત્રી અને પુરોહિત-એમાંનો કોઇ પણ જો અપરાધ કરે તો તેને અવશ્ય શિક્ષા કરવી.”[૬૦]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં “દંડનાં સ્વરૂપ આદિનું કથન” એ વિષયનો અધ્યાય ૧૨૧ મો સમાપ્ત.

अध्याय १२२ मो

દંડની ઉત્પત્તિ

॥ भीष्म उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ॥
अंगेषु राजा द्युतिमान् वसुहोम इति श्रुतः॥१॥

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિર! આ વિષયમાં એક પ્રાચીન ઈતિહાસ કહેવામાં આવે છે કે, પૂર્વે 'વસુહોમ' નામનો એક પ્રતાપી રાજા, અંગદેશ ઉપર રાજ્ય કરતો હતો.[1] તે ધર્મવેત્તા રાજા પોતાની રાણીને સાથે રાખીને નિત્ય મહાન તપશ્ચર્યા કર્યા કરતો હતો. એક સમયે તે રાજા, પિતૃઓ અને દેવર્ષિઓમાં માન્ય ગણાયલા મુંજપૃષ્ઠ નામના તીર્થક્ષેત્રમાં ગયો. એ મુંજપૃષ્ઠ ક્ષેત્ર, સુવર્ણના મેરુ પર્વતની સમીપમાં આવેલા હિમાલય પર્વતના એક શિખર ઉપર આવેલું છે અને તેનું બીજું નામ 'મુંજાવટ' પણ છે. હે રાજેંદ્ર! પૂર્વે એ પ્રદેશપર આવીને રાજા રામચંદ્રે પોતાની જટાને બાંધી હતી.[2,3] તે સમયથી આરંભીને તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારા ઋષિઓએ તે પ્રદેશને મુંજપૃષ્ઠ એવું નામ આપેલું છે. વળી તે પ્રદેશમાં રુદ્રદેવ, સાક્ષાત્ રહે છે.[4] રાજા વસુહોમ, તપશ્ચર્યાના પ્રભાવથી વેદસ્વરૂપ અનેક ગુણસમુદાયોથી યુક્ત થયો અને તેથીજ ત્યાં વસનારા બ્રાહ્મણોમાં દેવર્ષિની પેઠે માન્ય થઇ પડયો.

હવે, એક સમયે ઉદાર મનનો રાજા માંધાતા, કે જે ઇંદ્રનો માનીતો મિત્ર હતો અને શત્રુઓનો સંહાર કરનારો હતો, તે ફરતો ફરતો ત્યાં આવી ચઢયો.[6] ત્યાં આવીને તેણે જોયું કે, રાજા વસુહોમ, મહાઉગ્ર તપશ્ચર્યા કરતો અહીં વસી રહ્યો છે, જેથી તેની પાસે જઇને વિનયપૂર્વક તે ઉભો રહ્યો.[7] વસુહોમે પણ પોતાની પાસે આવેલા માંધાતા રાજાનું પાદ્ય, અર્ઘ્ય વગેરે અર્પણ કરીને પૂજન કર્યું અને પછી સાત અંગોવાળા રાજ્યના સંબંધમાં કુશલતાનો તથા નાશરહિતપણાનો પ્રશ્ન પૂછયો.[8] ઉપરાંત સત્પુરુષોના પ્રાચીન માર્ગને અનુસરનારા રાજા માંધાતાને વસુહોમે પૂછયું કે, "હે રાજા! હું તારૂં શું પ્રિય કરૂં?"[9] એટલે હે કુરુનંદન! અત્યંત પ્રસન્ન થયેલા માંધાતા રાજાએ, આસન ઉપર બેઠેલા મહાબુદ્ધિમાન મહારાજા વસુહોમને કહ્યું.[10]

માંધાતા બોલ્યો:-" હે મહાપુરુષ રાજા! તમે બૃહસ્પતિના તથા શુક્રાચાર્યના સમગ્ર નીતિશાસ્ત્રનું જ્ઞાનપૂર્વક અધ્યયન કર્યું છે,[11] તેથી હું તમારી પાસેથી જાણવા ઇચ્છું છું કે, દંડની ઉત્પત્તિ કેવી રીતે થઇ? એ દંડની પૂર્વે કોણ જાગ્રત્ રહે છે? વળી તેની મહત્તા શી છે? અને આધુનિક સમયમાં એ દંડ ક્ષત્રિયોને અધીન કેમ રહ્યો છે? તે મને કહો. હે મહાબુદ્ધિમાન રાજા! હું તમને તે ઉપદેશના બદલામાં ગુરુદક્ષિણા આપીશ."[12,13]

વસુહોમે કહ્યું:-"હે રાજા! લોકને વશ રાખનારો અને ધર્મના પ્રાણભૂત એવો આ સનાતન દંડ, પ્રજાઓના વિનયની રક્ષા કરવામાટે જગતમાં કેવી રીતે ઉત્પન્ન થયો? એ વિષે હું તને કહું છું, સાંભળ.[14] અમે એમ સાંભળ્યું છે કે, પૂર્વે સર્વ લોકના પિતામહ ભગવાન બ્રહ્મદેવને એક યજ્ઞ કરવાની ઇચ્છા થઇ; પરંતુ પોતાના જેવીજ યોગ્યતાવાળો એક પણ ઋત્વિજ, તેમના જોવામાં આવ્યો નહિ.[15] પછી તે બ્રહ્મદેવે અનેક વર્ષોપર્યંત પોતાના મસ્તકમાં ગર્ભને ધારણ કર્યો. બરાબર એક હજાર વર્ષ પૂરાં થયાં, એટલે એક વખતે તેમને છીંક આવી, જેથી તે ગર્ભ, નાસિકાદ્વારા બહાર નીકળ્યો.[16] હે શત્રુદમન રાજા! એ પ્રમાણે તે ગર્ભ છીંક થવાથી બહાર પડયો, જેથી તેનું 'ક્ષુપ પ્રજાપતિ' એવું નામ પ્રસિદ્ધ થયું; અને હે મહારાજા! એ ક્ષુપ પ્રજાપતિએ, મહાત્મા બ્રહ્મદેવના યજ્ઞમાં ઋત્વિક્પદ સ્વીકાર્યું.[17] હે શ્રેષ્ઠ રાજા! તે પછી બ્રહ્મદેવનો તે યજ્ઞ જ્યારે ચાલુ થયો, ત્યારે દષ્ટરૂપને પ્રધાન જોઇને-અર્થાત્ પ્રજાઓના નિયંતા બ્રહ્મદેવને પોતાનેજ યજ્ઞદીક્ષામાં દાખલ થયેલા જોઇને, સર્વના નિયમનરૂપ દંડ જગતમાંથી અંતર્હિત થઇ ગયો.[18] દંડ અંતર્હિત થઇ ગયો, એટલે પ્રજાઓમાં વર્ણસંકરતા ફેલાવા લાગી, કાર્યાકાર્યનું કોઇને ભાન ન રહ્યું, ભોજ્યાભોજ્ય પદાર્થોનો વિવેક નષ્ટ થઇ ગયો અને શું પાન કરવા યોગ્ય છે અને શું પાન કરવા યોગ્ય નથી, એ વિષેના જ્ઞાનનો પણ લોપ થવા લાગ્યો; અને પછી ફળસિદ્ધિની તો વાતજ શી? પણ સર્વ પ્રજાઓ અન્યોન્યનો સંહાર કરવા લાગી, ગમ્યઅગમ્યનો ભેદ રહ્યો નહિ, અમુક દ્રવ્ય પારકું

ગણાય અને અમુક દ્રવ્ય પોતાનું ગણાય, એ વ્યવસ્થા રહી નહિ; એટલુંજ નહિ પણ માંસને માટે કૂતરાઓ જેમ લડી મરે છે, તેમ લોકો અમુક એક વસ્તુને માટે માંહોમાંહે લડી મરવા લાગ્યા. સર્વ સ્થળે લૂંટાલૂંટ ચાલી રહી ને બળવાનો નિર્બળનો નાશ કરવા લાગ્યા. આ રીતે જ્યારે કોઇ જાતની મર્યાદા ન રહી, ત્યારે પિતામહ બ્રહ્મદેવ, વર આપનારા સનાતન ભગવાન વિષ્ણુદેવની પાસે ગયા અને તેમની પૂજા કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા.૧૯-૨૨ "હે કેશવ ! હવે આ સમયે તમારે કૃપા કરવી યોગ્ય છે. જે રીતે કરવાથી આ પ્રજાઓમાં વર્ણસંકરતા ન ફેલાઇ જાય, તે રીતે તમે કરો."૨૩ બ્રહ્મદેવે એ પ્રમાણે કહ્યું, એટલે ઉત્તમ ત્રિશૂલરૂપ આયુધને ધારણ કરનારા ભગવાન વિષ્ણુએ મનમાં ખૂબ વિચાર કર્યો ને પછી તે મહાન દેવે પોતાના અંશભૂત દંડને ઉત્પન્ન કર્યો.૨૪ આ રીતે દંડ ઉત્પન્ન થયો, એટલે તુરત સર્વ સ્થળે ધર્મનું આચરણ વધવા લાગ્યું, જેથી નીતિસ્વરૂપ એવાં દેવી સરસ્વતીએ દંડને સહાય કરવા માટે દંડનીતિ નામની એક કન્યાને ઉત્પન્ન કરી કે જે પાછળથી ત્રણે લોકમાં પ્રસિદ્ધ થઇ.૨૫ તે પછી વળી પણ ત્રિશૂલધારી ભગવાન વિષ્ણુએ ઘણા સમય સુધી મનમાં વિચાર કરીને જૂદા જૂદા સર્વ લોકસમુદાયમાં એક એક પુરુષને રાજા બનાવ્યો.૨૬ હજાર નેત્રોવાળા ઇંદ્રદેવને દેવોનો રાજા બનાવ્યો, સૂર્યના પુત્ર યમને પિતૃઓનો રાજા બનાવ્યો, કુબેરને ધનનો તથા રાક્ષસોનો રાજા બનાવ્યો, મેરુ પર્વતને સર્વ પર્વતોનો રાજા બનાવ્યો, સમુદ્રને નદીઓનો રાજા બનાવ્યો, વરુણદેવને જળનો તથા અસુરોનો રાજા બનાવ્યો, મૃત્યુને પ્રાણોનો રાજા બનાવ્યો, અગ્નિને સર્વ પ્રકારનાં તેજોનો રાજા બનાવ્યો, ઇશાન દેવને સર્વ રુદ્રોના રક્ષક અથવા રાજા બનાવ્યા કે જે ઇશાનદેવ મહાત્મા, મહાદેવ, વિશાલાક્ષ અને સનાતન એવા નામથી પ્રસિદ્ધ છે.૨૬-૩૦ વસિષ્ઠને બ્રાહ્મણોના રાજા બનાવ્યા, જાતવેદા નામના દેવને વસુઓનો રાજા બનાવ્યો, સૂર્યને સર્વ તેજોનો રાજા બનાવ્યો, ચંદ્રને નક્ષત્રોનો તથા લતાઓનો રાજા બનાવ્યો, બાર ભુજાઓવાળા કુમાર કાર્તિકસ્વામીને સર્વ ભૂતોના રાજા બનાવ્યા, સંહાર અને ઉત્કર્ષ જેનું સ્વરૂપ છે એવા કાલને સર્વ કોઇનો રાજા બનાવ્યો, તેમજ મૃત્યુના વિભાગરૂપ ગણાતા શસ્ત્રનો, શત્રુનો, યમનો તથા કર્મનો અને સુખદુઃખનો રાજા પણ કાળજ થયો.૩૧-૩૩ શ્રુતિ કહે છે કે, સર્વના દેવ, રાજાઓના પણ રાજા, મનુષ્યોના અધિપતિ અને ત્રિશૂલને ધારણ કરનારા ભગવાન શંકર, સર્વ રુદ્રદેવોના ઇશ્વર છે.૩૪ બ્રહ્મદેવનો પુત્ર જે ક્ષુપ પ્રજાપતિ ઉત્પન્ન થયો હતો, તે સર્વ ધર્મનિષ્ઠ પુરુષોમાં શ્રેષ્ઠ હતો તેથી તેને સર્વ મનુષ્યોનું આધિપત્ય અર્પણ કર્યું.૩૫ પછી એ વેળા બ્રહ્મદેવનો તે યજ્ઞ, વિધિપૂર્વક જ્યારે સમાપ્ત થયો, ત્યારે મહાદેવે ધર્મનું રક્ષણ કરનારા દંડને સત્કારપૂર્વક વિષ્ણુ ભગવાનને અર્પણ કર્યો.૩૬ વિષ્ણુએ અંગિરા મુનિને અર્પણ કર્યો, મહામુનિ અંગિરાએ ઇંદ્રને તથા મરીચીને અર્પણ કર્યો, મરીચિએ ભૃગુને અર્પણ કર્યો, ભૃગુએ સર્વ ઋષિઓને અર્પણ કર્યો, ઋષિઓએ ધર્મનું સમાધાન કરનારા તે દંડને લોકપાલોને અર્પણ કર્યો, લોકપાલોએ ક્ષુપ પ્રજાપતિને અર્પણ કર્યો, ક્ષુપ પ્રજાપતિએ સૂર્યના પુત્ર મનુને અર્પણ કર્યો અને તે શ્રાદ્ધદેવ નામના મનુએ સૂક્ષ્મ એવા ધર્મનું તથા અર્થનું રક્ષણ કરવા માટે એ દંડ પોતાના પુત્રોને અર્પણ કર્યો.૩૭-૩૯

રાજાએ ન્યાય-અન્યાયનો બરાબર વિવેક કર્યા પછી ધર્મપૂર્વકજ દંડનો ઉપયોગ કરવો. પણ પોતાની ઇચ્છામાં આવે તેમ ઉપયોગ કરવો નહિ; કેમકે દુષ્ટોને શિક્ષા કરવી તેજ દંડનું મુખ્ય પ્રયોજન છે. લોકો પાસેથી જે દ્રવ્યનો દંડ લેવામાં આવે છે, તે તો કેવળ બાહ્યક્રિયા છે-અર્થાત્ લોકોને ડરાવવા માટેનો એક બાહ્ય ઉપચાર માત્રજ છે; નહિ કે તેનો ઉદ્દેશ ભંડાર ભરપૂર રાખવો તે છે!૪૦ કોઇ મનુષ્યે અલ્પ અપરાધ કર્યો હોય તો રાજાએ તેના શરીરને વ્યંગ બનાવી દેવું નહિ-અર્થાત્ સામાન્ય અપરાધને માટે તેના શરીરને ખોડખાંપણવાળું કરવું નહિ, તેમ

તેને દેહાંતદંડની શિક્ષા કરવી નહિ, શરીરને અત્યંત પીડા થાય તેવી શિક્ષા પણ કરવી નહિ, પર્વતનાં શિખર ઉપરથી ફેંકી દેવાની શિક્ષા પણ કરવી નહિ અને દેશનિકાલની સજા પણ કરવી નહિ. જ્યારથી આરંભીને સૂર્યના પુત્ર મનુએ પ્રજાઓનું રક્ષણ કરવા માટે પોતાના પુત્રોને દંડ અર્પણ કર્યો, ત્યારથી આરંભીને અનુક્રમે તે દંડ પ્રજાઓનું પાલન કરતો નિત્ય જાગ્રત રહે છે.[૪૨] આ પ્રજાપાલનરૂપ કાર્ય કરવા માટે સૌથી પહેલાં ભગવાન ઇંદ્ર જાગ્રત રહે છે, ઇંદ્રથી અગ્નિ, અગ્નિથી વરુણ, વરુણથી પ્રજાપતિ, પ્રજાપતિથી વિનયાત્મક ધર્મ, ધર્મથી બ્રહ્મદેવનો પુત્ર સનાતન વ્યવસાય (ઉદ્યોગ), વ્યવસાયથી તેજ સર્વનું રક્ષણ કરતું જાગ્રત રહે છે, તેજથી ઔષધિઓ, ઔષધિઓથી પર્વતો, પર્વતોથી રસ, એ રસગુણથી નિર્ઋતિ દેવી જાગ્રત રહે છે, નિર્ઋતિ દેવીથી નક્ષત્રમંડલ, નક્ષત્રમંડલથી સર્વે વેદો, વેદોથી પ્રભુ હયગ્રીવ, હયગ્રીવથી સર્વના પ્રભુ અને અવિનાશી પિતામહ બ્રહ્મદેવ જાગ્રત રહે છે, એ પિતામહથી સર્વનું કલ્યાણ કરનારા ભગવાન મહાદેવ જાગ્રત રહે છે, મહાદેવથી વિશ્વેદેવાઓ જાગ્રત રહે છે, વિશ્વેદેવાઓથી ઋષિઓ જાગ્રત રહે છે, ઋષિઓથી ભગવાન ચંદ્ર જાગ્રત રહે છે, ચંદ્રથી સનાતન કાળના દેવો જાગ્રત રહે છે અને દેવોથી સર્વ બ્રાહ્મણો જાગ્રત રહે છે, એમ તમારે સમજવું.[૪૩-૪૯] વળી હે રાજા ! બ્રાહ્મણોથી ક્ષત્રિયો જાગ્રત રહે છે અને તેઓ ધર્માનુસાર લોકોનું રક્ષણ કરે છે; તેમજ એ ક્ષત્રિયોથી અનાદિકાળનું આ સ્થાવર જંગમ જગત જાગ્રત રહે છે અને તે સર્વ જગતમાં પ્રજાઓ જાગ્રત રહે છે કે જેઓના પર દંડ નિત્ય જાગ્રત રહે છે. સાક્ષાત્ પિતામહ સમાન કાંતિવાળો દંડ, જગતના સર્વ પદાર્થોનો પોતાનામાં સમાવેશ કરે છે.[૫૦,૫૧] હે ભારત ! સૃષ્ટિના આરંભ, મધ્ય અને અંતમાં સર્વ લોકના ઈશ્વર પ્રજાપતિ મહાદેવ, કાળનું સ્વરૂપ ધારણ કરીને નિરંતર જાગ્રત રહે છે;[૫૨] માટે કાલ દેવનો દેવ છે, શિવસ્વરૂપ છે, સર્વમય છે, જટાધારી શંકર છે, રુદ્ર છે, સ્થાણુરૂપ છે, ઉમાપતિ મહાદેવ છે અને તે પ્રભુ, આખા વિશ્વના પર સતત જાગ્રત રહે છે.[૫૩] આ રીતે આદિ, મધ્ય અને અંતમાં દંડ, કેવા સ્વરૂપમાં વિખ્યાત થાય છે, તે સર્વ મેં તને કહ્યું; અને આ મારા કહેવા પ્રમાણેજ ધર્મવેત્તા રાજાએ ન્યાયપૂર્વક વર્તવું.”

ભીષ્મ બોલ્યાઃ-વસુહોમ રાજાના આ મતનું જે પુરુષ શ્રવણ કરે છે અને શ્રવણ કર્યા પછી તે પ્રમાણે સારી રીતે જો વર્તે છે તો એ પુરુષ સર્વ મનોરથોને સંપાદન કરે છે.[૫૫] હે મનુષ્યશ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા ! એ પ્રમાણે જે દંડ, ધર્માક્રાંત એવા આ સર્વ લોકનો નિયંતા છે, તેના સંબંધમાં મેં તમને સર્વ વાત કહી.[૫૬]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં “દંડની ઉત્પત્તિનું આખ્યાન” એ વિષયનો
અધ્યાય ૧૨૨ મો સમાપ્ત.

अध्याय १२३ मो

ધર્મ, અર્થ અને કામ-એ ત્રિવર્ગનો વિચાર

॥ युधिष्ठिर उवाच ॥

तात धर्मार्थकामानां श्रोतुमिच्छामि निश्चयम्।
लोकयात्राहिकात्स्न्येंन तिष्ठकेषु प्रतिष्ठिता॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ-“ હે તાત ! ધર્મ, અર્થ અને કામ, એ ત્રિવર્ગનો નિશ્ચય સાંભળવાને હું ઇચ્છું છું. (અને તેથી હું તમને પૂછું છું કે,) લોકોનો સમગ્ર વ્યવહાર કોના આધારે અવલંબી રહ્યો છે ?[૧] ધર્મ, અર્થ અને કામ-એ ત્રિવર્ગનું મૂળ શું ? એ ત્રણેનો ઉત્પાદક કોણ ? તેઓ અન્યોન્ય એકત્ર થઇને શી રીતે રહ્યા છે ? અને તેઓ જૂદા જૂદા કેમ જણાય છે ?”

ભીષ્મે કહ્યુંઃ-“ હે યુધિષ્ઠિર ! જે સમયે શુદ્ધ અંતઃકરણવાળા પુરુષો જગતમાં ઉત્પન્ન થાય છે અને તેઓનો નિશ્ચય ધર્મપૂર્વક કાર્ય કરવાનોજ દઢ થાય છે, તે વખતે અનુકૂલ કાળ, ધર્માદિકનું ઉત્પાદક સ્થાન અને સત્કર્મની નિષ્પત્તિરૂપ સંસ્થામાં ધર્મ, અર્થ અને કામ, એકસાથેજ ઉત્પન્ન થાય છે-અર્થાત્ પુરુષોના

મનમાં ધર્માદિપ્રત્યે જ્યારે શ્રદ્ધા થાય છે, ત્યારે તેઓ માને છે કે, “ ગર્ભાધાનમાં કહેલા વિધિપ્રમાણે ઋતુકાળે સ્ત્રીસમાગમ કરીને હું ઉત્તમ પુત્ર મેળવીશ. ” આવી માન્યતા થયા પછી ઋતુકાળે યોનિસંસ્કારરૂપ ધર્માચરણ કર્યા પછી સ્ત્રીસમાગમરૂપ કામનું સેવન કરીને ઉત્તમ પુત્રરૂપ અર્થને તેઓ સંપાદન કરે છે. આ રીતે એકીસાથે ધર્મ, અર્થ અને કામની ઉત્પત્તિ થાય છે.[૩] અર્થનું મૂળ ધર્મ છે, અર્થનું ફળ કામ છે, તે ત્રણેનું મૂળ સંકલ્પ છે અને તે સંકલ્પ અમુક કોઈ વિષયનુંજ સ્વરૂપ છે.[૪] ચક્ષુ આદિ ઇંદ્રિયોના રૂપાદિક સર્વ વિષયો સંપૂર્ણપણે ઉપભોગ સિદ્ધ થાય, તે માટે છે. આ ઉપરથી એમજ સિદ્ધ થાય છે કે, ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગનું મૂળ કેવળ સંકલ્પજ છે અને તે સંકલ્પના નાશનેજ મોક્ષ કહેવામાં આવે છે.[૫] કેવળ શરીરસંરક્ષણને માટે આચરેલો ધર્મ, કેવળ કામ્ય કર્મો કરવા માટે સંપાદન કરેલો અર્થ અને કેવળ રતિસુખને માટેજ સેવેલો કામ રજોગુણપ્રધાન ગણાય છે અને તેનો સર્વથા ત્યાગજ કરવો જોઇએ.–અર્થાત્ ધર્મ, અર્થ ને કામ કેવળ સત્ત્વગુણપ્રધાનજ હોવા જોઇએ.[૬] જે ધર્મનું, અર્થનું તથા કામનું ફળ કેવળ આત્મજ્ઞાનજ હોય, તેનું નિરંતર સેવન કરવું પણ જે ધર્માર્થકામનું ફળ સ્વર્ગાદિ હોય તેનું કદી સેવન કરવું નહિ. તાત્પર્ય કે, આત્મજ્ઞાનરૂપ સન્નિકૃષ્ટ ફળવાળા ધર્માદિ ત્રિવર્ગનું સદાકાળ સેવન કરવું પણ સ્વર્ગાદિરૂપ બાહ્યફળવાળા અથવા વિપ્રકૃષ્ટ ફળવાળા ધર્માદિકનું સેવન કદી કરવું નહિ; માટે પૂર્વોક્ત સન્નિકૃષ્ટ ફળવાળા ત્રિવર્ગનો તો કદી મનથી પણ ત્યાગ કરવો નહિ–અર્થાત્ ચિત્તશુદ્ધિને માટે ધર્મનું, નિષ્કામ કર્મો કરવા માટે અર્થનું તથા કેવળ દેહધારણને માટેજ કામનું સેવન કરવું. જો, તે ત્રિવર્ગનો ત્યાગ કરવો હોય તો માત્ર વિચારથીજ ત્યાગ કરી શકાય છે. સારાંશ કે, સંગ અને ફળના ત્યાગપૂર્વકજ ધર્માદિકનું આચરણ કરવું.[૭] આ રીતે સંગ અને ફળના ત્યાગપૂર્વક ત્રિવર્ગનું સેવન કરનારા મનુષ્યની નિષ્ઠા કેવળ મોક્ષમાંજ હોય છે અને તેથીજ તેવા મનુષ્યને મોક્ષ મળવાનો સંભવ પણ છે; પરંતુ જે કર્મ, “ મને અમુક ફળ મળે ” આવી આસક્તિવાળી બુદ્ધિથી કરવામાં આવે છે, તેનું કોઇ સમયે ફળ મળે અથવા ન પણ મળે, માટે ફલાસક્ત બુદ્ધિથી કોઇ પણ કર્મ કરવું નહિ;[૮] તેમજ ધન સંપાદન કરવાના ઉદ્દેશથી ધર્માચરણ કરવું નહિ, કેમકે ધન સંપાદન કરવા માટે ખેતી, સેવા, વ્યાપાર વગેરે અનેક ઉપાયો છે. વળી “ ધર્માચરણ કરવાથી ધનની પ્રાપ્તિ થાય છે ” આ મતથી વિરુદ્ધ એવા બીજા કેટલાએક મતો પણ છે. જેમકે, કેટલાએક લોકો માને છે કે, દૈવયોગેજ અર્થનો લાભ થાય છે, હઠથી પણ ધન સંપાદન કરી શકાય છે અથવા સ્વાભાવિક રીતેજ દ્રવ્ય તો મળી આવે છે; માટે અર્થ મેળવવા માટે ધર્મ કરવો તે તો યોગ્ય નથીજ. એ પ્રમાણેજ ધર્માચરણ કરવા માટે અર્થ સંપાદન કરવો નહિ; કારણ કે આપણે જોઈએ છીએ કે, અર્થ સંપાદન કર્યા પછી પણ જગત, અનર્થ કરવા માટેજ નિરંતર તત્પર રહે છે; એટલુંજ નહિ પણ ધનપ્રાપ્તિ થયા પછી મદમત્ત બની ગયેલો પુરુષ સર્વ પ્રકારનાં પાપાચરણો કરે છે, માટે અર્થ સંપાદન કર્યા પછી કેવળ ધર્મનીજ ઉત્પત્તિ થયા કરે છે, એમ કંઇ નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી. હા, એ વાત સંભવી શકે છે ખરી કે, ધનવિના પણ ધર્માચરણ થઇ શકે છે. જેમકે, જગતમાંહેના ઘણા મનુષ્યો, ધનનો જેમાં લેશમાત્ર સંબંધ નથી તેવાં ઉપવાસાદિક વ્રતોદ્વારા પણ ધર્મવૃદ્ધિ કરી શકે છે; માટે એમજ સિદ્ધ થાય છે કે, અર્થ મળે, એવી બુદ્ધિથી આચરેલો ધર્મ વૃથા છે અને ધર્મ કરી શકાશે, એવી બુદ્ધિથી મેળવેલો અર્થ વૃથા છે. જે પુરુષની બુદ્ધિ, અજ્ઞાનથી ઘેરાયલી હોય છે તેનીજ એવી માન્યતા હોય છે કે, ધર્મ કરવાથી અર્થ મળે છે અને અર્થ મેળવવાથી ધર્મ થઇ શકે છે. વસ્તુતઃ તેમ હોતુંજ નથી અને તેવી

માન્યતાવાળા પુરુષને ધર્મ તથા અર્થનું વાસ્તવિક ફળ મળતુંજ નથી.[૯] વળી ફળ મેળવવાની ઈચ્છાથી ધર્માચરણ કરવું, એ ધર્મનો મેલ ગણાય છે–દાન આપ્યાવિના અથવા ભોગ ભોગવ્યાવિના કેવળ ધનનો સંગ્રહ કરી રાખવો તે અર્થનો મેલ કહેવાય છે અને પ્રીતિપૂર્વક કામાસક્તિ કરવી તે કામનો મેલ કહેવાય છે; માટે તે તે મેલવિનાનો નિષ્કામ ધર્મ, નિષ્કામ અર્થ અને નિષ્કામ કામસેવન, ચિત્તશુદ્ધિદ્વારા બ્રહ્માનંદરૂપ મહાન ફળને આપે છે.[૧૦] આ વિષયમાં ઋષિ કામંદક અને રાજા આંગરિષ્ઠ–એ બન્નેના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસ જગતમાં કહેવાય છે, તે આ પ્રમાણે છે.[૧૧]

એક સમયે કામંદક ઋષિ પોતાના આશ્રમમાં બેઠા હતા, ત્યારે આંગરિષ્ઠ નામનો એક રાજા, મર્યાદાપૂર્વક તેમની પાસે ગયો અને તેમને પ્રણામ કરીને તેણે પૂછયું કેઃ–“હે ઋષિ! જે રાજા, કામ તથા મોહને અધીન થઇને પ્રથમ ખૂબ પાપાચરણ કરે અને પછી તેને માટે જો પશ્ચાત્તાપ કરે તો તે રાજાના પાપનો નાશ થાય કે નહિ? તેમજ જે પુરુષ, અજ્ઞાનને લીધે, અધર્મને ધર્મ માનીને તેનું આચરણ કરે અને અધાર્મિકતરીકે જગતમાં પ્રસિદ્ધ થાય તો રાજાએ, તે પુરુષને કેવી રીતે અટકાવવો?”[૧૨–૧૪]

કામંદકે કહ્યુંઃ–જે પુરુષ ધર્મ તથા અર્થનો પરિત્યાગ કરીને કેવળ કામનેજ અનુસરે છે, તે બુદ્ધિથી ભ્રષ્ટ થાય છે; કેમકે તેણે ધર્મનો અને અર્થનો પરિત્યાગ કર્યો છે;[૧૫] એટલુંજ નહિ પણ એ રીતે બુદ્ધિભ્રષ્ટ થયેલો પુરુષ, ધર્માર્થનો નાશ કરીને મોહાધીન બને છે અને મોહવશ થયા પછી નાસ્તિક અથવા દુરાચારી બની જાય છે.[૧૬] જ્યારે રાજા, તેવા દુરાચારી દુષ્ટ પુરુષોને વશ રાખતો નથી, ત્યારે લોકો, સર્પવાળા ઘરથી જેમ કંટાળી જાય છે. તેમ તે રાજાથી કંટાળી જાય છે;[૧૭] એટલુંજ નહિ પણ તેવા રાજાને પ્રજાઓ, બ્રાહ્મણો કે સાધુપુરુષો પોતાના રાજાતરીકે માનતા નથી. પછી તે રાજા સંશયમાં આવી પડે છે અને છેવટે વધપાત્ર પણ થાય છે–અર્થાત્ પ્રજાઓ તરફથીજ તેનું મરણ નીપજે છે.[૧૮] ધારો કે, કદાચ તે રાજાનું મૃત્યુ ન થાય તોપણ લોકમાં ધિક્કારપાત્ર થઇને જીવતા રહેવું અથવા પોતાના રાજ્યપદથી ભ્રષ્ટ થઇને જીવતર ગાળવું, તે એનું શુદ્ધ મરણજ થયેલું ગણાય છે–અર્થાત્ તેવું જીવતર મૃત્યુના જેવું ગણાય છે. કોઇપણ રાજા, જ્યારે આવી સ્થિતિમાં આવી પડે ત્યારે, તેણે પાપનો વિનાશ કેમ કરવો, તે વિષે ધર્માચાર્યોએ કહ્યું છે કે, તેવા રાજાએ પોતાના પાપકૃત્યની નિંદા કર્યા કરવી, વેદવિદ્યાનું સેવન કરવું, બ્રાહ્મણોનો સત્કાર કરવો, ધર્માચરણ કરવામાં ઉદાર મનના થવું, ઉત્તમ કુળમાં પોતાનો વિવાહ કરવો, ક્ષમાશીલ અને વિચારસંપન્ન બ્રાહ્મણોનું સેવન કરવું. પવિત્ર મંત્રોનો જાપ કરવો, તીર્થજળમાં સ્નાન કરવું, ધર્મનિષ્ઠ પુરુષોને સમીપમાં રાખીને તથા પાપિષ્ઠ પુરુષોને દેશપાર કરીને નિરંતર સુખપૂર્વક રહેવું, મધુર વાણી બોલીને તથા ઉત્તમ કર્મ કરીને સર્વને પ્રસન્ન રાખવા અને બીજાઓના ગુણાનુવાદનું કીર્તન કરીને “હું તમારો પોતનોજ છું” એમ સર્વની આગળ જાહેર કરવું.[૧૯–૨૩] આમ કરવાથી હરકોઈ પાપી રાજા નિષ્પાપ થઇને લોકમાં સત્વર માન્ય થઇ પડે છે અને મહાપાપોને પણ શાંત કરે છે, એમાં સંશય નથી.[૨૪] હે રાજા! તારા ગુરુઓ તને જે શ્રેષ્ઠ ધર્મનું આચરણ કરવાનો ઉપદેશ આપે તે ધર્મનું તું આચરણ કર, જેથી ગુરુઓની કૃપાને લીધે પરમ શ્રેયને તું પ્રાપ્ત થઇશ.”[૨૫]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં “ કામંદ અને આંગરિષ્ઠનો સંવાદ ”–એ વિષયનો અધ્યાય ૧૨૩ મો સમાપ્ત.

अध्याय १२४ मो

શીલનું મહત્વ અને તેની પ્રાપ્તિનો ઉપાય

॥ युधिष्ठिर उवाच ॥

इमे जना नरश्रेष्ठ प्रशंसंति सदा भुवि ॥
धर्मस्य शीलमेवादौ ततो मे संशयो महान् ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:- " હે મહાપુરુષ પિતામહ! આ પૃથ્વીપર ધર્મના કરતાં પણ શીલ પ્રથમ છે-વધારે ઉત્તમ છે, એમ સર્વ લોકો શીલની (સદાચારની) વધારે પ્રશંસા કરે છે. તે ઉપરથી મને મહાન સંશય થયો છે કે, શીલમાં એટલું બધું શું સામર્થ્ય છે?[૧] હે ધાર્મિકોમાં શ્રેષ્ઠ ભીષ્મ પિતામહ! એ વિષે જો અમારાથી જાણી શકાય તેમ હોય તો મને સાંભળવાની ઇચ્છા થઈ છે કે, કયા પ્રકારે વર્તવાથી એ શીલ પ્રાપ્ત થઇ શકે? અને હે ભારત! એ શીલનું લક્ષણ શું કહેવાય છે? તે મને કહો. તમે ઉપદેશ આપવામાં શ્રેષ્ઠ છો.[૨,૩]

ભીષ્મે કહ્યું:-" હે માન આપનારા રાજા! પૂર્વે તમારી રાજ્યલક્ષ્મીને જોઇને દુર્યોધન જ્યારે સંતાપ પામ્યો હતો, ત્યારે તેણે પોતાના પિતા ધૃતરાષ્ટ્રને આ વિષેજ પ્રશ્ન પૂછ્યો હતો.[૪] હે મહારાજા! સર્વ ભાઇઓની સાથે તમે જ્યારે ઇંદ્રપ્રસ્થમાં રહેતા હતા, ત્યારે સભામાં તેણે જે વચનો કહ્યાં હતાં તે સર્વ તમે સાંભળો.[૫] તમારી એ દિવ્યસભાને તથા મહાઉત્તમ સમૃદ્ધિને જોઇને સભામાં બેઠેલા દુર્યોધને એ બધી વાત પોતાના પિતાને જણાવી હતી.[૬] તે વખતે દુર્યોધનનાં એ વચન સાંભળીને ધૃતરાષ્ટ્રે કર્ણને તથા દુર્યોધનને આ પ્રમાણે કહ્યું હતું."[૭]

ધૃતરાષ્ટ્રે કહ્યું:-"હે પુત્ર! તું શામાટે સંતાપ કરે છે,તે હું યથાર્થ રીતે સાંભળવા ઇચ્છું છું;કેમકે તને સંતાપ થવાનું કારણ સાંભળ્યા પછી જો તે યોગ્ય હશે તો હું તારૂં સમાધાન કરીશ.[૮] હે શત્રુઓનાં નગરોને જીતનારા પુત્ર! તેં મહાન ઐશ્વર્ય સંપાદન કર્યું છે, તારા ભાઇઓ અને સંબંધીઓ સેવકોની પેઠે સદાય તારી આજ્ઞામાં છે, તું શરીરપર ઉત્તમ પ્રતિના દુપટ્ટાઓ ધારણ કરે છે, માંસમિશ્ર ભાતનું ભોજન કરે છે અને ઉત્તમ જાતિના ઘોડાઓપર સ્વારી કરે છે, છતાં તું નિસ્તેજ અને કૃશ (દુર્બળ) કેમ થઇ ગયો છે ?"

દુર્યોધને કહ્યું:-"હે પિતા! યુધિષ્ઠિરના મહેલમાં વેદવેદાંગમાં પારંગત થયેલા દશહજાર મહાત્મા બ્રાહ્મણો, સુવર્ણના થાળોમાં નિત્ય ભોજન કરે છે.[૧૧] તેની દિવ્ય સભા દિવ્ય પુષ્પોથી અને દિવ્ય ફળોથી યુક્ત છે, તેના ઘોડાઓ તેતરના જેવા કાબરચિત્રા રંગના છે અને તેની પાસે અનેક પ્રકારનાં ઉત્તમ વસ્ત્રો છે. આ બધું જોઇને તથા આપણા શત્રુ પાંડવોની અતિ મહાન સમૃદ્ધિને કુબેરના જેવી ઉત્તમ જોઇને હું બળી જાઉં છું."

ધૃતરાષ્ટ્રે કહ્યું:-"હે પુરુષવ્યાઘ્ર પુત્ર! યુધિષ્ઠિરની પાસે જેવી રાજ્યલક્ષ્મી છે, તેવી અથવા તેથી પણ અધિક રાજ્યલક્ષ્મી મેળવવાની તને જો ઇચ્છા હોય તો તું શીલવાન થા.[૧૪] હું તને સત્ય કહું છું કે, શીલના પ્રભાવથી ત્રણે લોકને જીતી શકાય છે, એમાં કંઈ સંશય નથી. અરે! જેઓ શીલસંપન્ન છે, તેઓને આ જગતમાં કંઇ પણ અસાધ્ય નથી.[૧૫] જો, માંધાતા રાજાએ એકજ રાત્રિમાં પૃથ્વી મેળવી હતી, જનમેજયે ત્રણ દિવસમાં પૃથ્વી સંપાદન કરી હતી અને નાભાગ રાજાએ સાત દિવસમાં પૃથ્વીને વશ કરી હતી.[૧૬] આ બધા રાજાઓ શીલસંપન્ન અને દયાળુ હતા,તેથીજ તેઓના ગુણોથી ખરીદાઇ ગયેલી પૃથ્વી આપોઆપ તેમની પાસે હાજર થઇ હતી."[૧૭]

દુર્યોધને કહ્યું:-"હે ભરતવંશી પિતા! જે શીલના પ્રભાવથી તે રાજાઓએ તત્કાલ પૃથ્વીને મેળવી હતી, તે શીલ કયા ઉપાયે પ્રાપ્ત થઈ શકે, તે સાંભળવાની મને ઇચ્છા થઇ છે."[૧૮]

ધૃતરાષ્ટ્રે કહ્યું:-" હે ભરતકુળના પુત્ર! આ શીલના સંબંધમાંજ મહર્ષિ નારદે એક પ્રાચીન ઇતિહાસ કહ્યો છે અને તેનું દૃષ્ટાંત હજીસુધી પણ લોકમાં અપાય છે.[૧૯] પૂર્વે જ્યારે મહાત્મા મહેન્દ્રના રાજ્યને દૈત્ય પ્રહ્લાદે લઈ લીધું અને શીલનો આશ્રય કરીને ત્રણે જગતને તેણે વશ કરી લીધાં, ત્યારે[૨૦] ઇંદ્ર, બૃહસ્પતિની પાસે જઇને બે હાથ જોડી બોલ્યો કે:-"હે મહાબુદ્ધિમાન ગુરુ! મારૂં કલ્યાણ કેવી રીતે થાય, તે સાંભળવાની મને ઇચ્છા છે."[૨૧] પછી બૃહસ્પતિએ તેને મોક્ષોપયોગી ઉત્તમ જ્ઞાનનો ઉપદેશ આપ્યો અને કહ્યું કે:-"હે દેવેન્દ્ર! આટલામાંજ તારૂં શ્રેય સ-

માયલું છે" તે સાંભળીને ઇંદ્રે પુનઃ પ્રશ્ન કર્યો "આનાથી કંઇ વિશેષ હશે ખરૂં?"

એટલે બૃહસ્પતિએ કહ્યું:-"હે તાત! આના કરતાં પણ બીજું ઘણું સમજવાનું છે, પણ તે વિષે મહાત્મા શુક્રાચાર્ય જાણે છે; માટે હે દેવશ્રેષ્ઠ! તું એમની પાસે જા, તારૂં કલ્યાણ થાઓ." [૨૨,૨૩] બૃહસ્પતિએ એ પ્રમાણે કહ્યું, એટલે મહાતપસ્વી અને મહાકાંતિમાન એવો ઇંદ્ર, પોતાનું શ્રેય સંપાદન કરવા માટે શુક્રાચાર્ય પાસે ગયો એટલે તેમણે પણ ઇંદ્રને પ્રીતિપૂર્વક જ્ઞાનનો ઉપદેશ આપ્યો અને કહ્યું કેઃ-"આટલામાંજ તારા શ્રેયનો સમાવેશ થઈ જાય છે." તે સાંભળીને ઇંદ્રે, શુક્રાચાર્યને પ્રશ્ન કર્યો કે, "આના કરતાં કંઇ વિશેષ સમજવાનું છે?" સર્વજ્ઞ શુક્રાચાર્યે ઉત્તર આપ્યો કેઃ-"આના કરતાં વિશેષ સમજવાનું મારી પાસે નથી, પણ મહાત્મા પ્રહ્લાદ પાસે છે; માટે તું તેની પાસે જા." શુક્રાચાર્યના એ કહેવાપરથી ઇંદ્રને ઘણોજ હર્ષ થયો. પછી તુરતજ બુદ્ધિમાન ઇંદ્ર, બ્રાહ્મણનો વેશ ધારણ કરીને પ્રહ્લાદ પાસે ગયો અને તેની પાસે જઇને તેણે કહ્યું કેઃ-"તમારી પાસેથી હું શ્રેય સંપાદન કરવાની ઈચ્છા રાખું છું." [૨૪-૨૮] તે સાંભળીને પ્રહ્લાદે, બ્રાહ્મણના વેશમાં આવેલા ઇંદ્રને કહ્યું કેઃ-"હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! હું ત્રણે લોકનું રાજ્ય કરવામાંજ નિરંતર આસક્ત રહું છું, તેથી તમને ઉપદેશ આપવાનો મને સમય નથી." [૨૯] તે પછી બ્રાહ્મણવેશધારી ઇંદ્રે કહ્યું:-"હે રાજન્! તમને જ્યારે સમય મળે ત્યારે તમે મને ઉપદેશ આપો. આ જગતમાં આચરણ કરવા યોગ્ય એવું સર્વોત્તમ કર્તવ્ય શું છે? તે જાણવાની મને ઉત્કટ ઇચ્છા છે." [૩૦]

પોતાને બ્રાહ્મણ કહેનારા તે ઇંદ્રનું વચન સાંભળીને પ્રહ્લાદ, તેનાપર અત્યંત પ્રસન્ન થયો અને "બહુ સારૂં" એમ કહીને શુભ સમયે તત્ત્વજ્ઞાનનો તેને ઉપદેશ આપ્યો. [૩૧] બ્રાહ્મણસ્વરૂપ ઇંદ્રે પણ યથાયોગ્ય રીતે વર્તન કરીને પ્રહ્લાદની ગુરુભક્તિ કરવા માંડી અને સર્વભાવે તેની મનોવૃત્તિને અનુસરીને ચાલવા માંડયું. [૩૨] આ રીતે કેટલોએક સમય વીતી ગયો. તે પછી એક દિવસે ઇંદ્રે, પ્રહ્લાદને પૂછયું કેઃ-"હે ધર્મજ્ઞ રાજા! તમે, ત્રણે લોકનું આ સર્વોત્તમ રાજ્ય કેવી રીતે સંપાદન કર્યું? તે મને કહો." હે મહારાજા દુર્યોધન! ઇંદ્રના એ પ્રશ્નનો પ્રહ્લાદે, આ પ્રમાણે ઉત્તર આપ્યો. [૩૩]

પ્રહ્લાદે કહ્યું:-"હે બ્રાહ્મણ! હું, 'રાજા છું,' એમ માનીને કદી અભિમાન કરતો નથી, બ્રાહ્મણોની ઈર્ષ્યા કરતો નથી, તેમજ સર્વજ્ઞત્વનું અભિમાન રાખીને શુક્રાચાર્યે બનાવેલાં નીતિશાસ્ત્રોની અસૂયા કરતો નથી; બ્રાહ્મણો જ્યારે મને કંઇ ઉપદેશ આપે છે ત્યારે તેઓને હું દાનાદિક આપું છું અને તેઓનો નિર્વાહ કરૂં છું. [૩૪] તે બ્રાહ્મણો પણ મારા ઉપર વિશ્વાસ રાખીને મને ઉપદેશ આપ્યા કરે છે, વિરુદ્ધ માર્ગે જતો અટકાવે છે અને હું તેઓના ઉપદેશોને અસૂયા રાખ્યાવિના શ્રવણ કરવા ઈચ્છું છું, ધર્માત્મા તરીકે રહું છું, ક્રોધને જીતું છું, નિત્ય ઇંદ્રિયોને વશમાં રાખું છું અને શુક્રાચાર્યના નીતિમાર્ગમાં સાવધાન થઈને તત્પર રહું છું, તેથી તે બ્રાહ્મણો, મધમાખીઓ મધપુડામાં જેમ મધનું સિંચન કરે છે, તેમ મારામાં શાસ્ત્રોપદેશનું સિંચન કર્યા કરે છે-મને શાસ્ત્રોપદેશ આપ્યા કરે છે. [૩૬] વળી હું, વિદ્યાઓને જીહ્વાગ્રે ધારણ કરનારા વિદ્વાન પુરુષોના સમાગમરસનો સ્વાદ લેનારો છું; અને તેથીજ ચંદ્રમા જેમ નક્ષત્રોના ઉપર આધિપત્ય ભોગવે છે તેમ, હું મારા જાતીય પુરુષોના પર આધિપત્ય ભોગવું છું. [૩૭] ખરેખર, બ્રાહ્મણોના મુખની અંદર વસી રહેલાં શુક્રાચાર્યનાં વચનો, પૃથ્વીપર એક અમૃતનુંજ કામ કરે છે અથવા સર્વોત્તમ દિવ્ય દષ્ટિનું કાર્ય સારે છે; માટે સર્વ કોઇએ તે વચનોનું શ્રવણ કરીને તે પ્રમાણેજ વર્તવું જોઈએ. બસ, આટલુંજ શ્રેયઃસાધન છે." એ પ્રમાણે પ્રહ્લાદે, બ્રાહ્મણવેશધારી ઇંદ્રને કહ્યું તોપણ તેને પોતાની સેવા કરવામાં તત્પર રહેલો જોઇ દૈત્યરાજા પ્રહ્લાદે પુનઃ તેને કહ્યું:-"હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તમારી ઉત્તમોત્તમ ગુરુભક્તિથી હું પ્રસન્ન થયો છું,

માટે તમે વરદાન માગો, હું તમને જે માગશો તે આપીશ એમાં સંશય નથી. તમારૂં કલ્યાણ થાઓ.” દૈત્ય રાજાએ આમ કહ્યું, એટલે તે બ્રાહ્મણે (ઇંદ્રે) કહ્યું:-“ના, હું આપની પાસે રહીને કૃતાર્થજ થયો છું,” એટલે વળી પણ અત્યંત પ્રસન્ન થઇને પ્રહ્લાદે કહ્યું કે:-“ વરદાન માગો.”[૩૮-૪૧]

ત્યારે બ્રાહ્મણ (ઇંદ્ર) બોલ્યો:-“હે રાજન્! તમે મારા ઉપર જો પ્રસન્ન થયા છો અને મારૂં પ્રિય કરવાની જો ઇચ્છા રાખો છો તો મને તમારૂં શીલ પ્રાપ્ત થાય, એ વરદાન હું માગું છું.”[૪૨] બ્રાહ્મણે આવું વરદાન માગ્યું, એટલે દૈત્ય રાજા પ્રસન્ન થયો પણ તેના મનમાં મહાન ભય ઉત્પન્ન થયો. તેણે વિચાર કર્યો કે, આ બ્રાહ્મણ આવા પ્રકારનું વરદાન માગે છે, તેથી જણાય છે કે, આ કોઇ સામાન્ય તેજવાળો પુરુષ નથી.[૪૩] પછી તેણે “તથાસ્તુ” એમ કહીને અતિ આશ્ચર્યની સાથે તે વરદાન તો આપ્યું, પરંતુ બ્રાહ્મણને વરદાન આપ્યા પછી પ્રહ્લાદ, અત્યંત દુઃખી થયો.[૪૩] હે મહારાજ! એ રીતે વરદાન આપ્યા પછી અને તે બ્રાહ્મણના ગયા પછી પ્રહ્લાદને ઘણી મોટી ચિંતા થવા લાગી પણ તેને માટે કોઇ પ્રકારનો તે નિશ્ચય કરી શકયો નહિ.[૪૪]

હે તાત! એ પ્રમાણે ચિંતાતુર થઇને પ્રહ્લાદ વિચારમાં પડી ગયો હતો, તેવામાં છાયાસ્વરૂપ મહા તેજસ્વી અને તેજોમય શરીરવાળું શીલ પ્રહ્લાદના શરીરમાંથી બહાર નીકળ્યું.[૪૫] એટલે પ્રહ્લાદે મહા પ્રચંડ શરીરવાળા તે શીલને પૂછ્યું કે “ તું કોણ છે?” પછી તેણે ઉત્તર આપ્યો; “હું શીલ છું. તેં મારો ત્યાગ કર્યો માટે હું હવે જાઉં છું. હે રાજન્! જે બ્રાહ્મણ તારો શિષ્ય થઇને અહીં રહેતો હતો અને તારી સેવા કર્યા કરતો હતો, તે નિર્દોષ બ્રાહ્મણમાં હું નિવાસ કરીશ.”[૪૫-૪૮] આમ કહીને તે તેજ અંતર્હિત થઈ ગયું અને ઇંદ્રના શરીરમાં દાખલ થયું. એ શીલરૂપ તેજના ગયા પછી હે રાજા! પ્રહ્લાદના શરીરમાંથી તેના જેવાજ સ્વરૂપને ધારણ કરનારો એક તેજસ્વી પુરુષ બહાર નીકળ્યો.[૪૯] તેને પણ પ્રહ્લાદે પૂછ્યું કે “તું કોણ છે?” એના ઉત્તરમાં તેણે કહ્યું કે, “હે પ્રહ્લાદ! હું ધર્મ છું. હે દૈત્યેન્દ્ર! તે શ્રેષ્ઠ બ્રાહ્મણ જ્યાં ગયો છે ત્યાં હું પણ જાઉં છું; કેમકે જ્યાં શીલ હોય છે, ત્યાંજ ધર્મનો નિવાસ હોય છે.” આમ કહીને ધર્મ પણ ઇંદ્રના શરીરમાં દાખલ થયો. તે પછી હે મહારાજા! તુરતજ તેજથી પ્રદીપ્ત શરીરવાળો એક પુરુષ, મહાત્મા પ્રહ્લાદના શરીરમાંથી બહાર નીકળ્યો. પ્રહ્લાદે તેને પણ પૂછ્યું કે, “તું કોણ છે?” એટલે તે મહાતેજસ્વી પુરુષે ઉત્તર આપ્યો:-“હે અસુરોના રાજા! હું સત્ય છું અને જ્યાં ધર્મ ગયો છે, ત્યાં હું પણ તેની પાછળ જાઉં છું.” આમ કહીને તે સત્ય પણ ઇંદ્રની પાસે ચાલ્યું ગયું. ત્યાર પછી તુરતજ પ્રહ્લાદના શરીરમાંથી બીજો એક મહાપુરુષ બહાર નીકળ્યો અને તેને પણ પ્રહ્લાદે પ્રશ્ન કર્યો કે, “તું કોણ છે?” તેના ઉત્તરમાં એ મહાબળવાન પુરુષે કહ્યું કે:-“હું વૃત્ત છું. હે પ્રહ્લાદ! જ્યાં સત્ય હોય છે, ત્યાં વૃત્ત હોય છે; માટે હું સત્યની પાછળ જાઉં છું.” આમ કહીને તે પણ ઇંદ્રની પાસે ચાલ્યું ગયું. તેના ગયા પછી વળી પણ મોટી ગર્જના કરતી એક આકૃતિ પ્રહ્લાદના શરીરમાંથી બહાર નીકળી. તેને પણ પ્રહ્લાદે પૂછ્યું, એટલે ઉત્તર મળ્યો કે, “હું બળ છું. જ્યાં વૃત્ત હોય ત્યાં બળ હોય, આ નિયમને અનુસરીને હું વૃત્તની પાછળ જાઉં છું.” આમ કહીને બળ પણ ચાલ્યું ગયું. તે પછી પ્રહ્લાદના શરીરમાંથી તેજોમય શરીરવાળી એક દિવ્ય આકૃતિ બહાર નીકળી. દૈત્ય રાજાએ તેને પણ પૂછ્યું કે, “તું કોણ છે?” એટલે તેણે ઉત્તર આપ્યો કે, “ હું લક્ષ્મી છું. હે સત્ય પરાક્રમી વીર પુરુષ! મારી મેળે આવીને હું તારામાં વસી રહી હતી, પણ તેં મારો ત્યાગ કર્યો, જેથી હું બળની પાછળ ચાલી જાઉં છું.”[૫૦-૫૭] લક્ષ્મીએ આમ કહ્યું એટલે મહાત્મા પ્રહ્લાદને ભય ઉત્પન્ન થયો. તેણે ફરી પણ લક્ષ્મીને પૂછ્યું કે, “હે કમળમાં વસનારી દેવિ! તું કયાં જાય છે? તું સત્યવ્રતને ધારણ કરનારી છે, દિવ્ય શક્તિવાળી છે અને લોકની પરમેશ્વરી છે; માટે હું તને પૂછું

છું કે, શિષ્યવૃત્તિ ધારણ કરીને મારી સેવા કરનારો તે શ્રેષ્ઠ બ્રાહ્મણ, કોણ હતો? તે વિષે યથાર્થ વૃત્તાંત જાણવાની મને ઈચ્છા છે."[૫૮,૫૯]

લક્ષ્મીએ કહ્યું:–"હે રાજા! બ્રહ્મચર્યવ્રત પાળીને તારી પાસેથી જે શિક્ષણ લેતો હતો તે બ્રાહ્મણના વેશમાં ઇંદ્ર પોતે હતો. ત્રણે લોકનું જે કંઇ ઐશ્વર્ય તારી પાસે હતું, તે સમગ્ર તેણે લઈ લીધું છે,[૬૦] હે ધર્મવેત્તા રાજા! શીલના પ્રભાવથી તેં ત્રણે લોકને જીત્યા હતા, એ વાત જાણી લઇને ઇંદ્ર, તારા શીલને હરી ગયો છે.[૬૧] હે મહાબુદ્ધિમાન રાજા! ધર્મ, સત્ય, વૃત્ત, બળ અને હું–આ સર્વનું મૂળ, એક શીલજ છે, એમાં લગારે સંશય નથી."[૬૨]

ભીષ્મે કહ્યું:–"હે યુધિષ્ઠિર! આમ કહીને લક્ષ્મી પણ પ્રહ્‌લાદનો ત્યાગ કરીને ઇંદ્રની પાસે ચાલી ગઇ. ધૃતરાષ્ટ્રે પૂર્વોક્ત ઇતિહાસ દુર્યોધનને કહી સંભળાવ્યો, તે પછી દુર્યોધને વળી પણ પોતાના પિતાને પ્રશ્ન કર્યો:–[૬૩] "હે કૌરવનંદન! શીલનું યથાર્થ સ્વરૂપ જાણવાની મને ઈચ્છા છે, માટે તેનું સ્વરૂપ અને તેને પ્રાપ્ત કરવાનો ઉપાય–એ બન્ને મને કહો."[૬૪]

ધૃતરાષ્ટ્રે કહ્યું:–"હે રાજા! મહાત્મા પ્રહ્‌લાદે, શીલ અને તેને મેળવવાનો ઉપાય પ્રથમજ પ્રદર્શિત કરેલ છે, તોપણ શીલને પ્રાપ્ત કરવા માટે હું તને સંક્ષેપમાં કહું છું.[૬૫] મન, વચન અને કર્મથી કોઇપણ પ્રાણીનો દ્રોહ ન કરવો, સર્વના પર અનુગ્રહ કરવો અને સુપાત્રને દાન આપવું, આને શીલ કહેવામાં આવે છે.[૬૬] પોતાનું જે કર્મ અથવા પુરુષાર્થ, અન્યનું હિત કરનાર ન હોય અને જેના આચરણથી લોકમાં લાજવું પડે, તે કર્મ કદી કરવું નહિ;[૬૭] પણ જે કર્મ કરવાથી જનસમાજમાં પોતાની પ્રશંસા થાય તેજ કર્મ પુરુષે કરવું. હે કુરુશ્રેષ્ઠ દુર્યોધન! આ પ્રમાણે મેં તને સંક્ષેપમાં શીલનું સ્વરૂપ કહ્યું.[૬૮] હે રાજા! શીલવિનાના પુરુષો પણ તેવા કોઇ એકાદ પ્રસંગે લક્ષ્મીને પ્રાપ્ત કરે છે, પણ હે તાત! તેઓ એ લક્ષ્મીનો લાંબા કાળસુધી ઉપભોગ કરી શકતા નથી; એટલુંજ નહિ પણ તેવા શીલરહિત પુરુષોનો મૂલતઃ વિનાશ થઈ જાય છે."[૬૯]

વળી પણ ધૃતરાષ્ટ્રે કહ્યું:–"હે પુત્ર! યુધિષ્ઠિરના કરતાં અતિશય અધિક રાજ્યલક્ષ્મી મેળવવાની તને જો ઈચ્છા હોય તો તું પૂર્વોક્ત ઇતિહાસને યથાર્થ રીતે જાણીને શીલસંપન્ન થા."

ભીષ્મે કહ્યું:–"હે કુંતાપુત્ર યુધિષ્ઠિર! એ રીતે રાજા ધૃતરાષ્ટ્રે પોતાના પુત્ર દુર્યોધનને શીલસંપન્ન થવા માટે ઉપદેશ આપ્યો હતો, માટે તમે પણ શીલવાન થાઓ, જેથી તેનું મહાન ફળ પ્રાપ્ત કરશો."[૭૧]

ઇતિ શ્રીમહા૰ શાંતિ૰ રાજ૰ પર્વમાં "શીલનું વર્ણન" એ વિષયનો અ૰ ૧૨૪ મો સમાપ્ત.

अध्याय १२५ मो

ઋષભગીતા–સુમિત્રની મૃગયા

॥ युधिष्ठिर उवाच ॥

शीलं प्रधानं पुरुषे कथितं ते पितामह ॥
कथं त्वाशा समुत्पन्ना या चाशा तद्वदस्वमे ॥

યુધિષ્ઠિરે પૂછયું:–"હે પિતામહ! પુરુષમાં શીલનીજ મુખ્યતા હોવી જોઇએ, એ વિષે તમે કહ્યું. હવે, આશા એ કોણ છે? અને તે કેવી રીતે ઉત્પન્ન થાય છે? એ વિષે મને કહો.[૧] હે પિતામહ! એ આશાના સંબંધમાં મને મહાન સંશય થયો છે તેને દૂર કરવા માટે, હે શત્રુઓનાં નગરોને જીતનારા ભીષ્મ! તમારાવિના બીજો કોઇ પણ પુરુષ (લોકમાં) નથી.[૨] હે પિતામહ! દુર્યોધનના પ્રત્યે મેં એવી મોટી આશા બાંધી હતી કે, જ્યારે યુદ્ધસમય ઉપસ્થિત થશે, ત્યારે દુર્યોધન યુદ્ધ કર્યા વિનાજ મને અર્ધું રાજ્ય આપી દેશે.[૩] ખરેખર, આ જગતમાં સર્વ કોઇ પુરુષને અમુક અમુક વિષયની મહાન આશા હોય છે; પણ જ્યારે તે આશા પડી ભાંગે છે, ત્યારે પુરુષમાત્રને મરણપ્રાય દુઃખ થાય છે, એમાં સંશય નથી.[૪] હે રાજેન્દ્ર! દુરાત્મા દુર્યોધને, મને હતાશ કર્યો છે, ઉપરાંત બુદ્ધિદુષ્ટ પણ કર્યો છે. તમે જુઓ તો ખરા! હું કેવો મંદાત્મા છું?[૫] હું માનું છું કે,

આશા, પર્વતો કરતાં અને વૃક્ષો કરતાં પણ ઘણી મોટી છે. અથવા તો હે રાજન્! મને લાગે છે કે, આશા, આકાશના કરતાં પણ વિશાળ છે–અપ્રમેય છે.[૬] હે કુરુશ્રેષ્ઠ પિતામહ ! આશાના સંબંધમાં વિચાર કરવો પણ અશક્ય છે–અર્થાત્ તે દુર્વિચિંત્ય છે અને મહા દુર્જય છે. તે એટલી બધી દુર્જય છે કે, જગતની બીજી કોઈ પણ વસ્તુ તેના જેવી ભાગ્યેજ દુર્જય હશે, એમ મને જણાય છે.”

ભીષ્મે કહ્યું:–“ હે યુધિષ્ઠિર ! એ આશાના સંબંધમાં હું તમને એક ઇતિહાસ કહું છું, કે જેમાં સુમિત્રનો તથા ઋષભનો સંવાદ વર્ણવ્યો છે, તે તમે સાંભળો.[૮] પૂર્વે, સુમિત્ર નામનો એક હૈહયવંશનો રાજર્ષિ, મૃગયા કરવા માટે વનમાં ગયો. ત્યાં તેણે કોઇ એક મૃગની પાછળ પડીને નતપર્વવાળા એક બાણથી તેને વીંધી નાખ્યો; પણ તે મૃગ એટલો બધો પરાક્રમી હતો, કે જેથી શરીરમાં ખુંપેલા બાણને સાથેજ લઇને આગળ દોડવા લાગ્યો. એટલે રાજા સુમિત્ર પણ એકદમ જોસથી તેની પાછળ પડ્યો.[૯,૧૦] હે રાજેન્દ્ર ! અતિશય વેગપૂર્વક દોડનારો પેલો મૃગ, અરણ્યના ઉંચાનીચા પ્રદેશોનું ઉલ્લંઘન કરીને એક મુહૂર્ત જેટલા સમયમાં તો સપાટ પ્રદેશમાં જઈ પહોંચ્યો.[૧૧] રાજા સુમિત્ર કે જે તારુણ્ય અને ઔરસબળથી યુક્ત હતો, તે પણ ધનુષ, તરવાર અને કવચને ધારણ કરીને ઝડપથી તેની પાછળજ દોડ્યો જતો હતો.[૧૨] માર્ગમાં અનેક નદીઓ, નદો, તળાવો અને વનો આવતાં હતાં, પણ તે સર્વને ઓળંગી ઓળંગીને તે રાજા એકલોજ વનમાં તે મૃગની પાછળ દોડ્યો જતો હતો.[૧૩] હે રાજન્! એ મૃગ પણ ઘણો ઝડપવાળો હતો જેથી થોડીવારમાં રાજાની સમીપમાંજ જાણે આવી પહોંચ્યો હોય તેમ જણાતો હતો અને ઘડીકમાં વળી, અતિશય વેગપૂર્વક દોડી જઈને રાજાથી દૂર નીકળી જતો હતો.[૧૪] હે રાજેન્દ્ર ! વનમાં ઘુમવાનો જેનો સ્વભાવજ હતો એવા તે મૃગને રાજાએ, ઉપરાઉપરી અનેક બાણો મારવા માંડ્યાં; પરંતુ તે મૃગ, જાણે ક્રીડા કરતો હોયની તેમ, ગતિને મંદ કરી દઇને ઘડીકમાં રાજાની સમીપમાંજ જણાતો હતો અને વળી પાછો ઝડપથી આગળ વધી જતો હતો. આ રીતે તે મહામૃગ, ઘડીકમાં રાજાથી દૂર નીકળી જતો હતો અને ઘડીકમાં રાજાની નજદીકમાં આવી પહોંચતો હતો.[૧૫,૧૬] પછી શત્રુઓનો સંહાર કરનારા રાજા સુમિત્રે, મર્મભાગોને કાપી નાખે તેવું તીક્ષ્ણ અને ઘોર એવું એક બાણ ધનુષમાં સાંધીને મૃગની પાછળ ફેંક્યું;[૧૭] પણ પેલો મૃગ, અત્યંત ચાલાક અને ચપલ હતો. તેણે બે ગાઉ સુધીના પ્રદેશમાં એકદમ દૂર નીકળી જઇને રાજાના બાણમાર્ગને ચૂકાવી દીધો ને પોતે જાણે હસતો હોય તેવો દેખાવ કરીને એક બાજુ ઉભો રહ્યો.[૧૮] આ રીતે લક્ષ્યથી ચૂકેલું અને જાજ્વલ્યમાન તેજવાળું રાજાનું બાણ, નિષ્ફળ થઇને પૃથ્વીપર પડ્યું એટલે પેલો મૃગ કોઈ મહાન અરણ્યમાં નાસી ગયો. તે જોઈ રાજા પણ તેની પાછળ દોડ્યો.

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં “ ઋષભગીતા ” એ વિષયનો અધ્યાય ૧૨૫ મો સમાપ્ત.

अध्याय १२६ मो

ઋષભગીતા–કોણ વિશાળ ? આશા કે આકાશ ?

॥ भीष्म उवाच ॥

प्रविश्य स महारण्यं तापसानामथाश्रमम् ॥
आससाद ततो राजा श्रांतश्चोपाविशत्तदा॥१॥

ભીષ્મે કહ્યું:–“ હે યુધિષ્ઠિર ! એ મહાન અરણ્યમાં પ્રવેશ કરીને રાજા સુમિત્ર, તપસ્વીઓના આશ્રમ પાસે આવી પહોંચ્યો અને પોતાને થાક લાગેલો હોવાથી તે આશ્રમમાં જઇને બેઠો.[૧] ધનુષને ધારણ કરનારા તે રાજાને શ્રમિત અને ક્ષુધાતુર થયેલો જોઇને સર્વ ઋષિઓ તેની પાસે આવ્યા અને તેનો યથાવિધિ સત્કાર કર્યો.[૨] રાજા સુમિત્રે, ઋષિઓ તરફનું આદરાતિથ્ય ગ્રહણ કર્યું ને પછી સર્વ તાપસોને પૂછ્યું કે:–“ તમારાં તપશ્ચરણો ઉત્તમ પ્રકારે વૃદ્ધિ પામે

છે ને ?”[૩] રાજાના એ પ્રશ્નવચનનો યથાસ્થિત ઉત્તર આપીને સર્વ તપોધનોએ તે મહારાજાને, વનમાં આવવાનું કારણ પૂછ્યું.[૪]

“ હે ભદ્રમૂર્તિ રાજા ! કેડે તરવાર લટકાવીને તથા હાથમાં ધનુષબાણ ધારણ કરીને કયા સુખની અભિલાષાથી તમે પગે ચાલતા આ તપોવનમાં આવ્યા છો ?[૫] હે માન આપનારા રાજા ! તમે ક્યાંથી આવ્યા છો ? કયા કુળમાં ઉત્પન્ન થયા છો ? તમારૂં નામ શું છે? તે સાંભળવા અમે ઇચ્છીએ છીએ માટે અમને કહો.”[૬]

હે મહાપુરુષ યુધિષ્ઠિર ! તપસ્વીઓના એ પ્રશ્નનો રાજાએ યથાયોગ્ય ઉત્તર આપવા માંડ્યો તથા પોતે વનમાં શા હેતુથી આવી ચઢ્યો હતો, તે પણ સર્વ બ્રાહ્મણોને તેણે કહ્યું:–[૭]“ હું હૈહયવંશના ક્ષત્રિયોના કુળમાં જન્મ્યો છું, મારૂં નામ સુમિત્ર છે અને મિત્ર નામના રાજાનો હું પુત્ર છું. મૃગયા કરવા માટે હું નીકળ્યો છું, જેથી બાણોવડે હજારો મૃગોનો સંહાર કરતો વનની અંદર ફરૂં છું.[૮] મહાન સૈન્ય, મારૂં રક્ષણ કરવા માટે સાથેજ આવેલું છે અને અમાત્યો તથા મારૂં અંતઃપુર (જનાનખાનું) પણ મારીસાથેજ નીકળેલું છે. શિકાર કરતાં કરતાં મેં એક મૃગને બાણ મારીને વીંધી નાખ્યો;પણ તે મૃગ, શરીરમાં ખૂતેલા બાણની સાથેજ એકદમ નાસવા માંડ્યો; એટલે હું પણ તેની પાછળ પડીને દૈવેચ્છાએ આ વનમાં તમારી પાસે આવી ચઢ્યો છું. મૃગની પાછળ પડીને હું અહીં સુધી આવ્યો છતાં મારી આશાનો અને શોભાનો તો અંતે નાશજ થયો છે; તેમજ શ્રમને લીધે હું લોથપોથ થઈ ગયો છું. અફસોસ ! આશા અને રાજ્યચિન્હથી ભ્રષ્ટ થઇને તથા પરિશ્રમથી કૃશ થઈને હું તમારા આશ્રમમાં આવ્યો છું, તેના કરતાં બીજું કયું દુઃખ ગણાય ![૯–૧૧] હે તપોધનો ! આ સમયે મારી આશાનો નાશ થયો છે, તેને લીધે મને જે તીવ્ર દુઃખ થાય છે તેટલું દુઃખ રાજાનાં લક્ષણોના ત્યાગથી કે નગરના ત્યાગથી પણ મને થતું નથી.[૧૨] જગતનો મહાન પર્વત હિમાલય, જળથી છલોછલ ભરેલો મહાસાગર અથવા આકાશનો વિશાળ મધ્યભાગ પણ આશાની મહત્તાને પહોંચી શકે તેમ નથી–અર્થાત્ આશા, પૂર્વોકત ત્રણે પદાર્થોના કરતાં ઘણી મોટી છે.[૧૩] હે શ્રેષ્ઠ તપસ્વિઓ ! હું આશાના અંતને પામી શકયો નથી, એ સર્વ વાત તમારા જાણવામાંજ છે; કેમકે હે તપોધનો ! તમે બધા સર્વજ્ઞ છો[૧૪] અને તેથીજ હે મહાભાગ્યશાળી તાપસો ! હું તમને મારો સંશય પૂછું છું કે, જે પુરુષ આશાવાળો હોય તેની આશા વિશાળ ગણાય, કે આકાશ વિશાળ ગણાય?[૧૫] એ બન્ને પદાર્થોમાંથી લોકમાં કોનું અતિશય મહત્ત્વ તમને જણાય છે ? હે મુનિઓ ! આ જગતમાં આશાના કરતાં બીજો કયો પદાર્થ અતિશય મોટો અને દુર્લભ છે ? તે વિષે હું યથાર્થ રીતે સાંભળવા ઈચ્છું છું.[૧૬] એ વાત તમારે ગુહ્ય રાખવાની જો ન હોય તો મને સત્વર કહો. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! તમારી પાસેથી ગુહ્ય વાત સાંભળવાની મને ઇચ્છાજ નથી, તેમજ મારા આ પ્રશ્નથી તમારા તપનો જો વિઘાત થતો હોય તો તે જાણવાની મને જરૂર નથી. મેં તમને જે પ્રશ્ન પૂછ્યો છે તેનો ઉત્તર જો કહેવા જેવો હોય તોજ તમે મને કહો; કેમકે તે કારણનું યથાર્થ સામર્થ્ય સાંભળવાની મને ઇચ્છા થઇ છે, માટે તમે સર્વ તપસ્વીઓ, એ વિષયમાં એકમત થઈને મને કહો.”[૧૭–૨૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં ‘ ઋષભગીતા” એ વિષયનો અ૦ ૧૨૬ મો સમાપ્ત.

अध्याय १२७ मो

ઋષભગીતા–રાજા વીરદ્યુમ્ન અને તનુઋષિનો સંવાદ

॥ भीष्म उवाच ॥

ततस्तेषां समस्तानामृषीणामृषिसत्तमः ॥
ऋषभोनाम विप्रर्षिर्विस्मयन्निदमब्रवीत् ॥१॥

ભીષ્મે કહ્યું:–“ હે યુધિષ્ઠિર ! તે પછી ત્યાં એકત્ર થયેલા સમગ્ર ઋષિઓમાં અત્યંત શ્રેષ્ઠ એવા ઋષભ નામના એક બ્રહ્મર્ષિએ, સર્વને વિ-

સમય ઉપજાવતાં આ પ્રમાણે કહેવા માંડ્યું:-[૧]“હે રાજાઓમાં સિંહસરખા સુમિત્ર રાજા! પૂર્વે હું તીર્થાટન કરવા માટે જ્યારે નીકળ્યો હતો, ત્યારે ફરતો ફરતો નરનારાયણના દિવ્ય આશ્રમમાં જઇ પહોંચ્યો.[૨] એ આશ્રમમાં બદરી(બોરડી)નું સુંદર વૃક્ષ છે, “વૈહાયસ' નામનો એક ધરો છે અને હે રાજા! અશ્વશિરા નામના એક ઋષિ, તે આશ્રમમાં સનાતન વેદોના નિત્ય પાઠ કર્યા કરે છે.[૩] ત્યાં જઈને મેં, પ્રથમ તો પૂર્વોક્ત ધરામાં સ્નાન કર્યું અને પછી પિતૃઓનું તથા દેવોનું વિધિપૂર્વક તર્પણ કરીને આશ્રમમાં પ્રવેશ કર્યો.[૪] પછી એ આશ્રમમાં જે સ્થળે નરનારાયણ ઋષિ નિત્ય રમણ કર્યા કરે છે, તેની સમીપના પ્રદેશમાં નિવાસ કરવા માટે હું ગયો.[૫] તેવામાં તનુ નામના એક તપોધન ઋષિને ત્યાં આવતા મેં જોયા. એ ઋષિએ વલ્કલ વસ્ત્ર અને મૃગચર્મ ધારણ કર્યાં હતાં અને તેમનું શરીર અત્યંત દુર્બળ અને ઉંચું હતું.[૬] હે મહાબાહુ રાજા! એ ઋષિનું શરીર, જગતના સર્વ પુરુષોના કરતાં આઠગણું ઉંચું હતું તેમજ હે રાજર્ષિ! તેમના શરીરના જેવી દુર્બળતા મેં કોઈ સ્થળે જોઇ નથી.[૭] હે રાજેંદ્ર! તેમનું શરીર લગભગ ટચલી આંગળીના જેવુંજ પાતળું હતું, પણ તેમની ગ્રીવા (ડોક), બાહુઓ, પગ અને કેશોનો દેખાવ ઘણોજ અદ્ભુત હતો; તેમજ મસ્તક, નેત્ર અને કાન, શરીરના પ્રમાણમાંજ હતા અને હે મહારાજા! તેમની વાણી અને ચેષ્ટા સર્વસામાન્યજ હતી.[૮,૯] તે દુર્બળ બ્રાહ્મણને જોઇને મને ભય ઉત્પન્ન થયો. મારૂં મન અત્યંત ઉદાસ થઇ ગયું. પછી તેમના ચરણનો સ્પર્શ કરીને, બે હાથ જોડીને હું તેમની પાસે ઉભો રહ્યો.[૧૦] હે રાજા! મેં મારૂં નામ, ગોત્ર અને પિતાનું નામ તેમને જણાવ્યું ને પછી તેમણે બતાવલા આસનપર હું ધીમેરહીને બેઠો.[૧૧] હે મહારાજા! ધાર્મિક પુરુષોમાં શ્રેષ્ઠ એવા તે તનુઋષિ, ઋષિઓના મધ્યભાગમાં બિરાજીને ધર્માર્થયુક્ત એવી કથા કહેવા લાગ્યા, તેવામાં કમળસમાન નેત્રવાળો એક રાજા, ઝડપદાર ઘોડાઓને દોડાવતો દોડાવતો પોતાના સૈન્ય અને અંતઃપુરની સાથે ત્યાં આવી ચઢયો.[૧૨,૧૩] મહાયશસ્વી એવા તે રાજાનું નામ શ્રીમાન વીરદ્યુમ્ન હતું. તે ભૂરિદ્યુમ્નનો પિતા હતો અને અરણ્યમાં ખોવાઇ ગયેલા પોતાના પુત્રનું સ્મરણ કરતો તે રાજા મનમાં અત્યંત ઉદાસ જણાતો હતો.[૧૪] “મારા પુત્રને અહીં જોઇશ, અહીં જોઈશ.” એવી આશામાં ને આશામાં તે રાજા, એ નરનારાયણના આશ્રમસુધી આવી પહોંચ્યો હતો.[૧૫] તે વારંવાર બોલ્યા કરતો હતો કે:-“અફસોસ! મારો એકનો એક પુત્ર કે જે મહાન ધાર્મિક હતો, તે આ મોટા અરણ્યમાં ખોવાઇ ગયો છે. ખરેખર હવે, હું તેને જોઇ શકીશ નહિ, તેનાં દર્શન મને દુર્લભજ છે-અરેરે! હું જાણું છું કે, તેનાં દર્શન હવે દુર્લભ છે, છતાં તેને જોવા માટે મને મહાન આશા છે. તે આશાથી મારાં ગાત્રો ઘેરાઇ ગયાં છે. હાય, હવે હું મરણની અણીપર આવી પડ્યો છું, એમાં લગારે સંશય નથી.”[૧૬,૧૭] રાજાનાં એ વિલાપવચનો સાંભળીને મહામુનિ તનુ ભગવાન, મસ્તક નમાવીને એક મૂહૂર્ત જેટલા સમયસુધી ધ્યાનમગ્ન અવસ્થામાં બેસી રહ્યા.[૧૮] મુનિને આ પ્રમાણે ધ્યાન કરતા જોઇ રાજા વીરદ્યુમ્નનું મન અત્યંત ખિન્ન થઇ ગયું. તેણે મનમાં ઉદાસ થઇને ધીમે ધીમે અને વારંવાર આ પ્રમાણે પૂછવા માંડયું.[૧૯] “હે દેવર્ષિ! આ જગતમાં દુર્લભ વસ્તુ કયી છે અને કયી વસ્તુ આશાના કરતાં મોટી છે? આ વાત જો ગુહ્ય ન હોય તો આપ મને કહો.”[૨૦]

મુનિએ કહ્યું:-“પોતાની મૂર્ખ બુદ્ધિનો આશ્રય કરીને તથા પોતાનાં મંદભાગ્યને અધીન થઇને તારા પુત્ર ભૂરિદ્યુમ્ને, એક સમર્થ મહર્ષિનું અપમાન કર્યું હતું.[૨૧] હે રાજા! તે મહર્ષિએ, તારા પુત્રની પાસે સુવર્ણના કલશની અને વલ્કલ વસ્ત્રોની યાચના કરી હતી, પણ તારા પુત્રે તેમને કંઈ આપ્યું નહિ ને ઉલટું તેમનું અપમાન કર્યું.”[૨૨] મુનિએ એ પ્રમાણે કહ્યું, એટલે રાજા વીરદ્યુમ્ન મનમાં અત્યંત ખિન્ન થયો અને પુત્રપ્રાપ્તિને માટે નિરાશ થઈ ગયો. હે રાજા! તે ધર્માત્મા વીરદ્યુમ્ન, લોકમાન્ય એવા તનુઋષિને

વંદન કરીને ત્યાં બેઠો. ખરેખર, તે રાજા પણ તારી પેઠેજ શ્રમિત અને ક્ષીણ સરખો થઇ ગયો હતો.[23] તે પછી મહર્ષિ તનુ ભગવાને, અર્ઘ્ય અને પાદ્ય મંગાવીને અરણ્યોચિત વિધિપ્રમાણે રાજાને તે સર્વ નિવેદન કર્યું.[24] પછી હે નરશ્રેષ્ઠ! સપ્તર્ષિઓ જેમ ધ્રુવને વીંટાઇ વળે તેમ, સર્વ મુનિઓ, તે રાજાને વીંટાઇ વળીને ત્યાં બેઠા અને તે અજિત રાજાને આશ્રમમાં આવવાનું પ્રયોજન પૂછવા લાગ્યા.[25,26]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં “ઋષભગીતા” એ વિષયનો અ૦ ૧૨૭ મો સમાપ્ત.

अध्याय १२८ मो

ઋષભગીતા—આશા, આકાશના કરતાં પણ વિશાળ છે અને ક્ષુદ્ર છે.

॥ राजोवाच ॥

वीरद्युम्न इति ख्यातो राजाऽहं दिक्षु विश्रुतः ॥
भूरिद्युम्नं सुतं नष्टमन्वेष्टुं वनमागतः ॥ १ ॥

રાજાએ કહ્યું:–“હે મુનિઓ ! હું વીરદ્યુમ્ન નામનો એક રાજા છું, મારી પ્રસિદ્ધિ સર્વ દિશાઓમાં થયેલી છે. ભૂરિદ્યુમ્ન નામનો મારો એકનો એક પુત્ર ક્યાંક ખોવાઇ ગયેલો છે. તેની શોધમાં ને શોધમાં હું આ વનસુધી આવી ચઢ્યો છુ.[1] હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! મારો એકનો એક પુત્ર હજી બાળકજ છે. તેની શોધ કરવા માટે આ વનમાં હું સર્વ સ્થળે ફર્યો પણ હે નિર્દોષ મુનિઓ ! તેને મેં ક્યાંય જોયો નહિ.”[2]

ઋષભે કહ્યું:–રાજા વીરદ્યુમ્ને એ પ્રમાણે કહ્યું એટલે વળી પણ તનુમુનિ, નીચું મુખ રાખીને શાંતજ બેસી રહ્યા. તેમણે રાજાને કંઇપણ પ્રત્યુત્તર આપ્યો નહિ.[3]

હે રાજેંદ્ર ! પ્રથમ કોઇ સમયે તે વીરદ્યુમ્ન રાજાએ, બ્રાહ્મણ તનુમુનિને યથાયોગ્ય માન આપ્યું ન હતું અને અમુક કોઇ વસ્તુને માટે નિરાશ કર્યા હતા; તેજ સમયથી આરંભીને તનુમુનિએ “આજથી હું કોઇ પણ રાજા પાસેથી અથવા વર્ણ પાસેથી કંઇપણ વસ્તુનો પ્રતિગ્રહ કરીશ નહિ” આવો દૃઢ સંકલ્પ કરીને મહાન તપશ્ચર્યાનો આરંભ કર્યો હતો.[4,5] ઉપરાંત એ મુનિએ પ્રતિજ્ઞા કરી હતી કે, “જે આશા મનમાં સ્થિર થઈને અજ્ઞાની પુરુષને પણ ઉદ્યમ કરવા માટે ઉભો કરે છે, તે આશાને હું દૂર કરીશ.” આ પ્રતિજ્ઞાને અનુસરીને તેમણે તપશ્ચરણ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો હતો. રાજા વીરદ્યુમ્ને, ફરી પણ તે મહામુનિને આ પ્રમાણે પ્રશ્ન કર્યો.[6]

રાજાએ પૂછ્યું:–“આ જગતમાં આશાના જેવી બીજી કોઇપણ વસ્તુ કૃશ (દુર્બળ) હશે ? અને પૃથ્વીમાં તેવી કયી વસ્તુ છે, કે જે અત્યંત દુર્લભ હોય ? તે મને કહો. હે ભગવન્ ! તમે ધર્મના તથા અર્થના સૂક્ષ્મ તત્ત્વને જાણો છો.”[7]

રાજાનો એ પ્રશ્ન સાંભળીને ભગવાન તનુમુનિ, તે રાજાને પૂર્વવૃત્તાંતનું જાણે સ્મરણ કરાવતા હોયની તેમ, આ પ્રમાણે કહેવા લાગ્યા.[8]

મુનિ બોલ્યા:–“હે રાજા! આ જગતમાં આશાના જેવી બીજી એક પણ વસ્તુ કૃશ નથી; તેમજ એ આશાના વિષયભૂત બનેલા પદાર્થ, અત્યંત દુર્લભ થઈ પડે છે. (આ વાતનો મને પોતાને પણ સંપૂર્ણ અનુભવ મળ્યો છે.) મેં અમુક પદાર્થની આશા કરીને ઘણા ઘણા રાજાઓ પાસે યાચના કરેલી છે પણ તે સફળ થઇ નથી.”[9]

રાજાએ કહ્યું:–“હે બ્રહ્મન્ ! આપનાં વચનથી મેં જાણી લીધું કે, આશાના જેવી બીજી એક પણ વસ્તુ કૃશ નથી. અર્થાત્–જેણે આશાને જીતી નથી તેના જેવો બીજો એક પણ પુરુષ કૃશ નથી; ને જેણે આશાને જીતી છે તેના જેવો બીજો એક પણ પુરુષ હૃષ્ટપુષ્ટ નથી; તેમજ હું જાણી શક્યો છું કે, આશાનાં વિષયભૂત બનેલા સર્વ પદાર્થો વેદવાક્યની પેઠે દુર્લભજ થઈ પડે છે;[10] પણ હે મહાબુદ્ધિમાન મુનિ! મારા હૃદયમાં એક મહાન સંશય ઉત્પન્ન થયો છે, તે વિષે હું આપને પૂછું છું; માટે યથાર્થરીતે તેનો મને ઉત્તર આપો.[11] હે મહામુનિ ! આપના શરીરના કરતાં પણ જે અત્યંત કૃશ હોય તેવી વસ્તુ કયી છે ? આ વાત જો ગુપ્ત રાખવા જેવી ન હોય તો હે ભગવન્ ! તમે મને કહો.”[12]

તનુમુનિએ કહ્યું:–"હે તાત! જે પુરુષ પોતે યાચક હોય છતાં ધૈર્યસંપન્ન હોય, તે અત્યંત દુર્લભ છે અથવા છેજ નહિ; પરંતુ જે દાતા યાચકનું કદી અપમાન કરતો નથી તે તો અત્યંત દુર્લભજ છે.[૧૩] જે પુરુષ, આદરસત્કારપૂર્વક પ્રથમ આશા બતાવીને પોતાની શક્તિ અને યોગ્યતા પ્રમાણે યાચકનો જો ઉપકાર કરતો નથી, તો તે નિરાશ બનેલા સર્વ યાચકપ્રાણીની આશા મારા શરીરના કરતાં પણ અતિશય કૃશ બની જાય છે;[૧૪] તેમજ જે આશા કૃતઘ્ન પુરુષોવિષે રહેલી છે, ઘાતકી પુરુષોને વિષે રહેલી છે, આળસુ પુરુષોને વિષે રહેલી છે અને અપકારી પુરુષોને વિષે રહેલી છે, તે આશા મારા શરીરના કરતાં પણ અત્યંત કૃશ છે.[૧૫] જેનો એકનો એકજ પુત્ર હોય છે તેવો પિતા, પોતાનો પુત્ર ખોવાઈ ગયો હોય અથવા પરદેશમાં ગયો હોય,ત્યારે તેની પ્રવૃત્તિને પોતે જાણતો નહોય છત તેને મળવાની જે આશા રાખે છે, તે આશા મારા શરીરના કરતાં પણ અત્યંત કૃશ છે;[૧૬] તેમજ હે નરેન્દ્ર! સંતતિ પ્રાપ્ત કરવાના સંબંધમાં સ્ત્રીઓની, પુત્રની પ્રાપ્તિવિષેની વૃદ્ધોની તથા ધનવાન પુરુષોની જે આશા હોય છે, તે આશા મારા શરીરના કરતાં પણ અત્યંત કૃશ હોય છે.[૧૭] યોગ્ય વય થઇ જાય ત્યારે, પોતાના વિવાહને માટે ઇચ્છા રાખનારી કન્યાઓ, પોતાના વિવાહવિષેની વાતો સાંભળીને જે આશા બાંધે છે, તે આશા મારા શરીરના કરતાં પણ કૃશ છે."[૧૮]

ભગવાન તનુ મુનિના એ ઉપદેશને સાંભળીને રાજા વીરદ્યુમ્ને પોતાની રાણીઓસહિત તેમના ચરણમાં મસ્તક નમાવ્યું અને તે શ્રેષ્ઠ બ્રાહ્મણને પ્રણામ કર્યા.[૧૯]

રાજા બોલ્યો:–"હે ભગવન્! હું આપને પ્રસન્ન કરૂં છું. મને મારા પુત્રને મળવાની ઇચ્છા છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તમે હમણાં જે ઉપદેશ આપ્યો છે,તે અક્ષરશઃ સત્ય છે. આપના કહેવામાં લેશમાત્ર સંદેહ નથી." રાજાનાં એ વચન સાંભળીને ધાર્મિકશ્રેષ્ઠ ભગવાન તનુમુનિ ખૂબ હસ્યા. તેમણે પોતાના તપના અને શાસ્ત્રના બળથી સત્વર તે રાજાના પુત્રને ત્યાં હાજર કર્યો અને પછી એ રાજાને તેના અપરાધને માટે ઠપકો આપીને ધાર્મિકશ્રેષ્ઠ એવા તે મહામુનિએ પોતાનું દિવ્ય સ્વરૂપ દેખાડયું, કે જે સ્વરૂપ અત્યંત અદ્ભુત દેખાવનું હતું. આ રીતે પોતાના દિવ્ય શરીરનાં દર્શન કરાવીને તે નિષ્પાપ મહામુનિ ક્રોધરહિત થઇને સમીપના અરણ્યમાં ચાલ્યા ગયા.[૨૦–૨૩] હે સુમિત્ર રાજા! આ બધો બનાવ મેં મારી નજરે જોયો છે અને એ ઋષિનાં વચન પણ સાંભળ્યાં છે; માટે તું અત્યંત કૃશ એવી આશાનો સત્વર ત્યાગ કરી દે.[૨૪]

ભીષ્મે કહ્યું:–"હે યુધિષ્ઠિર રાજા! મહાત્મા ઋષભ ઋષિએ એ પ્રમાણે કહ્યું એટલે સુમિત્ર રાજાએ અત્યંત કૃશ એવી પોતાની આશાને ત્યજી દીધી.[૨૫] એજ પ્રમાણે હે કુંતાપુત્ર! તમે પણ મારા આ વચનને લક્ષ્યમાં લઇને(સર્વ પ્રકારની આશાઓનો ત્યાગ કરો અને)હે મહારાજ! હિમાલય પર્વતની પેઠે સ્થિર થાઓ.[૨૬] હે રાજા! પોતાનાપર અથવા પારકાપર જ્યારે સંકટ આવી પડે, ત્યારે કોઇ એકજ પુરુષ આમ તમારી પેઠે પ્રશ્ન પૂછનાર અને હિતોપદેશ શ્રવણ કરનાર ભાગ્યેજ મળી આવે છે. તમે મારા ઉપદેશને લક્ષપૂર્વક સાંભળ્યો છે તો હવે, તમારે સંતાપ કરવો યોગ્ય નથી."[૨૭]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં "ઋષભ ગીતા" એ વિષયનો અ૦ ૧૨૮ મો સમાપ્ત.

अध्याय १२९ मो

માતાપિતાના ઋણમાંથી કેમ છૂટાય?

॥ युधिष्ठिर उवाच ॥

नामृतस्येव पर्याप्तिर्ममास्ति ब्रुवति त्वयि ॥
यथा हि स्वात्मवृत्तिस्थस्तथा तृप्तोऽस्मि भारत॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–હે ભરતવંશના પિતામહ! તમે મને જે જે ઉપદેશ આપો છો, તેનું શ્રવણ કરીને, જેમ અમૃતપાન કરીને તૃપ્તિ થાય નહિ તેમ, મને તૃપ્તિજ થતી નથી–અર્થાત્ તમારાં ઉપદેશવચનો સાંભળીને હું તૃપ્તજ થતો નથી;

તોપણ સમાધિનિષ્ઠ પુરુષ, જેમ સ્વાત્મદર્શનથી તૃપ્ત થાય છે, તેમ હું પણ તમે કહેલા ધર્મોપદેશનું શ્રવણ કરીને તૃપ્ત થયો છું-અર્થાત્ સમાધિસુખનો અનુભવ કરનાર પુરુષ તજ્જન્ય આનંદથી તૃપ્ત થાય છે, છતાં પણ તેનો ત્યાગ કરવાની જેમ ઇચ્છા કરતો નથી, તેમ હું પણ તમારાં વચનામૃતોથી તૃપ્ત થયો છું, છતાં તેને પુનઃ સાંભળવાને ઈચ્છું છું;[૧] માટે હે પિતામહ! તમે ફરી પણ(શીલસંપન્ન પુરુષના તથા પૂર્વોક્ત આશાનો ત્યાગ કરનારા પુરુષના) કર્તવ્યધર્મનો મને ઉપદેશ આપો. ખરેખર, તમારી પાસેથી ધર્મામૃતનું પાન કર્યા છતાં પણ હું તૃપ્ત થતો નથી.[૨]

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! આ વિષયમાં ગૌતમના તથા મહાત્મા યમના સંવાદરૂપ એક પ્રાચીન ઈતિહાસ લોકમાં કહેવાય છે, તે આ પ્રમાણે છે.[૩] પારિયાત્ર નામના પર્વત ઉપર આવીને ગૌતમે એક મહાન આશ્રમ બાંધ્યો છે. તે આશ્રમમાં રહીને ગૌતમ મુનિએ કેટલા સમય સુધી તપશ્ચર્યા કરી હતી, તે પણ હું તમને કહું છું, સાંભળો.[૪] મુનિ ગૌતમે, એ આશ્રમમાં સાઠહજાર વર્ષપર્યંત તપશ્ચર્યા કરી હતી. હે નરશ્રેષ્ઠ! એ પ્રમાણે મહા ઉગ્ર તપશ્ચર્યા કરવામાં તત્પર રહેનારા અને શુદ્ધ અંતઃકરણવાળા મહામુનિ ગૌતમની પાસે એક વખતે લોકપાલ યમ, ફરતા ફરતા આવી ચઢયા. ત્યાં આવીને યમે જોયું તો ઋષિ ગૌતમ, મહાન તપશ્ચર્યા કરી રહ્યા હતા.[૫,૬] બ્રહ્મર્ષિ ગૌતમે પણ પોતાના તપોબળથી જાણી લીધું કે, મારા આશ્રમમાં સાક્ષાત્ યમદેવજ આવ્યા છે, જેથી તે તપોધન સાવધાન થઇ,બે હાથ જોડીને યમદેવની સમીપમાં બેઠા.[૭] યમરાજાએ પણ તે શ્રેષ્ઠ બ્રાહ્મણને પોતાની સમીપમાં આવેલા જોઇ તેમનો સત્કાર કર્યો અને કહ્યું કેઃ-" હું ધર્મરાજા છું અને હું તમારૂં શું પ્રિય કરૂં ? "[૮]

એટલે ગૌતમે પૂછ્યું:-" શું કરવાથી પુરુષ, માતપિતાના ઋણમાંથી મુક્ત થઈ શકે? અને પુરુષને,દુર્લભ એવા પવિત્ર લોક શી રીતે મળે?"[૯]

યમદેવે કહ્યું:-" તપ અને શૌચાચારમાં પરાયણ રહીને તથા નિત્ય સત્યધર્મમાં આસક્ત રહીને પુરુષે, સતત માતાપિતાનું પૂજન કરવું, જેથી માતપિતાના ઋણમાંથી મુક્ત થવાય છે;[૧૦] તેમજ સંપૂર્ણ દક્ષિણાવાળા અનેક અશ્વમેધ યજ્ઞો કરીને પરમાત્માનું પૂજન કરવું, જેથી પુરુષ, અદ્દભુત દેખાવવાળા દિવ્ય લોકોને પામે છે.[૧૧]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં "યમ અને ગૌતમનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૧૨૯ મો સમાપ્ત.

अध्याय १३० मो*

આપત્તિના સમયે દ્રવ્ય મેળવવાનો ઉપાય

॥ युधिष्ठिर उवाच ॥

मित्रैः प्रहीयमाणस्य बह्वमित्रस्य का गतिः॥
राज्ञः संक्षीणकोशस्य बलहीनस्य भारत॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે ભરતવંશી પિતામહ! જે સમયે રાજા મિત્રોથી હીન થયો હોય, અનેક શત્રુઓથી ઘેરાઈ ગયો હોય, કોશસંપત્તિથી ક્ષીણ થયો હોય, સૈન્યથી રહિત થઈ પડયો હોય, શત્રુને મળી ગયેલા દુષ્ટ અમાત્યોની સહાયવાળો હોય, રાજકીય ગુપ્ત વિચારોથી ભ્રષ્ટ થયો હોય, રાજ્યપદથી ભ્રષ્ટ થયો હોય, પોતાની ઉત્તમ ગતિને જોઇ શકતો ન હોય, શત્રુઓના સૈન્યસામે ચઢાઇ લઇ ગયો હોય, શત્રુઓનાં રાષ્ટ્રોને પાયમાલ કરી રહ્યો હોય, પોતે દુર્બળ હોય છતાં બળવાન શત્રુની સામે યુદ્ધ કરવા તૈયાર થયો હોય, પોતાના દેશનું રક્ષણ કરવા માટે અશકત થયો હોય અને દેશકાળના જ્ઞાનથી શૂન્ય થઇ પડયો હોય, તે

---

* આ અધ્યાય, હવે પછી કહેવામાં આવતા આપદ્ધર્મોના સૂત્રરૂપે ગણાય છે. આ અધ્યાયનો તાત્પર્યાર્થ એ છે કે, પોતાનાપર જ્યારે સર્વ પ્રકારે આપત્તિ આવી પડે, ત્યારે રાજાએ પ્રજાપીડનરૂપ અધર્મનો આશ્રય કરીને પણ દ્રવ્યસંગ્રહ કરવો અને તે ઉપાયદ્વારા સર્વ પ્રકારની આપત્તિઓને દૂર કરવી. **નીલકંઠ**

સમયે એ રાજાએ કેવી રીતે વર્તવું? વળી એવે સમયે તે દુર્બળ રાજા, સામ ઉપાયથી શત્રુઓને વશ કરી શકતો નથી અને પોતે અત્યંત દુઃખમાં આવી પડેલો હોવાથી શત્રુઓના પ્રધાનમંડલને ફોડી શકતો પણ નથી; વળી એવે પ્રસંગે પણ જીવિતને ટકાવી રાખવા માટે દ્રવ્યસહાયની તો જરૂર પડેજ છે તો એવા દુઃખી રાજાએ અધર્મમાર્ગે દ્રવ્ય સંપાદન કરીને જીવિતને ટકાવી રાખવું તે ઉત્તમ છે, કે દ્રવ્યના અભાવે મરણ પામવું, તે ઉત્તમ છે? શું કરવાથી તે રાજાનું એવે વખતે કલ્યાણ થાય?" ૧-૪

ભીષ્મે કહ્યું:-" હે ભરતશ્રેષ્ઠ ધર્મપુત્ર યુધિષ્ઠિર! તમે મને જે આ પ્રશ્ન પૂછ્યો છે, તે અત્યંત ગુહ્ય છે, જેથી તમે એ વિષયનો પ્રશ્ન ન પૂછ્યો હોત તો હું તમને એ ધર્મનો ઉપદેશ આપવા ખુશી ન હતો;[૫] કેમકે ધર્મ અને તેનું જ્ઞાન અત્યંત સૂક્ષ્મ હોય છે, જેથી શાસ્ત્રદ્વારા તેનું શ્રવણ કરીને તથા સદાચારપૂર્વક ઉપાસન કરીને કોઇ સ્થળે કોઈ એકજ મનુષ્ય ઉત્તમ થાય છે.[૬] જ્યારે આપત્તિનો સમય આવે છે, ત્યારે બુદ્ધિપૂર્વક દુષ્કર્મ કરીને પણ રાજા ધનાઢ્ય થાય છે કે નહિ, એ વાત સંશયભરેલી છે. જો કદાચ તેમ કરવાથી ધનાઢ્ય થઇ શકાય તો પોતે આપત્તિમાંથી તરી જાય છે અને પાછળથી પ્રજાઓને પણ સુખી કરી શકે છે; પરંતુ કદાચ તેવાં દુષ્કર્મને લીધે ધનાઢ્ય ન થવાય તો પોતાનો તથા પ્રજાનો-બન્નેનો વિનાશપ્રસંગ આવી પડે છે; માટે તે વિષયનો વિચાર કરીને તમે પોતેજ તમારા પ્રશ્નનો ઉત્તર મેળવી લ્યો.[૭] હે ભારત! આપત્તિના સમયે રાજાઓના વ્યવહારનો નિર્વાહ થઇ શકે, તે માટે આપદ્ધર્મરૂપ એક ઉપાય છે, તે હું તમને કહું છું; પરંતુ તે ઉપાયને ધર્મતરીકે સ્વીકારી લેવા માટે હું ખુશી નથી.[૮] પોતાનાપર જ્યારે આપત્તિ આવી પડે, ત્યારે પ્રજાઓને અત્યંત દુઃખ દઈને પણ તેઓની પાસેથી અયોગ્ય રીતે પણ કર લેવો ને ધનસંચય કરવો, એ આપદ્ધર્મરૂપ ઉપાય, રાજાને મરણ જેવોજ દુઃખદાયી* છે, આવો જગતના સર્વ બુદ્ધિમાન પુરુષોનો નિશ્ચય છે.[૯] પુરુષ જેમ જેમ શાસ્ત્રનું અવલોકન કરે છે, તેમ તેમ તેને ધર્મનું જ્ઞાન થાય છે અને વિજ્ઞાન ઉપર રુચિ થાય છે.[૧૦] જ્યાંસુધી પુરુષને અજ્ઞાન છે, ત્યાંસુધી તેને કોઇ પ્રકારનો ઉપાય સૂઝતો નથી; પણ જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે અનેક ઉપાયો સૂઝે છે અને તે તે ઉપાયોની યોજના કરવાથી મહાન સમૃદ્ધિ મળે છે.[૧૧] હે રાજા! કોઇ પ્રકારની શંકા રાખ્યા વિના તથા અસૂયા કર્યા વિના તમે મારા આ વાકયને સાંભળો. ખજાનો ખાલી થવાથીજ રાજાના બળનો નાશ થાય છે.[૧૨] જેમ નિર્જળ પ્રદેશમાંથી પણ જળને બહાર કાઢવામાં આવે છે, તેમ રાજાએ, આપત્તિના વખતે પ્રજાઓ પાસેથી કર વગેરે લઇને કોશવૃદ્ધિ કરવી અને પછી જ્યારે પોતે આપત્તિથી મુક્ત થાય, ત્યારે સમયને અનુસરીને પ્રજાઓપર અનુગ્રહ કરવો, આવો સનાતન ધર્મ છે; એટલુંજ નહિ પણ પ્રાચીન કાળના મનુષ્યોએ મેં કહેલા એ ઉપાયધર્મનું અથવા ગૌણધર્મનું આચરણ પણ કર્યું છે.[૧૩] હે ભરતવંશી રાજા! જે સમયે રાજાઓ સંપત્તિસંપન્ન અને સમર્થ હોય, તે સમયે તેઓનો ધર્મ ભિન્ન હોય છે અને જે સમયે આપત્તિથી ઘેરાયલા અને દુર્બલ હોય, તે સમયે તેઓનો ધર્મ ભિન્ન હોય છે–અર્થાત્ જ્યારે પોતાનો સારો સમય હોય, ત્યારે રાજાએ પોતાના મુખ્ય ધર્મનુંજ આચરણ કરવું અને જ્યારે પોતે આપત્તિમાં આવી પડ્યો હોય, ત્યારે ગૌણધર્મ(આપદ્ધર્મ)નું આચરણ કરવું. જો કે, કોશસંગ્રહવિના પણ કેવળ તપશ્ચરણ વગેરે કરીને રાજા ધર્માચરણ કરી શકે છે, તોપણ ધર્મના કરતાં જીવન વધારે

---

* અર્થાત્— **प्रजापीडनसंतापात् समुद्भूतो हुताशनः। राज्ञः प्राणान् बलं कोशं नादग्ध्वा विनिवर्तते**–પ્રજાઓને દુઃખ દેવારૂપ સંતાપમાંથી જે અગ્નિ ઉત્પન્ન થાય છે તે, રાજાના પ્રાણને, બળને તથા કોશને બાળીને ભસ્મ કર્યા વિના કદી શાંત થતો નથી. **નીલકંઠ**

ઉત્તમ ગણાય છે;(માટે ધર્માચરણ કરતાં જો જીવનનો નાશપ્રસંગ પ્રાપ્ત થતો હોય, તો કોશસંગ્રહ આદિનો વિરોધ કરનારા ધર્મને બાજુપર મૂકી દઇને પણ જીવનનું રક્ષણ કરવું અને તેને માટે અન્યાયમાર્ગે પણ ધનોપાર્જન કરીને કોશસંચય કરવો.)[૧૪] જે રાજા દુર્બળ સ્થિતિમાં આવી પડયો હોય અથવા આપત્તિથી ઘેરાઈ ગયો હોય, તે રાજા કેવળ ધર્મનેજ અનુસરીને પોતાની આજીવિકાને શ્રેષ્ઠ રીતે ચલાવી શકતો નથી. વળી તેવો રાજા કદાચ યત્ન કરે,તોપણ યત્ન કરવાથી બળ અવશ્ય પ્રાપ્તજ થાય છે–એવો કંઇ નિયમ હોતો નથી. (માટે આપત્તિના સમયે અધર્મ એજ ધર્મરૂપ થાય છે અને તેવે સમયે આચરણ કરવા યોગ્ય અધર્મરૂપ ધર્મનું જો આચરણ કરવામાં ન આવે, તો ઉલટો અધર્મ થાય છે- અર્થાત્ પ્રજાપીડનરૂપ અધર્મ પણ આપત્તિના સમયે ધર્મ છે અને તે સમયે એ ધર્મનું જો આચરણ કરવામાં ન આવે તો તેજ અધર્મરૂપ થઇ પડે છે,આવી શાસ્ત્રમર્યાદા છે.)[૧૫] આવા આશયથીજ વિદ્વાનો કહે છે કે, આપત્તિકાળમાં અધર્મ પણ વેદોક્ત ધર્મરૂપ છે અને તેનું આચરણ નહિ કરવાથી ઉલટો અધર્મ થાય છે;[૧૬] પણ આપત્તિનો સમય વીતી ગયા પછી રાજાએ, પૂર્વકાળમાં કરેલા નૈમિત્તિક અધર્મનું શું પ્રાયશ્ચિત્ત કરવું યોગ્ય છે? કે, તેણે પ્રજાઓપર નાખેલા કર ઓછા કરી નાખવા અને જે રીતે ધર્મનો નાશ ન થાય તે રીતે વર્તીને શત્રુના સપાટામાં ન સપડાવું. બસ, વિદ્વાનોએ એજ આપત્તિકાળનું કર્તવ્ય માન્યું છે; તેમજ શાસ્ત્રનો પણ એજ નિશ્ચય છે કે, ગમે તે ઉપાયો યોજીને પણ રાજાએ પોતાનો નાશ થવા દેવો નહિ. જે વેળા પોતાનો નાશપ્રસંગ આવી પડયો હોય,ત્યારે રાજાએ સ્વધર્મઅથવા પરધર્મની દરકાર કરવી નહિ;પણ હરકોઈ ઉપાયે પોતાની જાતનુંજ રક્ષણ કરવું–અર્થાત્ સ્વધર્મને કે પરધર્મને જતો કરી દઈને પણ પોતાનો નાશ થતો અટકાવવો.[૧૭,૧૮] હે તાત! ધર્મવેત્તા પુરુષોનો એવોજ નિશ્ચય હોય છે કે, કેવળધર્મમાંજ નિપુણતા મેળવવી;પણ ક્ષત્રિયોએ તો પોતાના બાહુબલથીજ નિપુણતા મેળવવી અને ઉદ્યમ કરવો, એવી વેદોક્ત આજ્ઞા છે.[૧૯] હે ભારત! પોતાની આજીવિકા ચલાવવા માટે સંકટમાં આવી પડેલો ક્ષત્રિય, તપસ્વી અને બ્રાહ્મણોના દ્રવ્યસિવાય હરકોઇનું દ્રવ્ય લઇ શકે છે.[૨૦] જેમ બ્રાહ્મણ, આજીવિકા ચલાવવામાટે જ્યારે સંકટભરેલી સ્થિતિમાં આવી પડે છે, ત્યારે યજ્ઞના અનધિકારી શૂદ્રાદિને પણ યજ્ઞ કરાવીને તથા જેઓનું ભોજન લેવાનો નિષેધ કરવામાં આવ્યો છે, તેવાઓનું પણ ભોજન લઇને પોતાની આજીવિકા ચલાવે છે, તેમજ ક્ષત્રિય પણ આપત્તિના સમયે તપસ્વી અને બ્રાહ્મણના ધનવિના હરકોઇનું ધન લઈ શકે છે, એમાં સંશય નથી.[૨૧] જે મનુષ્ય કેદ પકડાયલો હોય છે, તેને નાસી છૂટવામાટે અદ્વાર અથવા ઉન્માર્ગ કયો છે? અને દુઃખથી ઘેરાયલા પુરુષને દુઃખમાંથી મુક્ત થવા માટે કયો માર્ગ સરળ નથી જણાતો? (અર્થાત્ કેદ પૂરાયલો માણસ અને દુઃખી માણસ ગમે તે દ્વારે અને ગમે તે માર્ગે કેદમાંથી અને દુઃખમાંથી છૂટવામાટે તૈયાર થાયજ છે. એ પ્રમાણે ક્ષત્રિય પણ આપત્કાળે અમુક અંશે અધર્માચરણ કરીને પણ આજીવિકા ચલાવવા તત્પર થાય છે.)[૨૨] જે રાજાના કોશનો તથા સૈન્યનો નાશ થઈ ગયેલો હોવાથી સર્વલોકમાં પરાભવ થયો હોય, તેવા રાજાએ ભિક્ષાચરણ કરવું અથવા વૈશ્ય કે શૂદ્રની વૃત્તિનો આશ્રય કરવો, તે તો શાસ્ત્રવિહિત નથીજ અને તેમજ પોતાના જ્ઞાતિલાઓ પાસે યાચના કરીને જીવવું અથવા કોઇને આધારે જીવવું, તે પણ રાજાનો ધર્મ નથી; માટે રાજાએ અથવા હરકોઇ ક્ષત્રિયે, વિજય મેળવીનેજ પોતાની આજીવિકા ચલાવવી, પણ વિજયને માટે અસમર્થ થયેલા રાજાએ મુખ્ય ધર્મરૂપ પ્રથમ કલ્પથી જો ન જીવી શકાય તો ગૌણ ધર્મરૂપ અનુકલ્પથી પણ જીવવું–અર્થાત નહિ કે મરી જવું. છેક ધર્મભ્રષ્ટ નહિ થઈને પ્રજાપીડનરૂપ ગૌણધર્મનો પણ આશ્રય કરીને આજીવિકા કરવી.[૨૩,૨૪]

સારાંશકે, જે રાજા આપત્તિમાં આવી પડયોહોય અને ધર્મમાર્ગે આજીવિકા ચલાવવા માટે અશક્ત થઈ પડયો હોય, તેણે પ્રજાપીડનરૂપ અન્યાયમાર્ગનો આશ્રય કરીને પણ ઉપજીવિકા કરવી; કેમકે આપણે જોઇએ છીએ કે, બ્રાહ્મણોમાં પણ જે કોઇ સ્વધર્મથી આજીવિકા ચલાવવા માટે અશકત થઈ પડયો હોય છે, તે શૂદ્રયાજન આદિ* અધર્મમાર્ગે પણ આજીવિકા ચલાવે છે.[૨૫] તો પછી ક્ષત્રિયના સંબંધમાં સંશય ઉભો કરવાનું શું કારણ છે? ક્ષત્રિયે પણ આપત્તિના સમયે ધનવાન પ્રજાઓ પાસેથી બલાત્કારે પણ ધન લેવું, પરંતુ કોઇ પ્રકારે દુઃખી થવું નહિ.[૨૬] ક્ષત્રિય, પ્રજાઓનો રક્ષક અને સંહાર કરનાર છે, એમ વિદ્વાનો કહે છે; માટે સુખના સમયે પ્રજાઓનું રક્ષણ કરનારા ક્ષત્રિયે આપત્કાળે જુલમ કરીને પણ પ્રજાઓ પાસેથી ધન લેવું.[૨૭] હે રાજન્! હિંસા કર્યા વિના આ જગતમાં કોઇની પણ આજીવિકા ચાલી શકતી નથી. અરણ્યમાં એકલો રહેનાર મુનિ પણ હિંસારહિત જીવન ગાળી શકતો નથી, તોપછી સંસારમાં રહેનારો સામાન્ય મનુષ્ય, હિંસા કર્યા વિના કેમ જીવી શકે?[૨૮] હે કુરુશ્રેષ્ઠ! જે રાજા, ઉત્કંઠાપૂર્વક પ્રજાપાલન કરવાની ઈચ્છા રાખે છે, તેણે પોતાના લલાટમાં લખાયલી દૈવી રેખાના આધારે કદી જીવી શકાતું નથી–અર્થાત્ ખાસ કરીને પ્રજાપાલનરૂપ સ્વકર્તવ્યમાં તત્પર રહેનારો રાજા કેવળ દૈવ ઉપર આધાર રાખીને જીવી શકતો નથી.[૨૯] જ્યારે આપત્તિનો સમય ઉપસ્થિત થાય, ત્યારે રાજાએ અને રાષ્ટ્રે અન્યોન્યની અવશ્ય રક્ષા કરવી, એ રાજાનો તથા રાષ્ટ્રનો સનાતન ધર્મ છે.[૩૦] જેમ પોતાની આબાદીના સમયે રાજા, પુષ્કળ દ્રવ્યનો ખર્ચ કરીને પણ પ્રજાઓને આપત્તિમાંથી બચાવે છે, તેમ પ્રજાએ પણ પોતાની આબાદીના સમયે પુષ્કળ ધન આપીને સંકટમાંથી રાજાનું રક્ષણ કરવું જોઇએ.[૩૧] રાજા, આજીવિકાને માટે ભારે સંકટમાં આવી પડયો હોય તોપણ તેણે કોશને, દંડને, સૈન્યને, મિત્રને તથા સંગ્રહ કરી રાખેલા બીજા સર્વ પદાર્થોને કદીપણ દૂર કરવા નહિ.[૩૨] ધર્મવેત્તાઓ કહે છે કે, જેમ વાવણીમાટે રાખી મૂકેલાં બીજધાન્યને પણ રાંધી ખાવાથી ભવિષ્યમાં અન્નમાટે સાંસા પડે છે, તેમ નિર્ધન થયેલા રાજાનું જો રક્ષણ કરવામાં નથી આવતું તો તેનો નાશ થાય છે અને તેનો નાશ થવાથી સર્વ પ્રજાઓ પણ વિનાશ પામે છે. આ વિષયમાં મહામાયાવી શંબરાસુરનો પણ તેવોજ મત છે, એમ નીતિજ્ઞ પુરુષો કહે છે.[૩૩] જે રાજાનું રાષ્ટ્ર દુઃખથી સીદાય છે, તે રાજાના જીવિતને ધિક્કાર છે અને જેની પ્રજાઓ આજીવિકાના અભાવે પરદેશમાં જઇને વસે છે, તે રાજાને પણ ધિક્કાર છે.[૩૪] કોશ અને સૈન્ય એ રાજાનું મૂળ છે, સૈન્યનું મૂળ કોશ (ખજાનો) છે, તે સૈન્ય સર્વ ધર્મોનું મૂળ છે અને ધર્મો પ્રજાઓનું મૂળ છે. (માટે કોશનેજ સર્વનો મુખ્ય આધાર જાણીને રાજાએ પ્રતિદિન તેની વૃદ્ધિ કરવી.)[૩૫] હવે કોશની વૃદ્ધિ કરવી, એ બીજાઓને દુઃખ દીધા વિના કદી બની શકે નહિ અને જો કોશની વૃદ્ધિ ન થઇ શકે તો સૈન્યબળ તો કયાંથીજ ટકી શકે; માટે કોશની વૃદ્ધિ કરવામાટે પ્રજાઓને દુઃખ દઇને પણ રાજા, દોષભાગી થતો નથી.[૩૬] જેમ યજ્ઞકર્મમાં કેવળ યજ્ઞના ઉદ્દેશથીજ કરવામાં આવેલાં હિંસાદિ અકાર્યો, યજ્ઞકર્તા પુરુષને દોષજનક થતાં નથી, તેમ કેવળ રક્ષણના ઉદ્દેશથીજ પ્રજાઓનું પીડન (કર વગેરે લઇને કર્ષણ) કરનારો રાજા દોષભાગી ગણાતો નથી.[૩૭] આપત્તિના સમયે પ્રજાપીડનરૂપ અનર્થ પણ અર્થજનક થઇ પડે છે અને તેવે સમયે એ અનર્થનો જો આશ્રય કરવામાં ન આવે તો દેશનો ઉચ્છેદ વગેરે બીજા ઘણા અનર્થો ઉભા થાય છે; તેમજ રા-

---

*बुभुक्षितस्त्र्यहंविप्रो धान्य मब्राह्मणाद्धरेत्

આજીવિકાના અભાવે ઉપરાઉપરી ત્રણ લાંઘણો થઇ ગયા પછી પણ જો અન્ન ન મળે તો બ્રાહ્મણે શૂદ્રાદિકના અન્નનો પણ પ્રતિગ્રહ કરવો અને કોઇ સમયે તેવો પ્રતિગ્રહ પણ જો ન મળે તો છેવટે ચોરી કરીને પણ પોતાનું ઉદર ભરણ કરવું.

નીલકંઠ

જયમાં હાથીઓનું પાલન વગેરેમાં જે કંઈ ખર્ચ કરવામાં આવે છે, તેમાં દ્રવ્યનો ઘણોજ નાશ થાય છે—અર્થાત્ ઉપલક દૃષ્ટિએ તે ખર્ચ અનર્થજનક દેખાય છે, પણ વસ્તુતઃ તે બધાં અર્થ (દ્રવ્ય) ઉત્પન્ન કરવાનાંજ કારણો છે. આ પ્રમાણે પોતાની બુદ્ધિ સાથે વિચાર કરીને બુદ્ધિમાન રાજાએ કાર્યનો નિશ્ચય કરવો.[૩૮] જેમ પશુ વગેરે, યજ્ઞની પરિપૂર્ણતા કરવા માટે હોય છે, યજ્ઞ, ચિત્તને શુદ્ધ કરવા માટે હોય છે અને પશુઓ વગેરે યજ્ઞનાં સાધનો, યજ્ઞ તથા તે દ્વારા થયેલી ચિત્તની શુદ્ધિ, મોક્ષ મેળવવા માટે હોય છે, તેમજ રાજાનું સૈન્યબળ કોશની વૃદ્ધિ કરવામાટે હોય છે, કોશ, સૈન્યની વૃદ્ધિ કરવામાટે હોય છે, સૈન્ય શત્રુઓપર વિજય મેળવવા માટે હોય છે અને કોશ, સૈન્ય તથા શત્રુઓપર મેળવેલો વિજય રાષ્ટ્રની આબાદી કરવા માટે હોય છે.[૩૯] આ વિષયમાં હું તમને ધર્મના તત્ત્વ ઉપર પ્રકાશ પાડનારૂં એક દૃષ્ટાંત આપું છું. જેમકે, જે વૃક્ષનાં કાષ્ઠનો યજ્ઞમાં યૂપ (યજ્ઞસ્તંભ) બનાવવા માટે ઉપયોગ થતો હોય, તે વૃક્ષનું છેદન કરતી વેળા વચ્ચે આડાં આવતાં બીજાં અનેક વૃક્ષોનું છેદન કરવામાં આવે છે અને તે યૂપમાટેના વૃક્ષનું છેદન કર્યા પછી પણ તે વૃક્ષ જ્યારે પૃથ્વીપર પડે છે, ત્યારે આસપાસનાં ઘણાં વૃક્ષોનો ઘાણ કાઢી નાખે છે.[૪૦,૪૧] એજ પ્રમાણે હે શત્રુતાપન રાજા! જેને સર્વના કરતાં મહાન ગણવામાં આવે છે, તેવા કોશની વૃદ્ધિ કરતી વેળા જે પુરુષો વચ્ચે વિઘ્નરૂપ થઇને આડા આવે છે, તેઓનો સંહાર કર્યા વિના બીજા કોઈ પ્રકારે પણ કોશની વૃદ્ધિ થઇ શકતી નથી, એમ હું જોઇ શકું છું; (માટે નિરુપાયે અથવા નાઇલાજે પણ કોશહત્યારાઓનો નાશ કરીને કોશની વૃદ્ધિ કરવી.)[૪૨] કેમકે ધનવડે મનુષ્ય, આ લોકને તથા પરલોકને—બન્નેને જીતી શકે છે, તેમજ સત્યનું તથા ધર્મવચનનું પણ ધનને લીધેજ પાલન થઈ શકે છે, માટે નિર્ધન પુરુષ તો જીવતો હોવા છતાં પણ મુવેલોજ ગણાય છે. (કારણ કે તેનાથી આ લોકને કે પરલોકને જીતી શકાતો નથી તેમ સત્યનું કે ધર્મવચનનું પાલન થઈ શકતું નથી.)[૪૩] હે ભારત! કોઈ સમયે કેવળ યજ્ઞને માટેજ ધનની જરૂર પડી હોય તો સારા નરતા હરકોઈ ઉપાયે પણ પ્રજાઓ પાસેથી તે લેવું અને તેમ કરવાથી રાજાને દોષ પણ લાગતો નથી; પરંતુ હે રાજા! યાદ રાખવું કે, કાર્યાકાર્યના સંબંધમાં સદાય એકસરખો દોષ જોવો નહિ—અર્થાત્ જે કર્મ શાસ્ત્રવિહિત હોય છે, તેજ કર્મ આપત્તિના સમયે શાસ્ત્રનિષિદ્ધ થઈ પડે છે અને તે કરવાથી દોષ ઉત્પન્ન થાય છે; તેમજ જે કર્મ શાસ્ત્રનિષિદ્ધ હોય છે, તે કર્મ પણ આપત્તિના સમયે શાસ્ત્રવિહિત થઇ પડે છે અને તે નહિ કરવાથી તે વેળા દોષ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે દેશકાળને અનુસરીને કાર્ય અકાર્ય થાય છે અને અકાર્ય કાર્ય થાય છે; માટેજ શાસ્ત્રકારોએ આપત્તિના સમયે, પ્રજાપીડનરૂપ અધર્મને પણ ધર્મ માન્યો છે; પણ સારા સમયમાં તો તેનો (પ્રજાપીડનનો) નિષેધજ કર્યો છે.[૪૪] હે પૃથ્વીપતિ રાજા! ધનનો સંગ્રહ અને ધનનો ત્યાગ—એ બન્ને કર્તવ્યો એકજ પુરુષમાં એકીસાથે જોવામાં આવતાં નથી. (પરંતુ ભિન્ન ભિન્ન પુરુષોમાં જોવામાં આવે છે અને તેથીજ આપણે અનુભવીએ છીએ કે, જેઓ સંસારમાં આસક્તિ રાખનારા છે, તેઓ ધનનો સંગ્રહ કરે છે અને જેઓ સંસારથી વિરક્ત થયેલા હોય છે તેઓ ધનનો પરિત્યાગ કરે છે.) હું અરણ્યમાં જઈને જ્યારે જોઉં છું, ત્યારે ત્યાં મોટા ધનાઢ્ય પુરુષો જોવામાં આવતા નથી. (અને નગરમાં આવી જ્યારે જોઉં છું ત્યારે ત્યાં મોટા વિરકત પુરુષો જોવામાં આવતા નથી.)[૪૫] જે મનુષ્યો સંસારમાં આસકિત રાખનારા છે, તેઓ સર્વે આ પૃથ્વીપર જે કંઈ ધન જોવામાં આવે છે તેના સંબંધમાં "એ બધું મને મળે, મને મળે" આવી અભિલાષા રાખે છે; (તોપછી તેઓ સર્વ પુરુષોની પેઠેજ સંસારથી વિરક્ત નહિ થયેલા રાજાએ, શા માટે ધનની ઈચ્છા ન કરવી?)[૪૬] હે શત્રુતાપન યુધિષ્ઠિર! (તમે કદાચ કહેશો કે, ધન એ પાપનું મૂળ છે અને રાજ્ય પણ તેવું પાપમૂલકજ છે; તો

પછી તે ધનને માટે અને રાજ્યને માટે શામાટે સ્પૃહા રાંખવી? આ તમારા કથનને હું યોગ્ય માનતો નથી; કેમકે) રાજ્યસમાન બીજો કોઈ પણ ધર્મ નથી. રાજાઓએ પોતાનાપર જ્યારે આપત્તિનો પ્રસંગ આવે, ત્યારેજ પ્રજાપીડનરૂપ આપદ્ધર્મનો સ્વીકાર કરવાનો છે, પણ તે સિવાયના પ્રસંગે તો પોતાના મુખ્ય ધર્મનોજ સ્વીકાર કરવો.[૪૭] આ જગતમાં કેટલાએક પુરુષો દાન લઇને ધનને સંપાદન કરે છે, કેટલાએક તપસ્વીઓ તપશ્ચર્યા કરીને તપરૂપ ધનને મેળવે છે અને કેટલાએક પુરુષો પોતાના બુદ્ધિબળથી અથવા દાક્ષ્યબળથી (ચતુરાઇથી) દ્રવ્યને પ્રાપ્ત કરે છે.[૪૮] નીતિવેત્તાઓ કહે છે કે, જે પુરુષ નિર્ધન છે, તે દુર્બળ ગણાય છે અને ધનવાન છે તે બળવાન ગણાય છે; કેમકે ધનવાન પુરુષ સર્વ કંઇ મેળવી શકે છે અને કોશસંપન્ન (ધનાઢ્ય) પુરુષ સર્વ પ્રકારની આપત્તિઓને તરી જાય છે;[૪૯] એટલુંજ નહિ પણ ધનસંગ્રહના બળથી મનુષ્ય ધર્મ, અર્થ અને કામ—એ ત્રણે પુરુષાર્થોને મેળવી શકે છે ને છેવટે પરલોકને પણ સંપાદન કરી શકે છે; પરંતુ યાદ રાખવું કે, ધર્માનુસાર ધન મેળવવાની ઇચ્છા કરવી. અધર્મથી કદી પણ ધન મેળવવાની ઇચ્છા કરવી નહિ.

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ રાજ૦ પર્વમાં
અધ્યાય ૧૩૦ મો સમાપ્ત.

રાજધર્માનુશાસન પર્વ સમાપ્ત

श्रीमहाभारतनुं शांतिपर्व

आपद् धर्म

॥ मंगलाचरण ॥

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ॥
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥१॥

ભગવાન નારાયણને, નરોમાં ઉત્તમ નર ભગવાનને તથા દેવી સરસ્વતીને નમસ્કાર કર્યા પછી ઇતિહાસ આદિ માંગલિક શાસ્ત્રગ્રંથોનો આરંભ કરવો.[૧]

અધ્યાય ૧૩૧ મો

આપત્સમયનાં રાજાનાં વર્તન

॥ युधिष्ठिर उवाच ॥

क्षीणस्य दीर्घसूत्रस्य सानुक्रोशस्य बंधुषु ॥
परिशंकितवृत्तस्य श्रुतमन्त्रस्य भारत ॥१॥

યુધિષ્ઠિરે પૂછયું:–“ હે ભરતવંશના પિતામહ! જે રાજા ધનધાન્યાદિકથી ક્ષીણ થયો હોય, આળસુ બની ગયો હોય, બંધુઓના વિનાશના ભયથી કિલ્લામાંથી બહાર નીકળીને યુદ્ધ કરવા અસમર્થ હોય, જેને આમાત્ય વગેરે પ્રધાનમંડળ ઉપર શંકા ઉત્પન્ન થઇ હોય, જેના ગુપ્ત વિચારો લોકમાં પ્રકટ થઈ ગયા હોય, જેનાં નગરોને તથા દેશને શત્રુઓએ વહેંચી લીધા હોય, જેના દ્રવ્યસંગ્રહનો નાશ થઈ ગયો હોય, દ્રવ્યના અભાવને લીધે પોતાના મિત્રોનું સન્માન ન કરી શકતો હોય, જેના અમાત્યોમાં ફાટફુટ થઇ હોય, જેનાપર શત્રુઓનું સૈન્ય ચઢી આવ્યું હોય અને પોતે દુર્બળ હોય છતાં બળવાન રાજાની સામે યુદ્ધ કરવા તૈયાર થયો હોય, તેવા આકુળવ્યાકુળ ચિત્તવાળા રાજાએ, તે આપત્તિના સમયે કેવી રીતે વર્તવું ?”[૧-૩]

ભીષ્મ બોલ્યા:–“હે યુધિષ્ઠિર ! વિજય મેળવવાની ઇચ્છાથી ચઢી આવેલો બહારનો શત્રુરાજા, ધર્મપૂર્વક અર્થસંપાદન કરવામાં જો કુશલ હોય અને પવિત્ર હોય તો તુરતજ તેની સાથે સંધિ કરી લેવી અને પછી પોતાના પૂર્વજોએ ભોગવેલાં ગ્રામોને તથા નગરોને સામ ઉપાયથીજ એક પછી એક તેની પાસેથી છોડાવવાં.[૪] તેમજ જે શત્રુ અધર્મપૂર્વક જીતવાની ઇચ્છાવાળો હોય, બળવાન હોય અને પાપી નિશ્ચયવાળો હોય તો તેને પણ કેટલાંએક ગામડાંઓ આપીને સંધિ કરવાનું પસંદ કરાવવું;[૫] પરંતુ તે શત્રુરાજા અત્યંત દુષ્ટ હોય અને ગામડાંઓ લઈને પણ સંધિ કરવાની ઈચ્છા ન ધરાવતો હોય, તો પોતાની રાજધાનીને પડતી મૂકીને પલાયન કરી જવું અથવા શત્રુની ઇચ્છાપૂરતું દ્રવ્ય આપીને તે આપત્તિમાંથી મુક્ત થવું, પરંતુ યુદ્ધ કરવાની તો વાતજ ન કરવી; કેમકે જે રાજા પોતાના રાજત્વના ગુણોને કાયમ રાખીને જો જીવતો રહે છે તો ભવિષ્યમાં કોઈક સમયે પણ ગુમાવેલા દ્રવ્યને અથવા રાજ્યને પુનઃ મેળવી શકે છે.[૬] અર્થ અને ધર્મના તત્ત્વને જાણનારો કયો રાજા કેવળ કોશ અને સૈન્યના ત્યાગથીજ દુસ્તર આપત્તિઓને જો તરી શકતો હોય તો સર્વના કરતાં શ્રેષ્ઠ એવા પોતાના આત્માનો ત્યાગ કરે ? (અર્થાત્ કોશ અને સૈન્યનો ત્યાગ કરીને પણ પોતાની જાતનું રક્ષણ કરવું.)[૭]

જે સમયે શત્રુ ચઢી આવ્યો હોય, તે સમયે રાજાએ અંતઃપુરની સ્ત્રીઓને ગુપ્ત રીતે નસાડી મૂકવી; પરંતુ તેઓને નસાડી મૂકવાનું ન બની શકે અને તે સર્વ સ્ત્રીઓ શત્રુઓના તાબામાં આવી ગઈ હોય તો તેઓને શત્રુઓના ધનતરિકે સમજીને જતીજ કરવી, પણ તેઓમાટે દયા કરવી નહિ. (કહેવાનું તાત્પર્ય એ છે કે, તેવા સંકટના સમયે સ્ત્રીપુત્રાદિની પણ દરકાર કર્યા વિના જેમ બને તેમ, પોતાની જાતનુંજ રક્ષણ કરવું, નહિ કે પોતે પણ શત્રુઓના હાથમાં સપડાઇ પડવું—અર્થાત્ તેવે સમયે "जीवन्नरो भद्रशतानि पश्येत्" એ સૂત્રનેજ સંપૂર્ણ રીતે અનુસરવું)."૮

યુધિષ્ઠિરે પૂછ્યું:—"જે વખતે પોતાના આભ્યંતર મંત્રીઓમાંજ ફાટફુટ થઇ હોય, કિલ્લાને તથા સર્વ દેશને શત્રુઓએ દબાવી દીધો હોય, ખજાનો ખૂટી પડયો હોય અને ગુપ્ત વિચાર પ્રકટ થઈગયો હોય, તે સમયે રાજાએ શું કરવું ?"૯

ભીષ્મે કહ્યું:—"એ સમયે સત્વર સંધિ કરી લેવી. સંધિ કરવાનું જો ન બને તો તુરતજ મહાતીક્ષ્ણ પરાક્રમ પ્રકટ કરવું, કેમકે તેમ કરવામાં જો ફાવી શકાય છે તો શત્રુને શીઘ્ર ત્યાંથી નસાડી શકાય છે અથવા ધર્મપૂર્વક યુદ્ધ કરીને સ્વર્ગમાં જવાય છે.૧૦ જો પોતાનું સૈન્ય અનુરાગી હોય, પોતાને પ્રિય હોય અને ઉત્સાહી હોય તો તેવા અલ્પ સૈન્યના બળથી પણ રાજા આખી પૃથ્વીને જીતી શકે છે.૧૧ વળી તેવા અલ્પ સૈન્યની સહાયથી યુદ્ધ કરનારો રાજા લઢતાં લઢતાં જો મરણ પામે છે, તો સ્વર્ગમાં જાય છે અને વિજય મેળવે છે તો ઘણા કાળસુધી આ પૃથ્વીપર ટકી શકે છે. વિદ્વાનો કહે છે કે, જે રાજા યુદ્ધમાં પ્રાણોનો ત્યાગ કરે છે, તે ઇંદ્રના લોકમાં જાય છે;૧૨ પણ જે સમયે સૌમ્યપણાનોજ આશ્રય કરવાનું યોગ્ય લાગતું હોય, તે સમયે યુદ્ધ કરવાનું માંડી વાળીને શત્રુસામે વિનયભાવ પ્રદર્શિત કરવો અને પાછળથી કપટ થવાનો જો ભય રહેતો હોય તો સંધિ કરતી વેળા સર્વ લોકોને એકઠા કરીને શત્રુને સોગંદ આપવા અને પોતે પણ સોગંદ લઇને શત્રુને વિશ્વાસ પમાડવો તથા મૃદુતા દેખાડવી, (પરંતુ યુદ્ધ કરવાનો દુરાગ્રહ તો નજ કરવો.)૧૩ વળી જ્યારે પોતાના આભ્યંતર પ્રધાનમંડલમાં ફાટફુટ થયેલી હોય અને તેથી યુદ્ધ કરવું જો અશક્ય થઇ પડે તેમ હોય, તો સત્વર રાજધાનીમાંથી પલાયન કરી જવું અથવા સામ ઉપાયનો આશ્રય કરીને શત્રુને શાંત પાડવો; પરંતુ શત્રુના અત્યંત કોપને લીધે સામ ઉપાયની યોજના કરવાથી કાર્યસિદ્ધિ જો નજ થાય તો પછી એકદમ ત્યાંથી નાસી છૂટીને કોઇ દૂર દેશાવરમાં ચાલ્યા જવું અને ત્યાં કેટલોએક કાળ વીતાડયા પછી પુનઃ મંત્રના બળનો ઉપયોગ કરીને પોતાનું રાજ્ય મેળવવા પોતે યત્ન કરવો."૧૪

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આપદ્ધર્મ પર્વમાં
અધ્યાય ૧૩૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૩૨ મો

આપત્પ્રસંગે રાજર્ષિઓના આચાર

॥ युधिष्ठिर उवाच ॥

हीने परमके धर्मे सर्वलोकाभि संहिते ॥
सर्वस्मिन् दस्युसाद्भूते पृथिव्यामुपजीवने॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:—હે પિતામહ ! સર્વલોકની સાથે સંબંધ ધરાવનારો સર્વશ્રેષ્ઠ ધર્મ જ્યારે નાશ પામવા માંડે અને પૃથ્વીપરનાં સર્વ પ્રકારનાં આજીવિકાનાં સાધનો જ્યારે દુષ્ટ લોકોના કબજામાં આવી પડે, ત્યારે એ મહા દારુણ સમયે દયાને લીધે પોતાના પુત્રપૌત્રોનો ત્યાગ નહિ કરનારા બ્રાહ્મણે કેવી રીતે આજીવિકા ચલાવવી?*

ભીષ્મે કહ્યું:—"હે યુધિષ્ઠિર! તેવો વખત જ્યારે ઉપસ્થિત થાય, ત્યારે બ્રાહ્મણે વિજ્ઞાન-(શાસ્ત્રજન્ય જ્ઞાન)બળનો આશ્રય કરીને આજીવિકા ચલાવવી. આ જગતમાં જે કંઈ ધનાદિક વસ્તુઓ છે,તે સર્વ કેવળ સત્પુરુષોને માટેજ છે, પણ અસત્પુરુષોને માટે નથી;૩ માટે જે રાજા

---

* અર્થાત્ તેવા ભયંકર સમયે રાજાએ, બ્રાહ્મણોની રક્ષા કેવી રીતે કરવી? **નીલકંઠ**

તેવા દારુણ સમયમાં, આપત્તિમાં આવી પડેલા જનસમુદાયને છોડાવવા માટે પોતેજ દ્રવ્યને આવવાના ઉત્તમ માર્ગભૂત થઇને અસત્પુરુષોની પાસે રહેલા દ્રવ્યને પોતાના તાબામાં કરી લઇને સત્પુરુષોને અર્પણ કરે છે તે રાજા ખરો આપદ્ધર્મવેત્તા છે.[૪] જે રાજા પોતાના રાજ્યને ટકાવી રાખવા ઇચ્છે છે,તેણે પ્રજાપાલનરૂપ સ્વધર્મનો ત્યાગ કરીને રાષ્ટ્રમાં ખળભળાટ થવા દેવો નહિ,પણ ધર્માનુસાર પ્રજાઓનું રક્ષણ કરીને લોકોને શાંત રાખવા. પછી સંકટના સમયે કૃપણ ધનાઢયો પાસેથી તેઓએ નહિ આપેલા ધનને "આ ધન, રક્ષક એવા મારૂં છે" એમ કહીને લઇ લેવું અને તેનું બ્રાહ્મણોને દાન કરી દેવું-અર્થાત્ સ્થાનભ્રષ્ટ થયેલો રાજા,બ્રાહ્મણોનું રક્ષણ કરવા માટે કૃપણ પુરુષોના સર્વસ્વને હરી લે તોપણ તેને દોષ લાગતો નથી.[૫] જે રાજા શાસ્ત્રજન્ય અનુભવજ્ઞાનથી પવિત્ર થયેલો હોય છે. આજીવિકા ચલાવવાના જ્ઞાનથી યુક્ત હોય છે અને ધૈર્યસંપન્ન હોય છે, તે રાજા તેવા કોઈ આપત્તિના સમયે કદાચ નિંદ્ય કર્મો કરવામાં પ્રવૃત્તિ કરે છે, તોપણ તેની કોણ નિંદા કરી શકે તેમ છે?[૬] હે યુધિષ્ઠિર! જે પુરુષોએ કેવળ પોતાના બળનોજ આશ્રય કરીને આજીવિકા ચલાવી હોય છે, તેઓને સંકટના સમયે પણ બીજી તુચ્છ વૃત્તિ ગમતી નથી; માટેજ બળવાન પુરુષો નિરંતર પોતાના તેજનો (પરાક્રમનોજ) આશ્રય કરીને કાર્યપ્રવૃત્તિ કરે છે.[૭] જે સમયે સર્વ પ્રકારે આપદ્ધર્મનેજ અનુસરીને ચાલવાનું હોય છે, તે વેળા રાજાએ પોતાના દેશમાંથી અને પારકા દેશમાંથી ધન લૂંટી લાવીને પણ પોતાનો ભંડાર ભરવો, એમ સામાન્ય શાસ્ત્ર કહે છે; પણ જે રાજા બુદ્ધિમાન હોય છે,તેણે એવે સમયે પણ,પોતાના અને પારકા દેશમાં જેઓ ધનવાન હોવા છતાં લોભી હોય છે અને જેઓ રાજદંડને યોગ્ય હોય છે, તેઓ પાસેથીજ દ્રવ્ય ગ્રહણ કરવું, એમ વિશેષ શાસ્ત્ર કહે છે.[૮] પોતે અતિદુસ્તર આપત્તિમાં આવી પડયો હોય તોપણ રાજાએ સત્કાર કરવા યોગ્ય અને લોકસમુદાયમાં સત્કારને પામેલા ઋત્વિજો, પુરોહિતો અને આચાર્યો પાસેથી ધન લૂંટી લઇને તેઓનો નાશ કરવો નહિ-અર્થાત્ તેઓ ધનવાન હોય તોપણ તેઓની પાસેથી ધન લેવું નહિ;કેમકે જે રાજા તેઓ પાસેથી ધનનું હરણ કરે છે, તે દોષભાગી બને છે.[૯] બ્રાહ્મણ, પુરોહિત વગેરે તો લોકનાં સનાતન નેત્રરૂપ છે અને સર્વ કોઇને માન્ય છે, માટે રાજાએ પોતાના હરકોઈ કાર્યમાં તેઓની સલાહ લીધા પછીજ આગળ વધવું ને તેઓનેજ સર્વ વિષયમાં પ્રમાણભૂત ગણવા.[૧૦]

ગામમાં કે નગરમાં વસનારા ઘણા લોકોનો તેવો સ્વભાવ હોય છે કે, તેઓ રોષને લીધે એકબીજાનું ભુંડું બોલે છે અને ચાડીચુગલી કરે છે, પણ રાજાએ તેઓના કહેવા ઉપરથી કોઇને શિક્ષા કરવી નહિ કે કોઇનો સત્કાર કરવો નહિ.[૧૧] ઋત્વિજ અને આચાર્ય વગેરેની જો નિંદા થતી હોય તો કદી સાંભળવી નહિ તેમ પોતે પણ તેઓની નિંદા કરવી નહિ. જે સ્થળે તેઓની નિંદા થતી હોય,તે સ્થળેથી પોતે બીજે ઠેકાણે ચાલ્યા જવું અથવા તેમ ન બની શકે તો આંગળીઓવતી પોતાના બન્ને કાનને ઢાંકી દેવા.[૧૨] હે રાજા! પારકી નિંદા કરવી અથવા પારકી ચાડીચુગલી કરવી એ દુર્જનોનો સ્વભાવજ હોય છે; પણ સત્પુરુષો તો સત્પુરુષોના મધ્યમાં બીજાઓના ગુણોનુંજ કથન કરે છે.[૧૩] જેમ સારી રીતે નાથેલા અને બરાબર પલોટેલા બે સુંદર બળદો, ગાડાની ઝુંસરીને ગળા ઉપર ઉપાડીને એકસરખી રીતે ગાડાને વહી જાય છે, તેમ રાજાએ પણ રાજ્યની ઝુંસરીને હમેશાં સમાન રીતે વહેવી જોઇએ.[૧૪] રાજા જેમ જેમ સદાચારનિષ્ઠ થઇને વર્તે છે, તેમ તેમ તેને અનેક સહાયકો આવી મળે છે, એમ કેટલાએક વિદ્વાનો માને છે; અને બીજા કેટલાએક પંડિતો માને છે કે, પોતાનો કુલાચારજ સર્વના કરતાં ઉત્તમ ધર્મલક્ષણ છે;[૧૫] પરંતુ બીજા કેટલાએક શાસ્ત્રોક્ત ધર્મને પ્રમાણ માનનારા વિદ્વાનો, પૂર્વોક્ત આચારરૂપ ધર્મનેજ ધર્મલક્ષણતરીકે માનતા નથી, પણ તેઓ તો શંખલિખિતના શાસ્ત્રીય વ્યવહારનેજ પ્રિય ગણે છે. (જેમ શંખે પોતાના ભાઇ લિખિ-

તનો પણ ચોરી કરવાના અપરાધમાટે હસ્તચ્છેદ કરાવ્યો હતો. તેમ હરકોઇ પૂજ્ય અપૂજ્ય અપરાધીને તેના અપરાધ બદલ યોગ્ય શિક્ષા થવીજ જોઇએ–અર્થાત્ ઋત્વિજ, આચાર્ય વગેરે હરકોઇ માનનીય પુરુષને પણ તેના અપરાધ પ્રમાણે શિક્ષા કરવી, એ ધર્મ છે. હા, એ વાત ખરી છે કે,) મત્સર અથવા લોભને અધીન થઇને આવાં વચનોને આગળ મૂકવાં નહિ, પણ ધર્મદૃષ્ટિએ તો આવાં વચનોને માન્યજ ગણવાં જોઇએ.[૧૬] વળી તે વિદ્વાનો પોતાના મતને મજબૂત કરવા માટે ઋષિઓના એકાદ* વચનને પ્રમાણતરીકે માને છે અને તે પ્રમાણને અનુસરીને ઋત્વિજ આદિ અપરાધ કરનારા પૂજ્ય પુરુષોને પણ શિક્ષા કરવાનું કહે છે; પણ તેઓનો એ દુરાગ્રહજ છે, કારણ કે ઋત્વિજ આદિ માન્ય પુરુષોને શિક્ષા ફરમાવનારું તેવું એકપણ વૈદિક પ્રમાણ કોઇ સ્થળે જોવામાં આવતું નથી.[૧૭] તે ઉપરથી હું તો એવોજ મત આપું છું કે, આપણે જેને પૂજ્ય માનતા હોઇએ તેવા કોઇ પાપિષ્ઠ ઋત્વિજ આદિને દેવતાઓજ શિક્ષા કરશે, આપણે તેઓને શિક્ષા કરવાની જરૂર નથી–અર્થાત્ ઋત્વિજ આદિ અપરાધીઓના સંબંધમાં રાજાએ ઉદાસીન વૃત્તિજ ધારણ કરવી; છતાં જે રાજા અમુક કોઇ અપરાધનું બહાનું બતાવીને ઋત્વિજ, આદિની પાસેથી જો દ્રવ્ય ગ્રહણ કરે છે, તો પોતાના ધર્મથી તે ભ્રષ્ટજ થાય છે.[૧૮] ધર્મની સિદ્ધિ ચાર કારણોથી થઈ શકે છે. તેમાં એક તો સર્વ લોકોએ માન્ય ગણેલો શ્રૌત (વૈદિક) ધર્મ, બીજો મનુ આદિ સત્પુરુષોએ પ્રમાણ ગણેલો સ્માર્ત ધર્મ, ત્રીજો કુલ અને દેશની પરંપરાથી ચાલતો આવેલો કુલાચાર ધર્મ-એટલે મનુવગેરે ધર્મશાસ્ત્રકારોએ પણ નહિ કહેલો છતાં શિષ્ટ પુરુષોએ માન્ય ગણેલો ધર્મ અને ચોથો પોતાના હૃદયે નિશ્ચિત કરેલો સદાચાર ધર્મ–આ ચાર હેતુઓથી ધર્મનું સ્વરૂપ જાણી શકાય છે. કેવળ અમુક એક શાસ્ત્રના વચન ઉપરથી અથવા અમુક એક પુરુષના કહેવા ઉપરથી ધર્મનું સ્વરૂપ જાણી શકાતું નથી.[૧૯] જે પુરુષ આન્વિક્ષિકી (તર્કવિદ્યા), ત્રયી (વેદ), વાર્તા (ધર્મશાસ્ત્ર)અને દંડનીતિ–આ ચારેના ગુણોથી યુક્ત એવા ધર્મનું પ્રવચન કરે છે,તે ધર્મવેત્તા કહેવાય છે;પરંતુ સર્પના પગ કેટલા અથવા કેવા હશે, એ બાબતની શોધ જેમ મહાકઠિન છે,તેમ ધર્મવિષયની શોધ પણ મહાકઠિન છે.[૨૦] જેમ બાણથી વીંધી નાખ્યા છતાં હાથમાંથી છટકી ગયેલા મૃગનાં પગલાંને આસપાસ પડેલા રુધિરના છાંટાઓ ઉપરથી ઓળખી કાઢીને મનુષ્ય મૃગના સ્થાનને શોધી લે છે, તેમ ધર્મમાર્ગને પણ તેને અનુસરતાં શાસ્ત્રોનું પઠનપાઠન કરીને યુક્તિથી શોધી કાઢવો.[૨૧] હે યુધિષ્ઠિર ! વિનયસંપન્ન રાજાએ તથા સત્પુરુષોએ, જે વર્તનનું અનુસરણ કરવાનું છે, તે આ રાજર્ષિઓનું વર્તન મેં તમને કહ્યું છે; માટે તમે પણ એ પ્રમાણેજ વર્તો.”[૨૨]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ આપદ્ધર્મ પર્વમાં
“ રાજર્ષિઓનાં વર્તન ” એ વિષયનો
અધ્યાય ૧૩૨ મો સમાપ્ત.

અધ્યાય ૧૩૩ મો

કોશ(ભંડાર)સંગ્રહની આવશ્યકતા

॥ भीष्म उवाच ॥

स्वराष्ट्रात् परराष्ट्राच्च कोशं संजनयेन्नृपः ॥
कोशाद्धिधर्मः कौन्तेय राज्यमूलं च वर्धते।१।

ભીષ્મે કહ્યું:–“હે કુંતાપુત્ર યુધિષ્ઠિર ! પ્રત્યેક રાજાએ (આપત્તિના સમયે) પોતાના અને પારકા દેશમાંથી દ્રવ્ય લૂંટી લાવીને પણ ભંડાર ભરપૂર રાખવો; કેમકે ભંડાર જો ભરપૂર હોય છે તો ધર્મ તથા રાજ્યનું મૂળ વૃદ્ધિ પામે છે,[૧] માટે રાજાએ

---

* गुरोरप्यवलिप्तस्य कार्याकार्यमजानतः । उत्पथं प्रतिपन्नस्य कार्यं भवति शासनम् '–જે ગુરુ, ભલે પછી તે બ્રાહ્મણ હોય અથવા બ્રાહ્મણેતર હોય, કે ગમે તે કોઇ પૂજ્ય વડીલ હોય, પણ કાર્ય અકાર્યના જ્ઞાનથી ભ્રષ્ટ થયો હોય અને ગર્વિષ્ઠ બની જઇને કુમાર્ગનો જો આશ્રય કરતો હોય તો તેને પણ શિક્ષા કરવી ઘટે છે, એમ કેટલાએક વિદ્વાનો માને છે. નીલકંઠ

કોશની વૃદ્ધિ કરવી, વૃદ્ધિ કરીને તેનું રક્ષણ કરવું અને(મધ્યમ પ્રતિનું ખર્ચ રાખીને પ્રતિદિન)તેમાં વધારો કર્યે જવો, એ સનાતન ધર્મ છે.[૨] કેવળ શુદ્ધ અને પવિત્ર આચરણ રાખીને અથવા કેવળ ક્રૂરતાનોજ ઉપયોગ કરીને કોશસંગ્રહ થઈ શકતો નથી; પરંતુ મધ્યમ પ્રતિનું એટલે નહિ અતિ ક્રૂર અને નહિ અતિ સૌમ્ય એવી વૃત્તિનું અવલંબન કરીને રાજાએ કોશસંગ્રહ કરવો.[૩] જે રાજા નિર્બળ છે, તેની પાસે કોશનો સંગ્રહ કયાંથી હોઇ શકે ? જે રાજાની પાસે કોશનો સંગ્રહ હોતો નથી તેની પાસે સૈન્ય કયાંથી હોઇ શકે ? જે રાજા સૈન્યબળથી રહિત છે તેનું રાજ્ય કયાંથી ટકી શકે ? અને રાજ્યવિનાના રાજાની પાસે રાજ્યલક્ષ્મી કયાંથી હોય?[૪] જે પુરુષે ઉચ્ચ વૃત્તિનું અવલંબન કરીને જીવન ગાળેલું છે, તેને લક્ષ્મીના નાશથી મરણ જેવું દુઃખ ઉત્પન્ન થાય છે, માટે રાજાએ કોશની, સૈન્યની તથા મિત્રોની સદોદિત વૃદ્ધિ કર્યા કરવી.[૫] જે રાજા કોશસંપત્તિથી હીન છે તેનું સર્વ મનુષ્યો અપમાન કરે છે; એટલુંજ નહિ પણ તેના નોકરચાકરો અલ્પ દ્રવ્યથી સંતુષ્ટ રહેતા નથી અને તેનું કાર્ય કરવા માટે ઉત્સાહ ધરાવતા નથી.[૬] વળી હરકોઇ રાજા કેવળ લક્ષ્મીને લીધેજ લોકમાં મહાન સત્કારને પામે છે, કેમકે વસ્ત્ર જેમ સ્ત્રીના ગુહ્ય અંગને ઢાંકી દે છે, તેમ લક્ષ્મી પણ રાજાનાં પાપકૃત્યોને ઢાંકી દે છે.[૭] રાજાએ પૂર્વે જેઓની સાથે વિરોધ કર્યો હોય છે, તેઓ એની સંપત્તિ જોઇને બળી જાય છે અને પોતાને મારી નાખવાની ઇચ્છિતા તેને કપટથી મારવાને કૂતરાઓની પેઠે, નિરંતર સેવે છે.[૮] હે ભારત! એવા શત્રુઓથી વીંટાયલા રાજાને સુખ કયાંથી હોઇ શકે? માટે તે રાજાએ નિત્ય ઉદ્યમજ કરતા રહેવું પણ તેવા ક્ષુદ્ર પુરુષોને નમવું નહિ; કેમકે ઉદ્યમજ ખરો પુરુષાર્થ છે.[૯] પોતાના પરાભવ સમયે શુષ્ક કાષ્ઠ જેમ પર્વવિનાના ભાગમાં ભાંગી પડે છે તેમ મરી જવું, પણ દુષ્ટ પુરુષોને નમવું તો નહિજ; અથવા અરણ્યમાં ચાલ્યા જઇને મૃગોનાં ટોળાંઓની સાથે ફરવું પણ ચોર જેવા નિર્મર્યાદ અમાત્યોની સાથે રહીને જીવન ગાળવું નહિ. હે ભરતવંશી રાજા! ચોરલૂંટારા જેવા અમાત્યોની વચ્ચે રહીને આપત્તિમાં આવી પડેલા રાજાએ વનનોજ આશ્રય કરવો, જેથી ત્યાં જંગલમાં રહેનારા ચોર લોકોની મોટી સેના, રાજાને મળી આવે છે અને તે સેના, મહાભયંકર કર્મો કરવામાં પણ ઉપયોગી થઈ પડે છે;[૧૦,૧૧] (પરંતુ તે સેનાને પક્ષમાં લઈને રાજાએ સત્ય અને મૃદુતાનો આશ્રય કરીનેજ વર્તવું જોઇએ; કારણ કે, મર્યાદાનો અત્યંત ત્યાગ કરનારા રાજાથી સર્વ મનુષ્યો કંટાળી જાય છે અને જંગલના લૂંટારાઓ પણ તેવા નિર્દય રાજા ઉપર શંકાશીલ બને છે,[૧૨] માટે જેમ બને તેમ મનુષ્યોના ચિત્તને પ્રસન્ન કરનારી મર્યાદાનુંજ સ્થાપન કરવું; કેમકે અલ્પ વિષયમાં પણ જો મર્યાદાનું રક્ષણ કરવામાં આવે છે, તો મનુષ્યોમાં તેનો અત્યંત આદર થાય છે.[૧૩] જે નાસ્તિક મનુષ્ય "આ લોક પણ નથીને પરલોક પણ નથી"આવો નિશ્ચય કરી બેઠો હોય છે, તેવા ભયશંકિત મનુષ્યનો રાજાએ વિશ્વાસ કરવો યોગ્ય નથી.[૧૪] જે સજ્જન લૂંટારાઓ મર્યાદા જાળવીને લૂંટ ચલાવે છે, તેઓ પણ વસ્તુતઃ અહિંસાનેજ પાળે છે, એમ હું કહી શકું છું. (વળી આપણે સાંભળીએ છીએ કે, જે લૂંટારાઓ બીજાઓનું દ્રવ્ય લૂંટી લઈને પણ જો મર્યાદાનું રક્ષણ કરે છે તો તેઓનાપર લોકો પ્રસન્ન થાય છે.[૧૫] આપત્તિના પ્રસંગે લૂંટ ચલાવીને આજીવિકા કરનારા રાજાએ, યુદ્ધ નહિ કરનારા પુરુષનો વધ કરવો નહિ, પરસ્ત્રી સાથે વ્યભિચાર કરવો નહિ, કૃતઘ્ની થવું નહિ, બ્રાહ્મણનું દ્રવ્ય લેવું નહિ, કોઈનું સર્વસ્વ હરણ કરવું નહિ, કન્યાની ચોરી કરવી નહિ, ખોટી રીતે કોઈપણ ગ્રામાદિકના ધણી થઈ બેસવું નહિ અને પરસ્ત્રીઓસાથે આલિંગન કરવું નહિ; કેમકે તે બધાં કૃત્યો સામાન્ય લૂંટારાઓમાં પણ નિંદ્ય ગણાય છે.[૧૬,૧૭] ચોર લોકોએ જે મનુષ્યોનું સર્વસ્વ લૂંટી લીધું હોય છે, તે મનુષ્યો એકત્ર મળીને ચોરલોકો સાથે મળી જાય છે અને પછી તેઓનો વિશ્વાસ મેળવીને તથા તેઓનાં રહેઠાણ વગેરેથી માહિત-

ગાર થઇને તેઓનું (ચોરોનું) સર્વસ્વ લૂંટી લે છે અને તેમ જો ન બને તો બીજાઓદ્વારા તેઓને પાયમાલ કરી નાખે છે;[18] માટે ચોરલોકોએ પોતાના હાથમાં આવેલું સર્વ ધન લૂંટી લેવું નહિ પણ તેમાંથી અમુક અંશ બાકી રહેવા દેવો. તેમજ "હું તેઓના કરતાં બળવાન છું" એમ માનીને ઘાતકી કૃત્યો કરવાં નહિ.[19] જે લૂંટારાઓ, પ્રજાઓના દ્રવ્યને અમુક ભાગ બાકી રાખીને લૂંટી લાવે છે, તેઓ પોતાના ઘરમાં પણ અમુક ભાગને બાકી રહેલો જુએ છે; પણ જેઓ પ્રજાઓનું સર્વસ્વ લૂંટી લાવે છે,તેઓને પોતાના સર્વસ્વનો પણ વિનાશ થવાનો ભય રહે છે–અર્થાત્ કોઇક સમયે તેઓનું પણ સર્વસ્વ લૂંટાઇ જાય છે."[20]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આપદ્ધર્મપર્વમાં
અધ્યાય ૧૩૩ મો સમાપ્ત.

* * *

અધ્યાય ૧૩૪ મો

બળની શ્રેષ્ઠતા

॥ भीष्म उवाच ॥

अत्र धर्मानुवचनं कीर्तयंति पुराविदः ॥
प्रत्यक्षावेव धर्मार्थौ क्षत्रियस्य विजानतः ॥१॥

ભીષ્મ બોલ્યાઃ–" હે યુધિષ્ઠિર! પ્રાચીન કાળના ધર્મજ્ઞ પુરુષો, આ સર્વસ્વાદાનના વિષયમાં અથવા સ્તેયકર્મ(ચોરી)ના સંબંધમાં આવું ધર્મવચન કહે છે. જેમકે, જે ક્ષત્રિય જ્ઞાનસંપન્ન છે તેને ધર્મ અને અર્થ–એ બન્ને પુરુષાર્થો પ્રત્યક્ષજ છે;[1] માટે શાસ્ત્રોક્ત ધર્મ અધર્મના વિચારની ભાંજગડમાં પડીને દૃષ્ટસુખમાં અંતરાય કરવો નહિ. ધર્મનો ઉપદેશ તો પરોક્ષ છે–અર્થાત્ તેમાં કોઇ જાતનું પ્રત્યક્ષ ફળ જોવામાં આવતું નથી, માટે તેના ઉપર વિશ્વાસ રાખી શકાય નહિ. જેમ કોઈ અરણ્યમાં એક પશુનું પગલું જોઇને, "શું આ તે નહારનું પગલું હશે ? કૂતરાનું પગલું હશે? કે દીપડાનું પગલું હશે?" આવો વિચાર કરવો તે વ્યર્થજ છે, તેમ "આ અમુક ધર્મ અને આ અમુક અધર્મ" આવો વિચાર કરવો તે પણ વ્યર્થજ છે;[2] કેમકે આ જગતમાંનો કોઇ પણ પુરુષ ધર્મના તથા અધર્મના ફળને પ્રત્યક્ષ જોઇ શકયો નથી, માટે કેવળ બળ* સંપાદન કરવાનીજ ઇચ્છા રાખવી; કારણ કે આ સર્વ જગત કેવળ બળનેજ અધીન રહેનારૂં છે.[3] લોકમાં જે પુરુષ બળવાન છે, તેને લક્ષ્મી, બળ (સૈન્ય) અને અમાત્યો સ્વતઃ મળી આવે છે. તેમજ જે મનુષ્ય નિર્ધન છે,તેને પતિત સરખો જાણવો અને જેની પાસે કંઇ અલ્પ ધન હોય છે તે તો ઉચ્છિષ્ટ અન્નના જેવું છે.[4] બળવાન પુરુષ અનેક પ્રકારનો અત્યાચાર કરે તોપણ ભયને લીધે તેને કોઈ કંઇ કરી શકતું નથી (ને "આ પુરુષ પતિત છે" એમ કહીને તેને કોઈ સમાજની બહાર પણ મૂકી શકતું નથી.) બળ અને ધર્મ બરાબર જો સત્ય અધિકારમાં રહે છે તો તે જગતને મહાન ભયમાંથી મુક્ત કરે છે.[5] હું, બળને ધર્મના કરતાં પણ વધારે ઉત્તમ માનું છું; કારણ કે બળને લીધેજ ધર્મની પ્રવૃત્તિ થાય છે અને જેમ પૃથ્વી ઉપર જંગમ પ્રાણીઓ સ્થિતિ કરી રહ્યાં છે, તેમ બળમાંજ ધર્મ સ્થિતિ કરી રહ્યો છે.[6] ધૂમાડો જેમ વાયુને અનુસરે છે, તેમ ધર્મ બળને અનુસરે છે, એટલુંજ નહિ પણ બળની આગળ ધર્મનું કંઈ પણ સામર્થ્ય ચાલતું નથી; પરંતુ લતા જેમ વૃક્ષનો આશ્રય કરી રહે છે, તેમ ધર્મ બળનો આશ્રય કરીને રહે છે.[7] જેમ સુખ, ભોગ ભોગવનારા પુરુષોને વશ રહે છે, તેમ ધર્મ બળવાન પુરુષોને વશ રહે છે. આ જગતમાં એવું કોઈ પણ કાર્ય નથી, કે જે બળવાન પુરુષોને અસાધ્ય હોય! વળી બળવાન પુરુષોનાં સર્વ કાર્યો પવિત્ર ગણાય છે.[8] જે પુરુષ બળ-

---

* 'विद्याभिजनमित्राणि बुद्धिसत्त्वधनात्वनिच 'तपःसहायवीर्याणि दैवंच दशमं बलम्" વિદ્યા, ઉત્તમકુળ, મિત્રો, બુદ્ધિ, ધૈર્ય, ધન, તપ, સહાય, વીર્ય અને દૈવ–આ દશ પ્રકારનું બળ છે, એમ વિશાલ નામના આચાર્ય કહે છે. આપત્કાળમાં ધર્મ અધર્મનો વિચાર કર્યા વિના આ દશ પ્રકારના બળનોજ આશ્રય કરવો. **નીલકંઠ**

હીન અને દુરાચારી હોય છે, તે કોઇ સ્થળેથી પોતાનું રક્ષણ મેળવી શકતો નથી અને તેવા પુરુષથી સર્વ લોક પણ જેમ નહારથી દૂર નાસે છે તેમ દૂર નાસે છે.[૯] ખરેખર, તેવો પુરુષ લોકોમાં તિરસ્કારપાત્ર અને અપમાનપાત્ર થઈને દુઃખભરેલું જીવન ગાળે છે અને તેવું ધિક્કારપાત્ર જીવન ગાળવું તે તો મૃત્યુસમાનજ છે.[૧૦] વળી વિદ્વાનો કહે છે કે, તેવા દુરાચારી પુરુષને તેના બાંધવો ત્યજી દે છે એટલુંજ નહિ પણ તે પુરુષને તેના પાપી ચરિત્રને લીધે અતિશય સંતાપ પમાડીને સર્વ મનુષ્યો વાણીરૂપી શલ્યના પ્રહારથી અત્યંત ઘાયલ કરી નાખે છે.[૧૧] (એ પાપી પુરુષે, પોતાના પાપમાંથી કેવી રીતે છટવું, એ વિષે ધર્મશાસ્ત્રને જાણનારા) આચાર્યો કહે છે કે, તેણે વેદવિદ્યાનું અધ્યયન કરવું, બ્રાહ્મણોનું સેવન કરવું, દૃષ્ટિ, વાણી અને ક્રિયાઓથી સર્વને પ્રસન્ન રાખવા, ઉદાર મનના થવું, ઉત્તમ કુળમાં વિવાહ કરવો, જગતમાં જાહેર કરવુ કે, "હું એવો પાપી છું" બીજાઓના ગુણાનુવાદનું વર્ણન કરવું, પવિત્ર મંત્રોનો જાપ કરવો, તીર્થજળમાં સ્નાન કરવું, કોમળ સ્વભાવના થવું, બહુ બક બક કરવું નહિ, બ્રાહ્મણોની તથા ક્ષત્રિયોની સભાઓમાં ભાગ લેવો, અનેક પ્રકારનાં મહાદુષ્કર તપશ્ચરણો કરવાં, લોકો ગમે તેમ કહે તોપણ ઘણા કાળસુધી તે પ્રમાણે આચરણ કર્યા કરવું અને પોતે કોઈનો ઘણોજ ઉપકાર કર્યો હોય તોપણ તે વિષેનો મનમાં વિચાર કરવો નહિ.[૧૨-૧૫] એ રીતે કરવાથી અતિશય પાપી પુરુષ પણ થોડા સમયમાં નિષ્પાપ બની જઇને લોકમાં ઘણો માન્ય થઇ પડે છે અને તે ઉપરાંત વિચિત્ર પ્રકારનાં સુખને ભોગવે છે. વળી, તે પોતે કરેલા સદાચારનાજ બળથી સર્વ પાપકૃત્યોને ઢાંકી શકે છે, લોકમાં પૂજાને પામે છે અને આ લોકમાં તથા પરલોકમાં મહાન ફળને સંપાદન કરે છે.[૧૬,૧૭]

અધ્યાય ૧૩૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૩૫ મો

કાયવ્ય લૂંટારાની કથા

॥ भीष्म उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ॥
यथा दस्युः समर्यादः प्रेत्यभावे न नश्यति ॥

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! ચોરી જેવા અધમ કૃત્યને કરનારો લૂંટારો પણ જો મર્યાદાપૂર્વક વર્તે છે, તો મૂઆ પછી તેની અધોગતિ થતી નથી. આ વિષયમાં એક પ્રાચીન ઇતિહાસનું જગતમાં ઉદાહરણ અપાય છે.[૧] જેમકે, પૂર્વે કાયવ્ય નામનો એક લૂંટારો અરણ્યમાં લૂંટફાટનો ધંધો ચલાવીને પણ સિદ્ધિને પામ્યો હતો. તે લૂંટારો એક ભિલ જાતિની સ્ત્રીના પેટે ક્ષત્રિયના સંબંધથી જન્મ્યો હતો. તે એક મહાન યોદ્ધો હતો, બુદ્ધિમાન હતો, શૂરવીર હતો, શાસ્ત્રવેત્તા હતો, અત્યંત ક્રૂર હતો છતાં આશ્રમીઓના ધર્મનું રક્ષણ કરતો હતો, બ્રાહ્મણોપર ભક્તિ રાખનારો હતો, ગુરુઓની પૂજા કરનારો હતો અને ક્ષત્રિયધર્મનું પાલન કરતો હતો.[૨,૩] પ્રતિદિન સાયંકાળે અને પ્રભાતકાળે તે, અરણ્યમાં જતો હતો અને મૃગોનાં ટોળાંઓને કોપાવતો હતો, જેથી તેને મૃગની તમામ જાતિઓના સ્વભાવનું તથા મૃગોને પકડવાની રીતિઓનું પૂરતું જ્ઞાન થયું હતું. વનવાસી સર્વ ભિલોના મધ્યમાં તે કુશળ ગણાતો હતો, તેને સર્વ પ્રકારના કાળનું તથા દેશનું જ્ઞાન હતું અને પારિયાત્ર નામના પર્વત ઉપર સદાકાળ તે ફર્યા કરતો હતો. વળી તે સર્વ પ્રાણીઓની રીતભાતને જાણતો હતો, તેનાં બાણો અમોઘ હતાં અને તેનું ધનુષ પણ અમોઘ હતું, જેથી તે એકલોજ હજારો મનુષ્યોની સેનાને જીતી લેતો હતો. એ મહાન લૂંટારો એક મોટા જંગલમાં રહીને પોતાનાં વૃદ્ધ માતાપિતા કે જેઓ આંધળાં અને બહેરાં હતાં, તેઓનું પૂજન-અર્ચન કર્યા કરતો હતો;[૪-૬] અને મધ, માંસ, ફળ, મૂળ તથા ભાતભાતનાં અન્ન લાવી આપીને તેઓને જમાડતો હતો, તેમજ બીજા માન્ય પુરુષોની પણ

સેવા કર્યા કરતો હતો.[૭] જે સંન્યાસીઓ અને બ્રાહ્મણો અરણ્યમાં રહેતા હતા, તેઓની પણ તે પૂજા કરતો હતો અને હમેશાં વનનાં મૃગોનો શિકાર કરીને તેઓને અર્પણ કરતો હતો. [૮] જે ધર્મચૂસ્ત બ્રાહ્મણો, ચોરનું ભોજન કરવામાં શંકાશીલ થઈને તેની પાસેથી અન્નનો પ્રતિગ્રહ કરતા ન હતા, તેઓને ઘેર વહેલો પ્રાતઃકાળમાં જઇને ગુપ્ત રીતે પ્રતિગ્રહદ્રવ્યને તે મૂકી આવતો હતો. [૯] એક વખતે તે અરણ્યમાં વસનારા હજારો લૂંટારાઓએ પેલા કાયવ્ય લૂંટારાને પોતાનો નાયક થવાની પ્રાર્થના કરી. તે બધા લૂંટારાઓ મર્યાદાનો ત્યાગ કરીને લૂંટફાટ કરનારા હતા અને લોકોપર ક્રૂરવર્તન ચલાવનારા હતા.[૧૦] તે સર્વ લૂંટારાઓએ એકત્ર મળીને કાયવ્યને કહ્યું કે, "તમે મુહૂર્ત, દેશ અને કાળને જાણનારા છો, શૂરવીર છો, વ્રતમાં દૃઢ રહેનારા છો અને બુદ્ધિમાન છો; માટે તમે અમારા સર્વના મુખ્ય નાયક થાઓ.[૧૧]તમે અમને જે કાર્ય કરવાની આજ્ઞા કરશો તે અમે કરીશું; માટે માતાપિતા જેમ પુત્રોનું પાલન કરે છે, તેમ તમે અમારૂં પાલન કરો."[૧૨]

કાયવ્યે કહ્યું:–"તમારે મને નાયકતરીકે સ્વીકારવો હોય તો હું તમને જે પ્રમાણે વર્તવાની આજ્ઞા આપું તે પ્રમાણે તમારે વર્તવું પડશે. તેમાં પ્રથમ તો એજ કે, તમારામાંના કોઈએ પણ સ્ત્રીહત્યા કરવી નહિ, બીકણ મનુષ્યોને મારવા નહિ, બાળહત્યા કરવી નહિ, તપસ્વીઓને મારવા નહિ, યુદ્ધમાં નહિ ઉતરેલાનો વધ કરવો નહિ, બળાત્કારે સ્ત્રીઓને પકડવી નહિ, સર્વ પ્રાણીઓમાં સ્ત્રીને કોઇએ સર્વથા મારવી નહિ, બ્રાહ્મણોનું નિત્ય કલ્યાણ કરવું, તેઓને માટે યુદ્ધ કરવું, સત્યનો ત્યાગ કરવો નહિ, વિવાહ આદિ માંગલિક કાર્યોમાં વિઘ્ન કરવું નાહ અને જે સ્થળે દેવોનું, પિતૃઓનું તથા અતિથિઓનું પૂજન કરવામાં આવતું હોય, તે સ્થળે પણ વિઘ્ન કરવું નહિ. સર્વ પ્રાણીઓમાં બ્રાહ્મણો મોક્ષને યોગ્ય ગણાય છે, માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરીને પણ તેઓની પૂજા કરવી; કેમકે બ્રાહ્મણો, ક્રોધાયમાન થઈને જેઓનો પરાભવ કરવા ધારે છે, તેઓને આ ત્રણે લોકમાં કોઇ પણ બચાવી શકતો નથી; તેમજ જે પુરુષ, બ્રાહ્મણોની નિંદા કરે છે અથવા તેઓનો નાશ કરવાનો મનમાં વિચાર કરે છે, તેનો સૂર્યોદય થતાં જેમ અંધકારનો વિનાશ થાય છે, તેમ અવશ્ય વિનાશજ થાય છે. તમારે "આ લોકમાંજ અમને કર્મોનાં ફળ મળે" એવી મનમાં ઇચ્છા રાખીને ન્યાયપૂર્વક દ્રવ્ય મેળવવાની ઇચ્છા રાખવી. જે જે વેપારીઓ આપણને કરપૂરતુંજ દ્રવ્ય નહિ આપે તેઓનાપર આપણે ચઢાઇ કરીશું; કેમકે દંડને જગતના દુષ્ટ પુરુષોને શિક્ષા કરવા માટેજ ઉત્પન્ન કરવામાં આવ્યો છે, પણ કોશને ભરપૂર રાખવા-માટે દંડને ઉત્પન્ન કરવામાં આવ્યો નથી. આ જગતમાં જે દુષ્ટ પુરુષો સત્પુરુષોને પીડા કરે છે તેઓનો વધ કરવો, એજ દંડનું લક્ષણ છે.[૧૩,૨૦] જે પુરુષો, રાષ્ટ્રને કેવળ દુઃખ દઇને ભંડારમાં ધનનો સંગ્રહ કરે છે, તેઓ શરીરના કોઇ સડેલા ભાગમાં પડેલા કીડા જેવા છે અને તે કીડાઓને જેમ તત્કાળ મારી નાખવામાં આવે છે, તેમ તે દુષ્ટ પુરુષોને પણ સત્વર મારી નાખવા જોઈએ;[૨૧] પણ જે પુરુષો લૂંટફાટ ચલાવવાનો ધંધો કરે છે છતાં ધર્મશાસ્ત્રની આજ્ઞા પ્રમાણે વર્તે છે તેઓ લૂંટારા હોવા છતાં તુરતજ સિદ્ધિને પામે છે"[૨૨]

ભીષ્મે કહ્યું:–"કાયવ્ય લૂંટારાએ એ પ્રમાણે બીજા લૂંટારાઓને શિખામણ આપી, એટલે તેઓએ તે પ્રમાણેજ વર્તવાનો આરંભ કર્યો, જેથી અલ્પ સમયમાં તેઓએ અભ્યુદય મેળવ્યો અને પાપકર્મ કરવાનો ત્યાગ કર્યો.[૨૩] કાયવ્ય પણ તે કર્મ કરીને મહાન સિદ્ધિને પ્રાપ્ત થયો; કેમકે તેણે સત્પુરુષોનું કલ્યાણ કર્યું હતું અને ચોર લોકોને પાપકર્મ કરતા અટકાવ્યા હતા.[૨૪] જે પુરુષ આ કાયવ્ય લૂંટારાના ચરિત્રનું નિત્ય ચિંતન કરે છે, તેને અરણ્યના કોઈપણ પ્રાણીનો ભય રહેતો નથી તેમજ હે ભારત! તે પુરુષને સર્વ પ્રાણીઓ તરફથી અભય મળે છે, દુષ્ટ પુરુષો તરફથી પણ ભય રહેતો નથી અને તે પુરુષ અરણ્યોનો એક રાજાજ બની જાય છે."[૨૫,૨૬]

અધ્યાય ૧૩૬ મો

કોશસંચય અને તેનો ઉપયોગ

॥ भीष्म उवाच ॥

अत्रगाथा ब्रह्मगीताः कीर्तयंति पुराविदः ॥
येन मार्गेण राजा वै कोशं संजनयत्युत ॥१॥

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! કયા માર્ગનો આશ્રય કરીને રાજાએ કોશસંચય (ધનસંગ્રહ) કરવો, એ વિષે પૂર્વે બ્રહ્મદેવે જે ગાથાઓ કહી હતી તે ગાથાઓને ઘણા પ્રાચીન ઇતિહાસવેત્તાઓ આ પ્રમાણે કહે છે.[૧] ક્ષત્રિયે, જે પુરુષો યજ્ઞશીલ હોય તેઓનું તથા દેવોને નિમિત્તે મંદિરાદિમાં એકઠું કરવામાં આવેલું ધન કદીપણ લેવું નહિ; પણ જેઓ યજ્ઞાદિ કર્મો કરતા ન હોય તેઓનું તથા ચોર લૂંટારાઓનું દ્રવ્ય લઈ લેવું, તે યોગ્ય ગણાય છે.[૨] હે ભરતવંશી રાજા! આ સર્વ પ્રજાઓ અને રાજ્યના સર્વ ભોગવૈભવો ક્ષત્રિયોનાજ ગણાય છે, માટે ધન એ ક્ષાત્રયનુંજ છે, બીજા કોઇનું નથી.[૩] આ જગતમાં જે કંઈ ધન છે, તે બધું રાજાના સૈન્યને માટે તથા યજ્ઞોને માટે છે; માટે જેમ ભોજનાદિકમાં નિરુપયોગી ગણાયલી ઔષધિઓને કાપીને, મનુષ્યો ખાવાના પદાર્થોને પકાવવા માટે બળતણતરીકે વાપરે છે, તેમ યજ્ઞાદિ નહિ કરનારા લોભી પુરુષોના ધનને પણ નિરર્થક ગણીને રાજાએ તેનો ઉપયોગ કરવો.[૪] ધર્મવેત્તાઓ કહે છે કે, જે મનુષ્યો દેવોને, પિતૃઓને તથા અતિથિઓને હવિષ્ભાગ આપીને પૂજતા નથી અર્થાત્-યજ્ઞાદિ કર્મો કરતા નથી, તેઓનું દ્રવ્ય નિરર્થક છે.[૫] હે રાજન્! ધાર્મિક રાજાએ તેવા મનુષ્યો પાસેથી દ્રવ્યને હરીજ લેવું અને તે હરણ કરેલા ધનથી પ્રજાઓનું રક્ષણ કરવું, જેથી તે રાજાને તે વિષેનો શોક પણ થતો નથી.[૬] જે રાજા, પોતાના નિમિત્તે દુષ્ટ પુરુષોની પાસેથી દ્રવ્યને પડાવી લઇને સત્પુરુષોને અર્પણ કરે છે, તે રાજા સંપૂર્ણ ધર્મવેત્તા કહેવાય છે.[૭] જેમ કીડી, મંકોડી વગેરે ઉદ્ભિજ્જ જીવો અને વજ્ર નામના શુકલ જીવો પૃથ્વીમાંથી બહાર નીકળીને ધીમે ધીમે ઘણા દૂર પ્રદેશસુધી પણ જઈ શકે છે, તેમ રાજાએ ધીમે ધીમે શક્તિનો ઉપયોગ કરીને છેક પરલોકસુદ્ધાંનો પણ જય કરવો.[૮] વળી જેમ ડાંસ, મચ્છર, કીડીઓનાં ધોળાં ઇંડાં અને કીડીઓ વિનાનિમિત્તે જગતમાં ઉત્પન્ન થાય છે, તેમ યજ્ઞયાગાદિ નહિ કરનારા પુરુષો વિનાનિમિત્તે (નકામા) જગતમાં ઉત્પન્ન થાય છે; એમ સમજીને રાજાએ ગાય વગેરે ઉપયોગી પ્રાણીઓના શરીરપરથી ડાંસ, મચ્છર વગેરે જીવોને જેમ દૂર કરવામાં આવે છે, તેમ પોતાના રાષ્ટ્રમાંથી પૂર્વોક્ત અયજ્ઞશીલ (નકામા) પુરુષોને દૂર જ કરવા, જેથી ધર્મપ્રવૃત્તિ વધી શકે છે.[૧૦] પૃથ્વીની રજને જો ઘંટીમાં દળવામાં આવે છે તો તે જેમ અત્યંત સૂક્ષ્મ થતી જાય છે, તેમ ધર્મ પણ ખૂબ વિચાર કરવાથી અતિશય સૂક્ષ્મ સ્વરૂપે જણાય છે-અર્થાત જેમ જેમ ધર્મના સંબંધમાં વિચાર કરવામાં આવે છે તેમ તેમ, તેનું સૂક્ષ્મ સ્વરૂપ જણાતું જાય છે."[૧૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આપદ્ધર્મ પર્વમાં
અધ્યાય ૧૩૬ મો સમાપ્ત.

અધ્યાય ૧૩૭ મો

ત્રણ માછલાંઓની વાર્તા

॥ भीष्म उवाच ॥

अनागतविधाता च प्रत्युत्पन्नमतिश्च यः ॥
द्वावेव सुखमेधेते दीर्घसूत्री विनश्यति ॥१॥

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! અનાગત વિધાતા (સંકટ આવ્યા પહેલાંજ તેનો ઉપાય શોધી કાઢનાર) અને પ્રત્યુત્પન્ન મતિ (સંકટ આવે તે સમયે જેની બુદ્ધિમાં તેને દૂર કરવાનો ઉપાય સૂઝે તે) આ બન્ને પુરુષોજ સુખને પામે છે; પણ દીર્ઘસૂત્રી (હરકોઈ કાર્યને વિલંબથી કરનારો) પુરુષ, વિનાશ પામે છે.[૧] હરકોઈ કાર્ય-અકાર્યના નિશ્ચય કરવામાં દીર્ઘસૂત્રી થવાથી કેવું પરિણામ આવે છે, એના સંબંધમાં એક ઉત્તમ આખ્યાન હું તમને કહું છું, તેને તમે ધ્યાનપૂર્વક સાંભળો.[૨] એક બહુજ છીછરા પાણીવાળા જળાશયમાં પુષ્કળ માછલાંઓ રહેતાં

હતાં. તેમાં ત્રણ માછલાંઓ ઘણાંજ કુશલ અને હમેશાં સાથેજ ફરનારાં હતાં.[૩] એ ત્રણે માછલાંઓમાં એક માછલું દીર્ઘદર્શી અથવા આગળથીજ ભવિષ્યને માટે વિચાર કરનારૂં હતું, ત્યારે બીજું સમય આવતાંની સાથેજ યોગ્ય ઉપાયને શોધી કાઢનારૂં હતું અને ત્રીજું દીર્ઘસૂત્રી હતું.[૪] હવે, એક સમયે એવું બન્યું કે, એ જળાશય પાસે કેટલાએક મચ્છીમારો આવી ચઢ્યા. તેઓએ એ જળાશયનાં બધાં માછલાંઓને પકડી લેવા માટે ચોબાજુ અનેક માર્ગો કરીને જળાશયના પાણીને નીચાણના પ્રદેશમાં વહેવરાવવા માંડ્યું.[૫] ત્યારે પાણીને ઓછું થતું જોઇને પેલું દીર્ઘદર્શી માછલું જાણી ગયું કે, જલાશય ઉપર કોઇક જાતનો ભય આવી પડવાનો છે, પછી તેણે પોતાના બન્ને મિત્રોને કહ્યું કે,[૬] "આ જળાયશમાં જેટલાં પ્રાણીઓ વસી રહ્યાં છે, તેઓ સર્વના પર ભવિષ્યમાં મહાન આપત્તિ આવી પડવાની છે; માટે ચાલો, આપણો નીકળી જવાનો માર્ગ જ્યાંસુધીમાં રોકાઇ ગયો નથી, ત્યાંસુધીમાં આપણે બહાર નીકળી જઇએ.[૭] પોતાના પર સંકટ આવી પડ્યું ન હોય, ત્યાંસુધીમાં ઉત્તમ પ્રતિના ઉપાયોની યોજના કરીને તેને જે અટકાવી દે છે, તે સંશયમાં આવી પડતો નથી; માટે તમને જો રુચતું હોય તો આપણે અહીંથી ચાલ્યાં જઈએ."[૮] ત્યારે દીર્ઘસૂત્રીએ કહ્યું:–"હા, તું કહે છે તે ખરૂં છે, પણ હાલ તુરત આપણે ઉતાવળ કરવાનીજરૂર નથી, એમ હું તમને ખાત્રીથી કહી શકું છું." પછી પ્રત્યુત્પન્નમતિએ દીર્ઘદર્શીપ્રત્યે કહ્યું:–"જ્યારે સમય આવશે ત્યારે, હું કોઇ પ્રકારે ભૂલું તેમ નથી."[૯,૧૦] એ પ્રમાણે તે બન્ને માછલાંઓના વિચાર જાણી લીધા પછી મહાબુદ્ધિમાન પેલું દીર્ઘદર્શી માછલું, માછીઓએ કરેલા પ્રવાહદ્વારા જળાશયમાંથી બહાર નીકળી ગયું અને બીજા ઉંડા પાણીવાળા જળાશયમાં જઇ પહોંચ્યું.[૧૧] પછી મચ્છીમારોએ જોયું કે, જળાશયનું ઘણુંખરૂં પાણી બહાર વહી ગયું છે, એટલે તેઓએ જૂદા જૂદા અનેક ઉપાયો કરીને માછલાંઓને પકડવા માંડ્યાં[૧૨] અને લગભગ નિર્જળ થઈ ગયેલા તે આખા જળાશયને ડહોળવા માંડ્યું, જેથી તેમાંનાં ઘણાંખરાં માછલાં પેલા દીર્ઘસૂત્રી માછલાની સાથે પકડાઇ ગયાં.[૧૩] પછી મચ્છીમારોએ તે બધાં માછલાંઓને દોરીઓની સાથે બાંધવા માંડ્યાં, ત્યારે પ્રત્યુત્પન્નમતિ (સમય આવ્યે ઉપાયને શોધી કાઢનાર) માછલું મૂઆ જેવો ઢોંગ કરીને બીજાં મરણ પામેલાં માછલાંઓની વચ્ચે ભરાઇ પેઠું.[૧૪] મચ્છીમારોએ જાણ્યું કે, આ બધાં માછલાં જાળમાં સપડાઈ જવાથી મરી ગયાં છે, જેથી તેઓએ એક પુષ્કળ પાણીવાળા જળાશય પાસે એ માછલાંઓને લઇ જઇને એક પછી એક ધોવા માંડ્યાં. ત્યારે પેલું પ્રત્યુત્પન્નમતિ માછલું, એકદમ જાળમાંથી મુક્ત થઇને પાણીમાં ચાલ્યું ગયું, પણ મંદાત્મા અને બુદ્ધિહીન એવું પેલું દીર્ઘસૂત્રી માછલું, સમયસૂચક ન હતું, જેથી ઇંદ્રિય જ્ઞાનવિનાનાં મૂર્ખ પ્રાણીની પેઠે મરણ પામ્યું.[૧૫,૧૭] એ પ્રમાણે જે પુરુષ પોતાના પર આવી પડેલા સંકટના સમયને અજ્ઞાનથી જાણી શકતો નથી, તે પુરુષ પેલા દીર્ઘસૂત્રી માછલાની પેઠે તત્કાળ વિનાશ પામે છે;[૧૮] તેમજ જે પુરુષ "હું કુશલ છું" આવું અભિમાન રાખીને સંકટ આવ્યા પહેલાંજ તેને માટે ઉપાય કરતો નથી, તે પુરુષ પણ પેલા પ્રત્યુત્પન્નમતિ માછલાની પેઠે સંશયમાં આવી પડે છે;[૧૯] માટેજ હું કહું છું કે, અનાગત વિધાતા અને પ્રત્યુત્પન્ન મતિ–આ બન્ને પુરુષોજ સુખને પામે છે, પણ દીર્ઘસૂત્રી વિનાશ પામે છે.[૨૦] કાષ્ઠા, કલા, મુહૂર્ત, દિવસ, રાત્રિ, લવ, માસ, પક્ષ, છ ઋતુઓ, કલ્પ અને સંવત્સર, એ બધાં કાળનાં સ્વરૂપો છે અને પૃથ્વી એ દેશ કહેવાય છે. તેમાં કાળ એ અદૃશ્ય પદાર્થ છે. પોતાના ઇષ્ટ અર્થની સિદ્ધિને માટે જેનો જેવો વિચાર કરવામાં આવે છે, તેનું તેવુંજ ફળ આવે છે. આ કાળ અને દેશ, ધર્મશાસ્ત્રમાં, અર્થશાસ્ત્રમાં તથા મોક્ષશાસ્ત્રમાં મુખ્ય મનાય છે અને કામશાસ્ત્રમાં પણ તેઓનુંજ પ્રાધાન્ય છે; માટે મનુષ્યોએ દેશકાળને અનુસરીનેજ ચાલવું,

એમ ઋષિઓએ કહ્યું છે.[૨૧,૨૩] જે પુરુષ પૂરતો વિચાર કર્યા પછીજ અમુક કાર્ય કરવાને તૈયાર થાય છે, તે પોતાને અનુકૂળ એવા ઉત્તમ દેશને તથા કાળને સંપાદન કરી શકે છે અને પછી તે દેશકાળની અનુકૂળતાને લીધે તેને ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે.[૨૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આપદ્ધર્મ પર્વમાં
“ મત્સ્યોનું ઉપાખ્યાન ” એ વિષયનો
અધ્યાય ૧૩૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૩૮ મો

મહાવિકટ સમયે શત્રુ સાથે પણ સંધિ કરવી.

॥ युधिष्ठिर उवाच ॥

सर्वत्र बुद्धिः कथिता श्रेष्ठा ते भरतर्षभ ॥
अनागता तथोत्पन्ना दीर्घसूत्रा विनाशिनी॥१॥

યુધિષ્ઠિરે કહ્યું:–“ હે ભરતશ્રેષ્ઠ ભીષ્મપિતામહ ! તમે કહ્યું કે, સંકટ આવ્યા પહેલાંજ ઉપાયને શોધી કાઢનારી તથા સંકટના સમયે ઉપાયને શોધી કાઢનારી બુદ્ધિ, સર્વ વિષયોમાં શ્રેષ્ઠ ગણાય છે અને દીર્ઘસૂત્રા બુદ્ધિ પુરુષનો વિનાશ કરનારી છે;[૧] પણ હવે હું એ બુદ્ધિવિષે સાંભળવા ઇચ્છું છું કે, જે રાજા ધર્મ તથા અર્થને સંપાદન કરવામાં કુશલ હોય અને ધર્મશાસ્ત્રમાં પ્રવીણ હોય છતાં જે સમયે અનેક શત્રુઓથી ઘેરાઈ જાય, ત્યારે જેના આશ્રયથી મુંઝાય નહિ–આ વિષયમાં હું તમને પૂછું છું, માટે હે કુરુશ્રેષ્ઠ ! તે વિષે તમે મને કહો.[૨,૩] રાજા, જે વેળા અનેક શત્રુઓના સપાટામાં સપડાઇ ગયો હોય, તે વેળા તેણે કેવી રીતે વર્તવું જોઇએ ? એ સર્વ હું વિધિપૂર્વક સાંભળવાની ઇચ્છા રાખું છું.[૪] કોઇ એક રાજા જ્યારે સંકટમાં આવી પડે છે, ત્યારે પૂર્વકાળમાં તેનાથી ત્રાસ પામેલા તેના અનેક શત્રુઓ એકઠા મળીને તેનો નાશ કરવા માટે યત્ન કરે છે.[૫] તેવે સમયે મહાબળવાન એવા ઘણા શત્રુઓ, પેલા દુઃખી સ્થિતિમાં આવી પડેલા દુર્બળ રાજાને મૂળમાંથી ઉખેડી નાખવા માટે જ્યારે તૈયાર થાય છે, ત્યારે તેણે એકલાએ, સહાયકોના અભાવને લીધે કેવી રીતે વર્તવું ?[૬] હે ભરતશ્રેષ્ઠ ! એ વખતે, તે એકલા રાજાએ, મિત્રને અથવા શત્રુને કેવી રીતે પોતાના પક્ષમાં લેવો ? અને શત્રુ તથા મિત્રની વચ્ચે આવી પડીને તે રાજાએ કેવા ઉપાયો યોજવા?[૭] જેનાં લક્ષણો પ્રથમથી જાણવામાં આવ્યાં હોય તેવો એક મિત્ર પણ પાછળથી જ્યારે શત્રુ બની જાય, ત્યારે પુરુષે શું કરવું ? અને શું કરવાથી તે પુરુષ સુખી થાય ?[૮] કોની સાથે લડાઇ કરવી ? કોની સાથે સંધિ કરવી ? અને જે પુરુષ બળવાન હોય છતાં પણ કોઇ સમયે શત્રુઓના મધ્યમાં સપડાઈ પડ્યો હોય, ત્યારે તેણે કેવી રીતે વર્તવું જોઇએ ?[૯] હે શત્રુતાપન ભીષ્મ પિતામહ ! હું માનું છું કે, શત્રુમિત્ર સાથે સાવધાન થઇને વર્તન કરવાનું કાર્ય, બીજાં સર્વ કાર્યોમાં મુખ્ય છે; છતાં એ વિષયને યથાર્થ રીતે સમજાવનાર અને તે વિષયને યથાર્થ રીતે જાણવાની ઇચ્છા કરનાર પુરુષ, આ જગતમાં અત્યંત દુર્લભ છે. માત્ર, સર્વ ઇંદ્રિયોને જીતનારા શંતનુના પુત્ર તમે એકજ એ વિષયને સમજાવી શકો તેમ છો, માટે હે મોટા ભાગ્યશાળી પિતામહ ! મેં પૂછેલા આ પ્રશ્નના સંબંધમાં બરાબર વિચાર કરીને એ સર્વ તમે મને કહો.”[૧૦,૧૧]

ભીષ્મે કહ્યું:–હે પુત્ર યુધિષ્ઠિર ! તમે પૂછેલો આ પ્રશ્ન ખરેખર યોગ્ય છે અને આનંદદાયક છે. આપત્તિના સમયે પુરુષે કેવી રીતે વર્તવું, એ વાત ઘણી ગુહ્ય છે; માટે તે વિષે તમે સંપૂર્ણ રીતે સાંભળી લ્યો.[૧૨] હે ભારત ! ઘણી વખત એવું બને છે કે, મિત્ર હોય તે શત્રુ બની જાય છે અને શત્રુ હોય તે મિત્ર બની જાય છે. એનું કારણ એ છેકે, તેવા સંયોગોને લીધે કાર્યોની કોઇ પણ સ્થિતિ સદાકાળ તેવી ને તેવી રહેતી નથી;[૧૩] માટે હરકોઈ કાર્યનો અથવા અકાર્યનો નિર્ણય કરતી વેળા દેશકાળનો સંપૂર્ણ વિચાર કર્યા પછીજ અમુક કોઈના ઉપર વિશ્વાસ કરવો અને અમુક કોઇની સાથે લડાઇ કરવી.[૧૪] પોતાનું હિત ઇચ્છનારા ડાહ્યા પુરુષોએ પ્રથમ બરા–

બર નિશ્ચય કર્યા પછી સર્વની સાથે હમેશાં સંધિ કરવી, પણ હે ભારત ! જે સમયે પ્રાણસંકટનો પ્રસંગ ઉપસ્થિત થયો હોય, તે સમયે શત્રુઓ સાથે પણ સંધિ કરીને પોતાના પ્રાણ બચાવી લેવા.[૧૫] હે રાજા! જે મૂર્ખ પુરુષ (પ્રાણસંકટપ્રસંગવિના) સદાકાળ શત્રુઓની જોડે સંધિ રાખે છે, તેનું કોઈપ્રકારનું કાર્ય સિદ્ધ થતું નથી તેમ તેને કોઇ જાતનાં ફળ પણ મળતાં નથી;[૧૬] પરંતુ જે પુરુષ પોતાના કાર્યની સિદ્ધિ તરફ દૃષ્ટિ કરીને યોગ્ય સમયે શત્રુઓ સાથે પણ સંધિ કરે છે અને મિત્રો સાથે પણ વિરોધ કરે છે, તેને અતિમહાન ફળ મળી શકે છે.[૧૭] આ વિષયમાં એક પ્રાચીન કાળનું ઉદાહરણ જગતમાં કહેવાય છે. તેમાં, એક વડ ઉપર રહેનારા બિલાડાનો તથા એ વડના મૂળમાં રહેનારા ઉંદરનો સંવાદ વર્ણવ્યો છે. તે હું તમને કહું છું, સાંભળો.[૧૮]

કોઇ એક મોટા વનમાં વડનું એક મહાન વૃક્ષ હતું. તે વૃક્ષ લતાઓનાં અનેક જાળાંઓથી ઢંકાઈ ગયું હતું અને તેના ઉપર અનેક પક્ષીઓ નિવાસ કરી રહ્યાં હતાં. તેનું થડ ઘણુંજ મોટું હતું, તેનો વિસ્તાર એટલો બધો હતો કે જેથી દૂરથી જોનારને તે એક મેઘમંડલ જેવું દેખાતું હતું, તેની છાયા અત્યંત શીતળ હતી, દેખાવમાં પણ તે વૃક્ષ ઘણું સુંદર જણાતું હતું અને લગભગ આખા અરણ્યમાં તેની શાખાઓ પથરાઇ ગઈ હતી, જેથી અનેક શિકારી પશુઓ તથા મૃગો તે વૃક્ષનો આશ્રય કરી રહેતાં હતાં.[૧૯,૨૦] એ વૃક્ષના મૂળના ભાગમાં સો મોઢાવાળું એક મોટું દર કરીને પલિત નામનો મહાબુદ્ધિમાન ઉંદર રહેતો હતો,[૨૧] તેમજ એ વડની એક શાખા ઉપર લોમશ નામનો એક બિલાડો સુખેથી રહેતો હતો. તે બિલાડો પક્ષીઓનું ભક્ષણ કરીને પોતાની જીંદગી ગાળતો હતો.[૨૨] હવે, એક સમયે કોઈએક ચાંડાલ તે મહાવનમાં આવી ચઢયો. તેણે એ જંગલમાંજ ઘર બાંધીને સ્થાયીને માટે રહેવા માંડયું. હમેશાં સૂર્યાસ્તના સમયે તે વડ પાસે આવીને એ ચાંડાલ, મૃગો તથા પક્ષીઓને બાંધી શકે તેવું એક ફૂટયંત્ર મૂકી જતો હતો અને તેમાં તાંતના પાશલાઓને બરાબર ગોઠવીને, પાછો પોતાને ઘેર જઈ નીરાંતે સૂઈ રહેતો હતો. પછી જ્યારે પ્રભાતનો સમય થતો હતો ત્યારે પુનઃ ત્યાં આવતો હતો.[૨૩,૨૪] નિત્ય રાત્રિના સમયે, તે ચાંડાલે ગોઠવેલા ફૂટયંત્રમાં અનેક પ્રકારનાં મૃગ પક્ષીઓ બંધાઇ જતાં હતાં. તેમાં એક દિવસે પેલો બિલાડો પણ પ્રમાદને લીધે બંધાઇ ગયો.[૨૫] હમેશાં અનેક પક્ષીઓનો વધ કરનારો અને પોતાનો મહાબળવાન શત્રુ બિલાડો એ ફૂટયંત્રમાં સપડાઇ ગયો. એ વાત જાણીને ત્યાં રહેનારો પેલો પલિત નામનો ઉંદરડો નિર્ભય થઇને ચારે બાજુ કૂદવા લાગ્યો.[૨૬] તે ઉંદર પોતાનું ભક્ષ્ય શોધવામાટે વનમાં ચોતરફ વિશ્વાસપૂર્વક ફરવા લાગ્યો. તેવામાં મૃગપક્ષીઓને લોભાવવા માટે ચાંડાલે ફૂટયંત્ર ઉપર જે માંસ મૂકયું હતું, તે એ ઉંદરના જોવામાં આવ્યું,[૨૭] એટલે તુરતજ એકદમ કૂદીને એ ફૂટયંત્ર ઉપર તે ચઢી ગયો અને ત્યાં બેઠો બેઠો પેલા માંસને ખાવા લાગ્યો. પોતાનો શત્રુ બિલાડો એ યંત્રમાં સપડાઇ ગયો હતો તેને જોઇને એ ઉંદર મનમાં ખૂબ હસતો હતો ને માંસ ખાવામાં લીન બની જઇને ભાગ્યેજ આડુંઅવળું જોતો હતો. પછી તે ઉંદરે કેટલીક વારે એક બાજુ નજર કરી એટલે પોતાના બીજા એક ભયંકર શત્રુને ત્યાં આવી પહોંચેલો જોયો. તે શત્રુ હરિણ નામનો એક ચપળ નોળીઓ હતો. તેનો વર્ણ કાસડાના પુષ્પના જેવો હતો, પૃથ્વીની બખોલમાં તે પડી રહેનારો હતો અને તેનાં નેત્રો લાલ રંગનાં હતાં. તેને પેલા ઉંદરની ગંધ આવી હતી, તેથી ઉતાવળો ઉતાવળો ત્યાં આવી પહોંચ્યો હતો. ફૂટયંત્ર ઉપર રહેલા પોતાના ભક્ષ્યને (ઉંદરને) માટે તે, પોતાનાં ગલોફાં ચાટતો હતો ને ઉંચું મુખ કરીને ઉંદરના ઉતરવાની રાહ જોતો પૃથ્વીપર ઉભો હતો. (આ રીતે પોતાનાપર ટાંપી રહેલા એ નોળીઆને જોઇને પેલા ઉંદરે ભયભીત થઇને ઉંચેનીચે જોવા

માંડ્યું, તેવામાં વડની ડાળ ઉપર બેઠેલા પોતાના બીજા શત્રુને તેણે જોયો. એ શત્રુ ચંદ્રક નામનું એક ઘુવડ હતું કે, જે એ વડની બખોલમાં રહેતું અને રાત્રિના સમયે બહારના પ્રદેશમાં ઘૂમનારૂં હતું. તેની ચાંચ ઘણી તીક્ષ્ણ હતી. આ રીતે એક બાજુ નોળીઓ અને ઉપરના ભાગમાં ઘુવડ, એમ બે શત્રુઓની વચ્ચે આવી પડેલા તે ઉંદરને મોટી ભારે ચિંતા થવા લાગી. તેણે મનમાં વિચાર કરવા માંડ્યો કે, “ અરેરે ! મારા ઉપર તો ઘણું મોટું ભય ટમટમી રહ્યું છે. આવી મહાકષ્ટદાયક આપત્તિમાં આવી પડવાથી હું, મરણની અણી ઉપર આવી પહોંચ્યો છું, પણ આવું ચોતરફનું ભય જ્યારે ઉત્પન્ન થાય ત્યારે પોતાનું હિત ઇચ્છનારાએ શું કરવું જોઇએ ? ” આ પ્રમાણે વિચાર કરતો તે ઉંદર, ચારે બાજુ શત્રુઓથી ઘેરાઇ જઇને સર્વત્ર ભયનેજ દેખવા લાગ્યો અને ભયને લીધે સંતપ્ત થઇ ગયો; પરંતુ ઉપરાઉપરી વિચાર કરવાથી તેને એક ઉત્તમ વિચાર સૂઝી આવ્યો કે, “ આપત્તિમાં આવી પડેલા પુરુષે, હરકોઈ ઉપાયે પણ આપત્તિનો નાશ કરીને પોતાના જીવિતનું રક્ષણ કરવું જોઇએ. મારા ઉપર પણ આ સમયે ચોતરફથી આપત્તિ આવી પડી છે, કે જેને લીધે મારૂં જીવન સંશયમાં આવી પડ્યું છે. જો હું પૃથ્વી ઉપર ઉતરી પડીશ તો આ નોળીઓ એકદમ મને ખાઇ જશે, જો કદાચ અહીં ને અહીં બેસી રહીશ તો ઉપર બેઠેલું ઘુવડ મને ખાઈ જશે અને જો આ પાશને કાતરી નાખીને અહીંથીજ નીચે ઉતરીશ તો આ બિલાડો મને ખાઇ જશે. (આમ ચારે બાજુથી હું ભયમાં આવી પડ્યો છું,) છતાં પણ આવે વખતે મારા જેવા બુદ્ધિમાન પુરુષે ગભરાઈ જવું તે યોગ્ય નથી.[૨૮–૩૮] હું આ સંકટમાંથી મારા જીવિતનું રક્ષણ કરવા માટે યુક્તિપૂર્વક યત્ન કરીશ. જે પુરુષ બુદ્ધિમાન, ડાહ્યો અને નીતિશાસ્ત્રમાં કુશલ હોય છે, તે મહાદારુણ આપત્તિમાં આવી પડ્યો હોય છતાં તેમાં ડૂબી મરતો નથી.[૩૯,૪૦] હું ધારૂં છું કે, આ વખતે મારે આ બિલાડાનું શરણ લીધા વિના ચાલે તેમ નથી. જો કે એ મારો શત્રુ છે તોપણ આ સમયે તે સંકટમાં આવી પડ્યો છે, જેથી એને પણ મારી પાસે મોટું કામ કરાવવું છે.[૪૧] આજે હું ત્રણ શત્રુઓના સપાટામાં સપડાઇ ગયો છું, છતાં મારા જીવિતનું કેવી રીતે રક્ષણ કરૂં? આવો વિચાર કરીને હું એજ નિશ્ચય ઉપર આવ્યો છું કે, મારા શત્રુ બિલાડાનોજ મારે આશ્રય લેવો.[૪૨] નીતિશાસ્ત્રનો આશ્રય કરીને હું આ બિલાડાને તેનાં હિતની વાત કહીશ અને (તે વાતને જો એ કબૂલ કરશે તો હું)આ ત્રણે શત્રુઓને મારી બુદ્ધિથી છેતરીશ.[૪૩] આ બિલાડો મારો મહાન શત્રુ છે તોપણ આ વખતે તે સંકટમાં આવી પડ્યો છે, તેને લીધે મૂઢ જેવો બની ગયો છે જેથી તેની સોબત કરીને હું, બન્નેના સ્વાર્થની વાત તેને સમજાવી શકીશ.[૪૪] મને લાગે છે કે, તે દુઃખમાં આવી પડ્યો છે તેથી મારી સાથે કદાચ સંધિ કરશે; કેમકે સંકટના સમયે બળવાન પુરુષે પણ, પોતાની સમીપમાં રહેનારા શત્રુને પક્ષમાં લઇને જીવિતનું રક્ષણ કરવું, એમ આચાર્યોએ કહ્યું છે.(વળી કહ્યું છે કે,)બુદ્ધિમાન શત્રુ સારો પણ મૂર્ખ મિત્ર સારો નહિ.[૪૫,૪૬] આ વખતે મારા શત્રુ આ બિલાડાને આધારેજ મારૂં જીવિત ટકી શકે તેમ છે, માટે પોતાનું રક્ષણ કરવા માટે હું તેને કહી જોઉં તો ખરો? જેથી તે મારો શત્રુ છે છતાં કદાચ મારી સંગત કરીને પંડિત થાય—મારૂં કહેવું માને!” આ પ્રમાણે તેણે વિચાર કર્યાપછી શત્રુથી ઘેરાયલા, અર્થશાસ્ત્રના રહસ્યને જાણનારા અને સંધિવિગ્રહના સમયનું જ્ઞાન ધરાવનારા તે ઉંદરે, બિલાડાને સાંત્વપૂર્વક વચનો કહેવા માંડ્યાં.[૪૭–૪૯] “હે માર્જાર! મિત્રભાવે હું તને પૂછું છું કે, તું જીવતો છે ને? હું તારા જીવિતને ઇચ્છું છું, કેમકે જીવવારૂપી કલ્યાણ તારે ને મારે બન્નેને સરખું છે.[૫૦] હે સૌમ્ય! તારે લગારે ભય રાખવો નહિ, તું સુખપૂર્વક જીવી શકીશ. તું જો મને મારી નાખવાની ઇચ્છા ન કરે તો હું તારો ઉદ્ધાર કરૂં—આ બંધનમાંથી તને મુક્ત કરૂં.[૫૧] આ વખતે મેં એવો ઉત્તમ ઉપાય શોધી કાઢ્યો છે કે

જેથી તું આ બંધનમાંથી છૂટો થઇ શકે અને મારૂં પણ શ્રેય થઇ જાય; પણ તે ઉપાય મહાદુષ્કર છે, એમ મને લાગે છે.[૫૨] મેં મારી બુદ્ધિ સાથે વિચાર ચલાવીને તારે માટે અને મારે માટે એ ઉપાયને ખોળી કાઢયો છે અને તેમાં તારૂં અને મારૂં-બન્નેનું શ્રેય સમાયલું છે.[૫૩] હે માર્જાર! આ નોળીઓ અને પેલું ઘુવડ, (મને ખાઇ જવાની) પાપી બુદ્ધિથી અહીં ઉભા રહ્યા છે. તેઓએ જ્યાંસુધી મારાપર તરાપ મારી નથી, ત્યાંસુધીજ હું ક્ષેમકુશલ છું.[૫૪] આ ચપલ નેત્રવાળું પાપી ઘુવડ, વૃક્ષની શાખા ઉપર બેસીને ઘુઘવાટ કરતું મારી સામે જોઈ રહ્યું છે; તેથી મને ઘણોજ ત્રાસ લાગે છે.[૫૫] માત્ર સાત પગલાં સાથે ચાલવાથી સત્પુરુષોની સાથે મિત્રતા બંધાય છે, તું મારો બુદ્ધિમાન મિત્ર છે અને વળી આપણે બન્ને અહીં સાથેજ રહીએ છીએ, માટે હું આજે એક સહવાસીના કર્તવ્યને કરી બતાવીશ. તારે લગારે ડરવું નહિ.[૫૬] હે માર્જાર! મને પક્ષમાં લીધાવિના તું આ પાશઓને કદી કાપી શકે તેમ નથી, માટે તું મને જો મારી ન નાંખે તો હું તારા આ પાશોને કાપી નાખું.[૫૭] તું આ વૃક્ષની ઉપરના ભાગમાં રહે છે અને હું તેના મૂળના ભાગમાં રહું છું. આપણે બન્ને અહીં ઘણા કાળથી સાથે રહીએ છીએ, એ તું જાણેજ છે.[૫૮] જેના ઉપર બીજાઓ વિશ્વાસ પામતા નથી અને જે બીજાઓનો વિશ્વાસ કરતો નથી-તે બન્ને પુરુષોને ધીર પુરુષો ઉત્તમ માનતા નથી; એટલુંજ નહિ પણ તેવા પુરુષોનાં મન નિત્ય ઉદ્વિગ્ન રહે છે,[૫૯] માટે આપણા બન્નેની પ્રીતિ ભલે વૃદ્ધિ પામે અને આપણ બન્નેની સંગત (મિત્રતા) ભલે નિત્યને માટે રહે. આ જગતમાં સમય વીતી ગયા પછી જે કંઇ કાર્ય કરવામાં આવે છે તેને વિદ્વાનો પ્રશંસાપાત્ર કહેતા નથી.[૬૦] આ વખતે આપણે જે કંઈ કાર્યયોજના કરીશું તે યથાયોગ્ય છે, એમ તું જાણ; કેમકે હું તારા જીવિતની ઈચ્છા રાખું છું અને તું મારા જીવિતની ઇચ્છા રાખે છે.[૬૧] જે કોઈ પુરુષ, એક કાષ્ઠ(લાકડા)ની સહાય લઇને મહાગંભીર એવી મોટી નદીને તરી જાય છે, તે પુરુષ પેલા કાષ્ઠને તારે છે અને પોતે પણ તે કાષ્ઠને લીધે તરી જાય છે.[૬૨] આપણા બન્નેનો સંયોગ પણ તે કાષ્ઠ અને પુરુષના જેવોજ છે અને તે સંયોગ ભવિષ્યમાં મહા વિસ્તીર્ણ થઈ પડશે; કેમકે હું તને તારીશ અને તું મને તારશે."[૬૩]

એ રીતે બન્નેનું હિત કરનારી, સ્વીકારવાયોગ્ય અને હેતુગર્ભિત એવી વાત બિલાડાને કહીને તે પલિત ઉંદર, સમયની અપેક્ષા રાખતો (બિલાડાના ઉત્તરની) રાહ જોઇને બેસી રહ્યો.[૬૪] પછી પેલો વિચક્ષણ બિલાડો, પોતાના શત્રુ ઉંદરનું સ્વીકારવાયોગ્ય અને હેતુગર્ભિત એવું ઉત્તમ વાકય સાંભળીને તેને કહેવા લાગ્યો.[૬૫] તે બિલાડો, બુદ્ધિમાન અને વક્તા હતો. તેણે ઉંદરનાં વાકયોની પ્રથમ ખૂબ પ્રશંસા કરી, મીઠાં મીઠાં વચનો કહીને ઉંદરને ખૂબ માન આપ્યું અને પછી પોતાની અવસ્થાનું નિરીક્ષણ કર્યું.[૬૬] ત્યારબાદ જેના દાંત તીણા અને અણીદાર હતા તથા જેનાં નેત્રો વૈડૂર્યમણિની પેઠે ચળકતાં હતાં એવો તે લોમશ નામનો બિલાડો, ઉંદર સામે જોઈને ધીમેથી બોલ્યો[૬૭]:-"હે સૌમ્ય! હું તને જોઇને પ્રસન્ન થાઉં છું. તું મને જીવાડવા ઈચ્છે છે, તે બદલ તારૂં કલ્યાણ થાઓ. આપણા બન્નેનું જેમાં શ્રેય સમાયલું હોય એવા ઉપાયને જો તું જાણતો હોય તો હવે સત્વર તેની યોજના કર; વિચાર કર મા.[૬૮] ખરેખર, આ સમયે હું અતિશય આપત્તિમાં આવી પડયો છું અને તું પણ મારા કરતાં ઘણા મોટા સંકટમાં આવી પડ્યો છે. આમ એકી વખતે આપત્તિમાં આવી પડેલા આપણા બન્નેવચ્ચે ભલે સંધિ કરવામાં આવે! તેમાં વિલંબ કરવો યોગ્યજ નથી.[૬૯] હે સમર્થ ઉંદર! હું તારૂં જે કંઈ સિદ્ધિકારક કાર્ય હશે, તેને સમયાનુસાર કરીશ. હું આ સંકટમાંથી મુક્ત થઈશ, એટલે તેં કરેલા કાર્યનો વિનાશ થશે નહિ-અર્થાત્ હું પણ તારૂં તેવુંજ કાર્ય કરીશ.[૭૦] મેં મારૂં અભિમાન છોડી દીધું છે, હું તારો ભક્ત-

છું, શિષ્ય છું, હિતૈષી છું, તારી આજ્ઞામાં રહેનારો છું અને તારે શરણે આવ્યો છું.”[૭૧]

બિલાડાએ એ પ્રમાણે કહ્યું, એટલે તેને પોતાને વશ થયેલો જાણીને અર્થવેત્તા તે પલિત ઉંદરે, પુનઃ યોગ્ય અર્થવાળું અને હિતકારક વાક્ય કહ્યું:–[૭૨]“વાહ, વાહ, તેં ઘણાં ઉદાર વાક્યો કહ્યાં છે. તારા જેવો બુદ્ધિમાન એ પ્રમાણે બોલે તેમાં કંઇ આશ્ચર્ય નથી, આપણ બન્નેનું જેમાં હિત સમાયલું છે તેવો એક માર્ગ મેં કરી મૂક્યો છે, તેને તું સાંભળ. આ નોળીઆનો મને મહાન ભય છે, માટે હું તારા ખોળામાં ભરાઈ પેસીશ; પરંતુ હે બિલાડા! તું મારૂં રક્ષણ કરજે, મને મારી નાખીશ નહિ; કેમકે હું તારૂં રક્ષણ કરવા માટે સમર્થ છું.[૭૩,૭૪] આ ઘુવડથી પણ તું મારી રક્ષા કર; કારણ કે એ ક્ષુદ્ર ઘુવડ મને ખાઇ જવા માટે ઇચ્છે છે. હે મિત્ર! હું તારી પાસે સત્યના સોગંદ ખાઇને કહું છું કે, હું તારા પાશોને કાપી નાખીશ.”[૭૫]

ઉંદરનું એ યોગ્યસંબંધવાળું, યુક્તિયુક્ત અને અર્થસંપન્ન વચન સાંભળીને લોમશ બિલાડો, હર્ષથી ઉંદરની સામે જોઇને સ્વાગતવચનથી તેનું સન્માન કરવા લાગ્યો[૭૬] અને તે ધીર બિલાડાએ પ્રસન્નતાપૂર્વક મિત્રભાવનો આશ્રય કરીને ઉંદરની પ્રશંસા કરી ને પછી મનમાં વિચાર કરીને એકદમ તે બોલી ઉઠ્યો:–[૭૭]“હે બુદ્ધિમાન ઉંદર! આવ, તું મારી પાસે જલદી આવ. તું મારો પ્રાણસમાન મિત્ર છે. તારૂં કલ્યાણ થાઓ. મને લાગે છે કે, તારી કૃપાથી હું ઘણું કરીને મારા જીવિતને મેળવી શકીશ.[૭૮] જો કે, હું આ વેળા સંશયભરેલી સ્થિતિમાં આવી પડ્યો છું; છતાં મારાથી બની શકે તેવું કાર્ય કરવા માટે તું મને આજ્ઞા કર. હે મિત્ર! તે કાર્યને હું અવશ્ય કરીશ. આપણા બન્ને વચ્ચે હવે સંધિજ થવા દે.[૭૯] આ સંકટમાંથી જ્યારે હું મુક્ત થઇશ, ત્યારે મારા મિત્રો અને બાંધવોની સાથે તારાં પ્રિય અને હિતકારક એવાં સર્વ કાર્યોને હું કરીશ.[૮૦] હે સૌમ્ય! આ સંકટમાંથી મુક્ત થયા પછી હું તને પ્રસન્ન કરીશ અને મારા ઉપર પ્રીતિ કરનારા તારો બનતો સત્કાર કરીશ, (તોપણ તારી યોગ્યતાને હું પહોંચી શકીશ નહિ;)[૮૧] કેમકે એક પુરુષ, પોતાનાપર ઉપકાર કરનારનો ઘણોય પ્રત્યુપકાર કરે તોપણ પેલા પ્રથમ ઉપકાર કરનારની સમાનતાએ તે આવી શકતો નથી–લેશમાત્ર તેની સમાનતા ધરાવી શકતો નથી; કારણકે પ્રત્યુપકાર કરનારો પુરુષ જે કંઈ કરે છે તે પેલાના ઉપકારબદલ કરે છે–કારણને લીધેજ તેનું પ્રિય કરે છે; પણ પ્રથમ ઉપકાર કરનારાએ તો કારણવિનાજ તેનું પ્રિય કરેલું હોય છે.” [૮૨]

ભીષ્મે કહ્યું:–“એ પ્રમાણે બિલાડા પાસે પોતાનો સ્વાર્થ ગ્રહણ કરાવીને તે ઉંદર, વિશ્વાસુ થઈને પોતાના શત્રુ બિલાડાના ખોળામાં લપાઈ પેઠો.[૮૩] બિલાડાએ પણ તે વિદ્વાન ઉંદરને એટલો બધો વિશ્વાસુ બનાવી દીધો જેથી તે ઉંદર, પોતાના માતાપિતાના ખોળામાં જાણે બેઠો હોય તેમ, નિશ્ચિંત થઇને બિલાડાની છાતીમાં ભરાઇ બેઠો હતો.[૮૪] આ રીતે ઉંદરને બિલાડાના શરીરમાં ભરાઇ પેઠેલો જોઈ પેલો નોળીઓ અને ઘુવડ નિરાશ થઇ ગયા[૮૫] અને (હાથ આવેલા શિકારને જતો કરી દઈને અત્યંત) આળસુ ગણાયલા તે બન્ને જણા, ઉલટા ત્રાસ ખાઇ ગયા; એટલુંજ નહિ પણ બિલાડાની તથા ઉંદરની અન્યોન્ય ઉપરની પ્રીતિ જોઇને પરમ વિસ્મય પામ્યા. [૮૬] જો કે તેઓ બન્ને બળવાન્, બુદ્ધિમાન્, પોતાના શિકારને પકડી પાડવામાં કુશલ અને ત્યાં સમીપમાંજ બેઠેલા હતા તોપણ તેઓ, ઉંદરે યોજેલી તે ઉત્તમ નીતિના બળથી પોતાના શિકારને બળાત્કારે ઝડપી લેવા માટે અસમર્થજ હતા.[૮૭] એ રીતે પોતપોતાનું કાર્ય સાધી લેવા માટે બિલાડાએ અને ઉંદરે પરસ્પર સંધિ કરી એટલે તે જોઇને પેલું ઘુવડ અને નોળીઓ ઉતાવળા ઉતાવળા પોત પોતાના રહેઠાણ ભણી ચાલ્યા ગયા.

હે યુધિષ્ઠિર રાજા! દેશકાળને જાણનારો પલિત ઉંદર, કે જે બિલાડાના શરીરમાં ભરાઇ બેઠો હતો તે, પેલા ચાંડાલના આવવાના સમયની રાહ જોતો ધીમે ધીમે બિલાડાના બંધનપાશોને કા-

પતો હતો.[૮૯] ત્યારે બંધનથી દુઃખી થયેલો બિલાડો, ઉંદરને ધીમે ધીમે પાશોને કાપતો જોઈ, ઘણોજ ઉતાવળો થવા લાગ્યો અને જેમ બને તેમ જલદી પાશોને કાપી નાખવા માટે ઉંદરને પ્રેરણા કરવા લાગ્યો.[૯૦,૯૧] તેણે કહ્યું કે, “ઓ ભલા ઉંદર! તું ઉતાવળ કેમ કરતો નથી ? શું તું કૃતાર્થ થઇ ગયો એટલે મારી અવગણના કરે છે ? હે શત્રુહંતા ઉંદર! પેલો ચાંડાલ અહીં ન આવી પહોંચે તે પહેલાં તું આ પાશલાઓને કાપી નાખ.”[૯૨]બિલાડાએ આમ ઉતાવળો થઇને જ્યારે કહ્યું એટલે તે બુદ્ધિમાન પલિત ઉંદરે બુદ્ધિહીન બિલાડાને પોતાના હિતનું વચન કહ્યું:–“હે સૌમ્ય! તું શાંત રહે.તારે હવે ઉતાવળ કરવી નહિ અને ગભરાવું નહિ.હું સમયને જાણનારો છું.જેથી સમય આવ્યે ચૂકીશ નહિ.[૯૪]સમય વિના કોઇપણ કાર્યનો જો આરંભ કરવામાં આવે છે તો તેના કર્તાને કંઈ ફળ મળતું નથી.પણ તેના તેજ કાર્યનો જો સમયાનુસાર આરંભ કર્યો હોય છે તો તેનું મહાન ફળ મળે છે.[૯૫] તેમજ હું તને જો સમયવિના છોડી મૂકું, તો મને તારા તરફથીજ ભય પ્રાપ્ત થાય. માટે હે મિત્ર ! તું સમય આવ્યાની રાહ જો,આમ ઉતાવળો શામાટે થાય છે?[૯૬]જ્યારે એ ચાંડાલને હાથમાં શસ્ત્ર લઇને અહીં આવતો હું જોઈશ; અને તને સાધારણ ભય થશે, એટલે તુરતજ તારાં બંધનોને તોડી નાખીશ.[૯૭] તે સમયે છૂટો થઇને તું ઝટપટ ઝાડ ઉપર ચઢી જઇશ; કેમકે એ વેળા જીવિતની રક્ષા વિનાનું બીજું એક પણ કાર્ય તને સૂઝશે નહિ.[૯૮] હે લોમશ ! એ પ્રમાણે તું ત્રાસ અને ભયનો માર્યો જેવો નાસી જશે એટલે તુરત હું મારા દરમાં પેસી જઇશ અને તું વૃક્ષની શાખા ઉપર ચઢી જશે.”[૯૯] ઉંદરે, પોતાના હિતનું એ રીતે કહ્યું; એટલે વાક્યના તત્ત્વને જાણનારા અને જીવિતની ઈચ્છાવાળા મહાબુદ્ધિમાન બિલાડાએ, પોતાનું કાર્ય સાધી લેવા માટે ઉતાવળા બની જઇને સારીરીતે વિનયપૂર્વક પેલા વિલંબ કરનારા ઉંદરને કહેવા માંડ્યું[૧૦૦,૧૦૧] “સત્પુરુષો પોતાના મિત્રોનાં કાર્યોને આ રીતે કરતા નથી. મેં તને પ્રીતિપૂર્વક અને ઘણીજ ઉતાવળ કરીને સંકટમાંથી જેમ છોડાવ્યો છે તેમ તારે પણ એકદમ ઉતાવળથી મારૂં હિત કરવું જોઇએ. હે મહાબુદ્ધિમાન ઉંદર ! તું એવો યત્ન કર કે જેથી તારૂં અને મારૂં બન્નેનું રક્ષણ થાય.[૧૦૨,૧૦૩] અથવા મને લાગે છે કે તું પ્રથમના વૈરનું સ્મરણ કઆમ વખત વીતાડે છે. પણ ઓ પાપી કર્મ કરનારા! તારે જોવું જોઇએ કે,તારા પોતાના આયુષ્યનો નાશ પણ સ્પષ્ટજ છે.[૧૦૪] મેં પૂર્વે અજ્ઞાનને લીધે તારો જે કંઈ અપરાધ કર્યો હોય તેને તારે મનમાં ન લાવવો. હું તારી પાસે ક્ષમા માગું છું અને વિનંતી કરૂં છું કે, તું મારાપર પ્રસન્ન થા.”[૧૦૫] આમ કહેનારા તે બિલાડાને, શાસ્ત્રબુદ્ધિસંપન્ન અને મહાબુદ્ધિમાન ઉંદરે શ્રેષ્ઠ વચન કહ્યું કેઃ–[૧૦૬] “હે માર્જાર! પોતાનું કાર્ય સિદ્ધ કરવા માટે તેં મને જે વચનો કહ્યાં તે મેં સાંભળ્યાં. તેમજ હું પણ તને જે કંઈ વચન કહું તેમાં મારૂં કાર્ય સિદ્ધ કરવાનીજ વાત હોય, એમ તું જાણે છે.[૧૦૭] જે મિત્રને ભયભીત થઇને પક્ષમાં લેવાનો હોય છે અને જે મિત્રથી ભવિષ્યમાં ભય આવવાની શંકા રહેતી હોય તે મિત્રથી, સર્પના મુખથી જેમ હાથની રક્ષા કરવામાં આવે છે તેમ, પોતાના કાર્યની ખાસ રક્ષા કરવી.[૧૦૮] જે પુરુષ બળવાનની સાથે સંધિ કર્યા પછી પોતાની જાતનું રક્ષણ કરતો નથી તે પુરુષને એ સંધિ, અપથ્ય ભોજન જેમ કંઇપણ ફળ આપતું નથી તેમ, ફળદાયક થતી નથી.[૧૦૯] આ જગતમાં કોઇ, કોઇનો મિત્ર નથી અને કોઇ, કોઈનો શત્રુ નથી. માત્ર સ્વાર્થના સંબંધને લીધેજ સૌ કોઈ, અન્યોન્યના મિત્ર અને શત્રુ થઇ રહે છે.[૧૧૦] જેમ હાથીઓવડે વનના હાથીઓને પકડવામાં આવે છે તેમ, કાર્યોવડેજ બીજાં કાર્યોને સિદ્ધ કરી શકાય છે અને અમુક કોઈ કાર્ય થઇ ગયા પછી તેના કરનારા તરફ કોઈ લક્ષ્યજ આપતું નથી.[૧૧૧] માટે સર્વ પ્રકારનાં કાર્યોને એકદમ સંપૂર્ણ કરી દેવાં નહિ પણ કંઇક અપૂર્ણ રાખવાં. તને સ્મરણમાં હશે કે, તે સમયે પણ તું પેલા ઘુવડના ભયથી મને પકડી

શકયો ન હતો અને પલાયન કરવા માટેજ તત્પર થઈગયો હતો. જો, આ ઘણાખરા તાંતણાઓને તો મેં કાપી નાંખ્યા છે. માત્ર આ એકજ તાંતણો બાકી રહ્યો છે.[૧૧૨,૧૧૩] તેને પણ હું જેમ બનશે તેમ જલદી કાપી નાખીશ, માટે હે લોમશ! તું લગાર શાંતિ રાખ.”

એ પ્રમાણે આપત્તિમાં આવી પડેલા તેઓ બન્ને જણા વાતચીત કરતા હતા તેટલામાં તો રાત્રિ વીતી ગઈ એટલે લોમશના હૃદયમાં ભય પેસારો થઈ ગયો. બરાબર જ્યારે પ્રભાતનો સમય થયો ત્યારે પરિઘ નામનો પેલો ચાંડાલ હાથમાં શસ્ત્ર લઇને તે તરફ આવતો દેખાયો. તેનો દેખાવ ઘણોજ બેડોળ હતો, તેના શરીરનો વર્ણ કાળાશ પડતો પિંગળો હતો, તેના નિતંબ ઘણાજ સ્થૂલ હતા, તેનો વેષ પણ મહાભયંકર અને રૂક્ષ હતો, કુતરાઓનું ટોળું તેને વીંટાઇ વળ્યું હતું, તેના કાન શંકુના જેવા આકારના હતા, તેનું મુખ મોટું હતું, તેનું શરીર ઘણું મલિન હતું અને તેનો દેખાવ મહા ઘોર હતો. સાક્ષાત યમદૂતના જેવા દેખાવના તે ચાંડાલને જોતાંજ બિલાડાનું મન ભયભીત બની ગયું.[૧૧૪,૧૧૭] તેણે ભયમાંને ભયમાં પલિતને કહ્યું કેઃ–“હવે તું શું કરીશ?” તે સાંભળીને ઉંદરે તુરતજ બિલાડાના પાશને કાપી નાખ્યો;[૧૧૮] એટલે પેલો બિલાડો, ઘોર શત્રુના સપાટામાંથી મુક્ત થઈને સપાટાભેર વૃક્ષ તરફ દોડી ગયો.[૧૧૯] પલિત ઉંદર પણ ઝડપથી પોતાના દરમાં પેસી ગયો તેટલામાં પેલો બિલાડો વૃક્ષની શાખા સુધી છેક પહોંચી ગયો. પછી ચાંડાલે ત્યાં આવીને પોતાના ફૂટયંત્રને ચોબાજુથી જોયું પણ તેમાં સપડાયલો શિકાર છટકી ગયો હતો.[૧૨૦] એટલે હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર! તે, નિરાશ થઇને પાછો પોતાના ઘર ભણી ચાલ્યો ગયો.[૧૨૧] તે પછી પેલો બિલાડો, ભયથી મુક્ત થઇને તથા દુર્લભ જીવિતને પ્રાપ્ત કરીને નીરાંતે વૃક્ષની શાખા ઉપર બેઠો ને દરમાં બેઠેલા પલિતને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ–[૧૨૨]“હું તારી સાથે કોઇ પ્રકારની વાતચીત કર્યા વિના એકદમ વૃક્ષ ઉપર કૂદી આવ્યો છું તેને લીધે તું, કૃતજ્ઞ અને તારા રક્ષક–મારાપર શંકિત થતો નથી ને?[૧૨૩] હે મિત્ર! મારો વિશ્વાસ રાખ્યા પછી અને મને જીવિતદાન આપ્યા પછી હવે જ્યારે સુખ ભોગવવાનો સમય પાસે આવ્યો છે ત્યારે તું મારી સમીપમાં કેમ નથી આવતો?[૧૨૪] જે દુર્મતિ પુરુષ, પ્રથમ, કાર્યના સમયે અનેક મિત્રો કરે છે અને પછી કાર્ય થઇ રહે એટલે તેઓની સાથે મિત્રાચારી રાખતો નથી તેને પુનઃ મહાકષ્ટદાયક આપત્તિના સમયે મિત્ર મળતા નથી.[૧૨૫] હે મિત્ર! તેં તારા સામર્થ્યથી મારો સંપૂર્ણ સત્કાર કર્યો છે. માટે હવે તારા મિત્ર બનેલા મારી પાસેથી પણ યોગ્ય સત્કાર ગ્રહણ કરવો તને યોગ્ય છે.[૧૨૬] મારા જેટલા મિત્રો, સંબંધીઓ અને બાંધવો છે તેઓ બધા, શિષ્યો જેમ પ્રિયગુરુની પૂજા કરે તેમ, તારી પૂજા કરશે.[૧૨૭] તેમજ હું પણ મારા મિત્રગણો અને બાંધવોની સાથે તારી પૂજા કરીશ; કેમકે કયો કૃતજ્ઞ પુરુષ, પોતાને જીવિતદાન આપનારા પુરુષનું પૂજન ન કરે![૧૨૮] આજથી તું મારા શરીરનો તથા ગૃહનો સ્વામી થા અને મારાં સર્વ પ્રકારનાં કાર્યોમાં ઉત્તમ સલાહ આપનારો થા.[૧૨૯] હે બુદ્ધિમાન ઉંદર! તું મારો અમાત્ય થા અને પિતા જેમ પુત્રનું પાલન કરે છે, તેમ તું મારૂં પાલન કર. હું મારા જીવિતના સોગંદ ખાઇને કહું છું કે, તને અમારા કોઇના તરફથી ભય ઉત્પન્ન થશે નહિ.[૧૩૦] તું બુદ્ધિમાં સાક્ષાત્ શુક્રાચાર્ય જેવો છે. તેં આજે મને જીવિતદાન આપ્યું છે, તેથી મને જણાયું છે કે, તારામાં બુદ્ધિપૂર્વક વિચાર કરવાનું મહાન બળ છે અને અમે તો કેવળ બળનાજ અધિકારી છીએ પણ વિચારશક્તિથી શૂન્ય છીએ.”[૧૩૧] એ પ્રમાણે બિલાડાએ પરમ શાંતિપૂર્વક વચન કહ્યું, એટલે બીજાના વિચારને જાણી જનારો ઉંદર, પોતાના હિતનું સુંદર વચન બોલ્યોઃ–[૧૩૨]“હે લોમશ! તેં જે કંઇ કહ્યું તે સર્વ મેં સાંભળ્યું. હવે, મને જે પ્રમાણે સૂઝે છે તે પ્રમાણે હું પણ કહું છું તે તું સાંભળ.[૧૩૩] (હરકોઇની સાથે સંબંધ કરવા ઇચ્છનાર પુરુષે) મિ-

ત્રોનાં લક્ષણ જાણવાં જોઈએ, તેમ શત્રુઓનાં લક્ષણ પણ જાણવાં જોઇએ. આ વાત લોકમાં ઘણીજ સૂક્ષ્મ ગણાય છે અને બુદ્ધિમાનોમાં માન્ય ગણાય છે.[૧૩૪] આ જગતમાં કેટલાએક મિત્રો શત્રુરૂપ હોય છે અને કેટલાએક શત્રુઓ મિત્રરૂપ હોય છે. તેઓની સાથે સંધિ કરી હોય છે છતાં જ્યારે તેઓ કામક્રોધને અધીન થઈ જાય છે, ત્યારે (સંધિ કર્યાનું) ભાન રાખતા નથી[૧૩૫] અને ખરૂં જોતાં તો એમજ લાગે છે કે, કોઈ કોઇનો શત્રુ નથી અને કોઇ કોઇનો મિત્ર નથી. માત્ર સામર્થ્યના સંબંધથીજ મિત્રો અને શત્રુઓ થાય છે.[૧૩૬] જે પુરુષ, અમુક કોઇ બીજા પુરુષના આધારે જીવી રહ્યો હોય છે, તે પુરુષ કેવળ પોતાના સ્વાર્થને લીધેજ પેલા પુરુષનાપર પીડા જુએ છે ત્યારે જીવવા ઇચ્છતો નથી અને જ્યાંસુધી સ્વાર્થ સર્યો હોતો નથી,ત્યાંસુધીજ તેનો મિત્ર થઇને રહે છે.[૧૩૭] આ જગતમાં કોઇની સાથેની મિત્રતા અથવા શત્રુતા સ્થાયીતરીકે રહેતી નથી, પરંતુ કાર્યના યોગથીંજ મિત્રો અને શત્રુઓ ઉત્પન્ન થાય છે.[૧૩૮] કોઈક વેળા એમ પણ બને છે કે, જ્યારે સમય પલટાય છે, ત્યારે મિત્ર શત્રુ બની જાય છે અને શત્રુ મિત્ર બની જાય છે. એમાં કેવળ સ્વાર્થજ મહાબળવાન હોય છે.[૧૩૯] જે પુરુષ, કાર્યની યુક્તિને જાણ્યાવિના મિત્રો ઉપર વિશ્વાસ રાખે છે અને શત્રુઓપર વિશ્વાસ રાખતો નથી અથવા જેનું મન, કાર્યની યુક્તિને જાણ્યા વિના શત્રુ ઉપર કે મિત્ર ઉપર પ્રીતિ કરે છે,તે પુરુષની બુદ્ધિ પણ શત્રુ અથવા મિત્રના સંબંધમાં ચલિત હોય છે. નીતિશાસ્ત્રની આજ્ઞા છે કે, જેનાપર આપણો વિશ્વાસ ન ઠરતો હોય તેનો વિશ્વાસ કરવો નહિ; એટલુંજ નહિ પણ જેનાપર સંપૂર્ણ વિશ્વાસ હોય, તે પુરુષનો પણ અત્યંત વિશ્વાસ કરવો નહિ, કેમકે વિશ્વાસમાંથીજ કોઈ વેળા એવો મહાન ભય ઉત્પન્ન થાય છે, કે જે મૂળસુદ્ધાંનો ઉચ્છેદ કરી નાખે છે.[૧૪૦,૧૪૧] પિતા, માતા, પુત્ર, મામા, ભાણેજો, સંબંધીઓ અને બાંધવો કેવળ પોતપોતાના સ્વાર્થને લીધેજ અન્યોન્યનો સંબંધ રાખે છે.[૧૪૨] (પરંતુ સ્વાર્થ સરી રહે એટલે)માતાપિતા પણ પોતાના પ્રિય પુત્રને પતિત થયેલો જાણીને ત્યજી દે છે. તું સ્વાર્થનો સાર તો જો! આ સમગ્ર લોક, પોતાના પ્રિય મનુષ્યના ભોગે પણ પોતાના દેહનું રક્ષણ કરવા તત્પર રહે છે.[૧૪૩] હે બુદ્ધિમાન બિલાડા! આપણે બન્નેએ અન્યોન્યનો ઉપકાર કરીને સમાન રીતેજ નિષ્કૃતિ (બદલો)કરી લીધેલી છે; છતાં હવે, બંધનમાંથી મુક્ત થયા પછી તું તારા ઉપર ઉપકાર કરનારા શત્રને શોધે છે તે કેવળ તારા સુખના ઉપાયનેજ તું શોધે છે, એમાં સંશય નથી.[૧૪૪] તું અત્યંત ચપળ છે, તેથીજ આ વૃક્ષ ઉપરથી તું જ્યારે નીચે ઉતર્યો, ત્યારે આ સ્થાન ઉપર પ્રથમથી મૂકી રાખેલા ચાંડાલના કૂટયંત્રને જાણી શકયો ન હતો.[૧૪૫] જે પુરુષ ચપલ હોય છે, તેને પોતાના શરીરનું પણ ભાન હોતું નથી તો પછી તેને બીજાનું તો કયાંથીજ ભાન રહે? ખરેખર, ચપલ પુરુષ પોતાનાં સર્વ કાર્યોનો વિનાશ કરે છે.[૧૪૬] હે મિત્ર! હમણાં તું મને જે મધુર વચન કહે છે કે, “તું મને પ્રિય છે,” તેમાં પણ કારણ સમાયલું છે, તે હું તને વિસ્તારથી કહું છું, સાંભળ.[૧૪૭] અમુક કોઇ પુરુષ કારણને લીધેજ કોઇનો મિત્ર થાય છે અને કારણને લીધેજ કોઇનો શત્રુ થાય છે. આ સમગ્ર જગત કેવળ સ્વાર્થી છે. કોઈ કોઇને પ્રિય નથી.[૧૪૮] બે ભાઇઓવચ્ચે અથવા સ્ત્રીપુરુષના યુગલ વચ્ચે જે પ્રીતિ જોવામાં આવે છે, તે પણ નિષ્કારણ(સ્વાભાવિક) હોય છે, એમ હું માનતો નથી.[૧૪૯] હા, એટલું હોય છે ખરૂં કે, ભાઇઓભાઇમાં અથવા સ્ત્રીપુરુષોમાં તેવા કોઈ કારણને લીધે ક્રોધપૂર્વક ઝઘડો થાય છે તોપણ અમુક થોડો સમય ગયા:પછી તેઓ વળી પાછા સ્વાભાવિક પ્રેમને લીધે હળીમળી જાય છે; પરંતુ એ પ્રમાણે પરાયા માણસો પુનઃ હળીમળી જતા નથી.[૧૫૦] કોઈ એક પુરુષને દાન આપવાથી મિત્ર કરી શકાય છે, વળી બીજા કોઇને મિષ્ટ વચનો કહીને મિત્ર કરી શકાય છે અને ત્રીજા કોઇને મંત્ર, હોમ અને જપ વગેરેથી મિત્ર કરી શકાય

છે. આમ અનેક કાર્યોને લીધે એકબીજા, એકબીજાના મિત્રો થાય છે. આપણા બન્ને વચ્ચે પણ કારણને લીધેજ પ્રીતિ ઉત્પન્ન થઇ હતી; પણ તે પ્રીતિ તેના કારણના નાશની સાથેજ નાશ પામી છે.[૧૫૧,૧૫૨] હવે, આ સમયે હું તને પ્રિય લાગું છું તેમાં પણ એક કારણ રહ્યું છે, એમ હું માનું છું. મને ખાઇ જવા સિવાય બીજું હવે શું કારણ છે, કે જેને લીધે તું મારાપર પ્રીતિ કરે છે? અમે તો તે વિષયને પણ બરાબર જાણનારા છીએ.[૧૫૩] સમય, કારણમાં ફેરફાર કરે છે અને સ્વાર્થ, તે કારણને અનુસરે છે. ડાહ્યો પુરુષ તે સ્વાર્થને સમજી શકે છે અને આ સમગ્ર લોક ડાહ્યા પુરુષને અનુસરે છે.[૧૫૪] હું વિદ્વાન છું તેમજ સ્વાર્થના વિષયમાં કુશળ છું, માટે તારે હવે આપણા બન્ને વચ્ચે સ્નેહ રાખવાની વાત મને કહેવીજ નહિ. તું હવે સમર્થ છે, છતાં આ સમયે મારીસાથે સ્નેહ રાખવામાં તારો હેતુ છે, તે કાળથી વિરુદ્ધ છે.(વળી તારી આ સ્નેહલાગણીમાં જે હેતુ રહ્યો છે, તે મારા જાણવામાં છે;) માટે હું મારા સ્વાર્થથી ચલિત થઇશ નહિ, કેમકે સંધિ કરવામાં તથા વિગ્રહ કરવામાં હું ઘણોજ સ્થિર (બુદ્ધિનો) છું.[૧૫૫,૧૫૬] જેમ વાદળાંનાં સ્વરૂપો ક્ષણે ક્ષણે બદલાયા કરે છે, તેમ પ્રાણીઓના સ્વભાવ પણ ક્ષણે ક્ષણે બદલાયા કરે છે. તું આજેજ મારો શત્રુ હતો, આજેજ મિત્ર હતો અને આજેજ પાછો શત્રુ બની ગયો છે. અહો! કારણોની ચપળતા કેવી છે! તે તું જો. જ્યાંસુધી કારણ હતું, ત્યાંસુધી આપણે બન્ને મિત્ર થયા હતા, પણ કાળની પ્રેરણાને લીધે તે કારણ જ્યારે દૂર થયું, કે તુરતજ આપણી મિત્રતા પણ દૂર થઇ છે. તું મારો જન્મનો શત્રુ છે; પણ મારા સામર્થ્યને લીધેજ આજે મારો મિત્ર થયો હતો. હવે, જ્યારે આપણું કાર્ય સિદ્ધ થઈ ગયું છે, ત્યારે આપણી બન્નેની પ્રકૃતિ પુનઃ શત્રુભાવને પામી છે. હું આ પ્રકારનાં નીતિશાસ્ત્રનાં રહસ્યોને યથાવત જાણું છું, તેથી તેં પાથરેલી જાળમાં હું શી રીતે સપડાઇશ, તે તું પોતેજ મને કહે. હું તારા પરાક્રમથી સંકટમાંથી મુક્ત થયો છું અને તું મારા પરાક્રમથી મુક્ત થયો છે. આ રીતે આપણો એકબીજાના ઉપર અનુગ્રહ થઇ ચૂકયો છે તો હવે, આપણો બન્નેનો પુનઃ સમાગમ થશે નહિ. હે સૌમ્ય! આજે તું કૃતકૃત્ય થયો છે અને મારૂં કાર્ય પણ પૂર્ણ થયું છે.[૧૫૭–૧૬૨] જેથી હવે, મારૂં ભક્ષણ કરવા સિવાય બીજું એક પણ કાર્ય તારે મારી સાથે રહ્યું નથી. હું તારૂં અન્ન છું, તું મારૂં ભોજન કરનારો છે. વળી હું દુર્બળ છું અને તું બળવાન છે.[૧૬૩] આમ ભિન્ન સ્વભાવ તથા વિષમ બળ હોવાથી આપણા બન્ને વચ્ચે સંધિ હોઇ શકેજ નહિ. હું તારી બુદ્ધિને જાણી ગયો છું કે, બંધનમાંથી છૂટો થયા પછી તું પોતાના ભક્ષ્યની પ્રશંસા કરે છે તથા તે ઉપાયરૂપ કર્મ કરીને સુખેથી ભક્ષ્ય મેળવવાની ઈચ્છા રાખે છે. વળી તું પ્રથમ ભક્ષ્ય મેળવવાની શોધમાટેજ (આ વૃક્ષ ઉપરથી નીચે ઉતર્યો હતો પણ દૈવયોગે) ચાંડાલના કૂટયંત્રમાં સપડાઈ ગયો હતો. પછી જ્યારથી તેમાંથી તું મુકત થયો છે, ત્યારથી ક્ષુધાને લીધે પીડાય છે; માટેજ આ નીતિશાસ્ત્રની બુદ્ધિનો આશ્રય કરીને (મને મિત્રતરીકે સમીપમાં બોલાવે છે. પણ) આજે તું મને ખાધાવિના છોડે નહિ. હું જાણુંજ છું કે, તું ભૂખ્યો થયો છે અને તારો આહાર કરવાનો સમય પણ થઈ ચૂકયો છે[૧૬૪,૧૬૭] અને તેથીજ તું મને છેતરીને પોતાનું ભક્ષ્ય મેળવવા ઈચ્છે છે. હે મિત્ર! તું મારી સાથે મિત્રતા કરવા ધારે છે અને પોતાનાં સ્ત્રીપુત્રાદિકની સાથે રહીને મારી સેવા કરવાનો યત્ન કરે છે, પણ મને એવી સેવા કરાવવી યોગ્ય લાગતી નથી. ધાર કે, કદાચ હું તારી સાથે સંધિ કરૂં, તોપણ તારી પ્રિય સ્ત્રી અને પુત્રો, કે જેઓ તારા ઉપર સ્નેહ ધરાવે છે તેઓ, મને તારી સાથે બેઠેલો જોઈ, શામાટે હર્ષપૂર્વક ખાઈ ન જાય? માટે હું તારી પાસે હવે આવીશ નહિ. આપણા બન્નેનો સમાગમ થવામાં જે પ્રથમનું કારણ હતું તે હવે નથી રહ્યું.[૧૬૮–૧૭૦] તને મારા ઉપકારનું જો સ્મરણ આવ્યા કરતું હોય તો શાંત બેઠો બેઠો મારા

કલ્યાણનો વિચાર કર. તેવો કયો ડાહ્યો પુરુષ હોય, કે જે ક્ષુધાતુર થઈને ભક્ષ્યને શોધી રહેલા પોતાના દુષ્ટ શત્રુની સમીપમાં આપોઆપ જઈ ચઢે! તારૂં કલ્યાણ થાઓ. હવે હું જાઉં છું, કેમ કે દૂર રહ્યા છતાં પણ મને તારાથી ત્રાસ છૂટે છે.[૧૭૧,૧૭૨] જે પુરુષ, વિશ્વાસુ હોય છે અથવા પ્રમાદી હોય છે, તેણે એજ પરમ કર્તવ્ય માનવું જોઈએ કે, તેણે બળવાન પુરુષનો બીલકુલ પરિચયજ રાખવો નહિ; કેમકે પરિણામે તે પ્રશંસાપાત્ર નથી.[૧૭૩] હે લોમશ! હવે, તારી પાસે હું કદીપણ આવીશ નહિ; માટે તું વ્યર્થ આગ્રહ છોડી દે. જો તું મારા ઉપકારને જાણતો હો તો માત્ર મિત્રધર્મને અનુસરીને વર્તજે.[૧૭૪] જે બળવાન પુરુષ સ્વભાવતઃ દુષ્ટ હોય તે કોઈ સમયે શાંત જેવો દેખાય તોપણ તેના તરફથી મારે સદા ડરવું જોઈએ. (માટેજ હું તારી પાસે આવતો નથી.) જો તારૂં કાર્ય સ્વાર્થભરેલું ન હોય-અર્થાત મને ખાઈ જવાનો તારો વિચાર જો ન હોય, તો તું મને કહે, હું તારૂં શું પ્રિય કરૂં?[૧૭૫] (હું તને સત્ય કહું છું કે)તારી ઈચ્છા પ્રમાણે મારી સર્વ વસ્તુઓ હું તને આપીશ, પણ મારો આત્મા કદી આપીશ નહિ; કેમકે (નીતિવેત્તાઓ કહે છે કે,)આત્માના રક્ષણને માટે સંતતિનો, રાજ્યનો રત્નોનો તથા સર્વ પ્રકારના ધનનો પણ ત્યાગ કરી દેવો.[૧૭૬] કોઈ સમયે સર્વસ્વ ત્યજી દેવું પડે તોપણ તેની દરકાર નહિ કરીને આત્માનું રક્ષણ કરવું; કારણકે અમે સાંભળ્યું છે કે, મહાકષ્ટદાયક આપત્તિના સમયે ઐશ્વર્ય, ધન, રત્ન વગેરે સર્વ પદાર્થોને શત્રુઓને અર્પણ કરી દઈ, પોતાના જીવિતનું રક્ષણ કરનારા પુરુષોને તે સર્વ પુનઃ આવી મળે છે, માટેજ ધન અથવા રત્નોની પેઠે આત્માનું સમર્પણ કરી દેવું તે ઇચ્છવાયોગ્ય નથી;[૧૭૭,૧૭૮] સ્ત્રી તથા ધનસુદ્ધાંનો ત્યાગ કરીને કેવળ આત્માનુંજ રક્ષણ કરવું. જે પુરુષો, આત્મરક્ષણ કરવામાં તત્પર રહે છે અને સારી પેઠે પરીક્ષા કર્યા પછીજ કાર્યોને કરે છે, તેઓનાપર સ્વદોષજન્ય આપત્તિઓ કદી આવતીજ નથી અને જે નિર્બળ પુરુષો, પોતાના બળવાન શત્રુને સારી રીતે ઓળખી કાઢે છે, તેઓની બુદ્ધિ શાસ્ત્રીય નિશ્ચયથી દૃઢતર બની જઈને કદી ચલાયમાન થતી નથી." એ પ્રમાણે પલિત ઉંદરે, બિલાડાને સાફ સાફ કહીને ધિક્કારી કાઢયો, એટલે તે શરમાઈ ગયો અને પછી ઉંદરને આ રીતે કહેવા લાગ્યો.

લોમશે (બિલાડાએ) કહ્યું:-ખરેખર, તારી પાસે હું સોગંદ ખાઈને કહું છું કે, મિત્રનો દ્રોહ કરવો તે નિંદનીય છે. હું તારી બુદ્ધિને માન્ય ગણું છું અને કબૂલ કરૂં છું કે, તું મારૂં હિત કરવામાં તત્પર રહેનારો છે.[૧૭૯-૧૮૩] તેં મારા તરફ ભેદદૃષ્ટિ રાખીને જે કંઈ કહ્યું છે, તે તાત્ત્વિક અર્થથી યુક્ત છે તોપણ હે ભલા ઉંદર! તારે મને દુષ્ટતરીકે માનવો, એ યોગ્ય નથી.[૧૮૪] તેં મને પ્રાણદાન આપ્યું છે, તેને લીધે મારા મનમાં તારાપરનો સુહૃદ્ભાવ જાગૃતથયો છે. વળી હું ધર્મવેત્તા છું, ગુણગ્રાહી છું અને વિશેષે કરીને કરેલા ઉપકારને જાણનારો છું;[૧૮૫] એટલુંજ નહિ પણ મિત્રોપર હું સ્નેહ ધરાવનારો છું ને તારો તો ખાસ ભક્ત છું; માટે હે સત્પુરુષ! તારે મારી સાથે(પૂર્વની પેઠેજ)પુનઃ મિત્રતરીકે વર્તન રાખવું યોગ્ય છે.[૧૮૬] તું મને જો કહે તો હું મારા બાંધવોનો તથા પ્રાણોસુદ્ધાંનો પણ ત્યાગ કરી દઉં! પંડિતોએ, મારા જેવા મનસ્વી પુરુષોવિષે વિશ્વાસની સ્થિરતા અનુભવી છે,[૧૮૭] માટે હે ધર્મતત્ત્વને જાણનારા ઉંદર! મારાપર શંકા લાવવાને તું યોગ્ય નથી." એ પ્રમાણે બિલાડાએ સ્તુતિ કરી તોપણ ઉંદરે મનમાં ગંભીર ભાવમેજ ધારણ કર્યો-અર્થાત્ પોતે ફુલાઈ ગયો નહિ. પછી તેણે બિલાડાને કહ્યું કે:-"તું કહે છે કે, "હું સાધુપુરુષ છું" તે સાંભળીને મને આનંદ થાય છે, પણ તેથી હું તારો વિશ્વાસ તો નહિજ કરૂં. તું મારી ઘણી ઘણી સ્તુતિ કરીશ અથવા ધનના ઢગો મને અર્પણ કરીશ, તોપણ તું મનેં વશ કરી શકશે નહિ; કેમકે હે મિત્ર! બુદ્ધિમાન પુરુષો, કારણવિના શત્રુઓને વશ થતા નથી.[૧૮૮-૧૯૧] આના સંબંધમાં શુક્રાચાર્યે બે ગાથાઓ કહેલી છે. તે હું તને કહું છું, સાંભળ.

"शत्रुसाधारणे कृत्ये कृत्वा संधिं बलीयसा ।
समाहितश्चरेद् युक्त्या कृतार्थश्च न विश्वसेत् ॥
न विश्वसेदविश्वस्ते विश्वस्ते नातिविश्वसेत् ।
नित्यं विश्वासयेदन्यान् परेषां तु न विश्वसेत्॥"

પોતાનું તથા પોતાના શત્રુનું કાર્ય જ્યારે એકજ હોય, ત્યારે નિર્બળ પુરુષે પોતાના બળવાન શત્રુની સાથે સંધિ કરવી, પણ તેની સાથે સંધિ કર્યા પછી અત્યંત સાવધ રહીને ચાલવું અને યુક્તિપૂર્વક કામ કાઢી લેવું. પછી જ્યારે કાર્યની સિદ્ધિ થઈ જાય, ત્યારે તે બળવાન શત્રુનો વિશ્વાસ કરવો નહિ; કેમકે એવો સિદ્ધાંત છે કે, અવિશ્વાસુ પુરુષનો વિશ્વાસ કરવો નહિ તેમજ વિશ્વાસુનો પણ અતિશય વિશ્વાસ કરવો નહિ. નિત્ય બીજાઓને વિશ્વાસુ કરવા, પણ પોતે બીજાઓનો વિશ્વાસ કરવો નહિ.' આ શુક્રનીતિના વચન પ્રમાણે વર્તીને સર્વ અવસ્થાઓમાં પોતાના જીવિતનું રક્ષણ કરવું.[૧૯૨-૧૯૪] પુરુષ જો જીવતો રહે છે, તો દ્રવ્ય અને સંતતિ વગેરે સર્વ કંઇ તેને મળી આવે છે. આખા નીતિશાસ્ત્રનો સંક્ષિપ્ત સાર એજ છે કે, કોઇનો વિશ્વાસ કરવો નહિ;[૧૯૫] માટે જે પુરુષોમાં અવિશ્વાસ રાખવાનો ગુણ રહેલો છે,તેઓ પોતાનું પુષ્કળ હિત કરી શકે છે. દુર્બળો પણ કોઈનો વિશ્વાસ ન રાખે તો શત્રુઓ તેઓને મારી શકતા નથી;[૧૯૬] અને બળવાન પુરુષો પણ જો વિશ્વાસ રાખનારા હોય છે તો તેઓને દુર્બળ શત્રુઓ પણ મારી શકે છે, માટે હે માર્જાર! કોઇનો વિશ્વાસ નહિ કરીને મારે તારા જેવા બળવાન શત્રુઓથી આત્માનું સદાય રક્ષણ કરવું જોઇએ [૧૯૭] અને તું પણ જન્મથી પાપકૃત્ય કરનારા પેલા ચાંડાલથી તારા આત્માનું રક્ષણ કરજે." આ રીતે ઉંદરે પ્રસંગમાં ને પ્રસંગમાં ચાંડાલનું નામ લીધું એટલે તુરતજ પેલો બિલાડો ત્રાસને લીધે ભયભીત બની ગયો, જેથી એકદમ તે વૃક્ષની શાખાનો ત્યાગ કરીને બીજે સ્થળે નાસી ગયો,તેમજ શાસ્ત્રાર્થના તત્ત્વને જાણનારો પલિત ઉંદર પણ પોતાનું બુદ્ધિસામર્થ્ય સંભળાવીને બીજા દરમાં પેસી ગયો.

હે યુધિષ્ઠિર રાજા! એ રીતે દુર્બળ અને એકલો હોવા છતાં તે પલિત ઉંદરે પોતાની બુદ્ધિના બળથી મહા બળવાન એવા ઘણા શત્રુઓને છેતર્યા હતા; માટે ડાહ્યા પુરુષે, સમય આવ્યે સમર્થ એવા શત્રુની સાથે પણ સંધિ કરવી. [૧૯૮-૨૦૧] અન્યોન્ય શત્રુ હોવા છતાં બિલાડાએ અને ઉંદરે જો સંધિ કરી હતી તો એકબીજાના આશ્રયથી મહાદુઃખદાયી આપત્તિમાંથી તેઓ છૂટી ગયા હતા. હે મહારાજા! એ પ્રમાણે મેં તમને ક્ષાત્રધર્મનો માર્ગ વિસ્તારથી પ્રદર્શિત કર્યો; પણ હવે તેનો હું સંક્ષેપ કહું છું, તે તમે સાંભળો. કોઈ બે પુરુષોએ માંહોમાંહે પ્રથમ વૈર કર્યું હોય અને પછી કોઈ કાર્યપ્રસંગે તેઓ બન્નેએ ઉત્તમ પ્રીતિ કરી હોય, તોપણ તેઓ બન્નેની બુદ્ધિ અન્યોન્યને છેતરવા માટેજ નિત્ય તત્પર રહે છે. તેમાં જે બુદ્ધિમાન પુરુષ હોય છે, તે ઉત્તમ પ્રકારની બુદ્ધિનો આશ્રય કરીને પેલાને છેતરે છે;[૨૦૨-૨૦૪] પરંતુ બુદ્ધિમાન પુરુષ પણ જો પ્રમાદી હોય છે તો તેના પ્રમાદને સાધનભૂત કરીને મૂર્ખ પુરુષો પણ તેને છેતરી જાય છે,માટે (પ્રમાદનો ત્યાગ કરીને શત્રુથી ડરતા રહેવું અને)અંતઃકરણમાં ભય હોય છતાં ઉપરથી નિર્ભયના જેવો દેખાવ રાખવો; તથા અંદરખાનેથી અવિશ્વાસ હોવા છતાં ઉપરથી વિશ્વાસુના જેવો ડોળ કરવો.[૨૦૫] જે પુરુષ પ્રમાદથી રહિત છે, તે શત્રુઓના છળપ્રપંચથી કદી પણ ચલાયમાન થતો નથી અને કદાચ ચલાયમાન થાય તોપણ વિનાશ પામતો નથી. હે રાજા! સંધિવિગ્રહને જાણનારા નીતિવેત્તાઓ કહે છે કે, સમય આવ્યે શત્રુની સાથે પણ સંધિ કરવી અને સમય આવ્યે મિત્રની સાથે પણ યુદ્ધ કરવું. હે મહારાજા:! મેં કહેલા આ શાસ્ત્રાર્થજ્ઞાનને જાણીને તથા સંપાદન કરીને કાર્ય કરવામાં આસક્ત રહેવું અને પ્રસન્ન રહેવું; પરંતુ સંકટપ્રસંગ ઉપસ્થિત થાય તે પહેલાંજ ભયભીતની પેઠે આચરણ કરવું. જે વેળા કોઇનો આશ્રય કરવાનો સમય આવે, ત્યારે ભયભીતની પેઠેજ

વર્તવું અને કોઈની સાથે સંધિ:કરવાના સમયે પણ ભયભીતના જેવોજ ડોળ કરવો.[૨૦૬-૨૦૮] હે રાજન્! નિત્ય ભયભીત રહેવાથી તથા સાવધાનીપૂર્વક કાર્ય કરવાથી હરકોઇ પ્રસંગે બુદ્ધિ ગભરાતી નથી, પણ ઉલટી નવા સ્વરૂપમાં ઉત્પન્ન થાય છે; તેમજ જે પુરુષ ભય આવ્યા પહેલાં ભયભીત રહે છે, તેને ભયપ્રસંગ ઉપસ્થિત થતાં ભય રહેતો નથી,[૨૦૯] પણ :જે પુરુષ વિશ્વાસથી નિર્ભય થઇને વર્તે છે, તેને જે સમયે ભય આવે છે ત્યારે અતિમહાન ભય ઉત્પન્ન થાય છે. વળી જે પુરુષ નિત્ય નિર્ભય થઇને ફર્યા કરે છે તેને પોતાનો વિચાર કદી જણાવવો નહિ;[૨૧૦] કેમકે તે પુરુષના અજ્ઞાનને લીધે તે વિચાર પોતાનું છિદ્ર જોનારા પુરુષોમાં કદાચ પ્રસિદ્ધ થઇ જાય. વળી પોતે સૌનાથી ડરીને ચાલતો હોય અને કોઇનો પણ વિશ્વાસ કરતો ન હોય છતાં ઉપર ઉપરથી નિર્ભયની પેઠે અને વિશ્વાસુની પેઠે વર્તવું. તેમજ કાર્યના ગૌરવનો વિચાર કરીને લગારે અસત્ય આચરણ કરવું નહિ. હે યુધિષ્ઠિર! એ પ્રમાણે મેં તમને એ ઇતિહાસ કહ્યો છે.[૨૧૧,૨૧૨] તે સાંભળીને તમે તમારા સુહૃદો, શત્રુઓ અને મિત્રોની વચ્ચે યથાવત્ વર્તન કરજો ને ઉત્તમ બુદ્ધિને સંપાદન કરજો.[૨૧૩] સંધિવિગ્રહના સમયે પોતાને યોગ્ય લાગે તેવા ઉપાયોની યોજના કરીને સંકટપ્રસંગમાંથી મુક્ત થજો તેમજ જે કાર્ય શત્રુથી તથા તમારાથી-બન્નેથી બની શકે તેવું હોય તે કાર્ય કરવા માટે બળવાનની સાથે સંધિ કરજો.[૨૧૪] શત્રુના સમાગમમાં આવ્યા પછી યુક્તિથી કામ લેજો અને કાર્યસિદ્ધિ થઈ ગયા પછી તેનો વિશ્વાસ કરશો મા. હે રાજા! આ મેં કહેલી નીતિ ધર્માર્થકામરૂપ ત્રિવર્ગનો વિરોધ કરનારી નથી, માટે આ નીતિશાસ્ત્રનું અવલંબન કરીને પ્રજાઓનું રક્ષણ કરો. હે પાંડુપુત્ર! બ્રાહ્મણોને સાથે રાખીને તમારે રાષ્ટ્રમાં યાત્રા કરવી અથવા શત્રુઓ સામે ચઢાઈ કરવી;[૨૧૪,૨૧૫] કેમકે હે ભારત! આ લોકમાં તથા પરલોકમાં બ્રાહ્મણોજ પરમ શ્રેયરૂપ છે, એટલુંજ નહિ પણ તે બ્રાહ્મણો, ધર્મને તથા કરેલા ઉપકારને જાણનારા હોય છે અને તેઓનું બરાબર જો પૂજન કરવામાં આવે છે તો પરમ કલ્યાણ કરનારા થઇ પડે છે, માટે હે રાજા! તમારે તેઓનું પૂજન કરવું. બ્રાહ્મણોનું પૂજન કરવાથી તમે રાજ્યને, શ્રેયને, યશને, કીર્તિને તથા કુલસંતતિને ન્યાયપૂર્વક અને ક્રમપૂર્વક સંપાદન કરશો.[૨૧૬-૨૨૧] હે ભરતવંશી રાજા! બિલાડાના તથા ઉંદરના સંવાદરૂપ આ સંધિવિગ્રહનું સુભાષિત, ઉત્તમ બુદ્ધિને આપનારૂં છે, માટે રાજાએ તેનો વિચાર કરીને શત્રુમંડળના મધ્યમાં સદાકાળ તેનો ઉપયોગ કરવો.

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ આપદ્ધર્મપર્વમાં “માર્જાર અને મૂશકનો સંવાદ” એ વિષયનો અધ્યાય ૧૩૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૩૯ મો

રાજા બ્રહ્મદત્ત અને પૂજની(ચકલી)નો સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

उक्तो मंत्रो महाबाहो विश्वासो नास्ति शत्रुषु ॥
कथं हि राजा वर्तेत यदि सर्वत्र नाश्वसेत् ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે મહાબાહુ પિતામહ! શત્રુઓપર વિશ્વાસ નહિ રાખવાનો મંત્ર તમે મને કહ્યો, પરંતુ સર્વત્ર વિશ્વાસ નહિ રાખીને રાજાએ કેવી રીતે વર્તવું? તમે કહ્યું કે, વિશ્વાસ રાખવાથી રાજાઓપર ભય આવી પડે છે, પણ હું પૂછું છું કે, વિશ્વાસ નહિ રાખનારો રાજા શત્રુઓને કેવી રીતે જીતી શકે?[૨] હે પિતામહ! સર્વત્ર અવિશ્વાસ રાખવાવિષેની કથા તમારી પાસેથી સાંભળીને મારી બુદ્ધિ મોહમાં પડી ગઇ છે, માટે મારા એ સંશયને તમે દૂર કરો.”[૩]

ભીષ્મે કહ્યું:–હે રાજન્! પૂર્વે બ્રહ્મદત્ત રાજાના ઘરમાં એક ચકલીનો તથા તે રાજાનો જે સંવાદ થયો હતો, તે તમે સાંભળો.[૪] કાંપિલ્ય નામના નગરમાં બ્રહ્મદત્ત નામે એક રાજા રાજ્ય કરતો હતો. તેના અંતઃપુરમાં (રાણીવાસમાં)

પૂજની નામની એક ચકલી ઘણા લાંબા સમયથી રહેતી હતી.૫ તે ચકલી "જીવજીવક" નામના પક્ષીની પેઠે સર્વ પ્રાણીઓની ભાષાને જાણતી હતી અને પક્ષીની જાતિમાં ઉત્પન્ન થયેલી હતી, છતાં સર્વ વિષયોના તત્ત્વને જાણનારી અને સર્વજ્ઞ હતી.૬ એ ચકલીએ, રાજાના અંતઃપુરમાંજ એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો અને તેજ સમયે રાજાની રાણીએ પણ એક રાજકુમારને જન્મ આપ્યો.૭ આકાશગામિની પૂજનીચકલી કૃતજ્ઞ હતી, તેથી હમેશાં તે સમુદ્રના તીરઉપર જઇને બન્ને બાળકોમાટે (પોતાના બચ્ચાને માટે તથા રાજકુમારને માટે) બે ફળ લાવતી હતી.૮ પોતાનું બચ્ચું અને પેલો રાજકુમાર પુષ્ટ થાય તે માટે પ્રતિદિન બે ફળ તોડી લાવીને એક ફળ પોતાના બચ્ચાને આપતી હતી અને બીજું ફળ રાજપુત્રને આપતી હતી.૯ પૂજની જે ફળ લાવતી હતી, તે અમૃતના જેવાં સ્વાદિષ્ટ હતાં અને બળ તથા તેજની વૃદ્ધિ કરનારાં હતાં.આવાં બે ફળને તે વારંવાર લાવતી અને બન્ને બાળકોને આપતી,જેથી તે ફળનું ભક્ષણ કરીને રાજકુમારનું શરીર અત્યંત પુષ્ટ બની ગયું. એક સમયે, રાજકુમારને કેડ ઉપર બેસાડીને તેની ધાવમાતા અંતઃપુરમાં ફરતી હતી, તેવામાં રાજકુમારની દૃષ્ટિ પેલા પક્ષીના બાળક ઉપર પડી; એટલે તુરતજ ધાવની કેડ ઉપરથી ઉતરીને તે રાજકુમાર, બાળસ્વભાવને લીધે પેલા બચ્ચા પાસે જઈ પહોંચ્યો અને તે પક્ષીની સાથે બાળકપણાથીજ યત્નપૂર્વક રમવા લાગ્યો.૧૦–૧૨ હે રાજેંદ્ર! તે પછી પોતાની સાથેજ જન્મેલા તે પક્ષીના બાળકને રમતાં ને રમતાં પકડી લઈને, રાજકુમાર રાજમહેલના એક ખૂણામાં તેને લઇ ગયો ને ત્યાં તેને મારી નાખીને પોતાની ધાવમાતા પાસે આવતો રહ્યો.૧૩ હે રાજન્! દરરોજના નિયમપ્રમાણે પૂજની, ફળ લઇને જ્યારે આવી, ત્યારે તેણે રાજકુમારે મારી નાખેલા પોતાના બચ્ચાને પૃથ્વીપર પડેલું જોયું.૧૪ બચ્ચાને મરણ પામેલું જોઇ પૂજનીનું મોઢું અશ્રુઓથી ઉભરાઈ જવા લાગ્યું. તે બિચારી દુઃખથી સંતપ્ત થઈને રડવા લાગી અને રડતી રડતી આ પ્રમાણે બોલી:–૧૫ "ખરેખર, ક્ષત્રિયની સંગત કરવી નહિ; કેમકે તેઓનામાં પ્રીતિ કે સુહૃદ્‌ભાવ હોતો નથી. જ્યારે તેઓને પોતાનો સ્વાર્થ સાધવાનો હોય છે,ત્યારે મીઠાં મીઠાં વચનો બોલે છે અને સ્વાર્થ સરી રહે એટલે સામાનો ત્યાગ કરે છે.૧૬ ક્ષત્રિયોનો કદી વિશ્વાસજ ન કરવો; કારણ કે તેઓ સર્વનો અપકાર કરનારા છે. વળી તેઓ પ્રથમ અપકાર કરી ને પાછળથી વ્યર્થ મીઠું મીઠું બોલે છે.૧૭ આ રાજકુમાર કૃતઘ્ની છે, ક્રૂર છે અને અત્યંત વિશ્વાસઘાતી છે,માટે હું તેણે કરેલા વૈરનો આજે યોગ્ય બદલો લઇશ.૧૮ મારૂં બચ્ચું જે તેની સાથેજ ઉત્પન્ન થયું હતું, તેની સાથેજ ઉછરીને મોટું થયું હતું અને તેની સાથેજ ખાનપાન કરતું હતું, તેનો–શરણાગતનો વધ કરીને તેણે ત્રણ પ્રકારનું પાતક કર્યું છે."૧૯ આમ કહીને તે ચકલીએ પોતાના બન્ને પગના નહોર ભરાવીને રાજપુત્રનાં નેત્રને ફોડી નાખ્યાં અને પછી આકાશમાં ઉડી જઇને તે આ પ્રમાણે બોલી:– "જે કોઇ પ્રાણી બુદ્ધિપૂર્વક પાપકૃત્ય કરે છે તેને તત્કાળ તે પાપકૃત્યનું ફળ મળે છે. હરકોઇ પ્રકારના શુભ અશુભ કર્મનો કદી વિનાશ થતો નથી. જેણે જેવું કર્મ કર્યું હોય છે તેને તેવું ફળ મળેજ છે.૨૧ હે બ્રહ્મદત્ત રાજા! જે કંઈ પાપકૃત્ય કરવામાં આવે છે તેનું ફળ તેના કર્તાને જો નથી મળતું તો એ કર્તા પુરુષના પુત્રને, પૌત્રોને અથવા પૌત્રોના પુત્રોને પણ અવશ્ય મળેજ છે."૨૨ ચકલી આમ કહેતી હતી, તે વેળા રાજા બ્રહ્મદત્તે પોતાના પુત્ર સામે જોયું તો તેનાં નેત્રોને પૂજનીએ ફોડી નાખ્યાં હતાં; પરંતુ રાજાએ માન્યું કે, આમાં પૂજનીનો દોષ નથી. રાજકુમારે જે પાપી કૃત્ય કર્યું હતું તેનો તેને યોગ્ય બદલો મળ્યો છે. પછી તેણે પૂજનીને કહ્યું.૨૩

બ્રહ્મદત્ત બોલ્યો:–"હે પૂજનિ! તારા પુત્રને મારીને અમે જે પાપી કૃત્ય કર્યું હતું તેનો તેં યોગ્ય બદલો લીધો છે, જેથી અમારૂં અને તારૂં

કર્મ પરસ્પર સમાન થઈ ગયું છે; માટે હવે તું જા મા, પણ મારા ઘરમાં રહે.” [૨૪]

પૂજની બોલી:–“જેણે એક વખત કોઈનો અપરાધ કર્યો હોય તેણે પુનઃ તેનાજઉપર વિશ્વાસ કરવો, એ વિદ્વાનોની દૃષ્ટિએ પ્રશંસાપાત્ર ગણાતું નથી; માટે તે અપરાધીએ તેનાથી દૂર ચાલ્યા જવું, એમાંજ તેનું શ્રેય સમાયલું છે.[૨૫] જેની સાથે એક વખત વૈર બંધાયું હોય, તે પુરુષ હરઘડી સાંત્વન કર્યા કરે તોપણ તેનો વિશ્વાસ કરવો નહિ; છતાં પણ જે મૂઢ પુરુષ તેવા વૈરીનો વિશ્વાસ કરે છે, તે તત્કાળ સપડાઈ પડે છે, કેમકે વૈરની કદી શાંત થતી નથી.[૨૬] જેઓએ માંહોમાંહે વૈર કર્યું હોય છે, તેઓના પુત્રોનો તથા પૌત્રોનો મૃત્યુ નાશ કરે છે, અને પછી પુત્રપૌત્રોના નાશને લીધે તેઓના પરલોકનો પણ વિનાશ થાય છે–અર્થાત્ પુત્રપૌત્રોના નાશદ્વારા નષ્ટ થયેલી પારલૌકી ક્રિયાના અભાવે, તેઓ પરલોકથી ભ્રષ્ટ થાય છે;[૨૭] માટે જેઓની સાથે એક વખત વૈર થયું હોય, તેઓનો સર્વથા અવિશ્વાસ રાખવો, તેજ પરિણામે સુખકર છે. તાત્પર્ય કે, વિશ્વાસઘાતક પુરુષોનો કદી વિશ્વાસજ કરવો નહિ.[૨૮] નીતિશાસ્ત્રનો સિદ્ધાંત છે કે, અવિશ્વાસુનો કદી વિશ્વાસ કરવો નહિ. તેમજ વિશ્વાસુનો પણ ઘણો વિશ્વાસ કરવો નહિ; કેમકે વિશ્વાસમાંથી કોઈ વેળાએવું મહાન ભયઉત્પન્ન થાય છે, જે મૂળસુદ્ધાંને કાપી નાખે છે. બીજાઓને પોતાની ઇચ્છામાં આવે ત્યાંસુધી વિશ્વાસુ બનાવવા પણ પોતે બીજાઓનો વિશ્વાસ કરવો નહિ.[૨૯] જગતમાં જેટલા બાંધવો ગણાય છે, તેઓમાં કેવળ માતાપિતાજ શ્રેષ્ઠ ગણાય છે. સ્ત્રી તો વીર્યનું હરણ કરનારી એક વૃદ્ધાવસ્થાજ છે; પુત્ર વંશના એક બીજરૂપ છે. ભાઈ શત્રુરૂપ છે; મિત્ર, હાથ ચીકણા થાય ત્યાંસુધીજ સંબંધ રાખનારો છે. વસ્તુતઃ આત્મા એકલોજ સુખદુઃખનો ભોક્તા છે.[૩૦] જેઓએ અન્યોન્ય વૈર કરેલું હોય છે, તેઓવચ્ચે પુનઃ સંધિ કરવામાં આવે તે યોગ્ય ગણાતું નથી. હું જે કારણથી તારા ઘરમાં નિવાસ કરી રહી હતી, તે કારણ હવે દૂર થયું છે.[૩૧] જેણે કોઈનો અપકાર અથવા અપ્રિય કર્યું હોય છે, તેને ધન, માન વગેરે આપીને ખૂબ સત્કાર કરવામાં આવે તોપણ તેનું મન (અપકાર અથવા અપ્રિયને સહન કરનારા પેલા પુરુષના ઉપર) વિશ્વાસુ બની શકતું નથી અને તે પુરુષનું કર્મ બીજા નિર્બળ પુરુષોને ત્રાસ પમાડે છે.[૩૨] જે સ્થળે પ્રથમ પોતાનું ઘણુંજ સન્માન કરવામાં આવ્યું હોય, તે સ્થળે પાછળથી જો અપમાન કરવામાં આવે તો બુદ્ધિમાન પુરુષે ત્યાં રહેવુંજ નહિ; કેમકે અપમાન કર્યા પછી તે સ્થળે ભલે કદાચ પુષ્કળ માન આપવામાં આવે તોપણ તે સ્થાન શત્રુનુંજ સ્થાન ગણાય છે.[૩૩] હું તારે ઘેર પ્રથમ ઘણો કાળ થયાં સુખેથી રહેતી હતી; પરંતુ હવે આવું વૈર ઉભું થયું છે, માટે હું સુખેથી સત્વર ચાલી જઈશ.”

બ્રહ્મદત્તે કહ્યું:–“હે પૂજનિ ! જે પુરુષ પોતાના અપરાધબદલ સામાનો અપરાધ કરે છે, તે અપરાધી ગણાતો નથી, પણ ઉલટો તે ઋણમુક્ત થાય છે માટે તું સુખેથી અહીં રહે, પણ જા મા.”

પૂજનીએ કહ્યું:–“જેણે પ્રથમ અપરાધ કર્યો હોય છે, તે પુરુષની અને જેણે તેના અપરાધબદલ સામો અપરાધ કર્યો હોય છે તે પુરુષની પુનઃ મિત્રતા બંધાતી નથી; કેમકે તેઓએ કરેલા અન્યોન્યના અપરાધને તેઓનાં હૃદય તો જાણેજ છે.”[૩૬]

બ્રહ્મદત્તે કહ્યું:–“ જેણે પ્રથમ અપરાધ કર્યો હોય છે તેની તથા તેના અપરાધબદલ જેણે સામો અપરાધ કર્યો હોય છે તેની મિત્રતા પુનઃ સંધાય છે; કેમકે તેઓનું વૈર, અન્યોન્યનો બદલો લઈને શાંત પડી જાય છે ને વળી તે અપરાધીને પાપ પણ ભોગવવું પડતું નથી.”[૩૭]

પૂજનીએ કહ્યું:–“વૈર કદી શાંત થતુંજ નથી, જેથી માંહોમાંહે સાંત્વન કર્યા છતાં પણ એમ માનવું નહિ કે, “મેં અપરાધ કર્યો હતો છતાં તેણે મારૂં સાંત્વન કર્યું છે.” કેમકે તેવો વિશ્વાસ રાખવાથી આ જગતમાં ઘણા પુરુષો સપડાઈ પડે છે, માટે જ્યાં વૈર બંધાયું હોય ત્યાંથી પલાયન કરી જવામાંજ શ્રેય સમાયલું છે.[૩૮] જેમ મોટા મદમત્ત હાથીઓને હાથણીઓદ્વારા કેદ

પકડી શકાય છે, તેમ જેઓને બલથી અથવા મહા તીક્ષ્ણ શસ્ત્રોથી પણ વશ કરી શકાતા નથી, તેઓને કેવળ સામવચનથી (મીઠાં મીઠાં ઔપચારિક વચનથી) વશ કરી શકાય છે."[૩૯]

બ્રહ્મદત્તે કહ્યું:–"અરે! જેઓની વચ્ચે મહા જીવલેણ વૈર બંધાયાં હોય છે છતાં પણ જો તેઓ સાથે રહે છે તો તેથી સ્નેહ ઉત્પન્ન થાય છે અને એકબીજાપર વિશ્વાસ બંધાય છે. જેમકે, કૂતરાના માંસનું ભક્ષણ કરનારો ચાંડાલ, કૂતરાના સહવાસમાં આવીને તેની સાથે સ્નેહ કરેજ છે.[૪૦] જેઓએ અન્યોન્ય વૈર કર્યું હોય છે, તેઓ જો નિરંતર સાથેજ રહે છે તો તેઓનું વૈર શાંત પડી જાય છે અને જેમ કમળનાં પાંદડાં ઉપર પાણી ટકી શકતું નથી તેમ તેઓના હૃદયમાં વૈર ટકી શકતું નથી."[૪૧]

પૂજનીએ કહ્યું:–"પંડિતો કહે છે કે, પાંચ પ્રકારે વૈરની ઉત્પત્તિ થાય છે. તેમાં એક તો સ્ત્રીને માટે થયેલું વૈર, બીજું રાજ્ય અથવા ગૃહાદિકને માટે થયેલું વૈર, ત્રીજું દુષ્ટ વાણી બોલવાથી થયેલું વૈર, ચોથું જન્મસિદ્ધ વૈર અને પાંચમું અન્યોન્ય અપરાધ કરવાથી ઉત્પન્ન થયેલું વૈર.*[૪૨] જે પુરુષે પોતાની સાથે વૈર કર્યું હોય, તે પુરુષ ધનાદિક અર્થને જો આણી આપનારો હોય તો તેને કદી પણ ગુપ્તરીતે અથવા જાહેરમાં મારવો નહિ. તેમાં ક્ષત્રિયે તો તેવા પુરુષને ખાસ મારવોજ નહિ. ભલે પછી તેને બળવાનતરીકે જાણવામાં આવે અથવા નિર્બળતરીકે જાણવામાં આવે.[૪૩] (આ ન્યાય પ્રમાણે મેં તારી સાથે વૈર કર્યું છે, છતાં હું નિત્ય બે સ્વાદિષ્ટ ફળોને લાવી આપનારી છું, જેથી તું–ક્ષત્રિય, મને મારીશ નહિ તોપણ) જેની સાથે એક વખત વર બંધાયું હોય તે સુહૃદ હોય છતાં તેનો વિશ્વાસ કરવો નહિ; કેમકે (તેવાની સાથે વિશ્વાસમાં રહેવું, એ નીતિશાસ્ત્રથી વિરુદ્ધ છે; અને) અગ્નિ જેમ લાકડાંમાં ગુપ્ત રીતે રહે છે, તેમ વૈર પણ પુરુષના હૃદયમાં ગુપ્ત રીતે રહે છે.[૪૪] હે રાજન્! સમુદ્રમાં સળગી ઉઠેલા વડવાગ્નિને જેમ શાંત પાડી શકાતો નથી, તેમ પુરુષના હૃદયમાં સળગી ઉઠેલા કોપાગ્નિને ધનદાનથી, હિતોપદેશથી, સાંત્વવચનોથી અથવા શરણ લેવાથી પણ શાંત પાડી શકાતો નથી.[૪૫] હે રાજા! માંહોમાંહે સળગી ઉઠેલો વૈરાગ્નિ બેમાંથી એકને બાળીને ભસ્મ કર્યા વિના કદી શાંત થતો નથી, તેમજ અપરાધજન્ય કર્મ પણ બેમાંથી એકનો નાશ કર્યા વિના કદી વિરામ પામતું નથી.[૪૬] જેણે પ્રથમ અપકાર કર્યો હોય, તેને બીજો સામો માણસ તેના અપરાધને સહન કરીને પણ ધનમાનાદિકથી સત્કાર આપે તોપણ તે પૂર્વાપરાધીએ, પેલા સત્કાર આપનાર પુરુષને પોતાનો શત્રુજ માનીને કોઈ પ્રસંગે તેનો વિશ્વાસ કરવો નહિ; કેમકે તેણે પ્રથમ જે અપકારરૂપી કર્મ કર્યું હોય છે, તે નિર્બળ પુરુષોને ત્રાસજનક થઈ પડે છે.[૪૭] હું જેમ બીજા કોઇ પણ અપકાર કરનારા પુરુષ ઉપર વિશ્વાસ રાખતી નથી, તેમ તારા ઉપર પણ વિશ્વાસ રાખી શકું તેમ નથી; એ પ્રમાણેજ તારે મારો વિશ્વાસ રાખવો યોગ્ય નથી, આજ દિવસસુધી હું તારા ઘરમાં રહી હતી, પણ હવે મને તારા ઉપર વિશ્વાસ આવતો નથી."[૪૮]

બ્રહ્મદત્તે કહ્યું:–"સર્વ કાર્યોને તથા બીજી અનેક પ્રકારની ક્રિયાઓને કાળજ કરે છે. કાળને અધીન રહીને આ સર્વ જગત પ્રવૃત્ત કરે છે, તેમાં કોણ કોનો અપરાધ કરે છે?[૪૯] જન્મ અને મરણ–એ બન્ને કેવળ કાળને લીધેજ સમાનરીતે પ્રવૃત્તિ કર્યા કરે છે. જગતમાં જે કંઇ કરાય છે તેમાં કાળજ હેતુભૂત છે અને કાળના નિમિત્તેજ કોઇ જીવી શકતું નથી.[૫૦] આ જગતમાં કેટલાંએક પ્રાણીઓ એકીસાથે કાળના સપાટામાં સપડાય છે, કેટલાંએક એક પછી એક કાળથી ઘે-

---

*કૃષ્ણ અને શિશુપાલવચ્ચે સ્ત્રી(રુકિમણી)-ને લીધે વૈર બંધાયું હતું, પાંડવકૌરવોની વચ્ચે રાજ્યને લીધે વૈર બંધાયું હતું, દ્રોણાચાર્ય અને દ્રુપદ રાજા વચ્ચે દુષ્ટ વાણી બોલવાથી વૈર બંધાયું હતું, ઉંદર અને બિલાડાવચ્ચે જન્મસિદ્ધ વૈર છે અને અહીં જણાવ્યા પ્રમાણે રાજા બ્રહ્મદત્ત અને પૂજની ચકલી વચ્ચે જે વૈર બંધાયું હતું તેવું વૈર અન્યોન્યના અપરાધથી ઉત્પન્ન થાય છે. **નીલકંઠ**

રાઈ જાય છે અને બીજાં કેટલાંએક અમુક ઘણા કાળ સુધી પણ કાળના સપાટામાં સપડાતાં નથી; પરંતુ અગ્નિ જેમ કાષ્ઠને બાળીને ભસ્મ કરી નાખે છે, તેમ કાળ પણ સર્વ પ્રાણીઓને બાળીને ભસ્મ કરેજ છે.[૫૧] હે શુભે પૂજનિ! સ્થૂળ દૃષ્ટિએ જોઇએ છીએ ત્યારેજ આપણને એમ જણાય છે કે, તારા અપરાધનું કારણ અથવા પ્રમાણ હું છું અને મારા અપરાધનું કારણ તું છે, પણ વસ્તુતઃ તેમ નથી; કેમકે કાળજ સર્વ પ્રાણીઓને સુખદુઃખ આપ્યા કરે છે,[૫૨] માટે હે પૂજનિ! તું અમારાપર સ્નેહ રાખીને તારી ઇચ્છાપ્રમાણે અહીં નિવાસ કર, તને કોઇ પણ મારશે નહિ, તું મારા અપરાધને ક્ષમા કર અને હું તારા અપરાધને ક્ષમા કરૂં છું."[૫૩]

પૂજનીએ કહ્યું:–"તારા મતપ્રમાણે કાળજ પ્રમાણભૂત છે–સર્વનો કર્તાહર્તા છે તોપછી કોઇને કોઈની સાથે વૈરજ ન થવું જોઇએ અને એ રીતે જો વૈરજ ન બંધાય તો પછી શામાટે બાંધવો, બીજાએ કરેલા બાંધવોના નાશને માટે વૈર લે છે? અને શામાટે પ્રાચીનકાળમાં દેવો તથા અસુરોએ અન્યોન્યને પ્રહાર કર્યા હતા? તેમજ જો કાળજ સર્વને મારે છે,સુખદુઃખ આપે છે અને કાળજ જન્મમરણનું કારણ છે, તોપછી વૈદ્યો શામાટે રોગીઓના ઔષધોપચાર કરવાની ઇચ્છા કરે છે? જો કાળજ સર્વને સુખી દુઃખી કરે છે તોપછી ઔષધોનો શો ઉપયોગ?[૫૪,૫૬] અને તારા મત પ્રમાણે કાળજ સર્વ પ્રકારનાં કર્મોનું કારણ છે, તો પછી લોકો શામાટે શોકથી બેભાન બની જઈને રોકકળ કરે છે? અને હરકોઇ પ્રકારનું કર્મ કરનારાઓ ઉપર કર્તૃત્વધર્મ કેમ સંભવી શકશે? (અર્થાત્ પાપપુણ્યનો કર્તા જગતમાં કોઇ પણ નહિ મળે, તોપછી વિધિનિષેધ શાસ્ત્રની શી દશા?)[૫૭] હે રાજા! તારા પુત્રે મારા બચ્ચાને મારી નાખ્યું તેથી મેં તેનાં નેત્રો ફોડી નાખ્યાં; અને હવે, હે રાજા! તારે મારોજ વધ કરવાનો બાકી રહ્યો છે.[૫૮] મેં પુત્રના શોકથી વિહ્વળ થઇને તારા પુત્રના સંબંધમાં પાપી કૃત્ય કર્યું છે, તેથી તું મને કેવી રીતે મારવા તૈયાર થઇશ, તે હું તને યથાર્થ રીતે કહું છું, સાંભળ.[૫૯] જગતમાં મનુષ્યો પક્ષીઓને પાળવાની જે ઇચ્છા કરે છે, તેમાં બે હેતુઓ હોય છે. કાં તો તેઓનું ભક્ષણ કરવા માટે પાલન કરવામાં આવે છે અને કાં તો તેઓની સાથે રમતગમત કરવા માટે પાલન કરવામાં આવે છે. આ રીતે વધ અથવા બંધનસિવાય ત્રીજો કોઇ પણ મનુષ્યોનો અને પક્ષીઓનો યોગ્ય સંબંધ નથી;[૬૦] માટેજ પક્ષીઓ વધ અને બંધનના ભયથી સ્વતંત્રતાનો આશ્રય કરે છે. વળી વેદવેત્તાઓ કહે છે કે, મરણરૂપ ઉત્પાતમાંથી દુઃખની ઉત્પત્તિ થાય છે.[૬૧] સર્વ પ્રાણીઓને પોતાના પ્રાણ વહાલા હોય છે, સર્વ પ્રાણીઓને પુત્રો વહાલા હોય છે, સર્વ કોઇને દુઃખથી ઉદ્વેગ થાય છે અને સર્વ કોઇને સુખનીજ ઇચ્છા હોય છે.[૬૨] હે બ્રહ્મદત્ત રાજા! વૃદ્ધાવસ્થા દુઃખરૂપ છે, અર્થનો નાશ તે દુઃખરૂપ છે, અનિષ્ટની સાથે સંવાસ તે દુઃખરૂપ છે, ઇષ્ટની સાથે વિયોગ તે દુઃખરૂપ છે, વધ અને બંધનને લીધે પણ દુખ થાય છે, સ્ત્રીના સંબંધને લીધે પણ દુઃખ થાય છે, સ્વાભાવિક રીતે પણ દુઃખ ઉદ્ભવે છે અને પુત્રના નાશથી અથવા પુત્રની દુષ્ટતાથી પણ મનુષ્યોને દુઃખ થાય છે.[૬૩,૬૪] કેટલાએક બુદ્ધિહીન પુરુષો બીજાના દુઃખને દુઃખજ માનતા નથી અને જે પુરુષ દુઃખને ઓળખતો નથી તે પણ દુઃખના સંબંધમાં મનુષ્યોની વચ્ચે જેમ આવે તેમ બકે છે;[૬૫] પરંતુ જે પુરુષ સર્વ પ્રકારના દુઃખના રસને જાણનારો છે અથવા સર્વ જાતનાં દુઃખોને અનુભવી ચૂકયો છે, તે તો બીજાના દુઃખને જોઈને પોતે પણ દુઃખાર્ત બનીને શોક કરે છે અને પારકાના દુઃખને પોતાનુંજ દુઃખ માને છે. (અને તે પુરુષ અજ્ઞાનીની પેઠે બકવાદ કરવાનો કેમ ઉત્સાહ કરશે?)[૬૬] હે શત્રુદમન રાજા! તેં મને જે દુઃખ આપ્યું છે અને મેં તને જે દુઃખ આપ્યું છે, તેને વર્ષોના સૈકાઓ સુધી પણ દૂર કરી શકાય તેમ નથી.[૬૭] આપણા બન્નેવચ્ચે જે મિત્રતા હતી તે હવે સમાપ્ત થઇ છે. આપણા બન્ને વચ્ચે હવે સંધિ થશે નહિ. તું તારા પુત્રનું જેમ જેમ સ્મરણ કરીશ, તેમ

તેમ તારા હૃદયમાં નિત્ય નવું વૈર થયા કરશે.[૬૮] હૃદયમાં વૈરનું સાંન્નિધ્ય હોવા છતાં જે પુરુષ વૈરીની સાથે પ્રીતિ કરવા ઇચ્છે છે, તે ભાંગી ગયેલા માટીના વાસણને પુનઃ સાંધવામાટે ઇચ્છે છે-અર્થાત્ ભાંગી પડેલું માટીનું વાસણ પુનઃ જેમ સંધાતું નથી, તેમ વૈરી બનેલા પુરુષની સાથે પુનઃ પ્રીતિ કરી શકાતી નથી;[૬૯] માટેજ સ્વાર્થનો બોધ આપનારાં નીતિશાસ્ત્રોમાં એવો નિશ્ચય કરવામાં આવ્યો છે કે, વિશ્વાસ દુઃખને ઉત્પન્ન કરનારો છે. પૂર્વે, શુક્રાચાર્યે એ વિષયમાં પ્રહ્લાદને બે ગાથાઓ કહી હતી કે,[૭૦]

“ये वैरिणः श्रद्दधते सत्ये सत्येतरेऽपि वा ॥
वध्यंते श्रद्दधानास्ते मधु शुष्कतृणैर्यथा ॥७१॥
न हि वैराणि शाम्यंति कुले दुःखगतानि च।
आख्यातारश्च विद्यंते कुले वै म्रियते पुमान् ॥”

શત્રુઓના વચનપર વિશ્વાસ રાખીને તેઓએ દેખાડેલા મધને લેવા માટે દોડેલા પુરુષો, માર્ગમાં શત્રુઓએ સૂકા ઘાસથી ઢાંકી દીધેલા ભયંકર કૂવામાં જેમ પડી મરે છે તેમ, જેઓ શત્રુના સત્ય અથવા અસત્ય વચન ઉપર શ્રદ્ધા રાખે છે, તેઓ પણ શત્રુઓની કપટજાળમાં ફસાઇ મરે છે.[૭૧] જે કુળમાં દુખદાયી વૈર ઉભાં થયાં હોય છે, તેઓ કદી શાંત થતાં નથી; કેમકે તે વૈરને તાજું કરી આપનારા ઘણા પુરુષો કુળમાં હયાત હોય છે અને કદાચ તે વૈરને જાણનારા બધાય પુરુષો મરી ખૂટી જાય તોપણ તેમાંનો એકાદ પુરુષ તો કુળમાં જીવતો હોયજ છે અને તે પુરુષ, પેલા વૈરને ટકાવી રાખે છે.”[૭૨] હે રાજા! ઘણા પુરુષો તેવા પણ હોય છે, કે જેઓ પ્રથમ વૈર કરીને પાછળથી સાંત્વન કરે છે અને પછી શત્રુને વશ થયેલો જાણી, પાણીથી ભરેલા ઘડાને જેમ પથ્થર ઉપર ભાંગી નાખવામાં આવે છે,તેમ તેને (શત્રુને) પીસી નાખે છે.[૭૩] જે રાજાએ, કોઈની સાથે મહાપાપજનક વૈર બાંધ્યું હોય છે, તેણે કોઇનો વિશ્વાસજ કરવો નહિ; કેમકે બીજાઓનો અપકાર કર્યા પછી તેઓનાપર વિશ્વાસ રાખવાને લીધે રાજા દુઃખી થાય છે.”[૭૪]

બ્રહ્મદત્તે કહ્યું:-“ સર્વત્ર અવિશ્વાસ રાખવાથી મનુષ્યો અર્થને સંપાદન કરી શકે નહિ અને કોઇ પ્રકારનું કાર્ય કરવાની ઇચ્છા પણ કરી શકે નહિ. વળી હરકોઇ પ્રકારના એક ભયનુંજ નિત્ય ચિંતન કરવાથી મનુષ્યો લગભગ મુવેલા જેવા થઈ જાય છે.”[૭૫]

પૂજનીએ કહ્યું:-“ જે પુરુષના બન્ને પગમાં ગુમડાં થયાં હોય છે, તે પુરુષ જો ચાલવા માંડે છે તો તેના બન્ને પગ લૂલા બની જાય છે ને તે ઉપરાંત તેના પગની ધાતુઓમાં અત્યંત ગુપ્ત રીતે વિકાર ઉત્પન્ન થાય છે;[૭૬] તેમજ જેનાં નેત્રોમાં કોઇ પ્રકારની પીડા થઇ હોય છે, તે પુરુષ વાયુની સામે જો જુએ છે તો અવશ્ય તેનાં નેત્રોમાં ઉલટી વધારે પીડા ઉત્પન્ન થાય છે.[૭૭] જે પુરુષ, મોહને લીધે પોતાના બળને જાણ્યાવિના દુષ્ટ માર્ગે ગમન કરે છે, તેનું જીવિત તે માર્ગમાં ગમન કર્યા સુધીનુંજ હોય છે.[૭૮] જે ખેડુત, વૃષ્ટિકાળને જાણ્યાવિના ક્ષેત્રને ખેડીને બીજ વાવે છે, તેનો પુરુષાર્થ (જાતમહેનત) વ્યર્થ જાય છે અને તેને ધાન્યલાભ પણ થતો નથી;[૭૯] જે પુરુષ કડવા, તુરા, સ્વાદિષ્ટ અથવા મધુર પણ પથ્ય આહારનું નિત્ય ભોજન કરે છે, તેને તે આહાર અમૃતતુલ્ય ગુણકારક થઇ પડે છે;[૮૦] પણ જે પુરુષ મૂર્ખાઇને લીધે પથ્ય આહારનો ત્યાગ કરીને પરિણામને જાણ્યાવિના દુષ્ટ અથવા અપથ્ય આહારનું ભોજન કરે છે, તેનું જીવિત તે આહારના ભક્ષણ સુધીનુંજ સમજવું.[૮૧] દૈવ અને પુરુષાર્થ-એ બન્ને અન્યોન્યનો આશ્રય કરીને રહેલા છે. તેમાં જેઓ ઉદાર બુદ્ધિવાળા અથવા પરાક્રમી હોય છે, તેઓ સત્કર્મરૂપ પુરુષાર્થનો આશ્રય કરે છે, ત્યારે નપુંસકો, દૈવનું ઉપાસન કર્યા કરે છે,[૮૨] માટે તીક્ષ્ણ અથવા કોમળ-હરકોઇ પ્રકારનું પોતાનું હિતકારક કર્મજ કરવું; કેમકે કર્મ નહિ કરનારો દરિદ્રી પુરુષ, સદાકાળ અનર્થોનો ગ્રાસ થઇ પડે છે.[૮૩] એટલા માટે કાળ, દૈવ, સ્વભાવ વગેરે સર્વ અર્થોનો ત્યાગ કરીને કેવળ પરાક્રમજ કરવું-પુરુષાર્થજ કરવો અને સર્વસ્વનો

ત્યાગ કરી દઇને પણ પુરુષોએ પોતાનું હિત કરવું.[૮૪] વિદ્યા, શૌર્ય, ચતુરાઇ, બળ અને ધૈર્ય, આ પાંચે પુરુષોના સહજ મિત્રો છે. ડાહ્યા પુરુષો, એ પાંચેનો આશ્રય કરીને પોતાનો નિર્વાહ ચલાવે છે.[૮૫] ઘર, સોનું, રૂપું, ખેતર, સ્ત્રી અને હિતચિંતક મિત્રો–આ બધા પુરુષના ઉપમિત્ર ગણાય છે અને તેઓને તો પુરુષ સર્વત્ર મેળવી શકે છે.[૮૬] જે પુરુષ બુદ્ધિમાન હોય છે તે સર્વત્ર આનંદ કરે છે, તે સર્વત્ર બધાના ઉપર વિરાજી રહે છે, તેને કોઇ ડરાવતો નથી અને તે ડરાવ્યા છતાં ડરતો પણ નથી.[૮૭] બુદ્ધિમાનની પાસે થોડામાં થોડું ધન હોય તોપણ નિત્ય વૃદ્ધિ પામ્યા કરે છે; કેમકે તે જે કંઈ કર્મ કરે છે તે ચતુરાઈપૂર્વક કરે છે અને તે પુરુષ સંયમના બળથી સર્વત્ર પ્રતિષ્ઠા પામે છે;[૮૮] પણ જે પુરુષો અલ્પ બુદ્ધિવાળા હોય છે, તેઓ ઘરના સ્નેહથી બંધાઇને ઘરમાંજ સદાય પડી રહે છે, જેથી કરચલીને તેનાં બચ્ચાંઓ જેમ ખાઇ જાય છે, તેમ તેઓની કુભાર્યાઓ તેઓના માંસને ખાઇ જાય છે.[૮૯] બુદ્ધિનો જ્યારે વિપર્યાસ થાય છે, ત્યારે કેટલાએક પુરુષો ઘર, ખેતર, મિત્રો અને સ્વદેશ ઉપર મમત્વ ભાવ કરે છે અને તેને લીધે અત્યંત દુઃખી થાય છે;[૯૦] માટે બુદ્ધિમાન પુરુષે તો, પોતાનો સહજ દેશ જ્યારે વ્યાધિ અથવા દુષ્કાળથી પીડાતો હોય, ત્યારે ત્યાંથી બીજે વસવા માટે નીકળી જવું અને ત્યાં નિત્ય માનપૂર્વક નિવાસ કરવો.[૯૧] હે બ્રહ્મદત્ત રાજા ! હું પણ હવે, કયાંક બીજે રહેવામાટે જાઉં છું પણ અહીં રહેવા ઇચ્છતી નથી; કેમકે મેં તારા પુત્ર તરફ અનાર્ય આચરણ કર્યું છે. સર્વ કોઇ પ્રાણીએ કુલટા સ્ત્રીનો, દુષ્ટ પુત્રનો, નીતિભ્રષ્ટ રાજાનો, દુર્ગુણી મિત્રનો, નીચ સંબંધીઓના સંબંધનો તથા દુષ્ટ દેશનો દૂરથીજ ત્યાગ કરવો;[૯૨] કેમકે દુષ્ટ પુત્ર ઉપર વિશ્વાસ રખાતો નથી, કુલટા સ્ત્રીમાં રતિસુખ મળતું નથી, નીતિભ્રષ્ટ રાજ્યમાં શાંતિ હોતી નથી, દુષ્ટ દેશમાં આજીવિકા ચાલતી નથી, દુર્ગુણી મિત્ર કે જેનો સ્નેહ નિત્ય અસ્થિર હોય છે તેની સંગતિ ટકતી નથી અને નીચ સંબંધી ધીઓનો સંબંધ રાખવાથી કોઇ વેળા તેઓનો સ્વાર્થ ન સધાય, ત્યારે અપમાન સહન કરવું પડે છે.[૯૩-૯૫] તેનેજ સ્ત્રી કહી શકાય, કે જે નિત્ય પ્રિયવચન બોલે, તેનેજ પુત્ર કહી શકાય કે જેનાથી શાંતિસુખ મળે, તેનેજ મિત્ર કહી શકાય કે જેનાપર વિશ્વાસ થાય અને તેનેજ દેશ કહી શકાય કે જ્યાં સુખપૂર્વક આજીવિકા ચાલે. જ્યાં બલાત્કાર થાય નહિ અને ભય હોય નહિ તેનું નામજ રાજ્ય કહેવાય કે જે દરિદ્રનું પાલન કરવા ઇચ્છે અને જે તીવ્ર શાસનકર્તા હોય. આજ રાજ્યનો તથા રાજાનો સંબંધ છે;[૯૬,૯૭] રાજા ગુણવાન અને ધર્મધુરંધર હોય તો સર્વ પુરુષોને સ્ત્રી, દેશ, મિત્રો, પુત્રો, સંબંધીઓ અને બાંધવો પણ સારા મળી આવે છે;[૯૮] પરંતુ જે રાજા અધર્મી હોય છે, તેની પ્રજાઓ જુલમને લીધે વિનાશ પામે છે; માટે રાજાએ પ્રમાદ રાખ્યા વિના પ્રજાઓનું રક્ષણ કરવું જોઇએ, કેમકે રાજાજ ધર્માર્થકામરૂપ ત્રિવર્ગનું મૂળ ગણાય છે.[૯૯] રાજાએ, પ્રજાઓ પાસેથી કરતરીકે છઠ્ઠો ભાગ લેવો (ને તેનો પ્રજાઓના હિતાર્થેજ ઉપયોગ કરવો;) પરંતુ જે રાજા, પ્રજાઓનું સારી રીતે રક્ષણ કરતો નથી, તે રાજા નથી પણ એક લૂંટારો છે.[૧૦૦] જે રાજા, સર્વ પ્રજાઓને અભયદાન આપ્યા પછી ધનના લોભને લીધે પોતેજ તેને પ્રમાણ ગણતો નથી, તે અધર્મબુદ્ધિ રાજા સર્વ પ્રજાઓનાં પાપને વહોરી લઇને મુવા પછી નરકમાં પડે છે;[૧૦૧] પરંતુ જે રાજા, પ્રજાઓને અભયદાન આપ્યા પછી પોતે પણ તેને પ્રમાણભૂત ગણે છે અને ધર્મપૂર્વક પ્રજાઓનું રક્ષણ કરે છે, તે રાજા સર્વ કોઇને સુખ આપનારો છે, એમ સમજવું.[૧૦૨] પ્રજાપતિ મનુ ભગવાન કહે છે કે, માતા, પિતા, ગુરુ, રક્ષક, અગ્નિ, કુબેર અને યમ–આ સાતેના ગુણો રાજામાં હોવા જોઇએ.[૧૦૩] જે રાજા, પ્રજાઓપર દયા રાખનારો છે તે રાજા સર્વનો પિતા ગણાય છે, માટે તેવા રાજાની પાસે જે મનુષ્ય મિથ્યા-

વિનય અથવા ઉદ્ધતાઈ કરે છે, તે મુવા પછી પશુપક્ષીમાં જન્મે છે.[૧૦૪] રાજા, દીન મનુષ્યોનું પાલન કરે છે, માટે માતારૂપ ગણાય છે; દુષ્ટ પુરુષોને તપાવનારો છે માટે અગ્નિરૂપ છે અને નીચ મનુષ્યોનું નિયમન કરે છે, માટે યમસ્વરૂપ છે;[૧૦૫] તેમજ રાજા, પોતાના ઈષ્ટ મનુષ્યોને ઇચ્છાનુસાર ધન અર્પણ કરે છે, માટે કુબેરના જેવો ગણાય છે અને ધર્મનો ઉપદેશ આપીને પ્રજાઓનું રક્ષણ કરે છે, માટે ગુરુતુલ્ય ગણાય છે.[૧૦૬] જે રાજા, પોતે ધર્મનું પાલન કરીને ઉત્તમ ગુણોવડે નાગરિક અને રાષ્ટ્રીય પ્રજાઓને રંજન કરે છે, તે રાજાનું રાજ્ય નિત્ય અચળ રહે છે;[૧૦૭] તેમજ જે રાજા, નગરની પ્રજાઓનું તથા દેશની પ્રજાઓનું રક્ષણ કેમ કરવું ? એ વિષે પોતેજ બરાબર જાણે છે તે રાજા, આ લોકમાં ને પરલોકમાં સુખી થાય છે;[૧૦૮] પરંતુ જે રાજાની પ્રજાઓ, કરના બોજાથી પીડિત થઇને નિત્ય ઉદ્વિગ્ન રહે છે અને અનર્થોને લીધે પ્રતિદિન ક્ષીણ થતી જાય છે, તે રાજા પરાભવને પામે છે;[૧૦૯] પણ જે રાજાની પ્રજાઓ, સરોવરમાં ખીલતા કમળની પેઠે હમેશાં આબાદ થતી જાય છે, તે રાજાને સર્વ પ્રકારનાં ફળો મળે છે, એટલુંજ નહિ પણ સ્વર્ગલોકમાં તે પૂજાય છે.[૧૧૦] હે રાજન! બળવાનની સાથે વિગ્રહ કરવો તે, કદી પણ પ્રશંસાપાત્ર ગણાતો નથી. જે રાજાને બળવાનની સાથે વિગ્રહ થયો હોય છે, તેને રાજ્ય અથવા સુખ કયાંથી મળે?"[૧૧૧]

ભીષ્મે કહ્યું:–"હે યુધિષ્ઠિર રાજા! એ પ્રમાણે રાજા બ્રહ્મદત્તને કહીને તથા તેની અનુજ્ઞા લઈને તે ચકલી, પોતાની ઇષ્ટ દિશામાં ઉડી ગઈ.[૧૧૨] હે મહારાજા! તે પૂજની ચકલીએ બ્રહ્મદત્ત રાજાને જે કંઈ કહી સંભળાવ્યું હતું, તે સર્વ મેં તમને કહ્યું. બોલો, હવે તમને શું સાંભળવાની ઈચ્છા છે?"[૧૧૩]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આપદ્ધર્મ પર્વમાં "બ્રહ્મદત્ત અને પૂજનીનો સંવાદ" એ વિષયનો અ૦ ૧૩૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૦ મો

મુનિ ભારદ્વાજ અને શત્રુંજય રાજાનો સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

युगक्षयात् परिक्षीणे धर्मे लोके च भारत ॥
दस्युभिः पीडयमाने च कथं स्थेयं पितामह॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે ભરતવંશી ભીષ્મ પિતામહ! યુગન નાશને લીધે ધર્મનો જ્યારે ક્ષય થવા લાગે અને દસ્યૂઓ (ચોર લૂંટારાઓ) લોકને જ્યારે પીડવા માંડે, ત્યારે રાજાએ કેવી રીતે વર્તવું?"[૧]

ભીષ્મે કહ્યું:–"હે ભરતવંશના રાજા! અહીં હું તમને આપત્પ્રસંગની નીતિ અને તેવે વખતે દયાનો ત્યાગ કરીને પણ રાજાએ કેવી રીતે વર્તવું? તે વિષે કહું છું.[૨] તેમાં, મુનિ ભારદ્વાજનો તથા શત્રુંજય રાજાનો જેમાં સંવાદ રહેલો છે એવા એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ અપાય છે.[૩] પૂર્વે શત્રુંજય નામનો એક મહારથી રાજા સૌવીર દેશ ઉપર રાજ્ય કરતો હતો. તે રાજા, એક દિવસે ભારદ્વાજ મુનિ પાસે ગયો અને રાજકીય અર્થનિર્ણયના સંબંધમાં તેમને પૂછવા લાગ્યો:–[૪] "રાજાએ, જે પદાર્થ મળ્યો ન હોય તેને કેવી રીતે મેળવવો ? મેળવેલા પદાર્થની કેવી રીતે વૃદ્ધિ કરવી? વૃદ્ધિ પામેલા પદાર્થનું કેવી રીતે પાલન કરવું? અને સુરક્ષિત પદાર્થનો કેવી રીતે ઉપયોગ કરવો?"[૫] એ પ્રમાણે રાજાએ જ્યારે પ્રશ્ન કર્યો, ત્યારે બ્રાહ્મણ ભારદ્વાજે, સર્વ વિષયોનું નિર્ણયાત્મક જ્ઞાન ધરાવનારા તે રાજાને, અર્થનિશ્ચયના સંબંધવાળું, હેતુગર્ભિત ઉત્તમ વચન કહેવા માંડયું.[૬] "રાજાએ નિરંતર દંડને ઉગામતા રહેવું, નિત્ય પુરુષાર્થ પ્રકટ કરવો, છિદ્ર ન હોય ત્યાં પણ છિદ્ર જોવાની ટેવ રાખવી અને શત્રુઓનાં છિદ્ર શોધી કાઢીને તે દ્વારા તેઓનામાં પ્રવેશ કરવો.[૭] જે રાજા નિત્ય દંડ ધારણ કરવામાં તત્પર રહે છે, તેનાથી પ્રજાઓ ડરતી રહે છે, માટે રાજાએ સર્વ પ્રાણીઓને દંડથીજ નિયમમાં રાખવાં;[૮] આ રીતે

તત્ત્વવેત્તા પંડિતો, દંડની પ્રશંસા કરે છે માટે ચાર પ્રકારનાં સાધનોમાં (સામ, દાન, દંડ અને ભેદમાં) દંડજ મુખ્ય કહેવાય છે.[૯] જ્યારે સર્વ કોઈના આધારભૂત ગણાયલા પદાર્થનો મૂલતઃ ઉચ્છેદ કરવામાં આવે છે, ત્યારે સર્વ કોઇનું જીવન નાશ પામે છે. જેમકે, કોઇએક વનસ્પતિનું મૂળજ કાપી નાખવામાં આવે તો તેની શાખાઓ કેવી રીતે રહે? આવો મનમાં વિચાર કરીને બુદ્ધિકુશલ રાજાએ, પ્રથમ શત્રુપક્ષના મૂળનોજ ઉચ્છેદ કરવો અને પછી તેના સહાયકોને, પક્ષકારોને તથા મૂલભૂત ગણાયલા પુરુષોને અનુક્રમે વશ કરવા.[૧૦,૧૧] જે સમયે આપત્તિનો પ્રસંગ ઉપસ્થિત થાય, તે સમયે રાજાએ યથાયોગ્ય વિચાર કરવો, ઉત્તમ પ્રતિનું પરાક્રમ કરવું, સારી પેઠે લઢવું અને અણીનો વખત આવી પહોંચે તો પલાયન પણ કરી જવું, એમાં કંઇ વિચાર કરવો નહિ.[૧૨] રાજાએ માત્ર વાણીમાંજ વિનયને પ્રદર્શિત કરવો, પણ હૃદયમાં તો સજૈયાની ધાર જેવા તીક્ષ્ણ થવું; તેમજ કોમળતાપૂર્વક ભાષણ કરવું અને કામક્રોધનો ત્યાગ કરવો.[૧૩] જે કાર્ય કરવામાં શત્રુની સહાયતાની આવશ્યકતા હોય, તે કાર્ય કરતી વખતે શત્રુસાથે સંધિ કરવી, પણ સંધિ કર્યા પછી શત્રુનો વિશ્વાસ કરવો નહિ અને તે કાર્ય થઇ રહે કે તુરત વિચક્ષણ રાજાએ, શત્રુના સંબંધથી દૂર થવું.[૧૪] મિત્રની પેઠેજ મધુરભાષણ કરીને શત્રુને પણ શાંત પાડવો; પરંતુ સર્પવાળા ઘરથી જેમ ભય રાખવામાં આવે છે, તેમ શત્રુથી નિત્ય ભય રાખવો.[૧૫] રાજાએ પોતાના બુદ્ધિસામર્થ્ય પ્રમાણે શત્રુઓનો પરાભવ કરવો અને "જે થવાનું હતું તે થયું છે" આવાં સાંત્વ વચનો કહીને તેઓને શાંત પાડવા; પરંતુ જે શત્રુ દુષ્ટબુદ્ધિ હોય તેને ભવિષ્યમાં થનારા લાભો દેખાડીને વશ કરવો અને જે શત્રુ બુદ્ધિમાન હોય તેને તાત્કાલિક લાભ દેખાડીને વશ કરવો.[૧૬] જે રાજા પોતાની આબાદી ઇચ્છે છે, તેણે પ્રસંગ આવે ત્યારે શત્રુની આગળ હાથ જોડવા, સોગંદ ખાવા, મીઠું મીઠું બોલવું, શિરસાવંદન કરીને પણ ભાષણ કરવું અને પોતાને હાથે તેનાં અશ્રુઓને લૂછી નાખવાં. (જેથી તેના હૃદયનું વૈર શાંત થાય.)[૧૭] પોતાનો સમય સારો ન હોય તે વખતે શત્રુને પોતાની ખાંધ ઉપર બેસાડીને પણ ફેરવવો; પરંતુ જ્યારે પોતાનો વખત આવે ત્યારે, પાણીના ઘડાને જેમ પથ્થર ઉપર પટકી પાડવામાં આવે છે, તેમ શત્રુને પણ ઝીંકી પાડવો.[૧૮] હે રાજેન્દ્ર! પુરુષે, ટીંબરવાનાં લાકડાંનાં ઉંબાડીઆંની પેઠે એક મુહૂર્ત જેટલા સમયસુધી કોપથી જાજ્વલ્યમાન રહેવું પણ ફોતરાના અગ્નિની પેઠે જ્વાળાને બહાર કાઢયાવિના લાંબા કાળસુધી ધુંધવાયા કરવું નહિ.[૧૯] જે પુરુષ કૃતઘ્ની હોય, તેની સાથે અનેક પ્રકારે આર્થિક સંબંધ (દ્રવ્યસંબંધ) કરવો નહિ; કેમકે તેવા પુરુષને આપણી સાથે જ્યાંસુધી સ્વાર્થ હોય છે, ત્યાંસુધી તેની પાસેથી હરકોઈ પ્રકારનું કાર્ય કરાવી શકાય છે; પણ પોતાનો સ્વાર્થ સરી રહ્યા પછી તે આપણું અપમાનજ કરે છે, માટે તેવા પુરુષનાં સર્વ કાર્યોને સંપૂર્ણ કરી દેવાં નહિ પણ અધૂરાં રાખવાં. (જેથી તે આપણા તાબામાં રહે છે.)[૨૦] રાજાએ કોયલ, વરાહ (ભુંડ), મેરુ પર્વત, શૂન્યગૃહ, નટ અને ભક્તિનેજ પ્રિય માનનાર પુરુષ–આ છએના ગુણો ગ્રહણ કરીને પોતાનું શ્રેયઃ સાધન કરવું–અર્થાત્ કોયલ* જેમ પોતાનાં બચ્ચાંને બીજા પાસે ઉછેરાવે છે, તેમ રાજાએ પણ ખેતી, વેપાર, જંગલના માર્ગ, નદી ઉપરના પૂલ, હાથીઓનું પાલન, ખાણો ખોદાવવી, કર લેવો અને કોશનો સંગ્રહ કરવો, એ આઠે રાજકીય+ અર્થોને પ્રજાઓ પાસેજ સિદ્ધ કરાવવા.

---

* એમ કહેવાય છે કે, કોયલ પોતાનાં ઇંડાંને કાગડીના માળામાં કાગડીનાં ઇંડાંને ફેંકી દઇને તેની જગ્યાએ મૂકી આવે છે, જેથી કાગડી તે ઇંડાંઓને પોતાનાં સમજીને ઉછેરે છે,

+ રાજકીય આઠ અર્થો આ પ્રમાણે છેઃ–

कृषिर्वणिक्पथो दुर्ग सेतुः कुंजरबंधनम् ।
'खन्याकरकरादानं संचयार्थाष्टकं मतम्॥"

ખેતી, વેપાર, જંગલના માર્ગ, નદીઉપરના પૂલ, હાથીઓનું પાલન, ખાણો ખોદાવવી, કર લેવો અને કોશનો સંગ્રહ કરવો.

નીલકંઠ

જેમકે, જે જમીનદારો પોતાની દશ વીઘાં જમીન ખેડતા હોય, તેઓને સરખે ભાગે દશ દશ વિઘાં સરકારી જમીન પણ ખેડવા માટે આપવી; અને તે જમીનને પોતાની જમીનની પેઠે સંભાળવાની આજ્ઞા આપીને તેમાંથી ઉત્પન્ન થયેલા ધાન્યાદિકને પોતે લેવું; તેમજ ઢોરઢાંખરનો વેપાર કરનારા જે વેપારીઓ સો સો બળદોને પાળીને વેપાર કરતા હોય, તેઓને દશ દશ સરકારી બળદો પણ પાળવા માટે આપવા. જે મુસાફરો જંગલી માર્ગોમાં મુસાફરી કરતા હોય તેઓને કહેવું કે, “ તમારે તમારી જાતરક્ષા બદલ સરકારને અમુક પૈસાનો કર આપવો પડશે, કેમકે જંગલના માર્ગોમાં સરકાર તમારી રક્ષા કરે છે.” આમ કહીને તેઓની પાસેથી કર લેવો. તેમજ જે જે નદીઓ ઉપર પૂલ બાંધવામાં આવ્યા હોય, તે ઉપર થઇને આવ--જા કરનારા મનુષ્યો પાસેથી પણ કર લેવો, જેથી તે પૂલ બંધાવવાનો ખર્ચ બારોબાર નીકળી જાય. હાથીઓનું પાલન પણ એ પ્રમાણે કરાવવું કે, પ્રત્યેક ગ્રામે તે તે ગ્રામની સમૃદ્ધિ પ્રમાણે હાથીઓ બાંધવા અને તેઓનું પોષણ ગામના લોકોદ્વારાજ કરાવવું. સોનારૂપાની ખાણો ખોદાવવા માટે વેઠે પકડેલા માણસો પાસેથીજ કામ લેવું. પ્રજાઓની આવકમાંથી છઠ્ઠો ભાગ પોતાના કરતરીકે લેવો અને તે સઘળા દ્રવ્યનો ખજાનામાં સંગ્રહ કરવો. આ રીતે પોતાના આઠે અર્થોને રાજાએ પ્રજાઓદ્વારાજ સિદ્ધ કરવા અને કોયલના ગુણનું અનુકરણ કરવું. બીજો ગુણ વરાહનો લેવો. જેમ વરાહ (ભુંડ) વૃક્ષોને મૂળમાંથી ઉખેડી નાખે છે, તેમ રાજાએ શત્રુઓને મૂળમાંથી ઉખેડી નાખવા. ત્રીજો ગુણ મેરુ પર્વતનો લેવો. જેમ મેરુ પર્વત સદાય સ્થિર રહે છે અને કોઇનાથી ઉલ્લંઘન કરી શકાતો નથી, તેમ રાજાએ પણ અડગ વિચારના થવું અને શત્રુઓથી ઉલ્લંઘન (પરાભવ) કરી શકાય નહિ તેવા થવું. ચોથો ગુણ શૂન્યગૃહ પાસેથી ગ્રહણ કરવો. જેમ કોઈ એક શૂન્યગૃહ પોતાને સમૃદ્ધિમાન થવાની ઇચ્છા કરે છે, તેમ રાજાએ પણ સમૃદ્ધિમાન થવાની ઇચ્છા રાખવી. પાંચમો ગુણ નટ પાસેથી લેવો. જેમ કોઇ એક નટ જૂદા જૂદા અનેક પ્રકારના વેશો ધારણ કરે છે, તેમ રાજાએ પણ સમયને અનુસરીને સ્નિગ્ધ, પ્રસન્ન આદિ જૂદાં જૂદાં સ્વરૂપો ધારણ કરવાં અને છઠ્ઠો ગુણ ભક્તિમિત્ર પુરુષ પાસેથી ગ્રહણ કરવો. જેમકે, કોઇ ભક્તિપ્રિય મનુષ્ય, પોતે જેનું આરાધન કરતો હોય તેના ઉદયને ઇચ્છે છે તેમ; રાજાએ પણ પોતાના રક્ષણતળે રહેનારી પ્રજાઓનો નિત્ય ઉદય ઇચ્છવો.[૨૧] રાજાએ નિત્ય ઉદ્યોગશીલ રહીને પ્રતિદિન શત્રુને ઘેર જતા રહેવું ને તેનું અકુશલ હોય છતાં કુશલ સમાચાર પૂછતા રહેવું.[૨૨] જેઓ આળસુ હોય છે, નપુંસક હોય છે, અભિમાની હોય છે, લોકાપવાદથી ડરનારા હોય છે અને હરઘડી સમયની રાહ જોનારા હોય છે, તેઓ અર્થને (ધનને) સંપાદન કરી શકતા નથી.[૨૩] રાજાએ, શત્રુ પોતાનાં છિદ્રને ન જાણી જાય તેમ વર્તવું, પણ શત્રુનાં છિદ્રને જાણ્યાં કરવાં, કાચબાની પેઠે પોતાનાં અંગોનું રક્ષણ કરવું અને પોતાનાં છિદ્રોને ઢાંકવાં.[૨૪] જે વેળા બીજાઓ પાસેથી ધનને ગ્રહણ કરવું હોય, તે વેળા રાજાએ બગલાની પેઠે ધ્યાનમગ્ન રહીને એકાગ્રતા ધારણ કરવી, સિંહની પેઠે પરાક્રમ કરીને નિર્ભયતા દાખવવી, નહારની પેઠે એકદમ ઝડપી લઇને શીઘ્રકારિતા પ્રદર્શિત કરવી અને બાણની પેઠે છૂટી, નીકળીને ગમે તે સ્થળે ઘુસી જવું.[૨૫] મદિરાપાન, જુગાર, સ્ત્રીઓ, મૃગયા (શિકાર), ગીત અને વાદિત્ર–આ છયેને રાજાએ યોગ્ય રીતે સેવવાં, પણ તેમાં અત્યંત આસક્ત થવું નહિ; કેમકે તેમાં અત્યંત લપટાઇ પડવાથી અનેક દોષો ઉત્પન્ન થાય છે.[૨૬] સમય આવે ત્યારે ઘાસનેજ ધનુષ બનાવી લેવું–અર્થાત્ લાગ મળે ત્યારે ઘાસની સળી લઈને પણ શત્રુની આંખ ફોડી નાખવી; પણ “આ વખતે મારી પાસે શસ્ત્ર નથી, તેથી શું કરૂં ?” આવો વિચાર કરવા રોકાવું નહિ. મૃગની પેઠે શયન કરવાની ટેવ રાખવી–એટલે મૃગ જ્યારે શયન કરે છે, ત્યારે અચેતન

અને અસાવધની પેઠે પડી રહે છે, પણ જ્યારે ભયપ્રસંગ આવે છે ત્યારે સૂતો હોય તેમાંથી એકદમ જાગી ઉઠીને પલાયન કરી જાય છે અને શત્રુના હાથમાં સપડાતો નથી; તેમ રાજાએ પણ ગમે તે અવસ્થામાં હોવા છતાં શત્રુના સપાટામાં સપડાવું નહિ. તેમજ જ્યારે અંધ થવાનો સમય આવે ત્યારે અંધ થઈ જવું અને બહેરા થવાનો સમય આવે ત્યારે બહેરા થઇ જવું.[૨૭] તાત્પર્ય કે, વિચક્ષણ રાજાએ દેશકાળને અનુસરીને પરાક્રમ કરવું; કેમકે દેશકાળને જાણ્યાવિના જો પરાક્રમ કરવામાં આવે છે તો નિષ્ફળ થાય છે.[૨૮] સમયની યોગ્યતાનો અને અયોગ્યતાનો, પોતાના બળનો તથા નિર્બળતાનો અને શત્રુના બળનો તથા પોતાના બળનો વિચારકર્યા પછી કાર્ય કરવામાં જોડાવું.[૨૯] જે રાજા, પોતાના સપાટામાં આવેલા શત્રુને દંડવડે વશ કરતો નથી, તે રાજા ગર્ભ ધારણ કરીને જેમ ખચ્ચરી* મૃત્યુ પામે છે, તેમ મૃત્યુ પામે છે.[૩૦] રાજાએ પુષ્કળ પુષ્પવાળા પણ ફળવિનાના વૃક્ષના જેવું થવું, એટલે મોટી મોટી લાલચો બતાવીને કોઇને કંઈ પણ પરખાવવું નહિ અને કદાચ ફળવાળા થવું તો જેનાપર દુઃખેથી ચઢી શકાય તેવા ફળપૂર્ણ વૃક્ષના જેવું થવું; તેમજ જેમ કેટલાંએક ફળો ઉપરથી પાકાંના જેવાં દેખાય છે પણ અંદર તો કાચાં હોય છે, તેમ રાજાએ ઉપરનો દેખાવ સૌમ્ય રાખવો પણ હૃદયમાં સૌમ્યતા રાખવી નહિ. વળી તેણે કોઇના ભમાવ્યા ભમવું નહિ.[૩૧] રાજાએ તેવા કોઇ પ્રસંગે શત્રુને આશા પણ આપવી, પરંતુ તેમાં અમુક સમયનો અંતર નાખવો અને પછી તે સમય આવી પહોંચે, ત્યારે તે આશામાં વિઘ્નો નાખવાં. વિઘ્નો નાખીને પણ કોઇ નિમિત્ત દર્શાવવું ને નિમિત્તમાં પણ કોઈ બીજા હેતુઓ જણાવવા. (પરંતુ પોતે નિમિત્તભૂત થવું નહિ.)[૩૨] જ્યાંસુધી ભય આવ્યું ન હોય, ત્યાંસુધી ભયભીતની પેઠે વર્તીને પ્રત્યેક ક્રિયાઓ કરવી; પરંતુ ભયને આવી પહોંચેલું જોઈ નિર્ભયની પેઠે સજ્જ થઇને તેના ઉપર પ્રહાર કરવો.[૩૩] જીવિત, સંશયમાં આવી પડે તેવાં સંકટો વેઠ્યાવિના પુરુષ કલ્યાણને જોઇ શકતો નથી; પરંતુ અમુક કોઇ કાર્ય કરતી વેળા જીવિત સંશયમાં આવી પડે તેવાં સંકટો વેઠ્યા પછી પુરુષ જો જીવતો રહે છે તો કલ્યાણોને જોઈશકે છે–સંપૂર્ણ સુખીથાય છે.[૩૪] પોતાનાપર ભય ન આવી પડ્યું હોય તે પહેલાંજ તેને જાણી લેવું કે, અમુક સમયે ભય આવી પડશે. પછી જ્યારે ભય આવી પહોંચે, ત્યારે તેનો નાશ કરવો ને નાશ કર્યા પછી પુનઃ કદાચ વૃદ્ધિ પામે, એવા ભયથી તેનો નાશજ નથી થયો, એમ જાણવું–અર્થાત્ નષ્ટ થયેલા ભયથી પણ નિત્ય સાવધ રહેવું.[૩૫] જેના ઉપભોગનો કાળ સમીપમાંજ આવી પહોંચ્યો હોય, તેવા સુખનો ત્યાગ કરીને ભવિષ્યના સુખની જે આશા રાખવી, તે બુદ્ધિમાન પુરુષોની નીતિ નથી.[૩૬] જે પુરુષ, શત્રુ સાથે સંધિ કર્યા પછી તેનાપર વિશ્વાસ રાખીને સુખપૂર્વક શયન કરે છે, તે પુરુષ વૃક્ષની અગ્રશાખા ઉપર નિદ્રાવશ થઈને પછડાઈ પડેલા મનુષ્યની પેઠે, શત્રુના પ્રહાર પછીજ જાગ્રત્ થાય છે.[૩૭] હરકોઇ પ્રકારનાં કોમળ અથવા દારુણ કર્મ કરીને પણ પોતાના દીન આત્માનો ઉદ્ધાર કરવો–અર્થાત્ ગમે તેવાં કર્મ કરીને પણ સંકટભરેલી સ્થિતિમાંથી પોતાનું રક્ષણ કરવું અને પછી સમર્થ થઇને ધર્માચરણ કરવું.[૩૮] રાજાએ, પોતાના શત્રુઓના પણ જેઓ શત્રુ હોય તે સર્વનું નિત્ય સેવન કરવું તેમજ શત્રુઓએ પોતાના પર જે ગુપ્ત દૂતોની યોજના કરી હોય તેઓની માહિતી મેળવવી.[૩૯] પોતે પણ એવા ગુપ્ત દૂતોની યોજના કરવી, કે જેઓને પોતાના કે શત્રુપક્ષના કોઈ પણ માણસો ઓળખતા ન હોય; અને શત્રુના રાજ્યમાં પાખંડી વેશને ધારણ કરનારા તપસ્વીઓને ગુપ્તદૂતોતરીકે મોકલવા.[૪૦] સાર્વજનિક બાગબગીચાઓમાં, નાટકશાળાઓમાં, પાણીની પરબોમાં, ધર્મશાળાઓમાં, દારૂનાં પીઠાંઓમાં, વેશ્યાઓનાં નિવાસસ્થાનોમાં, તીર્થ-

---

*ખચ્ચરીએ ધારણ કરેલો ગર્ભ તેના પેટને ફાડીને બહાર નીકળે છે. જેથી ખચ્ચરી મરણ પામે છે.

ક્ષેત્રોમાં તથા મનુષ્યોની સભાઓમાં અનેક ધર્મદ્રોહી, પાપી, ચોર અને પ્રજાઓમાં કંટકસરખા દુષ્ટ પુરુષો આવ-જા કર્યા કરે છે, માટે તે તે સ્થળેથી તેઓને શોધી કાઢીને કેદ પકડવા અને શિક્ષા કરીને શાંત પાડવા.[૪૧,૪૨] અવિશ્વાસુનો વિશ્વાસ કરવો નહિ, તેમ વિશ્વાસુનો પણ અતિશય વિશ્વાસ કરવો નહિ; કેમકે અંધવિશ્વાસ રાખવાથી કોઈ વેળા ભય આવી પડે છે, માટે પરીક્ષા કર્યા વિના કોઇનો વિશ્વાસજ કરવો નહિ.[૪૩] રાજાએ, તત્ત્વભૂત અથવા ઉપર ઉપરથી સત્ય દેખાતાં કારણો દર્શાવીને શત્રુને પ્રથમ વિશ્વાસુ બનાવવો અને પછી વિશ્વાસમાં ને વિશ્વાસમાં જેવો તે આગળ પગલું ભરે કે તુરતજ તેનાપર પ્રહાર કરવો.[૪૪] જેના ઉપર શંકા લાવવી અયોગ્ય હોય તેના ઉપર પણ શંકા લાવવી અને જે પુરુષ આપણાપર શંકાશીલ રહેતો હોય તેનાથી તો નિત્ય શંકિતજ રહેવું; કેમકે જેના ઉપર કદી શંકાજ કરી ન હોય તેવા પુરુષ તરફથી જે ભય ઉપસ્થિત થાય છે, તે મૂળસુદ્ધાંનો નાશ કરી નાખે છે.[૪૫] ધ્યાન કરવાનો ડોળ કરીને, મૌનવૃત્તિ ધારણ કરીને તથા ભગવાં, જટા મૃગચર્મ વગેરે વૈરાગ્યનાં ચિન્હો ધારણ કરીને શત્રુને પોતાના પર વિશ્વાસુ બનાવવો; ને પછી જ્યારે સમય આવે કે તુરતજ નહાર જેમ શિકારને ઝડપી લે છે, તેમ શત્રુને ઝડપી લેવો અને મારી નાખવો.[૪૬] ઐશ્વર્ય મેળવવાની ઇચ્છા રાખનારા રાજાએ, અર્થસંપાદન કરવામાં વિઘ્ન કરનારા પોતાના પુત્રને, ભાઇને, પિતાને અથવા સુહૃદને પણ મારી નાખવો[૪૭] અને પોતાનો ગુરુ પણ ગર્વિષ્ઠ બનીને કાર્યાકાર્યના વિવેકથી જો ભ્રષ્ટ થયો હોય અથવા દુષ્ટ માર્ગનો સ્વીકાર કરી બેઠો હોય તો તેને પણ યથાયોગ્ય શિક્ષા કરવી.[૪૮] જેમ કોઇ તીક્ષ્ણ ચાંચવાળું પક્ષી, વૃક્ષમાંનાં સર્વ પુષ્પફળોનો વિનાશ કરી નાખે છે, તેમ રાજાએ પણ અભ્યુત્થાન, (શત્રુને જોઇને ઉભા થવું તે) અભિવાદન (પ્રણામ કરવો તે) અને કોઈ પ્રકારની વસ્તુને ભેટમાં આપીને શત્રને વશ કરવો ને પછી તક મળે ત્યારે તેના સર્વ પુરુષાર્થનો તથા પુરુષાર્થનાં સાધનોનો વિનાશ કરી નાંખવો.[૪૯] શત્રુઓનાં મર્મસ્થાનોને કાપી નાખ્યા વિના, હરકોઈ પ્રકારનું દારુણ કર્મ કર્યા વિના તથા મચ્છીમારની પેઠે અનેક જીવોનો સંહાર કર્યા વિના રાજા મહાન્ રાજ્યલક્ષ્મીને મેળવી શકતો નથી.[૫૦] જન્મથી આરંભીને કોઈ કોઈનો શત્રુ કે મિત્ર હોતો નથી. સામર્થ્યને લીધેજ શત્રુઓ અને મિત્રો ઉત્પન્ન થાય છે.[૫૧] સપાટામાં સપડાયલો શત્રુ, દયા ઉપજાવે તેવાં દીન વચનો બોલે તોપણ તેનાપર દયા લાવવી નહિં. પરંતુ પૂર્વકાળના અપકારી તે શત્રુને મારીજ નાખવો અને તેમ કરવામાં રાજાએ મનમાં લગારે દુઃખ આણવું નહિ.[૫૨] પોતાની આબાદી ઈચ્છનારા રાજાએ, અસૂયાધર્મનો ત્યાગ કરીને પ્રજાઓને વશ કરવા માટે તથા તેઓના પર અનુગ્રહ કરવા માટે યત્ન કરવો. તેમજ પ્રજાકીય દુષ્ટવર્ગને યત્નપૂર્વક શિક્ષા પણ કરવી.[૫૩] જે વેળા શત્રુ ઉપર પ્રહાર કરવાનો હોય તે વેળા પ્રથમ પ્રિય વચનોજ બોલવાં, પ્રહાર કરીને પણ પ્રિય વચનો બોલવાં અને તરવારવતી શત્રુના મસ્તકને કાપી નાખ્યા પછી પણ (તેના માણસોને સારૂં લગાડવા માટે) શોક કરવો અને રડવું.[૫૪] ઐશ્વર્યની ઈચ્છા રાખનારા રાજાએ, લોકોને પ્રસન્ન રાખવા માટે શત્રુને પણ સાંત્વવચનો કહીને, સન્માન આપીને તથા ક્ષમા દેખાડીને પોતાને ત્યાં નોતરવો.[૫૫] કોઈની સાથે* શુષ્કવૈર કરવું નહિ તેમ બે બાહુઓવતી નદીને તરવી નહિ; કેમકે, “આ ગાય શત્રુની છે”એમ માનીને તેનાં શીંગડાંનું ભક્ષણ કરવાથી જેમ કોઈ પ્રકારનો અર્થ સરતો નથી પણ ઉલટું આયુષ્ય નાશ પામે છે, દાંત પડી જાય છે ને કંઈ રસ પણ મળતો નથી, તેમ શુષ્ક વૈર કરવાથી અને બાહુઓવતી નદી તરવાથી પણ કંઇ અર્થ સરતો નથી ને આયુષ્યનો નાશ થાય છે.[૫૬] ધર્મ, અર્થ અને કામ— એ ત્રણે પુરુષાર્થોનું એવી રીતે સેવન કરવું, કે જેથી ધર્મનું સેવન કરવાથી અર્થને બાધ ન આવે,

---

*જેમાંથી કોઇ પ્રકારના ફળનો લાભ ન થાય તેને શુષ્ક વૈર કહે છે.

અર્થનું સેવન કરવાથી ધર્મને બાધ ન આવે ને કામનું સેવન કરવાથી ધર્મ અર્થ બન્નેને બાધ ન આવે. તેમજ ધર્મ, અર્થ ને કામનાં* ફળોને જાણી લઈને તે મેળવવાની ઇચ્છા કરવી; પણ એ ત્રણેમાં કોઈને કોઈનાથી બાધ ન આવે, તે માટે સાવધ રહેવું.[૫૭] શેષ રહેલું ઋણ (બાકી રહેલું કરજ), શેષ રહેલો અગ્નિ અને શેષ રહેલો શત્રુ પુનઃ પુનઃ વૃદ્ધિ પામ્યા કરે છે; માટે ઋણને, અગ્નિને તથા શત્રુને શેષ રહેવા દેવા નહિ–અર્થાત્ તેઓનો મૂલતઃ નાશ કરી નાખવો,[૫૮] કારણ કે પ્રતિદિન વૃદ્ધિ પામતા ઋણની, એક વખત તિરસ્કારી કાઢેલા શત્રુની તથા ઉત્પન્ન થયેલા રોગની જો ઉપેક્ષા (બેદરકારી) કરવામાં આવે છે તો તેઓ મહા તીવ્ર ભયને ઉત્પન્ન કરે છે.[૫૯] હરકોઇ કાર્યને ઉત્તમ અને પરિપૂર્ણ કરવું તથા પ્રમાદનો ત્યાગ કરીને હમેશાં સાવધાન રહેવું; કેમકે પગમાં લાગેલા કાંટાને પણ જો પૂરેપૂરો કાઢી નાખવામાં આવતો નથી તો ઘણા કાળસુધી તે વેદના કરનાર થઈ પડે છે.[૬૦] રાજાએ, શત્રુના માણસોનો ઘાત કરીને, તેના માર્ગોને વિષાદિકથી દૂષિત કરીને તથા તેની પ્રજાઓનાં ઘરબારને તોડી પાડીને શત્રુના દેશને પાયમાલ કરવો.[૬૧] રાજાએ ગીધપક્ષીની પેઠે દૂરદર્શી થવું, બગલાની પેઠે નિશ્ચળ થઇને અર્થચિંતન કરવું, કૂતરાની પેઠે નિત્ય જાગ્રત્ રહીને ચોરલોકોની ખબર રાખવી, સિંહની પેઠે પરાક્રમી થવું તથા હમેશાં નિશ્ચિંત રહેવું, કાગડાની પેઠે શંકાશીલ રહીને બીજાઓના અભિપ્રાય જાણવા અને સર્પની પેઠે હમેશાં આચરણ કરવું–અર્થાત્ સર્પ જેમ બીજાઓએ કરેલા દરમાં અકસ્માત પેસી જાય છે તેમ, રાજાએ પણ શત્રુઓએ બંધાવેલા કિલ્લાઓમાં અકસ્માત ઘુસી જવું.[૬૨] જે શત્રુ શૂરવીર હોય તેને નમતુ આપીને વશ કરવો, જે શત્રુ બીકણ હોય તેને ભય બતાવીને વશ કરવો, જે શત્રુ લોભી હોય તેને ધન આપીને વશ કરવો અને જે શત્રુ પોતાના જેવોજ બળવાન હોય તેની સાથે યુદ્ધ કરીને તેને વશ કરવો.[૬૩] જેઓ ભિન્ન ભિન્ન જાતિના હોય છતાં રાજદ્રોહ જેવા કોઇ એકજ કાર્યમાં સામેલ થયા હોય, તેવા પુરુષોના સમુદાયમાં જે જે મુખ્ય પુરુષો હોય તેઓમાં ફાટફુટ પડાવવી. પોતાના મિત્રમંડળમાં શત્રુઓ તરફથી કંઇ ભેદ કરવામાં આવ્યો હોય તો, પોતાના અમાત્યોને તેઓથી સંભાળવા અને અમાત્યોમાં પણ કોઇ પ્રકારની ફાટફુટ ન થઇ જાય અને તેઓ એક થઈ જઇને પોતાને પદભ્રષ્ટ ન કરે તે માટે સાવધ રહેવું.[૬૪] રાજા, કેવળ જો કોમળ સ્વભાવનો હોય છે તો તેનું અપમાન કરવામાં આવે છે અને કેવળ તીક્ષ્ણ સ્વભાવનો હોય છે તો સર્વની તેનાપર અપ્રીતિ થાય છે, માટે રાજાએ તીક્ષ્ણ થવાના સમયે તીક્ષ્ણ થવું અને કોમળ થવાના સમયે કોમળ થવું.[૬૫] હે રાજા! જે શત્રુ કોમળ સ્વભાવનો હોય તેનો તમે કોમળ ઉપાયથીજ નાશ કરજો; કેમકે કોમળ ઉપાયની યોજના કરવાથી મહાદારુણ શત્રુનો પણ નાશ કરી શકાય છે. આ જગતમાં તેવું એક પણ કાર્ય નથી, કે જે મૃદુ ઉપાયથી સિદ્ધ ન થઈ શકે; માટે મૃદુ ઉપાય તીક્ષ્ણના કરતાં ઘણોજ તીક્ષ્ણ ગણાય છે.[૬૬] જે રાજા કોમળ થવાના સમયે કોમળ થાય છે અને તીક્ષ્ણ થવાના સમયે તીક્ષ્ણ થાય છે, તે રાજા સર્વ પ્રકારનાં કાર્યો સાધી શકે છે ને શત્રુને પણ વશ કરી શકે છે.[૬૭] બુદ્ધિમાન પુરુષની સાથે વિરોધ કર્યા પછી ઘણે દૂર નાસી જઇને પણ કોઇએ એમ ન માનવું કે "હું ઘણોજ દૂર નીકળી આવ્યો છું. તેનાથી હવે શું થનાર છે?" કેમકે બુદ્ધિમાન પુરુષના બાહુઓ ઘણા લાંબા હોય છે. તે દૂર રહીને પણ પોતાનું અપ્રિય કરનારનો નાશ કરે છે.[૬૮] જેને પાર ન ઉતરી શકાય તેને તરી જવાનો આરંભ કરવો નહિ, જેને

---

*ક્ષુદ્ર લોકો માને છે કે, ધર્મનું ફળ અર્થ છે, અર્થનું ફળ કામ છે અને કામનું ફળ ઇંદ્રિયોને પ્રસન્ન કરવી તે છે; પરંતુ જ્ઞાની પુરુષોની માન્યતા તેથી ભિન્ન છે. તેઓ કહે છે કે, ધર્મનું ફળ ચિત્તશુદ્ધિ છે, અર્થનું ફળ યજ્ઞયાગાદિ છે ને કામનું ફળ માત્ર શરીરધારણ છે.

બીજો માણસ પુનઃ હરણ કરી જાય તેવી વસ્તુનું હરણ કરવું નહિ, જેને ખોદીને મૂળસુદ્ધાં ઉખેડી ન શકાય તેને ખોદવાનો આરંભ કરવો નહિ અને જેના મસ્તકને છેદી નાખીને પૃથ્વીપર પાડી ન શકાય તેનાપર શસ્ત્રપ્રહાર કરવો નહિ.[૬૯] હે શત્રુંજય રાજા! તારૂં હિત ઇચ્છીને મેં તને જે આ ઉપદેશ આપ્યો છે, તે અમુક અંશે પાપથી યુક્ત છે; માટે આપત્તિના સમયેજ પુરુષે તેનું આચરણ કરવું, પરંતુ સદાયને માટે એ પ્રમાણે વર્તવું નહિ; પણ જ્યારે શત્રુ પોતેજ એ નીતિનો આશ્રય કરીને તારાપર જો ચઢી આવે તો તારે પણ મારા આ ઉપદેશ પ્રમાણે કેમ ન વર્તવું ? અર્થાત્ વર્તવુંજ; કેમકે આપત્તિના સમયે એ પ્રમાણે વર્તવાથી અધર્મ થતો નથી."[૭૦]

ભીષ્મે કહ્યું:–"હે યુધિષ્ઠિર ! પોતાનું હિત ઇચ્છનારા બ્રાહ્મણ ભારદ્વાજે એ પ્રમાણે ઉપદેશ આપ્યો એટલે મહા ઉદાર મનના સુવીર દેશના રાજા શત્રુંજયે, તે ઉપદેશ પ્રમાણે વર્તવાનો આરંભ કર્યો, જેથી તે રાજા પોતાના બાંધવોની સાથે પ્રદીપ્ત લક્ષ્મીનો ઉપભોગ કરવા લાગ્યો.[૭૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આપદ્ધર્મ પર્વમાં "ભારદ્વાજનો ઉપદેશ" એ વિષયનો અધ્યાય ૧૪૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૧ મો

બાર વર્ષનો ભયંકર દુષ્કાળ

॥ युधिष्ठिर उवाच ॥

हीने परमके धर्मे सर्वलोकाभिलंघिते ॥
अधर्मे धर्मतां नीते धर्मे चाधर्मतां गते ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે પિતામહ ! જે વેળા ઉત્તમ ધર્મ હીન થઈ જાય, સર્વ લોકો તે ધર્મનું ઉલ્લંઘન કરે, ધર્મ અધર્મરૂપ બની જાય, અધર્મ ધર્મરૂપ બની જાય, સર્વ મર્યાદાઓનો નાશ થઇ જાય, ધર્મનો નિશ્ચય ડગમગી જાય, રાજાઓ અથવા બીજાઓ લોકને પીડવા માંડે, સર્વ આશ્રમો જ્યારે મૂઢ બની જાય, સર્વ કર્મોનો વિનાશ થઇ જાય, કામ, લોભ અને મોહને અધીન થઈને સર્વ લોકો ત્યાં ભયનુંજ દર્શન કરે, કોઇને કોઈનો વિશ્વાસ ન રહે, લોકો નિત્ય ભયભીતજ રહે, કપટ કરીને અન્યોન્યનો સંહાર કરવા લાગે તથા એકબીજાને છેતરવા માંડે, આખા દેશમાં ચોતરફથી આગ લાગે, બ્રાહ્મણો અત્યંત દુઃખમાં આવી પડે, કોઇ સ્થળે વરસાદ ન વરસે, લોકોમાં માંહોમાંહે ભેદભાવ ઉત્પન્ન થાય, પૃથ્વીપરની સર્વ આજીવિકાઓ લગભગ ચોર લોકોને અધીન બની જાય અને સમય બહુ બારીક આવી પડે, ત્યારે બ્રાહ્મણે કેવીરીતે આજીવિકા ચલાવવી ?[૧-૬] હે ભીષ્મ પિતામહ! એવા ભયંકર સમયે દયાને લીધે પોતાના પુત્રોનો તથા પૌત્રોનો ત્યાગ નહિ કરનારો અને તેઓનું ભરણપોષણ કરવા અસમર્થ થયેલો બ્રાહ્મણ, કેવી રીતે વર્તે ? તે મને કહો.[૭] તેમજ હે શત્રુતાપન રાજા! એવે વખતે લોકો જ્યારે પાપી બની જાય, ત્યારે રાજાએ કેવી રીતે વર્તવું ? અને કેવી રીતે વર્તવાથી ભ્રષ્ટ ન થવાય ? તે મને કહો.[૮]

ભીષ્મે કહ્યું:–" હે મહાબાહુ યુધિષ્ઠિર રાજા! પ્રજાઓનું યોગક્ષેમ સારીરીતે જળવાઇ રહે ને જગતમાં નિયમિત રીતે વૃષ્ટિ થયા કરે, તે સર્વનું મૂળ એક રાજાજ છે; તેમજ પ્રજાઓમાં વ્યાધિઓ વધી પડે, મરણપ્રમાણ અધિક થવા લાગે ને અનેક પ્રકારનાં ભય ઉપસ્થિત થાય તેનું કારણ પણ રાજા જ છે.[૯]હે ભરતશ્રેષ્ઠ રાજા! હું નિશ્ચય માનું છું કે, સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ–એ ચારે યુગોનું મૂલકારણ રાજા છે, એમાં સંશય નથી.[૧૦] જે વેળા તમે કહ્યો તેવો, પ્રજાઓમાં દોષ ઉત્પન્ન કરનારો બારીક સમય પ્રાપ્ત થાય, તે વેળા બ્રાહ્મણે પોતાના વિજ્ઞાનબળનો આશ્રય કરીને આજીવિકા ચલાવવી.[૧૧] આ વિષયમાં એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ અપાય છે, કે જેમાં એક ચાંડાલવાડામાં વિશ્વામિત્રનો તથા ચાંડાલનો જે સંવાદ થયો હતો તેનું વર્ણન કરેલું છે.[૧૨] પૂર્વે ત્રેતાયુગ અને દ્વાપર યુગની સંધિના સમયે દૈવયોગે એવુંજ બન્યું કે, આ પૃથ્વીપર બાર

વર્ષનો ભયંકર દુષ્કાળ પડયો.[૧૩] બરાબર ત્રેતાયુગના અંતમાં અને દ્વાપર યુગના આરંભમાં અત્યંત વધી પડેલી પ્રજાઓનો પ્રલયકાળ ઉપસ્થિત થયો,[૧૪] તે વખતે ઇંદ્ર (વરસાદ) વરસ્યો નહિ, ગુરુ વક્ર ગતિનો થયો અને ચંદ્ર પણ વિપરીત લક્ષણોવાળો થઇને દક્ષિણમાર્ગે જવા લાગ્યો.[૧૫] એ વેળા ઝાકળ પણ પડતું ન હતું તો પછી વાદળાં તો હોયજ શાનાં ? નદીઓના મોટા જળપ્રવાહો છેક ક્ષીણ થઈ ગયા અને કેટલીએક નાની નદીઓ તો ભૂગર્ભમાંજ પેસી ગઇ.[૧૬] એ સમયે દૈવઘટનાનું કંઇ જૂદુંજ સ્વરૂપ પ્રકટ થયું હતું, કે જેને લીધે બધાં તળાવો, નદીઓ, કૂવાઓ તથા ઝરણાંઓ કેવળ શુષ્ક બની જઈને નિસ્તેજ દેખાતાં હતાં;[૧૭] પૃથ્વી ઉપર પણ નાનાં નાનાં જેટલાં જળાશયો હતાં તે બધાં સૂકાઈ ગયાં, મુસાફરોને વિશ્રાંતિ લેવાનાં સ્થળો અને પાણીની પરબો ગતપ્રાય બની ગયાં, ચોબાજુ યજ્ઞો અને સ્વાધ્યાયો બંધ પડી ગયા, વષટ્કારરૂપી મંગલનો વિનાશ થઇ ગયો, ખેતીવાડી અને ગોરક્ષાનો તો ઉચ્છેદજ થઈ ગયો, બજારોમાં ચાલતા વ્યાપારરોજગાર અદૃશ્ય થઈ ગયા, યજ્ઞસ્તંભો તથા યજ્ઞની સામગ્રીઓ કોણ જાણે કયાંય ઉડી ગઈ, મોટા મોટા ઉત્સવો નષ્ટ થઇ ગયા, જ્યાં જોઇએ ત્યાં હાડકાંના ગંજાવર ઢગો દૃષ્ટિએ પડવા લાગ્યા, ભૂત, પ્રેત, પિશાચ અને રાક્ષસો જેવાં માંસાહારી પ્રાણીઓ ભયંકર શબ્દો કરવા લાગ્યાં, ઘણાંખરાં નગરો અને શહેરો ઉજ્જડ થઈ ગયાં, ગામડાંઓ અને તેમાંનાં સર્વ નિવાસસ્થાનો બળીને ભસ્મ થઇ ગયાં, કોઇ સ્થળે ઘોર ઉત્પાતોથી, કોઇ સ્થળે શસ્ત્રોના પ્રહારથી, કોઈ સ્થળે રાજાઓના ત્રાસથી અને કોઇ સ્થળે માંહોમાંહેના ભયથી પ્રજાઓ આકુળવ્યાકુળ બની ગઈ, જેથી આખી પૃથ્વી લગભગ નિર્જન ને વેરાન જેવી બની ગઇ.[૧૮-૨૧] તેમજ દેવમંદિરો આત્લી ખંડેર જેવાં થઇ ગયાં, વૃદ્ધ લોકોને તો સર્વ ઠેકાણેથી હાંકીજ કાઢવામાં આવ્યા, ગાયો, બકરાં, ઘેટાં અનેભેંસો વગેરે પશુઓનો નાશ થઈ ગયો, મનુષ્યોમાં પણ પરસ્પર મારામારી થવા લાગી, બ્રાહ્મણોનો સંહારવળી ગયો, કોઇ કોઈની રક્ષા કરનાર ન રહ્યું, ઔષધિઓનો સમુદાય નષ્ટ થઈ ગયો અને આખી પૃથ્વી શ્મશાનના વૃક્ષની પેઠે અગમ્ય થઇ પડી.[૨૨,૨૩]

હે યુધિષ્ઠિર! એ મહાભયંકર સમયે ધર્મનો નાશ થઇ ગયો, ક્ષુધાતુર થયેલા મનુષ્યો એકબીજાને ખાઇ જવા લાગ્યા અને ઋષિઓ નિયમોનો, અગ્નિહોત્રાદિ કર્મનો, દેવપૂજાનો તથા સર્વ આશ્રમોનો પરિત્યાગ કરીને ઠેકઠેકાણે ભિક્ષાને માટે ભટકવા લાગ્યા.[૨૪,૨૫] એ વખતે મહર્ષિ ભગવાન વિશ્વામિત્ર, કે જેઓ મહાબુદ્ધિમાન હતા, તે પણ ક્ષુધાને લીધે પોતાના આશ્રમનો ત્યાગ કરીને ચોતરફ ભટકવા લાગ્યા.[૨૬] તેમણે પોતાની સ્ત્રીને તથા પુત્રોને કોઇ જનસમાજમાં ત્યજી દીધાં હતાં અને પોતે આશ્રમનો તથા અગ્નિનો (અગ્નિહોત્રનો) ત્યાગ કરીને તથા ભક્ષ્યાભક્ષ્યને સમાન ગણીને અન્નને માટે જ્યાં ત્યાં ભટકતા હતા.[૨૭] એક વખતે ઋષિ વિશ્વામિત્ર, આમતેમ ફરતા ફરતા કોઈએક વનમાં આવી ચઢ્યા કે જ્યાં પ્રાણીઓનો ઘાત કરનારા હિંસાવિહારી ચાંડાલ લોકોનું નિવાસસ્થાન હતું.[૨૮] એ નિવાસસ્થાનમાં (ચાંડાલવાડામાં)ઠેકઠેકાણે ભાંગી પડેલા માટીના ઘડાઓની ઠીંકરીઓ વેરાઈ પડી હતી. કૂતરાંના ચામડાના ટુકડાઓ જ્યાં ત્યાં પડયા હતા, વરાહોનાં (ભુંડોનાં) તથા ગધેડાંઓનાં ભાંગી ગયેલાં હાડકાંઓ, ખોપરીઓ અને માટીનાં છાલ્લાંઓ આસપાસ દૃષ્ટિએ પડતાં હતાં; મુડદાં ઉપર ઓઢાડેલાં વસ્ત્રો ચોબાજુ સૂકવેલાં હતાં, મુડદાંને પહેરાવેલી માળાઓથી ઘરોને શણગાર્યાં હતાં, સર્પની કાંચળીઓની બનાવેલી માળાઓવડે ઝુંપડીઓને તથા મઠોને ચિહ્નિત કર્યા હતા, ઠામ ઠામ કુકડાઓના શબ્દો સંભળાતા હતા, ગધેડાંઓના ભુંકવાના ધ્વનિઓથી તે પ્રદેશ ગાજી રહ્યો હતો, પ્રત્યેક ઘરમાં મોટા મોટા બૂમબરાડા પાડીને તથા કઠોર વચનો બોલીને ચાંડાલો પરસ્પર લઢી રહ્યા હતા, ઘુવડ પક્ષીઓના ઘુઘવાટા ત્યાં સંભળાતા હતા, નાનાં નાનાં દેવસ્થાનોથી તે સ્થાન

વ્યાપ્ત હતું, દેવમંદિરોમાં લટકાવેલી લોઢાની ઘંટડીઓના રણકારા તે સ્થળે સંભળાતા હતા અને કૂતરાંઓના ટોળાંઓ તેની ચોબાજુ વીંટાઇ વળ્યાં હતાં.[૨૯-૩૨] આવા અગમ્ય ચાંડાલવાડામાં પ્રવેશ કરીને મહર્ષિ વિશ્વામિત્ર, ક્ષુધાતુર હોવાથી પરમ યત્નપૂર્વક આહારની શોધ કરવા લાગ્યા.[૩૩] તેમણે ચાંડાલવાડામાં ઘેર ઘેર ભિક્ષા માગી; પણ અફસોસ! માંસ, અન્ન, ફળ, મૂળ અથવા બીજો કંઇપણ ભક્ષ્ય પદાર્થ તેમને મળ્યો નહિ.[૩૪] પછી ઋષિ વિશ્વામિત્ર, “આહ! આ વેળા હું મહાન દુખમાં આવી પડયો છુ” આમ બોલીને શરીરની ક્ષીણતાને લીધે તે ચાંડાલવાડામાં (પૃથ્વીપર) પછડાઇ પડયા.[૩૫] હે મહારાજા યુધિષ્ઠિર! મુનિ વિશ્વામિત્ર, પૃથ્વીપર પડયા પડયા મનમાં વિચાર કરવા લાગ્યા કેઃ-“હવે મારે શું કરવું જોઇએ, કે જેથી મારો અર્થ સિદ્ધ થાય અને આ રીતે હું વૃથા મૃત્યુને ન પામું?” આવો વિચાર કરીને તેમણે આસપાસ નજરકરી તો હે રાજન્! પાસેનાજ એક ચાંડાલના ઘરમાં, તત્કાળ શસ્ત્રથી મારી નાખેલા એક કૂતરાના માંસને બાંધીને લટકાવેલી લાંબી દોરી તેમના જોવામાં આવી.[૩૬,૩૭] તેને જોઇને મુનિએ વિચાર કર્યો કે “બસ, હવે આ માંસને હું અહીંથી ચોરી જાઉં; કેમકે મારા પ્રાણ બચાવવા માટે બીજો એક પણ ઉપાય હવે મને સૂઝતો નથી, તેમજ વળી આપત્તિના સમયે મહાન પુરુષે પણ ચોરી કરીને જીવન ધારણ કરવું, એમ શાસ્ત્રમાં કહ્યું છે; અને એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે, બ્રાહ્મણે પણ પ્રાણરક્ષા કરવા માટે ચોરી કરવી. જે વેળા મહાન આપત્તિ આવી પડે, ત્યારે પ્રથમ પોતાના કરતાં હલકા મનુષ્યને ત્યાં ચોરી કરીને અન્નાદિ ગ્રહણ કરવું. તેની પાસેથી જો ન મળે તો પછી પોતાના સમાન મનુષ્ય પાસેથી ચોરી કરીને અન્નાદિ લેવું અને તેમ કરતાં પણ જો કંઇ ન મળે તો પછી ઉત્તમ ધાર્મિક પુરુષની પાસેથી પણ ચોરી કરીને અન્ન મેળવવું.[૩૮-૪૦] આ વેળા હું મરણની અણી ઉપર આવી પડયો છું, માટે આ ચાંડાલના ઘરમાં રહેલી કૂતરાની જાંઘને ચોરી લઉં. મને લાગે છે કે, પ્રતિગ્રહથી ઉત્પન્ન થનારા દોષ કરતાં ચોરી કરવાથી ઉત્પન્ન થનારો દોષ કંઇ અધિક નથી-અર્થાત પ્રતિગ્રહ અને ચોરી એ બન્નેમાં સરખો દોષ સમાયલો છે”[૪૧] આવો બુદ્ધિ સાથે નિશ્ચય કરીને મહામુનિ વિશ્વામિત્ર, એકદમ ત્યાંથી ઉઠયા અને હે ભારત ! જ્યાં પેલો ચાંડાલ સૂતો હતો, ત્યાં છાનામાના સૂઇ રહ્યા.[૪૨] પછી જ્યારે રાત્રિ ગાઢ થઇ ગઇ અને ચાંડાલવાડામાં સૌ કોઈ સૂઇ ગયાં, ત્યારે:ભગવાન વિશ્વામિત્ર ધીમે રહીને ઉભા થયા ને જ્યાં પેલું કૂતરાનું માંસ લટકાવ્યું હતું, તે ઝુંપડીમાં દાખલ થયા.[૪૩] તે સમયે પેલો ચાંડાલ સૂઈ ગયો હોય તેવો જણાતો હતો પણ ખરી રીતે તે સૂઈ ગયો ન હતો. માત્ર ચીપડાઓને લીધે તેનાં નેત્રો બંધ થઇ ગયાં હતાં-અર્થાત તે જાગતોજ પડયો હતો. તેનો દેખાવ રૂક્ષ અને અપ્રિય હતો. તેણે ખોખરે અવાજે વિશ્વામિત્રને આ પ્રમાણે કહ્યું.[૪૪]

ચાંડાલ બોલ્યોઃ-“અરે ! આ ચાંડાલવાડામાં સૌને સૂઇ ગયેલા જાણીને તું કોણ આવ્યો છે? અને શામાટે કૂતરાનું માંસ બાંધેલી દોરીને ખેંચી રહ્યો છે? તું ધારતો હોઇશ કે, આ ચાંડાલ સૂઈ ગયો છે, પણ તેમ નથી. હું જાગું છું. અલ્યા ઓ દારુણ કર્મ કરનારા! ઉભો રહેજે, હવે તારૂં આવી બન્યું છે.”[૪૫] ચાંડાલનાં એ વચન સાંભળીને વિશ્વામિત્ર એકાએક ચોંકી ગયા અને પોતાના એ ચોરીના કર્મથી તેમને ઉદ્વેગ થવા લાગ્યો. તેમનું મુખ શરમથી વ્યાકુળ બની ગયું. પછી તેમણે પેલા ચાંડાલને કહ્યું:-[૪૬] “હે આયુષ્મન્ ! હું વિશ્વામિત્ર છું. મને ઘણીજ ભૂખ લાગી છે તેથી આ તારા ઘરમાં ચોરી કરવા માટે આવ્યો છું; માટે હે બુદ્ધિમાન ચાંડાળ! તું જો સારી પેઠે વિચાર કરી જુએ તો હું વધ કરવા યોગ્ય નથી.”[૪૭] શુદ્ધાત્મા મહર્ષિ વિશ્વામિત્રનાં એ વચન સાંભળીને પેલો ચાંડાલ, એકદમ સંભ્રમપૂર્વક શયનમાંથી ઉભો થઇ ગયો અને તુરત વિશ્વામિત્રની પાસે આવ્યો.[૪૮] તેણે પોતાના નેત્રનાં અશ્રુઓ

લૂછી નાખીને, બે હાથ જોડીને બહુ માનપૂર્વક વિશ્વામિત્રને કહ્યું કે:-"હે બ્રહ્મન્! આવા રાત્રિના સમયે તમે શું કરવા ધાર્યું છે?"[૪૯] તે સાંભળીને વિશ્વામિત્રે ચાંડાલને શાંત પાડતાં પાડતાં કહ્યું:-"હું ભૂખ્યો થયો છું. મારા પ્રાણ ચાલ્યા જાય છે, માટે આ કૂતરાની જાંઘને હું ચોરી જવા ધારૂં છું.[૫૦] હું ક્ષુધાતુર થયો છું તેથીજ આવું પાપકર્મ કરવા તૈયાર થયો છું. જે મનુષ્ય ક્ષુધાતુર થયેલો હોય છે તેને હરકોઈ કૃત્ય કરવામાં શરમ આવતી નથી. મને ક્ષુધાએજ દુષ્ટ કર્યો છે ને તેથી આ કૂતરાની જાંઘને હું લઈ જવા તૈયાર થયો છું.[૫૧] ભૂખને લીધે મારા પ્રાણ ગભરાય છે, મારૂં શાસ્ત્રજ્ઞાન આ વેળા નષ્ટ થઈ ગયું છે, હું દુર્બળ થઈ ગયો છું અને મારૂં ભાન પણ લગભગ ચાલ્યું ગયું છે, જેથી ભક્ષ્યાભક્ષ્યનો વિચાર મને સૂઝતોજ નથી.[૫૨] હું સમજું છું કે, આ કૃત્ય અધર્મભરેલું છે તોપણ આ કૂતરાની જાંઘને હું લઈ જઈશ; કેમકે તમારા આ ચાંડાલવાડામાં હું ઘેર ઘેર ભટકી વળ્યો ને મને કંઈ પણ ભિક્ષા ન મળી. ત્યારે મને આવું પાપી કૃત્ય કરવાની બુદ્ધિ સૂઝી છે અને તેથીજ આ કૂતરાની જાંઘને હું લઈશ. અગ્નિ, દેવતાઓનું મુખ છે અને તેઓનો પુરોહિત છે, વળી તે અગ્નિ પોતાનામાં હોમેલા પવિત્ર પદાર્થનેજ પસંદ કરે છે પણ અપવિત્ર પદાર્થથી તો ઉલટો કોપાયમાન થાય છે; છતાં જગતમાં તે સમર્થ અગ્નિદેવને સર્વભક્ષી કહેવામાં આવે છે તેમજ હું બ્રાહ્મણ છું, તે અગ્નિના જેવોજ પવિત્ર છું અને સર્વભક્ષી નથી છતાં સર્વભક્ષી થવા ઇચ્છું છું, એમાં ધર્મદૃષ્ટિ એજ મારી પ્રવૃત્તિ છે, એમ તારે જાણવું." વિશ્વામિત્રે એ પ્રમાણે કહ્યું, એટલે ચાંડાલ બોલી ઉઠ્યો:-"હે મહર્ષિ! હવે મારૂં વચન સાંભળો અને તે સાંભળ્યા પછી તમને જેમ સત્ય લાગે તેમ વર્તો ને ધર્મથી ભ્રષ્ટ ન થવાય તેમ કરો. હે બ્રહ્મર્ષિ! હું તમારો ધર્મ પણ તમને કહું છું, તેને તમે સાંભળો. વિદ્વાનો કહે છે કે, કૂતરૂં શિયાળના કરતાં પણ અધમ પ્રાણી છે અને કૂતરાના શરીરમાં પણ તેની જાંઘનો ભાગ અત્યંત અધમ ગણાય છે;[૫૪-૫૭] માટે હે મહર્ષિ! તમારો આ નિશ્ચય યોગ્ય નથી અને ધર્મદૃષ્ટિએ નિંદાપાત્ર પણ છે; કેમકે તમે ચાંડાલના દ્રવ્યની ચોરી કરવા તૈયાર થયા છો. વળી તેમાં પણ અભક્ષ્ય પદાર્થનુંજ હરણ કરવાની તમે ઈચ્છા કરો છો.[૫૮] હે મહામુનિ! પ્રાણનું રક્ષણ કરવામાટે તમે કોઈ બીજા ઉપાયને શોધી કાઢો પણ આ રીતે માંસભક્ષણના લોભને અધીન થઇને તમારા તપશ્ચરણનો નાશ ન થવા દ્યો.[૫૯] શાસ્ત્રોક્ત ધર્મને જાણનારા તમારા જેવા મહાપુરુષે, આવી ધર્મસંકરતા ન કરવી જોઇએ. તમે ધર્મનિષ્ઠ પુરુષોમાં શ્રેષ્ઠ ગણાઓ છો, માટે તમારા સ્વધર્મનો ત્યાગ કરશો મા."[૬૦]

હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા! ચાંડાલનાં એ વચનો સાંભળ્યા પછી ક્ષુધાતુર મહામુનિ વિશ્વામિત્રે તેનાપ્રત્યે કહ્યું:-[૬૧] "અરે ઓ ચાંડાલ! આહારના અભાવે ઉપવાસ કરી કરીને આમતેમ દોડાદોડી કરતાં મારો ઘણો કાળ વીતી ગયો છે જેથી હવે, મારા પ્રાણનું રક્ષણ કરવા માટે બીજો એક પણ ઉપાય રહ્યો નથી.[૬૨] પુરુષ જ્યારે પ્રાણસંકટમાં આવી પડે, ત્યારે તેણે સારૂંનઠતું હરકોઇ પ્રકારનું કર્મ કરીને પ્રથમ જીવતા રહેવું, ને પછી સમર્થ થઇને ધર્માચરણ કરવું.[૬૩] સર્વ કોઈનું પાલન કરવારૂપ ઇંદ્રદેવનો ધર્મ ક્ષત્રિયોનો છે અને સર્વભક્ષણરૂપ અગ્નિદેવનો ધર્મ બ્રાહ્મણોનો છે. વળી વેદરૂપી અગ્નિ મારૂં બળ છે, માટે એ બળના સામર્થ્યથી આ કૂતરાના માંસનું ભક્ષણ કરીને હું મારી ક્ષુધાને શાંત કરીશ.[૬૪] જે કર્મ કરવાથી પોતે જીવી શકે, તે કર્મ ગમે તેવું હોય તોપણ મનુષ્યે સત્વર કરવું જોઈએ; કેમકે મરણના કરતાં જીવવું એ વધારે શ્રેયસ્કર છે અને જીવતો માણસજ ધર્મને સંપાદન કરી શકે છે;[૬૫] માટેજ હું અભક્ષ્યનું ભક્ષણ કરીને પણ જીવવાની ઇચ્છા રાખું છું અને તે મારો નિશ્ચય, અજ્ઞાનથી નથી પણ બુદ્ધિપૂર્વકજ છે, માટે તું મને અનુમતિ (સલાહ) આપ.[૬૬] (હું જો જીવતો રહીશ, તો) જ્યોતિર્ગણો જેમ ઘોર અંધકાર-

નો નાશ કરે છે, તેમ મારા તપોબળથી અને વિદ્યાબળથી સર્વ પાપોનો નાશ કરીશ, એટલુંજ નહિ પણ મારા આત્માને મહાબળવાન કરીશ." ૬૭

ચાંડાલે કહ્યું:–" આ કૂતરાના માંસનું ભક્ષણ કરવાથી તમારૂં આયુષ્ય લાંબું થશે નહિ, સદાને માટે પ્રાણ રહેશે નહિ અને અમૃતના જેવી તૃપ્તિ પણ થશે નહિ; માટે કૂતરાને ખાવાનો વિચાર મનમાંથી કાઢી નાખીને તમે કોઇ બીજી ભિક્ષા માગો; કેમકે કૂતરૂં દ્વિજાતિઓને અભક્ષ્ય છે." ૬૮

વિશ્વામિત્રે કહ્યું:–" હે ચાંડાલ! આ દુષ્કાળના સમયમાં બીજું કોઈ માંસ મને સત્વર મળી આવે, એમ હું માનતો નથી; તેમ મારી પાસે દ્રવ્ય પણ નથી. (જેથી હું બીજું કંઇ ખરીદી શકું!) હું ક્ષુધાથી વિહ્વળ બની ગયો છું, મને બીજો એકેય આધાર દેખાતો નથી અને તેથી હું છેક નિરાશ થઇ ગયો છું; માટે આ કૂતરાના માંસમાં છએ રસો છે, એમ હું સારી રીતે માનું છું." ૬૯

ચાંડાલે કહ્યું:–" શાસ્ત્રમાં એવો નિયમ કરવામાં આવ્યો છે કે, બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય–એ ત્રૈવર્ણિકોએ પાંચ નખવાળાં પાંચજ પ્રાણીઓનું ભક્ષણ કરવું. આ શાસ્ત્રીય નિયમને તમે જો પ્રમાણ માનતા હો તો આ કૂતરાના માંસને અભક્ષ્ય ગણીને તેનું ભક્ષણ કરવાનો વિચાર છોડી દો." ૭૦

વિશ્વામિત્રે કહ્યું:–" અગસ્ત્ય ઋષિ જ્યારે ભૂખ્યા થયા હતા, ત્યારે વાતાપિ નામના અસુરનું પણ ભક્ષણ કરી ગયા હતા. તેમ હું પણ આ વેળા ક્ષુધાને લીધે આપત્તિમાં આવી પડ્યો છું માટે આ કૂતરાની જાંઘનું ભક્ષણ કરીશ." ૭૧

ચાંડાલે કહ્યું:–" તમે કોઇ બીજી ભિક્ષા માગી લાવો; પણ આ અભક્ષ્યનું ભક્ષણ કરવું, તે તમને યોગ્ય નથી. હું તમને ખરૂંજ કહું છું કે, આવું કર્મ તમને યોગ્ય નથી; છતાં તમારી જો તેવીજ ઇચ્છા હોય તો ભલે, આ કૂતરાની જાંઘને તમે લઇ જાઓ." ૭૨

વિશ્વામિત્રે કહ્યું:–"ધર્મના વિષયમાં શિષ્ટ પુરુષોનાં આચરણને પ્રમાણભૂતજ માનવામાં આવે છે, જેથી હું પણ અગસ્ત્ય આદિ શિષ્ટ પુરુષોના આચારને અનુસરૂં છું અને તેથી આ કૂતરાની જાંઘને પવિત્ર ભોજનના કરતાં પણ શ્રેષ્ઠ અને ભક્ષ્ય માનું છું." ૭૩

ચાંડાલે કહ્યું:–" અસત્ પુરુષોના આચરણને સનાતન ધર્મતરીકે કદી મનાયજ નહિ. આ જગતમાં જે અકાર્ય છે તે કાર્ય (કરવા યોગ્ય) થઇ શકતું નથી, માટે તમે અગસ્ત્ય ઋષિનું બહાનું બતાવીને અધર્મ કૃત્ય કરો મા." ૭૪

વિશ્વામિત્રે કહ્યું:–" અગસ્ત્ય પણ એક ઋષિ હતા. તે (મનુષ્યભક્ષણ જેવું) પાપી અને નિંદ્ય કૃત્ય કદી કરેજ નહિ. વળી હું આ વખતે પશુત્વ ધર્મ તરફ દૃષ્ટિ કરીને કૂતરાને તથા મૃગને સમાન માનું છું, માટે આ કૂતરાની જાંઘને હું ખાઇશ." ૭૫

ચાંડાલે કહ્યું:–" (તમે કહો છો કે, અગસ્ત્ય ઋષિએ જેમ વાતાપિ દૈત્યનું ભક્ષણ કર્યું હતું, તેમ હું પણ આ કૂતરાની જાંઘનું ભક્ષણ કરીશ." પણ તેમ કહેવું યોગ્ય નથી; કેમકે અગસ્ત્યઋષિએ બ્રાહ્મણોની પ્રાર્થનાને અધીન થઈને બ્રાહ્મણોનું ભક્ષણ કરનારા વાતાપિ દૈત્યનું ભક્ષણ કર્યું હતું અને બ્રાહ્મણોને દુઃખમાંથી મુક્ત કર્યા હતા–અર્થાત્ અગસ્ત્ય મુનિએ કેવળ બ્રાહ્મણોને માટેજ વાતાપિનું ભક્ષણ કર્યું હતું, પણ પોતાનું ઉદર ભરવા માટે ભક્ષણ કર્યું ન હતું અને તે પણું અવસ્થાના અધિકારપરત્વેજ તેમણે એ કર્મ કર્યું હતું. (તાત્પર્ય કે, તે સમયજ એવો હતો, જેથી તેમ કર્યા વિના ચાલે તેમ ન હતું,) માટે અગસ્ત્યે કરેલા એ કર્મમાં પાપનો સંભવજ ન હતો, પરંતુ ધર્મજ હતો; કેમકે લોકના ગુરુ ગણાતા બ્રાહ્મણોનું હરકોઈ ઉપાયે પણ રક્ષણ કરવું જોઈએ." ૭૬

વિશ્વામિત્રે કહ્યું:–" હું પણ એક બ્રાહ્મણ છું અને મારો આ દેહ મારો પ્રિય મિત્ર છે તેમ લોકમાં ઘણોજ પૂજ્ય છે; માટે તેનું રક્ષણ કરવા માટે આ કૂતરાની જાંઘને હું લઇ જવા ઇચ્છું છું અને તેથીજ આવું ક્રૂર કર્મ કરતાં પણ હું ડરતો નથી." ૭૭

ચાંડાલે કહ્યું:-“ ધર્મનિષ્ઠ પુરુષો પોતાના જીવિતનો સુખપૂર્વક ત્યાગ કરે છે પરંતુ અભક્ષ્યનું ભક્ષણ કરીને જીવવાનો વિચાર કરતા નથી. હે વિદ્વન્! ક્ષુધાને જીતવાથી જગતમાં ઘણા પુરુષો પોતાની ઇષ્ટ કામનાઓને પામ્યા છે, માટે તમે પણ ક્ષુધાને જીતીને-એટલે ઉપવાસો કરીનેજ તમારી કામનાને પૂર્ણ કરો.”[૭૮]

વિશ્વામિત્રે કહ્યું:-“ જે વેળા મરણકાળજ ઉપસ્થિત થયો હોય, તે વેળા અનશનવ્રતનો સ્વીકાર કરીને મરણ પામવું, તે શ્રેયસ્કર છે અને તે રીતે મરણ પામવાથી સર્વ કર્મોનો પણ વિનાશ થાય છે, એ વાત સત્ય છે; પરંતુ જીવન ટકી રહે તેવી સ્થિતિ હોય છતાં અનશનવ્રતનો સ્વીકાર કરવાથી પ્રત્યક્ષ ધર્મનો લોપજ થાય છે-અર્થાત્ ધર્મ કરવાના આધારભૂત ગણાયલા શરીરનું જો રક્ષણ કરવામાં નથી આવતું તો ખુલ્લી રીતે ધર્મનો વિરોધ અથવા અધર્મજ કર્યો ગણાય છે અને હું તો નિત્ય વ્રતાચરણ કરનારો છું તથા શાંત સ્વભાવનો છું, માટે ધર્મના મૂળભૂત એવા મારા આ શરીરનું રક્ષણ કરવા માટે હું અભક્ષ્યનું પણ ભક્ષણ કરીશ.[૭૯] જ્યારે જ્ઞાનદૃષ્ટિથી જોઈએ છીએ, ત્યારે તો સ્પષ્ટ દેખાય છે કે, આ કૂતરાનું માંસ ખાઈને પણ હું પુણ્યજ પ્રાપ્ત કરીશ; કેમકે *જ્ઞાનોત્પત્તિના સાધનભૂત શરીરનું ગમે તે માર્ગનો આશ્રય કરીને પણ રક્ષણ કરવું જોઇએ; પરંતુ કર્તાપણાના અભિમાનવાળી મોહાત્મક દૃષ્ટિથી જ્યારે જોઈએ છીએ, ત્યારે જણાય છે કે, કૂતરાનું માંસ ખાવામાં દોષ છે અને વળી તે વિષયમાં મને હજી સંશયજ છે કે, હું જ્ઞાની છું કે અજ્ઞાની? તોપણ આ માંસનું ભક્ષણ કરીને હું તારા જેવો ચાંડાલ તો નહિજ બની જાઉં. (કેમકે તપશ્ચરણદ્વારા તે દોષને દૂર કરવાની મારામાં શક્તિ છે.)” ૮૦

ચાંડાલે કહ્યું:-“ જો કે હું મહાપાપી છું અને સર્વના કરતાં અધમ છું, જેથી તમને આવો ઠપકો આપીને ઉલટો વધારે પાપી બનું છું; કેમકે તમે એક પૂજ્ય બ્રાહ્મણ છો, તોપણ મારો દૃઢ નિશ્ચય છે કે, આવું નિંદ્ય અને દુઃખજનક પાપકૃત્ય કરતા મારે તમને અટકાવવા.”[૮૧]

વિશ્વામિત્રે કહ્યું:-“કોઈ જલાશયમાંનાં દેડકાંઓ ભલેને બૂમો પાડયાજ કરે! પરંતુ ગાયો, તેઓની બૂમોને નહિ ગણકારીને પાણી પીએજ છે; તે પ્રમાણે તું ગમે તેટલું કહ્યા કરીશ તોપણ હું આ કૃત્ય કરવાનોજ! વળી ધર્માનુશાસનમાં તને અધિકાર નથી તો, વ્યર્થ આત્મશ્લાઘા કર મા.”[૮૨]

ચાંડાલે કહ્યું:-“ હે બ્રાહ્મણ! હું તમારો મિત્ર થઇને તમને શિખામણ આપું છું અને મને તમારા ઉપર દયા આવે છે, તેથી આમ કહી રહ્યો છું; માટે જેમાં તમારૂં શ્રેય હોય તેવું કર્મ તમે કરો, પણ લોભને અધીન થઇને આવું પાપી કૃત્ય કરો મા.”[૮૩]

વિશ્વામિત્રે કહ્યું:-“ તું જો મારો મિત્ર હો અને મારા સુખની ઈચ્છા રાખતો હો તો, આ આપત્તિમાંથી મારો ઉદ્ધાર કર. મારો ધર્મ શું છે તે હું જાણું છું, માટે આ કૂતરાની જાંઘ મને આપ.”[૮૪]

ચાંડાલે કહ્યું:-“હું મારા હાથથી આ જાંઘ તમને આપી શકતો નથી, તેમ મારી નજર આગળ ચોરાઇ જતા મારા અન્નની ઉપેક્ષા પણ કરી શકતો નથી; અને ધારો કે આ માંસ હું તમને અર્પણ કરૂં ને તમે બ્રાહ્મણ હોવાથી તેનો જો પ્રતિગ્રહ કરો તો આપણે બન્ને દોષભાગી બનીને નરકમાંજ પડીએ.”[૮૫]

વિશ્વામિત્રે કહ્યું:-“આજે આ પાપકર્મ કરીને જો હું જીવતો રહીશ તો પાછળથી મહાપવિત્ર ધર્માચરણ કરીશ અને તેના પ્રભાવથી પવિત્રાત્મા બનીને ધર્મનેજ સંપાદન કરીશ; માટે આવું પાપકૃત્ય કરીને જીવવું તે શ્રેષ્ઠ છે, કે નિરાહાર રહીને પ્રાણત્યાગ કરવા તે શ્રેષ્ઠ છે? એ વિષે તુંજ મને કહે.”[૮૬]

ચાંડાલે કહ્યું:-“પોતાના કુલને યોગ્ય એવું

---

*છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહ્યું છે કે, મન એ અન્નમય છે જેથી અન્ન ભક્ષણ નહિ કરવાથી મન અસ્વસ્થ રહે છે અને તેની અસ્વસ્થતાને લીધે અધ્યયન કરેલી વિદ્યાનું સ્મરણ થતું નથી. ઉપરાંત મનની અસ્વસ્થતાને લીધે શરીરની સ્થિતિમાં પણ ઘણોજ ફેરફાર અનુભવાય છે.

ધર્માચરણ કરવામાં પોતાનો આત્માજ સાક્ષીભૂત હોય છે, જેથી તમે પોતેજ જાણો છો કે, આ કૃત્ય કરવામાં પાપ છે, કે પુણ્ય છે? હું તો ધારૂં છું કે, જે પુરુષ કૂતરાના માંસને પણ ભક્ષ્ય ગણીને તેનો સ્વીકાર કરે, તે બીજી કોઇ પણ વસ્તુનો ત્યાગ કરે નહિ–અર્થાત તે પુરુષ સર્વભક્ષીજ હોવો જોઈએ.”[૮૭]

વિશ્વામિત્રે કહ્યું:–“હું કબૂલ કરૂં છું કે, અભક્ષ્ય પદાર્થનો પ્રતિગ્રહ કરવામાં તથા તેનું ભક્ષણ કરવામાં દોષ છે; પરંતુ જે વેળા પ્રાણ જવાનો પ્રસંગ આવી પડે, ત્યારે અભક્ષ્ય પદાર્થનું પણ દાન લેવું અને તેનું ભક્ષણ કરવું, આવો સામાન્ય વિધિશાસ્ત્રનો *અપવાદ પણ છે. (તાત્પર્ય કે,) જે ભક્ષ્યમાં હિંસાનો તથા અસત્યનો સંબંધ હોય છે, તે ભક્ષ્ય નિંદનીય ગણાય છે; પરંતુ જે ભક્ષ્યમાં હિંસા કે અસત્યનો સંબંધ નથી અને જેનું ભક્ષણ કરવાથી જગતમાં અલ્પજ નિંદા થાય છે, તે અભક્ષ્ય પદાર્થનું પણ પ્રાણ જવાના પ્રસંગે ભક્ષણ કરવું; કેમકે તેમાં હિંસા અને અસત્યના જેવું ભારે પાપ નથી અને પોતાના પ્રાણની રક્ષારૂપ મહાન કાર્ય તેથી સિદ્ધ પણ થાય છે.”[૮૮]

ચાંડાલે કહ્યું:–“હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! આ અભક્ષ્ય વસ્તુનું પણ ભક્ષણ કરીને તમારે કેવળ પ્રાણપોષણ કરવાનીજ જો ઇચ્છા છે તો પછી સ્પષ્ટ જણાય છે કે, તમે વેદને કે આર્યધર્મને પ્રમાણ માનતા નથી અને તેથીજ હું જેમ ભક્ષ્યાભક્ષ્યમાં દોષને જોતો નથી, તેમ તમે પણ દોષને જોતા નથી.”[૮૯]

વિશ્વામિત્રે કહ્યું:–“અભક્ષ્યનું ભક્ષણ કરવાથી પાપ લાગે છે, એ વાત ખરી છે; પણ હિંસાના જેવું મહાન પાપ લાગતું નથી. જેમકે શાસ્ત્રની આજ્ઞા છે કે, ‘મદિરાપાન કરીને પુરુષ પતિત થાય છે.’ આ આજ્ઞા, પુરુષને પતિત થયાનું કહે છે, પરંતુ હિંસા કર્યાના જેવો મહાપાપી થયાનું કહેતી નથી; તેમજ અભક્ષ્ય ભક્ષણમાં પાપ રહેલું છે ખરૂં, પણ પાપનો મુખ્ય હેતુ જે હિંસા, તે એમાં જોવામાં આવતો નથી. વળી જેમકે, મૈથુનરૂપ પાપકૃત્ય, કરેલા પુણ્યનો પણ નાશ કરે છે, તેમ આ અભક્ષ્યભક્ષણરૂપ પાપકૃત્ય કરેલા પુણ્યનો નાશ કરનાર નથી. અર્થાત્ આ અભક્ષ્ય વસ્તુના ભક્ષણથી સામાન્ય પાપની ઉત્પત્તિ થશે, પણ મારો બ્રાહ્મણત્વાદિ ધર્મ નાશ નાહ પામે.”[૯૦]

ચાંડાલે કહ્યું:–“તમારા જેવો એક વિદ્વાન પુરુષ, આ ચાંડાલના ઘર જેવા અયોગ્ય સ્થળેથી અને તે પણ ચોરીના જેવા નિંદ્યકર્મથી તેમજ મારા જેવા નીચ પુરુષની પાસેથી અતિ આગ્રહપૂર્વક આ કૂતરાની જાંઘ જેવા અભક્ષ્ય પદાર્થને લઇ જાય, તે સદાચરણથી વિરુદ્ધ છે, એમ હું વારંવાર કહ્યા કરૂં છું; છતાં તમે માનતા નથી, માટે આ પાપકર્મનું ફળ તમારેજ ભોગવવાનું છે, મને તેમાં કંઇ પણ લેવાદેવા નથી.”[૯૧]

ભીષ્મે કહ્યું:–“હે રાજા! વિશ્વામિત્રને એમ કહીને તે ચાંડાલ ત્યાંથી પાછો ફર્યો, એટલે તુરતજ વિશ્વામિત્રે પેલી કૂતરાની જાંઘને ઉઠાવી લીધી; કેમકે તેમનો તો એ પ્રથમથીજ નિશ્ચય હતો.[૯૨] મહામુનિ વિશ્વામિત્ર, તે કૂતરાની જાંઘને લઇને એકદમ વનતરફ ચાલી નીકળ્યા અને ત્યાં આવીને પોતાની સ્ત્રીની સાથે જીવિત ટકાવી રાખવાની ઈચ્છાથી તેને ખાવાનો તેમણે વિચાર કર્યો.[૯૩] એ વેળા તેમને એવી બુદ્ધિ થઇ કે, “હું પ્રથમ, વિધિપૂર્વક દેવોને તૃપ્ત કરૂં અને પછી મારી ઇચ્છાનુસાર આ શ્વમાંસનું ભક્ષણ કરૂં.”[૯૪] આવો નિશ્ચય કરી તે મુનિએ વેદોક્ત વિધિ પ્રમાણે અગ્નિ લાવીને ઐન્દ્રાગ્નેય વિધિથી પોતે જાતેજ ચરુ પકાવ્યો.[૯૫] હે ભરતવંશી રાજા! તે પછી ઇંદ્રાદિક દેવતાઓનું તથા પિતૃઓનું આહ્વાન કરીને તેમણે દેવોના અને પિતૃના કર્મનો આરંભ કર્યો અને અનુક્રમે સર્વ દેવપિતૃઓને ચરુમાંથી ભાગ આપ્યા.[૯૬] એટલે તેજ સમયે ઇંદ્રે વરસાદ વર-

---

* **‘सर्वान्नानुमतिश्च प्राणात्यये तद्दर्शनात्’** પ્રાણ જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તે વેળા સર્વ પ્રકારનું ભક્ષ્યાભક્ષ્ય અન્ન ભક્ષણ કરીને પ્રાણધારણા કરવી, એમ શાસ્ત્ર કહે છે. **વેદાંતદર્શન**

સાંચ્યો અને સર્વ પ્રજાઓને તથા ઔષધિઓને જીવાડી.૯૭ ભગવાન વિશ્વામિત્રે પણ તપશ્ચર્યાથી પાપોને બાળી નાખીને કેટલોએક મહાન કાળ વીતી ગયા પછી પરમ અદ્ભુત સિદ્ધિ સંપાદન કરી. એપ્રમાણે બ્રાહ્મણશ્રેષ્ઠ વિશ્વામિત્રે, કૂતરાની જાંઘરૂપ હવિષ્યવડે હોમકર્મ સમાપ્ત કરીને દેવોને તથા પિતૃઓને તૃપ્ત કર્યા હતા, પરંતુ પોતે તેનું ભો- જન કર્યું ન હતું;૯૯ તેમજ હરકોઈ ઉદાર મન- વાળા, વિદ્વાન અને ઉપાયને જાણનારા મનુષ્યે સંકટમાં આવી પડયા પછી જો જીવવાની ઇચ્છા હોય તો ગમે તે ઉપાયની યોજના કરીને પણ પોતાના દીન આત્માનો ઉદ્ધાર કરવો૧૦૦ અને એ વિશ્વામિત્રના જેવી બુદ્ધિનો આશ્રય કરીને સદાય જીવતા રહેવું; કેમકે જીવતો પુરુષ પુણ્યને તથા કલ્યાણને સંપાદન કરી શકે છે;૧૦૧ માટે હે કુંતાપુત્ર યુધિષ્ઠિર ! ધર્મ-અધર્મના નિશ્ચયને જાણનારા કુશલાત્મા પુરુષે, પૂર્વોક્ત બુદ્ધિનો આશ્રય કરીને આ જગતમાં વર્તવું.૧૦૨

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આપદ્ધર્મ પર્વમાં
"વિશ્વામિત્ર અને ચાંડાલનો સંવાદ" એ
વિષયનો અધ્યાય ૧૪૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૨ મો

શાસ્ત્રનું જ્ઞાન બુદ્ધિપૂર્વકજ હોવું જોઇએ.

॥ युधिष्ठिर उवाच ॥

यदिघोरं समुद्दिष्टमश्रद्धेयमिवानृतम् ॥
अस्तिस्विद्दस्युमर्यादा यामहं परिवर्जये ॥१॥

યુધિષ્ઠિરે પૂછયું:–"હે પિતામહ:! તમે મને કહ્યું કે, મહાન પુરુષે પણ આવા પ્રકારનું ઘોર કૃત્ય કરવું, કે જે સત્યથી રહિત અને શ્રદ્ધા કરવાને અયોગ્ય છે. તો પછી હું તમને પૂછું છું કે, ચોરલોકોને માટે તેવી કોઇ મર્યાદા છે, કે જેનો હું ત્યાગ કરૂં ? અર્થાત્ તમારા કહેવા પ્રમાણે મોટા પુરુષો પણ તેવાં નીચ કૃત્યો કરે તો પછી ચોરલોકોમાં અને તેઓમાં ભેદ શો ?૧ ખરેખર તમારો આ ઉપદેશ સાંભળીને હું મુંઝાઇ ગયો છું. મને ઘણો ખેદ થાય છે અને મારો ધર્મ પણ શિથિલ થઈ ગયો છે, તેથી હું મારા મનનું સમાધાન કરૂં છું તોપણ કોઈ પ્રકારના નિશ્ચય ઉપર આવી શકતો નથી–તમે કહેલા આ ધર્મોને આચરણમાં મૂકી શકતો નથી."૨

ભીષ્મે કહ્યું:–"હે રાજા! મેં તમને જે ધર્મ-શિક્ષણ આપ્યું છે, તે કેવળ શાસ્ત્રોનું શ્રવણ કરીનેજ આપ્યું નથી; પરંતુ એ જ્ઞાન, વિદ્વાનોના બુદ્ધિતત્ત્વમાંથી બહાર પડેલું છે અને વિદ્વાનોએ સંગ્રહ કરેલા મધસરખું છે.૩ રાજાએ, કોયલ, વરાહ, નહાર અને સિંહ આદિ અનેક પ્રાણીઓ પાસેથી જ્ઞાન સંપાદન કરવું જોઈએ; માત્ર એક ઇંદ્રિયના જ્ઞાનથી અથવા એકજ પ્રકારના જ્ઞાનથી સર્વત્ર નિર્વાહ થઇ શકતો નથી.૪ હે કુરુવંશી રાજા ! મારા વચનને લક્ષ્યમાં રાખો કે, સત્પુરુષોનો આચાર અને પોતાનો ધર્મ સદાય બુદ્ધિજન્યજ હોય છે–અર્થાત્ ધર્મનો તથા આચારનો નિર્ણય કરનાર બુદ્ધિજ છે અને બુદ્ધિદ્વારાજ તેઓનું જ્ઞાન થઇ શકે છે.૫ જે રાજાઓની બુદ્ધિ ઉત્તમ હોય છે, તેઓ વિજયની ઇચ્છાવાળા થઇને પણ ધર્માચરણ કરી શકે છે; માટે રાજાએ પોતાની ઉત્તમ બુદ્ધિનો આશ્રય કરીને ચોબાજુ ધર્મને શોધવો જોઇએ.૬ એકદેશીય જ્ઞાનનો આશ્રય કરીને રાજા ધર્મવાન થઇ શકતો નથી. વળી જે રાજાની બુદ્ધિને પ્રથમ અધ્યયન કરવાના સમયેજ વિશાળ જ્ઞાનનું શિક્ષણ મળ્યું નથી, તે રાજા દુર્બળ ગણાય છે અને તેને ધર્મવિષયક જ્ઞાન કયાંથીજ હોઈ શકે ?૭ હે ભારત ! એકજ કર્મ, કોઈ સમયે ધર્મરૂપ બને છે અને કોઈ સમયે અધર્મરૂપ બને છે, જેથી તેવા બન્ને પ્રકારના સમયજ્ઞાનને નહિ ધરાવનારો પુરુષ, તેવો સમય ઉપસ્થિત થતાં સંશયમાં આવી પડે છે; માટે હરકોઇ ધર્મજિજ્ઞાસુ પુરુષે, તે બન્ને પ્રકારનું જ્ઞાન પ્રથમજ સંપાદન કરવું જોઇએ. જેમકે અહિંસા પાળવી એ ધર્મ છે, પરંતુ ચોરની રક્ષા કરીને પાળેલી અહિંસા પાપરૂપ ગણાય છે, ઈત્યાદિ.૮ જે કોઇ બુદ્ધિમાન રાજા " આવતા વર્ષે પ્રજાઓ પાસેથી હું છ ભાગ કરને બદલે ત્રણ ભાગ કર લઈશ " આવો નિશ્ચય કરીને આપત્તિના સ-

મયે તેના તેજ વર્ષમાં છ ભાગને બદલે તેનાથી દોઢા કે સવાયો કર ગ્રહણ કરે, તોપણ પ્રજાઓ તેના વર્તનને ધર્મતરીકેજ માન્ય ગણે છે. ભલે પછી મૂઢ પુરુષોની દૃષ્ટિએ તે રાજા અધર્મી ગણાય, પણ બુદ્ધિમાનોની દૃષ્ટિએ તો તે રાજા ધર્મિષ્ઠજ છે.[૯] આ જગતમાં કેટલાએક પુરુષો સત્ય જ્ઞાનવાળા હોય છે અને કેટલાએક મિથ્યા જ્ઞાનવાળા હોય છે, માટે ડાહ્યા પુરુષે યથાર્થ રીતે વિચાર કરીને જે જ્ઞાનને સત્પુરુષે ગ્રહણ કર્યું હોય તેનું ગ્રહણ કરવું.[૧૦] કેટલાએક ધર્મથી વિરુદ્ધ વર્તનારા પુરુષો કહે છે કે, “ ધર્મશાસ્ત્રનો વિરોધ કરનારા અર્થશાસ્ત્રનો સ્વીકાર ન કરવો. ” આમ કહીને તે અર્થહીન (નિર્ધન) પુરુષો અર્થશાસ્ત્રની વિષમતાને અથવા અધર્મરૂપતાને પ્રસિદ્ધ કરે છે;[૧૧] પરંતુ હે રાજા ! કેવળ વિદ્યા ઉપરજ આજીવિકા ચલાવવાની ઈચ્છા રાખનારા તથા (તે દ્વારા) યશ અને કામનાનો અભિલાષ ધરાવનારા તે સર્વ પુરુષો મહાપાપી છે અને ધર્મના શત્રુઓ છે;[૧૨] કેમકે જેઓની બુદ્ધિ પરિપક્વ થયેલી નથી અને જેઓએ શાસ્ત્રકુશલતા મેળવી નથી તેવા એ મૂર્ખપુરુષો, શાસ્ત્રના યથાર્થ અર્થને જાણતા નથી અને તેથીજ તેઓ શાસ્ત્રીય અર્થને યુક્તિયુક્ત માનતા નથી.[૧૩] વળી તેઓ, શાસ્ત્ર તરફ દોષદૃષ્ટિથી જોનારા હોય છે, જેથી શાસ્ત્રના વાસ્તવિક અર્થનો લોપ કરીને કહે છે કેઃ–“તમારા જાણવામાં આવેલો આ શાસ્ત્રીય અર્થ બરાબર નથી. ”[૧૪] એ પ્રમાણે કહીને તેઓ બીજાઓની વિદ્યાની નિંદા કરે છે અને પોતાની વિદ્યાને પ્રસિદ્ધ કરે છે. એવા માણસો વાણીરૂપી અસ્ત્રવાળા તથા વાણીરૂપી બાણ છોડનારા હોઇને પોતાના સંબંધમાં એમજ માને છે કે, સર્વ વિદ્યાઓના ફળનું જાણે અમેજ દોહન કરી લીધું છે;[૧૫] પણ હે ભારત ! તેઓને તમારે વિદ્યાનો વ્યાપાર કરનારા અથવા રાક્ષસો જેવાજ સમજવા, માટે હે રાજા! તમે પણ દાંભિકપણાનો આશ્રય કરીને જો ધર્માચરણ કરશો, તો સત્પુરુષોએ કહેલા ધર્મને ખોઈ બેસશો.[૧૬] અમે સાંભળ્યું છે કે, કેવળવાદવિવાદ કરવાથી અથવા કેવળ તર્ક વિતર્ક કરવાથી ધર્મનો નિશ્ચય થઈ શકતો નથી, પણ બુદ્ધિ અને વાણી એ બન્નેનો સાથે ઉપયોગ કરવાથી ધર્મનો નિશ્ચય થઈ શકે છે, એવો બૃહસ્પતિનો મત છે, એમ ઇંદ્રે પોતે કહ્યું છે.[૧૭] શાસ્ત્રમાં કોઈપણ વચન નિષ્કારણ કહેવામાં આવ્યું નથી, છતાં કેટલાએક વિદ્વાનો, અહિંસા આદિનું મહત્ત્વ માનીને શાસ્ત્રના યુક્તિયુક્ત વચનનો પણ અંગીકાર કરતા નથી.[૧૮] ત્યારે બીજા કેટલાએક મુખ્ય આચાર્યો કહે છે કેઃ–“ લોકવ્યવહાર જળવાઈ રહે, માટે ધર્મની રચના કરવામાં આવી છે, તેથી ચોર વગેરેનો વધ કર્યા વિના લોકવ્યવહાર જળવાઈ રહે નહિ, એમ સમજીને તેવે પ્રસંગે અવશ્ય હિંસા પણ કરવી. ” એ પ્રમાણે વિદ્વાન પુરુષોમાં પણ અનેક મતભેદ છે; માટે બુદ્ધિમાન પુરુષે સત્પુરુષોમાં માન્ય ગણાયલા ધર્મનો પોતાની બુદ્ધિથીજ યુક્તિપૂર્વક નિશ્ચય કરવો.[૧૯] હે ભારત ! બુદ્ધિમાન પુરુષ ક્રોધને અધીન થઈને અથવા અજ્ઞાનને લીધે શાસ્ત્રના અર્થને નહિ સમજીને જો શાસ્ત્રનું પ્રવચન કરે છે, તો જનસમાજમાં તેનો શાસ્ત્રોપદેશ અપ્રમાણ થઈ પડે છે, માટે ક્રોધાદિકનો ત્યાગ કર્યા પછીજ જનસમુદાયમાં શાસ્ત્રપ્રવચન કરવું.[૨૦] જે શાસ્ત્ર વેદાનુકૂલ તર્ક અને વચનથી યુકત હોય છે, તે જગતમાં વખણાય છે; છતાં કેટલાએક લોકો માને છે કે, તર્કથી રહિત હોય તોપણ વચનજ ઉત્તમ છે, (પરંતુ એ માન્યતા અજ્ઞાનભરેલી છે;)[૨૧] તેમજ બીજા કેટલાએક માને છે કે, આ યુક્તિથી આ શાસ્ત્ર દૂષિત ઠરે છે, માટે તે વ્યર્થ છે; પરંતુ એમ માનવું તે પણ અજ્ઞાનજ છે, કેમકે પૂર્વે શુક્રાચાર્યે પણ સંશયનો નાશ કરનારો પોતાનો મત દૈત્યોને પ્રદર્શિત કર્યો હતો કે; તર્કથી શાસ્ત્રનો અને શાસ્ત્રથી તર્કનો બાધ કર્યા વિના શાસ્ત્ર અને તર્ક–એ બન્નેને જે સંમત હોય તેનું આચરણ કરવું.[૨૨] હે રાજા ! જે જ્ઞાન સંશયરૂપ હોયછે તેને વ્યર્થજ સમજવું; માટે તેવા સંશયરૂપ જ્ઞાનને મૂલમાંથીજ દૂર કરવાને તમે યોગ્ય છો. હે રાજા! તમે મારા આ નીતિવાક્યનો સ્વીકાર

કરતા નથી તે અયોગ્ય છે. શું તમે નથી જાણતા કે, ઉગ્ર કર્મ કરવામાટેજ તમને ઈશ્વરે ઉત્પન્ન કર્યા છે?[૨૪] હે તાત! તમે મારા તરફ દૃષ્ટિ કરો. જે વાતને બીજા લોકો પસંદ કરતા ન હતા અને મારી નિંદા કરતા હતા કે, આ ભીષ્મ સર્વની હિંસા કરનારો છે, છતાં મેં તેઓની નિંદાને નહિ ગણકારીને પોતાનું હિત નહિ સમજનારા અને આ પૃથ્વીપરના ઐશ્વર્યની ઇચ્છા રાખનારા રાજાઓને કેવળ ઉપકાર કરવાની બુદ્ધિથીજ શું નથી માર્યા? (અર્થાત્ માર્યાજ છે.) એજ પ્રમાણે તમે પણ સ્વાર્થબુદ્ધિનો ત્યાગ કરીને કેવળ પ્રજાઓના હિતાર્થેજ તેઓનું શાસન કરો.[૨૫] બકરાને, ઘોડાને તથા ક્ષત્રિયને બ્રહ્મદેવે, સમાન ધર્મવાળાજ ઉત્પન્ન કર્યા છે–અર્થાત્ બકરાને જેમ તેના તથા યજ્ઞના હિતમાટેજ યજ્ઞસ્તંભપ્રત્યે લઇ જવામાં આવે છે તેમ, ઘોડાને અને ક્ષત્રિયને પણ સ્વપરના હિતમાટેજ સંગ્રામભૂમિપ્રત્યે લઇ જવામાં આવે છે; માટે એ ક્ષત્રિય વગેરેથી સર્વ પ્રાણીઓનો અમુક કોઈ નિર્વાહ નિરંતર સિદ્ધ થાય છે. [૨૬] વધ કરવાને અયોગ્ય એવા હરકોઇ પ્રાણીનો વધ કરવાથી જે દોષ લાગે છે, તેજ દોષ વધ કરવાને યોગ્ય પ્રાણીનો વધ નહિ કરવાથી પણ લાગે છે. આવી ધર્મમર્યાદા છે, પરંતુ એ મર્યાદાનું ચોર લોકો ઉલ્લંઘન કરે છે અને રાજા ઉલ્લંઘન કરતો નથી. બસ, આટલોજ રાજામાં અને ચોરમાં ભેદ રહેલો છે,[૨૭] માટે રાજાએ, તીક્ષ્ણ થઈને પ્રજાઓને સ્વધર્મમાં સ્થાપવી જોઇએ; કેમકે એમ કરવામાં ન આવે તો વરુઓની પેઠે પ્રજાઓ, અન્યોન્યનું ભક્ષણ કરી જાય.[૨૮] જે રાજાના રાજ્યમાં ચોર લોકો,કાગડાઓ જળમાંથી જેમ માછલાંઓને ઉઠાવી જાય છેતેમ, પ્રજાઓના દ્રવ્યને ચોરી જાય છે, તે રાજા અધમ ગણાય છે.[૨૯] હે રાજા! જે પુરુષો વેદવિદ્યાને ભણેલા હોય અને કુળવાન હોય તેઓને તમે મંત્રી બનાવજો અને તેઓની સલાહ પ્રમાણે ધર્માનુસાર પ્રજાઓનું પાલન કરીને પૃથ્વીપર રાજ્ય કરજો.[૩૦] જે રાજા પાલનરૂપ કર્મથી રહિત અને ઉપાયોની વિશેષતાથી અજ્ઞાત હોવા છતાં અન્યાયમાર્ગે પ્રજાઓ પાસેથી કર લે છે, તે રાજા નપુંસક છે.[૩૧] ક્ષાત્રધર્મ પ્રમાણે વર્તવાની ઇચ્છાવાળા રાજાએ કેવળ ઉગ્રતા રાખવી અથવા કેવળ કોમળતા રાખવી, તે વખાણવાયોગ્ય નથી, માટે હે રાજા! તીક્ષ્ણતા અને મૃદુતા–એ બન્નેનું ઉલ્લંઘન કર્યા વિના તમે, સમય પરત્વે તીક્ષ્ણ થાઓ અને સમયપરત્વે મૃદુ પણ થાઓ.[૩૨] ક્ષાત્રધર્મ મહાક્લિષ્ટ છે, પણ તમારા ઉપર મારી પ્રીતિ છે તેથી હું તમને કહું છું કે, ઉગ્રકર્મ કરવા માટેજ ઈશ્વરે તમને ઉત્પન્ન કર્યા છે; માટે તમે રાજ્યનું પાલન કરો.[૩૩] હે ભરતશ્રેષ્ઠ રાજા! બુદ્ધિમાન શુક્રાચાર્યે કહ્યું છે કે, દુષ્ટ પુરુષોને શિક્ષા કરવી અને સત્પુરુષોનું રક્ષણ કરવું, એ આપત્તિકાળમાં પણ રાજાનો પરમ ધર્મ ગણાય છે.”[૩૪]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે સત્પુરુષોમાં શ્રેષ્ઠ ભીષ્મપિતામહ! હું તમને પૂછું છું કે, જેનું બીજો કોઈપણ પુરુષ ઉલ્લંઘન કરી શકે નહિ તેવી કોઇ મર્યાદા છે? જો હોય તો મને કહો.”[૩૫]

ભીષ્મે કહ્યું:-“હે રાજા! જે બ્રાહ્મણો વિદ્યાવૃદ્ધ હોય, તપસ્વી હોય અને શાસ્ત્રજ્ઞાન તથા ચારિત્રબળથી યુક્ત હોય, તેઓનું નિત્ય સેવન કરવું, એજ પવિત્ર અને શ્રેષ્ઠ કર્તવ્ય છે.[૩૬] તમારો દેવો તરફ જેવો ભાવ છે, તેવોજ નિત્ય બ્રાહ્મણો તરફ પણ હોવો જોઈએ; કેમકે ક્રોધાયમાન થયેલા બ્રાહ્મણોએ જગતમાં અનેક પ્રકારની ઉથલપાથલ કરી નાખેલી છે.[૩૭] બ્રાહ્મણોને પ્રસન્ન રાખવાથી મહાન યશ મળે છે, તેમજ તેઓને ક્રોધાયમાન કરવાથી મહાન ભય આવી પડે છે; કેમકે બ્રાહ્મણો, જો પ્રસન્ન થાય છે તો અમૃતના જેવા સુખદાયી થાય છે અને જો ક્રોધાયમાન થાય છે તો ઝેરના જેવા દુઃખદાયી થાય છે.”[૩૮]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ આપદ્ધર્મ પર્વમાં
અધ્યાય ૧૪૨ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૩ મો

એક પારધિ અને હોલાની કથા–ઉપક્રમ

॥ युधिष्ठिर उवाच ॥

पितामह महाप्राज्ञ सर्वशास्त्रविशारद ॥
शरणं पाल्यमानस्य यो धर्मस्तंब्रवीहि मे ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે સર્વ શાસ્ત્રોમાં કુશલ મહાબુદ્ધિમાન પિતામહ! શરણે આવેલાનું રક્ષણ કરનારા પુરુષને શું ધર્મફળ પ્રાપ્ત થાય છે, તે મને કહો."[૧]

ભીષ્મે કહ્યું:–"હે મહારાજા! શરણે આવેલાનું રક્ષણ કરવાથી મહાન ધર્મફળ પ્રાપ્ત કરી શકાય છે, માટેજ એ પ્રશ્ન તમારે પૂછવા યોગ્ય હતો.[૨] હે રાજન્! શિબિ વગેરે અનેક મહાત્મા રાજાઓ શરણે આવેલાનું રક્ષણ કરીને પરમ સિદ્ધિને પામી ગયા છે,[૩] તેમજ અમે સાંભળ્યું છે કે, એક હોલાએ, શરણે આવેલા પોતાના શત્રુનો પણ યથાયોગ્ય સત્કાર કર્યો હતો અને પોતાનું માંસ અર્પણ કરીને તેને ભોજનમાટે નોતર્યો હતો."[૪]

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે ભરતવંશી પિતામહ! તે હોલાએ, શરણે આવેલા શત્રુને પોતાના માંસનું ભોજન શામાટે આપ્યું હતું? અને તેને શી ગતિ પ્રાપ્ત થઈ હતી?"[૫]

ભીષ્મે કહ્યું:–"હે રાજન્! મુનિ ભાર્ગવે, સર્વ પાપનો નાશ કરનારી એ દિવ્ય કથા રાજા મુચુકુંદને કહી હતી, તેને તમે સાંભળો.[૬] હે મહાપુરુષ! પૂર્વે રાજા મુચુકુંદે, આ વિષયનોજ પ્રશ્ન, ભાર્ગવ મુનિને પ્રણામપૂર્વક પૂછ્યો હતો, જેથી તે મુનિએ, હોલો કેવી રીતે સિદ્ધિને પામ્યો હતો, એ સંબંધની કથા, સાંભળવાને ઉત્સુક બનેલા મુચુકુંદ રાજાને આ પ્રમાણે કહી હતી.

ભાર્ગવમુનિએ કહ્યું:–"હે વિશાળ ભુજાવાળા રાજા! ધર્મના નિશ્ચયવાળી તથા કામ અને અર્થથી યુક્ત એવી જે કથા હું તમને કહું છું, તેને સાવધાન થઇને સાંભળો.[૯] કોઇ એક મહાન અરણ્યમાં, પૃથ્વીપરનો જાણે કાળ હોયની તેવો ઘોર દેખાવનો અને ક્ષુદ્ર આચરણવાળો એક પક્ષીહિંસક પારધિ ફર્યા કરતો હતો.[૧૦] તેના શરીરનો વર્ણ કાગડાના જેવો શ્યામ હતો, તેનાં નેત્રો લાલચોળ રંગનાં હતાં, દેખાવમાં તે કાળના જેવોજ હતો, તેની જાંઘો લાંબી લાંબી હતી, પગ ટુંકા હતા, મુખ મોટું હતું અને તેની હડપચી ઘણી લાંબી હતી.[૧૧] તેનો કોઈ મિત્ર ન હતો, સંબંધી ન હતો કે બાંધવ પણ ન હતો; કારણ કે મૂળથીજ તેનાં રૌદ્ર કર્મોને લીધે તેના મિત્ર વગેરે સંબંધીઓએ તેને ત્યજી દીધો હતો.[૧૨] જે પુરુષનું આચરણ પાપી હોય છે તેનો ડાહ્યા પુરુષોએ દૂરથીજ ત્યાગ કરી દેવો જોઇએ; કેમકે તેવો પુરુષ પોતાના આત્માનોજ નાશ કરવા જ્યારે તૈયાર થાય છે, ત્યારે તે પારકાનું શું ઉઝળવાનો?[૧૩] જે દુરાત્મા પુરુષો ક્રૂર હોય છે અને પ્રાણીઓના પ્રાણને હરણ કરનારા હોય છે, તેઓ સર્પોની પેઠે સર્વ પ્રાણીઓને ઉદ્વેગ કરનારા થઈ પડે છે.[૧૪] હે રાજા! એ પ્રમાણે તે પારધિ, હાથમાં જાળ લઈને વનમાં ભટક્યા કરતો અને હમેશાં ઘણાં પક્ષીઓનો સંહાર કરીને તેઓના માંસને વેચી નાખતો.[૧૫] આવી દુષ્ટ આજીવિકાનો આશ્રય કરીને ગુજરાન ચલાવતાં એ દુરાત્મા પારધિનો ઘણો સમય વીતી ગયો; પરંતુ છેવટ સુધી તેના જાણવામાંજ ન આવ્યું કે, મારી આજીવિકા ઘણી અધર્મભરેલી છે.[૧૬] પોતાની સ્ત્રીની સાથમાં રહીને નિરંતર રમણ કરી રહેલો એ પારધિ, દૈવયોગે એટલો બધો મૂઢ બની ગયો હતો, જેથી પક્ષીહિંસાવિનાની બીજી કોઇ પણ આજીવિકા તેને પસંદ આવતી ન હતી.[૧૭] હવે, એક દિવસે એવું બન્યું કે, એ પારધિ, પક્ષીઓની શોધમાં ને શોધમાં જંગલમાં ઘૂમ્યા કરતો હતો, તેવામાં વૃક્ષોને જાણે ઉખેડી પાડતો હોયની તેવો અતિ મહાન પવન, ઘણાજ જોસથી કુંકાવા લાગ્યો;[૧૮] એટલુંજ નહિ પણ મહાસાગર જેમ નૌકાઓથી છવાઇ જાય, તેમ એક ક્ષણવારમાં, આકાશ મેઘમંડલોથી છવાઇ ગયું ને સાથે સાથે વિજળીઓના કડાકા ભડાકા પણ થવા લાગ્યા.[૧૯] મેઘ રાજા પણ એવી

મોટી જળધારાઓને વર્ષાવવા લાગ્યો કે જેથી એક ક્ષણમાં તો પૃથ્વીપર પાણી પાણી થઈ રહ્યું.[૨૦] આ રીતે વરસાદની ઝડી ચાલુ થઇ તે સમયે પેલો પારધિ, ટાઢથી પીડાઇને લગભગ બેભાન જેવો બની ગયો ને આકુળચિત્તે આખા વનમાં આમતેમ ભટકવા લાગ્યો;[૨૧] પરંતુ વનનો સર્વ પ્રદેશ, પાણીના પૂરથી એટલો બધો ભરાઇ ગયો હતો, કે જેથી તે પક્ષીહિંસક પારધિને, નીચું ઉંચું કોઇ પણ સ્થળ, (પોતાને વિશ્રાંતિ લેવા માટે મળ્યું નહિ.[૨૨] વૃષ્ટિના વેગને લીધે) તે વેળા ઘણાં પક્ષીઓ માર્યાં ગયાં હતાં અને જેઓ જીવતાં હતાં તેઓ જ્યાં ત્યાં ભરાઈ પેઠાં હતાં. તેમજ મૃગો, સિંહો અને વરાહો પણ જેને જે ફાવ્યું તે સ્થળનો આશ્રય કરીને પડી રહ્યાં હતાં.[૨૩] એ સિવાયનાં બીજાં ઘણાં વનવાસી પશુઓ તો, વાયુ અને વૃષ્ટિથી ત્રાસ પામી જઇને તથા ભય અને ક્ષુધાથી પીડિત થઇને એકીસાથે વનમાં ભમતાં હતાં.[૨૪] પેલો પારધિ પણ ટાઢથી એટલો બધો ઠરી ગયો હતો,કે જેથી કયાંય જઇ શકતો પણ ન હતો તેમ ત્યાં ઉભી શકતો પણ ન હતો. એજ સમયે તેણે, ટાઢથી વિહ્વળ થઇને પૃથ્વીપર પડેલી એક હોલીને જોઇ.[૨૫] પાપાત્મા પારાધ, પોતે દુઃખથી ઘેરાઇ ગયો હતો છતાં પેલી હોલીને જોઇને તેણે તુરતજ તેને પકડી લઇને પાંજરામાં નાખી દીધી. તે પારધિ, પ્રથમથીજ પાપકૃત્ય કરનારો હતો,જેથી પોતે દુઃખી અવસ્થામાં હતો છતાં બીજાને તેણે દુઃખ ઉપજાવ્યું ને તેવું પાપીકૃત્ય કર્યું. પછી તેણે સમીપમાં રહેલી વૃક્ષની ઝાડીમાં એક મહાન વૃક્ષ જોયું કે જે વૃક્ષ મેઘના જેવું શ્યામ દેખાતું હતું.[૨૬,૨૭] અનેક પક્ષીઓ છાયા, નિવાસ અને ફળ મેળવવાની ઇચ્છાથી તે વૃક્ષનો આશ્રય કરી રહ્યાં હતાં, જેથી તે વૃક્ષ કેવળ પરોપકાર કરવા માટેજ વિધાતાએ ઉત્પન્ન કરેલા એક સાધુપુરુષના જેવું જણાતું હતું.[૨૮] પારધિએ તે વૃક્ષને જોયું, તેજ ક્ષણે આકાશમાં વાદળાંઓ વીખરાઇ ગયાં ને નિર્મળ તારાઓ પ્રકાશી નીકળ્યા, જેથી ચંદ્રવિકાસી કમળોથી વ્યાપ્ત થયેલું મોટું એક સરોવર જેમ શોભે, તેમ તે (આકાશ) શોભી નીકળ્યું. આ પ્રમાણે આકાશને નિર્મળ થયેલું જોઇ, ટાઢથી ધ્રૂજી રહેલો તે પારધિ, દિશાઓ તરફ જોવા લાગ્યો અને તેણે જાણી લીધું કે, રાત્રિ ગાઢ થઈ ગઈ છે, તેમજ મારું ઘર અહીંથી ઘણું દૂર છે.[૨૯,૩૧] પછી તેણે, પેલા વૃક્ષનીચેજ એ રાત્રિએ નિવાસ કરવાનો મનમાં નિશ્ચય કર્યો અને તુરતજ એ વૃક્ષ પાસે જઇને બે હાથ જોડી પ્રણામ કરીને તે બોલ્યો કેઃ–[૩૨] " આ વનસ્પતિમાં જે દેવતાઓ વસી રહ્યા હોય તેઓનું હું શરણ લઉં છું. " આમ કહીને, પૃથ્વીપર પાંદડાંની શય્યા બિછાવીને અને એક પથ્થર ઉપર મસ્તક મૂકીને તે દુઃખી પારધિ, નિદ્રાવશ થઇ ગયો.[૩૩,૩૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પવમાં " હોલા અને પારધિના સંવાદનો ઉપક્રમ " એ વિષયનો અ૦ ૧૪૩ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૪ મો

હોલાની ચિંતા અને સ્ત્રીપ્રશંસા

॥ भीष्म उवाच ॥

अथ वृक्षस्य शाखायां विहंगः ससुहृज्जनः ॥
दीर्घकालोषितो राजँस्तत्र चित्रतनूरुहः ॥१॥

ભીષ્મે કહ્યું:–" હે રાજન્! એ વૃક્ષની શાખા ઉપર રંગબેરંગી પીછાંવાળો એક હોલો, પોતાના સગાસંબંધીઓની સાથે ઘણો કાળ થયાં રહેતો હતો.[૧] તેની સ્ત્રી (હોલી)તે દિવસે પ્રાતઃકાળમાં ચરવાને માટે ગઈ હતી, છતાં રાત્રિ થઇ ગઇ તોપણ પાછી આવી ન હતી, જેથી તે હોલો આ પ્રમાણે ચિંતા કરવા લાગ્યો."[૨]

" આજે વાયુના તોફાન સાથે વરસાદ ઘણોજ પડયો છે, છતાં મારી પ્રિયા હજીસુધી આવી નથી. અરે રે !પણ તેવું તે શું કારણ હશે કે જેથી તે હજીસુધી પણ આવી શકી નથી?[૩] મારી વહાલી સ્ત્રી આ અરણ્યમાં કુશળક્ષેમ તો હશે ને ? ખરેખર, આ મારું ઘર તેનાવિના આજે

શૂન્ય દેખાય છે.[૪] પુત્રો, પૌત્રો, વહુઓ અને નોકરચાકરોથી ભરપૂર એવું પણ ગૃહસ્થ પુરુષનું ઘર જો સ્ત્રીવિનાનું હોય તો શૂન્યજ લાગે છે;[૫] માટેજ વિદ્વાનો કહે છે કે, એકલા ઘરને ઘર કહી શકાતું નથી પણ સ્ત્રીનેજ ઘર કહી શકાય છે; કેમકે સ્ત્રીવિનાનું ઘર તો અરણ્યસમાનજ લાગે છે.[૬] તે મારી સ્ત્રી લાલ નેત્રોવાળી છે, સુંદર અંગવાળી છે અને મધુરસ્વરવાળી છે, તે આજે જો નહિ આવે તો મારે જીવવાનું કંઇ કામ નથી![૭] તે મારી સ્ત્રી ઉત્તમ વ્રતને ધારણ કરનારી છે, મારા ખાધા પહેલાં ખાતી નથી, મારા નાહ્યા પહેલાં નહાતી નથી, મારા બેઠા પહેલાં બેસતી નથી અને મારા સૂતા પહેલાં સૂતી નથી.[૮] હું જ્યારે આનંદમાં હોઉં છું ત્યારે તે આનંદમાં રહે છે, હું જ્યારે દુઃખી હોઉં છું ત્યારે તે દુઃખી થાય છે, હું જ્યારે ઘરની બહાર જવા તૈયાર થયો હોઉં છું ત્યારે તેનું મુખ દીન થઈ જાય છે અને હું જ્યારે ક્રોધ કરૂં છું, ત્યારે ઉલટું પ્રિય બોલે છે.[૯] આવા પતિવ્રત ધર્મને પાળનારી, પતિનેજ પોતાનો આધાર માનનારી અને પતિનુંજ પ્રિય હિત કરવામાં આસક્ત રહેનારી સાધ્વી સ્ત્રી જે પુરુષને હોય છે, તે પુરુષ આ પૃથ્વીમાં ધન્યવાદપાત્ર ગણાય છે.[૧૦] તે મારી તપસ્વિની સ્ત્રી, હું જ્યારે થાકી ગયો હોઉં છું અથવા ભૂખ્યો થયો હોઉં છું, ત્યારે તુરતજ જાણી જાય છે, મારાપર દૃઢ અનુરાગ રાખે છે, મારી ભક્તિ કરે છે, મારાપર સ્નેહ ધરાવે છે અને તેથીજ તે યશસ્વિની છે.[૧૧] ખરેખર, વૃક્ષના મૂળમાંજ રહેઠાણ કરી રહેલા પુરુષની પાસે પણ તેવી સ્ત્રી જો સહાયમાં હોય છે તો એ એનું ઘરજ છે; પરંતુ એક મોટા પ્રાસાદમાં (બંગલામાં) વસી રહેલા સ્ત્રીરહિત પુરુષને તો એ પ્રાસાદ, અરણ્યસમાનજ લાગે છે;[૧૨] એટલા માટે સ્ત્રી ધર્મ, અર્થ અને કામ-એ ત્રણે પુરુષાર્થો સિદ્ધ કરવાના સમયે પુરુષને સહાયકારિણી ગણાય છે; એટલુંજ નહિ પણ વિદેશગમન કરતી વેળા પણ કેવળ એક સ્ત્રીજ પુરુષને વિશ્વાસજનક થઇ પડે છે;[૧૩] માટેજ એમ કહેવાય છે કે, સ્ત્રી એ પુરુષનો પરમ અર્થ છે અને આ જગતમાં લોકવ્યવહાર ચલાવવાના સમયે પણ સહાયવિનાના પુરુષને સહાય કરનારી એકલી સ્ત્રીજ છે.[૧૪] જે પુરુષ રોગોથી ઘેરાઈ ગયો હોય અને નિત્ય દુઃખભરેલી સ્થિતિમાં રહેતો હોય, તેને તેની સ્ત્રીસમાન બીજું કંઇ પણ ઔષધ નથી;[૧૫] તેમજ આ લોકમાં સ્ત્રીના જેવો કોઈ બંધુ નથી, સ્ત્રીના જેવો કોઇ આધાર નથી અને ધર્મસંગ્રહ કરવાના સમયે પણ સ્ત્રીના જેવો કોઈ સહાયક નથી.[૧૬] જે પુરુષના ઘરમાં સદાચારિણી અને પ્રિયભાષિણી સ્ત્રી નથી તેણે અરણ્યમાંજ ચાલ્યા જવું; કેમકે તેવા પુરુષને અરણ્યવાસ અને ગૃહવાસ સરખોજ છે.[૧૭]

ઈતિ શ્રીમહા૦શાંતિ૦ આપદ્ધર્મ પર્વમાં "સ્ત્રીપ્રશંસા એ" વિષયનો અ૦ ૧૪૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૫ મો

હોલીનાં વચનો

॥ भीष्म उवाच ॥

एवं विलपतस्तस्य श्रुत्वा तु करुणं वचः ॥
गृहीता शकुनिघ्नेन कपोती वाक्यमब्रवीत्॥१॥

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! એ પ્રમાણે વિલાપ કરી રહેલા પોતાના પતિનાં કરુણાવચન સાંભળીને પારધિના પાંજરામાં પૂરાયલી હોલી આ પ્રમાણે (મનમાં) કહેવા લાગી."[૧]

હોલી બોલી:-"અહો! હું ઘણીજ ભાગ્યશાળી છું. જે મારામાં ગુણો છે અથવા નથી તોપણ આ મારો વહાલો પતિ મારા ગુણોને ગાઈ રહ્યો છે.[૨] જે સ્ત્રીમાટે તેના પતિને પૂરતો સંતોષ હોતો નથી, તેને સ્ત્રીજ ન કહેવાય; કેમકે જે સ્ત્રીના પર તેનો પતિ સંતુષ્ટ રહે છે, તેનાપર સર્વ દેવતાઓ પણ સંતુષ્ટ રહે છે.[૩] અગ્નિની સાક્ષીએ જે પુરુષને પોતાનો પતિ કર્યો હોય છે, તે પુરુષજ સ્ત્રીનો સ્વામી અથવા પરમ દૈવત ગણાય છે; માટે જે સ્ત્રીનો પતિ તેનાપર સંતુષ્ટ રહેતો નથી તે સ્ત્રી, પુષ્પોના ગુચ્છાઓવાળી વેલડી જેમ દાવાનળથી બળીને ભસ્મ થઈ જાય

છે તેમ, બળીને ભસ્મ થઈ જાય છે." આ રીતે મનમાંજ બોલીને દુઃખાતુર થયેલી તે હોલી, પારધિએ પોતાને કેદ પૂરી હતી છતાં પોતાના દુઃખી પતિને કહેવા લાગી કે:-"હે કાન્ત! ઘણાજ આનંદની સાથે હું તમને એક શ્રેયસ્કર વાત કહું તે સાંભળીને તમે તે પ્રમાણે કરો. હે નાથ! જુઓ, આ પારધિ, તમારા ઘરનો આશ્રય લઈને અહીં સૂતો છે. તે બિચારો ટાઢથી અને ક્ષુધાથી હેરાન થઈ ગયો છે, માટે તેનો તમે સત્કાર કરો. આ જગતમાં જે પુરુષ બ્રાહ્મણની હત્યા કરે, લોકની માતા ગણાયલી ગાયની હત્યા કરે અથવા શરણાગતની હત્યા કરે તો એ ત્રણેનું પાપ સમાનજ લાગે છે. આપણે હોલાની જાતિમાં જન્મ્યાં છીએ, માટે આપણા જ્ઞાતિધર્મ પ્રમાણે આપણે હોલાંની વૃત્તિ કરવી તેજ શાસ્ત્રવિહિત છે; માટે તમારા જેવા આત્મવેત્તા પુરુષે તે વૃત્તિનેજ અનુસરવું યોગ્ય છે. જે ગૃહસ્થ પુરુષ, પોતાની શક્તિપ્રમાણે ગૃહસ્થધર્મને પાળે છે, તે પુરુષને મુવા પછી અક્ષય લોકની પ્રાપ્તિ થાય છે, એમ આપણે સાંભળ્યું છે, તો હે પક્ષી! તમે હવે, પુત્રપૌત્રાદિ પરિવારવાળા થઇ ચૂકયા છો, માટે પોતાના શરીરપરની મમતાનો ત્યાગ કરીને તથા ધર્મ અને અર્થનો આશ્રય કરીને આ પારધિનો સત્કાર કરો, જેથી તેનું મન પ્રસન્ન થાય.[૪-૧૨] હે પક્ષિ! તમે તમારા શરીરમાટે સંતાપ કરશો મા; કેમકે તમારા શરીરનિર્વાહને માટે તમે બીજી સ્ત્રીને પણ મેળવી શકશો."[૧૩]

પોતાના પતિને એ પ્રમાણે કહીને તે તપસ્વિની હોલી, પાંજરામાં રહી રહી અત્યંત દુઃખની સાથે પોતાના પતિ સામે જોઈ રહી.[૧૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦પર્વમાં "હોલાપ્રત્યે હોલીનાં વાક્ય" એ વિષેનો અ૦૧૪૫મો સમાપ્ત.

અધ્યાય ૧૪૬ મો

અતિથિસત્કાર-હોલાનું આત્મસમર્પણ

॥ भीष्म उवाच ॥

स पत्न्या वचनं श्रुत्वा धर्मयुक्तिसमन्वितम्॥
हर्षेण महता युक्तो वाक्यं व्याकुललोचनः॥१॥

ભીષ્મે કહ્યું:-"પોતાની સ્ત્રીનું ધર્મ અને યુક્તિથી ભરેલું તે વચન સાંભળ્યા પછી હોલાને અત્યંત આનંદ થયો.તેનાં નેત્ર હર્ષાશ્રુથી ઉભરાઈ જવા લાગ્યાં.[૧] પછી તુરતજ એ હોલો પેલાપક્ષીહિંસક પારધિને જોઇને તેની પાસે ઉડી આવ્યો અને શાસ્ત્રોક્ત વિધિપ્રમાણે યત્નપૂર્વક તેનોસત્કાર કરવા લાગ્યો.[૨] તેણે પારધિને કહ્યું કે,"તમે ભલે પધાર્યા. બોલો, તમારૂં હું શું પ્રિય કરૂં? તમારે સંતાપ કરવો નહિ. તમે એમજ માની લેજો કે, હું મારે ઘેરજ છું;[૩] માટે તમે જલદી કહો. તમારી શી ઇચ્છા છે? તમારૂં હું કયું કાર્ય કરૂં? તમે આજે અમારે શરણે આવ્યા છો, તેથી હું તમને સ્નેહપૂર્વક આ વચનો કહું છું.[૪] શત્રુપણ જો પોતાને ઘેર આવે તો તેનો યોગ્ય અતિથિસત્કાર કરવો, એ પરમ ધર્મ છે. જુઓની, વૃક્ષ જેવું એક સ્થાવર પ્રાણી પણ પોતાને કાપવા માટે આવેલા પુરુષ ઉપરથી પણ પોતાની છાયાને પાછી લઈ લેતું નથી![૫] માટે ઘર માંડીને રહેલા હરકોઈ પુરુષે, શરણે આવેલાનો અતિથિસત્કાર અવશ્ય કરવો જોઇએ અને પાંચ મહાયજ્ઞો કરવામાં નિરંતર તત્પર રહેવું જોઇએ.[૬] જે ગૃહસ્થ પુરુષ, ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં અજ્ઞાનને લીધે પંચમહાયજ્ઞો કરતો નથી તે પુરુષ, ધર્મદૃષ્ટિએ ઉભયલોકથી ભ્રષ્ટ થાય છે;"[૭] માટે તમે મને ખુશીથી કહો. તમે જે કહેશો તે સર્વ હું કરીશ. તમારે મનમાં શોક કરવો નહિ."[૮] હોલાનાં એ વચનો સાંભળીને પારધિએ કહ્યું કે:-"મને ટાઢની પીડા ઘણી થાય છે, માટે તેનાથી મારૂં રક્ષણ કર."[૯]

પારધિએ એમ કહ્યું, કે તુરતજ હોલાએ સૂકાં પાંદડાંની એક શય્યા પૃથ્વીપર બિછાવી દીધી અને પછી એક પાંદડામાં અગ્નિ લાવવા માટે પોતાની શક્તિઅનુસાર એકદમ ત્યાંથી ઉ-

ડ્યો.[૧૦] જોતજોતામાં તે, એક લવારને ઘેર જઇ પહોંચ્યો ને ત્યાંથી અગ્નિ ઉપાડી લાવીને પુનઃ પારધિ પાસે આવી પહોંચ્યો. ત્યાં આવ્યા પછી સૂકાં પાંદડાંનો એક મોટો ઢગ એકઠો કરીને તેણે અગ્નિને પ્રજ્વલિત કર્યો અને શરણે આવેલા પેલા પારધિને કહ્યું કે, "હવે નિરાંતે તમારાં ગાત્રોને આ અગ્નિથી તપાવી લ્યો. તમારે હવે, કોઇનાથી ભય રાખવાનું કારણ નથી."[૧૧,૧૨]

હોલાએ એમ કહ્યું, એટલે "બહુ સારૂં" એ પ્રમાણે કહીને પારધિએ પોતાનાં ગાત્રોને તપાવવા માંડ્યાં, જેથી તેના શરીરમાં પુનઃ પ્રાણનો સંચાર થવા લાગ્યો અને પછી મહાન હર્ષાવેશમાં આવી જઇને વ્યાકુળ નેત્રે પેલા પક્ષી(હોલા) સામે જોઇને તે પારધિએ કહ્યું કેઃ–[૧૩,૧૪] "તું મને કંઈક આહાર આપ, એમ હું ઇચ્છું છું. મને ભૂખ સખત લાગી છે." પારધિનાં એ વચન સાંભળીને હોલાએ કહ્યું કેઃ–[૧૫] "મારી પાસે કોઇ પ્રકારનો વૈભવ નથી, જેથી તમારી ક્ષુધાનો હું નાશ કરી શકું. અમે વનવાસી પક્ષીઓ નિત્યનો નિત્ય આહાર ઉત્પન્ન કરીને જીવન ગાળીએ છીએ-(મનુષ્ય પ્રાણીની પેઠે અમે સંગ્રહ કરનારા નથી)[૧૬] જેમ મુનિ લોકો, ભોજનને માટે અન્નનો સંગ્રહ કરી રાખતા નથી, તેમ અમે પણ સંગ્રહ કરી રાખતા નથી." આમ કહ્યા પછી તે પક્ષીનું મુખ નિસ્તેજ બની ગયું.[૧૭] હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર ! તે હોલાને મનમાં ચિંતા થવા લાગી કેઃ-'હવે શું કરવું ?' તે પોતાની વૃત્તિને નિંદવા લાગ્યો.[૧૮] પછી એક મુહૂર્ત જેટલો સમય વીતી ગયો એટલે તે હોલાને કંઇક ભાન આવ્યું. તેણે પેલા પારધિને કહ્યું કેઃ–"તમે એક મુહૂર્ત જેટલા સમય સુધી જરા થોભી જાઓ. હું હમણાંજ તમને તૃપ્ત કરૂં છું."[૧૯] એમ કહીને તેણે સૂકાં પાંદડાં એકઠાં કરીને અગ્નિ સળગાવ્યો અને પછી તે પક્ષી મોટા હર્ષમાં આવી જઈને આ પ્રમાણે બોલ્યોઃ–" ઋષિઓ, દેવતાઓ અને મહાત્મા પિતૃઓની પાસે પૂર્વે મેં સાંભળ્યું છે કે, 'અતિથિનું પૂજન કરવાથી મહાન ધર્મ પ્રાપ્ત થાય છે.' માટે હે સૌમ્ય પારધિ ! તમે મારાપર અનુગ્રહ કરો. હું તમને સત્યજ કહું છું કે, અતિથિનું પૂજન કરવા માટે મેં નિશ્ચય વિચાર કર્યો છે."[૨૦-૨૨] આવી પ્રતિજ્ઞા કરીને તે મહાબુદ્ધિમાન પક્ષી જાણે હસતો હોય તેમ, અગ્નિની ત્રણ પ્રદક્ષિણા કરીને તેમાં પડ્યો.[૨૩] હોલાને એ રીતે અગ્નિમાં પડેલો જોઈ પારધિ મનમાં વિચાર કરવા લાગ્યો કેઃ–"હાય, હાય ! મેં આ શું કર્યું ![૨૪] અહાહા! હું ઘણો ઘાતકી છું અને મારાં કર્મથીજ નિંદાપાત્ર છું, છતાં આ પવિત્ર હોલાનો મેં ઘાત કર્યો તેથી મને મહાઘોરઅધર્મ લાગશે, એમાં સંશય નથી." એ પ્રમાણે હોલાને અગ્નિમાં પડેલો જોઈ પારધિ અનેક પ્રકારના વિલાપો કરવા લાગ્યો ને પોતાનાં કર્મોને નિંદવા લાગ્યો.[૨૫,૨૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આપ૦ પર્વમાં "હોલાનો તથા પારધિનો સંવાદ" એ વિષયનો અ૦ ૧૪૬ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૭ મો

પારધિનો વૈરાગ્ય

॥ भीष्म उवाच ॥

ततः स लुब्धकः पश्यन् क्षुधयाऽपि परिप्लुतः॥
कपोतमग्निपतितं वाक्य पुनरुवाच ह ॥ १ ॥

ભીષ્મે કહ્યું:–" હે રાજા ! તે પારધિ, ક્ષુધાને લીધે ઘણોજ વ્યાકુળ બની ગયો હતો, છતાં એ વેળા હોલાને અગ્નિમાં પડેલો જોઈ પુનઃ આ પ્રમાણે કહેવા લાગ્યોઃ–[૧] "અરેરે ! મેં ઘાતકીએ બુદ્ધિના અભાવને લીધે આ શું કર્યું ? હું નિત્ય જીવોની હિંસા કરીને જીવન ગાળું છું. તેમાં વળી આ કૃત્યને લીધે તો મને અતિ મહાન પાપ લાગશે." આ રીતે પોતાના આત્માની નિંદા કરીને તે વારંવાર કહેવા લાગ્યો કેઃ–[૨] " ખરેખર, હું વિશ્વાસપાત્ર નથી, મારી બુદ્ધિ અત્યંત દુષ્ટ છે અને મારા વિચારો સદાને માટે પાપી છે. હાય ! હાય ! મેં શુભ કર્મનો પરિત્યાગ કર્યો છે અને હું પક્ષીહિંસક પારધિ થયો છું.[૩] આ મહાત્મા હોલાએ, પોતાના દેહને અગ્નિમાં બાળી નાખીને મને ક્રૂરને

ધિક્કારપૂર્વક ઉપદેશ આપ્યો છે, એમાં સંશય નથી.[૪] બસ, હવે હું મારા પ્રિય પ્રાણનો, પુત્રોનો તથા સ્ત્રીનો ત્યાગ કરી દઈશ. મહાત્મા હોલાએ મને ધર્મમાર્ગ દેખાડયો છે.[૫] આજથી આરંભીને હું સર્વ પ્રકારના ભોગવૈભવોનો ત્યાગ કરીને મારા આ દેહને, ગ્રીષ્મઋતુમાં નાનું તળાવ જેમ સૂકાઈ જાય છે, તેમ સૂકવી નાખીશ.[૬] હું ક્ષુધા, તૃષા અને તાપને સહન કરીને શરીરને એટલું બધું કૃશ કરી નાખીશ, જેથી શરીરની તમામ નાડીઓ એકદમ બહાર દેખાઇ આવે અને અનેક પ્રકારના ઉપવાસો કરીને પારલૌકિક સાધન સંપાદન કરીશ.[૭] અહો! આ હોલાએ પોતાના દેહસુદ્ધાંને અર્પણ કરી દઈને, અતિથિની પૂજા કેમ કરવી, તે મને દેખાડયું છે; માટે હવે હું ધર્માચરણજ કરીશ, કેમકે ધર્મ એજ પરમ ગતિરૂપ છે.[૮] જેવો ધર્મ આ ઉત્તમ પક્ષીવિષે મેં જોયો છે, તેવોજ ધર્મ હું આચરીશ.” એમ કહીને તે ઘોર કર્મ કરનારા પારધિએ, ધર્માચરણ કરવા માટે મનમાં દૃઢ નિશ્ચય કર્યો.[૯] પછી તે તીક્ષ્ણ વ્રત ધારણ કરીને મહાપ્રસ્થાન (પરલોકગમન) કરવા તે તૈયાર થયો.[૧૦] તે સમયે તેણે પોતાના હાથમાં રહેલી લાકડીને, લોખંડના કાંટાને, પક્ષીઓને પકડવાની જાળને તથા પિંજરાંને દૂર ફેંકી દીધાં ને પેલી પિંજરામાં પકડેલી હોલીને પણ છોડી મૂકી.”[૧૧]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં ‘પારધિનો વૈરાગ્ય’એ વિષયનો અ૦ ૧૪૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૮ મો

હોલો ને હોલી સ્વર્ગમાં !

॥ भीष्म उवाच ॥

ततो गते शाकुनिके कपोती प्राह दुःखिता॥
संस्मृत्य सा च भर्तारं रुदती शोककर्शिता ।१।

ભીષ્મે કહ્યું:–“હે યુધિષ્ઠિર! પારધિ ત્યાંથી ગયો, તે પછી દુઃખાતુર થયેલી અને શોકથી કૃશ થયેલી પેલી હોલી, પોતાના પતિનું સ્મરણ કરીને રુદન કરતી બોલી કે:–[૧]“ઓ નાથ ! તમે મારૂં કદી પણ અપ્રિય કર્યું હોય, એવું મને યાદ આવતું નથી. વિધવા થયેલી સર્વ સ્ત્રીઓ અનેક પુત્રોવાળી હોય છતાં પોતાના પતિને માટે નિરંતર શોક કર્યા કરે છે;[૨] અને તે બિચારી સર્વ બંધુઓને શોક ઉપજાવનારી થઈ પડે છે. તમે મને નિત્ય લાડ લડાવતા હતા, બહુંજ માનપૂર્વક મીઠાં અને સ્નેહાળ વચનો બોલીને મારો સત્કાર કરતા હતા, તેમજ દુઃખનો નાશ કરનારાં મનોહર વાકયો કહીને તમે મને રીઝવતા હતા. પર્વતોની ગુફાઓમાં, નદીઓનાં ઝરણાંઓ પાસે તથા વૃક્ષોના સુંદર અગ્રભાગ ઉપર (બેસીને) તમારી સાથે હું રમતી હતી અને આકાશમાં પણ તમારી સાથે હું સુખપૂર્વક વિહાર કરતી હતી. [૩–૫] ઓ કાન્ત! પૂર્વે હું આનંદમાં રહેતી હતી, પરંતુ આજે તેવો લગારે આનંદ મને થતો નથી. હરકોઇ સ્ત્રીને તેનો પિતા, ભાઇ કે પુત્ર અમુક માપસરજ સુખ આપે છે, પણ પતિ તો અપરિમિત અથવા અમાપ સુખ આપે છે; માટે તેવી કયી સ્ત્રી હોય કે જે પોતાના પતિની સેવા ન કરે ? પોતાના પતિના સમાન સ્ત્રીઓનો કોઇ નાથ (રક્ષક) નથી અને પતિના સમાન બીજું કંઈ સુખ નથી.[૬,૭] આમ સમજીને પ્રત્યેક સ્ત્રીએ પોતાના ધનાદિક સર્વસ્વનો ત્યાગ કરી દઇને કેવળ પતિનુંજ શરણ લેવું જોઇએ. હે નાથ ! હવે તમારાવિના એકલી રહીને મારે જીવવાનું શું પ્રયોજન છે?[૮] એવી કયી સ્ત્રી હોય, કે જે પતિવિનાની થઈ હોય છતાં જીવવાનો ઉત્સાહ ધરાવ ?”

આવો અનેક પ્રકારનો કરુણ વિલાપ કરીને તે પતિવ્રતા હોલી, અત્યંત દુઃખને લીધે (જીવવાનો વિચાર માંડી વાળીને) બળબળતા અગ્નિમાં પડી; એટલે તુરતજ સુંદર બાહુભૂષણને ધારણ કરનારા, વિમાનમાં બેઠેલા, પુણ્યશાળી મહાત્માઓથી પૂજાતા, તરેહ તરેહની માળાઓ અને વસ્ત્રોને ધારણ કરનારા, સર્વ પ્રકારના અલંકારોથી શોભી રહેલા, કરોડો વિમાનોથી વીંટાયલા તથા અનેક પુણ્ય-

કર્મી મહાપુરુષોના મધ્યમાં બેઠેલા પોતાના પતિનાં તેને દર્શન થયાં. આ પ્રમાણે શરણાગતની રક્ષાના કર્મથી તે હોલો, એક પક્ષીની જાતિનો હોવા છતાં વિમાનમાં બેસીને સ્વર્ગમાં ગયો અને ત્યાં એ કર્મથી પૂજાઇને પોતાની સ્ત્રીની સાથે આનંદમાં રહેવા લાગ્યો.[૯–૧૨]

ઇતિ શ્રીમહા૦ સભા૦ આ૦ પર્વમાં
“હોલાનું સ્વર્ગગમન” એ વિષયનો
અધ્યાય ૧૪૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૯ મો

પારધિ પણ સ્વર્ગમાં ગયો.

॥ भीष्म उवाच ॥

विमानस्थौ तु तौ राजन् लुब्धकः खे ददर्श ह॥
दृष्ट्वा ता दंपती राजन् व्यचिंतयत तां गतिम्॥

ભીષ્મે કહ્યું:–“હે રાજન્! એ હોલો ને હોલી વિમાનમાં બેસીને સ્વર્ગમાં ગયાં, તે સમયે પેલો પારધિ નીચે ઉભો ઉભો તે દૃશ્ય જોઈ રહ્યો હતો. પારધિએ, હોલાહોલીને મળેલી સ્વર્ગગતિને પોતાની નજરે જોઈ, તેથી તેણે પણ મનમાં વિચાર કર્યો કે:–[૧] ‘હું પણ આવીજ તપશ્ચર્યા કરીને પરમ ગતિ સંપાદન કરૂં.’ આવો મનમાં નિશ્ચય કરીને તેણે મહાપ્રસ્થાન કરી જવાનોજ આરંભ કર્યો.[૨] જે પારધિ, પ્રથમ પક્ષીઓ ઉપર જીવનારો હતો તેનો તેજ પારધિ, મહાપ્રસ્થાન કરવાની ઇચ્છાથી કેવળ વાયુનોજ આહાર કરવા લાગ્યો અને સ્વર્ગ મેળવવાની ઇચ્છાથી સર્વ પ્રકારની ચેષ્ટાઓનો તથા મમતાઓનો તેણે ત્યાગ કરીદીધો.[૩] આવી સ્થિતિએ વનમાં તે ફર્યા કરતો હતો. તેવામાં એક મહાન સરોવર તેના જોવામાં આવ્યું. તે સરોવર ઘણુંજ સુંદર હતું, ખીલી નીકળેલાં કમળોથી શોભી રહ્યું હતું, અનેક જાતનાં પક્ષીઓથી સેવાયલું હતું, શીતલ જળથી ભરપૂર હતું અને જોનારને સુખ ઉપજાવે તેવું હતું.[૪] ખરેખર, તૃષાતુર મનુષ્ય તે સરોવર તરફ દૃષ્ટિ નાખતાંજ અત્યંત તૃપ્ત થઇ જાય તેવું એ તૃપ્તિજનક હતું; છતાં હે રાજા! ઉપવાસો કરી કરીને શરીરે અત્યંત કૃશ થયેલા તે પારધિએ તે સરોવર તરફ દૃષ્ટિ પણ કરી નહિ; પરંતુ અત્યંત હર્ષપૂર્વક મહાપ્રસ્થાન કરવાનોજ મનમાં નિશ્ચય કરીને તે પારધિ, શિકારી પશુઓથી ભરેલા અરણ્ય તરફજ ચાલ્યો ગયો.[૫,૬] જંગલમાં પ્રવેશ કરતાંજ તે પારધિ, કાંટાઓનાં જાળાંઓથી જકડાઇ ગયો; તેનાં સર્વ અંગોમાં કાંટાઓ ભોંકાઈ ગયા અને તેથી તેનું શરીર રુધિરની ધારાઓથી નીતરી રહ્યું.[૭] (તોપણ લગારે ગ્લાનિ પામ્યા વિના) તે પારધિ, અનેક જાતનાં જંગલી પશુઓથી ભરપૂર એવા નિર્જન અરણ્યમાં આમતેમ ભટકવા લાગ્યો. એ વેળા તે જંગલમાં અકસ્માત્ પવનનો ઝપાટો વધી પડ્યો ને જોતજોતામાં તો વૃક્ષોના પરસ્પરના સંઘર્ષણને લીધે અતિ મહાન દાવાનલ (વનનો અગ્નિ) સળગી ઉઠ્યો. તે જંગલ પણ વૃક્ષોની ઘીચ ઘટાઓ તથા લતાઓની સંકુલ ડાળીઓથી ચોબાજુ ભરપૂર હતું; જેથી એકદમ વધી પડેલા દાવાનલે, કોપેલા પ્રલયાગ્નિની પેઠે તે વનને ચોતરફથી બાળવા માંડ્યું અને પવનના સુસવાટા સાથે અગ્નિના બળબળતા તણખા ચારે બાજુ ઉડવા લાગ્યા. તેથી મૃગો અને પક્ષીઓથી વ્યાપ્ત એવું તે ઘોર વન ભડભડાટ કરતું બળવા માંડ્યું. આ પ્રમાણે વનને સળગી ઉઠેલું જોઇ, પેલો પારધિ મનમાં અત્યંત પ્રસન્ન થયો. તેણે પોતાના દેહથી મુક્ત થવા માટે એકદમ સન્મુખ સળગી રહેલા અગ્નિ સામે દોટજ મૂકી. (અને અતિ આનંદપૂર્વક તે અગ્નિમાં ઝંપલાવ્યું.) હે ભરતશ્રેષ્ઠ રાજા! અગ્નિમાં પડતાંની સાથેજ તે પારધિ બળીને ભસ્મ થઈ ગયો ને પાપોથી મુક્ત થઈને ઉત્તમ સિદ્ધિને પામ્યો.[૮–૧૨] પછી ત્રણે પ્રકારના સંતાપોથી મુક્ત થયેલા એ પારધિએ પોતાના આત્માને સ્વર્ગલોકમાં આવી પહોંચેલો જોયો ને ત્યાં યક્ષો, ગંધર્વો તથા સિદ્ધોના મધ્યમાં ઇંદ્રની પેઠે પ્રકાશી રહેલો દીઠો.[૧૩] આ પ્રમાણે તે હોલો અને પતિવ્રતા હોલી પવિત્ર કર્મોનું આચરણ કરીને પેલા પારધિની સાથે સ્વર્ગલોકમાં ગયાં.[૧૪] જે કોઈ સ્ત્રી એ હોલીના જેવું આચરણ કરીને પો-

તાના પતિને અનુસરે છે, તે પણ જેમ હોલી સ્વર્ગમાં ગઇ તેમ, સ્વર્ગમાં જાય છે અને ત્યાં પોતાના પતિની સાથે આનંદ કરે છે.[૧૫] આ ઇતિહાસ, મહાત્મા પારધિએ અને હોલાએ પુણ્યકર્મ કરીને કેવી ધર્મિષ્ઠ ગતિ પ્રાપ્ત કરી હતી, એનું ભાન કરાવનારો છે;[૧૬] માટે જે પુરુષ, આ ઇતિહાસનું નિત્ય શ્રવણકીર્તન કરે છે તે પુરુષ, કદી માનસિક પ્રમાદ કરે છે તોપણ તેનાં અશુભો રહેતાં નથી.[૧૭] હે ધાર્મિકશ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા! શરણાગતનું રક્ષણ કરવામાં, એ પ્રમાણે મહાન ધર્મ સમાયલો છે; એટલુંજ નહિ પણ ગોવધ કરનારા પુરુષોસુદ્ધાં શરણાગતનું રક્ષણ કરીને પાપથી મુક્ત થાય છે, પરંતુ શરણાગતનો વધ કરનાર પુરુષ કોઈ રીતે પાપથી મુક્ત થતો નથી.[૧૮] આ ઈતિહાસ પાપનો નાશ કરનાર અને પવિત્ર છે, માટે જે પુરુષ આ ઈતિહાસનું શ્રવણ કરે છે તેની દુર્ગતિ થતી નથી, પણ તે સ્વર્ગમાંજ જાય છે."[૧૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં "પારધિનું
સ્વર્ગગમન" એ વિષયનો અધ્યાય
૧૪૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૫૦ મો

ઇંદ્રોત અને જનમેજયનો સંવાદ

॥ युधिष्ठिर उवाज ॥
अबुद्धिपूर्वं यत्पापं कुर्याद् भरतंसत्तम ॥
मुच्यते स कथं तस्मादेतत्सर्वं ब्रवीहि मे ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે ભરતશ્રેષ્ઠ પિતામહ ! જે પાપ બુદ્ધિપૂર્વક કર્યું ન હોય પણ અજાણતાં કર્યું હોય તે પાપથી પુરુષ કેવી રીતે મુક્ત થાય, તે સર્વ મને કહો."[૧]

ભીષ્મે કહ્યું:-" હે રાજા ! આ વિષયમાં શૌનક કુળના બ્રાહ્મણ ઇંદ્રોતે, રાજા જનમેજયને એક પ્રાચીન કથા કહી હતી, કે જે કથા ઋષિઓમાં વખણાયલી છે તે હું તમને કહું છું.[૨] પૂર્વકાળમાં પરીક્ષિતનો પુત્ર જનમેજય નામનો એક મહા પરાક્રમી રાજા હતો. તે રાજાએ કોઇ વેળા અજાણતાં બ્રહ્મહત્યા કરી,[૩] જેથી પુરોહિત વગેરે સર્વ બ્રાહ્મણોએ તેનો ત્યાગ કર્યો; એટલે રાજાને રાતદિવસ મનમાં સંતાપ થવા લાગ્યો અને આખરે તે વનમાં ચાલ્યો ગયો.[૪] સર્વ પ્રજાઓએ પણ તે રાજાને ત્યજી દીધો હતો, પરંતુ પાછળથી તે રાજાએ મહાન કુશલ કર્મ કર્યું હતું. તેણે શોકને લીધે બળી જઈને નિરંતર તપશ્ચર્યા કરવા માંડી હતી.[૫] આખી પૃથ્વીમાંના પ્રત્યેક દેશોમાં પર્યટન કરીને તે રાજાએ બ્રહ્મહત્યાને દૂર કરવા માટે અનેક બ્રાહ્મણોને પૂછપરછ કરી હતી. પછી કેટલોએક સમય વીતી ગયો, એટલે એક ધર્મપોષક ઐતિહાસક બનાવ બન્યો, તે હું તમને કહું છું. રાજા જનમેજય બ્રહ્મહત્યાના પાપથી મનમાં ઘણોજ બળ્યા કરતો હતો, જેથી તેના પ્રાયશ્ચિત્તમાટે સર્વ સ્થળે ફર્યા કરતો હતો. એક સમયે તે રાજા ફરતો ફરતો શૌનક કુળના ઇંદ્રોત મુનિ પાસે જઈ ચઢયો. તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારા એ મુનિની પાસે જઇને રાજાએ તેમના બન્ને ચરણો પકડીને પગચંપી કરવા માંડી. (અર્થાત તેમની સેવા કરવા માંડી.)[૬-૮] મુનિએ તે રાજાને પોતાની સમીપમાં આવેલો જોઇ અત્યંત ધિક્કારી કાઢયો અને કહ્યું કે:-" અલ્યા ઓ *બાળહત્યારા! તારા જેવા મહાપાપી પુરુષે, અહીં ન આવવું જોઇએ, છતાં તું કેમ આવ્યો ?[૯] તારે અમારૂં શું કામ છે? જા, દૂર જા. તું મને અડકીશ મા. તું અહીં ઉભો છે તે અમને લગારે પસંદ નથી.[૧૦] તારા શરીરમાંથી રુધિરના જેવો ગંધ છટે છે, તારૂં દર્શન મુડદાના દર્શન જેવું છે, તું પોતે કેવલ અમંગલનીજ મૂર્તિ છે; છતાં ઉપર ઉપરથી મંગળના જેવો દેખાય છે

---

* રાજા જનમેજયે બાળહત્યા કરી હશે કે બ્રહ્મહત્યા કરી હશે, એ સંશય રહે છે; કેમકે આ નવમો શ્લોક વાંચતાં જણાય છે કે, રાજાએ બાળહત્યા કરી હતી; પણ જ્યારે ત્રીજો શ્લોક વાંચીએ છીએ ત્યારે જણાય છે કે, રાજાએ બ્રહ્મહત્યા કરી હતી, તોપણ પાછળના શ્લોકો વાંચવાથી સિદ્ધજ થાય છે કે, તેણે બ્રહ્મહત્યા કરી હતી.

અને તું મૂએલોજ છે,છતાં જીવતાની પેઠે સર્વત્ર ભટકયા કરે છે.[૧૧] તું બ્રાહ્મણોનો કાળ છે, તારૂં મન અપવિત્ર છે,તું નિરંતર પાપી વિચારકરનારો છે, તું સૂએ છે અને જાગે છે ખરો,પણ કોઈ એક મહાન દુઃખમાં સદાય રહ્યા કરે છે.[૧૨] હે રાજન્ ! તારૂં જીવતર નિષ્ફળ છે, તું મહાક્લેશભરેલું જીવન ગાળી રહ્યો છે. ખરેખર,તું પાપકર્મ કરવામાં અને હલકાં કર્મો કરવા માટે જગતમાં ઉત્પન્ન થયો છે.[૧૩] આ જગતમાં સર્વ કોઈના પિતાઓ, પુત્રો તરફથી અનેક કલ્યાણો મેળવવાની ઇચ્છા કરે છે અને એટલા માટેજ તેઓ તપ, દેવપૂજન, દેવવંદન અને સહિષ્ણુતા, વગેરેનું આચરણ કરીને પુત્રોને મેળવે છે;[૧૪] પરંતુ તું તારા પિતૃઓ તરફ લગાર દૃષ્ટિ કર. તેઓ તારે લીધે નરકમાં ડૂબી ગયા છે અને તેઓએ તારા ઉપર જે જે આશાઓ બાંધી હતી તે સર્વે કેવળ નિષ્ફળ થઈ છે.[૧૫] અરે ! જે બ્રાહ્મણોની પૂજા કરીને મનુષ્યો સ્વર્ગ, આયુષ, યશ અને સંતતિ સંપાદન કરે છે, તે બ્રાહ્મણોનોજ તું વ્યર્થ દ્વેષ કર્યા કરે છે;[૧૬] પણ યાદ રાખજે કે, એ પાપકૃત્યના ફળરૂપે તારે આ લોકનો ત્યાગ કર્યા પછી નરકમાં હજારો વર્ષપર્યંત ઉંધે માથે લટકવું પડશે;[૧૭] અને ત્યાં કાળી ડોકવાળાં તથા તીક્ષ્ણ મુખવાળાં ગીધ પક્ષીઓ તને કોચી ખાશે. પછી એ યમયાતનાઓને તું જ્યારે ભોગવી લઇશ, ત્યારે પુનઃ આ સંસાર તરફ પાછો ફરીને પાપી લોકોની જાતિમાં અવતરીશ.[૧૮] હે રાજન્ ! તું કદાચ એમ માનતો હોઈશ કે, જ્યારે આ લોકજ સત્ય નથી તો પરલોક તો કયાંથીજ સત્ય હશે? પરંતુ જ્યારે તું યમલોકમાં જઈશ, ત્યારે યમદૂતોજ એ વાતનું તને ભાન કરાવશે."[૧૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં "ઇંદ્રોત અને જનમેજયનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૧૫૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૫૧ મો

બ્રાહ્મણોનો દ્રોહ નહિ કરવા માટે જનમેજયની પ્રતિજ્ઞા

॥ भीष्म उवाच ॥

एवमुक्तः प्रत्युवाच तं मुनिं जनमेजयः ॥
गर्ह्यं भवान् गर्हयते निंद्यं निंदति मां पुनः॥१॥

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિર રાજા! ઇંદ્રોત મુનિએ એ પ્રમાણે કહ્યા પછી જનમેજયે તેમને કહ્યું કે:-"હે ભગવન્! હું તિરસ્કારને પાત્ર છું, માટેજ તમે મારો તિરસ્કાર કરો છો, હું નિંદાને પાત્ર છું માટેજ તમે મારી નિંદા કરો છો અને હું ધિક્કારને પાત્ર છું માટેજ તમે મારો ધિક્કાર કરો છો; તોપણ હું તમારી ક્ષમા માગું છું. મારાં જે જે પાપી કૃત્યો છે,તે સર્વનો જ્યારે હું વિચાર કરૂં છું, ત્યારે જાણે મને અગ્નિમાં મૂકયો હોય, તેમ ઘણોજ સંતાપ થાય છે અને મારૂં મન એ સર્વ પાપકૃત્યોને કદી અભિનંદન આપતુંજ નથી. ખરેખર, યમરાજા તરફથી પણ મને ઘોર ભય રહ્યા કરે છે અને મને વિચારજ આવ્યા કરે છે કે, તે પાપરૂપી શલ્યને મારા હૃદયમાંથી ખેંચી કાઢયાવિના હું કેવી રીતે જીવી શકીશ? ઓ શૌનક વંશના મુનિ! તમે મારા ઉપરનો સઘળો કોપ દૂર કરો ને મને કહો કે, મારે શું કરવું?[૧-૪] હું બ્રાહ્મણોનો મહાન ભક્ત હતો;અને હજી પણ કહું છું કે,હું બ્રાહ્મણોનો પરમ ભક્ત છું. મારૂં કુલ આ જગતમાં બચવા પામે તેમ તમે કરો, પણ તેનો વિનાશ નથવા દ્યો.[૫] જો કે એ પણ ખરૂંજ છે કે, જે અમોએ બ્રાહ્મણોની હિંસા કરી છે અને જે અમે પોતાના જાતિભાઈઓ સાથે એકમત થઈને ધન્યવાદને મેળવતા નથી, તે અમારૂં કુળ જગતમાં શેષ રહેવાને (બચવાને) માટે યોગ્યજ નથી, તોપણ હું વેદના નિશ્ચિત અર્થને જાણનારા તમારાપ્રત્યે પુનઃ પ્રાર્થના કરૂં છું કે, યોગી લોકો, પોતાના સામર્થ્યથી જેમ નિર્ધન પુરુષોની રક્ષા કરે છે, તેમ તમે પણ તમારા પોતાના સામર્થ્યથી મારા કુલની રક્ષા કરો. મને મારી જાતને

માટે નિરંતર અને પુનઃ પુનઃ ખેદ થયા કરે છે–આ શરીરથી હું ઘણોજ કંટાળી ગયો છું.[૭] જેઓ યજ્ઞયાગાદિ કરતા નથી તેઓને કોઇ પ્રકારે પણ સ્વર્ગાદિ પરલોકની પ્રાપ્તિ થતી નથી; પણ તેઓ પુલિંદ અને શબર વગેરે મ્લેચ્છ જાતિઓની પેઠે નરકમાંજ પડે છે.[૮] હે બ્રાહ્મણ શૌનક! તમે એક પંડિત પુરુષ છો, માટે મારી બાળકના જેવી બુદ્ધિ તરફ તમે લક્ષ્ય ન આપો અને પિતા જેમ પુત્રો ઉપર પ્રસન્ન થાય છે, તેમ મારા ઉપર તમે પ્રસન્ન થાઓ."[૯]

શૌનકે (ઇંદ્રોતે) કહ્યું:–"એમાં શું આશ્ચર્ય છે, કે બ્રાહ્મણજાતિ જ્યારે કોપાયમાન થાય છે, ત્યારે કંઇક અયોગ્ય કાર્ય પણ કરીનાખે છે? પણ જે બ્રાહ્મણ બુદ્ધિમાન હોય છે, તે તો સર્વ પ્રાણીઓપર કોપ કરતોજ નથી;[૧૦] એટલુંજ નહિ પણ હરકોઇ બુદ્ધિમાન પુરુષ કે જે કદી શોકપાત્ર હોતોજ નથી, તે પોતાની બુદ્ધિરૂપી મહેલ ઉપર આરૂઢ થઇને સર્વ અજ્ઞાની મનુષ્યોમાટે શોક કરે છે ને પર્વત ઉપર ચઢેલો પુરુષ, પૃથ્વીપરનાં સર્વ મનુષ્યોને જેમ જોઈ શકે છે, તેમ એ પુરુષ પોતાની બુદ્ધિવડે સર્વ લોકના ચરિત્રને જાણી શકે છે.[૧૧] જે પુરુષને સત્પુરુષો ઉપર પ્રેમ હોતો નથી અને જેને સત્પુરુષોએ પ્રથમથીજ ધિક્કારી કાઢ્યો હોય છે, તે પુરુષને વૈજ્ઞાનિક બુદ્ધિ મળતી નથી અને તેને માટે બીજા લોકોને કંઇ આશ્ચર્ય પણ થતું નથી. (કેમકે સત્સંગવિના બુદ્ધિ દુર્લભજ હોય છે.)[૧૨] તેં બ્રાહ્મણોની શક્તિને તથા વેદશાસ્ત્રના માહાત્મ્યને જાણ્યું છે, માટે શાંતિનો ત્યાગ કર્યા વિના તું બ્રાહ્મણો અને વેદશાસ્ત્રને અનુકૂલ એવાં કાર્યો કર. બ્રાહ્મણો તારૂં રક્ષણ કરશે.[૧૩] હે તાત! બ્રાહ્મણો જ્યારે કોપાયમાન થયા ન હોય, ત્યારે જે કંઇ કર્મ કરવામાં આવે છે તે પરલોક મેળવવામાં હેતુભૂત થઈ પડે છે; (પરંતુ બ્રાહ્મણોનો કોપ થયા પછી સર્વ કંઇ વ્યર્થ થાય છે) અથવા તો તું પાપકર્મ કરીને પણ હવે પશ્ચાત્તાપ કરે છે, માટે ધર્મ તરફજ લક્ષ્ય આપ, જેથી પાપથી મુક્ત થઈશ."[૧૪]

જનમેજયે કહ્યું:–"હે શૌનક! મારાં પાપને માટે પશ્ચાત્તાપ કરીને હું હવે ધર્મનો લોપ નહિ કરૂં મને કલ્યાણ મેળવવાનીજ ઇચ્છા છે અને હું તમારી ભક્તિ કરવા તૈયાર થયો છું, માટે મારાપર પ્રસન્ન થાઓ."[૧૫]

શૌનકે કહ્યું:–"દંભ અને માનનો ત્યાગ કરીને તું બ્રાહ્મણો ઉપર પ્રીતિ કર, એમ હું ઇચ્છું છું; તેમજ હે રાજા! સર્વ પ્રાણીઓનું જેમાં હિત સમાયલું છે તેવા ધર્મનુંજ સ્મરણ કરીને તું ધર્માચરણ કર.[૧૬] અહીં બેઠેલા આ સર્વ બ્રાહ્મણોની સમક્ષમાં તું મારી દૈવી અને સત્ય વાણી સાંભળ કે, હું તને મારો શિષ્ય બનાવું છું; તેમાં ભય, દૈન્ય કે લોભ કારણભૂત નથી.[૧૭] હું તને શિષ્ય બનાવીશ કે તુરતજ સર્વ પ્રાણીઓ પોકાર કરી મૂકશે કે, "હા, હા, હા, ધિક્કાર, ધિક્કાર, શૌનકે એક બ્રહ્મહત્યારા પુરુષને પોતાનો શિષ્ય બનાવ્યો!" પણ લોકોના તે પોકારને નહિ ગણકારીને કેવળ ધર્મની ખાતરજ હું તને શિષ્ય બનાવું છું. મારે તારી સાથે ધર્મવિના બીજું કંઈ પણ પ્રયોજન નથી.[૧૮] જો કે, તને શિષ્ય બનાવવાથી મને લોકો અધર્મજ્ઞ કહેશે, મારા સુહૃદો મારો ત્યાગ કરશે અને આ વાતને જાણતાંની સાથેજ મારા કેટલાએક મિત્રો મારા ઉપર અત્યંત કોપાયમાન થઈજશે;[૧૯] તોપણ જેઓ મહાબુદ્ધિમાન હશે, તેઓ મારા વાસ્તવિક આશયને જાણશે. હે તાત! હું જે કંઈ કરૂં છું તે ઉપરથી તું જાણી લેજે કે, બ્રાહ્મણોપ્રત્યે મારી શી ઇચ્છા છે?[૨૦] હે રાજા! મારા નિમિત્તે તારાદ્વારા બ્રાહ્મણોનું જે રીતે કલ્યાણ થાય તે રીતે તું વર્ત અને બ્રાહ્મણોનો દ્રોહ ન કરવામાટે તું પ્રતિજ્ઞા કર."[૨૧]

જનમેજયે કહ્યુ:–"હે વિપ્ર હું! તમારા બન્ને ચરણોનો સ્પર્શ કરીને પ્રતિજ્ઞા કરૂ છું કે, આજથી માંડીને હું કદી પણ મન, વચન કે કર્મથી બ્રાહ્મણોનો દ્રોહ કરીશ નહિ."[૨૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં "ઇંદ્રોત અને જનમેજયનો સંવાદ" એ વિષયનો અ૦ ૧૫૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૫૨ મો

ઇંદ્રોતનો ઉપદેશ ને જનમેજયની શુદ્ધિ

॥ शौनक उवाच ॥

तस्मात्तेऽहं प्रवक्ष्यामि धर्ममावृतचेतसे ॥
श्रीमान् महाबलस्तुष्टः स्वयंधर्ममवेक्षसे ॥१॥

શૌનકે (ઇંદ્રોતે) કહ્યું:–"હે રાજા ! તારૂં ચિત્ત હવે ધર્મ કરવામાં આસક્ત થયું છે અને તું પોતે વિદ્યાવાન, મહાબળવાન, સંતોષી અને ધર્મતરફ લાગણી ધરાવનારો છે, માટે હું તને ધર્મનો ઉપદેશ આપું છું.[૧] અહો ! ઘણી આશ્ચર્યની વાત છે કે, જે રાજા પ્રથમ મહાક્રૂર હોય છે, તેજ રાજા પોતાના સદાચરણથી સર્વ પ્રાણીઓના પર પાછો અનુગ્રહ કરે છે.[૨] હે જનમેજય! જેને માટે લોકો પ્રથમ એમજ માનતા હતા કે, આ રાજા આખા જગતને બાળીને ભસ્મ કરી નાખશે, તેજ તું પાછળથી મોટો તપસ્વી બની જઈને આ વેળા ધર્મ કરવાનો વિચાર કરે છે; અને ઘણા લાંબા સમય થયાં ભક્ષ્યનો તથા ભોજ્યનો ત્યાગ કરીને તપશ્ચર્યા કરી રહ્યો છે, એ પણ સર્વ પ્રાણીઓને આશ્ચર્યજનક થઈ પડયું છે.[૩,૪] જે પુરુષ ધનાદિકની સંપત્તિથી સંપન્ન હોય, તે પુરુષ મોટો દાતા બને અને જે પુરુષ કૃપણ અથવા કંગાલ હોય, તે મોટો તપસ્વી બને, એમાં કંઇ આશ્ચર્ય નથી; કેમકે એવા થવું, એ તેઓને માટે કંઈ દૂર નથી, એમ વિદ્વાનો કહે છે.[૫] હરકોઈ કાર્ય કરતી વેળા પૂર્વાપરનો સંપૂર્ણ વિચાર ન કરવો, તેજ કંગાલ અવસ્થાનું મુખ્ય કારણ છે; માટે કોઇ પણ કાર્યને જો વિચારપૂર્વક કરવામાં આવે છે તો તેનું મહાન ફળ પ્રાપ્ત થાય છે.[૬] હે રાજન્! યજ્ઞ, દાન, દયા, વેદ, સત્ય અને સારી રીતે આચરેલું તપશ્ચરણ, આ છયે મનુષ્યોને પવિત્ર કરનારાં છે.[૭] હે જનમેજય! એ છયે સાધનો રાજાને પરમ પવિત્ર કરનારાં છે, માટે તું એ સાધનોનો જો સારી રીતે સ્વીકાર કરીશ તો શ્રેયસ્કર ધર્મને સંપાદન કરીશ;[૮] તેમજ પવિત્ર પ્રદેશમાં તીર્થાટન કરવા જવું એ પણ અત્યંત પવિત્ર કરનારૂં છે. આના સંબંધમાં યયાતિ રાજાએ એક ગાથા ગાયેલી છે કે,[૯]

'यो मर्त्यः प्रतिपद्येत आयुर्जीवितमात्मनः ॥
यज्ञमेकांततः कृत्वा तत्संन्यस्य तपश्चरेत्" ॥

જે મનુષ્યને લાંબા આયુષની અથવા જીવિતની પ્રાપ્તિ થયેલી છે, તેણે યત્નપૂર્વક યજ્ઞો કરવા ને પછી તેઓને સંન્યાસાશ્રમ ધારણ કરીને તપશ્ચર્યા કરવી."[૧૦] આ જગતમાં સર્વ ક્ષેત્રોનાકરતાં કુરુક્ષેત્ર પવિત્ર છે, કુરુક્ષેત્રના કરતાં સરસ્વતી પવિત્ર છે, સરસ્વતીના કરતાં બીજાં તીર્થો પવિત્ર છે અને સર્વ તીર્થોમાં પણ પૃથૂદક નામનું તીર્થ વધારે પવિત્ર છે;[૧૧] કેમકે એ તીર્થમાં સ્નાન કરીને તથા તેનું જળપાન કરીને મનુષ્યને અકાલમૃત્યુનો ભય રહેતો નથી; તેમજ મહાસર તીર્થમાં, પુષ્કર ક્ષેત્રમાં, પ્રભાસ ક્ષેત્રમાં, ઉત્તર તરફ આવેલા માનસ સરોવરમાં તથા કાલોદક ક્ષેત્રમાં પણ તું જજે, જેથી તું પુનઃ દીર્ઘ આયુષને તથા જીવિતને પ્રાપ્ત કરીશ. જે સ્થળે સરસ્વતી અને દષદ્વતીનો સંગમ થાય છે, તેને માનસ સરોવર કહે છે.[૧૨,૧૩] ભગવાન મનુએ કહ્યું છે કે, પૂર્વોક્ત સર્વ તીર્થોમાં વેદનો સ્વાધ્યાય કરતાં કરતાં પુરુષે સ્નાન કરવું અને દાન કરવું; કેમકે દાનધર્મ સર્વના કરતાં પવિત્ર ગણાય છે અને તે દાનધર્મના કરતાં પણ સંન્યાસધર્મ ઘણોજ પવિત્ર છે.[૧૪] આના સંબંધમાં સત્યવાને જે ગાથાઓ ગાયેલી છે, તે આ પ્રમાણે છેઃ–" જેમ કોઇએક બાળક, રાગદ્વેષથી રહિતહોવાને લીધે કેવળ સત્યસ્વરૂપ છે અને પુણ્યપાપના સંબંધથી રહિત છે, તેમજ રાગદ્વેષથી રહિત થઈને સર્વ પ્રકારનાં કર્મો કરવાં. આ જગતમાં કોઈપણ પ્રાણીને કોઈ પ્રકારનું દુઃખ છેજ નહિ; તોપછી સુખ પણ કયાંથીજ હોય? સુખ અને દુઃખ એ કેવળ મનઃકલ્પિતજ છે, પણ કોઈ જાતના સ્વતંત્ર પદાર્થ નથી. જગતનાં સર્વ પ્રાણીઓ કેવળ બ્રહ્મસ્વરૂપજ છે, માત્ર અવિદ્યાના સંગને લીધેજ તેઓને સુખદુઃખ વગેરેનો અનુભવ થાય છે; માટેજ પુણ્યપાપના સંસર્ગને દૂર ફેંકી દઇને પ્રાણત્યાગ કરનારા પુરુષોનું શ્રેય થાય છે–અર્થાત્ તેઓ જન્મમરણના ફેરામાંથી છૂટી જાય છે."

હવે, હે રાજા! હું તને રાજાઓનું મુખ્ય કર્તવ્ય કહું છું, તેને તું સાંભળ. હે જનમેજય! બળ તથા દાનના પ્રભાવથી તું સ્વર્ગને જીતજે, જે પુરુષ બળવાન અને ઓજસ્વી હોય છે, તે ધર્માચરણ કરવાને સમર્થ થઇ શકે છે.[૧૫-૧૮] હે રાજા! તું બ્રાહ્મણોના હિતાર્થે અને પ્રજાઓના સુખાર્થે પૃથ્વીનું પાલન કર. તેં જે પ્રમાણે પ્રથમ બ્રાહ્મણોનું અપમાન કર્યું હતું, તે પ્રમાણેજ હવે તેઓને તું પ્રસન્ન કર.[૧૯] બ્રાહ્મણો તારૂં અપમાન કરે અથવા અનેક પ્રકારે તારો ત્યાગ કરે, તોપણ તું તેઓને પોતાના જેવાજ સમજ અને તેઓનો હું વધ નહિ કરૂં, આવી પ્રતિજ્ઞા કર. તારે તારાં પોતાનાં કર્તવ્યોમાં આસકત રહીને નિરંતર શ્રેયઃસાધન કર્યાં કરવું.[૨૦] હે શત્રુતાપન રાજા! કોઈ રાજા હિમની પેઠે શીતલ પ્રકૃતિનો હોય છે, કોઈ રાજા અગ્નિના જેવો ઘોર અથવા ક્રૂર હોય છે, કોઈ રાજા હળની પેઠે દુષ્ટોને મૂળમાંથી ઉખેડી નાખનારો હોય છે ત્યારે બીજો કોઈ રાજા વજ્રની પેઠે શત્રુઓના પર અકસ્માત્ તૂટી પડનારો હોય છે.[૨૧] દુષ્ટ પુરુષોને વિષે વિદ્વત્તા આદિ વિશેષ ગુણ જોઈને અથવા બ્રાહ્મણત્વ આદિ સામાન્ય ધર્મને જોઇને પણ તેઓનો સંગ કરવો નહિ; તેમજ "મારે જગતમાં હજી જીવવું છે પણ મરી જવું નથી" એમ માનીને દુષ્ટોના પર પ્રીતિ કરવી નહિ.[૨૨] જેણે એક વખત પાપકર્મ કર્યું હોય છે, તે કેવળ પશ્ચાત્તાપ કરીનેજ પાપમાંથી મુક્ત થાય છે, જેણે બે વાર પાપ કર્યું હોય છે તે, "હવે ફરીથી હું પાપ કરીશ નહિ" આવો નિયમ લેવાથી પાપમાંથી છૂટી જાય છે, જેણે ત્રણવાર પાપ કર્યું હોય છે, તે "હવે હું ધર્માચરણજ કરીશ" આવો સંકલ્પ કરીને પાપમાંથી મુક્ત થાય છે અને જેણે અનેકવાર પાપ કર્યું હોય છે, તે પુરુષ તીર્થાટન કરવાથી પવિત્ર થાય છે.[૨૩,૨૪] જેને પોતાનું કલ્યાણ કરવાની ઇચ્છા હોય તેણે શુભ કર્મોનુંજ આચરણ કરવું; કેમકે જે,જેનું સેવન કરે છે તે તેવોજ બને છે. દાખલાતરીકે, જો સુગંધી પદાર્થોનું સેવન કરવામાં આવે છે, તો સુગંધી થવાય છે અને દુર્ગંધી પદાર્થોનું સેવન કરવામાં આવે છે તો દુર્ગંધી થવાય છે; તેમજ જે પુરુષ નિત્ય તપશ્ચર્યા કરવામાં તત્પર રહે છે, તે પુરુષ સત્વર પાપમાંથી મુક્ત થાય છે.[૨૫,૨૬] જે પુરુષના પર વ્યભિચાર આદિનો લોકાપવાદ આવ્યો હોય, તે પુરુષ એક વર્ષપર્યંત અગ્નિનું સેવન કરે, તો અપવાદથી મુક્ત થાય છે; જેણે બાળહત્યા કરી હોય, તે ત્રણ વર્ષપર્યંત અગ્નિનું સેવન કરીને પાપમાંથી મુક્ત થાય છે; તેમજ બાળહત્યારો પુરુષ, મહાસર, પુષ્કર, પ્રભાસ અને ઉત્તરમાં આવેલા માનસસરોવર—એમાંના હરકોઈ તીર્થમાં સો યોજન સુધી ચાલીને યાત્રા કરે છે,તો પાપથી મુક્ત થાય છે.[૨૭,૨૮] જે પુરુષે જેટલાં પ્રાણીઓની હિંસા કરી હોય તે તે જાતનાં તેટલાંજ પ્રાણીઓને મરણ પામતાં જો બચાવે તો પાપમાંથી મુક્ત થાય છે.[૨૯] મનુ ભગવાને કહ્યું છે કે, અશ્વમેધ યજ્ઞના અંતમાં અવભૃથસ્નાન કરનારો પુરુષ જેમ સર્વ પાપોથી મુક્ત થાય છે, તેમ જળમાં રહીને ત્રણવાર 'અઘમર્ષણ' મંત્રનો જપ કરનાર પુરુષ પણ સર્વપ્રકારનાં પાપોથી મુક્ત થાય છે;[૩૦] એટલુંજ નહિ પણ તે પુરુષ, સર્વત્ર સત્કાર પામે છે અનેસર્વ પ્રાણીઓ જડ તથા મૂંગાની પેઠે તેનાપર પ્રસન્ન રહે છે.[૩૧] હે રાજન્! પૂર્વે એક સમયે સર્વ દેવો અને અસુરો એકત્ર થઇને દેવના ગુરુ બૃહસ્પતિ પાસે ગયા અને તેમને પૂછવા લાગ્યા કેઃ—"હે મહર્ષિ! ધર્મ કરવાથી પરલોકમાં જે કંઇ સુખરૂપ ફળ પ્રાપ્ત થાય છે અને પાપ કરવાથી નરકમાં જે દુઃખરૂપ ફળ પ્રાપ્ત થાય છે, તે સર્વ તમે જાણો છો;[૩૨] માટે હે મહર્ષિ! તમે અમને કહો કે, જે પુરુષનાં પાપ અને પુણ્ય સમાન હોય, તે પુરુષ પુણ્યના પ્રભાવથી પાપને દૂર કરી શકે છે કે નહિ? પુણ્યનું ફળ શું છે? અને ધર્મશીલ પુરુષ પાપને કેવી રીતે દૂર કરી શકે છે?"[૩૩]

બૃહસ્પતિએ કહ્યુંઃ—" જે પુરુષ, પ્રથમ અબુદ્ધિપૂર્વક એટલે અજાણતાં પાપકર્મ કર્યા પછી બુદ્ધિપૂર્વક જો ધર્માચરણ કરે છે તો, ક્ષાર જેમ મલિન વસ્ત્રના મેલને દૂર કરે છે તેમ, તે

પુરુષનાં પાપોને તેનું ધર્માચરણ દૂર કરે છે;[૩૪] તેમજ જે પુરુષ પાપકર્મ કરીને પણ એમ માને છે કે, "તેનો કર્તા હું નથી" અને શ્રદ્ધાયુક્ત થઈને અસૂયાના ત્યાગપૂર્વક કલ્યાણ કરવાની ઈચ્છા કરે છે, તેને પ્રથમ કરેલાં પાપનો સંબંધજ થતો નથી.[૩૫] વળી જે પુરુષ, પાપકર્મ કર્યા પછી પણ સત્પુરુષોનાં ખુલ્લાં થયેલાં છિદ્રોને ઢાંકે છે, તેનું કલ્યાણજ થાય છે.[૩૬] જેમ સૂર્ય પ્રાતઃકાલમાં ઉદય પામતાંજ સર્વ અંધકારનો નાશ કરે છે, તેમ હરકોઈ પુરુષ પુણ્યકર્મોનું આચરણ કરતાંજ સર્વ પાપોનો નાશ કરે છે."[૩૭]

ભીષ્મે કહ્યું:-"શૌનક વંશના મહર્ષિ ઇંદ્રોતે, જનમેજય રાજાને એ પ્રમાણે ઉપદેશ આપ્યા પછી, તેની પાસે વિધિપૂર્વક અશ્વમેધ યજ્ઞ કરાવ્યો,[૩૮] જેથી તે રાજાનાં સર્વ પાપો દૂર થઇ ગયાં ને તેનું સ્વરૂપ બળતા અગ્નિના જેવું દેદીપ્યમાન થઈ ગયું. પછી શત્રુઓનો સંહાર કરનારો તે જનમેજય રાજા, પૂર્ણિમાનો પૂર્ણચંદ્ર જેમ આકાશમાં દાખલ થાય તેમ, પોતાના રાજ્યમાં દાખલ થયો."[૩૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦પર્વમાં "ઇંદ્રોત અને જનમેજયનો સંવાદ" એ વિષયનો અ૦ ૧૫૨ મો સમાપ્ત.

અધ્યાય ૧૫૩ મો

ગીધ અને શિયાળનો વિવાદ

॥ युधिष्ठिर उवाच ॥

कच्चित् पितामहेनासीच्छुतं वा दृष्टमेव च ॥
कच्चिन्मर्त्यो मृतोराजन् पुनरुज्जीवितो भवेत्॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે રાજન્ ! હે પિતામહ! મરણ પામેલો કોઈ મનુષ્ય પુનઃ જીવતો થયો હોય, એવું તમે સાંભળ્યું છે કે જોયું છે?*" [૧]

ભીષ્મે કહ્યું:-"હે કુંતાપુત્ર ! પૂર્વે નૈમિષારણ્યમાં એક ગીધનો તથા શિયાળનો સંવાદ થયો હતો, એ વિષેનો પ્રાચીન ઇતિહાસ હું તમને કહું છું, સાંભળો.[૨]

પૂર્વકાળમાં કોઇએક બ્રાહ્મણે, અનેક પ્રકારનાં દુઃખ વેઠીને એક પુત્રને મેળવ્યો હતો; પરંતુ એ વિશાળ નેત્રોવાળો પુત્ર, બાલગ્રહથી પીડાઇને બાલ્યાવસ્થામાંજ મરણ પામ્યો.[૩] તે બાળક આખા કુળના સર્વસ્વરૂપ હતો અને તરુણ અવસ્થાએ પહોંચ્યાવિનાજ મરણ પામ્યો હતો, તેથી તેના સર્વ સંબંધીઓ દુઃખ અને શોકને લીધે વિહ્વળ થઇને રોકકળ કરી રહ્યા હતા.[૪] પછી તેઓ,એ મરેલા બાળકને લઇને શ્મશાનમાં આવ્યા ને ત્યાં તે બાળકને એકબીજાના ખોળામાં લઈ લઇને અત્યંત દુઃખને લીધે પોકે પોકે રડવા લાગ્યા.[૫] તેઓ એ બાળકના પૂર્વોક્ત મધુર શબ્દોને વારંવાર સંભારીને શોક કરવા લાગ્યા ને તે બાળકને શ્મશાનભૂમિપર એકલો મૂકીને ત્યાંથી ચાલ્યા જવા માટે અશક્ત થઇ પડયા.[૬] એવામાં એક ગીધ પક્ષી તેઓના રડવાના શબ્દને સાંભળીને ત્યાં આવી પહોંચ્યું અને તેઓને કહેવા લાગ્યું કે:-"અરે ઓ મનુષ્યો ! તમારા આ એકના એક બાળકને પણ અહીં પડતો મૂકીને તમે અહીંથી જલદી ચાલ્યા જાઓ.[૭] તમે જાણોજ છો કે, સર્વનો સંહાર કરનારા કાળે, હજારો પુરુષોને તથા હજારો સ્ત્રીઓને આ શ્મશાનભૂમિ ઉપર આણ્યાં છે અને તે સર્વ સ્ત્રીપુરુષોના સંબંધીજનો, તેઓને અહીં પડતાં મૂકીને પોતપોતાના ઘરભણી ચાલ્યા ગયા છે.[૮] તમે જોઇ શકો છો કે, આ સર્વ જગત સુખ અને દુઃખથી ભરપૂર છે અને તેમાં સર્વ કોઇનો અનુક્રમે સંયોગ અને વિયોગ થયા કરે છે.[૯] જે મનુષ્યો, પોતાના મરણ પામેલા સંબંધીને લઇને શ્મશાનમાં જાય છે અને જેઓ શ્મશાનમાં ન જતાં ઘેરજ બેસીને રોકકળ કર્યા કરે છે,તેઓ

---

* યુધિષ્ઠિરના આ પ્રશ્નનો આશય એ છે કે, એક વખત મરણ પામેલો મનુષ્ય જો સજીવન થાય તોજ તમારા કહેવા પ્રમાણે અજાણતાં પાપકર્મ કરનારો પુરુષ, પુનઃ પુણ્યશાળી બને; અન્યથા મારા ધારવા પ્રમાણે પાપી પુરુષ પુનઃ પુણ્યશાળી થાયજ નહિ.

સર્વે પોતાના આયુષ્યના પ્રમાણનો ક્ષય થયા પછી મૃતક અવસ્થાએ શ્મશાન તરફ જાયજ છે–અર્થાત્ આયુષ્ય પૂરૂં થયા પછી સૌ કોઇને શ્મશાનમાં જવાનુંજ છે.[૧૦] આમ સમજીને તમે આ શ્મશાનમાંથી હવે ચાલ્યા જાઓ, અહીં બેસી રહેવાથી તમને શું ફળ મળવાનું છે? જુઓ, આ શ્મશાન સર્વ પ્રાણીઓને ભયંકર છે, ગીધડાં અને શિયાળોથી ભરપૂર છે અને ઠેકઠેકાણે પડેલાં મનુષ્યનાં હાડકાંઓથી મહારૌદ્ર દેખાય છે.[૧૧] હરકોઇ પ્રાણી, કે જે એક વખત કાળધર્મને (મૃત્યુને) પામ્યો છે, તે આપણો પ્રિય સંબંધી હોય કે શત્રુ હોય, તોપણ પુનઃ સજીવન થતો નથી. આવીજ સર્વ પ્રાણીઓની ગતિ છે.[૧૨] આ મનુષ્યલોકમાં જન્મ પામેલા સર્વ પ્રાણીને એક દિવસે મરવાનું તો છેજ. તોપછી કાળે નિર્માણ કરેલા એ માર્ગને અનુસરીને જે પ્રાણી મરણ પામ્યું છે, તેને પુનઃ કોણ જીવાડનાર છે?[૧૩] જુઓ, જગતનાં સર્વ લોકો હવે, પોતપોતાનું કામ કરતા બંધ પડયા છે અને સૂર્ય પણ અસ્ત પામવાને તૈયાર થયો છે; માટે તમે પણ આ બાળકપરના સ્નેહનો ત્યાગ કરીને પોતપોતાને ઘેર ચાલ્યા જાઓ.” [૧૪]

હે રાજા ! ગીધનાં એ વચન સાંભળ્યા પછી શ્મશાનમાં આવેલા તે સર્વ મનુષ્યો, મરણ પામેલા બાળકને પૃથ્વીપર મૂકીને રડતા રડતા ત્યાંથી ચાલતા થયા.[૧૫] તેઓએ નિશ્ચય માની લીધું હતું કે, “ આ બાળક જરૂર મરણ પામ્યો છે અને તેનું દર્શન કરવા માટે હવે આપણે નિરાશજ થયા છીએ. ” આમ માનીને તેઓ રડતા રડતા ચાલતા થયા.[૧૬] પોતાના પુત્રને ત્યાં પડતો મૂકીને તેઓ સર્વે, પોતપોતાના ઘર ભણી જવા માટે નિશ્ચય ઉપર આવ્યા ને બાળકના જીવિતમાટે નિરાશ થઈને ઘેર જવાના માર્ગમાં ટોળે વળીને ઉભા રહ્યા. [૧૭] તેવામાં કાગડાની પાંખોના જેવા શ્યામ વર્ણનો એક શિયાળ, પાસેની બખોલમાંથી બહાર નીકળીને, જવા માટે તૈયાર થયેલા પેલા મનુષ્યોને કહેવા લાગ્યો કેઃ– “ ખરૂં છે કે, મનુષ્યો હમેશાં નિર્દયજ હોય છે.[૧૮] અરે હે મૂઢ મનુષ્યો ! હજી તો આ સૂર્ય અસ્ત પામ્યો નથી, માટે તમે નિર્ભય થાઓ અને આ બાળક ઉપર સ્નેહ રાખો. પ્રત્યેક મુહૂર્તનો પ્રભાવ અનેક પ્રકારનો હોય છે, તેથી તેવા કોઈ મુહૂર્તના પ્રભાવે આ બાળક કદાચ જીવતો પણ થાય![૧૯] અરે ઓ નિર્દય મનુષ્યો! તમે આ શ્મશાનની ભૂમિપર પોતાના પુત્રને પડતો મૂકીને શા માટે ચાલ્યા જાઓ છો ? મને લાગે છે કે, તમે પુત્રસ્નેહથી રહિત છો.[૨૦] જેના માત્ર ભાષણથીજ તમે પ્રથમ પ્રસન્ન થતા હતા, તે આ મધુરૂં બોલનારા બાળક ઉપર તમને શું સ્નેહજ નથી ?[૨૧] જુઓ તો ખરા ! પશુપક્ષીઓને પણ પોતાનાં બચ્ચાં ઉપર કેટલો બધો સ્નેહ હોય છે ! તેઓને પોતાનાં બચ્ચાંઓનું પાલન કરીને તેઓના તરફથી કંઈપણ ફળ મેળવવાનું હોતું નથી, છતાં તેઓ બચ્ચાંઓ ઉપર કેવો સ્નેહ રાખે છે ![૨૨] પરલોકની ગતિમાંજ એકનિષ્ઠા રાખનારા મુનિઓને જેમ યજ્ઞાદિક્રિયાઓના ફળની અપેક્ષા હોતી નથી, તેમ પોતાનાં સંતાનો સાથે સ્નેહની લાગણીથી જોડાયલાં ચોપગાં પશુઓને, પક્ષીઓને તથા કીડાઓને સંતાનો તરફના કોઇ પ્રકારના ફળની અપેક્ષા હોતી નથી.[૨૩] વળી પુત્રોના સંબંધથી આનંદમાં રહેનારાં તે પશુપક્ષીઓને, પુત્રપોષણના કર્મથી આ લોકમાં કે પરલોકમાં કોઈ પ્રકારનો લાભ મળતો નથી, છતાં તેઓ પોતાનાં સંતાનોનું પાલનપોષણ કરેજ છે.[૨૪] પશુપક્ષીનાં બચ્ચાંઓ જ્યારે મોટાં થાય છે, ત્યારે પોતાનાં માતાપિતાનું પોષણ કરતાં નથી તોપણ તેઓનાં માતાપિતાઓને, પોતાના પ્રિય પુત્રોને નહિ જોતાં શું શોક થતો નથી ?[૨૫] તો પછી જેઓને શોક પણ થાય છે તેવા મનુષ્યોને પોતાનાં બાળકોપર સ્નેહ કેમ ન હોય ? તમારો આ પુત્ર કુલની વૃદ્ધિ કરનારો છે, છતાં તેનો ત્યાગ કરીને તમે કયાં જાઓ છો ?[૨૬] અરે ! તમે એની પાસે બેસીને ઘણા કાળસુધી આંસુઓ પાડો ! અને સ્નેહપૂર્વક એના તરફ લાંબો દૃષ્ટિપાત કરો !! ખરેખર, આવાં ઇષ્ટ સંતાનોનો ત્યાગ ક-

રવો, એ મહા કઠિન છે.[૨૭] જે પુરુષ ક્ષીણ થઈ ગયો હોય, અનેક મનોરથોથી ઘેરાયલો હોય અથવા શ્મશાને જવા તૈયાર થઈ રહ્યો હોય, (મરણપથારીએ પડ્યો હોય) તેને સહાય કરવા માટે જે સ્થળે બંધુઓ ઉભા રહે છે,તે સ્થળે બીજો કોઇ ઉભો રહેતો નથી.[૨૮] આ જગતમાં સર્વકોઇને પ્રાણ વહાલા હોય છે અને સર્વકોઇના હૃદયમાં સ્નેહની લાગણી હોયજ છે. જુઓ, પશુપક્ષીઓમાં પણ સ્નેહ જેવો ને તેવોજ દેખાય છે.[૨૯] આ બાળક, કે જે કમળના સમાન ચંચળ અને વિશાળ નેત્રોવાળો છે તથા નવા વરરાજાની પેઠે સ્નાન કરીને પુષ્પની માળાવડે શોભી રહ્યો છે તેનો ત્યાગ કરીને તમે કેમ જઇ શકો છો?"[૩૦] એ રીતે કૃપણતાભરેલો વિલાપ કરી રહેલા શિયાળનાં વચનો સાંભળીને તે સર્વ મનુષ્યો,પેલા બાળકના મુડદા તરફ પાછા ફર્યા.[૩૧]

ત્યારે *ગીધે કહ્યું:–'અરે ઓ સત્ત્વહીન મનુષ્યો! (ઘણાજ ખેદની સાથે મારે તમને કહેવું પડે છે કે,)બુદ્ધિવિનાના અને ક્રૂર સ્વભાવના આ ક્ષુદ્ર શિયાળના કહેવા ઉપરથી તમે શા માટે પાછા ફરો છો?[૩૨] આ બાળકના શરીરને,પાંચે મહાભૂતોએ ત્યજી દીધેલું છે અને તેથીજ તે શૂન્ય કાષ્ઠના જેવું અચેતન થઈ પડ્યું છે; માટે હવે, તેનો તમે શોક શામાટે કરો છો? અને શામાટે તમારો પોતાનો શોક કરતા નથી?[૩૩]તમે, તીવ્ર તપશ્ચર્યા કરો કે, જેથી સર્વ પ્રકારનાં પાપોથી મુક્ત થઇ જાઓ. તપ કરવાથી પ્રાણીને સર્વકંઈ મળી શકે છે, પણ આમ વિલાપ કરવાથી શું વળવાનું છે?[૩૪] ખરેખર, આ બાળકના શરીરની સાથેજ તેનું દુર્ભાગ્ય પણ જન્મ્યું હતું, કે જેને લીધે આ બાળક પોતાના સંબંધીઓને અપાર શોક આપીને ચાલ્યો ગયો છે.[૩૫] આ જગતમાં ધન, ગાયો, સુવર્ણ, મણિઓ, રત્નો અને સંતાનો–એ બધાં કેવળ તપશ્ચરણ કરવાથીજ મળે છે:અને તપશ્ચરણ યોગના બળથી મેળવી શકાય છે.[૩૬] પ્રાણીએ જેવાં જેવાં કર્મો કર્યાં હોય છે, તે પ્રમાણેજ તેને સુખદુઃખ મળ્યા કરે છે અને સર્વ કોઇ પ્રાણી, પોતાના જન્મસમયેજ સુખદુઃખને સાથે લઇને જન્મે છે.[૩૭] પિતાનાં કર્મોની સાથે પુત્રને કે પુત્રનાં કર્મોની સાથે પિતાને કંઇ પણ સંબંધ નથી. સૌ કોઈ, પોતપોતાનાં ઉત્તમ–અધમ કર્મોથી બંધાઇને ભિન્ન ભિન્ન માર્ગે ચાલ્યા જાય છે.[૩૮] માટે તમે યત્નપૂર્વક ધર્માચરણ કરો. અધર્મ કરવાનો મનમાં વિચાર પણ ન કરો અને સમયાનુસાર દેવબ્રાહ્મણોનાં કાર્યોને કર્યા કરો;[૩૯] તમે શોકનો તથા દીનતાનો ત્યાગ કરો, પુત્ર ઉપરના સ્નેહને છોડી દ્યો અને આ બાળકને અહીં ખુલ્લા પ્રદેશમાંજ છોડી દઇને સત્વર ઘર તરફ પાછા ફરો.[૪૦] જે કોઈ શુભ કે અશુભ કર્મ કરે છે,તેનું ફળ તેના કર્તાને ભોગવવું પડે છે તેમાં એના બાંધવોને શું?[૪૧] જેટલા જેટલા બાંધવો પોતાના પ્રિય સંબંધીને લઇને આ શ્મશાનમાં આવે છે, તેઓ સર્વે, તેને અહીં મૂકીને ઉભા રહેતા નથી પણ અશ્રુભરેલાં નેત્રે ઘર તરફ પાછા ફરે છે અને મૂએલાના સ્નેહનો ત્યાગ કરી દે છે.[૪૨] બુદ્ધિમાન હો કે મૂર્ખ હો, ધનવાન હો કે નિર્ધન હો–પણ સર્વ કોઇને પોતપોતાનાં પુણ્યપાપની સાથે, કાળને સ્વાધીન થવું પડે છે;[૪૩] માટે આમ શોક કરીને તમે શું કરી શકશો? અને જ્યારે તમારાથી કંઈપણ બનવાનું નથી તો પછી તમે આ મૂએલાની પાછળ શોક શામાટે કરો છો? કાળ સર્વકોઇનો પ્રભુ છે અને તે, પોતાના ધર્મને અનુસરીને સર્વના ઉપર સમદૃષ્ટિ રાખનારો છે.[૪૪] આ જગતમાં

---

*ગીધ અને શિયાળ–બન્ને જણા મરેલા બાળકનાં સંબંધીઓને જૂદું જૂદું સમજાવે છે. તેનો હેતુ એ છે કે, ગીધના મનમાં એમ છે કે, સૂર્યાસ્તની પહેલાંજ આ મનુષ્યો જો ચાલ્યા જાય તો હું આ મુડદાને લઇ જાઉં; કેમકે જો રાત્રિ થઇ જશે તો મારો લાગ આવશે નહિ. તેમજ શિયાળના મનમાં એમ છે કે, રાત્રિ થઇ જાય ત્યાંસુધી આ મનુષ્યો જો અહીં રોકાય તો મને ઠીક ફાવે; કારણ કે દિવસ હોવાને લીધે કૂતરાં વગેરેનો મને ભય રહે છે. અને તેથી આ મુડદાને લઇ જવામાં હું ફાવું તેમ નથી. આ રીતે બંને પોતાનો સ્વાર્થજ સાધે છે.

જેઓ યુવાવસ્થાએ પહોંચેલા છે, જેઓ બાલ્યાવસ્થામાં ખેલી રહ્યા છે, જેઓ વૃદ્ધાવસ્થાને શિખરે જઈ પહોંચ્યા છે અને જેઓ હજી ગર્ભાશયમાંજ પડી રહેલા છે, તેઓ સર્વનાપર મોતના ડંકા વાગીજ રહ્યા છે–તેઓ સર્વે મૃત્યુની સત્તામાં આવી ચૂકયા છે; કારણ કે આ જગતની એવીજ ઘાટી પડી રહી છે.”[૪૫]

તે સાંભળી તુરતજ શિયાળ બોલી ઉઠ્યોઃ–“અરેરે! આ અલ્પબુદ્ધિ ગીધડાએ તમારા સ્નેહને મંદ કરી નાખ્યો છે; કેમકે જે તમે પ્રથમ પુત્રના સ્નેહને અધીન થઈને ઘણોમોટો શોક કરતા હતા તેના તેજ તમે, પેલા મૂર્ખ ગીધડાનાં સારી રીતે બોલાયલાં, શાંતિને ઉપજાવનારાં અને વિશ્વાસજનક એવાં તુચ્છ વચનો સાંભળીને ઘર તરફ પાછા ફરો છો અને મહાદુસ્ત્યજ સ્નેહનો ત્યાગ કરી દ્યો છો.[૪૬,૪૭] અફસોસ! અફસોસ ! હું તો હજી એમજ માનું છું કે, પુત્રના વિયોગથી મોટી બૂમો પાડીને રડી રહેલા અનેજેનો વાછડો મરણ પામ્યો હોય તેવી ગાયની પેઠે અત્યંત દુઃખમાં આવી પડેલા આ સર્વ મનુષ્યોને, મરનારથી શૂન્ય થયેલા ગૃહભણી જતાં કેવો મહાનશોક થાય છે? આ પૃથ્વીપર મનુષ્યોને સ્નેહને લીધે કેવું શોક થાય છે ? આવો વિચાર કરતાં મારાં પોતાનાં નેત્રોમાંથી પણ અશ્રુધારા વહી રહી છે. (પણ તમે તો આ રીતે સ્નેહનો ત્યાગ કરીને ચાલ્યા જાઓ છો તેથી જણાય છે કે, તમારો સ્નેહ વાસ્તવિક નથી.)[૪૮,૪૯] હરકોઈ પ્રાણીએ સતત યત્ન તો કરવોજ જોઈએ; કેમકે દૈવયોગે કદાચ કાર્યસિદ્ધિ થઈ જાય, એવું સંભવી શકે છે. જો કે, એ વાત ખરીજ છે કે, કાળની પાસે દૈવનું કે પુરુષાર્થનું કંઇ પણ ઉપજતું નથી, તોપણ મનુષ્યે સદાય ઉત્સાહજ રાખવો; કેમકે ઉત્સાહરહિત થઇને કેવળ ખેદ કરવાથી સુખ ક્યાંથી મળે ? યત્ન કરવાથી અવશ્ય કાર્યસિદ્ધિ થાયજ છે; માટે તમે નિર્દય થઈને કેમ ચાલ્યા જાઓ છો ?[૫૦,૫૧] આ બાળક તમારા પોતાનાજ માંસથી ઉત્પન્ન થયો છે, તમારા અર્ધા શરીરરૂપજ છે અને વંશને ધારનારો છે; છતાં એને આ શ્મશાનમાં પડતો મૂકીને તમે કયાં જાઓ છો ?[૫૨] સૂર્યને અસ્ત થવા દો. અથવા સંધ્યાકાળ થવા દો. પછી તમે આ બાળકને અહીંથી લઇ જજો અને લઇ ન જાઓ તો તેની પાસે અહીં બેસી રહેજો.”[૫૩]

ગીધે કહ્યુંઃ–“અરે હે મનુષ્યો! મારો જન્મ થયો ત્યારથી આરંભીને આજે એક હજાર વર્ષની ઉપર પણ કેટલાંએક વર્ષો વીતી ગયાં છે; પરંતુ ત્યાંસુધીમાં મેં કોઇપણ પુરુષને, સ્ત્રીને કે નપુંસકને મુવા પછી સજીવન થયેલું જોયું નથી.[૫૪] આ જગતમાં અનેક લોકો ગર્ભાશયમાંજ મરણ પામીને જન્મે છે, બીજા અનેક લોકો જન્મ્યા પછી તુરતજ મરી જાય છે, વળી કેટલાએક તો હજી હીંડતાંજ શીખ્યા હોય છે તેટલામાં મરી જાય છે અને ઘણાય તો યુવાવસ્થામાં પહોંચ્યા પછી મરણ પામે છે.[૫૫] અરે! ચોપગાં પશુઓ અને પક્ષીઓનાં ભાગ્ય પણ અનિત્યજ જોવામાં આવે છે; તેમજ સ્થાવરજંગમ પ્રાણીઓનાં આયુષ્યો પણ અમુક મર્યાદામાં બંધાઈને આગળ ને આગળજ ઉભાં હોય છે.[૫૬] અનેક પુરુષો, પોતાનાં વહાલાં સગાંઓથી તથા સ્ત્રીઓથી વિયોગી થઈને અને પુત્રોના શોકથી ઘેરાયલા બનીને શોકથી બળતા બળતા નિત્ય આ શ્મશાનમાંથી પોતાના ઘર ભણી ચાલ્યા જાય છે.[૫૭] વળી તે સિવાયના બીજા ઘણા સંબંધીજનો હજારો ઇષ્ટજનોને તથા હજારો અનિષ્ટ(શત્રુ)જનોને આ શ્મશાનમાં છોડી દઇને અત્યંત દુઃખી થતા થતા પોતાના ઘર ભણી ચાલ્યા ગયા છે;[૫૮] માટે તમે પણ આ નિસ્તેજ, શૂન્ય અને કાષ્ઠપણાને પામેલા બાળકને અહીં છોડી જાઓ.તેનો આત્મા હવે બીજા શરીરમાં પ્રયાણ કરી ગયો છે, તેથી આ મુડદું કાષ્ઠરૂપજ થઇ ગયું છે.[૫૯] અરે! લગાર જુઓ તો ખરા ! આ બાળકનો જીવાત્માએ ત્યાગ કર્યો છે–તેનું શરીર નિશ્ચેષ્ટ અને પ્રાણરહિત થઈ પડયું છે; છતાં તેનો ત્યાગ કરીને તમે ઘર તરફ કેમ જતા નથી? મને તો લાગે છે કે, તમારો સ્નેહ અને પરિશ્રમ હવે વ્યર્થ છે–નિષ્ફળ છે.[૬૦] આ બાળક, તેનાં નેત્રોવડે હવે

જોઈ શકતો નથી તેમ કાનવડે સાંભળી પણ શકતો નથી, તો પછી તેને અહીં છોડી દઈને શામાટે તમે જલદી ઘેર જતા નથી?[૬૧] મેં તમને ઘણાં ઘણાં ક્રૂર એવાં પણ મોક્ષધર્મના આધારવાળાં અને હેતુયુક્ત વાક્યો કહી સંભળાવ્યાં છે. માટે હવે તમે ઉતાવળથી પોતપોતાને ઘેરજ જાઓ.[૬૨] હે મનુષ્યો! મારામાં બુદ્ધિ અને વિજ્ઞાન બન્ને રહેલાં છે. તેથી હું બીજાઓને બુદ્ધિ અને વિચારશક્તિ આપી શકું છું અને તેમાટેજ મેં તમને આવાં વચનો કહી સંભળાવ્યાં છે, તેને ધ્યાનમાં લઇને તમે ઘર તરફ પાછા ફરો.[૬૩] વળી પોતાના મરી ગયેલા સંબંધીને જોવાથી અને તેના ચરિત્રનું સ્મરણ કરવાથી હરકોઈનો શોક બમણો થઈ પડે છે."

ગીધનાં એ વચન સાંભળીને તે સર્વ મનુષ્યો ઘર ભણી પાછા ફર્યા એટલે તુરતજ પેલો શિયાળ, પૃથ્વીપર સૂતેલા બાળકની સમીપમાં આવીને તેને જોવા લાગ્યો અને પછી એકદમ તે બોલી ઉઠ્યો.[૬૪]

શિયાળે કહ્યું:-"અહા! આ બાળકનો વર્ણ કેવો સુવર્ણના જેવો પ્રદીપ્ત છે? અને તેનું શરીર અલંકારોથી કેવું શોભી રહ્યું છે? અરે, હે મનુષ્યો! આ ગીધડાના વચન ઉપરથી પિતૃપિંડને આપનારા પોતાના પુત્રનો તમે કેમ ત્યાગ કરો છો?[૬૫] હું તમને ખરૂંજ કહું છું કે, આ મરણ પામેલા બાળકનો પરિત્યાગ કરવાથી તમારા સ્નેહનો, વિલાપનો અને રુદનનો કોઇ કાળે વિનાશ થવાનો નથી, પણ ઉલટો તમને સંતાપજ થશે.[૬૬] આપણે સાંભળ્યુંજ છે કે, સત્ય પરાક્રમી શ્રીરામચંદ્રે, જંબૂક નામના એક શૂદ્રનો વધ કરીને ધર્મવડે બ્રાહ્મણના પુત્રને સજીવન કર્યો હતો;[૬૭] તેમજ શ્વેત નામના રાજર્ષિના મરણ પામેલા પુત્રને પણ ધર્મનિષ્ઠ શ્વેતમુનિએ પુનઃ જીવતો કર્યો હતો.[૬૮] એ પ્રમાણેજ આ વેળા કોઇ સિદ્ધ, કોઇ મુનિ કે કોઇ દેવ, તમને મળી આવે ને દીનતાભરેલો વિલાપ કરી રહેલા તમારા સર્વના ઉપર કદાચ કૃપા કરે. (તો આ બાળક જીવતો ન થાય કે?)"[૬૯]

શિયાળે એ પ્રમાણે કહ્યું એટલે તે સર્વ મનુષ્યો પુત્રપરના પ્રેમને લીધે શોકાર્ત થઇને પુનઃ સ્મશાન ભણી પાછા ફર્યા અને બાળકના મસ્તકને ખોળામાં લઇને મોટી પોકો મૂકીને રડવા લાગ્યા. પછી તેઓના રડવાના શબ્દને સાંભળીને ગીધ ત્યાં આવ્યો ને આ પ્રમાણે બોલ્યો.

ગીધે કહ્યું:-"અરે! તમારા અશ્રુપાતથી ભીંજાઇ ગયેલો અને તમારા હાથના સ્પર્શથી લગભગ છોલાઇ ગયેલો આ બાળક, યમદેવની આજ્ઞાથી દીર્ઘનિદ્રાને (મરણને) પામી ગયો છે.[૭૧] ભલે મોટા તપસ્વીઓ હોય, શ્રીમંતો હોય કે મહાબુદ્ધિશાળી હોય, પણ તેઓ સર્વે મૃત્યુને અધીન થઇને જ્યાં આવી પહોંચે છે, તેજ આ પ્રેતનગર છે.[૭૨] મરનારના અનેક બાંધવો પણ હજારો બાળકોને તથા વૃદ્ધોને સદાને માટે અહીં છોડી દઇને રાતદિવસ દુઃખ ભોગવતા આ પૃથ્વીપર વસી રહ્યા છે;[૭૩] માટે તમે વ્યર્થ શોક કરવાના દુરાગ્રહમાં પડો મા. આ બાળક પુનઃ અહીં જીવતો થાય,એ વાત કેવળ અસંભવિત છે—એવું બનેજ ક્યાંથી?[૭૪] જે પ્રાણી દેહનો ત્યાગ કરીને એક વખત મરણ પામ્યો છે,તેને પુનઃ તેજ દેહની પ્રાપ્તિ થતી નથી.("આ બાળક પુનઃ સજીવન થશે" આવો આશાવાદ કરનારા આ) શિયાળના જેવા સેંકડો શિયાળો પોતાના શરીરને અર્પણ કરે અને સેંકડો વર્ષો સુધી પ્રયત્ન કર્યા કરે તોપણ આ બાળકને જીવતો કરી શકે તેમ નથીજ. હા, કદાચ રુદ્ર, કાર્તિકસ્વામી, બ્રહ્મા કે વિષ્ણુ, આ બાળકને જો વરદાન આપે તો એ જીવતો થાય, એવો સંભવ છે; પરંતુ આ રીતે આંસુ પાડવાથી, નિઃશ્વાસ નાખ્યા કરવાથી કે મોટી પોકો મૂકીને રડવાથી આ બાળક પુનઃ સજીવન થશે નહિ. હું, આ શિયાળ, તમે અને આ બાળકના સર્વ સંબંધીઓ—એમ આપણે બધા ધર્મ-અધર્મને સાથે લઈને એકજ માર્ગમાં આવી રહ્યા છીએ, માટે બુદ્ધિમાન પુરુષે અપ્રિય અથવા કઠોર ભાષણનો, બીજાઓના દ્રોહનો, પારકી સ્ત્રીનો, અધર્મનો તથા અસત્યનો દૂરથીજ ત્યાગ કરવો અને ધર્મનું, સત્યનું, શા-

સ્રતું, ન્યાયનું, પ્રાણીઓપરની મોટી દયાનું, સરળતાનું તથા પ્રમાણિકતાનું યત્નપૂર્વક શોધન કરવું-સેવન કરવું. જેઓ પોતાનાં માતાપિતાને બાંધવોને તથા સુહૃદોને જીવી રહેલાં જોઇ શકતા નથી, તેઓનામાં અધર્મનીજ અધિકતા હોવી જોઇએ. અરે! તમે વિચાર તો કરો કે આ બાળક, જે પોતાનાં નેત્રોવડે જોઈ શકતો નથી અને કોઈ પ્રકારની ચેષ્ટા કરતો નથી, તેથી સ્પષ્ટ જણાય છે કે, તે મૃત્યું પામ્યો છે; તો હવે તેની પાછળ રુદન કરીને તમે શું કરશો?" ગીધના એ કહેવા ઉપરથી તે સર્વ મનુષ્યો શોકગ્રસ્ત હોવા છતાં પેલા બાળકને પૃથ્વીપર મૂકી દઇને પુત્ર ઉપરના સ્નેહને લીધે બળતાઝળતા ઘેર જવા માટે તૈયાર થયા.

તે જોઇ શિયાળે કહ્યું:-"અરેરે! સર્વ પ્રાણીઓનો વિનાશ કરનારો આ મનુષ્યલોક મહાદારુણ દેખાય છે; કેમકે આ મનુષ્યલોકમાં પોતાના પ્રિય સંબંધીઓ સાથે વિયોગ થાય છે, જીવિત ટુંકાં હોય છે, દુઃખ અને અસત્ય ઘણું હોય છે અને અતિશય બકવાદ તથા અપ્રિય ભાષણ પુષ્કળ હોય છે. તેમાં પણ આવા દુઃખશોકને વધારનારા બનાવો જોઇને મને આ માનુષ લોક, એક મુહુર્ત જેટલા સમયમાટે પણ નથી ગમતો. ઓહ! ધિક્કાર છે તમારા જીવતરને! તમે કોઇ મૂર્ખના જેવાજ દેખાઓ છો; કારણકે આ ગીધડાના કહેવાપરથી સ્નેહરહિત થઇને તથા પુત્ર ઉપરના સ્નેહનો ત્યાગ કરીને કેમ ચાલ્યા જાઓ છો? હે મનુષ્યો! પુત્રના શોકથી જો તમે બળી રહ્યાછો તો આ શ્મશાન તરફ પાછા ફરો.[૭૫-૮૭] આ ગીધડો તો પાપી અને સંસ્કારરહિત મનવાળો છે. તેનું વચન સાંભળીને તમે શામાટે ચાલ્યા જાઓ છો ? આ સમગ્ર લોક સુખ અને દુઃખથી વ્યાપ્ત થયેલો છે. તેમાં સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ અનુક્રમે આવ્યાજ કરે છે; (પણ સદાયને માટે સુખજ હોય અથવા સદાયને માટે દુઃખજ હોય તેવું કંઈ હોતું નથી,) તો પછી હે મૂઢ મનુષ્યો! તમારા કુલમાં શોભા કરનારા, રૂપ તથા યૌવનથી યુક્ત અને શોભાથી દીપી રહેલા આ દેખાવડા પુત્રને અહીં પૃથ્વીપર સૂતો મૂકીને તમે કયાં જશો?[૮૮-૯૦] મારા મનથી તો આ પુત્રને હું જીવતોજ જોઉં છું અને તેથીજ હું તમને ખરી ખાત્રીથી કહું છું કે,હે મનુષ્યો ! આ બાળકનો વિનાશજ થયો નથી; છતાં એનો ત્યાગ કરીને તમે ચાલ્યા જશો તો સુખી થશો નહિ.[૯૧] તમે આજે પુત્રના શોકથી તપી ગયા છો તેમજ મરણપ્રાય દશામાં આવી પડયા છો તોપણ તે યોગ્યજ છે; અને વળી તમોએ પૂર્વકાળમાં આ બાળકદ્વારા પોતાને સુખ મળવાની ધારણા રાખી હતી તથા તમે પોતેજ આ બાળકનું સુખપૂર્વક પાલન કર્યું હતું, છતાં આજે આ ગીધનાં વચન ઉપર વિશ્વાસ રાખીને બુદ્ધિહીન મનુષ્યોની પેઠે આનો ત્યાગ કરીને કયાં જવા ધારો છો?"[૯૨]

ભીષ્મે કહ્યું:-હે રાજા ! શ્મશાનમાં રહેનારા અને રાત્રિને માટે રાહ જોઈ રહેલા તે શિયાળે પોતાના સ્વાર્થને માટે ધર્મવિરુદ્ધ અને મિથ્યા એવાં પણ અમૃતતુલ્ય પ્રિય વચનો કહી સંભળાવીને તે બાળકના સંબંધીઓને 'નહિ ઘરના કે ઘાટના' એવી મધ્યસ્થિતિમાં લાવી મૂકયા અને ત્યાંના ત્યાંજ થોભાવી રાખ્યા.[૯૩,૯૪]

ત્યારે ગીધ બોલ્યો:-" આ શ્મશાનનો પ્રદેશ યક્ષો,રાક્ષસો અને પ્રેતોથી ભરપૂર છે, અતિશય દારુણ છે, ઘુવડોના ઘુઘવાટોથી ગાજી રહ્યો છે, ભયંકર છે, મહાઘોર છે અને કાળા મેઘમંડળ જેવો દેખાય છે,માટે આ મુડદાને અહીં મૂકીને તમે એકદમ પ્રેતકાર્ય કરી લ્યો.[૯૫,૯૬] જુઓ, આ સૂર્ય અસ્ત પામવાને તૈયાર થયો છે, માટે જ્યાંસુધીમાં સર્વ દિશાઓ હજી પ્રકાશિત છે,ત્યાંસુધીમાં આ મુડદાને અહીં મૂકી દઇને તેનાં પ્રેતકાર્યો કરી લ્યો.[૯૭] જુઓ, આ સૂર્ય હવે અસ્ત પામે છે, (અને રાત્રિનો સમય થવા આવ્યો છે) તેથી બાજ પક્ષીઓ કઠોર શબ્દો કરી રહ્યાં છે, શિયાળો દારુણ ચીસો પાડી રહ્યા છે, સિંહો ઘોર ગર્જનાઓ કરી રહ્યા છે, આ બધાં વૃક્ષો ચિતાના શ્યામ ધૂમાડાથી રંગાઈ ગયાં છે અને ક્ષુધાતુર થયેલી શ્મશાનદેવીઓ મહા ભયંકર બરા-

ડા પાડી રહી છે.૯૮,૯૯ આ મહાદારુણ પ્રદેશમાં જે જે પ્રાણીઓ વસે છે તેઓ, સર્વે માંસનું ભોજન કરનારા છે, ક્રૂર છે અને અત્યંત ભયંકર શરીરવાળા છે. તેઓ, તમારાપર તૂટીજ પડશે.૧૦૦ વળી આ શ્મશાનનો પ્રદેશ ક્રૂર દેખાવનો છે, જેથી તમને આજે ભયંકર થઈ પડશે; માટે આ કાષ્ઠના જેવા અચેતન બાળકને હવે છોડી દો અને શિયાળના કહેવાપર લક્ષ્ય ન આપો.૧૦૧ આ શિયાળનાં વચનો નિષ્ફળ અને અસત્ય છે છતાં તમે એ વચનોને જો સાંભળશો તો બુદ્ધિથી ભ્રષ્ટ થઈને એકીસાથે નાશ પામશો."૧૦૨

શિયાળે કહ્યું:-" અરે ! ઉભા રહો, ઉભા રહો. ક્યાં ચાલ્યા ? તમારે ડરવાનું કંઈ કારણ નથી. જ્યાંસુધી આ સૂર્યનારાયણ તપી રહ્યા છે, ત્યાંસુધી આ બાળકપરના સ્નેહને લીધે ધીરજ ધરો.૧૦૩ તેમજ જ્યાંસુધી સૂર્યનો અસ્ત થયો નથી ત્યાંસુધી તમારી ઇચ્છામાં આવે તેટલું રુદન કરો અને નીરાંતે ખૂબ સ્નેહભરેલી દૃષ્ટિથી આ બાળકને જોયા કરો. આ માંસાહારી ગીધના કહેવા ઉપર શામાટે ધ્યાન આપો છો ?૧૦૪ જો તમે ગીધનાં તીવ્ર અને સાહસિક વચનોનો સ્વીકાર કરશો અને મૂઢાત્મા બની જશો તો યાદ રાખજો કે, આ પુત્રને તમે ખોઇ બેસશો."૧૦૫

ભીષ્મે કહ્યું:-હે રાજા ! એ પ્રમાણે તે ગીધ અને શિયાળ, મરેલાના સંબંધીઓને સમજાવતા હતા. તેમાંથી ગીધ કહેતો હતો કે:-" સૂર્ય અસ્ત પામ્યો છે," ત્યારે શિયાળ કહેતો હતો હતો કે:-"હજી સૂર્યાસ્ત થયો નથી," પણ તેમાં ખરૂં તો એજ હતું કે, તેઓ બન્નેને ભૂખ સખત લાગી હતી,૧૦૬ તેથી બન્ને જણા પોતાનું કાર્ય સાધવામાટે કમર કસીને તૈયાર થઇ ગયા હતા અને હે રાજા! ક્ષુધા તથા તૃષાથી વ્યાકુળ થયેલા બન્ને જણા પોતાનો સ્વાર્થ સાધવામાટે શાસ્ત્રનો આધાર લઇને પેલા મનુષ્યોને ઉપદેશ આપી રહ્યા હતા,૧૦૭ જેથી તે મનુષ્યો પણ વિજ્ઞાનકુશળ તે બન્ને પશુપક્ષીનાં અમૃતતુલ્ય મધુર વાક્યોથી આકર્ષાઈને થોડીવાર ઉભા રહેતા હતા અને થોડીવારમાં ચાલતા થતા હતા.૧૦૮ તેઓ શોક અને દીનતાથી ઘેરાઇ ગયા હતા, તેથી ત્યાં ઉભા ઉભા રુદન કર્યા કરતા હતા અને પોતાનું કાર્ય સાધી લેવામાં કુશળ એવા પેલા બન્ને-ગીધ અને શિયાળ, પોતપોતાની નિપુણતા દેખાડીને તેઓને આમતેમ ભમાવતા હતા.૧૦૯ એ પ્રમાણે વિજ્ઞાનવેત્તા ગીધ અને શિયાળ, વાદવિવાદ ચલાવી રહ્યા હતા અને પેલા બાળકના બાંધવો ત્યાં ઉભા રહ્યા હતા, તેવામાં ભગવાન શંકર તે સ્થળે આવી પહોંચ્યા.૧૧૦ દયાને લીધે આર્દ્રદૃષ્ટિવાળા દેવ શંકરે, દેવી-પાર્વતીની પ્રેરણાથી ત્યાં ઉભેલા મનુષ્યોને કહ્યું કે:-" હું વરદાન દેનારો શંકર છું. " તે સાંભળીને શ્મશાનમાં ઉભેલા તે દુઃખી મનુષ્યોએ તેમને પ્રણામ કર્યા ને પછી આ પ્રમાણે કહ્યું:-" અમે આ એકના એક પુત્રથી રહિત થઈ પડયા છીએ, તેથી અમે બધા તેને જીવતો જોઇને જીવવાની ઇચ્છા રાખીએ છીએ. તો, આ પુત્રને જીવતો કરીને અમને બધાને જીવિતદાન આપવું આપને યોગ્ય છે."

તેઓએ એમ કહ્યું એટલે ભગવાન શંકરે, હર્ષાશ્રુપૂર્ણ દૃષ્ટિપાત કરીને બાળકને જીવતો કર્યો અને સો વર્ષનું આયુષ તેને આપ્યું; તેમજ પેલા શિયાળ અને ગીધને પણ સર્વ ભૂતોનું હિત કરનારા ભગવાન શંકરે, ક્ષુધાનો નાશ કરનારૂં વરદાન આપ્યું. પછી હે રાજા! અત્યંત હર્ષમાં આવી ગયેલા તે સર્વ મનુષ્યો, દેવ શંકરને પ્રણામ કરીનેઅને કૃતકૃત્ય થઇને હરખાતા હરખાતા સુખેથી પોત પોતાના ઘરભણી ચાલી નીકળ્યા,

આ રીતે હરકોઈ મનુષ્યે, પોતાનાં કોઇપણ કાર્યમાં ઘણા કાળ સુધી ખિન્ન થયા વિના અને દૃઢ નિશ્ચય તથા દેવાધિદેવની કૃપા ઉપર આધાર રાખવાથી તુરતજ ફળ સંપાદન કરી શકાય છે. જુઓ, એ કેવો દૈવયોગ ? અને એ બાળકના બાંધવોનો કેવો નિશ્ચય ? જેથી અલ્પસમયમાંજ ભગવાન શંકરે, :કૃપણતાભરેલું રુદન કરી રહેલા તે સર્વ સંબંધીઓનાં અશ્રુઓને લૂછી નાખ્યાં.૧૧૧-૧૧૮ તેઓ દુઃખમાં આવી પડયા હતા, છતાં દૃઢ નિશ્ચયના પ્રભાવથી ભગવાન શંકરના અનુગ્રહને સંપાદન કરીને કેવું સુખ પામ્યા ? તે તમે જુઓ. પોતા-

નો પુત્ર સજીવન થયો, તેથી તેઓને ઘણોજ હર્ષ અને વિસ્મય થયો હતો.[૧૧૯] હે ભરતશ્રેષ્ઠ રાજા! ભગવાન શંકરની કૃપાથી પોતાના પુત્રસંબંધી શોકનો ત્યાગ કરીને હર્ષપૂર્ણ થયેલા મનવાળા તે સંબંધીજનો પુત્રને સાથે લઇને ઉતાવળા ઉતાવળા નગરમાં દાખલ થયા અને ત્યાં ચારે વર્ણના લોકોએ તે સમસ્ત સંબંધીઓની નિશ્ચિતબુદ્ધિનું ફળ પ્રત્યક્ષ જોયું.[૧૨૦,૧૨૧] હે રાજા! ધર્મ, અર્થ અને મોક્ષ–એ ત્રણેની સાથે સંબંધ ધરાવનારા આ ઇતિહાસનું તમે શ્રવણ કરજો; કેમકે એનું નિત્ય શ્રવણ કરીને મનુષ્ય, આ લોકમાં ને પરલોકમાં અત્યંત સુખી થાય છે.[૧૨૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં “ ગીધ અને શિયાળના સંવાદમાં કુમારનું સંજીવન” એ વિષયનો અધ્યાય ૧૫૩ મો સમાપ્ત.

અધ્યાય ૧૫૪ મો

શાલ્મલિવૃક્ષની કથા

॥ युधिष्ठिर उवाच ॥

बलिनः प्रत्यमित्रस्य नित्यमासवर्तिनः ॥
उपकारापकाराभ्यां समर्थस्योद्यतस्य च ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે પિતામહ ! કોઈએક શત્રુ નિત્ય પોતાની સમીપમાં રહેતો હોય, બળવાન હોય, ઉપકાર–અપકાર કરવામાં સમર્થ હોય અને ઉદ્યમશીલ હોય, તેની સામે બીજા સારવિનાના અને અલ્પ બળવાળા ક્ષુદ્ર પુરુષે, અજ્ઞાનને લીધે પોતાની વ્યર્થ પ્રશંસા કરીને તથા અયોગ્ય વચનો કહી સંભળાવીને વૈર ઉભું કર્યું હોય અને તેને લીધે પેલો બળવાન શત્રુ અત્યંત ક્રોધાયમાન થઇને મૂળમાંથી ઉખેડી નાખવા માટે જો ચઢી આવે તો તે નિર્બળ પુરુષે, કેવળ પોતાના બળનોજ આશ્રય કરીને કેવી રીતે વર્તવું ? તે મને કહો. ”[૨,૩]

ભીષ્મે કહ્યું:–“ હે ભરતશ્રેષ્ઠ ! આ વિષયમાં પણ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ અપાય છે, કે જેમાં એક શાલ્મલિના (શીમળાના) વૃક્ષનો તથા વાયુનો સંવાદ વર્ણવ્યો છે. (તે હું તમને કહું છું, સાંભળો.)[૪] હિમાલય પર્વત ઉપર ઘણાં વર્ષો થયાં વૃદ્ધિ પામેલું એક મોટું શાલ્મલિનું વૃક્ષ હતું. તે વૃક્ષને અનેક શાખાઓ, અનેક ઉપશાખાઓ અને અનેક પાંદડાં હતાં.[૫] હે મોટી ભુજાઓવાળા રાજા ! તે વૃક્ષની ઘાટી છાયામાં ઘણા મદમત્ત હાથીઓ ઘામથી પીડાઇને તથા પરિશ્રમથી આકુળ થઇને વિશ્રાંતિ લેતા હતા, તેમજ બીજી અનેક મૃગની જાતિઓ પણ તેની છાયામાં વિશ્રાંતિ લેતી હતી.[૬] તે વૃક્ષનો વિસ્તાર ચારસો હાથ જેટલો હતો, તેની છાયા પુષ્કળ ઘાટી હતી, તેના ઉપર મેનાઓ અને પોપટો નિવાસ કરી રહ્યાં હતાં અને તેને પુષ્પો તથા ફળો પણ પુષ્કળ આવતાં હતાં.[૭] વ્યાપારમાટે જતા–આવતા મનુષ્યોના કાફલાઓ અને વનવાસી તપસ્વીઓ એ સુંદર વનસ્પતિનીચે માર્ગમાં રહીને નિવાસ કરતા હતા.[૮] હે ભરતશ્રેષ્ઠ રાજા ! એક સમયે નારદમુનિ, તે વૃક્ષ પાસે થઈને ક્યાંક જતા હતા. તેમણે તેની વિશાળ શાખાઓને તથા ઉપશાખાઓને ચોતરફ ફેલાયલી જોઇને તેને કહ્યું કે:–[૯]“ હે ! મહાન વૃક્ષ શાલ્મલિ ! ખરેખર, તું અતિશય રમણીય અને મનોહર છે. તને જોતાંજ અમને ઘણો આનંદ થાય છે.[૧૦] હે મનોહર વૃક્ષ ! ઘણાં પક્ષીઓ, મૃગો અને સુંદર હાથીઓ તારીનીચે આવીને અત્યંત હર્ષપૂર્વક નિવાસ કરે છે.[૧૧] હે વિશાળ શાખાઓવાળા શાલ્મલિ ! તારી મોટી મોટી શાખાઓને તથા ઉપશાખાઓને વાયુએ કદી ભાંગી નાખી હોય એમ મને ભાસતું નથી.[૧૨] તે ઉપરથી હું તને પૂછું છું કે:–હે તાત ! પવનને તારા ઉપર પ્રીતિ છે? અથવા શું તે તારો મિત્ર છે ? ખરેખર, આ સમગ્ર વનમાં તારૂં એકનુંજ પવન સદાય રક્ષણ કરે છે.[૧૩] અતિશય વેગવાળો ભગવાન વાયુ, નાનાંમોટાં ઘણાં વૃક્ષોને તથા પર્વતોનાં શિખરોને તેઓના સ્થાનપરથી ઉખેડી પાડે છે;[૧૪] એટલુંજ નહિ પણ સદાય પવિત્ર ગણાયલો પવન, જ્યારે વાવા માંડે છે, ત્યારે મોટાં મોટાં તળાવોને, નદીઓને, સમુદ્રોને તથા

પાતાલસુદ્ધાંને પણ શુષ્ક કરી નાખે છે;[૧૫] છતાં એ પવન તારૂં રક્ષણ કરે છે તેમાં તમારા બન્નેની મિત્રતાજ કારણભૂત હોવી જોઇએ અને તેથીજ તારી શાખાઓ ઘણા મોટા પ્રમાણમાં વધી ગયેલી છે તું તથા પાંદડાં અને પુષ્પોથી પરિપૂર્ણ દેખાય છે.[૧૬] હે વનસ્પતિ ! કેવળ તારે લીધેજ આ સમગ્ર વન અતિશય રમણીય ભાસે છે; કારણ કે હે તાત ! આ સર્વ પક્ષીઓ તારા ઉપર બેસીને આનંદપૂર્વક રમી રહ્યાં છે.[૧૭] જે સમયે તારાં પુષ્પો ખીલી નીકળે છે, તે સમયે જૂદાં જૂદાં અને એકીસાથે અતિ મનોહર શબ્દ કરી રહેલાં સર્વ પક્ષીઓનો સ્વર ઘણોજ મધુર સંભળાય છે;[૧૮] તેમજ હે શાલ્મલિ ! પોતાનાં ટોળાંઓમાં શોભી રહેલા અને ગર્જનાઓ કરી રહેલા આ હાથીઓ જ્યારે તાપથી પીડાય છે, ત્યારે તારી છાયાનો આશ્રય લઇને સુખ મેળવે છે;[૧૯] તેજ પ્રમાણે હે વૃક્ષ ! મૃગ વગેરે બીજાં અનેક જાતિનાં પ્રાણીઓ તારો આશ્રય કરે છે અને તારા ઉપરના ભાગમાં પણ ઘણાં પ્રાણીઓ નિવાસ કરે છે, તેથી તું મેરુ પર્વતના જેવો શોભે છે.[૨૦] વળી કેટલાએક બ્રાહ્મણો, તપથી સિદ્ધ થયેલા તાપસો અને સંન્યાસીઓ પણ અહીં તારી છાયામાં વિશ્રાંતિ લે છે; માટે તારા આ સ્થાનને હું સ્વર્ગસમાનજ માનું છું. ”

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં
“પવન અને શાલ્મલિનો સંવાદ” એ
વિષયનો અ૦ ૧૫૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૫૫ મો

શાલ્મલિના મિથ્યા પ્રલાપ

॥ नारद उवाच ॥
बंधुत्वादथवा सख्याच्छाल्मले नात्रसंशयः ॥
पालयत्येव सततं भीमः सर्वत्रगोऽनिलः॥१॥

નારદે કહ્યું:–“ હે શાલ્મલિ ! સર્વ સ્થળે ગતિ કરનારો વાયુ સ્વાભાવિક રીતેજ ભયંકર છે, છતાં તારૂં નિરંતર રક્ષણકરે છે તેમાં તમારા બન્ને વચ્ચેનો બંધુભાવ અથવા મિત્રભાવજ કારણભૂત છે, એમાં સંશય નથી.[૧] અથવા હે શાલ્મલિ ! અત્યંત નમ્રતા ધારણ કરીને વાયુ પાસે તું કહેતો હોઇશ કે, “હું સદાય તારો છું” તેને લીધે વાયુ તારૂં રક્ષણ કરે છે.[૨] મેં આ પૃથ્વીમાં તેવા કોઇપણ વૃક્ષને, પર્વતને કે ગૃહને જોયું નથી, કે જે વાયુના બળને લીધે ભાંગી પડેલ ન હોય; માટે હે શાલ્મલિ ! હું ખાત્રીપૂર્વક માનુ છું કે, પૂર્વોક્ત તેવાં કોઇ કારણોને લીધેજ વાયુ, તારૂં અને તારા પરિવારનું રક્ષણ કરે છે. અને તેથીજ તું અહીં ટકી રહ્યો છે, એમાં સંશય નથી.”[૩,૪]

શાલ્મલિએ કહ્યું:–“હે બ્રહ્મન્! વાયુ મારો મિત્ર નથી, બંધુ નથી, સુહૃદ્ નથી કે પરમેશ્વર નથી, કે જેનેલીધે તે મારૂં રક્ષણ કરે.[૫] હે નારદ! મારૂં તેજ અને બળ વાયુના કરતાં પણ ભયંકર છે. હું સત્યજ કહું છું કે, મારા સામર્થ્યના અઢારમા ભાગને પણ વાયુ પહોંચી શકે તેમ નથી.[૬] જે સમયે વાયુ તોફાન કરતો કરતો અને માર્ગનાં અનેક વૃક્ષોને, પર્વતોને તથા બીજા હરકોઇ પદાર્થોને ભાંગી ભૂકા કરી નાખતો મારીસામે ધસી આવે છે, તે વેળા હું તેને મારા બળથી થંભાવી દઉં છું.[૭] હે દેવર્ષિ ! સર્વ કોઇને ભાંગીતોડી નાખનારા વાયુને મેં ઘણીવાર હરાવ્યો છે, જેથી તે કદાચ ક્રોધાયમાન થાય તોપણ તેનાથી હું ડરતો નથી.”[૮]

નારદે કહ્યું:–“હે શાલ્મલિ ! તારી આ માન્યતા વિપરીત છે–ઘણીજ ભૂલભરેલી છે, એમાં સંશય નથી. આ જગતમાં એવું એકપણ પ્રાણી નથી. કે જે વાયુના જેવું બળવાન હોય ![૯] હે વનસ્પતિ! ઇંદ્ર, યમ, કુબેર અને વરુણ–એ ચારે લોકપાલો પણ વાયુના જેવા બળવાન નથી, તોપછી તું કોણ માત્ર ![૧૦] હે શાલ્મલિ! આ પૃથ્વીપર જે કોઈ પ્રાણી જે કંઇ ચેષ્ટા કરી રહ્યું છે તે, સર્વનું કારણ ભગવાન વાયુ છે અને મહાસમર્થ એવો વાયુદેવ સર્વ પ્રાણીઓની અંદર નિવાસ કરીને તેઓને ચેષ્ટાવાળાં અને પ્રાણવાળાં કરી રહ્યો છે.[૧૧] એ વાયુદેવ સર્વ સ્થળે સારીપેઠે વિસ્તાર પામીને જો વાય છે, તો પ્રાણીઓ ઉત્તમ

પ્રકારે ચેષ્ટાઓ કરી શકે છે પણ જો બરાબર વિસ્તાર પામ્યાવિંના વાય છે તો પ્રાણીઓની ચેષ્ટાઓમાં પણ વિકાર થઇ જાય છે.[૧૨] આ રીતે વાયુ, સર્વ સત્ત્વવાન પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે અને સર્વનો પૂજ્ય છે, છતાં તું એની પૂજા કરતો નથી–એને માન આપતો નથી, એમાં તારી બુદ્ધિની લઘુતાવિના બીજું શું કારણ છે?[૧૩] હે શાલ્મલિ! તું સારવિનાનો છે અને બુદ્ધિદુષ્ટ છે, તેથીજ કેવળ આવા વ્યર્થ પ્રલાપો કર્યા કરે છે. તું ક્રોધાદિકથી ઘેરાયલો છે, અને કેવળ અસત્ય બોલે છે.[૧૪] તું આવું અસત્ય ભાષણ કરે છે, તેથી મને ક્રોધ ચઢ્યો છે, માટે હું પંડેજ વાયુની પાસે જઇને તારા આ બકવાદોને જાહેર કરી દઈશ.[૧૫] ઓ દુષ્ટબુદ્ધિ શાલ્મલિ! ચંદન, સ્યંદન (તે નામનું ઝાડ) સાગ, સરલ, દેવદાર, નેતર, ધાવડે અને બીજાં ઘણાં મહાબળવાન વૃક્ષો, કૃતકૃત્ય હોવા છતાં આમ તારી પેઠે વાયુનું અપમાન કરતાં નથી; કેમકે તેઓ વાયુના બળને તથા પોતાના બળને બરાબર જાણે છે અને તેથીજ તે મહાવૃક્ષો વાયુને નમે છે, પણ તું તો મોહને લીધે વાયુના અપાર બળને જાણતો નથી અને આ રીતે તેનો તિરસ્કાર કરે છે, માટે હું વાયુની પાસે જઇશ. (અને તારો ગર્વ ઉતારીશ.)[૧૫-૧૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં "પવન
અને શાલ્મલિનો સંવાદ" એ વિષયનો
અધ્યાય ૧૫૫ મો સમાપ્ત.

* * *

અધ્યાય ૧૫૬ મો

વાયુનો કોપ

॥ भीष्म उवाच ॥

एवमुक्त्वा तु राजेन्द्र शाल्मलिं ब्रह्मवित्तमः ॥
नारदः पवने सर्वं शाल्मलेर्वाक्यमब्रवीत् ॥१॥

ભીષ્મે કહ્યું:–હે રાજેન્દ્ર! એ પ્રમાણે શાલ્મલિને કહ્યા પછી મહાન બ્રહ્મવેત્તા મુનિ નારદ પવનની પાસે ગયા અને તેને શાલ્મલિનાં સર્વ વાક્યો કહેવા લાગ્યા.[૧]

નારદે કહ્યું:–" હે વાયુ! હિમાલયના પૃષ્ઠ ઉપર એક મહાન શાલ્મલિ વૃક્ષ છે. તેની શાખાપ્રશાખાઓ ઘણીજ મોટી છે, તેનાં મૂળ ઘણાં ઉંડાં છે અને તેનો ઘેરાવો પણ ઘણોજ છે; પરંતુ તે વૃક્ષ તારૂં અપમાન કરે છે.[૨] હે વાયુ! તેણે તારી નિંદાભરેલાં ઘણાં વચનો કહ્યાં છે, કે જે વચનોને તારી આગળ હું કહી શકું તેમ પણ નથી–અર્થાત્ ન કહેવાનાં વચનો તેણે કહ્યાં છે.[૩] હે વાયુ! હું જાણું છું કે, તું સર્વ પ્રાણધારીઓમાં શ્રેષ્ઠ છે, અરે! અત્યંત શ્રેષ્ઠ છે અને ઘણોજ પ્રભાવશાળી છે, તેમજ ક્રોધમાં તો કાળના જેવોજ છે."[૪]

ભીષ્મે કહ્યું:–નારદનાં એ વચન સાંભળીને વાયુને ઘણોજ ક્રોધ ચઢી ગયો. તે એકદમ પેલા શાલ્મલિ પાસે ગયો અને તેને કહેવા લાગ્યો.[૫]

વાયુએ કહ્યું:–" અલ્યા ઓ શાલ્મલિ! મુનિ નારદ અહીંથી જ્યારે જતા હતા, ત્યારે તેમની પાસે તેં મારી નિંદા કરી, ખરૂં કે? પણ તું જાણે છે, કે હું કોણ છું? હું વાયુદેવ છું. મારે તને મારો પ્રભાવ અને બળ હવે દેખાડવાં પડશે. (તે વિના તું નહિ સમજે.)[૬] ઓ વૃક્ષ! હું તને સારી પેઠે ઓળખું છું. તું મારા જાણવામાંજ છે. પૂર્વે જ્યારે પ્રજાઓની ઉત્પત્તિ કરવામાં આવી, ત્યારે પ્રભુ પિતામહે (બ્રહ્માએ), અહીં તારી છાયામાં વિશ્રાંતિ લીધી હતી.[૭] તે કારણથી આજદિનપર્યંત મેં તારા ઉપર કૃપા કરી હતી અને ઓ દુર્બુદ્ધિ! મેં તારૂં રક્ષણ કર્યું હતું, નહિ કે તારા પોતાના પરાક્રમથી તું–અધમ વૃક્ષ, મારા સપાટામાંથી બચી ગયો છે![૮] છતાં તું મારૂં અપમાન કરે છે ને મને બીજા ક્ષુદ્ર પ્રાણી જેવો તુચ્છ માને છે, માટે હું તને મારૂં સ્વરૂપ દેખાડી દઇશ, જેથી ફરીને તું મારૂં અપમાન ન કરે."[૯]

ભીષ્મે કહ્યું:–વાયુએ એ પ્રમાણે કહ્યું એટલે પેલો શાલ્મલિ, જાણે એ વાતને હસી કાઢતો હોય તેવો ડોળ કરીને બોલ્યો:–"અરે ઓ પવન! તને આટલો બધો જો ક્રોધ ચઢયો છે તો તારૂં સ્વરૂપ તું મને દેખાડી આપ અને તારા ક્રોધને મારાપર ઢોળી પાડ. (હું તો જાણું છું કે,) ક્રોધાયમાન થઇને પણ તું મને શું કરી નાખવાનો છે?

હે પવન! ભલે, તું પોતે ગમે તેટલો સમર્થ છે તોપણ હું તારાથી ડરતો નથી.૧૦,૧૧ હું તારા કરતાં અધિક બળવાન છું, તેથી મારે તારાથી ડરી જવાનું કંઇ કારણ નથી. (તું નથી જાણતો કે,) જેઓ બુદ્ધિથી બળવાન છે, તેઓજ મોટા બળવાન ગણાય છે; પણ જેઓનામાં કેવળ શારીરિક બળ હોય છે તેઓ બળવાન ગણાતા નથી."

એ પ્રમાણે શાલ્મલિએ કહ્યું એટલે પવન બોલી ઉઠ્યો:–" ઠીક છે. ત્યારે આવતી કાલે મારૂં બળ હું તને દેખાડીશ." આમ કહીને પવન ત્યાંથી ચાલ્યો ગયો. પછી રાત્રિ પડી એટલે પેલો શાલ્મલિ, વાયુની પ્રતિજ્ઞાના સંબંધમાં મન સાથે વિચાર કરવા લાગ્યો. તેને ખરી ખાત્રીથી દેખાતું હતું કે, પોતે વાયુના જેવો બળવાન નથીજ, જેથી તે મનમાં કહેવા લાગ્યો કે:– "ખરેખર, મેં નારદની પાસે જે વચનો કહ્યાં છે, તે મિથ્યા છે. હું વાયુની સામે ટક્કર ઝીલવા માટે અસમર્થ છું; કારણ કે વાયુ મારા કરતાં અધિક બળવાન છે. નારદે મને જે પ્રમાણે કહ્યું, હતું તે પ્રમાણેજ વાયુ નિત્ય બળવાન છે. જો કે, એમાં કંઇ સંશયજ નથી કે, હું બીજા વૃક્ષોના કરતાં પણ દુર્બળ છું, પરંતુ બુદ્ધિમાં બીજું એક પણ વૃક્ષ મારી સમાનતા કરી શકે તેમ નથી;૧૨–૧૭ માટે મારી બુદ્ધિનો આશ્રય કરીને વાયુના ભયમાંથી હું મુક્ત થઈશ. હું જે બુદ્ધિનો આશ્રય કરીશ, તે બુદ્ધિનો વનમાંનાં બીજાં સર્વ વૃક્ષો પણ જો આશ્રય કરે તો તેઓને ક્રોધાયમાન થયેલા પવનથી કદીપણ ભય રહે નહિ, એમાં સંશય નથી; પરંતુ તે મૂર્ખ વૃક્ષો મારી પેઠે એ વાતને જાણતાંજ નથી કે, ક્રોધાયમાન થયેલો વાયુ, પોતાનો કેવી રીતે નાશ કરે છે?"૧૯

ઇતિ શ્રી મહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં "પવન અને શાલ્મલિનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૧૫૬ મો સમાપ્ત.

* * *

અધ્યાય ૧૫૭ મો

શાલ્મલિનો નાશ અને કથાનું તાત્પર્ય

॥ भीष्म उवाच ॥

ततो निश्चित्य मनसा शाल्मलिः क्षुभितस्तदा ॥
शाखाःस्कंधान् प्रशाखाश्च स्वयमेव व्यशातयत्॥

ભીષ્મે કહ્યું:–"હે યુધિષ્ઠિર! એ રીતે મન સાથે નિશ્ચય કરીને વાયુથી ભય પામેલા શાલ્મલિએ, પોતાની શાખાઓને, પ્રશાખાઓને તથા મોટી મોટી ડાળીઓને પોતાની મેળેજ કાપી નાંખી.૧ એ પ્રમાણે શાખાઓ, પાંદડાં અને પુષ્પોનો ત્યાગ કરીને તે વનસ્પતિએ પ્રભાતમાં, પોતાની સામે આવતા વાયુને જોયો.૨ વાયુ પણ કોપને લીધે સુસવાટા કરતો કરતો અને મોટાં મોટાં વૃક્ષોને જમીનદોસ્ત કરતો કરતો તે સ્થળે આવી પહોંચ્યો, કે જ્યાં પેલું શાલ્મલિવૃક્ષ ટટાર થઇને ઉભું હતું.૩ ત્યાં આવીને વાયુએ જોયું તો તેનાં બધાં પાંદડાં, મોટી શાખાઓ અને પુષ્પો આપોઆપ જમીન ઉપર ખરી પડયાં હતાં. શીમળાની એ સ્થિતિ જોઇને પવન હર્ષ પામ્યો. પછી તેણે હસતાં હસતાં મોટી શાખાઓવાળા શીમળાને આ પ્રમાણે કહ્યું.૪

વાયુ બોલ્યો:–" ઓ શાલ્મલિ! હું પણ ક્રોધમાં આવી જઇને તારી આવીજ સ્થિતિ કરવાનો હતો, કે જે સ્થિતિને તેં પોતેજ કરી મૂકી છે અને શાખા વગેરેને કાપી નાખીને પોતાની મેળેજ કષ્ટ વેઠી લીધું છે.૫ તું તારા પોતાનાજ દુષ્ટ વિચારને પરિણામે પુષ્પો, શાખાઓ, અંકુરો અને પાંદડાંઓથી હીન થઈ પડયો છે અને પોતાની મેળેજ મારા પરાક્રમને વશ થયો છે.૬

ભીષ્મે કહ્યું:–વાયુનાં એ વચન સાંભળીને શાલ્મલિ ઘણોજ શરમાઈ ગયો અને નારદે કહેલાં વચનો યાદ કરીને મનમાં સંતાપ પામ્યો.૭ હે રાજસિંહ યુધિષ્ઠિર! એ પ્રમાણે જે પુરુષ, પોતે દુર્બળ હોય છતાં બળવાનની સાથે જો વૈર કરે છે તો એ શાલ્મલિની પેઠે તે સંતાપ પામે છે;૮ માટે દુર્બળ પુરુષે, પોતાના કરતાં

વધારે બળવાન પુરુષોની સાથે વૈર કરવું નહિ, કેમકે તેવું વૈર કરનારો દુર્બળ પુરુષ એ શીમળાની પેઠે શોક પામે છે.[૯] હે મહારાજા! મહાત્મા પુરુષો, પોતાનો અપકાર કરનારા પુરુષોની આગળ વૈરને પ્રકટ કરી દેતા નથી, પણ તેઓ ધીમે ધીમે પોતાનું બળ તેઓને દેખાડે છે.[૧૦] અલ્પ બુદ્ધિવાળા મનુષ્યે, બુદ્ધિના બળ ઉપર પોતાની આજીવિકા ચલાવનારા પુરુષની સાથે વૈર કરવું નહિ; કેમકે તેવા બુદ્ધિમાન પુરુષની બુદ્ધિ, ઘાસના ઢગલામાં જેમ અગ્નિ પ્રવેશ કરે છે તેમ, બુદ્ધિહીન વૈરીઓના સમુદાયમાં પ્રવેશ કરે છે(ને તેઓનો સંહાર કરી નાખે છે.)[૧૧] હે રાજા! પુરુષમાં બુદ્ધિના જેવું બીજું કંઇ પણ તત્ત્વ નથી, તેમજ હે રાજેન્દ્ર! આ જગતમાં બળના જેવો બીજો એક પણ ગુણ નથી;[૧૨] માટે હે શત્રુહંતા રાજા! હરકોઈ પુરુષે બાળક, મૂર્ખ, આંધળો, બહેરો અને જે પુરુષ પોતાના કરતાં અધિક બળવાન હોય-તે સર્વના પર ક્ષમા કરવાનો સ્વભાવ રાખવો (અર્થાત્ તેઓએ કરેલા અપરાધને સહન કરવા.)આ ગુણ તમારામાં દેખાય છે.[૧૩] હે મહાતેજસ્વી રાજા! દુર્યોધનની પાસે અગીઆર અક્ષૌહિણી સેનાઓ હતી, પરંતુ તેઓ મહાત્મા અર્જુનના બળસમાન ન હતી[૧૪] અને તેથીજ પોતાના બળનો આશ્રય કરીને રણમાં ઘૂમી રહેલા ઇંદ્રના યશસ્વી પુત્ર અર્જુને, તે સેનાઓમાં ભંગાણ પાડ્યું હતું અને અંતે તેઓનો સંહાર પણ કર્યો છે.[૧૫] હે ભારત ! આ પ્રમાણે મેં તમને રાજધર્મો અને આપદ્ધર્મોનો વિસ્તારથી ઉપદેશ આપ્યો; તો હે મહારાજા! હવે ફરી શું સાંભળવાની તમને ઇચ્છા છે ?[૧૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં "પવન અને શાલ્મલિનો સંવાદ" એ વિષયનો અ૦ ૧૫૭ મો સમાપ્ત.

* * *

અધ્યાય ૧૫૮ મો

લોભજ સર્વ અનર્થોનું કારણ છે

॥ युधिष्ठिर उवाच ॥

पापस्य यदधिष्ठानं यतः पापं प्रवर्तते ॥
एतदिच्छाम्यहं श्रोतुं तत्त्वेन भरतर्षभ ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:– "હે ભરતશ્રેષ્ઠ પિતામહ! પાપનું જે નિવાસસ્થાન હોય અને જેને લીધે પાપની પ્રવૃત્તિ થતી હોય, તેને યથાર્થ રીતે સાંભળવા હું ઇચ્છું છું."[૧]

ભીષ્મે કહ્યું:–"હે રાજા! પાપનું જે નિવાસસ્થાન છે તે હું તમને કહું છું, સાંભળો. એકલો લોભજ મોટા ઝૂડની પેઠે સર્વનો ગ્રાસ કરનાર છે અને લોભથીજ પાપની પ્રવૃત્તિ થાય છે;[૨] એટલુંજ નહિ પણ લોભમાંથીજ પાપની, અધર્મની તથા મોટાં દુઃખની ઉત્પત્તિ થાય છે. જેને લીધે મનુષ્યો પાપી બની જાય છે, તે લોભજ કપટનું મૂળ છે.[૩] લોભમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે, લોભમાંથી કામ પ્રવર્તે છે અને લોભમાંથીજ મોહ, માયા, માન, અવિવેક, પરાધીનતા, અસહિષ્ણુતા, નિર્લજ્જતા, લક્ષ્મીનો નાશ, ધર્મનો ક્ષય, ચિંતા અને અપકીર્તિ-એ સર્વ ઉત્પન્ન થાય છે.[૪,૫] તેમજ દાન નહિ આપવાનો ગુણ, અતિશય તૃષ્ણા, વિરુદ્ધ કર્મો કરવાની પ્રવૃત્તિ, કુલ અને વિદ્યાનો મદ, રૂપ તથા ઐશ્વર્યનો મદ, સર્વ પ્રાણીઓનો દ્રોહ, સર્વ પ્રાણીઓપ્રત્યે તિરસ્કાર, હરકોઈનો અવિશ્વાસ, હરકોઇના પ્રત્યે કુટિલતા, પારકા દ્રવ્યનું હરણ, પરસ્ત્રીઓ ઉપર બળાત્કાર,[૧]વાણીનો વેગ,[૨]મનનો વેગ,[૩]નિંદાનો

---

૧ જેમ આવે તેમ બોલ્યા કરવું તે. ૨ અયોગ્ય સ્થળે પણ મનને દોડાવવું તે. ૩ દેવ-બ્રાહ્મણોની પણ નિંદા કરવી તે. ૪ પરસ્ત્રીઓ સાથે ગમન કરવું તે. ૫ અભક્ષ્યનું પણ ભક્ષણ કરવું તે. ૬ આત્મહત્યા કરવી વગેરે. ૭ ધર્મનિષ્ઠ મહાપુરુષની પણ ઈર્ષ્યા કરવી તે. ૮ દેવ અને રાજાની સમક્ષ પણ અસત્ય બોલવું તે. ૯ મદિરા સુદ્ધાનું પણ પાન કરવું તે. ૧૦ દુષ્ટ વાત સાંભળવાની પણ ઇચ્છા કરવી તે.

વેગ, ઉપસ્થ[૪](લિંગ) ઇંદ્રિયનો વેગ[૫] ઉદરનો વેગ,[૬] મૃત્યુનો દારુણ વેગ,[૭] ઈર્ષ્યાનો બળવાન વેગ,[૮]અસત્યનો દુર્જય વેગ,[૯] રસનો અનિવાર્ય વેગ,[૧૦]શ્રોત્રનો દુઃસહ વેગ,પારકી નિંદા,પોતાની પ્રશંસા,અદેખાઇ,પાપ, દુષ્કર્મોનું આચરણ અને સર્વ પ્રકારનાં સાહસો તથા અકાર્યો કરવાં-વગેરે સર્વ દોષો કેવળ લોભમાંથીજ ઉત્પન્ન થાય છે. જે લોભને અધીન થઇને મનુષ્યો, બાલ્યાવસ્થામાં, કૌમાર અવસ્થામાં. અને યુવાવસ્થામાં પોતપોતાનાં કર્મોનો ત્યાગ કરી શકતા નથી, વળી જે લોભ વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા પછી પણ નાશ પામતો નથી અને હે કુરુવંશી રાજા! નિત્ય અગાધ જળવાળી નદીઓનો ભરાવો હોવા છતાં પણ સમુદ્ર જેમ પૂર્ણ થતો નથી, તેમ જે લોભને કદી પૂર્ણ કરી શકાતો નથી, અનેક પ્રકારના લાભો મળ્યા છતાં પણ જે તૃપ્ત થતો નથી, અનેક પ્રકારના વિષયોનો ઉપભોગ કર્યા છતાં પણ જે તૃપ્ત થતો નથી અને હે રાજા! દેવો, ગંધર્વો, અસુરો, મોટા સર્પો અને જગતના સર્વ ભૂતગણો પણ જેના યથાર્થ સ્વરૂપને જાણી શકયા નથી તે લોભને તથા મોહને સર્વકોઈ પુરુષે મનનો જય કરીને જીતવા જોઇએ. હે કુરુવંશના રાજા! દંભ, દ્રોહ, નિંદા, ચાડી ચુગલી અને ઈર્ષ્યાએ સર્વ દોષો, મનને વશ નહિ રાખનારા લોભી પુરુષોવિષે હોય છે. આ જગતમાં ઘણા પુરુષો મોટાં મોટાં શાસ્ત્રો ભણીને બહુશ્રુત (વિદ્વાન) થયા હોય છે અને બીજાઓના સંશયોનો નાશ કરનારા હોય છે,તેઓ પણ(લોભના પ્રભાવને લીધે)બુદ્ધિહીન બની જઇને ક્લેશ પામે છે. (જે પુરુષો લોભી હોય છે,) તેઓ દ્વેષ અને ક્રોધ કરવામાંજ આસક્ત રહે છે, શિષ્ટાચારથી ભ્રષ્ટ હોય છે, અંતઃકરણના ક્રૂર હોય છે, મધુરી વાણી બોલનારા હોય છે અને ઘાસથી ઢાંકેલા કૂવાની પેઠે ઉપર ઉપરથીજ મનોહર દેખાવના હોય છે; પણ તેઓનું અંતઃકરણ મહાભયંકર હોય છે. તેવા ધર્મધ્વજી(ધર્મઢોંગી) ક્ષુદ્ર પુરુષો, ધર્મને બહાને બીજાઓની હિંસા કરીને જગતને લૂંટી લે છે.[૭-૧૮] વળી તેઓ, શાસ્ત્રીય* બળનો તથા હેતુઓનો આશ્રય કરીને અનેક પ્રકારના નવા નવા સંપ્રદાયો ચાલુ કરે છે અને લોભમૂલક જ્ઞાનમાં એકનિષ્ઠ થઇને સત્પુરુષોના માર્ગનો નાશ કરે છે-સદાચારમાર્ગનો લોપ કરે છે.[૧૯] લોભગ્રસ્ત દુરાત્મા પુરુષોએ હ્રાસ પમાડેલા ધર્મની જે જે સ્થિતિમાં વિકાર અથવા સડો થાય છે,તે કાલાંતરે એ પ્રમાણેજ પ્રથા પામે છે-અર્થાત્ લોભાધીન થયેલા દુષ્ટ પુરુષોએ ચલાવેલા અનેક અધર્મપંથો કાલાંતરે ધર્મપંથરૂપ થઈ પડે છે.[૨૦] હે કુરુવંશના રાજા! જેઓની બુદ્ધિ લોભને અધીન થયેલી હોય છે, તેઓમાં ગર્વ, ક્રોધ, મદ, અત્યંત નિદ્રા, શોક અને અતિશય અભિમાન-એ બધા દુર્ગુણો જોવામાં આવે છે.[૨૧] હે રાજા! જેઓ નિત્ય લોભવૃત્તિથી યુક્ત હોય છે, તેઓને તમારે અશિષ્ટ અથવા દુષ્ટ સમજવા.

ત્યારે, પવિત્ર આચરણવાળા શિષ્ટ પુરુષો કોણ? એવો પ્રશ્ન જો તમે પૂછતા હો તો સાંભળો. હું તમને તેઓનાં લક્ષણ કહું છું.[૨૨] જેઓને મૃત્યુ પછી પુનર્જન્મનો ભય નથી, જેઓને નરકાદિ પરલોકથી ભય નથી, જેઓ માંસ ભક્ષણ કરતા નથી, જેઓને પ્રિય અપ્રિય સમાન હોય છે, જેઓને શિષ્ટ પુરુષોનો આચાર પ્રિય હોય છે, જેઓ ઇંદ્રિયોને વશ રાખી શકે છે,જેઓ સુખદુઃખને સમાન ગણે છે, જેઓ સત્ય ભાષણ કરવામાંજ તત્પર રહે છે, જેઓ દાનશીલ હોય છે પણ પ્રતિગ્રહ કરનારા હોતા નથી, દયાળુ હોય છે, પિતૃઓ, દેવો અને અતિથિઓનો સત્કાર કરનારા હોય છે, નિત્ય ઉદ્યમશીલ હોય છે,

---

*येन केन प्रकारेण यस्य कस्यापि देहिनः ।
संतोषंजनयेत्प्राज्ञस्तदेवेश्वरपूजनम् ।।’

ગમે તે પ્રકારે હરકોઇ પ્રાણીને સંતોષ ઉપજાવવો, તેજ ઇશ્વર પૂજન ગણાય છે.” આવાં શાસ્ત્રીય વાક્યોને આગળ ધરીને ઘણા ધૂર્ત પુરુષો પરસ્ત્રીગમન અને પરધનહરણ વગેરે અકાર્યોને પણ ધર્મતરીકે પ્રસિદ્ધ કરે છે; કેમકે તેઓ કહે છે કે, વ્યભિચાર આદિથી પણ અન્યોન્યને સંતોષ થાય છે, માટે તે ધર્મ અથવા ઈશ્વરપૂજનજ છે.

સર્વનો ઉપકાર કરનારા હોય છે, વીર હોય છે, સર્વ ધર્મનું પાલન કરનારા હોય છે, સર્વ પ્રાણીઓનું હિત કરનારા હોય છે અને પોતાના સર્વસ્વનું પરાર્થે અર્પણ કરી દેનારા હોય છે, તેઓનેજ હે ભારત! તમારે શિષ્ટ અથવા સત્પુરુષ જાણવા.[૨૩-૨૬] આવા ધર્મનોજ વ્યાપાર કરનારા સત્પુરુષોને કોઈ રીતે પણ ધર્મમાર્ગથી ભ્રષ્ટ કરી શકાતા નથી અને તેઓનું ચારિત્ર્ય પણ પ્રાચીન કાળના સાધુ પુરુષોના આચારથી ભિન્ન હોતું નથી.[૨૭] તેઓ કોઈને ત્રાસ આપતા નથી, ચપલવૃત્તિવાળા હોતા નથી, ક્રૂર હોતા નથી, સન્માર્ગમાંજ સ્થિતિ કરનારા હોય છે અને અહિંસા તેઓમાં સ્થિર થયેલી હોય છે; માટે તેવા પુરુષોનું સજ્જનોએ નિત્ય સેવન કરવું.[૨૮] હે રાજા! જેઓ કામ અને ક્રોધનો ત્યાગ કરનારા હોય, મમતારહિત હોય, અહંકારવિનાના હોય, આદર્શરૂપ ચારિત્ર્યથી યુક્ત હોય અને સ્થિર મર્યાદાવાળા હોય, તેઓનું તમે સેવન કરજો અને તેઓનેજ ધર્મવિષયક પ્રશ્નો પૂછજો.[૨૯] હે યુધિષ્ઠિર! તેઓ ધનને માટે કે યશને માટે ધર્માચરણ કરતા નથી, પરંતુ શરીરના પોષણને માટે આહારાદિક ક્રિયાઓ જેમ અવશ્ય કર્તવ્ય છે, તેમ ધર્મ પણ અવશ્ય કર્તવ્ય છે, એમ સમજીને ધર્માચરણ કરે છે.[૩૦] તેઓને વિષે ભય, ક્રોધ, ચપલતા કે શોક હોતો નથી; તેમજ તેઓ ધર્મધ્વજી (ધર્મઢોંગી) થઈને કોઈ પાખંડ ધર્મનો આશ્રય કરતા નથી.[૩૧] હે કુંતાપુત્ર! તેવા મહાત્મા પુરુષોવિષે લોભ કે મોહ હોતો નથી, તેઓ નિત્ય સત્ય અને સરળતામાંજ સ્થિતિ કરનારા હોય છે અને તેઓનામાં કદી આચારભ્રષ્ટતા પણ જોવામાં આવતી નથી; માટે તેવા પુરુષો ઉપર તમે પ્રીતિ કરજો.[૩૨] જે પુરુષો સત્ત્વ ગુણનો આશ્રય કરનારા અને સર્વત્ર સમદૃષ્ટિ રાખનારા હોય છે તેઓ, પોતાને અમુક ઇષ્ટ વસ્તુનો લાભ થતાં હર્ષ પામતા નથી, ગેરલાભ થતાં દુઃખી થતા નથી અને તેઓ મમતા તથા અહંકારનો ત્યાગ કરનારા હોય છે.[૩૩] હે તાત! સત્ત્વ ગુણપ્રધાન માર્ગનો આશ્રય કરીને પરમાત્મતત્ત્વને જાણવાની ઈચ્છા રાખનારા અને સ્થિર પરાક્રમવાળા મહાન પુરુષોને લાભ, હાનિ, સુખ, દુઃખ, પ્રિય, અપ્રિય અને જીવિત તથા મરણ સમાનજ હોય છે;[૩૪] માટે એવા મહાનુભાવ અને ધર્મપ્રિય મહાત્માઓનું તમે ઇંદ્રિયોનો નિગ્રહ કરીને લક્ષ્યપૂર્વક પૂજન કરજો; કેમકે હે ભદ્ર! સત્પુરુષોની વાણીના સર્વ ઉદ્ગારો દૈવી અને ગુણસંપન્ન થઇ પડે છે અને મૂર્ખ અથવા દુષ્ટ પુરુષોની વાણીના પ્રલાપો કેવળ અશુભ કરનારાજ થઇ પડે છે. (અર્થાત લોભને જીતવાની ઇચ્છા રાખનારા પુરુષે સત્પુરુષોનોજ સંગ કરવો.)

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં
"આપત્તિના મૂળભૂત દોષનું વર્ણન" એ
વિષયનો અ૦ ૧૫૮મો સમાપ્ત.

અધ્યાય ૧૫૯ મો

અજ્ઞાનનું વર્ણન

॥ युधिष्ठिर उवाच ॥

अनर्थानामधिष्ठानमुक्तो लोभः पितामह ॥
अज्ञानमपि वै तात श्रोतुमिच्छामि तत्त्वतः ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-તમે કહ્યું કે, સર્વ અનર્થોનું મૂળ કારણ લોભ છે. તો હવે, અજ્ઞાનનું વાસ્તવિક સ્વરૂપ કેવું છે? તે સાંભળવાની પણ મને ઈચ્છા થઇ છે.[૧]"

ભીષ્મે કહ્યું:-" હેરાજા! જે પુરુષ અજ્ઞાનને લીધે પાપકૃત્ય કરે છે, તે પોતાના વિનાશને જાણતો નથી, સદાચારી પુરુષોનો દ્વેષ કરે છે અને લોકમાં નિંદાપાત્ર બને છે.[૨] અજ્ઞાનને લીધે પુરુષ નરકમાં પડે છે, અજ્ઞાનને લીધે દુર્ગતિને તથા કલેશોને પામે છે અને અજ્ઞાનને લીધે આપત્તિઓમાં ડૂબી જાય છે."[૩]

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે રાજન્! અજ્ઞાનની પ્રવૃત્તિ, સ્થાન, વૃદ્ધિ, ક્ષય, ઉદય, મૂળ, પ્રાપ્તિ, પ્રવેશ, કાળ, કારણ અને હેતુ-એ સર્વનું વાસ્તવિક સ્વરૂપ જાણવાને હું ઇચ્છું છું. કેમકે, મને ભાસે છે કે, અજ્ઞાનને લીધેજ સર્વ દુઃખો ઉત્પન્ન થાય છે."[૪,૫]

ભીષ્મે કહ્યુંઃ–“ રાગ, દ્વેષ, મોહ, હર્ષ, શોક, અભિમાન, કામ,ક્રોધ, દર્પ, તંદ્રા, આલસ્ય, ઇચ્છા, દ્વેષ, સંતાપ, બીજાનો અભ્યુદય જોઇને બળી જવું તે અને હિંસા આદિ પાપજનક ક્રિયાઓ–એ બધું અજ્ઞાનજ છે.[૬,૭] હે મહારાજા! અજ્ઞાનનું સ્વરૂપ, તેની પ્રવૃત્તિ અને વૃદ્ધિ વગેરેના સંબંધમાં તમે જે પ્રશ્નો પૂછ્યા તેનો હું સવિસ્તર અને વિશેષતાભરેલો ઉત્તર આપું છું, તેને તમે સાંભળો.[૮] હે ભારત! અજ્ઞાન અને લોભ–એ બન્નેનાં ફળ તથા દોષ સમાન જ છે. તેથી એ બન્નેને તમારે એકજ સમજવા.[૯] લોભમાંથીજ અજ્ઞાન પ્રવર્તે છે, લોભ જ્યારે વૃદ્ધિ પામે છે ત્યારે અજ્ઞાન પણ વધી પડે છે, લોભની જ્યારે સામ્યાવસ્થા હોય છે ત્યારે અજ્ઞાનની પણ સામ્યાવસ્થા હોય છે, લોભનો જ્યારે ક્ષય થાય છે ત્યારે અજ્ઞાનનો પણ ક્ષય થાય છે અને લોભનો જ્યારે ઉદય થાય છે ત્યારે અજ્ઞાન પણ ઉદય પામે છે. આ પ્રમાણે કેવળ લોભને લીધેજ (દુઃખ, સંતાપ, મોહ, આદિ) અનેક અજ્ઞાન ગતિઓ પ્રાપ્ત થાય છે.[૧૦] આ અજ્ઞાનાત્મક લોભનું મૂળકારણ મોહ છે. અર્થાત મોહજ અજ્ઞાનનું મૂળ છે) અને તેજ, કાલાત્મક-ગતિ–સ્વર્ગ, નરક, મનુષ્ય, દેવ, પશુ તથા પક્ષીઓ–વગેરે ગતિનું કારણ છે; તેમજ જ્યારે કોઈ ઇષ્ટ પદાર્થ મેળવવાના લોભનો, તેવાં કોઇ વિઘ્નોને લીધે છેદભેદ થઈ જાય છે, ત્યારે કાળજ અજ્ઞાનનું કારણ બને છે.[૧૧] પછી તે કાળના અજ્ઞાનથી લોભ ઉત્પન્ન થાય છે અને લોભમાંથી અજ્ઞાન ઉત્પન્ન થાય છે; માટે લોભજ સર્વ દોષોનું મૂળ છે, એમ સમજીને લોભનો ત્યાગ કરવો.[૧૨] લોભનો નાશ કરીનેજ જનક, યુવનાશ્વ, વૃષાદર્ભિ અને પ્રસેનજિત્ વગેરે રાજાઓ, સ્વર્ગલોકને પામ્યા છે. [૧૩] હે કુરુશ્રેષ્ઠ! લોભનું ફળ જગતમાં પ્રત્યક્ષ છે, માટે તેનો અંતઃકરણપૂર્વક તમે ત્યાગ કરો; કેમકે લોભનો ત્યાગ કરીને તમે આ લોકમાં તથા મુવા પછી પરલોકમાં સુખેથી વિચરી શકશો. ”[૧૪]

અધ્યાય ૧૫૯ મો સમાપ્ત.

* * *

અધ્યાય ૧૬૦ મો

દમ-ઇંદ્રિયનિગ્રહનું માહાત્મ્ય

॥ युधिष्ठिर उवाच ॥

स्वाध्याये कृतयत्नस्य नरस्य च पितामह।।
धर्मकामस्य धर्मात्मन् किं नु श्रेय इहोच्यते।।१।।

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ–“ હે ધર્માત્મા પિતામહ! સ્વાધ્યાયમાં યત્ન કરનારા ધર્માભિલાષી પુરુષને આ જગતમાં શું કર્તવ્ય શ્રેયસ્કર થઈ પડે છે?[૧] હે પિતામહ! આ જગતમાં અનેક પ્રકારના ધર્મો અને ધર્મશાસ્ત્રો જોવામાં આવે છે. તેમાંથી જેને, આ લોકમાં તથા પરલોકમાં તમે શ્રેયસ્કર માનતા હો તે મને કહો.[૨] હે ભારત! ધર્મનો માર્ગ મહાવિસ્તીર્ણ છે અને તેની શાખાઓ પણ અનેક છે; પરંતુ તે સર્વ ધર્મોમાં જેનું અવશ્ય આચરણ કરવામાટે શાસ્ત્રકારોએ કહ્યું છે, તે ધર્મ કયો?[૩] હે રાજન્! જે ધર્મ સર્વમહાન ગણાય છે અને ઘણી શાખાઓવાળો મનાય છે,તેનું પરમ વાસ્તવિક મૂળ કયું છે? હે તાત! તે સર્વ સંપૂર્ણ રીતે મને કહો.”[૪]

ભીષ્મે કહ્યુંઃ–“અત્યંત આનંદપૂર્વક હું તમને એવો માર્ગ બતાવું છું કે જેથી તમે કલ્યાણને મેળવી શકશો અને અમૃતપાન કરીને જેમ તૃપ્ત થવાય, તેમ તેનું જ્ઞાન મેળવીને તમે, બુદ્ધિમાન હોવાને લીધે તૃપ્ત થશો.[૫] પ્રાચીન મહર્ષિઓએ, પોતપોતાના વિજ્ઞાનબળનો આશ્રય કરીને અનેક ધર્મવિધિઓ કહ્યા છે, પરંતુ તે સર્વનો મુખ્ય આધાર એક દમ ઉપરજ રહેલો છે;[૬] માટેજ સર્વ પ્રકારના વિષયોનું નિશ્ચયાત્મક જ્ઞાન ધરાવનારા વૃદ્ધ પુરુષો કહે છે કે, ‘દમ એજ પરમ શ્રેયરૂપ છે’ અને બ્રાહ્મણને માટે તો દમ એજ સનાતન ધર્મ ગણાય છે;[૭] કેમકે દમને લીધેજ બ્રાહ્મણની સર્વ ક્રિયાઓ યથાવત્ સિદ્ધ થાય છે અને દાન, યજ્ઞો તથા વેદાધ્યયનના કરતાં પણ દમ શ્રેષ્ઠ ગણાય છે.[૮] દમ તેજની વૃદ્ધિ કરે છે, દમ અત્યંત પવિત્ર છે અને દમને લીધે પાપરહિત થયેલો પુરુષ તેજઃસંપન્ન થઇને પરબ્રહ્મની પ્રાપ્તિ કરી શકે છે.[૯] અમે સાંભળ્યું છે કે, દમ-

ના જેવો બીજો કોઇ ધર્મ જગતમાં નથી; કેમકે આ જગતમાં સર્વ પ્રકારના ધર્મનિષ્ઠ પુરુષોમાં દમજ પરમ પ્રશંસાપાત્ર થયો છે.[૧૦] હે મનુષ્યોના ઇંદ્ર! દમને ધારણ કરનારો પુરુષ, મહાન ધર્મ પામે છે અને આ લોકમાં તથા મુવા પછી પરલોકમાં પણ સુખી થાય છે.[૧૧] તેમજ દમશીલ પુરુષ સુખપૂર્વક નિદ્રા કરે છે, સુખપૂર્વક જાગ્રત્ થાય છે, સર્વ લોકમાં સુખેથી વિચરી શકે છે અને તેનું મન પણ પ્રસન્ન રહે છે;[૧૨] પરંતુ જે પુરુષ દમશીલ હોતો નથી તે પુરુષ નિરંતર કલેશોને પામ્યા કરે છે અને પોતાના દોષોથી ઉત્પન્ન થનારા બીજા અનેક અનર્થોને પેદા કરે છે.[૧૩] વિદ્વાનો કહે છે કે, ચારે આશ્રમોમાં દમ એજ ઉત્તમ વ્રત છે. હવે, જે પુરુષોમાં દમગુણનો ઉદય થયો હોય છે;તેઓનાં લક્ષણો હું તમને કહું છું.[૧૪] જેઓનામાં ક્ષમા, ધૈર્ય, અહિંસા, સમદૃષ્ટિ, સત્ય, સરલતા, ઇંદ્રિયોનો જય, દક્ષતા, વિનય, લજ્જા, ગંભીરતા, ઉદારતા, શાંતિ, સંતોષ, પ્રિયભાષણ, જીવદયા અને ઈર્ષ્યાનો અભાવ એ સર્વ ગુણો, પ્રકટ રીતે જોવામાં આવતા હોય, તેઓનામાં દમગુણનો ઉદય થયો છે, એમ સમજવું.[૧૫,૧૬] હે કુરુવંશી રાજા! દમશીલ પુરુષ, ગુરુઓ-(વડીલો)ની પૂજા કરનારો હોય છે, સર્વ પ્રાણીઓપર દયાભાવ રાખનારો હોય છે અને ચાડીચુગલી, લોકાપવાદ, અસત્ય ભાષણ, કોઇની સ્તુતિ, કોઈની નિંદા, કામ, ક્રોધ, લોભ, ગર્વ, અવિવેક, આત્મશ્લાઘા,રોષ,ઈર્ષ્યા અને અપમાન–એ સર્વ દુર્ગુણોનો ત્યાગ કરનારો હોય છે[૧૭,૧૮] વળી તે પુરુષ નિંદા કરવાને અયોગ્ય હોય છે, કોઈ પ્રકારના વિષયથી નિરપેક્ષ હોય છે, સાંસારિક તુચ્છ પદાર્થોની સ્પૃહા રાખતો નથી, કોઇની ઈર્ષ્યા કરતો નથી અને સમુદ્રની પેઠે કોઇ પ્રકારે પૂર્ણ થતો નથી–અર્થાત અનેક નદીઓનું જળ આવવા છતાં જેમ સમુદ્ર સદાય અપૂર્ણ રહે છે તેમ,દાન્ત પુરુષ પણ બ્રહ્મલોક જેવા દિવ્ય લોકની પ્રાપ્તિ થાય તોપણ અતૃપ્તજ રહે છે; કેમકે તે તો કેવળ બ્રહ્માનંદથીજ તૃપ્ત થનારો હોય છે;[૧૯] તેમજ “હું તારાપર પ્રીતિ રાખું છું, તું મારાપર પ્રીતિ રાખે છે, તેઓ મારાપર પ્રીતિ રાખે છે અને હું તેઓનાપર પ્રીતિ રાખું છું” ઇત્યાદિ પૂર્વાગત સંબંધીઓના સંબંધનું દાન્ત પુરુષ સેવન કરતો નથી.[૨૦] જે પુરુષ ગ્રામ્ય પ્રવૃત્તિઓનો, જંગલી પ્રવૃત્તિઓનો, લૌકિક પ્રવૃત્તિઓનો, નિંદાનો તથા પ્રશંસાનો આશ્રય કરતો નથી, તે સંસારથી મુક્ત થાય છે.[૨૧] જે પુરુષ સર્વના તરફ મિત્રભાવથી વર્તે છે, શીલસંપન્ન હોય છે, પ્રસન્ન ચિત્ત હોય છે, આત્મવેત્તા હોય છે અને જૂદા જૂદા પ્રકારના સર્વ સંગોથી મુક્ત હોય છે, તેને મુવા પછી મહાન ફળ મળે છે.[૨૨] જે વિદ્વાન પુરુષ ઉત્તમ આચરણવાળો હોય છે, શીલસંપન્ન હોય છે, મનને પ્રફુલ્લ રાખનારો હોય છે અને આત્મવેત્તા હોય છે, તે તે પુરુષ, આ લોકમાં સત્કાર પામીને પરલોકમાં ઉત્તમ ગતિને પામે છે.[૨૩] જે કર્મ આ જગતમાં શુભ ગણાય છે અને જેનું સત્પુરુષોએ આચરણ કરેલું હોય છે તેજ કર્મ જ્ઞાનસંપન્ન મુનિનું કર્તવ્ય ગણાય છે અને તેનું આચરણ કરનારો પુરુષ સન્માર્ગથી ભ્રષ્ટ થતો નથી.[૨૪] જ્ઞાનસંપન્ન બનેલો જિતેંદ્રિય પુરુષ, (ગૃહસ્થાશ્રમ પાળ્યા પછી) કોઇ અરણ્યમાં નીકળી પડીને (વાનપ્રસ્થાશ્રમનો સ્વીકાર કરીને,) પોતાના મૃત્યુના સમયની રાહ જોતો વિચર્યા કરે છે અને તે પુરુષ અંતે બ્રહ્મસ્વરૂપ બની જાય છે.[૨૫] જેને કોઇ પણ પ્રાણી તરફનો ભય હોતો નથી અને જેનાથી કોઈ પ્રાણીને પણ ભય હોતો નથી, તે પુરુષને દેહનો ત્યાગ કર્યા પછી કોઇનાથી ભય રહેતો નથી.[૨૬] તત્ત્વવેત્તા પુરુષ, પ્રારબ્ધકર્મોનો ભોગવડે નાશ કરે છે, નવાં કર્મોનો સંગ્રહ કરતો નથી અને સર્વ પ્રાણીઓના પર સમભાવ રાખીને તેઓને અભયદાન આપે છે.[૨૭] જેમ આકાશમાં પક્ષીઓની ગતિ જોવામાં આવતી નથી અને જળમાં જળચર પ્રાણીઓની ગતિ જેમ જોવામાં આવતી નથી તેમ, જ્ઞાની પુરુષની પણ (દેવયાન આદિ હરકોઈમાર્ગે થયેલી)ગતિ જાણવામાં આવતી નથી–અર્થાત તે પુરુષ બ્રહ્મસ્વ-

રૂપ થઈને બ્રહ્મમાંજ લય પામે છે, એમાં સંશય નથી.[૨૮] હે રાજન્! જે પુરુષ સંપૂર્ણરીતે ગૃહસ્થાશ્રમ સેવ્યા પછી તેનો ત્યાગ કરી દઇને મોક્ષમાર્ગનોજ આશ્રય કરે છે, તેને અનંતકાળપર્યંત તેજોમય દિવ્ય લોકો મળે છે.[૨૯] સર્વ કર્મોનો ત્યાગ કરી દઇને, વિધિપૂર્વક આચરેલા તપશ્ચરણનો પણ ત્યાગ કરી દઈને તેમજ અનેક પ્રકારની વિદ્યાઓનો તથા જગતના સર્વ કોઈ પદાર્થોનો ત્યાગ કરી દઈને સત્ય કામનાવાળો થયેલો, સર્વત્ર સ્વેચ્છાનુસાર આચારનું સેવન કરનારો, મનને પ્રસન્ન રાખનારો, આત્મવેત્તા અને પવિત્ર એવો પુરુષ, આ લોકમાં સત્કાર પામીને અંતે સ્વર્ગલોકને પામે છે.[૩૦,૩૧] હૃદયકમળની અંદર ગુપ્ત રીતે રહેલું અને અનંત વેદોને ઉત્પન્ન કરનારૂં બ્રહ્મલોક નામનું જે સ્થાન નિત્ય ગણાય છે, તેની પ્રાપ્તિ પણ કેવળ દમને લીધેજ થાય છે.[૩૨] જે પુરુષ તત્ત્વજ્ઞાનમાંજ રમણ કરનારો છે, બ્રહ્મવિષયક જ્ઞાનથી યુક્ત છે અને સર્વ પ્રાણીઓની સાથે મિત્રભાવથી વર્તનારો છે, તેને ફરીથી આ સંસારના ફેરામાં પડવાનો ભય રહેતો નથી; તો પછી નરકાદિ પરલોકનો ભય તો કયાંથીજ રહે?[૩૩] દમમાં કેવળ એકજ દોષ રહેલો છે, બીજો કોઈ જાતનો દોષ નથી. તે એજ કે, દમ ગુણને ધારણ કરનારા ક્ષમાવાન પુરુષને લોકો અશક્ત માને છે.[૩૪] હે મહાબુદ્ધિમાન યુધિષ્ઠિર! દમમાં એ એકજ દોષ છે, પરંતુ તે દોષ એક મોટા ગુણરૂપજ છે; કેમકે ક્ષમાવડે મોટા દિવ્ય લોકો મળી શકે છે અને તે ક્ષમા, દમશીલ પુરુષને સુલભજ છે.[૩૫] હે ભારત! જે પુરુષ દાન્ત અથવા જિતેંદ્રિય છે,તેને અરણ્યમાં જવાની શી જરૂર છે? અને જે પુરુષ અદાન્ત અથવા ઇંદ્રિયાધીન છે, તે પણ અરણ્યમાં જઈને શું ઉઆળવાનો ? માટે દાન્તપુરુષ જ્યાં નિવાસ કરે છે, ત્યાંજ તેનો આશ્રમ તથા અરણ્ય છે."[૩૬]

વૈશંપાયને કહ્યું:- હે જનમેજય રાજા! ભીષ્મનાં એ વચનો સાંભળીને યુધિષ્ઠિર રાજા, અમૃતપાન કરીને જેમ તૃપ્ત થાય તેમ, તૃપ્ત થયા અને અત્યંત આનંદ પામ્યા;[૩૭] તથા ફરી પણ તેમણે, ધામકશ્રેષ્ઠ ભીષ્મ પિતામહને પ્રશ્નો પૂછવા માંડ્યા, જેને લીધે કુરુકુલશ્રેષ્ઠ ભીષ્મ પિતામહ, અત્યંત પ્રસન્ન થઈને સર્વ પ્રકારના ધર્મો કહેવા લાગ્યા.[૩૮]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં "દમનું વર્ણન" એ વિષયનો અધ્યાય
૧૬૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૧ મો

તપની પ્રશંસા

॥ भीष्म उवाच ॥

सर्वमेतत्तपोमूलं कवयः परिचक्षते ॥
नह्यतप्ततपामूढः क्रियाफलमवाप्नुते ॥१॥

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર રાજા! વિદ્વાનો કહે છે કે, આ સર્વ જગતનું મૂળ તપ છે. તપશ્ચરણ નહિ કરનારો મૂઢ પુરુષ, કોઇ પ્રકારની ક્રિયાઓના ફળને મેળવી શકતો નથી.[૧] પ્રભુ પ્રજાપતિએ, આ સર્વ જગતને તપ કરીનેજ ઉત્પન્ન કર્યું છે, તેમજ ઋષિઓએ તપશ્ચર્યા કરીનેજ વેદો મેળવ્યા છે;[૨] એટલુંજ નહિ પણ તપવડેજ વિધાતાએ અન્ન, ફળ, મૂળ-વગેરે ઉત્પન્ન કર્યાં છે અને તપથી સિદ્ધ થયેલા પુરુષો, અત્યંત એકાગ્ર ચિત્તે ત્રણે લોકોને પ્રત્યક્ષ જોઇ શકે છે.[૩] સર્વ પ્રકારનાં ઔષધો અને તેની અનેક પ્રકારની ક્રિયાઓ, કેવળ તપથીજ સિદ્ધ થાય છે; માટે તપ એજ સર્વનું મૂળસાધન ગણાય છે.[૪] આ જગતમાં જે કંઇ દુર્લભ મનાય છે, તે સર્વ તપશ્ચરણથી સુલભ થઈ પડે છે. સર્વ ઋષિઓ તપવડેજ ઐશ્વર્યને પામ્યા છે, એમાં સંશય નથી.[૫] મદિરાપાન કરનારો પુરુષ, ચોરી કરનારો પુરુષ,બાળહત્યારો પુરુષ અને ગુરુપત્ની સાથે વ્યભિચાર કરનારો પુરુષ પણ મહાપ્રચંડ તપશ્ચર્યા કરીને પાપમાંથી મુક્ત થાય છે.[૬] તપના ભેદો અનેક છે અને તેનાં પ્રવૃત્તિદ્વારો પણ ઘણાં ભિન્ન ભિન્ન છે; પરંતુ તે સર્વમાં, કેવળ નિવૃત્તિમાર્ગનો આશ્રય કરીને ઉપવાસરૂપ તપ કરનારા પુરુષનું તપ સર્વોત્કૃષ્ટ ગણાય છે.[૭] જો કે હે મહારાજા!અહિંસા,

સત્યવચન, દાન, ઇંદ્રિયનિગ્રહ–વગેરે બધાં તપજ કહેવાય છે, પણ ઉપવાસના જેવું બીજું એકે તપ ઉત્તમ નથી.[૮] દાનના જેવું કંઇ દુષ્કર નથી, માતાના જેવો કોઇ આશ્રમ નથી, (અર્થાત્ હરકોઇ આશ્રમમાં રહીને પણ માતાનું અવશ્ય પાલન કરવું જોઈએ), વેદના જેવી ઉત્તમ કોઈ વિદ્યા નથી અને સંન્યાસના જેવું પરમ તપ નથી.[૯] આ જગતમાં ઘણા પુરુષો, સ્વર્ગ મેળવવા માટે તથા ધર્મનું રક્ષણ કરવા માટે ઇંદ્રિયોનું રક્ષણ કરે છે–ઇંદ્રિયોને વિષયલંપટ થવા દેતા નથી; પરંતુ એમ કરવું એના કરતાં સ્વર્ગને માટે અને ધર્મને માટે ઉપવાસો કરીને તપ કરવું, એ વધારે ઉત્તમ છે.[૧૦] ઋષિઓ, પિતૃઓ, દેવો, મનુષ્યો, મૃગો, પક્ષીઓ અને તે સિવાયનાં બીજાં જેકોઈ સ્થાવરજંગમ પ્રાણીઓ જો તપશ્ચર્યા કરવામાં પરાયણ રહે છે, તો તેઓ સર્વે તપના પ્રભાવથી સિદ્ધિને પામે છે. આમ હોવાને લીધે દેવોએ પણ તપ કરીને મહત્ત્વ મેળવ્યું છે.[૧૧,૧૨] આકાશમાં જે જે નક્ષત્રાદિ જ્યોતિંગણો દેખાય છે, તેઓ સર્વે કેવળ તપનાંજ ઇષ્ટવિભાગરૂપ પ્રત્યક્ષ ફળો છે અને તપ કરવાથી દેવપણું પણ પ્રાપ્ત કરી શકાય છે, એ વાત નિશ્ચય છે.”[૧૩]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં “તપની પ્રશંસા” એ વિષયનો અ૦ ૧૬૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૨ મો

સત્યની પ્રશંસા

॥ युधिष्ठिर उवाच ॥

सत्यं धर्मं प्रशंसंति विप्रर्षिपितृदेवताः ॥
सत्यमिच्छाम्यहं श्रोतुं तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે પિતામહ ! બ્રહ્મર્ષિઓ, પિતૃઓ અને દેવતાઓ સત્ય ધર્મનાં ભારે વખાણ કરે છે, માટે હું સત્યના સ્વરૂપને શ્રવણ કરવા ઇચ્છું છું. તે મને કહો.[૧] હે રાજન્ ! સત્યનું લક્ષણ શું છે ? તેને કેવીરીતે પ્રાપ્ત કરી શકાય છે ? તેને પ્રાપ્ત કર્યાપછી શું ફળ મળે છે અને તે કેવી રીતે મળે છે ? તે મને કહો.”[૨]

ભીષ્મે કહ્યું:– હે ભરતવંશી રાજા ! સત્યના નાશથી ચારે વર્ણોમાં વર્ણસંકરતા ફેલાઈ જાય, તે કંઈ પ્રશંસાપાત્ર નથી; માટે કોઈ જાતના વિકારવિનાના શુદ્ધ સત્યની સર્વ વર્ણોમાં આવશ્યક્તા છે. સત્યરૂપ ધર્મ સત્પુરુષોવિષે રહેલો હોય છે અને તે ધર્મ સનાતન ગણાય છે; માટે સત્યનેજ નમસ્કાર કરવા જોઇએ; કેમકે સત્ય એજ પરમ ગતિરૂપ છે.[૪] સત્ય ધર્મરૂપ છે, સત્ય તપરૂપ છે, સત્ય યોગરૂપ છે, સત્ય સનાતન બ્રહ્મ છે, સત્ય ઉત્તમ યજ્ઞરૂપ છે અને સત્યના આધારેજ સર્વ કંઈ ટકી રહ્યું છે.[૫] આ જગતમાં સત્યના આચારો કયા છે અને સત્યનું લક્ષણ શું છે ? એ વિષે હું તમને યથાવત્ અનુક્રમે કહું છું.[૬] વળી સત્યને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે, તે સાંભળવું પણ તમારે યોગ્ય છે.

હે ભરતવંશના રાજા ! સર્વલોકમાં સત્યના તેર પ્રકાર માનવામાં આવ્યા છે.[૭] તે આ પ્રમાણે છેઃ–સત્ય, સમતા (સર્વનાપર સમદૃષ્ટિ રાખવી તે), દમ (ઇંદ્રિયનિગ્રહ), અમાત્સર્ય (મત્સરનો અભાવ), ક્ષમા, હ્રી (લજ્જા), તિતિક્ષા (સહનશીલતા), અનસૂયતા (કોઈની ઈર્ષ્યા ન કરવી તે), ત્યાગરૂપ ધ્યાન, આર્યત્વ, ધૃતિ, દયા અને અહિંસા–આ તેર પ્રકારનું સત્ય છે.[૮,૯] તેમાંથી સત્ય એટલે જેનું સ્વરૂપ અવિનાશી છે અને અવિકારી છે તે. આવું સત્ય, સર્વ પ્રકારના ધર્મોની સાથે વિરોધ નહિ ધરાવનારા યોગવડે પ્રાપ્તકરી શકાય છે;[૧૦] તેમજ ઇચ્છાનો, દ્વેષનો, કામનો તથા ક્રોધનો નાશ કરીને પોતાના ઉપર, પોતાના પ્રિયજન ઉપર, અપ્રિયજન ઉપર અને શત્રુ ઉપર પણ જે સમાન દૃષ્ટિ રાખવી, તેનું નામ સમતા કહેવાય છે.[૧૧] દમ એટલે બીજા કોઇપણ સાંસારિક વિષયોપર સ્પૃહા ન રાખવી, ગંભીરતા ધારણ કરવી અને ધીરજ રાખવી તે. આ દમ સર્વ પ્રાણીઓને અભય આપનાર છે, સર્વ રોગોને શાંત કરનાર છે અને જ્ઞાનવડે તેને મેળવી શકાય છે.[૧૨] વિદ્વાનો કહે છે કે, દાન અને ધર્મમાં સંયમ રાખવો તેનું નામ અમાત્સર્ય કહેવાય છે. જે પુરુષ નિત્ય

સત્યમાંજ નિષ્ઠા રાખનારો હોય છે, તે મત્સરવિનાનો થઇ શકે છે.[૧૩] તેમજ જે મનુષ્ય ક્ષમાના વિષયભૂત પ્રિયવાક્યોને તથા અક્ષમાના વિષયભૂત અપ્રિયવાક્યોને સહન કરે છે, તે મનુષ્ય ક્ષમાવાન ગણાય છે; કેમકે પ્રિય અપ્રિય ગમે તેવાતને સહન કરવી, તેનું નામ ક્ષમા કહેવાય છે. સત્યભાષણ કરનારો અને લોકમાં માન્ય ગણાયલો સાધુપુરુષ, એ ક્ષમાગુણને સારી પેઠે પ્રાપ્ત કરી શકે છે.[૧૪] જે બુદ્ધિમાન પુરુષની વાણી અને મન નિત્ય શાંત રહે છે, તે પોતાનું અત્યંત કલ્યાણ કરે છે. તે કોઇ વિષયમાં ગ્લાનિ પામતો નથી અને તે પુરુષમાં જે મુખ્ય ગુણ રહેલો હોય છે તે હ્રી (લજ્જા) છે. આ લજ્જાગુણ ધર્માચરણથી મેળવી શકાય છે.[૧૫] કેવળ ધર્મને જાળવી રાખવા માટે જે કંઈ અપ્રિય આદિને સહન કરવામાં આવે તેનું નામ તિતિક્ષા અથવા ક્ષાંતિ કહેવાય છે. આ તિતિક્ષાગુણનો લોકહિતાર્થે ઉપયોગ કરવામાં આવે છે અને તેની પ્રાપ્તિ ધૈર્યદ્વારા થઈ શકે છે.[૧૬] સર્વ પ્રકારના વિષય ઉપરના સ્નેહને જે છોડી દેવો તેને ત્યાગ કહે છે. આ ત્યાગ રાગદ્વેષથી રહિત થયેલા પુરુષથીજ થઈ શકે છે, બીજાથી થઇ શકતો નથી.[૧૭] જે ગુણનો આશ્રય કરીને દંભ તથા રાગદ્વેષથી રહિત થયેલો પુરુષ સર્વ પ્રાણીઓનું યત્નપૂર્વક કલ્યાણ કરે છે, તેનું નામ આર્યત્વ કહેવાય છે.[૧૮] જેને લીધે મનુષ્યને સુખમાં કે દુઃખમાં કોઈ જાતનો વિકાર થતો નથી, તે ગુણનું નામ ધૃતિ કહેવાય છે. પોતાનું કલ્યાણ ઇચ્છનારા બુદ્ધિમાન પુરુષે એ ધૃતિ ગુણનું નિત્ય સેવન કરવું[૧૯] અને સર્વથા ક્ષમાવાન તથા સત્યનિષ્ઠ થવું. હર્ષ, ભય અને ક્રોધનો ત્યાગ કરવાથી પંડિતપુરુષ દયાગુણને સંપાદન કરે છે.[૨૦] મન, વચન અને કર્મથી કોઈ પણ પ્રાણીનો દ્રોહ ન કરવો તેનું નામજ અહિંસા કહેવાય છે; તેમજ સર્વકોઈના ઉપર અનુગ્રહ કરવો અને યથાશક્તિ દાન આપવું, એ સત્પુરુષોનો સનાતન ધર્મ છે.[૨૧] સત્યના આ તેરે પ્રકારોનાં ભિન્ન ભિન્ન લક્ષણો મેં તમને કહ્યાં તેઓ સર્વે સત્ય સાથેજ સંબંધ ધરાવે છે અને તેઓ, હે ભારત ! સત્યનીજ વૃદ્ધિ કરે છે.[૨૨] હે રાજા! સત્યના ગુણો એટલા બધા છે,કે જેઓનું વર્ણન કરતાં કદી અંતજ આવી શકે નહિ આવા હેતુથીજ બ્રાહ્મણો, પિતૃઓ અને દેવતાઓ સત્યની પ્રશંસા કરે છે.[૨૩] સત્યના જેવો ઉત્તમ ધર્મ નથી અને અસત્યના જેવું મોટું પાપ નથી. વેદ પણ કહે છે કે, ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સત્ય છે, માટે સત્યનો કદી લોપ કરવો નહિ—અર્થાત્ અસત્ય ભાષણ કદી કરવું નહિ.[૨૪] કેવળ સત્યનોજ આશ્રય કરવાથી દાન, દક્ષિણાવાળા યજ્ઞો, ત્રણે અગ્નિઓમાં હોમ,વેદોનું અધ્યયન તથા બીજા ધર્મસંબંધી નિશ્ચયો મનુષ્યને પ્રાપ્ત થાય છે.[૨૫] એક હજાર અશ્વમેધોને તથા સત્યને જો ત્રાજવામાં મૂકીને જોખી જોયાં હોય તો હજાર અશ્વમેધોના કરતાં સત્યનુંજ વજન વધી જશે.[૨૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં “સત્યની પ્રશંસા” એ વિષયનો અધ્યાય ૧૬૨મો સમાપ્ત.

* * *

અધ્યાય ૧૬૩ મો

ક્રોધાદિક તેર શત્રુઓનું નિરૂપણ

॥ युधिष्ठिर उवाच ॥

यतः प्रभवति क्रोधः कामो वा भरतर्षभ ॥
शोकमोहौ विधित्सा च परासुत्वं च तद्वद॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:—“ હે ભરતશ્રેષ્ઠ પિતામહ! ક્રોધ, કામ, શોક, મોહ, વિધિત્સા (દુષ્ટ આરંભો કરવાની ઇચ્છા,) પરાસુતા (હિંસા), મદ, માત્સર્ય, ઈર્ષ્યા, નિંદા, અસૂયા (ગુણો ઉપર દોષારોપ), કૃપા અને ભય—આ તેર દોષો જેમાંથી ઉત્પન્ન થાય છે, તે મને યથાર્થરીતે કહો.”[૧,૨]

ભીષ્મે કહ્યું:— હે મહારાજા ! તમે કહેલા એ તેર દોષો સર્વ પ્રાણીઓના મહાબલવાન શત્રુઓ છે. તેઓ પ્રત્યેક પુરુષોને ચોતરફથી વીંટી લેનારા છે.[૩] વળી સદાકાળ સાવધ રહેનારા

તે શત્રુઓ, જે પુરુષ પ્રમાદી હોય છે તેને તો અત્યંત દુઃખદાયક થઈ પડે છે; એટલુંજ નહિ પણ તેવા પુરુષને જોતાંની સાથેજ, તેઓ વરૂની પેઠે ઘણા જોસથી (તેનાપર હલ્લો કરીને) તેનો નાશ કરી નાખે છે.[4] હે મહાપુરુષ ! આ તેરે શત્રુઓદ્વારા દુઃખ અને પાપ પ્રવૃત્ત થાય છે, એમ પ્રત્યેક મનુષ્યે હમેશાં લક્ષ્યમાં રાખવું.[5] હે રાજા ! એ તેરે શત્રુઓની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ હું તમને યથાવત્ કહી સંભળાવું છું. તેમાં પ્રથમ તો ક્રોધની ઉત્પત્તિનુંજ તમે એકચિત્ત થઇને શ્રવણ કરો.

હે રાજન્ ! લોભમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે અને તે, બીજાઓના દોષોને દેખતાંજ એકદમ વધી પડે છે; પરંતુ ક્ષમા–ગુણને લીધે તેનો વેગ રોકાઈ જાય છે અને ક્ષમાવડે તેની નિવૃત્તિ પણ થઇ જાય છે, સંકલ્પમાંથી કામની ઉત્પત્તિ થાય છે અને તેનું સેવન કરતાં તે વધી પડે છે; પરંતુ બુદ્ધિમાન પુરુષ તેનું સેવન કરતાં જો અટકે છે તો તુરતજ તેનો નાશ થાય છે. ક્રોધમાંથી અથવા લોભમાંથી બીજાઓના ગુણોપર દોષારોપ કરવારૂપ અસૂયા ઉત્પન્ન થાય છે, પણ તે અસૂયા, સર્વ પ્રાણીઓપર દયા રાખવાથી અને વૈરાગ્ય ધારણ કરવાથી દૂર થાય છે. જોકે આ અસૂયા, બીજાઓપર દોષદૃષ્ટિ કરવાથી ઉદય પામે છે, તોપણ જેઓ બુદ્ધિમાન હોય છે તેઓ તત્ત્વજ્ઞાનદ્વારા તેનો નાશ કરે છે.[6-10] મોહની ઉત્પત્તિ અજ્ઞાનમાંથી થાય છે અને પાપકર્મ કરવાનો અભ્યાસ રાખવાથી તેની વૃદ્ધિ થાય છે; પરંતુ મનુષ્ય જ્યારે જ્ઞાનીપુરુષોનો સંગ કરે છે, ત્યારે તત્કાળ તેનો (મોહનો) નાશ થાય છે.[11] હે કુરુવંશી રાજા ! આ જગતમાં જેઓ, વેદવિરુદ્ધ કૌલિક આદિ શાસ્ત્રોનું પઠનપાઠન કરે છે, તેઓનામાં અનેક દુષ્ટ આરંભો કરવાની ઇચ્છારૂપ વિધિત્સા દોષ પ્રકટ થાય છે; પરંતુ તેઓ વૈદિક અર્થનું જો સારી રીતે જ્ઞાન મેળવે છે અને તેમાં જો વિશ્વાસ રાખે છે તો એ દોષનો નાશ કરે છે.[12] જેના ઉપર સંપૂર્ણ પ્રીતિ હોય, તેનો વિયોગ થવાથી પ્રાણીને શોક ઉત્પન્ન થાય છે; પણ જ્યારે તે સમજે છે કે, 'આ સંસાર અસાર છે' ત્યારે તુરતજ તેનો શોક નાશ પામે છે.[13] ક્રોધ અથવા લોભમાંથી પરાસુતારૂપ દોષ ઉત્પન્ન થાય છે અને ક્રોધલોભનો નિત્ય પરિચય રાખવાથી તે વૃદ્ધિ પામે છે; પરંતુ સર્વ પ્રાણીઓપર દયા કરવાથી અને વૈરાગ્ય ધારણ કરવાથી તે દોષનો નાશ થાય છે.[14] હે તાત ! સત્યનો ત્યાગ કરવાથી અને દુષ્ટ પુરુષોનો સમાગમ રાખવાથી દોષની ઉત્પત્તિ થાય છે; પરંતુ સાધુપુરુષોનું સેવન કરવાથી તેનો નાશ થાય છે.[15] કુળ, જ્ઞાન અને ઐશ્વર્યને લીધે પ્રાણીઓમાં મદદોષની ઉત્પત્તિ થાય છે; પણ જ્યારે તેઓનું મિથ્યાપણું સમજાય છે, ત્યારે સત્વર તેનો નાશ થાય છે.[16] અમુક વસ્તુનો અભિલાષ કરવાથી અને અત્યંત હર્ષ પામવાથી ઈર્ષ્યાની ઉત્પત્તિ થાય છે અને જ્યારે બીજાં પ્રાણીઓની સ્થિતિનું ભાન થાય છે, ત્યારે તેનો નાશ થાય છે.[17] હે રાજન્ ! લોકબાહ્ય ગણાતા પુરુષોનાં વિલાસચેષ્ટિતથી અને પોતાને અપ્રિય એવાં અસંમત વાક્યોનું શ્રવણ કરવાથી નિંદાદોષ ઉત્પન્ન થાય છે; પરંતુ એ દોષ લોકસમુદાયનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવાથી શાંત થાય છે.[18] જે મનુષ્યો, પોતાનો અપકાર કરનારા બળવાન પુરુષને યથાયોગ્ય શિક્ષા કરવા માટે અસમર્થ હોય છે, તેઓનામાં તીવ્ર અસૂયા દોષ ઉત્પન્ન થાય છે; પણ તેઓ જો કરુણાગુણનો આશ્રય કરે છે તો એ અસૂયા દોષનો નાશ કરે છે.[19] દીન પ્રાણીઓનું અવલોકન કરવાથી મનુષ્યોના હૃદયમાં કૃપાદોષની ઉત્પત્તિ થાય છે; પણ જ્યારે ધર્મનિષ્ઠા જાણવામાં આવે છે, ત્યારે તે કૃપા શાંત થાય છે.[20] અજ્ઞાનને લીધે ભય ઉત્પન્ન થાય છે અને તે ભય સર્વ પ્રાણીઓમાં સદાય જોવામાં આવે છે; પરંતુ સાંસારિક ભોગોનું અસ્થિરપણું જ્યારે દેખાય છે અને જણાય છે, ત્યારે ભયની નિવૃત્તિ થાય છે.[21] વિદ્વાનો કહે છે કે, આ તેરે શત્રુઓને શાંતિગુણનો સ્વીકાર કરવાથી જીતી શકાય છે. ખરેખર, ધૃતરાષ્ટ્રના સર્વ પુત્રોમાં આ તેરે દોષો જોવામાં આવતા હતા, પણ નિત્ય સત્યની ઇચ્છા રાખનારા

તમે તો સત્પુરુષોનું સેવન કરીને એ સર્વ દોષોને જીતી લીધા છે.[૨૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં
"લોભનું નિરૂપણ" એ વિષયનો
અ૦ ૧૬૩ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૪ મો

નૃશંસ-ઘાતકી પુરુષનાં લક્ષણો

॥ युधिष्ठिर उवाच ॥
आनृशंस्यं विजानामि दर्शनेन सतां सदा ॥
नृशंसान्न विजानामि तेषां कर्म च भारत॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે ભરતવંશી પિતામહ! સત્પુરુષોનાં નિત્ય દર્શન કરવાથી હું આનૃશંસ્યને (સજ્જનતાને) બરાબર જાણું છું, પણ નૃશંસ પુરુષોને તથા તેઓનાં કર્મોને બરાબર જાણતો નથી; માટે તેઓનાં લક્ષણો મને કહો.[૧] મનુષ્યો જે પ્રમાણે કાંટાઓનો, કૂવાનો તથા અગ્નિનો દૂરથીજ ત્યાગ કરી દે છે, તે પ્રમાણે ઘાતકી કર્મ કરનારા નૃશંસ પુરુષનો પણ દૂરથીજ ત્યાગ કરી દે છે.[૨] હે કુરુવંશના રાજા! નૃશંસપુરુષ આ લોકમાં તો ખુલ્લી રીતે દુઃખી થાયજ છે, પણ મુવા પછી મળનારા પરલોકમાં પણ દુઃખી થાય છે; માટે તે પુરુષનો ધર્મનિશ્ચય કેવા પ્રકારનો હોય છે, તે મને કહો."[૩]

ભીષ્મે કહ્યું:-જે પુરુષની માનસિક વાસનાઓ તથા કર્મ કરવાની ઇચ્છાઓ નિંદાપાત્ર હોય, જે પોતે "અરેરે! હું આવાં નિંદ્યકર્મ કરૂં છું" આવી નિંદા કરતો હોય, લોકોથી નિંદાતો હોય અને પોતે જાણતો હોય કે, "આવાં કૃત્યો કરીને હું આ જગતમાં છેતરાયો છું" છતાં દુષ્ટ કર્મો કર્યે જતો હોય, તે પુરુષ નૃશંસ છે-આત્મહત્યારો છે.[૪] આવો નૃશંસ પુરુષ દાન આપ્યા પછી પોતાની કીર્તિને ગાયા કરે છે, બીજાઓનો દ્વેષ કરનારો હોય છે, ક્ષુદ્ર કર્મ કરનારો હોય છે, વિશ્વાસઘાતી હોય છે, શઠ હોય છે, કોઇને કંઇ આપ્યાવિના પોતે એકલોજ ભોગોને ભોગવે છે, અભિમાની હોય છે, વિષયાસક્ત હોય છે, પોતાનાં વખાણ કરનારો હોય છે, સર્વના ઉપર અત્યંત શંકા રાખનારો હોય છે, કાગડાની પેઠે બીજાઓને છેતરવાની દૃષ્ટિવાળો હોય છે, લોભી હોય છે, પોતાના વર્ગના મનુષ્યોની પ્રશંસા કરનારો હોય છે, બ્રહ્મચર્ય આદિ આશ્રમોનો દ્વેષ કરનારો અને તેમાં સંકરતા ફેલાવનારો હોય છે, હિંસાવિહારી હોય છે, નિરંતર ગુણ-અવગુણને સમાન માનનારો હોય છે, અત્યંત મિથ્યા ભાષણ કરનારો હોય છે, મનસ્વી હોય છે અને ઘણોજ કંજૂસ હોય છે.[૫-૭] વળી તેવો નૃશંસ પુરુષ, ધર્મશીલ અને ગુણવાન પુરુષને પાપી સમજે છે, તેમજ પોતાના સ્વભાવને પ્રમાણ ગણીને બીજા કોઇનો વિશ્વાસ કરતો નથી.[૮] જેમાં બીજાઓનો કંઈ દોષ હોય તેવી ગુપ્ત વાતને જાહેર કરી દે છે અને કોઇએક કાર્યમાં પોતાના તથા બીજાના દોષો સમાન હોય છે, છતાં પોતાની આજીવિકાને માટે સામા માણસનો ઘાત કરાવે છે.[૯] પોતાના ઉપર જેણે ઉપકાર કર્યો હોય તેને એ પુરુષ છેતરાઇ ગયેલો માને છે અને કોઈ સમયે પોતાનાપર ઉપકાર કરનારાને કંઈ ધન આપ્યું હોય તો તે આપ્યા પછી પશ્ચાત્તાપ કરે છે.[૧૦] ખાવાના, પીવાના કે ચૂસવાના જે જે પદાર્થો હોય અથવા બીજું જે કંઇ ઉત્તમ ભોજન હોય તે સર્વને, બીજા મનુષ્યો જોઇ રહ્યા હોય છતાં જે ખાઇ જાય છે, તે પુરુષને નૃશંસ કહેવામાં આવે છે;[૧૧] પણ જે પુરુષ, પ્રથમ બ્રાહ્મણોને આપ્યા પછી બાકી રહેલા અન્નનું પોતાના સુહૃદોની સાથે ભોજન કરે છે, તે પુરુષને આ લોકમાં અનંત સુખ મળે છે અને મુવા પછી સ્વર્ગ મળે છે.[૧૨] હે ભરતશ્રેષ્ઠ! એ પ્રમાણે મેં તમને નૃશંસ પુરુષનાં લક્ષણો કહ્યાં. બુદ્ધિમાન પુરુષે તેવા પુરુષનો સદાય ત્યાગ કરવો.[૧૩]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં "નૃશંસનું આખ્યાન" એ વિષયનો
અ૦ ૧૬૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૫ મો

પાપો અને તેનાં પ્રાયશ્ચિત્તો

॥ भीष्म उवाच ॥

हृतार्थो यक्ष्यमाणश्च सर्ववेदांतगश्च यः ॥
आचार्यपितृकार्यार्थं स्वाध्यायार्थमथापि वा ।१।

ભીષ્મે કહ્યું:-" જેનું ધન ચોરાઈ ગયું હોય, જેને યજ્ઞ કરવાની ઇચ્છા હોય, જે સર્વ વેદાંતના પારને પામ્યો હોય, જેને ગુરુ અને પિતૃઓનાં કાર્યો કરવાની ઇચ્છા હોય તથા જેને વેદાધ્યયન કરવાની ઈચ્છા હોય-તે સર્વ બ્રાહ્મણોને સુપાત્ર સમજવા અને ધર્મભિક્ષુ જાણવા. હે ભારત ! એ બ્રાહ્મણો જો નિર્ધન હોય તો તેઓને દ્રવ્યદાન આપવું અને વિદ્યાદાન પણ દેવું.[૧,૨] હે ભરતશ્રેષ્ઠ ! તે સિવાયના બીજા સુપાત્ર બ્રાહ્મણોને પણ દક્ષિણાદાન આપવું ;પણ જેઓ બીજા કેવળ નામનાજ બ્રાહ્મણ હોય છે, તેઓને તો યજ્ઞવેદિકાની બહાર ઉભા રાખીને કાચું અન્નજ આપવું, એમ ધર્મશાસ્ત્ર કહે છે.[૩] રાજાએ, જેની જેવી યોગ્યતા હોય તે પ્રમાણે બ્રાહ્મણોને સર્વ પ્રકારનાં રત્નો પણ આપવાં; કેમકે બ્રાહ્મણોજ પ્રત્યક્ષ વેદરૂપ છે અને પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞસ્વરૂપ છે.[૪] જેઓના વૈભવ અને આચારો અન્યોન્યના હિતમાટે હોય છે, તેવા બ્રાહ્મણો પોતપોતાના ગુણોને અનુસરીને સદાય યજ્ઞો કર્યા કરે છે અને તેમાં પણ જેની પાસે ત્રણ વર્ષપર્યંત પોતાના કુટુંબનું પોષણ થઈ શકે તેટલું અથવા તેના કરતાં અધિક અન્ન હોય, તે બ્રાહ્મણે સોમપાન કરવાને યોગ્ય ગણાય છે.[૫] જે કોઈ યજમાન થયેલા બ્રાહ્મણનો યજ્ઞ એકાદ અંગથી હીન થઈને જો અટકી પડયો હોય અને ત્યાંનો રાજા જો ધાર્મિક હોય તો તેણે (રાજાએ) અનેક પશુઓનું પાલન કરનારા, યજ્ઞયાગ નહિ કરનારા અને સોમરસનું પાન નહિ કરનારા વૈશ્યની પાસેથી ધન હરણ કરીને પેલા બ્રાહ્મણને, યજ્ઞની સમાપ્તિ કરવા માટે આપવું;[૬,૭] પરંતુ યાદ રાખવું કે, રાજાએ શૂદ્રના ઘરમાંથી, યજ્ઞનિમિત્તે ધન લાવવું નહિ; કેમકે શૂદ્રનું ધન યજ્ઞમાટે નિરુપયોગી છે.[૮] જે વૈશ્યને ત્યાં સો ગાયો હોય, છતાં તે અગ્નિહોત્રથી રહિત હોય અને જે વૈશ્યને ત્યાં એક હજાર ગાયો હોય છતાં તે યજ્ઞયાગ કરતો ન હોય તેઓ બન્નેની પાસેથી રાજાએ, કોઇ પ્રકારનો વિચાર કર્યાવિના, યજ્ઞનિમિત્તે દ્રવ્ય છીનવી લેવું;[૯] તેમજ જેઓ દાન આપનારા ન હોય તેઓની પાસેથી પણ રાજાએ, તેઓને જાહેર સૂચના આપીને દ્રવ્ય લઇ લેવું. આમ કરવાથી રાજાને સંપૂર્ણ રીતે ધર્મજ થાય છે, પણ અધર્મ થતો નથી.[૧૦]

હવે, હું તમને એક બીજો આપદ્ધર્મ કહું છું, તેને તમે સાંભળો. જે બ્રાહ્મણને લગોલગ ત્રણ દિવસના ઉપવાસ થયા હોય તેણે, પોતાનું જીવન ટકાવી રાખવા માટે કોઈ હીનકર્મ કરનારા પુરુષની પાસેથી, ખળામાંથી, ખેતરમાંથી, બાગબગીચામાંથી કે બીજેથી જ્યાંથી મળે ત્યાંથી પણ એક દિવસ ચાલે તેટલું અન્ન હરી લાવવું અને તે વાત રાજા પૂછે કે ન પૂછે તોપણ તેને જણાવવી.[૧૧,૧૨] ધર્મવેત્તા રાજાએ, ધર્મ તરફ દૃષ્ટિ કરીને તે બ્રાહ્મણને શિક્ષા કરવી નહિ; કેમકે જે દેશમાં બ્રાહ્મણ ભૂખથી પીડાય છે, તે દેશમાં ત્યાંના રાજાનીજ મૂર્ખતા ગણાય છે;[૧૩] માટે રાજાએ બ્રાહ્મણની, વિદ્યાની તથા સદાચારની પરીક્ષા કરીને તેની આજીવિકા બાંધી આપવી અને પિતા જેમ ઔરસ પુત્રનું રક્ષણ કરે તેમ, તેનું રક્ષણ કરવું.[૧૪] રાજાએ પ્રત્યેક વર્ષની આખરે વૈશ્વાનર નામનો એક યજ્ઞ કરવો જોઇએ. જો કે એ આચાર મુખ્ય નથી પણ ગૌણ છે, છતાં ધર્મવેત્તા પુરુષોએ તે ગૌણ આચારને પણ પરમ ધર્મ માન્યો છે;[૧૫] કેમકે આપત્તિના પ્રસંગે જ્યારે મૃત્યુ પામવાનો ભય આવી પડે, ત્યારે પુરુષોએ ગૌણ આચારને પણ મુખ્ય આચારના જેવો માનવો, એમ વિશ્વેદેવાએ, સાધ્ય દેવોએ, બ્રાહ્મણોએ અને મહર્ષિઓએ કહ્યું છે;[૧૬] પરંતુ જે પુરુષ પ્રથમ કલ્પ (મુખ્ય આચાર)નું પાલન કરવાને સમર્થ હોય છતાં તેનો ત્યાગ કરીને અનુકલ્પ(ગૌણ આચાર)નું પાલન કરવા તૈયાર થાય છે, તે દુષ્ટબુદ્ધિવાળા પુરુષને

(તેની શઠતાને લીધે) પરલોકસંબંધી ફળ મળતું નથી.[૧૭] વેદવેત્તા બ્રાહ્મણે પોતાની આજીવિકાને માટે રાજાની પાસે જઈને દીનતાપૂર્વક કહેવું નહિ કે, "હું બ્રાહ્મણ છું, માટે તમે મારા ઉપર કૃપા કરો" કેમકે બ્રહ્મતેજ રાજતેજના કરતાં અતિશય બળવાન્ છે.[૧૮] માટે બ્રહ્મવાદી બ્રાહ્મણોનું તેજ રાજાને સદા દુઃસહ છે, એમ સમજવું. વળી કહેવાય છે કે, બ્રાહ્મણ સર્વનો કર્તા, શાસ્તા અને વિધાતા દેવ છે.[૧૯] આમ સમજીને કોઈએ પણ બ્રાહ્મણને અકુશલ વચનો કહેવાં નહિ અને તેની આગળ શુષ્ક વાણી બોલવી નહિ. ક્ષત્રિયે પોતાના બાહુબળથી આપત્તિને તરી જવી, વૈશ્યે તથા શૂદ્રે ધન અર્પણ કરીને આપત્તિમાંથી મુક્ત થવું અને બ્રાહ્મણે મંત્રપૂર્વક હોમહવન કરીને આપત્તિમાંથી મુક્ત થવું. કન્યાએ, યુવાન સ્ત્રીએ, મંત્રોને નહિ જાણનારા પુરુષે, મૂર્ખાએ તથા જનોઇના સંસ્કારથી રહિત શૂદ્રાદિએ અગ્નિહોમ કરવો નહિ; કારણકે તેઓ જો હોમ કરે છે તો પોતે અને જેને માટે હોમ કરવામાં આવ્યો હોય છે તે–બન્ને નરકમાં પડે છે, માટે યજ્ઞના વૈતાનરૂપ કર્મમાં કુશલતા ધરાવનારા વેદપારંગત બ્રાહ્મણેજ અગ્નિહોમ કરવો.[૨૦-૨૨] ધર્મવેત્તા પંડિતો કહે છે કે, જેણે અગ્ન્યાધાનસંસ્કારની દક્ષિણાતરીકે પ્રજાપતિ જેના દેવ છે એવા ઘોડાનું દાન આપ્યું નથી, તે પુરુષ અગ્નિહોત્રી કહેવાતો નથી.[૨૩] શ્રદ્ધાળુ અને જિતેન્દ્રિય એવા પુરુષે, બીજાં ગમે તે પુણ્યકર્મો કરવાં, પણ અપૂર્ણ દક્ષિણાવાળા યજ્ઞો કદી કરવા નહિ;[૨૪] કેમકે અપૂર્ણ દક્ષિણાવાળો યજ્ઞ પ્રજાનો, પશુઓનો તથા સ્વર્ગનો નાશ કરે છે, એટલુંજ નહિ પણ ઇંદ્રિયોનો, યશનો, કીર્તિનો તથા આયુષનો સમૂળ ઉચ્છેદ કરી નાખે છે.[૨૫]

હે રાજા! જે બ્રાહ્મણો રજસ્વલા સ્ત્રી સાથે મૈથુન કરે છે, અગ્નિહોત્રકર્મથી રહિત હોય છે અને અશ્રોત્રિય અથવા અવૈદિક–વેદવિરુદ્ધ હવનહોમ કરે છે, તેઓ સર્વે પાપકર્મ કરનારા ગણાય છે.[૨૬] જે ગામમાં એકજ કૂવો હોય છે, તે ગામમાં બાર વર્ષપર્યંત રહેનારો બ્રાહ્મણ અને બાર વર્ષપર્યંત શૂદ્ર જાતિની સ્ત્રીનો પતિ થઇને રહેનારો બ્રાહ્મણ શૂદ્રનાં કર્મોનોજ અધિકારી બને છે.[૨૭] પોતાની પરણેતર ન હોય તેવી હરકોઇ સ્ત્રીને પોતાની સાથે શયનમાં સુવાડનારો વ્યભિચારી બ્રાહ્મણ અને બ્રાહ્મણવર્ણથી ઉતરતા કોઇ વૈશ્યને અથવા શૂદ્રને પોતાના કરતાં ઉચ્ચ કક્ષાના માનનારો બ્રાહ્મણ તથા બ્રાહ્મણસિવાયના હરકોઇને માનપૂર્વક ઉચ્ચ આસને બેસાડીને પોતે ઘાસની સાદડી ઉપર બેસનારો બ્રાહ્મણ પાપી ગણાય છે; માટે હે રાજન્! તેવો પાપી બ્રાહ્મણ કેવી રીતે પાપમાંથી મુક્ત થઇને પવિત્ર થાય, તે હું તમને કહું છું, સાંભળો.[૨૮] પોતાના કરતાં ઉતરતા વર્ણના પુરુષને ઉચ્ચ આસન આપીને અથવા તેની સમક્ષ પોતે ઉભો રહીને સેવા કરનારો બ્રાહ્મણ માત્ર એકજ રાત્રિમાં જે પાપ ઉત્પન્ન કરે છે, તેના પ્રાયશ્ચિત્તમાટે તેણે ત્રણ વર્ષપર્યંત કોઇ જાતનું વ્રત ધારણ કરીને પૃથ્વીપર વિહાર કર્યા કરવો, જેથી તે પોતાના પાપથી મુક્ત થાય છે.[૨૯] હે રાજન્! ઠઠ્ઠામશ્કરીમાં બોલાયલું અસત્ય, સ્ત્રીની પાસે બોલાયલું અસત્ય, વિવાહનિમિત્તે બોલાયલું અસત્ય, ગુરુને માટે બોલાયલું અસત્ય અને પોતાનો જીવ બચાવવા માટે બોલાયલું અસત્ય આ પાંચ અસત્ય, પાપજનક ગણાતાં નથી.[૩૦] પુરુષે, પોતાના કરતાં હીન જાતિના પુરુષની પાસેથી પણ શ્રદ્ધાપૂર્વક ઉત્તમ વિદ્યા મેળવી લેવી, અપવિત્ર સ્થાનેથી પણ કંઈ વિચાર કર્યા વિના સુવર્ણ લઇ લેવું, નીચ કુળમાંથી પણ સ્ત્રીરૂપી રત્નને સ્વીકારવું અને ઝેરમાં પણ જો અમૃત રહેલું હોય તો પી લેવું; કેમકે ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ સ્ત્રીઓ, રત્નો અને જળ સદાય પવિત્ર ગણાય છે.[૩૧,૩૨] વૈશ્યજાતિના પુરુષે પણ ગાયો અને બ્રાહ્મણોનું રક્ષણ કરવા માટે, વર્ણસંકરતા દૂર કરવા માટે તથા પોતાનું રક્ષણ કરવા માટે શસ્ત્રો ગ્રહણ કરવાં.[૩૩] મદિરાપાન, બ્રહ્મહત્યા અને ગુરુપત્ની સાથે વ્યભિચાર–આ ત્રણ પાપો જો બુદ્ધિપૂર્વક કરવામાં આવ્યાં હોય તો તેઓને માટે પ્રાયશ્ચિત્તજ નથી, એમ વિદ્વાનો માને છે; માટે તેવું પાપ કરનારા

પુરુષે પ્રાણત્યાગ કરવા, એજ તેનું પ્રાયશ્ચિત્ત છે.[૩૪] સુવર્ણની ચોરી કરવાથી, બીજી ગમે તે વસ્તુની ચોરી કરવાથી, બ્રાહ્મણના દ્રવ્યને લૂંટી લેવાથી, મદિરાનું પાન કરવાથી, માતા, બહેન વગેરે અગમ્યા સ્ત્રી સાથે વ્યભિચાર કરવાથી, પતિત પુરુષોની સાથે વ્યવહાર રાખવાથી અને બ્રાહ્મણસ્ત્રી સાથે ગમન કરવાથી તત્કાળ પુરુષ પતિત થાય છે, એમાં સંશય નથી.[૩૫,૩૬] તેમજ પતિત પુરુષની સાથે એક વર્ષપર્યંત કોઇ જાતનો વ્યવહાર કરવાથી, પતિતને યજ્ઞ કરાવવાથી, પતિતને ભણાવવાથી, પતિતની સાથે વિવાહના સંબંધો કરવાથી, પતિતની સાથે એક વાહનમાં બેસવાથી અને પતિતની સાથે ભોજન કરવાથી પણ પતિત થવાય છે.*[૩૭] હે ભરતવંશી રાજા! પૂર્વોક્ત મહાન પાતકોને માટે પ્રાયશ્ચિત્ત નથી, પણ બીજાં સામાન્ય પાતકોને માટે તો પ્રાયશ્ચિત્ત છે; માટે તેવું સામાન્ય પાપ કરનારા પુરુષે તત્કાળ ચેતી જઇને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરવું અને પાપમાંથી મુક્ત થવું; પરંતુ ફરીથી તેવું પાપ કરવાની ઈચ્છા કરવી નહિ.[૩૮] મદિરાપાન કરનારો, બ્રહ્મહત્યા કરનારો કે ગુરુપત્ની સાથે વ્યભિચાર કરનારો, પાપી પુરુષ મરણ પામે, ત્યારે તેની દાહાદિક પ્રેતક્રિયાઓ, (શાસ્ત્રમાં મનાઇ કરવામાં આવેલી હોવાથી) ન કરી હોય છતાં તેના વારસે તેનું અન્ન અને સુવર્ણ લઇ લેવું. તેમાં કોઈ જાતનો વિચાર કરવો નહિ. (કેમકે, તેવા પાપી પુરુષના સંબંધીઓને સ્નાનસૂતક લાગતું નથી અને તેનું પ્રેતકર્મ કરવા માટે શાસ્ત્રમાં નિષેધ કરવામાં આવ્યો છે.)[૩૯] પોતાનો અમાત્ય હોય કે ગુરુ હોય, પણ તેણે પૂર્વોક્ત મદિરાપાન અદિ મહાન પાપ જો કર્યું હોય, તો ધાર્મિક પુરુષે ધર્મ પ્રમાણે વર્તીને તેનો ત્યાગ કરવો; કેમકે તેઓને માટે કોઇ પ્રકારનું પ્રાયશ્ચિત્ત નહિ હોવાથી તેઓની કદી શુદ્ધિજ થતી નથી, માટે તેઓની સાથે વાર્તાલાપ પણ કરવો નહિ.[૪૦] અધર્મ કરનારો પુરુષ જો ધર્મ કરે અથવા તપ કરે તો પાપનો નાશ કરે છે; ચોરને ચોર કહેવાથી ચોરી કર્યાનુંજ પાપ લાગે છે;[૪૧] પણ જે પુરુષ ચોર ન હોય છતાં તેને ચોર કહેવાથી બમણું પાપ લાગે છે. જે કન્યાને કયાંય પરણાવી ન હોય છતાં મૈથુનને માટે જો ઇચ્છા કરે તો તેને એક તૃતીયાંશ બ્રહ્મહત્યા લાગે છે અને જે પુરુષ તે કન્યા સાથે મૈથુન કરીને તેને દૂષિત કરે છે તેને શેષ રહેલી બ્રહ્મહત્યા લાગુ થાય છે. (અર્થાત, મૈથુનની ઇચ્છા કરનારી કન્યાને તથા તેની સાથે મૈથુન કરી તેને દૂષિત કરનારા પુરુષને સંપૂર્ણ બ્રહ્મહત્યાનું પાપ લાગે છે.) તેમજ જે પુરુષ બ્રાહ્મણોને ગાળો દે છે અથવા તેઓને ગળચી પકડીને હડસેલી કાઢે છે, તેને મહાન પાપ લાગે છે- કન્યાને દૂષિત કરનારા કરતાં પણ ભારે મોટું પાપ લાગે છે.[૪૨,૪૩] એટલુંજ નહિ પણ તે પુરુષ સો વર્ષપર્યંત ક્યાંય પ્રતિષ્ઠા પામતો નથી- મુવા પછી પ્રેત થઇને સો વર્ષપર્યંત પૃથ્વીપર ભટક્યા કરે છે અને તે પ્રેતજન્મમાંથી મુક્ત થયા પછી પણ એક હજાર વર્ષપર્યંત નરકમાં પડી રહે છે;[૪૪] માટે બ્રાહ્મણની કદી નિંદા કરવી નહિ, તેમ તેને મારવો પણ નહિ. હે રાજન્! બ્રાહ્મણના શરીરપર પ્રહાર કરવાથી તેમાં જે ક્ષત થાય છે અને તેમાંથી ટપકેલું લોહી, પૃથ્વીના જેટલા રજકણને પલાળે છે, તેટલાં વર્ષોપર્યંત તેને પ્રહાર કરનારો પુરુષ નરકમાં પડી રહે છે. બાળહત્યા કરનારો પુરુષ, ગાયોની કે બ્રાહ્મણોની રક્ષા કરવા માટે રણસંગ્રામમાં શસ્ત્રપ્રહારો ખમીને જો લઢી મરે અથવા બળબળતા અગ્નિમાં પોતાના શરીરને જો હોમી દે તોજ શુદ્ધ થાય છે. મદિરાપાન કરનારો પુરુષ, અગ્નિના જેવી તપાવેલી મદિરાનું જો પાન કરે છે, તો પાપમાંથી મુક્ત થાય છે.[૪૫-૪૭] મદિરાપાન કરનારા બ્રાહ્મણે પણ તપાવેલી

---

*પતિતને ભણાવવાથી, પતિતને યજ્ઞ કરાવવાથી અને પતિતની સાથે વૈવાહિક સંબંધ જોડવાથી પુરુષ તત્કાળ પતિત થાય છે; પણ તેની સાથે એક વાહનમાં બેસવાથી કે ભોજન કરવાથી તુરતજ પતિત થવાતું નથી; પરંતુ એની એ સ્થિતિ એક વર્ષપર્યંત જો ચાલુ રહે તોજ પતિત થવાય છે, એમ નીલકંઠ કહે છે.

મદિરાથી શરીરને બાળી નાખીને અથવા મૃત્યુ પામીને શુદ્ધ થવું; કેમકે તેમ કરે છે તોજ તેને સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિ થાય છે અન્યથા થતી નથી.[૪૮] ગુરુપત્ની સાથે વ્યભિચાર કરનારા દુરાત્મા પાપી પુરુષે, તપાવેલી લોખંડની સ્ત્રીની પ્રતિમાનું આલિંગન કરીને મરણ પામવું, જેથી શુદ્ધ થવાય છે;[૪૯] અથવા પોતાના લિંગને તથા વૃષણને કાપી નાખી, ખોબામાં લઈને મૃત્યુ થતાં સુધીમાં સીધાને સીધા નૈઋત્ય દિશા તરફ ચાલ્યા જવું અને મૃત્યુ આવે એટલે પૃથ્વીપર પડવું, જેથી શુદ્ધ થવાય છે.[૫૦] અથવા બ્રાહ્મણોને માટે પ્રાણત્યાગ કરવા, જેથી પવિત્ર થવાય છે[૫૧] અને તેમ ન બને તો એક અશ્વમેધ યજ્ઞ, કે ગોસવ યજ્ઞ કે અગ્નિષ્ટોમ યજ્ઞ કરવો, જેને લીધે આ લોકમાં સારીરીતે પ્રતિષ્ઠા પામીને પરલોકમાં પણ તે પૂજાય છે.[૫૨] બ્રહ્મહત્યા કરનારા પુરુષે બાર વર્ષપર્યંત, પોતે મારેલા બ્રાહ્મણની ખોપરીને હાથમાં ઝાલીને પોતાના કર્મને જગતમાં પ્રસિદ્ધ કરતાં કરતાં ફર્યા કરવું, બ્રહ્મચર્ય પાળવું અને નિત્ય મુનિવૃત્તિ ધારણ કરવી.[૫૩] વળી તેવા બ્રહ્મઘાતી પુરુષે તપશ્ચર્યા કરવી અને ત્રિકાળ સ્નાનસંધ્યા કરીને શુદ્ધ થવું. જે પુરુષ જાણતો હોય કે, આ સ્ત્રી ગર્ભિણી છે, છતાં તેનો જો વધ કરે છે તો તેને બે બ્રહ્મહત્યા કર્યાનું પાપ લાગે છે. જે પુરુષે, મદિરાનું પાન કર્યું હોય, તેણે નિયમિત આહાર કરવો, બ્રહ્મચર્ય પાળવું, પૃથ્વીપર (દર્ભશય્યા બિછાવીને) સૂવું અને ત્રણ વર્ષ વીતી ગયા પછી અગ્નિષ્ટોમ નામનો યજ્ઞ કરીને એક હજાર બળદોનું અથવા ગાયોનું દાન કરવું, જેથી તે પુરુષ પવિત્ર થાય છે.[૫૪–૫૬] જે પુરુષે એક વૈશ્યનો વધ કર્યો હોય, તેણે બે વર્ષપર્યંત વ્રત પાળીને સો બળદોનું અથવા ગાયોનું દાન આપવું; તેમજ શૂદ્રનો વધ કરીને એક વર્ષપર્યંત વ્રત પાળવું ને સો બળદોનું અથવા ગાયોનું દાન આપવું.[૫૭] કૂતરાં, વરાહ (ભુંડણાં), ગધેડાં, બિલાડાં, ચાષ (બપૈયાં), દેડકાં, કાગડા, સર્પ કે ઉંદર–વગેરેમાંનાં કોઇપણ પ્રાણીની જો હિંસા થઈ જાય તો શૂદ્રના વધનું જે પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે તેજ કરવું.[૫૮] હે રાજન્! મનુષ્યસિવાયનાં હરકોઇ પ્રાણીનો વધ કરવાથી પશુહત્યાના જેટલોજ દોષ લાગે છે. હવે, હું તમને બીજાં પણ પ્રાયશ્ચિત્તો અનુક્રમે કહું છું.[૫૯] અજાણતાં નાના કીડાઓ વગેરેની જો હિંસા થઇ જાય તો અંતઃકરણપૂર્વક પશ્ચાત્તાપ કરવો; જેથી પાપમાંથી મુક્ત થવાય છે, તેમજ ગોવધસિવાયનાં બીજાં સામાન્ય પાપો જો થઇ જાય તો એક વર્ષ સુધીનું કોઇ વ્રત ધારણ કરીને પ્રાયશ્ચિત્ત કરવું. વેદ ભણેલા શ્રોત્રિય બ્રાહ્મણની સ્ત્રી સાથે વ્યભિચાર કરનારાએ ત્રણ વર્ષ સુધીનું વ્રત ગ્રહણ કરીને પ્રાયશ્ચિત્ત કરવું અને બીજી હરકોઇ પરસ્ત્રીની સાથે વ્યભિચાર કરનારાએ બે વર્ષ સુધીનું વ્રત કરીને પ્રાયાશ્ચિત્ત કરવું.[૬૦] તે પ્રાયશ્ચિત્તનો વિધિ આ પ્રમાણે છે–પ્રતિદિન દિવસના ચોથા પ્રહરે ભોજન કરવું, બ્રહ્મચર્ય વ્રત પાળવું અને ઉઠ–બેસ કરતાં કરતાં વિચર્યા કરવું. એજ પ્રમાણે જે પુરુષે માતા, પિતા અને ગુરુનું અપમાન કર્યું હોય અથવા અગ્નિહોત્રના અગ્નિનો વિચ્છેદ કર્યો હોય, તેણે ત્રણ દિવસ થઇ ગયા પછી માત્ર જળપાનજ કરવું.[૬૧] હે કુરુવંશી રાજા! ધર્મશાસ્ત્રનો એ સિદ્ધાંત છે કે, જે પુરુષ કારણવિના માતાનો, પિતાનો કે ગુરુનો જો ત્યાગ કરે છે, તો તે પતિત થાય છે.[૬૨] પોતાની સ્ત્રી જો વ્યભિચારિણી હોય તો વિશેષે કરીને તેને એક સ્થળે પૂરીજ રાખવી અને માત્ર અન્નવસ્ત્રજ આપવાં. ઉપરાંત પરસ્ત્રી સાથે વ્યભિચાર કરનારા પુરુષને માટે જે પ્રાયાશ્ચિત્ત કહેવામાં આવ્યું છે તે પ્રાયશ્ચિત્ત તેની પાસે કરાવવું.[૬૩] જે સ્ત્રી પોતાના બ્રાહ્મણપતિનો ત્યાગ કરી બીજા નીચ વર્ણના પુરુષ સાથે વ્યભિચાર કરે, તેને રાજાએ કોઇ વિશાળ પ્રદેશમાં ઉભી રાખીને કૂતરાઓ પાસે કરડી ખવરાવવી;[૬૪] અને તે સ્ત્રી સાથે વ્યભિચાર કરનારા પુરુષને પણ બુદ્ધિમાન રાજાએ, લોખંડની તપાવેલી શિલા ઉપર સૂવાડવો તથા ઉપર લાકડાં નાખીને તે પાપીને બાળી નંખાવવો.[૬૫] હે મહારાજા! પોતાના પતિને છોડીને અન્ય પુરુષો સાથે વ્યભિચાર કરનારી પ્રત્યેક સ્ત્રીને

એ પ્રમાણેજ શિક્ષા કરવી; તેમજ જે દુષ્ટ પુરુષ પાપકર્મ કર્યું હોય છતાં તુરતજ પ્રાયશ્ચિત્ત કરે નહિ અને એક વર્ષ જેટલો સમય ગાળી કાઢે તો તેની પાસે બમણું પ્રાયશ્ચિત્ત કરાવવું.[૬૬] જે પુરુષ પાપકર્મ કર્યા પછી બે વર્ષસુધી પ્રાયશ્ચિત્ત ન કરે તેણે ત્રણ વર્ષસુધી પ્રાયશ્ચિત કર્યા કરવું; પણ જેણે ચાર વર્ષ કે પાંચ વર્ષ સુધી પતિત પુરુષનો સંસર્ગ રાખ્યો હોય, તેણે મુનિવ્રત ધારણ કરીને ભિક્ષાચરણ કરતાં કરતાં પૃથ્વીપર્યટન કર્યા કરવું.[૬૭] મોટાભાઇની પહેલાં પરણનારો નાનો ભાઇ, તેની સ્ત્રી અને મોટો ભાઇ—એ ત્રણે જણાં અધર્મથી પતિત ગણાય છે—પાપી ગણાય છે;[૬૮] માટે તેઓ ત્રણેયે, વીરપુરુષની હત્યા કરનારો પુરુષ જે પ્રાયશ્ચિત્ત કરે છે તે પ્રાયશ્ચિત્ત કરવું. ઉપરાંત પાપની શુદ્ધિને માટે એક મહીના સુધીનું ચાંદ્રાયણ વ્રત અથવા કૃચ્છ્રચાંદ્રાયણ વ્રત કરવું[૬૯] અને પછી નાના ભાઇએ પોતાની સ્ત્રીને મોટાભાઇની આગળ લઈજઇને કહેવું કેઃ—"આ તમારા નાના ભાઇની અથવા પુત્રની વહુ છે" આમ કહીને માનપૂર્વક અર્પણ કરીને તેને પ્રસન્ન કરવો. પછી મોટાભાઈ જ્યારે આજ્ઞા આપે, ત્યારે નાનાભાઇએ તે સ્ત્રીનો સ્વીકાર કરવો; જેથી ત્રણે જણાં પાપથી મુક્ત થાય છે.[૭૦] આપત્તિના સમયે ગાયવિના બીજાં ગમે તે પશુઓનો વધ કરવાથી દોષ લાગતો નથી; કેમકે વિદ્વાનો કહે છે કે, પુરુષ પશુઓનો અધિષ્ઠાતા છે—માલીક છે, તેથી પશુઓની અવગણના કરવાનો તેને હક્ક છે;[૭૧] તોપણ (પોતે બ્રાહ્મણ હોવા છતાં જો પશુવધ કરે છે તો) તેણે ચમરી ગાયના પૂછડાના વાળનું વસ્ત્ર પહેરીને, હાથમાં માટીનું પાત્ર લઇને, પોતાનું કર્મ લોકોને જણાવતાં જણાવતાં બાર દિવસ સુધી સાત ઘેર ફરીને ભિક્ષાન્ન લાવવું અને તે ઉપર નિર્વાહ કરવો, જેથી તે શુદ્ધ થાય છે અથવા એક વર્ષપર્યંત એવું વ્રત ધારણ કરવાથી પાપનો સમૂળગો નાશ કરે છે.[૭૨,૭૩] આ પ્રાયશ્ચિત્ત મનુષ્યોનાં સર્વ પ્રાયશ્ચિત્તોમાં ઘણુંજ ઉત્તમ છે; પરંતુ જે મનુષ્યો ગમે તે પ્રકારનું અને ગમે તે પ્રમાણનું દાન આપવાને શક્તિમાન હોય છે, તેઓને માટે સર્વ પ્રાયશ્ચિત્તોને બદલે દાન કરવારૂપ પ્રાયશ્ચિત્તનીજ યોજના કરવી.[૭૪] ધર્મવેત્તાઓ કહે છે કે,જે મનુષ્યો અત્યંત આસ્તિક હોય છે, તેઓ કેવળ ગાયોનું દાન કરીને પણ પાપથી મુક્ત થાય છે. જેઓએ કૂતરાં, વરાહ, મનુષ્યો, કુકડાં અને ગધેડાંનું માંસ, મૂત્ર કે વિષ્ઠાનું જો ભક્ષણ કર્યું હોય તો તેઓએ પુનઃ સંસ્કાર કરવા, એજ યોગ્ય છે—અર્થાત્ તેઓએ ફરીથી ઉપનયન સંસ્કાર કરવા;તેમજ જેણે સોમરસનું પાન કરીને સોમયાગ કર્યો હોય તેવા બ્રાહ્મણથી, (ભૂલેચૂકે) મદિરાપાન કરનારા મનુષ્યના મુખની દુર્ગંધ જો સુંઘાઈ જાય તો તેણે ત્રણ દિવસ સુધી ગરમ પાણી પીને રહેવું, ત્રણ દિવસ સુધી ગરમ દૂધ પીને રહેવું અને ત્રણ દિવસ સુધી કેવળ વાયુનું ભક્ષણ કરવું.[૭૫-૭૭] આ પ્રમાણે મેં તમને સનાતન પ્રાયશ્ચિત્તો કહી દર્શાવ્યાં અને તે બધાં વિશેષે કરી અજ્ઞાનથી કરેલાં પાપોથી મુક્ત થવા માટે બ્રાહ્મણને અવશ્ય કરવા યોગ્ય છે"[૭૮]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦આ૦ પર્વમાં "પ્રાયશ્ચિત્તોનું વર્ણન" એ વિષયનો અ૦ ૧૬૫ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૬ મો

ખડ્ગ (તરવાર)ની ઉત્પત્તિ

॥ वैशंपायन उवाच ॥

कथांतरमथासाद्य खड्गयुद्धविशारदः ॥
नकुलः शरतल्पस्थमिदमाह पितामहम् ॥१॥

વૈશંપાયને કહ્યુંઃ—"હે જનમેજય! ભીષ્મ પિતામહ એ પ્રમાણે આપદ્ધર્મ કહી રહ્યા હતા તે વેળા જ્યારે એક બીજી કથાનો (આયુધોના સંબંધનો) પ્રસંગ આવ્યો, એટલે તરવારના યુદ્ધમાં કુશલ એવા નકુલે, બાણશય્યામાં સૂતેલા ભિષ્મ પિતામહને આ પ્રમાણે પ્રશ્ન કર્યો.[૧]

નકુલે પૂછ્યુંઃ—"હે પિતામહ! સર્વ પ્રકારનાં આયુધોમાં ધનુષ નામનું આયુધ અત્યંત શ્રેષ્ઠ ગણાય છે, તોપણ હે ધર્મવેત્તા પિતામહ! મારું

મન તો તરવારનેજ સર્વ આયુધોમાં શ્રેષ્ઠ માને છે; કેમકે હે રાજન્! યુદ્ધ ચાલતું હોય તે વેળા ધનુષ જ્યારે ભાંગી પડ્યું હોય, બીજાં સર્વ પ્રકારનાં આયુધો ખૂટી પડ્યાં હોય અને ઘોડાઓ પણ માર્યા ગયા હોય,ત્યારે કેવળ તરવારથીજ પોતાના યુદ્ધકુશલ શરીરનું સારી રીતે રક્ષણ કરી શકાય છે.[૨,૩] એટલુંજ નહિ પરંતુ તરવારને ધારણ કરનારો વીર પુરુષ, એકલો હોય તોપણ ધનુષ, ગદા અને શક્તિને ધારણ કરનારા અનેક પુરુષોને જીતવા માટે સમર્થ થઇ શકે છે.[૪] તો હે રાજા! એ વિષયમાં મને સંશય અને અત્યંત આશ્ચર્ય થાય છે કે, સર્વ પ્રકારનાં યુદ્ધોમાં કયું આયુધ શ્રેષ્ઠ ગણાય છે?[૫] વળી હે પિતામહ! હું પૂછું છું કે, તરવારની ઉત્પત્તિ કેવી રીતે થઈ? શામાટે અને કોણે તરવારને ઉત્પન્ન કરી? તેમજ એ ખડ્ગવિદ્યાનો પ્રથમ આચાર્ય કોણ? તે મને કહો."[૬]

વૈશંપાયને કહ્યું:–હે જનમેજય! માદ્રીના બુદ્ધિમાન પુત્રનું એ વચન સાંભળીને પિતામહ ભીષ્મે, કુશલતાભરેલો અને સૂક્ષ્મતા તથા વિચિત્રતાપૂર્ણ અર્થથી સંમત એવો આ પ્રમાણે ઉત્તર આપ્યો.[૭] હે ભરતવંશના જનમેજય! અસ્ત્રશિક્ષાસંપન્ન અને દ્રોણાચાર્યના શિષ્ય એવા નકુલને ભીષ્મપિતામહે જે ઉત્તર આપ્યો હતો, તે સ્પષ્ટ સ્વર અને સ્પષ્ટ વર્ણોથી યુક્ત હતો.[૮] સર્વ ધર્મોને જાણનારા, ધનુર્વેદના પારને પામેલા અને બાણશય્યામાં પોઢેલા ભીષ્મપિતામહે મહાત્મા નકુલને આ પ્રમાણે કહ્યું.[૯]

ભીષ્મ બોલ્યા:–હે માદ્રીના પુત્ર! તેં મને જે પ્રશ્ન પૂછ્યો છે તે વિષે હું તને કહું છું, સાંભળ. ખરેખર, (રુધિરથી છંટાયલા શરીરવાળા અને તેથીજ) ગૈરિક(ગેરુ) ધાતુવાળા પર્વત સમાન દેખાતા મને તેં (આ પ્રશ્ન પૂછીને) જાગ્રત કર્યો છે.[૧૦] હે તાત! સૃષ્ટિની પૂર્વે આ સર્વ વિશ્વ પાણીને લીધે કેવળ એક સમુદ્રના જેવું થઇ ગયું હતું, નિશ્ચેષ્ટ અથવા સ્તબ્ધ બની ગયું હતું, આકાશ કે પૃથ્વીનું નામનિશાન પણ રહ્યું ન હતું, સર્વ કંઈ અંધકારથી છવાઇ ગયું હતું, સ્પર્શ કરવાને માટે પણ અશક્ય થઇ પડ્યું હતું, અત્યંત ગંભીર દેખાવનું જણાતું હતું અને છેક નિઃશબ્દ તથા બુદ્ધિપ્રમાણથી રહિત થઈ પડ્યું હતું, તે વેળા જળના મધ્યપ્રદેશમાં બ્રહ્મદેવ ઉત્પન્ન થયા.[૧૧,૧૨] વીર્યવાન તે બ્રહ્મદેવે વાયુ, અગ્નિ, સૂર્ય, આકાશ ઉપરનો પ્રદેશ, નીચેનો પ્રદેશ, પૃથ્વી, યમ, ચંદ્ર, તારા, નક્ષત્રો, ગ્રહો, સંવત્સરો, ઋતુઓ, માસો, પક્ષો, લવો અને ક્ષણો–એ સર્વને ઉત્પન્ન કર્યા.[૧૩,૧૪] પછી ભગવાન બ્રહ્મદેવે, લૌકિક શરીર ધારણ કરીને મહાતેજસ્વી પુત્રો ઉત્પન્ન કર્યા.[૧૫] જેવાકે, મરીચિ, અત્રિ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, વસિષ્ઠ, અંગિરા અને સર્વના ઈશ્વર પ્રભુ રુદ્ર–વગેરે.[૧૬] પછી પ્રચેતાનાપુત્ર દક્ષે સાઠ કન્યાઓને ઉત્પન્ન કરી, કે જે કન્યાઓને બ્રહ્મર્ષિઓએ પ્રજા ઉત્પન્ન કરવા માટે પોતાની સ્ત્રીઓતરીકે સ્વીકારી.[૧૭] એટલે તેઓમાંથી સર્વ પ્રાણીઓ, દેવો, પિતૃઓ, ગંધર્વો, અપ્સરાઓ, રાક્ષસો, મૃગો, માછલાંઓ વાનરો, મોટા સર્પો, પક્ષીઓ, સર્વ જલવિહારી પ્રાણીઓ, સ્થલવિહારી પ્રાણીઓ, પૃથ્વીમાંથી ઉત્પન્ન થનારાં–ઉદ્‌ભિજ્જ પ્રાણીઓ, પરસેવામાંથી ઉત્પન્ન થનારાં–સ્વેદજ પ્રાણીઓ, ઇંડામાંથી ઉત્પન્ન થનારાં–અંડજ પ્રાણીઓ અને ઓળમાં વીંટાઇને ઉત્પન્ન થનારાં–જરાયુજ પ્રાણીઓ ઉત્પન્ન થયાં. હે તાત! આ રીતે સર્વ સ્થાવરજંગમ જગત ઉત્પન્ન થયું. [૧૮–૨૦] પછી સર્વ લોકના પિતામહ બ્રહ્મદેવે આ સર્વ ભૂતસૃષ્ટિને ઉત્પન્ન કરીને વેદોક્ત સનાતન ધર્મની સર્વત્ર યોજના કરી.[૨૧] એટલે સર્વ દેવો, આચાર્યો, પુરોહિતો, આદિત્યો, વસુઓ, રુદ્રો, સાધ્યો, મરુતો, અશ્વિનીકુમારો, ભૃગુ, અત્રિ, અંગિરા, સિદ્ધો, કશ્યપના તપોધન પુત્રો, વસિષ્ઠ, ગૌતમ, અગસ્ત્ય, નારદ, પર્વત, વાલખિલ્ય ઋષિઓ, પ્રભાસ, સિકત, ઘૃતપ, સોમ, વાયવ્ય, વૈશ્વાનર, મરીચિપ–વગેરે ઋષિઓ, અકૃષ્ટ, હંસ, અગ્નિયોનિ, વાનપ્રસ્થ અને પૃશ્નિ–વગેરે મુનિઓ, એ સનાતન ધર્મમાં સ્થિર રહીને બ્રહ્મદેવની આજ્ઞા પ્રમાણે વર્તવા લાગ્યા;[૨૧–૨૫] પરંતુ કે–

ટલાએક દાનવોના રાજાઓ, બ્રહ્મદેવની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને તથા ક્રોધ અને લોભને અધીન થઈને વેદોક્ત ધર્મનો નાશ કરવા લાગ્યા.[૨૬] હિરણ્યકશિપુ, હિરણ્યાક્ષ, વિરોચન, શંબર, વિપ્રચિત્તિ, પ્રહ્લાદ, નમુચિ, બલિ અને બીજા ઘણા દૈત્યો તથા દાનવો, ધર્મમર્યાદાનો નાશ કરીને તથા અધર્મ કરવાનોજ નિશ્ચય કરીને યથેષ્ટ આચરણ કરવા લાગ્યા.[૨૭,૨૮] તેઓ કહેવા લાગ્યા કે, "અમે અને દેવો એકજ કુળના છીએ, તેથી અમે પણ દેવોના જેટલીજ યોગ્યતા ધરાવીએ છીએ." આમ કહીને તેઓ દેવો અને ઋષિઓ સાથે સ્પર્ધા કરવા લાગ્યા.[૨૯] હે ભારત! તેઓ કોઈ પણ પ્રાણીનું પ્રિય કરતા ન હતા તેમ કોઇનાપર દયા પણ કરતા ન હતા. માત્ર દંડનોજ ઉપયોગ કરીને તથા સામ, દાન અને ભેદ—એ ત્રણે ઉપાયોનો ત્યાગ કરીને પ્રજાઓને પીડતા હતા. વળી તે મોટા મોટા અસુરો અભિમાનથી અક્કડ રહીને દેવોની સાથે વાર્તાલાપ પણ કરતા ન હતા. આવી સ્થિતિ પ્રાપ્ત થઇ એટલે સર્વ બ્રહ્મર્ષિઓ (એકઠા મળીને) બ્રહ્મદેવની પાસે ગયા.[૩૦,૩૧] તે સમયે દેવોમાં શ્રેષ્ઠ એવા ભગવાન બ્રહ્મદેવ, લોકોનું કાર્ય સિદ્ધ કરવા માટે હિમાલયના સુંદર શિખર ઉપર રહ્યા હતા, (તે શિખર એટલું બધું ઉંચું હતું,)જેથી તેની આસપાસ આવી રહેલા તારાઓ કમળોના જેવા દેખાતા હતા, તેનો વિસ્તાર લગભગ સો યોજનનો હતો, મણિઓ અને રત્નોના સમુદાયથી તે વ્યાપ્ત હતું અને તેના ઉપર પત્રપુષ્પોથી લચી રહેલાં અનેક વૃક્ષોવાળું વન આવી રહ્યું હતું.[૩૨,૩૩] એ શિખર ઉપર એક હજાર વર્ષપર્યંત રહ્યા પછી પ્રભુ બ્રહ્મદેવે, કલ્પસૂત્રોકત વિધિ પ્રમાણે યથાવત્ સામગ્રીઓથી યુકત એવો એક યજ્ઞ કરવાનો આરંભ કર્યો. એ યજ્ઞમાં, યથાવત કર્મ કરનારા યજ્ઞકુશલ ઋષિઓ આવ્યા હતા, સમિધોવડે તે યજ્ઞ વ્યાપ્ત થઇ રહ્યો હતો અને દેદીપ્યમાન અગ્નિઓવડે તથા સુવર્ણનાં પ્રકાશિત યજ્ઞપાત્રોવડે તે યજ્ઞ શોભી રહ્યો હતો. વળી ત્યાં—યજ્ઞમંડપમાં મોટા મોટા દેવો પણ આવ્યા હતા અને બ્રહ્મર્ષિઓ સદસ્ય થઈને બિરાજ્યા હતા, તેથી તે પ્રદેશ અત્યંત શોભી રહ્યો હતો. હે નકુલ! ઋષિઓના મુખથી મેં સાંભળ્યું છે કે, તે બ્રહ્મદેવના યજ્ઞમાં એક મહાઘોર બનાવ બન્યો હતો, તે હું તને કહું છું, સાંભળ.[૩૪–૩૭]

તારાઓનો જેમાં ઉદય થયો હોય તેવા સ્વચ્છ આકાશમાંથી જેમ ચંદ્રમા બહાર આવે છે, તેમ એ સમયે યજ્ઞમંડપમાં રહેલા અગ્નિના કુંડમાંથી, ચોતરફ અગ્નિને ઉછાળતું એક અદ્‌ભુત પ્રાણી બહાર નીકળ્યું, એમ અમે સાંભળ્યું છે. તેના શરીરનો વર્ણ કાળા કમળના જેવો હતો, તેની દાઢો તીક્ષ્ણ હતી, તેનું પેટ અત્યંત કૃશ હતું, તેનું શરીર અત્યંત ઉંચું હતું, તેનો પરાભવ કરવો અશકય હતો અને તેનું તેજ અપાર હતું.[૩૮,૩૯] એ પ્રાણી અગ્નિકુંડમાંથી જ્યારે બહાર નીકળ્યું, ત્યારે આખી પૃથ્વી એકદમ ધણધણી ગઇ, સમુદ્રની અંદર મોટાં મોજાંઓ ઉછળવા લાગ્યાં અને ઘુમરીઓ પડવા લાગી, આકાશમાંથી મોટા મોટા અંગારાઓ ખરવા લાગ્યા, સર્વત્ર મોટા ઉત્પાતો થવા લાગ્યા, વૃક્ષોની શાખાઓ પડી ભાંગી, સર્વ દિશાઓમાં ખળભળાટ થઇ રહ્યો, કઠોર પવન ફુંકાવા લાગ્યો અને સર્વ પ્રાણીઓ વારંવાર ભયથી કંપી જવા લાગ્યાં. તે પછી એ ભયંકર પ્રાણીને યજ્ઞમંડપમાં ઉપસ્થિત થયેલું જોઈ, પિતામહ બ્રહ્મદેવ સર્વ મહર્ષિઓને, દેવોને તથા ગંધર્વોને આ પ્રમાણે કહેવા લાગ્યા. "લોકોનું રક્ષણ કરવા માટે અને અસુરોનો વધ કરવામાટે મેં આવા પ્રાણીનેજ ઉત્પન્ન કવાનો વિચાર કર્યો હતો તેને પરિણામે આ વીર્યવાન પ્રાણી ઉત્પન્ન થયું છે. તેનું નામ "અસિ" છે. બ્રહ્મદેવે એ પ્રમાણે કહ્યું, તે પછી પેલા પ્રાણીએ પોતાનું અદ્‌ભુત રૂપ છોડી દીધું અને ઉદય પામેલા કાળની પેઠે તીક્ષ્ણ ધારાવાળી નિર્મળ તરવાર થઇને તે પ્રકાશવા લાગ્યું, એટલે બ્રહ્મદેવે અધર્મનું વારણ કરનારી તે તીક્ષ્ણ તરવાર, શ્યામ કંઠવાળા વૃષભધ્વજ રુદ્રદેવને અર્પણ કરી. પછી મોટા મોટા ઋષિઓ જેમની સ્તુતિ કરી રહ્યા હતા, એવા ભગવાન રુ-

દ્રદેવે, તે તરવાર હાથમાં લઇને બીજા પ્રકારનુંજ સ્વરૂપ ધારણ કર્યું. તુરતજ તેમનું શરીર ચાર બાહુઓવાળું થઇ ગયું અને તેઓ પોતે પૃથ્વીપર ઉભા હતા છતાં મસ્તકથી સૂર્યને અડકવા લાગ્યા.[૪૦,૪૭] તેમની દૃષ્ટિ ઊર્ધ્વ હતી, તેમનું લિંગ ઘણું મોટું હતું, તેમના મુખમાંથી જ્વાળાઓ નીકળી રહી હતી અને તેમનું શરીર કાળા, ધોળા, લાલ–એમ અનેક વર્ણોને બદલ્યા કરતું હતું.[૪૮] તેમણે સુવર્ણના સુંદર સતારાવાળું કાળું મૃગચર્મ પહેર્યું હતું, તેમના લલાટમાં સૂર્યસમાન પ્રભાવાળું એક નેત્ર પ્રકાશી રહ્યું હતું અને તેમનાં બીજાં બે નેત્રો પણ કાળા અને પિંગળા વર્ણનાં હોઇને અત્યંત પ્રકાશી રહ્યાં હતાં.

પછી ભગદેવના નેત્રનો નાશ કરનારા ત્રિશૂળધારી ભગવાન મહાદેવ, પ્રલયકાળના અગ્નિસમાન તેજવાળી તે તરવારને હાથમાં લઈને અને વિજળીવાળા મેઘના જેવી દેખાતી ત્રણ ખૂણાવાળી ઢાલને બીજા હાથમાં ઉંચી રાખીને અતિશય બળ અને પરાક્રમપૂર્વક અનેક ગતિઓ કરી દેખાડીને આમતેમ ઘુમવા લાગ્યા; તેમજ યુદ્ધ કરવાની ઇચ્છાથી તરવારને આકાશમાં ઘુમાવતા ઘુમાવતા મોટી મોટી ગર્જનાઓ કરવા લાગ્યા અને મોટેથી હસવા લાગ્યા.[૪૯–૫૨] હે ભરતવંશના નકુલ! તે વેળા રુદ્રદેવનું સ્વરૂપ મહા ભયંકર દેખાતું હતું અને તેઓ પંડે પણ એ સ્વરૂપ ધારણ કરીને કોઇ રૌદ્ર કર્મ કરવા માટે તૈયાર થઇ ગયા હતા.[૫૩] પછી સર્વ દાનવોએ સાંભળ્યું કે, રુદ્રદેવ યુદ્ધમાટે સજ્જ થઇ ગયા છે, એટલે તેઓ તુરતજ તેમની સામા ધસી ગયા અને પથ્થરો, બળતા અંગારાઓ તથા સંજૈયા જેવી તીક્ષ્ણ ધારવાળાં બીજાં ઘોર લોખંડી શસ્ત્રોની તેમના ઉપર વૃષ્ટિ કરવા લાગ્યા; પરંતુ મહાબળવાન રુદ્રદેવ લગારે ડગ્યા વિના, હાથમાં તરવાર લઈને ઘણી ઝડપથી યુદ્ધમાં જ્યારે ઘુમવા લાગ્યા, ત્યારે તેમના અદ્ભુત સ્વરૂપને જોઈને દાનવસૈન્ય, અત્યંત ગભરાઇ ગયું અને ખળભળી ગયું.[૫૪–૫૬] એ યુદ્ધમાં રુદ્રદેવ એકલાજ હતા, તોપણ હાથમાં તરવાર લઈને એવા ઉતાવળે પગે અને આશ્ચર્ય થાય તેમ ઘૂમતા હતા જેથી સર્વ અસુરો તેમને હજારો સ્વરૂપે જોવા લાગ્યા. વળી અગ્નિ જેમ ઘાસમાં સંચાર કરે, તેમ શત્રુઓનાં ટોળાંઓમાં ઘુમી વળીને ભગવાન રુદ્ર કેટલાએક અસુરોને કાપી નાખતા હતા, કેટલાએકને ચીરી નાખતા હતા, કેટલાએકને ઘાયલ કરતા હતા, કેટલાએકના કટકા કરી નાખતા હતા, કેટલાએકને ઉભા ને ઉભા ફાડી નાખતા હતા અને કેટલાએકને જમીન ઉપર પટકી પાડતા હતા. વળી તે યુદ્ધમાં રુદ્રદેવની તરવાર એટલા બધા વેગથી ઘુમતી હતી, જેથી ઘણા મહાબળવાન અસુરો છિન્નભિન્ન થઇ ગયા, ઘણાઓના બાહુઓ કપાઇ ગયા અને ઘણાઓના ઉરુઓ, વક્ષઃસ્થલો અને આંતરડાં રણભૂમિપર વિખરાઈ પડ્યાં. તેમજ બીજા કેટલાએક દાનવો તો તરવારના પ્રહારથી પીડાઇને રણમાંથી પલાયન કરી ગયા.[૫૭–૫૯] કેટલાએક અન્યોન્ય સામે ગર્જનાઓ કરતા દિશાઓમાં નાસી ગયા, કેટલાએક પૃથ્વીમાં પેસી ગયા, કેટલાએક પર્વતો ઉપર ચઢી ગયા, કેટલાએક આકાશમાં ચાલ્યા ગયા અને કેટલાએક પાણીમાં પેસી ગયા. આ રીતે અત્યંત દારુણ એવો તે મહાન સંગ્રામ ચાલી રહ્યો હતો, તે વેળા પૃથ્વી અત્યંત ભયંકર થઈ પડી અને તેના ઉપર માંસ તથા રુધિરનો કીચડ થઈ ગયો. હે મોટી ભુજાઓવાળા નકુલ! રુધિરથી છંટાયલાં દાનવોનાં શરીરો રણભૂમિપર ઠેકઠેકાણે પડ્યાં હતાં તેથી પુષ્પોથી ખીલી નીકળેલા ખાખરાઓવાળા પર્વતોવડે જેમ વનભૂમિ શોભે, તેમ તે રણભૂમિ શોભી રહી હતી. એ પ્રમાણે દાનવોનો સંહાર કરીને ભગવાન રુદ્રે, જગતમાં ધર્મની વૃદ્ધિ કરી અને પછી તે મંગળમૂર્તિ મહાદેવે રૌદ્રસ્વરૂપનો ત્યાગ કરીને શિવસ્વરૂપ ધારણ કર્યું. ત્યારે, સર્વ મહર્ષિઓ અને દેવગણો, અતિ આશ્ચર્યકારક વિજય સંપાદન કરીને દેવના દેવ શંકરનું પૂજન–અર્ચન કરવા લાગ્યા. તે વેળા ભગવાન રુદ્રે, અસુરોના રુધિરથી ખરડાયલી અને ધર્મનું રક્ષણ કરનારી તે તરવાર સત્કારપૂર્વક વિષ્ણુને

અર્પણ કરી. તે પછી વિષ્ણુએ તે તરવાર મરીચિને આપી, ભગવાન મરીચિએ મહર્ષિઓને આપી, મહર્ષિઓએ ઇંદ્રને આપી અને ઇંદ્રે લોકપાલોને આપી.હે પુત્ર નકુલ! સર્વ લોકપાલોએ, તે વિશાળ તરવાર સૂર્યના પુત્ર મનુને આપી અને તેને કહ્યું કેઃ–“તું સર્વ મનુષ્યોનો રાજા થયો છે, માટે તું આ ધર્મરક્ષક તરવારને ધારણ કરીને પ્રજાઓનું પાલન કર અને જે લોકો શરીર તથા મનને સુખ ઉપજાવવા માટે ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરી ગયા છે,તેઓને યથાયોગ્ય શિક્ષા કરીને તારે ધર્માનુસાર પ્રજાઓનું રક્ષણ કરવું;પરંતુ યાદ રાખવું કે,જેઓ અધર્મી હોય તેઓનેજ તારે શિક્ષા કરવી, પણ પોતાની ઈચ્છા પ્રમાણે હરકોઇને શિક્ષા કરવી નહિ.(આ જગતમાં જેઓ અપરાધ કરે છે, તેઓને ચાર પ્રકારે શિક્ષા થઈ શકે છે. જેમકે) સામાન્ય અપરાધીને તીક્ષ્ણ વચનો કહીને શિક્ષા કરવી,તેના કરતાં કંઈક વિશેષ અપરાધીને સુવર્ણાદિક દ્રવ્યદંડથી શિક્ષા કરવી, એથી વિશેષ અપરાધ કરનારાને શરીરના કોઈ અવયવો કાપી લઇને શિક્ષા કરવી અને ઘણોજ મોટો અપરાધ કરનારાને દેહાંતદંડની શિક્ષા કરવી. આ ચારે પ્રકારની શિક્ષાઓ તરવારનાંજ સ્વરૂપો છે, એમ જાણવું.”[૭૦–૭૧] લોકપાલોના એ વચનને માન્ય કરીને તથા તરવારનાં ચારે સ્વરૂપોને જાણીને મનુએ ધર્મમર્યાદાનું સારી પેઠે રક્ષણ કર્યું ને પછી પોતાના પુત્ર ક્ષુપને પ્રજાઓનો રાજા બનાવીને પ્રજાઓનું રક્ષણ કરવા માટે તે તરવાર તેને અર્પણ કરી. પછી એ ક્ષુપની પાસેથી ઇક્ષ્વાકુએ તે તરવારને લીધી, ઇક્ષ્વાકુ પાસેથી પુરુરવાએ લીધી, પુરુરવા પાસેથી આયુએ લીધી, આયુ પાસેથી નહુષે લીધી, નહુષ પાસેથી યયાતિએ લીધી, યયાતિ પાસેથી પૂરુએ લીધી,પૂરુ પાસેથી અમૂર્તરયસ રાજાએ તે તરવાર લીધી, અમૂર્તરયસ્ પાસેથી ભૂમિશય રાજાએ લીધી, ભૂમિશય પાસેથી દુષ્યંતના પુત્ર ભરતે લીધી, ભરત પાસેથી ધર્મવેત્તા રાજા ઐલવિલે લીધી, અલવિલ પાસેથી ધુંધુમાર રાજાએ લીધી,ધુંધુમાર પાસેથી કાંબોજ રાજાને તે તરવાર મળી, કાંબોજ પાસેથી મુચુકુંદ રાજાને મળી, મુચુકુંદ પાસેથી મરુત્ત રાજાને મળી, મરુત્ત પાસેથી રૈવત રાજાને તે તરવાર મળી, રૈવત રાજાએ યુવનાશ્વને આપી, યુવનાશ્વે રઘુરાજાને આપી, રઘુએ ઇશ્વાકુવંશના પ્રતાપી રાજા હરિણાશ્વને તે તરવાર આપી, હરિણાશ્વે શુનકને આપી, શુનકે ધર્માત્મા ઉશીનરને આપી, ઉશીનરે યદુવંશી ભોજ રાજાને આપી, ભોજે શિબિરાજાને આપી, શિબિએ પ્રતર્દન રાજાને આપી, પ્રતર્દને અષ્ટકરાજાને આપી, અષ્ટકે પૃષદશ્વ રાજાને આપી, પૃષદશ્વે ભરદ્વાજને આપી, ભરદ્વાજે દ્રોણાચાર્યને આપી, દ્રોણાચાર્યે કૃપાચાર્યને આપી અને કૃપાચાર્યે તને તથા તારા ભાઇઓને એ તરવાર આપી છે.[૭૨–૮૧] તે તરવારનું નક્ષત્ર કૃત્તિકા છે, દેવતા અગ્નિ છે, ગોત્ર રોહિણી છે અને તેના પ્રથમ આચાર્ય રુદ્ર છે.[૮૨] હે પાંડુપુત્ર! તરવારનાં ગુપ્ત નામો આઠ છે, તે હું તને કહું છું, સાંભળ; કેમકે એ આઠ નામોનું સ્મરણ કરવાથી મનુષ્યને વિજય મળે છે.[૮૩] અસિ, વિશસન, ખડ્ગ, તીક્ષ્ણધાર, દુરાસદ, શ્રીગર્ભ, વિજય અને ધર્મપાલ. (આ આઠ નામોનું યુદ્ધસમયે સ્મરણ કરવું.)[૮૪] હે માદ્રીના પુત્ર! સર્વ પ્રકારનાં આયુધોમાં તરવાર એ ઉત્તમ આયુધ છે; કેમકે મહેશ્વર પોતેજ તેના આદિગુરુ છે, એમ પુરાણોમાં નિશ્ચય કર્યો છે.[૮૫] ધનુષની ઉત્પત્તિ તો શત્રુદમન પૃથુ રાજાએ કરી છે અને તેણે ધનુષ્યના સાધનથી આ પૃથ્વીમાંથી અનેક પ્રકારનાં ધાન્ય દોહ્યાં હતાં. વેનના પુત્ર પૃથુરાજાએ, પૂર્વકાળમાં ધર્માનુસાર પૃથ્વીનું રક્ષણ કર્યું હતું,[૮૬] એમ ઋષિઓએ પંડે કહ્યું છે; માટે એ વાતને તારે પ્રમાણ ગણવી યોગ્ય છે. જેઓ યુદ્ધવિદ્યામાં કુશલ હોય, તેઓએ હમેશાં તરવારની પૂજા કરવી જોઇએ.[૮૭] હે ભરતશ્રેષ્ઠ નકુલ! એ પ્રમાણે તરવારની ઉત્પત્તિવિષેનો પ્રાચીન ઇતિહાસ મેં તને વિસ્તારથી યથાવત્ કહી સંભળાવ્યો.[૮૮] જે પુરુષ તરવારરૂપી સાધનના આ ઉત્તમ વૃત્તાંતનું શ્રવણ કરે છે, તેને આ લોકમાં કીર્તિ મળે છે અને મુવા પછી પરલોકમાં અનંત ફળ મળે છે.”[૮૯]

અધ્યાય ૧૬૬ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૭ મો

ષડ્જગીતા-ધર્માદિ ત્રિવર્ગનું કથન

॥ वैशंपायन उवाच ॥
इत्युक्तवति भीष्मे तु तूर्णींभूते युधिष्ठिरः ॥
पप्रच्छावसथं गत्वा भ्रातॄन् विदुरपंचमान् ॥१॥

વૈશંપાયને કહ્યું:-"હે જનમેજય! એ પ્રમાણે કહીને ભીષ્મ પિતામહ શાંત (બોલતા બંધ) થયા, એટલે યુધિષ્ઠિર રાજા (ત્યાંથી ઉઠીને) પોતાને ઘેર ગયા; અને ત્યાં જઈને તેમણે વિદુરને તથા ચારે ભાઈઓને પૂછ્યું કે:-[૧] "ધર્મ, અર્થ અને કામ-એ ત્રણેમાં લોભવૃત્તિ સારી પેઠે રહેલી છે, તો પછી તે ત્રણેમાં કોણ ઉત્તમ? કોણ મધ્યમ? અને કોણ અધમ?[૨] વળી કામ, ક્રોધ અને લોભનો વિજય કરવા માટે એ ત્રિવર્ગમાંથી કોને વિષે આત્માને સ્થિર કરવો-અર્થાત્ કોનું આચરણ કરવું? તે તમે હર્ષપૂર્વક અને નિશ્ચયપૂર્વક યથાવત મને કહો."[૩]

યુધિષ્ઠિરનાં એ વચન સાંભળ્યા પછી અર્થશાસ્ત્રના તત્ત્વને જાણનારા અને બુદ્ધિમાન એવા વિદુરે, ધર્મશાસ્ત્રનું સ્મરણ કરીને સૌની પહેલાં આ પ્રમાણે કહેવા માંડયું.[૪]

વિદુરે કહ્યુઃ-"અતિશય વિદ્વત્તા, તપ, દાન, શ્રદ્ધા, યજ્ઞક્રિયા, ક્ષમા, નિષ્કપટીપણું, દયા, સત્ય અને સંયમ-આ દશ ગુણો ધર્મના ઐશ્વર્યરૂપ ગણાય છે;[૫] માટે હે રાજા! એ દશ ગુણોનોજ તમે આશ્રય કરો. તમારા મનને એ ગુણોમાંથી ચલાયમાન ન થવા દ્યો; કેમકે એ દશે ગુણો, ધર્મ તથા અર્થના મૂળ કહેવાય છે અને મેં પોતે પણ મુખ્યત્વે કરી એ દશ ગુણોનોજ આશ્રય કર્યો છે.[૬] તેમજ ધર્મથીજ સર્વ ઋષિઓ સંસારને તરી ગયા છે, ધર્મને આધારે લોકો ટકી રહ્યા છે, ધર્મથીજ દેવોનો અભ્યુદય થયો છે અને ધર્મમાંજ અર્થનો (ધનનો) સમાવેશ થઈ જાય છે;[૭] માટે હે રાજા! ધર્મજ સૌના કરતાં શ્રેષ્ઠ છે, અર્થ મધ્યમ છે અને કામ કનિષ્ઠ છે, એમ વિદ્વાનો કહે છે.[૮] આમ સમજીને તમારે ધર્મ કરવામાંજ મનને સ્થિર કરવું અને સર્વ પ્રાણીઓને પોતાના સમાનજ ગણીને તેઓ તરફ વર્તન રાખવું."[૯]

વૈશંપાયને કહ્યું:-હે જનમેજય! એ પ્રમાણે કહીને વિદુર, બોલતા બંધ થયા એટલે અર્થશાસ્ત્રમાં કુશળ અને ધર્મ તથા અર્થનો તત્ત્વવેત્તા અર્જુન, ધર્મરાજાની પ્રેરણાથી બોલી ઉઠયો.

અર્જુને કહ્યું:-"હે રાજન્! આ પૃથ્વી કર્મભૂમિ કહેવાય છે, માટે આ પૃથ્વીપર જન્મ ધરીને મનુષ્યે પોતાના જીવનને માટે હરકોઇ પ્રકારનો ઉદ્યમ કરવો તેજ વખાણવા યોગ્ય છે. ખેતી, વ્યાપાર, ગોરક્ષા અને બીજી અનેક પ્રકારની કળાઓ-એ સર્વ કર્મોની મર્યાદા એજ છે કે, તે તે કર્મોદ્વારા કેવળ અર્થજ સંપાદન કરવો. શ્રુતિ પણ કહે છે કે, અર્થવિના ધર્મ કે કામની સ્થિતિજ નથી.[૧૧,૧૨] જે પુરુષ અર્થવાન (ધનવાન) હોય છે, તે ઉત્તમ પ્રકારે ધર્મનું આચરણ કરી શકે છે અને બીજા અકુશલાત્મા પુરુષોને દુર્લભ એવા કામનું પણ યથાયોગ્ય સેવન કરી શકે છે.[૧૩] આવા આશયથીજ શ્રુતિમાં કહ્યું છે કે:-"ધર્મ અને કામ અર્થના અવયવરૂપ છે." જો અર્થની સિદ્ધિ થાય છે તો ધર્મ અને કામ બન્ને સિદ્ધ થઈ શકે છે.[૧૪] જે પુરુષની પાસે ધન હોય છે તેની મોટા કુળવાન પુરુષો પણ, પ્રાણીઓ જેમ બ્રહ્મદેવની ઉપાસના કરે છે તેમ નિરંતર સેવા કર્યા કરે છે.[૧૫] જેઓ જટા અને મૃગચર્મને ધારણ કરનારા હોય છે, જેઓ દમ ગુણને ધારણ કરનારા હોય છે, જેઓ આખે શરીરે કાદવથી ખરડાયલા હોય છે, જેઓ જિતેન્દ્રિય હોય છે, જેઓએ મસ્તક મુંડાવી નાખ્યાં હોય છે અને જેઓ નૈષ્ઠિક બ્રહ્મચારી હોય છે, તેઓ પણ ભિન્ન ભિન્ન પ્રકારે અર્થનીજ અપેક્ષા રાખનારા હોય છે;[૧૬] તેમજ જેઓએ ભગવાં વસ્ત્ર પહેરી લીધાં હોય છે, મોટી મોટી દાઢીઓ વધારી હોય છે, જેઓ લજ્જાશીલ હોય છે, વિદ્વાન હોય છે, શાંત હોય છે અને સર્વ પરિગ્રહનો ત્યાગ કરનારા હોય છે-તેઓ સર્વેની દશા તો એજ હોય છે કે, તેમાંથી કેટલાએક પોતપોતાના ધર્મનું આચરણ

કરીને ધનની ઇચ્છા રાખે છે, કેટલાએક સ્વર્ગની ઇચ્છા રાખે છે અને કેટલાએક કુલવૃદ્ધિની ઈચ્છા રાખે છે-અર્થાત્ તેઓ સર્વને જૂદા જૂદા પ્રકારના અર્થનીજ ઇચ્છા હોય છે.[૧૭,૧૮] તાત્પર્ય કે, જેઓ આસ્તિક છે, નાસ્તિક છે કે ઉત્તમ પ્રકારના સંયમને પાળનારા છે-તેઓ બધા પણ એમજ માને છે કે, અર્થશાસ્ત્રની શ્રેષ્ઠતા જણાવનારૂં જે જ્ઞાન તે પ્રકાશરૂપ છે અને તેની શ્રેષ્ઠતા નહિ જણાવનારૂં જે જ્ઞાન તે અંધકારરૂપ છે.[૧૯] હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ રાજા! જે પુરુષ, પોતાના પોષ્યવર્ગને ભોગસંપન્ન બનાવી દે છે અને શત્રુઓને શિક્ષા કરી શકે છે, તેજ પુરુષ ખરો અર્થવાન છે, આવો મારો યથાર્થ મત છે. હવે આ નકુલ અને સહદેવ, કે જેઓ પોતાના મત જણાવવા માટે ઉત્સુક બની ગયા છે તેઓનાં વચનોને તમે સાંભળો."[૨૦]

વૈશંપાયને કહ્યું:-હે જનમેજય! તે પછી ધર્મ અને અર્થમાં કુશલ એવા માદ્રીના બન્ને પુત્ર નકુલ અને સહદેવ, યુધિષ્ઠિરને કહેવા લાગ્યા.[૨૧]

નકુલ-સહદેવ બોલ્યા:- "પ્રત્યેક મનુષ્યે બેસતાં, સૂતાં, ફરતાં કે ઉભા રહેતાં હરકોઈ નાનામોટા ઉપાયો યોજીને અર્થ સંપાદન કરવાનોજ દૃઢ યોગ સાધવો જોઇએ;[૨૨] કેમકે પરમપ્રિય અને દુર્લભ એવું ધન જેવું પ્રાપ્ત થાય છે, કે તુરતજ મનુષ્યના સર્વ મનોરથો પૂર્ણ થાય છે, એ વાત પ્રત્યક્ષ છે અને સંશયરહિત છે.[૨૩] જે અર્થ, ધર્મથી યુક્ત હોય છે અને જે ધર્મ અર્થથી યુક્ત હોય છે તે તમને અમૃતતુલ્ય થશે, એમ અમે બન્ને જણા માનીએ છીએ.[૨૪] જે પુરુષની પાસે અર્થ નથી તેને કામભોગ મળી શકતો નથી અને જે પુરુષ ધર્મહીન હોય છે તેને અર્થનો લાભ થતો નથી; તેમજ જે પુરુષ ધર્મ તથા અર્થથી રહિત હોય છે, તેનાથી તો આ લોક કંટાળીજ જાય છે;[૨૫] માટે ધર્મનું પ્રદાન કરીને પણ જિતાત્મા પુરુષે અર્થ સંપાદન કરવો. આ અમારા વચન ઉપર જેઓ વિશ્વાસ રાખે છે, તેઓ સર્વ વસ્તુઓને મેળવવા માટે સમર્થ થઈ શકે છે.[૨૬] જે પુરુષ સૌની પહેલાં ધર્મનું આચરણ કરે છે, પછી ધર્મપૂર્વક અર્થ સંપાદન કરે છે અને પછી કામનું સેવન કરે છે, તે પુરુષ સંપૂર્ણ સિદ્ધાર્થ થઇ શકે છે."[૨૭]

વૈશંપાયને કહ્યું:-એ રીતે કહીને નકુલ અને સહદેવ વિરામ પામ્યા, એટલે ભીમસેને બોલવાનો આરંભ કર્યો.[૨૮]

ભીમસેને કહ્યું:-"કામરહિત પુરુષ અર્થની અભિલાષા કરતો નથી, કામરહિત પુરુષ ધર્મની ઇચ્છા કરતો નથી અને કામરહિત પુરુષ કોઇ જાતની કામનાને પણ ઇચ્છતો નથી; માટે સર્વ પુરુષાર્થોમાં કામજ શ્રેષ્ઠ છે.[૨૯] ઋષિઓ પાંદડાં, ફળ અને મૂળોનો આહાર કરીને અથવા વાયુનું ભક્ષણ કરીને અત્યંત નિયમનિષ્ઠ રહે છે અને તપ કરવામાંજ સાવધાન રહે છે,તેનું કારણ એજ છે કે, તેઓ અમુક પ્રકારના કામથી યુક્ત હોય છે.[૩૦] વળી જેઓ વેદો તથા ઉપવેદોનું અધ્યયન કરવામાં તત્પર રહે છે, કેટલાએક સ્વાધ્યાયનું સંપૂર્ણ પઠનપાઠન કરે છે, જેઓ શ્રાદ્ધ અને યજ્ઞક્રિયાઓ કર્યા કરે છે, જેઓ દાન આપે છે, પ્રતિગ્રહ કરે છે (દાન લે છે), વ્યાપાર કરે છે, ખેતી કરે છે, ગાયો પાળે છે, કારીગરી કરે છે, કળાઓ શીખે છે અને દેવક્રિયાઓ કરે છે, તેઓ બધા કેવળ કામનેજ અધીન થઇને પોતપોતાનાં કર્મો કર્યા કરે છે.[૩૦,૩૨] અરે! એટલુંજ નહિ પણ કેટલાએક કામવાસિત પુરુષો પોતાની કામનાને સિદ્ધ કરવા માટે સમુદ્રમાં પણ પ્રવેશ કરે છે; માટે જણાય છે કે, કામનું સ્વરૂપ અનેક પ્રકારનું છે અને તેનાવડે આ સમગ્ર જગત વ્યાપ્ત થઇ રહ્યું છે.[૩૩] હે મહારાજા! આ જગતમાં એવું એક પણ પ્રાણી ભૂતકાળમાં થયું નથી, વર્તમાનમાં છે નહિ અને ભવિષ્યમાં થશે પણ નહિ, કે જે કામવાસનાથી મુકત હોય; માટે કામજ સર્વના કરતાં શ્રેષ્ઠ છે અને ધર્મ તથા અર્થનો પણ કામમાંજ સમાવેશ થઇ જાય છે.[૩૪] જેમ માખણ દહીંના સારભૂત હોઇને ઉત્તમ છે, તેમ કામ પણ ધર્મ-અર્થના સારભૂત હોઇને ઉત્તમ છે. વળી જેમ તલમાંથી નીકળેલું તેલ

ખોળના કરતાં શ્રેષ્ઠ છે, ઘી છાશના કરતાં શ્રેષ્ઠ છે અને પુષ્પ તથા ફળ કાષ્ઠના કરતાં શ્રેષ્ઠ છે, તેમ કામ, ધર્મ તથા અર્થના કરતાં શ્રેષ્ઠ છે. જે પ્રમાણે પુષ્પના કરતાં તેનો મકરંદ રસ ઉત્તમ ગણાય છે, તે પ્રમાણે કામ, ધર્મ અને અર્થના કરતાં ઉત્તમ ગણાય છે; એટલુંજ નહિ પણ ધર્મ અને અર્થનું ઉત્પત્તિસ્થાન કામજ છે; અથવા કામ એ ધર્મ તથા અર્થનું સ્વરૂપજ છે.[૩૫,૩૬] જો કામ ન હોય તો કેવળ અર્થના સંબંધથીજ બ્રાહ્મણો મિષ્ટાન્ન મેળવી શકે નહિ, જો કામ ન હોય તો બ્રાહ્મણોને કોઇ કંઇ આપે નહિ અને જો કામ ન હોય તો જગતમાં અનેક પ્રકારની લોકચેષ્ટાઓ પણ થઈ શકે નહિ; માટે ધર્માદિ ત્રિવર્ગમાં કામજ સર્વના કરતાં ઉત્તમ છે.[૩૭] આમ સમજીને હે રાજા! તમે કામનોજ સ્વીકાર કરીને સુંદર વસ્ત્રાલંકારોને ધારણ કરનારી અને પ્રિય દેખાવવાળી મદોત્કટ સ્ત્રીઓની સાથે રમણ કર્યા કરો; કેમકે આપણે ક્ષત્રિયો કામનેજ શ્રેષ્ઠ માનનારા છીએ.[૩૮] હે ધર્મપુત્ર! સર્વ પ્રકારની પરિસ્થિતિની સારી પેઠે શોધ કર્યા પછીજ હું આવા દૃઢ નિશ્ચય ઉપર આવ્યો છું, માટે એ વિષે હવે તમે વિચારજ કરો મા; કારણ કે મારૂં આ વચન સત્પુરુષોએ માન્ય કરેલું છે, સારવાળું છે અને અતિશય સૌમ્ય છે.[૩૯] પ્રત્યેક પુરુષે ધર્મ, અર્થ અને કામનું સમાનરીતેજ સેવન કરવું જોઇએ. જે પુરુષ કેવળ એકનુંજ સેવન કરે છે તે તો અધમજ છે, બે પુરુષાર્થોનું સેવન કરે છે તે મધ્યમ છે અને ત્રણે પુરુષાર્થોનું સેવન કરે છે તે ઉત્તમ છે, એમ વિદ્વાનો કહે છે"[૪૦]

આ રીતે પોતાના વીર ભાઇઓને સંક્ષેપમાં અને વિસ્તારમાં કહી સંભળાવીને નિષ્કપટ હૃદયવાળો, ઉત્તમ ચંદનનું શરીરે લેપન કરનારો અને સુંદર પુષ્પો તથા અલંકારોને ધારણ કરનારો બુદ્ધિમાન ભીમસેન બોલતો બંધ થયો.[૪૧] તે પછી એક મુહૂર્ત જેટલા સમયસુધી તેઓનાં વાક્યોનો સારી રીતે વિચાર કરીને શાસ્ત્રશ્રવણ કરનારા ધાર્મિક પુરુષોમાં શ્રેષ્ઠ રાજા યુધિષ્ઠિર, લગાર હસીને સત્ય ભાષણ કરવા લાગ્યા.[૪૨]

યુધિષ્ઠિરે કહ્યું:-"ધર્મશાસ્ત્રના સિદ્ધાંતને તથા પ્રમાણોને જાણનારા તમે સર્વેએ મને જિજ્ઞાસુને જે વાક્યો કહ્યાં છે તે ખરેખર, સિદ્ધાંતરૂપ છે અને તેનું મેં શ્રવણ પણ કર્યું છે, તોપણ હવે હું તેવિષે જે કંઈ કહું છું તેને તમે એકાગ્રચિત્તે અવશ્ય સાંભળો.[૪૩] જે મનુષ્ય પાપમાં, પુણ્યમાં, ધર્મમાં, અર્થમાં કે કામમાં આસક્તિ રાખતો નથી, સર્વ દોષોથી રહિત છે અને માટીના ઢેફામાં તથા સુવર્ણમાં પણ સમાન દૃષ્ટિ રાખનારો છે, તે મનુષ્ય સુખદુ:ખ આદિને પ્રાપ્તિ કરાવનારાં સર્વ પ્રકારનાં કર્મોથી મુક્ત થાય છે.[૪૪] આ જગતનાં સર્વ પ્રાણીઓ જન્મમરણના સ્વભાવવાળાં છે, વૃદ્ધાવસ્થા આદિ વિકારોથી યુક્ત છે અને વારંવાર તે તે વિકારોદ્વારા મોક્ષ મેળવવા માટે જાગ્રત્ થઈને મોક્ષની પ્રશંસા પણ કરે છે પરંતુ મોક્ષ એ શી વસ્તુ છે; એ વિષે આપણે જાણતા નથી.[૪૫] ભગવાન સ્વયંભૂએ કહ્યું છે કે, જે મનુષ્ય સ્નેહપાશથી યુક્ત છે, તેને મોક્ષ મળતો નથી; માટેજ વિદ્વાનો (રાગદ્વેષનો ત્યાગ કરીને) મોક્ષ મેળવવા માટે તત્પર રહે છે (અને કહે છે કે) કોઇનું પ્રિય કે અપ્રિય કરવું નહિ.[૪૬] સર્વ મનુષ્યે આ પ્રમાણે માનવું તેજ ઉત્તમ છે કે, "હું જે કંઈ કરૂં છું તે મારી પોતાની ઈચ્છાથી કરતો નથી, પણ દૈવે મને જે પ્રમાણે પ્રેરણા કરી છે તે પ્રમાણે હું કરૂં છું." કારણ કે જગતનાં સર્વ પ્રાણીઓને દૈવજ પ્રેરણા કરે છે અને દૈવજ સર્વના કરતાં વધારે બળવાન છે, એમ તમારે જાણવું.[૪૭] જે પદાર્થ મહાદુર્લભ છે, તેને કર્મ કરવાથી મેળવી શકાતો નથી; પણ જે થવાનું હોય છે તેજ થાય છે, એમ તમે જાણો. જે પુરુષ ધર્માર્થકામરૂપ ત્રિવર્ગથી રહિત હોય તોપણ જો અધિકારી હોય છે તો તેને મોક્ષમાટેનું ગુપ્ત જ્ઞાન અવશ્ય મળેજ છે અને તે દ્વારા તે, મોક્ષને પણ પામે છે."[૪૮]

વૈશંપાયને કહ્યું:-હે જનમેજય! યુધિષ્ઠિરે કહેલાં એ હેતુગર્ભિત અને મનગમતાં ઉત્તમ વચનો સાંભળીને, તેઓ સર્વે અત્યંત આનંદ-

પૂર્વક ગર્જનાઓ કરવા લાગ્યા અને કુરુવીર યુધિષ્ઠિર રાજાને પ્રણામ કરવા લાગ્યા.[૪૯] વળી હે રાજા! સુંદર વર્ણો (વ્યંજનો) તથા અક્ષરો-(સ્વરો) ના યથાયોગ્ય વિન્યાસથી શોભી રહેલી, મનને પ્રિય લાગે તેવી અને કઠોર વાક્યોરૂપી કાંટાઓથી રહિત એવી તે યુધિષ્ઠિરની વાણી સાંભળીને, (ત્યાં બેઠેલા) સર્વ રાજાઓ તેમની પ્રશંસા કરવા લાગ્યા.[૫૦] પરાક્રમી ધર્મ રાજાએ પણ પોતાના ભાષણથી હર્ષમાં આવી ગયેલા તેઓ સર્વની ઉદાર અંતઃકરણપૂર્વક પ્રશંસા કરી અને પછી ફરી પણ જ્ઞાનસંપન્ન ગંગાપુત્ર ભીષ્મની પાસે જઈને તેમને ધર્મપ્રશ્નો પૂછવા માંડયા.[૫૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં
"ષડ્જગીતા" એ નામનો
અધ્યાય ૧૬૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૮ મો

કૃતઘ્ન આખ્યાન—કેવાની સાથે મિત્રતા કરવી ?

॥ युधिष्ठिर उवाच ॥

पितामह महाप्राज्ञ कुरूणां प्रीतिवर्धन ॥
प्रश्नं कंचित् प्रवक्ष्यामि तन्मे व्याख्यातुमर्हसि॥

યુધિષ્ઠિરે પૂછયું:—"કુરુઓની પ્રીતિને વધારનારા હે મહાબુદ્ધિમાન્ પિતામહ! હું તમને એક પ્રશ્ન પૂછવા ઇચ્છું છું, તેનું વ્યાખ્યાન કરવા માટે તમે યોગ્ય છો.[૧] સૌમ્ય મનુષ્યો કેવા પ્રકારના હોય છે? કેવાઓની સાથે કરેલી પ્રીતિ પરિણામમાં શ્રેષ્ઠ થઇ પડે છે? અને કેવા મનુષ્યો તત્કાળ કાર્ય સિદ્ધ કરવા માટે યોગ્ય ગણાય છે? તે મને કહો.[૨] હું નિશ્ચય માનું છું કે, જે દુઃખદ પ્રસંગે સહાય કરવા માટે મિત્રો આવીને ઉભા રહે છે, તે પ્રસંગે પુષ્કળ ધન, સંબંધીઓ કે બાંધવો પણ સહાયને માટે નિરુપયોગી થાય છે—અર્થાત્ ઉત્તમ મિત્રોના જેવી સહાય કરનાર આ જગતમાં કોઇપણ નથી.[૩] હે ધાર્મિકશ્રેષ્ઠ પિતામહ! જે મિત્ર સુખદુઃખની વાત સાંભળે (અથવા સર્વ પ્રસંગોમાં સહાય કરે) તેવો મિત્ર આ જગતમાં દુર્લભ છે; તેમજ જે મિત્ર, સદાય હિતૈષી હોય તેવો મિત્ર પણ અત્યંત દુર્લભ છે; માટે એ સર્વનું વ્યાખ્યાન કરવામાટે તમે યોગ્ય છો."[૪]

ભીષ્મે કહ્યું:—"હે રાજા યુધિષ્ઠિર! જે પુરુષો મિત્રતાને માટે યોગ્ય ગણાય છે અને જે અયોગ્ય ગણાય છે, તેઓનું યથાર્થસ્વરૂપ હું તમને સંપૂર્ણરીતે કહું છું, સાંભળો.[૫] જે પુરુષ લોભી હોય, ક્રૂર હોય, ધર્મભ્રષ્ટ હોય, કપટી હોય, શઠ હોય, ક્ષુદ્ર હોય, પાપી આચરણવાળો હોય, સર્વના તરફ શંકા રાખનારો હોય, આળસુ હોય, મહિનાનું કામ એક વર્ષે કરે તેવો દીર્ઘસૂત્રી હોય, વક્ર સ્વભાવનો (કુટિલ) હોય, લોકમાં નિંદાપાત્ર થયો હોય, ગુરુપત્ની સાથે વ્યભિચાર કરનારો હોય, સંકટપ્રસંગે ત્યજીદેનારો હોય, અંતઃકરણનો દુષ્ટ હોય, નિર્લજ્જ હોય, સર્વના તરફ પાપદૃષ્ટિથી જોનારો હોય, નાસ્તિક હોય, વેદની નિંદા કરનારો હોય, જિતેન્દ્રિય ન હોય, પોતાની ઇચ્છામાં આવે તેમ જનસમાજમાં વર્તતો હોય, અસત્યવાદી હોય, સમાજનો શત્રુ હોય, પ્રતિજ્ઞાને તોડનારો હોય, ચાડીઓ હોય, મૂર્ખ હોય, ઈર્ષ્યાળુ હોય, પાપી નિશ્ચયવાળો હોય, ચારિત્ર્યભ્રષ્ટ હોય, મનને વશ નહિ રાખનારો હોય, ઘાતકી હોય, નીચ કર્મ કરનારો હોય, મિત્રોનો અપકાર કરનારો હોય, હમેશાં પારકું દ્રવ્ય લેવાની ઈચ્છા રાખતો હોય, યથાશક્તિ આપ્યા છતાં પણ જે અસંતુષ્ટ રહેતો હોય, મંદબુદ્ધિનો હોય, મિત્રની સાથે પણ અધીરાઇથી વર્તનારો હોય, અયોગ્ય સ્થાને ક્રોધ કરનારો હોય, પ્રમાદી હોય, અકસ્માત્ વિરોધ કરનારો હોય, પોતાનું કલ્યાણ કરનારા મિત્રોનો પણ એકદમ ત્યાગ કરનારો હોય, પાપી હોય, અલ્પ અપકાર કર્યો હોય છતાં અથવા અજાણતાં અપરાધ થઇ ગયો હોય છતાં મોહવશ થનારો હોય, પોતાનું કાર્ય સિદ્ધ કરવાનું હોય ત્યાંસુધીજ મિત્રોની સેવા કરનારો હોય, મિત્રોનો દ્વેષ કરનારો હોય, પ્રત્યક્ષમાંજ મિત્રતા દેખાડનારો હોય, પરોક્ષમાં શત્રુ હોય, વિપરીત સર્વત્ર કુટિલ દૃષ્ટિથી જોનારો હોય,

દૃષ્ટિવાળો હોય અને કોઇના કલ્યાણમાં રાજી નહિ રહેનારો હોય, તેવા પુરુષને પોતાનો મિત્ર કરવો નહિ.[૯-૧૪] તેમજ મદિરાનું પાન કરનારો, સર્વ કોઇનો દ્વેષ કરનારો, ક્રોધી સ્વભાવનો, નિર્દય, ક્રૂર, બીજાને સંતાપ ઉપજાવનારો, મિત્રનો દ્રોહ કરનારો, પ્રાણીઓની હિંસા કરવામાં આસક્ત રહેનારો, કૃતઘ્ની અને પરાયાં છિદ્રો જોવાનો જેનો સ્વભાવ હોય તેવો પુરુષ પણ મિત્રતા કરવામાટે અયોગ્ય છે-તેવાની સાથે પણ મિત્રતા કરવી નહિ.

હવે, કેવા પુરુષો મિત્રતા કરવાને યોગ્ય ગણાય છે, તે વિષે હું તમને કહું છું, સાંભળો.[૧૬] જેઓ કુળવાન ગણાતા હોય, જેઓ વચન બોલી જાણતા હોય, જ્ઞાનવિજ્ઞાનમાં કુશલ હોય, રૂપસંપન્ન હોય, ગુણવાન હોય, લોભરહિત હોય, પરિશ્રમને નહિ ગણકારનારા હોય, ઉત્તમ મિત્રોવાળા હોય, કરેલા કામને જાણનારા હોય, સર્વ લોકવ્યવહારને જાણનારા હોય, લોભનો ત્યાગ કરનારા હોય, માધુર્યગુણથી યુક્ત હોય, સત્યપ્રતિજ્ઞાવાળા હોય, જિતેન્દ્રિય હોય, વ્યાયામશીલ હોય, કુળવાન માતાપિતાના પુત્ર હોય, કુળમાં ધુરંધર ગણાતા હોય, સર્વ પ્રકારના દોષોથી રહિત હોય અને જગતમાં પ્રસિદ્ધિ પામ્યા હોય, તેવા પુરુષોને રાજાઓએ પોતાના મિત્ર બનાવવા.[૧૭-૧૯] હે રાજા! જેઓ યથાશક્તિ સદાચારને પાળનારા હોય, સંતોષી હોય, અયોગ્ય સ્થાને ક્રોધ નહિ કરનારા હોય, અકસ્માત્ મિત્રતાનો ત્યાગ નહિ કરનારા હોય, કદાચ સ્નેહથી રહિત થયા હોય તોપણ મનમાં જેઓ દોષ રાખતા ન હોય, અર્થશાસ્ત્રમાં કુશલ હોય, પોતે દુઃખ વેઠીને પણ મિત્રોનું કાર્ય કરવામાટે તત્પર રહેનારા હોય, ઘેટાના ઉનનું રંગેલું વસ્ત્ર જેમ તેવું ને તેવું રહે છે તેમ, જેઓ મિત્ર ઉપરના સ્નેહથી વિરક્ત થનારા ન હોય, ક્રોધને અધીન થઇને જેઓ નિર્ધન પુરુષના ઉપર પણ અપ્રીતિ દેખાડતા ન હોય, તેમજ જેઓ લોભ તથા મોહને અધીન થઇને સ્ત્રીઓના ઉપર પણ અપ્રીતિ દેખાડતા ન હોય, પવિત્ર હૃદયના હોય, મિત્રોના ઉપર અતિ દૃઢ વિશ્વાસબુદ્ધિ રાખનારા હોય, માટીના ઢેફામાં તથા સુવર્ણમાં પણ સમાન દૃષ્ટિ રાખનારા હોય, ધર્મપર પ્રેમ રાખનારા હોય, જેઓ પ્રમાણભૂત શાસ્ત્રોને તથા પ્રારબ્ધકર્મને અનુસરનારા હોય, અભિમાનથી રહિત હોય, સંબંધીજનોને આશ્રય આપનારા હોય અને પોતાના સ્વામીનું કાર્ય કરવામાં તત્પર રહેનારા હોય, તેવા ઉત્તમ પુરુષોની સાથે રાજાએ મિત્રતા કરવી; કેમકે જે રાજા તેવા પુરુષોની સાથે મિત્રતા કરે છે, તેનું રાજ્ય ચંદ્રની જ્યોત્સ્નાની પેઠે પૃથ્વીમાં વિસ્તાર પામે છે. જેઓ નિત્ય શાસ્ત્રાભ્યાસ કરે છે, ક્રોધને જીતે છે, રણમાં સદાય બળવાન હોય છે અને ઉત્તમ કુળ તથા ઉત્તમ ચારિત્ર્યગુણથી યુકત હોય છે, તેવા મહાપુરુષોની સાથે અવશ્ય મિત્રતા કરવી; પણ હે નિર્દોષ રાજા! જે દુષ્ટ પુરુષોનું મેં પ્રથમ વર્ણન કર્યું છે, તેઓમાં પણ જેઓ અધમ હોય છે તેઓ તો કૃતઘ્ની, મિત્રઘાતક અને દુરાચારીજ હોય છે; માટે તેવા પુરુષોનો સર્વ કોઈએ ત્યાગજ કરી દેવો, એવો શાસ્ત્રીય નિશ્ચય છે;[૨૦-૨૭]"

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પિતામહ! મિત્રદ્રોહીના સંબંધમાં તથા કૃતઘ્નના સંબંધમાં તમે મને જે વાત કહી તેને હું વિસ્તારથી સાંભળવા ઇચ્છું છું, માટે તેનું યથાર્થ સ્વરૂપ મને કહો."[૨૮]

ભીષ્મે કહ્યું:-"હે રાજા! અતિ આનંદપૂર્વક હું તમને એક પ્રાચીન ઇતિહાસ કહું છું, કે જેમાં ઉત્તર દિશામાં વસનારા મ્લેચ્છોના સંબંધનું એક વૃત્તાંત વર્ણવેલું છે.[૨૯] પૂર્વે કોઈ એક બ્રાહ્મણ મધ્ય દેશમાં વસતો હતો. તેણે વેદાધ્યયન કર્યુંજ ન હતું, જેથી વેદોકત બ્રાહ્મકર્મોથી તે રહિત હતો. એક સમયે તે, કોઈ એક સમૃદ્ધિવાળા ગામને જોઇને ભિક્ષાચરણની ઇચ્છાથી તેમાં દાખલ થયો.[૩૦] તે ગામમાં એક દસ્યુ જાતિનો (મ્લેચ્છ) ધનવાન પુરુષ રહેતો હતો, કે જે સર્વ વર્ણોના વિશેષ ધર્મોને જાણતો હતો, બ્રાહ્મણોનો ભકત હતો, સત્ય પ્રતિજ્ઞાવાળો હતો અને દાનધર્મમાં આસકત હતો.[૩૧] પેલો બ્રાહ્મણ તે દસ્યુને ઘેર ગયો અને ત્યાં જઇને તેણે રહેવાને

માટે ઘર અને એક વર્ષસુધી ચાલે તેટલી ભિક્ષા (અન્ન) માગી.[૩૨] ત્યારે તે દસ્યુએ, બ્રાહ્મણે જે વસ્તુઓ માગી હતી તે ઉપરાંત કિનારીવાળું એક નવું ધોતીઉં અને તરુણ વયની એક વિધવા દાસી પણ તેને આપી.[૩૩] આ રીતે દસ્યુ પાસેથી તે સર્વ વસ્તુઓ મેળવીને બ્રાહ્મણ અત્યંત પ્રસન્ન થયો અને પછી તો હે રાજા! તે ગૌતમ નામનો બ્રાહ્મણ, દસ્યુએ આપેલા સુંદર ઘરમાં રહીને પેલી દાસીની સાથે સંસારભોગો ભોગવવા લાગ્યો; તેમજ પોતાના કુટુંબને માટે તથા એ દાસીને માટે (ધનાદિ એકઠું કરીને) તેઓને સહાય કરવા લાગ્યો. આ પ્રમાણે સમૃદ્ધિપૂર્ણ એવા તે ભિલ્લ લોકોના ગામમાં નિવાસ કરતાં તે બ્રાહ્મણનાં ઘણાં વર્ષો વીતી ગયાં. તે અરસામાં તેણે બાણવડે બીજાઓને વીંધી નાખવાની કળામાં (શિકારમાં) પરમ યત્ન કરવા માંડયો ને પછી હે રાજન્! ગૌતમ નામનો તે બ્રાહ્મણ બીજા ભિલ્લ લોકોની પેઠે હમેશાં અનેક વનવાસી હંસપક્ષીઓનો શિકાર કરવા લાગ્યો; એટલુંજ નહિ પણ બીજાં અનેક પ્રાણીઓનો વધ કરવામાં સદાય આસકત રહેવા લાગ્યો, જેથી તે નિર્દય અને હિંસાકુશલ બની ગયો. આ રીતે સહવાસના દોષને લીધે બ્રાહ્મણ ગૌતમ, ભિલ્લોના જેવોજ બની ગયો અને તે ભિલ્લ લોકોના ગામમાં સુખેથી રહેવા લાગ્યો.[૩૫-૩૮]

પ્રતિદિન અનેક પક્ષીઓનો સંહાર કરનારા બ્રાહ્મણ ગૌતમને એ ગામમાં આવ્યે ઘણા મહિનાઓ થઈ ગયા, તે પછી એક દિવસે કોઇ બીજો બ્રાહ્મણ, તે ગામમાં આવી ચઢયો.[૩૯] તે બ્રાહ્મણે મસ્તકે જટા ધારણ કરી હતી, શરીરપર વલ્કલ વસ્ત્રો પહેર્યાં હતાં અને આસનમાટે એક મૃગચર્મ સાથે રાખ્યું હતું. વળી તે બ્રાહ્મણ સ્વાધ્યાય કરવામાં તત્પર રહેનારો હતો, પવિત્ર હતો, વિનયશીલ હતો, નિયમિત આહાર કરનારો હતો, બ્રાહ્મણોપર શ્રદ્ધા રાખનારો હતો અને વેદમાં પારંગત થયેલો હતો.[૪૦] બ્રહ્મચર્યનિષ્ઠ એવો તે બ્રાહ્મણ ગૌતમના દેશનોજ રહેવાસી હતો અને તે ઉપરાંત ગૌતમનો પ્રિય મિત્ર હતો. એ બ્રાહ્મણ, જ્યાં ગૌતમ રહેતો હતો તેજ ભિલ્લોના ગામમાં આવી ચઢયો.[૪૧] ગામમાં આવીને, તેણે ભિક્ષા લેવા માટે બ્રાહ્મણોના ઘરની શોધ કરવા માંડી; કેમકે શૂદ્રના અન્નનો તેણે ત્યાગ કર્યો હતો, પરંતુ એ ગામ તો કેવળ ભિલ્લ લોકોની વસ્તીથીજ ભરપૂર હતું, જેથી તે ગામની સર્વ દિશાઓમાં તે ફર્યો (તોપણ તેને બ્રાહ્મણનું ઘર જોવામાં આવ્યું નહિ.)[૪૨] પછી તે ઉત્તમ બ્રાહ્મણને પોતાના મિત્ર ગૌતમનું ઘર જાણવામાં આવ્યું, એટલે તુરતજ તે ગૌતમને ઘેર ગયો. એજ અરસામાં શિકારે ગયેલો ગૌતમ પણ ત્યાં આવી પહોંચ્યો, જેથી તેઓ બન્ને અન્યોન્યને મળ્યા.[૪૩] એ વેળા ગૌતમે, મરણ પામેલા હંસોનો મોટો ભારો પોતાની કાંધ ઉપર લાદ્યો હતો, હાથમાં ધનુષ અને બીજાં કેટલાંએક હથીઆરો ધારણ કર્યાં હતાં ને તેનું શરીર પક્ષીઓના લોહીથી નીતરી રહ્યું હતું; જેથી તેનો દેખાવ પ્રત્યક્ષ રાક્ષસના જેવોજ દેખાતો હતો. આવા કર્મભ્રષ્ટ ગૌતમને ઘેર આવેલો જોઈ અને ઘરના બારણામાં છેક સમીપમાં આવ્યા પછી તેને ઓળખી લઇને પેલો બ્રાહ્મણ, શરમાતો શરમાતો આ પ્રમાણે કહેવા લાગ્યો:-[૪૪,૪૫] “અરે! મોહને વશ થઇને તેં આ શું કરવા માંડયું છે? તું બ્રાહ્મણ છે, વળી મધ્ય દેશમાં સર્વત્ર પ્રસિદ્ધ થયો છે અને કુળવાન છે; છતાં આવો મ્લેચ્છ કેમ બની ગયો છે? અરે ઓ બ્રાહ્મણ! તું તારા પૂર્વજોનું લગાર સ્મરણ તો કર? અને તારા જ્ઞાતિલાઓ કે જેઓ વેદપારંગત અને પ્રખ્યાત છે, તેઓને તું સંભાર તો ખરો! તું તેઓના વંશમાં જન્મ્યો છે, છતાં આવો કુલદૂષક કેમ બન્યો? ઓ બ્રાહ્મણ! તું તારા મનમાં વિચારી તો જો કે હું કોણ છું? તારા સત્ત્વનું, શીલનું, શાસ્ત્રનું તથા દમનું સ્મરણ કરીને તું આ કુગ્રામવાસને છોડી દે.”[૪૬-૪૮] હે રાજન્! પોતાના હિતૈષી મિત્રે એ પ્રમાણે કહ્યું, એટલે ગૌતમે મનમાં વિચાર કરીને દુઃખી મનુષ્યની પેઠે તેને કહેવા માંડયું.[૪૯] “હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! હું નિર્ધન છું તેમજ વળી વેદશાસ્ત્રને ભણ્યો પણ નથી;

જેથી હે ઉત્તમ બ્રાહ્મણ! કેવળ દ્રવ્યની લાલસાથીજ હું આ ગામમાં આવ્યો છું, એમ તું જાણ.[૫૦] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તારાં દર્શન કરીને આજે હું કૃતાર્થ થયો છું. આપણે બન્ને જણા આવતી કાલે અહીંથી ચાલ્યા જઇશું, માટે આજની રાત્રિ તું અહીં રહી જા."[૫૧] ગૌતમનાં એ વચનો સાંભળીને પેલા બ્રાહ્મણને તેનાપર દયા આવી, જેથી તે ત્યાં રહ્યો; પરંતુ તેણે ત્યાં રહીને કોઈપણ પદાર્થનો સ્પર્શસુદ્ધાં કર્યો નહિ, તેમજ તેને ભૂખ સખત લાગી હતી અને ગૌતમે પુષ્કળ આગ્રહ પણ કર્યો હતો છતાં તેણે ભોજન કરવું પસંદ કર્યું નહિ."[૫૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં
"કૃતઘ્ન ઉપાખ્યાન" એ વિષયનો અ૦
૧૬૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૯ મો

કૃતઘ્ન આખ્યાન-ગૌતમને બકરાજ નાડિજંઘનાં દર્શન

॥ भीष्म उवाच ॥

तस्यां निशायां व्युष्टायां गते तस्मिन् द्विजोत्तमे।
निष्क्रम्य गौतमोऽगच्छत् समुद्रं प्रति भारत ॥

ભીષ્મે કહ્યું:-"હે ભરતવંશના રાજા! તે રાત્રિ વીતી ગઇ અને પ્રભાત થયું, એટલે પેલો ઉત્તમ બ્રાહ્મણ ગૌતમને ત્યાંથી ચાલ્યો ગયો. પછી બ્રાહ્મણ ગૌતમ પણ તે ગામમાંથી નીકળીને સમુદ્રભણી ચાલી નીકળ્યો.[૧] માર્ગમાં જતાં જતાં સમુદ્રમાર્ગે વ્યાપાર કરનારા કોઇએક સાર્થનો (કાફલા) તેને મેળાપ થયો. એટલે તે ગૌતમ પણ તે સાર્થની સાથે સમુદ્રને કિનારે કિનારે મુસાફરી કરવા લાગ્યો.[૨] હે રાજન્! તે મહાન સાર્થ, વ્યાપારાર્થે મુસાફરી કરતો કરતો એક પર્વતની ગુફા પાસે આવી પહોંચ્યો. તેવામાં કોઇ એક મદમત્ત હાથીએ તે સાર્થના લગભગ સર્વ મનુષ્યોનો સંહાર કરી નાખ્યો.[૩] વ્યાકુળ થયેલો બ્રાહ્મણ ગૌતમ માંડમાંડ તે હાથીના ભયથી મુક્ત થઇને જીવિતની ઇચ્છાથી ઉત્તર દિશા તરફ નાસી ગયો.[૪] આ રીતે સાર્થથી વિખૂટો પડી જઇને તથા એ પ્રદેશથી નાસી છૂટીને તે બ્રાહ્મણ વનમાં જેમ ગંધર્વ ફરે તેમ, એકલો ફરવા લાગ્યો.[૫] પછી તે બ્રાહ્મણ, સમુદ્રભણી જનારા એક માર્ગમાં આવી પહોંચ્યો અને તે માર્ગે થઇને આગળ વધતાં એક સુંદર વનમાં તે જઇ પહોંચ્યો. એ વન પુષ્પભરેલાં વૃક્ષોથી તથા સર્વ ઋતુમાં પુષ્પફળને આપનાર આંબાનાં વૃક્ષોથી શોભી રહ્યું હતું, નંદનવનના અમુક એક ભાગના જેવું તે દેખાતું હતું, યક્ષો અને કિન્નરોથી તે સેવાયલું હતું; અને સાગ, તાડ, તમાલ, કાળું અગર અને ચંદનનાં મોટાં મોટાં વૃક્ષોથી તે શોભતું હતું. વળી તે વનમાં પર્વતોનાં સુંદર શિખરો કે જેઓ સુગંધમય હતાં, તેઓના પર ઉત્તમ જાતિનાં અનેક પક્ષીઓ ચોતરફ કલ્લોલ કરી રહ્યાં હતાં; તેમજ બીજાં મનુષ્યસમાન મુખવાળાં ભારુંડ નામનાં પ્રસિદ્ધ પક્ષીઓ તથા સમુદ્રમાં અને પહાડી પ્રદેશોમાં ઉત્પન્ન થયેલાં ભૂલિંગ જાતિનાં પક્ષીઓ પણ તે વનમાં શબ્દ કરી રહ્યાં હતાં. બ્રાહ્મણ ગૌતમ, તે પક્ષીઓના અતિ મનોહર શબ્દોને સાંભળતો સાંભળતો આગળ ચાલ્યો જતો હતો. તેવામાં હે રાજા! સુવર્ણની રેતીથી ભરેલો અને સ્વર્ગપ્રદેશના સરખો પરમ રમણીય અને સુખકર એવો એક સપાટ પ્રદેશ તેના જોવામાં આવ્યો. એ પ્રદેશના મધ્યભાગમાં વડનું એક મોટું વૃક્ષ ઉગેલું હતું. તે વૃક્ષ ઘણુંજ શોભાયમાન હતું, તેનો ઘેરાવો મંડલાકાર હતો, તેને અનેક ઉત્તમ શાખાઓ હતી જેથી તેનો દેખાવ છત્રના જેવો જણાતો હતો, તેના મૂળને ઉત્તમ ચંદનના પાણીથી સિંચવામાં આવતું હતું, તેમાં દિવ્ય પુષ્પો ખીલી નીકળ્યાં હતાં અને તે વડ બ્રહ્મદેવની સભાસરખોજ શોભી રહ્યો હતો. બ્રાહ્મણ ગૌતમ મનને પ્રસન્ન કરનાર, અત્યંત શ્રેષ્ઠ, પવિત્ર, દેવગૃહસમાન સુંદર અને પુષ્પપૂર્ણ વૃક્ષોથી વીંટાયલા તે વડને જોઇને મનમાં પ્રસન્ન થયો અને ત્યાં જઇને તે વડનીચે બેઠો.[૬-૧૫] હે કુંતાપુત્ર! ગૌતમ એ વડનીચે બેઠો એ વેળા ત્યાં પુષ્પોને સ્પર્શ કરનારો અને પવિત્ર એવો

સુખકર પવન વાતો હતો, જેથી ગૌતમનાં પ્રત્યેક ગાત્રો પ્રસન્ન થઇ ગયાં.[૧૬] પવિત્ર વાયુના સ્પર્શથી જ્યારે તે શાંત થયો અને સુખ પામ્યો, ત્યારે તેને નિદ્રા આવવા લાગી-જેથી તે સૂઇ ગયો અને બીજી તરફ સૂર્યનો અસ્ત થયો.[૧૭] તે પ્રમાણે સૂર્ય અસ્ત પામ્યો અને સંધ્યાકાળ થઇ ગયો, ત્યારે નાડીજંઘ નામનો એક બકરાજ કે જે સર્વ પક્ષીઓમાં ઉત્તમ હતો, બ્રહ્મદેવનો પ્રિય મિત્ર હતો, મહાબુદ્ધિમાન હતો અને કશ્યપનો પુત્ર હતો, તે બ્રહ્મલોકમાંથી પાછો ફરીને તે સ્થળે પોતાના નિવાસસ્થાનમાં આવી પહોંચ્યો.[૧૮,૧૯] તે બકરાજ ‘ રાજધર્મા ’ એવા બીજા નામથી પણ જગતમાં પ્રખ્યાત હતો, આખી પૃથ્વીમાં તેના જેવો બીજો કોઇપણ પક્ષી ન હતો, તે દેવકન્યાવિષે ઉત્પન્ન થયો હતો, સંપત્તિમાન હતો, વિદ્વાન હતો અને દેવસમાન કાંતિવાળો હતો.[૨૦] તેણે પોતાના શરીર ઉપર સૂર્યસમાન પ્રકાશતા સુંદર અલંકારો ધારણ કર્યા હતા, જેથી શોભાવડે દેવપુત્રની પેઠે તે દીપી રહ્યો હતો.[૨૧] એ પક્ષીને ત્યાં આવેલો જોઇ ગૌતમને ઘણું જ આશ્ચર્ય થયું. વળી તે ક્ષુધા અને તૃષાને લીધે લોથપોથ જેવો થઈ ગયો હતો, જેથી તેને મારી ખાવાની ઇચ્છાથી એકીટસે તેની સામે જોઇ રહ્યો.[૨૨]

ત્યારે રાજધર્માએ કહ્યું:-“હે બ્રાહ્મણ ! તું ભલે આવ્યો. મારાં ઉત્તમ ભાગ્ય છે કે, આજે એક અતિથિતરીકે તું મારે ઘેર આવ્યો છે. જો, સૂર્ય અસ્ત પામ્યો છે, સંધ્યાકાળનો સમય થઇ ચૂક્યો છે અને વળી નિર્દોષ એવો તું પ્રિય અતિથિતરીકે મારે ઘેર આવ્યો છે; માટે શાસ્ત્રવિધિપૂર્વક કરવામાં આવેલા મારા તરફના અતિથિસત્કારથી પૂજાઇને આવતી કાલે સવારમાં તું અહીંથી જજે.”[૨૩,૨૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં “કૃતઘ્ન ઉપાખ્યાન”એ વિષયનો અ૦ ૧૬૯ મો સમાપ્ત

* * *

અધ્યાય ૧૭૦ મો

કૃતઘ્ન આખ્યાન-ગૌતમનો મેરુવ્રજ નગરમાં પ્રવેશ

॥ भीष्म उवाच ॥

गिरं तां मधुरां श्रुत्वा गौतमो विस्मितस्तदा।
कौतूहलान्वितो राजन् राजधर्माणमैक्षत ॥१॥

ભીષ્મે કહ્યું:-“હે રાજન્ ! બકરાજની એ મધુર વાણી સાંભળીને ગૌતમને વધારે આશ્ચર્ય થયું.તે આશ્ચર્યપૂર્વક રાજધર્મા સામે જોઈ રહ્યો.”

ત્યારે પુનઃ રાજધર્માએ કહ્યું:-“હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! હું કશ્યપનો પુત્ર છું અને દક્ષની પુત્રી મારી માતા છે. તું ગુણવાન અતિથિ (મારે ત્યાં આવ્યો, તે બહુ સારૂં થયું)છે. તારૂં સ્વાગત હો.”[૨]

ભીષ્મે કહ્યું:-એ પ્રમાણે કહીને બકરાજ નાડિજંઘે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ગૌતમનો અતિથિસત્કાર કર્યો અને સાગનાં પુષ્પોથી ગુંથેલું એક દિવ્ય આસન તેને બેસવા માટે આપ્યું.[૩] પછી જે પ્રદેશમાં ભગીરથ રાજાનો રથ ફરી વળ્યો છે અને જ્યાં ગંગા નદી વહી રહી છે, તે પ્રદેશમાં સંચાર કરનારાં મોટાં મોટાં માછલાં તેને ભોજનને માટે અર્પણ કર્યાં.[૪] વળી કશ્યપના પુત્ર તે બકરાજે બીજાં પુષ્ટ માછલાંઓ તથા ટાઢ દૂર કરવા માટે પ્રદીપ્ત અગ્નિ અતિથિગૌતમને નિવેદન કર્યાં.[૫] પછી મનમાં પ્રસન્ન થયેલો બ્રાહ્મણ ગૌતમ જ્યારે ભોજન કરવા લાગ્યો, ત્યારે તેનો પરિશ્રમ દૂર કરવા માટે, મહાતપરવી બકરાજ, પોતાની બંને પાંખોવડે તેને પવન ઢાળવા લાગ્યો.[૬] ભોજન કરી લીધા પછી વિશ્રાંતિથી જ્યારે તે બેઠો, ત્યારે બકરાજાએ તેને ગોત્ર વગેરેનો પ્રશ્ન પૂછ્યો. એટલે તેણે “મારૂં નામ ગૌતમ છે” એ સિવાયનો બીજો કંઈ પણ વેદવિષયક ઉત્તર આપ્યો નહિ.’ પછી બકરાજે દિવ્ય પુષ્પોથી મહેકી રહેલું અને પાંદડાનું બનાવેલું દિવ્ય શયન ગૌતમને અર્પણ કર્યું. કે જેના ઉપર તે સુખેથી બેઠો.[૮] એ પ્રમાણે ગૌતમ શયનમાં બેઠો, ત્યારે બોલવામાં કુશળ,કશ્યપના પુત્ર રાજધર્માએ તેને પૂછ્યું કેઃ-“કયા કારણને લીધે

તારે અહીંસુધી આવવું પડયું છે?[૯] હે ભરતવંશના યુધિષ્ઠિર! રાજધર્માના એ પ્રશ્નનો ગૌતમે આ પ્રમાણે ઉત્તર આપ્યો:-"હે મહાબુદ્ધિમાન બકરાજ! હું દરિદ્ર છું, માટે કંઇ દ્રવ્ય મેળવવાના કારણથી સમુદ્રમાર્ગે જવા ઇચ્છું છું."[૧૦] તે સાંભળી રાજધર્માએ પ્રસન્ન થઇને તેને કહ્યું કેઃ-"તારે સમુદ્રસુધી પ્રયાણ કરવાની કંઈ જરૂર નથી. હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તારૂં કાર્ય સિદ્ધ થયું છે, એમ તું માનજે અને દ્રવ્ય લઇનેજ તું અહીંથી ઘર તરફ જજે.[૧૧] બૃહસ્પતિ માને છે કે, "આ જગતમાં ચાર પ્રકારે દ્રવ્યની સિદ્ધિ થાય છે. એક તો વંશપરંપરાથી દ્રવ્યની પ્રાપ્તિ થાય છે, બીજું દૈવયોગે દ્રવ્ય આવી મળે છે, ત્રીજું પોતાની ઇચ્છાને અનુસરીને કરેલા પરિશ્રમથી દ્રવ્ય મળે છે અને ચોથું મિત્ર તરફથી દ્રવ્ય મળે છે."[૧૨] હું તારો મિત્ર થયો છું અને મારો સુહૃદ્ભાવ તારાપર સ્થિર થયો છે, માટે હું એવા પ્રકારનો પ્રયત્ન કરીશ, કે જેથી તું ધનવાન બની જઇશ."[૧૩] (આમ કહ્યા પછી તેઓ બન્ને જણા નિદ્રાવશ થયા) તે પછી જ્યારે પ્રભાત થયું, ત્યારે સુખશયનના કુશલ સમાચાર પૂછીને બકરાજે ગૌતમને કહ્યું કેઃ-હે સૌમ્ય! આ માર્ગે થઇને તું ચાલ્યો જા, જેથી તું કૃતકૃત્ય થઇશ. અહીંથી ત્રણ યોજન જેટલે દૂર જતાં રાક્ષસોના મહાન રાજા વિરૂપાક્ષનો તને મેળાપ થશે. એ રાક્ષસ જગતમાં પ્રખ્યાત થયેલો છે, મારો મિત્ર છે અને મહાબળવાન છે;[૧૪,૧૫] માટે હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! મારા વચનને અનુસરીને તું તેની પાસે જા. તે રાક્ષસ તારા ઇચ્છિત મનોરથોને પૂર્ણ કરશે, એમાં કંઈ સંશય નથી."[૧૬]

હે રાજન્! નાડીજંઘે એ પ્રમાણે કહ્યું એટલે ગૌતમ પરિશ્રમથી રહિત થઇને ત્યાંથી ચાલી નીકળ્યો અને માર્ગમાં અમૃતના જેવાં મધુર ફળોનું યથેષ્ટ ભક્ષણ કરતો તથા ચંદન, અગર, તજ અને તમાલપત્ર-વગેરેનાં મોટાં મોટાં વનોનું સેવન કરતો સત્વર જવા લાગ્યો. [૧૭,૧૮] આગળ જતાં રાક્ષસ વિરૂપાક્ષનું મેરુવ્રજ નામનું નગર તેની દૃષ્ટિએ પડયું. એ નગરના દરવાજા કેવળ પથ્થરના હતા, તેની આસપાસ પર્વતનો કિલ્લો હતો, તેનો તટપ્રદેશ પણ કેવળ પર્વતમય હતો અને તેની ચોતરફ પર્વતોના જેવડાં મોટાં યંત્રો ગોઠવી દેવામાં આવ્યાં હતાં.[૧૯] હે રાજન્! તે નગરમાં રહેનારો રાક્ષસ રાજા વિરૂપાક્ષ બુદ્ધિમાન હતો. તેના જાણવામાં આવ્યું કે, પોતાના મિત્ર બકરાજાએ એક પ્રિય અતિથિને પ્રીતિપૂર્વક પોતાની પાસે મોકલ્યો છે,[૨૦] તેથી હે યુધિષ્ઠિર! તેણે પોતાના સેવકોને આજ્ઞા આપી કે, "જાઓ, નગરના દ્વારમાં આવેલા બ્રાહ્મણ ગૌતમને, એકદમ અહીં તેડી લાવો."[૨૧] એ પ્રમાણે પોતાના રાજાની આજ્ઞા થઇ, એટલે અનેક સેવકો બાજપક્ષીના જેવા વેગથી તે મહાનગરમાંથી બહાર નીકળ્યા અને "ગૌતમ! ગૌતમ!" એવી બૂમો પાડતા શહેરના દરવાજા આગળ આવી પહોંચ્યા.[૨૨] પછી હે મહારાજા! રાક્ષસ વિરૂપાક્ષના સેવકોએ બ્રાહ્મણ ગૌતમને કહ્યું કેઃ-"ચાલ, જલદી કર. સર્વ રાક્ષસોનો રાજા વીર વિરૂપાક્ષ તને મળવા માટે ઇચ્છે છે, માટે તું ઝટ ચાલ,"[૨૩,૨૪] તે સાંભળીને બ્રાહ્મણ ગૌતમ પરમ આશ્ચર્ય પામ્યો તેનો પરિશ્રમ તો એકદમ દૂરજ થઇ ગયો. પછી તે એકદમ પેલા રાજસેવકોની સાથે નગરમાં દાખલ થયો. એ વેળા નગરની ઉત્તમ સમૃદ્ધિને જોઈને તેને ઘણુંજ વિસ્મય થયું અને રાક્ષસરાજાના દર્શનની આકાંક્ષાથી સત્વર તેજ રાજસેવકોની સાથે રાજમહેલ પાસે તે જઇ પહોંચ્યો. ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં "કૃતઘ્ન ઉપાખ્યાન" એ વિષયનો અ૦ ૧૭૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૧ મો

કૃતઘ્ન આખ્યાન-ગૌતમને દ્રવ્યપ્રાપ્તિ અને તેનો દુષ્ટ વિચાર

॥ भीष्म उवाच ॥

ततः स विदितो राज्ञः प्रविश्य गृहमुत्तमम् ॥
पूजितो राक्षसेन्द्रेण निषसादासनोत्तमे ॥ १ ॥

ભીષ્મે કહ્યુંઃ– હે યુધિષ્ઠિર! તે પછી ગૌતમ, રાજાના સુંદર મહેલમાં દાખલ થયો. એટલે રાક્ષસેન્દ્ર વિરૂપાક્ષે તેને ઓળખી લઇને વિધિપૂર્વક પૂજા કરી અને ઉત્તમ આસન ઉપર બેસાડયો.[1] પછી રાક્ષસ વિરૂપાક્ષે તેને ગોત્રવિષે, વેદની શાખાવિષે તથા બ્રહ્મચર્યાવસ્થામાં કરેલા વેદાધ્યયનવિષે પ્રશ્ન પૂછયો; પરંતુ ગૌતમે પોતાના ગોત્રસિવાય બીજા કશાનો ઉત્તર આપ્યો નહિ,[2] કેમકે તે બ્રહ્મતેજથી ભ્રષ્ટ હતો, વેદાધ્યયનથીરહિત હતો અને માત્ર એક ગોત્રનેજ જાણતો હતો. પછી રાજા વિરૂપાક્ષે તેના નિવાસસ્થાનવિષે પ્રશ્ન કર્યો.[3]

રાક્ષસે પૂછયુંઃ–" હે કલ્યાણમૂર્તિ બ્રાહ્મણ! તમે કયાંના રહેવાસી છો? તમારી સ્ત્રી કયા ગોત્રની છે? એ તમે કહો. તમારે અહીં કોઇનાથી ડરવું નહિ.તમે સુખેથી અમારાપર વિશ્વાસ રાખો"

ગૌતમે કહ્યુંઃ–" મારો જન્મ મધ્યદેશમાં થયેલો છે, હમણાં હું એક ભિલ્લલોકોના ગામમાં રહેતો હતો અને મારી સ્ત્રી શૂદ્ર જાતિની હોઇને પુનર્લગ્નની છે,આ હું તમને સત્ય કહું છું."[5]

ભીષ્મે કહ્યુંઃ–" ગૌતમનાં એ વાકયો સાંભળીને રાક્ષસ રાજા, મનમાં વિચાર કરવા લાગ્યો કે, હવે મારે શું કરવું? અને શું કરવાથી મને પુણ્ય પ્રાપ્ત થાય? આ ગૌતમ કેવળ જન્મનોજ બ્રાહ્મણ છે તોપણ મહાત્મા બકરાજાનો મિત્ર છે. વળી કશ્યપના પુત્ર તે બકરાજાએ આને મારી પાસે મોકલ્યો છે; માટે (ગમે તે હો) પણ મારે જે બકરાજાને પ્રિય હોય તેજ કરવું જોઇએ, કેમકે તે મારો આશ્રિત છે, મારો ભાઇ છે, બાંધવ છે અને મારા હૃદયમાં રહેલો મિત્ર છે.[6,8] આજે કાર્તિકી પૂર્ણિમા છે, તેથી મારે ત્યાં એક હજાર ઉત્તમ બ્રાહ્મણો ભોજન લેવાના છે. તેઓની સાથે આ ગૌતમ પણ ભોજન લેશે અને પછી તેને હું ધન આપીશ.[9] ખરેખર, આજનો દિવસ પવિત્ર છે અને વળી આ અતિથિ મારે ત્યાં આવ્યો છે; માટે હું તેને ધન આપવાનો સંકલ્પજ કરૂં છું, એમાં વિચાર કરવાનું શું કારણ છે"?[10]

એ પ્રમાણે રાક્ષસ રાજા વિચાર કરતો હતો, તેવામાં એક હજાર વિદ્વાન બ્રાહ્મણો, કે જેઓએ સ્નાનસંધ્યા કરીને રેશમી વસ્ત્રો પહેર્યાં હતાં અને ઉત્તમ પ્રકારના અલંકારો ધારણ કર્યા હતા તેઓ, ત્યાં ભોજન લેવા માટે આવી પહોંચ્યા.[11] હે રાજા! રાક્ષસ વિરૂપાક્ષે, પોતાને ત્યાં આવેલા તે ઉત્તમ બ્રાહ્મણોની શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે યથાયોગ્ય પૂજા કરી.[12] પછી રાક્ષસરાજાની આજ્ઞા થતાં સેવકોએ, નીચે દર્ભ મૂકીને, ઉત્તમ આસનો પૃથ્વીપર બિછાવી દીધાં.[13] તેના ઉપર રાજાના સત્કારપૂર્વક બ્રાહ્મણો બિરાજ્યા એટલે તલ અને દર્ભથી મિશ્ર કરેલા જળવડે તેઓની યથાવિધિ પૂજા કરવામાં આવી.[14] વળી તેઓને વિશ્વેદેવો,પિતૃઓ, તથા અગ્નિઓતરીકે માનવામાં આવ્યાં ને પછી તે સર્વ બ્રાહ્મણોને ચંદનનું લેપન કરવામાં આવ્યું,પુષ્પોની માળાઓ પહેરાવી અને બીજા કેટલાએક ઉત્તમ ઉપચારો કરીને સારી રીતે પૂજા કરી.[15] હે મહારાજા! તે સમયે એ બ્રાહ્મણો નક્ષત્રપતિ ચંદ્રના જેવા શોભતા હતા. એ રીતે પૂજન–અર્ચન થઈ રહ્યા પછી પ્રત્યેક બ્રાહ્મણને સુવર્ણની ઉત્તમ થાળીઓનું દાન કરવામાં આવ્યું. તે સર્વ થાળીઓ હીરાઓથી જડેલી હતી, અત્યંત સ્વચ્છ હતી અને મધ તથા ઘીથી વ્યાપ્ત એવાં ઉત્તમ પ્રતિનાં અન્નથી ભરપૂર હતી. હે રાજા! અમે સાંભળ્યું છે કે, રાક્ષસ વિરૂપાક્ષને ત્યાં પ્રત્યેક આષાઢી પૂર્ણિમાને દિવસે તથા પ્રત્યેક માઘ માસની પૂર્ણિમાને દિવસે અનેક બ્રાહ્મણોને સત્કારપૂર્વક ઉત્તમ ભોજન આપવામાં આવતું હતું અને તેમાં પણ શરદ્ ઋતુ વીતી ગયા પછી કાર્તિક મહિનાની પૂર્ણિમાને દિવસે તો બ્રાહ્મણોને જમાડયા પછી રત્નો, સુવર્ણ, રૌપ્ય, હીરા અને મોતીઓનું ખાસ કરીને દાન આપવામાં આવતું હતું.[૧૬-૧૯]

હે ભારત! એ પ્રમાણે પ્રત્યેક વર્ષના નિયમને અનુસરીને રાક્ષસ વિરૂપાક્ષે, સર્વ બ્રાહ્મણોની સમીપમાં મહાકંમતી હીરા, વૈડૂર્યમણિ તથા રત્નોના ઢગો દક્ષિણાતરીકે મૂકીને અને વસ્ત્રમાં મૃગચર્મ તથા રંકુમૃગના ચર્મને મૂકીને

બ્રાહ્મણોને કહ્યું કેઃ-" હે બ્રાહ્મણો ! આ રત્નોને તથા મૃગચર્મોને તમારી ઇચ્છામાં આવે તેમ અને તમારા ઉત્સાહ પ્રમાણે લઇ જાઓ. " તેમજ હે ઉત્તમ બ્રાહ્મણો ! તમે જે જે સુવર્ણપાત્રોમાં ભોજન કર્યું છે તે તે પાત્રને પણ તમે તમારે ઘેર લઇ જાઓ. "[૨૦-૨૨] મહાત્મા રાક્ષસે એ પ્રમાણે કહ્યું, એટલે સર્વ બ્રાહ્મણોએ પોતાની ઇચ્છાનુસાર રત્નો લીધાં[૨૩] અને પછી ઉત્તમ પ્રકારનાં વસ્ત્રાદિકનું દાન લઇને તથા શ્રેષ્ઠ રત્નો ગ્રહણ કરીને તેઓ પ્રસન્ન થયા.[૨૪] આ રીતે બ્રાહ્મણોને પ્રસન્ન થયેલા જોઇ રાક્ષસરાજાએ તેઓને પુનઃ કહ્યું કેઃ-" હે બ્રાહ્મણો ! તમને હેરાન નહિ કરવા માટે આ સર્વ જૂદા જૂદા દેશના રાક્ષસોને મનાઈ કરવામાં આવી છે, જેથી આજે એક દિવસ તમને રાક્ષસો તરફનો ભય રહેશે નહિ; માટે તમે આનંદમાં રહો અને જેમ બને તેમ શીઘ્ર યથેષ્ટ સ્થળે ચાલ્યા જાઓ."[૨૫,૨૬]

રાક્ષસનાં એ વચન સાંભળીને બ્રાહ્મણોનાં ટોળેટોળાં ચોબાજુ જવા માટે નીકળી પડયાં એટલે પેલો ગૌતમ પણ સુવર્ણનો ભાર મસ્તકે ઉપાડીને ઉતાવળો ઉતાવળો ત્યાંથી ચાલી નીકળ્યો.[૨૭] તેણે એટલાં બધાં રત્નોનો ભારો બાંધ્યો હતો, કે જેથી તે મહાપ્રયત્ને ઉંચકી શકતો હતો. એ પ્રમાણે પુષ્કળ દ્રવ્ય સંપાદન કરીને બ્રાહ્મણ ગૌતમ પેલા વડના વૃક્ષ પાસે આવી પહોંચ્યો. તેને થાક ઘણો લાગ્યો હતો અને ક્ષુધા પણ કકડીને લાગી હતી, જેથી વિશ્રાંતિ લેવા માટે વડના વૃક્ષનીચે જઈને તે બેઠો.[૨૮] એ વેળા હે રાજન્ ! પક્ષીઓમાં ઉત્તમ એવો બકરાજ રાજધર્મા, પોતાના મિત્ર ઉપરના પ્રેમભાવને લીધે ગૌતમ પાસે આવ્યો અને સ્વાગતવચનથી તેને અભિનંદન આપવા લાગ્યો;[૨૯] એટલુંજ નહિ પણ પોતાની બન્ને પાંખોવડે પવન ઢોળીને તેના શ્રમને દૂર કરવા લાગ્યો અને પૂજાસત્કાર કરીને તેના ભોજનમાટે પણ તેણે વ્યવસ્થા કરી આપી.[૩૦] ખૂબ વિશ્રાંતિ લઇને ગૌતમે ભોજન કર્યું અને પછી મનમાં વિચાર કરવા માંડયો કે, " મારી પાસે આ સુવર્ણનો ભાર પુષ્કળ છે. મેં લોભ અને મોહને અધીન થઇને પુષ્કળ દ્રવ્ય ઉઠાવ્યું છે; પરંતુ મારે અહીંથી ઘણે દૂર જવાનું છે. વળી માર્ગમાં ખાવાને માટે મારી પાસે કંઇ પણ નથી. તો મારા પ્રાણને હું કેવી રીતે ટકાવી શકીશ ? " આવો વિચાર કરીને તેણે આસપાસ જોયું તોપણ માર્ગમાં ખાવા માટેનો કોઇ પણ પદાર્થ તેની દૃષ્ટે પડયો નહિ.[૩૧-૩૩] હે પુરુષવ્યાઘ્ર! પછી તે કૃતઘ્ની બ્રાહ્મણે મનમાં એક એવો ક્ષુદ્ર વિચાર કર્યો કે, "આ બકરાજ, મારી પાસેજ બેઠેલો છે અને વળી તે, માંસનો મોટો ઢગલોજ છે; માટે એને મારી નાખીને અને (ભાતાતરીકે) સાથે લઇને હું મારા ઘર તરફ એકદમ ચાલ્યો જઇશ. "[૩૪,૩૫]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં
" કૃતઘ્ન ઉપાખ્યાન " એ વિષયનો
અ૦ ૧૭૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૨ મો

કૃતઘ્ન આખ્યાન-ગૌતમનું ઘોર પાપ અને તે પાપનું ભયંકર ફળ

॥ भीष्म उवाच ॥

अथ तत्र महार्चिष्माननलो वातसारथि : ॥
तस्या विदूरे रक्षार्थं खगेन्द्रेण कृतोऽभवत्॥

ભીષ્મે કહ્યું:-" હે યુધિષ્ઠિર ! ગૌતમે એવો વિચાર કરી રાખ્યો. તે પછી એવું બન્યું કે, તે વડનીચે પક્ષીરાજ નાડીજંઘે, પોતાના અતિથિ ગૌતમની ટાઢ દૂર કરવા માટે તેની સમીપમાંજ અગ્નિનો મોટો ભડકો સળગાવી રાખ્યો હતો.[૧] બકરાજાને તો બ્રાહ્મણ ગૌતમનો સંપૂર્ણ વિશ્વાસ હતો; જેથી પોતે નિશ્ચિંત થઇને ગૌતમની પાસે નિદ્રાવશ થઇ ગયો.[૨] (એ સમયનો લાભ લઈને) દુષ્ટાત્મા અને કૃતઘ્ની બ્રાહ્મણ ગૌતમ, બકરાજા નાડિજંઘને મારી નાખવાની ઇચ્છાથી ધીમે રહીને ઉભો થયો અને પાસે સળગતા અગ્નિમાંથી એક બળબળતું ઉંબાડીઉં હાથમાં લઈને પેલા વિશ્વાસુ પક્ષીના ઉપર તેણે ચાંપી દીધું

અને એ રીતે તેને મારી નાખ્યો. અફસોસ! તે કૃતઘ્ની બ્રાહ્મણ, પક્ષીરાજ નાડિજંઘને મારીને મનમાં પ્રસન્ન થયો, પણ તેણે એ દુષ્ટ કૃત્યના પાપનો કે દોષનો લેશમાત્ર વિચાર કર્યો નહિ; અને તુરતજ તે પક્ષીનાં પીછાંતથા રુવાટાં જૂદાં કરી નાખીને અગ્નિમાં તેને રાંધી નાખ્યો. પછી તે તૈયાર થયેલા ખોરાકને તથા સુવર્ણને સાથે લઇને તે બ્રાહ્મણ ઉતાવળે પગલે ત્યાંથી ચાલતો થયો.[૩,૪] એ વાતને એક દિવસ વીતી ગયો, એટલે બીજે દિવસે રાક્ષસ વિરૂપાક્ષે પોતાના પુત્રને કહ્યું કેઃ–"હે પુત્ર! પક્ષીરાજ રાજધર્માને આજે હું કેમ જોઇ શકયો નથી?[૫] તે હમેશાં પ્રાતઃકાલના સમયે બ્રહ્મદેવને વંદન કરવામાટે જાય છે અને ત્યાંથી જ્યારે પાછો ફરે છે, ત્યારે મને મળ્યાવિના કદી પણ પોતાને ઘેર જતો નથી.[૬] આજે બે દિવસ થયાં તે મારે ઘેર આવ્યો નથી, જેથી મારા મનમાં તેના જીવિતમાટે શંકા રહે છે; માટે જા, એ મારા મિત્રની તું તપાસ કર.[૭] મને શંકા રહે છે કે, પેલો નીચ બ્રાહ્મણ ગૌતમ, જે સ્વાધ્યાય અને બ્રહ્મતેજથી ભ્રષ્ટ હતો, તેણે એ મારા મિત્રને કદાચ મારી નાખ્યો હશે;[૮] કેમકે મેં તેની ચેષ્ટાઓ ઉપરથી જાણી લીધું છે કે, એ બ્રાહ્મણ દુરાચારી, દુર્બુદ્ધિ, નિર્દય, દારુણ આકૃતિનો, દુષ્ટ તથા દસ્યુના જેવો અધમ હોવો જોઈએ.[૯] વળી તે નીચ ગૌતમ અહીંથી તે તરફજ ગયો છે, જેથી મારા મનમાં ઉદ્વેગ થયા કરે છે; માટે હે પુત્ર! તું અહીંથી સત્વર રાજધર્માના ગૃહ તરફ જા અને તપાસ કર કે, પવિત્રાત્મા તે બકરાજ જીવે છે કે નહિ?"

રાક્ષસ વિરૂપાક્ષે એ પ્રમાણે કહ્યું, એટલે તેનો પુત્ર અનેક રાક્ષસોને સાથે લઈને સત્વર ત્યાંથી નીકળી પડ્યો.[૧૦,૧૧] તે પેલા વડના ઝાડ નીચે આવી પહોંચ્યો અને ત્યાં આવીને તેણે જોયું તો રાજધર્માનાં હાડકાં ત્યાં પડ્યાં હતાં. તે જોઇને બુદ્ધિમાન રાક્ષસ રાજા વિરૂપાક્ષનો પુત્ર, પ્રથમ તો રડી પડ્યો અને પછી ઘણીજ ઝડપથી અને પૂર્ણ જુસ્સાથી ગૌતમને પકડવામાટે દોડ્યો. ગૌતમ હજી બહુ દૂર જઈ શકયો ન હતો, તેવામાં તો તે રાક્ષસોએ તેને પકડી પાડ્યો અને તેની પાસેથી પાંખો, હાડકાં અને પગવિનાનું રાજધર્માનું શરીર પણ ખુંચવી લીધું. પછી તે ગૌતમને પણ સાથે લઈને રાક્ષસો ઘણીજ ઝડપથી મેરુવ્રજમાં જઈ પહોંચ્યા.[૧૨-૧૪] ત્યાં જઈને તેઓએ રાજધર્માના શરીરને તથા પાપકર્મ કરનારા કૃતઘ્ન ગૌતમને પોતાના રાજાની આગળ રજુ કર્યો.[૧૫] રાજા વિરૂપાક્ષ, પોતાના મિત્રના મૃતશરીરને જોઈને અમાત્યો અને પુરોહિતોની સાથે પોકે પોકે રડવા લાગ્યો અને તે વેળા તેના રાજમહેલમાં મોટી રડાફૂટ થઇ રહી; એટલુંજ નહિ પણ તેના આખા નગરમાં સ્ત્રીઓ તથા બાળકોસુદ્ધાંનાં મન અત્યંત ઉદાસ થઈ ગયાં. પછી રાજા વિરૂપાક્ષે પોતાના પુત્રને આજ્ઞા કરી કેઃ–"હે પુત્ર! આ પાપીને તું મારી નાખ. આના માંસનું ભક્ષણ કરીને આ સર્વ રાક્ષસો ભલે પોતાની ઇચ્છાનુસાર સર્વત્ર વિહાર કરે." (પોતાના પુત્રને એમ કહ્યા પછી તેણે સર્વ રાક્ષસોને ઉદ્દેશીને કહ્યું), કેઃ–'હે રાક્ષસો! આ પુરુષ પાપી આચરણ કરનારો છે, પાપકર્મી છે, પાપી મનનો છે અને પાપકૃત્યને સાધનારો છે; માટે એને તમારે મારી નાખવો, એમ હું ઇચ્છું છું." એ પ્રમાણે રાક્ષસ રાજા વિરૂપાક્ષે કહ્યું તોપણ ઘોર પરાક્રમ કરનારા રાક્ષસોએ પાપી કર્મ કરનારા તે ગૌતમને ખાઈ જવાની ઇચ્છા કરી નહિ; પરંતુ હે યુધિષ્ઠિર! તેઓએ પોતાના રાજાને શિરસા પ્રણામ કરીને પ્રાર્થના કરી કે, "આ અધમ પુરુષ ભિલ્લ લોકોને સોંપો તો સારૂ, પણ અમને તેનું પાપી શરીર ભક્ષણ કરવા માટે ન આપો. (કેમકે એ પુરુષના પાપી શરીરનું ભક્ષણ કરવાથી અમે પણ પાપીજ થઇએ.) "બહુ સારૂં" એમ કહીને રાક્ષસરાજા વિરૂપાક્ષે સર્વ રાક્ષસોને અનુમતિ આપી અને પુનઃ કહ્યું કેઃ–"હે રાક્ષસો! આ કૃતઘ્ની પુરુષને આજ ને આજ ભિલ્લ લોકોને સોંપી દ્યો." આવી આજ્ઞા થતાંજ રાક્ષસોએ ત્રિશૂળો અને પટ્ટિશો હાથમાં લઈને પાપી ગૌતમના કટકે કટકા કરી નાખ્યાં અને ભિલ્લ લોકોને વહેંચી દીધા;

પરંતુ ભિલ્લ લોકોએ પણ તે પાપકર્મી ગૌતમને ખાવાની ઈચ્છા કરી નહિ. આમ હે રાજેન્દ્ર! માંસાહારી ભિલ્લ લોકો પણ કૃતઘ્ની પુરુષના શરીરનું ભક્ષણ કરતા નથી;[૧૬-૨૪] માટેજ હે રાજા! શાસ્ત્રકારોએ બ્રહ્મહત્યા કરનાર, મદિરાપાન કરનાર, ચોરી કરનાર કે વ્રતનું ખંડન કરનાર પુરુષને શુદ્ધ કરવામાટે પ્રાયશ્ચિત્ત કહેલાં છે, પણ કૃતઘ્ની પુરુષને શુદ્ધ કરવા માટે કોઈ સ્થળે પ્રાયશ્ચિત્ત કહ્યું નથી.[૨૫] જે પુરુષ મિત્રદ્રોહી હોય, કૃતઘ્ની હોય અને ઘાતકી હોય, તેવા અધમને માંસાહારી પશુપક્ષીઓ કે કીડાઓ પણ ખાતા નથી."[૨૬]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં "કૃતઘ્નનું ઉપાખ્યાન" એ વિષયનો અ૦ ૧૭૨ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૩ મો

કૃતઘ્ન આખ્યાન-સજ્જન કદી દુર્જન થતોજ નથી.

।। भीष्म उवाच ।।

ततश्चितां बकपतेः कारयामास राक्षसः ।।
रत्नैर्गंधैश्च बहुभिर्वस्त्रैश्च समलंकृताम् ।।१।।

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર રાજા! તે પછી રાક્ષસ વિરૂપાક્ષે, પોતાના મિત્ર બકરાજનો અગ્નિદાહ કરવા માટે એક ચિતા કરાવી, જે ચિતા રત્નો, સુગંધી પદાર્થો અને અનેક જાતનાં વસ્ત્રોથી સુશોભિત હતી.[૧] પ્રતાપી રાજા વિરૂપાક્ષે એ ચિતામાં બકરાજના શરીરને પધરાવીને તેનું દહન કર્યું અને પછી વિધિપૂર્વક સર્વ પ્રેતકૃત્યો કરવા માંડયાં.[૨] તે સમયે દક્ષની કન્યા કલ્યાણી કામધેનુ દેવી, બકરાજની ચિતાના ઉપરના ભાગમાં પયઃક્ષરણ કરતી (દૂધની ધારા વર્ષાવતી) સાક્ષાત્ પ્રકટ થઇ.[૩] હે નિર્દોષ રાજા! તેના મુખમાંથી નીકળેલું દૂધમિશ્ર ફીણ, બકરાજ રાજધર્માની ચિતા ઉપર જેવું પડયું કે તુરતજ બકરાજ સજીવન થયો અને એકદમ ત્યાંથી ઉડીને વિરૂપાક્ષની પાસે જઈ બેઠો.[૪,૫] એજ સમયે દેવરાજા ઇંદ્ર પણ વિરૂપાક્ષના નગરમાં આવી પહોંચ્યો અને તેણે વિરૂપાક્ષને કહ્યું કે:-"તેં આ બકરાજાને જીવતો કર્યો, તે બહુજ સારૂં કર્યું છે."[૬] પછી ઇંદ્રે, રાજધર્માને પૂર્વે બ્રહ્મદેવનો શાપ થયો હતો, એ વિષેની પુરાતની કથા વિરૂપાક્ષને કહી સંભળાવી કે,[૭] "હે રાજન્! પૂર્વે એક દિવસે આ બકરાજા જ્યારે બ્રહ્મદેવની પાસે ગયો ન હતો, ત્યારે બ્રહ્મદેવે ક્રોધાયમાન થઈને તેને આ પ્રમાણે શાપ આપ્યો હતો.[૮] "એ મૂઢ, નીચ બગલો, આજે મારી સભામાં આવ્યો નથી, માટે તે દુરાત્મા અલ્પકાળમાંજ નાશ પામશે." આવા શાપને લીધે ગૌતમે આ બકરાજાને મારી નાંખ્યો હતો અને પુનઃ તે બ્રહ્મદેવેજ અમૃતસિંચન કરીને આને સજીવન કર્યો છે" ઇંદ્રે એ પ્રમાણે કહ્યું તે પછી બકરાજે તેને પ્રણામ કરીને પ્રાર્થના કરી કે:-"હે દેવરાજા! તમે મારા ઉપર કૃપાબુદ્ધિ કરી છે, તેથી હું પ્રાર્થના કરૂં છું કે, મારા પ્રિયમિત્ર ગૌતમને તમે જીવતો કરો." હે પુરુષશ્રેષ્ઠ યુધિષ્ઠિર! બકરાજની એ પ્રાર્થના ઉપરથી ઇંદ્રે, અમૃતસિંચન કરીને બ્રાહ્મણ ગૌતમને જીવતો કર્યો એટલે હે રાજા! બકરાજ નાડિજંઘે ગૌતમ પાસે આવીને, પરમ પ્રીતિપૂર્વક તેને ભેટીને તેનું સુવર્ણાદિ દ્રવ્ય પુનઃ તેને અર્પણ કર્યું અને પછી તે પાપકર્મી બ્રાહ્મણને તેના દેશ તરફ રવાના કરીને પોતે પોતાના નિવાસસ્થાનમાં દાખલ થયો. પછી દરરોજના નિયમ પ્રમાણે બકરાજ રાજધર્મા, બ્રહ્મદેવની સભામાં ગયો, એટલે બ્રહ્મદેવે પોતે તે મહાત્માને આતિથ્યસત્કારપૂર્વક ઘણું માન આપ્યું. બીજી તરફ પેલો ગૌતમ પણ ત્યાંથી નીકળીને પુનઃ તે ભિલ્લના ગામમાંજ ગયો અને ત્યાં રહેલી પોતાની શૂદ્રા સ્ત્રીને પેટે પાપકર્મ કરનારા પુત્રોને તેણે ઉત્પન્ન કર્યા;[૯-૧૬] જેથી સર્વ દેવગણોએ તેને અતિમહાન શાપ આપ્યો કે, આ પાપી ગૌતમે પુનર્લગ્ન કરનારી શૂદ્રા સ્ત્રીને ઉદરે ઘણા કાળપર્યંત પુત્રોને ઉત્પન્ન કર્યા છે, માટે એ કૃતઘ્ની ઘોર નરકમાં પડશે.

હે ભરતવંશી રાજા! આ કૃતઘ્નનું આખ્યાન, પૂર્વે મને નારદે કહ્યું હતું અને તે મોટા આ-

ખ્યાનનું આજે યથાવત્ સ્મરણ કરીને મેં તમને
કહ્યું છે.૧૭,૧૯ જે પુરુષ કૃતઘ્ની હોય છે તેને યશ,
સ્થાન કે સુખ કયાંથી મળે? કૃતઘ્નનો કોઇ વિ-
શ્વાસ કરતું નથી અને કૃતઘ્નને માટે કોઇ પ્રકા-
રનું પ્રાયશ્ચિત્ત પણ નથી;૨૦ માટે પ્રત્યેક પુરુષે
ખાસ કરીને મિત્રનો દ્રોહ તો કરવોજ નહિ, કે-
મકે મિત્રનો દ્રોહ કરનાર પુરુષ અનંતકાળપ-
ર્યંત ઘોર નરકમાં પડી રહે છે, ૨૧ માટે મિત્ર સં-
પાદન કરવાની ઈચ્છાવાળાએ સદાય કૃતજ્ઞ થવું;
કેમકે મિત્રની પાસેથી સર્વ કંઈ મેળવી શકાય
છે અને મિત્રદ્વારા પૂજાસત્કાર પણ મળે છે;૨૨
એટલુંજ નહિ પણ મિત્રદ્વારા ભોગો ભોગવી
શકાય છે અને મિત્રદ્વારા આપત્તિઓમાંથી પણ
મુકત થવાય છે; માટે વિદ્વાન પુરુષે, ઉત્તમ સ-
ત્કારોપૂર્વક મિત્રની પૂજા કરવી-તેને માન આ-
પવું.૨૩ જે પુરુષ કૃતઘ્ની હોય છે, તે પાપી હોય છે, નિર્લજ્જ હોય છે, મિત્રોનો દ્રોહ કરનાર હોય છે, કુળમાં અંગારા સરખો હોય છે અને પાપકૃત્ય કરનારો હોય છે; માટે વિદ્વાનોએ તેવા અધમ પુરુષનો ત્યાગજ કરી દેવો.૨૪ હે ધાર્મિકશ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા ! એ પ્રમાણે મેં તમારી આગળ મિત્રોનો દ્રોહ કરનારા પાપી અથવા કૃતઘ્ની પુરુષની કથા કહી સંભળાવી. તો હવે ફરી શું સાંભળવાની તમને ઇચ્છા છે?

વૈશંપાયને કહ્યું:-હે જનમેજય! મહાત્મા ભીષ્મે કહેલાં એ વાકયને સાંભળીને રાજા યુધિષ્ઠિર, મનમાં પ્રસન્ન થયા.૨૬

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ આ૦ પર્વમાં "કૃતઘ્ન ઉપાખ્યાન" એ વિષયનો અધ્યાય
૧૭૩ મો સમાપ્ત.

આપદ્ધર્મ પર્વ સમાપ્ત

શ્રીમહાભારતનું શાંતિપર્વ

મોક્ષધર્મ પર્વ

मंगलाचरण

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ॥
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥ १ ॥

ભગવાન નારાયણને, નરોમાં ઉત્તમ ભગવાન નરને તથા દેવી સરસ્વતીને નમસ્કાર કર્યા પછી ઐતિહાસિક શાસ્ત્રગ્રંથનો આરંભ કરવો.[1]

અધ્યાય ૧૭૪ મો

રાજા સેનજિત્ અને બ્રાહ્મણનો સંવાદ-પિંગલાગીતા

॥ युधिष्ठिर उवाच ॥

धर्माःपितामहेनोक्ता राजधर्माश्रिताः शुभाः ॥
धर्ममाश्रमिणांश्रेष्ठं वक्तुमर्हसि पार्थिव ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–હે પિતામહ! રાજધર્મના અંગભૂત અને કલ્યાણ કરનારા આપદ્ધર્મોનું તમે નિરૂપણ કર્યું તો હવે હે રાજા! ગૃહસ્થ આદિ હરકોઇ આશ્રમનું સેવન કરનારા પુરુષોના શ્રેષ્ઠ ધર્મરૂપ મોક્ષધર્મને તમે કહો.[1]

ભીષ્મે કહ્યુઃ–"હે યુધિષ્ઠિર રાજા! સર્વ આશ્રમોમાં બે પ્રકારના ધર્મોનું આચરણ કરવા માટે વેદમાં કહ્યું છે. (એક પ્રવૃત્તિરૂપ ધર્મ અને બીજો નિવૃત્તિરૂપ ધર્મ. તેમાં અગ્નિહોત્રાદિ વૈદિક કર્મોના અનુષ્ઠાનરૂપ પ્રવૃત્તિધર્મ, મૃત્યુ થયા પછી પરલોકમાં ફળ આપનારો છે–પરોક્ષ ફળવાળો છે. પરંતુ) પરબ્રહ્મરૂપ સત્ય વસ્તુના શ્રવણ, મનન અને નિદિધ્યાસનરૂપ તપનું અનુષ્ઠાન કરવાથી–અર્થાત નિવૃત્તિધર્મનું આચરણ કરવાથી–પરબ્રહ્મના સાક્ષાત્કારરૂપ જે ફળ પ્રાપ્ત થાય છે તેને મનુષ્ય, મરણની પહેલાં આ લોકમાંજ અનુભવી શકે છે. તાત્પર્ય કે, નિવૃત્તિધર્મ દૃષ્ટફલક છે–આ લોકમાંજ પ્રત્યક્ષ ફળ આપનાર છે. (આ ઉપરથી એમ તો નજ કહી શકાય કે, 'નિવૃત્તિધર્મનું ફળ આ લોકમાંજ જો પ્રત્યક્ષ મળે છે તો પછી પરલોકમાં ફળ આપનારા યજ્ઞાદિરૂપ પ્રવૃત્તિધર્મનો શામાટે આશ્રય કરવો ?' કેમકે,) યજ્ઞયાગાદિ પ્રવૃત્તિધર્મનાં પણ ચિત્તશુદ્ધિ આદિ અનેક ફળ મળે છે; માટે હરકોઇ ધાર્મિકી ક્રિયા નિષ્ફળ ગણાતીજ નથી.[2] હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર! જે જે પુરુષને જે જે પ્રકારના ધાર્મિક વિષયમાં અમુક એક દૃઢ નિશ્ચય થઇ જાય છે, તે પુરુષ તેજ વિષયને પોતાનું કલ્યાણ કરનાર માને છે, બીજાને માનતો નથી.[3] પછી જેમ જેમ તે પુરુષ આ લોકતંત્રને તૃણાદિના જેવો અસાર અથવા તુચ્છ જાણતો જાય છે, તેમ તેમ તેનું ચિત્ત શુદ્ધ થાય છે અને આ સંસાર ઉપર તેને વૈરાગ્ય થાય છે, એમાં સંશય નથી.[4] હે યુધિષ્ઠિર! સ્થાવરથી આરંભી સત્યલોક સુધીનું આ સર્વ જગત અનેક પ્રકારના દોષોથી ભરપૂર છે. આવો નિશ્ચય કરીને બુદ્ધિમાન પુરુષે મોક્ષ મેળવવા માટે અવશ્ય યત્ન કરવો જોઈએ."[5]

યુધિષ્ઠિરે પૂછ્યું–"હે પિતામહ! જે વેળા ધનનો નાશ થઈ જાય અથવા સ્ત્રી, પુત્ર કે પિતાનું

મરણ થાય, તે વેળા કયા જ્ઞાનનો આશ્રય કરીને શોકને દૂર કરવો? તે મને કહો."[૬]

ભીષ્મે કહ્યું:-"જે વેળા ધનનો નાશ થઇ જાય અથવા સ્ત્રી, પુત્ર કે પિતાનું મરણ થાય તે વેળા પુરુષે, "અહો! આત્માથી ભિન્ન એવું આ સર્વ જગત કેવળ દુઃખસ્વરૂપ છે" આવો મનમાં વિચાર કરીને શોકને દૂર કરવા માટે ઉપાય કરવો-શમદમાદિ મોક્ષસાધનોનું સેવન કરવું.[૭]આના સંબંધમાં એક પ્રાચીન ઇતિહાસનું વિદ્વાનો ઉદાહરણ આપે છે કે, પૂર્વે સેનજિત્ નામનો એક રાજા, પોતાના પુત્રના મરણથી શોકવડે વિહ્વળ થઇ ગયો અને શોકને લીધે તપી જઈને મનમાં ખિન્ન થઈ ગયો, ત્યારે તેનો મિત્ર કે જે એક બ્રાહ્મણ હતો તે તેની પાસે આવ્યો અને આ પ્રમાણે કહેવા લાગ્યો:-[૮,૯] "તું આમ મોહવશ શામાટે થાય છે? (અને આવી મૂઢતાને લીધે) તું પોતેજ જ્યારે શોક કરવા યોગ્ય છે, ત્યારે તારા પુત્રનો તું શામાટે શોક કરે છે? તું જાણતો નથી કે, તું જેમ શોક કરે છે, તેમ બીજા લોકો (તારા સંબંધીઓ) તારો પણ શોક કરશે અને તેઓનો વળી બીજાઓ શોક કરશે; માટે સમજ કે, જગતનાં સર્વ પ્રાણીઓ તારા પુત્રની ગતિનેજ પામવાનાં છે.[૧૦] ઓ રાજા! તું,હું અને બીજા આ સર્વ પુરુષો, કે જેઓ તારી સેવા કરી રહ્યા છે તેઓ બધા-આપણે, જ્યાંથી આવ્યા છીએ ત્યાંજ જવાના છીએ."[૧૧]

સેનજિતે પૂછ્યું:-"હે તપોધન બ્રાહ્મણ! એવી તે કયી બુદ્ધિ છે? કયું તપ છે? કયી સમાધિ છે? કયું જ્ઞાન છે? અને કયું શાસ્ત્ર છે, કે જેને પ્રાપ્ત કરીને તમે ખેદ કરતા નથી?"[૧૨]

બ્રાહ્મણે કહ્યું:-"આ જગતમાં ઉત્તમ, મધ્યમ અને અધમ જાતિનાં સર્વ પ્રાણીઓ, તે તે કર્મોને લીધે કેવા પ્રકારનાં દુઃખોથી ચોતરફ ઘેરાઇ ગયાં છે, તે તું જો.[૧૩] આ શરીર મારૂં નથી, આ સર્વ પૃથ્વી મારી નથી અને જેમ મારી નથી, તેમ બીજા કોઈની નથી." આવો વિચાર કરવાથી મને કોઈ જાતની વ્યથા થતી નથી. વળી એવા પ્રકારની નિશ્ચયાત્મિકા બુદ્ધિનો આશ્રય કરવાથી મને હર્ષ થતો નથી તેમ શોક પણ થતો નથી.[૧૪] જેમ કોઇ મહાસમુદ્રમાં એક લાકડું બીજા લાકડાની સાથે મળે છે અને પાછું તેનાથી જૂદું પડી જાય છે, તેમ આ સંસારમાં પ્રાણીઓને એકબીજાની સાથે સમાગમ થાય છે અને સમય પૂરો થતાં પાછો વિયોગ થાય છે. (તેમાં શોક કરવાનું શું કારણ છે?)[૧૫] પુત્રો, પૌત્રો, જ્ઞાતિઓ અને બાંધવો પણ એ પ્રમાણેજ આવી મળે છે અને પુનઃ પોતપોતાને રસ્તે પડે છે, માટે તેઓના પર સ્નેહજ ન રાખવો, (તે વધારે ઉત્તમ છે;) કેમકે તેઓની સાથે વિયોગ તો અવશ્ય થવાનોજ છે. (જેથી સ્નેહ રાખવાને લીધે અંતે દુઃખજ ઉત્પન્ન થાય છે.)[૧૬] તારો પુત્ર કે જે શુદ્ધ પરબ્રહ્મના સ્વરૂપમાંથી એક અંશરૂપે અહીં આવ્યો હતો, તેજ પાછો પરમાત્માના અદૃશ્ય સ્વરૂપમાં લીન થઇ ગયો છે, તે હવે તને જાણતો નથી અને તું એને જાણતો નથી. ત્યારે તું કોણ છે? અને કોનો શોક કરે છે?[૧૭] જગતમાંહેનાં સર્વ દુઃખો તૃષ્ણા(અતૃપ્તિ)રૂપી પીડામાંથી ઉત્પન્ન થાય છે અને સર્વ પ્રકારનાં સુખો દુઃખના નાશમાંથી ઉત્પન્ન થાય છે. વળી તે સુખમાંથી પાછું દુઃખ ઉત્પન્ન થાય છે, જેથી વારંવાર દુઃખજ પ્રાપ્ત થયા કરે છે.[૧૮] સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ-એમ ગાડીના પૈડાની પેઠે સુખ-દુઃખ, મનુષ્યોના પર ઘુમ્યા કરે છે.[૧૯] તું પોતે પ્રથમ સુખ પામ્યા પછી આ વેળા દુઃખ પામ્યો છે અને પાછો વળી સુખને પામીશ. તાત્પર્ય કે, કોઇ પણ મનુષ્યને સદાય દુઃખ હોતું નથી અને સદાય સુખ હોતું નથી.[૨૦] હરકોઈ સુખનું અથવા હરકોઇ દુઃખનું આશ્રયસ્થાન શરીરજ છે; માટે પ્રાણી, શરીરવડે જે જે પ્રકારનું કર્મ કરે છે, તે તે દ્વારા સુખ-દુઃખ તેને આવી મળે છે.[૨૧] (પણ તે શરીર બે પ્રકારનાં છે. એક તો લિંગશરીર અને બીજું સ્થૂળશરીર. તેમાંનું) લિંગશરીર, જે જીવનના હેતુભૂત છે, તે સ્થૂલશરીરની સાથેજ ઉત્પન્ન થાય છે અને પછી તેઓ બન્ને એક સાથે રહીને સંસારમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે

વર્ત્યા કરે છે; પરંતુ જ્યારે જીવાત્માનો સંસારથી મોક્ષ થાય છે ત્યારે તે બન્ને શરીરોનો એકસાથેજ નાશ થાય છે.[૨૨] અનેક પ્રકારના સ્નેહપાશોથી જકડાયલા અને અનેક પ્રકારના વિષયોથી ઘેરાયલા ચિત્તવાળા મનુષ્યો, તે તે વિષયનાં સુખો સંપાદન કરવા માટે મહા ભગીરથ પ્રયત્ન કરે છે, પરંતુ પાણીનાં મોજાંઓના આઘાતથી તૂટી પડેલી રેતીની પાળોની પેઠે પોતાના પ્રયત્નમાં નિષ્ફળ થઇને તેઓ ક્લેશજ પામ્યા કરે છે.[૨૩] જેમ તલની અંદર સ્નેહ (તેલ) હોવાને લીધે ઘાંચી, તેઓને ઘાણીમાં ઘાલીને પીલી કાઢે છે, તેમ મનુષ્યોની અંદર પણ અન્યોન્યપરનો સ્નેહ હોવાને લીધે, અજ્ઞાનથી ઉત્પન્ન થનારા ક્લેશો, તેઓને આ સૃષ્ટિચક્રરૂપી ઘાણીમાં ઘાલીને પીલી કાઢે છે.[૨૪] વળી તે સ્નેહને લીધેજ મનુષ્ય, પોતાના કુટુંબનું પોષણ કરવા માટે પ્રવૃત્ત થઇને ચોરી જેવાં અશુભ કૃત્યો કરે છે; પરંતુ તે નથી જાણતો કે, આ લોકમાં ને પરલોકમાં પોતાને એકલાનેજ તે અશુભ કૃત્યોના ફળભૂત ક્લેશો ભોગવવાના છે![૨૫] પુત્ર, સ્ત્રી આદિ કુટુંબનું પોષણ કરવામાં આસક્ત થયેલા સર્વ મનુષ્યો, જેમ વનના ઘરડા હાથીઓ, કાદવના સમુદ્રમાં ડૂબી જાય છે, તેમ શોકરૂપી કાદવના સમુદ્રમાં ડૂબી જાય છે.[૨૬] હે રાજન્! પુત્રનો, જ્ઞાતિનો, સંબંધીનો કે ધનનો જ્યારે નાશ થાય છે ત્યારે મનુષ્યને દાવાનલમાં પડયા જેવું મહાન દુઃખ થાય છે. (માટે તે પુત્રાદિ ઉપર મમતા કરવીજ નહિ.)—[૨૭] આ જગતમાં જે કંઇ સુખ, દુઃખ, સંપત્તિ કે વિપત્તિ પ્રાપ્ત થાય છે, તે સર્વ દૈવને અધીન છે, જેથી મનુષ્ય સુહૃદોવાળો હોય કે સુહૃદોવિનાનો હોય, શત્રુઓથી ઘેરાયલો હોય કે મિત્રોથી વીંટાયલો હોય અથવા બુદ્ધિમાન હોય કે બુદ્ધિથી હીન હોય તોપણ દૈવયોગેજ તેને સુખ મળે છે.[૨૮] સુહૃદો હોય તોપણ તેઓ સુખ આપવાને સમર્થ નથી, તેમજ શત્રુઓ હોય તોપણ તેઓ દુઃખ આપવાને સમર્થ નથી. વળી એવો પણ કંઇ નિયમ નથી કે, બુદ્ધિથીજ ધનનો લાભ થાય અને ધનથીજ સુખ મળી શકે છે! [૨૯] અથવા જ્ઞાનથીજ ધનનો લાભ થાય છે અને મૂર્ખતાથીજ ધનનો નાશ થાય છે, એમ પણ કહી શકાય તેમ નથી; કેમકે આ સુખદુઃખાદિ ભોગ્યપ્રપંચનું નિર્માણ કેવી રીતે થાય છે, એ વિષયના સિદ્ધાંતને કોઇ તત્ત્વવેત્તા પુરુષજ જાણી શકે છે, બીજો સામાન્ય પુરુષ જાણી શકતો નથી. [૩૦] બુદ્ધિમાન હો, મૂર્ખ હો, શૂરવીર હો, બીકણ હો, વિદ્વાન હો, મૂઢ હો, બળવાન હો કે દુર્બળ હો, પરંતુ જે પુરુષ ભાગ્યસંપન્ન હોય છે, તેનેજ સુખ પ્રાપ્ત થાય છે. [૩૧] જેમ એક ગાય ઉપર તેના વાછરડાનો, ગોવાળનો, તેના માલીકનો અને ચોરનો—એમ ચારેનો અધિકાર ગણાય છે, પરંતુ જે પુરુષ તે ગાયનું દૂધ પી શકે છે તેનોજ તે ગાય ઉપર ખરો અધિકાર છે, (બાકીનાઓનો અધિકાર તો કેવળ નામનોજ છે) એવો નિશ્ચય છે. (તેમ, જે ભોગ્યપદાર્થનો પોતાનાથી ઉપભોગ લઇ શકાય તેનેજ પોતાનો ગણીને તેની જરૂરીઆત હોય તેટલીજ સ્પૃહા કરવી તે યોગ્ય ગણાય છે પણ તેથી વધારે મેળવવા માટે ફાંફાં મારવાં તે યોગ્ય નથી.)*[૩૨] આ જગતમાં જેઓ અત્યંત મૂઢ હોય છે (સુષુપ્તિ અવસ્થામાં રહેલા હોય છે) અથવા તો બુદ્ધિના પારને પામેલા હોય છે (નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થયેલા હોય છે અથવા તો તુરીયાવસ્થામાં રહેલા હોય છે) તેઓજ અત્યંત સુખી છે; (બ્રહ્મભાવરૂપ સુખનો અનુભવ કરનારા છે.) પણ જે મનુષ્ય

---

* गोशतादपि गोक्षीरं प्रस्थं धान्यशतादपि॥प्रासादादपि खट्वार्धं शेषाःपराविभूतयः”—સેંકડો ગાયો હોય તોપણ તેમાંથી માત્ર એક ગાયના દૂધનોજ માંડમાંડ ઉપયોગ કરી શકાય છે; સેંકડો મણ અનાજ ભરી રાખ્યું હોય તોપણ તેમાંથી માત્ર એક શેર અનાજનોજ તેના માલીકથી ઉપયોગ થઈ શકે છે અને એક મોટો વિશાળ મહેલ હોય પણ તેના માલીકને એક ખાટલાના અડધીઆ જેટલી જગ્યાજ ઉપયોગી ગણાય છે. બાકી તો એ બધી સંપત્તિઓ પારકીજ ગણાય છે.

મધ્યસ્થિતિમાં (જાગ્રત્ કે સ્વપ્નાવસ્થામાં) રહેલો છે તે તો દુઃખીજ છે;[૩૩] માટેજ જ્ઞાની પુરુષો સુષુપ્તિ અને નિર્વિકલ્પ સમાધિરૂપ તુરીયાવસ્થામાંજ આનંદ માને છે .પણ જાગ્રત કે સ્વપ્નાવસ્થામાંજ આનંદ માનતા નથી. વળી તેઓ કહે છે કે, સુષુપ્તિ અને તુરીયાવસ્થામાંજ સુખ રહેલું છે, પરંતુ જાગ્રત્ અને સ્વપ્નાવસ્થામાં તો દુઃખજ ભરેલું છે.[૩૪] [જે પુરુષો વિવેકી (જ્ઞાનસંપન્ન) હોય છે તેઓ તો જાગ્રત અને સ્વપ્નાવસ્થામાં રહીને પણ કલેશ પામતાન થી. કેમકે] તેઓ બુદ્ધિથી પર રહેલા પરમાત્મસ્વરૂપને જાણી શકયા હોય છે, સુખ દુઃખાદિ દ્વંદ્વોથી રહિત થયા હોય છે અને મત્સર(અદેખાઇ)નો ત્યાગ કરનારા હોય છે; માટેજ તેઓને સ્ત્રી આદિના સંયોગરૂપી અર્થ અને તેના વિયોગરૂપી અનર્થ કદી દુઃખી કરી શકતા નથી;[૩૫] પરંતુ જેઓ પરમાત્મસ્વરૂપને જાણી શકયા નથી અને મૂઢતાને ત્યજી શકયા નથી,તેઓ કોઇ સમયે અત્યંત હર્ષ પામે છે અને કોઇ સમયે અત્યંત સંતાપ પામે છે.[૩૬] વળી જેઓ અત્યંત મૂઢ હોય છે, તેઓ તો સ્વર્ગમાં રહેલા દેવગણોની પેઠે(આ સંસારમાં રહીને પણ) નિત્ય આનંદમાંજ દિવસો ગાળે છે અને મોટા ગર્વથી ફૂલી જઇને તથા કામાદિને વશ થઇને બીજાઓને દુઃખ દેવામાંજ તત્પર રહે છે.[૩૭] આ સાંસારિક સુખમાંથી તો અંતે દુઃખજ ઉત્પન્ન થાય છે; પણ જ્ઞાનને પ્રાપ્ત કરવાનાં સાધનોનું અનુષ્ઠાન કરવામાં જે દુઃખ જણાય છે, તેમાંથી અંતે પરમ સુખનો ઉદય થાય છે; એ વાત લક્ષમાં રાખીને જ્ઞાન મેળવવાનોજ ઉત્સાહ ધારણ કરવો; કેમકે ઉત્સાહી મનુષ્યને વિષે અણિમાદિ ઐશ્વર્ય અને વેદોક્ત આત્મવિદ્યા નિવાસ કરે છે, પણ આળસુને વિષે નિવાસ કરતાં નથી.[૩૮] જે સમયે સુખ કે દુઃખ અથવા પ્રિય કે અપ્રિય પ્રાપ્ત થાય, તે સમયે મનમાં ધૈર્ય ધારણ કરીને તેને ભોગવી લેવાં.[૩૯] આ જગતમાં સેંકડો શોકનાં સ્થાનકો છે અને સેંકડો ભયનાં સ્થાનકો છે; પરંતુ તેઓ મૂઢ મનુષ્યના હૃદયમાંજ પોતાની સત્તા ચલાવી શકે છે, પણ પંડિત પુરુષના હૃદયમાં લગારે સત્તા ચલાવી શકતાં નથી.[૪૦] જે પુરુષ બુદ્ધિમાન હોય છે, ઊહાપોહ કરવામાં કુશલ હોય છે, શાસ્ત્રીય અભ્યાસ કરવામાં તત્પર રહે છે, અસૂયા દોષથી રહિત હોય છે, બાહ્ય ઇંદ્રિયોને જીતનારો હોય છે અને મનને વશ રાખનારો હોય છે તેને શોક સ્પર્શ પણ કરી શકતો નથી;[૪૧] માટે વિદ્વાન પુરુષે પૂર્વોક્ત બુદ્ધિનો આશ્રય કરીને તથા કામાદિ દુષ્ટ વાસનાઓથી મનનું રક્ષણ કરીને સંસારમાં વર્તવું. જે પુરુષે જગતની ઉત્પત્તિ અને લયના સ્થાનભૂત પરબ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો હોય છે, તેને શોક સ્પર્શ કરી શકતો નથી.[૪૨] જેને નિમિત્ત આપણને શોક થતો હોય અથવા જેને લીધે સંતાપ, દુઃખ કે પરિશ્રમ થતો હોય તે યદ્યપિ પોતાના શરીરનોજ એક અવયવ હોય તોપણ તેનો ત્યાગ કરી દેવો જોઇએ.[૪૩] હરકોઈ વસ્તુના સંબંધમાં "આ મારી પોતાની છે" આવી મમત્વબુદ્ધિ જ્યારે થાય છે, ત્યારેજ તે સર્વ વસ્તુ, મનુષ્યને સંતાપ કરાવનાર થઇ પડે છે.[૪૪] સર્વ પ્રકારના વિષયોમાંથી જે જે વિષયનો પુરુષ ત્યાગ કરી દે છે, તે તે વિષય તેના સુખમાં ઉલટો વૃદ્ધિકર્તા થઈ પડે છે; પરંતુ વિષયોની પાછળ દોડમદોડ કરનારો પુરુષ તો તેઓની પાછળ વિનાશજ પામે છે.[૪૫] આ જગતમાં જે કંઇ વિષયજન્ય સુખ છે અને સ્વર્ગમાં જે મહાન સુખ રહેલું છે,તે બન્ને પ્રકારનાં સુખો, વૈરાગ્યના સુખની સોળમી કળાને પણ યોગ્ય નથી.[૪૬] પૂર્વજન્મમાં જે કંઈ શુભ અશુભ કર્મ કરેલું હોય છે, તેને આ જન્મમાં વિદ્વાન, મૂર્ખ કે શૂરવીર પુરુષે અવશ્ય ભોગવવું પડે છે.[૪૭] એજ પ્રમાણે પ્રિય અને અપ્રિય એવાં સુખ અને દુઃખ પણ જીવોને સ્વતઃજ પ્રાપ્ત થયા કરે છે;[૪૮] માટે ગુણવાન પુરુષ એ પૂર્વોકત બુદ્ધિનો આશ્રય કરીને સુખેથી રહે છે અને સર્વ પ્રકારના વિષયોને મનથી ધિક્કારી કાઢીને દૂર કરે છે;[૪૯] કારણ કે વિષયશબ્દથી કહેવાતો અને મનમાંથી ઉત્પન્ન થનારો એ કામ, પ્રાણીઓના હૃદયમાં

રહેલો મહાન મૃત્યુજ છે અને તે કામ, કોઈ પણ કારણને લીધે જો સિદ્ધ થઈ શકતો નથી તો ક્રોધનું સ્વરૂપ ધારણ કરીને પ્રાણીઓના શરીરમાં વ્યાપ્ત થઈ જાય છે, એમ વિદ્વાનો કહે છે.[૫૦] જેમ કાચબો પોતાનાં સર્વ અંગોને સંકોચી લે છે, તેમ મનુષ્ય પોતાની સર્વ વિષયવાસનાઓને સર્વ તરફથી જ્યારે સંકોચી લે છે, ત્યારે તેને પોતાના સ્વરૂપમાંજ આત્મજ્યોતિનાં દર્શન થાય છે.[૫૧] પછી જ્યારે તે મનુષ્ય કોઈનાથી ભય પામતો નથી, તેમજ બીજાઓને તેના તરફનો ભય રહેતો નથી, કોઇ જાતની ઈચ્છા કરતો નથી અને કોઇનો દ્વેષ પણ કરતો નથી, ત્યારે તે બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે;[૫૨] એટલુંજ નહિ પણ તેવો મનુષ્ય સત્યનો અસત્યનો, શોકનો આનંદનો, ભયનો અભયનો, પ્રિયનો તથા અપ્રિયનો ત્યાગ કરીને કેવળ શાંતસ્વરૂપજ બની જશે.[૫૩] હરકોઈ ધીર પુરુષ જ્યારે સર્વ પ્રાણીઓની મનસા, વાચા કે કર્મણા હિંસા કરતો નથી, ત્યારે તે બ્રહ્મસ્વરૂપ બની જાય છે.[૫૪] બુદ્ધિદુષ્ટ પુરુષોને જેનો ત્યાગ કરવો અશક્ય થઈ પડે છે, પુરુષ વૃદ્ધ થાય છે તોપણ જે વૃદ્ધ થતી નથી અને જે એક પ્રાણનાશક રોગસરખીજ છે, તે તૃષ્ણાનો ત્યાગ કરનારા પુરુષને પરમ સુખ પ્રાપ્ત થાય છે.[૫૫] હે રાજા! આ તૃષ્ણાના સંબંધમાં પિંગલા નામની એક વેશ્યાએ કેટલીએક ગાથાઓ ગાઇ હતી, તે મારા સાંભળવામાં આવી છે. (તે ગાથાઓનું તાત્પર્ય એ છે કે,) પિંગલાએ સંકટસમયમાં આવી પડીને પણ સનાતન ધર્મ સંપાદન કર્યો હતો.[૫૬] જેમકે એક સમયે પિંગલા વેશ્યાએ, કોઇ એક સંકેતસ્થાનમાં મળવા માટે પોતાના પ્રિય પતિને (જારને) નોતર્યો હતો; પણ તેવા કોઇ કારણને લીધે તે ત્યાં આવી શકયો નહિ. ત્યારે તેના વિયોગને લીધે પિંગલાને અત્યંત દુઃખ થયું અને પછી તેણે પોતાની બુદ્ધિને શાંત અને સ્થિર કરીને આ પ્રમાણે કહ્યું.[૫૭]

પિંગલા બોલીઃ-"ખરેખર, હું ઉન્મત્ત છું; કારણ કે મારો શાણો પતિ, પ્રથમ મારી સમીપમાંજ રહેતો હતો અને મારી પાસેજ રમણ કર્યા કરતો હતો; છતાં મેં તેને ઓળખ્યો નહિ;*[૫૮] પણ હવે તો અવિદ્યારૂપી એક થાંભલીપર રહેલા અને પાંચ ઇંદ્રિયો તથા ચાર અંતઃકરણરૂપી નવ દ્વારવાળા આ શરીરરૂપી ઘરને(જ્ઞાનના બળથી)હું ઢાંકી દઇશ-અર્થાત તેને તુચ્છ અને અસાર માનીશ તો પછી આ મારા હૃદયાકાશમાં રહેલા પ્રિય પરમાત્માને "આ મારો પતિ છે" એમ કોણ માનનાર છે-અર્થાત્ મારી ભેદદૃષ્ટિનો નાશ થઈ જતાં મંતા અને મંતવ્યભાવ-એ બન્નેનો અભાવ થઇ જશે.[૫૯] (મને હવે આત્મજ્ઞાન થયું છે)અને વળી મેં સર્વ પ્રકારની કામનાઓનો ત્યાગ કરી દીધો છે, તેથી પ્રત્યક્ષ નરકસ્વરૂપ એવા ધૂર્ત પુરુષો કામીસ્વરૂપે પુનઃ મને છેતરી શકશે નહિ. હવે મેં આત્મતત્ત્વને જાણ્યું છે અને હવે હું (અવિદ્યારૂપી નિદ્રાનો ત્યાગ કરીને) જાગ્રત્ થઈ છું.[૬૦] જે સમયે દૈવનો અનુગ્રહ થાય છે અથવા પ્રાચીન કર્મવિપાક ઉદય પામે છે, તે વેળા (ધનાદિકની આશાની જે વિકલવતા તે રૂપી) અનર્થ પણ અર્થરૂપ બની જાય છે. મારા સંબંધમાં પણ તેમજ બન્યું છે અને તેથીજ હવે હું નિર્વિષયક જ્ઞાનસ્વરૂપ બની ગઇ છું, સંપૂર્ણ જાગ્રત થઇ છું અને જિતેન્દ્રિય બની ગઈ છું.[૬૧] ખરેખર, જે પુરુષે આશાનો સમૂળગો ત્યાગ કર્યો છે, તે પુરુષ સુખેથી સૂઈ શકે છે; કેમકે નિરાશા એજ પરમ સુખ છે. હું પિંગલા—એક વેશ્યા છું છતાં આશાને નિરાશાના રૂપમાં બદલી નાખીને આજે સુખેથી સૂઈ શકું છું."[૬૨]

ભીષ્મે કહ્યુંઃ-એ પ્રમાણે પિંગલાગીતનું ગાન કરી બતાવીને તથા બીજાં કેટલાંએક હેતુગર્ભિત વાકયોનો ઉપદેશ આપીને તે બ્રાહ્મણે

---

*અર્થાત-હું કામક્રોધાદિ વિકારવાળી છું અને મેં મારા હૃદયમાંજ રહેલા અંતર્યામી પરમાત્માને વિકારશૂન્ય હોવા છતાં વિકારોવડે આચ્છાદિત કરી દીધા હતા, જેથી તે આનંદદાયક પ્રભુને હું જાણી શકી નહિ.

સેનજિત રાજાને શાંત પાડયો, જેથી રાજા સેનજિત પ્રસન્ન થયો અને સુખી થયો.[63]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “બ્રાહ્મણ
અને સેનજિતનો સંવાદ” એ વિષયનો
અ૦ ૧૭૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૫ મો

પિતા-પુત્રનો સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

अतिक्रामति कालेऽस्मिन् सर्वभूतक्षयावहे ॥
किं श्रेयः प्रतिपद्येत तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછયું:-હે પિતામહ ! સર્વ પ્રાણીઓનો ક્ષય કરનારો આ કાળ જ્યારે એકસરખો પ્રયાણ કરી રહ્યો છે,ત્યારે મનુષ્યે કયા કલ્યાણકારક માર્ગનો આશ્રય કરવો? તે મને કહો.[1]

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિર! એ વિષયમાં પણ એક પ્રાચીન ઈતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે, કે જેમાં પિતા અને પુત્રનો સંવાદ વર્ણવેલો છે, તે ઇતિહાસ હું તમને કહું છું, સાંભળો.[2] હે પાર્થ! પૂર્વે એક બ્રાહ્મણ હતો. તે નિત્ય વેદાધ્યયન કરવામાંજ આસક્ત રહેતો હતો. તેને મેધાવી નામનો એક મહાબુદ્ધિમાન પુત્ર હતો.[3] તે પુત્ર, મોક્ષધર્મનો તાત્ત્વિક વિચાર કરવામાં કુશલહતો અને લૌકિક વ્યવહારજ્ઞાનમાં પણ વિચક્ષણ હતો. તેણે, વેદાધ્યયન કરવામાં આસક્ત રહેનારા પોતાના પિતાને એક સમયે પ્રશ્ન કર્યો.[4]

પુત્રે પૂછયું:-“હે પિતા ! મનુષ્યોનું આયુષ સત્વર ક્ષીણ થતું જાય છે, એમ સમજનારા ધીર પુરુષે, શું કરવું જોઇએ ? તે મને યથાર્થ રીતે અને ક્રમપૂર્વક કહો, જેથી હું(યથાયોગ્ય) ધર્માચરણ કરી શકું !”[5]

ત્યારે પિતાએ કહ્યું:-“હે પુત્ર ! સૌ પહેલાં તો (બ્રાહ્મણે) બ્રહ્મચર્યવ્રત પાળીને વેદાધ્યયન કરવું અને પછી પિતૃઓનો ઉદ્ધાર કરવા માટે (ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરીને) પુત્રોત્પાદન કરવાની ઇચ્છા કરવી. તે પછી અગ્ન્યાધાન કરીને તથા વિધિપૂર્વક યજ્ઞયાગાદિ કરીને વનમાં ચાલ્યા જવું-વાનપ્રસ્થ આશ્રમમાં પ્રવેશ કરવો અને પછી ધ્યાનનિષ્ઠ થઈને મુનિવ્રત ધારણ કરવું-અર્થાત સંન્યાસી થવું.”[6]

પુત્રે કહ્યું:-“આ સમગ્રલોક (મૃત્યુના) માર ખાઇ ખાઇને જર્જર બની ગયો છે, (જરાવડે) ચોતરફથી ઘેરાઈ રહ્યો છે અને પોતાનું કામ કાઢી લઇને આ (રાત્રિઓ) પસાર થઈ રહી છે, છતાં તમે ધીર પુરુષની પેઠે આમ કેમ બોલો છો?”[7]

પિતાએ કહ્યું:-લોક, કોનો માર ખાઇને જર્જર થઇ રહ્યો છે, કોનાવડે ચોતરફથી ઘેરાઈ ગયો છે અને કોણ પોતાનું કામ કાઢી લઇને પસાર થઇ જાય છે ? તું મને આમ ડરાવે છે કેમ ?[8]

પુત્રે કહ્યું:-“આ સર્વ લોક મૃત્યુના પ્રહારથી જર્જર થઇ રહ્યો છે અને વૃદ્ધાવસ્થાથી ઘેરાઈ રહ્યો છે; તેમજ (આયુષને ક્ષીણ કરનારા) રાત્રિદિવસો ઘણી ઝડપથી પસાર થતા જાય છે; છતાં તમે હજી કેમ જાગ્રત્ થતા નથી-અજ્ઞાનનિદ્રામાં કેમ પડયા છો ?”[9]આ રાત્રિઓ નિત્ય સફળ થઇને આવ-જા કર્યા કરે છે. એ વિષેનો હું વિચાર કરૂં છું ત્યારે જાણી શકું છું કે, મૃત્યુ કોઇની રાહ જોઇને ઉભું રહેતું નથી, તોપછી હું જ્ઞાનરૂપી કવચથી સુરક્ષિત ન હોવા છતાં કેવળ તમારા જેવું ધર્માચરણ કરતો કરતો કાળપ્રતીક્ષા કેમ કરી શકું ?[10] વિચક્ષણ પુરુષે તો એમજ સમજવું જોઈએ કે, પ્રત્યેક રાત્રિઓ આયુષનો ક્ષય કરતી કરતી પસાર થઈ જાય છે અને મનુષ્યનું આયુષ અતિ અલ્પ છે; તો પછી જ્ઞાન સંપાદન કર્યા વિનાનો એક દિવસ પણ નિષ્ફળજ ગણાય છે.[11] જેમ છીછરા પાણીમાં રહેલા માછલાનું આયુષ અલ્પ છે, તેમ આ સંસારમાં આવેલા મનુષ્યનું આયુષ પણ અલ્પ છે. આમ સમજનારો કયો પુરુષ સુખને પામી શકે ? મનુષ્યોની કામનાઓ અપૂર્ણજ રહે છે, તેટલામાં મૃત્યુ તેઓની સમીપમાં આવી પહોંચે છે.[12]જેમ એક ઋતુમતી બકરીની શોધ કરી રહેલા પ્રમાદી બોકડાને વરૂની માદા અકસ્માત્ તરાપ મારીને ઉઠાવી જાય છે, તેમ

મૃત્યુ મનુષ્યને ઝડપી લે છે;[૧૩] માટે જે કંઈ શ્રેય કરવાનું હોય તેને તમે આજેજ કરી લ્યો; પણ તેને માટે કાલપ્રતીક્ષા કરો મા; કારણ કે મૃત્યુ, તમારાં કાર્ય અધુરાં હશે તોપણ તમને ઘસડી જશે.[૧૪] જગતના પ્રત્યેક મનુષ્યે જે કાર્ય આવતી કાલે કરવાનું હોય તેને આજેજ કરી લેવું અને આજના પાછળના ભાગમાં કરવાનું હોય તેને પ્રથમના ભાગમાં કરી લેવું; કેમકે અમુક મનુષ્યે પોતાનું કાર્ય કર્યું છે કે નથી કર્યું, તેને માટે મૃત્યુ રાહ જોતું નથી.[૧૫] કોણ જાણે છે કે, અમુકનું મૃત્યુ અમુક દિવસેજ થશે? માટે તરુણ અવસ્થામાંજ ધર્માચરણ કરવા મંડી પડવું; કેમકે આ જીંદગી અવશ્ય અનિત્ય છે– નાશવંત છે.[૧૬] ધર્મ કરવાથી કીર્તિ મળે છે, એટલુંજ નથી પણ આ લોકમાં ને પરલોકમાં સુખ પણ મળે છે.જે પુરુષ મોહથી ઘેરાયલો હોય છે તેજ પુત્ર, સ્ત્રી આદિનું પોષણ કરવા માટે પ્રયત્ન કરે છે અને કાર્ય અકાર્ય–ગમે તે કરીને પણ તેઓનું ભરણ કરે છે;[૧૭] પરંતુ સૂતેલા મૃગને જેમ વાઘઉઠાવી જાય છે, તેમ તેવા પુત્ર,પશુ વગેરેથી સંપન્ન બનેલા અને સાંસારિક વિષયોમાં આસક્ત મનવાળા પુરુષને મૃત્યુ ઉઠાવી જાય છે.[૧૮] વિષયવાસનાઓથી અતૃપ્ત રહેલા અને પ્રતિદિન નવા નવા વિષયોની શોધમાં ફરનારા તે પ્રમાદી પુરુષને, વાઘ જેમ પશુને ઉપાડી જાય છે, તેમ મૃત્યુ ઉપાડી જાય છે.[૧૯] “આજે આ કાર્ય પૂર્ણ કર્યું છે, આ કાર્ય અપૂર્ણ રહ્યું છે અને આવતી કાલે અમુક કાર્ય કરવાનું છે” ઇત્યાદિ વાતો કરીને આશાજન્ય સુખને અધીન થયેલા પુરુષને કાળ, પોતાના સપાટામાં સપડાવી દે છે.[૨૦] ખેતર, દુકાન, ઘર વગેરેના આરંભો કરવામાં આસક્ત બનેલો અને પોતાના કર્મ પ્રમાણે બ્રાહ્મણાદિ સંજ્ઞાને પામેલો મનુષ્ય,આરંભેલાં કર્મોનાં ફળને હજી મેળવી શકયો નથી, તેટલામાં તો મૃત્યુ તેને પકડી જાય છે. [૨૧]દુર્બળ હોય કે બળવાન હોય, શૂરવીર હોય કે બીકણ હોય અથવા મૂર્ખ હોય કે વિદ્વાન હોય તોપણ સર્વ વિષયવાસનાઓને પ્રાપ્ત કરી ન શકયો તે પહેલાંજ મૃત્યુ તેને લઇ જાય છે.[૨૨] ઓ પિતા! આપણા સર્વના દેહની પાછળ મૃત્યુ, જરા, વ્યાધિ અને અનેક પ્રકારનાં દુઃખો લાગ્યાંજ રહ્યાં છે, છતાં તમે સ્વસ્થની પેઠે કેમ બેઠા છો?[૨૩] હરકોઇ પ્રાણી જેવું ઉત્પન્ન થાય છે, કે તુરતજ કાળ અને જરા, તેનો નાશ કરવા માટે તેની પાછળ પડે છે. આ જગતમાં જે જે સ્થાવરજંગમ પ્રાણીઓ ઉત્પન્ન થયાં છે, તે સર્વની પાછળ કાળ અને જરા લાગુજ છે.[૨૪] અમે સાંભળ્યું છે કે, ગામની અંદર રહીને સ્ત્રી-પુત્રાદિ પરિવારને વિષે જે આસક્તિ રાખવી તેજ મૃત્યુનું દ્વાર ગણાય છે; માટે અરણ્યવાસ કરીને ધ્યાનપરાયણ રહેવું તેજ ઉત્તમ છે; કેમકે અરણ્ય એ દેવતાઓનું નિવાસસ્થાન ગણાય છે; અથવા ગાયોને જેમ એક વાડામાં બાંધી શકાય છે તેમ અરણ્યમાં ઇંદ્રિયોને વશ કરી શકાય છે.[૨૫] ગામમાં રહીને કુટુંબપરિવાર ઉપર જે પ્રીતિ કરવી તે તો જકડી બાંધનારી એક રજ્જુ (દોરી) છે; માટેજ પુણ્યશાળી પુરુષો એ રજ્જુને કાપી નાંખીને અરણ્યમાં ચાલ્યા જાય છે, પણ પાપી પુરુષો તો તેને કાપીજ શકતા નથી.[૨૬] જે પુરુષ મન, વચન, કાયા અને શ્રાદ્ધાદિ કર્મના નિમિત્તે પણ કોઇ જીવોની હિંસા કરતો નથી, તેને જીવિતનો તથા અર્થનો નાશ કરનારાં કોઇ પણ પ્રાણી મારી શકતાં નથી.[૨૭] યોગધર્મનો આશ્રય કર્યા વિના કોઈપણ પુરુષ મૃત્યુની ચઢી આવતી સેનાને (વૃદ્ધાવસ્થા અને વ્યાધિઓરૂપી સેનાને) જાણી શકતો નથી; માટે (યોગધર્મસિવાયના)અસત્‌નો ત્યાગ કરવો; કેમકે યોગધર્મજ અમૃતનું(મરણના અભાવનું)આશ્રયસ્થાન છે,[૨૮] માટે મનુષ્યે સત્ય એવાં યમનિયમાદિ વ્રતોનું આચરણ કરીને, જીવનો બ્રહ્મમાં લય કરવારૂપ સત્ય યોગસાધનામાં પરાયણ રહીને, ગુરુ અને વેદવાકયરૂપ સત્ય આગમને પ્રમાણભૂત ગણીને તથા ઇંદ્રિયોનો જય કરીને યોગધર્મવડેજ મૃત્યુ ઉપર વિજય મેળવવો.[૨૯] મોક્ષ અને મૃત્યુ, એ બન્ને આપણા દેહની અંદરજ રહેલા છે. જો મોહનો આશ્રય કરવામાં આવે છે તો

મૃત્યુને પામી શકાય છે અને યોગધર્મનો આશ્રય કરવામાં આવે છે તો મોક્ષને મેળવી શકાય છે;૩૦ માટે હું તો યોગધર્મનો આશ્રય કરીશ, હિંસાધર્મનો ત્યાગ કરીશ, કામક્રોધને દૂર ફેંકી દઇશ, સુખદુઃખને સમાન ગણીશ અને તે દ્વારા અજરામર થઈને હિરણ્યગર્ભની પેઠે ક્ષેમકુશલ થઈશ.૩૧ વળી દેવયાન માર્ગે ગમન કરવા માટે હું નિવૃત્તિમાર્ગના અભ્યાસરૂપ શાંતિયજ્ઞને કરીશ, ઇંદ્રિયોને જીતીશ, ઉપનિષદોના અર્થચિંતનરૂપ બ્રહ્મયજ્ઞને કરીશ, મૌનવ્રત ધારણ કરીશ, ૐકારના જાપરૂપી વાગ્યજ્ઞને કરીશ, પ્રણવમંત્રના અકાર, ઉકાર અને મકારનું ઉત્તરોત્તર પ્રવિલાપન કરવારૂપ મનોયજ્ઞને કરીશ અને સ્નાન, શૌચ, ગુરુસેવા-વગેરે આવશ્યક ધર્મોનું અનુષ્ઠાન કરવારૂપ કર્મયજ્ઞને કરીશ.૩૨ મારા જેવો એક બુદ્ધિમાન પુરુષ, હિંસાપ્રાય અને નાશવંત ફળવાળા પશુયજ્ઞો કરવાને માટે કેમ યોગ્ય થઇ શકશે? તે યજ્ઞો તો ÷ પિશાચોએ કરેલા ક્ષેત્રયજ્ઞોના જેવાજ (તુચ્છ) છે.૩૩ જે પુરુષ પોતાની વાણી, મન, તપ, દાન અને સત્ય-એ પાંચેને બ્રહ્માર્પણ કરી દે છે, તે પુરુષ પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે.૩૪ જ્ઞાનસમાન નેત્ર નથી, સત્યસમાન તપ નથી, રાગસમાન દુઃખ નથી અને ત્યાગ(સંન્યાસ)સમાન સુખ નથી.૩૫ (આ સર્વ જગત કેવળ બ્રહ્મમય છે) તેથી હું બ્રહ્મને વિષેજ બ્રહ્મસ્વરૂપે ઉત્પન્ન થયો છું. (નહિ કે માતાને વિષે પિતાથી ઉત્પન્ન થયો છું.) વળી હું કેવળ બ્રહ્મરૂપજ છું, તેથી પ્રજા ઉત્પન્ન કર્યાવિના પણ પરબ્રહ્મવિષેજ નિવાસ કરવાનો છું. પ્રજા, મને તારી શકે તેમ નથી.૩૬ એકલા રહેવું, સર્વનાપર સમદૃષ્ટિ રાખવી, સત્ય બોલવું, સદાચારી થવું, મનને સ્થિર કરવું, મન, વચન અને કાયાથી હિંસાનો ત્યાગ કરવો, સરળ થવું અને સર્વ ક્રિયારંભોથી ઉપરામ પામવો-આના જેવું બ્રાહ્મણનું બીજું ધન નથી.૩૭ હે બ્રહ્મન્! તમે જ્યારે અવશ્ય મરણ પામવાના છો, ત્યારે ધન, બાંધવ અને સ્ત્રીનું તમારે શું પ્રયોજન છે ? માટે બુદ્ધિરૂપી ગુફામાં રહેલા આત્માની તમે શોધ કરો અને તમારા પિતા તથા પિતામહો ક્યાં ગયા છે, તેનો વિચાર કરો. ૩૮

ભીષ્મે કહ્યું:-" હે રાજા ! પુત્રનાં એ વચન સાંભળ્યા પછી પિતાએ જે પ્રમાણે કર્યું હતું, તે પ્રમાણે તમે કરો અને સત્યધર્મનું આચરણ કરવા તત્પર થાઓ.૩૯

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષધર્મ પર્વમાં "પિતાપુત્રનો સંવાદ" એ વિષયનો અ૦ ૧૭૫ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૬ મો

શંપાકગીતા-ત્યાગવિના સુખ નથી.

॥ युधिष्ठिर उवाच ॥

धनिनश्चाधनाये च वर्तयन्ते स्वतंत्रिणः ॥
सुखदुःखागमस्तेषां कः कथं वा पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછયું:-" હે પિતામહ ! ધનવાન હો કે નિર્ધન હો, પણ જેઓ પોતપોતાનાં શાસ્ત્રોને અનુસરીને વર્તે છે, તેઓને પણ સુખદુઃખની પ્રાપ્તિ કેમ થાય છે?"૧

ભીષ્મે કહ્યું:—"હે યુધિષ્ઠિર! એ વિષયમાં એક પ્રાચીન ઇતિહાસ કહેવામાં આવે છે, જે ઇતિહાસ શાંતિનિષ્ઠ અને મુક્ત એવા એક શંપાક નામના બ્રાહ્મણે કહ્યો છે.૨ એ શંપાક નામનો બ્રાહ્મણ, પોતાની સ્ત્રીની દુષ્ટતાને લીધે દુઃખી થઇ ગયો હતો, નિર્ધન હોવાથી મલિન વસ્ત્રોને પહેરતો હતો અને ક્ષુધાથી પીડાતો હતો.(જેથી સંસારનો ત્યાગ કરીને સર્વત્ર વિચર્યા કરતો હતો. એક દિવસે આ તરફ આવી ચઢીને) તેણે મને આ પ્રમાણે કહ્યું હતું:-૩"આ સંસારમાં ઉત્પન્ન થયેલા મનુષ્યને જન્મથી આરંભીને અનેક પ્રકારનાં સુખો અને દુઃખો પ્રાપ્ત થયા કરે છે૪ અને દૈવ-

---

÷ જે મનુષ્ય આત્મઘાત કરીને મરણ પામે છે, તેને પિશાચયોનિમાં અવતરવું પડે છે અને પિશાચયોનિમાં ગયા પછી પણ પૂર્વજન્મની વાસનાને અધીન થઇને ઝેરવડે, અગ્નિવડે કે ગળાફાંસાવડે તે, પોતાના દેહનો નાશ કરે છે. આનું નામજ ક્ષેત્રયજ્ઞ કહેવાય છે અને તે ક્ષેત્રયજ્ઞ આત્મહત્યાથી સિદ્ધ થાય છે; માટે અત્યંત તુચ્છ છે.

જ સુખદુઃખરૂપી બે માર્ગોમાંના કોઇએક માર્ગમાં મનુષ્યને જ્યારે લાવી મૂકે છે, ત્યારે સુખ પામીને કોઇએ હર્ષ પામવો નહિ અને દુઃખ પામીને કોઇએ સંતાપ કરવો નહિ.[૫] તું સ્વતઃ સર્વ પ્રકારની કામવાસનાઓથી રહિત છે, છતાં યમનિયમાદિ યોગાંગની ઝુંસરીને સદાકાળ વહીને તારૂં પોતાનું કલ્યાણ કરતો નથી, તેનું કારણજ એ છે કે, તું તારા મનને વશ રાખી શકતો નથી.[૬] તું જો નિષ્કિંચન (ત્યાગી) થઈને સર્વત્ર વિચર્યા કરીશ તોજ તને સુખનો સ્વાદ મળશે; કેમકે નિષ્કિંચન પુરુષ સુખેથી સુવે છે અને સુખેથી ઉઠે છે.[૭] આ જગતમાં નિષ્કિંચનપણુંજ(ત્યાગીપણું)સુખકારક છે, હિતકારક છે, કલ્યાણરૂપ છે અને સર્વ પ્રકારના ઉપદ્રવોથી રહિત છે. ખરેખર કોઈ પ્રકારના શત્રુઓવિનાનો આ અકિંચનતારૂપી માર્ગ કામી પુરુષોને તો દુર્લભજ છે; પરંતુ કામવાસનાઓનો ત્યાગ કરનારા પુરુષોને ઘણોજ સુલભ છે.[૮] હું ત્રણે લોકમાં જ્યારે દૃષ્ટિ કરૂં છું, ત્યારે વૈરાગ્યસંપન્ન થઇને નિષ્કિંચન બનેલા શુદ્ધ પુરુષના જેવા એક પણ પુરુષને જોઈ શકતો નથી.[૯] મેં અકિંચનતાને તથા રાજ્યને ત્રાજવામાં મૂકીને તોળી જોયાં, ત્યારે રાજ્યના કરતાં પણ અધિક ગુણવાળી અકિંચનતાનું વજન ઘણુંજ વધી ગયું.[૧૦] આ રીતે રાજ્યમાં અને અકિંચનતામાં અતિમહાન વિશેષ રહેલો છે; કેમકે રાજ્યાદિકથી ધનવાન બનેલો પુરુષ, જાણે મૃત્યુના મુખમાં આવી પડયો હોય, તેમ સદાને માટે ઉદ્વિગ્ન રહે છે.[૧૧] જે પુરુષ ધનનો તથા સર્વ આશાઓનો ત્યાગ કરીને સંસારથી મુક્ત (ત્યાગી) બને છે, તેના ઉપર અગ્નિની, રોગાદિ ઉપદ્રવોની, મૃત્યુની કે ચોરલૂંટારૂઓની લેશમાત્ર પણ સત્તા ચાલતી નથી.[૧૨] પોતાની ઈચ્છાનુસાર સર્વત્ર વિહાર કરનાર, પૃથ્વીપર કંઇપણ પાથર્યાવિના શયન કરનાર, પોતાના બાહુનુંજ ઓશીકું બનાવનાર અને સદાય શાંતિમાં રહેનાર અકિંચન પુરુષની દેવતાઓ પણ પ્રશંસા કરે છે.[૧૩] જે પુરુષ ધનવાન હોય છે, તે ક્રોધ અને લોભથી ઘેરાયલો રહે છે, વિચારશક્તિથી શૂન્ય હોય છે, વક્રદૃષ્ટિથી જોનારો હોય છે, શુષ્ક મુખવાળો હોય છે, પાપી હોય છે, ભ્રૂકુટીને ચઢાવી રાખનારો હોય છે અને જ્યારે ક્રોધાયમાન થાય છે, ત્યારે દાંતવતી નીચલા હોઠને પીસીને કઠોર ભાષણ કરવા માંડે છે. આવો ધનાઢ્ય પુરુષ કદાચ આખી પૃથ્વી આપવા તૈયાર થાય, તોપણ તેની સામે કોણ દૃષ્ટિ કરે ?[૧૪,૧૫] જે મૂર્ખ પુરુષ, લક્ષ્મીની સાથે નિત્ય સંવાસ રાખે છે, તેને લક્ષ્મી મોહિત કરી નાખે છે અને વાયુ શરદૃઋતુનાં વાદળાંને જેમ હરી જાય છે, તેમ એ પુરુષના ચિત્તને લક્ષ્મી ગમે તે વિષયમાં ખેંચી જાય છે;[૧૬] એટલુંજ નહિ પણ તે પુરુષને રૂપનો તથા ધનનો ગર્વ ચઢી જાય છે અને તે એમજ માને છે કે, હું કુળવાન છું અને કેવળ સામાન્ય મનુષ્ય નથી પણ સિદ્ધ છું.[૧૭] પ્રત્યેક મનુષ્યનું ચિત્ત ધન, રૂપ અને કુળ—એ ત્રણ કારણોથી પ્રમાદવશ બની જાય છે અને પછી તેનું મન વિષયોપભોગ કરવામાં આસક્ત બની જાય છે, ત્યારે પોતાના બાપદાદાઓએ એકઠા કરેલા દ્રવ્યને તે ઉરાડી દે છે અને તેનેજ લીધે નિર્ધન અવસ્થામાં આવી પડીને બીજાઓના ધનની ચોરી કરવાના કામને પણ યોગ્ય માને છે.[૧૮] આ રીતે જ્યારે મર્યાદાનું ઉલ્લંઘન કરીને તે પુરુષ જ્યાં ત્યાંથી પ્રજાઓનું દ્રવ્ય લૂંટવા માંડે છે, એટલે પારધિઓ બાણોવડે જેમ મૃગોને અટકાવે છે તેમ, રાજાઓ તેને શિક્ષા કરીને અટકાવે છે.[૧૯] આ પ્રકારે તે તે અનેક દુઃખો ધનવાન મનુષ્યને પ્રાપ્ત થાય છે અને કોઇ સમયે અંગનું છેદનભેદન પણ અનુભવવું પડે છે;[૨૦] માટે નાશવંત એવા દેહાદિ પદાર્થો ઉપરની મમતાની સાથે પુત્રૈષણાદિ રૂપ લોકધર્મનો પણ ત્યાગ કરીને તે સર્વ દુઃખોને દૂર કરવા માટે બુદ્ધિપૂર્વક ઔષધ કરવું.[૨૧] સર્વ પ્રકારના સંબંધોનો ત્યાગ કર્યા વિના મનુષ્યને સુખ મળતું નથી, પરબ્રહ્મની પ્રાપ્તિ થતી નથી અને નિર્ભયપણે નિદ્રા પણ આવતી નથી; માટે સર્વના સંબંધનો ત્યાગ કરીને તું સુખી થા.[૨૨] આ પ્રમાણે હસ્તિનાપુરમાં શંપાક નામના બ્રાહ્મણે મને કહ્યું

હતું, માટે ત્યાગજ સર્વના કરતાં શ્રેષ્ઠ છે; એવો મારો મત છે.[૨૩]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ શંપાકગીતા ” એ નામનો
અ૦ ૧૭૬ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૭ મો

મંકિગીતા—દૈવબળવિના પુરુષાર્થ વ્યર્થ છે.

॥ युधिष्ठिर उवाच ॥

ईहमानः समारंभान् यदिनासादयेद्धनम् ॥
धनतृष्णाभिभूतश्च किं कुर्वन् सुखमाप्नुयात् ॥

યુધિષ્ઠિરે પૂછયું:-“ધન સંપાદન કરવાની ઇચ્છાથી પુરુષ, ખેતી વગેરે અનેક સમારંભો કરે તોપણ તેને ધનની પ્રાપ્તિ જો ન થાય તો ધનની તૃષ્ણાથી પરાભવ પામેલા તે પુરુષે શું કરીને સુખ મેળવવું ?”[૧]

ભીષ્મે કહ્યું:-“ હે ભરતવંશી રાજા! લાભ અલાભ, માન અપમાન વગેરે સર્વમાં સમભાવ રાખવો, ધનાદિકને માટે લગારે શ્રમ ન કરવો, સત્યભાષણ કરવું, વૈરાગ્ય ધારણ કરવો અને કર્મો કરવા માટે ઇચ્છા ન કરવી–આ પાંચ ગુણો જે પુરુષમાં વસી રહેલા છે, તે સુખી થાય છે. વૃદ્ધ પુરુષો કહે છે કે, એ પાંચે ગુણોનો આશ્રય કરવાથી મોક્ષ પણ મળે છે અને તે પાંચે ગુણો સ્વર્ગ, ધર્મ અને સર્વોત્તમ સુખરૂપ છે.[૩] હે યુધિષ્ઠિર રાજા ! આ વિષયમાં મંકિએ વૈરાગ્યને લીધે જે કંઈ કહ્યું હતું,તેનો પ્રાચીન ઇતિહાસ લોકમાં કહેવાય છે તે હું તમને કહું છું,સાંભળો.[૪]દ્રવ્ય મેળવવાની ઇચ્છાથી મંકિએ વારંવાર ઘણા પ્રયત્નો કર્યા હતા; પરંતુ તે સર્વમાં તે નિષ્ફળ થયો હતો.પછી તેણે કંઈ બાકી રહેલા ધનમાંથી બે વાછરડા ખરીદ્યા અને તેઓને પલોટવા માટે એક ધુંસરી લીધી.[૫] તે પછી એક સમયે તે બન્ને વાછરડાની ખાંધ ઉપર બરાબર ધુંસરી બાંધીને તેઓને પલોટવા માટે મંકિએ બહાર કાઢયા અને હાંકવા માંડયા. આગળ જતાં માર્ગમાં એક ઊંટ બેઠું હતું. તેને જોઇને તે બન્ને વાછરડા એકદમ ભડકયા અને પેલા ઉંટને વચમાં રાખી દઇને વેગથી દોડયા.[૬] વાછરડા જેવા સમીપમાં આવ્યા, એટલે પેલું ઉંટ પણ એકદમ ખીજવાઇ ગયું અને પોતાની ખાંધ ઉપર આવી ગયેલા તે બન્ને વાછરડાઓને ઉંચકીને મોટ વેગથી દોડવા લાગ્યું.[૭] આ રીતે પોતાના બન્ને વાછરડાઓને ઉંટ ઘણા જુસ્સાથી ઉંચકી જતું હતું, જેથી તેઓને મૃત્યુ પામતા જોઇ મંકિએ કહ્યું કે:-“પુરુષ ગમે તેવો કાર્યકુશળ હોય અને ગમે તેટલી શ્રદ્ધાથી યુક્ત થઇને કાર્યનો સારી રીતે આરંભ કરનારો હોય, તોપણ દૈવયોગવિના તેનાથી દ્રવ્ય મેળવી શકાતું નથી.[૮] પૂર્વે મેં જે જે કાર્ય કર્યાં હતાં તે સર્વમાં મને અનર્થોનીજ પ્રાપ્તિ થઇ હતી; છતાં મેં આ બંને વાછરડાઓને ખરીદીને તેઓને પલોટવાના કાર્યનો આરંભ કર્યો; પરંતુ તેમાં પણ આ રીતે ઉંટનો સંબંધ જોડી દઇને દૈવે મારાપર કેવું સંકટ નાખી દીધું છે, તે તમે જુઓ ![૧૦] આ ઉંટની વેગવાળી ગતિને લીધે મારા બન્ને વાછરડા કૂદી કૂદીને મહાકષ્ટથી ગમન કરી શકે છે અને પેલું ઉંટ તો તેઓને કોટ ઉપર લટકાવીને આડુંઅવળું દોડયેજ જાય છે. અહા ! આ દૈવઘટના *કાકતાલીયન્યાયના જેવીજ છે ![૧૧] આ મારા પ્રિય વાછરડાઓ, ઉંટની ડોકે બે મણિઓની પેઠે લટકી રહ્યા છે. ખરેખર, આ બનાવ કેવળ દૈવયોગેજ બન્યો છે અને આ ઉપરથી સિદ્ધ થાય છે કે,દૈવયોગવિના કેવળ હઠજ કરવાથી પુરુષાર્થ સિદ્ધ થતો નથી.[૧૨] જો કે, કોઈ વેળા :પુરુષાર્થ પણ સિદ્ધ થતો જોવામાં આવે છે; પ-

---

* એક તાડના વૃક્ષ ઉપર આવીને કાગડો જેવો બેઠો, કે તુરતજ તેનું ફળ પૃથ્વીપર તૂટી પડયું. આ બનાવમાં વાસ્તવિક કારણ તો દૈવજ છે, છતાં કાગડાના સ્પર્શકાળેજ તે ફળ પડયું જેથી કાગડાના બેસવાનેજ તાડવૃક્ષના ફળપતનનું સામાન્ય કારણ માનવામાં આવે છે. આને કાકતાલીય ન્યાય કહે છે-અર્થાત્ અતર્કિત રીતે કાગડાનું આવવું અને અકસ્માત્ તાડફળનું પડવું-એવો જે સંભવ તેને કાકતાલીય ન્યાય કહે છે.

રંતુ તેના સંબંધમાં પણ જો સંપૂર્ણ શોધ કરવામાં આવે છે તો જણાય છે કે, એ સિદ્ધ થયેલા પુરુષાર્થને કેવળ દૈવનોજ આધાર હતો,[૧૩] માટે સુખની ઇચ્છા રાખનારા પુરુષે વૈરાગ્યનોજ આશ્રય કરવો; કેમકે વૈરાગ્યનો આશ્રય કરીને ધન અને તેનાં સાધનોની આશાને દૂર ફેંકી દેનારો પુરુષ સુખેથી સૂવે છે.[૧૪] અહો ! સર્વ પ્રકારના સંબંધનો ત્યાગ કરીને જનક રાજાના ઘરમાંથી મોટા અરણ્ય તરફ ચાલી નીકળેલા શુકદેવે ઠીકજ કહ્યું છે કેઃ-[૧૫] "એક પુરુષ સર્વ પ્રકારની કામનાઓને સંપાદન કરે અને બીજો પુરુષ સર્વ કામનાઓનો કેવળ ત્યાગજ કરી દે-તેઓ બંનેમાંથી સર્વ કામનાઓને સંપાદન કરનારા કરતાં સર્વ કામનાઓનો ત્યાગ કરનારોજ ઉત્તમ છે."[૧૬] આ જગતમાં કોઇ પણ પુરુષ, ધનાદિકને પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિઓના અંતને પામ્યોજ નથી અને જે પુરુષ મૂર્ખ હોય છે તેને તો શરીર અને જીવિત ઉપરની તૃષ્ણા પ્રતિદિન વધતીજ જાય છે;[૧૭] માટે ઓ કામાભિલાષી મન! તું હવે સર્વ પ્રવૃત્તિઓથી વિરામ પામ અને વૈરાગ્ય ધારણ કરીને શાંત થા. પ્રવૃત્તિ કરી કરીને તું વારંવાર ઠગાયું છે, છતાં તને તેનાપર વૈરાગ્ય કેમ થતો નથી ?[૧૮] હે દ્રવ્યાભિલાષી મન ! તારે મારો જો વિનાશ ન કરવો હોય અને મારે લીધે તને આનંદ મળતો હોય તો તું મને લોભની સાથે વ્યર્થ જોડ મા.[૧૯] હે મૂઢ ! તેં અનેક વાર દ્રવ્યનો સંગ્રહ કર્યો અને અનેકવાર તે દ્રવ્ય નાશ પામ્યું. તો પછી ઓ ધનલંપટ મન! તું તારી ધનાશાને કદી છોડશે કે નહિ ?[૨૦] અહો ! મારી મૂર્ખતા કેટલી બધી છે, કે જે હું તારૂં રમકડું બની ગયો છું. ખરેખર જે પુરુષ વાસનાગ્રસ્ત હોતો નથી, તે આ પ્રમાણે કોઇનું દાસત્વ કરેજ નહિ.[૨૧] પૂર્વકાળમાં થઇ ગયેલા પુરુષો અને હવે પછી થનારા પુરુષો વિષયવાસનાઓના અંતને પામ્યાજ નથી. આમ સમજીને હવે મેં સર્વ સમારંભોનો ત્યાગ કર્યો છે, મને જ્ઞાન થયું છે અને હવે હું જાગ્રત થયો છું.[૨૨] ખરેખર ! ઓ વિષયવાસના! તારૂં હૃદય વજ્રના સારથીજ બનેલું છે અને તેથીજ અત્યંત મજબૂત છે; કારણ કે તેને સેંકડો અનર્થો ખૂંદી વળ્યા છે છતાં તેના સો સો ટુકડા થઇ ગયા નથી.[૨૩] ઓ વિષયાભિલાષ ! હું જાણુંજ છું કે, અમુક અમુક વસ્તુઓ તને પ્રિય છે; પરંતુ તારૂં પ્રિય કરવાની ઈચ્છા કરતાંજ હું સુખ પામી શકતો નથી.[૨૪] ઓ વિષયવાસના ! હું તારા મૂળને પણ જાણું છું કે, તું સંકલ્પમાંથી ઉત્પન્ન થાય છે, માટે હવે હું કોઈ જાતનો સંકલ્પજ કરીશ નહિ, જેથી તારો સમૂળગો નાશ થઇ જશે.[૨૫] ધન મેળવવાની ઈચ્છા કરવી એજ મહાદુઃખદાયક છે અને જો કદાચ ધન મળી આવે છે તો પછી તેના રક્ષણમાટે ઘણી મોટી ચિંતા થઈ પડે છે અને વળી તે મળેલા ધનનો જો નાશ થઈ જાય છે તો તો મૃત્યુના જેવુંજ દુઃખ થાય છે; તેમજ ધન મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે તોપણ તે (ધન) કોઇ સમયે મળે છે અને કોઇ સમયે નથી પણ મળતું ![૨૬] અરે! પોતાનો દેહ કોઇને અર્પણ કરી દેવામાં આવે છે તોપણ ધનનો લાભ થતો નથી તોપછી એનાથી વધારે બીજું કયું દુઃખ હોઇ શકે ? દૈવયોગે કદાચ ધન મળે તોપણ સંતોષ રહેતો નથી, પરંતુ અધિક અધિક મેળવવાની ઇચ્છા થયા કરે છે; માટે સિદ્ધ થાય છે કે, દ્રવ્ય એ તૃષ્ણાનો નાશ કરનારૂં નથી પણ ગંગાના સ્વાદિષ્ટ જળની પેઠે તૃષ્ણાની વૃદ્ધિ કરનારૂં છે. હું હવે બરાબર સમજી શકયો છું કે, તૃષ્ણાની વૃદ્ધિ એજ મારા વિનાશનું કારણ છે, માટે ઓ તૃષ્ણા ! તું મને છોડી દે.[૨૭,૨૮] આ મારા શરીરમાં જે પંચમહાભૂતોનો સમુદાય એકત્રિત થયો છે, તે હવે ભલે ગમે ત્યાં ચાલ્યો જાય અને તેની ઇચ્છામાં આવે ત્યાં ભલે જઈને રહે. (પણ અહીં તો નહિજ)[૨૯] ઓ વિષયવાસનાઓ ! હવે તમારા ઉપર મને પ્રીતિજ રહી નથી; કારણ કે તમે કામ અને લોભને અનુસરો છો, માટે તમારો સર્વનો ત્યાગ કરીને હવે હું સત્ત્વગુણનોજ આશ્રય કરીશ;[૩૦] એટલુંજ નહિ પણ મારા આ દેહની અંદરજ હૃદયકમળમાં હું સર્વ ભૂત-

સમુદાયને જોવા માંડીશ, જેથી મને એકાત્મદર્શન પ્રત્યક્ષ થશે. તે ઉપરાંત મારી બુદ્ધિને યોગના વિષયમાં સ્થાપિત કરીશ, ચિત્તને શ્રવણમનનાદિ સાધનોમાં સ્થિર કરીશ અને મનને લવણોદકન્યાય પ્રમાણે (મીઠું જેમ જળાકાર બની જાય છે તેમ,) પરબ્રહ્મવિષે લય પમાડીશ.[૩૧] પછી રાગદ્વેષથી રહિત થઇને કોઈ સ્થળે આસક્તિ રાખ્યા વિના સુખેથી લોકમાં વિચરીશ, જેથી હે કામ! તું મને આ રીતે પુનઃ દુઃખોમાં નાખી શકીશ નહિ.[૩૨] તું મારી પાછળ બરાબર લાગુ થયો છે, માટે એમ કર્યા વિના બીજી કોઇ ગતિજ નથી. હે કામ! હું જાણી શકયો છું કે, તૃષ્ણા, શોક અને શ્રમ—એ સર્વનું ઉત્પત્તિસ્થાન તુંજ છે.[૩૩] હું માનું છું કે, ધનના નાશથી જે કંઇ અનિર્વાચ્ય દુઃખ થાય છે, તે સર્વ દુઃખોના કરતાં અતિશય મોટું છે. જેમકે, ધનથી ભ્રષ્ટ થયેલા પુરુષનું જ્ઞાતિલાઓ અને મિત્રો અપમાન કરે છે,એટલુંજ નહિ પણ બીજાં હજારો અપમાનો તેને સહેવાં પડે છે અને તે ઉપરાંત ધનનો સંબંધ રાખવામાં બીજા અનેક કષ્ટદાયક દોષો સમાયલા છે. વળી ધનની અંદર જે કંઇ સુખનો અંશ રહેલો છે, તે પણ અનેક પ્રકારનાં દુઃખોથી ઘેરાયલો છે.[૩૪,૩૫] જે પુરુષની પાસે ધન હોય છે, તેનું ચોરલોકો ખૂન કરે છે અથવા તેને અનેક પ્રકારે મારકૂટ કરીને નિત્ય દુઃખી કરે છે.[૩૬] મેં ઘણે લાંબે સમયે પણ જાણ્યું છે કે, ધનની લોલુપતા રાખવામાંજ દુઃખ સમાયલું છે. હે વિષયાભિલાષ! તું જે જે પદાર્થનો આશ્રય કરે છે, તેની પાછળ લાગ્યો ને લાગ્યો રહે છે.[૩૭] ખરેખર, તું તત્ત્વને જાણનારો નથી, અત્યંત અજ્ઞાની છે, ઘણોજ અસંતોષી છે અને અગ્નિની પેઠે તૃપ્ત કરવાને અશકય છે. તું, અમુક વસ્તુ સુલભ છે કે અમુક વસ્તુ દુર્લભ છે, એમ કંઇ સમજતોજ નથી.[૩૮] વળી તું પાતાલની પેઠે પૂર્ણ કરવાને અશકય છે અને મને દુઃખોમાંજ દબાયલો રાખવા ઇચ્છે છે, ખરૂ કે? પણ અલ્યા ઓ કામ! હવે, તું મને તારા સપાટામાં સપડાવી શકે તેમ નથી.[૩૯] આજે દૈવયોગે મારા દ્રવ્યનો નાશ થયો છે, તેથી મને વૈરાગ્ય થયો છે અને હવે તો હું પરમ શાંતિનો આશ્રય કરીને વિષયવાસનાઓનું ચિંતનજ નહિ કરૂં.[૪૦] મેં મૂર્ખાએ આ સંસારમાં ઘણા ઘણા કલેશો સહન કર્યા, છતાં હું અબુદ્ધિ કંઈ સમજયોજ નહિ! પરંતુ આજે મારા ધનનો નાશ કરીને દૈવે મને ધિક્કારી કાઢયો છે, જેથી હવે સર્વાંગે સંતાપથી રહિત થઈને હું નીરાંતે શયન કરીશ.[૪૧] અરે ઓ વિષયાભિલાષ! મનોગત સર્વ વૃત્તિઓને સમેટી લઇને તારો હું ત્યાગ કરૂં છું, જેથી પુનઃ તું મારામાં નિવાસ કરી શકીશ નહિ અને મારી સાથે મોજમજાહ પણ કરી શકીશ નહિ.[૪૨] હું, જેઓ મને ધિક્કારી કાઢશે તેઓને ક્ષમા આપીશ, જેઓ મને પ્રહાર કરશે તેઓને સામો પ્રહાર નહિ કરૂં અને જે કોઈ મારો શત્રુ થઇને અપ્રિય બોલશે, તેને પણ લક્ષ્યમાં નહિ આણીને પ્રિય ભાષણ કરીશ.[૪૩] વળી હું સદાય તૃપ્ત રહીશ, ઇંદ્રિયોને શાંત કરીશ અને હમેશાં જે કંઇ મળી આવશે, તેનાથી મારી આજીવિકા ચલાવી લઇશ;પરંતુ હે કામ! તને મારા શત્રુને કદી પણ કૃતાર્થ કરીશ નહિ.[૪૪] તું જાણજે કે, મેં હવે વૈરાગ્યનો, નિવૃત્તિનો, શાંતિનો, સત્યનો, ઇંદ્રિયનિગ્રહનો, ક્ષમાનો અને સર્વ પ્રાણીઓ ઉપરની દયાનો આશ્રય કર્યો છે.[૪૫] વળી હું કહું છું કે, મેં મોક્ષમાર્ગે જવાનો નિશ્ચય કર્યો છે અને હવે, હું સત્ત્વગુણમાં સ્થિર થયો છું; માટે કામ, લોભ, તૃષ્ણા અને કૃપણતા, મારો ત્યાગ કરી જાઓ![૪૬] મેં હવે કામનો તથા લોભનો ત્યાગ કર્યો છે, તેથી હું સુખી થયો છું; તો હવે, કોઈ મૂર્ખ પુરુષની પેઠે લોભાધીન થઈને પુનઃ દુઃખી થઇશ નહિ.[૪૭] વિષયવાસનાઓમાંથી જેનો જેનો પુરુષ ત્યાગ કરે છે, તે તો તેના સુખમાં વૃદ્ધિ કરનાર થઇ પડે છે; પરંતુ નિત્ય કામને અધીન રહેનારો પુરુષ તો દુઃખજ પામે છે.[૪૮] રજોગુણ કામને અનુસરનારો છે, માટે પુરુષે હરકોઈ પ્રકારના રાજસ્ વિકારનો ત્યાગ કરવો; કેમકે કામક્રોધથી ઉત્પન્ન થનારૂં દુઃખ, નિર્લજ્જતા અને અશાંતિ, એ બધાં રજોગુણમાંથી ઉત્પન્ન થાય

છે.[૪૯] ગ્રીષ્મ ઋતુમાં તાપથી તપી ગયેલો પુરુષ જેમ શીતલ ધરાનો આશ્રય કરે, તેમ મેં હવે પરબ્રહ્મનો આશ્રય કર્યો છે. અહા! હું કેવો શાંત થયો છું! કેવો દુ:ખમુક્ત થઇ રહ્યો છું અને કેવા પરમસુખનો અનુભવ કરી રહ્યો છું! આ જગતમાં જે કંઇ કામજન્ય સુખ છે અને સ્વર્ગમાં જે કંઈ મહાન સુખ રહેલું છે, તે બન્ને સુખો તૃષ્ણાનાશના સુખની સોળમી કળાને પણ યોગ્ય નથી.[૫૧] સ્થૂલદેહની ગણના સાથે સાતમા કામરૂપી મહાન શત્રુનો નાશ કરીને–અર્થાત અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, તમોગુણપ્રધાન આનંદમય અને સત્ત્વગુણપ્રધાન સબીજ સમાધિ અથવા સાનંદકોશ–આ છ કોશોનો તથા સર્વ અનર્થોના કારણભૂત મહત્તત્ત્વ નામના સાતમા કામનો નાશ કરીને હું પરબ્રહ્મરૂપી નગરમાં પ્રવેશ કરીશ અને ત્યાં રાજાની પેઠે સુખી થઇશ; કારણ કે એ બ્રહ્મનગર, સર્વદા અવિનાશી છે.”[૫૨]

હે યુધિષ્ઠિર! આવી બુદ્ધિનો આશ્રય કરીને પરમ વૈરાગ્યને પામેલા મંકિએ સર્વ વાસનાઓનો ત્યાગ કરી દીધો અને પોતે બ્રહ્મસ્વરૂપ થઇને મહાન સુખ સંપાદન કર્યું.[૫૩] બે વાછરડાઓના નાશને લીધે મંકિ, મોક્ષને પામ્યો અને તેણે વાસનાના મૂળભૂત અવિદ્યાનો નાશ કરીને મહાન સુખ સંપાદન કર્યું.[૫૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષધર્મ પર્વમાં
“મંકિગીતા” એ વિષયનો અધ્યાય
૧૭૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૮ મો

બોધ્યગીતા–મારા ગુરુઓ છ છે.

॥ भीष्म उवाच ॥
अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ॥
गीतं विदेहराजेन जनकेन प्रशाम्यता ॥१॥

ભીષ્મે કહ્યું:–“હે યુધિષ્ઠિર રાજા! આ વિષય ઉપર એક બીજો ઇતિહાસ પણ કહેવાય છે. તે ઇતિહાસમાં શાંતગુણને ધારણ કરનારા વિદેહ રાજા જનકે કહેલું આત્મજ્ઞાન વર્ણવેલું છે.[૧] (પૂર્વે જ્યારે મિથિલા નગરીમાં આગ લાગી, ત્યારે જનક રાજાએ આ પ્રમાણે કહ્યું હતું:–) “મારી પાસે અનંતગણું દ્રવ્ય છે, પરંતુ તેમાં મારૂં કંઇ નથી; જેથી આ મિથિલા નગરી આખી બળી જાય તોપણ તેમાં મારૂં કંઇ પણ બળવાનું નથી–અર્થાત પંચકોશરૂપી ગુફામાં રહેલો આત્માજ મારૂં સ્વરૂપ છે. બાકી એ સિવાયનો આ સર્વ પ્રપંચ દોરીમાં ભ્રાંતિથી દેખાયલા સર્પના જેવો મિથ્યા છે; માટેજ મિથિલા નગરી બળી જાય તોપણ મારૂં કંઇ બળે તેમ નથી; કેમકે ઝાંઝવાના જળથી પૃથ્વીપર જેમ ભિનાશ થતી નથી, તેમ અધ્યસ્ત (મિથિલા)ના નાશથી અધિષ્ઠાન (આત્મા)નો નાશ થવાનો નથી.”[૨] હે યુધિષ્ઠિર! આ વિષય ઉપર બોધ્ય ઋષિએ કહેલો એક શ્લોક કહેવામાં આવે છે, તેનો ઉદ્દેશ પણ વૈરાગ્ય ઉપજાવવાનોજ છે. તે હું તમને કહું છું, સાંભળો.[૩] બોધ્ય ઋષિ શાંતગુણને ધારણ કરનારા હતા, વૈરાગ્યને લીધે શાંતિને પામ્યા હતા અને શાસ્ત્રજ્ઞાનથી તૃપ્ત થયેલા હતા. એક સમયે નહુષના પુત્ર યયાતિ રાજાએ તેમને પ્રશ્ન કર્યો કે:–[૪] “હે મહાબુદ્ધિમાન ઋષિ! તમે મને શાંતિ પ્રાપ્ત થાય તેવો ઉપદેશ આપો. કયી બુદ્ધિનો આશ્રય કરીને તમે આ રીતે શાંત અને સુખી થઇને વિચર્યા કરો છો?”[૫]

બોધ્ય ઋષિ બોલ્યા:–“હું કોઇના ઉપદેશ પ્રમાણે વર્તું છું, પણ બીજાઓને ઉપદેશ આપતો નથી. છતાં હું તને એ ઉપદેશનું લક્ષણ કહું છું તેનો તું પોતેજ વિચાર કરી લેજે.[૬] વેશ્યા પિંગલા, ટીટોડો, સર્પ, ભ્રમર, બાણ બનાવનારો અને કુમારિકા–આ છ મારા ગુરુઓ છે.”[૬,૭]

ભીષ્મે કહ્યું:–હે રાજન્! આશા મહાબળવાન છે અને નિરાશામાં પરમ સુખ સમાયલું છે. પોતાની આશાને નિરાશાના રૂપમાં બદલી નાખીને પિંગલા વેશ્યા નીરાંતે નિદ્રાવશ થઈ હતી.[૮] એક ટીટોડો કયાંકથી માંસ લઇ આવ્યો, એટલે તેને જોઇને બીજા માંસવિનાના ટીટોડાઓ તેને મારવા માટે ચઢી આવ્યા; ત્યારે કંકા–

સના કારણભૂત માંસનો ત્યાગ કરીને તે ટીટોડો સુખી થયો હતો.[૯] ગૃહનો આરંભ કરવો તે દુઃખજનક છે, પણ સુખજનક નથીજ. આમ સમજીને સર્પ, બીજાએ કરેલા દરમાં પેસી જઇને સુખેથી રહે છે.[૧૦] જેમ ભ્રમરાઓ કોઇનો દ્રોહ કર્યાવિના વનમાં સુખેથી જીવન ગાળે છે, તેમ ભિક્ષાવૃત્તિનો આશ્રય કરનારા મુનિઓ પણ કોઇ પ્રાણીઓનો દ્રોહ કર્યાવિના વનમાં સુખેથી જીવન ગાળે છે.[૧૧] બાણ બનાવનારા કોઇએક પુરુષે જ્યારે બાણ બનાવવાનો આરંભ કર્યો, ત્યારે કેવળ બાણમાંજ એકતાન બની જઇને પોતાની સમીપમાંથીજ નીકળેલા રાજાને જાણ્યો ન હતો. (એ પ્રમાણેજ બીજા સર્વ આરંભોનો ત્યાગ કરીને કેવળ બ્રહ્મમાંજ ચિત્તની એકાગ્રતા કરવી.)[૧૨] કોઇએક કુમારિકાને, પોતાનાં માતાપિતાથી ગુપ્ત અતિથિઓ જમાડવાની ઇચ્છા થઈ, એટલે તેણે ડાંગર ખાંડવાનો આરંભ કર્યો. તે વેળા તેના કાંડામાં રહેલી ચૂડીઓનો ખણખણાટ થવા લાગ્યો. ત્યારે, બીજાઓને ખબર ન પડી જાય, એવા કારણથી તેણે બધી ચૂડીઓ કાઢી નાખીને માત્ર એક એકજ ચૂડી રહેવા દીધી, જેથી લગારે ખણખણાટ થયો નહિ. આ ઉપરથી સમજી શકાય છે કે, અનેકની સાથે સહવાસ રાખવાથી કલેશ થાય છે અને બે જણા સાથે રહેવાથી વાતો કરવામાં આસક્ત થવાય છે; માટે કુમારિકાની એક ચૂડીની પેઠે એકલોજ રહીને હું સર્વત્ર વિહાર કરીશ. (આમ બોધ્યઋષિએ કહ્યું હતું.)[૧૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “બોધ્યગીતા” એ વિષયનો અધ્યાય ૧૭૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૯ મો

અજગરવૃત્તિની પ્રશંસા

॥ युधिष्ठिर उवाच ॥

केन वृत्तेन वृत्तज्ञ वीतशोकश्चरेन्महीम् ॥
किंच कुर्वन्नरो लोके प्राप्नोति गतिमुत्तमाम् ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:—“હે ઉત્તમ આચરણને જાણનારા પિતામહ! કેવા પ્રકારનું આચરણ કરીને પુરુષ, શોકરહિત થઇને પૃથ્વીપર વિચર્યા કરે? અને શું કરવાથી મનુષ્યને ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય ?”[૧]

ભીષ્મે કહ્યું:–“હે રાજા! આ વિષયમાં પણ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ અપાય છે, જેમાં પ્રહ્લાદનો તથા અજગરવૃત્તિને ધારણ કરનારા એક મુનિનો સંવાદ વર્ણવ્યો છે.[૨] જેમકે કોઇએક જ્ઞાની બ્રાહ્મણ, ચિત્તને દૃઢ કરીને તથા રાગદ્વેષથી રહિત થઇને પૃથ્વીપર વિચર્યા કરતો હતો. તેને બુદ્ધિમાન રાજા પ્રહ્લાદે આ પ્રમાણે પ્રશ્ન કર્યો.[૩]

પ્રહ્લાદે પૂછ્યું:–“હે બ્રાહ્મણ! તમારૂં વિષયોએ આકર્ષણ કર્યું નથી, તમે દંભથી રહિત છો, દયાળુ છો, જિતેંદ્રિય છો, સર્વ આરંભોનો ત્યાગ કરનારા છો, અસૂયા દોષથી રહિત છો, સત્યવાદી છો, પ્રતિભાશાળી છો, ઊહાપોહ કરવામાં કુશળ છો અને તત્ત્વજ્ઞાની છો, છતાં આમ બાળકની પેઠે વિચર્યા કરો છો.[૪] તમે લાભ મેળવવાની ઇચ્છા રાખતા નથી, કોઈ વસ્તુની હાનિ થતાં શોક કરતા નથી અને હે બ્રહ્મન્! જાણે નિત્ય તૃપ્ત થયા હો તેમ વર્તીને કોઇને ઇષ્ટ માનતા નથી અને કોઇને અનિષ્ટ માનતા નથી.[૫] આ સર્વ પ્રજાઓ જ્યારે કામાદિના પ્રવાહમાં તણાઈ રહી છે, ત્યારે તમે ઉદાસીનના જેવા દેખાઓ છો અને ધર્મ, અર્થ તથા કામના વિષયમાં પણ તમે વ્યાપારશૂન્ય જણાઓ છો.[૬] તમે ધર્મનું આચરણ કરતા નથી, અર્થ સંપાદન કરતા નથી તેમજ કામના વિષયમાં પણ આસક્તિ રાખતા નથી. કેવળ સર્વ ઇંદ્રિયોના વિષયોનો ત્યાગ કરીને એક સાક્ષીની પેઠે મુક્ત થઇને પૃથ્વીપર વિચરો છો.[૭] હે મુનિ! તમારૂં જ્ઞાન કેવા પ્રકારનું છે? તમારૂં શાસ્ત્ર કયું છે અને તમારૂં આચરણ કેવા પ્રકારનું છે, તે હે બ્રહ્મન્! તમે મારૂં જો શ્રેય કરવા ઇચ્છતા હો તો મને સત્વર કહો.”[૮]

ભીષ્મે કહ્યું:–“એ પ્રમાણે પ્રહ્લાદે પ્રશ્ન કર્યો, એટલે જન્મજરાદિક લોકધર્મના કારણભૂત અવિદ્યા, કામ અને કર્માદિને જાણનારા તે

બુદ્ધિમાન મુનિએ, અર્થસંબંધવાળી મધુર વાણીથી પ્રહ્લાદને કહ્યું:-૯" હે. પ્રહ્લાદ! તારે જાણવું કે; પ્રાણીઓની ઉત્પત્તિ, હ્રાસ, વૃદ્ધિ અને વિનાશ, એ બધું કારણરહિત એવા એક પરમાત્માથીજ થયા કરે છે અને તેથીજ મને હર્ષ થતો નથી કે શોક થતો નથી.[૧૦] આ જગતમાં જે કંઇ પ્રવૃત્તિઓ થઇ રહી છે, તે પણ કેવળ તે સ્વરૂપસત્તાને લીધેજ થઇ રહી છે અને આ સર્વ પ્રજાઓ પણ તે સ્વરૂપસત્તામાંજ લય પામ્યા કરે છે, એમ સમજીને તે સિવાયની બીજી કોઇ પણ વસ્તુનો લાભ થતાં સંતુષ્ટ થવું નહિ.[૧૧] હે પ્રહ્લાદ! તારે જાણવું કે, જગતમાં જેટલા સંયોગો છે, તેઓ અંતે વિયોગવાળા છે અને જે જે વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવે છે, તેઓનો અંતે નાશજ છે. આમ સમજીનેજ હું કોઇ વસ્તુનાપર મન લગાડતો નથી.[૧૨] જે પુરુષ આ સર્વ પ્રાણીઓને સત્ત્વાદિ ગુણોવાળાં અને નાશવંત જાણે છે તેમજ સર્વની ઉત્પત્તિને તથા નાશને જાણે છે, તે પુરુષને શું કરવાનું બાકી રહે છે? અર્થાત કંઇજ નહિ.[૧૩] હું જોઇ શકું છું કે, મહાસાગરના જળની અંદર ઉત્પન્ન થનારાં મહા પ્રચંડ શરીરવાળાં અને સૂક્ષ્મ શરીરવાળાં પ્રાણીઓનો પણ અનુક્રમે નાશ થયા કરે છે.[૧૪] વળી હે અસુરોના રાજા! પૃથ્વી ઉપર ઉત્પન્ન થનારાં સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓનું પણ મૃત્યુ સ્પષ્ટ રીતે મારા જોવામાં આવે છે;[૧૫] તેમજ હે દાનવશ્રેષ્ઠ! આકાશમાં ફરનારાં બળવાન પક્ષીઓનું પણ સમયાનુસાર મૃત્યુ આવીજ પહોંચે છે.[૧૬] અરે! એટલુંજ નહિ પણ આકાશમાં સંચાર કરનારાં નાનાંમોટાં નક્ષત્રોને પણ સમય પૂર્ણ થતાં પોતાનાં સ્થાન ઉપરથી ભ્રષ્ટ થતાં હું જોઉં છું.[૧૭] આ રીતે સર્વ પ્રાણીઓને મૃત્યુની સાથે સંબંધ ધરાવનારાં જાણીને મેં પરબ્રહ્મનોજ આશ્રય કર્યો છે અને તેથીજ હું વિદ્વાન અને કૃતકૃત્ય થઇને સુખેથી સૂઇ રહું છું.[૧૮] કોઈ સમયે દૈવેચ્છાને લીધે મને અતિ ઉત્તમ ભોજન મળી આવે છે, તો તેને પણ હું ખાઇ લઉં છું અને કોઈ સમયે દિવસોના દિવસોસુધી ખાધાવિના પણ સૂઇ રહું છું.[૧૯] મને કોઇ વેળા સંપૂર્ણ રસભરેલું ભોજન લોકો જમાડે છે, કોઇ વેળા રસવિનાનું ભોજન પણ આપે છે, કોઈ વેળા અતિ અલ્પજ મળી આવે છે અને કોઇક વેળા નથીએ મળતું.[૨૦] કોઈ સમયે હું એક કણનુંજ ભક્ષણ કરૂં છું, કોઇ સમયે તલનો ખોળ ખાઇને ચલાવી લઉં છું, કોઈ સમયે ડાંગેરનો ભાત જમું છું, કોઈ સમયે માંસભક્ષણ કરૂં છું અને કોઈ સમયે સારાં નરતાં ભોજનો પણ જમું છું.[૨૧] હું કોઈ વખતે પલંગ ઉપર સૂઈ રહું છું, કોઈ વખતે પૃથ્વી ઉપર પણ પડી રહું છું અને કોઈ વખતે મારી શય્યા, પ્રાસાદમાં પણ પથરાય છે.[૨૨] હું કોઈ વેળા શણનાં, અળસીનાં, તાંતણાનાં કે મૃગચર્મનાં વસ્ત્રો પહેરૂં છું અને કોઈક વેળા મહાકિંમતી વસ્ત્રોને પણ ધારણ કરૂં છું.[૨૩] મને દૈવેચ્છાએ જે કંઇ ધાર્મિક ઉપભોગ આવી મળે છે, તેનો હું તિરસ્કાર કરતો નથી અને મહાદુર્લભ ભોગો સંપાદન કરવામાટે હું પ્રયત્ન પણ કરતો નથી.[૨૪] એ પ્રમાણે હું પવિત્ર થઇને દૃઢ મૃત્યુનો તિરસ્કાર કરનારૂં, કલ્યાણકારક, શોકનો નાશ કરનારૂં, પવિત્ર, અનુપમ, પરબ્રહ્મને પ્રાપ્ત કરાવનારૂં, મૂર્ખ પુરુષોએ અમાન્ય ગણેલું અને તેથીજ તેઓએ નહિ સેવેલું અજગરનું વ્રત પાળું છું. (અર્થાત અજગર જેમ યત્ન કર્યા વિના સ્વતઃજ આવી મળેલા પદાર્થોથી પોતાનું જીવન ગાળે છે, તેમ હું પણ પ્રારબ્ધવશાત્ મળી આવેલા પદાર્થોથી મારૂં જીવન ગાળું છું.)[૨૫] બુદ્ધિને ચલાયમાન કર્યાવિના, સ્વધર્મથી ભ્રષ્ટ થયાવિના, સંસારયાત્રાને મર્યાદિત કરીને, ઉત્તમ અધમનું જ્ઞાન મેળવીને અને ભયનો, રાગદ્વેષાદિ કષાયનો, લોભનો તથા મોહનો ત્યાગ કરીને પવિત્રતાપૂર્વક હું અજગરના વ્રતનું આચરણ કરૂં છું.[૨૬] જેમાં ફલાદિ ભક્ષ્યનો, ભોજનનો તથા પેય પદાર્થનો કોઈ પ્રકારનો નિયમ નથી, જેના દેશકાળની વ્યવસ્થા દૈવયોગેજ વિભાગ પામે છે, જે હૃદયને સુખ આપનારૂં છે અને વિષયલુબ્ધ પુરુષો જેનું સેવન કરી શકતા નથી, તે અજગરના વ્રતને હું પવિત્રતા-

પૂર્વક પાળું છું.[૨૭] "મને અમુક વસ્તુ મને અમુકનો લાભ થાય" ઇત્યાદિ આશાઓથી ઘેરાઇ ગયેલા અને ધન નહિ મળવાથી વિષાદગ્રસ્ત થયેલા મનુષ્યોને સારીરીતે જોઇને મેં તાત્ત્વિક બુદ્ધિથી નિશ્ચય કર્યો છે કે, ધન સંપાદન કરવામાં કર્મજ કારણભૂત છે,પણ પુરુષાર્થ કારણભૂત નથી અને તેથીજ હું આવી પવિત્રતા ધારણ કરીને અજગરના વ્રતનું આચરણ કરૂં છું.[૨૮] અનેક દીન મનુષ્યોને કેવળ દ્રવ્યને માટેજ નીચ સ્વામીનો (શેઠનો અથવા ઉપરી અધિકારીનો) આશ્રય કરતા જોઇ મેં મનને વશ કરીને વૈરાગ્ય ઉપરજ પ્રીતિ કરી છે અને શાંતિનો સ્વીકાર કરીને આ રીતે પવિત્રતાપૂર્વક અજગરના વ્રતનું હું આચરણ કરી રહ્યો છું.[૨૯] આ જગતમાં જે કંઇ સુખ, દુઃખ, લાભ, હાનિ, પ્રીતિ, અપ્રીતિ, મરણ અને જીવિત જોવામાં આવે છે, તે સર્વે કેવળ દૈવાધીનજ છે. આવો તત્ત્વદૃષ્ટિથી સાક્ષાત્કાર કરીને હું શુદ્ધ અંતઃકરણથી આ અજગરના વ્રતનું પાલન કરૂં છું.[૩૦] ભયનો, રાગનો, મોહનો તથા ગર્વનો ત્યાગ કરીને, ધૈર્યનો, મનનશક્તિનો તથા બુદ્ધિનો આશ્રય કરીને અને શાંતિનો સ્વીકાર કરીને પવિત્રતાપૂર્વક હું અજગરના વ્રતનું આચરણ કરી રહ્યો છું; કેમકે મેં જોયું છે કે, અજગરો પોતાની સમીપમાં પ્રાપ્ત થયેલા પદાર્થનોજ ઉપભોગ કરવાનું પસંદ કરે છે.[૩૧] મારા શયનનો કે આસનનો કંઇ નિયમ નથી, હું સ્વાભાવિક રીતેજ ઇંદ્રિયનિગ્રહ, નિયમો, વ્રતો, સત્ય અને શૌચાચારનું પાલન કરવા તત્પર રહું છું, મેં યૌગિકફ્રંગસમુદાયનો ત્યાગ કર્યો છે અને અત્યંત હર્ષ તથા પવિત્રતાપૂર્વક આ અજગરવ્રતનું હું આચરણ કરૂં છું.[૩૨] મેં જ્ઞાન સંપાદન કરીને જોયું છે કે, મન આત્મતત્ત્વરૂપી સત્ય વસ્તુથી વિમુખ રહે છે, ધનપુત્રાદિની ઇચ્છારૂપ વિષયોને અધીન થઇને પરિણામમાં દુઃખ પામે છે અને નિરંતર તૃષ્ણાકુલ રહે છે; માટે તે ચંચલ મનને વશ કરવામાટે અને તેને વશ કરીને આત્મામાંજ લય પમાડવા માટે હું પવિત્રતાપૂર્વક અજગરવ્રતનું આચરણ કરૂં છું.[૩૩] મેં કર્તૃત્વ, ભોક્તૃત્વ આદિ માનસિક અને બૌદ્ધિક ધર્મોનો ત્યાગ કર્યો છે, વાણી અને મનના વિષયોની પણ ઉપેક્ષા કરી છે અને પ્રિય એવાં સુખોની દુર્લભતા તથા અનિત્યતા જોઇ છે; માટે હું શુદ્ધ અંતઃકરણપૂર્વક આ અજગરના વ્રતનું આચરણ કરૂં છું.[૩૪] તે તે શાસ્ત્રોમાં અનેક પ્રકારના તર્કવિતર્ક કરીને વિદ્વાનો આ ગહન આત્મતત્ત્વનું શૂન્યરૂપે, નિર્વિષયસ્વરૂપે, જ્ઞાનધારાસ્વરૂપે, જડરૂપે, બુદ્ધિ આદિ વિશેષ ગુણોથી રહિતસ્વરૂપે, સ્વરૂપસત્તારૂપે, ચિન્માત્રરૂપે, અખંડ સચ્ચિદાનંદસ્વરૂપે અને અનંતસ્વરૂપે વર્ણન કરીને પોતાની કીર્તિને તથા બુદ્ધિમત્તાને પ્રસિદ્ધ કરે છે તથા પોતાના મતોનું સ્થાપન કરીને બીજાના મતોનું ખંડન કરે છે; પરંતુ આ અજગરવ્રતની શ્રેષ્ઠતામાટે તો પોતાનો મતભેદ પ્રકટ નહિ કરતાં તેઓ બધાએ પોતાનો એકજ મત જાહેર કર્યો છે કે, અજગરવૃત્તિજ આત્મતત્ત્વનું દર્શન કરવામાટે સ્વીકારવા યોગ્ય છે.[૩૫] મૂર્ખ લોકો માને છે કે, પર્વત ઉપરથી કૂદી પડવું તે જેમ નાશકર્તા છે, તેમ પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી સિદ્ધ થયેલું આ જગત આત્માથી ભિન્ન હોઇને સર્વનો વિનાશકર્તા છે; પરંતુ વાસ્તવિક દૃષ્ટિએ જોતાં તો જણાયજ છે કે, આ જગત દેશ, કાલ તથા ગુણથી અપરિમેય અને નાશ,દોષ તથા દેશપરિમાણથી રહિત એવા સનાતન બ્રહ્મથી ભિન્ન નથી, માટેજ હું શાસ્ત્ર અને યુક્તિથી તેનો વિચાર કરીને અને કામાદિ દોષોનો તથા તૃષ્ણાનો ત્યાગ કરીને જનસમુદાયમાં વિચર્યા કરૂં છું."[૩૬]

ભીષ્મે કહ્યું:-જે મહાત્મા પુરુષ, રાગદ્વેષથી રહિત થઇને તથા ભય, લોભ, મોહ અને શોકનો ત્યાગ કરીને આવા અજગરવ્રતનું આચરણ કરશે, તે અવશ્ય સુખી થઇને જગતમાં વિચર્યા કરશે.[૩૭]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "અજગરવ્રતી બ્રાહ્મણ અને પ્રહ્લાદનો સંવાદ" એ વિષયનો અ૦ ૧૭૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૦ મો

ઇંદ્રનો કાશ્યપને ઉપદેશ

॥ युधिष्ठिर उवाच ॥
बांधवाः कर्म वित्तं वा प्रज्ञावेह पितामह ॥
नरस्य का प्रतिष्ठास्यादेतत् पृष्टो वदस्व मे॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પિતામહ! તમે કહેલી અજગરવ્રતરૂપી શાંતિમય સ્થિતિ, મનુષ્યને બાંધવોદ્વારા મળી શકે છે, કે કર્મોદ્વારા મળી શકે છે, કે દ્રવ્યથી સાધી શકાતા યજ્ઞોદ્વારા મળી શકે છે, કે બુદ્ધિદ્વારા મળી શકે છે ? તે હું તમને પૂછું છું, માટે તે મને કહો."[૧]

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! પ્રત્યેક પ્રાણીઓને *બુદ્ધિદ્વારાજ તે સ્થિતિ પ્રાપ્ત થાય છે; કેમકે સર્વ કોઇને બુદ્ધિનો લાભ એજ પરમ લાભ છે અને આ જગતમાં બુદ્ધિજ સર્વોત્કૃષ્ટ કલ્યાણને આપનારી છે; માટેજ સત્પુરુષો માને છે કે, બુદ્ધિ એ સ્વર્ગનું સ્વરૂપ છે.[૨] જ્યારે પોતાના ઐશ્વર્યનો નાશ થયો, ત્યારે બલિરાજાએ પોતાની બુદ્ધિદ્વારાજ પુનઃ તેને સંપાદન કર્યું હતું. તેમજ પ્રહ્લાદ, નમુચિ અને મંકિ પણ બુદ્ધિબળથીજ પરમ સુખને પામ્યા હતા; તો પછી બુદ્ધિના કરતાં બીજું શું શ્રેષ્ઠ છે ? અર્થાત્ કંઇજ નહિ.[૩] હે યુધિષ્ઠિર! આના સંબંધમાં પણ ઇંદ્ર અને કાશ્યપના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસ કહેવામાં આવે છે, તેને તમે સાંભળો.[૪] પૂર્વે કોઈ એક ધનવાન અને ગર્વિષ્ઠ વૈશ્યે, કાશ્યપ નામના એક તીક્ષ્ણ વ્રતધારી તપસ્વી ઋષિપુત્રને, રથનો ધક્કો લગાડીને પૃથ્વીપર પાડી નાખ્યા.[૫] ત્યારે તે ઋષિપુત્ર, દુઃખને લીધે ધૈર્યનો ત્યાગ કરીને કોપી ઉઠ્યા અને આ પ્રમાણે બોલ્યાઃ-"બસ, હવે હું આત્મઘાત કરીશ; કેમકે મારા જેવા નિર્ધન પુરુષને આ જગતમાં જીવવાનું કંઇ પ્રયોજન નથી."[૬] આમ કહીને તે ઋષિ, મરવાની ઇચ્છાથી સ્તબ્ધ અને વિચારશૂન્ય થઇને પૃથ્વીપર પડીજ રહ્યા. ત્યારે ઇંદ્રે શિયાળનું રૂપ ધારણ કરીને તે લોભી મનના ઋષિને કહેવા માંડ્યું.[૭]

ઓ બ્રાહ્મણ! સર્વ પ્રાણીઓને મનુષ્યજન્મ મેળવવાની ઘણીજ ઇચ્છા હોય છે અને તેમાં પણ બ્રાહ્મણજાતિમાં જન્મ લેવા માટે તો સર્વ કોઈ અભિનંદન આપેજ છે.[૮] હે કાશ્યપ! તું એક મનુષ્ય છે, વળી બ્રાહ્મણ છે અને તેમાં પણ એક શ્રોત્રિય (વેદ ભણેલો) બ્રાહ્મણ છે. તને આ ત્રણેય મહાદુર્લભ વસ્તુઓ પ્રાપ્ત થઇ છે, તો પછી મૂર્ખતાને લીધે આત્મઘાત કરવો તે તને યોગ્ય નથી.[૯] વેદમાં સત્યજ કહ્યું છે કે, આ જગતમાં જેટલા લાભો છે, તેઓ સર્વે કેવળ અભિમાનથીજ ભરેલા છે-અર્થાત્ "મેં દ્રવ્ય મેળવ્યું" એવું અભિમાન તેજ દ્રવ્યના લાભતરીકે ગણાય છે. ખરૂં જોતાં તો દ્રવ્યની સાથે કોઇનો સંબંધજ નથી. ખરેખર, તારૂં આત્મસ્વરૂપ, કે જે કેવળ સંતોષનેજ યોગ્ય છે, તેનો તું લોભને અધીન થઇને (વૃથા) નાશ કરવા તૈયાર થયો છે!![૧૦] અહો! તે પ્રાણીઓજ કેવળ ધન્યવાદને પાત્ર છે, કે જેઓને હાથ છે. જેઓને હાથ છે તેઓને હું અત્યંત ચાહું છું.[૧૧] તને જેમ ધન મેળવવાની ઇચ્છા છે, તેમ અમને હાથ મેળવવાની ઇચ્છા છે; કેમકે હાથના લાભથી અધિક એવો બીજો કોઈ પણ લાભ નથી.[૧૨] હે બ્રહ્મન્! અમને હાથ નથી તેથી અમે શરીરમાં લાગેલા કાંટાઓને ખેંચી શકતાં નથી, તેમજ શરીર ઉપર કરડી જતાં નાનાંમોટાં જીવજંતુઓનો નાશ પણ કરી શકતાં નથી;[૧૩] પરંતુ જેઓને ઈશ્વરે દશ આંગળીઓવાળા હાથ આપ્યા છે, તેઓ તો શરીરમાંથી કાંટાઓને ખેંચી શકે છે અને કરડી જતાં જીવજંતુઓનો નાશ પણ કરી શકે છે;[૧૪] એટલુંજ નહિ પણ હાથવાળાં મનુષ્યપ્રાણીઓ, વરસાદ,ટાઢ અને તાપથી પોતાનું રક્ષણ કરી શકે છે ને વસ્ત્રોનો, અન્નનો, સુખનો, શય્યાનો તથા નિષ્કંટક પ્રદેશનો ઉપભોગ કરી શકે છે.[૧૫] વળી તેઓ બળદ વગેરે પ્રાણીઓપર બેસીને પોતાનાં વાહનોતરીકે તેઓને ચલાવે છે, બળદ વગેરેએ ઉત્પન્ન કરેલા

---

* બુદ્ધિ એટલે સામાન્ય બુદ્ધિ નહિ પણ જ્ઞાનસંપન્ન બુદ્ધિ.

પદાર્થોને પોતે ભોગવે છે અને અનેક પ્રકારના ઉપાયો કરીને બીજાઓને પોતાને સ્વાધીન કરે છે;[૧૬] પરંતુ અમારા જેવાં વાચાવિનાનાં (મૂંગાં) પ્રાણીઓ, બિચારાં હાથવિનાનાં અને અલ્પ બળવાળાં હોય છે, તેથી ઘણાં દુઃખો સહન કરે છે; માટે હે મુનિ! તું ભાગ્યશાળી છે કે, અમારી પેઠે હાથવિનાનો નથી.[૧૭] તું શિયાળ થયો નથી, કીડો થયો નથી, ઉંદર થયો નથી, સર્પ થયો નથી, દેડકો થયો નથી કે બીજી કોઇ પાપી યોનિમાં ઉત્પન્ન થયો નથી, એ તારૂં સુદૈવજ છે.[૧૮] હે કાશ્યપ! આટલા લાભથીજ તારે સંતોષ માનવો યોગ્ય છે, તો પછી તું સર્વ પ્રાણીઓમાં ઉત્તમ એવો બ્રાહ્મણ થયો છે તો કેમ સંતોષ ન માને?[૧૯] તું આ મારી અવસ્થા તરફ તો દૃષ્ટિ કર! આ કીડાઓ મને કરડી ખાય છે, તોપણ હું તેઓને દૂર કરી શકતો નથી; કેમકે મને હાથ નથી,[૨૦] છતાં આત્મહત્યા કરવી, એ એક અકાર્ય છે અને તેમ કરવાથી આના કરતાં પણ વધારે પાપી એવી બીજી યોનિમાં મારે પડવું પડશે, એમ માનીને હું મારા દેહનો ત્યાગ કરતો નથી.[૨૧] હું, જે આ શિયાળની યોનિમાં અવતર્યો છું, તે તો એક મધ્યમ યોનિ ગણાય છે–અત્યંત ઉત્તમ ગણાતી નથી તેમ અત્યંત નીચ ગણાતી નથી; કેમકે આના કરતાં પણ અતિશય વધારે પાપિષ્ઠ ગણાતી બીજી ઘણી પાપી યોનિઓ છે.[૨૨] આ જગતમાં કેટલાંએક પ્રાણીઓ પોતાની ઉત્તમ જાતિને લીધેજ અત્યંત સુખી છે, ત્યારે કેટલાંએક પ્રાણીઓ તેમ હોવા છતાં અત્યંત દુઃખી છે. તે ઉપરથી હું જાણી શકું છું કે, આ જગતમાં કોઇને અત્યંત સુખ તો નથીજ.[૨૩] જે મનુષ્યો ધનાઢ્ય હોય છે, તેઓ રાજ્ય મેળવવાની ઇચ્છા કરે છે, રાજ્ય મેળવ્યા પછી દેવપણું મેળવવાની ઈચ્છા કરે છે અને દેવપણું મેળવ્યા પછી ઈંદ્ર થવાની ઈચ્છા રાખે છે.[૨૪] તું કદાચ ધનવાન થઈશ તોપણ (બ્રાહ્મણ હોવાને લીધે) રાજા કે દેવતા થઈશ નહિ; તોપણ કદાચ તું દેવતા થઈશ તો ઈંદ્ર થવાની તને ઈચ્છા થશે અને ઈંદ્ર થયા પછી પણ તને સંતોષ થશે નહિ;[૨૫] કેમકે મનુષ્યને જેમ જેમ પ્રિય વસ્તુનો લાભ થયા કરે છે, તેમ તેમ તેને તૃપ્તિ થતી નથી. તૃષ્ણા વસ્તુજ એવી છે કે, જળનું સિંચન કરવાથી જેમ અગ્નિ શાંત પડી જાય છે, તેમ તે શાંત પડી જતી નથી; પરંતુ લાકડાંઓના ભારાઓ નાખવાથી જેમ અગ્નિ વધારે પ્રદીપ્ત થાય છે, તેમ તૃષ્ણા, પ્રિય વસ્તુનો લાભ થતાં વધારે ને વધારે પ્રદીપ્ત થતી જાય છે.[૨૬] તારામાં જેમ શોક રહેલો છે, તેમ હર્ષ પણ રહેલો છે અને દુઃખ રહેલું છે તેમ સુખ પણ રહેલું છે; તોપછી તું હર્ષ અને સુખદ્વારા શોકનો તથા દુઃખનો નાશ કરવા શક્તિમાન છે, છતાં આમ વિલાપ શામાટે કરે છે?[૨૭] બુદ્ધિ અને ઇંદ્રિયોજ સર્વ કામનાઓનું તથા કર્મોનું મૂળ છે; માટે પાંજરામાં જેમ પક્ષીઓને પૂરવામાં આવે છે, તેમ શરીરરૂપી પાંજરામાં તેઓને (બુદ્ધિને તથા ઇંદ્રિયોને) વશ રાખનારા પુરુષને કોઈ પ્રકારનો ભય નથી.[૨૮] આ જગતમાં કોઇને પણ જો બીજું મસ્તકજ નથી તોપછી તેના છેદનનો ભય ક્યાંથી હોઈ શકે? અને કોઈ પણ મનુષ્યને ત્રીજો હાથજ નથી તો પછી તેને કપાઇ જવાનો ભય કેમજ હોઈ શકે? (અર્થાત ત્રણે કાળમાં આત્માસિવાયની એક પણ વસ્તુ નથી તોપછી ભય કોનાથી રાખવો?)[૨૯] જે પુરુષે બુદ્ધિને તથા ઇંદ્રિયોને વશ કરી લીધી છે, તે પુરુષને વિષયજન્ય રસનું જ્ઞાન હોતુંજ નથી અને તેથીજ તેને વિષયાભિલાષ પણ ઉત્પન્ન થતો નથી; કેમકે બુદ્ધિને તથા ઇંદ્રિયોને ઘણીજ છૂટ આપીને સ્પર્શસુખનો, દર્શનસુખનો તથા શ્રવણસુખનો અનુભવ લેનાર પુરુષજ વિષયગ્રસ્ત બને છે અને તેવા અજિતેન્દ્રિય પુરુષનેજ ટાઢ, તાપ વગેરેનો ભય રહે છે.[૩૦] આ જગતમાં વારુણી મદિરાનો રસ અને લટ્વાક (ગામ–નગરમાં રહેનારી ચકલી) પક્ષીનું માંસ સર્વ ભક્ષ્યપદાર્થોમાં અધિક સ્વાદિષ્ટ ગણાય છે, છતાં તને એના રસનું સ્મરણ પણ નથી; (કેમકે તું બ્રાહ્મણ છે તેથી તેના રસનો તેં અનુભવ લીધો નથી.)[૩૧]

તેમજ બીજા અનેક ભક્ષ્ય પદાર્થો કે જેઓ બીજા પ્રાણીઓમાં પ્રસિદ્ધ છે, તેઓનું તું સ્મરણજ કરતો નથી; કારણકે તેઓનું તેં કદી ભક્ષણજ કર્યું નથી[32] અને એમાં પણ કંઈ સંશયજ નથી કે, જે પુરુષ (વાસનાઓને જાગ્રત કરે તેવા) સર્વ પદાર્થોનું પ્રાશન, સ્પર્શન અને દર્શન નહિ કરવામાટે નિયમ લે છે, તેનું કલ્યાણજ થાય છે.[33] જેઓને હાથ હોય છે તેઓજ બળવાન અને ધનવાન ગણાય છે, એમાં સંદેહ નથી. આપણે જોઇએ છીએ કે, કેટલાએક મનુષ્યોને, મનુષ્યોએજ પોતાના દાસ બનાવેલા હોય છે અને તે દાસ બનેલા મનુષ્યો વારંવાર માર ખાઇને તથા કેદ પૂરાઈને દુઃખોને અનુભવે છે, છતાં તેઓ તે સ્થિતિમાં રહીને આનંદ કરે છે, પ્રસન્ન રહે છે અને હાસ્યવિનોદ કરે છે. (પણ મરી જતા નથી.)[34,35] વળી બીજા કેટલાએક બાહુબળશાળી, વિદ્યાવાન અને શૂરવીર પુરુષો પણ (દૈવસત્તાને અધીન થઈને) નિંદવાયોગ્ય એવી અને દીનતાભરેલી પાપી વૃત્તિનો આશ્રય કરે છે.[36] જો કે, તેઓ એ વૃત્તિસિવાયની બીજી હરકોઈ સારી વૃત્તિનું સેવન કરવા માટે ઉત્સાહ ધરાવે છે, તોપણ પોતપોતાના કર્મને લીધે જે કંઈ નિર્માણ થયેલું હોય છે તે, તે પ્રમાણેજ થાય છે.[37] તું પરમાત્માની માયા તરફ તો દૃષ્ટિ કર, કે જે પુરુષ વર્ણસંકર હોય છે અથવા ચાંડાલજાતિનો હોય છે તે પણ પોતાના દેહનો ત્યાગ કરવામાટે ઇચ્છતો નથી અને પોતાની જાતિમાંજ સંતુષ્ટ રહે છે.[38] ઓ કાશ્યપ ! પ્રત્યેક અવયવોની સંપૂર્ણતાવાળા પુરુષે હાથપગવિનાના-ઠુંઠા મનુષ્યોને, પક્ષાઘાત નામના રોગવાળા મનુષ્યોને તથા અનેક પ્રકારના રોગોથી ઘેરાયલા મનુષ્યોને જોઇને, પોતાને સુખી માનવો જોઈએ તોપછી તેં તો સર્વ પ્રકારના લાભો મેળવ્યા છે છતાં તારી જાતિને માટે તું કેમ સંતોષ માનતો નથી?[39] તને બ્રાહ્મણનો દેહ પ્રાપ્ત થયો છે, વળી તે સર્વ પ્રકારના રોગો અને વિકારોથી રહિત છે, તારાં અંગો પણ સર્વ પ્રકારે સંપૂર્ણ છે, વળી તું પંડે પણ સ્વજાતિને ભ્રષ્ટ કરનારા, કોઇ પ્રકારના સત્ય કલંકથી લોકોમાં ધિક્કારપાત્ર થયો નથી, તો હે બ્રહ્મર્ષિ ! તું ધર્માચરણ કરવામાટે ઉઠ, તૈયાર થા. આમ આત્મઘાત કરવાને તું યોગ્ય નથી.[40,41] હે બ્રહ્મન્! તું મારા આ વચનને જો સાંભળીશ અને તેના ઉપર જો શ્રદ્ધા રાખીશ તો વેદમાં કહેલા ધર્મના ઉત્તમ ફળને સંપાદન કરીશ.[42] તું પ્રમાદનો ત્યાગ કરીને વેદાધ્યયન કર્યા કર. અગ્નિહોત્રનો સ્વીકાર કર; સત્યનું, દમનું તથા દાનધર્મનું પાલન કર અને કોઇની સાથે સ્પર્ધા કર મા.[43] તારા જેવા બ્રાહ્મણો, કે જેઓ સારી રીતે વેદાધ્યયન કરનારા છે અને યજ્ઞયાગાદિ કરનારા છે, તેઓ આ રીતે શોક કેમ કરે ? અને અશુભનો વિચાર પણ શામાટે કરે ?[44] જે પુરુષો પુષ્ય વગેરે ઉત્તમ નક્ષત્રોમાં, ઉત્તમ તિથિઓમાં તથા ઉત્તમ મુહૂર્તોમાં જન્મેલા હોય છે, તેઓ યજ્ઞયાગાદિ કરવાનીજ ઇચ્છા કરે છે, પોતાની શક્તિ પ્રમાણે યજ્ઞ, દાન અને પ્રજોત્પાદન કરવા માટે યત્ન કરે છે અને અંતે મહાન સુખ પ્રાપ્ત કરે છે;[45] પરંતુ જેઓ મૂલ, આશ્લેષા વગેરે આસુરી નક્ષત્રોમાં, દુષ્ટ તિથિઓમાં અને દુષ્ટ મુહૂર્તોમાં ઉત્પન્ન થયેલા હોય છે, તેઓ યજ્ઞયાગાદિ કરતા નથી અને પ્રજોત્પાદન પણ કરતા નથી, જેને લીધે તેઓ આસુરી યોનિમાં અવતરે છે.[46] હે બ્રાહ્મણ! હું પણ પૂર્વજન્મમાં એક પંડિતજ હતો, પરંતુ હેતુવાદનો સ્વીકાર કરીને આકાશાદિ અનિત્ય વસ્તુઓને પણ નિત્યતરીકે સિદ્ધ કરતો હતો, વેદોની નિંદા કરતો હતો, કેવળ અનુમાનનેજ પ્રમાણ માનનારી તુચ્છ તર્કવિદ્યામાં આસક્ત રહેતો હતો, હેતુવાદનોજ આશ્રય કરીને વાદવિવાદ કર્યા કરતો હતો, ઉત્તમ સજ્જનો પાસે પણ વેદવિરુદ્ધ હેતુવાદવાળી વાણી બોલતો હતો, કઠોર ભાષણ કરતો હતો, મર્યાદાનું ઉલ્લંઘન કરીને બકયા કરતો હતો, બ્રહ્મનું પ્રતિપાદન કરનારાં વેદવાક્યોના સંબંધમાં વિચાર કરનારા બ્રાહ્મણોની હું નિંદા કરતો હતો, ઈશ્વરને માનતો ન હતો, સર્વના પર શંકા રાખતો હતો અને એ પ્રમાણે મૂર્ખ હતો, છતાં પંડિતનું અભિમાન ધરાવતો હતો. તેને

લીધે આ શિયાળની જાતિમાં જન્મ પામવાનું ભયંકર ફળ મને મળ્યું છે.[૪૭,૪૯] બસ, હવે તો મારી એજ ઇચ્છા છે કે, કદાચ દૈવયોગે એક સો રાત્રિદિવસમાંજ આ પાપી શરીરથી મુક્ત થઇને પુનઃ મનુષ્યના શરીરને જો હું પ્રાપ્ત થાઉં, તો સંતોષનો આશ્રય કરીને તથા પ્રમાદનો ત્યાગ કરીને યજ્ઞ, દાન અને તપ કરવામાંજ આસક્ત બની જાઉં, પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરૂં અને ત્યાગ કરવા યોગ્ય સર્વ પદાર્થોનો ત્યાગ કરૂં."[૫૦,૫૧] શિયાળના રૂપમાં આવેલા ઇંદ્રે એ પ્રમાણે કહ્યું, એટલે મુનિ કાશ્યપ, અત્યંત આશ્ચર્ય પામીને પૃથ્વીપરથી ઉભા થઇ ગયા અને બોલી ઉઠ્યા કેઃ—"અહો! તું તો ઘણોજ કુશળ અને બુદ્ધિમાન દેખાય છે!!"[૫૨] એ પ્રમાણે કહીને બ્રાહ્મણ કાશ્યપે પોતાની વિશાળ જ્ઞાનદૃષ્ટિથી જોયું કે, આ ખરેખરો શિયાળ નથી પણ ઇંદ્રાણીનો પતિ દેવાધિદેવ ઇંદ્ર છે.[૫૩] પછી તેમણે ઇંદ્રની યથાવિધિ પૂજા કરી અને તેની આજ્ઞા લઇને પોતાના ઘર તરફ પ્રયાણ કર્યું. ÷ [૫૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "કાશ્યપ અને ઇંદ્રનો સંવાદ" એ વિષયનો અ૦ ૧૮૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૧ મો

કરેલાં કર્મો ભોગવવાંજ પડે છે.

॥ युधिष्ठिर उवाच ॥

यद्यस्ति दत्तमिष्टं वा तपस्तप्तं तथैव च ॥
गुरूणां वापि शुश्रूषा तन्मे ब्रूहि पितामह॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:—"હે પિતામહ! દત્ત,* ×ઈષ્ટ, તપ અને ગુરુસેવા એ ચારેમાં કેવા પ્રકારની શક્તિ રહેલી છે? શું તેઓ, કાળાંતરની જ્ઞાનસંપન્ન બુદ્ધિને ઉત્પન્ન કરી શકે છે ખરાં? જો તેઓમાંથીજ બુદ્ધિની ઉત્પત્તિ થતી હોય તો મારે તેઓનુંજ આચરણ કરવું કે કોઇ બીજાનું? તે મને કહો." [૧]

ભીષ્મે કહ્યું:—"હે રાજા! પુરુષની બુદ્ધિ જ્યારે કામક્રોધાદિ અનર્થોથી ઘેરાઈ જાય છે, ત્યારે તેનું મન પાપકૃત્ય કરવા માટે તૈયાર થાય છે અને પછી પોતાનાં મલિન કર્મોને લીધે તે પુરુષ મહાદુઃખદાયી નરકલોકનો અધિકારી બને છે.[૨] જે પુરુષો પાપકર્મ કરનારા હોય છે, તેઓ દરિદ્રિ બને છે અને તેઓ એક દુષ્કાળ પછી બીજા દુષ્કાળને, એક કલેશ પછી બીજા કલેશને, એક ભય પછી બીજા ભયને તથા એક મરણ પછી બીજા મરણને વારંવાર પામ્યાજ કરે છે;[૩] પરંતુ જે પુરુષો શ્રદ્ધાસંપન્ન અને જિતેન્દ્રિય થઇને પુણ્યકર્મ કર્યા કરે છે તેઓ ધનાઢય થાય છે અને પ્રતિદિન ઉત્સવોને, સ્વર્ગને તથા સુખને પામ્યા કરે છે;[૪] તેમજ જેઓ નાસ્તિક હોય છે તેઓને, તેઓનું કર્મ, દુષ્ટ હાથીઓથી દુર્ગમ અને સર્પ, ચોર વગેરેથી ભયંકર એવાં ઘોર અરણ્યોમાં પરાધીન દશાએ હાંકી

÷ આ અધ્યાયનો આશય એ છે કે, દિવ્ય જ્ઞાનને ધરાવનારા કાશ્યપ જેવા મુનિઓને પણ દેહાભિમાનના આવેશને લીધે આત્મહત્યા કરવાની તુચ્છ બુદ્ધિ થઇ હતી, તો પછી સામાન્ય મનુષ્યોને તેવી બુદ્ધિ થાય, એમાં કંઇ આશ્ચર્ય જેવું નથી; માટે સર્વ કોઇએ જેમ બને તેમ દેહાભિમાનનો ત્યાગ કરવો, કેમકે શાસ્ત્ર કહે છે કે, **देहावेशात् प्रमाद्यति**" દેહાભિમાનના આવેશથી, મનુષ્ય પ્રમાદવશ થાય છે.

*** 'शरणागतसंत्राणं भूतानामप्यहिंसनम् ।**
बहिर्वेदि च यद्दानं दत्तमित्यभिधीयते ॥

શરણે આવેલાનું રક્ષણ કરવું, પ્રાણિમાત્રની હિંસા ન કરવી અને યજ્ઞવેદિકાની બહારના પ્રદેશમાં ઉભીને દાન આપવું એનું નામ દત્ત કહેવાય છે.

×'अग्निहोत्रं तपः शौचं वेदानां चानुशासनम् ।
आतिथ्यं वैश्वदेवं च इष्टमित्यभिधीयते ॥'

અગ્નિહોત્ર રાખવું, તપ કરવું, બાહ્ય-આભ્યંતર પવિત્રતા રાખવી, વેદોની આજ્ઞાઓને પાળવી, અતિથિઓનો સત્કાર કરવો અને વૈશ્વદેવ કરવો, એનું નામ ઇષ્ટ કહેવાય છે.

આ દત્ત અને ઇષ્ટ એ ગૃહસ્થના ધર્મ છે, તપ એ વાનપ્રસ્થનો ધર્મ છે અને ગુરુની સેવા એ બ્રહ્મચારીનો ધર્મ છે.

કાઢે છે, આનાથી બીજી ભારે શિક્ષા તેઓને માટે કઈ હોઈ શકે ?[5] જે પુરુષો દેવતા અને અતિથિઓ ઉપર પ્રીતિ રાખનારા હોય છે, દાનધર્મમાં પરાયણ રહે છે અને સાધુ પુરુષોપર પ્રેમ રાખે છે, તેઓ પોતે કરેલા દાનાદિક પુણ્યકર્મથી અનુકૂલ થયેલા, જિતેન્દ્રિય યોગી પુરુષોને મળનારા અને કલ્યાણકારક દેવયાન માર્ગનો આશ્રય કરે છે–અર્થાત તેઓને દિવ્ય ગતિ પ્રાપ્ત થાય છે;[6] પરંતુ જે મનુષ્યો ધર્મને સુખ વગેરેના કારણભૂત માનતા નથી, તેઓ ધાન્યમાં સડી ગયેલા ધાન્ય જેવા છે અને પક્ષીઓમાં મચ્છરના જેવા છે.[7] મનુષ્ય ગમે તેટલા વેગથી દોડીને પસાર થઈ જાય, તોપણ તેણે કરેલું પૂર્વજન્મનું કર્મ તેની પાછળ પહોંચીજ વળે છે. જે મનુષ્યે જે પ્રમાણે કર્મ કર્યું હોય છે તેને તે પ્રમાણેજ તેનું ફળ મળે છે. મનુષ્ય જ્યારે સઇ જાય છે ત્યારે તેનું કર્મ પણ સૂઇ જાય છે, તે ઉભો રહે છે ત્યારે તેનું કર્મ પણ સમીપમાં ઉભું રહે છે, તે ચાલવા માંડે છે ત્યારે તેનું કર્મ પણ તેની પાછળ ચાલવા માંડે છે અને તે મનુષ્ય જ્યારે કોઇ પ્રકારનું કાર્ય કરે છે ત્યારે તેનું કર્મ પણ પોતાનું કામ કરવા લાગી પડે છે. આ પ્રમાણે છાયાની પેઠે કર્મ, મનુષ્યને અનુસરે છે.[8,9] જે જે મનુષ્યે પોતાના પૂર્વજન્મમાં જે જે પ્રકારનું કર્મ કર્યું હોય છે, તેના તેના ફળને તે એકલોજ ભોગવ્યા કરે છે.[10] પોતાનાં કર્મફળરૂપી થાપણવાળા અને પોતાનાં કર્મજન્ય પુણ્યના રક્ષણતળે રહેલા આ સર્વ પ્રાણીસમુદાયને કાળ, ચોતરફથી આકર્ષી રહ્યો છે.[11] જેમ વૃક્ષનાં પુષ્પો અને ફળો, કોઇની પ્રેરણાવિનાજ પોતાનો સમય આવતાં બહાર નીકળી આવે છે, તેમ જન્માંતરનાં કર્મો પણ પોતાનો સમય આવતાં મનુષ્ય પાસે હાજર થાય છે.[12] માન–અપમાન, લાભ–હાનિ, નાશ અને ઉદય–એ બધાં કર્મોનાંજ ફળરૂપે પ્રકટ થાય છે અને કર્મોની સમાપ્તિ થતાંજ પાછાં અદૃશ્ય થઈ જાય છે. આમ વારંવાર બન્યા કરે છે.[13] દુઃખ અને સુખને આપનારાં જેવાં કર્મો પોતે પૂર્વજન્મમાં કર્યાં હોય છે, તે સર્વનું ફળ ગર્ભશય્યામાં આવ્યા પછી (અનુક્રમે) પ્રાણીને ભોગવવું પડે છે.[14] પૂર્વજન્મના સમયે બાલ્ય, યુવા કે વૃદ્ધ–ગમે તે અવસ્થામાં મનુષ્યે શુભ અશુભ કર્મ કર્યું હોય છે, તેનું ફળ આ જન્મમાં તે તે અવસ્થામાંજ પ્રાપ્ત થાય છે.[15] જેમ કોઇ એક વાછરડો હજારો ગાયોની મધ્યમાંથી પોતાની માતાને શોધી કાઢે છે, તેમ પૂર્વજન્મનું કર્મ પણ પોતાના કર્તાને ગમે ત્યાંથી શોધી કાઢે છે.[16] જેમ એક મલિન વસ્ત્રને પ્રથમ પાણીમાં પલાળ્યા પછી ધોઈ નાખવાથી સ્વચ્છ કરી શકાય છે, તેમ પાપી પુરુષો પણ વિષયત્યાગરૂપી ઉપવાસો કરીને પોતાને શુદ્ધ કરી શકે છે અને દીર્ઘકાળપર્યંત અનંત સુખ સંપાદન કરે છે.[17] તપોવનમાં રહીને ઘણાકાળ સુધી તપશ્ચર્યા કરીને તથા ધર્માચરણ કરીને પાપરહિત થયેલા મનુષ્યોના સર્વ મનોરથો પૂર્ણ થાય છે.[18] જેમ પક્ષીઓનાં પગલાં આકાશમાં જોવામાં આવતાં નથી અને માછલાંઓનાં પગલાં જળમાં જોવામાં આવતાં નથી, તેમ જ્ઞાની પુરુષોની ગતિ પણ કોઇના જોવામાં આવતી નથી–અર્થાત તેઓનું પ્રાપ્યસ્થાન પરબ્રહ્મજ હોય છે.[19] હવે, આનાથી વધારે આક્ષેપવાક્યો કહેવાની અથવા વિશેષ અપરાધોનું વર્ણન કરવાની કંઇ જરૂર નથી. સંક્ષેપમાં એટલુંજ કહેવાનું કે, જે કર્મ કુશળતાથી યુક્ત હોય, મનુષ્યદેહને યોગ્ય હોય અને પોતાનું હિત કરનારૂં હોય, તેજ કરવું પણ બીજું કરવું નહિ.[20]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
અધ્યાય ૧૮૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૨ મો

મુનિ ભરદ્વાજ અને ભૃગુનો સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

कृतः सृष्टमिदं विश्वं जगत्स्थावर जंगमम् ॥
प्रलये च कमभ्येति तन्मे ब्रूहि पितामह॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-" હે પિતામહ ! આ સ્થાવરજંગમ જગત, શામાંથી ઉત્પન્ન થયું અને પ્રલયસમયે કોની અંદર લય પામે છે? તે મને કહો. [૧] સમુદ્ર, આકાશ, પર્વતો, મેઘમંડળ, પૃથ્વી, અગ્નિ અને પવનસહિત આ સર્વ જગતને કોણે બનાવ્યું ? [૨] આ બધાં પ્રાણીઓ કયાંથી ઉત્પન્ન થયાં ? બ્રાહ્મણ આદિ વર્ણનો વિભાગ કેવી રીતે થયો ? પવિત્રતા અને અપવિત્રતા કયાંથી આવી ? ધર્મ અને અધર્મનો વિધિ કેવી રીતે બંધાયો ? આ સર્વ જીવી રહેલાં પ્રાણીઓનો જીવ કેવા સ્વરૂપનો છે ? અને મુક્તિને પામેલા જીવો આ લોકમાંથી બીજા કયા લોકમાં જાય છે, તે સર્વ તમે મને કહો. " [૩,૪]

ભીષ્મે કહ્યું:- આના સંબંધમાં પૂર્વે ભરદ્વાજ મુનિએ, મહર્ષિ ભૃગુને પ્રશ્ન પૂછયો હતો, જેથી ભૃગુ ઋષિએ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે તેનો યોગ્ય ઉત્તર આપ્યો હતો. તેનો પ્રાચીન ઇતિહાસ હું તમને કહું છું, સાંભળો.[૫] પૂર્વે, કૈલાસ પર્વતના શિખર ઉપર મહાતેજસ્વી અને દેદીપ્યમાન કાંતિવાળા મહર્ષિ ભૃગુ બેઠા હતા. તેમને ભરદ્વાજ મુનિએ આ પ્રમાણે પૂછયું કે,[૬] "સમુદ્ર, આકાશ, પર્વતો, મેઘમંડલ, પૃથ્વી, અગ્નિ અને પવનસહિત આ સર્વ જગતને કોણે બનાવ્યું ? [૭] આ બધાં પ્રાણીઓ કેવી રીતે ઉત્પન્ન થયાં ? બ્રાહ્મણ આદિ વર્ણનો વિભાગ કેવી રીતે થયો ? પવિત્રતા અને અપવિત્રતા કયાંથી આવી? ધર્મ અને અધર્મનો વિધિ કેવી રીતે રચાયો ? આ લોકમાં જેઓ જીવી રહ્યા છે તેઓનો જીવ કેવા સ્વરૂપનો છે ? અને જે જીવો મુક્તિને પામેલા છે, તેઓ આ લોકમાંથી બીજા કયા લોકમાં જાય છે ? તે સર્વ તમે મને કહો." [૮,૯] ભરદ્વાજે એ પ્રમાણે પોતાનો સંશય પૂછયો એટલે સાક્ષાત્ બ્રહ્મદેવ સરખા બ્રહ્મર્ષિ ભૃગુએ, તે સર્વ પ્રશ્નોના ઉત્તર તેમને કહેવા માંડયા.[૧૦]

ભૃગુએ કહ્યું:-" હે ભરદ્વાજ ! સત્તરીકે અથવા અસત્ તરીકે જેનું નિરૂપણ કરવું અશક્ય છે, એવા અજ્ઞાનમાંથી પ્રથમ મનની ઉત્પત્તિ થઇ. તે મન, ચૈતન્યના પ્રતિબિંબથી યુક્ત થઈને માનસ એવી સંજ્ઞાને પામ્યું. તેને મોટા મોટા ઋષિઓજ જાણી શકયા હતા; કારણકે તે માનસદેવ આદિ અંતથી રહિત છે, ભેદ પામવાને અશકય છે અને અજરામર છે. [૧૧] વળી એ માનસદેવ સદાય એકસ્વરૂપ છે, અવિનાશી છે, સર્વ પ્રકારના વિકારોથી રહિત છે અને ' અવ્યકત ' એવા બીજા નામથી પણ જગતમાં પ્રસિદ્ધ છે. આ અવ્યકતમાંથીજ સર્વ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને પાછાં તેને વિષેજ લય પામે છે.[૧૨] તે અવ્યકત દેવે પ્રથમ મહત્તત્ત્વને ઉત્પન્ન કર્યું. ભગવાન મહત્તત્ત્વે અહંકારને ઉત્પન્ન કર્યો. સર્વભૂતોને ધારણ કરનારા પ્રભુ અહંકારે આકાશને (શબ્દ-તન્માત્રાને) ઉત્પન્ન કર્યું. *આકાશમાંથી પાણી (રસ-તન્માત્રા) ઉત્પન્ન થયું. પાણીમાંથી અગ્નિ (રૂપ-તન્માત્રા) અને વાયુ (સ્પર્શતન્માત્રા) ઉત્પન્ન થયા અને અગ્નિ તથા વાયુના સંયોગથી પૃથ્વી (ગંધતન્માત્રા) ઉત્પન્ન થઈ.[૧૩,૧૪] પછી સ્વયંભૂ ભગવાન માનસે તેજોમય એવું એક દિવ્ય કમળ ઉત્પન્ન કર્યું. તેમાંથી વેદના એક નિધિરૂપ બ્રહ્મદેવ (વિરાટ્) ઉત્પન્ન થયા.[૧૫] તે અહંકાર એવા નામથી જગતમાં પ્રસિદ્ધ થયા છે, આકાશાદિ સ્થૂલભૂતો તેમનું શરીર છે અને તેમણેજ ચારે પ્રકારના ભૂતસમુદાયોને ઉત્પન્ન કર્યા છે. સંક્ષેપમાં એટલુંજ કહી શકાય કે, સમગ્ર જગતને ધારણ કરી રાખનારાં આકાશાદિ પંચમહાભૂતો તેજ બ્રહ્મદેવનું અથવા વિરાટ્નું સ્વરૂપ છે.[૧૬] જે આ પર્વતો છે, તે તેમનાં અસ્થિ (હાડકાં) છે; પૃથ્વી તેમના મેદ અને માંસરૂપ છે, સમુદ્રો તેમનું રુધિર છે, આકાશ તેમનું ઉદર (પેટ) છે, પવન તેમનો નિઃશ્વાસ છે, અગ્નિ તેમનું તેજ છે, નદીઓ તેમની નાડીઓ છે, ચંદ્ર અને સૂર્ય તેમનાં નેત્રો છે, આકાશ તેમનું મસ્તક છે, પૃથ્વી

---

* ટીકાકાર નીલકંઠ કહે છે કે, આકાશમાંથી જળ ઉત્પન્ન થયું, એવો આ મહાભારતનો ક્રમ ઠીક નથી; પણ વેદમાં કહેલો આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જળ અને જળમાંથી પૃથ્વી, એ ક્રમજ ઠીક છે.

તેમના બે પગ છે અને દિશાઓ તેમની ભુજાઓ છે. આ વિરાટ્ પુરુષને સિદ્ધ પુરુષો પણ મહાદુઃખેથી જાણી શકે છે; કેમકે તેમનું સ્વરૂપ ખરેખર અચિંત્ય છે, એમાં કંઇ સંશય નથી. વળી આ વિરાટ્ પુરુષનેજ ભગવાન વિષ્ણુ અને અનંત એવા નામથી શાસ્ત્રકારો વર્ણવે છે અને તેજ સર્વ પ્રાણીઓના આત્મારૂપ અહંકારમાં રહે છે, પણ અજ્ઞાની પુરુષો તેમને જાણી શકતા નથી.[૧૭-૨૦] સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરવા માટે જેણે અહંકારને ઉત્પન્ન કર્યો છે તેના સંબંધમાં અને આ જગત કેવીરીતે ઉત્પન્ન થયું છે તેના સંબંધમાં, તમે મને જે પ્રશ્નો પૂછ્યા હતા તેનો એ ઉત્તર મેં તમને આપ્યો છે.”[૨૧] ભરદ્વાજે પૂછ્યું:—“ આકાશનું, દિશાઓનું, પૃથ્વીનું તથા વાયુનું માપ કેટલું છે? એ વિષે મને સંશય થયો છે; માટે તેનું માપ યથાર્થ રીતે કહીને તમે મારા સંશયને દૂર કરો.”[૨૨]

ભૃગુએ કહ્યું:—“સિદ્ધો અને દેવોથી સેવાયલું આ સુંદર આકાશ અનંત છે, તે અનેક સ્થાનકોથી વ્યાપ્ત છે અને તેનો અંતજ પામી શકાતો નથી.[૨૩] સૂર્યનાં કિરણોની ગતિના ઉપરના ભાગમાં તથા નીચેના ભાગમાં જ્યાં ચંદ્ર અને સૂર્ય જોવામાંજ આવતા નથી, ત્યાં અગ્નિસમાન તેજસ્વી અને સ્વતઃ પ્રકાશી રહેલા કાંતિમાન દેવતાઓ (ગ્રહગણો) વસી રહેલા છે.[૨૪] હે માન આપનારા ભરદ્વાજ! મહા ઓજસ્વી એવા તે દેવતાઓ પણ આકાશના અંતને જોઈ શકતા નથી; કારણ કે આકાશ દુર્ગમ અને અનંત છે, એમ તમારે જાણવું.[૨૫] જેના પ્રમાણને દેવતાઓ પણ જાણી શકયા નથી, એવું આ અનંત આકાશ, ઉપર ઉપરના ભાગમાં જ્વલંત કાંતિવાળા સ્વયંપ્રકાશ લોકોથી વ્યાપ્ત છે.[૨૬] ખગોળશાસ્ત્રીઓ કહે છે કે, પૃથ્વીને છેડે સમુદ્રો આવેલા છે, સમુદ્રોને છેડે અંધકાર આવેલો છે, અંધકારને છેડે જળ આવેલું છે અને જળને છેડે અગ્નિ આવેલો છે;[૨૭] તેમજ છેક રસાતલને છેડે પાછું જળ આવેલું છે, એ જળને છેડે સર્પોના રાજાઓ વસી રહેલા છે, તેનાથી વળી આગળ જતાં પુનઃ આકાશ આવે છે અને એ આકાશ પછી પાછું જળ આવેલું છે.[૨૮] આવી રીતે આકાશ પછી જળ અને જળ પછી આકાશ—એમ અનુક્રમે આવ્યાજ કરે છે. બસ, આટલુંજ ભગવાન જલાકાશનું પ્રમાણ અમારા જાણવામાં છે; પણ વસ્તુતઃ અગ્નિ, વાયુ, જળ અને આકાશના પ્રમાણને દેવતાઓ પણ જાણી શકતા નથી.[૨૯] અગ્નિ, વાયુ, જળ અને પૃથ્વીનાં સ્વરૂપો કેવળ આકાશમાંથીજ ઉપલબ્ધ થાય છે; પરંતુ તેઓનું તાત્ત્વિક જ્ઞાન નહિ હોવાને લીધેજ આપણને તેઓનામાં અન્યોન્ય ભિન્નતા જોવામાં આવે છે.[૩૦] જોકે બૌદ્ધાદિ મુનિઓએ અનેક શાસ્ત્રોમાં કહ્યું છે કે, “આ ત્રૈલોકયસાગરમાં જે જે પદાર્થો રહેલા છે, તેઓ સર્વે અમુક નિયત પ્રમાણવાળા હોય છે” તોપણ વસ્તુસ્થિતિ તેવી નથી; કારણ કે જે પદાર્થો અદૃશ્ય અને અગમ્ય છે, તેઓનું પ્રમાણ કોણ કહી શકે તેમ છે? સિદ્ધો અને દેવતાઓને જવાના માર્ગરૂપ આકાશનું પણ જો માપ લઇ શકાતું હોય, તો નામ પ્રમાણે રૂપવાળા માનસ—પરમાત્મા અનંતનું ‘અનંત’ એવું પ્રખ્યાત નામ પણ ગૌણ અથવા ઔપચારિક ઠરે. (અને “अनंतं ब्रह्म”એ વેદવાકય પણ અસત્ય ઠરે.[૩૨,૩૩] જે માનસમહાત્માનું દિવ્ય સ્વરૂપ સુષુપ્તિ અને પ્રલયાવસ્થામાં હ્રાસ પામે છે અને જાગ્રત તથા સૃષ્ટિકાલની અવસ્થામાં વૃદ્ધિ પામે છે, તેને સાક્ષાત્ બ્રહ્મભાવને પામેલો એવો પણ કયો પુરુષ જાણી શકે તેમ છે? (અર્થાત જેમ ઝાંઝવાના જળનું સ્પર્શજ્ઞાન તથા રસજ્ઞાન થવું અશકય છે, તેમ અસત્સ્વરૂપ એવા આ જગતના પ્રમાણનું જ્ઞાન થવું તે પણ અશકયજ છે; કેમકે આ જગત, ઉત્પત્તિ પહેલાં ન હતું અને પ્રલય પછી પણ નથીજ; તો પછી ‘જે વસ્તુ આદિ અને અંતમાં ન હોય તે વર્તમાન સમયમાં પણ ન હોય’ એ ન્યાય પ્રમાણે આ જગત બિલકુલ અસત્સ્વરૂપજ છે અને તેથીજ તેનું પરિમાણ જાણવાને માટે કોઈ સમર્થ નથી.)[૩૪] પૂર્વે સ્થૂલ-સૂક્ષ્મ કાર્યરૂપ એવા એક કમળમાંથી સર્વજ્ઞ, સાક્ષાત, ધર્મરૂપ અને સર્વોત્તમ પ્રજાપતિ પ્રભુ બ્રહ્મ-

દેવ ઉત્પન્ન થયા હતા."[૩૫]

ભરદ્વાજે પૂછ્યું:-"જો પ્રથમ કમળમાંથી બ્રહ્મદેવ ઉત્પન્ન થયા હતા, તો એ કમળજ બ્રહ્મદેવના કરતાં મોટું અને તેમની પહેલાં ઉત્પન્ન થયેલું હોવું જોઈએ; પણ તમે તો કહો છો કે, બ્રહ્મદેવજ સૌની પહેલાં ઉત્પન્ન થયા હતા, તેથી મને સંશય થયો છે."[૩૬]

ભૃગુએ કહ્યું:-"પ્રથમ કહેલા માનસદેવની મૂર્તિજ બ્રહ્મદેવ તરીકે ગણાય છે અને તેમના આસનને માટે નિર્માણ થયેલી આ પૃથ્વીજ બ્રહ્મદેવના કમળરૂપ મનાય છે. (સારાંશ કે, જેમ એક બીજમાંથી અંકુર અને વૃક્ષ એ બન્ને ઉત્પન્ન થાય છે તોપણ વૃક્ષપર રહેલું પાકેલું ફળ જેમ બીજા વૃક્ષને તથા અંકુરને ઉત્પન્ન કરવા માટે સમર્થ છે, તેમ પેલું અંકુર અને વૃક્ષ, બીજા અંકુરને તથા વૃક્ષને ઉત્પન્ન કરવામાટે સમર્થ નથી; કારણકે ફળ તો અનેક બીજોના ગર્ભરૂપ હોવાથી વૃક્ષ અને અંકુરના કરતાં પણ અધિક શક્તિવાળું છે. એજ પ્રમાણે માનસદેવથી (હિરણ્યગર્ભથી) ઉત્પન્ન થયેલા સૂત્રાત્મા અને વિરાટ્, બીજા સૂત્રાત્માને તથા વિરાટ્‌ને ઉત્પન્ન કરવા શકિતમાન નથી; પણ બ્રહ્મદેવમાં તો માનસદેવની સમગ્ર શક્તિ રહેલી છે અને તેથીજ તે સૂત્રાત્મા અને વિરાટ્રૂપ એવા કમળના કરતાં મોટા છે-શ્રેષ્ઠ છે; છતાં લોકમાં જેમ કહેવાય છે કે, વૃક્ષમાંથી ફળ ઉત્પન્ન થયું, તેમજ કમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા, એમ કહેવાય છે.)[૩૭] બ્રહ્મદેવના એ કમળની કળી મેરુ પર્વત છે, જે છેક આકાશ સુધી ઉંચો વધ્યો છે. પ્રભુ બ્રહ્મદેવ તેના મધ્યમાં રહીને આ સમગ્ર લોકને ઉત્પન્ન કર્યા કરે છે."[૩૮]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ભૃગુ અને ભરદ્વાજનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૧૮૨ મો સમાપ્ત.

* * *

અધ્યાય ૧૮૩ મો

સૃષ્ટિરચના

॥ भरद्वाज उवाच ॥

प्रजाविसर्गं विविधं कथं स सृजते प्रभुः ॥
मेरुमध्ये स्थितो ब्रह्मा तद् ब्रूहि द्विजसत्तम॥१॥

ભરદ્વાજે પૂછ્યું:-"હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! મેરુ પર્વત ઉપર રહીને પ્રભુ બ્રહ્મદેવે, વિવિધ પ્રકારની પ્રજાસૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન કરી? તે મને કહો."[૧]

ભૃગુએ કહ્યું:- "સૌ પહેલાં બ્રહ્મદેવે વિવિધ પ્રકારની માનસિક સૃષ્ટિ ઉત્પન્ન કરી અને પછી સર્વ પ્રાણીઓનું રક્ષણ કરવા માટે તેમણે જળને ઉત્પન્ન કર્યું.[૨] જેને લીધે સર્વ પ્રાણીઓના પ્રાણ ટકી રહ્યા છે, જેને લીધે પ્રજાઓની વૃદ્ધિ થઇ રહી છે અને જેના ત્યાગથી સર્વ કોઇનો નાશ થઈ જાય છે, એવા તે જળવડે આ સર્વ જગત વીંટાયલું છે.[૩] પૃથ્વી, પર્વતો, મેઘો અને તે સિવાયના બીજા જે મૂર્તિમાન પદાર્થો જોવામાં આવે છે, તે બધા જળમાંથીજ ઉત્પન્ન થયા છે અને જળને આધારેજ ટકી રહ્યા છે, એમ સમજવું."[૪]

ભરદ્વાજે પૂછ્યું:-"પ્રથમ જળ કેવી રીતે ઉત્પન્ન થયું? અગ્નિ અને વાયુ શામાંથી ઉત્પન્ન થયા અને આ પૃથ્વીને કેવી રીતે ઉત્પન્ન કરવામાં આવી? એ વિષે મને મહાન સંશય થયો છે."[૫]

ભૃગુએ કહ્યું:-"હે બ્રહ્મન! પૂર્વે બ્રહ્મકલ્પના સમયે સર્વ મહર્ષિઓનો જ્યારે સમાગમ થયો હતો, ત્યારે તે મહાત્માઓની વચ્ચે જગતની ઉત્પત્તિવિષેનો મહાન સંદેહ ઉભો થયો.[૬] એટલે તેઓએ દેવતાઓનાં સો વર્ષો સુધી સર્વ આહારનો ત્યાગ કરીને, મૌનવ્રત ધારણ કરીને તથા કેવળ વાયુનુંજ ભક્ષણ કરીને એક આસને ધ્યાન કરવા માંડ્યું.[૭] ત્યારે આકાશમાંથી વેદમય દિવ્યવાણી તેઓના સાંભળવામાં આવી કે,[૮] "પૂર્વે આ અનંત આકાશ કેવળ સ્તબ્ધના જેવુંજ ઉત્પન્ન થયું હતું. તેમાં ચંદ્ર, સૂર્ય કે પવન ન હતા અને તેનો દેખાવ પણ સૂઇ રહેલાંના જેવોજ (શાંત) હતો.[૮,૯] પછી

એક અંધકારમાં બીજો અંધકાર જેમ ઉત્પન્ન થાય, તેમ તે આકાશમાં જળ ઉત્પન્ન થયું અને તે પાણીના પૂરમાંથી (દબાણને લીધે) વાયુ ઉત્પન્ન થયો.૧૦ જેમ કોઈ એક છિદ્રવિનાનું પાત્ર પ્રથમ શબ્દરહિતજ હોય છે, પણ જ્યારે તેને પાણીથી પૂરવામાં આવે છે-તેમાં પાણી ભરવામાં આવે છે, ત્યારે વાયુ તે પાત્રમાં શબ્દ ઉત્પન્ન કરે છે; ૧૪ તેમજ આકાશનો અંત (છેડો) જ્યારે પાણીના પૂરથી અંતરવિનાનો થઇ ગયો, ત્યારે તે જલસમુદાયના તળીઆને એકદમ ભેદીને સુસવાટા કરતો વાયુ ઉત્પન્ન થયો. ૧૨ તેજ આ વાયુ જળસમુદાયના દબાણને લીધે ઉત્પન્ન થઇને સર્વત્ર વાઇ રહ્યો છે અને આકાશના મધ્યભાગમાં તો લગારે શાંત થતો નથી.૧૩ પછી તે આકાશમાં એકત્ર થયેલા વાયુ અને જળના સંઘર્ષણને લીધે મહાબળવાન અને પ્રદીપ્ત તેજવાળો અગ્નિ, પોતાની ઉંચી શિખાઓદ્વારા આકાશને અંધકારરહિત કરીને પ્રકટ થયો. ૧૪ એ અગ્નિ, પવનની સાથે રહીને જળને છેક આકાશમાં ઉછાળવા લાગ્યો અને વાયુના સંયોગને લીધે ઘનીભૂત થયો. ૧૫ પછી તે અગ્નિનો જે કોઈ સ્નિગ્ધ ભાગ આકાશમાંથી પડયો, તે એકદમ ઘટ્ટ બની જઇને પૃથ્વીરૂપ થયો.૧૬ તેજ આ પૃથ્વી સર્વ પ્રકારના રસોનું, ગંધોનું, સ્નિગ્ધ પદાર્થોનું તથા પ્રાણીઓનું ઉત્પત્તિસ્થાન છે અને તેમાં સર્વ કંઈ ઉત્પન્ન થાય છે.”૧૭

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “ભૃગુ
અને ભરદ્વાજનો સંવાદ” એ વિષયનો
અધ્યાય ૧૮૩ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૪ મો

પ્રત્યેક શરીરો પંચમહાભૂતોથી બનેલાં છે.

॥ भरद्वाज उवाच ॥

त एते धातवः पंच ब्रह्मा यानसृजत् पुरा ॥
आवृता यैरिमे लोका महाभूताभिसंज्ञिताः ॥

ભરદ્વાજે પૂછયું:-“આ સર્વ જગતને ધારણ કરી રાખનારાં પંચમહાભૂતો કે જેઓને પૂર્વે બ્રહ્મદેવે ઉત્પન્ન કર્યાં છે અને જેઓનાથી આ સર્વ લોકો વ્યાપ્ત થઇ રહ્યા છે, તે પાંચનેજ મહાભૂત કેમ કહેવામાં આવે છે? કેમકે મહાબુદ્ધિમાન બ્રહ્મદેવે તો હજારો ભૂતોને ઉત્પન્ન કર્યાં છે?”૧,૨

ભૃગુએ કહ્યું:-“તેઓ પાંચેય અપરિમિત-અમાપ છે, માટે તેઓને ‘મહા’ એવો શબ્દ લાગુ થાય છે અને તેઓ સર્વે, ઉત્પન્ન થયેલાં છે માટે ‘ભૂત’ કહેવાય છે. એ પ્રમાણે તેઓને ‘મહાભૂત’ એવી સંજ્ઞા આપવામાં આવી છે.૩ સર્વ મનુષ્યોનું શરીર પંચમહાભૂતોથીજ બનેલું છે; કેમકે તેમાં જે ચેષ્ટા જોવામાં આવે છે તે વાયુનો અંશ છે, પોલાણ જોવામાં આવે છે તે આકાશનો અંશ છે, ગરમી જોવામાં આવે છે તે અગ્નિનો અંશ છે, પ્રવાહી ભાગ જોવામાં આવે છે તે જળનો અંશ છે અને હાડકાં વગેરે જે કંઈ કઠિન ભાગ જોવામાં આવે છે, તે પૃથ્વીનો અંશ છે.૪ આ જગતમાં જે જે સ્થાવરજંગમ શરીરો જોવામાં આવે છે, તે બધાં પંચમહાભૂતોથી બનેલાં છે; એટલુંજ નહિ પણ શ્રોત્ર, ઘ્રાણ, રસના, સ્પર્શ અને ચક્ષુ-એ પાંચે ઇંદ્રિયો પણ પંચમહાભૂતોથી બનેલી છે-અર્થાત શ્રોત્રેન્દ્રિય આકાશથી ઉત્પન્ન થઇ છે, ઘ્રાણેન્દ્રિય પૃથ્વીથી ઉત્પન્ન થઈ છે, રસનેન્દ્રિય જળથી ઉત્પન્ન થઇ છે, સ્પર્શેન્દ્રિય (ત્વચા) વાયુથી ઉત્પન્ન થઇ છે અને ચક્ષુષ્ ઇન્દ્રિય તેજથી ઉત્પન્ન થઇ છે.”૫

ભરદ્વાજે પૂછયું:-“તમે કહો છો કે, સ્થાવરજંગમ સર્વ શરીરો પંચમહાભૂતોથી ઉત્પન્ન થયાં છે; પરંતુ સ્થાવરોના શરીરમાં પંચમહાભૂતો જોવામાં આવતાં નથી.૬ જેમકે વૃક્ષોનાં શરીર ગરમીવિનાનાં, ચેષ્ટારહિત અને ઘનીભૂત હોય છે, માટેજ તેઓમાં પંચમહાભૂતો નહિ હોય એમ જણાય છે.૭ વૃક્ષો સાંભળી શકતાં નથી, જોઇ શકતાં નથી, ગંધ અને રસનો અનુભવ લઇ શકતાં નથી તેમજ સ્પર્શને પણ જાણી શકતાં નથી, તો પછી તેઓને પંચમહાભૂતોમાં-

થી બનેલાં કેમ કહેવાય?[૮] વૃક્ષોમાં પ્રવાહી ભાગ જોવામાં આવતો નથી, ઉષ્ણતા પણ જણાતી નથી, પૃથ્વીનો ભાગ દેખાતો નથી, વાયુનો અંશ પણ નથી અને આકાશનું નામનિશાન પણ નથી. તે ઉપરથી સિદ્ધ થાય છે કે, વૃક્ષો પંચમહાભૂતોમાંથી બનેલાં નથી."[૯]

ભૃગુએ કહ્યું:–"વૃક્ષો, અત્યંત ઘનીભૂત છે તોપણ તેઓમાં આકાશ છે એ વાત નિઃસંશય છે; કેમકે તેઓમાં નિત્ય પુષ્પ અને ફળ આવ્યા કરે છે–અર્થાત વૃક્ષોમાં જો આકાશ ન હોય તો પુષ્પ અને ફળ, કયાંથી પ્રકટ થાય ?[૧૦] તેમજ વૃક્ષોનાં ફળ, ફૂલ અને છાલ શુષ્ક થઇ જાય છે, તેથી જણાય છે કે, વૃક્ષોની અંદર ઉષ્ણતા અથવા અગ્નિ છે. વળી કેટલાંએક વૃક્ષોને સ્પર્શ કરવાથી તેઓનાં ફળફૂલ કરમાઇ જાય છે અથવા ખરી પડે છે, તે ઉપરથી જણાય છે કે, તેઓનામાં સ્પર્શેન્દ્રિય છે.[૧૧] વૃક્ષો શ્રોત્રેન્દ્રિયથી શબ્દને ગ્રહણ કરે છે-અને તેથી તેઓ સાંભળે છે; કેમકે વાયુ, અગ્નિ કે મેઘના કડાકાથી તેઓનાં ફળફૂલ ખરી પડે છે.[૧૨] વૃક્ષો ચક્ષુષ્ ઇંદ્રિયથી જોઇ પણ શકે છે; કારણ કે લતા (વેલ), ચોતરફથી વૃક્ષને વીંટાઇ વળે છે અને ચોબાજુ વૃક્ષ ઉપર ચઢી જાય છે. જો તેને દૃષ્ટિ ન હોય તો માર્ગ કેમ મળે?[૧૩] વૃક્ષો પવિત્ર–અપવિત્ર ગંધવડે તથા વિવિધ પ્રકારના ધૂપોવડે રોગરહિત અને પુષ્પોવાળાં બને છે, તે ઉપરથી જણાય છે કે, તેઓ ઘ્રાણેન્દ્રિયને લીધે સુંઘી શકે છે.[૧૪] વૃક્ષો જળનું પાન કરે છે અને તેઓને જ્યારે રોગ થાય છે, ત્યારે તેઓના મૂળમાં ઔષધ વગેરેનું સિંચન કરીને રોગનો ઉપાય કરવામાં આવે છે; તેથી જણાય છે કે, તેઓનામાં રસનેન્દ્રિય પણ છે. [૧૫] જેમ કમળના દાંડલાથી જળને મુખમાં ખેંચી શકાય છે, તેમ વૃક્ષ પણ પવનની સહાય લઇને પોતાનાં મૂળોદ્વારા જળપાન કરી શકે છે. [૧૬] વળી વૃક્ષો, સુખદુઃખને અનુભવી શકે છે અને એક વખત કાપી નાખેલું વૃક્ષ ફરીથી ઉગી નીકળે છે; તેથી મને દેખાય છે કે, વૃક્ષોમાં જીવ છે પણ તેઓ નિર્જીવ અથવા જડ નથી.[૧૭] વૃક્ષોએ જે જળ પીધું હોય છે, તેને તેઓના શરીરમાં રહેલા અગ્નિ અને વાયુ પચાવે છે, જેથી પાચન થયેલા આહારને પરિણામે તેઓની વૃદ્ધિ થાય છે અને તેઓની અંદર ચીકાશનો ભાગ ઉત્પન્ન થાય છે.[૧૮] સર્વ જંગમ પ્રાણીઓના શરીરમાં પણ પાંચ ધાતુઓ (પંચમહાભૂતો) રહેલી છે; પરંતુ તેઓ જૂદા જૂદા પ્રકારે રહેલી છે તેથી તેઓનું શરીર હાલી ચાલી શકે છે.[૧૯] પ્રત્યેક મનુષ્યના શરીરની અંદર ચામડી, માંસ, હાડકાં, ચરબી અને સ્નાયુ–આ પાંચે પદાર્થો પૃથ્વીમય છે.[૨૦] તેજ, ક્રોધ, ચક્ષુ, ઉષ્ણતા અને જઠરાગ્નિ–આ પાંચ પદાર્થો અગ્નિમય છે.[૨૧] શ્રોત્ર (કાન,) ઘ્રાણ (નાક), મુખ, હૃદય અને કોઠો–આ પાંચ પદાર્થો આકાશમય છે.[૨૨] કફ, પિત્ત, પરસેવો, ચરબી અને લોહી આ પાંચ ધાતુઓ જળમય છે;[૨૩] અને પ્રાણવાયુને લીધે પ્રાણી, ગમન–આગમન કરી શકે છે, વ્યાનવાયુને લીધે બળસાધ્ય ઉદ્યમ કરી શકે છે, ઉદાનવાયુ શરીરના નીચેના ભાગમાંથી ગતિ કરે છે, સમાનવાયુ હૃદયમાં સ્થિતિ કરે છે અને ઉદાનવાયુથી પ્રાણી શ્વાસોચ્છ્વાસ લઈ શકે છે તથા કંઠ આદિ પ્રત્યેક સ્થાનના ભેદથી બોલી શકે છે. આ રીતે પાંચ વાયુઓ, સર્વ પ્રાણીઓને ચેષ્ટા કરાવી રહ્યા છે.[૨૪,૨૫] વળી શરીરને ધારણ કરનારૂ પ્રાણી પોતાનામાં રહેલી પૃથ્વીને લીધે ગંધના ગુણને ગ્રહણ કરે છે, પોતાનામાં રહેલા જળને લીધે રસના ગુણને જાણી શકે છે, પોતાનામાં રહેલા તેજને લીધે રૂપના ગુણને જોઇ શકે છે, પોતાનામાં રહેલા વાયુને લીધે સ્પર્શના ગુણને અનુભવી શકે છે અને પોતાનામાં રહેલા આકાશને લીધે શબ્દના ગુણને સાંભળી શકે છે.[૨૬] શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ–આ પાંચે મહાભૂતોના ગુણો, પૃથ્વીમાં રહેલા છે. તેમાંથી મુખ્ય ગણાતા ગંધના ગુણો, વિસ્તારપૂર્વક હું તમને કહું છું.[૨૭] પૃથ્વીનો ગંધગુણ, નવ પ્રકારે વિસ્તારને પામેલો છે. જેમકે, એક તો ઈષ્ટ ગંધ (કસ્તુરી વગેરેનો), બીજો અનિષ્ટ ગંધ (મુડદાં

વગેરેનો), ત્રીજો મધુર ગંધ (મધ પુષ્પ વગેરેનો), ચોથો કટુ ગંધ (મરચાં વગેરેનો), પાંચમો નિર્હારી ગંધ (હિંગ વગેરેનો), છઠ્ઠો સંહત ગંધ (અનેક પદાર્થોને એકત્ર ખાંડવાથી નીકળેલો ગંધ), સાતમો સ્નિગ્ધ ગંધ (તાજા તાવેલા ઘી વગેરેનો), આઠમો રૂક્ષ ગંધ (સરસવના તેલ વગેરેનો) અને નવમો વિશદ ગંધ (ડાંગેરના ભાત વગેરેનો), આ નવ પ્રકારના પૃથ્વીના ગંધગુણનું શાસ્ત્રોમાં વર્ણન છે. પૃથ્વી આદિમાં જે રૂપ રહેલું છે, તેને મનુષ્ય, ચક્ષુષ્ ઇન્દ્રિયથી જોઇ શકે છે અને પૃથ્વી આદિના સ્પર્શને ત્વચા ઇન્દ્રિયથી જાણી શકે છે.[૨૮,૨૯] શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ–આ ચાર ગુણો જળમાં રહેલા છે. તેમાંથી મુખ્ય ગણાતા રસગુણનું જ્ઞાન કેવી રીતે થઈ શકે છે, તે વિષે હું તમને કહું છું, સાંભળો.[૩૦] વિશાળ વિચારશક્તિવાળા ઋષિઓએ રસના અનેક ભેદો કહેલા છે, તોપણ રસગુણના મધુર, લવણ, તિક્ત (કડવો) કષાય (તુરો), અમ્લ (ખાટો) અને કટુ (તીખો) આવા છ પ્રકાર મુખ્ય ગણાય છે અને તે છયે પ્રકારો કેવળ જળમય છે. હવે, તેજની અંદર શબ્દ, સ્પર્શ અને રૂપ–એ ત્રણ ગુણો રહેલા છે. તેમાંથી રૂપગુણ મુખ્ય ગણાય છે; કેમકે તેજને લીધે રૂપગુણને જોઇ શકાય છે અને તે રૂપગુણ અનેક પ્રકારનો છે, તોપણ નાનું, મોટું, જાડું, ચોખંડુ, ગોળ, ધોળું, કાળું, લાલ, પીળું, લીલું, કઠિન, ચીકણું, સુંવાળું, લીસું, કોમળ અને દારુણ–આ પ્રમાણે રૂપના સોળ ભેદો જગતમાં પ્રસિદ્ધ છે. વાયુમાં શબ્દ અને સ્પર્શ એવા બે ગુણ રહેલા છે. તેમાંથી સ્પર્શગુણ મુખ્ય ગણાય છે અને તે અનેક પ્રકારનો છે; તોપણ ઉષ્ણ, શીત, સુખકારક, દુઃખકારક, સ્નિગ્ધ, વિશદ, કઠોર, કોમળ, રૂક્ષ, લઘુ (હલકો), ગુરુ અને અતિશય ગુરુ (ભારે) આ પ્રકારે સ્પર્શના બાર ભેદો ગણાય છે.[૩૧–૩૭] હવે, આકાશની અંદર કેવળ એક શબ્દગુણજ રહેલો છે, તેનો પણ વિવિધ પ્રકારે ઘણો વિસ્તાર છે તે હું તમને કહું છું.[૩૮] ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, ધૈવત, પંચમ અને નિષાદ–આ પ્રમાણે સાત પ્રકારનો શબ્દ ગુણ છે. વળી તે, સર્વત્ર વ્યાપ્ત થઇને રહેલો છે, તોપણ ઢોલ–નગારાં વગેરેમાં મુખ્યત્વે કરીને જણાય છે.[૩૯,૪૦] મૃદંગનો, ભેરીનો, શંખનો, મેઘગર્જનાનો, રથનો, પ્રાણીનો કે અપ્રાણીનો જે કંઇ શબ્દ સંભળાય છે, તે સર્વનો પૂર્વોક્ત સાત ભેદોમાંજ સમાવેશ થઈ જાય છે.[૪૧] આ રીતે આકાશમાંથી ઉત્પન્ન થનારા શબ્દગુણના અનેક પ્રકારો છે, એમ વિદ્વાનો કહે છે અને તેઓ સર્વે વાયુના ગુણની સાથે મળી જઇને કોઈપણ પદાર્થ સાથે અથડાયાવિના સીધેસીધા જો આવે છે તો સ્પષ્ટ સંભળાય છે અને કોઇની સાથે અથડાઇને આવે છે તો સ્પષ્ટરીતે સંભળાતા નથી. પ્રાણીઓના શરીરમાં, શબ્દાદિ ગુણોને ઉત્પન્ન કરનારી જે જે ધાતુઓ રહેલી છે, તેઓ અન્યોન્યને એકબીજાના ગુણો અર્પણ કરીને નિત્ય પોષી રહી છે.[૪૨,૪૩] જળ, અગ્નિ અને વાયુ–એ ત્રણે પદાર્થો પ્રાણીઓના શરીરમાં સદાકાળ જાગ્રત રહ્યા કરે છે, તેઓ પ્રત્યેક શરીરનું મૂળ છે અને પ્રાણોમાં વ્યાપ્ત થઇને રહેલા છે.[૪૪]

ઇતિ શ્રીમહા૦શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ભૃગુ
અને ભરદ્વાજનો સંવાદ" એ વિષયનો
અધ્યાય ૧૮૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૫ મો

પ્રાણવાયુ અને જઠરાગ્નિની ક્રિયા

॥ भरद्वाज उवाच ॥

पार्थिवं धातुमासाद्य शारीरोऽग्निः कथं प्रभो॥
अवकाशविशेषेण कथं वर्तयतेऽनिलः ॥१॥

ભરદ્વાજે પૂછ્યું:–" હે પ્રભુ ! પૃથ્વી આદિ પંચમહાભૂતોથી બનેલા શરીરમાં દાખલ થઇને શરીરાભિમાની અગ્નિ કેવી રીતે રહે છે ? અને વાયુ, જૂદા જૂદા અવકાશોમાં રહીને કેવી રીતે શરીર પાસે ચેષ્ટાઓ કરાવે છે ?"[૧]

ભૃગુએ કહ્યું:–"હે નિર્દોષ બ્રાહ્મણ ! બળવાન વાયુ, પ્રાણીઓનાં શરીર પાસે કેવી રીતે ચેષ્ટાઓ કરાવે છે અને શરીરમાં કયે કયે સ્થળે સં-

ચાર કરે છે, તે વિષે હું તમને કહું છું.[૨] અગ્નિ પ્રાણીઓના મસ્તકનો આશ્રય કરીને શરીરનું રક્ષણ:કરે છે અને પ્રાણવાયુ પણ અગ્નિની સાથેજ મસ્તકમાં રહીને શરીરને ચેષ્ટાવાળું કરે છે.[૩] આ પ્રાણવાયુ અને અગ્નિ વગેરેનો જે સમુદાય તેજ જીવસ્વરૂપ છે, સર્વ પ્રાણીઓનો આત્મા છે અને સનાતન પુરુષ છે, પરંતુ ઉપાધિના યોગને લીધેજ મન, બુદ્ધિ, અહંકાર, પ્રાણી અને વિષયસ્વરૂપ બને છે;[૪] અને તેને લીધેજ આ સર્વ જગતમાં અંદરના ભાગમાં તથા બહારના ભાગમાં જે કંઈ વિજ્ઞાન, દેહ અને ઇંદ્રિયો વગેરે રહેલાં છે, તે બધાં ગતિમાન થઈ રહ્યાં છે. આ પ્રમાણે જીવદશાને પ્રાપ્ત થયા પછી પ્રાણવાયુ સમાનવાયુનું સ્વરૂપ ધારણ કરે છે અને તેનો તેજ પાછો મૂત્રાશય,મલાશય અને જઠરાગ્નિનો જ્યારે આશ્રય કરે છે, ત્યારે મળમૂત્રને બહાર કાઢનારો અપાનવાયુ કહેવાય છે.[૫,૬] વળી જ્યારે એકનો એક પ્રાણવાયુ ગમનાદિ કર્મને,તેને અનુકૂલ ચેષ્ટાઓને તથા ભારવહનના સામર્થ્યને પ્રકટ કરે છે, ત્યારે તેનું નામ "ઉદાન" કહેવાય છે, એમ અધ્યાત્મશાસ્ત્રવેત્તાઓ કહે છે;[૭] પરંતુ એ વાયુ, મનુષ્યોના શરીરના પ્રત્યેક સાંધાઓમાં જ્યારે સંચાર કરે છે,ત્યારે તેને 'વ્યાન' કહેવામાં આવે છે.[૮] મનુષ્યોના શરીરમાં રહેલો જઠરાગ્નિ, સમાન વાયુથી પ્રદીપ્ત રહીને ત્વચા વગેરે સર્વ ધાતુઓમાં વ્યાપ્ત થઈ જાય છે અને અન્નાદિ રસોનું, ત્વચા વગેરે ધાતુઓનું તથા કફ વગેરે દોષોનું પરિણામ (ભિન્ન ભિન્ન અવસ્થાઓ) કર્યા કરે છે.[૯] અપાનવાયુ નાભિના નીચેના ભાગમાં રહે છે અને પ્રાણવાયુ નાભિના ઉપરના ભાગમાં રહે છે. તેમજ જઠરાગ્નિ, એ બન્ને વાયુના મધ્યભાગમાં રહે છે. આ જઠરાગ્નિ તે બન્ને વાયુથી પ્રદીપ્ત થઇને તથા તેઓની સાથે રહીને અન્નનું બરાબર રીતે પાચન કરે છે.[૧૦] સર્વ પ્રાણીઓના શરીરમાં મુખથી આરંભીને છેક ગુદાદ્વારપર્યંત એક મોટું 'સ્રોતસ્' (નળી) હોય છે, કે જેમાંથી (પ્રાણવાયુ સર્વત્ર સંચાર કરે છે અને) બીજાં અનેક સ્રોતસ્ (નાડીઓ) નીકળીને શરીરમાં વ્યાપ્ત થાય છે.[૧૧] આ નાડીઓદ્વારા પ્રાણ, આખા શરીરમાં ફર્યા કરે છે, જેથી જઠરાગ્નિની સાથે પણ તેનો સમાગમ થાય છે. આપણા શરીરની અંદર જે ઉષ્ણતા જોવામાં આવે છે, તેનેજ જઠરાગ્નિ સમજવો અને તે જઠરાગ્નિજ પ્રાણીઓના અન્નને પચાવે છે.[૧૨] પ્રાણવાયુ જઠરાગ્નિના વેગથી ગતિમાન થઈને ગુદાના દ્વારસુધી પહોંચી વળે છે અને ત્યાં અથડાઇને પાછો ઊર્ધ્વભાગમાં આવીને જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે.[૧૩] નાભિના નીચેના ભાગમાં પક્વાશય છે અને ઉપરના ભાગમાં આમાશય છે. તેમજ નાભિના મધ્યભાગમાં શરીરના સર્વ પ્રાણો સ્થિતિ કરી રહ્યા છે.[૧૪] અન્નાદિક સર્વ રસો, (પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય આ) દશ વાયુની પ્રેરણાથી હૃદયમાં થઇને સર્વ નાડીઓમાં વહે છે અને આડાઅવળા, ઉંચેનીચે સર્વ પ્રદેશમાં પહોંચી વળે છે.[૧૫] જે યોગી પુરુષો શ્રમને જીતનારા છે, સર્વત્ર સમાન દૃષ્ટિ રાખનારા છે અને ધૈર્યસંપન્ન છે, તેઓનોજ આ યોગમાર્ગ છે, કે જે દ્વારા તેઓ મસ્તકમાં રહેલા સહસ્રદલ ચક્ર સુધી જીવાત્માને આકર્ષી લઈને ત્યાં સ્થાપિત કરે છે અને પરમપદને પ્રાપ્ત થાય છે.[૧૬] એ પ્રમાણે પ્રાણીઓની સર્વ ચેષ્ટાઓ પ્રાણ–અપાનને લીધેજ થયા કરે છે, જેથી પ્રાણનોજ નિરોધ કરવાનું યોગશાસ્ત્રમાં કહેલું છે અને જ્યારે પ્રાણનો નિરોધ કરવામાં આવે છે, ત્યારે થાળીમાં મૂકેલો અગ્નિ જેમ સ્પષ્ટ રીતે પ્રકાશે છે, તેમ સત્સ્વરૂપ બ્રહ્મતત્ત્વ, સ્પષ્ટ રીતે પ્રકાશે છે–અર્થાત પ્રાણનો નિરોધ કરી યોગાનુષ્ઠાન કરનારા પુરુષને પરબ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે."[૧૭]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ભૃગુ અને ભરદ્વાજનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૧૮૫ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૬ મો

જીવતત્વ હશે કે નહિ?

॥ भरद्वाज उवाच ॥

यदि प्राणयते वायुर्वायुरेव विचेष्टते ॥
श्वसित्याभाषते चैव तस्माज्जीवो निरर्थकः॥

ભરદ્વાજે કહ્યું:-“જો વાયુજ સર્વને જીવાડી રહ્યો છે, જો વાયુજ સર્વને ચેષ્ટાવાળાં કરી રહ્યો છે, જો વાયુજ સર્વને શ્વાસોચ્છ્વાસવાળાં કરી રહ્યો છે અને વાયુજ સર્વને વાચા આપી રહ્યો છે, તોપછી જીવતત્ત્વનો શો ઉપયોગ? તે નિરર્થકજ છે, એમ મનાશે![૧] તમે કહો છો કે, આપણા શરીરમાં જે ઉષ્ણતા જણાય છે, તે જઠરાગ્નિ છે અને જઠરાગ્નિજ અન્નને પચાવે છે; તો પછી જીવ તો નિરર્થકજ થયો! (મને લાગે છે કે, જીવતત્ત્વ હશેજ નહિ.)[૨] પ્રાણી જ્યારે મરણ પામે છે ત્યારે પ્રાણવાયુ અને ઉષ્ણતા તેનો ત્યાગ કરે છે અને તેથીજ આપણે કહીએ છીએ કે, અમુક પ્રાણીમાં હવે જીવ નથી.[૩] જીવ, જો વાયુમય હોય અને વાયુની સાથેજ સંબંધ રાખનારો હોય તો (મરણસમયે) વાયુમંડળની પેઠે તે દેખાવો જોઈએ અને પવનના સમુદાયની સાથેજ જતો રહેવો જોઈએ.[૪] જો આપણે એમ માનીએ કે, વાયુની સાથે જીવનો સંબંધ જોડાયલો છે-અર્થાત વાયુરૂપી ઉપાધિથી તે વીંટાયો છે, તોપછી એમ થવું જોઇએ કે, પથ્થરની સાથે બંધાયલું એક તુંબડીનું જળપાત્ર, પથ્થરરૂપ ઉપાધિના યોગે મહાસમુદ્રમાં ડૂબી જાય છે; પરંતુ તે ઉપાધિથી જ્યારે મુક્ત થાય છે ત્યારે એકદમ જળ ઉપર તરી આવે છે, તેમજ જીવ પણ વાયુરૂપ ઉપાધિનો નાશ થતાં એકદમ ભિન્ન સ્વરૂપે દેખાવો જોઇએ.[૫] તમે કહેશો કે, જીવ એ બ્રહ્મનો અંશ છે; તો તે પણ ઘટી શકતું નથી, કેમકે અગ્નિમાં મૂકેલો દીવો જેમ તદાકાર બની જાય છે અને કૂવામાં નાખેલું જળ જેમ તદ્રૂપ બની જાય છે, તેમ જીવ પણ પ્રાણવાયુનો નાશ થતાંજ બ્રહ્મસ્વરૂપમાં પ્રવેશ કરીને સત્વર બ્રહ્મભાવનેજ પામી જવો જોઇએ.[૬] આ શરીરને પાંચ મહાભૂતોજ ધારણ કરી રહ્યાં છે તોપછી એમાં જીવતત્ત્વ શામાટે માનવું જોઇએ? વળી શરીરમાંનાં પાંચ ભૂતોમાંનું એક પણ જો નાશ પામે છે તો બીજાં ચારે ટકી શકતાં નથી. (અર્થાત્ તે ઉપરથી સિદ્ધ થાય છે કે, જીવ એ કોઇ સ્વતંત્ર તત્ત્વ નથી પણ પાંચ મહાભૂતોના સમુદાયનેજ જીવ કહેવામાં આવે છે.)[૭] મનુષ્ય, જો જળમય પદાર્થનો આહાર કરતો નથી તો તેના શરીરમાંથી જળતત્ત્વનો નાશ થાય છે, શ્વાસોચ્છ્વાસ લેતો નથી તો વાયુતત્ત્વનો નાશ થાય છે. કોઠાની અંદરનો પોલાણનો ભાગ વાયુ વગેરેથી જો ભરાઈ જાય છે તો આકાશતત્ત્વનો નાશ થાય છે, અન્નાદિનું ભોજન કરે નહિ તો અગ્નિતત્ત્વનો નાશ થાય છે અને વ્યાધિ, સોજા વગેરે દુઃખો થવાથી શરીરના પૃથ્વીતત્ત્વનો નાશ થઇ જાય છે. તાત્પર્ય કે, શરીરમાંનાં પાંચે તત્ત્વોમાંથી જો એકનોજ નાશ થાય છે તો બાકી રહેલાં સર્વ તત્ત્વો વિનાશ પામે છે;[૮,૯] અને જ્યારે એ સર્વ તત્ત્વો વિનાશ પામે છે, ત્યારે જીવ શું દોડી શકે છે? શું કંઈ જાણી શકે છે? શું કંઇ સાંભળી શકે છે? અથવા શું કંઇ બોલી શકે છે? અર્થાત કંઇપણ કરી શકતો નથી. (તે ઉપરથી સિદ્ધ થાય છે કે, જીવ એ સ્વતંત્ર પદાર્થ નથી, પણ પાંચ મહાભૂતોનો સમુદાય તેજ જીવ છે!)[૧૦] મનુષ્ય માને છે કે, “આ ગાયનું હું દાન કરૂં છું, તેથી પરલોકમાં તે મને તારશે” પરંતુ હું કહું છું કે, ગાયનું દાન કરીને તે મનુષ્ય જો મરી જાય છે તો પછી આ લોકમાં રહેલી ગાય કોને તારવા જશે?[૧૧] અને ધારો કે કદાચ એવું બને કે, ગાય, ગાયનું દાન લેનાર અને ગાયનું દાન આપનાર – એ ત્રણેનું એકીસાથેજ જો મૃત્યુ થાય તો પછી તેઓનો સમાગમ ક્યાં થવાનો?[૧૨] જે કોઈ એક મનુષ્યને પક્ષીઓ ખાઈ ગયાં છે અથવા પર્વતના શિખર ઉપરથી તે ગબડી પડયો છે અથવા અગ્નિમાં બાળી મૂકવામાં આવ્યો છે, તે ફરીથી જીવતો ક્યાંથીજ થાય?[૧૩] (કદાચ તમે કહેશો કે, એ રીતે નાશ

પામેલો મનુષ્ય પણ કાપી નાખેલા વૃક્ષની પેઠે કર્મરૂપી બીજમાંથી પુનઃ ઉત્પન્ન થશે. તો એમ કહેવું તે પણ યોગ્ય નથી. કેમકે,) કાપી નાખેલા વૃક્ષનું મૂળ ફરીથી ઉગતું નથી, પણ તેનાં બીજો ફરીથી ઉગી નીકળે છે. એ પ્રમાણે મરણ પામેલો મનુષ્ય પુનઃ કેવી રીતે ઉત્પન્ન થઇ શકશે ? કારણકે તેનાં કર્મરૂપી બીજ કંઇ પ્રત્યક્ષ જોવામાં આવતાં નથી.[૧૪] આ સંસારમાં જે કંઈ પરિવર્તન પામ્યા કરે છે, તેમાં પૂર્વે ઉત્પન્ન કરેલું એક બીજજ કારણભૂત છે અને તે બીજમાંથીજ એકમાંથી બીજું, બીજામાંથી ત્રીજું, એમ અનેક બીજો ઉત્પન્ન થયા કરે છે પણ જેઓનો નાશ થયો છે તેઓ તો નાશજ પામ્યા છે. તેઓ ફરીથી જીવતા થવાના નથી."[૧૫]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦પર્વમાં "જીવના
સ્વરૂપ ઉપર આક્ષેપ "એ વિષયનો
અ૦ ૧૮૬ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૭ મો

જીવના સ્વરૂપનું નિરૂપણ

॥ भृगुरुवाच ॥

न प्रणाशोऽस्ति जीवस्य दत्तस्य च कृतस्य च॥
याति देहांतरं प्राणी शरीरं तु विशीर्यते॥१॥

ભૃગુએ કહ્યું:-"જીવનો કદી નાશજ થતો નથી અને જીવે આપેલા દાનનો તથા કરેલાં કર્મનો પણ કદી નાશ થતો નથી. મરણસમયે જીવ બીજા શરીરમાં ચાલ્યો જાય છે,ત્યારે તેનું શરીરજ નાશ પામે છે.[૧] જો કે જીવ શરીરનો આશ્રય કરે છે, તોપણ તેનો નાશ થતાં જીવનો નાશ થતો નથી. એક સ્થળે બળી રહેલાં લાકડાંઓ જો કે શાંત પડે છે-બળીને હોલવાઈ જાય છે તોપણ અગ્નિ તો બીજે સ્થળે દેખાયજ છે."[૨]

ભરદ્વાજે પૂછ્યું:-"તમે કહો છો કે, અગ્નિનો જેમ નાશ થતો નથી, તેમ જીવનો પણ નાશ થતો નથી; પરંતુ તેમ કહેવું તે યોગ્ય નથી. આપણે જોઇએજ છીએ કે, બળી રહેલાં લાકડાંઓ જ્યારે હોલવાઇ જાય છે, ત્યારે અગ્નિ જોવામાં આવતો નથી.[૩] એ ઉપરથી હું તો એમજ માનું છું કે, લાકડાંના અભાવને લીધે શાંત થયેલો અગ્નિ જેમ નાશ પામે છે, તેમ શરીરના નાશને લીધે જીવનો પણ નાશ થાય છે; કેમકે શરીરનો નાશ થઈ ગયા પછી જીવની ગતિ, પ્રમાણ કે સ્થિતિ જાણવામાં આવતી નથી."[૪]

ભૃગુએ કહ્યું:-" લાકડાં બળી ગયા પછી અગ્નિ જોવામાં આવતો નથી તેનું કારણ એ છે કે,લાકડાંના અભાવને લીધે નિરાશ્રિત થઇ પડેલો અગ્નિ આકાશમાં લીન થઇ જાય છે અને તેથીજ દુર્ગ્રાહ્ય થઇ પડે છે, પણ તેનો નાશ તો થતોજ નથી.[૫] જેમ અરણિમાં રહેલો અગ્નિ સૂક્ષ્મ હોવાને લીધે જોવામાં આવતો નથી, તેમ જીવ પણ આકાશની પેઠે સર્વવ્યાપક હોવાથી અને સૂક્ષ્મ હોવાથી શરીરના નાશ પછી જોવામાં આવતો નથી-જણાતો નથી, એમાં સંશય નથી.[૬] જે જઠરાગ્નિ, પ્રાણોને ધારણ કરી રાખે છે, વાયુને લીધે સ્થિતિ કરી રહે છે અને વાયુના રોકવાથી નાશ પામે છે,તે વિજ્ઞાનમય જઠરાગ્નિજ જીવ છે, એમ તમારે જાણવું;[૭] કેમકે શરીરમાં રહેલો તે અગ્નિ જ્યારે નાશ પામે છે, ત્યારે શરીર ચેતનાવિનાનું થઇને પૃથ્વીપર ઢળી પડે છે અને પૃથ્વીમાંજ લય પામે છે.[૮] સર્વ સ્થાવરજંગમ પ્રાણીઓના શરીરમાં રહેલો વાયુ તેઓના મરણસમયે આકાશમાં ચાલ્યો જાય છે અને તેની પાછળ અગ્નિ પણ ચાલ્યો જાય છે. આ રીતે આકાશ, વાયુ અને અગ્નિ-એ ત્રણે પદાર્થો એકસ્વરૂપ બની જાય છે અને બાકી રહેલા બે (જળ અને ભૂમિ) પદાર્થો, પૃથ્વીરૂપ બની જાય છે.[૯] જ્યાં આકાશ હોય છે, ત્યાં વાયુ હોય છે અને જ્યાં વાયુ હોય છે, ત્યાં અગ્નિ હોય છે; પણ વાસ્તવિક રીતે આ ત્રણે પદાર્થો મૂર્તિમાન નથી છતાં પ્રાણીઓના સંબંધમાં મૂર્તિમાન જણાય છે."[૧૦]

ભરદ્વાજે પૂછ્યું:-"હે નિર્દોષ મહર્ષિ ભૃગુ! પ્રાણીઓના શરીરમાં અગ્નિ, વાયુ, પૃથ્વી, આકાશ અને જળ-એ પાંચ મહાભૂતોજ સ્થિતિ કરી રહ્યાં છે, તો પછી જીવ એ કોણ છે ? અને તેનું લક્ષણ શું છે? તે મને કહો.[૧૧] સર્વ પ્રાણી-

ઓનું શરીર પંચમહાભૂતોથીજ બનેલું છે, પાંચ વિષયો ઉપરજ આસક્ત રહેનારૂં છે, પાંચ જ્ઞાનેન્દ્રિયથી યુક્ત છે અને તે ઇન્દ્રિયોદ્વારા થતા જ્ઞાનને ગ્રહણ કરનારૂં છે; તો એમાં જીવ નામનું તત્ત્વ કયું છે ? એ જાણવાની મને ઇચ્છા છે.૧૨ માંસ અને રુધિરના સમુદાયરૂપ અને સ્નાયુ (આંતરડાં) તથા હાડકાંના ઢગસમાન આ શરીર જ્યારે નાશ પામે છે,ત્યારે તેમાં જીવ જોવામાં આવતો નથી.૧૩ પંચમહાભૂતોથી યુક્ત એવું પણ આ શરીર જો જીવવિનાનું હોય તો શારીરિક અને માનસિક દુઃખ થતાં તેનો અનુભવ કરનાર કોણ છે?૧૪ હે મહર્ષિ! જે સમયે મન વ્યગ્ર હોય છે, તે વેળા કાન ખુલ્લા હોવા છતાં પણ મનુષ્ય બરાબર સાંભળી શકતો નથી, એટલુંજ નહિ પણ જે વેળા મન સાવધાન હોય છે ત્યારેજ મનુષ્ય, પોતાની ચક્ષુષ્ ઇન્દ્રિયથી પદાર્થોને જોઇ શકે છે, પરંતુ મન વ્યગ્ર હોય છે ત્યારે ચક્ષુષ્ ઇન્દ્રિયથી જોવા છતાં પણ મનુષ્ય બરાબર જોઈ શકતો નથી. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, જીવ નામનું તત્ત્વ નિરર્થકજ છે.(પરંતુ મન એજ જીવ છે.) ૧૫,૧૬ વળી જ્યારે મનુષ્ય નિદ્રાવશ હોય છે, ત્યારે કંઇ જોઇ શકતો નથી, કંઇ સુંઘી શકતો નથી, કંઈ સાંભળી શકતો નથી, કંઈ બોલી શકતો નથી અને કોઇ પદાર્થના સ્પર્શનો કે રસનો પણ અનુભવ લઇ શકતો નથી.૧૭ આ શરીરમાં હર્ષ કોણ પામે છે? ક્રોધાયમાન કોણ થાય છે ? શોક કોણ કરે છે ? ઉદ્વેગ કોણ પામે છે? ઇચ્છા કોણ કરે છે? ધ્યાન કોણ ધરે છે? દ્વેષ કોણ કરે છે અને વાણીનો ઉચ્ચાર કોણ કરે છે? ”૧૮

ભૃગુએ કહ્યું:–“ હે ભરદ્વાજ ! સર્વ ગુણોને ગ્રહણ કરાવનારૂં અને સર્વ ગુણોના આશ્રયભૂત એવું મન પણ પંચમહાભૂતોમાંથીજ બનેલું છે,જેથી મન નામનું કોઈ જૂદું તત્ત્વ નથી; પરંતુ તેનો સમાવેશ પંચમહાભૂતોમાંજ થઇ જાય છે અને તેથીજ શરીરને ચેષ્ટાવાળું કરવામાં મન કારણભૂત નથી;પણ એકલો અંતરાત્માજ(જીવજ) શરીરને ચેષ્ટાવાળું કરી રહ્યો છે. એટલુંજ નહિ પણ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ–એ પાંચ વિષયોનો તથા બીજા સર્વ ગુણોનો અંતરાત્માજ અનુભવ લઇ શકે છે.૧૯ વળી તે અંતરાત્મા પંચભૂતોથી બનેલા આ શરીરમાં પાંચ ગુણોવાળા મનનો પણ દ્રષ્ટા છે અને તે અંતરાત્માજ મનદ્વારા પ્રાણીઓના પ્રત્યેક ગાત્રોમાં વ્યાપી રહ્યો છે તથા સુખને અને દુઃખને પણ તે પોતેજ જાણી રહ્યો છે; પણ તેનો જો વિયોગ થાય છે તો આ દેહ, સુખદુઃખને જાણી શકતો નથી.૨૦ જીવાત્મા જ્યારે શરીરનો ત્યાગ કરે છે, ત્યારે શરીર નાશ પામે છે, તેમાંનો અગ્નિ શાંત પડી જાય છે, તેમાં ઉષ્ણતા રહેતી નથી અને સ્પર્શનો કે રૂપનો તેને અનુભવ થતો નથી.૨૧ આ સર્વ જગત કેવળ જળમય છે અને પ્રાણીઓનાં શરીરો પણ જળમય છે; (અર્થાત પ્રાણીઓનાં સર્વ લિંગશરીરો સૂક્ષ્મ ભૂતસમુદાયથીજ બનેલાં છે અને સૂત્રાત્માથી વ્યાપ્ત થયેલાં છે.) તેમજ જગતનાં સર્વ પ્રાણીઓમાં લોકસ્રષ્ટા બ્રહ્મદેવસ્વરૂપ માનસ આત્મા (જીવ) રહેલો છે.૨૨ આત્મા, જ્યારે પ્રકૃતિના ગુણોથી યુક્ત થાય છે, ત્યારે “ક્ષેત્રજ્ઞ” કહેવાય છે અને તે ગુણોથી જ્યારે મુક્ત થાય છે, ત્યારે “પરમાત્મા” કહેવાય છે.૨૩ તેનેજ તમારે સર્વ લોકનું હિત કરનારો આત્મા જાણવો, કે જે કમળપત્રની અંદર રહેલા જળબિંદુની પેઠે પ્રાણીઓના શરીરમાં રહેલો છે. (અર્થાત કમળના પાંદડાની ઉપર રહેલું જળનું બિંદુ તેનાથી જેમ ભિન્ન છે અને નિર્લેપ છે, તેમ દેહમાં રહેલો આત્મા પણ દેહથી ભિન્ન છે અને જરામરણ આદિ તેના ધર્મોથી નિર્લેપ છે.) ૨૪ ‘ક્ષેત્રજ્ઞ’ એવા નામવાળો તે આત્મા, સદાય અવિનાશી છે અને લોકના હિતરૂપ છે; એમ તમારે જાણવું તથા સત્ત્વ,રજસ્ અને તમસ્ એ ત્રણે જીવના ગુણો છે,એમ સમજવું.૨૫ આત્મવેત્તા વિદ્વાનો કહે છે કે, જીવના ગુણરૂપ ગણાતાં દેહ, ઈન્દ્રિયો અને મન, જ્યારે ચૈતન્યથી યુક્ત થાય છે, ત્યારેજ અનેક પ્રકારની ચેષ્ટાઓ કરે છે અને જીવથી પર રહેલા તથા સાત ભુવનના સ્રષ્ટા સર્વાત્મક બ્રહ્મજ તેઓને ચેષ્ટા-

વાળાં કરે છે; (અર્થાત્ નટ જેમ લાકડાંની પૂતળીને દોરી બાંધીને નચાવે છે, તેમ સર્વાત્મક પરમાત્મા, :દેહાદિ જડ પદાર્થોને ચૈતન્યયુક્ત અને ચેષ્ટાવાળાં કરે છે.)[૨૬] પરંતુ દેહનો નાશ થતાં જીવનો કદી નાશજ થતો નથી, તોપણ અજ્ઞાની લોકો કેવળ મિથ્યાજ કહે છે કે, જીવનો નાશ થયો! જીવ તો એક દેહમાંથી બીજા દેહમાંજ ચાલ્યો જાય છે અને પૂર્વના શરીરનો નાશ તેજ એનો નાશ ગણાય છે. [૨૭] આ રીતે દેહ, ઇંદ્રિય વગેરેમાં ગૂઢ રહેલો અને અજ્ઞાનથી ઢંકાયલો જીવાત્મા, સર્વ પ્રાણીઓની અંદર રહેલો છે અને તત્ત્વવેત્તા વિદ્વાનો, જ્ઞાનદૃષ્ટિથી તેને જોઇ શકે છે.[૨૮] જે વિદ્વાન પુરુષ અલ્પાહારી અને વિશુદ્ધાત્મા થઇને આગલી પાછલી રાત્રે યોગસાધના કરે છે, તે પોતાના અંતઃકરણવિષેજ આત્માનાં દર્શન કરે છે.[૨૯] ચિત્તની વૃત્તિને અંતર્મુખ કરીને તથા શુભ અશુભ કર્મનો ત્યાગ કરીને મનમાં પ્રસન્નતાને ધારણ કરનારો આત્મનિષ્ઠ પુરુષ, અનંત સુખને સંપાદન કરે છે.[૩૦] આત્મા, અગ્નિના જેવોજ પ્રકાશમાન છે, મનમાં પ્રકટ થનારો છે અને શરીરોની અંદર નિવાસ કરીને ‘જીવ’ એવી સંજ્ઞાને પ્રાપ્ત થાય છે. આ સર્વ સૃષ્ટિ, પ્રજાઓના પાલક એવા તે આત્મામાંથીજ થયેલી છે, એવો અધ્યાત્મશાસ્ત્રનો નિશ્ચય છે.[૩૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ “ભૃગુ અને ભરદ્વાજના સંવાદમાં જીવના સ્વરૂપનું નિરૂપણ” એ વિષયનો અધ્યાય ૧૮૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૮ મો

ચાતુર્વર્ણ્ય વિભાગ

॥ भृगुरुवाच ॥

असृजद्, ब्राह्मणानेव पूर्वं ब्रह्मा प्रजापतीन्।
आत्मतेजोऽभिनिर्वृत्तान् भास्कराग्निसमप्रभान्।

ભૃગુએ કહ્યું:–“હે ભરદ્વાજ ! બ્રહ્મદેવે પોતાના સત્ય સંકલ્પાદિ સામર્થ્યથી પ્રથમ બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા, તે સર્વ બ્રાહ્મણો, પ્રજાઓના પતિ ગણાતા હતા અને સૂર્ય તથા અગ્નિસમાન તેજસ્વી હતા.[૧] આવા બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા પછી તેઓને સ્વર્ગ પ્રાપ્ત થાય તે માટે પ્રભુ બ્રહ્મદેવે યજ્ઞાદિક ધર્મ, કૃચ્છ ચાંદ્રાયણાદિક તપ, નિત્ય એવો વેદ, સ્નાનાદિક આચાર અને પ્રાયશ્ચિત્તાદિક શૌચ વગેરેને ઉત્પન્ન કર્યાં.[૨] તે પછી દેવોને, દાનવોને, ગંધર્વોને, દૈત્યોને, અસુરોને, મોટા સર્પોને, યક્ષોને, રાક્ષસોને, નાગોને, પિશાચોને તથા મનુષ્યોને ઉત્પન્ન કર્યા;[૩] અને તે પ્રમાણેજ હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર તથા બીજા પ્રાણીઓના સમુદાયના જે જે વર્ણો છે તેને તેને પણ તેમણે ઉત્પન્ન કર્યા.[૪] બ્રાહ્મણોમાં સત્ત્વગુણનું પ્રાધાન્ય છે, માટે તેઓનો વર્ણ (રંગ) શ્વેત (ઉજ્જવળ) છે, ક્ષત્રિયોમાં રજોગુણનું પ્રાધાન્ય છે, માટે તેઓનો વર્ણ લોહિત (રતાશભરેલો) છે, વૈશ્યોમાં રજોગુણની તથા તમોગુણની મિશ્રતા છે માટે તેઓનો વર્ણ પીળો છે અને શૂદ્રોમાં તમોગુણનું પ્રાધાન્ય છે માટે તેઓનો વર્ણ શ્યામ છે.”[૫]

ભરદ્વાજે પૂછ્યું:–“તમે કહો છો કે, ‘બ્રાહ્મણાદિ ચારે વર્ણોમાં, સાત્ત્વિક આદિ ગુણોની પ્રાધાન્યતાથી ઉત્પન્ન થયેલા શ્વેત આદિ વર્ણ–(રંગ) ને લીધે પરસ્પર ભિન્નતા રહેલી છે,’ પણ તેમ કહેવું એ ઠીક નથી; કારણ કે પ્રત્યેક વર્ણમાં ભિન્ન ભિન્ન વર્ણના (રંગના મનુષ્યો) જોવામાં આવે છે. (માટે રંગ ઉપરથી વર્ણભેદ (જાતિભેદ) માનવો તે કંઇ યોગ્ય નથી.)[૬] વળી આપણે–બ્રાહ્મણોથીજ આરંભીને છેક શૂદ્રવર્ણના લોકોસુદ્ધાંને કામ, ક્રોધ, ભય, શોક, ચિંતા, ક્ષુધા અને શ્રમ એકસરખીજ, રીતે વશ કરવા સમર્થ થાય છે, તો પછી વર્ણભેદ માનવાની શી જરૂર છે?[૭] તેમજ સર્વ કોઈના શરીરમાંથી સ્વેદ (પરસેવો), મૂત્ર, મળ, કફ, પિત્ત અને રુધિર એકસરખાંજ નીકળે છે તોપછી વર્ણવિભાગ શામાટે?[૮] વળી બીજાં જંગમ પ્રાણીઓમાં તથા સ્થાવર પ્રાણીઓમાં અસંખ્યાત જાતિઓ જોવામાં આવે છે અને તેઓ સર્વના વર્ણ (રંગ) પણ ભિન્ન ભિન્ન હોય છે, તોપછી તેઓના વર્ણનો નિશ્ચય શી

રીતે થઇ શકે ?[૯]"

ભૃગુએ કહ્યું:-"ખરી રીતે જોતાં જૂદા જૂદા વર્ણો છેજ નહિ; કેમકે બ્રહ્મદેવે પ્રથમ બ્રાહ્મણોનેજ ઉત્પન્ન કર્યા હતા, જેથી સર્વ જગત કેવળ બ્રાહ્મણમયજ છે;પરંતુ એ બ્રાહ્મણોએજ જ્યારે ભિન્ન ભિન્ન કર્મો સ્વીકાર્યાં, ત્યારે તે તે કર્મને અનુસરતો વર્ણવિભાગ બંધાયો છે.[૧૦] જે બ્રાહ્મણોએ કામભોગ ઉપર પ્રીતિ કરી, તીક્ષ્ણતા અને ક્રોધનો આશ્રય કર્યો, સાહસકર્મને પસંદ કર્યું અને સ્વધર્મનો ત્યાગ કર્યો, તે બ્રાહ્મણો શરીરે લાલ વર્ણના (રજોગુણનું પ્રાધાન્ય ધરાવનારા) ક્ષત્રિયો ગણાયા;[૧૧] તેમજ જે બ્રાહ્મણોએ ગોપાલનની વૃત્તિનો આશ્રય કર્યો, ખેતીવાડી કરીને આજીવિકા ચલાવવા માંડી અને સ્વધર્મનો ત્યાગ કર્યો, તેઓ શરીરે પીળા વર્ણના (રજોગુણ તથા તમોગુણનું પ્રાધાન્ય ધરાવનારા) વૈશ્યો ગણાયા;[૧૨] અને જે બ્રાહ્મણોએ હિંસા તથા અસત્ય ભાષણ ઉપર પ્રીતિ કરી, લોભી વૃત્તિનો સ્વીકાર કર્યો, સર્વ પ્રકારનાં કર્મો કરીને આજીવકા ચલાવવા માંડી અને શૌચાચારનો ત્યાગ કરી દીધો, તેઓ શરીરે શ્યામ વર્ણના (તમોગુણનું પ્રાધાન્ય ધરાવનારા) શૂદ્ર ગણાયા.[૧૩] આ રીતે ભિન્ન ભિન્ન કર્મોને સ્વીકારનારા બ્રાહ્મણોજ જૂદા જૂદા વર્ણોમાં વહેંચાઇ ગયા છે, તોપણ નિત્ય ધર્મ કરવામાટે તથા યજ્ઞક્રિયા કરવા માટે તેઓને નિષેધ કરવામાં આવ્યો નથી.[૧૪] બ્રહ્મદેવે, પ્રથમ આ ચારે વર્ણોના લોકોને વેદવાણીનું પઠનપાઠન કરવામાટે અધિકારી ઠરાવ્યા હતા,પરંતુ પાછળથી લોભના દોષને લીધે અજ્ઞાનભાવને (તામસી પ્રકૃતિને) પામેલા શૂદ્રો,(હાથે કરીને) વેદાધિકારથી ભ્રષ્ટ થયા છે.[૧૫] બ્રાહ્મણો, વેદોક્ત કર્મક્રિયાઓ કરવામાં તત્પર રહે છે, વેદોને ધારણ કરી રાખે છે અને વ્રતોનું તથા નિયમોનું પાલન કરે છે, માટે તેઓના તપનો નાશ થતો નથી;[૧૬] પરંતુ જે તુચ્છ વૃત્તિવાળા બ્રાહ્મણો, વેદવિજ્ઞાનને જાણતા નથી અને સર્વ કાર્યસ્વરૂપ પરબ્રહ્મને ઓળખતા નથી,તેઓ અનેક પ્રકારની અધમ જાતિઓમાં જન્મ ધારણ કરે છે.[૧૭] જેઓનાં જ્ઞાનવિજ્ઞાન નાશ પામ્યાં હોય છે અને જેઓ સ્વચ્છંદ આચાર-ચેષ્ટાઓ(ક્રિયાઓ)ને કરનારા હોય છે તેઓ પિશાચ, રાક્ષસ, પ્રેત અને અનેક પ્રકારની મ્લેચ્છ જાતિઓમાં જન્મે છે.[૧૮] પ્રાચીન કાળના ઋષિઓએ પોતાના તપોબળના સામર્થ્યથી અર્વાચીન ઋષિઓને તથા વેદોક્ત સંસ્કારવાળી અને પોતપોતાના કર્મ પ્રમાણે વર્ણવ્યવસ્થાને પામેલી પ્રજાઓને, ઉત્પન્ન કરી છે.[૧૯] તેમજ એ પ્રાચીન ઋષિઓની માનસિક સૃષ્ટિ આદિદેવ બ્રહ્માથી ઉત્પન્ન થયેલી છે, પરબ્રહ્મરૂપી મૂળકારણવાળી છે; માટેજ અવિનાશી અને વિકારશૂન્ય છે તથા યોગાનુષ્ઠાન કરવામાં પરાયણ રહેનારી છે."[૨૦]

ઈતિ શ્રીમહા૦ શાં૦મોક્ષ૦પર્વમાં "ભૃગુ અને
ભરદ્વાજના સંવાદમાં વર્ણવિભાગકથન"
એ વિષયનો અધ્યાય ૧૮૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૯ મો

ચારેય વર્ણોનું સ્વરૂપ

॥ भरद्वाज उवाच ॥

ब्राह्मणः केन भवति क्षत्रियो वा द्विजोत्तम ॥
वैश्यः शूद्रश्च विप्रर्षे तद् ब्रूहि वदतांवर ॥१॥

ભરદ્વાજે પૂછ્યું:-"હે ઉત્તમ બ્રાહ્મણ! હે વક્તાઓમાં શ્રેષ્ઠ બ્રહ્મર્ષિ! શું કરવાથી પુરુષ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર થઈ શકે છે? તે મને કહો."[૧]

ભૃગુએ કહ્યું:-"જેને જાતકર્માદિ (અડતાળીશ) સંસ્કારો કરવામાં આવ્યા હોય છે, જે પવિત્ર હોય છે, વેદાધ્યયનસંપન્ન હોય છે, (સંધ્યા-સ્નાન, જપ, હોમ, દેવપૂજન, અતિથિસત્કાર અને વૈશ્વદેવ આ) છ પ્રકારનાં કર્મો પ્રતિદિન કર્યા કરતો હોય, શૌચાચારમાં તત્પર રહેતો હોય, બ્રાહ્મણને જમાડ્યા પછી જમતો હોય, ગુરુ ઉપર પ્રીતિ રાખતો હોય, વ્રતોનું નિત્ય પાલન કરતો હોય અને સત્યનિષ્ઠ હોય, તે પુરુષ બ્રાહ્મણ કહેવાય છે.[૨,૩] વળી જે પુરુષની અંદર સત્ય, દાન, અહિંસા, અક્રૂરતા,

લજ્જા, દયા અને તપ–આ સાતે ગુણો જોવામાં આવતા હોય, તેને બ્રાહ્મણ કહેવામાં આવે છે;[૪] પરંતુ જે પુરુષ યુદ્ધાદિક ક્ષાત્રકર્મનું સેવન કરતો હોય, વેદાધ્યયન કરવામાં આસકત હોય, બ્રાહ્મણોને દાન આપ્યા કરતો હોય અને પ્રજાઓ પાસેથી કર વગેરે લેતો હોય, તેને ક્ષત્રિય કહેવામાં આવે છે.[૫] તેમજ જે પુરુષ વ્યાપાર, પશુરક્ષા, ખેતીવાડી અને દાન કરવામાં તત્પર રહે છે, પવિત્ર રહે છે તથા વેદાધ્યયનસંપન્ન હોય છે, તેને વૈશ્ય કહેવામાં આવે છે[૬] અને જે પુરુષ નિત્ય સર્વ પદાર્થોનું ભક્ષણ કરે છે, સર્વ પ્રકારનાં કર્મો કરવામાં તત્પર રહે છે, પવિત્રતારહિત હોય છે, વેદનો ત્યાગ કરનાર હોય છે અને આચારભ્રષ્ટ હોય છે, તેને શૂદ્ર કહેવામાં આવે છે.[૭] સત્ય, દાન, અહિંસા, અક્રૂરતા, લજ્જા, દયા અને તપ–એ સાત ગુણો શૂદ્રની અંદર હોય અને બ્રાહ્મણની અંદર ન હોય તો તે શૂદ્ર, શૂદ્ર નથી અને બ્રાહ્મણ, બ્રાહ્મણ નથી–અર્થાત ધર્મજ વર્ણવિભાગમાં કારણભૂત છે, પણ જાતિ વર્ણવિભાગમાં કારણભૂત નથી.[૮] પ્રત્યેક મનુષ્યે હરકોઇ ઉપાયે પણ લોભનો, ક્રોધનો તથા મનનો જય કરવો; કેમકે સર્વ જ્ઞાનોમાં પવિત્ર જ્ઞાન એજ છે.[૯] ક્રોધ અને લોભ, કલ્યાણનો વિઘાત કરવામાટે સર્વદા તત્પર રહે છે, માટે સર્વકોઇ પ્રકારે તેઓ બન્નેને અટકાવવા.[૧૦] મનુષ્યે, ક્રોધથી પોતાની લક્ષ્મીનું રક્ષણ કરવું, મત્સરથી તપનું રક્ષણ કરવું, માન અને અપમાનથી વિદ્યાનું રક્ષણ કરવું તથા પ્રમાદથી પોતાની જાતનું રક્ષણ કરવું.[૧૧] હે બ્રાહ્મણ! જે પુરુષના યજ્ઞાદિ સર્વ સમારંભો ફલેચ્છારૂપ બંધનથી રહિત હોય છે અને જેનો હોમ, હવન તથા દાનધર્મ ફલત્યાગના નિમિત્તેજ ચાલ્યાકરતો હોય છે, તે પુરુષજ ખરેખરો ત્યાગી છે અને બુદ્ધિમાન છે.[૧૨] પ્રત્યેક પુરુષે અહિંસાશીલ થવું જોઇએ, સર્વ પ્રાણીઓના તરફ મિત્રભાવે વર્તવું જોઇએ અને જ્ઞાનપૂર્વક સર્વ પરિગ્રહનો ત્યાગ કરીને તથા જિતેંદ્રિય થઇને આ લોકમાં તથા પરલોકમાં ભયરહિત ગણાતા શોકમુકત સ્થાનનો આશ્રય કરવો જોઇએ–અર્થાત આત્મધ્યાન કરવામાંજ તત્પર રહેવું જોઇએ.[૧૩] તપશ્ચર્યા કરવામાં નિત્ય આસક્ત રહેનાર, ઇંદ્રિયોનો નિગ્રહ કરનાર, મૌનવ્રતને ધારણ કરનાર અને મનને વશ રાખનાર એવા જે કોઇ પુરુષને મોક્ષરૂપી અજિત સ્થાનને જીતવાની જો ઇચ્છા હોય, તો તેણે સ્ત્રીપુત્રાદિ સંગહેતુક વિષયોથી અસંગ રહેવું–અર્થાત તેઓનો સંગ કરવો નહિ.[૧૪] આ જગતમાં જે જે પદાર્થોને ઇંદ્રિયોથી ગ્રહણ કરી શકાય છે, તેને 'વ્યકત' કહેવામાં આવે છે અને જે પદાર્થને ઇંદ્રિયો ગ્રહણ કરી શકતી નથી, તેને 'અવ્યક્ત' કહેવામાં આવે છે. આ અવ્યક્તસ્વરૂપ પરમાત્માને કેવળ યોગી લોકોજ પોતાના લિંગ(સૂક્ષ્મ)શરીરથી જોઈ શકે છે, એમ સમજવું;[૧૫] પરંતુ પરમાત્મા ઇંદ્રિયાતીત હોવાને લીધે અવ્યકત છે, તેથી તેમની સત્તા(હોવાપણું)ના સંબંધમાં અવિશ્વાસ રાખવો નહિ, પણ ગુરુ અને વેદવાકયો ઉપર શ્રદ્ધા રાખીને મનમાં વિશ્વાસ રાખવો. વળી મોક્ષપદ, કેવળ વૈરાગ્ય ધારણ કરવાથીજ મળે છે, માટે કોઈપણ વિષયનો મનમાં વિચાર કરવો નહિ, મનને પ્રાણવિષે સ્થાપિત કરવું અને પ્રાણને પરબ્રહ્મવિષે ધારણ કરવો. જે બ્રાહ્મણ આ રીતે વૈરાગ્યપૂર્વક યોગાનુષ્ઠાન કરે છે, તેને અનાયાસે બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.[૧૬,૧૭] બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય–એ દ્વિજાતિનું સામાન્ય લક્ષણ એજ હોઈ શકે કે, તે નિત્ય શૌચાચારપરાયણ હોવો જોઇએ, સદાચારસંપન્ન હોવો જોઇએ અને સર્વ પ્રાણીઓપર દયાભાવ રાખનારો હોવો જોઇએ."[૧૮]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ભૃગુ અને ભરદ્વાજના સંવાદવિષે વર્ણોનું સ્વરૂપકથન" એ વિષયનો અ૦ ૧૮૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૦ મો

સત્ય અને અસત્યનું સ્વરૂપ

॥ भृगुरुवाच ॥

सत्यं ब्रह्म तपः सत्यं सत्यं विसृजते प्रजाः ॥
सत्येन धार्यते लोकः स्वर्गं सत्येन गच्छति॥१॥

ભગુએ કહ્યું:–"હે ભરદ્વાજ! વેદ અને તપ (સ્વધર્માનુષ્ઠાન), એ બન્ને સત્યસ્વરૂપ ગણાય છે; તેમજ આ વેદ અને તપરૂપ સત્યથી પ્રજાઓ ઉત્પન્ન થાય છે, લોકનું રક્ષણ થાય છે અને તેને લીધેજ મનુષ્ય સ્વર્ગલોકમાં જઇ શકે છે;[૧] પરંતુ વેદવિરુદ્ધ યથેષ્ટ આચરણ કરવું તે અસત્યસ્વરૂપ ગણાય છે, જે કેવળ અંધકારનુંજ બીજું સ્વરૂપ છે. આ અસત્યનું આચરણ કરવાથી (અર્થાત્ તમોગુણરૂપ મૂળ અજ્ઞાનને વશ થવાથી) મનુષ્યનો અધઃપાત થાય છે. વળી તે અસત્યસ્વરૂપ અંધકારથી ઘેરાયલા મનુષ્યો, સ્વર્ગલોકને કદી જોઇ શકતાજ નથી.[૨] વિદ્વાનો કહે છે કે, સ્વર્ગ એ પ્રકાશસ્વરૂપ છે અને નરક એ અંધકારસ્વરૂપ છે. આ પૃથ્વીપર વિહાર કરનારાં પ્રાણીઓ તે બન્ને લોકને મેળવી શકે છે. (અર્થાત્ સત્ત્વગુણનો આશ્રય કરવાથી પ્રકાશરૂપ દેવપણું પ્રાપ્ત થાય છે, તમોગુણનો આશ્રય કરવાથી નરક અથવા અંધકારરૂપ પશુપક્ષીપણું પ્રાપ્ત થાય છે અને તેઓ બન્ને ગુણનું મિશ્રણ કરીને વર્તવાથી મનુષ્યપણું મળે છે.)[૩] આ લોકમાં સત્ય તથા અસત્યના સબંધમાં અનુક્રમે ધર્મ અધર્મ, પ્રકાશ અંધકાર અને સુખ તથા દુઃખ એવા પ્રકારની વૃત્તિ જોવામાં આવે છે.[૪] જેમકે, સત્ય એ ધર્મસ્વરૂપ છે, ધર્મ એ પ્રકાશરૂપ છે અને પ્રકાશ એ સુખજ છે; તેમજ અસત્ય એ અધર્મસ્વરૂપ છે, અધર્મ એ અંધકારનું રૂપ છે અને અંધકાર એ દુઃખજ છે.[૫] આ વિષયમાં એમ કહેવાય છે કે, લોકસૃષ્ટિને જોનારા વિદ્વાન પુરુષો, શારીરિક અથવા માનસિક દુઃખોથી અને પરિણામમાં દુઃખ ઉત્પન્ન કરનારાં વિષયજન્ય સુખોથી મોહિત થતા નથી.[૬] આ લોકમાં કે પરલોકમાં પુત્રાદિનું આલિંગન કરવાથી અથવા વિષયભોગ કરવાથી પ્રાણીઓને જે સુખ મળે છે, તે અનિત્ય છે–નાશવંત છે. આમ સમજનારા વિચક્ષણ પુરુષે તેવાં અનિત્ય સુખ મેળવવાનો યત્ન કરવો નહિ; પણ એ ઔપાધિક દુઃખથી મુક્ત થવા માટેજ પ્રયત્ન કરવો.[૭] જેમ રાહુથી ઘેરાયલા ચંદ્રમાની કાંતિ જગતમાં પ્રકાશિત થતી નથી, તેમ અજ્ઞાનથી ઘેરાયલા મનુષ્યોનું નિત્ય સુખ, (તે અજ્ઞાનને લીધેજ) પ્રકાશિત થતું નથી.[૮] સર્વ પ્રકારનું લૌકિક સુખ બે પ્રકારનું છે. એક તો શારીરિક સુખ અને બીજું માનસિક સુખ. મનુષ્યો, આ લોકમાં રહેવા માટે કે પરલોકમાં રહેવા માટે જે કંઈ પ્રવૃત્તિ કરે છે, તે કેવળ સુખ મેળવવા માટેજ હોય છે; ધર્માર્થકામરૂપ ત્રિવર્ગનું ફળ પણ પૂર્વોકત સુખના કરતાં કંઇ વિશેષ હોતું નથી. પ્રત્યેક મનુષ્યને તે સુખજ પ્રિય હોય છે. વળી એ સુખ, આત્માનો એક ગુણ મનાય છે, તેને મેળવવા માટેજ ધર્મનો તથા અર્થનો આરંભ કરવામાં આવે છે, સુખ એજ ધર્માચરણનો હેતુ છે અને પ્રત્યેક આરંભો તે સુખને માટેજ કરવામાં આવે છે.[૯]"

ભરદ્વાજે પૂછ્યું:–"તમે કહ્યું કે, આ જગતમાં સુખનીજ સર્વોત્કૃષ્ટ સ્થિતિ છે–સુખનુંજ પરમ પ્રાધાન્ય છે; પરંતુ તમારા એ કથનનો અમે સ્વીકાર કરતા નથી. મોટા મોટા ઋષિઓ, કે જેઓ મહાન યોગૈશ્વર્યનું આરાધન કરનારા હોય છે, તેઓને આત્માના ગુણતરીકે ગણાતું આ કામ્ય સુખ અવશ્ય દુર્લભ તો નહિજ હોય; છતાં તેઓ તેની ઇચ્છા કરતા નથી. વળી આપણે સાંભળીએ છીએ કે, ત્રિલોકીના સ્રષ્ટા પ્રભુ બ્રહ્મા, એ કામ્ય સુખમાં લક્ષ્ય નહિ આપીને હમેશાં એકલાજ રહે છે અને બ્રહ્મચર્ય પાળે છે; તેમજ જગતના ઈશ્વર ભગવાન શંકરે પણ પોતાની સમીપમાં આવતા કામદેવને શરીરરહિત કરી નાખીને શાંત પાડ્યો છે, માટે અમે કહીએ છીએ કે, મહાત્મા પુરુષોએ તમે કહેલા સુખને સ્વીકાર્યું નથી; અને તે ઉપરથીજ સિદ્ધ થાય છે કે, સુખની અંદર કોઈ પ્રકારનો વિશેષ ગુણ પણ નથી. વળી તમે કહ્યું કે, સુખના કરતાં બીજું કંઈ પણ શ્રેષ્ઠ નથી. એ વાત મને માનવામાં આવતી નથી. વળી લોકમાં પણ કહેવાય છે કે, ફળનો ઉદય બે પ્રકારે થાય છે–પુણ્યમાંથી સુખ ઉત્પન્ન થાય છે અને પાપમાંથી દુઃખ ઉત્પન્ન થાય છે.[૧૦]"

ભૃગુએ કહ્યું:–"આ વિષયમાં કહેવાય છે કે,

અજ્ઞાનરૂપ અસત્યમાંથી અંધકાર–અવિદ્યા(દેહાદિ અનિત્ય પદાર્થોપર નિત્યત્વબુદ્ધિરૂપ વિપર્યાસ) ઉત્પન્ન થાય છે, કે જેથી ગ્રસ્ત બનેલા મનુષ્યો અધર્મનેજ અનુસરે છે, પણ ધર્મને અનુસરતા નથી. તે મનુષ્યો ક્રોધ, લોભ, હિંસા અને અસત્ય વગેરે આત્મનાશક ગુણોથી વ્યાપ્ત થયેલા હોય છે, તેથીજ તેઓને આ લોકમાં કે પરલોકમાં સુખ મળતું નથી; પણ તેઓ અનેક પ્રકારના વ્યાધિઓ, રોગો અને સંતાપોથી ઘેરાઇ જાય છે. તેમજ વધ, બંધન વગેરેના કલેશોથી તથા ક્ષુધા, તૃષા, પરિશ્રમ વગેરેનાં દુઃખોથી સંતાપ પામે છે. વળી તે ઉપરાંત વૃષ્ટિ, વાયુ, અતિ ઉષ્ણતા અને અતિ શીતલા વગેરેથી ઉત્પન્ન થનારાં મહા ભયંકર શારીરિક દુઃખોથી તથા માનસિક દુઃખોથી પીડાય છે. વળી તેઓ, બંધુઓના તથા ધનના નાશને લીધે અને વિયોગને લીધે ઉપજેલા માનસિક શોકોથી પરાભવ પામે છે અને જરા, મૃત્યુ વગેરેનાં બીજાં દુઃખોને પણ ભોગવે છે.[૧૧] આ બધાં શારીરિક અને માનસિક દુઃખો જે પુરુષનો સ્પર્શ પણ કરી શકતાં નથી, તે પુરુષજ ખરા સુખને જાણી શકે છે. વળી એ પૂર્વોક્ત દોષો સ્વર્ગલોકમાં પ્રકટ થતા નથી, પરંતુ ત્યાં તો અતિશય સુખાકારી પવન વાય છે, સુગંધિ ગંધ ફેલાઇ રહ્યો છે અને ક્ષુધા, તૃષા, પરિશ્રમ, જરા કે પાપ–એમાંનું કંઈ પણ તે સ્થળે નથી.[૧૨,૧૩] વળી તે સ્વર્ગલોકમાં સદાને માટે સુખજ હોય છે, ત્યારે આ લોકમાં સુખ અને દુઃખ એ બન્ને હોય છે અને નરકમાં તો કેવળ દુઃખજ હોય છે; માટેજ વિદ્વાનો કહે છે કે, સુખ એજ પરમ પદ છે. [૧૪] જેમ આ પૃથ્વી સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરનારી છે, તેમ સ્ત્રીઓ પણ સર્વ દુઃખોને ઉત્પન્ન કરનારી છે અને તેવી સ્ત્રીઓ ત્યાં સ્વર્ગલોકમાં પણ છે. જેમ આ લોકમાં અવિદ્યાને વશ થયેલો પુરુષ અનેક પ્રકારના કલેશોનું પાત્ર બને છે, તેમ ત્યાં સ્વર્ગમાં પણ પ્રજાપતિ, અનેક પ્રકારના કલેશો અનુભવ્યા કરે છે; તોપણ સ્વર્ગલોકમાં તથા આ લોકમાં વિશેષ ભેદ એજ રહેલો છે કે, આ લોકમાં જન્માંતરના કારણભૂત એવી વાસનાઓ પુણ્યમય અને પાપમય હોય છે, પરંતુ સ્વર્ગલોકમાં કેવળ તેજોમય અને પુણ્યમયજ હોય છે.[૧૫] બ્રહ્મદેવે, પૂર્વે આ પ્રમાણેજ લોકરચના કરેલી છે અને પોતપોતાનાં કર્મોથી વીંટાયલી આ પ્રજાઓ, તે લોકરચનાને અનુસર્યા કરે છે.”[૧૬]*

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “ભૃગુ અને ભરદ્વાજનો સંવાદ” એ વિષયનો અ૦ ૧૯૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૧ મો

બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમધર્મ

॥ भरद्वाज उवाच ॥

दानस्य किं फलं प्राहुर्धर्मस्य चरितस्य च ॥
तपसश्च सुतप्तस्य स्वाध्यायस्य हुतस्य वा ॥१॥

ભરદ્વાજે પૂછ્યું:–“હે બ્રહ્મર્ષિ! દાનરૂપી ધર્માચરણનું, ઉત્તમ પ્રકારે કરેલા તપનું, સ્વાધ્યાયનું તથા અગ્નિહોમનું શું ફળ છે?”[૧]

ભૃગુએ કહ્યું:–“હે ભરદ્વાજ! અગ્નિહોમ કરવાથી પાપની શાંતિ થાય છે, સ્વાધ્યાય કરવાથી ઉત્તમ પ્રકારની શાંતિ મળે છે, દાનધર્મનું આચરણ કરવાથી ભોગવૈભવ પ્રાપ્ત થાય છે અને તપશ્ચરણ કરવાથી મનુષ્યને સ્વર્ગ મળે છે, એમ વિદ્વાનો કહે છે. [૨] તેમાં દાનના બે પ્રકાર કહેવામાં આવ્યા છે. એક તો પરલોકમાં ફળ આપનારૂં દાન અને બીજું કેવળ આ લોકમાંજ ફળ આપનારૂં દાન. જે દાન સત્પાત્રને આપવામાં આવે છે, તેનું ફળ પરલોકમાં પણ મળે છે અને જે દાન કુપાત્રને આપવામાં આવે છે, તેનું ફળ આ લોકમાંજ ભોગવી શકાય છે. વળી જેવા પ્રકારનું દાન આપવામાં આવે છે, તેવા પ્રકારનુંજ ફળ મળે છે.”[૩,૪]

ભરદ્વાજે પૂછ્યું:–“કેવા અધિકારી પુરુષનું

---

* આ અધ્યાયમાં કહેવાનું તાત્પર્ય એજ છે કે, નિરુપાધિક સુખજ પરમ પુરુષાર્થરૂપ છે, પણ સ્વર્ગ એ પરમ પુરુષાર્થરૂપ નથી; માટે હરકોઈ ઉપાયે નિરુપાધિક સુખનેજ મેળવવા માટે યત્ન કરવો.
નીલકંઠ

કેવા સ્વરૂપનું ધર્માચરણ હોવું જોઇએ? ધર્મનું લક્ષણ શું? અને ધર્મ કેટલા પ્રકારનો છે? તે પણ મને કહો."[૫]

ભૃગુએ કહ્યું:–"જે બુદ્ધિમાન પુરુષો સ્વધર્મનું આચરણ કરવામાં તત્પર રહે છે, તેઓને સ્વર્ગલોકનું ફળ પ્રાપ્ત થાય છે; પણ જે પુરુષ સ્વધર્મથી ભ્રષ્ટ થાય છે તે તો મોહમાંજ (નરકમાંજ) પડે છે."[૬]

ભરદ્વાજે પૂછ્યું:–" ત્યારે તો પૂર્વકાળના બ્રહ્મર્ષિઓએ બાંધેલા ચાર આશ્રમો તથા તે તે આશ્રમોના આચારધર્મો પણ તમારે મને કહેવા જોઇએ."[૭]

ભૃગુએ કહ્યું:–"લોકનું હિત કરનારા ભગવાન બ્રહ્માએ, ધર્મની રક્ષા કરવામાટે પ્રથમથીજ ચાર આશ્રમોજગતમાં પ્રસિદ્ધ કર્યા છે. તેમાં, ગુરુકુલમાં નિવાસ કરીને વેદાધ્યયન કરવું, એનેજ પહેલો–બ્રહ્મચર્યાશ્રમ કહે છે. આ આશ્રમમાં રહેનારા બ્રહ્મચારીએ, ઉત્તમ પ્રકારની પવિત્રતા જાળવીને, સંસ્કારવિષયક નિયમો પાળીને તથા વ્રતોનું આચરણ કરીને મનને વશ કરવું જોઇએ, પ્રતિદિન પ્રાતઃકાળે અને સાયંકાળે સૂર્ય, અગ્નિ તથા દેવોનું પૂજન કરવું જોઇએ, તંદ્રા તથા આલસ્યનો ત્યાગ કરીને ગુરુને વંદન કરવું જોઇએ અને પછી વેદાભ્યાસ કરીને તથા ગુરુએ આપેલા અર્થપાઠનું મનન કરીને અંતરાત્માને પવિત્ર કરવો જોઇએ. વળી ત્રૈકાલિક સ્નાનસંધ્યા કરવાં જોઈએ, બ્રહ્મચર્ય પાળવું જોઇએ, અગ્નિહોમ કરવો જોઇએ, ગુરુની સેવા કરવી જોઇએ, પ્રતિદિન ભિક્ષા માગી લાવીને તથા તે ભિક્ષામાંના સર્વ પદાર્થો ગુરુને નિવેદન કરીને ગુરુની આજ્ઞાનુસાર વર્તવું જોઇએ, કદી પણ ગુરુની ઇચ્છાવિરુદ્ધ નહિ વર્તવું જોઇએ અને ગુરુની કૃપાથી પ્રાપ્ત કરેલા વેદપાઠનો સ્વાધ્યાય કરવામાં તત્પર રહેવું જોઇએ.[૮] આ બ્રહ્મચર્યના સંબંધનો આવો એક શ્લોક છે:–

गुरुं यस्तु समाराध्य द्विजो वेदमवाप्नुयात्॥
तस्य स्वर्गफलावाप्तिः सिद्ध्यते चास्यमानसम्

જે કોઇ બ્રાહ્મણ, ગુરુનું સેવન કરીને વેદાધ્યયન સંપૂર્ણ કરે છે, તેને સ્વર્ગફળની પ્રાપ્તિ થાય છે અને તેના મનોરથો સિદ્ધ થાય છે.[૯]

હવે, બીજા આશ્રમને ગૃહસ્થાશ્રમ કહે છે,તે આશ્રમના સર્વ આચારધર્મો હું તમને સ્પષ્ટ રીતે કહું છું (સાંભળો). વેદાધ્યયન કરી લીધા પછી જેઓએ સમાવર્તન સંસ્કાર કરેલો છે, તેવા સદાચારી દ્વિજોને સ્ત્રીની સાથે રહીને ધર્માચરણનું ફળ જો સંપાદન કરવું હોય, તો તેઓએ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો, એવી શાસ્ત્રની આજ્ઞા છે; કેમકે એ ગૃહસ્થાશ્રમમાં ધર્માર્થકામરૂપ ત્રણે પુરુષાર્થો મળી શકે છે, માટે ગૃહસ્થ પુરુષે, ધર્માર્થકામરૂપ ત્રિવર્ગને સિદ્ધ કરવાની અપેક્ષા રાખીને અનિંદ્ય માર્ગે દ્રવ્ય સંપાદન કરવું. જેમકે, વેદશાસ્ત્રના સ્વાધ્યાયથી મેળવેલી શ્રેષ્ઠતાવડે, બ્રહ્મર્ષિઓએ નિર્માણ કરેલા યજ્ઞોવડે, બીજાઓને ભણાવવાવડે, દાનના પ્રતિગ્રહવડે અથવા મણિઓ, દિવ્ય ઔષધિઓ અને સુવર્ણની ખાણોવગેરેની શોધમાંથી મળી આવેલા દ્રવ્યવડે પોતાનો નિર્વાહ ચલાવવો. વળી તેમ ન બને તો યજ્ઞો કરીને, શ્રાદ્ધો કરીને, નિયમો પાળીને અથવા તપશ્ચર્યાદ્વારા દેવતાને પ્રસન્ન કરીને દ્રવ્ય મેળવવું અને તે દ્વારા ગૃહસ્થાશ્રમ ચલાવવો. આ ગૃહસ્થાશ્રમ બીજા સર્વ આશ્રમોનું મૂળ છે, એમ ધર્મશાસ્ત્રીઓ કહે છે. ગુરુકુલમાં નિવાસ કરનારા સંન્યાસીઓ અને બીજા જે કોઇ પોતાનાં સંકલ્પિત વ્રતોનું, નિયમોનું તથા ધર્મોનું આચરણ કરનારા સાધુપુરુષોની પણ ગૃહસ્થાશ્રમીને ત્યાંથીજ ભિક્ષા, બલિદાન અને સંવિભાગ વગેરે પોતાની નિયમપ્રવૃત્તિઓ ચાલ્યા કરે છે;[૧૦] તેમજ વળી જેઓ વાનપ્રસ્થ હોય છે, તેઓ પણ આ ગૃહસ્થાશ્રમમાંથીજ દ્રવ્યસામગ્રી મેળવીને સ્વધર્મને અનુસરે છે અને તેવા સાધુ પુરુષો પ્રાયઃ ગૃહસ્થને ત્યાંથીજ પોતાને હિતકારક પવિત્ર ભોજનનો આહાર કરીને સ્વાધ્યાય કરવામાં આસક્ત રહે છે તથા તીર્થયાત્રા અને દેશોનું નિરીક્ષણ કરવા માટે પૃથ્વીપર્યટન કર્યા કરે છે; માટે ગૃહસ્થ પુરુષે, એવા સાધુમહાત્માઓને પ્રત્યુત્થાન (સામે ઉભા

થવું,) અભિગમન(સામે જવું) અને અભિવાદન (પ્રણામ) વગેરે ઉપચારોદ્વારા માન આપવું, અસૂયારહિત વાણીથી તેઓને આવકાર આપવો, શક્તિપૂર્વક દાન આપવું અને યથાશક્તિ શયન, ભોજન વગેરે આપીને તેઓનો સત્કાર કરવો.[૧૧] આ વિષયમાં આવો એક શ્લોક છેઃ–

अतिथिर्यस्य भग्नाशो गृहात्प्रतिनिवर्तते ॥
स दत्त्वा दुष्कृतं तस्मै पुण्यमादाय गच्छति ॥

"જે ગૃહસ્થને ઘેરથી અતિથિ,નિરાશ થઈને પાછો જાય છે તેને (તે અતિથિ) પોતાનું પાપ આપતો જાય છે અને તેનું (એ ગૃહસ્થનું) પુણ્ય લેતો જાય છે."[૧૨] વળી આ ગૃહસ્થાશ્રમમાં રહીને યજ્ઞક્રિયાઓ વગેરે કરવાથી દેવતાઓ પ્રસન્ન થાય છે, શ્રાદ્ધ વગેરે કરવાથી પિતૃઓ પ્રસન્ન થાય છે, વિદ્યાભ્યાસ અને તેનું શ્રવણ–ધારણ કરવાથી ઋષિઓ પ્રસન્ન થાય છે અને પ્રજા ઉત્પન્ન કરવાથી પ્રજાપતિ પ્રસન્ન થાય છે;[૧૩] માટેજ આ ગૃહસ્થાશ્રમના સંબંધમાં આવા બે શ્લોકો કહેવાય છેઃ–

वात्सल्यात्सर्वभूतेभ्यो वाच्याः श्रोत्रसुखा गिरः
परितापोपघातश्च पारुष्यं चात्र गर्हितम्॥१४॥
अवज्ञानमहंकारो दंभश्चैव विगर्हितः ॥
अहिंसा सत्यमक्रोधः सर्वाश्रमगतं तपः॥१५॥

ગૃહસ્થાશ્રમમાં રહેનારા પ્રત્યેક પુરુષે, સર્વ પ્રાણીઓપર પ્રેમભાવ રાખીને સર્વકોઈના શ્રોત્રને(કાનને) સુખ ઉપજાવનારી વાણી બોલવી જોઈએ; પરંતુ એ આશ્રમમાં રહીને બીજાઓને સંતાપ ઉપજાવવો કે કોઇને માર મારવો અથવા ક્રૂરતા દાખવવી એ નિંદનીય છે; તેમજ કોઇનું અપમાન કરવું, અહંકાર રાખવો કે દંભ ધારણ કરવો તે પણ ગૃહસ્થાશ્રમીને માટે નિંદનીય છે; કેમકે અહિંસા પાળવી, સત્ય બોલવું અને ક્ષમા રાખવી–એ સર્વ આશ્રમોનું તપ ગણાય છે."[૧૪,૧૫] વળી ગૃહસ્થાશ્રમમાં રહેનારા મનુષ્યને હમેશાં પુષ્પોની માળાઓ, અલંકારો, વસ્ત્રો તથા વિલેપનોનો ઉપભોગ મળી શકે છે. ગીત, વાદિત્ર વગેરેનું શ્રવણસુખ તથા નેત્રને પ્રિય લાગે તેવા પદાર્થોનું દર્શનસુખ પ્રાપ્ત થાય છે; ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય (ચાટવા યોગ્ય) તથા ચોષ્ય (ચૂસવા યોગ્ય) વગેરે અનેક પ્રકારના ખાવાના પદાર્થોનો ઉપભોગ આવી મળે છે, પોતાને ઈષ્ટ વિહાર કરવાથી સંતોષ થાય છે તથા વિષયજન્ય સુખ પણ પ્રાપ્ત થાય છે.[૧૬] જે પુરુષના ગૃહાશ્રમમાં ધર્માર્થકામરૂપ ત્રિવર્ગ અને સત્ત્વ, રજ તથા તમ–એ ત્રણ ગુણો, સંપૂર્ણ કૃતાર્થ થાય છે, તે પુરુષ આ લોકમાં અનેક પ્રકારનાં સુખો અનુભવીને અંતે શિષ્ટ પુરુષોની સદ્‌ગતિ સંપાદન કરે છે;[૧૭] અને જે ગૃહસ્થ પુરુષ, *ઉંછવૃત્તિનો આશ્રય કરીને સ્વધર્મનું આચરણ કરવામાં આસક્ત રહે છે તથા કામસુખોના આરંભોનો ત્યાગ કરે છે તે પુરુષને સ્વર્ગલોક દુર્લભ નથી."[૧૮]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ભૃગુ
અને ભરદ્વાજનો સંવાદ" એ વિષયનો
અ૦ ૧૯૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૨ મો

વાનપ્રસ્થ અને સંન્યાસાશ્રમના ધર્મ

॥ भृगुरुवाच ॥

वानप्रस्थाः खल्वपि धर्ममनुसरंतः पुण्यानि तीर्थानि नदीप्रस्रवणानि सुविविक्तेष्वरण्येषु मृगमहिषवराहशार्दूलवनगजाकीर्णेषु तपस्यंतोऽनुसंचरंति त्यक्तग्राम्यवस्त्राभ्यवहारोपभोगा वन्यौषधिफलमूलपर्णपरिमितविचित्रानियताहाराः स्थानासनिनो भूमिपाषाणसिकताशर्करावालुकाभस्मशायिनः काशकुशचर्मवल्कलसंवृताङ्गाः केशश्मश्रुनखरोमधारिणो नियतकालोपस्पर्शना अस्कंदितकालबलिहोमानुष्ठायिनः समित्कुशकुसुमापहारसंमार्जनलब्धविश्रामाः शीतो-

---

* દાણાબજારમાં વેપારીઓની દુકાન આગળ વેરાઈ પડેલા દાણાઓ વીણી લાવીને આજીવિકા ચલાવવી તેને "ઉંછવૃત્તિ" કહેવામાં આવે છે.

णवर्षपवनविष्टंभविभिन्नसर्वत्वचो विविध
नियमोपयोगचर्यानुष्ठानविहितपरिशुष्कमांस-
शोणितत्वगस्थिभूता धृतिपराः सत्वयोगा-
च्छरीराण्युद्वहन्ते ॥१॥

ભૃગુએ કહ્યું:–“વાનપ્રસ્થ આશ્રમનો આશ્રય કરનારા પુરુષોએ, ધર્મશાસ્ત્રમાં કહેલા સ્વધર્મને અનુસરીને નદી, ઝરણાં વગેરે પવિત્ર તીર્થોઉપર નિવાસ કરીને અથવા અત્યંત એકાંત એવાં અરણ્યોમાં નિવાસ કરીને અથવા મૃગ, પાડા, વરાહ, સિંહ અને જંગલી હાથીઓથી ભરેલાં વનોમાં નિવાસ કરીને તપશ્ચર્યા કરવી જોઈએ. ગ્રામ્ય વસ્ત્રોનો, ભોજનોનો તથા ઉપભોગોનો ત્યાગ કરી દેવો જોઈએ; વનમાં ઉત્પન્ન થયેલી ઔષધિઓનો, ફળોનો, મૂળોનો તથા પાંદડાં વગેરેનો નિયમિત અને ભિન્ન ભિન્ન આહાર લેવો જોઈએ; એક સ્થળેજ આસન રાખવું જોઈએ; પૃથ્વી, પાષાણ, રેતી, વેળુ કે ભસ્મ ઉપર શયન કરવું જોઈએ; દર્ભ, કાસ, મૃગચર્મ કે વલ્કલ વસ્ત્રથી અંગોને ઢાંકવાં જોઈએ; જટા, દાઢી, નખ અને શરીરપરનાં રૂંવાટાં વધારવાં જોઈએ; નિયમિત રીતે સ્નાનસંધ્યામાં પ્રવૃત્ત રહેવું જોઈએ; યથાયોગ્ય સમયે દેવોનાં બલિદાન અને અગ્નિહોમ વગેરે ક્રિયાઓ કરવી જોઈએ. સમિધ, દર્ભ અને પુષ્પો વગેરે પૂજાસાહિત્ય એકત્ર કરીને દેવાદિકનું પૂજન કરવું જોઈએ; પોતાના આશ્રમોને સાફસુફ રાખીને (ત્યાંજ) વિશ્રામ લેવો જોઈએ; ટાઢ, તાપ, વૃષ્ટિ અને પવન–વગેરેને સહન કરીને આખે શરીરે છિન્નભિન્ન દશા પ્રાપ્ત કરવી જોઈએ; અનેક પ્રકારના નિયમોનું પાલન કરીને, પંચાગ્નિ તપશ્ચરણ વગેરે સાધનોનું અનુષ્ઠાન કરીને તથા આહારપ્રમાણને અલ્પ કરીને માંસ તથા રુધિરને સૂકાવી નાખવાં જોઈએ અને શરીરમાં કેવળ ત્વચા અને હાડકાંજ રહ્યાં હોય છતાં ધૈર્યપરાયણ રહીને શુદ્ધ સત્વ ગુણના પ્રભાવથીજ શરીરધારણા કરવી જોઈએ.[૧] જે કોઈ પુરુષ બ્રહ્મર્ષિઓએ નિર્માણ કરેલી પૂર્વોક્ત વાનપ્રસ્થચર્યાનું નિયમિત રીતે પાલન કરે છે તે પુરુષ, અગ્નિ જેમ કાષ્ઠને બાળીને ભસ્મ કરી નાખે છે તેમ, સર્વ પ્રકારના દોષોને બાળી નાખે છે અને મહા દુર્જય લોકોને જીતે છે.[૨]

હવે, સંન્યાસીઓના આચાર કહેવામાં આવે છે. જેમકે, સંસારનો ત્યાગ કરી સંન્યાસાશ્રમમાં દાખલ થયેલા પુરુષોએ અગ્નિ, ધન, સ્ત્રી વગેરે પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ; સર્વ પ્રકારના વિષયોનો તથા સ્નેહપાશોનો પણ પરિત્યાગ કરવો જોઈએ; માટીનું ઢેફું, પથ્થર અને સુવર્ણ–એ ત્રણેના પર સમદૃષ્ટિ રાખવી જોઈએ; ધર્મ, અર્થ અને કામ, એ ત્રિવર્ગને અનુકૂલ રહેનારી પ્રવૃત્તિઓમાં બુદ્ધિને આસક્તિરહિત કરવી જોઈએ; શત્રુ, મિત્ર અને ઉદાસીન એ સર્વને સમાન ગણવા જોઈએ, સ્થાવર, જંગમ, જરાયુજ (મનુષ્યો), અંડજ (પક્ષીઓ), સ્વદેજ (જૂ, માંકડ વગેરે) અને ઉદ્‌ભિજ્જ (જમીન ફાડીને બહાર નીકળનારાં લતા વૃક્ષ વગેરે) એ સર્વ પ્રાણીઓનો મન, વચન કે કર્મથી દ્રોહ નહિ કરવો જોઈએ; કોઈ પણ સ્થળે આશ્રમ કે મઠ નહિ બાંધવો જોઈએ; પર્વતો, જળાશયોના કિનારા, વૃક્ષોનાં મૂળ અથવા દેવાલયો વગેરે હરકોઇ સ્થળે અકસ્માત્ જઈ ચઢીને અમુક નિયત સમય સુધીજ નિવાસ કરવો જોઈએ; નગરમાં માત્ર પાંચ રાત્રિજ નિવાસ કરવો જોઈએ અને ગામડામાં માત્ર એક રાત્રિજ વસવું જોઈએ. ગામમાં કે નગરમાં પ્રવેશ કરીને પ્રાણધારણા કરવામાટે, શુદ્ધ કર્મોનું આચરણ કરનારા બ્રાહ્મણોને ઘેર ભિક્ષા લેવા જવું જોઈએ; પોતાના પાત્રમાં એક વખત જેટલું પીરસવામાં આવે તેટલાનુંજ ભોજન કરવું પણ બીજી વખત માગવું નહિ જોઈએ. ભિક્ષા પણ માગ્યાવિનાજ લેવી જોઇએ અને કામનો, ક્રોધનો, ગર્વનો, લોભનો, મોહનો, દીનતાનો, દંભનો, નિંદાનો, અભિમાનનો તથા હિંસાનો સર્વથા પરિત્યાગ કરવો જોઈએ.[૩] આ સંન્યાસ આશ્રમના સંબંધમાં પણ આવા શ્લોકો કહેવામાં આવે છે:–

अभयं सर्वभूतेभ्यो दत्त्वा यश्चरते मुनिः ॥
न तस्य सर्वभूतेभ्यो भयमुत्पद्यते क्वचित्॥४॥

कृत्वाग्निहोत्रं स्वशरीरसंस्थं शारीरमग्निं स्वमुखे जुहोति ॥ विप्रस्तु भैक्ष्योपगतैर्हविर्भिश्चिताग्निनां सो व्रजते हि लोकम् ॥५॥ मोक्षाश्रमं यश्चरते यथोक्तं शुचिः सुसंकल्पितमुक्तबुद्धिः ॥ अनिंधनं ज्योतिरिव प्रशांतं स ब्रह्मलोकं श्रयते मनुष्यः ॥६॥

જે કોઈ દ્વિજાતિ, મૌનવ્રત ધારણ કરીને તથા સર્વ પ્રાણીઓને અભય આપીને સર્વત્ર વિચરે છે, તેને કોઈપણ પ્રાણી તરફથી કદી ભય ઉત્પન્ન થતો નથી.[૪] જે બ્રાહ્મણ પોતાના શરીરમાંજ અગ્નિહોત્રનું આરોપણ કરીને, ભિક્ષામાં મળેલા પદાર્થોનેજ હુતદ્રવ્ય કલ્પીને તથા પોતાના શરીરમાં રહેલા અગ્નિને ઉદ્દેશીને પોતાના મુખમાંજ હોમ કરે છે, તે બ્રાહ્મણ અગ્નિનું ચયન કરનારા મુનિઓના દિવ્ય લોકમાં જાય છે; અથવા જે બ્રાહ્મણ, સંન્યાસી થઈને પોતાના શરીરમાં રહેલા અગ્નિને-જીવને તેના નિર્ગમનસ્થાનભૂત પરમાત્મામાં લય પમાડે છે-અર્થાત જીવ અને બ્રહ્મની એકતા કરે છે, તે બ્રાહ્મણ બ્રહ્મસ્વરૂપ બની જાય છે.[૫] જે મનુષ્ય, પવિત્ર થઈને તથા સર્વ સંકલ્પોનો ત્યાગ કરનારી બુદ્ધિનો આશ્રય કરીને શાસ્ત્રોકત મોક્ષાશ્રમ-(સંન્યાસ)નું આચરણ કરે છે, તે મનુષ્ય કાષ્ઠવિનાના અગ્નિની પેઠે અત્યંત શાંત એવા બ્રહ્મલોકમાં જાય છે."[૬]

ભરદ્વાજે પૂછ્યું:-"આ લોકથી ભિન્ન પરલોક પણ છે, એમ સાંભળવામાં આવે છે; પરંતુ તે પરલોક જોવામાં આવતો નથી, માટે એ પરલોકના સંબંધમાં જાણવાની મને ઇચ્છા છે, તો તે વિષે તમારે મને કહેવું જોઈએ."[૭]

ભૃગુએ કહ્યું:-"સર્વ *ગુણોથી યુકત અને પવિત્ર એવા હિમાલયના ઉત્તર વિભાગમાં જે લોક આવેલો છે, તેને "પરલોક" કહેવામાં આવે છે. એ પરલોક પવિત્ર છે, કલ્યાણકારી છે અને ઇચ્છવા યોગ્ય છે.[૮] વળી તે લોકમાં પુણ્યકર્મને કરનારા, પવિત્ર, અત્યંત નિર્મળ, લોભ-મોહનો ત્યાગ કરનારા અને સર્વ પ્રકારના ઉપદ્રવોથી રહિત એવા મનુષ્યો વસે છે.[૯] તે પ્રદેશ સ્વર્ગના જેવોજ છે, ત્યાં સર્વ પ્રકારના શુભ ગુણો રહેલા છે, યોગ્ય સમયેજ મૃત્યુ પ્રાપ્ત થાય છે અને ત્યાં વ્યાધિઓ કોઈને સ્પર્શ પણ કરતા નથી.[૧૦] તેમજ એ પરલોકમાં પરસ્ત્રીગમનનો કોઈને લોભજ થતો નથી. સર્વ મનુષ્યો પોતાની સ્ત્રીમાંજ આસક્ત રહે છે. કોઈપણ મનુષ્ય કોઈનો નાશ કરતો નથી અને દ્રવ્યના સંબંધમાં તો ત્યાં કંઈ આશ્ચર્યજ નથી. વળી ત્યાં અસત્યરૂપી અધર્મ લેશમાત્ર નથી. પરમાત્માની સત્તા(હોવાપણું)ના સંબંધમાં કોઈને કંઈ સંશયજ નથી.[૧૧] એ લોકમાં જે કંઈ કર્મ કરવામાં આવે છે, તેનું ફળ પ્રત્યક્ષ મળે છે અને ત્યાં નિવાસ કરનારા સર્વ મનુષ્યો ખાન, પાન, શયન વગેરેની સામગ્રીઓથી સંપન્ન છે, મોટા મોટા પ્રાસાદો અને મહેલોમાં વિશ્રામ લે છે, સર્વ પ્રકારની કામનાઓથી પરિપૂર્ણ રહે છે અને સુવર્ણ વગેરેના અલંકારોથી વિભૂષિત રહે છે. તે લોકમાં માત્ર પ્રાણ ધારણ કરનારા કોઈકજ હોય છે-અર્થાત માત્ર જીવનનેજ પુરુષાર્થ નહિ માનીને ચારે પુરુષાર્થોને સિદ્ધ કરે છે; અને કેટલાએક પુરુષો તો મોટા શ્રમથી પ્રાણધારણા કરે છે-અર્થાત સર્વ પ્રકારની વાસનાઓનો ત્યાગ કરીને કેવળ તપશ્ચરણ વગેરેમાંજ આસકત રહેછે.

પરંતુ આ લોકમાં તો કેટલાએક મનુષ્યો ધર્મપરાયણ હોય છે, કેટલાએક મનુષ્યો અધર્મપરાયણ હોય છે, કેટલાએક સુખી હોય છે, કેટલાએક દુઃખી હોય છે, કેટલાએક નિર્ધન

---

*ટીકાકાર નીલકંઠ, આ શ્લોકના શ્રૌત અર્થને છોડી દઈને લાક્ષણિક અર્થને સ્વીકારે છે અને આખા વિષયને અધ્યાત્મમાંજ લઈ જાય છે. જેમકે, એ ભ્રમર અને નાસિકાના મધ્યભાગનો પ્રદેશ તેજ હિમાલયનો ઉત્તર વિભાગ છે. ધ્યાનમગ્ન રહેનારો યોગી પુરુષ, તે પ્રદેશ ઉપર દૃષ્ટિને સ્થિર કરીને પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે; માટે તે નાસિકાના મધ્યભાગનેજ પરલોક-પરમાત્માનો લોક કહેવામાં આવે છે. એ લોકમાં રહેલા સોપાધિક બ્રહ્મની ઉપાસના કરવાથી નિરુપાધિક બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

હોય છે અને કેટલાએક ધનવાન હોય છે.[૧૨,૧૪] વળી આ લોકમાં સર્વ મનુષ્યોને શ્રમ, ભય, મોહ, તીવ્ર ક્ષુધા અને દ્રવ્યનો લોભ ઉત્પન્ન થાય છે, જેને લીધે અજ્ઞાની મનુષ્યો મોહાધીન બની જાય છે;[૧૫] તેમજ આ લોકમાં ધર્મ અને અધર્મને ઉત્પન્ન કરનારી અનેક પ્રકારની વાર્તાઓ છે, પરંતુ જે બુદ્ધિમાન પુરુષ ધર્મ તથા અધર્મના વાસ્તવિક સ્વરૂપને જાણે છે, તેને પાપનો સ્પર્શ થતો નથી.[૧૬] જે પુરુષ દંભ, કપટ,ચોરી, નિંદા,અસૂયા, પારકાનો નાશ,હિંસા, ચાડીચુગલી અને અસત્ય–આ નવ દુર્ગુણોનું સેવન કરે છે, તેનું તપ નાશ પામે છે; પણ જે વિદ્વાન પુરુષ, એ દંભાદિ દુર્ગુણોનો ત્યાગ કરે છે તેનું તપ વૃદ્ધિ પામે છે.[૧૭,૧૮] વળી આ મનુષ્યલોકમાં ધાર્મિક કર્મો વિષેનો તથા અધાર્મિક કર્મોવિષેનો ઘણોજ વિચાર કરવો પડે છે અને આ પૃથ્વી, "કર્મભૂમિ"જ કહેવાય છે, જેથી જો શુભ કર્મ કરવામાં આવે છે તો શુભ ફળ મળે છે અને અશુભ કર્મ કરવામાં આવે છે તો અશુભ ફળ મળે છે.[૧૯] પૂર્વે પ્રજાપતિ, દેવો અને સર્વ ઋષિગણો, આ લોકમાંજ તપશ્ચર્યા અને યજ્ઞો કરીને પવિત્ર થયા હતા, જેથી તેઓ હમણાં બ્રહ્મલોકમાં વસી રહ્યા છે.[૨૦] પૃથ્વીનો સમગ્ર ઉત્તર વિભાગ, અત્યંત પવિત્ર અને કલ્યાણકારી છે, તેથી પૃથ્વીના બીજા વિભાગોમાં રહેલા પુણ્યશાળી મનુષ્યો, તે ઉત્તર વિભાગમાં ઉત્પન્ન થાય છે.[૨૧] વળી જેઓ યોગધર્મનો આશ્રય કરનારા હોય છે તેઓ પણ તે વિભાગમાં ઉત્પન્ન થાય છે; પરંતુ તે સિવાયના મનુષ્યો આયુષનો ક્ષય થયા પછી પશુપક્ષીની જાતિમાં જન્મે છે અને આ પૃથ્વી ઉપરજ જન્મમરણ પામ્યા કરે છે;[૨૨] તેમજ જેઓ અન્યોન્યનું ભક્ષણ કરી જવામાં આસક્ત રહે છે અને લોભ તથા મોહથી ઘેરાયલા રહે છે, તેઓ આ લોકમાંજ જન્મમરણના ફેરામાં ફર્યા કરે છે, પણ ઉત્તર વિભાગમાં જઇ શકતા નથી;[૨૩] પરંતુ જેઓ નિયમિત રીતે બ્રહ્મચર્યનું પાલન કરીને ગુરુઓની સેવા કરે છે તે બુદ્ધિમાન પુરુષો, સર્વ લોકના માર્ગને જાણે છે–અર્થાત તેઓ જાણી શકે છે કે, સગુણ બ્રહ્મદ્વારા નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે,[૨૪] હે ભરદ્વાજ! આ પ્રમાણે મેં તમને વેદોકત ધર્મમાર્ગ સંક્ષેપમાં કહ્યો. જે પુરુષ, લોકના ધર્મને (કર્તવ્યને) તથા અધર્મને (અકર્તવ્યને) સારી રીતે જાણે છે, તેજ ખરો બુદ્ધિમાન છે."[૨૫]

ભીષ્મે કહ્યું:–હે રાજન્! ભૃગુ ઋષિએ એ પ્રમાણે કહ્યું, એટલે પરમ ધર્માત્મા પ્રતાપી ભરદ્વાજે વિસ્મય પામીને ભૃગુની પૂજા કરી.[૨૬] હે મહાબુદ્ધિમાન રાજા! આ પ્રત્યગાત્મા જગતનું ઉત્પત્તિકારણ છે, એ વાત મેં તમને સંપૂર્ણરીતે કહી. હવે, ફરી શું સાંભળવાની તમને ઇચ્છા છે?

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ભૃગુ અને ભરદ્વાજનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૧૯૨ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૩ મો

સદાચાર ધર્મ

॥ युधिष्ठिर उवाच ॥

आचारस्य विधिं तात प्रोच्यमानं त्वयाऽनघ॥
श्रोतुमिच्छामि धर्मज्ञ सर्वज्ञोह्यसि मे मतः॥१॥

યુધિષ્ઠિરે પૂછયું:–"હે તાત! હે ધર્મને જાણનારા નિર્દોષ પિતામહ! તમારા મુખથી આચારવિધિનું શ્રવણ કરવાની મને ઇચ્છા છે; કેમકે તમે એક સર્વજ્ઞપુરુષ છો, એમ હું માનું છું."[૧]

ભીષ્મે કહ્યું:–"જે પુરુષો દુરાચારી હોય છે, દુષ્ટ ચેષ્ટાઓ કરનારા હોય છે, દુષ્ટ બુદ્ધિના હોય છે અને સાહસ કર્મને પસંદ કરનારા હોય છે, તેઓ દુર્જનતરીકે જગતમાં પ્રસિદ્ધ હોય છે, અને જેઓ સદાચારી હોય છે, તેઓ સજ્જનતરીકે પ્રસિદ્ધ હોય છે.[૨] જે મનુષ્યો રાજમાર્ગમાં, ગાયોનાં ટોળાંની વચ્ચે અને ધાન્યના ઢગવચ્ચે મળમૂત્રનો ત્યાગ કરતા નથી, તેઓ સજ્જન હોય છે.[૩] પ્રતિદિન પ્રાતઃકાળમાં પ્રથમ આવશ્યક શૌચાચાર કરીને (ઝાડે–જંગલ જઇ આવી હાથપગ ધોઈને) આચમન કરવું અને પછી નદી-

માં સ્નાન કરીને દેવ-પિતૃઓનું તર્પણ કરવું, આ સર્વ મનુષ્યોનો ધર્મ છે, એમ ધર્મવેત્તાઓ કહે છે.[૪] પ્રત્યેક દ્વિજાતિએ નિત્ય સૂર્યોપસ્થાન કરવું, સૂર્યોદય થઇ ગયા પછી સૂઇ રહેવું નહિ, સાયંકાળે અને પ્રાતઃકાળે પશ્ચિમ તથા પૂર્વાભિમુખે બેસીને સંધ્યાવંદન કરવું અને ગાયત્રી મંત્રનો જાપ કરવો.[૫] બે હાથ, બે પગ અને મુખ-એ પાંચે અંગોને ધોયા પછી પૂર્વ તરફ મુખ રાખીને ભોજન કરવા બેસવું. ભોજનસમયે મૌનવ્રત ધારણ કરવું, અન્નની કે બીજા ભક્ષ્ય પદાર્થોની નિંદા કરવી નહિ પણ તેમાંથી જે સ્વાદિષ્ટ લાગે તેનું ભક્ષણ કરવું.[૬] ભોજન કરી લીધા પછી હાથ ધોઇને ઉઠવું. રાત્રિના સમયે ભીને પગે સૂઇ જવું નહિ; કેમકે એ પણ આચારનું એક લક્ષણ છે, એમ દેવર્ષિ નારદે કહ્યું છે.[૭] યજ્ઞશાળા વગેરે પવિત્ર પ્રદેશને, બળદને, દેવમંદિરને, ગૌશાળાને, ચૌટાને, ધાર્મિક બ્રાહ્મણને તથા ચૈત્યવૃક્ષને નિત્ય પ્રદક્ષિણા કરવી.[૮] હરકોઇ પુરુષે, સર્વ અતિથિઓને, પોતાના નોકરચાકરને તથા સર્વ કુટુંબીઓને પોતાના સમાનજ ભોજન આપવું, પણ પંક્તિભેદ કરવો નહિ, એ ઉત્તમ આચાર ગણાય છે.[૯] પ્રત્યેક મનુષ્યે સવાર ને સાંજ-એમ બે વખત ભોજન કરવું પણ મધ્યકાળે ભોજન કરવું નહિ, એવી વેદોક્ત આજ્ઞા છે. જે મનુષ્ય આ રીતે બે વખત ભોજન કરે છે, તેને ઉપવાસ કર્યાનુંજ ફળ મળે છે;[૧૦] તેમજ હોમ કરવાના સમયે હોમ કરનારો, ઋતુકાળે સ્ત્રીગમન કરનારો અને પરસ્ત્રીના સંસર્ગનો પણ ત્યાગ કરનારો બુદ્ધિમાન પુરુષ, સદાય બ્રહ્મચારીજ ગણાય છે.[૧૧] બ્રાહ્મણોના જમી રહ્યા પછી બાકી રહેલું અન્ન, અમૃતતુલ્ય ગણાય છે અને માતાના હૃદયની પેઠે હિતકારક મનાય છે; માટે જે સત્પુરુષો એ અન્નનું ભક્ષણ કરે છે, તેઓ અવશ્ય બ્રહ્મને સંપાદન કરે છે.[૧૨] જે પુરુષ નિષ્કારણ માટીનાં ઢેફાં ભાંગ્યા કરે છે, વ્યર્થ ઘાસને કાપ્યા કરે છે, નખવતી કોઈ પદાર્થને તોડી ખાય છે, સદાય એઠો-જૂઠોજ રહે છે અને વ્યર્થ પંડિતાઈનું અભિમાન કરે છે તેવો મૂર્ખ પુરુષ, લાંબુ આયુષ મેળવી શકતો નથી. અથવા જે પુરુષ યજ્ઞની વેદિકાઓ બનાવવા માટે માટીનાં ઢેફાં ભાંગ્યા કરે છે, દર્ભ વગેરે ઘાસને ઉખેડી લાવે છે, યજ્ઞમાં શેષ રહેલા માંસને નખવતી તોડી ખાય છે, નિત્ય સોમપાન કર્યા કરે છે અને યજ્ઞના ફળની અપેક્ષા રાખે છે, તે પુરુષ મોટા આયુષ્યને (પરબ્રહ્મને) મેળવી શકતો નથી.[૧૩] જે પુરુષે માંસભક્ષણનો ત્યાગ કર્યો હોય, તેણે યજુર્વેદને જાણનારા અધ્વર્યુએ સંસ્કારયુક્ત કરેલા યજ્ઞશેષ માંસનું પણ ભક્ષણ કરવું નહિ. તેમજ સંસ્કારવિનાના માંસનું કે શ્રાદ્ધ કરતાં બાકી રહેલા માંસનું પણ ભક્ષણ કરવું નહિ.*[૧૪] પોતે સ્વદેશમાં રહ્યા હોય કે પરદેશમાં રહ્યા હોય, તોપણ ગૃહસ્થે પોતાને ત્યાં આવેલા અતિથિને અવશ્ય જમાડવો અને પોતે કામ્યકર્મનું જે ફળ સંપાદન કર્યું હોય, તે પોતાના વડીલોને નિવેદન કરવું.[૧૫] પ્રત્યેક ગૃહસ્થ પુરુષે, પોતાને ઘેર આવેલા ગુરુઓને આસન આપવું અને તેઓને પ્રણામ કરવા; કેમકે ગુરુઓનું પૂજન-અર્ચન કરવાથી મનુષ્યને આયુષનો, યશનો તથા લક્ષ્મીનો લાભ થાય છે.[૧૬] વળી ગૃહસ્થે, ઉદય પામતા સૂર્યને જોવો નહિ, પરસ્ત્રીને નગ્ન જોવી નહિ,× તેમજ પોતાની સ્ત્રી જ્યારે ઋતુધર્મવાળી થઈ હોય ત્યારેજ તેની સાથે એકાંતમાં મૈથુન કરવું.[૧૭] ગુરુ સર્વ તીર્થોનું રહસ્ય છે, અગ્નિ સર્વ પવિત્ર પદાર્થોનું રહસ્ય છે, શિષ્ટ પુરુષોનાં સર્વ આચરણો પવિત્ર ગણાય છે અને જે પદાર્થને ગાયના પૂછડાનો સ્પર્શ થયો હોય તેને પણ પવિત્ર માનવામાં આવે છે.[૧૮] પોતાના પરિચયવાળા માણસનાં જ્યારે જ્યારે દર્શન થાય, ત્યારે તેને કુશલ પ્રશ્ન પૂછવો.

---

*આ શ્લોકમાં કહેવાનો અભિપ્રાય એ છે કે હિંસાયુક્ત ધર્મનો સર્વથા ત્યાગજ કરવો.

× મૈથુનસિવાયના બીજા સમયે પોતાની સ્ત્રીને પણ નગ્ન અવસ્થામાં જોવી નહિ એમ-“**ન નગ્નાં સ્ત્રિયમીક્ષેતાન્યત્ર મૈથુનાત્**” મૈથુનસિવાયના સમયે પોતાની સ્ત્રીને પણ નગ્ન સ્થિતિમાં જોવી નહિ”-આ સૂત્રવાક્યથી સિદ્ધ થાય છે.

અને પ્રભાતમાં તથા સાયંકાળે બ્રાહ્મણોને વંદન કરવું એવી શાસ્ત્રની આજ્ઞા છે.[૧૯] દેવોના મંદિરમાં, ગાયોની મધ્યમાં, બ્રાહ્મણોનાં શ્રૌતસ્માર્ત કર્મોમાં તથા સ્વાધ્યાય અને ભોજન કરવાના સમયે જનોઇને સવ્ય રાખવી.[૨૦] સવાર-સાંજ બ્રાહ્મણોની વિધિપૂર્વક પૂજા કરવી એજ સર્વ વ્યાપારોમાં ઉત્તમ વ્યાપાર છે અને સર્વ ખેતીઓમાં ઉત્તમ ખેતી છે. વળી બ્રાહ્મણોનું પૂજન કરવાથી ધાન્ય વગેરેની વૃદ્ધિ થાય છે, તેમજ ઇંદ્રિયોને તૃપ્ત કરનારા સર્વ વિષયો પ્રાપ્ત થાય છે.[૨૧] જ્યારે બ્રાહ્મણને ભોજન આપવામાં આવે, ત્યારે ભોજનદાતાએ “संपन्नम् ?” એવો પ્રશ્ન પૂછવો. એટલે તેના ઉત્તરમાં બ્રાહ્મણે કહેવું કે, ‘सुसंपन्नम्’ જ્યારે જળ આપવામાં આવે ત્યારે દાતાએ ‘तर्पणम् ?” એવો પ્રશ્ન પૂછવો એટલે તેના ઉત્તરમાં બ્રાહ્મણે કહેવું કે, “सुतर्पणम्” અને જ્યારે દૂધપાક, રાબડી કે ખીચડી આપવામાં આવે, ત્યારે દાતાએ “शृतम्?” એવો પ્રશ્ન પૂછવો. એટલે તેના ઉત્તરમાં બ્રાહ્મણે “सुशृतम” એમ કહેવું.[૨૨] હરકોઇ રોગી મનુષ્યે ક્ષૌરકર્મ (હજામત) કરાવ્યા પછી, છીંક ખાધા પછી, સ્નાન કર્યા પછી અને ભોજન કર્યા પછી બ્રાહ્મણોને પ્રણામ કરવા, જેથી આયુષની વૃદ્ધિ થાય છે.[૨૩] સૂર્યની સામે બેસીને મૂત્રત્યાગ કરવો નહિ. પોતાની વિષ્ઠા જોવી નહિ, સ્ત્રીની સાથે એક શયનમાં સૂવું નહિ અને એક પાત્રમાં જમવું નહિ.[૨૪] જેઓ પોતાના કરતાં મોટી વયના હોય તેઓને તુંકારેથી બોલાવવા નહિ, પણ જેઓ પોતાનાથી નાની વયના હોય અથવા પોતાની સમાન વયના હોય તેઓને તુંકારેથી બોલાવવામાં કંઇ દોષ નથી.[૨૫] જે પુરુષો પાપી આચરણવાળા હોય છે, તેઓએ કરેલા પાપને તેનું હૃદયજ કહી દેખાડે છે; છતાં જે પાપી પુરુષો પોતાના પાપને જાણી જોઇને જનસમાજમાં છુપાવે છે તેઓ નાશ પામે છે.[૨૬] જે પુરુષ શાસ્ત્રજ્ઞાનથી રહિત હોય છે, તેજ પોતાના જ્ઞાનપૂર્વક કરાયલા પાપને ગુપ્ત રાખવાનો પ્રયત્ન કરે છે; કારણ કે તેના એ પાપને કદાચ મનુષ્યો જોઇ શકતા નથી, પરંતુ દેવતાઓ તો જુએજ છે.[૨૭] પાપી મનુષ્ય પોતાના પાપને ગુપ્ત રાખે છે, પરંતુ તેથી તેને ઉલટું વધારે પાપ લાગે છે અને કોઈ ધાર્મિક મનુષ્ય, પોતે આચરેલા ધર્મને જો ગુપ્ત રાખે છે તો તેના ધર્મમાં ઉલટી વૃદ્ધિ થાય છે-અર્થાત્ પાપને ગુપ્ત રાખવું નહિ પણ ધર્મનેજ ગુપ્ત રાખવો. વળી ધર્મનિષ્ઠ પુરુષે કરેલો ધર્મ હમેશાં ધર્મનેજ અનુસરે છે.[૨૮] મૂર્ખ મનુષ્ય પોતે કરેલા પાપને સંભારતોય નથી; પરંતુ તે નથી જાણતો કે, પાપકૃત્ય, તેના કર્તાને ગમે તે સ્થળેથી શોધી કાઢે છે. જેમ રાહુ ચંદ્રમાની સમીપમાં જઈ પહોંચે છે, તેમ પાપકર્મ પણ પાપી પુરુષની સમીપમાં જઇ પહોંચે છે.[૨૯] જે દ્રવ્યને અનેક આશાઓથી એકઠું કરવામાં આવ્યું હોય છે, તેનો મહાદુઃખપૂર્વક ઉપભોગ થઈ શકે છે, માટે વિદ્વાનો દ્રવ્યસંગ્રહ કરવાના કામને પ્રશંસાપાત્ર ગણતા નથી. વળી મરણ કોઈની રાહ જોતું નથી કે, અમુક માણસે દ્રવ્યસંગ્રહનો હજી ઉપભોગ કર્યો નથી !![૩૦]

વિદ્વાનો કહે છે કે, સર્વ પ્રાણીઓનો ધર્મ મનથીજ આચરી શકાય છે, માટે પ્રત્યેક મનુષ્યે, મનવડે સર્વ પ્રાણીઓને અભયદાન આપવું.[૩૧] પુરુષે, એકલા રહીનેજ ધર્મનું આચરણ કરવું; કારણ કે ધર્માચરણ કરવાના કામમાં બીજાની સહાયતા હોવીજ ન જોઇએ. વળી જેમાં કેવળ શાસ્ત્રવિધિનોજ આશ્રય લઇને આગળ વધાય છે, તેમાં બીજો સહાયક મનુષ્ય શું કરી શકવાનો હતો ?[૩૨] ધર્મ એજ મનુષ્યોનું ઉત્પત્તિસ્થાન છે, ધર્મ એ દેવોનું દિવ્ય અમૃત છે અને ધર્મને લીધેજ ધાર્મિક પુરુષો, મુવા પછી (પરલોકમાં) શાશ્વત સુખનો ઉપભોગ કરે છે.[૩૩]

**ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં ભીષ્મ
અને યુધિષ્ઠિરના સંવાદમાં “ આચારવિધિ”
એ વિષયનો અ૦ ૧૯૩ મો સમાપ્ત.**

અધ્યાય ૧૯૪ મો

અધ્યાત્મશાસ્ત્ર

॥ युधिष्ठिर उवाच ॥

अध्यात्मं नाम यदिदं पुरुषस्येह चिंत्यते ॥
यदध्यात्मं यथा चैतत्तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે પિતામહ! શાસ્ત્રમાં કહ્યું છે કે, પ્રત્યેક પુરુષે અધ્યાત્મનું (યોગધર્મનું) અવશ્ય આચરણ કરવું. તે ઉપરથી હું તમને પૂછું છું કે, અધ્યાત્મનું લક્ષણ શું છે? અને તે કેવા પ્રકારનું છે? તે મને કહો.[૧] હે બ્રહ્મનિષ્ઠ ભીષ્મ! આ સ્થાવરજંગમ જગત કયાંથી ઉત્પન્ન થયું? અને પ્રલયકાળે તેનો કેવી રીતે લય થાય છે? તે પણ તમારે મને કહેવું જોઈએ."[૨]

ભીષ્મે કહ્યું:–"હે પાર્થ! અધ્યાત્મના સંબંધમાં તમે આ જે પ્રશ્ન પૂછયો છે, તેનું હું સ્પષ્ટીકરણ કરૂં છું. સાંભળો. હે તાત! તે અધ્યાત્મ અત્યંત કલ્યાણકારક છે, સુખદાયી છે, સૃષ્ટિ અને પ્રલયની સાથે સંબંધ ધરાવનારૂં છે, મોટા મોટા આચાર્યોએ પ્રદર્શિત કર્યું છે અને તે અધ્યાત્મનું જ્ઞાન મેળવીને પુરુષ, લોકમાં પ્રીતિને તથા સુખને સંપાદન કરે છે. વળી જે અધ્યાત્મ, સર્વ પ્રાણીઓનું હિત કરનારૂં છે તેનું જ્ઞાન મેળવીને મનુષ્યને સર્વ પ્રકારનાં ફળોનો લાભ થાય છે.[૩,૪] પૃથ્વી, વાયુ, આકાશ, જળ અને તેજ; આ પાંચ મહાભૂતો સર્વ પ્રાણીઓની ઉત્પત્તિનું તથા લયનું મૂળસ્થાન છે.[૫] જેમ મહાસાગરના તરંગો એક પછી એક મહાસાગરમાંજ લય પામે છે, તેમ પંચમહાભૂતો, બીજાં ભૂતોમાંથી ઉત્પન્ન થઇને પુનઃ જેમાંથી ઉત્પન્ન થયાં હોય તેમાંજ લય પામે છે.[૬] જેમ કાચબો પોતાનાં અંગોને પ્રસારીને પુનઃ સમેટી લે છે, તેમ ભૂતાત્મા (જીવાત્મા), પોતાના અંગભૂત પ્રત્યેક પ્રાણીઓને ઉત્પન્ન કરીને પુનઃ પોતાનામાં લય પમાડી દે છે.[૭] ભૂતસ્રષ્ટા ઈશ્વરે, પ્રત્યેક પ્રાણીમાં પંચમહાભૂતોનેજ સ્થાપિત કર્યાં છે; પરંતુ દેહાભિમાની જીવાત્મા, (અજ્ઞાનથી ઘેરાયલો હોવાને લીધે) તેઓની વિષમતાને–વિલક્ષણતાને અથવા ભિન્નતાને જાણી શકતો નથી.[૮] શબ્દ, શ્રોત્રેન્દ્રિય અને પોલાણનો ભાગ આકાશમાંથી ઉત્પન્ન થયો છે; સ્પર્શ, ચેષ્ટા અને ત્વચા–એ ત્રણ વાયુમાંથી ઉત્પન્ન થયેલાં છે; રૂપ, ચક્ષુ અને જઠરાગ્નિ તેજમાંથી ઉત્પન્ન થયેલાં છે; રસ, રુધિર અને જીહ્વા જળમાંથી ઉત્પન્ન થયેલાં છે અને ગંધ, ઘ્રાણેન્દ્રિય તથા શરીર પૃથ્વીમાંથી ઉત્પન્ન થયાં છે. આ રીતે પ્રત્યેક શરીરમાં પાંચ મહાભૂતોજ રહેલાં છે અને તેમાં મન એ છઠું કહેવાય છે.[૯-૧૧] હે ભરતવંશી રાજા! જેઓનો સમાવેશ પંચમહાભૂતોમાંજ થઇ જાય છે, તેવી પાંચ ઇંદ્રિયો અને મન, જ્ઞાનનાં દ્વારભૂત છે, સાતમી બુદ્ધિ નિશ્ચયાત્મિકા છે તથા આઠમો ક્ષેત્રજ્ઞ (જીવ) સાક્ષીભૂત છે, એમ વિદ્વાનો કહે છે.[૧૨] પાંચે ઇંદ્રિયો વિષયોને ગ્રહણ કરે છે, મન તેઓના સંબંધમાં સંશય કરે છે, બુદ્ધિ તેઓનો નિશ્ચય કરે છે અને ક્ષેત્રજ્ઞ તો કેવળ સાક્ષીની પેઠેજ (અલગ) રહે છે.[૧૩] નીચે પગનાં બન્ને તળીઆંથી આરંભીને ઉંચે છેક મસ્તકપર્યંત શરીરના સર્વ ભાગને જે જોઈ રહ્યો છે તે સાક્ષીભૂત આત્માવડે આ સર્વ જગત વ્યાપ્ત થયેલું છે, એમ તમારે જાણવું.[૧૪] વળી આ શરીરમાં રહેલી ઈંદ્રિયોને, મનને તથા બુદ્ધિને સર્વ પુરુષોએ સારી રીતે જાણવી જોઇએ; કેમકે સત્ત્વ, રજ અને તમ–એ ત્રણેય ગુણો, તેઓનોજ આશ્રય કરીને રહેલા છે.[૧૫] જે પુરુષ, આ ત્રિગુણાત્મિકા મૂળપ્રકૃતિને તથા આકાશાદિ પંચમહાભૂતોની ઉત્પત્તિને તથા લયને વિચારપૂર્વક જાણે છે, તેને ધીમે ધીમે વૈરાગ્ય અને વિવેકની વૃદ્ધિદ્વારા ઉત્તમ શાંતિસુખ પ્રાપ્ત થાય છે.[૧૬] સત્ત્વ આદિ ત્રણે ગુણો, બુદ્ધિને અતિશય વિષયસ્વરૂપ બનાવી દે છે અને તે વિષયસ્વરૂપ થયેલી બુદ્ધિજ સર્વ ઇંદ્રિયો, મન અને સ્થાવરજંગમ ભૂતસમુદાયરૂપ ગણાય છે; માટે એ બુદ્ધિનેજ જો દૂર કરવામાં આવે તો પછી સત્ત્વાદિ ગુણો કયાંથી ટકી શકે?[૧૭] આ સર્વ સ્થાવરજંગમ જગત કેવળ બુદ્ધિમયજ છે, એમ વેદમાં કહેલું છે; કેમકે બુદ્ધિનો જ્યારે લય થાય છે, ત્યારે જ-

ગત લય પામે છે અને બુદ્ધિની જ્યારે ઉત્પત્તિ થાય છે, ત્યારે જગતની પણ ઉત્પત્તિ થાય છે.[૧૮] આ બુદ્ધિ, શરીરમાંના જે દ્વારથી પદાર્થને જુએ છે,તેને ચક્ષુ કહેવામાં આવે છે, જે દ્વારથી શબ્દનું શ્રવણ કરે છે તેને શ્રોત્ર (શ્રવણેન્દ્રિય) કહેવામાં આવે છે, જે દ્વારથી ગંધને સુંઘે છે તેને ઘ્રાણ કહેવામાં આવે છે, જે દ્વારા રસને જાણે છે તેને જીહ્વા કહેવામાં આવે છે અને જે દ્વારા સ્પર્શનો અનુભવ કરે છે, તેને ત્વચા કહેવામાં આવે છે. આમ એકીસાથે બુદ્ધિ, વિકારને પામ્યા કરે છે. વળી જ્યારે તે બુદ્ધિ, અમુક સ્વરૂપે વિકાર પામીને અમુક કોઇ વિષયની ઇચ્છા કરે છે, ત્યારે મન કહેવાય છે.[૧૯,૨૦] બુદ્ધિના જૂદા જૂદા વિષયને ગ્રહણ કરનારાં પાંચ પ્રકારનાં જે અધિષ્ઠાનો છે, તેઓનેજ પાંચ ઇંદ્રિયો કહેવામાં આવે છે, જેઓને ચિદાત્મા પોતેજ અદૃશ્ય રહીને વ્યાપારવાળાં કરે છે.[૨૧] પ્રત્યેક પુરુષની અંદર રહેલી બુદ્ધિ સત્ત્વ, રજ અને તમ, એ ત્રણ ગુણોથી વ્યાપ્ત હોય છે, જેને લીધે કોઇ સમયે તે પ્રસન્ન થાય છે, કોઈ સમયે શોક કરે છે અને કોઈ સમયે સુખ કે દુઃખ એમાંનું કંઈ પણ તેને જોવામાં આવતું નથી. આ રીતે ત્રણ અવસ્થાઓવાળી ત્રિગુણાત્મિકા બુદ્ધિ, મનુષ્યોના મનની સાથે લાગેલીજ રહે છે અને મનદ્વારા ઇંદ્રિયો તથા ઇંદ્રિયોના વિષયોસાથે પણ સંબંધ ધરાવે છે.[૨૨,૨૩] જેમકે, ‡સર્વ નદીઓને પૂર્ણ કરનારો મહાસાગર પોતાનામાં આવેલી નદીઓની સાથે એકરૂપ થયો હોય છે તોપણ પોતાના પ્રચંડ તરંગોથી નદીઓના તરંગોને દાબી દે છે તેમ, ત્રિગુણાત્મિકા થયેલી બુદ્ધિ પણ ત્રણે ગુણોનું ઉલ્લંઘન કરીને ગુણાતીતસ્વરૂપ થઇ શકે છે– અર્થાત્ જે વેળા બુદ્ધિ બ્રહ્માકાર થાય છે, તે વેળા ત્રિગુણાત્મક સંસ્કારોનું નામનિશાન પણ રહેતું નથી.[૨૪]× આ પ્રમાણે બુદ્ધિ, ત્રિગુણાત્મક સંસ્કારોનું ઉલ્લંઘન કરી જાય છે તોપણ ત્રિગુણાત્મક મનની અંદર સૂક્ષ્મસ્વરૂપે રહેલીજ હોય છે, જેથી પુનઃ અભ્યુત્થાનસમયે (સમાધિમાંથી વ્યુત્થાન પામ્યા પછી) રજોગુણની પ્રવૃત્તિ જોવામાં આવે છે અને તે રજોગુણ વળી પાછો પણ બુદ્ધિભાવને અનુ-

---

‡ સૂર્યનાં કિરણોથી આકર્ષાયલું સમુદ્રનું જળ વૃષ્ટિરૂપે પૃથ્વીપર પડે છે અને તેથીજ નદીઓમાં પૂર આવે છે, માટે સમુદ્રને નદીઓને પૂર્ણ કરનાર કહેવામાં આવ્યો છે.

× ટીકાકાર નીલકંઠ આ ચોવીસમા શ્લોકનો સ્પષ્ટાર્થ આ પ્રમાણે લખે છેઃ–જે પ્રમાણે સમુદ્રમાંથીજ ઉત્પન્ન થયેલી નદીઓ પાછી જ્યારે સમુદ્રમાં આવે છે, ત્યારે તેઓના પ્રચંડ તરંગોને પણ સમુદ્રના તરંગો આચ્છાદિત કરી નાખે છે. તે પ્રમાણે બુદ્ધિમાંથીજ ઉત્પન્ન થયેલા દેહ, ઇંદ્રિયો અને વિષયો, યોગદ્વારા પાછા જ્યારે બુદ્ધિમાંજ લય પામે છે, ત્યારે બ્રહ્માકાર થયેલી બુદ્ધિ, પોતાના ત્રિગુણાત્મક સંસ્કારોને દાબી દે છે–પોતે કેવળ ગુણાતીતસ્વરૂપ બની રહે છે. જેમ કોઇએક ઘડાનું જ્ઞાન કરતી વેળા ચક્ષુને પ્રકાશની સહાયતા લેવી પડે છે, પરંતુ જ્યારે દીવાનું જ્ઞાન કરવું હોય છે ત્યારે ચક્ષુને, બીજા સહાયક પ્રકાશની જરૂર રહેતી નથી; કેમકે દીવો એ સ્વતઃજ પ્રકાશસ્વરૂપ છે. તે પ્રમાણેજ હરકોઇ પદાર્થનું જ્ઞાન કરતી વેળા બુદ્ધિને ચિદાભાસના સાન્નિધ્યરૂપ સહાયની અવશ્ય જરૂર રહે છે અને ચિદાભાસની સહાયતાને લીધેજ બુદ્ધિ, પદાર્થવિષયક જ્ઞાન મેળવી શકે છે. આ વિષયમાં આવું એક પ્રમાણ પણ છેઃ—

“बुद्धितत्स्थचिदाभासावुभौव्याप्नुवतो घटम्।
तत्राज्ञानंधिया नश्येत् चैतन्येन घटः स्फुरेत्॥”

“બુદ્ધિ અને બુદ્ધિમાં રહેલો ચિદાભાસ–એ બન્ને એકીસાથે ઘટરૂપ પદાર્થ ઉપર વ્યાપ્ત થાય છે. તેમાં બુદ્ધિના યોગથી ઘટવિષયક અજ્ઞાનનો નાશ થાય છે અને ચિદાભાસના યોગથી ઘટવિષયક જ્ઞાનનું સ્ફુરણ થાય છે.” પરંતુ આત્માનુંજ જ્ઞાન કરવાનું હોય છે, ત્યારે બુદ્ધિને કોઇપણ સહાયક પદાર્થની આવશ્યકતા રહેતી નથી, કેમકે આત્મા એ સ્વતઃજ પ્રકાશસ્વરૂપ છે અને જ્યારે આનંદસ્વરૂપ આત્મા, પ્રકાશમાન થાય છે, ત્યારે જળના મેલનો નાશ કરનારી નિર્મલીની પેઠે બુદ્ધિ પણ નષ્ટ થઈ જાય છે અને શુદ્ધ આત્મસ્વરૂપ ભાસિત થાય છે. આ પ્રમાણે બુદ્ધિ, ત્રિગુણાત્મક સર્વ સંસ્કારોનું ઉલ્લંઘન કરી જાય છે.

સરે છે,[૨૫] જેથી ફરી પણ બુદ્ધિ, સર્વ ઇંદ્રિયોને પ્રવર્તાવે છે અને તે સમયે સત્ત્વગુણ તથા તમોગુણ પણ રાગદ્વેષાદિ દોષોનો આશ્રય કરીને પોતાની પ્રવૃત્તિ ચાલુ કરે છે.[૨૬] પ્રસન્નતા એ સત્ત્વગુણનું સ્વરૂપ છે, શોક એ રજોગુણનું સ્વરૂપ છે અને મોહ એ તમોગુણનું સ્વરૂપ છે. આ જગતમાં જે જે શમદમાદિક ભાવો જોવામાં આવે છે, તેઓ સર્વેનો આ ત્રણ ગુણોમાં સમાવેશ છે.[૨૭] હે ભરતવંશી રાજા ! એ રીતે મેં તમને બુદ્ધિની સર્વ ગતિઓ કહી. તેનું જ્ઞાન મેળવીને બુદ્ધિમાન પુરુષે સર્વ ઇંદ્રિયોને વશ રાખવી.[૨૮] સત્ત્વ, રજ અને તમ, એ ત્રણે ગુણો પ્રાણિમાત્રનો આશ્રય કરીને રહ્યા છે અને તેને લીધેજ પ્રત્યેક પ્રાણીઓમાં સાત્વિકી, રાજસી અને તામસી એમ ત્રણ વેદનાઓ જોવામાં આવે છે. હે ભારત ! સત્વગુણ સુખનો અનુભવ કરાવે છે અને રજોગુણ દુઃખનો અનુભવ કરાવે છે; પરંતુ જ્યારે તમોગુણ પ્રકટ થાય છે ત્યારે વ્યાવહારિક સુખનો કે દુઃખનો કંઇપણ અનુભવ થતો નથી–અર્થાત કેવળ મોહગ્રસ્તજ બની જવાય છે.[૨૯,૩૦] જે વેળા શરીરમાં કે મનમાં પ્રસન્નતાનો સંચાર થવા લાગે છે, તે વેળા જાણવું કે, સત્ત્વગુણ પ્રકટ થયો છે.[૩૧] વળી જ્યારે પોતાના મનમાં શોક કરાવનાર દુઃખનો સંચાર થવા લાગે ત્યારે જાણવું કે, આ વેળા-રાજસભાવ ઉત્પન્ન થયો છે અને તેનું અનુસંધાન કરવાથી ઉલટું વધારે દુઃખ થશે. આવો ભય રાખીને તે દુઃખસંચારને ગણકારવો નહિ.[૩૨] તેમજ જ્યારે પોતાના મનમાં કે શરીરમાં મોહનો સંચાર થવા લાગે, સર્વ વિષયો કેવળ અસ્પષ્ટ સ્વરૂપે ભાસે અને તે વિષેનો તર્ક કરવા છતાં પણ કંઈ જાણવામાં ન આવે. ત્યારે સમજવું કે, આ વેળા તમોગુણ પ્રકટ થયો છે.[૩૩] હરકોઇ ઇષ્ટવસ્તુના શ્રવણથી થનારો હર્ષ, તેના દર્શનથી થનારી પ્રીતિ, તેની પ્રાપ્તિથી થનારો આનંદ અને તેના ઉપભોગથી થનારૂં સુખ–આ ચારે ગુણો તથા નિર્વિકલ્પ સુખરૂપ ચિત્તની શાંતતા–એમ કુલ પાંચે ગુણો સાત્વિક ગણાય છે અને મહાદુર્લભ મનાય છે.[૩૪] અસંતોષ, સંતાપ, શોક, લોભ અને અક્ષમા–એ બધા રાજસગુણો છે અને તેઓ કારણ હોય અથવા ન હોય તોપણ જોવામાં આવે છે.[૩૫] વળી અપમાન, મોહ, પ્રમાદ, નિદ્રા અને તંદ્રા–આ બધા તામસગુણો કહેવાય છે ને દુર્ભાગ્યની અધિકતાથી આવી મળે છે.[૩૬] મન એ દુર્લભ વસ્તુમાં પણ આસક્ત થનારૂં છે, અનેક વિષયોમાં એકીસાથે દોડી જનારૂં છે અને ઇચ્છા તથા સંશયસ્વરૂપ છે; માટે જે પુરુષ એ મનનો સંયમ કરે છે તેને આ લોકમાં તેમજ પરલોકમાં પણ સુખ મળે છે.[૩૭] હે રાજા! (જેમ તપેલા લોઢાના ગોળામાં અગ્નિ અને લોઢું એકસ્વરૂપ જણાય છે, તેમ એકસ્વરૂપ જણાતા) ક્ષેત્રજ્ઞમાં તથા બુદ્ધિમાં કેટલો બધો ભેદ રહેલો છે? તે તમે જુઓ. બુદ્ધિ અહંકારાદિ ગુણોને ઉત્પન્ન કરનારી છે ત્યારે ક્ષેત્રજ્ઞ, અહંકારાદિ ગુણોને ઉત્પન્ન કરતો નથી.[૩૮] જેમ મચ્છર અને ઉંબરાનું ફળ હમેશાં સાથેનાં સાથેજ રહે છે, તેમ બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞ સાથેજ રહે છે, તોપણ ચૈતન્યયુક્ત મચ્છરમાં તથા જડત્વયુક્ત ઉંબરાના ફળમાં જેમ સ્વાભાવિક રીતેજ ભિન્નતા રહેલી છે, તેમ બુદ્ધિમાં તથા ક્ષેત્રજ્ઞમાં સ્વાભાવિક રીતેજ ભિન્નતા રહેલી છે. વળી જેમ મત્સ્ય અને જળ એકસાથેજ રહે છે છતાં ચૈતન્ય અને જડતાને લીધે એકબીજાથી ભિન્ન છે, તેમ, બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞ પણ એકબીજાથી ભિન્ન છે;[૩૯,૪૦] તેમજ દેહ, અહંકાર આદિ ગુણો કેવળ જડ હોવાથી આત્માના સ્વરૂપને જાણી શકતા નથી, પણ આત્મા તો, (ચૈતન્યશક્તિમાન હોવાથી) તે સર્વ ગુણોને જાણી શકે છે. એટલુંજ નહિ પણ આત્મા, દેહાદિ સર્વ ગુણોનો પરિદ્રષ્ટા છે છતાં તે ગુણોને પોતાની સાથે તદ્રૂપ થયેલા માને છે. (અને તેથીજ "હું કાણો છું, સુખી છું, દુઃખી છું, કર્તા છું" આવા અહંભાવથી ગ્રસ્ત બની જાય છે; પરંતુ વાસ્તવિક રીતે તો આત્માનો તથા દેહાદિ ગુણોનો સંબંધ, નિર્જળ પ્રદેશમાં દેખાતા ઝાંઝવાના જળ જેવોજ કેવળ ×અધ્યાસમૂલક

×જ્યાં જે વસ્તુનો સંબંધજ ન હોય ત્યાં તે

છે.)[૪૧] પાંચ ઇંદ્રિયો, મન અને બુદ્ધિ-એ સાતે પદાર્થો કેવળ જડ અને જ્ઞાનશૂન્ય છે, તોપણ ચિદાત્મા, જેમ એક ઘડાની અંદર રહેલો દીવો તેનાં છિદ્રોદ્વારા સર્વ પદાર્થને પ્રકાશિત કરે છે, તેમ ઇંદ્રિયાદિ જડ પદાર્થોદ્વારા સર્વ વસ્તુઓને પ્રકાશિત કરે છે.[૪૨] બુદ્ધિ, અહંકારાદિ ગુણોને ઉત્પન્ન કરે છે અને ક્ષેત્રજ્ઞ, તે ગુણોને જુએ છે. આ બુદ્ધિનો તથા ક્ષેત્રજ્ઞનો સંબંધ અનાદિ કાળનો છે.[૪૩] વળી આ બુદ્ધિસત્ત્વને તથા ક્ષેત્રજ્ઞને કોઈ જાતનો આશ્રય છે, તેમ પણ નથી. (કેમકે ક્ષેત્રજ્ઞ, પોતાના મહિમાથીજ સ્થિતિ કરી રહ્યો છે અને બુદ્ધિસત્ત્વ તો કેવળ અવિદ્યાસ્વરૂપીજ હોઇને મિથ્યાભૂતજ છે.) જોકે બુદ્ધિસત્ત્વ મનને પ્રકાશિત કરે છે; પરંતુ મનના મૂળભૂત ગુણોને પ્રકાશિત કરતું નથી.[૪૪] જ્યારે મનુષ્ય, પરમાત્મતત્ત્વનાં કિરણરૂપ ગણાતી ઇંદ્રિયોને તથા મનને સારી રીતે નિયમમાં રાખે છે, ત્યારે ઘડાની અંદર રહેલો દીવો જેમ ઘટરૂપ ઉપાધિથી મુક્ત થઇને પ્રકાશે છે, તેમ તે મનુષ્યનો આત્મા પ્રકાશે છે-અર્થાત ઇંદ્રિય વગેરેનો સંયમ કરવાથીજ મનુષ્યને આત્મજ્ઞાન થાય છે.[૪૫] જે પુરુષ, સર્વ સ્વાભાવિક કર્મોનો ત્યાગ કરીને (અર્થાત સંન્યાસી થઇને) કેવળ આત્મામાંજ રમણ કરે છે અને ધ્યાનશીલ બને છે, તે પુરુષ સર્વ પ્રાણીઓનો આત્માજ બની રહે છે અને અંતે પરમ ગતિને પ્રાપ્ત કરે છે.[૪૬] જેમ જળમાં સંચાર કરનારો હંસ, જળથી નિર્લેપજ રહે છે, તેમ આત્મજ્ઞાની પુરુષ, સંસારનાં પ્રાણીઓવચ્ચે રહ્યા છતાં પણ તેઓના સંગજન્ય દોષથી નિર્લેપજ રહે છે. (કેમકે તેને તો સર્વમાં આત્માજ જોવામાં આવે છે.)[૪૭] આ રીતે આત્મસ્વરૂપ કેવળ નિર્લેપ છે, એમ પોતાની બુદ્ધિ સાથે નિશ્ચય કરીને હર્ષ-શોકથી રહિત થયેલો જે પુરુષ, સર્વત્ર સમભાવ રાખીને તથા મત્સરનો ત્યાગ કરીને સંસારમાં વિચરે છે, તેને જીવન્મુક્ત કહેવામાં આવે છે.[૪૮] આ જીવન્મુક્ત પુરુષ, કેવળ સ્વરૂપાવસ્થામાંજ યુક્ત રહીને, પોતાના યૌગિક ઐશ્વર્યના બળથી અનેક ભૂતભૌતિક ગુણોને ઉત્પન્ન કરે છે; પરંતુ આસપાસ જાળને ફેલાવનારો કરોળીઓ તે જાળથી જેમ અસંગ રહે છે, તેમ તે ગુણોથી અસંગ રહે છે. વળી આ સર્વ ભૂતભૌતિક ગુણો, કરોળીઆએ ઉત્પન્ન કરેલા તંતુઓના જેવાજ છે એમ સમજવું.[૪૯] (જીવન્મુક્ત પુરુષનાં પ્રારબ્ધકર્મોની જ્યારે સમાપ્તિ થાય છે ત્યારે) તેના દેહ ઇંદ્રિયાદિ ગુણો નષ્ટ થયા છતાં પણ સમૂળગા નિવૃત્ત થતા નથી, આમ માનવું તે ઠીક નથી; કેમકે તેઓની નિવૃત્તિ પ્રત્યક્ષ જોવામાં આવતી નથી. વળી એ પરોક્ષ વાત, કેવળ અનુમાનથીજ સિદ્ધ થઈ શકે તેવી છે.[૫૦] આમ કેટલાએક (અનેક જીવોને માનનારા) બીજા વિદ્વાનો (વ્યવહારને અનુસરીને) નિશ્ચય કરે છે; પરંતુ (જીવને એકજ માનનારા) વિદ્વાનો તો એમજ કહે છે કે, ગુણોની નિવૃત્તિજ થઇ જાય છે. આ બંને પ્રકારના મતનો શાસ્ત્રદ્વારા વિચાર કરીને પોતાની બુદ્ધિ અનુસાર તેનો નિર્ણય કરવો.[૫૧] પ્રત્યેક મુમુક્ષુએ પોતાના હૃદયમાં બુદ્ધિના ભેદથી ઉત્પન્ન થનાર દૃઢ* ગ્રંથિને છોડી નાખીને સુખેથી રહેવું અને સંશયને છેદી નાખીને કોઈપણ વસ્તુને માટે શોક કરવો નહિ.[૫૨] જેમ મલિન પુરુષો, જળથી પૂર્ણ ભરેલી નદીમાં સ્નાન કરીને સ્વચ્છ થાય છે, તેમ અજ્ઞાનથી મલિન થયેલા પુરુષો, આત્મજ્ઞાનરૂપી નદીમાં સ્નાન કરીને શુદ્ધ બની જાય છે-પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે,[૫૩] એમ તમારે જાણવું. જેમ કોઇએક

વસ્તુનો જે આભાસ થાય તેનું નામ 'અધ્યાસ' કહેવાય છે.

*બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞનો જે અન્યોન્યાધ્યાસ તેજ બુદ્ધિકૃત દૃઢ ગ્રંથિ છે. જેમકે, સુખ :ખાદિ બુદ્ધિના ધર્મો ક્ષેત્રજ્ઞમાં જોવામાં આવે છે અને સત, ચિત વગેરે ક્ષેત્રજ્ઞના ધર્મો બુદ્ધિમાં જોવામાં આવે છે; જેથી બુદ્ધિમાં આત્મભાસ થાય છે અને આત્મામાં બુદ્ધિભાસ થાય છે, માટે મુમુક્ષુએ આ અન્યોન્યાધ્યાસરૂપી મજબૂત ગાંઠને બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞના પરસ્પરના ભેદના જ્ઞાનથી છોડી નાખી સંશયરહિત થવું.

મહાનદીને તરવાની ઇચ્છાવાળો પુરુષ, તેના સામા કિનારાને જાણવામાત્રથીજ કૃતાર્થ થતો નથી, પણ તેથી તો ઉલટો સંતાપ પામે છે; માટે તેણે નૌકા વગેરેનું સાધન મેળવીનેજ કૃતાર્થ થવું જોઇએ; પરંતુ આત્મજ્ઞાનના સંબંધમાં તે પ્રમાણે નથી, કેમકે આત્મવેત્તા થવાની ઇચ્છાવાળો પુરુષ કેવળ આત્માનું જ્ઞાન સંપાદન કરીનેજ કૃતાર્થ થઇ જાય છે.[૫૪] આ પ્રમાણે જે પુરુષો, પોતાના હૃદયાકાશમાં રહેલા નિર્વિષય આત્માને જાણે છે, તેઓ ઉત્તમ જ્ઞાન સંપાદન કરે છે.[૫૫] વળી જે પુરુષ, આ (બ્રહ્મસ્વરૂપ) જ્ઞાનનેજ સર્વ પ્રાણીઓના ઉત્પત્તિસ્થાન તથા લયસ્થાનતરીકે જાણે છે અને ધીમે ધીમે પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી તેનું અવલોકન કરે છે, તેને અનંત શાંતિસુખ પ્રાપ્ત થાય છે;[૫૬] તેમજ જે પુરુષ ધર્માર્થકામરૂપ ત્રિવર્ગને નાશવંત સમજીને ત્યજી દે છે અને માનસિક યોગધર્મદ્વારા આત્મતત્ત્વનું શોધન કરે છે, તે પુરુષ તત્ત્વવેત્તા થઇ શકે છે અને આત્મદર્શનદ્વારાજ સર્વ રીતે સંપૂર્ણકામ બને છે;[૫૭] પરંતુ જેઓએ પોતાના મનને જીત્યું નથી તેવા અકૃતાત્મા પુરુષો, જે તે વિષયમાં પડી પાથરી રહેનારી નિર્વાર ઇંદ્રિયોદ્વારા આત્માને વિભાગ પ્રમાણે જોઈ શકતા નથી–અર્થાત જગત આત્માથી ભિન્ન છે અને આત્મા જગતથી ભિન્ન છે, એવું જ્ઞાન મેળવી શકતા નથી.[૫૮] બસ, આ આત્મજ્ઞાન મેળવીનેજ પુરુષ જ્ઞાની થઇ શકે છે, તોપછી જ્ઞાનીનું બીજું લક્ષણ શું હોઇ શકે ? બુદ્ધિમાન પુરુષો, આત્મવિષયક જ્ઞાન મેળવીનેજ પોતાને કૃતાર્થ માને છે;[૫૯] અને જેઓએ આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેઓને આ સંસારથી લેશમાત્ર ભય નથી, પરંતુ જેઓ અજ્ઞાની હોય છે તેઓને તો અતિ મહાન ભય રહે છે. (વળી બંધ અને મોક્ષનાં મુખ્ય કારણ અજ્ઞાનનો સંસર્ગ અને અસંસર્ગજ છે, જેથી) હરકોઈ જ્ઞાની પુરુષની સ્વરૂપમુક્તિ નામની એકસરખીજ ગતિ થાય છે, નહિ કે કોઇની ગતિમાં કંઈ અધિકતા હોય છે ! કારણ કે સગુણ બ્રહ્મનો આશ્રય કરનારાઓનીજ જૂદી ગતિ હોય છે પણ નિર્ગુણ બ્રહ્મનો આશ્રય કરનારાઓ તો એકસરખીજ ગતિને પામે છે.[૬૦] જે પુરુષ, ફલેચ્છાનો ત્યાગ કરી કેવળ નિષ્કામ કર્મોજ કર્યા કરે છે, તે પુરુષનાં પ્રાચીન કર્મોનો ક્ષય થાય છે અને એવા જ્ઞાની પુરુષે કરેલાં ભૂતકાલનાં તથા વર્તમાનકાલનાં કર્મો તેને બંધનકર્તા પણ થતાં નથી, તેમ મોક્ષદાતા પણ થતાં નથી. (અર્થાત નિષ્કામબુદ્ધિથી કરેલાં કર્મો ચિત્તશુદ્ધિને આપનારાં છે પણ મોક્ષને આપનારાં નથી, તેમ બંધનકર્તા પણ નથી અને મોક્ષ તો કેવળ જ્ઞાનદ્વારાજ મળી શકે છે એમ સમજવું.)[૬૧] જે મનુષ્ય આ સંસારની સત્ય પરીક્ષા કરનારો છે તે કામક્રોધાદિનાં દુઃખોથી જર્જર બની ગયેલા સંસારગ્રસ્ત મનુષ્યોને ધિક્કારી કાઢે છે; કેમકે તે સમજી શક્યો છે કે, કામક્રોધને અધીન થઇને કરવામાં આવતાં નિંદ્ય કર્મો, તેના કર્તાને સર્વ પ્રકારની યોનિઓમાં ધક્કેલી દે છે.[૬૨] હે રાજા! આ લોકમાં જેઓ કામક્રોધને અધીન થયેલા છે અને તેથીજ અનેક પ્રકારે શોક કરી રહ્યા છે, તેવા મનુષ્યો તરફ તમે લક્ષ્યપૂર્વક દૃષ્ટિ કરો અને જેઓ સારાસારનો વિવેક કરવામાં નિપુણ હોય છે તથા જ્ઞાનદ્વારા શોકરહિત રહે છે, તે મનુષ્યોના તરફ દૃષ્ટિ કરો! (જેથી તમે જાણી શકશો કે, તે બન્ને પ્રકારના મનુષ્યોમાં કોણ સુખી છે?) આ જગતમાં જેઓ સગુણ બ્રહ્મનું ઉપાસન કરનારા છે તેઓની ક્રમમુક્તિ થાય છે, પણ જે જ્ઞાનીઓ નિર્ગુણ બ્રહ્મનું ઉપાસન કરનારા છે, તેઓની સદ્યોમુક્તિ (તત્કાળ મુક્તિ) થાય છે. (એ પણ લક્ષ્યમાં રાખવું)[૬૩]

ઇતિ શ્રીમ૦ભા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "અધ્યાત્મકથન" એ વિષયનો અધ્યાય
૧૯૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૫ મો

ધ્યાનયોગ

॥ भीष्म उवाच ॥

हंत वक्ष्यामि ते पार्थ ध्यानयोगं चतुर्विधम्।
यं ज्ञात्वा शाश्वतीं सिद्धिं गच्छंतीह महर्षयः॥

ભીષ્મે કહ્યું:–" હે પાર્થ ! હવે હું તમને *ચાર પ્રકારનો ધ્યાનયોગ કહું છું, જેનું જ્ઞાન મેળવીને મહર્ષિઓ સનાતન સિદ્ધિને સંપાદન કરે છે.[1] જેઓનું મન કેવળ મોક્ષમાંજ લાગેલું હોય છે અને જેઓ જ્ઞાનલાભમાંજ તૃપ્ત રહે છે, તેવા યોગનિષ્ઠ મહર્ષિઓ એવા પ્રકારનું ઉત્તમ ધ્યાન કરે છે, જેથી હે પાર્થ! સંસારના દોષથી મુક્ત થયેલા, આત્મસ્વરૂપમાં સ્થિર થયેલા અને જન્મમરણના દોષથી છૂટી ગયેલા તે યોગીઓ, પુનઃ સંસારના ફેરામાં પડતા નથી, પરંતુ મોક્ષપદને પામી જાય છે.[2,3] વળી તેવા યોગી પુરુષો ટાઢ, તાપ વગેરે દ્વંદ્વોને સહન કરે છે, નિત્ય સ્વયંપ્રકાશસ્વરૂપમાં સ્થિત રહે છે, લોભવગેરે દુર્ગુણોથી રહિત હોય છે અને શૌચ, સંતોષ વગેરે ×નિયમોમાં એકનિષ્ઠ રહે છે. વળી તેઓ સ્ત્રીઆદિના સંગવિનાનાં, વિરુદ્ધ રીતના વાદ કરનારા પ્રતિપક્ષ વિનાનાં અને મનને શાંત કરનારાં સ્થાનકોનો આશ્રય કરે છે અને ત્યાં બેસીને ધ્યાનદ્વારા એકાગ્ર થયેલા મનને ધ્યેયવસ્તુમાં એકતાન કરે છે–સ્થિર કરે છે. મનનશીલ યોગી પુરુષે, કાષ્ઠની પેઠે નિશ્ચળ બેસીને, સર્વ ઇંદ્રિયોને એક ધ્યેય વસ્તુમાંજ સ્થાપી દેવી જોઇએ અને એવી તો તદાકાર કરવી જોઇએ, કે જેથી શ્રોત્રદ્વારા શબ્દનું શ્રવણ થઈ શકે નહિ, ત્વચાદ્વારા સ્પર્શને જાણી શકાય નહિ, ચક્ષુદ્વારા રૂપને જોઇ શકાય નહિ, જિહ્વાદ્વારા રસને અનુભવી શકાય નહિ અને ઘ્રાણેંદ્રિયદ્વારા સર્વ ગંધવાળા પદાર્થોને સુંઘી શકાય નહિ. આવી રીતે યોગવેત્તા પુરુષે, ધ્યાનદ્વારા સર્વ શબ્દાદિ વિષયોનો ત્યાગ કરી દેવો અને પાંચે ઇંદ્રિયોને મથી નાખનારા તે વિષયોની પોતાના યૌગિક વીર્યબળથી મનમાં ઇચ્છા પણ થવા દેવી નહિ.[4–7] પછી શ્રોત્રાદિ પાંચે ઇંદ્રિયોને મનમાં સ્થિર કરીને વિચક્ષણ યોગીએ, પાંચ ઇંદ્રિયોની સાથે વિષયોમાં ભ્રમણ કરનારા મનને કેવળ એક ધ્યેય વસ્તુમાંજ સ્થિર કરવું.[8] ધીર યોગીએ ધ્યાનમાર્ગમાં આરૂઢ થયા પહેલાં એજ કરવું જોઈએ કે, વિષયોમાં સંચાર કરી રહેલા, કોઇ પ્રકારના આલંબનવિનાના ઇંદ્રિયોરૂપી પાંચ દ્વારાવાળા અને સદાને માટે અત્યંત ચંચળ એવા પોતાના મનને હૃદયાકાશમાં સ્થાપિત કરવું–અર્થાત યોગશાસ્ત્રમાં કહેલાં ચાર પ્રકારનાં ધ્યાનાલંબનપૈકી કોઇ એકમાં સ્થિર કરવું.[9] જ્યારે એક યોગી પુરુષ પોતાની ઇંદ્રિયોને તથા મનને કેવળ ધ્યેયવસ્તુમાંજ લગાડી દે છે, ત્યારેજ તેનો ધ્યાનમાર્ગ આગળ વધી શકે છે. આવા હેતુથીજ મેં પ્રથમ એ વિષયનું વર્ણન કર્યું છે.[10] જો કે પાંચ ઇંદ્રિયોનો તથા છઠ્ઠા મનનો પ્રથમ સંપૂર્ણ રીતે નિરોધ કરવામાં આવ્યો હોય તોપણ પુનઃ તેની ચંચલતા થવા માટે સંભવ રહેજ છે; કારણ કે આમ તેમ ભમીને મેઘની અંદર લીન થયેલી વિજળી પુનઃ જેમ ચમકી નીકળે છે, તેમ ઇંદ્રિયો અને મન પણ પુનઃ ઉદ્ભ્રાંત થઇને વિષયો તરફ દોડી જાય છે.[11] જેમકે કમળના પત્ર ઉપર રહેલું જળનું બિંદુ, સર્વ તરફથી ચંચળ હોય છે, તેમ ધ્યાનમાર્ગમાં આરૂઢ થયેલા સાધકનું ચિત્ત પણ સર્વ તરફથી ચંચળ હોય છે.

---

* ચાર પ્રકારનાં આલંબનોના ભેદથી ધ્યાનયોગને ચાર પ્રકારનો કહ્યો છે. તે આલંબનો આ પ્રકારે છે:–રેચક અથવા પૂરકના અભ્યાસથી વાયુને સ્થિર કરીને પ્રાણાયામ કરવો અને મનને તેનું આલંબન આપીને સ્થિર કરવું, કેમકે વાયુની સ્થિરતા થયા પછી મનની સ્થિરતા અવશ્ય થાય છે; અથવા સૂર્ય, ચંદ્ર, તેઓનાં કિરણો કે પ્રતિમા–વગેરે બાહ્ય પદાર્થોનું મનને આલંબન આપવું; અથવા નાસિકાનો અગ્રભાગ કે જિહ્વાનો અગ્રભાગ વગેરે હરકોઇ આભ્યંતર પદાર્થનું મનને આલંબન આપવું; અથવા જાગ્રત્ અને નિદ્રાવસ્થાના મધ્યમાં જે અસ્મિતામાત્રનો આભાસ થાય છે તેનેજ મનનું આલંબન બનાવવું અથવા પોતાના ઇષ્ટદેવ શંકર, વિષ્ણુ–વગેરેનું કે ષટ્ચક્ર દેવતા આદિનું મનને આલંબન આપી, તેને સ્થિર કરવું. **નીલકંઠ**

× **शौचसंतोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः** (યોગસૂત્ર)—બાહ્યાભ્યંતર પવિત્રતા જાળવવી, સંતોષ રાખવો, તપશ્ચર્યા કરવી, વેદાંતશાસ્ત્રનો સ્વાધ્યાય કરવો અને ઈશ્વરનું ધ્યાન કરવું–આ પાંચ યોગસાધનાના નિયમો છે.

આવું ચંચળ મન કોઇ સમયે બરાબર એકાગ્ર થયું હોય છે તો એક ક્ષણભર ધ્યાનમાર્ગમાં સ્થિર રહે છે; પરંતુ નાડીમાર્ગમાં પહોંચ્યા પછી (ત્યાં અનેક પ્રકારનાં સ્વરૂપો જોઇને)પાછું વાયુની પેઠે ભ્રમિત બની જાય છે;[૧૩] તોપણ યોગને જાણનારા સાધક પુરુષે, ખેદ પામ્યાવિના ક્લેશોનો, આળસનો તથા મત્સરનો ત્યાગ કરીને પુનઃ ધ્યાનમગ્ન થવું અને ચિત્તને સ્થિર કરવું.[૧૪] જે મુનિએ, પ્રથમજ યોગાભ્યાસ કરવાનો આરંભ કર્યો હોય છે, તેને અધિકારપરત્વે વિચાર, વિવેક અથવા વિતર્ક નામનું ધ્યાન સાધ્ય થાય છે.[૧૫]* આ ત્રણમાંનું કોઇએક ધ્યાન કરતાં કરતાં મનમાં ગમે તેટલો ક્લેશ થાય તોપણ મનનશીલ સાધકે ખિન્ન થવું નહિ, પરંતુ પરિણામે હિતકારક એવી ચિત્તની એકાગ્રતાજ કરવી;[૧૬] કારણ કે જેમ ધૂળ, રાખ અને અડાયાં છાણાંના ભૂકાના એકત્રિત કરેલા ઢગલાઉપર જળનું સિંચન કરતાંની સાથેજ તેમાંથી મૂત વગેરે આકારો ઘડાઇ જતા નથી; પરંતુ ચીકાશવિનાનું તે શુષ્ક ચૂર્ણ અમુક કાળસુધી પાણીમાં પલળ્યા કરે છે ત્યારેજ તેમાં કંઇક ચીકાશ આવે છે અને પછી ક્રમે ક્રમે તેમાંથી મૂર્તિઓ વગેરે આકારો બનાવી શકાય છે.[૧૭,૧૮] તેમજ ઇંદ્રિયો અને મનને એકદમ સ્થિરકરી શકાતાં નથી; પરંતુ ક્રમે ક્રમે ધ્યાનમાર્ગમાં આગળ વધ્યા પછીજ તેઓને સ્થિર કરી શકાય છે અને ધ્યાન કરવા યોગ્ય મૂર્તિ આદિના આકારસ્વરૂપ પણ બનાવી શકાય છે; એટલુંજ નહિ પરંતુ એ રીતે જ્યારે ધ્યેયવસ્તુના સર્વ અવયવોમાં ચિત્તની સ્થિરતા થઇ જાય, ત્યારે ક્રમે ક્રમે એક એક અવયવને છોડતા જવું અને અંતે આખા આકારનો ત્યાગ કરીને રૂપરહિત ચિત્તનીજ ભાવના કરવી, જેથી તેને અત્યંત શાંત કરી શકાય છે-અર્થાત ક્રમે ક્રમે ધ્યાનમાર્ગમાં આગળ વધીને ચિત્તને નિર્વિકલ્પ સ્વરૂપ બનાવી શકાય છે.[૧૯]÷ હે ભરતવંશી રાજા! આ પ્રમાણે નિત્ય યોગાભ્યાસ કરીને બુદ્ધિ, મન તથા ઇંદ્રિયોને પૂર્વોક્ત ધ્યાનમાર્ગમાં સ્થિર કરવાં, જેથી પોતાની મેળેજ

---

* જે અધિકારી મધ્યમ સ્થિતિનો હોય છે, તેને વિચાર નામનું ધ્યાન સાધ્ય થાય છે કે જે ધ્યાન, મનઃકલ્પિત મૂર્તિ વગેરેમાં ચિત્તની એકાગ્રતા કરવાથી થઇ શકે છે. આ ધ્યાનના બે ભેદ કહેવામાં આવ્યા છે. એક તો સવિચાર ધ્યાન અને બીજું નિર્વિચાર ધ્યાન. ઈશ્વરવાચક પ્રણવમંત્રનો જપ કરીને તથા તેના અર્થનો વિચાર કરીને જે ધ્યાન કરવામાં આવે છે, તેને સવિચાર ધ્યાન કહેવામાં આવે છે અને તે સિવાયના ધ્યાનને નિર્વિચાર ધ્યાન કહેવામાં આવે છે. જે અધિકારી અધમ સ્થિતિનો હોય છે, તેને વિતર્ક નામનું ધ્યાન સાધ્ય થાય છે. ભૌતિક સ્થૂલપદાર્થની મૂર્તિમાં પરમાત્માનું ધ્યાન કરવું તેને વિતર્ક ધ્યાન કહેવામાં આવે છે. આ વિતર્ક ધ્યાનના પણ બે ભેદ કહેલા છે. એક સવિતર્ક ધ્યાન અને બીજું નિર્વિતર્ક ધ્યાન. જો કે, પૂર્વોક્ત વિચારધ્યાનમાં તથા આ વિતર્કધ્યાનમાં મનઃકલ્પિત સૂક્ષ્મપદાર્થ અને ભૌતિક સ્થૂલપદાર્થજ ધ્યેયસ્વરૂપે હોય છે અને તેથી તે ધ્યાનના પ્રભાવથી ઈશ્વરસ્વરૂપ ન થતાં કદાચ ધ્યેયપદાર્થસ્વરૂપજ થઇ જવાય એવી શંકા થવાનો સંભવ છે; તોપણ ધ્યાનના મુખ્ય ઉદ્દેશને અનુસરીને સમાધાન થઇ શકે છે કે, તે ધ્યાનદ્વારા અનુક્રમે કેવળ બ્રહ્મસ્વરૂપજ થઈ શકાય છે. હવે, જે અધિકારી ઉત્તમ પ્રતિનો હોય છે તેને વિવેક નામનું ધ્યાન સાધ્ય થાય છે, કે જેમાં બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞના અન્યોન્યાધ્યાસની નિવૃત્તિ કરવાની હોય છે. આ ધ્યાન બીજાં સર્વ ધ્યાનો કરતાં ઉત્તમ છે.

÷ આ શ્લોકમાં કહેવાનો ભાવ એ છે કે, જે જે આલંબન ઉપર ચિત્ત સ્થિર થાય તે તે આલંબનનો ત્યાગ કરીને પગથીએ પગથીએ ઉપર ચઢવાની રીતે બીજાં બીજાં આલંબનોનો આશ્રય કરવો. આમ કરતાં કરતાં સર્વ આકારનો વિરામ થઇ જાય છે, ત્યારે આપોઆપ ચિત્ત શાંત થઇ જાય છે. ધ્યાનમાર્ગમાં, આગળ વધવામાટે યોગશાસ્ત્રમાં આવો ક્રમ પ્રસિદ્ધ છેઃ-પ્રથમ તો વિતર્ક સમાધિનોજ આશ્રય કરવો અને પછી વિતર્કસમાધિમાંથી વિચારસમાધિમાં જવું. વિચારસમાધિમાંથી આનંદસમાધિમાં જવું, આનંદસમાધિમાંથી અસ્મિતાસમાધિમાં જવું અને અસ્મિતાસમાધિમાંથી કૈવલ્યમાં જવું.

તેઓ શાંત થઈ જાય છે;[૨૦] અને એ રીતે મનને સમાધિનિષ્ઠ કરનારા યોગી પુરુષને જે પરમ સુખની પ્રાપ્તિ થાય છે, તે આ લોકમાં પુરુષાર્થ કરવાથી મળતું નથી કે દૈવબળનો આશ્રય કરવાથી પણ મળતું નથી.[૨૧] જે યોગી પુરુષ, તે પરમ સુખથી યુક્ત થાય છે તે પોતાની મેળેજ ધ્યાનકર્મમાં આસક્ત રહે છે અને અંતે તેવા યોગી પુરુષો, અદ્વૈત કૈવલ્યપદને પ્રાપ્ત થાય છે.[૨૨]

ઇતિશ્રી મહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ધ્યાનયોગકથન" એ વિષયનો અ૦ ૧૯૫ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૬ મો

જપયોગ

॥ युधिष्ठिर उवाच ॥

चातुराश्रम्यमुक्तं ते राजधर्मास्तथैव च ॥
नानाश्रयाश्च बहव इतिहासाः पृथग्विधाः ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:– "હે પિતામહ! તમે મને ચારે આશ્રમો તથા તેઓના ધર્મો કહ્યા, રાજધર્મો કહ્યા અને તેઓના સંબંધમાં અનેક પ્રકારના જૂદા જૂદા ઇતિહાસો પણ કહ્યા.[૧] તેમજ હે મહાબુદ્ધિમાન પિતામહ! મેં તમારી પાસેથી અનેક ધર્મયુક્ત કથાઓ સાંભળી, તોપણ હજી મને એક સંશય રહ્યો છે તેને તમારે દૂર કરવો જોઇએ.[૨] હે ભારત! જપ કરનારા પુરુષોને જે ફળની પ્રાપ્તિ થતી હોય, તેનું શ્રવણ કરવાની મને ઇચ્છા છે. જપ કરનારાઓને મળનારૂં કયું ફળ શાસ્ત્રમાં કહ્યું છે? જપ કરનારાઓ કયા લોકમાં નિવાસ કરે છે? અને જપ કરવા યોગ્ય મંત્રાદિનો સંપૂર્ણ વિધિ શો હોય છે? તે મને કહો. વળી હે નિર્દોષ પિતામહ! જપ કરનારાઓ જે વિધિને અનુસરે છે, તે શું વેદાંતશાસ્ત્રનો વિચાર હોય છે? અથવા યોગશાસ્ત્રનું અનુષ્ઠાન હોય છે? કે કર્મકાંડસંબંધી કોઇ વિધિ હોય છે? અથવા શું બ્રહ્મયજ્ઞનો વિધિ હોય છે? એ જપ કરવા યોગ્ય વસ્તુ શી છે? તે સર્વ મને કહો. હું માનું છું કે, તમે એક સર્વજ્ઞ પુરુષ છો."[૩–૫]

ભીષ્મે કહ્યું:–આ વિષયમાં એક પ્રાચીન ઇતિહાસ* કહેવામાં આવે છે, જેમાં યમનું, કાળનું (મૃત્યુનું) તથા એક બ્રાહ્મણનું વૃત્તાંત વર્ણવેલું છે.[૬]

મોક્ષદ્રષ્ટા મુનિઓએ વેદાંત અને યોગ, એવાં બે શાસ્ત્રો કહેલાં છે. તેમાંના વેદાંતશાસ્ત્રમાં જપવિધિનો ત્યાગ કરવા માટેજ કહ્યું છે; કેમકે વેદનાં સર્વ વાક્યો કેવળ નિવૃત્તિપ્રધાન છે, શાંતિનું પ્રતિપાદન કરનારાં છે અને બ્રહ્મમાંજ પર્યવસાન પામેલાં છે–અર્થાત્ જપવિધિ એ પ્રવૃત્તિરૂપ હોવાથી મોક્ષપ્રાપ્તિનું મુખ્ય સાધન નથી, જેથી વેદાંતદૃષ્ટિએ તે ત્યાજ્ય ગણાય છે; તોપણ સર્વત્ર સમાન દૃષ્ટિ રાખનારા મુનિઓએ યોગ અને વેદાંત નામનાં જે બન્ને શાસ્ત્રો કહ્યાં છે, તેમાં જપવિધિની અપેક્ષા રહે છે ખરી અને નથી પણ રહેતી–અર્થાત આ બંને માર્ગોમાં ઇશ્વરનો સાક્ષાત્કાર ન થયો હોય ત્યાંસુધી ચિત્તશુદ્ધિને અર્થે જપવિધિની અપેક્ષા રહે છે અને ઇશ્વરનો સાક્ષાત્કાર થયા પછી જપવિધિની અપેક્ષા રહેતી નથી. હે રાજન્! વેદાંત અને યોગશાસ્ત્ર શા હેતુથી જપવિધિનો આશ્રય કરે છે, તે વિષે હું તમને કહું છું. સાંભળો. આ બન્ને માર્ગોમાં મનનો નિગ્રહ તથા ઈંદ્રિયોનો જય અવશ્ય પ્રથમ ઉપકારક છે, એમ કહેવામાં આવ્યું છે. (અને તે, જપવિધિવિના સિદ્ધ થઇ શકે તેમ નથી.)[૯] વળી સત્ય, અગ્નિનું સેવન, આહારાદિકની શુદ્ધિ, ધ્યાન, તપ, દમ, ક્ષમા, અસૂયાનો ત્યાગ, મિતાહાર, વિષયનિવૃત્તિ, મિત ભાષણ અને શાંતિ– આ સર્વ ગુણો કેવળ જપયજ્ઞજ છે અને પ્રવૃત્તિમાર્ગપરાયણ હોઇને સ્વર્ગાદિ દિવ્ય લોકને આપનાર છે. આ સિવાયનો બીજો નિવૃત્તિપરાયણ જપયજ્ઞ પણ છે અને તે હું તમને કહું છું. સાંભળો.[૧૦,૧૧] મનઃસમાધિ આદિ પૂર્વોક્ત ગુણોનેજ જો નિષ્કામ બુદ્ધિથી પાળવામાં આવે તો તે રૂપી નિવર્તક જપયજ્ઞ કરનાર બ્રહ્મનિષ્ઠ પુરુષનાં સર્વ કર્મો નિવૃત્ત થઇ જાય છે–તે પુરુષને મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.[૧૨] નિવૃત્તિમાર્ગનો આશ્રય

---

* આ ઇતિહાસનું સંપૂર્ણ વર્ણન ૧૯૯ મા અધ્યાયમાં આવશે.

કરીને તથા વિતર્ક, વિચાર, સાનંદ, સાસ્મિતા અને ભિન્ન નિર્વિષયક(નિરાલંબ)સમાધિમાં આરૂઢ થઇને બ્રહ્મનિષ્ઠ પુરુષે દર્ભના આસન ઉપરજ બેસવું જોઇએ, હાથમાં પણ દર્ભજ રાખવા જોઈએ, મસ્તક ઉપર પણ દર્ભજ રાખવા જોઇએ, ચોતરફ દર્ભથીજ વીંટાંઇને રહેવું અને મધ્યભાગમાં પણ દર્ભોથીજ ઢંકાયલા રહેવું.[૧૩,૧૪]× વળી તેણે વિષયોને તો નમસ્કારજ કરી દેવો, મનથી પણ તેઓનું ચિંતન કરવું નહિ, સર્વત્ર સમભાવ રાખીને મનમાંજ મનનો લય કરવો, બુદ્ધિથી બ્રહ્મનું ધ્યાન કરવું, ૐકાર અથવા ગાયત્રી આદિનો યથાયોગ્ય જાપ કરવો અને પછી જ્યારે ચિત્તશુદ્ધિ થઈ જાય ત્યારે કેવળ સમાધિનિષ્ઠ થઇને તે જપવિધિનો પણ ત્યાગ કરી દેવો.[૧૫,૧૬] હરકોઈ યોગી પુરુષ, ગાયત્રી આદિ મંત્રજાપના બળથી ધ્યાનશકિતને ઉત્પન્ન કરી શકે છે અને અંતઃકરણને શુદ્ધ કરી શકે છે; તેમજ તપોબળના પ્રભાવથી જિતેન્દ્રિય થઇને અને દ્વેષનો, કામનો, રાગનો, મોહનો તથા સુખદુઃખાદિ દ્વંદ્વનો પરિત્યાગ કરીને તે પુરુષ, કોઈને માટે શોક કરતો નથી અને કોઈ વસ્તુમાં આસક્ત પણ થતો નથી. વળી તે પુરુષ કોઈ જાતનાં કર્મો કરતો નથી તેમ કર્મોના ફળભોગની ઇચ્છા પણ રાખતો નથી;[૧૭,૧૮] એટલુંજ નહિ પરંતુ તેના મનમાં અહંકારનો કદી સંબંધજ થતો નથી, દ્રવ્યાદિનો સંગ્રહ કરવામાં તેને આસક્તિ રહેતી નથી, કોઈનું તે અપમાન કરતો નથી, સર્વથાક્રિયાઓનો ત્યાગ કરતો નથી, ધ્યાનક્રિયામાં પરાયણ રહે છે, યોગસાધનામાં તત્પર રહે છે, ધ્યાનનિષ્ઠ રહે છે, ધ્યાનદ્વારાજ તત્ત્વવસ્તુનો નિશ્ચય કરે છે અને ધ્યાનરૂપ આલંબનમાં ચિત્તને એકાગ્ર કર્યા પછી તે સમાધિરૂપ આલંબનનો પણ અનુક્રમે ત્યાગ કરી દે છે.[૧૯,૨૦] એ પ્રમાણે સર્વ આલંબનોનો ત્યાગ કર્યા પછી તે યોગીને નિર્બીજ સમાધિસુખનું અથવા અસંપ્રજ્ઞાત સમાધિસુખનું ભાન થાય છે;અને તે અવસ્થામાં ગયા પછી અણિમાદિક અષ્ટસિદ્ધિઓમાં પણ નિરપેક્ષ થયેલો તે યોગી,પ્રાણોનો જો ત્યાગ કરે છે તો બ્રહ્મદેવના શરીરમાં પ્રવેશ કરે છે[૨૧] અથવા એ રીતે બ્રહ્મદેવના શરીરમાં પ્રવેશ કરવાની પણ તેને ઈચ્છા ન હોય તો તે યોગી, દેવયાન માર્ગદ્વારા કૈવલ્યપદને પ્રાપ્ત કરે છે અને પોતાની ઈચ્છા હોય તો બ્રહ્મલોકમાંજ પ્રયાણ કરે છે;પરંતુ પુનઃ સંસારમાં ઉત્પન્ન થતો નથી.[૨૨] આ રીતે આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરીને સર્વ કામનાઓથી રહિત થએલો અને જરામરણ આદિ ધર્મોથી મુક્ત થએલો યોગી પુરુષ રજોગુણથી રહિત અને અમૃતસ્વરૂપ એવા શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે.[૨૩]

ઇતિશ્રીમહા૦શાંતિ૦મોક્ષ૦પર્વમાં“જાપક ઉપાખ્યાન” એ વિષયનો અ૦ ૧૯૬ મો સમાપ્ત.

* * *

અધ્યાય ૧૯૭ મો

જપયોગનું ફળ

॥ युधिष्ठिर उवाच ॥

गतीनामुत्तमाप्राप्तिः कथिताजापकेष्विह ॥
एकैवैषा गतिस्तेषामुत यांत्यपरामपि ॥१॥

યુધિષ્ઠિરે પૂછયું:-“ હે પિતામહ ! જપ કરનારા પુરુષોને (યોગસિદ્ધિની પ્રાપ્તિદ્વારા

× આ ચૌદમા શ્લોકમાં જ્યાં જ્યાં દર્ભ શબ્દ વપરાયો છે તેનો અર્થ “હૃદયપિંડમાંથી નીકળેલી નાડીઓ” એવો થઇ શકે છે. એ નાડીઓનુ ઉત્પત્તિસ્થાન—હૃદયપિંડ, કદંબપુષ્પની કળીના જેવું છે અને તેમાંથી નીકળેલી નાડીઓ દર્ભની પેઠે મૂળભાગમાં જાડી અને અગ્રભાગમાં સૂક્ષ્મ છે. આ નાડીઓ પોતાના અગ્રભાગથી હૃદયપિંડને સ્પર્શ કરે છે અને મૂળભાગથી આખા બ્રહ્માંડમાં વ્યાપ્ત થઇને રહેલી છે. આવા હેતુથીજ મૂળમાં આત્મપુરુષને દર્ભના આસન ઉપર બેઠેલો કહ્યો છે. એ નાડીઓ આગળ પ્રસરેલી છે, માટે હાથમાં દર્ભવાળો કહ્યો છે; ઉપરના ભાગમાં પણ રહેલી છે માટે મસ્તકપર દર્ભવાળો કહ્યો છે; ચોબાજુ રહેલી છે માટે ચોબાજુ દર્ભથી વીંટાયલો કહ્યો છે અને હૃદયપિંડમાં પણ નાડીઓ રહેલી છે, માટે મધ્યભાગમાં પણ દર્ભથી ઢંકાયલો કહ્યો છે. તાત્પર્ય કે, દીવો જેમ ઘડામાં વ્યાપ્ત થઇ રહે છે, તેમ પુરુષ પણ બ્રહ્માંડમાં વ્યાપ્ત થઈ રહેલો છે.

જરામરણથી રહિતપણું, ઇચ્છાનુસાર દેહત્યાગ, બ્રહ્મલોકપ્રત્યે ગમન અને શુદ્ધ કૈવલ્ય પદની પ્રાપ્તિરૂપ) ઉત્તમ ગતિ મળે છે, એમ તમે કહ્યું. તે ઉપરથી હું પૂછું છું કે, તેઓને એ એકજ ગતિ મળે છે કે બીજી કોઇ ગતિને પણ તેઓ પામે છે?”

ભીષ્મે કહ્યું:-“ હે રાજન્ ! જપ કરનારા પુરુષોને જે જે ગતિ પ્રાપ્ત થાય છે, તે હું તમને કહું છું. સાવધાન થઇને તમે સાંભળો. હે પુરુષશ્રેષ્ઠ ! જપ કરનારા પુરુષો, (બુદ્ધિના અનેક ભેદોને લીધે) અનેક નરકોમાં પણ પડે છે.[2] જે જાપક પુરુષ, મેં કહેલા (પૂર્વોક્ત) પ્રકારને અનુસરીને જપયજ્ઞ કરતો નથી પણ અંગોની અપૂર્ણતાવાળો જપ કરવામાં તત્પર રહે છે, તે નરકમાં પડે છે.[3] વળી જે જાપક પુરુષ, શ્રદ્ધા રાખ્યા વિના જપ કરે છે અને જપ કરીને પ્રસન્ન થતો નથી કે હર્ષ પામતો નથી, તે અવશ્ય નરકમાંજ જાય છે;[4] તેમજ જપ કરીને અહંકાર કરનારા તથા બીજાનું અપમાન કરનારા સર્વ પુરુષો, નરકને પામે છે.[5] વળી જે પુરુષ, મોહાધીન થઇને અમુક કોઈ ફળ મેળવવાની ઈચ્છાથી જપ કરે છે, તે પુરુષ પોતે જે જે ફળમાં પ્રીતિ કરી હોય ત્યાં ઉત્પન્ન થાય છે.[6] જે જાપક પુરુષ, અણિમાદિક અષ્ટસિદ્ધિઓ મેળવવા માટે જપ કરે છે અને તે તે સિદ્ધિઓ સંપાદન કરીને તેમાં આસક્ત બની જાય છે, તે પુરુષની તે આસક્તિજ નરકરૂપ છે અને તેમાંથી તેની કદી મુક્તિજ થતી નથી.[7] મોહવશ થયેલો જાપક પુરુષ, જે જે વસ્તુ ઉપર રાગ કરીને જપ કરે છે, તે તે વસ્તુમાં તેની ઉત્પત્તિ થાય છે.[8] વળી ભોગોમાં આસક્ત થયેલી દુષ્ટ બુદ્ધિવાળો અને ભોગોના પરિણામની દુષ્ટતાને નહિ જાણનારો જાપક પુરુષ, મનની ચંચલતા હોવા છતાં જપ કરવાનો આરંભ કરે છે તો ચંચલ ગતિનેજ પામે છે અથવા નરકમાં પડે છે.[9] બુદ્ધિની અસ્થિરતા હોવા છતાં જપયજ્ઞનો આરંભ કરનાર મૂર્ખ પુરુષ મોહાધીન બની જાય છે અને મોહને લીધેજ નરકમાં જઈ પડીને પાછળથી શોક કરે છે.[10] તેમજ સંપૂર્ણ વૈરાગ્ય ન હોય છતાં દુરાગ્રહને લીધે “ગમે તે થશે તોપણ હું જપ કરીશ ” આવો નિશ્ચય કરીને જપ કરવાનો આરંભ કરે છે, તે પુરુષ પણ પોતાની અપૂર્ણતાને લીધે નરકમાંજ પડે છે.”[11]

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે રાજન્ !જે પરબ્રહ્મ સ્વભાવસિદ્ધ, મન-વાણીથી અગોચર અને પ્રણવમંત્રના જપથી પ્રાપ્ત થઇ શકે છે, તે પરબ્રહ્મને પ્રાપ્ત કરનારો જાપક પુરુષ, પુનઃ શરીરને શામાટે ધારણ કરે ?”[12]

ભીષ્મે કહ્યું:-જાપકની ગતિ ઉત્તમજ હોય છે, પરંતુ કામનાયુક્ત દુષ્ટ બુદ્ધિથી જપ કરનારા પુરુષને રાગાદિ અનેક દોષો ઘેરી વળે છે અને તે દોષોને લીધેજ જાપક પુરુષને અનેક પ્રકારનાં નરકોમાં પડવું પડે છે-અર્થાત વાસનાવાસિત બુદ્ધિવાળા જાપકનેજ નરકાદિગતિ પ્રાપ્ત થાય છે અને તેથી તેનેજ પુનઃ શરીર ધારણ કરવું પડે છે.[13]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ જાપક ઉપાખ્યાન ” એ વિષયનો
અ૦ ૧૯૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૮ મો

વાસનાવાસિત જાપકને કેવું નરક મળે છે?

॥ युधिष्ठिर उवाच ॥

कीदृशं निरयं याति जापको वर्णयस्व मे ॥
कौतूहलं हि राजन्मे तद्भवान् वक्तुमर्हसि॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે રાજન્ ! (વાસનાયુક્ત બુદ્ધિ હોવા છતાં) જપ કરનારો પુરુષ કેવા નરકમાં જાય છે? તે મને કહો; કેમકે તે સાંભળવાની મને ઉત્કટ ઇચ્છા છે.”[1]

ભીષ્મે કહ્યું:-“ હે નિર્દોષ રાજા ! તમે ધર્મના અંશમાંથી ઉત્પન્ન થયા છો અને તેથીજ સ્વાભાવિક રીતે ધર્મનિષ્ઠ છો; માટે ધર્મના કારણભૂત વેદને અનુસરીને હું જે વાકય કહું છું તેને તમે સાવધાન થઇને સાંભળો.[2] હે રાજન્ ! મહાબુદ્ધિમાન એવા દેવતાઓનાં જે જે સ્થાનો

છે તે બધાં ભિન્ન ભિન્ન આકૃતિવાળાં છે, ભાત ભાતના વર્ણવાળાં છે, અનેક પ્રકારનાં રૂપવાળાં છે, તરેહ તરેહનાં ફળ આપનારાં છે, દિવ્ય છે અને ઇચ્છાનુસાર ગતિ કરનારાં વિમાનો, સભાઓ, જૂદાં જૂદાં વિહારનાં સ્થાનો તથા સુવર્ણમય કમળોથી ભરપૂર છે.[૩,૪] ચારે લોકપાલોનાં, શુક્રનાં, બૃહસ્પતિનાં, મરુદ્ગણોનાં, વિશ્વેદેવાઓનાં, સાધ્ય દેવોનાં, અશ્વિનીકુમારોનાં, રુદ્રોનાં, આદિત્યોનાં, વસુઓનાં તથા બીજા સર્વ કોઈ દેવોનાં જે જે સ્થાનકો છે તે બધાં, હે તાત! પરમાત્માના સ્થાનની આગળ નરકસમાનજ છે-અર્થાત પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી તે દિવ્ય સ્થાનકો નરકસમાનજ લાગે છે;[૫,૬] કેમકે પરમાત્મસ્વરૂપરૂપી સ્થાન ભયરહિત છે, સ્વભાવસિદ્ધ છે, સર્વ પ્રકારના કલેશોથી રહિત છે, પ્રિય-અપ્રિયથી મુક્ત છે, સત્ત્વાદિક ત્રણ ગુણોથી રહિત છે, પાંચ મહાભૂતો, મન, બુદ્ધિ, વાસના, કર્મ, ઇંદ્રિયો, વાયુઓ અને અવિદ્યા, આ આઠે પદાર્થોથી અલિપ્ત છે; જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાન-એ ત્રણે ભાવોથી મુક્ત છે; દર્શન, શ્રવણ, મનન અને વિજ્ઞાન-એ ચારે લક્ષણોથી રહિત છે; પ્રત્યક્ષ, શાબ્દ, અનુમાન અને બુદ્ધિ-એ ચારે કારણોથી રહિત છે અને ઇષ્ટ વિષયના લાભવડે ઉત્પન્ન થનારા હર્ષથી તથા તેના ઉપભોગવડે ઉત્પન્ન થનારા આનંદથી રહિત છે અને શોક તથા પરિશ્રમથી પણ મુક્ત છે.[૭,૮] વળી હે રાજા! તે સ્થાનમાંથી કાળની ઉત્પત્તિ થાય છે, છતાં કાળની તે સ્થાન ઉપર સત્તા નથી પણ ઉલટું કાળ ઉપરજ તે સ્થાનનું પ્રભુત્વ છે અને સ્વર્ગનો પણ તે ઈશ્વર છે.[૯] જે પુરુષ કેવળ આત્મસ્વરૂપ થયેલો હોય છે, તે પુરુષને એ પરમ સ્થાન પ્રાપ્ત થાય છે અને ત્યાં ગયા પછી તે પુરુષને શોકજ થતો નથી. આ પરમ સ્થાનની સાથે સરખાવતાં બીજાં સર્વ સ્થાનો નરકતુલ્યજ જણાય છે.[૧૦] વાસનાવાસિત જાપક પુરુષને પરમાત્માનું પદ મળતું નથી; પરંતુ મેં કહેલાં આ નરકસ્થાનો (દિવ્યસ્થાનો-દેવતાઓનાં સ્થાનકો) મળે છે અને તેથીજ મેં તમને કહ્યું છે કે, વાસનાવાસિત જાપક પુરુષ નરકમાં પડે છે; કેમકે પરમાત્માના ઉત્તમ સ્થાનની અપેક્ષાએ દેવોનાં સર્વ સ્થાનો નરક જેવાંજ છે.[૧૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "જાપકનું ઉપાખ્યાન" એ વિષયનો અ૦ ૧૯૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૯ મો

નિષ્કામ જપયજ્ઞનું ફળ

॥ युधिष्ठिर उवाच ॥

कालमृत्युयमानां ते इक्ष्वाकोर्ब्राह्मणस्य च ॥
विवादो व्याहृतः पूर्वं तद्भवान् वक्तुमर्हसि॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પિતામહ! તમે પ્રથમ કહ્યું છે કે, આ જપવિધિના સંબંધમાં કાળ,* મૃત્યુ,+ યમ,× ઇશ્વાકુ રાજા અને બ્રાહ્મણનો પૂર્વે સંવાદ થયો હતો. તો હવે, તે સંવાદ તમારે મને કહેવો જોઈએ."[૧]

ભીષ્મે કહ્યું:-"હે રાજા! આ જપવિષયના સંબંધમાં સૂર્યપુત્ર ઇશ્વાકુ રાજા, બ્રાહ્મણ, કાળ, મૃત્યુ અને યમના વૃત્તાંતનો એક પ્રાચીન ઇતિહાસ કહેવામાં આવે છે. તેને તમે મારી પાસેથી સાંભળો. તેઓનો સંવાદ કેવા પ્રકારે થયો હતો અને કયે સ્થળે થયો હતો, તે પણ હું તમને કહું છું. પૂર્વે કોઈ એક ધર્મનિષ્ઠ બ્રાહ્મણ હમેશાં જપ કરવામાંજ તત્પર રહેતો હતો. તે બ્રાહ્મણ મહાયશસ્વી હતો, વેદનાં છયે÷ અંગોને જાણતો હતો, મહાબુદ્ધિમાન હતો, પિપ્પલાદ નામના બ્રાહ્મણનો પુત્ર હતો અને તેનું ગોત્ર 'કૌશિક' હતું.[૨-૪] એ બ્રાહ્મણને વેદોનાં છયે અંગોનું અપરોક્ષ (ત-

---

* આયુષ્યનું પરિમાણ કરનારો દેવ 'કાળ' કહેવાય છે.

+ સર્વના પ્રાણને હરણ કરનારો દેવ 'મૃત્યુ' કહેવાય છે.

× પુણ્ય-પાપના ફળને આપનારો દેવ 'યમ' કહેવાય છે.

÷ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, જ્યોતિષ, નિરુક્ત અને છંદ-આ છયે વેદોનાં અંગ ગણાય છે.

સ્વદર્શનાત્મક) જ્ઞાન થયું હતું, ચારે વેદોમાં તે કુશળ થયો હતો અને હિમાલયની તળેટીના પ્રદેશમાં તે રહેતો હતો.[૫] વળી તે બ્રાહ્મણ, અર્થજ્ઞાનપૂર્વક વેદાધ્યયન કરીને સ્વધર્મપાલનમાં તત્પર રહેતો હતો અને બરાબર સાવધાન થઈને ગાયત્રીમંત્રનો જાપ કર્યા કરતો હતો. આ રીતે નિયમનિષ્ઠ રહીને મંત્રજાપ કરતાં કરતાં તે બ્રાહ્મણનાં એક હજાર વર્ષ વીતી ગયાં,[૬] એટલે એક દિવસે દેવી સાવિત્રીએ (ગાયત્રીએ) તેને સાક્ષાત્ દર્શન દીધાં અને કહ્યું કેઃ—“ હું તારાપર પ્રસન્ન થઈ છું” પણ દેવી સાવિત્રીના આગમનસમયે તે બ્રાહ્મણ, મૌનવ્રત ધારણ કરીને જપ કર્યા કરતો હતો, જેથી દેવી સાવિત્રીપ્રત્યે તે કંઈ પણ બોલ્યો નહિ;[૭] પરંતુ વેદમાતા દેવી સાવિત્રી, તેના ઉપર પ્રસન્ન પ્રસન્ન થઈ ગયાં હતાં, જેથી કૃપાને અધીન થઈને તેના જપનાં તેમણે ઘણાં વખાણ કર્યાં.[૮] પછી જપ જ્યારે સમાપ્ત થયો, ત્યારે ધર્માત્મા એવો તે બ્રાહ્મણ, ઉઠીને ઉભો થયો અને દેવીના ચરણમાં મસ્તક નમાવીને આ પ્રમાણે બોલ્યોઃ—“ હે દોવ ! તમે મારાપર પ્રસન્ન થયાં અને મને પ્રત્યક્ષ દર્શન આપ્યાં, એ મારાં અહોભાગ્ય છે; અને વળી મારાપર તમે પ્રસન્ન થયાં છો તો હું પ્રાર્થના કરૂં છું કે, મારૂં મન હમેશાં જપ કરવામાંજ રમણ કર્યા કરો.[૯,૧૦]

સાવિત્રી બોલ્યાંઃ—“ હે બ્રહ્મર્ષિ ! તારી શી ઈચ્છા છે ? હું તારૂં શું પ્રિય કરૂં ? હે જાપકશ્રેષ્ઠ બ્રાહ્મણ ! બોલ, તારી જે ઇચ્છા હશે તે સર્વ સફળ થશે.”[૧૧] દેવીએ એ પ્રમાણે કહ્યું એટલે ધર્મવેત્તા બ્રાહ્મણે ફરી પણ કહ્યું કે, “ હે દેવિ ! જપ કરવામાં મારી ઇચ્છા વારંવાર વૃદ્ધિ પામ્યા કરે.[૧૨] વળી હે શુભે ! મારા મનની સમાધિ (એકાગ્રતા) પ્રતિદિન વૃદ્ધિ પામો. ” બ્રાહ્મણની એ પ્રાર્થના સાંભળીને દેવીએ “ તથાસ્તુ ” એવું મધુર વાક્ય કહીને તેને વરદાન આપ્યું[૧૩] અને તે ઉપરાંત બ્રાહ્મણનું પ્રિય કરવાની ઇચ્છાથી દેવીએ કહ્યું કેઃ—“જપ કરનારા અનેક ઉત્તમ બ્રાહ્મણો, જે નરકમાં (સ્વર્ગાદિલોકમાં) ગયા છે તે નરકમાં તું જઈશ નહિ, પણ તું તો સ્વભાવસિદ્ધ અને અનિંદ્ય એવા બ્રહ્મપદનેજ પામીશ. બસ, હવે હું જાઉં છું. તેં મારી પાસે જે પ્રાર્થના કરી છે તે સફળ થશે. તું નિયમનિષ્ઠ અને એકાગ્ર થઈને જપ કરવામાં તત્પર રહેજે. અહીં તારી પાસે ધર્મ, કાળ, મૃત્યુ અને યમ પોતે આવશે (તોપણ તેઓનો તને ભય રહેશે નહિ) અને તારો તથા તે દેવોનો ધર્માનુસાર વાદવિવાદ થશે. ”

ભીષ્મે કહ્યુંઃ—એ પ્રમાણે કહીને ભગવતી સાવિત્રી, પોતાના સ્થાન ભણી ચાલ્યાં ગયાં અને પેલો બ્રાહ્મણ પણ દેવતાઓનાં સો વર્ષપર્યંત જપપરાયણ રહીને ત્યાં ને ત્યાં બેસી રહ્યો. તેણે ઇંદ્રિયોને વશ કરી હતી, ક્રોધને જીતી લીધો હતો, પ્રતિજ્ઞાને પાળી હતી અને અસૂયાનો ત્યાગ કર્યો હતો.[૧૪-૧૮] બુદ્ધિમાન એવા તે બ્રાહ્મણનો, દેવતાઓનાં સો વર્ષપર્યંતનો એ નિયમ જ્યારે સમાપ્ત થયો, ત્યારે તેના ઉપર પ્રસન્ન થયેલા ધર્મે, તેને સાક્ષાત્ દર્શન આપ્યાં.[૧૯]

ધર્મે કહ્યુંઃ—“હે બ્રાહ્મણ! તું મારા તરફ દૃષ્ટિ કર. હું ધર્મ, તારાં દર્શન કરવા માટે આવ્યો છું. તેં આ (નિષ્કામ) જપયજ્ઞનું જે ફળ સંપાદન કર્યું છે તે હું તને કહું છું, સાંભળ.[૨૦] હે સત્પુરુષ ! તેં દેવતાઓના તથા મનુષ્યોના સર્વ લોકોને જીતી લીધા છે, જેથી તું દેવતાઓના સર્વ લોકોનું ઉલ્લંઘન કરીને તેનાથી આગળ જઈશ.[૨૧] હે મુનિ! હવે, તું પ્રાણોને ત્યજી દે અને તારી ઇચ્છામાં આવે તે દિવ્ય લોકમાં જા. ખરેખર, પોતાના શરીરનો ત્યાગ કરીને તું યથેષ્ટ લોકમાં જઈ શકીશ. ”[૨૨]

બ્રાહ્મણે કહ્યુંઃ—“ હે વ્યાપક ધર્મ ! મારે દિવ્ય લોકમાં જઈને શું કરવું છે? હું અનેક સુખદુઃખવાળા આ દેહનો ત્યાગ કરવા ઇચ્છતોજ નથી,* માટે તું સુખેથી જ્યાં જવું હોય ત્યાં ચાલ્યો જા. ”[૨૩]

ધર્મે કહ્યુંઃ—“ ઓ મહામુનિ ! તારે આ

---

* અર્થાત અનેક સુખદુઃખથી ભરેલા આ એક શરીરનો અનુભવ કર્યા પછી બીજું નવું શરીર ધારણ કરવાની મને ઇચ્છાજ નથી, કેમકે હું જાપક છું.

શરીરને અવશ્ય છોડવુંજ પડશે, માટે હે નિર્દોષ બ્રાહ્મણ! મારા વચનને અનુસરીને તું સ્વર્ગારોહણ કર અથવા તારી ઇચ્છામાં આવે તે લોકમાં જા. ”૨૪

બ્રાહ્મણે કહ્યું:–“ હે વ્યાપક ધર્મ ! આ દેહનો ત્યાગ કરીને સ્વર્ગવાસ કરવાની મને ઇચ્છાજ નથી. હું મારા શરીરવિના સ્વર્ગમાં જવાની શ્રદ્ધાજ રાખતો નથી.× માટે તું જા. ”૨૫

ધર્મે કહ્યું:–“ હે બ્રાહ્મણ! તું તારા દેહ ઉપર મન લગાડ મા, પણ દેહનો ત્યાગ કરીને સુખી થા. તું રજોગુણવિનાના દિવ્ય લોકોમાં જા, કે જ્યાં જઇને તને શોકજ થશે નહિ.”૨૬

બ્રાહ્મણે કહ્યું:–હે મહાભાગ્યશાળી ધર્મ ! જપ કરીનેજ હું આનંદ પામું છું, તો પછી સનાતન સ્વર્ગલોકમાં જવાનું મારે શું પ્રયોજન છે? છતાં હે વિભો ! હું સ્વર્ગલોકમાં જઇશ તો આ શરીરની સાથેજ જઇશ, નહિ તો ત્યાં જવાની મને ઇચ્છાજ નથી.”૨૭

ધર્મે કહ્યું:–“ હે બ્રાહ્મણ ! તું આ શરીરનો ત્યાગ કરવાની જો ઇચ્છા કરતો નથી તો જોઇ લે. આ કાળ, મૃત્યુ અને યમ, તારી પાસે આવી પહોંચ્યા છે. ”૨૮

ભીષ્મે કહ્યું:–“ધર્મે એ પ્રમાણે કહ્યું એટલે તુરતજ કાળ, મૃત્યુ અને યમ–એ ત્રણે જણા મોટા ભાગ્યવાળા તે બ્રાહ્મણની પાસે આવી પહોંચ્યા અને આ પ્રમાણે બોલ્યા.૨૯

યમે કહ્યું:–“હું યમદેવ તને કહું છું કે, આ મહાન તપશ્ચર્યાનું તથા સર્વોત્કૃષ્ટ સદાચારનું ઉત્તમ ફળ તને મળી ચૂકયું છે. (માટે આ દેહને હવે ત્યજી દે.)”૩૦

કાળે કહ્યું:–હું કાળ, તારી પાસે આવ્યો છું અને તને કહું છું કે, તેં યથાવિધિ કરેલા જપયજ્ઞનું અતિ ઉત્તમ ફળ તને મળ્યું છે અને વળી તારો સ્વર્ગારોહણનો સમય પણ થઈ ચૂકયો છે.

મૃત્યુએ કહ્યું:–“ હે ધર્મવેત્તા બ્રાહ્મણ! હું સાક્ષાત મૃત્યુ તારી પાસે આવ્યો છું અને કાળની પ્રેરણાથી આજે તને અહીંથી લઇ જવા માટે ઇચ્છું છું, એમ તું જાણ.”૩૨

બ્રાહ્મણે કહ્યું:–“ હે સૂર્યપુત્ર યમદેવ! હે મહાત્મા કાળ! હે મૃત્યુ! હે ધર્મ! તમે ભલે પધાર્યા. બોલો, હું તમારૂં શું પ્રિય કરૂં ?”૩૩

ભીષ્મે કહ્યું:–એ પ્રમાણે કહીને તે બ્રાહ્મણે, આગંતુક તે ચારે દેવોને અર્ઘ્ય તથા પાદ્ય અર્પણ કર્યું અને ફરી પણ કહ્યું કે:–“મારી શક્તિ અનુસાર હું તમારૂં શું પ્રિય કરૂં ?”૩૪

હે યુધિષ્ઠિર રાજા! એમ કહીને તે બ્રાહ્મણ, તેઓની આગતાસ્વાગતા કરતો હતો તેજ સમયે, ઇક્ષ્વાકુ નામનો રાજા, તીર્થયાત્રા કરતો કરતો ત્યાં આવી ચઢયો, કે જ્યાં તેઓ પાંચે જણા એકઠા થયા હતા.૩૫ રાજાઓમાં ઋષિસરખા મહારાજા ઇક્ષ્વાકુએ, તેઓ સર્વની પૂજા કરીને પ્રણામ કર્યા અને પછી તેઓને કુશલ પ્રશ્ન પૂછયો.૩૬ ત્યારે પેલા બ્રાહ્મણે પણ રાજા ઇક્ષ્વાકુને આસન, અર્ઘ્ય, પાદ્ય વગેરે અર્પણ કરીને કુશલ સમાચાર પૂછયા અને પછી આ પ્રમાણે કહ્યું:–૩૭ “હે મહારાજા! તું ભલે આવ્યો. બોલ, તારી શી ઇચ્છા છે? હું મારી શક્તિ પ્રમાણે તારૂં શું પ્રિય કરૂં, તે તું મને કહે.”૩૮

રાજાએ કહ્યું:– “ હું રાજા છું અને તમે (અધ્યયન, અધ્યાપન, યજન, યાજન, દાન અને પ્રતિગ્રહ એ) છ કર્મોમાં આસક્ત રહેનારા બ્રાહ્મણ છો, તેથી (તમારા પ્રતિગ્રહકર્મને અનુસરીને) તમે મને આજ્ઞા આપો એટલે સુવર્ણાદિક પ્રસિદ્ધ દ્રવ્યમાંનું કંઇક દ્રવ્ય હું તમને અર્પણ કરૂં.”૩૯

બ્રાહ્મણે કહ્યું:–“ હે રાજન્! બ્રાહ્મણો બે પ્રકારના હોય છે. એક તો પ્રવૃત્તિમાર્ગમાં રહેનારા અને બીજા નિવૃત્તિમાર્ગનો આશ્રય કરનારા; તેમજ ધર્મ પણ બે પ્રકારનો હોય છે–એક તો પ્રવૃત્તિરૂપ ધર્મ અને બીજો નિવૃત્તિરૂપ ધર્મ. તેમાં હું, નિવૃત્તિમાર્ગનો આશ્રય કરનારો છું અને તેથીજ પ્રતિગ્રહ કરવાથી નિવૃત્ત થયો છું.૪૦ હે રાજા! તું તેવા બ્રાહ્મણોનેજ દાન આપ, કે

× અર્થાત આત્મવસ્તુનો ત્યાગ કરીને અનાત્મ વસ્તુભૂત એવા સ્વર્ગાદિ લોક ઉપર મને રુચિ નથી અને આત્મારૂપ સ્વર્ગલોકસિવાયના લૌકિક સ્વર્ગલોકમાં જવાની મને શ્રદ્ધા નથી.

જેઓ પ્રવૃત્તિમાર્ગનો આશ્રય કરનારા હોય! હું પ્રતિગ્રહ કરતો નથી, માટેજ હું તને પૂછું છું કે, તારી શી ઇચ્છા છે? હું તને શું આપું? હે મહારાજા! મારા તપના પ્રભાવથી તારા કયા કાર્યને હું સિદ્ધ કરી આપું, તે તું મને કહે.”[૪૧]

રાજાએ કહ્યું:-“હે ઉત્તમ બ્રાહ્મણ! હું ક્ષત્રિય છું. ‘તમે મને આપો’ એવા યાચકવાક્યને હું જાણતો નથી. અમે ક્ષત્રિયો તો “યુદ્ધ આપ” એવુંજ વાક્ય બોલનારા છીએ.”[૪૨]

બ્રાહ્મણે કહ્યું:-હે રાજા! તું જેમ સ્વધર્મથી સંતુષ્ટ રહે છે, તેમ અમે પણ સ્વધર્મથીજ સંતુષ્ટ રહેનારા છીએ અને તેથીજ તારામાં ને મારામાં લેશમાત્ર અંતર નથી; તો હવે, તારી ઇચ્છામાં આવે તેમ કર.”[૪૩]

રાજાએ કહ્યું:-“હે બ્રાહ્મણ! તમે મને પ્રથમજ કહ્યું છે કે, મારી શક્તિ પ્રમાણે હું તને આપીશ, જેથી હું તમારી પાસે યાચના કરૂં છું કે, તમારા આ જપયજ્ઞનું સંપૂર્ણ ફળ મને આપી દો.”[૪૪]

બ્રાહ્મણે કહ્યું:-“તેં તો હમણાંજ આત્મશ્લાઘા કરી હતી કે, મારી વાણી હમેશાં યુદ્ધનીજ યાચના કરે છે પણ દાન લેવાની યાચના કરતી નથી; તો પછી તું મારી સાથે યુદ્ધ કરવાની કેમ યાચના કરતો નથી?”[૪૫]

રાજાએ કહ્યું:-“હે વિપ્ર! બ્રાહ્મણો વાણીરૂપી વજ્રવાળા હોય છે અને ક્ષત્રિયો પોતાના બાહુબળથી જીવનારા હોય છે, જેથી મેં તમારી સાથે વાણીરૂપી તીવ્ર યુદ્ધ કરવાનો વિચાર કર્યો છે.”

બ્રાહ્મણે કહ્યું:-“હજીસુધી પણ મારી તો એજ પ્રતિજ્ઞા છે કે, મારી શક્તિ અનુસાર હું તને શું આપું? માટે હે રાજેન્દ્ર! બોલ, વિલંબ કર મા. મારી પાસે જે વૈભવ હશે તે સર્વ હું તને આપીશ.”[૪૭]

રાજાએ કહ્યું:-“તમારે મને કંઇ આપવાનીજ જો ઈચ્છા છે તો હું યાચના કરૂં છું કે, સો વર્ષપર્યંત જપ જપીને તમે જે ફળ સંપાદન કર્યું છે તે મને આપો.”[૪૮]

બ્રાહ્મણે કહ્યું:-“મેં જે જપ જપ્યો છે તેનું ઉત્તમ ફળ વિનાવિચારે તું ગ્રહણ કર. તે જપનું અર્ધફળ, તને પ્રાપ્ત થાઓ;[૪૯] અથવા હે રાજન્! મારા જપનું સમગ્ર ફળ મેળવવાની તને ઇચ્છા હોય તો ભલે, તે સર્વ ફળ તને પ્રાપ્ત થાઓ.”[૫૦]

રાજાએ કહ્યું:-“તમારા જપનું સમગ્ર ફળ મેળવવાની મને ઈચ્છા નથી. તમારૂં કલ્યાણ થાઓ. હવે હું જાઉં છું, પરંતુ હું તમને પૂછું છું કે, મેં તમારી પાસે જે જપના ફળની યાચના કરી હતી તે જપનું ફળ શું છે? તે મને કહો.”[૫૧]

બ્રાહ્મણે કહ્યું:-“મેં જપેલા જપનું શું ફળ પ્રાપ્ત થયું છે, તે હું જાણતો નથી; તોપણ મારા જપયજ્ઞનું સર્વ ફળ મેં તને આપી દીધું છે અને તે વાતમાં આ ધર્મ, કાળ, યમ અને મૃત્યુ સાક્ષીભૂત છે.”[૫૨]

રાજાએ કહ્યું:-“જે તમારા જપધર્મનું ફળ હજીસુધી જણાયું નથી, તે મારૂં શું કલ્યાણ કરશે? વળી જો તમારા જપધર્મનું ફળ તમે મને કહેતા નથી, તો એ ફળ તમને પોતાનેજ ભલે મળે; કેમકે તેવા સંશયભરેલા ફળની મને ઈચ્છા નથી.”[૫૩]

બ્રાહ્મણે કહ્યું:-“હું હવે બીજું કંઇપણ કહેવા માગતો નથી. મેં તો મારા જપનું ફળ તને અર્પણ કરી દીધું છે. તો હે રાજર્ષિ! તારૂં અને મારૂં બન્નેનું વાક્ય હવે પ્રમાણભૂતજ થવું જોઈએ.[૫૪] મેં પૂર્વે જે જપ કર્યો છે તેના ફળની કદી અપેક્ષાજ રાખી નથી-અર્થાત નિષ્કામ બુદ્ધિથી મેં જપધર્મ આચર્યો છે; તો હે રાજસિંહ! એ નિષ્કામ જપના ફળને હું કેવી રીતે જાણી શકું?[૫૫] તેં મારી પાસે યાચના કરી હતી કે, તમારા જપનું ફળ મને આપો અને તે ઉપરથી મેં તને કહ્યું છે કે, જપનું ફળ હું તને આપું છું; તો હવે હું મારી વાણીને દૂષિત કરવા ઈચ્છતો નથી અને તું પણ સત્યની રક્ષા કર અને સ્થિર થા.[૫૬] હે રાજન્! આ પ્રમાણે હું તને કહું છું છતાં મારૂં વચન તું નહિ માને તો અસત્યથી ઉત્પન્ન થયેલો મહાન અધર્મ તને પ્રાપ્ત થશે.[૫૭] હે શત્રુદમન રાજા! અસત્ય વાણી બોલવી, એ

તને યોગ્ય નથી; તેમજ મારૂં વચન પણ હવે મિથ્યા થઈ શકે તેમ નથી.[૫૮] મેં કોઈ જાતનો વિચાર કર્યા વિનાજ પ્રથમ પ્રતિજ્ઞા કરી દીધી છે કે, મારા જપનું ફળ હું તને આપું છું. તો હવે, તું જો સત્યનિષ્ઠ હોય, તો વિચાર કર્યાવિના તેનો સ્વીકાર કર.[૫૯] હે રાજન્! અહીં આવીને તેં, મારીપાસે જપના ફળની યાચના કરી, જેથી મેં એ ફળ તને અર્પણ કર્યું છે; માટે હવે તેનો તું સ્વીકાર કર અને સત્યમાર્ગમાં સ્થિર થા.[૬૦] જે પુરુષ, અસત્ય ભાષણ કરવામાં તત્પર રહે છે, તે ઉભય લોકથી ભ્રષ્ટ થાય છે અને તે પુરુષ, પોતાના પૂર્વજોનેજ જ્યારે તારી શકતો નથી, ત્યારે પોતાની ભવિષ્યત્સંતતિને તો ક્યાંથીજ તારી શકે?[૬૧] હે મહાપુરુષ! આ લોકમાંથી અને પરલોકમાંથી જે પ્રમાણે સત્ય તારે છે, તે પ્રમાણે યજ્ઞ, દાન, તપ કે નિયમો મનુષ્યને તારી શકતા નથી.[૬૨] સેંકડો અને લાખો પ્રકારનાં તપશ્ચરણો મનુષ્યોએ કર્યાં હશે અને ભવિષ્યમાં કરશે; પરંતુ એ બધાની યોગ્યતા સત્યના કરતાં અધિક નથી.[૬૩] સત્ય એક અવિનાશી બ્રહ્મ છે, સત્ય એક અવિનાશી તપ છે, સત્ય એક અવિનાશી યજ્ઞ છે અને સત્ય એક આવનાશી શાસ્ત્ર છે.[૬૪] વેદોમાં પણ સત્યની સતત જાગૃતિ છે, સત્યની અંદર ઉત્તમ ફળ રહેલું છે. એમ ધર્મશાસ્ત્ર કહે છે. સત્યને લીધે ધર્મ તથા ઇંદ્રિયનિગ્રહ થઈ શકે છે અને સત્યમાંજ સર્વકંઇ સમાયલું છે.[૬૫] સત્ય વેદસ્વરૂપ છે, સત્ય વેદનાં છ અંગો છે, સત્ય સર્વ વિદ્યારૂપ છે, સત્ય વિધિસ્વરૂપ છે, સત્યજ વ્રતચર્યારૂપ છે અને ૐકાર મંત્ર પણ સત્યનુંજ સ્વરૂપ છે.[૬૬] અરે! સત્યજ પ્રાણીઓને ઉત્પન્ન કરનારૂં છે. સત્ય સર્વ પ્રજાસ્વરૂપ છે, સત્યને લીધે વાયુ વાય છે અને સત્યના આધારેજ સૂર્ય તપી રહ્યો છે;[૬૭] એટલુંજ નહિ પણ સત્યને લીધેજ અગ્નિદેવ બળી રહ્યો છે, સ્વર્ગ પણ સત્યને આધારેજ ટકી રહ્યું છે અને યજ્ઞ, તપ, વેદ, મંત્ર, સરસ્વતી તથા સામવેદના 'હાઉ' વગેરે અર્થશૂન્ય વર્ણો એ બધા સત્યસ્વરૂપજ છે.[૬૮] અમે સાંભળ્યું છે કે, એક સમયે ધર્મને તથા સત્યને ત્રાજવામાં નાખીને જ્યારે તોળી જોયાં હતાં, ત્યારે સત્યનુંજ વજન અધિક થયું હતું.[૬૯] વળી જે સ્થળે ધર્મ હોય છે, ત્યાં સત્ય હોયજ છે અને સર્વ કોઇની સત્યથીજ વૃદ્ધિ થાય છે; તો પછી હે રાજન્! શામાટે અસત્ય કર્મ કરવાની તું ઇચ્છા કરે છે?[૭૦] હે રાજા! તું તારા ભાવને સત્યમાંજ સ્થિર કર; પણ અસત્યમાં જવા ન દે. "મને આપો" એમ પ્રથમ કહીને હવે, શામાટે તે વાક્યને અસત્ય અને દુષ્ટ કરે છે?[૭૧] હે રાજા! મેં મારા જપનું ફળ તને આપી દીધું છે, છતાં તેનો સ્વીકાર કરવાની તું ઇચ્છા કરે નહિ, તો યાદ રાખજે કે, ધર્મથી ભ્રષ્ટ થઇને અનેક નારકી લોકમાં તારે રઝળવું પડશે.[૭૨] જે પુરુષ "હું આપીશ" એવી પ્રતિજ્ઞા કર્યા પછી આપવા ઇચ્છતો નથી અને જે પુરુષ, "મને આપો" એવી યાચના કર્યાપછી લેવાની ઇચ્છા કરતો નથી, તેઓ બન્ને જણા મિથ્યાવાદી ગણાય છે; માટે તું તારા વાક્યને મિથ્યા કરવાને યોગ્ય નથી."[૭૩]

રાજાએ:કહ્યું:-"હે બ્રાહ્મણ! યુદ્ધ કરવું અને રક્ષા કરવી, એ ક્ષત્રિયોનો ધર્મ છે. વળી ક્ષત્રિયો હમેશાં દાન કરનારાજ હોય છે, પણ દાન લેનારા હોતા નથી; તો પછી હું ક્ષત્રિય તમારી પાસેથી દાનનો પ્રતિગ્રહ કેવી રીતે કરૂં?"[૭૪]

બ્રાહ્મણે કહ્યું:-"અરે ઓ રાજા! દાન લેવા માટે મેં તને વિનવ્યો ન હતો. તેમજ દાન દેવા માટે હું તારે ઘેર પણ આવ્યો ન હતો. તેં પોતેજ અહીં આવીને મારી પાસે યાચના કરી છે તો હવે, શામાટે પ્રતિગ્રહ કરતો નથી?"[૭૫]

ધર્મે કહ્યું:-"તમે બન્ને જણા વાદવિવાદ કરો મા. હું ધર્મ, તેનો નિર્ણય કરવા માટેજ અહીં આવ્યો છું, એમ તમે જાણો. હું કહું છું કે, આ બ્રાહ્મણને દાનનું ફળ મળશે અને રાજાને સત્યનું ફળ મળશે."[૭૬]

સ્વર્ગે કહ્યું:-"હે રાજેન્દ્ર! તું જાણ કે, હું મૂર્તિમાન સ્વર્ગ પોતે અહીં આવેલ છું. તમે બન્ને જણા વાદવિવાદ કરો મા. તમને બન્નેને સરખુંજ ફળ મળશે."[૭૭]

રાજાએ કહ્યું:-“ મારે સ્વર્ગનું કંઇ પણ કામ નથી, માટે હે સ્વર્ગ ! તું જેમ આવ્યું હોય તેમ પાછું જા. આ બ્રાહ્મણને સ્વર્ગમાં જવાની જો ઇચ્છા હોય તો મેં આચરેલા ધર્મના ફળને ભલે ગ્રહણ કરે. ”૭૮

બ્રાહ્મણે કહ્યું:-“મેં બાલ્યાવસ્થામાં અજ્ઞાનને લીધે કોઇની પાસે હાથ લાંબો કર્યો હોય તો ઈશ્વર જાણે; પરંતુ આ સમયે તો ગાયત્રી મંત્રનો જપ કરીને નિવૃત્તિપ્રધાન ધર્મની હું ઉપાસના કરૂં છું.૭૯ હે રાજન્ ! હું ઘણો સમય થયાં નિવૃત્તિમાર્ગનો આશ્રય કરી રહ્યો છું છતાં તું મને કેમ લોભાવે છે? હું મારા સ્વધર્મના પ્રભાવથીજ કાર્યને સિદ્ધ કરીશ; પરંતુ તારા તરફથી ફળ મેળવવાની ઇચ્છા રાખીશ નહિ; કેમકે હે રાજા ! હું તપ અને સ્વાધ્યાયશીલ-બ્રાહ્મણ પ્રતિગ્રહ કરનારો નથી.”

રાજાએ કહ્યું:-હે બ્રાહ્મણ ! તમે તમારા જપનું ઉત્તમ ફળ મને અપર્ણજ કર્યું હોય, તો આપણા બન્નેનું પુણ્યફળ એકત્રિત થઇને આપણ બન્નેને સમાનભાગે મળે તેમ કરો.૮૦,૮૧ હે વિપ્ર ! બ્રાહ્મણો હમેશાં પ્રતિગ્રહ કરનારા હોય છે અને રાજવંશી ક્ષત્રિયો હમેશાં દાન આપનારા હોય છે. આ ધર્મને તમે જો સાંભળ્યો હોય, તો આપણ બન્નેનું એકત્ર ફળ એકીસાથે આપણને મળો.૮૨ અથવા આપણે બન્નેએ એકસાથે રહીને ફળ ભોગવવું, એ વાતને પડતી મૂકો અને મારા પોતાનાજ ધર્મફળને તમે સંપાદન કરો. જો તમારો મારાપર અનુગ્રહ હોય તો મેં આચરેલા ધર્મના ફળનો તમે સ્વીકાર કરો. ”૮૩

ભીષ્મે કહ્યું:-તેઓ બન્નેનો એ પ્રમાણે વાદવિવાદ ચાલતો હતો તેવામાં વિકૃત વેશને ધારણ કરનારા બે *પુરુષો ત્યાં આવી પહોંચ્યા. મલિન વસ્ત્રને ધારણ કરનારા તેઓ બન્ને જણા ત્યાં આવીને, એકબીજાના હાથ પકડીને આ પ્રમાણે કહેવા લાગ્યા.૮૪

તેમાંના એકે કહ્યું કે:-“ હું તારી પાસે કંઇ પણ માગતો નથી.” ત્યારે બીજાએ કહ્યું કે:- “ તું મારી પાસે માગે છે. ” પછી તેઓ બન્ને જણા બોલી ઉઠયા કે:-“ આ વિષયમાં આપણા બન્ને વચ્ચે વિવાદ ઉભો થયો છે, તો ચાલો, આ રાજાની પાસે જઇને આપણે ન્યાય મેળવીએ; કેમકે આ રાજા સર્વનો શાસક છે.”૮૫ આમ કહીને વળી પણ તેમાંના એકે કહ્યું કે:-“હું ખરૂં કહું છું કે,હું તારી પાસે કંઇ પણ માગતો નથી. ” ત્યારે બીજો બોલી ઉઠયો કે:-“તું જૂઠું બોલે છે. મારી પાસે તારૂં લેણું નીકળે છે.” આમ વાદવિવાદ કરીને અત્યંત તપી ગયેલા તેઓ બન્ને જણા રાજાપ્રત્યે કહેવા લાગ્યા કે, “ તમે અમારી બન્નેની પરીક્ષા કરીને યોગ્ય ન્યાય આપો, જેથી અમે બન્ને જણા આ જગતમાં નિંદાપાત્ર થઇએ નહિ. ”૮૬,૮૭ પછી તેમાંના વિરૂપે કહ્યું:—“ હે પુરુષવ્યાઘ્ર રાજા ! આ વિકૃત, મારી પાસે એક ગાય આપ્યાના ફળને માગે છે અને હું તેને આપવા માટે તૈયાર છું છતાં તે લેતો નથી. ”૮૮

ત્યારે વિકૃતે કહ્યું:-હે રાજા ! હું વિરૂપ પાસે કંઈપણ માગતો નથી, છતાં તે સત્યના જેવું કેવળ જૂઠું બોલે છે. ”૮૯

રાજાએ કહ્યું:-“હે વિરૂપ ! તારી પાસે આ વિકૃતનું શું લેણું છે ? તે તું મને કહે, જે સાંભળીને હું યોગ્ય ન્યાય આપીશ. આવો મારા મનનો વિચાર છે.”૯૦

વિરૂપે કહ્યું:-“ હે રાજર્ષિ ! મારી પાસે વિકૃતનું શું લેણું છે, તે હું તમને સંપૂર્ણ રીતે કહું છું. સાવધાન થઇને સાંભળો.૯૧ હે નિર્દોષ રાજા ! પૂર્વે આ વિકૃતે, ધર્મ સંપાદન કરવા માટે એક બ્રાહ્મણ કે જે તપ અને સ્વાધ્યાય કરવામાં તત્પર રહેતો હતો તેને એક ઉત્તમ ગાયનું દાન આપ્યું હતું.૯૨ પછી કેટલોક સમય ગયો એટલે મેં તેની પાસે જઇને પેલા ગોદાનના

---

* આ બન્ને પુરુષો કામ અને ક્રોધ હતા. જેમાંના એકનું નામ ‘વિરૂપ’ હતું અને બીજાનું નામ ‘વિકૃત’ હતું.

ફળની યાચના કરી,જેથી વિકૃતે શુદ્ધ અંતઃકરણપૂર્વક તે પુણ્યફળ મને અર્પણ કર્યું.[૯૩] પછી મેં મારી આત્મશુદ્ધિને માટે એક એવું પુણ્યકર્મ કર્યું કે, વાછરડાવાળી અને પુષ્કળ દૂધ આપનારી બે કપિલા ગાયો ખરીદ કરીને ઉંછવૃત્તિથી આજીવિકા ચલાવનારા એક શ્રેષ્ઠ બ્રાહ્મણને, શ્રદ્ધા અને વિધિપૂર્વક દાનમાં આપી.[૯૪,૯૫] હે પુરુષવ્યાઘ્ર! હવે, હું તે બન્ને ગાયોના દાનફળને, આ વિકૃતે આપેલા દાનફળના બદલામાં તેને અર્પણ કરૂં છું. અરે! હું બેગણું પુણ્ય તેને આપું છું,છતાં તે લેતો નથી. તો (તે ઉપરથી તમે જાણી શકયા હશો કે,) અમારા બન્નેમાંથી કોણ શુદ્ધ છે? અને કોણ દોષપાત્ર છે?[૯૬] હે રાજા! અમે બન્ને જણા આ વિષયમાં વાદવિવાદ કરતા તમારી પાસે આવ્યા છીએ, માટે તમે ધર્મ-અધર્મનો નિર્ણય કરીને યોગ્ય માર્ગે અમારૂં સમાધાન કરો.[૯૭] આ વિકૃતે મને જે ફળ આપ્યું હતું, તેના બદલામાં હું તેને બેગણું ફળ આપું છું, છતાં તે લેતો નથી, તો આ વિવાદમાં તમે પોતેજ વચ્ચે પડીને અમને બન્નેને ન્યાયમાર્ગે સ્થાપિત કરો–અમારૂં યોગ્ય સમાધાન કરો."[૯૮]

રાજાએ કહ્યું:–"હે વિકૃત! આ વિરૂપ તારૂં લેણું તને ચૂકાવી આપે છે છતાં તું કેમ લેતો નથી? તને એણે જે પ્રમાણે ઠરાવ કરી આપ્યો હોય તે પ્રમાણે વર્તીને તું તારૂં લેણું લઈ લે. વિલંબ કર મા."[૯૯]

વિકૃતે કહ્યું:–આ વિકૃતે મને કહ્યું હતું કે, "હું તારી પાસે માગું છું" એટલે મેં તેને કહ્યું હતું કે "હું તને આપું છું." તો એ પ્રમાણે મેં તેને આપ્યું છે અને તેણે મારી પાસેથી લીધું છે, જેથી હવે હું તેની પાસે કંઈપણ માગતો નથી; માટે ભલે તેને જ્યાં જવું હોય ત્યાં જાય![૧૦૦]

રાજાએ કહ્યું:–" અલ્યા વિકૃત! આ વિરૂપ તારૂં લેણું આપે છે છતાં તું લેતો નથી. તે ઉપરથી મને જણાય છે કે, આમાં તારીજ આડાઈ છે અને તુંજ શિક્ષાપાત્ર છે, એમાં કંઈ સંશય નથી."[૧૦૧]

વિકૃતે કહ્યું:–"હે રાજર્ષિ! મેં એને જે ફળનું દાન કરી દીધું છે, તેને હું ફરીથી પાછું કેમ લઉં? હે પ્રભુ! આમાં મારો જો અપરાધ હોય તો તમારી ઈચ્છાનુસાર મને શિક્ષા કરો."[૧૦૨]

વિરૂપે કહ્યું:–"હું આપું છું છતાં તું કોઈ પ્રકારે લેવા ઇચ્છતો નથી, માટે આ ધર્મશાસક રાજા તને અવશ્ય શિક્ષા કરશે."[૧૦૩]

વિકૃતે કહ્યું:–તેં પોતેજ મારી પાસે આવીને ગોદાનના ફળની યાચના કરી હતી અને તે ઉપરથી મેં તને એ આપ્યું છે તો હવે, તે ફળને હું પાછું કેવી રીતે લઈ શકું? માટે હું તને અનુજ્ઞા આપું છું કે, તું તારે તારી ઈચ્છામાં આવે ત્યાં જા."[૧૦૪]

બ્રાહ્મણે કહ્યું:–"હે રાજન્! આ બન્ને જણાએ જે કંઈ કહ્યું તેને તેં સાંભળ્યું કે? મેં પણ તને જે ફળ આપવાની પ્રતિજ્ઞા કરી છે તેને તું વિચાર કર્યા વિના લઈ લે."[૧૦૫]

રાજાએ કહ્યું:–" જેમ આ બન્ને જણાના વિવાદનું કાર્ય મહા ગહન છે, તેમ આ પ્રસંગે મારા ઉપર આવી પડેલું કાર્ય પણ મહાગહન છે. વળી આ જપ કરનારો બ્રાહ્મણ પણ દઢ આગ્રહી છે; તો હવે આ વાતનો નિર્ણય કેવી રીતે થઈ શકશે?[૧૦૬] આજે આ બ્રાહ્મણે આપેલા દાનનો હું પ્રતિગ્રહ ન કરૂં તો મહાઘોર પાપથી કેમ લેપાઈ ન જાઉં? (અર્થાત હું ઘોર પાપનો ભોકતા કેમ ન બનું?)"[૧૦૭] આમ કહીને તે રાજર્ષિએ પેલા બન્ને પુરુષો (વિરૂપ અને વિકૃત) પ્રત્યે કહ્યું:–તમે બન્ને જણા અહીં મારી પાસે આવ્યાછો છતાં કૃતાર્થ થઈને જો ન જાઓ તો રાજધર્મ મિથ્યા ઠરે;[૧૦૮] અને વળી રાજાઓનો તો એવો નિશ્ચયજ હોય છે કે, ગમે તેમ કરીને પણ તેઓએ સ્વધર્મને પાળવો જોઈએ, પરંતુ અફસોસ! આ સમયે ગહન એવા બ્રાહ્મણધર્મે, મને અનાત્મજ્ઞને બરાબર રીતે સપડાવ્યોછે. "[૧૦૯]

બ્રાહ્મણે કહ્યું:–"હે રાજન્! તેં મારી પાસે યાચના કરી અને તે ઉપરથી મેં તને આપવાની પ્રતિજ્ઞા કરી. તો હવે હું તારો દેવાદાર છું, માટે હું તને જે આપું તેનો તું સ્વીકાર કર. જો તું એ વાતનો સ્વીકાર કરીશ નહિ તો હું તને અવશ્ય

શાપ દઇશ."[૧૧૦]

રાજાએ કહ્યુઃ–"અરેરે ! ધિક્કાર હજો આવા રાજધર્મને, કે જેના કાર્યનો અહીં આવો નિશ્ચય થયો છે! મારે આ વેળા એટલા માટેજ પ્રતિગ્રહ કરવો જોઈએ, કે જેથી અમારા બન્નેનું પુણ્યફળ એકસરખું કેવી રીતે થાય ? હે બ્રાહ્મણ! પૂર્વે કદી નહિ લંબાવેલા આ મારા હાથને આજે હું પ્રતિગ્રહ કરીને પુનઃ અર્પણ કરવા માટેજ લાંબો કરૂં છું, તો હું તમારી પાસે જે કંઇ માગતો હોઉં તેને હમણાંજ મને આપી દ્યો."[૧૧૨]

બ્રાહ્મણે કહ્યું:–"મેં આજદિનપર્યંત ગાયત્રીમંત્રનો જપ કરીને જે પુણ્યફળ સંપાદન કર્યું હોય અને તે ઉપરાંત મારૂં જે કંઈ પુણ્ય હોય તે સર્વનો તું પ્રતિગ્રહ કર." (આમ કહીને બ્રાહ્મણે રાજાના હાથમાં જળ અર્પણ કર્યું.)[૧૧૩]

રાજાએ કહ્યું:–"હે ઉત્તમ બ્રાહ્મણ! મારા હાથમાં તમે જે આ જળ અર્પણ કર્યું છે, તેનુંજ પ્રત્યર્પણ કરીને હું કહું છું કે, આપણા બન્નેનું પુણ્યફળ એકસરખુંજ થાઓ અને એકીસાથેજ ઉપભોગમાટે પ્રાપ્ત થાઓ; માટે હવે, તમે મારા દાનનો પણ પ્રતિગ્રહ કરો."[૧૧૪]

તે પછી વિરૂપે કહ્યું:–"હે રાજા! તમે જાણો કે, અમે બન્ને જણા કામ અને ક્રોધ છીએ. અમે બન્નેએજ તમારી પાસે આ કામ કરાવ્યું છે. તમે કહ્યું છે કે, "અમને બન્નેને એકીસાથે એકસરખું ફળ પ્રાપ્ત થાઓ." જેથી તમને તથા આ બ્રાહ્મણને સમાન લોકનીજ પ્રાપ્તિ થશે;[૧૫] આ વિકૃત મારી પાસે કંઇ પણ માગતો નથી. માત્ર તમને બોધ આપવામાટેજ આવી ન્યાયજિજ્ઞાસા અમે ઉભી કરી હતી; તેમજ આ કાળ, ધર્મ, મૃત્યુ, કામ, ક્રોધ અને તમે બન્ને, એકબીજાના સંબંધમાં આવીને, તમારા દેખતાં આ વિષયમાં પરીક્ષા કરાયા છો; માટે હવે, તમારા કર્મથી જીતાયલા દિવ્ય લોકોમાં જ્યાં જવાની તમારી ઇચ્છા હોય ત્યાં ખુશીથી જાઓ."[૧૧૬,૧૧૭]

ભીષ્મે કહ્યું:–આ રીતે (નિષ્કામ બુદ્ધિથી) જપ કરનારા પુરુષને કેવા ફળની, કેવી ગતિની તથા કેવા સ્થાનની પ્રાપ્તિ થાય છે, એ વિષે મેં તમને કહી બતાવ્યું. વળી એ જાપક બ્રાહ્મણે કેવા દિવ્ય લોકોને જીત્યા હતા તે પણ મેં તમને કહ્યું.[૧૧૮] ખરેખર, જે પુરુષ ગાયત્રીનો જાપ કરે છે, તેને પરબ્રહ્મમાં સ્થિતિ કરનારા બ્રહ્મદેવની પ્રાપ્તિ થાય છે અથવા અગ્નિ કે સૂર્યમંડલમાં તે પ્રવેશ કરે છે.[૧૧૯] ત્યાં જઇને તે પુરુષ, તેજોમય ભાવની સાથે જો રમણ કરવા લાગે છે તો રાગથી મોહિત થઇને તેઓનાજ ગુણોને ધારણ કરે છે.[૧૨૦] એજ પ્રમાણે ચંદ્રલોકમાં, વાયુલોકમાં, પૃથ્વીલોકમાં કે આકાશલોકમાં જઇને રાગપૂર્વક જે વસે છે તે પુરુષ, તે તે લોકોનાજ ગુણોનું આચરણ કરે છે;[૧૨૧] પરંતુ તે તે દિવ્યલોકમાં જઈને બ્રહ્મપદને મેળવવાની ઇચ્છાથી વિરક્ત રહેનારો પુરુષ, અવશ્ય સર્વોત્કૃષ્ટ મોક્ષપદનેજ પ્રાપ્ત કરે છે અને પરબ્રહ્મમાંજ લીન થઇ જાય છે.[૧૨૨] વળી તે તે દિવ્ય લોકમાં વિરાગી રહેનારો પુરુષ પરમેષ્ઠિના પદમાંથી નીકળીને કૈવલ્યપદને પ્રાપ્ત થાય છે અને તેને પામ્યા પછી શાંત, અહંકારરહિત, દ્વંદ્વાતીત, દ્વૈતભાવથી મુક્ત, સુખી, નિષ્કામ અને કેવળ બ્રહ્મસ્વરૂપ થઇ રહે છે.[૧૨૩] નિષ્કામ જાપક જે બ્રહ્મસ્થાનને પ્રાપ્ત થાય છે, તે પુનરાવૃત્તિથી રહિત છે, દ્વૈતાતીત છે, અક્ષર નામને ધારણ કરનાર છે, દુઃખ અને જરાથી રહિત છે તથા કેવળ શાંતિમય છે.[૧૨૪] જે પુરુષ નિષ્કામ બુદ્ધિથી જપ કરે છે, તે કારણબ્રહ્મનું ઉલ્લંઘન કરીને પરમ પુરુષ–પરમાત્માને પ્રાપ્ત થાય છે, જે પરમાત્મા (પ્રત્યક્ષ, અનુમાન, આગમ અને ચેતસ્ એ) ચાર લક્ષણોથી રહિત છે અને (પ્રાણના ધર્મભૂત ક્ષુધા–તૃષા, ચિત્તના ધર્મભૂત શોક–મોહ તથા દેહના ધર્મભૂત જરા અને મૃત્યુ એ) છ ઊર્મિઓથી તેમજ (પાંચ પ્રાણ, પાંચ ભૂત, પાંચ ઇંદ્રિયો અને મન–એ) સોળ વિકારોથી મુક્ત છે. વળી તે પુરુષ કારણબ્રહ્મનું ઉલ્લંઘન કરીને ઉપાધિમુક્ત પરમપુરુષને પામે છે;[૧૨૫] પરંતુ જે જાપક પુરુષ રાગાધીન થયેલો હોય છે અને પૂર્વોક્ત પરમ પુરુષની પ્રાપ્તિથી નિરપેક્ષ હોય છે, તે તો કારણબ્રહ્મનેજ પામે છે અને પોતાના મનથી

જે જે કામનાઓની ઇચ્છા કરે છે તેને તેને સંપાદન કરે છે.[126] અથવા તો પરમ વૈરાગ્યાધીન થયેલો તે પુરુષ, તે તે સર્વ દિવ્ય લોકોને નરકતુલ્ય સંજ્ઞાવાળાજ જુએ છે–નરકસમાનજ દેખે છે અને સર્વ વિષયોથી મુક્ત થઇને કેવળ નિર્ગુણ બ્રહ્મમાંજ સુખેથી રમણ કરે છે.[127] હે મહારાજા! એ રીતે નિષ્કામ તથા સકામ જાપક પુરુષની ગતિના સંબંધમાં મેં તમને સંપૂર્ણ વૃત્તાંત કહ્યું તો હવે, એથી વધારે શું સાંભળવા માટે તમે ઈચ્છો છો?[128]

ઈતિ શ્રીમહા૦શાંતિ૦મોક્ષ૦પર્વમાં "જાપક ઉપાખ્યાન" એ વિષયનો અ૦ ૧૯૯ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૦ મો

જાપક બ્રાહ્મણની તથા રાજા ઇક્ષ્વાકુની મુક્તિ

॥ युधिष्ठिर उवाच ॥

किमुत्तरं तदा तौस्म चक्रतुस्तस्य भाषिते ॥
ब्राह्मणो वाऽथवा राजा तन्मे ब्रूहि पितामह।१।

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે પિતામહ! તે સમયે વિરૂપે એ પ્રમાણે કહ્યું, એટલે જાપક બ્રાહ્મણે અને રાજા ઇક્ષ્વાકુએ તેને શો ઉત્તર આપ્યો હતો, તે મને કહો.[1] તેઓ બન્ને–બ્રાહ્મણ અને રાજા,તમે કહેલા (સદ્યોમુક્તિ, ક્રમમુક્તિ અને દેવલોક, એમાંના) કયા સ્થાનમાં ગયા? અને તેઓનો શો સંવાદ થયો હતો? અથવા તેઓ બન્નેએ તે ઠેકાણે શું કર્યું હતું? તે સર્વ મને કહો."[2]

ભીષ્મે કહ્યું:– હે રાજા! પછી તે બ્રાહ્મણે "બહુ સારૂં" એમ કહીને ધર્મની,યમની, કાળની, મૃત્યુની તથા સ્વર્ગની પૂજા કરી અને બીજા જે શ્રેષ્ઠ અને પૂજ્ય બ્રાહ્મણો ત્યાં પ્રથમથીજ આવ્યા હતા,તેઓ સર્વને મસ્તકથી પ્રણામ કરીને રાજાને આ પ્રમાણે કહ્યું:–[3,4] "હે રાજર્ષિ! આ મારા જપના ફળથી યુક્ત થઈને તું સર્વના કરતાં શ્રેષ્ઠ થા અને હું તારી અનુજ્ઞા સંપાદન કરીને પુનઃ જપયજ્ઞ આરંભીશ.[5] હે મહાબળવાન રાજા! પૂર્વે દેવી ગાયત્રીએ મને વરદાન આપ્યું છે કે, "જપ કરવામાં તારી શ્રદ્ધા નિત્ય અચળ રહો."[6]

રાજાએ કહ્યું:– હે બ્રાહ્મણ! જો એ પ્રમાણે તમારી જપસિદ્ધિ નિષ્ફળ થઇ હોય અને પુનઃ જપ કરવાની તમારી શ્રદ્ધા હોય તો, ચાલો મારી સાથે અને તમે તમારા જપધર્મના ફળને સંપાદન કરો. (અર્થાત્ જપના પુણ્યનું દાન કરીને તમારા પુણ્યની વૃદ્ધિજ થયેલી છે તો હવે,તે સંપાદન કરેલા પુણ્યને તમે મેળવી લ્યો.)[7]

બ્રાહ્મણે કહ્યું:–" આ સર્વની સમક્ષમાં તેં અતિ મહાન પ્રયત્ન કર્યો છે, તો હવે ચાલો, આપણે બન્ને જણા સમાન ફળવાળા થઇને જ્યાં આપણી ગતિ નિર્માણ થઇ હોય ત્યાં જઇએ."[8]

તેઓ બન્નેનો એ નિશ્ચય જાણીને દેવરાજા ઈંદ્ર, સર્વ દેવો અને લોકપાલોની સાથે ત્યાં આવ્યો;[9] તેમજ સાધ્યો, વિશ્વેદેવાઓ,વાયુઓ, નદીઓ, પર્વતો, સમુદ્રો, અનેક પ્રકારનાં તીર્થો, તપો, વેદાંતશાસ્ત્રો, વેદો, સામવેદમાં પાદપૂર્તિને માટે બોલાતા "हावु हाइ" વગેરે અર્થશૂન્ય વર્ણો, સરસ્વતી, નારદ, પર્વત, વિશ્વાવસુ, હાહા, હુહુ, બીજા ગંધર્વો, પોતાના પરિવારસહિત ગંધર્વરાજા ચિત્રસેન, નાગો, સિદ્ધો, મુનિઓ, દેવના દેવ પ્રજાપતિ અને હજારો મસ્તકવાળા અચિંત્ય દેવ વિષ્ણુ પણ ત્યાં આવ્યા.તે સમયે આકાશમાં ભેરીઓ અને બીજાં ઘણાં વાદિત્રો વાગવા લાગ્યાં,તે મહાત્માઓ ઉપર દિવ્ય પુષ્પોની વૃષ્ટિ થવા લાગી અને ચોબાજુ સંખ્યાબંધ અપ્સરાઓ નૃત્ય કરવા લાગી.[10-14] પછી ત્યાં આવેલા મૂર્તિમાન સ્વર્ગે બ્રાહ્મણને તથા રાજાને કહ્યું કે:–"હે મહાભાગ્યશાળી બ્રાહ્મણ! તું ખરેખર સિદ્ધ થયો છે અને હે રાજા! તું પણ સિદ્ધિ પદને પામ્યો છે."[15] તે પછી હે રાજન્! પરસ્પર ઉપકારી થયેલા તેઓ બન્ને જણાએ, એકીસાથે (યોગમાર્ગનો આશ્રય કરીને) વિષયના કારણભૂત એવી ઇંદ્રિયોનો ઉપસંહાર કર્યો[16] અને પ્રાણ, અપાન, સમાન, વ્યાન તથા ઉદાન–એ પાંચે વાયુઓને હૃદયમાં (અનાહતચક્રમાં) સ્થાપીને ત્યાં રહેલા મનને, એકીભૂત થયેલા પ્રાણ તથા અપાન વાયુમાં સ્થિર કરીને વશ કર્યું.[17]

પછી પદ્માસન વાળીને બે ભ્રમરની નીચેના ભાગમાં નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિને સ્થિર કરીને તેઓએ પોતાના મનને,પ્રાણને તથા અપાનને ભ્રમરના મધ્યભાગમાં આવેલા આજ્ઞાચક્રમાં સ્થિર કર્યાં.[૧૮] એ સમયે તેઓ બન્નેનાં શરીર ચેષ્ટારહિત થઇ ગયાં હતાં, દૃષ્ટિ સ્થિર હતી અને ચિત્ત બરાબર એકાગ્ર હતું. આ રીતે મનને વશ કરીને તેઓએ પ્રાણસહિત ચિત્તને સુષુમ્ણા નાડીદ્વારા ઉપર આકર્ષી લઇને મસ્તકની અંદર સ્થિર કર્યું.[૧૯] એટલે તુરતજ મહાત્મા બ્રાહ્મણના બ્રહ્મરંધ્રને ફાડીને તેજની ઝળહળતી જ્વાળા એકદમ બહાર નીકળી અને ત્યાંથી સ્વર્ગમાં ચાલી ગઇ.[૨૦] તે જોઈને ત્યાં ઉભેલા સર્વ પ્રાણીઓમાં મોટો હાહાકાર થઇ રહ્યો અને તેનો પડઘો સર્વ દિશાઓમાં પડયો. તે વખતે બ્રાહ્મણના શરીરમાંથી નીકળેલા મહાન તેજે, દેવોથી સ્તુતિ કરાતા બ્રહ્મદેવના શરીરમાં પ્રવેશ કર્યો.[૨૧] હે રાજા! પિતામહ બ્રહ્મદેવે, એ તેજને સ્વાગતવચન કહીને માન આપ્યું અને તેની અંદર દેખાતા અંગુષ્ઠપ્રમાણપુરુષની સામે જઇને તેનો સત્કાર કર્યો.[૨૨] વળી તેમણે એ વેળા આવું મધુર વચન કહી સંભળાવ્યું કે, “જપ કરનારા પુરુષોને તથા યોગીઓને જે ફળ મળે છે, તે લગભગ સમાનજ હોય છે, એમાં કંઈ સંશય નથી.[૨૩] આ સર્વ સભાસદોએ યોગી પુરુષને મળનારા ફળને તો પ્રત્યક્ષ જોયું હશે; પરંતુ જપ કરનારા પુરુષોને મળનારા ફળની તો એટલી બધી વિશેષતા છે કે, મારે પોતાને પણ તેને પ્રત્યુત્થાન આપવું પડે છે.” [૨૪] આમ કહીને બ્રહ્મદેવે, તે તેજને કહ્યું કે:-“તું મારેવિષે નિવાસ કર.” તે પછી તેમણે બ્રહ્મ તથા આત્માની એકતાવિષે તેને ઉપદેશ આપ્યો એટલે તુરતજ તેણે (તેજે અથવા અંગુષ્ઠમાત્ર બ્રાહ્મણના લિંગશરીરે) સર્વ સંતાપોથી રહિત થઈને બ્રહ્મદેવના મુખમાં પ્રવેશ કર્યો.[૨૫] આ રીતે તે શ્રેષ્ઠ બ્રાહ્મણ બ્રહ્મદેવના શરીરમાં જેમ દાખલ થયો, તેમજ રાજા ઇશ્વાકુ પણ ભગવાન બ્રહ્મદેવના શરીરમાં દાખલ થયો.[૨૬] પછી સર્વ દેવતાઓ, બ્રહ્મદેવને પ્રણામ કરીને કહેવા લાગ્યા કે, જપ કરનારાઓને મળનારૂં ફળ ઘણુંજ ઉત્તમ છે; કેમકે તમે પોતે આ જાપકને પ્રત્યુત્થાન આપ્યું છે. વળી આ સર્વ પ્રયત્નં કેવળ જાપકને માટેજ કરવામાં આવ્યો છે અને અમે બધા પણ કેવળ તેને માટેજ અહીં સુધી આવ્યા છીએ. તમે, આ બન્ને જણાનો સમાન રીતેજ સત્કાર કર્યો છે અને બન્નેને સમાનજ ફળ આપ્યું છે. યોગીઓને તથા જાપકોને આવું મહાન ફળ મળે છે, એ અમે આજેજ જોયું છે. હવે આ બન્ને જણા સર્વ લોકોનું ઉલ્લંઘન કરીને જ્યાં પોતાની ઇચ્છા હશે ત્યાં જશે.”[૨૭-૨૯]

બ્રહ્માએ કહ્યું:-“જે પુરુષ મહાસ્મૃતિનો (વેદનો) તથા પવિત્ર અનુસ્મૃતિનો (મનુસ્મૃતિ વગેરેનો) નિત્ય પાઠ કરે છે, તે પણ આવી રીતે મારા શરીરમાં પ્રવેશ કરે છે;[૩૦] તેમજ જે પુરુષ યોગસાધના કરનારો હોય છે તે પણ આ પ્રમાણેજ દેહનો ત્યાગ કરીને મારા લોકને પામે છે, એમાં સંશય નથી. બસ, હવે હું તમારૂં ઇષ્ટ કાર્ય સિદ્ધ કરવા માટે અહીંથી જાઉં છું અને તમે પણ પોતપોતાનાં કાર્ય સિદ્ધ કરવા માટે પોતાનાં સ્થાનકો તરફ જાઓ.”[૩૧]

ભીષ્મે કહ્યું:-એમ કહીને બ્રહ્મદેવ ત્યાંજ અંતર્ધાન થઇ ગયા એટલે સર્વ દેવો પણ બ્રહ્મદેવની આજ્ઞા લઇને પોતપોતાના સ્થાન તરફ ચાલ્યા ગયા;[૩૨] તેમજ ત્યાં આવેલા કાલ, મૃત્યુ વગેરે સર્વ મહાત્માઓ પણ અતિ પ્રસન્ન ચિત્તે ધર્મનો સત્કાર કરીને તેની પાછળ પાછળ પોતાના સ્થાન તરફ ચાલી નીકળ્યા.[૩૩] હે મહારાજા! મેં જે પ્રમાણે સાંભળ્યું હતું તે પ્રમાણે જાપકોને મળનારૂં ફળ અને તેઓની ગતિ મેં તમને કહી. હવે, તેથી વધારે શું સાંભળવાની તમને ઇચ્છા છે?

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “જાપકનું ઉપાખ્યાન” એ વિષયનો અ૦ ૨૦૦ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૧ મો

વેદોક્ત કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગનું ફળ

(મનુ અને બૃહસ્પતિનો સંવાદ)

॥ युधिष्ठिर उवाच ॥

किं फलं ज्ञानयोगस्य वेदानां नियमस्य च॥
भूतात्मा च कथं ज्ञेयस्तन्मे ब्रूहि पितामह॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પિતામહ! જ્ઞાનસહિત યોગનું; વેદોનું અને અગ્નિહોત્રાદિ નિયમનું શું ફળ છે? તેમજ ભૂતાત્મા-જીવને કેવી રીતે ઓળખવો? તે મને કહો."

ભીષ્મે કહ્યું:-આ વિષયમાં પણ એક પ્રાચીન ઇતિહાસ કહેવામાં આવે છે, જેમાં મહર્ષિ બૃહસ્પતિનો તથા પ્રજાપતિ મનુનો સંવાદ વર્ણવેલો છે.[૨] (તે આ પ્રમાણે છે.) એક સમયે દેવર્ષિઓના સમુદાયમાં શ્રેષ્ઠ મહર્ષિ બૃહસ્પતિ, શિષ્યવૃત્તિ ધારણ કરીને પ્રજાઓના મહાશ્રેષ્ઠ પતિ મનુની પાસે ગયા અને ગુરુતરીકે તેમને પ્રણામ કરીને આવા પ્રાચીન પ્રશ્ન પૂછવા લાગ્યા.[૩] "હે ભગવન્! આ જગતનું કારણ શું છે? કયા કારણને લીધે કર્મકાંડવિધિની પ્રવૃત્તિ થયેલી છે? અને બ્રાહ્મણો જેને જ્ઞાનના ફળતરીકે કહે છે તથા વેદનાં વાક્યો જેનું સ્પષ્ટરીતે વર્ણન કરી શકતાં નથી તે તત્ત્વવસ્તુ શી છે? તે મને યથાર્થ રીતે કહો.[૪] અર્થશાસ્ત્ર (ધર્માર્થકામરૂપ ત્રિવર્ગશાસ્ત્ર), વેદ અને વૈદિક મંત્રોનું જ્ઞાન ધરાવનારા મહાન પુરુષો અનેક યજ્ઞો કરીને તથા અનેક ગાયોનાં દાન આપીને જે ફળનું ઉપાસન કરે છે, તે ફળ શી વસ્તુ છે? કયા પ્રકારે તેની પ્રાપ્તિ થઈ શકે છે? અને કયે સ્થળે તે વસ્તુ રહેલી છે?[૫] હે ભગવન્! આ પૃથ્વી, પૃથ્વી ઉપર ઉત્પન્ન થયેલાં સ્થાવરજંગમ પ્રાણીઓ, પવન, આકાશ, જળ, જળચર પ્રાણીઓ, સ્વર્ગ અને સ્વર્ગવાસી દેવો-વગેરેની જેમાંથી ઉત્પત્તિ થઈ છે તે પ્રાચીન તત્ત્વ કયું છે? તે મને કહો.[૬] જે વસ્તુનું મનુષ્યને જ્ઞાન થાય છે, તે વસ્તુ પ્રાપ્ત કરવામાટે પ્રથમ તો તેને ઇચ્છા થાય છે અને પછી તેને મેળવવા માટે પ્રવૃત્તિ કરે છે; પરંતુ હું તો પરમ પ્રાચીન એવા તે તત્ત્વને જાણતોજ નથી તો પછી તેનું ઉપાસન કરવાની અથવા તેને પ્રાપ્ત કરવાની મિથ્યા પ્રવૃત્તિ કેવી રીતે કરૂં?[૭] મેં ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ, જ્યોતિષ, નિરુક્ત, કલ્પસહિત વ્યાકરણ તથા શિક્ષા-એ સર્વનું અધ્યયન કર્યું છે, તોપણ આકાશાદિ મહાભૂતોના ઉપાદાનકારણભૂત પરમાત્માને હું જાણતો નથી;[૮] માટે એ આત્મજ્ઞાનના સંબંધની સર્વ વાત તમે મને સામાન્ય શબ્દોમાં તથા વિશેષણ શબ્દોમાં કહો, તેમજ વેદોક્ત કર્મમાર્ગનું તથા જ્ઞાનમાર્ગનું શું ફળ છે અને શરીરધારી જીવ, એક શરીરનો ત્યાગ કરીને બીજા શરીરને કેવી રીતે પામે છે, તે પણ મને કહો."

મનુએ કહ્યું:-"જે મનુષ્યને જે વસ્તુ પ્રિય હોય છે, તેને તે સુખરૂપ કહે છે અને જે વસ્તુ અપ્રિય હોય છે તેને દુઃખરૂપ કહે છે.[૯,૧૦] મને અમુક સુખરૂપ ઇષ્ટ વસ્તુનો લાભ થાઓ પણ દુઃખરૂપ અનિષ્ટ વસ્તુનો લાભ ન થાઓ, આવી આંતરિક ઇચ્છાની પૂર્તિને માટે જગતમાં કર્મમાર્ગ ચાલુ થયો છે; અને મને ઇષ્ટવસ્તુનો પણ લાભ ન થાઓ તેમ અનિષ્ટવસ્તુનો પણ લાભ ન થાઓ, આવી નિષ્કામ બુદ્ધિને માટે જ્ઞાનમાર્ગ પ્રવૃત્ત થયો છે.[૧૧] વેદની અંદર કહેવામાં આવેલા સર્વ કર્મવિધિઓ, કેવળ કામનામય છે; માટે એ કર્મવિધિઓથી મુક્ત રહેનારો પુરુષ પરબ્રહ્મને પામી શકે છે, પણ સુખ મેળવવાની ઇચ્છાથી અનેક કર્મવિધિઓમાં પ્રવૃત્તિ કરનારો પુરુષ સ્વર્ગ કે નરકમાંજ જાય છે."

બૃહસ્પતિએ પૂછ્યું:-"જગતના પ્રત્યેક પ્રાણીને સુખ ઇષ્ટ હોય છે અને દુઃખ અનિષ્ટ હોય છે-અર્થાત સર્વ કોઇને સુખજ ગ્રહણ કરવા યોગ્ય જણાય છે પણ દુઃખનો તો ત્યાગજ કરવાની ઇચ્છા થાય છે, જેથી મનુષ્યને (દુઃખનો ત્યાગ કરવાની તથા સુખને સંપાદન કરવાની) તે ઇચ્છાજ, કર્મવડે વ્યાપ્ત કરી દે છે."

મનુએ કહ્યું:-"જે પુરુષ, સ્વર્ગાદિકની કા-

મનાઓથી મુક્ત થયેલો હોય છે, તે પરબ્રહ્મસ્વરૂપ થઇ શકે છે; અને વાસ્તવિક રીતે તો એમજ છે કે, વેદોક્ત કર્મવિધિની પ્રવૃત્તિ પરબ્રહ્મની જિજ્ઞાસા ઉત્પન્ન કરવામાટેજ છે-અર્થાત બ્રહ્મજ્ઞાન સંપાદન કરવામાટેજ કર્મો કરવાં, પણ સ્વર્ગાદિક ક્ષુદ્ર ફળની ઇચ્છા રાખીને કર્મો કરવાં નહિ. જે પુરુષો કામનાઓથી ઘેરાયલા હોય છે, તેઓનેજ વેદમાં દર્શાવેલો કર્મયોગ,(ફળની લાલચ આપીને)પોતાના તરફ આકર્ષે છે; પરંતુ જે પુરુષ કામનાઓથી મુક્ત થયેલો હોય છે, તે તો પરબ્રહ્મનેજ પ્રાપ્ત કરે છે.[૧૨,૧૩] કેવળ નિષ્કામ બુદ્ધિથીજ નિત્યનૈમિત્તિક કર્મોનું અનુષ્ઠાન કરવાવડે રાગાદિ દોષોથી મુક્ત થયેલું ચિત્ત, દર્પણની પેઠે સ્વચ્છ અને શુદ્ધ બની જાય છે. પછી તેવા શુદ્ધ અંતઃકરણવાળો આત્મસુખાર્થી પુરુષ, સત્ અને અસત્ વિષયનું સંપૂર્ણ જ્ઞાન મેળવીને ધર્મને વિષે પ્રવૃત્ત થાય છે; અને તેથીજ અંતે કર્મમાર્ગથી અત્યંત અગોચર તથા સર્વ વાસનાઓથી મુક્ત એવા પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે છે.[૧૪] જોકે, આ સર્વ પ્રજાઓને કેવળ મન અને કર્મના યોગેજ ઉત્પન્ન કરવામાં આવી છે, (તેથી કોઇને આવી શંકા થવાનો પણ સંભવ છે કે, બંધનનાં કારણભૂત કર્મો બંધનની નિવૃત્તિ કેમ કરી શકે ?) તોપણ નિષ્કામ બુદ્ધિથી કરવામાં આવેલાં કર્મો અને નિષ્કામ કર્મોદ્વારા શુદ્ધ થયેલું મન-એ બન્નેજ જ્ઞાની પુરુષોએ સેવેલા ઉત્તમ મોક્ષમાર્ગો છે; કેમકે વેદમાં કહેવામાં આવેલું પ્રત્યક્ષ કર્મ, જો સકામબુદ્ધિથી આચરવામાં આવે છે તોજ ક્ષુદ્રફળને આપનારૂં થાય છે; પણ જો નિષ્કામ બુદ્ધિથી સેવવામાં આવે છે તો મોક્ષરૂપ શાશ્વત પદનેજ આપનાર થઇ પડે છે. તેમાં મુખ્ય કારણ એજ છે કે, તેના ફળનો શુદ્ધ અંતઃકરણથી ત્યાગ કરવામાં આવ્યો હોય છે અને તેથીજ બંધનહેતુક એવું પણ કર્મ મોક્ષહેતુક થઈ પડે છે; પરંતુ એ સિવાય કર્મોનો સમૂળગો ત્યાગ કરવાથી મોક્ષ મળતો નથી.[૧૫] જેમ રાત્રિ વીતી ગયા પછી અંધકારના આવરણથી મુક્ત થયેલું ચક્ષુ, પોતાના સ્વતઃસિદ્ધ પ્રકાશથી, હરકોઈ કામમાં મનુષ્યને એક નાયકરૂપ થઈ પડે છે અને માર્ગમાં ત્યાગ કરવા યોગ્ય કાંટા વગેરે અશુભ પદાર્થોને જોઈ શકે છે, તેમ બુદ્ધિ પણ વિવેકજ્ઞાનના ગુણથી જ્યારે યુક્ત થાય છે, ત્યારે સર્વ પ્રકારનાં ત્યાગ કરવા યોગ્ય અશુભ કર્મને જોઈ શકે છે-જાણી શકે છે.[૧૬] આ જગતમાં જ્ઞાનફળની શ્રેષ્ઠતા કેટલી બધી છે, તે તો તમે જુઓ! મનુષ્યોને જો જ્ઞાન હોય છે, તોજ માર્ગમાં રહેલા સર્પોનો, દર્ભનાં ઠુંઠડાંઓનો તથા વાવ, કૂવા વગેરે જળાશયોનો ત્યાગ કરે છે; (અને એક બાજુપર ચાલે છે) પરંતુ જેઓ અજ્ઞાની હોય છે, તેઓ તે તે પદાર્થના અજ્ઞાનને લીધે તેના ઉપરજ પડે છે.[૧૭] વિદ્વાનો કહે છે કે, વૈદિકકર્મોની સિદ્ધિ પાંચ અંગોથી થઈ શકે છે. એક તો વિધિપૂર્વક યોજેલા સંપૂર્ણ મંત્રો, બીજું શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે કરવામાં આવેલા યજ્ઞો, ત્રીજું કર્મને અનુસરતી દક્ષિણાઓ, ચોથું અન્નનું દાન અને પાંચમું જે દેવતાને હવિર્ભાગ આપવાનો હોય તેનું ધ્યાન. આ પાંચ અંગોની સાથે કરેલું કર્મ ફળદાયક થાય છે.[૧૮] વળી વેદો કહે છે કે, કર્મ (સાત્વિક રાજસ અને તામસ એમ) ત્રણ પ્રકારનું હોય છે અને તે કર્મ મંત્રપૂર્વકજ કરવામાં આવે છે, જેથી મંત્રો પણ ત્રણ પ્રકારના હોય છે. (જેમકે "अग्निमीळे" ઈત્યાદિ મંત્રો સાત્વિક છે. "इषे त्वोर्जेत्वा" ઈત્યાદિ મંત્રો રાજસ છે અને "सर्वं प्राविध्य हृदयं प्राविध्य" ઈત્યાદિ મંત્રો તામસ છે.)એજ પ્રમાણે વિધિ પણ ત્રણ પ્રકારનો છે. (જેમકે "आत्मकामो यजेत" એ વિધિ સાત્વિક છે, "स्वर्ग कामो यजेत" એ વિધિ રાજસ છે અને " अभिचरन् यजेत " એ વિધિ તામસ છે.) વળી કર્મના ફળની સિદ્ધિ, કર્તા પુરુષના ત્રિગુણાત્મક અંતઃકરણનોજ આધાર રાખે છે, તેથી કર્મનું ફળ પણ ત્રણ પ્રકારનું હોય છે અને તે ફળનો ભોક્તા પુરુષ પણ ત્રિગુણાત્મક હોઇને ત્રણ પ્રકારનો છે. (જેમકે વિદ્યા, શ્રદ્ધા વગેરે સર્વ ગુણોવાળો કર્તા સાત્વિક છે, વિદ્યા આદિ ગુણોથી હીન હોવા છતાં કેવળ પ્રવૃત્તિપરાયણજ રહેનારો કર્તા રાજસ છે અને દંભ

અથવા ડોળ રાખીને કર્મ કરનારો કર્તા તામસ છે.)[૧૯] શબ્દો, રૂપો, રસો, પવિત્ર સ્પર્શો અને શુભ એવા ગંધો–આ સર્વ વિષયો કર્મના ફળરૂપજ છે અને તેનો ઉપભોગ મુવા પછી સ્વર્ગલોકમાંજ મળે છે; પરંતુ જ્ઞાનનું ફળ તો આ લોકમાંજ મરણ પામ્યા પહેલાં મનુષ્યને મળી શકે છે. (અર્થાત પરોક્ષ ફળવાળા કર્મના કરતાં પ્રત્યક્ષ ફળવાળું જ્ઞાનજ વધારે ઉત્તમ છે.)[૨૦] જીવ, શરીરનો આશ્રય કરીનેજ કર્મ કરે છે, જેથી શરીરની સાથે રહીનેજ તેનું ફળ પ્રાપ્ત કરે છે; કેમકે કર્મના ફળભૂત સુખદુઃખાદિનું આશ્રયસ્થાન શરીરજ છે; (પણ આત્મા નથી. માટે શરીરત્વાદિ ધર્મોથી રહિત એવો મોક્ષ, શારીરિક કર્મો કરવાથી સિદ્ધ થતો નથી.)[૨૧] તેમજ જીવાત્મા વાણીવડે જે જે કર્મને કરે છે તે સર્વને પોતે જ્યારે વાણીવાળો હોય છે, ત્યારેજ ભોગવે છે અને મનવડે જે કર્મને કરે છે તેને મનસાથે રહીનેજ ભોગવે છે. (અર્થાત જપાદિક વાચિક કર્મ કરવાથી કે ધ્યાનાદિક માનસિક કર્મ કરવાથી પણ મોક્ષની સિદ્ધિ થતી નથી.)[૨૨] કર્મના ફળમાં આસક્ત થયેલો મનુષ્ય, ફળની ઇચ્છા રાખીને જે જે સત્વાદિ ગુણવાળાં કર્મ કરે છે, તે તે ગુણથી યુક્ત થઇને કર્મનાં શુભ અશુભ ફળને ભોગવે છે.[૨૩] જેમ માછલું જળના પ્રવાહમાં પડીને તેની સાથે સાથે તણાય છે, તેમ પૂર્વજન્મનું કર્મ પણ મનુષ્યની સાથે સાથે જાય છે; છતાં દેહધારી પ્રાણી, ઇષ્ટનો લાભ થતાં સંતુષ્ટ થાય છે અને અનિષ્ટનો લાભ થતાં ઉદ્વેગ પામે છે. (એ તેની મૂર્ખતાજ છે.)[૨૪] હવે આ સર્વ જગત જેનાથી ઉત્પન્ન થયું છે, જેનો સાક્ષાત્કાર કરીને મનને જીતનારા પુરુષો સંસારનું ઉલ્લંઘન કરીને પરમ પદને પ્રાપ્ત થાય છે અને વેદવાક્યો જેને સ્પષ્ટ રીતે વર્ણવી શકતાં નથી, તે શ્રેષ્ઠ તત્ત્વનું હું વર્ણન કરૂં છું. તેને તમે સાંભળો.[૨૫] એ તત્ત્વ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધથી રહિત છે,ઇંદ્રિયોથી અગ્રાહ્ય છે, અવ્યક્તસ્વરૂપ છે, લાલ, કાળો, ધોળો–ઈત્યાદિ વર્ણોવિનાનું છે અને અદ્વિતીય છે; છતાં પણ તેણે પ્રજાઓના ઉપભોગને માટે શબ્દાદિ પાંચ વિષયોને ઉત્પન્ન કર્યા છે.[૨૬] વળી તે તત્ત્વભૂત વસ્તુ સ્ત્રી નથી, પુરુષ નથી, નપુંસક નથી, પ્રધાનપરમાણુ આદિ સત્સ્વરૂપ નથી, અસત્ (શૂન્ય)સ્વરૂપ નથી તેમજ સદસત્મિશ્ર પણ નથી; પરંતુ બ્રહ્મવેત્તા મનુષ્યો જેનો સાક્ષાત્કાર કરી શકે છે એવી તે તત્ત્વભૂત વસ્તુ અક્ષર છે–અવિનાશી છે એમ તમારે જાણવું."[૨૭]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "મનુ અને બૃહસ્પતિનો સંવાદ" એ વિષયનો અ૦ ૨૦૧ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૨ મો

મનુ-બૃહસ્પતિસંવાદ (ચાલુ)

॥ मनुरुवाच ॥

अक्षरात्खं ततो वायुस्ततो ज्योतिस्ततोजलम् ॥
जलात्प्रसूताजगती जगत्यां जायते जगत् ॥

મનુએ કહ્યું:–"અક્ષરબ્રહ્મથી આકાશ ઉત્પન્ન થયું, આકાશમાંથી વાયુ, વાયુમાંથી તેજ, તેજમાંથી જળ, જળમાંથી પૃથ્વી અને પૃથ્વીમાંથી આ સર્વ જગત ઉત્પન્ન થયું છે. (અહીં કહેવાનો ભાવ એ છે કે, માયાની સહાયતાવાળા અક્ષરબ્રહ્મથી જગત ઉત્પન્ન થયું છે. કદાચ કોઇને શંકા થાય કે, અક્ષરની પહેલાં જો કંઈપણ ન હતું તો માયા કયાંથી આવી ? અને માયા તે વખતે જો હતીજ તો પછી અક્ષરને અદ્વૈત કેમ કહેવાય ? આ શંકાનું સમાધાન આ રીતે થઈ શકે છે. જેમ છીપમાં રૂપાનો ભાસ થવાથી તેમાં કંઇ રૂપું આવી જતું નથી, તેમજ છીપની સાથે રૂપું વળગેલું છે એમ પણ કહેવાતું નથી. એજ પ્રમાણે અક્ષરમાં માયાની મિથ્યા પ્રતીતિ થવાથી અક્ષરનું અદ્વૈતપણું મટી જતું નથી; કેમકે માયા એ અક્ષરને વળગેલો કોઇ સ્વતંત્ર પદાર્થજ નથી, પરંતુ અજ્ઞાનજન્ય મિથ્યાભાસજ છે.)[૧] આ રીતે જગતની ઉત્પત્તિ થયા પછી પુનઃ પ્રલયસમયે પૃથ્વીમાંથી ઉત્પન્ન થયેલાં સર્વ શરીરોનો અને પૃથ્વીનો જળમાં લય થઇ જાય

છે, જળનો તેજમાં લય થઇ જાય છે, તેજનો પવનમાં લય થઇ જાય છે અને પવનનો આકાશમાં લય થઇ જાય છે. આ રીતના સૃષ્ટિક્રમને જાણનારો બ્રહ્મનિષ્ઠ પુરુષ, આકાશની પેલીપાર રહેલા અક્ષરબ્રહ્મનેજ પોતાના આત્માસ્વરૂપે જાણે છે અને તે પ્રમાણે જાણ્યા પછી તે પુરુષને પુનઃ સંસારના ફેરામાં પડવું પડતું નથી, પણ તેઓ તો મોક્ષનેજ પામે છે;(પરંતુ જેઓ, એ અક્ષરને પોતાના આત્માસ્વરૂપ જાણતા નથી, તેઓને તો પુનઃ સંસારમાં આવવુંજ પડે છે.)[૨] બ્રહ્મનિષ્ઠ પુરુષો જે અક્ષરતત્ત્વનો સાક્ષાત્કાર કરે છે તે ઉષ્ણ નથી, શીત નથી, મૃદુ નથી, તીક્ષ્ણ નથી, અમ્લ (ખાટું) નથી, કષાય (તુરૂં) નથી, મધુર નથી, તિક્ત (કડવું) નથી; શબ્દવાળું નથી, ગંધવાળું નથી, રૂપવાળું નથી અને પ્રમાતા આદિ સ્વભાવવાળું પણ નથી.[૩] સર્વ કોઇની ત્વચા ઇંદ્રિયસ્પર્શને જાણી શકે છે, જીહ્વા ઇંદ્રિયરસને જાણી શકે છે, ઘ્રાણેન્દ્રિય ગંધને જાણી શકે છે, શ્રવણેન્દ્રિય શબ્દને સાંભળે છે અને ચક્ષુષ્ઈન્દ્રિય રૂપને જાણી શકે છે; પરંતુ એ સર્વ ઇંદ્રિયોઅને તેના વિષયોથી પર એવા પરમાત્માને, અધ્યાત્મવિદ્યા નહિ જાણનારા મનુષ્યો, પોતાની એકે ઇંદ્રિયથી જાણી શકતા નથી–અર્થાત પરમાત્મારૂપી વસ્તુ, ઇંદ્રિયોથી અગ્રાહ્ય છે;[૪] માટે જે પુરુષ, (યોગસાધનદ્વારા) રસનેન્દ્રિયને રસગુણથી, ઘ્રાણેન્દ્રિયને ગંધગુણથી, શ્રવણેન્દ્રિયને શબ્દગુણથી ત્વચા ઇંદ્રિયને સ્પર્શગુણથી અને ચક્ષુરિન્દ્રિયને રૂપગુણથી નિવૃત્ત કરીને નિત્ય સમાધિયોગનો અભ્યાસ કરે છે, તે પુરુષનેજ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.[૫] મુનિઓ કહે છે કે, જે કોઇ કર્તા રાગદ્વેષાદિકનું અવલંબન કરીને હરકોઇ જ્ઞાન, કર્મ કે કરણદ્વારા જે કોઇ પ્રાપ્ય વસ્તુને ઉદ્દેશીને જે દેશમાં અથવા કાળમાં જે કંઈ સુખ–દુઃખના નિમિત્તે તેને અનુકૂલ એવી પ્રવૃત્તિ કરે છે, તે સર્વ સમુદાયનું કારણ, સ્વરૂપ અથવા આત્માજ છે.[૬] વળી જે સર્વવ્યાપક (ઇશ્વર) હોઇને વ્યાપ્ય(જીવ)સ્વરૂપ પણ છે, એમ વૈદિક મંત્રોથી સિદ્ધ થાય છે અને જે કૂટસ્થસ્વરૂપે આ સર્વ જગતમાં વસી રહ્યા છે, જે સર્વના કારણભૂત છે તેમજ જે એક અદ્વિતીયસ્વરૂપે સર્વના સ્રષ્ટા છે, તે પરબ્રહ્મને સર્વના કારણ કહેવામાં આવે છે અને તે સિવાયની બીજી સર્વ વસ્તુને કાર્ય કહેવામાં આવે છે.[૭] જેમ કોઈ મનુષ્ય, સારીરીતે કરેલાં પુણ્યપાપના યોગથી શુભ અને અશુભ ફળને સંપાદન કરે છે અને તે રીતે પ્રાપ્ત થયેલું શુભ અશુભ ફળ, વિનાવિરોધે મનુષ્યના શરીરમાં એકત્ર રહે છે, તે પ્રમાણેજ પુણ્યપાપના યોગથી શુભ અશુભ ગણાતાં સર્વ (જડ) શરીરોમાં ચૈતન્યરૂપ એવું આત્મતત્ત્વજ જ્ઞાનસ્વરૂપે રહેલું છે. (અર્થાત પુણ્ય અને પાપ જેમ વિનાવિરોધે એકસાથે રહે છે, તેમ જડ (શરીર) અને ચૈતન્ય (આત્મા, સ્વરૂપ કે સ્વભાવ) પણ વિનાવિરોધે એકસાથે રહે છે અને તે ચૈતન્યજ જ્ઞાનસ્વરૂપ ગણાય છે.)[૮]જેમ (દીવીની ટોચ ઉપર મૂકેલો) એક પ્રદીપ્ત દીવો દેદીપ્યમાન થઇને આગળ રહેલા બીજા સર્વ પદાર્થોને પ્રકાશમાન કરે છે, તેમ આ શરીરમાં રહેલા પાંચ ઇંદ્રિયોરૂપી દીપવૃક્ષો (દીવીઓ) જ્ઞાનરૂપી દીવાથી દેદીપ્યમાન થઇને વિષયોને ગ્રહણ કરે છે; (પણ સ્વતઃપ્રકાશરૂપ નથી) અને તેથીજ તેઓ પરતંત્ર છે–ચૈતન્યપ્રકાશની અપેક્ષા રાખનારા છે.[૯] જેમ કોઈ રાજાના અનેક અમાત્યો, રાજાની આજ્ઞાને અધીન રહીનેજ બીજાઓને જૂદી જૂદી આજ્ઞાઓ કરે છે, તેમ શરીરની અંદર રહેલી પાંચ ઇંદ્રિયો, આત્માની પ્રેરણાને અધીન રહીનેજ તે તે વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરે છે; અને તેથીજ જેમ અમાત્યોના કરતાં રાજા ઉત્તમ ગણાય છે, તેમ જ્ઞાનસ્વરૂપ આત્મા પણ ઇંદ્રિયોના કરતાં શ્રેષ્ઠ ગણાય છે.[૧૦] જેમ અગ્નિની જ્વાળાઓ, પવનનો વેગ, સૂર્યનાં કિરણો અને નદીઓનાં જળ ઉત્પન્ન થાય છે, અમુક સમયસુધી રહે છે અને લય પામે છે, તેમ પ્રાણીઓનાં શરીરો પણ ઉત્પન્ન થાય છે, અમુક સમયસુધી રહે છે અને પાછાં લય પામે છે. (અર્થાત્ મનદ્વારા શરીરની અંદર બંધાઈ રહેલું એવું પણ જ્ઞાન (આત્મતત્ત્વ) શરીરનો નાશ થઈ ગયા

છતાં પણ નાશ પામતું નથી.)[૧૧] જેમ કોઇએક પુરુષ લાકડામાં રહેલા અગ્નિને જોવાની ઈચ્છાથી હાથમાં ફરસી લઇને લાકડાને ચીરી નાખે, તોપણ તેને ધૂમાડાનાં કે અગ્નિનાં દર્શન થતાં નથી, તેમજ શરીરમાં રહેલા આત્માને જોવાની ઈચ્છાથી શરીરના હાથ, પગ, પેટ વગેરે અવયવોને કાપી નાખવામાં આવે તોપણ આત્માનો સાક્ષાત્કાર થઇ શકતો નથી; કેમકે આત્મા શરીરથી ભિન્ન છે;[૧૨] પરંતુ અગ્નિનું દર્શન કરવામાટે તેનાં તેજ લાકડાંઓને જો મથવામાં આવે છે તો તુરતજ અગ્નિનું તથા ધૂમાડાનું જેમ દર્શન થાય છે, તેમ કોઈ બુદ્ધિમાન જીવ યોગધર્મનો આશ્રય કરીને શરીરને જો મથવા માંડે છે તો તુરતજ પરમાત્માનાં તથા બુદ્ધિનાં એકીસાથે તેને દર્શન થાય છે.[૧૩] જેમ પુરુષ, સ્વપ્નમાં પોતાના શરીરને પોતાનાથી જૂદુંજ પૃથ્વીપર પડેલું જુએ છે, તેમ મરણસમયે પોતાના સ્થૂળશરીરને આત્માથી ભિન્ન જોયા છતાં પણ સત્તર તત્ત્વોથી (દશ ઇંદ્રિયો, પાંચ પ્રાણ મન તથા બુદ્ધિથી) બનેલા લિંગશરીરને આત્માથી ભિન્ન નહિ જાણનારો પુરુષ, એક સ્થૂળદેહનો ત્યાગ કરીને બીજા સ્થૂળદેહમાં પ્રવેશ કરે છે.[૧૪] શરીરની ઉત્પત્તિથી, વૃદ્ધિથી, ક્ષીણતાથી કે નાશથી શરીરની અંદર રહેલો જીવાત્મા ઉત્પત્તિને, વૃદ્ધિને, ક્ષીણતાને કે નાશને પામતોજ નથી. માત્ર મરણસમયે પ્રાચીન કર્મફળના યોગે પૂર્વના શરીરનો ત્યાગ કરીને અદૃશ્યસ્વરૂપે બીજા શરીરમાં પ્રવેશ કરે છે.[૧૫] આત્માના સ્વરૂપને ચક્ષુ ઇંદ્રિયદ્વારા જોઈ શકાતું નથી તેમ ત્વચા ઇંદ્રિયદ્વારા તેનો સ્પર્શ પણ કરી શકાતો નથી–અર્થાત આત્મવસ્તુ ઇન્દ્રિયોથી અગ્રાહ્ય છે. વળી તે ઇન્દ્રિયોદ્વારા આત્માને કોઈ પણ કાર્ય સાધવાનું હોતું નથી; અને સાક્ષીભૂત એવા આત્માને ઇન્દ્રિયોનું જ્ઞાન હોય છે તોપણ ઇંદ્રિયોને આત્માનું જ્ઞાન હોતું નથી. (કેમકે ઇન્દ્રિયો જડ છે અને આત્મા ચેતન છે.)[૧૬] જેમ એક લોઢાનો ગોળો સમીપમાં બળી રહેલા અગ્નિ નાતાપના સંબંધથી લાલચોળ જેવો દેખાય છે, તોપણ ખરી રીતે તે ગોળો લાલ નથી કે દાહક શક્તિમાન પણ નથી; તેજ પ્રમાણે જડ એવો પણ દેહ, આત્માના સંબંધને લીધેજ ચૈતન્ય ધર્મને ધારણ કરે છે અને તેથીજ ચેતન જેવો દેખાય છે, તોપણ વસ્તુતઃ દેહ ચેતન છેજ નહિ.[૧૭] તેમજ જીવાત્મા (મરણસમયે) એક શરીરનો ત્યાગ કરીને અદૃશ્ય રીતે બીજા શરીરમાં પ્રવેશ કરે છે અને પૂર્વના શરીરને પંચમહાભૂતોમાં ત્યજી દઇને બીજા શરીરના સ્વરૂપને ધારણ કરે છે.[૧૮] દેહાભિમાની જીવ, પંચમહાભૂતોથી બનેલા પૂર્વશરીરનો ત્યાગ કરીને પણ આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી–એ પાંચ ભૂતોનાજ કાર્યરૂપ બીજા શરીરને ધારણ કરે છે અને તેની સાથે સાથે અનેક પદાર્થોનો આશ્રય કરનારી તથા કર્મની અંદર પ્રવૃત્તિ કરનારી શ્રોત્રાદિ ઇન્દ્રિયો પણ શબ્દાદિ પાંચ વિષયોનો આશ્રય કરે છે.[૧૯] તેમાંની શ્રોત્રેન્દ્રિય આકાશના શબ્દગુણનો આશ્રય કરે છે, ઘ્રાણેન્દ્રિય પૃથ્વીના ગંધગુણનો આશ્રય કરે છે, ચક્ષુ ઇન્દ્રિય તેજના રૂપગુણનો આશ્રય કરે છે, રસનેન્દ્રિય જળના રસગુણનો આશ્રય કરે છે અને ત્વચા ઇન્દ્રિય વાયુના સ્પર્શગુણનો આશ્રય કરે છે. (અર્થાત શ્રોત્રાદિક ઇન્દ્રિયો, શબ્દાદિક વિષયોની વાસનાથી યુક્ત થઇનેજ કર્મની અંદર પ્રવૃત્તિ કરે છે.)[૨૦] પાંચ ઇન્દ્રિયોના પાંચ વિષયો આકાશાદિ મહાભૂતોને વિષે વસે છે, પાંચ મહાભૂતો ઇન્દ્રિયોને વિષે વસે છે, ઇન્દ્રિયો, તેઓના વિષયો અને પાંચ મહાભૂતો મનને અનુસરનારાં છે, મન બુદ્ધિને અનુસરે છે અને બુદ્ધિ સ્વભાવને (ચિદાત્માને) અનુસરે છે. (તાત્પર્ય કે, બુદ્ધિમાંજ સર્વ તત્ત્વોનો અંતર્ભાવ થાય છે અને તે બુદ્ધિના સંબંધને લીધેજ આત્માને પુનઃ પુનઃ સંસારમાં પડવું પડે છે.)[૨૧] પૂર્વજન્મમાં જે જે શુભ અશુભ કર્મ કરેલાં હોય છે, તે તે કર્મનેજ ઇન્દ્રિયાદિ તત્ત્વો, પોતાના નવા શરીરમાં ગ્રહણ કરે છે; અને જેમ જળચર પ્રાણીઓ જળના અનુકૂલ પ્રવાહમાં સહજરીતે ઘસડાઇ જઇને બીજા જળમાં દાખલ થાય છે, તેમ બુદ્ધિ

અને વિષયો, મનના વેગને અનુસરીને તેની સાથે બીજા શરીરમાં નિવાસ કરે છે. (સારાંશ કે, પૂર્વજન્મના સંસ્કારને અધીન થઇને ઉત્તરોત્તર નવા નવા દેહમાં દાખલ થનારો જીવાત્મા કર્મોને કરતો કરતો પુનઃ પુનઃ બંધાયાજ કરે છે.)[૨૨] (આ ઉપરથી કોઇને કદાચ શંકા થાય કે, એ રીતે જ્યારે વાસનાસંતતિ અવિચ્છિન્ન રીતે ચાલ્યા કરે અને તેનો કદી નાશજ ન થાય તો પછી મોક્ષની આશા દુર્લભજ થઇ પડે. આ શંકાનું સમાધાન કરવા માટે છેલ્લા શ્લોકમાં સંસારનું ભ્રાંતિજન્યપણું સિદ્ધ કરે છે અને અનાદિકાળથી ચાલ્યા આવેલા ભ્રમને પણ મૂળમાંથી ઉખેડી નાખવામાટે તત્ત્વજ્ઞાની પુરુષ સમર્થ થઇ શકે છે, એ વાતનું સ્પષ્ટીકરણ કરે છે.) ભ્રાંતિજન્ય જ્ઞાન કેવળ ચંચળ અથવા અસ્થિરજ હોય છે, જેથી મનુષ્ય, તે ભ્રાંતિજન્ય જ્ઞાનને દૂર કરીને વસ્તુતત્ત્વને જાણી શકે છે.(જેમ નૌકામાં બેસીને નદીમાં ફરનારા મનુષ્યને તીર ઉપરનાં વૃક્ષો સ્થિર હોવા છતાં ચાલતાં હોય તેમ દેખાય છે, તેમજ પરમાત્મા ફૂટસ્થ–નિર્વિકાર હોવા છતાં બુદ્ધિના વિકારને લીધે અફૂટસ્થ-સવિકાર જાણવામાં આવે છે; પરંતુ એ ભ્રાંતિજનકરૂપ બુદ્ધિના માર્ગનો નિરોધ કરીને તત્ત્વજ્ઞાની પુરુષ, પરમાત્માના વાસ્તવિક સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકે છે.) વળી જેમ પુસ્તકના સૂક્ષ્મ અક્ષરો પણ ચશ્માં અથવા સૂક્ષ્મદર્શક યંત્રના યોગથી મોટા–સ્થૂળ દેખાય છે, તેમ પરમાત્મવસ્તુ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે તોપણ બુદ્ધિના સંબંધને લીધે સ્થૂળ પ્રપંચસ્વરૂપે જોવામાં આવે છે. એજ પ્રમાણે જેમ પોતાના મુખનું પ્રતિબિંબ પોતાની દૃષ્ટિથી જોવાને અશકય છે, તોપણ દર્પણ તે પ્રતિબિંબને આબેહુબ રીતે દેખાડી આપે છે. તેજ પ્રમાણે એકજ એવી પ્રત્યગ્વસ્તુને (પરમાત્માને), પોતાના અજ્ઞાનથી કલ્પી કાઢેલો બુદ્ધિરૂપી દર્પણ, આકાશાદિ અનેક સ્વરૂપે દેખાડી આપે છે. (પરંતુ જેમ ચક્ષુ ઉપર ચઢાવેલાં ચશ્માંને દૂર કરવાથી પુસ્તકના અક્ષરોનું સ્થૂલપણું દૂર થાય છે અને મુખસામે ધરેલા દર્પણને ખસેડી લેવાથી પોતાના મુખનું દૃશ્યપણું પણ અદૃશ્ય થાય છે, તેમજ) ભ્રાંતિજનકરૂપ બુદ્ધિમાર્ગનો બાધ કરીને મનુષ્ય, પરમાત્માના વાસ્તવિક સ્વરૂપને જાણી શકે છે. (અર્થાત અનાદિકાળથી ચાલી આવેલી એવી પણ ભ્રાંતિનો, પાછળથી ઉદ્ભવેલા તત્ત્વજ્ઞાનથી બાધ થઈ શકે છે, માટે ભ્રાંતિજ્ઞાનને દૂર કરવા માટે આત્મજ્ઞાન મેળવવાનોજ પ્રયત્ન કરવો.)[૨૩]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "મનુ અને બૃહસ્પતિનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૨૦૨ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૩ મો

આત્માનું અસ્તિત્વ

(મનુબૃહસ્પતિસંવાદ ચાલુ)

॥ मनुरुवाच ॥

यदिन्द्रियैस्तूपहितं पुरस्तात् ।
प्राप्तान् गुणान् संस्मरते चिराय ॥
तेष्विन्द्रियेषूपहतेषु पश्चात्
स बुद्धिरूपः परमः स्वभावः ॥१॥

મનુએ કહ્યું:–" મનસહિત ઇંદ્રિયોથી ઢંકાયલું એવું પણ જીવચૈતન્ય, પૂર્વે ઘણા કાળ પહેલાં પણ પ્રાપ્ત થયેલા વિષયોનું પાછળથી કાળાંતરે પણ સ્મરણ કરે છે (કે, મેં બાલ્યાવસ્થામાં સુખનો અનુભવ કર્યો હતો. તે ઉપરથી જણાય છે કે, મન તથા ઇંદ્રિયોથી ભિન્ન એવો આત્મા છે); તેમજ જ્યારે તે ઇંદ્રિયોનો લય થાય છે, ત્યારે–સ્વપ્નાવસ્થામાં આત્મા બુદ્ધિરૂપ હોય છે તોપણ વસ્તુતઃ તે સર્વોત્કૃષ્ટ ચિદાત્મા, બુદ્ધિથી પણ ભિન્નજ* છે. (કેમકે સ્વપ્નાવસ્થામાં આત્મા,

---

* અર્થાત જેમ જાગ્રતઅવસ્થામાં પ્રકાશ કરવા યોગ્ય ઘટથી અને પ્રકાશ કરનાર ચક્ષુથી ભિન્ન એવો ફૂટસ્થ–નિર્વિકાર સૂર્ય, કેવળ પોતાની સત્તામાત્રથી ચક્ષુઇન્દ્રિયને તેજસ્વી બનાવીને ઘટ પદાર્થને પ્રકાશિત કરે છે, તેમ સ્વપ્નાવસ્થામાં પ્રમાતા અને પ્રમેયરૂપે રહેલી બુદ્ધિને તેનાથી ભિન્ન તથા ઉદાસીન એવો ચિદાત્માજ પ્રકાશિત કરે છે.

કેવળ ભ્રાંતિને લીધેજ બુદ્ધિની સાથે એકરૂપ થયેલો અને વિકારીપણાને પામેલો દેખાય છે.)[૧] તે ચૈતન્યસ્વરૂપ આત્મા, એકજ સમયે અથવા ભિન્ન ભિન્ન સમયે, સમીપમાં રહેલા ઇન્દ્રિયોના વિષયોને સંપૂર્ણ રીતે પ્રકાશિત કરે છે અને વળી તે એકલોજ પરસ્પર વિરુદ્ધ ધર્મવાળી ત્રણે અવસ્થાઓમાં (જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં) સંચાર કરે છે, જેથી તે દેહધારી જીવાત્મા સર્વકોઇનો સાક્ષી છે–દ્રષ્ટા છે.[૨] જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ–એ ત્રણે બુદ્ધની અવસ્થાઓ સત્વ, રજ અને તમ, એ ત્રણે ગુણોથી ભરપૂર છે અને તેમાં સાક્ષીતરીકે રહેનારો આત્મા, તે તે અવસ્થાના પરસ્પર વિલક્ષણ ધર્મવાળા સુખદુઃખાદિ ગુણોને માત્ર જાણેજ છે, પણ ભોગવતો નથી. વળી જેમ વાયુ કાષ્ઠમાં રહેલા અગ્નિને કેવળ પ્રદીપ્તજ કરે છે,પરંતુ પોતે કાષ્ઠને બાળતો નથી, તેમ દેહધારી આત્મા, ઇંદ્રિયોમાં કેવળ સંચાર કરીને તેઓને ચેતનાવાળી કરે છે, પરંતુ ઇંદ્રિયોના વિષયોને પોતે ભોગવતો નથી. (અર્થાત બુદ્ધિજ કર્તા, ભોકતા વગેરે ધર્મોને ધારણ કરે છે; આત્મા તો કેવળ ઉદાસીન અને જ્ઞાનસ્વરૂપજ છે.)[૩] ચક્ષુઇંદ્રિયથી આત્માના સ્વરૂપનું દર્શન કરી શકાતું નથી, ત્વચાઇન્દ્રિય તેનું સ્પર્શન થઇ શકતું નથી અને શ્રોત્રઇન્દ્રિયથી તેનું શ્રવણ થઇ શકતું નથી; (કેમકે, આત્મા રૂપ, સ્પર્શ અને શબ્દથી રહિત છે અને વળી જે આત્મા, ઇન્દ્રિયોનો પ્રકાશક છે, તેને ઇન્દ્રિયો કેવી રીતે પ્રકાશિત કરી શકે?) માટે વેદાંતવાકયોનું શ્રવણ-મનન કરવાથીજ તેનો સાક્ષાત્કાર કરી શકાય છે અને તેથીજ સમસ્ત ક્રિયા, કારક આદિ દ્વૈતભાવોનો વિનાશ થાય છે.[૪] શ્રોત્રાદિક ઇંદ્રિયો, જયારે પોતપોતાના સ્વરૂપનેજ જોઈ શકતી કે જાણી શકતી નથી, ત્યારે પરમાત્માને તો કયાંથી જોઇ શકે કે જાણી શકે? પરંતુ સર્વજ્ઞ અને સર્વનો દ્રષ્ટા એવો આત્મા તો તે સર્વ ઇંદ્રિયોને જોઈ શકે છે અને જાણી પણ શકે છે. (અર્થાત આત્મા સર્વ દશ્ય વસ્તુઓનો દ્રષ્ટા છે–સાક્ષી છે.)[૫] જેમ હિમાલયની બન્ને બાજુઓનો ભાગ તથા ચંદ્રમાના પૃષ્ઠનો (પાછળનો) ભાગ મનુષ્યોએ કદી જોયો નથી, તે ઉપરથી એમ તો નજ કહી શકાય કે, તેનું અસ્તિત્વ હશેજ નહિ ![૬] તે પ્રમાણેજ સર્વ પ્રાણીઓની અંદર વ્યાપી રહેલો જ્ઞાનસ્વરૂપ આત્મા, અતિશય સૂક્ષ્મ હોવાથી ઇંદ્રિયોદ્વારા કદી જોઈ શકાતો નથી. તે ઉપરથી એમ તો નજ કહી શકાય કે, આત્મા કોઈ સ્થળે છેજ નહિ.[૭] (વળી આત્માની પ્રતીતિ થયા છતાં પણ મનુષ્યો તેને જાણી શકતા નથી.) જેમકે, દર્પણતુલ્ય સ્વચ્છ એવા ચંદ્રના મંડળમાં પ્રતિબિંબિત થયેલા જગતને કલંકરૂપે જોયા છતાં પણ લોકો સ્પષ્ટ રીતે જાણી શકતા નથી કે, ચંદ્રની અંદર દેખાતું કલંક જગતનું પ્રતિબિંબજ છે. એજ પ્રમાણે મનુષ્યોને આત્માસંબંધી જ્ઞાન હોવા છતાં પણ તેનું અભેદ જ્ઞાન હોતું નથી. વળી આત્મારૂપી વસ્તુ સ્વયંસિદ્ધજ છે, જેથી પ્રથમ કદી ઉત્પન્ન થયેલી નથી અને તેને જાણવાથી દુઃખનો નાશ નજ થાય, એમ કહેવાય તેમ નથીજ. (હવે અહીં કોઈ કહેશે કે, જો આત્માજ બ્રહ્મનું સ્વરૂપ છે, તો પછી એને તો અમે જાણીએજ છીએ છતાં અમારા શોકાદિકની નિવૃત્તિ કેમ થતી નથી ? અને આ રીતે અમને આત્મજ્ઞાન થયેલું છે તો પછી શાસ્ત્રની શી જરૂર છે? આ શંકાનું સમાધાન કરવા માટે કહે છે કે, કેવળ જીવસ્વરૂપે આત્માનું જ્ઞાન થવાથી યથાર્થ આત્મજ્ઞાન થયું ગણાતું નથી, માટે તેનું યથાર્થ જ્ઞાન મેળવવા માટે શાસ્ત્રનો અવશ્ય આશ્રય કરવો પડે છે અને તેનું યથાર્થ જ્ઞાન થાય છે કે તુરતજ શોકાદિકની નિવૃત્તિ થઈ જાય છે.*)[૮] વિદ્વાનો જે પદાર્થ રૂપવાળો

એ ઉપરથી સિદ્ધ થાય છે કે, બુદ્ધિથી ભિન્ન અને બુદ્ધિનો પણ પ્રકાશક આત્મા છે. **નીલકંઠ**

* જેમ કોઇએક રાજાનો 'ભર્જુ' નામનો પ્રિય પ્રધાન, અનેક વર્ષો થયાં દૂર દેશાવર ચાલ્યો ગયો હતો અને પછી જયારે તે પાછો આવ્યો ત્યારે રાજાના બીજા પ્રધાનોએ રાજાની આગળ જાહેર કર્યું કે:–"આપણો ખરો પ્રધાન ભર્જુ તો આજે ઘણા દિવસ પહેલાં મરણ પામ્યો છે. તો આ ભર્જુ, તે ખરો ભર્જુ

હોય છે તેની ઉત્પત્તિનો તથા નાશનો વિચાર કરીને જેમ જોઇ શકે છે કે, જગતના સર્વ સ્થૂળપદાર્થો કેવળ અરૂપીજ છે. (જેમ કોઇએક વૃક્ષ પોતાની ઉત્પત્તિની પહેલાં માટીરૂપજ હતું અને નાશ થયા પછી પણ માટીરૂપજ રહેવાનું, કેમકે એવો ન્યાયજ છે કે, જે વસ્તુ આદિમાં નથી તે વસ્તુ અંતમાં પણ નજ હોય.) વળી જેઓ (સૂર્યના ઉદયને તથા અસ્તને જોઇ શકે છે તેઓ તો માનેજ છે કે, સૂર્ય એએક ગતિમાન ગ્રહ છે;[૯] તેજ પ્રમાણે તત્ત્વવેત્તા જ્ઞાની પુરુષો, પોતાની બુદ્ધિરૂપી દીવાના પ્રકાશથી આત્મવસ્તુને સમીપમાંજ જોઈ શકે છે; એટલુંજ નહિ પણ આ દૃશ્યમાન સર્વ પ્રપંચનો જ્ઞાનશબ્દવાચ્ય પરબ્રહ્મમાં લય કરવા માટે તેઓ ઇચ્છે છે;[૧૦] અને એ વાત તો નક્કીજ છે કે, કોઈ પણ અર્થની ઉપાય કર્યા વિના કદી સિદ્ધિ થતીજ નથી. જેમ દૃષ્ટાંતતરીકે, જળચર પ્રાણીઓ ઉપર આજીવિકા ચલાવનારા લોકો જાળ વગેરે ઉપાયો કરીનેજ માછલાંઓને પકડે છે તેમ. (અજ્ઞાનનો નાશ કરવા માટે ઉપાય તો કરવોજ જોઇએ.)[૧૧] જેમ મૃગવડે મૃગોને પકડી શકાય છે, પક્ષીઓવડે પક્ષીઓને પાંજરામાં પૂરી શકાય છે અને હાથીઓવડે હાથીઓને બાંધી શકાય છે, તેમ જ્ઞાનવડેજ જ્ઞેયનો (આત્માનો) સાક્ષાત્કાર કરી શકાય છે.[૧૨] આપણે સાંભળીએ છીએ કે, સર્પજ સર્પના પગને જાણે છે. તેમજ સ્થૂલદેહોમાં લિંગદેહની અંદર રહેલા આત્માને જ્ઞાનદ્વારાજ જોઈ શકાય છે.[૧૩] જેમ ઇંદ્રિયોવડે ઇંદ્રિયોને જાણવાનું બની શકતું નથી, તેમ પરા એવી બુદ્ધિ પણ (બુદ્ધિની છેલ્લી વૃત્તિ) શુદ્ધસ્વરૂપ જ્ઞેયવસ્તુને (આત્માને) જોઈ શકતી નથી.[૧૪] જેમ અમાવાસ્યાને દિવસે સૂર્યના સહવાસમાં આવેલું ચંદ્રમાનું બિંબ જોવામાં આવતું નથી તોપણ તે ઉપરથી તેનો નાશ થઈ ગયો છે, એમ કહી શકાતું નથી; કેમકે તેના અદર્શનનું કારણ ઉપાધિની શૂન્યતાજ છે. એજ પ્રમાણે શરીરધારી જીવનું અદૃશ્યપણું હોવાને લીધે તેનો નાશ થયો છે, એમ સમજવાનું નથી.[૧૫] અમાવાસ્યાને દિવસે ચંદ્રમા પ્રકાશતો નથી તેનું મુખ્ય કારણ એજ છે કે, તે દિવસે તેનું સ્થૂલશરીર ક્ષીણ થઈ ગયેલું હોય છે; તેજ પ્રમાણે દેહધારી આત્મા, અન્નમયાદિક કોશના નાશવડે વૃત્તિથી રહિત હોવાને લીધે પ્રત્યક્ષ જોવામાં આવતો નથી,[૧૬] પરંતુ જેમ પુનઃ સમય આવતાં આકાશના મધ્યભાગમાં આરૂઢ થઇને ચંદ્રમા એકદમ પ્રકાશી નીકળે છે, તેમ શરીરધારી જીવાત્મા પણ બીજા શરીરને પામીને પુનઃ પ્રકાશી નીકળે છે.[૧૭] જન્મ, વૃદ્ધિ, નાશ વગેરે ધર્મો જેમ ચંદ્રમંડળમાં જોવામાં આવે છે, તેમ આપણા શરીરમાં પણ જોવામાં આવે છે; પરંતુ તે ધર્મો શરીરનાજ છે, આત્માના નથી.[૧૮] જેમ બાલ્યાવસ્થાને, યુવાવસ્થાને તથા વૃદ્ધાવસ્થાને પામેલો એવો પણ દેવદત્ત તે ત્રણે અવસ્થામાં એકજ છે અને અમાવાસ્યાને દિવસે અદર્શન પામીને પુનઃ મૂર્તિમાન દેખાયલો ચંદ્રમા એકનો એકજ છે, તેમ જીવાત્મા પણ એકનો ત્યાગ કરીને બીજા દેહમાં ગયા છતાં એકનો એકજ છે.[૧૯] જેમ અંધારૂં ચંદ્રમાની સમીપમાં જતું અથવા તેનો ત્યાગ કરી જતું જોવામાં આવતું નથી, તેમજ જડ એવો દેહ, ચૈતન્યસ્વરૂપ આત્માનો સંબંધ કરી શકતો નથી તેમ ત્યાગ પણ કરી શકતો નથી–અર્થાત્ દેહનો અને જીવાત્માનો સંબંધ આપણને પ્રતીત થાય છે તોપણ વાસ્તવિક રીતે તે સંબંધ ત્રણે કાળમાં નથી; કેમકે આત્મા પ્રકાશસ્વરૂપ છે અને દેહ અંધકારસ્વરૂપ છે. પ્રકાશનો તથા અંધકારનો સંબંધ કદી હોઈ શકેજ નહિ.[૨૦] જેમ રાહુ અદૃશ્ય છે તોપણ ચંદ્ર સૂર્યરૂપ દૃશ્ય પદાર્થોનો સંબંધ કરીને પ્રકાશે છે, તેમ આત્મા અદૃશ્ય છે તોપણ દેહરૂપ દૃશ્ય પદાર્થનો સંબંધ કરીને "આ હું છું" એમ

નથી પણ બ્રહ્મરાક્ષસ થયેલો ભર્જુ છે." આવું સાંભળીને રાજાએ પોતાની સમીપમાંજ રહેલા ભર્જુને બુદ્ધિના દોષને લીધે ઓળખી કાઢયો નહિ. તેજ પ્રમાણે બુદ્ધિના દોષને લીધે સમીપમાં રહેલા આત્માને પણ ઓળખી શકાતો નથી માટે તેનું યથાર્થ જ્ઞાન કરવાને શાસ્ત્રની જરૂર છે.

પ્રકાશે છે.(પરંતુ સુષુપ્તિ અવસ્થામાં દેહનો જ્યારે સંબંધ હોતો નથી ત્યારે તે સ્પષ્ટ રીતે પ્રકાશતો નથી.)[૨૧] વળી જેમ ચંદ્રસૂર્યથી મુકત થયેલો રાહુ ઉપલબ્ધ થતો નથી તેમ ચૈતન્યસ્વરૂપ આત્માથી મુક્ત થયેલો જડ દેહ, પ્રકાશતો નથી–ચેષ્ટા કરી શકતો નથી.[૨૨] જેમ અમાવાસ્યાને દહાડે સૂર્યની સાથે રહેલા ચંદ્રને, આપણે નક્ષત્રની સાથે જોડાયલો જોઈ શકતા નથી તોપણ તે નક્ષત્રની સાથે જોડાયલોજ હોય છે, તે પ્રમાણે એક શરીરથી મુક્ત થયેલો આત્મા, કર્મનાં ફળભૂત એવાં બીજાં શરીરોની સાથે જોડાયજ છે."[૨૩]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં " મનુ અને બૃહસ્પતિનો સંવાદ " એ વિષયનો અ૦ ૨૦૩ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૪ મો

મોક્ષવર્ણન

(મનુબૃહસ્પતિસંવાદ ચાલુ)

॥ મનુઉવાચ ॥

यथाव्यक्तमिदं शेते स्वप्ने चरति चेतनम् ॥
ज्ञानमिन्द्रियसंयुक्तं तद्वत्प्रेत्य भवाभवौ॥१॥

મનુએ કહ્યું:–"હે બૃહસ્પતિ! (આત્માને શરીરનો યોગ અપરિહાર્ય છે તોપણ તેનો મોક્ષ થતો નથી, એમ તો નથીજ; કેમકે) જેમ આ સ્થૂલશરીર જ્યારે સૂઇ જાય છે ત્યારે આત્મા તેનો ત્યાગ કરીને લિંગશરીરમાં સંચાર કરે છે, તેમ મૃત્યુ પછી પણ સ્થૂલશરીરનો ત્યાગ કરી લિંગશરીરમાં સંચાર કરે છે અને તેને લીધેજ આત્માને પુનઃ નવું શરીર ધારણ કરવું પડે છે; પરંતુ જેમ સુષુપ્તિ અવસ્થામાં તે લિંગશરીર પણ સર્વ ઇંદ્રિયોની સાથે જ્યારે સૂઇ જાય છે, ત્યારે આત્મા, તે લિંગશરીરનો પણ ત્યાગ કરીને કેવળ જ્ઞાનસ્વરૂપજ રહે છે; તેમ જ્ઞાની પુરુષના મૃત્યુપછી તેના લિંગશરીરનો પણ સર્વ ઇંદ્રિયોની સાથે નાશ થઈ જાય છે, જેથી જ્ઞાનસ્વરૂપ રહેલા આત્માનો મોક્ષજ થાય છે–પછી તેને સંસારના ફેરામાં પડવું પડતું નથી.[૧](પણ આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે ઇંદ્રિયોનો જય કરવો તેજ આવશ્યક છે કેમકે) જેમ નિર્મળ જળમાં પોતાના સ્વરૂપને ચક્ષુદ્વારા જોઈ શકાય છે, તેમ ઇંદ્રિયો જો પ્રસન્ન અથવા સ્વાધીન હોય છે, તોજ જ્ઞાનદ્વારા જ્ઞેયનો (આત્માનો) સાક્ષાત્કાર કરી શકાય છે;[૨] પરંતુ જો પાણી ડહોળાઇ ગયેલું હોય છે તો તેમાં પોતાના સ્વરૂપને જેમ જોઇ શકાતું નથી, તેમ ઇંદ્રિયોનો આકુલીભાવ (ચંચળતા) હોય છે તો બુદ્ધિમાં આત્માનો સાક્ષાત્કાર થઈ શકતો નથી.[૩] અવિદ્યા અજ્ઞાનમાંથીજ ઉત્પન્ન થાય છે અને તે અવિદ્યા મનનું આકર્ષણ કરે છે.(અર્થાત અજ્ઞાનજન્ય અવિદ્યાજ મનને રાગદ્વેષની વાસનાવાળું કરી મૂકે છે.) આ રીતે જ્યારે મન દૂષિત થાય છે એટલે તેને અધીન રહેનારી ઇંદ્રિયો પણ દુષ્ટ બને છે.[૪] જે મનુષ્ય, અજ્ઞાનજન્ય મોહથી ભરચક બની ગયેલો હોય છે, તે સાંસારિક વિષયોમાં દટાઇ રહેલો હોય છે તોપણ તૃપ્ત થતો નથી અને તે જીવ, ધર્મ અધર્મને સાથે લઈ વારંવાર વિષયભોગ કરવા માટે જન્મમરણને પામ્યા કરે છે.[૫] આ જગતમાં જ્યાંસુધી પાપકર્મ બાકી હોય છે ત્યાંસુધી પુરુષની તૃષ્ણાનો કદી નાશજ થતો નથી; પરંતુ જ્યારે પાપનોજ સમૂળગો નાશ થઇ જાય છે, ત્યારે તૃષ્ણા પણ નિવૃત્ત થાય છે.[૬] મનુષ્ય, વિષયોની અંદર રચ્યોપચ્યો રહે છે, વારંવાર તેઓનો આશ્રય કરે છે અને વિરુદ્ધ કૃત્યો કરવાની મનમાં ઇચ્છા કરે છે, તેથીજ પરમાત્માને પામી શકતો નથી;[૭] પણ જ્યારે મનુષ્યોના પાપી કર્મનો ક્ષય થાય છે, ત્યારેજ તેઓને જ્ઞાન ઉત્પન્ન થાય છે અને તે જ્ઞાન ઉત્પન્ન થયા પછી દર્પણની પેઠે સ્વચ્છ બની ગયેલી બુદ્ધિને વિષે આત્મદર્શન કરી શકે છે.[૮] પુરુષની ઇંદ્રિયો જો વિષયોમાં ફેલાયલી રહે છે, તો તે દુઃખી છે અને વિષયોથી નિવૃત્ત થઇ જાય છે તો તે સુખી છે; માટે જેમ બને તેમ ઇંદ્રિયોને તેઓના વિષયો તરફ જતાં અટકાવવી અને મનથીજ તેઓનો નિગ્રહ કરવો.[૯] ઇંદ્રિયોનું કારણ મન છે, મનનું કારણ બુદ્ધિ છે, બુદ્ધિનું કારણ જીવાત્મા છે અને જીવાત્માનું કારણ પર-

માત્મા છે; (અર્થાત્ શબ્દાદિ વિષયોનો ઇંદ્રિયોમાં લય કરવો, ઇંદ્રિયોનો મનમાં લય કરવો, મનનો બુદ્ધિમાં લય કરવો, બુદ્ધિનો જીવાત્મામાં લય કરવો અને જીવાત્માનો પરમાત્મામાં લય કરવો. આ રીતે ઉત્તરોત્તર પ્રવિલાપન કરવાથી છેવટે શુદ્ધ પરબ્રહ્મજ અવશેષ રહે છે.)[૧૦] કેમકે અવ્યક્તસ્વરૂપ એવા શુદ્ધ ચૈતન્યમાંથી જીવાત્મા ઉત્પન્ન થયો છે, જીવાત્મામાંથી બુદ્ધિ ઉત્પન્ન થઇ છે, બુદ્ધિમાંથી મન ઉત્પન્ન થયું છે, મનમાંથી શ્રોત્રાદિ ઇંદ્રિયો ઉત્પન્ન થઈ છે અને શ્રોત્રાદિ ઇંદ્રિયોમાંથી શબ્દાદિ વિષયો ઉત્પન્ન થયા છે.[૧૧] જે પુરુષ શબ્દાદિ વિષયોનો, તે વિષયોના આશ્રયભૂત આકાશાદિ કારણશરીરોનો તથા પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલાં સ્થૂલ, સૂક્ષ્મ અને કારણશરીરનો ત્યાગ કરે છે, તે કૈવલ્ય પદને (મોક્ષને) પામે છે.[૧૨] જેમ સૂર્ય ઉદય પામતી વેળા પોતાના કિરણમંડળને સર્વત્ર ફેલાવે છે અને અસ્ત પામતી વેળા પોતાનાં કિરણોને સમેટી લે છે, તેમજ અંતરાત્મા પણ દેહની અંદર પ્રવેશ કરીને પોતાનાં ઇંદ્રિયોરૂપી કિરણોને આસપાસ ફેલાવીને શબ્દાદિ પાંચે વિષયોને ગ્રહણ કરે છે; અને જ્યારે શરીરનો ત્યાગ કરે છે ત્યારે તે ઇંદ્રિયોરૂપી કિરણોને સમેટી લે છે.[૧૩,૧૪] જે પુરુષ પુણ્યપાપમય પ્રવૃત્તિપ્રધાન ધર્મનું આચરણ કરે છે, તે કર્મદ્વારા ઉપસ્થિત થયેલા સંસારમાર્ગમાં વારંવાર દોરાયા કરે છે અને તે તે કર્મનાં ફળભૂત સુખદુઃખાદિને સંપાદન કરે છે;[૧૫] પરંતુ કર્મના ત્યાગરૂપ નિવૃત્તિપ્રધાન ધર્મનું આચરણ કરીને વિષયભોગનો ત્યાગ કરનાર પુરુષના વાસનાત્મક રસસિવાયના સર્વ વિષયાભિલાષો આપોઆપજ શાંત પડી જાય છે અને તે પુરુષને પરમાત્માનો જ્યારે સાક્ષાત્કાર થાય છે, ત્યારે તેનો વાસનાત્મક રસ પણ નિવૃત્ત થઇ જાય છે.[૧૬] જ્યારે મુમુક્ષુની બુદ્ધિ વિષયાસક્તિથી રહિત થાય છે અને મનઃપ્રધાન ત્વં પદાર્થમાં (અસ્મિતા માત્રમાં)જ સ્થિર થાય છે, ત્યારે તેનું મન પણ બ્રહ્મસ્વરૂપજ થઇ રહે છે; કેમકે તે વેળા મનનો બ્રહ્મની અંદરજ લય થઇ ગયો હોય છે.[૧૭] જે બ્રહ્મ સ્પર્શન, શ્રવણ, સ્વાદન, દર્શન અને ગંધન આદિ સર્વ ક્રિયાઓથી હીન છે–અર્થાત પાંચે ઇંદ્રિયોના અવિષય છે અને અનુમાનથી પણ અગમ્ય છે. તે બ્રહ્મનો કેવળ બુદ્ધિથીજ સાક્ષાત્કાર થઈ શકે છે;[૧૮] અને તે વેળા મનઃકલ્પિત ઘટપટાદિ સર્વ આકૃતિઓનો મનમાં લય થઇ જાય છે, મનનો બુદ્ધિમાં લય થઇ જાય છે, બુદ્ધિનો જીવમાં લય થઈ જાય છે અને જીવનો પરમાત્મામાં લય થઇ જાય છે.[૧૯] શબ્દાદિક વિષયોને ઇંદ્રિયોનું જ્ઞાન હોતું નથી, ઇંદ્રિયોને મનનું જ્ઞાન હોતું નથી, મનને બુદ્ધિનું જ્ઞાન હોતું નથી અને બુદ્ધિને આત્માનું જ્ઞાન હોતું નથી; પરંતુ સૂક્ષ્મસ્વરૂપ આત્માને તો એ સર્વનું જ્ઞાન હોય છે."[૨૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦પર્વમાં "મનુ અને બૃહસ્પતિનો સંવાદ" એ વિષયનો અ૦ ૨૦૪ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૫ મો

આત્મસાક્ષાત્કારનો ઉપાય

(મનુ બૃહસ્પતિ સંવાદ ચાલુ)

॥ मनुरुवाच ॥

दुःखोपघाते शारीरे मानसे चाप्युपस्थिते ॥
यस्मिन्न शक्यते कर्तुं यत्नस्तं नानुचिंतयेत्॥

મનુએ કહ્યું:–"હે બૃહસ્પતિ! કોઇ સમયે શારીરિક અથવા માનસિક દુઃખની પીડા જો ઉપસ્થિત થાય છે, તો યોગાભ્યાસ કરવા માટે પ્રયત્ન કરી શકાતો નથી; માટે તે વેળા એ દુઃખનો વિચારજ કરવો નહિ; (અર્થાત તેનું ચિંતન નહિ કરવાવડેજ તે દુઃખનો પરિહાર કરવો.)[૧] કેમકે, પોતાનાપર આવી પડેલા દુઃખનો બીલકુલ વિચારજ ન કરવો, એજ તે દુઃખને દૂર કરવાનું ઔષધ છે. વળી દુઃખનો વિચાર કરવાથી ઉલટું તે સામું આવે છે અને અધિકાધિક થઇ પડે છે.[૨] મનુષ્યના વિજ્ઞાનનું સામર્થ્યજ એ છે કે, માનસિક દુઃખનો જ્ઞાનવડે નાશ કરવો અને શારીરિક દુઃખનો ઔષધોવડે નાશ કરવો, પરંતુ બાળ-

કોની પેઠે (અજ્ઞાનીઓની પેઠે) રોદણાં રોવાં નહિ.[3] બુદ્ધિમાન પુરુષે યૌવનને, રૂપને, જીવિતને, દ્રવ્યસંગ્રહને, આરોગ્યને તથા પ્રિયજનનો સહવાસ અનિત્ય સમજીને તેમાં લુબ્ધ થવું નહિ;[4] તેમજ એકલા પુરુષે આખા દેશના દુઃખનો શોક કરવો, તે પણ યોગ્ય નથી; પરંતુ પોતે તે દુઃખને દૂર કરવાનો ઉપાય જો જાણતો હોય તો શોક કર્યા વિના તેનો ઉપાયજ કરવો.[5] ખરેખર, આ મનુષ્યજીવનમાં સુખના કરતાં દુઃખ ઘણુંજ રહેલું છે; કેમકે મોહાધીન થયેલો મનુષ્ય સુખ સંપાદન કરવા માટે ઇંદ્રિયોના વિષયો ઉપર જેટલામાં સ્નેહ કરે છે તેટલામાં તો અપ્રિય એવું મરણ તેની પાસે આવી પહોંચે છે;[6] માટે જે મનુષ્ય સુખનો તથા દુઃખનો-બન્નેનો ત્યાગ કરે છે, તે પરબ્રહ્મને પામે છે અને એ પ્રકારે પરબ્રહ્મને પ્રાપ્ત થયેલા જ્ઞાની પુરુષો લેશમાત્ર શોક કરતા નથી.[7] વિષયોને પ્રાપ્ત કરતી વેળા દુઃખ થાય છે, પ્રાપ્ત થયા પછી તેઓનું રક્ષણ કરતીવેળા દુઃખ થાય છે અને તેઓનો જ્યારે નાશ થાય છે, ત્યારે પણ દુઃખજ ભોગવવું પડે છે; માટે વિષયસંબંધી ચિંતનજ ન કરવું. (તે ઉત્તમ છે.)[8]

(એ પ્રમાણે વૈરાગ્યનું કથન કરીને હવે આત્મજ્ઞાનનો ઉપદેશ આપે છે.) જ્ઞાનસ્વરૂપ પરબ્રહ્મજ અહંકારથી આરંભી ઘટસુધીના સર્વ જ્ઞાનવિષયક પદાર્થોરૂપે બનેલા છે અને તેનું મૂળ કારણ કેવળ અવિદ્યાજ છે; માટે તમારે જાણવું કે, મન એ જ્ઞાનસ્વરૂપ પરબ્રહ્મનો ધર્મ છે અને તે મન જ્યારે જ્ઞાનેન્દ્રિયોની સાથે સંબંધવાળું થાય છે, ત્યારે બુદ્ધિ વિષયાકારવૃત્તિરૂપે પરિણમે છે; (તાત્પર્ય કે, સુવર્ણના ભિન્ન ભિન્ન અલંકારો જેમ ભિન્ન ભિન્ન સ્વરૂપે ભાસે છે છતાં તે સર્વ સુવર્ણજ છે, તેમ અહંકારથી આરંભીને ઘટસુધીના સર્વ પદાર્થો જૂદા જૂદા ભાસે છે; પરંતુ તે સર્વ કેવળ બ્રહ્મજ છે.)[9] અને જ્યારે કર્મજન્ય સંસ્કારોવાળી બુદ્ધિ, મનનાત્મક એવી વૃત્તિની અંદર એકરૂપ થઇ જાય છે-અર્થાત બુદ્ધિ કેવળ મનનાત્મક વૃત્તિને ધારણ કરે છે, ત્યારે ધ્યાનયોગદ્વારા ઉત્પન્ન થયેલા સમાધિવડે પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકાય છે.[10] જેમ પર્વતના શિખરમાંથી નીકળેલું જળ પૃથ્વીના નિમ્ન (નીચાણના) પ્રદેશ તરફ વહેવા માંડે છે, તેમ કર્મજન્ય સંસ્કારોવાળી બુદ્ધિ, અજ્ઞાનમાંથી નીકળીને ઇંદ્રિયો અને તેના વિષયો તરફજ વહી જાય છે-રૂપાદિક વિષયોમાંજ પ્રવૃત્તિ કરે છે;[11] પરંતુ જ્યારે તે અજ્ઞાનનો વિનાશકાળ ઉપસ્થિત થાય છે અને મનાનાત્મક બુદ્ધિની વૃત્તિમાં તે અજ્ઞાનના પણ કારણભૂત એવી નિર્ગુણ ધ્યેય વસ્તુનો જ્યારે પ્રાદુર્ભાવ થાય છે, ત્યારે કસોટીના પથ્થર ઉપર ઉઠેલી સુવર્ણના કસની રેખા જેમ સ્પષ્ટ દેખાય છે, તેમ બુદ્ધિમાં પરબ્રહ્મનો સંપૂર્ણ સાક્ષાત્કાર અનુભવાય છે.[12] આ અખંડ ચૈતન્યસ્વરૂપ પરમાત્માનો હજી સાક્ષાત્કાર થયો નથી હોતો તે પહેલાંજ મનનો તો તિરોભાવજ થઇ જાય છે અને વળી મન એ ઇંદ્રિયોના વિષયોનેજ દર્શાવનારૂં છે અને તે પણ ઇંદ્રિયોનો સંબંધ ધરાવનારા રૂપાદિક ગુણોની અપેક્ષા રાખનારૂં છે. તેથી તે મન, નિર્ગુણ એવા પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરાવી શકતું નથી-અર્થાત બ્રહ્મસ્વરૂપનું દર્શન કરવા માટે મનનો લેશમાત્ર ઉપયોગ નથી;[13] માટે ઇંદ્રિયોરૂપી સર્વ દ્વારોને બંધ કરી દઇને પ્રથમ મનની અંદરજ સ્થિતિ કરી અને પછી તે મનનો પણ બુદ્ધિને વિષે લય કરી દેવો, જેથી પરબ્રહ્મને પામી શકાય છે.[14] જેમ સુષુપ્તિ અવસ્થામાં શબ્દતન્માત્રા વગેરે અપંચીકૃત ભૂતસમુદાયોનો જ્યારે લય થાય છે, ત્યારે તેના કાર્યભૂત એવાં પંચીકૃત સ્થૂલભૂતોનો પણ એની મેળેજ લય થાય છે, તેમ બુદ્ધિનો જ્યારે અહંકારમાં લય થાય છે, ત્યારે તેના કાર્યભૂત ઇંદ્રિયાદિકનો પણ એની મેળેજ લય થઇ જાય છે. (કેમકે એ તો સ્પષ્ટજ છે કે, કારણનો નાશ થવાથી કાર્યનો અવશ્ય નાશજ થાય છે.)[15] આ રીતે જ્યારે નિશ્ચયરૂપ ધર્મને ધારણ કરનારી બુદ્ધિનો અહંકારમાં લય થાય છે, ત્યારે તે બુદ્ધિ કેવળ અહંકારસ્વરૂપજ બની જાય છે અને પછી ધ્યાનયોગને લીધે સત્વગુણની જેમાં વૃદ્ધિ થ-

ચેલી છે એવો તે અહંકાર, રૂપાદિ ગુણવાળા સર્વ વિષયોને સાથે લઈને સત્વાદિ ગુણોવાળી મૂળપ્રકૃતિમાં જ્યારે લય પામે છે ત્યારે તે મૂળપ્રકૃતિ પણ પોતાના સર્વ ગુણોને ગ્રહણ કરીને પરબ્રહ્મમાં લય પામે છે, એટલે કેવળ નિર્ગુણ સ્વરૂપનેજ પામી શકાય છે;[૧૬,૧૭] પરંતુ અહંકારાદિકના ઉપાદાનકારણભૂત એવા અવ્યક્તનું સ્પષ્ટ સ્વરૂપ જાણવામાટે આ જગતમાં એક પણ તેની સમાનતા ધરાવનારૂં દૃષ્ટાંત છેજ નહિ; કેમકે જે વિષય વાણીનો પણ અગોચર છે તેનું જ્ઞાન કોણ સંપાદન કરી શકે ? (અર્થાત ‘ नेह नानास्ति किंचन ’ એ શ્રુતિએ બાધ કરેલો હોવાથી અવ્યક્ત ‘સત્’ નથી; તેમજ મનુષ્યના શિંગડાની પેઠે તે ‘અસત્’ પણ નથી; કેમકે તેનું કાર્ય આપણા જોવામાં આવે છે. વળી તે અવ્યકત ‘સદસત્’ પણ નથી; કેમકે તે બન્ને પરસ્પર વિરુદ્ધ છે, માટે જણાય છે કે, અવ્યકત એ અનિર્વચનીય પદાર્થ છે.)[૧૮] આમ સમજીને મુમુક્ષુએ ધ્યાનજન્ય સાક્ષાત્કારરૂપ તપશ્ચરણથી, મનન નામની યુકિતનું અનુસંધાન કરવારૂપ અનુમાનથી, શમદમાદિક ગુણોથી, સ્વજાતિને યોગ્ય ધર્માચરણથી અને વેદાંતવાકયોનું શ્રવણ કરીને શુદ્ધ થયેલા અંતઃકરણથી પરબ્રહ્મને જાણવાની ઇચ્છા કરવી;[૧૯] અને આ રીતે તત્ત્વજ્ઞાન સંપાદન કરીને કેવળ નિર્ગુણસ્વરૂપ બનેલા પુરુષને આ સર્વ બાહ્યપ્રપંચ પણ કેવળ અદ્વૈતસ્વરૂપેજ દેખાય છે; કેમકે તે પુરુષ જાણી શકે છે કે, મૂળપ્રકૃતિ કેવળ તુચ્છ છે અને આ સર્વ દૃશ્યમાન પદાર્થો કેવળ પ્રકૃતિનાજ કાર્યભૂત છે, જેથી તે પુરુષને સર્વ સ્થળે તર્કના અવિષય એવા શુદ્ધ ચિદાત્માનીજ એકરસતા જાણવામાં આવે છે. (અર્થાત આત્મવેત્તા પુરુષને અંતર્બાહ્ય સર્વ પદાર્થો ઉપર અભેદબુદ્ધિજ ઉત્પન્ન થાય છે.)[૨૦] જ્યારે બુદ્ધિ નિર્ગુણ થાય છે, ત્યારે પુરુષ બ્રહ્મને પામી શકે છે અને બુદ્ધિ જ્યારે ગુણાસકત થાય છે, ત્યારે તેને બ્રહ્મપ્રાપ્તિ થતી નથી. જેમ અગ્નિ કાષ્ઠસમુદાયમાં સંચાર કરે છે, તેમ બુદ્ધિ સ્વાભાવિક રીતેજ ગુણોમાં સંચાર કરનારી છે. (માટે બુદ્ધિને નિર્ગુણ કરવી તેજ આવશ્યક છે.)[૨૧] જેમ પાંચ ઇંદ્રિયો સુષુપ્તિ અવસ્થામાં પોતપોતાના કર્મથી મુક્ત રહે છે, તેમ પ્રકૃતિથી પર એવા પરબ્રહ્મ તુરીયાવસ્થામાં અજ્ઞાનરૂપ ઉપાધિનો ત્યાગ કરીને કેવળ ચિન્માત્રસ્વરૂપેજ રહે છે.[૨૨] જગતનાં સર્વ પ્રાણીઓ તે અજ્ઞાનરૂપ પ્રકૃતિને અધીન થઇને પ્રવૃત્તિ કર્યા કરે છે, પરંતુ જ્યારે તેની (અજ્ઞાનની અથવા પ્રકૃતિની) નિવૃત્તિ થઈ જાય છે, ત્યારે તેઓ કર્મમાર્ગથી નિવૃત્તિ પામે છે અને જો નિવૃત્તિ પામતાં નથી તો તેનું ફળ ભોગવવા માટે સ્વર્ગમાં જાય છે.[૨૩] પુરુષ (જીવ), પ્રકૃતિ, બુદ્ધિ, વિષયો, ઇંદ્રિયો, અહંકાર અને અભિમાન (બુદ્ધિનો વિપર્યાસ), આ સર્વ સમુદાયનેજ “ભૂત” એવી સંજ્ઞા આપવામાં આવી છે. (અને તેઓ નાશવંત છે.)[૨૪] આ સર્વ ભૂતસમુદાયની પ્રથમ સૃષ્ટિ માયામિશ્ર પ્રધાનથી (અવ્યાકૃતથી) થયેલી છે અને બીજી સૃષ્ટિ, પાંચ તન્માત્રાઓ, અગીઆર ઇંદ્રિયો અને અહંકારમાંથી, બીજાંકુરન્યાય પ્રમાણે બીજમાંથી અંકુર અને અંકુરમાંથી બીજ એ ન્યાય પ્રમાણે ઉત્પત્તિનો નિયમ કરે છે.[૨૫] ધર્મને લીધે શ્રેયની વૃદ્ધિ થાય છે અને અધર્મને લીધે અશ્રેયની વૃદ્ધિ થાય છે; તેમજ રાગી પુરુષ, મૃત્યુ પછી પુનર્જન્મને પામે છે અને વિરકત પુરુષ, આત્મજ્ઞાન સંપાદન કરે છે–મુકત થાય છે.”[૨૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “મનુ અને બૃહસ્પતિનો સંવાદ” એ વિષયનો અધ્યાય ૨૦૫ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૬ મો

બ્રહ્મજ્ઞાનનું પ્રાધાન્ય

(મનુબૃહસ્પતિસંવાદ–ચાલુ)

॥ मनुरुवाच ॥

यदा तैः पंचभिः पंच युक्तानि मनसा सह ॥
अथ तद्द्रक्ष्यते ब्रह्म मणौ सूत्रमिवार्पितम् ॥१॥

મનુએ કહ્યું:–“ હે બૃહસ્પતિ ! જ્યારે શ-

બ્દાદિક પાંચ વિષયોનો, પાંચ ઇંદ્રિયોનો, મનનો તથા બુદ્ધિનો બરાબર નિગ્રહ કરવામાં આવે છે, ત્યારે મણિમાં રહેલા સૂત્રની પેઠે શરીરની અંદર રહેલા પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકાય છે.[૧] જેમ સૂત્ર કોઇ સુવર્ણના અલંકારમાં પરોવાઇને રહેલું હોય છે, મોતીના હારમાં પરોવાઈ રહેલું હોય છે, પરવાળાંમાં પરોવાઇ રહેલું હોય છે અને માટીના મણકામાં તથા રૂપાના આભૂષણમાં પણ પરોવાયલું હોય છે, તેમ આત્મા, પોતાનાં ભિન્ન ભિન્ન કર્મોને લીધે ગાય, ઘોડા, મનુષ્ય, હાથી, મૃગ, કીડા અને પતંગીઆં વગેરે સર્વ પ્રાણીઓમાં વ્યાપી રહ્યો છે.[૨,૩] જીવાત્મા જે જે શરીર ધારણ કરીને જે જે પ્રકારનાં કર્મ કરે છે, તેનાં તેનાં ફળને તે તે શરીરથીજ ભોગવે છે.[૪] જેમ એકજ રસવાળી પૃથ્વી, ઓષધિઓના ભિન્ન ભિન્ન ગુણોને અનુસરે છે, તેમ અંતરાત્માજ જેનો સાક્ષી છે એવી બુદ્ધિ, પ્રાણીઓનાં ભિન્ન ભિન્ન કર્મોને અનુસરે છે.[૫] પ્રત્યેક પ્રાણીને પ્રથમ અમુક વિષય પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય છે, ઇચ્છા થયા પછી તેને મેળવવા માટે પ્રયત્ન કરવામાં આવે છે, પ્રયત્ન કરતી વેળા કર્મ કરવામાં આવે છે અને કર્મમાંથી ફળની ઉત્પત્તિ થાય છે.[૬] એ પ્રમાણે ઉત્પન્ન થયેલું ફળ કેવળ કર્મજન્યજ હોય છે, એમ જાણવું; અને કર્મ જ્ઞેયાત્મક ('હું' એવા અર્થથી ઉત્પન્ન થયેલું) હોય છે, જ્ઞેય જ્ઞાનાત્મક (જીવરૂપ) હોય છે અને જ્ઞાન-એટલે જીવાત્મા, સદસદાત્મક હોય છે-અર્થાત જીવાત્મા ચેતન તથા જડરૂપ હોય છે.[૭] ચૈતન્યાત્મક તથા જડાત્મક ગ્રંથિરૂપ જ્ઞાનોનો, કર્મનાં ફલભૂત દેહોનો, જ્ઞાનવિષયક બુદ્ધિઓનો તથા જન્મસંચિત કર્મોનો ક્ષય થઇ ગયા પછી આત્મતત્ત્વના પ્રકાશરૂપ ફળની પ્રાપ્તિ થાય છે, કે જે ફળનો સાક્ષાત્કાર, અંતઃકરણની બ્રહ્માકાર વૃત્તિથીજ થઇ શકે છે. વળી એ આત્મતત્ત્વ, જ્ઞાનવિષયક સર્વ પદાર્થોમાં નિવાસ કરી રહ્યું છે, ત્રણ પ્રકારના પરિચ્છેદથી રહિત છે, સર્વના કરતાં શ્રેષ્ઠ છે, નિત્યસિદ્ધ છે અને બુદ્ધિની અંદરજ સ્થિતિ કરનારૂં છે. જે પુરુષો યોગનિષ્ઠ હોય છે, તેઓજ તેનો સાક્ષાત્કાર કરી શકે છે પરંતુ વિષયગ્રસ્ત બુદ્ધિવાળા અજ્ઞાન પુરુષો, તેનો સક્ષાત્કાર કરી આ સર્વ જગતમાં શકતા નથી.[૮,૯] પૃથ્વીના રૂપ કરતાં જળનું રૂપ ઘણુંજ મોટું છે, જળના કરતાં તેજનું સ્વરૂપ વિશાળ છે, તેજના કરતાં પવનનું રૂપ મોટું છે, પવનના કરતાં આકાશનું રૂપ મોટું છે, આકાશના કરતાં મનનું સ્વરૂપ વિશાળ છે, મન કરતાં બુદ્ધિ મોટી છે, બુદ્ધિ કરતાં કાળ મોટો છે અને કાળના કરતાં ભગવાન વિષ્ણુનું સ્વરૂપ મહાવિશાળ છે, કે જેના વડે આ સર્વ જગત વ્યાપ્ત થઇ રહ્યું છે. આ વિષ્ણુદેવનો આદિ, મધ્ય કે અંત છેજ નહિ.[૧૦-૧૨] જે વસ્તુ આદિ, મધ્ય કે અંતવાળી હોય છે, તે દુઃખરૂપજ કહેવાય છે; પરંતુ એ વિષ્ણુદેવ આદિ, મધ્ય અને અંતથી રહિત છે તેથીજ સર્વ દુઃખાતીત અને અવ્યય (અવિનાશી) કહેવાય છે,[૧૩] તે દેવનેજ પરબ્રહ્મ કહેવામાં આવે છે, તેનેજ પરમ ધામ અને પરમ પદ કહેવામાં આવે છે; કેમકે તેમને પ્રાપ્ત કર્યા પછી કાળના વિષયથી મુક્ત થયેલા અનેક પુરુષો જન્મમરણના ફેરામાંથી છટી ગયા છે.[૧૪] આ સર્વ મુક્ત પુરુષો માન, મેય, વ્યવહાર આદિ ગુણોમાં જ્ઞાનસ્વરૂપે પ્રકાશે છે અને પરબ્રહ્મ તો નિર્ગુણ હોવાથી તે ગુણોના કરતાં પણ અત્યંત શ્રેષ્ઠ છે; માટે શમદમાદિરૂપ નિવૃત્તિધર્મજ મોક્ષ આપવા માટે સમર્થ થઈ શકે છે;[૧૫] કેમકે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદમાં પ્રતિપાદન કરેલાં યજ્ઞાદિકર્મો કેવળ લિંગશરીરોનોજ આશ્રય કરનારાં છે-અર્થાત લિંગશરીરોમાંજ અમુક વિશેષ સંસ્કારોને ઉત્પન્ન કરનારાં છે; પણ ચિદાત્માવિષે કોઈ જાતના સંસ્કારોને ઉત્પન્ન કરી શકતાં નથી. વળી તેઓ જિહ્વાના અગ્રભાગમાંજ પ્રવૃત્તિ કરનારાં છે, યત્નસાધ્ય છે અને નાશવંત છે;[૧૬] પરંતુ બ્રહ્મના સંબંધમાં તેવું કંઈ નથી. તે, શરીરનો આશ્રય કરીનેજ જીવસ્વરૂપે પ્રકટ થાય છે, યત્નસાધ્ય નથી; તેમજ આદિ, મધ્ય કે અંતવાળું પણ નથી.[૧૭]

ઋગ્વેદનો, યજુર્વેદનો તથા સામવેદનો કોઇ આદિ છે; એમ કહેવામાં આવે છે અને જેઓનો આદિ હોય તેઓનો અંત પણ હોય, એમ આપણે જોઇએજ છીએ; પરંતુ બ્રહ્મનો તો કોઈ આદિજ નથી અને તેથીજ તેમનો અંત પણ નથી.[18] આ રીતે બ્રહ્મ અનાદિ અને અનંત છે, માટેજ વ્યાપક અને અવ્યય કહેવાય છે; તેમજ અવ્યય હોવાથીજ દુઃખ અને દ્વંદ્વો (માન અપમાન વગેરે) થી રહિત છે.[19] મનુષ્યો, કેવળ ×અદૃષ્ટનું (ભાગ્યનું)જ આલંબન કરીને તથા વિષયભોગ નામના કર્મથી ઉપરામ પામીને કોઈ પ્રકારનો ઉપાય કરતા નથી, તેથી જે ઉપાયવડે તે પરમપદને પામી શકાય છે તે ઉપાયને જોઈ શકતા નથી[20] અને કદાચિત્ જોઇ શકે છે તો વિષયોની અંદર સંસર્ગ થઈ જવાથી, નિરંતર વિષયોનું દર્શન કરવાથી અથવા યૌગિક ઐશ્વર્યસુખની મનમાં આકાંક્ષા રાખવાથી પરમપદને પ્રાપ્ત કરી શકતા નથી.[21] વળી બીજા કેટલાએક મનુષ્યો, આ જગતમાં જે જે વિષયોનું દર્શન કરે છે, તેને તેને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરે છે, પરંતુ પરબ્રહ્મને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરતા નથી; કેમકે તે મનુષ્યો ગુણોની (વિષયોની) ઇચ્છા રાખનારા હોય છે અને બ્રહ્મ તો કેવળ નિર્ગુણજ છે;[22] તેમજ જેઓ અતિશય મૂઢ હોય છે, તેઓ અત્યંત તુચ્છ એવા બાહ્યગુણોમાં આસક્ત હોય છે અને તેથીજ તેઓ, યોગીઓને પ્રાપ્ત થનારા સત્ય સંકલ્પ આદિ બ્રહ્મસ્વરૂપ ગુણોને કેવી રીતે જાણી શકે? પરંતુ (ધૂમાડાવડે જેમ અગ્નિનું અનુમાન કરી શકાય છે અને વૃક્ષની શાખાના અગ્રભાગનું દર્શન કરીને ચંદ્રની કળાનાં જેમ દર્શન કરી શકાય છે તેમ,) *સત્યકામ આદિ ઉત્કૃષ્ટ ગુણો દ્વારા અનુમાન કરવાથી પરબ્રહ્મને પામી શકાય છે.[23] અમે ધ્યાનદ્વારા સૂક્ષ્મ થયેલા મનથી પરબ્રહ્મને જાણી શકીએ છીએ, તોપણ વાણીથી તેમનું વર્ણન કરવા માટે શક્તિમાન નથી; કેમકે મનોમય એવી વસ્તુને કેવળ મનજ ગ્રહણ કરી શકે છે અને દર્શનવિષય-

---

× આ 'અદૃષ્ટનું આલંબન કરીને' એ વાકય ઉપરથી ચાર પ્રકારની આધ્યાત્મિક તુષ્ટિઓ કહેવામાં આવી છે અને 'વિષયભોગ નામના કર્મથી ઉપરામ પામીને' એ બીજા વાકયથી પાંચ પ્રકારની-બાહ્ય તુષ્ટિઓ કહેવામાં આવી છે. તેમાં પ્રથમની આધ્યાત્મિક તુષ્ટિઓ આ પ્રમાણે છે—પ્રકૃતિ અને પુરુષનો શાસ્ત્રદ્વારા વિવેક થયો, એટલે સંતોષ માનવો, તેને 'પ્રકૃતિતુષ્ટિ' કહે છે. વિવેકજ્ઞાન થયું એટલેજ કૃતાર્થપણું પ્રાપ્ત થાય છે તો પછી ધ્યાન કરવાની શી જરૂર છે? આમ માનવું તેને 'ઉપાદાનતુષ્ટિ' કહેવામાં આવે છે; સંન્યાસ લીધા પછી પણ અમુક સમયેજ મોક્ષપ્રાપ્તિ થાય છે તો પછી વ્યર્થ કલેશ શામાટે ભોગવવો? આમ માનીને શાંત બેસી રહેવું તેને 'કાળતુષ્ટિ' કહેવામાં આવે છે; પૂર્વજન્મનાં પુણ્યને લીધેજ આત્મસાક્ષાત્કાર થાય છે તો પછી ધ્યાન કરવાનો પ્રયાસ શામાટે કરવો જોઇએ? આમ માનીને શાંત રહેવું તેને 'ભાગ્યતુષ્ટિ' કહેવામાં આવે છે. આ ચાર તુષ્ટિઓના આલંબનનેજ અદૃષ્ટનું આલંબન કહેવામાં આવ્યું છે. હવે, પાંચ પ્રકારની બાહ્ય તુષ્ટિઓ આ પ્રમાણે છે:—ધન મેળવવામાં દુઃખ છે, એમ માનીને ધન મેળવવાનો ઉપાયજ ન કરવો, તેને 'પારતુષ્ટિ' કહેવામાં આવે છે; રાજા કે ચોર લોકો ધનને લૂંટી જશે તો ઉલટું દુઃખ થશે, એમ માનીને ધનથી ઉપરામ પામવો તેને 'સુપારતુષ્ટિ' કહેવામાં આવે છે; ભોગ ભોગવવાથી ધનનો નાશ થાય છે અને તેમાંથી પાછું દુઃખજ ઉત્પન્ન થાય છે, એમ માનીને ઉપરામ પામવો તેને 'પારાપાર' તુષ્ટિ કહે છે; ભોગની અંદર પણ નાશવંતપણું વગેરે દોષો જોઇને ઉપરામ પામવો તેને 'અનુત્તમાંભસ્તુષ્ટિ' કહે છે; પ્રાણીઓની હિંસા કર્યા વિના ભોગપ્રાપ્તિ થતી નથી, એ ન્યાય પ્રમાણે ભોગોની અંદર હિંસા આદિ અનેક દોષો રહેલા છે, માટે તેઓનો ત્યાગ કરવો તેજ ઉત્તમ છે, એમ માનીને ભોગોથી ઉપરામ પામવો તેને 'ઉત્તમાંભસ્તુષ્ટિ' કહેવામાં આવે છે. આ નવ પ્રકારની તુષ્ટિઓનું આલંબન કરીને પોતાને કૃતાર્થ માનનારા અને ઉપાયોની અંદર પ્રવૃત્તિ નહિ કરનારા મનુષ્યોને આત્મસાક્ષાત્કાર થતો નથી. **નીલકંઠ**

ભૂત એવી વસ્તુને કેવળ દૃષ્ટિજ ગ્રહણ કરી શકે છે.[૨૪] જે મનુષ્ય જ્ઞાનદ્વારા બુદ્ધને નિર્મળ કરે છે, બુદ્ધિવડે મનને નિર્મળ કરે છે અને મનવડે સર્વ ઇંદ્રિયોને નિર્મળ કરે છે, તેને અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે;[૨૫] તેમજ જે મનુષ્ય, બુદ્ધિની અંતિમવૃત્તિથી પણ રહિત થયેલો હોય છે અને વિચારાત્મક મનથી સમૃદ્ધ થયેલો હોય છે (અર્થાત શ્રવણ–મનન આદિ ગુણોથી યુક્ત હોય છે, તે) નિર્ગુણ બ્રહ્મને પ્રાપ્ત કરે છે; પરંતુ જે પુરુષો અનેક પ્રકારની વૈષયિક આશાઓથી ઘેરાઈ ગયેલા હોય છે, તેઓ કાષ્ઠના અંદરના ભાગમાં રહેલા અગ્નિનો જેમ વાયુ ત્યાગ કરે છે, તેમ પોતાના દેહની અંદરજ રહેલા આત્માનો ત્યાગ કરે છે–આત્મસાક્ષાત્કાર કરવાનો ઉપાયજ કરતા નથી.[૨૬] સર્વ વિષયોનું મુખ્યત્વે કરીને આત્મામાંજ પ્રવિલાપન કરવામાં આવે છે તો વિષયોથી મુકત થયેલું મન, બુદ્ધિથી પર રહેલા બ્રહ્મનેજ પ્રાપ્ત કરાવનારૂં થઈ પડે છે; પરંતુ જો આત્માથી ભિન્નસ્વરૂપે જાણીને વિષયોનું ગ્રહણ કરવામાં આવે છે તો બ્રહ્મલોકસુધીનું તુચ્છ ઐશ્વર્યજ પ્રાપ્ત થાય છે અથવા નરકાદિ અનૈશ્વર્ય પણ આવી મળે છે, માટે શાસ્ત્રોકત વિધિપ્રમાણે વિષયોનો ત્યાગ કરવામાંજ પ્રવૃત્તિ કરનારો પુરુષ, બ્રહ્મસ્વરૂપને સંપાદન કરે છે (અર્થાત "वंधाय विषसयाक्तं मुक्त्यै निर्विषयं मनः" વિષયોમાં આસક્ત થયેલું મન બંધનકર્તા થઇ પડે છે, પણ વિષયોથી મુક્ત થયેલું મન મોક્ષદાતાજ થઇ પડે છે.)[૨૭] આત્માનું વાસ્તવિક સ્વરૂપ અવ્યકતજ છે, તોપણ દેહાદિક ઉપાધિના યોગથી તેનાં કર્મો વ્યક્તના જેવાં દેખાય છે; પરંતુ જ્યારે સુષુપ્તિકાળ, મરણકાળ અથવા મોક્ષકાળ ઉપસ્થિત થાય છે, ત્યારે તેનો તેજ આત્મા પુનઃ અવ્યકતસ્વરૂપે જાણવામાં આવે છે. (તે ઉપરથી નિશ્ચય થાય છે કે, દેહાદિકની ઉપાધિવાળી મધ્યમ અવસ્થામાં ભાસનારૂં આત્માનું વ્યક્તપણું કેવળ મિથ્યાજ છે.) આ રીતે અવ્યક્તસ્વરૂપ એવો આત્મા વસ્તુતઃ સર્વ કામનાઓથી રહિત છે છતાં ઇંદ્રિયોના સંબંધમાં જકડાયલો હોવાથી ઇંદ્રિયોની વૃદ્ધિને લીધે વૃદ્ધિમાન થયેલો ભાસે છે અને ઇંદ્રિયોની મ્લાનતાને લીધે મ્લાન થયેલો ભાસે છે.[૨૮] આ ચિદાભાસ, પ્રથમ સર્વ ઇંદ્રિયોસાથે જોડાઇને લિંગશરીરમાં દાખલ થાય છે અને પછી સ્થૂલદેહના આકારે પરિણામ પામેલાં પાંચે મહાભૂતોનો આશ્રય કરે છે–અર્થાત સ્થૂલશરીરને ધારણ કરે છે; પરંતુ જ્યાંસુધી તે બિંબસ્વરૂપ એવા અંતર્યામી પરમાત્માથી રહિત હોય છે, ત્યાંસુધી કોઇ જાતનું કર્મ કરવામાટે સમર્થ થઇ શકતો નથી.[૨૯] (તોપણ જીવની દુઃખમાંથી મુક્તિજ થતી નથી, એમ તો નથીજ.) જેમ મનુષ્ય પૃથ્વીના અંતને જોઈ શકતો નથી તોપણ તમારે જાણવું કે, અમુક સમય થઇ ગયા પછી પૃથ્વીનો અંત (નાશ) તો થવાનોજ. (કારણકે, પૃથ્વી એ કંઇ વિભુદ્રવ્ય નથી, એજ પ્રમાંણે દુઃખની પરંપરાનો પણ અવશ્ય નાશજ થવાનો; કેમકે દુઃખ એ એક જન્ય વસ્તુ છે અને જે જન્ય વસ્તુ હોય છે તે અવશ્ય નાશવંતજ હોય છે.) જેમ વાયુ સમુદ્રની અંદર પડેલા તૃણાદિકપદાર્થને આમતેમ ઘસડી જઇને પણ અંતે સમુદ્રને સામે પાર પહોંચાડી દે છે, તેમ કર્મરૂપી વાયુ પણ સંસારસમુદ્રમાં ગોથાં ખાતા જીવરૂપી મછવાને આમતેમ ઘસડી જઈને ચિત્તશુદ્ધિ આદિની ઉત્પત્તિદ્વારા સામે પાર પહોંચાડી દે છે*[૩૦] જેમ સૂર્ય પોતાના કિરણમંડળને સર્વત્ર પ્રસારીને જગદ્ વ્યાપક ગુણને ધારણ કરે છે, પરંતુ જ્યારે પોતાના કિરણમંડળને પુનઃ સમેટી લે છે ત્યારે પાછો નિર્ગુણસ્વરૂપને ધારણ કરે છે, તેમ ચિત્તશુદ્ધિ થયા પછી જ્ઞાનનો જ્યારે ઉદય થાય છે, ત્યારે સુખિત્વ આદિ ધર્મવાળા અહંકારનો ત્યાગ કરનારો મનનશીલ જીવાત્મા નિર્ગુણ તથા અવિનાશી એવા પરબ્રહ્મમાં પ્રવેશ કરે છે.[૩૧]

---

* અર્થાત્ " **कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादय**":– જનક વગેરે રાજાઓ, કર્મ કરીનેજ જ્ઞાન મેળવવાની યોગ્યતાને પામ્યા છે. " એ ગીતાના વાકય પ્રમાણે કર્મદ્વારાજ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

જે પરમાત્મા સ્વતઃસિદ્ધસ્વરૂપ છે, પુણ્યશાળી મહાત્માઓની પરમ ગતિરૂપ છે, સ્વયંભૂ છે, જગતના ઉત્પાદક અને સંહારક છે, પરિણામધર્મથી રહિત છે, સનાતન છે, અમૃતસ્વરૂપ છે, વિકારશૂન્ય છે અને અવિનાશી છે, તેમનું જ્ઞાન કરીને મનુષ્ય મહાન મોક્ષપદને પ્રાપ્ત કરે છે—જન્મજરામૃત્યુથી રહિત થાય છે."[૩૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "મનુ અને બૃહસ્પતિનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૨૦૬ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૭ મો

જગતની ઉત્પત્તિનું વર્ણન

॥ युधिष्ठिर उवाच ॥

पितामह महाप्राज्ञ पुंडरीकाक्षमच्युतम् ॥
कर्तारमकृतं विष्णुं भूतानां प्रभवाप्ययम् ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ—"હે ભરતશ્રેષ્ઠ! હે મહાબુદ્ધિમાન પિતામહ! કમળસમાન નેત્રવાળા, અવિનાશી, જગતના સ્રષ્ટા, ઉત્પત્તિથી રહિત, સર્વવ્યાપક, આકાશાદિ મહાભૂતોના ઉત્પાદક તથા સંહારક સર્વ ઇંદ્રિયોના પ્રવર્તક, વેદવાણીના પણ રક્ષક, જરા આદિ શારીરિક ધર્મોથી અજિત અને બ્રહ્મામહેશને પણ સુખ આપનારા ભગવાન નારાયણનું (શ્રીકૃષ્ણનું) તાત્ત્વિક સ્વરૂપ સાંભળવાની મને ઇચ્છા છે."[૧,૨]

ભીષ્મે કહ્યુંઃ—"હે રાજા! જમદગ્નિના પુત્ર પરશુરામ, દેવર્ષિ નારદ અને કૃષ્ણ દ્વૈપાયન—વેદવ્યાસ પાસેથી આ વિષય મેં સાંભળ્યો છે.[૩] વળી હે તાત! અસિત, દેવલ, મહાતપસ્વી વાલ્મીકિ અને માર્કણ્ડેય ઋષિ પણ શ્રીગોવિંદના મહા અદ્ભુત માહાત્મ્યનું કથન કર્યા કરે છે.[૪] હે ભરતશ્રેષ્ઠ રાજા! ભગવાન કેશવ (શ્રીકૃષ્ણ) સર્વ જગતના ઈશ્વર છે, પ્રભુ છે અને તે વ્યાપક દેવેજ આ સર્વ જગતને પુરુષરૂપે (જીવરૂપે) બહુધા વ્યાપ્ત કર્યું છે, એમ અમે સાંભળ્યું છે.[૫] હે મહાબાહુ યુધિષ્ઠિર! શાર્ઙ્ગધનુષને ધારણ કરનારા મહાત્મા શ્રીકૃષ્ણનાં જે કર્મોને બ્રાહ્મણો જાણે છે તે હું કહું છું, તમે સાંભળો.[૬] હે મનુષ્યોના ઇંદ્ર! પુરાણવેત્તા મનુષ્યો ગોવિંદનાં જે જે કર્મોનું કથન કરે છે, તે સર્વ હું તમને કહું છું.[૭] સર્વ ભૂતોના આત્મા મહાત્મા પુરુષોત્તમે (શ્રીકૃષ્ણે) વાયુ, તેજ, જળ, પૃથ્વી અને આકાશ—આ પાંચ મહાભૂતોને પ્રથમ ઉત્પન્ન કર્યાં;[૮] અને તે સર્વને ઉત્પન્ન કર્યા પછી સર્વ ભૂતોના ઈશ્વર અને સર્વના પ્રભુ મહાત્મા પુરુષોત્તમે જળની અંદરજ પોતાનું નિવાસસ્થાન કર્યું.[૯] પછી ત્યાં રહીને સર્વ પ્રકારે તેજોમય એવા તે પુરુષોત્તમે, સર્વ પ્રાણીઓના આદિકારણભૂત એવા સંકર્ષણને (અહંકારને) ઉત્પન્ન કર્યા.[૧૦] અમે સાંભળ્યું છે કે, મનની સાથે ઉત્પન્ન થયેલા તે સંકર્ષણ, સર્વ પ્રાણીઓના આશ્રયભૂત છે અને ભૂત તથા ભવિષ્ય, એ બન્ને કાળને તથા સર્વ પ્રાણીઓને ધારણ કરે છે.[૧૧] હે મોટી ભુજાઓવાળા રાજા! તે સંકર્ષણ મહાત્મા પ્રકટ થયા તે પછી પુરુષોત્તમની નાભીમાંથી એક દિવ્ય કમળ ઉત્પન્ન થયું, જે સૂર્યસમાન તેજસ્વી હતું.[૧૨] હે તાત! એ કમળમાં પોતાના તેજથી સર્વ દિશાઓને પ્રકાશિત કરતા ભગવાન બ્રહ્મદેવ ઉત્પન્ન થયા, જે સર્વ પ્રાણીઓના પિતામહ છે.[૧૩] એ પ્રમાણે મોટી ભુજાઓવાળા મહાત્મા બ્રહ્મદેવ પ્રકટ થયા, કે તુરતજ સૌની પહેલાં, મધુ નામનો એક મહાન અસુર અંધકારમાંથી ઉત્પન્ન થયો.[૧૪] તે અસુર મહા ઉગ્ર હતો, ઉગ્ર કર્મને કરનારો હતો અને બ્રહ્મદેવને મારી નાખવારૂપ ભયંકર કર્મ કરવા તૈયાર થયો હતો, જેથી પુરુષોત્તમે, બ્રહ્મદેવનું રક્ષણ કરવા માટે તેને મારી નાખ્યો.[૧૫] હે તાત! એ વેળા મધુ દૈત્યનો વધ કર્યો હતો તેથી સર્વે દેવો, દાનવો અને મનુષ્યો, સર્વ યાદવોમાં શ્રેષ્ઠ ભગવાન પુરુષોત્તમને "મધુસૂદન' કહે છે.[૧૬] પછી બ્રહ્મદેવે દક્ષ, મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ અને ક્રતુ નામના સાત પુત્રોને પોતાના માનસિક સંકલ્પથી ઉત્પન્ન કર્યા. હે તાત! તેઓમાં સૌથી મોટા મરીચિએ, કશ્યપ નામના એક પુત્રને પોતાના મનથી ઉત્પન્ન કર્યો કે જે કશ્યપ, મરીચિના સર્વ પુત્રોમાં મોટો

હતો, તેજસ્વી હતો અને મહા બ્રહ્મવેત્તા હતો.[૧૮] હે ભરતશ્રેષ્ઠ! બ્રહ્મદેવે, પ્રજાપતિ દક્ષને પોતાના અંગુઠામાંથી પ્રથમજ ઉત્પન્ન કર્યો હતો, જેથી દક્ષ પ્રજાપતિ મરીચિના કરતાં પણ મોટો હતો.[૧૯] હે ભારત! પ્રજાપતિ દક્ષને ત્યાં પ્રથમ તેર પુત્રીઓ ઉત્પન્ન થઇ હતી. તેમાંની મોટીનું નામ 'દિતિ' હતું.[૨૦] હે તાત ! સર્વ પ્રકારના વિશેષ ધર્મોને જાણનારા પવિત્ર કીર્તિવાળા અને મહાયશસ્વી એવા મરીચિના પુત્ર કશ્યપ ઋષિ, દક્ષ પ્રજાપતિની તેરે કન્યાઓના પતિ થયા હતા.[૨૧] ધર્મવેત્તા પ્રજાપતિ દક્ષ, મહાભાગ્યશાળી હતો. તેણે બીજી દશ કન્યાઓ ઉત્પન્ન કરીને ધર્મને પરણાવી હતી.[૨૨] હે ભારત ! એ કન્યાઓ વિષે ધર્મના જે જે પુત્રો ઉત્પન્ન થયા તેઓ વસુઓ, મહાતેજસ્વી રુદ્રો, વિશ્વેદેવાઓ, સાધ્યો અને મરુદ્‌ગણોને નામે પ્રસિદ્ધ થયા.[૨૩] પ્રજાપતિ દક્ષે, તે સિવાય બીજી સત્યાવીસ કન્યાઓ પણ ઉત્પન્ન કરી હતી અને મહાભાગ્યશાળી ચંદ્રમા તે સત્યાવીસેનો પતિ થયો હતો.[૨૪] હવે, કશ્યપની બીજી જે સ્ત્રીઓ હતી તેઓએ ગંધર્વોને, ઘોડાઓને, પક્ષીઓને, ગાયોને, કિન્નરોને, માછલાંઓને, ઉદ્‌ભિજ્જ પ્રાણીઓને તથા વનસ્પતિઓને ઉત્પન્ન કર્યાં. વળી કશ્યપની સ્ત્રી અદિતિએ, આદિત્યોને (બારે સૂર્યોને) તથા મહાબળવાન એવા શ્રેષ્ઠ દેવોને ઉત્પન્ન કર્યા. તેઓમાંજ પ્રભુ વિષ્ણુએ વામનરૂપે અવતાર લીધો હતો.[૨૬] એ વામન દેવના પરાક્રમથી (પાદન્યાસથી) સર્વ દેવતાઓની લક્ષ્મી વધી પડી હતી અને દાનવોનો પરાજય થયો હતો. વળી તે સમયે જેટલી આસુરી પ્રજા ઉત્પન્ન થઇ હતી તે બધી કશ્યપની સ્ત્રી દિતિથી ઉત્પન્ન થઇ હતી;[૨૭] કેમકે કશ્યપની સ્ત્રી દનુએ વિપ્રચિત્તિ વગેરે દાનવોને ઉત્પન્ન કર્યા હતા અને દિતિએ મહાબળવાન એવા અસુરોને જન્મ આપ્યો હતો.[૨૮] પછી ભગવાન મધુસૂદને દિવસ, રાત્રિ, ઋતુઓ અનુસાર કાળ, દિવસનો પ્રથમ ભાગ, પાછલો ભાગ વગેરેનું નિર્માણ કર્યું[૨૯] અને પછી તેમણે ધ્યાન ધરીને મેઘોને, સ્થાવરજંગમ પ્રાણીઓને તથા પુષ્કળ તેજવાળા સર્વ પાર્થિવ પદાર્થોને ઉત્પન્ન કર્યા.[૩૦] હે યુધિષ્ઠિર! તે સર્વની ઉત્પત્તિ કર્યા પછી મહાભાગ્યવાન શ્રીકૃષ્ણ પ્રભુએ, પોતાના મુખમાંથી સેંકડો શ્રેષ્ઠ બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા, બન્ને બાહુઓમાંથી સેંકડો ક્ષત્રિયોને ઉત્પન્ન કર્યા, સાથળોમાંથી સેંકડો વૈશ્યોને ઉત્પન્ન કર્યા અને બન્ને ચરણોમાંથી સેંકડો શૂદ્રોને ઉત્પન્ન કર્યા. આ રીતે હે ભરતશ્રેષ્ઠ ! મહાતપસ્વી કેશવે ચારે વર્ણોની ઉત્પત્તિ કર્યા પછી પ્રજાપતિ બ્રહ્મદેવને સર્વ પ્રાણીઓના અધ્યક્ષ બનાવ્યા, કે જે બ્રહ્મદેવ વેદવિદ્યાના વિધાતા છે અને મહાતેજસ્વી છે. વળી પણ તે કેશવે સર્વ ભૂતગણના તથા માતૃગણના અધ્યક્ષ વિરૂપાક્ષને ઉત્પન્ન કર્યા.[૩૧-૩૪] તેમજ સર્વ પાપીઓને શિક્ષા કરનાર પિતૃપતિ યમને ઉત્પન્ન કર્યા. પછી સર્વ પ્રાણીઓના આત્મા ભગવાન કૃષ્ણે દેવના ધનભંડારનું રક્ષણ કરનારા કુબેરને ઉત્પન્ન કર્યા અને સર્વ જળચર પ્રાણીઓના પતિ જળદેવ વરુણને ઉત્પન્ન કર્યા. તે પછી પ્રભુ શ્રીકૃષ્ણે ઇંદ્રને સર્વ દેવોનો અધ્યક્ષ બનાવ્યો.[૩૫,૩૬] આ રીતે સૃષ્ટિની પ્રવૃત્તિ થઈ, ત્યારે તે યુગના મનુષ્યો પોતાની ઈચ્છા હોય ત્યાંસુધી શરીરને ધારણ કરી શકતા હતા અને પોતાની ઈચ્છાનુસાર જીવી શકતા હતા. તાત્પર્ય કે, તેઓને યમદેવ તરફનો ભયજ ન હતો.[૩૭] વળી હે ભરતશ્રેષ્ઠ ! તે સમયે મૈથુનધર્મથી પ્રજા ઉત્પન્ન થતી ન હતી; પરંતુ મનમાં સંકલ્પ કરવામાત્રથીજ તે કાળના મનુષ્યો પ્રજાને ઉત્પન્ન કરી શકતા હતા.[૩૮] પછી જ્યારે ત્રેતાયુગનો સમય આવ્યો, ત્યારે પણ મનુષ્યો મૈથુનધર્મથી પ્રજોત્પાદન કરતા ન હતા; પરંતુ હે રાજા! અન્યોન્યનો સ્પર્શ કરવા માત્રથીજ પ્રજાઓને ઉત્પન્ન કરી શકતા હતા.[૩૯] હે રાજન્ ! તે પછી જ્યારે દ્વાપર યુગનો સમય પ્રાપ્ત થયો, ત્યારે પ્રજાઓમાં મૈથુનધર્મ દાખલ થયો અને કલિયુગમાં તો સ્ત્રીપુરુષોનાં યુગલજ બંધાઈ ગયાં.[૪૦]

હે તાત ! આ શ્રીકૃષ્ણ પરમાત્માજ, સર્વ પ્રાણીઓના પતિ અને અધ્યક્ષ કહેવાય છે;

(એ વિષે મેં તમને કહ્યું) પણ હવે, જે પ્રજાઓ કેવળ નરકમાંજ જનારી છે તેઓનું હું વર્ણન કરૂં છું, તે સાંભળો. હે રાજા! દક્ષિણ દેશમાં જન્મેલા સર્વ આંધ્રો, ગુહો, પુલિંદો, શબરો, ચુચુકો અને મદ્રક લોકો (ઘણા પાપી હોય છે માટે) નરકમાંજ જનારા છે;[૪૧,૪૨] તેમજ ઉત્તર તરફ જન્મેલા ચૌનો, કાંબોજો, ગાંધારો, કિરાતો અને બર્બરો પણ પાપકૃત્ય કરતાજ પૃથ્વીપર ભટકયા કરે છે, જેથી તેઓ પણ નરકવાસીજ થાય છે. હે રાજા ! આ સર્વ મનુષ્યો ચાંડાળ, કાગડા અને ગીધ પક્ષીના જેવાજ હોય છે.[૪૩,૪૪] હે ભરતશ્રેષ્ઠ રાજા! સત્યયુગના સમયમાં આવા મનુષ્યો પૃથ્વીપર હતાજ નહિ; પણ ત્રેતાયુગના સમયનો આરંભ થયા પછીજ તેઓની પૃથ્વીપર વૃદ્ધિ થઈ પડી છે.[૪૫] આ જગતમાં જ્યારે જ્યારે યુગોનો ભયંકર સંધિકાળ ઉપસ્થિત થાય છે, ત્યારે રાજાઓ, એકબીજાના ઉપર ચઢાઇ લઇ જઇને તુમુલ રણસંગ્રામ કરવા માંડે છે. (અને તેથીજ આ દ્વાપર અને કલિયુગના ભયંકર સંધિકાળમાં મહાભારતનું તુમુલયુદ્ધ આરંભાયેલું.[૪૬]

હે કુરુવંશના શ્રેષ્ઠ રાજા ! એ પ્રમાણે આ સર્વ ભૂતસૃષ્ટિ, મહાત્મા શ્રીકૃષ્ણથીજ ઉત્પન્ન થઇ છે, જેથી સર્વલોકદ્રષ્ટા દેવર્ષિ નારદ, શ્રીકૃષ્ણને પરમાત્મા સ્વરૂપજ કહે છે.[૪૭] હે મોટી ભુજાવાળા ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર ! નારદે પોતે પણ શ્રીકૃષ્ણના પરમ સનાતનપણાને માન્ય કરેલું છે.[૪૮] જેથી મોટી ભુજાઓવાળા, સત્ય પરાક્રમી, કમળસમાન નેત્રવાળા અને અચિંતનીય એવા આ શ્રીકેશવ, કેવળ મનુષ્ય નથી; પરંતુ સાક્ષાત પરમાત્માજ છે.[૪૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“સર્વ ભૂતોની ઉત્પત્તિ”એ વિષયનો
અધ્યાય ૨૦૭ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૮ મો

પ્રજાપતિઓ, દેવતાઓ અને દિશાઓના ઋષિઓ

॥ युधिष्ठिर उवाच ॥
के पूर्वमासन् पतयः प्रजानां भरतर्षभ ॥
के चर्षयो महाभागा दिक्षु प्रत्येकशः स्मृताः॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે ભરતશ્રેષ્ઠ પિતામહ! પૂર્વે પ્રજાઓના અધિપતિઓ કોણ હતા? અને કયા કયા મહાભાગ્યશાળી ઋષિઓ પ્રત્યેક દિશાઓમાં વસી રહ્યા છે ?”[૧]

ભીષ્મે કહ્યું:-“ હે ભરતશ્રેષ્ઠ ! પૂર્વે પ્રજાઓના અધિપતિઓ કોણ હતા અને દિશાઓના ઋષિઓ કોણ છે, આવો જે પ્રશ્ન તમે મને પૂછયો છે, તેના ઉત્તરમાં હું તમને કહું છું, સાંભળો.[૨] પૂર્વે સનાતન ભગવાન બ્રહ્મદેવ એકલાજ સૌની પહેલાં સ્વતઃ ઉત્પન્ન થયા હતા. પછી તે મહાત્માના સાત પુત્રો ઉત્પન્ન થયા, કે જેઓ મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને બ્રહ્મદેવના જેવોજ મહાભાગ્યવાન વસિષ્ઠ, એવા નામથી પ્રસિદ્ધ છે. આ સાતેને પુરાણોમાં સાત બ્રહ્માજ કહ્યા છે. હવે, સર્વ પ્રજાપતિઓના સંબંધમાં હું તમને કહું છું.[૩,૫] અત્રિના વંશમાં સનાતન ભગવાન પ્રાચીનબર્હિ ઉત્પન્ન થયા, કે જે વેદોનું કેવળ ઉત્પત્તિસ્થાનજ હતા. એ પ્રાચીનબર્હિના ‘પ્રાચેતસ્’ નામના દશ પુત્રો ઉત્પન્ન થયા અને તે દશેનો એક દક્ષપ્રજાપતિ નામનો પુત્ર ઉત્પન્ન થયો. તેનાં ‘દક્ષ’ અને ‘ક’ એવાં બે નામ જગતમાં કહેવાય છે.[૬,૭] મરીચિનો કશ્યપ નામે પુત્ર થયો. તેનાં પણ બે નામ કહેવાય છે. કેટલાએક લોકો તેને ‘અરિષ્ટનેમિ’ કહે છે અને કેટલાએક ‘કશ્યપ’ કહે છે.[૮] અત્રિનો ઔરસ પુત્ર શ્રીમાન સોમ રાજા થયો. તે ઘણો વીર્યવાન હતો અને તેણે દેવતાઓના એક હજાર યુગપર્યંત પરમાત્માનું ઉપાસન કર્યું હતું.[૯] હે રાજા! ભગવાન અર્યમા અને તેના જે પુત્રો ઉત્પન્ન થયા હતા, તેઓ સર્વ પ્રજાઓના અધિપતિઓ હતા અને ભુવનોના સ્રષ્ટાઓ હતા.[૧૦]

હે અસ્ખલિત શક્તિવાળા રાજા! તે સમયે શશબિંદુ નામનો એક રાજા હતો. તેને દશ હજાર સ્ત્રીઓ હતી અને તે પ્રત્યેક સ્ત્રીમાં એક એક હજાર પુત્રો ઉત્પન્ન થયા હતા. આ રીતે તે મહાત્માને દશ લાખ પુત્રો થયા હતા. તેઓ સર્વે, બીજા કોઇને પણ પ્રજાઓના પતિતરીકે ઇચ્છતા ન હતા. કેટલાએક પ્રાચીન કાળના બ્રાહ્મણો તો ત્યાંસુધી કહે છે કે, આ સર્વ પ્રજા, રાજા શશબિંદુનીજ છે અને તે શશબિંદુ-પ્રજાપતિના મહાવંશમાંથીજ યાદવવંશની ઉત્પત્તિ થયેલી છે.[૧૧-૧૩] એ પ્રમાણે યશસ્વી એવા પ્રજાઓના પતિઓ મેં તમને કહ્યા. તો હવે, ત્રણે ભુવનના ઈશ્વર એવા દેવોનું હું વર્ણન કરૂં છું.[૧૪] ભગ, અંશ, અર્યમા, મિત્ર, વરુણ, સવિતા, ધાતા, વિવસ્વાન, ત્વષ્ટા, પૂષા, ઈંદ્ર અને વિષ્ણુ-આ બારે આદિત્યો કહેવાય છે અને તેઓ કશ્યપથી ઉત્પન્ન થયેલા છે.[૧૫,૧૬] નાસત્ય અને દસ્ત્ર-એ બે અશ્વિનીકુમારો કહેવાય છે અને તેઓ બન્ને મહાત્મા આઠમા આદિત્યના (વિવસ્વાનના) પુત્રો છે.[૧૭] પૂર્વે આ સર્વને દેવોજ કહેવામાં આવતા હતા, પરંતુ પાછળથી તેઓને બે પ્રકારના પિતૃઓ કહેવામાં આવે છે. તેમજ મહાયશસ્વી શ્રીમાન વિશ્વરૂપ, નવમા આદિત્ય ત્વષ્ટાનો પુત્ર થાય છે.[૧૮] વળી અજ, એકપાદ્, અહિર્બુધ્ન્ય, વિરૂપાક્ષ, રૈવત, હર, બહુરૂપ, દેવોના ઈશ્વર ત્ર્યંબક, સાવિત્ર, જયંત અને અજિત એવા પિનાકી-આ અગીઆર રુદ્રદેવો છે અને મહાભાગ્યશાળી આઠ વસુઓનું તો મેં પ્રથમજ વર્ણન કરેલું છે.[૧૯,૨૦] પૂર્વે પ્રજાપતિ મનુના કાળમાં આ સર્વેને દેવોતરીકેજ કહેવામાં આવતા હતા; પરંતુ પાછળથી તેઓને બે પ્રકારના પિતૃઓ કહેવામાં આવે છે.[૨૧] વળી દેવોમાં બીજા બે વિભાગ પણ છે. જેઓ શીલસંપન્ન હોય છે તેઓ સિદ્ધ કહેવાય છે અને જેઓ યૌવનસંપન્ન હોય છે તેઓ સાધ્ય કહેવાય છે. ઉપરાંત ઋભુ અને મરુત નામના પણ દેવગણ છે અને વિશ્વેદેવાઓ તથા અશ્વિનીકુમારોનું પણ દેવતરીકે શાસ્ત્રમાં વર્ણન છે. હવે, તે સર્વ દેવોમાં જેઓ આદિત્ય કહેવાય છે તેઓ ક્ષત્રિય છે, જેઓ મરુત કહેવાય છે તેઓ વૈશ્ય છે, ઉગ્ર તપશ્ચર્યા કરનારા બે અશ્વિનીકુમારો તે શૂદ્ર છે અને બીજા અંગિરસ ગોત્રના જે દેવતાઓ છે તેઓ બ્રાહ્મણો છે, આવો નિશ્ચય કરવામાં આવ્યો છે.[૨૨-૨૪] આ પ્રમાણે સર્વ દેવતાઓના ચાર વર્ણો મેં તમને કહ્યા. જે પુરુષ, પ્રાતઃકાળમાં ઉઠીને આ દેવોનું સ્મરણ કરે છે, તે પુરુષ જાણતાં:અજાણતાં કરેલાં સર્વ પાપોથી મુક્ત થાય છે.

હે તાત યુધિષ્ઠિર! યવક્રીત, રૈભ્ય, અર્વાવસુ, પરાવસુ, ઔશિજ, કક્ષીવાન્, બલ, આંગિરસ, મેધાતિથિનો પુત્ર ઋષિ કણ્વ, બર્હિષદ અને ત્રૈલોક્યનું રક્ષણ કરનારા પ્રતાપી સપ્તર્ષિઓ, હમેશાં પૂર્વ દિશામાં નિવાસ કરી રહ્યા છે. ઉન્મુચ, વિમુચ, વીર્યવાન સ્વસ્ત્યાત્રેય, પ્રમુચ, ઇધ્મવાહ, ભગવાન દઢવ્રત અને મિત્રાવરુણનો પ્રતાપી પુત્ર અગસ્ત્ય-આ સર્વ બ્રહ્મર્ષિઓ, સદાકાળ દક્ષિણ દિશામાં રહે છે. ઉષંગુ, કવષ, ધૌમ્ય, વીર્યવાન પરિવ્યાધ, મહર્ષિ એકત, દ્વિત, ત્રિત અને અત્રિના પુત્ર ભગવાન સારસ્વત પ્રભુ-આ સર્વ મહાત્માઓ, પશ્ચિમ દિશામાં વસી રહ્યા છે; તેમજ આત્રેય, વસિષ્ઠ, મહર્ષિ કાશ્યપ, ગૌતમ, ભરદ્વાજ, કૌશિક ગોત્રના ઋષિ વિશ્વામિત્ર અને મહાત્મા ઋચીકના પુત્ર ભગવાન જમદગ્નિ, ઉત્તરદિશામાં વસી રહ્યા છે. આ સર્વ તીક્ષ્ણ તેજવાળા ઋષિઓ જે જે દિશામાં રહે છે, તેનું મેં વર્ણન કર્યું. એ મહાત્માઓ સર્વના સાક્ષીભૂત છે અને ભુવનોનું કલ્યાણ કરનારા છે. એ પ્રમાણે તે મહાત્માઓ પ્રત્યેક દિશામાં નિવાસ કરી રહ્યા છે.[૨૫-૩૫] જે પુરુષ એ ઋષિઓનું નામસ્મરણ કરે છે, તે સર્વ પ્રકારનાં પાપોથી મુક્ત થાય છે અને જે જે દિશામાં તે મહાત્માઓ વસે છે તે દિશાને શરણે ગયેલો પુરુષ, સર્વ પાપોથી મુક્ત થઇને ક્ષેમકુશળ ગૃહાશ્રમમાં આગળ વધે છે.[૩૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"દિશાસ્વસ્તિક" એ વિષયનો
અધ્યાય ૨૦૮ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૯ મો

વરાહ અવતાર

॥ युधिष्ठिर उवाच ॥

पितामह महाप्राज्ञ युधि सत्यपराक्रम ॥
श्रोतुमिच्छामि कार्त्स्न्येन कृष्णमव्ययमीश्वरम्॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે યુદ્ધમાં સત્ય પરાક્રમ કરનારા બુદ્ધિમાન પિતામહ! સર્વના નિયંતા અવિનાશી શ્રીકૃષ્ણના માહાત્મ્યનું સંપૂર્ણ શ્રવણ કરવાની મને ઇચ્છા છે.[1] હે મહાપુરુષ! પૂર્વે કરેલાં એમનાં મહાન કર્મો અને એમનું મહા તેજ–એ સર્વને તમે મને યથાર્થ રીતે કહો.[2] હે મહાબળવાન પિતામહ! કયા કાર્યનિમિત્તે એમણે પશુયોનિમાં અવતાર લીધો હતો અને એ પ્રભુએ તે વેળા કેવું સ્વરૂપ ધારણ કર્યું હતું તે પણ મને કહો."[3]

ભીષ્મે કહ્યું:–પૂર્વે હું મૃગયા કરવા માટે ગયો હતો. ત્યાં ફરતો ફરતો માર્કંડેયના આશ્રમમાં જઈ પહોંચ્યો. તે આશ્રમમાં મેં હજારો મુનિગણોને બેઠેલા જોયા.[4] તેઓએ મધુપર્ક વગેરે આપીને મારો અતિથિસત્કાર કર્યો. મેં પણ તે પૂજાસત્કારનો સ્વીકાર કરીને સર્વ ઋષિઓને અભિનંદન આપ્યું.[5] પછી તે સમયે મહર્ષિ કશ્યપે, મારા મનને પ્રસન્ન કરનારી જે એક દિવ્ય કથા મને કહી હતી તે હું તમને કહું છું. તમે એકચિત્ત થઇને સાંભળો.[6]

પ્રાચીનકાળમાં સેંકડો મોટા મોટા દાનવો અને નરકાસુર વગેરે મોટા મોટા અસુરો, ક્રોધ તથા લોભને અધીન થઇને બળને લીધે મદમત્ત બની ગયા હતા;[7] તેમજ બીજા કેટલાએક યુદ્ધદુર્મદ દાનવો, દેવોની અનુત્તમ સમૃદ્ધિને સહન કરી શકતા ન હતા.[8] હે રાજન્! તે દાનવોએ, દેવોને તથા દેવર્ષિઓને ખૂબ દુઃખ દેવા માંડ્યું, જેથી તેઓ પોતપોતાનાં સ્થાનકો છોડીને જ્યાં ત્યાં ભરાઇ પેસવા લાગ્યા; પરંતુ તેઓને કોઇ સ્થળે શાંતિ મળી નહિ.[9] એ સમયે દેવોના જોવામાં આવ્યું કે, આખી પૃથ્વી અત્યંત દુઃખી થઈ ગઇ છે, એટલુંજ નહિ પણ ઘોર દેખાવના મહાબળવાન દાનવોથી ચોતરફ છવાઇ ગઇ છે, અતિશય ભારથી પીડાય છે, હર્ષવિનાની અને દુઃખગ્રસ્ત જણાય છે; તેમજ ભારને લીધે રસાતાળમાં પેસી જતી હોય તેમ લાગે છે. પૃથ્વીનું આવું સ્વરૂપ જોઇને દેવો ભયભીત બની ગયા. તેઓ બ્રહ્મદેવને શરણે જઇને આ પ્રમાણે કહેવા લાગ્યા.[10,11] "હે બ્રહ્મન્! દાનવોના ભયંકર ત્રાસને અમે કેવી રીતે સહન કરી શકીએ?" તે સાંભળી બ્રહ્મદેવે તેઓને કહ્યું:–"આને માટે મેં પ્રથમથીજ ઉપાય કરી રાખ્યો છે.[12] હું જાણું છું કે, દાનવો વરદાન મેળવીને બળ તથા મદથી છકી ગયા છે અને તેથીજ તે મૂર્ખાઓ જેમનું દર્શન અવ્યક્ત છે એવા શ્રીવિષ્ણુને જાણી શકતા નથી.[13] દેવતાઓ પણ જેમનો પરાભવ કરવાને અસમર્થ છે એવા દેવ વિષ્ણુ વરાહનું સ્વરૂપ ધારણ કરશે અને પછી ભૂમિની અંદર જે સ્થળે તે ઘોર દેખાવના હજારો અધમ અસુરો નિવાસ કરી રહ્યા છે ત્યાં એકદમ વેગથી દોડી જશે અને તેઓનો સંહાર કરી નાખશે." બ્રહ્મદેવનું એ વાક્ય સાંભળીને સર્વ દેવતાઓ અત્યંત આનંદમાં આવી ગયા.[14,15]

પછી મહાતેજસ્વી ભગવાન વિષ્ણુએ (બ્રહ્મદેવના કહેવા પ્રમાણે) વરાહનું સ્વરૂપ ધારણ કર્યું અને પૃથ્વીની અંદર પ્રવેશ કરી જે સ્થળે દાનવો રહેતા હતા ત્યાં ધસારો કર્યો.[16] સર્વે દૈત્યો પણ તે દૈવી પ્રાણીને ત્યાં ધસી આવેલું જોઈ, એકત્ર થઇને એકદમ વેગથી તેની સામા થયા; કેમકે તેઓ કાળથી મોહિત થઈ ગયા હતા.[17] પછી તેઓએ એકીસાથે વરાહસામે ધસારો કરીને તેમને પકડી લીધા અને મહાક્રોધમાં આવી જઇને તે વરાહને આમ તેમ ખેંચવા લાગ્યા.[18] હે રાજા! તે સર્વ દાનવરાજાઓ મહાપ્રચંડ શરીરવાળા હતા, મહાપરાક્રમી હતા અને બળથી ઉદ્ધત હતા તોપણ તેઓ વરાહ ભગવાનને કંઈ પણ કરી શકયા નહિ.[19] તે સમયે હજારો દાનવરાજાઓ અત્યંત આશ્ચર્યમાં પડી ગયા અને ભયભીત બની ગયા. તેઓએ માન્યું કે,

હવે આપણે સંશયમાં આવી પડયા છીએ.[૨૦] પછી હે ભરતશ્રેષ્ઠ! દેવાધિદેવ, યોગપ્રવર્તક અને યોગમૂર્તિ એવા ભગવાન વિષ્ણુએ, યોગબળનો આશ્રય કરીને, તે દૈત્યદાનવોને ક્ષોભ પમાડવામાટે ઘણીજ મોટી ગર્જના કરી, જેથી સર્વે લોકો અને દશે દિશાઓ ગાજી ઉઠી.[૨૧,૨૨] વળી તેમની ગર્જનાના શબ્દથી સર્વ લોકોમાં મોટો ખળભળાટ ફેલાઈ ગયો; એટલુંજ નહિ પણ ઇંદ્રપ્રમુખ દેવતાઓ પણ અત્યંત ભયભીત બની ગયા.[૨૩] તે સમયે આખું જગત પણ અત્યંત નિશ્ચેષ્ટ બની ગયું ને સર્વ સ્થાવરજંગમ પ્રાણીઓ, તે શબ્દથી મોહાધીન બની ગયાં.[૨૪] સર્વ દાનવો પણ તે ગર્જારવને લીધે એટલા બધા ડરી ગયા, કે જેથી તેઓ વિષ્ણુના તેજથી અંજાઈ જઇને તથા પ્રાણરહિત થઇને પૃથ્વીપર પછડાઈ પડયા.[૨૫] રસાતલમાં રહેલા દેવ વરાહ પણ તે વેળા પૃથ્વીપર પછડાઇ પડેલા દેવોના શત્રુઓના માંસ, મેદ તથા હાડકાંના ઢગલાઓને પોતાની ખરીઓવડે ખોદવા લાગ્યા. જેમની નાભિ કમળના જેવી છે(અથવા જેમની નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું છે)અને જે સર્વ પ્રાણીઓના આચાર્ય તથા જીવસ્વરૂપે સર્વમાં પ્રકાશમાન છે, તે મહાયોગી ભગવાન વિષ્ણુ, તે સમયની પોતાની મહાન ગર્જનાનેલીધે 'સનાતન' (સનાદન) એવા નામથી જગતમાં પ્રસિદ્ધ થયા છે.[૨૭] તે પછી સર્વ દેવગણો, પિતામહ બ્રહ્મદેવની પાસે એકદમ દોડી ગયા અને ત્યાં જઇને તે જગત્પતિ મહાત્માને કહેવા લાગ્યા કેઃ-[૨૮] " હે દેવ ! હે પ્રભો ! આ નાદ તે કેવા પ્રકારનો છે ? એ અમે જાણી શકતા નથી. આ નાદ કોનો છે અને કેવો છે, કે જેનું શ્રવણ કરીને આખું જગત વિહ્વળ બની ગયું છે![૨૯] વળી આ નાદના તેજથી સર્વ દેવો અને દાનવો કેવળ મૂઢ બની ગયા છે. " આ પ્રમાણે તેઓ કહેતા હતા તેટલામાં હે મહાબાહુ ! મોટા મોટા ઋષિઓથી સ્તુતિ કરાતા ભગવાન વિષ્ણુ વરાહનું સ્વરૂપ ધારણ કરીને ત્યાં પ્રકટ થયા.[૩૦]

એટલે બ્રહ્મદેવે કહ્યુંઃ-" હે દેવો ! આ મહાપ્રચંડ શરીરને ધારણ કરનારા મહાબળવાન દેવ, સર્વ દાનવરાજાઓનો સંહાર કરીને અહીં આવી પહોંચ્યા છે; માટેતમે સ્થિર થાઓ, ડરો મા. આ દેવ મહાન યોગી છે, સર્વ પ્રાણીઓના આત્મા છે, સર્વ પ્રાણીઓનું રક્ષણ કરનારા છે, સર્વના નિયંતા છે, મુનિ છે, આત્માના (જીવના) પણ આત્મા છે, શ્રીકૃષ્ણસ્વરૂપ છે અને સર્વ વિઘ્નોનો નાશ કરનારા છે. મહાતેજસ્વી અને મહાભાગ્યશાળી એવા આ દેવે, કોઈનાથી ન બની શકે તેવું ઉત્તમ કર્મ કર્યું છે. તે હવે પોતાના યથાર્થ સ્વરૂપને પામ્યા છે.[૩૧-૩૩] હે ઉત્તમ દેવતાઓ ! આ દેવ તેજ છે, કે જેમની નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું હતું. વળી આ મહાત્મા મહાન યોગી છે અને સર્વ પ્રાણીઓનું કલ્યાણ કરનારા છે; માટે તમારે સંતાપ કરવો નહિ, ભય રાખવો નહિ અથવા શોક પણ કરવો નહિ.[૩૪] વળી આ વિધિસ્વરૂપ છે, સર્વના ઉત્પાદક છે અને સર્વનો ક્ષય કરનારા કાળરૂપ છે. લોકોનું ધારણ કરનારા આ મહાત્માએજ તેવી ગર્જના કરી હતી.[૩૫] તેજ આ કમળસમાન નેત્રવાળા મહાબાહુ અચ્યુત (શ્રીવિષ્ણુ) છે, કે જે સર્વ લોકોના નમસ્કારને પ્રાપ્ત થયેલા છે અને સર્વ ભૂતોના આદિકારણરૂપ ઈશ્વર છે."[૩૬]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
" અંતર્ભૂમિવિક્રીડન " એ વિષયનો
અ૦ ૨૦૯ મો સમાપ્ત

અધ્યાય ૨૧૦ મો

અધ્યાત્મવિચાર

॥ युधिष्ठिर उवाच ॥

योगं मे परमं तात मोक्षस्य वद भारत ॥
तमहं तत्त्वतो ज्ञातुमिच्छामि वदतांवर ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ-" હે ભરતવંશી પિતામહ ! મોક્ષને માટે પરમયોગ કયો છે, તે મને

કહો. હે વક્તાઓમાં શ્રેષ્ઠ! એ પરમ યોગનું તાત્ત્વિક સ્વરૂપ જાણવાની મને ઇચ્છા છે.”[૧]

ભીષ્મે કહ્યું:–“આ વિષયમાં એક પ્રાચીન ઇતિહાસ કહેવામાં આવે છે, કે જેમાં એક શિષ્યનો ગુરુની સાથે મોક્ષસંબંધી સંવાદ વર્ણવેલો છે.[૨] કોઈ એક બ્રાહ્મણજાતિનો આચાર્ય (ગુરુ) હતો. તે ઋષિઓમાં શ્રેષ્ઠ હતો, તેજનો ભંડાર હતો, મહાત્મા હતો, સત્ય પ્રતિજ્ઞાવાળો હતો અને જિતેન્દ્રિય હતો. એક સમયે તે સ્વસ્થ થઈને બેઠો હતો, તેવામાં તેનો એક બુદ્ધિમાન શિષ્ય, કે જેનું ચિત્ત અત્યંત એકાગ્ર હતું, તે કલ્યાણમાર્ગને જાણવાની ઈચ્છાથી તેની પાસે આવ્યો અને તેનો ચરણસ્પર્શ કરીને બે હાથ જોડી સન્મુખ ઉભો રહીને આ પ્રમાણે પૂછવા લાગ્યોઃ–[૩,૪] “હે ભગવન્! મારી સેવાથી તમે મારાપર જો પ્રસન્ન થયા હો તો મને એક મહાન સંશય થયો છે, તેનું નિરાકરણ કરવા માટે તમે યોગ્ય છો. હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તમે અને હું કયા ઉપાદાનકારણમાંથી ઉત્પન્ન થયા છીએ? તે મને કહો. વળી આ સર્વ જગતનું શ્રેષ્ઠ ઉપાદાનકારણ કયું છે? તે પણ સારી રીતે મને કહો.[૫] પ્રત્યેક પ્રાણીનું પંચમહાભૂતરૂપી ઉપાદાનકારણ એકસરખુંજ છે, છતાં તેઓનો નાશ અને ઉદય વિષમ રીતે કેમ થયા કરે છે?[૬] હે વિદ્વન્! વળી વેદોની અંદર પણ વર્ણાશ્રમધર્મની વ્યવસ્થા કરનારાં ×વાક્યોમાં વિષમતા જોવામાં આવે છે, તેનું કેમ? અને તે પ્રમાણેજ લૌકિક–સ્મૃતિવાક્ય તથા સર્વ આશ્રમોને સામાન્ય રીતે પાળવા યોગ્ય વેદનાં વ્યાપક* વાક્ય પણ વિષમતાનેજ સૂચવનારાં છે, માટે એ સર્વનું યથાર્થ રીતે વ્યાખ્યાન કરવાને તમે યોગ્ય છો.”[૭]

ગુરુએ કહ્યું:–“હે મહાબુદ્ધિમાન શિષ્ય! તારો આ પ્રશ્ન બ્રહ્મવિષયક છે અને પરમ ગુહ્ય છે; એટલુંજ નહિ પણ આ પ્રશ્ન અધ્યાત્મસંબંધી હોવાને લીધે સર્વ વિદ્યાઓના તથા આગમોના ધનરૂપ છે.[૮] સમગ્ર વેદનું જે મુખ ગણાય છે, તે ૐકારજ વાસુદેવસ્વરૂપ છે અને વેદવેત્તાઓ જેને સત્ય, જ્ઞાન, યજ્ઞ, ક્ષમા, ઇંદ્રિયનિગ્રહ, આર્જવ, સનાતન પુરુષ અને વિષ્ણુરૂપ કહે છે, તે વાસુદેવ પોતેજ સનાતન બ્રહ્મરૂપ છે, અવ્યક્ત છે અને સૃષ્ટિના ઉત્પાદક તથા સંહારક છે.[૯,૧૦] તેજ આ બ્રહ્મ, યાદવોમાં શ્રીકૃષ્ણરૂપે અવતરેલા છે. તેનો ઇતિહાસ હું તને કહું છું, સાંભળ. મહાતેજસ્વી અને દેવના દેવ શ્રીવિષ્ણુનું માહાત્મ્ય, બ્રાહ્મણે બ્રાહ્મણ પાસેથી સાંભળવું જોઇએ, ક્ષત્રિયે ક્ષત્રિય પાસેથી સાંભળવું જોઇએ, વૈશ્યે વૈશ્ય પાસેથી સાંભળવું જોઇએ અને શૂદ્રે મનમાં ઉદાર થઇને શૂદ્ર પાસેથી સાંભળવું જોઈએ.[૧૧,૧૨] તું શ્રીકૃષ્ણનું આખ્યાન સાંભળવાને યોગ્ય છે, માટે હું તને એ ઉત્તમ આખ્યાન કહું છું, સાંભળ. વિદ્વાનો કહે છે કે, શ્રીકૃષ્ણ આદિ અને અંતવિનાનું એક કાળચક્ર છે અને આ સૃષ્ટિની ઉત્પતિ તથા પ્રલયજ એ ભગવાનના યથાર્થ સ્વરૂપને જણાવનારા છે.[૧૩] સર્વ ભૂતોના નિયંતા એવા તે પરમાત્માવિષે આ ત્રણે લોક ચક્રની પેઠે પરિવર્તન પામ્યા કરે છે. હે પુરુષવ્યાઘ્ર! તત્ત્વવેત્તા પુરુષો કહે છે કે, મહાપુરુષ શ્રીકૃષ્ણજ અક્ષર, અવ્યકત, અવિનાશી અને સનાતન એવા બ્રહ્મરૂપ છે.[૧૪] એ અવિનાશી પરમાત્મા પિતૃઓને, દેવોને, ઋષિઓને, યક્ષોને, રાક્ષસોને, નાગોને, અસુરોને તથા મનુષ્યોને ઉત્પન્ન કરે છે.[૧૫] વળી એ કૃષ્ણ પરમાત્માજ નવા યુગના આરંભસમયે માયાશબલસ્વરૂપને ઉત્પન્ન કરે છે અને વૈદિક શાસ્ત્રોને તથા સનાતન લોકધર્મોને સરજે છે.[૧૬] જેમ ઋતુઓના ફેરફારસમયે તે તે ઋતુનાં ચિહ્નો ભિન્ન ભિન્ન સ્વરૂપે જોવામાં આવે છે, તેમ નવા નવા યુગના આરંભસમયે

× જેવાં કે, “**ब्राह्मणो वृहस्पतिसवेन यजेत**”–બ્રાહ્મણે બૃહસ્પતિ સવ નામનો યજ્ઞ કરવો. “**राजा राजसूयेन यजेत**”–ક્ષત્રિયે રાજસૂય યજ્ઞ કરવો. “**वैश्यो वैश्यस्तोमेन यजेत**”–વૈશ્યે વૈશ્યસ્તોમ નામનો યજ્ઞ કરવો “**तस्माच्छूद्रो यज्ञेऽनवक्लृप्तः**”–અને શૂદ્રને તો યજ્ઞ કરવાનો અધિકારજ નથી. ઇત્યાદિ.

*જેવાં કે, “**माहिंस्यात् सर्वाभूतानि**”–કોઈ પણ વર્ણના મનુષ્યે કોઈ પણ પ્રાણીની હિંસા કરવી નહિ. વગેરે.

પણ તે તે ભાવો જગતમાં પ્રકટ થાય છે, (અર્થાત્ જેમ પ્રત્યેક વર્ષે વસંતઋતુમાં આંબામાં મોર આવે છે, ગ્રીષ્મઋતુમાં માલતી ફાલે છે અને વર્ષાઋતુમાં કદંબની અંદર પુષ્પો આવે છે, તેમ સૃષ્ટિના આરંભસમયે બ્રહ્મદેવની અંદર સૃષ્ટિકર્તાપણું પ્રકટ થાય છે, રક્ષણસમયે વિષ્ણુની અંદર સ્થિતિકર્તાપણું પ્રકટ થાય છે અને સંહારસમયે શંકરની અંદર પ્રલયકર્તાપણું પ્રકટ થાય છે.)[17] પછી જે જે યુગના આરંભમાં કાળના યોગે કરીને જે જે પદાર્થનું ભાસન થાય છે, તેનું તેનું જ્ઞાન પણ લોકવ્યવહારથીજ ઉત્પન્ન થાય છે.[18] યુગના અંતમાં ઇતિહાસોસહિત વેદો પણ અંતર્ધાન થઈ જાય છે; પરંતુ પાછળથી બ્રહ્મદેવના ઉપદેશ પ્રમાણે તપશ્ચર્યા કરીને મહર્ષિઓ તેઓને સંપાદન કરે છે.[19] ભગવાન બ્રહ્મદેવનેજ સંપૂર્ણ વેદોનું જ્ઞાન છે, બૃહસ્પતિને વેદનાં અંગોનું જ્ઞાન છે, શુક્રાચાર્યે જગતને હિતકારક એવું નીતિશાસ્ત્ર રચ્યું છે, નારદે ગાંધર્વશાસ્ત્ર (સંગીતશાસ્ત્ર) રચ્યું છે, ભરદ્વાજે ધનુર્વેદની રચના કરી છે, ગાર્ગ્ય મુનિએ દેવોનું તથા ઋષિઓનું ચરિત્ર બનાવ્યું છે અને કૃષ્ણાત્રેય ઋષિએ ચિકિત્સાશાસ્ત્ર (વૈદ્યકશાસ્ત્ર) બનાવ્યું છે.[20,21] તે સિવાય બીજા અનેક વાદીઆચાર્યોએ તર્કશાસ્ત્ર, વૈશેષિક શાસ્ત્ર, કપિલ(સાંખ્ય)શાસ્ત્ર અને પાતંજલ(યોગ)-શાસ્ત્ર વગેરે ભિન્ન ભિન્ન શાસ્ત્રોને બનાવ્યાં છે. એ સર્વ શાસ્ત્રોમાં યુક્તિ, વેદ તથા પ્રત્યક્ષપ્રમાણ આદિને અનુસરીને મુનિઓએ સગુણ બ્રહ્મનુંજ પ્રતિપાદન કરેલું છે; માટે ગમે તે શાસ્ત્રને અનુસરીને તું (સગુણ) બ્રહ્મનું ઉપાસન કર.[22] જે પરબ્રહ્મ કેવળ નિર્ગુણ છે, તે તો આદિ અને અંતથી રહિત છે, જેથી પૂર્વે દેવો કે ઋષિઓ પણ તેમને જાણી શક્યા ન હતા. માત્ર લોકસ્રષ્ટા ભગવાન નારાયણ પ્રભુ એકજ તેમને જાણતા હતા;[23] પરંતુ પાછળથી સર્વ દુઃખોના પરમ ઔષધરૂપ એવા તે પરબ્રહ્મને, નારાયણ પાસેથી સર્વ ઋષિગણોએ, મુખ્ય:મુખ્ય દેવાસુરોએ તથા પ્રાચીનકાળના રાજર્ષિઓએ જાણ્યા છે.[24] જ્યારે પ્રકૃતિ, પુરુષથી અધિષ્ઠિત (આલોચિત-પ્રેરત)એવા મહત્તત્ત્વાદિક ભાવોને ઉત્પન્ન કરે છે, ત્યારે તેમાંથી ધર્મ-અધર્મરૂપ હેતુથી યુક્ત એવું આ સર્વ જગત ઉત્પન્ન થયા કરે છે.[25] જેમ એક દીવામાંથી બીજા હજારો દીવા પ્રકટ થાય છે, તેમ પ્રકૃતિમાંથી અનેક ભાવો (પદાર્થો) ઉત્પન્ન થાય છે; છતાં અનંત એવી પ્રકૃતિનો કદી હ્રાસ થતો નથી.[26] સૃષ્ટિના આરંભસમયે પ્રથમ અવ્યક્તથી (માયાવિશિષ્ટ પુરુષથકી) કર્મજન્ય બુદ્ધિ (મહત્તત્ત્વ) ઉત્પન્ન થાય છે, બુદ્ધિમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે, અહંકારમાંથી *આકાશ, આકાશમાંથી વાયુ, વાયુમાંથી તેજ, તેજમાંથી જળ અને જળમાંથી પૃથ્વી ઉત્પન્ન થાય છે. આ આઠેને (અવ્યક્ત, મહત્તત્ત્વ, અહંકાર, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધને) મૂલપ્રકૃતિ કહેવામાં આવે છે અને તેને વિષેજ આ સમગ્ર જગત સ્થિતિ કરી રહ્યું છે.[27,28] વળી પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ વિષયો અને મન-એ સોળે વિકારો તે મૂલપ્રકૃતિમાંથીજ ઉત્પન્ન થાય છે.[29] શ્રોત્ર, ત્વચા, ચક્ષુષ્, જીહ્વા અને ઘ્રાણ-એ પાંચ જ્ઞાનેન્દ્રિયો; પાદ, પાયુ (ગુદા), ઉપસ્થ (લિંગ), હાથ અને વાચા-એ પાંચ કર્મેન્દ્રિયો; ગતિ, વિસર્ગ, આનંદ, આદાન અને વચન, એ પાંચ કર્મેન્દ્રિયનાં કર્મો તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ-એ પાંચ જ્ઞાનેન્દ્રિયના વિષયો તે કેવળ વ્યાપક એવા ચિત્તરૂપજ છે, એમ સમજવું; કેમકે તે સર્વમાં કેવળ મનનુંજ અનુસરણ હોય છે.[30,31] જેમકે જ્યારે રસનું જ્ઞાન મેળવવું હોય છે, ત્યારે મનજ જીહ્વારૂપે બને છે અને વચન બોલવું હોય છે ત્યારે પણ મનજ વાણીરૂપે થાય છે. આ રીતે જૂદી જૂદી ઇંદ્રિયોથી યુક્ત થનારા સર્વ બાહ્યાભ્યંતર પદાર્થો પણ કેવળ મનરૂપેજ વ્યક્ત થાય છે.[32] આ સોળે વિકારો જૂદા જૂદા વિભાગના સોળ

---

*અહંકારમાંથી આકાશ-એટલે શબ્દતન્માત્રા ઉત્પન્ન થાય છે. શબ્દતન્માત્રામાંથી સ્પર્શતન્માત્રા, સ્પર્શતન્માત્રામાંથી રૂપતન્માત્રા, રૂપતન્માત્રામાંથી રસતન્માત્રા અને રસતન્માત્રામાંથી ગંધતન્માત્રા ઉત્પન્ન થાય છે. એમ સમજવું.

દેવતાઓજ છે, કે જેઓ પ્રત્યેક શરીરમાં નિવાસ કરીને પોતાની સમીપમાં રહેલા વિજ્ઞાનસ્વરૂપ પરમાત્માનું ઉપાસન કર્યા કરે છે.[૩૩] પ્રત્યેક પ્રાણીની અંદર રહેલો રસ એ જળનો ગુણ છે, ગંધ એ પૃથ્વીનો ગુણ છે, શબ્દ એ આકાશનો ગુણ છે, રૂપ એ અગ્નિનો ગુણ છે અને સ્પર્શ એ વાયુનો ગુણ છે.[૩૪] વિદ્વાનો કહે છે કે, મન એ સત્વનું (બુદ્ધિનું) કાર્ય છે અને સત્વ એ અવ્યક્તનું કાર્ય છે; માટે બુદ્ધિમાન પુરુષે સર્વ પ્રાણીઓના આત્મારૂપ ઈશ્વરની સમીપમાં ઉપાધિરૂપે રહેલા સત્વનેજ પ્રથમ ઓળખવું જોઇએ.[૩૫] જ્ઞાની પુરુષો જેને પ્રકૃતિથી પર કહે છે, તે સર્વ પ્રવૃત્તિથી રહિત કૂટસ્થ પરમાત્માનેજ આશ્રય કરીને આ સર્વ સત્વાદિ પદાર્થો, ચરાચર જગતને ધારણ કરી રહ્યા છે.[૩૬] આ શરીરરૂપી એક પવિત્ર પુર (નગર) છે. તેને બે નેત્ર, બે કર્ણ, બે નાસિકાચ્છિદ્ર, મુખ, ગુદા અને લિંગ–એ નવ દ્વારો છે અને તે પુર, પૂર્વોક્ત સર્વ ભાવોથી યુક્ત છે. સર્વમહાન એવો આત્મા, આ પુરમાં સર્વત્ર વ્યાપ્ત થઇને રહે છે, માટે તેને પુરુષ (पुरि शेते पुरुषः) કહેવામાં આવે છે.[૩૭] આ આત્મા અજર (જરારહિત) છે, અમર (મૃત્યુરહિત) છે, વ્યક્તસ્વરૂપ છે, અવ્યક્તસ્વરૂપ છે, સર્વવ્યાપક છે, સગુણ (સર્વજ્ઞત્વ આદિ ગુણોથી યુક્ત) છે, સૂક્ષ્મ છે અને સર્વભૂતોનો તથા સત્વાદિક ગુણોનો આશ્રય છે–અધિષ્ઠાન છે.[૩૮] જેમ પ્રકાશરૂપ દીવો કોઈ ઉપાધિને લીધેજ નાનો કે મોટો દેખાય છે, તેમ જ્ઞાનસ્વરૂપ આત્મા પણ તે તે શરીરરૂપ ઉપાધિને લીધેજ નાનો મોટો જણાય છે. વસ્તુતઃ આત્મા તો સર્વ શરીરોમાં એકસરખોજ છે.[૩૯] શ્રોત્રેન્દ્રિય, જેના આધારે પોતાના શબ્દવિષયને ગ્રહણ કરે છે, તે આત્માજ વાસ્તવિક રીતે શબ્દને શ્રવણ કરનારો છે; તેમજ ચક્ષુષ્ ઇન્દ્રિય જેના આધારે પોતાનારૂપ વિષયને ગ્રહણ કરે છે, તે આત્માજ ખરી રીતે રૂપને જોનારો છે. (તાત્પર્ય કે, દેહ તો શબ્દાદિના જ્ઞાનમાં એક નિમિત્તભૂત છે, પરંતુ આત્માજ સર્વ કર્મોનો કર્તા હર્તા છે)[૪૦] જેમ કાષ્ઠમાં રહેલો અગ્નિકાષ્ઠને ચીરી જોવાથી પ્રત્યક્ષ થતો નથી પરંતુ તેને મથવાથીજ પ્રત્યક્ષ થાય છે, તેમજ શરીરમાં રહેલા આત્માનું પણ યોગાભ્યાસદ્વારાજ દર્શન થાય છે.[૪૧] જેમ કોઇ ઉપાયદ્વારા કાષ્ઠનું મથન કરવાથી અગ્નિનાં દર્શન કરી શકાય છે, તેમ શરીરમાં રહેલા આત્માને પણ યોગદ્વારાજ જોઈ શકાય છે.[૪૨] જેમ નદીઓમાં સતત રીતે જળપ્રવાહ વહ્યા કરે છે અને સૂર્યમાં કિરણોનો સંબંધ જેમ નિત્યનોજ છે, તેમ પ્રાણીઓને પણ એક પછી એક અવિચ્છિન્ન રીતે નવા નવા દેહો પ્રાપ્ત થયા કરે છે. (માટે યોગનું શરણ લીધાવિના દેહ સાથેનો સંબંધ કદી છૂટતોજ નથી).[૪૩] જેમ સ્વપ્નમાં દેહનો ત્યાગ કરીને આત્મા, પાંચ ઇન્દ્રિયોની સાથે અન્ય સ્થળે ગમન કરે છે, તેમ મરણાંતે પણ આત્મા, એક દેહનો ત્યાગ કરીને બીજા દેહમાં પ્રવેશ કરે છે, એમ શાસ્ત્રદ્વારા અથવા યોગદ્વારા જાણી શકાય છે.[૪૪] આત્માનું સ્વરૂપ કર્મને લીધેજ બાધિત થાય છે–ઢંકાયલું રહે છે અને ચિત્તશુદ્ધિજનક એવાં કર્મોદ્વારાજ તેના સ્વરૂપને પામી શકાય છે; તેમજ પોતે કરેલાં અતિ બળવાન કર્મોને લીધેજ આત્માને એક દેહનો ત્યાગ કરીને બીજા દેહમાં ઘસડાઇ જવું પડે છે.[૪૫] આત્મા, એક દેહનો ત્યાગ કરીને બીજા દેહને પ્રાપ્ત થાય છે, એ વાતનેજ વિશેષ સ્પષ્ટ કરવા માટે હું તને પોતાના કર્મથી ઉત્પન્ન થનારા બીજા ભૂતસમુદાયનું વર્ણન કરી બતાવું છું.[૪૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “વાર્ષ્ણેય અધ્યાત્મકથન” એ વિષયનો
અધ્યાય ૨૧૦ મો સમાપ્ત.

અધ્યાય ૨૧૧ મો

અધ્યાત્મવિચાર (ચાલુ)

॥ भीष्म उवाच ॥

चतुर्विधानि भूतानि स्थावराणि चराणि च।
अव्यक्तप्रभवान्याहुरव्यक्तनिधनानि च ॥१॥

ભીષ્મે કહ્યું:-“હે યુધિષ્ઠિર ! જરાયુજ આદિ ચાર પ્રકારનાં સ્થાવરજંગમ પ્રાણીઓની ઉત્પત્તિ અને નાશ અવ્યક્ત છે-*અસ્પષ્ટ છે. એમ વિદ્વાનો કહે છે; કેમકે તેને સમજવા માટે તેવું કોઈ સ્પષ્ટ લક્ષણ છેજ નહિ અને વળી મન પણ અવ્યક્તસ્વરૂપ એવા આત્મામાંજ કલ્પિત છે-અર્થાત મનરૂપ સાધનથી પણ પ્રાણીઓની ઉત્પત્તિનું તથા નાશનું જ્ઞાન થઈ શકે તેમ નથી; કેમકે મનનું સ્વરૂપ પણ અવ્યક્ત છે.[૧] જેમ પીપળાના સૂક્ષ્મ બીજમાં અવ્યક્તસ્વરૂપેજ મહાન વૃક્ષ સમાયલું છે, પરંતુ તે જ્યારે ઉગી નીકળે છે ત્યારેજ વ્યક્તસ્વરૂપે (જોઇ શકાય તેવા સ્વરૂપે) જોવામાં આવે છે;અને જ્યારે નાશ પામે છે,ત્યારે ફરી પણ તે અવ્યક્તસ્વરૂપેજ પૃથ્વીમાં મળી જાય છે,તેમજ સર્વ પ્રાણીઓ પણ અવ્યક્ત સ્વરૂપ એવા મનમાંથી ઉત્પન્ન થઇને મધ્ય અવસ્થામાંજ વ્યક્તરૂપે જોવામાં આવે છે; પરંતુ ઉત્પત્તિ અને નાશની અવસ્થામાં તો અવ્યક્તજ રહે છે.[૨] જેમ લોઢું જડ છે છતાં લોહચુંબક પાષાણની સામે એકદમ દોડી જાય છે, તેમ પૂર્વસંસ્કાર જેઓનો હેતુ છે એવાં કર્મોથી ઉત્પન્ન થયેલા ધર્મ અધર્મ આદિ ભાવો પણ જડ છે છતાં જીવે ધારણ કરેલા શરીરની પાછળ દોડી આવે છે અને તે પ્રમાણેજ બીજા અવિદ્યા આદિ ભાવો પણ દેહની પાછળ દોડયા આવે છે.[૩] વળી અવિદ્યાથી ઉત્પન્ન થયેલા કામ, કર્મ,વાસનાઓ, દેહ અને ઇંદ્રિયો-વગેરે અચેતન ભાવો તથા ચેતનને બ્રહ્મનું જ્ઞાન કરાવનારા અને પરમાત્મામાંથીજ ઉત્પન્ન થયેલા સત્, ચિત્, આનંદ આદિ ભાવો પણ શરીરધારી જીવને પૂર્વની પેઠે આવી મળે છે.[૪] આ સૃષ્ટિની ઉત્પત્તિપહેલાં કેવળ એક જીવાત્માસિવાય પૃથ્વી, આકાશ, સ્વર્ગ, પ્રાણીઓ, ઋષિઓ, દેવો કે અસુરો, એમાંનું કંઈ પણ ન હતું અને તેથીજ અજ્ઞાનરૂપી ઉપાધિવાળા જીવને પૂર્વોક્ત કોઈ પણ ભાવનો સંબંધજ ન હતો;[૫] પરંતુ જ્યારે જીવનો તથા માયાનો સંબંધ થયો ત્યારેજ જીવને “હું મનુષ્ય છું, પશુ છું” ઇત્યાદિ તાદાત્મ્યભાવ જણાવા લાગ્યો, કે જે તાદાત્મ્યભાવ અનાદિ હોય તેવો દેખાય છે, અજ્ઞાનને લીધે નિત્યસ્વરૂપ ભાસે છે, વ્યવહારસમયે વિદ્વાન અવિદ્વાન બન્નેમાં એકસરખો જોવામાં આવે છે, કેવળ મનથીજ ઉત્પન્ન થયેલો છે, અનિર્વચનીય છે, માયાનુંજ કાર્ય છે અને પૂર્વજન્મની વાસનાઓને લીધેજ તે પ્રતીત થાય છે.[૬]× જીવાત્માનું સ્વરૂપજ એવું છે કે, તે અનેક પ્રકારની વાસનાઓથી યુક્ત છે,વિવિધ પ્રકારનાં કર્મોનો સંગ્રહ કરનાર છે અને તેને લીધેજ આદિઅંતવિનાનું આ મહાન સંસારચક્ર ચાલ્યાજ કરે છે.[૭] આ ચક્રને અવ્યક્ત(બુદ્ધિની અનેક વાસનાઓ)રૂપી નાભી(મધ્યભાગ) છે, દેહ, ઇંદ્રિય આદિ વ્યક્ત પદાર્થો આરા છે, જ્ઞાનક્રિયા આદિ વિકારો તેનું ચોતરફનું.મંડલ છે, રજોગુણ તેની ધરી છે અને તે ચક્ર શાશ્વત હોઇને જીવાત્માથી અધિષ્ઠિત છે-અર્થાત જીવાત્મા તે ચક્ર ઉપર બેસીને ભ્રમણ કર્યા કરે છે.[૮] જેમ ઘાંચીઓ ઘાણીમાં ઘાલીને તલને પીલી કાઢે છે, તેમ અજ્ઞાનથી ઉત્પન્ન થનારા સુખદુઃખાદિ ભોગો રજોગુણવ્યાપ્ત આ સર્વ જગતને તે ચક્ર ઉપર ચઢાવીને પીડાગ્રસ્ત કરી મૂકે છે.[૯] આ સમુદાયાત્મક સંસારચક્ર, ફળની તૃષ્ણાને લીધે અભિમાનને અધીન થઇને કર્મ કરવા લાગી પડે છે અને પછીથી તે કર્મજ ભવિષ્યકાળના દેહની સાથે તથા અજ્ઞાનની સાથે તેને સંયોગ કરાવવામાં કારણભૂત થઇ પડે છે.[૧૦] જગત બ્રહ્મનું કાર્ય છે તોપણ તે બ્રહ્મથી ભિન્નજ છે; માટે જગતરૂપી કાર્ય બ્રહ્મરૂપી કારણની સાથે એકતા પામતું નથી, તેમજ બ્રહ્મરૂપી કારણ

---

* અર્થાત જેમ એક ઘરમાંથી નીકળીને બીજા ઘરમાં કરેલો પ્રવેશ સ્પષ્ટ રીતે જોવામાં આવે છે, તેમ આત્માના પૂર્વદેહના વિયોગને તથા બીજા દેહમાં પ્રવેશને સ્પષ્ટ રીતે જોઇ શકાતો નથી.

× અર્થાત જેમ સ્વપ્નમાં રાજા ન હોય તે પુરુષને પણ “હું રાજા છું” એવું ભાન થાય છે, તેમ જીવને પણ નવા નવા દેહોની પ્રાપ્તિ થયા પછી “હું પોતે બાળક, તરુણ કે વૃદ્ધ નહિ હોવા છતાં “હું બાળક છું. તરુણ છું, વૃદ્ધ છું” ઈ૦ પ્રતીતિ થાય છે.

જગતરૂપી કાર્યની સાથે એકતા પામતું નથી; છતાં બ્રહ્મરૂપી કારણમાં જગતરૂપી કાર્યનો જે પ્રાદુર્ભાવ થાય છે તેનું મુખ્ય કારણ અદૃષ્ટાદિકની સહાયતાવાળો કાળજ છે.[૧૧] પૂર્વે કહેવામાં આવેલી આઠ મૂલપ્રકૃતિઓ અને ઇંદ્રિયાદિ સોળ વિકારો પુરુષથી અધિષ્ઠિત છે અને તેઓ સર્વે કર્મરૂપી હેતુથી યુક્ત થઇનેજ પરસ્પર સંબદ્ધ થાય છે.[૧૨] પૂર્વના દેહસંબંધથી છૂટો થયેલો જીવાત્મા રજોગુણ અને તમોગુણથી ઉત્પન્ન થનારા પ્રાણ, સૂક્ષ્મભૂત અને સંસ્કારોથી યુક્ત હોઇને તથા કર્મ, પૂર્વજન્મની બુદ્ધિ અને વિદ્યાથી વ્યાપ્ત હોઇને પરમાત્મા તરફ લક્ષ્ય રાખીને વાવાયુએ ઉરાડેલી ધૂળની પેઠે લોકાંતરમાં (બીજા બીજા લોકમાં) પ્રયાણ કરે છે.[૧૩] તોપણ જેમ વાયુ ધૂળને ઉરાડીને ધૂળ સાથેના સંબંધથી રહિતજ હોય છે, તેમ મહાત્મા જીવ પણ તે તે પ્રાણાદિક ભાવોથી સદાય અસંબદ્ધજ રહે છે. (કેમકે, અધ્યસ્ત વસ્તુના ધર્મોનો અધિષ્ઠાનમાં કદી સંબંધજ હોતો નથી.) [૧૪] માટે વિદ્વાન પુરુષે વાયુ અને ધૂળમાં જેમ અંતર રહેલો છે, તેમ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞમાં રહેલા અંતરને અવશ્ય જાણવો જોઇએ; કેમકે દેહ અને આત્માને એકરૂપેજ જાણવાનો સતત અભ્યાસ પડી જવાથી મનુષ્ય આત્માના શુદ્ધ સ્વરૂપને જાણી શકતો નથી.[૧૫] જો કે આત્માના સ્વરૂપજ્ઞાનના સંબંધમાં અનેકાનેક સંશયો ઉત્પન્ન થાય છે, તોપણ ભગવાન વેદે, (‘असंगोह्ययं पुरुषः’–દેહરૂપ ઉપાધિને ધારણ કરનારો પુરુષ–જીવાત્મા, સર્વ પ્રકારની ઉપાધિથી મુક્ત છે” ઇત્યાદિ મંત્રોનો ઉપદેશ કરીને) તે તે સંશયોને છેદી નાખ્યા છે. મુમુક્ષુ પુરુષે, વિદ્યાના સાધનસમયે ક્રિયાસિદ્ધ લક્ષણની પેઠે આત્માને કર્તૃત્વાદિ વિશેષણયુક્તજ જોવો જોઈએ. (અને પછી જ્યારે મોક્ષની પ્રાપ્તિ થઇ જાય ત્યારે ‘ હું અસંગ છું’ એમ જાણવું જોઈએ.) [×] [૧૬] જેમ અગ્નિમાં શેકી કાઢેલાં બીઆં ફરીથી ઉગી શકતાં નથી, તેમ જ્ઞાનાગ્નિથી દગ્ધ થઇ ગયેલા અવિદ્યાદિ કલેશો, પુનઃ આત્માનો સંગ કરી શકતા નથી–અર્થાત જ્ઞાન થઇ ગયા પછી મોક્ષજ થાય છે, પુનર્જન્મ થતો નથી.[૧૭]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ વાર્ષ્ણેય અધ્યાત્મકથન ” એ વિષયનો
અધ્યાય ૨૧૧ મો સમાપ્ત.

અધ્યાય ૨૧૨ મો

કર્મોનો સ્વીકાર નિષ્કામ અને સાત્વિકજ હોવો જોઇએ.

॥ भीष्म उवाच ॥

प्रवृत्तिलक्षणो धर्मो यथा समुपलभ्यते ॥
तेषां विज्ञाननिष्ठानामन्यत्तत्वं न रोचते ॥१॥

ભીષ્મે કહ્યું:–“ હે યુધિષ્ઠિર રાજા ! જેમ કર્મનિષ્ઠ પુરુષોને પ્રવૃત્તિરૂપ ધર્મજ (શ્રેયસ્કર માર્ગતરીકે વેદમાંથી) મળી આવે છે, તેમ જ્ઞાનનિષ્ઠ પુરુષોને જ્ઞાનમાર્ગજ (પોતાના શ્રેયસ્કર માર્ગતરીકે વેદમાંથી) મળી આવે છે અને વળી તેવા જ્ઞાની પુરુષોને જ્ઞાનવિના બીજું કંઇ ગમતું પણ નથી.[૧] તેવા વેદવેત્તા પુરુષો આ જગતમાં દુર્લભ છે, કે જેઓ વેદોક્ત અગ્નિ-

---

[×] અર્થાત્ જેમ વેદમાં કહ્યું છે કે, “ **राजसूयेन स्वाराज्यकामो यजेत** — સમ્રાટ્પદની ઇચ્છાવાળા રાજાએ રાજસૂય યજ્ઞ કરવો.” આ વાકયને અનુસરીને હરકોઇ રાજા રાજસૂય યજ્ઞ કરવા શક્તિમાન થઇ શકે છે; પરંતુ જ્યાંસુધી પોતાનો મૂર્ધાભિષિક્તતરીકે અભિષેક થયો ન હોય ત્યાંસુધી રાજસૂય યજ્ઞ કરવામાટે રાજાને યોગ્ય ગણવામાં આવતો નથી અને એવો તો કંઇ નિયમજ નથી કે, યજ્ઞકર્મ પૂર્ણ થઇ ગયા પછી ફળપ્રાપ્તિના સમયે રાજા મૂર્ધાભિષિક્ત હોવો જોઇએ! માટે યજ્ઞક્રિયાના આરંભ સમયેજ રાજાએ મૂર્ધાભિષિકત થવું જોઇએ. એજ પ્રમાણે મુમુક્ષુ પુરુષે મોક્ષસાધનાના આરંભસમયે ‘હું કર્તા છું” એવી સંગબુદ્ધિ કરીનેજ આત્મસાધન કરવું જોઇએ અને પછી જયારે મોક્ષફળ પ્રાપ્ત થઈ જાય એટલે તે સંગબુદ્ધિનો ત્યાગ કરીને કેવળ નિર્લેપજ થઇ જવું. **નીલકંઠ**

હોત્રાદિ કર્મોમાં તથા શમદમાદિક કર્મોમાં એકસરખીજ નિષ્ઠા રાખનારા હોય છે ! સ્વર્ગ અને મોક્ષ એ બન્નેમાંથી મોક્ષનું પ્રયોજન મહત્ત્વભરેલું છે, એમ સમજીને કેટલાએક બુદ્ધિમાન પુરુષો તો પ્રશંસાપાત્ર એવા નિવૃત્તિમાર્ગનોજ આશ્રય કરવાની ઇચ્છા રાખે છે.[2] જો કે, એ પ્રમાણે નિવૃત્તિમાર્ગનો આશ્રય કરવો તે પણ સત્પુરુષોએ આચરેલ હોવાથી નિંદાપાત્ર તો નથીજ અને તે માર્ગનો આશ્રય કરનારી બુદ્ધિ અવશ્ય પરમ ગતિને પામેજ છે,[3] (તોપણ સર્વકોઇ મનુષ્યો તે માર્ગનો આશ્રય કરી શકતા નથી; કેમકે) જે મનુષ્યને શરીર ઉપરનું અભિમાન હોય છે, તે રજોગુણ અને તમોગુણથી ઉત્પન્ન થનારા ક્રોધલોભાદિ ભાવોને અધીન થઇને મોહને લીધે સર્વ પ્રકારના પરિગ્રહોનો સ્વીકાર કરે છે;[4] માટે મોક્ષ મેળવવાની ઈચ્છા રાખનારા પુરુષે કોઇ અશુભ કર્મનું આચરણ કરવું નહિ, પરંતુ ફલેચ્છાના ત્યાગપૂર્વક શુદ્ધ કર્મનું આચરણ કરીને આત્મજ્ઞાન સંપાદન કરવાનીજ ઈચ્છા કરવી અને સ્વર્ગાદિ શુભ લોકોનો પણ સ્વીકાર કરવો નહિ. (અર્થાત ચિત્તશુદ્ધિને પ્રાપ્ત કરવા માટે ફળના ત્યાગપૂર્વકજ કર્મો કરવાં.)[5] જેમ લોઢાની સાથે મળેલું સુવર્ણ અપકવદશામાં હોઇને સંપૂર્ણ રીતે શોભતું નથી, તેમ ચિત્તશુદ્ધિરહિત એવા પુરુષને ઉપદેશેલું વિજ્ઞાન પણ સંપૂર્ણ રીતે પ્રકાશતું નથી;[6] એટલુંજ નહિ પણ રાગદ્વેષાદિ કષાયોથી દૂષિત અંતઃકરણવાળો મનુષ્ય કામ તથા ક્રોધને અનુસરીને ધાર્મિક માર્ગનું ઉલ્લંઘન કરે છે અને અધર્માચરણ કરવા મંડી પડે છે, જેથી અંતે પરિવારની સાથે વિનાશ પામે છે;[7] માટે મુમુક્ષુ પુરુષે, શબ્દાદિક વિષયો ઉપર અતિશય પ્રીતિ કરવી નહિ, કેમકે અતિશય વિષયાસક્તિને લીધેજ ક્રોધ, હર્ષ અને વિષાદ—એ ત્રિગુણાત્મક દોષો ઉત્પન્ન થાય છે.[8] પ્રત્યેક પ્રાણીનું શરીર પાંચમહાભૂતોથી અને રાજસ-તામસ વિકારોથી ઉત્પન્ન થયેલું છે; (વળી તે શરીરમાં આત્મા અવિકારી અને ચૈતન્યરૂપ છે તથા મન વિકારી અને જડ છે.) તો પછી મનુષ્ય એમાંથી કોની સ્તુતિ કરે અને શું કહીને કોની નિંદા કરે ?[9] મૂર્ખ મનુષ્યોજ સ્પર્શ, રૂપ, રસ વગેરે તુચ્છ વિષયોનો સંગ કરે છે અને બુદ્ધિના વિપર્યાસને લીધે પોતાના દેહને પૃથ્વીના એક વિકારસ્વરૂપે તેઓ જાણતા નથી.[10] જેમ માટીના ઘરને માટીનુંજ લિંપણ કરીને સુરક્ષિત રાખી શકાય છે, તેમ પૃથ્વીના વિકારરૂપ આ દેહને પણ માટીના વિકારરૂપ અન્નાદિકથી પોષી શકાય છે.[11] મધ, તેલ, દૂધ, ઘી, માંસ, મીઠું, ગોળ, ધાન્ય, ફળ અને મૂળ, એ બધા જળમિશ્ર મૃત્તિકાનાજ (પૃથ્વીનાજ) વિકારો છે.[12] જેમ અરણ્યમાં નિવાસ કરનારો સંન્યાસી, મિષ્ટાન્ન આદિનું ભોજન કરવામાટે ઉત્સુકતા ધરાવતો નથી પણ કેવળ દેહને ટકાવી રાખવામાટેજ સ્વાદવિનાના ગ્રામ્ય આહારનું ભક્ષણ કરે છે,[13] તેમ સંસારરૂપી અરણ્યમાં નિવાસ કરનારા ગૃહસ્થરૂપી સંન્યાસીએ પણ પરિશ્રમપરાયણ રહીને વ્યાધિગ્રસ્ત મનુષ્ય જેમ ઔષધનું સેવન કરે છે તેમ પોતાના શરીરનિર્વાહમાટેજ ગ્રામ્ય અને નિઃસ્વાદ આહારનું ભક્ષણ કરવું.[14] સત્ય, શૌચ (બાહ્યાભ્યંતર પવિત્રતા), સરળતા, વૈરાગ્ય, વેદશાસ્ત્રનું અધ્યયન, મનનો જય કરવાનું પરાક્રમ, ક્ષમા, ધૈર્ય, શ્રવણજન્ય બુદ્ધિ, મનન અને તપ—એ સર્વ ગુણો સંપાદન કરીને ઉદાર ચિત્ત બનેલા પુરુષે સર્વ વિષયાત્મક ભાવોને પોતાની સમીપમાં આવેલા જોઇને શાંતિ મેળવવાની ઈચ્છાથી સર્વ ઇંદ્રિયોને વશ કરવી;[15,16] (પરંતુ જો ઇંદ્રિયોને વશ કરવામાં આવતી નથી તો) સત્વ, રજ અને તમ એ ત્રણે ગુણોથી મોહિત થયેલાં પ્રાણીઓ, અજ્ઞાનને લીધે ચક્રની પેઠે સંસારમાં ભ્રમણ કર્યા કરે છે;[17] માટે મુમુક્ષુએ અજ્ઞાનથી ઉત્પન્ન થનારા દોષોની સારી રીતે પરીક્ષા કરવી અને અજ્ઞાનજન્ય દુઃખનો તથા અહંકારનો પરિત્યાગ કરવો.[18] પાંચમહાભૂતો, દશ ઇંદ્રિયો, તેના વિષયો, સત્વ, રજ તે તમ, એ ત્રણ ગુણો અને ટુંકામાં કહીએ તો ઇશ્વરસહિત સર્વ ત્રૈલોક્ય, કેવળ અહંકારમાંજ સ્થિતિ કરી રહ્યું છે.[19] જેમ કાળ સર્વ ઋતુઓના

ગુણોને નિયમિતરીતે જગતમાં પ્રકટ કરે છે, તેમ અહંકારજ સર્વ પ્રાણીઓવિષે સ્થિતિ કરીને તેઓ પાસે કર્મપ્રવૃત્તિ કરાવ્યા કરે છે.[૨૦]તમારે જાણવું કે, તમોગુણ એ કેવળ મોહજનક છે, અંધકારનું સ્વરૂપ છે અને અજ્ઞાનથી ઉત્પન્ન થનારો છે; તેમજ સત્વગુણ એ સુખજનક છે અને રજોગુણ એ દુઃખજનક છે. વળી આ જગતમાં જે જે વિશેષ ગુણો જોવામાં આવે છે, તેઓ સર્વે પૂર્વોક્ત ત્રણ ગુણોનાજ કાર્યભૂત હોય છે એમ તમારે જાણવું. જેમકે પ્રસન્નતા, હર્ષથી ઉત્પન્ન થનારી પ્રીતિ, અસંદેહ, ધૈર્ય અને સ્મરણશક્તિ–આ બધા સાત્વિક ગુણો છે; તેમજ કામ, ક્રોધ, પ્રમાદ, લોભ, મોહ, ભય અને શ્રમ–એ બધા રાજસગુણો છે અને વિષાદ (ખેદ), શોક, અપ્રીતિ, માન, ગર્વ અને નીચતા–એ બધા તામસ ગુણો છે.[૨૧-૨૩] આ સર્વ દોષાત્મક ગુણોની અધિકતાના વિષયમાં તથા ન્યૂનતાના વિષયમાં હમેશાં પરીક્ષા કરવી અને પોતાનામાં તેમાંનો કયો દોષ અધિક છે, કયો દોષ ક્ષીણ થઈ ગયો છે અને કયો દોષ ક્ષીણ થતાં હજી અવશેષ રહ્યો છે, તે વિષેનો નિત્ય વિચાર કરવો.[૨૪]

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે પિતામહ ! પ્રાચીન કાળના મુમુક્ષુ પુરુષોએ કયા દોષોનો મનથી ત્યાગ કર્યો છે ? કયા દોષોને બુદ્ધિથી શિથિલ કર્યા છે ? કયા દોષો તજ્યા તજાતા નથી ? કયા દોષો મોહને લીધે ઉત્પન્ન થાય છે છતાં નિષ્ફળ છે ? અને કયા દોષોના બળનો તથા અબળનો બુદ્ધિ અને કારણદ્વારા વિદ્વાન પુરુષે વિચાર કરવો ? એ વિષે મને સંશય થયો છે, માટે હે તાત ! તેનું તમે સમાધાન કરો."[૨૫,૨૬]

ભીષ્મે કહ્યું:–"હે રાજા ! દોષોનો સમૂળગો નાશ થવાથી જેનું ચિત્ત શુદ્ધ થયેલું છે એવો પુરુષ, સંસારથી મુક્ત થઈ જાય છે. જેમ, લોખંડની છીણી, લોખંડની બેડીનો નાશ કર્યા પછી પોતે પણ બુઠ્ઠી થઇને નાશ પામે છે, તેમ ધ્યાનદ્વારા સંસ્કારયુક્ત થયેલી બુદ્ધિ, તમોગુણથી ઉત્પન્ન થયેલા અવિદ્યાદિક દોષોનો તથા અનાદિ કાળના સાહજિક દોષોનો નાશ કરીને પોતે પણ (જળમાં નાખેલી નિર્મલીની પેઠે) નાશ પામે છે.[૨૭] રજોગુણ, તમોગુણ અને શુદ્ધ સત્વગુણ, પ્રાણીઓને દેહપ્રાપ્તિનું કારણ થઇ પડે છે; પરંતુ જેણે પોતાના મનને જીત્યું હોય છે, તે પુરુષને તો સત્વગુણને લીધે પરબ્રહ્મની પ્રાપ્તિ થઇ જાય છે;[૨૮] માટે જિતાત્મા પુરુષે, રજોગુણનો તથા તમોગુણનો તો ત્યાગજ કરી દેવો, કેમકે રજ અને તમથી મુક્ત થયેલી બુદ્ધિ, નિર્મળ સ્વરૂપને ધારણ કરે છે.[૨૯] કેટલાએક સાંખ્યદર્શની આચાર્યો કહે છે કે, બુદ્ધિને વશ કરવા માટે કરવામાં આવતાં મંત્રયુક્ત યજ્ઞાદિ કર્મો, (હિંસામિશ્ર હોવાને લીધે) કેવળ પાપરૂપજ છે; (માટે તેવાં યજ્ઞાદિકર્મોનો યાગ કરીને જપતપાદિદ્વારા બુદ્ધિને શુદ્ધ કરવી તેજ વધારે શ્રેયસ્કર છે.) પણ તે વિષયમાં અમારો તો એજ મત છે કે, મંત્રપૂર્વક કરવામાં આવતાં યજ્ઞાદિકર્મોજ વૈરાગ્યને ઉત્પન્ન કરવામાં નિમિત્તભૂત થઇ પડે છે; એટલુંજ નહિ પરંતુ શમદમાદિ શુદ્ધધર્મનું રક્ષણ કરવામાં પણ તે યજ્ઞાદિધર્મજ સાધનભૂત થઈ પડે છે.[૩૦] જે મનુષ્ય રજોગુણથી વ્યાપ્ત હોય છે, તે હમેશાં અધર્મયુક્ત કાર્યોજ કરે છે અને અર્થની સાથે સંબંધ ધરાવનારાં બીજાં કાર્યોમાં પણ અત્યંત આસક્ત થઈને સર્વ પ્રકારના વિષયોનું સેવન કરે છે.[૩૧] તેમજ જે મનુષ્ય તમોગુણથી વ્યાપ્ત હોય છે, તે ક્રોધ અને લોભવાળાં કાર્યોનું સેવન કરે છે, નિત્ય હિંસાવિહાર કરવામાં પ્રીતિ રાખે છે અને આળસુ તથા ઉંઘણસી હોય છે;[૩૨] પરંતુ સત્વગુણમાં સ્થિતિ કરનારો પુરુષ, હમેશાં શુદ્ધ સાત્વિક ભાવોનું દર્શન કરે છે, પવિત્ર હોય છે, શ્રીમાન હોય છે અને સત્વગુણના આશ્રયને લીધે તે પુરુષ શ્રદ્ધાસંપન્ન તથા વિદ્યાસંપન્ન પણ હોય છે. (માટે પ્રત્યેક મુમુક્ષુએ રાજસ તથા તામસ કર્મોનો ત્યાગ કરીને વેદોક્ત સાત્વિક કર્મોનુંજ સેવન કરવું અને તે પણ કેવળ નિષ્કામ બુદ્ધિથીજ.)[૩૩]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "વાર્ષ્ણેયઅધ્યાત્મકથન" એ વિષયનો અ૦ ૨૧૨ મો સમાપ્ત.

અધ્યાય ૨૧૩ મો

સ્ત્રીઓ, એ ઘોર દેખાવની કૃત્યાઓ છે.

॥ भीष्म उवाच ॥

रजसा साध्यते मोहस्तमसा भरतर्षभ ॥
क्रोधलोभौ भयं दर्प एतेषां सादनाच्छुचिः॥१॥

ભીષ્મે કહ્યું:-" હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા ! રજોગુણ અને તમોગુણમાંથી મોહની ઉત્પત્તિ થાય છે; તેમજ ક્રોધ, લોભ, ભય તથા ગર્વ પણ એ બન્ને ગુણોનાંજ કાર્યો છે. મનુષ્ય, એ ક્રોધાદિકનો નાશ કરવાથી પવિત્ર થઈ શકે છે;[1] એટલુંજ નહિ પણ ક્રોધાદિકનો નાશ કરનારા પુરુષો પરમ પરમાત્મા, અવિનાશી, અવિકારી, અવ્યક્તસ્વરૂપ અને દેવોમાં શ્રેષ્ઠ શ્રીવિષ્ણુદેવને જાણી શકે છે.[2] જે મનુષ્યોની ઇંદ્રિયો, એ વિષ્ણુદેવની માયાથી ઢંકાઈ ગયેલી હોય છે તેઓનું જ્ઞાન તથા વિવેક નાશ પામે છે અને પછી બુદ્ધિના વિપર્યાસને લીધે તેઓ ક્રોધાધીન બની જાય છે.[3] એ પ્રમાણે ક્રોધાધીન થયા પછી અનુક્રમે વિષયાભિલાષને વશ થાય છે, લોભી બની જાય છે, મોહવશ થઈ જાય છે, અભિમાનમાં ચકચૂર બની જાય છે, ગર્વ તથા અહંકારને અધીન બની જાય છે અને પછી તે અહંકારને લીધે સર્વ ક્રિયાઓ કરવામાં પ્રવૃત્તિ કરે છે.[4] એ ક્રિયાઓવડે પરસ્પર સ્નેહસંબંધ થાય છે અને સ્નેહ થયા પછી અંતે શોક થાય છે. આ રીતે સુખજનક અને દુઃખજનક ક્રિયાઓનો આરંભ કરવાથીજ જન્મમરણનો સ્વીકાર કરવો પડે છે.[5] તેમાં જ્યારે જન્મનો સ્વીકાર કરવો પડે છે, ત્યારે જેમાં વીર્ય અને રુધિરની ઉત્પત્તિ થાય છે, વિષ્ઠા અને મૂત્રથી જે વ્યાપ્ત હોય છે અને રુધિરના સ્રાવને લીધે જે અત્યંત મલિન હોય છે, તેવા ગર્ભાશયમાં અમુક કાળપર્યંત વસવું પડે છે અને તેમાંથી બહાર નીકળ્યા પછી પણ તૃષ્ણાથી ઘેરાયલો અને કામક્રોધાદિકથી જકડાયલો પ્રાણી, ફરીપણ તે તે વિષયો તરફજ દોડી જાય છે. તેમાં સંસારરૂપી વસ્ત્રને વણવામાં સાળસમાન એવી સ્ત્રીઓનેજ કારણતરીકે જાણવી. (માટે જેમ બને તેમ સ્ત્રીઓનો તો ત્યાગજ કરી દેવો.)[6,7] સ્ત્રીઓ, પ્રજાઓને ઉત્પન્ન કરનારૂં એક ક્ષેત્ર છે અને તેથીજ તેઓ પ્રકૃતિરૂપ કહેવાય છે. તેમજ પુરુષો ક્ષેત્રજ્ઞરૂપ કહેવાય છે. જેમ પ્રકૃતિ ક્ષેત્રજ્ઞને બાંધે છે, તેમ સ્ત્રીઓ પણ પુરુષોને બાંધનારી છે; માટે સ્ત્રીઓને તથા પ્રકૃતિને (માયાને-અવિદ્યાને) એકસરખીજ જાણીને પુરુષે તેઓનો ત્યાગ કરવો.[8] જેમ ઘટ (ઘડો) માટીની અંદર સૂક્ષ્મરૂપે રહેલો છે, તેમ સ્ત્રીઓ રજોગુણની અંદર સૂક્ષ્મરૂપે રહેલી છે; એટલુંજ નહિ પણ તેઓ ઇન્દ્રિયોની સનાતની મૂર્તિ છે અને ભયંકર દેખાવની કૃત્યાઓજ છે, જેથી અજ્ઞાની પુરુષોને તેઓ મોહિત કરી નાખે છે.[9] આ સ્ત્રીપ્રધાન રાગરૂપ બીજમાંથી સર્વ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે; પરંતુ મનુષ્યે પોતાના દેહથી ઉત્પન્ન થયેલા અને મનુષ્યસંજ્ઞાવિનાના જૂ, લિખ વગેરે કીડાઓની પેઠે, પોતાના અંગમાંથી ઉત્પન્ન થયેલા છતાં પોતાનું હિત નહિ કરનારા અને મનુષ્યસંજ્ઞાને ધારણ કરનારા પુત્રસંજ્ઞક કીડાઓનો પણ ત્યાગ કરી દેવો જોઇએ.[10] દેહમાંથી નીકળેલા વીર્યરૂપ પ્રવાહી પદાર્થમાંથી પુત્રોની ઉત્પત્તિ થાય છે, તે પ્રમાણેજ દેહમાંથી નીકળેલા પરસેવારૂપી પ્રવાહી પદાર્થમાંથી જૂ વગેરેની ઉત્પત્તિ થાય છે અથવા બીજાઓના મત પ્રમાણે સ્વભાવ કે કર્મના યોગથી સર્વની ઉત્પત્તિ થાય છે; પરંતુ બુદ્ધિમાન પુરુષોએ જૂ વગેરે કીડાઓનો જેમ ત્યાગ કરી દેવામાં આવે છે, તેમ પુત્રારૂપી કીડાઓનો પણ ત્યાગજ કરી દેવો.[11] સત્વગુણનો રજોગુણમાં લય થાય છે અને રજોગુણનો તમોગુણમાં લય લય થાય છે. પછી અજ્ઞાનસંજ્ઞક એવો તે તમોગુણજ પોતાના અધિષ્ઠાનરૂપ જ્ઞાનમાં અધ્યસ્ત થઇને બુદ્ધિ તથા અહંકારને પ્રકટ કરે છે.[12] આ બુદ્ધિ અને અહંકારથી યુક્ત એવું અજ્ઞાનજ સર્વ જીવોને દેહપ્રાપ્તિ કરાવવામાં કારણભૂત થઇ પડે છે અને તે બુદ્ધિ તથા અહંકારયુક્ત એવું જે અજ્ઞાન તેના મૂળ અધિષ્ઠાન-જ્ઞાનનેજ જીવસંજ્ઞા આપવામાં આવેલી છે-અર્થાત પોતાના કાર્ય-

સહિત એવા અજ્ઞાનના મૂળ અધિષ્ઠાનભૂત જ્ઞાનનેજ જીવ કહેવામાં આવે છે. જીવને કાળ અને કર્મના યોગથીજ સંસારચક્રમાં ભમવું પડે છે.[13] જેમ સ્વપ્નમાં જીવ પોતાના મનથીજ દેહવાન થઇને રમણ કરે છે, તેમ માતાના ઉદરમાં પણ જેઓમાં સૂક્ષ્મસ્વરૂપે કર્મબીજ રહેલાં છે એવા ગુણોવડે દાખલ થઇને રમણ કરે છે–ગર્ભવાસમાં વસે છે.[14] પછી ત્યાં રહીને કેવળ માંસના પિંડરૂપ થયેલો એ જીવ, બીજભૂત કર્મને લીધે તથા અહંકારને લીધે રાગાધીન થયેલા ચિત્તમાં જે જે વિષયનું સ્મરણ કરેછે તે તે વિષયને ગ્રહણ કરાવનારી ઇંદ્રિયો તેને પ્રાપ્ત થાય છે.[15] ભાવનાયુક્ત ચિત્તવાળા એ જીવને જ્યારે શબ્દ સાંભળવાની પ્રીતિ થાય છે, ત્યારે શ્રોત્રેન્દ્રિય ઉત્પન્ન થાય છે; રૂપ જોવાની પ્રીતિ થાય છે; ત્યારે ચક્ષુષ્ ઇન્દ્રિય ઉત્પન્ન થાય છે; ગંધ ગ્રહણ કરવાની ઇચ્છા થાય છે, ત્યારે ઘ્રાણ ઇન્દ્રિય ઉત્પન્ન થાય છે; સ્પર્શ કરવાની ઇચ્છા થાય છે,ત્યારે ત્વચા ઇન્દ્રિય ઉત્પન્ન થાય છે અને તેની દેહયાત્રાનો નિર્વાહ કરવા માટે પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન–એમ પાંચ પ્રકારનો વાયુ તેના શરીરમાં સંચાર કરવા માંડે છે.[16,17] એ પ્રમાણે કર્મથી ઉત્પન્ન થનારા અને આદિ, મધ્ય તથા અંતમાં કેવળ દુઃખમય એવા શારીરિક તથા માનસિક અવયવો જ્યારે સંપૂર્ણ તૈયાર થઇ જાય છે, ત્યારે શરીરસંપન્ન થયેલો જીવાત્મા, જન્મને પામે છે.[18] તમારે જાણવું કે, ગર્ભમાં આવીને દેહ–ઇંદ્રિય આદિનો સ્વીકાર કરવાથી અને જન્મ પામ્યા પછી તે તે વિષયનું અભિમાન કરવાથી પ્રતિદિન દુઃખનીજ વૃદ્ધિ થાય છે અને એ પ્રમાણે મરણ પછી પણ દુઃખનોજ વધારો થયા કરે છે; માટે જન્મ તથા મરણના હેતુભૂત વિષયોથી નિવૃત્ત થઇને પ્રત્યેક મનુષ્યે દુઃખનો નિરોધ કરવો જોઇએ, કેમકે દુઃખના નિરોધને કરી જાણનારો પુરુષ, સંસારમાંથી મુક્ત થાય છે.[19] ઇંદ્રિયોની ઉત્પત્તિ અને નાશ કેવળ રજોગુણમાંથીજ થયા કરે છે, માટે વિદ્વાન પુરુષે, શાસ્ત્રદૃષ્ટિથી યથાવત્ પરીક્ષા કરીને જગતમાં વર્તવું (અર્થાત રજોગુણની પ્રવૃત્તિનો નિરોધ કરવાથી ઇંદ્રિયોનો પણ નિરોધ થઇ જાય છે અને ઇન્દ્રિયોનો નિરોધ થઇ ગયા પછી સર્વ દુઃખોની પણ નિવૃત્તિ થઇ જાય છે, માટે બનતા પ્રયત્ને રજોગુણની પ્રવૃત્તિ થવા દેવી નહિ.[20] જે પુરુષ, સર્વતૃષ્ણાથી રહિત થયેલો હોય છે, તેની જ્ઞાનેન્દ્રિયો તે તે વિષયને પ્રાપ્ત કરીને પણ તેની પાસે જતી નથી અને એ રીતે ઇંદ્રિયોની ક્ષીણતાવાળો પુરુષ, પુનઃ દેહસંબંધને યોગ્યજ નથી–અર્થાત ઇન્દ્રિયોનો જય કરવાથી મનુષ્ય જન્મમરણથી મુક્ત થાય છે.”[21]

ઇતિ શ્રીમહા૦ શાંત૦ મોક્ષ૦ પર્વમાં
“વાર્ષ્ણેય અધ્યાત્મ કથન” એ વિષયનો
અધ્યાય ૨૧૩ મો સમાપ્ત.

અધ્યાય ૨૧૪ મો

ઇંદ્રિયનિગ્રહનો ઉપાય

॥ भीष्म उवाच ॥

अत्रोपायं प्रवक्ष्यामि यथावच्छास्त्रचक्षुषा ॥
तत्त्वज्ञानाच्चरन् राजन् प्राप्नुयात्परमां गतिम्॥

ભીષ્મે કહ્યું:–“ હે રાજન્! હવે, ઇંદ્રિયોનો નિગ્રહ કરવાનો ઉપાય હું તમને કહું છું. તેનું શાસ્ત્રદૃષ્ટિથી યથાવત્ જ્ઞાન સંપાદન કરીને વર્તનારો પુરુષ પરમ ગતિને પ્રાપ્ત થાય છે.[1] આ જગતનાં સર્વ પ્રાણીઓમાં મનુષ્યજ શ્રેષ્ઠ છે, મનુષ્યોમાં પણ બ્રાહ્મણ, ક્ષાત્રય અને વૈશ્ય–એ ત્રિવર્ણ શ્રેષ્ઠ છે અને તેમાં પણ મંત્રદ્રષ્ટા બ્રાહ્મણો શ્રેષ્ઠ છે;[2] કેમકે તે બ્રાહ્મણો તાત્ત્વિક અર્થનો નિર્ણય કરનારા હોય છે, વેદશાસ્ત્રને જાણનારા હોય છે, સર્વ પ્રાણીઓના આત્મારૂપ હોય છે, સર્વદર્શી હોય છે અને સર્વજ્ઞ હોય છે.[3] જેમ નેત્રવિનાનો એક પુરુષ, માર્ગમાં જતાં અનેક કષ્ટોને પામે છે, તેમ જ્ઞાનવિનાનો પુરુષ, લોકમાં રહીને અનેક કષ્ટોને અનુભવે છે. માટે જ્ઞાની પુરુષોને સર્વના કરતાં ઉત્તમ માનેલા છે.[4] ધર્મને સંપાદન કરવાની ઇચ્છાવાળા પુરુષો શાસ્ત્રમાં કહેલા

તે તે અનેક ધર્મોનું ઉપાસન કરે છે; પરંતુ તેઓને હવે પછી કહેવામાં આવતા ગુણોસિવાય મોક્ષરૂપી ફળ તો મળતુંજ નથી. (અર્થાત યજ્ઞયાગ કરવાથી અને વાવ, કૂવા, તળાવ વગેરે બંધાવવાથી ઉત્તમ ગુણોનો લાભ થાય છે પણ મોક્ષનો લાભ થતો નથી.)[૫] ધર્મવેત્તા પુરુષો, પ્રત્યેક ધર્મની અંદર આવા ઉત્તમ ગુણો હોવાનું જણાવેજ છે. જેવા કે, વાણીની, દેહની તથા મનની પવિત્રતા, ક્ષમા, સત્ય, ધૈર્ય અને સ્મૃતિ. આ ગુણોની સર્વ ધર્મમાં આવશ્યકતા છે.[૬] શાસ્ત્ર કહે છે કે, બ્રહ્મચર્ય એટલે યોગધર્મ. તે બ્રહ્મનુંજ સ્વરૂપ છે અને સર્વધર્મોના કરતાં શ્રેષ્ઠ છે, જેથી તે ધર્મનું આચરણ કરનાર મનુષ્ય, પરમ ગતિને પ્રાપ્ત થાય છે.[૭] વળી આ (મુખ્ય) બ્રહ્મચર્યધર્મનું આચરણ કરવાથી પાંચ પ્રાણ, મન, બુદ્ધિ અને દશ ઇંદ્રિયો, એ સત્તર તત્ત્વોથી બનેલા લિંગશરીરનો સંયોગ છૂટી જાય છે, શબ્દ અને સ્પર્શથી રહિત થવાય છે, શ્રોત્રથી કંઈ સંભળાતું નથી અને ચક્ષુથી કંઇ દેખાતું નથી; (અર્થાત્ પરબ્રહ્મને પ્રાપ્ત કરાવનારી નિર્વિકલ્પ સમાધિઅવસ્થા પ્રાપ્ત થાય છે.)[૮] પરંતુ તેથી કંઇ ઉતરતા નિર્દોષ બ્રહ્મચર્યધર્મનું આચરણ કરવાથી સવિકલ્પ સમાધિની અવસ્થા પ્રાપ્ત થાય છે, કે જેમાં વાણીની સંભાષણપ્રવૃત્તિ રહે છે, કેવળ મનરૂપેજ સ્થિતિ હોય છે, વિષયેન્દ્રિયોનો ત્યાગ હોય છે અને શ્રવણમનનથી ઉત્પન્ન થયેલી બુદ્ધિથી તત્ત્વવસ્તુનો નિશ્ચય કરવામાં આવે છે.[૯] જે ઉત્તમ દ્વિજાતિ, સર્વશ્રેષ્ઠ બ્રહ્મચર્ય (યોગ)-ધર્મનું આચરણ કરે છે, તે બ્રહ્મલોકને (મોક્ષને) પામે છે, મધ્યમ પ્રકારના બ્રહ્મચર્ય ધર્મનું આચરણ કરે છે તે સત્યલોકમાં જાય છે અને કનિષ્ઠ પ્રકારના બ્રહ્મચર્યનું આચરણ કરે છે, તે આવતા જન્મમાં વિદ્વાન થાય છે.[૧૦] બ્રહ્મચર્ય પાળવું, એ મહાદુષ્કર છે, માટે તેનો ઉપાય હું તમને કહું છું, સાંભળો. બ્રહ્મચર્ય પાળનારા દ્વિજાતિએ પ્રદીપ્ત થઇને વૃદ્ધિ પામેલા રજોગુણનો નિગ્રહ કરવો, સ્ત્રીઓની કથા સાંભળવી નહિ અને કોઈ પણ સ્ત્રીને નગ્ન અવસ્થામાં જોવી નહિ; કેમકે તેવી અવસ્થામાં સ્ત્રીઓનું દર્શન કરવામાત્રથી પણ કેટલાએક દુર્બળ મનના પુરુષોમાં રજોગુણનો પ્રવેશ થાય છે.[૧૧,૧૨] આ રીતે વ્રતનું પાલન કરવા છતાં પણ કોઈ દિવસે મનમાં રાગોત્પત્તિ થઇ જાય તો તેના પ્રાયશ્ચિત્તતરીકે ×કૃચ્છ્ર નામનું વ્રત કરવું અને વીર્યની અતિશય વૃદ્ધિને લીધે જો ઘણીજ પીડા થવા લાગે તો જળાશયમાં પ્રવેશ કરવો તેમજ જો સ્વપ્નની અંદર વીર્યસ્રાવ થઈ જાય તો જળની અંદર મગ્ન રહીને ત્રણ વખત અઘમર્ષણ મંત્રનો મનમાં જાપ કરવો.[૧૩] આ રીતે વર્તીને વિચક્ષણ પુરુષે પોતાના અંતઃકરણમાં રહેલા રજોગુણમય પાપને જ્ઞાનયુક્ત મનથી બાળીને ભસ્મ કરી નાખવું. જેમ માંસાદિ અપવિત્ર પદાર્થોવાળા શરીરનાં આંતરડાં, શરીરના દૃઢ બંધનરૂપ છે, તેમ શરીર પણ શરીરમાં રહેલા આત્માને દૃઢ બંધનરૂપ છે.[૧૫] મનુષ્યોએ ભક્ષણ કરેલા પદાર્થોના જે રસો ઉત્પન્ન થાય છે, તેઓ નાડીઓ દ્વારા આખા શરીરમાં ફેલાઇ જઈને, વાતને, પિત્તને, કફને, રુધિરને, ત્વચાને, માંસને, આંતરડાંઓને, હાડકાંઓને, મજ્જાને (ચરબીને) તથા દેહને તૃપ્ત કરે છે.[૧૬] આ મનુષ્યશરીરમાં ઇંદ્રિયોના વિષયોને વહન કરનારી દશ મુખ્ય નાડીઓ છે અને તે દશ નાડીઓમાંથી નીકળેલી બીજી હજારો સૂક્ષ્મ નાડીઓ આખા શરીરમાં ફેલાઈ ગયેલી છે.[૧૭] જેમ નદીઓ જળથી ભરપૂર થઇને સમયાનુસાર સમુદ્રને તૃપ્ત કરે છે, તેમ શરીરમાંની સર્વ નાડીઓરૂપી નદીઓ મનુષ્યે ભક્ષણ કરેલા અન્નાદિના રસોરૂપ જળપ્રવાહથી ભરપૂર થઇને સમયાનુસાર દેહરૂપી સમુદ્રને તૃપ્ત કરે છે.[૧૮] મનુષ્યોના હૃદયની

× 'त्र्यहंप्रातस्त्र्यहं सायं त्र्यहमद्यादयाचितम्'। त्र्यहं परं च नाश्नीयात् प्राजापत्योऽयमुच्यते ॥'

ત્રણ દિવસ પ્રાતઃકાળમાં અને ત્રણ દિવસ સાયંકાળે ભોજન કરવું અને પછી ત્રણ દિવસ માગ્યા વિના જે કંઇ મળે તે ઉપર ચલાવી લઇને ત્રણ દિવસ સુધી કંઇપણ ખાવુંજ નહિ, તેનું નામ પ્રાજાપત્ય કૃચ્છ્રવ્રત કહેવામાં આવે છે. નીલકંઠ

અંદર બરાબર મધ્યભાગમાં 'મનોવહા' નામની એક નાડી છે. તે નાડી વિષયેચ્છાનો માત્ર સંકલ્પ થતાંજ મનુષ્યના આખા શરીરમાંથી વીર્યને આકર્ષી કાઢીને ઉપસ્થ ઇંદ્રિયના સુખ આગળ લાવી મૂકે છે, ૧૯ કેમકે આ મનોવહા નાડીને શરીરનાં સર્વ ગાત્રોમાં ફેલાયલી નાડીઓ સાથે સંબંધ છે અને તૈજસગુણને (ઉષ્ણગુણને) વહન કરનારી તે સર્વ નાડીઓ છેક નેત્રસુધી પહોંચેલી છે.૨૦ જેમ દૂધમાં (દૂધના વિકારભૂત દહીંમાં) અવયવે અવયવે વ્યાપી રહેલા ઘીને રવૈયાથી મથીને બહાર કાઢવામાં આવે છે, તેમ શરીરમાં સર્વત્ર વ્યાપી રહેલા વીર્યરૂપી ઘીને માનસિક સંકલ્પ અને ઇંદ્રિયોથી ઉત્પન્ન થનારા સ્ત્રીના દર્શન, સ્પર્શન આદિ રવૈયાથી મથીને (ઉપસ્થદ્વારા) બહાર કાઢવામાં આવે છે.૨૧ એજ પ્રમાણે સ્વપ્નમાં પણ (સ્ત્રીસંગનો અભાવ હોય છે છતાં) માનસિક સંકલ્પથી ઉત્પન્ન થનારો રજોગુણ (કામવિકાર), શરીરની અંદર દાખલ થાય છે અને પછી વીર્યવાહિની મનોવહા નાડી, સંકલ્પજન્ય વીર્યને દેહમાંથી બહાર કાઢે છે.૨૨ મહર્ષિ ભગવાન અત્રિ વીર્યની ઉત્પત્તિને જાણે છે અને તેમણે કહ્યું પણ છે કે, અન્નનો રસ, મનોવહા નાડી અને માનસિક સંકલ્પ, એ ત્રણમાંથી વીર્ય ઉત્પન્ન થાય છે. તેનો દેવતા ઇંદ્ર છે અને તેથીજ તેને 'ઇંદ્રિય' કહેવામાં આવે છે.૨૩ જે પુરુષો જાણે છે કે, વીર્યની ગતિજ (*અનુલોમ-પ્રતિલોમગમન કરીને) પ્રાણીઓમાં વર્ણસંકરતા ફેલાવનારી છે, તેઓ આ સંસારથી વિરક્ત થઇને પોતાના સર્વ દોષોને બાળી નાખે છે અને પુનર્જન્મને પામતા નથી.૨૪ વળી જે પુરુષ, માત્ર શરીરનિર્વાહપૂરતુંજ કર્મ કરે છે-અર્થાત સર્વ બાહ્યપ્રવૃત્તિઓનો ત્યાગ કરે છે અને પોતાના પ્રાણાંતસમયે યોગાભ્યાસના બળથી મનવડેજ ગુણોની સમાનતા કરીને (અર્થાત નિર્વિકલ્પ સમાધિમાં આરૂઢ થઇને) પોતાના પ્રાણવાયુને સુષુમ્ણા નામની નાડીના માર્ગમાં લઈ જઇને દેહનો ત્યાગ કરે છે, તે પુરુષ જન્મમરણના ફેરામાંથી છૂટી જાય છે-મોક્ષપદને પામે છે. ૨૫ (આ માર્ગ ક્રમમુક્તિને આપનારો છે; પણ જીવનમુક્તિને આપનારો માર્ગ એવો છે કે) જે મહાત્મા પુરુષોનું મન, પ્રણવમંત્ર(ૐકાર)-ની ઉપાસના કરવાથી સિદ્ધ થયેલું હોય છે; તેઓના એ મનને તત્કાળ એવુંજ જ્ઞાન થાય છે કે, (જેમ સ્વપ્નમાં દેખાતા પદાર્થો કેવળ મનઃકલ્પિત અથવા મનોમયજ હોય છે, તેમ) જાગ્રત અવસ્થામાં દેખાતા આ સર્વ પદાર્થો પણ કેવળ મનોમયજ છે--વાસ્તવિક કંઈ નથી. આવા પ્રકારનું જ્ઞાન ધરાવનારૂં મન નિત્યસ્વરૂપ થઇ જાય છે, રજોગુણની સર્વ વાસનાઓથી રહિત થાય છે અને પ્રકાશમાન--સર્વજ્ઞ અથવા સર્વશક્તિમાન બની જાય છે;૨૬ માટે સૃષ્ટિરૂપે દેખાતા મનનોજ નાશ કરવા માટે મનુષ્યે નિવૃત્તિધર્મરૂપ નિર્દોષ કર્મનું આચરણ કરવું જોઇએ, કે જેથી રજોગુણ અને તમોગુણથી રહિત થઇને ઇષ્ટગતિને પામી શકાય.૨૭ યુવાવસ્થામાં મેળવેલું જ્ઞાન વૃદ્ધાવસ્થામાં દુર્બળ થાય છે, તોપણ જો ભાગ્યયોગ હોય છે તો વૃદ્ધાવસ્થામાં પરિપક્વ થયેલી બુદ્ધિ (જ્ઞાનસંપન્ન થઈને) સંકલ્પાદિક માનસિક બળનો નાશ પણ કરે છે.૨૮ જે મનુષ્ય દુર્ગમ માર્ગના જેવા દેહ-ઇંદ્રિયાદિકના બંધનને (જ્ઞાનદ્વારા) તોડી પાડે છે અને પોતાને જે જે દોષો જોવામાં આવે છે તે સર્વનું ઉલ્લંઘન કરે છે, તે મનુષ્ય મોક્ષપદને પ્રાપ્ત કરે છે.૨૯

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "વાર્ષ્ણેય અધ્યાત્મકથન" એ વિષયનો અધ્યાય ૨૧૪ મો સમાપ્ત.

---

*અનુલોમગમન-એટલે ઉચ્ચ વર્ણનો પુરુષ, પોતાના કરતાં નીચ વર્ણની સ્ત્રીમાં વીર્યસિંચન કરે તે અને પ્રતિલોમગમન એટલે-નીચ વર્ણનો પુરુષ પોતાના કરતાં ઉચ્ચ વર્ણની સ્ત્રીમાં વીર્યસેક કરે તે; આ અનુલોમ-પ્રતિલોમગમન કરવાથી જે પ્રજાઓ ઉત્પન્ન થાય છે, તેઓ વર્ણસંકર કહેવાય છે અને તેમાં પણ પ્રતિલોમગમનથી ઉત્પન્ન થયેલી વર્ણસંકર પ્રજા ઘણીજ નીચ કહેવાય છે.

અધ્યાય ૨૧૫ મો

યોગીના નિયમો

॥ भीष्म उवाच ॥

दुरन्तेष्विन्द्रियार्थेषु सक्ताः सीदन्ति जंतवः।
येत्वसक्ता महात्मानस्ते यांति परमां गतिम्॥

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર રાજા! જે અજ્ઞાનવશ પ્રાણીઓ દુષ્ટ પરિણામને ઉત્પન્ન કરનારા ઇંદ્રિયોના વિષયોમાં આસકિત રાખે છે, તેઓ અવશ્ય દુઃખી થાય છે; પણ જે મહાત્માઓ તે વિષયોમાં આસક્ત થતા નથી, તેઓ પરમ ગતિને પ્રાપ્ત કરે છે.[૧] આ સમગ્ર લોકને જન્મ, મૃત્યુ અને જરાનાં દુઃખોથી, શારીરિક વ્યાધિઓથી તથા માનસિક પીડાઓથી નિરંતર વ્યાપ્ત થયેલો જોઇને બુદ્ધિમાન પુરુષે મોક્ષ મેળવવાનોજ પ્રયાસ કરવો જોઇએ.[૨] તેણે કાયિક, વાચિક અને માનસિક પવિત્રતા જાળવવી જોઇએ, અહંકારરહિત થવું જોઈએ, શાંતિગુણને ધારણ કરવો જોઇએ, જ્ઞાનસંપન્ન થવું જોઇએ, ભિક્ષાવૃત્તિ સ્વીકારવી જોઇએ અને કોઈની અપેક્ષા રાખ્યાવિનાજ સુખપૂર્વક જીવન ગાળવું જોઇએ.[૩] કોઇ પ્રાણી ઉપર પોતાને દયા આવે તોપણ એમજ સમજવું જોઈએ કે, તે પણ એક પ્રકારની મનની આસક્તિજ* છે; માટે યોગીએ સર્વ જગતને કર્મના ફળનો ઉપભોગ કરતું જાણીને તેના તરફ ઉપેક્ષાજ કરવી.[૪] પ્રાણીએ જે કંઈ શુભ અશુભ કર્મ કર્યું હોય છે, તેનું ફળ તેને ભોગવવુંજ પડે છે એમ સમજીને મુમુક્ષુએ મન, વચન અને કર્મથી શુભ કર્મોજ કરવાં.[૫] અહિંસા, સત્ય, સર્વ પ્રાણીઓ તરફ પ્રમાણિકતા, ક્ષમા અને અપ્રમાદ, આ પાંચ ગુણો જે પુરુષની અંદર હોય છે, તે સુખી થાય છે.[૬] (આ સર્વ દૃશ્યમાન પદાર્થો કેવળ આત્મારૂપ છે, આવા શાસ્ત્રજ્ઞાનથી ઉત્પન્ન થયેલી) બુદ્ધિવડે રાગદ્વેષરહિત થયેલા મનને સર્વ પ્રાણીઓપર સમભાવયુક્ત રાખવું. જે પુરુષ પૂર્વોક્ત અહિંસાદિરૂપ ધર્મને, સર્વ પ્રાણીઓને સુખ ઉપજાવનાર તથા પોતાને સર્વ દુઃખોથી મુક્ત કરાવનારતરીકે જાણે છે, તે પુરુષજ સર્વ કંઈ જાણનારો છે અને સુખી થાય છે, માટે બુદ્ધિદ્વારા મનને રાગદ્વેષરહિત કરીને સર્વ પ્રાણીઓપર સમભાવયુક્ત રાખવું;[૭,૮] અને તે ઉપરાંત બીજાઓનું અનિષ્ટ ચિંતન કરવું નહિ, પોતે રંક હોય છતાં પોતાને માટે અયોગ્ય એવા રાજ્યાદિકની ઇચ્છા કરવી નહિ, નાશ પામેલાં સ્ત્રીપુત્રાદિકનો અથવા ભાવિ સ્ત્રીપુત્રાદિકનો વિચાર કરવો નહિ; અને સફળ થાય તેવા પ્રયત્નો કરીને મનને જ્ઞાનમાર્ગમાંજ પરોવવું. વેદાંતવાકયના શ્રવણમનનપૂર્વક અમોઘ પ્રયત્ન કરવાથી પુરુષનું મન જ્ઞાનમાર્ગમાં પ્રવૃત્ત થાય છે.[૯] જે પુરુષ, ધર્મના સૂક્ષ્મ સ્વરૂપનું નિરીક્ષણ કરીને ઉત્તમ વાકય બોલવાની ઇચ્છા રાખે છે, તેણે સત્ય અને હિંસારહિત વાણી બોલવી પણ અપવાદથી દૂષિત વાણી બોલવી નહિ;[૧૦] એટલુંજ નહિ પણ ચિત્તને વિક્ષેપયુક્ત નહિ થવા દઈને-અર્થાત ચિત્તને સ્થિર રાખીને શઠતારહિત, કઠોરતાવિનાનું, ક્રૂરતાશૂન્ય અને ચાડીચુગલીરહિત એવું અલ્પ ભાષણજ બોલવું.[૧૧] આ જગતનો સર્વ સંબંધ કેવળ વાણીથીજ બંધાયલો છે, માટે જેમ બને તેમ મનુષ્યે ઉત્તમ વાણીજ બોલવી અને પોતાને જો વૈરાગ્ય થયો હોય તો બુદ્ધિથી કે મનથી જે કંઈ (હિંસાદિક) તામસ કર્મ કર્યું હોય તેને જગતમાં જાહેર કરી દેવું. (કેમકે, પુણ્યકર્મને કે પાપકર્મને પોતાના મુખથીજ જો પ્રકટ કરી દેવામાં આવે છે તો તેનો નાશ થઇ જાય છે.)[૧૨] ઇંદ્રિયો જ્યારે કર્મ કપ્રવૃત્તિપરાયણ થાય છે, ત્યારે મનુષ્ય કર્મ ક-

---

*આના સંબંધમાંજ કહેવામાં આવ્યું છે કે, **कृपयाऽपि कत: संग: पतनायैव योगिनाम् इतिसंदर्शयन्नाह भरतस्यणपोषणम्**'-દયાને લીધે પણ કોઇ વસ્તુપર કરેલી આસક્તિ યોગીઓને ભ્રષ્ટ કરનારીજ છે. જેમકે, રાજા ભરતે મૃગ ઉપર પ્રીતિ કરીને તેનું પોષણ કર્યું હતું, જેથી તેપરની વાસનાને લીધે બીજા જન્મમાં તેને મૃગની જાતિમાં જન્મ લેવો પડ્યો હતો. **નીલકંઠ**

રવા મચી પડે છે; પણ તેને લીધે આ લોકમાં દુઃખ પામીને તે મનુષ્ય નરકમાંજ પડે છે, માટે મન, વચન અને કાયાથી ઇંદ્રિયોનો નિગ્રહજ કરવો.[૧૩] જેમ ચોરલોકો બકરાના માંસની ચોરી કરીને, તેનો ભાર ઉપાડીને જે દિશાને પોતે પ્રતિકૂલ અથવા રાજાના ભયવાળી જાણતા હોય છતાં તે દિશામાં જો જાય છે તો ભયમાં આવી પડે છે; તેમ જે મૂર્ખ મનુષ્યો સંસારના ભયને જાણતા હોય છે છતાં કર્મોનો સ્વીકાર કરીને સંસારમાં પ્રવૃત્તિ કરે છે, તેઓ જન્મમરણના ભયમાં આવી પડે છે;[૧૪] પરંતુ જેમ ચોર લોકો પોતાને પ્રતિકૂલ જણાયલી દિશાનો અને ચોરેલા માંસનો ત્યાગ કરીને અનુકૂળ દિશામાં જો નાસી જાય છે તો ભયથી મુક્ત થાય છે, તેમ મનુષ્યો પણ સંસારના ભયને જાણી જઇને તથા રાજસ–તામસ કર્મોનો ત્યાગ કરીને સંસારમાં જો પ્રવૃત્તિજ કરતા નથી તો કલ્યાણને પ્રાપ્ત કરે છે.[૧૫] જે પુરુષ સર્વ સંશયોથી મુકત થઈને નિઃસ્પૃહ વૃત્તિ ધારણ કરે છે, સર્વ પરિગ્રહોનો ત્યાગ કરે છે, એકાંત પ્રદેશનું સેવન કરે છે, અલ્પભોજન કરે છે, તપસ્વી હોય છે, જિતેન્દ્રિય હોય છે, યોગનાં અંગોનું અનુષ્ઠાન કરવામાં આસકત રહે છે અને બુદ્ધિમાન હોય છે, તે પુરુષ, મનનો નિગ્રહ કરીને પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે.[૧૬,૧૭] ખરેખર, બુદ્ધિમાન અને ધૈર્યવાન પુરુષજ બુદ્ધિનો નિગ્રહ કરી શકે છે અને તેવો પુરુષ પોતાની બુદ્ધિની સાથે મનનો પણ નિગ્રહ કરીને મનરૂપ વિષયોનો પણ નિગ્રહ કરી શકે છે.[૧૮] આ રીતે જે યોગીએ ઇંદ્રિયોનો તથા મનનો નિગ્રહ કર્યો હોય છે, તેની સન્મુખ ઇંદ્રિયોના અધિષ્ઠાયક દેવતાઓ હર્ષપૂર્વક પ્રકટ થાય છે અને તે દેવતાઓ, ઇશ્વરરૂપ થયેલા તે યોગીમાંજ લય પામી જાય છે.[૧૯] આ પ્રમાણે જ્યારે તે યોગીનું મન તે તે દેવતાઓની સાથે એકાત્મભાવને પ્રાપ્ત થાય છે અને પોતે કેવળ બુદ્ધિમાત્રથીજ સ્થિતિ કરે છે, ત્યારે તેને બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે અને પછી ધીમે ધીમે તે બુદ્ધિસત્વનો પણ લય થઈ જાય છે, ત્યારે તે યોગી કેવળ બ્રહ્મરૂપજ થઇ રહે છે.[૨૦] આવા યોગી પુરુષે પોતાનામાં પ્રકટ થતા યોગૈશ્વર્યમાં પ્રવૃત્તિ કરવીજ નહિ; પરંતુ તેનો નિરોધ કરવા માટે પ્રયત્નો કરવાનોજ આરંભ કરવો અને જે જે યોગનું અનુષ્ઠાન કરવાથી પોતાની વૃત્તિ વિશિષ્ટ પ્રકારની (અત્યંત ઉત્તમ) થતી જાય તેનું તેનું આચરણ કરવું.[૨૧] યોગીપુરુષે કાચા દાણાનું, અડદનાં બાકળાંનું, ખોળનું, શાકપાનનું, જવના લોટની ઘેંસનું, સાથવાનું, ફળનું, મૂળનું કે ભિક્ષામાં જે કંઈ મળી આવે તેનું ભક્ષણ કરીને જીવવું. (પણ પોતાના યોગૈશ્વર્યનો ઉપયોગ કરીને જીવવું નહિ.)[૨૨] તેમજ દેશકાળને અનુસરતા સાત્વિક આહારનો નિયમ કરીને સર્વત્ર પરીક્ષાપૂર્વકજ પ્રવૃત્તિ કરવી.[૨૩] વળી કર્મની પ્રવૃત્તિ થઈ હોય તોપણ તેને લીધે યોગસાધનમાં અંતરાય કરવો નહિ અને અગ્નિને જેમ ધીમે ધીમે પ્રદીપ્ત કરવામાં આવે છે, તેમ જ્ઞાનયુક્ત કર્મનીજ ક્રમે ક્રમે વૃદ્ધિ કરવા, જેથી તે યોગીને સૂર્યની પેઠે પરબ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે.[૨૪] જ્ઞાન જેનું અધિષ્ઠાન છે એવું અજ્ઞાન ત્રણે લોકમાં સર્વોપરિ થઇને રહ્યું છે, (અર્થાત્ જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિ–એ ત્રણે અવસ્થામાં અજ્ઞાનનું પ્રાધાન્ય છે) જેથી તે અજ્ઞાન, બુદ્ધિને અનુસરનારા પ્રકાશસ્વરૂપ જ્ઞાનને પણ, અપ્રકાશમાન કરી મૂકે છે.[૨૫] જો કે, આત્મા (જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિ એ) ત્રણે અવસ્થાઓથી અતીત છે, તોપણ અજ્ઞાની મનુષ્ય ઉપાધિથી મુક્ત એવા તે સનાતન આત્માને જાણી શકતો નથી; કેમકે તે મનુષ્ય માને છે કે, આત્મા ઉપાધિના સંયોગવાળો છે અને મારાથી ભિન્ન છે; પરંતુ રાગદ્વેષાદિ દોષોનો ત્યાગ કરનાર પુરુષ, આત્માના નિરુપાધિકપણાને તથા પોતાની સાથેની તેની એકતાને જાણે છે, જેથી સંસારબંધનથી મુક્ત થાય છે.[૨૬] વળી જે પુરુષે કાળને, જરાને તથા મૃત્યુને જીતી લીધા છે, તે પણ સનાતન એવા અવિનાશી બ્રહ્મને પામે છે, કે જે બ્રહ્મ અક્ષય અને અવિકારી કહેવાય છે.[૨૭]

અધ્યાય ૨૧૫ મો સમાપ્ત.

અધ્યાય ૨૧૬ મો

સ્વપ્નાવસ્થાનું નિરૂપણ

॥ भीष्म उवाच ॥

निष्कल्मषं ब्रह्मचर्यमिच्छता चरितुं सदा ॥
निद्रा सर्वात्मा त्याज्या स्वप्नदोषानवेक्षता ॥

ભીષ્મે કહ્યું:–" હે યુધિષ્ઠિર ! જે પુરુષને નિષ્કામ બ્રહ્મચર્યયોગનું પાલન કરવાની ઇચ્છા હોય, તેણે સ્વપ્નના દોષોનો વિચાર કરીને સર્વથા નિદ્રાનો ત્યાગજ કરવો જોઈએ;[1] કેમકે સ્વપ્નાવસ્થામાં રજોગુણ તથા તમોગુણ જીવનો પરાભવ કરે છે, જેથી જાણે બીજા દેહને પ્રાપ્ત થયો હોય તેમ પોતાના મૂળદેહમાં સ્પૃહારહિત થઇને જીવ જ્યાં ત્યાં ભટક્યા કરે છે;[2] માટે બ્રહ્મજિજ્ઞાસાને અર્થે નિત્ય જ્ઞાનાભ્યાસ કરીને જાગરણ કરવું તેજ ઉત્તમ છે અને તેથીજ જે પુરુષને તત્ત્વવસ્તુનું જ્ઞાન થયેલું હોય છે, તે તો હમેશાં જાગૃતજ રહે છે.[3] હવે, આ વિષય ઉપર કોઈ શંકા કરે કે, સ્વપ્નમાં દેખાતા પદાર્થો સત્ય હોય છે કે અસત્ય? જો તમે કહેશો કે, સ્વપ્નના પદાર્થો સત્ય હોય છે તો તે યોગ્ય નથી; કેમકે તે પદાર્થો ઇંદ્રિયોના વિષયરૂપ હોય તેવા દેખાય છે ખરા, પણ વસ્તુતઃ તેઓ વિષયવાન હોતા નથી; કારણ કે તે અવસ્થામાં ઇંદ્રિયોનો લય થઈ ગયો હોય છે, માટે સ્વપ્નના પદાર્થોને સત્ય કહી શકાય તેમ નથી તેમજ અસત્ય પણ કહી શકાય તેમ નથી; કેમકે જે વસ્તુ સસલાનાં શિંગડાં જેવી અસત્ય હોય છે, તેનું કદી ભાનજ થતું નથી. આમ હોવા છતાં સ્વપ્નમાં જીવ જાણે દેહધારી થયો હોય તેમ જણાય છે, તેનું શું કારણ?[4] આ શંકાનું સમાધાન કરવા માટે કહેવાય છે કે, યોગેશ્વર હરિજ એ સ્વપ્નના વિષયને બરાબર જાણે છે અને કેટલાએક મહર્ષિઓ એ વિષયનું યુક્તિયુક્ત વર્ણન કરે છે.[5] એ ઉપરથી વિદ્વાનો કહે છે કે, જાગ્રત અવસ્થામાં શ્રમિત થયેલી ઇંદ્રિયો, નિદ્રાવસ્થામાં જ્યારે વિરામ લે છે, ત્યારે સર્વ પ્રાણીઓમાં પ્રસિદ્ધ એવું સ્વપ્ન પ્રાપ્ત થાય છે; કેમકે તે અવસ્થામાં ઇંદ્રિયોનો વિરામ થયો હોય છે તોપણ સંકલ્પાત્મક મનનો વિરામ થયેલો હોતો નથી. આ સ્વપ્નના સંબંધમાં આવું એક દૃષ્ટાંત કહેવામાં આવે છે.[6] જેમકે, જાગ્રત અવસ્થામાં મન કાર્યની અંદર આસક્ત થયેલું હોય છે, તોપણ તેના સંકલ્પરૂપ મનોરથનું ઐશ્વર્ય મનમાં આવ જા કરે છે તેમ સ્વપ્નાવસ્થામાં પણ જાગ્રત્ અવસ્થામાં અનુભવેલા માનસિક સંકલ્પો મનમાં આવજા કરે છે.[7]× પૂર્વના અનંત જન્મોના સંસ્કારોને લીધે જેનું ચિત્ત વિષયાસક્ત બનેલું છે, એવો પુરુષ તો તે સર્વ વિષયોને સ્વપ્નમાં પણ સંપાદન કરે છે; કેમકે તે સર્વ વિષયો મનની અંદર સૂક્ષ્મસ્વરૂપે રહેલા હોય છે અને સાક્ષીરૂપ આત્માના જાણવામાં પણ હોય છે.[8] વળી સત્વાદિ ગુણોમાંહેનો જે જે ગુણ, જે જે કર્મના યોગે મનમાં ઉપસ્થિત થાય છે, ત્યારે અને જ્યારે જ્યારે મન જે જે કર્મવડે સંસ્કારવાળું થાય છે, ત્યારે ત્યારે સૂક્ષ્મભૂતો, તે તે સ્ત્રી આદિના આકારને સ્વપ્નમાં ખડો કરે છે.[9] એટલે તુરતજ રાજસ, તામસ અથવા સાત્વિક ભાવો પણ ત્યાં આગળ હાજર થાય છે અને પછી તેઓ સુખદુઃખાદિરૂપ ફળને ઉત્પન્ન કરે છે.[10] વિદ્વાનો કહે છે કે, સ્વપ્નાવસ્થામાં પણ કેવળ અજ્ઞાનને લીધેજ વાત, પિત્ત અને કફ, એ ત્રણ ધાતુઓવાળા દેહોને મનુષ્યો જુએ છે અને તેનું દર્શન પણ રાજસ તથા તામસ ભાવોથી યુક્ત હોય છે, જેથી (યોગસાધનાવિના) ટાળ્યું ટળી શકતું નથી.[11] જાગ્રત અવસ્થામાં મનુષ્યનું મન પ્રસન્ન એવી ઇંદ્રિયોની સાથમાં રહીને જે જે વિષયનો સંકલ્પ કરે છે, તેને તેને પોતે સ્વપ્નમાં

× અર્થાત્ જેમ મનોરથવૃત્તિ માત્ર સંકલ્પથી ઉત્પન્ન થાય છે, તેમ સ્વપ્નવૃત્તિ પણ સંકલ્પમાંથીજ ઉત્પન્ન થાય છે; તોપણ તે બન્નેમાં રહેલો ભેદ એટલો છે કે, જાગ્રત અવસ્થામાં ઇન્દ્રિયોના વિક્ષેપને લીધે મનોરથવૃત્તિનો બરાબર ભાસ થતો નથી; પણ સ્વપ્નમાં ઇંદ્રિયોનો ઉપરામ હોય છે તેથી જાગ્રત અવસ્થાની પેઠેજ તે તે સર્વ પદાર્થોનું સારીપેઠે ભાન થાય છે. **નીલકંઠ**

પણ હર્ષપૂર્વક જુએ છે.૧૨ મન, આત્માના પ્રભાવથી સર્વ પ્રાણીઓમાં અસ્ખલિતસ્વરૂપે વ્યાપ્ત થઇ રહ્યું છે, માટે જેમ બને તેમ આત્માનેજ જાણવો જોઈએ; કેમકે આકાશાદિ સર્વ તત્ત્વો, કેવળ આત્માને આધારેજ ટકી રહ્યાં છે.૧૩ સ્વપ્નદર્શનના દ્વારભૂત એવો આ સ્થૂલદેહ, જ્યારે સુષુપ્તિઅવસ્થાને પ્રાપ્ત થાય છે, ત્યારે મનની અંદર અંતર્હિંત થઇ જાય છે અને તે વેળા મન પણ શુદ્ધ સાક્ષીસ્વરૂપ સદસત્સ્વરૂપ, અવ્યક્તરૂપ અને અહંકારમાં પ્રતિબિંબસ્વરૂપ રહેનારા પરમાત્મામાં લય પામે છે, જે પરમાત્માને જ્ઞાની પુરુષો જીવ, અહંકાર અને પ્રકૃતિના ગુણોથી પણ ઉત્તમ જાણે છે.+૧૪ જે યોગી પુરુષ પોતાના મનવડે સંકલ્પ કરીને જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય કે ધર્મ-એમાંનો કોઈએક ગુણ મેળવવાની ઇચ્છા કરે છે(અને તે ગુણ તેને પ્રાપ્ત પણ થાય છે) તેજ તેના ચિત્તની પ્રસન્નતા છે, એમ જાણવું; કેમકે આત્માને વિષેજ સર્વ દેવતાઓનો વાસ છે.૧૫ આ રીતે વિષયાદિકનું આલોચન કરવારૂપ તપશ્ચરણથી મન એજ સ્થિતિમાં રહે છે, પરંતુ જ્યારે તે તમોગુણથી પેલે પાર જાય છે, ત્યારે સૂર્યની પેઠે કેવળ પ્રકાશસ્વરૂપ બની રહે છે. જીવાત્મા જ્યારે અજ્ઞાનરૂપ ઉપાધિનો આશ્રય કરે છે, ત્યારે ત્રૈલોકયપ્રકૃતિ અથવા કારણબ્રહ્મતરીકે થાય છે; પણ જ્યારે અજ્ઞાનરૂપ ઉપાધિનો ત્યાગ કરે છે, ત્યારે તેનો તેજ જીવ મહેશ્વરરૂપ બની જાય છે-શુદ્ધ પરબ્રહ્મ થઇ રહે છે.૧૬ પંડિતો કહે છે કે, દેવોએ અગ્નિહોત્રાદિક તપનો આશ્રય કરીને રજોગુણને સ્વીકાર કર્યો છે અને અસુરોએ તપનો નાશ કરનાર દંભ,દર્પ આદિ તમોગુણનો સ્વીકાર કર્યો છે, જેથી તેઓને જ્ઞાનસ્વરૂપ એવા બ્રહ્મની પ્રાપ્તિ થઇ નથી.૧૭ વિદ્વાનો કહે છે કે સત્વ, રજ અને તમ-એ દૈવી તથા આસુરી ગુણો છે. તેમાં સત્વ એ દૈવીગુણ છે અને રજ તથા તમ, એ આસુરી ગુણો છે.૧૮ જે શુદ્ધાત્મા પુરુષો સાત્વિક તથા અસાત્વિક ભાવોથી પર રહેલા, ઉત્તમ જ્ઞાનસ્વરૂપ, અવિનાશી, પ્રકાશરૂપ અને અક્ષર એવા પરબ્રહ્મને જાણે છે, તે પુરુષો પરમ ગતિને પામે છે.૧૯ પુરુષ, ગમે તેવો તત્ત્વદર્શી હોય તોપણ કારણો અને યુક્તિઓ દર્શાવીને પરબ્રહ્મના સંબંધમાં એટલુંજ કહી શકે તેમ છે કે, ઇંદ્રિયોને વિષયો તરફથી આકર્ષી લઇને શ્રવણમનન આદિ સાધનોથી સંપન્ન થયેલો પુરુષ, અક્ષરબ્રહ્મને જાણી શકે છે. (અર્થાત્ જેમ શીંગડું પકડીને પશુને પ્રત્યક્ષરીતે દેખાડી શકાય છે, તેમ પરબ્રહ્મને પ્રત્યક્ષરીતે બતાવી શકાતા નથી, માટે બ્રહ્મપ્રાપ્તિની ઇચ્છાવાળા પુરુષે સર્વ ઇંદ્રિયોનેજ વશ કરવી, જેથી તેમને પામી શકાય છે.)૨૦

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“વાર્ષ્ણેય અધ્યાત્મકથન” એ વિષયનો
અ૦ ૨૧૬ મો સમાપ્ત.

અધ્યાય ૨૧૭ મો

પ્રવૃત્તિ-નિવૃત્તિ

॥ भीष्म उवाच ॥

न स वेद परंब्रह्म यो न वेद चतुष्टयम् ॥
व्यक्ताव्यक्तंच यत्तत्वं संप्रोक्तं परमार्षिणा॥१॥

ભીષ્મે કહ્યું:-“ હે યુધિષ્ઠિર! જે પુરુષ સ્વપ્ન, સષુપ્તિ તથા બ્રહ્મનું સગુણસ્વરૂપ અને નિર્ગુણસ્વરૂપ-એ ચારેને યથાર્થ રીતે જાણતો નથી, તેને પરબ્રહ્મનું જ્ઞાન થતું નથી; તેમજ જે પુરુષ મહર્ષિ વેદનારાયણે વર્ણવેલા વ્યકત (જગત) ના તત્ત્વને તથા અવ્યક્ત (ચિદાત્મા) ના તત્ત્વને જાણતો નથી, તે પણ બ્રહ્મને જાણી શકતો નથી.૧ તમારે જાણવું કે, વ્યક્ત (જગત) એ મૃત્યુના મુખમાં સપડાયલું છે, પણ અવ્યક્ત-જે ચિદાત્મા તે તો સદાય અવિનાશીજ છે. ભગવાન વેદનારાયણે એક પ્રવૃત્તિરૂપ ધર્મ કહ્યો છે, કે જેમાં સચરાચર સર્વ ત્રૈલોકય સ્થિતિ કરી રહ્યું છે અને બીજો નિવૃત્તિરૂપ ધર્મ કહ્યો છે, કે જે અ-

---

+આ શ્લોકનો સ્પષ્ટ આશય એ છે કે, સુષુપ્તિ અવસ્થામાં સ્થૂલદેહનો, ઇંદ્રિયોનો, મનનો તથા અહંકારનો આત્મામાં લય થઇ જાય છે જેથી તે અવસ્થામાં શુદ્ધ આત્મસ્વરૂપજ અવશેષ રહે છે.

વ્યક્ત એવા સનાતન બ્રહ્મસ્વરૂપજ છે.[૨,૩] પ્રજાપતિ બ્રહ્મદેવ, પોતે રજોગુણી હોવાથી પ્રવૃત્તિરૂપ ધર્મ પાળવાનું કહે છે; પરંતુ પ્રવૃત્તિધર્મથી પુનર્જન્મ લેવો પડે છે ત્યારે નિવૃત્તિધર્મથી પરમ ગતિ પ્રાપ્ત થાય છે.[૪] જે મનનશીલ પુરુષ, શુભ અશુભના (મુકિતના તથા સંસારના) સ્વરૂપને નિશ્ચયપૂર્વક જોવાની ઇચ્છા રાખે છે તથા નિવૃત્તિપરાયણ રહીને તત્ત્વજ્ઞાન મેળવવામાંજ નિત્ય તત્પર રહે છે, તે પુરુષ પરમ ગતિને પામે છે.[૫] (જે પુરુષ તત્ત્વવસ્તુનો વિચાર કરવા ઇચ્છે છે, તેણે) પ્રથમ તો પ્રકૃતિ અને પુરુષ-એ બન્નેને જાણવાંજોઈએ અને પછી તે પ્રકૃતિ અને પુરુષના કરતાં પણ જે ઘણા શ્રેષ્ઠ છે, તે ઈશ્વરને જાણવા જોઇએ.[૬] વિચક્ષણ પુરુષે, અવિદ્યાના કલેશાદિકથી અસંબદ્ધ એવા તે પરમાત્માનોજ (ઈશ્વરનો) વિશેષે કરીને સાક્ષાત્કાર કરવો જોઇએ. પ્રકૃતિ અને પુરુષ—એ બન્ને અનાદિ અને અનંત છે, બીજા કોઇપણ પ્રમાણથી દુર્વિજ્ઞેય છે, બન્ને નિત્ય છે, બન્ને અવિચળ છે અને બન્ને સર્વ મહાન પદાર્થો કરતાં પણ અતિશય મહાન છે. આ રીતે પ્રકૃતિ અને પુરુષમાં (સ્થૂલદૃષ્ટિએ જોનારને) પરસ્પર સદૃશભાવ અથવા અભિન્નતા જોવામાં આવે છે; પણ વસ્તુતઃ તેઓ બન્નેમાં બીજી કેટલીએક વિધર્મતા અથવા વિલક્ષણતા અવશ્ય રહેલીજ છે.[૭,૮] જેમકે પ્રકૃતિ, સૃષ્ટિને ઉત્પન્ન કરવારૂપ ધર્મને ધારણ કરનારી છે અને ત્રિગુણાત્મિકા છે—સત્વ, રજ અને તમ, એ ત્રણ ગુણોના ધર્મથી યુક્ત છે; પણ ક્ષેત્રજ્ઞ (પુરુષ) નું લક્ષણ તેથી વિરુદ્ધ ધર્મવાળું છે—અર્થાત પુરુષ, સૃષ્ટિને ઉત્પન્ન કરવારૂપ ધર્મથી રહિત છે અને નિર્ગુણ છે;[૯] એટલુંજ નહિ પણ તે પુરુષ, પ્રકૃતિ અને તેના વિકારોનો દ્રષ્ટા છે અને ગુણોથી રહિત છે. આ રીતે જેમ પ્રકૃતિ અને પુરુષના ધર્મો જૂદા જૂદા છે, તેમ પુરુષ (ક્ષેત્રજ્ઞ) અને ઈશ્વરના ધર્મો લેશમાત્ર જૂદા નથી; કેમકે તેઓ બન્નેય ચિત્સ્વરૂપ છે અને ગુણાદિકના સંબંધથી રાહત હોવાને લીધે સર્વ વસ્તુઓથી અત્યંત ભિન્ન છે.[૧૦] તોપણ તેઓ બન્નેમાં પરસ્પર ભેદ જોવામાં આવે છે તેનું કારણ કેવળ ઉપાધિજ છે, જેથી ક્ષેત્રજ્ઞ (જીવ) કર્તા ન હોવા છતાં કર્તાના જેવો જણાય છે. તેની જીવ સંજ્ઞાનો આવિર્ભાવ કેવળ દ્રષ્ટા અને દૃશ્યના સંબંધને લીધેજ છે. એ જીવરૂપ કર્તા ઇંદ્રિયાદિકના સાધનથી કર્મો કરવા મંડી પડે છે અને તે તે અનેક જન્મોને આપનારાં કર્મથીજ તેનું જીવરૂપે ગ્રહણ કરવામાં આવે છે. (આ રીતે વ્યવહારદૃષ્ટિએ જોતાં કર્તારૂપ જીવ ઈશ્વરથી જૂદો જણાય છે, પણ વાસ્તવિક દૃષ્ટિએ જોતાં જીવ એ કોઇ સ્વતંત્ર તત્ત્વજ નથી.) ઉપાધિના સંબંધને લીધેજ જીવદશાને પામેલો આત્મા, પોતાના આત્મસ્વરૂપને ભૂલી જઇને પ્રશ્ન કરે છે કેઃ—“ હું કોણ છું ? અને તે ઈશ્વર કોણ છે? (જેમ કર્ણ, પોતાને કુંતાપુત્ર તરીકે નહિ જાણીને પૂછે છે કેઃ—“ કુંતાપુત્ર કોણ છે?” પણ જ્યારે તેને સૂર્ય સમજાવે છે કે “ કુંતાનો પુત્ર તુંજ છે ” ત્યારે તે જાણે છે કે, “ હું કુંતાનો પુત્ર છું. ” તેમજ અજ્ઞાની જીવ પૂછે છે કે, “બ્રહ્મ શું છે?” પછી જ્ઞાની પુરુષ તેને ઉપદેશ આપે છે, ત્યારે તે જાણે છે કે, “ अहं ब्रह्मास्मि ” હું પોતેજ બ્રહ્મ છું. ”)[૧૧] જેમ એક પાઘડીવાળો પુરુષ, ત્રણ વસ્ત્રોથી ઢંકાયલો હોય છે, તેમ આ જીવ પણ સત્વ, રજ અને તમનાં કાર્યભૂત સ્થૂલ, સૂક્ષ્મ અને કારણશરીરથી ઢંકાયલો છે. (તોપણ જેમ પાઘડીવાળો પુરુષ, તે પાઘડીથી (અને વસ્ત્રોથી) જૂદો છે, તેમ ત્રણ શરીરોથી ઢંકાયલો આત્મા પણ તે ત્રણે શરીરોથી ભિન્ન છે.)[૧૨] માટે પ્રત્યેક મુમુક્ષુએ ×આ ચાર વિષયોને પૂર્વોક્ત ચાર હેતુઓથી આવૃત હોવા છતાં જાણવા જોઇએ, જેથી સિદ્ધાંતસમયે જ્ઞાન-

---

×આ ચાર વિષયોને ચાર હેતુઓથી જાણવા જોઇએ-અર્થાત પુરુષ તથા પ્રકૃતિના સાધર્મ્યને બન્નેના અનાદ્યનંતપણાથી જાણવું જોઇએ, પુરુષ તથા પ્રકૃતિના વૈધર્મ્યને ચૈતન્ય તથા જડપણાથી જાણવું જોઇએ, જીવઇશ્વરના સાધર્મ્યને બન્નેના ગુણરહિતપણાથી જાણવું જોઇએ અને જીવ ઇશ્વરના વૈધર્મ્યને કર્તા તથા અકર્તાપણાથી જાણવું જોઇએ.

માર્ગથી ભ્રષ્ટ નહિ થઇને મોહાધીન ન થઇ જવાય![૧૩] જે દેહધારીને બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિરૂપી દિવ્ય સંપત્તિ સંપાદન કરવાની ઇચ્છા હોય, તેણે મનથી પવિત્ર થઇને શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરધ્યાન વગેરે શરીરસાધ્ય ઉગ્ર નિયમોનું પાલન કરીને નિષ્કામ યોગધર્મનું આચરણ કરવું જોઇએ;[૧૪] કેમકે આ ત્રણે લોક, આંતરિક સાધનોથી સાધ્ય અને પ્રકાશમય એવા તે યોગધર્મના બળથી વ્યાપ્ત થઈ રહ્યા છે અને આકાશમાં સૂર્યચંદ્ર વગેરે ગ્રહો પણ તે યોગધર્મના સામર્થ્યથીજ પ્રકાશી રહ્યા છે.[૧૫] આ યોગધર્મનું ફળ જ્ઞાન છે, જેથી સર્વ લોકમાં યોગધર્મ +પ્રખ્યાત થયો છે. (એનું અસાધારણ લક્ષણ એજ હોઈ શકે કે,) રજોગુણ તથા તમોગુણને દૂર કરનારૂં જે કર્મ તેને યોગધર્મ કહેવામાં આવે છે–અર્થાત પ્રવૃત્તિ અને આવરણનો નાશ કરવા માટે વૈરાગ્યપૂર્વક વેદાંત શ્રવણ કરવું, તેને યોગધર્મ કહે છે.[૧૬] *બ્રહ્મચર્યને તથા અહિંસાને શારીરિક યોગધર્મ કહેવામાં આવે છે અને વાણીના તથા મનના નિયમને માનસિક યોગ કહેવામાં આવે છે.[૧૭] યોગીએ, વિધિને જાણનારા દ્વિજાતિઓ (ત્રૈવર્ણિકો) પાસેથી અન્ન ગ્રહણ કરવું તે ઉત્તમ છે અને આહારનો નિયમ કરવાથી યોગીનાં રાજસ પાપ શાંત થાય છે.[૧૮] વળી આહારનો નિયમ કરવાથી ઇંદ્રિયોના વિષયો ઉપર વૈરાગ્ય થાય છે; માટે યોગીએ યોગસાધના થઈ શકે તેટલા પ્રયોજનપૂરતુંજ અન્ન ભક્ષણ કરવું જોઇએ.[૧૯] મનને યોગયુક્ત કરીને જે જ્ઞાન ધીમે ધીમે પ્રાપ્ત થઇ શકે છે, તે જ્ઞાનને પ્રાણાંતસમયે સ્વસ્થચિત્ત થયેલો પુરુષ, ઉત્કૃષ્ટ બળથી પણ પ્રાપ્ત કરી શકે છે. (અર્થાત મરણકાળ પહેલાં કાશીક્ષેત્રમાં જઇને નિવાસ કરનારો મનુષ્ય આત્મજ્ઞાન મેળવી શકે છે; કેમકે પુરાણોની આખ્યાયિકા પ્રમાણે એમ કહેવાય છે કે, કાશીક્ષેત્રમાં પ્રાણત્યાગ કરનારા પુરુષને શ્રી શંકર પોતેજ તારકબ્રહ્મનો ઉપદેશ કરે છે; માટે અંતસમયે કાશીક્ષેત્રમાં દેહપાત કરીને પણ આત્મજ્ઞાન સંપાદન કરવું.)[૨૦] કોઇ યોગી પુરુષ (સંપ્રજ્ઞાત સમાધિમાં આરૂઢ થઇને) રજોગુણના ત્યાગપૂર્વક સ્થૂલદેહનો ત્યાગ કરે, તોપણ તેના લિંગદેહનો નાશ થતો નથી, જેથી તે યોગી પુરુષ, શબ્દાદિથી યુક્ત એવા લિંગશરીરમાં સંચાર કરેજ છે; તેમજ જે યોગી પુરુષની બુદ્ધિ, વૈરાગ્યથી વાસિત હોવાને લીધે સૂક્ષ્મ ભોગોની અંદર પણ નિઃસ્પૃહ થયેલી હોય છે તેનો લય પણ પ્રકૃતિમાંજ થાય છે, પ્રકૃતિથી પર રહેલા પુરુષમાં થતો નથી. (કેમકે તે પુરુષ સ્થૂલ અને સૂક્ષ્મ–બન્ને શરીરથી મુક્ત થયેલો હોય છે તોપણ તેનું કારણશરીર અવશિષ્ટજ હોય છે.)[૨૧] ÷ માટે જે યોગીપુરુષ દેહપાતપર્યંત પ્રમાદનો ત્યાગ કરનાર હોય છે અને (પ્રાણાંતસમયે અસંપ્રજ્ઞાત સમાધિમાં આરૂઢ થઇને) સ્થૂલ, સૂક્ષ્મ તથા કારણ–એ ત્રણે શરીરોનો ત્યાગ કરે છે, તેનો તત્કાળ મોક્ષ થઇ જાય છે; કેમકે પ્રાણીમાત્રનાં જન્મ મરણ મૂળ અજ્ઞાનના (ત્રણે શરીરના) અવિનાશને લીધેજ થયા કરે છે.[૨૨] યોગીને જ્યારે શુદ્ધ પરબ્રહ્મનો સાક્ષાત્કાર થઈ જાય છે, ત્યારે ધર્મ કે અધર્મ તેને અનુસરી શકતા નથી. (અર્થાત શુદ્ધબ્રહ્મનું જ્ઞાન ધરાવનારા યોગીનાં ભૂતકાળનાં પુણ્યપાપોનો નાશ થઇ જાય

+"योगिनस्तं प्रपश्यन्ति भगवंतं सनातनम्
યોગધર્મનિષ્ઠ પુરુષોજ તે સનાતન ભગવાનનો સાક્ષાત્કાર કરી શકે છે. ઇત્યાદિ. **નીલકંઠ**

*બ્રહ્મચર્ય પાળનારાએ આ આઠે પ્રકારનો ત્યાગ કરવો જોઇએ:-

स्मरणं कीर्तनं केलिः प्रेक्षणंगुह्य भाषणम् ।
संकल्पोऽध्यवसायश्च क्रिया निर्वृत्तिरेवच ॥

સ્ત્રીનું સ્મરણ, સ્ત્રીવિષેની વાતચીત, સ્ત્રી સાથે હાસ્યવિનોદ, સ્ત્રીનું દર્શન, સ્ત્રી સાથે એકાંતમાં વાતચીત, સ્ત્રીવિષેના વિચાર, સ્ત્રીસમાગમનો નિશ્ચય અને મૈથુન–આ આઠ પ્રકારે બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થવાય છે.

÷ આ શ્લોકમાં દર્શાવેલા બન્ને યોગીઓ ક્રમમુક્તિને પ્રાપ્ત થનારા છે, સદ્યોમુક્તિને નહિ.

છે અને ભવિષ્યકાળનાં પુણ્યપાપોનો તેને સંબંધ રહેતો નથી. આ રીતે આગામિ જન્મના કારણનો અભાવ થઇ ગયેલો હોવાથી તેની મુક્તિજ થાય છે;) પરંતુ જેઓ પ્રકૃતિથી આરંભીને દેહસુધીના અનાત્મપદાર્થોમાં આત્મબુદ્ધિ કરીને બેસી રહે છે, તેઓની પ્રજ્ઞા મહત્તત્ત્વાદિક ભાવોની ઉત્પત્તિને તથા નાશનેજ જોઈ રહેનારી હોય છે. (જેથી તેઓનો કદી મોક્ષજ થતો નથી.)[૨૩] કેટલાએક યોગીઓ, ધૈર્યથી દેહને ધારણ કરી રાખીને તથા બુદ્ધિથી ચિત્તને સર્વ વિષયોમાંથી આકર્ષી લઇને સર્વ ઇંદ્રિયોનાં સ્થાનકોથી ચ્યુત થાય છે (અન્નમય કોશનો ત્યાગ કરે છે) અને પછી સૂક્ષ્મ એવા પ્રાણ, ઇંદ્રિયાદિકની આત્મસ્વરૂપે ×ઉપાસના કરે છે;[૨૪] પણ જેનું ચિત્ત શુદ્ધ થયેલું હોય છે તેવો યોગી પુરુષ તો શાસ્ત્રને અનુસરીને ઉત્તરોત્તર આગળ વધે છે અને છેવટે અવ્યક્તથી (પ્રધાનથી) પણ પર રહેલા નિરાશ્રય (પરાકાષ્ઠારૂપ) બ્રહ્મને પોતાની બુદ્ધિવડે જાણી લે છે અને પછી તેનોજ આશ્રય કરે છે.[૨૫]* વળી કેટલાએક યોગીઓ; આત્માને ધારણાવિષયક મૂર્તસ્વરૂપે (શ્રીકૃષ્ણાદિ રૂપે) ઉપાસે છે, કેટલાએક સગુણ સ્વરૂપે ઉપાસે છે અને કેટલાએક નિર્ગુણસ્વરૂપે ઉપાસે છે. તેમાંનું આ નિર્ગુણ સ્વરૂપ અક્ષર અથવા અપરિણામી કહેવાય છે અને 'વિદ્યુત' એવા નામથી વેદમાં વર્ણવેલું છે.[૨૬] તપશ્ચરણથી પાપને બાળી નાખનારા આ સર્વ મહાત્માઓ અંતકાળે બ્રહ્મનેજ પ્રાપ્ત કરે છે અને ક્રમે ક્રમે અથવા તત્કાળ પરમ ગતિને પામે છે.[૨૭] જે ઉપાસકો સગુણ બ્રહ્મની ઉપાસના કરે છે, તેઓએ તે સગુણ બ્રહ્મની ઉપાધિભૂત એવા સૂક્ષ્મ અંશનેજ સગુણ નિર્ગુણ એવા ભેદના કારણતરીકે શાસ્ત્રદષ્ટિથી જાણી લઇને તે અંશનો ત્યાગ કરવો જોઈએ; અને જેને દેહાદિકનો સંબંધ નથી, એવા ઉપાધિશૂન્ય તત્ત્વનેજ સર્વશ્રેષ્ઠ જાણવું જોઇએ. જે યોગીએ સર્વ કર્મોનો સંન્યાસ કર્યો છે, જેનું ચિત્ત કેવળ ધારણામાંજ આસક્ત થયેલું છે, જેનો સ્થૂલદેહસંબંધી અધ્યાસ નાશ પામ્યો છે અને જેને એવું જ્ઞાન થયેલું હોય છે કે, 'હું સ્થૂલદેહથી ભિન્ન છું" તે યોગી પુરુષ, હૃદયાકાશથી પેલીપાર રહેલા જીવ અથવા ઈશ્વરસ્વરૂપ થઈ જાય છે, એમ સમજવું; પણ જે પુરુષોનું ચિત્ત વેદોક્ત ઉપાસના કરવામાં આસક્ત થયેલું હોય છે, તેઓ આ મનુષ્યશરીરથી મુક્ત થઈ જાય છે અને પછી ક્રમે ક્રમે રજોગુણથી રહિત થઇને તથા બ્રહ્મસ્વરૂપ થઇને પરમ ગતિને પામે છે.

આ પ્રમાણે વેદવેત્તા પુરુષોએ કેવળ એક બ્રહ્મજ જેનું પ્રાપ્તિસ્થાન છે, એવો મોક્ષધર્મ કહ્યો છે,[૨૮,૩૦] જેથી પોતાના જ્ઞાનપ્રમાણે બ્રહ્મનું ઉપાસન કરનારા સર્વ મનુષ્યો મોક્ષને પામેજ છે અને જેઓને રાગાદિ દોષવિનાનું અચળ જ્ઞાન ઉત્પન્ન થાય છે, તેઓ પણ પોતાના વૈરાગ્યપ્રમાણે શ્રેષ્ઠ લોકોને પામે છે અને પછી ક્રમે ક્રમે મુક્તિપદને પણ પામે છે;[૩૧] તેમજ જેઓનું સર્વ અંતઃકરણ શુદ્ધ થયેલું હોય છે અને જેઓ સર્વ આશાઓનો ત્યાગ કરીને કેવળ જ્ઞાનમાંજ તૃપ્ત રહે છે, તેઓ અજન્મા, દિવ્ય અને અવ્યક્તસંજ્ઞક શ્રીવિષ્ણુ ભગવાનના સ્વરૂપને પામે છે.[૩૨] વળી આવા અવિકારી પુરુષો, સર્વના અંતર્યામી શ્રીહરિનું જ્ઞાન મેળવીને પુનઃ સંસારમાં

×આવા ઇંદ્રિય ઉપાસક યોગીઓ પરબ્રહ્મને પામી શકતા નથી, પણ બ્રહ્મલોકસુધીજ જઇ શકે છે.

× જેમ કઠોપનિષદ્માં કહ્યું છે કે,

“ इन्द्रियेभ्यः पराह्यर्था अर्थेभ्यश्च परं मनः।
मनसस्तु पराबुद्धिर्बुद्धेरात्मा महान् परः ॥
महतः परमव्यक्तमव्यक्तात्पुरुषः परः ।
पुरुषान्न परं किंचित् सा काष्ठा सा परा गतिः॥

ઈંદ્રિયોથી વિષયો પર [શ્રેષ્ઠ] છે, વિષયોથી મન પર છે, મનથી બુદ્ધિ પર છે, બુદ્ધિથી મહત્તત્ત્વ પર છે, મહત્તત્ત્વથી અવ્યક્ત [પ્રકૃતિ] પર છે અને અવ્યક્તથી પુરુષ પર છે. આ પુરુષનાથી પર-શ્રેષ્ઠ એવી કોઇ પણ વસ્તુ નથી, જેથી તે સર્વની પારાકાષ્ઠા છે. આ શાસ્ત્રીય ક્રમને અનુસરીને યોગી પુરુષ, સૌનાથી પર રહેલા પરમ પુરુષનેજ સાક્ષાત્કાર કરવા યત્ન કરે છે.

પાછા ફરતા નથી; પણ અક્ષર અને અવિકારી એવા તે પરમસ્થાનને પ્રાપ્ત કરીને તેઓ નિત્ય આનંદમગ્ન રહે છે.[૩૩] બસ, આટલુંજ વિજ્ઞાન અથવા જ્ઞેય તત્ત્વ છે, છતાં આ અનિર્વચનીય જગત તૃષ્ણાને લીધે બદ્ધ થઈને ચક્રની પેઠે પરિવર્તન પામ્યા કરે છે! (માટે મુમુક્ષુ પુરુષે જગતને મિથ્યા જાણવું અને તૃષ્ણાનો ત્યાગ કરવો.)[૩૪] જેમ કમળના દાંડલાનો તંતુ આખા દાંડલામાં વ્યાપી રહ્યો હોય છે, તેમ અનાદ્યનંત એવો તૃષ્ણારૂપી તંતુ પ્રાણીના સર્વ શરીરમાં વ્યાપી રહ્યો છે.[૩૫] જેમ વસ્ત્રને તુનનારો એક પુરુષ સોયમાં દોરો પરોવીને વસ્ત્રમાં તેને ભરી દે છે, તેમ સંસારરૂપી દોરો તૃષ્ણારૂપી સોયમાં પરોવાયો છે. (આખા શરીરમાં ભરી દેવામાં આવ્યો છે.)[૩૬] માટે જે પુરુષ તૃષ્ણાનો ત્યાગ કરીને પ્રકૃતિનું, તેના વિકારોનું તથા સનાતન પુરુષનું (આત્માનું) યથાવત્ જ્ઞાન સંપાદન કરે છે, તે પુરુષ આ સંસારસૂત્રમાંથી મુક્ત થાય છે.[૩૭] જગતની ગતિરૂપ ભગવાન નારાયણ ઋષિએ પ્રાણીઓપર કૃપા કરીને આ મોક્ષસાધનને સ્પષ્ટરીતે કહ્યું છે.[૩૮]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"વાર્ષ્ણેય અધ્યાત્મકથન" એ વિષયનો
અધ્યાય ૨૧૭ મો સમાપ્ત.

અધ્યાય ૨૧૮ મો

જનકપંચશિખસંવાદ-નાસ્તિક મતનું ખંડન

॥ युधिष्ठिर उवाच ॥
केनवृत्तेन वृत्तज्ञ जनको मिथिलाधिपः ॥
जगाम मोक्षं मोक्षज्ञो भोगानुत्सृज्य मानुषान् ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે ઇતિહાસને જાણનારા પિતામહ! મોક્ષને જાણનારો મિથિલાનો રાજા જનક, કેવા આચરણથી મનુષ્યભોગોનો ત્યાગ કરીને મોક્ષને પામ્યો હતો?"[૧]

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! આ વિષયમાં એક પ્રાચીન ઈતિહાસ કહેવાય છે. તેમાં ધર્મને જાણનારો જનક રાજા, જે આચરણથી મહાન સુખને (મોક્ષને) પામ્યો હતો, તેનું વર્ણન કરેલું છે.[૨] પૂર્વે, મનુષ્યોમાં દેવસરખો રાજા જનક મિથિલા નગરીમાં રાજ્ય કરતો હતો. તે રાજા બ્રહ્મને પ્રાપ્ત કરાવનારા ધર્મોનું ચિંતન કરવામાં સદાય તત્પર રહેતો હતો.[૩] તેના રાજમહેલમાં નિરંતર સો ધર્માચાર્યો નિવાસ કરતા હતા, જેઓ જૂદા જૂદા આશ્રમોમાં વસનારા હોઇને રાજાને જૂદા જૂદા ધર્મોનો ઉપદેશ કરતા હતા;[૪] પરંતુ રાજા જનક વૈદિક માર્ગને અનુસરનારો હતો, જેથી આત્મતત્ત્વસંબંધમાં તે આચાર્યોના જૂદા જૂદા મતને લીધે અત્યંત સંતુષ્ટ થતો ન હતો; (કેમકે તેઓમાંના કેટલાએક કહેતા હતા કે, દેહનો નાશ થયા પછી આત્માનો પણ નાશ થાય છે અને કેટલાએક કહેતા હતા કે, મરણસમયે દેહનોજ નાશ થાય છે, પણ આત્માનો નાશ થતો નથી. આત્મા તો બીજા જન્મને ધારણ કરે છે. ઇત્યાદિ.)[૫] હવે, તે સમયે કપિલા નામની બ્રાહ્મણીના પુત્ર મહામુનિ પંચશિખ, આખી પૃથ્વીમાં ફરતા ફરતા તે મિથિલા નગરીમાં જઈ ચઢ્યા.[૬] તે મહામુનિએ સર્વ સંન્યાસધર્મોના તાત્ત્વિક જ્ઞાનનો નિર્ણય કરીને તેના પ્રયોજનનો પણ સારી રીતે નિશ્ચય કર્યો હતો અને સુખદુઃખાદિ દ્વંદ્વોનો તથા સર્વ પ્રકારના સંશયોનો તેમણે નાશ કર્યો હતો.[૭] વળી તે કાળના ઋષિઓમાં તથા મનુષ્યોમાં તે એકજ સર્વ કામનાઓથી મુક્ત હતા અને મહાદુર્લભ એવા સનાતનસુખનીજ અત્યંત ઇચ્છા રાખતા હતા.[૮] સાંખ્યશાસ્ત્રના આચાર્યો, જે મહર્ષિને પ્રજાપતિ કપિલ કહે છે, તેમનાજ સ્વરૂપે તે પંચશિખ મુનિ જગતને વિસ્મય પમાડી રહ્યા હતા, એમ હું પોતે માનું છું.[૯] ઇતિહાસવેત્તાઓ કહે છે કે, તે પંચશિખ મુનિ, આસુરિ નામના ઋષિના ચિરંજીવી પ્રથમ શિષ્ય હતા, કે જે પંચશિખ મુનિએ, એક હજાર વર્ષપર્યંત માનસિક યજ્ઞ કર્યો હતો.[૧૦] તેમનું મન, ઊહાપોહ કરવામાં ઘણું કુશળ હતું, તેમણે શત-

પથ બ્રાહ્મણમાં કહેલો પંચરાત્ર યજ્ઞ કરીને કૃતકૃત્યપણું પ્રાપ્ત કર્યું હતું અને કપિલમતાનુયાયી મહાન ઋષિમંડળને પોતાની સમીપમાં બેસાડીને તેમણે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો.[૧૧] વળી તે મહામુનિ અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય–એ પાંચે કોશોને જાણતા હતા અને તેથીજ તે પાંચે કોશોના સંબંધનાં શાસ્ત્રીય ઉપાસનોને તે કરતા હતા; તેમજ શમ, દમ, ઉપરમ, તિતિક્ષા અને સમાધાન–એ પાંચ ગુણોને તે ધારણ કરતા હતા તથા પંચકોશની શિખાસમાન પરબ્રહ્મને તેમણે જાણ્યા હતા, તેથી તેમનું "પંચશિખ" એવું નામ પ્રસિદ્ધ થયું હતું. આ પંચશિખ મુનિએ, પાંચ કોશોના આશ્રયભૂત અવ્યક્ત પુરુષ (આત્મા) નું તાત્ત્વિક સ્વરૂપ ઋષિઓને સમજાવ્યું હતું.[૧૨] એક સમયે તે મહામુનિએ આત્મજ્ઞાન સંપાદન કરવા માટે પોતાના ગુરુ આસુરિ મુનિને પૂછ્યું હતું, જેથી (તેમના કહેવા ઉપરથી તપશ્ચર્યા કરીને)તેમણે દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત કરી હતી અને પછી ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞના સ્પષ્ટ સ્વરૂપને જાણ્યું હતું.[૧૩] તેમના ગુરુ આસુરિને તો જે એકાક્ષર (ૐકાર) રૂપ પરબ્રહ્મ અવિકારી હોઇને અનેક સ્વરૂપે જગતમાં દેખાય છે, તેનું યથાર્થ જ્ઞાન તે કાળના ઋષિમંડળમાં (પ્રથમથીજ) થયું હતું.[૧૪] મુનિ પંચશિખ, એ આસુરિ મુનિના શિષ્ય હતા અને કપિલા નામની બ્રાહ્મણીનું પયઃપાન કરીને મોટા થયા હતા. તે મુનિ બ્રાહ્મણી કપિલાના પુત્ર હતા, જેથી તેમણે તે સ્ત્રીનું સ્તનપાન કરીને "કાપિલેય" એવું નામ તથા બ્રહ્મનિષ્ઠ બુદ્ધિ પ્રાપ્ત કરી હતી.[૧૫,૧૬] આ પંચશિખ મુનિની ઉત્પત્તિ તથા તેમને પ્રાપ્ત થયેલું " કાપિલેય "એવું નામ અને સર્વોત્તમ સર્વજ્ઞપણું–વગેરેના સંબંધની કથા, ભગવાન માર્કંડેયે તથા સનત્કુમારે મને કહી હતી.[૧૭]

ધર્મજ્ઞ મુનિ પંચશિખ, રાજા જનકને સર્વ આચાર્યો ઉપર સમાનબુદ્ધિ રાખનારો જાણીને તેની પાસે આવ્યા અને તેને ઉત્તમ જ્ઞાનનો ઉપદેશ આપ્યો. પછી તેમણે પોતાના હેતુવાદોથી; ત્યાં રહેલા સોયે આચાર્યોને મોહિત કરી નાખ્યા.[૧૮] રાજા જનક પંચશિખ મુનિનાં દર્શન કરીને તેમનો ભક્તજ બની ગયો અને પેલા સોયે આચાર્યોનો ત્યાગ કરીને કેવળ તેમનીજ પાછળ ફરવા લાગ્યો.[૧૯] પછી પંચશિખ મુનિએ, મહાસમર્થ અને ધર્માનુસાર નમ્ર રહેનારા રાજા જનકને સર્વોત્તમ એવા મોક્ષધર્મનો ઉપદેશ આપ્યો, જેનું ઉપનિષદોમાં અપૂર્વ વર્ણન છે.[૨૦] તેમણે પ્રથમ, જન્મથી વૈરાગ્ય પામવાનો જનકને ઉપદેશ આપ્યો, પછી યજ્ઞાદિ કર્મથી વૈરાગ્ય પામવાનો ઉપદેશ આપ્યો અને પછી બ્રહ્મલોકસુધીના સર્વ લોકથી વૈરાગ્ય પામવાનો ઉપદેશ આપ્યો.[૨૧] વળી તેમણે કહ્યું કે, જેના મોહને લીધે મનુષ્ય ધર્મનો સંસર્ગ કરે છે અને યજ્ઞાદિ કર્મોનાં ફળતરીકે જેની આકાંક્ષા રાખે છે, તે સર્વ દેહાદિક પદાર્થો વિશ્વાસ કરવાને અયોગ્ય છે, નાશવંત છે, ચંચળ છે અને અનિશ્ચિત છે.[૨૨] (કેટલાએક ચાર્વાક મતાનુયાયીઓ કહે છે કે,) ×" આ દેહરૂપ આત્માનો નાશ, લોકોની સાક્ષીમાં પ્રત્યક્ષ રીતે જોવામાં આવે છે; છતાં (કેટલાએક આત્મવાદીઓ) વેદશાસ્ત્રોનાં પ્રમાણો આપીને કહે છે કે, 'આત્મા, દેહથી ભિન્ન એવો એક સ્વતંત્ર પદાર્થ છે.' પણ તેઓ (અમારાં પ્રત્યક્ષ પ્રમાણથી) પરાજિતજ થયા છે.[૨૩] વળી દેહના સ્વરૂપનો જે અભાવ તેજ આત્માનું મૃત્યુ છે; અને ક્લેશ, વૃદ્ધાવસ્થા તથા રોગો–એ બધા આત્માના સ્વરૂપનો નાશ કરનારાજ છે, છતાં કેટલાએક (આત્મવાદીઓ,) પોતાના મોહને લીધે આત્મવસ્તુને દેહથી ભિન્ન માને છે; પણ તેઓનો એ મત (પ્રત્યક્ષ પ્રમાણથી જોતાં) યોગ્ય લાગતો નથી.[૨૪] (વેદમાં કહ્યું છે કે, "સ્વર્ગની ઇચ્છા રાખનારાએ યજ્ઞ કરવો" પણ તેનું તાત્પર્ય એટલુંજ છે કે, જેમ કોઇએક રાજાને આશીર્વાદ આપવામાં આવે છે કેઃ–"આ રાજા અજર થાઓ, અમર થાઓ." પણ તેથી રાજા અજરે થતો નથી

× અહીંથી આરંભીને છેક ૨૯મા શ્લોક સુધીમાં નાસ્તિક મતનું નિરૂપણ કર્યું છે, એ વાત લક્ષ્યમાં રાખવી.

અને અમરે થતો નથી. માત્ર તે તો એક ઔપચારિક વચન છે; તેજ પ્રમાણે વેદનાં ફલદર્શક વચનો પણ કેવળ +ઔપચારિકજ છે, કેમકે) જે સ્વર્ગાદિ વસ્તુ જગતમાં ક્યાંય છેજ નહિ, તેને પણ "છે" એમ માનવામાં આવે તો પછી માત્ર ઔપચારિક વચનો કહેવાથી રાજા પણ અજરામર થવો જોઇએ. (માટે તે ઉપરથી સિદ્ધ થાય છે કે, સ્વર્ગાદિ પરલોક છેજ નહિ અને તે પારલૌકિક ફળને ભોગવનારો શરીરથી જૂદો આત્મા પણ નથી.)[૨૫] આત્મા હશે કે નહિ ? આવો જ્યારે સંશય ઉભો થાય છે, ત્યારે તેની સત્તા(હોવાપણું)ને સિદ્ધ કરનારૂં કોઇ પણ લક્ષણ જોવામાં આવતું નથી; તોપછી કયા આધારે અગ્નિહોત્રાદિ વ્યવહારનો નિશ્ચય કરી શકાય? અર્થાત નજ કરી શકાય. (કહેવાનો ભાવ એ છે કે, અનુમાનપ્રમાણથી પણ આત્માની સિદ્ધિ થઇ શકતી નથી.[૨૬]) અનુમાન અને શાસ્ત્ર-એ બન્નેનું મૂળ પ્રત્યક્ષજ છે; પરંતુ શાસ્ત્ર જ્યારે પ્રત્યક્ષપ્રમાણથી વિરુદ્ધ પડે ત્યારે અનુમાનપ્રમાણ તો નકામુંજ થઇ પડે છે;[૨૭] માટે અનુમાનદ્વારા આત્માને શરીરથી ભિન્ન માનવાની ભાવના કરવાની કંઇ જરૂરજ નથી; કેમકે પૂર્વોક્તરીતે અનુમાનને પ્રમાણતરીકે મનાયજ નહિ; માટે નાસ્તિકોના મતમાં સિદ્ધ થાય છે કે, જીવ શરીરથી ભિન્ન નથી.[૨૮] જેમ એક વડના બીજમાં વડનું વૃક્ષ, તેનાં પાંદડાં, પુષ્પ, ફળ, મૂલ, છાલ વગેરે સર્વ રૂપરસાદિ પદાર્થો પ્રથમથીજ સૂક્ષ્મરૂપે અંતર્હિત રહેલા હોય છે, તેમ વીર્યમાં પણ મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત અને શરીરનો આકાર-વગેરે સર્વ ગુણો પ્રથમથીજ સૂક્ષ્મરૂપે અંતર્હિત રહેલા હોય છે; માત્ર પાછળથી તે તે ગુણો તેમાંથી પ્રકટજ થાય છે. અથવા જેમ એક ગાય ઘાસ તથા જળનો ઉપભોગ કરે છે જેથી દૂધ, ઘી વગેરે જૂદા જૂદા સ્વભાવના પદાર્થો ઉત્પન્ન થાય છે, તેમ સ્ત્રીએ ધારણ કરેલા વીર્યમાંથી શરીર તથા ચૈતન્ય વગેરે ભિન્ન ભિન્ન સ્વભાવના પદાર્થો ઉત્પન્ન થાય છે; અથવા જેમ ચાર પાંચ ઔષધિઓને સાથે કૂટીને એકત્ર કરી રાખવાથી બે ચાર દિવસમાં તેની અંદર માદક શક્તિ ઉત્પન્ન થાય છે, તેમ વીર્ય અને ભૂતોનો અમુક કાળપર્યંત એકત્ર સંયોગ થવાથી ચૈતન્યની ઉત્પત્તિ થાય છે; અથવા જેમ બે કાષ્ઠનું સાથે સંઘર્ષણ થવાથી તેને પ્રકાશ કરનારો અગ્નિ ઉત્પન્ન થાય છે, તેમ વીર્ય અને ભૂતોનો એકત્ર સંયોગ થવાથી તેને પ્રકાશ કરનારૂં ચૈતન્ય ઉત્પન્ન થાય છે. આ રીતે બે જડવસ્તુનો સંયોગ થવાથી એક ચૈતન્યવસ્તુ ઉત્પન્ન થાય છે. એ વિષયમાં તર્કશાસ્ત્રીઓએ માનેલું દૃષ્ટાંત અવશ્ય અનુકૂલ થઇ પડશે. જેમકે, જડ એવા પણ આત્મા અને મનના સંયોગથી ચૈતન્યરૂપ સ્મરણશક્તિ ઉત્પન્ન થાય છે, તેમજ જડ એવાં પણ વીર્ય અને ભૂતોના સંયોગથી ચૈતન્યશક્તિ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે ચૈતન્ય જેવું ઉત્પન્ન થાય છે, કે તુરતજ લોહચુંબક જેમ લોઢાને ચલાયમાન કરે છે, તેમ (એ ચૈતન્ય) ઇંદ્રિયાદિ સમુદાયને ચલાયમાન કરે છે. જેમ સૂર્યનાં કિરણો, સૂર્યકાંતમણિ સાથેજ સંબંધમાં આવીને અગ્નિને ઉત્પન્ન કરે છે, તેમ પંચ મહાભૂતો પણ વીર્યની સાથે સંબંધમાં આવીને ચૈતન્યને ઉત્પન્ન કરે છે. વળી જેમ અગ્નિ, જળનું શોષણ કરનાર છે, તેમ વીર્ય અને ભૂતોના સમુદાયરૂપ બનેલું શરીરજ સુખદુઃખાદિ ધર્મને ભોગવનાર છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે, શરીરથી જૂદો જીવ નામનો કોઇ પદાર્થજ નથી."[૨૯] (આ નાસ્તિક મતનું ખંડન આ પ્રમાણે છે.) દેહ જ્યારે મરણ પામે-

---

+ વેદોક્ત ફલદર્શક વચનો કેવળ વ્યર્થજ છે અને તેવાં વચનોથી પ્રચલિત થયેલાં અગ્નિહોત્રાદિ કર્મો પણ મિથ્યાજ છે. આવા આશયને સૂચવનારો એક શ્લોક નાસ્તિકોએ રચી કાઢ્યો છેઃ-

अग्निहोत्रं त्रयीधर्मस्त्रिदंडं भस्मगुंठनम् ।
बुद्धि पौरुषहीनानां जीविकेति बृहस्पतिः ॥

બૃહસ્પતિ કહે છે કે, અગ્નિહોત્રાદિ વૈદિક ધર્મ, સંન્યાસ અને શરીરે રાખોડી ચોળવી-એ બધાં બુદ્ધિ અને પુરુષાર્થવિનાના મનુષ્યોનાં આજીવિકાનાં સાધનો છે.

છે, ત્યારે તેમાંથી ચૈતન્યનો નાશ થાય છે. (જેથી સિદ્ધ થાય છે કે, દેહસિવાયનો બીજો કોઇ ચૈતન્ય પદાર્થ છે અને તે જ્યારે દેહનો ત્યાંગ કરે છે, ત્યારે શરીર નિશ્ચેષ્ટ થઇ પડે છે-અર્થાત જો દેહજ ચેતન હોય તો મરણ પછી પણ તેની અંદર ચૈતન્ય જોવામાં આવવું જોઇએ; માટે જણાય છે કે, ચૈતન્ય એ દેહનો ધર્મ નથી.) વળી કેટલાએક(ચાર્વાક જેવા) નાસ્તિકો પણ શીતજ્વર વગેરેને દૂર કરવા માટે મંત્રપ્રતિપાદ્ય દેવતાનું પૂજન અર્ચન કરે છે તેનું કેમ ? (જો તેઓ જે દેવતાનું સેવન કરે છે, તે કેવળ ભૂતમય હોય તો ઘટ આદિ ભૌતિક પદાર્થોની પેઠે દૃષ્ટિગોચર થવી જોઇએ, કેમકે નાસ્તિકોએ, એ વાતનો સ્વીકારજ કર્યો નથી કે, સૂક્ષ્મશરીર, બીજા લોકમાં સંચાર કરવા માટે યોગ્ય છે ! વળી લોકમાં પણ એક પ્રત્યક્ષ દૃષ્ટાંત મળી આવે છે કે, કોઈએક મનુષ્યના શરીરમાં જ્યારે ભૂતનો પ્રવેશ થાય છે, ત્યારે તેના શરીરને પ્રહાર કર્યા છતાં પણ તેને પોતાને પીડા થતી નથી, પણ તેના શરીરમાં દાખલ થયેલા ભૂતનેજ પીડા થાય છે; કારણ કે તે સમયે તેના દેહનો અભિમાની ભૂત હોય છે અને પછી જ્યારે તેના શરીરમાંથી ભૂત નીકળી જાય છે, ત્યારે તેને પોતાનેજ પીડા થાય છે. હવે, નાસ્તિકોના કહેવા પ્રમાણે જો દેહજ આત્મા હોય તો પૂર્વોક્ત અનુભવ પ્રમાણે સ્પષ્ટ વિરોધજ છે; માટે સિદ્ધ થાય છે કે, શરીરથી ભિન્ન એવું આત્મતત્ત્વ છેજ.) વળી એવો એક સિદ્ધાંત છે કે, કરેલાં કર્મોને ભોગવ્યા સિવાય તેઓનો નાશ થતો નથી અને નહિ કરેલાં કર્મ કદી પ્રાપ્ત થતાં નથી; પરંતુ જો દેહનેજ આત્મા માનવામાં આવે તો આ સિદ્ધાંત સાથે વિરોધજ આવે છે, કેમકે શરીરનો નાશ થાય તેની સાથે કર્મનો પણ નાશ થઈ જાય અને શરીરની ઉત્પત્તિ સાથે નહિ કરેલાં કર્મ પણ આવી મળે; માટે નિશ્ચય થાય છે કે, શરીર આત્મા નથી.[30] (વળી નાસ્તિકો કહે છે કે, બે જડ વસ્તુઓનો સંયોગ થતાં ચૈતન્યવસ્તુ ઉત્પન્ન થાય છે; પણ તેમ કહેવું તે યોગ્યજ નથી કારણ કે,) તેઓએ કાષ્ઠ વગેરે જે હેતુઓ દર્શાવ્યા છે, તેમાંથી અગ્નિ વગેરે જડ પદાર્થોજ ઉત્પન્ન થાય છે અને તેઓના કહેવા પ્રમાણે મૂર્ત પદાર્થમાંથી પણ જો અમૂર્ત પદાર્થ ઉત્પન્ન થતો હોય તો પૃથ્વી આદિ ચાર મૂર્ત ભૂતોમાંથી આકાશરૂપ અમૂર્ત ભૂતની ઉત્પત્તિ થવી જોઇએ. વળી કાર્યનું કારણની સાથે સરખાપણું, કેવળ માટી-ઘડા વગેરે મૂર્ત કાર્યકારણમાંજ સંભવી શકે છે; પણ પરસ્પર અત્યંત વિલક્ષણ એવા મૂર્તઅમૂર્ત પદાર્થમાં સંભવી શકતું નથી-અર્થાત્ મૂર્ત વીર્ય અને મૂર્ત ભૂતોનો સંયોગ, અમૂર્ત ચૈતન્યને કદી ઉત્પન્ન કરી શકેજ નહિ.[31]

(એ પ્રમાણે ચાર્વાક જેવા નાસ્તિકોના મતનું ખંડન કરીને બૌદ્ધ જેવા ક્ષણિક વિજ્ઞાનવાદીઓના મતનું ખંડન કરવામાટે પ્રથમ તેઓના મતનો ઉપન્યાસ કરે છે.) કેટલાએક મતાંતરવાદીઓ કહે છે કે, અવિદ્યા, કર્મો, ચેષ્ટા, લોભ, મોહ અને દોષોનું સેવન-તેજ પુનર્જન્મનું કારણ છે. [32] તેઓ કહે છે કે, અવિદ્યા એ ક્ષેત્ર છે, પૂર્વે કરેલાં કર્મો તે એ ક્ષેત્રમાં ઉગી નીકળનારાં બીજ છે અને તૃષ્ણા તે એ બીજોને ઉગાડનારૂં જળ છે. આ રીતે તે અવિદ્યા, કર્મ અને તૃષ્ણાને લીધેજ પુનઃ પુનઃ જન્મમરણ થયા કરે છે.[33] વળી તેઓ કહે છે કે, જ્યાંસુધી એ અવિદ્યા વગેરેનો સમુદાય ગૂઢપણે રહેલો હોય છે, ત્યાંસુધી એક દેહનો નાશ થયા છતાં પણ પુનઃ તેમાંથી બીજો દેહ ઉત્પન્ન થાય છે; પરંતુ જ્ઞાનદ્વારા તે અવિદ્યા વગેરેના સમુદાયને બાળીને ભસ્મ કરી નાખવામાં આવે છે, ત્યારે દેહના નાશ પછી મોક્ષજ થઇ જાય છે.[34]

(એ પ્રમાણે તે મતનો ઉપન્યાસ કરીને હવે, તેનું ખંડન કરે છે.) જો તે ક્ષણિક વાદીઓના મતમાં સ્વરૂપવિજ્ઞાન, જાતિવિજ્ઞાન, પુણ્યપાપવિજ્ઞાન તથા બાહ્યવિજ્ઞાન, એ સર્વ વિજ્ઞાનો અન્યોન્યથી ભિન્ન હોઈને કેવળ ક્ષણિકજ છે તો પછી એકજ પુરુષને ભોગ-મોક્ષ વગેરેની અનુસંધાનપૂર્વક પ્રાપ્તિ કેવી રીતે થાય? (અર્થાત તેઓના ક્ષણિકવાદ મત પ્રમાણે એકનો એકજ

પુરુષ મુમુક્ષુ અવસ્થામાં જૂદો ગણાશે, સાધનાવિષ્ટ અવસ્થામાં જૂદો ગણાશે અને મુક્ત અવસ્થામાં પણ જૂદો ગણાશે ! આ રીતે કોઇપણ વિષયમાં એક એકતું અનુસંધાન રહેશે નહિ.) × જેથી દાન, વિદ્યા, તપ અને બલ સંપાદન કરીને પણ મનુષ્યને શી પ્રીતિ પ્રાપ્ત થવાની ? કેમકે તેણે જે જે કર્મ આચર્યું હશે, તેનું તેનું ફળ તો બીજા કોઇનેજ પ્રાપ્ત થવાનું.[૩૬] વળી એ ક્ષણિકવાદ પ્રમાણે એકે કરેલાં પુણ્યથી બીજો સુખી થવાનો તથા એકે કરેલાં પાપથી બીજો દુઃખી થવાનો; એટલુંજ નહિ પણ તેઓના એ મત પ્રમાણે દૃશ્ય અદૃશ્ય–સર્વ પદાર્થોના સંબંધમાં એવો વિપરીતજ નિર્ણય થવાનો.[૩૭] જેમકે, એક શરીરને મુસલના પ્રહારોથી છુંદી નાખવામાં આવે તોપણ તેમાંથી બીજું નવું શરીર ઉત્પન્ન થવું જોઇએ; કેમકે તેઓની એવી માન્યતાજ છે કે, એક જ્ઞાનનો નાશ થયા પછી બીજું નવું જ્ઞાન ઉત્પન્ન થાયજ છે, જેથી એક શરીરનો નાશ થયા પછી પણ બીજું નવું શરીર ઉત્પન્ન થવુંજ જોઇએ. (પરંતુ તેમ કંઈ થતું નથી, એ ઉપરથી સિદ્ધ થાય છે કે, વિજ્ઞાનવાદીઓએ ગપોડાજ હાંકી દીધા છે.)[૩૮] તેઓના ક્ષણિકવાદ પ્રમાણે તેઓનો મોક્ષ પણ તેવોજ હોવો જોઇએ કે, ઋતુઓ, સંવત્સરો, યુગો, શીતકાળ, ઉષ્ણકાળ, પ્રિય અને અપ્રિય વગેરેની જેમ ઉત્પત્તિ અને નાશ થયા કરે છે, તેમ તેઓનો મોક્ષ પણ પુનઃ પુનઃ આવીને નિવૃત્ત થતો હોવો જોઈએ; કારણ કે " **सर्वं वस्तु क्षणिकम्** " એ ન્યાય પ્રમાણે જ્ઞાનધારાઓ પણ અનંતજ થઇ પડશે. (આ રીતે ક્ષણિક વિજ્ઞાનવાદ અનેક દોષોથી ગ્રસ્ત હોવાને લીધે યુક્તિયુકત નથી.)[૩૯] (કેટલાએક તર્કશાસ્ત્રીઓ કહે છે કે, વિજ્ઞાન ભલે ક્ષણિક હોય, તોપણ વિજ્ઞાનનો આશ્રય આત્મા તો સ્થિરજ છે. આ તર્કમત પણ યોગ્ય નથી; કેમકે) કોઇએક જીર્ણ થયેલા ઘરના નબળા નબળા ભાગોનો પ્રથમ નાશ થવાથી અંતે આખા ઘરનો પણ જેમ નાશ થઈ જાય છે, તેમ વૃદ્ધાવસ્થા અને સર્વનો નાશ કરનારા મૃત્યુથી ઘેરાયલા આત્માના વિજ્ઞાનોનો પ્રથમ નાશ થયા પછી તેનો પોતાનો પણ નાશ થઈ જશે. (કેમકે એવો સિદ્ધાંત છે કે, ધર્મમાં કોઈ જાતનો વિકાર થતાં તેના આશ્રયભૂત ધર્મીમાં પણ અવશ્ય વિકાર થાયજ છે અને તેથીજ વિજ્ઞાનરૂપ ધર્મના આશ્રયભૂત આત્માનો પણ નાશરૂપ વિકાર અવશ્ય થવોજ જોઇએ.)[૪૦] (કદાચ તમે કહેશો કે, ધર્મ અનિત્ય હોય તોપણ આકાશાદિકની પેઠે તેના આશ્રયનો નાશ થતો નથી. આમ કહેવું તે પણ ઠીક નથી; કેમકે) ઇંદ્રિયો, મન, વાયુ, રુધિર, માંસ અને હાડકાંનો અનુક્રમે નાશ થાયજ છે અને તેઓ પોતપોતાની

× બૌદ્ધોનો અથવા ક્ષણિક વિજ્ઞાનવાદીઓનો મુખ્યત્વે કરીને એજ મત છે કે, "**सर्वं क्षणिकम् क्षणिकम्**"–જગતના સર્વ પદાર્થો કેવળ એક ક્ષણભર રહેનારા છે, અર્થાત એક વસ્તુ ઉત્પન્ન થઇ કે તુરતજ તેનો નાશ થઇ જાય છે અને તેમાંથી તેના જેવીજ બીજી વસ્તુ ઉત્પન્ન થાય છે. આ રીતે પ્રત્યેક ક્ષણે પદાર્થની ઉત્પત્તિ અને નાશ થયાજ કરે છે; તેમજ તેઓના મતમાં વિજ્ઞાન પણ એ પ્રકારનુંજ છે. એક આલયવિજ્ઞાન અને બીજું પ્રવૃત્તિવિજ્ઞાન અથવા બાહ્યવિજ્ઞાન. તેમાં '**अहं**' એવું જે જ્ઞાન થાય છે તે આલયવિજ્ઞાન છે અને રૂપાદિ ગુણોથી યુક્ત એવા બાહ્યપદાર્થોનું જે જ્ઞાન થાય છે, તે પ્રવૃત્તિવિજ્ઞાન અથવા બાહ્યવિજ્ઞાન છે; અને તે બન્ને વિજ્ઞાનો પણ ક્ષણિકજ છે–પ્રત્યેક ક્ષણે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. હવે આ મત પ્રમાણે જો સર્વકંઇ ક્ષણિક છે તો પછી ભોગ, મોક્ષ વગેરે પદાર્થો એકજ મનુષ્યને કેવી રીતે મળી શકશે ? વળી એકજ મનુષ્યને એક ક્ષણે જોયા પછી બીજી ક્ષણે કેવી રીતે ઓળખી શકાશે? સિવાય એક શરીરથી કરેલું કર્મ બીજા શરીરથી ભોગવવું પડશે; એક શરીરે સંપાદન કરેલું જ્ઞાન, બીજા શરીરને પ્રાપ્ત થશે અને મુમુક્ષુ, મુક્ત વગેરે જૂદા જૂદાજ ગણાશે. અર્થાત પ્રત્યેક વસ્તુ ક્ષણિક હોવાને લીધે કોઇના સંબંધમાં પણ અભેદ પ્રત્યભિજ્ઞાન થશે નહિ; કેમકે પૂર્વે જોયેલો પદાર્થ વર્તમાનકાળમાં ભિન્ન થઈ ગયેલો હશે અને એવી રીતેજ ભોગમોક્ષના સંબંધમાં પણ ઘણુંજ અવ્યવસ્થા ઉભી થશે.

ધાતુમાં મળી જાય છે.[૪૧] (વળી તમે કહેશો કે, આત્મા બુદ્ધિ આદિ ગુણોનો આશ્રય નથી પણ શુદ્ધ છે, અકર્તા છે અને અભોક્તા છે" આમ કહેવું તે પણ યોગ્ય નથી; કેમકે) આત્મા અકર્તા અને અભોક્તા હોય તો વેદોક્ત દાનધર્મ તથા તેનું ફળ વ્યર્થ થઇ પડે; એટલુંજ નહિ પણ વૈદિક વાક્યો તથા લૌકિક વ્યવહારો કેવળ આત્મસુખને માટેજ છે. (છતાં તેનો પણ ઉચ્છેદ થઇ જાય છે.)[૪૨] આ રીતે વાદીઓના મનમાં અનેક જાતના તર્કવિતર્કો ઉભા થાય છે, પરંતુ તેના સિદ્ધાંતતરીકે "અમુક વસ્તુ આમજ છે" એવો કોઇ જાતનો નિશ્ચય તેઓના જોવામાં આવતો નથી.[૪૩] આવા વાદીઓ, તે તે અનેક વિષયોમાં દોડ્યા જાય છે અને પછી તેઓની બુદ્ધિ અમુક એક વિષયની અંદરજ પ્રવેશ કરીને વૃક્ષની પેઠે ત્યાં ને ત્યાં જીર્ણ થઇ જાય છે.[૪૪] એ પ્રમાણે માવતો જેમ હાથીઓને આમતેમ ખેંચી જાય છે, તેમ અર્થ અને અનર્થભૂત એવા અનેક મતમતાંતરો, પ્રાણીઓને આમતેમ ખેંચી જાય છે; પણ તેથી અંતે તેઓ દુઃખીજ થાય છે.[૪૫] આ જગતમાં તેવા અનેક શુષ્ક જ્ઞાનવાળા પુરુષો, પોતાને અત્યંત સુખ પ્રાપ્ત થાય તેવા અર્થો સંપાદન કરવાની ઇચ્છા રાખે છે; પરંતુ (તેને મેળવવા જતાં) અતિ મહાન દુઃખ પ્રાપ્ત કરીને, પોતાના ઇચ્છિત અર્થનો ત્યાગ કરીને મૃત્યુના સપાટામાં સપડાઈ પડે છે.[૪૬] પોતાનું જીવિત અવશ્ય નાશવંત છે અને અસ્થિર છે, તો પછી પુરુષને પોતાના બાંધવોની સાથે તથા જૂદા જૂદા પરિગ્રહો સાથે શું પ્રયોજન છે? આમ સમજીને જે પુરુષ, એ સર્વનો એક ક્ષણમાં ત્યાગ કરીને ચાલ્યો જાય છે, તેને પુનઃ આ સંસારમાં આવવું પડતું નથી.[૪૭] આ શરીરને માટે પૃથ્વી, આકાશ, જળ, અગ્નિ અને વાયુ–એ પાંચે તત્ત્વો નિરંતર રાહ જોઇનેજ બેઠાં છે. (કે ક્યારે આ શરીર અમારામાં મળી જશે?) તેનો વિચાર કરીને કયા પુરુષને તેના ઉપર પ્રીતિ થાય? (અને એ પણ ખરૂંજ છે કે,) આ નાશવંત શરીર ઉપર મમતા રાખનારા પુરુષને લેશમાત્ર સુખ મળતું નથી."[૪૮]

(ભીષ્મે કહ્યું) રાજા જનક મહામુનિ પંચશિખનું એ નિષ્કપટ, છળવિનાનું, પરમ કલ્યાણકારક તથા આત્માનો સાક્ષાત્કાર કરાવનારૂં વચન સાંભળીને પરમ વિસ્મય પામ્યો અને પછી તેણે આ પ્રમાણે પૂર્વપક્ષ કરવાનો આરંભ કર્યો.[૪૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦પર્વમાં "પંચ-
શિખકૃત પાખંડખંડન" એ વિષયનો
અધ્યાય ૨૧૮ મો સમાપ્ત

અધ્યાય ૨૧૯મો

જનકપંચશિખસંવાદ—સાંખ્યશાસ્ત્ર

॥ भीष्म उवाच ॥

जनको जनदेवस्तु ज्ञापितः परमर्षिणा ॥
पुनरेवानुपप्रच्छ सांपराये भवाभवौ ॥ १ ॥

ભીષ્મે કહ્યું:–" હે યુધિષ્ઠિર ! મહર્ષિ પંચશિખે એ પ્રમાણે ઉપદેશ આપ્યો, એટલે રાજા જનકે મરણ થયા પછી સંસાર અથવા મોક્ષની પ્રાપ્તિ કેવી રીતે થાય છે, એ વિષે પ્રશ્ન કર્યો.[૧]

જનકે પૂછ્યું:–" હે ભગવન્ ! પ્રમાતા આદિ ભાવોથી મુક્ત થયા પછી મનુષ્યને જ્યારે મોક્ષપ્રાપ્તિ થાય છે, ત્યારે (સુષુપ્તિ અથવા મૂર્છાવસ્થાની પેઠે) કોઇ જાતનું વિશેષ જ્ઞાન રહેતું નથી. તો પછી જ્ઞાન મેળવીને કે અજ્ઞાની રહીને વિશેષ ફળ શું મેળવી શકાય છે? (અર્થાત્ કંઇજ નહિ)[૨] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! તમે જુઓ તો ખરા ! આ સર્વ યમનિયમાદિ કર્મો, કેવળ આત્મનાશને માટેજ હોયની, તેમ લાગે છે અને જો એમજ છે તો પછી પ્રમાદી કે અપ્રમાદી–હરકોઈ મનુષ્ય શું કરી શકે તેમ છે? (કેમકે, હરકોઇ મનુષ્યને ફળ તો એકસરખુંજ મળવાનું છે.)[૩] વળી મોક્ષ મેળવીને પણ દિવ્ય અંગનાઓ વગેરેનો આનંદદાયક સંસર્ગ પ્રાપ્ત ન થાય અને જો થાય તોપણ સ્વર્ગના જેવા નાશવંત પદાર્થોનોજ થાય તો પછી કયું ફળ મેળવવા માટે આમાં કયો તાત્ત્વિક નિશ્ચય કરી શકાય? (કેમકે સ્વર્ગમાં રહી.) અને મોક્ષમાં કોઇ જાતનો વિશેષજ ન

અને જો કરી શકાય તો તે કેમ ઘટી શકે? (માટે મને તો લાગે છે કે, સ્વર્ગનું અવિનાશી સુખ તેજ મોક્ષ છે.)[૪]

ભીષ્મે કહ્યું:–“ હે યુધિષ્ઠિર ! એ પ્રમાણે રાજા જનકને અંધકારથી જાણે ઢંકાઇ ગયેલો હોયની અને રોગીની પેઠે જાણે ભ્રમિત થયેલો હોયની તેવો જાણીને જ્ઞાની મુનિ પંચશિખ, વાક્યોવડે તેને શાંત પાડતા પુનઃ આ પ્રમાણે કહેવા લાગ્યાઃ–[૫] “મોક્ષને માટે કરવામાં આવતાં કર્મોનું પરિણામ, આત્મનાશરૂપ છે એમ નથી; અથવા તેનું પરિણામ શરીરયુક્ત રહેવું એ પણ નથી; (પરંતુ જેમ દોરડીમાં આરોપિત થયેલા સર્પને જ્ઞાનદ્વારા દૂર કરવાથી ભયની નિવૃત્તિ થઇ જાય છે, તેમ આત્માની અંદર આરોપિત થયેલા બુદ્ધિ, ઇંદ્રિય આદિ પદાર્થોને જ્ઞાનદ્વારા દૂર કરવામાત્રથીજ અનર્થની નિવૃત્તિ થઈ જાય છે.) કેમકે શરીર, ઇંદ્રિયો અને મન–એ સર્વનો સમુદાય, અન્યોન્યથી ભિન્ન છે છતાં એકબીજાનો આશ્રય કરીને કર્મોની અંદર પ્રવૃત્તિ કરે છે.[૬] પ્રત્યેક પ્રાણીઓની અંદર આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી–એ પાંચ ધાતુઓ રહેલી છે, કે જેઓ સ્વાભાવિક રીતેજ અન્યોન્ય સાથે જોડાઇને રહે છે અને સ્વાભાવિક રીતેજ એકબીજાથી છૂટી થઇ જાય છે.[૭] આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી–એ પાંચે જ્યારે એકત્ર થાય છે, ત્યારે જરાયુજ આદિ અનેક પ્રકારનાં શરીરો ઉત્પન્ન થાય છે[૮] અને તે શરીરોમાં બુદ્ધિ, જઠરાગ્નિ અને વાયુ સર્વ કર્મોમાં પ્રવૃત્તિ કરાવનાર છે; કેમકે ઇંદ્રિયાદિ સર્વ પદાર્થોની ઉત્પત્તિ તેમાંથીજ થયેલી છે. જેમકે શબ્દાદિક વિષયો, તેઓનો પ્રકાશક સ્વભાવ, ઘટાદિકના આકારવાળી વૃત્તિરૂપ ચેતના અને સંકલ્પાદિકરૂપ મન–એ બધાં બુદ્ધિનાં કાર્ય છે; પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન–એ પાંચે વાયુનાં કાર્ય છે અને ખાનપાનનું પાચન થઇને ઉત્પન્ન થનારા ઇંદ્રિયપોષક રસો તથા શરીરની બીજી ધાતુઓ, જઠરાગ્નિનાં કાર્ય છે;[૯] તેમજ શ્રોત્રેન્દ્રિય, ત્વચાઇંદ્રિય, રસનેન્દ્રિય, ચક્ષુષ્ ઇંદ્રિય તથા ઘ્રાણેન્દ્રિય–એ પાંચે ઈંદ્રિયો, મનમાંથી ઉત્પન્ન થયેલી છે.[૧૦] તેમાં ચિદાત્માના પ્રતિબિંબવાળી ચેતનાવૃત્તિ સુખરૂપે, દુઃખરૂપે અને સુખદુઃખની સમાનતારૂપે ત્રણ પ્રકારની છે અને તે ધ્રુવ છે.[૧૧] વળી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને રૂપવાળાં દ્રવ્યો–આ છ ગુણોને ‘વિષય’ કહેવામાં આવે છે અને તે વિષયો તથા ઇંદ્રિયોના સંયોગને લીધે મનુષ્યને મરણપર્યંત તે તે પદાર્થનું જ્ઞાન થયા કરે છે;[૧૨] એટલુંજ નહિ પણ સ્વર્ગાદિનાં સાધનભૂત યજ્ઞાદિ કર્મો, બ્રહ્મલોકને આપનારો સંન્યાસ તથા મોક્ષના બીજભૂત, જ્ઞાનસ્વરૂપ અને અવિકારી એવા પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરાવનાર શ્રેષ્ઠતત્ત્વ અર્થનો નિશ્ચય પણ કેવળ શ્રોત્રાદિ ઇન્દ્રિયોનેજ અધીન છે, એમ વિદ્વાનો કહે છે.[૧૩] જે પુરુષ, પૂર્વોક્ત ગુણસમુદાયનેજ મિથ્યાદૃષ્ટિને લીધે આત્મસ્વરૂપે જુએ છે, તેનું અનંતગણું દુઃખ કદી શાંતજ થતું નથી.[૧૪] આ જગતમાં જે કંઈ અહંકારાદિ પદાર્થો જોવામાં આવે છે, તે બધા આત્મારૂપ નથી–પણ મિથ્યા છે; અને તેથીજ અહંભાવદ્યોત્ય શરીરાદિ તથા મમભાવદ્યોત્ય પુત્રાદિ પણ કેવળ મિથ્યાજ છે. (આવું જ્ઞાન જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે) કેવળ મિથ્યા પદાર્થ તરીકે પ્રતીયમાન થતી (જણાતી) દુઃખપરંપરા, કયા આધારે ટકી શકે તેમ છે ? (અર્થાત કોઇ પણ આધારે ટકી શકે તેમ નથી; કેમકે આત્મા અસંગ છે અને અહંકારાદિ પદાર્થો મિથ્યા છે.)[૧૫] આ વિષયમાં “ * सम्यग्वध ” નામનું સર્વોત્તમ ત્યાગશાસ્ત્ર હું તને કહું છું તેનું તું શ્રવણ કર. એનું શ્રવણ કરવાથી તને મોક્ષપ્રાપ્તિ થશે.[૧૬] જે પુરુષો મુક્તિને માટે નિત્ય ઉદ્યમશીલ રહે છે, તેઓએ સર્વ પ્રકારનાં કર્મોનો ત્યાગ કરી દેવો, એજ શાસ્ત્રસંમત છે; છતાં જેઓ કર્મનો ત્યાગ કર્યા વિનાજ નિત્ય શાંતિપરાયણ

---

* ‘**सम्यक्**’ એટલે વારંવાર અને ‘**वध**’ એટલે ગુણાકાર. અર્થાત્ જેમાં તત્ત્વોનો વારંવાર ગુણાકાર કરવામાં આવ્યો છે તે સાંખ્યશાસ્ત્રને ‘**सम्यग्वध**’ કહેવામાં આવે છે. **નીલકંઠ**

રહેવા પ્રયત્ન કરે છે, તેઓને અવિદ્યાદિ દુઃખજનક કલેશ પ્રાપ્ત થાય છે.[૧૭] (સર્વશાસ્ત્રીય ઉપદેશનું તાત્પર્ય કેવળ ત્યાગમાંજ રહેલું છે, એમ કહેવામાં પણ વિરોધ નથી; કેમકે) વેદોક્ત યજ્ઞાદિ કર્મોનો ઉદ્દેશ કેવળ દ્રવ્યત્યાગ કરાવવાનોજ છે, શાસ્ત્રોક્ત વ્રતાચરણનો ઉદ્દેશ, ભોગવૈભવોનો ત્યાગ કરાવવાનોજ છે, તપશ્ચરણનો ઉદ્દેશ સુખનો ત્યાગ કરાવવાનોજ છે અને સર્વ વસ્તુઓનો ત્યાગ કરાવવા માટેજ શાસ્ત્રકારો યોગ કરવાનો ઉપદેશ આપે છે. કેમકે એજ ત્યાગની પરાકાષ્ઠ છે.[૧૮] સર્વ પ્રકારનાં દુઃખોથી મુક્ત થવા માટે સર્વનો ત્યાગ કરવાનુંજ શાસ્ત્રમાં દર્શાવ્યું છે. વળી એ ત્યાગમાર્ગમાં વિવિધ પ્રકારના ભેદો પણ રહેલા નથી; છતાં જે પુરુષ સર્વનો ત્યાગ કરતો નથી તેની દુર્ગતિજ થાય× છે.[૧૯] (માટે ત્યાગ કોનો કરવો) તે હું કહું છું. મનસહિત પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પ્રાણશક્તિસહિત પાંચ કર્મેન્દ્રિયો બુદ્ધિની અંદર રહેલી છે. (માટે બુદ્ધિનો ત્યાગ કરવાથી એ સર્વનો ત્યાગ થઇ જાય છે.)[૨૦] બે હાથને કર્મેન્દ્રિય કહેવામાં આવે છે, બે પગને ગમનેન્દ્રિય કહેવામાં આવે છે, શિશ્ન (લિંગ) ઈન્દ્રિયને પ્રજનેન્દ્રિય અથવા આનંદેન્દ્રિય કહેવામાં આવે છે, મળનો ત્યાગ કરનારી ઇંદ્રિયને પાયુ (ગુદા) ઇંદ્રિય કહેવામાં આવે છે અને ભિન્ન ભિન્ન શબ્દોને ગ્રહણ કરનારી ઇંદ્રિયને વાક્ ઇંદ્રિય કહેવામાં આવે છે. આ પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન–એમ મળીને બધી અગિયાર ઈન્દ્રિયો થાય છે. તેમાંથી પ્રથમ મનનો ત્યાગ કરવાવડે પાંચ કર્મેન્દ્રિયોનો તથા તેના વિષયોનો ત્યાગ સિદ્ધ થાય છે અને બુદ્ધિનો ત્યાગ કરવાથી પાંચ જ્ઞાનેન્દ્રિયોનો તથા તેઓના વિષયોનો ત્યાગ સિદ્ધ થાય છે.[૨૧,૨૨] શ્રોત્ર ઇન્દ્રિય, શબ્દ અને ચિત્ત–એ ત્રણ મળીને શબ્દજ્ઞાનને પ્રાપ્ત કરે છે, ત્વચા ઇન્દ્રિય, સ્પર્શ અને ચિત્ત–એ ત્રણ મળીને સ્પર્શજ્ઞાન સંપાદન કરે છે, ચક્ષુષ્ ઇન્દ્રિય, રૂપ અને ચિત્ત–એ ત્રણ મળીને રૂપજ્ઞાન મેળવે છે, રસના ઇન્દ્રિય, રસ અને ચિત્ત–એ ત્રણ મળીને રસજ્ઞાન સંપાદન કરે છે અને ઘ્રાણ ઈન્દ્રિય, ગંધ તથા ચિત્ત, એ ત્રણ મળીને ગંધજ્ઞાન પ્રાપ્ત કરે છે. આ રીતે પાંચ ત્રિકો (ત્રણ ત્રણનો સમુદાય) પોતપોતાના વિષયનું જ્ઞાન મેળવવા માટે પ્રવૃત્ત થાય છે, જેથી કરણ, કર્મ અને કર્તારૂપ ત્રણ પ્રકારનો ભાવ જૂદા જૂદા અર્થમાં જીવસન્મુખ ઉપસ્થિત થાય છે.[૨૩,૨૪] આ ભાવ સાત્વિક, રાજસ અને તામસ એવા ભેદથી ત્રણ પ્રકારનો હોય છે અને તેમાંથી ઉત્પન્ન થનારા અનુભવો પણ તે તે ગુણને લીધે ત્રણ ત્રણ પ્રકારનાજ હોય છે, કે જે અનુભવો હર્ષાદિક સર્વ વિકારોને સિદ્ધ કરનારા છે.[૨૫] જેમકે, ઈષ્ટ વસ્તુના શ્રવણથી થનારો હર્ષ, ઇષ્ટ વસ્તુના દર્શનથી થનારો પ્રેમ, ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિથી થનારો આનંદ, ઈષ્ટ વસ્તુના સમાગમથી થનારૂં સુખ અને તે તે ઈષ્ટ વસ્તુના ઉપભોગથી ઉત્પન્ન થનારી ચિત્તની શાંતિ–વગેરે સર્વભાવો સાત્વિક ગણાય છે અને તેઓ વૈરાગ્યને લીધે સ્વભાવિક રીતેજ ઉત્પન્ન થાય છે અથવા કોઇ ઇષ્ટના લાભથી ઉત્પન્ન થાય છે.[૨૬] તેમજ અસંતોષ, સંતાપ, શોક, લોભ અને અક્ષમા (અસહિષ્ણુતા) વગેરે ભાવો, રજોગુણનાં ચિન્હો છે અને તેઓ કોઇ કારણને લીધે અથવા વિનાકારણે પણ ઉત્પન્ન થાય છે;[૨૭] પરંતુ અવિવેક, મોહ, પ્રમાદ, સ્વપ્ન તથા તંદ્રા (આલસ્ય) વગેરે ભાવો, તમોગુણમાંથી ઉત્પન્ન થાય છે અને તેઓ પણ સ્વાભાવિક રીતે અથવા કોઇ કારણને લીધે ઉદ્ભવે છે.[૨૮] પોતાના શરીરમાં અથવા મનમાં જ્યારે કોઈ પ્રીતિયુક્ત ભાવ ઉત્પન્ન થાય, ત્યારે જાણવું કે, સાત્વિક ભાવ ઉત્પન્ન થયો છે;[૨૯] પરંતુ જ્યારે શરીરમાં કે મનમાં અસંતોષયુક્ત અથવા અપ્રીતિકર ભાવ ઉત્પન્ન થાય,

---

× માટેજ ભાલ્લવિશાખાવાળાઓ કહે છે કે, **‘त्याग एवहि सर्वेषां मोक्षसाधनमुत्तमम् । त्यजतैवहि तज्ज्ञेयं त्यक्तुः प्रत्यक्परंपदम्’**– ત્યાગજ સર્વ કોઇને સર્વોત્તમ મોક્ષસાધન છે, ત્યાગ કરનારનેજ જ્ઞેય વસ્તુનું જ્ઞાન થાય છે અને ત્યાગ કરનારનેજ પરમપદ પ્રાપ્ત થાય છે. **નીલકંઠ.**

ત્યારે જાણવું કે, રાજસભાવ ઉત્પન્ન થયો છે;[૩૦] અને જ્યારે શરીરમાં કે મનમાં મોહયુક્ત, અતર્ક્ય અથવા જાણ્યો ન જણાય તેવો ભાવ ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે, તમોગુણનો ઉદય થયો છે.

આકાશનો આશ્રય કરનારી શ્રોત્રેન્દ્રિય આકાશ નામનું મહાભૂતજ છે અને એ પ્રમાણેજ શ્રોત્રેન્દ્રિયનો આશ્રય કરનારો શબ્દ પણ પરંપરાથી આકાશ નામનું મહાભૂતજ છે, જેથી શબ્દના વિજ્ઞાનસમયે આકાશ અને શ્રોત્રેન્દ્રિયનું વિજ્ઞાન થતું નથી; તેમજ શબ્દ, આકાશ અને શ્રોત્રેન્દ્રિયથી ભિન્ન નહિ હોવાને તેના વિજ્ઞાનસમયે શ્રોત્રેન્દ્રિયનું તથા આકાશનું અજ્ઞાન પણ રહેતું નથી. (અર્થાત શબ્દ આકાશનો ગુણ છે અને શ્રોત્રેન્દ્રિય આકાશનું કાર્ય છે; માટે શ્રોત્રાદિકનું પ્રવિલાપન કરવાથી તેનાથી અભિન્ન એવાં આકાશાદિનું પણ પ્રવિલાપન થઇ જશે, તેમજ શ્રોત્રાદિક ઇંદ્રિયો પણ ચિત્તથી અભિન્ન છે જેથી ચિત્તનું પ્રવિલાપન કરવાથી સર્વ ઇન્દ્રિયોનું પણ પ્રવિલાપન થઇ જશે અને ચિત્ત પણ બુદ્ધિથી અભિન્ન હોવાને લીધે બુદ્ધિનું પ્રવિલાપન કરવાથી સર્વનું પ્રવિલાપન થઇ જશે.)[૩૨] એજ પ્રમાણે ત્વચા, ચક્ષુષ્, જીહ્વા અને પાંચમી નાસિકા, તે તે પોતાનાં ઉત્પાદક ભૂતોનોજ આશ્રય કરનારાં હોવાથી ભૂતરૂપજ છે અને સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ-એ વિષયો પણ તે તે ઇંદ્રિયોના આશ્રિત હોવાને લીધે પરંપરાથી તે તે મહાભૂતરૂપજ છે. માટે તે તે વિષયના વિજ્ઞાનસમયે તે તે ઇન્દ્રિયોનું તથા મહાભૂતોનું વિજ્ઞાન થતું નથી અને તેઓ અજ્ઞાનના વિષય પણ નથી. વળી તેઓ સર્વે કેવળ મનરૂપજ છે (અને મન બુદ્ધિરૂપ છે, જેથી બુદ્ધિનો લય કરવાથી સર્વકોઇનો લય થઇ જશે.)[૩૩] તારે જાણવું કે, (ઘડો, કોડીઉં વગેરે માટીના પદાર્થોમાં જેમ માટીજ અનુગત છે તેમ,) પાંચ વિષયો તથા પાંચ ઇન્દ્રિયો-એ દશેમાં અગીઆરમું મનજ અનુગત છે; કેમકે (સૂઇને ઉઠેલા પુરુષનું મન,) તે પાંચે ઇન્દ્રિયોના વિષયોનાં કર્મોનો એકીસાથે અનુભવ કરે છે. (તે ઉપરથી જણાય છે કે, ઇન્દ્રિયો અને તેના વિષયો કેવળ મનરૂપજ છે અને એ વાત ખુલ્લીજ છે કે, જે ઉપાદાન હોય તેજ પોતાનાં કાર્યોની સાથે એકી વખતે સંગત થાય છે; પણ જે અનુપાદાન હોય તે તો અનુક્રમેજ સંગત થાય છે.) હવે, આ અગીઆરેનો એકીસાથે અનુભવ કરનારી બારમી બુદ્ધિ છે-અર્થાત બારમી બુદ્ધિ, ચિત્તમાં પણ વ્યાપ્ત થઇને રહેલી છે.[૩૪] સુષુપ્તિ અવસ્થામાં આ બારેનો અયુગપદ્ભાવ (ઉપરામ) થઇ જાય છે, પરંતુ આત્માનો ઉચ્છેદ કે ઉપરામ થતો નથી; (કેમકે સૂઇને ઉઠેલા પુરુષને એવો અનુભવ થાય છે કે, હું સુખેથી સૂતો હતો, મેં કંઇ પણ જાણ્યું નથી.) અને જાગ્રત અવસ્થામાં પણ આ બારે પદાર્થોનો યુગપદ્ભાવ (અર્થાત આત્માની અંદર એકીસાથે આરોપ) થયેલો જોવામાં આવે છે તે પણ લૌકિક વ્યવહારરૂપજ છે, અવાસ્તવિક છે અથવા અજ્ઞાનકૃત છે.[૩૫] તેમજ સ્વપ્નાવસ્થાનો અનુભવ કરનાર પુરુષ, સત્વાદિક ત્રણ ભાવોથી યુક્ત થઇને તથા ઇન્દ્રિયોનાં સૂક્ષ્મસ્વરૂપનું દર્શન કરીને વિષયસંગની ભાવના કરે છે તે પણ ઇન્દ્રિયોના પૂર્વકાલીન અનુભવની વાસનાઓને લીધેજ અને તેથીજ પુરુષ, સ્વપ્નાવસ્થામાં પણ જાણે જાગ્રત અવસ્થામાં સંચાર કરી રહ્યો હોય તેવો અનુભવ કરે છે. (અર્થાત જેમ જાગ્રત અવસ્થામાં જણાતો ઇંદ્રિયાદિકનો યુગપદ્ભાવ અથવા આત્માને વિષે અધ્યારોપ વ્યાવહારિકજ છે, તેમ સ્વપ્નાવસ્થામાં જણાતો ઇંદ્રિયાદિનો યુગપદ્ભાવ પણ કેવળ પ્રાતિભાસિકજ છે-આભાસમાત્ર છે.[૩૬] વિદ્વાનો કહે છે કે, પ્રવૃત્તિનોજ પ્રકાશ કરનારૂં એવું પણ અંતઃકરણ, સુષુપ્તિ અવસ્થામાં તમોગુણથી ગ્રસ્ત બની જઇને તત્કાળ ઇંદ્રિયાદિકનો ઉપસંહાર કરે છે અને કેવળ અલ્પસમયને માટેજ પૂર્વોક્ત ઇંદ્રિયાદિકના યુગપદ્ભાવનો ઉચ્છેદ કરે છે, તેથી તે અવસ્થામાં શરીરમાં રહીનેજ જે સુખનો અનુભવ કરવામાં આવે છે, તે જાણે મોક્ષસુખ હોય તેવું ભાસે છે; પરંતુ તે સુખ તામસ ગણાય છે-અજ્ઞાનપ્રધાનજ હોય છે.[૩૭]

જો કે મોક્ષસુખ પણ કંઇક અંશે સુષુપ્તિના સરખુંજ છે, તોપણ તે સુખ કેવળ પ્રકાશાત્મક છે; વેદોથી બોધિત છે અને તે સુખનો સાક્ષાત્કાર કરનાર પુરુષ, કદી કષ્ટને જોતો નથી. વળી એ સુખમાં પણ પુરુષ, અવ્યક્ત એવા તમોગુણને જાણે ગ્રહણ કરતો હોય તેમ લાગે છે. (પણ વસ્તુતઃ તે સુખમાં તમોગુણનો અભાવજ થઇ જાય છે; કેમકે તે સુખમાં માત્ર અદ્વૈતદર્શનજ હોય છે–જ્ઞાતા આદિનો કેવળ અભાવજ હોય છે.) [૩૮] એ પ્રમાણે સુષુપ્તિની પેઠે મોક્ષમાં પણ અહંકારથી આરંભીને ઘટ સુધીના સર્વ દૃશ્યમાન ગુણો, જેઓનો આવિર્ભાવ કર્મને લીધેજ થાય છે, તે સર્વનો કેવળ ત્યાગજ થઇ જાય છે; પરંતુ જેઓ અવિદ્યાગ્રસ્ત હોય છે, તેઓને એ ગુણો વજ્રના બંધનની પેઠે વળગેલા રહે છે અને જેઓ જ્ઞાનસંપન્ન થયેલા હોય છે, તેઓને ત્રણે કાળમાં એ ગુણોનો સર્વથા અભાવજ થઇ જાય છે. [૩૯]

અધ્યાત્મનું ચિંતન કરનારા વિદ્વાનો કહે છે કે, ઇંદ્રિયો, મહાભૂતો વગેરેના સમુદાયનેજ ક્ષેત્ર(શરીર) કહેવામાં આવે છે અને (તે સમુદાયના બીજભૂત) મનની અંદર સત્તારૂપે રહેલો જે ભાવ તેને ક્ષેત્રજ્ઞ કહેવામાં આવે છે;[૪૦] આ રીતે જરાયુજ આદિ ચારે પ્રકારનાં પ્રાણીઓ અનાદિ કાળની અવિદ્યાને વશ થઇને સ્વાભાવિક રીતેજ વ્યવહારની અંદર પ્રવૃત્તિ કરે છે તો પછી ઉચ્છેદ કોનો? અને શાશ્વત કોણ? અથવા આત્મા તો શાશ્વત કે સનાતનજ છે તો પછી તેનો ઉચ્છેદ કેમ થાય? (સારાંશ કે, ભૂતાદિ સમુદાયનો સ્વરૂપતઃજ અભાવ છે, જેથી તેનો ઉચ્છેદ સંભવતો નથી તેમજ આત્મા શાશ્વતરૂપ છે તેથી તેનો પણ ઉચ્છેદ સંભવતો નથી–અર્થાત્ પુરુષ અને પ્રકૃતિ વચ્ચે અત્યંત વૈધર્મ્ય રહેલું છે. પુરુષ સત્ય છે, પ્રકૃતિ મિથ્યા છે–“ब्रह्मसत्यं जगन्मिथ्या ”)[૪૧] જેમ પ્રથમ સ્પષ્ટ સ્વરૂપમાં દેખાતી નાની નદીઓ, મોટા નદોમાં મળી જઇને પોતાના નામરૂપનો ત્યાગ કરે છે અને પછી તે મોટા નદો, સમુદ્રની અંદર મળી જઇને પોતાના નામરૂપનો ત્યાગ કરે છે, તેમ મહત્તત્ત્વથી આરંભીને ઘટ સુધીના સર્વ સત્વોનો (પદાર્થોનો) (ઉત્પત્તિથી વિપરીત ક્રમે) લય થઇ જાય છે. (અને પછી તેઓ પોતાના નામરૂપનો ત્યાગ કરી દે છે–અર્થાત્ સ્થૂલનો સૂક્ષ્મમાં લય થઇ જાય છે, સૂક્ષ્મનો કારણમાં લય થઇ જાય છે અને કારણનો શુદ્ધબ્રહ્મમાં લય થઈજાય છે.)[૪૨] જો આમજ છે, તોપછી દર્પણમાં દેખાતા મુખની પેઠે બુદ્ધિમાં દેખાતા જીવરૂપ પ્રતિબિંબનું, દર્પણરૂપ ઉપાધિને દૂર કરવાથી જેમ તેમાંના પ્રતિબિંબનું ગ્રહણ થઇ શકતું નથી, તેમ બુદ્ધિરૂપ ઉપાધિને દૂર કરવાથી કેવી રીતે ગ્રહણ થઈ શકશે? અને પછી “હું દેવદત્ત છું” એવી સંજ્ઞા પણ કેવી રીતે ઉપલબ્ધ થશે? (અર્થાત્ જેમ દર્પણને દૂર કરવાથી તેમાં દેખાતા મુખના પ્રતિબિંબનો અભાવ થાય છે તોપણ મુખનો અભાવ થતો નથી, તેમ ઉપાધિને દૂર કરવાથી તેમાં જણાતા આત્માના પ્રતિબિંબનો (જીવનો) અભાવ થાય છે તોપણ આત્માનો અભાવ થતો નથી.)[૪૩]

જે મનુષ્ય, પૂર્વોક્ત આત્મવિદ્યાને જાણે છે અને સાવધાન થઈને આત્મચિંતન કરે છે, તે મનુષ્ય જળથી સિંચેલું કમળનું પાંદડું જેમ જળથી લેપાતું નથી, તેમ અનિષ્ટ એવાં કર્મોનાં ફળોથી લેપાતો નથી.[૪૪] મોક્ષની ઇચ્છાવાળો પુરુષ જ્યારે પ્રજાઓના (સંતતિના) સ્નેહનિમિત્તે પ્રાપ્ત થનારા તથા દેવતાઓની ઉપાસનાનિમિત્તે પ્રાપ્ત થનારા અનેક પાશોથી છૂટો થાય છે અને સુખનો તથા દુઃખનો ત્યાગ કરી દે છે, ત્યારે લિંગશરીરથી મુક્ત થઇને પરમગતિને પામે છે.[૪૫] જે પુરુષ વેદોક્ત પ્રમાણોનો (तत्त्वमसि ઇત્યાદિ મહાવાક્યોનો) તથા શમદમાદિ માંગલિક સાધનોનો આશ્રય કરીને નીરાંતે આત્મસાધન કરે છે, તે પુરુષ જરા અને મૃત્યુના ભયમાંથી મુક્ત થાય છે; એટલુંજ નહિ પરંતુ એમ કરતાં કરતાં પુણ્યનો તથા પાપનો જ્યારે ક્ષય થઈ જાય છે અને મોહજન્ય સુખદુઃખાત્મક ફળનો વિનાશ થઈ જાય છે, ત્યારે તેવા વિરક્ત પુરુષને પોતાના બુદ્ધિતત્ત્વમાં પ્રથમ સગુણ બ્રહ્મનાં દર્શન થાય

છે અને પછી અનુક્રમે નિર્લેપ અને નિર્ગુણ એવા પરબ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે.[૪૬] જેમ કરોળીઓ પોતાની લાળના તાંતણાઓથી બનેલા ઘરમાં રહે છે, તેમ અવિદ્યાને વશ થયેલો જીવ પણ પોતાનાં કર્મોરૂપી તાંતણાઓથી બનેલા શરીરરૂપી ગૃહમાં રહે છે; પરંતુ કરોળીઓ પોતાના તંતુગૃહનો ત્યાગ કરીને જેમ છૂટો થાય છે, તેમ જીવ પણ અવિદ્યાના ત્યાગપૂર્વક શરીરગૃહનો ત્યાગ કરીને મુક્ત થાય છે; અને તે સમયે માટીનું ઢેકું જેમ પથ્થર સાથે અથડાઇને છિન્ન ભિન્ન થઈ જાય છે, તેમ તેનાં દુઃખોનો પણ નાશ થઇ જાય છે.[૪૭] જેમ 'રુરુ' નામનો મૃગ, કોઇના જાણવામાં ન આવે તેમ પોતાનાં જૂનાં શિંગડાંનો ત્યાગ કરીને ઇષ્ટ સ્થાને ચાલ્યો જાય છે અને સર્પ પોતાની કાંચળીનો ત્યાગ કરીને યથેષ્ટ સ્થાને ચાલ્યો જાય છે, તેમ મુક્ત પુરુષ પણ સર્વ પ્રકારનાં દુઃખોનો ત્યાગ કરીને પરબ્રહ્મસ્વરૂપ થઈ જાય છે.[૪૮] જેમ કોઇએક વૃક્ષને પાણીમાં તૂટી પડતું જોઇ, તેના પર આસકિત નહિ રાખનારૂં પક્ષી તેનો ત્યાગ કરીને ઉડી જાય છે, તેમ મુકત પુરુષ પણ લિંગશરીરપરની આસકિતનો ત્યાગ કરીને તથા સુખદુઃખથી મુકત થઇને શ્રેષ્ઠ ગતિને પ્રાપ્ત કરે છે."[૪૯]

રાજા જનકે આવું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી એક સમયે પોતાની નગરીને અગ્નિથી બળતી જોઇને આ પ્રમાણે કહ્યું હતું કેઃ-"આ મિથિલા નગરી બળી જાય છે, પણ તેમાં મારૂં કંઇ બળતું નથી.(કેમકે હું તો બ્રહ્મસ્વરૂપ છું, અસંગ છું.)"[૫૦] રાજા જનકે, મહામુનિ પંચશિખે કહેલા મોક્ષદાયક તત્ત્વજ્ઞાનનું શ્રવણ કર્યા પછી આખા જગતના સંબંધમાં વિચાર કર્યો અને સર્વ વસ્તુનો નિશ્ચય કરીને તથા શોકરહિત થઇને પરમ સુખપૂર્વક તે વિહાર કરવા લાગ્યો.[૫૧] હે યુધિષ્ઠિર રાજા! જે પુરુષ આ મોક્ષનિશ્ચયનું પઠન કરે છે અને નિરંતર (અર્થપૂર્વક) તેનું મનન કર્યા કરે છે, તે પુરુષ પંચશિખને શરણે ગયેલા જનક રાજાની પેઠે ઉપદ્રવોને અનુભવતો નથી, સર્વ દુઃખોથી મુક્ત થાય છે અને સંસારબંધનથી પણ છૂટી જાય છે.[૫૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"પંચશિખનાં વાકય" એ વિષયનો
અ૦ ૨૧૯ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૦ મો

દમની પ્રશંસા

॥ युधिष्ठिर उवाच ॥

किं कुर्वन् सुखमाप्नोति किं कुर्वन् दुःखमाप्नुयात्
किं कुर्वन् निर्भयो लोके सिद्धश्चरति भारत ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ-"હે ભરતવંશી પિતામહ! શું કરવાથી મનુષ્ય સુખ સંપાદન કરે? શું કરવાથી દુઃખી થાય? અને શું કરવાથી નિર્ભય તથા સિદ્ધ થઇને જગતમાં વિચર્યા કરે?"[૧]

ભીષ્મે કહ્યુંઃ-હે યુધિષ્ઠિર! વેદવેત્તા વૃદ્ધ પુરુષો સર્વ વર્ણોને માટે અને તેમાં પણ બ્રાહ્મણોને માટે ખાસ કરીને દમગુણનીજ પ્રશંસા કરે છે.[૨] જે પુરુષ દમગુણ-(ઇંદ્રિયનિગ્રહનાગુણ)થી રહિત હોય છે, તેની ક્રિયાઓ યથાવત સિદ્ધ થતી નથી; માટેજ કહેવામાં આવે છે કે, ક્રિયા, તપ અને સત્ય-એ સર્વનો આધાર કેવળ દમ ઉપરજ રહેલો છે;[૩] એટલુંજ નહિ પણ દમ તેજમાં વૃદ્ધિ કરે છે, દમગુણ પવિત્ર કહેવાય છે અને દમગુણને ધારણ કરનારો પુરુષ સર્વ પાપોથી તથા ભયથી રહિત થઇને મહાન પદને પ્રાપ્ત કરે છે.[૪] દમનશીલ પુરુષ સુખેથી સુવે છે, સુખેથી જાગ્રત થાય છે, સુખેથી લોકમાં વ્યવહાર કરે છે અને તેનું મન પણ પ્રસન્ન રહે છે.[૫] દમવડે તેજસ્વી થઈ શકાય છે, રજોગુણને જીતી શકાય છે અને કામાદિક અનેક શત્રુઓને પોતાનાથી પૃથક્સ્વરૂપે જોઈ શકાય છે.[૬] જેમ પ્રાણીઓને હિંસક પશુઓથી નિરંતર ભય રહે છે, તેમ દમગુણથી રહિત એવા પુરુષોથી પણ મનુષ્યોને ભય રહે છે, જેથી તેઓને શિક્ષા કરવા માટે બ્રહ્મદેવે રાજાને ઉત્પન્ન કર્યો છે.[૭] સર્વ આશ્રમોમાં પણ દમનીજ મુખ્યતા ગણાય

છે અને તે તે આશ્રમોના ધર્મો પાળવાથી જે ફળ મળે છે, તેથી પણ અધિક ફળ દમગુણવાળાને પ્રાપ્ત થાય છે.[૮] જે પુરુષોમાં દમગુણનો ઉદય થયેલો હોય છે, તેઓનાં લક્ષણો હું તમને કહું છું, સાંભળો. દીનતાનો અભાવ, કોઇ જાતના દુરાગ્રહનો અભાવ, સંતોષ, શ્રદ્ધાળુતા, ક્રોધનો અભાવ, સરળતા, લૌકિક વાર્તાલાપોનો અભાવ, અભિમાનનો ત્યાગ, ગુરુઓની પૂજા, અસૂયાનો ત્યાગ, પ્રાણીઓપર દયા, ચાડીચૂગલીનો ત્યાગ, રાજકીય વાર્તાઓનો ત્યાગ અને મિથ્યાભાષણ, પોતાની સ્તુતિ તથા પારકી નિંદા વગેરેનો ત્યાગ—આ સર્વ ગુણોની મુમુક્ષુ દાન્ત પુરુષ સ્પૃહા રાખે છે; પણ સુખદુઃખના અનુભવમાં ઉત્તરકાળની સ્પૃહા રાખતો નથી. (અર્થાત દાન્ત પુરુષ, પ્રાપ્તથયેલા સુખને કે દુઃખને ભોગવી લે છે પરંતુ તેથી ઉત્પન્ન થનારા હર્ષનો કે વિષાદનો વિચાર કરતો નથી.[૯-૧૧] વળી દમગુણને ધારણ કરનારો બુદ્ધિમાન પુરુષ કોઇની સાથે વૈર કરતો નથી, શઠભાવનો ત્યાગ કરીને બીજાનો આદરસત્કાર કરે છે, નિંદા અને પ્રશંસા બન્નેને સમાન ગણે છે, સદાચારી હોય છે, શીલસંપન્ન હોય છે, માનસિક પવિત્રતાવાળો હોય છે, ધૈર્યગુણને ધારણ કરનારો હોય છે, કામાદિક દોષોને જીતવામાં સમર્થ હોય છે, લોકમાં સત્કાર પામીને અંતે સ્વર્ગલોકમાં જાય છે, બીજા અનેક પ્રાણીઓને પણ દુર્લભ સ્થાન પ્રાપ્ત કરાવીને પોતે પ્રસન્ન થાય છે, સદાય સુખી રહે છે, સર્વ પ્રાણીઓનું હિત કરવામાં તત્પર રહે છે, કોઈ મનુષ્યનો દ્વેષ કરતો નથી, મોટા હ્રદ (ધરા)ની પેઠે ગંભીર હૃદયનો હોય છે, જ્ઞાનતૃપ્ત રહીને પ્રસન્ન રહે છે, સર્વ પ્રાણીઓને અભય આપે છે, જેથી તેને પણ સર્વ પ્રાણીઓ તરફથી અભય મળે છે અને પ્રાણીમાત્રને નમસ્કાર કરવા યોગ્ય હોય છે.[૧૨-૧૫] જે દ્વિજાતિ મહાન અર્થનો લાભ થયા છતાં હર્ષ પામતો નથી, તેમજ મહાન સંકટ પ્રાપ્ત થયા છતાં શોક કરતો નથી અને વસ્તુતત્ત્વના પરિમાણને જાણનારો હોય છે, તેને દમગુણનિષ્ઠ કહેવામાં આવે છે.[૧૬] આવો દમગુણનિષ્ઠ પુરુષ, શાસ્ત્રજ્ઞાનથી યુક્ત થઈને સત્પુરુષોએ આચરેલાં નિષ્કામ કર્મો કરે છે અને સદાય પવિત્ર રહે છે, જેથી તેને મહાન ફળ પ્રાપ્ત થાય છે.[૧૭] અસૂયાનો અભાવ, ક્ષમા, શાંતિ, સંતોષ, પ્રિયભાષણ, સત્ય, દાન અને નિઃસ્પૃહતા—એ કંઇ દુરાત્માઓનો માર્ગ નથી, પણ દમગુણનિષ્ઠ સત્પુરુષોનો માર્ગ છે.[૧૮] તેમજ કામ, ક્રોધ, લોભ, પારકી ઈર્ષ્યા અને આત્મશ્લાઘા—એ કંઇ સત્પુરુષોનો માર્ગ નથી, પણ દુરાત્માઓનોજ માર્ગ છે; માટે બ્રહ્મનિષ્ઠ પુરુષે કામક્રોધને વશ કરીને બ્રહ્મચારી થવું, જિતેન્દ્રિય થવું, ઘોર અજ્ઞાનનું ઉલ્લંઘન કરીને તીક્ષ્ણ વ્રતો પાળવાં અને ઉપદ્રવરહિતની પેઠે દૃઢચિત્ત થઇને પોતાના મૃત્યુસમયની રાહ જોતા જોતા જગતમાં વિચર્યા કરવું.[૧૯,૨૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ દમની પ્રશંસા ” એ વિષયનો
અ૦ ૨૨૦ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૧ મો

અહિંસાદિ સદાચાર

॥ युधिष्ठिर उवाच ॥

द्विजातयो व्रतोपेता यदिदं भुंजते हविः ॥
अन्नं ब्राह्मणकामाय कथमेतत् पितामह॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:—“હે પિતામહ! કેટલાએક દ્વિજાતિઓ કે જેઓએ યજ્ઞદીક્ષા તથા મંત્રદીક્ષારૂપ વ્રતનો સ્વીકાર કરેલો હોય છે, તેઓ વેદોક્ત સ્વર્ગાદિ ફળની ઇચ્છા રાખીને દેવતાઓને આપતાં શેષ રહેલા હવિષ્ અન્નનું (માંસમદ્યાદિનું) ભક્ષણ કરે છે, તે યોગ્ય છે કે અયોગ્ય, તે મને કહો.”[૧]

ભીષ્મે કહ્યું:— “હે યુધિષ્ઠિર! જે સ્વેચ્છાચારી પુરુષો વેદમાં નહિ કહેલાં વ્રતનો સ્વીકાર કરીને અભક્ષ્ય પદાર્થનું ભક્ષણ કરે છે, તેઓનો તો આ લોકમાંજ અધઃપાત થાય છે અને જેઓ વેદમાં કહેલાં વ્રતોનો સ્વીકાર કરીને દેવતાઓને આપતાં શેષ રહેલા અભક્ષ્ય પદાર્થનું, વેદોક્ત

ફળ મેળવવાના લોભથી ભક્ષણ કરે છે, તેઓનો સ્વર્ગલોકને પામ્યા પછી અધઃપાત થાય છે.”[૨]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે મહારાજા! કેટલાએક સામાન્ય મનુષ્યો કહે છે કે, ઉપવાસ કરવો તે એક જાતનું તપ છે, તો (હું તમને પૂછું છું કે,) ઉપવાસ કરવો એજ તપ છે કે તે સિવાયનું બીજું કોઇ તપ છે?”[૩]

ભીષ્મે કહ્યું:–“મહિનાના કે પખવાડીઆના ઉપવાસ કરીને કેટલાએક અજ્ઞાની મનુષ્યો માને છે કે અમે તપશ્ચર્યા કરી; પરંતુ સત્પુરુષો તો એમજ માને છે કે, તેવી તપશ્ચર્યા કરવાથી આત્મજ્ઞાન સંપાદન કરવામાં વિઘ્નજ આવે છે;[૪] માટે ઉત્તમ તપ તો એજ છે કે, પ્રાણીઓને ભય ઉપજાવનારાં કર્મોનો ત્યાગ કરી દેવો અને સર્વ પ્રાણીઓનું યથાશક્તિ આરાધન કરવું. જે પુરુષ સંન્યાસી ન હોય પણ ગૃહસ્થ હોય છતાં તે ઉત્તમ તપનું સેવન કરે છે, તો સદાને માટે ઉપવાસી ગણાય છે, બ્રહ્મચારી ગણાય છે, મુનિ કહેવાય છે, સદાનેમાટે જાગ્રત ગણાય છે અને કેવળ ધર્મનીજ કામનાવાળો તે પુરુષ જો બ્રાહ્મણ હોય તો સદા દેવસ્વરૂપ ગણાય છે.[૫,૬] હે રાજા! પ્રત્યેક ગૃહસ્થે માંસભક્ષણનો ત્યાગ કરવો, સદાય પવિત્ર રહેવું, વૈશ્વદેવ કરતાં અવશેષ રહેલા અમૃતઅન્નનું ભોજન કરવું, દેવતાઓનું તથા અતિથિઓનું પૂજન કરવું, વિઘસાશી થવું, (અર્થાત સર્વને જમાડયા પછી જમવું) અતિથિઓનો આદરસત્કાર કરવાનું વ્રત લેવું, શ્રદ્ધાળુ થવું અને દેવોનું તથા બ્રાહ્મણોનું નિત્ય પૂજન કરવું.”[૭,૮]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ગૃહસ્થ પુરુષ સદાય ઉપવાસી કેમ થઈ શકે? સદાય બ્રહ્મચારી કેમ થઈ શકે? સદાય વિઘસાશી કેમ થઈ શકે? અને અતિથિઓનો આદરસત્કાર કરવાનું વ્રત કેવી રીતે લઇ શકે?”[૯]

ભીષ્મે કહ્યું:–“જે ગૃહસ્થ પુરુષ, પ્રાતઃકાળના તથા સાયંકાળના ભોજનની વચ્ચે ભોજન કરતો નથી, તે સદાય ઉપવાસીજ ગણાય છે.[૧૦] જે દ્વિજાતિ, કેવળ ઋતુકાળેજ પોતાની સ્ત્રીસાથે ગમન કરે છે, તે સદાય બ્રહ્મચારીજ ગણાય છે. તેમજ જે પુરુષ નિત્ય સત્યભાષણ કરતો હોય, અથવા જ્ઞાનમાંજ તૃપ્ત રહેતો હોય, તે પણ બ્રહ્મચારીજ ગણાય છે.[૧૧] વળી જે ગૃહસ્થ યજ્ઞવિધિ અને પિતૃવિધિસિવાય માંસભક્ષણ કરતો નથી, તે માંસાહારી ગણાતો નથી; તેમજ જે પુરુષ નિત્ય દાનશીલ હોય છે તે પવિત્ર ગણાય છે અને દિવસે નિદ્રા નહિ કરનારો પુરુષ, સદાય જાગ્રત રહેનાર ગણાય છે.[૧૨] હે યુધિષ્ઠિર રાજા! જે ગૃહસ્થ પુરુષ, પોતાના પોષ્ય વર્ગને તથા અતિથિઓને જમાડયા પછી જમે છે, તે કેવળ અમૃતનુંજ ભોજન કરે છે, એમ તમારે જાણવું.[૧૩] વળી જે દ્વિજાતિ, અતિથિ વગેરે જ્યાંસુધી જમ્યા ન હોય ત્યાંસુધી જમતો નથી, તે પોતાના એ અભોજનથી સ્વર્ગલોકને જીતે છે.[૧૪] વિદ્વાનો કહે છે કે, દેવતાઓ, પિતૃઓ, અતિથિઓ અને પોષ્યવર્ગ–એ સર્વને આપી રહ્યા પછી અવશેષ રહેલા અન્નનું ભોજન કરનારો પુરુષ “વિઘસાશી” કહેવાય છે.[૧૫] આવા વિઘસાશી પુરુષોનોચિરકાળપર્યંત દેવલોકમાં વાસ થાય છે અને આ લોકમાં પણ તેઓના ઘરમાં, બ્રહ્માસહિત દેવતાઓ તથા અપ્સરાઓ સદાય આવે છે ને વસે છે.[૧૬] જે પુરુષો દેવતાઓ, પિતૃઓ અને અતિથિઓને અર્પણ કર્યા પછી અવશેષ રહેલા અન્નનું ભોજન કરે છે, તેઓ પુત્રપૌત્રાદિ સંતતિની સાથે આનંદમાં રહે છે અને મરણ પછી તેઓને ઉત્તમ સદ્ગતિ મળે છે.”[૧૭]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “અમૃતપ્રાશન” એ વિષયનો અધ્યાય
૨૨૧ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૨ મો

ઇંદ્ર અને પ્રહ્લાદનો સંવાદ–આત્મજ્ઞાનનું માહાત્મ્ય

॥ युधिष्ठिर उवाच ॥

यदिदं कर्म लोकेऽस्मिन् शुभं वा यदि वाऽशुभम्
पुरुषं योजयत्येव फलयोगेन भारत ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ-"હે ભરતવંશી પિતામહ! આ જગતમાં જે કંઇ શુભ-અશુભ કર્મ કરવામાં આવે છે, તે પુરુષને પોતાનું ફળ અવશ્ય આપેજ છે;[૧] પરંતુ એ વિષયમાં મને એક સંશય થયો છે કે, પુરુષ તે તે કર્મનો કર્તા કહેવાય કે નહિ? તે હું તમારી પાસેથી યથાર્થ રીતે સાંભળવા ઇચ્છું છું."[૨]

ભીષ્મે કહ્યુંઃ-"હે યુધિષ્ઠિર! આ વિષયમાં ઇંદ્ર અને પ્રહ્લાદના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ અપાય છે. (તેને તમે સાંભળો.)[૩] દૈત્યોનો રાજા પ્રહ્લાદ કોઇપણ વિષયમાં આસક્તિ રાખતો ન હતો, સર્વ પાપોથી મુક્ત થયો હતો, ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયો હતો, અનેક શાસ્ત્રોનું જ્ઞાન ધરાવતો હતો, આળસથી રહિત હતો, નિરભિમાની હતો, સાત્વિક સ્વભાવનો હતો, શમદમાદિ ધર્મમાં પ્રીતિ રાખનારો હતો, નિંદા કે સ્તુતિને સમાન ગણનારો હતો, દમગુણને ધારણ કરનારો હતો, હમેશાં એકાંત પ્રદેશમાંજ નિવાસ કરનારો હતો, સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓની ઉત્પત્તિને તથા નાશને જાણનારો હતો, અપ્રિયનો લાભ થતાં ક્રોધ કરતો ન હતો, પ્રિયનો લાભ થતાં હર્ષ પામતો ન હતો, સુવર્ણ અને માટીના ઢેફામાં પણ સમાન દૃષ્ટિ રાખનારો હતો, આનંદ અને ચિન્માત્રસ્વરૂપ આત્માના સંબંધમાં કુતર્કોથી અપરાજિત હતો, આત્મતત્ત્વનો નિશ્ચય કરનાર હતો, પર (હિરણ્યગર્ભ) તથા અવર (ઇશ્વર)ના સ્વરૂપને જાણનારો હતો, પ્રાણીમાત્ર ઉપર સમદૃષ્ટિ રાખનારો હતો, સર્વજ્ઞ હતો અને જિતેંદ્રિય હતો. એક સમયે તે પ્રહ્લાદ એકાંત પ્રદેશમાં બેઠો હતો. ત્યાં ઇંદ્ર તેની પાસે આવ્યો અને તેની બુદ્ધિને જાણવાની ઇચ્છાથી આ પ્રમાણે પૂછવા લાગ્યોઃ-[૪-૮] "કોઇએક પુરુષ, જે જે ઉત્તમ ગુણોને ધારણ કરીને જગતના સર્વ મનુષ્યોમાં માન્ય થઇ પડે તે સર્વ ગુણો, તમારામાં સ્થિર થયેલા છે, એમ અમે જોઇ શકીએ છીએ.[૯] તમારી બુદ્ધિ બાળકોના જેવી રાગદ્વેષરહિત જોવામાં આવે છે, તમે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે; તો હું તમને પૂછું છું કે, આત્મજ્ઞાન સંપાદન કરવામાટે કયા સાધનને તમે અતિશય ઉત્તમ માનો છો?[૧૦] વળી તમે, પાશોથી બંધાયા છો, પોતાના સ્થાન ઉપરથી ભ્રષ્ટ થયા છો, શત્રુઓના વશમાં આવી પડયા છો અને રાજ્યલક્ષ્મીથી ચ્યુત થયા છો છતાં હે પ્રહ્લાદ! આવી શોકજનક સ્થિતિમાં રહીને પણ તમે શોક કેમ કરતા નથી ?[૧૧] હે દૈત્યપુત્ર પ્રહ્લાદ! પોતાના પર આવી પડેલા સંકટને જોયા છતાં તમે આવા શાંતસ્વરૂપ જણાઓ છો તે જ્ઞાનના લાભથી કે અત્યંત ધૈર્યનિષ્ઠતાથી ?"[૧૨]

એ પ્રમાણે ઇંદ્રે પૂછ્યું એટલે તત્ત્વવસ્તુનો નિશ્ચય કરનાર ધીર પ્રહ્લાદ, પોતાના જ્ઞાનનું વર્ણન કરતો મધુર વાણીથી બોલ્યો.[૧૩]

પ્રહ્લાદે કહ્યુંઃ-" જે પુરુષ પ્રાણીમાત્રની પ્રવૃત્તિને તથા નિવૃત્તિને જાણતો નથી, તેનેજ અજ્ઞાનને લીધે મોહ ઉત્પન્ન થાય છે, પણ પ્રવૃત્તિ નિવૃત્તિનું જ્ઞાન ધરાવનારા પુરુષને મોહ થતો નથી.[૧૪]* જગતના સર્વ ભાવો (મહત્તત્ત્વ વગેરે) તથા અભાવો (મહત્તત્ત્વ આદિના પ્રલયો), કેવળ સ્વભાવને લીધેજ (પ્રકૃતિને લીધેજ) પ્રવૃત્તિનિવૃત્તિ કર્યા કરે છે. તેમાં પુરુષને કંઇપણ લેવા દેવા નથી. (અર્થાત્ પ્રકૃતિજ કર્ત્રી અને ભોક્ત્રી છે. આત્મા કર્તા પણ નથી, ભોક્તા પણ નથી.)[૧૫] આ રીતે પુરુષ નિર્લેપ છે અને અકર્તા છે, છતાં દેહાદિ ઉપર અભિમાન કરીને કોઈ સમયે તે માને છે કે, "હું કર્તા છું" તેનું કારણ અવિદ્યાજ છે.[૧૬] હું નિશ્ચય માનું છું કે, જે મનુષ્ય આત્માને શુભ-અશુભ કર્મનો કર્તા માને છે, તેની બુદ્ધિ દૂષિત છે, તાત્વિક અર્થને નહિ

---

*અર્થાત પુરુષના બંધનને તથા મોક્ષને સિદ્ધ કરવામાટે અનુલોમપ્રતિલોમ પરિણામ કરનારી મૂળ પ્રકૃતિ કે જે, કર્તા, કરણ અને ક્રિયારૂપ છે તેને આત્માથી ભિન્ન સ્વરૂપે નહિ જાણનારા મનુષ્યનેજ મોહ થાય છે; પણ પ્રકૃતિ તથા પુરુષને અન્યોન્યથી ભિન્ન જાણનારા પુરુષને મોહ થતો નથી. શ્રુતિ પણ કહે છેઃ-**तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः**-ઇત્યાદિ. **નીલકંઠ**

જાણનારી છે.[૧૭] હે ઇંદ્ર ! જો કદાચ આત્માજ કર્તા હોય તો મનુષ્ય પોતાના કલ્યાણને માટે જેજે આરંભો કરે છે, તે અવશ્ય સિદ્ધ થવા જોઇએ અને તે કદી પરાભવજ નહિ પામે. (તે ઉપરથી સિદ્ધ થાય છે કે, પુરુષ કર્તા નથી.)[૧૮] મનુષ્યો, પોતાનું હિત કરવામાટે અનેકાનેક પ્રયત્નો કર્યા કરે છે છતાં આપણે જોઇએ છીએ કે, તેઓને અનિષ્ટનોજ લાભ થાય છે પણ ઇષ્ટનો લાભ થતો નથી; તો પછી કર્મના ફળભોગપ્રત્યે પણ પુરુષની શી અપેક્ષા રહી? (અર્થાત પુરુષ કર્મનાં ફળોનો ભોકતા પણ નથી.)[૧૯] વળી આપણે જોઇએ છીએ કે, મનુષ્યો પ્રયત્ન કરતા નથી છતાં તેઓનાં અનિષ્ટો દૂર થાય છે અને ઇષ્ટ પદાર્થોની તેઓને પ્રાપ્તિ થાય છે. તાત્પર્ય કે, અનિષ્ટની પ્રાપ્તિ અને ઇષ્ટનો નાશ જેમ સ્વભાવથીજ થયા કરે છે, તેમ અનિષ્ટનો નાશ અને ઇષ્ટની પ્રાપ્તિ પણ સ્વભાવને લીધેજ થયા કરે છે.[૨૦] વળી આપણે જોઇએ છીએ કે, આ જગતમાં કેટલાએક અત્યંત રૂપસંપન્ન અને બુદ્ધિસંપન્ન એવા પણ પુરુષો, અત્યંત કુરૂપ અને અલ્પબુદ્ધિવાળા પુરુષો પાસેથી ધન મેળવવાની ઈચ્છા રાખે છે.[૨૧] આ રીતે જ્યારે સ્વભાવની પ્રેરણાથીજ સર્વ શુભ–અશુભ ગુણો મનુષ્યોની અંદર દાખલ થાય છે તો પછી “હું સુખી છું, દુઃખી છું, કર્તા છું, ભોકતા છું” ઇત્યાદિ અભિમાન કરવાનું કોઇને પણ કારણ શું છે?[૨૨] મારી બુદ્ધિએ નિશ્ચય કર્યો છે કે, આ સર્વ જગત કેવળ સ્વભાવને લીધેજ પ્રવૃત્તિનિવૃત્તિ કરી રહ્યું છે; એટલુંજ નહિ પણ મોક્ષ કે આત્મજ્ઞાન પણ કેવળ સ્વભાવને લીધેજ થાય છે, એ સિવાય બીજું કંઇપણ નથી, એમ મને લાગે છે. (અર્થાત આત્માને જ્યારે બંધનનોજ અભાવ છે, ત્યારે તેનો મોક્ષ થયો, એમ માનવું તે પણ એક અજ્ઞાનજ છે.)*[૨૩]

હવે, કેટલાએક મનુષ્યો માને છે કે, શુભ-અશુભ ફળનો યોગ કેવળ કર્મને લીધેજ થાય છે; પરંતુ એ માન્યતા ભૂલભરેલી છે. સાંભળો. હું તમને કર્મોનો સમગ્ર વિષય કહું છું.[૨૪] જેમ એક કાગડો અન્નનું ભક્ષણ કરતાં કરતાં શબ્દ કરીને બીજા કાગડાઓને પણ જણાવે છે કે, અહીં અન્ન રહેલું છે, (અર્થાત કાગડાનો શબ્દ જેમ અન્નનો સૂચક છે,) તેમ સર્વ કર્મો પણ સ્વભાવનુંજ લક્ષણ છે–સ્વભાવનેજ સૂચવનારાં છે–સ્વભાવનોજ અસાધારણ ધર્મ છે.[૨૫] જે પુરુષ, કેવળ પ્રકૃતિના ધર્મોનેજ જાણે છે પરંતુ સર્વનાથી પર રહેલી પ્રકૃતિને (સર્વના ઉપાદાનકારણ બ્રહ્મને) જાણતો નથી, તે પુરુષને અજ્ઞાનને લીધે મોહ થાય છે; પરંતુ પ્રકૃતિનું જ્ઞાન ધરાવનારા પુરુષને મોહ થતો નથી.[૨૬] આ વિશ્વમાં જે જે ભાવો દૃષ્ટિગોચર થાય છે, તેઓ સર્વે કેવળ સ્વભાવમાંથી ઉત્પન્ન થયા છે, એમ નિશ્ચયપૂર્વક સમજનાર તત્ત્વજ્ઞ પુરુષને ગર્વ કે અભિમાન શું કરનાર છે?[૨૭] હે ઇંદ્ર ! હું પણ સમગ્ર ધર્મવિધિને તથા પ્રાણીમાત્રની અનિત્યતાને જાણું છું, તેમજ આ સર્વ દૃશ્યમાન પદાર્થને નાશવંત જોઉં છું, તેથી કોઇનો શોક કરતો નથી.[૨૮] વળી મેં સર્વ મમતાઓનો ત્યાગ કર્યો છે, અહંકારને હાંકી કાઢયો છે, આશાઓને તિલાંજલિ આપી છે અને વાસનાઓનો ત્યાગ કર્યો છે; તેમજ હું આત્મસ્વરૂપમાંજ સ્થિતિ કરી રહ્યો છું, દેહાદિકના અભિમાનનો ત્યાગ કરીને સ્વરૂપસ્થિતિથી ભ્રષ્ટ થતો નથી અને તેથીજ સર્વ પ્રાણીની ઉત્પત્તિના તથા વિનાશના ઉપાદાનકારણભૂત પરબ્રહ્મનો હું સાક્ષાત્કાર કરી શકું છું.[૨૯] હે ઇંદ્ર ! જે પુરુષની બુદ્ધિએ આત્મજ્ઞાન સંપાદન કર્યું છે, જેણે સર્વ ઇંદ્રિયોનો નિગ્રહ કર્યો છે, જેણે તૃષ્ણાનો ત્યાગ કર્યો છે, જેણે સર્વ આશાઓને દૂર ફેંકી દીધી છે અને જેણે અવિનાશી આત્મદેવનો સાક્ષાત્કાર કર્યો છે, તે પુરુષને કોઈ પ્રકારનો પરિશ્રમ પડતો નથી.[૩૦] હું, જગતને ઉત્પન્ન કરનારી પ્રકૃતિ ઉપર કે તેના વિકારભૂત સુખદુઃખાદિ ઉપર

---

*વસ્તુસ્થિતિ એવી છે કે, આ જગતમાં કોઇનો નાશ નથી, કોઇની ઉત્પત્તિ નથી, કોઇ બંધાયલો નથી, કોઇ સાધક નથી, કોઇ મુમુક્ષુ નથી અને કોઇ મુક્ત પણ નથી.

પ્રીતિ કરતો નથી; અથવા તેઓનો દ્વેષ પણ કરતો નથી, તેમજ મને નથી દેખાતું કે, મારો કોઇ દ્વેષ કરે છે અથવા પુત્ર, મિત્ર વગેરે આત્મીય વર્ગ મને પ્રસન્ન કરે છે!![31] હે શક્ર! સ્વર્ગ, મર્ત્ય કે પાતાલલોકની મને કામના નથી અને જ્ઞેયનું, વિજ્ઞાનનું કે જ્ઞાનનું પણ મને પ્રયોજન નથી."[32]

ઇંદ્રે પૂછ્યું:-"હે પ્રહ્લાદ! હું તમને આદરપૂર્વક પૂછું છું કે, આવી પ્રજ્ઞા અને આવી શાંતિ કયા ઉપાયથી મળી શકે છે? તે મને કહો."[33]

પ્રહ્લાદે કહ્યું:-"હે શક્ર! સરળતા ધારણ કરવાથી, પ્રમાદનો ત્યાગ કરવાથી, બુદ્ધિને નિર્મળ કરવાથી, ઇંદ્રિયોને જીતવાથી અને વૃદ્ધ પુરુષોની સેવા કરવાથી પુરુષને મોક્ષપદ પ્રાપ્ત થાય છે.[34] વળી સ્વભાવને લીધેજ આત્મજ્ઞાનનો લાભ થાય છે, સ્વભાવને લીધેજ શાંતિ પ્રાપ્ત થાય છે અને આ જગતમાં જે કંઈ તને દેખાય છે તે સર્વ કેવળ સ્વભાવથીજ દેખાય છે."[35]

દૈત્યોના રાજા પ્રહ્લાદે એ પ્રમાણે કહ્યું એટલે ઇંદ્ર તો આશ્ચર્યજ પામી ગયો અને હે રાજન્! મનમાં પ્રસન્ન થઇને તેનાં વાક્યોની પ્રશંસા કરવા લાગ્યો.[36] પછી ત્રૈલોક્યના ઇશ્વર ઇંદ્રે, દૈત્યેન્દ્ર પ્રહ્લાદની પૂજા કરી ને તેની અનુમતિ લઇને તે પોતાના ધામમાં ગયો.[37]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ઇંદ્ર અને પ્રહ્લાદનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૨૨૨ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૩ મો

બલિરાજા અને ઇંદ્રનો સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

यया बुद्ध्या महीपालो भ्रष्टश्रीर्विचरेन्महीम्॥
कालदंडविनिष्पिष्टस्तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પિતામહ! (દૈવયોગે) રાજલક્ષ્મીથી ભ્રષ્ટ થયેલા અને કાળદંડથી કચરાઇ ગયેલા રાજાએ, કેવી બુદ્ધિનો આશ્રય કરીને પૃથ્વીપર વિચરવું; તે મને કહો."[1]

ભીષ્મે કહ્યું:-"આ વિષયમાં પણ એક પ્રાચીન ઇતિહાસ કહેવામાં આવે છે, કે જેમાં ઇંદ્રનો તથા બલિરાજાનો સંવાદ વર્ણવેલો છે.[2] પ્રાચીન કાળમાં સર્વ અસુરોનો પરાજય કર્યા પછી ઇંદ્ર, બ્રહ્મદેવ પાસે ગયો અને બે હાથ જોડી પ્રણામ કરીને બલિરાજાના સંબંધમાં તેમને પૂછવા લાગ્યો:-[3] "હે બ્રહ્મન્! જે બલિરાજા નિરંતર દ્રવ્યદાન કર્યા કરતો હતો છતાં દ્રવ્યરહિત થતો ન હતો, તે બલિરાજા મારા જોવામાં આવતો નથી; તો આપ કહો કે તે ક્યાં છે ?[4] જે બલિરાજા વાયુ, વરુણ, સૂર્ય અને ચંદ્રરૂપ હતો અને જે રાજા અગ્નિરૂપ થઇને સર્વ પ્રાણીઓને તપાવતો હતો તેમજ જળરૂપે થઇને સર્વને શાંતિ પમાડતો હતો, તે બલિરાજાની હું શોધ કરૂં છું છતાં તે મારા જોવામાં આવતો નથી; તો હે બ્રહ્મન્! તમે મને કહો કે, તે ક્યાં છે? અરે! જે રાજા સૂર્યરૂપ થઇને સર્વ દિશાઓને પ્રકાશમાન કરતો હતો અને અસ્ત પણ પામતો હતો, તેમજ જે રાજા, તંદ્રાનો ત્યાગ કરીને સમયાનુસાર વરસાદ વરસાવતો હતો તે બલિરાજા મને મળતો નથી તો હે બ્રહ્મન્! તમે મને કહો કે, તે ક્યાં છે ?"[4-7]

બ્રહ્માએ કહ્યું:-" હે ઇંદ્ર ! બલિરાજાના સંબંધમાં તું મને પૂછે છે તે યોગ્ય નથી; તોપણ "જો પૂછવામાં આવે તો અસત્ય બોલવું નહિ" એ ન્યાયને અનુસરીને હું તને કહું છું કે, બલિરાજા હમણાં ક્યાં છે, તે સાંભળ.[8] હે ઇંદ્ર! ઉંટ, ગધેડાં, બળદ કે ઘોડાં-એમાંના કોઇપણ પ્રાણીમાં જે સૌના કરતાં શ્રેષ્ઠ હોય અને શૂન્ય ઘરમાં પડી રહેતું હોય તેજ બલિરાજા છે, એમ તારે જાણવું."[9]

ઇંદ્રે કહ્યું:-"હે બ્રહ્મન્! કોઈ શૂન્ય ઘરમાં બલિરાજાને હું મળું તે વેળા મારે તેને મારવો કે નહિ ? તે મને કહો."[10]

બ્રહ્માએ કહ્યું:-"હે શક્ર ! તારે બલિરાજાને મારવો નહિ; કેમકે તે મારવા યોગ્ય નથી. હે ઇંદ્ર! જો તારે ઇંદ્રપદને સ્થાયી રાખવાની ઇચ્છા હોય તો તારે એને મારવો નહિ પણ નીતિવિષ-

ચક પ્રશ્નો પૂછવા.”[૧૧]

ભીષ્મે કહ્યું:-ભગવાન બ્રહ્મદેવે એ પ્રમાણે કહ્યું, એટલે મહેન્દ્ર ઐરાવત હાથી ઉપર બેસીને રાજલક્ષ્મીના આડંબર સાથે પૃથ્વીપર ફરવા લાગ્યો.[૧૨] ફરતાં ફરતાં તેણે, ભગવાન બ્રહ્મદેવના કહેવા પ્રમાણે ગધેડાના વેશમાં છુપાયલા અને એક શૂન્યગૃહમાં પડી રહેલા બલિરાજાને જોયો.[૧૩] એટલે તુરતજ ઇંદ્રે કહેવા માંડયું કે:-“ હે દાનવ ! તું ગધેડાની યોનિને પામી ચૂકયો છે. ધાન્યનાં ફોતરાંનું ભક્ષણ કરીને જીવી રહ્યો છે. આ તારી યોનિ મહા અધમ છે, જેથી તને શોક થાય છે કે નહિ ?[૧૪] અહા ! કેવી ખેદની વાત છે કે, હું તને કદી નહિ જોયેલી દશામાં આજે જોઉં છું, તું શત્રુઓના તાબામાં આવી પડયો છે, રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થયો છે, મિત્રોથી રહિત થયો છે અને વીર્ય તથા પરાક્રમથી ચ્યુત થયો છે.[૧૫] જે વેળા તું હજારો વાહનોની સાથે અને અનેક જ્ઞાતિઓથી વીંટાઈને, સર્વ લોકોમાં પ્રતાપ પાડતો ફર્યા કરતો હતો તે વેળા અમને કોઇને હિસાબમાંજ ગણતો ન હતો, ખરૂં કે ?[૧૬] તારા રાજ્યકાળમાં સર્વ દૈત્યો તારી આજ્ઞામાં રહેતા હતા, તારી આજ્ઞાને ઉઠાવી લેવામાટે તારા મુખસામેજ જોઈ રહેતા હતા અને પૃથ્વી ખેડયાવિનાજ ધાન્યપાકને ઉત્પન્ન કરતી હતી;[૧૭] પરંતુ આજે તારાપર મહાન સંકટ આવી પડયું છે તેને માટે તું શોક કરે છે કે નહિ? પૂર્વે સમુદ્રના પૂર્વ દિશાના કાંઠાપર તું રહેતો હતો અને જાત જાતના વૈભવોનો ઉપભોગ કરીને પોતાના જ્ઞાતિલાઓને પણ દ્રવ્યવિભાગ આપતો હતો તે સમયે તારા મનની સ્થિતિ કેવી હતી ? વળી જે સમયે રાજ્યલક્ષ્મીથી દેદીપ્યમાન દેખાતા તારા વિહારક્ષેત્રમાં કમળની માળાઓને ધારણ કરનારી અને સુવર્ણસમાન કાંતિવાળી હજારો દેવાંગનાઓ, સંખ્યાબંધ વર્ષોપર્યંત નૃત્ય કરતી હતી તે સમયે તારૂં મન કેવું હતું ? અને આ સમયે કેવું છે?[૧૮-૨૦] હે દાનવોના રાજા! તારી પાસે નરદમ સુવર્ણનું અને રત્નોથી શોભી રહેલું મહાન છત્ર હતું અને તારા દરબારમાં છ હજાર ગંધર્વો સાત પ્રકારનું નૃત્ય કરી રહ્યા હતા. વળી જે સમયે તું યજ્ઞ કરવાનો આરંભ કરતો હતો, તે વેળા તદ્દન સુવર્ણનો મહાન યજ્ઞસ્તંભ ઉભો કરવામાં આવતો હતો અને તેની પાસે બેસીને તું એક અબજ ગાયોનું દાન આપતો હતો; તેમજ યજ્ઞ થઇ રહ્યા પછી પણ પ્રતિદિન એક હજાર ગાયોનું દાન આપતો હતો. તે વેળા તારી બુદ્ધિ કેવી હતી?[૨૧-૨૩] વળી જે સમયે તું શમ્યાક્ષેપ× વિધિથી યજ્ઞ કરતો કરતો આખી પૃથ્વીમાં ફરતો હતો, તે સમયે તારા હૃદયમાં શું હતું ?[૨૪] હે અસુરોના અધિપતિ! તારી પાસે સુવર્ણનું જળપાત્ર (ઝારી) હતું, છત્ર હતું, ચામરો હતાં અને બ્રહ્મદેવે આપેલી એક સુવર્ણની માળા હતી. તેમાંનું કંઇપણ આ વખતે હું જોતો નથી.”[૨૫]

બલિરાજાએ કહ્યું:-“ હે વાસવ ! મારા સુવર્ણના જળપાત્રને, છત્રને, ચામરોને તથા બ્રહ્મદેવે આપેલી મારી સુવર્ણની માળાને આ સમયે તું જોઇ શકીશ નહિ.[૨૬] વળી જે રત્નોના સંબંધમાં તું મને પૂછે છે, તે રત્નોને મેં ગુહાની અંદર (મૂલપ્રકૃતિની અંદર) હમણાં મૂકી દીધાં છે, જેથી તે પણ તારા જોવામાં આવશે નહિ; પરંતુ જ્યારે મારો સમય આવશે, ત્યારે તે સર્વ તારા જોવામાં આવશે.[૨૭] તું આ સમયે સમૃદ્ધિમાન થયો છે અને હું સમૃદ્ધિથી રહિત થયો છું, તેથી તું મારી પાસે બડાઇ મારવાની ઇચ્છા કરે છે; પરંતુ એ તારા યશને કે કુળને યોગ્ય નથી.[૨૮] જે બુદ્ધિમાન પુરુષો આત્મજ્ઞાન સંપાદન કરીને નિત્ય જ્ઞાનમાંજ તૃપ્ત રહે છે અને ક્ષમાશીલ હોય છે, તેઓ પોતાનાપર દુઃખ આવી

×મૂળના ભાગમાં જાડા અને ટોચના ભાગમાં પાતળા એક છત્રીસ આંગળના દંડને ‘શમ્યા’ કહેવામાં આવે છે. તે શમ્યાને એક બળવાન પુરુષ ફેંકે અને તે જ્યાં પડે ત્યાં યજ્ઞ કરવો; ને પછી ત્યાં યજ્ઞ પૂરો થઈ જાય એટલે વળી પણ શમ્યાદંડને ત્યાંથી આગળ ફેંકવો અને તે જ્યાં પડે ત્યાં વળી પણ યજ્ઞ કરવો. આમ કરી કરીને યજ્ઞ કરતા જવું તેને ‘શમ્યાક્ષેપવિધિ’ કહેવામાં આવે છે.

પડે ત્યારે શોક કરતા નથી તેમજ સમૃદ્ધિમાન્ થઇને હર્ષ પામતા નથી.[૨૯] હે ઇંદ્ર! તું પ્રાકૃત બુદ્ધિને લીધે આવી વ્યર્થ આત્મશ્લાઘા કરે છે, પરંતુ જ્યારે તું પણ મારા જેવી દુર્દશામાં આવી પડીશ, ત્યારે આ પ્રમાણે બોલી શકીશ નહિ."[૩૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "બલિ અને ઇંદ્રનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૨૨૩ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૪ મો

ઇંદ્ર અને બલિનો સંવાદ-કાળનો વિલાસ

॥ भीष्म उवाच ॥

पुनरेव तु तं शक्रः प्रहसन्निदमब्रवीत् ॥
निःश्वसंतं यथा नागं प्रव्याहाराय भारत॥१॥

ભીષ્મે કહ્યું:-"હે ભરતવંશના યુધિષ્ઠિર રાજા! તે પછી વળી પણ ઇંદ્રે, સર્પની પેઠે ફુંફાડા મારતા બલિરાજાને તીક્ષ્ણ શબ્દો કહેવામાટે મોટેથી હસીને આ પ્રમાણે કહ્યું.[૧]

ઇંદ્રે કહ્યું:-"ઓ બલિ! પૂર્વે હજારોવાહનોની સાથે તથા અનેક જ્ઞાતિપરિવારોની સાથે બહાર નીકળીને સર્વ લોકોને તપાવી રહેલો તું, અમને હિસાબમાંજ ગણતો ન હતો, ખરૂં કે?[૨] પણ આ સમયે સર્વ જ્ઞાતિઓ અને મિત્રોથી ત્યજાયલો તું, પોતાની આવી દીન અવસ્થા જોઇને શોક કરે છે કે નહિ?[૩] પૂર્વે, સર્વ લોકોને પોતાના વશમાં રહેલા જોઇને તને અતુલ પ્રીતિ થતી હતી, પણ આજે પોતાની આવી પ્રકટ અધમ દશાનો તું શોક કરે છે કે નહિ?"[૪]

બલિએ કહ્યું:-"ઓ ઇંદ્ર! કાળના પરિવર્તનસ્વભાવને લીધે હું જોઇ શકું છું કે, આ સર્વ જગત નાશવંત છે અને તેથીજ હું શોક કરતો નથી.[૫] હે દેવોના રાજા! પ્રાણીમાત્રનાં શરીરો કેવળ નાશવંત છે, એમ જાણીને મને શોક થતો નથી. વળી હું જાણું છું કે, મને આ ગધેડાની યોનિ મળી છે તેમાં મારો કંઇ પણ અપરાધ નથી. (પરંતુ કાળધર્મને લીધેજ મને આ દશા પ્રાપ્ત થઈ છે.)[૬] પ્રાણીમાત્રનું સૂક્ષ્મ શરીર અને સ્થૂલશરીર, સ્વભાવથીજ સાથે ઉત્પન્ન થાય છે. પછી તે બન્ને શરીરોની એકસાથેજ વૃદ્ધિ થાય છે અને બન્નેનો (મોક્ષકાળે) એકસાથેજ વિનાશ થાય છે.[૭] હું આ ગધેડાના શરીરને પ્રાપ્ત થયો છું, પરંતુ દેહના ધર્મોથી અલિપ્તજ છું અને હું જાણું છું કે, આત્મા અસંગ છે; તોપછી મને શોક શામાટે થાય?[૮] ઓ વજ્રધારી ઇંદ્ર! જેમ સર્વ જળપ્રવાહોની અંતિમ ગતિ મહાસાગર છે, તેમ સર્વ પ્રાણીઓની અંતિમ ગતિ મરણ છે. (અર્થાત્ પ્રાણીમાત્રનાં સ્થૂલસૂક્ષ્મ શરીરો મરણદશાને પામે છે પણ આત્મા તો અજરામર છે) આમ સારી રીતે જાણનારા પુરુષો મોહ પામતા નથી;[૯] પરંતુ રજોગુણ અને તમોગુણથી મૂઢ બનેલા અજ્ઞાનીઓ એ પ્રમાણે સમજતા નથી તેથીજ તેઓની બુદ્ધિ નાશ પામે છે અને તેઓ કષ્ટ પામીને સીદાય છે.[૧૦] પુરુષ, બુદ્ધિના (જ્ઞાનના) લાભથીજ સર્વ મોહજન્ય પાપોનો નાશ કરી શકે છે અને એ રીતે પાપરહિત થયેલો પુરુષ, સત્વગુણ સંપાદન કરીને હમેશાં પ્રસન્ન રહે છે;[૧૧] પણ જે પુરુષો તે સત્વગુણથી ભ્રષ્ટ થઇને રજોગુણ તથા તમોગુણથી ઘેરાઈ જાય છે, તે બિચારા પુનઃ પુનઃ જન્મમરણને પામ્યા કરે છે અને કામાદિક દુષ્ટ ભાવોથી પ્રેરાઇને પરિતાપ પામ્યા કરે છે.[૧૨] હું અર્થની સિદ્ધિનો, અર્થની હાનિનો, જીવિતનો, મરણનો, સુખનો કે દુઃખનો દ્વેષ કરતો નથી અથવા તેઓની કામના પણ કરતો નથી.[૧૩] કાળથી હણાયલો જે પુરુષ કોઇ બીજાનો નાશ કરે છે, તે કાળથી હણાયલા તેના શરીરનોજ નાશ કરે છે, પણ તેના આત્માનો નાશ કરી શકતો નથી; (કેમકે તેનું શરીર આત્માથી ભિન્ન હોઇને અચેતન હોવાથી નાશવંતજ છે અને આત્મા તો ચૈતન્યરૂપ હોઇને સદાય અવિનાશીજ છે;) છતાં એક પુરુષ (બુદ્ધિને આત્મા માનનારો) માને છે કે, 'અમુક માણસ અમુક માણસને હણે છે' અને બીજો (દેહને આત્મા માનનારો) માને છે કે, અમુક

માણસે અમુક માણસને મારી નાખ્યો" પણ તેઓ બન્ને આવું સમજતાજ નથી કે "કોણ હણે છે અને કોણ હણાય છે!"×[૧૪] હે મઘવન્! કોઇએક પુરુષાધમ (બુદ્ધિરૂપ પુરુષાભાસ-અનાત્મતત્ત્વ) બીજાને હણીને અથવા બીજાનો પરાજય કરીને પોતાને પુરુષરૂપે (આત્મારૂપે) માને છે, (પરંતુ તેથી તે પુરુષ (આત્મા) ગણાતો નથી;) કેમકે પુરુષ તો સદાને માટે અકર્તાજ છે અને કર્મ કરનાર તો તે પુરુષાભાસજ (બુદ્ધિજ) છે. (અર્થાત્ બુદ્ધિજ કર્તાભોક્તા છે પણ આત્મા કર્તાભોક્તા નથી.)[૧૪] ત્યારે કોઇ કહેશે કે, આ જગતની ઉત્પત્તિને તથા નાશને કોણ કરે છે? તેના ઉત્તરમાં એમ કહી શકાય કે, મનજ સર્વનું ઉત્પાદક અને સંહારક છે; પરંતુ એ મનનો કર્તા પણ કોઇ બીજોજ છે.[૧૬] પ્રાણીમાત્રનાં સ્થૂલ-સૂક્ષ્મ શરીરો પૃથ્વી, તેજ, આકાશ, જળ અને વાયુ-એ પાંચ મહાભૂતોમાંથી ઉત્પન્ન થાય છે અને પાછાં તેમાંજ લય પામી જાય છે, તોપછી તેને માટે શોક શા સારૂ કરવો જોઈએ?[૧૭] વિદ્વાનને અવિદ્વાનને, બળવાનને દુર્બળને, રૂપાળાને કદ્રૂપાને, ભાગ્યશાળીને કે દુર્ભાગીને-સર્વને ગંભીર એવો કાળ, પોતાના તેજથી ઝડપી લે છે. એ ન્યાય પ્રમાણે હું જાણું છું કે, મને પણ તે કાળને લીધેજ આવી દશા પ્રાપ્ત થઈ છે, તો પછી મારે શોક શામાટે કરવો ?[૧૮,૧૯] આ જગતમાં કાળે બાળી નાખેલા પદાર્થનેજ અગ્નિ બાળે છે. કાળે મારી નાખેલાનેજ બીજો કોઇ મારે છે, કાળે નાશ પમાડેલાનેજ બીજો કોઇ નાશ પમાડે છે અને કાળે મેળવી આપેલાનેજ પુરુષ મેળવે છે.[૨૦] ખૂબ વિચાર કરીને પણ હું નથી જોઇ શકતો કે, કાળરૂપી દિવ્ય મહાસાગરમાં દ્વીપ (બેટ) કયાં છે? અથવા તેનો પાર કયાં આવે છે કે તેનો તટપ્રદેશ કયે સ્થળે છે?[૨૧] હે શચીપતિ! જો આ કાળ મારા દેખતાં સર્વ પ્રાણીઓનો વિનાશ ન કરે તોજ મને હર્ષ, ગર્વ કે ક્રોધ થાય. (પણ તેમ તો થતું નથી.)[૨૨] હું ગધેડાનું રૂપ ધારણ કરીને અહીં આવ્યો છું, આ એકાંત ગૃહમાં પડી રહ્યો છું અને ધાન્યનાં ફોતરાંનું ભક્ષણ કરીને જીવી રહ્યો છું; એ વાત જાણીને તું મારી નિંદા કરે છે ખરૂં કે?[૨૩] પણ તું નથી જાણતો કે, મારી ઇચ્છા થાય તો બીજાં અનેક ભયંકર સ્વરૂપો ધારણ કરવાને હું સમર્થ છું, જે સ્વરૂપો જોઇને તું પોતે પણ અહીંથી પલાયનજ કરી જાય![૨૪] હે ઇંદ્ર! તું જાણ કે, કાળજ સર્વને ઝડપી લે છે, કાળજ સર્વને આપનારો છે અને કાળેજ સર્વની રચના કરી છે; માટે આમ વ્યર્થ બડાઈ ન માર.[૨૫] હે પુરંદર! પૂર્વે જ્યારે હું ક્રોધાયમાન થતો હતો ત્યારે આ સર્વ જગત કંપી જતું હતું, તોપણ હે શક્ર! આ જગતના સનાતન ધર્મને (કાળપરિવર્તનને) તો હું જાણતોજ હતો.[૨૬] તેજ પ્રમાણે તું પણ જાણ અને પોતાના મનથી આશ્ચર્ય ન પામ; કારણકે ઐશ્વર્ય અને પરાક્રમ કદી કોઇના સ્વાધીનમાં રહ્યાં નથી.[૨૭] ઓ મઘવન! તારૂં ચિત્ત હજી પણ પૂર્વની પેઠે બાળકના જેવુંજ છે, પરંતુ હવે તારે જાણવું જોઈએ અને જ્ઞાનનિષ્ઠાયુક્ત બુદ્ધિ સંપાદન કરવી જોઈએ.[૨૮] હે વાસવ! તારા જાણવામાંજ છે કે, પૂર્વે દેવો, મનુષ્યો, પિતૃઓ, ગંધર્વો, ઉરગો અને રાક્ષસો-આ સર્વે મારા તાબામાં હતા.[૨૯] તેમજ મત્સર (ઈર્ષ્યા)વાળી બુદ્ધિથી મોહિત થયેલા તેઓ સર્વે, "જે દિશામાં વિરોચનનો પુત્ર બલિરાજા વસી રહ્યો છે તે દિશાને નમસ્કાર હજો" એમ કહીને મારે શરણે આવતા હતા.[૩૦] હે શચીપતિ! આ સમયે હું પદભ્રષ્ટ થયો છું, તોપણ તે વિષેનો મને શોક થતો નથી; કેમકે મારી બુદ્ધિથી મેં નિશ્ચય કર્યો છે કે, હું લેશમાત્ર સ્વતંત્ર નથી પણ સર્વના શાસક ઈશ્વરની આજ્ઞાને અધીન રહેનારો છું.[૩૧] આપણે જોઈએ છીએ કે, કોઇએક મનુષ્ય પ્રખ્યાત કુળમાં ઉત્પન્ન થયેલો હોય છે, દેખાવડો હોય છે અને પ્રતાપી હોય છે, છતાં પોતાના પરિવારની સાથે દુઃખપૂર્વક જીવન ગાળતો હોય છે, એનું કારણ કેવળ ભવિતવ્યતાજ છે;[૩૨] તેમજ હે શક્ર! કોઈએક મનુષ્ય દુષ્ટ કુળમાં ઉ-

---

×આ શ્લોકનાજ આશયવાળો ગીતાના બીજા અધ્યાયનો ૧૯ મો શ્લોક છે.

ત્પન્ન થયેલો હોય છે, કેવળ મૂઢ હોય છે અને દુરાચારી પણ હોય છે, છતાં તે મનુષ્ય પોતાના પરિવારની સાથે સુખેથી જીવી રહ્યો હોય છે. તેનું કારણ પણ ભવિતવ્યતાજ છે.[33] વળી હે શક્ર! કોઈએક સ્ત્રી સુલક્ષણા અને સુંદર હોય છે, તથાપિ તે દુર્ભાગિની જોવામાં આવે છે. ત્યારે બીજી એક સ્ત્રી કુલક્ષણા અને કદ્રૂપી હોય છે છતાં સૌભાગ્યવતી જોવામાં આવે છે.[34] તે ઉપરથી જણાય છે કે, આ વેળા તું આવી સમૃદ્ધ દશામાં આવી પહોંચ્યો છે અને હું આવી દુર્દશામાં આવી પડયો છું તેમાં, હે વજ્રધારી ઇંદ્ર! તેં કંઈ કર્યું નથી કે મેં કંઇ કર્યું નથી;[35] અને હે શતક્રતુ! મેં કરેલું કર્મ આવા વિપરીત પરિણામને પામ્યું છે, એમ પણ નથી, પરંતુ કાળના ક્રમ પ્રમાણેજ સર્વ કોઇને સંપત્તિ કે વિપત્તિ પ્રાપ્ત થાય છે. (અર્થાત્ જેમ ક્ષેત્રમાં વાવેલાં બીજો મેઘને અનુસરીનેજ ફલસંપન્ન થાય છે, તેમ કર્મો પણ કાળને અનુસરીનેજ ફળદાયક થાય છે.)[36] હું જોઈ રહ્યો છું કે, ઐશ્વર્યથી ઝળકી રહેલો તું-દેવોનો રાજા, શ્રીમાન તથા કાંતિમાન થઇને મારી સામે ઉભો રહ્યો છે અને મારાપર ગાજી રહ્યો છે;[37] પરંતુ કાળે આ રીતે મને ન સપડાવ્યો હોત તો માત્ર એક મુષ્ટિના પ્રહારથીજ તને તારા વજ્રની સાથે હું પટકી પાડત,[38] પણ અફસોસ! આ સમયે મારે પરાક્રમ નહિ કરવું જોઇએ પરંતુ શાંતિ જાળવવી જોઈએ; કેમકે કાળજ સર્વને તે તે સ્થિતિમાં લાવી મૂકે છે અને કાળજ સર્વને રાંધી નાખે છે-સર્વનો અંત આણે છે.[39] અહા! જે હું દાનવોના રાજાઓથી પૂજાતો હતો, ગર્જનાઓ કરી રહ્યો હતો અને સર્વ કોઇને તપાવી રહ્યો હતો તેની સામે પણ કાળ આવી પહોંચ્યો છે, તોપછી બીજા કોની સામે નહિ આવે?[40] અરે ઓ દેવરાજા! મેં એકલાએ તમારામાંના મહાત્મા બારે સૂર્યનાં તેજને ધારણ કર્યાં હતાં;[41] એટલુંજ નહિ પણ હે વાસવ! હું પોતેજ મેઘસ્વરૂપ થઈને જળનું વહન કરતો હતો અને સર્વને જળ પ્રદાન કરતો હતો તેમજ હું પોતેજ સૂર્યનું સ્વરૂપ ધારણ કરીને ત્રણે લોકને તપાવતો હતો અને પ્રકાશમાન કરતો હતો.[42] હુંજ સર્વ પ્રજાઓનું રક્ષણ કરતો હતો, કોઇ કોઇને લૂંટી પણ લેતો હતો, કોઈ કોઇને આપતો હતો, કોઇની પાસેથી આપેલું પાછું લઇ લેતો હતો, ઘણાને દાન આપતો હતો અને ઘણાને કેદ પકડતો હતો. આ રીતે હું એકલોજ જગતનો પ્રભુ હતો, ઇશ્વર હતો,[43] પણ હવે મારી પ્રભુતા સંપૂર્ણ થઇ છે; કેમકે હે દેવરાજા! કાળના સૈન્યથી હું ઘેરાઇ ગયો છું અને તેથીજ તેમાંનું કંઈ પણ મને જોવામાં આવતું નથી.[44] ઓ શચીપતિ ઇંદ્ર! કોઇપણ કૃત્યનો હું કર્તા નથી, તું કર્તા નથી તેમ બીજો કોઇપણ કર્તા નથી; પરંતુ કાળનો ક્રમજ સર્વ લોકોનું સ્વેચ્છામાં આવે તો રક્ષણ કરે છે અને સ્વેચ્છામાં આવે તો ભક્ષણ કરે છે.[45] વેદવેત્તાઓ કહે છે કે, કાળ એજ બ્રહ્મનું સ્વરૂપ છે; માસ, અર્ધમાસ વગેરે તેનું નિવાસસ્થાન છે; રાત્રિઓ અને દિવસોથી તે વીંટાયલો છે, વસંત આદિ ઋતુઓ તેનું પ્રાપ્તિદ્વાર છે અને સંવત્સર તેનું મુખ છે.[46] કેટલાએક (જૈમિનિ આદિ મુનિઓ) કહે છે કે, એ કાળબ્રહ્મનું બુદ્ધિદ્વારા ધ્યાન પણ થઈ શકે છે; પરંતુ એ ધ્યાનમાં પરબ્રહ્મની ઉપાસનાના વિષયભૂત પાંચ કોશોનેજ મસ્તક, બે પડખાં, મધ્યભાગ અને પુચ્છ-એ પાંચ અવયવોતરીકે જોવામાં આવે છે, એમ શ્રુતિમાંથી મેં જાણ્યું છે.[47] જેમ મહાસાગરનું જળ મહાગહન અને ગંભીર છે, તેમ પરબ્રહ્મ પણ મહા ગહન અને ગંભીર છે, આદિ અંતથી રહિત છે, જગતરૂપે ક્ષર (નાશવંત) છે અને જીવરૂપે અક્ષર (અવિનાશી) પણ છે, એમ વિદ્વાનો કહે છે.[48] વળી તત્ત્વવેત્તા વિદ્વાનો માને છે કે, પરબ્રહ્મ ઉપાધિથી રહિત છે તોપણ બુદ્ધિસત્વોની અંદર પ્રતિબિંબસ્વરૂપે દાખલ થઇને ઉપાધિયુક્ત હોય તેમ દેખાય છે, (અર્થાત્ જીવ એજ ઉપાધિથી જ્યારે મુક્ત થાય છે, ત્યારે બ્રહ્મસ્વરૂપ થઇ રહે છે.) આ રીતે પરબ્રહ્મ ઉપાધિયુક્ત હોય તેમ જણાય છે, તોપણ વસ્તુતઃ ઉપાધિના ધર્મોથી તે રહિતજ છે.[49] ચિત્તઆદિના આકારરૂપે પરિણામ પામેલાં પંચમહાભૂતોને લીધેજ

આત્મા વિપરીત સ્વરૂપને ધારણ કરે છે, પણ ખરૂં જોતાં તેનું વિપરીત સ્વરૂપ (અસત્ય, જડ, દુઃખી સુખી વગેરે) કંઈ છેજ નહિ. વળી તેને બીજો કોઇપણ પદાર્થ પ્રાપ્ત કરવાયોગ્ય છેજ નહિ અને તેનાથી બીજો કોઈ પ્રભુ પણ નથી.[૫૦] આ આત્મા સર્વ પ્રાણીઓની ગતિરૂપ છે તો પછી તેને પ્રાપ્ત કર્યાવિના પ્રાણી ક્યાં જઇ શકશે? જેને દોડી જનારો મનુષ્ય પણ ત્યજી શકતો નથી અને ઉભો રહેનારો મનુષ્ય પણ ત્યજી શકતો નથી. (અર્થાત્ આત્મા સર્વ કોઇને નિત્ય પ્રાપ્ત છે, કોઇનાથી ત્યજ્યો ત્યજાય તેવો નથી અને અવિકારી છે.[૫૧] પ્રાણીઓની સર્વ ઇંદ્રિયો પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ–એ પાંચે પ્રકારોથી આત્માનો સાક્ષાત્કાર કરી શકતી નથી. કેટલાએક વિદ્વાનો તેને અગ્નિ કહે છે, કેટલાએક પ્રજાપતિ કહે છે, કેટલાએક ઋતુઓ કહે છે, કેટલાએક માસ કહે છે, કેટલાએક અર્ધમાસ કહે છે, કેટલાએક દિવસો કહે છે, કેટલાએક ક્ષણ કહે છે, કેટલાએક પૂર્વાહ્ણ કહે છે, કેટલાએક અપરાહ્ણ કહે છે, બીજા કેટલાએક મધ્યાહ્ન કહે છે અને કેટલાએક વિદ્વાનો તેને મુહુર્ત પણ કહે છે. આ પ્રમાણે જેને–એકનેજ વિદ્વાનો અનેક સ્વરૂપે વર્ણવે છે અને આ સમગ્ર જગત જેને વશ થઈ રહેલું છે, તેનેજ (સૂત્રાત્માને) તારે કાળ જાણવો.[૫૨-૫૪] હે શચીપતિ ઇંદ્ર! બળ અને વીર્યમાં તારીજ સમાનતા ધરાવનારા હજારો ઇંદ્રો આજપર્યંત થઈ ગયા છે (કે જેઓનું કાળ ભક્ષણ કરી ગયો છે.)[૫૫] અને હે શક્ર! તું પોતે, જે અતિ બળવાન છે, દેવોનો રાજા છે અને બળને લીધે છકી ગયો છે, તેને પણ મહાવીર્યવાન કાળ, જ્યારે સમય આવશે ત્યારે શાંત પાડી દેશે.[૫૬] આ કાળ સર્વ કોઈને ઝડપી લેનારો છે, માટે હે ઇંદ્ર! તું સ્થિર થા. મારાથી, તારાથી કે આપણા પૂર્વજોથી પણ કાળનું કદી ઉલ્લંઘન કરી શકાતું નથી.[૫૭] તું આ રાજ્યલક્ષ્મી સંપાદન કરીને એમ માને છે કે, મારેવિષે તે સ્થિર થયેલી છે, પરંતુ એમ માનવું તે મિથ્યા છે; કેમકે લક્ષ્મી, એક સ્થળે સ્થિર રહેતીજ નથી.[૫૮] હે દેવોના અધિપતિ! લક્ષ્મી અત્યંત ચંચળ છે, તેણે તારા કરતાં અત્યંત શ્રેષ્ઠ એવા હજારો ઇંદ્રોને વિષે નિવાસ કર્યો છે અને આ સમયે મારો પોતાનો પણ ત્યાગ કરીને તારી પાસે આવી છે;[૫૯] માટે હે શક્ર! ફરી કદી પણ આવી વ્યર્થ બડાઈ કરીશ મા, પણ શાંત થજે; કેમકે લક્ષ્મીના જાણવામાં આવશે કે તું વ્યર્થ બડાઈ મારનારો છે, તો તને પણ તે ત્યજી જશે."[૬૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "બલિ
અને ઇંદ્રનો સંવાદ" એ વિષયનો
અધ્યાય ૨૨૪ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૫ મો

બલિ અને ઇંદ્રનો સંવાદ—લક્ષ્મીનું પ્રાકટ્ય

॥ भीष्म उवाच ॥

शतक्रतुरथापश्यद् बलेर्दीप्तां महात्मनः ॥
स्वरूपिणीं शरीराद्धि निष्क्रामंतीं तदा श्रियम्॥

ભીષ્મે કહ્યું:–" હે યુધિષ્ઠિર! તે પછી ઇંદ્રે, મહાત્મા બલિરાજાના શરીરમાંથી નીકળતી પ્રદીપ્ત રાજ્યલક્ષ્મીને સાક્ષાત સ્વરૂપમાં જોઈ.[૧] કાંતિથી ઝળહળી રહેલી તે દેવીને જોઇને ભગવાન ઇંદ્ર આશ્ચર્યથી પ્રફુલ્લ નેત્રવાળો થઈ ગયો. તેણે બલિરાજાને પૂછ્યું."[૨]

ઇંદ્રે કહ્યું:–"હે બલિરાજા! કાંતિથી પ્રકાશી રહેલી, બાજુબંધોને ધારણ કરનારી અને મોટા ચોટલાવાળી આ કયી સ્ત્રી, તારા શરીરમાંથી નીકળીને અહીં ઉભી રહી છે?"[૩]

બલિએ કહ્યું:–"હે વાસવ! આ સ્ત્રી અસુરજાતિની છે, દેવજાતિની છે કે મનુષ્યજાતિની છે એ હું જાણતો નથી; માટે તુંજ એને પૂછ કે ન પૂછ, તારી ઇચ્છામાં આવે તેમ કર."[૪]

ઇંદ્રે પૂછ્યું:–" હે પવિત્ર હાસ્યવાળી સ્ત્રિ! પ્રદીપ્ત કાંતિવાળી, મોટા ચોટલાવાળી અને બલિરાજાના શરીરમાંથી નીકળેલી તું કોણ છે? હું તને ઓળખતો નથી, માટે તારૂં નામ શું છે, તે મને કહે.[૫] હે સુંદર ભ્રુકુટિવાળી સ્ત્રિ! હું તને

પૂછું છું કે, પોતાના તેજથી પ્રકાશી રહેલી તું આ રીતે મારી પાસે શામાટે ઉભી છે? અને તેં આ શ્રેષ્ઠ દૈત્યનો શામાટે ત્યાગ કર્યો?”[૬]

લક્ષ્મીએ કહ્યું:–“મને વિરોચન જાણતો ન હતો અને વિરોચનનો પુત્ર આ બલિરાજા પણ જાણતો નથી. વિદ્વાનો મને “દુઃસહા અને વિધિત્સા” એવાં બન્ને નામોથી ઓળખે છે.[૭] હે વાસવ! કેટલાએક વિદ્વાનો મને “ભૂતિ, લક્ષ્મી, શ્રી” વગેરે નામથી પણ ઓળખે છે; પરંતુ હે શક્ર! તું કે સર્વ દેવતાઓ તો મને જાણતાજ નથી”[૮]

ઇંદ્રે કહ્યું:–“હે દુઃસહે! તેં આ બલિરાજાવિષે ઘણો કાળ થયાં નિવાસ કર્યો હતો છતાં આ સમયે તેનો તું ત્યાગ કરે છે તે શું મારામાટે કે બલિરાજાના હિતમાટે?”[૯]

લક્ષ્મીએ કહ્યું:–“હે શક્ર! ધાતા કે વિધાતા, મારૂં કોઈ પ્રકારે નિર્માણ કરી શકતા નથી. મારી પ્રાપ્તિ કેવળ કાળના ક્રમથીજ થાય છે. હમણાં તારામાં નિવાસ કરવાનો મારો સમય છે, માટે તું આ બલિની અવગણના કર મા.”[૧૦]

ઇંદ્રે કહ્યું:–“હે શિખંડિનિ! (મોટા ચોટલાવાળી લક્ષ્મિ!) તેં બલિરાજાનો શામાટે ત્યાગ કર્યો? અને હવે, મારો કેવી રીતે ત્યાગ ન કરે? તે મને કહે.”[૧૧]

લક્ષ્મીએ કહ્યું:–“હું સત્યમાં, દાનમાં, વ્રતમાં, તપમાં, પરાક્રમમાં તથા ધર્મમાં નિવાસ કરનારી છું અને આ બલિરાજા તે સર્વથી ભ્રષ્ટ થયો છે.[૧૨] પ્રથમના સમયમાં તો આ બલિરાજા બ્રાહ્મણોનો ભક્ત, સત્યવાદી અને જિતેન્દ્રિય હતો; પણ પાછળથી તેણે બ્રાહ્મણોનો દ્વેષ કરવા માંડ્યો અને પોતે ઉચ્છિષ્ટ હોવા છતાં ઘીનો સ્પર્શ કરવા લાગ્યો.*[૧૩] વળી આ બલિરાજા પ્રથમ તો યજ્ઞયાગાદિ કરીને પરમાત્માનું પૂજન કરતો હતો, પરંતુ પાછળથી કાળના સપાટામાં સપડાઇને તે મૂઢાત્મા બની ગયો અને તેણે સર્વ લોકોને કહેવા માંડ્યું કે, ‘તમે બધા મારૂંજ પૂજન કરો.’[૧૪] આવા કારણથીજ મેં તેનો ત્યાગ કર્યો છે અને તારી પાસે હું આવી છું. હે વાસવ! તારે પણ પ્રમાદનો ત્યાગ કરીને તપ અને પરાક્રમથીજ મને ધારણ કરી રાખવી.”[૧૫]

ઇંદ્રે પૂછ્યું:–“હે કમલનિવાસિનિ દેવિ! દેવોમાં, મનુષ્યોમાં કે સર્વ પ્રાણીઓમાં તેવો એક પણ પુરુષ નથી, કે જે તને સહન કરી શકે!! તો પછી હું તને કેવી રીતે સહન કરી શકીશ?”[૧૬]

લક્ષ્મીએ કહ્યું:–“હે પુરંદર! તારૂં કહેવું સત્ય છે કે, દેવ, ગંધર્વ, અસુર કે રાક્ષસ એમાંનો એક પણ પુરુષ, મને સહન કરવાને શક્તિમાન નથી.”[૧૭]

ઇંદ્રે કહ્યું:–“હે કલ્યાણિ! શું કરવાથી તું સદાકાળ મારેવિષે સ્થિર રહે? તે તું મને કહે. હું તારા કહેવા પ્રમાણેજ કરીશ, માટે જે સત્ય હોય તે તારે મને કહેવું જોઈએ.”[૧૮]

લક્ષ્મીએ કહ્યું:–“હે દેવેન્દ્ર! શું કરવાથી હું તારેવિષે સ્થિર થઇને રહું, તે હું તને કહું છું, સાંભળ. તું વેદોક્ત વિધિ પ્રમાણે મને ચાર સ્થળે વહેંચી દે.”[૧૯]

ઇંદ્રે કહ્યું:–“મારી શક્તિ અને બળના પ્રમાણમાં હું તને ધારણ કરી રાખીશ અને હે લક્ષ્મિ! તારી સમીપમાં રહ્યા છતાં પણ મારો કદી અપરાધ ન થાય, તેને માટે હું સાવધ રહીશ.[૨૦] હું માનું છું કે, આ પૃથ્વી સર્વ મનુષ્યોને ધારણ કરનારી છે તેમજ સર્વ પ્રાણીનું રક્ષણ કરનારી છે, જેથી તે તારા એક પાદને (ચતુર્થાંશને) સહન કરવા સમર્થ થશે.”[૨૧]

લક્ષ્મીએ કહ્યું:–“હે શક્ર! તારા કહેવા પ્રમાણે મારા આ એક પાદને હું પૃથ્વીપર મૂકું છું અને ત્યાં સ્થિર કરૂં છું; તો હવે, મારા બીજા પાદને કોઈ સ્થળે સ્થાપિત કર.”[૨૨]

ઇંદ્રે કહ્યું:–“મનુષ્યલોકમાં સર્વત્ર વહી રહેલું જળજ તારા બીજા પાદને સહન કરવા સમર્થ છે. માટે તે જળજ તારા બીજા પાદને ભલે સહન કરે.”[૨૩]

---

*આ ઉપરથી જણાય છે કે, ઉચ્છિષ્ટ અથવા વગર ધોયેલે હાથે ઘીનો સ્પર્શ કરવો તે પણ એક મહાપાપ છે.

લક્ષ્મીએ કહ્યું:–“બહુ સારૂં; આ મારા બીજા પાદને હું જળવિષે સ્થાપિત કરૂં છું અને તે ત્યાં સ્થિર થશે. હવે હે શક્ર! મારા ત્રીજા પાદને કોઈ સ્થળે સ્થાપિત કર.”[૨૪]

ઇંદ્રે કહ્યું:–“જે વિષે વેદો, યજ્ઞો અને દેવો નિવાસ કરી રહ્યા છે, તે અગ્નિવિષે તારો ત્રીજો પાદ સ્થિર થાઓ; કેમકે અગ્નિ તારા ત્રીજા પાદને ધારણ કરવા સમર્થ છે.”[૨૫]

લક્ષ્મીએ કહ્યું:–“તારા કહેવા પ્રમાણે મેં મારા ત્રીજા પાદને અગ્નિમાં સૂકયો છે અને તે ત્યાં સ્થિર પણ થયો છે, તો હે શક્ર! હવે મારા ચોથા પાદને કોઇ સ્થળે સ્થાપિત કર.”[૨૬]

ઇંદ્રે કહ્યું:–“મનુષ્યોમાં જેઓ બ્રાહ્મણોની ભકિત કરનારા, સત્યવાદી અને શ્રેષ્ઠ હોય, તેઓ તારા ચોથા પાદને સહન કરવા શકિતમાન છે; માટે તેવા સજ્જનોજ તારા ચોથા પાદને ભલે સહન કરે.”[૨૭]

લક્ષ્મીએ કહ્યું:–“બહુ સારૂં. તારા કહેવા પ્રમાણે મારા ચોથા પાદને મેં સજ્જનોની અંદર સ્થાપિત કર્યો છે; અને તે, ત્યાં સ્થિર પણ થયો છે તો હવે હે શક્ર! તેં દર્શાવેલાં ભૂતોમાં એ પ્રમાણે સ્થિર થયેલી* મને તું બરાબર ધારણ કરી રાખજે”[૨૮]

ઇંદ્રે કહ્યું:–“મેં તને જે જે મહાભૂતોમાં તથા પ્રાણીઓમાં વિભાગપૂર્વક સ્થાપિત કરી છે, તેનો જે કોઇ નાશ કરશે તેને હું શિક્ષા કરીશ. આ મારા વચનને સર્વ કોઇએ લક્ષ્યમાં રાખવું.” ઇંદ્રે એ પ્રમાણે કહ્યું તે પછી લક્ષ્મીથી ત્યજાયલો દૈત્યરાજા બલિ, બોલી ઉઠયો.[૨૯]

બલિએ કહ્યું:–“જે સમયે સૂર્ય-પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર–આ ચારે દિશાઓને એકસરખી રીતે તપાવશે અને બ્રહ્મદેવના મધ્યાહ્નસમયે જગતમાંથી સૂર્યનો જ્યારે અસ્તજ થશે નહિ, ત્યારે પુનઃ દેવો અને અસુરોવચ્ચે યુદ્ધ થશે, જેમાં હું તમને બધાને જીતીશ.[૩૦,૩૧] હે શતક્રતુ! જે વખતે સૂર્ય કેવળ બ્રહ્મલોકમાં રહીનેજ સર્વ લોકને તપાવશે, તે વખતે દેવો અને અસુરોવચ્ચે યુદ્ધ થશે અને તેમાં હું તને જીતીશ.”[૩૨]

ઇન્દ્રે કહ્યું:–“ઓ બાલ! તને નહિ મારવા માટે બ્રહ્મદેવે મને આજ્ઞા આપી છે અને તેથીજ તારા મસ્તકપર હું વજ્રનો પ્રહાર કરતો નથી.[૩૩] હે દૈત્યેન્દ્ર! હવે તારી ઇચ્છામાં આવે ત્યાં તું ચાલ્યો જા. હે મહાસુર! તારૂં કલ્યાણ થાઓ. યાદ રાખજે કે, બ્રહ્મલોકના મધ્ય ભાગમાં રહીને સૂર્ય કદી તપશેજ નહિ; કેમકે પ્રથમથીજ બ્રહ્મદેવે તેને માટે મર્યાદા બાંધી દીધી છે જેથી ભગવાન સૂર્ય સત્યકર્મને અનુસરીને સર્વ લોકોને પ્રકાશયુક્ત કરતા નિરંતર ભ્રમણ કર્યા કરે છે.[૩૪,૩૫] તે છ મહિના ઉત્તરાયણ ગતિ કરે છે, છ મહિના દક્ષિણાયન ગતિ કરે છે અને સર્વ લોકને શીતલતા તથા ઉષ્ણતા અર્પણ કરે છે.”[૩૬]

ભીષ્મે કહ્યું:–હે ભરતવંશી યુધિષ્ઠિર રાજા! ઇંદ્રે દૈત્યોના રાજા બલિને એ પ્રમાણે કહ્યું, એટલે તે દક્ષિણ દિશામાં ચાલ્યો ગયો અને ઇંદ્ર ઉત્તર દિશા તરફ ચાલતો થયો.[૩૭] આ રીતે બલિરાજાએ કહેલું નિરભિમાની વાકય સાંભળ્યા પછી ઇંદ્ર, સ્વર્ગલોકમાં ચાલ્યો ગયો.[૩૮]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“લક્ષ્મીનું સાન્નિધ્ય’ એ વિષયનો
અધ્યાય ૨૨૫ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૬ મો

ઇંદ્ર અને નમુચિનો સંવાદ-ભાવિ અન્યથા થતું નથી.

॥ भीष्म उवाच ॥

अत्रैवोदाहरंतीमामितिहासं पुरातनम् ॥
शतक्रतोश्च संवादं नमुचेश्च युधिष्ठिर ॥१॥

ભીષ્મે કહ્યું:–“હે યુધિષ્ઠિર! (કોઈપણ પ્રાણીએ અહંકાર કરવો નહિ;) એ વિષયમાં ઇંદ્ર

---

* ઇંદ્રે લક્ષ્મીના ચાર ભાગો મનુષ્યલોકમાં સ્થાપિત કર્યા. તેમાંનો દ્રવ્યરૂપી ભાગ પૃથ્વીમાં રહ્યો, તીર્થાદિ પુણ્યરૂપી ભાગ જળમાં રહ્યો, યજ્ઞાદિ ધર્મરૂપી ભાગ અગ્નિમાં રહ્યો અને વિદ્યારૂપી ભાગ સજ્જનોમાં રહ્યો, એમ સમજવું.

અને નમુચિના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૧] પૂર્વે લક્ષ્મીથી ભ્રષ્ટ થયો હતો છતાં નમુચિ, મહાસાગરની પેઠે ક્ષોભરહિત સ્થિતિમાંજ રહેતો હતો; કારણ કે તે પ્રાણીઓની ઉત્પત્તિને તથા નાશને જાણતો હતો. એક સમયે ઇંદ્રે તેની પાસે આવીને કહ્યું કે, હે નમુચિ ! તું પાશોથી બંધાયો છે, સ્થાન ઉપરથી ભ્રષ્ટ થયો છે, શત્રુઓને વશ થયો છે અને લક્ષ્મીથી રહિત થયો છે, જેથી તેના સંબંધમાં તું શોક કરે છે કે નહિ?”[૨,૩]

નમુચિએ કહ્યું:–“નિવારણ કરવાને અશક્ય એવો શોક કરવાથી શરીર સંતપ્ત થાય છે, શત્રુઓ પ્રસન્ન થાય છે અને વળી શોક કરવાથી (દુઃખનો નાશ થાય તેવી) સહાયતા પણ મળતી નથી;[૪] માટે હે શક્ર ! હું શોક કરતો નથી. વળી હું જાણું છું કે, આ સર્વ જગત અવશ્ય નાશવંત છે અને સંતાપ કરવાથી રૂપનો નાશ થાય છે, લક્ષ્મીનો નાશ થાય છે, આયુષનો ક્ષય થાય છે ને ધર્મ પણ નાશ પામે છે; માટે હે દેવેશ્વર! સુજ્ઞ પુરુષે મનની ઉદાસીનતાથી ઉત્પન્ન થયેલા દુઃખને (શોકને) દૂર કરીને હૃદયમાં રહેલા આત્મસ્વરૂપનુંજ મનમાં ધ્યાન કરવું. પુરુષ, જ્યારે જ્યારે પોતાના મનને કલ્યાણવિષયમાં (આત્મચિંતનમાં) લગાડે છે, ત્યારે ત્યારે તેનાં સર્વ કાર્યો સિદ્ધ થાય છે, એમાં સંશય નથી.[૫–૭] આ જગતમાં સર્વનું શાસન કરનારો (પરમાત્મા) એકજ છે બીજો કોઈ નથી. પુરુષ, જ્યારે ગર્ભની અંદર શયન કરે છે, ત્યારે પણ તેજ શાસ્તા તેનાપર પોતાનું શાસન ચલાવે છે. જેમ જળ નીચાણવાળા પ્રદેશમાં વહે છે, તેમ હું પણ તે શાસ્તાની પ્રેરણાથી સર્વ કાર્યો કરૂં છું, તે જે સ્થિતિમાં લાવી મૂકે છે તે સ્થિતિમાં રહું છું.[૮] હું બંધને તથા મોક્ષને જાણું છું અને તેમાં પણ જ્ઞાનદ્વારા પ્રાપ્ત થનારા મોક્ષનેજ અત્યંત શ્રેષ્ઠ અને શ્રેયસ્કર માનું છું, છતાં (શ્રવણાદિકનો અભ્યાસ કરીને) તેને મેળવી શકતો નથી; કેમકે ધાર્મિક-અધાર્મિક આશાઓ સંપાદન કરવામાટે હું કર્મો કરવામાં તત્પર રહું છું અને તેમાં પણ શાસકના નિયોગને અનુસરીને સર્વ કાર્યો કરૂં છું.[૯] મનુષ્યને જ્યારે જ્યારે જે મળવાનું હોય છે, ત્યારે ત્યારે તે મળેજ છે અને જે કાળે જે થવાનું હોય છે તે કાળે તે થાયજ છે.[૧૦] વિધાતાએ જે જે ગર્ભાશયમાં નિવાસ કરવામાટે પ્રાણીની યોજના કરી હોય છે, તે તે ગર્ભાશયમાં તેને નિવાસ કરવો પડે છે. તેમાં પોતાની ઇચ્છાનુસાર કંઇ થતું નથી.[૧૧] મને આ વેળા જે સ્થિતિ પ્રાપ્ત થઈ છે, તેમાં ભવિતવ્યતાજ કારણ છે. આમ માનનારો પુરુષ કદી મોહવશ થતો નથી.[૧૨] સુખો અને દુઃખો કાલના ક્રમ પ્રમાણે આવ–જા કર્યા કરે છે અને તેઓથી સર્વ પ્રાણીઓ હમેશાં ઘેરાયલાંજ રહે છે; પરંતુ સુખદુઃખને આપનારો જગતમાં કોઇ છેજ નહિ, છતાં દુઃખની વાત એજ છે કે, કોઈએક દ્વેષ કરનારો પુરુષ, બીજાને દુઃખ આપીને માને છે કે, મેં અમુકને દુઃખી કર્યો.[૧૩] ઋષિઓ, દેવો, મોટા અસુરો, વેદવેત્તા મહાપુરુષો અને વનમાં નિવાસ કરનારા મુનિઓ–એમાંના કયા પુરુષો ઉપર આપત્તિઓ નથી આવતી ? (અર્થાત્ સર્વકોઇનાપર આવે છે.) પરંતુ જેઓ સદસત્ વસ્તુને જાણનારા હોય છે, તેઓ તે આપત્તિથી ડરતા નથી.[૧૪] જેમ હિમવાન પર્વત પોતાની પ્રકૃતિથીજ અચળ રહે છે, તેમ પંડિત પુરુષ પણ કદી ક્રોધાયમાન થતો નથી, કોઇ વસ્તુપર આસક્ત થતો નથી, દુઃખી અવસ્થામાં પણ ખેદ કરતો નથી; સુખી અવસ્થામાં હર્ષ પામતો નથી અને મહા કષ્ટદાયક સંકટોમાં પણ શોક કરતો નથી.[૧૫] જે પુરુષને ઉત્તમ એવી અર્થસિદ્ધિ પણ મોહિત કરી શકતી નથી, જેને મોટાં મોટાં સંકટો પણ મોહ ઉપજાવી શકતાં નથી અને જે પુરુષ સુખનું તથા દુખનું–બન્નેનું મધ્યમભાવથી સેવન કરે છે, તે પુરુષજ સર્વોત્કૃષ્ટ ગણાય છે.[૧૬] પુરુષ જે જે અવસ્થામાં આવી પડે, તેમાં કોઇ પ્રકારનો સંતાપ કર્યાવિના તેણે આનંદ માનવો જોઇએ અને એ પ્રમાણે માનીને વધી પડેલા માનસિક સંતાપને શરીરમાંથી દૂર કરવો જોઇએ; કેમકે તે સંતાપ કેવળ પરિશ્રમ આપનારોજ છે.[૧૭] આ

જગતમાં તેવી કોઇ પરિષદ નથી, સભા નથી કે સમાજ નથી, કે જેનો આશ્રય કરીને મનુષ્ય અધર્મજન્ય ભયથી મુક્ત થાય ! માટે જે પુરુષ શાસ્ત્રમાં પ્રવેશ કરીને ધર્મના તત્ત્વને સંપાદન કરે છે, તે પુરુષજ સર્વોત્તમ છે.૧૮ ખરેખર, બુદ્ધિમાન પુરુષોનાં કર્મોનું પરિણામ દુર્વિજ્ઞેય હોય છે અને તેવો બુદ્ધિમાન પુરુષ મોહજનક પ્રસંગ ઉપસ્થિત થાય તોપણ મોહગ્રસ્ત થતો નથી; એટલુંજ નહિ પણ જ્ઞાનવૃદ્ધ ઉત્તમ પુરુષ, મહાકષ્ટદાયક આપત્તિમાં આવી પડે અથવા પોતાના સ્થાન ઉપરથી ભ્રષ્ટ થાય તોપણ મોહાધીન થતો નથી. (જેમકે, મહર્ષિ ગૌતમ, પોતાની સ્ત્રી અહલ્યાને શાપ આપ્યા પછી ગૃહસ્થાશ્રમથી ભ્રષ્ટ થયા હતા છતાં ધૈર્યભ્રષ્ટ થયા ન હતા.×)૧૯ આ જગતમાં જે વસ્તુ અલભ્ય છે, તેને મંત્રથી, બળથી, પરાક્રમથી, બુદ્ધિથી, પુરુષાર્થથી, સારા સ્વભાવથી, સદાચારથી કે ધનસંપત્તિથી મનુષ્ય મેળવી શકતો નથી, તોપછી તેનેમાટે શોક શામાટે કરવો? ૨૦ મારા જન્મસમયે વિધાતાએ જે કંઈ નક્કી કરી રાખ્યું છે તેનુંજ હું આચારણ કરીશ, મૃત્યુ મને શું કરનાર છે?૨૧ મનુષ્ય જે મેળવવાનુ હોય છે તેજ મેળવે છે, જ્યાં જવાનું હોય છે ત્યાંજ જાય છે અને જે કંઈ સુખદુઃખ પ્રાપ્ત થવાનાં હોય છે તેનેજ પામે છે.૨૨ જે મનુષ્ય એ વાતને સંપૂર્ણ રીતે જાણીને મોહવશ થતો નથી, તે મનુષ્ય અનેક જાતનાં દુઃખો આવી પડે છતાં સુખી રહે છે અને તેવો મનુષ્યજ સંપૂર્ણ ધનવાન ગણાય છે."૨૩

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ઇંદ્ર અને નમુચિનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૨૨૬ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૭ મો

બલિ અને ઇંદ્રનો સંવાદ-કાળનું સામર્થ્ય

॥ युधिष्ठिर उवाच ॥

मग्नस्य व्यसने कृच्छ्रे किं श्रेयः पुरुषस्य हि॥
बंधुनाशे महीपाल राज्यनाशेऽथवा पुनः॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે રાજન્! જે સમયે પુરુષના બંધુઓનો અથવા રાજ્યનો નાશ થઈ ગયો હોય અને પોતે મહાકષ્ટદાયક આપત્તિમાં આવી પડ્યો હોય, તે સમયે તેણે શું કરવું શ્રેયસ્કર છે?૧ હે ભરતશ્રેષ્ઠ પિતામહ! આ જગતમાં તમે એકજ અમને ઉત્તમ ઉપદેશ આપનારા છો, માટે હું તમને પૂછું છું અને તેનો ઉત્તર આપવો એ તમને યોગ્ય છે."૨

ભીષ્મે કહ્યું:-હે રાજા! પુરુષ, જે સમયે પુત્રો, સ્ત્રીઓ સુખ અને ધનથી રહિત થઈ પડે તેમજ મહાકષ્ટદાયક સંકટમાં આવી પડે, તે સમયે તેણે ધૈર્ય ધારણ કરવું તેજ શ્રેયસ્કર છે.૩ મનુષ્યનું શરીર નિરંતર ધૈર્યસંપન્ન હોય છે તો સ્વસ્થ રહે છે-ક્ષીણ થઈ જતું નથી. વળી હમેશાં શોકરહિત રહેવાથી મનુષ્ય સુખી થાય છે, સુખને લીધે ઉત્તમ આરોગ્ય જળવાઈ રહે છે અને શરીરની આરોગ્યતાને લીધે મનુષ્ય ફરી પણ લક્ષ્મીને મેળવી શકે છે. હે તાત! જે બુદ્ધિમાન પુરુષ, સાત્વિકી વૃત્તિનો આશ્રય કરે છે, તેને અશ્વર્યનો, ધૈર્યનો તથા કાર્યો કરવાના ઉત્સાહનો લાભ થાય છે. હે યુધિષ્ઠિર! આ વિષયમાં બલિરાજા અને ઇંદ્રના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.૩,૬ જેમકે, પૂર્વે, દેવો અને અસુરોવચ્ચે જ્યારે યુદ્ધ થયું અને તેમાં દૈત્યોનો તથા દાનવોનો સંહાર

×અહીં નમુચિ એમ કહેવા માગે છે કે, વૃદ્ધ ગૌતમ ગૃહસ્થાશ્રમથી ભ્રષ્ટ થયા અને દુઃસહ આપત્તિમાં આવી પડયા તોપણ મોહવશ ન થયા. તાત્પર્ય કે, ઓ ઇંદ્ર!, તું ગૌતમની સ્ત્રીને જોઇને મોહવશ થયો અને તેં એની સાથે વ્યભિચાર પણ કર્યો; પરંતુ ધન્ય છે ગૌતમને કે જેણે પોતાની સ્ત્રીને શાપ આપી શિલા બનાવી દીધી; પણ તેવી વ્યભિચારણી સ્ત્રીનો સ્વીકાર કરીને ગૃહસ્થાશ્રમ ચલાવ્યો નહિ." આ રીતે નમુચિએ માર્મિક મહેણું મારીને ઇંદ્રને એમ જણાવ્યું કે, હું તારા જેવો અસ્વાધીન ચિત્તવાળો નથી પણ સ્વાધીન ચિત્તવાળો છું-જિતેંદ્રિય છું.

વળી ગયો, ત્યારે વિષ્ણુએ ત્રણે લોકમાં પુનઃ પોતાની સત્તા જમાવી અને ઇંદ્રને દેવોનો રાજા બનાવ્યો. પછી જ્યારે ફરી પણ દેવોનું પૂજન થવા લાગ્યું અને ચારે વર્ણો બરાબર વ્યવસ્થિત થઈ ગયા, ત્યારે ત્રણે લોકમાં સમૃદ્ધિ વધવા માંડી અને તે જોઇને બ્રહ્મદેવ પણ પ્રસન્ન થયા. એ સમયે રુદ્રો, વસુઓ, આદિત્યો, અશ્વિનીકુમારો, ઋષિઓ, ગંધર્વો, નાગદેવતાઓ અને બીજા અનેક સિદ્ધ પુરુષોથી વીંટાયલો રાજા ઇંદ્ર, ચાર દાંતવાળા અને સારી રીતે કેળવાયલા હસ્તિરાજ ઐરાવત ઉપર સ્વારી કરીને ત્રણે લોકમાં વિચરવા લાગ્યો.[૭-૧૦] વજ્રધારી ઇંદ્ર, આખા જગતમાં ફરતો ફરતો એક સમયે સમુદ્રના કિનારાપર આવી ચઢ્યો. ત્યાં કોઇએક પર્વતની ગુફામાં વિરોચનનો પુત્ર બલિરાજા રહેતો હતો. તેને તેણે દીઠો અને તેને જોઇને તે તેની પાસે ગયો.[૧૧] તે વેળા દૈત્યરાજા બલિએ, ઐરાવતના મસ્તકપર બેઠેલા અને સંખ્યાબંધ દેવગણોથી વીંટાયલા દેવોના રાજા ઇંદ્રને પોતાની સન્મુખ આવેલો જોયો, છતાં તેને લેશમાત્ર શોક થયો નહિ તેમ ગભરાટ પણ થયો નહિ.[૧૨] આ રીતે કેવળ નિર્વિકાર અને નિર્ભય સ્થિતિમાં ઉભેલા બલિરાજાને જોઇને ઇંદ્ર ઐરાવત હાથી ઉપર બેઠાં બેઠાં તેને કહેવા લાગ્યોઃ–[૧૩] "હે દૈત્ય! હું આ રીતે અહીં ચઢી આવ્યો છું, છતાં તને લગારે ગભરાટ થતો નથી તે તારા શૌર્યને લીધે, અથવા વૃદ્ધોની સેવાને લીધે કે તપથી શુદ્ધ થયેલાં અંતઃકરણને લીધે? ખરેખર, મારા જેવા બળવાનની સામે આવી નિર્ભય સ્થિતિએ ઉભા રહેવું તે સર્વથા દુષ્કર છે.[૧૪] તું આ સમયે શત્રુઓના સપાટામાં સપડાઈ પડ્યો છે અને વિશેષમાં પોતાના સર્વોત્તમ સ્થાનપરથી ભ્રષ્ટ થયો છે, છતાં ઓ વિરોચનના પુત્ર! કયા બળનો આશ્રય કરીને તું શોક કરવાના સમયે પણ શોક કરતો નથી?[૧૫] પૂર્વે તારી જાતિઓના મધ્યમાં તું સર્વના કરતાં શ્રેષ્ઠ હતો અને મહા ઉત્તમ ભોગવૈભવોને પ્રાપ્ત થયો હતો; પરંતુ આ સમયે તારાં રત્નોનું તથા રાજ્યનું હરણ થઈ ગયું છે છતાં તને શોક કેમ થતો નથી? તે મને કહે.[૧૬] પ્રાચીન કાળમાં પોતાના પૂર્વજોના રાજ્યપદ ઉપર આરૂઢ થઇને તું ત્રણે લોકનો ઈશ્વર હતો પણ આજે તારા તે રાજ્યને શત્રુઓ હરી ગયા છે, તે જોઇને તું શોક કેમ કરતો નથી?[૧૭] તને વરુણદેવના પાશોથી બાંધવામાં આવ્યો છે, વજ્રના પ્રહારોથી કૂટવામાં આવ્યો છે, તારી સ્ત્રીનું હરણ કરવામાં આવ્યું છે અને તારૂં સર્વસ્વ લૂંટી લેવામાં આવ્યું છે છતાં તું શોક કેમ કરતો નથી, તે મને કહે.[૧૮] તું રાજ્યલક્ષ્મીથી તથા વૈભવોથી ભ્રષ્ટ થયો છે છતાં શોક કરતો નથી, એ મહાદુષ્કર છે. ખરેખર, આ રીતે ત્રિલોકોના રાજ્યનો નાશ થયા છતાં તારાસિવાય બીજો કયો પુરુષ જીવવાનો ઉત્સાહ ધરાવે? (અર્થાત આવી દશામાં આવી પડ્યા પછી કોઈ પણ પુરુષને જીવવાની ઇચ્છાજ ન રહે.)"[૧૯]

ઇંદ્રે આવાં આવાં બીજાં અનેક તીક્ષ્ણ વચનો કહ્યાં અને તે સર્વનું વિરોચનના પુત્ર બલિએ, ગભરાયાવિના શાંતિથી શ્રવણ કર્યું અને પછી તેનો આક્ષેપ કરીને આ પ્રમાણે કહેવા માંડ્યું.[૨૦]

બલિએ કહ્યુંઃ–"ઓ શક્ર! આ સમયે હું મારા દુર્દૈવને લીધે અત્યંત સપડાયો છું, ત્યારે વ્યર્થ આત્મશ્લાઘા કરવાથી તને શું ફળ મળવાનું છે? હે પુરંદર! હું તને જોઈ શકું છું કે, તું વજ્ર ઉગામીને મારી સન્મુખ ઉભો છે.[૨૧] તું સારીરીતે જાણે છે કે, પૂર્વે તું અશક્તજ હતો અને આ સમયે માંડમાંડ કરીને શક્તિમાન થયો છે, છતાં તારાવિના બીજો કયો પુરુષ આવી મહાક્રૂર વાણી કહેવાને યોગ્ય થઇ શકે?[૨૨] જે પુરુષ પોતાના સ્વાધીનમાં આવેલા વીર શત્રુના પર પોતે શક્તિમાન હોવા છતાં દયા કરે છે તેજ ખરો પુરુષ છે, એમ વિદ્વાનો કહે છે.[૨૩] જ્યારે કોઈ બે પુરુષો યુદ્ધ કરવાનો આરંભ કરે છે, ત્યારે તેઓ બન્નેના વિજયસંબંધમાં કેવળ અનિશ્ચયજ હોય છે. માત્ર એકજ પુરુષને વિજય મળે છે અને એકજ પુરુષને પરાજય મળે છે.[૨૪] વળી હે દેવરાજા! તારે એમ પણ નહિ માનવું જોઇએ કે, મેં મારા

પરાક્રમથી અને બળથી સર્વ પ્રાણીઓના ઇશ્વરને જીતી લીધો છે!![૨૫] કેમકે હે વજ્રધારી ઇંદ્ર! તું આવી સમૃદ્ધિવાળી દશાએ આવી પહોંચ્યો છે અને અમે આવી ભયંકર દુર્દશામાં આવી પડ્યા છીએ, તેમાં તેં કંઇ કર્યું નથી અને અમે પણ કંઇ કર્યું નથી. (અર્થાત કાળજ સર્વનો કર્તા હર્તા છે. પુરુષની શકિત શું કરી શકે તેમ છે?)[૨૬] હું પૂર્વે જે સ્થિતિમાં હતો તેજ સ્થિતિમાં આજે તું આવી પહોંચ્યો છે અને અમે આજે જે સ્થિતિમાં છીએ તેજ સ્થિતિમાં તું આવી પહોંચીશ, માટે "મેં મહાદુષ્કર કર્મ કર્યું છે" એમ તારે ન માનવું;[૨૭] કેમકે કાળના ક્રમયોગેજ પુરુષ સુખદુઃખને પામ્યા કરે છે, જેથી હે શક્ર! તું પણ કાળના ક્રમયોગેજ ઇંદ્રપદને પામ્યો છે નહિ કે પોતાના કર્મથી તું ઇંદ્ર થયો છે!![૨૮] કાળજ મને કે તને ઉચ્ચપદે લાવી મૂકે છે અને કાળજ મારો કે તારો અધઃપાત કરે છે, જેથી આજે જેવો હું છું તેવો તું નથી અને જેવો તું છે તેવો હું નથી.[૨૯] માતાપિતાની સેવા, દેવતાઓનું પૂજન કે બીજો કોઇ ગુણભરેલો સદાચાર, પુરુષને સુખાવહ થતો નથી.[૩૦] તેમજ કાળનો ગ્રાસ થઇ પડેલા પુરુષનું રક્ષણ કરવામાટે વિદ્યા, તપ, દાન, મિત્રો કે બાંધવો કદી સમર્થ થઇ શકતા નથી.[૩૧] પોતાનામાં બુદ્ધબળનો જો અભાવ હોય છે તો મનુષ્યો, સેંકડો ઉપાયો કરે તોપણ ભવિષ્યકાળના અનર્થનું વારણ કરવા માટે તેઓ શક્તિમાન થતા નથી.[૩૨] પ્રત્યેક મનુષ્યો કાળક્રમથી માર્યા જાય છે, તેઓનું રક્ષણ કરનાર કોઇ છેજ નહિ; છતાં ઓ ઇંદ્ર! તું માને છે કે, હુંજ સર્વનો કર્તાહર્તા છું, (એ વાત અત્યંત શોચનીય છે.)[૩૩] જો કદાચ પુરુષ પોતેજ સર્વનો કર્તા હોય, તોપછી તેને પોતાને ઉત્પન્ન કરનાર કોઈ હોવોજ ન જોઇએ; (કેમકે, "स्वतंत्रः कर्ता" એ પાણિનીય સૂત્રાનુસાર પ્રત્યેક ક્રિયાની સિદ્ધિમાં કર્તાનું સ્વાતંત્ર્યજ હોવું જોઇએ.) પરંતુ જ્યારે પોતાને કર્તા માનનારા પુરુષનેજ ઉત્પન્ન કરનારો કોઇ બીજોજ છે, ત્યારે એ ઉપરથી સિદ્ધ થાય છે કે, પોતાને કર્તા માનનારો પુરુષ કેવળ અનીશ્વર છે-કોઇ મહાન શક્તિનેજ અધીન રહેનારો છે.[૩૪] કાળના યોગથીજ મેં તારો પરાજય કર્યો હતો અને કાળના યોગથીજ તેં મારો પરાજય કર્યો છે. કાળજ સર્વ ગતિમાન પ્રાણીઓની ગતિરૂપ છે અને કાળજ સર્વ પ્રજાઓ પાસે ક્રિયાઓ કરાવી રહ્યો છે.[૩૫] હે ઇંદ્ર! તું તારી પ્રાકૃત બુદ્ધિને લીધે જગતના વિનાશના સંબંધમાં જાણતો નથી અને બીજા કેટલાએક અજ્ઞાની લોકો તને તારા પોતાના કર્મથીજ શ્રેષ્ઠતા પામેલો જાણીને બહુ માન આપે છે;[૩૬] પરંતુ મારા જેવો એક પુરુષ, જે જગતની સર્વ પ્રવૃત્તિઓને જાણે છે, તે કાળના યોગથી કદાચ આપત્તિમાં આવી પડે તોપણ શામાટે શોક કરે? શામાટે મોહ પામે? શામાટે ભ્રમણામાં પડે?[૩૭] મારા જેવો પુરુષ કે હું પોતે-જે હમેશાં કાળથી ઘેરાયલા છીએ, તેની બુદ્ધિ સંકટને પામીને પણ ભાંગી પડેલી નાવની પેઠે શામાટે સીદાય?[૩૮] હું, તું અને બીજા જે કોઈ પુરુષો, દેવોના રાજાઓ થશે તેઓ સર્વે હે ઇંદ્ર! જે માર્ગે સેંકડો ઇંદ્રો ચાલ્યા ગયા છે તે માર્ગે ચાલ્યા જશે.[૩૯] તું પણ આ સમયે આવો દુરાધર્ષ અને શ્રેષ્ઠ લક્ષ્મીથી મહાતેજસ્વી જણાય છે, પણ જ્યારે તારો કાળ પરિપક્વ થશે, ત્યારે તને મારી પેઠે કાળ ઉથલાવી પાડશે.[૪૦] દેવતાઓના પ્રત્યેક યુગે અનેક હજારો ઇંદ્રો રાજ્ય કરી કરીને કાળયોગે ચાલ્યા ગયા છે; માટે જાણ કે, કાળનું ઉલ્લંઘન કરવું અશકય છે.[૪૧] તું આ ઇંદ્રપદને સંપાદન કરીને સર્વ પ્રાણીના ઉત્પાદક સનાતન બ્રહ્મદેવના જેવો પોતાને શ્રેષ્ઠ માને છે;[૪૨] પણ તું તારી મૂઢ બુદ્ધિને લીધે નથી જાણતો કે, આ ઇંદ્રપદ કોઇ પણ પુરુષને માટે અનંતકાળપર્યંત અચળ રહ્યું નથી અને તેથીજ તું એ રીતે પોતાને ઉત્તમ માને છે.[૪૩] ઓ દેવોના રાજા! જે વસ્તુ વિશ્વાસપાત્ર નથી, તેનાપર તું વિશ્વાસ રાખે છે અને જે સ્થાન સ્થિર નથી તેને તું સ્થિર માને છે!! પણ હાય! તેમાં તારો દોષ નથી. કાળથી ઘેરાયલા પ્રત્યેક પ્રાણીની

આવીજ સ્થિતિ હોય છે.[૪૪] તું મોહને અધીન થઇને માની બેઠો છે કે, આ રાજ્યલક્ષ્મી મારી છે, પણ અલ્યા ઓ! તે રાજ્યલક્ષ્મી કદી તારી થઇ નથી, અમારી થઈ નથી અને બીજાઓની પણ થઇ નથી; કેમકે લક્ષ્મીનો સ્વભાવજ ચંચળ છે.[૪૫] ઓ વાસવ ! આ રાજ્યલક્ષ્મી તારા જેવા બીજા અનેક પુરુષોનો ત્યાગ કરીને આ સમયે તારી પાસે આવી છે, પરંતુ તારે પોતાને વિષે પણ અમુક અલ્પ સમય સુધી રહીને કયાંય બીજે પસાર થઈ જશે; કેમકે તેનું નામજ 'ચંચલા' છે.[૪૬] જેમ એક ગાય પોતાના નિવાસસ્થાનનો ત્યાગ કરીને બીજે સ્થળે ચાલી જાય છે, તેમ લક્ષ્મી પણ એક સ્થળનો ત્યાગ કરીને બીજે સ્થળે ચાલી જશે. એ લક્ષ્મીએ ભૂતકાળના એટલા બધા રાજાઓને પડતા મૂકયા છે, કે જેઓની ગણત્રી કરવા માટે મને ઉત્સાહજ થતો નથી.[૪૭] હે પુરંદર ! તારા પછી તો બીજા અનેક મહાપુરુષો આ ઇંદ્રપદ ઉપર આવી જશે, (કે જેઓને તું જાણતોય નથી.) વૃક્ષો, ઔષધિઓ, રત્નો, પ્રાણીઓ અને ખાણોવાળી આ પૃથ્વીનો પૂર્વે જેઓએ ઉપભોગ કર્યો છે, તે પુરુષોને આ સમયે હું જોઈ શકતો નથી. પૃથુ, ઐલ, મય, ભીમ, નરકાસુર, શંબરાસુર, અશ્વગ્રીવ, પુલોમા, મોટી ધ્વજાવાળો સ્વર્ભાનુ, પ્રહ્લાદ, નમુચિ, દક્ષ, વિપ્રચિત્તિ, વિરોચન, હ્રીનિષેવ, સુહોત્ર, ભૂરિહા, પુષ્પવાન્, વૃષ, સત્યેષુ, ઋષભ, બાહુ, કપિલાશ્વ, વિરૂપક, બાણ, કાર્તસ્વર, વહ્નિ, વિશ્વદંષ્ટ્ર, નૈઋતિ, સંકોચ, વરીતાક્ષ, વરાહાશ્વ, રુચિપ્રભ, વિશ્વજિત્, પ્રતિરૂપ, વૃષાંડ, વિષ્કર, મધુ, હિરણ્યકશિપુ અને દાનવ કૈટભ-વગેરે અનેક દૈત્યો, દાનવો તથા રાક્ષસો અને બીજા ઘણા દૈત્યરાજાઓ તથા દાનવરાજાઓ પૂર્વે થઈ ગયા છે, એમ આપણે સાંભળીએ છીએ. વળી બીજા ઘણા મોટા મોટા દૈત્યો, આ પૃથ્વીનો ત્યાગ કરીને ચાલ્યા ગયા છે.[૪૮-૫૫] તેઓ સર્વનો કાળેજ સંહાર કરી નાખ્યો છે, માટે નિશ્ચય થાય છે કે, કાળ બળવાનો કરતાં પણ વધારે બળવાન છે. તું એમ ન સમજીશ કે, મેં એકલાએજ સો યજ્ઞો કર્યા છે; પરંતુ તેઓ સર્વેએ સો સો યજ્ઞો કર્યા હતા.[૫૬] તેઓ સર્વે નિત્ય ધર્મપરાયણ રહેતા હતા, નિરંતર યજ્ઞો કરનારા હતા, આકાશમાં વિચરનારા હતા, સામે પગલે યુદ્ધ કરનારા હતા, મજબૂત શરીરોને ધારણ કરનારા હતા, પરિઘસમાન બાહુઓવાળા હતા, સેંકડો માયાઓને જાણનારા હતા, ઇચ્છાનુસાર સ્વરૂપો ધારણ કરી શકતા હતા અને રણસંગ્રામમાં જઇને તેઓ કદી પરાજય પામ્યા હોય, એમ તો કદી સાંભળ્યુંજ નથી. વળી તેઓ સર્વે સત્યવ્રતમાં પરાયણ રહેતા હતા, ઇચ્છાનુસાર વિહાર કરતા હતા, વેદવ્રતમાં તત્પર રહેતા હતા, અતિશય વિદ્વાન હતા અને પોતે સમર્થ હોઇને લોકમાં માન્ય ગણાયલા ઐશ્વર્યને પ્રાપ્ત થયા હતા.[૫૭-૬૦] એ મહાત્માઓને કદી ઐશ્વર્યનો મદ થયોજ ન હતો. તેઓ સર્વે યથાયોગ્ય દાન આપનારા હતા, મત્સરનો ત્યાગ કરનારા હતા, સર્વ પ્રાણીઓપર યથાવત્ સમાન દૃષ્ટિ રાખનારા હતા, દાક્ષાયણીના પુત્ર હતા, પ્રજાપતિના વંશના હતા અને મહાબળવાન હતા;[૬૧,૬૨] એટલુંજ નહિ પણ તેઓ પોતાના તેજથી પ્રજ્વળી રહ્યા હતા અને જગતને તપાવી રહ્યા હતા, છતાં કાળે તેઓનો સંહાર કરી નાખ્યો છે. હે શક્ર ! જે સમયે આ પૃથ્વીનો ઉપભોગ કર્યા પછી તું પોતાના સ્થાન ઉપરથી ભ્રષ્ટ થઈશ, તે સમયે પોતાના શોકને નિયમમાં રાખવા તું શક્તિમાન થઈશ નહિ; માટે તું વિષયભોગ ભોગવવાની ઇચ્છા છોડી દે અને લક્ષ્મીથી ઉત્પન્ન થનારા મદને દૂર ફેંકી દે, જેથી ભવિષ્યમાં પોતાના રાજ્યના વિનાશસમયે શોકને સહન કરવા તું શક્તિમાન થઈશ. તું શોક કરવાના સમયે શોક કરીશ મા અને હર્ષ પામવાના સમયે હર્ષ પામીશ મા; તેમજ ભૂતકાળના તથા ભવિષ્યકાળના વિચારોનો ત્યાગ કરીને વર્તમાન સ્થિતિનેજ અનુસરજે. ઓ ઇંદ્ર! તું ક્ષમા કરજે; પણ હું તને સત્ય કહું છું કે, આળસનો ત્યાગ કરીને હું હમેશાં સાવધાન રહેતો હતો. છતાં કાળે જેમ મારી સામે ચઢાઈ કરી છે, તેમ

તારી સામે પણ તે ચઢાઈ કરશે. હે દેવેન્દ્ર! મને જાણે ત્રાસ પમાડતો હોય તેમ તું તીક્ષ્ણ વાણીથી મને પ્રહાર કરે છે અને હું આ વેળા જ્યારે કેદીના જેવી દશામાં આવી પડયો છું, ત્યારે તું પોતાને ઉત્તમ માને છે ખરૂ કે ? પણ યાદ રાખજે કે, જે કાળ પ્રથમ મારીસામે ચઢી આવ્યો છે, તેજ કાળ હવેપછી તારી પાછળ દોડયો આવેછે.૬૩-૬૮

હે દેવેન્દ્ર ! કાળે જ્યારે પ્રથમજ મારાપર પ્રહાર કર્યો છે, ત્યારે તું આવી રીતે મારીસન્મુખ ગર્જના કરી રહ્યો છે, પરંતુ જ્યારે હું ઇંદ્રપદ ઉપર હતો અને તે સમયે જ્યારે ક્રોધાયમાન થતો હતો, ત્યારે જગતનો કયો પુરુષ મારી સામે યુદ્ધ કરવા ઉભો રહી શકતો હતો?૬૯ હે વાસવ ! બળવાન કાળ મારાપર ચઢી આવ્યો છે, તેથીજ તું મારી સન્મુખ ઉભો રહ્યો છે; પરંતુ દેવતાઓનાં એક હજાર વર્ષ પછી તુરતજ પાછું યોગ્યજ થઈ રહેશે.૭૦ જેમ હું બળવાન છું, છતાં મારાં ગાત્રો આ સમયે સ્વસ્થ નથી, તેમ તારાં ગાત્રો પણ તે સમયે સ્વસ્થ રહેશે નહિ. અહો ! કાળનો કેટલો બધો વિપર્યાસ, કે જેને લીધે હું ઇંદ્રના સ્થાન ઉપરથી ભ્રષ્ટ થયો અને તું સ્વર્ગનો ઇંદ્ર થઇ બેઠો ! ! ખરેખર, કાળના પરિવર્તનનેલીધેજ તું મહાવિચિત્ર એવા આ જીવલોકમાં ઉપાસના કરવા યોગ્ય થઇ પડયો છે. તેં એવાં શું કર્મ કર્યાં છે, કે જેથી તું ઇંદ્ર થયો? અને અમે એવાં શું કર્મો કર્યાં છે, કે જેથી અમે સ્થાનભ્રષ્ટ થયા ?૭૧,૭૨ પરંતુ કાળજ સર્વનો કર્તાહર્તા છે, બીજું કંઈ કારણ નથી. વિદ્વાન પુરુષ નાશને, વિનાશને, ઐશ્વર્યને, સુખને, દુઃખને, કલ્યાણને તથા અકલ્યાણને પ્રાપ્ત કરીને અત્યંત હર્ષ પામતો નથી તેમ અત્યંત વ્યથા પામતો નથી. હે ઇંદ્ર ! અમે કેવા છીએ, તે તુંજ જાણે છે અને તું કેવો છે, તે અમેજ જાણીએ છીએ; (અર્થાત્ તારામાં કેટલું બળ છે તે હું જાણું છું અને મારામાં કેટલું બળ છે તે તું જાણે છે.)૭૩,૭૪ તોપછી ઓ નિર્લજ્જ ! કેવળ કાળયોગેજ ઉચ્ચપદ પ્રાપ્ત કરીને મારી પાસે આત્મશ્લાઘા શામાટે કરે છે ? હું જ્યારે ઇંદ્રપદ ઉપર હતો, ત્યારે મારા પરાક્રમને તેં જાણ્યુંજ છે.૭૫ હે શચીપતિ શક્ર! યુદ્ધોમાં જ્યારે હું પરાક્રમ કરતો હતો, ત્યારે મારૂં એ પરાક્રમ એક દૃષ્ટાંતતરીકે પૂર્ણ ગણાતું હતું; એટલુંજ નહિ પણ પૂર્વે જ્યારે દેવોનો તથા અસુરોનો સમાગમ થયો હતો, ત્યારે મેં આદિત્યોને, રુદ્રોને, સાધ્યોને, વસુઓને તથા બીજા સર્વ દેવોને જીતી લીધા હતા, એ તારા જાણવામાંજ છે.૭૬,૭૭ વળી તે સમયે યુદ્ધ કરવા માટે એકઠા મળેલા દેવગણોમાં મેં મારા બળથી ભંગાણ પાડયું હતું અને મારા સર્વ શત્રુઓના પર વન તથા વનવાસીઓસહિત પર્વતોની મોટી વૃષ્ટિ કરી મૂકી હતી.૭૮ તેમજ તારી સાથેના યુદ્ધમાં પણ મેં અણીદાર શિખરોવાળા પર્વતોના તારા મસ્તકપર પ્રહાર કરીને ભુક્કે ભુક્કા કાઢી નાખ્યા હતા. એ પ્રમાણે તે વેળા કયું કાર્ય કરવાની મારામાં શક્તિ ન હતી ? છતાં કાળનું ઉલ્લંઘન કરવા માટે હું અશક્તજ થયો.૭૯ હજી આ વખતે પણ માત્ર એક મુષ્ટિના પ્રહારથી તારો તથા તારા વજ્રનો નાશ કરવા માટે મારામાં ઉત્સાહ નથી, એમ ન માનવું; પરંતુ મારો આ સમય પરાક્રમ કરવાનો નથી પણ ક્ષમા ધારણ કરવાનો છે.૮૦ તેથીજ હે શક્ર! તારા કરતાં હું અત્યંત અસહનશીલ છું છતાં તેં કરેલા અપમાનને સહન કરી રહ્યો છું. ઓ ઇંદ્ર ! મારો સમય પરિપકવ થયો છે, જેથી હું કાળરૂપી અગ્નિથી ઘેરાઈ ગયો છું અને કાળના પાશથી જકડાઇ ગયો છું. એ સમયનો લાભ લઇનેજ તું મારી પાસે આત્મશ્લાઘા કરે છે. જેમ પશુને રશનાથી (દોરીથી) જકડી બાંધવામાં આવે, તેમ લોકો જેનું ઉલ્લંઘન કરી શકતા નથી એવા શ્યામવર્ણના કાળપુરુષે, મને જકડી બાંધ્યો છે. ખરેખર! લાભ–અલાભ, સુખ–દુઃખ, કામ–ક્રોધ, જન્મ–મરણ, નાશ, બંધ તથા મોક્ષ–એ સર્વ, કેવળ કાળયોગેજ પ્રાપ્ત થાય છે. હું કર્તા નથી, તેમ તું પણ કર્તા નથી. પરંતુ કર્તા તો પ્રભુ કાળજ છે, કે જે કાળ વૃક્ષમાં આવેલા ફળની પેઠે મને પકવી રહ્યો છે. જે કર્મો કરીને પુરુષ કાળ-

યોગે સુખી થાય છે, તેજ કર્મો કરીને પુનઃ કાળપ્રેરણાને લીધે દુઃખી થાય છે. જે પુરુષ આવા કાળસંબંધી જ્ઞાનથી યુક્ત હોય છે, તે કાળના સપાટામાં સપડાઇને પણ શોક કરતો નથી; માટે હે શક્ર ! હું પણ આવો શોકપ્રસંગ ઉપસ્થિત થયો છે છતાં શોક કરતો નથી. વળી શોક કરવાથી પુરુષને દુઃખની અંદર કોઈ જાતની સહાયતા મળતી નથી; એટલુંજ નહિ પરંતુ શોક કરનારા પુરુષનો શોક, તેના દુઃખને દૂર કરી શકતો નથી તેમજ શોક કરનાર પુરુષની અંદર કોઈ પ્રકારનું સામર્થ્ય પણ રહેતું નથી, માટેજ હું હવે શોક કરતો નથી.”

સહસ્ર નેત્રવાળા ભગવાન ઇંદ્રને બલિરાજાએ, એ પ્રમાણે કહ્યું તે પછી પોતાના ક્રોધને દૂર કરીને તેણે કહ્યું કેઃ—“ વજ્રસહિત મારા ઉન્નત બાહુને જોઇને તથા વરુણદેવના પાશોને જોઇને સર્વનો સંહાર કરનારા મૃત્યુની બુદ્ધિ પણ એક વખત ગભરાટમાં પડી જાય તો પછી તેવો બીજો કયો પુરુષ છે, કે જેની બુદ્ધિ ગભરાટમાં ન પડે ? પરંતુ ધન્ય છે તને, કે જે તારી બુદ્ધિ આવા ભયંકર સમયે પણ તત્ત્વવસ્તુનું દર્શન કરીને અચળ અને નિર્ભય રહી છે.[૮૧-૯૦] હે સત્ય પરાક્રમી બલિરાજા ! ખરેખર, તારા ધૈર્યને લીધેજ આ સમયે તું વ્યથા પામતો નથી. આ લોકવિષે તેવો કયો શરીરધારી છે, જે આ સર્વ જગતને એકજ માર્ગે પ્રયાણ કરી રહેલું જોઈને ધન ઉપર કે પોતાના શરીર ઉપર વિશ્વાસ કરવાનો ઉત્સાહ ધરાવશે ? હું પણ જાણુંજ છું કે, આ જગત કેવળ અશાશ્વત છે—નાશવંત છે.[૯૧,૯૨] જે કાળાગ્નિ મહાઘોર, ગુહ્ય, સદાકાળ પ્રજ્વલિત અને અવિનાશી છે, તેમાં આ સર્વ જગત હોમાઇ રહ્યું છે; જેથી કાળના ગ્રાસ થઈ પડેલા કોઈ પણ પુરુષની કદી રક્ષા થઇ શકતી નથી.[૯૩] સર્વ સ્થૂલ અને સૂક્ષ્મ પ્રાણીઓને કાળ રાંધી રહ્યો છે. જે કાળનો કોઈ ઇશ્વર નથી, જે કાળ હમેશાં સાવધાન રહીને પ્રાણીઓને રાંધ્યા કરે છે અને જે કાળ વાળ્યો વળે નહિ તેવો છે, તેના સપાટામાં સપડાયલો પુરુષ કદી છૂટતોજ નથી. દેહધારી પ્રાણીઓ પ્રમાદવશ થઇને ઉંઘ્યા કરે છે, પરંતુ કાળ તેઓના પર સાવધ થઇને જાગ્યા કરે છે.[૯૪,૯૫] અનેકાનેક પ્રયત્નો કરવામાં આવ્યા હશે પરંતુ કાળની નિવૃત્તિ થઈ, એમ કોઇએ કદી જોયુંજ નથી. આ કાળધર્મ પ્રત્યેક પ્રાણીને માટે સમાન છે, સનાતન કાળનો છે, અરે ! જૂનામાં જૂનો છે—પુરાણ છે.[૯૬] કાળનું કદી વારણ થઇ શકતુંજ નથી, તેનું કોઈનાથી ઉલ્લંઘન કરી શકાતું નથી અને જેમ કોઈ વ્યાજવટંતરનો ધંધો કરનારો પુરુષ, પોતાની મૂળ રકમને વ્યાજની સાથે વસુલ કરે છે, તેમ કાળ પણ દિવસો, રાત્રિઓ, મહિનાઓ, ક્ષણો, કાષ્ઠાઓ, લવો અને કળાઓ વગેરેની ઉમેરણી કરીને પ્રાણીને ઉઠાવી જાય છે. “ અમુક કાર્ય હું આજે કરીશ અને અમુક કાર્ય કાલે કરીશ ” ઇત્યાદિ સંકલ્પો કરનારા પુરુષને, નદીનો વેગ જેમ વૃક્ષને ઘસડી જાય છે તેમ, કાળ અકસ્માત્ આવી પહોંચીને ઘસડી જાય છે. “ અરે ! પણ મેં તેને હમણાંજ જોયો હતો અને તે કેવી રીતે મરી ગયો ? ” આવી રીતે મનુષ્યોના પ્રલાપો આપણે સાંભળીએ છીએ; પણ તેવો પ્રલાપ કરનારા મનુષ્યોને પણ કાળનું આકર્ષણ તો ચાલુજ હોય છે. પ્રત્યેક પ્રાણીના અર્થો, ભોગો, સ્થાન તથા ઐશ્વર્ય અનુક્રમે નાશ પામે છે, એટલુંજ નહિ પણ જીવલોકના જીવિતસુદ્ધાંને કાળ ઝડપી લે છે. પુરુષના જેટલા જેટલા અભ્યુદયો થાય છે, તેનું પરિણામ અધઃપાતજ હોય છે, જગતમાં જેનો ભાવ (હયાતી) છે તેનો અભાવ થવાનોજ અને આ સર્વ જગત કેવળ અનિત્ય અને અધ્રુવજ છે. આ સ્થિતિને સર્વ કોઇ જાણે છે, પરંતુ તેનો નિશ્ચય કરવો એ મહાદુષ્કર છે. તારી બુદ્ધિ તત્ત્વવસ્તુને જોનારી છે, તેથીજ અચળ અને નિર્ભય રહેનારી છે. તારા મનમાં “ હું પૂર્વે કેવી સ્થિતિમાં હતો અને આ સમયે કેવી સ્થિતિમાં છું ” એ વિષેનો લગારે વિચાર આવતો નથી, એ કેવું આશ્ચર્ય ! અતિશય બળવાન એવો કાળ આખા જગતને દબાવી દઇને રાંધી નાખે

છે અને તેમાં નાનાનો કે મોટાનો તે વિચારજ કરતો નથી; છતાં આ જગત ઈર્ષ્યા, અભિમાન, લોભ, કામ, ક્રોધ, ભય, સ્પૃહા, મોહ અને કડકાઈમાંજ આસક્ત રહીને મોહાધીન બનતું જાય છે; પણ તું તો પ્રત્યેક પદાર્થના તત્ત્વને જાણનારો છે, વિદ્વાન છે અને જ્ઞાન તથા તપોબળથી યુક્ત છે, જેથી હથેળીમાં રહેલાં આમળાંની પેઠે સ્પષ્ટ રીતે કાળને જોઇ શકે છે. વળી તું કાળના તાત્ત્વિક ચારિત્રને જાણે છે, સર્વ શાસ્ત્રોમાં કુશલ છે અને આત્મ-અનાત્મપદાર્થનું પૃથક્કરણ કરવામાં નિપુણ છે; માટેજ તું જ્ઞાની પુરુષોને સ્પૃહણીય થઇ પડયો છે. હું માનું છું કે, તેં આ સર્વ જગતને બુદ્ધિદ્વારા જાણી લીધું છે.[૯૭-૧૦૭] તું સર્વ સ્થળે વિહાર કરે છે છતાં (જીવન્મુક્ત હોવાને લીધે) ક્યાંય આસક્ત થતો નથી. વળી તું જિતેન્દ્રિય છે તેથી રજોગુણ અને તમોગુણ પણ તારો સ્પર્શ કરી શકતા નથી.[૧૦૮] તું પ્રીતિ અને સંતાપરહિત એવા આત્માનુંજ ઉપાસન કરે છે, સર્વ પ્રાણીઓ તરફ સુહૃદ્‌ભાવ રાખે છે, વૈરભાવનો ત્યાગ કરે છે તથા મનને શાંત રાખે છે, તે જોઇને મારી બુદ્ધિ તારા તરફ દયાળુ થઈ છે. હું તારા જેવા જ્ઞાની પુરુષને બંધનદશામાં મારી નાખવા ઇચ્છતો નથી.[૧૦૯,૧૧૦] દયા એ પરમ ધર્મ છે અને મને તારાપર દયા ઉત્પન્ન થઇ છે. કાળની અંદર જ્યારે પરિવર્તન થશે, ત્યારે તને બાંધવામાં આવેલા વરુણદેવના પાશો આપોઆપ છૂટી જશે.[૧૧૧] હે મહાસુર! પ્રજાઓનો તારાપર આદરભાવ છે, તેથી તારૂં કલ્યાણ થશે. જે સમયે વહુ પોતાની વૃદ્ધ સાસુ પાસે સેવા કરાવશે, પુત્ર મોહને અધીન થઈને પોતાના પિતા પાસે કામ કરાવશે, શૂદ્ર લોકો બ્રાહ્મણો પાસે પોતાના પગ ધોવરાવશે, નિર્ભય થયેલા શૂદ્રો, બ્રાહ્મણોની સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરશે, પ્રત્યેક જાતિના પુરુષો પોતાનાથી ભિન્ન જાતિઓમાં વીર્યસિંચન કરશે, કાંસાનાં પાત્રોમાં ઘરનો કચરો ભરવામાં આવશે, શાસ્ત્રનિષિદ્ધ પાત્રોમાં બળિદાન આપવામાં આવશે અને ચારે વર્ણોમાં મર્યાદાનો નાશ થઇ જશે, તે સમયે એક પછી એક તારા પાશો છૂટી જશે. તને અમારા તરફથી ભય આવવાનોજ નથી. તું મેં દર્શાવેલા સમયનીજ હવે રાહ જોયા કરજે, સુખી રહેજે, નિશ્ચિંત રહેજે, ચિત્તને સ્વસ્થ રાખજે અને નિર્ભય થજે.[૧૧૨-૧૧૬]"

બલિરાજાને એ પ્રમાણે કહીને ભગવાન ઇંદ્ર, હસ્તિરાજ ઉપર સ્વારી કરીને ત્યાંથી ચાલતો થયો. તેણે સર્વ અસુરોને જીતી લીધા હતા, જેથી ત્રણે લોકનો એક રાજા થઇને તે હર્ષપૂર્વક પ્રસન્ન થયો.[૧૧૭] તે સમયે અનેક મહર્ષિઓ સર્વ સ્થાવરજંગમ પ્રાણીઓના રાજા થયેલા તે ઇંદ્રની સ્તુતિ કરવા લાગ્યા, અગ્નિ પણ યજ્ઞની અંદર અર્પણ કરાતા હવ્યપદાર્થને ગ્રહણ કરવા લાગ્યો અને પ્રભુ ઇંદ્ર પણ યજ્ઞભાગરૂપ અમૃતનો સ્વીકાર કરવા લાગ્યો.[૧૧૮] પછી સર્વ તરફ ઉભેલા ઉત્તમ બ્રાહ્મણોથી સ્તુતિ કરાતો મહાતેજસ્વી ઇંદ્ર, ક્રોધરહિત થઇને તથા શાંતચિત્ત થઇને હર્ષપૂર્વક પોતાના સ્વર્ગલોકમાં ગયો અને ત્યાં પોતાના નિવાસસ્થાનમાં રહીને આનંદમાં દિવસો વ્યતીત કરવા લાગ્યો.[૧૧૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "બલિ અને ઇંદ્રનો સંવાદ" એ વિષયનો
અધ્યાય ૨૨૭ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૮ મો

ચઢતીપડતીનાં લક્ષણો

॥ युधिष्ठिर उवाच ॥

पूर्वरूपाणि मे राजन् पुरुषस्य भविष्यतः ॥
पराभविष्यतश्चैव तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પિતામહ! જે સમયે મનુષ્યની ચઢતી થવાની હોય છે અથવા પડતી થવાની હોય છે, તે સમયે તેનાં પૂર્વલક્ષણો કેવાં હોય છે? તે મને કહો."[૧]

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! તમારૂં કલ્યાણ થાઓ. મનુષ્યનું મનજ ભવિષ્યકાળના કલ્યાણનાં તથા અકલ્યાણનાં પૂર્વસ્વરૂપોને સૂચવી આપે છે.[૨] આ વિષયમાં લક્ષ્મી અને ઇંદ્રના સંવાદ-

રૂપ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે, તે હું તમને કહું છું સાંભળો."[૩]

પૂર્વે પોતાના પ્રચંડ તપની સમૃદ્ધિથી આ લોક તથા પરલોકનું જ્ઞાન ધરાવનારા, બ્રહ્મલોકમાં નિવાસ કરનારા, દેવર્ષિઓની સાથે સમાનતા ધરાવનારા, બ્રહ્માના જેવાજ મહાતેજસ્વી અને જેમનાં સર્વ પાપો શાંત થઈ ગયાં હતાં એવા મહાતપસ્વી મુનિ નારદ, પોતાની ઇચ્છાનુસાર ત્રણે ભુવનમાં વિચરતા હતા.[૪,૫] એક સમયે પ્રાતઃકાળમાં ઉઠીને ઋષિ નારદને પવિત્ર જળમાં સ્નાન કરવાની ઇચ્છા થઈ, જેથી ધ્રુવદ્વારમાંથી નીકળેલી (તે નામની હિમાલયની એક ખીણમાંથી નીકળેલી) ગંગા નદી ઉપર તે ગયા અને ત્યાં જઇને તેમણે સ્નાન કર્યું.[૬] એજ સમયે હજાર નેત્રવાળો ઇંદ્ર પણ જે નદીમાં દેવર્ષિ નારદ સ્નાન કરવામાટે ગયા હતા, તેજ ગંગાનદીના તટ ઉપર જઇ પહોંચ્યો[૭] અને તેણે પણ યથાવિધિ સ્નાન કર્યું. પછી તેઓ બન્ને જણાએ મનને એકાગ્ર કરીને સંક્ષેપમાં મંત્રજાપ કર્યો અને પછી સુવર્ણની સૂક્ષ્મ રેતીવાળા નદીના કિનારા ઉપર આવીને તેઓ બન્ને જણા બેઠા.[૮] ત્યાં બેસીને પુણ્યકર્મથી પ્રસિદ્ધ થયેલી અને મોટા મોટા દેવર્ષિઓએ કહેલી દિવ્ય કથાઓને પરસ્પર કહેવા લાગ્યા.[૯] આ પ્રમાણે તેઓ બન્ને જણા, પૂર્વકાળની ઐતિહાસિક કથાઓને એકાગ્ર ચિત્તથી કહેતા હતા, તેવામાં કિરણજાળથી શોભી રહેલા અને સંપૂર્ણ મંડલવાળા ભગવાન સૂર્યનારાયણનો ઉદય થયો. તે જોઇને તેઓ બન્ને જણાએ ઉભા થઇને તેમની સ્તુતિ કરી. એજ સમયે ઉદય પામેલા સૂર્યની સન્મુખદિશામાં જાણે બીજો સૂર્ય ઉદય પામતો હોય, તેવું દેદીપ્યમાન અને બળતી જ્વાળાઓસમાન કાંતિવાળું એક દિવ્ય તેજ આકાશમાં દેખાયું. હે ભારત! તે તેજ તેઓ બન્નેની સમીપમાં આવતું દેખાવા લાગ્યું;[૧૦-૧૨] પછી જ્યારે તે સમીપમાં આવ્યું, ત્યારે જણાયું કે, એ દિવ્ય તેજ પક્ષીઓમાં શ્રેષ્ઠ એવા ગરુડથી જોડેલા વિષ્ણુના વિમાનમાં આરૂઢ થયું હતું અને પોતાની કાંતિથી ત્રણે લોકને પ્રકાશમાન કરતું અનુપમરીતે શોભતું હતું.[૧૩] વિમાનમાં પ્રકાશી રહેલું તે તેજ બીજું કોઈ ન હતું પણ કમળના પત્ર ઉપર બિરાજી રહેલી સાક્ષાત્ શ્રીદેવીજ હતી, કે જે દેવીસ્વરૂપવડે શોભી રહેલી અનેક અપ્સરાઓથી વીંટાયલી હતી, અતિમહાન સ્વરૂપવાળી હતી, સૂર્યસમાન તેજસ્વી હતી, અગ્નિની જ્વાળાની પેઠે ઝળહળી રહી હતી, નક્ષત્રોસમાન અલંકારોને ધારણ કરી રહી હતી અને મોતીની માળા જેવી પુષ્પમાળાથી અલંકૃત હતી. આ પદ્માદેવીનાં નારદે અને ઇંદ્રે બન્ને જણાએ દર્શન કર્યાં.[૧૪,૧૫] પછી સ્ત્રીઓમાં સર્વોત્કૃષ્ટ દેવી લક્ષ્મી વિમાનમાંથી નીચે ઉતરીને ત્રણે લોકના ઈશ્વર ઇંદ્રની સામે તથા દેવર્ષિ નારદની સામે આવવા લાગી.[૧૬] એટલે તુરતજ ઇંદ્ર, નારદને સાથે લઇને તે દેવીની પાસે ગયો અને બે હાથ જોડી તેણે નિવેદન કર્યું કે, "હું ઇંદ્ર છું."[૧૭] પછી હે રાજન્! સર્વને જાણનારા દેવના રાજા ઇંદ્રે શ્રીદેવીની અનુપમ પૂજા કરીને આ પ્રમાણે પૂછ્યું.[૧૮]

ઇંદ્રે પૂછ્યું:—"હે સુંદર હાસ્યવાળાં દેવિ! તમે કોણ છો? કયા કાર્યનિમિત્તે અહીં આવ્યાં છો? હે સુંદર ભ્રમરવાળાં કલ્યાણિ! તમે ક્યાંથી આવો છો? અને ક્યાં જવાનાં છો?"[૧૯]

લક્ષ્મીએ કહ્યું:—"પવિત્ર એવા આ ત્રણે લોકમાં સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓ જેને સંપાદન કરવાની ઇચ્છાથી અંતઃકરણપૂર્વક પ્રયત્ન કરે છે,[૨૦] તેજ હું સર્વ પ્રાણીઓનું કલ્યાણ કરવા માટે સૂર્યનાં કિરણોથી વિકસિત થયેલા કમળની અંદર ઉત્પન્ન થઇ છું. મારૂં નામ પદ્મા, શ્રી અથવા પદ્મમાલિની છે.[૨૧] હે બલ દૈત્યનો નાશ કરનારા ઇંદ્ર! લક્ષ્મી, ભૂતિ, શ્રી, શ્રદ્ધા, મેધા, સન્નતિ, વિજિતિ, સ્થિતિ, ધૃતિ, સિદ્ધિ, ભૂતિ, સ્વાહા, સ્વધા, નિયતિ અને સ્મૃતિ—એ બધાં મારાંજ નામો છે.[૨૨] ધર્મશીલ એવા રાજાઓ જ્યારે વિજયમાટે પ્રયાણ કરે છે, ત્યારે હું તેઓની સેનાના અગ્રભાગમાં તથા તેઓની ધ્વજાઓમાં નિવાસ કરૂં છું; તેમજ તેઓના દેશોમાં તથા નગરોમાં પણ મારો નિવાસ હોય છે.[૨૨,૨૪] હે

બલ દૈત્યનો સંહાર કરનારા ઇંદ્ર! જે કોઈ રાજા વિજયશીલ હોય છે, શૂરવીર હોય છે અને સંગ્રામોમાં સામે પગલે યુદ્ધ કરનાર હોય છે, તેને વિષે પણ હું નિવાસ કરૂં છું.[૨૫] તેમજ જે પુરુષ નિત્ય ધર્મનિષ્ઠ હોય, મહાબુદ્ધિમાન હોય, બ્રાહ્મણોનો ભક્ત હોય, સત્યવાદી હોય, વિનયશીલ હોય અને દાનશીલ હોય તેનેવિષે પણ હું સદાકાળ નિવાસ કરૂં છું.[૨૬] સત્યધર્મને અધીન રહેનારી હું; પૂર્વે અસુરોવિષેજ વસી રહી હતી; પરંતુ હમણાં તેઓને ધર્મભ્રષ્ટ થયેલા જાણીને મેં તારાવિષે નિવાસ કરવાનું પસંદ કર્યું છે."[૨૭]

ઇંદ્રે પૂછ્યું:-" હે સુમુખિ દેવિ! દૈત્યો ને દાનવો, કેવા આચારવાળા હતા ત્યારે, તમે તેઓને વિષે નિવાસ કર્યો હતો ? અને હમણાં તેઓને કેવા આચારવાળા જોઇને તમે તેઓનો ત્યાગ કરી અહીં આવ્યાં છો ?"[૨૮]

લક્ષ્મીએ કહ્યું:-" જે પ્રાણીઓ સ્વધર્મનું આચરણ કરે છે, ધૈર્યથી ભ્રષ્ટ થતા નથી અને સ્વર્ગીય માર્ગ ઉપરજ પ્રીતિ રાખે છે, તેઓવિષે હું પ્રીતિપૂર્વક નિવાસ કરૂં છું.[૨૯] દૈત્યો પણ પૂર્વે દાન, અધ્યયન, યજ્ઞ અને ઇજ્યામાં તત્પર રહેતા હતા; પિતૃઓનું, દેવોનું તથા ગુરુઓનું પૂજન કરનારા હતા અને તેઓનામાં તે સમયે સત્ય પણ હતું.[૩૦] વળી તેઓનાં ઘર અત્યંત સ્વચ્છ અને સાફ હતાં, તેઓ પોતાની સ્ત્રીઓને વશ રાખતા હતા, અગ્નિમાં આહુતિઓ આપતા હતા, ગુરુઓની સેવા કરતા હતા, જિતેન્દ્રિય હતા, બ્રાહ્મણોના ભક્ત હતા અને સત્યવાદી હતા, જેથી મેં તેઓને વિષે નિવાસ કર્યો હતો.[૩૧] વળી તે વખતે તેઓનામાં શ્રદ્ધા પણ હતી, ક્રોધને તેઓએ જીત્યો હતો, દાન આપવામાં તેઓ તત્પર રહેતા હતા, અસૂયાનો ત્યાગ કરનારા હતા, પુત્રોનું, અમાત્યોનું તથા સ્ત્રીઓનું પોષણ કરનારા હતા અને ઈર્ષ્યાથી દૂર રહેનારા હતા, જેથી મેં તેઓને વિષે નિવાસ કર્યો હતો.[૩૨] તે દૈત્યો અમર્ષને અધીન થઇને અન્યોન્યની સ્પૃહા કરતા ન હતા, માંહોમાંહે ફાટફુટ કરતા ન હતા, બીજાઓની સમૃદ્ધિઓને જોઇને કદી ધૈર્યભ્રષ્ટ થતા ન હતા, દાનશીલ હતા, યોગ્ય પ્રમાણમાં સંગ્રહ કરનારા હતા, આર્ય હતા, દયાળુ હતા, આશ્રિતો ઉપર મોટી કૃપા કરનારા હતા, સરળ સ્વભાવના હતા, અત્યંત ભક્તિમાન હતા, જિતેન્દ્રિય હતા, પોષ્યવર્ગને તથા સહાયકવર્ગને સંતુષ્ટ કરનારા હતા, કૃતજ્ઞ હતા, પ્રિય બોલનારા હતા, યથાયોગ્ય માનપૂર્વક દ્રવ્યદાન આપનારા હતા, લજ્જાળુ હતા અને નિયમિત રીતે વ્રતોનું પાલન કરનારા હતા, જેથી મેં તેઓને વિષે નિવાસ કર્યો હતો.[૩૩,૩૫] વળી તેઓ પ્રત્યેક પર્વને દિવસે પવિત્ર તીર્થાદિકમાં સ્નાન કરતા હતા, ઉત્તમ પ્રકારનાં વિલેપનો અને અલંકારોથી અલંકૃત રહેતા હતા, ઉપવાસ અને તપશ્ચરણ કરવામાં તત્પર રહેતા હતા, જગપ્રસિદ્ધ બ્રહ્મવાદી હતા, સૂર્યના ઉદય પહેલાં શયનમાંથી ઉઠી જતા હતા, સૂર્યના ઉદય પછી શયનમાં કદી પડી રહેતા ન હતા, રાત્રિના સમયે દહીં અને સાથવાના ભક્ષણનો નિત્ય ત્યાગ કરી દેતા હતા, પ્રભાતમાં ઉઠીને ઘી અને બીજા માંગલિક પદાર્થોનું દર્શન કરતા હતા, સાવધાન થઇને વેદનો સ્વાધ્યાય કરતા હતા, બ્રાહ્મણોનું પૂજન કરતા હતા, હમેશાં ધર્માનુસાર ભાષણ કરતા હતા, કદીપણ પ્રતિગ્રહ કરતા ન હતા, રાત્રિનો અર્ધભાગ વીત્યા પછી શયન કરતા હતા, દિવસે નિદ્રા કરતા ન હતા, કૃપણ, અનાથ, વૃદ્ધ, દુર્બલ, આતુર અને સ્ત્રીઓપર દયા કરીને તેઓને અન્નવિભાગ આપતા હતા અને એ રીતે કરવા માટે બીજાઓને નિત્ય અનુમોદન આપતા હતા, જેથી મેં તેઓને વિષે નિવાસ કર્યો હતો.[૩૬-૪૦] તેમજ ત્રાસ પામેલાને, ખિન્ન થયેલાને, ઉદ્વેગ પામેલાને, ભયભીત થયેલાને, રોગગ્રસ્ત થયેલાને, કૃશ થયેલાને, જેનું સર્વસ્વ હરાઇ ગયું હોય તેવાને તથા સંકટમાં આવી પડેલાને તેઓ આશ્વાસન આપતા હતા, ધર્મનેજ અનુસરતા હતા, અન્યોન્યની હિંસા કરતા ન હતા, સર્વ કાર્યોમાં એકબીજાને અનુકૂલ રહેતા હતા, ગુરુઓની તથા વૃદ્ધોની સેવા કરતા હતા, પિતૃઓનું, દેવોનું તથા અતિથિઓનું યથાવત્ પૂજન કરતા હતા, વૈશ્વદેવ કરતાં

અવશેષ રહેલા અન્નનુંજ નિત્ય ભક્ષણ કરતા હતા, સત્ય અને તપમાં નિષ્ઠા રાખનારા હતા, ઉત્તમ પ્રકારનાં ભોજનોનો પોતે એકલાજ આહાર કરતા ન હતા, પરસ્ત્રી સાથે ગમન કરતા ન હતા અને સર્વ પ્રાણીઓ તરફ આત્મદૃષ્ટિ કરીને દયાભાવથી વર્તતા હતા, જેથી મેં તેઓને વિષે નિવાસ કર્યો હતો.[૪૧–૪૪] વળી તેઓ ખુલ્લા પ્રદેશમાં પશુઓમાં, વિજાતીય યોનિઓમાં તથા પર્વના દિવસે મૈથુન કરવાનું કદી પસંદ કરતા ન હતા; એટલુંજ નહિ પણ હે ઇંદ્ર! દાન, દક્ષતા, સરળતા ,ઉત્સાહ, અહંકારનો અભાવ, સર્વના પ્રત્યે પરમ સુહૃદ્ભાવ, ક્ષમા, સત્ય, તપ, પવિત્રતા, દયાળુતા, સૌમ્ય વાણી અને મિત્રોપ્રત્યે દ્રોહનો અભાવ–આ સર્વ ગુણો તેઓનામાં હતા; તેમજ નિદ્રા, તંદ્રા, અપ્રીતિ, અસૂયા, અદેખાઇ, અસંતોષ, અરતિ, વિષાદ અને અત્યંત લોલુપતા વગેરે અવગુણોનો તેઓનામાં પ્રવેશ પણ થયો ન હતો, જેથી એવા ગુણવાન તે દાનવોવિષે મેં પ્રજાસર્ગથી આરંભીને અનેકાનેક યુગપર્યંત નિવાસ કર્યો હતો.[૪૫--૪૯] પણ પાછળથી જ્યારે સમય પલટાયો અને તેઓનામાં ગુણોનો વિપર્યાસ થવા લાગ્યો, ત્યારે મેં જોયું કે, હવે દાનવોમાંથી ધર્મ નીકળી ગયો છે અને તેઓનાં ચિત્ત કામ તથા ક્રોધને અધીન બની ગયાં છે.[૫૦] જેમ જેમ કાળમાં ફેરફાર થવા લાગ્યો, તેમ તેમ દાનવો પણ વૃદ્ધ સભાસદોની તથા કથા કહેનારા સત્પુરુષોની મશ્કરીઓ કરવા લાગ્યા અને પોતે ગુણહીન હોવા છતાં સર્વગુણસંપન્ન મહાપુરુષોની અસૂયા કરવા લાગ્યા.[૫૧] વૃદ્ધ પુરુષોને પોતાની સન્મુખ આવેલા જોયા છતાં યુવાન પુરુષો એમ ને એમ બેસી રહેવા લાગ્યા; પણ પૂર્વની પેઠે અભ્યુત્થાન અને અભિવંદન કરીને તેઓને માન આપવા ન લાગ્યા.[૫૨] પોતાનો પિતા કાર્ય કરી રહ્યો હોય છતાં, પુત્ર પોતાનું ડહાપણ દેખાડીને પિતાનો પણ પ્રભુ થવા લાગ્યો અને તેઓનામાં જેઓ સેવકવૃત્તિનો સ્વીકાર કરનારા ન હતા, તેઓ પણ સેવકવૃત્તિનો સ્વીકાર કરીને નિર્લજ્જપણે પોતાનું કર્મ પ્રાસન્દ્ધ કરવા લાગ્યા.[૫૩] વળી જે અધમ પુરુષો ધર્મબાહ્ય એવું નિંદ્યકર્મ કરીને પણ ઘણી મોટી સંપત્તિ સંપાદન કરે છે, તેઓના તે નિંદ્ય કર્મમાં દાનવોની પણ સ્પૃહા થવા લાગી.[૫૪] તેમજ રાત્રિના સમયમાં મોટા મોટા બરાડા પાડીને તેઓ બોલવા લાગ્યા, તેઓની યજ્ઞશાળાઓમાં અગ્નિનો પ્રકાશ મંદ પડી ગયો, પુત્રો પિતાઓનું અપમાન કરવા લાગ્યા અને સ્ત્રીઓ પતિઓનું અપમાન કરવા લાગી.[૫૫] તેઓ માતા, પિતા, વૃદ્ધ, આચાર્ય, અતિથિ અને ગુરુને પોતાના પૂજ્યતરીકે અભિનંદન આપવા ન લાગ્યા, પુત્રોના પાલનથી ભ્રષ્ટ થયા, ભિક્ષા અને બલિદાન આપ્યાવિના પોતે એકલાજ અન્નભક્ષણ કરવા લાગ્યા, વૈશ્વદેવ કર્યાવિના અને પિતૃઓને, દેવોને, અતિથિઓને તથા ગુરુઓને અન્નવિભાગ આપ્યાવિના અન્નભોજન કરવા લાગ્યા, તેઓના રસોઇઆઓ શૌચાચારથી ભ્રષ્ટ થયા, મન, વચન અને કાયાથી તેઓ અનાચાર કરવા લાગ્યા અને પોતાના ભક્ષ્ય પદાર્થોને ખુલ્લા મૂકવા માંડ્યા.[૫૬--૫૮] તેઓનાં ધાન્યો અસ્તવ્યસ્ત રહેવા લાગ્યાં, કાગડા અને ઉંદરનાં માંસનું પણ તેઓ ભોજન કરવા લાગ્યા, દૂધને ઉઘાડું મૂકવા લાગ્યા અને વગરધોયેલા હાથે ઘીનો સ્પર્શ કરવા લાગ્યા.[૫૯] તેઓની સ્ત્રી કોદાળી, દાતરડું, પેટી અને કાંસાનાં વાસણો વગેરે કોઈ પણ ઘરના ઉપકરણની વ્યવસ્થા રાખવા ન લાગી.[૬૦] તેઓના ઘરની દિવાલો અને ઘરો પડીભાંગી જવા લાગ્યાં, તોપણ તેઓને સુધારવાનું કામ તેઓએ પડતું મૂક્યું અને પોતાને ઘેર પશુઓને રાખ્યા છતાં તેઓને માટે ઘાસચારાની તથા જળની સવડ રાખવા માટે તેઓએ ધ્યાનમાં ન લીધું.[૬૧] પોતાનાં બાળકો જોઈ રહ્યાં હોય છતાં, પોતે ભક્ષ્ય પદાર્થોને ખાઈ જવા લાગ્યા તેમજ પોષ્યવર્ગને તૃપ્ત કર્યાવિનાજ પોતે ભોજન કરવા લાગ્યા.[૬૨] વળી તે દાનવો દૂધપાક, ખીચડી, માંસ, પુડલા અને પુરીઓ વગેરે પદાર્થોને કેવળ પોતાને માટેજ પકાવવા લાગ્યા અને શ્રાદ્ધાદિ નિમિત્તવિના વ્યર્થ માંસભક્ષણ કરવા લાગ્યા.[૬૩] સૂર્યનો ઉદય થઇ ગયો હોય છતાં

તેઓ સૂઇ રહેવા લાગ્યા, પ્રભાતકાળે પણ જાણે રાત્રિ પડી હોય તેમ નિદ્રાવશ થવા લાગ્યા અને તેઓને ઘેર ઘેર રાત્રિદિવસ કલહકંકાસ થવા લાગ્યા.[૬૪] પોતે અનાર્ય હોવા છતાં સમીપમાં બેઠેલા આર્યપુરુષની તેઓ સેવા કરવા ન લાગ્યા અને પોતે આશ્રમધર્મથી ભ્રષ્ટ હોવા છતાં આશ્રમધર્મનું પાલન કરનારાઓનો માંહોમાંહે દ્વેષ કરવા લાગ્યા.[૬૫] તેઓની પ્રજા વર્ણસંકર થવા લાગી, તેઓનામાં પવિત્રતા ન રહી. જે બ્રાહ્મણો વેદવેત્તા હતા અને જેઓ સ્પષ્ટ રીતે એક વેદમંત્રને પણ જાણતા ન હતા, તેઓ બન્નેનું માન–અપમાન એકસરખુંજ થવા લાગ્યું, તેઓનાં દાસદાસીઓ દુર્જનોનું આચરણ સેવવા લાગ્યાં અને હાર, અલંકાર, વેષ, ગમન, સ્થિતિ અને દૃષ્ટિ–એ સર્વ પણ દુરાચારીને શોભે તેવુંજ તેઓ કરવા લાગ્યા. વળી ક્રીડાસમયે, રતિસમયે અને વિહારસમયે સ્ત્રીઓ પુરુષનો વેષ ધારણ કરીને તથા પુરુષો સ્ત્રીઓનો વેષ ધારણ કરીને અત્યંત આનંદ પામવા લાગ્યા. પોતે ઐશ્વર્યસંપન્ન હોવા છતાં નાસ્તિકપણાનો આશ્રય કરીને, જે સુપાત્ર પુરુષોને પોતાના સમર્થ પૂર્વજોએ ગામગરાસની ભેટ કરી હતી તેને તેઓ પડાવી લેવા લાગ્યા. કોઇ એક મિત્રે, દ્રવ્યસંબંધી સંકટપ્રસંગે બીજા મિત્રની પ્રાર્થના કરીને તેની પાસેથી અમુક ધન ઉછીનું લીધું હોય અને પછી પોતાનું કાર્ય સિદ્ધ થઈ જાય તોપણ તે ધન લેનાર મિત્ર, એક વાળના અગ્રભાગ જેટલા સ્વાર્થમાટે પણ પોતાના મિત્રના ધનનો નાશ કરવા લાગ્યો. વળી તે દાનવોને બીજાના ધનનું હરણ કરવાની રુચિ થવા લાગી, તેઓના આર્ય વર્ણમાં પણ દુકાન માંડનારા વ્યાપારીઓ દેખાવા લાગ્યા, શૂદ્રજાતિના પુરુષો તપસ્વી થવા લાગ્યા, બ્રહ્મચર્યવ્રત પાળ્યા વિના કેટલાએક અધ્યયન કરવા લાગ્યા અને બીજા કેટલાએક દાનવો તો કેવળ વ્યર્થજ વ્રતનું પાલન કરવા લાગ્યા.[૬૬–૭૨] શિષ્યે ગુરુની સેવા કરવી છોડી દીધી, ગુરુએ શિષ્યની સાથે મિત્રાચારી કરવા માંડી, વૃદ્ધ માતાપિતા, વિવાહ આદિ ઉત્સવો કરી કરીને જાણે થાકી ગયાં હોયની તેમ અસમર્થ સ્થિતિમાં આવી પડીને પોતાના પુત્રોની પાસે અન્નની યાચના કરવા લાગ્યાં, જે બ્રાહ્મણો વેદને જાણનારા હતા, બુદ્ધિમાન હતા અને ગંભીરતામાં સમુદ્રસરખા હતા, તેઓ ખેતી વગેરે બીજાં કામો કરવા લાગ્યા અને તેથીજ બીજા મૂર્ખ બ્રાહ્મણો શ્રાદ્ધનું ભોજન કરવા લાગ્યા. પ્રતિદિન પ્રાતઃકાળે, પોતાના શિષ્યોને જે માતાપિતાએ પોતાને ત્યાં અધ્યયન કરવામાટે ન મોકલ્યા હોય તેઓને ઘેર ગુરુઓ પોતે જઇને શિષ્યના કુશલસમાચાર પૂછવા લાગ્યા અને પોતાની શાળામાં મોકલવાની ક્રિયાઓ કરવા લાગ્યા; તેમજ વહુ, સાસુ અને સસરાની આગળ થઇને નોકરચાકરોને ધમકાવવા લાગી.[૭૩–૭૬] સ્ત્રીઓ પોતાના પતિઓને પાસે બોલાવીને શિખામણ આપવા લાગી અને તેઓની સામે બોલવા પણ લાગી; તેમજ પિતા પોતાના પુત્રનું મન સાચવવા માટે પ્રયત્ન કરવા લાગ્યો[૭૭] અને પુત્રોના ભયને લીધે પોતાના મૂળ ધનને તેઓને વહેંચી આપીને પોતે દુઃખી સ્થિતિમાં રહેવા લાગ્યો. કોઇનું ધન અગ્નિથી બળી ગયું હોય, ચોર લોકોથી લૂંટાઈ ગયું હોય અથવા રાજાઓએ હરી લીધું હોય, તેને જોઇને તેના મિત્ર મનાયલા પુરુષો પણ દ્વેષને લીધે ખડખડ હસવા લાગ્યા. આ રીતે દાનવો કૃતઘ્ની બની ગયા, નાસ્તિક થઈ ગયા, પાપી થઇ ગયા, ગુરુની સ્ત્રીસાથે પણ વ્યભિચાર કરવા લાગ્યા, અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ કરવા લાગ્યા, મર્યાદાથી ભ્રષ્ટ થઈ ગયા અને નિસ્તેજ બની ગયા. સમયના વિપર્યાસને લીધે તેઓ એવાં એવાં આચરણ કરવા લાગ્યા, જેથી હે દેવેન્દ્ર! મેં નિશ્ચય કર્યો છે કે, દાનવોને વિષે હું નિવાસ કરીશ નહિ; માટે હે શચીપતિ! પોતાની મેળે પ્રાપ્ત થયેલી મને તું અભિનંદન આપ.[૭૮–૮૧] હે દેવોના રાજા! તું મારૂં પૂજન કરીશ એટલે સર્વ દેવતાઓ પણ મારૂં પૂજન કરશે. વળી હું જ્યાં નિવાસ કરૂં છું ત્યાં મને અત્યંત પ્રિય, મારા કરતાંપણ ઉત્તમ અને મનેજ સર્વસ્વ અર્પણ કરનારી આશા, શ્રદ્ધા, ધૃતિ, શાંતિ,

વિજિતિ, સન્નતિ, ક્ષમા અને જયા–એ આઠે દેવીઓ નિવાસ કરી રહે છે. હે પાક દૈત્યનો નાશ કરનારા! તે આઠે દેવીઓ અને હું, દૈત્યોનો ત્યાગ કરીને તારા રાજ્યપ્રદેશમાં આવી પહોંચેલ છીએ અને અમે નિશ્ચય કર્યો છે કે, હવે પછી ધર્મનિષ્ઠ એવા દેવતાઓવિષેજ અમે નિવાસ કરીશું.”

એ પ્રમાણે દેવી લક્ષ્મીએ કહ્યું, તે પછી દેવર્ષિ નારદે અને વૃત્રહંતા ઇંદ્રે, પ્રીતિપૂર્વક તેને અભિનંદન આપ્યું. એટલે તુરતજ દેવોના માર્ગમાં ઇચ્છિત ગંધને ફેલાવનારો, સુખાકારી સ્પર્શવાળો અને સર્વ ઇંદ્રિયોને સુખ ઉપજાવનારો પવન વાવા લાગ્યો; તેમજ સર્વ દેવતાઓ પણ લક્ષ્મીની સાથે બેઠેલા ઇંદ્રનાં દર્શન કરવાની ઇચ્છાથી, તે પવિત્ર પ્રદેશમાં આવીને બેસી ગયા.[૮૨-૮૮] પછી હજાર નેત્રવાળો દેવરાજા ઇંદ્ર લક્ષ્મીને તથા મિત્ર નારદને સાથે લઇને લીલા ઘોડાઓથી જોડેલા પોતાના રથમાં બેઠો અને ઘણાજ સત્કારપૂર્વક દેવોની સભામાં ગયો.[૮૯] તે પછી જેમના પુરુષાર્થને દેવોએ જોયો હતો, એવા ઋષિ નારદે ઇંદ્ર અને દેવી લક્ષ્મીના અભિપ્રાયનો મનમાં વિચાર કરીને લક્ષ્મીદેવીને કહ્યું કે, “આ સ્વર્ગલોકમાં થયેલું તમારૂં આગમન સર્વ મહર્ષિઓએ સુખાકારી માન્યું છે.”[૯૦] આ રીતે જ્યારે લક્ષ્મીદેવીએ સ્વર્ગલોકમાં નિવાસ કર્યો, ત્યારે પિતામહ બ્રહ્મદેવના સ્થાનમાં તેજોમય સ્વર્ગલોકમાંથી અમૃતની વૃષ્ટિ થવા લાગી, દેવોનાં દુંદુભિઓ પોતાની મેળે વાગવા લાગ્યાં અને દિશાઓ અત્યંત નિર્મળ થઇને પ્રકાશવા લાગી.[૯૧] મેઘ પણ બરાબર ઋતુઅનુસાર ધાન્યઉપર વૃષ્ટિ કરવા લાગ્યો, કોઇ પણ પ્રાણી ધર્મમાર્ગથી ભ્રષ્ટ ન થયો, પૃથ્વી પણ અનેક રત્નોની ખાણોથી શોભી નીકળી અને દેવોના એ વિજયનિમિત્તે સર્વત્ર માંગલિક શબ્દો થવા લાગ્યા.[૯૨] વળી તે સમયે પ્રત્યેક મનુષ્યો વૈદિક ક્રિયાઓવિષે આસક્ત રહીને પોતાના મનસ્વીપણાથી શોભવા લાગ્યા અને પુણ્યવાનોના પવિત્ર માર્ગમાં રહેલા સર્વ મનુષ્યો, દેવો, ગંધર્વો, યક્ષો તથા અસુરો સમૃદ્ધિમાન થઇને અત્યંત પ્રસન્ન થયા;[૯૩] એટલુંજ નહિ પણ તે વખતે પવનથી કંપિત થયેલાં વૃક્ષ ઉપરથી એક પુષ્પ પણ અકાળે પડતું ન હતું, તોપછી ફળ તો ક્યાંથીજ પડે! સર્વ ગાયો પ્રત્યેક જાતના રસોને આપનારી કામદુધા થઈ હતી અને કોઇના મુખમાંથી દારુણ વાણી નીકળતીજ ન હતી.[૯૪] જે પુરુષો સર્વ કામનાઓને આપનારા ઇંદ્રપ્રમુખ દેવતાઓએ કરેલા આ લક્ષ્મીપૂજનનું બ્રાહ્મણોની સભામાં જઇને પઠન કરશે, તેઓના સર્વ મનોરથો સફળ થશે અને તેઓને લક્ષ્મી પ્રાપ્ત થશે.[૯૫]

હે કુરુશ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા! તમે મને ચઢતીપડતીના સંબંધમાં જે પ્રશ્ન પૂછ્યો હતો, તેનું આ દૃષ્ટાંત મેં તમને કહ્યું, તો હવે તેનો બરાબર વિચાર કરીને તેનું જે તત્ત્વ જણાય તેનો તમે સ્વીકાર કરજો.[૯૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “લક્ષ્મી
અને ઈંદ્રનો સંવાદ” એ વિષયનો
અ૦ ૨૨૮ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૯ મો

બ્રહ્મપદને પ્રાપ્ત કરવાનાં સાધનો

॥ युधिष्ठिर उवाच ॥

किंशीलः किंसमाचारः किंविद्यः किंपराक्रमः॥
प्राप्नोति ब्रह्मणः स्थानं यत्परं प्रकृतेर्ध्रुवम्॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે પિતામહ ! જે પરબ્રહ્મનું સ્થાન પ્રકૃતિથી પર રહેલું છે અને અવિનાશી છે, તેને કેવા શીલવાળો, કેવા આચારવાળો, કેવી વિદ્યાવાળો અને કેવા પરાક્રમવાળો પુરુષ પામી શકે છે ?”[૧]

ભીષ્મે કહ્યું:–“જે પુરુષ મોક્ષધર્મમાં તત્પર રહેતો હોય, અલ્પાહારી હોય અને જિતેન્દ્રિય હોય, તે પુરુષ પ્રકૃતિથી પર રહેલા તે અવિનાશી બ્રહ્મપદને પામે છે.[૨] હે ભારત ! આ વિષયમાં પણ જૈગીષવ્ય અને અસિતના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે

છે.[૩] જેમકે, પૂર્વે મહાબુદ્ધિમાન અને સર્વ ધર્મોને જાણનારા મુનિ જૈગીષવ્યને ક્રોધ તથા હર્ષથી રહિત થયેલા જોઈ અસિત ગોત્રના મુનિ દેવલે આ પ્રમાણે પૂછ્યું.[૪]

દેવલે પૂછ્યું:–"હે જૈગીષવ્ય મુનિ! તમને કોઇ વંદન કરે છે તો તમે પ્રસન્ન થતા નથી અને તમારી કોઈ નિંદા કરે છે તો તમે કોપાયમાન થતા નથી; માટે હું તમને પૂછું છું કે, તમારી આ બુદ્ધિ કેવા પ્રકારની છે? અને આવી બુદ્ધિ તમને કેવી રીતે પ્રાપ્ત થઈ? તેમજ આવી બુદ્ધિ રાખવામાં તમારો શો ઉદ્દેશ છે?"[૫]

ભીષ્મે કહ્યું:–મુનિ દેવલે એ પ્રમાણે પૂછ્યું, એટલે મહાતપસ્વી જૈગીષવ્ય મુનિએ સંદેહરહિત અને પુષ્કળ અર્થયુક્તપદવાળું મહાપવિત્ર વચન કહ્યું.[૬]

જૈગીષવ્યે કહ્યું:–"હે મહર્ષિ દેવલ! જે સર્વની ગતિરૂપ છે, જે સર્વની સીમારૂપ છે અને પુણ્યકર્મ કરનારા પુરુષોની જે શાંતિ છે, તે મહાશાંતિનું તમારી પાસે હું વર્ણન કરૂં છું.'[૭] હે દેવલ! શાંત મહાપુરુષો પોતાની નિંદા કરનારા ઉપર તથા પ્રશંસા કરનારા ઉપર હમેશાં સમાન ભાવ રાખે છે, નિંદક પુરુષોના આચરણને તથા પોતાના પુણ્યને ગુપ્ત રાખે છે, પોતાને અપ્રિય કહેનારા પુરુષની સામે કદી અપ્રિય બોલતા નથી, પોતાને પ્રહાર કરનાર પુરુષને સામો પ્રહાર કરવાની ઈચ્છા કરતા નથી, ઇચ્છિત વસ્તુ ન મળે તો તેને માટે બળાપો કરતા નથી, સમયને અનુસરીને કાર્યો કર્યા કરે છે, ગઈ ગુજરીને માટે શોક કરતા નથી અને કોઇપણ પ્રકારની પ્રતિજ્ઞા કરતા નથી;[૮–૧૦] તેમજ હે દેવલ! શક્તિમાન અને વ્રતનિષ્ઠ એવા તે મહાત્માઓ ધનની ઇચ્છાથી પોતાને ત્યાં આવેલા કોઈ સુપાત્ર મનુષ્યની પૂજા કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, ત્યારે આદરસત્કારપૂર્વક તેની પૂજા કરે છે.[૧૧] વળી તેવા મહાપુરુષો પરિપક્વ વિદ્યાવાળા હોય છે, મહાજ્ઞાની હોય છે, ક્રોધને જીતનારા હોય છે, ઇંદ્રિયોને વશ રાખનારા હોય છે, મન, વચન અને કર્મથી પણ કોઈનો અપરાધ કરતા નથી, નથી;[૧૨,૧૩] તેમજ કોઇની નિંદા કરતા નથી, પ્રશંસા કરતા નથી અને બીજાએ કરેલી પોતાની નિંદા કે પ્રશંસાથી કદી વિકારને પામતા નથી.[૧૪] વળી સર્વ પ્રકારે શાંત રહેનારા અને સર્વ પ્રાણીઓનું હિત કરવામાં આસક્ત એવા તે મહાત્માઓ કોઇના પર ક્રોધ કરતા નથી, હર્ષ પામતા નથી અને કદી અપરાધ પણ કરતા નથી.[૧૫] તેઓ પોતાની હૃદયગ્રંથિને છોડી નાખીને સુખેથી સર્વત્ર વિચર્યા કરે છે, તેઓને કોઇ બાંધવો હોતા નથી તેમ તેઓ પોતે પણ બીજાઓના બાંધવો હોતા નથી.[૧૬] વળી તેઓના કોઇ શત્રુ હોતા નથી અને તેઓ પોતે પણ કોઇના શત્રુ થતા નથી. જે મનુષ્યો એ મહાત્માઓના ચરિત્ર પ્રમાણે વર્તે છે, તેઓ હમેશાં સુખી થાય છે.[૧૭] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! જે ધર્મવેત્તા પુરુષો ધર્મને અનુસરીને ચાલે છે, તેઓ સદાય સુખીજ છે; પરંતુ જેઓ ધર્મમાર્ગથી ભ્રષ્ટ થાય છે, તેઓ કોઈ સમયે હર્ષ પામે છે અને કોઈ સમયે ઉદ્વેગ પામે છે;[૧૮] પણ મેં તો ધર્મમાર્ગનોજ આશ્રય કર્યો છે તોપછી હું શામાટે કોઇની ઈર્ષ્યા કરૂં? અને શામાટે બીજાએ કરેલી નિંદાથી કે પ્રશંસાથી શોક કરૂં કે હર્ષ પામું?[૧૯] મનુષ્યોને જે જે માર્ગે જવાની ઇચ્છા થાય, તે તે માર્ગે તેઓ ભલે જાય. મારી નિંદાથી કે પ્રશંસાથી મારૂં કંઇ પણ ઓછું થવાનું નથી કે વધી પડવાનું નથી.[૨૦] તત્ત્વવેત્તા વિચક્ષણ પુરુષે પોતાનું અપમાન થાય ત્યારે, અમૃતપાન કર્યાની પેઠે સંતુષ્ટ થવું અને પોતાનું જ્યારે સન્માન કરવામાં આવે ત્યારે, વિષપાન કર્યાની પેઠે ઉદ્વિગ્ન થવું.[૨૧] જે પુરુષનું અપમાન કરવામાં આવ્યું હોય છે, તે પુરુષ આ લોકમાં તથા પરલોકમાં સુખેથી નિદ્રા કરે છે; (અર્થાત્ સુખી રહે છે) એટલુંજ નહિ પણ તે પુરુષ સર્વ પ્રકારના દોષોથી મુક્ત થાય છે, પરંતુ અપમાન કરનાર સામો પુરુષ, અંતે જ્યારે સમજે છે, ત્યારે પશ્ચાત્તાપનેજ પામે છે.[૨૨] જે કોઈ બુદ્ધિમાન મનુષ્યોને પરમ ગતિ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય, તેઓએ મેં કહેલા આ શાંતવ્રતનુંજ આચરણ કરવું, જેથી

ઈર્ષ્યાનો ત્યાગ કરનારા હોય છે, અન્યોન્યની કદી હિંસા કરતા નથી અને તે ધીર પુરુષો, બીજાઓની સમૃદ્ધિ જોઇને કદી સંતાપ કરતા તે મનુષ્યોનો અનાયાસે અભ્યુદય થાય છે.[૨૩] ઇંદ્રિયોનો જય કરનાર પુરુષ, સર્વ પ્રકારના યજ્ઞોનું સંપૂર્ણ ફળ સંપાદન કરીને અંતે પ્રકૃતિથી પર રહેલા પરબ્રહ્મના સ્થાનને પ્રાપ્ત કરે છે;[૨૪] અને એ પ્રમાણે પરમ ગતિને પામેલા તે પુરુષના પદને દેવો, ગંધર્વો, પિશાચો કે રાક્ષસો પણ પામી શકતા નથી."[૨૫]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "જૈગીષવ્ય અને અસિતનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૨૨૯ મો સમાપ્ત.

અધ્યાય ૨૩૦ મો

નારદના ગુણો

॥ युधिष्ठिर उवाच ॥

प्रियः सर्वस्य लोकस्य सर्व सत्वाभिनंदिता॥
गुणैः सर्वैरुपेतश्च कोन्वस्ति भुवि मानवः ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-" હે પિતામહ ! સર્વલોકમાં પ્રિય થઈ પડેલ, સર્વ પ્રાણીઓ તરફ પ્રીતિ રાખનાર અને સર્વ ગુણોથી યુક્ત એવો મનુષ્ય, આ જગતમાં કોણ છે?"[૧]

ભીષ્મે કહ્યું:-" હે ભરતશ્રેષ્ઠ રાજા ! તમે મને પ્રશ્ન પૂછ્યો છે માટે હું તમને ઉગ્રસેનનો તથા શ્રીકૃષ્ણનો સંવાદ કહું છું, જેમાં નારદના ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે." [૨]

એક સમયે ઉગ્રસેને શ્રીકૃષ્ણને પૂછ્યું:-" હે કૃષ્ણ ! નારદનું નામસંકીર્તન કરવાથી મનુષ્યને દિવ્ય લોકની પ્રાપ્તિ થાય છે, માટે નારદ સર્વ ગુણોથી યુક્ત છે, એમ હું માનું છું; તોપણ હું તમને પૂછું છું કે, નારદની અંદર કેવા પ્રકારના ગુણો છે? તે મને કહો." [૩]

શ્રીકૃષ્ણે કહ્યું:-" હે કુકુર દેશના રાજા ! નારદના જે ઉત્તમ ગુણો મારા જાણવામાં આવ્યા છે, તેનું હું સંક્ષેપમાં વર્ણન કરૂં છું, સાંભળો.[૪] નારદને પોતાના ચારિત્રમાટેનો કદી અહંકાર થયો નથી કે જે તેના દેહને સંતાપ ઉપજાવનાર થઇ પડે! વળી તેનું શાસ્ત્રજ્ઞાન તથા ચારિત્ર સદાય અસ્ખલિતજ છે, જેથી તે સર્વત્ર પૂજાય છે.[૫] નારદવિષે અરતિ, ક્રોધ, ચપલતા કે ભય કદી જોવામાંજ આવ્યાં નથી. વળી તે કોઇપણ કાર્યને વિનાવિલંબે કરનારા છે અને શૂરવીર છે, જેથી તે સર્વ જગતમાં પૂજાય છે.[૬] નારદની વાણીમાં કામને લીધે કે ક્રોધને લીધે વિપરીત ભાવ કદી દેખાયો નથી, જેથી તે અત્યંત સેવવા યોગ્ય છે અને આખા જગતમાં પૂજાય છે.[૭] તે અધ્યાત્મશાસ્ત્રના તત્ત્વને જાણે છે, ક્ષમાશીલ છે, શક્તિમાન છે, જિતેન્દ્રિય છે, સરળ સ્વભાવના છે અને સત્યવાદી છે, માટેજ સર્વત્ર પૂજાય છે;[૮] તેમજ તેજમાં, યશમાં, બુદ્ધિમાં, જ્ઞાનમાં, વિનયમાં, જન્મમાં તથા તપમાં સર્વના કરતાં તે શ્રેષ્ઠ છે, જેથી સમગ્ર જગતમાં પૂજાય છે.[૯] વળી તે સુશીલ છે, સુખમાંજ રહેનાર છે, ઉત્તમ ભોજન કરનાર છે, સર્વનો આદર કરનાર છે, પવિત્ર છે, ઉત્તમ વાક્યો બોલે છે અને કોઈની પણ ઈર્ષ્યા કરતા નથી, જેથી સર્વત્ર પૂજાય છે.[૧૦] તે સર્વનું કલ્યાણ કરે છે, તેનામાં પાપનો અંશ પણ નથી અને બીજાઓનું દુઃખ દેખીને તે પ્રસન્ન થતા નથી, જેથી સર્વ લોકમાં પૂજાય છે.[૧૧] તે વેદશાસ્ત્રનું તથા આખ્યાનોનું શ્રવણ કરીને ઇંદ્રિયોનો જય કરવા ઇચ્છે છે, ક્ષમાશીલ છે અને કોઇનું અપમાન કરતા નથી, જેથી સર્વત્ર પૂજાય છે.[૧૨] તેમની દૃષ્ટિ સર્વત્ર સમાન છે તેથી તેમને કોઇ પ્રિય નથી કે અપ્રિય નથી. વળી તે સર્વના મનને અનુકૂલ ભાષણ કરનારા છે, જેથી સર્વત્ર પૂજાય છે.[૧૩] વળી તે નારદ અતિશય વિદ્વાન છે, અદ્ભુત કથાઓને જાણનારા છે, બુદ્ધિમાન છે, લાલસાનો ત્યાગ કરનારા છે, શઠતારહિત છે અને દીનતા, ક્રોધ તથા લોભનો ત્યાગ કરનારા છે, જેથી સર્વ જગતમાં પૂજાય છે.[૧૪] તેમણે અર્થ (વિષય), ધન અથવા કામને માટે કદી વિગ્રહ કર્યોજ નથી; તેમજ તેમના સર્વ દોષોનો સમૂળગો ઉચ્છેદ થઇ ગયો છે, જેથી તે સર્વ લોકમાં પૂજાય છે.[૧૫]

તેમની ઇશ્વરભક્તિ અત્યંત દૃઢ છે, તેમનું અંતઃકરણ અનિંદ્ય છે, તેમનામાં શાસ્ત્રજ્ઞાન સંપૂર્ણ છે, તેમણે ક્રૂરતાનો ત્યાગ કર્યો છે અને તેમના મોહનો તથા દ્વેષનો નાશ થયો છે; માટે તે સર્વ જગતમાં પૂજાય છે.૧૬ તે સર્વ પ્રકારના સંજોગોમાં આસક્તિ રાખતા નથી છતાં જાણે આસક્તિ રાખતા હોય તેવા જણાય છે, તેમનો સંશય દીર્ઘકાળપર્યંત સ્થિર રહેતો નથી અને તે મહાન વક્તા છે, જેથી આખા જગતમાં પૂજાય છે.૧૭ તેમની ચિત્તવૃત્તિ કોઇ પણ કામ્ય વિષયમાં એકાગ્ર થતી નથી, તે પોતે પોતાની સ્તુતિ કરતા નથી, કોઇની ઈર્ષ્યા કરતા નથી અને કોમળ વાણીથી વાર્તાલાપ કરે છે, તેથી સર્વ જગતમાં પૂજાય છે.૧૮ વળી તે, લોકના વિવિધ પ્રકારના ચિત્તનું નિંદા કર્યાવિના અવલોકન કર્યા કરે છે અને સંસર્ગવિદ્યામાં (સૃષ્ટિવિષયક જ્ઞાનમાં) કુશલ છે, માટે સર્વત્ર પૂજાય છે.૧૯ તે કોઇ પણ શાસ્ત્રની અસૂયા કરતા નથી, કેવળ પોતાની નીતિ ઉપરજ આધાર રાખીને જીવન ગાળે છે, સમયને વ્યર્થ જવા દેતા નથી અને મનને વશ રાખનારા છે, જેથી સર્વત્ર પૂજાય છે.૨૦ તેમણે આત્મવિદ્યાના વિષયમાં ઘણોજ પરિશ્રમ કર્યો છે, તેમની બુદ્ધિ કૃતકૃત્ય થઇ છે, સમાધિનો અનુભવ કરતાં કરતાં તેમને તૃપ્તિજ થતી નથી અને યોગ સાધના કરવામાં તે હમેશાં સાવધ રહે છે, જેથી સર્વ જગતમાં પૂજાય છે.૨૧ તે નિર્લજ્જ નથી અને બીજા કોઈ મનુષ્યો પોતાના કલ્યાણને માટે એકાદા કાર્યમાં તેમની યોજના કરે છે તો લક્ષ્યપૂર્વક તે કાર્યને તે કરે છે; તેમજ બીજાઓની ગુપ્ત વાતોને તે પ્રકટ કરી દેતા નથી, માટેજ સર્વત્ર પૂજાય છે.૨૨ પોતાને જો આર્થિક લાભ થાય તો તેમને હર્ષ થતો નથી તેમ હાનિ થાય તો શોક પણ થતો નથી. વળી તેમની બુદ્ધિ સ્થિર છે અને તેમનું મન સર્વ વિષયોથી નિર્લેપ છે, જેથી સર્વ લોકમાં તે પૂજાય છે.૨૩ આ રીતે સર્વગુણસંપન્ન, સર્વકાર્યનિપુણ, પવિત્ર, દોષોથી રહિત, સમયને જાણનારા અને સર્વનું પ્રિય કરી જાણનારા નારદના ઉપર કોને પ્રીતિ નહિ થાય?"૨૪

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "વાસુદેવ અને ઉગ્રસેનનો સંવાદ" એ વિષયનો અ૦ ૨૩૦ મો સમાપ્ત.

અધ્યાય ૨૩૧ મો

વ્યાસશુકસંવાદ-કાળનું પરિમાણ

॥ युधिष्ठिर उवाच ॥
आद्यंतं सर्वभूतानां ज्ञातुमिच्छामि कौरव ॥
ध्यानं कर्म च कालं च तथैवायुयुगे युगे॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે કુરુવંશી પિતામહ! સર્વ પ્રાણીઓના ઉત્પત્તિસ્થાનને તથા લયસ્થાનને જાણવાની મને ઇચ્છા છે; તેમજ પ્રત્યેક યુગમાં કરવામાં આવતું ધ્યાન અને કર્મ શું હોય છે? અને પ્રત્યેક યુગનો સમય તથા પ્રત્યેક યુગમાં મનુષ્યોના આયુષનું પરિમાણ કેટલું હોય છે? તે જાણવાને હું ઇચ્છું છું.૧ વળી આ સમગ્ર લોકતત્ત્વ અને પ્રાણીઓની ઉત્પત્તિ તથા નાશ શેમાંથી થાય છે?૨ હે સત્પુરુષોમાં શ્રેષ્ઠ ભીષ્મ પિતામહ! જો તમે અમારાપર અનુગ્રહ કરવાજ ઇચ્છતા હો તો હું તમને પૂછું છું તેનો તમે ઉત્તર આપો.૩ પૂર્વે બ્રહ્મર્ષિ ભરદ્વાજને ભૃગુ ઋષિએ જે ઉત્તમ વચન કહ્યું હતું, તેનું તમારી પાસેથી શ્રવણ કરીને મારી બુદ્ધિ પરમ ધર્મિષ્ઠ થયેલી છે અને પરમાત્માના દિવ્ય સ્વરૂપમાં એકનિષ્ઠ થયેલી છે; માટે ફરી પણ હું તમને પૂછું છું તો તે કહેવાને માટે તમે યોગ્ય છો."૪,૫

ભીષ્મે કહ્યું:–"આ વિષયમાં હું તમને એક પ્રાચીન ઈતિહાસ કહું છું, જેમાં ભગવાન વ્યાસે પ્રશ્ન પૂછનારા પુત્ર શુકદેવજીને આ વિષયનોજ ઉપદેશ આપ્યો છે.૬ અંગ, ઉપાંગ અને ઉપનિષદોસહિત ચારે વેદોનું અધ્યયન કર્યા પછી વ્યાસના પુત્ર શુકદેવજીએ ધર્મનું તાત્ત્વિક સ્વરૂપ જોઇ લીધા પછી, નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત પાળવાની ઈચ્છાથી, ધર્મવિષયમાં સંશયરહિત થયેલા પોતાના પિતા કૃષ્ણ દ્વૈપાયન વ્યાસને, પો-

તાનો આવો સંદેહ પૂછયો."[૭,૮]

શુકદેવે પૂછયું:–"આ સર્વ ભૂતસમુદાયનો સ્રષ્ટા કોણ છે? અને ચાર યુગોરૂપી કાળના ધર્મજ્ઞાનથી જેની સ્થિતિ થયા કરે છે, તે જીવ કોણ છે?× તેમજ બ્રાહ્મણોનું કર્તવ્ય શું છે? તે મને કહો."[૯]

ભીષ્મે કહ્યું:–શુકદેવે એ પ્રમાણે પૂછયું એટલે ભૂતભવિષ્યને જાણનારા, સર્વજ્ઞ અને સર્વધર્મવેત્તા પિતા વ્યાસે, તે સર્વ વિષય પોતાના પુત્રને કહેવા માંડયો.[૧૦]

વ્યાસે કહ્યું:–" પૂર્વે, જગતની ઉત્પતિ પહેલાં અનાદિ, અનંત, જન્મરહિત, દિવ્ય, જરારહિત, નિર્વિકાર અને અવિનાશી એવું એક બ્રહ્મજ સત્તારૂપે હતું.[૧૧] મુનિઓએ કાળના સંબંધમાં એવી ગણત્રી કરી છે કે, પંદર *નિમેષની એક કાષ્ઠા થાય છે, ત્રીસ કાષ્ઠાની એક કલા થાય છે, ત્રીસ કલા અને એક કલાનો દશમાંશ મળીને એક મુહૂર્ત થાય છે, ત્રીસ મુહૂર્તનાં એક રાત્રિદિવસ થાય છે, ત્રીસ રાત્રિદિવસનો એક માસ થાય છે, બાર માસનું એક વર્ષ થાય છે અને એક વર્ષનાં ઉત્તરાયણ અને દક્ષિણાયન–એવાં બે અયન થાય છે.[૧૨,૧૪] સૂર્ય, આ મનુષ્યલોકમાં (ઉદયાસ્ત પામીને) દિવસ તથા રાત્રિનો વિભાગ કરે છે. તેમાં રાત્રિ, સર્વ પ્રાણીઓને નિદ્રા લેવા માટે હોય છે અને દિવસ સર્વ પ્રાણીઓને કર્મચેષ્ટા કરવા માટે હોય છે.[૧૫] મનુષ્યોનો જ્યારે એક માસ થાય છે, ત્યારે પિતૃઓનો એક અહોરાત્ર (રાત્રિદિવસ) થાય છે. તાત્પર્ય કે, મનુષ્યોનું શુકલપક્ષ એ પિતૃઓનો દિવસ છે, કે જેમાં તેઓ કર્મપ્રવૃત્તિ કરે છે અને મનુષ્યોનું કૃષ્ણપક્ષ તે પિતૃઓની રાત્રિ છે, કે જેમાં તેઓ નિદ્રાવશ થાય છે.[૧૬] એ પ્રમાણે મનુષ્યોનું એક વર્ષ થાય છે, ત્યારે દેવતાઓનો એક અહોરાત્ર થાય છે. સારાંશ કે, મનુષ્યોનું ઉત્તરાયણ તે દેવોનો દિવસ છે અને મનુષ્યોનું દક્ષિણાયન તે દેવોની રાત્રિ છે.[૧૭] હવે, પ્રથમ મેં તને મનુષ્યલોકમાં જે રાત્રિદિવસ કહ્યાં છે, તેની ગણત્રી કરીને બ્રહ્મદેવનાં રાત્રિદિવસ તથા વર્ષ હું તને કહું છું.[૧૮] વળી સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિયુગનાં વર્ષોની સંખ્યા કેટલી છે, તે પણ હું તને અનુક્રમે કહું છું.[૧૯] દેવતાઓનાં ચાર હજાર વર્ષનો સત્યયુગ કહેવાય છે અને દેવતાઓનાં ચારસો વર્ષસુધીનો સત્યયુગનો પૂર્વ સંધિકાળ ગણાય છે; તેમજ ચારસો વર્ષ સુધીનો તે યુગનો ઉત્તર સંધિકાળ ગણાય છે. (અર્થાત્ દેવતાઓનાં ચાર હજાર ને આઠસો વર્ષસુધીનું સત્યયુગનું પ્રમાણ ગણાય છે.)[૨૦] તેમજ બીજા ત્રણ યુગનાં મુખ્ય વર્ષો, પૂર્વ સંધિકાળ તથા ઉત્તર સંધિકાળ પણ સત્યયુગનાં વર્ષોમાંથી ઉત્તરોત્તર એક એક ચતુર્થાંશ કમી કરવાથી નીકળી આવે છે. (અર્થાત્ ત્રેતાયુગનું પ્રમાણ દેવતાઓનાં ત્રણ હજાર વર્ષનું છે અને તે યુગના પૂર્વસંધિકાળનું પ્રમાણ દેવતાઓનાં ત્રણસો વર્ષનું તથા ઉત્તરસંધિકાળનું પ્રમાણ પણ દેવતાઓનાં ત્રણસો વર્ષનું છે, જેથી સર્વાંશે ત્રેતાયુગનું પ્રમાણ દેવતાઓનાં ત્રણ હજાર ને છસો વર્ષનું છે. દ્વાપર યુગનું પ્રમાણ દેવતાઓનાં બે હજાર વર્ષનું છે અને તે યુગના પૂર્વસંધિકાળનું તથા ઉત્તરસંધિકાળનું પ્રમાણ દેવતાઓનાં બસો બસો વર્ષ સુધીનું છે, જેથી દ્વાપરયુગનું પ્રમાણ સર્વાંશે દેવતાઓનાં બે હજાર ને ચારસો વર્ષ સુધીનું ગણાય છે; તેમજ કલિયુગનાં મુખ્ય વર્ષોનું પ્રમાણ દેવતાઓનાં એક હજારવર્ષ સુધીનું છે અને તે યુગના પૂર્વસંધિકાળનું પ્રમાણ તથા ઉત્તરસંધિકાળનું પ્રમાણ સો સો વર્ષસુધીનું છે, જેથી કલિયુગનું પ્રમાણ સર્વાંશે દેવતાઓનાં એક હજાર ને બસો વર્ષ સુધીનું છે.)[૨૧] હે તાત! આ ચારેય યુગનાં વર્ષો, સનાતન અને શાશ્વત એવા લોકોનું ધારણ કરી રાખે છે અને બ્રહ્મવેત્તા પુરુષો આ ચતુર્યુગને સનાતન બ્રહ્મસ્વરૂપજ માને છે.*[૨૨]

× આ પ્રશ્નનો અર્થ એ છે કે, ઈશ્વર પણ અવિદ્યાને લીધે જીવસ્વરૂપ થઇને કયા ધર્મથી કેવા ભાવને પામે છે?

* આંખની પાંપણને મીંચીને ઉઘાડતાં જેટલો સમય લાગે છે, તેને એક નિમેષ કહેવામાં આવે છે.

* અહીં કહેવાનો ભાવ એ છે કે, કાળ જે

જ્યારે સત્યયુગનો સમય પ્રવૃત્ત થાય છે, ત્યારે ધર્મના સંપૂર્ણ ચારે પાદ હોય છે, સર્વત્ર સત્યમય પ્રવૃત્તિ હોય છે અને કોઇ પણ મનુષ્ય, અધર્મમાર્ગે આવક કરવા માટે તૈયાર થતો નથી;[૨૩] પરંતુ બીજા યુગોના સમયમાં મનુષ્યો અધર્મમાર્ગે આવક કરવાની પ્રવૃત્તિ કરે છે, જેથી પ્રત્યેક યુગમાં ધર્મના એક એક પાદની હાનિ થતી જાય છે અને ચોરી, અસત્ય તથા કપટને લીધે અધર્મ વધી પડે છે.[૨૪] સત્યયુગના સમયમાં મનુષ્યો નીરોગી રહે છે, સર્વ કાર્યોને સિદ્ધ કરી શકે છે અને ચારસો વર્ષના આયુષવાળા હોય છે; પરંતુ તે પછીના યુગોમાં મનુષ્યોનાં આયુષમાં એક એક અંશ ઘટતો જાય છે. (અર્થાત્ ત્રેતાયુગમાં મનુષ્યોનું આયુષ ત્રણસો વર્ષનું હોય છે, દ્વાપરયુગમાં બસો વર્ષનું હોય છે અને કલિયુગમાં એક સો વર્ષનું હોય છે.[૨૫] અમે સાંભળ્યું છે કે, ત્રેતાયુગના આરંભ પછી મનુષ્યોના આયુષમાં, વેદાભ્યાસમાં, આશીર્વાદોમાં તથા વેદોક્ત ફળમાં પ્રતિદિન ઘટાડો થતો જાય છે.[૨૬] સત્યયુગમાં મનુષ્યોના જે ધર્મો હોય છે, તે ધર્મો ત્રેતાયુગમાં બદલાઇ જાય છે, ત્રેતાયુગના ધર્મો દ્વાપરયુગમાં બદલાઇ જાય છે અને દ્વાપરયુગના ધર્મો કલિયુગમાં બદલાઇ જાય છે. આ રીતે જેમ જેમ યુગોનો હ્રાસ થતો જાય છે, તેમ તેમ મનુષ્યોના ધર્મોનો પણ હ્રાસ થતો જાય છે.[૨૭] સત્યયુગની અંદર તપ શ્રેષ્ઠ ગણાય છે, ત્રેતાયુગની અંદર જ્ઞાન ઉત્તમ ગણાય છે, દ્વાપરયુગની અંદર યજ્ઞજ ઉત્તમ ગણાય છે અને કલિયુગમાં કેવળ દાનજ શ્રેષ્ઠ ગણાય છે.[૨૮] વિદ્વાનો કહે છે કે, આ ચારે યુગનાં એકંદર દેવતાઇ બાર હજાર વર્ષો થાય છે અને તેને મહાયુગ કહેવામાં આવે છે. આવા એક હજાર મહાયુગો વીતી જાય છે, એટલે બ્રહ્મદેવનો એક દિવસ થાય છે[૨૯] અને તેવા એક હજાર મહાયુગનીજ તેમની રાત્રિ ગણાય છે. સમર્થ દેવ બ્રહ્મા પોતાની રાત્રિના આરંભસમયે યોગનિદ્રામાં પ્રવેશ કરીને ધ્યાનમગ્ન દશામાં બેસી રહે છે એટલે આ જગતનો પ્રલય થાય છે અને પછી તે રાત્રિ સમાપ્ત થાય છે, ત્યારે પુનઃ બ્રહ્મદેવ યોગનિદ્રામાંથી જાગ્રત થાય છે.[૩૦] (રાત્રિદિવસના પ્રમાણને જાણનારા ગણિતશાસ્ત્રીઓ કહે છે કે,) જે મનુષ્યો બ્રહ્મદેવના દિવસને એક હજાર મહાયુગનો જાણે છે અને બ્રહ્મદેવની રાત્રિને પણ તેટલા પ્રમાણનીજ જાણે છે, તેઓનેજ રાત્રિદિવસનું ખરૂં જ્ઞાન છે.[૩૧] બ્રહ્મદેવ પોતાની રાત્રિ વીતી ગયા પછી જાગ્રત થઇને પુનઃ સૃષ્ટિરચના કરે છે. તેમાં પ્રથમ નાશવંત અહંકારને ઉત્પન્ન કરે છે અને તે અહંકારમાંથી વ્યક્તસ્વરૂપ મન ઉત્પન્ન થાય છે-અર્થાત્ આ સર્વ જગત કેવળ મનોમયજ છે."[૩૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "શુકદેવનો પ્રશ્ન" એ વિષયનો અધ્યાય ૨૩૧ મો સમાપ્ત.

અધ્યાય ૨૩૨ મો

વ્યાસશુકસંવાદ—જગતની રચના

॥ व्यास उवाच ॥

ब्रह्म तेजोमयं शुक्रं यस्य सर्वमिदं जगत् ॥
एकस्य भूतं भूतस्य द्वयं स्थावरजंगमम् ॥१॥

વ્યાસે કહ્યું:-"તારે જાણવું કે, મહત્તત્ત્વજ આ સર્વ જગતના બીજરૂપે છે; કેમકે સૂક્ષ્મ બુદ્ધિરૂપ એવું તે મહત્તત્ત્વ, અનેક પ્રકારની સૂક્ષ્મવાસનાઓથી ભરપૂર હોય છે, તેથી સ્થાવરજંગમાત્મક આ સર્વ જગત એકલા તે મહત્તત્ત્વમાંથીજ ઉત્પન્ન થયું છે.[૧] પિતામહ બ્રહ્મા, પોતાના દિવસના પ્રારંભસમયે જાગ્રત થઇને અવિદ્યા(માયા)વડે જગતને ઉત્પન્ન કરે છે; પરંતુ તે સમયે પ્રથમ મહત્તત્ત્વજ ઉત્પન્ન થાય છે અને તે મહત્તત્ત્વજ તત્કાળ આકાશાદિ વ્યક્તસ્વરૂપે બની જઇને 'મન' એવી સંજ્ઞાને ધારણ

ની સંજ્ઞા છે એવું આ ચતુર્યુગાત્મક જીવનું સ્વરૂપ કેવળ સનાતન છે, આદિ અંતથી રહિત છે અને સર્વ પ્રકારના વિકારોથી મુક્ત છે; છતાં મનરૂપ ઉપાધિના યોગથીજ ચાર યુગસ્વરૂપે જણાય છે; પણ વાસ્તવિક દૃષ્ટિએ જોતાં જીવનું સ્વરૂપ કેવળ બ્રહ્મમયજ છે.

નીલકંઠ

કરે છે.[૨] 'મન' સંજ્ઞાને ધારણ કરનારૂં આ મહત્તત્ત્વ આત્મસ્વરૂપથી દૂર રહેનારૂં છે, અનેક પ્રકારે ગતિ કરનારૂં છે અને પ્રાર્થનાત્મક તથા સંશયાત્મક છે. તે સર્વના પ્રકાશક એવા ચિદાત્માને આવૃત કરી દઇને પોતાસહિત સાત માનસતત્ત્વોને× ઉત્પન્ન કરે છે.[૩] સૃષ્ટિને ઉત્પન્ન કરવાની ઈચ્છાથી મનને જ્યારે પ્રેરણા કરવામાં આવે છે, ત્યારે તે વિકારવાળું થાય છે. એટલે તુરતજ તેમાંથી શબ્દગુણવાળું આકાશ ઉત્પન્ન થાય છે.[૪] તે આકાશ જ્યારે વિકાર પામે છે ત્યારે તેમાંથી સર્વ ગંધને વહન કરનારો, બળવાન અને પવિત્ર વાયુ ઉત્પન્ન થાય છે. તેનો ગુણ સ્પર્શ છે.[૫] આ વાયુ જ્યારે વિકારને પામે છે, ત્યારે તેમાંથી ઉજ્જ્વળ સ્વરૂપવાળું અને પ્રકાશમાન એવું તેજ ઉત્પન્ન થાય છે,તેનો ગુણ રૂપ કહેવાય છે.[૬] આ તેજ પણ વિકારને પામે છે, ત્યારે તેમાંથી રસગુણવાળું જળ ઉત્પન્ન થાય છે અને તે જળમાંથી ગંધગુણવાળી પૃથ્વી ઉત્પન્ન થાય છે. આ રીતે સર્વ મહાભૂતોની સૃષ્ટિ તે મહત્તત્ત્વમાંથીજ થયેલી છે, એમ વિદ્વાનો કહે છે.[૭] વળી આ પાંચે મહાભૂતોમાં જે જે પ્રથમ ઉત્પન્ન થયેલું છે,તે સર્વના ગુણો, ઉત્તરોત્તર સર્વ ભૂતોમાં રહેલા છે. (અર્થાત્ આકાશમાં કેવળ શબ્દગુણ રહેલો છે, વાયુમાં શબ્દ અને સ્પર્શ–એ બન્ને ગુણો રહેલા છે, તેજમાં શબ્દ, સ્પર્શ અને રૂપ–એ ત્રણે ગુણો રહેલા છે, જળમાં શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ–એ ચારે ગુણો રહેલા છે અને પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ,રસ અને ગંધ–એ પાંચે ગુણો રહેલા છે; પરંતુ લક્ષ્યમાં રાખવું કે, પ્રત્યેક ભૂતોની અંદર રહેલી આ ગુણવ્યવસ્થા કેવળ સૂક્ષ્મભૂતોનોજ આશ્રય કરનારી છે. (અર્થાત સૂક્ષ્મ ભૂતોજ ઉત્તરોત્તર એક એક ગુણને અધિક ધારણ કરે છે; પણ પંચીકૃત સ્થૂલભૂતોમાં તો પાંચેમાં પાંચ પાંચ ગુણ ઉપલબ્ધ થાય છે.)વળી આ પાંચે મહાભૂતો પૈકી જે જે મહાભૂત જેટલા કાળપર્યંત જે પ્રકારે સ્થિતિ કરે છે, તેટલા કાળપર્યંતજ તેનામાં તેટલો ગુણ સ્થાયીતરીકે રહે છે.[૮] કેટલાએક મનુષ્યોને જ્યારે જળની અંદર ગંધનો અનુભવ થાય છે, ત્યારે તેઓ પોતાના અજ્ઞાનને લીધે કહે છે કે, 'આ જળ ગંધવાળું છે.' પણ તેઓએ જાણવું જોઇએ કે, ગંધગુણ કેવળ પૃથ્વીનોજ છે અને જળની અંદર પૃથ્વીનું તથા વાયુનું મિશ્રણ થવાથીજ તેમાં ગંધગુણ ઉપલબ્ધ થાય છે.[૯] આ મહત્તત્ત્વ અહંકાર અને સૂક્ષ્મ આકાશાદિ સાત પદાર્થો, જૂદી જૂદી અનેક શક્તિવાળા હોવા છતાં સૃષ્ટિની પૂર્વે એકબીજાથી અલગ અલગ હતા, જેથી તેઓ સમગ્ર પ્રજાઓને ઉત્પન્ન કરવા માટે સમર્થ થઈ શકયા ન હતા.[૧૦] પછી તે વ્યાપક પદાર્થો, અન્યોન્યનો આશ્રય કરીને એકબીજાની સાથે એકઠા મળ્યા અને શરીરરૂપ એક આશ્રયને પામ્યા. આ રીતે શરીરની ઉત્પત્તિ થયા પછી જીવે તેમાં નિવાસ કર્યો, તેથીજ તેને 'પુરુષ' (' पुरि शेते पुरुषः ') કહેવામાં આવે છે.[૧૧] પાંચ મહાભૂતો, મન અને દશ ઇંદ્રિયો–આ સોળ તત્ત્વોએ અન્યોન્યનો આશ્રય કર્યો તેથીજ એ સોળ તત્ત્વોમય એવું આ મૂર્તિમાન સ્થૂલશરીર ઉત્પન્ન થયું છે, કે જેની ઉત્પત્તિ થયા પછી પાંચ સૂક્ષ્મ ભૂતોએ, +મહત્તત્ત્વોએ તથા ભોગવતાં બાકી રહેલાં પ્રારબ્ધકર્મોએ તે સ્થૂલશરીરમાં પ્રવેશ કર્યો છે. (અર્થાત્ સ્થૂલશરીરની ઉત્પત્તિ થયા પછી તેમાં લિંગશરીર દાખલ થયું છે.)[૧૨] આ રીતે જડ શરીર ઉત્પન્ન થયું તે પછી સર્વ પ્રાણીઓના આદિકર્તા પરમેશ્વર, પોતાને ઉપાધિભૂત એવી માયામાં સૂક્ષ્મ અંશરૂપે રહેલાં સર્વ ભૂતોને સાથે લઇને પોતાનું સ્વરૂપજ્ઞાન સંપાદન કરવા માટે તેમાં પ્રવેશ કરે છે

×મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ મહાભૂતો.

+જો કે, મહત્તત્ત્વ એકજ છે છતાં અહીં "મહત્તત્ત્વોએ" એવું બહુવચન મૂક્યું છે. તેના સંબંધમાં ટીકાકાર નીલકંઠ લખે છે કે, "**प्रतिपुरुषं महदादीनां भिन्नत्वप्रतिपादनार्थम्**" અર્થાત એકનું એકજ મહત્તત્ત્વ પ્રત્યેક શરીરમાં પ્રવેશ કરે છે તેથી તે ભિન્ન ભિન્ન થઇ જાય છે." એમ સૂચવવા માટે બહુવચનનો પ્રયોગ છે.

અને તે જીવભાવને પામેલા પરમેશ્વરનેજ 'तत्त्वमसि' આદિ શ્રુતિવાકયો) પ્રજાપતિ બ્રહ્મ કહે છે.[૧૩] ×આ બ્રહ્મદેવ, સ્થાવરજંગમ પ્રાણીઓને ઉત્પન્ન કરે છે અને દેવર્ષિઓને, પિતૃઓને, મનુષ્યોને, નદીઓને, સમુદ્રોને, દિશાઓને, પર્વતોને, વનસ્પતિઓને, ગંધર્વોને, રાક્ષસોને, પક્ષીઓને, પશુઓને, મૃગોને, સર્પોને, આકાશાદિ અવ્યય (અપક્ષયધર્મરહિત) પદાર્થોને, ઘટ આદિ વ્યય (અપક્ષય ધર્મવાળા) પદાર્થોને સરજે છે.[૧૪,૧૫] બ્રહ્મદેવે ઉત્પન્ન કરેલા એ ભૂતસમુદાય પૈકી જેણે જેણે પૂર્વસૃષ્ટિમાં જે જે કર્મો કર્યાં હોય છે, તેને તેને તે તે કર્મોજ પુનઃ પ્રાપ્ત થાય છે.[૧૬] જે પ્રાણી પૂર્વસૃષ્ટિમાં હિંસક હોય છે, તે પુનઃ નવી સૃષ્ટિમાં પણ હિંસક થાય છે; તેમજ જે પ્રાણી પૂર્વસૃષ્ટિમાં મૃદુસ્વભાવનું હોય, ક્રૂર હોય, ધર્મી હોય, અધર્મી હોય, સત્યભાષી હોય કે મિથ્યાભાષી હોય તે સર્વને પૂર્વકર્મના સંસ્કારને લીધે પુનઃ નવી સૃષ્ટિમાં પણ તેની તેની પ્રાપ્તિ થાય છે અને તેવું કર્મ કરવાનીજ તેને રુચિ થાય છે.[૧૭] જગતરૂપી ઈંદ્રજાળને વિસ્તારનારો વિધાતા, આકાશાદિ મહાભૂતોમાં, ઈંદ્રિયોના વિષયોમાં તથા દ્રવ્યાદિકની આકૃતિઓમાં અનેક પ્રકારની ભિન્નતા ઉત્પન્ન કરે છે અને સર્વ જીવોના તથા તે તે પદાર્થોના ભોક્તાભાવના અને ભોગ્યભાવના સંબંધને પણ તે પોતેજ ઉત્પન્ન કરે છે.[૧૮] કેટલાએક પુરુષો માને છે કે, કર્મ કરવામાં પુરુષાર્થનુંજ પ્રાધાન્ય છે, માટે* પુરુષાર્થ શ્રેષ્ઠ છે, કેટલાએક કહે છે કે,× દૈવજ શ્રેષ્ઠ છે, કેટલાએક ભૌતિક શાસ્ત્રીઓ કહે છે કે, +સ્વભાવજ સર્વનું કારણ છે, વળી કેટલાએક કહે છે કે, પુરુષાર્થ, દૈવ અને સ્વભાવ–એ ત્રણે, જ્યાંસુધી અલગ અલગ હોય છે, ત્યાંસુધી કંઇ કરી શકતા નથી, પણ ત્રણે એકઠા મળીનેજ કોઇ જાતનું કર્મ કરી શકે છે માટે તે ત્રણેનો એકીભાવજ શ્રેષ્ઠ છે; અને કેટલાએક કર્મનુંજ પ્રાધાન્ય માનનારા કહે છે કે, આ સૃષ્ટિના વિષયમાં કેવળ પુરુષાર્થજ કારણ છે, એમ કહી શકાતું નથી, કેવળ દૈવજ કારણ છે; એમ પણ કહી શકાતું નથી, તેમજ દૈવ અને પુરુષાર્થ એ બન્ને કારણતરીકે છે, એમ પણ કહી શકાતું નથી અને દૈવ તથા પુરુષાર્થ–એ બન્ને કારણતરીકે નથી, એમ પણ કહી શકાતું નથી;× પરંતુ સિદ્ધાંતવેત્તા યોગી પુરુષો તો એમજ કહે છે કે, પરબ્રહ્મજ આ સર્વ જગતનું કારણ છે.[૧૯-૨૧]

(હવે બ્રહ્મની પ્રાપ્તિનું સાધન શું અને તેને પ્રાપ્ત કર્યાનું ફળ શું? તે કહેવાય છે) જેનું મૂળ શમ અને દમ છે એવો યોગજ પ્રાણીઓને મોક્ષહેતુક થઇ પડે છે અને તે યોગધર્મનો આશ્રય કરવાથી મનુષ્ય, પોતાના મનમાં જે જે વિષયની ઇચ્છા કરે છે, તે સર્વને પ્રાપ્ત કરે છે.[૨૨] જે મહાભૂત (પરબ્રહ્મ) સર્વ જગતને સરજે છે, તેને કેવળ યોગધર્મથીજ પામી શકાય છે. વળી યોગધર્મમાં એકનિષ્ઠ થયેલો પુરુષ, કેવળ પરબ્રહ્મસ્વરૂપ થઈ જઇને સર્વ પ્રાણીઓનો પ્રભુ થાય છે.[૨૩] આ યોગધર્મનો આશ્રય કરીનેજ ઋષિઓ અહર્નિશ વેદાધ્યયન કરતા હતા અને બ્રહ્મદેવે પોતે પણ યોગધર્મદ્વારાજ આદિઅંતરહિત એવી વેદવિદ્યાને શિષ્યપ્રશિષ્યદ્વારા જગતમાં પ્રવર્તાવી છે.[૨૪] તેમજ ઋષિઓનાં નામો, વેદકાળની સૃષ્ટિઓ તથા પ્રાણીમાત્રનાં ભિન્ન ભિન્ન પ્રકારનાં

×આ શ્લોકનો આશય, શ્રુતિના આશયને મળતોજ છે, એમ જણાવવા માટે નીલકંઠે આવાં બે શ્રુતિવાકયો ટાંકયાં છે "**तत्सृष्ट्वा तदेवानुप्राविशत्। रूपंरूपंप्रातिरूपो बभूव तदस्य रूपं प्रातिचक्षणाय॥** શરીરની ઉત્પત્તિ થયાપછી પરમાત્માએ તેમાં પ્રવેશ કર્યો અને તે પણ કેવળ પોતાનું સ્વરૂપજ્ઞાન સંપાદન કરવામાટેજ.

*આ મત મીમાંસકોનો છે. ×આ મત જ્યોતિષ શાસ્ત્રીઓનો છે. તેઓ માને છે કે, સૂર્ય આદિ ગ્રહોજ શુભ અશુભ ફળને આપનારા છે. +આ મત સ્વભાવવાદીઓનો અથવા સાંખ્યશાસ્ત્રીઓનો છે. × આ મત જૈનોનો છે. તેઓ એકાંત પક્ષનો કદી સ્વીકારજ કરતા નથી અને કહે છે કે, આઠ કર્મોને લીધેજ જીવોને સંસારમાં બંધાવું પડે છે; માટે તપાવેલી શિલા ઉપર શયન કરવું વગેરે નિર્જર ધર્મથીજ જીવોનો મોક્ષ થાય છે.

કર્મો, એ યોગધર્મને લીધેજ પ્રવૃત્ત થયાં છે.[૨૫] સૃષ્ટિના આદિમાં, લોકના ઈશ્વર અજન્મા બ્રહ્મદેવે, વૈદિક મંત્રોનો ઉચ્ચાર કરી કરીને સર્વ પ્રજાઓને ઉત્પન્ન કરી છે; તેમજ વેદમાં જોવામાં આવતાં ઋષિઓનાં નામો અને બીજી દિવ્ય સૃષ્ટિઓ પણ તેવી રીતેજ ઉત્પન્ન કરવામાં આવી છે. (અર્થાત વેદના મંત્રોદ્વારાજ સર્વથા સૃષ્ટિને ઉત્પન્ન કરવામાં આવી છે.)[૨૬] વેદમાં કહ્યું છે કે, આત્માની મુક્તિ દશ પ્રકારનાં સાધનોથી થઇ શકે છે તે સાધનો આ પ્રમાણે છેઃ– વેદોનું અધ્યયન, ગૃહસ્થાશ્રમ ધર્મ, વાનપ્રસ્થાશ્રમ ધર્મ, સંધ્યોપાસનાદિ સર્વસાધારણ કર્મ, જ્યોતિષ્ટોમ આદિ યજ્ઞ, કીર્તિજનક કર્મ (વાવ, કૂવા, તળાવ–વગેરે બંધાવવાં તે), ત્રણ પ્રકારનું માનસિક ધ્યાન* અને જીવન્મુક્તિ, આ દશ સાધનોથી સંસારના દુઃખનું ઉલ્લંઘન કરી શકાય છે.[૨૭] જો કે, બ્રહ્મનું સ્વરૂપ મહાગહન છે–દુરવગાહ છે અથવા દુર્વિજ્ઞેય છે, તોપણ વેદદ્રષ્ટા વિદ્વાનોએ, વેદોકત કર્મપ્રસ્તાવોમાં તેને દેવતાસ્વરૂપે વર્ણવેલું છે અને ઉપનિષદરૂપ વેદાંતમાં અત્યંત સ્પષ્ટ સ્વરૂપે વર્ણવેલું છે, જેથી પૂર્વોક્ત દશ સાધનોદ્વારા બ્રહ્મના સ્વરૂપને જાણી શકાય છે.[૨૮] દેહાભિમાની જીવને, સુખદુઃખાદિ દ્વંદ્વોથી યુક્ત એવો જે પૃથગ્ભાવ અથવા દ્વૈતદર્શન જોવામાં આવે છે, તેની ઉત્પત્તિ કેવળ કર્મમાંથીજ છે. (કેમકે, સુષુપ્તિ અને સમાધિ અવસ્થામાં કર્મોનો જ્યારે ઉપરામ થાય છે, ત્યારે દ્વૈતદૃષ્ટિ રહેતીજ નથી.) આમ સમજીને આત્મવેત્તા પુરુષે પોતાના વિજ્ઞાનબળનો આશ્રય કરીને તે દ્વૈતદર્શનનો ત્યાગ કરી દેવો. (અર્થાત જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય–એ ત્રણે ભાવોથી મુક્ત થવું.)[૨૯] મુમુક્ષુ પુરુષે શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ–એવાં બે બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. તેમાં પ્રથમ શબ્દબ્રહ્મની (પ્રણવમંત્રની) ઉપાસના કરવામાં કુશલ થયેલો પુરુષ અંતે પરબ્રહ્મને (તુરીયબ્રહ્મને) પામી શકે છે.[૩૦]

ક્ષત્રિયો, પશુઓની હિંસાવાળા રાજસૂય આદિ યજ્ઞો કરે છે, વૈશ્યો ડાંગેર વગેરે હોમદ્રવ્યો હોમીને યજ્ઞો કરે છે, શૂદ્રો ત્રણે વર્ણોની સેવારૂપ યજ્ઞને કરે છે અને બ્રાહ્મણો બ્રહ્મની ઉપાસનારૂપ તપશ્ચર્યા કરીને યજ્ઞો કરે છે;[૩૧] પરંતુ આવા યજ્ઞોનું વિધાન કેવળ ત્રેતાયુગમાંજ હોય છે; પણ સત્યયુગમાં હોતું નથી. (કેમકે તે યુગમાં તો સર્વ યજ્ઞવિધિઓ સ્વતઃસિદ્ધજ હોય છે.) વળી દ્વાપર અને કલિયુગમાં તો યજ્ઞવિધિનો સમૂળગો નાશજ થાય છે.[૩૨] સત્યયુગના મનુષ્યો, કેવળ અદ્વૈતધર્મ ઉપરજ નિષ્ઠા રાખનારા હતા, જેથી તેઓ તપવડે જોઇ શકતા હતા કે, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને કામ્ય યજ્ઞયાગાદિ કેવળ દ્વૈતરૂપજ હોય છે તથા તુચ્છ હોય છે; માટે તેઓ (એ યજ્ઞયાગાદિના ફળનો ત્યાગ કરી દઇને) કેવળ યોગપરાયણજ રહેતા હતા.[૩૩] પછી ત્રેતાયુગમાં સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓને પોતપોતાના ધર્મમાર્ગમાં નિયમિત રાખનારા મહાબળવાન એવા અનેક ઋષિઓ ઉત્પન્ન થયા. (કેમકે તે યુગમાં મનુષ્યો, પોતાની મેળે ધર્મ કરવા માટે પ્રવૃત્ત થતા ન હતા. તેથી તપોબળવાળા ધર્મશાસકો, તેઓને ઉપદેશ આપીને ધર્માનુષ્ઠાન કરાવતા હતા.)[૩૪] આ પ્રમાણે ત્રેતાયુગમાં વેદોની, યજ્ઞોની તથા વર્ણાશ્રમોની બરાબર નિયમિત વ્યવસ્થા હતી; પરંતુ પછીના દ્વાપર યુગમાં મનુષ્યોનાં આયુષ ઓછાં થવા માંડયાં તથા પોતપોતાના ધર્મોથી તેઓ ભ્રષ્ટ થવા લાગ્યાં[૩૫] અને પછી કલિયુગમાં તો કોઈ કોઇ સ્થળેજ વેદોની સ્થિતિ જોવામાં આવે છે, સમગ્ર યજ્ઞોનો તો ઉચ્છેદજ થઇ જાય છે અને સર્વ મનુષ્યો પણ કેવળ અધર્મને લીધે પીડાયા કરે છે.[૩૬] પૂર્વે સત્યયુગમાં જે ધર્મ હજી પણ જોવામાં આવતો હતો, તેજ ધર્મ હજી પણ મનનો જય કરનારા, યોગની અંદર નિષ્ઠા રાખનારા

---

* અશ્વઆદિ યજ્ઞોનાં અંગોમાં શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે વિરાટ્સ્વરૂપનું ધ્યાન કરવું તે પ્રથમ ધ્યાન; અને જઠરાગ્નિ વગેરે પ્રતીકોમાં વૈશ્વાનર નામના કારણબ્રહ્મનું ધ્યાન કરવું તે બીજું ધ્યાન; તેમજ દહર આદિ અહંગ્રહની ઉપાસનાદ્વારા શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરવું તે ત્રીજું ધ્યાન છે.

અને વેદાંતશાસ્ત્રનું શ્રવણમનન કરનારા બ્રાહ્મણોવિષે જોવામાં આવે છે. (માટે તેવા બ્રાહ્મણો સત્યયુગનુંજ સ્વરૂપ છે, એમ સમજવું.)[૩૭] સત્યયુગસિવાયના બીજા પ્રત્યેક યુગમાં, પોતપોતાના ધર્મમાં સ્થિતિ કરનારા વૈદિક મનુષ્યો, વેદોક્તપ્રમાણનેજ અનુસરીને ધર્મપાલન, વ્રતાનુષ્ઠાન તથા તીર્થક્ષેત્રાદિમાં ગમન વગેરે કરે છે; પરંતુ તે સર્વ કેવળ કામનાપૂર્વક કરે છે.(અર્થાત ત્રેતાયુગમાં સ્વર્ગની ઈચ્છાથી ધર્મકર્મ કરવામાં આવે છે, દ્વાપરયુગમાં પુત્રાદિકની ઇચ્છાથી ધર્મકર્મ કરવામાં આવે છે અને કલિયુગમાં શત્રુમારણ આદિ કામનાઓને માટે ધર્મકર્મ કરવામાં આવે છે.)[૩૮] જેમ વર્ષાઋતુમાં વૃષ્ટિના પ્રભાવથી અનેક સ્થાવરજંગમ પ્રાણીઓની વૃદ્ધિ થઇ પડે છે, તેમ પ્રત્યેક યુગમાં અનેક ધર્મો તથા અધર્મો વધી પડે છે અને ક્ષીણ પણ થાય છે.[૩૯] જેમ ક્રમશઃ પ્રાપ્ત થયેલી ઋતુઓમાં તેનાં તેનાં અનેક પ્રકારનાં સ્વરૂપો વૃદ્ધિ પામ્યા કરે છે, તેમ સૃષ્ટિના આરંભસમયે બ્રહ્મદેવની અંદર, ઉત્પાદક શક્તિ વધી પડે છે અને સૃષ્ટિના પ્રલય સમયે રુદ્રદેવની અંદર સંહારક શક્તિ વધી પડે છે.[૪૦] આ રીતે ચતુર્યુગાત્મક કાળનાં અનેક પ્રકારનાં સ્વરૂપો અનાદ્યનંત હોઇને પ્રજાઓને ઉત્પન્ન કરે છે અને સંહારી નાખે છે, એ વિષયનું મેં તારી પાસે વર્ણન કર્યું.[૪૧] જગતનાં ચારે પ્રકારનાં પ્રાણીઓનું મૂળ અધિષ્ઠાન કેવળ કાળજ છે, વળી તે કાળજ સર્વપ્રાણીઓનું ધારણ કરે છે, પોષણ કરે છે અને કાળ પોતેજ પ્રાણીઓરૂપે પ્રકટ થાય છે;[૪૨] એટલુંજ નહિ પણ સૃષ્ટિ, કાળ, યજ્ઞાદિ ક્રિયા, વેદ, કર્મકર્તા પુરુષ, દેહાદિકની ચેષ્ટા અને યજ્ઞાદિક્રિયાના ફળભૂત સ્વર્ગાદિ લોકો-એ બધાં કાલાત્મા પુરુષનાંજ (પરમાત્માનાંજ) સ્વરૂપો છે. હે પુત્ર! તેં મને જે વિષયનો પ્રશ્ન પૂછયો હતો, તેના સંબંધમાં મેં તને સર્વ કંઇ કહ્યું છે. "[૪૩]

ઇતિ શ્રીમ૦ભા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "શુકદેવનો પ્રશ્ન" એ વિષયનો અધ્યાય ૨૩૨ મો સમાપ્ત.

અધ્યાય ૨૩૩ મો

વ્યાસશુકસંવાદ-જગતનો પ્રલય

॥ व्यास उवाच ॥

प्रत्याहारं तु वक्ष्यामि शर्वर्यादौ गतेऽहनि ॥
यथेदं कुरुतेऽध्यात्मं सुसूक्ष्मं विश्वमीश्वरः॥१॥

વ્યાસે કહ્યું:-"હે પુત્ર! પોતાનો દિવસ સમાપ્ત થયા પછી જ્યારે રાત્રિનો આરંભ થાય છે, ત્યારે ઈશ્વર-બ્રહ્મા આ સમગ્ર જગતને અત્યંત સૂક્ષ્મસ્વરૂપે પોતાના શરીરમાં સમાવી દે છે, જેથી તેને પ્રત્યાહાર અથવા પ્રલય કહેવામાં આવે છે. આ પ્રલયનું હું તારી પાસે વર્ણન કરૂં છું.[૧] જ્યારે સૃષ્ટિનો પ્રલયકાળ ઉપસ્થિત થાય છે, ત્યારે આકાશમાંથી સૂર્યની જ્વાળાઓ તથા સંકર્ષણના મુખમાંથી નીકળેલા અગ્નિની સાત જ્વાળાઓ જગતમાં ફેલાઇ જાય છે અને પછી આખું જગત એકદમ બળવા માંડે છે.[૨] તે વેળા પૃથ્વી ઉપર જે જે સ્થાવરજંગમ પ્રાણીઓ હોય છે, તેઓ સર્વે અગ્નિમાં બળી જાય છે અને છેક પૃથ્વીરૂપ થઇ જાય છે.[૩] આ રીતે સર્વ સ્થાવરજંગમ પ્રાણીઓનો લય થઇ જાય છે અને વૃક્ષોનો તથા તૃણાદિકનો પૃથ્વી ઉપરથી નાશ થઇ જાય છે, ત્યારે આખી પૃથ્વી કાચબાની પીઠ જેવી ભુખરવર્ણી, જોવામાં આવે છે.[૪] પછી જ્યારે પૃથ્વીના ગંધગુણને જળ ગ્રહણ કરી લે છે, ત્યારે ગંધગુણથી હીન થઈ પડેલી પૃથ્વીનો પણ લય થઇ જાય છે;[૫] અને તે સમયે મોટી ગર્જનાઓ કરતાં મોજાંઓવાળું જળ, સર્વત્ર ઉભરાઇ નીકળે છે અને આખા જગતને બોળી દઇને ઉછળવા માંડે છે.[૬] હે તાત! એ જળના ગુણને પણ જ્યારે તેજ ગ્રહણ કરે છે, ત્યારે ગુણહીન થયેલા તે જળનો પણ તેજમાં લય થઇ જાય છે.[૭] તે પછી જ્યારે આકાશના મધ્યભાગમાં રહેલા સૂર્યને, અગ્નિની મહાન જ્વાળાઓ ઢાંકી દે છે, ત્યારે અગ્નિની જ્વાળાઓથી પૂર્ણ થયેલું આ સર્વ આકાશ એકદમ જાજ્વલ્યમાન થઇ રહે છે.[૮] એ સમયે તેજના રૂપગુણને વાયુ ગ્રહણ કરી લે છે એટલે તુરતજ ચોબાજુ સળગી ઉઠેલો

અગ્નિ શાંત પડી જાય છે અને મહાતોફાની વાયુ વાવા માંડે છે.[૯] પોતાનામાંથી ઉત્પન્ન થયેલા પ્રચંડ સુસવાટાવાળો તે વાયુ ઉપરનીચે, આડોઅવળો-એમ દશે દિશાઓમાં ફુંકાવા માંડે છે.[૧૦] ત્યારે, વાયુના સ્પર્શગુણનો પણ આકાશ ગ્રાસ કરી જાય છે, જેથી તે તોફાની વાયુ શાંત પડી જાય છે અને શબ્દગુણવાળું માત્ર આકાશજ અવશેષ રહે છે.[૧૧] આ આકાશ રૂપ, રસ, સ્પર્શ, ગંધ અને આકારથી રહિત હોઇને આખા જગતને શબ્દાયમાન કરતું સ્થિતિમાન હોય છે.[૧૨] તે સમયે સર્વ વ્યક્ત પદાર્થોને ઉત્પન્ન કરનારૂં મન, પોતાનામાંથી ઉત્પન્ન થયેલા આકાશના શબ્દગુણને આકર્ષી લે છે, જેથી આકાશનો પણ લય થઇ જાય છે. (આ રીતે મનઃકલ્પિત વિરાટનો છેવટે મનમાંજ લય થઇ જાય છે.) આનું નામજ બ્રાહ્મ પ્રલય કહેવાય છે.[૧૩] એ પ્રમાણે મનનીઅંદર સર્વનો લય થઈ ગયા પછી ચંદ્રમા, પોતાના ગુણોમાં તેને (મનને) દાખલ કરીને ગળી જાય છે. (અર્થાત આપણા વ્યષ્ટિરૂપ મનનો હિરણ્યગર્ભના સમષ્ટિરૂપ મનમાં લય થઇ જાય છે.) આ રીતે મનનો પોતાના અધિષ્ઠાનભૂત ચંદ્રમામાં (હિરણ્યગર્ભના સમષ્ટિ મનમાં) લય થઇ ગયા પછી તે ચંદ્રમા (હિરણ્યગર્ભનું સમષ્ટિમન) અવશેષ રહે છે.[૧૪]* આ ચંદ્રમાસંજ્ઞક સમષ્ટિમનને ઘણો લાંબો સમય વીત્યા પછી સંકલ્પ વશ કરે છે અને ચિત્તનો સંકલ્પ ગ્રાસ કરે છે. આનું નામજ સર્વોત્તમ જ્ઞાન કહેવાય છે.[૧૫] વિજ્ઞાનરૂપ હિરણ્યગર્ભનો પણ કાળ (શોધિત ત્વં પદાર્થ), ગ્રાસ કરી જાય છે અને તે કાળનો બળ નામની શક્તિ ગ્રાસ કરી જાય છે, એમ શ્રુતિમાં કહ્યું છે; અથવા બળ નામની શક્તિનો કાળજ ગ્રાસ કરી જાય છે અને તે કાળનો [“नेह नानास्ति किंचन” ઇત્યાદિ શાસ્ત્રજ્ઞાનરૂપ) વિદ્યા, ગ્રાસ કરી જાય છે.[૧૬] તે સમયે જ્ઞાની પુરુષ આકાશના શબ્દગુણનો (અર્થાત્ બિંદુનાદનો) પોતાના આત્મામાં લય કરી દે છે અને પછી જે તત્ત્વ અવશેષ રહે છે, તેજ અવ્યક્ત, સનાતન અને સર્વોત્કૃષ્ટ પરબ્રહ્મ છે. આ રીતે સર્વ ભૂતોનો પરબ્રહ્મમાંજ લય થાય છે અને અંતે કેવળ પરબ્રહ્મજ અવશેષ રહે છે.[૧૭] આ શાસ્ત્રીય જ્ઞાનનું મેં તને ઉત્તમ રીતે વર્ણન કરી દેખાડયું છે, એમાં કંઈ સંશય નથી; કેમકે પરમાત્મસ્વરૂપ થયેલા યોગી પુરુષોએ, આ જ્ઞાનને વિદ્યામય જાણીને પોતાના ઉત્તમ શિષ્યોને કહ્યું છે.[૧૮] આ પ્રમાણે એક એક હજાર યુગના આદિમાં તથા અંતમાં બ્રહ્મદેવનાં રાત્રિદિવસ થાય છે. તે સમયે સૃષ્ટિનો પ્રલય તથા ઉત્પત્તિ પણ થાય છે, અને તેનેજ બ્રહ્મ (ૐકાર) તથા અવ્યક્ત (પ્રત્યગાત્મા) કહેવામાં આવે છે.”[૧૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “શુકદેવનો પ્રશ્ન” એ વિષયનો અધ્યાય
૨૩૩ મો સમાપ્ત.

---

*આ ૧૪-૧૫-૧૬-૧૭ એ ચાર શ્લોકો ઉપર વિચાર કરતાં જણાય છે કે, આ અધ્યાયમાં-જગતના પ્રલયની અથવા બ્રહ્માના દૈનિક પ્રલયની વાત નથી, પરંતુ યોગીપુરુષે પ્રણવમંત્રની ઉપાસનાદ્વારા બ્રહ્મપ્રાપ્તિ કેવી રીતે કરવી, તે વિષયની વાત છે. તેનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે. યોગીએ પ્રણવમંત્રની ઉપાસના કરતી વેળા **अ, उ, म्** અને અર્ધમાત્રારૂપ પ્રણવમાં અનુક્રમે વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને તુરીય-એ ચારેનું ધ્યાન કરવું જોઇએ; અને જાણવું જોઇએ કે, આ સમગ્ર દૃશ્યમાન પ્રપંચ કેવળ મનરૂપ છે, માટે મનનો **अ**કારાત્મક વિશ્વાત્મામાં લય કરવો, એ **अ**કારાત્મક વિશ્વાત્માનો **उ**કારાત્મક તૈજસમાં લય કરવો, એ **उ**કારાત્મક તૈજસનો **म्**કારાત્મક પ્રાજ્ઞમાં લય કરવો અને **म्**કારાત્મક પ્રાજ્ઞનો અર્ધમાત્રારૂપ તુરીયમાં લય કરવો આ રીતે યોગી પુરુષો પ્રણવમંત્રમાં ઉત્તરોત્તર પ્રવિલાપન કરીને પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. સમાધિનિષ્ઠ યોગી પુરુષ, પોતાના મનનો સંકલ્પમાં લય કરે છે, જેથી કેવળ સંકલ્પરૂપેજ રહે છે અને તે સમયે તેને “હું” એવું ભાન રહેતું નથી, પણ માત્ર અતિ સૂક્ષ્મ કલ્પનાજ રહે છે. એ સૂક્ષ્મ કલ્પનાનો પણ જ્યારે લય થઇ જાય છે, ત્યારે તેને જીવન્મુક્ત દશા પ્રાપ્ત થાય છે. આનું નામજ સર્વોત્તમ જ્ઞાન કહેવાય છે.

અધ્યાય ૨૩૪ મો

વ્યાસશુકસંવાદ–બ્રાહ્મણનાં કર્તવ્ય

॥ व्यास उवाच ॥

भूतग्रामे नियुक्तं यत् तदेतत्कीर्तितं मया ॥
ब्राह्मणस्य तु यत्कृत्यं तत्तेवक्ष्यामि तच्छृणु ॥१॥

વ્યાસે કહ્યું:–"હે પુત્ર! સર્વ ભૂતસમુદાયના સંબંધમાં તેં મને જે પ્રશ્ન પૂછયો હતો, તેનો મેં તને ઉત્તર આપ્યો. તો હવે, બ્રાહ્મણોનાં કર્તવ્યોવિષે હું તને કહું છું, સાંભળ.[1] બ્રાહ્મણે, જાતકર્મથી આરંભીને સમાવર્તનપર્યંતના સંસ્કારો કરવા જોઇએ અને તે સર્વ સંસ્કારોમાં યથાયોગ્ય દક્ષિણા આપવી જોઇએ. તેમાં પણ ઉપનયનસંસ્કાર થઇ ગયા પછી વેદમાં પારંગત થયેલા આચાર્યની પાસે સાંગોપાંગ વેદાધ્યયન કરીને તથા ગુરુની સેવામાં આસક્ત રહીને ગુરુના ઋણમાંથી મુક્ત થવું જોઇએ અને પછી યજ્ઞવેત્તા થયેલા બ્રાહ્મણે સમાવર્તન સંસ્કાર કરવો જોઇએ.[2,3] તે પછી આચાર્યની આજ્ઞા લઇને ચાર આશ્રમોમાંહેના કોઇએક આશ્રમમાં દેહનો અંત આવે ત્યાંસુધી શાસ્ત્રોકત વિધિ પ્રમાણે રહેવું જોઇએ.[4] જો ઇચ્છા થાય તો પ્રજાને ઉત્પન્ન કરવામાટે ગૃહસ્થાશ્રમ માંડીને રહેવું અથવા યાવજ્જીવ બ્રહ્મચર્યવ્રત પાળવું; અથવા તો વનમાં ગુરુની પાસે રહેવું અથવા તો સંન્યાસધર્મનું પાલન કરવું;[5] પરંતુ ગૃહસ્થાશ્રમ ધર્મ બીજા ત્રણે આશ્રમધર્મોનું મૂળ કહેવાય છે અને વળી તે આશ્રમમાં રહેવાથી કામક્રોધાદિ કષાયો પરિપકવ થાય છે અને સર્વ ઇંદ્રિયોનું દમન થાય છે; જેથી ગૃહસ્થાશ્રમી પુરુષ, પાછળથી સર્વ આશ્રમોમાં સિદ્ધ થઇ શકે છે;[6] માટે વેદાધ્યયનસંપન્ન થયેલા બ્રાહ્મણે પ્રથમ ગૃહસ્થાશ્રમમાંજ પ્રવેશ કરવો, પ્રજાઓ ઉત્પન્ન કરવી અને દેવ, પિતૃ તથા મનુષ્યના ઋણમાંથી મુકત થવું. આ રીતે સર્વ કર્મો દ્વારા પવિત્ર થયા પછી બીજા આશ્રમોનો સ્વીકાર કરવો.[7] ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને બીજા આશ્રમમાં દાખલ થયેલા બ્રાહ્મણે, પૃથ્વી ઉપર અત્યંત પવિત્ર ગણાતા સ્થાનમાં નિવાસ કરવો અને ત્યાં રહીને જગતમાં એક આદર્શભૂત થવા માટે તથા ઉત્તમ યશ સંપાદન કરવા માટે પ્રયત્ન કરવો.[8] અતિમહાન તપશ્ચર્યા કરવાથી વિદ્યાઓમાં પારંગત થવાથી, યજ્ઞયાગ કરવાથી અને દાનધર્મનું પાલન કરવાથી બ્રાહ્મણોનો યશ વધે છે.[9] જે બ્રાહ્મણની કીર્તિ આ જગતમાં જ્યાંસુધી યશસ્કરી થઈ રહે છે, ત્યાંસુધી તે બ્રાહ્મણ પુણ્યવંતોના અનંત લોકોમાં નિવાસ કરે છે.[10] બ્રાહ્મણોનો એજ ધર્મ છે કે, તેઓએ બીજાઓને વેદાધ્યયન કરાવવું પોતે વેદાધ્યયન કરવું, બીજાઓને યજ્ઞો કરાવવા પોતે યજ્ઞો કરવા, વિનાકારણ પ્રતિગ્રહ કરવો નહિ અને મિથ્યા દાન દેવું નહિ.[11] બ્રાહ્મણને કોઈ યજમાનનું, શિષ્યનું કે કન્યાનું પુષ્કળ ધન મળી આવે, ત્યારે તે ધનથી યજ્ઞો કરવા અથવા તે ધનનું દાન કરી દેવું; પણ પોતે એકલાએ તેનો ઉપભોગ કરવો નહિ.[12] બ્રાહ્મણ જ્યારે ગૃહસ્થાશ્રમમાં રહેતો હોય, ત્યારે દેવો, ઋષિઓ, પિતૃઓ, ગુરુઓ, વૃદ્ધો, આતુરો અને ક્ષુધાતુરોને માટે તેણે અવશ્ય પ્રતિગ્રહ કરવો; કેમકે તે સમયે પ્રતિગ્રહ વિના બીજું કોઇ તીર્થ (ઉપાય) નથી.[13] જે મનુષ્યો કોઇના ભયથી ગુપ્ત રીતે રહેતા હોય, શત્રુઓથી સંતાપ પામ્યા હોય અથવા પોતાની શક્તિ પ્રમાણે ઉદય પામવાની ઇચ્છા રાખતા હોય, તેવા મનુષ્યોને બ્રાહ્મણોએ પોતાની શકિત ઉપરાંત પણ દ્રવ્યદાન આપવું અને (દ્રવ્યનો જો અભાવ હોય તો) રાંધેલા અન્નમાંથી પણ તેઓને કંઇક આપવું;[14] કેમકે જે પુરુષો પોતાની યોગ્યતાને લીધે સુપાત્ર ગણાતા હોય તેઓને નહિ આપવા જેવી એક પણ વસ્તુ નથી. (અર્થાત્ સુપાત્ર પુરુષોને તો સર્વસ્વ અર્પણ કરી દેવું જોઇએ.) વિદ્વાનો કહે છે કે, ઇંદ્રનો ઉચ્ચૈઃશ્રવા ઘોડો પણ સત્પુરુષોને અવશ્ય અર્પણ કરી દેવો જોઈએ.[15] મહાવ્રતધારી રાજા સત્યસંધે, કોઇએક બ્રહ્મહત્યારા પુરુષને તેની ઇચ્છાનુસાર વિનવીને પોતાના પ્રાણ અર્પણ કર્યા હતા અને બ્રાહ્મણના પ્રાણ બચાવ્યા હતા, જેથી તે સ્વર્ગમાં ગયો.[18] સંકૃતિના પુત્ર

રાજા રંતિદેવે, મહાત્મા વસિષ્ઠને શીતલ તથા ઉષ્ણ જળ અર્પણ કર્યું હતું, જેથી હજીસુધી પણ સ્વર્ગલોકમાં તે પૂજાય છે.[૧૭] અત્રિના પુત્ર બુદ્ધિમાન ઇંદ્રદમન રાજાએ, કોઇએક સુપાત્રને વિવિધ પ્રકારના ધનનું દાન કર્યું હતું, તેથી તેને અનંત લોકોની પ્રાપ્તિ થઈ છે.[૧૮] ઉશીનરના પુત્ર રાજા શિબિએ, એક બ્રાહ્મણને માટે પોતાનાં અંગો તથા પ્રીતિપાત્ર એક ઔરસપુત્ર અર્પણ કરી દીધાં હતાં, જેથી તે સ્વર્ગલોકમાં ગયો છે.[૧૯] કાશીના રાજા પ્રતર્દને બ્રાહ્મણને માટે પોતાનાં બન્ને નેત્રો અર્પણ કરી દઈને આ લોકમાં તથા પરલોકમાં અતુલ કીર્તિ સંપાદન કરી છે.[૨૦] દેવાવૃધ નામના રાજાએ તદ્દન સુવર્ણનું, આઠ સળીઓવાળું અને મહાકિંમતી એવું એક દિવ્ય છત્ર બ્રાહ્મણને અર્પણ કર્યું હતું, જેથી તે રાજા પોતાના રાષ્ટ્રની સાથે સ્વર્ગલોકમાં ગયો.[૨૧] અત્રિગોત્રના મહાતેજસ્વી સાંકૃતિ ઋષિએ, પોતાના શિષ્યોને નિર્ગુણ બ્રહ્મનો ઉપદેશ કર્યો હતો, જેથી તે સર્વોત્તમ દિવ્ય લોકમાં ગયા.[૨૨] પ્રતાપી અંબરીષ રાજા દશ અબજ ગાયોનું બ્રાહ્મણોને દાન આપીને, પોતાના રાષ્ટ્રની સાથે સ્વર્ગલોકમાં ગયો છે.[૨૩] સાવિત્રીએ પોતાનાં બન્ને દિવ્ય કુંડલો બ્રાહ્મણને અર્પણ કરી દીધાં અને જનમેજય રાજાએ, બ્રાહ્મણને માટે પોતાનું શરીર અર્પણ કરી દીધું, જેથી તેઓ બન્ને સ્વર્ગલોકમાં ગયાં.[૨૪] વૃષાદર્ભનો પુત્ર યુવનાશ્વ રાજા સર્વ પ્રકારનાં રત્નો, પ્રિય સ્ત્રીઓ તથા સુંદર ગૃહ દાનમાં આપી દઈને સ્વર્ગલોકમાં ગયો છે.[૨૫] વિદેહ દેશના રાજા નિમિએ, પોતાનું રાજ્ય બ્રાહ્મણોને આપી દીધું હતું, જમદગ્નિના પુત્ર પરશુરામે આખી પૃથ્વી બ્રાહ્મણોને અર્પણ કરી દીધી હતી અને ગય રાજાએ પણ નગરોસહિત પૃથ્વીનું દાન કરી દીધું હતું.[૨૬] જે સમયે વરસાદ વરસ્યો ન હતો અને ભયંકર દુષ્કાળ પડ્યો હતો, તે સમયે પ્રજાપતિ વસિષ્ઠે, બ્રહ્મદેવની પેઠે સર્વ પ્રજાઓને જીવાડી હતી.[૨૭] કરંધમનો કૃતાત્મા પુત્ર મરુત રાજા, અંગિરામુનિને પોતાની કન્યા અર્પણ કરીને તત્કાળ સ્વર્ગલોકમાં ગયો હતો.[૨૮] પંચાલ દેશનો મહા બુદ્ધિમાન રાજા બ્રહ્મદત્ત, શ્રેષ્ઠ બ્રાહ્મણોને શંખ નામના આખા ભંડારનું દાન કરી દઈને દિવ્યલોકોને પામ્યો છે.[૨૯] રાજા મિત્રસહ, મહાત્મા વસિષ્ઠને પોતાની મદયંતી નામની સ્ત્રી અર્પણ કરીને તે સ્ત્રીની સાથે સ્વર્ગલોકમાં ગયો છે.[૩૦] મહાયશસ્વી રાજર્ષિ સહસ્રજિત્, બ્રાહ્મણોને માટે પોતાના પ્રિય પ્રાણનો ત્યાગ કરીને મહા ઉત્તમ લોકમાં ગયો છે.[૩૧] રાજા શતદ્યુમ્ન, મુદ્ગલ ઋષિને, સર્વ કામ્યપદાર્થોથી ભરપૂર એવું એક સુવર્ણનું ગૃહ અર્પણ કરીને સ્વર્ગલોકમાં ગયો.[૩૨] શાલ્વદેશનો પ્રતાપી રાજા દ્યુતિમાન, ઋચીક નામના બ્રાહ્મણને આખું રાજ્ય આપી દઈને ઉત્તમ લોકમાં જઇ પહોંચ્યો છે.[૩૩] મહાસમર્થ રાજર્ષિ લોમપાદે, પોતાની શાંતા નામની પુત્રી, ઋષ્યશૃંગને અર્પણ કરી દઈને સર્વ કામનાઓને પરિપૂર્ણ કરી હતી.[૩૪] રાજર્ષિ મદિરાશ્વ, પોતાની સુંદર કન્યાનું હિરણ્યહસ્તને દાન કરીને દેવોથી સ્તુતિ કરાતા દિવ્યલોકમાં ગયો છે.[૩૫] મહાતેજસ્વી રાજા પ્રસેનજિત્, વાછરડાવાળી એક લાખ ગાયોનું દાન કરીને ઉત્તમ લોકને પામ્યો છે.[૩૬] આ સિવાયના બીજા અનેક જિતેન્દ્રિય મહાત્માઓ દાન તથા તપશ્ચર્યાદ્વારા શુદ્ધ અંતઃકરણવાળા થઇને સ્વર્ગલોકમાં ગયા છે.[૩૭] આ સર્વ મહાપુરુષો દાન આપીને, યજ્ઞો કરીને તથા પ્રજાઓ ઉત્પન્ન કરીને સ્વર્ગલોકને પામ્યા છે; માટે તેઓની કીર્તિ જ્યાંસુધી આ પૃથ્વી રહેશે ત્યાંસુધી અચળ રહેશે.”[૩૮]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ શુકદેવનો પ્રશ્ન ” એ વિષયનો
અ૦ ૨૩૪ મો સમાપ્ત.

અધ્યાય ૨૩૫ મો

વ્યાસશુકસંવાદ-બ્રાહ્મણનાં કર્તવ્ય

॥ व्यास उवाच ॥

त्रयीं विद्यामवेक्षेत वेदेषूक्तामथांगतः ॥
ऋक्सामवर्णाक्षरतो यजुषोऽथर्वणस्तथा ॥१॥

વ્યાસે કહ્યું:-"હે પુત્ર શુક! બ્રાહ્મણે કર્મ, જ્ઞાન અને ઉપાસનારૂપ વેદોક્ત ત્રયીવિદ્યાનું, તેનાં અંગોસહિત અધ્યયન કરવું જોઈએ; એટલુંજ નહિ પરંતુ ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ તથા અથર્વવેદમાંથી સ્વર અને અક્ષરસહિત તેનું જ્ઞાન મેળવવું જોઈએ.[૧] બ્રાહ્મણોનાં ષટ્કર્મોની અંદર પરમાત્મા હમેશાં નિવાસ કરે છે, માટે જે બ્રાહ્મણો વેદોક્ત કર્મોમાં કુશલ હોય છે, અધ્યાત્મજ્ઞાનમાં નિપુણ હોય છે અને સત્ત્વવાન હોય છે, તેઓ મોટા ભાગ્યશાળી ગણાય છે અને જગતની ઉત્પત્તિને તથા લયને તેઓ જાણે છે. આમ સમજીને પ્રત્યેક બ્રાહ્મણે ધર્મપૂર્વક વર્તવું જોઈએ અને સત્પુરુષને છાજે તેવી ક્રિયાનું આચરણ કરવું જોઈએ.[૨,૩] બ્રાહ્મણે કોઇપણ પ્રાણીને પીડા આપ્યા વિના પોતાની આજીવિકા ચલાવવી જોઇએ, સત્પુરુષો પાસેથી વિજ્ઞાન મેળવવું જોઇએ, સદાચારી થવું જોઇએ અને શાસ્ત્રજ્ઞાનમાં કુશલ થવું જોઇએ.[૪] ગૃહસ્થી બ્રાહ્મણે કર્મ તથા સત્વગુણમાં રહીને લોકમાં વિચરવું જોઈએ, સ્વધર્માનુસાર ક્રિયાઓ કરવી જોઈએ અને યજન-યાજન, અધ્યયન-અધ્યાપન તથા દાન અને પ્રતિગ્રહ-આ છ કર્મોમાં આસક્ત રહેવું જોઈએ.[૫] શ્રદ્ધાળુ બ્રાહ્મણે, નિરંતર પાંચ મહાયજ્ઞો કરવા, ધૈર્યસંપન્ન થવું, પ્રમાદરહિત થવું, દમગુણનિષ્ઠ થવું, ધર્મવેત્તા થવું અને મનનો જય કરવો.[૬] હર્ષનો, મદનો તથા ક્રોધનો જેણે ત્યાગ કર્યો છે, એવો બ્રાહ્મણ કદી દુઃખી થતો નથી; તેમજ દાન, અધ્યયન, યજ્ઞ, તપ, લજ્જા, સરળતા અને દમગુણને ધારણ કરીને બ્રાહ્મણ પોતાના બ્રહ્મતેજની વૃદ્ધિ કરે છે અને પાપનો નાશ કરે છે. બુદ્ધિમાન બ્રાહ્મણે પાપવાસનાઓનો ત્યાગ કરીને, અલ્પાહારી થઈને, ઇંદ્રિયોને જીતીને તથા કામક્રોધને વશ કરીને બ્રહ્મપદને પ્રાપ્ત કરવા તત્પર થવું. વળી તેણે અગ્નિનું તથા બ્રાહ્મણોનું પૂજન કરવું, દેવતાઓને પ્રણામ કરવા, ક્રૂર વાણી બોલવી નહિ અને અધર્મયુક્ત હિંસાનો ત્યાગ કરવો. આવું વર્તન રાખવામાટે બ્રાહ્મણને પ્રાચીન કાળથી શાસ્ત્ર આજ્ઞા આપ્યા કરે છે.[૭-૧૦] જે બ્રાહ્મણ જ્ઞાનપ્રાપ્તિના હેતુથી કર્મો કરે છે, તે પ્રત્યેક કર્મોમાં સિદ્ધ થાય છે અને એ રીતે કર્મ કરનારો બુદ્ધિમાન બ્રાહ્મણ પાંચ ઇંદ્રિયોરૂપી જળવાળી, લોભરૂપી તટવાળી, ક્રોધરૂપી કીચડવાળી, વારણ કરવાને અશક્ય અને મહાદુસ્તર એવી ઘોર સંસારરૂપી નદીને તરી જાય છે. બ્રાહ્મણે લક્ષ્યમાં રાખવું જોઈએ કે, અત્યંત મોહ ઉપજાવનારો કાળ, સદાને માટે પોતાની સામે સજ્જ થઈને ઉભોજ છે અને આ સર્વજગત વિધિએ નિર્માણ કરેલા મહાબળવાન સ્વભાવરૂપી પ્રવાહમાં નિરંતર તણાયા કરે છે. વિધાતાએ ઉત્પન્ન કરેલાં સર્વ પ્રાણીઓ સદાય અસ્ખલિત રીતે વહેનારા, કાળરૂપી જળવાળા, વર્ષોરૂપી મોટી ઘુમરીઓવાળા, મહિનાઓરૂપી તરંગવાળા, ઋતુઓરૂપી વેગવાળા, પખવાડીઆંરૂપી તૃણલતાવાળા, નિમેષ અને ઉન્મેષરૂપી ફીણવાળા, રાત્રિદિવસરૂપી પાણીના પૂરવાળા, કામરૂપી ઝૂડવાળા, વેદો અને યજ્ઞોરૂપી મછવાઓવાળા, પ્રાણીઓના ધર્મરૂપી બેટવાળા, અર્થ અને કામરૂપી જળવાળા, સત્ય વાણી અને મોક્ષરૂપી તીરવાળા, અહિંસારૂપી વૃક્ષવાળા, યુગરૂપી મધ્યભાગમાં રહેલા ધરાવાળા અને બ્રહ્મથી ઉત્પન્ન થયેલા એ સ્વભાવરૂપી ઘોર પ્રવાહમાં તણાઇને યમલોકમાં પહોંચી જાય છે.[૧૧-૧૭] આ સ્વભાવપ્રવાહને બુદ્ધિમાન એવા ધીર પુરુષો પોતાની બુદ્ધિરૂપી નૌકાઓથી તરી જશે; પણ બુદ્ધિવિનાના મૂર્ખાઓ શું કરી શકશે?[૧૮] ખરેખર, જે પુરુષ બુદ્ધિમાન હોય છે, તેજ એ પ્રવાહને તરી જાય છે, પણ મૂર્ખ પુરુષ તેને તરી શકતો નથી; કેમકે બુદ્ધિમાન પુરુષ, પોતે દૂર રહ્યો હોય છતાં પણ ગુણદોષને સર્વત્ર જોઇ શકે છે;[૧૯] પરંતુ જેનું ચિત્ત ચંચલ હોય છે અને વિષયગ્રસ્ત હોય છે, તેવો અલ્પબુદ્ધિ મનુષ્ય ગુણદોષના સંબંધમાં સંશયાકુલ રહે છે; અને તેથીજ તેવો બુદ્ધિહીન મનુષ્ય એ પ્રવાહને તરી શકતો નથી. (આપણે જોઇએજ છીએ કે,) જે કોઈ મનુષ્ય એક સ્થળે બેસી રહે છે, તે આગળ જઈ શકતો નથી.[૨૦] જે પુરુષની પાસે બુદ્ધિરૂપી તરવાનું:

સાધન નથી, તે પુરુષ આ સંસારપ્રવાહમાં કોઈએક મહાન દોષને જોતાંજ મુંઝાઇ જાય છે અને તે દોષમાં સપડાઇ પડે છે; તેમજ જે પુરુષ કામરૂપી ઝૂડથી પકડાઇ ગયો હોય છે, તેને સાધારણ જ્ઞાન થયું હોય છે તોપણ તે તેને તારી શકતું નથી;[૨૧] માટે વિચક્ષણ પુરુષે આ સંસારરૂપી પ્રવાહને તરી જવામાટે અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ અને તે પ્રયત્ન એજ કે, તેણે બ્રાહ્મણ બની જવું જોઇએ-અર્થાત બ્રહ્મનિષ્ઠ થવું જોઇએ.[૨૨]

શુદ્ધ વંશમાં ઉત્પન્ન થયેલા બ્રાહ્મણે અધ્યાપન, યાજન અને પ્રતિગ્રહ કરીને પોતાની આજીવિકા ચલાવવી નહિ; સ્વાધ્યાય, યજન અને દાન-એ ત્રણ કર્મમાં નિત્ય તત્પર રહેવું. સંસારસાગર તરી જવા માટે પ્રયત્ન કરવો અને પોતાની બુદ્ધિદ્વારા સંસારમાંથી મુક્ત થવું.[૨૩] જે બ્રાહ્મણ જાતકર્માદિ સંસ્કારોથી સંસ્કારી થયેલો હોય છે, દમગુણને ધારણ કરનારો હોય છે, નિત્ય મનને વશ રાખનારો હોય છે અને બુદ્ધિમાન હોય છે, તે બ્રાહ્મણને આ લોકમાં તથા પરલોકમાં તત્કાળ સિદ્ધિ મળે છે.[૨૪] ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણે ક્રોધ તથા અસૂયાનો ત્યાગ કરીને વર્તવું, નિરંતર પાંચ મહાયજ્ઞો કરવા, અતિથિ વગેરેને અર્પણ કર્યા પછી અવશેષ રહેલા અન્નનું ભોજન કરવું, યજ્ઞો કરવા, સત્પુરુષોના ધર્મ પ્રમાણે વર્તવું, સત્પુરુષોને છાજે તેવી ક્રિયા કરવી, પ્રાણીમાત્રને પીડા આપ્યા વિના નિર્દોષ આજીવિકા ચલાવવી, શાસ્ત્રીય વિજ્ઞાનતત્ત્વને જાણવું, સદાચારી થવું, વિચક્ષણ થવું, સ્વધર્માનુસાર ક્રિયાઓ કરવી અને કર્મ કરીને પણ વર્ણસંકર થઇ જવું નહિ.[૨૫-૨૭] જે બ્રાહ્મણ ક્રિયાનિષ્ઠ હોય છે, શ્રદ્ધાળુ હોય છે; દમગુણને ધારણ કરનારો હોય છે, બુદ્ધિમાન હોય છે, અસૂયાનો ત્યાગ કરનારો હોય છે અને ધર્મ તથા અધર્મના વિશેષ સ્વરૂપને જાણનારો હોય છે, તે સર્વ દુસ્તર સંકટોને પણ તરી જાય છે;[૨૮] તેમજ ધૈર્યગુણને ધારણ કરનારો, પ્રમાદનો ત્યાગ કરનારો, દમગુણને ધારણ કરનારો, ધર્મના સ્વરૂપને જાણનારો, ઇંદ્રિયોને વશ કરનારો તથા હર્ષ, મદ અને ક્રોધનો ત્યાગ કરનારો બ્રાહ્મણ કદી દુઃખી થતો નથી.[૨૯] આ પ્રાચીન કાળનું વર્તન બ્રાહ્મણને શાસ્ત્રવિહિતજ છે અને તે પ્રમાણે વર્તીને જ્ઞાનપૂર્વક કર્મ કરનારો બ્રાહ્મણ સર્વત્ર સિદ્ધ થાય છે;[૩૦] કેમકે અજ્ઞાની મનુષ્ય ધર્મ કરવાની ઇચ્છાવાળો હોય છે છતાં પોતાના અજ્ઞાનને લીધે અધર્મજ કરી બેસે છે. અને જો ધર્મ કરે છે તોપણ તેને અધર્મના જેવોજ કરતો હોય તેમ શોકગ્રસ્ત થઇને કરે છે.[૩૧] કોઇએક ધર્મ કરવાની ઇચ્છાવાળો પુરુષ અધર્મ કરતો હોય છે છતાં માને છે કે, હું ધર્મ કરૂ છું; અને કોઇએક અધર્મ કરવાની ઇચ્છાવાળો પુરુષ ધર્મ કરતો હોય છે છતાં માને છે કે, 'હું અધર્મ કરૂ છું.' આનું કારણ એ છે કે, તે મૂર્ખ પુરુષ ધર્મ-અધર્મના સ્વરૂપથી અજાણ્યો છે અને તેથીજ જન્મમરણને પામ્યા કરે છે."[૩૨]

ઇતિશ્રી મહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
" શુકદેવનો પ્રશ્ન " એ વિષયનો
અધ્યાય ૨૩૫ મો સમાપ્ત.

અધ્યાય ૨૩૬ મો

વ્યાસશુકસંવાદ-સાંખ્ય અને યોગ

॥ व्यास उवाच ॥

अथ चेद्रोचयेदेतदुह्येत स्रोतसा यथा ॥
उन्मज्जँश्च निमज्जँश्च ज्ञानवान् प्लववान् भवेत्॥

વ્યાસે કહ્યું:-" હે પુત્ર શુક ! પાણીના પ્રવાહમાં તણાયલો મનુષ્ય જેમ ગળકીઓં ખાયા કરે છે, તેમ સંસારના પ્રવાહમાં તણાયલો મનુષ્ય પણ જન્મમરણને પામ્યા કરે છે; માટે જે પુરુષને શાંતિરૂપી કૈવલ્યપદ પ્રાપ્ત કરવાની રુચિ થતી હોય, તેણે સંસારસમુદ્રને તરવામાટે જ્ઞાનરૂપ તરવાનું સાધન મેળવવું જોઇએ.[૧] જે ધીર પુરુષોએ ધ્યાનજન્ય સાક્ષાત્કારથી વસ્તુતત્ત્વનો નિશ્ચય કર્યો હોય છે, તેઓ જ્ઞાનરૂપી નૌકાદ્વારા બીજા અજ્ઞાનીઓને પણ તારે છે; પરંતુ અજ્ઞાની પુરુષો તો બીજાઓને તારી શકતા નથી તેમ પોતે પણ તરી શકતા નથી.[૨]

રાગદ્વેષાદિ દોષોનો નાશ કરનારા અને સ્ત્રી આદિના સંગથી મુક્ત થયેલા મનનશીલ પુરુષે દેશ, કર્મ, અનુરાગ, અર્થ, ઉપાય, અપાય, નિશ્ચય, ચક્ષુષ્, આહાર, સંહાર, મન અને દર્શન–આ બાર પ્રકારનાં યોગસાધનોનું સેવન કરવું;*અને પછી ઉત્તમ જ્ઞાનની ઇચ્છા રાખનારા તે યોગીએ વાણી આદિ બાહ્ય ઇંદ્રિયોના વ્યાપારનો મનમાં લય કરવો, મનનો બુદ્ધિમાં લય કરવો અને બુદ્ધિનો આત્મામાં લય કરવો.[૩,૪] જે પુરુષને શાંતિરૂપ મોક્ષપદની ઇચ્છા હોય, તેણે જ્ઞાનદ્વારા પોતાના ચિત્તનેજ પ્રથમ વશ કરવું જોઈએ અને એ રીતે વાણીથી આરંભીને બુદ્ધિપર્યંતના સર્વ ભાવોનું ઉત્તરોત્તર પ્રવિલાપન કરી જાણનારો પુરુષ મહા દારુણ હોય, સર્વ વેદોને જાણનારો હોય અથવા એકપણ વેદમંત્રને નહિ જાણનારો હોય, ધાર્મિક હોય અથવા અધાર્મિક હોય, યજ્ઞ કરનારો હોય કે ન કરનારો હોય, મહાન વીર હોય કે દુઃખપૂર્વક જીવન ધારણ કરનારો હોય, તોપણ તે પુરુષ જરામરણરૂપી દુસ્તર મહાસાગરને તરી જાય છે.[૬,૭] મેં કહેલા આ યોગમાર્ગનું અનુષ્ઠાન કરનારો પુરુષ વેદોક્ત કર્મકલાપનો અવશ્ય ત્યાગ કરી દે છે, એમાં કંઈ આશ્ચર્ય જેવું નથી; કેમકે આ યોગની જિજ્ઞાસા ધરાવનારો પુરુષ પણ વેદોક્ત કર્મક્રિયાઓનો ત્યાગ કરી દે છે. (અને તેમ કરવામાં તેને કંઈ દોષ પણ લાગતો નથી.)[૮] મોક્ષની ઇચ્છા રાખનારા જીવે યોજેલો આ યોગરૂપી રથ જો ધર્મરૂપી બેસણીવાળો હોય, લજ્જારૂપી વરૂથ (શત્રુના પ્રહારોથી રથનું રક્ષણ કરવામાટે તેની ચોતરફ કરેલું લોખંડી ઢાંકણ) વાળો હોય, પૂર્વોક્ત ઉપાય અને અપાય નામનાં યોગસાધનરૂપ ઝુસરીના દાંડાવાળો હોય, અપાન વાયુરૂપ ધરીવાળો હોય, પ્રાણવાયુરૂપ ઝુસરીવાળો હોય, બુદ્ધિરૂપી ઉંટડાવાળો હોય, જીવરૂપ બંધન (નાડણ) વાળો હોય, સાવધાનતારૂપી બંધુર (રથની ધરી આગળનાં બે વાંકાં લાકડાં) વાળો હોય, સદાચારના સ્વીકારરૂપી પૈડાંવાળો હોય, દર્શન, સ્પર્શન, ઘ્રાણ અને શ્રવણરૂપી ચાર ઘોડાઓવાળો હોય, પ્રજ્ઞારૂપી નાભિ (જેમાં પૈડાંના આરા જડવામાં આવ્યા હોય તે નાઈડી) વાળો હોય, સર્વ શાસ્ત્રોરૂપી ચાબુકવાળો હોય, જ્ઞાનરૂપી સારથીવાળો હોય, ક્ષેત્રજ્ઞથી અધિષ્ઠિત હોય, ધૈર્યને લીધે અત્યંત મજબૂત હોય, શ્રદ્ધા તથા દમરૂપી આગળ ચાલનારા સેવકોવાળો હોય, ત્યાગરૂપી પાછળ ચાલનારા સેવકવાળો હોય, કલ્યાણ તરફ જવા તૈયાર થયો હોય, પવિત્રતારૂપી માર્ગ ઉપર ગતિ કરી રહ્યો હોય અને ધ્યાન તરફજ લક્ષ્ય આપનારો હોય, તો છેક બ્રહ્મલોકસુધી પહોંચી

---

*આ બારે યોગસાધનોનું વિશેષ સ્પષ્ટીકરણ આ પ્રમાણે છેઃ—

યોગસાધન કરતી વેળા જે પ્રદેશ સપાટ હોય, પવિત્ર હોય, કાંકરાવાળો ન હોય, અગ્નિના ભયથી રહિત હોય, રેતાળ ન હોય, શબ્દ અથવા ગડબડાટથી રહિત હોય, જળાશય વગેરેથી મનને અનુકૂલ હોય, નેત્રને પીડા કરે તેવો ન હોય, ગુફા જેવો હોય અને વાયુના ઝપાટાથી રહિત હોય, તેવા પ્રદેશમાં પોતાનું આસન કરવું. આનું નામ **દેશ** કહેવાય છે. આહાર, વિહાર, ચેષ્ટાઓ, ક્રિયાઓ, નિદ્રા અને જાગૃતિ વગેરેનું નિયમિત રીતે સેવન કરવું, તેને **કર્મ** કહેવામાં આવે છે. ઉત્તમ શિષ્યને પોતાની પાસે રાખવો તેનું નામ **અનુરાગ** કહેવાય છે. કાષ્ઠ, જળ વગેરે દ્રવ્યને સમીપમાં રાખવાં, તેનું નામ **અર્થ** કહેવાય છે. છાતી, ડોક અને મસ્તક–એ ત્રણે જેમ ઉંચા રહે, તેમ શરીરને સીધું રાખીને મનસહિત ઇંદ્રિયોને હૃદયમાં સ્થાપિત કરવી અને બરાબર એકાગ્ર થઇને આસન કરવું, તેનું નામ **ઉપાય** કહેવાય છે. રાગાદિ દોષોને દૂર કરવા, તેનું નામ **અપાય** કહેવાય છે. ગુરુ અને વેદવાક્ય ઉપર શ્રદ્ધા રાખવી, તેનું નામ **નિશ્ચય** કહેવાય છે. ચક્ષુષ્ વગેરે ઇંદ્રિયોનો સંયમ કરવો, તેનું નામ **ચક્ષુષ્** કહેવાય છે. શુદ્ધ આહાર કરવો તેનું નામ **આહાર** કહેવાય છે. વિષયોમાં સ્વાભાવિક રીતે થનારી પ્રવૃત્તિનો સંકોચ કરવો, તેનું નામ સંહાર કહેવાય છે. સંકલ્પવિકલ્પનો મનમાંથી ત્યાગ કરવો, તેનું નામ **મન** કહેવાય છે અને જન્મ, મૃત્યુ, જરા તથા વ્યાધિરૂપ દુઃખદાયી દોષોનું નિરીક્ષણ કરીને સંસારથી વિરક્ત થવું, તેનું નામ **દર્શન** કહેવાય છે. **નીલકંઠ**

જઇને ત્યાં વિરાજી રહે છે—અર્થાત યોગદ્વારાજ પરબ્રહ્મને પ્રાપ્ત કરી શકાય છે.[૯-૧૨]

હવે, એ દિવ્ય રથને જોડીને અક્ષર બ્રહ્મની પાસે એકદમ ઝડપથી જવાની ઈચ્છાવાળા પુરુષને જે વિધિ સત્વર ઉપયોગી થઈ પડે, તેનું હું નિરૂપણ કરૂં છું.[૧૩] યોગીએ યમનિયમાદિ યોગ સાધનોને સિદ્ધ કર્યા પછી સંપૂર્ણ રીતે સાત પ્રકારની ધારણાઓ કરવી. આ સાત ધારણાઓના જેવી બીજી અનેક ધારણાઓ પણ થઇ શકે છે, કે જેમાં દૂર રહેલા પદાર્થો તથા સમીપમાં રહેલા પદાર્થો અવલંબનરૂપે હોય છે.*[૧૪] પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, અહંકાર અને અવ્યક્ત (મહત્તત્ત્વ) આ સાતે પદાર્થોમાં પ્રથમ પૃથ્વીથી આરંભીને અનુક્રમે છેક અવ્યકત સુધીમાં ચિત્તની ધારણા કરનારો યોગી પુરુષ, તે સાતે તત્ત્વોના ઐશ્વર્યને સંપાદન કરે છે.×[૧૫] આ રીતે ઉપાયપૂર્વક યોગસાધના કરવામાં તત્પર થયેલા યોગી પુરુષને અનુક્રમે જે જે અનુભવો પ્રાપ્ત થાય છે, તે હું તને કહું છું અને પોતાના દેહની અંદરજ ધ્યાનનિષ્ઠ થયેલા તે યોગી પુરુષને "પૃથ્વીનો વિજય" આદિ જે જે યોગસિદ્ધિઓ આવી મળે છે, તેનું પણ હું વર્ણન કરૂં છું.[૧૬] ગુરુએ કહેલી યુક્તિ પ્રમાણે સ્થૂલદેહના અધ્યાસનો ત્યાગ કરનારો યોગી પુરુષ, જ્યારે સૂક્ષ્મદષ્ટિથી જોવા માંડે છે, (અર્થાત પૂર્વોક્ત સાતે ધારણાઓ કરવામાં આસકત થાય છે ત્યારે શિશિર ઋતુમાં આકાશનો આશ્રય કરનાર સૂક્ષ્મ ઝાકળના જેવાંજ સર્વ સ્વરૂપો જુએ છે (અર્થાત શમદમાદિ સાધનસંપન્ન થયેલો પુરુષ, પોતાના આસનને કોઈ એકાંત પ્રદેશમાં સ્થિર કરીને તેના પર બેસે છે અને પછી પ્રથમ પ્રાણાયામ કરીને ગુરુએ કહેલી યુક્તિ પ્રમાણે સ્થૂલદેહના સંગનો ત્યાગ

---

* પાતંજલયોગસૂત્રમાં કહ્યું છે કે, "**देशबंधश्चित्तस्य धारणा**"—કોઇએક વિષયમાં ચિત્તને સ્થિર કરવું, તેનું નામ ધારણા કહેવાય છે." આ ધારણા, વિષયોના ભેદને લીધે અનેક પ્રકારની છે છતાં આ શ્લોકમાં તેના સાત ભેદ કહેવામાં આવ્યા છે. તેનું કારણ એ છે કે, એ સાત ભેદોમાં બીજા સર્વ ભેદોનો સમાવેશ થઈ જાય છે. ચંદ્રમંડલ, સૂર્યમંડલ, ધ્રુવમંડલ—વગેરે દૂર પદાર્થોમાં ચિત્તની ધારણા કરવામાં આવે છે અથવા તો નાસિકાનો અગ્રભાગ, ભ્રૂકુટીનો મધ્યભાગ તથા કંઠમાંહેનો ખાડો—વગેરે કોઇ સમીપમાં રહેલા પદાર્થોમાં ચિત્તની ધારણા કરવામાં આવે છે પરંતુ પંચમહાભૂત, અહંકાર અને અવ્યક્ત—આ સાત પદાર્થોમાં ધારણા કરવાથી બીજી સર્વ ધારણાઓ સિદ્ધ થઇ જાય છે; માટેજ અહીં સાત ધારણાઓ કરવાનું કહ્યું છે.

×આ શ્લોકમાં કહેવામાં આવ્યું કે, પૃથ્વીઆદિ સાત તત્ત્વોમાં ચિત્તની ધારણા કરવાથી તે સાતે તત્ત્વોનું ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે; પણ તે તત્ત્વોમાં ધારણા કેવી રીતે કરવી તે કંઇ કહેવામાં આવ્યું નથી, જેથી યોગેશ્વર યાજ્ઞવલ્કયે કહેલી ધારણા કરવાની રીતિનું અમે અહીં વિવેચન કરીએ છીએ—"શરીરમાં પગથી આરંભીને ઢીંચણ સુધીના ભાગને પૃથ્વીનું સ્થાન કહેવામાં આવ્યું છે, માટે તે સ્થળે લકાર બીજસહિત વાયુનું સ્થાપન કરીને તેમાં ચિત્તની ધારણા કરવી અને તે સમયે લગભગ પાંચ ઘડી સુધી ચાર મુખને ધારણ કરનારા અને સૃષ્ટિના કારણભૂત દેવ બ્રહ્માનું ધ્યાન કરવું, જેથી યોગી પુરુષ પૃથ્વીનો વિજય મેળવે છે. પછી ઢીંચણથી આરંભીને ગુદાપર્યંતના ભાગને જળના સ્થાનરૂપ જાણીને તેમાં **વ**કાર બીજસહિત વાયુનું સ્થાપન કરવું અને લગભગ પાંચ ઘડીસુધી, ચાર બાહુને ધારણ કરનારા, પવિત્ર હાસ્યવાળા, શુદ્ધ સ્ફટિક સમાન વર્ણવાળા અને પીળાં વસ્ત્રોને ધારણ કરનારા અચ્યુત ભગવાન નારાયણદેવનું ધ્યાન કરવું, જેથી પુરુષ સર્વ રોગોથી મુક્ત થાય છે. તે પછી ગુદાથી આરંભીને હૃદયસુધીના ભાગને અગ્નિનું સ્થાન જાણીને તેમાં **ર**કાર બીજસહિત વાયુનું સ્થાપન કરવું અને તે સ્થળે પણ પાંચ ઘડી સુધી ત્રણ નેત્રને ધારણ કરનારા, વરદાન આપનારા, બાલસૂર્યસમાન કાંતિવાળા, શરીર ઉપર ભસ્મને ધારણ કરનારા અને મહાપ્રસન્ન એવા રુદ્રદેવનું ધ્યાન કરવું, જેથી પુરુષને અગ્નિ બાળી શકતો નથી. પછી હૃદયથી આરંભીને ભ્રૂકુટીના મધ્યભાગપર્યંત વાયુનું સ્થાન જાણીને તે સ્થળે પણ **ય**કારબીજસહિત વાયુનું સ્થાપન કરવું અને પાંચ ઘડીસુધી રુદ્રદેવનું ધ્યાન કરવું, જેથી પુરુષ વાયુની પેઠે આકાશમાં ગતિ કરી શકે છે. તે પછી ભ્રૂકુટીના મધ્યભાગથી આરંભી

કરીને પગથી આરંભીને ઢીંચણ સુધીના પૃથ્વીના સ્થાનમાં ચિત્તનું જ્યારે સ્થાપન કરે છે, ત્યારે દોરડીમાં દેખાતા સર્પને સૂક્ષ્મદૃષ્ટિથી જોનારા પુરુષને કેવળ જેમ દોરડીજ દેખાય છે, તેમ તે પુરુષને માત્ર કંઈ ઝાકળના જેવુંજ દેખાય છે અને તે સમયે ઢીંચણથી નીચેનો ભાગ જાણે લુપ્ત થઈ ગયો હોયની અથવા ધૂમસમાં ગળક થઇ ગયો હોયની તેમ ભાસે છે. આનું નામજ પૃથ્વીનો વિજય કર્યો કહેવાય છે. આ રીતે પૃથ્વીનો વિજય સિદ્ધ થયા પછી ઢીંચણથી આરંભીને ગુદાપર્યંતના જળસ્થાનમાં ચિત્તનું સ્થાપન કરનારા પુરુષને તે ભાગ પણ જાણે અદૃશ્ય થયો હોય તેવો માત્ર ઝાકળના જેવોજ દેખાય છે અને તે સમયે ગુદાની ઉપરનુંજ અર્ધું શરીર તેના જોવામાં આવે છે. આનું નામ પૃથ્વીનો લય અને જળનો જય કર્યો કહેવાય છે.)[૧૭] આ પ્રમાણે દેહના સંગથી મુક્ત થયેલો યોગી પુરુષ પ્રથમ જે જે શરીરાવયવનું ધ્યાન કરે છે, તે તે કેવળ ધૂમસરૂપ થઇને અદૃશ્ય થાય છે અને તેને બીજા બીજા સ્વરૂપનું દર્શન થાય છે (અર્થાત શરીરમાં પૃથ્વીની ધારણા કરનારા યોગીને પૃથ્વીનું સ્વરૂપ, ધૂમસના જેવું થઈને અદૃશ્ય થયેલું જોવામાં આવે છે અને તુરતજ જળના સ્વરૂપનું દર્શન થાય છે.)[૧૮] યોગી જે સમયે પોતાના શરીરમાં જળના સ્વરૂપનું ધ્યાન કરે છે, ત્યારે જેમ આકાશમાં જળને ઉછળી રહેલું જુએ, તેમ પોતાના શરીરમાં જળનેજ ઉછળી રહેલું જુએ છે; પરંતુ ધારણા જ્યારે સ્થિર થાય છે, ત્યારે તે જળનું રૂપ અદૃશ્ય થાય છે અને અગ્નિનું રૂપ પ્રકાશે છે.[૧૯] પછી જ્યારે વાયુની ધારણા કરવામાં આવે છે, ત્યારે તે અગ્નિનું સ્વરૂપ અદૃશ્ય થાય છે અને પાણીદાર શસ્ત્રની પેઠે સર્વત્ર ગતિ કરનારો વાયુ પ્રકાશે છે. તે સમયે ધારણાનિષ્ઠ થયેલા યોગીનું પોતાનું સ્વરૂપ પણ આકાશમાં ઉડી રહેલા નિરાધાર ઉનના તાંતણાના જેવું દેખાય છે.[૨૦] તે પછી યોગરૂપી શુકલ (ઉજ્જ્વળ) ગતિનો આશ્રય કરીને જ્યારે આકાશની ધારણા કરવામાં આવે છે, ત્યારે વાયુનું સૂક્ષ્મ સ્વરૂપ પણ અદૃશ્ય થઈ જાય છે અને તે સમયે બ્રહ્મનિષ્ઠ એવા તે યોગી પુરુષના ચિત્તને કેવળ શ્યામસ્વરૂપ આકાશજ ભાસિત થાય છે.×[૨૧] એ પ્રમાણે પૃથ્વી આદિ ભૂતોનો વિજય કર્યા પછી તેઓનું ઐશ્વર્ય સંપાદન કરનારા યોગીને શું ફળ મળે છે, તે હું તને કહું છું સાંભળ. જે યોગીને પૃથ્વીતત્ત્વના વિજયને લીધે પૃથ્વીનું ઐશ્વર્ય પ્રાપ્ત થયું છે, તે યોગી પોતાની ઈચ્છામાં આવે તો નવી સૃષ્ટિને પણ ઉત્પન્ન કરી શકે છે;[૨૨] કેમકે તે યોગી પ્રજાપતિ બ્રહ્મદેવની પેઠે કદી ક્ષોભ પામતોનથી અને પોતાના શરીરમાંથી સર્વ પ્રજાઓને સરજી શકે છે; તેમજ જે યોગીએ વાયુનો વિજય કરીને વાયુનું ઐશ્વર્ય સંપાદન કર્યું છે, તે યોગી પોતે એકલો હોય છતાં માત્ર એક આંગળી, અંગુષ્ઠ, હાથ અથવા પગના દબાણથી આખી પૃથ્વીને કંપાવી શકે છે; કેમકે શ્રુતિ કહે છે કે, તે યોગીના શરીરમાં વાયુનું સર્વ સામર્થ્ય દાખલ થયું હોય છે; અને જે યોગીએ આકાશનો વિજય કરીને આકાશનું ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું હોય, તે યોગી આકાશના જેવોજ થઇને આકાશમાં પ્રકાશે છે અને પોતાની ઈચ્છામાં આવે તો

છેક મસ્તક સુધીના ભાગને આકાશનું સ્થાન જાણીને તેમાં **ह**કાર બીજસહિત વાયુનું સ્થાપન કરવું અને તે સ્થળે પણ પાંચ ઘડીસુધી શંકર દેવનું ધ્યાન કરવું, જેથી પુરુષ આકાશનો વિજય મેળવે છે.”આ પાંચ ધારણાઓમાં અનુક્રમે **ल**કાર, **व**કાર, **र**કાર, **य**કાર અને **ह**કાર–આ પાંચ બીજો મૂકવાનું કહ્યું છે; તેને બદલે **अ**કાર, **उ**કાર, **म**કાર, અર્ધમાત્રા, અને બિંદુ–એ પાંચને મૂક્યાં હોય તો વધારે સારૂં છઠ્ઠી અહંકારની ધારણા કરતી વખતે “હુંજ આ સર્વ જગતરૂપ છું.” આવું અભિમાન કરવું અને સાતમી અવ્યક્તની ધારણા કરતી વેળા કેવળ નાદનુંજ ધ્યાન કરવું, જેથી અંતે શુદ્ધ બ્રહ્મજ અવશેષ રહે છે.

×આ અધ્યાયમાં ૧૮થી૨૧ મા શ્લોકસુધીમાં જે કંઈ કહેવામાં આવ્યું છે, તેનો સારાંશ આ

અદૃશ્ય પણ થઇ શકે છે. વળી જે યોગીએ જળનો વિજય કરીને જળનું ઐશ્વર્ય સંપાદન કર્યું હોય છે, તે યોગી જો પોતાની ઇચ્છા થાય છે તો વાવ, કૂવા, તળાવ-વગેરે જળાશયોનું પણ પાન કરી જાય* છે.[૨૩,૨૪] તેમજ અગ્નિનો વિજય કરીને અગ્નિનું ઐશ્વર્ય સંપાદન કરનારા યોગી પુરુષનું સ્વરૂપ તેજને લીધે અદૃશ્ય થઈ પડે છે અને દૃશ્ય પણ રહે છે; પરંતુ અહંકારનો વિજય કરવાથી આ પાંચે મહાભૂતો વશવર્તી થઇ રહે છે.[૨૫] જે યોગીએ પૂર્વોક્ત છયે તત્ત્વોના આત્મારૂપ અવ્યક્તનો (બુદ્ધિનો અથવા મહત્તત્ત્વનો) વિજય કર્યો હોય છે, તે યોગી સર્વ પ્રકારના ઐશ્વર્યને મેળવી શકે છે, એટલુંજ નહિ પણ તેને સંશય-વિપર્યાસવિનાની સમગ્ર નિર્દોષ પ્રતિભા સ્ફુરે છે. (અર્થાત અવ્યક્તનો વિજય કરનાર યોગી સર્વનો ઈશ્વર અને સર્વને જાણનારો થાય છે.[૨૬] વળી તે અવ્યક્તજેતા યોગી, માયાને લીધે વ્યક્તરૂપ થયેલા આત્માને અવ્યક્ત અથવા પરબ્રહ્મસ્વરૂપ જાણે છે; કેમકે તેને એવા પ્રકારનુંજ જ્ઞાન થઇ જાય છે કે, વ્યક્તસંજ્ઞાને ધારણ કરનારો આ સમગ્ર લોક, કેવળ પરબ્રહ્મમાંથીજ પ્રકટ થાય છે અને તેથી કેવળ પરબ્રહ્મસ્વરૂપજ છે.[૨૭] હવે અવ્યક્તપ્રધાન એવી આત્મવિદ્યાનું હું તારી પાસે વિસ્તારથી વર્ણન કરૂં છું, તેનું તું શ્રવણ કરજે; પરંતુ તે પહેલાં સાંખ્યશાસ્ત્રમાં કહેલા વ્યક્ત પદાર્થોને તું મારી પાસેથી જાણી લે.[૨૮] યોગશાસ્ત્રમાં તથા સાંખ્યશાસ્ત્રમાં મૂળ પચીસ* તત્ત્વોનુંજ વર્ણન કરવામાં આવ્યું છે, જેથી (સ્થૂલદૃષ્ટિએ જોનારને) તે બન્ને શાસ્ત્રોમાં લગભગ સમાનતાજ જોવામાં આવે છે; તોપણ તેઓ બન્નેમાં જે વિશેષ રહેલો છે તે હું તને કહું છું, સાંભળ.[૨૯] જે પદાર્થ ઉત્પન્ન થાય છે, વૃદ્ધિ પામે છે, જીર્ણ થાય છે અને નાશ પામે છે, તેને 'વ્યક્ત' કહેવામાં આવે છે. તાત્પર્ય કે, વ્યક્ત પદાર્થને ઓળખાવનારાં આ ચાર લક્ષણો છે.[૩૦] પણ જે પદાર્થમાં એનાથી વિપરીત લક્ષણો જોવામાં આવે-અર્થાત જે પદાર્થ ઉત્પન્ન થતો

પ્રમાણે છેઃ—શરીરમાંના પગથી ઢીંચણસુધીના ભાગમાં પૃથ્વીની ધારણા કરવાથી અંતે ઢીંચણ સુધીનો ભાગ જાણે ઝાકળરૂપ થયો હોયની તેમ અંતર્ધાન થઇ જાય છે. પછી ઢીંચણથી આરંભીને ગુદાપર્યંતનાં ભાગમાં જળની ધારણા કરવાથી તે સ્થળે માત્ર જળજ દેખાય છે અને અંતે તે જળનો પણ લય થઇ જઇને ગુદાસુધીનો ભાગ પણ અદૃસ્ય થઇ જાય છે. આ રીતે પૃથ્વીનો તથા જળનો જય થયા પછી ગુદાથી હૃદયસુધીના ભાગમાં અગ્નિની ધારણા કરવી. આ ધારણા કરતી વખતે તે સ્થળે અગ્નિના સ્વરૂપનો પ્રકાશ થાય છે અને ધારણા કરનારા પુરુષનું હૃદયસુધીનું અંગ જાણે અગ્નિમય હોયની અથવા લાલ રંગના અંધકારમાં ડૂબી ગયું હોયની તેવું જણાય છે; પરંતુ અંતે ત્યાંથી અગ્નિનું સ્વરૂપ અંતર્ધાન થાય છે અને સાથે સાથે હૃદયસુધીનું અંગ પણ અદસ્ય થઇ જાય છે. તે પછી હૃદયથી આરંભીને ભ્રકુટીના મધ્યભાગ સુધીમાં વાયુની ધારણા કરવી. આ ધારણા કરતી વેળા ભ્રુકુટીના મધ્યભાગ સુધીમાં પાણીદાર શસ્ત્રની પેઠે સર્વત્ર ગતિ કરનારો વાયુજ જોવામાં આવે છે અને હૃદયથી ઉપરના ભાગનું યોગીનું શરીર પણ અદ્ધર લટકી રહેલા ઉનના તાંતણા જેવું જણાય છે. પછીથી તે સ્થળે વાયુનું સ્વરૂપ અદસ્ય થઇ જાય છે અને સાથે સાથે ભ્રકુટી સુધીનું અંગ પણ અંતર્ધાન થઇ જાય છે. એ પ્રમાણે વાયુનો તથા ભ્રકુટી સુધીના અંગનો તિરોભાવ થયા પછી યોગીએ મસ્તકથી શિખાપર્યંતના ભાગમાં આકાશની ધારણા કરવી. તે ધારણા કરતીવેળા યોગીના ચિત્તને શ્યામવર્ણું સૂક્ષ્મ આકાશજ ભાસિત થાય છે અને પછી ધારણા પકવ થાય છે, ત્યારે આકાશનો તથા મસ્તક, શિખા વગેરેનો પણ તિરોભાવ થઇ જાય છે. આ પાંચે ધારણાનું શું ફળ છે, તે હવે પછીના શ્લોકોમાં કહેવામાં આવ્યું છે.

*મહામુનિ અગસ્ત્યે, ધારણાશક્તિદ્વારા, જળનું ઐશ્વર્ય સંપાદન કરીનેજ સમુદ્રપાન કર્યું હતું.

* પુરુષ, પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, પાંચ જ્ઞાનેંદ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, મન, શબ્દતન્માત્રા, સ્પર્શતન્માત્રા, રૂપતન્માત્રા, રસતન્માત્રા, ગંધતન્માત્રા અને પાંચ મહાભૂતો-આ પચીસ તત્ત્વોનું સાંખ્યમાં તથા યોગમાં એકસરખુંજ વર્ણન છે.

નથી, વૃદ્ધિ પામતો નથી, જીર્ણ થતો નથી અને નાશ પણ પામતો નથી તેને 'અવ્યક્ત' કહેવામાં આવે છે. વેદોક્ત કર્મકાંડમાં તથા જ્ઞાનકાંડમાં બે આત્માઓનુંજ વર્ણન કરેલું છે. તેમાંનો એક જીવ છે અને બીજો ઈશ્વર છે.[૩૧] જીવાત્મા, પૂર્વોક્ત જન્માદિ ચાર લક્ષણવાળો હોઇને મહત્તત્ત્વ, અહંકાર, પાંચ તન્માત્રા, એકાદશ ઇંદ્રિયો અને પાંચ મહાભૂતો,એ સર્વ વિકારોને ધારણ કરે છે તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થોની ઈચ્છા રાખે છે; માટે તે વ્યક્ત કહેવાય છે અને માયાની ઉપાધિને ધારણ કરનારો જે આત્મા છે તે 'ઈશ્વર' કહેવાય છે. આ બન્ને–જીવ અને ઈશ્વર ચેતનરૂપ છે અને અચેતનરૂપ પણ છે. આ પ્રમાણે શ્રુતિએ પણ બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞ–એ બન્નેનું સ્વરૂપ દર્શાવ્યું છે.[૩૨]

વિષયમાં આસક્ત થયેલા પુરુષને વેદમાં વર્ણવેલા આ બન્ને આત્માઓ ભિન્ન ભિન્ન સ્વરૂપે જણાય છે, પરંતુ વસ્તુતઃ તેમ છેજ નહિ; કેમકે તારે જાણવું કે, ઉપનિષદોનું જ્ઞાન ધરાવનારા વિદ્વાનોનો એવો સિદ્ધાંત છે કે, સૃષ્ટિના સર્વ પદાર્થોનું, ઉત્પત્તિથી વિપરીતક્રમે પ્રવિલાપન કરતાં કરતાં એકજ વસ્તુ અવશેષ રહે છે અને તેજ 'પરબ્રહ્મ' કહેવાય છે.×[૩૩] જે યોગી પુરુષ જીવ અને ઈશ્વરના અભેદ ભાવને જાણીને જીવન્મુક્ત થયેલો હોય છે, તે સર્વ મમતાઓથી રહિત હોય છે, અહંકારથી મુક્ત હોય છે, સુખદુઃખાદિ દ્વંદ્વોથી રહિત હોય છે, સર્વ સંશયોનો ત્યાગ કરનારો હોય છે, કોઈના પર ક્રોધ કરતો નથી, કોઇનો દ્વેષ કરતો નથી, અસત્ય વાણી બોલતો નથી, કોઇએ નિંદા કરી હોય કે માર માર્યો હોય તોપણ તેના તરફ મિત્રભાવ રાખીને તેનું અશુભ કરતો નથી, મન, વચન કે કર્મથી પણ કોઈની હિંસા કરતો નથી, બ્રહ્મદેવ સુધીનાં સર્વ પ્રાણીઓ ઉપર સમદૃષ્ટિ રાખે છે, કોઇ વસ્તુની ઇચ્છા કરતો નથી કે અનિચ્છા કરતો નથી, માત્ર શરીરનિર્વાહપૂરતીજ વ્યવસ્થા કરે છે, લોલુપતાથી રહિત હોય છે, કોઇ જાતની પીડાથી મુક્ત હોય છે, દમગુણને ધારણ કરે છે, કૃતકૃત્ય હોય છે, તુચ્છ વેષને ધારણ કરે છે, ઇંદ્રિયો તથા મનને એકાગ્ર રાખનારો હોય છે, સત્ય સંકલ્પવાળો હોય છે, સર્વ પ્રાણીઓને એકસરખાંજ જુએ છે, સર્વના તરફ મિત્રતા રાખે છે, માટીના ઢેફાને, પથ્થરને તથા સુવર્ણને સમાનજ માને છે, પ્રિય તથા અપ્રિયને સમાનજ ગણે છે, ધૈર્યસંપન્ન હોય છે, પોતાની નિંદાને તથા સ્તુતિને સરખીજ ગણે છે, સર્વ વિષયોથી નિઃસ્પૃહ રહે છે, બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે અને કોઈપણ પ્રાણીની હિંસા કરતો નથી. આવો જીવન્મુક્ત પુરુષ સંસારના ફેરામાંથી છૂટી જાય છે.[૩૪–૩૯]

હવે, યોગશાસ્ત્રનો આશ્રય કરનારા યોગી લોકો જે કારણોથી મુક્ત થાય છે, તે વિષે હું તને કહું છું, સાંભળ. જે યોગી પુરુષ પોતાના યોગબળથી પ્રાપ્ત થયેલા અણિમાદિક ઐશ્વર્યનું પણ પરમ વૈરાગ્યને લીધે અતિક્રમણ કરે છે,(અર્થાત અણિમાદિક અષ્ટસિદ્ધિઓનો પણ અનાદર કરે છે) તે યોગી અજ્ઞાનના ઝપાટામાંથી નીકળી જાય છે અને મુક્ત થાય છે. (પણ અણિમાદિક ઐશ્વર્યનો જો આદર કરે છે તો અવશ્ય ફસાઈ પડે છે.)[૪૦] આ રીતે સાંખ્ય *અને યોગના

× અહીં કહેવાનો ભાવ એ છે કે, અજ્ઞાનથી મૂઢ થયેલા પુરુષોનેજ જીવ અને ઈશ્વરનો ભેદ તાત્ત્વિક જણાય છે; પરંતુ જ્ઞાની પુરુષોને તો તેઓનો અભેદજ જણાય છે; કેમકે ઈશ્વર એ બિંબ છે અને જીવ એ બુદ્ધિરૂપી દર્પણમાં દેખાતું ઈશ્વરનું પ્રતિબિંબ છે. આ બિંબ–પ્રતિબિંબ ભાવનો બુદ્ધિરૂપી ઉપાધિને દૂર કરતાંજ નાશ થાય છે અને કેવળ ચિદાત્મા અવશેષ રહે છે.

* સાંખ્ય એટલે કપિલનું સાંખ્ય નહિ પણ ઉપનિષદ શાસ્ત્ર લેવાનું છે. આ અધ્યાયમાં જે જે સ્થળે સાંખ્ય શબ્દ વાપર્યો છે, ત્યાં ત્યાં તેમજ સમજવાનું છે. ગીતામાં પણ

यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपिगम्यते ।
एकं सांख्यं च योगंच यः पश्यति स पश्यति॥

જ્ઞાનમાં જે કંઈ વિશેષતા રહેલી છે, તે કેવળ શાસ્ત્રવક્તાની વિવક્ષાને લીધેજ છે; પણ ખરૂં જોતાં તેઓ બન્નેનું ફળ તો એકજ છે. મેં પણ એ બન્ને શાસ્ત્રનું જ્ઞાન નિઃસંશયપણે તને કહ્યું છે, માટે એ જ્ઞાનને અનુસરીને પુરુષ, દ્વંદ્વભાવથી મુક્ત થાય છે અને પરબ્રહ્મને પામે છે.[૪૧]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "શુકદેવનો પ્રશ્ન" એ વિષયનો અધ્યાય
૨૩૬ મો સમાપ્ત.

અધ્યાય ૨૩૭ મો

વ્યાસશુકસંવાદ-મતમતાંતરનિરૂપણ

॥ व्यास उवाच ॥

अथ ज्ञानप्लवं धीरो गृहीत्वा शांतिमात्मनः ॥
उन्मज्जँश्च निमज्जँश्च ज्ञानमेवाभिसंश्रयेत् ॥१॥

વ્યાસે કહ્યું:–હે પુત્ર! સંસારસમુદ્રમાં ડૂબી રહેલા પુરુષે ધૈર્ય ધારણ કરીને જ્ઞાનરૂપી નૌકાનો સ્વીકાર કરવો અને પછી પોતાને શાંતિ આપનારા પરબ્રહ્મનોજ આશ્રય કરવો.[૧]

શુકદેવે પૂછ્યું:–"તમે જેનો આશ્રય કરવાનું કહો છો, તે જ્ઞાન કયું? અને વિદ્યા કયી? તેમજ પ્રવૃત્તિલક્ષણ ધર્મ કયો? અને નિવૃત્તિલક્ષણ ધર્મ કયો? તે મને કહો, કે જેનો આશ્રય કરીને મનુષ્ય જન્મમરણથી મુક્ત થાય ×છે."[૨]

વ્યાસે કહ્યું:–"જે મૂઢ પુરુષ, કોઇ પ્રકારના અધિષ્ઠાનનો સ્વીકાર કર્યા વિના કેવળ એમજ માને છે કે, 'આ જગત્પ્રવૃત્તિ માત્ર સ્વભાવનેલીધેજ થયા કરે છે' તે પુરુષ ઊહાપોહ કરવાની કુશળતાવિનાના મૂર્ખ મનુષ્યોનેજ તેવા પ્રકારનો બોધ આપીને રંજન કરી શકે છે અને તે પુરુષ, સત્ય વસ્તુતત્ત્વને પામીજ શકતો નથી. (અર્થાત આ સર્વ જગત કેવળ ભ્રાંતિરૂપ છે, પરંતુ તે ભ્રાંતિ કોઈ અધિષ્ઠાનવિના સંભવી શકે નહિ; માટે કોઈ અધિષ્ઠાનને નહિ માનનારા શૂન્યવાદીઓનો મત અત્યંત ત્યાગ કરવા યોગ્ય છે.)+ વળી જેઓ (ચાર્વાક મતવાળાઓ) એમજ

એ શ્લોક કહીને ભગવાને, વેદાંત અને યોગશાસ્ત્રનીજ એકતા સૂચવી છે.

×અહીં શુકદેવના પ્રશ્નનો આશય છે કે, જ્ઞાનનો આશ્રય કરવાનું તમે કહો છો. પણ તે જ્ઞાન કયું એ મારે જાણવું જોઇએ. શું તમે એમ કહેવા માગો છો કે, દોરડીમાં થયેલી સર્પની ભ્રાંતિને દૂર કરવાથી જેમ દોરડીનું સ્વરૂપ જણાય છે, તેમ માત્ર અવિદ્યાને દૂર કરવાથી વસ્તુતત્ત્વનું જ્ઞાન થાય છે, આવા પ્રકારની જે બુદ્ધિવૃત્તિ તેજ જ્ઞાન છે? અથવા શું તમે એમ કહો છો કે, જેમ એક કીડો ભ્રમરનું ધ્યાન કરીને ભ્રમરરૂપે બની જાય છે, તેમ ધ્યેય વસ્તુનું ધ્યાન કરવાથી તદ્રૂપ બની જવાય છે; અથવા તો શું તમે એમ કહો છો કે, બૌદ્ધ અને ચાર્વાકના મત પ્રમાણે કેવળ નિવૃત્તિધર્મનોજ આશ્રય કરવો?

+ ભગવાન વ્યાસે આ શ્લોકમાં, આત્માને નહિ માનનારા શૂન્યવાદીઓના મતનું ખંડન કર્યું છે. ટીકાકાર નીલકંઠ આ શ્લોકની ટીકા કરતાં કહે છે કે, મીમાંસકોનો એવો મત છે કે, શરીરમાં જે 'અહં" એવો અનુભવ થાય છે, તે અને તેનો પ્રકાશ–એ બન્ને આત્મા છે. તર્કશાસ્ત્રીઓનો એવો મત છે કે, 'અહં" એવો જે અનુભવ તેજ આત્મા છે. તેનો પ્રકાશ તો તેનો એક ગુણ છે અને તે કેવળ ત્રણ ક્ષણજ રહેનારો છે. સાંખ્ય આચાર્યો કહે છે કે, જેનો નિત્ય પ્રકાશ છે તેજ આત્મા છે, 'અહં" એવો અનુભવ તે આત્મા નથી!–એમાં પણ આત્માને તથા અનાત્માને સત્ય માનનારા ઘણા આચાર્યો છે. ચાર્વાક મતવાળા માને છે કે, અનાત્માજ સ્થિર છે. આત્મા તો દેહના નાશની સાથેજ નાશ પામે છે. વેદાંતીઓ કહે છે કે, આત્માજ સત્ય છે, અનાત્મા મિથ્યા છે; અને શૂન્યવાદીઓ (બૌદ્ધો) માને છે કે, આત્મા પણ નથી અને અનાત્મા પણ નથી. આ શૂન્યવાદીઓના મત પ્રમાણે આત્માનો જો અભાવ માનવામાં આવે તો જ્ઞાનતો કંઇ ઉપયોગજ ન રહે, એમ ધારીને આ શ્લોકમાં પ્રથમ અનાત્મવાદીઓનુંજ ખંડન કરેલું છે. શૂન્યવાદીઓ માને છે કે, આ જગત કેવળ ભ્રાંતિરૂપ છે અને ભ્રાંતિ કેવળ સ્વાભાવિકજ છે. વળી તેઓ પોતાના મતનો અનેક મૂર્ખ શિષ્યોને ઉપદેશ પણ આપે છે, પરંતુ તેવા દુરાગ્રહી મતમાંથી કોઇ તે-પ્રકારની સત્ય વસ્તુ મળી શકતી નથી અને તેઓનો મત પણ પાયાવિનાનોજ છે; કેમકે અધિષ્ઠાનવિના ભ્રાંતિ સંભવી શકેજ નહિ.

માને છે કે, કેવળ સ્વભાવમાંથીજ આ જગત ઉત્પન્ન થાય છે. તેઓ મુંજ નામના ઘાસને ચીરીને અંદર રહેલી સળીને શું મેળવી શકતા નથી? (અર્થાત ચાર્વાકનો મત એવો છે કે, માત્ર સ્વભાવથીજ દૂધમાંથી જેમ દહીં ઉત્પન્ન થાય છે, તેમ આ જગત ઉત્પન્ન થાય છે, ઈશ્વર વગેરે કંઇ છેજ નહિ; કેમકે જો ઈશ્વર હોય તો પ્રત્યક્ષ દેખાવો જોઈએ. આ પ્રત્યક્ષનેજ પ્રમાણ માનનારા ચાર્વાકને મુંજ ઘાસની અંદર રહેલી સળી પણ નજ દેખાવી જોઈએ; કેમકે તે પણ ઘાસને ચીર્યાવિના પ્રત્યક્ષ દેખાતી નથી; માટે આત્માના અદર્શનને લીધે એમજ માની બેસવું કે, આત્મા નથી, એ કેવળ મૂર્ખતા છે; તેમજ કોઈ એક વસ્તુ પ્રત્યક્ષ જોવામાં ન આવે તે ઉપરથી તેનો અભાવ કહી શકાય નહિ, કેમકે તેમ કહીશું તો મુંજની અંદર રહેલી સળીનો પણ અભાવજ કહેવો જોઈએ; માટે કેવળ પ્રત્યક્ષ પ્રમાણનેજ માનનારો ચાર્વાકનો મત સર્વથા ત્યાજ્ય છે.)[૩,૪] જે અલ્પબુદ્ધિવાળા પુરુષો, આ (નિરીશ્વરવાદ) પક્ષનો આશ્રય કરીને કેવળ સ્વભાવનેજ જગતનું કારણ માને છે,તેઓ કલ્યાણને પામી શકતા નથી.*[૫] મોહના કાર્યરૂપ મનથી ઉત્પન્ન થયેલો (અર્થાત મોહગ્રસ્ત થયેલા પુરુષોએ કેવળ મનથીજ કલ્પી કાઢેલો) આ સ્વભાવપક્ષ, મનુષ્યનો વિનાશકર્તાજ થઈ પડે છે. આ ×સ્વભાવ અને પરિભાવ-એ બન્નેનું તાત્ત્વિક સ્વરૂપ હું તને કહું છું, સાંભળ.[૬] આ જગતમાં બુદ્ધિમાન પુરુષો ખેતીવાડી વગેરે કર્મો કરીને ધાન્યને ઉત્પન્ન કરે છે,તેમજ વાહનો, આસનો અને ગૃહો વગેરે બનાવે છે. (અર્થાત જો સ્વભાવથી કે પરિભાવથીજ તે બધું બની જતું હોત તો પછી તેઓને પ્રયત્ન કરવાનું શું પ્રયોજન હતું ?)[૭] વળી જ્ઞાનીઓએ પ્રેરેલા બુદ્ધિમાનો બાગબગીચા,રહેવાનાં મંદિરો વગેરે તૈયાર કરે છે અને રોગોનો નિગ્રહ કરવા માટે ઔષધ વગેરેના ઉપચારો પણ કરે છે (તે પણ સ્વભાવવાદીઓના મત પ્રમાણે કેવળ વ્યર્થજ છે.)[૮] માટે સિદ્ધ થાય છે કે, બુદ્ધિજ મનુષ્યને સર્વ પદાર્થોનો સંયોગ કરી આપે છે, બુદ્ધિ હોય તોજ કલ્યાણ પ્રાપ્ત થાય છે અને બુદ્ધિને લીધેજ રાજાઓ સર્વસામાન્ય લક્ષણવાળા હોવા છતાં રાજ્યને ભોગવે છે.[૯] પ્રાણીમાત્રને ચિદાત્મા અને માયાનું જે જ્ઞાન થાય છે,તે પણ બુદ્ધિની વૃત્તિદ્વારાજ થઇ શકે છે; અને હે તાત! બુદ્ધિની વૃત્તિવડે ઉત્પન્ન થયેલાં પ્રાણીમાત્રનું લયસ્થાન પણ બુદ્ધિની વૃત્તિજ છે. આ જગતમાં અનેક પ્રકારનાં એવાં પણ સર્વ પ્રાણીઓનો જન્મ ચાર પ્રકારનો જાણવો. જેમકે,‡જરાયુજ,અંડજ,સ્વેદજ અને ઉદ્ભિજ્જ. (આ ચારે પ્રકારનાં પ્રાણીઓનું જ્ઞાન પણ બુદ્ધિથીજ થઇ શકે છે.)[૧૧] સર્વ પ્રાણીઓમાં સ્થાવરોના કરતાં જંગમ પ્રાણીઓ વધારે શ્રેષ્ઠ છે અને તે યોગ્યજ છે કે, જેનામાં ચેષ્ટા હોય, તે નિશ્ચેષ્ટના કરતાં ઉત્તમ છે.[૧૨] જંગમ પ્રાણીઓમાં પણ બેપગાં અને ચોપગાં–એવા બે ભેદો છે અને તેમાં પણ ચોપગાંના કરતાં બેપગાં વધારે શ્રેષ્ઠ છે.[૧૩] બેપગાં પ્રાણીઓમાં પણ બે ભેદ છે. એક પૃથ્વીપર વિચરનારાં અને બીજાં આકાશમાં વિચરનારાં. તેમાં આકાશમાં વિચરનારાં પ્રાણીઓ કરતાં પૃથ્વીપર વિચરનારાં પ્રાણી વધારે ઉત્તમ છે; કારણ કે તેઓ અન્નનું ભક્ષ-

---

* કહેવાનો ભાવ એ છે કે, ‘માત્ર શૂન્યમાંજ સ્વભાવને લીધે જગતની ભ્રાંતિ થાય છે.’ એ શૂન્યવાદીઓનો મત અને ‘ કેવળ સ્વભાવને લીધેજ દેહાદિકની ઉત્પત્તિ થાય છે ’ એ ચાર્વાકનો મત સર્વથા મિથ્યાજ છે.

× ટીકાકાર નીલકંઠ સ્વભાવ અને પરિભાવ-એ બન્ને શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે–**स्वस्य एव भावः-सत्ता-कारणं** અને **परितः स्वस्य इतरेषां च भावः कारणं**–અર્થાત શૂન્યવાદીમતે પોતાનું એટલે શૂન્યનુંજ કારણ અને ચાર્વાકમતે પોતાનું તથા અન્ય કોઇ વસ્તુનુંજ કારણ.

‡ મનુષ્ય, પશુ વગેરે જરાયુજ કહેવાય છે; પક્ષી, સર્પ વગેરે અંડજ કહેવાય છે; તૃણ, લતા, વનસ્પતિ વગેરે ઉદ્ભિજ્જ કહેવાય છે અને જૂ, લિખ વગેરે સ્વેદજ કહેવાય છે.

ણ કરે છે.[૧૪] પૃથ્વીપર વિચરનારાં બેપગાં પ્રાણીઓમાં પણ બે ભેદ છે, એક મધ્યમ અને બીજાં ઉત્તમ. તેમાં ÷ઉત્તમના કરતાં મધ્યમ વધારે શ્રેષ્ઠ છે; કેમકે તેઓ પોતાના જાતિધર્મને ધારણ કરી રાખે છે.[૧૫] મધ્યમમાં પણ બે ભેદ છે. એક ધર્મને જાણનાર અને બીજાં ધર્મને નહિ જાણનાર. તેમાં ધર્મને નહિ જાણનાર કરતાં ધર્મને જાણનાર વધારે શ્રેષ્ઠ છે; કેમકે તેઓ કાર્ય–અકાર્યને જાણી શકે છે.[૧૬] ધર્મને જાણનારાં પણ બે પ્રકારનાં છે. એક તો વેદને જાણનારાં અને બીજાં વેદને નહિ જાણનારાં. તેમાં વેદને નહિ જાણનારાં કરતાં વેદને જાણનારાં વધારે ઉત્તમ છે; કેમકે તેઓમાં વેદે નિવાસ કર્યો હોય છે.[૧૭] વેદને જાણનારાં પણ બે પ્રકારનાં છે. એક તો વેદનું પ્રવચન કરી જાણનારાં અને બીજાં માત્ર વેદને ભણી જાણનારાં. તેમાં માત્ર વેદને ભણી જાણનારાં કરતાં વેદનું પ્રવચન કરી જાણનારાં ઉત્તમ ગણાય છે; કેમકે તેઓ સર્વ પ્રકારના ધર્મોને ધારણ કરી રાખે છે.[૧૮] જેઓ વેદનું પ્રવચન કરી જાણે છે, તેઓજ વેદના સત્ય તત્ત્વને સમજી શકે છે; અને ધર્મ, ક્રિયા તથા ક્રિયાઓનાં ફળસહિત વેદો, કેવળ પ્રવચનકર્તાઓદ્વારાજ જગતમાં પ્રસિદ્ધ થયા છે.[૧૯] તે વેદનું પ્રવચન કરી જાણનારાઓમાં પણ બે ભેદ છે. એક આત્મજ્ઞ અને બીજો અનાત્મજ્ઞ. તેમાં અનાત્મજ્ઞ કરતાં આત્મજ્ઞ વધારે ઉત્તમ છે; કેમકે તેઓ જન્મમરણના સંબંધને જાણે છે.[૨૦] જે પુરુષ પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ ધર્મને જાણે છે તે સર્વજ્ઞ છે, સર્વવેત્તા છે, ત્યાગી છે, સત્યસંકલ્પ છે, સત્યસ્વરૂપ છે, પવિત્ર છે અને ઐશ્વર્યસંપન્ન છે.[૨૧] દેવતાઓ કહે છે કે, જે પુરુષ બ્રહ્મજ્ઞાન (નિવૃત્તિધર્મમાં) પરાયણ રહે છે તેજ ખરો બ્રાહ્મણ છે; અને બીજા કેટલાએક કહે છે કે, જે પુરુષ, બરાબર નિશ્ચય કરીને શબ્દબ્રહ્મમાં (વેદશાસ્ત્રમાં અથવા કર્મકાંડરૂપ પ્રવૃત્તિધર્મમાં) કુશલ થયેલો છે, તેજ ખરો બ્રાહ્મણ છે;[૨૨] પણ હે તાત ! મારો તો એજ મત છે કે, જે પુરુષો જ્ઞાનસંપન્ન થઈને સર્વની અંદર રહેલા અને બહાર રહેલા તથા યજ્ઞમાં અને દેવતાઓમાં પણ નિવાસ કરનારા પરબ્રહ્મનાં દર્શન કરે છે, તેઓજ ખરા બ્રાહ્મણ છે અને પ્રત્યક્ષ દેવસ્વરૂપ છે;×[૨૩] કેમકે તેવા બ્રહ્મનિષ્ઠ પુરુષોને આધારેજ આ સર્વ જગત ટકી રહ્યું છે અને તેઓના માહાત્મ્યના જેવું બીજું કંઇ પણ નથી.[૨૪] વળી તેવા બ્રહ્મનિષ્ઠ પુરુષો આદિ, અંત અને નાશ, સર્વ કર્મોનું ઉલ્લંઘન કરી ગયા હોય છે અને તેથીજ તેઓ ચાર પ્રકારના પ્રાણીસમુદાયના ઈશ્વર છે અને સ્વયંભૂરૂપ છે."[૨૫]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "શુકનો પ્રશ્ન" એ વિષયનો અ૦ ૨૩૭ મો સમાપ્ત.

અધ્યાય ૨૩૮ મો

વ્યાસશુકસંવાદ-સાંખ્યસિદ્ધાંત અને યુગધર્મ

॥ व्यास उवाच ॥

एषा पूर्वतरा वृत्तिर्ब्राह्मणस्य विधीयते ॥
ज्ञानवानेव कर्माणि कुर्वन् सर्वत्र सिद्ध्यति ॥१॥

વ્યાસે કહ્યું:–" હે પુત્ર! બ્રાહ્મણને માટે અતિ પ્રાચીન કાળથી ચાલી આવેલી આવા પ્રકારની વૃત્તિનુંજ શાસ્ત્રમાં વિધાન કરવામાં આવ્યું છે-અર્થાત બ્રાહ્મણે આવા પ્રકારની વૃત્તિ રાખવી તેજ યોગ્ય છે કે, તેણે જ્ઞાનસંપન્ન થઇનેજ સર્વ કર્મો કરવાં; કેમકે એ રીતે કર્મ કરનારો પુરુષ સર્વત્ર સિદ્ધિને પામે છે.[૧] તેમાં પણ કોઈ પ્રકારનું કર્મ કરતી વેળા "આ એક કર્મ નિત્ય હશે કે જ્ઞાનજનક હોઇને કામ્ય હશે" એવા પ્રકારનો જો સંશય ન થાય, તોજ તે કર્મ ઉત્તમ સિદ્ધિને આપે છે;[૨] પરંતુ તેવા પ્રકારનો જો સંશય થાય તો પછી કોઇએક પુરુષે, પરબ્રહ્મને ઉદ્દે-

---

÷ઉત્તમ એટલે સર્વનો ત્યાગ કરીને સંન્યાસી થઇ જનારા પુરુષો.

×અર્થાત આત્મજ્ઞાનવિનાના પુરુષો બ્રાહ્મણ હોય છતાં બ્રાહ્મણ નથી પણ અસુર છે.

શીને કરેલું જ્ઞાનજનક કર્મ પણ નિત્યવિધિરૂપજ ઠરે. આ વિષયમાં પ્રમાણ અને યુક્તિ એ બન્ને હેતુઓ દર્શાવીને હું તારી પાસે વર્ણન કરૂં છું, તું સાંભળ.[૩] કેટલાએક (મીમાંસક) આચાર્યો કહે છે કે, આ જન્મમાં કરેલો અથવા જન્માંતરમાં કરેલો પુરુષાર્થજ જગતના કોઈપણ કાર્યનું કારણ છે; કેટલાએક (દૈવજ્ઞ) આચાર્યો કહે છે કે, દૈવજ (શુભ-અશુભ ગ્રહો અથવા કાળ) કર્મનું કારણ છે; કેટલાએક સ્વભાવવાદી (શૂન્યવાદી બૌદ્ધ અથવા લૌકાયતિક કે ચાર્વાક) આચાર્યો કહે છે કે, સ્વભાવજ કર્મનું કારણ છે; કેટલાએક વિદ્વાનો કહે છે કે, પુરુષાર્થ અને દૈવ-એ બન્ને કર્મનું કારણ છે અને સ્વભાવને અનુસરીને તેઓ (દૈવ અને પુરુષાર્થ) કર્મનાં ફળને આપે છે; કેટલાએક વિદ્વાનો કહે છે કે, દૈવ, પુરુષાર્થ અને સ્વભાવ, એ ત્રણે મળીને એક કાર્યને ઉત્પન્ન કરે છે, પણ તે કાર્ય ઉત્પન્ન થતી વેળા તે ત્રણમાંથી કોઇ એકજ કારણનું પ્રાધાન્ય હોય છે; અને બીજા કેટલાએક મતવાદીઓ (સ્યાદ્વાદને પ્રધાન માનનારા જૈનો) કહે છે કે, ઘટાદિ પ્રત્યેક કાર્યના વિષયમાં આવી સાત ભંગીઓ હોય છેઃ-સ્વાંશ સત્તા,[૧] પરાંશ અભાવ,[૨] સ્વાંશસત્તા અને પરાંશનો અભાવ,[૩] સ્વાંશસત્તા અને પ્રત્યેક પદાર્થમાં રહેલા અનંત ધર્મોની દૃષ્ટિએ અમુક એકજ ધર્મ છે એમ કહેવું અશક્ય,[૪] પરાંશનો અભાવ અને અનંત ધર્મોની દૃષ્ટિએ અમુક એકજ ધર્મ છે એમ કહેવું અશક્ય,[૫] સ્વાંશસત્તા, પરાંશાભાવ અને અનંત ધર્મોની દૃષ્ટિએ અમુક એકજ ધર્મ છે, એમ કહેવું અશક્ય[૬] અને અનંત ધર્મોની દૃષ્ટિએ અમુક એકજ ધર્મ છે એમ કહેવું અશક્ય.[૭] આ સાત ભંગીઓ પ્રત્યેક કાર્યમાં રહેલી છે;* (અને પ્રત્યેક કાર્યની ઉત્પત્તિમાં જૈનોના મત પ્રમાણે કર્મ, કાળ, નિયતિ, સ્વભાવ અને પુરુષાર્થ-આ પાંચ કારણો હોય છે.) પરંતુ તત્ત્વજ્ઞાનમાં નિષ્ઠા રાખનારા બ્રહ્મવેત્તાઓ તો એમજ કહે છે કે, સર્વ કોઇ કાર્યમાં મુખ્ય કારણ કેવળ ×બ્રહ્મજ છે.[૪-૬]

ત્રેતા, દ્વાપર અને કલિયુગમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો, આ વૈદિક સિદ્ધાંતમાં સંશયવાળા હોય છે પરંતુ સત્યયુગમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો તપસ્વી હોય છે, અત્યંત શાંત હોય છે અને બ્રહ્મનિષ્ઠ હોય છે. (જેથી તેઓને વૈદિક મતમાં કંઇ સંશયજ થતો નથી.)[૭] સત્યયુગના સર્વ મનુષ્યો અભેદ દૃષ્ટિવાળા હોય છે; ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદને એકજ માનનારા હોય છે અને રાગદ્વેષનો ત્યાગ કરીને કેવળ જ્ઞાનનીજ ઉપાસના કર્યા કરે છે.[૮] જે પુરુષ જ્ઞાનરૂપી ધર્મથી યુક્ત હોય છે અને નિયમનિષ્ઠ રહીને નિત્ય જ્ઞાનનુંજ સેવન કર્યા કરે છે, તે પુરુષ પોતાના મનમાં જે જે કામનાઓની ઇચ્છા કરે છે, તે તે સર્વને તેદ્વારા સંપાદન કરે છે.[૯] જ્ઞાનદ્વારા

---

* પ્રત્યેક પદાર્થમાં સંબંધ ધરાવનારી જૈનોની સપ્તભંગીઓનું વિશેષ સ્પષ્ટીકરણ આ પ્રમાણે છેઃ—

જેમકે, ઘટની અંદર સ્વાંશસત્તાએ ઘટત્વ રહેલું છે પણ પરાંશ-પરત્વનો અભાવ છે; તેમજ શીતકાળમાં ઉત્પન્ન થયેલા એક ઘટની અંદર સ્વાંશ શીતકાળના ગુણોની સત્તા છે, પણ પરાંશ-ઉષ્ણકાળના ગુણોનો અભાવ છે. વળી તેના તેજ ઘટમાં સ્વાંશ-ઘટત્વની સત્તા છે; પરંતુ પ્રત્યેક પદાર્થમાં અનંત ધર્મો રહેલા છે. એ દૃષ્ટિએ તે ઘટમાં અમુક જાતનો એકજ ધર્મ રહેલો છે, એમ કહી શકાય તેમ નથી. વળી તે ઘટમાં પરાંશ-પરત્વનો અભાવ છે અને અનંત ધર્મની દૃષ્ટિએ અમુક એકજ ધર્મ છે એમ કહેવું અશક્ય છે; તેમજ જે ઘટ શીતકાળમાં ઉત્પન્ન થયો છે તેમાં સ્વાંશ-શીતકાળના ગુણોની સત્તા છે, પરાંશ-ઉષ્ણ કાળના ગુણોનો અભાવ છે અને અનંત ધર્મોની દૃષ્ટિએ અમુક એકજ ધર્મ છે એમ કહેવું અશક્ય છે અને કેવળ અનંત ધર્મની દૃષ્ટિએ પણ તે ઘટમાં કોઈ એકજ ધર્મનું નિરૂપણ કરવું અશક્ય છે.

× વ્યવહારદૃષ્ટિએ જોતાં જણાય છે કે, પૂર્વોક્ત સર્વ મતોમાં જે મત પુરુષાર્થ, દૈવ અને સ્વભાવ-એ ત્રણને પ્રત્યેક કાર્યનું કારણ માને છે તે સમુચ્ચય મતજ શ્રેષ્ઠ છે; પણ પરમાર્થદૃષ્ટિએ જોતાં એમજ સિદ્ધ થાય છે કે, છેલ્લો બ્રહ્મનિષ્ઠ પુરુષોનો મતજ સર્વોત્તમ છે

નીલકંઠ.

મનુષ્ય પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે, એટલુંજ નહિ પણ તેવો જ્ઞાની મનુષ્ય કેવળ બ્રહ્મસ્વરૂપ થઇને નૂતન જગતરચના પણ કરી શકે છે અને સર્વ પ્રાણીઓનો પ્રભુ થાય છે.૧૦ વેદદ્રષ્ટા વિદ્વાનો કહે છે કે, બ્રહ્મનું જ્ઞાન સંપાદન કરવું એ મહાગહન કાર્ય છે, તોપણ વેદોક્ત કર્મકાંડમાં બ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે અને ઉપનિષદ્ આદિ વેદાંતોમાં તો બ્રહ્મના સ્વરૂપનું સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં આવ્યું છે, જેથી ભાવનાત્મક યોગધર્મદ્વારા મનુષ્ય પરબ્રહ્મને પામી શકે છે.૧૧ ક્ષત્રિયો પશુઓની હિંસાવાળા યજ્ઞો કરીને બ્રહ્મનું ઉપાસન કરે છે, વૈશ્યો હવિષ્–પદાર્થોનો હોમ કરીને બ્રહ્મનું આરાધન કરે છે, શૂદ્રો ત્રણે વર્ણોની સેવા કરીને પરબ્રહ્મનું સેવન કરે છે અને બ્રાહ્મણો જપરૂપી યજ્ઞ કરીને પરમાત્માનું પૂજન કરે છે.૧૨ જે બ્રાહ્મણ પોતાનાં ધાર્મિક કાર્યોમાં એકનિષ્ઠ રહીને વેદનો સ્વાધ્યાય કર્યા કરે છે, તેજ ખરો બ્રાહ્મણ છે અને તેવો બ્રાહ્મણ,સર્વના તરફ મિત્રભાવ રાખીને વેદોક્ત કર્મ કરે અથવા તો ન કરે તોપણ તે બ્રહ્મસ્વરૂપજ કહેવાય છે.૧૩ પૂર્વે–ત્રેતાયુગના આરંભમાં વેદો, યજ્ઞો અને વર્ણાશ્રમો કેવળ અવિચ્છિન્ન રીતે સ્થિતિ કરી રહ્યા હતા; પરંતુ દ્વાપરયુગનો જ્યારે આરંભ થયો, ત્યારે સર્વ મનુષ્યોના આયુષની ક્ષીણતાને લીધે તેઓનો હ્રાસ થવા લાગ્યો.૧૪ પછી દ્વાપરયુગના મધ્યમાં તથા કલિયુગના આરંભમાં તે વેદાદિકનો નાશ થવા લાગ્યો અને કલિયુગના અંતમાં તો કોઇ કોઇ સ્થળેજ તેઓનાં દર્શન થશે અને કોઇ કોઈસ્થળે તેઓ જોવામાં પણ નહિ આવે.૧૫ આ કલિયુગમાં અધર્મથી ગ્રસ્ત થયેલા સર્વ વર્ણાશ્રમ ધર્મો, પ્રતિદિન નાશ પામતા જાય છે અને ગાયોના, પૃથ્વીના તથા ઔષધિઓના રસકસનો પણ ઉચ્છેદ થતો જાય છે;૧૬ એટલુંજ નહિ પણ વેદોનો, વેદધર્મોનો તથા સર્વ આશ્રમોનો અધર્મને લીધે તિરોભાવ થતો જાય છે અને સ્વધર્મમાં નિષ્ઠા રાખનારા દ્વિજાતિઓ પણ સ્થાવરજંગમ પ્રાણીઓનો વ્યાપાર કરે છે (યજ્ઞનાં ફળ વેચે છે અને પગાર લઇને વેદાધ્યયન કરાવે છે.)૧૭ જેમ વૃષ્ટિ, પૃથ્વીપર ઉત્પન્ન થનારાં પ્રાણીમાત્રને પુષ્ટ કરે છે, તેમ વેદો પણ પોતાનું અધ્યયન કરનારા પુરુષનાં પ્રત્યેક યૌગિક અંગોને યુગે યુગે પુષ્ટ કરે છે.૧૭ (અર્થાત વેદાધ્યયન કરનાર પુરુષનાં યમનિયમાદિ યૌગિક અંગો પુષ્ટ થતાં જાય છે.)૧૮ આ રીતની કાળની વિચિત્રતા, કે જે આદિ અને અંતવિનાની છે તથા સર્વ પ્રજાઓને ઉત્પન્ન કરી રહી છે અને સંહારી રહી છે, તે વિષે મેં તને પ્રથમજ કહ્યું છે.૧૯ ખરેખર, આ કાળજ પ્રાણીઓની ઉત્પત્તિ, પાલન તથા સંહારરૂપ છે; અને તેજ સર્વનો અતર્યામી છે, જેમાં સુખદુઃખાદિ દ્વંદ્વોના સંબંધવાળાં સર્વ પ્રાણીઓ બ્રહ્મભાવે સ્થિતિ કરી રહે છે.૨૦

હે તાત! જગતનો ઉત્પત્તિ, કાળ, ધારણા, વેદ, કર્તા, કાર્ય અને ક્રિયાનું ફળ–આ સર્વના સંબંધમાં તેં મને જે પ્રશ્ન પૂછયો હતો,તેનો મેં તને ઉત્તર આપ્યો છે.૨૧

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“શુકદેવનો પ્રશ્ન” એ વિષયનો
અધ્યાય ૨૩૮ મો સમાપ્ત.

અધ્યાય ૨૩૯ મો

વ્યાસશુકસંવાદ-આત્માનું સ્વરૂપ

॥ भीष्म उवाच ॥

इत्युक्तोऽभिप्रशस्यैतत् परमर्षेस्तु शासनम् ॥
मोक्षधर्मार्थसंयुक्तमिदं प्रष्टुं प्रचक्रमे ॥१॥

ભીષ્મે કહ્યું:–“હે યુધિષ્ઠિર! મહર્ષિ વ્યાસે એ પ્રમાણે ઉપદેશ આપ્યો, એટલે તેમના ઉપદેશની પ્રશંસા કરીને શુકદેવે, મોક્ષધર્મના અર્થસાથે સંબંધ ધરાવનારો આવો પ્રશ્ન પૂછવા માંડયો.”૧

શુકદેવે પૂછયું:–“જે પુરુષ બુદ્ધિમાન હોય, વેદકુશલ હોય, યજ્ઞશીલ હોય, જ્ઞાનસંપન્ન હોય અને અસૂયાથી રહિત હોય, તે પુરુષ પ્રત્યક્ષ અને અનુમાનથી નહિ જણાયલા તથા

વેદે પણ નહિ દર્શાવેલા પરબ્રહ્મને કેવી રીતે પામી શકે?[2] હું તમને પૂછું છું કે, તપશ્ચર્યા કરવાથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે? બ્રહ્મચર્ય પાળવાથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે? સર્વનો ત્યાગ કરી સંન્યાસી થઇ જવાથી બ્રહ્મને મેળવી શકાય છે? અથવા બુદ્ધિનો, સાંખ્યનો કે યોગનો આશ્રય કરવાથી પરબ્રહ્મને પામી શકાય છે?[3] વળી જે ઉપાયની યોજના કરવાથી પુરુષો મનની તથા ઇંદ્રિયોની એકાગ્રતા મેળવી શકે, તે ઉપાય પણ મને કહો."[4]

વ્યાસે કહ્યું:-હે પુત્ર! વિદ્યા અને તપનો આશ્રય કર્યાવિના, ઇંદ્રિયોનો નિગ્રહ કર્યા વિના અને સર્વનો ત્યાગ કર્યા વિના પુરુષ સિદ્ધિને મેળવી શકતો નથી.*[5] આ સર્વ મહાભૂતો, સ્વયંભૂ બ્રહ્મદેવની આદ્યસૃષ્ટિ છે અને તે સૃષ્ટિ સર્વ જીવસમુદાયના મધ્યમાં, જેઓ દેહાભિમાની છે તેઓને આત્મારૂપે જણાય છે. (અર્થાત મૂઢ જીવો, આ ભૌતિક સૃષ્ટિને આત્મસ્વરૂપે જુએ છે.)[6] પ્રાણીમાત્રનું શરીર પૃથ્વીમાંથી ઉત્પન્ન થાય છે અને તેમાં રસનો ભાગ જળમાંથી ઉત્પન્ન થાય છે, બે નેત્રો તેજમાંથી ઉત્પન્ન થાય છે, પ્રાણ, અપાન-વગેરે વાયુઓ વાયુમાંથી ઉત્પન્ન થાય છે અને પોલાણનો ભાગ આકાશમાંથી ઉત્પન્ન થાય છે.[7] વળી પ્રાણીની ચરણઇંદ્રિયનો અધિષ્ઠાયક દેવ વિષ્ણુ છે, હસ્તઇંદ્રિયનો અધિષ્ઠાયકદેવ ઇંદ્ર છે, જે ભોજન કરવાની ઇચ્છા કરે છે તે અગ્નિદેવ ઉદરના ભાગનો અધિષ્ઠાતા છે, બે કાનની અંદર રહેલી શ્રોત્ર ઇંદ્રિયની દેવતા દિશાઓ છે અને જીહ્વાસ્થાને રહેલી વાક્ઇંદ્રિયની દેવતા સરસ્વતી છે.[8] તેમજ કર્ણ, ત્વચા, ચક્ષુષ્, જીહ્વા અને પાંચમી નાસિકા-આ સર્વ જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે અને તે, સર્વ વિષયોને ગ્રહણ કરવા માટે શરીરનાં દ્વારોજ ગણાય છે.×[9] શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ-આ પાંચે, ઇંદ્રિયોના વિષયો છે અને તેઓ ઇંદ્રિયોથી સદાય ભિન્નજ છે, એમ સમજવું.[10] જેમ એક સારથિ ઘોડાઓને વશ રાખે છે, તેમ મન ઇંદ્રિયોને વશ રાખે છે અને પોતાની ઇચ્છાનુસાર વિષયો તરફ દોડાવે છે; તેમજ હૃદયનો આશ્રય કરી રહેલો ભૂતાત્મા-જીવ, મનને પોતાના વશમાં રાખીને તે તે ઇંદ્રિય તરફ દોડાવે છે.[11] મન, સર્વ ઇંદ્રિયોને વશ રાખવામાં તથા છૂટી મૂકી દેવામાં સમર્થ છે અને મનને સ્વાધીન રાખવામાં તથા છૂટું મૂકી દેવામાં બુદ્ધિરૂપ ઉપાધિવાળો જીવ સમર્થ છે-અર્થાત ઇંદ્રિયો મનને અધીન છે અને મન ભૂતાત્મા જીવને અધીન છે.[12] ઇંદ્રિયો, ઇંદ્રિયોના વિષયો, સ્વભાવ (શીત, ઉષ્ણ આદિ ધર્મ) ચેતના, (બુદ્ધિની વૃત્તિ) મન, પ્રાણ, અપાન અને જીવ-આ સર્વ પદાર્થો પ્રાણીઓની હૃદયગુહામાં સર્વદા નિવાસ કરી રહ્યા છે.[13] ÷બુદ્ધિનો આશ્રય દેહ થઈ શકે તેમ નથી. (કેમકે સ્વપ્નમાં દેખાતા દેહની પેઠે જાગ્રત અવસ્થામાં દેખાતો દેહ પણ કેવળ આભાસમાત્રજ છે) તેમજ ચેતના પણ બુદ્ધિનો આશ્રય થઇ શકે તેમ નથી; (કેમકે ચેતના સંગ અને વિકારથી રહિત છે.) માટે સિદ્ધ થાય છે કે, ત્રિગુણાત્મિકા મૂલપ્રકૃતિજ માત્ર શબ્દસ્વરૂપ એવી બુદ્ધિનો આશ્રય છે અને વાસના બુદ્ધિનેજ ઉત્પન્ન કરે છે પણ સત્વાદિ ત્રણ ગુણોને કદી ઉત્પન્ન કરી શકતી નથી.[14] એ પ્રમાણે પંચમહાભૂતાદિ સોળ વિકારોથી વીંટાયલા સત્તરમા આત્માને, પોતાના દેહની અં-

---

* આ શ્લોકમાં વિદ્યા, તપ, ઇન્દ્રિયનિગ્રહ અને સર્વનો ત્યાગ-એ ચાર પદાર્થો દર્શાવીને ચાર આશ્રમધર્મોનું સૂચન કર્યું છે; અર્થાત બ્રહ્મચર્યાશ્રમ પાળીને વિદ્યા મેળવવી, ગૃહસ્થાશ્રમ પાળીને વ્રતનિયમાદિ તપ કરવું, વાનપ્રસ્થાશ્રમ પાળીને ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો અને સંન્યાસાશ્રમ સ્વીકારીને સર્વનો ત્યાગ કરવો.

× આ નવમા શ્લોકનો તથા ઉપરના આઠમા શ્લોકનો આશય એ છે કે, શરીરમાં રહેલી ઇન્દ્રિયો અને તેના તેના દેવતાઓજ સર્વ પ્રકારનું કાર્ય કરે છે અને તેનું ફળ ભોગવે છે, જેથી આત્મા કર્તા નથી અને ભોક્તા પણ નથી.

÷ અર્થાત કર્મના ઉદયસમયે આ સર્વ પદાર્થો સ્વપ્નની પેઠે હૃદયગુહામાંથીજ પ્રકટ થાય છે.

દરજ રહેલો જાણીને બુદ્ધિમાન બ્રાહ્મણ, પોતાના મનદ્વારા બુદ્ધિની અંદરજ તેનાં દર્શન કરે છે.[૧૫] આ મહાન આત્માને ચક્ષુષ્ ઇંદ્રિયથી જોઈ શકાતો નથી અથવા બીજી કોઇ પણ ઇંદ્રિયથી તેનો સાક્ષાત્કાર થઈ શકતો નથી. માત્ર મનરૂપી ઉજ્જવળ દીવાથી તેનો સાક્ષાત્કાર થઈ શકે છે.[૧૬] વળી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને સર્વ ઇંદ્રિયોથી રહિત તથા સ્થૂલ, સૂક્ષ્મ અને કારણશરીરથી રહિત એવા આ નિર્વિકાર આત્માનાં શરીરની અંદરજ દર્શન કરવાં.[૧૭] જે પુરુષ મરણધર્મવાળા પ્રત્યેક દેહને આશ્રયે રહેલા અવ્યક્તરૂપ પરમાત્માનો, ગુરુનાં તથા વેદનાં વાક્યોનું શ્રવણ કરવાપૂર્વક સાક્ષાત્કાર કરે છે, તે પુરુષ મરણ પછી નિર્વિશેષ બ્રહ્મભાવને પામે છે;[૧૮] અને જે બુદ્ધિમાન પુરુષો સર્વત્ર બ્રહ્મનુંજ દર્શન કરી રહ્યા હોય છે, તેઓ વિદ્યાસંપન્ન અને કુલસંપન્ન એવા બ્રાહ્મણને, ગાયને, હાથીને, કૂતરાને તથા ચાંડાલને પણ એકસરખાજ જુએ છે;[૧૯] કેમકે (તેઓને એવું જ્ઞાન થયેલું હોય છે કે) સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓમાં સર્વના કરતાં મહાન એવો એકજ આત્મા વસી રહ્યો છે, કે જેનાવડે આ સમગ્ર જગત વ્યાપ્ત થઇ રહ્યું છે.[૨૦] પ્રાણીમાત્રના આત્મારૂપ બનેલો યોગી પુરુષ સંપ્રજ્ઞાત સમાધિમાં આરૂઢ થઇને જ્યારે જોઇ શકે છે કે, “હું એકલોજ સર્વ પ્રાણીઓમાં ઓતપ્રોત થઈ રહ્યો છુ” અને અસંપ્રજ્ઞાત સમાધિમાં આરૂઢ થઇને જ્યારે જોઇ શકે છે કે, ‘મારામાંજ આ સર્વ જગત ઓતપ્રોત થઈ રહ્યું છે,’ ત્યારે તે પુરુષ કેવળ બ્રહ્મસ્વરૂપજ થઈ રહે છે.[૨૧] જીવાત્માનું પ્રતિપાદન કરનારાં જેટલાં વેદવાક્યો છે, તે બધાં કેવળ પરમાત્માનુંજ પ્રતિપાદન કરે છે, આમ જે પુરુષ સતત જાણે છે (અર્થાત જે પુરુષને જીવાત્માનું તથા પરમાત્માનું અભેદજ્ઞાન ઉત્પન્ન થયેલું હોય છે) તે પુરુષ મોક્ષ મેળવવા સમર્થ થઈ શકે છે;[૨૨] એટલુંજ નહિ પણ આવા સર્વભૂતોના આત્મારૂપ થયેલા, આકાશની પેઠે સર્વવ્યાપક થયેલા, પ્રાણીમાત્રનું હિત કરનારા, દેવયાનમાર્ગ કે પિતૃયાન માર્ગથી રહિત થયેલા અને બ્રહ્મસ્વરૂપ થવાની ઇચ્છા રાખનારા જ્ઞાની પુરુષના માર્ગમાં દેવો પણ મોહાધીન બની જાય છે.*[૨૩] જેમ પક્ષીઓની ગતિ આકાશમાં જણાતી નથી અને માછલાંઓની ગતિ જળમાં દેખાતી નથી, તેમ જ્ઞાની પુરુષોની ગતિ પણ જોવામાં આવતી નથી.[૨૪] પ્રાણીમાત્રને કાળ પોતાનામાં પોતાનાસ્વરૂપે લય પમાડી દે છે; પરંતુ તે કાળ જેનામાં લય પામે છે, તેને કોઇ પણ જાણતો નથી. (અર્થાત જેનામાં કાળનોપણ લય થઈ જાય છે તેજ પરબ્રહ્મ છે.)[૨૫] જે પુરુષ મુક્ત થયેલો છે, તેને ઉપરના ભાગમાંજ બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે, એમ કંઈ નથી; અથવા આડોઅવળો કે ખૂણાખાંચામાંજ બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે, એમ પણ નથી; તેમ કેવળ મધ્ય ભાગમાંજ બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે, એમ પણ નથી. (અર્થાત મુક્ત પુરુષને તો સર્વત્ર કેવળ બ્રહ્મનાંજ દર્શન થાય છે.)[૨૬] વળી મુક્ત પુરુષના આત્મામાં આ સર્વ લોકોનો અંતર્ભાવ થઇગયો હોય છે, જેથી આ લોકમાંહેનું કોઈપણ બાહ્યસ્થાન તેને પ્રાપ્ત કરવા યોગ્ય રહેતું નથી. ધનુષની દોરીમાંથી છૂટેલા બાણની પેઠે કોઇએક પ્રાણી, અસ્ખલિત ગતિ કરવા માંડે અને તેનો વેગ મનના જેવોજ ઝડપદાર હોય તોપણ જગતના કારણભૂત એવા પરબ્રહ્મના અંતને તે પામી શકે નહિ. એ પરબ્રહ્મ, સૂક્ષ્મ પદાર્થના કરતાં પણ અતિશય સૂક્ષ્મ છે, સ્થૂલના કરતાં પણ અતિશય સ્થૂલ છે, સર્વ તરફ હાથપગવાળા છે, સર્વ તરફ નેત્ર, મસ્તક અને મુખવાળા છે, સર્વ તરફ કર્ણવાળા છે અને સર્વ પ્રદેશમાં

---

* અર્થાત ‘**न तस्य प्राणा उत्क्रामंत्यत्रैव समवनीयंते ब्रह्मैव सन् ब्रह्माप्येति**–” જ્ઞાની પુરુષના પ્રાણ ક્યાંય પણ બહાર જતા નથી; પરંતુ આત્મામાંજ એકીભાવને પામીને લીન થઇ જાય છે અને તે પુરુષ બ્રહ્મસ્વરૂપ થઇનેજ બ્રહ્મને પામે છે.” આ શ્રુતિવાક્યાનુસાર કેવળ બ્રહ્મસ્વરૂપ થયેલા જ્ઞાની પુરુષના માર્ગને (ગતિને) બિચારા દેવો ક્યાંથી જાણી શકે કે, આ પુરુષ દેવયાનમાર્ગે ગયો કે પિતૃયાત્ર માર્ગે ?

વ્યાપ્ત થઇને રહેલા છે.[૨૭-૨૯] એ અવિનાશી બ્રહ્મ સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ છે, મહાનથી પણ અતિમહાન છે અને પ્રાણીમાત્રમાં સ્થિતિ કરી રહ્યા છે; છતાં જોવામાં આવતા નથી.[૩૦] અક્ષર અને ક્ષર-એવા બન્ને પ્રકારો, કેવળ આત્માના જ છે. તેમાંના ક્ષર પ્રકારે સર્વ પ્રાણીઓમાં તે રહ્યો છે અને અક્ષર પ્રકારે દિવ્ય અને અમૃતસ્વરૂપ છે.[૩૧] સર્વ સ્થાવરજંગમ પ્રાણીઓનો નિયંતા, સર્વત્ર સ્થિર રહેનારો અને ઉપાધિના દોષોથી મુક્ત એવો પણ આત્મા, નવ દ્વારવાળા શરીરરૂપી નગરમાં દાખલ થઈને જ્યાં ત્યાં ×ગતિ કરી રહ્યો છે.[૩૨] તત્ત્વવેત્તાઓ કહે છે કે, આત્મા અજન્મા છે, તોપણ મહદાદિ નવ પદાર્થોસંબંધી ગતિ, સુખીત્વ, દુઃખીત્વ મનુષ્યત્વ, પક્ષીત્વ, અને વૃક્ષત્વ-વગેરેનો સ્વીકાર કરીને 'હંસ' (જીવ) કહેવાય છે.[૩૩] આ રીતે હંસ શબ્દથી કહેવાતા અક્ષરાત્મા જીવને કૂટસ્થ અને અવિનાશી સ્વરૂપે જાણનારો વિદ્વાન પુરુષ અંતે અક્ષરસ્વરૂપ તે પરમાત્માનો સાક્ષાત્કાર કરીને જન્મમરણથી મુક્ત થાય છે."[૩૪]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "શુકદેવનો પ્રશ્ન"એ વિષયનો અ૦૨૩૯ મો સમાપ્ત.

અધ્યાય ૨૪૦ મો

વ્યાસશુકસંવાદ—યોગદ્વારા મુક્તિ

॥ व्यास उवाच ॥

पृच्छतस्तव सत्पुत्र यथावदिह तत्त्वतः ।
सांख्यज्ञानेन संयुक्तं यदेतत् कीर्तितं मया ॥

વ્યાસે કહ્યું:-"હે સત્પુત્ર! તેં મને જે પ્રશ્ન પૂછયો હતો તેનો મેં સાંખ્યજ્ઞાનની સાથે યથાવત્ ઉત્તર આપ્યો છે;[૧] તો હવે સમગ્ર યોગકૃત્યનું હું તારી પાસે વર્ણન કરૂં છું, તેનું તું શ્રવણ કર. હે તાત! ઇંદ્રિયો અને મનને કેવળ બુદ્ધિસ્વરૂપ બનાવી દીધા પછી તે બુદ્ધિનો પણ જે નિરોધ કરવો તેને સર્વવ્યાપક એવા આત્માનું સર્વોત્તમ જ્ઞાન કહે છે. પુરુષે ચિત્તનો જય કરીને, બાહ્ય ઇંદ્રિયોને વશ કરીને, ધ્યાનાવસ્થામાં મગ્ન બનીને, આત્મા ઉપરજ પ્રીતિ રાખીને, શાસ્ત્રના તત્ત્વને જાણીને તથા યમનિયમાદિ પવિત્ર કર્મોમાં આસક્ત રહીને (ગુરુના મુખથી) તે આત્મજ્ઞાન જાણવું જોઇએ. વિદ્વાનો કહે છે કે, આ ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કર્યા પહેલાં કામ, ક્રોધ, લોભ, ભય અને નિદ્રા-આ પાંચે દોષોનો નાશ કરવો જોઈએ. તેમાંના ક્રોધને શાંતિથી જીતી શકાય છે, કામને સંકલ્પના ત્યાગથી જીતી શકાય છે, નિદ્રાને બુદ્ધિથી અર્થોનું પરિશીલન કરવાવડે જીતી શકાય છે અને શિશ્ન (ગુહ્ય ઇંદ્રિય) તથા ઉદરના વેગને ધીરજથી જીતી શકાય છે; તેમજ ધીર એવા યોગી પુરુષે ચક્ષુષનો ઉપયોગ કરીને પોતાના હાથપગનું (કંટકાદિકથી) રક્ષણ કરવું, ચક્ષુષ અને શ્રોત્રનું મનદ્વારા રક્ષણ કરવું, મન અને વાણીનું યજ્ઞાદિ કર્મો કરીને રક્ષણ કરવું, પ્રમાદના ત્યાગપૂર્વક ભયનો ત્યાગ કરવો અને જ્ઞાની પુરુષોનું સેવન કરીને દંભનો ત્યાગ કરવો. આ પ્રમાણે નિત્ય સાવધાન થઈને યોગમાં વિઘ્ન કરનારા દોષોનો જય કરવો, અગ્નિનું તથા બ્રાહ્મણોનું પૂજન કરવું અને દેવતાઓને પ્રણામ કરવા.[૮] વળી યોગમાર્ગનો આશ્રય કરનારા પુરુષે, હિંસાથી યુક્ત અને મનને વ્યગ્ર કરનારી કામપ્રધાન વાણી (વિષયવાસનાને જાગ્રત કરનારી વાણી) બોલવી નહિ. બ્રહ્મ એ કેવળ પ્રકાશમય છે, સર્વના બીજરૂપ છે અને આ સમગ્ર જગત એ બીજનોજ સાર છે;[૯] કેમકે જગતરૂપે પ્રકટ થયેલા એ બ્રહ્મના વિચારમાત્રથીજ આ સ્થાવરજંગમ ભૂતસમુદાય ઉત્પન્ન થયો છે;*

×અર્થાત્-આત્મા ગતિથી રહિત છે છતાં મહત્તત્ત્વ, અહંકાર, પાંચ તન્માત્રા, અવિદ્યા અને કર્મ-આ નવ પ્રકારનાં દ્વારવાળાં શરીરરૂપ નગરમાં દાખલ થઇને સંસારના ફેરામાં ફર્યા કરે છે.

*શ્રુતિ પણ એમજ કહે છે કે, 'स देव सौम्येदमग्र आसीत् तदैक्षत एकोऽहं बहु स्याम्' સૃષ્ટિની પૂર્વે કેવળ એક બ્રહ્મજ હતું. તે સમયે તેણે વિચાર કર્યો કે, હું એકજ છું માટે અનેક રૂપે થાઉં." આવો વિચાર થતાંજ જગત ઉત્પન્ન થયું.

માટે એ બ્રહ્મનું ધ્યાન કરવાથી, વેદનું અધ્યયન કરવાથી, દાન આપવાથી, સત્ય બોલવાથી, લજ્જા ધારણ કરવાથી, સરળતા રાખવાથી, ક્ષમા દાખવવાથી, પવિત્રતા જાળવવાથી, આચારશુદ્ધિ પાળવાથી અને ઇંદ્રિયોનો નિગ્રહ કરવાથી તેજની વૃદ્ધિ થાય છે અને પાપોનો નાશ થાય છે.[૧૦,૧૧] જે પુરુષ સર્વ પ્રાણીઓ ઉપર રાગદ્વેષથી રહિત થયેલો હોય છે અને દૈવેચ્છાએ પ્રાપ્ત થતા લાભથી સંતોષ રાખે છે, તે પુરુષના સર્વ મનોરથો સિદ્ધ થાય છે અને આત્મજ્ઞાનનો તેને લાભ થાય છે.[૧૨] પાપનો નાશ કરનાર, આહારનો નિયમ કરનાર અને ઇંદ્રિયોનો જય કરનાર તેજસ્વી પુરુષે, કામ તથા ક્રોધને વશ કર્યા પછીજ પ્રકૃતિને વશ કરવાની ઇચ્છા કરવી.[૧૩] યોગી પુરુષે, બરાબર સાવધાન થઈને મન તથા ઇંદ્રિયોનેજ પ્રથમ એકાગ્ર કરવી અને પછી રાત્રિના પૂર્વભાગમાં તથા ઉત્તરભાગમાં મનને બુદ્ધિની અંદર ધારણ કરવું. (અર્થાત સંકલ્પવિકલ્પાત્મક મનનો નિરોધ કરીને સમાધિનિષ્ઠ થવું.)[૧૪] પ્રત્યેક પાંચ ઇંદ્રિયવાળા પ્રાણીની તે તે ઇંદ્રિય, એક જાતનું છિદ્રજ કહેવાય છે, જેથી ઇંદ્રિયોનો નિરોધ નહિ કરનારા પુરુષની બુદ્ધિ, ચામડાની પખાલના છિદ્રમાંથી જેમ જળ વહી જાય છે, તેમ ઇંદ્રિયરૂપી છિદ્રદ્વારા વિષય તરફ વહી જાય છે. (માટે બુદ્ધિનો નિરોધ કરવા માટે પ્રથમ ઇંદ્રિયોનો નિગ્રહ કરવો તે આવશ્યક છે.)[૧૫] જેમ એક મચ્છીમાર, પોતાની જાળને કાપી શકે તેવાં માછલાંઓને પ્રથમ પકડી લે છે, તેમ યોગવેત્તા પુરુષે પણ પ્રથમ મનને વશ કરવું અને પછી શ્રોત્ર, ચક્ષુષ્, જીહ્વા તથા ઘ્રાણ–વગેરે ઇંદ્રિયોને વશ કરવી) અર્થાત મનના નિગ્રહપૂર્વકજ ઇંદ્રિયોનો નિગ્રહ કરવો.)[૧૬] યોગીએ પોતાની સર્વ ઇંદ્રિયોને વશ કરીને મનની અંદર સ્થાપવી અને સર્વ સંકલ્પોના ત્યાગપૂર્વક મનનો નિગ્રહ કરીને તેને બુદ્ધિની અંદર સ્થાપવું;[૧૩] પરંતુ ધ્યેયવસ્તુનું અનુસંધાન કર્યા પછીજ યોગીએ પોતાની પાંચે ઇંદ્રિયોને મનની અંદર સ્થિર કરવી અને પછી મનસહિત તે ઇંદ્રિયોને બુદ્ધિની અંદર સ્થિર કરવી.[૧૮] આ રીતે જ્યારે ઇંદ્રિયોનો નિરોધ કરવામાં આવે છે, ત્યારે તે ઇંદ્રિયો અને મન પોતાની મેળેજ લય પામી જઇને સંકલ્પથી ઉત્પન્ન થનારી મલિનતાનો ત્યાગ કરી દે છે અને તે સમયે નિર્ધૂમ અગ્નિની પેઠે પ્રદીપ્તકાંતિવાળો, સૂર્યસમાન તેજસ્વી અને આકાશમાં પ્રકાશતા વિજળીના અગ્નિ જેવો દેદીપ્યમાન બ્રહ્મસ્વરૂપ આત્મા બુદ્ધિસત્વમાં પ્રકાશે છે. એ આત્મા સર્વસ્વરૂપ છે અને સર્વવ્યાપક છે, જેથી સર્વત્ર દેખાય છે.[૧૯,૨૦] જે મહાત્મા બ્રાહ્મણો બુદ્ધિમાન હોય છે, ધૈર્યસંપન્ન હોય છે, મોટા જ્ઞાની હોય છે અને સર્વ પ્રાણીઓનું હિત કરવામાં આસક્ત હોય છે, તેઓજ એ આત્માનાં દર્શન કરી શકે છે.[૨૧] આ રીતે તીક્ષ્ણ નિયમો પાળીને તથા એકાંત પ્રદેશમાં એકલા બેસીને માત્ર છ માસપર્યંત યોગસાધના કરનારો યોગી પુરુષ, અક્ષર બ્રહ્મના સારૂપ્યને પામે છે;[૨૨] પરંતુ એ યોગમાર્ગમાં અનેક પ્રકારનાં વિઘ્નો ઉપસ્થિત થાય છે. જેવાંકે, કોઇ સમયે ચિત્તને મોહ થઇ જાય છે, કોઇ સમયે વૃત્તિનો વિક્ષેપ થઇ જાય છે, કોઇ સમયે ધ્યાનજ થઇ શકતું નથી, કોઇ વખતે યોગના બળથી દિવ્ય ગંધ, દિવ્ય શ્રવણ અને દિવ્ય પદાર્થોનું દર્શન થાય છે, કોઈ સમયે અદ્ભુત રસનો, અદ્ભુત સ્પર્શનો, અદ્ભુત શીતલતાનો તથા અદ્ભુત ઉષ્ણતાનો અનુભવ થાય છે, કોઇ સમયે પોતાની આકૃતિ વાયુના જેવી થઇ જાય છે, (જેથી આકાશગમન અને અદર્શનસિદ્ધિ પ્રાપ્ત થાય છે) કોઇ સમયે સમગ્ર શાસ્ત્રીય અર્થનું ભાન થાય છે અને કોઇ સમયે દિવ્ય સ્ત્રી વગેરેની પણ પ્રાપ્તિ થાય છે. આ સર્વ પદાર્થો પોતાના યોગબળથી પ્રાપ્ત થાય તોપણ તત્ત્વવેત્તા યોગીએ તેઓનો અનાદર કરવો અને પોતાની બુદ્ધિમાંજ તે સર્વનો ઉપસંહાર કરવો.[૨૩,૨૪] મનનશીલ યોગીએ પર્વતના શિખર ઉપર બાંધેલા મૂળવાળા વૃક્ષ પાસે અથવા હરકોઈ વૃક્ષની નીચે બેસીને પ્રાતઃકાળે, પૂર્વરાત્રિએ તથા પાછલી રાત્રિએ નિયમપૂર્વક યોગસાધના કરવી.[૨૫]

જેમ દ્રવ્યસંગ્રહ કરનારો પુરુષ નિત્ય દ્રવ્યનુંજ ચિંતન કરે છે, તેમ યોગીએ સર્વ ઇંદ્રિયોને વશ કરીને હૃદયકમળમાં એકાગ્રતાપૂર્વક આત્મવસ્તુનું ચિંતન કરવું અને યોગમાર્ગથી મનને ઉદ્વિગ્ન થવા દેવું નહિ.[૨૬] જે કોઈ ઉપાયથી પોતાના ચંચલ મનને વશ કરી શકાય, તે ઉપાયનું યોગીએ સેવન કરવું, પણ તે ઉપાયથી ચલાયમાન થવું નહિ.[૨૭] મનને એકાગ્ર કરી જાણનારા યોગી પુરુષે પર્વતની શૂન્ય ગુફાઓમાં, દેવતાઓનાં મંદિરોમાં અથવા શૂન્ય ગૃહોમાં નિવાસ કરવાનો પ્રયત્ન કરવો.[૨૮] વળી તેણે મન, વચન કે કર્મથી કોઇનો પણ સંગ કરવો નહિ, સર્વના તરફ ઉપેક્ષા રાખવી, નિયમપૂર્વક આહાર લેવો અને લાભ તથા હાનિ થતાં પણ સમભાવ રાખવો.[૨૯] કોઇ મનુષ્ય પોતાની પ્રશંસા કરે અથવા કોઈ મનુષ્ય પોતાની નિંદા કરે તો પ્રશંસા કરનારનું શુભ થાય, એવો વિચાર કરવો નહિ અને નિંદા કરનારનું અશુભ થાય, એવો પણ વિચાર કરવો નહિ.[૩૦] તેમજ લાભ થતાં હર્ષ પામવો નહિ, હાનિ થતાં કોઇ જાતનો વિચાર કરવો નહિ, સર્વ પ્રાણીઓ ઉપર સમદૃષ્ટિ રાખવી અને વાયુની પેઠે નિર્લેપ રહેવું.[૩૧] આ રીતે છ માસપર્યંત યોગસાધના કરીને સ્વસ્થચિત્ત થયેલા અને સર્વત્ર સમદૃષ્ટિ રાખનારા સાધુપુરુષને ૐકારરૂપ શબ્દબ્રહ્મનો સંપૂર્ણ સાક્ષાત્કાર થાય છે.[૩૨] જગતની સર્વ પ્રજાઓને ધનાદિક માટે દુઃખી થતી જોઇ, વિરક્ત પુરુષે સુવર્ણને, માટીનાં ઢેફાંને તથા પથ્થરને સમાન ગણીને ધનાદિકના ઉપાર્જનથી વિરામ પામવું અને મોહનો ત્યાગ કરવો.[૩૩] (ધર્મની ઇચ્છા રાખનારો) પુરુષ ભલે પછી શૂદ્રજાતિનો હોય અને ધર્મની ઇચ્છા રાખનારી કોઇ સ્ત્રી હોય તોપણ આ યોગમાર્ગનો આશ્રય કરીને તેઓ પરમ ગતિને પામી શકે છે.×[૩૪] મનને વશ કરનારો યોગીપુરુષ, નિશ્ચલ એવી ઇંદ્રિયોથી યુક્ત એવા જે સ્વરૂપનો પોતાની બુદ્ધિમાં સાક્ષાત્કાર કરે છે, તેજ સ્વરૂપ જન્મહીન છે. પૂર્વકાળમાં પણ નવુંજ છે, સર્વ વિકારોથી રહિત છે, સદાકાળ એકરૂપ છે, સૂક્ષ્મના કરતાં પણ સૂક્ષ્મ છે, મહાનના કરતાં પણ મહાન છે અને બુદ્ધિરૂપ ઉપાધિથી મુક્ત છે.”[૩૫]

(ભીષ્મે કહ્યું:–) મહાત્મા મહર્ષિએ કહેલા આ વચનને શબ્દાર્થપૂર્વક સારી રીતે જાણીને તથા મનથી તેનો વિચાર કરીને બુદ્ધિમાન પુરુષો, શાસ્ત્રપ્રસિદ્ધ એવી બ્રહ્મદેવની સમાનતાને પામે છે અને સૃષ્ટિના મહાપ્રલયપર્યંત બ્રહ્મલોકમાં નિવાસ કરીને અંતે બ્રહ્મદેવની સાથેજ મુક્ત થાય છે.

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “શુકદેવનો પ્રશ્ન” એ વિષયનો અ૦ ૨૪૦ મો સમાપ્ત.

અધ્યાય ૨૪૧ મો

વ્યાસશુકસંવાદ-કર્મ અને જ્ઞાનનું ફળ

॥ शुक उवाच ॥

यदिदं वेदवचनं कुरु कर्म त्यजेति च ॥
कां दिशं विद्यया यांति कां च गच्छंति कर्मणा।

શુકદેવે પૂછ્યું:–“ હે પિતા ! વેદમાં “ તું કર્મ કર” એમ કહેવામાં આવ્યું છે અને વળી “તું કર્મનો ત્યાગ કર ” એમ પણ કહેવામાં આવ્યું છે; તો કર્મનો ત્યાગ કરી કેવળ જ્ઞાનનોજ આશ્રય કરનારા પુરુષો કેવી ગતિને પામે છે, તેમજ કેવળ કર્મનોજ આશ્રય કરનારા પુરુષો કેવી ગતિને પામે છે ? એ સાંભળવાની મને ઇચ્છા છે માટે તે મને કહો; કેમકે એ બંને માર્ગો પરસ્પર વિષમ અને પ્રતિકૂલ જણાય છે.”[૧,૨]

ભીષ્મે કહ્યું:–હે યુધિષ્ઠિર ! પોતાના પુત્રે એ પ્રમાણે પૂછ્યું, એટલે પરાશરના પુત્ર વેદવ્યાસે તેનો આ પ્રમાણે ઉત્તર આપ્યો.”

“આ જગતમાં કર્મ અને જ્ઞાન નામના બે માર્ગો છે, તેમાંનો કર્મમાર્ગ નાશવંત છે અને જ્ઞાનમાર્ગ અવિનાશી છે. હે પુત્ર ! કર્મનો

×અર્થાત્–‘**तत्त्वमसि**’ આદિ વૈદિક વાકયોના અર્થ વિચારરૂપ સાંખ્યશાસ્ત્રમાં (વેદાંતમાં) ત્રણ વર્ણોનેજ અધિકાર છે; પણ મનનો નિરોધ કરવારૂપ આ યોગમાર્ગમાં સ્ત્રીશૂદ્રાદિ સર્વ કોઇને અધિકાર છે.
નીલકંઠ

ત્યાગ કરી કેવળ જ્ઞાનનોજ આશ્રય કરનારા પુરુષો કેવી ગતિને પામે છે અને કેવળ કર્મમાર્ગનોજ આશ્રય કરનારા પુરુષો કેવી ગતિને પામે છે? એ વિષે હું તને કહું છું. તું એકચિત્ત થઇને સાંભળ. કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગવચ્ચે આકાશના જેવું મહાવિશાળ અંતર રહેલું છે.[૩,૪] ધર્મનું અસ્તિત્ત્વ છે, છતાં કોઇએક નાસ્તિક પુરુષ કહે કે, 'ધર્મ નથી.' એ ઉપરથી એક આસ્તિક પક્ષને જેટલું દુઃખ ઉત્પન્ન થાય, તેટલુંજ દુઃખ તારા આ પ્રશ્ન ઉપરથી મને ઉત્પન્ન થાય છે.[૫] જેમાં વેદ પ્રતિષ્ઠા પામ્યા છે એવા બે માર્ગ છે. એક પ્રવૃત્તિલક્ષણ માર્ગ અને બીજો સારી રીતે કહેવાયલો નિવૃત્તિલક્ષણ માર્ગ.[૬] કર્મ કરવાથી પ્રાણી સંસારમાં બંધાય છે અને જ્ઞાનનું સેવન કરવાથી સંસારથી મુક્ત થાય છે, માટેજ તત્ત્વદ્રષ્ટા યોગી પુરુષો કર્મ કરતા નથી[૭]* કર્મ કરવાથી સોળ તત્ત્વોરૂપ આ શરીર મરણ પછી પુનઃ પુનઃ પ્રાપ્ત થાય છે, પણ જ્ઞાનનો આશ્રય કરવાથી નિત્ય અને દ્વૈતભાવથી રહિત એવી તત્ત્વવસ્તુનો સાક્ષાત્કાર થાય છે.[૮] કેટલાએક અલ્પબુદ્ધિવાળા પુરુષો, કર્મનીજ પ્રશંસા કરે છે અને તે તે કર્મોદ્વારા સ્ત્રીપુત્રાદિને રંજન કરીને સેંકડો શરીરોને પામ્યા કરે છે–અર્થાત્ જન્મમરણના ફેરામાં ફર્યા કરે છે.[૯] જે પુરુષો જ્ઞાનરૂપી પરાબુદ્ધિને પામી ચૂકયા છે અને ધર્મના તાત્ત્વિક સ્વરૂપને જોઇ શકયા છે તેઓ, નદીનું જળપાન કરનારો પુરુષ જેમ કૂવાની પ્રશંસા કરતો નથી, તેમ કર્મની પ્રશંસા કરતા નથી[૧૦] પુરુષ, કર્મનું આચરણ કરીને સુખદુઃખ કે જન્મમરણરૂપ ફળને પ્રાપ્ત કરે છે; પણ જ્ઞાનનું સેવન કરીને મનુષ્ય એવા ઉત્તમ સ્થાનને પ્રાપ્ત કરે છે કે જ્યાં જઇને કદી શોકાકુલજ થતો નથી.[૧૧] વળી જ્યાં ગયા પછી મરણ થતું નથી, જન્મ થતો નથી, પુનર્જન્મ રહેતો નથી અને પુનરાવૃત્તિ પણ થતી નથી;[૧૨] કેમકે તે પરબ્રહ્મ અવ્યકત છે, અચલ છે કૂટસ્થ છે, અવિસ્પષ્ટ છે, પરિશ્રમવિના પ્રાપ્ય છે, અહંકારથી ભિન્ન છે અને દ્વૈતભાવથી રહિત છે. (જેથી તેને પામેલો પણ તેજ સ્થિતિને પામે છે.)[૧૩] આ બ્રહ્મસારૂપ્યને પામેલા પુરુષો સુખદુઃખાદિ દ્વંદ્વોથી પીડા પામતા નથી, માનસિક સંકલ્પોમાં સપડાતા નથી, પ્રાણીમાત્રપર સમભાવ રાખે છે, સર્વના તરફ મિત્રભાવે વર્તે છે અને સર્વ કોઇનું હિત કરવામાં આસકત રહે છે.[૧૪] હે તાત! કેવળ જ્ઞાનમય બની ગયેલા પુરુષનું સ્વરૂપ કંઇક જૂદુંજ હોય છે અને કેવળ કર્મમય બની ગયેલા પુરુષનું સ્વરૂપ પણ જૂદુંજ હોય છે. તારે જાણવું કે, કર્મમય બની ગયેલા પુરુષોનું ઐશ્વર્ય, અમાવાસ્યાને દિવસે સૂક્ષ્મ કલાથી અવશેષ રહેલા ચંદ્રમાના જેવું છે.[૧૫] આ વાતનું ઋષિ–વેદે વિસ્તારથી વર્ણન‡ કરેલું છે. વળી આકાશમાં ઉગેલા, સૂતરના વકતંતુના જેવા દેખાતા પ્રતિપદાના ચંદ્રને જોઇને પણ કર્મમય થયેલા પુરુષોની સ્થિતિનું અનુમાન કરી શકાય છે. (અર્થાત જેમ કર્મ કરવાને ઉદય પામેલો પ્રતિપદાનો ચંદ્ર પ્રતિદિન એક એક કલાથી વૃદ્ધિ પામીને અંતે માત્ર એકજ કલાથી અવશેષ રહે છે, તેમ સંસારમાં આવીને કર્મ કરવા તત્પર થયેલો પુરુષ પણ વૃદ્ધિક્ષયને પામીને અંતે સંસારમાંજ આવી પડે છે.)[૧૬] હે તાત ! અગીઆર ઇંદ્રિયોરૂપી વિકારવાળો અને કર્મરૂપ કળાઓના ભારથી ભરપૂર થયેલો આ મૂર્તિમાન દેહ, કેવળ ત્રિગુણાત્મક કર્મનાંજ ફળરૂપે છે, એમ તારે જાણવું;[૧૭] અને તે દેહમાં કમળના પત્રની અંદર રહેલા જળબિંદુની પેઠે નિર્લેપ અવસ્થાએ રહેલો જે ચૈતન્યપ્રકાશ છે, તેનેજ તારે ક્ષેત્રજ્ઞ જાણવો, જે ક્ષેત્રજ્ઞ યોગમાર્ગદ્વારા ચિત્તનો જય કરી શકે છે![૧૮] તારે જાણવું કે, તમોગુણ, રજોગુણ અને સત્વગુણ એ ત્રણજ જીવના (જ્ઞાનેંદ્રિયસહિત બુદ્ધિપદાર્થના–વિજ્ઞાનમય કોશના) ગુણરૂપ છે. (અર્થાત ત્રણ ગુણો-

---

* યોગી પુરુષો કર્મ કરતા નથી. અર્થાત્ જ્ઞાની પુરુષો કોઇ જાતનું કામ્ય કર્મ કરતા નથી, પણ નિત્યકર્મ તો કરેજ છે.

‡ અર્થાત્ ઋષિ યાજ્ઞવલ્કયે, પોતાના બૃહદારણ્યક ઉપનિષદ્‌માં આ વિષયનું વિસ્તારપૂર્વક વર્ણન કરેલું છે.

જ કર્તૃત્વાદિ ધર્મને ધારણ કરનારા છે, આત્મા તો તે ધર્મથી મુકતજ છે.) જીવ આત્માના ગુણવાળો છે (અર્થાત ચૈતન્યયુકત છે) અને તે ચૈતન્યજ પરમાત્માના જ્ઞાન, ઐશ્વર્ય વગેરે ગુણોથી યુકત છે.×[૧૯] શરીરપદાર્થનું જ્ઞાન ધરાવનારા વિદ્વાનો કહે છે કે, પ્રાણીમાત્રનું શરીર જીવના ચૈતન્યગુણથી યુકત થયેલું છે, જેથી જણાય છે કે, શરીર ચેષ્ટા કરે છે; પણ વસ્તુતઃ તેમ નથી. દેહ તો કેવળ જડ છે અને તેમાં રહેલો જીવજ સર્વને ચેષ્ટાવાળાં કરે છે તથા જીવાડે છે. આ જીવના કરતાં પણ જે શ્રેષ્ઠ છે તેજ પરમાત્મા છે, જેણે સાતે ભુવનોની રચના કરી છે."[૨૦]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "શુકદેવનો પ્રશ્ન" એ વિષયનો અધ્યાય
૨૪૧ મો સમાપ્ત.

અધ્યાય ૨૪૨ મો

વ્યાસશુકસંવાદ–બ્રહ્મચારીના ધર્મ

॥ શુક ઉવાચ ॥

क्षरात्प्रभृति यः सर्गः सगुणानीन्द्रियाणि च।।
बुद्धैश्वर्यातिसर्गोऽयं प्रधानश्चात्मनः श्रुतम्।।१।।

શુકદેવે પૂછ્યું:–"હે પિતા ! પ્રકૃતિથી આરંભીને છેક મહાભૂતપર્યંતની ચોવીસ તત્ત્વમય જે સૃષ્ટિ તે ઈશ્વરની સૃષ્ટિ છે અને તે સૃષ્ટિ બંધનહેતુક નહિ હોવાને લીધે સાધારણ ગણાય છે; પણ વિષયો, ઇંદ્રિયો અને બુદ્ધિના સામર્થ્યથી ઉત્પન્ન થયેલી જીવની સૃષ્ટિ, અસાધારણ ગણાય છે; કેમકે તે સૃષ્ટિ બંધનનું કારણ થઈ પડે છે. આ વાત તમારી પાસેથી મેં સાંભળી.[૧] તોપણ હું સાંભળવા ઇચ્છું છું કે, આ જગતમાં સત્પુરુષોનો આચાર તે તે સમયને અનુસરીને કેવો હોય છે ?[૨] વળી વેદમાં કહેવામાં આવેલાં 'તું કર્મ કર અને કર્મનો ત્યાગ કર' આવાં વિરુદ્ધ વચનોની પરસ્પર સંગતિને હું કેવી રીતે જાણી શકું? માટે તેનું પણ તમે વ્યાખ્યાન કરો.[૩] હું, તમારા જેવા ગુરુના ઉપદેશથી પવિત્ર થઇને લોકરીતિના તત્ત્વને જાણીશ, મારી બુદ્ધિને સંસ્કારવાળી કરીશ અને દેહાભિમાનનો ત્યાગ કરીને અવિનાશી આત્માનાં દર્શન કરીશ."[૪]

વ્યાસે કહ્યું:–"બ્રહ્મદેવે પોતે પ્રથમથી જે આચારનું વિધાન કર્યું છે, તેજ આચારને અતિ પ્રાચીનકાળના શ્રેષ્ઠ મહર્ષિઓએ પોતાના વર્તનમાં મૂકયો છે અને તે મહર્ષિઓએ યાવજ્જીવન બ્રહ્મચર્યવ્રત પાળીને દિવ્ય લોકોને જીત્યા છે; માટે પોતાનું કલ્યાણ કરવા ઇચ્છનારા પુરુષે પ્રથમ બ્રહ્મચર્ય વ્રત પાળવું, પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરીને યજ્ઞયાગ કરવા અને પછી વનમાં નિવાસ કરી ફળ–મૂળનો આહાર કરવો, મહાપ્રચંડ તપશ્ચર્યા કરવી, પવિત્ર સ્થાનોમાં વિચરવું અને કોઈપણ પ્રાણીની હિંસા કરવી નહિ.[૫–૭] આ રીતે વાનપ્રસ્થાશ્રમ પાળ્યા પછી સંન્યાસી થઇને ધૂમાડાથી રહિત થયેલા અને મુસલનો શબ્દ જ્યાં ન સંભળાતો હોય, તેવા ઘેરથી યોગ્ય સમયે ભિક્ષા લાવવી અને તેનાપર પોતાનો નિર્વાહ કરવો, જેથી પુરુષ બ્રહ્મભાવને પામી શકે છે.[૮] હે પુત્ર! તું પણ સ્તુતિ, નમસ્કાર, શુભ અને અશુભનો ત્યાગ કરીને અરણ્યમાં એકલો વિચર અને જે કંઇ મળી આવે તેનું ભોજન કરીને તૃપ્ત રહે."[૯]

શુકદેવે પૂછ્યું:–"(તમે કહો છો તે તો યોગ્ય છે; પણ) લોકો કહે છે કે, "કર્મ કરવાં અને ન કરવાં" એ વેદવાકયો પરસ્પર વિરુદ્ધ છે, તેનું કેમ? આ બન્ને વાકયો પ્રમાણ હોય કે અપ્રમાણ હોય, પણ પરસ્પર વિરુદ્ધ હોવાને લીધે તેઓને શાસ્ત્રતરીકે કેમ કહી શકાય ?[૧૦] અથવા તેઓ બન્નેને પ્રમાણતરીકે કેમ માની શકાય ? વળી કર્મોનો વિરોધ કર્યાવિના મોક્ષપ્રાપ્તિ કેવી રીતે થઇ શકે? એ સાંભળવાની મને ઇચ્છા છે."[૧૧]

ભીષ્મે કહ્યું:–'હે યુધિષ્ઠિર ! પોતાના પુત્રે એ પ્રમાણે કહ્યું, એટલે ગંધવતીના પુત્ર વ્યાસ ઋષિએ મહાતેજસ્વી એવા પોતાના પુત્રના વાક્યની પ્રશંસા કરીને તેને આ પ્રમાણે કહ્યું.'[૧૨]

× કહેવાનો આશય એ છે કે, પોતાનામાં કેવળ મિથ્યાસ્વરૂપે જણાતા અચૈતન્યાંશનો ત્યાગ કરીને જીવાત્મા, પરમાત્મા થઇ શકે છે.

વ્યાસે કહ્યું:–“બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ કે સંન્યાસી એ સર્વ આશ્રમીઓ, પોતપોતાના આશ્રમધર્મનું જો પાલન કરે છે તો પરમ ગતિને પામી શકે છે;[૧૩] તેમજ કોઇએકજ પુરુષ રાગ-દ્વેષનો ત્યાગ કરીને તથા શાસ્ત્રવિધિને અનુસરીને આ ચારે આશ્રમોનું અનુક્રમે પાલન કરે છે તો તે પુરુષ પણ પરબ્રહ્મનું જ્ઞાન કરવા માટે યોગ્ય થઈ શકે છે.[૧૪] આ ચાર આશ્રમરૂપી ચાર પગથીઆવાળી એક નિસરણી છે અને તે નિસરણી પરબ્રહ્મરૂપી ઉપરના માળે પહોંચાડનારી છે; માટે એ નિસરણી ઉપર ચઢીને પુરુષ બ્રહ્મલોકમાં પૂજાય છે.[૧૫] ધર્મના અર્થને જાણનારા પુરુષે આયુષના પ્રથમ ચતુર્થાંશસુધી બ્રહ્મચર્ય પાળવું જોઇએ અને અસૂયાનો ત્યાગ કરી ગુરુની પાસે અથવા ગુરુના પુત્રની પાસે વસવું જોઈએ.[૧૬] (ગુરુકુળમાં નિવાસ કરનારા) બ્રહ્મચારીએ, ગુરુના સૂતા પછી સૂવું જોઇએ, ગુરુના ઉઠયા પહેલાં ઉઠવું જોઇએ અને શિષ્ય કે દાસને ઘટે તેવું હરકોઈ કાર્ય કરવું જોઇએ.[૧૭] પોતાને જે કાર્ય સોંપવામાં આવ્યાં હોય તે સર્વ કાર્ય ચપલતાથી પૂરાં કરીને ગુરુની પાસે જઇને ઉભા રહેવું, તેમના દાસ થઇને રહેવું, તેમનાં સર્વ કાર્યો કરવાં અને સર્વ કાર્યમાં કુશલ થવું.[૧૮] પોતાનું કલ્યાણ ઇચ્છનારા બ્રહ્મચારીએ ગુરુનાં સર્વ કાર્યો સંપૂર્ણ કર્યા પછી તેમની પાસે અધ્યયન કરવું, ચાલાક થવું, અપશબ્દો બોલવા નહિ અને ગુરુ બોલાવે કે તુરતજ તેમની પાસે હાજર થવું.[૧૯] પવિત્ર, ચતુર, ગુણવાન અને જિતેન્દ્રિય એવા બ્રહ્મચારીએ, વચ્ચે વચ્ચે ગુરુને પ્રિય લાગે તેવું ભાષણ કરવું અને વ્યગ્ર થયાવિના ગુરુ સામે જોવું.[૨૨] ગુરુએ જ્યાંસુધી ભોજન કર્યું ન હોય ત્યાંસુધી ભોજન કરવું નહિ, ગુરુએ જળપાન કર્યું ન હોય ત્યાં સુધી જળ પીવું નહિ, ગુરુ જ્યાંસુધી ઉભા હોય ત્યાંસુધી બેસવું નહિ અને ગુરુ સૂતા ન હોય ત્યાંસુધી સૂવું નહિ.[૨૧] (વંદન કરતી વખતે) પોતાના બન્ને હાથ છત્તા રાખીને ગુરુના બન્ને ચરણનો ધીમેથી સ્પર્શ કરવો અને તેમાં પણ જમણા હાથથી જમણા પગનોજ સ્પર્શ કરવો અને ડાબા હાથથી ડાબા પગનોજ સ્પર્શ કરવો.[૨૨] એ પ્રમાણે ગુરુને વંદન કર્યા પછી કહેવું કે:–“ હે ભગવન્ ! મને સ્વાધ્યાયપાઠ આપો. હે ભગવન્ ! આપની આજ્ઞાનુસાર હું સર્વ કાર્ય કરીશ અને અમુક કામ તો મેં આપની આજ્ઞા પ્રમાણેજ કર્યું છે. હે બ્રહ્મન્ ! હવે પછી પણ આપ જે આજ્ઞા કરશો તે હું કરીશ. ” આ રીતે ગુરુને નિવેદન કરીને તેમની અનુજ્ઞા પ્રમાણેજ સર્વ કાર્યો કરવાં. પોતે જે કાર્ય કરવા ધાર્યું હોય અને જે કાર્ય કર્યું હોય તે સર્વ ગુરુને નિવેદન કરવું; તેમજ એ બ્રહ્મચારીએ જાત જાતના સુગંધોનું કે રસોનું કદીપણ સેવન કરવું નહિ;[૨૩–૨૫] કેમકે ધર્મશાસ્ત્રમાં એવો નિશ્ચય કરવામાં આવ્યો છે કે, બ્રહ્મચર્યની અંતે સમાવર્તન સંસ્કાર થઇ ગયા પછીજ દ્વિજાતિ પુરુષ, સુગંધી પદાર્થોનું તથા રસોનું સેવન કરી શકે છે. વળી આ સિવાયના બીજા જે જે બ્રહ્મચારીના નિયમોનું શાસ્ત્રમાં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે, તે સર્વનું બ્રહ્મચારીએ નિત્ય પાલન કરવું અને બ્રહ્મચર્યના પાલનપર્યંત હમેશાં ગુરુની સમીપમાંજ રહેવું. આ રીતે પોતાની શક્તિ પ્રમાણે ગુરુને પ્રસન્ન કરીને સમાવર્તન સંસ્કાર કરવા અને પછી બ્રહ્મચર્ય વ્રત પૂર્ણ થાય અને આયુષનો ચોથો ભાગ વ્યતીત થાય, એટલે ગુરુને દક્ષિણા આપીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો તથા તે આશ્રમનાં કર્મો પ્રમાણે વર્તવું.[૨૬,૨૯] ગૃહાશ્રમમાં દાખલ થતી વેળા ધર્માનુસાર મળેલી સ્ત્રી સાથે લગ્ન કરીને અગ્નિહોત્રનો સ્વીકાર કરવો અને પછી ગૃહસ્થનાં વ્રતોનું પાલન કરવાપૂર્વક આયુષના બીજા ભાગપર્યંત ગૃહસ્થી રહેવું.”[૩૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “શુકદેવનો પ્રશ્ન” એ વિષયનો અધ્યાય ૨૪૨ મો સમાપ્ત.

અધ્યાય ૨૪૩ મો

વ્યાસશુકસંવાદ—ગૃહસ્થધર્મ

॥ व्यास उवाच ॥

द्वितीयमायुषो भागं गृहमेधी गृहे वसेत् ॥
धर्मलब्धैर्युतो दारैरग्नीनाहृत्य सुव्रतः ॥१॥

વ્યાસે કહ્યું:-“ હે પુત્ર! આયુષના બીજા ભાગસુધી ગૃહસ્થાશ્રમી રહીને ગૃહમાંજ નિવાસ કરવો અને તે સમયે ધર્માનુસાર મળેલી સ્ત્રી સાથે રહીને અગ્નિહોત્રનો સ્વીકાર કરવો તથા ઉત્તમ પ્રકારનાં વ્રતો પાળવાં.[૧] વિદ્વાનો કહે છે કે, ગૃહસ્થોએ કુસૂલધાન્ય,* કુંભધાન્ય, અશ્વસ્તન અને કાપોતી-આ ચાર પ્રકારની આજીવિકાઓમાંથી કોઇએક આજીવિકાનો આશ્રય કરીને પોતાનો નિર્વાહ ચલાવવો. આ ચાર પ્રકારની આજીવિકાઓમાં પ્રથમના કરતાં બીજી શ્રેષ્ઠ છે, બીજીના કરતાં ત્રીજી શ્રેષ્ઠ છે અને ત્રીજીના કરતાં ચોથી શ્રેષ્ઠ છે; અને તે તે ઉત્તરોત્તરની આજીવિકાનો આશ્રય કરનારો પુરુષ ધર્મદૃષ્ટિએ ઘણોજ ઉત્તમ ગણાય છે.[૨,૩] જે ગૃહસ્થ પૂર્વોક્ત કુસૂલધાન્યવૃત્તિનો આશ્રય કરનારો હોય, તેણે યજન-યાજન, અધ્યયન-અધ્યાપન, દાન અને પ્રતિગ્રહ-એ છયે કર્મો કરવામાં તત્પર રહેવું; કુંભધાન્યવૃત્તિનો આશ્રય કરનારા ગૃહસ્થે યજન, અધ્યયન અને દાન-એ ત્રણ કર્મો કરવાં; અશ્વસ્તન-વૃત્તિનો આશ્રય કરનારા ગૃહસ્થે દાન અને અધ્યયન-એ બે કર્મોજ કરવાં અને છેલ્લી કાપોતી વૃત્તિનો આશ્રય કરનારા ગૃહસ્થે કેવળ અધ્યયનકર્મજ કર્યા કરવું.[૪] વિદ્વાનોએ ગૃહસ્થાશ્રમીને પાળવાનાં મોટાં વ્રતો ધર્મશાસ્ત્રમાં, કહ્યાં છે. જેવાં કે, ગૃહસ્થે દેવ, પિતૃ અને અતિથિના નિમિત્તવિના કેવળ પોતાને માટેજ અન્ન પકાવવું નાહ, શ્રાદ્ધાદિ નિમિત્તવિના વ્યર્થ પશુહિંસા કરવી નહિ, યજ્ઞ કે શ્રાદ્ધના નિમિત્તે પણ બકરૂં વગેરે પ્રાણીનો તથા અશ્વત્થ (પીંપળો) વગેરે વનસ્પતિનો યજુર્વેદના મંત્રોથી સંસ્કાર કર્યા પછીજ વધ કરવો (અને તે પણ કેવળ યજ્ઞાદિના નિમિત્તેજ કરવો,) પણ પોતાના ભક્ષણનિમિત્તે કરવો નહિ. દિવસે નિદ્રા કરવી નહિ, પૂર્વરાત્રીએ અને પાછલી રાત્રીએ પણ સૂઇ રહેવું નહિ, બે વખતજ ભોજન કરવું પણ તેની વચ્ચે ત્રીજી વખત જમવું નહિ; ઋતુકાલવિના સ્ત્રીસાથે મૈથુન કરવું નહિ; પોતાને ઘેર આવેલા બ્રાહ્મણને ભોજનવિના રાખવો નહિ; પોતાને ઘેર આવેલા બ્રાહ્મણને અપૂજ્ય રાખવો નહિ; અતિથિઓનો સત્કાર કરવો; અને જે બ્રાહ્મણો દેવોનું તથા પિતૃઓનું અન્ન જમી શકે તેવા હોય, વેદસ્નાતક, વિદ્યાસ્નાતક અને વ્રતસ્નાતક હોય, વેદનો સ્વાધ્યાય કરનારા હોય, વેદમાં પારંગત થયેલા હોય, સ્વધર્માનુસાર આજીવિકા ચલાવનારા હોય, દમગુણને ધારણ કરનારા હોય, ક્રિયાનિષ્ઠ હોય અને તપસ્વી હોય, તેઓનેજ દેવનિમિત્તે અથવા પિતૃનિમિત્તે ભોજન કરાવવું, એવો શાસ્ત્રનો વિધિ છે.[૫-૯] વળી ગૃહસ્થના અન્નમાં, કેવળ દંભને માટેજ નખ અને પંચકેશ રાખનારાનો, (ઉદરપોષણમાટે) સ્વધર્મનો ઉપદેશ આપનારાનો, અવિધિપૂર્વક અગ્નિહોત્રનો ત્યાગ કરનારાનો તથા ગુરુનું અપ્રિય કરનારા પાપી પુરુષનો પણ સંવિભાગ છે; માટે ગૃહસ્થે પોતાના અન્નમાં સર્વ પ્રાણીનો સંવિભાગ સમજીને યથાશક્તિ અન્નદાન કરવું તેમજ પાક નાહ કરનારા બ્રહ્મચારીઓને તથા સંન્યાસીઓને પણ ગૃહસ્થે અન્ન વગેરે અર્પણ

---

*કુસૂલધાન્ય એટલે એક કોઠી ભરાય તેટલું ધાન્ય એકઠું કરીને તેવડે પોતાના કુટુંબનો નિર્વાહ કરવો તે પ્રથમ આજીવિકા છે. કુંભધાન્ય એટલે એક ઘડો ભરાય તેટલું ધાન્ય એકઠું કરીને તેવડે નિર્વાહ કરવો અને તે ધાન્ય થઇ રહે એટલે તેટલાનોજ સંગ્રહ કરવો તે બીજી આજીવિકા છે. અશ્વસ્તન એટલે માત્ર એક દિવસ ચાલે તેટલા ધાન્યનો સંગ્રહ કરવો અને આવતી કાલને માટે નિશ્ચિત રહેવું, તે ત્રીજી આજીવિકા છે; અને કાપોતી વૃત્તિ ખળામાંથી ખેડુતો ધાન્ય ઉપાડી જાય તે પછી ત્યાં પડેલા દાણા વીણી લાવીને આજીવિકા ચલાવવી તે ચોથો પ્રકાર છે અને તે સર્વોત્તમ છે.

કરવું.[૧૦,૧૧] વળી ગૃહસ્થે હમેશાં વૈશ્વદેવ કરીને વિઘસાશી થવું અને અમૃતભોજન કરવું; કેમકે યજ્ઞ કરતાં શેષ રહેલું અન્ન તે ‘અમૃત’ કહેવાય છે અને તેનું ભોજન હવિષની તુલ્ય ગણાય છે.[૧૨] જે ગૃહસ્થ પોતાના પોષ્યવર્ગને ભોજન કરાવ્યા પછી અવશેષ રહેલા અન્નનું ભોજન કરે છે, તે ‘વિઘસાશી’ કહેવાય છે; (અને યજ્ઞ કરતાં શેષ રહેલા અન્નનું ભોજન કરે છે તે અમૃતાશી કહેવાય છે;) કેમકે પોષ્યવર્ગને આપતાં બાકી રહેલું અન્ન ‘વિઘસ’ કહેવાય છે અને યજ્ઞ કરતાં શેષ રહેલું અન્ન ‘અમૃત’ કહેવાય છે.[૧૩] ગૃહસ્થે પોતાની પરિણીતા સ્ત્રી ઉપરજ આસક્તિ રાખવી, દમગુણને ધારણ કરવો, અસૂયાનો ત્યાગ કરવો, ઇંદ્રિયોને જીતવી અને ઋત્વિજ પુરોહિત, આચાર્ય, મામા, અતિથિ, આશ્રિત, વૃદ્ધ, બાળક, રોગી, વૈદ્ય, જ્ઞાતિલાસંબંધી, બાંધવ, માતાપિતા, સગોત્રી-સ્ત્રીઓ, ભાઈ, પુત્ર, સ્ત્રી, પુત્રી અને દાસવર્ગની સાથે કદી વિવાદ કરવો નહિ; કેમકે એ બધાંની સાથે વિવાદ નહિ કરનારો પુરુષ સર્વ પાપોથી મુકત થાય છે; એટલુંજ નહિપણ એ આચાર્ય વગેરેની ઈચ્છાનુસાર વર્તનારો પુરુષ સ્વર્ગાદિ સર્વ લોકોને જીતી લે છે, એમાં કંઈ સંશય નથી, કારણકે આચાર્ય બ્રહ્મલોકનો અધિપતિ છે, પિતા પ્રજાપતિલોકનો પ્રભુ છે, અતિથિ ઇંદ્રલોકનો અધિપતિ છે, ઋત્વિજો દેવલોકના સ્વામી છે, સગોત્રી સ્ત્રીઓ અપ્સરાઓના લોકની અધિષ્ઠાત્રી છે, જ્ઞાતિઓ વિશ્વેદેવાના લોકના અધિષ્ઠાયક છે, સંબંધીઓ તથા બાંધવો સર્વ દિશાઓના અધિષ્ઠાયક છે, માતા અને મામા પૃથ્વીલોકના અધિષ્ઠાયક છે અને વૃદ્ધો, બાળકો, રોગીઓ તથા દુર્બળો આકાશ ઉપર સત્તા ધરાવનારા છે.×[૧૪-૧૯] પોતાનો મોટો ભાઇ પિતાતુલ્ય ગણાય છે, સ્ત્રી અને પુત્ર પોતાનું અંગજ ગણાય છે, દાસવર્ગ પોતાની છાયા ગણાય છે અને દીકરી અત્યંત દીન ગણાય છે;[૨૦] માટે તેઓ કદી તિરસ્કાર કરે તોપણ મનમાં સંતાપ કર્યા વિના સર્વ સહન કરવું. આ રીતે પોતાના ગૃહધર્મમાં પરાયણ રહેવું, વિદ્યાસંપન્ન થવું, ધર્મશીલ થવું અને દુ:ખનો જય કરવો.[૨૧] કોઈપણ ધર્મનિષ્ઠ ગૃહસ્થે દ્રવ્યપ્રાપ્તિની આશાથી બંધાઇને કર્મ કરવાં નહિ. ગૃહસ્થપુરુષની ત્રણ પ્રકારની (કુંભધાન્ય, ઉંછશીલ અને કાપોતી) જે આજીવિકાઓ છે, તેમાં પ્રથમના કરતાં બીજી શ્રેષ્ઠ છે અને બીજીના કરતાં ત્રીજી શ્રેષ્ઠ છે.[૨૨] તેમજ ચાર આશ્રમોમાં પણ પૂર્વ પૂર્વના કરતાં ઉત્તર ઉત્તરનો આશ્રમ શ્રેષ્ઠ છે; માટે પોતાનું શ્રેય ઇચ્છનારા પુરુષે તે તે સર્વ શાસ્ત્રોક્ત નિયમોનું બરાબર રીતે પાલન કરવું.[૨૩] જે રાષ્ટ્રમાં કુંભધાન્ય, ઉંછશીલ અને કાપોતીવૃત્તિનો આશ્રય કરનારા સુપાત્ર ગૃહસ્થો નિવાસ કરે છે, તે રાષ્ટ્રની પ્રતિદિન વૃદ્ધિ થતી જાય છે;[૨૪] તેમજ જે પુરુષ આ ગૃહસ્થની વૃત્તિઓનું ઉત્સાહપૂર્વક અનુશીલન કરે છે, તે પુરુષ પોતાના દશ પૂર્વજોને તથા દશ પાછળના વંશજોને પવિત્ર કરે છે;[૨૫] એટલુંજ નહિ પણ તે પુરુષ માંધાતા વગેરે ચક્રવર્તીઓના જેવી ગતિને પામે છે અથવા જિતેંદ્રિય પુરુષોને પ્રાપ્ત થનારી ગતિને પામે છે, એમ શાસ્ત્રકારો કહે છે.[૨૬] ઉદાર મનના ગૃહસ્થ પુરુષોને વેદમાં વર્ણવેલો રમણીય સ્વર્ગલોક પ્રાપ્ત થાય છે, કે જે હિતકારી હોઇને અનેક વિમાનોથી ભરપૂર છે.[૨૭] અંતઃકરણને વશ રાખનારા ગૃહસ્થોની સ્થિતિ સ્વર્ગલોકમાંજ થાય છે અને સ્વર્ગપ્રાપ્તિના કારણભૂત આ ગૃહસ્થાશ્રમનું બ્રહ્મદેવે પોતેજ વિધાન કર્યું છે, માટે

× કહેવાનો ભાવ એ છે કે, આચાર્યને પ્રસન્ન કરવાથી બ્રહ્મલોકમાં જવાય છે, પિતાને પ્રસન્ન કરવાથી પ્રજાપતિ લોકમાં જવાય છે, અતિથિને પ્રસન્ન કરવાથી ઇંદ્રલોક મળે છે, ઋત્વિજોને પ્રસન્ન કરવાથી દેવલોક મળે છે, સગોત્રની સ્ત્રીઓને પ્રસન્ન કરવાથી અપ્સરાઓનો લોક મળે છે, જ્ઞાતિઓને પ્રસન્ન કરવાથી વિશ્વેદેવાનો લોક મળે છે, સંબંધીઓને તથા બાંધવોને પ્રસન્ન કરવાથી દિશાઓની પ્રાપ્તિ થાય છે, માતાને તથા મામાને પ્રસન્ન કરવાથી પૃથ્વીલોકની પ્રાપ્તિ થાય છે અને વૃદ્ધો, બાળકો, રોગીઓ તથા દુર્બળોને પ્રસન્ન કરવાથી આકાશલોકની પ્રાપ્તિ થાય છે.

અનુક્રમે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરીને પુરુષ સ્વર્ગલોકમાં પૂજાય છે.૨૮ આ રીતે આયુષના બીજા ભાગને ગૃહસ્થાશ્રમમાં વ્યતીત કર્યા પછી ત્રીજા વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરવો, કે જે વાનપ્રસ્થાશ્રમ ગૃહસ્થાશ્રમના કરતાં પણ અત્યંત શ્રેષ્ઠ છે, એમ વિદ્વાનો કહે છે. આ વાનપ્રસ્થાશ્રમ, શરીરનું શોષણ કરીને કેવળ હાડકાંચામડાંને ધારણ કરનારા અને દેહાભિમાનનો ત્યાગ કરનારા વનવાસી ગૃહસ્થોમાટે છે અને તે અત્યંત ઉત્તમ છે; તો હવે એ વાનપ્રસ્થાશ્રમનું હું વર્ણન કરું છું, તેને તું સાંભળ."૨૯

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "શુકદેવના પ્રશ્ન" એ વિષયનો અધ્યાય ૨૪૩ મો સમાપ્ત.

અધ્યાય ૨૪૪ મો

વ્યાસશુકસંવાદ—વાનપ્રસ્થધર્મ

॥ भीष्म उवाच ॥

प्रोक्ता गृहस्थवृत्तिस्ते विहिता यामनीषिभिः।।
तदनंतरमुक्तं यत्तन्निबोध युधिष्ठिर ।।१।।

ભીષ્મે કહ્યું:–હે યુધિષ્ઠિર! વિદ્વાનોએ કહેલો ગૃહસ્થધર્મનો આચાર મેં તમને કહ્યો. હવે વ્યાસે, શુકદેવને તે પછી જે કંઈ કહ્યું હતું તે હું તમને કહું છું સાંભળો.૧ હે પુત્ર! સ્ત્રીના સંયોગથી ખેદ પામેલા અને તેથીજ અનુક્રમે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને વાનપ્રસ્થ આશ્રમનો આશ્રય કરનારા પુરુષો, ઉત્તમ એવી ત્રીજી વૃત્તિનો પણ ત્યાગ કરીને–અર્થાત્ ત્રીજી કાપોતી વૃત્તિનો પણ પરિત્યાગ કરીને સર્વ લોકોને તથા સર્વ આશ્રમોને કેવળ પોતાના સ્વરૂપેજ જુએ છે, પરીક્ષાપૂર્વક પ્રવૃત્તિ કરે છે અને અરણ્યના પવિત્ર પ્રદેશોમાં નિવાસ કરે છે. તે આ વાનપ્રસ્થોના ધર્મોનું તમે શ્રવણ કરો. તમારૂં કલ્યાણ થાઓ.૨,૩

વ્યાસે કહ્યું:–"હે શુક! ગૃહસ્થપુરુષ પોતાના મસ્તક ઉપર પળીઆં આવેલાં જુએ, શરીરને કરચલીઓવાળું જુએ અને પોતાના પુત્રને ત્યાં પણ એક પુત્ર થયેલો જુએ, ત્યારે તેણે વનનોજ આશ્રય કરવો–વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરવો.૪ આયુષનો ત્રીજો ભાગ વ્યતીત થાય ત્યાંસુધી વાનપ્રસ્થ આશ્રમમાં રહેવું અને તે આશ્રમમાં રહીને પણ તેના તેજ (ગૃહસ્થાશ્રમના) અગ્નિનું આરાધન કરવું તથા યજ્ઞયાગ કરીને દેવોનું પૂજન કરવું.૫ વળી નિત્ય નિયમપૂર્વક આહાર કરવો, દિવસના છઠ્ઠા મુહૂર્તમાંજ ભોજન કરવું, પ્રમાદનો ત્યાગ કરવો, ગૃહસ્થાશ્રમનુંજ અગ્નિહોત્ર રાખવું, ગૃહસ્થાશ્રમમાં રાખેલી ગાયોનેજ સાથે રાખવી અને યજ્ઞનાં સર્વ અંગો પણ તેનાં તેજ રાખવાં.૬ આ આશ્રમમાં પણ પાંચ મહાયજ્ઞો કરવા અને હળથી ખેડયાવિના પાકેલા ચોખા, જવ તથા સામો–વગેરે વિઘસ હવિષ્યાન્નનોજ ઉપયોગ કરવો.૭ પૂર્વે–ગૃહસ્થાશ્રમમાં જે ચાર વૃત્તિઓનું કથન કરવામાં આવ્યું છે, તેજ વૃત્તિઓનો આ વાનપ્રસ્થાશ્રમમાં પણ આશ્રય કરવો. કેટલાએક વાનપ્રસ્થો દરરોજનું દરરોજ અન્ન લાવીને નિર્વાહ કરે છે, કેટલાએક એક માસ સુધી ચાલે તેટલા અન્નનો સંચય કરે છે, કેટલાએક એક વર્ષસુધી ચાલે તેટલા અન્નનો સંગ્રહ કરે છે અને કેટલાએક બાર વર્ષો સુધી ચાલે તેટલા અન્નનો સંગ્રહ કરે છે. આવો મોટો સંગ્રહ કરવાનું કારણ એ હોય છે કે, તે સંગ્રહમાંથી અતિથિઓનો સત્કાર થઈ શકે અને યજ્ઞયાગાદિ ધાર્મિકતંત્ર પણ ચાલી શકે! ૮,૯ વાનપ્રસ્થો વર્ષાઋતુમાં ખુલ્લા પ્રદેશમાં પડી રહે છે, હેમંતઋતુમાં જળની અંદર બેસી રહે છે, ગ્રીષ્મઋતુમાં પાંચ અગ્નિવચ્ચે તાપે છે અને સદાકાળ નિયમિત રીતે આહાર કરે છે.૧૦ વળી કેટલાએક વાનપ્રસ્થો કેવળ પૃથ્વી ઉપરજ શયન આસન કરે છે, કેટલાએક પગના ફણા ઉપર કે અંગુઠા ઉપર ઉભા રહીને તપશ્ચર્યા કરે છે, કેટલાએક ઉભા રહીને અથવા એક આસને બેસી રહીને તપશ્ચર્યા કરે છે અને કેટલાએક અરણ્યના પ્રદેશમાં સ્નાનસંધ્યા કરીનેજ કાળ નિર્ગમન કરે છે.૧૧ આ સિવાય કેટલાએક વાનપ્રસ્થો દાંતવડેજ અન્નાદિકનાં ફોતરાં જૂદાં પાડીને અપકવ

આહાર કરે છે, કેટલાએક વાનપ્રસ્થો પથ્થરવડેજ અન્નાદિકને કૂટીને ખાઈ જાય છે, કેટલાએક વાનપ્રસ્થો શુક્લપક્ષમાં એકજ વખત ઉકાળેલી રાબડી પીએ છે, કેટલાએક કૃષ્ણપક્ષમાંજ એક વખત રાબડી પીએ છે, કેટલાએક કેવળ આકાશવૃત્તિનો આશ્રય કરીને બેસી રહે છે અને જે કંઇ મળી આવે તે વડે પોતાનો નિર્વાહ ચલાવી લે છે અને કેટલાએક દૃઢ વ્રતવાળા વાનપ્રસ્થો ફળ, મૂળ કે પુષ્પોથીજ આજીવિકા ચલાવે છે.[૧૨,૧૩] આ રીતે વૈખાનસી સાધુવૃત્તિનો આશ્રય કરનારા વાનપ્રસ્થો, ન્યાયાનુસાર પોતાની વૃત્તિ ચલાવે છે અને તે બુદ્ધિમાન વાનપ્રસ્થોમાં આ સિવાયની બીજી અનેક પ્રકારની દીક્ષાઓ અપાય છે.[૧૪] વળી ચોથો સંન્યાસાશ્રમ કે જેનું વર્ણન વેદોના ઉપનિષદ્ ભાગમાં મળી આવે છે, તેમાં આચરણ કરવાના શમદમાદિક ધર્મો તો ચારે આશ્રમને એકસરખાજ ઉપયોગી છે–અર્થાત્ સંન્યાસાશ્રમના શમદમાદિક ધર્મો, બીજા ત્રણે આશ્રમીને પણ પાળવા યોગ્યજ છે અને ગૃહસ્થાશ્રમમાંથી વાનપ્રસ્થાશ્રમમાં ગયેલાને માટે પણ તે ધર્મ અવશ્ય ઉપયોગી છે. માત્ર તે ઉપરાંત યજ્ઞાદિ અન્ય ધર્મોમાંજ વાનપ્રસ્થીની વિશેષ પ્રવૃત્તિ હોય છે.[૧૫] હે તાત! અગસ્ત્ય, સાત ઋષિઓ, મધુચ્છંદ, અઘમર્ષણ, સાંકૃતિ, સુદિવાતંડિ, યથાવાસ, અકૃતશ્રમ, અહોવીર્ય, કાવ્ય, તાંડ્ય, વિદ્વાન મેધાતિથિ, બળવાન કર્ણનિવાક અને ધર્મવિષયમાં પરિશ્રમ કરનાર શૂન્યપાલ-આ સર્વ તત્ત્વવેત્તા બ્રાહ્મણો, આ યુગમાંજ આ ધર્મનું અનુષ્ઠાન કરીને સ્વર્ગલોકમાં ગયા છે;[૧૬–૧૮] તેમજ હે તાત! ધર્મનું પ્રત્યક્ષ જ્ઞાન કરનારા અનેક યાયાવર (સર્વત્ર ભ્રમણ કરનારા વાનપ્રસ્થ) ના સમુદાયો તથા ધર્મના તત્ત્વાર્થનો સાક્ષાત્કાર કરનારા મહાતપસ્વી ઋષિમુનિઓ પણ આ વાનપ્રસ્થ ધર્મનો આશ્રય કરીને દિવ્યગતિને પામ્યા છે. વળી તે સિવાયના બીજા અસંખ્યાત બ્રાહ્મણો, વૈખાનસો, વાલખિલ્યો અને સૈકતો, જેઓ કૃચ્છ્રચાંદ્રાયણ આદિ વ્રતોમાં પરાયણ રહીને મહાઉગ્ર દુઃખો અનુભવતા હતા, નિત્ય ધર્મશીલ ગણાતા હતા, જિતેન્દ્રિય હતા અને ધર્મને પ્રત્યક્ષરીતે જોનારા હતા, તેઓ પણ વનનો આશ્રય કરીનેજ (અર્થાત્ વાનપ્રસ્થ ધર્મનું પાલન કરીનેજ) પરમ ગતિને પામ્યા છે.[૧૯–૨૧] આ સર્વ વાનપ્રસ્થો, નક્ષત્રોસિવાયના જ્યોતિર્ગણોરૂપે થઇને હજીસુધી પણ નિર્ભયસ્વરૂપે અંતરિક્ષમાં દેખાય છે. વાનપ્રસ્થ ધર્મનો આશ્રય કરનારો પુરુષ, એ રીતે ધર્મપાલન કરતાં કરતાં વૃદ્ધાવસ્થાથી ક્ષીણ થતો જાય અને વ્યાધિઓથી ગ્રસ્ત થતો જાય, ત્યારે તેણે આયુષના ચતુર્થાંશના આરંભસમયે વાનપ્રસ્થાશ્રમનો ત્યાગ કરવો અને તે સમયે માત્ર એકજ દિવસમાં સાધ્ય કરાતી પ્રાજાપત્યા કે ત્રૈધાતવી–નામની ઇષ્ટિ કરવી, દ્રવ્યાદિ–સર્વ પદાર્થોની દક્ષિણા આપી દેવી, પોતાનો કોઇ વંશજ ન હોય તો જીવતાંજ શ્રાદ્ધાદિ ક્રિયાઓ કરી લેવી, કેવળ આત્મામાંજ નિષ્ઠા રાખવી, આત્માની સાથેજ રમણ કરવું, પોતાના શરીરમાંજ અગ્નિહોત્રના અગ્નિનું સમારોપણ કરવું અને સર્વ પરિગ્રહોનો ત્યાગ કરી દેવો;[૨૨–૨૪] પરંતુ વૈરાગ્યની અતિશય તીવ્રતા ન હોય તો બ્રહ્મયજ્ઞો કરવા, દર્શ–પૌર્ણમાસ અને મિત્રવિંદ આદિ ઇષ્ટિઓ કરવી અને પોતાનામાં યોગાભ્યાસની પ્રવૃત્તિ જ્યાંસુધી ન થાય, ત્યાંસુધી એ પ્રમાણેજ કર્મપ્રવૃત્તિ કર્યા કરવી.[૨૫] વળી તેણે ગાર્હપત્ય, અન્વાહાર્ય અને આહવનીય નામના ત્રણે અગ્નિઓનો વિધિપૂર્વક આત્મામાં આરોપ કરવો અને પ્રાણાગ્નિહોત્રની વિધિપ્રમાણે યજુર્વેદના મંત્રોના ઉચ્ચારણપૂર્વક પાંચ કે છ ગ્રાસોનું પ્રાશન કરવું અને તે વેળા અન્નની નિંદા કરવી નહિ.[૨૬] વાનપ્રસ્થ મુનિએ તે આશ્રમનાં કર્મોથી પવિત્ર થયા પછી નખ, કેશ, રૂવાટાં–વગેરેનું વપન કરાવીને તે આશ્રમનો ત્યાગ કરવો અને પવિત્ર એવા છેલ્લા આશ્રમમાં (સંન્યાસાશ્રમમાં) પ્રવેશ કરવો.[૨૭] જે દ્વિજાતિ પુરુષ, સર્વ પ્રાણીઓને અભય આપીને સંન્યાસ લે છે, તેને મરણ પછી તેજોમય દિવ્ય લોકોની પ્રાપ્તિ થાય છે અને અંતે મુક્તિ પણ મળે છે.[૨૮] સંન્યાસાશ્રમમાં

આત્મવેત્તા થયેલો પુરુષ સદ્વર્તન-
દાખલ થઇને આત્મવેત્તા થયેલો પુરુષ સદ્વર્તન-
સંપન્ન હોય છે, સર્વ પાપોથી મુકત થયેલો હોય
છે, આ લોકની કે પરલોકની સ્પૃહાથી રહિત હોય
છે, ક્રોધ અને મોહનો ત્યાગ કરનારો હોય છે,
સંધિ અને વિગ્રહથી રહિત હોય છે અને ઉદાસી-
નની પેઠે વર્તન રાખનારો હોય છે.[૨૯] સંન્યાસ
ધારણ કરનારા પુરુષે *યમ–નિયમોનું પાલન કર-
વામાં કદી પ્રમાદ કરવો નહિ, સર્વના પરિત્યાગ-
રૂપ સંન્યાસવિધિના સૂત્રને અનુસરવામાં તથા
શિખા અને જનોઇનો જળમાં ત્યાગ કરવારૂપ
આહુતિ મંત્રનું અનુષ્ઠાન કરવામાં પરાક્રમી થવું,
સંન્યાસધર્મમાં પરાયણ રહેવું અને ઇંદ્રિયોનો
જય કરવો; કેમકે એ પ્રમાણે વર્તવાથી
આત્મવેત્તા થવાય છે અને સદ્યોમુક્તિ કે
ક્રમમુક્તિ અવશ્ય મળે છે.[૩૦] વાનપ્રસ્થાશ્રમ
પછીનો આ સંન્યાસાશ્રમ બીજા ત્રણે આશ્રમોના
કરતાં અત્યંત શ્રેષ્ઠ છે, સર્વ સદ્ગુણોથી સંપન્ન
છે, શમાદિક ઉત્તમ વૃત્તિઓથી યુક્ત છે; અને
મોક્ષનો હેતુભૂત હોઈને પરમ ઉત્કૃષ્ટ છે, માટે
સર્વની પરમ ગતિરૂપ એવા તે સંન્યાસાશ્રમનું
હું વર્ણન કરૂં છું તેનું તું શ્રવણ કર.”[૩૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “શુકદેવનો પ્રશ્ન” એ વિષયનો અ૦૨૪૪ મો સમાપ્ત.

અધ્યાય ૨૪૫ મો

વ્યાસશુકસંવાદ–સંન્યાસીના ધર્મ

॥श्री शुक उवाच॥

वर्तमानस्तथैवात्र वानप्रस्थाश्रमे यथा ॥
योक्तव्योऽत्मा कथं शक्त्या वेद्यं वै कांक्षता परम्

શુકદેવે પૂછ્યું:–“હે તાત! પરબ્રહ્મને જાણવાની ઇચ્છાવાળા પુરુષે વાનપ્રસ્થાશ્રમમાં શક્તિ પ્રમાણે વર્તન કરનારા પોતાના આત્માને પરમાત્માની સાથે કેવી રીતે યોજવો?”[૧]

વ્યાસે કહ્યું:–“હે પુત્ર! બ્રહ્મચર્યાશ્રમ અને ગૃહસ્થાશ્રમ–એ બન્ને આશ્રમોથી ચિત્તશુદ્ધિરૂપ સંસ્કાર પ્રાપ્ત કરીને વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરવો અને પછી અંતિમ કર્તવ્ય શું કરવાનું છે, તે હું તને કહું છું. તું એકચિત્ત થઇને સાંભળ.[૨] ચાર આશ્રમરૂપી નિસરણીનાં પહેલાં ત્રણ પગથીઆં ઉપર ચઢીને પોતાના માનસિક મળનો ત્યાગ કરવો–અર્થાત્ ચિત્તશુદ્ધિ સંપાદન કરવી અને પછી છેલ્લા સંન્યાસાશ્રમરૂપી પગથીઆ ઉપર ચઢી જવું, તેજ શ્રેષ્ઠ ગણાય છે.[૩] આ સંન્યાસાશ્રમનું હું તારી પાસે વર્ણન કરૂં છું, તેનું તું શ્રવણ કર અને તે પ્રમાણે વર્તન કર. પુરુષે સિદ્ધિને પ્રાપ્ત કરવામાટે કોઈની પણ સહાય લીધા વિના એકલાજ રહીને યોગધર્મનું આચરણ કરવું;[૪] કારણ કે જે પુરુષ એકલો રહીને યોગધર્મનું આચરણ કરે છે અને તે દ્વારા આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે, તે પુરુષ સર્વવ્યાપક બની ગયેલો હોવાથી કોઇપણ પદાર્થનો ત્યાગ કરતો નથી–અર્થાત્ સર્વ પદાર્થને આત્માસ્વરૂપેજ ગ્રહણ કરે છે અને મોક્ષસુખથી ભ્રષ્ટ થતો નથી. સંન્યાસીએ અગ્નિ રાખવો નહિ, ઘર બાંધી રહેવું નહિ, ભિક્ષાને માટે કોઇએક ગામડાનોજ આશ્રય કરવો, એક દિવસ ચાલે તેટલીજ ભિક્ષા લેવી, મુનિવ્રત ધારણ કરવું, ચિત્તને ધ્યાનમાંજ એકાગ્ર રાખવું, અલ્પાહારી થવું, નિયમિત આહાર કરવો, એકજ વખત ભોજન કરવું, કાચલીનું પાનપાત્ર રાખવું, વૃક્ષના મૂળપાસે અનિયત નિવાસ કરવો, ભગવાં વસ્ત્રો પહેરવાં, એકલા વિહાર કરવો અને કોઈપણ પ્રાણી ઉપર રાગદ્વેષ રાખવો નહિ. આટલાં સંન્યાસીનાં લક્ષણ છે.[૫–૭] જેમ ત્રાસ પામેલા હાથીઓ કોઇએક ખાડામાં ગબડી પડીને તેમાંથી નીકળી શકતા નથી, તેમ અપશબ્દવાળી વાણી પણ સામાના મનમાં પ્રવેશ કરીને પુનઃ બોલનારની પાસે પાછી આવી શકતી

---

* યોગશાસ્ત્રકાર પતંજલિ કહે છે કે,

तत्राहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः ।
शौचसंतोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानिनियमाः

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, આ પાંચને યમ કહેવામાં આવે છે અને શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરધ્યાન–આ પાંચને નિયમ કહેવામાં આવે છે.

નથી. આવું સમજનારા પુરુષેજ સંન્યાસાશ્રમમાં નિવાસ કરવો. (અર્થાત્ સંન્યાસી થયા પછી કોઇએ નિંદા કરી હોય તોપણ સામે તેની નિંદા કરી શકાતી નથી.)[૮] વળી તેણે કોઇનું નિંદ્ય કૃત્ય જોવું નહિ અને નિંદ્ય ભાષણ સાંભળવું પણ નહિ; તેમજ ખાસ કરીને બ્રાહ્મણોનું અપ્રિય તો કદી બોલવુંજ નહિ.[૯] જે બોલવાથી બ્રાહ્મણોનું કુશલ થાય તેવુંજ વાકય હમેશાં બોલવું અને સંસારરૂપી રોગને દૂર કરવામાટે જાણે પોતાની ચિકિત્સા કરતો હોયની તેમ, કોઇની નિંદા થતી હોય ત્યારે, મૌનવ્રત ધારણ કરીનેજ બેસી રહેવું.[૧૦] સંપ્રજ્ઞાત સમાધિમાં આરૂઢ થઇને "હુંજ આ સર્વ જગતરૂપ છું" આ પ્રમાણે જોનારા જેનાથી એકલાથી આકાશ જાણે ભરપૂર બની ગયું હોય તેમ જણાય છે અને જેનાવડે શૂન્ય સ્થાન પણ મનુષ્યોથી ભરપૂર થયું હોય તેવું લાગે છે, તે પુરુષને દેવો બ્રાહ્મણ કહે છે—બ્રહ્મનિષ્ઠ કહે છે.[૧૧] જે પુરુષ જે તે વસ્ત્રથી શરીરને ઢાંકે છે, જે તે પદાર્થનું ભોજન કરીને શરીરધારણા કરે છે અને જ્યાં ત્યાં પડી રહીને કાળ નિર્ગમન કરે છે, તેને દેવો બ્રાહ્મણ કહે છે.[૧૨] જે પુરુષ સર્પોની પેઠે જનસમુદાયથી ડરે છે, નરકની પેઠે મિષ્ટાન્નજન્ય તૃપ્તિથી ભય પામે છે અને પ્રેતની પેઠે સ્ત્રીઓથી ત્રાસ પામે છે, તેને દેવો બ્રાહ્મણ કહે છે;[૧૩] તેમજ જે પુરુષ માન પામીને હર્ષમાં આવી જતો નથી, અપમાન પામીને ક્રોધાયમાન થતો નથી અને સર્વ પ્રાણીઓને અભય આપે છે, તેને દેવો બ્રાહ્મણ કહે છે.[૧૪] સંન્યાસીએ મરણને અભિનંદન આપવું નહિ, તેમ જીવિતને પણ અભિનંદન આપવું નહિ; પણ કોઈએક સેવક, પોતાના સ્વામીની આજ્ઞાની જેમ રાહ જોયા કરે છે, તેમ કાળનીજ રાહ જોયા કરવી.[૧૫] તેણે પોતાના ચિત્તને દોષોથી ઘેરાઇ ગએલું થવા દેવું નહિ, વાણીને દુષ્ટ થવા દેવી નહિ, સર્વ પાપોથી મુક્ત થવું અને કોઈના તરફ શત્રુભાવ રાખવો નહિ. આ રીતે વર્તવાથી તેને કોનો ભય રહેશે?[૧૬] જેણે પ્રાણીમાત્રને અભય આપ્યું છે અને જેને પ્રાણીમાત્રથી ભય નથી, તેવા મોહરહિત થયેલા સંન્યાસીને કોઇના તરફનો ભય રહેતો નથી.[૧૭] જેમ હાથીનાં પગલાંમાં બીજાં સર્વ પ્રાણીઓનાં પગલાંઓનો સમાવેશ થઈ જાય છે, તેમ અહિંસામાં ધર્મનાં સર્વ તત્ત્વોનો સમાવેશ થઈ જાય છે. આમ સમજીને જે પુરુષ હિંસાનો કદી અંગીકારજ કરતો નથી, તે પુરુષ અમૃતસ્વરૂપ બની જાય છે—જરામરણથી રહિત થાય છે—મોક્ષને પામે છે.[૧૮,૧૯] અહિંસાધર્મનું પાલન કરનારો, પ્રાણીમાત્ર ઉપર સમભાવ રાખનારો, સત્યયુક્ત ભાષણ કરનારો, ધૈર્યને ધારણ કરનારો, ઇંદ્રિયોને વશ રાખનારો પુરુષ અને પ્રાણીમાત્રને શરણ આપનારો પુરુષ સર્વોત્તમ ગતિ પામે છે.[૨૦] આ રીતે આત્મજ્ઞાનમાં તૃપ્ત રહેનારા અને સર્વ આશાઓનો ત્યાગ કરનારા નિર્ભય સંન્યાસીને મૃત્યુ વશ કરી શકતું નથી પણ ઉલટો તે સંન્યાસીજ મૃત્યુને વશ કરી લે છે.[૨૧] જે સંન્યાસી સર્વ સંગોથી મુક્ત થયેલો છે, મુનિવ્રતને ધારણ કરે છે, આકાશની પેઠે નિર્લેપ રહે છે, કોઈપણ વસ્તુને પોતાની માનતો નથી, સર્વત્ર એકલો વિચરે છે અને શમગુણનું સેવન કરે છે, તેને દેવો બ્રાહ્મણ કહે છે.[૨૨] જે પુરુષનું જીવિત કેવળ ધર્મને માટે છે, જેનો ધર્મ પોતાની સમીપમાં રહેનારાઓને માટે છે અને જેના રાત્રિદિવસો કેવળ પુણ્ય કરવાને માટેજ છે, તે પુરુષને દેવો બ્રાહ્મણ કહે છે.[૨૩] જેણે સર્વ આશાઓનો, આરંભોનો, નમસ્કારનો તથા સ્તુતિનો ત્યાગ કર્યો છે અને જે સર્વ બંધનોથી મુક્ત થયો છે, તે પુરુષને દેવો બ્રાહ્મણ કહે છે.[૨૪] આ જગતમાં પ્રાણીમાત્રને સુખથી આનંદ થાય છે અને દુઃખથી અત્યંત ત્રાસ થાય છે, માટે શ્રદ્ધાળુ પુરુષે પ્રાણીઓને ભય ઉપજાવવામાં ખિન્ન થઇને કર્મોનો ત્યાગજ કરી દેવો—અર્થાત્ કર્મમાત્રને હિંસાજનક તથા પ્રાણીઓને દુઃખાવહ સમજીને તેઓનો ત્યાગજ કરવો.[૨૫] સર્વ પ્રાણીઓને અભયરૂપી દક્ષિણાનું દાન આપવું, તેજ સર્વ દાનોના કરતાં શ્રેષ્ઠ છે. આમ સમજીને જે પુરુષ હિંસામય ધર્મનો ત્યાગ કરે છે, તેને સર્વ પ્રજાઓ તરફથી અભય

મળે છે અને અંતે મોક્ષસુખ પણ પ્રાપ્ત થાય છે.[૨૬] સંન્યાસીએ, વાનપ્રસ્થની પેઠે પોતાના મુખને ખુલ્લું કરીને તેમાં પાંચ કે છ આહુતિઓ આપવાની કંઈ જરૂર નથી; (પણ આત્મસાધનરૂપ યજ્ઞ કરનારા તે સંન્યાસીએ પોતાનાં પ્રાણ, ઇંદ્રિય, મન વગેરેનુંજ આત્મામાં પ્રવિલાપન કરવું.) કેમકે સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓની નાભિ, ત્રૈલોક્યસ્વરૂપ વૈશ્વાનરનું એક સ્થાન છે અને સર્વ જગતનું મસ્તકથી હડપચી સુધીનું જે અંગ તે વૈશ્વાનરનાં અંગો છે. વળી કેટલાએક કહે છે કે, નાભિથી આરંભીને હૃદયસુધીનો ભાગ કેવળ વૈશ્વાનરનોજ છે, માટે નાભિથી હૃદયસુધીના ભાગમાં અથવા હડપચીથી મસ્તક સુધીના ભાગમાં વૈશ્વાનરનું ઉપાસન કરવું. આ બન્ને પક્ષો વૈકલ્પિક છે, પણ એકીસાથે લેવાના નથી. તાત્પર્ય એ છે કે, આ સર્વ જગત વૈશ્વાનરમય છે, માટે ગમે તે સ્થળે વૈશ્વાનરનું ઉપાસન કરવું.[૨૭] આત્મયજ્ઞ કરનારો પુરુષ માત્ર અંગુષ્ઠપ્રમાણના હૃદયપ્રદેશમાં પ્રકટ થયેલા ચૈતન્યસ્વરૂપમાં પોતાના પ્રાણોનો અથવા સમગ્ર જગતનો હોમ કરે છે-અર્થાત હૃદયમાં બિરાજી રહેલા આત્મામાંજ સર્વ જગતનો અંતર્ભાવ કરે છે. આ રીતે તેનું અગ્નિહોત્ર તેના શરીરમાંજ હોમાયલું ગણાય છે અને તે હોમદ્વારા દેવસહિત સર્વ લોકો તૃપ્ત થઇ જાય છે.[×][૨૮] જે યોગનિષ્ઠ સંન્યાસીઓ, પ્રણવમંત્રની ચાર માત્રાઓમાં પ્રથમ અકારસ્વરૂપ વૈશ્વાનરનું ઉપાસન કરે છે, તેઓ પ્રકાશસ્વરૂપ અને તેજ, જળ તથા અન્નરૂપ એવા ઉકારાર્થક સૂત્રાત્માને જાણી શકે છે અને પછી ત્રણ ગુણોથી વીંટાયલા માયોપાધિક ઈશ્વરને મકારના રૂપે જાણે છે તથા તે પછી નિરુપાધિક પરમાત્મસ્વરૂપને પણ જાણી શકે છે. આ રીતે આત્માનું સંપૂર્ણ જ્ઞાન ધરાવનારા તે યોગીઓ સર્વ જગતમાં પૂજાય છે અને દેવો પોતે પણ તેઓના પુણ્યની પ્રશંસા કરે છે.[૨૯] વળી જે પુરુષ ચારે વેદોને, આકાશાદિ વેદ્ય પદાર્થોને, વેદોક્ત કર્મકાંડ વિધિને તથા કેવળ કહેવામાત્રથીજ જાણવામાં આવતા સ્વર્ગાદિ લોકોને, પોતાના આત્મામાંજ પરમાર્થસ્વરૂપે રહેલા જાણે છે, તે પુરુષને સેવવા માટે દેવતાઓ પણ હમેશાં ઇચ્છે છે.[૩૦] જે યોગી પુરુષ પૃથ્વી તથા આકાશમાં અસક્તસ્વરૂપે વ્યાપી રહેલા પ્રમાણથી રહિત, બ્રહ્માંડના મધ્યભાગમાં પ્રકટ થયેલા હિરણ્યમય (અર્થાત ચૈતન્યમય), હૃદયકમળના મધ્યભાગમાં રહેલા, અનેક અંગદેવતાઓરૂપી પીછાંઓવાળા, મોદ તથા પ્રમોદરૂપી બે પાંખોવાળા અને ઇંદ્રિયોરૂપી કિરણોથી પ્રકાશી રહેલા બ્રહ્મરૂપી પક્ષીને પોતાના શરીરના હૃદયાકાશમાં રહેલું જાણે છે, તે પુરુષને દેવો પણ સેવવા ઇચ્છે છે.[૩૧] યોગીએ સર્વની બુદ્ધિરૂપી ગુફામાં રહેલા કાળચક્રને અવશ્ય જાણવું જોઇએ, કે જે કાળચક્ર નિરંતર ભ્રમણ કર્યા કરે છે, ક્ષયધર્મથી રહિત છે, આયુષનો નાશ કરનારૂં છે, છ ઋતુઓરૂપી નાભિ-(નાઇડી)વાળું છે, બાર મહિનાઓરૂપી આરાવાળું છે, અમાવાસ્યા અને સંક્રાંતિરૂપી સુંદર સાંધાઓવાળું છે અને જે કાળચક્રના મુખ ઉપર આખું જગત, ભક્ષ્યપદાર્થની પેઠે જઇ પડે છે.[૩૨] સુષુપ્તિસંજ્ઞક જે અજ્ઞાન તેજ જગતનું શરીર છે અને તે અજ્ઞાનજ સર્વનું કારણ હોઈને પ્રત્યેક સ્થૂલ સૂક્ષ્મ દેહોમાં વ્યાપ્ત થઇ જાય છે. આ અજ્ઞાનસ્વરૂપ સ્થૂલ-સૂક્ષ્મ દેહમાં રહેલો જીવ, પ્રાણાદિક સર્વ અંગદેવતાઓને તૃપ્ત કરે છે અને તે દેવો એના મુખ આગળ આવીને તેને પોતાને તૃપ્ત કરે છે.[૩૩] જે પુરુષ સોપાધિક બ્રહ્મની ઉપાસના કરીને તેજોમય, નિત્યસ્વરૂપ અને પુરાણરૂપ બની ગયો હોય છે, તેને અનંત એવા નિર્ભય લોકોની પ્રાપ્તિ થાય

[×] વાનપ્રસ્થની પ્રાણાહુતિમાં તથા યોગનિષ્ઠ સંન્યાસીની પ્રાણાહુતિમાં કેટલો બધો અંતર રહેલો છે, તે આ ૨૮ મા શ્લોકમાં સ્પષ્ટ સમજાય છે. પોતાના શરીરમાં રહેલા આત્મારૂપી અગ્નિમાં જગતના પ્રવિલાપનરૂપ હોમ કરનારો યોગી પુરુષ, આખા જગતને તૃપ્ત કરી શકે છે, કેમકે જગત આત્માથી ભિન્ન નથી. આ ઉપરથી સંન્યાસની કેટલી બધી મહત્તા છે, તે દીવા જેવું દેખાય છે.

છે અને તે પુરુષથી સર્વ ભૂતોને ત્રાસ થતો નથી, માટે તેને પોતાને પણ સર્વ ભૂતોથી ત્રાસ થતો નથી;[૩૪] પરંતુ જે બ્રાહ્મણ પોતે અનિંદ્ય હોઈને બીજા કોઈની નિંદા કરતો નથી, તેને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે અને જેનું અજ્ઞાન નાશ પામ્યું છે તથા જેનો સ્થૂલસૂક્ષ્મ દેહ ઉપરનો અધ્યાસ દૂર થયો છે એવો તે જ્ઞાની બ્રાહ્મણ, આ લોકમાં કે પરલોકમાં ભોગોને પામતો નથી. (અર્થાત્ તે પુરુષની બ્રહ્મસારૂપ્યસિવાયની બીજી કોઈ ગતિજ થતી નથી.)[૩૫] વળી આવો સંન્યાસી પુરુષ જ્યારે જીવન્મુક્ત અવસ્થામાં આવી પહોંચે છે, ત્યારે ક્રોધ અને મોહથી રહિત થાય છે, સુવર્ણને તથા માટીનાં ઢેફાંને સમાન માને છે, અન્નમયાદિ પાંચ કોશોના સંબંધથી છૂટી જાય છે, સંધિ અને વિગ્રહનો ત્યાગ કરે છે, નિંદા તથા સ્તુતિનો પણ ત્યાગ કરે છે અને પ્રિય તથા અપ્રિયને સમાન ગણીને ઉદાસીનની પેઠે સર્વત્ર વિચર્યા કરે છે.[૩૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં ‘શુકદેવનો પ્રશ્ન” એ વિષયનો અ૦ ૨૪૬ મો સમાપ્ત.

અધ્યાય ૨૪૬ મો

વ્યાસશુકસંવાદ-સંક્ષિપ્ત અધ્યાત્મ

॥ व्यास उवाच ॥

प्रकृत्यास्तुविकारा ये क्षेत्रज्ञस्तै रधिष्ठितः ॥
न चैनं ते प्रजानंति सतु जानाति तानपि ॥१॥

વ્યાસે કહ્યું:-“હે પુત્ર! દેહ, ઇંદ્રિય આદિ જે પ્રકૃતિના વિકારો છે, તેઓએજ ક્ષેત્રજ્ઞને(જીવને) કર્તૃત્વભોક્તૃત્વ-આદિ ભાવ પ્રાપ્ત કરાવ્યો છે; તોપણ એ વિકારો ક્ષેત્રજ્ઞના સ્વરૂપને જાણી શકતા નથી અને ક્ષેત્રજ્ઞ તો તેઓ સર્વના સ્વરૂપને જાણે છે.[૧] જેમ એક સારથિ સારી રીતે કેળવાયલા મજબૂત ઘોડાઓદ્વારા પોતાનું કાર્ય સિદ્ધ કરે છે, તેમ ક્ષેત્રજ્ઞ પણ મનસહિત ઇંદ્રિયોદ્વારા પોતાનું કાર્ય સિદ્ધ કરે છે.[૨] વિષયો ઇંદ્રિયોના કરતાં પર છે, મન વિષયો કરતાં પર છે, બુદ્ધિ મન કરતાં પર છે, મહત્તત્ત્વ બુદ્ધિના કરતાં પર છે, અજ્ઞાન મહત્તત્ત્વના કરતાં પર છે અને અમૃતસ્વરૂપ એવો ચિદાત્મા તે અજ્ઞાનના કરતાં પણ પર છે. આ ચિદાત્માથી પર એવી કોઈપણ વસ્તુ છેજ નહિ; માટે તે ચિદાત્માજ સર્વની પરિસીમારૂપ અને પરમ ગતિરૂપ છે.[૩,૪] વળી આ ચિદાત્મા પ્રાણીમાત્રમાં ગૂઢસ્વરૂપે રહેલો છે, છતાં કોઈ પદાર્થની પેઠે સ્પષ્ટસ્વરૂપે જાણવામાં આવતો નથી. માત્ર બ્રહ્મદ્રષ્ટા એવા યોગી પુરુષોજ પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી તેનો સાક્ષાત્કાર કરી શકે છે.[૫] જે પુરુષ મનને, બુદ્ધિને, ઇંદ્રિયોને તથા ઇંદ્રિયોના વિષયોને મહત્તત્ત્વમાં લય પમાડી દે છે અને પછી ધ્યેય, ધ્યાન અને ધ્યાતા-એ ત્રણેના સ્વરૂપનું ચિંતન કરતો નથી, તે પુરુષ કેવળ બ્રહ્મમાંજ એકાગ્ર બની જઇને “ अहं ब्रह्मास्मि ” એ મહાવાક્યથી ઉત્પન્ન થયેલી બુદ્ધિવૃત્તિવડે મનને સર્વ બાહ્યવિષયોથી વિરામ પમાડે છે અને પછી “ अहं ब्रह्मास्मि ” એ ભાવનું પણ પ્રવિલાપન કરીને તથા કેવળ શાંતસ્વરૂપ બની જઈને કૈવલ્યપદને પામે છે;[૬,૭] પરંતુ જે પુરુષનું ચિત્ત ઇંદ્રિયોને અધીન બની ગયેલું છે અને જેની સ્મૃતિ (બ્રહ્મચિંતનરૂપ સ્મરણશક્તિ) ચલાયમાન થઈ ગઇ છે, તે પુરુષ કામાદિ છ શત્રુઓને પોતાનું સમર્પણ કરી દઇને મૃત્યુ પામે છે;[૮] માટે સર્વ સંકલ્પોનો ત્યાગ કરી દઇને ચિત્તને સૂક્ષ્મ બુદ્ધિમાં સ્થિર કરવું અને પછી કાલંજર પર્વતની પેઠે સ્થિર થઇને આત્મસ્વરૂપનુંજ ચિંતન કરવું.[૯] હરકોઈ યોગી પુરુષ પ્રથમ ચિત્તનીજ પ્રસન્નતા કરીને શુભ અશુભ સંકલ્પોનો ત્યાગ કરે છે અને એ રીતે ચિત્તની પ્રસન્નતા મેળવનારો તે યોગી પુરુષ, આત્મસ્વરૂપમાં સ્થિર થઇને આત્યંતિક સુખને સંપાદન કરે છે.[૧૦] ચિત્તની પ્રસન્નતાનું લક્ષણ એજ હોઇ શકે કે, સુષુપ્તિ અવસ્થામાં મનુષ્ય જેમ સુખેથી શયન કરે છે, તેમ પ્રસન્નચિત્ત થયેલો પુરુષ, ધ્યાનમગ્ન અવસ્થામાં કેવળ અદ્વૈતસુખનોજ અનુભવ કરે છે અને વાયુરહિત પ્રદેશમાં મૂકેલો દીવો જેમ પ્રકાશમાન થઈને

સ્થિર રહે છે, તેમ સ્થિર રહે છે.[૧૧] આવા લક્ષણવાળી ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરીને શુદ્ધાત્મા થયેલા યોગીએ આહારપ્રમાણને અલ્પ કરી નાખીને રાત્રિદિવસના પ્રથમ ભાગમાં તથા ઉત્તરભાગમાં જીવાત્માનો પરમાત્મામાં એકીભાવ કરવો અને પોતાના સ્વરૂપવિષેજ આત્મસ્વરૂપનાં દર્શન કરવાં.[૧૨] હે પુત્ર! મેં ઉપદેશેલું આ અધ્યાત્મશાસ્ત્ર સર્વ વેદોનું એક રહસ્ય છે અને કેવળ અનુમાન કે શાસ્ત્રથી તેનું જ્ઞાન થવું અશક્ય છે; પરંતુ પોતાના અનુભવથીજ તેને જાણી શકાય છે.[૧૩] ધર્મ તથા સત્યને લગતાં સર્વ આખ્યાનોમાં તથા ઋગ્વેદની દશહજાર ઋચાઓમાં જે કંઇ સાર રહેલો છે, તેનું પર્યાલોચન કરીનેજ મેં આ જ્ઞાનામૃત બહાર કાઢ્યું છે.[૧૪] જેમ દહીંમાંથી માખણને કાઢવામાં આવે છે અને કાષ્ઠમાંથી અગ્નિને કાઢવામાં આવે છે, તેમ વિદ્વાનોના જ્ઞાનરૂપ આ રહસ્યને મેં મારા પુત્રને માટે પ્રકટ કર્યું છે.[૧૫]. હે પુત્ર! મેં ઉપદેશેલા આ શાસ્ત્રનો કોઇ સ્નાતક બ્રાહ્મણોનેજ તારે ઉપદેશ આપવો, પણ જે પુરુષ શાંત ન હોય, દાન્ત ન હોય, તપસ્વી ન હોય, વેદને જાણનારો ન હોય, ગુરુને અનુસરનારો ન હોય, ઈર્ષ્યાળુ હોય, કપટી હોય, કહ્યા પ્રમાણે કરનારો ન હોય, તર્કશાસ્ત્રથી દગ્ધ થયેલો હોય અને ચાડીઓ હોય, તે પુરુષને આ શાસ્ત્રનો ઉપદેશ આપવો નહિ; પરંતુ જે પુરુષ અધ્યાત્મશાસ્ત્રની પ્રશંસા કરનારો હોય, લોકમાં પ્રશંસાપાત્ર થયો હોય, શાંત હોય, તપસ્વી હોય, પોતાનો પ્રિય પુત્ર હોય કે પોતાને અનુસરનારો શિષ્ય હોય, તેનેજ આ રહસ્યધર્મનો ઉપદેશ આપવો, પણ તે સિવાયના બીજા કોઇને આ જ્ઞાનનો ઉપદેશ આપવો નહિ.[૧૬–૧૯] કદાચ કોઇએક પુરુષ, આ જ્ઞાનના બદલામાં રત્નોથી ભરેલી આખી પૃથ્વી અર્પણ કરી દે તોપણ તત્ત્વવેત્તા પુરુષે જ્ઞાનનેજ સર્વશ્રેષ્ઠ માનવું જોઇએ.[૨૦] હવે, જે અધ્યાત્મ આના કરતાં પણ અત્યંત ગુહ્ય છે, મનુષ્યની બુદ્ધિનું અવિષય છે, મોટા મોટા ઋષિઓનાજ જાણવામાં છે અને ઉપનિષદોમાં વર્ણવેલું છે, તે અધ્યાત્મનો હું તને ઉપદેશ આપીશ; જેનો તેં મને પ્રશ્ન પૂછયો છે.[૨૧,૨૨] હે પુત્ર! તું તારા મનમાં જેને ઉત્તમ માને છે અને તને જે વિષયમાં સંશય છે, તે વિષયનું હું તારી પાસે વર્ણન કરીશ, તું સાંભળજે; પણ તું મને કહે કે, પુનઃ હું તને કયો વિષય કહું?"[૨૩]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦પર્વમાં "શુકદેવનો પ્રશ્ન" એ વિષયનો અધ્યાય ૨૪૬ મો સમાપ્ત.

અધ્યાય ૨૪૭ મો

વ્યાસશુકસંવાદ—અધ્યાત્મકથન

॥ शुक उवाच ॥

अध्यात्मं विस्तरेणेह पुनरेव वदस्व मे ॥
यदध्यात्मं यथा वेद भगवन्नृषिसत्तम ॥१॥

શુકદેવે પૂછયું:–"હે ભગવન્! હે ઋષિશ્રેષ્ઠ! તમે પોતે જે પ્રમાણે જાણો છો, તે પ્રમાણેજ પુનઃ વિસ્તારપૂર્વક અધ્યાત્મવિદ્યાનો તમે મને ઉપદેશ આપો."[૧]

વ્યાસે કહ્યું:–"હે તાત! જેને પુરુષનું અધ્યાત્મશાસ્ત્ર કહેવામાં આવે છે, તેનું હું વર્ણન કરૂં છું; પણ પ્રથમ તેની આ વ્યાખ્યાનું તું શ્રવણ કર.[૨] પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ–આ પાંચ મહાભૂતોજ પ્રત્યેક પ્રાણીની અંદર રહેલાં છે; પરંતુ સમુદ્રના તરંગોની પેઠે તેઓ ભિન્ન ભિન્ન સ્વરૂપે દેખાય છે.[૩] જેમ કાચબો પોતાનાં અંગોને પ્રસારીને પુનઃ સંકોચી લે છે, તેમ આ પાંચમહાભૂતો અલ્પ શરીરાકૃતિવાળાં અનેક પ્રાણીઓરૂપે થઇને જગતની ઉત્પત્તિને તથા લયને કર્યા કરે છે.[૪] આ રીતે જગતનાં સર્વ સ્થાવરજંગમ પ્રાણીઓ, કેવળ પંચમહાભૂતોનાજ વિકારો હોઇને સૃષ્ટિસમયે તેમાંથી પ્રકટ થાય છે અને પ્રલયસમયે તે મહાભૂતોમાંજ પાછા લીન થઈ જાય છે, એમ શ્રુતિમાં કહ્યું છે.[૫] આ પ્રમાણે સર્વ પ્રાણીઓમાં પાંચ મહાભૂતોજ રહેલાં છે, તોપણ હે તાત! ભૂતસ્રષ્ટા બ્રહ્મદેવે, પ્રાણીઓના મરણસમયની તે તે કર્મવા-

સનાને અનુસરીને શરીરોની વિષમતા રચી છે."[૬]

શુકદેવે પૂછ્યું:–"શરીરના અવયવરૂપ બુદ્ધિ, ઇંદ્રિય આદિ પદાર્થોમાં ભૂતસ્રષ્ટાએ વિષમતા રચી છે, જેથી તેમાંના કેટલાએક પદાર્થો ઇંદ્રિયો કહેવાય છે અને કેટલાએક શબ્દાદિ વિષયો કહેવાય છે; પરંતુ તેઓને ઓળખવા કેવી રીતે કે અમુક પદાર્થો ઇંદ્રિયો કહેવાય છે અને અમુક પદાર્થો તેઓના ગુણો કહેવાય છે?"[૭]

વ્યાસે કહ્યું:–"આના સંબંધમાં હું તને અનુક્રમે યથાવત્ કહું છું, તેનું તું એકાગ્ર થઇને શ્રવણ કર, જેથી તેનું તત્ત્વ અને સ્વરૂપ તને સમજાશે.[૮] પ્રત્યેક શરીરમાં શબ્દ, શ્રોત્રેદ્રિંય અને પોલાણનો ભાગ આકાશમાંથી ઉત્પન્ન થયેલો છે, પ્રાણ, ચેષ્ટા અને સ્પર્શ–એ ત્રણ વાયુમાંથી ઉત્પન્ન થયેલ છે; રૂપ, ચક્ષુ અને જઠરાગ્નિ તેજમાંથી ઉત્પન્ન થાય છે; રસ, રસનેંદ્રિય અને સ્નેહનો ભાગ જળમાંથી ઉત્પન્ન થાય છે; તેમજ સુંઘવાનો પદાર્થ, ઘ્રાણ ઇંદ્રિય અને શરીર–એ ત્રણ પૃથ્વીમાંથી ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે સર્વ ઇંદ્રિયોસહિત પાંચ મહાભૂતોનો વિકાર મેં તને કહ્યો.[૯–૧૧] તેમાં સ્પર્શગુણ વાયુથી ઉત્પન્ન થાય છે, રસગુણ જળથી ઉત્પન્ન થાય છે, રૂપગુણથી તેજથી ઉત્પન્ન થાય છે, શબ્દગુણ આકાશથી ઉત્પન્ન થાય છે અને ગંધગુણ પૃથ્વીમાંથી ઉત્પન્ન થાય છે, એમ પણ સમજવું.[૧૨] વળી મન, બુદ્ધિ અને સ્વભાવ (પૂર્વજન્મની વાસના), એ ત્રણ પદાર્થો પણ પાંચ મહાભૂતોમાંથીજ ઉત્પન્ન થાય છે; કેમકે તેઓ સત્વાદિ ગુણોથી પર રહેલા શ્રોત્રાદિકના કાર્યસ્વરૂપને પ્રાપ્ત થઇને શબ્દાદિક વિષયોનું ગ્રહણ કર્યા વિના રહેતા નથી.×[૧૩] જેમ એક કાચબો, પોતાનાં સર્વ અંગોને પ્રસારીને સંકોચી લે છે, તેમ બુદ્ધિ સર્વ ઇંદ્રિયોને ઉત્પન્ન કરીને પાછી પોતાનામાં લય પમાડી દે છે–અર્થાત મનસહિત સર્વ ઇંદ્રિયો કેવળ બુદ્ધિનુંજ સ્વરૂપ છે.[૧૪] પગનાં બે તળીઆંથી આરંભીને છેક મસ્તકસુધીના ભાગને જોઇને તથા મસ્તકથી આરંભીને છેક પગનાં તળીઆંસુધીના ભાગને જોઇને મનુષ્ય માને છે કે, "આ હું છું" તેજ સર્વ તત્ત્વોમાં ઉત્તમ એવી બુદ્ધિ છે–અર્થાત 'અહ" એવો જે અનુભવ તેજ બુદ્ધિનું સ્વરૂપ છે.[૧૫] બુદ્ધિજ શબ્દાદિ વિષયસ્વરૂપે બને છે અને બુદ્ધિજ મન તથા ઇંદ્રિયોનું સ્વરૂપ ધારણ કરે છે; માટે જો બુદ્ધિ ન હોય તો ઇંદ્રિયો અને તેના ગુણો તો ક્યાંથીજ હોઇ શકે?[૧૬] મનુષ્યના શરીરમાં પાંચ ઇંદ્રિયો, છઠું મન, સાતમી બુદ્ધિ અને આઠમો ક્ષેત્રજ્ઞ–આ આઠ તત્ત્વો રહેલાં છે.[૧૭] તેમાંની ઇંદ્રિયો શબ્દાદિ વિષયોને ગ્રહણ કરે છે, મન તે તે વિષયના સંબંધમાં 'અમુક આમ હશે કે નહિ' આવો સંશય કરે છે, બુદ્ધિ તે તે વિષયના સંબંધમાં દ્દઢ નિશ્ચય કરે છે અને ક્ષેત્રજ્ઞ, તેઓની સર્વ ક્રિયાઓનો કેવળ સાક્ષીજ કહેવાય છે.[૧૮] રજોગુણ, તમોગુણ અને સત્વગુણ–આ ત્રણે ભાવો, કેવળ ચિત્તનાજ વિકાર છે અને તેઓ, દેવ, મનુષ્ય વગેરે સર્વ પ્રાણીઓમાં એકસરખી રીતેજ રહેલા છે તોપણ તેના તેના કાર્યદ્વારા તેઓને ઓળખવા.[૧૯] તેમાં જ્યારે પોતાના અંતઃકરણમાં પ્રીતિયુક્ત, શાંત અને શુદ્ધ ભાવ ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે, આ સમયે અંતઃકરણમાં સત્વગુણ છે;[૨૦] પણ જ્યારે શરીરમાં કે મનમાં સંતાપયુક્ત ભાવ ઉત્પન્ન થાય, ત્યારે જાણવું કે, આ વખતે રજોગુણની પ્રવૃત્તિ થયેલી છે;[૨૧] અને જ્યારે શરીરમાં કે મનમાં મોહ ઉપજાવનારો, જાણ્યો જણાય નહિ તેવો અને વિચારમાં પણ ન આવી શકે તેવો દુર્વિજ્ઞેય ભાવ ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે, આ વેળા તમોગુણ

× આ શ્લોકનો આશય એ છે કે, સામાન્ય નિયમ પ્રમાણે, જે ઇંદ્રિય જે અર્થને ગ્રહણ કરે છે, તે ઇંદ્રિય તેના ગ્રાહ્યના સજાતીય ગુણનો આશ્રય કરનાર છે. જેમકે, ચક્ષુ ઇન્દ્રિય રૂપગુણને ગ્રહણ કરનારી છે. માટે તે, રૂપના સજાતીય તેજનો આશ્રય કરનાર છે. તેજ પ્રમાણે મન, બુદ્ધિ અને પૂર્વવાસનારૂપ અહંકાર, શબ્દાદિ પાંચે વિપયોને ગ્રહણ કરનારા છે; માટે તેઓ શબ્દાદિ વિષયોના સજાતીય પાંચ મહાભૂતોમાંથીજ ઉત્પન્ન થયેલા છે, એમ સમજવું.

પ્રકટ થયો છે.[૨૨] વળી કોઇ સમયે અકસ્માત અથવા કોઈ કારણને લીધે હર્ષ, પ્રીતિ, આનંદ, સમભાવ અને ચિત્તની શાંતિ-વગેરે સૌમ્યભાવો ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે આ વેળા સાત્વિક ગુણો પ્રકટ થયા છે;[૨૩] પરંતુ કારણ હોય અથવા ન હોય છતાં અભિમાન, અસત્ય ભાષણ, લોભ, મોહ અને અક્ષમા-વગેરે મલિન ભાવો ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે, રાજસગુણો પ્રકટ થયા છે;[૨૪] અને એજ પ્રમાણે કોઈ જાતનું કારણ હોય અથવા ન હોય છતાં મોહ, પ્રમાદ, નિદ્રા, તંદ્રા અને અજ્ઞાન-વગેરે મોહક ગુણો ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે, આ સમયે તામસગુણો પ્રકટ થયા છે."[૨૫]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"શુકદેવનો પ્રશ્ન"એ વિષયનો અ૦
૨૪૭ મો સમાપ્ત.

અધ્યાય ૨૪૮ મો

વ્યાસશુકસંવાદ—મન અને બુદ્ધિ

॥ व्यास उवाच ॥

मनो विसृजते भावं बुद्धिरध्यवसायिनी ॥
हृदयं प्रियाप्रिये वेद त्रिविधा कर्मचोदना ॥१॥

વ્યાસે કહ્યું:-"હે પુત્ર! મન, બુદ્ધિ અને અહંકાર-આ ત્રણે ભેદો એક અંત:કરણનાજ છે. તેમાંનુ મન, અનેક પ્રકારના સંકલ્પવિકલ્પો કરીને પદાર્થને સંશયગ્રસ્ત કરી મૂકે છે, ત્યારે બુદ્ધિ કોઇએક પદાર્થના સંબંધમાં અમુક એક નિશ્ચય કરે છે; પણ અહંકારરૂપ એવું હૃદય, તે તે પદાર્થ પ્રિય છે કે અપ્રિય છે, આવું જ્ઞાન મેળવે છે. આ રીતે અંત:કરણના ત્રણ ભેદોથીજ પ્રત્યેક કાર્યમાં પ્રવૃત્તિ થાય છે.[૧] સર્વ વિષયો કેવળ સંકલ્પથીજ ઉત્પન્ન થનારા છે, માટે તેઓ ઇંદ્રિયોના કરતાં સૂક્ષ્મ છે અને તે વિષયોના કરતાં મન સૂક્ષ્મ છે, મનના કરતાં બુદ્ધિ સૂક્ષ્મ છે અને બુદ્ધિના કરતાં આત્મા સૂક્ષ્મ છે.[૨] જ્યારે વ્યવહારદૃષ્ટિથી જોવામાં આવે છે, ત્યારે બુદ્ધિજ મનુષ્યનો આત્મા છે અને તે બુદ્ધિજ પોતાની મેળે પોતાના સ્વરૂપમાં ઘટાદિ અનેક પદાર્થોને ઉત્પન્ન કરે છે એટલે 'મન' કહેવાય છે.[૩] પ્રત્યેક ઇંદ્રિયના વિષયો ભિન્ન ભિન્ન હોવાને લીધે બુદ્ધિને પણ તે તે વિષયોનું ગ્રહણ કરવા-માટે ભિન્ન ભિન્ન સ્વરૂપે વિકાર પામવું પડે છે. જેમકે, શબ્દનું શ્રવણ કરતી વેળા તે શ્રોત્રરૂપે થાય છે, કોઈપણ પદાર્થોનો સ્પર્શ કરતી વેળા તે ત્વચારૂપે થાય છે, કોઈનું દર્શન કરતી વેળા તે દૃષ્ટિરૂપે થાય છે, કોઈનો સ્વાદ લેતી વેળા તે રસનારૂપે થાય છે અને કોઇ પદાર્થને સુંઘતી વેળા તે ઘ્રાણરૂપે થાય છે. આ રીતે એકની એક બુદ્ધિજ અનેક સ્વરૂપના વિકારોને પામે છે.[૪,૫] બુદ્ધિના જે વિકારો તેજ "ઇંદ્રિયો" કહેવાય છે અને તેમાં ચિદાત્મા ક્ષેત્રજ્ઞ, અદૃશ્યસ્વરૂપે સ્થિતિ કરે છે. પુરુષનો આશ્રય કરનારી બુદ્ધિ સાત્વિકાદિ ત્રણ ભાવોને ધારણ કરનારી હોઇને સાત્વિકી, રાજસી અને તામસી-એવી ત્રણ સંજ્ઞાઓને પામે છે;[૬] જેથી કોઇ સમયે તે પ્રસન્નતાને સંપાદન કરે છે, કોઇ સમયે શોક કરે છે અને કોઇ સમયે સુખથી અથવા દુ:ખથી યુક્ત થાય છે.[૭] આ રીતે બુદ્ધિ ત્રિગુણાત્મિકા છે, તોપણ જે સમયે તેનો નિરોધ કરવામાં આવે છે તે સમયે પ્રચંડ તરંગોવાળો મહાસાગર જેમ પોતાના તીરનું ઉલ્લંઘન કરે છે, તેમ ત્રિગુણાત્મક સર્વ ભાવોનું ઉલ્લંઘન કરે છે. (અર્થાત્ યોગસાધનવડે બુદ્ધિને ગુણરહિત કરી શકાય છે.)[૮] આ બુદ્ધિ જ્યારે કોઇ પદાર્થની ઈચ્છા કરે છે, ત્યારે મનરૂપ થાય છે તેમજ સર્વ ઇંદ્રિયો પણ કેવળ બુદ્ધિનાંજ જૂદાં જૂદાં અધિષ્ઠાનો છે, એમ સમજવું; માટે યોગી પુરુષે રૂપાદિ વિષયોને ગ્રહણ કરનારી સર્વ ઇંદ્રિયોને સંપૂર્ણ રીતે જીતવી જોઇએ.[૯] કોઇએક ઇન્દ્રિય જ્યારે બુદ્ધિવડે અનુસરાય છે, ત્યારે પ્રથમ એકસ્વરૂપ એવી બુદ્ધિ પણ પાછળથી સંકલ્પાત્મક પદાર્થ ઉપર સ્થિતિ કરે છે અને પછી તે ઇન્દ્રિયથી નિપજેલા પદાર્થને ગ્રહણ કરે છે તથા અનુક્રમે તેના રૂપાદિને પણ ગ્રહણ કરે છે.[૧૦] જેમ એક રથનાં પૈડાંના આરાઓ તેના પુંઠીઆમાં વળગેલા હોઇને

પુંઠીઉં જ્યારે ફરે છે ત્યારે તેઓ પણ ફરે છે, તેમ સાત્વિક, રાજસ અને તામસ-એમ ત્રણે પ્રકારના સર્વ પદાર્થો, મન,બુદ્ધિ ને અહંકાર-એ ત્રણેને અનુસરીનેજ પ્રવૃત્તિ કર્યા કરે છે-અર્થાત સત્વાદિ ગુણો, જગતના કોઇ પદાર્થમાં રહેલા નથી પણ મન, બુદ્ધિ ને અહંકાર-એ ત્રણમાંજ રહેલા છે.[૧૧] યોગી પુરુષે, બુદ્ધિ જેઓનું કારણ છે તેવી અને વિષયોનો સંબંધ થતાંજ તેમાં સંચાર કરનારી છતાં પોતાની ઇચ્છાને લીધે વિષયોથી ઉદાસીન થયેલી જે ઇંદ્રિયો તેથી યુક્ત એવા પોતાના મનને એક દીવાનું કાર્ય કરનાર બનાવવું.×[૧૨] જે પુરુષ આ સર્વ જગતને કેવળ બુદ્ધિકલ્પિતજ જાણે છે, તે પુરુષ કદી મોહાધીન થતો નથી, શોક કરતો નથી, હર્ષ પામતો નથી અને નિત્ય મત્સરરહિત રહે છે.[૧૩] જે પુરુષોએ પોતાના ચિત્તનું શોધન કર્યું નથી, તેઓની ઇંદ્રિયો કામ્ય વિષયમાં સંચાર કરનારી હોવા છતાં ભલે કદાચ નિર્દોષ હોય, તોપણ તેઓને આત્માનો સાક્ષાત્કાર થઈ શકતો નથી;[૧૪] પરંતુ જ્યારે તે પુરુષો પોતાના ચિત્તને શુદ્ધ કરીને તેના કિરણરૂપ એવી ઇંદ્રિયોને અત્યંત વશ કરે છે, ત્યારે દીવાના પ્રકાશને લીધે જેમ કોઇ આકૃતિનું સ્પષ્ટ જ્ઞાન થાય છે, તેમ તેઓને આત્માનો સાક્ષાત્કાર થાય છે.[૧૫] જેમ સૂર્યના ઉદયસમયે અંધકારનો નાશ થતાં પ્રાણીમાત્રને સર્વ પદાર્થોનું દર્શન થાય છે, તેમ અજ્ઞાનરૂપ અંધકારનો નાશ થતાંજ સર્વત્ર બ્રહ્મસ્વરૂપનું દર્શન થાય છે.[૧૬] જેમ એક જળચર પક્ષી, જળમાં સંચાર કરીને પણ જળથી લેપાતું નથી,તેમ મુક્તાત્મા થયેલો યોગી પુરુષ, સંસારમાં રહ્યા છતાં તેના ગુણદોષથી લેપાતો નથી;" એટલુંજ નહિ પણ તેવો જ્ઞાનવાન પુરુષ, વિષયોનું સેવન કરે છે છતાં તેમાં આસક્તિ નહિ રાખતો હોવાને લીધે વિષયોના દોષથી લિપ્ત થતો નથી.*[૧૮] જે પુરુષ, પ્રાચીન વેદવિહિત કર્મોનો ત્યાગ કરીને (સંન્યાસી થઇને) સદાય આત્મામાંજ રમણ કર્યા કરે છે, પ્રાણીમાત્રનો આત્મારૂપ બની રહે છે અને વિષયોમાં લેશમાત્ર આસક્તિ રાખતો નથી છતાં તે પુરુષની બુદ્ધિ કોઈ સમયે વિષયો તરફ વળી જાય છે. (અર્થાત્ આવી સ્થિતિમાં પણ દ્વૈતદર્શનનો સમૂળગો અભાવ થતો નથી, માટે કર્મદ્વારા ચિત્તશુદ્ધિ સંપાદન કર્યા પછીજ આત્મદર્શનની અભિલાષા રાખવી.) બુદ્ધિ અને ઇંદ્રિય આદિ ગુણો, આત્માને જાણી શકતા નથી; પણ આત્માને તો તે ગુણોનું સંપૂર્ણ જ્ઞાન છે;[૧૯,૨૦] કેમકે આત્મા બુદ્ધિ આદિ ગુણોનો દ્રષ્ટા છે અને સ્રષ્ટા પણ છે. આ રીતે સૂક્ષ્મ એવી બુદ્ધિ અને સૂક્ષ્મ એવા ક્ષેત્રજ્ઞની વચ્ચે જે અંતર રહેલો છે, તેને તારે જાણી લેવો.[૨૧] બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞમાંથી એક ગુણોને ઉત્પન્ન કરે છે અને બીજો ગુણોને ઉત્પન્ન કરતો નથી. (અર્થાત્ બુદ્ધિ ગુણોને ઉત્પન્ન કરે છે પણ ક્ષેત્રજ્ઞ ગુણોને ઉત્પન્ન કરતો નથી.) આ રીતે બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞ, સ્વાભાવિક રીતેજ અન્યોન્યથી ભિન્ન છે છતાં સર્વદા સાથેજ રહે છે.[૨૨] જેમ માછલું અને જળ હમેશાં સાથેજ રહે છે, છતાં અન્યોન્યથી ભિન્ન છે અને મચ્છર તથા ઉંબરાનું ફળ હમેશાં સાથેજ રહે છે છતાં એકબીજાથી ભિન્ન છે, તેમ બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞ, નિત્ય સાથેનાં સાથેજ રહે છે છતાં પરસ્પર ભિન્ન છે.[૨૩] જેમ મુંજ ઘાસની સળી તે ઘાસમાં રહેલી છે છતાં તેનાથી ભિન્ન છે, તેમ બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞ, અન્યોન્યની અંદર રહેલા છે છતાં એકબીજાથી ભિન્ન છે."[૨૪]

અધ્યાય ૨૪૮ મો સમાપ્ત.

× અર્થાત્ જેમ એક દીવો પોતાનાં કિરણોદ્વારા અંધકારનો નાશ કરે છે, તેમ સંકલ્પવિકલ્પોથી રહિત થયેલું મન, ઇન્દ્રિયોરૂપી કિરણોદ્વારા, બ્રહ્મસ્વરૂપને આવૃત કરનાર અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે, માટે યોગીએ મનને દીવારૂપ બનાવવું.

* અર્થાત્ જ્ઞાની પુરુષને પૂર્વજન્મનાં પુણ્યપાપોનો અથવા આ જન્મનાં પુણ્યપાપોનો લેશમાત્ર સંસર્ગ થતો નથી.

અધ્યાય ૨૪૯ મો

વ્યાસ શુક સંવાદ–બુદ્ધિ અને આત્મા

॥ व्यास उवाच ॥

सृजते तु गुणान् सत्वं क्षेत्रज्ञस्त्वधितिष्ठति ॥
गुणान् विक्रियतः सर्वानुदासीनवदीश्वरः ॥१॥

વ્યાસે કહ્યું:–“ હે પુત્ર ! બુદ્ધિ સર્વ ગુણોને (વિષયોને) ઉત્પન્ન કરે છે અને ક્ષેત્રજ્ઞ તે તે ગુણોનો (સત્વાદિ ગુણોના વિકારોનો,) અધિષ્ઠાતા બને છે. જો કે, તે ક્ષેત્રજ્ઞ ઉદાસીનની પેઠે રહેનારો અને ઈશ્વરરૂપ છે, છતાં તે તે વિકાર પામતા ગુણોનો અધિષ્ઠાતા બને છે.[૧]× બુદ્ધિ વિષયોને ઉત્પન્ન કરે છે, તે એનો સ્વભાવજ છે. જેમ કરોળીઓ પોતાના મુખમાંથી તાંતણાઓને ઉત્પન્ન કરે છે, તેમ બુદ્ધિ વિષયોને ઉત્પન્ન કરે છે.[૨] જે સમયે પુરુષને તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થાય છે, તે સમયે આ બુદ્ધિજન્ય ગુણોનો નાશ થઇ જાય છે એટલે તેઓની કંઇ નિવૃત્તિ થઇ જતી નથી; પરંતુ તે વેળા તેઓની પ્રવૃત્તિજ ઉપલબ્ધ થતી નથી, એમ કેટલાએક કહે છે; અને કેટલાએક તો એમજ કહે છે કે, તત્ત્વજ્ઞાન થયું એટલે ગુણોની છેક નિવૃત્તિજ થઇ જાય છે.*[૩] આ બન્ને પક્ષનો યુક્તિપૂર્વક વિચાર કરીને પોતાની બુદ્ધિ અનુસાર તેમાંના એક પક્ષને સિદ્ધાંતરૂપ ઠરાવવો; કેમકે એ પ્રમાણે ઉપાય કરવાથીજ મનુષ્ય મહાન થઇ શકે છે.[૪] આત્મા, આદિ તથા અંતથી રહિત છે, એમ જાણીને મનુષ્યે ક્રોધનો, હર્ષનો તથા મત્સરનો ત્યાગ કરવો[૫] અને પોતાના હૃદયમાં રહેલા બુદ્ધિના ધર્મોરૂપી દૃઢ અને અનિત્ય એવા ગ્રંથિનો જ્ઞાનદ્વારા નાશ કરીને તેમજ સર્વ સંશયોનો ઉચ્છેદ કરીને શોકરહિત અવસ્થામાં સુખેથી રહેવું.[૬] જેમ કોઈ મૂર્ખ પુરુષો, તરવાની વિદ્યાને જાણતા ન હોય છતાં જળથી ભરેલી નદીમાં પૃથ્વીપરથી કૂદી પડીને સંકટમાં આવી પડે છે, તેમ તારે જાણવું કે, આ સંસારરૂપી નદીમાં ઉતરી આવેલા અજ્ઞાની પુરુષો પણ આત્મજ્ઞાનથી રહિત હોવાને લીધે નિરંતર ક્લેશ પામ્યા કરે છે;[૭] પરંતુ જેને તરવાનું જ્ઞાન હોય છે, તેવો પુરુષ જળથી ભરપૂર એવી નદીમાં પડીને પણ જાણે પૃથ્વી ઉપર સંચાર કરતો હોય તેમ સંચાર કરે છે અને સંકટમાં આવી પડતો નથી, તેમ જે તત્ત્વવેત્તા પુરુષ, આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન ધરાવે છે, તે પણ ક્લેશનો અનુભવ કરતો નથી.[૮] આ રીતે પ્રાણીઓના ઉત્પત્તિકારણનો તથા સંહારકારણનો સંપૂર્ણ વિચાર કરીને પ્રાણીમાત્રમાં જણાતી વિષમતાનો પણ જે પુરુષ વિચાર કરે છે, તેને ઉત્તમ શાંતિનો લાભ થાય છે.[૯] વળી મોક્ષને પ્રાપ્ત કરાવનારૂં સંપૂર્ણ આત્મજ્ઞાન અને શાંતિ પ્રાપ્ત કરવાં, તે મનુષ્યજન્મનું સાફલ્ય ગણાય છે અને તેમાં પણ બ્રાહ્મણજન્મની સફળતા તો ત્યારેજ ગણાય છે કે, પૂર્વોક્ત પદાર્થો જ્યારે પ્રાપ્ત થાય છે !![૧૦] બસ, આ આત્મજ્ઞાન સંપાદન કરવું તેજ જ્ઞાની પુરુષનું લક્ષણ છે, તે સિવાયનું બીજું લક્ષણ શું હોઇ શકે? આત્મજ્ઞાન સંપાદન કરીનેજ કૃતકૃત્ય થયેલા બુદ્ધિમાન પુરુષો સંસારબંધનથી છૂટી જાય છે.[૧૧] અજ્ઞાની પુરુષોને પરલોકમાં જે મહાભય છે, તે જ્ઞાની પુરુષોને કદી હોતો નથી અને જ્ઞાની પુરુષને જે સનાતની ગતિ પ્રાપ્ત થાય છે, તેથી અધિક બીજા કોઇને કદી પ્રાપ્ત થતી નથી.[૧૨] કોઈ સામાન્ય જનસમુદાય, સ્ત્રી આદિ ભોગ્યપદાર્થને દોષોથી ઘેરાયલા જોઇને તેની અસૂયા કરે છે–અર્થાત્ તેઓના તરફ દોષદૃષ્ટિથી જુએ છે અથવા તેઓની અપ્રાપ્તિને માટે શોક પણ કરે છે, પરંતુ જ્ઞાની પુરુષો કે જેઓ શોકના તથા હર્ષના કલ્પિત અકલ્પિત સ્વરૂપને જાણે છે અને જ્ઞાનવિષયમાં કુશલ છે, તેઓ કદી પણ શોક કરતા

× અર્થાત્ લોહચુંબક જેમ લોખંડનું આકર્ષણ કરે છે, તેમ ઉદાસીન એવો પણ ક્ષેત્રજ્ઞ, વિષયોનો અધિષ્ઠાતા બને છે.

*આ શ્લોકમાં બે મત દેખાડવામાં આવ્યા છે. તેમાંનો પ્રથમ મત મુખ્ય સિદ્ધાંતીઓનો છે અને બીજો મત તર્કશાસ્ત્રીઓનો અથવા સાંખ્યદર્શનીઓનો છે.

નથી એ તું જો.[૧૩][×] મનુષ્ય, ફલાભિસંધિનો ત્યાગ કરીને નિષ્કામ કર્મ કરે છે તેથી પોતાનાં પ્રાચીન કર્મોનો તે નાશજ કરે છે. વળી તેવાં નિષ્કામ કર્મ કરનાર જ્ઞાની પુરુષને, આ જન્મમાં કરેલું કર્મ કે પૂર્વજન્મમાં કરેલું કર્મ કોઈ જાતની પ્રીતિ ઉત્પન્ન કરી શકતું નથી, તેમ કોઇ જાતની અપ્રીતિ ઉત્પન્ન કરી શકતું નથી—અર્થાત જ્ઞાનીએ કરેલાં કર્મો તેને બંધનકર્તા નથી કે મોક્ષદાતા પણ નથી."[૧૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"શુકદેવનો પ્રશ્ન " એ વિષયનો અધ્યાય
૨૪૯ મો સમાપ્ત.

અધ્યાય ૨૫૦ મો

વ્યાસશુકસંવાદ—અજ્ઞાનરૂપ નદી

॥ शुक उवाच ॥

यस्माद्धर्मात्परो धर्मो विद्यते नेह कश्चन ॥
यो विशिष्टश्च धर्मेभ्यस्तं भवान् प्रब्रवीतु मे॥१॥

શુકદેવે કહ્યું:-"હે પિતા! જે ધર્મ બીજા સર્વ ધર્મોના કરતાં ઉત્તમ હોય અને જેનાથી શ્રેષ્ઠ એવો બીજો એક પણ ધર્મ આ જગતમાં નથી તે ધર્મ તમે મને કહો."[૧]

વ્યાસે કહ્યું:-હે પુત્ર! ઋષિઓએ આચરેલો જે પુરાણ ધર્મ બીજા સર્વ ધર્મોના કરતાં શ્રેષ્ઠ છે તેનું હું વર્ણન કરૂં છું, તું સાવધાન થઇને સાંભળ.[૨] જેમ એક પિતા, પોતાના પુત્રોને અવળે માર્ગે જતા અટકાવે છે, તેમ ચિત્તનું મથન કરનારી અને વિષયપ્રદેશ તરફ દોડી જનારી ઇંદ્રિયોને, બુદ્ધિ અને યત્નપૂર્વક વશ કરવી;[૩] કેમકે મન અને ઇંદ્રિયોની જે એકાગ્રતા કરવી તેજ પરમ તપ છે અને તેજ સર્વ ધર્મોના કરતાં શ્રેષ્ઠ એવો પરમ ધર્મ કહેવાય છે.[૪] મનસહિત સર્વ ઇંદ્રિયોને બુદ્ધિદ્વારા એકાગ્ર કરીને તથા ધ્યાન, ધ્યેય અને ધ્યાતા—એ ત્રિપુટીના સંબંધનો પણ વિચાર ત્યજી દઇને કેવળ આત્મતૃપ્તજ રહેવું.[૫] જ્યારે તારી ઇંદ્રિયો, બાહ્ય અને આભ્યંતર વિષયોથી નિવૃત્ત થઈને પરબ્રહ્મને વિષે સ્થિતિ કરશે, ત્યારે તું તારી બુદ્ધિમાંજ સનાતન પરમાત્માનાં દર્શન કરીશ.[૬] જે મહાત્મા બ્રાહ્મણો મહાબુદ્ધિમાન હોય છે, તેઓ નિર્ધૂમ અગ્નિના જેવા વિશ્વવ્યાપક પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે.[૭] જેમ કોઈ એક મહાન વૃક્ષ, પુષ્પ અને ફળની સમૃદ્ધિથી પરિપૂર્ણ હોય છે અને મોટી મોટી શાખાઓવાળો હોય છે છતાં તે પોતે પોતાનાં પુષ્પોને કે ફળોને જાણી શકતો નથી,[૮] તેમ શરીરની અંદર રહેલો આત્મા (બુદ્ધિ) પણ એ વિષયને જાણી શકતો નથી કે હું કયાંથી આવ્યો છું અને હવે પછી કયાં જઇશ! પરંતુ એ સિવાયનો બીજો જે એક અંતરાત્મા છે, તે તો સર્વ કંઈ જોઇ શકે છે—જાણી શકે છે.[૯] જ્ઞાની પુરુષ, જ્ઞાનરૂપી પ્રદીપ્ત દીવાની સહાયથી દેહમાં આત્માનો સાક્ષાત્કાર કરી શકે છે, માટે તું પણ જ્ઞાનરૂપી દીવો સંપાદન કરીને અને પછી દેહબુદ્ધિથી આત્માનો સાક્ષાત્કાર કર રૂપી ઉપાધિથી મુકત થઇને સર્વજ્ઞ થા.[૧૦] જેમ એક સર્પ કાંચળીનો ત્યાગ કરે છે, તેમ તું પણ સર્વ પાપોનો ત્યાગ કરીને મુકત થા અને જ્ઞાનરૂપી પરાબુદ્ધિને સંપાદન કરી પાપ અને સંતાપથી રહિત થા.[૧૧] હે તાત! તારે સમજવું કે, અજ્ઞાનરૂપી એક ભયંકર નદી છે, કે જે નદી ચોબાજુ વહી રહેલા પ્રવાહોવાળી છે, સર્વ જગતને ઘસડી જનારી છે, પાંચ ઇંદ્રિયોરૂપી ઝૂડવાળી છે, મનના સંકલ્પરૂપી તટવાળી છે, લોભ અને મોહરૂપી ઘાસથી છવાયલી છે, કામ અને ક્રોધરૂપી સર્પોવાળી છે, સત્યરૂપી બાંધેલા ઘાટવાળી છે, અસત્યરૂપી ખળખળાટવાળી છે, ક્રોધરૂપી કાદવવાળી છે, અવ્યકત (માયા)માંથી ઉ-

---

× ભગવાન વ્યાસ, આ શ્લોકમાં એમ કહેવા માગે છે કે, જ્ઞાની અને અજ્ઞાનીમાં કેટલો બધો અંતર રહેલો છે, તે તું જો. જ્ઞાની પુરુષો, લૌકિક વિષયોને દોષાક્રાંત સમજીને તેઓની ઉપેક્ષા કરે છે ત્યારે અજ્ઞાની પુરુષો તેઓની ઇચ્છા કરે છે. વળી જ્ઞાની પુરુષો વિષયોના તાત્વિક સ્વરૂપને સમજે છે જેથી તેઓની અપ્રાપ્તિને માટે શોક કરતા નથી ત્યારે અજ્ઞાનીઓ શોકગ્રસ્ત બની જાય છે.

ત્પન્ન થયેલી છે, અત્યંત વેગથી વહેનારી છે, અકુશલાત્મા પુરુષોએ તરવી અશકય છે, કામરૂપી મગરમચ્છથી વ્યાપ્ત છે, સંસારસમુદ્રપ્રત્યે ગમન કરનારી છે, વાસનારૂપી પાતાલ સુધી ઉંડી હોવાને લીધે મહાદુસ્તર છે, પોતાનાં કર્મોને લીધે ઉત્પન્ન થયેલી છે, વાણીના વ્યાપારરૂપી ઘુમરીઓવાળી છે અને મહા દુર્ગમ છે. આ અજ્ઞાનરૂપી નદીને તું જ્ઞાનરૂપી નૌકાથી તરી જા.[૧૨-૧૫] આ નદી, જેને બુદ્ધિકુશલ અને ધૈર્યસંપન્ન એવા જ્ઞાની પુરુષોજ તરી શકે છે, તેને તરી જઈને તું સર્વ તરફથી મુક્ત થા, મનને વશ કરી આત્મવેત્તા થા અને પવિત્ર થા.[૧૬] તું ઉત્તમ બુદ્ધિનો આશ્રય કરીને બ્રહ્મસ્વરૂપજ થઇ રહીશ, સર્વ સંસારથી મુક્ત થઈશ, ચિત્તને પ્રસન્ન કરી શકીશ અને પાપવાસનાઓથી રહિત થઇશ.[૧૭] જેમ કોઇએક પુરુષ, પર્વત ઉપર ચઢીને પૃથ્વીપરનાં સર્વ પ્રાણીઓને જુએ છે,તેમ તું પણ ક્રોધ, હર્ષ અને ક્રૂર બુદ્ધિના ત્યાગપૂર્વક જ્ઞાનરૂપી પર્વત ઉપર ચઢી જા અને ત્યાં રહીને તું સર્વ પ્રાણીઓના તરફ દૃષ્ટિ કર, કે જેથી તને પ્રાણીમાત્રની ઉત્પત્તિનું કારણ તથા લયનું કારણ પ્રત્યક્ષ દેખાશે; જે મુનિઓ ધાર્મિકોમાં શ્રેષ્ઠ છે, જ્ઞાની છે અને તત્ત્વવસ્તુનો સાક્ષાત્કાર કરનારા છે, તેઓ માને છે કે, અજ્ઞાનરૂપી નદીને તરી જવી, એજ સર્વ પ્રાણીઓને માટે પરમ ધર્મ છે.[૧૮,૧૯]

હે પુત્ર! વ્યાપક એવા આત્માના સંબંધમાં મેં તને જે આ જ્ઞાનનો ઉપદેશ આપ્યો છે, તે સર્વનું હિત કરનારા અને પોતાને અનુસરીને ચાલનારા કોઈ યત્નશીલ (શિષ્યને અથવા પુત્ર)નેજ કહેવા યોગ્ય છે.[૨૦] હે તાત! આ આત્મજ્ઞાન સર્વ ગુહ્ય વિષયોના કરતાં પણ અતિશય ગુહ્ય છે અને મેં મારા સ્વાનુભવની સાક્ષીએજ એ જ્ઞાનનો તને ઉપદેશ આપ્યો છે.[૨૧] પરબ્રહ્મ સ્ત્રી નથી, પુરુષ નથી કે નપુંસક નથી. વળી તે સુખરહિત છે, દુઃખરહિત છે અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાનના કારણરૂપ છે. (એમ સમજવું.)[૨૨] હરકોઈ મનુષ્ય સ્ત્રી હો કે પુરુષ હો, પણ આ પરબ્રહ્મનું જ્ઞાન મેળવીને તેને પુનર્જન્મ પ્રાપ્ત થતો નથી; કેમકે આત્મજ્ઞાનરૂપ આ યોગધર્મનું વિધાન કેવળ મોક્ષપ્રાપ્તિને માટેજ છે.[૨૩] હે પુત્ર! જગતના સર્વ મતમતાંતરો જે પ્રકારે મુક્તિમાંજ પર્યવસાન પામે છે, તેજ પ્રકારે મેં કહેલાં આ વચનો પણ મુક્તિમાંજ પર્યવસાન પામે છે;(અર્થાત્ સર્વ મતમતાંતરોનું લક્ષ્યબિંદુ જેમ મુક્તિ હોય છે, તેમ મારાં આ વચનોનું લક્ષ્યબિંદુ પણ મુક્તિજ છે.) પરંતુ મારાં આ વચનોમાં તથા બીજા મતાંતરોમાં ભેદ એટલોજ છે કે, મારાં વચનો અવશ્ય ફળદાયી થાય છે ત્યારે બીજા મતભેદો ફળદાયી થાય છે અથવા નથી પણ થતા;[૨૪] માટે હે સત્પુત્ર! પ્રીતિયુક્ત, ગુણસંપન્ન અને દમગુણને ધારણ કરનારા કોઇ પુત્રે, આ જ્ઞાનના સંબંધમાં જો પ્રશ્ન પૂછયો હોય, તો મેં તને ઉપદેશ આપ્યો છે, તે પ્રમાણેજ પિતાએ પ્રસન્નચિત્ત થઇને પુત્રને ઉપદેશ આપવો. ”[૨૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ શુકદેવનો પ્રશ્ન ” એ વિષયનો
અધ્યાય ૨૫૦ મો સમાપ્ત.

અધ્યાય ૨૫૧ મો

વ્યાસશુકસંવાદ—જ્ઞાનીનું સ્વરૂપ

॥ व्यास उवाच ॥

गंधान् रसान्नानुरुंध्यात् सुखं वा ।
नालंकारॉंश्चाप्नुयात्तस्य तस्य ॥
मानं च कीर्तिं च यशश्च नेच्छेत् ।
स वै प्रचारः पश्यतो ब्राह्मणस्य ॥१॥

વ્યાસે કહ્યું:–હે પુત્ર! જ્ઞાનસંપન્ન થયેલા બ્રાહ્મણનો એજ વ્યવહાર હોય છે કે, તે સુગંધી પદાર્થોને, મિષ્ટ આદિ રસોને અથવા સુખને ઈચ્છતો નથી, અલંકારોને મેળવતો નથી તેમજ માનની, કીર્તિની કે યશની ઈચ્છા રાખતો નથી.[૧] વળી જે બ્રાહ્મણ બ્રહ્મચર્યનું પાલન કરીને તથા ગુરુની સેવા કરીને ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ—એ ત્રણે વેદોનું અધ્યયન કરે છે, તેજ ખરો બ્રા-

હ્મણ છે, એવો કંઈ નિયમ નથી;[૨] પણ જે પુરુષ સર્વ પ્રાણીઓ તરફ જ્ઞાતિભાવ રાખે છે અને કામવાસનાથી વાસિત થઇને મૃત્યુ પામતો નથી, તેજ પુરુષ સર્વજ્ઞ છે, સર્વ વેદોને જાણનારો છે અને તેજ ખરો બ્રાહ્મણ છે.[૩]* પુરુષ, અનેક પ્રકારની ઇષ્ટિઓ કરે અને સંપૂર્ણ દક્ષિણાવાળા યજ્ઞો કરે, પણ નિષ્કામ બુદ્ધિને તથા દયાને જો ન અનુસરે તો કદી બ્રાહ્મણ થઈ શકતો નથી.[૪] જ્યારે મનુષ્ય કોઈ પ્રાણીથી ડરતો નથી અને તેનાથી બીજા કોઈ પ્રાણીને પણ ભય રહેતો નથી, તેમજ જ્યારે તે કોઇનાપર રાગ કરતો નથી અને કોઇનાપર દ્વેષ કરતો નથી, ત્યારે બ્રહ્મને પામી શકે છે.[૫] વળી જ્યારે પ્રાણીમાત્રના પર મન, વચન કે કર્મથી પાપી ભાવ કરતો નથી, ત્યારે પુરુષ બ્રહ્મને પામી શકે છે.[૬] આ જગતમાં કેવળ એક વિષયાભિલાષનુંજ સર્વને બંધન છે. તે સિવાયનું બીજું કંઈપણ બંધન નથી, માટે જે પુરુષ એ વિષયાભિલાષના બંધનથી મુકત થાય છે, તે બ્રહ્મસ્વરૂપ થવાને માટે યોગ્ય થઈ શકે છે.[૭] ભુખરવર્ણા મેઘમંડળથી મુક્ત થયેલો ચંદ્રમા જેમ નિર્મળ દેખાય છે, તેમ વિષયાભિલાષથી મુક્ત થઇને પાપરહિત થયેલો ધીરપુરુષ પોતાના મરણસમયની આકાંક્ષા રાખતો ધૈર્યથી વર્તન કરે છે.[૮] જેની સ્થિતિ કદી ચલાયમાન થતી નથી અને જે સદાકાળ પરિપૂર્ણ રહે છે, તેવા મહાસાગરમાં જેમ સર્વ જળપ્રવાહો પ્રવેશ કરે છે, તેમ જે પુરુષની અંદર સર્વ કામવાસનાઓ લય પામી જાય છે, તે પુરુષ મોક્ષરૂપ શાંતિને પામે છે, પણ વિષયોની અભિલાષા ધરાવનારો પુરુષ કદી શાંતિને પામતો નથી.[૯] વળી (જેણે કામવાસનાઓનો નાશ કર્યો છે) તે પુરુષનેજ માત્ર સંકલ્પ કરવાથી સર્વ અભીષ્ટ વસ્તુઓ આવી મળે છે અને તેને લીધે તે શોભી નીકળે છે; પરંતુ વિષયવાસનાથી ગ્રસ્ત થયેલો મનુષ્ય તેવી સ્થિતિએ પહોંચી શકતો નથી; તેને તો સ્વર્ગાદિકની કામવાસનાથી તુચ્છ એવો સ્વર્ગલોકજ મળે છે.[૧૦] વેદનું રહસ્ય સત્ય છે, સત્યનું રહસ્ય દમ છે, દમનું રહસ્ય દાન છે, દાનનું રહસ્ય તપ છે, તપનું રહસ્ય ત્યાગ છે, ત્યાગનું રહસ્ય સુખ છે, સુખનું રહસ્ય સ્વર્ગ છે અને સ્વર્ગનું રહસ્ય શાંતિ છે.[૧૧,૧૨] બુદ્ધિની જે પ્રસન્નતા તેજ શાંતિનું ઉત્તમ લક્ષણ છે, માટે મનુષ્યે પ્રથમ સંતોષ મેળવીને બુદ્ધિની પ્રસન્નતા પ્રાપ્ત કરવી જોઈએ; કેમકે બુદ્ધિની જે પ્રસન્નતા, તે શોકનો, સંકલ્પનો તથા તૃષ્ણાનો સમૂળગો નાશ કરે છે.[૧૩] શોકનો ત્યાગી, મમતાથી રહિત, સંતોષી, શાંત, બુદ્ધિની પ્રસન્નતાવાળો અને મત્સરથી રહિત-આ છ લક્ષણોવાળો પુરુષ સંપૂર્ણ જ્ઞાનતૃપ્ત થઇને પુનર્જન્મને પામતો નથી-અર્થાત્ મુક્ત થાય છે.[૧૪] સત્ય, દાન, દમ, તપ, ત્યાગ અને શમ-આ છ સાત્વિક ગુણોથી યુક્ત એવા જે પુરુષોએ, જીવંતદશામાંજ દેહાભિમાનનો ત્યાગ કરીને શ્રવણ, મનન અને નિદિધ્યાસનરૂપ શાસ્ત્રીય અનુભવદ્વારા પોતાના શરીરમાં રહેલા આત્માનો સાક્ષાત્કાર કર્યો છે, તે પુરુષો પૂર્વોક્ત જીવન્મુક્તના લક્ષણને પામે છે.[૧૫] જે પરબ્રહ્મ સદાય અકૃત્રિમ છે, અવિનાશી છે, સ્વભાવસિદ્ધ છે, અને કોઇ જાતના સંસ્કારથી રહિત, છે તે પરબ્રહ્મ પોતાના શરીરમાંજ રહેલા છે, એમ સમજીને જે પુરુષ તેને પ્રાપ્ત કરે છે તેને અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે.[૧૬] મનુષ્ય પોતાના મનને સર્વ વિષયો તરફથી પાછું વાળી લઇને તથા કેવળ પરબ્રહ્મમાંજ સ્થિર કરીને જે આત્મતુષ્ટિ સંપાદન કરે છે, તેવી આત્મતુષ્ટિ બીજા કોઈ પણ ઉપાયથી મળી શકતી નથી. (અર્થાત્ મનનો નિરોધ કરવાથી શાંતિસુખ મળી શકે છે, અન્યથા કોઇ રીતે મળી શકતું નથી.)[૧૭] જે પરબ્રહ્મનું જ્ઞાન મેળવીને ભોજન કર્યાવિના તૃપ્તિ થઈ જાય છે, નિર્ધન અવસ્થા હોવા છતાં ધનવાનના જેવી તૃપ્તિ અનુભવાય છે અને ઘી વગેરે ચીકાશવાળા પદાર્થોનું સેવન કર્યા વિના બળ પ્રાપ્ત થાય છે, તે પરબ્રહ્મનો જેણે સાક્ષાત્કાર કર્યો છે, તે પુરુષજ

---

* કહેવાનો ભાવ એ છે કે, જે પુરુષ નિર્દય છે અને કામવાસનાઓથી ભરપૂર છે, તે વેદને ભણ્યો હોય છતાં વેદને ભણ્યો નથી અને તે કદાચ બ્રાહ્મણ હોય છતાં બ્રાહ્મણ નથી.

ખરો વેદવેત્તા કહેવાય છે.[૧૮] જે શિષ્ટ બ્રાહ્મણ, પોતાની સુરક્ષિત ઇંદ્રિયોનો નિરોધ કરીને બ્રહ્મનુંજ ચિંતન કર્યા કરે છે, તેને આત્મા ઉપર પ્રીતિ રાખનારો કહી શકાય છે.[૧૯] જે પુરુષે સર્વ વાસનાઓનો ક્ષય કરીને, કેવળ પરમ તત્ત્વમાંજ મનની એકાગ્ર સ્થિતિ કરેલી છે, તે પુરુષનું (અદ્વૈત) સુખ શુકલપક્ષના ચંદ્રમંડળની પેઠે પ્રતિદિન વધતું જાય છે.[૨૦] મનનશીલ એવો જે પુરુષ પાંચ મહાભૂતો, પાંચ તન્માત્રાઓ, મહત્તત્ત્વ અને પ્રકૃતિ-એ સર્વનો ઉત્તરોત્તર ત્યાગ કરે છે તે પુરુષ, સૂર્યનું દુઃખ જેમ અંધકારવડે નાશ પામે છે, તેમ અનાયાસે નાશ પામે છે.[૨૧] વળી સર્વ કર્મોનો ત્યાગ કરનાર, ગુણોના ઐશ્વર્યનું ઉલ્લંઘન કરનાર અને વિષયસંસર્ગથી દૂર રહેનાર તે બ્રહ્મનિષ્ઠ પુરુષને વૃદ્ધાવસ્થા કે મૃત્યુની પ્રાપ્તિજ થતી નથી;[૨૨] એટલુંજ નહિ પણ સર્વ વિષયો તરફ વિરાગી થયેલો અને રાગદ્વેષથી રહિત થયેલો તે આત્મવેત્તા પુરુષ જ્યારે કેવળ શાંતસ્વરૂપેજ રહે છે, ત્યારે જીવંત દશામાંજ સર્વ ઇંદ્રિયોનું તથા ઇંદ્રિયોના વિષયોનું અતિક્રમણ કરી જાય છે.[૨૩] જે પુરુષે કાર્યસ્વરૂપ પ્રકૃતિનું ઉલ્લંઘન કર્યું છે અને કારણસ્વરૂપ પરબ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો છે, તે પુરુષને પરમ પદનીજ પ્રાપ્તિ થાય છે પણ પુનર્જન્મ પ્રાપ્ત થતો નથી.[૨૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ શુકદેવનો પ્રશ્ન ” એ વિષયનો
અધ્યાય ૨૫૧ મો સમાપ્ત.

અધ્યાય ૨૫૨ મો

વ્યાસશુકસંવાદ-સર્વ સૃષ્ટિ પાંચ ભૂતોની બનેલી છે.*

॥ વ્યાસ ઉવાચ ॥

द्वंद्वानि मोक्षजिज्ञासुरर्थधर्मावनुष्ठितः ॥
वक्त्रा गुणवता शिष्यः श्राव्यः पूर्वमिदं महत् ॥

વ્યાસે કહ્યું:-હે પુત્ર! માન-અપમાન વગેરે દ્વંદ્વનો તથા અર્થનો અને ધર્મનો આશ્રય કરનાર એવો કોઈ પણ શિષ્ય, જો મોક્ષની જિજ્ઞાસા રાખતો હોય, તો ગુણવાન અને વક્તા એવા ગુરુએ પ્રથમ તેને આ અધ્યાત્મનોજ ઉપદેશ આપવો.[૧] જેમકે આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વી, ભાવ, અભાવ અને કાળ-એ સર્વનો પાંચ મહાભૂતોમાંજ સમાવેશ થાય છે.[૨] જે પુરુષ શારીરિક શાસ્ત્રનું પ્રતિપાદન કરનારા વેદવાક્યને જાણે છે, તેણે એમજ સમજવું જોઈએ કે, આકાશ કેવળ અવકાશરૂપ છે અને શ્રોત્ર ઇંદ્રિય તે આકાશમાંથીજ ઉત્પન્ન થયેલી છે; તેમજ શબ્દ નામનો ગુણ આકાશનોજ છે.[૩] વળી પ્રાણીઓની ગમનક્રિયા વાયુનુંજ કાર્ય છે, પ્રાણ અને અપાન-એ બન્ને કેવળ વાયુમયજ છે, સ્પર્શન ઇંદ્રિય પણ વાયુમાંથીજ ઉત્પન્ન થયેલી છે અને સ્પર્શગુણ પણ વાયુનોજ છે.[૪] પ્રાણીના શરીરમાં રહેલો જઠરાગ્નિ, અન્નાદિકનું પાચન, દીપક આદિનો પ્રકાશ, ઉષ્ણતા અને ચક્ષુષ્ ઇંદ્રિય-એ પાંચે તેજનાંજ

---

* અર્થાત કેવળ પાંચ મહાભૂતોમાંથીજ સર્વ જગત ઉત્પન્ન થયું છે, એવો આ અધ્યાયનો મૂળ તાત્પર્યાર્થ છે. હવે, આ વિષય ઉપર કેટલાએકને શંકા થવાનો સંભવ છે કે, કણાદને અનુસરનારા ન્યાયશાસ્ત્રીઓની માન્યતા પ્રમાણે દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ-એમ સાત પદાર્થો છે. તેમાં પાંચ મહાભૂતો, કાળ, દિશા, આત્મા ને મન-એ નવ દ્રવ્યો કહેવાય છે, ગુણો ચોવીસ છે, કર્મ પાંચ છે, સામાન્ય બે પ્રકારનું છે, વિશેષો તો અનંત છે, સમવાય એકજ છે અને અભાવ ચાર પ્રકારનો છે. આ સાત પદાર્થોજ સર્વનું કારણ હોવા છતાં પાંચ મહાભૂતોનેજ તમે સર્વનું કારણ કેમ કહો છો? આ શંકાનું સમાધાન કરવા માટે ટીકાકાર નીલકંઠે લખ્યું છે કે, ભૂતભવિષ્ય આદિ વ્યવહારનો હેતુભૂત એવો જે કાળ તે કોઈ સ્વતંત્ર પદાર્થજ નથી. જેમકે, નવું અને જૂનું ઇત્યાદિ અવસ્થાઓ કેવળ દ્રવ્યનીજ છે, તેમ ભૂત, ભવિષ્ય ઇત્યાદિ અવસ્થાઓ પણ દ્રવ્યમાંજ રહેનારી છે અને તેથીજ તેવો વ્યવહાર કરવામાં આવે છે; તેમજ દિશા નામનો કોઇ સ્વતંત્ર પદાર્થ છેજ નહિ, માત્ર આકાશમાંજ સૂર્યરૂપ ઉપાધિને લીધે પૂર્વ, પશ્ચિમ વગેરેની કલ્પના કરવામાં આવી

કાર્યો છે. લાલ, ધોળું, કાળું-વગેરે જે રૂપ તે અગ્નિનો ગુણ છે.[૫] આર્દ્રતા (ભીનાશ) ક્ષુદ્રતા (અંદર પ્રવેશ કરી પૃથ્વીના અવયવના સંયોગને શિથિલ કરવો તે), સ્નેહ (ચીકાશ), શરીરમાં રહેલી મજ્જા અને બીજા રુધિર આદિ જે જે સ્નિગ્ધ પદાર્થો છે, તેઓને જળનાજ વિકાર જાણવા અને રસના અથવા જીહ્વા ઇંદ્રિય પણ જળમાંથીજ ઉત્પન્ન થયેલી છે, તેમજ રસ નામનો જે ગુણ તે જળનોજ છે. વળી હાડકાં, દાંત, નખ, દાઢી, મૂછ, રૂંવાટાં, મસ્તકના કેશ, નાડીઓ, સ્નાયુઓ અને ચામડી-વગેરે જે જે ધાતુસમુદાય છે, તે સર્વ કેવળ પૃથ્વીમાંથી ઉત્પન્ન થયો છે, ઘ્રાણ અથવા નાસિકા નામની જે ઇંદ્રિય તે પણ પૃથ્વીમાંથીજ ઉત્પન્ન થયેલી છે અને ગંધનામનો ઘ્રાણેન્દ્રિયનો જે ગુણ તેને પણ પૃથ્વીમયજ જાણવો. આકાશ આદિ પાંચે મહાભૂતોમાં ઉત્તરોત્તર એક એક ગુણ અધિક છે. (જેમકે, આકાશમાં એક શબ્દગુણજ છે, વાયુમાં શબ્દ અને સ્પર્શ-એ બે ગુણો છે, તેજમાં શબ્દ, સ્પર્શ અને રૂપ-એ ત્રણ ગુણો છે, જળમાં શબ્દ, સ્પર્શ, રૂપ, અને રસ-એ ચાર ગુણો છે અને પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ-એ પાંચે ગુણો છે.) તેમજ સર્વ પ્રાણીઓમાં અવિદ્યા, કામ અને કર્મ નામના ઉત્તરગુણો રહેલા છે.[૫-૯] મુનિઓ કહે છે કે, સર્વ જગત આ પંચમહાભૂતોનીજ સંતતિ છે અને ભાવના, જ્ઞાન તથા કર્મ-એ ત્રણ પદાર્થો મળીને આઠ તત્ત્વો થાય છે, અને તે ઉપરાંત નવમું મન છે, દશમી બુદ્ધિ છે તથા અગીઆરમો આત્મા છે, કે જે આત્માને અનંત, સર્વસ્વરૂપ અને સર્વના કરતાં શ્રેષ્ઠ કહેવામાં આવે છે. આ અગીઆરે તત્ત્વોમાં બુદ્ધિને નિશ્ચયધર્મવાળી કહેવામાં આવે છે, મનને સંશયાત્મક ગણવામાં આવે છે અને કર્મોના આશ્રયથી અનુમાન કરવા યોગ્ય જીવને 'ક્ષેત્રજ્ઞ' કહેવામાં આવે છે.[૧૦,૧૧] જે પુરુષ જગતના પ્રાણીમાત્રને આ કાલાત્મક સંસ્કારોથી યુક્ત હોવા છતાં વસ્તુતઃ તે સંસ્કારોથી રહિત જાણે છે, તે પુરુષને સકામ કર્મોનું અનુસરણ રહેતું નથી-અર્થાત્ તે પુરુષ કેવળ નિષ્કામ બની જાય છે.[૧૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
" શુકદેવનો અનુપ્રશ્ન "એ વિષયનો
અધ્યાય ૨૫૨ મો સમાપ્ત.

છે. વળી મન પણ સ્વતંત્ર પદાર્થ નથી; કેમકે મન એક જાતની ઇંદ્રિયજ છે અને શ્રોત્રાદિક ઇંદ્રિયની પેઠે તે જે જે વિષયનું ગ્રહણ કરે છે, તેના સજાતીય ગુણનોજ તેને આશ્રય છે, જેથી સિદ્ધજ થાય છે કે, મન પાંચ મહાભૂતોમાંથીજ ઉત્પન્ન થયું છે. ચોવીશ ગુણો છે તે પણ પોતાના દ્રવ્યરૂપ આશ્રયથી ભિન્ન નહિ હોવાને લીધે સ્વતંત્ર પદાર્થ નથી. તેમજ કર્મ પણ કોઇ જૂદો પદાર્થ નથી; કેમકે દ્રવ્યની ચલનવલન આદિ જે અવસ્થા તેનેજ કર્મ કહેવામાં આવે છે. તે સિવાય સામાન્ય નામનો પણ કોઇ સ્વતંત્ર પદાર્થ નથી; કેમકે સામાન્યનો અર્થ સત્તા એવો કરવામાં આવે છે, તો પછી પરબ્રહ્મરૂપ અધિષ્ઠાનની સત્તાને લીધેજ સર્વત્ર 'સત્ સત્' એવા વ્યવહારની સિદ્ધિ થાય છે, માટે સામાન્યની પૃથક્ કલ્પના કરવી તે અયોગ્યજ છે. વળી ન્યાયશાસ્ત્રીઓ કહે છે કે, "નિત્ય દ્રવ્યમાં રહેનારા વિશેષો તો અનંત છે;" પરંતુ એમ કહેવું તે પણ યોગ્ય નથી, કેમકે એક આત્માવિના બીજું કોઇ નિત્યદ્રવ્યજ નથી તો પછી "નિત્યદ્રવ્યમાં રહેનારા વિશેષો અનંત છે" એમ કહેવું તે આધારવિનાનું છે. અને પ્રમાણથી અસિદ્ધ છે. વળી જેમ સમવાય દ્રવ્યોની અંદર રહેલો છે, તેમ રૂપાદિક પણ સમવાયવિનાજ દ્રવ્યની અંદર રહેશે, તો પછી સમવાયની વૃથા કલ્પના શામાટે કરવી જોઇએ? અને અભાવ પણ કોઈ જાતનો ભિન્ન પદાર્થ નથી. (કેમકે ઘટમાં પટનો અભાવ છે અને પટમાં ઘટનો અભાવ છે. એ તો પ્રત્યક્ષજ છે.)

આ ઉપરથી સિદ્ધ થાય છે કે, પાંચ મહાભૂતોમાંજ સર્વ પદાર્થોનો અંતર્ભાવ હોઇને પાંચ મહાભૂતોસિવાયનો બીજો કોઈ પદાર્થજ નથી; અને આવા આશયથીજ આ અધ્યાયના બીજા શ્લોકના ઉત્તરાર્દ્ધમાં કહ્યું છે કે, **भावाभावौ च कालश्च सर्वभूतेषु पंचसु**"-ભાવ, અભાવ અને કાળ-એ સર્વનો પાંચ મહાભૂતોમાંજ સમાવેશ થઇ જાય છે."

અધ્યાય ૨૫૩ મો

વ્યાસશુકસંવાદ–શાસ્ત્રવેત્તા યોગીઓ લિંગાત્માનો સાક્ષાત્કાર કરે છે.

॥ व्यास उवाच ॥

शरीराद्विप्रमुक्तं हि सूक्ष्मभूतं शरीरिणम् ॥
कर्मभिः परिपश्यन्ति शास्त्रोक्तैः शास्त्रवेदिनः॥

વ્યાસે કહ્યું:–"હે પુત્ર! સ્થૂલશરીરથી મુક્ત એવો પણ જીવાત્મા સૂક્ષ્મશરીરથી યુક્ત હોવાને લીધે અત્યંત દુર્લક્ષ્ય છે; તોપણ શાસ્ત્રવેત્તા યોગીઓ, શાસ્ત્રોક્ત યોગાનુષ્ઠાનદ્વારા તેનો સાક્ષાત્કાર કરી શકે છે–અર્થાત યોગી પુરુષો સમાધિમાં આરૂઢ થઈને લિંગાત્માને જોઈ શકે છે.[૧] જેમ આકાશમાં સૂર્યનાં કિરણો અતિ ઘટ્ટ હોય છે છતાં સ્થૂલદૃષ્ટિથી જોઇ શકાતાં નથી તોપણ ગુરુએ કહેલી યુક્તિથી તેઓને સર્વત્ર રહેલાં જોઈ શકાય છે, તેમ સ્થૂલશરીરથી મુક્ત થયેલાં લિંગશરીરો, સ્વર્ગાદિ લોકોમાં સંચાર કરે છે, છતાં મનુષ્યની સ્થૂલદૃષ્ટિનાં અવિષય હોવાને લીધે તેઓને જોઇ શકાતાં નથી. (તોપણ ગુરુએ કહેલી યુક્તિથી તેઓને જોઈ શકાય છે.)[૨] જેમ સૂર્યનું કિરણમંડલ જળમાં પ્રતિબિંબરૂપે દેખાય છે, તેમ પ્રાણીઓની અંદર રહેલા લિંગશરીરને યોગી પુરુષ પ્રત્યેક વ્યક્તિમાં જુએ છે.[૩] ઇંદ્રિયોને જેઓએ વશ કરેલી છે, તેવા આત્મજ્ઞ યોગી પુરુષો, સ્થૂલશરીરથી મુક્ત થયેલાં લિંગશરીરોને પણ પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી જોઈ શકે છે.[૪] જે યોગી પુરુષો દિવસે તેમ રાત્રે અને રાત્રે તેમ દિવસે–સતત રીતે યોગસાધનામાંજ તત્પર રહે છે અને મનમાં ઉદ્ભવેલા કામાદિક વ્યસનનો તથા સ્વતઃ આવી મળેલા યોગૈશ્વર્યનો ત્યાગ કરે છે, તે સર્વ યોગી પુરુષો જાગ્રત અવસ્થામાં હોય કે સ્વપ્નાવસ્થામાં હોય તોપણ તેઓનું લિંગશરીર, નિરંતર તેઓના સ્વાધીનમાંજ રહે છે; (જેથી તેઓ પોતાની ઇચ્છામાં આવે તો બીજાના શરીરમાં પણ પ્રવેશ કરી શકે છે.)[૫-૬] એટલુંજ નહિ પણ તેવા યોગનિષ્ઠ પુરુષોનો જીવ, સૂક્ષ્મ એવા સાત* ગુણોને સાથે લઇને ઇંદ્રાદિના દિવ્ય લોકોમાં પણ સંચાર કરી શકે છે અને સદાય અનિત્ય હોવા છતાં વ્યવહારદૃષ્ટિએ અજરામર થઈ શકે છે.[૭] (આ રીતે કેવળ યોગીપુરુષોજ લિંગશરીરને જોઇ શકે છે, એમ નથી પરંતુ) જે પુરુષ મન અને બુદ્ધિને અધીન થઇ ગયેલો હોય છે, તે મૂઢ પુરુષ પણ સ્વપ્નાવસ્થામાં પોતાના અને બીજાના લિંગદેહને સ્થૂલશરીરથી ભિન્ન રહેલો જાણી શકે છે, તેમજ તે અવસ્થામાં સુખનો તથા દુઃખનો અનુભવ પણ કરી શકે છે.[૮] વળી સ્વપ્નાવસ્થામાં મનુષ્ય સુખને પામે છે, દુઃખને મેળવે છે, ક્રોધ કરીને તથા લોભ કરીને સંકટને પામે છે, પુષ્કળ ધન સંપાદન કરીને પ્રસન્ન થાય છે, પુણ્ય કરે છે અને પોતે જાણે જાગતો હોય તેમ બધું જોઇ પણ શકે છે.[૯,૧૦] વળી એ પણ પ્રસિદ્ધજ છે કે, ગર્ભાશયને પ્રાપ્ત થયેલો જીવ, માતાના ઉદરમાં દશ મહિનાસુધી વસે છે અને ત્યાં જઠરાગ્નિના મધ્યભાગમાંજ પડી રહે છે,[૧૧]× છતાં માતાએ ખાધેલા અન્નની પેઠે પચી જતો નથી આ જીવાત્મા પરમેશ્વરનો એક અંશજ છે અને પ્રત્યેક પ્રાણીના હૃદયમાં રહેલો છે, છતાં રજોગુણ અને તમોગુણથી ઘેરાયલા પુરુષો, શરીરોની અંદર તેને જોઈ શકતા નથી;[૧૨] પરંતુ જે પુરુષો આત્માને પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે, તેઓ કેવળ યોગશાસ્ત્રમાંજ તત્પર રહે છે–યોગમાર્ગનોજ આશ્રય કરે છે અને તે દ્વારા અચેતન એવાં સ્થૂલશરીરોનું, અમૂર્ત એવાં લિંગશરીરોનું તથા બ્રહ્માના પ્રલયસમયે પણ નાશ નહિ થનારાં વજ્રતુલ્ય કારણશરીરો સુદ્ધાંનું ઉલ્લંઘન કરે છે.[૧૩] ÷ જો કે ચારે આશ્રમોનાં કર્મો તથા ધર્મો ભિન્ન

---

* મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રાઓ–એ સાતે ગુણોને સાથે લઇને.

× કારણ કે, ગર્ભાશયમાં આવેલા જીવની દૃષ્ટિએ અગ્નિ આદિનો અભાવજ હોય છે, જેથી તેને અગ્નિ આદિનું દુઃખ થતું નથી.

÷ અર્થાત્ યોગદ્વારા ત્રણે શરીરોનું અતિક્રમણ કરનારા પુરુષોનેજ આત્મપ્રાપ્તિ થાય છે.

ભિન્ન કહેવામાં આવ્યાં છે, તોપણ પ્રત્યેક આશ્રમમાં સમાધિકાળના શમયોગનું (વૃત્તિઓને શાંત કરવારૂપ ધ્યાનયોગનું) નિરૂપણ કરવામાં આવ્યું છે, એમ મુનિ શાંડિલ્યે (છાંદોગ્ય-ઉપનિષદ્‌માં) કહ્યું છે.[૧૪]+ જે પુરુષ ઇંદ્રિયો, વિષયો, મન, બુદ્ધિ, મહત્તત્ત્વ, પ્રકૃતિ અને પુરુષ-આ સાત સૂક્ષ્મ તત્ત્વોને શાસ્ત્રદ્વારા જાણે છે અને સર્વજ્ઞતા, તૃપ્તિ, જ્ઞાન, સ્વતંત્રતા, સદાકાળ દૃષ્ટિલોપનો અભાવ અને અનંત શક્તિપણું-આ છ પ્રકારના ગુણવાળા પરમેશ્વરનું જ્ઞાન ધરાવે છે, તેમજ આ સર્વ જગતને અજ્ઞાનના વિપરિણામરૂપેજ જાણે છે, તે પુરુષને પરબ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે.[૧૫]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
" શુકદેવનો અનુપ્રશ્ન " એ વિષયનો
અધ્યાય ૨૫૩ મો સમાપ્ત.

અધ્યાય ૨૫૪ મો

વ્યાસશુકસંવાદ-કામનારૂપી વૃક્ષ અને શરીરરૂપી નગર

॥ व्यास उवाच ॥

हृदि कामद्रुमश्चित्रो मोहसंचयसंभवः
क्रोधमानमहास्कंधो विधित्सापरिषेचनः ॥१॥

વ્યાસે કહ્યું:-"હે પુત્ર ! પ્રાણીઓના હૃદયપ્રદેશમાં ઉગેલું કામનારૂપી એક વૃક્ષ મહા અદ્‌ભુત છે. તે વૃક્ષ મોહરૂપી બીજમાંથી ઉત્પન્ન થયું છે, ક્રોધ અને માનરૂપી મોટા થડવાળું છે, કાર્ય કરવાની ઇચ્છારૂપી તેને ક્યારડો છે, અજ્ઞાનરૂપી તેનું મૂળ છે, પ્રમાદરૂપી જળનું તેને સિંચન કરવામાં આવે છે, અસૂયા એ વૃક્ષનાં પાંદડાં છે, પૂર્વજન્મનાં પાપો તે વૃક્ષનો સાર છે, મોહભરેલી ચિંતાઓ એ વૃક્ષની ડાળીઓ છે, શોકરૂપી તેની શાખાઓ છે, ભયરૂપી તેનાં અંકુરો છે અને મોહ ઉપજાવનારી તૃષ્ણાઓ એ વૃક્ષને વીંટાયલી લતાઓ છે.[૧-૩] જે પુરુષો અતિશય લોભી હોય છે અને તે કામનાવૃક્ષનાં ફળની ઈચ્છા રાખનારા હોય છે, તેઓ લોખંડના જેવા મજબૂત વાસનાઓરૂપી પાશોથી બંધાઇને એ મહાવૃક્ષને વીંટાઇ વળે છે અને નિરંતર તેનું સેવન કર્યા કરે છે;[૪] પરંતુ જે પુરુષ વાસનાઓરૂપી પાશોને પોતાને સ્વાધીન કરીને એ કામવૃક્ષને જડમૂળમાંથી ઉખેડી પાડે છે, તે પુરુષ સુખદુઃખનો ત્યાગ કરીને તેઓ બન્નેનો અંત આણે છે-અર્થાત્ સુખદુઃખથી મુક્ત થાય છે;[૫] પણ જે મૂઢ બુદ્ધિવાળો પુરુષ સ્ત્રીપુત્રાદિને વશ થઇને એ કામવૃક્ષને ઉછેરી મોટું કરે છે તે પુરુષનો, ઝેરી ગાંઠ જેમ રોગીનો નાશ કરે છે તેમ, તે કામવૃક્ષજ નાશ કરે છે;[૬] માટે કુશલ પુરુષે યોગના પ્રસાદથી પ્રાપ્ત થયેલી નિર્વિકલ્પ સમાધિરૂપી તરવારથી, ચોતરફ પ્રસરેલા મૂળવાળા એ કામવૃક્ષના મૂળને (અજ્ઞાનને) બળાત્કારે ઉખેડી નાખવું.[૭] આ રીતે જે પુરુષ કેવળ કામનીજ નિવૃત્તિ કરી જાણે છે અને કામવિષયક શાસ્ત્રને બંધનકર્તા જાણે છે, તે પુરુષ સર્વ દુઃખોને ઉલ્લંઘી જાય છે.[૮] વિદ્વાનો કહે છે કે, પ્રાણીમાત્રનું શરીર એક નગરરૂપ છે, તે નગરની સ્વામિની અથવા રાણી બુદ્ધિ છે અને તે નગરમાં રહેનારૂં મન નિશ્ચયાત્મક એવી બુદ્ધિનો અમાત્ય છે-મંત્રી છે;[૯] તેમજ સર્વ ઇંદ્રિયો મનરૂપી અમાત્યને અધીન રહેનારા નગરવાસીઓ છે. આ નગરજનોનું પાલન કરવામાટે મનને અનેક પ્રકારની ક્રિયાપ્રવૃત્તિ કરવી પડે છે; પરંતુ મનની એ ક્રિયાપ્રવૃત્તિમાં દારુણ એવા બે દોષો રહેલા છે. એક રાજસ અહંકાર અને બીજો તામસ અહંકાર. વળી આ મનરૂપી અમાત્ય જે જે પ્રકારની ક્રિયાઓ કરે છે, તેના ફળ ઉપર ઇંદ્રિયરૂપી નાગરિકો તથા શરીરરૂપી નગરના આધપતિ-મન, બુદ્ધિ અને અહંકાર-એ સર્વ જણા પોતાની આજીવિકા ચલાવી રહ્યા છે;[૧૦] પણ જ્યારે પૂર્વોક્ત બન્ને દોષો, પરસ્ત્રીગમન આદિ નિષિદ્ધ માર્ગે સુખાદિરૂપ અર્થસંપાદન કરાવવામાટે તૈ-

---

+ કહેવાનો ભાવ એ છે કે, સંન્યાસીઓનો સંન્યાસ કેવળ ધ્યાન કરવા માટેજ છે અને બીજા આશ્રમીઓએ પણ પોતાના આશ્રમકર્મના અવકાશમાં ધ્યાનજ કરવું જોઇએ.

ચાર થાય છે, ત્યારે નિશ્ચયસ્વરૂપ એવી પણ બુદ્ધિ મનની સમાનતાને ધારણ કરે છે અને મનથી ત્રાસ પામેલા નગરજનો (ઇંદ્રિયો) પણ ચંચલ સ્થિતિને ધારણ કરે છે. તે પછી બુદ્ધિ, સ્ત્રીપુત્રાદિ જે અર્થને અર્થરૂપે માને છે, તેજ અંતે અનર્થરૂપ થઈને નાશ પામે છે.×[૧૧,૧૨] મન બુદ્ધિની સાથે રહીને જે જે વિષયનું ચિંતન કરે છે, તેના તેના નાશ પછી તેને માટે ખેદ પણ કરે છે; પરંતુ એ મનસંકલ્પસ્વરૂપ થઈને બુદ્ધિથી જ્યારે જૂદું પડે છે, ત્યારે તેને કેવળ મનજ કહેવામાં આવે છે.[૧૨] ચિદાત્મા બુદ્ધિની અંદર પ્રતિબિંબરૂપે રહેલો છે, જેથી રજોગુણ તેને ચોતરફથી ઘેરી લે છે. સારાંશ કે, મન પ્રથમ રજોગુણ સાથે સંબંધ કરે છે અને પછી બુદ્ધિરૂપી ઉપાધિવાળા આત્માને તથા ઇંદ્રિયોને પોતાને સ્વાધીન કરી લઇને રજોગુણનાં ફળરૂપ દુઃખોને અર્પણ કરી દે છે. (અર્થાત્ જેમ કોઇએક દુષ્ટ પ્રધાન નગરના રાજાને તથા નાગરિક પ્રજાને પોતાને સ્વાધીન કરી લઈને શત્રુ રાજાને અર્પણ કરી દે છે, તેમ રજોગુણી એવો મનરૂપી પ્રધાન, બુદ્ધિરૂપી ઉપાધિને ધારણ કરનારા આત્મારૂપી રાજાને તથા ઇંદ્રિયોરૂપી નગરવાસીઓને પોતાને સ્વાધીન કરી લઈને રજોગુણરૂપ શત્રુરાજાને અર્પણ કરી દે છે.)[૧૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"શુકદેવનો અનુપ્રશ્ન" એ વિષયનો
અધ્યાય ૨૫૪ મો સમાપ્ત.

* * *

અધ્યાય ૨૫૫ મો

વ્યાસશુકસંવાદની સમાપ્તિ-ભૂતાદિકના ગુણો

॥ भीष्म उवाच ॥

भूतानां परिसंख्यानं भूयः पुत्र निशामय ॥
द्वैपायनमुखाद् भ्रष्टं श्लाघया परयाऽनघ ॥१॥

ભીષ્મે કહ્યું:-હે નિર્દોષ પુત્ર યુધિષ્ઠિર! ચિદાત્માને ઉપાધિભૂત એવા ભૂતાદિક ગુણોને નિવારણ કરવાનો ઉપાય, વ્યાસ ભગવાનનાં મુખથી જે પ્રમાણે કહેવાયો છે તે પ્રમાણેજ પુનઃ હું તમને કહું છું, તેનું તમે પોતાને ધન્ય માનીને શ્રવણ કરો.[૧] પ્રદીપ્ત અગ્નિસમાન કાંતિવાળા ભગવાન વ્યાસે અજ્ઞાનને લીધે નિસ્તેજ દેખાતા પોતાના પુત્રને જે ઉપદેશ આપ્યો હતો, તે હું તમને પુનઃ કહી સંભળાવું છું.[૨] હે પુત્ર! સ્થિરતા, ગુરુતા, કઠિનતા, ઉત્પાદકતા, ગંધ, વિશાળતા, ગંધગ્રહણનું સામર્થ્ય, સંઘાત (અવયવોનું પરસ્પર વળગી રહેવાપણું), સર્વ આશ્રયદાતાપણું અને ધારણાશક્તિ-આ દશ ગુણો પૃથ્વીના છે.[૩] શીતલતા, રસ, આર્દ્રતા (ભીનાશ), પ્રવાહીતા, સ્નેહ (ચીકાશ), સૌમ્યતા, જીહ્વા, સ્રાવ અને પાર્થિવ દ્રવ્યોનું પાચન-આટલા ગુણો જળના છે.[૪] ઉગ્રતા, દાહક ક્રિયા, તાપ, પાચન, પ્રકાશન, શોક, રાગ, (રતાશ) શીઘ્રગામિતા, તીક્ષ્ણતા અને નિરંતર ઊર્ધ્વગામિતા-વગેરે ગુણો અગ્નિના છે.[૫] સમશીતોષ્ણ સ્પર્શ, વાણી ઇંદ્રિયનાં ગોલકો, ગમનાદિકમાં સ્વતંત્રતા, બળ, શીઘ્રતા, મળમૂત્રાદિનો ત્યાગ કરવાની શક્તિ, શ્વાસોચ્છ્વાસ આદિ ચેષ્ટા, પ્રાણરૂપે ચૈતન્યને ઉપાધિપણું અને જન્મ તથા મરણ-આ સર્વ ગુણો વાયુના છે.[૬] શબ્દ, વ્યાપકતા, અવકાશ, આશ્રયપણાનો અભાવ (એટલે કોઇનો આશ્રય નહિ થવું તે), નિરાધારતા, નિરાકારપણું, અવિકારિતા, અસ્ખલિતતા, શ્રોત્રેન્દ્રિયની ઉપાદાનકારણતા અને શરીરની અંદર રહેલાં છિદ્રો-આ દશ ગુણો આકાશના છે. આ પ્રમાણે પાંચ મહાભૂતોની અંદર દેખાતા આ પચાસ ગુ-

---

× કહેવાનો ભાવ એ છે કે, મનની દુષ્ટતાને લીધે ઇંદ્રિયો પણ દુષ્ટ બની જાય છે અને કોઈ વિષય ઉપર સ્થિરતાને પામી શકતી નથી; તેમજ બુદ્ધિની દુષ્ટતાને લીધે ધનપુત્રાદિ અનર્થરૂપ એવો પણ અર્થ, પોતાનું હિત કરનાર હોય તેમ જણાય છે, પરંતુ અંતે તે અર્થ દુઃખદાયી થઇ પડે છે.

ણોનું શાસ્ત્રકારોએ વર્ણન કર્યું છે;[૮] તેમજ ધૈર્ય, ઊહાપોહ કરવાની કુશલતા, સ્મરણશક્તિ, ભ્રાંતિ, મનોરથવૃત્તિ, ક્ષમા, વૈરાગ્યાદિક શુભ વૃત્તિ, રાગદ્વેષાદિક અશુભ વૃત્તિ અને ચંચલતા–આ આ નવ ગુણો મનના છે;[૯] અને નિદ્રા, ઉત્સાહ, ચિત્તની સ્થિરતા, સંશય તથા પ્રત્યક્ષ આદિ પ્રમાણની વૃત્તિ–આ પાંચ ગુણો બુદ્ધિના છે.[૧૦]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે પિતામહ ! બુદ્ધિના પાંચજ ગુણો શામાટે ? તેમજ ઇંદ્રિયોના ગુણો પણ પાંચજ કેમ હોઇ શકે ? એ સર્વ સૂક્ષ્મ જ્ઞાન તમે મને કહો.”[૧૧]

ભીષ્મે કહ્યું:–“ હે પુત્ર ! પાંચ મહાભૂતો, પાંચ મહાભૂતોના પચાસ ગુણો અને બુદ્ધિના પાંચ ગુણો–એમ સર્વ મળીને બુદ્ધિના સાઠ ગુણો થાય છે અને તે સર્વ ગુણો, નિત્ય એવા આત્મચૈતન્યની સાથે સંબંધવાળા થઈને રહેલા છે. વેદો કહે છે કે, પાંચ મહાભૂતો, તેઓની વિભૂતિઓ, મન અને બુદ્ધિ–એ સર્વ પદાર્થો અક્ષર એવા પરમાત્માથી ઉત્પન્ન થયેલા છે, તોપણ પરમાત્માનું જગતકર્તાપણું નિત્યનું નથી. (અર્થાત્ જેમ છીપમાં દેખાતું રૂપું કેવળ ભ્રાંતિજન્ય હોઇને કોઇ સમયેજ ભાસિત થાય છે, તેમ પરમાત્માની અંદર દેખાતું જગતસ્રષ્ટાપણું પણ કેવળ આભાસમાત્રજ છે.)×[૧૨] હે પુત્ર યુધિષ્ઠિર ! આ રીતે મેં તમને જગતની ઉત્પત્તિના સંબંધમાં જે કંઇ કહ્યું છે, તેજ વેદને અનુકૂલ હોઇને પ્રમાણભૂત છે; પણ બીજા વાદીઓએ જગતની ઉત્પત્તિ આદિના વિષયમાં જે કંઇ કહેલું છે, તે વેદોક્ત સિદ્ધાંતથી વિરુદ્ધ છે અને તેથીજ વિચારદૃષ્ટિએ પણ દોષયુક્તજ જણાય છે. (અર્થાત્ યુક્તિવાદમાં કુશલ એવા બીજા વાદીઓએ જગતરચનાના સંબંધમાં જે કંઇ કહ્યું છે, તે સર્વ કેવળ યુક્તિવિરુદ્ધજ છે. માત્ર વૈદિક માન્યતાજ અતિશય યુક્તિયુક્ત છે; માટે મેં કહેલા સત્ય તત્ત્વને તથા પરબ્રહ્મના ઐશ્વર્યને સંપાદન કરીને તમે શાંત બુદ્ધિવાળા થાઓ–બુદ્ધિને નિવૃત્તિપરાયણ કરો.”[૧૩]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “ શુકદેવનો અનુપ્રશ્ન ” એ વિષયનો અધ્યાય ૨૫૫ મો સમાપ્ત.

અધ્યાય ૨૫૬ મો

મૃત્યુ કોણ ? અને તેની ઉત્પત્તિ ક્યાંથી ?

॥ युधिष्ठिर उवाच ॥

य इमे पृथिवीपालाः शेरते पृथिवीतले ॥
पृतनामध्य एते हि गतसंज्ञा महाबलाः ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે પિતામહ ! મહાબળવાન એવા જે આ રાજાઓ, સેનાની વચ્ચે નિશ્ચેષ્ટ થઇને પૃથ્વીપર ઢળી પડ્યા છે, તે સર્વ રાજાઓ મહાભયંકર સામર્થ્યવાળા હતા અને દશ દશ હજાર હાથીસમાન બળવાળા હતા છતાં તેઓને, સમાન બળ–તેજવાળા બીજા પુરુષોએ રણમાં રોળી નાખ્યા છે.[૧,૨] આ રાજાઓ પરાક્રમ, બળ અને તેજથી એટલા બધા ભરપૂર હતા, કે જેથી યુદ્ધમાં તેઓનો નાશ કરે તેવો એક પણ મનુષ્ય મારા જોવામાં આવતો ન હતો;[૩] છતાં આ મહાબુદ્ધિમાન રાજાઓ પ્રાણવિનાના થઇને અહીં સૂતા છે અને નિશ્ચેષ્ટ થઇ પડેલા તેઓ સર્વના પર આ વેળા “તેઓ મરણ પામ્યા છે” એવો મૃત્યુસૂચક વાક્યપ્રયોગ કરવામાં આવે છે.[૪] મહાભયંકર પરાક્રમ કરનારા આ રાજાઓ મરણ પામ્યા છે, જેથી તે વિષયમાં મને સંશય થયો છે કે, “તેઓ મૃત્યુ પામ્યા” એવી સંજ્ઞા ક્યાંથી આવી ?[૫] વળી કોનું મૃત્યુ થાય છે (સ્થૂલદેહનું, સૂક્ષ્મદેહનું કે આત્માનું ?) અને મૃત્યુ કયા પુરુષ પાસેથી આવે છે, કયા નિમિત્તે આવે છે અને શામાટે સર્વ પ્રજાઓનું હરણ કરી જાય છે ? તે, હે દેવસમાન પિતામહ ! તમે મને કહો.”[૬]

ભીષ્મે કહ્યું:–હે તાત ! પૂર્વે સત્યયુગમાં અ-

× કહેવાનો ભાવ એ છે કે, પરમાત્મા, પરિણામધર્મથી રહિત છે, જેથી તેમનામાં દેખાતું જગતનું અસ્તિત્વ, દોરડીમાં દેખાતા સર્પના જેવું કેવળ મિથ્યાજ છે, માટે બ્રહ્મનું અદ્વૈતપણું સિદ્ધ થાય છે.

કંપન નામનો એક રાજા હતો. તે રાજા કોઈ એક યુદ્ધપ્રસંગે શત્રુઓના સપાટામાં સપડાઈ ગયો, જેથી તેનાં વાહનોનો તથા બળમાં નારાયણસમાન તેના પુત્ર હરિનો શત્રુઓએ નાશ કરી નાખ્યો. આ રીતે રાજા અકંપન, પોતાના સૈન્ય અને અનુયાયીઓ સાથે શત્રુઓના સપાટામાં સપડાઇ પડયો અને પુત્રના શોકથી ઘેરાઈ ગયો, જેથી કેવળ શાંતિપરાયણ રહીને જીવન ગાળતો હતો. તેવામાં મુનિ નારદનાં પૃથ્વીપર તેને અકસ્માત્ દર્શન થયાં.[૭-૯] પછી તે રાજાએ, યુદ્ધમાં પોતાને શત્રુઓએ કેદ કર્યો હતો તે વિષેનું તથા પુત્રના મરણસંબંધનું સર્વ વૃત્તાંત નારદને કહ્યું.[૧૦] એટલે તપોધન નારદે રાજાનું એ વૃત્તાંત સાંભળીને, તેના પુત્રશોકને દૂર કરનારૂં આવું એક આખ્યાન કહેવા માંડયું.[૧૧]

નારદે કહ્યું:-"હે રાજન્! આજે હું તને એક મોટા વિસ્તારવાળું આખ્યાન કહી સંભળાવું છું, કે જે આખ્યાન જેવું બન્યું છે તેવુંજ મારા સાંભળવામાં આવ્યું છે. તેનું તું શ્રવણ કર.[૧૨] પૂર્વે સૃષ્ટિના આરંભસમયે મહાતેજસ્વી પિતામહ બ્રહ્મદેવે, અનેક પ્રજાઓને ઉત્પન્ન કરી; પરંતુ સમય જતો ગયો, તેમ તેમ એ પ્રજાઓ અત્યંત વધી પડી, જેથી બ્રહ્મદેવ પોતેજ તે પ્રજાવૃદ્ધિને સહન કરી શકયા નહિ;[૧૩] કેમકે હે રાજા! તે સમયે પ્રાણીઓની એટલી બધી વૃદ્ધિ થઇ પડી હતી, કે જેથી કોઇ પણ પ્રદેશ ઉપર લેશમાત્ર અવકાશ રહ્યો ન હતો અને આખું ત્રૈલોક્ય જાણે ઉભરાઈ ગયું હોય તેમ, શ્વાસોચ્છ્વાસ લેવા માટે પણ અશક્ત થઈ પડયું હતું.[૧૪] તે જોઈ હે રાજા! બ્રહ્મદેવને મોટી ચિંતા ઉત્પન્ન થઇ. તેમણે ઘણો ઘણો વિચાર કર્યો, પણ પ્રજાઓનો સંહાર કરવાનું કારણ તેમના જાણવામાં આવ્યું નહિ.[૧૫] પછી તો હે મહારાજા! તેમને અત્યંત ક્રોધ ચઢી ગયો. તેમના રોમે રોમમાંથી અગ્નિની જ્વાળાઓ પ્રકટી નીકળી, જેને લીધે હે રાજન્! તેમણે સર્વ દિશાઓને બાળી નાખવા માંડી.[૧૬] જોતજોતામાં તો હે રાજા! બ્રહ્માના કોપમાંથી ઉત્પન્ન થયેલો અગ્નિ સ્વર્ગ, પૃથ્વી, આકાશ અને સ્થાવરજંગમ સર્વ જગતને એકદમ બાળવા લાગ્યો.[૧૭] બ્રહ્મદેવ કોપાયમાન થયા, ત્યારે તેમના મહાન ક્રોધને લીધે સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓ બળવા લાગ્યાં.[૧૮] તે જોઇનેજ અહિંસાની જટા પેઠે ધારણ કરનારા અને વેદ તથા યજ્ઞના પતિ દેવ શંકર, બ્રહ્માને શરણે ગયા.[૧૯] સ્થાણુ-શંકર, પ્રજાઓનું હિત કરવાની ઇચ્છાથી બ્રહ્મદેવની પાસે ગયા એટલે તેજથી જાણે પ્રજ્વળી રહ્યા હોય તેવા પરમ દેવ બ્રહ્મા, સદાશિવને કહેવા લાગ્યા.[૨૦] "હે શંભો! હું માનું છું કે, તમને વરદાન આપવું તે યોગ્ય છે, માટે આજે હું તમારૂં શું પ્રિય કરૂં? તમારા હૃદયમાં જે ઇચ્છા હશે તેને આજે હું પૂર્ણ કરીશ":[૨૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "મૃત્યુ અને પ્રજાપતિના સંવાદનો ઉપક્રમ" એ વિષયનો અધ્યાય ૨૫૬ મો સમાપ્ત.

અધ્યાય ૨૫૭ મો

મૃત્યુની ઉત્પત્તિ

॥ स्थाणुरुवाच ॥

प्रजासर्गनिमित्तं मे कार्यवत्तामिमां प्रभो ॥
विद्धि सृष्टास्त्वयाहीमा मा कुप्यासां पितामह॥

શંકરે કહ્યું:-"હે પ્રભુ! પ્રજાઓની ઉત્પત્તિ થાય તે માટે હું તમારી પાસે પ્રાર્થના કરૂં છું, એમ તમે જાણો. તમે પોતેજ આ પ્રજાઓને ઉત્પન્ન કરી છે, માટે હે પિતામહ! તમે એનાપર કોપ કરો મા.[૧] હે દેવ! તમારા તેજરૂપી અગ્નિથી આ સર્વ પ્રજાઓ બળીને ભસ્મ થઈ જાય છે અને તે જોઇને મને દયા ઉત્પન્ન થાય છે, માટે હે જગત્પ્રભુ! આ પ્રજાઓ ઉપર તમે કોપ કરો મા."[૨]

બ્રહ્મદેવે કહ્યું:-"હું કોપ કરતો નથી તેમ મારી તેવી ઇચ્છા પણ નથી કે, આ પ્રજાઓ ન રહે. માત્ર પૃથ્વીનો ભાર ઉતારવા માટે મેં પ્રજાઓનો સંહાર કરવાની ઇચ્છા કરી છે.[૩] હે મહાદેવ! ભારથી પીડાયલી આ પૃથ્વી દેવીએ મને પ્રેર-

ણા કરી છે કે, આ પ્રજાઓનો તમે સંહાર કરો; કેમકે અતિશય વધી પડેલા ભારથી પૃથ્વી, જળની અંદર ડૂબી જવા લાગી છે. પૃથ્વીનો ભાર ઓછો કરવા માટે મેં ઘણો ઘણો વિચાર કર્યો હતો, છતાં મને કોઈ પણ ઉપાય ન મળ્યો, ત્યારે આ વૃદ્ધિ પામેલી પ્રજાઓનો સંહાર કરવા માટે ક્રોધે મારા શરીરમાં પ્રવેશ કર્યો."[૫]

શંકરે કહ્યું:—"હે દેવોના ઈશ્વર! પ્રજાઓનો સંહાર કરવા માટે તમે કોપ કરો મા. પ્રસન્ન થાઓ. આ સર્વ પ્રજાઓનો તથા સ્થાવરજંગમ જગતનો જે રીતે નાશ ન થાય, તે રીતે તમે કરો.[૬] જુઓ, આ સર્વ તળાવો, સર્વ વનસ્પતિઓ અને ચાર પ્રકારના સ્થાવરજંગમ ભૂતસમુદાયો બળીને ભસ્મ થઇ ગયા છે અને તે ઉપરાંત આખા જગતમાં ઉપદ્રવ થઈ રહ્યો છે, માટે હે ભગવન્! તમે પ્રસન્ન થાઓ. હું તમારી પાસે એજ વર માગું છું.[૭,૮] આ પ્રજાઓનો નાશ થઈ જશે તો પુનઃ તેઓ ઉત્પન્ન થઇ શકશે નહિ, માટે તમારા પોતાનાજ તેજથી આ સંહારકર્મ હવે દૂર થાઓ.[૯] હે પિતામહ! પ્રજાઓનું હિત કરવાની જો તમારી ઇચ્છા હોય તો કોઈ બીજો ઉપાય શોધી કાઢો, કે જેથી આ સર્વ પ્રાણીઓ બળીને ભસ્મ ન થઈ જાય.[૧૦] હે લોકના ઇશ્વરના ઇશ્વર! તમે મને અહંકારના અધિષ્ઠાતા દેવતરીકે નિમ્યો છે, જેથી હું પ્રાર્થના કરૂં છું કે, જે ઉપાયથી આ પ્રજાઓનો ઉચ્છેદ ન થઈ જાય તે પ્રમાણે તમે કરો.[૧૧] હે જગતના નાથ! આ સ્થાવરજંગમ જગત કેવળ તમારાથી ઉત્પન્ન થયું છે, માટે હે મહાદેવ! હું તમારી પાસે યાચના કરૂં છું કે, આ પ્રજાઓની પુનરાવૃત્તિ ભલે થાઓ. (અર્થાત્ મરણ પામ્યા પછી તેઓનો પુનર્જન્મ ભલે થાઓ.)"[૧૨]

નારદે કહ્યું:–"શંકરનાં એ વચન સાંભળીને, દેવ બ્રહ્માએ, પોતાની વાણીનો તથા મનનો નિરોધ કર્યો અને પછી પોતાનામાંથી ઉત્પન્ન થયેલા અગ્નિને પાછો પોતાના અંતરાત્મામાં સમાવી દીધો.[૧૩] એ રીતે અગ્નિનો ઉપસંહાર કર્યા પછી લોકમાં પૂજાયલા ભગવાન બ્રહ્મદેવે પ્રજાઓના જન્મમરણને માટે વ્યવસ્થા કરી. (કે જેથી પ્રજાઓનો અત્યંત ઉચ્છેદ ન થઈ જાય અને પૃથ્વીપર અત્યંત ભાર પણ ન રહે.)[૧૪] મહાત્મા બ્રહ્મદેવ, પોતાના ક્રોધથી ઉત્પન્ન થયેલા અગ્નિનો જ્યારે ઉપસંહાર કરતા હતા, ત્યારે તેમની સર્વ ઇંદ્રિયોમાંથી એક સ્ત્રી પ્રકટ થઈ.[૧૫] તે સ્ત્રીએ કાળાં અને લાલ વસ્ત્રો પહેર્યાં હતાં, તેનાં નેત્રનું તળિયું તથા મધ્યભાગ શ્યામ હતો અને તે દિવ્ય કુંડલો તથા દિવ્ય અલંકારોથી શોભી રહી હતી.[૧૬] આ સ્ત્રી, બ્રહ્માની ઇંદ્રિયોમાંથી બહાર નીકળીને દક્ષિણ દિશા તરફ ઉભી રહી. એટલે જગતના ઈશ્વર દેવ બ્રહ્મા અને શંકર તે કન્યાને એકીટસે જોઇ રહ્યા.[૧૭] હે રાજા! તે પછી લોકના આદિ ઈશ્વર બ્રહ્મદેવે તે સ્ત્રીને પોતાની પાસે બોલાવીને કહ્યું કે, "હે મૃત્યુ! આ પ્રજાઓનો તું સંહાર કર.[૧૮] મેં ક્રોધાયમાન થઇને પ્રજાઓનો સંહાર કરવાની બુદ્ધિથી તારૂં સ્મરણ કર્યું છે, માટે તું આ સર્વ પ્રજાઓનો સંહાર કર અને તેમાં મૂર્ખનો કે પંડિતનો ભેદ રાખીશ મા.[૧૯] હે કામિનિ! કોઈ પણ પ્રાણી ઉપર વિશેષતા રાખ્યાવિના તું પ્રજાઓનો નાશ કર. મારી આ આજ્ઞા પ્રમાણે જો તું વર્તીશ તો પરમ શ્રેય સંપાદન કરીશ."[૨૦]

કમળની માળાને ધારણ કરનારી મૃત્યુ દેવીને બ્રહ્મદેવે એ પ્રમાણે કહ્યું, એટલે તે બાળા મનમાં દુઃખી થઇને વિચારમાં પડી ગઇ અને અત્યંત અશ્રુપાત કરવા લાગી.[૨૧] હે રાજા! તે દેવીએ, મનુષ્યોનું હિત કરવા માટે પોતાની બન્ને હથેળીઓમાં અશ્રુઓને ઝીલી લીધાં. (પણ પૃથ્વીપર પડવા દીધાં નહિ; કેમકે મૃત્યુની અશ્રુધારા જો પૃથ્વી ઉપર પડે તો એકીસાથે સર્વ પ્રાણીઓનો ક્ષય થઇ જાય.) તે પછી તેણે બ્રહ્મદેવ પાસે આ પ્રમાણે યાચના કરી.[૨૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "મૃત્યુ અને પ્રજાપતિનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૨૫૭ મો સમાપ્ત.

અધ્યાય ૨૫૮ મો

મૃત્યુ અને બ્રહ્મદેવનો સંવાદ

॥ नारद उवाच ॥

विनीय दुःखमबला साऽऽत्मनैवायतेक्षणा ।
उवाच प्रांजलिर्भूत्वा तमेवावार्जिता सदा ॥१॥

નારદે કહ્યું:–“ હે અકંપન રાજા ! વિશાળ નેત્રવાળી તે અબળાએ, પોતાના માનસિક દુઃખને પોતાની મેળેજ દૂર કર્યું અને પછી બ્રહ્મદેવને પ્રણામ કરી બે હાથ જોડી આ પ્રમાણે બોલી.[૧] “હે વક્તાઓમાં શ્રેષ્ઠ પિતામહ બ્રહ્મદેવ! તમે ઉત્પન્ન કરેલી મારા જેવી સ્ત્રીજાતિ, પ્રજાઓનો સંહાર કરવારૂપ રૌદ્રકર્મ કરનારી કેમ થાય અને પ્રાણીમાત્રને ભય ઉપજાવનારી કેમ થાય?[૨] હું અધર્મથી ડરૂં છું, માટે કોઈ ધાર્મિક કાર્ય કરવાની મને આજ્ઞા આપો. હું ભયભીત બની ગઈ છું, એ તમે લક્ષ્યમાં લ્યો અને મારા તરફ કૃપાદૃષ્ટિથી જુઓ.[૩] હે પ્રાણીઓના ઈશ્વર! બાળક,વૃદ્ધ અને તરુણ–નિરપરાધી પ્રાણીઓનો હું નાશ નહિ કરૂં. તે માટે હું તમને નમસ્કાર કરૂં છું, તમે મારાપર પ્રસન્ન થાઓ.[૪] મનુષ્યોના પ્રિય પુત્રોને, મિત્રોને, ભાઈઓને, માતાઓને તથા પિતાઓને હું નહિ મારૂં; કેમકે જે મનુષ્યોના સંબંધીઓ આ રીતે મરણ પામશે, તેઓ મને શાપ આપશે અને તેથીજ તેઓનો મને ભય લાગે છે.[૫] પોતાનાં પ્રિયજનોના નાશને લીધે દીન બની ગયેલા મનુષ્યોનાં અશ્રુઓની ભીનાશ મને દીર્ઘકાળપર્યંત બાળ્યા કરશે, આવો વિચાર કરીને તેવા દીન મનુષ્યોથી હું અત્યંત ભય પામું છું અને તે માટેજ તમારે શરણે આવી છું.[૬] હે દેવ ! પાપકર્મી મનુષ્યોને યમરાજાના લોકમાંજ ધકેલી દેવામાં આવે છે, માટે હે વર આપનારા પ્રભુ ! હું તમને પ્રસન્ન કરૂં છું. તમે મારાપર કૃપા કરો.[૭] હે લોકના પિતામહ ! પ્રજાઓનો મારે હાથે સંહાર ન થાય, તેજ વરદાન હું તમારી પાસેથી મેળવવા ઈચ્છુ છું અને હે મહેશ્વર ! તમારો અનુગ્રહ પ્રાપ્ત કરવામાટે તપશ્ચરણ કરવાની મારી ઈચ્છા છે.”[૮]

બ્રહ્મદેવે કહ્યું:–“ હે મૃત્યુ ! પ્રજાઓનો સંહાર કરવામાટેજ મેં તને ઉત્પન્ન કરી છે, માટે જા, સર્વ પ્રજાઓનો નાશ કરી નાખ, તેમાં વિચાર કર મા.[૯] હે સુંદરાંગિ ! નિર્દોષ દેવિ ! પ્રજાઓના વિનાશનું આ કાર્ય તારે હાથેજ અવશ્ય થશે, તેમાં લેશમાત્ર ફેરફાર થશે નહિ; માટે હું કહું છું તે પ્રમાણે તું કર અને મારૂં વચન માન્ય કર.”[૧૦]

(નારદે કહ્યું:–) હે શત્રુઓના નગરને જીતનારા મહાબાહુ રાજા ! બ્રહ્મદેવે એ પ્રમાણે કહ્યું, ત્યારે મૃત્યુદેવીએ કંઇ પણ ઉત્તર આપ્યો નહિ પણ તે ભગવાનની સન્મુખજ નમ્ર થઈને ઉભી રહી.[૧૧] તે સમયે બ્રહ્મદેવે તે સ્ત્રીને પુનઃ પુનઃ તેની તેજ આજ્ઞા આપ્યા છતાં પણ તે જાણે સત્વહીન બની ગઇ હોય,તેમ મૌન ધારણ કરીનેજ ઉભી રહી. તે જોઇ દેવોના ઈશ્વરેશ્વર અને લોકના નિયંતા બ્રહ્મા પોતાના અંતઃકરણમાં અત્યંત પ્રસન્ન થયા. તેમણે મંદ મંદ હાસ્ય કરીને સર્વ લોકોના પર (પ્રસન્નતાભરેલી) દૃષ્ટિ કરી.[૧૨,૧૩] આ રીતે અજિત એવા ભગવાન બ્રહ્મા, જ્યારે ક્રોધરહિત થયા, ત્યારે તે કન્યા તેમની પાસેથી ચાલી નીકળી એમ અમે સાંભળ્યું છે.[૧૪] હે રાજેંદ્ર ! પ્રજાઓનો સંહાર કરવાની પ્રતિજ્ઞા કર્યા વિનાજ તે મૃત્યુદેવી ઉતાવળી ઉતાવળી ત્યાંથી ચાલી નીકળીને ધેનુક નામના તીર્થમાં જઈ પહોંચી.[૧૫] ત્યાં જઇને તે દેવી, મહાદુશ્ચર તપશ્ચર્યા કરવા લાગી. તેણે પંદર પદ્મ વર્ષપર્યંત એક પગે ઉભી રહીને તપશ્ચર્યા કરી.[૧૬] આ રીતે ત્યાં રહીને તેણે પરમ દુશ્ચર તપશ્ચર્યા કરવા માંડી, એટલે મહાતેજસ્વી બ્રહ્મદેવ, તેની પાસે આવીને પુનઃ આ પ્રમાણે કહેવા લાગ્યા.[૧૭] “ હે મૃત્યુ ! તું મારા કહેવા પ્રમાણે કર.” તોપણ હે રાજા ! તેમના વચનનો અનાદર કરીને સત્વર તેણે પુનઃ તપશ્ચર્યા કરવા માંડી અને બીજાં સાત પદ્મ વર્ષપર્યંત એક પગે તે ઉભી રહી.[૧૮] વળી પણ હે માન આપનારા રાજા ! તેર પદ્મવર્ષ સુધી એક પગે ઉભી રહીને તેણે તપશ્ચરણ કરવા માંડ્યું અને હે તાત ! દશ હજાર પદ્મ જેટલાં વર્ષસુધી તે

મૃગોની સાથેજ વિચર્યા કરી.[૧૯] હે મહાબુદ્ધિમાન રાજા! વીસ હજાર પદ્મ જેટલાં વર્ષસુધી તેણે વાયુનોજ આહાર કર્યો અને પછી ઉત્તમ એવું મૌનવ્રત ધારણ કર્યું;[૨૦] તેમજ હે શ્રેષ્ઠ રાજા! આઠ હજાર વર્ષપર્યંત તેણે જળમાંજ નિવાસ કર્યો અને પછી તે કન્યા, ગંડકી નદીના તીર ઉપર જઇ પહોંચી.[૨૧] ત્યાં રહીને પણ વાયુ તથા જળનો આહાર કરીને તેણે નિયમો પાળવા માંડ્યા અને પછી મહાભાગ્યશાળી એવી તે કન્યા, ગંગાના તીર ઉપર ગઈ અને ત્યાંથી મેરુ પર્વત ઉપર ગઇ.[૨૨] પછી જે સ્થળે દેવતાઓએ યજ્ઞ કર્યો હતો ત્યાં-હિમાલયના શિખર ઉપર જઇને, પ્રજાઓનું હિત કરવાની ઇચ્છાથી કાષ્ઠની પેઠે સ્થિર રહીને એક નિખર્વ જેટલાં વર્ષ સુધી પગના એક અંગુઠાપર ઉભી રહી અને યત્નપૂર્વક બ્રહ્મદેવને પ્રસન્ન કરવા લાગી.[૨૩,૨૪] તે પછી લોકોના ઉત્પાદક અને સંહારક દેવ બ્રહ્માએ તેને કહ્યું કેઃ-"હે પુત્રિ! તેં આ શું કરવા માંડ્યું છે? તું મારા કહેવા પ્રમાણે કર."[૨૫] તે સાંભળીને મૃત્યુએ ભગવાન પિતામહને કહ્યું કેઃ-" ફરી પણ હું તમારી પ્રાર્થના કરૂં છું કે, હું પ્રજાઓનો સંહાર નહિ કરૂં."[૨૬] આ રીતે અધર્મના ભયથી ત્રાસ પામેલી અને પુનઃ પુનઃ પ્રાર્થના કરી રહેલી તે મૃત્યુદેવીને દેવના દેવ બ્રહ્માએ આગ્રહપૂર્વક કહ્યું કેઃ-[૨૭] "હે મૃત્યો! (મારા કહેવાથી પ્રજાઓનો સંહાર કરવામાં) તને અધર્મ થશે નહિ, માટે હે કલ્યાણિ! આ પ્રજાઓનો તું સંહાર કર. હે ભદ્રે! મેં કહેલું વચન કદી મિથ્યા થશે નહિ.[૨૮] વળી (મારી આજ્ઞા પ્રમાણે વર્તવાથી) તારામાં સનાતન ધર્મનો પ્રવેશ થશે અને હું પોતે તથા સર્વ દેવતાઓ તારૂં હિત કરવામાંજ સદાય તત્પર રહીશું.[૨૯] હું તારા મનને પ્રિય લાગે તેવો એક બીજો વર તને આપું છું કે, વ્યાધિઓથી પીડાયલા મનુષ્યો જ્યારે મરણ પામશે, ત્યારે પ્રજાઓ તારાપર દોષારોપ કરશે નહિ. (કેમકે તેઓ એમજ માનશે કે, રોગને લીધેજ મનુષ્યો મરણ પામે છે.)[૩૦] તું પુરુષોવિષે પુરુષરૂપે રહીશ, સ્ત્રીઓવિષે સ્ત્રીરૂપે રહીશ અને નપુંસકોવિષે નપુંસકરૂપે રહીશ."[૩૧]

હે મહારાજા! બ્રહ્મદેવે એ પ્રમાણે કહ્યું, એટલે પુનઃ તે મૃત્યુદેવીએ બે હાથ જોડીને દેવોના ઈશ્વર તે અવિનાશી મહાત્માને કહ્યું કે, "ના, હું પ્રજાઓનો સંહાર નહિ કરૂં."[૩૨] તે સાંભળી બ્રહ્મદેવે તેને કહ્યું કે, "હે મૃત્યો! તું આ પ્રજાઓનો સંહાર કર. હું તારે માટે એવો વિચાર કરીશ, કે જેથી હે કલ્યાણિ! તને અધર્મ થશે નહિ.[૩૩] હે મૃત્યુ! પ્રથમ જ્યારે તું ઉત્પન્ન થઈ હતી, ત્યારે તારાં નેત્રોમાંથી પડેલાં જે અશ્રુબિંદુઓ મેં જોયાં છે અને જે અશ્રુબિંદુઓને તેં તારા હાથમાં ઝીલી લીધાં છે, તેઓ સર્વે ભયંકર રોગોરૂપે થઇને યથાયોગ્ય સમયે મનુષ્યોનો નાશ કરશે.[૩૪] સર્વ પ્રાણીઓનો અંતકાળ જ્યારે સમીપમાં આવે, ત્યારે તું કામ અને ક્રોધ-એ બન્નેને તેઓની પાસે મોકલજે, જેથી તને અતિ મહાન ધર્મની પ્રાપ્તિ થશે, પણ અધર્મ લાગશે નહિ; કેમકે તારી વૃત્તિ પ્રત્યેક પ્રાણીનાપર એકસરખીજ છે-રાગદ્વેષથી રહિત છે.[૩૫] આ રીતે જો તું ધર્મનું પાલન કરીશ તો તું તારા આત્માને અધર્મમાં ડૂબાવી દઈશ નહિ, માટે મારા તરફથી આપવામાં આવતા આ અધિકારનો તું સ્વીકાર કર અને સર્વ પ્રાણીઓમાં કામ તથા ક્રોધની યોજના કરીને યોગ્ય સમયે તેઓનો સંહાર કર."[૩૬]

(નારદે કહ્યુંઃ-) બ્રહ્મદેવનાં એ વચન સાંભળ્યા પછી તે મૃત્યુ નામની સ્ત્રીએ બ્રહ્મદેવના શાપના ભયથી " બહુ સારૂં, ત્યારે એમ કરીશ " એમ કહીને તેમના વચનનો સ્વીકાર કર્યો અને પછી તે દિવસથી આરંભીને પ્રાણીઓનો અંતકાળ જ્યારે પ્રાપ્ત થાય છે, ત્યારે તેઓનામાં કામ તથા ક્રોધની યોજના કરીને તેઓને મોહિત કરી નાખે છે અને પછી તેઓનો સંહાર કરે છે.[૩૭] મૃત્યુની ઉત્પત્તિસમયે તેનાં નેત્રોમાંથી જે અશ્રુધારાઓ પડી હતી, તેઓ ભયંકર રોગોરૂપે થઇને મનુષ્યોનાં શરીરોને પીડે છે અને આયુષના અંતે સર્વ પ્રાણીઓનો સંહાર કરે છે; માટે એ વિષયનો બુદ્ધિપૂર્વક વિચાર કરીને તું શોક કર

મા.[૩૮] જેમ પ્રાણીમાત્રની ઇંદ્રિયો સુષુપ્તિ અવસ્થામાં નિવૃત્તિ પામીને પાછી જાગ્રત અવસ્થામાં પ્રવૃત્તિપરાયણ થાય છે, તેમ હે રાજસિંહ ! જગતના સર્વ મનુષ્યો, પોતાના જીવનની સમાપ્તિ થઇ ગયા પછી પરલોકમાં જઈને પુનઃ આ લોકમાં શરીર ધારણ કરે છે-જન્મમરણને પામ્યા કરે છે.[૩૯] પ્રાણીમાત્રના શરીરમાં રહેનારો પ્રાણવાયુ મહાભયંકર અને ઉગ્ર શબ્દવાળો હોઈને અતિશય બળવાન છે અને તેજ સર્વ પ્રાણીઓનો પ્રાણભૂત છે; એટલુંજ નહિ પણ સર્વ ઇંદ્રિયોનો મહારાજા તે પ્રાણવાયુ, પ્રાણીઓના શરીરનો જ્યારે નાશ થાય છે, ત્યારે બીજાં નવાં નવાં શરીરોમાં દાખલ થાય છે-પણ નાશ પામતો નથી-અર્થાત્ દેહનુંજ મૃત્યુ થાય છે, પ્રાણનું કે આત્માનું મૃત્યુ થતું નથી.[૪૦] પુણ્યનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે સર્વ દેવો પણ મનુષ્યજન્મને ધારણ કરે છે અને પુણ્યનો જ્યારે ઉદય થાય છે, ત્યારે સર્વ મનુષ્યો પણ દેવસ્વરૂપ થઇ શકે છે; માટે હે રાજસિંહ ! તું તારા પુત્રનો શોક કર મા; કારણ કે તારો (પુણ્યશાળી) પુત્ર સ્વર્ગલોકમાં જઈને આનંદ કરી રહ્યો છે.[૪૧] આ રીતે બ્રહ્મદેવે નિર્માણ કરેલી મૃત્યુદેવતા, અંતકાળ ઉપસ્થિત થાય છે, ત્યારે સર્વ પ્રજાઓનો યથાવત્ રીતે સંહાર :કરેજ છે અને તે મૃત્યુદેવતાનાં નેત્રોમાંથી જે અશ્રુબિંદુઓ ઝર્યાં હતાં, તેઓ ભયંકર વ્યાધિઓરૂપે થઇને પ્રાણીમાત્રનો વિનાશ કર્યા કરે છે."[૪૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "મૃત્યુઅને પ્રજાપતિનો સંવાદ" એ વિષયનો અ૦ ૨૫૮ મો સમાપ્ત.

અધ્યાય ૨૫૯ મો

ધર્મનું લક્ષણ

॥ युधिष्ठिर उवाच ॥

इमे वै मानबाः सर्वे धर्मं प्राति विशंकिताः ॥
कोऽयं धर्मः कुतो धर्मस्तन्मेब्रूहि पितामह॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પિતામહ ! આ સર્વ મનુષ્યો ધર્મપ્રત્યે શંકાશીલ છે, માટે તમે મને કહો કે, ધર્મનું સ્વરૂપ શું ? અને તેની ઉત્પત્તિ કયાંથી ? વળી ધર્મ કેવળ આ લોકને માટેજ છે, અથવા પરલોકને માટેજ છે કે બન્ને લોકને માટે છે? તે મને કહો."[૨]

ભીષ્મે કહ્યું:-વેદ, સ્મૃતિ અને સદાચાર-આ ત્રણ પ્રકારે ધર્મનું લક્ષણ થઇ શકે છે અને ચોથું પ્રયોજન પણ ધર્મનું લક્ષણ છે, એમ વિદ્વાનો કહે છે.[૩] ધર્મને માટે હિતકર એવાં જે જે કર્મોનું શાસ્ત્રમાં વર્ણન કરેલું છે, તેના સંબંધમાં વિદ્વાન પુરુષો ન્યૂનાધિક ભાવથી અને વિપરીત ભાવથી પણ નિશ્ચય કરે છે. જેમકે, લોકવ્યવહારની સિદ્ધિને માટેજ ધર્મનો નિયમ કરવામાં આવ્યો છે.[×][૪] ધર્મ આ લોક ને પરલોક-બન્નેમાં હિત કરનારો છે; પરંતુ પાપી પુરુષ નિપુણતાપૂર્વક ધર્મ નહિ સંપાદન કરીને ઉલટો વધારે પાપી બને છે.[૫] કેટલાએક વિદ્વાનો કહે છે કે, આપત્તિકાળમાં પણ પાપકર્મ કરનારા પુરુષો, તે પાપકર્મથી મુક્ત થતા નથી, પણ ખરૂં જોતાં તો આપત્તિકાળમાં પાપવાદી પુરુષ પણ અપાપવાદી ગણાય છે અને (અધર્મ કરનારો પણ) ધર્મકર્તા ગણાય છે. (આ ઉપરથી એમજ સિદ્ધ થાય છે કે,) આચાર એજ ધર્મનો મુખ્ય આધાર છે, માટે તમે આચારનો આશ્રય કરીનેજ ધર્મનું સ્વરૂપ જાણી શકશો.[૬] (પુરુષ, કેવળ બીજાના પાપનેજ જુએ છે પણ પોતાના પાપને જોતો નથી.) જેમકે, કોઇએક ચોર અધર્મથી ગ્રસ્ત થઇને

[×] કહેવાનો આશય એ છે કે, ગૃહસ્થાવસ્થામાંજ રહીને મોક્ષ મેળવી શકાય છે, છતાં કેટલાએક આળસુ મનુષ્યો સંન્યાસ લેવાની ઈચ્છા કરે છે, તેમજ કેવળત્યાગથીજ મોક્ષ મળે છે; છતાં વિષયલંપટ પુરુષો ગૃહસ્થાશ્રમમાં પડી રહે છે. આવા એ પક્ષ ઉભા થાય ત્યારે આવી વ્યવસ્થા કરવી કે, જેનું ચિત્ત વિક્ષેપ પામતું ન હોય તેવા મહાન પુરુષે, જનક અને વસિષ્ઠાદિકની પેઠે ગૃહસ્થાશ્રમમાં રહીનેજ મોક્ષ મેળવવો; પણ જેનું ચિત્ત શ્રવણમનનાદિક અધ્યાત્મકર્મોમાં વિક્ષિપ્ત થતું હોય, તે પુરુષે નિવૃત્તિને માટે સંન્યાસજ લેવો.

બીજાનું ધન ચોરે છે અને પછી રાજાવિનાના પ્રદેશમાં (જઈને) તે ધન ઉડાવી આનંદમાં જીવન ગાળે છે;[૭] પરંતુ તે સ્થળે બીજા ચોર લોકો તેના ધનને ચોરી જાય છે, ત્યારે તે પણ ઈચ્છે છે કે, અહીં રાજા હોય તો કેવું સારૂં? વળી તે સમચે જે લોકો પોતાના ધનને ચોરી જઈને આનંદ ભોગવી રહ્યા હોય છે, તેઓને શિક્ષા કરવા માટે તે ઈચ્છે છે અને જો બની શકે તો રાજાની પાસે જઈને નિઃશંક, નિર્ભય અને પવિત્ર થઈને ફરિયાદ પણ કરે છે; પરંતુ પોતાનામાં રહેલા દુશ્ચરિત્રને લેશમાત્ર તે જોતો નથી (કે મેં પોતે પણ બીજાનું ધન ચોરીને ન્યાયમાર્ગને તોડયો છે.)[૮,૯] આ જગતમાં સત્ય વચન બોલવું તે ઉત્તમ ગણાય છે અને સત્યના કરતાં બીજું કંઈ પણ શ્રેષ્ઠ નથી; કારણ કે સત્યને લીધેજ સર્વનું ધારણ થઈ રહ્યું છે અને સત્યમાંજ સર્વની પ્રતિષ્ઠા છે.[૧૦] પાપકર્મ કરનારા ક્રૂર પુરુષો પણ જૂદી જૂદી રીતે સત્યનું પાલન કરે છે અને દ્રોહ તથા વાદવિવાદનો ત્યાગ કરીને સત્યના આધારેજ પોતાનો વ્યવહાર ચલાવે છે.[૧૧] આવા પાપી મનુષ્યો પણ (કોઈ દેવદેવીઓના શપથ લઈને) જો સત્યનું પાલન ન કરે (અને એકબીજાની પ્રતિજ્ઞાનો જો ભંગ કરે,) તો અવશ્ય તેઓ નાશ પામે. બીજાના દ્રવ્યનું હરણ ન કરવું આવો સનાતન ધર્મ છે,[૧૨] છતાં કેટલાએક બળવાન પુરુષો માને છે કે, એવા ધર્મને તો દુર્બળ પુરુષોએજ ચાલુ કર્યો છે; પરંતુ દૈવની પ્રતિકૂળતાને લીધે તે બળવાન પુરુષો પણ જ્યારે નિર્બળ બની જાય છે, ત્યારે તેઓને પણ 'न हर्तव्यं परधनम्' એ સનાતન ધર્મ અવશ્ય પસંદ પડે છે;[૧૩] કેમકે જેઓ બળવાન હોય છે, તેઓ પણ સદાકાળને માટે કંઈ સુખી હોતા નથી; માટે હે યુધિષ્ઠિર! તમારે કદી પણ કુટિલતા કરવાની બુદ્ધિ કરવી નહિ;[૧૪] કારણકે કોઇના તરફ લેશમાત્ર પણ કુટિલતા નહિ કરનારા પવિત્ર પુરુષને દુષ્ટ મનુષ્યોથી, ચોર લોકોથી કે રાજા તરફથી પણ ભય નથી. વળી તે પુરુષ સદાકાળ નિર્ભયજ રહે છે;[૧૫] પરંતુ જે મનુષ્ય ચોર હોય છે તે તો, ગામમાં આવેલો મૃગ જેમ સર્વ તરફથી શંકિત રહે છે તેમ, સર્વ કોઇનાથી ભયભીત રહે છે અને પોતે આચરેલા પાપકર્મને ઘણે ભાગે, બીજાઓવિષેજ જુએ છે–અર્થાત્ શઠ પુરુષ બીજાને પણ શઠ માને છે;[૧૬] પણ જે મનુષ્ય નિરંતર પવિત્ર હોય છે, તે સદાને માટે પ્રસન્ન રહે છે, સર્વ તરફથી નિર્ભય રહે છે અને પોતાનામાં કોઈ જાતનું જો પાપ હોય છે, તો બીજાઓમાં તેને કદી જોતો નથી.[૧૭] પ્રાણીમાત્રનું હિત ઇચ્છનારા ઋષિમુનિઓએ કહ્યું છે કે, 'દાન દેવું' એ પણ સનાતન ધર્મ છે. આ ધર્મના સંબંધમાં પણ કેટલાએક ધનવાન પુરુષો માને છે કે, "એ દાનધર્મને તો કૃપણ અથવા દીન પુરુષોએજ ચાલુ કર્યો છે." પરંતુ દૈવની પ્રતિકૂળતાને લીધે તે ધનવાન પુરુષો જ્યારે નિર્ધન બની જાય છે, ત્યારે તેઓને પણ "दातव्यमित्ययं धर्मः' એ દાનધર્મ પસંદ પડે છે. વળી, જેઓ અત્યંત ધનવાન હોય છે, તેઓ પણ સદાકાળને માટે કંઇ સુખી હોતા નથી.[૧૮,૧૯] (માટે ધર્મનું સામાન્ય લક્ષણ એજ હોઈ શકે કે) પુરુષ, બીજાઓએ કરેલા જે કર્મને પોતાના સંબંધમાં ઇચ્છતો ન હોય અને જે કર્મને પોતે અપ્રિય માનતો હોય, તેવું કર્મ બીજાઓ તરફ તેણે કરવું નહિ.[૨૦] જે પુરુષ બીજાની સ્ત્રીનો જારપતિ હોય તે કોની પાસે શું કહેવા માટે યોગ્ય છે? (કેમકે તે પોતેજ જો દુષ્ટ છે તો પછી બીજાઓને તે શું કહી શકે તેમ છે?) પરંતુ પોતે જેવું દુષ્ટ કર્મ કરે છે તેવુંજ દુષ્ટ કર્મ, પોતાની સ્ત્રીવિષે બીજાનું જોવામાં આવે, તો હું માનું છું કે, તેનાથી તે સહન થઇ શકે નહિ.[૨૧] જે પુરુષ પોતે જીવવાની ઇચ્છા રાખે છે, તે પુરુષ બીજાનો વિઘાત કરવામાટે કેમ તૈયાર થાય? પોતે જે જે વિષયના સંબંધની ઇચ્છા કરે, તે તે વિષયના સંબંધની બીજાઓ પણ ઈચ્છા કરેજ, આવો પ્રત્યેક મનુષ્યે વિચાર કરવો જોઇએ.[૨૨] મનુષ્યનો એ ધર્મ છે કે, પોતાની જરૂરીઆત ઉપરાંતનાં ધનાદિક ભોગસાધનોની પોતાની પાસે વૃદ્ધિ થઇ ગઇ હોય તો તે

સાધનોમાંથી બીજા સાધનરહિત દરીદ્રી મનુષ્યોને તેણે સંવિભાગ આપવોજ જોઈએ; કેમકે વિધાતાએ એ મનુષ્યધર્મને ઉદ્દેશીનેજ વ્યાપારરોજગાર વગેરે ધનવૃદ્ધિ કરનારા પ્રયોગોની પ્રવૃત્તિ ચાલુ કરી છે;[૨૩] માટે મનુષ્યે દમ, દાન, દયા વગેરે સન્માર્ગનું એવા પ્રકારે આચરણ કરવું જોઈએ, કે જેથી સાક્ષાત્ દેવો પણ ચિંતન કરતાંની સાથે પોતાની સામે હાજર થાય; અથવા જે સમયે પોતાને ધનાદિકનો લાભ થાય તે સમયે યજ્ઞ, દાન વગેરે ધર્મમાં સ્થિતિ કરવી તે પણ ઉત્તમ ગણાય છે.[૨૪] વિદ્વાનો કહે છે કે, જે કોઈ કર્મ, સર્વને પ્રીતિકર હોઈને અહિંસાથી યુક્ત હોય, તેજ વસ્તુતઃ ધર્મરૂપ છે; માટે હે યુધિષ્ઠિર! સર્વને પ્રિય હોય તે ધર્મ અને સર્વને અપ્રિય હોય તે અધર્મ. આવું સામાન્ય ધર્મ–અધર્મનું લક્ષણ તમે સમજી લ્યો;[૨૫] કેમકે વિધાતાએ સત્પુરુષોના ચારિત્ર્યરૂપી જે ઉત્તમ ધર્મની સ્થાપના કરી છે, તે લોકોના કલ્યાણમાટે હોઇને દયાપ્રધાન છે અને સૂક્ષ્મ ધર્મના લાભને માટેજ નિયત કરેલી છે.[૨૬] આ રીતે હે કુરુશ્રેષ્ઠ રાજા! મેં તમને ધર્મનું લક્ષણ કહ્યું છે, માટે તમારે કોઇ પ્રકારે પણ કુટિલતા–કરવાની બુદ્ધિ કરવી નહિ.[૨૭]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"ધર્મનું લક્ષણ" એ વિષયનો અધ્યાય
૨૫૯ મો સમાપ્ત.

અધ્યાય ૨૬૦ મો

યુધિષ્ઠિરનો ધર્મવિષયક આક્ષેપ

॥ युधिष्ठिर उवाच ॥

सूक्ष्मं साधु समुद्दिष्टं नियतं ब्रह्मलक्षणम् ॥
प्रतिभात्वस्ति मे काचित् तां ब्रूयामनुमानतः ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–ધર્મનું જે સૂક્ષ્મ લક્ષણ કેવળ વેદદ્વારાજ સમજી શકાય તેવું છે, તેનું તમે સારી રીતે પ્રતિપાદન કર્યું; તોપણ મારી બુદ્ધિમાં અનુમાનને આધારે જે એક સ્ફુરણા ઉદ્ભવી છે, તે હું તમને કહું છું.[૧] મારા હૃદયમાં જે જે અનેક પ્રકારના પ્રશ્નો હતા, તે સર્વનો યથાસ્થિત ઉત્તર તમે મને આપ્યો છે, તોપણ હે રાજન્! આ એક બીજો પ્રશ્ન હું તમને પૂછું છું. તે કેવળ દુરાગ્રહથી અથવા કુતર્કના આગ્રહથી હું તમને પૂછતો નથી; પણ ધર્મના સ્વરૂપને જાણવાની ઇચ્છાથીજ પૂછું છું.[૨] આ સર્વ ભૂતસમુદાય અન્નાદિકની સહાયથી પોતાની મેળેજ જીવન ગાળી રહ્યો છે, પોતાની મેળેજ પ્રજોત્પાદન કરી રહ્યો છે અને પોતાની મેળેજ દેહરૂપી આકૃતિથી ભ્રષ્ટ થઇ રહ્યો છે. (છતાં તમે તો એમજ કહ્યું કે, બીજાને સુખદુઃખ ઉપજાવવાથી ઉત્પન્ન થયેલા ધર્મ અને અધર્મ, કાળાંતરે પણ પોતાને સુખદુઃખ આપનારા થાય છે, તેનું કેમ ?) વળી હે ભારત! વેદાદિક શાસ્ત્રોનો કેવળ પાઠ કરવાથી ધર્મનું સ્વરૂપ કંઈ જાણી શકાતું નથી.[૩] (તેમજ કોઇ જાતની વ્યવસ્થા નહિ હોવાને લીધે વૈદિકધર્મ અત્યંત દુર્જ્ઞેય થઇ પડે છે. જેમકે,) આપત્તિથી મુક્ત રહેલા પુરુષનો ધર્મ જૂદો હોય છે અને આપત્તિથી ગ્રસ્ત થયેલા પુરુષનો ધર્મ પણ જૂદો હોય છે. વળી શાસ્ત્રાદિકનું માત્ર પઠન કરવાથી આપત્તિઓને કેવી રીતે જાણી શકાય ? (આ ઉપરથી તો એમજ જણાય છે કે, અવ્યવસ્થિત સ્વરૂપવાળો વૈદિકધર્મ તે ધર્મજ નથી.)[૪] (તેમજ સત્પુરુષોના આચારને પણ ધર્મના લક્ષણતરીકે માની શકાય તેમ નથી; કારણકે) સત્પુરુષોનો આચાર તેજ ધર્મ છે, એમ માનવામાં આવ્યું છે; અને આચારસંપન્ન જે પુરુષો તેજ સત્પુરુષો છે, એમ પણ માનવામાં આવ્યું છે, જેથી સત્પુરુષોનો આચાર તે ધર્મ અને ધર્મના આચરણને લીધે પુરુષો સંત–આમ અન્યોન્યાશ્રયને લીધે લક્ષ્ય તથા લક્ષણમાં સાધ્ય કયું અને અસાધ્ય કયું, તેનો નિર્ણય કેમ થઇ શકે ? માટે જણાય છે કે, સદાચાર પણ ધર્મવિષયમાં પ્રમાણભૂત નથી.[૫] આપણે જોઈએ છીએ કે, કોઇએક સામાન્ય મનુષ્ય, ધર્માચરણની બુદ્ધિથી અધર્માચરણ કરે છે અને કોઇએક ઉત્તમ પુરુષ

પણ ધર્માચરણની બુદ્ધિથી અધર્મ કરી બેસે છે.[૬]* વળી શાસ્ત્રકુશળ વિદ્વાન પુરુષોએ કહ્યું છે કે, આ ધર્મવિષયમાં વેદોનેજ પ્રમાણ માનવા; પરંતુ આપણે સાંભળીએ છીએ કે, વેદવાદોનો તો યુગે યુગે હ્રાસ થતો જાય છે. (તો પછી વેદોના ઉપર પણ કેવી રીતે શ્રદ્ધા રહી શકે ?)[૭] સત્યયુગમાં ધર્મો જૂદા હોય છે, ત્રેતાયુગમાં વળી સત્યયુગના કરતાં પણ જૂદા હોય છે, દ્વાપરયુગમાં ત્રેતાયુગના કરતાં પણ ભિન્ન ધર્મો હોય છે અને કલિયુગમાં તો મનુષ્યોની શક્તિ પ્રમાણે છેક ત્રણે યુગોના ધર્મો કરતાં પણ ભિન્ન ધર્મો રચેલા છે. (અર્થાત્ યુગે યુગે મનુષ્યોની શક્તિના પ્રમાણમાં ધર્મરચના થાય છે.)[૮] આ ઉપરથી સિદ્ધ થાય છે કે, 'વેદોનું વચન સત્યજ હોય છે,' આવું જે કથન તે કેવળ લોકને રંજન કરવા માટેજ હોવું જોઈએ. વળી સર્વ સ્મૃતિઓ વેદોમાંથી નીકળીને સર્વ જગતમાં પ્રસિદ્ધ થઇ છે, જેથી સર્વ વેદોને જો પ્રમાણ માનવામાં આવે તો સર્વ સ્મૃતિઓને પણ પ્રમાણ માનવી જોઇએ; અને વેદ જેવા પ્રમાણશાસ્ત્રમાં પણ જો અપ્રમાણિકતા અથવા વિરુદ્ધતા જોવામાં આવે, તોપછી તેને શાસ્ત્ર કેમ કહી શકાય ?[૯-૧૦]× તેમજ કોઇએક ધાર્મિક મનુષ્ય જ્યારે ધર્મક્રિયા કરતો હોય, ત્યારે કોઈ બળવાન દુરાત્મા પુરુષો, તેની જે જે ક્રિયામાં વિકાર કરે, તેના સ્વરૂપનો પણ વિનાશજ થાય છે.[૧૧]÷ આ ઉપરથી એમજ જણાય છે કે, આપણે જાણીએ અથવા ન જાણીએ, તેમજ આપણામાં જાણવાની શક્તિ હોય અથવા ન હોય, પરંતુ ધર્મનું તાત્ત્વિક સ્વરૂપ સજૈયાની ધારાના કરતાં પણ અતિ સૂક્ષ્મ છે અથવા મોટા પર્વતના કરતાં પણ અતિશય સ્થૂલ છે.[૧૨] પ્રથમ કર્મકાંડમાં જ્યારે આપણે જોઈએ છીએ, ત્યારે ધર્મનું સ્વરૂપ, ગંધર્વના નગરસમાન અતિ આશ્ચર્યજનક જોવામાં આવે છે; પરંતુ પાછળથી સૂક્ષ્મદર્શી વિદ્વાન પુરુષો, જ્ઞાનકાંડનો અભ્યાસ કરીને યુક્તિપૂર્વક તપાસવા માંડે છે, ત્યારે તેનો તેજ ધર્મ, જાણે તુચ્છ હોય તેમ અદૃશ્ય થઇ જાય છે.[૧૩]* વળી હે ભરતવંશી પિતામહ ! ભવિષ્યકાળનું ફળ દર્શાવનારી એક સ્મૃતિ આપણને પ્રથમથીજ સૂચવે છે કે, ગાયોને પાણી પીવાનાં ક્ષુદ્ર જલાશયો જેમ તત્કાલ સૂકાઇ જાય છે અને ખેતરના કયારાઓમાં

---

* જેમકે-

'अथास्य वेदमुपश्रुण्वतस्त्रपुजतुभ्यां श्रोत्रपूरणम्'-શૂદ્રજાતિનો પુરુષ, જો વેદનું શ્રવણ કરે તો તપાવેલું સીસું અને લાખ રેડીને તેના કાન પૂરી દેવા." આવો નિષેધ હોવા છતાં કેટલાએક મોક્ષાભિલાષી શૂદ્રો, ધર્મબુદ્ધિથી ઉપનિષદોનું શ્રવણ કરે છે અને તે નિમિત્તે અધર્મ કરે છે; તેમજ અગસ્ત્ય જેવા શિષ્ટ પુરુષે, દંડકારણ્યને શાપ આપીને મોટું હિંસાજનક કર્મ કર્યું હતું અને તે નિમિત્તે મહાન અધર્મ કર્યો હતો. આ રીતે ભ્રષ્ટ પુરુષોમાં શિષ્ટ પુરુષોનાં લક્ષણ જોવામાં આવે છે અને શિષ્ટ પુરુષોમાં ભ્રષ્ટ પુરુષોનાં લક્ષણ જોવામાં આવે છે; માટે સદાચારનો નિર્ણય કરવો તે અશક્યજ છે. **નીલકંઠ**

× કહેવાનો આશય એ છે કે, જો શ્રુતિઓ પ્રમાણ છે તો સર્વ સ્મૃતિઓ પણ પ્રમાણ છે; પણ " જ્યાં શ્રુતિના વચનને બાધ ન આવતો હોય ત્યાં સ્મૃતિ પ્રમાણ છે; અને શ્રુતિના વચનને બાધ આવતો હોય ત્યાં સ્મૃતિ અપ્રમાણ છે." એમ કહેશો તો સર્વ સ્મૃતિઓ કેવળ અપ્રમાણજ છે, એમ સિદ્ધ થશે; કેમકે સ્મૃતિનું પ્રમાણ સાપેક્ષ છે-અર્થાત્ સ્મૃતિને પ્રમાણ માનવા માટે શ્રુતિના પ્રમાણની અપેક્ષા રહે છે. વળી જે સ્થળે શ્રુતિ અને સ્મૃતિ-એ બન્નેનો વિરોધ ઉભો થાય ત્યાં એક સ્મૃતિને જો અપ્રમાણ માનવામાં આવશે, તોપણ સ્મૃતિઓ કેવળ અપ્રમાણ ઠરશે. તેને માટે શી વ્યવસ્થા?

÷ જેમકે, રાજા જનમેજયે, ધર્મબુદ્ધિથી અ-
શ્વમેધયજ્ઞ કર્યો હતો, છતાં ઇન્દ્રે તેના યજ્ઞમાં વિઘ્ન
નાખ્યું, જેથી અશ્વમેધ સંસ્થાનો લોપજ થયો.
* આ ૧૩ મા શ્લોકમાં કહે છે કે, કર્મકાંડ
તરફ દૃષ્ટિ કરતાં ધર્મનું સ્વરૂપ ગંધર્વના નગર
જેવું અદ્ભુત જણાય છે. જેમકે, કર્મકાંડનું પ્રતિ-
પાદન કરનારી શ્રુતિ કહે છે કે, " **अक्षय्यं ह वै**
चातुर्मास्ययाजिनः सुकृतं भवति-" ચાતુર્માસ્ય
યજ્ઞ કરનારા પુરુષને અક્ષય પુણ્ય પ્રાપ્ત થાય છે."
વળી " **अपाम सोममसृता अभूम**-" આપણે

વાળેલી નાની નાની નહેરો જેમ એકદમ સૂકાઈ જાય છે, તેમ વેદોક્ત સનાતન ધર્મ પણ કલિયુગના અંતમાં ક્ષીણ થઇને અદૃશ્ય થઇ જશે-નાશ પામી જશે;[૧૪] કારણ કે કલિકાળના દુષ્ટ દાંભિક મનુષ્યો અગ્નિહોત્રાદિ કામ્ય કર્મોજ કરશે, બીજાની ઇચ્છાને અધીન થઇનેજ અધ્યયન કે અધ્યાપન કરશે અને યજ્ઞાદિકના ઉદ્દેશથી અથવા ધનાદિકના લાભને માટેજ વ્રતાદિકનું આચરણ કરશે; એટલુંજ નહિ પણ તે કાળના કેટલાએક મનુષ્યો તો શ્રદ્ધાના અભાવને લીધે કેવળ વ્યર્થ ધર્માચરણ કરવાનો આડંબર કરશે.[૧૫] કેટલાએક મૂઢ પુરુષોની દૃષ્ટિએ સકામ ધર્મ પણ (નિષ્કામ) ધર્મજ ગણાશે અને સત્પુરુષોના સંબંધમાં જે કંઈ ધર્માચરણ દેખાશે, તેને બીજા મૂઢ પુરુષો માત્ર પ્રલાપના જેવુંજ ગણી કાઢશે. ઉપરાંત જે પુરુષો ધર્માચરણ કરશે, તેઓને બીજા નાસ્તિક પુરુષો ઉન્મત્ત ઠરાવીને હસી કાઢશે.[૧૬] વળી આ ચાલુ સમયમાં પણ (દ્રોણાચાર્ય જેવા) કેટલાએક મહાન પુરુષોએ પોતે બ્રાહ્મણ હોવા છતાં રાજધર્મનો સ્વીકાર કર્યો છે, માટે તે ઉપરથી એમ તો નહિજ કહી શકાય કે, શિષ્ટ પુરુષોનો હરકોઇ આચાર, સર્વ લોકનું હિત કરવામાટેજ પ્રવૃત્તિ કરે છે;[૧૭] કારણકે તેવા પ્રકારના એકાદ આચારનું પરિપાલન કરીને એક મનુષ્ય મોટો પ્રભાવશાળી બને છે, બીજો મનુષ્ય પોતાના કર્મધર્મથી ભ્રષ્ટ થઇને અન્યને બાધકર્તા થઈ પડે છે અને ત્રીજો મનુષ્ય દૈવેચ્છાને લીધે સમાનરૂપવાળો પણ રહે છે.×[૧૮] કહેવાનું તાત્પર્ય એ છે કે, એક મનુષ્ય જે આચારનું પાલન કરીને મહાસમર્થ થઈ શકે છે તેજ આચારનું પાલન કરીને બીજો મનુષ્ય (પોતાનું સર્વસ્વ ગુમાવીને) અન્યને બાધકર્તા થઈ પડે છે; માટે સર્વ પ્રકારના આચારોમાં અમુક એક આચાર અમુકજ ફળ આપનારો છે, એવો કંઇ નિયમ નથી, એમ પ્રત્યેક મનુષ્યે સમજવું જોઈએ.[૧૯] પ્રાચીન કાળના વિદ્વાન પુરુષોએ પૂર્વે જે પ્રકારનો પુરાણો ધર્મ કહ્યો છે અને સ્વીકાર્યો છે, તેના આચારેજ આ સનાતન મર્યાદા સ્થિતિ કરી રહી છે. (આવો મારો પોતાનો મત છે-અર્થાત્ અનાદિ કાળથી ચાલ્યા આવેલા શુદ્ધ સ્વભાવને લીધેજ સુખ-દુઃખ, કાર્ય-અકાર્ય વગેરેની વ્યવસ્થા થઇ રહી છે, શ્રુતિ આદિના પ્રમાણવાળા ધર્મથી કંઈપણ થતું નથી, એમ હું માનું છું.)[૨૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"ધર્મના પ્રામાણ્ય ઉપર આક્ષેપ" એ
વિષયનો અધ્યાય ૨૯૦ મો સમાપ્ત.

સોમરસનું પાન કરીએ, કે જેથી અજરામર થઇ જઇએ-અર્થાત્ આપણે સોમયાગ કરીએ કે જેથી મરણધર્મથી રહિત થઇએ. આવી આવી શ્રુતિઓ, યજ્ઞયાગાદિ ધર્મને અતિ મહત્ત્વનો વર્ણવે છે અને તેથીજ ધર્મનું સ્વરૂપ ગંધર્વના નગર જેવું અદ્ભુત દેખાય છે; પરંતુ જ્ઞાનકાંડ એટલે ઉપનિષદોનો અભ્યાસ કરી યુક્તિપૂર્વક તપાસ કરનારા વિદ્વાન પુરુષો તો એમજ સિદ્ધ કરે છે કે, "**यत् कृतकं तत् अनित्यं कार्यत्वात् घटवत्**" જે કંઈ કૃત્રિમ છે તે સર્વ અનિત્ય છે; કેમકે તે કાર્ય છે. જે જે કાર્ય હોય તે તે અનિત્યજ હોય. જેમકે ઘડો." આ અનુમાનદ્વારા વિદ્વાન પુરુષો, એવોજ નિર્ણય કરે છે કે, કાર્યરૂપ એવા યજ્ઞયાગાદિ ધર્મો કેવળ અનિત્ય છે-નાશવંત છે. વળી શ્રુતિ પણ કહે છે કે-**तद्यथेह कर्मचितो लोकः क्षीयत एवमेवामुत्र पुण्यचितो लोकः क्षीयते**"-જેમ કર્મદ્વારા સંપાદન કરેલું આ લોકનું સુખ નાશવંત છે, તેમ પુણ્યદ્વારા સંપાદન કરેલું પરલોકનું સુખ પણ નાશવંત છે." આ ઉપરથી એજ સિદ્ધ થાય છે કે, યજ્ઞયાગાદિ ધર્મ, નાશવંત ફળવાળો હોઇને અત્યંત તુચ્છ છે, આવો યુધિષ્ઠિરનો ધર્મવિષયક આક્ષેપ છે, એમ સમજવું. વાસ્તવિક દૃષ્ટિએ અંતઃકરણને શુદ્ધ કરવામાટે યજ્ઞાદિ ધર્મ આવશ્યક છેજ.

× જેમકે વિશ્વામિત્ર, બ્રાહ્મણનો આચાર પાળીને મોટો પ્રભાવશાળી થઇ ગયો, પરશુરામ ક્ષત્રિયનો આચાર પાળીને પોતાના ધર્મકર્મથી ભ્રષ્ટ થઇ ગયો અને વસિષ્ઠ, પોતાના તપોબળથી વિશ્વામિત્રના ઉપર અસ્ત્રશસ્ત્રનો ઉપયોગ કરીને પણ બ્રાહ્મણના આચારથી ભ્રષ્ટ ન થયો.

અધ્યાય ૨૬૧ મો

મહામુનિ જાજલિની ઘોર તપશ્ચર્યા

॥ भीष्म उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ॥
तुलाधारस्य वाक्यानि धर्मे जाजलिना सह ॥

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર રાજા! આ વિષયમાં એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે, કે જેમાં મહામુનિ જાજલિની સાથે વૈશ્ય તુલાધારનો ધર્મવિષયક સંવાદ વર્ણવ્યો છે, તે હું તમને કહું છું, સાંભળો.[૧] કોઇ એક વનમાં જાજલિ નામનો મહાતપસ્વી બ્રાહ્મણ રહેતો હતો. તે બ્રાહ્મણ એક સમયે સમુદ્રના કિનારાપર આવીને તપશ્ચર્યા કરવા લાગ્યો.[૨] તે વેળા એ બુદ્ધિમાન મુનિ, નિયમનિષ્ઠ રહીને નિયમિત આહાર કરતો હતો, વલ્કલવસ્ત્ર, મૃગચર્મ અને જટાને ધારણ કરતો હતો અને શરીરે મળ તથા કાદવથી મલિન જણાતો હતો. આ રીતે તેણે અનેક વર્ષોપર્યંત તપશ્ચર્યા કરી.[૩] હે રાજા! મહાતેજસ્વી મહર્ષિ જાજલિ, જે જળમાંજ વસતો હતો તે કોઇ સમયે સર્વ લોકોનું નિરીક્ષણ કરવાની ઇચ્છાથી મનસમાન વેગ ધારણ કરીને સર્વત્ર વિચરવા લાગ્યો.[૪] આ રીતે વન અને ઉપવનસહિત સમુદ્રસુધીની પૃથ્વીનું અવલોકન કર્યા પછી મુનિ જાજલિ, જળમાં રહ્યો રહ્યો એક દિવસે વિચાર કરવા લાગ્યો કે,[૫] "સ્થાવરજંગમસહિત આ સમગ્ર જગતમાં મારાસમાન બીજો એક પણ મનુષ્ય નથી, કે જે આ પ્રમાણે જળમાં રહીને મારી સાથે આકાશમાં પણ વિહાર કરી શકે."[૬] આ રીતે રાક્ષસો જોઇ ન શકે તેમ જળના મધ્યભાગમાં રહીને તે બોલતો હતો. તેવામાં ત્યાં રહેનારા પિશાચોએ તેને કહ્યું કે:-"હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તારે એમ બોલવું યોગ્ય નથી. કાશીની અંદર નિવાસ કરનારો તુલાધાર નામનો વૈશ્ય મહાયશસ્વી છે, છતાં આમ તારી પેઠે બોલવાને માટે યોગ્ય નથી- અર્થાત્ તારા કરતાં અધિક યોગ્યતાવાળો તુલાધાર પણ આવું ગર્વભરેલું વચન બોલવાને યોગ્ય નથી તો પછી તારાથી તો કેમજ બોલી શકાય?[૭-૮] મહાતપસ્વી જાજલિને જલનિવાસી ભૂતોએ એ પ્રમાણે કહ્યું, એટલે તેણે કહ્યું કે, "જો એમજ છે તોપછી મહાબુદ્ધિમાન અને યશસ્વી એવા તુલાધારને હું મળું."[૯] ઋષિ જાજલિનાં એ વચન સાંભળીને, જળનિવાસી તે રાક્ષસોએ તેને ઉપાડીને સમુદ્રની બહાર લાવી મૂક્યો અને કહ્યું કે, "હે ઉત્તમ બ્રાહ્મણ! આ માર્ગે થઇને તું કાશી તરફ જા."[૧૦] ભૂતગણોના એ કહેવાપરથી જાજલિ, મનમાં ઉદાસ થઇને કાશી તરફ ચાલી નીકળ્યો અને ત્યાં જઈને તુલાધાર વૈશ્યને મળીને તેણે આ રીતે કહ્યું.

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે તાત! જાજલિએ પૂર્વે એવું કયું દુષ્કર કર્મ કર્યું હતું, કે જેથી તેમને એવી ઉત્કૃષ્ટ સિદ્ધિનો લાભ થયો હતો, એ વિષે તમે મને કહો."[૧૨]

ભીષ્મે કહ્યું:-" મહાતપસ્વી મુનિ જાજલિ અતિશય ઘોર તપશ્ચર્યા કરતો હતો, સાયંકાળે અને પ્રાતઃકાળે સ્નાનસંધ્યા કરવામાં તત્પર રહેતો હતો, અગ્નિનું સારી રીતે ઉપાસનકરતો હતો, સ્વાધ્યાય કરવામાં તત્પર રહેતો હતો, વાનપ્રસ્થના વિધિને જાણનારો હતો અને વેદવિદ્યાના પ્રતાપથી જાણે પ્રજ્વળી રહ્યો હોય તેવો કાંતિમાન દેખાતો હતો.[૧૩,૧૪] વળી તે મહર્ષિ વનમાં રહીને તપશ્ચર્યા કરતો હતો, છતાં "હું ધર્મનિષ્ઠ છું" એવું અભિમાન કરતો ન હતો. વર્ષાઋતુમાં તે ખુલ્લા પ્રદેશમાંપડી રહેતો હતો, હેમંત ઋતુમાં તે જળની અંદર બેસી રહેતો હતો અને ગ્રીષ્મઋતુમાં વાયુ અને તાપને સહન કરતો હતો; છતાં તેને "હું ધર્મનિષ્ઠ છું" આવા પ્રકારનું અભિમાન ન હતું. વળી તે શરીરને દુઃખ થાય તેવાં અનેક સ્થળો ઉપર શયન કરતો હતો અને કોઈસમયે કેવળ પૃથ્વીપર પણ સૂઈ રહેતો હતો.[૧૫,૧૬] એક સમયે જ્યારે વર્ષાઋતુ ચાલતી હતી, ત્યારે તે મુનિ ખુલ્લા પ્રદેશમાં બેસી રહ્યો હતો અને આકાશમાંથી પડતી જળધારાને પોતાના મસ્તપર ઝીલી રહ્યો હતો.[૧૭] હે રાજા! તે સમયે તેની જટા, જળથી પલળી

ગયેલી હોવાથી અત્યંત ગંઠાઇ ગઈ હતી. વળી તે નિષ્પાપ મુનિ, નિત્ય અરણ્યમાંજ સંચાર કરતો હતો, જેથી આખે શરીરે મલિન દેખાતો હતો; તેમજ કોઈ કોઇ સમયે તે મહામુનિ નિરાહાર રહેતો હતો અને કોઇ કોઇ સમયે માત્ર વાયુનુંજ ભક્ષણ કરતો હતો; એટલુંજ નહિ પણ કોઇ કોઇ વેળા તો તે મુનિ કાષ્ઠની પેઠે અચળ બેસી રહેતો હતો.[૧૮,૧૯] હે ભરતવંશી રાજા ! આ રીતે ઠુંઠાની પેઠે નિશ્ચેષ્ટ બેસીને તે મુનિ તપશ્ચર્યા કરતો હતો. તે સમયે એક ચકલાએ અને ચકલીએ તેના મસ્તક ઉપર માળો બાંધવા માંડયો.[૨૦] બ્રહ્મર્ષિ જાજલિ, પ્રાણીઓપર દયાળુ હતો, જેથી તેણે પોતાની જટાની અંદર, ઘાસ અને તંતુઓથી માળો બાંધી રહેલાં પેલાં બે પક્ષીઓને અટકાવ્યાં નહિ.[૨૧] મહાતપસ્વી મુનિ જાજલિ, વૃક્ષના ઠુંઠાની પેઠે નિશ્ચળ થઇને બેસી રહ્યો હતો, જેથી પેલાં બન્ને પક્ષીઓ અત્યંત વિશ્વાસુ બની જઇને સુખેથી તેની જટામાં રહેવા લાગ્યાં.[૨૨] એમ કરતાં કરતાં વર્ષાઋતુ વીતી ગઇ અને શરત્કાળ ઉપસ્થિત થયો, એટલે કામથી મોહિત થયેલાં તેઓ બન્ને પક્ષીઓએ જાજલિની જટામાંજ વિશ્વાસપૂર્વક ગર્ભાધાન કર્યું; અને હે રાજન્ ! પછી તેના મસ્તક ઉપર ઇંડાં પણ મૂકયાં. તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારા તેજસ્વી બ્રાહ્મણ જાજલિએ જાણ્યું કે, પોતાના મસ્તક ઉપર પક્ષીઓએ ઇંડાં મૂકયાં છે છતાં તે મુનિએ ધર્મધ્યાનમાંજ મનને સ્થિર કરીને તેઓને ઉરાડી મૂકવારૂપ અધર્મને પસંદ કર્યો નહિ.[૨૩-૨૫] હે રાજા ! તેઓ બન્ને પક્ષીઓ, પ્રતિદિન (પ્રાતઃકાળે મુનિની જટામાંથી નીકળીને ચણવામાટે જતાં હતાં અને સાયંકાળે પાછાં) આવીને મુનિની જટામાં વિશ્વાસ અને આનંદથી વસતાં હતાં.[૨૬] આ રીતે કેટલોએક કાળ વીત્યા પછી તે પક્ષીઓનાં ઇંડાં, બરાબર સેવાઇને પુષ્ટ થયાં અને તેમાંથી બચ્ચાંઓનો જન્મ પણ થયો. પછી જન્મ પામેલાં તે બચ્ચાંઓ એ જટામાંજ મોટાં થવા લાગ્યાં છતાં જાજલિ મુનિ લગારે કંપાયમાન થયો નહિ;[૨૭] પણ વ્રતને ધારણ કરનારો તે ધર્માત્મા મુનિ પક્ષીઓનાં બચ્ચાંઓનું રક્ષણ કરવા લાગ્યો અને મનને સ્થિર કરી નિશ્ચેષ્ટ અવસ્થામાં બેસી રહ્યો.[૨૮] આ રીતે કેટલોક કાળ વીતી ગયો એટલે તે બચ્ચાંઓને પાંખો આવી ગઈ અને મુનિએ પણ જાણ્યું કે, પક્ષીઓનાં બચ્ચાંઓને હવે પાંખો આવી ગઇ છે.[૨૯] બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ અને નિયમપૂર્વક વ્રતને ધારણ કરનારો તે મુનિ, બચ્ચાંઓને પાંખોવાળાં જોઇને અત્યંત પ્રસન્ન થયો;[૩૦] તેમજ પેલો ચકલો અને ચકલી પણ પોતાનાં બચ્ચાંઓને મોટાં થયેલાં જોઇ હર્ષ પામ્યાં અને નિર્ભય થઇને પોતાનાં બચ્ચાંઓની સાથે મુનિની જટામાં રહેવા લાગ્યાં.[૩૧] બ્રાહ્મણ જાજલિ, પાંખોવાળાં તે બચ્ચાંઓને પોતાની જટામાંથી ઉડી જતાં જોતો હતો અને પાછાં સાયંકાળે ત્યાંનાં ત્યાંજ આવીને નિવાસ કરતાં જોતો હતો, છતાં લગારે કંપતો ન હતો.[૩૨] પછી તો તે બચ્ચાંઓને તેઓનાં માતાપિતાએ પણ છોડી દીધાં, જેથી તેઓ પોતાની મેળે બહાર જતાં હતાં અને પોતાની મેળે હમેશાં પાછાં આવતાં હતાં, છતાં જાજલિ ડગમગ્યો નહિ.[૩૩] હે રાજા ! તે પક્ષીઓ દિવસ થતો કે મુનિની જટામાંથી બહાર નીકળી જતાં અને સાયંકાળ થતો કે પાછાં મુનિની જટામાં નિવાસ કરવામાટે આવી પહોંચતાં.[૩૪] વળી કોઈ કોઈ સમયે તો તે પક્ષીઓ, જટામાંથી ઉડી જઇને પાંચ પાંચ દિવસ સુધી પાછાં આવતાં ન હતાં અને છઠ્ઠે દિવસેજ આવીને મુનિની જટામાં નિવાસ કરતાં હતાં.[૩૪] આ રીતે તે પક્ષીઓ જેમ જેમ વધારે શકિતવાળાં થતાં ગયાં, તેમ તેમ ઘણા દિવસો સુધી બહારનાં બહારજ ફરતાં હતાં પણ પાછાં આવતાં ન હતાં.[૩૬] હવે એક સમયે તો તે પક્ષીઓ મુનિની જટામાંથી ઉડી જઇને એક મહિના સુધી પાછાં આવ્યાં નહિ, છતાં મુનિ જાજલિ તો તેમને તેમજ સ્થિર બેસી રહ્યો હતો;[૩૭] પણ જાજલિને જણાયું કે, તે પક્ષીઓ હવે ઉડીજ ગયાં છે અને તેઓના પાછા આવવાનો હવે સંભવજ નથી, ત્યારે તે ઉઠયો અને તે સમયે તેના મનમાં

ઘણુંજ આશ્ચર્ય થયું તેમજ આવું અભિમાન પણ થયું કે, “હવે હું સિદ્ધ થયો છું.”[૩૮] વ્રતધારી મહાત્મા જાજલિ પક્ષીઓને ત્યાંથી આનંદપૂર્વક ઉડી ગયેલાં જોઈ, પોતાને ધન્ય માની મનમાં અત્યંત પ્રસન્ન થયો.[૩૯] પછી તે તપસ્વીએ ત્યાંથી આગળ જઇને નદીમાં સ્નાન કર્યું, અગ્નિમાં હોમ કર્યો અને ઉદય પામતા સૂર્યની સ્તુતિ કરી.[૪૦] જાપકશ્રેષ્ઠ જાજલિ, પોતાના મસ્તક ઉપર પક્ષીઓને ઉછેરીને અભિમાનમાં આવી ગયો અને તેને લીધે પોતાના બન્ને બાહુઓ થાબડીને તથા આકાશસામે જોઈને તે બોલી ઉઠયો કે, “મેં ધર્મને પ્રાપ્ત કર્યો છે.”[૪૧] તેજ સમયે આકાશમાં દિવ્ય વાણી થઈ, કે જેને જાજલિએ આ પ્રમાણે સાંભળી–“ઓ જાજલિ! તું તુલાધારના જેવો ધર્મિષ્ઠ નથી. કાશીમાં નિવાસ કરનારો બુદ્ધિમાન તુલાધાર મહાધર્મિષ્ઠ છે, છતાં ઓ બ્રાહ્મણ! તું જેમ બોલે છે તેમ બોલવાને માટે તે યોગ્ય નથીજ.”[૪૨,૪૩] હે રાજન્! એ પ્રમાણે આકાશવાણી સાંભળીને બ્રાહ્મણ જાજલિ ખૂબ ચીઢાઇ ગયો અને તુલાધારને મળવાને માટે તેજ વખતે કાશી તરફ ચાલી નીકળ્યો. માર્ગમાં જતાં જતાં જ્યાં સાયંકાળ થઇ જતો હતો ત્યાંજ તે મુનિ વિશ્રાંતિ લેતો હતો. (બાકી આખો દિવસ મુસાફરી કર્યા કરતો હતો.)[૪૪] આ રીતે ઘણો લાંબો સમય મુસાફરી કર્યા પછી તે બ્રાહ્મણ કાશી નગરીમાં જઈ પહોંચ્યો અને ત્યાં જઇને કરીઆણાનો વ્યાપાર કરનારા તુલાધાર વૈશ્યને તે મળ્યો.[૪૫] વૈશ્ય તુલાધાર કે જે પોતાના મૂળધન ઉપરજ આજીવિકા ચલાવતો હતો તે, બ્રાહ્મણ જાજલિને પોતાને ત્યાં આવેલો જોઇ એકદમ ઉભો થયો અને સ્વાગતવચન કહીને અતિ હર્ષપૂર્વક તેનું સન્માન કરવા લાગ્યો.[૪૬]

તે પછી તુલાધારે કહ્યું કે:–“હે ઉત્તમ બ્રાહ્મણ! તમે મારી પાસે આવતા હતા, ત્યારથીજ મેં તમને ઓળખી લીધા છે, જેથી હવે હું તમને જે વચન કહું છું તેનું તમે શ્રવણ કરો.[૪૭] તમે સમુદ્રના જળમય પ્રદેશ ઉપર નિવાસ કરીને મહાઉગ્ર તપશ્ચર્યા કરી છે, છતાં તમને “હું ધર્મવાન છું” એવું અભિમાન કદી થયુંજ ન હતું.[૪૮] પછી હે બ્રાહ્મણ! તપશ્ચર્યાના પ્રભાવથી તમે સિદ્ધ થયા, ત્યારે તમારા મસ્તક ઉપર પક્ષીઓએ માળો બાંધ્યો હતો અને તેમાં તેઓનાં બચ્ચાં ઉત્પન્ન થયાં હતાં, કે જેઓને તમે ઉછેરીને મોટાં કર્યાં હતાં.[૪૯] તે પછી જ્યારે તે બચ્ચાંઓને પાંખો આવી અને તેઓ ચારો ચણવામાટે આમતેમ ઉડવા લાગ્યાં, ત્યારે હે બ્રાહ્મણ! તમે જાણ્યું કે, આ ચકલાંઓનું રક્ષણ કરીને મેં ધર્મ સંપાદન કર્યો છે;[૫૦] પરંતુ તેજ સમયે હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તમે મારા સંબંધની આકાશવાણી શ્રવણ કરી, કે જેથી અમર્ષને અધીન થઇને તમે મારી પાસે આવ્યા છો તો હે ઉત્તમ બ્રાહ્મણ! કહો, હું તમારૂં શું પ્રિય કરૂં?”[૫૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “તુલાધાર અને જાજલિનો સંવાદ” એ વિષયનો અધ્યાય ૨૬૧ મો સમાપ્ત.

અધ્યાય ૨૬૨ મો

તુલાધાર અને જાજલિનો સંવાદ–અહિંસા એજ પરમ ધર્મ છે.

॥ भीष्म उवाच ॥

इत्युक्तः स तदा तेन तुलाधारेण धीमता ॥
प्रोवाच वचनं धीमान् जाजलिर्जपतां वरः ॥१॥

ભીષ્મે કહ્યું:–“હે યુધિષ્ઠિર! બુદ્ધિમાન તુલાધારે એ પ્રમાણે કહ્યું, એટલે જપ કરનારાઓમાં શ્રેષ્ઠ બુદ્ધિમાન જાજલિએ તેને આવું વચન કહ્યું.”[૧]

જાજલિએ કહ્યું:–“હે વણિકપુત્ર! તું સર્વ પ્રકારના રસોને, સર્વ પ્રકારના ગંધોને, વનસ્પતિઓને, ઔષધિઓને તથા અનેક પ્રકારનાં ફળમૂળોને વેચે છે, છતાં તને આવી એકનિષ્ઠાવાળી બુદ્ધિ ક્યાંથી પ્રાપ્ત થઈ? અને આવું તત્ત્વવિષયક જ્ઞાન તને ક્યાંથી મળ્યું? હે મહાબુદ્ધિમાન વણિક! તે સર્વ તું મને સંપૂર્ણ રીતે કહે.”[૨,૩]

ભીષ્મે કહ્યું:–‘યશસ્વી બ્રાહ્મણ જાજલિએ એ પ્રમાણે કહ્યું, એટલે ધર્માર્થના તત્ત્વને જાણ-

નારા વૈશ્ય તુલાધારે ધર્મનાં સૂક્ષ્મ તત્ત્વો કહેવા માંડયાં.[૭]

તુલાધારે કહ્યું:–હે જાજલિ! સર્વ પ્રાણીઓનું હિત કરનાર અનેસર્વના તરફ મિત્રભાવથી વર્તવાનો ઉપદેશ આપનાર જે પુરાણધર્મ મનુષ્યોના જાણવામાં છે, તે સનાતન ધર્મને હું રહસ્યસહિત જાણું છું.[૫] પ્રાણીમાત્રનો દ્રોહ કર્યાવિના અથવા કોઇ પ્રસંગે છેક અલ્પ પ્રમાણમાં દ્રોહ× કરીને જે આજીવકા ચલાવવી તેજ પરમ ધર્મ છે; માટે હે જાજલિ! એ પરમ ધર્મનો આશ્રય કરીને હું આજીવિકા ચલાવું છું.[૬] મેં કપાઇ પડેલાં લાકડાં અને પાંદડાંથી મારૂં ઘર બનાવ્યું છે અને હે બ્રહ્મર્ષિ! અલતો, પદ્મકાષ્ઠ, નાળીએર, નાનામોટા સુગંધી પદાર્થો અને મદ્યસિવાયના અનેક રસોને બીજાની પાસેથી ખરીદીને હું નિષ્કપટભાવથી વ્યાપાર કરૂં છું.[૭,૮] હે જાજલિ! જે પુરુષ સર્વ પ્રાણીઓનો મિત્ર છે અને પ્રાણીમાત્રનું હિત કરવામાં આસક્ત રહે છે, તે પુરુષજ મન, વચન અને કર્મથી ધર્મને જાણે છે;[૯] તેમજ હે જાજલિ! મારૂં વ્રત કેવું છે તે તમે જુઓ. હું કોઇને અનુસરીને ચાલતો નથી, કોઇનો વિરોધ કરતો નથી, કોઇનો દ્વેષ કરતો નથી, કોઇની સ્પૃહા રાખતો નથી અને પ્રાણીમાત્રના ઉપર સમદૃષ્ટિ રાખું છું. તાત્પર્ય કે, હે જાજલિ! મારૂં ત્રાજવું સર્વ પ્રાણીઓપ્રત્યે સમાન રીતે રહેલું છે.[૧૦] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! હું કોઇના કૃત્યની પ્રશંસા કરતો નથી કે નિંદા કરતો નથી; કારણકે હું જોઇ શકું છું કે, મેઘમંડલના રંગ જેમ અનેક તરેહના હોય છે, તેમ જગતના લોકો પણ અનેક તરેહના હોય છે.[૧૧] હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ જાજલિ! તમે જાણો કે, હું સર્વ લોકોના પર સમભાવ રાખું છું અને માટીના ઢેફાને, પથ્થરને તથા સુવર્ણને સમાન ગણું છું.[૧૨] જેમ આંધળા, બહેરા અને ઉન્મત્ત મનુષ્યોને દેવોએ તે તે ઇન્દ્રિયશક્તિથી રહિત કરેલા હોય છે છતાં કેવળ શ્વાસોચ્છ્વાસ લઇનેજ પોતાનું જીવન ગાળે છે, તેમ (હું સર્વ ઇંદ્રિયશક્તિથી સંપન્ન છું, છતાં) કેવળ શ્વાસોચ્છ્વાસ લઇને મારૂં જીવન ગાળું છું.[૧૩] જેમ વૃદ્ધ, રોગી અને કૃશ શરીરવાળા મનુષ્યો વિષયોપ્રત્યે નિઃસ્પૃહ હોય છે, તેમ હું પણ અર્થ અને કામનો ઉપભોગ કરવાના સંબંધમાં કેવળ નિઃસ્પૃહ રહું છું.[૧૪] પુરુષ જ્યારે કોઈનાથી ડરતો નથી, તેમજ બીજાઓને તેના તરફનો ભય રહેતો નથી, ત્યારેજ તે બ્રહ્મસ્વરૂપ થઇ શકે છે. વળી જ્યારે તે કોઈનાપર રાગ કરતો નથી, દ્વેષ કરતો નથી અનેમન, વચન કે કર્મથી પણ કોઇના તરફ પાપી ભાવ (પ્રકટ) કરતો નથી, ત્યારેજ બ્રહ્મસ્વરૂપ થઇ શકે છે.[૧૫,૧૬] પ્રાણીઓને અભય આપવારૂપ જે ધર્મ જગતમાં વિદ્યમાન છે, તેના જેવો કોઈ ધર્મ ભૂતકાળમાં થયો નથી અને ભવિષ્યકાળમાં થશે પણ નહિં; માટે તે ધર્મને અનુસરનારો પુરુષ નિર્ભય પદને પ્રાપ્ત કરે છે.[૧૭] મૃત્યુના મુખથી જેમ સર્વ પ્રાણીને ત્રાસ ઉત્પન્ન થાય છે, તેમ વાણીની ક્રૂરતાવાળા અને તીક્ષ્ણ દંડને ધારણ કરનારા જે પુરુષથી સર્વ પ્રાણીને ત્રાસ ઉત્પન્ન થાય છે, તે પુરુષ (પરલોકમાં) મહાન ભય પામે છે.[૧૮] જે મહાત્માઓ, શાસ્ત્રીય આચાર પ્રમાણે વર્તનારા છે, વૃદ્ધ વયના છે, પુત્રપૌત્રાદિ પરિવારવાળા છે અને અહિંસક વૃત્તિને ધારણ કરનારા છે, તેઓના આચારનેજ હું અનુસરૂં છું.[૧૯] પુરુષ વિદ્યાવાન હોય, તપસ્વી હોય કે બળવાન હોય–અર્થાત કામક્રોધને જીતનારો હોય, તોપણ શિષ્ટ પુરુષના કોઇ એકાદ આચારથી ભ્રાંતિમાં પડી જઇને પોતાના સનાતન ધર્મને ગુમાવી બેસે છે.*[૨૦] હે જાજલિ!

× કારણ કે, " **नानुपहत्य भूतानि भोगः संभवति** " પ્રાણીઓનો સમૂળગો દ્રોહ કર્યા વિના કદી આજીવિકા ચાલીજ શકતી નથી." એ ન્યાયને અનુસરીને અહીં કહેવામાં આવ્યું છે કે, કોઇ પ્રસંગે સહેજસાજ દ્રોહ કરવો પડે તો તેથી ધર્મહાનિ નથી.

* અર્થાત્ સત્પુરુષના આચરણમાં એકાદું નિંદ્ય આચરણ જોઇને મૂઢ પુરુષો, સનાતન ધર્મનેજ વખોડી કાઢે છે અને તેનો ત્યાગ કરી દે છે, પરંતુ સુજ્ઞ પુરુષો સત્પુરુષોના નિંદ્ય આચારનો ત્યાગ કરીને બાકીના સદાચારનો સ્વીકાર કરે છે. જેમકે,

બુદ્ધિમાન પુરુષ સત્પુરુષોના આચાર પ્રમાણે વર્તીનેજ સત્વર ધર્મને સંપાદન કરે છે; માટે દમગુણને ધારણ કરનારા પુરુષે, સત્પુરુષોએ સેવેલા આચારનેજ નિષ્કપટ મનથી અનુસરવું જોઈએ.[૨૧] જેમ એક નદીમાં દૈવેચ્છાએ તણાયલું કાષ્ઠ, દૈવેચ્છાએજ બીજાં કાષ્ઠો સાથે મળે છે તથા તે બન્ને કાષ્ઠો વળી બીજાં કાષ્ઠો સાથે મળે છે અને તેમાં વળી ઘાસ, લાકડાં તથા છાણાં વગેરે એકઠાં મળે છે, પરંતુ તે સર્વનો અંતે વિયોગજ થાય છે; તેમ આ સંસારપ્રવાહમાં તણાયલા મનુષ્યને પિતા, માતા, પુત્ર વગેરેનો સંયોગવિયોગ થયાજ કરે છે, તેમાં હર્ષશોક કરવાનું શું કારણ છે?[૨૨,૨૩] હે મુનિ! જે પુરુષથી કોઈપણ પ્રાણીને કોઈ રીતે પણ ઉદ્વેગ થતો નથી, તે પુરુષ સર્વ પ્રાણીઓ તરફથી અભય પામે છે;[૨૪] પરંતુ હે વિદ્વન્! કોઇ એક જલાશયના તીર ઉપર આવીને મોટી ગર્જનાઓ કરી રહેલા કોઇ હિંસક પશુથી સર્વ જળચર પ્રાણીઓ જેમ ભયભીત બની જાય છે, તેમ જે પુરુષથી સર્વ લોકોને ઉદ્વેગ થાય છે, તેને સર્વના તરફથી ભય રહે છે.[૨૫] વળી જગતની અંદર પ્રકટ થયેલો આ અભયદાનરૂપી આચાર હરકોઇ ઉપાયથી સાધ્ય છે. જેમકે, સહાયવાળો અને દ્રવ્યવાળો પણ તેને સાધી શકે છે. તેમજ એ આચાર ઐશ્વર્યનો તથા પરલોકનો હેતુભૂત છે;[૨૬] અને તેથીજ શાસ્ત્રકારોએ, અભયદાન આપનારા પુરુષોની શાસ્ત્રોમાં પ્રશંસા કરી છે. કેટલાએક પુરુષો, જેઓને સંસારનાં બાહ્યસુખની ઈચ્છા હોય છે, તેઓ કીર્તિને માટે અભયદાન કરે છે અને જેઓ બુદ્ધિકુશલ હોય છે, તેઓ પરબ્રહ્મને પ્રાપ્ત કરવામાટેજ અભયદાન કરે છે.[૨૭] તપશ્ચર્યા કરવાથી, યજ્ઞો કરવાથી, દાન આપવાથી તથા જ્ઞાનમિશ્ર વાક્યો બોલવાથી મનુષ્ય જે ફળ સંપાદન કરે છે, તેજ ફળ અભયદાન આપવાથી પણ મેળવી શકે છે.[૨૮] જે પુરુષ જગતનાં સર્વ પ્રાણીઓને અભયદક્ષિણા આપે છે, તે પુરુષને સર્વ પ્રકારના યજ્ઞો કર્યાનું ફળ મળે છે અને તે ઉપરાંત પ્રાણીમાત્ર તરફથી તેને અભય મળે છે.[૨૯] હે મહામુનિ! પ્રાણીઓની હિંસા ન કરવી, તેનાથી શ્રેષ્ઠ એવો બીજો એક પણ ધર્મ નથી; કારણકે અહિંસાધર્મથી કોઈ પણ પ્રાણીને ઉદ્વેગ થતો નથી અને અહિંસા ધર્મનું પાલન કરનારા પુરુષને સર્વ પ્રાણીઓ તરફથી અભય મળે છે;[૩૦] પરંતુ જે પુરુષ હિંસાધર્મનું સેવન કરે છે તેનાથી, ઘરમાં રહેલા સર્પથી જેમ પ્રત્યેક લોક ત્રાસ પામે છે તેમ, પ્રત્યેક પ્રાણી ત્રાસ પામે છે, એટલુંજ નહિ પણ તે હિંસક પુરુષ આ લોકમાં કે પરલોકમાં ધર્મને પામી શકતો નથી;[૩૧] પણ જે પુરુષ પ્રાણીમાત્રનો આત્મા બની રહેલો છે અને જે સર્વ પ્રાણીઓને પોતાના આત્મારૂપેજ જુએ છે, તે પુરુષના માર્ગમાં દેવોને પોતાને પણ મુંઝવણ થઇ પડે છે. (અર્થાત તે પુરુષ મરણ પછી કયે માર્ગે ગતિ કરશે, એ વિષેનો દેવોને પોતાને પણ નિશ્ચય થઈ શકતો નથી; કારણકે તેવો આત્મનિષ્ઠ પુરુષ બ્રહ્મલોક આદિ દિવ્ય લોકોની સ્પૃહાથી રહિત હોય છે અને દેવતાઓ તો તે તે દિવ્ય લોકોની સ્પૃહા રાખનારા છે.)[૩૨] હે જાજલિ! પ્રાણીઓને અભયદાન આપવું તેજ સર્વ દાનોના કરતાં ઉત્તમ દાન છે. આ વાત હું તમને સત્ય કહું છું; તમે મારા વચન ઉપર શ્રદ્ધા રાખો.[૩૩] પુરુષ અનેક પ્રકારનાં કામ્ય કર્મો કરે છે અને તે દ્વારા સ્વર્ગાદિ સંપાદન કરીને સુભાગી બને છે; પરંતુ પુણ્યનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે તેનો તેજ પુરુષ પુનઃ દુર્ભાગી બની જાય છે—આ મૃત્યુલોક- માં પછડાઈ પડે છે; માટેજ જ્ઞાની પુરુષો, કર્મજન્ય ફળોને નાશવંત જોઇને કામ્યકર્મોની સદાય નિંદા કરે છે.[૩૪] હે જાજલિ! અભયદાન-

---

सर्वनाशे समुत्पन्ने अर्धं त्यजति पंडितः ।
अर्धनाशे समुत्पन्ने सर्वं त्यजति दुर्मति ॥

જ્યારે સર્વનો નાશ થવાનો પ્રસંગ આવ્યો હોય ત્યારે સમજુ પુરુષ અર્ધનોજ ત્યાગ કરે છે, પરંતુ મૂર્ખ મનુષ્ય અર્ધનો નાશ થવાનો પ્રસંગ આવ્યો હોય છતાં સર્વનો ત્યાગ કરી દે છે.

રૂપ સૂક્ષ્મ ધર્મ કેવળ નિષ્પ્રયોજન છે અથવા નિષ્ફળ છે, એમ સમજવાનું નથી; કેમકે શમદમાદિ સ્થૂલ ધર્મ બ્રહ્મપ્રાપ્તિને માટે છે અને યજ્ઞયાગાદિ સ્થૂલતર ધર્મ સ્વર્ગપ્રાપ્તિને માટે છે, એમ વેદમાં કહ્યું છે, તો પછી અભયદાનરૂપ સૂક્ષ્મ ધર્મનું શું ફળ નહિ હોઇ શકે?*[૩૫] છતાં આ સૂક્ષ્મ ધર્મનું સ્વરૂપ સહેલાઇથી જાણી શકાતું નથી; કારણકે તેને ગૂઢ રાખનારા બીજા અનેક ધર્મો વેદમાં મળી આવે છે, પરંતુ વચ્ચે વચ્ચે બીજા ઘણા આચારો એવા પ્રકારના પણ જોવામાં આવે છે, કે જેથી તે સૂક્ષ્મધર્મનું સ્વરૂપ જાણી શકાય છે.[૩૬] હે જાજલિ! આ જગતમાં એવા ઘણા પાપીઓ છે, કે જેઓ પશુઓના વૃષણોનેકાપી નાખે છે, નાકને વીંધે છે, તેઓની પાસે અનેક પ્રકારનો બોજો ઉપડાવે છે, તેઓને બાંધે છે, આખો દિવસ દુઃખ દે છે અને કેટલાએક મનુષ્યો તો પશુઓને મારીને ખાઇ પણ જાય છે, છતાં તેઓની તમે કેમ નિંદા કરતા નથી? (અને મારી નિંદા કરો છો?) વળી કેટલાએક મનુષ્યો, મનુષ્યોનેજ પોતાના દાસ બનાવીને તેઓની પાસે ગદ્ધાવૈતરૂં કરાવે છે;[૩૭,૩૮] એટલુંજ નહિ પણ કેટલાએક ક્રૂર મનુષ્યો પોતાના નોકરચાકરોને મારીને, બાંધીને તથા કેદ પૂરીને પણ રાતદહાડો તેઓની પાસેથી કામ લે છે. આવા પાપી મનુષ્યો, બીજાઓને મારવાથી તથા બાંધવાથી જે દુઃખ થાય છે તેને જાણે છે, છતાં એવું પાપી કૃત્ય કરતાં અટકતા નથી.[૩૯] પાંચ ઇંદ્રિયોવાળાં પ્રત્યેક પ્રાણીઓમાં સૂર્ય, ચંદ્ર, વાયુ, બ્રહ્મા, પ્રાણ, યજ્ઞ અને યમ-વગેરે સર્વ દેવતાઓનો નિવાસ છે;[૪૦] તેવાં પંચેન્દ્રિય પ્રાણીઓને કેટલાએક દુષ્ટ મનુષ્યો, જીવતાં હોવા છતાં વેચી નાખે છે તોપછી મરેલાંઓને વેચવામાં તેઓને શો વિચાર આવે? બકરાંનો અધિષ્ઠાયક દેવ અગ્નિ છે, ઘેટાંનો અધિષ્ઠાયક દેવ વરુણ છે, ઘોડાનો અધિષ્ઠાયક દેવ સૂર્ય છે, પૃથ્વીનો અધિષ્ઠાયક દેવ વિરાટ્ છે અને ગાયો તથા વાછરડાંનો અધિષ્ઠાયક દેવ ચંદ્રમા છે, જેથી તેઓને વેચી નાખનારો પુરુષ કદી સિદ્ધિને પામતો નથી. (અર્થાત્ તેઓને વેચનારાઓ પણ કદી સુખી થતા નથી તોપછી તેઓને મારી ખાનારા તો કયાંથીજ સુખી થાય?)હે બ્રહ્મન્! હું તેલનો, ઘીનો, મધનો તથા કાષ્ઠાદિક ઔષધિઓનો વેપાર કરૂં છું, તેમાં તમને શી ઘૃણા ઉત્પન્ન થાય છે? (કેમકે, મારી આજીવિકા તદ્દન નિર્દોષ છે.)[૪૧,૪૨] આ જગતમાં એવા અનેક પુરુષો છે, કે જેઓ ડાંસ અને મચ્છરવિનાના પ્રદેશમાં સુખેથી વૃદ્ધિ પામેલાં પશુઓને, તેઓની માતાને તેઓ પ્રિય જાણ્યા છતાં પણ બલાત્કારે પકડી જઇને ડાંસ તથા મચ્છરથી વ્યાપ્ત અને કાદવકીચડથી ભરેલા ભયંકર પ્રદેશમાં લાવી મૂકે છે અને ત્યાં તેઓની પાસે ભાર ઉપડાવીને અનેક પ્રકારે દુઃખ દે છે, તેમજ વિનાવિધિએ મારી પણ નાખે છે.×[૪૩,૪૪] આવું હિંસાજનક કર્મ કરવાથી જે દોષ ઉત્પન્ન થાય છે, તે દોષ બાળહત્યા કરવા કરતાં પણ અધિક છે, એમ હું માનું છું-અર્થાત્ બાળહત્યા કરતાં પણ નિરપરાધી પશુઓની હત્યા વધારે ભયંકર છે. કેટલાએક મનુષ્યો માને છે કે, ખેતીવાડીના જેવી ઉત્તમ વૃત્તિ એક પણ નથી; પણ હું તો એમજ માનું છું કે, ખેતીવાડીના જેવી અતિદારુણ વૃત્તિ બીજી એક પણ નથી;[૪૫] કારણકે હે જાજલિ! ખેતી કરતી વેળા હળવડે પૃથ્વીને જ્યારે ખેડવામાં આવે છે, ત્યારે પૃથ્વીમાં રહેલાં અનેક જીવજંતુઓનો સંહાર થઈ જાય છે, ઉપરાંત તે સમયે હળ સાથે જોડવામાં આવેલા બળદોને જે દુઃખ થાય છે, તેનો પણ તમે વિચાર કરો.[૪૬] વળી વેદમાં ગાયોનું તથા બળદોનું ‘ अघ्न्याः ” (हन्तुं अयोग्याः) એવું વ્યુત્પત્તિસિદ્ધ નામ પ્રસિદ્ધ છે, જેથી

---

*કહેવાનો ભાવ એ છે કે, શમદમાદિ સ્થૂલ ધર્મની અપેક્ષાએ તથા યજ્ઞયાગાદિ સ્થૂલતર ધર્મની અપેક્ષાએ અભયદાનરૂપ સૂક્ષ્મ ધર્મ ઘણોજ ઉત્તમ છે.

× અર્થાત્ વેદોક્ત વિધિથી કરવામાં આવેલી યજ્ઞનિમિત્તની હિંસા પણ જો દોષજનક છે, તો પછી વિનાવિધિએ કરવામાં આવેલી વ્યર્થ હિંસા દોષજનક કેમ ન હોય?

તેઓનો વધ કરવો અથવા તેઓને દુ:ખ દેવું તે કેવળ અયોગ્યજ છે; છતાં જે પુરુષ બળદનો કે ગાયનો વધ કરે છે, તે પુરુષ મહાન પાપ કરે છે.[૪૭] પૂર્વે રાજા નહુષે, એક ગાયનો તથા બળદનો જ્યારે વધ કર્યો હતો, ત્યારે નિયમનિષ્ઠ ઋષિઓએ તેને આ પ્રમાણે કહ્યું હતું:–"હે નહુષ રાજા! તેં જગતની માતા* ગાયનો તથા પ્રજાપતિ બળદનો વધ કરીને અતિમહાન અકાર્ય કર્યું છે; અને તારે લીધે અમને પોતાને પણ પીડા ભોગવવી પડશે." આમ કહીને તે ઋષિઓએ, નહુષે કરેલા પાપથી એકસો એક રોગોને ઉત્પન્ન કરીને સર્વ પ્રાણીઓવિષે વહેંચી દીધા હતા; અને તે મહાભાગ્યશાળી ઋષિઓએ નહુષ રાજાને કહ્યું હતું કે, "તેં ÷ ભ્રૂણહત્યા કરી છે; માટે તારા હવિષ્નો અમે અગ્નિમાં હોમ કરીશું નહિ–અર્થાત્ તારે ત્યાં અમે યજ્ઞયાગાદિ ક્રિયા કરાવીશું નહિ."[૪૮–૫૦] આમ કહીને તે ઋષિમહાત્માઓ, કે જેઓ તત્ત્વવસ્તુને જોનારા હતા, નિયમોમાં નિષ્ઠા રાખનારા હતા અને શાંતિગુણને ધારણ કરનારા હતા, તેઓએ ધ્યાનદ્વારા જાણી લીધું કે, નહુષ રાજાએ બુદ્ધિપૂર્વક ગોહત્યા કરી નથી, પણ પ્રમાદથીજ કરી છે.‡[૫૧] હે જાજલિ! જગતમાં જે જે અમંગલ અને ઘોર આચારો ચાલુ થયા છે, તેઓને કેવળ અંધપરંપરાથીજ તમે આચરણમાં મૂકો છો, પરંતુ તત્ત્વબુદ્ધિથી તેનો તમે વિચાર કરતા નથી. (અર્થાત્ મધુપર્કાદિમાં ગાયનો આલંભ(સ્પર્શ) કરવો એ પ્રાચીન આચારનું તાત્ત્વિક સ્વરૂપ સમજ્યાવિના તમે ગાયની હિંસા કરો છો, તે કેટલો અનર્થ?) હે જાજલિ! કારણ તરફ દૃષ્ટિ કરીનેજ ધર્મનું આચરણ કરવું, પણ લોકોના આચાર તરફ દૃષ્ટિ કરીને ધર્મનું આચરણ કરવું નહિ.× વળી જે પુરુષ મારો તિરસ્કાર કરે છે અથવા જે પુરુષ મારી સ્તુતિ કરે છે, તેઓ બન્ને વિષે પણ તમે સાંભળો. તેઓ મને સમાનજ લાગે છે; કેમકે મને પ્રિય કે અપ્રિય–એવું કંઇ છેજ નહિ. બસ, આવા ધર્મનેજ વિદ્વાનો વખાણે છે;[૫૨–૫૪] કારણ કે યુક્તિયુક્ત એવા આ ધર્મનું યોગી લોકો પણ સેવન કરે છે અને નિરંતર ધર્મપરાયણ રહેનારા પુરુષો પણ આ પરમ ધર્મનું સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરે છે."[૫૫]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "તુલાધાર અને જાજલિનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૨૬૨ મો સમાપ્ત.

અધ્યાય ૨૬૩ મો

તુલાધાર અને જાજલિનો સંવાદ–

યજ્ઞનું રહસ્ય

॥ जाजलिरुवाच ॥

अयं प्रवर्तितो धर्मस्तुलां धारयता त्वया ॥
स्वर्गद्वारं च वृत्तिं च भूतानामवरोत्स्यसे॥१॥

જાજલિએ કહ્યું:–"ઓ વાણીઆ! મને લાગે છે કે, તેં તારા હાથમાં ત્રાજવું ધારણ કર્યું છે, તેથીજ તું આવો નિવૃત્તિમય ધર્મ ચલાવવા તત્પર થયો છે, અને સ્વર્ગના દ્વારરૂપ ગણાતા યજ્ઞધર્મને તથા પ્રાણીમાત્રની, આજીવિકારૂપ ખેતીવાડીને અટકાવી રહ્યો છે;[૧] પણ

---

* ગાયને જગતની માતા કહેવાનું કારણ એ છે કે, તેના દૂધઘીમાંથી યજ્ઞયાગાદિની સિદ્ધિ થાય છે અને સર્વ પ્રજાઓનું પોષણ થાય છે; તેમજ બળદને પ્રજાઓનો પતિ કહેવાનું કારણ એ છે કે, ધાન્યાદિક ઉત્પન્ન કરવામાં મુખ્યત્વે કરી બળદોજ આગળ પડતો ભાગ લે છે અને ગાય જેવી લોકપાલક પ્રજાને તે ઉત્પન્ન કરે છે.

÷ ધર્મશાસ્ત્ર કહે છે કે, ગોહત્યા કરનારને તથા બાળહત્યા કરનારને એકસરખુંજ પાપ લાગે છે, જેથી અહીં નહુષ રાજાને બાળહત્યારો કહ્યો છે.

‡ કહેવાનો આશય એ છે કે, નહુષ રાજાએ બુદ્ધિપૂર્વક ગોહત્યા કરી ન હતી, છતાં તેના પાપમાંથી ઉત્પન્ન થયેલા રોગો પ્રજાઓને હજીસુધી પણ પીડે છે તો પછી જાણીજોઇને કરેલી ગોહત્યા પ્રજાઓને અત્યંત દુ:ખદાયી થઇ પડે, એમાં શું આશ્ચર્ય છે?

× જે કર્મથી પ્રાણીઓને સુખ થાય, તેનેજ ધર્મ સમજીને આચરણમાં મૂકવું, પણ ગાડરીઆ પ્રવાહમાં પડીને અધર્માચરણ કરવું નહિ.

તું નથી જાણતો કે, ખેતીને લીધેજ અન્નની ઉત્પત્તિ થાય છે, તું પોતે પણ ખેતીને લીધેજ જીવી રહ્યો છે અને સર્વ મનુષ્યો પણ પશુઓ તથા ઔષધિઓથીજ જીવન ગાળી રહ્યાં છે.*[૨] વળી તેને લીધે યજ્ઞની પણ સિદ્ધિ થાય છે, છતાં (કૃષિ આદિની નિંદા કરીને) તેં નાસ્તિકપણાનોજ બકવાદ કર્યો છે. (અને સાથે સાથે યજ્ઞની પણ નિંદા કરી છે;) પરંતુ ખેતી વગેરે આજીવિકાનો કેવળ જો ત્યાગ કરવામાં આવે, તો આ મનુષ્યલોકનો સર્વથા અભાવજ થઇ જાય."[૩]

તુલાધારે કહ્યું:-"ઓ બ્રાહ્મણ જાજલિ! (હિંસાપ્રધાન વૃત્તિનો ત્યાગ કરીને-ખેતીવાડી×ને પડતી મૂકીને) કેવળ અહિંસાત્મક વૃત્તિ કેવી રીતે ચલાવવી, તેના સંબંધમાં હું તમને કહું છું, સાંભળો. હું કંઇ નાસ્તિક મનુષ્ય નથી તેમ હું યજ્ઞની નિંદા પણ કરતો નથી. માત્ર હું એમજ કહેવા માગું છું કે, યજ્ઞના તાત્વિક સ્વરૂપને જાણનારો પુરુષ અત્યંત દુર્લભ છે.+[૪] જે યજ્ઞમાં બ્રહ્મરૂપ અગ્નિવિષે જીવરૂપ હવિષનો હોમ કરવામાં આવે છે, તે યોગરૂપી બ્રહ્મવેત્તાઓના યજ્ઞને હું નમસ્કાર કરૂં છું; અને જે મનુષ્યો, તે યોગરૂપી યજ્ઞને કરી જાણે છે, તેઓને પણ હું વંદન કરૂં છું. આધુનિક સમયમાં પોતાના યોગરૂપી યજ્ઞનો ત્યાગ કરીને બ્રાહ્મણોએ હિંસાપ્રધાન ક્ષત્રિયોના યજ્ઞનો સ્વીકાર કર્યો છે;[૫] એટલુંજ નહિ પણ આજકાલના દ્રવ્યલોભી નાસ્તિક બ્રાહ્મણોએ વેદવાક્યોના ગંભીર આશયને સમજ્યાવિનાજ આવી હિંસાપ્રધાન પ્રવૃત્તિ ચાલુ કરી છે, પણ તે પ્રવૃત્તિ કેવળ ઉપર ઉપરથીજ સત્ય જણાતી હોઇને વસ્તુતઃ અસત્યજ છે.[૬] હે જાજલિ! અમુક યજ્ઞમાં અમુકજ આપવું જોઇએ અને અમુક યજ્ઞમાં અમુકજ આપવું જોઈએ, આવા વૈદિક ધર્મશાસ્ત્રના નિયમ પ્રમાણે જો યજ્ઞ કરવામાં આવે છે, તોજ તે ઉત્તમ ગણાય છે; પરંતુ યજમાન લોભી હોય અને તેનામાં સામર્થ્ય હોય છતાં તે તે યોગ્ય વસ્તુને યજ્ઞમાં અર્પણ કરતો ન હોય તો તેના યજ્ઞમાંથીજ ચોરી થાય છે અને તે યજ્ઞકર્તા પુરુષને પણ યજ્ઞનું વિપરીત ફળ પ્રાપ્ત થય છે.[૭] વેદમાં કહ્યું છે કે, ત્રણ પ્રકારનાં પવિત્ર હવિષથી યજ્ઞ કરનારા પુરુષના પર દેવતાઓ પ્રસન્ન થાય છે. જેમકે, કેવળ નમસ્કારરૂપ હવિષથી દેવોની પૂજા થઇ શકે છે, કેવળ સ્વાધ્યાયરૂપ હવિષથી પણ દેવોની પૂજા થઇ શકે છે અને જવ, ડાંગેર આદિ ઔષધિરૂપ હવિષથી પણ દેવોની પૂજા થઇ શકે છે.[૮] જે પુરુષો, ધનપુત્રાદિ કામનાને અધીન થઇને ઇષ્ટાપૂર્ત (યજ્ઞયાગ કરવા, વાવકૂવા ખોદાવવા, તળાવો બંધાવવાં) આદિ ધર્મક્રિયાઓ કરે છે, તેઓને તે તે કામનાવાળી લોભી પ્રજાઓનોજ લાભ થાય છે-અર્થાત સકામ બુદ્ધિથી કર્મ કરનારા પુરુષોને ત્યાં લોભી સંતતિનોજ જન્મ થાય છે; પરંતુ જેઓ રાગદ્વેષનો ત્યાગ કરીને કેવળ નિષ્કામ બુદ્ધિથીજ ધર્મક્રિયાઓ કરે છે, તેઓને ત્યાં તેવાજ ગુણવાળી પ્રજા ઉત્પન્ન થાય છે.[૯] યજ્ઞકર્તા યજમાન અને યજ્ઞ કરાવનારા ઋત્વિજો (બ્રાહ્મણો), પોતાને સકામ અથવા નિષ્કામ જાણીને જેવું કર્મ કરે છે, તેવીજ તેઓની પ્રજા ઉત્પન્ન થાય છે; કારણકે આકાશમાંથી જેમ નિર્મળ જળની વૃષ્ટિ થાય છે, તેમ યજ્ઞયાગથી સર્વ પ્રજાઓની ઉત્પત્તિ થાય છે.[૧૯] (આ વિષયમાં ભગવાન મનુ કહે છે કે,) અગ્નિની અંદર હોમેલી આહુતિ છેક સૂર્યની પાસે જઇ પહોંચે છે, સૂર્યથી જળની વૃષ્ટિ થાય છે, વૃષ્ટિથી અન્ન ઉત્પન્ન થાય છે અને અન્નથી પ્રજાઓ ઉત્પન્ન થાય છે.[૧૧]

---

* અર્થાત્ ખેતીરૂપ આ લોકની આજીવિકાનું તથા યજ્ઞયાગરૂપ પરલોકની આજીવિકાનું ખંડન કરીને તેં બન્ને લોકનો નાશ કરવા ધાર્યો છે કેમ?

× કહેવાનો આશય એ છે કે, કેવળ વ્યાપારી વૃત્તિ કરીને અથવા વનમાં ઉત્પન્ન થનારાં ફળમૂળાદિનું ભક્ષણ કરીને પણ આજીવિકા થઇ શકે છે, તોપછી હિંસાપ્રધાન ખેતી વગેરે આજીવિકાની શી જરૂર છે?

+ અર્થાત્ **यज्ञो वै विष्णुः** "પરમાત્મા એજ યજ્ઞનું સ્વરૂપ છે" એ વેદવાક્યને પ્રમાણ માનીને પરમાત્માનું જ્ઞાન ધરાવનારો પુરુષ આ જગતમાં દુર્લભ છે.

પ્રાચીન કાળના મનુષ્યો કેવળ યજ્ઞ કરવામાં નિષ્ઠા રાખતા હતા, (પણ યજ્ઞજન્ય ફળની અપેક્ષા રાખતા ન હતા.) જેથી તેઓના સર્વ મનોરથો સફળ થતા હતા. વળી તેઓના શુભ ધ્યાનને લીધે પૃથ્વી ઉપર ખેડયાવિના ધાન્ય નીપજતું હતું અને સર્વ વનસ્પતિઓ પણ ફળપુષ્પવાળી થતી હતી.[૧૨] પૂર્વકાળના મનુષ્યો, યજ્ઞ કરવાથી ફળ મળતું હશે કે નહિ અથવા યજ્ઞનું કોઇપણ ફળ તેના કર્તાને મળે છે કે નહિ, એવું વિચારતા પણ નહતા. જેઓ, 'યજ્ઞથી ફળ મળે છે કે નહિ,' આવી શંકા રાખીને કોઇ જાતના યજ્ઞ કરે છે, તેઓ દુષ્ટ, ધૂર્ત, લોભી અને દ્રવ્યનાજ પ્રયોજનવાળા થાય છે. હે ઉત્તમ બ્રાહ્મણ! જે પુરુષ સર્વમાન્ય એવા વેદને પણ પોતાના કુતર્કને લીધે અશુભ કરે છે, તે પુરુષ પોતાના અશુભ કર્મને લીધે પાપીઓના લોકમાં જાય છે અને સદાને માટે પાપી તથા અકુશલબુદ્ધિ–અજ્ઞાની રહે છે–તેનો કદી મોક્ષજ થતો નથી.[૧૩-૧૫] જે વેદનિષ્ઠ પુરુષ, વેદોક્ત કર્મને પોતાનું નિત્યકર્તવ્ય સમજીને ફલેચ્છાના ત્યાગપૂર્વક કરે છે અને કર્મ નહિ કરવામાં દોષ છે, એમ જાણીને સદાય ભયભીત રહે છે, તેમજ કર્મ કરતી વખતે સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ કરીને પોતાને કર્મકર્તાતરીકે જાણતો નથી–અર્થાત્ પોતાના કર્તૃત્વાભિમાનનો જે ત્યાગ કરે છે, તેજ પુરુષ ખરો બ્રાહ્મણ છે.*[૧૬] આવા શુદ્ધ બ્રાહ્મણનું કર્મ, કોઈ રીતે વિગુણ હોય–દોષવાળું થયું હોય તોપણ અતિશય શ્રેષ્ઠ છે, એમ અમે સાંભળ્યું છે. (કારણ કે તેનું કર્મ પરબ્રહ્મની સાથે અનુસંધાન પામેલું છે, પરંતુ કર્મનું સ્વરૂપ નહિ જાણનારા મૂઢ પુરુષનું કર્મ સાંગોપાંગ સિદ્ધ થયેલું હોય છે, તોપણ ઉત્તમ ગણાતું નથી; કેમકે તેનું કર્મ પરબ્રહ્મ સાથેના અનુસંધાનથી રહિત છે.) વળી તેવા જ્ઞાની પુરુષના કર્મમાં સર્વ અપવિત્ર પ્રાણીઓએ વિઘ્ન કર્યું હોય તોપણ શ્રેષ્ઠ ગણાય છે. (યજ્ઞની અપૂર્ણતા માટે) પ્રાયશ્ચિત્ત તોજ કરવું પડે છે, કે જો કર્મના ફળની અપેક્ષા રાખી હોય; અથવા "મારૂં આ કર્મ અમુક ઉપઘાતને લીધે નષ્ટ થયું છે" આવા પ્રકારની બુદ્ધિ કરી હોય. (પરંતુ જે પુરુષને ફળની અપેક્ષા નથી અને અમુકને લીધે અમુક કર્મ નષ્ટ થયું છે, આવા પ્રકારની બુદ્ધિ ઉત્પન્ન થઇ નથી, તે પુરુષનું કર્મ કેવળ બ્રહ્માર્પણ બુદ્ધિથીજ સિદ્ધ થયેલું હોવાથી, અમુક બાહ્ય અંગોથી વિગુણ હોવા છતાં પણ પ્રાયશ્ચિત્તની અપેક્ષા રાખતું નથી–અર્થાત્ બ્રહ્માર્પણ બુદ્ધિથી કર્મ કરનારા પુરુષને પ્રાયશ્ચિત્ત કરવાની કંઇ જરૂરજ નથી.)[૧૭] જે પુરુષો મોક્ષરૂપી પરમ પુરુષાર્થને મેળવવામાંજ લોભી છે, ધનાદિકના વિષયમાં તૃપ્ત રહેનારા છે, (વૈરાગ્યમાંજ તૃપ્ત રહેનારા છે,) પરિગ્રહનો ત્યાગ કરનારા છે અને મત્સરથી રહિત છે, તે પુરુષો સત્ય અને દમનેજ યજ્ઞતરીકે માને છે; કારણ કે તેવા પુરુષો ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞના તત્ત્વને જાણનારા હોય છે. યોગરૂપી યજ્ઞ કરવામાં એકનિષ્ઠ હોય છે અને પ્રણવમંત્રનો જાપ કરનારા હોય છે, જેથી તેઓ (પોતે હમેશાં પ્રસન્ન રહે છે અને) બીજાઓને પણ પ્રસન્ન કરે છે.[૧૮,૧૯] હે જાજલિ! પ્રણવમંત્ર બ્રહ્મસ્વરૂપ છે અને સર્વ દેવતાઓના આત્મારૂપ છે, જેથી તે પ્રણવમંત્ર જે બ્રહ્મવેત્તા પુરુષની અંદર વસી રહ્યો છે, તે પુરુષ જ્યારે તૃપ્ત થાય છે, ત્યારે વિરાટ્‌ના અવયવરૂપ ગણાતા સર્વ દેવતાઓ પણ તૃપ્ત અને પ્રસન્ન થાય છે.[૨૦] જેમ કોઈ એક મનુષ્ય, જગતના સર્વ રસોનો અનુભવ કરીને તૃપ્ત થયો હોય, ત્યારે બીજા કોઇપણ રસને જોઇને સંતુષ્ટ થતો નથી, તેમ જ્ઞાનથી તૃપ્ત થયેલા બ્રહ્મવેત્તા પુરુષને પણ, સુખજનક નિત્ય તૃપ્તિ હોવાને લીધે બીજા કોઈપણ સાંસારિક વિષયમાં સંતોષ થતો નથી.[૨૧] વળી આવા જ્ઞાનનિષ્ઠ પુરુષો કેવળ એક ધર્મનોજ આશ્રય કરનારા હોય છે, ધર્મથીજ સુખ મેળવનારા હોય છે અને

---

* અર્થાત્ કર્તાપણાના અભિમાનનો તથા ફળ મેળવવાની ઇચ્છાનો ત્યાગ કરીને કર્મનાં સર્વ અંગોમાં બ્રહ્મદૃષ્ટિ કરનારા વેદનિષ્ઠ બ્રાહ્મણો, અશનપાન વગેરેમાં મનુષ્યો જેમ સ્વાભાવિક રીતે પ્રવૃત્તિ કરે છે, તેમ વેદોક્ત કર્મોમાં સ્વાભાવિક રીતેજ પ્રવૃત્તિ કરે છે.

કાર્ય-અકાર્યનો નિશ્ચય કરનારા હોય છે; તેમજ જે પુરુષ જ્ઞાની હોય છે, તે આ પ્રમાણે જોઇ શકે છે કે, આપણામાં રહેલા જીવરૂપ તત્ત્વથી અધિક એવું સર્વશ્રેષ્ઠ બીજું તત્ત્વ, આ વિશ્વમાં વ્યાપી રહ્યું છે.[૨૨] કેટલાએક સાત્વિક પુરુષો, કે જેઓ શાસ્ત્રીય જ્ઞાન અને શાસ્ત્રીય અનુભવથી યુક્ત હોય છે અને સંસારસમુદ્રને સામે પાર તરી જવાની ઇચ્છાવાળા હોય છે, તેઓ અત્યંત પવિત્ર, પુણ્યને આપનાર તથા પવિત્ર કુળમાં ઉત્પન્ન થયેલા પુરુષોને પ્રાપ્ત થનારા પરબ્રહ્મના સ્થાનને પામે છે અને તેને પામીને શોક કરતા નથી,પુનઃ સંસારમાં પડતા નથી અને કોઇ જાતની વ્યથા ભોગવતા નથી.[૨૩,૨૪] આવા સત્વનિષ્ઠ પુરુષો સ્વર્ગની ઇચ્છા રાખતા નથી, દ્રવ્યસાધ્ય-એવાં યજ્ઞયાગાદિ કર્મોથી બ્રહ્મની ઉપાસના કરતા નથી, યોગરૂપી સત્પુરુષોના માર્ગને અનુસરે છે અને હિંસાનો જેમાં સંબંધ નથી, તેવાજ યજ્ઞયાગ કરે છે.[૨૫] વળી તેઓ વનસ્પતિઓને, ઔષધિઓને, ફળ તથા મૂળનેજ યજ્ઞમાં હોમવાનાં હવિષતરીકે જાણે છે; પરંતુ આવા નિર્ધન જ્ઞાની પુરુષોને, ધનલોભી બ્રાહ્મણો યજ્ઞ કરાવતા નથી; કારણ કે તેઓને ધનરૂપી ફળની અભિલાષા હોય છે.[૨૬] જોકે તે જ્ઞાની પુરુષોએ સર્વ પ્રકારનાં કર્મો કરવાની સમાપ્તિજ કરી હોય છે, છતાં પ્રજાઓનો અનુગ્રહ કરવાની ઇચ્છાથીજ તેઓ માનસિક યજ્ઞ કરે છે અને તે યજ્ઞમાં પોતાના આત્માનેજ યજ્ઞની સામગ્રીતરીકે કલ્પે છે.[૨૭] આવા હેતુથીજ ધનલોભી બ્રાહ્મણો (તેવા પુરુષોને યજ્ઞ કરાવતા નથી, પરંતુ) મોક્ષની ઇચ્છા નહિ રાખનારા પુરુષોનેજ યજ્ઞ કરાવે છે.

હે જાજલિ! (સ્વધર્મનિષ્ઠ સત્પુરુષો તો ધર્મનું ફળ મેળવવામાટે નિઃસ્પૃહ હોય છે,) છતાં સ્વધર્મનું આચરણ કરીને પ્રજાઓને સ્વર્ગલોકની પ્રાપ્તિ કરાવી આપે છે; (કેમકે તેઓ સર્વનાપર સમબુદ્ધિ રાખનારા હોવાથી સર્વ કોઇનું કલ્યાણ કરે છે.) આ રીતે સત્પુરુષ અને અસત્પુરુષ-એ બન્નેનો આચાર ભિન્ન ભિન્ન હોય છે, એમ સમજીને મેં સત્પુરુષોના આચારનો સ્વીકાર કર્યો છે અને તેથીજ મારી બુદ્ધિ સર્વત્ર સમાન થયેલી છે.[૨૮] હે મહામુનિ! કર્મ અને જ્ઞાનની ઉપાસના કરનારા જે ઉત્તમ બ્રાહ્મણો, પિતૃયાન અથવા દેવયાન માર્ગનું દર્શન કરાવનારા ધૂમરાત્રિ વગેરેનું તથા અર્ચિષ આદિનું (અર્થાત ધૂમરાત્રિ અને અર્ચિષ આદિના અધિષ્ઠાયક દેવોનું) યજન કરે છે, તેઓ પિતૃયાનમાર્ગદ્વારા પિતૃલોકમાં જાય છે અને દેવયાનમાર્ગદ્વારા દેવલોકમાં જાય છે.×[૨૯] હે જાજલિ ! આ બન્ને ઉપાસકો જો કે દિવ્યમાર્ગે ગમન કરે છે, તોપણ તેમાંના એકને (કર્મના ઉપાસકને) પુનઃ સંસારમાં આવવું પડે છે પણ મનનો નિરોધ કરનારા બીજાને (જ્ઞાનના ઉપાસકને) પુનઃ સંસારમાં આવવું પડતું નથી-અર્થાત પિતૃયાનમાર્ગે ગયેલા પુરુષની પુનરાવૃત્તિ થાય છે, પણ દેવયાનમાર્ગે ગયેલાની તો ક્રમમુક્તિજ થાય છે.[૩૦] જ્ઞાનસંપન્ન એવા બ્રહ્મનિષ્ઠ પુરુષોને સત્યસંકલ્પ આદિ દિવ્ય સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, તેથી તેઓના મનમાં જે સંકલ્પ ઉત્પન્ન થાય છે તે તત્કાળ સિદ્ધ થાય છે. આવા હેતુથીજ તેઓના બળદો પોતાની મેળેજ ઝુંસરી સાથે જોડાઇ જઇને ખેતીવાડી તૈયાર કરી આપે છે અને તેઓની ગાયો પોતાની મેળેજ દૂધને દોહી આપે છે; (અર્થાત જ્ઞાની પુરુષનાં પ્રત્યેક કાર્ય, માત્ર સંકલ્પથીજ સિદ્ધ થાય છે.)[૩૧] એટલુંજ નહિ પણ તેવા સંકલ્પસિદ્ધ જ્ઞાની પુરુષોના યજ્ઞો પણ માનસિક હોય છે. તેઓ પોતાના મનથીજ યજ્ઞસ્તંભ આદિની તૈયારી કરીને સંપૂર્ણ દક્ષિણાવાળા યજ્ઞો સંપૂર્ણ કરે છે અને આવા શુદ્ધ ચિત્તવાળા જ્ઞાની પુરુષો, મધુપર્ક આદિમાં ગાયનો આલંભ (વધ) કરવો હોય તોપણ કરી શકે છે.✻[૩૨]

× અર્થાત્ કર્મનું ઉપાસન કરનારા પુરુષો, પિતૃયાનમાર્ગે પિતૃલોકમાં જાય છે અને જ્ઞાનનું ઉપાસન કરનારા પુરુષો દેવયાનમાર્ગે દેવલોકમાં જાય છે. શ્રુતિ પણ કહે છે કે-"**कर्मणा पितृलोको विद्ययादेवलोकः**"-કર્મના ઉપાસનથી પિતૃલોકમાં જવાય છે અને જ્ઞાનના ઉપાસનથી દેવલોકમાં જવાય છે.

✻ કેમકે, શ્રુતિ કહે છે કે, **न कर्मणा लिप्यते पाप केन**"-જ્ઞાની પુરુષ પાપકર્મથી લેપાતો નથી.

પરંતુ હે બ્રહ્મન્! જેઓ તેવા જ્ઞાની નથી, તેઓએ તો ઔષધિઓનેજ (જવ, ડાંગેર વગેરેનેજ) હવિષ કલ્પીને તેનાવડે યજ્ઞ કરવો યોગ્ય છે, પણ પશુઓનો વધ કરીને યજ્ઞ કરવા યોગ્ય નથી. આ રીતે ત્યાગનેજ સર્વના કરતાં શ્રેષ્ઠ ગણીને હું તમને આવું વચન કહું છું.[૩૩] જે પુરુષે સર્વ આશાઓનો, આરંભોનો, નમસ્કારનો તથા સ્તુતિનો ત્યાગ કર્યો છે, જે પોતાના આત્મબળથી ક્ષીણ થયો નથી અને જેનાં સર્વ કર્મોનો ક્ષય થઇ ગયો છે, તે પુરુષનેજ દેવો બ્રાહ્મણ કહે છે.[૩૪] હે જાજલિ! જે પુરુષ બીજાઓને જ્ઞાનાદિકનું શ્રવણ કરાવતો નથી, યજ્ઞ કરતો નથી, બ્રાહ્મણોને દાન આપતો નથી અને કામ્યવૃત્તિની ઈચ્છા રાખ્યા કરે છે, તે પુરુષ કયી ગતિને પામી શકે તેમ છે? (અર્થાત તેની ગતિ પિતૃયાનમાર્ગે થતી નથી, તેમ દેવયાનમાર્ગે પણ થતી નથી; પરંતુ તે પુરુષ નરકાદિ આસુરી ગતિનેજ પામે છે,) માટે જે પુરુષ પૂર્વોક્ત ત્યાગી વૃત્તિને અનુસરીને તેનુંજ દેવતાની પેઠે સેવન કરે છે, તે પુરુષ યજ્ઞસ્વરૂપ પરમાત્માને પામી શકે છે."[૩૫]

જાજલિએ પૂછ્યું:-" હે વણિકપુત્ર ! તેં કહ્યું તે પ્રમાણે માનસિક યજ્ઞ કરનારા મુનિઓનું આચરણ, અમે કોઈની પાસેથી સાંભળ્યું નથી; કારણકે તે આચરણ મહાગહન છે. વળી પૂર્વકાળના મનુષ્યોએ પણ આવા યોગધર્મનું આલોચન કર્યું નથી અને જેઓએ આલોચન કર્યું છે, તે ઋષિઓએ એ ધર્મને અત્યંત રહસ્યનો સમજીને અથવા સર્વ કોઈનાથી અસાધ્ય સમજીને જગતમાં સ્થાપિત કર્યો નથી, માટેજ હું તને પૂછું છું.[૩૬] હે મહાબુદ્ધિમાન વણિક્ ! તું કહે છે તે પ્રમાણે પશુના જેવી મંદબુદ્ધિવાળા પુરુષો પોતાના આત્મારૂપી યજ્ઞભૂમિમાં મનઃસાધ્ય યજ્ઞ કરવામાટે જો અસમર્થ છે, તો પછી તેઓએ કયું કર્મ કરીને સુખ સંપાદન કરવું, તે મને કહે. મને તારા વાક્ય ઉપર અત્યંત શ્રદ્ધા થઈ છે."[૩૭]

તુલાધારે કહ્યું:-"જે પુરુષો દાંભિક હોય છે, તેઓનામાં શ્રદ્ધાનો પણ અભાવ હોય છે અને તેથીજ તેઓએ કરેલો યજ્ઞ તે અયજ્ઞજ કહેવાય છે-અર્થાત શ્રદ્ધાવિનાના દાંભિક પુરુષોએ કરેલા આંતરયજ્ઞો કે બાહ્ય યજ્ઞો કેવળ વ્યર્થજ છે. માટે તેવા પુરુષો યજ્ઞ કરવાને માટે યોગ્યજ નથી; પરંતુ જેઓ અત્યંત શ્રદ્ધાળુ છે, તેઓ કેવળ ઘીથી, દૂધથી કે દહીંથી પણ શ્રૌતયજ્ઞની પૂર્ણાહુતિ કરી શકે છે અને જેઓનામાં તે યજ્ઞ કરવાની પણ શક્તિ હોતી નથી, તેઓ ગાયના પૂંછડાથી પિતૃતર્પણ કરીને, ગાયના શીંગડાઉપર અભિષેક કરીને તેમજ ગાયની ચરણરજનો સ્પર્શ કરીને યજ્ઞના ફળને પામી શકે છે. આ રીતે માત્ર એક ગાયજ પુરુષના યજ્ઞને સમાપ્ત કરી શકે છે.[૩૭] વળી મેં કહેલા આ વિધિ પ્રમાણે યજ્ઞ કરનારો પુરુષ માનસિક શ્રદ્ધાનેજ પોતાની સ્ત્રી બનાવે છે. (કેમકે સ્ત્રીવિના શ્રૌતયજ્ઞ થઈ શકતો નથી, એમ વેદમાં કહ્યું છે; માટે તે પુરુષને જો સ્ત્રી ન હોય તો શ્રદ્ધારૂપી સ્ત્રીનેજ સાથે રાખીને તેણે યજ્ઞ કરવો.) જે પુરુષ આવા અહિંસાપ્રધાન યજ્ઞનુંજ પોતાના ઈષ્ટદેવતરીકે સેવન કરે છે, તેને યજ્ઞસ્વરૂપ પરમાત્માની અવશ્ય પ્રાપ્તિ થાય છે.[૩૯] વળી વેદમાં કહ્યું છે કે, સર્વ પશુઓના કરતાં પુરોડાશ અત્યંત પવિત્ર છે. (માટે શ્રદ્ધાળુ પુરુષોએ અપવિત્ર એવાં પશુઓનો હોમ કર્યાવિના કેવળ પુરોડાશનોજ હોમ કરવો, તે ઉત્તમ છે.) હે જાજલિ ! જ્ઞાની પુરુષોની દૃષ્ટિએ સર્વ નદીઓ સરસ્વતીરૂપ છે, સર્વ પર્વતો અત્યંત પવિત્ર છે અને પોતાનો આત્માજ તીર્થરૂપ છે; માટે હે જાજલિ! તીર્થાટન કરવાના નિમિત્તે તમારે અનેક પ્રદેશોના અતિથિ થવાની કંઈ જરૂર નથી. જે પુરુષ આવા અહિંસક ધર્મોનું આચરણ કરે છે અને કારણો તરફ દૃષ્ટિ કર્યા પછીજ કોઇ એક ધર્મને અનુસરે છે, તે પુરુષ સ્વર્ગાદિ પવિત્ર લોકોને પામે છે."[૪૦,૪૧]

ભીષ્મે કહ્યું:-" હે યુધિષ્ઠિર ! વૈશ્ય તુલાધારે, આવા અહિંસક ધર્મોનીજ પ્રશંસા કરી

હતી, કે જે ધર્મો યુક્તિથી યુક્ત છે અને સત્પુરુષોએ નિત્ય સેવેલા છે."[૪૨]

ઈતિ શ્રીમહા૦શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "તુલાધાર અને જાજલિનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૨૬૩ મો સમાપ્ત.

અધ્યાય ૨૬૪ મો

તુલાધાર અને જાજલિનો સંવાદ-શ્રદ્ધાની પ્રશંસા

॥ तुलाधार उवाच ॥

सद्भिर्वा यदिवाऽसद्भिः पंथानमिममास्थितम्।
प्रत्यक्षं क्रियतां साधु ततोज्ञास्यसितद्यथा ॥१॥

તુલાધારે કહ્યું:-" હે જાજલિ! આ અહિંસામાર્ગનું સત્પુરુષો સેવન કરે છે કે દુષ્ટ પુરુષો સેવન કરે છે, તેને તમે પ્રત્યક્ષ કરી જુઓ, કે જેથી તમને તેનું સત્ય સ્વરૂપ સારી રીતે સમજાશે.[૧] જુઓ, અહીં આકાશમાં અનેક પક્ષીઓ ચોતરફ ઉડી રહ્યાં છે. તેમાં તમારા મસ્તક ઉપર પોષાયલાં ચકલાંઓ અને બીજાં બાજપક્ષી વગેરે ઘણાં પક્ષીઓ છે.[૨] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! જુઓ, આ સર્વ પક્ષીઓ પોતાના હાથપગને શરીરમાં સંકુચિત કરી દઇને પોતપોતાના માળાઓમાં પ્રવેશ કરવા માટે તૈયારી કરી રહ્યાં છે, માટે તેઓને (તમે પોષેલાં પક્ષીઓને) તમે બોલાવો.[૩] હે જાજલિ! તમે જે પક્ષીઓનું પોષણ કર્યું છે, તેઓ તમને પિતાતરિકે માને છે અને તે સત્યજ છે કે, તમે તેઓના પિતા છો; માટે તમારા પુત્રરૂપ તે પક્ષીઓને અહીં બોલાવો. (અને તેઓને અહિંસાનું ફળ પૂછો.)"[૪]

ભીષ્મે કહ્યું:-તે પછી જાજલિએ તે પક્ષીઓને પોતાની પાસે બોલાવ્યાં, જેથી તેઓએ ત્યાં આવીને અહિંસારૂપ ધર્મવાળાં પ્રિય વચનથી આવો નિઃશંક ઉત્તર આપ્યો:-[૫] " હે બ્રહ્મન્! અહિંસા અને હિંસા-એ બન્નેનું ફળ આ લોકમાં તથા પરલોકમાં પ્રત્યક્ષ જોવામાં આવે છે. તેમાંની (અહિંસા પુરુષને ઉચ્ચપદે સ્થાપે છે અને) હિંસા, શ્રદ્ધાનો નાશ કરીને પુરુષનો પોતાનો પણ તે દ્વારા નાશ કરે છે."[૬] (આ પ્રમાણે કહીને તે પક્ષીઓ ત્યાંથી ઉડી ગયાં અને પછી તુલાધારે કહ્યું:-) જે પુરુષો લાભ તથા હાનિને સમાન ગણનારા છે, શ્રદ્ધાસંપન્ન છે, દમગુણને ધારણ કરનારા છે અને શાંતિનિષ્ઠ છે, તે પુરુષો કર્તાપણાના અભિમાનનો તથા ફળ મેળવવાની ઇચ્છાનો ત્યાગ કરીનેજ યજ્ઞ કરે છે, જેથી તેઓનો યજ્ઞ અત્યંત ઇચ્છવાયોગ્ય નથી, એમ નથી. (અર્થાત્ તેઓનાં યજ્ઞ ઉત્તમ ગણાય છે.)[૭] હે બ્રાહ્મણ! બ્રહ્મસંબંધી જે શ્રદ્ધા, તે પ્રકાશાત્મક એવા સત્વગુણની પુત્રી છે અને તે સાત્વિકી શ્રદ્ધાજ સર્વનું પાલન કરનારી હોઇને શુદ્ધ જન્મને આપનારી છે તથા જપ અને ધ્યાનધર્મના કરતાં પણ શ્રેષ્ઠ છે.[૮] વળી મંત્રાદિના ઉચ્ચારમાં સ્વર કે વર્ણના વિપર્યાસને લીધે જે કર્મ નષ્ટ થયું હોય તેનું શ્રદ્ધા રક્ષણ કરે છે અને મનની વ્યગ્રતાને લીધે જે ધ્યાનાદિ કર્મ અપૂર્ણ રહી ગયું હોય તેને શ્રદ્ધા પૂર્ણ કરે છે; પરંતુ શ્રદ્ધાના અભાવથી નષ્ટ થયેલું કર્મ પુરુષની વાણીનું કે મનનું રક્ષણ કરી શકતું નથી.[૯]× આ શ્રદ્ધાના વિષયમાં બ્રહ્મદેવે કેટલીએક ગાથાઓ ગાયેલી છે, તેઓને પ્રાચીન ઇતિહાસવેત્તાઓ આ પ્રમાણે ગાય છે:-પૂર્વે દેવતાઓએ આ પ્રમાણે માન્યું હતું કે, 'શ્રદ્ધારહિત હોય છતાં જે પુરુષ પવિત્ર હોય, અને પવિત્રતારહિત હોય છતાં જે પુરુષ શ્રદ્ધાથી યુક્ત હોય-તેઓ બન્નેનું દ્રવ્ય યજ્ઞકર્મની અંદર સમાનરીતેજ ઉપયોગમાં લઈ શકાય છે; તેમજ જે પુરુષ લોભી હોય છતાં વેદવિદ્યામાં પારંગત થયેલો હોય અને જે પુરુષ ધાન્યનો વ્યાપાર કરનારો હોય છતાં જો દાતા હોય-તો તેઓ બન્નેનું અન્ન સમાન યોગ્યતાવાળુંજ ગણાય છે.' દેવોની આવી માન્યતા જોઇને પ્રજાપતિ બ્રહ્મદેવે

× અર્થાત્ શ્રદ્ધાયુક્ત થઇને ભણવામાં આવેલા મંત્રો, શ્રદ્ધાયુક્ત થઇને કરવામાં આવેલું કર્મ અને શ્રદ્ધાસંપન્ન થઇને ધરેલું ધ્યાન કોઈ રીતે અપૂર્ણ હોય છતાં પણ શ્રદ્ધાના પ્રભાવથી પરિપૂર્ણ થઈ શકે છે; પરંતુ શ્રદ્ધારહિત થઇને કરેલું સર્વકર્મ, કેવળ અપૂર્ણજ રહે છે.

તેઓને કહ્યું હતું કે, "તમારી આ માન્યતા વિષમ છે-વિરુદ્ધ છે;[૧૦-૧૨] કારણકે ધાન્યનો વ્યાપાર કરનાર દાતા પુરુષનું અન્ન શ્રદ્ધાને લીધે પવિત્ર છે, પણ વેદવિદ્યામાં પારંગત થયેલા લોભી પુરુષનું અન્ન શ્રદ્ધાના અભાવને લીધે અપવિત્રજ છે; માટે ધાન્યનો વ્યાપાર કરનારા દાતા પુરુષનું અન્ન ભક્ષ્ય છે, પણ લોભીનું અન્ન ભક્ષ્ય નથી.[૧૩] આવા હેતુથીજ ધર્મવેત્તાઓ કહે છે કે, જે પુરુષ શ્રદ્ધાથી રહિત છે, તેને દેવતાઓને હોમદ્રવ્ય અર્પણ કરવાનો અધિકારજ નથી અને તેવા અશ્રદ્ધાળુ પુરુષનું અન્ન, ભોજન કરવાને માટે અયોગ્યજ છે;[૧૪] કારણકે અશ્રદ્ધા એ મહાન પાપ છે અને શ્રદ્ધા સર્વ પાપોથી મુક્ત કરાવનારી છે. જેમ એક સર્પ પોતાની જૂની કાંચળીનો ત્યાગ કરે છે, તેમ શ્રદ્ધાળુ પુરુષ સર્વ પાપોનો ત્યાગ કરે છે.[૧૫] વળી શ્રદ્ધાપૂર્વક કરવામાં આવેલી કર્મની નિવૃત્તિ, પવિત્રમાં પણ પવિત્ર ગણાય છે અને રાગાદિ દોષોનો ત્યાગ કરનારો શ્રદ્ધાળુ પુરુષ સદાય પવિત્રજ મનાય છે.[૧૬] તેવા પુરુષને તપનું, આચારનું કે શરીરનું શું કામ છે ? જગતના પ્રત્યેક મનુષ્યને શ્રદ્ધા તો હોયજ છે; પરંતુ જેને જેવી શ્રદ્ધા હોય છે, તે તેવોજ ગણાય છે.(અર્થાત સાત્વિકી શ્રદ્ધાવાળો સાત્વિક કહેવાય છે, રાજસી શ્રદ્ધાવાળો રાજસ કહેવાય છે અને તામસી શ્રદ્ધાવાળો તામસ કહેવાય છે.)[૧૭] આ રીતે ધર્મના તાત્ત્વિક અર્થને જાણનારા પુરુષોએ ધર્મનું જે સ્વરૂપ કહ્યું છે, તેની અમને જિજ્ઞાસા ઉત્પન્ન થઈ, ત્યારે અમે ધર્મદર્શન નામના મુનિ પાસે ગયા હતા અને તેમની પાસેથી આ ધર્મને અમે પ્રાપ્ત કર્યો છે.[૧૮] હે મહાબુદ્ધિમાન જાજલિ ! તમે પણ શ્રદ્ધાને ધારણ કરો, કે જેથી પરબ્રહ્મને પ્રાપ્ત કરશો. જે પુરુષને વેદનાં વાક્યો ઉપર અને તેમાં કહેલા ધર્મ ઉપર શ્રદ્ધા હોય છે અને અમુક એક નિશ્ચય હોય છે, તે પુરુષજ ધર્માત્મા છે અને તેજ પોતાના ધર્મમાર્ગમાં સ્થિર રહીને અત્યંત શ્રેષ્ઠ થઈ શકે છે."[૧૯]

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિર ! તે પછી વૈશ્ય તુલાધાર અને બ્રાહ્મણ જાજલિ, થોડાજ સમયમાં સ્વર્ગલોકમાં ગયા અને ત્યાં જઇને તેઓ બન્ને બુદ્ધિમાન પુરુષો સુખેથી વિહાર કરવા લાગ્યા.[૨૦] કર્મથી મેળવેલાં પોતપોતાનાં દિવ્ય સ્થાનમાં જઇને તેઓ બન્ને જણા સુખેથી રહેવા લાગ્યા. આ રીતે વૈશ્ય તુલાધારે, અનેક પ્રકારે ધર્મનું કથન કર્યું હતું. તે ઉપરથી બ્રાહ્મણ જાજલિએ સનાતન ધર્મનું જ્ઞાન સારી રીતે સંપાદન કર્યું હતું. હે કુંતાપુત્ર યુધિષ્ઠિર ! બ્રાહ્મણ જાજલિ, મહાતેજસ્વી વૈશ્ય તુલાધારનાં એ વચનો સાંભળ્યા પછી પરમ શાંતિને પામ્યો હતો. આ પ્રમાણે યથાયોગ્ય દૃષ્ટાંત આપીને તુલાધારે બહુમાન્ય અર્થવાળાં જે વચનો કહ્યાં હતાં તે, મેં તમને કહી સંભળાવ્યાં છે, તો હવે પુનઃ શું સાંભળવાની તમને ઇચ્છા છે ?"[૨૧-૨૩]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "તુલાધાર અને જાજલિનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૨૬૪ મો સમાપ્ત.

અધ્યાય ૨૬૫ મો

વિચખ્નુ ગીતા-હિંસાધર્મની નિંદા

॥ भीष्म उवाच ॥

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ॥
प्रजानामनुकंपार्थं गीतं राज्ञा विचख्नुना॥१॥

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિર રાજા ! આ અહિંસાના વિષયમાં એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે, તેમાં પ્રજાઓ ઉપર દયા કરવામાટે રાજા વિચંખ્નુએ આ પ્રમાણે કહ્યું છે.[૧] એક સમયે તે રાજાએ બળદનો જેમાં વધ કરવામાં આવે છે તેવા ગોમેધ યજ્ઞમાં, જેના શરીરને કાપી નાખવામાં આવ્યું હતું એવા એક બળદને મરણ પામેલો જોયો અને તેને લીધે સર્વ ગાયો મોટો વિલાપ કરી રહી હતી તે પણ જોયું. વળી ત્યાં યજ્ઞમંડપમાં જે નિર્દય બ્રાહ્મણો એકઠા મળ્યા હતા, તેઓને પણ તેણે જોયા.[૨] તે પછી તે રાજાએ આવું નિશ્ચિત વચન કહી સંભળાવ્યું કે, "આ જગતમાં ગાયોનું કલ્યાણ

ચાઓ.(અર્થાત કોઇપણ મનુષ્યે યજ્ઞનિમિત્તે અથવા બીજા કોઇપણ નિમિત્તે ગાયનો કે બળદનો વધ કરવો નહિ.)" આમ કહીને તે રાજાએ હિંસાની જ્યારે પ્રવૃત્તિ થઇ હતી,ત્યારે સર્વ ગાયોને માટે એક આશીર્વાદજ આપ્યો હતો.[૩] (વળી તે રાજાએ કહ્યું હતું કે,) જે પુરુષો મર્યાદાનો ભંગ કરનારા છે, મૂર્ખ છે, નાસ્તિક છે, વેદના ગૂઢાર્થના સંબંધમાં સંશયાકુલ છે અને યજ્ઞાદિદ્વારાજ જ્ઞાનની ઇચ્છા રાખનારા છે, તેઓએ (વૈદિકશાસ્ત્રમાં) હિંસાનું વર્ણન કરેલું છે.[૪] વસ્તુતઃ ધર્માત્મા ભગવાન મનુએ તો વેદોક્ત સર્વ કર્મોમાં અહિંસાનીજ પ્રશંસા કરી છે;છતાં જે પુરુષો યજ્ઞવેદિકાના બહારના પ્રદેશમાં પશુઓની હિંસા કરે છે, તે કેવળ પોતાની ઇચ્છાને અધીન થઇનેજ કરે છે, નહિ કે શાસ્ત્રની આજ્ઞાને અનુસરીને તેઓ હિંસા કરે છે;[૫]× માટે વિદ્વાન પુરુષે શાસ્ત્રીય પ્રમાણને અનુસરીનેજ સૂક્ષ્મ ધર્મનું અનુષ્ઠાન કરવું, કેમકે અહિંસા, સર્વ પ્રાણીઓને માટે સર્વ ધર્મોના કરતાં અત્યંત શ્રેષ્ઠ છે.[૬] જ્ઞાન મેળવવાની ઇચ્છા રાખનારા પુરુષે સંન્યાસધર્મનો આશ્રય કરીને, કોઇએક ગામની સમીપમાં રહીને,(કેવળ ભિક્ષા સંપાદન કરવા માટેજ ગામમાં પ્રવેશ કરવો,)તીક્ષ્ણ વ્રતોનું પાલન કરવું,વેદમાં કહેલાં ફળસૂચક વચનોનો ત્યાગ કરવો અને સંન્યાસ એજ મનુષ્યજન્મનો મુખ્ય આચાર છે, એમ સમજીને ગૃહસ્થ આચારનો ત્યાગ કરવો; કેમકે ક્ષુદ્ર પુરુષોજ સ્વર્ગાદિ ફળ મેળવવાની ઇચ્છાથી કર્મની અંદર પ્રવૃત્તિ કરે છે.[૭] જોકે, યજ્ઞાદિ કર્મ કરનારા મનુષ્યો, યજ્ઞોને, વૃક્ષોને તથા પશુઓને બાંધવાના યજ્ઞસ્તંભોને ઉદ્દેશીનેજ માંસભક્ષણ કરે છે, વ્યર્થ માંસભક્ષણ કરતા નથી; તોપણ તેવા ધાર્મિક નિમિત્તે માંસનું ભક્ષણ કરવું તે કંઇ ધર્મ તરીકે પ્રશંસાપાત્ર નથીજ. (અર્થાત યજ્ઞ કરનારા કર્મઠ પુરુષો યજ્ઞ નિમિત્તે પશુહિંસા કરીને માંસભક્ષણ કરે છે, તે ધર્મ નથી પણ અધર્મજ છે.)[૮] મદિરાનું પાન કરવું, માછલાંઓનો આહાર કરવો, મદ્ય અને માંસનું ભક્ષણ કરવું, જૂદા જૂદા આસવોનું સેવન કરવું અને તલચોખાની ખીચડી ખાવી–વગેરે કેવળ ધૂર્તપુરુષોએજ ચલાવ્યું છે. (અર્થાત ધૂર્ત પુરુષોએજ તેવા અધર્મી માર્ગનો જગતમાં પ્રચાર કર્યો છે, વેદોમાં એ સંબંધી કોઈ કલ્પના પણ નથી.)[૯] માત્ર માન, મોહ અને લોભને અધીન થઇનેજ મનુષ્યોએ આવી લોલુપતા કલ્પી કાઢી છે, માટે જે પુરુષો બ્રહ્મનિષ્ઠ હોય છે, તેઓ તો યજ્ઞમાત્રમાં સર્વવ્યાપક પરમાત્માનેજ જાણે છે.[૧૦] વળી યજ્ઞસ્વરૂપ પરમાત્માનું યજન કરવામાટે દૂધમાંથી બનતાં બલિદાનોની તથા પુષ્પોનીજ આવશ્યકતા છે, (પણ હિંસાસાધ્ય માંસમદિરાની આવશ્યકતા નથીજ) તેમજ વેદમાં કહેલાં યજ્ઞોપયોગી સમિધોથી પણ પરમાત્માનું યજન થઈ શકે છે.[૧૧] વળી યજ્ઞના નિમિત્તે બીજું જે કંઈ હોમદ્રવ્ય તૈયાર કરવાનું હોય છે, તે સર્વ પણ શુદ્ધ અંતઃકરણ અને શુદ્ધ ભાવથી જો સંસ્કારવાળું હોય છે, તોજ દેવોને માટે તે યોગ્ય ગણાય છે.[૧૨]

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે પિતામહ ! આપત્તિઓ, શરીરનો નાશ કરવા ઇચ્છે છે અને શરીર, આપત્તિઓનો નાશ કરવા ઇચ્છે છે–આ રીતે શરીર અને આપત્તિઓ–એ બન્નેવચ્ચે વાદવિવાદ ચાલ્યાજ કરે છે, તોપછી જે પુરુષ કેવળ અહિંસાનોજ આશ્રય કરીને સર્વ આરંભોનો પણ ત્યાગ કરી દેશે, તો તેનો શરીરનિર્વાહ કેવી રીતે સિદ્ધ થશે?"[૧૩]

ભીષ્મે કહ્યું:– જે રીતે વર્તવાથી શરીર દુઃખી ન થાય અને મૃત્યુને અધીન ન થઈ જાય, તે રીતે વર્તીનેજ કર્મની અંદર પ્રવૃત્તિ કરવી અને પોતાના સામર્થ્ય પ્રમાણે ધર્મનું આચરણ કરવું.[૧૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "વિચખ્નુ ગીતા"એ વિષયનો અ૦ ૨૬૫ મો સમાપ્ત.

× કહેવાનો આશય એ છે કે, યજ્ઞોમાં કરવામાં આવતી પશુહિંસા, કેવળ અશાસ્ત્રીય છે અને મૂઢ પુરુષોનીજ ઐચ્છિક પ્રવૃત્તિ છે.

અધ્યાય ૨૬૬ મો×

ચિરકારીની કથા-કોઈપણ કાર્ય વિચાર કર્યા પછીજ કરવું.

॥ युधिष्ठिर उवाच ॥

कथं कार्यं परीक्षेत शीघ्रं वाऽथचिरेण वा ।
सर्वथा कार्यदुर्गेऽस्मिन् भवान्नः परमो गुरुः ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે પિતામહ ! કોઇ સમયે એકાદું કાર્ય ગુરુજનની આજ્ઞાને લીધે અવશ્ય કરવાયોગ્ય હોય, છતાં તે કાર્ય કેવળ હિંસામય હોવાને લીધે દુષ્કર હોય, તો તેવે પ્રસંગે ઉતાવળ કરીને કે વિલંબ કરીને તે કાર્યની કેવી રીતે પરીક્ષા કરવી? તે મને કહો; કારણકે તમે સર્વથા અમારા ગુરુજ છો.”[૧]

ભીષ્મે કહ્યું:-“આ વિષયમાં પણ એક પ્રાચીન ઇતિહાસનું દૃષ્ટાંત આપવામાં આવે છે, જેમાં આંગિરસ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ચિરકારી નામના બ્રાહ્મણનું વૃત્તાંત વર્ણવેલું છે.[૨] હે ચિરકારિક! તારૂં કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ. બુદ્ધિમાન એવો ચિરકારી (કોઇપણ કાર્યને વિચારપૂર્વક વિલંબથી કરનારો પુરુષ) પોતાનાં કર્મમાં અપરાધી થતો નથી.[૩] મહામુનિ ગૌતમનો ચિરકારી નામનો મહાબુદ્ધિમાન પુત્ર હતો. તે હરકોઈ કાર્યને ખૂબ વિચાર કર્યાપછીજ કરતો હતો, તેને લાંબા સમય સુધી વિચાર કરવાની ટેવ હતી, તે લાંબા સમયસુધી જાગતો હતો, લાંબા સમયસુધી ઉંઘતો હતો અને લાંબા સમયસુધી વિચાર કર્યા પછીજ કોઇ પણ કાર્ય કરવાનો આરંભ કરતો હતો, જેથી તે ‘ચિરકારી’ એવા નામથી પ્રસિદ્ધ થયો હતો[૪,૫] ક્ષુદ્રબુદ્ધિના અને ટુંકી દૃષ્ટિવાળા મનુષ્યો, તેને આળસુ અને બુદ્ધિહીન પણ કહેતા હતા.[૬] એક સમયે તેની માતા-(અહલ્યા)એ (ગૌતમના રૂપમાં આવેલા ઇંદ્રની સાથે) વ્યભિચાર કર્યો. તે જોઇ તેના પિતા ગૌતમ ક્રોધાયમાન થયા અને તેણે, બીજા કોઇ પણ પુત્રને આજ્ઞા નહિ કરતાં તે ચિરકારીનેજ આજ્ઞા કરી કે, “આ તારી માતાને તું મારી નાખ.”[૭] આ પ્રમાણે કોઇ જાતનો વિચાર કર્યા વિના તેને આજ્ઞા કરીને જપ કરનારામાં શ્રેષ્ઠ મહાભાગ્યશાળી બ્રાહ્મણ ગૌતમ વનમાંજ ચાલ્યા ગયા.[૮] ચિરકારીએ પોતાના સ્વભાવ પ્રમાણે ખૂબ વિચાર કર્યા પછી “બહુ સારૂં” એમ કહીને પિતાની આજ્ઞાનો સ્વીકાર કર્યો અને પછી તે વિષયના સંબંધમાં ઘણા લાંબા સમય સુધી વિચાર ચલાવવા માંડયો.[૯] (તેણે પોતાના મનમાંજ કહ્યું કે,) આ સમયે મારા પિતાની આજ્ઞા મારે કેવી રીતે પાળવી ? અને આ મારી માતાને કેવી રીતે ન મારવી ? આ ધર્મસંકટના સમયે કયો ઉપાય કરવાથી હું દુષ્ટ પુરુષની પેઠે પાપમાં ન ડૂબી જાઉં ?[૧૦] પિતાની આજ્ઞા પાળવી, એ મારો શ્રેષ્ઠ ધર્મ છે અને માતાની રક્ષા કરવી એ પણ મારો સ્વધર્મ છે. ખરેખર, પુત્રપણું કદી સ્વતંત્ર છેજ નહિ, તોપણ (આ સમયે) કયો ઉપાય કરવાથી મને માતૃહત્યા દુ:ખી ન કરે ?[૧૧] અરે ! એક તો સ્ત્રી, અને તેમાં વળી માતા, તેનો વધ કરીને કયો પુરુષ કદી સુખી થઈ શકે ? તેમજ પિતાનું અપમાન કરીને કયો પુરુષ પ્રતિષ્ઠાને પામી શકે ?[૧૨] પિતાનું અપમાન ન કરવું, તે પણ યોગ્ય છે અને માતાની રક્ષા કરવી તે પણ મારો ધર્મ છે; પરંતુ અહીં તો આ બન્ને ધર્મો પરસ્પર વિરુદ્ધ થઈ પડયા છે, તો હવે એ બન્ને ધર્મોનું ઉલ્લંઘન ન થાય, એમ મારે કેવી રીતે વર્તવું ?[૧૩] પિતા પોતાના શીલને, ચારિત્રને, ગોત્રને તથા કુલને ધારણ કરી રાખવા માટે પોતાના આત્માને પોતાની સ્ત્રીવિષે પુત્રરૂપે ઉ-

---

× પૂર્વના અધ્યાયોમાં અહિંસાધર્મનુંજ મુખ્યત્વે પ્રતિપાદન કર્યું અને અહિંસાધર્મજ અવશ્ય આચરણ કરવા યોગ્ય છે, એમ સિદ્ધ કર્યું. હવે, આ અધ્યાયમાં ચિરકારીની કથાનું વર્ણન કરીને પણ એજ કહેવામાં આવશે કે. કોઇ સમયે પોતાના પૂજ્ય ગુરુઓની આજ્ઞા થઇ હોય અને તે આજ્ઞા પ્રમાણે વર્તવાથી હિંસાજન્ય દોષ ઉપસ્થિત થતો હોય, તો તે સમયે કેટલોક કાળ વિચારમાંજ ગાળી કાઢવો અને ખૂબ વિચાર કરીને દોષનો પરિહાર કરવો; પણ એકદમ ઉતાવળા થઇ જઇને કોઈપણ કાર્ય કરવું નહિં.

ત્પન્ન કરે છે.[૧૪] મારી માતાએ અને મારા પિતાએ મને પુત્રરૂપે જન્મ આપ્યો છે, એવું જ્ઞાન મને કેમ ન હોય? (અર્થાત હોવુંજ જોઇએ.) હું જાણું છું કે, મારાં માતાપિતા-બન્ને મારી ઉત્પત્તિનાં કારણભૂત છે.[૧૫] પુત્રનો જન્મ થયા પછી જાતકર્મસંસ્કાર કરતી વખતે પિતા, ‘अश्मा भव’ (હે પુત્ર! તું પથ્થરની પેઠે દઢ થા.) ‘परशुर्भव’ (હે પુત્ર ! તું ફરશીની પેઠે મારા શત્રુઓનો ઉચ્છેદ કરનારો થા) આવા વેદમંત્રોથી આશીર્વાદ આપે છે અને ×ઉપકર્મસંસ્કાર વખતે “आत्मा वै पुत्रनामासि” (હે પુત્ર ! તું મારા આત્મારૂપ છે) એમ કહીને પુત્રપ્રત્યે પોતાનો આત્મભાવ પ્રકટ કરે છે. તે ઉપરથીજ પિતાના ગૌરવનો દઢ નિશ્ચય થઈ શકે છે. (અને તેના પ્રેમની પરાકાષ્ઠા જાણી શકાય છે.)[૧૬] પિતા અન્નવસ્ત્રાદિક આપીને પુત્રનું પોષણ કરે છે અને તેને વેદાભ્યાસ કરાવે છે, માટે પિતા એ પુત્રનો શ્રેષ્ઠ ગુરુ છે અને પરમ ધર્મ છે. વેદોમાં પણ આવો દઢ નિશ્ચય કરવામાં આવ્યો છે કે, પિતા જે કંઇ કહે છે તે ધર્મરૂપજ મનાય છે.[૧૭] પિતાને પુત્ર માત્ર પ્રીતિરૂપજ હોય છે, પણ પુત્રને તો પોતાનો પિતાજ સર્વસ્વરૂપ હોય છે; અરે એટલુંજ નહિ પણ શરીર વગેરે જે કંઇ આપવા યોગ્ય વસ્તુ છે, તે સર્વને એકલો પિતાજ આપે છે;[૧૮] માટે પુત્રે પિતાની આજ્ઞા અવશ્ય પાળવી જોઈએ, તેમાં કદી વિચારજ કરવો નહિ. જે પુત્રો, પોતાના પિતાની આજ્ઞાનું પાલન કરે છે, તેઓ સર્વ પાપોથી મુક્ત થઇને પવિત્ર થાય છે.[૧૯] વસ્ત્રાદિ ભોગ્ય પદાર્થો આપવામાં, અન્નાદિ ભોજ્ય પદાર્થો અર્પણ કરવામાં, વેદોનું અધ્યયન કરાવવામાં, લોકવ્યવહારનું શિક્ષણ આપવામાં, ગર્ભાધાનાદિ સંસ્કારો કરવામાં તથા સીમંતોન્નયન સંસ્કાર કરવામાં પિતાનુંજ પ્રાધાન્ય ગણાય છે.[૨૦] પિતા ધર્મરૂપ છે, સ્વર્ગરૂપ છે, પરમ તપરૂપ છે અને પિતા જો પ્રસન્ન થાય છે તો સર્વ દેવતાઓ પણ પ્રસન્ન થાય છે.[૨૧] પિતા પુત્રને જે વચનો કહે છે, તે આશીર્વાદરૂપ થઇ પડે છે અને પિતા જ્યારે અભિનંદન આપે છે, ત્યારે પુત્રનાં સર્વ પાપોનો વિનાશ થઈ જાય છે.[૨૨] પુષ્પ, પોતાના ડીંટાનો ત્યાગ કરે છે અને ફળ પણ પોતાને ઉત્પન્ન કરનાર વૃક્ષનો ત્યાગ કરી દે છે; પરંતુ પિતા, અત્યંત દુઃખમાં આવી પડ્યો હોય તોપણ સ્નેહને અધીન થઇને પોતાના પુત્રનો ત્યાગ કરતો નથી.[૨૩] આ રીતે પુત્રના સંબંધમાં પિતાનું ગૌરવ કેટલું બધું છે, તેનો મેં વિચાર કર્યો. ખરેખર, તે ઉપરથી મને જણાય છે કે, પિતાનું સ્થાન એ કંઇ અલ્પ યોગ્યતાવાળું નથીજ. હવે માતાનું ગૌરવ કેટલું છે, એ વિષેનો હું વિચાર કરૂં.[૨૪] મારા આ મનુષ્યશરીરમાં જે કંઇ પાંચ ભૂતોનો સમુદાય એકત્ર થયેલો છે, તેનું મૂળકારણ મારી માતા છે. જેમ અરણિ અગ્નિનું ઉત્પત્તિસ્થાન છે, તેમ માતા પુત્રનું ઉત્પત્તિસ્થાન છે.[૨૫] મનુષ્યોના દેહરૂપ અગ્નિને ઉત્પન્ન કરવામાં માતા એક અરણિરૂપ છે, એટલુંજ નહિ પણ દુઃખી થયેલા સર્વ મનુષ્યને માતા એક શાંતિરૂપ છે અને માતા જ્યાંસુધી હયાત હોય છે, ત્યાંસુધી પુરુષ સનાથ ગણાય છે; પણ માતાના મરણ પછી પુરુષ અનાથ થઇ પડે છે.[૨૬] મનુષ્ય, લક્ષ્મીથી ભ્રષ્ટ થયો હોય તોપણ “ઓ મા!” એમ કહીને ઘરમાં જ્યારે પ્રવેશ કરે છે, ત્યારે તેને શોક થતો નથી અને માતાની છાયાતળે રહેલા પુરુષને વૃદ્ધાવસ્થા પણ અસર કરી શકતી નથી.[૨૭] પુરુષ, પુત્રપૌત્રાદિ પરિવારવાળો થઇ ગયો હોય અને છેક સો વર્ષની અવસ્થાએ જઈ પહોંચ્યો હોય, તોપણ પોતાની માતા પાસે જાણે બે વર્ષનો હોય તેમ વર્તી શકે છે.[૨૮] પોતાનો પુત્ર સમર્થ હોય અથવા અસમર્થ હોય, કૃશ હોય કે પુષ્ટ હોય, તોપણ માતા તેનું વિધિપૂર્વક રક્ષણ કરે છે. એ ઉપરથી જણાય છે કે, માતાના જેવું પોષણ કરનાર જગતમાં બીજો કોઇ

× ઉપનયન (જનોઇ) સંસ્કાર થઇ ગયા પછી ગુરુગૃહે વિદ્યાસંપાદન કરવા માટે ગયેલો પુત્ર, જ્યારે ત્યાંથી પાછો આવે છે, ત્યારે તેનો પિતા જે સંસ્કાર કરીને પુત્રપ્રત્યે આત્મભાવ પ્રદર્શિત કરે છે તેને ઉપકર્મ સંસ્કાર કહેવામાં આવે છે.

પણ સંબંધી નથી.[29] જ્યારે પોતાની માતાનો વિયોગ થાય છે, ત્યારેજ પુરુષ વૃદ્ધ થાય છે, ત્યારેજ દુઃખી થાય છે અને ત્યારેજ જગતને શૂન્ય દેખે છે.[30] માતાસમાન કોઇ છાયા નથી, માતાસમાન કોઇ ગતિ નથી, માતાસમાન કોઇ રક્ષણ નથી અને માતાસમાન કોઇ પ્રિય નથી.[31] માતા, પોતાના ઉદરના મધ્યમાં પુત્રને ધારણ કરે છે, માટે ‘ધાત્રી’ કહેવાય છે, પુત્રને જન્મ આપે છે માટે ‘જનની’ કહેવાય છે, પુત્રના શરીરનું પોષણ કરે છે, માટે ‘અંબા’ કહેવાય છે અને વીર પુત્રને ઉત્પન્ન કરે છે, માટે ‘વીરસૂ’ કહેવાય છે.[32] માતા બાળકનું સેવન કરે છે, માટે ‘શુશ્રૂ’ કહેવાય છે અને માતા પોતાના બીજા દેહરૂપજ છે, આમ સમજનારો કયો સચેતન પુરુષ, જેનું મસ્તક માર્ગમાં રઝળતા શુષ્ક તુંબડાના જેવું મેદ, મજ્જા વગેરેથી શૂન્ય નથી તે, પોતાની માતાનો વધ કરે?[33] સ્ત્રીપુરુષના મૈથુનસમયે તેઓની ઉપસ્થ ઇંદ્રિયોનો જ્યારે સંબંધ થાય છે, ત્યારે તેઓના બન્નેના મનમાં એવો અભિલાષ હોયજ છે કે, ‘અમારે ત્યાં પુત્રની ઉત્પત્તિ થાઓ.’ પણ તે અભિલાષનું સત્યસ્વરૂપ પિતાના કરતાં માતાવિષે અધિક રહેલું છે.[34] પુત્રનું જે ગોત્ર હોય છે અને તે જેનાથી ઉત્પન્ન થયો હોય છે, તેને માતાજ જાણે છે. વળી બાળક જ્યારથી ગર્ભમાં આવે છે ત્યારથીજ માતાની તેનાપર પ્રીતિ હોય છે, (માટે પ્રત્યેક પુત્રે માતાની ઉપર સ્નેહ કરવોજ જોઈએ;) તોપણ વાસ્તવિક દૃષ્ટિએ જોતાં પ્રજાની ઉત્પત્તિ, પિતાથીજ થાય છે.[35] જે પુરુષો એક સ્ત્રીનું પ્રતિજ્ઞાપૂર્વક પાણિગ્રહણ કરીને તેમજ સાથે રહીનેજ ધર્માચરણ કરવાનો સ્વીકાર કરીને પરસ્ત્રીઓ સાથે જો વ્યભિચાર કરે, તો અવશ્ય તેઓ પૂજાપાત્ર નથીજ.×[36] પુરુષ, સ્ત્રીનું ભરણ કરે છે માટે તેનો ભર્તા કહેવાય છે અને તેનું પાલન કરે છે, માટે તેનો પતિ કહેવાય છે; પરંતુ જ્યારે પુરુષમાંથી તે ગુણ (ભરણપાલનરૂપ ગુણ) દૂર થઇ જાય છે, ત્યારે તે સ્ત્રીનો ભર્તા કહેવાતો નથી તેમ પતિ પણ કહેવાતો* નથી.[37] (મારી માતા વ્યભિચારિણી છે, એમ માનીને પણ મારે તેનો વધ નહિ કરવો જોઈએ કેમકે,) સ્ત્રી વ્યભિચાર કરે છે, તેમાં પુરુષનોજ અપરાધ છે, સ્ત્રીનો અપરાધ નથી; કારણકે પરસ્ત્રીગમનરૂપ મહાન દોષનો આરંભ કરનાર પુરુષજ છે અને તેથીજ વ્યભિચારકર્મમાં પુરુષજ અપરાધી છે પણ સ્ત્રી અપરાધી નથી.×[38] (જો કે, વ્યભિચારકર્મમાં સંમતિ આપનારી સ્ત્રી પણ અમુક અંશે અપરાધી ગણાયજ છે, તોપણ મારી માતા તો લેશમાત્ર અપરાધી નથી, કારણકે) સતી સ્ત્રીને પોતાનો પતિજ શ્રેષ્ઠ અને પરમ દૈવતરૂપ હોય છે, આવો પતિવ્રતા ધર્મ પાળનારી મારી માતાએ, મારા પિતાના સ્વરૂપમાં આવેલા ઇંદ્રને પોતાનો પતિ જાણીનેજ પોતાનું પવિત્ર શરીર અર્પણ કર્યું હતું.[39] ÷ (માટેજ હું કહું છું કે,) વ્યભિચારકર્મમાં પુરુષોનોજ અપરાધ છે પણ સ્ત્રીઓનો અપરાધ નથી. વળી સ્ત્રીઓ નિર્બળ હોવાને લીધે પુરુષોની પ્રત્યેક ઇચ્છાને

× અહીં કહેવાનો આશય એ છે કે, જે પુરુષ એક સ્ત્રીનું પ્રતિજ્ઞાપૂર્વક પાણિગ્રહણ કરે છે છતાં પારકી સ્ત્રી સાથે વ્યભિચાર કરે છે, તે પુરુષના પુત્રે તેને પિતાતરીકે માન ન આપવું જોઇએ; પણ મારો પિતા ગૌતમ, તેવો વ્યભિચારી નથી અને સતીનો પતિ છે, માટે મારે તો તેની આજ્ઞાને પાળવીજ જોઇએ.

* અહીં ચિરકારી એમ કહેવા માગે છે કે, મારો પિતા, મારી માતાના પ્રાણ લેવા તૈયાર થયો છે અને તેથી મારી માતાપ્રત્યેના પોતાના ભર્તૃધર્મથી કે પતિધર્મથી ભ્રષ્ટ થયો છે, માટે તેની આજ્ઞાને અનુસરીને હું મારી માતાનો વધ નહિ કરું!

× અર્થાત્ પુરુષની જો ઇચ્છા ન હોય તો વ્યભિચારરૂપ દોષની જગતમાં પ્રસક્તિજ ન થાય, માટે પ્રથમ પ્રવૃત્તિ કરનાર પુરુષજ વ્યભિચારદોષનો પ્રવર્તક છે.

÷ તાત્પર્ય કે, પોતાના પતિના વેષમાં આવેલા પરપુરુષને પતિની બુદ્ધિથીજ શરીર અર્પણ કરનારી મારી માતાવિષે વ્યભિચારનો દોષ સંભવતોજ નથી. માટે તેનો વધ કરવો યોગ્યજ નથીજ.

અધીન થનારી છે, જેથી પુરુષો બળાત્કારે વ્યભિચાર કરે, તેમાં સ્ત્રીઓનો અપરાધ ગણાતો નથી.[૪૦] વળી મૈથુનથી ઉત્પન્ન થનારી તૃપ્તિને માટે સ્ત્રીઓએ જે +વચન માગ્યું છે,તેનું સ્મરણ કરાવીને ઇંદ્રે પોતેજ અધર્મ કરેલો છે પણ મારી માતાએ અધર્મ કર્યો નથી, આ વાત નિઃસંશય છે.[૪૧] આ રીતે મારી માતા, જે સ્ત્રીજાતિ છે છતાં ગૌરવમાં અત્યંત અધિક છે, તેનો વધ કરવો તે અયોગ્યજ છે. અરે જ્ઞાનશક્તિવિનાનાં પશુઓ પણ પોતાની માતાને અવધ્ય જાણે છે.(તોપછી મારા જેવો એક મનુષ્ય, પોતાની માતાનો વધ કરવા કેમ તૈયાર થાય?)[૪૨] વિદ્વાનો કહે છે કે, પિતા, એક સ્થળે રહેલા દેવોના એક સમુદાયરૂપ છે અને દેવોના તથા મનુષ્યોના સમુદાયરૂપ માતાસામે પુત્ર સ્નેહથી જાય છે.*[૪૩]”

આ પ્રમાણે ચિરકારી, કોઇ પણ કાર્યને વિલંબથી કરનારો હોવાને લીધે વિચાર કરવામાંજ રોકાઇ રહ્યો હતો, જેથી સમય ઘણો વીતી ગયો અને તેવામાં તેનો પિતા પણ આવી પહોંચ્યો.[૪૪] મહાબુદ્ધિમાન મેધાતિથિ ગૌતમ તપ કરવામાટે જ્યાં ગયા હતા, ત્યાં બેઠા બેઠા તેમણે પોતાની પત્નીના અપરાધના સંબંધમાં ખૂબ વિચાર કર્યો હતો અને ઘણો કાળ વિચાર કર્યા; પછી તેમને જણાયું હતું કે, આ અપરાધને માટે મારી સ્ત્રીને દેહાંતશિક્ષા કરવી તે યોગ્ય નથીજ.”[૪૫] (પરંતુ પોતાની આજ્ઞાને લીધે ચિરકારીએ તેને મારી નાખી હશે, આવો વિચાર આવતાં)તેમને અત્યંત સંતાપ થવા લાગ્યો. દુઃખને લીધે તેમની અશ્રુધારા સરી પડવા લાગી અને શાસ્ત્રજ્ઞાન તથા ધૈર્યના પ્રસાદથી તેમને પશ્ચાત્તાપ થવા લાગ્યો. પછી (પોતાના મનસાથે) તેમણે કહેવા માંડ્યું કે, “ત્રિલોકીનો ઈશ્વર ઇંદ્ર, બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને એક અતિથિતરીકે મારા આશ્રમમાં આવ્યો હતો, તે સમયે મેં વાણીવડે તેને શાંત પાડ્યો હતો. સ્વાગતવચન કહીને તેનું પૂજન કર્યું હતું અને અર્ઘ્ય, પાદ્ય વગેરે અર્પણ કરીને મેં તેને નમ્રતાપૂર્વક નિવેદન કર્યું હતું કે, તું અમારો નાથ છે. આ ઉપરથી હું એમજ જાણતો હતો કે, ઇંદ્ર મારી સામે સ્નેહપૂર્વક વર્તન કરશે; પરંતુ અફસોસ! ઇંદ્રે પોતેજ પોતાની લોલુપતાને લીધે મારી સ્ત્રીને દૂષિત કરી છે, માટે આ વિષયમાં મારી સ્ત્રીનો લેશમાત્ર અપરાધ નથી.[૪૬-૪૯] વળી જ્યારે ધર્મદૃષ્ટિથી જોઇએ છીએ, ત્યારે તો એમજ લાગે છે કે, આ વિષયમાં મારી સ્ત્રીનો અપરાધ નથી, મારો પોતાનો અપરાધ નથી અને અતિથિતરીકે આવેલા ઇંદ્રનો પણ અપરાધ નથી; પરંતુ યોગસાધનમાં થયેલા મારા પ્રમાદનોજ અપરાધ છે.[૫૦]* મુનિઓ કહે છે કે, ઇર્ષ્યાને

+આવી એક પુરાણી આખ્યાયિકા છે કે, ત્વષ્ટાના પુત્ર ત્રિશિરાનો વધ કરવાથી ઇંદ્રને જ્યારે બ્રહ્મહત્યા લાગી હતી, ત્યારે તેણે બ્રહ્મહત્યાના એક તૃતીયાંશને સ્ત્રીઓવિષે રજોદર્શનરૂપે સ્થાપિત કર્યો. પછી તે સમયે સ્ત્રીઓએ ઇંદ્રની પાસે વરદાન માગ્યું હતું કે, ‘અમારામાં રજોદર્શનરૂપે બ્રહ્મહત્યાનું તમે સ્થાપન કર્યું, માટે તેના બદલામાં અમે માગીએ છીએ કે, અમને છેક પ્રસૂતિકાળપર્યંત મૈથુન માટેની ઇચ્છા રહે અને ત્યાંસુધીમાં અમને પુરુષનો સંગ થાય તોપણ અમારા ગર્ભને કે અમારા શરીરને કંઈ હાનિ ન પહોંચે.’ આ પ્રમાણે સ્ત્રીઓએ વરદાન માગ્યુ, ત્યારે ઇંદ્રે ‘તથાસ્તુ’ કહીને તેઓનો મનોરથ પૂર્ણ કર્યો. આ વાતનું ઇન્દ્રે સ્મરણ કરાવી આપીને મારી માતા સાથે વ્યભિચાર કર્યો છે, માટે મારી માતા નિર્દોષજ છે; એમ ચિરકારી કહે છે.

* કહેવાનો ભાવ એ છે કે, પિતાને પ્રસન્ન કરવાથી સ્વર્ગલોકમાં સુખ મળે છે અને માતાને પ્રસન્ન કરવાથી બન્ને લોકમાં સુખ મળે છે. આ રીતે પિતાના કરતાં પણ અધિક યોગ્યતાવાળી માતાનો મારાથી વધ કેમ થઇ શકે ?

* આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે, પ્રાચીન ઋષિમુનિઓની વૃત્તિઓ કેટલી બધી દ્વેષરહિત હતી ? અને તેઓની નિષ્ઠા યોગધર્મ તરફ કેટલી બધી દૃઢ હતી ? મહર્ષિ ગૌતમ અહીં એમ કહેવા માગે છે કે, મારો પોતાનોજ યોગસાધન કરવામાં પ્રમાદ થયો અને તેને લીધેજ મારા ઘરમાં ઇંદ્રે વ્યભિચારકર્મ કર્યું, નહિ તો પ્રથમથીજ યોગદ્વારા મારા જાણવામાં આવવું જોઇએ કે, ઇંદ્રે પોતાની દુષ્ટ વાસના તૃપ્ત કરવા માટેજ આવો અતિથિવેષ સ્વીકાર્યો છે.

લીધેજ સર્વ દુઃખોની ઉત્પત્તિ થાય છે. વાત ખરી છે કે, ઈર્ષ્યાથી ક્ષોભ પામીનેજ હું આ પાપરૂપી સમુદ્રમાં ડૂબી ગયો છું.[૫૧] અરેરે ! મેં મારી સાધ્વી સ્ત્રીની હત્યા કરી છે, કે જે સ્ત્રી દુઃખોની અંદર ભાગ લેનારી હોઇને "વાસિતા" એવા નામને સાર્થક કરનારી હતી અને મારા તરફના ભરણપોષણને પાત્ર હોઇને મારી ભાર્યા કહેવાતી હતી. (આવી સુલક્ષણા સ્ત્રીનો મેં વધ કરાવ્યો છે.) હાય! મારા આ પાપમાંથી મને કોણ તારશે ?[૫૨] મેં મારા પ્રમાદને અધીન થઇને ઉદાર બુદ્ધિના ચિરકારીને તેનો વધ કરવાની આજ્ઞા કરી છે. જો એ ચિરકારી, આજે ખરેખરો ચિરકારી થાય, તોજ આ પાપમાંથી મારૂં રક્ષણ કરી શકે![૫૩] ઓ ચિરકારિક ! તારૂં કલ્યાણ થાઓ. ઓ ચિરકારિક ! તારૂં શુભ થાઓ, તું હરકોઈ કાર્યમાં વિચારપૂર્વક વિલંબ કર્યા વિના આગળ વધતોજ નથી, જેથી આજે પણ તે પ્રમાણે વર્તીને ચિરકારી થઇશ તો અવશ્ય તું ચિરકારીજ છે.[૫૪] પુત્ર ચિરકારિક! આજે તારા નામને તું સાર્થક કર અને મારૂં, તારી માતાનું, મેં સંપાદન કરેલા તપનું તથા તારૂં પોતાનું પણ આ ભયંકર પાપથી રક્ષણ કર.[૫૫] હે ચિરકારિક! બુદ્ધિની અતિશયતાને લીધે તારૂં સ્વાભાવિક રીતેજ ચિરકારીપણું છે. તે આજે સફળ થાઓ અને આજે તું ચિરકારિક થા.[૫૬] તારી માતાએ તારા જન્મમાટે ઘણા લાંબા સમય સુધી આશા રાખી હતી અને ગર્ભમાં પણ તને ઘણા લાંબા સમયસુધી ધારણ કરી રાખ્યો હતો, માટે હે ચિરકારિક ! તારી માતાનું આજે રક્ષણ કરીને તું તારા નામને સફળ કર.[૫૭] મને જણાય છે કે, (મારો પુત્ર ચિરકારિક, મારી આજ્ઞાને લીધે) સંતાપ પામીને વિલંબજ કરી રહ્યો હશે અને હાથમાં શસ્ત્ર પકડીને પણ ઘણા લાંબા સમય સુધી વિચારનિદ્રામાં પડી રહ્યો હશે. હે ચિરકારિક! આ સમયે ખૂબ વિચાર કરીને અમારા બન્નેના અતિ દીર્ઘકાળના સંતાપમાંથી અમને તું મુક્ત કરજે."[૫૮]

હે યુધિષ્ઠિર રાજા ! આ રીતે દુઃખી થયેલા મહર્ષિ ગૌતમે પોતાના આશ્રમમાં આવીને જોયું તો પોતાનો પુત્ર ચિરકારી, તેની માતાની સમીપમાં વિચાર કરતોજ ઉભો રહ્યો હતો.[૫૯] ચિરકારી પણ પોતાના પિતાને જોઇને અત્યંત દુઃખી થયો. તેણે હાથમાં પકડેલા શસ્ત્રનો ત્યાગ કરી દઇને પિતાના ચરણમાં મસ્તક નમાવ્યું અને તેને પ્રસન્ન કરવાનો આરંભ કર્યો.[૬૦] આ રીતે મસ્તક નમાવીને પૃથ્વીપર પડેલા પોતાના પુત્રને જોઇને તેમજ (લજ્જાને લીધે) નિરાકારસ્વરૂપે (પાષાણસ્વરૂપે) ઉભેલી પોતાની પત્નીને જોઇને ગૌતમ અત્યંત પ્રસન્ન થયા.[૬૧] પછી મહાત્મા ગૌતમે પોતાની પત્ની સાથે ગૃહસ્થાશ્રમમાં રહીને એકાંતમાં પણ ભેદભાવ રાખ્યો નહિ અને પુત્ર ચિરકારીનું પણ સમાધાન કર્યું.[૬૨] "તારી માતાને તું મારી નાખ" આવી આજ્ઞા આપીને પોતાનું કર્મ કરવામાટે પોતે વનમાં ચાલ્યા ગયા અને પછી પોતાનો પુત્ર ચિરકારી, હાથમાં શસ્ત્ર લઇને વિનયપૂર્વક આજ્ઞા પાળવા તૈયાર થયો અને માતાના સંબંધમાં વિચાર કરતો ઉભો રહ્યો. પછી પોતે આશ્રમ તરફ જ્યારે પાછા આવ્યા, ત્યારે પોતાનો પુત્ર, પોતાના ચરણમાં નમી પડયો. તે જોઇને પિતા ગૌતમને નિશ્ચય થયો કે, મારો પુત્ર ચિરકારી મારા ભયને લીધે શસ્ત્રગ્રહણની ચપલતાને ઢાંકે છે.[૬૩,૬૪] પછી તેમણે ચિરકારીને બે હાથવતી ભેટી પડીને તેનું મસ્તક સુંઘ્યું, ઘણા કાળસુધી તેની પ્રશંસા કરી અને "चिरं जीव" એવો આશીર્વાદ આપ્યો.[૬૫] આ રીતે પ્રીતિ અને હર્ષથી યુક્ત થયેલા મહાબુદ્ધિમાન ગૌતમે, પોતાના પુત્રને અભિનંદન આપીને આ પ્રમાણે કહ્યું:–[૬૬] 'હે ચિરકારિક! તારૂં કલ્યાણ થાઓ. તું દીર્ઘકાળપર્યંત ચિરકારીજ થા. હે સૌમ્ય! આજે તેં વિચારપૂર્વક વિલંબ કર્યો, તેથી હું ચિરકાળપર્યંત દુઃખી થયો નથી."[૬૭] પુત્રને એ પ્રમાણે કહીને મુનિઓમાં શ્રેષ્ઠ વિદ્વાન ગૌતમે, વિચારપૂર્વક વિલંબથી કાર્ય કરનાર ધીર પુરુષોના ગુણોના[૬૮] ઉદ્દેશવાળી આવી ગાથાઓ ગાવા માંડીઃ–

"चिरेण मित्रं बध्नीयात् चिरेण च कृतं त्यजेत्।
चिरेण हि कृतं मित्रं चिरं धारणमर्हति ॥६९॥

रागे दर्पे च माने च द्रोहे पापे च कर्मणि ।
अप्रिये चैव कर्तव्ये चिरकारी प्रशस्यते॥७०॥
बंधूनां सुहृदां चैव भृत्यानां स्त्रीजनस्य च ।
अव्यक्तेष्वपराधेषु चिरकारी प्रशस्यते"।७१।

કોઈ પુરુષને મિત્ર કરવો હોય તો વિચારપૂર્વક વિલંબ કરીનેજ તેને મિત્ર કરવો. કોઈ પુરુષને મિત્ર કર્યો હોય અને પછી તેનામાં કંઈ દોષ દેખાય તોપણ વિચારપૂર્વક વિલંબ કર્યા પછીજ તેનો ત્યાગ કરવો; કારણ કે દીર્ઘકાળપર્યંત વિચાર કર્યા પછી જેની સાથે મિત્રતા કરી હોય, તેનો દીર્ઘકાળપર્યંત નિભાવ કરવો, તેજ યોગ્ય ગણાય છે.[૬૯] તેમજ કોઈની સાથે પ્રીતિ કરવામાં, ગર્વ કરવામાં, અભિમાન કરવામાં, દ્રોહ કરવામાં, પાપકર્મ કરવામાં તથા કોઈનું અપ્રિય કરવામાં જે પુરુષ, લાંબા સમયસુધી વિચાર કર્યા પછીજ આગળ પગલું ભરે છે, તે પુરુષ પ્રશંસાપાત્ર ગણાય છે.[૭૦] વળી પોતાના બાંધવોના, સુહૃદોના, નોકરચાકરોના તથા સ્ત્રીઓના અપરાધો જ્યાંસુધી સ્પષ્ટ રીતે જાણવામાં ન આવ્યા હોય, ત્યાંસુધી ચિરકાળપર્યંત વિચાર કરનારો પુરુષ પ્રશંસાપાત્ર ગણાય છે."[૭૧]

હે ભરતવંશી રાજા! આ રીતે મુનિ ગૌતમ, પોતાના પુત્રનું વિલંબપૂવક કાર્ય કરવાપણું જોઈને તેમજ માતાની રક્ષારૂપ તેનું (ઉદ્દાર) કર્મ જોઈને તેનાપર અત્યંત પ્રસન્ન થયા હતા.[૭૨] માટે જે કોઈ પુરુષ, એ ચિરકારીની પેઠે પ્રત્યેક કાર્યમાં લાંબા સમયસુધી વિચાર કરીને નિશ્ચયપૂર્વક કર્મ કરે છે, તે પુરુષને દીર્ઘકાળપર્યંત સંતાપ કરવાનો વખત આવતો નથી.[૭૩] મનુષ્ય દીર્ઘકાળસુધી રોષને રોકી રાખે છે અને દીર્ઘ કાળસુધી કર્મને કરતો નથી, તો તેનું કોઇપણ કાર્ય પશ્ચાત્તાપ ઉપજાવનારૂં થતું નથી.[૭૪] વળી પ્રત્યેક મનુષ્યે લાંબા કાળસુધી વૃદ્ધોની સેવા કરવી જોઈએ, સેવા કર્યા પછી લાંબા કાળસુધી તેઓની પૂજા કરવી જોઇએ, લાંબા કાળસુધી ધર્મનું સેવન કરવું જોઇએ અને લાંબા કાળસુધી તત્ત્વવસ્તુનું શોધન કરવું જોઇએ;[૭૫] કારણકે લાંબા કાળસુધી વિદ્વાનોનું સેવન કરવાથી, લાંબા કાળસુધી શિષ્ટ પુરુષોનો આશ્રય કરવાથી અને લાંબા કાળસુધી ઉત્તમ કેળવણી લેવાથી, મનુષ્ય કદી અવજ્ઞાપાત્ર થતો નથી.[૭૬] જે પુરુષ કોઇ બીજાના સંબંધમાં પણ ધર્મયુક્ત વાક્યનું ઉચ્ચારણ કરે છે અને કોઇના તરફથી જ્યારે પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે પણ ખૂબ વિચાર કર્યા પછીજ ઘણીવારે પ્રત્યુત્તર આપે છે, તે પુરુષને કદી સંતાપ કરવો પડતો નથી.[૭૭] મહાતપસ્વી બ્રાહ્મણ ગૌતમ, અનેક વર્ષોપર્યંત પોતાના આશ્રમમાં રહીને અંતે પોતાના પુત્રની સાથે સ્વર્ગલોકમાં ગયા.[૭૮]

ઇતિ શ્રીમહા० શાંતિ० મોક્ષ० પર્વમાં
"ચિરકારિક ઉપાખ્યાન" એ વિષયનો
અધ્યાય ૨૬૬ મો સમાપ્ત.

અધ્યાય ૨૬૭ મો

દ્યુમત્સેન અને સત્યવાનનો સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

कथं राजा प्रजा रक्षेन्न च किंचित्प्रघातयेत् ॥
पृच्छामि त्वां सतांश्रेष्ठ तन्मे ब्रूहि पितामह॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે સત્પુરુષોમાં શ્રેષ્ઠ પિતામહ! (તમારા કહેવા પ્રમાણે અહિંસાધર્મજ શ્રેષ્ઠ છે તો પછી) રાજા કોઇની હિંસા ન કરે તો પ્રજાઓનું રક્ષણ કેવી રીતે કરી શકે? એ વિષે હું તમને પૂછું છું, માટે તે મને કહો."[૧]

ભીષ્મે કહ્યું:–" આ વિષયમાં પણ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે, જેમાં રાજા દ્યુમત્સેનનો તથા રાજકુમાર સત્યવાનનો સંવાદ વર્ણવેલો છે.[૨] અમે એમ સાંભળ્યું છે કે, પોતાના પિતાની આજ્ઞાથી અપરાધીઓને વધસ્થાને લઈ જવામાં આવતા હતા, ત્યારે રાજકુમાર સત્યવાને, પૂર્વે કોઇએ નહિ કહેલું આવું વચન કહ્યું હતું:–[૩] "કોઇનો વધ કરવો, એ પણ જો ધર્મ હોય, તો ધર્મ અધર્મ ગણાશે અને અધર્મ ધર્મ ગણાશે; માટે વધરૂપ અધર્મકાર્યને ધર્મરૂપ કહેવું, તે તો યોગ્ય નથીજ.[૪] "

દ્યુમત્સેને કહ્યું:–" હે સત્યવાન! ચોર જેવા

પાપી પુરુષનો પણ વધ ન કરવો, એ જો ધર્મ ગણાય તો પછી અધર્મ કોને કહેવો? વળી ચોરલૂંટારા જેવા વધ્ય પુરુષોનો પણ જો વધ કરવામાં ન આવે તો પ્રજાઓમાં સંકરતા ફેલાઇ જાય. (અર્થાત્ ચોર લોકો પ્રજાઓને લૂંટી લે અને મર્યાદાના નાશને લીધે પ્રજાઓ ભ્રષ્ટ બની જાય.)[૫] તેમાં પણ આ કલિયુગમાં, ચોરલોકોને જો અવધ્ય ગણવામાં આવે, તો કોઇ પણ મનુષ્ય પોતાની પાસે રહેલા ધનને "આ મારૂં છે" એમ કહી શકેજ નહિ અને એ ઉપરાંત તીર્થગમન, વ્યાપાર-વગેરે લોકવ્યવહાર પણ ચાલી શકે નહિ; છતાં (ચોર લોકોનો નાશ કર્યા વિના) પ્રજાઓમાં વ્યવસ્થા જળવાઇ રહે, એવું કંઇ તારા જાણવામાં હોય તો તું અમને કહે."[૬]

સત્યવાને કહ્યું:-"ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ત્રણે વર્ણની પ્રજાઓને બ્રાહ્મણોને અધીન કરવી, જેથી સર્વ મનુષ્યો ધર્મના પાશથી જકડાઇ જશે અને તેને લીધે સૂત, માગધ, આદિ–પ્રતિલોમ–અનુલોમ પ્રજા પણ ધર્મનું આચરણ કરશે;[૭] છતાં કોઇ સમયે એમાંનો કોઈ મનુષ્ય કંઇ અધર્માચરણ કરે, તો બ્રાહ્મણે રાજાની પાસે આવીને જાહેર કરવું કે, "આ મનુષ્ય મારૂં વચન માન્ય કરતો નથી." તે પછી રાજાએ તે મનુષ્યને શિક્ષા કરવી[૮] અને શિક્ષા પણ એવા પ્રકારનીજ કરવી જોઇએ, કે જેથી અપરાધીના શરીરનો નાશ ન થઇ જાય. વળી અપરાધીના અપરાધનો તથા નીતિશાસ્ત્રનો યથાવિધિ વિચાર કર્યાવિના રાજાએ, વિપરીત પ્રકારે કોઇને શિક્ષા કરવી નહિ.[૯] રાજા ચોરલોકોનો નાશ કરે છે, પરંતુ તેઓની પાછળ બીજા અનેક નિરપરાધીઓનો પણ નાશ કરે છે, કેમકે અપરાધ કરનાર એક પુરુષનો વધ કરવાથી તેની સ્ત્રી, માતા, પિતા અને પુત્ર વગેરે ઘણાનો (આજીવિકાના અભાવને લીધે) નાશ થઈ જાય છે; માટે કોઇ પણ મનુષ્ય જ્યારે અપરાધ કરે, ત્યારે રાજાએ પૂરતી તપાસ કરીનેજ તેને શિક્ષા કરવી.[૧૦] મનુષ્ય દુષ્ટ હોય તોપણ કોઇ સમયે સત્પુરુષનો સંગ કરીને સદાચારને મેળવી શકે છે. વળી દુષ્ટ પુરુષોની પ્રજાઓ, ઘણેભાગે ઉત્તમજ થાય છે.[૧૧] વળી દુષ્ટ પુરુષોનો મૂળમાંથીજ ઉચ્છેદ ન કરી નાખવો, કેમકે એ કંઇ સનાતન ધર્મ નથી; પરંતુ તેવા પુરુષોને એવી કોઇ સામાન્ય શિક્ષા કરવી, જેથી તેઓના પાપનું પ્રાયશ્ચિત્ત થઇ જાય.[૧૨] રાજાએ, પુરોહિતોની સભા બોલાવીને તે સભાની વચ્ચે ચોર લોકોને તેઓનું સર્વસ્વ લૂંટી લેવાની ધમકી બતાવવી, અમુક કાળપર્યંત કેદમાં રહેવાની શિક્ષા કરવી અને ઘણો મોટો અપરાધ હોય તો શરીરના એકાદ અવયવનું છેદન કરીને બેડોળ કરવાની શિક્ષા કરવી; પરંતુ છેક દેહાંતદંડની શિક્ષા કરીને તેનાં સ્ત્રીપુત્રાદિને દુઃખી કરવાં નહિ;[૧૩] પણ જો તે અપરાધીઓ, શરણ લેવાની ઇચ્છાથી પુરોહિતની પ્રાર્થના કરવા મંડી પડે અને "હે બ્રહ્મન્! પુનઃ અમે આવું પાપકર્મ નહિ કરીએ" આવું વચન આપે, તો તેઓને કંઇ શિક્ષા કર્યાવિનાજ છોડી મૂકવા. આવી બ્રહ્મદેવની પોતાની આજ્ઞા છે. વળી જે પુરુષ દંડ તથા મૃગચર્મને ધારણ કરનારો તથા મસ્તકનું મુંડન કરાવનારો બ્રાહ્મણ હોય–અર્થાત બ્રહ્મનિષ્ઠ સંન્યાસી હોય છતાં તેણે જો અપરાધ કર્યો હોય, તો તેને પણ શિક્ષા કરવામાં દોષ નથી. (તાત્પર્ય કે, સંન્યાસી હોય છતાં જો અપરાધી હોય તો તે શિક્ષાપાત્ર છેજ.)[૧૪,૧૫] જે પુરુષોએ ઘણો મોટો અપરાધ કર્યો હોય, તેઓને અપરાધના પ્રમાણમાં ઘણી મોટીજ શિક્ષા કરવી જોઇએ અને જેઓએ પુનઃ પુનઃ અપરાધ કર્યો હોય તેઓને પ્રથમના અપરાધસમયે જેમ છોડી મૂકયા હોય, તેમ છોડી મૂકવા નહિ."[૧૬]

દ્યુમત્સેને કહ્યું:-"જે જે મર્યાદામાં પ્રજાઓને નિયમમાં રાખી શકાય, તે તે સર્વ મર્યાદાઓને કેવળ ધર્મજ કહી શકાય; અને જ્યાંસુધી આ મર્યાદાધર્મનું પ્રજા ઉલ્લંઘન કરતી નથી ત્યાંસુધી ધર્મપ્રવૃત્તિ રહે છે;[૧૭] પરંતુ છેક કોઇનો વધજ કરવામાં ન આવે-અર્થાત જે પુરુષ શિક્ષાને પાત્ર હોય તેને પણ જો શિક્ષા કરવામાં ન આવે તો આખા જગતનો કેવળ

પરાભવજ થઇ જાય-આખું જગત, જેને જેમ ફાવે તેમ વર્તવા માંડે. અતિ પ્રાચીન કાળની પ્રજાઓ સારી રીતે અથવા સહેલાઇથી શાસન કરી શકાય તેવી હતી;[૧૮] કેમકે તે સમયની પ્રજાઓ અત્યંત કોમળ સ્વભાવની હતી, ઘણે ભાગે સત્યમાર્ગે ચાલનારી હતી, અલ્પ દ્રોહ કરનારી હતી અને અલ્પ ક્રોધ કરનારી હતી, જેથી તે સમયે માત્ર ધિક્કાર શબ્દથીજ સર્વનો દંડ કરવામાં આવતો હતો અને પછી માત્ર વચનપ્રહારથીજ શિક્ષા કરવામાં આવતી હતી;[૧૯] પરંતુ પાછળથી જેમ જેમ સમય બદલાતો ગયો, તેમ તેમ શિક્ષામાં પણ ફેરફાર થતો ગયો અને (દ્વાપરયુગનો જ્યારે આરંભ થયો ત્યારે) ઘણોજ મોટો અપરાધ કરનાર મનુષ્યનું સર્વસ્વ હરણ કરી લેવાની શિક્ષા ચાલુ થઇ. તે પછી આ કલિયુગમાં ભયંકર અપરાધ કરનારાઓને દેહાંતદંડની શિક્ષા કરવામાં આવે છે, છતાં આ કલિયુગમાં કેટલાએક એવા દુષ્ટ મનુષ્યો ઉત્પન્ન થયા છે, કે જેઓ એક અપરાધીને મરણ પામેલો જુએ છે છતાં નિયમમાં રહી શકતા નથી.(અર્થાત એક અપરાધીને દેહાંતદંડની શિક્ષા કરવામાં આવે છે છતાં બીજાઓને તેવો અપરાધ કરતાં ત્રાસ ઉપજતો નથી.)[૨૦] શ્રુતિ કહે છે કે, ચોર મનુષ્યોનો, દેવોનો, ગંધર્વોનો કે પિતૃઓનો-કોઇનો પણ સંબંધી નથી; અરે ! એટલુંજ નહિ પણ આ જગતમાં કોણ કોનો સંબંધી છે ? અર્થાત કોઈ કોઇનો સંબંધી નથી, (તો પછી ચોરનો વધ કરવાથી તેના સંબંધીઓનો વધ કેવી રીતે થશે ?)[૨૧] વળી જેઓની બુદ્ધિનો કેવળ વિનાશજ થઈ ગયો છે, તેવા ચોર લોકોના સંબંધમાં કોઇ જાતની મર્યાદા બાંધવા માટે કયો ડાહ્યોપુરુષ તૈયાર થાય ? કારણકે ચોરી કરનારો પુરુષ સ્મશાનમાંથી શબ ઉપરના અલંકારોને પણ ઉતારી લાવે અને જેને પિશાચ વળગ્યો હોય તેવાની પાસેથી પણ વસ્ત્રાદિ ખુંચવી લે. (અર્થાત ચોર લોકોને ધર્મમર્યાદામાં રાખવાનું શિક્ષા કર્યા વિના કોઈ રીતે બની શકે તેમ નથી; કારણ કે તેઓ બુદ્ધિથી રહિત હોય છે.)[૨૨]

સત્યવાને કહ્યું:-"હે પિતા ! તેવા ચોર લોકોને સત્પુરુષો બનાવવા માટે તમે અશક્ત હો અથવા હિંસા કર્યા વિના તેઓનું રક્ષણ કરવા માટે તમારાથી જો ન બની શકે તેમ હોય, તો તમે સર્વમેધ નામનો યજ્ઞ કરીને તેમાં પશુઓને બદલે વધપાત્ર ચોર લોકોનો નાશ કરો. (જેથી તેઓ, અત્યંત પાપી હોય છતાં યજ્ઞના પશુતરીકે ઉપયોગમાં આવીને સ્વર્ગલોકમાં પ્રયાણ કરે.)*[૨૩] રાજાઓ, પોતાની પ્રજાઓના નિર્દોષપણાની મનમાં ઇચ્છા રાખીને શ્રેષ્ઠ પ્રકારનું તપશ્ચરણ કરે છે અને પોતાના રાજ્યમાં ચોર, લૂંટારા વગેરેનો જો ત્રાસ થાય છે તો તેઓને લજ્જા આવે છે; માટેજ જે રાજાઓ ધાર્મિક હોય છે, તેઓ (પ્રજાઓના ઉપદ્રવ શાંત કરવા માટે) હમેશાં તપશ્ચર્યાઓ કર્યા કરે છે.×[૨૪] (વળી, આવા ઉત્તમ રાજાઓ સારી પેઠે સમજે છે કે,) માત્ર

---

* સત્યવાનના કહેવાનો ભાવાર્થ એ છે કે, જેઓને દેહાંતદંડની શિક્ષા કરવાની હોય તેવા ચોર લોકોને નરમેધ નામના યજ્ઞમાં હોમી દઇને તેઓનો ઉપકાર કરવો; કારણ કે શ્રુતિમાં કહ્યું છે કે, યજ્ઞનિમિત્તે મરણ પામેલાં પ્રાણીઓને સ્વર્ગલોકનો લાભ થાય છે.

× અર્થાત્ રાજાઓના રાજ્યમાં ચોર લૂંટારાના ઉપદ્રવો અને પ્રજાઓમાં ભયંકર અનીતિઓનાં પરિણામો ઉત્પન્ન થાય છે, તેનું મૂળ કારણ રાજાઓજ છે. રાજાઓ તપસ્વી હોય, પ્રજાપાલનના કાર્યમાં મશગુલ હોય અને સ્વધર્મનિષ્ઠ હોય તો તેઓના રાજ્યમાં અનિષ્ટ ઉપદ્રવોનો કદી સંભવજ ન રહે. આવા આશયથીજ છાંદોગ્ય ઉપનિષદ્માં રાજાઓ પ્રતિજ્ઞા કરે છે કે:—

'न मे स्तेनो, जनपदे न कदर्यो न मद्यपः।
नानाहिताग्निर्नाविद्वान् न स्वैरी स्वैरिणी कुतः॥'

અમારા રાજ્યમાં ચોર, લોભી કે દારૂડીઓ ન હોવો જોઇએ, અગ્નિહોત્રરહિત મૂર્ખ બ્રાહ્મણ ન હોવો જોઇએ તેમજ સ્વેચ્છાચારી પુરુષ ન હોવો જોઇએ; તો પછી સ્વેચ્છાચારિણી સ્ત્રી તો કયાંથીજ હોઇ શકે ?"

હે પ્રભો ! આવી પ્રતિજ્ઞા ભારતવર્ષના રાજાઓ પુનઃ કયારે કરશે ?

ભય દેખાડવાથીજ પ્રજાઓ સદાચારી બને છે. (નહિ કે, અત્યંત જુલમ ગુજારવાથી પ્રજાઓ સુધરે છે!) ધર્મપરાયણ રહેનારા રાજાઓ દુષ્ટ કૃત્ય કરનારા અપરાધીઓને પોતાની ઈચ્છામાં આવે તેમ મારી નાખતા નથી, પણ યજ્ઞયાગાદિના નિમિત્તેજ તેઓનો યજ્ઞપશુતરીકે ઉપયોગ કરે છે. આ રીતે તેઓ પુણ્યકર્મ કરીનેજ પ્રજાઓનું શાસન કરે છે.[૨૫] હરકોઈ રાજા મેં કહ્યું તે પ્રમાણે શ્રેયસ્કર વર્તન કરે તો તેની પ્રજાઓ પણ શ્રેયસ્કર વર્તનનોજ આરંભ કરે; કારણકે મનુષ્યોનો એવો સ્વભાવ હોય છે કે, તેઓ પોતાનામાં શ્રેષ્ઠ ગણાતા પુરુષના આચારનેજ સદાય અનુસરે છે;÷[૨૬] પરંતુ જે રાજા પ્રથમ પોતાના ચિત્તનો જય કર્યા વિના પ્રજાઓનું નિયમન કરવાની ઇચ્છા કરે છે અને પોતે વિષયોમાં ઇંદ્રિયોને વશ થયો હોય છતાં પ્રજાઓપર ઇંદ્રિયનિગ્રહ કરવાનું શાસન કરવા જાય છે, તે રાજાને પ્રજાઓ હસી કાઢે છે. (અર્થાત્ રાજાએ પોતેજ પ્રથમ જિતેંદ્રિય થવું જોઇએ.*[૨૭] પ્રજાઓમાંહેનો કોઇ પણ મનુષ્ય દંભ કે મોહથી રાજાનું કંઇ અપ્રિય કરે, તો હરકોઇ ઉપાયથી તેને નિયમમાં રાખવો; કારણકે તે રીતે નિયમમાં રાખવાથી પુનઃ વિશેષ પાપકર્મ કરતાં તે અટકે છે.[૨૮] જે રાજાને પાપકર્મ કરનારા દુષ્ટ પુરુષોનું નિયમન કરવાની ઇચ્છા હોય, તેણે પ્રથમ પોતાનાજ ચિત્તને વશ કરવું જોઇએ અને તે ઉપરાંત, અપરાધ કરનારા પોતાના બંધુઓને, પુત્રોને તથા મિત્રોને પણ ભારે મોટી શિક્ષા કરવી જોઇએ. (કારણકે તેમ કરવાથી રાજાનું નિષ્પક્ષપાતીપણું પ્રજાઓમાં પ્રસિદ્ધ થાય છે.)[૨૯] જે રાજાના રાજ્યમાં પાપ કરનારા નીચ પુરુષને મહાન શિક્ષા કરવામાં આવતી નથી, તે રાજાના રાજ્યમાં પાપકૃત્યો વધી પડે છે અને ધર્મનો અવશ્ય હ્રાસ થાય છે, એમ દયાશીલ એવા વિદ્વાન બ્રાહ્મણે મને કહ્યું છે; તેમજ હે તાત! અત્યંત દયાને લીધે પ્રજાઓનું આશ્વાસન કરનારા મારા પૂર્વજોએ પણ મને આ પ્રમાણેજ ઉપદેશ આપ્યો છે કે, સત્યયુગમાંજ રાજા, કેવળ અહિંસામય દંડનો ઉપયોગ કરીને જગતને વશ કરી શકે છે.*[૩૦-૩૨] વળી સત્યયુગમાં ધર્મના ચારે પાદ જોવામાં આવે છે, ત્રેતાયુગમાં ત્રણ પાદ અવશેષ રહે છે, દ્વાપર યુગમાં બે પાદ બાકી રહે છે અને દુષ્ટ એવા કલિયુગમાં રાજાઓનાં દુષ્ટ આચરણને લીધે ધર્મનો એકજ પાદ અવશેષ રહે છે. તાત્પર્ય કે, કલિકાળની વિશેષતાને લીધે ધર્મની એક સોળમી કલાજ બાકી રહે છે;[૩૩,૩૪] માટે હે સત્યવન્! આ કલિયુગના સમયમાં કેવળ અહિંસામય દંડનોજ જો ઉપયોગ કરવામાં આવે તો પ્રજાઓમાં કેવળ સંકરતાજ ફેલાઇ જાય. (સોળમી કળાએ અવશેષ

÷ આ શ્લોકમાં **"यथा राजा तथा प्रजाः"** એ સૂત્રનો સંપૂર્ણ અર્થ દર્શાવી આપ્યો છે અને **'यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरोजनः'** એ ન્યાયને ધ્વનિત કર્યો છે.

* આ ૨૮ મા શ્લોકના આરંભથી ઘુમત્સેનનાંજ વચનો હોવાં જોઇએ, એમ સ્પષ્ટ દેખાય છે; કારણ કે આગળ ૩૫ મા શ્લોકમાં "**हे सत्यवन्**" એવું સંબોધન મૂકેલું જોવામાં આવે છે. વળી અધ્યાયના આરંભમાં જણાવેલા સત્યવાનના વિચારો, વધરૂપી શિક્ષાથી તદ્દન વિરુદ્ધજ છે; અને આ ૨૮ મા શ્લોકથી આરંભીને છેક અધ્યાયની સમાપ્તિપર્યંત સત્યવાનના મતનું કેવળ ખંડનજ કરવામાં આવ્યું છે. તે ઉપરથી જણાય છે કે, આ વચનો સત્યવાનના પિતા ઘુમત્સેનનાંજ છે. જો કે, મૂળમાં તો આ સર્વ ભાષણ જાણે સત્યવાનનુંજ હોય તેમ જણાય છે; પરંતુ આગળપાછળનો સંબંધ જોતાં જણાય છે કે, આ વચનો સત્યવાનનાં નથી.

* કહેવાનું તાત્પર્ય એ છે કે, સત્યયુગમાં કેવળ ધિક્કારરૂપ દંડનોજ ઉપયોગ કરવામાં આવે છે. ત્રેતાયુગમાં ધિક્કાર અને ઉપાલંભભરેલી વાણીએ બન્નેનો ઉપયોગ કરીને અપરાધીને દંડવામાં આવે છે. દ્વાપરયુગમાં ધિક્કારવાણી, ઉપાલંભ અને સર્વસ્વનું હરણ કરવારૂપ શિક્ષા કરવામાં આવે છે અને કલિયુગમાં ધિક્કારવાણી, ઉપાલંભ, સર્વસ્વનું હરણ તથા વધરૂપ દંડનો ઉપયોગ કરીને પ્રજાઓને વશ કરવામાં આવે છે.

રહેલા ધર્મનો પણ વિનાશ થઈ જાય). આવા હેતુથી રાજાએ, મનુષ્યના આયુષનો, શક્તિનો તથા કાળનો નિશ્ચય કરીને (અપરાધના પ્રમાણમાં) શિક્ષા તો કરવી જોઇએ;+[૩૫] કારણકે (શિક્ષાના ભયને લીધે) મનુષ્ય, બ્રહ્મપ્રાપ્તિમાટેના મહાન ધર્મફળનો (જ્ઞાનનો) ત્યાગ કરતો નથી, એમ સ્વયંભૂના પુત્ર ભગવાન મનુએ પ્રાણીઓપર દયા કરવામાટે (ધર્મશાસ્ત્રમાં) કહ્યું છે.[૩૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “દ્યુમત્સેન અને સત્યવાનનો સંવાદ” એ વિષયનો અધ્યાય ૨૬૭ મો સમાપ્ત.

અધ્યાય ૨૬૮ મો

કપિલગીતા-કોણ શ્રેષ્ઠ? ગૃહસ્થધર્મ કે યોગધર્મ?

॥ युधिष्ठिर उवाच ॥

अविरोधेन भूतानां योगः षाड्गुण्यकारकः॥
यः स्यादुभयभाग्धर्मस्तन्मे ब्रूहि पितामह॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે પિતામહ! કોઇપણ પ્રાણીનો વિરોધ કર્યા વિના જેનું સેવન કરવાથી મનુષ્યને સંપૂર્ણ ઐશ્વર્ય, જ્ઞાન, યશ, સંપત્તિ, વૈરાગ્ય અને ધર્મ-એ છએ ગુણોનો લાભ થાય છે, તે યોગધર્મને તમે કહ્યો; તો હવે જે ધર્મ, ગૃહસ્થાશ્રમ અને યોગ-એ બન્નેમાં સેવન કરવા યોગ્ય હોય તે મને કહો.[૧] હે પિતામહ! ગૃહસ્થધર્મ અને યોગધર્મ-એ બન્ને, સમીપમાં રહીને મોક્ષરૂપી એકજ અર્થને સિદ્ધ કરવા પ્રવૃત્ત થયા છે, એમ શાસ્ત્રકારો કહે છે તોપણ તેઓ બન્નેમાંથી શ્રેષ્ઠ ધર્મ કયો છે? તે મને કહો.[૨]

ભીષ્મે કહ્યું:-ગૃહસ્થધર્મ અને યોગધર્મ, એ બન્ને મહાન ઐશ્વર્યને આપનારા છે, બન્ને મહા દુઃખથી આચરી શકાય તેવા છે, બન્ને મહાન ફળને આપનારા છે અને બન્નેનું સત્પુરુષોએ આચરણ કર્યું છે;[૩] તોપણ હે પાર્થ! આ બન્ને ધર્મના સંબંધમાં સંશયને દૂર કરનારૂં એક પ્રમાણ હું તમને કહું છું, તેને તમે એકચિત્ત થઇને સાંભળો.[૪] હે યુધિષ્ઠિર! આ વિષયમાં પણ એક પુરાતની ઈતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે, જેમાં કપિલનો તથા એક ગાયનો (ગાયના શરીરમાં દાખલ થયેલા સ્યૂમરશ્મિ નામના ઋષિનો) સંવાદ વર્ણવેલો છે, તેનું તમે શ્રવણ કરો.[૫] અમે એમ સાંભળ્યું છે કે, પૂર્વે નહુષ રાજાને ઘેર ત્વષ્ટા દેવ જ્યારે અતિથિતરીકે આવ્યો, ત્યારે તેનો અતિથિસત્કાર કરવામાટે નહુષ રાજાએ પ્રાચીન, સનાતન અને નિશ્ચયાત્મક એવા વેદવચનને પ્રમાણ ગણીને મધુપર્કમાં એક ગાયને હિંસા કરવા માટે આણી.[૬] તે સમયે ઉદાર અંતઃકરણવાળા, સત્વગુણમાં સ્થિતિ કરનારા, સંયમ ઉપર પ્રીતિ રાખનારા, જ્ઞાનમાં નિષ્ઠાવાળા, નિયમપૂર્વક આહાર કરનારા અને સર્વ તરફથી નિર્ભય, શ્રેષ્ઠ, દૃઢ, સત્ય તથા ઉત્તમ નિષ્ઠાવાળી બુદ્ધિને પ્રાપ્ત થયેલા કપિલ મુનિ, વધ કરવા માટે ઉભી રાખેલી તે ગાયને જોઇને એકવાર આ પ્રમાણે બોલી ઉઠયા કે, “અરે ઓ વેદ!”[૭,૮] આ રીતે કપિલમુનિએ વેદનો આક્ષેપ કર્યો, એટલે સ્યૂમરશ્મિ નામનો એક ઋષિ, (પોતાના યોગબળથી) ગાયના શરીરમાં પ્રવેશ કરીને તેને આ પ્રમાણે કહેવા લાગ્યો:-“અહો! વેદને આ પ્રમાણે જો નિંદ્ય માનવામાં આવે છે તો પછી વેદમાં કહેલા બીજા હિંસારહિત ધર્મોને કેવી રીતે પ્રમાણ ગણવામાં આવશે?[૯]* માટે વેદોક્ત વિજ્ઞાનશાસ્ત્રરૂપ દૃષ્ટિવાળા ધીર તપસ્વીઓ એમજ માને છે કે, વેદોમાં જે કંઇ કહેવામાં આવ્યું છે, તે સર્વ નિત્ય જ્ઞાનસંપન્ન પરમાત્માનાંજ વચનો ×છે,[૧૦]

+ ધર્મશાસ્ત્ર પણ કહે છે કે:-“**राजभिः कृतदंडास्तु शुद्धयंति मलिना जनाः**-અપરાધ કરનારા પાપી મનુષ્યો, રાજાઓની શિક્ષારૂપ પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થાય છે-પાપથી મુક્ત થાય છે.

* કહેવાનો ભાવ એ છે કે, વેદોક્ત કર્મકાંડ તથા જ્ઞાનકાંડ-બન્નેની પ્રમાણતા કે અપ્રમાણતા સરખીજ છે; માટે એ બન્નેમાંથી કોઇની નિંદા કરવી નહિ કે પ્રશંસા કરવી નહિ.

× શ્રુતિ પણ કહે છે:-‘**अस्य महतो भूतस्य निःश्वसितमेतद्यदृग्वेदो यजुर्वेदः सामवेदः**-”

કે જે પરમાત્મા સર્વ તૃષ્ણાઓથી રહિત છે, સર્વ સંતાપોથી મુક્ત છે, સર્વ ફલાભિલાષથી રહિત છે અને સર્વ આરંભોથી મુક્ત છે. તે પરમાત્માને વેદોની અંદર વિષમ વચનો બોલવાનું શું પ્રયોજન હોય? (અર્થાત વેદવચનમાં વિષમ વિવક્ષાનો સંભવજ નથી.)”[૧૧]

કપિલે કહ્યું:-“હું વેદોની નિંદા કરતો નથી, તેમ વેદોને વિષમ પણ કહેતો નથી; પરંતુ અમે સાંભળ્યું છે કે, પ્રત્યેક આશ્રમવાસીઓનાં કર્મો ભિન્ન ભિન્ન હોય છે, છતાં તેઓનું પ્રયોજન એકજ હોય છે.[૧૨] જેમકે, સંન્યાસી, વાનપ્રસ્થ, ગૃહસ્થ અને બ્રહ્મચારી-એ ચારે આશ્રમવાસીઓ પરમ પદને પામેજ છે.[૧૩] વળી આ ચાર આશ્રમો, પરમાત્માનો સાક્ષાત્કાર કરાવનારા ચાર સનાતન માર્ગો છે; પરંતુ એ માર્ગોમાં કયો માર્ગ શ્રેષ્ઠ છે અને કયો માર્ગ કનિષ્ઠ છે, તેમજ કયો માર્ગ બળવાન છે અને કયો માર્ગ નિર્બળ છે, એ તેઓના ફળ ઉપરથી કહેવામાં આવ્યું છે.÷[૧૪]

(સારાંશ કે, ફળ તરફ દૃષ્ટિ કરીનેજ આ ચાર માર્ગમાં ભેદ કહેવામાં આવ્યો છે,) એમ જાણીને સ્વર્ગાદિક ફળ આપનારાં સર્વ યજ્ઞાદિ કર્મો કરવાં; આવો વેદોક્ત કર્મકાંડનો મત છે. ત્યારે બીજી તરફ એક પ્રમાણભૂત શ્રુતિ એમ પણ કહે છે કે, કોઇ જાતનાં કર્મોનો આરંભજ કરવો નહિ;[૧૫] કારણ કે કર્મોનો ત્યાગ કરવામાં લેશમાત્ર દોષનો સંભવ નથી અને કર્મનો આરંભ કરવામાં તો ઘણા દોષો સમાયલા છે. આવા પ્રકારનાં જે શાસ્ત્રવચનો છે, તેમાં કયું વચન બળવાન છે અને કયું વચન નિર્બળ છે, એ જાણવું મહાકઠિન છે; છતાં અહિંસાસિવાયનું બીજું કોઈપણ હિંસાશાસ્ત્ર, કે જેનું ફળ આગમશાસ્ત્રસિવાય પ્રત્યક્ષ કે અનુમાનથી તેં જોયું હોય તો તું મને કહે.”[૧૭]*

ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ, સર્વ મહાન પરમાત્માના એક નિઃશ્વાસરૂપ છે-અર્થાત પરમાત્માના સ્વમુખથીજ ઉચ્ચારાયલા છે, માટે તેમાંના એક પણ અક્ષરને અપ્રમાણરૂપ માની શકાય તેમ નથી.

÷ જેમકે:-

“संन्यासी मोक्षमाप्नोति ब्रह्मलोकं वनी तथा’।
स्वर्लोकमृषिलोकं च गृहस्थब्रह्मचारिणौ”॥

સંન્યાસી મોક્ષને પામે છે, વાનપ્રસ્થ બ્રહ્મલોકને પામે છે, ગૃહસ્થ સ્વર્ગલોકને પામે છે અને બ્રહ્મચારી ઋષિલોકને પામે છે.” આ ઉપરથી કહી શકાય છે કે, સંન્યાસ, વાનપ્રસ્થ, ગૃહસ્થ અને બ્રહ્મચર્ય-આ ચારે આશ્રમોમાં પૂર્વ પૂર્વનો આશ્રમ બળવાન છે અને ઉત્તર ઉત્તરનો આશ્રમ નિર્બળ છે.

* આ શ્લોકનું વિશેષ સ્પષ્ટીકરણ કરવા માટે ટીકાકાર નીલકંઠ લખે છે કે, હિંસાધર્મના સ્વર્ગાદિ ફળને વેદમાં તથા શાસ્ત્રમાં વર્ણવેલું હોવાથીજ આપણે જાણી શકીએ છીએ; પરંતુ તેને પ્રત્યક્ષ જોવાનો બીજો કોઈપણ ઉપાય નથી અને યોગધર્મના ફળને તો આપણે પ્રત્યક્ષ કરી શકીએ છીએ. જેમકે, આપસ્તંબે કહ્યું છે કે, યોગી પુરુષોને સંકલ્પસિદ્ધિ પ્રાપ્ત થાય છે, તેઓ દૂર રહેલી વસ્તુને પણ જોઇ શકે છે અને મનના જેવો વેગ કરીને ગમે તે સ્થળે જઇ શકે છે. વળી અનુમાનથી પણ યોગધર્મના ફળને જાણી શકાય છે. જેમકે દોરડીમાં સર્પનું ભાન મિથ્યાજ્ઞાનથી થાય છે, તેમ જગતમાં આત્માને જે બંધન થાય છે તે પણ કેવળ મિથ્યાજ્ઞાનનુંજ કાર્ય છે, એમ ભગવતી શ્રુતિ પણ કહે છે; માટે માત્ર અજ્ઞાનનો નાશ કરવાથીજ બંધનની નિવૃત્તિ થઇ જાય છે. જેમ દોરડીમાં ભ્રાંતિથી દેખાયેલા સર્પથી ભય પામેલા પુરુષને હજારોવાર ગંગા નદીમાં સ્નાન કરાવો તોપણ દોરડીનું ખરૂં જ્ઞાન થયાવિના તેના ભયની નિવૃત્તિ થતી નથી, તેમ આત્મજ્ઞાન સંપાદન કર્યા વિના હજારો યજ્ઞો કરવામાં આવે તોપણ સંસારબંધનથી છૂટી શકાતું નથી. આવા આશયથી સ્મૃતિમાં કહ્યું છે કે:-

भिद्यते हृदयग्रंथिश्छिद्यंते सर्वसंशयाः।
क्षीयंते चास्य कर्माणि तास्मिन् दृष्टे परावरे’

પરમાત્માનો જ્યારે સાક્ષાત્કાર થાય છે, ત્યારે હૃદયની અજ્ઞાનગ્રંથિ તૂટી જાય છે, સર્વ સંશયોનો નાશ થઇ જાય છે અને સર્વ કર્મોનો ક્ષય થઈ જાય છે.” આ રીતે યોગધર્મનું ફળ પ્રત્યક્ષ અનુમાન તથા શાસ્ત્રથી જેમ જાણી શકાય છે, તેમ યજ્ઞાદિધર્મકર્મનું ફળ કેવળ શાસ્ત્રવિના પ્રત્યક્ષ કે અનુમાનથી

સ્યૂમરશ્મિએ કહ્યુંઃ–" આપણે સાંભળીએ છીએ કે, "સ્વર્ગની ઇચ્છા રાખનારાએ યજ્ઞ કરવો" આવું એક વેદવચન છે અને તેમાં પ્રથમ સ્વર્ગરૂપ ફળની કલ્પના કર્યા પછીજ યજ્ઞવિધિનો આરંભ કરવામાં આવે છે.[૧૮] વળી વેદમાં કહ્યું છે કે, બકરો, ઘોડો, ઘેટો, ગાય, પક્ષીઓ અને ગ્રામ્ય તથા જંગલી ઔષધિઓ–એ સર્વ પ્રાણનું અન્ન છે.×[૧૯] પ્રત્યેક પ્રાણીને નિત્ય પ્રાતઃકાળે અને સાયંકાળે અન્નભક્ષણની આવશ્યક્તા રહે છે અને શ્રુતિ પણ કહે છે કે, પશુઓ તથા ધાન્ય યજ્ઞનું અંગ છે.[૨૦]÷ વળી આ પશુઓને તથા ધાન્યને પ્રજાપતિએ યજ્ઞને માટેજ ઉત્પન્ન કર્યાં છે અને તે પ્રભુએજ યજ્ઞ કરીને દેવોનું પૂજન કર્યું હતું.[૨૧] વેદવેત્તાઓ કહે છે કે, (ગાય, બકરો, મનુષ્ય, ઘોડો, ખચ્ચર અને ગધેડો–આ) સાત ગ્રામ્યપશુઓનો તથા (સિંહ, વ્યાઘ્ર, વરાહ, પાડો, હાથી, રીંછ અને વાનર આ)–સાત આરણ્યક પશુઓનો યજ્ઞનિમિત્ત ઉપયોગ થઇ શકે છે અને તેમાં પૂર્વ પૂર્વનું પશુ ઉત્તરોત્તર પશુના કરતાં ઉત્તમ ગણાય છે; એટલુંજ નહિ પણ પુરુષ જેવા ઉત્તમ પ્રાણીનો પણ યજ્ઞોમાં પશુ તરીકે વિનિયોગ કરવામાં આવ્યો છે અને આ સમગ્ર જગતનો કેવળ યજ્ઞોને માટેજ ઉપયોગ છે, એમ વેદો કહે છે.[૨૨] વળી પૂર્વકાળના અતિ પ્રાચીન ઋષિમુનિઓએ પણ શાસ્ત્રમાં તે પ્રમાણે આજ્ઞા કરી છે, માટે પોતાની શક્તિ પ્રમાણે કયો વિદ્વાન પુરુષ યજ્ઞ કરવા તત્પર ન થાય? (અર્થાત સર્વ કોઇએ પોતાની શક્તિ પ્રમાણે યજ્ઞો કરવાજ જોઇએ.) [૨૩] જગતનાં સર્વ પશુઓ, મનુષ્યો, વૃક્ષો અને ઔષધિઓ સ્વર્ગ મેળવવાનીજ ઇચ્છા રાખે છે; પરંતુ યજ્ઞવિના તેઓને સ્વર્ગ મળી શકતું નથીજ.[૨૪] ઔષધિઓ, પશુઓ, વૃક્ષો, લતાઓ, ઘી, દૂધ, દહીં, હવિષ્, પૃથ્વી, દિશાઓ, શ્રદ્ધા, કાળ, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, યજમાન અને ગૃહપતિ નામનો અગ્નિ–આ સત્તરે પદાર્થો યજ્ઞનાં અંગ ગણાય છે અને યજ્ઞ લોકસ્થિતિનું મૂળ કારણ છે, એમ શ્રુતિ કહે છે. વળી ઘી, દૂધ, દહીં, છાણ, આમિક્ષા (દહીંમિશ્ર દૂધ), ચામડું, વાળ, શીંગડું અને ખરી–આ સર્વ પદાર્થો પૂરા પાડીને ગાયજ યજ્ઞપ્રત્યે (ઉપયોગી) સંભવે છે. (માટે ગાયને યજ્ઞનું મુખ્ય અંગ માનવામાં આવ્યું છે.) આ રીતે પૂર્વે કહેલા એક એક પદાર્થ અથવા જગતમાં જે જે પદાર્થો દૃષ્ટિગોચર થાય છે, તે સર્વથી યજ્ઞનું વિધાન થઈ શકે છે.[૨૫-૨૮] યજ્ઞ કરનારા યજમાનો પૂર્વોક્ત સર્વ પદાર્થોને એકત્ર કરીને તેમજ જેઓને દક્ષિણા આપી છે તેવા બ્રાહ્મણોનેજ એકઠા કરીને યજ્ઞકર્મ આરંભેજ છે અને પૂર્ણ પણ કરે છે.[૨૯] શ્રુતિમાં સત્યજ કહ્યું છે કે, જગતના સર્વ પદાર્થોને કેવળ યજ્ઞનિમિત્તેજ ઉત્પન્ન કરવામાં આવ્યા છે અને અતિપુરાણ કાળના સર્વ મનુષ્યો, એ પ્રમાણે પ્રવૃત્તિ કરતાજ હતા.[૩૦] જે પુરુષ યજ્ઞના ફળની ઇચ્છા રાખતો નથી અને "યજ્ઞ કરવો એ મારો ધર્મ છે" એમ સમજીને યજ્ઞકર્મ કરે છે, તે પુરુષ હિંસા કરે છે છતાં હિંસા કરતો નથી, આરંભ કરે છે છતાં આરંભ કરતો

જાણી શકાતું નથી. આ ઉપરથી ત્યાગવિધિમાં અને કર્મવિધિમાં બળવાન કોણ છે તથા નિર્બળ કોણ છે, એ વાતને સહેલાઇથી જાણી શકાય છે.– અર્થાત્ કર્મવિધિના કરતાં ત્યાગવિધિજ અત્યંત બળવાન છે. કપિલ સ્યૂમરશ્મિને કહે છે કે,વેદમાં કોઈ કોઇ સ્થળે ત્યાગધર્મના કરતાં ગૃહસ્થધર્મની અતિશય પ્રશંસા કરી છે, તેનો મુખ્ય ઉદ્દેશ એજ છે કે, તે નિમિત્તે અધિકારીની શ્રદ્ધામાં વૃદ્ધિ થાય, પણ વાસ્તવિક રીતે તો અહિંસાશાસ્ત્રના જેવું ઉત્તમ ફળ આપનાર હિંસાશાસ્ત્ર નથી;છતાં વેદશાસ્ત્રમાં કહ્યા સિવાયનું પ્રત્યક્ષ ફળ આપનાર હિંસાશાસ્ત્ર, જો તારા જાણવામાં હોય તો મને કહે.

× આ શ્લોકનો આશય એ છે કે, જે જેનું અન્ન છે તેનું તેણે ભક્ષણ કરવુંજ જોઇએ. એ ન્યાય પ્રમાણે પશુઆદિનું ભક્ષણ કરવામાં દોષ નથી. તો પછી યજ્ઞનિમિત્તે વધ કરવામાં દોષ કેમ હોઈ શકે?

÷ સ્યૂમરશ્મિ એમજ સિદ્ધ કરવા માગે છે કે, શ્રૌતકર્મની અંદર કરવામાં આવતી હિંસા, તે હિંસા ગણાતી નથી.

નથી અને દ્રોહ કરે છે છતાં દ્રોહકર્તા ગણાતો નથી. (કારણ કે તે પુરુષનાં સર્વ કર્મો કેવળ નિષ્કામ બુદ્ધિથીજ નિષ્પન્ન થયેલાં હોય છે.)[૩૧] ઔષધિ વગેરે પૂર્વોક્ત યજ્ઞનાં અંગો અને યજ્ઞસ્તંભ આદિ અલૌકિક ઉપકરણો (ઉપાંગો) યજ્ઞક્રિયામાં વિધિપૂર્વક જો યોજાયલાં હોય છે તો પોતપોતાના કાર્યમાં તેઓ, પરસ્પરને ઉપકારકર્તા થઇ પડે છે.[૩૨] જેમાં કેવળ વેદોનુંજ વર્ણન કરવામાં આવ્યું છે-અર્થાત વેદાનુકૂલ ક્રિયાકલાપનું :જેમાં વર્ણન કરવામાં આવ્યું છે, તે ધર્મશાસ્ત્ર ઋષિઓની સંપ્રદાયપરંપરાથી પ્રાપ્ત થયું છે, એમ હું માનું છું અને બ્રાહ્મણગ્રંથનો વિચાર કરીને વિદ્વાનો પણ તેમજ માને છે.[૩૩] યજ્ઞની ઉત્પત્તિ, વેદરૂપ બ્રાહ્મણગ્રંથમાંથી થઇ છે અને તેને અર્પણ કરનાર પણ બ્રાહ્મણગ્રંથજ છે. સમગ્ર જગત યજ્ઞને અનુસરીનેજ ચાલી રહ્યું છે અને યજ્ઞ સર્વ જગતને અનુસરી રહ્યો છે.[૩૪] ૐકાર એ વેદોનું ઉત્પત્તિસ્થાન છે. (માટે યજ્ઞાદિ સર્વ ક્રિયાઓને ૐકારના ઉચ્ચારપૂર્વકજ કરવી જોઇએ.) વળી વેદો, સિદ્ધો અને મોટા મોટા ઋષિઓ કહે છે કે, નમસ્કાર, સ્વાહાકાર, સ્વધાકાર અને વષટ્કારનો પોતાની શક્તિ અનુસાર પ્રયોગ કરનારા પુરુષને ત્રણે લોકમાં પરલોકનો ભય રહેતો નથી.[૩૫,૩૬] જે પુરુષની અંદર ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને વિધિપૂર્વક ઉચ્ચારાયલા 'हायि, हावु' વગેરે સ્તોભોનો નિવાસ છે, તે પુરુષજ ખરો બ્રાહ્મણ કહેવાય છે.[૩૭] હે બ્રાહ્મણ!* અગ્નિનું આધાન કરવાથી, સોમયજ્ઞ પૂર્ણ કરવાથી અને તે સિવાયના બીજા મોટા મોટા યજ્ઞો કરવાથી પુરુષને જે ફળ પ્રાપ્ત થાય છે, તે જ્ઞાન અને ઐશ્વર્યયુક્ત થયેલા તમે પોતે જાણોજ છો;[૩૮] માટે હે બ્રહ્મન્! કોઇ જાતનો વિચાર કર્યાવિના પ્રત્યેક પુરુષે યજ્ઞ કરવા જોઇએ અને બીજાઓ પાસે કરાવવા પણ જોઇએ; કારણ કે વિધિપૂર્વક યજ્ઞ કરનારા પુરુષને મરણ પછી સ્વર્ગલોકરૂપી મહાન ફળ પ્રાપ્ત થાય છે,[૩૯] પરંતુ જે પુરુષો યજ્ઞ કરતા નથી તેઓને આ લોકમાં કે પરલોકમાં કંઇ ફળ મળતું નથી, એ વાત નિશ્ચય છે; અને જે પુરુષ વેદમાં કહેલાં અર્થવાદ વચનોને સારી રીતે જાણે છે, તે પુરુષને કર્મમાર્ગ તથા જ્ઞાનમાર્ગ-બન્ને પ્રમાણભૂત હોય છે.”[૪૦]×

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ગોકપિલીય આખ્યાન” એ વિષયનો
અધ્યાય ૨૬૮ મો સમાપ્ત.

અધ્યાય ૨૬૯ મો

કપિલગીતા-યોગધર્મ શ્રેષ્ઠ છે.

॥ कपिलउवाच ॥

एतावदनुपश्यंति यतयो यांति मार्गगाः ॥
नैषां सर्वेषु लोकेषु कश्चिदस्ति व्यतिक्रमः ॥१॥

કપિલે કહ્યું:-“ યમનિયમાદિ નિયમોમાં નિષ્ઠા રાખનારા યોગીઓ, આત્મસ્વરૂપને પામે છે અને પ્રથમથીજ આત્મપ્રાપ્તિના માર્ગમાં સ્થિતિ કરનારા તેઓ આ દૃશ્યમાન બ્રહ્માંડને કર્મનાં ફળરૂપેજ જુએ છે; એટલુંજ નહિ પણ તેવા યોગી પુરુષોના સંકલ્પો કોઈ પણ લોકમાં મિથ્યા થતા નથી.[૧] સુખદુ:ખાદિ દ્વંદ્વોનો ત્યાગ કરનારા, કોઇપણ પ્રાણીને નમસ્કાર નહિ કરનારા, આશાના બંધનથી મુક્ત થયેલા, સ્વભાવથીજ શુદ્ધ અને સર્વ આગંતુક દોષોથી રહિત થયેલા જ્ઞાની પુરુષો, સર્વ પાપોથી મુક્ત થઇને જગતમાં વિચર્યા કરે છે.[૨] વળી જે પુરુષો મોક્ષ, કર્મનો ત્યાગ અને આત્મજ્ઞાન-

---

*અગ્નિનું આધાન કરવાથી!-અર્થાત્ અગ્નિહોત્રકર્મનો સ્વીકાર કરવાથી મનુષ્ય, આ લોકમાંજ દેવભાવને પામી શકે છે. વિધિપૂર્વક સોમયાગ કરવાથી સ્વર્ગનું અધિપતિપણું મેળવી શકાય છે અને તે સિવાયના બીજા મોટા મોટા યજ્ઞો કરવાથી સર્વ કામનાઓ પૂર્ણ કરી શકાય છે.

× લક્ષ્યમાં રાખવું કે, સ્યૂમરશ્મિનો મત સિદ્ધાંતદૃષ્ટિએ નથી, પણ પૂર્વપક્ષની દૃષ્ટિએજ છે. આવો પૂર્વપક્ષ કરવાનો મુખ્ય ઉદ્દેશ એજ છે કે, અંતે કપિલના સ્વમુખથીજ યોગધર્મની શ્રેષ્ઠતા સ્યૂમરશ્મિને જાણવી છે.

એ ત્રણનોજ નિશ્ચય કરી બેઠા છે, બ્રહ્મમાંજ નિષ્ઠા રાખનારા છે, કેવળ બ્રહ્મસ્વરૂપજ બની ગયેલા છે, બ્રહ્મમાંજ ચિત્તનો લય કરનારા છે અને શોકનો તથા મોહનો ત્યાગ કરનારા છે, તે પુરુષોને નિત્ય સિદ્ધલોકની પ્રાપ્તિ થાય છે અને આવી પરમ ગતિ પ્રાપ્ત કર્યા પછી તે પુરુષોને ગૃહસ્થધર્મનું આચરણ કરવાનું શું પ્રયોજન છે?" ÷ ૩,૪

સ્યૂમરશ્મિએ કહ્યું:–તમે કહ્યું તે પ્રમાણે સુખદુ:ખાદિ દ્વંદ્વોથી રહિત થવું વગેરેનેજ ઉત્તમ જ્ઞાનનિષ્ઠા કહેવામાં આવે છે અને એ સ્થિતિનેજ પરમ સદ્‌ગતિરૂપ માનવામાં આવે છે, પણ ગૃહસ્થોનો આશ્રય કર્યાવિના એ જ્ઞાનનિષ્ઠા પ્રાપ્ત થતી નથી અને ગૃહસ્થાશ્રમવિના બીજો કોઇ આશ્રમ તે જ્ઞાનનિષ્ઠા આપવા સમર્થ પણ નથી. (અર્થાત તમે કહેલી જ્ઞાનનિષ્ઠાને પ્રાપ્ત કરાવનારો જો ગૃહસ્થાશ્રમજ છે, તો પછી તે આશ્રમને બીજા આશ્રમોના કરતાં શ્રેષ્ઠ કેમ ન કહેવાય?)[૫] જેમ સર્વ પ્રાણીઓ પોતાની માતાનો આશ્રય કરીને જીવે છે, તેમ બીજા આશ્રમો, ગૃહસ્થાશ્રમનો આશ્રય કરીનેજ નભી શકે છે.[૬] ગૃહસ્થજ યજ્ઞયાગ કરી શકે છે, ગૃહસ્થજ તપશ્ચર્યા કરી શકે છે અને સુખાર્થી પુરુષ, સુખ મેળવવા માટે જે જે ધર્મનું સેવન કરે છે, તે સર્વનું મૂળ ગૃહસ્થાશ્રમજ છે.[૭] પ્રાણને ધારણ કરનારા સર્વ મનુષ્યો, ગૃહસ્થાશ્રમમાં રહીને પ્રજાને ઉત્પન્ન કરે છે અને તેથી તેઓ સુખી થાય છે; પરંતુ બીજા આશ્રમોમાં પ્રજાનું ઉત્પાદન કોઇ રીતે થઇ શકતું નથી, (તો પછી તેઓ સુખી કેવી રીતે થાય?)[૮] વળી ઘાસ, ધાન્ય અને પર્વતોમાં ઉત્પન્ન થનારી સોમલતા વગેરે ઔષધિઓ કેવળ ગૃહસ્થાશ્રમને લીધેજ ઉત્પન્ન થાય છે અને પ્રાણીઓના પ્રાણ ધાન્યાદિ ઔષધિરૂપજ છે; તેમજ એ પ્રાણથી રહિત એવો એક પણ પદાર્થ જગતમાં જોવામાં આવતો નથી.*[૯] તો પછી "ગૃહસ્થાશ્રમથી મોક્ષની સિદ્ધિ નથી" એવી કયા પુરુષની વાણી સત્ય થઇ શકે તેમ છે? માત્ર જેઓનામાં શ્રદ્ધા નથી, ડહાપણ નથી, સૂક્ષ્મ દૃષ્ટિ નથી અને પ્રતિષ્ઠા નથી, તેવા આળસુ અને મૂર્ખ પુરુષોએજ પોતાનાં જાતિકર્મ કરવામાં કંટાળી જઇને સંતાપને લીધે સંન્યાસધર્મમાં શાંતિગુણની સ્થિતિ જોયેલી છે. (અર્થાત સંન્યાસજ શાંતિગુણનું વિહારસ્થાન છે, એમ મૂર્ખ પુરુષોએ માન્યું છે. વસ્તુતઃ ગૃહસ્થાશ્રમજ શમગુણનું ×નિધાન છે.)[૧૦,૧૧] ત્રણે લોકના હેતુરૂપ એવી આ સનાતન મર્યાદા, કલ્પસુધી અચળ રહેનારી છે, કે જ્ઞાન, ઐશ્વર્ય આદિ છ ગુણોવાળો વેદવેત્તા પુરુષ જન્મથી આરંભીનેજ પૂજાય છે?[૧૨] બ્રાહ્મણ આદિ ત્રણે વર્ણોમાં ગર્ભાધાનના પ્રથમ સમયથીજ આરંભીને વૈદિક મંત્રોની પ્રવૃત્તિ થાય છે, (કારણકે ગર્ભાધાનાદિ સર્વ સંસ્કારો વેદના મંત્રોચ્ચારપૂર્વકજ તેઓને કરવાના હોય છે.) તેમજ સ્વર્ગાદિ પારલૌકિક સાધન સિદ્ધ કરવાના સમયે અને વૃષ્ટિ આદિ આ લોકનાં સાધનો સિદ્ધ કરવામાટે પણ વેદના મંત્રોનીજ આવશ્યકતા રહે છે.[૧૩] તેમજ મરણ પામેલાં મનુષ્યોનો દાહ કરવો હોય ત્યારે, દેહની પુનઃ પ્રાપ્તિ કરવી હોય ત્યારે, શ્રાદ્ધાદિ તર્પણક્રિયા કરવાની હોય ત્યારે, સુપાત્રને ભોજન આપવું હોય ત્યારે, ગાયોનું તથા પશુઓનું દાન કરવું હોય ત્યારે અને પિંડને જળની અંદર ડૂબાડવાના હોય ત્યારે, વેદના મં-

---

÷ અર્થાત્ રાજાધિરાજનું પદ પ્રાપ્ત કર્યા પછી ભીખ માગવાની કોણ ઇચ્છા કરે? ગૃહસ્થધર્મનું સેવન કરવાથી પ્રાપ્ત થનારા સ્વર્ગાદિ લોકો નાશવંત હોઇને તુચ્છ છે અને જ્ઞાનદ્વારા પ્રાપ્ત થનારી પરમ ગતિ અવિનાશી હોઇને સર્વોત્તમ છે.

* 'अग्नौ प्रास्ताहुतिः सम्यगादित्यमुपतिष्ठते ।
आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्नं ततः प्रजाः ॥

અગ્નિમાં વિધિપૂર્વક હોમેલી આહુતિ સૂર્યને મળે છે, સૂર્ય વરસાદ વરસાવે છે, વરસાદથી અન્ન નિપજે છે અને અન્નથી પ્રજાઓ જીવી શકે છે." આ સ્મૃતિવચન પ્રમાણે એમજ સિદ્ધ થાય છે કે, જગતની ઉત્પત્તિ આદિનું મૂળ કારણ ગૃહસ્થાશ્રમજ છે.

× સ્મરણમાં રાખવું કે, સ્યૂમરશ્મિનાં સર્વ વચનો પૂર્વપક્ષનાંજ છે.

ત્રોની અવશ્ય જરૂર પડે છે.[૧૪] વળી અર્ચિષ્મત્, આહર્ષદ્ અને ક્રવ્યાદ–વગેરે પિતૃઓ પણ મંત્રપૂર્વક કરવામાં આવેલી પ્રેતક્રિયાઓનોજ સ્વીકાર કરે છે; માટે સિદ્ધ થાય છે કે, પ્રત્યેક કર્મોની સિદ્ધિમાં મંત્રોજ કારણભૂત છે.[૧૫] આ રીતે વેદો પોકારી પોકારીને કહે છે, તો પછી કર્મ કર્યા વિના મોક્ષ કોનો થઇ શકે તેમ છે? કારણકે જન્મની સાથેજ મનુષ્યો દેવ, પિતૃ અને ઋષિઓના ઋણથી બંધાયલા હોય છે.[૧૬]÷ (માટે હું તો એમજ માનું છું કે,) લક્ષ્મીવિનાના આળસુ પંડિતોએ ઉપર ઉપરથી સત્ય દેખાતા, પરંતુ વાંસ્તવિક અસત્ય એવા આ સંન્યાસધર્મને જગતમાં ચાલુ કર્યો છે, કે જે ધર્મને વેદવચનના અજ્ઞાનથીજ ઉત્પન્ન થયેલો માની શકાય છે.[૧૭] જે બ્રાહ્મણ વેદશાસ્ત્રને અનુસરીને યજ્ઞયાગજ કર્યા કરે છે, તેને પાપોનું આકર્ષણ થતું નથી. ઉપરાંત તે બ્રાહ્મણ યજ્ઞોના પ્રભાવને લીધે, યજ્ઞમાં વિનિયોગ કરેલાં પશુઓની સાથે સ્વર્ગલોકમાં જાય છે. આ રીતે યજ્ઞકર્તા યજમાન, પશુ આદિને પણ સ્વર્ગાદિકથી તૃપ્ત કરીને પોતે પણ તૃપ્ત થાય છે.[૧૮] પુરુષ, વેદોનું અપમાન કરીને, શઠતા કરીને કે કપટ કરીને પરબ્રહ્મને પામી શકતો નથી; પરંતુ વેદમાં શ્રદ્ધા રાખીને, વેદોક્ત કર્મ કરવાથીજ પરબ્રહ્મને પામી શકે છે."[૧૯]

કપિલે કહ્યું:–"(હું પોતે કબૂલ કરૂં છું કે) બુદ્ધિમાન પુરુષે (ચિત્તશુદ્ધિ સંપાદન કરવા માટે) દર્શપૌર્ણમાસ, અગ્નિહોત્ર અને ચાતુર્માસ્ય–આદિ (અહિંસક) કર્મો અવશ્ય કરવાં; કારણકે તેવાં કર્મો કરવાથી સનાતન ધર્મની પ્રાપ્તિ થાય છે.+[૨૦] (પરંતુ તું કહે છે કે, સંન્યાસધર્મને તો આળસુ પુરુષોએજ ચાલુ કર્યો છે એ વાતને હું કબૂલ કરતો નથી; કેમકે) સંન્યાસધર્મનો સ્વીકાર કરી સર્વ આરંભોનો ત્યાગ કરનારા પુરુષોજ અત્યંત ધૈર્યવાળા ગણાય છે; (કારણકે તેવા પુરુષોએજ વૈરાગ્યના બળથી કામવાસનાઓને જીતી લીધી હોય છે.) અને તેથીજ તેઓ પવિત્ર હોય છે, પરબ્રહ્મને જાણનારા હોય છે અને અમૃતપદની ઇચ્છા રાખનારા તે સંન્યાસીઓ, પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરીનેજ દેવોને, ઋષિઓને તથા પિતૃઓને તૃપ્ત કરે છે.*[૨૧] જે પુરુષ, સર્વ પ્રાણીઓનો આત્મા થઇ ગયો છે, સર્વ પ્રાણીઓને પોતાના આત્મારૂપે જોઇ રહ્યો છે અને સર્વગુણોથી રહિત થયો છે, તે પુરુષના માર્ગના સંબંધમાં (મરણ પછીની ગતિના સંબંધમાં) જૂદા જૂદા ગુણોની ઇચ્છા રાખનારા દેવો પણ મોહવશ થઇ જાય છે.×[૨૨] સર્વના આત્મા અને નિર્ગુણ એવા પણ પરમાત્માને, મુમુક્ષુ પુરુષ ગુરુના ઉપદેશદ્વારા વિરાટ, સૂત્રાત્મા, અંતર્યામી અને શુદ્ધ–આવા ચાર સ્વરૂપે જાણે છે; (અર્થાત અવસ્થાના ભેદને લીધે પરમાત્મા નિર્ગુણસ્વરૂપ છે અને સગુણસ્વરૂપ પણ છે, એમ જાણે છે.) કારણકે આત્મા બાહ્ય,

---

÷ વેદમાં કહ્યું છે કે:–'**ब्राह्मणास्त्रिभिर्ऋणवाञ्जायते ब्रह्मचर्येण ऋषिभ्यो यज्ञेन देवेभ्यः प्रजया पितृभ्यः**"–બ્રાહ્મણ એટલે કે ત્રણે વર્ણના વેદાધિકારી મનુષ્યો, જન્મસમયેજ ત્રણ ઋણને સાથે લઇને જન્મે છે, તેમાંના ઋષિઋણમાંથી બ્રહ્મચર્યપૂર્વક વેદાધ્યયન કરીને મુક્ત થવાય છે, દેવના ઋણમાંથી યજ્ઞો કરીને મુક્ત થવાય છે અને પિતૃઓના ઋણમાંથી પ્રજાઓ ઉત્પન્ન કરીને મુક્ત થવાય છે.

+કપિલ કહે છે કે, ચિત્તશુદ્ધિ સંપાદન કરવા માટે વેદોક્ત અહિંસક કર્મો કરવાં, પણ હિંસક કર્મો કરવાં નહિ; કેમકે અહિંસક કર્મોનું સેવન કરવાથી ચિત્તશુદ્ધિ ઉપરાંત સનાતન ધર્મની પ્રાપ્તિ થાય છે.

શ્રુતિ પણ કહે છે કે:–'**क्षणमेकं क्रतुशतस्य चतुःसप्तत्या यत्फलं तदवाप्नोति**"–એક ક્ષણવાર પણ પરબ્રહ્મનું ધ્યાન કરનારો પુરુષ, ૧૭૪ યજ્ઞનાં ફળને સંપાદન કરે છે.

× કારણ કે, "**न तस्य प्राणाउत्क्रामंत्यत्रैव समवनीयंते**" બ્રહ્મવેત્તા પુરુષના પ્રાણ સ્વર્ગાદિ ઊર્ધ્વલોકમાં ગતિ કરતા નથી; પરંતુ પરબ્રહ્મમાંજ લય પામી જાય છે." આ શ્રુતિવચન પ્રમાણે જ્ઞાની પુરુષની બ્રહ્મસિવાય કોઈ ગતિજ નથી. એટલાજ માટે આ શ્લોકમાં કહ્યું છે કે, જ્ઞાની પુરુષોની ગતિના સંબંધમાં દેવો પણ મોહાધીન બની જાય છે.

વાણી, ઉદર અને ઉપસ્થ–એ ચાર દ્વારોથી જાણે ઢંકાયો હોય તેવો લાગે છે અને દેહ, ઇંદ્રિય, મન તથા બુદ્ધિ–એ ચાર મુખોથી ભોગોને ભોગવતો હોય તેવો જણાય છે. (માટેજ તેનું સોપાધિક સ્વરૂપ શાસ્ત્રમાં વર્ણવ્યું છે.) બાહુ, વાણી, ઉદર અને ઉપસ્થ (જનનેન્દ્રિય) આ ચારને લીધે દેવોની પણ જ્ઞાનશક્તિ ઢંકાઇ જાય છે, માટે પુરુષે એ ચારે દ્વારોનું નિયમન કરવા પ્રયત્ન કરવો જોઇએ.[૨૩] જેમકે બુદ્ધિમાન પુરુષે પાસાઓથી જુગાર ખેલવો નહિ, ચોરી કરીને પારકું દ્રવ્ય લેવું નહિ, વર્ણસંકર પુરુષને યજ્ઞ કરાવવો નહિ અને ક્રોધાયમાન થઇને કોઇને પ્રહાર કરવો નહિ, જેથી હાથપગનું સારી રીતે નિયમન થઇ શકે છે.[૨૪] કોઇને ગાળો ભાંડવી નહિ, મિથ્યા ભાષણ કરવું નહિ, ચાડીચુગલી કરવી નહિ, પારકી કુથલી કરવી નહિ, સત્ય વ્રતનું પાલન કરવું, જોઈતુંજ બોલવું અને પ્રમાદનો ત્યાગ કરવો, જેથી વાણીનું સારી રીતે નિયમન થઇ શકે છે.[૨૫] કેવળ ઉપવાસોજ કરવા નહિ, તેમ હદ ઉપરાંત ભોજન કરવું નહિ, કોઇ પદાર્થમાં લોલુપતા રાખવી નહિ, સત્પુરુષોનો સમાગમ કરવો અને જેટલાથી શરીરનું ધારણ થઇ શકે, તેટલોજ આહાર લેવો, જેથી ઉદરરૂપી દ્વારનું નિયમન થઈ શકે છે.[૨૬] હે વીર ! જેની સાથે લગ્નસંબંધ થયો હોય તે સિવાયની બીજી સ્ત્રી સાથે વિહાર કરવો નહિ, ઋતુકાલસિવાય પોતાની સ્ત્રીસાથે પણ સંભોગ કરવો નહિ અને અંતઃકરણપૂર્વક પરસ્ત્રીગમનનો ત્યાગ કરવો, જેથી ઉપસ્થ દ્વારનું નિયમન થઇ શકે છે.[૨૭] આ રીતે ઉપસ્થ, ઉદર, બાહુ અને ચોથી વાણી–આ ચારે દ્વારોને નિયમમાં રાખનાર પુરુષને તપ, યજ્ઞ વગેરે કંઇ પણ કરવાની જરૂર નથી; પરંતુ જે પુરુષે, એ દ્વારોને નિયમમાં રાખ્યા નથી, તેનાં સર્વ પુણ્યકર્મો નિષ્ફળ થાય છે. તેને તપશ્ચર્યાથી, યજ્ઞથી કે આત્મજ્ઞાનથી પણ શું ફળ મળી શકે છે? (કાંઇજ નહિ.)[૨૮,૨૯] જે પુરુષ ઉત્તરીય વસ્ત્રનો પણ ત્યાગ કરી દે છે, (અર્થાત કેવળ લંગોટભરજ રહે છે) બિછાનું બિછાવ્યાવિનાજ પૃથ્વીપર શયન કરે છે, સૂતી વખતે પોતાના બાહુનુંજ ઉશીકું બનાવે છે અને શમગુણને ધારણ કરે છે, તે પુરુષને દેવો બ્રાહ્મણ કહે છે.[૩૦] મનનશીલ એવો જે પુરુષ, સુખદુઃખાદિ દ્વંદ્વોરૂપ ઉપવનમાં પોતે એકલોજ રમણ કરે છે અને બીજાઓના સુખદુઃખનો પોતે વિચાર કરતો નથી, તે પુરુષને દેવો બ્રાહ્મણ કહે છે.[૩૧] જે પુરુષને પ્રકૃતિ એટલે પરબ્રહ્મનું તથા વિકૃતિ એટલે સર્વ દ્વૈત પદાર્થોનું સંપૂર્ણ જ્ઞાન થયું છે, તેમજ પ્રાણીમાત્રની ગતિને જેણે જાણી લીધી છે, તે પુરુષને દેવો બ્રાહ્મણ કહે છે;[૩૨] તેમજ જેના તરફથી પ્રાણીમાત્રને અભય મળેલું છે, જેને પ્રાણીમાત્ર તરફથી અભય પ્રાપ્ત થયું છે અને જે સર્વ ભૂતોના આત્મારૂપ થયેલો છે, તે પુરુષને દેવો બ્રાહ્મણ કહે છે.[૩૩] જે પુરુષોએ દાન, યજ્ઞ આદિ ક્રિયાઓના ફળરૂપ ચિત્તશુદ્ધિને પ્રાપ્ત કરી નથી, તે પુરુષો પૂર્વોક્ત બ્રહ્મભાવને જાણી શકતા નથી અને જ્યાંસુધી તેવા બ્રહ્મભાવનું જ્ઞાન થયું નથી, ત્યાંસુધી તેઓ બીજાં સર્વ ફળોને પસંદ કરે છે.×[૩૪] નિષ્કામ યોગધર્મરૂપ સદાચારનો આશ્રય કરીને, આશ્રમોમાં કહેલાં કર્મો અને વેદાંતશ્રવણ આદિ આત્મસાક્ષાત્કાર કરાવનારૂં તપ, મનુષ્યોના સંસારમૂલક અજ્ઞાનનો મૂલતઃ ઉચ્છેદ કરી નાખે છે. આ અનાદિકાળનો સદાચાર મુમુક્ષુઓએ સદાકાળ સેવવા યોગ્ય છે, પ્રત્યેક ધર્મોમાં સૂત્રરૂપે વર્ણવેલો છે, વ્યભિચારરહિત ફળને આપનારો છે, પ્રમાદનો ત્યાગ કરાવનારો છે, આપદ્ધર્મથી રહિત છે અને કામાદિક સર્વ દોષોથી મુક્ત કરાવનારો છે; છતાં જે પુરુષો તે સદાચારનું લવલેશ પણ પાલન કરી શકતા નથી, તે પુરુષો યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિરૂપ યૌગિક કર્મો, કે જેઓ પ્રત્યક્ષ ફળને અપનારાં છે, પરમ ઐશ્વર્યવાળાં છે અને

× અર્થાત્ ચિત્તશુદ્ધિ સંપાદન કર્યાવિના જ્ઞાનપ્રાપ્તિ થતી નથી અને જ્યાંસુધી જ્ઞાન થયું ન હોય, ત્યાંસુધી સ્વર્ગાદિ તુચ્છ ફળની મનુષ્યને અભિલાષા રહે છે.

અવિનાશી છે, તેઓને પણ નિષ્ફળ અને નિરુપયોગી માને છે.*[૩૫-૩૭] સત્વાદિક ગુણોના કાર્યભૂત યજ્ઞાદિ કર્મોનું રહસ્ય અત્યંત દુર્વિજ્ઞેય છે, જો કદાચ તેનું રહસ્ય જાણવામાં આવે તોપણ તેનું આચરણ કરવું એ મહાદુષ્કર છે અને કદાચ તેને આચરણમાં મૂકવામાં આવે તોપણ તેનું ફળ અંતે નાશવંતજ છે, એમ તું જાણેજ છે."+

સ્યૂમરશ્મિએ કહ્યું:-"હે ભગવન્! કર્મો કરવાં અને કર્મોનો ત્યાગ કરવો-એ બન્ને માર્ગોનું વેદમાં સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે, માટે પરસ્પર વિરુદ્ધ એવા બે પક્ષનો ઉપદેશ આપનાર વેદ જે રીતે પ્રમાણભૂત થાય અને કર્મોનો ત્યાગ તથા કર્મોનો સ્વીકાર-એ બન્ને જે રીતે સફળ થાય તે પ્રમાણે તેઓ બન્નેનું તત્ત્વ મને કહો."×[૩૯]

કપિલે કહ્યું:-બ્રહ્મપ્રાપ્તિના માર્ગરૂપ યોગની અંદર સ્થિતિ કરીને તમે પોતેજ દેહની જીવંત દશામાં પ્રત્યક્ષ પરીક્ષા કરી લ્યો કે, તમે કર્મઠ પુરુષો, કર્મ કરી કરીને જે વિષયની ઈચ્છા રાખો છો તે સુખાદિકના અનુભવનું સ્વરૂપ, આ જગતમાંજ કેવા પ્રકારનું છે?"[૪૦]

સ્યૂમરશ્મિએ કહ્યું:-"હે બ્રહ્મન્! હું સ્યૂમરશ્મિ નામનો એક બ્રાહ્મણ છું. મને યોગધર્મ જાણવાની ઇચ્છા થઇ તેથી આ ગાયના શરીરમાં હું દાખલ થયો છું. હું તમને જે કંઇ પ્રશ્ન પૂછું છું, તે કેવળ સરળતાથી અને શ્રેય પ્રાપ્ત કરવાની ઇચ્છાથીજ પૂછું છું, નહિ કે મારો પક્ષ સિદ્ધ કરવાની ઇચ્છાથી અથવા તમારી સામે વાદવિવાદ કરવાની ઇચ્છાથી હું તમને પૂછું છું!![૪૧] હે ભગવન્! મને એક ભયંકર સંશય ઉત્પન્ન થયો છે, તેનું તમે નિરાકરણ કરો. તમે યોગધર્મરૂપ સન્માર્ગમાં રહીને આ જગતની પ્રત્યેક વસ્તુને પ્રત્યક્ષ જોઈ શકો છો; માટે હું તમને પૂછું છું કે, જેની તમે ઉપાસના કરો છો, તે અત્યંત પ્રત્યક્ષ એવી કયી વસ્તુ છે?[૪૨] જે શાસ્ત્રોમાં કેવળ તર્કનેજ પ્રધાનપદ આપવામાં આવ્યું છે, તે સર્વ વેદવિરુદ્ધ÷ શાસ્ત્રોનો ત્યાગ કરીને મેં આગમના અર્થને યથાર્થ રીતે જાણ્યો છે અને વેદનાં વચનોને તથા વેદના અર્થનો નિર્ણય કરનારાં શાસ્ત્રોનેજ હું આગમતરીકે માનું છું.*[૪૩] પ્રત્યેક મનુષ્યે, આશ્રમધર્મોનું ઉલ્લંઘન કર્યા વિના આગમનું સેવન કરવું જોઇએ, કે જેથી તે આગમ સિદ્ધિદાતા થઈ પડે! આગમના નિશ્ચય ઉપરથી જાણી શકાય છે કે, દિવ્યભોગની પ્રાપ્તિ-આદિ જે સિદ્ધિ મનુષ્યને પ્રાપ્ત થાય છે, તેનું સ્વરૂપ પ્રત્યક્ષ રીતે જોવામાં આવે છે.[૪૪] જેમ એક નૌકા બીજી કોઇ નૌકાની સાથે બંધાયલી હોવાથી પ્રવાહમાં તણાઇ જઇને અંદર બેસનારા મનુષ્યને કેવી રીતે તારી શકે? તેમ કર્મરૂપી નૌકા પૂર્વજન્મની કર્મવાસનારૂપ બીજી નૌકા સાથે બંધાયલી હોવાથી સંસારપ્રવાહમાં આડીઅવળી તણાયા

---

*આ ત્રણ શ્લોકો અત્યંત કૂટ છે, જેથી નીલકંઠની ટીકાને અનુસરીનેજ તેઓનો અર્થ આપવામાં આવ્યો છે.

+ અર્થાત યજ્ઞાદિ કર્મોનાં ફળને નાશવંત જાણીને તારે અવિનાશી જ્ઞાન નિષ્ઠાનોજ આશ્રય કરવો.

× આ શ્લોકમાં સ્યૂમરશ્મિ એમ કહે છે કે, "**कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः**"-કર્મો કરતાં કરતાંજ આ જગતમાં સો વર્ષપર્યંત જીવવાની ઈચ્છા રાખવી અને **त्यजतैव हि तज्ज्ञेयं त्यक्तुः प्रत्यक् परं पदं**"-ત્યાગ કરનારો પુરુષજ પરમાત્મસ્વરૂપને જાણી શકે છે અને ત્યાગ કરનારનેજ પ્રત્યેક તત્ત્વરૂપ પરમ પદનો લાભ થાય છે.' આ બન્ને શ્રુતિવચનો કર્મના આચરણનું તથા ત્યાગનું સ્પષ્ટરીતે પ્રતિપાદન કરે છે, માટે તેનું ખરૂં રહસ્ય શું, તે મને કહો.

÷ ચાર્વાક, જૈન, બૌદ્ધ અને કાપાલિકનાં શાસ્ત્રોનો.

*સ્યૂમરશ્મિ એમ કહેવા માગે છે કે, વેદનાં વચનોને તથા વેદના અર્થનો નિર્ણય કરનારાં પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા, સાંખ્ય અને પાતંજલયોગ-આ ચાર શાસ્ત્રોને 'આગમ' એવું નામ આપી શકાય છે; કારણ કે તે ચારે શાસ્ત્રોમાં કેવળ વેદનેજ પ્રમાણભૂત ગણવામાં આવ્યો છે, પણ કોઇ જાતના અનુમાનને કે તર્કને પ્રમાણ તરીકે ગણવામાં આવ્યા નથી.

કરે છે, જેથી એ કર્મનૌકામાં બેઠેલા અમને–કુબુદ્ધિઓને તે કેવી રીતે તારશે? (અર્થાત કર્મો કરવામાંજ મગ્ન રહેલા અમે, જન્મ, જરા અને મૃત્યુરૂપી સંસારપ્રવાહને તરી જવા માટે સર્વથા અસમર્થજ છીએ,) માટે હે બ્રાહ્મણ! હું તમારે શરણે આવ્યો છું, તમારો શિષ્ય છું અને અધિકારી પણ છું, તો હે ભગવન્! તમે મને ઉપદેશ આપો.[૪૫] આ જગતમાં જેણે સર્વનો ત્યાગ કર્યો હોય, નિત્ય સંતુષ્ટ રહેતો હોય, શોકથી રહિત હોય, ભયથી મુક્ત હોય, કોઇપણ કાર્ય કરવાની ઇચ્છા ન કરતો હોય, સર્વ પ્રકારના સંગથી વિમુખ થયેલો હોય અને સર્વ પ્રકારે કર્મોથી રહિત થયેલો હોય, તેવો એક પણ પુરુષ અસ્તિત્વ ધરાવતો નથી.[૪૬] અરે! તમે પોતે પણ અમારી પેઠે કોઇ સમયે હર્ષમાં આવી જાઓ છો અને કોઈ સમયે વળી શોક કરો છો તેમજ સર્વ પ્રાણીઓની પેઠે તમારામાં પણ ઇંદ્રિયોના વિષયો સમાનરીતેજ રહેલા છે.[૪૭] વળી ચારે વર્ણો તથા ચારે આશ્રમો, જેઓ પોતપોતાની પ્રવૃત્તિઓમાં કેવળ એક સુખ મેળવવાનીજ ઇચ્છા રાખે છે, તેઓના સિદ્ધાંતમાં એવું તે કયું સુખ છે, કે જે સુખ કેવળ અવિનાશી છે? તે મને કહો.”[૪૮]

કપિલે કહ્યું:–“મનુષ્ય, જે કોઇ શાસ્ત્રને (ભલે પછી તે વૈદિક હોય કે અવૈદિક હોય) કેવળ મોક્ષપ્રાપ્તિને માટેજ જો આચરણમાં મૂકે છે, તો તે શાસ્ત્ર તેને અવશ્ય ફળદાતા થઇ પડે છે. તાત્પર્ય કે, હરકોઇ પ્રવૃત્તિમાં રહીને અથવા હરકોઇ મતમાં રહીને શમદમાદિક આત્મસાધનોનું અનુષ્ઠાન કરવામાં આવે તો મનુષ્યને સર્વ દોષથી રહિત એવા આત્મસ્વરૂપનો લાભ થાયજ છે.[૪૯] જે પુરુષ કેવળ જ્ઞાનનેજ અનુસરે છે, તે પુરુષના સંસારનો, શમદમાદિક સાધનોના અનુષ્ઠાનથી ઉત્પન્ન થયેલું જ્ઞાન અવશ્ય નાશ કરે છે; પરંતુ જ્ઞાનને અનુસર્યાવિના વૈદિક કર્મોની અંદર પ્રવૃત્તિ કરવામાં આવે છે, તોપણ તે પ્રવૃત્તિ પ્રજાઓનો વિનાશકર્તા થઈ પડે છે.[૫૦] જોકે તમે આપ્ત જ્ઞાની છો અને સર્વ પ્રકારે નિર્દોષ છો, એ વાત ખુલ્લી છે, તોપણ તમારામાં શમદમાદિકનો અભાવ હોવાને લીધે કોઈ એકાદ પુરુષ પણ દ્વૈતદર્શનરહિત એવું આત્મજ્ઞાન કદી પ્રાપ્ત કરી શકે છે? (નહિજ.)[૫૧] કેટલાએક મૂર્ખ મનુષ્યો, કે જેઓ રાગદ્વેષથી ઘેરાયલા હોવાથી શાસ્ત્રના તાત્ત્વિક અર્થને નહિ સમજીને વ્યર્થ વાદવિવાદ કરવામાંજ બળવાન થાય છે અને અહંકારને વશ થઈ પડે છે.[૫૨] શાસ્ત્રોનું યથાર્થ જ્ઞાન નહિ હોવાને લીધે શમદમાદિક આત્મસાધનોનો ત્યાગ કરનારા અને બ્રહ્મના અસ્તિત્વનો અપલાપ (ઢાંકપીછોડો) કરનારા તે શાસ્ત્રચોર પુરુષો, દંભ તથા મોહને અધીન બની જઇને સર્વત્ર ગુણોનો (ફળનો) અભાવજ જુએ છે, પરંતુ જ્ઞાન, ઐશ્વર્ય આદિ ગુણોને પોતાનામાં સંપાદન કરીને બીજાઓને તેવા ગુણવાન બનાવી શકતા નથી, જેથી તે તામસ શરીરવાળા પુરુષોને અંતે તમોગુણનુંજ શરણ લેવું પડે છે. (અર્થાત તેઓ અજ્ઞાનમાંજ ઘસડાયા કરે છે–જન્મમરણને પામ્યા કરે છે.)[૫૩–૫૪] જે પ્રાણી જે પ્રકૃતિનો હોય છે, તેને તે પ્રકૃતિને અધીન રહેવુંજ પડે છે. તે જો તામસ પ્રકૃતિનો હોય છે, તો રાગ, દ્વેષ, ક્રોધ, દંભ, અસત્ય અને મદ–વગેરે પ્રકૃતિજન્ય ગુણો, સદાકાળ તેને અનુસરતાજ રહે છે.[૫૫] આ પ્રમાણે વિચાર કરીને પરમ ગતિને પ્રાપ્ત થવાની ઇચ્છાવાળા અને ધારણા, ધ્યાન તથા સમાધિરૂપ સંયમ પાળવામાં તત્પર રહેનારા યોગી પુરુષો શુભ અશુભ–સર્વ કર્મોનો ત્યાગ કરી દે છે.”[૫૬]

સ્યૂમરશ્મિએ કહ્યું:–“હે બ્રહ્મન્! કર્મોનોજ સ્વીકાર કરવો પણ સંન્યાસ લેવો નહિ, એ સર્વ વાતને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણેજ મેં તમને કહી છે; કારણકે શાસ્ત્રના અર્થને જાણ્યા વિના વાણીની કદી પ્રવૃત્તિજ થઇ શકતી નથી.[૫૭] આ જગતમાં જે આચાર ન્યાયથી યુક્ત છે, તે સર્વને શાસ્ત્ર કહેવામાં આવે છે અને જે આચાર અન્યાયથી યુક્ત છે, તેને શાસ્ત્ર કહી શકાય નહિ, એમ શ્રુતિ કહે છે.[૫૮] વળી એવો

નિશ્ચય કરવામાં આવ્યો છે કે, જગતની કોઇ પણ પ્રવૃત્તિ શાસ્ત્રવિના કદી થઇ શકતી નથી અને વેદથી વિરુદ્ધ એવું જે કંઇ શાસ્ત્રવચન છે તે શાસ્ત્ર નથી, એમ શ્રુતિમાં કહ્યું છે.[૫૯] કેટલાએક પ્રત્યક્ષનેજ પ્રમાણ માનનારા પુરુષો, શાસ્ત્રમાં કહ્યું છે તેથી વિરુદ્ધ રીતે કેવળ આ લોકનેજ માને છે; (પણ સ્વર્ગાદિ પરલોકને માનતા નથી.) પરંતુ તેમ માનવામાં શાસ્ત્રમાં કહેલા દોષો (કરેલાં કર્મોનો નાશ અને નહિ કરેલાં કર્મોની પ્રાપ્તિરૂપ દોષો) ઉપસ્થિત થાય છે, તે તરફ તેઓ લક્ષ્યજ આપતા નથી અને તેને લીધે અમારી પેઠેજ તેઓને શોક કરવો પડે છે; કારણકે અમને એમજ દેખાય છે કે, સર્વ પ્રાણીઓને વિષે જેમ ઇંદ્રિયોના વિષયો રહેલા છે, તેમ તમારા જેવા જ્ઞાની પુરુષોની અંદર પણ તે વિષયો સમાન રીતેજ રહેલા છે; (તો પછી પશુ, પામર અને પંડિતોમાં ભેદ શો રહ્યો?)[૬૦] તોપણ કેવળ એક સુખનુંજ અવલંબન કરનારા ચારે વર્ણો તથા આશ્રમોની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિના વિષયમાં સર્વ શાસ્ત્રના સિદ્ધાંતસ્વરૂપનો ઉપદેશ આપનારા અને ઊહાપોહ કરવામાં કુશલ એવા તમે, મારા ચિત્તને શાંત કર્યું છે. બાકી, મારા જેવા પુરુષો તો અજ્ઞાનવડે નાશ પામેલી બુદ્ધિવાળાજ હોય છે, તુચ્છ વિષયમાંજ બુદ્ધિને સ્થિર કરનારા હોય છે અને તમોગુણથી ઘેરાયલા હોય છે.[૬૧,૬૨] (જો કે તમે આ જ્ઞાનનિષ્ઠાનું કથન કર્યું છે, તોપણ તેનું પાલન કરવું મહાદુષ્કર છે; કારણકે) સર્વ પરિગ્રહનો ત્યાગ કરીને જે પુરુષ એકલો રહે છે, નિત્ય સાવધાન રહે છે, સર્વ પ્રકારે કૃતાર્થ થયો છે, મનને જીતનારો છે, તર્કવાદનો ત્યાગ કરનારો છે અને સર્વ લોકપર વૈરાગ્યવૃત્તિને ધારણ કરનારો છે, તે પુરુષજ માત્ર એક શરીરનો આશ્રય કરીને સર્વ દિશાઓમાં વિચરી શકે છે (અર્થાત સંન્યાસી થઇ શકે છે) અને તેવો પુરુષજ વેદવાદનો આશ્રય કરીને "મોક્ષ છે" એમ કહી શકે છે; (અર્થાત સંન્યાસવિના મોક્ષપ્રાપ્તિ દુર્લભ છે.)[૬૩,૬૪] પરંતુ કુટુંબનો આશ્રય કરીને દાન, અધ્યયન, યજ્ઞ, પ્રજોત્પાદન અને સરળતા વગેરે જે કંઇ કર્મ કરવું પડે છે, તે મહાકઠિન છે, છતાં પણ એ કર્મ કરીને કોઇનો જો મોક્ષજ ન થાય તો તે કર્મને ધિક્કાર છે, તેના કર્તાને પણ ધિક્કાર છે અને આ પરિશ્રમ પણ કેવળ વ્યર્થજ થાય છે.[૬૫,૬૬] (આ રીતે કર્મકાંડની વ્યર્થતા સિદ્ધ થાય છે અને બીજી તરફ) તેનો જો અસ્વીકાર કરવામાં આવે છે તો નાસ્તિકપણું પ્રાપ્ત થાય છે, માટે હે ભગવન્! કર્મકાંડની અનંતતા સાંભળવાની મને ઉત્કટ ઇચ્છા છે તો હે બ્રહ્મન્! તેનું તાત્ત્વિક સ્વરૂપ તમે મને કહો. હું તમારે શરણે આવ્યો છું, માટે મને ઉપદેશ આપો. મોક્ષમાર્ગને તમે જે પ્રમાણે જાણો છો તે પ્રમાણેજ મને તમારી પાસેથી જાણવાની ઈચ્છા છે."[૬૭-૬૮]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ગોકપિલીય આખ્યાન" એ વિષયનો અધ્યાય ૨૬૯મો સમાપ્ત.

અધ્યાય ૨૭૦મો

કપિલગીતા-કર્મો જ્ઞાનનું અંગ છે.

॥ कपिल उवाच ॥

वेदाः प्रमाणं लोकानां न वेदाः पृष्ठतः कृताः॥
द्वे ब्रह्मणी वेदितव्ये शब्दब्रह्म परं च यत्॥१॥

કપિલે કહ્યું:–"સર્વ લોકોને વેદ પ્રમાણભૂતજ હોય છે. વેદોને કોઇએ અપ્રમાણતરીકે માન્યાજ નથી. મનુષ્યમાત્રે બે બ્રહ્મનું જ્ઞાન અવશ્ય મેળવવું જોઇએ. એક શબ્દબ્રહ્મ (વેદ)નું જ્ઞાન અને બીજું પરબ્રહ્મનું જ્ઞાન. હરકોઇ પુરુષ જ્યારે શબ્દબ્રહ્મની અંદર કુશળ થાય છે, ત્યારેજ પરબ્રહ્મને પામી શકે છે.* વેદમાં કહેલા ગર્ભાધાનસંસ્કારની વિધિ પ્રમાણે પુરુષ સ્ત્રીવિષે ગર્ભ ઉત્પન્ન કરે છે, તો ગર્ભના શરીરને અત્યંત સંસ્કારી કરે છે અને એ રીતે સંસ્કારી કરેલા

---

* અર્થાત પરબ્રહ્મની ઈચ્છા રાખનારા પ્રત્યેક પુરુષે પ્રથમ વેદોનું જ્ઞાન મેળવવું જોઇએ અને વેદની આજ્ઞા પાળવી જોઇએ.

શરીરવાળો બ્રાહ્મણ બ્રહ્મવિદ્યાનું પાત્ર બને છે. હવે કર્મનું ફળ, કે જેને મોક્ષ મેળવવામાં ઉપયોગી ગણવામાં આવે છે, તે ચિત્તશુદ્ધિ છે. આ ચિત્તશુદ્ધિરૂપ ફળ, સર્વ જગતમાં પ્રત્યક્ષ છે તોપણ તે વિષે હું તને કહું છું, તેનો તું બુદ્ધિપૂર્વક વિચાર કરી લેજે.[૧-૩] જેમ સ્વર્ગલોક વેદદ્વારા જાણી શકાય છે, તેમ ચિત્તશુદ્ધિ વેદદ્વારા જાણી શકાતી નથી અથવા એકાદી દંતકથાની પેઠે લોકવાર્તા ઉપરથી જાણી શકાતી નથી; પરંતુ લોકની સાક્ષીમાં પ્રત્યક્ષ રીતે કેવળ નિષ્કામ બુદ્ધિથી જે પુરુષો યજ્ઞયાગાદિ કર્મ કરે છે, તેઓને તે પ્રાપ્ત થાય છે—અને તેઓનેજ તે જાણવામાં આવે છે.[૪] જે પુરુષોને ચિત્તશુદ્ધિ પ્રાપ્ત થઇ છે, તેઓનું સામાન્ય લક્ષણ એજ હોઇ શકે કે, તે પુરુષો ધનનો સંગ્રહ કરવાની ઇચ્છા રાખતા નથી, લોભથી રહિત હોય છે અને રાગ તથા દ્વેષનો ત્યાગ કરનારા હોય છે. પોતાની પાસે જે ધન હોય, તેનો ઉત્તમ માર્ગ એજ છે કે, સુપાત્ર મનુષ્યોને તેનું દાન કરી દેવું.[૫] જે પુરુષો પાપકર્મનો કદી આશ્રય કરતા નથી, અગ્નિહોત્રાદિ કર્મ કરવામાં તત્પર રહે છે, માનસિક સંકલ્પોને સિદ્ધ કરી શકે છે, નિર્વિષય એવા બ્રહ્મનેજ પ્રાપ્ત કરવાનો જેઓનો નિશ્ચય હોય છે, ક્રોધ, અસૂયા, અહંકાર અને મત્સરનો ત્યાગ કરનારા હોય છે, શ્રવણ, મનન અને નિદિધ્યાસનરૂપ જ્ઞાન મેળવવાના ઉપાયોમાં જેઓની નિષ્ઠા હોય છે, જન્મ, કર્મ અને વિદ્યા—એ ત્રણે પદાર્થો જેઓના શુદ્ધ હોય છે અને પ્રાણીમાત્રનું હિત કરવામાં જેઓ તત્પર રહે છે, તે પુરુષોનેજ દાન આપવામાં સુપાત્ર જાણવા.[૬,૭] પૂર્વે જનકાદિક અનેક રાજાઓ અને યાજ્ઞવલ્ક્યાદિક અનેક બ્રાહ્મણો ગૃહસ્થાશ્રમીજ રહ્યા હતા અને પોતપોતાનાં કર્મો કરવામાં વિધિપૂર્વક આદરભાવ રાખતા હતા. (જેથી તેઓ ચિત્તશુદ્ધિ સંપાદન કરીને મોક્ષપદને પામ્યા છે.)[૮] વળી તે મહાપુરુષો પ્રાણીમાત્રપર સમદૃષ્ટિ રાખનારા હતા, સરળતાને ધારણ કરનારા હતા, નિત્ય સંતુષ્ટ રહેતા હતા, જ્ઞાનપ્રાપ્તિ કરવામાંજ નિશ્ચયવાળા હતા, સત્યસંકલ્પાદિક ધર્મના ફળને પ્રત્યક્ષ જોનારા હતા, પવિત્ર હતા, નિરુપાધિક બ્રહ્મ ઉપર શ્રદ્ધા રાખનારા હતા, યજ્ઞાદિદ્વારા પ્રથમ ચિત્તશુદ્ધિને પ્રાપ્ત કરનારા હતા, યથાવત્ રીતે વ્રતોનું પાલન કરનારા હતા અને સંકટસમયે તથા વિષમ પ્રસંગે પણ અવિચ્છિન્ન રીતે ધર્મનું આચરણ કરતા હતા.[૯,૧૦] પૂર્વકાળના એ મહાપુરુષો, નિરંતર અવિચ્છિન્ન રીતે ધર્માચરણ કરતા હતા, જેથી તેઓને સુખજ મળતું હતું અને કદી પ્રાયશ્ચિત્ત કરવું પડતું ન હતું.[૧૧] વળી તેઓ, સત્યધર્મનો આશ્રય કરીને અત્યંત દુરાધર્ષ મનાયા હતા, પોતાની બુદ્ધિ ઉપર આધાર નહિ રાખીને શાસ્ત્રનેજ અનુસરતા હતા અને તેઓના ધર્માચરણમાં અંત સુધી કદી છળકપટ ન હતું.[૧૨] તે કાળના મનુષ્યો, ધર્મકાર્યના અનેક માર્ગો હોવા છતાં સૌનાથી ઉત્તમ માર્ગનુંજ આચરણ કરતા હતા, તેથી તેઓને કદી પ્રાયશ્ચિત્ત કરવાનું ન હતું;[૧૩] કારણ કે વેદમાં કહ્યું છે કે, ધર્મના મુખ્ય વિધિનું આચરણ કરનારા પુરુષોને કદી પ્રાયશ્ચિત્ત કરવું પડતું નથી, પરંતુ જે પુરુષ શાસ્ત્રના મુખ્ય ધર્મનું આચરણ કરવામાં અશક્ત હોય છે, તે પુરુષનેજ પ્રાયશ્ચિત્ત કરવું પડે છે;[૧૪] તેમજ પુરાણ કાળના અનેક બ્રાહ્મણો પણ યજ્ઞવિધિનો યથાવિધિ નિર્વાહ કરતા હતા, વેદાભ્યાસ કરીનેજ ઉત્તમ ગણાતા હતા, સદાચારમાં નિષ્ઠા રાખનારા હતા, ચારિત્ર્યશીલ હતા, યશસ્વી હતા, પ્રતિદિન યજ્ઞો કરીને પરમાત્માનું યજન કરતા હતા, યજ્ઞના ફળની ઇચ્છારૂપ બંધનથી રહિત હતા, જ્ઞાનસંપન્ન હતા, તેઓના યજ્ઞો, વેદાધ્યયન અને કર્મો શાસ્ત્રને અનુસરીનેજ થતાં હતાં, તેઓનું શાસ્ત્રાધ્યયન પણ સમયાનુસારજ હતું અને તેઓના સંકલ્પો પણ શાસ્ત્રક્રમને અનુસરતાજ હતા. વળી તે બ્રાહ્મણો કામ તથા ક્રોધનો ત્યાગ કરનારા હતા, મહાકઠિન આચારનું તથા કર્મનું સેવન કરનારા હતા, પોતાનાં કર્મોને લીધે સર્વત્ર પ્રસિદ્ધ થયા હતા, સ્વાભાવિક રીતેજ પવિત્ર હતા, સરળ સ્વભાવના હતા, શમગુણનોજ નિરંતર આશ્રય કરનારા હતા,

પોતાનાં કર્મો કરવામાં તત્પર રહેતા હતા અને તેઓનાં સર્વ કર્મો કેવળ બ્રહ્માર્પણજ હતાં, એમ અમે પુરાણી શ્રુતિ સાંભળી છે. વળી પોતાનાં કર્તવ્યકર્મોથી પરિપૂર્ણ થયેલા અને કઠિન આચારનું તથા કઠિન કર્મોનું સેવન કરનારા તે ઉદાર મનના બ્રાહ્મણોની તપશ્ચર્યા, સંસારમૂલક ઘોર અવિદ્યાને નિવૃત્ત કરનાર થતી હતી. આ રીતે એ પ્રાચીનકાળના બ્રાહ્મણોનો સદાચાર આશ્ચર્યકારક હતો, પુરાણ હતો, મુમુક્ષુએ અવશ્ય સેવવા યોગ્ય હતો, અચળ હતો, આપદ્ધર્મથી ભિન્ન હતો, પ્રમાદથી મુક્ત રાખનારો હતો, સર્વ વર્ણોમાં પળાતો હતો, કામ ક્રોધાદિકનો પરાજય કરનારો હતો અને અપૂજ્યનું પૂજન તથા પૂજ્યનું અપૂજન-ઈત્યાદિ વ્યભિચારથી રહિત હતો; પરંતુ કાળગતિના ફેરફારને લીધે મનુષ્યો જ્યારે દુર્બળ થવા લાગ્યા અને તે સૂક્ષ્મ સદાચારધર્મને આચરણમાં મૂકવામાટે લેશમાત્ર પણ સમર્થ થવા ન લાગ્યા, ત્યારે તે દુર્બળ મનુષ્યોએ પ્રાચીનકાળના સદાચારરૂપ તે એકજ આશ્રમના (બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ-એવા) ચાર વિભાગ *પાડયા, એમ બ્રાહ્મણો કહે છે.[૧૫-૨૨] કેટલાએક સત્પુરુષો, એ સદાચારનો પ્રથમથીજ વિધિપૂર્વક સ્વીકાર કરીને (અર્થાત્ સંન્યાસધર્મનો સ્વીકાર કરીને) પરમ ગતિને પામે છે, કેટલાએક પુરુષો અમુક કાળપર્યંત ગૃહમાં રહ્યા પછી ગૃહમાંથી બહાર નીકળી પડીને વાનપ્રસ્થાશ્રમનો સ્વીકાર કરે છે અને તે દ્વારા પરમ ગતિને પામે છે, કેટલાએક પુરુષો છેક અંતસુધી ગૃહાશ્રમમાંજ રહે છે અને ગૃહાશ્રમના ધર્મોનું બરાબર પાલન કરીને પરમ ગતિને પામે છે; તેમજ કેટલાએક પુરુષો જીવનપર્યંત બ્રહ્મચારી રહીને પરમ ગતિને પામે છે. આ રીતે સદાચારનું પાલન કરીને પૂર્વકાળના અનેક દ્વિજાતિઓ ઉત્તમ ગતિને પામ્યા છે, કે જેઓ હજીસુધી પણ નક્ષત્ર અને તારાગણસ્વરૂપે આકાશમંડલમાં દેખાય છે.×[૨૩,૨૪] વેદમાં કહ્યું છે કે, સંતોષ અથવા વૈરાગ્યને લીધે બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલા અનેક અગસ્ત્ય, વસિષ્ઠાદિક બ્રાહ્મણો, તારાગણરૂપે થઇને હજીસુધી પણ પોતપોતાનાં સ્થાનોમાં નક્ષત્રોની પેઠે પ્રકાશી રહ્યા છે.[૨૫] આવા મહાપુરુષોને કદાચ પુનઃ સંસારમાં આવવું પડે છે, તોપણ તેઓને (બીજા સામાન્ય પુરુષોની પેઠે) ભિન્ન ભિન્ન કર્મયોનિઓથી ઉત્પન્ન થનારાં દુઃખોનો સંસર્ગ થતો નથી. (માત્ર જેમ એક ઘરમાંથી બીજા ઘરમાં પોતાની ઇચ્છાનુસાર પ્રવેશ કરવામાં આવે છે, તેમ તેઓ પણ પોતાની ઇચ્છાનુસાર જૂદા જૂદા દેહમાં પ્રવેશ કરે છે.)[૨૬] એજ પ્રમાણે જે પુરુષ, સદાચારપૂર્વક બ્રહ્મચર્યનું પાલન કરીને દઢ નિશ્ચયપૂર્વક ગુરુની સેવા કર્યા કરે છે અને નિત્ય યોગપરાયણ રહે છે, તે પુરુષજ ખરો બ્રહ્મવેત્તા હોઈને બ્રાહ્મણ કહેવાય છે, બીજો તો કેવળ નામધારી બ્રાહ્મણ‡ છે.[૨૭] આ ઉપરથી એમજ જણાય છે કે, શુભ કે અશુભ કર્મજ પુરુષની યોગ્યતા કે અયોગ્યતાનું મૂળ કારણ છે. આ રીતે (નિષ્કામ કર્મોની પરિપરંપરાને લીધે) જેઓના રાગાદિક દોષો પક્વ થયેલા છે, તેવા પુરુષોને (त्वं પદાર્થના સાક્ષાત્કારથી) ઉત્પન્ન થયેલા બ્રહ્મભાવવડે તથા ('तत्त्वमसि' એ વાકયના અર્થજ્ઞાનરૂપ) શાસ્ત્ર-

---

* જેમકે, બ્રહ્મચારીઓ, પોતાના માનસિક વ્યભિચારને અટકાવવા અસમર્થ થયા, ત્યારે તેઓએ ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કર્યો. ત્યાં ગૃહસ્થાશ્રમમાં યજ્ઞાદિ કર્મો કરતાં કરતાં માનસિક દોષો સાધારણ રીતે પક્વ થયા, એટલે તેઓએ વાનપ્રસ્થાશ્રમનો સ્વીકાર કર્યો. પછી વાનપ્રસ્થાશ્રમમાં વૈરાગ્યની વૃદ્ધિ થતાં માનસિક દોષો સારી રીતે પરિપક્વ થયા એટલે તેઓએ સંન્યાસાશ્રમનો સ્વીકાર કર્યો.

× કહેવાનું તાત્પર્ય એ છે કે, ચારેય આશ્રમવાસીઓ પૂર્વોક્ત સદાચાર ધર્મનું પાલન કરીને મોક્ષને પામી શકે છે.

‡ ભગવાન મનુ પણ કહે છે કેઃ-

“ यथा काष्ठमयोहस्ती यथाचर्ममयो मृगः ।
तथा विप्रोऽनधीयानस्त्रयस्ते नाम बिभ्रति॥”

કાષ્ઠનો હાથી, ચામડાનો મૃગ અને વેદાધ્યયનરહિત બ્રાહ્મણ-એ ત્રણે કેવળ નામધારીજ છે.

વડે સર્વ જગત, કેવળ બ્રહ્મસ્વરૂપજ દેખાય છે, આવી સનાતન શ્રુતિ અમે સાંભળી છે. વળી સ્મૃતિમાં પણ કહ્યું છે કે, તૃષ્ણાનો ત્યાગ કરનારા અને પવિત્ર એવા મોક્ષાભિલાષી પુરુષોને પરમાત્માનું જ્ઞાન સંપાદન કરવા માટે (શમ, દમ, ઉપરમ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધિરૂપ) જે ધર્મનો આશ્રય કરવો પડે છે, તેજ ધર્મ સર્વ વર્ણાશ્રમીઓમાટે પણ સામાન્યજ ગણાય છે-અર્થાત્ શમદમાદિક આત્મવિષયક ધર્મનું પ્રત્યેક વર્ણાશ્રમીએ સામાન્ય રીતે આચરણ કરવાનું છે, તોપણ જે પુરુષોનું ચિત્ત શુદ્ધ થયેલું છે અને જેઓના મનનો નિરોધ થયો છે, તેવા બ્રહ્મનિષ્ઠ પુરુષોનેજ નિત્ય એવા તુરીય બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે;×[૨૮-૩૦] માટે સનાતન પરંપરાથી પ્રાપ્ત થયેલો યતિધર્મજ (સંન્યાસજ) સર્વ ધર્મોના કરતાં આવશ્યક છે, કારણ કે તે ધર્મનું મૂળ સંતોષ છે, ત્યાગ તેનો આત્મા અથવા પ્રાણ છે અને બ્રહ્મનો સાક્ષાત્કાર કરવો એજ તેનું ધ્યેય છે; એટલુંજ નહિ પણ બ્રહ્મવિષયક જ્ઞાનનું મૂળ અધિષ્ઠાન યતિધર્મજ કહેવાય છે.[૩૧] વળી એ ધર્મ, બીજા આશ્રમોમાં રહીને પણ મિશ્રભાવે આચરી શકાય છે અથવા સ્વતંત્ર રીતે એટલે બીજા આશ્રમોમાં રહ્યાવિના કેવળ સંન્યાસનોજ સ્વીકાર કરીને પણ આચરી શકાય છે; માટે મોક્ષની ઇચ્છા રાખનારા પુરુષો, પોતપોતાના વૈરાગ્યબલ પ્રમાણે તેનું ઉપાસન કરે છે અને એ પણ નિશ્ચય છે કે, એ ધર્મમાં આગળ વધનારા પ્રત્યેક પુરુષનું (ભલે પછી તે વણિક હોય, કે પારધિ હોય તોપણ) અવશ્ય કલ્યાણ થાય છે. માત્ર રાગાધીન થનારો દુર્બળ પુરુષજ એ ધર્મમાં ખિન્ન થાય છે-આગળ વધી શકતો નથી; પરંતુ જે પુરુષ પવિત્ર (રાગદ્વેષથી મુક્ત) હોય છે અને બ્રહ્મપદની ઈચ્છા રાખનારો હોય છે, તે પુરુષ તો (એ ધર્મનો આશ્રય કરીને) સંસારપાશથી છૂટી જાય છે.”[૩૨]

સ્યૂમરશ્મિએ પૂછયું:-“ કોઇ એક પુરુષ, ગૃહસ્થાશ્રમમાં રહીને પોતે સંપાદન કરેલા ધનથી ભોગ ભોગવે છે, દાન કરે છે, યજ્ઞ કરે છે અને અધ્યયન કરે છે. તેમજ એક બીજો પુરુષ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને કેવળ સંન્યાસધર્મનોજ આશ્રય કરે છે-તો આ બન્ને પુરુષમાંથી કયો પુરુષ મરણ પછી સ્વર્ગલોકમાં જઈ શકે છે? એ હું આપને પૂછું છું, માટે હે બ્રહ્મન્! એ વિષયમાં જે યથાર્થ હોય તે મને કહો.”[૩૩,૩૪]

કપિલે કહ્યું:-“ ગૃહસ્થાશ્રમમાં રહીને ધનાદિકનો પરિગ્રહ કરવો તે પણ ઉત્તમ છે અને મોક્ષરૂપ ફળને આપનારા પણ છે; છતાં સંન્યાસનો સ્વીકાર કરવાથી જે દૃશ્ય સુખ પ્રાપ્ત થાય છે, તે સુખને ગૃહસ્થાશ્રમીઓ પામી શક્યા નથી, એ વાત તું પોતે પણ જાણેજ છે.”[૩૫]

સ્યૂમરશ્મિએ પૂછયું:-“ તમારા જેવા (સંન્યાસી) પુરુષો જ્ઞાનમાંજ નિષ્ઠા રાખનારા હોય છે અને ગૃહસ્થપુરુષો તો કર્મમાંજ નિષ્ઠા રાખનારા હોય છે, છતાં તમે સર્વ આશ્રમોની નિષ્ઠામાં એકતા કેવી રીતે કહી શકો છો? (અર્થાત્ પ્રત્યેક આશ્રમમાં મોક્ષરૂપ એકજ ફળ પ્રાપ્ત થાય છે, એમ તમે શા ઉપરથી કહી શકો છો?) તમારા આ કથન ઉપરથી જ્ઞાન તથા કર્મની (ફલદૃષ્ટિએ) એકતા છે કે ભિન્નતા છે? એ કંઇ સમજાતું નથી; માટે હે ભગવન્! જે સત્ય હોય તે મને યથાર્થ રીતે કહો.”[૩૬,૩૭]

કપિલે કહ્યું:-“ સ્થૂલ તથા સૂક્ષ્મ શરીરની માત્ર શુદ્ધિ કરવી તેજ કર્મોનું પ્રયોજન છે અને જ્ઞાનનું પ્રયોજન તો પરમ ગતિ સંપાદન કરવી તે છે. (આ રીતે જ્ઞાન તથા કર્મમાં પરસ્પર મહાન વિલક્ષણતા રહેલી છે.) કર્મોદ્વારા રાગાદિક કષાયોનો સારી રીતે પરિપાક થાય અને તે પછી બ્રહ્માનંદનુંજ શાસ્ત્રજન્ય જ્ઞાન જ્યારે સ્થિર થાય, ત્યારે આનૃશંસ્ય (દયા) ×ક્ષમા, શાંતિ,

---

× કહેવાનો આશય એ છે કે, સંન્યાસ લીધા વિના બ્રહ્મનું અપરોક્ષ દર્શન થઈ શકે છે, પણ પરોક્ષ દર્શન થઈ શકતું નથી; માટે સંન્યાસજ ઉત્તમ છે.

× કોઇના તરફથી પરાભવ અથવા તિરસ્કાર

અહિંસા, સત્ય, સરળતા, પ્રાણીમાત્રનો અદ્રોહ, નિરભિમાનીપણું, લજ્જા, સહનશીલતા અને સર્વ કર્મોથી ઉપરામ-વગેરે આધ્યાત્મિક ગુણોની પ્રવૃત્તિ થાય છે અને તે ગુણોદ્વારા પરબ્રહ્મને પામી શકાય છે.૩૮,૩૯ પ્રત્યેક વિદ્વાન પુરુષે, પોતાના મનમાં નિશ્ચયપૂર્વક સમજવું જોઇએ કે, વૈરાગ્ય આદિની ઉત્પત્તિ થયા પછી રાગાદિક કષાયોની જે પકવદશા સિદ્ધ થાય છે, તેજ કર્મોનું અંતિમ ફળ છે અને આ બધા માર્ગો બ્રહ્મપ્રાપ્તિને માટેજ ઉપયોગી હોઇને તે દ્વારા પરબ્રહ્મની પ્રાપ્તિ કરી શકાય છે.૪૦ વિદ્વાનો કહે છે કે, સર્વ પ્રકારે શાંતિગુણને ધારણ કરનારા, જ્ઞાનમાંજ નિષ્ઠા રાખનારા અને સંતોષી એવા પવિત્ર બ્રાહ્મણો, જે ગતિને સંપાદન કરે છે, તેનેજ 'પરમ ગતિ' કહેવામાં આવે છે.૪૧ જે પુરુષ વેદોનું, કર્મોનું તથા જ્ઞાનનું યથાર્થ સ્વરૂપ જાણીને અહંકારરહિત અવસ્થામાં રહે છે, તે પુરુષજ ખરો વેદવેત્તા છે, તે સિવાય બીજો તો વાયુને લીધે શ્વાસોચ્છ્વાસ લેનારી ધમણના જેવો છે.૪૨ વેદવેત્તા પુરુષો સર્વ કંઇ જાણી શકે છે, કારણ કે વેદમાં સર્વનો સમાવેશ કરવામાં આવ્યો છે; એટલુંજ નહિ પણ ભૂત, ભવિષ્ય તથા વર્તમાન, એ સર્વનું સ્વરૂપ વેદમાં વર્ણવેલું છે.૪૩ સર્વ શાસ્ત્રોમાં આવો એકજ નિર્ણય કરવામાં આવ્યો છે કે, આ દશ્યમાન જગત, પ્રતીતિના સમયે છે અને પ્રતીતિના બાધસમયે નથી.* તેમજ તત્ત્વવેત્તા જ્ઞાની પુરુષની દૃષ્ટિએ પણ દશ્યમાન આકાશાદિ પ્રપંચ, સવિશેષ તથા નિર્વિશેષ લયસ્થાનરૂપ હોઇને સત્ છે અને અસત્ પણ છે.૪૪ આવા હેતુથીજ સર્વ વેદોની અંદર કહેવામાં આવ્યું છે કે, ત્યાગજ સર્વાંશે પરિપૂર્ણતાનું લક્ષણ છે (અર્થાત ક્ષેત્ર, બાગબગીચા, ગૃહ, પશુ, સ્ત્રી, પુત્ર, શરીર, ઇંદ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ તથા અહંકાર-આ સર્વનો ત્યાગ કરીને કેવળ નિર્વિકલ્પ સમાધિમાંજ સ્થિર થવું, તે પરિપૂર્ણતાનું અથવા બ્રહ્મપ્રાપ્તિનું લક્ષણ છે.) અને આ મોક્ષમાર્ગમાં સ્થિતિ કરનારો પુરુષ, (સમાધિરહિત અવસ્થામાં પણ) નિત્ય સંતોષનેજ અનુસરે છે-અર્થાત બ્રહ્માનંદમાંજ મગ્ન રહે છે;૪૫ કેમકે બ્રહ્મનું સ્વરૂપજ એ છે કે, તે અબાધિત સત્યસ્વરૂપ છે, સર્વત્ર પ્રસિદ્ધ છે, જાણવા યોગ્ય છે, સર્વનો આત્મા છે, સ્થાવરજંગમ જગતરૂપ છે, કેવળ સુખરૂપ છે, કલ્યાણરૂપ છે, સર્વના કરતાં શ્રેષ્ઠ છે, ત્રણે કાળમાં અપરિચ્છેદ્ય છે, અવ્યક્તસ્વરૂપ છે, સર્વનું ઉત્પત્તિકારણ છે અને સર્વનું લયસ્થાન છે.૪૬ બુદ્ધિરૂપી નેત્રવાળા પુરુષો ઇંદ્રિયજયના સામર્થ્યરૂપ તેજવડે, અપકાર કરનાર મનુષ્યો ઉપર પણ ક્રોધ નહિ કરવારૂપ ક્ષમાવડે અને નિષ્કામપણે સર્વ કર્તવ્યોથી ઉપરામ પામવારૂપ શાંતિવડે દુઃખરહિત, કલ્યાણસ્વરૂપ, જગતના કારણ, નિત્ય એકરૂપ અને અવિનાશી એવા જે બ્રહ્મને પ્રાપ્ત કરે છે, તે બ્રહ્મવેત્તાથી અભિન્ન પરબ્રહ્મને હું નમસ્કાર કરૂં છું."૪૭

ઇતિ શ્રીમહા૰ શાંતિ૰ મોક્ષ૰ પર્વમાં
"ગોકપિલીય સંવાદ" એ વિષયનો
અધ્યાય ૨૭૦ મો સમાપ્ત.

અધ્યાય ૨૭૧ મો

કુંડધાર મેઘની કથા

॥ युधिष्ठिर उवाच ॥

धर्ममर्थं च कामं च वेदाः शंसंति भारत॥
कस्य लाभो विशिष्टोऽत्र तन्मे ब्रूहि पितामह॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે ભરતવંશી પિતામહ! વેદોમાં ધર્મ, અર્થ અને કામ-એ ત્રણેની પ્રશંસા

કરવામાં આવે તોપણ ચિત્તમાં વિક્ષેપ ન થાય તે ક્ષમાગુણનું લક્ષણ છે.

*જેમ સ્વપ્નાવસ્થાની સૃષ્ટિ સ્વપ્નકાળે છે અને સ્વપ્નના અભાવકાળે-જાગ્રત અવસ્થામાં નથી, તેમ આ દશ્યમાન સૃષ્ટિના સંબંધમાં પણ સમજવું-અર્થાત જ્ઞાની પુરુષોની દૃષ્ટિએ આ જગત દેખાય છે તોપણ માયાથી બનેલા નગરની પેઠે અસત્ છે; પરંતુ અજ્ઞાની પુરુષોની દૃષ્ટિએ વજ્રના પાંજરાની પેઠે અત્યંત દૃઢ અને સત્ છે.

કરેલી છે, તોપણ એ ત્રણમાંથી કોનો લાભ અતિ ઉત્તમ ગણાય છે, તે મને કહો.[૧]

ભીષ્મે કહ્યું:–" આના સંબંધમાં એક પુરાતની ઇતિહાસ હું તમને કહું છું,તેમાં પૂર્વે કુંડધાર નામના મેઘે પોતાના ભક્ત ઉપર પ્રીતિ દર્શાવીને જે ઉપકાર કર્યો હતો, તેનું વર્ણન કરેલું છે.[૨] પૂર્વે કોઇએક નિર્ધન બ્રાહ્મણે મનમાં વિચાર કર્યો કે, ફળ મેળવવાની ઇચ્છાથીજ હું ધર્માચરણ કરીશ.' પરંતુ ધનવિના યજ્ઞાદિધર્મ થઈ શકતો નથી, આવું સમજીને તેણે ધન મેળવવાની ઈચ્છાથી સતત દારુણ તપશ્ચર્યા કરવા માંડી.[૩] મનમાં દૃઢ નિશ્ચય કરીને તે બ્રાહ્મણે ભક્તિપૂર્વક દેવોની પૂજા કરવા માંડી, પરંતુ દેવોનું પૂજન કરવાથી તેને ધન મળ્યું નહિ.[૪] પછી તેને ચિંતા થવા લાગી કે, "એવો તે કયો દેવ હશે, કે જે મારાપર સત્વર પ્રસન્ન થાય ? મને લાગે છે કે, મનુષ્યોએ દેવોને જડ જેવા કરી નાખ્યા છે; પણ તેવો કોઇ દેવ હશે કે જેને મનુષ્યોએ જડ જેવો ન કરી નાખ્યો હોય?" આ રીતે પોતાના સૌમ્ય મનથી તે વિચાર કરતો હતો, તેવામાં દેવોના અનુચર કુંડધાર નામના મેઘને પોતાની સમીપમાં ઉભેલો તેણે જોયો.[૫] મોટી મોટી ભુજાઓવાળા તે કુંડધારને સમીપમાં ઉભેલો જોઈ તે બ્રાહ્મણને તેનાપર ભક્તિ થઇ. તેણે પોતાના મનમાંજ કહ્યું કે, 'આ દેવ, અવશ્ય મારૂં કલ્યાણ કરશે; કેમકે એનું સ્વરૂપજ તેવું દેખાય છે.[૭] વળી આ દેવ, દેવની સમીપમાં રહે છે અને બીજા મનુષ્યોથી વીંટાયલો પણ નથી. એ ઉપરથી મને જણાય છે કે, તે મને પુષ્કળ દ્રવ્ય આપશે અને તે પણ સત્વર આપશે."[૮] આવો વિચાર કરીને તે બ્રાહ્મણ ભાતભાતનાં ચંદન, પુષ્પ, ધૂપ અને વિવિધ પ્રકારનાં બલિદાનોથી કુંડધાર મેઘની પૂજા કરવા લાગ્યો.[૯] પછી થોડા સમયમાંજ કુંડધાર મેઘ, તે બ્રાહ્મણ ઉપર પ્રસન્ન થયો. તેણે તેના ઉપકારમાં પ્રવર્તાવનારી આવી વાણી કહી.[૧૦] "બ્રહ્મહત્યાને માટે, દારૂડીઆને માટે, ચોરી કરનારને માટે અને વ્રતનો ભંગ કરનારને માટે શાસ્ત્રકારોએ પ્રાયશ્ચિત્ત કહ્યું છે, પણ કૃતઘ્ની પુરુષને માટે કોઈ જાતનું પ્રાયશ્ચિત્ત કહ્યું નથી.*[૧૧] આશાનો પુત્ર અધર્મ છે, અસૂયાનો પુત્ર ક્રોધ છે અને કપટનો પુત્ર લોભ છે; પણ કૃતઘ્નતાને તો કંઈ પ્રજાજ નથી."[૧૨] (આ પ્રમાણે કહીને તે કુંડધાર ત્યાંથી અદૃશ્ય થઈ ગયો.) તે પછી (રાત્રિના સમયે) તે બ્રાહ્મણ દર્ભની શય્યા ઉપર જ્યારે સૂતો ત્યારે સ્વપ્નમાં, કુંડધારના તેજથી (પ્રભાવથી) સર્વ ભૂતોનાં તેને દર્શન થયાં.[૧૩] ભોગોથી રહિત એવો તે બ્રાહ્મણ શાંતિ, તપ અને ભક્તિથી શુદ્ધ અંતઃકરણનો હતો, તેથી રાત્રિના સમયે કુંડધાર ઉપરની ભક્તિનો ચમત્કાર તેના જોવામાં આવ્યો.[૧૪] હે યુધિષ્ઠિર! સ્વપ્નમાં તેણે જોયું તો મણિભદ્ર નામનો એક મહાતેજસ્વી દેવ દેવતાઓની સભામાં બેઠો હતો અને તે મહાત્મા, ફળની યાચના કરનારા મનુષ્યોને દેવોની પાસે હાજર કરતો હતો.[૧૫] દેવતાઓ પણ, તે સભામાં હાજર કરાયલા મનુષ્યોને તેઓનાં શુભ કર્મ પ્રમાણે રાજ્ય અને ધન આપી રહ્યા હતા અને જેઓએ અશુભ કર્મ કર્યાં હતાં, તેઓની પાસેથી રાજ્ય તથા ધન ખુંચવી લેતા હતા.[૧૬] હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા! એ પ્રમાણે સભાનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો, તેવામાં મહાતેજસ્વી કુંડધાર, સર્વ યક્ષોના દેખતાં દેવો પાસે આવીને પૃથ્વીપર લાંબો થઇને પડયો–અર્થાત્ દેવોને દંડવત્ પ્રણામ કર્યા.[૧૭] તે જોઈ અત્યંત ઉદાર મનવાળા મણિભદ્ર દેવે, પૃથ્વીપર પડેલા કુંડધારને દેવોની આજ્ઞાનુસાર આ પ્રમાણે કહ્યું:–"હે કુંડધાર! તારી શી ઇચ્છા છે?"[૧૮]

કુંડધારે કહ્યું:–"જો દેવતાઓ મારાપર પ્રસન્ન થયા હોય તો મારા ભક્ત આ બ્રાહ્મણ ઉપર અનુગ્રહ કરવાની હું ઈચ્છા રાખું છું, કે જેથી તેના સુખનો ઉદય થાય."[૧૯]

તે પછી મણિભદ્ર દેવે, દેવોની આજ્ઞા લઇને મહાતેજસ્વી કુંડધારને પુનઃ આ પ્રમાણે કહ્યું.[૨૦]

મણિભદ્ર બોલ્યો:–"હે કુંડધાર! ઉઠ, ઉભો થા. તારૂં કલ્યાણ થાઓ, તું કૃતકૃત્ય થઇને સુખી

---

* અર્થાત્ કૃતઘ્નીના જેવો મહાપાપી કોઇ પણ નથી.

થા. તારા મિત્ર-એ બ્રાહ્મણને જો ધનની ઈચ્છા હોય તો તેને ધન આપવામાં આવે અથવા દેવોની આજ્ઞા લઇને હું પોતેજ તે બ્રાહ્મણને જેટલું જોઈતું હશે તેટલું અખૂટ ધન આપવા તૈયાર છું."[૨૧,૨૨]

હે યુધિષ્ઠિર! મણિભદ્રનાં એ વાક્ય સાંભળીને કુંડધારે પોતાના મનમાંજ વિચાર કર્યો કે, મનુષ્યજન્મ તો ચંચળ છે અને નાશવંત છે, માટે આ બ્રાહ્મણની બુદ્ધિ તપશ્ચર્યામાંજ સ્થિર થાય, એવું મારે માગવું જોઈએ." આવો વિચાર કરીને તેણે કહ્યું.[૨૩]

કુંડધાર બોલ્યો:-"હે ધન આપનાર મણિભદ્ર! આ બ્રાહ્મણને માટે હું ધનની યાચના કરતો નથી, પરંતુ આ મારા ભક્ત ઉપર કોઇ જૂદી જાતનોજ અનુગ્રહ કરવા માટે હું ઈચ્છું છું.[૨૪] તમે મારા ભકતને રત્નથી ભરેલી આખી પૃથ્વી અર્પણ કરી દ્યો અથવા રત્નોના મોટા ઢગલા આપી દ્યો, તોપણ તેને હું ઈષ્ટ ગણતો નથી. હું તો માત્ર એટલુંજ ઈચ્છું છું કે, આ મારો ભક્ત ધાર્મિક બને.[૨૫] તેની બુદ્ધિ નિત્ય ધર્મમાંજ રમણ કરે, ધર્મ ઉપરજ તે પોતાનું જીવન ગાળે અને ધર્મનેજ સર્વના કરતાં તે ઉત્તમ માને. આવો અનુગ્રહ કરવાનીજ મારી ઈચ્છા છે."[૨૬]

મણિભદ્રે કહ્યું:-"રાજ્ય તથા વિવિધ પ્રકારનાં સુખો, સદાય ધર્મનાંજ ફળ ગણાય છે; માટે એ બ્રાહ્મણ કાયાના કલેશોથી મુકત થઇને ધર્મનાં ફળનોજ ભલે ઉપભોગ કરે."[૨૭]

ભીષ્મે કહ્યું:-એ પ્રમાણે મણિભદ્રે ઘણો ઘણો સમજાવ્યો, છતાં મહાયશસ્વી કુંડધારે પુનઃ પુનઃ એની એજ પ્રાર્થના કર્યા કરી કે, "એ બ્રાહ્મણ ધાર્મિકજ બને." પછી સર્વ દેવતાઓ તેનાપર અત્યંત પ્રસન્ન થયા.[૨૮]

મણિભદ્ર પણ બોલી ઉઠયો:-"હે કુંડધાર! તારા ઉપર અને તે બ્રાહ્મણ ઉપર સર્વ દેવતાઓ અત્યંત પ્રસન્ન થયા છે, જેથી તેઓ વરદાન આપે છે કે, એ બ્રાહ્મણ ઘણોજ ધર્માત્મા થશે અને એની બુદ્ધિ નિત્ય ધર્મમાંજ રમણ કરશે."[૨૯]

(ભીષ્મે કહ્યું:-) હે યુધિષ્ઠિર! એ પ્રમાણે પોતાના કાર્યમાં ફળીભૂત થઇને મેઘ કુંડધાર ઘણોજ પ્રસન્ન થયો; કારણ કે તેણે પોતાના મનની ઇચ્છા પ્રમાણે બીજાં વરદાનો કરતાં ઘણુંજ શ્રેષ્ઠ વરદાન પોતાના ભક્તમાટે મેળવ્યું હતું.[૩૦] પછી પેલા શ્રેષ્ઠ બ્રાહ્મણે (સ્વપ્નમાંથી જાગ્રત થઇને) પોતાની આજુબાજુ નાખવામાં આવેલાં સૂક્ષ્મ ફાટેલાં વસ્ત્રો ત્યાં જોયાં. તે જોઇને તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો.[૩૧] તેણે પોતાના મનમાંજ કહ્યું કે:-"મેં કરેલાં આટલાં બધાં પુણ્યકર્મને પણ એ કુંડધારે જો જાણ્યાં નથી તો પછી બીજો કયો દેવ હવે જાણવાનો છે? માટે ચાલ, (આ સર્વનો ત્યાગ કરીને) હું વનમાંજ જાઉં અને ત્યાં જઇને ધર્મમાંજ જીવન ગાળવું, એ મારે માટે શ્રેષ્ઠ છે." આવો વિચાર કરીને તે ઉત્તમ બ્રાહ્મણ પરમ વૈરાગ્યને લીધે અને દેવતાઓની કૃપાને લીધે વનમાંજ ચાલ્યો ગયો અને ત્યાં જઇને તેણે મહાન તપશ્ચર્યા કરવાનો આરંભ કર્યો.[૩૨,૩૩] હે મહારાજા! એ બ્રાહ્મણની બુદ્ધિ, ધર્મ કરવામાં એટલી બધી દઢ થઈ, કે જેથી દેવતા અને અતિથિઓને અર્પણ કરતાં અવશેષ રહેલાં ફળમૂળોનોજ તેણે આહાર કરવા માંડયો.[૩૪] પછી અનુક્રમે ફળમૂળના આહારનો પણ તેણે ત્યાગ કર્યો અને કેવળ પાંદડાંનોજ આહાર કરવા માંડયો. પછી તે પાંદડાંના આહારનો પણ ત્યાગ કરી દઇને કેવળ જળનોજ આહાર કરવા માંડયો ને પછી જળના આહારનો પણ ત્યાગ કરી દઈને તેણે અનેક વર્ષોપર્યંત કેવળ વાયુનોજ આહાર કર્યા કર્યો; છતાં એના પ્રાણનો ક્ષય થયો નહિ, એ વાત આશ્ચર્યના જેવીજ ગણાય.[૩૫,૩૬] ધર્મ ઉપરની શ્રદ્ધાને લીધે આવી ઉગ્ર તપશ્ચર્યા કરતાં કરતાં જ્યારે ઘણો સમય વીતી ગયો, ત્યારે તેને દિવ્યદષ્ટિ ઉત્પન્ન થઇ[૩૭] અને તે સમયે તેને આવી બુદ્ધિ પ્રકટ થઇ કે, આ સમયે હું કોઇનાપર જો પ્રસન્ન થાઉં તો તેને જેટલું જોઇતું હોય તેટલું ધન આપી શકું છું; કેમકે મારી વાણી કદી મિથ્યા થાયજ નહિ."[૩૮]* પોતાનામાં આવું સામર્થ્ય પ્રાપ્ત

---

* પોતાને દિવ્ય દષ્ટિ ઉત્પન્ન થતાંજ તે

થયેલું જોઈ તે બ્રાહ્મણનું મુખ હર્ષથી પ્રફુલ્લ થઇ ગયું. તેણે ફરી પણ તપશ્ચર્યા કરવાનો આરંભ કર્યો અને પુનઃ પૂર્વના કરતાં જ્યારે અધિક તપસિદ્ધિ પ્રાપ્ત થઈ, ત્યારે તેણે વિચાર કર્યો કે, “ આ સમયે મારામાં એટલું બધું સામર્થ્ય છે કે, કોઇનાપર પ્રસન્ન થઇને તેને મોટું રાજ્ય આપી દઉં તો તત્કાળ તે રાજા બની જાય અને મારી વાણી મિથ્યા થાયજ નહિ.”[૩૯,૪૦] હે ભારત ! તે બ્રાહ્મણ એ પ્રમાણે વિચાર કરતો હતો, તેવામાં તેના તપના યોગથી અને તેનાપરના સુહૃદ્‌ભાવથી આકર્ષાઇને મેઘ કુંડધારે તેને પ્રત્યક્ષ દર્શન દીધાં.[૪૧] હે રાજા ! પેલો બ્રાહ્મણ પણ કુંડધારને જોતાંજ તેની સામે ગયો અને મનમાં આશ્ચર્ય પામીને વિધિપૂર્વક તેની પૂજા કરવા લાગ્યો.[૪૨] તે સમયે કુંડધારે તેને આ પ્રમાણે કહ્યું:–“હે બ્રાહ્મણ! તને દિવ્ય ચક્ષુ પ્રાપ્ત થયાં છે, માટે તે દ્વારા આ સર્વ લોક તરફ દૃષ્ટિ કરીને પ્રથમ રાજાઓની ગતિને તું જોઈ લે.”[૪૩] પછી તે બ્રાહ્મણે દૂર રહ્યા છતાં પણ પોતાની દિવ્યદૃષ્ટિના પ્રભાવથી સર્વ તરફ જોવા માંડયું તો હજારો રાજાઓ નરકમાં ડૂબેલા જોવામાં આવ્યા.[૪૪]

કુંડધારે કહ્યું:–“ તેં ખરા ભાવપૂર્વક મારૂં પૂજન કર્યું છે છતાં (આ રાજાઓની પેઠે) અંતે તારે દુઃખ ભોગવવું પડે તો પછી મેં તારૂં શું પ્રિય કર્યું? અને તારાપર કયો અનુગ્રહ કર્યો? (અર્થાત્ તને રાજ્ય કે ધન આપીને મેં તારો અનુગ્રહ કર્યો હોત તોપણ તે ન કર્યા જેવોજ ગણાત; કેમકે તે અનુગ્રહથી અંતે તારે દુઃખજ ભોગવવું પડત.) જો, જો, તું ફરી પણ લોકો તરફ દૃષ્ટિ કર, કે જેથી તને જણાશે કે, આ જગતમાં મનુષ્ય, વિષયભોગમાટે કેમ ઇચ્છા કરતો હશે ? કારણ કે સ્વર્ગનાં દ્વાર તો મનુષ્યોને માટે ખાસ કરીને બંધ રહે છે. ”

ભીષ્મે કહ્યું:–કુંડધારના એ કથન ઉપરથી બ્રાહ્મણે મનુષ્યો તરફ દૃષ્ટિ કરી તો અનેક પુરુષો કામ, ક્રોધ, લોભ,ભય, મદ, નિદ્રા, તંદ્રા અને આલસ્યથી ઢંકાઇ રહેલા તેણે જોયા.[૪૭]

કુંડધારે કહ્યું:–“ આ દોષોથી જગતના સર્વ મનુષ્યો અત્યંત ઘેરાયલા છે, વળી દેવતાઓને મનુષ્યો તરફથી ભય હોય છે, જેથી દેવોની આજ્ઞાને લીધે તે દુર્ગુણો, મનુષ્યોના પર સર્વ તરફથી વિઘ્નો નાખે છે.[૪૮] જગતનો કોઇ પણ મનુષ્ય, દેવોની આજ્ઞાવિના કદી ધામિક થઈ શકતો નથી, જેથી તું પણ (દેવોની આજ્ઞાનુસાર) તપશ્ચર્યા કરીને બીજાઓને રાજ્ય તથા ધન આપવા શક્તિમાન થયો છે. ”[૪૯]

ભીષ્મે કહ્યું:– તે પછી ધર્માત્મા બ્રાહ્મણે, કુંડધાર મેઘના ચરણમાં પોતાનું મસ્તક નમાવ્યું અને આ પ્રમાણે કહ્યું:–“ ખરેખર, તમે મારાપર મહાન અનુગ્રહ કર્યો છે.[૫૦] તમે મારાપર આટલો બધો સ્નેહ રાખો છો, તેને નહિ જાણીને મેં કામ તથા લોભને અધીન થઇને પૂર્વે તમારી જે અસૂયા કરી છે, તેને માટે તમારે મને ક્ષમા આપવી યોગ્ય છે.”[૫૧] બ્રાહ્મણે એ પ્રમાણે કહ્યું, એટલે “ તેને માટે મેં પ્રથમથીજ ક્ષમા આપી છે ” એમ કહીને કુંડધાર, તે શ્રેષ્ઠ બ્રાહ્મણને પોતાના બન્ને બાહુવડે ભેટી પડયો અને પછી તેજ ક્ષણે ત્યાં અંતર્ધાન થઈ ગયો.[૫૨] પેલો બ્રાહ્મણ પણ કુંડધારના પ્રસાદથી તપશ્ચર્યા કરીને ઉત્તમ સિદ્ધિને પામ્યો હતો, તેથી પોતાની ઈચ્છાનુસાર સર્વલોકમાં વિચરવા લાગ્યો.[૫૩] વળી તે બ્રાહ્મણને ધર્મ અને યોગના પ્રભાવથી આકાશગમનની તથા સંકલ્પિત અર્થની સિદ્ધિ પ્રાપ્ત થઇ હતી અને છેવટે પરમ ગતિ પણ પ્રાપ્ત થઇ હતી.[૫૪] (આ જગતમાં ધર્મનું માહાત્મ્ય કેટલું છે, તે તમે જુઓ.) દેવો, બ્રાહ્મણો, સત્પુરુષો, યક્ષો, મનુ-

---

બ્રાહ્મણને એવો નિશ્ચય થઇ ગયો કે, તપશ્ચર્યાજ સર્વના કરતાં શ્રેષ્ઠ છે; કારણ કે જે હું, પૂર્વે બીજાઓની ઉપાસના કરીને ધનમાટેની યાચના કરી રહ્યો હતો, છતાં ધન મેળવી શકયો ન હતો, તેજ હું આ સમયે બીજા ઉપર જો પ્રસન્ન થાઉં તો તેને અખૂટ ધન આપવા માટે સમર્થ છું; એટલુંજ નહિ પણ મારામાં એટલી બધી શક્તિ પ્રાપ્ત થઇ છે કે મારૂં વચન કદી મિથ્યા થાયજ નહિ. અર્થાત મને વચનસિદ્ધિ પ્રાપ્ત થઇ છે.

ચો અને ચારણો, ધાર્મિક પુરુષોનુંજ પૂજન કરે છે, પરંતુ ધનાઢ્યોનું કે કામી પુરુષોનું પૂજન કરતા નથી (અર્થાત કામ અને અર્થના કરતાં ધર્મજ શ્રેષ્ઠ છે.)[55] હે યુધિષ્ઠિર ! તમારા ઉપર પણ સર્વ દેવતાઓ પ્રસન્ન થયા છે; કારણ કે તમારી બુદ્ધિ ધર્મમાંજ રમણ કરી રહી છે અને એ પણ સત્યજ છે કે, ધર્મની અંદર કોઈ અલૌકિક સુખકલા વસી રહી છે અને ધર્મમાંજ પરમ સુખનો નિવાસ છે.*"

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "કુંડધારનું ઉપાખ્યાન" એ વિષયનો અધ્યાય ૨૭૧ મો સમાપ્ત.

અધ્યાય ૨૭૨ મો

હિંસાપ્રધાન યજ્ઞ નિંદ્ય છે.

॥ युधिष्ठिर उवाच ॥

बहूनां यज्ञतपसामेकार्थानां पितामह ॥
धर्मार्थं न सुखार्थार्थं कथं यज्ञः समाहितः॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-" હે પિતામહ ! યજ્ઞો અને તપ, અનેક પ્રકારનાં છે અને તે સર્વનું પ્રયોજન ચિત્તશુદ્ધિ અથવા ઇશ્વરપ્રીતિરૂપ એકજ હોય છે; પરંતુ જે યજ્ઞ કેવળ ધર્મને માટેજ હોઇને ધનપ્રાપ્તિ અને સ્વર્ગપ્રાપ્તિરૂપ ફળમાટે કરવામાં આવતો નથી, તે યજ્ઞ કેવા પ્રકારનો હોય છે?"[1]

ભીષ્મે કહ્યું:- આ વિષયમાં નારદે કહેલું એક વૃત્તાંત હું તમને કહું છું. તેમાં ઉંછવૃત્તિથી આજીવિકા ચલાવનારા એક બ્રાહ્મણની યજ્ઞસંબંધી કથા કહેવામાં આવી છે.[2]

નારદે કહ્યું:-" પૂર્વે, ધર્મના પ્રાધાન્યને લીધે અત્યંત શ્રેષ્ઠ ગણાતા વિદર્ભદેશમાં ઉંછવૃત્તિથી આજીવિકા ચલાવનારો એક ઉત્તમ બ્રાહ્મણ રહેતો હતો. તેણે એક સમયે યજ્ઞ કરવાનો આરંભ કર્યો.[3] તેના યજ્ઞમાં સામાનું અન્ન ભોજનતરીકે હતું અને સૂર્યપર્ણી તથા સુવર્ચલા નામની બે વનસ્પતિનું શાક બનાવવામાં આવ્યું હતું. આ શાક અત્યંત નીરસ અને કડવું હતું, છતાં તે બ્રાહ્મણના તપોબળથી ઘણું સ્વાદિષ્ટ બની ગયું હતું.[4] હે શત્રુતાપન યુધિષ્ઠિર ! તે બ્રાહ્મણ વાનપ્રસ્થાશ્રમનો આશ્રય કરીને વનમાં રહેતો હતો અને કોઇ પણ પ્રાણીની હિંસા કર્યા વિના પવિત્ર જીવન ગાળતો હતો. તેણે માત્ર ફળમૂળોથીજ યજ્ઞસ્વરૂપ વિષ્ણુનું યજન કર્યું હતું, તોપણ તેને સ્વર્ગદાતા થઇ પડ્યું હતું.[5] એ બ્રાહ્મણનું નામ 'સત્ય' હતું અને તેની સ્ત્રીનું નામ 'પુષ્કરધારિણી' હતું. તેની એ સ્ત્રી, અનેક પ્રકારનાં વ્રતો કરીને શરીરે કૃશ થઇ ગઈ હતી, પવિત્ર હતી અને યજ્ઞપત્નીતરીકે પોતાના પતિને અનુસરતી હતી, પરંતુ (પોતાનો પતિ હિંસાપ્રધાન યજ્ઞથી વિષ્ણુનું યજન કરવા ઇચ્છે છે, એમ જાણીને) અંતઃકરણપૂર્વક પતિને અનુસરતી ન હતી.[6] માત્ર શાપના ભયને લીધે પોતાના પતિના સ્વભાવને તે અનુસરતી હતી. (કારણ કે તે સ્ત્રી હિંસાયજ્ઞને ધિક્કારતી હતી અને પ્રાણીમાત્રને કંઈ દુઃખ થાય, તેવા કર્મથી વિરુદ્ધ હતી એટલા માટેજ) તે, પોતાની મેળે ખરી પડેલાં મોરનાં પીછાંથી તથા જીર્ણ પાંદડાંથી વણેલું વસ્ત્ર શરીરપર ધારણ કરતી હતી.[7] તે સ્ત્રીને યજ્ઞ કરવાની લેશમાત્ર ઈચ્છા ન હતી, તોપણ પોતાના પતિની આજ્ઞાથી તેણે યજ્ઞકર્મમાં ભાગ લીધો હતો. હવે, તે વનમાં શુક્રના વંશનો એક ધર્મવેત્તા ઋષિ રહેતો હતો, જેનું નામ પર્ણાદ હતું. એ પર્ણાદ, સત્ય નામના તે બ્રાહ્મણનો સહવાસી હોઈને સમીપમાંજ રહેનારો હતો. તેણે મૃગનું સ્વરૂપ ધારણ કરીને સત્ય મુનિને આ પ્રમાણે કહ્યું:-" તમે આ દુષ્ટ કર્મનો આરંભ કર્યો છે, પરંતુ મંત્રો અને અંગોથી રહિત

---

* આ અધ્યાયમાં કહેવામાં આવેલી આખ્યાયિકાનું વાસ્તવિક તાત્પર્ય એ છે કે, કામનું સેવન, કામને માટે સેવવામાં આવતા ધર્મનું સેવન અને ધર્મને માટે સેવવામાં આવતા અર્થનું સેવન—એ ત્રણે કેવળ તુચ્છ છે—અર્થાત અન્યોન્યની અપેક્ષાએ સેવવામાં આવતો ત્રિવર્ગ કેવળ તુચ્છ ગણાય છે. માત્ર નિષ્કામ બુદ્ધિથી સેવવામાં આવતો ધર્મજ સૌના કરતાં શ્રેષ્ઠ છે.

આ યજ્ઞ ઉલટો પાપજનક થઇ પડશે. (કદાચ તમે કહેશો કે, મારી પાસે દ્રવ્ય નથી, જેથી હું પશુહોમ કેવી રીતે કરી શકું ? તો તેને માટે હું તમને કહું છું કે,) હે બ્રાહ્મણ ! તમે મારા શરીરનોજ અગ્નિમાં હોમ કરીને યજ્ઞક્રિયા પૂર્ણ કરો અને પછી નિર્દોષ થઈ સ્વર્ગમાં પ્રયાણ કરો."[૮-૧૦] તે મૃગ એ પ્રમાણે કહેતો હતો, તેવામાં સૂર્યમંડલની અધિષ્ઠાત્રી દેવી સાવિત્રી પણ તે યજ્ઞમાં સાક્ષાત્સ્વરૂપે આવી પહોંચી અને તે બ્રાહ્મણને આ પ્રમાણે કહેવા લાગી કે, "હે બ્રાહ્મણ ! તું આ પશુનો મારાનિમિત્તે અગ્નિમાં હોમ કર." પણ તે બ્રાહ્મણે દેવીને સાફ કહી દીધું કેઃ–"મારા સહવાસી આ મૃગને હું હણીશ નહિ."[૧૧] બ્રાહ્મણે એ પ્રમાણે ના પાડી, એટલે તે દેવી અજ્ઞાનથી ઉત્પન્ન થનારા યજ્ઞસંબંધી દોષને જોવાની ઇચ્છાથી જાણે રસાતલમાં પેસી જતી હોય તેમ યજ્ઞના અગ્નિમાં પેસી ગઇ.[૧૨] તે પછી પેલા મૃગે, ફરી પણ હાથ જોડીને ઉભેલા સત્ય મુનિ પાસે યાચના કરી, (કે, તમે મને અગ્નિમાં હોમી દો.) તોપણ તે બ્રાહ્મણે તેને ભેટી પડીને જણાવ્યું કે, "હું તારો વધ નહિ કરૂં, તું અહીંથી પાછો જા."[૧૩] પછી તે મૃગ ત્યાંથી આઠ પગલાં જેટલે ચાલી નીકળીને વળી પણ પાછો આવ્યો અને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ–"હે સત્ય ! કૃપા કરીને તમે મારો વધ કરો, કેમકે યજ્ઞનિમિત્તે મારો વધ થશે તો અવશ્ય હું સદ્ગતિ પામીશ.[૧૪] હું તમને દિવ્યદૃષ્ટિ આપું છું. તે દ્વારા તમે દિવ્ય અપ્સરાઓને તથા મહાત્મા ગંધર્વોનાં વિચિત્ર વિમાનોને પ્રત્યક્ષ જુઓ."[૧૫] તે પછી (મૃગે આપેલી દિવ્યદૃષ્ટિદ્વારા) તે બ્રાહ્મણે સ્વર્ગના દિવ્ય પદાર્થોને ઘણીજ સ્પૃહાપૂર્વક નીરખી નીરખીને જોયા અને પછી પોતાના મનમાં માની લીધું કે, યજ્ઞમાં હિંસા કરવાથીજ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. વળી તેણે જોયું કે, સ્વર્ગની ઈચ્છા રાખનારો આ મૃગ, પોતાનો વધ કરાવવામાટેજ અહીં આવ્યો છે.[૧૬] હે રાજા ! તે મૃગ વસ્તુતઃ મૃગ ન હતો, પણ ધર્મ પોતેજ હતો. તેવા કોઇ કારણને લીધે (પ્રથમ પર્ણાદના રૂપમાં) ઘણાં વર્ષોપર્યંત તે વનમાં સત્ય મુનિની પાસે તે રહેતો હતો; અને સત્ય મુનિએ જ્યારે યજ્ઞનો આરંભ કર્યો, ત્યારે મૃગના સ્વરૂપમાં ત્યાં આવીને, (સ્વર્ગદર્શનથી તેને લોભાવીને) પોતાના આત્માને મનુષ્યયોનિથી તેણે મુક્ત કર્યો હતો; પણ ખરૂં જોતાં હિંસા કરવી, એ યજ્ઞનો ઉત્તમ વિધિ નથીજ.[૧૭] એ બ્રાહ્મણે "પશુનો વધ કરીને હું સ્વર્ગને પામીશ" એવા અભિપ્રાયથી મૃગની હિંસા કરી, પરંતુ એવું દુષ્ટ કર્મ કરીને પોતાના મહાન તપનો તેણે નાશ કરી નાખ્યો; માટે હિંસા, યજ્ઞને માટે હિતકારક નથીજ.[૧૮] તે પછી ભગવાન ધર્મે પોતાનું સાક્ષાત્ સ્વરૂપ પ્રકટ કરીને તે બ્રાહ્મણ પાસે અહિંસાત્મક યજ્ઞ કરાવ્યો હતો, જેથી તે બ્રાહ્મણ હિંસાપ્રધાન યજ્ઞને નહિ ઇચ્છનારી પોતાની સ્ત્રીનું પણ સમાધાન કરી શક્યો અને તપના પ્રભાવથી પરમ પદને પામી શક્યો.[૧૯] હે યુધિષ્ઠિર ! હું તમને સત્ય કહું છું કે, અહિંસાધર્મજ સંપૂર્ણ અથવા શાશ્વત ફળ આપનારો છે અને હિંસાધર્મ તો તુચ્છ એવા સ્વર્ગાદિ ફળનેજ આપનારો હોવાથી સત્યવાદી–બ્રહ્મનિષ્ઠ પુરુષોનો તે ધર્મજ ગણાતો નથી.[૨૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષધર્મ પર્વમાં
"હિંસાપ્રધાન યજ્ઞની નિંદા" એ વિષયનો
અધ્યાય ૨૭૨ મો સમાપ્ત.

અધ્યાય ૨૭૩ મો

મોક્ષ, વૈરાગ્ય, ધર્મ અને પાપ કેવી રીતે પ્રાપ્ત થાય છે?

॥ युधिष्ठिर उवाच ॥

कथं भवति पापात्मा कथं धर्मं करोति वा ॥
केन निर्वेदमादत्ते मोक्षं वा केन गच्छति॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ–હે પિતામહ ! પુરુષ પાપી કેવી રીતે થાય છે, ધાર્મિક કેવી રીતે થાય છે, વૈરાગ્યને કેવી રીતે પામે છે અને મોક્ષને કેવી રીતે પામે છે ? તે મને કહો.[૧]

ભીષ્મે કહ્યુંઃ–"હે યુધિષ્ઠિર ! મનુષ્યના સર્વ

ધર્મો તમારા જાણવામાં છે, છતાં તમે મને પ્રશ્ન કરો છો તેનો મૂળ આશય, પોતાની ધર્મવિષે સ્થિરતા થાય, એજ હોવો જોઈએ. (આમ જાણીને) હું તમને મોક્ષ, વૈરાગ્ય, પાપ અને ધર્મના વિષયને મૂળથીજ કહું છું. તેનું તમે શ્રવણ કરો.[2] હે ભરતશ્રેષ્ઠ રાજા ! મનુષ્ય, શબ્દાદિ પાંચે વિષયોનું જ્ઞાન મેળવવામાટે પ્રથમ ઇચ્છાપૂર્વક પ્રવૃત્તિ કરે છે અને પછી તે પાંચેમાંનો એકાદો વિષય જ્યારે પ્રાપ્ત થાય છે, ત્યારે તેનાપર તેને રાગ થાય છે અને જે વિષય પ્રાપ્ત થતો નથી, તેનાપર તેને દ્વેષ થાય છે.[3] પછી જે વિષય ઉપર પોતાને રાગ થયો હોય છે, તેને સંપાદન કરવા માટે અને જેનાપર દ્વેષ થયો હોય છે, તેનો ત્યાગ કરવા માટે મનુષ્ય યત્ન કરે છે અને મોટાં મોટાં કર્મો કરવાનો આરંભ કરે છે; એટલુંજ નહિ પણ પોતાને પ્રિય લાગતા રૂપ, ગંધ-આદિ વિષયોનું પુનઃ પુનઃ સેવન કરવાની ઇચ્છા કરે છે,[4] જેથી રાગ અને દ્વેષ અત્યંત વધી પડે છે અને તેમાંથી લોભની તથા મોહની પણ ઉત્પત્તિ થાય છે.[5] આ રીતે મનુષ્ય, રાગ અને દ્વેષથી ભરપૂર બની જાય છે અને લોભ તથા મોહથી ઘેરાઇ જાય છે, ત્યારે તેની બુદ્ધિ, ધર્માચરણથી વિમુખ થાય છે અને કદાચ ધર્માચરણ કરે છે, તોપણ કપટથી કે દંભથીજ કરે છે.[6] હે કુરુવંશી રાજા ! રાગ, દ્વેષ, લોભ અને મોહ-એ ચંડાલચોકડીને અધીન થયેલો પુરુષ, કપટપૂર્વકજ ધર્માચરણ કરે છે, કપટ કરીનેજ દ્રવ્ય મેળવવાની ઇચ્છા કરે છે અને કોઈ સમયે કપટના યોગથી ધનસિદ્ધિ પ્રાપ્ત થઈ એટલે તો પૂછવુંજ શું ? કેવળ કપટ અને આડંબર કરવાનીજ તેને બુદ્ધિ :સૂઝે છે અને પછી તો કેવળ પાપકૃત્ય કરવાનોજ આરંભ કરી દે છે. હે ભારત ! તે સમયે તેના મિત્રો કે બીજા પંડિતો તેવું પાપકૃત્ય કરતાં તેને અટકાવે તોપણ તે અટકતો નથી અને ઉલટો, શાસ્ત્રોક્ત ન્યાયવાળા* ઉત્તરો આપીને સામો થાય છે; પરંતુ એવા પાપી પુરુષનો અધર્મ રાગ અને મોહથી ઉત્પન્ન થઇને કાયિક, વાચિક અને માનસિક-એમ ત્રણ પ્રકારે વૃદ્ધિ પામે છે;[7-9] કારણકે તે પુરુષ પાપભરેલુંજ ચિંતન કરે છે, પાપભરેલુંજ ભાષણ કરે છે અને પાપભરેલુંજ વર્તન કરે છે. આ રીતે અધર્મમાંજ પ્રવૃત્તિ કરનારા તે પાપી પુરુષના દોષોને ધર્માચરણ કરનારા સત્પુરુષો જોઇ શકે છે; (અને તેથીજ તેઓ તે પુરુષનો ત્યાગ કરી દે છે.) પણ જેઓ તેના સમાન આચરણવાળા હોય છે અને પાપકર્મી હોય છે, તેઓ તેની સાથે મિત્રતા કરે છે. ખરેખર, એવો પાપી પુરુષ આ લોકમાંજ જ્યારે સુખ પામતો નથી, ત્યારે પરલોકમાં તો ક્યાંથીજ સુખી થાય ?[10,11] એ રીતે પુરુષ પાપી કેવી રીતે થાય છે, એ વાત મેં તમને કહી. હવે, પુરુષ ધાર્મિક કેવી રીતે થાય છે, એ વાત હું તમને કહું છું; સાંભળો. પારકાનું હિત કરવારૂપ કુશલધર્મનું આચરણ કરનારો પુરુષ, પોતે પણ કુશલને પામે છે-પોતાનું પણ કલ્યાણ કરે છે; કારણકે તે પુરુષ પોતાની બુદ્ધિદ્વારા પૂર્વોક્ત દોષોનો પ્રથમથીજ વિચાર કરે છે અને તેથીજ બીજાનું કલ્યાણ કરવારૂપ ધર્મનું સેવન કરીને ઇષ્ટ ગતિને પામે છે.[13] જે પુરુષ સુખદુઃખનું વિવેચન કરવામાં કુશળ હોય છે, તે પુરુષ સત્પુરુષોનુંજ સેવન કરે છે, જેથી સત્પુરુષોનાં આચાર અને સમાગમના પ્રભાવથી તેની બુદ્ધિ ધર્મમાંજ રમણ કરે છે, ધર્મને અનુસરીનેજ તે પુરુષ પોતાનું જીવન ગાળે છે અને ધર્મપૂર્વકજ પ્રાપ્ત થયેલા ધનમાં પોતાની મનોવૃત્તિને પ્રેરે છે. (અર્થાત ધર્મપૂર્વક ધન સંપાદન કરીનેજ તેનો ઉપભોગ કરવાની મનમાં ઇચ્છા કરે છે.)[14,15] વળી તે પુરુષ જે જે સ્થળે ગુણોને જુએ છે, તેના તેના મૂળનું સિંચન કરે છે અને તેની વૃદ્ધિ કરે છે, જેથી તે પુરુષ ધર્માત્મા થઈ શકે છે. આ રીતે જ્યારે ધર્માત્મા થાય છે, ત્યારે તેને ઉત્તમ મિત્ર પણ મળી આવે છે.[16] પછી હે ભારત ! મિત્ર અને ધનના લાભથી તે પુરુષ, આ લોકમાં તથા પરલોકમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ-એ

---

* જેવા કે, "**आहारे व्यवहारे च त्यक्तलज्जः सुखी भवेत्**"-આહારમાં અને વ્યવહારમાં જેણે લજ્જાનો ત્યાગ કર્યો હોય, તેજ સુખી થાય છે.

પાંચે વિષયોપર સામ્રાજ્ય ભોગવે છે. (અર્થાત્ તે પાંચે વિષયોને સ્વાધીન કરી લે છે.૧૭) હે યુધિષ્ઠિર ! વિદ્વાનો કહે છે કે, ધર્મનું ફળ એજ હોઇ શકે, કે જેનાવડે મનુષ્ય ×પ્રભુતાને સંપાદન કરે; પરંતુ ધાર્મિક પુરુષ ધર્મનું ફળ સંપાદન કરીને હર્ષમાં આવી જતો નથી કે ફુલાઇ જતો નથી, ૧૮ પણ તેવાં તુચ્છ ફળથી અતૃપ્ત રહીને, પોતાની જ્ઞાનદૃષ્ટિદ્વારા વૈરાગ્યને પામે છે. પછી તે જ્ઞાનદૃષ્ટિવાળો પુરુષ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ–એ પાંચે વિષયોનું પોતાના મનમાં ચિંતન કરતો નથી, ત્યારે સ્વાભાવિક રીતેજ વિષયપ્રીતિથી મુક્ત થાય છે, છતાં તે પુરુષ ધર્મનો કદીપણ ત્યાગ કરતો નથી. ૧૯,૨૦ પછી જ્યારે તે પુરુષ જુએ છે કે, આ સર્વ જગત કેવળ નાશવંત છે, ત્યારે ધર્મના ફળભૂત સ્વર્ગાદિનો ત્યાગ કરવા માટે તે યત્ન કરે છે અને ક્રમશઃ ઉપાય કરીનેજ મોક્ષ મેળવવા માટે તૈયાર થાય છે. ૨૧ ધર્માત્મા પુરુષ, ધીમે ધીમે વૈરાગ્યનો સ્વીકાર કરે છે અને પાપકર્મનો ત્યાગ કરે છે, જેથી અંતે મોક્ષરૂપ પરમ પદને પ્રાપ્ત થાય છે.૨૨ હે તાત ! તમે મને પાપ, ધર્મ, મોક્ષ અને વૈરાગ્યના સંબંધમાં જે પ્રશ્ન પૂછયો હતો, તેનો મેં તમને ઉત્તર આપ્યો છે; ૨૩ માટે હે યુધિષ્ઠિર ! તમે સર્વ અવસ્થામાં ધર્મને અનુસરીનેજ વર્તન કરો, કેમકે હે કુંતાપુત્ર ! ધર્મની અંદર સ્થિર રહેનારા પુરુષોને સનાતન સિદ્ધિ (મોક્ષ) પ્રાપ્ત થાય છે. ૨૪

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ધર્માદિક ચાર પ્રશ્નો" એ વિષયનો અધ્યાય ૨૭૩ મો સમાપ્ત.

અધ્યાય ૨૭૪ મો

મોક્ષનો માર્ગ

॥ युधिष्ठिर उवाच ॥

मोक्षः पितामहेनोक्त उपायान्नानुपायतः ॥
तमुपायं यथान्यायं श्रोतुमिच्छामि भारत॥१॥

યુધિષ્ઠિરે પૂછયું:–"હે ભરતવંશી પિતામહ ! તમે કહ્યું કે, ઉપાય કરવાથીજ મોક્ષ મળે છે, પણ ઉપાય કર્યા વિના મોક્ષ મળતો નથી; તો તે ઉપાય કયો, એ સાંભળવાની મને ઇચ્છા છે, માટે તે મને યાથાર્થરીતે કહો." ૧

ભીષ્મે કહ્યું:–હે મહાબુદ્ધિમાન યુધિષ્ઠિર ! કોઇ પણ વિષયમાં તત્ત્વદૃષ્ટિથી પરીક્ષા કરી જોવારૂપ ઉપાય, કેવળ એક તમારામાંજ જોવામાં આવે છે, જે ઉપાયવડે હે નિર્દોષ રાજા! તમે ધર્માદિક સર્વ વિષયોમાં નિત્ય (નવું નવું) શોધ્યા કરો છો.૨ ઘટને ઉત્પન્ન કરવાના સમયે મનુષ્યને જે બુદ્ધિ હોય છે, તે બુદ્ધિ ઘટની ઉત્પત્તિ થઇ ગયા પછી માન્ય રહેતી નથી. (તેજ પ્રમાણે બ્રહ્મની પ્રાપ્તિ કરવાના સમયે મનુષ્યને જે પ્રવૃત્તિમાર્ગની જરૂર હોય છે, તેની બ્રહ્મની પ્રાપ્તિ થઈ ગયા પછી જરૂર રહેતી નથી.) કેમકે યજ્ઞાદિ પ્રવૃત્તિરૂપ ધર્મ જેઓના ઉપાયોરૂપ છે તેવા શમદમાદિ નિવૃત્તિધર્મોની ઉત્પત્તિ થઇ ગયા પછી વસ્તુતત્ત્વનો સાક્ષાત્કાર કરવામાટે પ્રવૃત્તિધર્મની જરૂર રહેતી નથી.×૩ જેમકે, એક માર્ગ પૂર્વસમુદ્ર તરફ જનારો છે, તે કદી પશ્ચિમ સમુદ્ર તરફ જતો નથી. (તેમજ પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિમાર્ગ એ બન્નેને પરસ્પર કારણ-કાર્યભાવ રહેલો છે, છતાં તેઓનામાં અત્યંત વિલક્ષણતા રહેલી છે; કેમકે પ્રવૃત્તિમાર્ગ ચિત્તશુદ્ધિ સુધીજ પહોંચાડનારો છે પણ નિવૃત્તિમાર્ગ તો પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરાવનારો છે.) આ જગતમાં મોક્ષનો માર્ગ એકજ છે. તેનું હું વિસ્તારથી વર્ણન કરૂં છું, તે તમે સાંભળો. ૪ (મોક્ષની ઈચ્છા રાખનારા) ધીર પુરુષે, ક્ષમાવડે

× સંકલ્પસિદ્ધિને

× કહેવાનો આશય એ છે કે, જગતમાં બે માર્ગ છે. એક પ્રવૃત્તિમાર્ગ અને બીજો નિવૃત્તિમાર્ગ. તેમાં પ્રવૃત્તિમાર્ગનું જો નિષ્કામ બુદ્ધિથી સેવન કરવામાં આવે છે તો તેદ્વારા નિવૃત્તિમાર્ગની સિદ્ધિ થાય છે; પરંતુ નિવૃત્તિમાર્ગ જ્યારે સિદ્ધ થઇ જાય, ત્યારે વસ્તુતત્ત્વનો સાક્ષાત્કાર કરવા માટે પ્રવૃત્તિમાર્ગની જરૂર રહેતી નથી, પણ નિવૃત્તિમાર્ગનીજ જરૂર રહે છે.

ક્રોધનો નાશ કરવો; સંકલ્પોના ત્યાગવડે કામનો નાશ કરવો; આલસ્યના ત્યાગપૂર્વક ભગવાનના ધ્યાનરૂપ સાત્વિક ધર્મનું સેવન કરીને નિદ્રાનો નાશ કરવો, પ્રમાદનો ત્યાગ કરીને લોકાપવાદના ભયનો નાશ કરવો, त्वं પદાર્થની મનમાં ધારણા કરીને પ્રાણચેષ્ટાનો નિરોધ કરવો, ધૈર્યને ધારણ કરીને ઈચ્છા, દ્વેષ અને સ્ત્રીસંબંધી ઇચ્છાનો ત્યાગ ઠરવો, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીને વિપરીત જ્ઞાનરૂપ ભ્રાંતિનો મોહરૂપ અજ્ઞાનનો તથા અનેક કોટીઓનો સ્પર્શ કરનારા સંશયનો નાશ કરવો અને *જ્ઞાનના અભ્યાસપૂર્વક તત્ત્વવેત્તા થઇને ધ્યેય વસ્તુમાં અસ્થિરતારૂપ નિદ્રાનો તથા અન્ય વિષયમાં થનારી આસક્તિરૂપ પ્રતિભાનો નાશ કરવો.[૫-૭] તેમજ બુદ્ધિમાન પુરુષે હિતકારક અને પાચક એવા મિતાહારનું સેવન કરીને સર્વ ઉપદ્રવોનો તથા રોગોનો નાશ કરવો, સંતોષી રહીને લોભનો તથા મોહનો ત્યાગ કરવો, તત્ત્વવસ્તુનું દર્શન કરીને સર્વ વિષયોનો ત્યાગ કરવો, દયાથી અધર્મનો નાશ કરવો, સારી રીતે પાલન કરીને ધર્મનું રક્ષણ કરવું, ઉત્તરકાળનો (પરિણામનો) વિચાર કરીને આશાનો ત્યાગ કરવો, અભિલાષનો ત્યાગ કરીને અર્થનો (ધનનો) ત્યાગ કરવો, સર્વ પદાર્થને અનિત્ય માનીને સ્નેહનો ત્યાગ કરવો, વાયુનો નિગ્રહ કરીને ક્ષુધાનો જય કરવો, કરુણાનો આશ્રય કરીને ચિત્તના અભિમાનનો નાશ કરવો અને સંતોષદ્વારા તૃષ્ણાનો નાશ કરવો.[૮-૧૦] વળી તેવા મુમુક્ષુ પુરુષે નિત્ય ઉદ્યોગપરાયણ રહીને આળસનો ત્યાગ કરવો, વેદ ઉપર વિશ્વાસ રાખવારૂપ નિશ્ચયથી વિપરીત તર્કોનો ત્યાગ કરવો, મૌન ગુણનો આશ્રય કરીને વાચાલપણાનો ત્યાગ કરવો અને ×છ શત્રુઓને જીતવાના સામર્થ્યથી સંસારરૂપ ભયનો ત્યાગ કરવો.[૧૧] (આ રીતે યોગનાં અંગોને સિદ્ધ કર્યા પછી મુખ્ય યોગને સિદ્ધ કરવા પ્રયત્ન કરવો, (જેમકે) વાણી વગેરે બાહ્ય ઇંદ્રિયોનો મનમાં લય કરવો, મનનો બુદ્ધિમાં લય કરવો, બુદ્ધિનો જ્ઞાનદૃષ્ટિદ્વારા શુદ્ધ त्वं પદાર્થમાં લય કરવો, એ त्वं પદાર્થરૂપી જ્ઞાનનો આત્મબોધદ્વારા (अयमात्मा ब्रह्म” એ વાક્યજન્ય વૃત્તિદ્વારા) આત્મામાં લય કરવો અને આત્માનો પરમાત્મામાં લય કરી કેવળ બ્રહ્મસ્વરૂપેજ સ્થિતિ કરવી.[૧૨] આ રીતે પવિત્ર કર્મ કરનારા યોગી પુરુષે, ચિત્તને કેવળ શાંત કરી દઇને આત્મસ્વરૂપને જાણવું અને વિદ્વાનોના કહેવા પ્રમાણે યોગમાં વિઘ્ન કરનારા પાંચ દોષોનો નાશ કરવો;[૧૩] કારણકે કામ, ક્રોધ, લોભ, ભય અને સ્વપ્ન-આ પાંચ દોષોનો ત્યાગ કર્યા પછીજ વાણીને નિયમમાં રાખી શકાય છે અને તેઃપછી યોગનાં સાધનોનું સેવન કરી શકાય છે.[૧૪] વળી ધ્યાન, અધ્યયન, દાન, સત્ય, લજ્જા, સરલતા, ક્ષમા, શૌચ, આહારની શુદ્ધિ અને ઇંદ્રિયોનો સંયમ-આ દશ સાધનોનું સેવન કરવાથી તેજની વૃદ્ધિ થાય છે, પાપનો નાશ થાય છે, સંકલ્પોની સિદ્ધિ થાય છે અને વિજ્ઞાનની પ્રવૃત્તિ થાય છે.[૧૫,૧૬] આ પ્રમાણે (વર્તવાથી) પાપરહિત થયેલા, ઇંદ્રિયોનો જય કરનારા અને અલ્પ આહાર કરનારા તેજસ્વી પુરુષે કામક્રોધને વશ રાખીને પોતાના આત્માને બ્રહ્મપદે પહોંચાડવાની ઇચ્છા કરવી.[૧૭] તાત્પર્ય કે, વેદાંત-
શ્રવણ આદિ અભ્યાસ કરીને મૂઢતાનો ત્યાગ ક-
રવો, વૈરાગ્યનો આશ્રય કરીને સર્વ પ્રકારના સં-
ગથી મુક્ત રહેવું, કામ તથા ક્રોધનો ત્યાગ કર-
વો, સંતોષદ્વારા દીનતાનો નાશ કરવો, નિર્ભય-
તા ધારણ કરવી, ગર્વ તથા અહંકારથી રહિત
થવું, એકજ સ્થળે ઘર કરીને રહેવું નહિ અને

---

* જ્ઞાનના અભ્યાસનું લક્ષણ આ પ્રમાણે છેઃ-

“तत् चिंतनं तत्कथनं अन्योन्यं तत्प्रबोधनं ।
एतदेक परत्वं च ज्ञानाभ्यासं विदुर्बुधाः॥”

પરમાત્માનુંજ ચિંતન કરવું, પરમાત્માનીજ કથા કરવી, પરમાત્માનોજ અન્યોન્યને બોધ કરવો અને એક પરમાત્મામાંજ પરાયણ રહેવું-તેને વિદ્વાનો જ્ઞાનાભ્યાસ કહે છે.

×કામ, ક્રોધ, લોભ, મોહ, મદ ને મત્સર-
આ છ શત્રુઓને લીધેજ મનુષ્યના પર સંસારરૂપી
ભય આવી પડે છે, માટે તેનો જય કરવાનું સા-
મર્થ્ય મેળવીને સંસારના ભયને દૂર કરવો.

નિષ્કામ બુદ્ધિથી મન, વચન તથા કાયાને વશ કરવાં, એજ મોક્ષનો માર્ગ છે અને તે માર્ગ સ્વચ્છ છે, નિર્મળ છે અને પવિત્ર છે.[૧૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "યોગના આચારનું વર્ણન" એ વિષયનો
અધ્યાય ૨૭૪ મો સમાપ્ત.

અધ્યાય ૨૭૫ મો

નારદ અને અસિતનો મોક્ષવિષેનો સંવાદ

॥ भीष्म उवाच ॥

अत्रैवोदाहरंतीममितिहासं पुरातनम् ॥
नारदस्य च संवादं देवलस्यासितस्य च ॥१॥

ભીષ્મે કહ્યું:–આ વિષયમાંજ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે, જેમાં નારદનો તથા અસિત–દેવલનો સંવાદ વર્ણવેલો છે.[૧] એક સમયે નારદે, શાંતિથી બેઠેલા વૃદ્ધ દેવલમુનિને બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ જાણીને, પ્રાણીઓની ઉત્પત્તિના સંબંધમાં તથા નાશના સંબંધમાં આ પ્રમાણે પૂછ્યું."[૨]

નારદે પૂછ્યું:–"હે બ્રહ્મન ! આ સ્થાવર-જંગમ જગત ક્યાંથી ઉત્પન્ન થયું છે અને પ્રલય-સમયે પાછું ક્યાં લય પામે છે ? તે મને કહો."[૩]

*અસિતે કહ્યું:–"પ્રાણીમાત્રની બુદ્ધિ-વાસનાથી પ્રેરાયલા પરમાત્મા, જગતના આરંભ-સમયે જરાયુજ આદિ ચારે પ્રકારનાં પ્રાણીઓને જેમાંથી ઉત્પન્ન કરે છે, તેનેજ ભૂતચિંતક જ્ઞાની પુરુષો પાંચ મહાભૂત કહે છે.[૪] જીવની બુદ્ધિથી પ્રેરાયલો ચાર યુગરૂપી કાળ, પાંચ મહાભૂતોમાંથીજ સ્થાવરજંગમ પ્રાણીઓને ઉત્પન્ન કરે છે; (અર્થાત્ ×કાળ, બુદ્ધિ અને પાંચ મહાભૂત–આ સાત પદાર્થોજ જગતનું ઉત્પત્તિકારણ છે;) છતાં જે પુરુષ એમ કહે છે કે, આ સાતસિવાયનો બીજો ચેતન કે અચેતન પદાર્થ, જગતને ઉત્પન્ન કરે છે, તે ખરેખર અસત્યજ છે.[૫] હે નારદ ! તારે જાણવું કે, પાંચ મહાભૂત અને કાળ–આ છયે પદાર્થો સનાતન કાળના છે, પરિણામરહિત છે, અનાદિ અને અનંત છે તેમજ સ્વભાવિક રીતેજ મહા તેજસ્વી છે.[૬] સૃષ્ટિના આરંભસમયે જળ, આકાશ, પૃથ્વી, વાયુ અને અગ્નિ–આ પાંચ§ સિવાયનું બીજું કોઇ ઉત્કૃષ્ટ તત્ત્વ હતુંજ નહિ, એમ કહેવામાં લગારે સંશય નથી.[૭] આ તત્ત્વો-સિવાયનું બીજું એક પણ તત્ત્વ શ્રુતિપ્રમાણથી કે યુક્તિથી સિદ્ધ થઇ શકતું નથી, છતાં કોઇ પુરુષ બીજા પદાર્થની જો સિદ્ધિ કરશે તો કેવળ અસત્રૂપ અજ્ઞાનનીજ સિદ્ધિ કરશે, એમાં કંઇ સંશય નથી; માટે તારે જાણવું કે, આત્માસહિત આ મહાભૂતોથીજ સર્વ પદાર્થ ઉત્પન્ન થયા છે અને પ્રત્યેક પદાર્થમાં તે છ પદાર્થોજ પરોવાઈ રહ્યા છે.[૮] સારાંશ કે, પાંચ મહાભૂતો, કાળ (જીવ), પૂર્વજન્મનો સંસ્કાર અને સૌની અંતમાં રહેલા તત્ત્વને જો સાથે લઇએ તો–અભાવરૂપ અજ્ઞાન–આ આઠ તત્ત્વો, અનાદિકાળનાં છે અને પ્રત્યેક સ્થાવરજંગમ પ્રાણીનાં ઉત્પાદક અને સંહારક છે.[૯] જગતનાં સર્વ પ્રાણીઓ, એ આઠ તત્ત્વો-માંજ લય પામે છે અને પાછાં તેમાંથીજ ઉત્પન્ન થાય છે. તાત્પર્ય કે, સર્વ કોઇ પ્રાણી, પોતાના નાશ પછી પાંચ મહાભૂતોમાંજ પાંચ પ્રકારે મળી જાય છે.÷[૧૦] પ્રાણીનો દેહ પૃથ્વીમાંથી

---

* અસિતનુંજ બીજું નામ દેવલ છે.

× કાળનો અર્થ ટીકાકારે જીવ એવો કર્યો છે.

§ ટીકાકાર નીલકંઠ લખે છે કે, આત્માસહિત પાંચ મહાભૂતોસિવાયનું બીજું કોઈ તત્ત્વ પ્રથમ ન હતું; કારણ કે મહત્તત્ત્વ પણ પાંચ મહાભૂતો-માંથીજ ઉત્પન્ન થયું છે. અર્થાત્ મૂળમાં કેવળ પાંચજ તત્ત્વો લીધાં છે, તેમાં છઠ્ઠા આત્મતત્ત્વને પણ સાથે લેવું; કેમકે વસ્તુતઃ આત્માજ સત્‌રૂપ છે, મહાભૂતોને તો અસત્ માનવામાં આવ્યાં છે.

÷ આ શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે, કોઇ પણ પ્રાણીનો નાશ થયા પછી તેનો પાંચ મહાભૂતોમાં લય થઇ જાય છે. આ ઉપરથી કોઇને શંકા થાય કે, મહાભૂતના કાર્યરૂપ શરીરનો મહાભૂતોમાં લય થાય એ તો સંભવિત છે, પણ શરીરમાં રહેલા જીવનો કેવી રીતે નાશ થાય ? કારણ કે તે તો ચૈતન્યનો અંશ છે. આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે–જેમ જળરૂપ ઉપાધિનો નાશ થવાથી

ઉત્પન્ન થયો છે,શ્રોત્ર ઇંદ્રિય, આકાશમાંથી ઉત્પન્ન થયેલી છે, ચક્ષુ ઇંદ્રિય તેજમાંથી ઉત્પન્ન થયેલી છે, પ્રાણ વાયુમાંથી ઉત્પન્ન થયેલો છે અને રુધિર આદિ પ્રવાહી પદાર્થ જળમાંથી ઉત્પન્ન થયેલા છે. (અર્થાત્ પ્રાણીનું શરીર, પાંચ મહાભૂતોમાંથીજ ઉત્પન્ન થયેલું છે.) [૧૧] વિદ્વાનો કહે છે કે, કર્ણ, નાસિકા, ચક્ષુ, ત્વચા અને જીહ્વા–એ પાંચે ઇંદ્રિયો, શબ્દાદિ પાંચે વિષયોનાં જ્ઞાનસાધન છે. [૧૨] જેમકે, ચક્ષુથી દર્શન થઇ શકે છે, કર્ણથી શ્રવણ થઇ શકે છે, નાસિકાથી ઘ્રાણ (ગંધ ગ્રહણ) થઇ શકે છે, ત્વચાથી સ્પર્શ ગ્રહણ થઈ શકે છે અને જીહ્વાથી સ્વાદ લેવાનું થઇ શકે છે. તારે યુક્તિપૂર્વક જાણી લેવું કે, આ પાંચે ગુણો પાંચ ઇંદ્રિયોવિષે પાંચ પ્રકારે રહેલા છે. [૧૩] શબ્દ, સ્પર્શ, રૂપ,રસ ને ગંધ–આ પાંચ ગુણોને, પાંચે ઇંદ્રિયોના પાંચ વ્યાપારથીજ ગ્રહણ કરી શકાય છે;[૧૪] પરંતુ ઇંદ્રિયો, એ પાંચે ગુણોને ગ્રહણ કરે છે, છતાં તેઓના સ્વરૂપનેલેશમાત્ર જાણી શકતી નથી. કેવળ એક ક્ષેત્રજ્ઞજ તે ઇંદ્રિયોદ્વારા ગુણોના સ્વરૂપને જાણી શકે છે; [૧૫] કારણકે સર્વ ઇન્દ્રિયસમુદાયના કરતાં ચિત્ત શ્રેષ્ઠ છે, ચિત્તના કરતાં મન શ્રેષ્ઠ છે, મનના કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે અને બુદ્ધિના કરતાં ક્ષેત્રજ્ઞ શ્રેષ્ઠ છે. [૧૬] પ્રાણી, પ્રથમ ઇંદ્રિયોદ્વારા વિષયોને ગ્રહણ કરીને ચિત્તવડે તેઓને સામાન્ય રીતે જાણે છે અને પછી મનવડે સંકલ્પવિકલ્પ કરીને બુદ્ધિવડે તેઓનો નિશ્ચય કરે છે. જે પ્રાણી, ઇંદ્રિયોદ્વારા પ્રાપ્ત થયેલા વિષયોને ગ્રાહ્ય–અગ્રાહ્યતરીકે નિશ્ચયપૂર્વક જાણી શકે છે, તેજ ખરો બુદ્ધિમાન ગણાય છે. [૧૭] અધ્યાત્મચિંતક વિદ્વાનો કહે છે કે, શ્રોત્ર, ચક્ષુ, જીહ્વા, નાસિકા અને ત્વચા–એ પાંચ ઇંદ્રિયો તથા ચિત્ત, મન અને બુદ્ધિ–આ આઠેને જ્ઞાનેન્દ્રિયો કહે છે.[૧૮] તેમજ ચરણ (પગ),હાથ, ગુદા, લિંગ અને મુખ–એ પાંચને કર્મેન્દ્રિયો કહે છે. હવે, આ કર્મેન્દ્રિયો શું શું કાર્ય કરે છે, તે હું તમને કહું છું, સાંભળો. [૧૯] મુખ ઇંદ્રિય ભાષણનું તથા ભોજનનું કામ કરે છે; ચરણ ઇંદ્રિય જ્યાં ત્યાં જવા–આવવાનું કામ કરે છે; હસ્ત ઇંદ્રિય કોઈ પદાર્થને લેવા–મૂકવાનું કામ કરે છે અને ગુદા ઇંદ્રિય તથા લિંગ ઇંદ્રિય મળમૂત્રને બહાર કાઢવાનું કામ કરે છે. તેમાં ગુદા ઇંદ્રિય મળને બહાર કાઢે છે અને શિશ્ન (લિંગ) ઇંદ્રિય મૂત્રને તથા મૈથુનસમયે વીર્યને બહાર કાઢે છે. [૨૦,૨૧] આ સિવાયની છઠ્ઠી એક બલ નામની પણ કર્મેન્દ્રિય છે, જેને પાંચ પ્રકારનો પ્રાણ પણ કહેવામાં આવે છે. આ છ કર્મેન્દ્રિયો, આઠ જ્ઞાનેન્દ્રિયો અને તે સર્વેના વિષયો મેં તને કહ્યા. [૨૨] હવે તે ઇંદ્રિયો, પોતપોતાનાં કર્મમાં પરિશ્રમ કરીને જ્યારે થાકી જાય છે, ત્યારે ઉપરામ પામે છે અને તેજ સમયે ઇંદ્રિયવ્યાપારના અભાવને લીધે મનુષ્ય નિદ્રાવશ થાય છે. [૨૩] આ રીતે નિદ્રાવસ્થામાં ઇંદ્રિયોનો ઉપરામ હોય છે, પરંતુ મનનો કદી ઉપરામજ હોતો નથી. તે તો નિદ્રાવસ્થામાં પણ સૂક્ષ્મરીતે વિષયોનું સેવન કરે છે અને તે સ્થિતિનેજ સ્વપ્નદર્શન કહેવામાં આવે છે. [૨૪] કેવળ વાસનામય એવા જે જે સાત્વિક, રાજસ અને તામસ ભાવો (વિષયો) જાગ્રત અવસ્થામાં પ્રસિદ્ધ હોય છે,તે તે સર્વ ભાવો ભોગને આપનારાં કર્મોની સાથે જોડાઈને સ્વપ્નમાં પણ જોવામાં આવે છે. ÷ [૨૫] જે પુરુષ સત્વગુણી હોય છે,તે પુ-

---

તેમાં દેખાતા ચંદ્રના પ્રતિબિંબનો પણ નાશ થાય છે, તેમ ઉપાધિરૂપ શરીરનો નાશ થવાથી તેમાં રહેલા ચૈતન્યના પ્રતિબિંબરૂપ જીવનો પણ નાશ થાય, એ સંભવિત છે. શ્રુતિ પણ કહે છે કેઃ– '**विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति** " આત્મા વિજ્ઞાનઘનજ છે, છતાં પ્રતિબિંબરૂપે મહાભૂતોમાંથી ઉત્પન્ન થઇને પાછો તેઓની પાછળ નાશ પામે છે. અર્થાત્ ચંદ્રના પ્રતિબિંબનો નાશ થાય છે છતાં ચંદ્રનો પોતાનો નાશ થતો નથી, તેમ જીવરૂપ પ્રતિબિંબનો નાશ થયા છતાં આત્માનો નાશ થતો નથી.

÷ અર્થાત જાગ્રત અવસ્થાની વાસનાઓજ કર્મના ઉદયકાળે સ્વપ્નાવસ્થામાં ભાસિત થાય છે.

રુષની સ્મૃતિ, સત્વગુણમાંથી ઉત્પન્ન થનારા આનંદ, ઐશ્વર્ય, જ્ઞાન અને વૈરાગ્ય વગેરે જાગ્રત અવસ્થાના ભાવોનો સ્વપ્નમાં પણ આશ્રય કરે છે*. (એજ પ્રમાણે રજોગુણી પુરુષની સ્મૃતિ જાગ્રતકાળના રજોગુણી ભાવોનો સ્વપ્નમાં આશ્રય કરે છે અને તમોગુણી પુરુષની સ્મૃતિ, જાગ્રતકાળના તમોગુણી ભાવોનો સ્વપ્નમાં આશ્રય કરે છે,એમ સમજવું.)[૨૬] સાત્વિક, રાજસ કે તામસ–હરકોઈ મનુષ્યમાં, જે જે વાસનાઓ, તેની કર્મગતિનો આશ્રય કરીને રહેલી હોય છે, તે સર્વનું સ્વપ્નમાં પણ સ્મરણ થાય છે; (અને તે સ્મરણરૂપ જ્ઞાન પણ ભોગને આપનારાં કર્મને લીધે,જાણે પ્રત્યક્ષ હોય તેવું ભાસે છે. આ રીતે જાગ્રત અવસ્થા અને સ્વપ્નાવસ્થા, અન્યોન્યનો સંબંધ ધરાવનારી છે–અર્થાત જાગ્રતકાળની વાસનાઓનું સ્વપ્નાવસ્થામાં સ્મરણ થાય છે અને સ્વપ્નકાળની વાસનાઓનું જાગ્રત અવસ્થામાં સ્મરણ થાય છે.) પણ એ બન્ને અવસ્થાની વાસનાઓનો સુષુપ્તિ અવસ્થામાં અભાવજ થઈ જાય છે,એ આપણે પ્રત્યક્ષ અનુભવીએછીએ;પરંતુ એ સુષુપ્તિઅવસ્થામાં અનુભવાતો વાસનાઓનો અભાવ,અમુક અલ્પ સમયસુધીજ ટકી રહે છે પણ નિત્યને માટે રહેતો નથી, જેથી મુમુક્ષુ પુરુષ સદાકાળ રહેનારી સુષુપ્તિનેજ (મોક્ષનેજ) ઇષ્ટ ગણે છે. × [૨૭]

હવે પૂર્વોક્ત આઠ જ્ઞાનેન્દ્રિયો, છ કર્મેન્દ્રિયો અને સાત્વિક, રાજસ ને તામસ–એ ત્રણ ભાવો–એમ મળીને સત્તર ગુણો, દેહમાં રહેલા ભોક્તારૂપ અઢારમા આત્માના ભોગ્ય ગણાય છે. (અર્થાત આત્મા ભોક્તા છે અને સત્તર ગુણો ભોગ્ય છે, માટે ભોક્તા અને ભોગ્ય નો સંબંધ, અગ્નિ અને તેની ઉષ્ણતાના સંબંધ જેવો એકસ્વરૂપ સંબંધ હોતો નથી,પણ સેવ્યસેવકના જેવો સંબંધ હોય છે, જેથી તેવા સેવ્યસેવકભાવ–સંબંધનો ઉચ્છેદ થાય, એ સંભવિત છે.) વળી શરીરમાં રહેલો જે આત્મા તે, સનાતન છે–અવિનાશી છે(અને સત્તર ગુણો તો અશાશ્વત છે–નાશવંત છે.) [૨૮] અથવા અવિદ્યાસહિત તે અઢારે ગુણો, શરીરમાં રહેલા ચિદાત્માનો આશ્રય કરીને રહેલા છે, જેથી મરણસમયે ચિદાત્માનો જ્યારે વિયોગ થાય છે, ત્યારે તે અઢારે ગુણો રહી શકતા નથી; [૨૯] અથવા તો એમજ કહી શકાય કે, જેને આપણે પાંચ ભૂતોથી ઉત્પન્ન થયેલું માનીએ છીએ તે શરીર બુદ્ધિની વૃત્તિરૂપ અનુભવ, ભોક્તાસહિત અઢાર ગુણો અને જઠરાગ્નિ–આ વીસ પદાર્થોનો એક સમુદાયજ છે અને તેનેજ પાંચ ભૂતોથી ઉત્પન્ન થયેલું શરીર કહેવામાં આવે છે.[૩૦] આ રીતે વીસ તત્ત્વોના સમુદાયરૂપ બનેલા શરીરને, મહાન એવો ચિદાત્માજ પ્રાણવાયુને સાથે રાખીને ધારણ કરી રાખે છે અને તે ઉપરથી એમજ સિદ્ધ થાય છે કે, પ્રભાવશાળી એવા ચિદાત્માના વિયોગથીજ પ્રાણીના શરીરનો નાશ થાય છે, પ્રાણવાયુ તો માત્ર નિમિત્તજ ગણાય છે. (જેમ ઘટના નાશમાં મુદ્ગર(ધોકો) તો માત્ર નિમિત્તજ ગણાય છે, કેમકે વસ્તુતઃ ઘટનો નાશકર્તા પુરુષજ છે, તેમ દેહનું ધારણ કરવામાં તથા તેનો નાશ કરવામાં આત્માનો સંયોગ અને વિયોગ મુખ્ય કારણ છે, પ્રાણનો સંયોગવિયોગ તો નિમિત્તકારણજ છે. +)[૩૧]

---

* કહેવાનો ભાવ એ છે કે, સાત્વિક પુરુષ, જાગ્રતકાળની વાસનાના હેતુભૂત આનંદાદિ સાત્વિક ભાવોનું સ્વપ્નમાં પણ સ્મરણ કરે છે.

×અર્થાત્ સુષુપ્તિમાં જે સુખનો અનુભવ થાય છે, તેજ સુખનો મોક્ષમાં અનુભવ થાય છે; તો પણ સુષુપ્તિમાં અને મુક્તિમાં જે ભેદ રહેલો છે તે એજ છે કે, સુષુપ્તિ અલ્પકાળને માટેજ રહેનારી છે અને મુક્તિ નિત્યને માટે રહેનારી છે; માટે મુમુક્ષુ પુરુષ નિત્ય રહેનારી મુક્તિનીજ અપેક્ષા રાખે છે. વળી જાગ્રત અને સ્વપ્નનો સુષુપ્તિમાં લય થાય છે અને સુષુપ્તિમાં કંઇ અલ્પ અંશે પણ મોક્ષસુખનો અનુભવ થાય છે. તે ઉપરથી એ વાતનો તો નિશ્ચયજ થાય છે કે, જાગ્રત અને સ્વપ્નનો સ્વભાવ નાશવંત હોઇને કોઈ યુક્તિદ્વારા આત્યંતિક નાશને પણ પામી શકે છે.

+ શ્રુતિ પણ કહે છે કેઃ–

'न प्राणेन नापानेन मर्त्यो जीवति कश्चन ।
इतरेण तु जीवंति यस्मिन्नेता वुपाश्रितौ ॥'

જેમ ઘટાદિક પદાર્થો, ભૂતસમુદાયમાંથી ઉત્પન્ન થઇને કાલાંતરે પાછા ભૂતસમુદાયમાંજ લય પામી જાય છે, તેમ પુણ્યપાપની પ્રેરણાથી ઉત્પન્ન થયેલો પ્રાણી, પુણ્યપાપના નાશની અંતે મરણધર્મને પામે છે અને પાછો, સંચિત કરેલાં પુણ્યપાપના યોગથી પ્રેરાઇને, કર્મજન્ય નવા દેહમાં, કાળાંતરેજ દાખલ થાય છે. ૩૨ જેમ એક મનુષ્ય પડી ગયેલા એક ઘરનો ત્યાગ કરીને બીજા ઘરમાં રહે છે અને બીજાનો ત્યાગ કરીને ત્રીજામાં રહે છે, તેમ ક્ષેત્રજ્ઞ જીવાત્મા પણ કાળપ્રેરણાને અધીન થઇને જૂના થયેલા પ્રથમના શરીરનો ત્યાગ કરીને અવિદ્યા, કામ અને કર્મથી ઉત્પન્ન થયેલા નવા નવા શરીરમાં પ્રવેશ કરે છે. ૩૩ આમ સમજીનેજ તત્ત્વવસ્તુનો નિશ્ચય કરનારા બુદ્ધિમાન પુરુષો, (પુત્રાદિકના મરણસમયે) સંતાપ કરતા નથી; પરંતુ જે મનુષ્યો અજ્ઞાની છે અને પુત્રાદિકના સંબંધને મિથ્યા હોવા છતાં સત્ય જોનારા છે, તેઓ પોતાના સંબંધીઓના મરણસમયે સંતાપને પામે છે; ૩૪ પણ વાસ્તવિક દૃષ્ટિએ તો આ જીવ કોઇનો સંબંધી નથી તેમ એ જીવનો પણ કોઇ સંબંધી નથી; (અર્થાત સ્ત્રીપુત્રાદિની સાથે જીવને કંઇ સંબંધજ નથી) કારણકે તે જીવ સદાકાળને માટે એકલોજ છે અને પોતેજ પોતાના શરીરને સુખદુઃખ ઉપજાવવામાં કારણભૂત થઇ પડે છે. ૩૫ વળી તે જીવ, કદી ઉત્પન્ન થતો નથી અને મરણને પણ પામતો નથી. (માત્ર શરીરજ જન્મમરણને પામે છે.) કાળાંતરે જ્યારે કર્મબંધન તૂટી જાય છે, ત્યારે દેહનો ત્યાગ કરીને જીવ પરમ ગતિને પામે છે. ૩૬ કર્મનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે પુણ્યપાપમય એવા દેહનો પણ ક્ષય થાય છે અને દેહનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે જીવ બ્રહ્મભાવનેજ પ્રાપ્ત થાય છે; ૩૭ પરંતુ પુણ્યપાપનો ક્ષય કરવામાટે (ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના વિવેકરૂપ) સાંખ્યજ્ઞાનનુંજ (આત્મજ્ઞાનનુંજ) શાસ્ત્રમાં કથન કરવામાં આવ્યું છે અને તે જ્ઞાનદ્વારા પુણ્યપાપનો ક્ષય થતાંજ જીવને બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે અને પછી તે પરમ ગતિનેજ પામે છે, એમ પંડિતો (શાસ્ત્રદૃષ્ટિથી) જોઇ શકે છે. ૩૮

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "નારદ
અને અસિતનો સંવાદ" એ વિષયનો
અધ્યાય ૨૭૫ મો સમાપ્ત.

અધ્યાય ૨૭૬ મો

તૃષ્ણાના ત્યાગમાટે જનકનો ઉપદેશ.

॥ युधिष्ठिर उवाच ॥

भ्रातरः पितरः पौत्रा ज्ञातयः सुहृदः सुताः।
अर्थहेतोर्हताः क्रूरैरस्माभिः पापकर्मभिः ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ-"હે પિતામહ ! અમે-ક્રૂર અને પાપી કર્મ કરનારા-પાંડવોએ, કેવળ દ્રવ્યના હેતુથીજ ભાઇઓને, પિતાઓને, પૌત્રોને, જ્ઞાતિઓને, સુહૃદોને તથા પુત્રોને મારી નાખ્યા છે;[1] માટે હું તમને પૂછું છું કે, આ મારી ધનસંબંધી તૃષ્ણાને હું કેવી રીતે દૂર કરૂં, તે મને કહો. ખરેખર, એ તૃષ્ણાને અધીન થઇનેજ અમે આવાં પાપી કૃત્યો કર્યાં છે."[2]

ભીષ્મે કહ્યુંઃ-આ વિષયમાં પણ એક પ્રાચીન ઇતિહાસ કહેવામાં આવે છે. જેમકે, માંડવ્ય નામના એક ઋષિએ જનક રાજાને જ્યારે પ્રશ્ન પૂછ્યો, ત્યારે તેમણે આ પ્રમાણે ઉપદેશ આપ્યો હતોઃ-"ખરેખર, અતિ આનંદની વાત છે કે, હું અત્યંત સુખમાં જીવન ગાળું છું; કેમકે આ જગતમાં જે કંઈ છે, તે મારૂં નથી. આ મિથિલા નગરી આખી બળી ગઇ છે, તોપણ તેમાં મારૂં કંઇપણ બળ્યું નથી.[3,4] બ્રહ્મલોક સુધીના સમૃદ્ધિવાળા વિષયો પ્રાપ્ત થાય, તોપણ જ્ઞાની પુરુષોને તેઓ અત્યંત દુઃખરૂપજ દેખાય છે; પરંતુ અજ્ઞાની પુરુષોને સમૃદ્ધિવિનાના તુચ્છ વિષયો પણ સદાકાળ મોહજનક થઇ પડે છે.[5] આ જગતમાં જે કંઇ

કોઇપણ મનુષ્ય પ્રાણવાયુને આધારે કે અપાનવાયુને આધારે જીવી શકતો નથી; પરંતુ તે પ્રાણને તથા અપાનને પણ જેનો આધાર છે, તે ચિદાત્માના યોગથીજ જીવી શકે છે.

વિષયજન્ય સુખ છે અને પરલોકમાં દિવ્ય એવું જે મહાન સુખ છે, તે સર્વ સુખ તૃષ્ણાના નાશરૂપ સુખના સોળમા ભાગની યોગ્યતાને પણ પહોંચી શકે તેમ નથી.[૬] જેમ બળદનું શીંગડું, બળદની વૃદ્ધિની સાથેજ પ્રતિદિન વધતું જાય છે, તેમ તૃષ્ણા પણ ધનની વૃદ્ધિની સાથેજ પ્રતિદિન વધતી જાય છે.[૭] હરકોઇ વસ્તુ ઉપર મનુષ્યને જ્યારે મમત્વભાવ ઉત્પન્ન થાય છે, ત્યારેજ તે વસ્તુનો નાશ, તેને સંતાપજનક થઇ પડે છે;[૮] માટે સુખાભિલાષી મનુષ્યે કોઇ જાતની કામનાને અનુસરવું નહિ, કેમકે કામનાઉપરની જે પ્રીતિ તેજ દુઃખનું મૂળ છે. વળી ધર્મ કરવો તે પણ જો સહજરીતે દ્રવ્ય આવી મળ્યું હોય તોજ કરવો, પરંતુ તે દ્રવ્યમાંથી વિષયાભિલાષને તૃપ્ત કરવાની ઇચ્છાનો તો ત્યાગજ કરવો.*[૯] વિદ્વાન પુરુષે પ્રાણીમાત્રને પોતાના સમાન ગણીને સર્વને સુખ થાય, તેવી ઇચ્છા કરવી જોઇએ અને કૃતકૃત્ય થયેલો પવિત્રાત્મા પુરુષ તો (સુખ–દુઃખ, પુણ્ય–પાપ, ધર્મ–અધર્મ–વગેરે) સર્વનો ત્યાગ કરી દે છે.[૧૦] વળી તેવો જ્ઞાની પુરુષ સત્યનો–અસત્યનો, શોકનો–આનંદનો, પ્રિયનો–અપ્રિયનો, ભયનો તથા અભયનો ત્યાગ કરીને કેવળ શાંતિમય જીવન ગાળે છે અને સર્વ પ્રકારે નિર્દોષ રહે છે.[૧૧] જે તૃષ્ણાને, બુદ્ધિહીન પુરુષો મહાકષ્ટથી પણ છોડી શકતા નથી, જે તૃષ્ણા, પુરુષ વૃદ્ધ થાય છે તોપણ વૃદ્ધ થતી નથી અને જે તૃષ્ણા પ્રાણઘાતક રોગના જેવી ભયંકર છે, તે તૃષ્ણાનો ત્યાગ કરનાર પુરુષ અવશ્ય સુખી થાય છે.[૧૨] ધર્માત્મા પુરુષ પોતાના ચારિત્ર્યને ચંદ્રના જેવું ઉજ્જવળ અને નિર્દોષ કરવા યત્ન કરે છે અને પછી આ લોકમાં કીર્તિ મેળવે છે તથા પરલોકમાં સુખ સંપાદન કરે છે.”[૧૩]

હે યુધિષ્ઠિર ! જનકરાજાનું એ વચન સાંભળીને, બ્રાહ્મણ માંડવ્ય મનમાં પ્રસન્ન થયો અને તેના વાક્યનો આદર કરીને મોક્ષમાર્ગનો તેણે આશ્રય કર્યો.[૧૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ માંડવ્ય અને જનકનો સંવાદ ” એ
વિષયનો અ૦ ૨૭૬ મો સમાપ્ત.

અધ્યાય ૨૭૭ મો

પિતાપુત્રનો સંવાદ-કોઇપણ આશ્રમમાં મોક્ષપરાયણ રહેવું.

॥ युधिष्ठिर उवाच ॥

अतिक्रामति कालेऽस्मिन् सर्वभूतभयावहे ॥
किं श्रेयः प्रतिपद्येत तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“ હે પિતામહ ! પ્રાણીમાત્રને ભય ઉપજાવનારો આ કાળ, સર્વ કોઇનું ઉલ્લંઘન કરી રહ્યો છે, તો પછી મનુષ્યે કયા શ્રેયસ્કર માર્ગનો અંગીકાર કરવો, તે મને કહો.”[૧]

ભીષ્મે કહ્યું:–“હે યુધિષ્ઠિર ! આ વિષયમાં પણ પિતા અને પુત્રના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે, તે હું તમને કહું છું, સાંભળો.[૨] હે પાર્થ ! સ્વાધ્યાય કર્મમાં આસક્ત રહેનારા કોઈ એક બ્રાહ્મણનો મેધાવી નામનો મહાબુદ્ધિમાન પુત્ર હતો.[૩] મોક્ષધર્મમાં કુશલ એવા તે મેધાવીએ, કેવળ સ્વાધ્યાય કર્મમાંજ આસક્ત રહેનાર અને મોક્ષધર્મમાં અકુશલ એવા પોતાના પિતાને,એક સમયે આ પ્રમાણે પ્રશ્ન કર્યો.[૪]

પુત્રે કહ્યું:–“ હે તાત ! મનુષ્યોનું આયુષ, પ્રતિદિન ક્ષીણ થતું જાય છે, એમ જાણનારા ધીર પુરુષે, તત્કાળ શો ઉપાય કરવો જોઈએ, તે મને યથાર્થ રીતે કહો, જેથી હું અનુક્રમે ધર્મનું આચરણ કરૂં.”[૫]

---

* કહેવાનો આશય એ છે કે, કામનોઓને પૂર્ણ કરવા માટે દ્રવ્ય મેળવવાની ઇચ્છા ન રાખવી એ તો યોગ્યજ છે. પણ ધર્મ કરવાના નિમિત્તે પણ દ્રવ્ય મેળવવાની ઇચ્છા ન રાખવી; કેમકે:–

“धर्मार्थं यस्य वित्तेहा वरं तस्य निरीहिता ।
प्रक्षालनाद्धि पंकस्य दूरादस्पर्शनं वरम् ”–

ધર્મને માટે દ્રવ્ય મેળવવાની ઇચ્છા કરવી તેના કરતાં ધર્મ કરવાનીજ ઇચ્છા ન કરવી તે વધારે ઉત્તમ છે. જેમકે કાદવમાં પડીને પગ ધોવા તેના કરતાં કાદવમાં ન પડવું તે વધારે સારૂં છે.

પિતાએ કહ્યું:-“ હે પુત્ર ! પ્રથમ, બ્રહ્મચર્યના પાલનપૂર્વક વેદોનું અધ્યયન કરીને પિતૃઓનો ઉદ્ધાર કરવા માટે પ્રજા ઉત્પન્ન કરવાની ઈચ્છા કરવી. (અર્થાત્ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો અને તે આશ્રમમાં વિધિપૂર્વક અગ્નિહોત્રનો સ્વીકાર કરીને યથાશક્તિ યજ્ઞયાગ કરવા.) તે પછી (અમુક સંતતિ ઉત્પન્ન થઇ જાય) એટલે વનમાં પ્રવેશ કરીને (વાનપ્રસ્થાશ્રમ સ્વીકારીને વૈરાગ્યની પકવદશા સિદ્ધ થાય ત્યારે,) મુનિ થવાની ઈચ્છા કરવી-સંન્યાસાશ્રમને સ્વીકારવો.”૬

પુત્રે કહ્યું:-“ ચોતરફથી ઘેરાયલા આ જગતનો આ રીતે જ્યારે સંહાર થઇ રહ્યો છે અને રાત્રિદિવસો પોતપોતાનું કાર્ય કરીને સફળતાપૂર્વક પસાર થઈ રહ્યા છે, છતાં તમે આમ ધીર પુરુષની પેઠે કેમ બોલો છો ?”૭

પિતાએ કહ્યું:-“ કોણ જગતનો સંહાર કરી રહ્યું છે ? કોનાવડે લોકો ઘેરાઇ ગયા છે અને કોણ પોતપોતાનું કાર્ય કરીને સફળતાપૂર્વક પસાર થઇ જાય છે ? (તે મને કહે.) તું જાણે મને ડરાવતો હોય, તેમ કેમ બોલે છે ?”૮

પુત્રે કહ્યું:-“મૃત્યુ જગતનો સંહાર કરી રહ્યું છે, વૃદ્ધાવસ્થાએ લોકોને ઘેરી લીધા છે અને રાત્રિદિવસો પોતપોતાનું કાર્ય કરીને સફળતાપૂર્વક પસાર થઇ રહ્યા છે, છતાં તમે કેમ જાગ્રત થતા નથી ?૯ જ્યારે મેં જાણી લીધું છે કે, મૃત્યુ કોઈની વાટ જોઇને ઉભું રહેતું નથી તો પછી અજ્ઞાનથી ઢંકાયલો રહીને તમે દર્શાવેલા પગથીઆપર ચઢવાની હું શામાટે વાટ જોઉં ?૧૦ રાત્રિઓ જેમ જેમ પસાર થતી જાય છે, તેમ તેમ મનુષ્યના આયુષ્યમાં પણ ઘટાડો થતો જાય છે. આમ સમજનારો કયો પુરુષ છીછરા પાણીમાં રહેલા માછલાની પેઠે સુખને પામી શકે ?૧૧ મનુષ્ય કોઇએક ફૂલ વીણનારા પુરુષની પેઠે અનેક વિષયોમાં મનને દોડાવે છે, પણ તે તે વિષયો હજી તેને પ્રાપ્ત થયા નથી તેવામાં તો મૃત્યુ તેની સામે આવી પહોંચે છે;૧૨ માટે પ્રત્યેક મનુષ્યે જે કાર્ય આવતી કાલે કરવાનું હોય તેને આજે કરી લેવું અને જે કાર્ય દિવસના પાછળના ભાગમાં કરવાનું હોય તેને દિવસના પ્રથમ ભાગમાં કરી લેવું; કેમકે મૃત્યુ કોઇની વાટ જોતું નથી કે, અમુક મનુષ્યે અમુક કાર્ય કર્યું છે કે નથી કર્યું ! !૧૩ જે કાર્ય તમારૂં શ્રેય કરનાર હોય તેને તમે આજેજ કરી લ્યો, કેમકે મહાન એવો કાળ, (તમારૂં કાર્ય અપૂર્ણ રહે તે પહેલાં) તમારો ગ્રાસ કરી જાય, તેમ ન થવું જોઇએ. વળી જગતનો કયો મનુષ્ય જાણી શકે છે કે, અમુકનો મૃત્યુકાળ અમુક સમયેજ થશે!!૧૪ મનુષ્યનાં કાર્યો હજી અપૂર્ણજ રહ્યાં હોય છે, છતાં મૃત્યુ તેને ખેંચી જાય છે, માટે યુવાવસ્થામાંજ ધર્મશીલ થવું; કેમકે જીવિતનો કંઇ નિશ્ચયજ નથી. (કે અમુક કાળ સુધી તે ટકશે.)૧૫ ધર્મનું જો આચરણ કરવામાં આવે છે, તો આ લોક ને પરલોક-બન્નેમાં સદાકાળ રહેનારી પ્રીતિ પ્રાપ્ત થાય છે; પરંતુ જે પુરુષ મોહથી ઘેરાઇ જઇને પુત્ર, સ્ત્રી આદિને માટે ઉદ્યમ કર્યા કરે છે, કાર્ય-અકાર્ય કરીને તેઓને પ્રસન્ન રાખે છે અને સંસારમાંજ મનને આસક્ત રાખે છે, તેવા પુત્રરૂપી પશુઓની સંપત્તિવાળા પુરુષને, પાણીનું પૂર સૂતેલા વાઘને જેમ ઘસડી જાય છે તેમ, મૃત્યુ ઘસડી જાય છે. મનુષ્ય અનેક પ્રકારના પરિગ્રહોનો સંગ્રહ કરી રહ્યો હોય છે અને વિષયોથી હજી અતૃપ્તજ રહ્યો હોય છે, તેવામાં તો વરૂની માદા જેમ ઘેટાંને ઉપાડી જાય છે, તેમ મૃત્યુ તે પુરુષને ઉપાડી જાય છે. “અમુક કાર્યને મેં કર્યું છે, અમુક કાર્ય હજી કરવાનું છે, અમુક કાર્ય હજી અપૂર્ણ છે” આવી વિચારમાળામાં ગુંથાયલા મનુષ્યને મૃત્યુ ઉઠાવી જાય છે. કરેલાં કાર્યોનું ફળ હજી પ્રાપ્ત થયું ન હોય અને ખેતર, દુકાન, ઘર-વગેરેના કાર્યમાં હજી આસક્તજ રહ્યો હોય, તેવામાં મૃત્યુ તે કર્મસંગી મનુષ્યને ઝડપી લે છે. પુરુષ દુર્બળ હોય કે બળવાન હોય, બુદ્ધિમાન હોય કે મૂર્ખ હોય, શૂરવીર હોય કે વિદ્વાન હોય અથવા કોઈ પ્રકારની કામનાને પૂર્ણ કરી શક્યો ન હોય, તોપણ મૃત્યુ તેને પકડીને લઈ જાય છે. જગતનો કોઇપણ મનુષ્ય મૃત્યુનો, ઘડપણનો, વ્યાધિનો

તથા અનેક કારણવાળાં દુઃખોનો જો ત્યાગજ કરી શકતો નથી, તોપછી આમ સ્વસ્થની પેઠે તમે કેમ બેસી રહ્યા છો? પ્રાણીનો જેવો જન્મ થાય છે કે તુરતજ મૃત્યુ અને વૃદ્ધાવસ્થા તેનો નાશ કરવા માટે તેની સામે આવી પહોંચે છે;[૧૬-૨૩] કેમકે સ્થાવરજંગમ સર્વ પદાર્થો, આ બન્નેવડે (મૃત્યુ અને વૃદ્ધાવસ્થાવડે) નિત્ય અનુસરાયલાજ છે. મૃત્યુની સેના જ્યારે ચઢી આવે છે, ત્યારે કોઈપણ પુરુષ, તેને અટકાવી શકતો નથી. માત્ર એક સત્યજ તે સેનાને બળાત્કારે અટકાવી શકે છે; કેમકે સત્યમાં અમૃતનો નિવાસ છે. જે મનુષ્ય ગામની અંદર નિવાસ કરીને તેમાં પ્રીતિ કરે છે, તે મૃત્યુના ગૃહમાંજ પ્રીતિ કરે છે, એમ સમજવું; કેમકે ગામ એ મૃત્યુનું ગૃહ છે અને અરણ્ય એ દેવોનું નિવાસસ્થાન છે, એમ અમે સાંભળ્યું છે. ગામમાં નિવાસ કરવો તે મજબૂતરીતે જકડી બાંધનારી એક દોરડીજ છે, માટે પુણ્યશાળી પુરુષો એ દોરીને કાપી નાખીને અરણ્યમાંજ ચાલ્યા જાય છે; પણ પાપી પુરુષો તે દોરીને કાપી શકતા નથી. જે પુરુષ મન, વચન ને કર્મથી કોઈપણ પ્રાણીની હિંસા કરતો નથી અથવા કોઇપણ પ્રાણીની આજીવિકાનાં સાધનોનો નાશ કરી નાખીને તેને દુઃખ દેતો નથી, તે પુરુષનો જગતનાં કોઈપણ પ્રાણી નાશ કરતાં નથી; માટે સર્વના પર સમભાવ રાખીને ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા પુરુષે સત્યરૂપ વ્રતનું આચરણ કરવું, સત્યરૂપ વ્રતમાં પરાયણ રહેવું, સત્યનીજ અભિલાષા રાખવી અને સત્યદ્વારાજ કાળને જીતવો. અમરપણું અને મૃત્યુ-એ બન્ને પોતાના દેહમાંજ રહેલાં છે. તેમાં સ્ત્રીપુત્રાદિ ઉપર મોહ રાખવાથી મૃત્યુ પ્રાપ્ત થાય છે અને સત્યદ્વારા અમરપણું મેળવી શકાય છે. આમ સમજીને મેં અહિંસાનો આશ્રય કરવાની ઈચ્છા કરી છે, કામ તથા ક્રોધનો બહિષ્કાર કર્યો છે અને સત્યનોજ આશ્રય કરીને હું, એકાદા દેવની પેઠે કલ્યાણસંપન્ન થઇશ અને અનાયાસે મૃત્યુને હાંકી કાઢીશ. વળી હું શાંતિયજ્ઞમાંજ આસક્ત રહીને દમગુણને ધારણ કરીશ, બ્રહ્મયજ્ઞ કરવાની દીક્ષા લઈશ અને ઉત્તરાયણ કાળમાં વાણીયજ્ઞ (પ્રણવજાપ), મનોયજ્ઞ (બ્રહ્મચિંતન) તથા કર્મયજ્ઞ (નિષ્કામયોગ) કરીશ; કેમકે મારા જેવો એક બુદ્ધિમાન પુરુષ, નાશવંત ફળવાળા અને ક્ષત્રિયોને માટે યોગ્ય એવા હિંસાપ્રધાન યજ્ઞો કરવાને પિશાચની પેઠે કેમ તૈયાર થાય? હે પિતા! હું મારા આત્માવિષેજ આત્મારૂપે ઉત્પન્ન થઇશ અને આત્મનિષ્ઠ રહીને આત્મયજ્ઞજ કર્યા કરીશ, પણ પ્રજા ઉત્પન્ન નહિ કરૂં; કેમકે પ્રજા મને તારવાની નથી. જે પુરુષની વાણી અને મન સારીરીતે નિયમમાં હોય છે અને જેનામાં તપ, ત્યાગ તથા યોગનો નિવાસ હોય છે, તે પુરુષ તે દ્વારા સર્વ વસ્તુને મેળવી શકે છે. વળી શાસ્ત્રમાં કહ્યું છે કે, વિદ્યા (આત્મવિદ્યા) સમાન નેત્ર નથી અને વિદ્યાસમાન કોઇ ફળ નથી; તેમજ રાગસમાન દુઃખ નથી અને ત્યાગસમાન સુખ નથી.[૨૪,૩૬] એકાંતમાં નિવાસ કરવો, સર્વના પર સમભાવ રાખવો, સત્યનું પાલન કરવું, સદાચારમાં સ્થિતિ કરવી, હિંસાનો ત્યાગ કરવો, સરળતા ધારણ કરવી અને સર્વ ક્રિયાઓનો પરિત્યાગ કરવો-આના જેવું બ્રાહ્મણનું બીજું દ્રવ્યજ નથી.[૩૭] હે બ્રહ્મન્! તમારૂં જ્યારે મૃત્યુ થશે, ત્યારે ધન, બાંધવ કે સ્ત્રી, તમને શા ઉપયોગમાં આવશે? માટે હૃદયગુહામાં રહેલા આત્માનોજ તમે સાક્ષાત્કાર કરી લ્યો અને તમારા પિતા અને પિતામહો કયે માર્ગે ગયા છે, તેનો વિચાર કરો."[૩૮]

ભીષ્મે કહ્યું:-"હે રાજા! પુત્રનાં એ વચન સાંભળીને પિતાએ તે પ્રમાણેજ કર્યું; માટે તમે પણ સત્યધર્મમાં પરાયણ રહીને તે પ્રમાણે વર્તન કરો."[૩૯]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"પિતાપુત્રનો સંવાદ" એ વિષયનો
અધ્યાય ૨૭૭ મો સમાપ્ત.

અધ્યાય ૨૭૮ મો

હારીતગીતા-મોક્ષનાં સાધનો

॥ युधिष्ठिर उवाच ॥

किं शीलः किं समाचारः किं विद्यः किं परायणः।
प्राप्नोति ब्रह्मणः स्थानं यत्परं प्रकृतेर्ध्रुवम्॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પિતામહ ! કેવા સ્વભાવવાળો થઇને, કેવા આચારનું પાલન કરીને, કયી વિદ્યાનો આશ્રય કરીને અને કયા વિષયમાં પરાયણ રહીને મનુષ્ય, પ્રકૃતિથી પર રહેલા બ્રહ્મના અવિનાશી સ્થાનને પ્રાપ્ત કરે છે ?"[૧]

ભીષ્મે કહ્યું:-"મોક્ષધર્મમાં પ્રીતિ રાખનારો અને ઇંદ્રિયોને જીતનારો અલ્પાહારી મનુષ્ય, બ્રહ્મના પરમ સ્થાનને પામે છે, કે જે સ્થાન પ્રકૃતિથી પર રહેલું છે અને અવિનાશી છે.[૨] મુમુક્ષુ મનુષ્યે, પોતાના ગૃહમાંથી નીકળી પડીને સંન્યાસનોજ સ્વીકાર કરવો અને પછી લાભ કે હાનિમાં સમભાવ રાખવો, મુનિવૃત્તિ ધારણ કરવી અને વિષયો પોતાની સામા આવે તોપણ કેવળ નિરપેક્ષ રહેવું.[૩] દૃષ્ટિથી, મનથી કે વાણીથી કોઈના પર દોષારોપ કરવો નહિ અને કોઇની પ્રત્યક્ષમાં કે પરોક્ષમાં પણ કોઈનું દૂષણ કહેવું નહિ.[૩] કોઈ પણ પ્રાણીની હિંસા કરવી નહિ, સૂર્યની પેઠે નિત્ય ગમનશીલજ રહેવું (અર્થાત્ એક રાત્રિસિવાય કોઈપણ સ્થળે ઘર કરીને રહેવું નહિ) અને આવું સંન્યાસજીવન પ્રાપ્ત કર્યા પછી કોઇની સાથે વૈરભાવથી વર્તવું નહિ.[૫] પોતાની સામે કોઇ વાદવિવાદ કરવા માંડે તો સહનશીલતા રાખવી, કોઇની સામે અભિમાન કરવું નહિ, ક્રોધ ઉપજાવનારસામે પણ પ્રિય બોલવું, કોઈ નિંદા કરે તોપણ તેનું કુશળ બોલવું, જનસમાજમાં રહીને પણ કોઈનું અનુકૂળ કે પ્રતિકૂળ કરવું નહિ, ભિક્ષા લેવાને માટે અનેક ઘેર ભટકવું નહિ, જેને ત્યાંથી ભોજનને માટે પ્રથમ નિમંત્રણ આવ્યું હોય તેને ત્યાં ભિક્ષા લેવા જવું નહિ, કોઈ મૂઢ મનુષ્યોએ કદી તિરસ્કાર કર્યો હોય તોપણ સ્વધર્મથી ભ્રષ્ટ થઇ ચપલતા કરવી નહિ, અપ્રિય વચન બોલવું નહિ, દયાળુ થવું, પોતાને મારી નાખવા તૈયાર થયેલા સામે પણ ક્રૂર થવું નહિ, ભયનો ત્યાગ કરવો, પોતાની પ્રશંસા કરવી નહિ અને જે ઘરમાં ધૂમાડો નીકળતો બંધ થયો હોય, સાંબેલાનો અવાજ ન સંભળાતો હોય, અંગારા બુઝાઇ ગયા હોય, સર્વ મનુષ્યો જમી ઉઠયા હોય અને પીરસવાનાં પાત્રોનો સંચાર બંધ પડી ગયો હોય, તે ઘેર જઇનેજ મુનિએ ભિક્ષા મેળવવાની ઇચ્છા કરવી;[૬-૯] તેમજ સંન્યાસીએ માત્ર શરીર ટકી રહે તેટલાજ આહારનું સેવન કરવું, વસ્ત્રાદિકનો લાભ થતો હોય તોપણ તેનો અનાદર કરવો, કોઇ સમયે ભિક્ષાનો લાભ ન થયો હોય તો મનમાં ઉદાસ થવું નહિ અને કોઇ સમયે ભિક્ષાનો લાભ થઇ ગયો હોય તો તેથી હર્ષ પામવો નહિ.[૧૦] વળી (પુષ્પની માળા, ચંદન વગેરે) સર્વસામાન્ય ભોગો ભોગવવાની ઇચ્છા કરવી નહિ, પોતાનું બહુ માન કરવામાં આવે તે સ્થળેથી ભિક્ષા લેવી નહિ, જે સ્થળેથી માનપૂર્વક ભિક્ષા મળતી હોય તો તે ભિક્ષાનો અનાદરજ કરવો, અન્નના દોષોની નિંદા કરવી નહિ, તેમ અન્નના ગુણોની પ્રશંસા પણ કરવી નહિ, નિત્ય એકાંતમાંજ શય્યા અને આસન કરવાનું પસંદ કરવું, ઉજ્જડ ઘરમાં, વૃક્ષના મૂળ નીચે, અરણ્યમાં, કોઈ ગુફામાં અથવા બીજા કોઇ એકાંત સ્થાનમાં ગુપ્ત રીતે જઇને, પોતાની હૃદયગુહામાં રહેલા આત્મસ્વરૂપમાંજ લીન રહેવું, યોગનેજ અનુસરવું, સંગનો ત્યાગ કરવો, રાગદ્વેષથી રહિત થવું, અચળ રહેવું, નિર્વિકાર થવું, દયા કે દ્વેષને લીધે પુણ્ય કે પાપ કરવાની આકાંક્ષા રાખવી નહિ, સદાકાળ તૃપ્ત રહેવું, અત્યંત સંતુષ્ટ રહેવું, મુખ અને ઇંદ્રિયોને પ્રસન્ન રાખી નિર્ભય થઇને વિચરવું, પ્રણવમંત્રનો જપ કર્યા કરવો, મૌનવ્રત ધારણ કરવું, વૈરાગ્યનો આશ્રય કરવો, દેહ, ઇંદ્રિય આદિ ભૌતિક પદાર્થોને વારંવાર આત્માથી ભિન્ન જોવા, પ્રાણીઓના જન્મને તથા મરણને જોઇને સંસાર તરફ નિઃસ્પૃહ થવું, સર્વત્ર સમદષ્ટિ રાખવી, કાચું-પાકું જે કંઇ મળી

આવે તેથી આજીવિકા ચલાવી લેવી, ચિત્તને શાંત રાખવું, અલ્પ આહાર કરવો અને ઇંદ્રિયોને જીતવી.[૧૧-૧૬] આ રીતે ઉત્તમ તપશ્ચર્યા કરનારા સંન્યાસીએ વાણીના વેગને, મનના વેગને, ક્રોધના વેગને, હિંસાના વેગને, ઉદરના વેગને તથા ઉપસ્થ (જનનેન્દ્રિય) ના વેગને નિરંતર રોકવા અને પોતાની કોઈ નિંદા કરે તોપણ હૃદયમાં ખિન્ન થવું નહિ.[૧૭] તેણે પ્રશંસા થતી હોય કે નિંદા થતી હોય ત્યાં મધ્યસ્થજ રહેવું અને સર્વનાપર સમભાવ રાખવો. સંન્યાસ આશ્રમમાં આવા પ્રકારનું જે આચરણ કરવું, તે પરમ પવિત્ર ગણાય છે.[૧૮] મહાત્મા સંન્યાસીએ સર્વ પ્રકારે ઇંદ્રિયોનું દમન કરવું, સર્વ પ્રકારના સંગથી મુક્ત થવું, પૂર્વાશ્રમના દેશમાં વિચરવું નહિ, શાંત રહેવું, એક સ્થળે ઘર કરીને રહેવું નહિ, ચિત્તને આત્મચિંતનમાંજ એકાગ્ર રાખવું, વાનપ્રસ્થ કે ગૃહસ્થનો સંસર્ગ કરવો નહિ, અજાણપણે જે કંઇ આહારાદિ મળી આવે તે મેળવવાનીજ ઇચ્છા કરવી અને કદી હર્ષઘેલા થવું નહિ.[૧૯,૨૦] મોક્ષના સાધનભૂત આ સંન્યાસધર્મને જે પુરુષો જાણે છે, તેઓનો મોક્ષ થાય છે અને જેઓ નથી જાણતા તેઓને તો કેવળ પરિશ્રમરૂપજ થઇ પડે છે. આવા હેતુથીજ હારીત મુનિએ કહ્યું છે કે, જે પુરુષો, આ સંન્યાસધર્મના સ્વરૂપને સંપૂર્ણ રીતે જાણે છે, તેઓને તે (સંન્યાસ) મોક્ષપ્રત્યે પહોંચાડનાર એક વાહનરૂપેજ થઇ પડે છે.[૨૧] જે પુરુષ પ્રાણીમાત્રને અભય આપીને સંન્યાસાશ્રમનો સ્વીકાર કરે છે, તેને અનંતકાળ માટે તેજોમય દિવ્ય લોકોની પ્રાપ્તિ થાય છે.” ૨૨

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“હારીતગીતા” એ વિષયનો અધ્યાય
૨૭૮ મો સમાપ્ત.

અધ્યાય ૨૭૯ મો

શુક્રાચાર્ય અને વૃત્રાસુરનો સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

धन्या धन्या इति जनाः सर्वेऽस्मान् प्रवदंत्युत।
न दुःखिततरः कश्चित् पुमानस्माभिरस्ति ह ॥

યુધિષ્ઠિરે પૂછયું:–“ હે કુરુશ્રેષ્ઠ પિતામહ! સર્વ મનુષ્યો અમારા સંબંધમાં કહે છે કે, “ પાંડવોને ધન્ય છે, ધન્ય છે. ” પણ ખરૂં જોતાં બીજો કોઇ પુરુષ અમારા કરતાં વધારે દુઃખી નથીજ.[૧] અમે લોકમાં માન્ય થયેલા છીએ અને દેવોદ્વારા મનુષ્યયોનિમાં ઉત્પન્ન થયેલા છીએ, છતાં હે પિતામહ ! આવા પ્રકારનું દુઃખ અમને પ્રાપ્ત થયું, એ ઉપરથી એજ નિશ્ચય થાય છે કે, શરીરને ધારણ કરવું તેજ દુઃખનું કારણ છે. અમે દુઃખનો નાશ કરનારા સંન્યાસનો કયારે સ્વીકાર કરીશું ? હે પિતામહ ! સંન્યાસરૂપી તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારા મુનિઓ, (પાંચ પ્રાણ, મન, બુદ્ધિ અને દશ ઇંદ્રિયો–એ) સત્તર તત્ત્વો સંસારના કારણભૂત એવા (કામ, ક્રોધ, લોભ, ભય અને સ્વપ્ન–એ) પાંચ દોષોથી, ઇંદ્રિયોના વિષયોથી, સત્વાદિક ગુણોથી અને (પાંચ મહાભૂત, અવિદ્યા, અહંકાર તથા કર્મ–એ) આઠ મૂલપ્રકૃતિઓથી મુક્ત થઈને પુનર્જન્મને પામતા નથી. તો હે શત્રુતાપન ભીષ્મ! અમે, આ રાજ્યનો ત્યાગ કરીને સંન્યાસાશ્રમનો કયારે સ્વીકાર કરીશું ?”[૨-૫]

ભીષ્મે કહ્યું:–“હે મહારાજા! દુઃખનો પણ અંત હોય છે; કેમકે જગતમાંની સર્વ વસ્તુ મર્યાદાવાળી અને અંતવાળી છેજ; તેમજ પુનર્જન્મ પણ અંતવાનતરીકેજ પ્રસિદ્ધ છે, કેમકે આ લોકમાં કોઈ વસ્તુ અચલ નથીજ.*[૬] હે રા-

---

* ભીષ્મ, રાજા યુધિષ્ઠિરને આશ્વાસન આપતા કહે છે કે, તું ઉતાવળો થા મા. તને એમ લાગે છે કે, અમે આ સંસારના દુઃખમાંથી મુક્તજ થવાના નથી; પરંતુ જગતની સર્વ વસ્તુઓનો અંત હોયજ છે; માટે તમારા દુઃખનો પણ અંત આવશેજ.

જન્! તમે માનો છો કે, ઐશ્વર્ય દોષવાળું છે અને તેમ માનવું તે સત્યજ છે કે, પ્રસંગવશાત્ ઐશ્વર્ય પણ સંગનો હેતુ હોઇને મોક્ષમાં વિઘ્નરૂપ થઈ પડે છે, તોપણ તમે ધર્મજ્ઞ છો, જેથી ઉદ્યમ કરીને પણ સમય આવ્યે મુક્તિને પામશોજ.[×][૭] હે રાજા! દેહધારી જીવ, નિત્ય પોતાનાં પુણ્યપાપથી થનારાં સુખદુઃખ ઉપર પોતાનું સામર્થ્ય ચલાવી શકતો નથી, જેથી તે સુખદુઃખમાંથી ઉત્પન્નથયેલા રાગદ્વેષરૂપી અંધકારવડે ઘેરાઈ જાય છે.[૮] જેમ વાયુ પોતાના વર્ણથી રહિત છે છતાં આંજણનો અથવા મણસીલની રજનો સ્પર્શ કરીને વર્ણવાન હોય તેવો દેખાય છે અને સર્વ દિશાઓને રંગ બેરંગી કરી મૂકે છે,[૯] તેમ જીવ, પોતાના વર્ણથી રહિત છે–રાગાદિક દોષોથી મુક્ત છે, છતાં કર્મનાં ફળરૂપ સુખદુઃખાદિનો સંસર્ગ કરીને તેના ગુણોથી રંગાઈ જાય છે, તમોગુણથી ઢંકાઈ જાય છે અને રાગાદિક દોષોનો આશ્રય કરીને વિવિધ પ્રકારના દેહોમાં ભટકયા કરે છે;[૯,૧૦] પણ જ્યારે તે જીવ જ્ઞાનરૂપ દીપકની સહાયથી અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરે છે, ત્યારે સનાતન બ્રહ્મનો તેને સાક્ષાત્કાર થાય છે.[૧૧] મુનિઓ કહે છે કે, સનાતન બ્રહ્મનો સાક્ષાત્કાર કરવો તે કંઇ યત્નસાધ્ય નથી (અર્થાત્ કર્મો કરવામાંજ આસક્ત રહેવાથી બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ શકતો નથી.) માત્ર જેઓ જીવન્મુક્તદશાને પ્રાપ્ત થયા હોય તેઓનુંજ ઉપાસન કર્યા કરવું, (કે જેથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય.) માટે હે યુધિષ્ઠિર! તમારે અને દેવોસહિત આ લોકોએ તેવા મુક્ત પુરુષોનીજ ઉપાસના કરવી; કારણ કે મોટા મોટા ઋષિઓ પણ કેવળ શાંત થઇને બેસી રહેતા નથી. (પણ નિત્ય ઉદ્યમજ કર્યા કરે છે અને ઉદ્યમી પુરુષને અવશ્ય બ્રહ્મપ્રાપ્તિ થાયજ છે.)[૧૨] હે રાજા! આ વિષયમાં ઐશ્વર્યથી ભ્રષ્ટ થયેલા દૈત્ય વૃત્રાસુરે જે પ્રમાણે વર્તન કર્યું હતું, તે સંબંધી એક પ્રાચીન ગીત (વૃત્તાંત) છે, તેને તમે એકચિત્ત થઇને સાંભળો.[૧૩] હે ભારત! દૈત્ય વૃત્રાસુર શત્રુઓને હાથે પરાજય પામ્યો હતો, સહાયવિનાનો થઈ પડયો હતો, રાજ્યથી ભ્રષ્ટ થયો હતો અને શત્રુઓની વચ્ચે સપડાઈ પડયો હતો, છતાં કેવળ નિઃસંગ બુદ્ધિનો આશ્રય કરીને તેણે શોક કર્યો ન હતો.[૧૪] પૂર્વે ઐશ્વર્યથી ભ્રષ્ટ થયેલા વૃત્રાસુરને શુક્રાચાર્યે પૂછયું હતું કે:–“હે દાનવ! શત્રુઓએ તારો પરાજય કર્યો છે, તેથી તને દુઃખ તો થતું નથી?”[૧૫]

ત્યારે વૃત્રાસુરે કહ્યું:–“હું સત્યનો તથા તપનો આશ્રય કરીને પ્રાણીઓના જન્મમરણને નિઃસંશય રીતે જાણું છું અને તેથીજ હું શોક કરતો નથી કે હર્ષ પામતો નથી.[૧૬] વિદ્વાનો કહે છે કે, જગતના સર્વ જીવો, કેવળ કાળને અધીન થઈ રહ્યા છે. તેમાં જેઓ પાપી હોય છે તેઓ પરવશ થઇને નરકમાં સબડયા કરે છે અને જેઓ પુણ્યશાળી હોય છે, તેઓ સ્વર્ગમાં જઇને સંતુષ્ટ સ્થિતિમાં પોતાનું જીવન ગાળે છે.[૧૭] આ રીતે કાળથી પ્રેરાયલા જીવો સ્વર્ગ કે નરકમાં જઇને પોતાના પુણ્યપાપનો ઉપભોગ કરે છે અને અમુક કાળપર્યંત ત્યાં રહીને પુણ્યપાપનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે પુનઃ અવશેષ રહેલા કાળની પ્રેરણાથી જન્મમરણને પામે છે.[૧૮] જે જીવો, વિષયાભિલાષરૂપી બંધનથી બંધાયલા હોય છે, તેઓ પરતંત્ર દશામાં રહીનેજ હજારો પશુપક્ષીઓની યોનિઓમાં જન્મે છે અને ત્યાંથી નીકળીને પાછા નરકમાંજ પડે છે.[૧૯] આ પ્રમાણે અતીન્દ્રિય જ્ઞાનવાળો હું, અનેક જીવોને સંસારમાં ભટકી રહેલા જાણું છું. વળી “ જેવું કર્મ તેવો લાભ ” એ શાસ્ત્રીય વચનને હું યથાર્થ રીતે જાણું છું.[૨૦] કાળના શાસનથી પ્રેરાયલા સર્વ લોકો પોતપોતાનાં કર્મ પ્રમાણે પશુપક્ષી-

---

કદાચ તું કહીશ કે, અમે ઐશ્વર્યના લોભી હોવાથી ઐશ્વર્યના પાશમાંથી કેવી રીતે મુક્ત થઈ શકીશું? પણ તેમ કહેવાનું કંઇ કારણ નથી; કેમકે ઐશ્વર્યનો પણ અમુકકાળે નાશ થશેજ અને તે સમયે તમે અનાયાસે તેના બંધનમાંથી મુક્ત થઇ જશો.

[×] ભગવાન શ્રીકૃષ્ણે પણ ગીતામાં કહ્યું છે કે, “**वहूनां जन्मनामंते ज्ञानवान् मां प्रपद्यते**’ –જ્ઞાની પુરુષ અનેક જન્મોની અંતે પણ પરમ પદને પામી શકે છે.

પણાને, નરકને, મનુષ્યપણાને અથવા દેવપણાને પામે છે અને તે તે જન્મમાં સુખ, દુઃખ, પ્રિય તથા અપ્રિયને પ્રાપ્ત કરે છે. તાત્પર્ય કે, પ્રાણીમાત્ર આ સંસારમાર્ગમાં એ રીતે આવજા કર્યા કરે છે, કે જે માર્ગ કાળની ગણત્રીથી ગણાયલો છે–અર્થાત્ કાળને અધીન રહેનારો છે અને ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના સ્થાનભૂત છે.”

વૃત્રાસુરે એ પ્રમાણે કહ્યું એટલે ભગવાન શુક્રાચાર્યે તેને પુનઃ ÷ પૂછ્યું:–“હે બુદ્ધિમાન વૃત્રાસુર! તું આવા દુષ્ટ પ્રલાપો કેમ બોલે છે?”૨૧-૨૩

વૃત્રાસુરે કહ્યું:–“હે આચાર્ય! તમે અને બીજા ઘણા બુદ્ધિમાન પુરુષોએ એ વાતને તો પ્રત્યક્ષ જોઈ છે કે, પૂર્વે જય મેળવવાના લોભથી મેં મહાન તપશ્ચર્યા કરી હતી૨૪ અને પોતાના તેજથી ત્રણે લોકને આંજી નાખીને મેં પ્રાણીમાત્રના ગંધાદિ ભોગ્ય પદાર્થોને લૂંટી લીધા હતા, તેમજ અનેકનો સંહાર કરી નાખ્યો હતો.૨૫ હું, વિમાનમાં બેસીને આકાશમાર્ગે જ્યારે વિચરતો હતો, ત્યારે શરીરમાંથી નીકળતી તેજોમય જ્વાળાઓથી વ્યાપ્ત દેખાતો હતો, પ્રાણીમાત્રને અજિત થઈ પડતો હતો અને નિત્ય નિર્ભય રહેતો હતો.૨૬ મેં મારા તપોબળથી ઐશ્વર્યને પ્રાપ્ત કર્યું હતું અને પોતાનાં કર્મોવડેજ તે ઐશ્વર્યથી હું ભ્રષ્ટ થયો છું, માટે હે ભગવન્! આ સમયે ધૈર્યનો આશ્રય કરીને તેને માટે હું શોક કરતો નથી.૨૭ પૂર્વે મહાત્મા મહેંદ્રની સાથે યુદ્ધ કરવાની ઈચ્છાથી હું રણભૂમિપર ગયો હતો, ત્યારે તેને સહાય કરવામાટે આવેલા ભગવાન નારાયણનાં મને દર્શન થયાં હતાં, જે નારાયણ પ્રભુને હરિ, વૈકુંઠ, પુરુષ, અનંત, શુક્લ, વિષ્ણુ, સનાતન, મુંજકેશ, હરિશ્મશ્રુ અને પ્રાણીમાત્રના પિતામહ કહેવામાં આવે છે.૨૮,૨૯ હે ભગવન્! તે સમયે પ્રસંગવશાત્ પ્રાપ્ત થયેલા ભગવાન વિષ્ણુના દર્શનરૂપ પુણ્યનો કંઇક શેષભાગ હજી પણ અવશેષ રહેલો છે, એમ મને નિશ્ચય થાય છે; કેમકે તે વિષ્ણુદર્શનના માહાત્મ્યથીજ મને કર્મનું ફળ પૂછવાની આ સમયે ઇચ્છા થઈ છે.૩૦ બ્રહ્મરૂપી મહાન ઐશ્વર્ય, બ્રાહ્મણ આદિ કયા વર્ણમાં સ્થિર થઇને રહેલું છે અને તે ઉત્તમ ઐશ્વર્યની પુનઃ નિવૃત્તિ કેવી રીતે થાય છે?૩૧ જગતનાં પ્રાણીઓ કોને આધારે જીવે છે અને કોને આધારે પ્રવૃત્તિ કરે છે? તેમજ જીવ શું ફળ પ્રાપ્ત કરીને સનાતન બ્રહ્મસ્વરૂપ થઈ શકે છે? અને હે વિપ્ર! કયું કર્મ કરવાથી અથવા કયું જ્ઞાન સંપાદન કરવાથી મનુષ્યો આત્મસાક્ષાત્કારરૂપ ફળને પ્રાપ્ત કરી શકે છે? તે સર્વ મને કહો.”૩૨,૩૩

“હે રાજાઓમાં સિંહસમાન મહાપુરુષ યુધિષ્ઠિર! વૃત્રાસુરે એ પ્રમાણે પ્રશ્ન પૂછ્યા, એટલે મુનિ શુક્રાચાર્યે તેને જે ઉત્તર આપ્યા હતા, તે સર્વ હું તમને કહું છું, માટે ચિત્તને એકાગ્ર કરીને પોતાના ભાઇઓની સાથે તમે સાંભળો.૩૪

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “વૃત્રગીતા” એ વિષયનો અ૦ ૨૭૯ મો સમાપ્ત.

અધ્યાય ૨૮૦ મો

વૃત્રાસુરને સનત્કુમારનો ઉપદેશ

॥ उशनोवाच ॥

नमस्तस्मै भगवते देवाय प्रभाविष्णवे ॥
यस्य पृथ्वीतलं तात साकाशं बाहुगोचरः ॥

શુક્રાચાર્યે કહ્યું:–“હે તાત! તે મહાસમર્થ ભગવાન વિષ્ણુદેવને હું નમસ્કાર કરૂં છું, જેમના બન્ને બાહુના મધ્યભાગમાં આકાશસહિત પૃથ્વીતલ સ્થિતિ કરી રહ્યું છે.૧ હે દાનવરાજા! જેમનું મસ્તક મોક્ષરૂપ અનંત સ્થાનવાળું કહે-

---

÷અસુરયોનિમાં ઉત્પન્ન થયેલો છતાં વૃત્રાસુરનું તે ઉત્તમજ્ઞાન જોઇને ભગવાન શુક્રાચાર્યને આશ્ચર્ય થયું હતું, જેથી તેની બુદ્ધિની પરીક્ષા કરવા માટે શુક્રાચાર્યે તેને પુનઃ પ્રશ્ન કર્યો કે, હે વૃત્રાસુર! તું એક અસુર છે; છતાં પોતાના અસુરભાવનો નાશ કરનારા આવા મૂર્ખાઇભરેલા બકવાદ શા માટે કરી રહ્યો છે? આવા બકવાદો કરવા તે તારા કુલને માટે અયોગ્ય છે.

વાય છે,તે વિષ્ણુ ભગવાનનું ઉત્તમ માહાત્મ્ય હું તને કહું છું."[૨]

(ભીષ્મે કહ્યું:-) હે યુધિષ્ઠિર ! વૃત્રાસુર અને શુક્રાચાર્ય એ પ્રમાણે વાતચીત કરતા હતા, તેવામાં ધર્માત્મા મહામુનિ સનત્કુમાર, તેઓનો સંશય દૂર કરવામાટે ત્યાં આવી પહોંચ્યા.[૩] હે રાજન્ ! અસુરોના ઇંદ્ર વૃત્રાસુરે અને મુનિ શુક્રાચાર્યે તેમની પૂજા કરી, એટલે મુનિરાજ સનત્કુમાર મહાકિંમતી આસનપર બેઠા.[૪] એ પ્રમાણે મહાબુદ્ધિમાન સનત્કુમાર આસન ઉપર બેઠા, એટલે શુક્રાચાર્યે, તેમને કહ્યું કે:- " આ દાનવરાજાને વિષ્ણુનું ઉત્તમ માહાત્મ્ય તમે કહો."[૫] તે સાંભળીને સનત્કુમારે, બુદ્ધિમાન્ દાનવ રાજાને વિષ્ણુના માહાત્મ્યવાળું ઉત્તમ વચન કહેવા માંડયું[૬]:-હે દૈત્ય ! વિષ્ણુનું ઉત્તમ માહાત્મ્ય હું તને કહું છું, તેનું તું શ્રવણ કર. હે શત્રુતાપન રાજા ! તારે જાણવું કે, આ સર્વ જગત, કેવળ વિષ્ણુની અંદરજ સ્થિતિ કરી રહ્યું છે.[૭] હે મહાબાહુ ! એ ભગવાનજ આ સ્થાવરજંગમ ભૂતસમુદાયને ઉત્પન્ન કરે છે, એ પોતેજ સમય આવતાં જગતનો સંહાર કરે છે અને એજ સમય આવ્યે પાછું ઉત્પન્ન કરે છે.[૮] એ ભગવાનવિષેજ જગતનો લય થાય છે અને એમનામાંથીજ જગત ઉત્પન્ન થાય છે. જ્ઞાનવાન પુરુષ તપશ્ચર્યા કરીને કે યજ્ઞ કરીને એ ભગવાનને પામી શકતો નથી, પણ ઇંદ્રિયોનો સંયમ કરીનેજ તેમને પામી શકે છે.[૯] જે પુરુષ યજ્ઞાદિ બાહ્યકર્મને, શમદમાદિ આભ્યંતર કર્મને તથા માનસિક સંકલ્પને બુદ્ધિના બળથી નિર્મળ કરે છે, તે પુરુષ મોક્ષને પામે છે.[૧૦] જેમ સોની ઘણો પ્રયત્ન કરીને પણ રૂપાને અગ્નિમાં શોધી કાઢે છે, તેમ જીવ પણ સેંકડો જન્મ ધારણ કરીને તે તે જન્મમાં અતિ યત્નપૂર્વક કરેલાં (બાહ્ય) કર્મોવડે પોતાના ચિત્તને શોધી શકે છે, પરંતુ શમાદિક આભ્યંતર કર્મોનું સેવન કરવાથી તો માત્ર એકજ જન્મમાં ચિત્તને શોધી શકાય છે.[૧૧,૧૨] જેમ પોતાના શરીર ઉપર ચોટેલી અલ્પ રજને મનુષ્ય લીલામાત્રમાં દૂર કરી શકે છે, તેમ અતિમહાન યત્ન કરીને પોતાના ચિત્તમાં રહેલા દોષોને પણ દૂર કરી શકે છે.[૧૩] જેમ છેક અલ્પ પ્રમાણમાં નાખેલાં પુષ્પોથી વાસિત કરેલું સરસવનું તેલ પોતાના તીક્ષ્ણ ગંધને છોડતું નથી; તેમ અલ્પ પ્રયત્નથી કરવામાં આવેલાં કર્મો ચિત્તને શુદ્ધ કરી શકતાં નથી;[૧૪] પરંતુ તેજ તેલને વારંવાર અનેક પ્રકારના સુગંધી પદાર્થોથી વાસિત કરવામાં આવે છે તો પોતાના જાતીય ગંધનો ત્યાગ કરે છે અને પુષ્પ આદિ વિજાતીયના ગંધવાળું બની જાય છે.[૧૫] એજ પ્રમાણે જન્મજન્માંતરના સેંકડો ગુણોથી સંગવાળા થયેલા પુરુષોનું ચિત્ત, અનેકાનેક દોષોથી વ્યાપ્ત હોય છે છતાં બુદ્ધિદ્વારા કરવામાં આવેલા અને અભ્યાસથી થનારા યત્નથી નિર્દોષ થઈ શકે છે.[૧૬] હે દાનવ ! કેટલાએક જીવો, કર્મ કરવામાંજ તલ્લીન થયેલા હોય છે અને કેટલાએક જીવો કર્મોથી વિરક્ત થયેલા હોય છે; તો એ રીતે કર્મોમાં રાગ થવાનું કારણ શું અને કર્મોપર વિરાગ થવાનું કારણ શું, એ વિષે હું તને કહું છું.[૧૭] હે સમર્થ દાનવ! મનુષ્યો કર્મોની અંદર પ્રવૃત્તિ કેવી રીતે કરે છે અને કર્મો કરવાથી નિવૃત્ત કેવી રીતે થાય છે, એના સંબંધમાં હું તને ક્રમશઃ કહું છું, તું એકચિત્ત થઈને સાંભળ.[૧૮] અનાદિ અનંત શ્રીમાન નારાયણ પ્રભુ સર્વના સંહર્તા છે અને તેજ દેવ સ્થાવરજંગમ પ્રાણીઓને ઉત્પન્ન કરે છે;[૧૯] એટલુંજ નહિ પણ તે પરમાત્મા પ્રાણીમાત્રને વિષે મહાભૂત આદિ ક્ષરસ્વરૂપે તથા અક્ષર-જીવસ્વરૂપે રહેલા છે અને અગીઆર ઇંદ્રિયોના આત્મારૂપ બની જઇને તેઓ દ્વારા (ઇંદ્રિયોદ્વારા) સર્વ જગતનું પાન કરી રહ્યા છે-સર્વ જગતનો ઉપભોગ કરી રહ્યા છે.[૨૦] હે દૈત્ય ! તારે જાણવું કે, આ પૃથ્વી તેમના પગ છે, સ્વર્ગ તેમનું મસ્તક છે, દિશાઓ તેમના બાહુઓ છે, આકાશ તેમના કાન છે, સૂર્ય તેમનાં નેત્રો છે, ચંદ્રમા તેમનું મન છે,જ્ઞાનાકાર વૃત્તિરૂપ જે મહત્તત્ત્વ તે એમની બુદ્ધિ છે અને જળ તેમની રસના (જીહ્વા)

છે.[૨૧,૨૨] હે શ્રેષ્ઠ દાનવ ! આકાશમાં દેખાતા ગ્રહો તેમની બે ભ્રકુટિ વચ્ચે રહેલા છે, નક્ષત્રમંડલ તેમનાં નેત્રોને સ્થાને રહેલું છે અને નીચેનું ભૂમંડલ તેમનાં ચરણોને સ્થાને રહેલું છે.[૨૩] હે તાત! તારે જાણવું કે, સત્વ, રજ અને તમ–એ ત્રણે ગુણો કેવળ નારાયણરૂપજ છે અને આશ્રમોનાં કર્મોનું જે ફળ તે પણ તે પોતેજ છે, એમ વિદ્વાનો કહે છે.[૨૪] તેમજ કર્મના ત્યાગરૂપ સંન્યાસનું પરમ ફળ પણ તે અવિનાશીજ છે, વેદના મંત્રો તેમનાં રૂવાટાં છે અને ૐકાર તેમની વાણી છે.[૨૫] તેમના આશ્રય અનેક છે, તેમનાં મુખ પણ અનેક છે, પ્રાણીના હૃદયમાં ધર્મરૂપે તે રહેલા છે, તેજ પરમ બ્રહ્મ છે, તેજ ધર્મરૂપ છે, તેજ તપ છે અને કાર્ય તથા કારણ પણ તે પોતેજ છે.[૨૬] વળી વેદના મંત્રો, બ્રાહ્મણગ્રંથનાં વાક્યો, ઇંદ્ર, વાયુ વગેરેનાં યજ્ઞસંબંધી પાત્રો અને સોળ *ઋત્વિજો—વગેરેથી યુક્ત જે યજ્ઞ તે પણ એમનું સ્વરૂપ છે. યજ્ઞકર્મ ચાલતું હોય, ત્યારે તે તે કર્મની ભિન્નતાને લીધે ઋત્વિજો એ પરમાત્માને બ્રહ્મા, વિષ્ણુ, અશ્વિનીકુમાર, ઇંદ્ર, મિત્ર, વરુણ, યમ, કુબેર–વગેરે ભિન્ન ભિન્ન સ્વરૂપે જુએ છે, તોપણ તેઓ પરમાત્માના એક સ્વરૂપને જાણે છે; માટે તારે પણ જાણી લેવું કે, આ સર્વ જગત કેવળ તે નારાયણ દેવનેજ આધીન રહેલું છે.[૨૭,૨૮] હે દૈત્યેન્દ્ર! વેદશાસ્ત્ર કહે છે કે, પરમાત્મા અનેકસ્વરૂપે દેખાય છે, તોપણ તે એકજ છે. આ વાતને મનુષ્ય પોતાના વિજ્ઞાનબળથી જાણે છે અને ત્યારેજ તેને બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે.[૨૯] (આવી જ્ઞાનાવસ્થા પ્રાપ્ત કરવી તે મહાદુર્લભ છે; કેમકે) સંસારમાં ભટકી રહેલા કેટલાએક જીવો, હજારો અને કરોડો કલ્પોપર્યંત સ્થાવર જીવરૂપે ઉત્પન્ન થયા કરે છે; તેમજ હજારો અને કરોડો કલ્પોપર્યંત જંગમ જીવરૂપે ઉત્પન્ન થયા કરે છે. હે દૈત્ય ! પ્રજાઓના જન્મમરણરૂપ કલ્પનું જો પરિમાણ કાઢવા બેસીએ, તો હજારો વાવોના જેટલુંજ થાય.[૩૦] તું ધાર કે, આ એક એક વાવ લગભગ યોજન જેટલી પહોળી છે, એક કોશ જેટલી ઉંડી છે, લગભગ પાંચસો યોજન જેટલી લાંબી છે અને તે સર્વ વાવો (જળથી ભરપૂર હોઇને) એક એકના કરતાં એક એક યોજન અધિક લાંબી છે. હવે, માત્ર એક વાળના છેડાથી તે સર્વ વાવોમાંથી જળનું માત્ર એક એકજ ટીપું એક એક દિવસે બહાર કાઢવામાં આવે અને તેમ કરતાં તે વાવોના સમગ્ર જળનો જ્યારે ક્ષય થઇ જાય, ત્યારે જાણવું કે, પ્રજાઓના લય–ઉદયરૂપ એક કલ્પ પૂર્ણ થયો. (આવા કરોડો કલ્પોપર્યંત જીવને સ્થાવરજંગમ ભાવ પ્રાપ્ત કરવો પડે છે.)[૩૧,૩૨] શાસ્ત્રોક્ત પરમ પ્રમાણથી સિદ્ધ થાય છે કે, આ સૃષ્ટિમાં છ વર્ણવાળા જીવો ઉત્પન્ન થાય છે. જેમકે, કૃષ્ણવર્ણના જીવો, ધૂમ્ર (ભુખરા) વર્ણના જીવો, નીલવર્ણના જીવો, લાલ વર્ણના જીવો, પીળા વર્ણના જીવો અને શ્વેત–ઉજ્જવળ વર્ણના જીવો. તેમાં જેઓનામાં તમોગુણની અધિકતા હોય, સત્વગુણની ન્યૂનતા હોય અને રજોગુણની સમાનતા હોય, તે જીવોને કૃષ્ણવર્ણના જાણવા; જેઓનામાં તમોગુણની અધિકતા હોય, સત્વગુણની સમાનતા હોય અને રજોગુણની ન્યૂનતા હોય, તે જીવોને ધૂમ્રવર્ણના જાણવા; જેઓનામાં રજોગુણની અધિકતા હોય છે, સત્વગુણની ન્યૂનતા હોય અને તમોગુણની સમાનતા હોય, તે જીવોને નીલવર્ણના જાણવા; જેઓનામાં રજોગુણની અધિકતા હોય સત્વગુણની સમાનતા હોય અને તમોગુણની ન્યૂનતા હોય, તે જીવોને લાલ વર્ણના જાણવા. આ વર્ણના જીવો પ્રવૃત્તિ કર-

---

* બ્રહ્મા, બ્રાહ્મણાચ્છસી, આગ્નીધ્ર, પોતા, હોતા, મૈત્રાવરુણ, અચ્છાવાક, ગ્રાવસ્તોતા, અધ્વર્યુ, પ્રતિપ્રસ્થાતા, નેષ્ટા, ઉન્નેતા, ઉદ્ગાતા, પ્રસ્તોતા, પ્રતિહર્તા અને સુબ્રહ્મણ્ય–આ સોળ ઋત્વિજોથી યજ્ઞની સિદ્ધિ થાય છે. તેમાં પ્રથમના ચાર ઋત્વિજો સર્વ વેદને ભણેલા હોવા જોઇએ, તે પછીના ચાર ઋત્વિજો ઋગ્વેદ ભણેલા હોવા જોઇએ, તે પછીના ચાર ઋત્વિજો યજુર્વેદ ભણેલા હોવા જોઇએ અને છેલ્લા ચાર ઋત્વિજો સામવેદ ભણેલા હોવા જોઇએ.

વામાં કુશલ હોય છે, મૂઢતાથી રહિત હોય છે અને સાહસિક હોય છે. વળી જેઓનામાં સત્વગુણની અધિકતા હોય છે, રજોગુણની ન્યૂનતા હોય છે અને તમોગુણની સમાનતા હોય છે, તે જીવોને પીળા વર્ણના જાણવા. આ જીવો સુખી હોય છે; તેમજ જેઓનામાં સત્વગુણની અધિકતા હોય છે, તમોગુણની ન્યૂનતા હોય છે અને રજોગુણની સમાનતા હોય છે, તે જીવોને શ્વેતવર્ણના જાણવા. આ જીવો અત્યંત સુખી હોય છે;×[૩૩] કેમકે હે દાનવેન્દ્ર ! શ્વેતવર્ણ અત્યંત નિર્મળ છે, શોકરહિત છે અને પરિશ્રમવિના સિદ્ધિપદને આપનારો છે. આ રીતે હે દૈત્ય! હજારો યોનિઓમાં જન્મમરણ પામ્યા પછી જીવ સિદ્ધિપદને પામે છે.[૩૪] આના સંબંધમાં ઇંદ્રદેવે પોતે કહ્યું છે કે, ઉત્તમ શાસ્ત્ર અને સદ્‌ગુરુનું શરણ લઇને જીવ જે ગતિને પામે છે, તેજ ગતિ શ્વેતવર્ણના સિદ્ધ જીવોની હોય છે; (અર્થાત શુભ શાસ્ત્ર અને શુભ ગુરુનો સમાગમ કરીને જીવે પોતાના વર્ણને શ્વેત બનાવવો જોઇએ, જેથી આત્મસાક્ષાત્કારરૂપ સિદ્ધગતિ પ્રાપ્ત થાય.) માટે હે અસુરેન્દ્ર ! પ્રજાઓની ગતિનો આધાર તેઓના વર્ણ ઉપર રહેલો છે અને વર્ણ સત્ય, દ્વાપર આદિ કાળનો આધાર લઇને ઉત્પન્ન થાય છે. [૩૫] હે દૈત્ય ! જીવની ગુણના નિમિત્તની ગતિ ચૌદ લાખ જેટલી સંખ્યા ધરાવે છે. (અર્થાત પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર—આ ચૌદ ઇંદ્રિયોની એક એક વૃત્તિ લાખ લાખ પ્રમાણની હોઇને ચૌદ લાખ જેટલી થાય છે;અને તે સર્વ વૃત્તિઓનું અનુસરણ કરવાથી જીવને ચૌદલાખ ગતિઓમાં જવું પડે છે.) હરકોઈ જીવ, પૂર્વોક્ત ચૌદ ઇંદ્રિયોની સાત્વિકી વૃત્તિને જો અનુસરે છે તો ઊર્ધ્વગતિને પામે છે, રાજસી વૃત્તિને અનુસરે છે તો મધ્યમ ગતિને પામે છે અને તામસી વૃત્તિને અનુસરે છે તો ઉચ્ચસ્થાન ઉપરથી ભ્રષ્ટ થઇને અત્યંત અધમ ગતિઓને પ્રાપ્ત કરે છે. આ રીતે ચૌદ ઇંદ્રિયોની વૃત્તિને લીધેજ જીવને ઉચ્ચનીચ ગતિમાં જવું પડે છે, એમ તારે જાણવું.×[૩૬] વિદ્વાનો કહે છે કે, છ વર્ણમાંના કૃષ્ણ વર્ણની ગતિ મહા અધમ છે; કેમકે કૃષ્ણ વર્ણનો જીવ અનેક પાપકૃત્યો કરવામાં આસક્ત રહે છે, જેને પરિણામે તેને નરકમાં સબડવું પડે છે. (અર્થાત સ્થાવર જન્મરૂપ નરકમાં પડી રહેવું પડે છે.) આ કૃષ્ણ વર્ણનો જીવ પૂર્વોક્ત ચૌદ ઇંદ્રિયોની વૃત્તિઓને દુષ્ટ માર્ગમાં પ્રવૃત્ત કરીને અનેક કલ્પોસુધી સ્થાવર યોનિમાં સ્થિતિ કરી રહે છે.[૩૭] લગભગ એક લાખ કલ્પપર્યંત સ્થાવર યોનિમાં રહ્યા પછી તે કૃષ્ણવર્ણનો જીવ ધૂમ્રવર્ણને પ્રાપ્ત થાય છે (તિર્યંચયોનિમાં અવતરે છે) અને ત્યાં દીન અવસ્થામાં રહે છે. પછી પોતાનાં પાપકર્મનો જ્યારે ક્ષય થાય છે અને દૈવયોગે, પૂર્વના પુણ્યકર્મનો જ્યારે ઉદય થાય છે, ત્યારે વિવેકથી વ્યાપ્ત થયેલા મનવાળો તે જીવ સત્વગુણથી યુક્ત થઇને રાતા વર્ણને પ્રાપ્ત કરે છે અને પછી પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને તમોગુણને દૂર કરવા માટે યત્ન કરે છે; પરંતુ સત્વગુણની જો ન્યૂનતા હોય તો નીલવર્ણનેજ પ્રાપ્ત થઈને મનુષ્ય લોકમાંજ જન્મમરણને

× ટીકાકાર નીલકંઠ લખે છે કે, ઉભી કરેલી ત્રણ લાકડીઓ જેમ એકબીજાને આધારે ઉભી રહી શકે છે, તેમ પ્રત્યેક જીવની અંદર રહેલા ત્રણ ગુણો એકબીજાને આધારેજ રહી શકે છે. મૂળમાં કહ્યું છે કે, સૃષ્ટિમાં છ વર્ણવાળા જીવો વિદ્યમાન છે. તેમાં વૃક્ષાદિ સ્થાવર જીવો કૃષ્ણવર્ણના ગણાય છે, પશુપક્ષી આદિ તિર્યંચ જીવો ધૂમ્રવર્ણના ગણાય છે, મનુષ્યજીવો નીલવર્ણના ગણાય છે, પ્રજાપતિ જીવો લાલ વર્ણના ગણાય છે, દેવપણાને પામેલા જીવો પીળા વર્ણના ગણાય છે અને સનત્કુમાર આદિ સિદ્ધ જીવો શ્વેત વર્ણના ગણાય છે. આ છયે વર્ણના જીવોમાં પીળા વર્ણના દેવો સાધારણ સુખી હોય છે અને શ્વેત વર્ણના સિદ્ધજીવો અત્યંત સુખી હોય છે. તે સિવાયના બીજા વર્ણના જીવો સુખી હોતા નથી.

×કહેવાનો આશય એ છે કે, ચૌદ ઇંદ્રિયોની વૃત્તિઓને રાજસ કે તામસ માર્ગમાં ધકેલી દેવાથી જીવને કલેશો ભોગવવા પડે છે, માટે જેમ બને તેમ તે વૃત્તિઓને સાત્વિક માર્ગમાંજ લઇ જવી.

પામ્યા કરે છે.[૩૮,૩૯] આ રીતે મનુષ્યયોનિમાં આવેલો તે જીવ, લગભગ એક કલ્પપર્યંત પોતાનાં ધાર્મિક બંધનોથી બંધાઇને અનેક પ્રકારનાં દુઃખોનો અનુભવ કરે છે અને તપમાં વૃદ્ધિ કરીને પીળા વર્ણને (દેવપણાને) સંપાદન કરે છે. લગભગ સો કલ્પપર્યંત પીળા વર્ણમાં રહીને તે જીવ પુનઃ મનુષ્યપણાને પામે છે અને પાછો પોતાના તપોબળને લીધે હજારો કલ્પોપર્યંત પીળા વર્ણનો થઇને (દેવ થઇને) સ્વર્ગમાં વિચર્યા કરે છે. 'હે દૈત્ય! નરકલોકસમાન તે *સ્વર્ગ લોકમાંથી તત્કાળ મુક્ત થયા વિના તે જીવ, ઓગણીસ હજાર કલ્પપર્યંત ત્યાં રહે છે અને પાછો તેટલાજ હજાર કલ્પપર્યંત ગતિઓ કરીને તે જીવ, એ નરકલોકસમાન સ્વર્ગલોકમાંથી મુક્ત થાય છે, એમ તારે જાણવું; તેમજ સ્થાવર, તિર્યંચ-વગેરે જન્મોમાં પણ જીવને એજ પ્રમાણે ભ્રમણ કર્યા કરવું પડે છે.(અર્થાત મનુષ્યજન્મવિના કદી મોક્ષ થતો નથી. [૪૦,૪૨] જીવ, દેવલોકમાં જઇને ઘણા કાળસુધી વિહાર કર્યા કરે છે, પરંતુ ત્યાંથી ભ્રષ્ટ થઇને પાછો મનુષ્યપણાને પામેજ છે.પછી એકસો આઠ કલ્પોપર્યંત મનુષ્યયોનિમાં રહે છે અને ત્યારપછી મોક્ષને પામે છે;[૪૩] પરંતુ એ મનુષ્યયોનિમાં કલિ આદિ કાળના યોગે કરીને જો ભ્રષ્ટ થાય છે, તો સર્વના કરતાં અધમ એવા કૃષ્ણવર્ણમાંજ તે પછડાઇ પડે છે-સ્થાવર યોનિમાંજ પુનઃ અવતરે છે.

હવે, હે વીર અસુર! સંસારના પ્રવાહમાં પડેલા આ જીવો, તેમાંથી મુક્ત કેવી રીતે થાય છે, તે હું તને કહું છું.[૪૪] મોક્ષની ઇચ્છાવાળો તે જીવ, દિવ્ય એવી સાતસો ગતિઓનું ઉલ્લંઘન કરીને પ્રથમ લાલ વર્ણનો થાય છે(પ્રજાપતિ આદિના જન્મને પામે છે), પછી પીળા વર્ણનો થાય છે (દેવપણું પામે છે) અને તે પછી શ્વેત વર્ણને પામે છે. (કૌમાર સર્ગમાં અવતરે છે.) આ શ્વેત વર્ણનો આશ્રય કર્યા પછી પણ તે અનુક્રમે આઠ પુરીઓના કરતાં ઉત્તમ ગણાતા અતિપૂજ્ય લોકમાં જાય છે.*[૪૫] હે મહાપ્રતાપી દૈત્ય! શ્વેત વર્ણની પરાકાષ્ઠા એજ ગણાય છે કે, પરબ્રહ્મનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરનારા આત્મજ્ઞાની પુરુષો, જાગ્રત તથા સ્વપ્નાવસ્થાનાં મળીને સાઠે +તત્ત્વોને કેવળ મનરૂપેજ જુએ છે અને જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ-એ ત્રણે અવસ્થાઓથી મુક્ત થઇને કેવળ તુરીયાવસ્થાનેજ અનુભવે છે;[૪૬] છતાં તેવા જીવન્મુક્ત પુરુષોને એક સો કલ્પપર્યંત અનિષ્ટ શરીરો ધારણ કરવાં પડે છે; પણ જે યોગી, યોગૈશ્વર્યથી પ્રાપ્ત થયેલા દિવ્ય ભોગોનો ત્યાગ કરવામાટે અસમર્થ હોય છે, તે (મહઃ જનઃ તપઃ અને સત્ય) એ ચાર લોકમાં નિવાસ કરે છે અને ક્રમે ક્રમે મુક્તિને પામે છે; કારણકે તે યોગીને અંતઃકરણની શુદ્ધિરૂપ ગતિ પ્રાપ્ત થયેલી હોય છે; તેમજ તેના રાગાદિ દોષો પણ નષ્ટ થયેલા હોય છે, છતાં શુદ્ધ એવા બ્રહ્મનો સાક્ષાત્કાર નહિ થયેલો હો-

---

*સ્વર્ગલોકને નરકલોકસમાન કહેવાનું કારણ એ છે કે, સ્વર્ગલોકના ભોગો રાગનું કારણ છે, પુણ્યની અપેક્ષા રાખનારા છે. અને અનિત્ય છે; માટે તે નરકસમાનજ છે. વળી મોક્ષપ્રાપ્તિ કેવળ મનુષ્યજન્મદ્વારાજ થઇ શકે છે દેવજન્મમાં તો કેવળ ભોગોનીજ પ્રાપ્તિ થાય છે. અર્થાત જ્ઞાની પુરુષોની દૃષ્ટિએ દેવજન્મની કંઇ કિંમતજ નથી.

* કહેવાનો ભાવ એ છે કે, શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જીહ્વા, ઘ્રાણ, મન અને બુદ્ધિ-એ સાતેની, સો સો રાજસ અને તામસ વૃત્તિઓનું ઉલ્લંઘન કરીને મુમુક્ષુ પુરુષ, અનુક્રમે રક્ત, પીત અને શ્વેત-વર્ણને ધારણ કરે છે અને પછી પંચમહાભૂત, પંચપ્રાણ, પંચકોશ, દશ ઇંદ્રિયો, ચાર અંતઃકરણ, અવિદ્યા, કામ અને કર્મ આ આઠ પુરીઓના કરતાં ઉત્તમ એવા સગુણ આત્માના દર્શનરૂપ લોકમાં જાય છે-અર્થાત સગુણ આત્માનો સાક્ષાત્કાર કરે છે.

+દશ ઇંદ્રિયો, ઇંદ્રિયોના દશ વિષયો, પાંચ પ્રાણ, અંતઃકરણ, અવિદ્યા, કામ, કર્મ અને જીવ-આ ત્રીસ તત્ત્વોનો જેમ જાગ્રત અવસ્થામાં અનુભવ થાય છે, તેમ સ્વપ્નાવસ્થામાં પણ થાય છે; માટેજ ત્રીસ જાગ્રતનાં તથા ત્રીસ સ્વપ્નનાં-એમ મળીને સાઠ તત્ત્વો થાય છે.

વાથી તેને સિદ્ધ કહી શકાતો નથી; (અને તેથીજ તે ક્રમમુક્તિને પામનારો ગણાય છે.)[૪૭] તેમજ જે યોગી, ઉત્તમરીતે યોગાનુષ્ઠાન કરવા અશક્ત થયો હોય—અર્થાત્ યોગભ્રષ્ટ થયો હોય, તે યોગી પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન અને બુદ્ધિ—એ સાતેની વૃત્તિઓને સત્વગુણની અધિકતાવાળી કરીને, શેષ રહેલાં કર્મોને સાથે લઇને એક સો કલ્પોપર્યંત સ્વર્ગલોકમાં વસે છે અને પછી પુણ્યનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે મનુષ્યલોકમાં પાછો આવીને મહાપૂજ્ય પુરુષતરીકે અવતરે છે.[૪૮] પછી તે મનુષ્યયોનિમાંથી નીકળીને ઉત્તરોત્તર ભૂતસર્ગ ઉપર આરોહણ કરે છે. (અર્થાત્ પૂર્વજન્મના અભ્યાસને લીધે ઉત્તરોત્તર ઉત્તમ એવી યોગભૂમિકાઓમાં આરૂઢ થાય છે અને સમાધિ તથા વ્યુત્થાનવડે પોતાના યોગૈશ્વર્યમાં વૃદ્ધિ કરીને સાત વાર સર્વ લોકોમાં પર્યટન કરે છે;+[૪૯] પણ જે પુરુષ સત્યલોકપર્યંતના સાતે લોકને અથવા મનબુદ્ધિસહિત પાંચ જ્ઞાનેન્દ્રિયોને કેવળ દુઃખરૂપ સમજીને તેઓનો સંહાર કરે છે (એટલે તેઓને અનુસરતો નથી તેમજ શોક તથા મોહનો ત્યાગ કરીને કેવળ નિઃસંગપણે જીવ લોકમાં રહે છે) તે પુરુષ બ્રહ્મના પરમ પદને પામે છે, જે પરમ પદને શિવભકતો મહાદેવનું સ્થાન કહે છે, વૈષ્ણવો વિષ્ણુનું સ્થાન કહે છે, બ્રહ્મદેવના ઉપાસકો બ્રહ્માનું સ્થાન કહે છે, શેષ અથવા અનંત ભગવાનના ઉપાસકો શેષનું સ્થાન કહે છે, સાંખ્યશાસ્ત્રીઓ જીવનું સ્થાન કહે છે અને વેદાંતીઓ પ્રકાશમાન તથા વ્યાપક એવા પરબ્રહ્મનું સ્થાન કહે છે.[૫૦] જે જીવોનાં ત્રણે* શરીરો જ્ઞાનદ્વારા દગ્ધ થઇ ગયાં છે, તેવા જીવોનો મોક્ષકાળ જ્યારે ઉપસ્થિત થાય છે, ત્યારે તેઓની ચેષ્ટાત્મક એવી ઇંદ્રિયોનો અને પ્રકૃતિ આદિ—સર્વનો કેવળ બ્રહ્મમાંજ લય થઇ જાય છે તથા તેઓ પોતે પણ પરબ્રહ્મમાંજ લય પામી જાય છે.[૫૧] જે જીવો, લગભગ પ્રલયકાળની સમીપમાંજ દેવપણાને પામેલા હોય અને તેથીજ સૃષ્ટિનો પ્રલય થઈ જવાથી કર્મનાં સમગ્ર ફળને ભોગવી શકયા ન હોય, તેઓ પુનઃ નવીન કલ્પમાં પણ દેવ થઇનેજ અવતરે છે; ÷ અને જેઓનાં કર્મફળ સંપૂર્ણ રીતે ભોગવાઇ ગયાં હોય છે તેઓ (દેવજાતિના જીવો) પણ નવીન કલ્પમાં મનુષ્યરૂપેજ અવતરે છે.[૫૨] એજ પ્રમાણે જેઓ સિદ્ધલોકમાંથી ભ્રષ્ટ થયેલા હોય છે, તેઓની પણ અનુક્રમે તે તે ગતિ થાય છે અને બળ તથા રૂપમાં સમાન એવા તે જીવો, પુનઃ પોતપોતાનાં પુણ્યપાપનાં ફળને પામે છે;×[૫૩] અને જે પુરુષ બ્રહ્મવેત્તા થયેલો છે, તે પોતાનાં પ્રારબ્ધકર્મોનો જ્યાંસુધી ઉપભોગ કરે છે અને તેનો ઉપભોગ કરવા માટે જ્યાંસુધી શરીરને ધારણ કરી રાખે છે, ત્યાંસુધી તેના અંગમાં સર્વ પ્રજાઓનો તથા પરા—અપરા નામની બે વિદ્યાઓનો નિવાસ હોય છે. (અર્થાત બ્રહ્મવેત્તા પુરુષને જ્યાંસુધી શુદ્ધ કૈવલ્યની પ્રાપ્તિ થઇ નથી, ત્યાંસુધીજ તેની દૃષ્ટિએ આ જગત છે; પરંતુ કૈવલ્યની પ્રાપ્તિ થઇ ગયા પછી તેને જગત જોવામાંજ આવતું નથી; કેમકે "सर्वं खल्विदं ब्रह्म" એ વાકયનો તેને સંપૂર્ણ

+ કહેવાનો ભાવ એ છે કે, યોગની પ્રથમ ભૂમિકામાં આરૂઢ થયેલો યોગી કદાચ મરણ પામે તો સ્વર્ગલોકને પામ્યા પછી ત્યાંથી ભ્રષ્ટ થઇને ચક્રવર્તી રાજા થાય છે. આનું નામ પૃથ્વીલોકનો જય કર્યો કહેવાય છે. એ રીતે ઉત્તરોત્તર યોગકલામાં વૃદ્ધિ કરીને તે યોગી, ઉત્તરોત્તર લોકને જીતે છે અને અંતે સાતમા બ્રહ્મલોકમાં જઇને પણ ધ્યેય વસ્તુ ઉપર "હું તે છું" આવો અહંભાવ કરતો નથી તો, પુનઃ ત્યાંથી પાછો ફરે છે; પણ અહંભાવ કરે છે તો બ્રહ્મદેવની સાથેજ મુક્ત થઈ જાય છે. આ વિષય ગીતામાં વિશેષ સ્પષ્ટ છે.

* સ્થૂલ, સૂક્ષ્મ તથા કારણશરીરો.

÷ અર્થાત્ સેંકડો પ્રલયો થઈ જાય તોપણ તત્ત્વજ્ઞાનવિના કરેલાં કર્મોનો કદી નાશ થતો નથી, માટે કર્મોનો લય કરવામાટે તત્ત્વજ્ઞાનનોજ આશ્રય કરવો.

× કહેવાનો ભાવ એ છે કે, માત્ર એકજ કલ્પમાં અનેકવાર જીવોને ગમન—આગમન કરવું પડે છે; માટે સંસારથી ભય પામનારા મુમુક્ષુએ તત્ત્વજ્ઞાનનોજ આશ્રય કરવો.

અનુભવ થવા લાગે છે.) આ સ્થિતિ સંપાદન કરવા માટે પ્રથમ અંતઃકરણને શુદ્ધ કરવું જોઇએ અને તે પછી ધ્યાન, ધારણા તથા સમાધિરૂપ સંયમનું અનુષ્ઠાન કરીને દૃશ્યમાન આકાશાદિ પદાર્થને કેવળ પાંચ ઇંદ્રિયોરૂપજ જાણવા જોઇએ.[૫૪] જે પુરુષ શ્રવણ, મનન, ધ્યાન અને અભ્યાસથી શુદ્ધ થયેલા અંતઃકરણવડે બ્રહ્મને જાણવાની ઇચ્છા કરે છે, તેને અવશ્ય શુદ્ધ ગતિ પ્રાપ્ત થાય છે–અર્થાત તેને શુદ્ધ બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે અને પછી તે પુરુષ બ્રહ્મરૂપી દુર્લભ સ્થાનને પ્રાપ્ત થાય છે, કે જે સ્થાન અવિનાશી છે અને નિત્ય છે. હે મહાબળવાન વૃત્રાસુર ! એ પ્રમાણે મેં તને નારાયણનું બળ કહ્યું.[૫૫,૫૬]

વૃત્રાસુરે કહ્યું:–"જો એમજ છે તો મને કોઇ પ્રકારનો ખેદ રહ્યો નથી. આપના વચનનો અર્થ મેં સારી રીતે જાણી લીધો છે, એટલુંજ નહિ પણ હે સત્વસંપન્ન ભગવન્! આપની વાણીનું શ્રવણ કરીને હું નિર્દોષ થયો છું અને શોક તથા મોહથી રહિત થયો છું.[૫૭] હે મહર્ષિ! મહાતેજસ્વી અને અનંત એવા વિષ્ણુભગવાનનું આ સનાતન ચક્ર અનંત વીર્યવાળું છે અને એકસરખી રીતે ફરી રહ્યું છે, એમ હું જાણી શક્યો છું; તેમજ જે સ્થાનમાં અનેક સર્ગોની પ્રવૃત્તિ થઇ રહી છે અને જેના ઉપર આ સર્વ જગતનો આધાર છે, તે સ્થાન બીજું કોઇ નથી પણ મહાત્મા પુરુષોત્તમજ છે."[૫૮]

ભીષ્મે કહ્યું:–" હે કુંતાપુત્ર યુધિષ્ઠિર! એ પ્રમાણે કહીને વૃત્રાસુરે પ્રાણોનો ત્યાગ કર્યો અને પોતાના આત્માને બ્રહ્મવિષે યોજી દઇને પરમ સ્થાન પ્રાપ્ત કર્યું."[૫૯]

યુધિષ્ઠિરે પૂછ્યું:–હે પિતામહ ! પૂર્વે સનત્કુમારે વૃત્રાસુરને જેના સંબંધમાં ઉપદેશ આપ્યો હતો, તેજ ભગવાન નારાયણ દેવ આ શ્રીકૃષ્ણ પોતેજ છે કે કોઇ બીજા ?[૬૦]

ભીષ્મે કહ્યું:–સનત્કુમારે વૃત્રાસુરને જેના સંબંધમાં ઉપદેશ આપ્યો હતો, તે ભગવાન મૂળની પેઠે નિર્વિકારરૂપે રહે છે અને મહાન દેવ છે. (તે, આ શ્રીકૃષ્ણ ન હોય !) મોટા મનવાળા આ શ્રીકૃષ્ણ તો, તે ભગવાનના બ્રહ્માંડરૂપ કાર્યમાં રહીને પોતાના તેજવડે વિવિધ પ્રકારના ભાવોને ઉત્પન્ન કરે છે;[૬૧] માટે તમારે જાણવું કે, અસ્ખલિત જ્ઞાનશક્તિવાળા આ શ્રીકૃષ્ણ, તે પરમાત્માના અષ્ટમાંશમાંથી ઉત્પન્ન થયેલા છે અને તેમના અષ્ટમાંશવડેજ આ બુદ્ધિમાન કૃષ્ણ, ત્રણે લોકનું રક્ષણ કરે છે.*[૬૨] જે ઇશ્વર સમષ્ટિકાર્યના આત્મા ગણાય છે અથવા તૈજસ કહેવાય છે, તે આપણા બધાનાં શરીરોની અપેક્ષાએ નિત્ય ગણાય છે, તોપણ કલ્પના અંતસમયે વિનાશને પામેજ છે; તેમજ જે ભગવાન (માયામિશ્ર અથવા માયારૂપ ઉપાધિવાળા હોઇને) અતિ બળવાન અને મહાસમર્થ ગણાય છે, તેનો પણ પરબ્રહ્મમાં લય થાયજ છે; અને વ્યવહારદૃષ્ટિએ શાશ્વત ગણાતા દિવ્યલોકોને ઉત્પન્ન કરનારા શુદ્ધાત્મા બ્રહ્મદેવનો પણ અંતે પરબ્રહ્મમાં લય થઇ જાય છે. (અર્થાત સર્વ મહાન પરબ્રહ્મનેજ સર્વનું અધિષ્ઠાન ગણવામાં આવે છે.)[૬૩] અનંત એવા તે પરમાત્માજ સર્વ કારણોને પોતાની સત્તા સમર્પીને પરિપૂર્ણ કરે છે અને સર્વદા એકસ્વરૂપ એવા તે સનાતન દેવજ ઉપાધિયુક્ત શરીર ધારણ કરીને શ્રીકૃષ્ણસ્વરૂપે જગતમાં વિચરી રહ્યા છે. આ રીતે શ્રીકૃષ્ણ ઉપાધિધર્મવાળા છે, તોપણ આપણી પેઠે ઉપાધિના ધર્મથી ગ્રસ્ત થતા નથી; માટે તેમને 'અનિરુદ્ધ' કહેવામાં આવે છે. વળી તે મહાત્મા અહંકારરૂપ થઇને જગતને ઉત્પન્ન કરે છે અને તેમના શરીરમાં, બીજમાં જેમ વૃક્ષ રહેલું છે અને ફળમાં જેમ બીજ રહેલાં છે તેમ, આ સર્વ જગત રહેલું છે.[૬૪]

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે પરમાર્થને જાણનારા પિતામહ ! હું ધારૂં છું કે, વૃત્રાસુરે આત્માની ઉત્તમ ગતિને જોયેલી હશે અને તેથીજ અત્યંતઃસુખી થઇને તેણે શોક કર્યો ન હતો.[૬૫]

---

* ભીષ્મ અહીં એમ કહેવા માગે છે કે, શ્રીકૃષ્ણ પૂર્ણ ચૈતન્યરૂપ નથી, પણ તેનો એક અષ્ટમાંશ છે–અર્થાત શ્રીકૃષ્ણ, પરમાત્માનો અંશાવતાર છે.

હે નિર્દોષ પિતામહ ! જે જીવ, તિર્યંચની ગતિમાંથી અથવા નરકમાંથી મુકત થઇને શ્વેત વર્ણને પામ્યો હોય અથવા શ્વેત (સત્વપ્રધાન) વંશમાં ઉત્પન્ન થઇને સાધ્ય નામનો દેવ થયો હોય, તેને પુનઃ સંસારમાં આવવું પડતું નથી;[૬૬] પરંતુ જે જીવ પીતવર્ણ (દેવયોનિ) અથવા રક્તવર્ણ (પ્રજાપતિસર્ગ) માં ઉત્પન્ન થયેલો તેને તિર્યંચયોનિમાં અવશ્ય આવવું પડે છે; કેમકે તમોગુણવાળાં કર્મોથી તે ઢંકાયલો હોય છે,[૬૭] પરંતુ અમે તો અત્યંત આપત્તિમાં આવી પડેલા છીએ અને મહાકષ્ટદાયી એવાં સુખદુઃખ મેળવવામાં આસકત બનેલા છીએ–અર્થાત્ સત્વપ્રધાન એવા પીતવર્ણથી ભ્રષ્ટ થઇને કેવળ રજઃપ્રધાન રકતવર્ણનો સ્વીકાર કરી બેઠા છીએ તેથી મનુષ્યની, સ્થાવરની કે તિર્યંચની–કયી અધમ યોનિને પામીશું, તે કહી શકાતું નથી."[૬૮]

ભીષ્મે કહ્યું:–" હે પાંડવો ! ડરો મા. તમે શુદ્ધ વંશમાં ઉત્પન્ન થયેલા છો અને તીક્ષ્ણ વ્રતનું પાલન કરનારા છો, જેથી મરણ પછી દેવોના લોકમાં વિહાર કરીને પુનઃ મનુષ્યપણાને પામશો;[૬૯] અને પ્રજાઓની સ્થિતિપર્યંત સુખપૂર્વક કાળ વીતાવીને પાછા યથાયોગ્ય સમયે દેવજન્મને પામશો અને ઉત્તમ સુખનો ઉપભોગ કર્યા પછી અંતે સિદ્ધ પુરુષોની ગણત્રીમાં ગણાશો, માટે તમારે ભય પામવાનું કારણ નથી, કેમકે તમે સર્વે જણા નિર્મળ છો."[૭૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ પર્વમાં
" વૃત્રગીતા " એ વિષયનો અધ્યાય
૨૮૦ મો સમાપ્ત.

અધ્યાય ૨૮૧ મો

વૃત્રાસુરના વધની કથા

॥ युधिष्ठिर उवाच ॥

अहो धार्मिष्ठता तात वृत्रस्यामित तेजसः ॥
यस्य विज्ञानमतुलं विष्णोर्भक्तिश्चतादृशी॥१॥

યુધિષ્ઠિરે પૂછયું:–"હે તાત! જેનું તેજ અમાપ હતું, જેનું વિજ્ઞાન અતુલ હતું અને જેની વિષ્ણુભક્તિ અતિ ઉત્કૃષ્ટ હતી, તે વૃત્રાસુરની ધર્મનિષ્ઠા કેટલી બધી આશ્ચર્યકારક છે?[૧] હે રાજાઓમાં સિંહસમાન પિતામહ! મહાતેજસ્વી ભગવાન વિષ્ણુનું પદ ઘણુંજ દુર્વિજ્ઞેય ગણાય છે, છતાં અસુરજાતિનો વૃત્રાસુર, વિષ્ણુના પદને કેવી રીતે જાણી શકયો?[૨] તમે મને જે જે વિષયનો ઉપદેશ આપો છો, તે સર્વના પર હું સંપૂર્ણ શ્રદ્ધા રાખું છું, તોપણ આ વૃત્રાસુરના વધના સંબંધમાં હું સ્પષ્ટ રીતે સમજી શકયો નથી, જેથી તે સંબંધમાં પુનઃ પ્રશ્ન કરવામાટે મને સૂઝયું છે.[૩] હે મહાપુરુષ! વૃત્રાસુર ઘણોજ ધાર્મિક હતો, વિષ્ણુનો ભક્ત હતો અને વેદસંબંધી વાકયાર્થનો વિચાર કરવામાં મોટો તત્ત્વજ્ઞાની ગણાતો હતો; છતાં ઇંદ્ર તેને કેવી રીતે મારી શકયો? હે ભરતશ્રેષ્ઠ! એ વિષયમાં મને સંશય છે, માટે હું તમને પૂછું છું કે, ઇંદ્રે વૃત્રાસુરનો કેવી રીતે પરાજય કર્યો હતો અને તેઓ બન્ને વચ્ચે કેવું યુદ્ધ થયું હતું, એ સર્વ મને વિસ્તારથી કહો. હે મહાબાહુ! એ કથા સાંભળવાનું મને પરમ કૌતૂહલ થયું છે."[૪–૬]

ભીષ્મે કહ્યું:–પૂર્વે, દેવગણોને સાથે લઇને ઇંદ્રે રથમાં બેસીને અસુરો સામે જ્યારે ચઢાઇ કરી, ત્યારે રણના મોખરામાં ઉભેલા વૃત્રાસુરને મોટા એક પર્વત જેવડો તેણે જોયો.[૭] હે શત્રુદમન રાજા! તે સમયે વૃત્રાસુરનું શરીર પાંચસો યોજન ઉંચું જણાતું હતું અને ત્રણસો યોજન પહોળું જણાતું હતું.[૮] ત્રણે લોકોથી પણ દુર્જય એવું વૃત્રાસુરનું તે પ્રચંડ શરીર જોઈને દેવો તો ત્રાસજ પામી ગયા. તેઓને લેશમાત્ર શાંતિ વળી નહિ.[૯] હે રાજન્ ! વૃત્રાસુરના તે અદ્ભુત રૂપને જોઈને ઇંદ્ર પોતે પણ એટલો ભયભીત બની ગયો, કે તેની સાથળો જાણે જકડાઈ ગઇ હોય તેમ જણાવા લાગ્યું. (અર્થાત વૃત્રાસુરના ભયને લીધે ઇંદ્રનાથી એક ડગલું પણ આગળ વધી શકાયું નહિ.)[૧૦] તે પછી દેવો તથા અસુરો બન્ને વચ્ચે યુદ્ધની જ્યારે તૈયારી થઈ, ત્યારે બન્ને પક્ષનાં સૈન્યોમાં વાદિત્રો વાગવા માંડયાં અને સિંહનાદો થવા લાગ્યા.[૧૧] હે કુરુવંશી રાજા! તે સમયે ઇંદ્રને પોતાની સન્મુખ ઉભેલો જોયા છતાં

વૃત્રાસુરના મનમાં ભય, ગભરાટ કે આસ્થા–એમાંતું કંઇ પણ થયું ન હતું.[૧૨] પછી દેવરાજ ઈંદ્રતું અને મહાત્મા વૃત્રાસુરનું ત્રણે લોકને ભય ઉપજાવે તેવું મહાન યુદ્ધ થવા લાગ્યું.[૧૩] ચોબાજુ તરવારો, પટ્ટિશો, ત્રિશૂલો, શક્તિઓ, તોમરો, મુદ્‌ગરો, વિવિધ જાતની શિલાઓ, મોટી ગર્જના કરનારાં ધનુષ્યો, અનેક પ્રકારનાં દિવ્ય શસ્ત્રો અને અગ્નિનાં બળતાં ઉંબાડીઆંઓ ઉછળવા લાગ્યાં ને ચોતરફ ઘુમી રહેલાં દેવો તથા અસુરોનાં સૈન્યોથી સર્વ પ્રદેશ આકુળ થઇ રહ્યો.[૧૪,૧૫] બ્રહ્મદેવ આદિ સર્વ દેવગણો અને મોટાભાગ્યશાળી ઋષિઓ પણ તે યુદ્ધ જોવામાટે આવી પહોંચ્યા હતા;[૧૬] અને હે ભરતશ્રેષ્ઠ મહારાજા! સિદ્ધો તથા અપ્સરાઓસહિત ગંધર્વો પણ ઉત્તમ જાતનાં વિમાનોમાં બેસીને તે યુદ્ધ જોવા માટે આવ્યા હતા.[૧૭] તે પછી ધાર્મિકોમાં શ્રેષ્ઠ વૃત્રાસુરે પથ્થરની વૃષ્ટિ કરીને આકાશને ઢાંકી દીધું તેમજ અત્યંત ઝડપથી દેવેન્દ્રને પણ છાઈ દીધો.તે જોઇ દેવગણોને અત્યંત ક્રોધ ચઢી ગયો.[૧૮] તેઓએ બાણોની વૃષ્ટિ કરીને વૃત્રાસુરે કરેલી પથ્થરની વૃષ્ટિનો યુદ્ધમાં નાશ કરી નાખ્યો;[૧૯] પણ હે કુરુવંશમાં સિંહસમાન રાજા! વૃત્રાસુર, જે મોટો માયાવી અને મહાબળવાન હતો, તેણે સર્વ તરફથી માયાવી યુદ્ધ ચલાવીને દેવેન્દ્રને મુંઝવીજ નાખ્યો.[૨૦] તે સમયે વૃત્રાસુરથી ત્રાસ પામેલા ઇંદ્રને જ્યારે મોહ થયો, ત્યારે ત્યાં ઉભેલા વસિષ્ઠે રથંતર સામનું ગાન કરીને તેને બોધ કરવા માંડ્યો.[૨૧]

વસિષ્ઠે કહ્યું:–“હે દેવેન્દ્ર! તું દેવોમાં ઉત્તમ છે, તેં દૈત્યોનો તથા અસુરોનો સંહાર કર્યો છે અને તારામાં ત્રણે લોકનું બળ સમાયલું છે, છતાં હે શક્ર! તું મોહાધીન કેમ થઇ ગયો છે?[૨૨] જો, આ બ્રહ્મા, વિષ્ણુ, જગતપતિ શંકર, ભગવાન ચંદ્રદેવ અને સર્વ મહર્ષિઓ તારી સન્મુખજ ઉભા છે;[૨૩] માટે હે શક્ર! કોઇ એક મનુષ્ય ની પેઠે તું મોહાધીન થા મા. હે દેવરાજા! આર્યબુદ્ધિને ધારણ કરીને તું યુદ્ધમાં શત્રુઓનો સંહાર કર.[૨૪] હે દેવેન્દ્ર! જો, આ લોકના ગુરુ, ત્રણ નેત્રને ધારણ કરનારા અને સર્વ લોકમાં પૂજાયલા ભગવાન શંકર, દયાપૂર્ણ દૃષ્ટિથી તને જુએ છે, માટે તું મોહનો ત્યાગ કર.[૨૫] હે શક્ર! બૃહસ્પતિ વગેરે આ બ્રહ્મર્ષિઓ, તારો વિજય થાય તે માટે દિવ્ય સ્તોત્રથી તારી સ્તુતિ કરી રહ્યા છે.”[૨૬]

ભીષ્મે કહ્યું:–મહાત્મા વસિષ્ઠે એ પ્રમાણે બોધ આપ્યો, એટલે ઉત્તમ તેજને ધારણ કરનારા ઇંદ્રમાં અતિશય બળ પ્રાપ્ત થયું;[૨૭] અને પછી ભગવાન ઇંદ્રે દૈત્યોનો નાશ કરવાની બુદ્ધિ ધારણ કરીને મોટા યોગબળનો આશ્રય કર્યો ને તુરતજ વૃત્રાસુરની આસુરી માયાનો નાશ કરી નાખ્યો.[૨૮] બીજી તરફથી શ્રીમાન બૃહસ્પતિ અને બીજા મોટા મોટા ઋષિઓ, વૃત્રાસુરનું પરાક્રમ જોઈને શ્રીશંકર પાસે ગયા અને લોકનું હિત ઇચ્છી વૃત્રાસુરનો વિનાશ કરવામાટે તેમને પ્રાર્થના કરી. તે પછી જગતના પતિ ભગવાન શંકરના તેજે જ્વરનું ભયંકર સ્વરૂપ ધારણ કરીને તે સમયના લોકપતિ ગણાતા વૃત્રાસુરના શરીરમાં પ્રવેશ કર્યો. તેમજ સર્વ લોકમાં પૂજાયલા ભગવાન વિષ્ણુદેવે, લોકોનું રક્ષણ કરવાની ઇચ્છાથી ઇંદ્રના વજ્રમાં પ્રવેશ કર્યો. પછી બુદ્ધિમાન બૃહસ્પતિ, મહાતેજસ્વી વસિષ્ઠ અને સર્વ મહર્ષિઓ, વરને આપનાર તથા લોકમાં પૂજાયલા શતક્રતુ ઇંદ્ર પાસે આવ્યા અને ચિત્તને એકાગ્ર કરી આ પ્રમાણે બોલ્યા:–“હે સમર્થ ઇંદ્ર! તું વૃત્રાસુરનો વધ કર.”[૨૯–૩૩]

શ્રીશંકરે પણ કહ્યું:–“હે શક્ર! આ વૃત્રાસુર મહાબળવાન છે, જગતનો આત્મા થઇ પડ્યો છે, સર્વ તરફ ગતિ કરનારો છે અને મહામાયાવીતરીકે સર્વત્ર પ્રસિદ્ધ થયો છે;[૩૪] માટે હે દેવેશ્વર! ત્રણે લોકથી પણ દુર્જય એવા આ મહાસુરનો તું યોગબળનો આશ્રય કરીને વધ કર, એની ઉપેક્ષા કર મા.[૩૫] હે દેવોના રાજા! આ અસુરે બળ સંપાદન કરવા માટે સાઠ હજાર વર્ષપર્યંત તપશ્ચર્યા કરી છે અને તેની તપશ્ચર્યાથી પ્રસન્ન થઇને બ્રહ્મદેવે તેને વરદાન આપ્યું છે.[૩૬] હે દેવેન્દ્ર! આ દાનવે, યોગીઓનું મહત્ત્વ, મોટું માયાવીપણું, મહાબળવાન–

પણું અને સર્વોત્તમ તેજ—આવાં ચાર વરદાન માગ્યાં હતાં અને બ્રહ્મદેવે તે આપ્યાં પણ છે.૩૭ હે વાસવ! મારૂં આ તેજ તારા શરીરમાં પ્રવેશ કરે છે, તેનો આશ્રય કરીને તું જ્વરને લીધે વ્યગ્ર થયેલા આ દાનવનો વજ્રવડે નાશ કરીનાખ."૩૮

ઇંદ્રે કહ્યું:-"હે ભગવન! હે મહાદેવ! આપની કૃપાથી આપની સમક્ષ આ દુર્જય દૈત્યનો વજ્રવડે હું નાશ કરીશ."૩૯

ભીષ્મે કહ્યું:-તે સમયે એ મહાસુરના શરીરમાં શંકરના તેજથી ઉત્પન્ન થયેલા જ્વરે જ્યારે પ્રવેશ કરવા માંડયો, ત્યારે દેવો અને ઋષિઓએ હર્ષનો મહાન કોલાહલ કરી મૂક્યો.૪૦ ઉપરાંત હજારો દુંદુભિઓ, મોટો શબ્દ કરનારા હજારો શંખો, હજારો મુરજો અને હજારો ડિંડિમો વાગવા લાગ્યાં.૪૧ તેથી સર્વ અસુરો તો લગભગ ભાનવિનાનાજ થઈ ગયા અને એક ક્ષણવારમાં તેઓની માયાનો પણ ઘણો મોટો નાશ થઈ ગયો.૪૨ પછી વૃત્રાસુરને જ્વરવડે ઘેરાયલો જાણીને ઋષિઓ તથા દેવતાઓ, ઇંદ્રની તથા મહાદેવની સ્તુતિ કરવા લાગ્યા અને વૃત્રાસુરનો વધ કરવામાટે ઇંદ્રને પ્રેરણા કરવા લાગ્યા.૪૩ તે સમયે યુદ્ધકાળ ઉપસ્થિત થયો, ત્યારે રથમાં બેઠેલા અને ઋષિઓથી સ્તુતિ કરાતા મહાત્મા ઇંદ્રનું સ્વરૂપ અત્યંત દુર્દર્શ (ન જોઇ શકાય તેવું) થઈ પડયું હતું.

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "વૃત્રવધ" એ વિષયનો અધ્યાય ૨૮૧ મો સમાપ્ત.

અધ્યાય ૨૮૨ મો

વૃત્રાસુરવધ અને બ્રહ્મહત્યાવિભાગ

॥ भीष्म उवाच ॥

वृत्रस्य तु महाराज ज्वराविष्टस्य सर्वशः ॥
अभवन् यानि लिंगानि शरीरे तानि मे शृणु॥१॥

ભીષ્મે કહ્યું:—"હે મહારાજા! જ્યારે વૃત્રાસુર જ્વરથી ઘેરાઈ ગયો હતો, ત્યારે તેના શરીરમાં જે ચિહ્નો થવા લાગ્યાં હતાં, તે સર્વ હું તમને કહું છું, સાંભળો.૧ તેના મુખમાંથી અગ્નિની જવાળાઓ નીકળવા લાગી, તેનો દેખાવ ભયંકર થઇ ગયો, તેનું શરીર નિસ્તેજ થઇ ગયું, તેનાં ગાત્રો કંપવા લાગ્યાં અને તેનો શ્વાસ ઘણા જોસથી ચાલવા લાગ્યો.૨ હે રાજા! તેના શરીરમાં તીવ્ર રોમહર્ષ થવા લાગ્યો—અર્થાત શરીરનાં રોમ ઉભાં થઇ જવા લાગ્યાં, તેને મોટો શ્વાસ ઉપડી આવ્યો અને તેના મુખમાંથી, અમંગળના જેવી અતિ દારુણ અને મહાભયાનક એવી એક શિયાળણી બહાર નીકળી. હે ભારત! એ શિયાળણી બીજી કોઇ ન હતી, પણ વૃત્રાસુરની સ્મૃતિજ હતી; તેમજ તેનાં બન્ને પડખાં ઉપર બળબળતાં ઉંબાડીઆં પડવા લાગ્યાં.૩,૪ ગીધ, કાગડા, બગલાં—વગેરે દારુણ પક્ષીઓ, વૃત્રાસુરના મસ્તકપર આવીને ભયંકર શબ્દો બોલવા લાગ્યાં અને ચક્રની પેઠે ભમવા લાગ્યાં.૫ તે પછી દેવોએ ઉત્તેજત કરાયલો ઇંદ્ર, રથમાં બેસીને યુદ્ધ કરવા ચઢી ગયો અને હાથમાં વજ્ર ઉગામીને વૃત્રાસુરની સામે જોવા લાગ્યો.૫,૬ હે રાજેન્દ્ર! તે સમયે મહાસુર વૃત્રાસુરે, મોટી અમાનુષ ગર્જના કરી અને જ્વરના તીવ્ર આવેશને લીધે બગાસું ખાધું.૭ વૃત્રાસુરે એ પ્રમાણે બગાસું ખાધું કે તુરતજ ઇંદ્રે વજ્રને છૂટું મૂક્યું, જેથી પ્રલયના અગ્નિસમાન તેજસ્વી એવા તે વજ્રે મહાપ્રચંડ શરીરવાળા વૃત્રાસુરને તત્કાળ પૃથ્વીપર પટકી પાડયો. હે ભરતશ્રેષ્ઠ! એ રીતે વૃત્રાસુરને મરણ પામેલો જોઇ, દેવતાઓએ પુનઃ ચોતરફથી મોટો હર્ષનાદ કરી મૂક્યો અને દાનવોનો શત્રુ મહાયશસ્વી ઇંદ્ર, વૃત્રાસુરનો વધ કરીને વિષ્ણુથી યુક્ત એવા વજ્રને સાથે લઇને સ્વર્ગમાંજ દાખલ થઇ ગયો. હે કુરુવંશી રાજા! તેના ગયા પછી વૃત્રાસુરના શરીરમાંથી મહાભયંકર બ્રહ્મહત્યા બહાર નીકળી.* તેનો દેખાવ ઘણોજ બિહામણો હતો, સર્વ લોકોને તે ભયંક થઈ પડી હતી, તેના દાંત ઘણા વિકરાળ હતા, તેનું સ્વરૂપ મહાભયંકર હતું, તેની આકૃતિ ઘણ

---

*કારણ કે વૃત્રાસુર તેનાં કર્મોને લીધેજ અસુરભાવને પામ્યો હતો. વસ્તુતઃ તે કશ્યપના વંશમાં ઉત્પન્ન થયેલો એક બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ હતો

બેડોળ હતી, તેનો રંગ કાબરચિત્રો હતો, તેના કેશ છૂટા હતા, તેનાં નેત્ર ઘોર હતાં, તેણે ખોપરીઓની માળા પહેરી હતી, સાક્ષાત્ કૃત્યાના જેવી તે દેખાતી હતી, તેનું શરીર રુધિરથી નીતરી રહ્યું હતું અને ફાટલાં ચીથરાં તથા વલ્કલ વસ્ત્રો તેણે પહેર્યાં હતાં. હે રાજેન્દ્ર ! આવી ભયાનક તે બ્રહ્મહત્યા, વૃત્રાસુરના શરીરમાંથી બહાર નીકળીને તે સમયે ઇંદ્રને ચોબાજુ શોધવા લાગી. હે ભરતશ્રેષ્ઠ કુરુવંશી રાજા ! એક સમયે ઇંદ્ર લોકોનું હિત કરવાની ઈચ્છાથી સ્વર્ગ તરફ જતો હતો, તેવામાં બ્રહ્મહત્યાએ તેને જોયો અને તુરતજ મહાતેજસ્વી એવા તે ઇંદ્રને પકડી લઇને બ્રહ્મહત્યા તેની પાછળજ લાગુ થઈ. આ રીતે પોતાનાપર બ્રહ્મહત્યાનો ભય આવી પડયો તે જોઇને ઇંદ્ર ત્યાંથી નાસી છૂટીને અનેક વર્ષોપર્યંત કમળના દાંડલામાં ભરાઈ રહ્યો, તોપણ બ્રહ્મહત્યાએ તેને છોડયો નહિ. તે તો તેની પાછળજ લાગુ રહી.[૭-૧૮] હે કુરુવંશી રાજા ! બ્રહ્મહત્યાના સપાટામાં સપડાઇ પડેલો ઇંદ્ર તેજરહિત થઇ પડયો. તેણે બ્રહ્મહત્યાને દૂર કરવા માટે ઘણા ઘણા યત્નો કર્યા, પણ તે વ્યર્થજ ગયા.[૧૯] હે ભરતશ્રેષ્ઠ રાજા ! એ રીતે બ્રહ્મહત્યાને દૂર કરવા માટે ઇંદ્ર અશક્ત થયો, ત્યારે તે બ્રહ્મદેવને શરણે ગયો અને મસ્તક નમાવીને તેમના ચરણમાં પડયો. બ્રહ્મદેવે જાણી લીધું કે, ઇંદ્ર બ્રાહ્મણની હત્યાથી સપડાયો છે. પછી હે મહાબાહો ! પોતાના મનમાં વિચાર કરીને બ્રહ્મદેવે, મધુર સ્વરથી જાણે શાંત પાડતા હોય તેમ, બ્રહ્મહત્યાને કહ્યું:–"હે કલ્યાણિ ! તું આ દેવેન્દ્રને છોડી દે અને મારૂં પ્રિય કર. બોલ, હું તારી કયી કામના પૂર્ણ કરૂં ? તારી શી ઈચ્છા છે ? તે મને કહે "[૨૦-૨૪]

બ્રહ્મહત્યાએ કહ્યું:–"ત્રણે લોકમાં પૂજાયલા અને ત્રિલોકના સ્રષ્ટા આપ–બ્રહ્મદેવ મારાપર પ્રસન્ન થયા છો, તેથી હું મારા આત્માને કૃતાર્થ માનું છું. માત્ર મારે રહેવાના સ્થળની આપ વ્યવસ્થા કરી આપો.[૨૫] લોકોનું રક્ષણ કરવાની ઇચ્છાથી આપે આ સર્વ મર્યાદા બાંધી છે. (કે, બ્રાહ્મણનો કોઈએ વધ કરવો નહિ.) તેમજ હે દેવ! આપેજ આ જગતમાં ધર્મની મહાન સ્થાપના કરી છે.[૨૬] હે ધર્મવેત્તા પ્રભુ ! હે સર્વ લોકના ઈશ્વર! આપ મારાપર પ્રસન્ન થયા છો, તેથી હું ઇંદ્રને મુક્ત કરીશ, પણ મારે રહેવાના સ્થાનની આપે વ્યવસ્થા કરવી જોઇએ. "[૨૭]

ભીષ્મે કહ્યું:–"તથાસ્તુ "એમ બ્રહ્મહત્યાને વચન આપીને પિતામહ બ્રહ્મદેવે, કોઈ ઉપાયની યોજના કરીને પણ ઇંદ્રની બ્રહ્મહત્યા દૂર કરવાનો મનમાં વિચાર કર્યો.[૨૮] પછી તે મહાત્માએ ત્યાં બેઠાં બેઠાં અગ્નિનું ધ્યાન કર્યું, એટલે તુરતજ અગ્નિદેવ તેની પાસે આવીને આ પ્રમાણે બોલ્યા:–[૨૯] "હે ભગવન્ ! હે નિર્દોષ દેવ ! હું આપની પાસે આવી પહોંચ્યો છું. મારે જે કાર્ય કરવાનું હોય તેની મને આજ્ઞા આપવાને આપ યોગ્ય છો."[૩૦]

બ્રહ્મદેવે કહ્યું:–"ઇંદ્રને પાપમાંથી મુક્ત કરવા માટે આ બ્રહ્મહત્યાના હું અનેક વિભાગ કરવા માટે ઇચ્છું છું. તેમાંના એક ચોથા ભાગનો તું પણ સ્વીકાર કર."[૩૧]

અગ્નિએ કહ્યું:–"હે લોકમાન્ય બ્રહ્મન્ ! આપની આજ્ઞા પ્રમાણે હું બ્રહ્મહત્યાના ચોથા ભાગનો સ્વીકાર કરવા માટે તૈયાર છું, તોપણ મને એ પાપમાંથી મુક્ત કરવા માટે આપે વિચાર કરવો જોઇએ. આપે મને નિર્દોષ કરવા માટે કયો વિચાર કર્યો છે, તેને યથાર્થ રીતે જાણવાને હું ઇચ્છું છું. "[૩૨]

બ્રહ્મદેવે કહ્યું:–"હે અગ્નિ ! તમોગુણથી ઘેરાયલો જે મનુષ્ય તને પ્રજ્વલિત કરીને પુરોડાશ, સોમરસ અથવા દૂધ વગેરેથી તારૂં યજન ન કરે, તે પુરુષને તારામાં રહેલી બ્રહ્મહત્યા તત્કાળ વળગી પડશે. એ રીતે હે હવ્યવાહ ! તારી બ્રહ્મહત્યા દૂર થશે, માટે તારા માનસિક સંતાપને દૂર કર. "[૩૩,૩૪] હે રાજા ! બ્રહ્મદેવે એ પ્રમાણે કહ્યું, એટલે હવ્યદ્રવ્યનું પ્રાશન કરનારા ભગવાન અગ્નિએ તેમના વચનને માન્ય કર્યું અને બ્રહ્મહત્યાના ચતુર્થાંશનો પોતે સ્વીકાર કર્યો.[૩૫] તે પછી હે મહારાજા ! પિતામહે

વૃક્ષોને, ઔષધિઓને તથા તૃણલતાઓને બોલાવીને અગ્નિને કહ્યું હતું તેજ પ્રમાણે બ્રહ્મહત્યાનો ચતુર્થાંશ લેવા માટે કહ્યું.૩૬ તે સાંભળી હે રાજન્ ! તેઓ પણ અગ્નિની પેઠે ગભરાટમાં પડી ગયાં અને તેમણે પણ પોતાને નિર્દોષ કરવા માટે બ્રહ્મદેવને આવી પ્રાર્થના કરીઃ–૩૭ હે લોકના પિતામહ ! અમે સ્વીકારેલી બ્રહ્મહત્યાનો અંત ક્યારે આવે–અમે તેના દોષમાંથી મુક્ત ક્યારે થઈએ ? હે પ્રભુ ! દૈવયોગે અમે હણાયલાંજ છીએ. તેઓને આ રીતે ફરીથી હણવાં, એ તમને યોગ્ય નથી.૩૮ હે દેવ ! અમે ટાઢ, તાપ, વૃષ્ટિ, પવનનાં ઝાપટાં અને લોકોનાં છેદનભેદનને સહન કરીએ છીએ;૩૯ તોપણ હે ત્રિલોકના ઈશ્વર ! આપની આજ્ઞાને અધીન થઇને આ બ્રહ્મહત્યાનો અમે સ્વીકાર કરીશું, પરંતુ તેના પાપમાંથી મુક્ત થવાય, તેને માટે આપે વિચાર કરવો જોઇએ. "૪૦

બ્રહ્મદેવે કહ્યું:–" અમાવાસ્યા વગેરે પર્વના દિવસે પણ જે પુરુષ, મોહને વશ બની જઇને તમારૂં છેદનભેદન કરશે, તેને તમારી બ્રહ્મહત્યા વળગી પડશે."૪૧

ભીષ્મે કહ્યું:–વૃક્ષોને, ઔષધિઓને તથા તૃણલતાઓને બ્રહ્મદેવે એવું આશ્વાસન આપ્યું એટલે તેઓ બ્રહ્મહત્યાના સ્વીકારપૂર્વક તેમનું પૂજન કરીને જેમ આવ્યાં હતાં તેમ ચાલ્યાં ગયાં.૪૨ પછી હે ભારત! લોકના પિતામહ બ્રહ્મદેવ, અપ્સરાઓને બોલાવીને, તેઓનું જાણે સાંત્વન કરતા હોય તેમ તેઓને કહેવા લાગ્યાઃ–૪૩ " હે વરાંગનાઓ ! આ બ્રહ્મહત્યા ઇંદ્રને વળગી પડી છે, માટે હું તમને કહું છું કે, એના ચોથા ભાગને તમે સ્વીકારી લ્યો. "૪૪

અપ્સરાઓએ કહ્યું:–" હે દેવેશ ! તમારી આજ્ઞાને અનુસરીને બ્રહ્મહત્યાના ચોથા ભાગનો અમે સ્વીકાર કરીએ; પરંતુ હે પિતામહ ! એના પાપમાંથી અમુક સમયે અમે મુક્ત થઇએ, તેને માટે તમારે વિચાર કરવો જોઈએ."૪૫

બ્રહ્મદેવે કહ્યું:–" જે પુરુષ રજસ્વલા સ્ત્રી સાથે મૈથુન કરશે, તે પુરુષને તમારી બ્રહ્મહત્યા તત્કાળ વળગી પડશે, માટે તમે ચિંતા કરો મા. "૪૬

ભીષ્મે કહ્યું:–હે ભરતશ્રેષ્ઠ ! "બહુ સારૂં" એમ કહીને મનમાં હર્ષ પામેલી તે અપ્સરાઓએ, બ્રહ્મહત્યાના ચતુર્થાંશનો સ્વીકાર કર્યો અને પછી પોતાનાં નિવાસસ્થાનોમાં જઈને આનંદમાં રહેવા લાગી.૪૭ પછી ત્રિલોકના સ્રષ્ટા મહાતપસ્વી બ્રહ્મદેવે જળનું ચિંતન કર્યું, એટલે તુરતજ જગતનું સર્વ જળ મહાતેજસ્વી દેવ બ્રહ્માની પાસે આવી પહોંચ્યું. હે રાજન્! તેણે પિતામહને પ્રણામ કરીને આ પ્રમાણે કહ્યું:–હે શત્રુદમન દેવ ! આપના ચિંતનની સાથેજ અમે અહીં હાજર થયા છીએ, માટે હે લોકના ઇશ્વર પ્રભુ ! કહો, આપની શી આજ્ઞા છે? ૪૮–૫૦

બ્રહ્મદેવે કહ્યું:–" વૃત્રાસુરનો વધ કરવાથી આ ભયંકર બ્રહ્મહત્યા ઇંદ્રની પાછળ લાગુ થઇ છે, માટે એના ચતુર્થાશનો તમે સ્વીકાર કરો."૫૧

જળે કહ્યું:–"હે પ્રભુ ! ભલે, આપ કહો છો તે પ્રમાણે બ્રહ્મહત્યાનો ચતુર્થાશ અમને પ્રાપ્ત થાય; પરંતુ અમુક સમયે એ પાપમાંથી અમારો છુટકારો થાય, તે વિષે તમારે વિચાર કરવો જોઇએ.૫૨ હે દેવેશ ! તમે, સર્વ જગતની પરમ ગતિરૂપ છો, જેથી તમારાવિના બીજાનો કોનો પ્રસાદ આ કષ્ટમાંથી અમારો ઉદ્ધાર કરશે?"૫૩

બ્રહ્મદેવે કહ્યું:–"જે મૂઢ બુદ્ધિવાળો પુરુષ, "અંહ ! જળનો તે વળી શો હિસાબ !" આવી રીતે તમને તુચ્છ ગણીને તમારામાં બળખા, મૂત્ર, વિષ્ઠા–વગેરે મળ પદાર્થનો ત્યાગ કરશે, તે પુરુષમાં તત્કાળ તમારી બ્રહ્મહત્યા નિવાસ કરશે. આ રીતે તમે બ્રહ્મહત્યાના પાપમાંથી મુક્ત થશો."૫૪,૫૫

(ભીષ્મે કહ્યું:–)હે યુધિષ્ઠિર ! બ્રહ્મદેવે એ પ્રમાણે બ્રહ્મહત્યાનાં નિવાસસ્થાનની વ્યવસ્થા કરી, એટલે તેણે દેવેન્દ્રનો ત્યાગ કર્યો અને પછી બ્રહ્મદેવની આજ્ઞા લઇને તે તે સ્થાનમાં નિવાસ કરવા તે ચાલી ગઈ.૫૬ હે રાજા ! એ રીતે વૃત્રાસુરનો વધ કરીને, ઇંદ્રે બ્રહ્મહત્યા પ્રાપ્ત કરી હતી અને પાછળથી પિતામહની આજ્ઞા લઇને તેણે

અશ્વમેધ યજ્ઞ કર્યો હતો.[૫૭] હે મહારાજા! અમે સાંભળ્યું છે કે, ઇંદ્રને બ્રહ્મહત્યા પ્રાપ્ત થઈ હતી, પરંતુ અશ્વમેધયજ્ઞ કરવાથી તે શુદ્ધ થયો હતો.[૫૮] હે રાજા! દેવ,ઇંદ્ર એ પ્રમાણે હજારો શત્રુઓનો સંહાર કરીને સ્વર્ગની રાજ્યલક્ષ્મીને પામ્યો હતો અને તેથી તેને અતુલ હર્ષ થયો હતો.[૫૯] હે પાર્થ! વજ્રનો પ્રહાર થવાથી વૃત્રાસુરનું જે રુધિર પૃથ્વીપર પડયું હતું,તેમાંથી કુકડાં ઉત્પન્ન થયાં છે; માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, સંન્યાસીઓ અને તપસ્વીઓને માટે તે અભક્ષ્ય ગણાય છે.[૬૦] હે કુરુપુત્ર રાજા! હરકોઈ અવસ્થામાં તમારે બ્રાહ્મણોનું પ્રિય કરવું, કેમકે તેઓ પૃથ્વીપર દેવોતરીકે પ્રસિદ્ધ થયા છે.[૬૧] હે કુરુવંશી! જે પ્રમાણે મહાતેજસ્વી ઇંદ્રે, પોતાની સૂક્ષ્મબુદ્ધિના પ્રભાવથી ઉપાય કરીને વૃત્ર જેવા મહાન અસુરનો નાશ કર્યો હતો,[૬૨] તેજ પ્રમાણે હે કુંતાપુત્ર! તમે પણ શત્રુઓનો સંહાર કરીને પૃથ્વીપર અજિત થશો અને દેવ ઇંદ્રની પેઠે જગતમાં પૂજાશો.[૬૩] જે પુરુષો વૃત્રાસુરના વધવિષેની આ ઇંદ્રની કથાને, પ્રત્યેક પર્વને દિવસે બ્રાહ્મણોના મધ્યમાં બેસીને કહેશે તે પુરુષોને કોઇ જાતનું પાપ લાગશે નહિ.[૬૪] હે તાત! એ પ્રમાણે વૃત્રાસુરના વધવિષેનું ઇંદ્રનું અદ્‌ભુત ચરિત્ર મેં તમને કહ્યું. હવે પુનઃ શું સાંભળવાની તમને ઇચ્છા છે?[૬૫]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "બ્રહ્મહત્યાવિભાગ" એ વિષયનો અધ્યાય ૨૮૨ મો સમાપ્ત.

અધ્યાય ૨૮૩ મો

જ્વરની ઉત્પત્તિ

॥ युधिष्ठिर उवाच ॥

पितामह महाप्राज्ञ सर्वशास्त्रविशारद ॥
अस्मिन् वृत्रवधे देव विवक्षा मम जायते॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે સર્વ શાસ્ત્રમાં કુશળ મહાબુદ્ધિમાન પિતામહ! તમે વૃત્રાસુરના વધવિષેની જે કથા કહી તેના સંબંધમાંજ એક પ્રશ્ન પૂછવાની મને ઇચ્છા થઇ છે.[૧] હે નિર્દોષ રાજા! તમે કહ્યું કે, વૃત્રાસુર, જ્વરના આવેશને લીધે જ્યારે મોહિત થઈગયો, ત્યારે ઇંદ્રે વજ્રનો પ્રહાર કરીને તેને મારી નાખ્યો.[૨] હે મહાબુદ્ધિમાન રાજા! એ જ્વર કેવી રીતે ઉત્પન્ન થયો હતો? ક્યાંથી ઉત્પન્ન થયો હતો? હું જ્વરની ઉત્પત્તિને સારી રીતે સાંભળવા ઇચ્છું છું."[૩]

ભીષ્મે કહ્યું:-"હે રાજન્! લોકમાં વિખ્યાત થયેલી જ્વરની ઉત્પત્તિ તમે સાંભળો. એ જ્વરની ઉત્પત્તિના સંબંધમાં જે પ્રમાણે બન્યું છે, તે પ્રમાણેજ હું તમને વિસ્તારથી કહું છું.[૪] હે મહારાજા! પૂર્વે મેરુપર્વતનું 'જ્યોતિષ્ક' નામનું શિખર, આખા ત્રૈલોક્યમાં પૂજાતું હતું; કેમકે તે શિખર સૂર્યસમાન તેજસ્વી છે, સર્વ પ્રકારનાં રત્નોથી શોભી રહ્યું છે,અમાપ છે અને આખા જગતમાં મહાદુર્ગમતરીકે પ્રસિદ્ધ થયું છે.એક સમયે તે શિખરના સુવર્ણભૂષિત તટપ્રદેશ ઉપર દેવ શંકર,સુવર્ણના પલંગ ઉપર બેસીને જાણે શોભી રહ્યા હોય તેમ, બેઠા હતા અને તેમની સમીપમાંજ પર્વતરાજાની પુત્રી પાર્વતી પણ બિરાજ્યાં હતાં; તેમજ મહાતેજસ્વી મહાત્મા વસુઓ, વૈદ્યોમાં શ્રેષ્ઠ મહાત્મા અશ્વિનીકુમારો, સર્વ યક્ષોથી વીંટાયલો રાજા કુબેર અને મહામુનિ શુક્રાચાર્ય પણ તેમની સેવા કરતા ત્યાં બેઠા હતા.[૫-૯] વળી સનત્કુમાર વગેરે મહર્ષિઓ, અંગિરા વગેરે દેવર્ષિઓ, વિશ્વાવસુ વગેરે ગંધર્વો, નારદ, પર્વત અને સંખ્યાબંધ અપ્સરાઓના સમુદાયો પણ શંકરની સેવા કરવા માટે ત્યાં આવ્યા હતા.[૧૦,૧૧] તે સમયે અનેક પ્રકારના સુગંધોને વહેતો પવિત્ર વાયુ, સુખ તથા કલ્યાણને ઉપજાવતો વાતો હતો અને તે પ્રદેશનાં વૃક્ષોમાં સર્વ ઋતુનાં પુષ્પો એકદમ ખીલી નીકળ્યાં હતાં;[૧૨] તેમજ હે ભારત! વિદ્યાધરો, સિદ્ધો અને તપોધનો, ચોતરફથી પશુપતિ મહાદેવનું ઉપાસન કરી રહ્યા હતા,[૧૩] એટલુંજ નહિ પણ અનેક રૂપોને ધારણ કરનારાં ભૂતો, મહાભયંકર રાક્ષસો અને મહાબળવાન પિશાચો, જેઓ ભિન્ન ભિન્ન રૂપોને ધારણ કરનારા

અને અગ્નિસમાન તેજસ્વી હતા, તેઓ પણ દેવ શંકરના અનુચરોતરીકે વિવિધ પ્રકારનાં આયુધોને ઉંચાં કરીને ત્યાં ઉભા હતા.[૧૪,૧૫] ભગવાન નંદી, જે શંકરની આજ્ઞામાં રહેનારો છે, તે પણ ઝળહળતું ત્રિશૂળ હાથમાં લઈને પોતાના તેજવડે ત્યાં દીપી રહ્યો હતો[૧૬] અને હે કુરુનંદન ! સર્વ તીર્થજળને ઉત્પન્ન કરનારી અને સર્વ નદીઓમાં શ્રેષ્ઠ ગણાયલી ગંગા પણ સાક્ષાત્ સ્વરૂપ ધારણ કરીને દેવ શંકરનું ઉપાસન કરી રહી હતી.[૧૭] આ રીતે અનેક દેવર્ષિઓ તથા દેવોથી પૂજાતા મહાતેજસ્વી ભગવાન મહાદેવ, તે શિખર ઉપર બેઠા હતા.[૧૮] તેવામાં પ્રજાપતિ દક્ષ, જે કેટલોક કાળ થયાં પ્રજાપતિના હોદ્દાપર આવ્યો હતો, તે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે યજ્ઞ કરવા ઇચ્છે છે, એમ સર્વ દેવોના જાણવામાં આવ્યું.[૧૯] એટલે ઇંદ્ર વગેરે દેવતાઓએ એકત્ર થઇને તેના યજ્ઞમાં જવા માટે તેજ સમયે નિશ્ચય કર્યો.[૨૦] પછી તે મહાત્માઓ, પ્રકાશમાન સૂર્યસમાન કાંતિવાળાં પોતપોતાનાં વિમાનોમાં બેસીને શંકરની આજ્ઞાપૂર્વક ગંગાદ્વાર ભણી ચાલી નીકળ્યા, એમ અમે સાંભળ્યું છે.[૨૧] આ રીતે સર્વ દેવતાઓને ત્યાંથી ચાલી નીકળેલા જોઈ, પતિવ્રતા પાર્વતીએ પોતાના પતિ શંકરને પૂછ્યું કેઃ-[૨૨] "હે તત્ત્વવેત્તા ભગવન્ ! ઇંદ્ર આદિ આ દેવતાઓ ક્યાં જાય છે, તે મને યથાર્થ રીતે કહો; કેમકે તે વિષે મને મહાન સંશય થયો છે."[૨૩]

મહેશ્વરે કહ્યુંઃ-"હે મહાભાગ્યશાળી દેવિ ! દક્ષ નામનો એક ઉત્તમ પ્રજાપતિ, અશ્વમેધ નામનો યજ્ઞ કરે છે, તેથી તેના યજ્ઞમાં આ દેવતાઓ જાય છે."[૨૪]

પાર્વતીએ પૂછ્યુંઃ-"હે મહાદેવ ! તમે એ યજ્ઞમાં શામાટે જતા નથી ? કયા પ્રતિબંધને લીધે તમે ત્યાં જતા નથી ?"[૨૫]

મહેશ્વરે કહ્યુંઃ-" હે મહાભાગ્યવતિ દેવિ ! દેવોએજ પ્રથમથી એ પ્રમાણે કર્યું છે કે, કોઈ પણ યજ્ઞમાં મારો ભાગ તેઓએ કલ્પ્યોજ નથી.[૨૬] હે સુંદરિ ! ધર્માનુસાર કહીએ તો યજ્ઞનો ભાગ મને મળવોજ જોઇએ, છતાં પૂર્વકાળની પરિપાટીને અનુસરીને દેવો મને ભાગ આપતા નથી."[૨૭]

પાર્વતીએ કહ્યુંઃ-"હે ભગવન્ ! તમે પ્રાણીમાત્રમાં અધિક પ્રભાવશાળી ગણાઓ છો, સર્વના કરતાં અધિક ગુણવાન છો, સર્વનાથી અજિત છો અને તેજમાં, યશમાં તથા લક્ષ્મીમાં પણ બીજા બધાથી ચઢીઆતા ગણાઓ છો; છતાં હે નિર્દોષ પ્રભુ ! દેવોએ યજ્ઞમાં તમારો ભાગ કલ્પ્યો નથી;એ જાણીને મને અત્યંત દુઃખ ઉત્પન્ન થાય છે, મારા શરીરમાં કંપારી છૂટી જાય છે."[૨૮,૨૯]

ભીષ્મે કહ્યુંઃ-હે રાજન્ ! પોતાના પતિ શંકરને એ પ્રમાણે કહીને દેવી પાર્વતી અંતઃકરણ બળતું હોવાને લીધે શાંત થઈ ગયાં.[૩૦] પછી દેવીના હૃદયના અભિપ્રાયને જાણી લઇને ભગવાન શંકરે, નંદીને આજ્ઞા કરી કે,તું અહીંઆંજ ઉભો રહેજે. (અને દેવીની રક્ષા કરજે.)[૩૧] એમ કહીને સર્વ યોગેશ્વરના ઈશ્વર, મહાતેજસ્વી અને દેવના દેવ પિનાકધારી શંકરે, યોગબળનો આશ્રય કરીને તેમજ ભયંકર અનુચરોને સાથે લઇને દક્ષના યજ્ઞનો એકાએક નાશ કરી નાખ્યો. એ સમયે કેટલાએક તેમના અનુચરો મોટી મોટી ગર્જનાઓ કરવા લાગ્યા, કેટલાએક ખડખડાટ હસવા લાગ્યા, કેટલાએક અગ્નિમાં રુધિર છાંટવા લાગ્યા, કેટલાએક ભયંકર મુખવાળા દૂતો યજ્ઞસ્તંભોને ઉખેડી નાખીને આડાઅવળા ઘુમવા લાગ્યા અને બીજા કેટલાએક, દક્ષના પરિચારકોને મુખમાં ગળી જવા લાગ્યા. આ રીતે હે રાજા! તે યજ્ઞનો ચોતરફથી નાશ કરવા માંડયો, ત્યારે મૃગનું સ્વરૂપ ધારણ કરીને તે આકાશમાં નાસી જવા લાગ્યો. આ પ્રમાણે યજ્ઞને મૃગના રૂપમાં નાસી જતો જાણી પ્રભુ શંકર, હાથમાં ધનુષબાણ લઇને તેની પાછળ દોડયા. એ સમયે ક્રોધને લીધે અત્યંત તપી ગયેલા દેવેશ્વર શંકરના લલાટમાંથી પરસેવાનું ઘોર ટીપું પૃથ્વીપર ટપકી પડયું. એ પરસેવાનું ટીપું જેવું પૃથ્વીપર પડયું કે તુરતજ તેમાંથી પ્રલયકાળના અગ્નિસમાન અતિ મહાન અગ્નિ પ્રકટ થયો અને

જોતજોતામાં તો હે મહાપુરુષ! તે અગ્નિમાંથી એક પુરુષ પણ ઉત્પન્ન થયો.[૩૨-૩૯] તે પુરુષ શરીરે અત્યંત ઠીંગણો હતો, તેનાં નેત્રો લાલ વર્ણનાં હતાં, તેની દાઢી-મૂછ પીંગળી હતી, તેનો દેખાવ અત્યંત ભયંકર હતો, તેના કેશ ઉભા હતા, તેના શરીરપર રૂંવાટાં પુષ્કળ હતાં, બાજ અને ઘુવડના જેવો તે બિહામણો હતો, તેનો વર્ણ કાળો મેસ જેવો હતો અને તેણે લાલ વર્ણનાં વસ્ત્રો શરીરપર પહેર્યાં હતાં. મહાબળવાન એવા તે પુરુષે, અગ્નિ જેમ ઘાસને બાળી નાખે તેમ, મૃગરૂપધારી યજ્ઞને બાળીને ભસ્મ કરી નાખ્યો.[૪૦,૪૧] તે પછી યજ્ઞના સર્વ પ્રદેશમાં તે ઘુમવા લાગ્યો. તેણે સર્વ દેવતાઓ તથા ઋષિઓની પાછળ પણ દોડવા માંડયું, જેથી તેઓ ભયભીત થઇને દશે દિશાઓમાં નાસી ગયા.[૪૨] હે ભરતશ્રેષ્ઠ રાજા! તે પુરુષે, એ પ્રમાણે જ્યારે ઘુમવા માંડયું, ત્યારે પૃથ્વી અત્યંત ધણધણી જવા લાગી અને સર્વ જગતમાં મોટો હાહાકાર થઈ રહ્યો. તે જોઇ પ્રભુ બ્રહ્મદેવ, મહાદેવ પાસે પ્રત્યક્ષ આવીને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૪૩,૪૪]

બ્રહ્મદેવે કહ્યું:-“ હે પ્રભો ! દેવતાઓ, હવે પછી તમને પણ યજ્ઞનો ભાગ આપશે; માટે હે દેવેશ્વર! ક્રોધને તમે દૂર કરો.[૪૫] હે શત્રુતાપન મહાદેવ! આ દેવતાઓ અને ઋષિઓ, તમારા ક્રોધને લીધે શાંતિને પામી શકતા નથી.[૪૬] હે ઉત્તમ દેવ! હે ધર્મજ્ઞ! તમારા પરસેવામાંથી જે પુરુષ ઉત્પન્ન થયો છે, તે જ્વર નામે જગતમાં પ્રસિદ્ધ થઇને સર્વત્ર વિચરશે;[૪૭] પરંતુ હે દેવ! તે જ્વરના સર્વ તરફથી એકત્ર થયેલા તેજને આખી પૃથ્વી સહન કરી શકે તેમ નથી, માટે તેના તમે વિભાગ કરી આપો.”[૪૮] બ્રહ્મદેવે એ પ્રમાણે કહ્યું, એટલે દેવ શંકરે, મહાતેજસ્વી ભગવાન બ્રહ્માને “ બહુ સારૂ ” એમ કહીને જ્વરના વિભાગ કરી નાખ્યા.[૪૯] પછી પિનાકધારી શંકર, બ્રહ્માના કહેવા પ્રમાણે યજ્ઞનો ભાગ પ્રાપ્ત કરીને અત્યંત પ્રસન્ન થયા અને આનંદ પામ્યા.[૫૦] હે પુત્ર! સર્વ ધર્મને જાણનારા ભગવાન શંકરે, પ્રાણીમાત્રને શાંતિ થાય તે માટે જ્વરના અનેક વિભાગ કર્યા છે, તે હું તમને કહું છું, સાંભળો.[૫૧] હાથીઓને મસ્તકમાં વ્યથા થાય છે તે જ્વર છે, પર્વતોમાંથી શિલાજિત રસ નીકળે છે તે જ્વર છે, જળમાં શેવાળ થાય છે તે જ્વર છે, સર્પો કાંચળીને ઉતારે છે તે જ્વર છે, બળદ વગેરે પશુઓને પગમાં રોગ થાય છે તે જ્વર છે, પૃથ્વીમાં ક્ષાર ઉત્પન્ન થાય છે તે જ્વર છે, પશુઓની દૃષ્ટિ મંદ હોય છે તે જ્વર છે, ઘોડાઓના ગળામાં માંસનો એક ટુકડો ઉત્પન્ન થાય છે તે જ્વર છે, મોરને મસ્તકમાં કલ્કિ નીકળે છે તે જ્વર છે, કોયલને નેત્રમાં રોગ થાય છે તે જ્વર છે, સર્વ બકરાંઘેટાંને પિત્તભેદ નામનો જે રોગ થાય છે તે જ્વર છે, પોપટોને જે હેડકી ઉપડે છે તે જ્વર છે, વ્યાઘ્રોને જે પરિશ્રમ લાગે છે તે જ્વર છે અને હે ભારત! મનુષ્યોમાં તો તે જ્વર પ્રસિદ્ધજ છે.[૫૨-૫૬] મહેશ્વરના તેજરૂપ એ દારુણ જ્વર, પ્રત્યેક મનુષ્યના શરીરમાં જન્મ, મરણ તથા મધ્ય અવસ્થામાં દાખલ થાયજ છે;[૫૭] માટે પ્રાણીમાત્રે, ઇશ્વરરૂપ તે જ્વરને નમસ્કાર કરવો જોઇએ અને માન આપવું જોઇએ. વૃત્રાસુર, કે જે મહાન ધાર્મિક હતો, તેને પણ આ જ્વરે ઘેરી લીધો હતો અને તે સમયે તેણે જ્યારે બગાસું ખાધું હતું, ત્યારે ઇંદ્રે તેનાપર વજ્ર છોડયું હતું, જેને લીધે વજ્રે તેના શરીરમાં પ્રવેશ કરીને તેને ચીરી નાખ્યો હતો.[૫૮,૫૯] મહાન યોગી વૃત્રાસુર, વજ્રથી ચીરાઈ જઇને અમાપ તેજવાળા વિષ્ણુના પરમ સ્થાનમાં જઇ પહોંચ્યો છે.[૬૦] વૃત્રાસુરે, આ સર્વ જગતને કેવળ વિષ્ણુભક્તિથી વ્યાપ્ત કરી દીધું હતું, જેથી યુદ્ધમાં મરણ પામીને તેણે વિષ્ણુનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.[૬૧] હે પુત્ર! આ પ્રમાણે વૃત્રાસુરના વધની કથામાં મહાન એવા જ્વરની ઉત્પત્તિ પણ મેં તમને કહી સંભળાવી છે; તો હવે બીજું શું કહું ?[૬૨] જે પુરુષ, મનને શાંત રાખીને તેમજ અત્યંત સાવધાન થઇને આ જ્વરની ઉત્પત્તિનું પઠન કરે છે, તે પુરુષ સર્વ

રોગથી મુક્ત થાય છે, સુખી થાય છે, આનંદમાં રહે છે અને મનની ઇચ્છાનુસાર સર્વ કામનાઓને સંપાદન કરે છે.[૬૩]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ જ્વરની ઉત્પત્તિ ” એ નામનો
અધ્યાય ૨૮૩ મો સમાપ્ત.

અધ્યાય ૨૮૪ મો

શિવસહસ્રનામ

॥ जनमेजय उवाच ॥

प्राचेतसस्य दक्षस्य कथं वैवस्वतेंऽतरे ॥
विनाशमगमद् ब्रह्मन् हयमेधः प्रजापतेः॥१॥

જનમેજયે પૂછ્યું:–હે બ્રહ્મન્ વૈશંપાયન ! પ્રચેતાના પુત્ર પ્રજાપતિ દક્ષનો અશ્વમેધ યજ્ઞ, જે વૈવસ્વત મન્વંતરમાં આરંભાયો હતો, તેનો વિનાશ કેવી રીતે થયો હતો ? દેવી પાર્વતીને ક્રોધાયમાન થયેલાં જાણી સર્વાત્મા પ્રભુ શંકર પણ કોપાયમાન થઈ ગયા હતા, છતાં પ્રજાપતિ દક્ષે, તેમનો પ્રસાદ મેળવીને યજ્ઞને કેવી રીતે પૂર્ણ કર્યો હતો, એ જાણવાની મને ઇચ્છા છે; માટે તે વૃત્તાંત જેવું બન્યું હોય તેવું મને કહો.[૧,૨]

વૈશંપાયને કહ્યું:–હે જનમેજય ! પૂર્વે, હિમાલયની સપાટીમાં આવેલા પવિત્ર ગંગાદ્વાર નામના પ્રદેશમાં દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો હતો. એ ગંગાદ્વાર ઋષિઓ તથા સિદ્ધપુરુષોથી સેવાયલું છે, ગંધર્વો તથા અપ્સરાઓથી વ્યાપ્ત છે અને વિવિધ પ્રકારનાં વૃક્ષો તથા લતાઓથી વીંટાયલું છે. ધાર્મિકોમાં શ્રેષ્ઠ પ્રજાપતિ દક્ષે, ઋષિઓના સમુદાયોને સાથે રાખીને તે સ્થળે જ્યારે યજ્ઞ આરંભ્યો, ત્યારે પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગલોકમાં રહેનારા સર્વ લોકો, વિનયપૂર્વક દક્ષની પાસે હાજર થયા હતા;[૩–૫] તેમજ દેવો, દાનવો, ગંધર્વો, પિશાચો, સર્પો, રાક્ષસો, હાહા, હૂહૂ, તુંબુરુ, નારદ, વિશ્વાવસુ, વિશ્વસેન, અપ્સરાઓ, આદિત્યો, વસુઓ, રુદ્રો, સાધ્યો અને મરુદ્ગણો–વગેરે સર્વ યજ્ઞભાગ લેનારા દેવતાઓ ઇંદ્રની સાથે ત્યાં આવ્યા હતા. વળી ઊષ્મપા, સોમપા, ધૂમપા અને આજ્યપા–વગેરે ઋષિઓ તથા પિતૃઓ પણ બ્રહ્મદેવની સાથે ત્યાં આવ્યા હતા. આ અને તે સિવાયના બીજા જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ–એમ ચારે પ્રકારના પ્રાણીસમુદાયો દક્ષના યજ્ઞમાં આવ્યા હતા. તે સમયે ખાસ આમંત્રણપૂર્વક બોલાવાયલા સર્વ દેવતાઓ, પોતપોતાની પત્નીઓ સાથે વિમાનમાં બેઠા હતા અને પ્રદીપ્ત અગ્નિઓના જેવા શોભતા હતા. એ બધાને જોઇને એકદમ ક્રોધાવેશમાં આવી ગયેલા દધીચી ઋષિ આ પ્રમાણે બોલી ઉઠ્યા:–[૬–૧૧] “ અરે ! જેમાં રુદ્રદેવનું પૂજન નથી, તે આ યજ્ઞજ ન કહેવાય, અથવા ધર્મ પણ ન કહેવાય. શું, આ તે સમયમાંજ ફેરફાર થઈ ગયો છે કે, તમે બધા નાશરૂપ બંધનમાં સપડાઈ પડયા છો ?[૧૨] શું, તમે નથી જોઈ શકતા કે, અમારો વિનાશ હવે સમીપમાંજ છે. ખરેખર, આ મહાયજ્ઞમાં મહાઘોર વિનાશ ઉપસ્થિત થયો છે, પણ તમે તેને જાણી શકતા નથી. ”[૧૩] એમ કહીને મહાયોગી દધીચિએ પોતાની ધ્યાનદૃષ્ટિથી જોયું તો હિમાલયના શિખર ઉપર બેઠેલા શ્રીમહાદેવનાં, તેમની સમીપમાં બેઠેલાં વર આપનારાં દેવી પાર્વતીનાં તથા દેવીની સમીપમાં ઉભેલા મહાત્મા નારદનાં તેમને દર્શન થયાં. તેવડે યોગવેત્તા દધીચિ યજ્ઞના ભાવી નાશનો નિશ્ચય કરીને પરમ સંતોષ પામ્યા.[૧૪,૧૫] પછી દધીચિએ જાણી લીધું કે, આ બધાઓએ એકજ વિચાર કર્યો છે અને તેથીજ આ યજ્ઞમાં શંકરને નિમંત્રણ કરવામાં આવ્યું નથી. આમ જાણી લઇને તેમણે તે પ્રદેશનો ત્યાગ કરીને આ પ્રમાણે કહ્યું:—

अपूज्यपूजनाच्चैव पूज्यानां चाप्यपूजनात् ॥
नृघातकसमं पापं शश्वत्प्राप्नोति मानवः॥१७॥

“ જેઓ પૂજ્ય હોય તેમનું પૂજન નહિ કરવાથી અને જેઓ અપૂજ્ય હોય તેમનું પૂજન કરવાથી મનુષ્ય નરહત્યારાના જેવોજ પાપી થાય છે.[૧૭] મેં કદી અસત્ય ભાષણ કર્યું નથી

અને હવે પછી પણ કદી અસત્ય ભાષણ કરીશ નહિ. આ દેવો અને ઋષિઓની વચ્ચે હું સત્યજ કહું છું કે,[૧૮] પશુઓના ભર્તા, જગતના સ્રષ્ટા, સર્વના પાલક અને સર્વના પ્રભુ ભગવાન શંકર, અલ્પ સમયમાંજ અહીં આવશે, તે તમે જોજો."[૧૯]

દક્ષે કહ્યું:–" જેઓના હાથમાં ત્રિશૂલ હોય છે અને જેઓને મસ્તકે જટા હોય છે, તેવા રુદ્રો અમારામાં ઘણાં છે અને તેઓ અગીઆર સ્થાનમાં રહેલા છે, (એ તો અમે જાણીએ છીએ;) પરંતુ તે સિવાયનો વળી મહેશ્વર કોણ છે, એ હું જાણતો નથી. "[૨૦]

દધીચિએ કહ્યું:–" તમારા સર્વનો એકજ વિચાર હોવાને લીધે તમે શંકરને નિમંત્રણ કર્યું નથી, પણ હું તો માનું છું કે, શંકરના કરતાં ઉત્તમ એવો બીજો કોઇ દેવ નથી અને તેમને નિમંત્રણ નહિ કરવાથી દક્ષનો આ મહાન યજ્ઞ અપૂર્ણજ થશે. "[૨૧]

દક્ષે કહ્યું:–" હું યજ્ઞના ઈશ્વર અને અપ્રતિમ એવા વિષ્ણુને સુવર્ણના પાત્રમાં, વિધિ અને મંત્રોથી પવિત્ર એવું સમગ્ર હવિષ અર્પણ કરીશ; કેમકે વ્યાપક એવા તે પ્રભુનેજ સર્વ યજ્ઞોમાં આમંત્રણ કરવામાં આવે છે."[૨૨] (આમ કહીને તેણે યજ્ઞનો આરંભ કર્યો, તેજ સમયે હિમાલય ઉપર બેઠેલાં દેવી પાર્વતી, આ પ્રમાણે બોલ્યાં.)

દેવીએ કહ્યું:–" હું તેવું કયું દાન આપું, તેવો કયો નિયમ પાળું અને તેવું કયું તપ કરૂં, કે જેના પ્રભાવથી અચિંત્ય એવા મારા પતિ ભગવાન શંકર યજ્ઞના અર્ધભાગને અથવા ત્રીજા ભાગને પ્રાપ્ત થાય?"[૨૩] આ પ્રમાણે પોતાના અપમાનથી ક્ષુબ્ધ થયેલી પોતાની પત્નીનાં વચન સાંભળીને પ્રસન્ન થયેલા ભગવાન શંકરે તેમને કહ્યું કે:–" હે દેવિ ! તું મારા સ્વરૂપને જાણતી નથી. હે કૃશોદરિ ! હે કૃશાંગિ ! યજ્ઞના ઈશ્વર એવા મારા સંબંધમાં તારે આવાં વચનો બોલવાં, તે શું યોગ્ય છે ?[૨૪] હે વિશાળનેત્રવાળી દેવિ ! હું જાણું છું કે, જે દુષ્ટ પુરુષો મારા ધ્યાનથી ભ્રષ્ટ છે, તેઓ મને ઓળખી શકતા નથી; પણ આશ્ચર્યની વાત તો એ છે કે, તને પોતાને પણ આજે મોહ થયો છે અને તારા મોહને લીધેજ ઇંદ્રાદિ દેવતાઓસહિત ત્રણે લોક પણ આજે મૂઢ બની ગયા છે.[૨૫] પ્રત્યેક યજ્ઞમાં ઋત્વિજો મારીજ સ્તુતિ કરે છે; સામ ગાનારાઓ રથંતર રૂપ ગાનદ્વારા મારૂંજ ગાન કરે છે, બ્રહ્મવેત્તા બ્રાહ્મણો મારૂંજ યજન કરે છે અને અધ્વર્યુઓ મનેજ યજ્ઞભાગ અર્પણ કરે છે."[૨૬]

દેવીએ કહ્યું:–" સર્વ સામાન્ય પુરુષ પણ સ્ત્રીઓની સભામાં પોતાની પ્રશંસા કરે છે અને ગર્વથી ફુલાય છે, એમાં સંશય નથી."[૨૭]

ભગવાને કહ્યું:–"ઓ દેવોની ઈશ્વરિ ! હું મારી વ્યર્થ પ્રશંસા કરતો નથી, ઓ કૃશોદરિ! હે સુંદર નિતંબવાળી! હે સુંદરાંગિ! આ યજ્ઞનો નાશ કરવામાટે હું જે પુરુષને ઉત્પન્ન કરૂં છું, તેને તું જો."[૨૮] પોતાની પ્રાણપ્રિય પત્નીને એ પ્રમાણે કહીને ભગવાન શંકરે, જેને જોતાંજ રોમાંચ ઉભાં થઇ જાય તેવા એક ભયંકર ભૂતને પોતાના મુખમાંથી ઉત્પન્ન કર્યો;[૨૯] અને તેને આજ્ઞા કરી કે, "જા, દક્ષના યજ્ઞનો તું નાશ કરી નાખ." શંકરની એ આજ્ઞા થતાંજ, છૂટેલા એક સિંહની પેઠે, તેણે પાર્વતીના ક્રોધને શાંત કરવા માટે લીલામાત્રમાં દક્ષના યજ્ઞનો નાશ કરી નાખ્યો. તે ભૂતની સાથે ક્રોધવડે મહાભયંકર દેખાતી મહેશ્વરી મહાકાલી પણ (પાર્વતીના શરીરમાંથી નીકળીને) યજ્ઞના નાશરૂપી કર્મમાં સાક્ષીતરીકે ગઇ હતી. શૌર્ય અને બળમાં શંકરના જેવોજ તે ભૂત, યજ્ઞનો જ્યારે નાશ કરવા ગયો, ત્યારે શંકરની અનુજ્ઞા લઇને તથા મસ્તકવડે તેમને પ્રણામ કરીને ગયો હતો. વળી તે ભૂત ભગવાનના ક્રોધનુંજ સ્વરૂપ હતો, અનંત બળવાળો અને અનંત વીર્યવાળો હતો, તેનો પુરુષાર્થ પણ અનંત હતો, તેણે દેવીના ક્રોધનો નાશ કર્યો હતો અને તેનું નામ 'વીરભદ્ર' એ પ્રમાણે પ્રસિદ્ધ હતું.[૩૪] તેણે પોતાનાં રોમછિદ્રોમાંથી "રૌમ્ય" નામના ગણો ઉત્પન્ન કર્યા હતા. તે સર્વ ગણો રુદ્રતુલ્ય પરાક્રમી હતા, દેખાવમાં પણ રૌદ્ર હતા, રુદ્રસમાન વીર્યવાળા હતા, ભયંકર સ્વરૂપવાળા હતા, તેઓનાં શરીર

મહાપ્રચંડ હતાં અને તેઓની સંખ્યા સેંકડો તથા હજારોમાં હતી. આ ગણોએ, દક્ષના યજ્ઞનો નાશ કરવામાટે ઝપાટાબંધ ગંગાદ્વારસામે ધસારો કર્યો.[૩૫,૩૬] તે સમયે તેઓના કલકલાટના શબ્દવડે આકાશ જાણે પૂરાઇ જતું હોય તેમ લાગતું હતું અને તે મહાન શબ્દથી દેવોને ત્રાસ થયો, પર્વતો તૂટી પડયા, પૃથ્વી કંપી ગઈ, સમુદ્ર ખળભળી ઉઠયો અને વાયુઓ ઘુઘવવા લાગ્યા.[૩૭,૩૮] વીરભદ્રે દક્ષના યજ્ઞસામે જ્યારે ચઢાઈ કરી, ત્યારે અગ્નિઓ સળગતા ન હતા, સૂર્ય પ્રકાશતો ન હતો, ગ્રહો, નક્ષત્રો અને ચંદ્રમા પણ પ્રકાશતા ન હતા, ઋષિઓ નિસ્તેજ બની ગયા હતા અને દેવો તથા મનુષ્યો ભયભીત બની ગયા હતા. એ પ્રમાણે સર્વત્ર અંધકાર છવાઈ ગયો, ત્યારે વીરભદ્રના ભયંકર ગણો, દક્ષના તરફથી અપમાન પામીને યજ્ઞમંડપને બાળી નાખવા લાગ્યા, યજ્ઞસ્તંભો ઉપાડી ઉપાડીને દક્ષના પક્ષકારોને મારવા લાગ્યા, કેટલાકને પીસી નાખવા લાગ્યા, કેટલાએકને ખૂંદી નાખવા લાગ્યા, વાયુ તથા મનના જેવો વેગ કરીને આમતેમ દોડવા લાગ્યા, યજ્ઞનાં પાત્રોને ભાંગી નાખવા લાગ્યા, દિવ્ય અલંકારોને તોડી નાખવા લાગ્યા અને સર્વ પદાર્થને તોડી ભાંગીને આકાશમાં ઉછાળવા લાગ્યા, કે જેથી તે પદાર્થો આકાશમાં ફેલાયલા તારાગણની પેઠે શોભવા લાગ્યા. વળી દિવ્ય અન્ન, પાન, ભક્ષ્ય, ભોજ્ય–વગેરે જે પદાર્થોના પર્વતોના જેવડા મોટા ઢગ કરવામાં આવ્યા હતા, તેમાંથી ખવાયું તેટલું ખાતા હતા અને બાકીનું સર્વ જ્યાં ત્યાં ફેંકી દેતા હતા. તે સ્થળે ઘી અને ખીરરૂપ કાદવવાળી, દહીંના રસરૂપ જળવાળી, ખાંડ અને સાકરરૂપ રેતીવાળી, ગોળની નહેરોવાળી અને સુંદર દૂધની દિવ્ય નદીઓ વહી રહી હતી; તેમજ ભાત ભાતનાં માંસો, અનેક પ્રકારના ભક્ષ્ય પદાર્થો, દિવ્ય પીણાંઓ, ચાટવાના તથા ચૂસવાના દિવ્ય પદાર્થો પણ ત્યાં પુષ્કળ પ્રમાણમાં હતા. વીરભદ્રના સર્વ ગણોએ, પોતાનાં અનેક મુખોથી તે તે પદાર્થોને ખાવા માંડયા, લૂંટવા માંડયા અને આડાઅવળા ઉછાળવા માંડયા.[૩૯–૪૬] રુદ્રના કોપથી મહાપ્રચંડ શરીરો ધારણ કરનારા અને પ્રલયકાળના અગ્નિસમાન તેજસ્વી એવા તે ગણોએ, દેવોનાં સૈન્યોને ચોતરફથી ભય પમાડીને ખળભળાવી દીધાં.[૪૭] વળી તેઓ જૂદી જૂદી જાતના આકાર કરીને યજ્ઞમંડપમાં ક્રીડા કરવા લાગ્યા અને દેવોની સ્ત્રીઓને ઉપાડી ઉપાડીને આડી અવળી ફેંકી દેવા લાગ્યા. જો કે સર્વ દેવતાઓએ રુદ્રના ક્રોધને જાણી લઇને યજ્ઞની યત્નપૂર્વક રક્ષા કરી હતી, તોપણ મહાભયંકર કર્મ કરનારા વીરભદ્રે, તત્કાળ તે યજ્ઞનો સર્વ તરફથી નાશ કરી નાખ્યો અને યજ્ઞદેવનું મસ્તક કાપી લઇને પ્રાણીમાત્રને ભય ઉપજાવે તેવી ભયંકર ગર્જના કરી મૂકી. આ રીતે યજ્ઞનો નાશ કરીને વીરભદ્ર ગર્જના કરવા લાગ્યો અને પ્રસન્ન થયો. તે પછી બ્રહ્માદિક દેવતાઓ અને પ્રજાપતિ દક્ષ, એ હાથ જોડીને તેને પૂછવા લાગ્યા કે:–" તમે કોણ છો? તે અમને કહો."

વીરભદ્રે કહ્યું:–"હું રુદ્ર નથી, દેવી રુદ્રાણી નથી તેમ આ યજ્ઞની અંદર ભોજન કરવામાટે પણ હું આવ્યો નથી.[૪૮–૫૧] દેવીને ક્રોધાયમાન થયેલાં જાણી સર્વાત્મા પ્રભુ શંકર પણ કોપાયમાન થયા છે અને તેમના કોપમાંથીજ હું નીકળ્યો છું. મારૂં નામ વીરભદ્ર છે. હું યજ્ઞમાં આવેલા આ બ્રાહ્મણોને જોવામાટે અહીં આવ્યો નથી, તેમ યજ્ઞ જોવાના કુતૂહલથી પણ હું આવ્યો નથી; માત્ર તારા યજ્ઞનો નાશ કરવા માટેજ હું અહીં આવ્યો છું.[૫૨,૫૩] આ મારી સાથે રહેલી દેવી 'ભદ્રકાલી' એવા નામથી પ્રસિદ્ધ છે. તે, દેવીના કોપમાંથી ઉત્પન્ન થયેલી છે. દેવના દેવ શંકરે યજ્ઞનો નાશ કરવા માટેજ અમને બન્નેને અહીં મોકલ્યાં છે;[૫૪] માટે હે બ્રાહ્મણ! દેવના દેવ ઉમાપતિનું તું શરણ લે, કેમકે બીજાઓના વરદાન કરતાં તેમનો ક્રોધ પણ ઉત્તમ ફળદાયી છે."[૫૫]

વીરભદ્રનું એ વચન સાંભળીને ધાર્મિકોમાં શ્રેષ્ઠ પ્રજાપતિ દક્ષે, મહેશ્વરને પ્રણામ કરીને સ્તોત્રવડે તેમની સ્તુતિ કરવા માંડી.[૫૬]

દક્ષે કહ્યું:–" હું ઈશાનદેવને શરણે જાઉં

છું, કે જે દેવ સનાતન છે, અવિનાશી છે, વિકારોથી રહિત છે, મહાદેવ છે, મહાત્મા છે અને સમગ્ર જગતના પતિ છે.”[૫૭]

પ્રજાપતિ દક્ષના યજ્ઞમાં, સર્વ યજ્ઞપદાર્થોનો સારી રીતે સંગ્રહ કરીને સર્વ દેવોને, ઋષિઓને તથા તપોધનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું;[૫૮] પણ જગતના સ્રષ્ટા દેવ મહેશ્વરને આમંત્રણ આપ્યું ન હતું, જેથી મહાદેવી ઉમાએ ક્રોધાયમાન થઇને દક્ષના યજ્ઞનો નાશ કરવા માટે ગણોને મોકલ્યા હતા.[૫૯] તે ગણોએ યજ્ઞમંડપને સળગાવી મૂક્યો હતો અને બ્રાહ્મણોને હાંકી કાઢયા હતા. પછી મહાત્મા અગ્નિ રૌદ્ર અને પ્રદીપ્ત અવસ્થામાં છેક તારાગણમાં દાખલ થઈ ગયો, ત્યારે તે પ્રદેશપર ઉભેલા યક્ષો, ગંધર્વો, પિશાચો, ઉરગો અને રાક્ષસોને શંકરના ગણોએ ત્રિશૂલોથી ભેદી નાખ્યા હતા. દક્ષના પરિચારકો પણ સારી રીતે માર પડવાથી બૂમાબૂમ કરી રહ્યા હતા. યજ્ઞના સ્થંભોને ઉખેડી પાડીને જ્યાં ત્યાં ફેંકી દીધા હતા અને તે સમયે દક્ષના યજ્ઞપ્રદેશ ઉપર ગીધ વગેરે અનેક પક્ષીઓ માંસ મેળવવાની ઇચ્છાથી ઝડપો મારી રહ્યાં હતાં. તેમજ સેંકડો શિયાળની સ્ત્રીઓના રુદનધ્વનિથી તે પ્રદેશ ગાજી રહ્યો હતો.×[૫૮-૬૨] તે પછી પ્રજાપતિ દક્ષે કરેલી સ્તુતિ સાંભળીને દેવના દેવેશ અને શત્રુઓના જેતા ભગવાન શંકર, પોતાના મુખસ્થાનમાં પ્રાણ તથા અપાન વાયુનો નિરોધ કરીને તેમજ પોતે વિશાળ દૃષ્ટિવાળા હોવાથી સર્વ તરફ દૃષ્ટિ કરીને, એકાએક અગ્નિકુંડમાંથી પ્રકટ થયા.[૬૩-૬૪] તે સમયે તેમણે હજારો સૂર્યનું તેજ ધારણ કર્યું હતું, જેથી તેઓ પ્રલયકાળના અગ્નિસમાન દેખાતા હતા. તેમણે મંદ મંદ હસીને દક્ષને કહ્યું:–“બોલ, હું તારૂં શું પ્રિય કરૂં ?” પછી તેજ સમયે દેવોના ગુરુ બૃહસ્પતિએ મખાધ્યાય નામનો મંત્રપાઠ દક્ષને કહી સંભળાવ્યો. એટલે ભય, શંકા તથા ત્રાસને લીધે જેનાં નેત્રમાંથી અશ્રુધારા વહી રહી હતી એવો પ્રજાપતિ દક્ષ, બે હાથ જોડીને શંકરને કહેવા લાગ્યો:–“આપ–ભગવાન જો મારાપર પ્રસન્ન થયા છો, હું જો આપને પ્રિય છું, આપનો અનુગ્રહપાત્ર છું અને મને વર આપવાની આપની ઇચ્છા છે, તો મેં ઘણા કાળે અને ઘણા પ્રયત્ને એકઠી કરેલી જે યજ્ઞસામગ્રીને આપના ગણોએ બાળી નાખી છે, ખાઇ ગયા છે, પી ગયા છે, ભક્ષણ કરી ગયા છે, નાશ પમાડી છે, ભાંગી નાખી છે અને તોડી નાખી છે, તે સર્વ પુનઃ મૂળસ્થિતિને પ્રાપ્ત થાઓ, એવું વરદાન હું આપની પાસે માગું છું.[૬૫-૬૯] દક્ષે એ પ્રમાણે વરદાન માગ્યું, એટલે ભગદેવનાં નેત્રનો નાશ કરનારા, પાપનો સંહાર કરનારા, ધર્મના અધ્યક્ષ, વિરૂપ નેત્રવાળા, ત્રણ નેત્રને ધારણ કરનારા અને પ્રજાઓના પતિ ભગવાન શંકરે ‘તથાસ્તુ’ એમ કહીને દક્ષની કામના પૂર્ણ કરી.[૭૦] આ રીતે શંકર પાસેથી વરદાન મેળવીને દક્ષે, બે ઘુંટણવતી પૃથ્વીપર ઉભા રહીને, બે હાથ જોડી એક હજાર ને આઠ નામવડે તેમની સ્તુતિ કરી.[૭૧]

॥ युधिष्ठिर उवाच ॥

यैर्नामधेयैः स्तुतवान् दक्षो देवं प्रजापतिः ॥
वक्तुमर्हसि मे तात श्रोतुं श्रद्धा ममानघ ॥७२॥

*યુધિષ્ઠિરે પૂછ્યું:–હે નિર્દોષ તાત ! દક્ષ પ્રજાપતિએ જે નામોવડે દેવ શંકરની સ્તુતિ કરી હતી, તે નામો મને કહો; કેમકે તે સાંભળવાની મને શ્રદ્ધા થઇ છે.[૭૨]

॥ भीष्म उवाच ॥

श्रूयतां देवदेवस्य नामान्यद्भुतकर्मणः ॥
गूढव्रतस्य गुह्यानि प्रकाशानि च भारत ॥७३॥

× શ્લોક ૫૮ માથી આરંભીને અહીં સુધીમાં પુનરુક્તિ દોષ સ્પષ્ટ દેખાય છે. વળી આ સાડાપાંચ શ્લોક, જાણે સંબંધવિનાના હોય તેવા પણ જણાય છે. તો આવા અસંબંદ્ધ શ્લોકો આવ્યા ક્યાંથી તે કંઇ સમજાતું નથી.

* અહીં **युधिष्ठिर उवाच**’ને બદલે ‘**जनमेजय उवाच**’ હોવું જોઇએ; કેમકે અધ્યાયના આરંભમાં જનમેજયેજ પ્રશ્ન કર્યો છે, જેથી અહીં પણ જનમેજયજ પ્રશ્ન કરે તે યોગ્ય ગણાય.

*ભીષ્મે કહ્યું:-હે ભરતવંશી રાજા! અદ્ભુત કર્મને કરનારા અને ગૂઢ વ્રતને ધારણ કરનારા દેવના દેવ શંકરનાં નામો, શ્રદ્ધારહિત પુરુષો પાસે ગુપ્ત રાખવા યોગ્ય છે અને શ્રદ્ધાયુક્ત પુરુષો પાસે પ્રકટ કરવા યોગ્ય છે, તે સર્વ હું તમને કહું છું, સાંભળો.[૭૩]

[1]नमस्ते देव देवेश देवारिबलसूदन ॥
देवेन्द्रबलविष्टंभ देवदानवपूजित ॥ ७४ ॥

હે જગતની રચના કરવારૂપ ક્રીડા કરનારા! તમે ઇંદ્રિયોના નિયંતા છો, શમદમાદિકના શત્રુ જે કામાદિક અસુરો તેઓના બળનો નાશ કરનારા છો, ઇંદ્રિયોનો ઇંદ્ર ગણાતી જે બુદ્ધિ તેના બળને (વિષયતત્પરતાને) અટકાવી દેનારા છો અને દેવો તથા દાનવોથી પૂજાયલા છો. હું તમને નમસ્કાર કરૂં છું.[૭૪]

सहस्राक्ष विरूपाक्ष त्र्यक्ष यक्षाधिपप्रिय ॥
सर्वतःपाणिपादांत सर्वतोऽक्षिशिरोमुख॥७५॥

હે ભગવન્! તમે હજારો ઇંદ્રિયોવાળા છો-અર્થાત્ સર્વજ્ઞ છો, તમારી ઇંદ્રિયો અમારી ઇંદ્રિયોના કરતાં ઘણીજ વિલક્ષણ છે. (અર્થાત્ અમારી ઇંદ્રિયો પ્રત્યક્ષ પદાર્થનેજ ગ્રહણ કરનારી છે, પણ તમારી ઇંદ્રિયો તો અપ્રત્યક્ષ પદાર્થને પણ ગ્રહણ કરનારી છે.) ચંદ્ર, સૂર્ય અને અગ્નિ-એ ત્રણ તમારાં નેત્રો છે, યક્ષોનો અધિપતિ કુબેર તમને પ્રિય છે, તમારા હાથ અને ચરણ સર્વત્ર વિદ્યમાન છે, તમે પોતે પણ સર્વત્ર વ્યાપક છો અને તમારાં નેત્રો, મસ્તક તથા મુખ સર્વ સ્થળે વિદ્યમાન છે. હે પ્રભો! હું તમને નમસ્કાર કરૂં છું.[૭૫]

सर्वतःश्रुतिमँल्लोके सर्वमावृत्य तिष्ठसि ॥
शंकुकर्ण महाकर्ण कुंभकर्णार्णवालय ॥७६॥

હે શંકર! તમારા કર્ણ સર્વ લોકમાં વ્યાપક છે, પ્રત્યેક પદાર્થમાં તમે વ્યાપી રહ્યા છો, તમે શંકુકર્ણ, મહાકર્ણ, કુંભકર્ણ અને અર્ણવાલયરૂપ છો.[૭૬]

गजेन्द्रकर्ण गोकर्ण पाणिकर्ण नमोऽस्तु ते ॥
शतोदर शतावर्त्त शतजिह्व नमोऽस्तु ते॥७७॥

વળી ગજેન્દ્રકર્ણ, ગોકર્ણ અને પાણકર્ણ પણ તમે પોતેજ છો.તમે સેંકડો ઉદરવાળા છો, સેંકડો આવર્ત્ત(સંસાર)વાળા છો (અર્થાત સેંકડો વાર જીવરૂપે સંસારમાં ફર્યા કરો છો,) અને સેંકડો જીહ્વાવાળા છો (અર્થાત્ તમે સર્વ જગતરૂપ છો.) હું તમને નમસ્કાર કરૂં છું.[૭૭]

गायंति त्वा गायत्रिणोऽर्चन्त्यर्कमर्किणः ॥
ब्रह्माणं त्वा शतक्रतुमूर्ध्वं खमिव मेनिरे॥७८॥

ત્રિકાળ સંધ્યાનું ઉપાસન કરનારા પુરુષો ગાયત્રીનો જપ કરીને તમારૂંજ ગાન કરે છે, સૂર્યના ઉપાસકો સૂર્યમંડલના અધિષ્ઠાતા તમને સૂર્યરૂપ માનીને પૂજે છે, બ્રહ્મદેવના ઉપાસકો તમને બ્રહ્મદેવ માનીને પૂજે છે; ઇંદ્રના ઉપાસકો તમને ઇંદ્રરૂપ માનીને પૂજે છે અને મનનશીલ

---

* અહીં પણ '**भीष्म उवाच**' ને બદલે '**वैशंपायन उवाच**' એમ હોવું જોઇએ; કેમકે અધ્યાયના આરંભમાં વૈશંપાયનેજ દક્ષયજ્ઞની કથા જનમેજયને કહેવા માંડી છે, માટે અહીં પણ જનમેજયના પ્રશ્નનો ઉત્તર વૈશંપાયનેજ આપવો જોઇએ.

[1] અહીંથી આરંભીને શિવ સહસ્ર નામની શરૂઆત થાય છે. તેમાંથી આ ૭૪ મા શ્લોકમાં દેવ, દેવેશ, દેવારિબલસૂદન, દેવેન્દ્રબલવિષ્ટંભ અને દેવદાનવપૂજિત-આ પાંચ નામો છે; અને તે પ્રમાણેજ હવે પછીના પ્રત્યેક શ્લોકમાંનાં નામો નીચે ટિપ્પણતરીકે શ્લોકના અંક સાથે આપવામાં આવ્યાં છે.

૭૫ શ્લોકમાં સહસ્રાક્ષ, વિરૂપાક્ષ, ત્ર્યક્ષ, યક્ષાધિપપ્રિય, સર્વતઃપાણિપાદાંત અને સર્વતોક્ષિશિરોમુખ-એવાં ૭ નામો છે.

૭૬ મા શ્લોકમાં સર્વતઃ શ્રુતિમાન્, સર્વવ્યાપક, શંકુકર્ણ, મહાકર્ણ, કુંભકર્ણ અને અર્ણવાલય-એવાં ૭ નામો છે.

૭૭ મા શ્લોકમાં ગજેન્દ્રકર્ણ, ગોકર્ણ, પાણિકર્મ, શતોદર, શતાવર્ત્ત અને શતજીહ્વ-એવાં ૭ નામો છે.

૭૮ મા શ્લોકમાં ગાયત્રીગેય, અર્ક, અકર્યર્ચ્ય, બ્રહ્મા, શતક્રતુ, ઊર્ધ્વ અને ખતુલ્ય-એવાં સાત નામો છે.

મુનિઓ તમને સર્વ ઉપાધિથી રહિત, આકાશની પેઠે સર્વવ્યાપક, નિત્ય અને અસંગ માને છે.[૭૮]

मूर्तौ हि ते महामूर्ते समुद्रांबरसन्निभ ॥
सर्वा वै देवताह्यस्मिन् गावो गोष्ठ इवासते।७९।

હે મહામૂર્તિ ! તમે સમુદ્રની પેઠે ગંભીર છો, આકાશની પેઠે અનંત છો અને વાડામાં જેમ ગાયો રહે છે, તેમ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર અને યજમાન-એમ અષ્ટરૂપ તમારી મૂર્તિમાં (શરીરમાં) સર્વ દેવતાઓ વસી રહ્યા છે.[૭૯]

भवच्छरीरे पश्यामि सोममग्निं जलेश्वरम् ॥
आदित्यमथ वै विष्णुं ब्रह्माणं च बृहस्पतिम् ॥

હે ભવ! તમારા શરીરમાં ચંદ્રને, અગ્નિને, વરુણને, સૂર્યને, વિષ્ણુને, બ્રહ્મદેવને તથા બૃહસ્પતિને હું જોઉં છું.[૮૦]

भगवन् कारणं कार्यं क्रिया करणमेव च ॥
असतश्च सतश्चैव तथैव प्रभवाप्ययौ ॥८१॥

હે ભગવન્! તમે કારણરૂપ છો, કાર્યરૂપ છો, ક્રિયારૂપ છો, કરણરૂપ છો અને સત્-અસત્ રૂપ એવા આ જગતના ઉત્પાદક તથા સંહારક છો.[૮૧]

नमो भवाय शर्वाय रुद्राय वरदाय च ॥
पशूनांपतये नित्यं नमोऽस्त्वंधकघातिने॥८२॥

સર્વને ઉત્પન્ન કરનાર, સર્વનો સંહાર કરનાર, પાપને દૂર કરનાર, વરને આપનાર, પશુઓ-(બ્રહ્માથી આરંભી સ્થાવરપર્યંતના જીવો) ના પતિ અને અંધકાસુરનો નાશ કરનાર શંકરને હું સર્વદા નમસ્કાર કરૂં છું.[૮૨]

त्रिजटाय त्रिशीर्षाय त्रिशूलवरपाणिने ॥
त्र्यंबकाय त्रिनेत्राय त्रिपुरघ्नाय वै नमः॥८३॥

ત્રણ જટાવાળા, ત્રણ મસ્તકવાળા, હાથમાં ત્રિશૂળને ધારણ કરનારા, શાસ્ત્ર, આચાર્ય અને ધ્યાનરૂપ ત્રણ નેત્રથી પ્રત્યક્ષ થનારા, (ચંદ્ર, સૂર્ય તથા અગ્નિરૂપ) ત્રણ નેત્રવાળા અને ત્રિપુરાસુરનો નાશ કરનારા મહાદેવને હું નમસ્કાર કરૂં છું.[૮૩]

नमश्चंडाय कुंडाय अंडायांडधराय च ॥
दंडिने समकर्णाय दंडिमुंडाय वै नमः ॥८४॥

હે પ્રભો! તમે સર્વનો સંહાર કરો છો માટે 'ચંડ' કહેવાઓ છો, એક કુંડાની પેઠે સર્વને પોતાનામાં ધારણ કરી રાખો છો માટે 'કુંડ' કહેવાઓ છો, સમગ્ર બ્રહ્માંડરૂપ છો માટે 'અંડ' કહેવાઓ છો, બ્રહ્માંડને ધારણ કરો છો માટે 'અંડધર' કહેવાઓ છો, સર્વના શાસક છો માટે 'દંડી' કહેવાઓ છો, ભક્તોના પ્રત્યે સરળ છો અને દુષ્ટોના પ્રત્યે વક્ર છો માટે 'સમકર્ણ' કહેવાઓ છો અને નિરંતર સંન્યાસીની સ્થિતિમાં રહો છો માટે 'દંડિમુંડ' કહેવાઓ છો. હું તમને નમસ્કાર કરૂં છું.[૮૪]

नमोर्ध्वदंष्ट्रकेशाय शुक्लायावतताय च ॥
विलोहिताय धूम्राय नीलग्रीवाय वै नमः॥८५॥

જે ભગવાનની દાઢ તથા કેશ ઉભા છે, જેમનો વર્ણ ઉજ્જવળ છે, જેમનું સ્વરૂપ આખા જગતમાં વિસ્તાર પામેલું છે, જેમની મૂર્તિ, ઉત્પન્ન કરવાના સમયે રજોગુણી થાય છે, પ્રલય કરવાના સમયે તમોગુણી થાય છે અને પાલન કરવાના સમયે સત્વગુણી થાય છે તે ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૮૫]

---

૭૯ મા શ્લોકમાં 'સર્વદેવતામૂર્તિ' એવું એક નામ છે.

૮૦ મા શ્લોકમાં ભવ, સોમશરીર, અગ્નિશરીર, વરુણશરીર, આદિત્યશરીર, બ્રહ્મશરીર અને બૃહસ્પતિશરીર એવાં આઠ નામો છે.

૮૧ મા શ્લોકમાં ભગવાન, કારણરૂપ, કાર્યરૂપ, ક્રિયારૂપ, કરણરૂપ અને સદસત્પ્રભવાપ્યય એવાં છ નામો છે.

૮૨ મા શ્લોકમાં ભવ, શર્વ, રુદ્ર, વરદ, પશુપતિ અને અંધકઘાતી-એવાં છ નામો છે.

૮૩ મા શ્લોકમાં ત્રિજટ, ત્રિશીર્ષ, ત્રિશૂલવરપાણિ, ત્ર્યંબક, ત્રિનેત્ર અને ત્રિપુરઘ્ન-એવાં છ નામો છે.

૮૪ મા શ્લોકમાં ચંડ, કુંડ, અંડ, અંડધર, દંડી, સમકર્ણ અને દંડિમુંડ-એવાં છ નામો છે.

૮૫ મા શ્લોકમાં ઊર્ધ્વ દંષ્ટ્રકેશ, શુક્લ, અવતત, વિલોહિત, ધૂમ્ર અને નીલગ્રીવ-એવાં છ નામો છે.

नमोऽस्त्वप्रतिरूपाय विरूपाय शिवाय च ॥
सूर्याय सूर्यमालाय सूर्यध्वजपताकिने ॥८६॥

જેમનાસમાન બીજો એક પણ દેવ નથી, જેમનાં સ્વરૂપો અનેક પ્રકારનાં છે, જેમનું ધામ પરમ કલ્યાણરૂપ અથવા તુરીય બ્રહ્મરૂપ છે, જેમની મૂર્તિ સૂર્યરૂપ છે, જેમનો નિવાસ સૂર્યમંડલમાં છે અને જેમના રથની ધ્વજા–પતાકા સૂર્યસમાન પ્રકાશિત છે, તે શંકર ભગવાનને હું નમસ્કાર કરૂ છું.[૮૬]

नमः प्रमथनाथाय वृषस्कंधाय धन्विने ॥
शत्रुंदमाय दंडाय पर्णचीरपटाय च ॥८७॥

જે મહેશ્વર પ્રમથ નામના ગણોના નાથ છે, વૃષભસમાન કાંધવાળા છે, ધનુષને ધારણ કરનારા છે, શત્રુઓનું દમન કરનારા છે, દંડને ધારણ કરનારા છે અને કેવળ પાંદડાંનાંજ વસ્ત્રો પહેરનારા છે, તે પ્રભુને હું નમસ્કાર કરૂ છું.[૮૭]

नमो हिरण्यगर्भाय हिरण्यकवचाय च ॥
हिरण्यकृत चूडाय हिरण्यपतये नमः ॥८८ ॥

જેમના શરીરમાં હિરણ્ય (બ્રહ્માંડ) વસી રહ્યું છે, જેમનો નિવાસ આખા બ્રહ્માંડમાં છે, જેમણે આખા બ્રહ્માંડને પોતાની શિખારૂપ કર્યું છે અને જે આખા બ્રહ્માંડના પતિ છે, તે મહાદેવને હું નમસ્કાર કરૂ છું.[૮૮]

नमः स्तुताय स्तुत्याय स्तूयमानाय वै नमः ॥
सर्वाय सर्वभक्षाय सर्वभूतांतरात्मने ॥८९॥

આખા જગતે જેમની સ્તુતિ કરેલી છે, જે સ્તુતિ કરવા યોગ્ય છે, જેમની સર્વ દેવો સ્તુતિ કરી રહ્યા છે, જે સમગ્ર વિશ્વરૂપ છે, જે સર્વનો સંહાર કરનારા છે અને જે પ્રાણીમાત્રના અંતરાત્મા છે, તે દેવને હું નમસ્કાર કરૂં છું.[૮૯]

नमो होत्रेऽथ मंत्राय शुक्लध्वजपताकिने ॥
नमो नाभाय नाभ्याय नमः कटकटाय च॥९०।

જે પરમાત્મા હોતારૂપ છે, વેદોના મંત્રરૂપ છે, શ્વેત વર્ણની ધ્વજાપતાકાવાળા છે, માત્ર પોતાની નાભિમાં જગતને ધારણ કરનારા છે, સકલ વિશ્વની નાભિરૂપ છે અને આવરણ કરનારાઓને પણ આવરણ કરનારા છે, તે પરમેશ્વરને હું નમસ્કાર કરૂં છું.[૯૦]

नमोऽस्तु कृशनासाय कृशांगाय कृशाय च ॥
संहृष्टाय विहृष्टाय नमः किलकिलाय च॥९१॥

જેમની નાસિકા કૃશ છે, જેમનું અંગ પણ કૃશ છે, જે પોતે પણ કૃશ છે, જેમનું સ્વરૂપ અતિ આનંદમય છે, જેમને સદાકાળ હર્ષ રહે છે અને કિલકિલ આદિ શબ્દવિશેષો જેમનું રૂપ છે, તે ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૯૧]

नमोऽस्तु शयमानाय शयितायोत्थिताय च ॥
स्थिताय धावमानाय मुंडाय जटिलाय च॥९२॥

જે દેવ પ્રાણીમાત્રમાં નિવાસ કરી રહ્યા છે, યોગનિદ્રામાં શયન કરી રહેલા છે, સર્વદા જાગ્રત રહેલા છે, સર્વત્ર સ્થિતિ કરી રહ્યા છે, સદાકાળ ગતિવાળા છે, સંન્યાસીરૂપ છે અને બ્રહ્મચારી છે તે દેવને હું નમસ્કાર કરૂં છું.[૯૨]

नमो नर्तनशीलाय मुखवादित्रवादिने ॥
नाद्योपहारलुब्धाय गीतवादित्रशालिने॥९३॥

તાંડવનૃત્ય કરવાનો જેમનો સ્વભાવ છે, મુખથી વાદિત્ર વગાડવાનું જેમને પ્રિય છે, ન-

---

૮૬ મા શ્લોકમાં અપ્રતિરૂપ, વિરૂપ, શિવ, સૂર્ય, સૂર્યમાલ અને સૂર્યધ્વજપતાકી–એવાં ૭ નામો છે.

૮૭ મા શ્લોકમાં પ્રમથનાથ, વૃષસ્કંધ, ધન્વી, શત્રુંદમ, દંડ, અને પર્ણચીરપટ–એવાં ૭ નામો છે.

૮૮ મા શ્લોકમાં હિરણ્યગર્ભ, હિરણ્યકવચ, હિરણ્યચૂડ અને હિરણ્યપતિ–એવાં ચાર નામો છે.

૮૯ મા શ્લોકમાં સ્તુત, સ્તુત્ય, સ્તૂયમાન, સર્વ, સર્વભક્ષ અને સર્વભૂતાંતરાત્મા-એવાં ૭ નામો છે.

૯૦ મા શ્લોકમાં હોતા, મંત્ર, શુકલધ્વજ, પતાકી, નાભ, નાભ્ય અને કટકટ–એવાં ૭ નામો છે.

૯૧મા શ્લોકમાં કૃશનાસ, કૃશાંગ, કૃશ, સંહૃષ્ટ વિહૃષ્ટ અને કિલકિલ–એવાં ૭ નામો છે.

૯૨મા શ્લોકમાં શયમાન, શયિત, ઉત્થિત, સ્થિત, ધાવમાન, મુંડ અને જટિલ–એવાં સાત નામો છે.

૯૩ મા શ્લોકમાં નર્તનશીલ, મુખવાદિત્રવાદી, નાદ્યોપહારલુબ્ધ અને ગીતવાદિત્રશાલી–એવાં ચાર નામો છે.

દીનાં કમળોની પૂજાથી જેમને આનંદ થાય છે અને ગીત તથા વાદિત્રથી જે શોભી રહ્યા છે, તે શંકરને હું નમસ્કાર કરૂં છું.[૯૩]

नमो ज्येष्ठाय श्रेष्ठाय बलप्रमथनाय च ॥
कालनाथाय कल्याय क्षयायोपक्षयाय च॥९४॥

જે સર્વના કરતાં જયેષ્ઠ (વયમાં અધિક) છે, સર્વના કરતાં શ્રેષ્ઠ છે, બલનું અભિમાન ધરાવનારા ઇંદ્રનો પરાજય કરનાર છે, કાળના પણ નાથ છે, સર્વના કરતાં સમર્થ છે, મહાપ્રલયને કરનારા છે અને અવાંતરપ્રલયને કરનારા છે, તે મહાદેવને હું નમસ્કાર કરૂં છું.[૯૪]

भीमदुंदुभिहासाय भीमव्रतधराय च ॥
उग्राय च नमो नित्यं नमोऽस्तु दशबाहवे॥९५॥

ભયંકર દુંદુભિના શબ્દ જેવું અટ્ટહાસ્ય કરનાર, ભયંકર વ્રતને ધારણ કરનાર, નિત્ય ઉગ્રમૂર્તિ અને દશ બાહુઓને ધારણ કરનાર ભગવાન શંકરને હું નમસ્કાર કરૂં છું.[૯૫]

नमः कपालहस्ताय चितिभस्मप्रियाय च ॥
विभीषणाय भीष्माय भीमव्रतधराय च॥९६॥

હાથમાં કપાલને ધારણ કરનાર, ચિતાની ભસ્મને પ્રિય માનનાર, સર્વદા નિર્ભય સ્થિતમાં રહેનાર, દુષ્ટોને ભય ઉપજાવનાર અને શમદમાદિક તીક્ષ્ણ વ્રતોને ધારણ કરનાર શિવને હું નમસ્કાર કરૂં છું.[૯૬]

नमो विकृतवक्त्राय खड्गजिह्वाय दंष्ट्रिणे ॥
पक्वाममांसलुब्धाय तुंबीवीणाप्रियाय च॥९७॥

જેમનું મુખ વિકૃત (ઘાવવાળું) છે, જેમની જીહ્વા તરવારસમાન તીક્ષ્ણ છે, જેમની દાઢો પણ તીક્ષ્ણ છે, જેમને યજ્ઞનું રાંધેલું માંસ તથા શ્મશાનનું નહિ રાંધેલું માંસ પ્રિય છે અને તુંબડાંની વીણા વગાડવામાં જેમને પ્રીતિ છે, તે શંકરને હું નમસ્કાર કરૂં છું.[૯૭]

नमो वृषाय वृष्याय गोवृषाय वृषाय च ॥
कटंकटाय दंडाय नमः पचपचाय च ॥९८॥

વૃષ્ટિને વરસાવનારા, ધર્મની વૃદ્ધિ કરનારા નંદીસ્વરૂપ, ધર્મસ્વરૂપ, કાળસ્વરૂપ, સર્વના નિયંતા અને પ્રાણીમાત્રનો સંહાર કરનારા મહાદેવને હું નમસ્કાર કરૂં છું.[૯૮]

नमः सर्ववरिष्ठाय वराय वरदाय च ॥
वरमाल्यगंधवस्त्राय वरातिवरदे नमः ॥९९॥

સર્વના કરતાં શ્રેષ્ઠ વરરૂપ, વરદાન આપનારા, ઉત્તમ માળા, શ્રેષ્ઠ ગંધ (ચંદન) અને કિંમતી વસ્ત્રોને ધારણ કરનારા તથા પોતાના ભક્તોને ઇચ્છા ઉપરાંત વરદાન આપનારા શંકરને હું નમસ્કાર કરૂં છું.[૯૯]

नमो रक्ताविरक्ताय भावनायाक्षमालिने ॥
संभिन्नाय विभिन्नाय च्छायायातपनाय च ।

જે ભગવાન ભકતોનાપર રાગી છે, વિષયોપર વિરાગી છે, નિત્ય ધ્યાનાવસ્થામાંજ રહેનારા છે, રુદ્રાક્ષને ધારણ કરનારા છે, કારણરૂપે સર્વ પદાર્થમાં રહેલા છે, કાર્યરૂપે સર્વનાથી ભિન્ન છે, ગૃહ, વૃક્ષ આદિરૂપે છાયાવાળા છે અને સૂર્યઆદિના પ્રકાશરૂપ છે, તે ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૧૦૦]

अघोरघोररूपाय घोरघोरतराय च ॥
नमः शिवाय शांताय नमःशांततमाय च ॥

---

૯૪ મા શ્લોકમાં જ્યેષ્ઠ, શ્રેષ્ઠ, બલપ્રમથન, કાલનાથ, કલ્ય, ક્ષય અને ઉપક્ષય–એવાં સાત નામો છે.

૯૫ મા શ્લોકમાં ભીમદુંદુભિહાસ, ભીમવ્રતધર, ઉગ્ર અને દશબાહુ–એવાં ચાર નામો છે.

૯૬ મા શ્લોકમાં કપાલહસ્ત, ચિતિભસ્મપ્રિય, વિભીષણ, ભીષ્મ, ભીમ અને વ્રતધર–એવાં છ નામો છે.

૯૭ મા શ્લોકમાં વિકૃતવક્ત્ર, ખડ્ગજીહ્વ, દંષ્ટ્રી, પક્વામમાંસલુબ્ધ અને તુંબીવીણાપ્રિય–એવાં પાંચ નામો છે.

૯૮ મા શ્લોકમાં વૃષ, વૃષ્ય, ગોવૃષ, વૃષ, કટંકટ, દંડ અને પચપચ–એવાં સાત નામો છે.

૯૯ મા શ્લોકમાં સર્વવરિષ્ઠ, વર, વરદ, વરમાલ્યગંધવસ્ત્ર અને અતિવરદ–એવાં પાંચ નામો છે.

૧૦૦ મા શ્લોકમાં રક્ત, વિરક્ત, ભાવન, અક્ષમાલી, સંભિન્ન, વિભિન્ન, છાય અને આતપન–એવાં આઠ નામો છે.

જેમનું સ્વરૂપ ઘોર નથી છતાં ઘોરના જેવું જણાય છે, જેમને અજ્ઞાનીઓ અત્યંત ઘોર કહે છે, જેમની મૂર્તિ મંગલમય, શાંત અને અતિશય સૌમ્ય છે, તે શંકર દેવને હું નમસ્કાર કરૂં છું.[૧૦૧]

एकपाद्बहुनेत्राय एकशीर्ष्णे नमोऽस्तु ते ॥
रुद्राय क्षुद्रलुब्धाय संविभागप्रियाय च ।१०२।

હે દેવ! તમે (આત્મારૂપ) એક ચરણવાળા છો, (જ્ઞાનરૂપ) અનેક નેત્રોને ધારણ કરનારા છો, (આનંદરૂપ) એક મસ્તકવાળા છો, રુદ્ર છો, અલ્પ ભક્તિથી પણ પ્રસન્ન થનારા છો અને યજ્ઞનો વિભાગ લઈ તૃપ્ત થનારા છો. હું તમને નમસ્કાર કરૂં છું.[૧૦૨]

पंचालाय सितांगाय नमः शमशमायच ॥
नमश्चंडिकघंटाय घंटायाघंटघंटिने ॥१०३॥

વિશ્વકર્મારૂપ, ઉજ્જવળ અંગવાળા, નિત્ય શાંત રહેનારા, શત્રુઓને ભય ઉપજાવનારી ઘંટાને ધારણ કરનારા, ઘંટાના નાદરૂપ અને અનાહતધ્વનિરૂપ ભગવાન શંકરને હું નમસ્કાર કરૂં છું.[૧૦૩]

सहस्राध्मातघंटाय घंटामालाप्रियाय च ॥
प्राणघंटाय गंधाय नमः कलकलाय च॥१०४॥

હજારો પુરુષોએ જેમને માટે ઘંટાનાદ કરેલો છે, ઘંટાઓની માળા જેમને પ્રિય છે, પાંચ પ્રકારનો વાયુજ જેમના ઘંટાનાદને ઠેકાણે છે અને ગંધ તથા કોલાહલ જેમનું સ્વરૂપ છે, તે મહાદેવને હું નમસ્કાર કરૂં છું.[૧૦૪]

हूंहूंहूंकारपाराय हूंहूंकारप्रियाय च ॥
नमः शमशमे नित्यं गिरिवृक्षालयाय च।१०५।

ત્રણ હુંકારરૂપ જે ત્રણ લોક (ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક) તેથી પર રહેલા–અર્થાત્ તુરીય શાંતબ્રહ્મસ્વરૂપ, ક્રોધરહિત બે હુંકાર જેમને પ્રિય છે, જેમનું સ્વરૂપ અત્યંત શાંત છે અને જેમનો નિવાસ કૈલાસ ઉપરનાં વૃક્ષનીચે છે, તે શંકર ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૧૦૫

गर्भमांसशृगालाय तारकाय तराय च ॥
नमो यज्ञाय यजिने हुताय प्रहुताय च ।१०६।

જે દેવ યજ્ઞમાં અમૃતાહુતિરૂપ ગણાતીપશુના હૃદયમાં રહેલી ધાતુનું પ્રાશન કરવામાં શિયાળાની પેઠે લુબ્ધ છે, યજ્ઞના ભોક્તા થઈને પાપમાંથી મુક્ત કરનારા છે, યજ્ઞની સામગ્રીરૂપ છે, યજ્ઞસ્વરૂપ છે, યજમાનરૂપ છે, બ્રાહ્મણોના મુખદ્વારા તૃપ્ત થનારા છે અને અગ્નિદ્વારા હવિષનો સ્વીકાર કરનારા છે, તે દેવને હું નમસ્કાર કરૂં છું. ૧૦૬

यज्ञवाहाय दांताय तप्यायातपनाय च ॥
नमस्तटाय तट्याय तटानां पतये नमः॥१०७॥

વળી જે, ઋત્વિજ વગેરેનારૂપે યજ્ઞનો નિર્વાહ કરનારા છે, જિતેન્દ્રિય છે, સત્વગુણમય છે, રજોગુણમય છે, નદી આદિ જળાશયરૂપ છે અને સમુદ્રરૂપ છે તે ભગવાનને હું નમસ્કાર કરૂં છું.

अन्नदायान्नपतये नमस्त्वन्नभुजे तथा ॥
नमः सहस्रशीर्षाय सहस्रचरणाय च ।१०८।

---

૧૦૧ મા શ્લોકમાં અઘોરઘોરરૂપ, ઘોરઘોરતર, શિવ, શાંત અને શાંતતમ–એવાં પાંચ નામો છે.

૧૦૨ મા શ્લોમાં એકપાદ, બહુનેત્ર, એકશીર્ષ, રુદ્ર, ક્ષુદ્રલુબ્ધ અને સંવિભાગપ્રિય–એવાં છ નામો છે.

૧૦૩ મા શ્લોકમાં પંચાલ, સિતાંગ, શમશમ, ચંડિકઘંટ, ઘંટ અને અઘંટઘંટી–એવાં છ નામો છે

૧૦૪ મા શ્લોકમાં સહસ્રાધ્માતઘંટ, ઘંટામાલાપ્રિય, પ્રાણઘંટ, ગંધ અને કલકલ એવાં પાંચ નામો છે.

૧૦૫ મા શ્લોકમાં હૂંહૂંહૂંકારપાર, હૂંહૂંકારપ્રિય, શમશમ અને ગિરિવૃક્ષાલય–એ ચાર નામો છે.

૧૦૬ મા શ્લોકમાં ગર્ભમાંસશૃગાલ, તારક, તર, યજ્ઞ, યજમાન, હુત ને પ્રહુત–આવાં સાત નામો છે.

૧૦૭ મા શ્લોકમાં યજ્ઞવાહ, દાંત, તપ્ય, આતપન, તટ, તટ્ય અને તટપતિ–એવાં સાત નામો છે.

૧૦૮ મા શ્લોકમાં અન્નદ, અન્નપતિ, અન્નભુક્, સહસ્રશીર્ષ અને સહસ્રચરણ એવાં પાંચ નામો છે.

અન્નના દાતા, અન્નના પતિ, અન્નના ભોક્તા, હજારો મસ્તકોવાળા અને હજારો ચરણોવાળા શંકરને હું નમસ્કાર કરૂ છુ.[૧૦૮]

सहस्रोद्यतशूलाय सहस्रनयनाय च ॥
नमो बालार्कवर्णाय बालरूपधराय च ।१०९।

જેમણે હજારો ત્રિશૂલો ઉગામેલાં છે, જેમને હજારો નેત્રો છે, જેમનો વર્ણ બાલસૂર્યના જેવો છે અને જેમણે બાળસ્વરૂપ ધારણ કરેલું છે, તે મહાદેવને હું નમસ્કાર કરૂં છું.[૧૦૯]

बालानुचरगोप्ताय बालक्रीडनकाय च ॥
नमो वृद्धाय लुब्धाय क्षुब्धाय क्षोभणाय च ॥

પોતાના બાળકરૂપ ભક્તોનું રક્ષણ કરનારા, બાળકના રમકડાની પેઠે રાગદ્વેષથી મુક્ત રહેનારા, સર્વના કરતાં વૃદ્ધ, ભક્તોનો અનુગ્રહ કરવામાં લુબ્ધ, જીવરૂપે ક્ષોભ પામેલા અને પરમાત્મારૂપે પ્રકૃતિને ક્ષોભ પમાડનારા દેવ શંકરને હું નમસ્કાર કરૂં છું.[૧૧૦]

तरंगांकितकेशाय मुंजकेशाय वै नमः ॥
नमः षट्कर्मतुष्टाय त्रिकर्मनिरताय च ।१११।

જેમના કેશ ગંગાના તરંગોથી ચિહ્નિત છે, જેમના કેશ મુંજ નામના ઘાસ જેવા પિંગટ છે, યજન-યાજન, અધ્યયન-અધ્યાપન, દાન તથા પ્રતિગ્રહ એ છ કર્મોથી જે પ્રસન્ન થાય છે અને યજન, અધ્યયન તથા દાન-એ ત્રણ કર્મોમાં જે આસક્ત રહે છે, તે શંકર ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૧૧૧]

वर्णाश्रमाणां विधिवत् पृथक्कर्म निवर्तिने ॥
नमो घुष्याय घोषाय नमः कलकलाय च ॥

વર્ણાશ્રમોનાં ભિન્ન ભિન્ન કર્મોની વિધિપૂર્વક વ્યવસ્થા કરનાર, વેદના ઘોષથી સ્તુતિ કરવા યોગ્ય, સર્વ પ્રકારના ઘોષસ્વરૂપ અને અસ્પષ્ટ કલકલ શબ્દરૂપ ભગવાન શંકરને હું નમસ્કાર કરૂં છું.[૧૧૨]

श्वेतपिंगलनेत्राय कृष्णरक्तेक्षणाय च ॥
प्राणभग्नाय दंडाय स्फोटनाय कृशाय च ॥

જેમનાં નેત્ર શ્વેત અને પિંગટ વર્ણનાં છે, જેમના નેત્રનો છેડો શ્યામ તથા રાતો છે, જેમણે શ્વાસવાયુને જીત્યો છે, જેમનું આયુધ શત્રુને ચીરી નાખનારૂં છે અને જેમનું શરીર કૃશ છે, તે દંડમૂર્તિ મહાદેવને હું નમસ્કાર કરૂં છું.[૧૧૩]

धर्मकामार्थमोक्षाणां कथनीयकथाय च ॥
सांख्याय सांख्यमुख्याय सांख्ययोगप्रवर्तिने ॥

જેમની કથા કહેવાથી ધર્મ, કામ, અર્થ અને મોક્ષ-એ ચારે પુરુષાર્થોની પ્રાપ્તિ થાય છે, નિરીશ્વર સાંખ્યવાદી કપિલ અને સેશ્વર સાંખ્યવાદી પતંજલિ જેમનો અવતાર ગણાય છે અને લોકો ઉપર અનુગ્રહ કરવા માટે વેદાંતવિચારરૂપ સાંખ્યની તથા નિદિધ્યાસનરૂપ યોગની જેમણે પ્રવૃત્તિ કરી છે, તે પરમ દેવને હું નમસ્કાર કરૂં છું.[૧૧૪]

नमो रथ्यविरथ्याय चतुष्पथरथाय च ॥
कृष्णाजिनोत्तरीयाय व्यालयज्ञोपवीतिने ॥

કોઇ સમયે રથમાં બેસીને જગતમાં વિચરનારા, કોઈ સમયે રથવિના પણ વિચરનારા,

---

૧૦૯ મા શ્લોકમા સહસ્રોદ્યતશૂલ, સહસ્રનયન, બાલાર્કવર્ણ અને બાલરૂપધર-એવાં ચાર નામો છે.

૧૧૦ મા શ્લોકમાં બાલાનુચરગોપ્ત, બાલક્રીડનક, વૃદ્ધ, લુબ્ધ, ક્ષુબ્ધ અને ક્ષોભણ-એવાં છ નામો છે.

૧૧૧ મા શ્લોકમાં તરંગાંકિતકેશ, મુંજકેશ, ષટ્કર્મતુષ્ટ અને ત્રિકર્મનિરત-એવાં ચાર નામો છે.

૧૧૨ મા શ્લોકમાં વર્ણાશ્રમકર્મના પ્રવર્તક, ઘુષ્ય, ઘોષ અને કલકલ-એવાં ચાર નામો છે.

૧૧૩ મા શ્લોકમાં શ્વેતપિંગલનેત્ર, કૃષ્ણરક્તેક્ષણ, પ્રાણભગ્ન, દંડ, સ્ફોટન અને કૃશ-એવાં છ નામો છે.

૧૧૪ મા શ્લોકમાં ધર્મકામાર્થમોક્ષદકથ, સાંખ્ય, સાંખ્યમુખ્ય અને સાંખ્યયોગપ્રવર્તક-એવાં ચાર નામો છે.

૧૧૫ મા શ્લોકમાં રથ્યવિરથ્ય, ચતુષ્પથરથ, કૃષ્ણાજિનોત્તરીય અને વ્યાલયજ્ઞોપવીતી-એવાં ચાર નામો છે.

જળ, અગ્નિ, વાયુ તથા આકાશમાં પણ રથને ગતિમાન કરનારા, કાળા મૃગચર્મને ધારણ કરનારા અને સર્પની જનોઈ પહેરનારા શંકરને હું નમસ્કાર કરૂં છું.[૧૧૫]

ईशान वज्रसंघात हरिकेश नमोऽस्तु ते ॥
त्र्यंबकांबिकनाथाय व्यक्ताव्यक्त नमोऽस्तु ते॥

હે સર્વના નિંયતા! હે વજ્રસમાન કઠિન શરીરવાળા! હે પિંગળા કેશવાળા! હે ત્રણ નેત્રવાળા! હે અંબિકાના નાથ! હે કાર્યસ્વરૂપ! હે કારણસ્વરૂપ! હું તમને નમસ્કાર કરૂં છું.[૧૧૬]

काम कामद कामघ्न तृप्तातृप्तविचारिणे ॥
सर्व सर्वद सर्वघ्न संध्याराग नमोऽस्तु ते ॥

હે કામસ્વરૂપ! તમે સર્વ કામનાઓને પૂર્ણ કરનારા છો, કામદેવનો નાશ કરનારા છો, તૃપ્ત તથા અતૃપ્તનો વિચાર કરનારા છો, સર્વસ્વરૂપ છો, સર્વ પદાર્થોને અપનારા છો, સર્વનો સંહાર કરનારા છો અને સંધ્યાકાળસમાન કાંતિવાળા છો. હું તમને નમસ્કાર કરૂં છું.[૧૧૭]

महामेघचयप्रख्य महाकाल नमोऽस्तु ते ॥
स्थूलजीर्णांगजटिले वल्कलाजिनधारिणे ॥

હે મહાકાલ! મોટા મેઘસમુદાયના જેવી શોભાવાળા, સ્થૂલશરીરને ધારણ કરનારા, સર્વાંગે જીર્ણ જણાતા, જટિલની પેઠે આચરણ કરનારા અને વલ્કલ તથા મૃગચર્મને ધારણ કરનારા તમને હું નમસ્કાર કરૂં છું.[૧૧૮]

दीप्तसूर्याग्निजटिले वल्कलाजिनवाससे ॥
सहस्रसूर्यप्रतिम तपोनित्य नमोऽस्तुते ॥

હે સહસ્રસૂર્યસમાન તેજસ્વિ! હે નિત્ય તપોનિષ્ઠ! પ્રદીપ્ત સૂર્ય તથા અગ્નિસમાન જટાવાળા અને વલ્કલ તથા મૃગચર્મને ધારણ કરનારા તમને હું નમસ્કાર કરૂં છું.[૧૧૯]

उन्मादन शतावर्त-गंगातोयार्द्रमूर्धज ॥
चन्द्रावर्त युगावर्त मेघावर्त नमोऽस्तु ते ॥

હે સર્વને મોહ ઉપજાવનારા પ્રભો! તમારા કેશ સેંકડો ઘુમરીઓવાળા ગંગાના જળથી હમેશાં ભીના રહે છે. વળી તમે ચંદ્ર, યુગ તથા મેઘમંડળને નિત્ય ભમાવ્યા કરો છો. હું તમને નમસ્કાર કરૂં છું.[૧૨૦]

त्वमन्नमत्ता भोक्ता च अन्नदोऽन्नभुगेव च ॥
अन्नस्रष्टा च पक्ता च पक्वभुक् पवनोऽनलः॥

હે ભગવન્! તમે અન્નસ્વરૂપ છો, અન્નનું ભક્ષણ કરનાર છો, અન્નના ભોક્તા છો, અન્નના દાતા છો, અન્નના પાલક છો, અન્નના સ્રષ્ટા છો, અન્નનું પાચન કરનાર છો, પક્વ અન્નનું પ્રાશન કરનારા છો, પવનરૂપ છો અને અગ્નિસ્વરૂપ છો.[૧૨૧]

जरायुजांडजाश्चैव स्वेदजाश्च तथोद्भिजाः ॥
त्वमेव देव देवेश भूतग्रामश्चतुर्विधः ॥१२२॥

હે દેવ! હે દેવોના ઈશ્વર! જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ—એ ચારે પ્રકારનાં પ્રાણીઓરૂપ તમે પોતેજ છો.[૧૨૨]

चराचरस्य स्रष्टा त्वं प्रतिहर्ता तथैव च ॥
त्वामाहुर्ब्रह्म विदुषो ब्रह्मब्रह्मविदांवर ॥१२३॥

---

૧૧૬ મા શ્લોકમાં ઈશાન, વજ્રસંઘાત, હરિકેશ, ત્ર્યંબક, અંબિકાનાથ, વ્યક્ત અને અવ્યક્ત—એવાં સાત નામો છે.

૧૧૭ મા શ્લોકમાં કામ, કામદ, કામઘ્ન, તૃપ્તાતૃપ્તવિચારી, સર્વ, સર્વદ, સર્વઘ્ન અને સંધ્યારાગ—એવાં આઠ નામો છે.

૧૧૮ મા શ્લોકમાં મહામેઘચયપ્રખ્ય, મહાકાલ, સ્થૂલ, જીર્ણાંગ, જટિલ અને વલ્કલાજિનધારી—એવાં છ નામો છે.

૧૧૯ મા શ્લોકમાં દીપ્તસૂર્યાગ્નિજટિલ, વલ્કલાજિનવાસા, સહસ્રસૂર્યપ્રતિમ અને તપોનિત્ય—એવાં ચાર નામો છે.

૧૨૦ મા શ્લોકમાં ઉન્માદન, શતાવર્ત, ગંગાતોયાર્દ્રમૂર્ધજ, ચંદ્રાવર્ત, યુગાવર્ત અને મેઘાવર્ત—એવાં છ નામો છે.

૧૨૧ મા શ્લોકમાં અન્ન, અત્તા, ભોક્તા, અન્નદ, અન્નભુક્, અન્નસ્રષ્ટા, પક્તા, પક્વભુક્, પવન અને અનલ—એવાં દશ નામો છે.

૧૨૨ મા શ્લોકમાં જરાયુજરૂપ, અંડજરૂપ, સ્વેદજરૂપ, ઉદ્‌ભિજ્જરૂપ, દેવ, દેવેશ અને ચતુર્વિધ ભૂતસમુદાયરૂપ—એવાં સાત નામો છે.

હે બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ ભગવન્! તમે સ્થાવરજંગમ પ્રાણીઓને ઉત્પન્ન કરનારા છો, તેઓનો સંહાર કરનારા છો અને બ્રહ્મવેત્તા વિદ્વાનો તમનેજ પરબ્રહ્મ કહે છે.[૧૨૩]

मनसः परमा योनिः खं वायुर्ज्योतिषां निधिः॥
ऋक्सामानि तथोंकारमाहुस्त्वां ब्रह्मवादिनः॥

બ્રહ્મવાદીઓ તમને મનનું પરમ ઉત્પત્તિકારણ કહે છે; આકાશ, વાયુ અને તેજના નિધિ કહે છે અને ઋગ્વેદ, સામવેદ તથા ૐકારરૂપ પણ તમનેજ કહે છે.[૧૨૪]

हायि हायि हुवा हायि हावु हायि तथाऽसकृत्॥
गायंति त्वां सुरश्रेष्ठ सामगा ब्रह्मवादिनः॥

હે મહાદેવ ! સામનું ગાન કરનારા બ્રહ્મવાદીઓ, 'हायि, हायि; हुवा, हायि; हावु, हायि; વગેરે સ્તોભોનો વારંવાર ઉચ્ચાર કરીને તમારૂંજ ગાન કરે છે.[૧૨૫]

यजुर्मयो ऋङ्मयश्च त्वमाहुतिमयस्तथा॥
पठ्यसेस्तुतिभिश्चैव वेदोपनिषदां गणैः॥

તમે યજુર્વેદરૂપ છો, ઋગ્વેદરૂપ છો અને આહુતિરૂપ છો. વેદો તથા ઉપનિષદો તમારીજ સ્તુતિઓ કર્યા કરે છે.[૧૨૬]

ब्राह्मणाः क्षत्रिया वैश्याः शूद्रा वर्णावराश्च ये॥
त्वमेव मेघसंघाश्च विद्युत्स्तनितगर्जितः।१२७।

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને વર્ણસંકર જાતિરૂપ તમેજ છો તમેજ મેઘમંડલરૂપ છો, વિજળીરૂપ છો અને વૃષ્ટિયુક્ત મેઘગર્જના તથા વૃષ્ટિરહિત મેઘગર્જના પણ તમેજ છો.[૧૨૭]

संवत्सरस्त्वमृतवो मासो मासार्धमेव च॥
युगं निमेषाः काष्ठास्त्वं नक्षत्राणि ग्रहाः कलाः।

તમેજ સંવત્સર, ઋતુઓ, માસ, પક્ષ, યુગ, નિમેષ, કાષ્ઠા, નક્ષત્રો, ગ્રહો અને કલારૂપ છો.[૧૨૮]

वृक्षाणां ककुदोऽसि त्वं गिरीणां शिखराणि च॥
व्याघ्रो मृगाणां पततां तार्क्ष्योऽनंतश्च भोगिनाम्

તમે વૃક્ષોમાં વડ, પીપળા-વગેરે મુખ્ય વૃક્ષરૂપ છો, પર્વતોમાં શિખરોરૂપ છો, મૃગાદિ પશુઓમાં વ્યાઘ્રરૂપ છો, પક્ષીઓમાં ગરુડરૂપ છો અને સર્પોમાં શેષનાગરૂપ છો.[૧૨૯]

क्षीरोदोह्युदधीनां च यंत्राणां धनुरेव च॥
वज्रः प्रहरणानां च व्रतानां सत्यमेव च॥१३०॥

તમે સર્વ સમુદ્રોમાં ક્ષીરસમુદ્રરૂપ છો, યંત્રોમાં ધનુષરૂપ છો, આયુધોમાં વજ્રરૂપ છો અને વ્રતોમાં સત્યરૂપ છો.[૧૩૦]

त्वमेव द्वेष इच्छा च रागोमोहः क्षमाऽक्षमे॥
व्यवसायो धृतिर्लोभः कामक्रोधौ जयाजयौ॥

તમેજ દ્વેષ, ઇચ્છા, રાગ, મોહ, ક્ષમા, અક્ષમા, વ્યવસાય, ધૃતિ, લોભ, કામ, ક્રોધ, જય અને પરાજયરૂપ છો.[૧૩૧]

त्वं गदी त्वं शरी चापि खट्वांगी झर्झरी तथा॥
छेत्ता भेत्ता प्रहर्ता त्वं नेता मंता पिता मतः॥

---

૧૨૩ મા શ્લોકમાં ચરાચરસ્રષ્ટા, ચરાચરપ્રતિહર્તા, બ્રહ્મ અને બ્રહ્મવિદાંવર-એવાં ચાર નામો છે.

૧૨૪ મા શ્લોકમાં મનોયોનિ, ખનિધિ, વાયુનિધિ, જ્યોતિર્નિધિ, ઋગ્વેદ, સામવેદ અને ૐકાર-એવાં સાત નામો છે.

૧૨૫ મા શ્લોકમાં હાયિહાયિ, હુવાહાયિ, હાવુહાયિ, સુરશ્રેષ્ઠ અને બ્રહ્મવાદીગેય-એવાં પાંચ નામો છે.

૧૨૬ મા શ્લોકમાં યજુર્મય, ઋઙ્મય, આહુતિમય અને વેદોપનિષદ્ગણસ્તુતિપઠનીય-એવાં ચાર નામો છે.

૧૨૭ મા શ્લોકમાં બ્રાહ્મણરૂપ, ક્ષત્રિયરૂપ, વૈશ્યરૂપ, શૂદ્રરૂપ, સંકરરૂપ, મેઘરૂપ, વિદ્યુતરૂપ, સ્તનિતરૂપ અને ગર્જિતરૂપ-એવાં નવ નામો છે.

૧૨૮ મા શ્લોકમાં સંવત્સર, ઋતુ, માસ, પક્ષ, યુગ, નિમેષ, કાષ્ઠા, નક્ષત્ર, ગ્રહ અને કલા-એવાં દશ નામો છે.

૧૨૯ મા શ્લોકમાં અશ્વત્થ, ગિરિશિખર, વ્યાઘ્ર, ગરુડ અને શેષનાગ-એવાં પાંચ નામો છે.

૧૩૦ મા શ્લોકમાં ક્ષીરસમુદ્ર, ધનુષ, વજ્ર અને સત્ય-એવાં ચાર નામો છે.

૧૩૧ મા શ્લોકમાં દ્વેષ, ઇચ્છા, રાગ, મોહ, ક્ષમા, અક્ષમા, વ્યવસાય, ધૃતિ, લોભ, કામ, ક્રોધ, જય અને પરાજય-એવાં તેર નામો છે.

શાસ્ત્રકારો તમને ગદાધારી, બાણધારી, ખટ્વાંગધારી, ઝર્ઝરધારી, છેદનકર્તા,ભેદનકર્તા,પ્રહારકર્તા, નેતા,મનનકર્તા અને પિતા માને છે.[૧૩૨]

दशलक्षणसंयुक्तो धर्मोऽर्थः काम एव च ॥
गंगा समुद्राः सरितः पल्वलानि सरांसि च ॥

તમે (અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, શૌચ, સંતોષ,તપ, સ્વાધ્યાય અને ઈશ્વરધ્યાન અથવા ધૃતિ, ક્ષમા, ઇંદ્રિયનિગ્રહ, અસ્તેય, બાહ્યાભ્યંતર પવિત્રતા, માનસિક જય, બુદ્ધિ, વિદ્યા, સત્ય અને અક્રોધ–એ) દશ લક્ષણવાળા ધર્મરૂપ છો, અર્થરૂપ છો, કામરૂપ છો, ગંગારૂપ છો, સમુદ્રરૂપ છો, નદીઓરૂપ છો, તળાવોરૂપ છો અને સરોવરરૂપ છો.[૧૩૩]

लतावल्ल्यस्तृणौषध्यः पशवो मृगपक्षिणः ॥
द्रव्यकर्मसमारंभः कालः पुष्पफलप्रदः ॥१३४॥

તમે લતા, વલ્લી, તૃણ, ઔષધિ, પશુ, મૃગ અને પક્ષીરૂપ છો, દ્રવ્યકર્મના આરંભરૂપ છો અને પુષ્પો તથા ફળોને આપનારા કાળરૂપ છો.

आदिश्चांतश्च देवानां गायत्र्योंकार एव च ॥
हरितो रोहितो नीलः कृष्णो रक्तस्तथारुणः ॥
कद्रुश्च कापिलश्चैव कपोतो मेचकस्तथा॥१३५॥

તમે દેવોના આદિ તથા અંત છો,ગાયત્રીરૂપ છો અને ૐકારરૂપ છો. તમે લીલા, લાલ,વાદળી, કાળા, કસુંબી, સંધ્યાના જેવા, પીળા, કાબરચિત્રા, ભૂખરા અને કાળાશ પડતા વર્ણરૂપ છો.

अवर्णश्च सुवर्णश्च वर्णकारो घनोपमः ॥
सुवर्णनामा च तथा सुवर्णप्रिय एव च ॥

તમે વર્ણરહિત છો, વર્ણયુક્ત છો, વર્ણના સ્રષ્ટા છો,મેઘની ઉપમાને યોગ્ય છો,સુવર્ણ નામને ધારણ કરનારા છો અને સુવર્ણપ્રિય છો.[૧૩૬]

त्वमिन्द्रश्च यमश्चैव वरुणो धनदोऽनलः ॥
उपप्लवश्चित्रभानुः स्वर्भानुर्भानुरेव च ॥१३७॥

તમે ઇંદ્ર, યમ, વરુણ, કુબેર અને અગ્નિરૂપ છો; તેમજ ગ્રહણ, ચિત્રભાનુ નામનો અગ્નિ, રાહુ તથા સૂર્ય પણ તમેજ છો.[૧૩૭]

होत्रं होता च होम्यं च हुतं चैव तथा प्रभुः॥
त्रिसौपर्णं तथा ब्रह्म यजुषां शतरुद्रियम् ॥

જેની અંદર હોમ કરવામાં આવે છે તે અગ્નિ તમે છો, યજમાન તમે છો, હોમવાનું હવિષ તમે છો, હોમેલું દ્રવ્ય તમે છો, હોમ ફળને આપનાર ઈશ્વર તમે છો, ત્રિસૌપર્ણ નામના વેદભાગમાં વર્ણવેલા બ્રહ્મ તમે છો અને યજુર્વેદના શતરુદ્રિય સ્તોત્રમાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે,તે પણ તમે પોતેજ છો.[૧૩૮]

पवित्रं च पवित्राणां मंगलानां च मंगलम् ॥
गिरिको हिंडुको वृक्षो जीवः पुद्गल एव च॥

તમે પવિત્રના કરતાં પણ પવિત્ર છો, મંગલના કરતાં પણ મંગલ છો, પથ્થરના જેવા અચેતન દેહને પણ સામર્થ્ય આપો છો માટે 'ગિરિક' કહેવાઓ છો, પ્રાણીમાત્રને ગતિ વગેરે

---

૧૩૨ મા શ્લોકમાં ગદી, શરી, ખટ્વાંગી, ઝર્ઝરી, છેત્તા, ભેત્તા, પ્રહર્તા, નેતા, મંતા અને પિતા–એવાં દશ નામો છે.

૧૩૩ મા શ્લોકમાં ધર્મ, અર્થ, કામ, ગંગારૂપ, સમુદ્રરૂપ, નદીરૂપ, સમુદ્રરૂપ અને સરોવરરૂપ–એવાં આઠ નામો છે.

૧૩૪ મા શ્લોકમાં લતારૂપ, વલ્લીરૂપ, તૃણરૂપ, ઔષધિરૂપ, પશુરૂપ, મૃગરૂપ, પક્ષીરૂપ, દ્રવ્યકર્મસમારંભ અને કાલ–એવાં નવ નામો છે.

૧૩૫ મા શ્લોકમાં દેવાદ્યંત, ગાયત્રી, ૐકાર, હરિત; રોહિત, નીલ, કૃષ્ણ, રક્ત, અરુણ, કદ્રુ, કપિલ, કપોત અને મેચક–એવાં તેર નામો છે.

૧૩૬ મા શ્લોકમાં અવર્ણ, સુવર્ણ, વર્ણકાર, ધનોપમ, સુવણનામા તથા સુવર્ણપ્રિય- એવાં છ નામો છે.

૧૩૭ મા શ્લોકમાં ઇંદ્ર, યમ, વરુણ, ધનદ, અનલ, ઉપપ્લવ, ચિત્રભાનુ, સ્વર્ભાનુ અને ભાનુ–એવાં નવ નામો છે.

૧૩૮ મા શ્લોકમાં હોત્ર, હોતા, હોમ્ય, હુત, પ્રભુ, ત્રિસુપર્ણોક્ત બ્રહ્મ અને શતરુદ્રિયોક્ત બ્રહ્મ–એવાં સાત નામો છે.

૧૩૯ મા શ્લોકમાં પવિત્રતમ, મંગલતમ, ગિરિક, હિંડુક, વૃક્ષ, જીવ અને પુદ્ગલ–એવાં સાત નામો છે.

ચેષ્ટાઓ અર્પણ કરો છો માટે 'હિંડુક' કહેવાઓ છો, ઉપાધિયુક્ત સ્વરૂપનો ત્યાગ કરો છો માટે 'વૃક્ષ' કહેવાઓ છો, શુદ્ધસ્વરૂપે અવિનાશી રહો છો માટે જીવ કહેવાઓ છો અને 'પુદ્ગલ'નામધારી જે દેહ તે પણ તમેજ છો.[૧૩૯]

प्राणः सत्वं रजश्चैव तमश्चाप्रमदस्तथा ॥
प्राणोऽपानः समानश्च उदानो व्यान एव च॥

વળી પ્રાણ, સત્વ, રજ તથા તમ તમે છો, તમે ઊર્ધ્વરેતા છો અને પ્રાણ, અપાન, સમાન, વ્યાન તથા ઉદાન પણ તમેજ છો.[૧૪૦]

उन्मेषश्च निमेषश्च क्षुतं जृंभितमेव च ॥
लोहितांतर्गतादृष्टिर्महावक्त्रो महोदरः।१४१।

તમે ઉન્મેષ તથા નિમેષરૂપ છો અને છીંક તથા બગાસાંરૂપ છો, તમારી દૃષ્ટિ અંતર્મુખ હોઇને રક્તવર્ણી છે, તમારૂં મુખ મોટું છે અને તમારૂં ઉદર વિશાળ છે.[૧૪૧]

सूचीरोमा हरिश्मश्रुरूर्ध्वकेशश्चलाचलः ॥
गीतवादित्रतत्त्वज्ञो गीतवादनकप्रियः॥१४२॥

તમારાં રૂવાટાં સોયના જેવાં તીક્ષ્ણ છે, તમારી દાઢી-મૂછ પિંગટવર્ણી છે, તમારા કેશ ઉભા છે, તમે અત્યંત ચંચળ છો, ગીતવાદિત્રના તત્ત્વને જાણનારા છો અને તમને ગીતવાદિત્ર પ્રિય છે.[૧૪૨]

मत्स्यो जलचरो जाल्योऽकलः केलिकलः कलिः।
अकालश्चातिकालश्च दुष्कालः काल एव च ॥

તમે જીવરૂપ મત્સ્ય થઇને સંસારરૂપી નદીના જળમાં વિચર્યા કરો છો; તમારૂં સ્વરૂપ વસ્તુતઃ દુર્ધર છે છતાં તમે વાસનારૂપી જાળમાં જાણે બંધાયા હો તેવા જણાઓ છો, તમારૂં બંધન માત્ર લીલાને લીધેજ છે, તમે સર્વ પ્રકારના કલહરૂપ છો, અકાળ છો, અતિકાળ છો, દુષ્કાળ છો અને સુકાળ પણ તમેજ છો.[૧૪૩]

मृत्युः क्षुरश्च कृत्यश्च पक्षोऽपक्षभयंकरः ॥
मेघकालो महादंष्ट्रः संवर्तकबलाहकः॥१४४॥

તમે મૃત્યુરૂપ છો, છેદનના સાધનભૂત અસ્ત્રારૂપ છો, છેદવાયોગ્ય પદાર્થ છો, સર્વના મિત્રરૂપ છો, શત્રુઓનો નાશ કરનારા છો, મેઘકાળ છો, મોટી દાઢોવાળા છો અને પ્રલયકાળના મેઘરૂપ છો.[૧૪૪]

घंटोऽघंटो घटी घंटी चरुचेली मिलीमिली ॥
ब्रह्म कायिकमग्नीनां दंडीमुंडस्त्रिदंडधृक्।१४५।

તમે માયારહિત અવસ્થામાં પ્રકાશમાન છો, માયાયુક્ત અવસ્થામાં અપ્રકાશમાન છો, પ્રત્યેક પ્રાણીને તેના કર્મ પ્રમાણે ફળ આપનારા છો, ઘંટાને ધારણ કરનારા છો, સ્થાવરજંગમ પ્રાણીઓરૂપ પાસાઓથી ખેલનારા છો, સર્વ કાર્યમાં કારણરૂપે રહેલા છો, પ્રણવમંત્રરૂપ છો, અગ્નિની સ્ત્રી સ્વાહારૂપ છો અને દંડી, પરમહંસ તથા ત્રિદંડીરૂપ છો.[૧૪૫]

चतुर्युगश्चतुर्वेदश्चातुर्होत्रप्रवर्तकः ॥
चातुराश्रम्यनेता च चातुर्वर्ण्यकरश्च यः।१४६।

તમે ચાર યુગરૂપ છો, ચાર વેદરૂપ છો, ચાર હોતાકર્મના પ્રવર્તક છો, ચાર આશ્રમોના

---

૧૪૦ મા શ્લોકમાં પ્રાણ, સત્વ, રજ, તમ, અપ્રમદ, પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન, અને વ્યાન-એવાં દશ નામો છે.

૧૪૧ મા શ્લોકમાં ઉન્મેષ, નિમેષ, ક્ષુત, જૃંભિત, લોહિતાંતર્ગત દૃષ્ટિ, મહાવક્ત્ર અને મહોદર-એવાં સાત નામો છે.

૧૪૨ મા શ્લોકમાં સૂચીરોમા, હરિશ્મસુ, ઊર્ધ્વકેશ, ચલાચલ, ગીતવાદિત્રતત્ત્વજ્ઞ અને ગીતવાદનકપ્રિય-એવાં છ નામો છે.

૧૪૩ મા શ્લોકમાં મત્સ્ય, જલચર, જાલ્ય, અકલ, કેલિકલ, કલિ, અકાલ, અતિકાલ, દુષ્કાલ અને કાલ-એવાં દશ નામો છે.

૧૪૪ મા શ્લોકમાં મૃત્યુ, ક્ષુર, કૃત્ય, પક્ષ, અપક્ષભયંકર, મેઘકાલ, મહાદંષ્ટ્ર અને સંવર્તકબલાહક-એવાં આઠ નામો છે.

૧૪૫ મા શ્લોકમાં ઘંટ, અઘંટ, ઘટી, ઘંટી, ચરુચેલી, મિલીમિલી, બ્રહ્મ, સ્વાહા, દંડી,મુંડ અને ત્રિદંડધૃક્-એવાં અગીઆર નામો છે.

૧૪૬ મા શ્લોકમાં ચતુર્યુગ, ચતુર્વેદ, ચાતુર્હોત્રપ્રવર્તક, ચાતુરાશ્રમ્યનેતા અને ચાતુર્વર્ણ્યકર-એવાં પાંચ નામો છે.

નેતા છો અને ચાર વર્ણને ઉત્પન્ન કરનારા છો.[૧૪૬]

सदाचाक्षप्रियो धूर्तो गणाध्यक्षो गणाधिपः।।
रक्तमाल्यांबरधरो गिरिशो गिरिकप्रियः।१४७।

તમને રુદ્રાક્ષ ઉપર હમેશાં પ્રીતિ છે, તમે ધૂર્ત છો, ગણોના અધ્યક્ષ છો, ગણોના અધિપતિ છો, લાલ માળાને તથા લાલ વસ્ત્રોને ધારણ કરો છો, કૈલાસ પર્વતમાં નિવાસ કરો છો અને ભગવાં વસ્ત્ર તમને પ્રિય છે.[૧૪૭]

शिल्पिकः शिल्पिनां श्रेष्ठः सर्वशिल्पप्रवर्तकः।।
भगनेत्रांकुशश्चंडः पूष्णो दंतविनाशनः।१४८।

તમે અલ્પશિલ્પી છો, સર્વ શિલ્પિઓમાં શ્રેષ્ઠ છો, સર્વ શિલ્પશાસ્ત્રના પ્રવર્તક છો, ભગનાં નેત્રોને ઉખેડી નાખવામાં અંકુશરૂપ છો, ઉગ્રમૂર્તિ છો અને પૂષાદેવના દાંતોનો નાશ કરનારા છો.[૧૪૮]

स्वाहा स्वधा वषट्कारो नमस्कारो नमोनमः।।
गूढव्रतो गुह्यतपास्तारकस्तारकामयः।।१४९।।

તમે સ્વાહા, સ્વધા, વષટ્કાર અને નમસ્કારરૂપ છો, નમનરૂપ છો, ગૂઢ વ્રતને ધારણ કરનારા છો, ગુહ્ય તપસ્વી છો, પ્રણવરૂપ છો અને પુષ્કળ નક્ષત્રગણથી વ્યાપ્ત થનારા આકાશરૂપ છો.[૧૪૯]

धाता विधाता संधाता विधाता धारणोऽधरः।।
ब्रह्मा तपश्च सत्यं च ब्रह्मचर्यमथार्जवम्।१५०।

તમે આદિકર્તા વિષ્ણુ છો, ભૂતોને ઉત્પન્ન કરનારા બ્રહ્મા છો, સર્વનું સંધાન કરનારા છો, પુણ્યપાપ આદિ અદૃષ્ટકર્મરૂપ છો, સર્વના અધિષ્ઠાનભૂત કારણાત્મા છો, સર્વ બાધાના અવધિરૂપ શુદ્ધાત્મા છો, બ્રહ્મવેત્તા છો અને તપ, સત્ય, બ્રહ્મચર્ય તથા સરલતા—એ ચાર જ્ઞાનસાધનરૂપ છો.[૧૫૦]

भूतात्मा भूतकृद्भूतो भूतभव्यभवोद्भवः।।
भूर्भुवः स्वरितश्चैव ध्रुवोदांतो महेश्वरः।१५१।

તમે પ્રાણીમાત્રના આત્મા છો, આકાશાદિ મહાભૂતોને ઉત્પન્ન કરનારા છો, નિત્યસિદ્ધ છો; ભૂત, ભવિષ્ય તથા વર્તમાનને ઉત્પન્ન કરનાર છો, ભૂર્લોક, ભુવર્લોક તથા સ્વર્લોકરૂપ છો, દૃશ્યમાન આકાશાદિ પ્રપંચના કરતાં પણ શાશ્વત છો, જિતેન્દ્રિય છો અને મહેશ્વર છો.[૧૫૧]

दीक्षितोऽदीक्षितः क्षांतो दुर्दान्तोऽदांतनाशनः
चन्द्रावर्तयुगावर्तः संवर्तः संप्रवर्तकः ।।१५२।।

તમે યજ્ઞની દીક્ષા લેનારા દીક્ષિતરૂપ છો, અદીક્ષિતરૂપ છો, ક્ષમાશીલ છો, વશ ન થઈ શકો એવા છો, દમગુણવિનાના પુરુષનો નાશ કરનારા છો, ચંદ્રને જૂદી જૂદી રાશિમાં ફેરવનાર માસરૂપ છો, યુગોની આવૃત્તિ કરાવનાર કલ્પરૂપ છો અને સૃષ્ટિના કારણભૂત છો.[૧૫૨]

कामो बिंदुरणुः स्थूलः कर्णिकारस्रजप्रियः ।।
नंदीमुखो भीममुखः सुमुखो दुर्मुखोऽमुखः ।।

તમે સ્ત્રીવિષયક કામનારૂપ છો, પુત્રના બીજરૂપ વીર્યના રજકણો પણ તમેજ છો, સૂક્ષ્મરૂપ છો, સ્થૂલરૂપ છો, કરેણનાં પુષ્પોની માળા તમને પ્રિય છે, નંદીના મુખ જેવું તમારૂં મુખ છે, તમે ભયંકર મુખવાળા છો, સુંદર મુખવાળા છો, જોઇ ન શકાય તેવા મુખવાળા છો અને મુખરહિત પણ છો.[૧૫૩]

---

૧૪૭ મા શ્લોકમાં અક્ષપ્રિય, ધૂર્ત, ગણાધ્યક્ષ, ગણાધિપ, રક્તમાલ્યાંબરધર, ગિરિશ અને ગિરિકપ્રિય—એવાં સાત નામો છે.

૧૪૮ મા શ્લોકમાં શિલ્પિક, શિલ્પિશ્રેષ્ઠ, સર્વ શિલ્પપ્રવર્તક, ભગનેત્રાંકુશ, ચંડ અને પૂષદંતવિનાશન—એવાં છ નામો છે.

૧૪૯ મા શ્લોકમાં સ્વાહા, સ્વધા, વષટ્કાર, નમસ્કાર, નમોનમઃ, ગૂઢવ્રત, ગુહ્યતપા, તારક અને તારકામય—એવાં નવ નામો છે.

૧૫૦ મા શ્લોકમાં ધાતા, વિધાતા, સંધાતા, વિધાતા, ધારણ, અધર, બ્રહ્મા, તપ, સત્ય, બ્રહ્મચર્ય અને આર્જવ—એવાં અગીઆર નામો છે.

૧૫૧ મા શ્લોકમાં ભૂતાત્મા, ભૂતકૃત, ભૂત, ભૂતભવ્યભવોદ્ભવ, ભૂઃ, ભુવઃ, સ્વઃ, ઇતોધ્રુવ, દાન્ત અને મહેશ્વર—એવાં દશ નામો છે.

૧૫૨ મા શ્લોકમાં દીક્ષિત, અદીક્ષિત, ક્ષાંત, દુર્દાંત, અદાંતનાશન, ચંદ્રાવર્ત, યુગાવર્ત, સંવર્ત અને સંપ્રવર્તક—એવાં નવ નામો છે.

૧૫૩ મા શ્લોકમાં કામ, બિંદુ, અણુ, સ્થૂલ, કર્ણિકારસ્રજપ્રિય, નંદીમુખ, ભીમમુખ, સુમુખ, દુર્મુખ અને અમુખ—એવાં દશ નામો છે.

चतुर्मुखो बहुमुखो रणेष्वाग्निमुखस्तथा ॥
हिरण्यगर्भः शकुनिर्महोरगपतिर्विराट् ।१५४।

તમે ચાર મુખવાળા છો, અનેક મુખવાળા છો, રણસંગ્રામમાં અગ્નિસમાન મુખવાળા દેખાઓ છો, હિરણ્યગર્ભરૂપ છો, પક્ષીની પેઠે અસંગ છો, શેષનાગના પણ પતિ છો અને વિરાટ્ છો.[૧૫૪]

अधर्महा महापार्श्वश्चंडधारो गणाधिपः ॥
गोनर्दो गोप्रतारश्च गोवृषेश्वरवाहनः ॥१५५॥

તમે અધર્મનો નાશ કરનારા છો, મહાપાર્શ્વ નામને ધારણ કરનારા છો, ઉગ્ર સ્વરૂપને ધારણ કરો છો, ગણોના અધિપતિ છો, બળદના જેવી ગર્જના કરનારા છો, ગાયોનું રક્ષણ કરનારા છો અને નંદિકેશ્વર તમારૂં વાહન છે.[૧૫૫]

त्रैलोक्यगोप्ता गोविंदो गोमार्गोऽमार्ग एव च ॥
श्रेष्ठः स्थिरश्च स्थाणुश्च निष्कंपः कंप एव च ॥

તમે ત્રૈલોકયના રક્ષક છો, વેદની રક્ષા કરનારા છો, ઇંદ્રિયોના સંચાલક છો, ઇંદ્રિયાદિકથી અગ્રાહ્ય છો, અત્યંત શ્રેષ્ઠ છો, ચંચળતારહિત છો, ત્રૈલોકયને ધારણ કરનાર એક સ્તંભરૂપ છો, અકંપ્ય છો અને કંપ્ય પણ છો.[૧૫૬]

दुर्वारणो दुर्विषहो दुःसहो दुरतिक्रमः ॥
दुर्धर्षो दुष्प्रकंपश्च दुर्विषो दुर्जयो जयः॥१५७॥

તમે જ્યારે મૃત્યુરૂપે આવો છો ત્યારે વારણ કરવાને અશકય છો, દુષ્ટ વિષનો પણ નાશકરનાર અમૃતરૂપ છો, રણસંગ્રામમાં દુઃસહ છો, ઉલ્લંઘન કરવાને અશકય છો, પરાભવ કરવાને અશકય છો, કોઈનાથી પણ કંપાવી ન શકાય તેવા છો, દુર્લભ છો, દુર્જય છો અને વિજયરૂપ છો.[૧૫૭]

शशः शशांकः शमनः शीतोष्णक्षुज्जराधिकृत् ॥
आधयो व्याधयश्चैव व्याधिहाव्याधिरेव च ॥

તમારી ગતિ શીઘ્ર છે, તમે ચંદ્રરૂપ છો, યમરૂપ છો, ટાઢ, તાપ, ક્ષુધા, જરા અને આધિના સ્રષ્ટા છો, આધિરૂપ છો, વ્યાધિરૂપ છો, વ્યાધિનો નાશ કરનારા છો અને અવ્યાધિરૂપ પણ તમેજ છો.[૧૫૮]

मम यज्ञमृगव्याधो व्याधीनामागमोगमः ॥
शिखंडी पुंडरीकाक्षः पुंडरीकवनालयः॥१५९॥

જેમ શિકારી મૃગનો નાશ કરે, તેમ તમે મારા યજ્ઞરૂપી મૃગનો નાશ કર્યો છે, વ્યાધિઓનું ઉત્પત્તિસ્થાન તમે છો, વ્યાધિઓનો નાશ કરનારા પણ તમેજ છો, તમે મોરપીછીને ધારણ કરો છો, તમારાં નેત્રો કમળના જેવાં છે અને તમારૂં નિવાસસ્થાન કમળના વનમાં છે.[૧૫૯]

दंडधारस्त्र्यंबकश्च उग्रदंडोऽण्डनाशनः ॥
विषाग्निपाः सुरश्रेष्ठः सोमपास्त्वं मरुत्पतिः ॥

તમે દંડને ધારણ કરો છો, ત્રણ વેદરૂપ નેત્રવાળા છો, ઉગ્ર દંડ ધારણ કરો છો, બ્રહ્માંડનો નાશ કરનારા છો, વિષરૂપ અગ્નિનું પાન કરનારા છો દેવોમાં શ્રેષ્ઠ છો, સોમનું પાન કરનારા છો, અને મરુદ્ગણોના પતિ છો.[૧૬૦]

---

૧૫૪ મા શ્લોકમાં ચતુર્મુખ, બહુમુખ, અગ્નિમુખ, હિરણ્યગર્ભ, શકુનિ, મહોરગપતિ અને વિરાટ્-એવાં સાત નામો છે.

૧૫૫ મા શ્લોકમાં અધર્મહા, મહાપાર્શ્વ, ચંડધાર, ગણાધિપ, ગોનર્દ, ગોપ્રતાર અને ગોવૃષેશ્વરવાહન-એવાં સાત નામો છે.

૧૫૬ મા શ્લોકમાં ત્રૈલોકયગોપ્તા, ગોવિંદ, ગોમાર્ગ, અમાર્ગ, શ્રેષ્ઠ, સ્થિર, સ્થાણુ, નિષ્કંપ અને કંપ-એવાં નવ નામો છે.

૧૫૭ મા શ્લોકમાં દુર્વારણ, દુર્વિષહ, દુઃસહ, દુરતિક્રમ, દુર્ધર્ષ, દુષ્પ્રકંપ, દુર્વિષ, દુર્જય અને જય-એવાં નવ નામો છે.

૧૫૮ મા શ્લોકમાં શશ, શશાંક. શમન, શીતોષ્ણક્ષુજ્જરાધિકૃત્, આધિ, વ્યાધિ, વ્યાધિહા અને અવ્યાધિ-એવાં આઠ નામો છે.

૧૫૯ મા શ્લોકમાં યજ્ઞમૃગવ્યાધ, વ્યાધ્યાગમ, વ્યાધિગમ, શિખંડી, પુંડરીકાક્ષ અને પુંડરીકવનાલય-એવાં છ નામો છે.

૧૬૦ મા શ્લોકમાં દંડધાર, ત્ર્યંબક, ઉગ્રદંડ, અંડનાશન, વિષાગ્નિપા, સુરશ્રેષ્ઠ, સોમપા અને મરુત્પતિ-એવાં આઠ નામો છે.

अमृतपास्त्वं जगन्नाथ देवदेव गणेश्वरः ॥
विषाग्निपा मृत्युपाश्च क्षीरपाः सोमपास्तथा॥
मधुश्च्युतानामग्रपास्त्वं त्वमेव तुषिताद्यपाः ॥

હે જગતના નાથ ! હે દેવના દેવ ! તમે અમૃતનું પાન કરનારા છો, ગણોના ઈશ્વર છો, વિષરૂપ અગ્નિથી જગતનું રક્ષણ કરનારા છો, મૃત્યુથી રક્ષા કરનારા છો, દૂધ તથા સોમનું પાનકરનારા છો, સ્વર્ગાદિકના સુખથી ભ્રષ્ટ થયેલાઓના પ્રથમ રક્ષક છો-અર્થાત્ આપત્તિમાં આવી પડેલાઓનું રક્ષણ કરનારા છો અને દેવોમાં મુખ્ય બ્રહ્મદેવનું પણ તમેજ રક્ષણ કરો છો.[૧૬૧]

हिरण्यरेताः पुरुषस्त्वमेव ।
त्वं स्त्री पुमाँस्त्वं च नपुंसकं च ॥
बालो युवा स्थविरो जीर्णदंष्ट्र ।
स्त्वं नागेन्द्र शक्रस्त्वं विश्वकृद्विश्वकर्ता ॥

હે નાગેંદ્ર ! તમેજ હિરણ્યરેતા પુરુષ છો, સ્ત્રી છો, પુરુષ છો, નપુંસક છો, બાળક છો, તરુણ છો, જીર્ણ થયેલી દાઢોવાળા વૃદ્ધ છો, ઇંદ્રરૂપ છો, વિશ્વના સ્રષ્ટા છો અને વિશ્વના કર્તા છો.[૧૬૨]

विश्वकृद् विश्वकृतां वरेण्यस्त्वं विश्वबाहो ।
विश्वरूपस्तेजस्वी विश्वतोमुखः ॥
चन्द्रादित्यौ चक्षुषी ते ।
हृदयं च पितामहः ॥ १६३ ॥

હે જગતના કર્તા ! હે વિશ્વના ધારક ! તમે સર્વ પ્રજાપતિઓમાં શ્રેષ્ઠ છો, વિશ્વરૂપ છો, તેજસ્વી છો અને સર્વવ્યાપક છો, ચંદ્ર તથા સૂર્ય તમારાં નેત્ર છે અને પિતામહ તમારૂં હૃદય છે.

महोदधिः सरस्वती वाग्बलमनलोऽनिलः ॥
अहोरात्रं निमेषोन्मेषकर्मा ॥ १६४ ॥

તમે મહાસાગર, સરસ્વતી, વાણી, વૈરાગ્ય, અગ્નિ, વાયુ, રાત્રિ અને દિવસરૂપ છો; તેમજ નિમેષ તથા ઉન્મેષરૂપ તમારૂં કર્મ છે.-અર્થાત્ તમારાવિના નિમેષસરખું કર્મ કરવાને પણ કોઈ શક્તિમાન નથી.[૧૬૪]

न ब्रह्मा न च गोविंदः पौराणा ऋषयो न ते॥
माहात्म्यं वेदितुं शक्ता याथातथ्येन ते शिव॥

હે શિવ ! બ્રહ્મા, વિષ્ણુ કે પુરાણકાળના ઋષિઓ, તમારા માહાત્મ્યને યથાર્થ રીતે જાણી શકતા નથી.[૧૬૫]

या मूर्तयः सुसूक्ष्मास्ते न मह्यं यांति दर्शनम् ॥
त्राहि मां सततं रक्ष पितापुत्रमिवौरसम्॥१६६॥

હે ભગવન્ ! તમારી જે સૂક્ષ્મ મૂર્તિઓ છે, તેઓને હું જોઇ શકતો નથી; માટે પિતા જેમ પુત્રનું રક્ષણ કરે છે, તેમ તમે નિત્ય મારૂં રક્ષણ કરો.[૧૬૬]

रक्ष मां रक्षणीयोऽहं तवानघ नमोऽस्तु ते ॥
भक्तानुकंपी भगवान् भक्तश्चाहं सदा त्वयि ॥

હે નિર્દોષ દેવ ! તમે મારૂં રક્ષણ કરો. હું રક્ષણ કરવા યોગ્ય છું. હું તમને નમસ્કાર કરૂં છું. તમે ભક્તો ઉપર કૃપા કરનારા છો અને હું સદા તમારાપર ભક્તિ રાખનારો છું.[૧૬૭]

यः सहस्राण्यनेकानि पुंसामावृत्य दुर्दृशः॥
तिष्ठत्येकः समुद्रांते समे गोप्ताऽस्तु नित्यशः ॥

જે ભગવાન હજારો પુરુષોને અજ્ઞાનથી ઢાંકી દઈને અદૃશ્ય રહે છે અને કામવાસનાઓનો જ્યારે નાશ થાય છે, ત્યારે જ્ઞેય, જ્ઞાન અને જ્ઞાતા

---

૧૬૧ મા શ્લોકમાં અમૃતપા, જગન્નાથ, દેવદેવ, ગણેશ્વર, વિષાગ્નિપા, મૃત્યુપા, ક્ષીરપા, સોમપા, આપન્નત્રાતા અને તુષિતાદ્યપા-એવાં દશ નામો છે.

૧૬૨ મા શ્લોકમાં હિરણ્યરેતા, પુરુષ, સ્ત્રી, પુમાન્, નપુંસક, બાલ, યુવા, સ્થવિર, જીર્ણદંષ્ટ્ર, નાગેન્દ્ર, શક્ર, વિશ્વકૃત્ અને વિશ્વકર્તા-એવાં તેર નામો છે.

૧૬૩ મા શ્લોકમાં વિશ્વકૃત, વિશ્વકૃદ્વરેણ્ય, વિશ્વબાહુ, વિશ્વરૂપ, તેજસ્વી, વિશ્વતોમુખ અને ચંદ્રાદિત્યનેત્ર-એવાં સાત નામો છે.

૧૬૪ મા શ્લોકમાં મહોદધિ, સરસ્વતી, વાગ્રૂપ, બલરૂપ, અનલ, અનિલ, અહોરાત્ર અને નિમેષોન્મેષકર્મા-એવાં આઠ નામો છે. હવે, ૧૬૫ મા શ્લોકથી આરંભીને ૧૮૫ શ્લોક સુધી પ્રત્યેક શ્લોકમાં એક એક નામ સમજવું.

–એ ત્રણે ભાવોથી રહિત થઇને કેવળ અદ્વૈત સ્વરૂપે પ્રકાશે છે તે પરત્મામા, નિત્ય મારૂં રક્ષણ કરો.૧૬૮

यं विनिद्रा जितश्वासाः सत्वस्थाः संयतेन्द्रियाः
ज्योतिः पश्यंति युंजानास्तस्मै योगात्मने नमः

જેઓએ નિદ્રાનો ત્યાગ કર્યો છે, શ્વાસને જીત્યો છે, "अहं ब्रह्मास्मि" એ વાક્યજન્ય સત્વગુણપ્રધાન વૃત્તિમાં સ્થિતિ કરી છે અને ઇંદ્રિયોને જીતી છે, તેવા યોગી પુરુષો, જેને કેવળ જ્યોતિસ્વરૂપે જુએ છે, તે યોગાત્મા દેવને હું નમસ્કાર કરૂં છું.૧૬૯

जटिले दंडिने नित्यं लंबोदरशरीरिणे ॥
कमंडलुनिषंगाय श्चतस्मै ब्रह्मात्मने नमः।१७०।

જેમનું આચરણ બ્રહ્મચારીના જેવું છે, જેમણે દંડને ધારણ કર્યો છે, જેમનું શરીર વિશાળ ઉદરવાળું છે અને કમંડલુરૂપ જેમનો ભાથો છે–અર્થાત્ કમંડલુના જળવડેજ યક્ષો, રાક્ષસો વગેરેનો જે નાશ કરે છે, તે બ્રહ્મમૂર્તિ શંકરને હું નમસ્કાર કરૂં છું.૧૭૦

यस्य केशेषु जीमूता नद्यः सर्वांगसंधिषु ॥
कुक्षौ समुद्रा श्चत्वारस्तस्मै तोयात्मने नमः

જેમના કેશોમાં મેઘમંડલો વસી રહ્યાં છે, જેમના અંગોની સર્વ સંધિઓમાં નદીઓ વસી રહેલી છે અને જેમના ઉદરમાં સમુદ્રો નિવાસ કરી રહ્યા છે, તે જળમૂર્તિ શંકરને હું નમસ્કાર કરૂં છું.૧૭૧

संभक्ष्य सर्वभूतानि युगांते पर्युपास्थिते ॥
यः शेते जलमध्यस्थस्तं प्रपद्येऽम्बुशायिनम् ॥

પ્રલયકાળ જ્યારે ઉપસ્થિત થાય છે, ત્યારે પ્રાણીમાત્રનો સંહાર કરીને જળમાં જે શયન કરે છે, તે જળશાયી દેવને હું શરણે જાઉં છું.૧૭૨

प्रविश्य वदनं राहोर्यः सोमं पिबते निशि ॥
ग्रसत्यर्कं च स्वर्भानुर्भूत्वा मां सोऽभिरक्षतु ॥

રાત્રિના સમયે જે, રાહુના મુખમાં પ્રવેશ કરીને સોમરસનું–અમૃતનું પાન કરે છે અને પોતેજ રાહુરૂપ થઇને સૂર્યચંદ્રનો ગ્રાસ કરે છે, તે ભગવાન મારૂં *રક્ષણ કરો.૧૭૩

ये चानुपतिता गर्भा यथा भागानुपासते ॥
नमस्तेभ्यः स्वधा स्वाहा प्राप्नुवंतु मुदंतु ते ॥

જે દેવતાઓ અને પિતૃઓ, બ્રહ્મદેવની સૃષ્ટિ પછી ઉત્પન્ન થયેલા હોઇને તમારાં બાળકો જેવા છે, તેઓ સર્વે યજ્ઞની અંદર અર્પણ કરેલા ભાગોને વિધિ પ્રમાણે ગ્રહણ કરે છે; માટે આ મારા યજ્ઞમાં પણ તેઓ સ્વાહા તથા સ્વધા શબ્દથી અર્પણ કરેલાં હવ્યકવ્યને પ્રાપ્ત કરો અને પ્રસન્ન થાઓ. હું તેઓને નમસ્કાર કરૂં છું.૧૭૪

येऽङ्गुष्ठमात्राः पुरुषा देहस्थाः सर्वदेहिनाम् ॥
रक्षंतु ते हि मां नित्यं नित्यं चाप्याययंतु माम्

જે અંગુષ્ઠપ્રમાણ પુરુષો (જીવો), પ્રાણીમાત્રનાં શરીરોમાં રહે છે, તેઓ નિત્ય મારી રક્ષા કરો અને નિત્ય મને પુષ્ટ કરો.૧૭૫

ये न रोदंति देहस्था देहिनो रोदयंति च ॥
हर्षयंति न हृष्यंति नमस्तेभ्योऽस्तु नित्यशः

જેઓ દેહમાં રહીને પણ રુદન કરતા નથી અને પ્રાણીમાત્રને જેઓ રુદન કરાવે છે, વળી જેઓ પોતે હર્ષ પામતા નથી પણ સર્વ પ્રાણી-

---

* આ શ્લોકનો ગૂઢાર્થ નીલકંઠ આ પ્રમાણે લખે છે:–ગળાના મુખ આગળ તાળવાના મધ્ય ભાગમાં જે માંસ લટકે છે તેને ઘંટિકા અથવા લંબિકા કહેવામાં આવે છે. તે ઘંટિકા, ચંદ્ર–સૂર્ય જેના દેવતા છે, તે ઇડા અને પિંગલા નામની બન્ને નાડીઓનો રોધ કરે છે; માટે તેને રાહૂનું મુખ કહેવામાં આવે છે. રાત્રિનો સમય થાય છે ત્યારે–અર્થાત જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન–એ ત્રણે ભાવોથી જ્યારે મુક્ત થાય છે, ત્યારે યોગીપુરુષ, પૂર્વોક્ત રાહુના મુખમાં પ્રવેશ કરીને–અર્થાત જીભવડે ઘંટિકાને દબાવીને તેની ઉપરના ભાગમાં રહેલા અમૃતનું પાન કરે છે અને પોતેજ રાહુરૂપ થઇને સૂર્ય–ચંદ્રનો ગ્રાસ કરે છે–અર્થાત્ રાહુરૂપ થઇને ઇડા તથા પિંગલા નાડીના માર્ગને રોકી દે છે–એટલે દ્રષ્ટા તથા દશ્યના વિભાગને ગળી જાય છે. આ રીતે અમૃતપાન કરનાર શ્રીશંકર મારૂં રક્ષણ કરો.

ઓને હર્ષ પમાડે છે, તે (જીવરૂપ) રુદ્રદેવોને હું નિત્ય નમસ્કાર કરૂં છું.૧૭૬

ये नदीषु समुद्रेषु पर्वतेषु गुहासु च ॥
वृक्षमूलेषु गोष्ठेषु कांतारे गहनेषु च ॥१७७॥
चतुष्पथेषु रथ्यासु चत्वरेषु तटेषु च ॥
हस्त्यश्वरथशालासु जीर्णोद्यानालयेषु च।१७८।
येषु पंचसु भूतेषु दिशासु विदिशासु च ॥
चंद्रार्कयोर्मध्यगता ये च चंद्रार्करश्मिषु।१७९।
रसातलगताये च ये च तस्मै परंगताः ॥
नमस्तेभ्यो नमस्तेभ्यो नमस्तेभ्योऽस्तु नित्यशः

જે રુદ્રો નદીઓમાં, સમુદ્રોમાં, પર્વતોમાં, ગુફાઓમાં, વૃક્ષોના મૂળમાં, ગાયોના વાડાઓમાં, અરણ્યોમાં, ગહન જંગલોમાં, ચાટાઓમાં, શેરીઓમાં, ચોતરાઓમાં, નદીઓના તટોમાં, હસ્તિશાળાઓમાં, અશ્વશાળાઓમાં, રથશાળાઓમાં, જીર્ણ ઉદ્યાનોમાં, જીર્ણ મંદિરોમાં, પંચ મહાભૂતોમાં, દિશાઓમાં, વિદિશાઓમાં, ચંદ્રમાં, સૂર્યમાં, ચંદ્રનાં કિરણોમાં, સૂર્યનાં કિરણોમાં તથા રસાતલમાં-એમ સર્વ સ્થળે રહેલા છે અને પરમ વૈરાગ્યને પ્રાપ્ત થયેલા છે, તે રુદ્રોને મારા નમસ્કાર હો ! નમસ્કાર હો ! નિત્ય નમસ્કાર હો !૧૭૭-૧૮૦

येषां न विद्यते संख्या प्रमाणं रूपमेव च ॥
असंख्येयगुणा रुद्रा नमस्तेभ्योऽस्तु नित्यशः

જેઓની સંખ્યા, પ્રમાણ કે રૂપ જાણી શકાતું નથી અને જેઓના ગુણો અસંખ્ય છે, તે રુદ્રોને મારા નિત્ય નમસ્કાર હો !૧૮૧

सर्वभूतकरो यस्मात् सर्वभूतपतिर्हरः ॥
सर्वभूतांतरात्मा च तेन त्वं न निमंत्रितः।१८२।

અમે જાણીએજ છીએ કે, ભગવાન શંકર પ્રાણીમાત્રના સ્રષ્ટા છે, પ્રાણીમાત્રના પતિ છે તથા પ્રાણીમાત્રના અંતરાત્મા છે અને તેથીજ હે ભગવન્! આ યજ્ઞમાં તમને નિમંત્રણ કર્યું ન હતું.૧૮૨

त्वमेव हीज्यसे यस्माद्यज्ञैर्विविधदक्षिणैः ॥
त्वमेव कर्ता सर्वस्य तेन त्वं न निमंत्रितः ॥

વળી વિવિધ પ્રકારની દક્ષિણાવાળા યજ્ઞોવડે તમારૂંજ યજન કરવામાં આવે છે અને તમેજ સર્વના કર્તાહર્તા છો, એમ જાણીને તમને નિમંત્રણ કર્યું ન હતું. ૧૮૩

अथवा मायया देव सूक्ष्मया तव मोहितः॥
एतस्मात्कारणाद्वापि तेन त्वं न निमंत्रितः ॥

અથવા તો હે દેવ! તમારી સૂક્ષ્મ માયાવડે હું મૂઢ બની ગયો હતો અને તે કારણને લીધેજ મેં તમને નિમંત્રણ કર્યું ન હતું !૧૮૪

प्रसीद मम भद्रं ते भव भावगतस्य मे ॥
त्वयि मे हृदयं देव त्वयि बुद्धिर्मनस्त्वयि ॥

આ રીતે હું રાજસભાવને વશ થઇ ગયો તોપણ હે ભવ! તમે મારાપર પ્રસન્ન થાઓ; કેમકે હે દેવ! આ સમયે મારૂં હૃદય, મારી બુદ્ધિ અને મારૂં મન કેવળ તમારામાંજ લીન થયું છે."૧૮૫

ભીષ્મે કહ્યું:-

स्तुत्वैवं स महादेवं विरराम प्रजापतिः ॥
भगवानपि सुप्रीतः पुनर्दक्षमभाषत ॥१८६॥

એ પ્રમાણે મહાદેવની સ્તુતિ કરીને પ્રજાપતિ દક્ષ, વિરામ પામ્યો; અને પછી અત્યંત પ્રસન્ન થયેલા ભગવાન શંકરે પણ દક્ષને આ પ્રમાણે કહ્યું.૧૮૬

परितुष्टोऽस्मि ते दक्ष स्तवेनानेन सुव्रत ॥
बहूनात्र किमुक्तेन मत्समीपे भविष्यसि।१८७।

હે સુવ્રતદક્ષ ! તેં કરેલી આ સ્તુતિથી હું પ્રસન્ન થયો છું તો એમાં વિશેષ શું કહેવાનું હોય? માત્ર એટલુંજ કહું છું કે, તું મારી સમીપમાં વસીશ.૧૮૭

अश्वमेधसहस्रस्य वाजपेयशतस्य च ॥
प्रजापते मत्प्रसादात् फलभागी भविष्यसि ॥

હે પ્રજાપતિ! મારી કૃપાથી તને એક હજાર અશ્વમેધ યજ્ઞનું તથા સો વાજપેયયજ્ઞનું ફળ મળશે."૧૮૮

अथैनमब्रवीद्वाक्यं लोकस्याधिपतिर्भवः ॥
आश्वासनकरं वाक्यं वाक्यविद्वाक्यसंमतम् ॥

તે પછી વળી પણ લોકના અધિપતિ શંકરે આશ્વાસન ઉપજાવનારૂં આવું ઉત્તમ વાક્ય દક્ષને કહ્યું. ૧૮૯

दक्ष दक्ष न कर्तव्यो मन्युर्विघ्नमिमं प्रति ॥
अहं यज्ञहरस्तुभ्यं दृष्टमेतत् पुरातनम् ॥१९०॥

હે દક્ષ! ઓ દક્ષ! તારા યજ્ઞમાં આ વિઘ્ન થયું એ નિમિત્તે તારે શોક કરવો નહિ; કેમકે પુરાણ કલ્પમાં પણ મને યજ્ઞકર્તાતરીકે તેં જોયો છે-અર્થાત પૂર્વકલ્પમાં મેં તારા યજ્ઞનો જે રીતે નાશ કર્યો હતો, તેજ રીતે આ કલ્પમાં પણ નાશ કર્યો છે;માટે થવાનું હતું તેજ થયું છે, એમ માનીને તું શોક કરીશ મા. ૧૯૦

भूयश्च ते वरंदाद्मि तं त्वं गृहणीष्व सुव्रत ॥
प्रसन्नवदनो भूत्वा तादिहैकमनाः शृणु॥१९१॥

હે સુવ્રત! ફરી પણ હું તને એક વરદાન આપું છું, તેનો તું સ્વીકાર કર અને મનની એકાગ્રતાપૂર્વક મુખને પ્રસન્ન કરીને મારૂં વચન સાંભળ. ૧૯૧

वेदात् षडंगादुद्धृत्य सांख्ययोगाच्च युक्तितः॥
तपः सुतप्तं विपुलं दुश्चरं देवदानवैः ॥१९२॥

પૂર્વે, દેવો તથા દાનવોએ પોતાના યુક્તિબળવડે ષડંગવેદમાંથી, સાંખ્યશાસ્ત્રમાંથી તથા યોગશાસ્ત્રમાંથી વાસ્તવિક તત્ત્વાર્થને બહાર કાઢીને મહાદુશ્ચર તપશ્ચર્યા કરી હતી. ૧૯૨

अपूर्वं सर्वतोभद्रं सर्वतोमुखमव्ययम् ॥
अब्दैर्दशाहसंयुक्तं गूढमप्राज्ञनिंदितम्॥१९३॥

તેના કરતાં પણ અપૂર્વ, સર્વરીતે કલ્યાણ કરનારૂં, પ્રત્યેક વર્ણાશ્રમીઓને સેવવા યોગ્ય, મોક્ષના હેતુરૂપ હોઇને અવિનાશી કહેવાતું, અનેક વર્ષોપર્યંત પાળવામાં આવતા પાંચ યમ અને પાંચ નિયમોથી મેળવી શકાતું, ગૂઢ અને મૂર્ખ પુરુષોએ નિંદેલું એક વ્રત હું તને કહું છું. ૧૯૩

वर्णाश्रमकृतैर्धर्मैर्विपरीतं क्वचित्समम् ॥
गतांतैरध्यवसितमत्याश्रममिदं व्रतम् ॥१९४॥

એ વ્રત વર્ણાશ્રમ ધર્મોથી વિપરીત છે તોપણ કોઇ કોઇ સ્થળે વર્ણાશ્રમ ધર્મોની સમાનતા ધરાવનારૂં છે, સિદ્ધાંતવેત્તા વિદ્વાનોએ નિશ્ચિત કરેલું છે અને પરમહંસ સંન્યાસીઓએ પણ પાલન કરવા યોગ્ય છે. ૧૯૪

मया पाशुपतं दक्ष शुभमुत्पादितं पुरा ॥
तस्य चीर्णस्य तत्सम्यक् फलं भवति पुष्कलम्॥

હે દક્ષ! એ ઉત્તમ વ્રત 'પાશુપત' એવા નામથી પ્રસિદ્ધ છે, મેં પોતેજ તેને ઉત્પન્ન કર્યું છે, જેથી તેનું રૂડી રીતે આચરણ કરનાર પુરુષને પુષ્કળ ફળ પ્રાપ્ત થાય છે. ૧૯૫

तच्चास्तु ते महाभाग त्यज्यतां मानसोज्वरः॥
एवमुक्त्वा महादेवः सपत्नीकः सहानुगः॥
अदर्शनमनुप्राप्तो दक्षस्यामितविक्रमः॥१९६॥

હે મહાભાગ્યશાળી દક્ષ ! એ પાશુપત વ્રત તને પ્રાપ્ત થાઓ અને તેના પ્રભાવથી તારો માનસિક સંતાપ દૂર થાઓ' એમ કહીને તે અમાપ પરાક્રમવાળા શ્રીમહાદેવ, પોતાની પત્ની અને અનુચરોસાથે દક્ષની પાસેથી અંતર્ધાન થઈ ગયા.

दक्षप्रोक्तं स्तवमिमं कीर्तयेद्यः शृणोति वा ।
नाशुभं प्राप्नुयात् किंचिद्दीर्घमायुरवाप्नुयात्॥

જે પુરુષ, દક્ષે કહેલા આ સ્તોત્રનું પઠન કરે છે અથવા શ્રવણ કરે છે, તે પુરુષને કોઇ જાતનું અશુભ પ્રાપ્ત થતું નથી, પણ દીર્ઘ આયુષ પ્રાપ્ત થાય છે. ૧૯૭

यथा सर्वेषु देवेषु वरिष्ठो भगवान् शिवः॥
तथा स्तवो वरिष्ठोऽयं स्तवानां ब्रह्मसंमितः॥

જેમ ભગવાન શંકર સર્વ દેવોમાં અત્યંત શ્રેષ્ઠ છે, તેમ વેદસમાન એવું આ સ્તોત્ર પણ સર્વ સ્તોત્રોમાં અત્યંત શ્રેષ્ઠ છે. ૧૯૮

यशोराज्यसुखैश्वर्यकामार्थधनकांक्षिभिः ॥
श्रोतव्यो भक्तिमास्थाय विद्याकामैश्च यत्नतः॥

જે પુરુષોને યશ, રાજ્ય, સુખ, ઐશ્વર્ય, કામના, ધન તથા વિદ્યા મેળવવાની ઇચ્છા હોય, તે પુરુષોએ યત્નપૂર્વક આ સ્તોત્રનું શ્રવણ કરવું.

व्याधितो दुःखितोदीनश्चोरग्रस्तो भयार्दितः॥
राजकार्याभियुक्तो वा मुच्यते महतो भयात्॥

વ્યાધિગ્રસ્ત થયેલો હોય, દુઃખમાં આવી

પડેલો હોય, દીન થઈ ગયો હોય, ચોરોને વશ થઈ પડેલો હોય, ભયથી પીડા પામેલો હોય અથવા રાજકીય કાર્યમાં જોડાઈને મોટા ભયમાં આવી પડ્યો હોય, તોપણ પુરુષ આ સ્તોત્રનો પાઠ કરવાથી મુક્ત થઈ જાય છે;[૨૦૦]

अनेनैव तु देहेन गणानां समतां व्रजेत् ॥
तेजसा यशसा चैव युक्तो भवति निर्मलः ॥

એટલુંજ નહિ પણ તે પુરુષ આ મનુષ્યશરીરથીજ શંકરના ગણોની સમાનતાને પામે છે તેમજ તેજ અને યશથી યુક્ત થઈને નિર્મળ થાય છે.[૨૦૧]

न राक्षसाः पिशाचा वा न भूता न विनायकाः॥
विघ्नं कुर्युर्गृहे तस्य यत्रायं पठ्यते स्तवः।२०२।

વળી જે પુરુષને ઘેર આ સ્તોત્રનો નિત્ય પાઠ થાય છે, ત્યાં રાક્ષસો, પિશાચો, ભૂતો કે વિનાયકો વિઘ્ન કરી શકતા નથી.[૨૦૨]

शृणुयाच्चैव या नारी तद्भक्ता ब्रह्मचारिणी॥
***पितृपक्षे मातृपक्षे पूज्या भवति देववत्।२०३।**

શંકર ઉપર ભક્તિ ધરાવનારી જે સ્ત્રી, બ્રહ્મચર્યના પાલનપૂર્વક આ સ્તોત્રનું શ્રવણ કરે છે, તે પિતૃપક્ષમાં અને માતૃપક્ષમાં દેવની પેઠે પૂજ્ય થઈ પડે છે.[૨૦૩]

शृणुयाद्यः स्तवंकृत्स्नं कीर्तयेद्वा समाहितः ॥
तस्य सर्वाणि कर्माणि सिद्धिंगच्छंत्यभीक्ष्णशः॥

જે પુરુષ, નિત્ય એકચિત્ત થઈને આ સ્તોત્રનું શ્રવણ કરે છે અથવા પઠન કરે છે, તે પુરુષનાં સર્વ કાર્યો સર્વદા સિદ્ધ થાય છે.[૨૦૪]

मनसा चिंतितं यच्च यच्च वाचाऽनुकीर्तितम् ॥
सर्वं संपद्यते तस्य स्तवस्यास्यानुकीर्तनात् ॥

આ સ્તોત્રનો પાઠ કરવાથી મનમાં જે વિષયનું ચિંતન કર્યું હોય અથવા વાણીથી જે વિષયનું કથન કર્યું હોય તે તે સર્વ મનુષ્યને પ્રાપ્ત થાય છે.[૨૦૫]

देवस्य च गुहस्यापि देव्या नंदीश्वरस्य च॥
बलिं सुविहितं कृत्वा दमेन नियमेन च।२०६।

ततस्तु युक्तो गृह्णीयान्नामान्याशु यथाक्रमम्।
ईप्सितान् लभते सोऽर्थान् भोगान् कामाँश्च
मानवः ॥ २०७॥

मृतश्च स्वर्गमाप्नोति तिर्यक्षु च न जायते ॥
इत्याह भगवान् व्यासः पराशरसुतः
प्रभुः ॥२०८॥

જે પુરુષ યમનિયમપૂર્વક દેવ શંકર, કાર્તિકસ્વામી, દેવી પાર્વતી અને નંદીકેશ્વરને પૂજાપૂર્વક બલિદાન આપીને અનુક્રમે અર્થના અનુસંધાન સાથે આ સ્તોત્રનો પાઠ કરે છે, તેને સર્વ ઈષ્ટ મનોરથો, ભોગો તથા કામનાઓ પ્રાપ્ત થાય છે અને મુવા પછી તે, સ્વર્ગલોકમાંજ જાય છે, પણ પશુપક્ષીની યોનિમાં અવતરતો નથી, એમ પરાશરના પુત્ર ભગવાન વ્યાસ પ્રભુએ કહ્યું છે. [૨૦૬–૨૦૮×]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "દક્ષે કહેલું શિવસહસ્ત્ર નામનું સ્તવન' એ વિષયનો અધ્યાય ૨૮૪ મો સમાપ્ત.

---

* અહીં '**पितृपक्षे**' ને બદલે '**पतिपक्षे**' એવો પાઠ હોવો જોઈએ અને તેમ હોય તોજ અર્થમાં વિશેષ યોગ્યતા થઈ પડે તેમ છે.

× આ અધ્યાયમાં પ્રથમ કહેવામાં આવ્યું છે કે, દક્ષે એક હજારને આઠ નામોથી શંકરની સ્તુતિ કરી; પણ શ્લોક ૭૪ થી આરંભીને ૧૮૫ મા શ્લોક સુધીમાં જેટલાં નામો આવ્યાં છે તેની કુલ સંખ્યા લગભગ છસો ઉપર ૨૫ કે ૩૦ માંડમાંડ થાય છે; પરંતુ ૧૩૮ મા શ્લોકમાં દર્શાવેલાં ત્રિસૌપર્ણ અને શતરુદ્રિય નામનાં બે વેદોક્ત સ્તોત્રોમાં જે નામો કહેવામાં આવ્યાં છે, તે ઉમેરવાથી સંખ્યા અપૂર્ણ રહેતી નથી.

અધ્યાય ૨૮૫ મો

અધ્યાત્મવર્ણન

॥ युधिष्ठिर उवाच ॥

अध्यात्मं नाम यादिदं पुरुषस्येह विद्यते ॥
यदध्यात्मं यतश्चैव तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:– હે પિતામહ! આ અધ્યાત્મ,જે પુરુષનો સંબંધ ધરાવીને રહેલું છે તેનું સ્વરૂપ કેવું છે? અને દૃશ્ય–અદૃશ્ય પદાર્થોનું વિવેચન કરનારૂં અધ્યાત્મશાસ્ત્ર કયાંથી ઉત્પન્ન થયું છે? તે મને કહો.[૧]

ભીષ્મે કહ્યું:–“ હે રાજા! તમે અત્યંત બુદ્ધિમાન છો અને તેથીજ સર્વ પદાર્થોનું જ્ઞાન કરાવનારા અધ્યાત્મના સંબંધમાં તમે મને પૂછો છો, તો હે તાત! તે અધ્યાત્મના સંબંધમાં હું તમને જે કંઇ કહું છું, તેની સ્પષ્ટ વ્યાખ્યા તમે સાંભળો.[૨] પૃથ્વી, વાયુ, આકાશ, જળ અને તેજ–આ પાંચ મહાભૂતો, સર્વ સ્થાવરજંગમ પ્રાણીઓનું ઉત્પત્તિસ્થાન તથા લયસ્થાન છે.[૩] હે ભરતશ્રેષ્ઠ રાજા! પ્રાણીમાત્રનું સ્થૂલશરીર તથા સૂક્ષ્મશરીર એ પંચમહાભૂતોના કાર્યસમૂહરૂપ છે તેમજ બુદ્ધિ વગેરે ભૌતિક પદાર્થો, સર્વના પરમ કારણભૂત એવા આત્માને વિષે લય પામે છે અને પુનઃ આત્માથીજ નિત્ય ઉત્પન્ન થાય છે.[૪] જેમ મહાસાગરના તરંગો તેમાંથી ઉત્પન્ન થઇને પુનઃ તેમાંજ લય પામી જાય છે, તેમ સર્વ જીવસમુદાયો આત્મામાંથી ઉત્પન્ન થયેલાં પંચમહાભૂતોમાંથી ઉત્પન્ન થઈને પુનઃ તે મહાભૂતોમાંજ લય પામી જાય છે.[૫] જેમ કાચબો પોતાનાં અંગોને પ્રસારીને પુનઃ સમેટી લે છે, તેમ પંચમહાભૂતો પોતાનામાંથી ઉત્પન્ન થયેલાં સર્વ નાનાંમોટાં પ્રાણીઓને પુનઃ પોતાનામાંજ લય પમાડી દે છે.[૬] શરીરમાં જે શબ્દગુણ જોવામાં આવે છે તે આકાશમાંથી ઉત્પન્ન થયેલો છે, સંઘાત અથવા કઠિનતાનો ગુણ જોવામાં આવે છે તે પૃથ્વીમાંથી ઉત્પન્ન થયેલો છે, પ્રાણ અથવા શ્વાસોચ્છ્વાસ જોવામાં આવે છે તે વાયુમાંથી ઉત્પન્ન થયેલો છે, રસ અથવા રુધિરાદિ દ્રવ પદાર્થ જોવામાં આવે છે તે જળમાંથી ઉત્પન્ન થયેલ છે અને રૂપગુણ જોવામાં આવે છે તે તેજમાંથી ઉત્પન્ન થયેલ છે.[૭] આ રીતે સર્વ સ્થાવરજંગમ ભૂતસમુદાય કેવળ પંચમહાભૂતોનોજ વિકાર છે અથવા કેવળ તેમયજ છે; અને પ્રલયકાળ પ્રાપ્ત થાય છે ત્યારે તેમાંજ લય પામે છે તથા પુનઃ તેમાંથીજ ઉત્પન્ન થાય છે, છતાં બ્રહ્મથી જગત ઉત્પન્ન થાય છે અને બ્રહ્મમાં લય પામે છે, એવું કથન તો કેવળ શબ્દમાત્રજ છે.[૮] ભૂતસ્રષ્ટા અહંકારે, પ્રાણીમાત્રને વિષે એ પાંચ મહાભૂતોની કેવી રીતે વ્યવસ્થા કરી છે અને તેના તેના વિષયોની કેવી રીતે કલ્પના કરી છે, તેમજ દેહની અંદર રહેલા તે તે મહાભૂતને લીધે પોતે જે જે કાર્યને જુએ છે, તે સર્વના સંબંધમાં હું તમને કહું છું, સાંભળો.[૯] શબ્દ, શ્રોત્ર ઇંદ્રિય અને શરીરમાં રહેલાં છિદ્રો–એ ત્રણ આકાશમાંથી ઉત્પન્ન થયેલાં છે. રસ, સ્નેહ અને જીહ્વા ઇંદ્રિય–એ ત્રણ જળના ગુણ કહેવાય છે.[૧૦] રૂપ, ચક્ષુઇંદ્રિય અને જઠરાગ્નિ–એ ત્રણ તેજના ગુણ કહેવાય છે, સુંઘવાનો પદાર્થ, સુંઘનારી ઇંદ્રિય (નાસિકા) અને શરીર–એ ત્રણ પૃથ્વીના ગુણ કહેવાય છે;[૧૧] તેમજ પ્રાણ, સ્પર્શ અને ચેષ્ટા–એ ત્રણ વાયુના ગુણ કહેવાય છે.આ રીતે હે રાજન્! પંચમહાભૂતોમાંથી ઉત્પન્ન થનારા ગુણો મેં તમને કહ્યા.[૧૨] હે ભરતવંશી રાજા! ઈશ્વરે, માયાનો આશ્રય કરીને સત્વ, રજ, તમ, કાળ, કર્મસહિત બુદ્ધિ અને મન–એ છ પદાર્થોને પાંચમહાભૂત, પાંચ ઇંદ્રિય અને પાંચ વિષયો–એ પંદરે તત્ત્વોવિષે કલ્પી કાઢ્યાં છે.[૧૩] તમારા બન્ને પગથી આરંભીને છેક મસ્તકપર્યંત તમે જોશો તો તમને જણાશે કે, આખા શરીરમાં કેવળ બુદ્ધિજ તે તે પદાર્થરૂપે સંપૂર્ણપણે વર્તે છે.[૧૪] મનુષ્યના શરીરમાં પાંચ ઇંદ્રિયો, મન, બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞ–આ આઠ મુખ્યતત્ત્વો રહેલાં છે.[૧૫] તેમાં પાંચ ઇંદ્રિયોને તથા બુદ્ધિરૂપ કર્તાને તેઓના કાર્યવિભાગ પ્રમાણે જાણી લેવાં; તેમજ સત્વ, રજ અને તમ–એ ત્રણ ગુણોને ઇં-

દ્રિયો તથા બુદ્ધિના આશ્રિત જાણવા–અર્થાત્ તે ગુણો ઇંદ્રિયો તથા બુદ્ધિથીજ ઉત્પન્ન થયેલા છે, એમ સમજવું.)[૧૬] પ્રત્યેક ઇંદ્રિયો વિષયોનું ગ્રહણ કરવામાટેજ ઉપયોગી છે, મન, ઇંદ્રિયોએ ગ્રહણ કરેલા વિષયોમાં સંશય કરે છે, બુદ્ધિ, મનના સંશયવાળા અર્થનો નિશ્ચય કરે છે અને ક્ષેત્રજ્ઞ તે સર્વનો સાક્ષી અથવા દ્રષ્ટા કે ઉદાસીનતરીકેજ કહેવાય છે–અર્થાત્ કાર્ય કરનારી બુદ્ધિજ કર્તા કહેવાય છે. ક્ષેત્રજ્ઞ તો સાક્ષી કે દ્રષ્ટાતરીકેજ સ્થિતિ કરે છે.[૧૭] હે ભારત! સત્વ, રજ, તમ, કાળ અને કર્મ–એ પાંચ ગુણો બુદ્ધિને વારંવાર વિષયોપ્રત્યે દોરી જાય છે, તો પણ તે પાંચ ગુણો તથા મનસહિત ઇંદ્રિયો કેવળ બુદ્ધિનુંજ સ્વરૂપ છે; કેમકે બુદ્ધિ ન હોય તો ગુણો ક્યાંથી હોય?[૧૮] બુદ્ધિ જ્યારે દર્શન કરવાની ઇચ્છા કરે છે ત્યારે ચક્ષુરૂપે થાય છે, સાંભળવાની ઇચ્છા કરે છે ત્યારે શ્રોત્રરૂપે થાય છે, સુંઘવાની ઇચ્છા કરે છે ત્યારે ઘ્રાણરૂપે થાય છે, રસનો સ્વાદ લેવાની ઇચ્છા કરે છે ત્યારે રસનારૂપે થાય છે, સ્પર્શ કરવાની ઇચ્છા કરે છે ત્યારે સ્પર્શનરૂપે થાય છે અને કોઇ વસ્તુની પ્રાર્થના કરે છે ત્યારે મનરૂપે થાય છે. આ રીતે બુદ્ધિજ અનેક પ્રકારના વિકારોને પામે છે.[૧૯,૨૦] વિદ્વાનો કહે છે કે, પાંચ ઇંદ્રિયો તે બુદ્ધિનાં જૂદાં જૂદાં નિવાસસ્થાનોજ છે, માટે ઇંદ્રિયો જ્યારે દુષ્ટ થાય છે ત્યારે (તેના સંસર્ગને લીધે) બુદ્ધિ પણ દુષ્ટ બની જાય છે.[૨૧] આ પ્રમાણે પુરુષની અંદર રહેલી બુદ્ધિ સાત્વિક, રાજસ અને તામસ–એવા ત્રણ ભાવોને ધારણ કરે છે, જેને લીધે કોઇ સમયે સાત્વિક ભાવથી યુક્ત થઇને પ્રસન્ન રહે છે, કોઇ સમયે રાજસભાવથી યુક્ત થઇને શોક કરે છે અને કોઈ સમયે તામસભાવથી યુક્ત થઇને સુખ કે દુઃખ–એમાંનું કંઇ પણ જાણી શકતી નથી–અર્થાત્ મૂઢ બની જાય છે. આ રીતે તે તે ગુણરૂપ થયેલી બુદ્ધિ ત્રણે ગુણોમાં પરિભ્રમણ કર્યા કરે છે.[૨૨,૨૩] જેમ ઉછળી રહેલા તરંગોવાળો મહાસાગર પોતાની તીરમર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી, તેમ ભાવગત બુદ્ધિ પણ ત્રણ ગુણોનું ઉલ્લંઘન કર્યા વિનાજ મનની અંદર રહે છે. જેમકે, કોઈ સમયે રજોગુણની પ્રવૃત્તિ ચાલુ થાય છે ત્યારે, બુદ્ધિ,રાજસભાવને અનુસરે છે; અને હર્ષ, પ્રીતિ, આનંદ, સુખ, શાંતિ–વગેરે સાત્વિક ગુણોની જ્યારે પ્રવૃત્તિ થાય છે, ત્યારે પુરુષની બુદ્ધિ સાત્વિકભાવને અનુસરે છે. વળી કારણ હોય કે ન હોય, તોપણ દાહ, શોક, સંતાપ, અસંતોષ અને અક્ષમા–વગેરે રાજસ ગુણોની પ્રવૃત્તિ થાય છે ત્યારે, બુદ્ધિ પણ રાજસી બની જાય છે અને તેજ રીતે અવિદ્યા, રાગ,મોહ,પ્રમાદ, સ્તબ્ધતા, ભય, અસમૃદ્ધિ, દીનતા, મોહ, સ્વપ્ન અને આળસ–વગેરે અનેક પ્રકારના તામસગુણોની જ્યારે કોઈ રીતે પ્રવૃત્તિ થાય છે, ત્યારે બુદ્ધિ પણ તામસી બની જાય છે.[૨૪–૨૮] તેમાં જ્યારે પોતાના શરીરમાં કે મનમાં પ્રસન્નતાયુક્ત ભાવ ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે, આ સમયે સાત્વિક ભાવ પ્રકટ થયો છે અને તેની ઉપેક્ષા કરવી પણ તેમાં આસક્ત થવું નહિ;[૨૯] તેમજ જ્યારે પોતાના શરીરમાં કે મનમાં, દુઃખ તથા અપ્રીતિયુક્ત એવો ભાવ ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે, આ સમયે રાજસભાવ પ્રકટ થયો છે અને તેનાથી ક્ષોભ પામ્યા વિનાજ સ્વસ્થ રહેવું.[૩૦] વળી જ્યારે પોતાના શરીરમાં કે મનમાં જાણ્યો જણાય નહિ તેવો અને તર્કમાં પણ ન આવે તેવો મોહયુક્ત ભાવ ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે, આ સમયે તામસભાવ પ્રકટ થયો છે.[૩૧] આ પ્રમાણે બુદ્ધિની જેટલી ગતિઓ છે, તે સર્વ મેં તમને કહી. જે પુરુષ આ બુદ્ધિની ગતિઓને જાણે છે, તેજ જ્ઞાની ગણાય છે; તે સિવાય બીજું જ્ઞાનીનું લક્ષણ શું હોઇ શકે! અર્થાત્ કંઇજ નહિ.[૩૨]

હવે, આ બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞ–એ બન્ને તત્ત્વો જોકે અતિસૂક્ષ્મ છે, તોપણ તેઓ બન્ને વચ્ચે મહાન વિલક્ષણતા રહેલી છે, એમ તમારે જાણવું; કેમકે તેમાંનું એક બુદ્ધિતત્ત્વ ગુણોને જ્યારે ઉત્પન્ન કરે છે, ત્યારે બીજું ક્ષેત્રજ્ઞતત્ત્વ ગુણોને ઉત્પન્ન કરતું નથી.[૩૩] તાત્પર્ય કે, બુદ્ધિ અને

ક્ષેત્રજ્ઞ સ્વાભાવિક રીતેજ અન્યોન્યથી ભિન્ન છે, છતાં સર્વદા જાણે એકત્ર જોડાયલાં હોય તેમ જણાય છે; પરંતુ વાસ્તવિક રીતે જળની અંદર રહેલું માછલું જળથી જેમ ભિન્ન છે, તેમ બુદ્ધિની સાથે રહેલો ક્ષેત્રજ્ઞ બુદ્ધિથી ભિન્નજ છે.[૩૪] વળી ઇંદ્રિયાદિક ગુણો આત્માને જાણી શકતા નથી; પરંતુ આત્મા તો તે સર્વગુણોને જાણેજ છે. આત્મા, ગુણોનો કેવળ દ્રષ્ટાજ છે, છતાં મૂઢ પુરુષ તેને ગુણોનો સંસર્ગકર્તા માની બેસે* છે.[૩૫] (કદાચ કોઇ કહેશે કે, આત્મા કેવળ દ્રષ્ટાજ છે તો પછી બુદ્ધિઆદિક ગુણો કોનો આશ્રય લઈને પ્રવૃત્તિ કરી શકશે ? આના ઉત્તરમાં કહે છે કે,) બુદ્ધિસત્વનું કોઈ ઉપાદાનકારણ છેજ નાહ. (કેમકે તેના ઉપાદાનતરીકે કલ્પેલા અજ્ઞાનનું સ્વરૂપ તો કેવળ તુચ્છજ છે; માટે એમજ સિદ્ધ થાય છે કે, ગુણોના ઉત્પત્તિકારણને કોઈ જાણી શકતું નથી. જેમકે, દોરડીમાં દેખાતા સર્પરૂપ કાર્યના ઉપાદાનકારણ અજ્ઞાનને તેના કાર્યદ્વારાજ અનુમાનથી જાણી શકાય છે, પણ પ્રત્યક્ષ કરી શકાતું નથી; તેમજ બુદ્ધિઆદિ ગુણોના કારણના સંબંધમાં પણ સમજવું.) વળી સત્વાદિક ગુણોને પણ મહત્તત્ત્વ આદિ તેઓના કાર્યદ્વારાજ અનુમાનથી જાણી શકાય છે. (આ રીતે ગુણોને અત્યંત તુચ્છ માનવામાં આવે છે, તોપણ તેઓ અત્યંત તુચ્છ નથી, કેમકે તેઓનામાં અધિષ્ઠાનની સત્તા તો છેજ, જેથી એમજ કહી શકાય કે, ગુણોના અવર્ણનીય સ્વરૂપને કોઇ જાણીજ શકતું નથી.[૩૬] બુદ્ધિસત્વ, મહત્તત્ત્વાદિ ગુણોને ઉત્પન્ન કરે છે અને ક્ષેત્રજ્ઞ, કેવળ ઉદાસીન રહીને ગુણોના કાર્યને જોયા કરે છે. આ પ્રમાણે બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞનો સંયોગ અનાદિકાળનો છે. ઇંદ્રિયો કે જેઓ અચેતન છે અને પદાર્થવિજ્ઞાનથી રહિત છે, તેઓદ્વારા બુદ્ધિ અંતઃકરણમાં રહીને આવરણભંગરૂપ દીવાનું કાર્ય સાધી લે છે. તાત્પર્ય કે, ઇંદ્રિયો એક દીવા જેવી હોઇને બુદ્ધિને સહાય કરનારી છે.×[૩૮] જે પુરુષ આવી રીતે બુદ્ધિ તથા ક્ષેત્રજ્ઞના સ્વભાવને જાણે છે અને તે જાણ્યા પછી હર્ષશોકથી રહિત થઇને જગતમાં વિચરે છે, તેજ પુરુષ અદેખાઈ રહિત થયેલો ગણાય છે.[૩૯] વળી એ વાત તો સ્વભાવસિદ્ધજ છે કે, કરોળીઓ જેમ તાંતણાને ઉત્પન્ન કરે છે, તેમ બુદ્ધિ મહત્તત્ત્વાદિક સર્વ ગુણોને ઉત્પન્ન કરે છે, જેથી તે ગુણો કરોળીઆના તાંતણા જેવાજ છે, એમ સમજવું.[૪૦]

કેટલાએક વિદ્વાનો કહે છે કે, જ્ઞાનદ્વારા ગુણોનો જ્યારે નાશ થઈ જાય છે, ત્યારે કેવળ તેઓની નિવૃત્તિજ થઇ જાય છે, એમ હોતું નથી. માત્ર તેઓની પ્રવૃત્તિજ રહેતી નથી. વળી બીજા કેટલાએક વિદ્વાનો એમજ કહે છે કે, જ્ઞાન થયા પછી ગુણોની છેક નિવૃત્તિજ થઈ જાય છે.[૪૧] જે પુરુષ, બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞના ઐક્યજ્ઞાનરૂપ દૃઢ હૃદયગ્રંથિને છેદી નાખીને કેવળ અદ્વૈતસુખમાંજ પરાયણ રહે છે તે પુરુષ, સર્વસંશયોથી મુક્ત થઇને શોકરહિત થાય છે.[૪૨] જેમ તરવાની વિદ્યાને નહિ જાણનારા મનુષ્યો, જળથી ભરેલી એક નદીમાં પડીને દુઃખી થાય છે, તેમ બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞના વિવેકરૂપ જ્ઞાનથી રહિત એવા મૂર્ખ પુરુષો, મોહરૂપી જળથી ભરેલી આ સંસારરૂપી નદીમાં પછડાઈ પડીને અત્યંત દુઃખી થાય છે—જન્મમરણના ફેરામાં ફર્યા કરે છે;[૪૩] પરંતુ તરવાની વિદ્યાને જાણનારા પુરુષો અગાધ પાણીમાં પડીને પણ તેના પારને પહોંચી જાય છે અને દુઃખી થતા નથી, તેમ બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞના વિવેકરૂપ અધ્યાત્મને જાણનારા ધીરપુરુષો, સંસારરૂપી અગાધ જળને તરી જાય છે અને પરમ સુખને પામે છે; કેમકે જ્ઞાન એ ઉત્તમ

---

* અર્થાત ગુણસંગી મૂઢ મનુષ્ય એમ માને છે કે, આત્માને તથા ગુણોને પરસ્પર ગુણગુણીભાવ સંબંધ છે અને સત્વાદિક ગુણોની સાથે આત્માની એકરૂપતા છે. પણ વસ્તુતઃ તેમ નથી. આત્મા તો ગુણોનો કેવળ દ્રષ્ટાજ છે અને કેવળ સાક્ષીતરીકે અલગ રહીને તેઓનું અવલોકનકર્તા છે.

× અર્થાત્ બુદ્ધિના કરતાં પણ ત્રીજું એક આત્મતત્ત્વ જૂદુંજ છે, કે જે પ્રમાતાના જેવું જાણવામાં આવે છે.

નૌકારૂપ છે.[૪૪] અજ્ઞાનીઓને જે અતિ મહાન ભય હોય છે; તે જ્ઞાનીઓને હોતો નથી. વળી જ્ઞાની પુરુષોમાં કોઇને ઉચ્ચ ગતિ કે કોઇને નીચ ગતિ એવું કંઈ હોતું નથી. માત્ર એક વખત જ્ઞાન થયું એટલે સર્વને સમાન ગતિ પ્રાપ્ત થાય છે.[૪૫] જ્ઞાની પુરુષ, અનેક પ્રકારનાં દોષયુક્ત કર્મ કરતો હોય અથવા જ્ઞાન થયા પૂર્વે તેણે જે કંઇ કર્મ કરેલાં હોય, તે સર્વનો માત્ર પોતાના જ્ઞાનને લીધેજ તે નાશ કરી નાંખે છે. વળી એ જ્ઞાની પુરુષ, પોતાની અજ્ઞાન દશાના સમયે બીજાએ કરેલા અપ્રિયનો કે અનિષ્ટનો દ્વેષ કરે અથવા રાગાદિક દોષને લીધે પોતે બીજાનું અપ્રિય કરે, તોપણ (જ્ઞાનદશા પ્રાપ્ત થયા પછી) તેણે કંઈ કર્યુંજ નથી, એમ મનાય છે. (કેમકે તે પોતેજ સર્વ દોષોથી રહિત થયેલો હોવાથી બીજાઓના દોષોને પણ જોતો નથી.)[૪૬]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“પાંચ ભૂતોનું વર્ણન” એ વિષયનો
અધ્યાય ૨૮૫ મો સમાપ્ત.

અધ્યાય ૨૮૬ મો

આનંદમગ્ન રહેવાવિષે નારદ અને સમંગનો સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

सुदुःखाच्च सुमृत्योश्च त्रसंते प्राणिनःसदा ॥
उभयं नो यथा न स्यात्तन्मे ब्रूहि पितामह॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે પિતામહ! સર્વ પ્રાણીઓ દુઃખ તથા મૃત્યુથી સદાય ત્રાસ પામે છે,માટે દુઃખ તથા મૃત્યુ અમને પ્રાપ્તજ ન થાય, તેવો કોઈ ઉપાય તમે મને કહો.”[૧]

ભીષ્મે કહ્યું:—હે ભારત! આ વિષયમાં નારદ અને સમંગના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૨]

એક સમયે નારદે સમંગને આ પ્રમાણે પૂછ્યું:-“હે સમંગ! બીજા લોકો,જ્યારે એકબીજાને મસ્તકથી પ્રણામ કરે છે,ત્યારે તું તો પૃથ્વીપર છાતી નમાવીને સર્વને સાષ્ટાંગ પ્રણામ કરે છે અને તેમ કરીને તું પોતાના બન્ને બાહુઓવડે સંસારનદીને જાણે તરી જવા ઇચ્છતો હોય તેવો જણાય છે. વળી તું નિત્ય હર્ષપૂર્ણ મનવાળો તથા શોકરહિત થયો હોય, તેવો દેખાય છે;[૩] એટલુંજ નહિ પરંતુ તારા મનમાં લેશમાત્ર પણ ઉદ્વેગ હોય એમ હું જોઇ શકતો નથી. તું સદાકાળને માટે જાણે તૃપ્ત થયો હોય તેમ સ્વસ્થ દેખાય છે અને એક બાળકની પેઠે સર્વ ચેષ્ટાઓ કર્યા કરે છે, એ શું?”[૪]

સમંગે કહ્યું:-“હે માન આપનારા નારદ! ભૂત, ભવિષ્ય અને વર્તમાન-એ સર્વના તત્ત્વને હું યથાર્થ રીતે જાણું છું અને તેથીજ મારૂં મન કદી ઉદાસ થતું નથી.*[૫] હું કર્મોના આરંભોને, તેઓના ફળના ઉદયોને તથા લોકમાં પ્રત્યક્ષ દેખાતાં કર્મોનાં વિચિત્ર ફળોને જાણું છું, જેથી મારૂં મન કદી ઉદાસ થતું નથી.[૬] હે નારદ! આ જગતમાં જેઓ મૂર્ખ છે,ધનપુત્રાદિથી રહિત છે, ધનાદિકથી સંપન્ન છે, આંધળાઓ છે અને જડ જેવા છે, તેઓ પણ પોતાનું જીવન ગાળી રહ્યા છે અને અમે પણ કોઇ જાતના આરંભથી રહિત છીએ, છતાં અમારૂં જીવન ગાળી રહ્યા છીએ, તે ÷ તું જો.[૭] વળી જેઓનાં અંગ કેવળ નીરોગી હોય છે,તેવા દેવતાઓ પણ પૂર્વકર્મના યોગથીજ જીવન ગાળી રહ્યા છે અને લોકમાં જેઓ બળવાન છે અથવા નિર્બળ છે,તેઓ પણ પોતાના કર્મયોગે જીવી રહ્યા છે. (એ ઉપરથી જણાય છે કે, આરંભ કર્યાવિના કેવળ પૂર્વકર્મના યોગથી પણ જીવી શકાય છે) અમે તેવું નિરારંભ જીવન ગાળીએ છીએ, માટે તારે અમને પૂજાપાત્રજ માનવા.[૮] વળી જેઓ હજારો

---

* સમંગના કહેવાનો આશય એ છે, કે જેમ એક ઈંદ્રજાળની વિદ્યાને જાણનારો પુરુષ ધનની વૃદ્ધિ કરી બતાવે અથવા ધનનો નાશ કરી બતાવે, તો પણ તેની માયાને જાણનારો પુરુષ તેમાં મોહિત થતો નથી! તેમ જ્ઞાની પુરુષ પણ જગતરૂપ ઈંદ્રજાળને જોઇને તેમાં કદી મોહિત થતો નથી.

÷ અર્થાત્ કોઇ જાતનો આરંભ કર્યાવિના પણ જીવન ગાળી શકાય છે, એ વાત પ્રત્યક્ષ છે.

રૂપીઆના માલીક છે અથવા જેઓ સેંકડો રૂપિયાના અધિપતિ છે, તેઓ પણ જે પ્રમાણે જીવી રહ્યા છે તેજ પ્રમાણે બીજા સામાન્ય મનુષ્યો કેવળ શાકપાનને આધારે પણ જીવી રહ્યા છે. દાખલાતરીકે અમારા તરફ દૃષ્ટિ કર. અમે પોતે પણ તે પ્રમાણે જીવન ગાળી રહ્યા છીએ.×[૯] હે નારદ! અમારામાં શોકના મૂળરૂપ અજ્ઞાનનો કેવળ અભાવ છે અને તેને લીધેજ અમે કોઈ વિષયનો શોક કરતા નથી, તો પછી અમારે યજ્ઞાદિક ધર્મકર્મનું અથવા લૌકિક વ્યવહારકર્મનું શું પ્રયોજન છે? અમે જાણીએ છીએ કે, ધર્મ અને અધર્મથી ઉત્પન્ન થનારાં સુખદુઃખો કાળને અધીન રહેનારાં છે—અવશ્ય નાશવંત છે અને તેથીજ તેઓ અમારો પરાભવ કરી શકતાં નથી. (કેમકે અમે સુખદુઃખને નાશવંત ગણીને તેનાપર આસક્તિ ધરાવતા નથી.)[૧૦] "ઇંદ્રિયોજ મોહાધીન થાય છે અને ઇંદ્રિયોજ શોકાકુલ થાય છે તેમાં આત્માને કંઈ પણ લેવાદેવા નથી." આમ જે મનુષ્યો બીજાઓને ઉપદેશ આપે છે, તેઓજ ખરા બુદ્ધિમાન છે. વળી ઇંદ્રિયોની જે પ્રસન્નતા તેજ જ્ઞાનનું મૂળ છે; પણ જે પુરુષની ઇંદ્રિયો મૂઢ થઈ ગયેલી છે, તે પુરુષને જ્ઞાનનો લાભ થતો નથી.[૧૧]* ઇંદ્રિયોની મૂઢતાવાળો મનુષ્ય પોતાના મનમાં આવું અભિમાન કરે છે કે, 'હું ધનવાન છું, કુળવાન છું, ઇત્યાદિ;' પરંતુ તે જાણતો નથી કે, એવા પ્રકારનું જે અભિમાન તેજ મોહ કહેવાય છે અને એ રીતે મોહાધીન થયેલો મનુષ્ય આ લોક ને પરલોક બન્નેથી ભ્રષ્ટ થાય છે; તેમજ એ પણ લક્ષ્યમાં રાખવું જોઇએ કે, સુખ કે દુઃખ સદાકાળ કોઇને પ્રાપ્ત થતાં નથી.[૧૨] આ સંસારરૂપ ચક્ર એ પ્રમાણેજ નિત્ય ભ્રમણ કર્યા કરે છે તો પછી મારા જેવા એક જ્ઞાની પુરુષે, તેને માટે કદી સંતાપ નહિ કરવો જોઈએ, ઇષ્ટ ભોગોને કદી નહિ અનુસરવું જોઇએ અને પ્રાપ્ત થયેલા સુખનો કે દુઃખનો મનમાં વિચાર પણ નહિ કરવો જોઇએ.[૧૩] જે પુરુષ યોગારૂઢ થયેલો છે, તેણે બીજાઓની સ્પૃહા રાખવી નહિ, નહિ મળેલા લાભની ઇચ્છા રાખવી નહિ, ધનનો પુષ્કળ લાભ પ્રાપ્ત થાય તોપણ હર્ષ પામવો નહિ અને અર્થનો મોટો નાશ થઇ જાય, તોપણ ખેદ કરવો નહિ. વળી યાદ રાખવું કે બાંધવો, દ્રવ્ય, કુળ, શાસ્ત્ર, મંત્ર કે પરાક્રમ—એમાંનું કોઇપણ દુઃખમાંથી બચાવી શકે તેમ નથીજ. માત્ર શમદમાદિક સદાચરણથીજ મનુષ્યો શાંતિને પામી શકે છે.[૧૫] મનુષ્ય ગમે તેટલો પ્રયાસ કરે, તોપણ યોગાસક્ત થયાવિના જ્ઞાનને કે સુખને પામી શકતો નથી. આવા હેતુથીજ સુખનું સામાન્ય લક્ષણ એજ માનવામાં આવ્યું છે કે મન, પ્રાણ અને ઇંદ્રિયોની ક્રિયાઓને નિયમમાં રાખવાનું જે સામર્થ્ય અને દુઃખનો જે ત્યાગ તેનું નામજ સુખ કહેવાય છે.[૧૬] હરકોઇ પ્રિય વસ્તુથી હર્ષ ઉત્પન્ન થાય છે, હર્ષમાંથી ગર્વની વૃદ્ધિ થાય છે અને ગર્વની વૃદ્ધિને લીધે નરકમાંજ પડવું પડે છે; માટે પ્રિયનો, હર્ષનો તથા ગર્વનો મેં ત્યાગ કર્યો છે.[૧૭] હું જોઇ શક્યો છું કે, શોક, ભય તથા ગર્વ, સુખ અને દુઃખભરેલી અવસ્થામાં મનુષ્યોને મોહ ઉપજાવનારા છે, માટેજ હું કોઇએક સાક્ષીની પેઠે તેઓનાથી અસંબદ્ધ રહીને મારા દેહપાતપર્યંત લોકમાં વિચર્યા કરીશ.[૧૮] હું અર્થનો, કામનો, તૃષ્ણાનો તથા મોહનો ત્યાગ કરીને શોક તથા સંતાપથી રહિત થયો છું અને આનંદપૂર્વક આ પૃથ્વીપર વિચર્યા કરૂં છું.[૧૯] વળી હું મૃત્યુથી, અધર્મથી કે લોભથી કોઇ રીતે પણ ડરતો નથી અને જાણે અમૃતપાન કર્યું હોય તેમ મને આ લોકમાં કે પરલોકમાં પણ કોઇનો ભય નથી.[૨૦] હે બ્રહ્મન્!

× અર્થાત્ એક મનુષ્ય મહાન આરંભ કરે છે, બીજો મનુષ્ય અલ્પ આરંભ કરે છે અને ત્રીજો મનુષ્ય કોઇ જાતનો આરંભજ કરતો નથી; છતાં તેઓ ત્રણેનો જીવનનિર્વાહ એકસરખોજ ચાલ્યા કરે છે, માટે આરંભોનો ત્યાગ કરીને જીવન ગાળવું, તેજ વધારે ઉત્તમ છે.

* અર્થાત્ સુખદુઃખાદિ ધર્મને મિથ્યા સમજીને ઇંદ્રિયોને પ્રસન્ન રાખવી, જેથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય.

મેં મહાન એવા અવિનાશી યોગનો આશ્રય કરીને આવું 'જ્ઞાન સંપાદન કર્યું છે, જેને લીધે હે નારદ ! દેહના સ્વભાવ પ્રમાણે પ્રાપ્ત થયેલો એવો પણ શોક, મને દુઃખી કરી શકતો નથી.”[૨૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ સમંગ અને નારદનો સંવાદ ”એ
વિષયનો અધ્યાય ૨૮૬ મો સમાપ્ત.

અધ્યાય ૨૮૭ મો

નારદ અને ગાલવનો સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

अतत्त्वज्ञस्य शास्त्राणां सततं संशयात्मनः॥
अकृतव्यवसायस्य श्रेयो ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછયું:–હે પિતામહ ! જે પુરુષે શાસ્ત્રોના તત્ત્વને જાણ્યું નથી, જેનું મન નિરંતર સંશયાકુલ રહે છે અને જેણે આત્માનું દર્શન કરવા માટે શમદમાદિક વ્યવસાય કર્યો નથી,તેવા પુરુષનું શ્રેય કેવી રીતે થાય, તે મને કહે.[૧]

ભીષ્મે કહ્યું:–'હે રાજા ! ઈશ્વરનું પૂજન, વૃદ્ધોની સેવા અને શાસ્ત્રોનું શ્રવણ–એ ત્રણમાંજ અત્યંત શ્રેય સમાયલું છે, એમ શાસ્ત્ર કહે છે.[૨] આ વિષયમાં પણ ઋષિ ગાલવ અને દેવર્ષિ નારદના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે,તે હું તમને કહું છું, સાંભળો.[૩]

પૂર્વે, જિતેન્દ્રિય મુનિ ગાલવે, મોહ તથા શ્રમનો ત્યાગ કરનારા, જ્ઞાનમાંજ તૃપ્ત રહેનારા અને મનને વશ રાખનારા બ્રાહ્મણ નારદને, શ્રેય સંપાદન કરવાની ઇચ્છાથી આ પ્રમાણે પૂછયું[૪]:– “ હે મુનિ! જે ઉત્તમ ગુણોવડે પુરુષ જગતમાં માન્ય થઇ પડે છે, તે સર્વગુણો તમારામાં સ્થિર થઇને વસી રહેલા છે, એમ અમે જોઈએ છીએ.[૫] તમે એ પ્રકારના ઉત્તમ ગુણોથી યુક્ત છો અને મૂઢતાથી રહિત છો; માટે હું, જે અત્યંત મૂઢ બની ગયેલો છું અને આત્મારૂપ સત્યતત્ત્વથી અજાણ છું, તેનો સંશય દૂર કરવાને તમે યોગ્ય છો.[૬] જ્ઞાનની પ્રાપ્તિ થાય તે માટે જૂદાં જૂદાં અનેક શાસ્ત્રોમાં અનેક પ્રકારનાં ધર્મકાર્યો દર્શાવેલાં છે; પરંતુ તેમાંથી 'અમુક કાર્ય શ્રેયસ્કર છે અને અમુક કાર્ય શ્રેયસ્કર નથી' એવો કોઈ વિશેષ નિશ્ચય જોવામાં આવતો નથી; અને જે કાર્ય અત્યંત શ્રેયસ્કર હશે, તેનો અમે નિશ્ચય કરી શકતા પણ નથી; માટે તમે પોતેજ મને કહો કે, શું કરવાથી મનુષ્યનું પરમ શ્રેય થાય ![૭] હે ભગવન્ ! જ્ઞાનનાં સાધનભૂત એવાં સર્વ શાસ્ત્રો,ભિન્ન ભિન્ન અનેક આચારોને ઉપદેશે છે અને “ અમુક શ્રેયસ્કર છે, અમુક શ્રેયસ્કર છે” એમ સર્વ મનુષ્યોને બોધ આપ્યા કરે છે,[૮] જેથી મનુષ્યો પણ તે તે અનેક માર્ગોને અનુસરે છે; તેમજ કેવળ પોતપોતાના શાસ્ત્રનેજ અભિનંદન આપનારા શાસ્ત્રકારો પણ તે તે મનુષ્યોને પોતપોતાનાં શાસ્ત્રમાંજ શ્રેય સમાયલું છે, એવો ઉપદેશ આપ્યા કરે છે. આમ હોવાને લીધે અમે પણ કેવળ અમારાજ શાસ્ત્રમાં સંતોષ માનીને બેસી રહ્યા છીએ, જેથી સત્ય શ્રેયને સંપાદન કરી શકયા નથી.[૯] આ જગતમાં જો એકજ શાસ્ત્ર હોય તો શ્રેયનો માર્ગ સ્પષ્ટ રીતે જાણવામાં આવે; પરંતુ શાસ્ત્રો અનેક હોવાને લીધે સત્ય શ્રેય શેમાં રહેલું છે, એનો કંઇ નિર્ણય થઈ શકતો નથી અને ખરૂં કહીએ તો અનેક માર્ગનો ઉપદેશ કરનારાં શાસ્ત્રોએજ શ્રેયના સત્ય સ્વરૂપને ગુપ્ત કરી મૂકયું છે.[૧૦] આવા કારણને લીધે મને તો એમજ જણાય છે કે, શ્રેયનો વિષય કેવળ શંકાઓથીજ ભરપૂર હોઇને અત્યંત ડહોળાઇ ગયો છે; માટે હે ભગવન્! તમે મને શ્રેયસ્કર માર્ગનો ઉપદેશ આપો. હું તમારે શરણે આવ્યો છું.”[૧૧]

નારદે કહ્યું:–“હે તાત ગાલવ! મનુષ્યોના ભિન્ન ભિન્ન સંકલ્પોથી રચાયલાં મુખ્ય ચાર*

---

* જેમકે, એક શાસ્ત્ર એમ કહે છે કે, ધર્મ છેજ નહિ, આ શાસ્ત્ર નાસ્તિકોનું છે. બીજું શાસ્ત્ર કહે છે કે, ચૈત્ય, વંદન વગેરે કરવાં તેજ ધર્મ છે. આ શાસ્ત્ર બૌદ્ધનું છે. ત્રીજું શાસ્ત્ર કહે કે, વેદમાં કહેલો ધર્મજ સત્ય છે, બીજો ધર્મ પાખંડધર્મ છે. ચોથું વેદાંતશાસ્ત્ર કહે છે કે,

શાસ્ત્રો જગતમાં વિદ્યમાન છે. તે ચારેય શાસ્ત્રોનું ગુરુઓદ્વારા પઠન કરીને તું સારીપેઠે વિચાર કરી જો, કે જેથી તને પોતાની મેળેજ સત્ય શ્રેયનું જ્ઞાન થશે.૧૨ હે વિપ્ર! તે શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી તને જણાશે કે તે પ્રત્યેક શાસ્ત્રમાં આત્મજ્ઞાનના ગુણભૂત ધર્મોનું અન્યોન્યથી વિરુદ્ધ પ્રકારે કથન કરવામાં આવ્યું છે અને જૂદી જૂદી રીતે પોતાના મતની સ્તુતિ અને બીજાના મતની નિંદા પણ કરવામાં આવી છે.×૧૩ હવે, જો સ્થૂલદૃષ્ટિથી જોઈએ છીએ તો એમજ જણાય છે કે, તે સર્વ શાસ્ત્રો આત્મતત્ત્વરૂપ પરમ ધર્મને પ્રાપ્ત કરાવનારાં નથી; પણ સૂક્ષ્મદૃષ્ટિથી અવલોકન કરતાં જણાય છે કે, તે સર્વ શાસ્ત્રો આત્મતત્ત્વરૂપ પરમ ગતિનેજ પ્રાપ્ત કરાવનારાં છે,૧૪ કેમકે તે તે સર્વ શાસ્ત્રોમાં વિદ્વાનોએ એમજ કહ્યું છે કે, જે કર્મ પરમ કલ્યાણકારક હોય, સંપૂર્ણ રીતે નિઃસંશય હોય, મિત્રોનો અનુગ્રહ કરનારૂં હોય, શત્રુઓનો નિગ્રહ કરનારૂં હોય અને ધર્માર્થકામરૂપ ત્રિવર્ગને પુષ્ટ કરનારૂં હોય, તેજ કર્મ સત્ય શ્રેયરૂપ છે. વળી પાપકર્મથી નિવૃત્ત થવું, નિરંતર પુણ્યકર્મ કરવામાં તત્પર રહેવું અને સત્પુરુષોની સાથે સદાચારથી વર્તવું–એ અવશ્ય શ્રેયરૂપ છે; તેમજ પ્રાણીમાત્રના પર દયા રાખવી, વ્યવહારની અંદર સરળતા રાખવી અને વાણી મધુર બોલવી, તે પણ નિઃસંશય શ્રેયરૂપ છે. દેવતાઓને, પિતૃઓને તથા અતિથિઓને તેઓનો અન્નવિભાગ અર્પણ કરવો અને ભોજનાદિકમાં પોષ્યવર્ગનો કદી ત્યાગ ન કરવો તે પણ અવશ્ય શ્રેયરૂપ છે; તેમજ સત્ય ભાષણ કરવું તે પણ શ્રેયરૂપ છે; પરંતુ સત્યનું સ્વરૂપ જાણવું એ મહાદુષ્કર છે. હું સત્ય કહું છું કે, જે ભાષણ પ્રાણીમાત્રનું હિત કરનારૂં હોય, તેનેજ સત્ય કહેવામાં આવે છે. વળી અહંકારનો ત્યાગ કરવો, પ્રમાદનો નિગ્રહ કરવો, સંતોષ રાખવો અને એકાંતવાસનું સેવન કરવું, તેજ અત્યંત શ્રેય કહેવાય છે; તેમજ બ્રહ્મચર્ય ધર્મ પાળીને વેદોનું અધ્યયન કરવું, વેદાંતનો અભ્યાસ કરવો અને જ્ઞાનસંબંધી અનુભવ મેળવવાની ઈચ્છા રાખવી, તે પણ અવશ્ય શ્રેયરૂપ છે. જે પુરુષને શ્રેયની ઇચ્છા હોય તેણે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ–એ પાંચે વિષયોનું અતિશય સેવન કરવું નહિ.૧૫–૨૩ શ્રેયની ઇચ્છા રાખનારા પુરુષે રાત્રિવિહારી થવું નહિ, દિવસે નિદ્રા કરવી નહિ, આળસ રાખવું નહિ, ચાડીઆપણું કરવું નહિ, અભિમાની થવું નહિ, આહારાદિકનું અત્યંત સેવન કરવું નહિ અને છેક નિરાહારી પણ રહેવું નહિ.૨૪ વળી કલ્યાણની ઇચ્છા રાખનારા પુરુષે બીજાઓની નિંદા કરીને પોતાનો ઉત્કર્ષ બતાવવા યત્ન કરવો નહિ, પણ પોતાના ગુણોદ્વારાજ સમાજની પાસેથી ઉત્કર્ષ મેળવવા યત્ન કરવો.૨૫ જે પુરુષો કેવળ નિર્ગુણ હોય છે, તેઓ ઘણેભાગે પોતાની મેળેજ પ્રતિષ્ઠિત થઇ બેઠેલા હોય છે અને તેવા પુરુષો પોતાનામાં ગુણોનો અભાવ હોય છે, તેથી બીજા ગુણવાન પુરુષો ઉપર પણ દોષારોપ મૂકીને તેઓને નિંદે છે૨૬ આવા નિર્ગુણ પુરુષોને બીજા ગુણવાન પુરુષો શિખામણ આપે છે, તોપણ પોતાના આત્માને બીજા મહાજનના કરતાં પણ અધિક ગુણવાન માને છે; કેમકે તેઓ પોતાના અભિમાનને લીધે છકી ગયેલા હોય છે.૨૮ પરંતુ જે પુરુષ કોઇની નિંદા કરતો નથી તેમ પોતાની પ્રશંસા પણ કરતો નથી, તે પુરુષ જ્ઞાની પુરુષના સર્વ ગુણોથી સંપન્ન થઈને પરબ્રહ્મરૂપ મહાન યશને પ્રાપ્ત કરે છે.૨૮ આપણે જોઇએ છીએ કે, પુષ્પોનો પવિત્ર સુગંધ પોતાની પ્રશંસા કર્યા વિનાજ સર્વત્ર ફેલાય છે અને પ્રકાશમાન સૂર્ય પણ પોતાની પ્રશંસા કર્યાવિનાજ આકાશમાં દીપી નીકળે છે. આ પ્રમા-

---

ધર્મ–અધર્મને બાજુપર મૂકીને કેવળ તત્વવસ્તુનુંજ જ્ઞાન કરવું, તે ઉત્તમ છે.

× જેમકે, તપાવેલી લોખંડની શિલા ઉપર શયન કરવું તે ધર્મ છે, આવાં બૌદ્ધાદિકનાં શાસ્ત્રને સનાતન ધર્મશાસ્ત્રે અધર્મ માન્યો છે તેમજ યજ્ઞની હિંસા તે હિંસા નથી, એવાં વૈદિક ધર્મશાસ્ત્રને બૌદ્ધાદિકનાં શાસ્ત્રોએ અધર્મ માન્યો છે. ઇત્યાદિ.

ણે જગતનાં સર્વ પ્રાણીઓ કે, જેઓ આત્મશ્લાઘા કરવાની બુદ્ધિથી રહિત હોય છે અને પોતાની મેળે પોતાની પ્રશંસા કરવા તૈયાર થતાં નથી, તેઓ સર્વ પોતાના યશથી જગતમાં ઝળકી નીકળે છે.[૨૯,૩૦] મૂર્ખ પુરુષ કેવળ પોતાની મેળેજ પોતાની પ્રશંસા કરે છે, જેથી જગતમાં દીપી નીકળતો નથી. પણ વિદ્વાન પુરુષ, જે પોતાની પ્રશંસા કરવાથી વિમુખ રહે છે, તેને મોટા એક ખાડામાં ઢાંકી રાખ્યો હોય તોપણ ત્યાંથી પ્રકાશી નીકળે છે.[૩૧] જે શબ્દ સારવિનાનો હોય છે તેને વારંવાર મોટેથી બોલવામાં આવે તોપણ (તેના તરફના લોકોના અનાદરને લીધે) તે તુરતજ શાંત પડી જાય છે-જગતમાંથી હતો ન હતો થઈ જાય છે; પરંતુ સારવાળું સુભાષિત છેક મંદસ્વરે કહેવામાં આવ્યું હોય છે, તોપણ જગતમાં પ્રકાશી નીકળે છે–સદાકાળને માટે પ્રસિદ્ધ થઈ ચૂકે છે. [૩૨] જે પુરુષો મૂઢ અને ગર્વિષ્ઠ હોય છે, તેઓનું સારવિનાનું લાંબું ભાષણ પણ, સૂર્ય જેમ પોતાના અગ્નિસ્વરૂપને પ્રકટ કરે છે તેમ, તેઓના દુષ્ટ અંતરાત્માને જગતમાં પ્રકટ કરી દે છે.× [૩૩] આવા હેતુથીજ શ્રેયની ઈચ્છા રાખનારા પુરુષો, ભિન્ન ભિન્ન શાસ્ત્રોનું પઠનપાઠન કરીને અનેક પ્રકારનું જ્ઞાન સંપાદન કરવામાટે નિત્ય યત્ન કરે છે અને હું પણ માનું છું કે, પ્રાણીમાત્રને જ્ઞાનના લાભ જેવો બીજો કોઇ ઉત્તમ લાભજ નથી.[૩૪]

બુદ્ધિમાન પુરુષ જ્ઞાનસંપન્ન હોય છે, તોપણ બીજાઓના પૂછયાવિના કંઈ બોલતો નથી; તેમજ જે મનુષ્ય અન્યાયથી પ્રશ્ન કરે છે, તેને પણ કોઇ જાતનો ઉત્તર આપતો નથી; પરંતુ તેવે સમયે કેવળ જડની પેઠે બેસી રહે છે. [૩૫] શ્રેયની ઇચ્છા રાખનારા પુરુષે, જે સ્થળે નિત્ય ધર્મપરાયણ રહેનારા, ઉત્તમ, ઉદાર અને સ્વધર્મચુસ્ત મનુષ્યો વસતા હોય, ત્યાંજ નિવાસ કરવાની ઇચ્છા કરવી;[૩૬] પણ જે સ્થળે ચારે વર્ણોમાં ધર્મસંકરતા ફેલાઈ ગઇ હોય, તે સ્થળે શ્રેયના અભિલાષી પુરુષે કદી પણ નિવાસ કરવો નહિ.[૩૭] પુરુષે, સર્વ આરંભોનો ત્યાગ કર્યો હોય અને જે કંઇ મળે તેના ઉપરજ આજીવિકા ચલાવવાનો નિશ્ચય કર્યો હોય, તોપણ પુણ્યવાનોની સંગતિમાં રહેવાથીજ તેને નિર્મળ પુણ્ય પ્રાપ્ત થાય છે; પરંતુ પાપીઓની સંગતિમાં રહેવાથી તો પાપનીજ પ્રાપ્તિ થાય છે.[૩૮] જેમ જળનો, અગ્નિનો તથા સૂર્યનો સ્પર્શ કરવાથી મનુષ્યને શીતલતાનો તથા ઉષ્ણતાનો અનુભવ થાય છે, તેમ સજ્જન અને દુર્જનનો સંસર્ગ કરવાથી પુણ્ય તથા પાપનીજ ઉત્પત્તિ થાય છે, એમ અમે જોયું છે.[૩૯] જે પુરુષો, દેવતાઓ વગેરેને અર્પણ કર્યા પછી બાકી રહેલા અન્નનું ભોજન કરે છે, તેઓ અન્નાદિકના સ્વાદ તરફ લક્ષ્ય આપ્યાવિનાજ, કેવળ શરીરનિર્વાહને માટેજ ભોજન કરે છે; (જેથી તેઓ અનંત સંસારમાંથી છૂટી જાય છે.) પણ જેઓ દેવતાદિકને અર્પણ કર્યાવિના અન્નાદિકના રસની પરીક્ષા કર્યાપૂર્વક ઇંદ્રિયોનું પોષણ કરવા માટે જૂદા જૂદા રસોનું ભોજન કરે છે, તેઓ પોતાની બુદ્ધિને વિશેષે કરી બંધનમાંજ ધકેલી દે છે અને પોતે કર્મના પાશોથી જકડાયલાજ રહે છે, એમ સમજવું.*[૪૦] જે દેશમાં શિષ્યો આત્મજ્ઞાનની અભિલાષા ધરાવતા હોય, છતાં અસત્કારપૂર્વક ગુરુઓને પ્રશ્ન પૂછતા હોય અને ગુરુઓ પણ તેઓના અપમાનને સહન કરીને આત્મજ્ઞાનનો તેઓને ઉપદેશ આપતા હોય, તેવા દેશનો આત્મનિષ્ઠ પુરુષે સત્વર ત્યાગ કરવો;[૪૧] પણ જે દેશમાં શિષ્ય તથા ઉપાધ્યાયની વૃત્તિ અન્યોન્યને સમાધાનકારક ચાલી રહેલી હોય અને શાસ્ત્રમર્યાદાને સારીરીતે અનુ-

---

× અર્થાત જેમ સૂર્ય સૂર્યકાંતમણિનો સંબંધ થતાંજ પોતાના અગ્નિસ્વરૂપને એકદમ પ્રકટ કરે છે, તેમ ક્ષુદ્ર પુરુષ પણ જનસમાજ આગળ ક્ષુદ્ર શબ્દોનો પ્રયોગ કરી પોતાના ક્ષુદ્ર અંતરાત્માને પ્રકટ કરી દે છે.

* અર્થાત્ કેવળ ઈંદ્રિયોનું પોષણ કરનારા વિષયલુબ્ધ પુરુષો, સંસારમાંથી કોઇ કાળે મુક્ત થતા નથી.

સરી રહી હોય, તે દેશનો કયો પુરુષ ત્યાગ કરે ?[૪૨] જે દેશના મનુષ્યો, જ્ઞાનીપુરુષોપર વ્યર્થ દોષારોપ કરતા હોય, તે દેશમાં પોતાની માનપ્રતિષ્ઠાની ઇચ્છા રાખનારો કયો પંડિત નિવાસ કરે ?[૪૩] જે દેશમાં, લોભાધીન દુષ્ટ મનુષ્યોએ, ધર્મમર્યાદાઓને લગભગ તોડી પાડેલી હોય તે દેશની ઉપમા, જેના છેડાઓ બળવા માંડયા હોય તેવા વસ્ત્રના જેવીજ ગણાય, જેથી કયો બુદ્ધિમાન પુરુષ તેવા દુષ્ટ દેશનો ત્યાગ ન કરે ?[૪૪] માટે જે દેશના મનુષ્યો, અદેખાઇનો ત્યાગ કરીને નિઃશંકપણે ધર્માચરણ કરતા હોય, તે દેશમાંજ પુણ્યશાળી સાધુપુરુષોની વચ્ચે જ્ઞાની પુરુષે નિવાસ કરવો;[૪૫] પણ જે દેશના મનુષ્યો અર્થને નિમિત્તેજ ધર્માચરણ કરતા હોય અને ઘણે ભાગે પાપકર્મ કરવામાંજ પરાયણ રહેતા હોય, તે દેશમાં મુમુક્ષુ પુરુષે કદી પણ રહેવું નહિ;[૪૬] તેમજ જે દેશમાં કેવળ પાપકર્મ કરીનેજ મનુષ્યો આજીવિકા ચલાવતા હોય, તે દેશનો સર્પવાળા ઘરની પેઠે તત્કાળ ત્યાગ કરી દેવો.[૪૭] પોતાનું કલ્યાણ કરવાની ઇચ્છાવાળા પુરુષે, જે કર્મથી તીવ્ર દુઃખનો અનુભવ કરવો પડે અને જે કર્મથી ભવિષ્યમાં પશ્ચાત્તાપ કરવો પડે, તેવું કર્મ પ્રથમથીજ કરવું નહિ.[૪૮] જે દેશમાં રાજા અને રાજાના અધિકારીઓવચ્ચે કોઇ જાતનો ભેદ જોવામાં ન આવતો હોય અને જે દેશના મનુષ્યો કુટુંબીઓને ભોજન આપ્યા પહેલાં ભોજન કરી લેતા હોય, તે દેશનો પોતાનું હિત ઇચ્છનારા પુરુષે ત્યાગજ કરી દેવો.[૪૯] જે દેશમાં વેદવેત્તા બ્રાહ્મણોને સૌનાથી પ્રથમ જમાડવામાં આવતા હોય, વળી તે બ્રાહ્મણો નિત્યધર્મપરાયણ રહેતા હોય, સનાતન માર્ગને અનુસરતા હોય અને યાજન તથા અધ્યાપનકર્મમાં તત્પર રહેતા હોય, તે દેશમાં આત્મનિષ્ઠ પુરુષે નિવાસ કરવો.[૫૦] વળી જ્યાં સ્વાહા, સ્વધા અને વષટ્કારનું નિત્ય સારી પેઠે અનુષ્ઠાન ચાલી રહ્યું હોય, તે દેશમાં કોઇ જાતનો વિચાર કર્યા વિના અવશ્ય નિવાસ કરવો;[૫૧] પણ જે રાષ્ટ્રમાં વૃત્તિના અભાવથી કૃશ થયેલા અને તેથીજ અપવિત્ર આચરણ કરનારા બ્રાહ્મણો જોવામાં આવતા હોય, તે રાષ્ટ્રનો ઝેરવાળા માંસની પેઠે તુરતજ ત્યાગ કરી દેવો;[૫૨] પરંતુ જે દેશમાં મનુષ્યો, યાચના કર્યા વિનાજ પ્રસન્ન થઇને અન્નાદિક આપતા હોય તે દેશમાં આત્મનિષ્ઠ પુરુષે, કૃતાર્થની પેઠે શાંતચિત્ત થઇને નિવાસ કરવો.[૫૩] વળી જ્યાં વિનયહીન પુરુષોને યથાયોગ્ય શિક્ષા કરવામાં આવતી હોય અને મહાત્મા પુરુષોનો યથાયોગ્ય સત્કાર કરવામાં આવતો હોય, તે દેશમાં પુણ્યશાળી સત્પુરુષોની વચ્ચે સુખેથી રહેવું અને ત્યાં નિર્ભય થઇને વિચરવું;[૫૪] તેમજ જે દેશમાં વેદાંતશાસ્ત્રની ઈર્ષ્યા કરનારાઓને, સત્પુરુષો સામે દુરાચરણ કરનારાઓને, વિનયથી ભ્રષ્ટ થયેલાઓને તથા લોભી મનુષ્યોને ઘણીજ મોટી શિક્ષા કરવામાં આવતી હોય, તે દેશમાં જ્ઞાની પુરુષે નિઃશંક થઇને વસવું;[૫૫] અને જે દેશમાં નિત્ય ધર્મપરાયણ રહેનારો રાજા, ધર્મને અનુસરીનેજ રાજ્યનું પાલન કરતો હોય તેમજ પોતે સંપૂર્ણ સંપત્તિમાન હોય છતાં સર્વ વિષયાભિલાષોનો ત્યાગ કરનારો હોય, તે દેશમાં વિચાર કર્યા વિનાજ નિવાસ કરવો;[૫૬] કેમકે સદાચરણથી ભ્રષ્ટ નહિ થનારા રાજાઓ, પોતાના દેશમાં શ્રેયની હીનતા કરનારો પ્રસંગ ઉપસ્થિત થાય તોપણ પોતાની પ્રજાઓને કલ્યાણ માર્ગે દોરેજ છે.[૫૭] હે તાત ! તેં મને જેના સંબંધમાં પ્રશ્ન પૂછયો હતો, તે શ્રેયનો મેં તને ઉપદેશ આપ્યો, તોપણ આત્માસંબંધી શ્રેયના મુખ્ય સ્વરૂપનું વર્ણન કરવું તે તો અશકયજ છે.[૫૮] માત્ર મેં કહી તે દિશાએ વર્તન કરનારો પુરુષ, પ્રાણીઓનું હિત ઇચ્છીને સ્વધર્મનું આચરણ કરે, તો અવશ્ય મોક્ષરૂપ શ્રેયને પામેજ છે.”[૫૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦પર્વમાં “શ્રેયોવાચિક” નામનો અ૦ ૨૮૭ મો સમાપ્ત.

અધ્યાય ૨૮૮ મો

સગરને અરિષ્ટનેમિનો ઉપદેશ

॥ युधिष्ठिर उवाच ॥

कथं नु युक्तः पृथिवीं चरेदस्मद्विधो नृपः ॥
नित्यं कैश्च गुणैर्युक्तः संगपाशाद्विमुच्यते॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે પિતામહ ! મારા જેવો એક રાજા પૃથ્વીના પાલનકર્મમાં યુક્ત હોવાથી તમે કહેલા અહિંસાપ્રધાન ધર્મનું કેવી રીતે આચરણ કરી શકે ? અને કેવા ગુણોનો નિત્ય આશ્રય કરીને સંગપાશથી મુક્ત થઇ શકે ? તે મને કહો." [૧]

ભીષ્મે કહ્યું:–" આ વિષયમાં પણ એક પ્રાચીન ઇતિહાસ હું તમને કહું છું. તે ઇતિહાસમાં, પ્રશ્ન પૂછનારા સગર રાજાને અરિષ્ટનેમિએ જે ઉત્તર આપ્યો હતો તેનું વર્ણન કરવામાં આવ્યું છે." [૨]

એક સમયે સગરે અરિષ્ટનેમિને પૂછ્યું:–"હે બ્રહ્મન્? આ લોકમાં કયું ઉત્તમ કર્મ કરવાથી મનુષ્યને પરમ સુખ પ્રાપ્ત થાય ? અને શું કરવાથી મનુષ્યને શોક તથા ક્ષોભ પ્રાપ્ત ન થાય, એ જાણવાની મને ઇચ્છા છે."[૩]

ભીષ્મે કહ્યું:–" તાર્ક્ષ્યકુળમાં ઉત્પન્ન થયેલા અને સર્વ શાસ્ત્રોને જાણનારા અરિષ્ટનેમિને સગર રાજાએ એ પ્રમાણે પ્રશ્ન પૂછયો, એટલે વૈરાગ્યસંપત્તિનેજ સર્વના કરતાં શ્રેષ્ઠ જાણીને તેમણે આવો ઉત્તમ ઉપદેશ આપવા માંડયો.[૪] " હે રાજા ! આ જગતમાં મોક્ષસુખજ પરમ ઉત્કૃષ્ટ સુખ છે તોપણ પુત્ર, પશુ–વગેરેમાં આસક્ત રહેનારો અને ધન તથા ધાન્ય મેળવવામાં ગુંચવાઇ રહેલો મૂઢ પુરુષ તે મોક્ષસુખને જાણી શકતો નથી.[૫] ખરેખર, વિષયોમાં મગ્ન થઇ ગયેલી બુદ્ધિને માટે અને તૃષ્ણાથી આકુલ થઈ ગયેલા મનને માટે કોઇ જાતની ચિકિત્સા થઇ શકતી નથી. તેમજ જે મૂઢ પુરુષ સ્નેહરૂપ પાશથી જકડાઇ ગયેલો છે તેને માટે મોક્ષનો કદી સંભવજ નથી.[૬] હે રાજા ! સ્નેહથી ઉત્પન્ન થનારા પાશો કયા કયા છે તે હું તને કહું છું, તું સાંભળ; કેમકે સાવધાન રહીને જીવનારો જ્ઞાની પુરુષજ તે સ્નેહપાશનું વર્ણન સાંભળી શકે છે.[૭] હે સગર રાજા ! તારે તારા બાળકપુત્રોનું અમુક કાળપર્યંત પોષણ કરવું અને પછી તેઓ યુવાન થાય એટલે તેઓને પરણાવીને, તેમજ પોતાનું જીવન ચલાવવા તેઓ સમર્થ થયા છે એમ જાણીને, તેઓનો ત્યાગ કરવો ને પછી સુખેથી પોતાનું સ્વતંત્ર જીવન ગાળવું;[૮] તેમજ તારી લાડકવાઇ સ્ત્રીને પુત્રાદિકથી યુક્ત થયેલી, વૃદ્ધ અવસ્થાએ પહોંચેલી અને પુત્રો ઉપર પ્રેમ રાખનારી તું જાણે કે તુરતજ સમયની યોગ્યતાનો તથા મોક્ષરૂપ અંતિમ પુરુષાર્થનો મનમાં વિચાર કરીને તેનો પણ (તે સ્ત્રીનો પણ) તારે ત્યાગ કરી દેવો.[૯] પ્રથમ, ગૃહસ્થાશ્રમનો વિધિપૂર્વક સ્વીકાર કરીને ઇંદ્રિયોના સર્વ વિષયોનો તારે અનુભવ કરી લેવો અને પછી સંતાન ઉત્પન્ન થાય કે ન થાય, તોપણ સર્વનો ત્યાગ કરીને જેમ સુખ થાય તેમ જગતમાં વિચરવું–અર્થાત સંન્યાસી થઇને આત્મસાધન કરવું[૧૦] અને પછી વિષયો તરફની ઉત્સુકતાનો મૂળથીજ ઉચ્છેદ કરીને તેમજ સર્વ આશાઓનો સંપૂર્ણ ત્યાગ કરીને તું યથેચ્છ વિહાર કર અને દૈવેચ્છાથી પ્રાપ્ત થયેલા વિષયોપર રાગદ્વેષથી રહિત થા.[૧૧] હે રાજા ! એ પ્રમાણે મોક્ષના પ્રયોજનનું મેં તને સંક્ષેપમાં વર્ણન કરી બતાવ્યું, પણ હવે,પુનઃ વિસ્તારથી તેનું વર્ણન કરૂં છું તે તું સાંભળ.[૧૨] જેઓએ સ્નેહપાશોને તોડી નાખ્યા છે, તેવા મુક્ત પુરુષો ભયનો ત્યાગ કરીને સુખેથી જગતમાં વિચરે છે, પણ જેઓનું મન વિષયોમાં આસક્ત હોય છે તેવા પુરુષો અવશ્ય વિનાશ પામે છે.[૧૩] આપણે જોઇએ છીએ કે,આહારનો સંચય કરનારા મંકોડાઓ અને કીડીઓ અંતે વિનાશનેજ પામે છે; માટે જેઓ વિષયો ઉપર આસક્તિ રાખતા નથી તેઓ જગતમાં સુખી થાય છે,પણ વિષયો ઉપર આસક્તિ રાખનારાઓનો તો વિનાશજ થાય છે.[૧૪] તારી બુદ્ધિ મોક્ષ મેળવવા તત્પર થઇ હોય, તો " આ મારાં સંબંધીઓ મારાવિના કેવી રીતે રહી શકશે ?" આવી સ્વ-

જનોની ચિંતા તારે કરવી નહિ;[૧૫] કેમકે પ્રત્યેક પ્રાણી પોતાની મેળેજ ઉત્પન્ન થાય છે, પોતાની મેળેજ વૃદ્ધિ પામે છે અને પોતાની મેળેજ સુખ, દુઃખ તથા મૃત્યુને પણ પ્રાપ્ત કરે છે.[૧૬] જગતનો હરકોઇ મનુષ્ય પોતાનાં માતાપિતાએ સંગ્રહ કરેલા અન્નવસ્ત્રને અથવા પોતાની જાતમહેનતથી સંપાદન કરેલા અન્નવસ્ત્રને-પોતે જે મેળવે છે તે કેવળ પોતાનાં કર્મને લીધેજ મેળવે છે; કેમકે પૂર્વકર્મના ફળતરીકેજ સર્વને ઇષ્ટ કે અનિષ્ટ પ્રાપ્ત થાય છે.[૧૭] જેઓનાં ભક્ષ્યની વિધાતાએજ (કર્મનાં ફલ પ્રમાણે) વ્યવસ્થા કરી આપેલી છે, તેવાં સર્વ પ્રાણીઓ પોતપોતાનાં કર્મની રક્ષાતળે રહીનેજ જગતમાં ચોતરફ વિચર્યા કરે છે.[૧૮] મનુષ્ય, જે એક માટીનું પૂતળું છે, સર્વદા પરતંત્ર છે અને કેવળ શિથિલ મનનો છે; તેને પોતાના સંબંધીઓનું રક્ષણ કરવામાં અથવા પોષણ કરવામા કયું પ્રયોજન સિદ્ધ કરવાનું છે ?[૧૯] તું ઘણા ઘણા પ્રયત્નો કરે છે, છતાં તારા દેખતાં તારાં સ્વજનોનો મૃત્યુ નાશ કરે છે, તે ઉપરથીજ તારે સમજવું જોઈએ. (કે, સ્વજનોનું રક્ષણ કરવું તે તારા હાથમાં નથીજ.)[૨૦] તારાં સ્વજનો હજી જીવતાંજ હશે અને તારૂં ભરણપોષણ હજી અપૂર્ણજ રહ્યું હશે, તેવામાં તો તેઓનો ત્યાગ કરીને તું મરણ પામીશ અથવા તેઓના મરણ પછી પણ તારૂં મૃત્યુ થશેજ.[૨૧] તારા કેટલાએક સંબંધીઓ, જેઓ મરણ પામ્યા છે, તેઓ આ સમયે સુખી છે કે દુઃખી છે, તેનું તને લેશમાત્ર જ્ઞાન નથી. એ ઉપરથી તારે સમજવું જોઇએ કે, તું જ્યારે મરી જઇશ, ત્યારે તારા પુત્રાદિકને પણ એ વિષયનું જ્ઞાન રહેશે નહિ.[૨૨] તું મરણ પામીશ અથવા જીવતો રહીશ, તોપણ તારાં સ્વજનોને પોતપોતાનાં કર્મોનું ફળ અવશ્ય ભોગવવુંજ પડશે, એમ સમજીને તારે તારૂં પોતાનુંજ હિત કરવા તત્પર થવું જોઈએ.[૨૩] મારા આ કથનનો સંપૂર્ણ વિચાર કરીને તેમજ આ જગતમાં કોઇ કોઇનું સગું નથી, એવો નિશ્ચય કરીને તારે તારા મનને મોક્ષની અંદરજ પરોવવું જોઇએ. વળી ફરી પણ હું કહું છું તે તું સાંભળ.[૨૪]

જે પુરુષે, આ જગતમાં રહીનેજ ક્ષુધાનો, તૃષાનો, ક્રોધનો, લોભનો તથા મોહનો જય કર્યો છે, તે પુરુષજ ખરો સત્ત્વવાન અને મુક્ત ગણાય છે.[૨૫] જે પુરુષ દ્યૂત–જુગાર, મદિરાપાન, સ્ત્રીઓ અને મૃગયા–વગેરે માદક વિષયોમાં મોહને લીધે કદી આસક્ત થતો નથી, તે પુરુષજ સદાને માટે મુક્ત ગણાય છે.[૨૬] જે પુરુષ પ્રત્યેક દિવસે અને પ્રત્યેક રાત્રિએ, “અરે રે! હવે મારે કયાંસુધી વિષયભોગ ભોગવવા પડશે” આવો મનમાં વિચાર કરીને વિષયભોગપ્રત્યે ખેદપૂર્વક દોષબુદ્ધિ કરે છે, તે પુરુષજ ખરો મુક્ત કહેવાય છે.[૨૭] જે પુરુષ સાવધાન થઇને નિત્ય વિચાર કરે છે કે, સ્ત્રીઓવિષેની જે આસક્તિ તેજ આત્માને પુનર્જન્મ આપનારી છે; અને એ પ્રમાણે વિચાર કરીને સ્ત્રીવિષેના અભિલાષથી સદા મુક્ત રહે છે, તે પુરુષજ યથાર્થરીતે મુક્ત થયેલો છે.[૨૮] જે પુરુષ, પ્રાણીમાત્રના જન્મને, વિનાશને તથા ચેષ્ટિતને યથાર્થ રીતે જાણે છે, તે પુરુષ જગતમાં રહ્યા છતાં મુક્તજ ગણાય છે.[૨૯] જે પુરુષ પોતાના ઘરમાં હજારો અને કરોડો ગાડાં ભરાય તેટલું ધાન્ય ભર્યું હોય છતાં તેમાંથી માત્ર એક શેર ધાન્યનેજ પોતાના શરીરનિર્વાહપૂરતું સમજે છે અને પોતાને રહેવાના મહેલમાં માત્ર એક ખાટલો ઢળાય તેટલી જગ્યાનેજ પોતાના ઉપયોગની જુએ છે, તે પુરુષ સંસારમાંથી મુક્ત થાય છે–અર્થાત્ જે પુરુષ અધિક સંગ્રહને વ્યર્થ જુએ છે, તેજ સંસારમાંથી છૂટી જાય છે.[૩૦] જે પુરુષ આખા જગતને મૃત્યુથી નાશ પામેલું, વ્યાધિઓથી પીડાયલું અને વૃત્તિના અભાવથી કૃશ થયેલું જુએ છે, તે પુરુષ સંસારબંધનથી મુક્ત થાય છે.[૩૧] જે પુરુષ પૂર્વોક્તરીતે જગતને મૃત્યુથી હણાયલું જુએ છે, તે સંતુષ્ટ રહે છે; પણ જે પુરુષ તે પ્રમાણે જોતો નથી તેનો વિનાશજ થાય છે. વળી જે પુરુષ માત્ર શરીરનિર્વાહપૂરતા અલ્પ અન્નથીજ સંતુષ્ટ રહે છે, તે પુરુષ આ

જગતમાં મુક્તજ ગણાય છે.[૩૨] જે પુરુષ જઠરાગ્નિને ભોક્તા માને છે, અન્નને ભોજ્ય માને છે અને પોતાને તે બન્નેથી ભિન્ન માને છે, તે પુરુષને સુખદુઃખાદિ અદ્ભુત ભાવો કદી સ્પર્શ કરી શકતા નથી–અર્થાત તે સુખી થતો નથી, તેમ દુઃખી પણ થતો નથી અને તેજ મુક્ત ગણાય છે.[૩૩] જે પુરુષ પલંગની શય્યાને તથા પૃથ્વીપરની શય્યાને સમાન માને છે, તેમજ ઉત્તમ ચોખાના ભોજનને તથા નિંદ્ય (કોદરીના) ભોજનને પણ સમાન માને છે, તે પુરુષ મુક્તજ ગણાય છે.[૩૪] વળી જે પુરુષ શણના વસ્ત્રને, દર્ભના વસ્ત્રને, રેશમી વસ્ત્રને, વૃક્ષની છાલના વસ્ત્રને, ઊનના વસ્ત્રને તથા ચામડાના વસ્ત્રને પણ સમાનજ માને છે, તે પુરુષ મુક્તજ ગણાય છે.[૩૫] જે પુરુષ સ્થાવરજંગમ સર્વ જીવસમુદાયને પાંચ મહાભૂતોથીજ ઉત્પન્ન થયેલો જુએ છે અને તે પ્રમાણે જોઈને લોકમાં સમદૃષ્ટિથી વર્તે છે, તે પુરુષ મુકતજ કહેવાય છે.[૩૬] જે પુરુષને સુખ–દુઃખ, લાભ–હાનિ, જય–પરાજય, ઇચ્છા–દ્વેષ, ભય અને ઉદ્વેગ એકસરખાંજ જણાય છે, તે પુરુષ સર્વથા મુકતજ છે.[૩૭] જે પુરુષ પોતાના શરીરને રુધિર, મૂત્ર, વિષ્ઠા–વગેરે અનેક દોષસમુદાયોથી ભરપૂર જુએ છે, તે પુરુષ જગતમાં રહ્યા છતાં મુક્તજ ગણાય છે.[૩૮] જે પુરુષ વળીઆં, પળીઆં, નબળાઈ, ફિક્કાશ અને કુબડાપણું– વગેરે શરીરના વિકારોને વૃદ્ધાવસ્થાથીજ ઉત્પન્ન થયેલા જુએ છે, તે પુરુષ સંસારના ફેરામાંથી છૂટી જાય છે.[૩૯] જે પુરુષ પુરુષાર્થના નાશને, દૃષ્ટિની મંદતાને, બહેરાટને તથા દુર્બળતાને કાળના યોગથીજ પ્રાપ્ત થયેલાં જુએ છે, તે પુરુષ સંસારના બંધનથી મુક્ત થાય છે.[૪૦] જે પુરુષ જાણે છે કે, ઋષિઓ, દેવો તથા અસુરો પણ આ લોકનો ત્યાગ કરીને પરલોકમાં ગયા છે, (તો પછી હું કોણ માત્ર ?) તે પુરુષ જન્મમરણના સપાટામાંથી છૂટી જાય છે.[૪૧] મોટા પ્રભાવશાળી ગણાતા જગતના હજારો મહારાજાઓ આ પૃથ્વીનો ત્યાગ કરીને પરલોકમાં સિધાવી ગયા છે. (તો પછી મારો તે શો હિસાબ ?) આમ જાણનારો પુરુષ સંસારમાંથી મુક્ત થાય છે.[૪૨] જે પુરુષ માને છે કે, આ જગતમાં ધનાદિક અર્થો અત્યંત દુર્લભ છે, માત્ર કલેશોજ અત્યંત સુલભ છે અને કુટુંબનું પોષણ કરવામાં કેવળ દુઃખજ સમાયલું છે, તે પુરુષ સંસારના બંધનથી છૂટી જાય છે.[૪૩] આ મનુષ્યલોકમાં એવો કયો પુરુષ છે, કે જે લગભગ સર્વ મનુષ્યોને ગુણરહિત જુએ છે અને પોતાની સંતતિને પણ કેવળ નિર્ગુણ અથવા નિષ્ફળ જાણે છે, છતાં મોક્ષ ઉપર પ્રીતિ ન કરે ![૪૪] જે મનુષ્ય શાસ્ત્રમાંથી તથા લોકવ્યવહારમાંથી જ્ઞાન સંપાદન કરીને જ્ઞાની થયેલો છે, તે મનુષ્ય જગતના સર્વ પદાર્થને અસાર સમજે છે અને તેજ મનુષ્ય સર્વથા મુક્ત ગણાય છે.[૪૫]

હે સગર રાજા ! મેં કહેલાં આ વચનોનું શ્રવણ કરીને તું ગૃહસ્થાશ્રમમાં રહે કે સંન્યાસાશ્રમમાં રહે, તોપણ બુદ્ધિની વ્યાકુળતા દૂર કરીને કેવળ મુક્તની પેઠેજ વિચરજે.[૪૬]

(ભીષ્મે કહ્યું:–)હે યુધિષ્ઠિર! અરિષ્ટનેમિનાં એ વચનો સાંભળ્યા પછી રાજા સગર, મોક્ષજનક ઉત્તમ ગુણોથી યુક્ત થયો અને સારીરીતે પ્રજાનું પાલન કરવા લાગ્યો.[૪૭]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"સગર અને અરિષ્ટનેમિનો સંવાદ" એ
વિષયનો અધ્યાય ૨૮૮ મો સમાપ્ત.

અધ્યાય ૨૮૯ મો

શુક્રાચાર્યનું ચરિત્ર

॥ युधिष्ठिर उवाच ॥

तिष्ठते मे सदा तात कौतूहलमिदंहृदि ॥
तदहं श्रोतुमिच्छामि त्वत्तः कुरुपितामह

યુધિષ્ઠિરે પૂછ્યું:–"હે કુરુવંશી પિતામહ! મારા હૃદયમાં એક વિષયનું કૌતુક સદાને માટે રહ્યા કરે છે, માટે તે વિષયનું તમારી પાસેથી શ્રવણ કરવાની મારી ઈચ્છા છે.[૧] મહાબુદ્ધિમાન દેવર્ષિ શુક્રાચાર્ય, અસુરોનું હમેશાં પ્રિય કરે છે અને દેવોનું સદાય અપ્રિય કરે છે, તેનું શું

કારણ ?[૨] દાનવોએ મોટા મોટા દેવોની સાથે સદાકાળ વૈરજ બાંધ્યાં છે છતાં શુક્રાચાર્યે, મહાતેજસ્વી એવા દેવતાઓના તેજનો શામાટે નાશ કર્યો હતો ?[૩] વળી દેવસમાન કાંતિવાળા શુક્રાચાર્યે પોતાનું 'શુક્ર' એવું નામ કેવી રીતે પ્રાપ્ત કર્યું હતું ? તેમણે એવી મહાન સમૃદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી હતી? તે સર્વ મને કહો.[૪] શુક્રાચાર્ય મહાતેજસ્વી છે, છતાં આકાશના મધ્યભાગમાં કેમ ગતિ કરી શકતા નથી?* હે પિતામહ! એ વૃત્તાંત સંપૂર્ણ રીતે જાણવાની મને ઇચ્છા છે."[૫]

ભીષ્મે કહ્યું:-"હે નિર્દોષ રાજા! મેં એ વૃત્તાંતનું પૂર્વે જે પ્રમાણે શ્રવણ કર્યું છે, તે પ્રમાણેજ હું તમને મારી બુદ્ધિ પ્રમાણે કહું છું, માટે સાવધાન થઇને તમે સાંભળો.[૬] ભૃગુના પુત્ર મુનિ શુક્રાચાર્ય જગતમાં માન્ય ગણાય છે અને તીવ્ર વ્રતને ધારણ કરનારા છે; છતાં તેમણે દેવોનું અપ્રિય કર્યું હતું, તેમાં એક મહાન કારણ છે.×[૭]

હવે એક સમયે એવું બન્યું કે, મહાન ઐશ્વર્યવાળો રાજા કુબેર કે જે યક્ષો તથા રાક્ષસોનો અધિપતિ છે અને ધનના ભંડારનો તથા જગતનો પ્રભુ છે, તેના શરીરમાં યોગથી સિદ્ધ થયેલા મહામુનિ શુક્રાચાર્યે પ્રવેશ કર્યો અને પોતાના યોગબળથી કુબેરને જકડી લઇને તેના દ્રવ્યને હરી લીધું.[૮,૯] પોતાના ધનનું શુક્રાચાર્યે હરણ કર્યું, એટલે કુબેરની વ્યાકુળતા વધી પડી. તેણે ક્રોધ અને ઉદ્વેગના આવેશમાં આવી જઈ મહાદેવનું શરણ લીધું અને જગતનું કલ્યાણ કરનારા, મહાતેજસ્વી મહાદેવ કે, જે રુદ્ર, સૌમ્ય તથા અનેક પ્રકારનાં સ્વરૂપોને ધારણ કરનારા છે, તેમને કુબેરે નિવેદન કર્યું કે:-"હે ભગવન્! મહા તપસ્વી યોગાત્મા શુક્રાચાર્ય, પોતાના યોગબળથી મારા શરીરમાં દાખલ થયો હતો અને મારા દ્રવ્યનું હરણ કરીને ક્યાંક પસાર થઈ ગયો છે."[૧૦-૧૨] હે રાજન્! કુબેરનું એ વચન સાંભળી, મહાયોગી મહેશ્વરને ઘણોજ ક્રોધ ચઢ્યો, તેમનાં નેત્રો એકદમ લાલચોળ બની ગયાં અને હાથમાં ત્રિશૂલ લઈને તે ઉભા થઈ ગયા.[૧૩] પોતાનું મહાન આયુધ હાથમાં લઇને મહાદેવ બોલી ઉઠ્યા કે:-"એ શુક્ર ક્યાં નાસી ગયો? ક્યાં પલાયન થઈ ગયો?" તે સમયે શંકરના અભિપ્રાયને જાણી લઇને શુક્રાચાર્યે, તેમનાથી દૂર ઉભા રહીને પોતાના આત્માને પ્રકટ કર્યો અને મહાન યોગેશ્વર મહાત્મા શંકરને ક્રોધાયમાન થયેલા જાણી યોગસિદ્ધિ શુક્રાચાર્ય મોટા ગભરાટની સાથે વિચારમાં પડી ગયા કે, "મારે

---

* યુધિષ્ઠિરના આ પ્રશ્ન ઉપર ટીકા કરતાં નીલકંઠ લખે છે કે, જેમ વસિષ્ઠ આદિ સપ્તર્ષિમંડળનાં દિવ્ય અને પાર્થિવ-એવાં બે સ્વરૂપો છે, તેમ શુક્રાચાર્યનાં પણ દિવ્ય અને પાર્થિવ-એવાં બે સ્વરૂપો છે; પરંતુ સપ્તર્ષિમંડળનાં બન્ને સ્વરૂપો આકાશમાં ગતિ કરી શકે છે, તે પ્રમાણે શુક્રાચાર્યનાં બન્ને સ્વરૂપો આકાશમાં ગતિ કરી શકતાં નથી. માત્ર તેમનું દિવ્ય સ્વરૂપજ ગ્રહના આકારે આકાશમાં ગતિ કરી શકે છે. એ ઉપરથી યુધિષ્ઠિરને શંકા થાય છે કે, સપ્તર્ષિઓનાં બન્ને સ્વરૂપોની પેઠે શુક્રાચાર્યનાં બન્ને સ્વરૂપો આકાશમાં ગતિ કેમ કરી શકતાં નથી ? અર્થાત યુધિષ્ઠિરનો આ પ્રશ્ન શુક્રાચાર્યના દિવ્ય સ્વરૂપવિષેનો નથી, પણ તેમના પાર્થિવ સ્વરૂપવિષેનોજ છે, એમ સમજવું.

× આના સંબંધમાં આવી એક પુરાણી આખ્યાયિકા છે:-પૂર્વે, અસુરો દેવતાઓને દુઃખ દઇને ભૃગુ ઋષિની પત્નીના આશ્રમમાં પેસી જતા હતા, જેથી દેવો, તેણીના તપોબળથી ત્યાં આવી શકતા ન હતા. પછી અસુરોનો ઘણોજ ત્રાસ થવા લાગ્યો અને દેવતાઓ ઘણાજ દુઃખી થવા લાગ્યા, ત્યારે સર્વ દેવગણો એકઠા મળીને વિષ્ણુને શરણે ગયા. વિષ્ણુએ જોયું કે દેવતાઓ, અસુરોને પહોંચી શકે તેમ નથીજ; કેમકે અસુરોને ભૃગુપત્નીના આશ્રમનો મહાન આશ્રય છે. પછી તેમણે પોતાનું સુદર્શન ચક્ર ફેંકીને ભૃગુ ઋષિની પત્નીનોજ પ્રથમ શિરચ્છેદ કર્યો અને પછી ત્યાં ભરાઈ પેઠેલા અસુરોનો પણ નાશ કરી નાખ્યો. તે સમયે જે અસુરો વિષ્ણુના સપાટામાંથી નાસી છૂટયા હતા, તેઓએ ભૃગુના પુત્ર શુક્રાચાર્યને શરણે જઇને તેમની માતાના મરણના સમાચાર સાથે પોતાના દુઃખનું વૃત્તાંત નિવેદન કર્યું, એટલે શુક્રાચાર્યે માતાના વધથી ક્રોધાયમાન થઇને અસુરોને અભયદાન આપ્યું અને દેવોને દુઃખ દેવા માંડયું.

હવે શું કરવું ? શું મારે અહીંજ ઉભા રહેવું અથવા અહીંથી દૂર નાસી જવું કે શંકરને શરણે જવું ?" [૧૪,૧૫] પછી યોગસિદ્ધ શુક્રાચાર્યે પોતાના ઉગ્ર તપોબળથી મહાત્મા મહેશ્વરનું ચિંતન કરીને તેમના ત્રિશૂલની અણી ઉપરજ દેખાવ દીધો. [૧૬] ધનુર્ધારી શંકરે, શુક્રાચાર્યને પોતાના ત્રિશૂલ ઉપર બેઠેલા જાણી મનમાં વિચાર કર્યો કે, 'ખરેખર, આ શુક્ર તપોબળથી સિદ્ધ થયો છે.' પછી ત્રિશૂલ ઉપર બેઠેલા શુક્રાચાર્યને ત્રિશૂલવડેજ પ્રહાર કરવાનું અશક્ય જાણીને મહાદેવે, પોતાના હાથવડે ત્રિશૂલને ધનુષના આકારમાં વાળી નાખ્યું. અને તેથીજ તે ત્રિશૂલનું 'પિનાક ધનુષ' એવું નામ જગતમાં પ્રસિદ્ધ થયું છે. [૧૭]× મહાતેજસ્વી અને ઉગ્ર આયુધને ધારણ કરનારા પ્રભુ શંકરે, પોતાના ત્રિશૂલને પિનાક ધનુષના આકારમાં વાળી નાખ્યું એટલે શુક્રાચાર્ય મહાદેવના હાથ ઉપરજ બેસી ગયા. [૧૮] પછી પોતાના હાથ ઉપર બેઠેલાને ધનુષથી નજ વીંધી શકાય, એમ જાણીને દેવોના પટ્ટાધિપતિ ભગવાન ઉમાપતિએ, પોતાના બીજા હાથવતી શુક્રાચાર્યને પકડીને મુખ પહોળું કરી ધીરેથી તેમાં ફેંકી દીધા. [૧૯] મહાસમર્થ મહાત્મા શુક્રાચાર્ય, મહેશ્વરના ઉદરમાં પેઠા તોપણ ત્યાં ચોબાજુ વિચરવા લાગ્યા.* [૨૦]

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે રાજન્ ! મહાતેજસ્વી મુનિ શુક્રાચાર્ય દેવના દેવ અને બુદ્ધિમાન ભગવાન શંકરના ઉદરમાં જઇને આસપાસ વિચરવા લાગ્યા, પણ અન્નની પેઠે પચી કેમ ન ગયા? અને તેમણે કેવા પ્રકારનું તપ કર્યું હતું ? તે મને કહો. [૨૧]

ભીષ્મે કહ્યું:-હે રાજન્ ! પૂર્વે મહાવ્રતધારી ભગવાન શંકરે, વૃક્ષના ઠુંઠાની પેઠે જળમાં સ્થિર રહીને હજારો અને અબજો વર્ષોસુધી તપશ્ચર્યા કરી હતી. [૨૨] એ પ્રમાણે કઠિન તપ કર્યા પછી તે દેવ, મોટા એક ધરામાંથી જ્યારે બહાર નીકળ્યા હતા, ત્યારે દેવાધિદેવ બ્રહ્માએ તેમની પાસે આવીને તપની વૃદ્ધિના વિષયમાં તથા કુશળતાના સંબંધમાં પ્રશ્ન પૂછ્યા હતા અને તે સમયે વૃષભધ્વજ શંકરે "તપશ્ચર્યા ઘણીજ ઉત્તમ થઈ છે" એવો ઉત્તર આપ્યો હતો; [૨૩,૨૪] પરંતુ મહા બુદ્ધિમાન, અચિંત્યસ્વરૂપ અને સત્ય ધર્મમાં પરાયણ રહેનારા ભગવાન શંકરે, પોતાના ધ્યાનબળથી જોઈ લીધું કે, મારા તપના યોગથી મારા ઉદરમાં રહેલો શુક્રાચાર્ય પણ મોટો તપસ્વી બની ગયો છે. [૨૫] હે મહારાજા! મહાયોગી અને વીર્યવાન તે શુક્રાચાર્ય, શંકરના તપયોગથી અને કુબેરની પાસેથી હરી આણેલા ધનના યોગથી સંપન્ન થઇને ત્રણે લોકમાં પ્રકાશી રહ્યા હતા. [૨૬] પછી પિનાકને ધારણ કરનારા યોગાત્મા શંકરે, શરીરનાં સર્વ દ્વારોનો નિરોધ કરીને જેવું ધ્યાનાસન લગાવ્યું, કે તુરતજ તેમના ઉદરમાં રહેલા શુક્રાચાર્ય, અત્યંત ઉદ્વિગ્ન થઇને આમતેમ ભમવા લાગ્યા [૨૭] અને તે મહાયોગીએ, ત્યાંથી બહાર નીકળવાની ઇચ્છાથી ત્યાં રહ્યા રહ્યા પણ મહાદેવની સ્તુતિ કરી અને ઘણા ઘણા પ્રયત્નો કર્યા; પરંતુ શંકરે તેમને રૂંધીજ રાખ્યા. [૨૮] પછી હે શત્રુદમન રાજા! મહામુનિ શુક્રાચાર્યે, શંકરના ઉદરમાં રહીને આ પ્રમાણે વારંવાર પ્રાર્થના કરી કે:-" હે ભગવન્ ! તમે મારાપર કૃપા કરો." [૨૯] તે સાંભળી દેવોમાં શ્રેષ્ઠ મહાદેવે શરીરનાં સર્વ છિદ્રોને રૂંધી દઇને શુક્રાચાર્યને કહ્યું:-" તું મારા લિંગના માર્ગે થઈને બહાર નીકળ. " [૩૦] પરંતુ શુક્રાચાર્ય ચોતરફથી રૂંધાઈ ગયેલા હોવાથી, શંકરના લિંગદ્વારને પણ તે સમયે જોઇ શકયા નહિ, જેથી શંકરના જઠરાગ્નિવડે બળું બળું થઇ જઇને ઉદરમાં ને ઉદરમાં ભટકવા લાગ્યા. [૩૧] એ રીતે કેટલોક કાળ ભટકયા પછી લિંગના માર્ગે થઇને તે બહાર નીકળ્યા અને તે દિવસથી આરંભીને આ કારણને "શુક્ર" એવા નામાંતરને પ્રાપ્ત થયા.

× આ ઉપરથી પિનાક શબ્દ "**पाणिना अनामयत् इति पिनाकं**" આવી વ્યુત્પત્તિથી સિદ્ધ થયો છે, એમ પ્રદર્શિત કર્યું છે.

* અર્થાત્ મહાદેવના ઉદરમાં ગયા પછી પણ શુક્રાચાર્ય આમતેમ ઘૂમતા હતા, પણ અન્નની પેઠે પચી ગયા ન હતા.

લીધેજ શુક્રાચાર્ય, આકાશમાં ગતિ કરી શકતા નથી.*[૩૨] તેજથી જાજ્વલ્યમાન દેખાતા શુક્રાચાર્યને લિંગદ્વારા બહાર નીકળેલા જોઇ શંકરને ઘણોજ ક્રોધ ચઢી ગયો. તેમણે ત્રિશૂલ હાથમાં લઇને શુક્રાચાર્યને મારી નાખવાની તૈયારી કરી;[૩૩] પરંતુ દેવી પાર્વતીએ ક્રોધાયમાન થયેલા પોતાના પતિને તેમ કરતા અટકાવ્યા. એ પ્રમાણે દેવીએ, શંકરને અટકાવ્યા (અને શુક્રાચાર્યનું રક્ષણ કર્યું) તેથી શુક્રાચાર્ય દેવીના પુત્રપણાને પામ્યા છે.

દેવીએ શંકરને કહ્યું કેઃ-"હે દેવ! આ બ્રાહ્મણની હિંસા કરવી તે આપને યોગ્ય નથી; કેમકે આપના લિંગમાર્ગે બહાર નીકળીને તે મારો પુત્ર થયો છે. વળી હરકોઇ પ્રાણી, જે આપના ઉદરમાંથી બહાર નીકળે તેનો કદી નાશ થાયજ નહિ."

દેવીનું એ વચન સાંભળીને ભગવાન શંકર પ્રસન્ન થયા. તેમણે હસતાં હસતાં દેવીને કહ્યું કેઃ-" ભલે, તેને જ્યાં જવું હોય ત્યાં સુખેથી જાય." હે રાજન્! શંકરે એ પ્રમાણે કહ્યું, એટલે મહાબુદ્ધિમાન મુનિ શુક્રાચાર્ય, વર આપનારા દેવ શંકરને તથા દેવી પાર્વતીને પ્રણામ કરીને પોતાના ઇષ્ટસ્થાને ચાલ્યા ગયા.[૩૬,૩૭] હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા! તમે મને પૂછયું હતું, માટે મહાત્મા શુક્રાચાર્યનું આ ચરિત્ર મેં તમને કહ્યું. (બોલો, હવે બીજું શું સાંભળવાની તમારી ઇચ્છા છે?)

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "શંકર અને શુક્રાચાર્યનો સમાગમ" એ વિષયનો અ૦ ૨૮૯ મો સમાપ્ત.

અધ્યાય ૨૯૦ મો

પરાશરગીતા-કર્મોની ગહન ગતિ!

॥ युधिष्ठिर उवाच ॥

अतः परं महाबाहो यच्छ्रेयस्तद्ब्रवीहि मे ॥
न तृप्याम्यमृतस्येव वचसस्ते पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછયુંઃ-હે મોટી ભુજાઓવાળા પિતામહ! મનુષ્ય જેમ અમૃતપાન કરીને તૃપ્ત ન થાય, તેમ હું તમારાં વચનો શ્રવણ કરીને તૃપ્તજ થતો નથી; માટે હજી પણ મને કહો, કે જગતમાં પરમ કલ્યાણ કયું?[૧] હે મહાપુરુષ! કયું શુભ કર્મ કરવાથી પુરુષ આ લોકમાં તથા પરલોકમાં પરમ શ્રેય સંપાદન કરે, તે મને કહો."[૨]

ભીષ્મે કહ્યુંઃ-" આ વિષયમાંજ પૂર્વે મહાયશસ્વી રાજા જનકે, મહાત્મા પરાશરને જે પ્રશ્ન પૂછયો હતો તે હું તમને કહું છું, સાંભળો.[૩] (જનક રાજાએ પરાશરને આ પ્રમાણે પૂછયું હતું કે,) " પ્રાણીમાત્રને આ લોકમાં તથા પરલોકમાં જાણવા યોગ્ય પરમ શ્રેય કયું છે, તે મને કહો."[૪] જનક રાજાના એ પ્રશ્નને સાંભળ્યા પછી સર્વ ધાર્મિક આચારને જાણનારા તપસ્વી મુનિ પરાશરે, રાજાના ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી આ પ્રમાણે કહેવા માંડયું.[૫]"

પરાશરે કહ્યુંઃ-" હે રાજા! સારી રીતે આચરેલો ધર્મજ આ લોકમાં તથા પરલોકમાં શ્રેયસ્કર થઈ પડે છે; માટે વિદ્વાનો કહે છે કે, ધર્મના જેવું પરમ શ્રેય બીજું એક પણ નથી.[૬] હે મહારાજા! મનુષ્ય, ધર્મનો અંગીકાર કરીને સ્વર્ગલોકમાં પૂજાય છે અને પ્રાણીમાત્રનો તે તે ધર્મ, યજ્ઞયાગાદિ કર્મવિધિરૂપજ છે.[૭] આ ધર્મમાં રહીને પ્રત્યેક આશ્રમીઓ પોતપોતાનાં કર્મો કરે છે. હે તાત! આ જગતમાં ચારે વર્ણોને માટે ચાર પ્રકારની આજીવિકાનું શાસ્ત્રમાં વિધાન કરવામાં આવ્યું છે; ÷

---

* જેમ આપણે મનુષ્યો, લિંગદ્વારાજ જગતમાં ઉત્પન્ન થઇએ છીએ, જેથી આપણી ગતિ આકાશમાર્ગે થઈ શકતી નથી, તેમ શુક્રાચાર્યનું પાર્થિવ શરીર પણ શંકરના લિંગદ્વારાજ બહાર પડયું, જેથી તેની આકાશમાં ગતિ થઇ શકતી નથી-અર્થાત્ જેમ પરશુરામે રામચંદ્રનો અપરાધ કરીને પોતાની દિવ્યગતિ ગુમાવી હતી, તેમ શુક્રાચાર્યે કુબેરનું ધન હરીને શંકરનોજ અપરાધ કર્યો હતો, જેથી પોતાની સ્વર્ગગતિ ગુમાવી હતી.

÷ જેમકે, બ્રાહ્મણે પ્રતિગ્રહરૂપ આજીવિકાનો આશ્રય કરવો, ક્ષત્રિયોએ પ્રજાઓપાસેથી કર લઇને આજીવિકા ચલાવવી, વૈશ્યોએ ખેતીવાડી તથા વ્યાપાર કરીને આજીવિકા ચલા-

અને મનુષ્યો શાસ્ત્રમાં કહેલી જે જે આજીવિકામાં સ્થિર થાય છે, તે તે સર્વ આજીવિકાઓ માત્ર સંકલ્પથીજ પ્રવૃત્ત થાય છે.૮,૯ પોતાની આજીવિકા ચલાવવામાટે મનુષ્યો અનેક પ્રકારના માર્ગોદ્વારા પુણ્ય તથા પાપકર્મનું સેવન કરે છે અને પછી જ્યારે તેઓ મરણ પામે છે, ત્યારે તેઓની પોતપોતાનાં કર્મ પ્રમાણે અનેક ગતિઓ થાય છે.*૧૦ જોકે, સાધારણ રીતે પ્રાણીમાત્રની સમાનતાજ હોય છે, તોપણ જેમ એકાદ ત્રાંબાના વાસણને સોનાનો અથવા રૂપાનો ઢોળ ચઢાવવાથી તે જાણે સોનાનું અથવા રૂપાનું હોય તેવું બની જાય છે, તેમ પ્રાણી પણ પૂર્વકર્મના પુણ્યપાપરૂપ ઢોળથી રંગાઇને પુણ્યયોનિમાં અથવા પાપયોનિમાં અવતરે છે.૧૧ જગતનો કોઇ પણ પદાર્થ તેના બીજ–મૂળકારણવિના ઉત્પન્ન થતોજ નથી. (અર્થાત પુણ્યપાપરૂપ બીજને લીધેજ પ્રાણી પુણ્ય તથા પાપી યોનિમાં જન્મે છે.) વળી પૂર્વજન્મમાં જો પુણ્યકર્મ કર્યું ન હોય તો મનુષ્યને કદી સુખજ મળતું નથી; પરંતુ પુણ્યકર્મ કરીનેજ મનુષ્ય મરણ પછીના બીજા જન્મમાં સુખને પામે છે.×૧૨ જોકે આ પુણ્યપાપના સંબંધમાં કેટલાએક નાસ્તિકો આ પ્રમાણે કહે છે કે, “પૂર્વજન્મમાં કરેલાં પુણ્યપાપરૂપ દૈવ, પ્રાણીઓને સુખદુઃખ આપવામાં સાધનભૂત છે, એમ અમે માનતાજ નથી; કેમકે અગ્નિની ઉષ્ણતા જેમ સ્વાભાવિક છે, તેમ પ્રાણીઓ પણ સ્વાભાવિક રીતેજ સુખી અથવા દુઃખી થાય છે અને સ્વાભાવિક રીતેજ દૈવ, મનુષ્ય અથવા ગંધર્વ યોનિમાં ઉત્પન્ન થાય છે. તેમાં બીજું કંઇ કારણજ નથી.૧૩× વળી મનુષ્યો મૃત્યુ પછી પોતે પૂર્વજન્મમાં કરેલાં કર્મોનું સ્મરણ કરી શકતા નથી, તે ઉપરથી પણ જાણી શકાય છે કે, સુખદુઃખાદિરૂપ ફળની પ્રાપ્તિમાં નિત્ય, નૈમિત્તિક, કામ્ય અને નિષિદ્ધ–એમ ચાર પ્રકારનું કર્મજ કારણરૂપ છે, આવા પ્રકારની માન્યતા ભૂલભરેલી છે. ૧૪ જોકે, વેદમાં એવો

વવી અને શૂદ્રોએ ત્રણે વર્ણોની સેવા કરીને આજીવિકા ચલાવવી.

* જેમકે, અત્યંત પાપકર્મ કરનારાઓને પશુપક્ષીની જાતિમાં અવતરવું પડે છે, અત્યંત પુણ્યકર્મ કરનારાઓને સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે, પુણ્ય તથા પાપની સમાનતાવાળાઓને મનુષ્યપણું પ્રાપ્ત થાય છે અને જ્ઞાનદ્વારા પુણ્ય તથા પાપનો ઉચ્છેદ કરનારાઓને મુક્તિપદ પ્રાપ્ત થાય છે.

× આપણે અનુભવીએ છીએ કે, ઉનાળાની ઋતુમાં ધૂળમાં દટાયલાં બીજોને આપણે જોઈ શકતા નથી, પરંતુ વર્ષાઋતુમાં વૃષ્ટિના જળનો જેવો સંબંધ થાય છે કે તુરતજ તે બીજો ઉગીને બહાર નીકળે છે અને તે સમયેજ આપણે જાણીએ છીએ કે, આ સ્થળે પૂર્વે બીજ હોવાંજ જોઇએ. તે પ્રમાણેજ પૂર્વજન્મમાં કરેલાં કર્મોને આપણે જોઈ શકતા નથી; પરંતુ જયારે સમય આવે છે અને તે કર્મોનાં ફળરૂપ સુખદુ:ખાદિ જયારે પ્રકટ થાય છે, ત્યારે આપણે જાણી શકીએ છીએ કે, કર્મોનું અસ્તિત્વ છેજ; છતાં પણ આપણે કર્મોનું અસ્તિત્વ ન માનીએ તો કૃતનાશ અને અકૃતાભ્યાગમરૂપ દોષની પ્રાપ્તિ અવશ્ય થાય–અર્થાત કર્મોને જો ન માનવામાં આવે તો કરેલાં કર્મો વ્યર્થ થશે અને નહિ કરેલાં કર્મોનું ફળ પ્રાપ્ત થશે; માટે સિદ્ધ થાય છે કે, કર્મને લીધેજ પ્રાણી આ લોકમાં સુખ–દુઃખ ઉભયને પામે છે અને પરલોકમાં કેવળ સુખનોજ અનુભવ કરે છે.

× આ ચૌદમા શ્લોકનું ભાષાંતર મુંબઇની પ્રતના મૂળપાઠને અનુસરીને કરવામાં આવ્યું નથી; પણ ટીકાકાર નીલકંઠે દર્શાવેલા પાઠાંતરને અનુસરીનેજ કરવામાં આવ્યું છે; કેમકે આગળ પાછળનો સંબંધ જોતાં જણાય છે કે, ૧૩ મા શ્લોકથી આરંભીને ૧૫ મા શ્લોક સુધીમાં નાસ્તિક મતનુંજ પ્રથમ નિરૂપણ કરવામાં આવ્યું છે અને પછી ૧૬ મા શ્લોકથી આરંભીને તે મતનું ખંડન કરવામાં આવ્યું છે; માટે નીલકંઠે દર્શાવેલો પાઠાંતર અમને યોગ્ય જણાયો છે અને તે પાઠાંતર સ્વીકારીએ છીએ તોજ ૧૩ થી ૧૫ મા શ્લોક સુધીમાં નાસ્તિક મતનું નિરૂપણ સારી રીતે દેખાઇ આવે છે.

ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, 'પુણ્ય તથા પાપને લીધે મનુષ્ય સુખી અને દુઃખી થાય છે;' પરંતુ આ ઉલ્લેખનો વાસ્તવિક આશય એવોજ છે કે, તેને લીધે લોકવ્યવહારની બરાબર વ્યવસ્થા રહે અને દુઃખના સમયમાં મનુષ્યને શાંતિ મળે; (અર્થાત વેદની અંદર એવો ઉલ્લેખ કરવામાં ન આવ્યો હોત તો મનુષ્ય, બીજાની વૃદ્ધિ જોઇને તથા પોતાની હાનિ જોઇને ઘણો ઘણો સંતાપ કરત અને તેને લીધે પોતાના લૌકિક વ્યવહારથી ભ્રષ્ટ થાત; માટે તે ઉપરથી કર્મોનું અસ્તિત્વ કદી સિદ્ધ થાય તેમ નથીજ, કેમકે વેદોકત કર્મવાદ કેવળ કલ્પિતજ છે) અને તે કારણથીજ (બૃહસ્પતિ, ચાર્વાક આદિ) પ્રાચીન પુરુષોએ કર્મોનું અસ્તિત્વ સ્વીકાર્યું નથી.”[૧૫] હે જનક રાજા ! (નાસ્તિકોનો આ સ્વભાવવાદ કેવળ મૂર્ખાઇભરેલોજ છે; કેમકે) મનુષ્ય ઇંદ્રિય, મન, વાણી અને શરીરથી પુણ્ય, પાપ, નીતિ અને અનીતિરૂપ ચાર પ્રકારનું કર્મ અવશ્ય કરેજ છે; અને જેણે જેવા પ્રકારનું કર્મ કર્યું હોય, તેને તેવા પ્રકારનું ફળ મળેજ છે;[૧૬] તેમજ હે રાજા ! કોઇ સમયે મનુષ્યને સુખનો અનુભવ થાય છે, કોઇ સમયે દુઃખનો અનુભવ થાય છે અને કોઈ સમયે સુખનો તથા દુઃખનો બન્નેનો અનુભવ થાય છે, તેનું મૂળકારણ કર્મજ છે. (અને નાસ્તિકોના સ્વભાવવાદ પ્રમાણે તો અગ્નિનો સ્વભાવ જેમ સદાને માટે ઉષ્ણજ છે, તેમ એક મનુષ્ય એક વખત સુખી થયો એટલે સદાને માટે સુખી રહેવો જોઇએ અને એક વખત દુઃખી થયો એટલે સદાને માટે દુઃખીજ રહેવો જોઇએ; માટે સિદ્ધ થાય છે કે, સ્વભાવવાદ કેવળ પાયાવિનાનોજ છે.) મનુષ્યે પુણ્યકર્મ કર્યું હોય કેપાપકર્મ કર્યું હોય, પણ તેના ફળનો ભોગ કર્યાવિના તેનો કદી નાશ થતોજ નથી.[૧૭] હે તાત! કોઇ સમયે એવું પણ બને છે કે, એકાદ મનુષ્યમાં પુણ્ય તથા પાપ બન્ને રહેલાં હોય છે, તોપણ પાપની પ્રબળતાને લીધે તે મનુષ્ય, સંસારસમુદ્રમાં ડૂબકાં ખાતો ખાતો જ્યાંસુધી દુઃખમાંથી મુક્ત થતો નથી, ત્યાંસુધી તેનું પુણ્ય એક કૂટસ્થ-પક્ષપાતરહિતની પેઠે પાપનો વિરોધ કર્યા વિનાજ બાજુપર ઉભું રહે છે.[૧૮] પછી દુઃખનો જ્યારે ક્ષય થઇ જાય છે, ત્યારે મનુષ્ય પુણ્યકર્મના ફળનું સેવન કરે છે અને એજ પ્રમાણે હે રાજા! (પાપકર્મ ઓછું હોય તો) પુણ્યકર્મનો ક્ષય થઇ ગયા પછી પણ પાપકર્મના ફળને ભોગવવુંજ પડે છે;[૧૯] તોપણ દમ, ક્ષમા, ધૃતિ, તેજ, સંતોષ, સત્યવાદીપણું, લજ્જા, અહિંસા, અવ્યસનીપણું અને દક્ષતા-આ દશ ગુણો પાપપુણ્યનો મૂલમાંથીજ ઉચ્છેદ કરીને પરમ સુખ આપનારા થાયજ છે.[૨૦] મનુષ્ય સદાને માટે સુખી અથવા સદાને માટે દુઃખી કદી હોતોજ નથી; એમ સમજીને વિચક્ષણ પુરુષે, પોતાના મનનું સમાધાન કરવામાટે નિત્ય પ્રયત્ન કરવો.×[૨૧] જગતનો કોઇપણ મનુષ્ય બીજાના પુણ્યનું કે બીજાના પાપનું ફળ કદી પોતે ભોગવી શકતો નથી; પણ જેણે જેવું કર્મ કર્યું હોય, તેનેજ તેવું ફળ ભોગવવું પડે છે.[૨૨] પુરુષ, સુખદુઃખનાં હેતુરૂપ પુણ્યપાપનો તત્ત્વજ્ઞાનદ્વારા લય પમાડી દઈને જ્ઞાનમાર્ગદ્વારાજ ઇષ્ટ વસ્તુને (પરબ્રહ્મને) પામી શકે છે; કેમકે સ્ત્રીપુત્રાદિ મનુષ્યલોકના સંબંધીજનો તો બીજે માર્ગેજ પ્રયાણ કરનારા હોય છે.*[૨૩] જે પુરુષે, બીજાએ કરેલા જે કર્મને નિંદ્યગણી કાઢયું હોય અને દોષવાનતરીકે સર્વત્ર જાહેર કર્યું હોય, તે કર્મને તેણે પોતે કદી કરવું નહિ; તેમજ જે પુરુષ પોતે યોગી હોય છતાં બીજાઓપર દોષદષ્ટિ કરે તો જગતમાં ઉપહાસપાત્રજ થાય.[૨૪] હે રાજન્! જે મનુષ્ય ક્ષત્રિય હોવા છતાં બીકણ હોય, બ્રાહ્મણ હોવા છતાં સર્વભક્ષી હોય, વૈશ્ય હોવા છતાં નિઃસ્પૃહ હોય, હીન જાતિનો હોવા છતાં આળ-

---

×અર્થાત સુખદુઃખ-બન્નેને આગમાપાયી અથવા નાશવંત સમજીને તેની ઉપેક્ષા કર્યાપૂર્વક બ્રહ્મદર્શનના હેતુરૂપ સમાધિમાં યત્નશીલ થવું.

*અર્થાત સ્ત્રી, પુત્ર, પશુ, ગૃહ, ધન અને બાગબગીચા વગેરે પદાર્થો, પુરુષને સ્વર્ગ કે મોક્ષ મેળવવામાં લેશમાત્ર ઉપકારક નથી.

સુ હોય, વિદ્વાન હોવા છતાં દુરાચારી હોય, કુળવાન હોવા છતાં ચારિત્ર્યભ્રષ્ટ હોય, બ્રાહ્મણ હોવા છતાં સત્યભ્રષ્ટ હોય, સ્ત્રી હોવા છતાં વ્યભિચારિણી હોય, યોગી હોવા છતાં રાગી હોય, દેવાદિના નિમિત્તવિના કેવળ પોતાને માટેજ અન્નપાક કરતો હોય, મૂર્ખ હોવા છતાં બહુ વાચાળ હોય, જે રાષ્ટ્ર રાજાથી રહિત હોય અને જે મનુષ્ય વિરાગી થયેલો હોય છતાં યોગસાધનથી રહિત હોય, તેઓ સર્વે અતિ શોચનીય દશાને પામે છે.[૨૫,૨૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"પરાશરગીતા" એ વિષયનો અધ્યાય
૨૯૦ મો સમાપ્ત.

અધ્યાય ૨૯૧ મો

પરાશરગીતા-કર્મની ગહન ગતિ (ચાલુ)

॥ पराशर उवाच ॥

मनोरथरथं प्राप्य इंद्रियार्थहयं नरः ॥
रश्मिभिर्ज्ञानसंभूतैर्यो गच्छति स बुद्धिमान् ॥

પરાશરે કહ્યું:-"હે જનક રાજા! જે પુરુષ પરલોકમાં ગમન કરવાના સાધનરૂપ મનોમય શરીરને એક રથરૂપે પ્રાપ્ત કરીને, ઇંદ્રિયોના વિષયોને તેમાં જોડાયલા ઘોડાઓતરીકે જાણીને, જ્ઞાનરૂપ લગામના સાધનવડે મોક્ષમાર્ગમાંજ આગળ વધે છે, તે પુરુષ ખરો બુદ્ધિમાન ગણાય છે.[૧] હે દ્વિજ! કોઇ પ્રકારના આલંબનનો આશ્રય કર્યાવિના કેવળ મનરૂપેજ સ્થિતિ કરનારા અને સર્વ પ્રકારની વૃત્તિઓનો ત્યાગ કરનારા પુરુષે, ઈશ્વરના ધ્યાનરૂપ ભક્તિનોજ આશ્રય કરવો તે ઉત્તમ છે; પરંતુ તે ભક્તિ, કર્મોને ક્ષીણ કરનારા કોઇ બ્રહ્મવેત્તા ગુરુ પાસેથીજ સંપાદન કરેલી હોવી જોઇએ, નહિ કે પોતાની સમાન યોગ્યતાવાળા પુરુષ પાસેથી અથવા પરસ્પર ઉપદેશ કરીને તે ભક્તિ પ્રાપ્ત કરવી જોઇએ!*[૨] હે રાજા! આયુષ, જે મહાદુર્લભ છે, તેને સંપાદન કરીને વિષયોનું સેવન કરવામાંજ તેનો નાશ કરી નાખવો નહિ; પરંતુ પુણ્યકર્મનું સેવન કરીને ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ લાભ મેળવવા માટેજ મનુષ્યે યત્ન કરવો જોઇએ.[૩] પૂર્વે (વૃત્રગીતામાં) કહેલા કૃષ્ણ, ધૂમ્ર, નીલ, રક્ત, હારિત અને શ્વેત-એ છ વર્ણો, જે સત્વાદિક ગુણોના ઓછાવત્તાપણાને લીધે મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે, તે વર્ણોથી ભ્રષ્ટ થયેલો-અર્થાત્ ઉચ્ચ વર્ણનો હોવા છતાં નીચવર્ણને સ્વીકારી બેઠેલો પુરુષ જગતમાં માનપાત્ર થતો નથી; કેમકે ઉચ્ચ વર્ણના ઉત્તમ સત્કારને પામ્યો હોય છતાં જે પુરુષ નીચવર્ણના રાજસ કર્મનું સેવન કરે છે, તે તેની વર્ણભ્રષ્ટતાનું લક્ષણ છે અને તેવો પુરુષ શ્રેષ્ઠતરીકે કદી ગણાતોજ નથી.[૪] પુણ્યકર્મ કર્યાં હોય તોજ મનુષ્ય ઉચ્ચ વર્ણને પ્રાપ્ત કરે છે; અને જે પુરુષ, દુર્લભ એવા તે ઉચ્ચ વર્ણને પામ્યો નથી તે તો પોતાનાં પાપકર્મને લીધે આત્મહત્યાજ કરી બેસે છે-અર્થાત નરકાદિ દુઃખોમાંજ સબડ્યા કરે છે.[૫] મનુષ્ય, અજાણતાં કરેલાં પાપનોજ તપદ્વારા નાશ કરી શકે છે; પરંતુ જે પાપકર્મ પોતે જાણીજોઇને કર્યું હોય, તેમાંથી તો દુઃખનીજ ઉત્પત્તિ થાય છે; માટે દુઃખરૂપ ફળનો જેમાંથી ઉદય થાય છે તેવા પાપકર્મનું કદી સેવનજ કરવું નાહ.[૬] જેમ એક પવિત્ર પુરુષ કોઇ ચંડાલનું કદી સેવન કરતો નથી, તેમ બુદ્ધિમાન પુરુષે, જેનું પરિણામ ઘણુંજ પાપજનક હોય તેવા મહાન ફળવાળા કર્મનું પણ કદી સેવન કરવું નહિ.[૭] હું જોઈ શકું છું કે, પાપકર્મનું ફળ ઘણુંજ કષ્ટદાયી હોય છે; કેમકે પાપકર્મના પ્રભાવથી મનુષ્યની દૃષ્ટિ વિપરીત થઈ જાય છે અને તેને લીધે દેહાદિ તુચ્છ પદાર્થોમાં પણ મનુષ્યને આત્મબુદ્ધિ ઉત્પન્ન થાય છે.[૮] જે મૂર્ખ પુરુષ યોગમાર્ગમાં પ્રવૃત્ત થયેલો હોય છે, છતાં વૈરાગ્યવાસનાથી રહિત હોય છે, તે પુરુષને મુવાપછી નરકાદિ મહાન દુઃખો પ્રાપ્ત થાય છે અને તેને

---

* અર્થાત પરોક્ષ જ્ઞાન ધરાવનારા પુરુષોને પરસ્પર ઉપદેશ આપવાનો અધિકાર નથીજ, માટે તેવા પુરુષોએ અપરોક્ષ જ્ઞાન ધરાવનારા કોઇ જ્ઞાની પુરુષનેજ પોતાનો ગુરુ બનાવવો જોઇએ.

લીધે તેનો સંતાપ પણ વધી પડે છે.[૯] હે મનુષ્યોના ઇંદ્ર ! જે વસ્ત્ર સ્વભાવથીજ શુદ્ધ હોય, તેને બીજા હરકોઈ રંગોથી રંગવામાં આવ્યું હોય છતાં પાછળથી શુદ્ધ કરી શકાય છે; પણ ભીલામાના કાળા રંગથી રંગાયલા વસ્ત્રને અત્યંત પ્રયત્ન કરવા છતાં પણ શુદ્ધ કરી શકાતું નથી.એપ્રમાણેજ અજ્ઞાનથી કરેલા પાપવડે મલિન થયેલા અંતઃકરણને તપશ્ચરણ વગેરેથી શુદ્ધ કરી શકાય છે, પણ ખાસ જાણી જોઇને કરેલા પાપથી મલિન થયેલા અંતઃકરણને કદી શુદ્ધ કરી શકાતું નથી, એમ તારે જાણવું.[૧૦] જે પુરુષ, જાણી જોઇને પાપકર્મ કરી તેને દૂર કરવા માટે પાછળથી પ્રાયશ્ચિત્ત આદિ શુભકર્મ કરે છે,તે પુરુષને પાપનું તથા પુણ્યનું જૂદું જૂદું ફળ પ્રાપ્ત થાય છે, પણ તેણે કરેલા પ્રાયશ્ચિત્તથી તેના જાણી જોઇને કરેલા પાપનો કદી નાશ થતોનથી.[૧૧] બ્રહ્મવાદી બ્રાહ્મણો શાસ્ત્રોનાં પ્રમાણ આપીને કહે છે કે, અજાણતાં કરેલાં હિંસાદિક પાપોને અહિંસાદિક ધર્મનું પાલન કરવાથી દૂર કરી શકાય છે પણ જાણી જોઇને કરેલાં પાપોને કોઇ રીતે દૂર કરી શકાતાં નથી;×[૧૨,૧૩] પણ આ વિષયમાં મારો તો એવોજ મત છે કે, જે કોઇ કર્મ, ભલે પછી તે પુણ્યકર્મ હોય, પાપકર્મ હોય, અજાણથી થયું હોય, જાણી જોઇને કર્યું હોય, મહાન હોય કે અલ્પ હોય, તોપણ તેનું ફળ તેના કર્તાને અવશ્ય મળેજ છે.[૧૪] માત્ર તેમાં વિશેષ એટલોજ છે કે, જે કોઇ સ્થૂલ અથવા સૂક્ષ્મ કર્મ મન અને બુદ્ધિના નિશ્ચયપૂર્વક કરવામાં આવ્યાં હોય, તેનું ફળ તેના પ્રમાણમાંજ ભોગવવું પડે છે. અર્થાત્ સૂક્ષ્મ કર્મ કરેલું હોય તો સૂક્ષ્મસુખદુઃખાદિ પ્રાપ્ત થાય છે અને સ્થૂલકર્મ કર્યું હોય તો સ્થૂલ સુખદુઃખાદિ પ્રાપ્ત થાય છે.[૧૫]* હે ધર્મજ્ઞ રાજા! કોઇ સમયે અજાણતાં પણ મહા ભયંકર કર્મ થઇ જાય તો તેમાંથી નરક જેવું ઉગ્ર ફળ પ્રાપ્ત થાયજ છે. માત્ર વિશેષતા એટલીજ છે કે, જાણી જોઇને કરેલા કર્મનું જે ફળ પ્રાપ્ત થાય છે, તેના કરતાં અજાણતાં કરેલા કર્મનું ફળ અમુક અંશે અલ્પ હોય છે+[૧૬] ધર્માત્મા પુરુષે પ્રાચીન કાળના દેવતાઓનાં તથા મુનિઓનાં કર્મોને અનુસરીને તે પ્રમાણે વર્તવાનો આરંભ કરવો નહિ, તેમ તેઓનાં કર્મોનું શ્રવણ કરીને તેઓની નિંદા પણ કરવી નહિ;[૧૭]× પરંતુ હે રાજા! અમુક એક શુભ કર્મ પોતાનાથી બની

× ધર્મશાસ્ત્ર પણ કહે છે કે:-

प्रायश्चित्तैरपैत्येनो यदज्ञानकृतं भवेत् ।
बुद्धिपूर्वंकृते पापे प्रायश्चित्तं न विद्यते ॥

જે પાપ અજ્ઞાનથી થઈ ગયું હોય તેનેજ પ્રાયશ્ચિત્તોદ્વારા દૂર કરી શકાય છે, પણ જાણી જોઇને કરેલા પાપને માટે તો કોઇ પ્રાયશ્ચિત્તજ નથી.

* કહેવાનો આશય એ છે કે, જે કર્મ જાણી જોઇને કરેલું હોઇને ઘણુંજ મોટું હોય, તેનું ફળ તેના પ્રમાણમાંજ ભોગવવું પડે,એમાં તો કંઇ શંકાજ નથી; પણ જે કર્મ અજાણપણે થયું હોય તેનું પણ તેના પ્રમાણમાં કંઇક સૌમ્યતાવાળું ફળ ભોગવવુંજ પડે. તાત્પર્ય કે, “**कृतकर्मक्षयोनास्ति कल्पकोटिशतैरपि**” કરોડો કલ્પો થઇ જાય તોપણ કરેલાં કર્મોનો ભોગ કર્યાવિના નાશ નથીજ.

+ પરાશરના આ કથન ઉપર કેટલાએકને શંકા થવાનો સંભવ છે કે, વિશ્વામિત્રે વસિષ્ઠના સો પુત્રોને જાણીજોઇને મારી નાખ્યા હતા, છતાં તેને બ્રહ્મહત્યા કેમ ન લાગી? અને તેનો નરકમાં નિવાસ કેમ ન થયો ? તેમજ શ્રીકૃષ્ણે સોળ હજાર સ્ત્રીઓને ભોગવી છતાં તેમને બ્રહ્મચારી શામાટે કહેવામાં આવે છે?–આ શંકાનું સમાધાન કરવા માટેજ સત્તરમા શ્લોકનો આરંભ છે.

× કેમકે તેવા તેજસ્વી પુરુષો, પાપપુણ્યથી ઉદાસીન હોય છે, તેથી તેઓએ દુષ્ટકર્મ કર્યું હોય તોપણ તેઓને દોષજનક થતું નથી; પરંતુ બીજા સામાન્ય પુરુષને તો તેવું કર્મ આત્મઘાતકજ થઇ પડે છે. આવા આશયથીજ શ્રીમદ્ભાગવતમાં પણ કહ્યું છે કે, “**तेजस्विनो न दोषाय वह्नेः सर्वभुजो यथा**”–જેમ અગ્નિ સારા નરતા સર્વ પદાર્થોનું ભક્ષણ કરે છે, છતાં પોતાના તેજથી ભ્રષ્ટ થતો નથી, તેમ તેજસ્વી પુરુષ નિંદ્ય–અનિંદ્ય ગમે તે કર્મ કરે તોપણ તેને દોષ લાગતો નથી.

શકશે કે નહિ, એનો મનમાં વિચાર કરીને તેમજ તે કર્મના સ્વરૂપને સંપૂર્ણરીતે જાણીને જે પુરુષ તે કર્મ કરવાનો આરંભ કરે છે, તે પુરુષજ કલ્યાણોને જોઇ શકે છે.[૧૮] જેમ માટીના એક કાચા વાસણમાં પાણી ભરવામાં આવે છે, તો તે વાસણનોજ એકદમ નાશ થઇ જાય છે પણ પાકા વાસણમાં પાણી ભરવાથી તે વાસણનો કદી નાશ થતો નથી અને પાણીપર તેની અંદર સ્થિર થઇને રહે છે, તેમ જે કર્મો જ્ઞાનરહિત સામાન્ય મનુષ્યોને અતિશય બાધક થઈ પડે છે, તેજ કર્મો જ્ઞાનસંપન્ન મહાપુરુષોને લેશમાત્ર પણ બાધક થઇ શકતાં નથી.[૧૯] જેમ એક જળભરેલા પાત્રમાં બીજું પાણી રેડવાથી તેમાંહેના જળમાં વૃદ્ધિજ થાય છે, તેમ હે રાજા! જે કર્મો જાણી જોઇને કરવામાં આવ્યાં હોય, તે પાપજનક હોય કે પુણ્યકારક હોય, પણ તેના કર્તાનાં મૂળ કર્મોમાં વૃદ્ધિ કરનારાંજ થઈ પડે છે.[૨૦,૨૧] વસ્તુસ્થિતિ આવા પ્રકારની છે, તોપણ રાજાઓના વિશેષ ધર્મો તો એજ છે કે, તેઓએ પોતાના કરતાં બળવાન ગણાતા શત્રુઓને જીતવા, પ્રજાઓનું સારીરીતે પાલન કરવું, અગ્નિહોત્ર રાખવું, અનેક પ્રકારના યજ્ઞો કરીને ઇશ્વરનું પૂજન કરવું અને વૈરાગ્ય ઉત્પન્ન થાય તો મધ્યમ અવસ્થામાં નહિ તો અંત્ય અવસ્થામાં તો ખાસ કરીને વાનપ્રસ્થાશ્રમનોજ સ્વીકાર કરવો.[૨૨] હે નરેન્દ્ર! દમગુણને ધારણ કરનારા ધર્મશીલ પુરુષે પ્રાણીમાત્રને પોતાના આત્માતુલ્ય જોવાં અને ઉત્તમ ચારિત્ર્ય તથા પરબ્રહ્મને પ્રાપ્ત કરવા માટે પોતાની શક્તિ અનુસાર ગુરુઓની પૂજા કરવી; કેમકે ગુરુઓની પૂજા કરવાથીજ પરમસુખ મળે છે.[૨૩]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “પરાશરગીતા”એ વિષયનો અ૦ ૨૯૧ મો સમાપ્ત.

અધ્યાય ૨૯૨ મો

પરાશરગીતા—દાનમાહાત્મ્ય

॥ पराशर उवाच ॥

कः कस्य चोपकुरुते कश्च कस्मै प्रयच्छति ॥
प्राणी करोत्ययं कर्म सर्वमात्मार्थमात्मना ॥

પરાશરે કહ્યું:—આ જગતમાં કોણ કોના ઉપર ઉપકાર કરે છે? અને કોણ કોને આપી દે છે? પ્રાણી પોતેજ માત્ર પોતાને માટે સર્વ પ્રકારનાં કર્મો કરે છે.[૧] ગૌરવ અને સ્નેહથી રહિત થયેલો પોતાનો સગો ભાઇ હોય તોપણ તેનો મનુષ્ય ત્યાગ કરે છે, તો પછી ગૌરવ અને સ્નેહવિનાના સામાન્ય મનુષ્યનો ત્યાગ કરે, એમાં શું આશ્ચર્ય છે?*[૨] કોઇ પણ ઉત્તમ પુરુષને દાન આપવું અને કોઇ ઉત્તમ પુરુષ પાસેથી દાનનો પ્રતિગ્રહ કરવો—એ બન્નેનું ફળ એકસરખુંજ છે, તોપણ દ્વિજ વર્ણના પુરુષને પ્રતિગ્રહના કરતાં દાન દેવાથી અધિક પુણ્ય પ્રાપ્ત થાય છે.×[૩] શાસ્ત્રકારોએ આવો એક નિશ્ચય કર્યો છે કે, જે ધન ન્યાયમાર્ગે સંપાદન કરેલું હોય અને જે ધનની ન્યાયમાર્ગેજ વૃદ્ધિ કરી હોય, તે ધનને ખાસ ધર્મને માટેજ સાચવી રાખવું.[૪] વળી ધર્મ કરવાની ઇચ્છા રાખનારા પુરુષે, કોઇ પ્રકારનું ઘાતકી કર્મ કરીને ધન મેળવવું નહિ તેમજ પોતાની શક્તિ પ્રમાણે દાનાદિક કર્મો કરવાં; પણ અન્યાયમાર્ગે ધનસમૃદ્ધિ પ્રાપ્ત કરવાનો મનમાં વિચારસુદ્ધાં ન કરવો.[૫] જે પુરુષ નિર્ધન હોય, તેણે પોતાની શક્તિ પ્રમાણે અતિથિને પીવા માટે કે નહાવામાટે ઠંડું કે ગરમ જળ પણ અર્પણ કરવું, જેથી ભૂખ્યાને ભોજન આપ્યા જેટલું ફળ તેને મળે છે.[૬] મહાત્મા રંતિદેવે ફળ, મૂળ અને પાંદડાં અર્પણ કરીનેજ મુનિઓનો સત્કાર કર્યો હતો, છતાં તેણે જગતમાં ઇષ્ટ ગણાયલી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. રાજા શૈબ્યે પણ ફળ અને પાંદડાંજ અર્પણ કરીને સૂર્યનારાયણને પ્રસન્ન કર્યા હતા અને તેથી તેને પરમ સ્થાન પ્રાપ્ત થયું હતું.[૮] મનુષ્ય જેવો જન્મે છે, કે તુરતજ

---

*મતલબ કે, આખું જગત કેવળ સ્વાર્થીજ છે, માટે પોતાના આત્માનું હિતકારક કર્મ પોતે જાતેજ કરવું.

×અર્થાત્ નિર્ધન પુરુષે ઉત્તમ પુરુષ પાસેથી પ્રતિગ્રહ લઇનેજ દાનનું પુણ્ય પ્રાપ્ત કરવું, પણ ધનવાન પુરુષે તો સુપાત્રને દાન આપીનેજ પ્રતિગ્રહના કરતાં અધિક પુણ્ય પ્રાપ્ત કરવું.

દેવ, પિતૃ, અતિથિ અને માતાપિતા આદિ પોષ્યવર્ગના ઋણથી બંધાઇ જાય છે, માટે પ્રત્યેક મનુષ્યે એ ઋણમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરવો જોઈએ.[૯] તેમાં સ્વાધ્યાય કરીને મહર્ષિઓના ઋણમાંથી મુક્ત થવું, યજ્ઞયાગાદિ કરીને દેવોના ઋણમાંથી મુક્ત થવું, પિંડપ્રદાન કરીને પિતૃઓના ઋણમાંથી મુકત થવું, આદરાતિથ્ય કરીને મનુષ્યોના ઋણમાંથી મુક્ત થવું, વેદશાસ્ત્રનું અધ્યયન કરીને, પાંચ મહાયજ્ઞ કરીને તેમજ પ્રાણીમાત્રપર દયાળુ થઇને પોતાની જાતના ઋણમાંથી મુક્ત થવું અને જાતકર્માદિ સંસ્કારો કરીને પુત્રાદિના ઋણમાંથી મુક્ત થવું.[૧૦,૧૧] મુનિ લોકો ધનથી રહિત હોય છે, તોપણ ધ્યાન અને ધારણા આદિ પ્રયત્ન કરીને તથા વિધિપૂર્વક અગ્નિહોત્ર હોમીને સિદ્ધિપદને પામે છે.[૧૨] હે મહાબાહુ ! અજીગર્તનો પુત્ર શુનઃશેપ, યજ્ઞમાં ભાગ લેનારા દેવતાઓની વેદોક્ત ઋચાઓવડે સ્તુતિ કરીને વિશ્વામિત્રનો પુત્ર થઈ શકયો હતો.* [૧૩] શુક્રાચાર્ય, દેવના દેવ શંકરની કૃપા મેળવીને શુક્રપણાને પામી શકયા છે અને દેવી પાર્વતીની સ્તુતિ કરીને હજીસુધી પણ યશસંપન્ન થઇને આકાશમાં દીપી રહ્યા છે.[૧૪] વળી અસિત-દેવલ, નારદ, પર્વત, કક્ષીવાન, જમદગ્નિના પુત્ર પરશુરામ, જિતેન્દ્રિય તાંડય, વસિષ્ઠ, જમદગ્નિ, વિશ્વામિત્ર, અત્રિ, ભરદ્વાજ, હરિશ્મશ્રુ, કુંડધાર અને શ્રુતશ્રવા-આ સર્વ મહર્ષિઓએ ચિત્તને એકાગ્ર કરીને વેદની ઋચાઓવડે વિષ્ણુ ભગવાનની સ્તુતિ કરી હતી, જેથી બુદ્ધિમાન એવા તે વિષ્ણુની કૃપાથી તપસિદ્ધિને પામ્યા હતા; [૧૫-૧૭] એટલુંજ નહિ પણ તે સિવાયના બીજા અનેક સત્પુરુષો, જેઓ પ્રથમ અવસ્થામાં અપૂજ્ય હતા છતાં પાછળથી તે વિષ્ણુભગવાનનીજ સ્તુતિ કરીને પૂજ્યપણાને પામ્યા છે. મનુષ્યે કોઈ જાતનું નીચ કર્મ કરીને જગતમાં અભ્યુદય પામવાની ઇચ્છા કરવી નહિ;[૧૮] અને એ પણ લક્ષ્યમાં રાખવું કે, જે ધન ધર્મથી પ્રાપ્ત થયેલું છે તેજ ધન સત્ય ગણાય છે; પણ જે ધન અધર્મથી પ્રાપ્ત થયેલું છે તે તો ધિક્કારનેજ પાત્ર છે, માટે કોઈ પણ મનુષ્યે કેવળ ધન મેળવવાની આકાંક્ષાથી સનાતન ધર્મનો કદી ત્યાગ કરવો નહિ.[૧૯] હે સમર્થ રાજા ! જે ધર્માત્મા પુરુષ, અગ્નિહોત્રનો સ્વીકાર કરે છે, તેજ સર્વોત્તમ પુણ્યશાળી ગણાય છે; કેમકે અગ્નિહોત્રી પુરુષને ત્યાં ત્રણે અગ્નિઓ (દક્ષિણ, ગાર્હપત્ય અને આહવનીય) નો નિવાસ હોય છે અને તે અગ્નિઓમાં સર્વ વેદોનો નિવાસ હોય છે.[૨૦] જે બ્રાહ્મણ અગ્નિહોત્ર કર્મનો સ્વીકાર કરે છે, તેણે તે કર્મની કોઇ પણ ક્રિયાનો કદી નાશ કરવો નહિ; કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કે, અગ્નિહોત્ર ન લેવું તે શ્રેયસ્કર છે, પણ અગ્નિહોત્ર લીધા પછી તેની ક્રિયાનો લોપ કરવો, તે શ્રેયસ્કર નથી.[૨૧] હે પુરુષવ્યાઘ્ર ! મનુષ્યે અગ્નિની, આત્માની, જન્મદાતા માતાપિતાની તથા ગુરુની સારી રીતે સેવા કરવી જોઇએ;[૨૨] કેમકે જે આર્યપુરુષ પોતે વિદ્વાન હોય છતાં અભિમાનનો ત્યાગ કરીને વૃદ્ધોની સેવા કરે છે, કામનાઓનો ત્યાગ કરીને પ્રાણીમાત્ર ઉપર કૃપાદૃષ્ટિ રાખે છે અને વ્યર્થ પરિશ્રમનો તથા હિંસાનો ત્યાગ કરીને નિત્ય ધર્મપરાયણ રહે છે, તેને જગતના મહાન પુરુષો પણ માન્ય ગણે છે.[૨૩]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“પરાશરગીતા” એ વિષયનો અધ્યાય
૨૯૨ મો સમાપ્ત.

અધ્યાય ૨૯૩ મો

પરાશરગીતા-ચારે વર્ણોનાં કર્તવ્યો

॥ पराशर उवाच ॥

वृत्तिः सकाशाद्वर्णेभ्यस्त्रिभ्योहीनस्य शोभना ॥
प्रीत्योपनीता निर्दिष्टा धार्मिष्ठान् कुरुते सदा॥१॥

---

* ટીકાકાર નીલકંઠ લખે છે કે, આ શ્લોકના પૂર્વાર્ધનું બીજું ચરણ ‘ऋचीकतनयोऽगमत्’ એવું છે પણ તેને બદલે ‘अजीगर्तसुतोऽगमत्’ એમ વાંચવું; કેમકે બહ્‌વૃચ બ્રાહ્મણમાં “શુનઃશેપ, અજીગર્તનો પુત્ર હતો છતાં વિશ્વામિત્રનો પુત્ર થયો” એમ કહેવામાં આવ્યું છે.

પરાશરે કહ્યું:-“ હે જનક રાજા! હીનવર્ણના શૂદ્રે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય-એ ત્રણ વર્ણોની સેવા કરીને પોતાની આજીવિકા ચલાવવી તે ઉત્તમ ગણાય છે; કેમકે પ્રીતિપૂર્વક કરેલી ત્રણ વર્ણોની સેવા,શૂદ્રોને નિરંતર ધર્મનિષ્ઠ કરે છે.[૧]શૂદ્રને પોતાના વંશપરંપરાથી ચાલી આવેલી સ્થાયી વૃત્તિ ન હોય તો તેણે બીજી કોઇ પણ વૃત્તિને શોધવા જવું નહિ, પણ સેવાવૃત્તિનોજ સ્વીકાર કરી લેવો.[૨] હું માનું છું કે, ધર્મદૃષ્ટિવાળા હરકોઈ પુરુષોએ નિત્ય સર્વ અવસ્થાઓમાં સત્પુરુષોનોજ સંસર્ગ રાખવો, તે શોભાસ્પદ છે, પણ અસત્ પુરુષોનો તો સંગજ કરવો નહિ;[૩] કેમકે ઉદયાચલ ઉપર રહેલું દ્રવ્ય, સૂર્યના સંસર્ગને લીધે જેમ દીપી નીકળે છે, તેમ સત્પુરુષોના સંસર્ગને લીધે હીન જાતિનો પુરુષ પણ (સમાજમાં) દીપી નીકળે છે.[૪] જેમ એક શ્વેત વર્ણના વસ્ત્રને જેવા રંગથી રંગવું હોય તેવા રંગથી રંગી શકાય છે,તેમ (શુદ્ધ હૃદયના) પુરુષને જેવા પુરુષોનો સંગ હોય છે,તેવી અસર અવશ્ય થાય છે, એમ તારે જાણવું;[૫] અને હે રાજા! નિત્ય સદ્ગુણો મેળવવામાંજ તમારે આસક્ત રહેવું પણ દુર્ગુણોથી તો દૂરજ રહેવું; કેમકે મનુષ્યોનું જીવિત અનિત્ય અને ચંચળ છે.[૬] વિચક્ષણ એવો જે પુરુષ, સુખમાં આવી પડ્યો હોય કે દુ:ખમાં આવી પડ્યો હોય, છતાં હમેશાં શુભ કર્મોનોજ સંગ્રહ કરતો હોય તે પુરુષજ ખરો શાસ્ત્રવેત્તા કહેવાય છે.[૭] ધર્મથી રહિત એવું કોઈ કર્મ, કદાચ મહાન ફળને આપનારૂં હોય તોપણ બુદ્ધિમાન પુરુષે તે કર્મનું કદી સેવન કરવું નહિ; કેમકે તેવું કર્મ પરિણામમાં હિતકારક હોતું નથી.[૮] પ્રજાઓનું રક્ષણ નહિ કરનારો જે રાજા બીજાઓની હજારો ગાયો લૂંટી લાવીને દાનમાં આપી દે, તોપણ તે રાજા માત્ર નામનોજ દાતા કહેવાય છે, ખરૂં જોતાં તો તે રાજા એક લૂંટારોજ છે.[૯] જગતના આરંભસમયે ભગવાન બ્રહ્માએ લોકમાન્ય એવા એક પ્રજાપતિને ઉત્પન્ન કર્યો હતો અને તે પ્રજાપતિએ લોકોનું રક્ષણ કરવામાં આસક્ત રહેનારા પર્જન્ય (મેઘ) નામના એક પુત્રને ઉત્પન્ન કર્યો છે.[૧૦] આ પર્જન્યદેવનું પૂજન કરીને પ્રત્યેક વૈશ્યે ખેતીવાડી, ગોરક્ષા વગેરે પોતાનાં નિત્ય કર્મો કરવાં, ક્ષત્રિયોએ સર્વનું રક્ષણ કરવું, બ્રાહ્મણોએ સર્વને ન્યાયમાર્ગે દોરવાં અને શૂદ્રોએ કુટિલતાનો, શઠતાનો તથા ક્રોધનો ત્યાગ કરીને દેવતાઓનાં હવ્યકવ્ય તૈયાર કરી આપવાં અને જ્યાં યજ્ઞ થવાનો હોય તે પ્રદેશને વાળી ઝાડીને સાફ કરી આપવો. બસ, આ રીતે કરવાથી ધર્મનો કદી નાશજ થતો નથી[૧૧,૧૨] અને ધર્મનો નાશ નહિ થવાને લીધે પ્રજાઓ સુખી થાય છે; તેમજ હે રાજેન્દ્ર! પ્રજાઓનાં સુખને લીધે સ્વર્ગમાં રહેનારા દેવતાઓ પણ પ્રસન્ન રહે છે;[૧૩] માટે જે રાજા ધર્માનુસાર વર્તીને પ્રજાઓનું રક્ષણ કરે છે, જે બ્રાહ્મણ સ્વધર્મનું પાલન કરીને વેદ ભણવામાં તત્પર રહે છે, જે વૈશ્ય ખેતીવાડી, ગોરક્ષા વગેરેમાં આસકત રહે છે અને જે શૂદ્ર નિરંતર જિતેન્દ્રિય રહીને ત્રિવર્ણની સેવા કરે છે,તે જગતમાં પૂજાય છે પણ તેથી વિરુદ્ધ રીતે વર્તનાર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર સ્વધર્મથી ભ્રષ્ટજ થાય છે.[૧૪,૧૫] શરીરને કષ્ટ આપીને પણ ન્યાયથી મેળવેલી માત્ર ત્રણ કોડીઓનું દાન કરવામાં આવે છે તોપણ તેનું મહાન ફળ પ્રાપ્ત થાય છે, તો પછી ન્યાયપૂર્વક મેળવેલી હજારો કોડીઓનું દાન કરવાથી શું ફળ પ્રાપ્ત ન થાય? (અર્થાત ન્યાયોપાર્જિત ધનનું દાન કરવાથી મનુષ્યને મહાન પુણ્યફળ મળે છે.)[૧૬] જે રાજા, બ્રાહ્મણોને જેવું તેવું પણ નિત્ય સત્કારપૂર્વક દાન આપે છે,તેને અતિમહાન ફળ પ્રાપ્ત થાય છે;[૧૭] માટેજ વિદ્વાનો કહે છે કે, જેને દાન આપવું હોય, તે સુપાત્ર મનુષ્યની સામે વગરબોલાવ્યે જઈને તેને સંતોષ થાય તેટલું દાન આપવામાં આવે છે,તે દાનનેજ સર્વના કરતાં શ્રેષ્ઠ ગણવામાં આવે છે; પણ યાચક મનુષ્ય જ્યારે યાચના કરે ત્યારેજ જે દાન આપવામાં આવે છે,તે દાન મધ્યમકોટીનું ગણાય છે[૧૮] અને જે મનુષ્યને દાન આપવાનું હોય તેનું અપમાન કરીને અથવા

તેના ઉપર અશ્રદ્ધા રાખીને જે દાન આપવામાં આવે છે, તે દાન તો અધમકોટીનુંજ ગણાય છે, એમ સત્યવાદી મુનિઓએ કહેલું છે.[૧૯] મનુષ્ય, જે આ સંસારસમુદ્રમાં ડૂબી રહેલો છે, તેણે હરકોઇ ઉપાય કરીને પણ સંસારસાગરને તરી જવો જોઇએ અને જે રીતે કરવાથી ગૃહપાશમાંથી એકદમ મુક્ત થવાય, તે રીતે પ્રયત્ન કરવો જોઇએ.[૨૦] જે પુરુષ બ્રાહ્મણજાતિનો હોય, તે તો ઇંદ્રિયોનો નિગ્રહ કરવાથીજ શોભે છે, ક્ષત્રિય જાતિનો હોય તે વિજય મેળવવાથીજ શોભે છે, વૈશ્ય જાતિનો હોય તે ધન મેળવવાથીજ શોભે છે અને શૂદ્ર જાતિનો હોય તે ત્રિવર્ણની સેવા કરવાથીજ શોભે છે."[૨૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"પરાશરગીતા" એ વિષયનો
અધ્યાય ૨૯૩ મો સમાપ્ત.

અધ્યાય ૨૯૪ મો

પરાશરગીતા-અવાંતર ધર્મો

॥ पराशर उवाच ॥

प्रतिग्रहगता विप्रे क्षत्रिये युधि निर्जिताः ॥
वैश्ये न्यायार्जिताश्चैव शूद्रे शुश्रूषयार्जिताः॥१॥

પરાશરે કહ્યું:-" હે જનક રાજા ! ધર્મને ઉદ્દેશીને બ્રાહ્મણે પ્રતિગ્રહદ્વારા મેળવેલું ધન, ક્ષત્રિયે યુદ્ધમાં વિજય કરીને મેળવેલું ધન, વૈશ્યે ન્યાયપૂર્વક મેળવલું ધન અને શૂદ્રે સેવા કરીને મેળવેલું ધન, જો કે અલ્પ હોય તોપણ ધર્મને માટે મહાન ફળદાયક અને પ્રશંસાપાત્ર ગણાય છે. વળી હીન વર્ણનો પુરુષ ત્રણે વર્ણોની સેવા કરે છે, માટે શૂદ્ર કહેવાય છે.[૧,૨] કોઇ સમયે વૃત્તિથી ભ્રષ્ટ થયેલો બ્રાહ્મણ, ક્ષત્રિયનો અથવા વૈશ્યનો ધર્મ સ્વીકારી બેસે, તોપણ તે પતિત ગણાતો નથી; પરંતુ તે બ્રાહ્મણ જ્યારે શૂદ્રધર્મનું સેવન કરવા માંડે, ત્યારે અવશ્ય પતિત ગણાય છે;[૩] તેમજ કોઇ એક શૂદ્ર પોતાની સેવાવૃત્તિથી નિર્વાહ કરવાને માટે અશક્ત થાય, ત્યારે વ્યાપાર, પશુપાલન અથવા ચિત્રલેખન આદિ બીજા ઉપાયોથી પણ પોતાનું જીવન ચલાવી શકે છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે.[૪] સ્ત્રી આદિનો વેષ ધારણ કરીને નાટકની રંગભૂમિપર ઉતરવું, અનેક પ્રકારનાં રૂપો ધારણ કરીને આજીવિકા ચલાવવી, મદ્ય અને માંસનો વેપાર કરીને જીવન ગાળવું અને લોખંડનો તથા ચામડાનો વેપાર કરવો-વગેરે વૃત્તિઓ પોતાની કુલપરંપરાથી ચાલી આવતી ન હોય તો મનુષ્યે કરવીજ નહિ; કેમકે તે વૃત્તિઓ જગતમાં નિંદ્ય ગણાય છે, પરંતુ તે વૃત્તિઓ પોતાની કુલપરંપરાથીજ ચાલી આવતી હોય છતાં જે પુરુષ તેનો ત્યાગ કરે છે તેને મહાન ધર્મનો લાભ થાય છે, એમ અમે સાંભળ્યું છે.[૫,૬] કોઇએક પુરુષ અન્નવસ્ત્રાદિકની સંપત્તિ મેળવીને સિદ્ધ થઈ ગયો હોય અને તેથીજ મદથી છકી જઇને પાપાચરણ કરવામાં આસક્ત થયો હોય, તો તે પુરુષનું કર્મ જગતમાં ગ્રાહ્ય ગણાતું નથીજ.[૭] પુરાણોમાંથી આપણે સાંભળીએ છીએ કે, પ્રાચીન કાળમાં પ્રજાઓ દમગુણને ધારણ કરનારી હતી, ધર્મનેજ પ્રધાન માનનારી હતી અને ન્યાય તથા ધર્મનેજ અનુસરનારી હતી તેથી તેઓમાંથી કોઇએ જો અપરાધ કર્યો હોય તો માત્ર 'ધિક્' શબ્દ કહીનેજ તેઓનું દંડશાસન કરવામાં આવતું હતું;[૮] કેમકે હે રાજા! તે સમયના મનુષ્યોમાં કેવળ ધર્મનીજ પ્રશંસા થતી હતી અને તે કાળના ધર્મવૃદ્ધ પુરુષો પૃથ્વીપર રહીને સદ્ગુણોનુંજ નિત્ય સેવન કરતા હતા;[૯] પણ હે તાત ! સમયનું પરિવર્તન થતાં (કામ, ક્રોધ અને લોભ-વગેરે) અસુરો, પ્રજાઓની તે ધર્મપ્રવૃત્તિને સહન કરી શકયા નહિ, જેથી હે રાજા ! તે અસુરોએ અનુક્રમે આગળ વધનારી તે પ્રજાઓમાં પોતાનો પગપેસારો કર્યો.[૧૦] પછી તે પ્રજાઓમાં ધર્મનો નાશ કરનાર ગર્વ વધી પડયો અને ગર્વાધીન થયેલી તે પ્રજાઓમાં પાછળથી ક્રોધનો પણ જન્મ થયો. આ રીતે હે રાજા ! તે પ્રજાઓમાં ક્રોધનો જન્મ થયો અને અનુક્રમે તેઓ ક્રોધાધીન પણ થઇ ગઇ એટલે તેઓનું વર્તન, જે પૂર્વે લજ્જાવાળું હતું, તે કેવળ નિર્લજ્જ થઈ પડયું- તેઓ-

નામાંથી લજ્જાનો કેવળ નાશજ થઇ ગયો અને પછી તો તેઓનામાં મોહનો પણ જન્મ થયો.[૧૨] મોહના જન્મ પછી તે પ્રજાઓ મોહના સપાટામાં સપડાઈ પડી અને તેને લીધે તેઓનામાં પૂર્વની પેઠે જ્ઞાનદૃષ્ટિ પણ રહી નહિ. તેઓએ માંહોમાંહે મારામારી કરીને કેવળ પોતપોતાના સુખમાંજ વૃદ્ધિ કરવા માંડી, બ્રાહ્મણોનું તથા દેવોનું પણ અપમાન કરવા માંડયું અને મુખ્યત્વે કરીને વિષયોનુંજ સેવન કરવા માંડયું. પછી તો તેઓનું નિયમન કરવા માટે તે સમયનો 'ધિક્' શબ્દનો દંડ કેવળ વ્યર્થજ થઇ પડયો,[૧૩,૧૪] જેથી તેજ સમયે (શંમદમાદિ) દેવો, (જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિના અભિમાની વિશ્વ, તૈજસ્, અને પ્રાજ્ઞ તેમજ વિરાટ્,સૂત્રાત્મા અને અંતર્યામીરૂપ) દેવોના કરતાં પણ શ્રેષ્ઠ એવા શંકર (તુરીય આત્મસ્વરૂપ)ને શરણે ગયા; કેમકે ભગવાન શંકર ધૈર્યગુણસંપન્ન છે, (માયાનો આશ્રય કરીને) અનેક સ્વરૂપોને ધારણ કરનારા છે અને જ્ઞાન, ઐશ્વર્ય–આદિ નિત્ય ગુણોથી સર્વના કરતાં શ્રેષ્ઠ છે.[૨૫] પછી તે શંકર દેવે આકાશ(માયા નામની અવ્યાકૃતા પ્રકૃતિ)માં રહેનારા તે સર્વ અસુરો (કામાદિ)ને(જીવાત્માનો શુદ્ધ ચૈતન્યમાં પ્રવેશ કરાવવારૂપ) એકજ બાણવડે (સ્થૂલ, સૂક્ષ્મ અને કારણશરીરરૂપ) ત્રણ નગરોની સાથે પૃથ્વીપર (શુદ્ધ ચિન્માત્રમાં) પાડી દીધા (લય પમાડી દીધા.)[૧૬] ઉપરાંત ત્રિશૂલધારી શંકરે, તે સર્વ અસુરોનો અધિપતિ, જે દેવતાઓને ભય ઉપજાવનારો હતો, ભયંકર પરાક્રમી હતો અને ઉગ્ર હતો, તે મહામોહને પણ મારી નાખ્યો.[૧૭] એ પ્રમાણે તેનો વધ થયો, એટલે સર્વ મનુષ્યો પોતાની મૂળ પ્રકૃતિને પામ્યા અને પૂર્વની પેઠેજ વેદશાસ્ત્રોનો સ્વીકાર કરવા લાગ્યા.[૧૮] પછી સ્વર્ગલોકના રાજ્ય ઉપર (હૃદયાકાશમાં) ઇંદ્રનો (ચિદાત્માનો) દેવોના (ઇંદ્રિયોના) રાજાતરીકે અભિષેક કરીને વસિષ્ઠ આદિ સપ્તર્ષિઓએ લોકશાસનની વ્યવસ્થા કરી.[૧૯] સપ્તર્ષિઓની એ રાજ્યવ્યવસ્થા પછી 'વિપૃથુ' નામનો એક રાજા, ચક્રવર્તીતરીકે પૃથ્વીપર રાજ્ય કરવા લાગ્યો ને બીજા અનેક ક્ષત્રિયો પણ માંડલિક રાજાઓતરીકે જૂદા જૂદા દેશોપર રાજ્ય કરવા લાગ્યા.[૨૦] તે સમયે એવા અનેક રાજાઓ પણ થયા હતા, જેઓ મહાન કુળમાં ઉત્પન્ન થયેલા હતા, વૃદ્ધાવસ્થાએ પહોંચી ગયા હતા અને પ્રાચીનના કરતાં પણ પ્રાચીન ગણાતા હતા, છતાં તેઓના હૃદયમાંથી આસુરી ભાવ દૂર થયો ન હતો.[૨૧] એ રાજાઓ ભયંકર પરાક્રમ કરનારા હતા અને આસુરી ભાવના સંબંધને લીધે આસુરી કર્મોનુંજ સેવન કરતા હતા.[૨૨] વળી તે રાજાઓ જે માર્ગે ચાલેલા હતા, તે માર્ગનું હજીસુધી પણ કેટલાએક મૂર્ખ પુરુષો જગતમાં સ્થાપન કરે છે, એટલુંજ નહિ પણ તે માર્ગનું તેઓ સેવન પણ કરે છે;[૨૩] માટે હે રાજા! હું તમને કહું છું કે, શાસ્ત્રોનું બરાબર ચિંતન કરીને આસુરી ભાવને દૂર કરનારૂં આત્મજ્ઞાનજ સંપાદન કરવું અને હિંસાકર્મનો ત્યાગ કરવો.[૨૪] વિચક્ષણ પુરુષે ધર્મ–અધર્મને સેળભેળ કરી દઇને દ્રવ્યોપાર્જન કરવું નહિ, તેમજ ધર્મને માટે ન્યાયમાર્ગનો ત્યાગ કરવો તે પણ કલ્યાણકારક નથી, એમ શાસ્ત્રમાં કહ્યું છે.[૨૫] હે રાજા! તું પણ એક ક્ષત્રિય છે, માટે દમગુણને ધારણ કર, બાંધવો ઉપર પ્રીતિ રાખ અને પોતાના ધર્મ પ્રમાણે વર્તીને પ્રજાઓનું, પોષ્ય વર્ગનું તથા પુત્રોનું બરાબર પાલન કર.[૨૬] પ્રત્યેક પ્રાણીને હજારો જન્મોમાં ઇષ્ટ તથા અનિષ્ટનો સમાગમ થાયજ છે અને તે તે સમયે ઇષ્ટ ઉપર પ્રેમ તથા અનિષ્ટ ઉપર વૈર પણ સ્વાભાવિક રીતેજ બંધાય છે;[૨૭] માટે તારે ગુણો સંપાદન કરવામાંજ આસક્ત રહેવું પણ દોષોથી તો દૂરજ રહેવું; કેમકે દુષ્ટ બુદ્ધિવાળો નિર્ગુણ પુરુષ પણ પોતાના ગુણોનું શ્રવણ કરીને અત્યંત પ્રસન્ન થાય છે.[૨૮] હે મહારાજા! ધર્મ તથા અધર્મની પ્રવૃત્તિ જેવી મનુષ્યપ્રાણીમાં જોવામાં આવે છે, તેવી બીજા કોઇ પણ પ્રાણીમાં જોવામાં આવતી નથી. (માટે મનુષ્યજન્મ પામીને ધર્માચરણજ કરવું જોઇએ.)[૨૯] ધર્મશીલ પુરુષે જ્ઞાન સંપાદન કર્યા પછી અન્નાદિકની સ્પૃહા

રાખીને કે નહિ રાખીને કેવળ આત્મરૂપ થઇને, પ્રાણીમાત્રની હિંસા કર્યાવિના જગતમાં વિચરવું.[૩૦] જ્યારે પુરુષનું મન સર્વ વાસનાઓથી તથા અજ્ઞાનથી રહિત થાય છે, ત્યારે તેને બ્રહ્માનંદરૂપ કલ્યાણની પ્રાપ્તિ થાય છે."[૩૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
" પરાશરગીતા " એ વિષયનો
અધ્યાય ૨૯૪ મો સમાપ્ત.

અધ્યાય ૨૯૫ મો

પરાશરગીતા—તપની પ્રશંસા

॥ पराशर उवाच ॥

एषधर्मविधिस्तात गृहस्थस्य प्रकीर्तितः ॥
तपोविधिं तु वक्ष्यामि तन्मे निगदतः शृणु ॥

પરાશરે કહ્યું:-"હે તાત! એ રીતે મેં તને ગૃહસ્થના ધર્મનો વિધિ કહ્યો; પણ હવે, હું તને તપનો વિધિ કહું છું, તેનું તું શ્રવણ કર.[૧] હે મહાપુરુષ! ગૃહસ્થાશ્રમમાં રહેનારા પુરુષને, રાજસ અને તામસ ભાવોનો સંસર્ગ હોવાને લીધે ઘણું કરીને જગતના અનેક પદાર્થો ઉપર મમત્વ બુદ્ધિ હોય છે.[૨] વળી ગૃહસ્થાશ્રમનો આશ્રય કરવાથી મનુષ્યને ગાયો, ક્ષેત્રો, ધન, સ્ત્રીઓ, પુત્રો અને સેવકો સ્વાભાવિક રીતેજ પ્રાપ્ત થાય છે.[૩] આ રીતે ગૃહસ્થાશ્રમમાં પ્રવૃત્તિ કરનારો પુરુષ, તે તે સર્વ પદાર્થોને નિત્યજ માને છે પણ અનિત્ય માનતો નથી, જેથી તેનામાં રાગ અને દ્વેષ વધી પડે છે.[૪] હે રાજા! જે પુરુષ રાગદ્વેષથી ઘેરાયલો રહે છે અને દ્રવ્યાભિલાષને અનુસરતો રહે છે, તેને મોહથી ઉત્પન્ન થનારી આસક્તિ પ્રાપ્ત થાય છે-અર્થાત તે પુરુષ સર્વત્ર મોહાસક્ત બની જાય છે.[૫] "પોતે ભોગસંપન્ન હોય તોજ કૃતાર્થ છે" એમ માનીને સર્વે ગૃહસ્થો, કેવળ વિષયના આનંદમાંજ પરાયણ રહે છે અને તે તુચ્છ આનંદને અનુભવીને તેઓ માને છે કે, ગ્રામ્યસુખના જેવો બીજો એક પણ લાભ જગતમાં નથી.[૬] ગૃહસ્થપુરુષનું મન લોભથી ઘેરાયલુંજ હોય છે અને સંસારના અનેક ભાવોનો તેને સંગ હોવાને લીધે સ્ત્રીપુત્રાદિ કુટુંબપરિવારની પ્રતિદિન તે વૃદ્ધિજ કરતો જાય છે; તેમજ કુટુંબવર્ગનું પોષણ કરવામાટે અનેક પ્રકારે ધનવૃદ્ધિ કરવાનો ઉપાય કરે છે.[૭] ગૃહસ્થ પુરુષ, અમુક અમુક અકાર્યોને જાણતો હોય છે, છતાં પુત્રાદિકના સ્નેહને અધીન થઇને, ધન મેળવવા માટે તે અકાર્યનું પણ સેવન કરે છે અને પછી તે મેળવેલા ધનનો કોઈ રીતે જ્યારે નાશ થઇ જાય છે ત્યારે, પશ્ચાત્તાપ કરવા તૈયાર થાય છે.[૮] વળી તે, માનસંપન્ન થઇને પોતાનો કોઇનાથી પરાજય ન થાય, તેને માટે ખાસ સંભાળ રાખે છે અને 'હું ભોગસંપન્ન થાઉં" આવો મનમાં વિચાર કરીને અંતે ભોગોને લીધેજ વિનાશ પામે છે;[૯] પણ જે બ્રહ્મવાદી પુરુષો શુભકર્મ કરવાની ઇચ્છા રાખીને તેનું ફળ મેળવવાની આશા રાખતા નથી અને નિષિદ્ધ તથા કામ્ય કર્મોનો ત્યાગ કરે છે, તે પુરુષોનેજ સનાતન સુખ પ્રાપ્ત થાય છે.[૧૦] હે રાજા! હરકોઇ પુરુષ સ્નેહના સ્થાનરૂપ સ્ત્રીપુત્રાદિના નાશને લીધે અથવા આધિવ્યાધિના સંતાપને લીધે વૈરાગ્યને પામે છે[૧૧] અને એ રીતે વૈરાગ્ય પામ્યા પછી તેને આત્મજ્ઞાન સંપાદન કરવાની ઇચ્છા થાય છે, તે ઇચ્છાને લીધે શાસ્ત્રોનું તે અવલોકન કરે છે અને શાસ્ત્રોનું અવલોકન કર્યા પછી તેને નિશ્ચય થાય છે કે, તપજ સર્વના કરતાં અધિક શ્રેયસ્કર છે.[૧૨] હે મનુષ્યોના ઇંદ્ર! આ જગતમાં સાર-અસાર વસ્તુના વિવેકવાળો પુરુષ ખરેખર દુર્લભ છે, કે જે પુરુષ પ્રીતિપાત્ર સ્ત્રી વગેરેના સુખનિમિત્તે ક્લેશ પામીને તેમાં દોષદૃષ્ટિ કરીને તપશ્ચર્યા કરવાનો નિશ્ચય કરે છે.[૧૩] હે તાત! તપ એ સર્વ મનુષ્યોને માટે સામાન્ય કર્તવ્ય છે, જેથી દમ, દયા, દાન-આદિથી રહિત શૂદ્રાદિ હીન જાતિના મનુષ્યો પણ તપશ્ચરણને માટે અધિકારી થઇ શકે છે. તેમાં પણ જે પુરુષ જિતેન્દ્રિય અને દાન્ત હોય છે તેને તો તપ એ સ્વર્ગના માર્ગદર્શકરૂપ થઇ પડે છે.[૧૪] હે રાજા! મહાસમર્થ પ્રજાપતિ બ્રહ્મદેવે પણ યુગના આદિકાળમાં કોઈ કોઈ સમયે બ્રહ્મપરાયણ ર-

હીને, કોઇ કોઈ સમયે વ્રતપરાયણ રહીને અને કોઈ કોઇ સમયે તપપરાયણ રહીનેજ પ્રજાઓને ઉત્પન્ન કરી હતી;[૧૫] તેમજ હે તાત! આદિત્યો, વસુઓ, રુદ્રો, અગ્નિઓ, અશ્વિનીકુમારો, વાયુઓ, વિશ્વેદેવાઓ, સાધ્યો, પિતૃઓ, મરુદ્ગણો, યક્ષો, રાક્ષસો, ગંધર્વો, સિદ્ધો અને તે સિવાયના બીજા અનેક સ્વર્ગવાસી દેવતાઓ તપશ્ચર્યા કરીનેજ કૃતાર્થ થયા છે.[૧૬,૧૭] પૂર્વે સૃષ્ટિના આરંભકાળમાં તપશ્ચર્યા કરીને બ્રહ્મદેવે જે બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા છે, તેઓ પણ તપના પ્રભાવથીજ પોતાની ઇચ્છાનુસાર સર્વને સુખી કરતા પૃથ્વીમાં કે સ્વર્ગમાં હજીસુધી વિચરી રહ્યા છે;[૧૮] એટલુંજ નહિ પરંતુ આ મનુષ્યલોકમાં પણ કેટલાએક પુરુષો કે, જેઓ રાજા અને ગૃહસ્થતરીકે ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયેલા છે, તે સર્વ કેવળ તપનુંજ ફળ છે.[૧૯] વળી મનુષ્યને સુંદર રેશમી વસ્ત્રો, અલંકારો, વાહનો, આસનો, ખાન-પાન, વગેરે ભોગસામગ્રીઓ પ્રાપ્ત થાય છે, તે સર્વ તપશ્ચર્યાનુંજ ફળ છે.[૨૦] મનને અનુકૂલ રહેનારી હજારો રૂપવતી તરૂણીઓ અને મોટી મોટી હવેલીઓમાં નિવાસ કરવાનું મળે છે,તે પણ તપનુંજ ફળ છે.[૨૧] ઉત્તમ પ્રકારનાં શયનો, વિવિધ પ્રકારનાં ભોજનો અને બીજા અનેક મનગમતા પદાર્થો, તપસ્વી-પુણ્યવાત પુરુષોનેજ પ્રાપ્ત થાય છે.[૨૨] હે શત્રુતાપન રાજા! તપના માહાત્મ્યનું વિશેષ વર્ણન કેટલુંક કરી શકાય! માત્ર સંક્ષેપમાં એટલુંજ કહી શકાય કે, ત્રણે લોકમાં એવો એક પણ પદાર્થ નથી કે, જે તપશ્ચર્યા કરવાથી ન મળે! વળી જે પુરુષોને તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થયું નથી, તેવા અકૃતાર્થ પુરુષોને પણ વિષય ભોગોનો ત્યાગ કરવારૂપ વૈરાગ્યબુદ્ધિ ઉત્પન્ન થાય છે, તે પણ કેવળ તપશ્ચર્યાનુંજ ફળ છે.[૨૩] હે મહારાજા! હરકોઇ મનુષ્ય, પછી તે સુખી હોય કે દુઃખી હોય પણ તેણે મન તથા બુદ્ધિપૂર્વક શાસ્ત્રનો વિચાર કરીને પ્રથમ લોભનોજ ત્યાગ કરવો જોઇએ;[૨૪] કેમકે લોભ એજ દુઃખનું કારણ છે અને લોભને લીધેજ ઇંદ્રિયો જ્યાં ત્યાં ભટકતી ફરે છે. જેમ અભ્યાસવિનાની વિદ્યા ધીમે ધીમે નાશ પામે છે, તેમ લોભાધીન થયેલા મનુષ્યનીબુદ્ધિ-પણ અંતે નાશ પામે છે.[૨૫] મનુષ્યની બુદ્ધિ જ્યારે નાશ પામે છે, ત્યારે તેને ન્યાય-અન્યાયનું ભાન રહેતું નથી; માટે હરકોઇ પુરુષે સુખનો વિનાશકાળ જેવો પ્રાપ્ત થાય, કે તુરતજ ઉગ્ર તપશ્ચર્યા કરવાનો આરંભ કરી દેવો.[૨૬] વિદ્વાનો કહે છે કે, મનુષ્યોને જે પ્રિય લાગે છે,તે સુખ છે અને જે અપ્રિય લાગે છે, તે દુઃખ છે; તેમજ તારે જાણી લેવું કે, સુખ એ પૂર્વે કરેલા તપનું ફળ છે અને દુઃખ એ પૂર્વે તપ નહિ કરેલું હોવાથી પ્રાપ્ત થાય છે.[૨૭] તેમાં જે પુરુષ નિષ્કામ બુદ્ધિથી તપશ્ચર્યા કરે છે, તે નિત્ય કલ્યાણનેજ જુએ છે, તરેહ તરેહના વિષયો ભોગવે છે અને આખા જગતમાં પ્રસિદ્ધ થાય છે;[૨૮] પરંતુ જે પુરુષ સકામ બુદ્ધિથી તપશ્ચર્યા કરે છે-તપનું ફળ મેળવવાની ઇચ્છા રાખે છે,તેને તપનું ઉત્તમ ફળ મળતું નથી પણ અનેક જાતનાં અપ્રિય, અપમાન, દુઃખ અને વિષયોરૂપ ફળજ. પ્રાપ્ત થાય છે;[૨૯] તેમજ જે પુરુષને ધર્મ, તપ અને દાન કરવાની ઇચ્છા ન થતાં શાસ્ત્રમાં નિષેધ કરેલાં કર્મો કરવાની તથા કામ્યકર્મો કરવાની ઇચ્છા થાય છે, તે પુરુષ એવાં પાપકર્મ કરીને અંતે નરકમાંજ પડે છે.[૩૦] હે ઉત્તમ પુરુષ! જે મનુષ્ય સુખમાં હોય કે દુઃખમાં હોય પણ પોતાના ઉત્તમ સદાચારથી ભ્રષ્ટ થતો નથી તે મનુષ્યજ ખરો શાસ્ત્રદર્શી કહેવાય છે.[૩૧] શાસ્ત્રકારો કહે છે કે, એક બાણને ધનુષમાંથી છૂટીને પૃથ્વીપર પડતાં જેટલો સમય લાગે છે, તેટલોજ સમય રસન, દર્શન, ઘ્રાણ, શ્રવણ અને સ્પર્શન આદિ વિષયોના સંબંધમાં સુખનો અનુભવ થાય છે-અર્થાત્ વિષયોથી મળનારૂં સુખ અત્યંત ક્ષણિક છે;[૩૨] છતાં તે ક્ષણિક સુખનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે મનુષ્યને તીવ્ર વેદના ઉત્પન્ન થાય છે અને મૂર્ખ પુરુષો (તે વેદનાનો સંપૂર્ણ અનુભવ કરે છે તોપણ) સર્વોત્તમ મોક્ષસુખની પ્રશંસા કરતા નથી;[૩૩] પણ જેઓ વિવેકી હોય છે, તે સર્વને (વિષયનાં સુખો,

તીવ્ર વેદનાજનક હોઈને તુચ્છ જણાય છે અને) મોક્ષરૂપ ફળ પ્રાપ્ત કરવામાટે શમદમાદિ ઉત્તમ ગુણો ઉપર પ્રીતિ થાય છે વળી તેવા વિવેકી પુરુષો અર્થ અને કામની સાથે નિત્ય સંબંધ રાખે છે, છતાં પોતાની ધાર્મિક વૃત્તિથી ભ્રષ્ટ થતા નથી.[34] ગૃહસ્થોના સંબંધમાં મારો તો એવોજ મત છે કે, તેઓએ યત્ન કર્યાવિના પોતાની મેળેજ આવી મળેલા વિષયોનું નિત્ય સેવન કરવું અને યત્ન કરીને પણ ધર્મ સંપાદન કરવો.[35] જે પુરુષો અભિમાની હોય છે, કુળવાન હોય છે અને શાસ્ત્રના અર્થનુંજ નિત્ય અવલોકન કરનારા હોય છે, તે પુરુષોની ક્રિયાને ધર્મરહિત મૂઢાત્મા પુરુષો, પોતાના આચરણમાં મૂકી શકતા નથી.[36] મનુષ્યોનું હરકોઈ કર્મ અવશ્ય નાશજ પામે છે. આમ સમજનારા વિચારશીલ પુરુષોને, આ જગતમાં તપવિના બીજું કંઈ પણ કર્તવ્ય અવશેષ રહેતું નથી;[37] પણ હે રાજા! ગૃહસ્થપુરુષે તો યજ્ઞાદિ કર્મની અંદરજ આસક્ત રહેવું અને સ્વધર્માનુસાર વર્તીને કુશળતાપૂર્વક હવ્યકવ્ય કર્મમાં તત્પર રહેવું;[38] કેમકે જગતની નદીઓ અને નદો જેમ સમુદ્રમાંજ સ્થિતિ પામે છે, તેમ સર્વ આશ્રમીઓ પણ ગૃહસ્થને આધારેજ જગતમાં સ્થિતિ પામે છે-અર્થાત કેવળ ગૃહસ્થાશ્રમ ઉપરજ સર્વ આશ્રમીઓનું જીવન ટકી રહ્યું છે.[39]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "પરાશરગીતા" એ વિષયનો અધ્યાય ૨૯૫ મો સમાપ્ત.

* * *

અધ્યાય ૨૯૬ મો

પરાશરગીતા-ચારે વર્ણોના વિશેષ અને સામાન્ય ધર્મો

॥ जनक उवाच ॥

वर्णो विशेषवर्णानां महर्षे केन जायते।
एतदिच्छाम्यहं ज्ञातुं तद्ब्रूहि वदतां वर ॥१॥

જનકે પૂછ્યું:-હે મહર્ષિ! બ્રાહ્મણાદિ ચાર વર્ણમાં, (ત્રણ ગુણોની ન્યૂનાધિકતાવાળા પૂર્વોકત કૃષ્ણ ધૂમ્રાદિ) વર્ણો કયા કારણથી ઉત્પન્ન થાય છે, તે જાણવાની મને ઇચ્છા છે; માટે હે વક્તાઓમાં શ્રેષ્ઠ ઋષિ! તે મને કહો.[1] શ્રુતિ તો કહે છે કે, જે પિતા જે બાળકને ઉત્પન્ન કરે છે, તે બાળક તે પિતારૂપજ છે, તો પછી બ્રાહ્મણથીજ ઉત્પન્ન થયેલો એક વર્ણ ભિન્નભિન્નપણાને કેમ પામ્યો, તે મને કહો.[2] ÷

પરાશરે કહ્યું:-"હે મહારાજા! તું કહે છે તે તેમજ છે. જે પુરુષ જેનાથી ઉત્પન્ન થયેલો હોય તે તેનુંજ સ્વરૂપ ગણાય છે; (અને તેથી બ્રહ્મદેવથી ઉત્પન્ન થયેલી આ સર્વ પ્રજા કેવળ એક બ્રાહ્મણસ્વરૂપજ અથવા બ્રાહ્મણવર્ણનીજ હોવી જોઈએ.) પરંતુ તપની ન્યૂનતાને લીધે જગતમાં જાતિભેદ ઉત્પન્ન થયો છે.[3] ક્ષેત્ર ઉત્તમ હોય અને બીજ પણ ઉત્તમ હોય તો તેમાંથી જે ઉત્પન્ન થાય છે, તે પણ ઉત્તમજ હોય છે; પરંતુ ક્ષેત્ર ઉત્તમ હોય અને બીજ હલકું હોય અથવા બીજ ઉત્તમ હોય અને ક્ષેત્ર હલકું હોય તો તેમાંથી જે ઉત્પન્ન થાય છે, તે પણ તેટલા પ્રમાણમાં હીનજ હોય છે.[4] ધર્મવેત્તાઓ કહે છે કે, પ્રજાપતિએ લોકોને ઉત્પન્ન કરવાની ઇચ્છા કરી, ત્યારે તેમના મુખમાંથી, બાહુમાંથી, સાથળમાંથી અને ચરણમાંથી પ્રજાઓ ઉત્પન્ન થઈ.[5] જેમકે બ્રાહ્મણો તેમના મુખમાંથી ઉત્પન્ન થયા, ક્ષત્રિયો તેમના બાહુમાંથી ઉત્પન્ન થયા, વૈશ્યો તેમના સાથળમાંથી ઉત્પન્ન થયા અને શૂદ્રો તેમના ચરણમાંથી ઉત્પન્ન થયા. હે મહાપુરુષ! આ રીતે પ્રથમ ચાર વર્ણોનીજ ઉત્પત્તિ

÷ જનકના પૂછવાનો આશય એ છે કે, '**आत्मा वै पुत्रनामासि**' પિતાજ પુત્રરૂપે ઉત્પન્ન થાય છે'-એ શ્રુતિવચન પ્રમાણે વર્ણવિભેદ કેમ હોઇ શકે? કેમકે, સત્વપ્રધાન બ્રહ્મદેવથીજ સર્વ જગત ઉત્પન્ન થયેલું હોવાથી બ્રાહ્મણસિવાય બીજો વર્ણજ ન હોવો જોઇએ, છતાં ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને વર્ણસંકર વગેરે ભિન્ન ભિન્ન જાતિઓ કેવી રીતે ઉત્પન્ન થઇ?

થઈ હતી, પણ પાછળથી તેમાંથી અનેક વર્ણસંકર જાતિઓ ઉત્પન્ન થઈ છે.[૭] ક્ષત્રિય આદિ વર્ણોની સેળભેળનો લીધે (ભિન્ન ભિન્ન વર્ણના પુરુષો અને ભિન્ન ભિન્ન વર્ણની સ્ત્રીઓના અન્યોન્ય મિથુનીભાવને લીધે) અતિરથ, આંબષ્ઠ, ઉગ્ર, વૈદેહક, શ્વપાક, પુલ્કસ, સ્તેન, નિષાદ, સૂત, માગધ, અયોગ, કરણ, વ્રાત્ય અને ચાંડાલ-વગેરે અનેક સંકરજાતિઓ જગતમાં ઉત્પન્ન થયેલી છે અને હે રાજા! તે બધી જાતિઓ ચાર વર્ણના પરસ્પર મિથુનીભાવથીજ ઉત્પન્ન થયેલી છે.[૮,૯]*

જનકે પૂછયું:-" હે મુનિશ્રેષ્ઠ ! (આપના કહેવાપરથી વર્ણવિભેદનું કારણ તો મેં જાણ્યું, પરંતુ) એક બ્રહ્મદેવથીજ ઉત્પન્ન થયેલી સર્વ પ્રજાઓમાં ગોત્રની ભિન્નતા કયાંથી આવી ? આપણે જોઈએ છીએ કે, આ જગતમાં પ્રત્યેક જાતિમાં અનેક ગોત્રો હોય છે.[૧૦] વળી આપણે સાંભળીએ છીએ કે, તેવા ઘણા મુનિઓ, જેઓ વિજાતીય યોનિમાં ઉત્પન્ન થયેલા હતા છતાં પોતાની મૂળ જાતિને પામ્યા છે.× તેમજ કેટલાએક શુદ્ધ યોનિમાં ઉત્પન્ન થયેલા હતા અને કેટલાએક અશુદ્ધ યોનિમાં ઉત્પન્ન થયેલા હતા, તેઓ સર્વે અંતે બ્રાહ્મણપણાનેજ પામ્યા છે, તેનું શું કારણ ?[૧૧]

પરાશરે કહ્યું:-" હે રાજન ! તપથી શુદ્ધ થયેલા અંતઃકરણવાળા મહાત્માઓ ગમે તે નીચ યોનિમાં ઉત્પન્ન થાય, તોપણ કેવળ નીચ જન્મને લીધેજ તેઓનામાં નીચતા આવી જાય, એ વાત સ્વીકારવા યોગ્ય નથી. (અર્થાત્ મહાત્માઓનું ચરિત્ર દુર્ગ્રાહ્ય હોય છે.)[૧૨] હે રાજા ! પૂર્વકાળના ઋષિઓએ, અધમયોનિમાં પુત્રો ઉત્પન્ન કર્યા હતા, છતાં પોતાના તપના પ્રભાવથી તે પુત્રોને પુનઃ ઋષિજ બનાવી દીધા હતા.[૧૩] દાખલાતરીકે મારા પિતામહ, ઋષ્યશૃંગ, કાશ્યપ, વેદ, તાંડય, કૃપ, કાક્ષીવાન, કમઠ, યવક્રીત, વકતાઓમાં શ્રેષ્ઠ દ્રોણ, આયુષ, મતંગ, દત્ત, દ્રુમદ અને માત્સ્ય-આ બધા મહાત્માઓ, પોતાના તપના પ્રભાવથીજ પોતાની મૂળ જાતિને પામ્યા છે અને તેઓ દમ તથા તપના બળથીજ વેદવેત્તાઓતરીકે જગતમાં પ્રસિદ્ધ થયા છે.[૧૪-૧૬] હે રાજા ! પૂર્વે અંગિરા, કશ્યપ, વસિષ્ઠ અને ભૃગુ-એ નામનાં ચારજ મૂળગોત્રો ઉત્પન્ન થયાં હતાં;[૧૭] પણ પાછળથી કર્મોની ભિન્નતાને લીધે અનેક ગોત્રો ઉત્પન્ન થયાં છે અને ઋષિઓએ પોતાના તપના પ્રભાવથી તે ગોત્રોનાં જૂદાં જૂદાં નામો મેળવ્યાં છે, જેના આધારે સત્પુરુષોનો વિવાહાદિ શ્રૌતસ્માર્ત વ્યવહાર ચાલી રહ્યો છે."[૧૮]

જનકે પૂછયું:-" હે ભગવન્! ચારે વર્ણોના વિશેષ ધર્મો તથા સામાન્ય ધર્મો તમે મને કહો; કેમકે તમે સર્વ વિષયમાં કુશલ છો."[૧૯]

પરાશરે કહ્યું:-" હે રાજા ! દાન લેવું, યજ્ઞ કરાવવો અને બીજાઓને ભણાવવું, આ બ્રાહ્મણોના વિશેષ ધર્મો કહેવાય છે. સર્વ પ્રજાઓનું સારી રીતે રક્ષણ કરવું, તે ક્ષત્રિયોનો વિશેષ ધર્મ છે.[૨૦] ખેતીવાડી કરવી, પશુઓનું પાલન કરવું અને વ્યાપાર કરવો, તે વૈશ્યોના વિશેષ ધર્મો છે અને ત્રણે વર્ણની સેવા કરવી તે શૂદ્રોનો વિશેષ ધર્મ છે.[૨૧] આ પ્રમાણે હે રાજા! ચારે વર્ણોના વિશેષ ધર્મો મેં તને કહ્યા. હવે હે તાત ! સર્વ વર્ણોના સામાન્ય ધર્મ હું તને વિસ્તારથી કહું છું, તેનું તું શ્રવણ કર.[૨૨] પ્રાણીમાત્ર ઉપર દયા રાખવી, કોઈની હિંસા ન કરવી, પ્રમાદનો ત્યાગ કરવો, બીજા કોઈને આપ્યા પછીજ અન્નાદિ સર્વ વસ્તુનો પોતે ઉપભોગ કરવો, શ્રાદ્ધકર્મ કરવું, અતિથિઓનો સત્કાર કરવો, સત્ય બોલવું, ક્રોધનો ત્યાગ કરવો, પોતાની સ્ત્રીમાંજ સંતુષ્ટ રહેવું, બાહ્યાભ્યંતર પવિત્રતા જાળવવી, બીજાપરની અદેખાઈનો નિત્ય ત્યાગ કરવો, આત્મજ્ઞાન સંપાદન કરવું અને સ-

---

* આ વર્ણસંકર જાતિઓની વિશેષ માહિતી અનુશાસન પર્વના ૪૮ મા અધ્યાયમાં આપેલી છે, માટે ત્યાંજ જોઇ લેવી.

× જેમકે, કાક્ષીવાન નામના એક ઋષિએ શૂદ્રજાતિની સ્ત્રીવિષે પુત્રો ઉત્પન્ન કર્યા હતા છતાં તેના પુત્રો બ્રાહ્મણપણાને પામ્યા છે.

હનશીલતા રાખવી—આ તેર ધર્મો સર્વ વર્ણાશ્રમીઓને માટે સામાન્ય છે—આ તેર ધર્મોનું સર્વ વર્ણાશ્રમીઓએ અવશ્ય પાલન કરવું.[૨૩,૨૪] હે મનુષ્યોમાં શ્રેષ્ઠ રાજા ! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય—એ ત્રણ વર્ણો સામાન્યતઃ 'દ્વિજાતિ' કહેવાય છે અને તે દ્વિજાતિઓનેજ વેદોક્ત સર્વ ધર્મોનું પાલન કરવાનો અધિકાર છે (પણ હીન વર્ણના શૂદ્રને તે ધર્મોનો અધિકાર નથી.)[૨૫] હે રાજા ! બ્રાહ્મણાદિ ત્રણ વર્ણો, શાસ્ત્રનિષિદ્ધ કર્મોનું જો સેવન કરે છે તો અવશ્ય પતિત થાય છે; પરંતુ સત્પુરુષોના આશ્રયની પેઠે પોતપોતાનાં શાસ્ત્રવિહિત કર્મોનું જો આચરણ કરે છે તો અવશ્ય ઉન્નતિને પામે છે.[૨૬] શાસ્ત્રોનો એવો નિશ્ચય છે કે, શૂદ્ર, વેદોક્ત સંસ્કારનો અનધિકારી છે, માટે તે કદી પતિત થતોજ નથી; તેમજ વેદોક્ત વિશેષ ધર્મનો તેને અધિકાર નથી, તોપણ અહિંસાદિ સામાન્ય ધર્મોનું પાલન કરવામાં તેને નિષેધ કરવામાં આવ્યો નથી.[૨૭] હે વૈદેહ મહારાજા ! શાસ્ત્રસંપન્ન એવા કેટલાએક બ્રાહ્મણો શૂદ્રને પ્રજાપતિ બ્રહ્મદેવ (બ્રાહ્મણ)ના જેવો કહે છે; પણ હે નરેન્દ્ર ! હું તો તે શૂદ્રને સમગ્ર જગતના આદિકારણ દેવવિષ્ણુના જેવો, (ક્ષત્રિયના જેવો) કહું છું.[૨૮] શૂદ્રોને પોતાના આત્માનો ઉદ્ધાર કરવાની ઇચ્છા હોય તો તેઓએ દમ, દયા, દાન–આદિ સત્પુરુષોના આચારનો આશ્રય કરવો અને વૈદિક મંત્રોનો ઉચ્ચાર કર્યાવિના આત્મોદ્ધારક એવી ક્રિયાઓ પણ કરવી; કેમકે મંત્રસિવાયની ક્રિયા કરવામાં શૂદ્રોને દોષ લાગતો નથી;[૨૯] તેમજ વર્ણસંકર જાતિના બીજા સામાન્ય મનુષ્યો પણ જેમ જેમ સત્પુરુષોના આચારનું અવલંબન કરે છે, તેમ તેમ તેઓ આ લોકમાં સુખી થાય છે અને મરણ પછી પરલોકમાં પણ આનંદ પામે છે."[૩૦]

જનકે પૂછ્યું:–" હે મહામુનિ ! મનુષ્યને તેનું કર્મ દૂષિત કરે છે કે તેની જાતિ દૂષિત કરે છે, તે વિષે મને સંશય થયો છે; માટે તેનું તમે નિરાકરણ કરો."[૩૧]

પરાશરે કહ્યું:–" હે મહારાજા ! કર્મ અને જાતિ—એ બન્ને અવશ્ય મનુષ્યને દૂષિત કરનાર છે; તોપણ તેમાં જે કંઇ વિશેષ રહેલો છે, તે હું કહું છું. સાંભળ.[૩૨] પુરુષ, ઉત્તમ જાતિથી દુષ્ટ કર્મ સેવતો નથી અને જાતિ અધમ હોવા છતાં ઉત્તમ કર્મને લીધે પણ દુષ્ટ કર્મ સેવતો નથી. તાત્પર્ય કે, જે પુરુષ જાતિથી દુષ્ટ હોવા છતાં પાપી કર્મનું સેવન કરતો નથી, તે પુરુષજ ઉત્તમ ગણાય છે;[૩૩] પરંતુ ઉત્તમ જાતિમાં ઉત્પન્ન થયેલો હોય છતાં જે પુરુષ નિંદવાયોગ્ય કર્મનું સેવન કરે છે તેમાં તેનાં પૂર્વજન્મમાં કરેલાં દુષ્ટ કર્મોજ કારણભૂત છે અને તે કર્મોજ તેને દુષ્ટ કરનારાં છે; માટે એ વાત તો નિશ્ચય છે કે, જાતિના કરતાં કર્મજ અધમતાનું અધિક કારણ છે."[૩૪]

જનકે પૂછ્યું:–" હે ઉત્તમ બ્રાહ્મણ ! આ જગતમાં કયાં કર્મો ધર્મજનક ગણાય છે, કે જે કર્મોનું આચરણ કરવાથી પ્રાણીમાત્રની હિંસા થાય નહિ ?"[૩૫]

પરાશરે કહ્યું:–"હે મહારાજા ! તેં મને પ્રશ્ન પૂછ્યો છે, માટે એ વિષયમાં હું તને કહું છું, સાંભળ. જે કર્મો અહિંસાપ્રધાન હોઇને મનુષ્યનું સર્વદા રક્ષણ કરે છે, તે કર્મો આ પ્રમાણે છે.[૩૬] અગ્નિહોત્રનો ત્યાગ કરીને સંસારથી ઉદાસીન થયેલા—અર્થાત્ સંન્યાસાશ્રમમાં દાખલ થયેલા અને તેથીજ સંતાપથી મુક્ત થયેલા જે પુરુષો, અનુક્રમે યોગમાર્ગની ઉત્તરોત્તર ભૂમિકામાં આગળ વધે છે, તેઓ મોક્ષરૂપ પરમ શ્રેયને પ્રાપ્ત કરે છે.[૩૭] વળી અત્યંત સૂક્ષ્મ બુદ્ધિવાળા તે પુરુષો સંન્યાસ ઉપર શ્રદ્ધા રાખીને સર્વ કર્મોનો ત્યાગ કરે છે, વિનયશીલ બને છે અને નિત્ય દમગુણનોજ આશ્રય કરે છે, જેથી બ્રહ્મરૂપ અજરામર સ્થાનને પામે છે.[૩૮] હે રાજન્ ! સર્વ વર્ણના મનુષ્યો સારી રીતે ધર્માચરણ કરીને, સત્ય ભાષણ બોલીને તેમજ જીવલોકના દારુણ અધર્મનો ત્યાગ કરીને સ્વર્ગલોકમાં જઇ શકે છે, એમાં કંઇ વિચારવા જેવું નથી.[૩૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
" પરાશરગીતા " એ વિષયનો
અધ્યાય ૨૯૬ મો સમાપ્ત.

અધ્યાય ૨૯૭ મો

પરાશરગીતા-મૃત્યુ અને તે પછીની ગતિ

॥ पराशर उवाच ॥

पिता सखायो गुरवः स्त्रियश्च ।
न निर्गुणानां प्रभवंति लोके ॥
अनन्यभक्ताः प्रियवादिनश्च ।
हिताश्च वश्याश्चा तथैव राजन् ॥१॥

પરાશરે કહ્યું:-જે પુરુષો ભકિત આદિ ગુણોથી રહિત હોય છે, તેઓને પિતા, મિત્રો, ગુરુઓ અને ગુરુની પત્નીઓ, પોતાની સેવાનું ફળ આપી શકતાં નથી; પણ હે રાજા! જે પુરુષો પિતા આદિના અનન્ય ભક્ત હોય છે, પ્રિયભાષી હોય છે, સર્વનું હિત કરનારા હોય છે અને ગુરુજનોને વશ રહેનારા હોય છે, તે પુરુષો પિતા આદિની સેવાનું ફળ પામેજ છે.[૧] પિતા મનુષ્યોનું પરમ દૈવત ગણાય છે અને તેથીજ માતાના કરતાં પિતાને અધિક શ્રેષ્ઠ કહેવામાં આવે છે. વિદ્વાનો કહે છે કે, જગતના સર્વ લાભોમાં જ્ઞાનનો લાભ પરમ શ્રેષ્ઠ છે, અને જે પુરુષોએ શબ્દાદિ વિષયોને જીત્યા છે, તેઓ પરમાત્માને પામી શકે છે.[૨] વળી જે રાજપુત્ર, રણસંગ્રામના મોખરામાં જઇને મરણ પામે છે અને બાણોરૂપી અગ્નિની શય્યામાં દહન પામે છે, તે રાજપુત્ર (ક્ષત્રિય) દેવોને પણ દુર્લભ એવા દિવ્ય લોકમાં પ્રયાણ કરે છે અને ત્યાં જઇને સ્વર્ગના ફળનો સુખેથી ઉપભોગ કરે છે.[૩] હે રાજન્ ! રણસંગ્રામમાં જે પુરુષ થાકી ગયો હોય, ભયભીત થયો હોય, શસ્ત્રરહિત થયો હોય, રુદન કરતો હોય, નાસી જતો હોય, રથ, ઘોડા અને કવચથી રહિત થઇ પડયો હોય, યુદ્ધ કરવા તૈયાર ન થયો હોય, રોગગ્રસ્ત થઇ પડયો હોય અને અભયદાનની યાચના કરતો હોય, તેવા પુરુષનો ક્ષત્રિયે વધ કરવો નહિ, તેમજ બાળકનો તથા વૃદ્ધનો પણ વધ કરવો નહિ;[૪] પણ જે પુરુષ રથ, ઘોડા, કવચ વગેરેથી સજ્જ થયો હોય, યુદ્ધ કરવા તૈયાર થયો હોય, પોતાનો સમોવડીઓ હોય અને સંગ્રામમાં પોતાની સામે ચઢી આવ્યો હોય, તેવા ક્ષત્રિયપુત્રને રાજાએ જીતવો.[૫] યુદ્ધમાં પોતાના સમાન બળવાળા પુરુષને હાથે અથવા પોતાના કરતાં અધિક બળવાળા પુરુષને હાથે થયેલું મૃત્યુ શ્રેયસ્કર ગણાય છે, એવો શાસ્ત્રનો નિશ્ચય છે; પણ પોતાના કરતાં હીન બળવાળા પુરુષને હાથે, કાયરને હાથે અથવા કૃપણને હાથે થયેલું મૃત્યુ નિંદ્ય ગણાય છે.[૬] હે રાજા! પાપી આચરણવાળા દુષ્ટ પુરુષને હાથે અથવા પોતાના કરતાં હીન ગણાયલા પુરુષને હાથે જો મરણ થાય છે તો નરકમાંજ પડવું પડે છે, એ વાત નક્કી છે.[૭] હે રાજન્ ! જે પુરુષ મૃત્યુના સપાટામાં સપડાઇ પડયો છે, તેનું કોઈ રક્ષણ કરનાર નથીજ; તેમજ જેનું આયુષ અવશેષ રહેલું છે, તેને કોઇ મારનાર નથી.[૮] માતા આદિ સ્નેહીઓ, કે જેઓ પૂજ્ય ગણાય છે, તેઓની પાસે તેલનું મર્દન વગેરે કર્મો કરાવવાં નહિ તેમજ તેઓને હાથે થતાં હિંસાપ્રધાન સર્વ કર્મોનું નિવારણ કરવું (અર્થાત્ પોતાનું રક્ષણ કરવા માટે તેઓ હિંસામય કર્મો કરવા તૈયાર થયાં હોય તો તેઓને અટકાવવાં.) પણ બીજાના પ્રાણ લઇને પોતાના પ્રાણનું પોષણ કરવું નહિ.[૯] હે તાત ! સર્વ ગૃહસ્થો, જેઓને સંસારના બંધનથી છૂટી જવાની ઇચ્છા હોય, તેઓએ ઉત્તમ ક્રિયાઓ કરતાં કરતાં સમુદ્રગામિની નદીઓના કાંઠા ઉપર મરણ પામવું, તે ઉત્તમ છે; (અર્થાત્ તીર્થરૂપ ગણાતી પવિત્ર નદીઓના તટ ઉપર મરણ પામવાથી મનુષ્ય નિષ્પાપ થાય છે.)[૧૦] પરંતુ તેવા તીર્થક્ષેત્રમાં જઇને આયુષનો જ્યારે ક્ષય થાય, ત્યારેજ મરણ પામવું તે ઉત્તમ છે. જો કે, જલસમાધિ આદિ હઠયોગ કરીને તેવા તીર્થક્ષેત્રમાં આત્મહત્યા કરવાથી પણ સ્વતઃસિદ્ધ મોક્ષફળ પ્રાપ્ત થાયજ છે, તોપણ તેમાં વિશેષતા એટલીજ છે કે, તીર્થક્ષેત્રમાં જઇને જલપ્રવેશ આદિથી આત્મહત્યા કરનારો પુરુષ મોક્ષમાર્ગે ગયેલો ગણાયા છતાં નિંદ્ય ગણાય છે અને તે ઉપરાંત સીધી રીતે મોક્ષ ગતિને પામ્યાવિના પુનઃ બીજા

દેહને પામેજ છે. આત્મહત્યાનું પ્રાયશ્ચિત કરવા માટે ફરી પણ તેવા પ્રકારનાજ યાતનાશરીરને પ્રાપ્ત થાય છે.[×][૧૧,૧૨] તીર્થમાં આત્મહત્યા કરનારા પુરુષને જે યાતનાશરીર પ્રાપ્ત થાય છે, તે કેવળ ભોગશરીર હોઈને મનુષ્યાદિકનાં કર્મશરીરોની પેઠે જૂદા જૂદા અનેક દેહોને પ્રાપ્ત કરાવનારૂં હોતું નથી. માત્ર આત્મહત્યાના પાપને દૂર કરવા માટેજ રુદ્રના પિશાચરૂપે તે યાતનાશરીર પ્રાપ્ત થયેલું હોય છે અને તે શરીર છેક છેવટનું હોઈને મોક્ષયોગ્યજ ગણાય છે.[૧૩] અધ્યાત્મનો અભ્યાસ કરનારા વિદ્વાનો કહે છે કે, એ યાતનાશરીરનું સ્વરૂપ આપણા મનુષ્યદેહના જેવુંજ હોય છે. તે શરીરમાં નાડીઓ, આંતરડાં અને હાડકાં પુષ્કળ હોય છે, તેનો દેખાવ બીભત્સ હોય છે, અપવિત્ર પદાર્થોથી તે ભરેલું હોય છે, પાંચ મહાભૂતો, પાંચ ઇંદ્રિયો અને વાસનામય એવા પાંચ વિષયોનો તેમાં સમાગમ હોય છે, તેમાં કેવળ ચામડી અને હાડકાંજ હોય છે (પણ માંસ કે મેદ હોતો નથી), સૌંદર્યાદિક ગુણોથી તે રહિત હોય છે અને તે શરીર કેવળ વાયુરૂપજ હોય છે, છતાં પૂર્વજન્મની વાસનાને લીધે જાણે મનુષ્યાકારે થયું હોય તેવું જણાય છે.[૧૪,૧૫] એ યાતનાશરીરનો, જીવ જ્યારે ત્યાગ કરે છે, ત્યારે ચેતનારહિત અને નિશ્ચેષ્ટ થઈને પૃથ્વીપર તે પડી જાય છે અને તેમાં રહેલાં પાંચ મહાભૂતો પોતપોતાની પ્રકૃતિમાં લય પામી જાય છે.[૧૬] હે વિદેહ રાજા જનક! 'કર્મશરીર' એવા નામથી પ્રસિદ્ધ એવો આપણો આ મનુષ્યદેહ, કર્મની વાસનાથી વાસિત હોય છે, જેથી તે તે અનેક યોનિમાં ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે; કેમકે તે તે અનેક સ્વરૂપે નવા નવા જન્મો ધારણ કરવા તેજ કર્મનું ફળ છે;[૧૭] પરંતુ હે રાજા! જે જીવ યાતનાશરીરને ધારણ કરનારો છે, તેને તો એ યાતનાશરીરનો ત્યાગ કર્યા પછી પુનર્જન્મ લેવોજ પડતો નથી. માત્ર પોતાના પાપનો ક્ષય થાય ત્યાંસુધી એ યાતનાશરીર ધારણ કરીનેજ, આકાશમાં વિચરનારા મોટા મેઘની પેઠે સર્વત્ર વિચરવું પડે છે.[૧૮] હે રાજન્! તે પછી ઉપાધિથી ઉત્પન્ન થયેલી મલિનતાનો ત્યાગ થવાથી આત્મારૂપ મૂળ અધિષ્ઠાનનું તેને જ્ઞાન થાય છે, ત્યારે તેનો મોક્ષ થાય છે; કેમકે ઇંદ્રિયોના કરતાં મન શ્રેષ્ઠ છે અને મનના કરતાં સર્વના અધિષ્ઠાનરૂપ પરમાત્મા શ્રેષ્ઠ છે. (તેમજ માનસિક સંકલ્પોનો જે ત્યાગ કરવો તેજ મોક્ષનું લક્ષણ છે.)[*][૧૯]

હે રાજા! સ્થાવરજંગમ અનેક પ્રાણીઓમાં જંગમ પ્રાણીઓ શ્રેષ્ઠ છે, જંગમ પ્રાણીઓમાં મનુષ્યપ્રાણી શ્રેષ્ઠ છે, મનુષ્યોમાં બ્રાહ્મણો શ્રેષ્ઠ છે, બ્રાહ્મણોમાં જેઓ બુદ્ધિમાન હોય છે તેઓ શ્રેષ્ઠ છે, બુદ્ધિમાનોમાં આત્મબુદ્ધ-યોગીઓ શ્રેષ્ઠ છે અને યોગીઓમાં પણ જેઓ નિરભિમાની હોય છે, તેઓ શ્રેષ્ઠ છે.[×][૨૦,૨૧] મનુષ્ય જેવો ઉત્પન્ન થાય છે, કે તુરતજ મરણ તેની પાછળ પાછળ ફર્યા કરે

[×] સારાંશ કે, પવિત્ર તીર્થમાં જઇને જલપ્રવેશ આદિથી પ્રાણત્યાગ કરનારા પુરુષનો તત્કાળ મોક્ષ થતો નથી, પણ આત્મહત્યાના પ્રાયશ્ચિત્તને માટે તેને ફરી પણ યાતનાશરીર ધારણ કરવું પડે છે અને તે શરીરથી મુક્ત થયા પછીજ તેનો મોક્ષ થાય છે; માટે તેવે સ્થળે જઇને આત્મહત્યાના કરતાં આયુષના ક્ષયસમયેજ મરણ પામવું તે ઉત્તમ છે; કેમકે તેવા મૃત્યુથી તત્કાળ મોક્ષગતિ પ્રાપ્ત થાય છે.

[*] આ શ્લોકના પૂર્વાર્ધ પ્રથમ ચરણનો મુંબઈની મૂળ પ્રતમાં '**स पुनर्जायते राजन्** ' એવો પાઠ જોવામાં આવ્યો છે, પણ આગળ પાછળનો સંબંધ જોતાં અમને જણાયું છે કે, તે પાઠ ભૂલભરેલો છે; કેમકે ઇન્દ્રિયો અને મનથી પર રહેલા પરમાત્મારૂપ અધિષ્ઠાનનું જ્ઞાન થયા પછી કોઇપણ પ્રાણીને પુનર્જન્મ રહેતો નથી, તો પછી મોક્ષયોગ્ય એવું યાતનાશરીર ધારણ કરનારા રુદ્રપિશાચ આદિને મૂળ અધિષ્ઠાનનું જ્ઞાન થયા પછી પુનર્જન્મ ધારણ કરવો પડે એ કેવળ અસંભવિતજ છે. આમ સમજીને અમે, '**स पुनर्जायते राजन्** ' એ મૂળ પાઠને બદલે '**न पुनर्जायते राजन्**' એવો મૂળપાઠ સ્વીકાર્યો છે અને તે પાઠને અનુસરીનેજ ભાષાંતર કર્યું છે.

[×] અર્થાત્ યોગૈશ્વર્યના અભિમાનથી રહિત એવા યોગીઓ સર્વ પ્રાણીઓના કરતાં શ્રેષ્ઠ છે.

છે, એમાં કંઈ સંશય નથી; છતાં મનુષ્યો સત્વાદિ ગુણોને અનુસરીને નાશવંત એવાં કર્મોનુંજ સેવન કરે છે. (પણ અવિનાશી આત્મજ્ઞાન સંપાદન કરતા નથી, એ કેવી અફસોસની વાત છે?[૨૨]) હે રાજન્! જે પુરુષ, સૂર્ય ઉત્તરાયણના થાય છે ત્યારે, ઉત્તમ નક્ષત્રમાં અથવા ઉત્તમ મુહૂર્તમાં મરણ પામે છે, તે પુરુષ પુણ્યશાળી છે–બ્રહ્મલોકમાં જવાને અધિકારી છે;[૨૩]પણ આવું ઉત્તમ મરણ મેળવવામાટે મુખ્ય સાધન એજ હોઈ શકે કે, કોઇપણ પ્રાણીને દુઃખ દેવું નહિ, સર્વ પાપોનો ક્ષય કરી નાખવો અને પોતાની શક્તિ પ્રમાણે શુભ કર્મોજ કર્યા કરવાં, જેથી પોતાનું ઐચ્છિક મરણ મેળવી શકાય છે; (અને તેજ મરણ શ્રેયસ્કર ગણાય છે.)[૨૪] પરંતુ ઝેર પીને, ફાંસો ખાઇને, બળી જઈને, ચોરના હાથમાં સપડાઇ પડીને અથવા દાઢવાળાં પશુઓના ઝપાટામાં ઝડપાઇ જઈને મરણ પામવું, તે અધમ ગણાય છે.[૨૫] પુણ્યશાળી પુરુષો આવાં અકસ્માત્ થનારાં મૃત્યુને પામતા નથી, પણ તેઓના પ્રાણો તો છેક સૂર્યમંડળને ભેદીને બ્રહ્મલોકમાંજ ગતિ કરે છે અને મધ્યમ વર્ગના પુણ્યશાળીઓ આ મનુષ્યલોકમાંજ કોઇ ઉચ્ચકુળમાં અવતરે છે, પણ પાપીઓની ગતિ તો નરકમાંજ થાય છે. હે રાજન્! અજ્ઞાન એજ પુરુષનો એક મહાન શત્રુ છે, કે જેની બરોબરી કરે તેવો બીજો એક પણ શત્રુ જગતમાં નથી; કેમકે એ અજ્ઞાનરૂપ શત્રુથી ઘેરાયલો મનુષ્ય, તેની પ્રેરણાથીજ મહાદારુણ અને ઘોર કૃત્યો કરવા તૈયાર થાય છે. હે રાજપુત્ર! આ અજ્ઞાનરૂપી શત્રુ, ઘણોજ યત્ન કરવાથી વશ થાય તેવો છે, તોપણ તેને પાછો હઠાવવા માટે વેદોક્ત ધર્મનું ઉપાસન કરવું અને વૃદ્ધ પુરુષોની સેવા કરવી, જેથી તે મહાન શત્રુને પણ પાછો હઠાવી શકાય છે. વળી બુદ્ધિરૂપી બાણવડે તો તે મૂલમાંથી ઉખડી જઇને નાશ પામે છે.[૨૯] દ્વિજવર્ણના પ્રત્યેક પુરુષનો આ ધર્મ છે કે, તેણે પ્રથમ અવસ્થામાં બ્રહ્મચર્યના પાલનપૂર્વક તપશ્ચરણ કરીને વેદોનું અધ્યયન કરવું, પછી મધ્યમ અવસ્થામાં ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરીને પંચમહાયજ્ઞો કરવા અને પછી અંતિમ અવસ્થામાં કેવળ ધર્મજ સંપાદન કરવાની ઈચ્છાથી પોતાના પુત્રને ગૃહકાર્યમાં સ્થાપીને વનમાંજ ચાલ્યા. જવું અને ત્યાં જઈને કેવળ મોક્ષને માટેજ પ્રયત્ન કરવો.[૩૦] હે તાત ! મનુષ્ય કદાચ ભોગવૈભવોથી રહિત હોય અથવા દરીદ્રી હોય, તોપણ તેણે કદી આત્મનાશ કરવો નહિ; કેમકે ચંડાલ યોનિમાં જન્મ થયો હોય તોપણ મનુષ્યાવતાર સર્વથા ઉત્તમજ છે.[૩૧] હે રાજા ! આ મનુષ્યયોનિ, બીજી સર્વ યોનિઓમાં પ્રથમ ગણાય છે; કેમકે મનુષ્યયોનિને પામીને ઉત્તમ પ્રતિનાં કર્મોનું જો આચરણ કરવામાં આવે છે, તો સંસારના ભયથી આત્માનું રક્ષણ કરી શકાય છે–અર્થાત મનુષ્યજન્મમાંજ મોક્ષપ્રાપ્તિ કરી શકાય છે;[૩૨]માટે હે રાજા! પ્રત્યેક મનુષ્યે "આ મનુષ્યજન્મને પામ્યા છતાં અમે આત્મનાશ શામાટે કરીએ ?" આવો મનમાં વિચાર કરીને વૈદિક પ્રમાણ દર્શનપૂર્વક ધર્મજ કરવો જોઇએ.[૩૩] જે કામાત્મા પુરુષ અતિ દુર્લભ એવા આ મનુષ્યજન્મને પામ્યા છતાં તેનો દ્વેષ કરે છે, તે પુરુષ ધર્મનું અપમાન કરનારો છે અને કામવાસનાઓથી છેતરાયલોજ છે;[૩૪] પણ હે તાત! જે પુરુષ દીપકને જેમ સ્નેહ(તેલ)થી તેજસ્વી કરી શકાય છે, તેમ કેવળ સ્નેહથીજ વૃદ્ધિ પમાડવા યોગ્ય એવાં પ્રાણીમાત્રને ધીરજ આપીને, અન્ન આપીને તથા પ્રિય વચન કહીને પ્રીતિપૂર્ણ દૃષ્ટિથી જુએ છે–અર્થાત પ્રાણીમાત્ર તરફ દયાદૃષ્ટિથી જુએ છે; તેમજ સર્વ વિષયોના તરફ વૈરાગ્યદૃષ્ટિથી જુએ છે તે પુરુષ સુખને તથા દુઃખને સમાન ગણનારો હોઇને પરલોકમાં પૂજાય છે.[૩૫,૩૬] હે રાજા! દાન અને વૈરાગ્યજ જેનું પરમ પવિત્ર શરીર છે, તેવા પુરુષે સરસ્વતી, નૈમિષારણ્ય, પુષ્કર અને પૃથ્વીપરનાં બીજાં પવિત્ર તીર્થક્ષેત્રોમાં જઇને ત્યાંના જળવડે તથા ત્યાં કરેલી તપશ્ચર્યાવડે પોતાના શરીરને શુદ્ધ કરવું જોઇએ;[૩૭] પણ જે પુરુષોના પ્રાણ ઘેર ને ઘેરજ પ્રયાણ કરી

જાય છે, તેઓના શબને પાલખીમાં સુવાડીને ઘરની બહાર કાઢવું અને શ્મશાનમાં લઈ જઈ પવિત્ર વિધિપૂર્વક તેનો અગ્નિસંસ્કાર કરવો, તે ઉત્તમ ગણાય છે.[૩૮] મનુષ્ય પોતાની શક્તિ પ્રમાણે દેવપૂજન, શાંતિ, પુષ્ટિ, યજન, યાજન, દાન અને પિતૃઓનું શ્રાદ્ધ-વગેરે જે કંઈ પુણ્યકર્મો કરે છે,તે સર્વ કેવળ પોતાનું હિત કરવામાટેજ કરે છે;[૩૯] તેમજ હે રાજા! સર્વ ધર્મશાસ્ત્રો અને છ અંગસહિત વેદો, પુણ્યકર્મ કરનારા પુરુષનું કલ્યાણ થાય તે માટેજ ઉપદેશ આપી રહ્યા છે."[૪૦]

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિર! એ પ્રમાણે મહાત્મા પરાશર મુનિએ, આ સર્વ ઉપદેશ જનક રાજાને તેનું કલ્યાણ થાય તે માટે પૂર્વે આપ્યો હતો.[૪૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
'પરાશરગીતા' એ વિષયનો અધ્યાય
૨૯૭ મો સમાપ્ત.

* * *

અધ્યાય ૨૯૮ મો

પરાશરગીતા-શ્રેયનું સત્ય સ્વરૂપ

॥ भीष्म उवाच ॥

पुनरेव तु पप्रच्छ जनको मिथिलाधिपः ॥
पराशरं महात्मानं धर्मे परमनिश्चयम् ॥१॥

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર! તે પછી મિથિલા નગરીના રાજા જનકે, મહાત્મા પરાશર, જે ધર્મના પરમ નિશ્ચયને જાણનારા હતા, તેમને ફરી પણ પ્રશ્ન કર્યો."[૧]

જનકે પૂછ્યું:-"હે બ્રહ્મન્! શ્રેયનું સત્ય સાધન શું? પરમ ગતિ કયી કહેવાય છે? કયું કર્મ અવિનાશી છે અને કયાં જવાથી મનુષ્યની પુનરાવૃત્તિ થતી નથી? હે મહાબુદ્ધિમાન્ મુનિરાજ! તે સર્વનો મને ઉપદેશ આપો."[૨]

પરાશરે કહ્યું:-"જગતના કોઇપણ પદાર્થમાં આસક્તિ ન રાખવી તે શ્રેયનું મૂળ છે, જ્ઞાન એજ પરમ ગતિ કહેવાય છે, યથાવિધિ આચરેલું તપશ્ચરણ અવિનાશી છે અને સુપાત્રને આપેલું દાન પણ અવિનાશી છે.[૩] મનુષ્ય અધર્મરૂપ પાશોનું છેદન કરીને કેવળ ધર્માચરણ કરવામાંજ જ્યારે આસક્ત થાય છે અને (સંન્યાસનો સ્વીકાર કરીને) પ્રાણીમાત્રને જ્યારે અભયદાન આપે છે, ત્યારે સિદ્ધિપદને પામે છે.[૪] કોઇએક મનુષ્ય હજારો ગાયોનું તથા સેંકડો ઘોડાઓનું સુપાત્રને દાન કરે છે, અને તે મનુષ્યને જે પુણ્યફળ પ્રાપ્ત થાય છે, તેના કરતાં પણ સર્વપ્રાણીઓને અભયદાન આપનારા મનુષ્યને ઘણુંજ મહાન પુણ્યફળ પ્રાપ્ત થાય છે. ઉપરાંત અભયદાન આપનારાને પ્રાણીમાત્ર તરફથી અભયપણું પ્રાપ્ત થાય છે.[૫] બુદ્ધિમાન પુરુષ વિષયોનો ઉપભોગ કરતો હોય છે, છતાં જાણે ઉપભોગ ન કરતો હોય તેમ મનથી અસંગ રહે છે અને દુષ્ટ બુદ્ધિનો પુરુષ તો વિષયભોગથી રહિત હોય છે છતાં મનદ્વારા વિષયભોગમાં ગરકાવજ રહે છે.[૬] જેમ જળબિંદુ કમળના પત્રનો સ્પર્શ કરી શકતું નથી, તેમ અધર્મ બુદ્ધિમાન પુરુષને સ્પર્શ કરી શકતો નથી; પણ અજ્ઞાની પુરુષને તો, લાખ જેમ કાષ્ઠને વળગી પડે છે, તેમ અધર્મ અત્યંત વળગી પડે છે.[૭] અધર્મ, જે ફળદાનરૂપ ક્રિયાનીજ અપેક્ષા રાખનારો છે, તે પોતાના કર્તાને ફળદાન આપ્યા વિના કદી પણ છોડતો નથી; માટે જે પુરુષ અધર્મ કરનારો છે, તે યથાયોગ્ય સમયે અધર્મનું ફળ પ્રાપ્ત કરેજ છે.[૮] જે જ્ઞાની પુરુષો, આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરનારા છે, તેઓને હરકોઈ કર્મનાં ફળથી કલેશ થતો નથી; (કેમકે તેઓને કર્મોનો સંગજ હોતો નથી,) પરંતુ જે પુરુષ જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિયના સંબંધમાં પ્રમાદી રહે છે અને શુભ તથા અશુભ કર્મ કરવામાં નિરંતર આસક્ત રહે છે,તે પુરુષ પોતાના દુશ્ચેષ્ટિતને કદી જાણી શકતો નથી અને તેને લીધેજ અતિ મહાન ભયમાં આવી પડે છે.[૯] રાગનો તથા દ્વેષનો જેણે સારી રીતે પરાજય કર્યો છે, તે પુરુષ વિષયોની અંદર પ્રવૃત્તિ કરે છે છતાં પાપનાં ફળનો તેને સંબંધ થતો નથી.[૧૦] જેમ નદીની મર્યાદામાં બાંધે-

લો એક બંધ, કદી પડી ભાંગતો નથી પણ નદીના પ્રવાહમાં ઉલટો વૃદ્ધિકર્તા થઇ પડે છે, તેમ શાસ્ત્રની મર્યાદામાં બાંધેલો ધર્મરૂપી બંધ, કોઇ કાળે પણ નાશ પામતો નથી અને ઉલટો તપશ્ચરણમાં વૃદ્ધિ કર્તા થઇ પડે છે.[૧૧] હે રાજસિંહ જનક !જેમ એક શુદ્ધ સૂર્યકાંતમણિ, બરાબર નિયમપૂર્વક સૂર્યના તેજને ગ્રહણ કરે છે, તેમ ધ્યાનવડે શુદ્ધ થયેલો જીવ યોગદ્વારા બ્રહ્મભાવને ગ્રહણ કરે છે.[૧૨] જેમ જૂદાં જૂદાં અનેક સુગંધીદાર પુષ્પોનીં ભાવના આપવાથી તલની અંદર (તલના તેલની અંદર) અધિકાધિક સુગંધ પ્રાપ્ત થતી જાય છે, તેમ શુદ્ધ ચિત્તવાળા પુરુષોને જૂદી જૂદી અનેક શુભ વાસનાઓનો પરિચય થવાથી સત્વગુણમાં પ્રવૃત્તિ થતી જાય છે.[૧૩] પુરુષને સ્વર્ગ મેળવવાનો જ્યારે નિશ્ચય થાય છે, ત્યારે સ્ત્રીનો, સંપત્તિનો, પદવીનો, વાહનોનો તથા વિવિધ પ્રકારની સત્ક્રિયાઓનો તે ત્યાગ કરે છે અને ત્યારેજ તેની મનોવૃત્તિ શબ્દાદિ વિષયો તરફથી પાછી હઠે છે;[૧૪] પરંતુ જે પુરુષની બુદ્ધિ કેવળ વિષયોમાંજ રમણ કરતી હોય છે, તેને પોતાનું હિત કરવાનું કોઇ કાળે સૂઝતું નથી; એટલુંજ નહિ પણ હે રાજા ! તે વિષયાધીન રહેનારો પુરુષ, કાંટામાં ભરાવેલા માંસને જોઇને જેમ માછલું આકર્ષાય છે, તેમ સંસારના અનેક ભાવોને અનુસરનારા મનવડે તે તે ભાવોમાં આકર્ષાય છે.[૧૫] જેમ દેહ અને ઇંદ્રિય આદિનો સમુદાય અન્યોન્યનો આશ્રિત હોઇને અન્યોન્યને ઉપકારક છે, તેમ સ્ત્રી, પુત્ર, પશુ–આદિના સમુદાયરૂપ એવો આ મનુષ્યલોક, કેળના સ્તંભના ગર્ભની પેઠે કેવળ નિઃસાર હોઇને અન્યોન્યના આધારેજ ટકી રહ્યો છે; છતાં જે પુરુષ તેનો આશ્રય કરે છે તે, ભાંગી પડેલી નૌકા જેમ સમુદ્રમાં ડૂબી જાય છે, તેમ સંસારસમુદ્રમાં ડૂબી જાય છે.[૧૬] પુરુષે અમુક કાળેજ ધર્મ કરવો જોઇએ, એમ ધર્મના સમયનો કંઈ નિશ્ચય કરવામાં આવ્યો નથી, તેમ મૃત્યુ પણ અમુક પુરુષે ધર્મ કર્યો છે કે નહિ, એમ વાટ જોવા ઉભું રહેતું નથી. વળી જગતનો પ્રત્યેક મનુષ્ય મૃત્યુના મુખમાંજ જ્યારે સપડાઇ પડયો છે, ત્યારે સદાકાળ ધર્મક્રિયાજ કર્યા કરવી, તે ઉત્તમ છે.[૧૭] જેમ એક આંધળો મનુષ્ય, પોતાના ઘરમાં અભ્યાસના બળથીજ આવ જા કરે છે, તેમ બુદ્ધિમાન પુરુષ, મનને યોગપરાયણ કરીનેજ પરમ ગતિને પામે છે.[૧૮] શાસ્ત્રમાં કહ્યું છે કે, મરણ એ જન્મને માટે છે અને જન્મ તે મરણને માટે છે; છતાં મોક્ષધર્મોને નહિ જાણનારો અજ્ઞાની પુરુષ સંસારપાશમાં બંધાઇને ચક્રની પેઠે ભ્રમણ કર્યા કરે છે;[૧૯]પરંતુ જે પુરુષ જ્ઞાનમાર્ગનો આશ્રય કરે છે, તેને આ લોકમાં તથા પરલોકમાં સુખજ મળે છે; માટેજ વિદ્વાનો કહે છે કે, અગ્નિહોત્રાદિ વિસ્તારવાળાં કર્મો અનાત્મરૂપ ફળને આપનારાં હોઈને કેવળ નાશવંત અને કલેશજનક છે, પણ વૈરાગ્ય આદિ સંક્ષિપ્ત ધર્મો આત્મજ્ઞાનરૂપ અવિનાશી ફળને આપનારાં હોઇને પરમ સુખાવહ છે. આવા હેતુથીજ સંન્યાસને આત્માનું હિત કરનાર કહ્યો છે.[૨૦] જેમ કમળનો દાંડલો પોતાનામાં વળગેલા કાદવનો એકદમ ત્યાગ કરી દે છે, તેમ જ્ઞાન થયા પછી પુરુષનો આત્મા પણ પોતાને ઉપાધિરૂપ એવા મનનો સત્વર ત્યાગ કરી દે છે.[૨૧] વિષયોથી મુક્ત થયેલું મન, આત્માને યોગસાધના તરફ પ્રેરે છે, અને યોગમાં આસક્ત થયેલો આત્મા તે મનને પોતાનામાં લય પમાડી દે છે. આ રીતે પુરુષ યોગયુક્ત થાય છે, ત્યારે સર્વ ઉપાધિથી રહિત એવા પોતાના પરમ સ્વરૂપને જોઇ શકે છે.*[૨૨] જે પુરુષ; ઇંદ્રિયોને તૃપ્ત કરવાના કાર્યમાંજ ગુંથાઈ જઇને ઇંદ્રિયોને તૃપ્ત કરવાના કાર્યનેજ પોતાના હિતનું કાર્ય માની બેસે છે, તે પુરુષ ખરેખર મૂર્ખ છે; કેમકે તે પુરુષ ઇંદ્રિયોને તૃપ્ત કરવાના કાર્યમાંજ મશગુલ રહીને પોતાનું હિત કરનારા યોગરૂપી કાર્યથી ભ્રષ્ટ થાય છે.[૨૩] જગતના પ્રત્યેક મનુષ્યની આવી ત્રણ ગતિ થાય છે. એક તો અધોગતિ, બીજી તિર્યગ્ગતિ અને

---

* કહેવાનો આશય એ છે કે, મનથી ઉત્પન્ન થયેલો સંસાર મનદ્વારાજ નાશ પામે છે.

ત્રીજી સ્વર્ગરૂપ પરાગતિ. તેમાં જે પુરુષ જ્ઞાની હોય છે, તેનો આત્મા પોતાના પુણ્યબળના પ્રભાવથી સ્વર્ગરૂપ પરાગતિને પામે છે અને અજ્ઞાની પુરુષનો આત્મા પોતાના પાપબળના પ્રભાવથી અધોગતિને-નરકને અથવા તિર્યંચ ગતિને (પશુપક્ષી આદિના જન્મને) પામે છે.૨૪ જેમ માટીના એક પાકા વાસણમાંથી જળ આદિ દ્રવ પદાર્થો ટપકીને ક્ષીણ થઈ જતા નથી અથવા ગળી પડતા નથી, તેમ તપશ્ચરણથી તૃપ્ત થયેલું યોગીનું (લિંગ) શરીર, બ્રહ્મલોક સુધીના હરકોઈ દિવ્ય લોકમાં વ્યાપ્ત થઈ જાય છે-તે તે લોકમાં સ્થિર થઈને રહી શકે છે, પણ ત્યાંથી ચ્યવી પડતું નથી.૨૫ જે જીવાત્મા વિષયોનો ઉપભોગ કરે છે તે, અવશ્ય મોક્ષસુખને ભોગવી શકતો નથી; પણ જેણે વૈરાગ્યના આવેશથી વિષયોનો ત્યાગ કર્યો છે, તેજ મોક્ષસુખને ભોગવી શકે છે.×૨૬ જેમ કોઇ જન્માંધ પુરુષ, માર્ગને જોઈ શકતો નથી, તેમ માયાથી ઘેરાયલો અને શિશ્ન (જનનેન્દ્રિય) તથા ઉદરને તૃપ્ત કરવામાં પરાયણ રહેનારો જીવાત્મા, પોતાના વાસ્તવિક સ્વરૂપને જાણી શકતો નથી.૨૭ જેમ કોઇ વ્યાપારી સમુદ્રમાર્ગે વ્યાપાર કરવા નીકળે છે, ત્યારે પોતાના મૂળધન (મુડી) ના પ્રમાણમાં બીજું નફાનું ધન મેળવી શકે છે, તેમ સંસારસમુદ્રમાં વ્યાપાર કરવા નીકળેલો જીવાત્મા પોતાનાં કર્મ અને વિજ્ઞાનરૂપ મૂળધનના પ્રમાણમાં ઉત્તમ-અધમ ગતિરૂપ નફાનું ધન મેળવી શકે છે.૨૮ કાળપ્રધાન આ મનુષ્યલોકમાં, વૃદ્ધાવસ્થાનું સ્વરૂપ ધારણ કરીને મૃત્યુ, સર્વત્ર ઘુમી રહ્યો છે અને સર્પ જેમ પવનને ગળી જાય છે, તેમ પ્રાણીમાત્રને ગળી રહ્યો છે. (માટે આત્માને મુક્ત કરવા સારૂ મનુષ્યે અવશ્ય યત્ન કરવો જોઇએ.)૨૯ જગતમાં જન્મેલો મનુષ્ય પોતાના પૂર્વજન્મમાં કરેલાં કર્મના ફળને અવશ્ય પ્રાપ્ત થાય છે; કેમકે કોઈપણ મનુષ્ય પૂર્વજન્મનાં કર્મોવિના પ્રિય કે અપ્રિયને પામી શકતો નથી.૩૦ મનુષ્ય સૂતો હોય, જતો હોય, બેઠો હોય કે વિષયોમાં પ્રવૃત્તિ કરતો હોય,તોપણ તેનાં શુભ-અશુભ કર્મો સર્વદા તેની સમીપમાંજ રહે છે.૩૧ જેમ એક મનુષ્ય સમુદ્રમાં પડીને મહાપ્રયાસે બીજા કિનારાપર જઇ પહોંચ્યો હોય તેને પુનઃ કદીપણ સમુદ્રમાં પડવાનો વિચાર આવતો નથી, તેમ એકવાર સંસારરૂપ મહાસાગરને તરી ગયેલો કોઇ દુર્લભ પુરુષ પુનઃ તે મહાસાગરમાં સહેલ કરે એવું કદી બનેજ નહિ.✱૩૨ જેમ નાવિકના અભિપ્રાયથીજ સમુદ્રના ઉંડા પાણીમાં ડૂબાડી દેવામાં આવેલી નૌકાને પુનઃ તે નાવિકજ દોરડાવડે બહાર કાઢે છે,તેમ મન, પોતાની ઇચ્છાથીજ સંસારરૂપી સમુદ્રમાં ડૂબાડી દેવામાં આવેલા શરીરાભિમાની જીવને યોગરૂપી દોરડાવડે બહાર કાઢીને તેનો ઉદ્ધાર કરી શકે છે.૩૩ જેમ નદીઓ ચોતરફથી આવીને સમુદ્રમાં લય પામી જાય છે, તેમ યોગનો આશ્રય કરવાથી મન, પોતાની સર્વ વૃત્તિઓની સાથે મૂળપ્રકૃતિમાં લય પામી જાય છે;૩૪ પણ જે પુરુષોનાં મન સંસારના અનેક પ્રકારના પાશોથી જકડાઇ ગયેલાં હોય છે, તેઓ અજ્ઞાનને અધીન થઇને જળમાં બાંધેલા રેતીના ઘરની પેઠે નાશ પામે છે.૨૫ જે દેહાભિમાની (પ્રથમ અજ્ઞાન અવસ્થામાં) નામરૂપાદિ શરીરના ધર્મોને આત્માના ધર્મોતરીકે માનતો હોય, તે દેહાભિમાની (જ્ઞાનાવસ્થા પ્રાપ્ત થયા પછી) બાહ્ય અને આભ્યંતર પવિત્રતારૂપ તીર્થમાં સ્નાન કરીને કેવળ જો આત્મજ્ઞાનનોજ આશ્રય કરે છે અથવા દેવાદિકનું ઉપાસન કરવામાંજ લીન થઇ જાય છે, તો આ લોકમાં તથા પરલોકમાં તેને સુખ

× ટીકાકાર નીલકંઠ આ શ્લોકનો ગૂઢાર્થ આ પ્રમાણે દર્શાવે છે. જે સાક્ષીભૂત આત્મા દીપકની પેઠે વિષયોને પ્રકાશિત કરે છે, તે ચૈતન્યરૂપ આત્મા વિષયોનો ભોક્તા નથી; પણ જે આત્મા બુદ્ધિપ્રધાન, ચૈતન્યાભાસ અથવા જીવરૂપ છે, તેજ વિષયોનો ભોક્તા છે અને તેજ વૈરાગ્યના આવેશમાં આવી જઇને વિષયોનો ત્યાગ પણ કરે છે. અર્થાત્ બુદ્ધિપ્રતિબિંબિત જીવાત્માજ કર્તા અથવા ભોક્તા છે, પણ સર્વનો સાક્ષીભૂત પરમાત્મા કર્તા કે ભોક્તા નથીજ.

✱ અર્થાત્ મુક્તપુરુષનો પુનર્જન્મ થતો જ નથી.

મળે છે.[૩૬] અગ્નિહોત્રાદિ વિસ્તારવાળાં કર્મો, અનાત્મરૂપ તુચ્છ ફળને આપનારાં હોઇને ક્લેશયુક્તજ છે અને ત્યાગાદિક ધર્મો સંક્ષેપમાં કહેવામાં આવ્યા છે,તોપણ આત્મજ્ઞાનરૂપ મહાન ફળને આપનારા હોઇને પરિણામે સુખાવહ છે. આવા હેતુથીજ વિદ્વાનોએ ત્યાગને-સંન્યાસને આત્માનું હિત કરનાર માન્યો છે.[૩૭] મિત્રવર્ગ કેવળ સંકલ્પને લીધેજ ઉત્પન્ન થાય છે, જ્ઞાતિઓ અમુક કારણને લીધેજ સંબંધ ધરાવે છે અને સ્ત્રી, પુત્ર તથા દાસવર્ગ પણ કેવળ આપણા દ્રવ્યનો ઉપભોગ કરનારાંજ છે.(માટે કુંટુબભરણની ચિંતાને યોગમાં વિઘ્નરૂપ સમજીને તેનો ત્યાગજ કરવો.)[૩૮] માતા, પિતા કે અન્ય સંબંધીઓ મનુષ્યનું કંઇપણ હિત કરી શકતાં નથી. માત્ર એક દાનજ સ્વર્ગમાર્ગમાં જેને ભાતાંરૂપ થઇ પડે છે, એવો પ્રત્યેક પ્રાણી પોતાનાંજ કર્મફળને ભોગવે છે.[૩૯] હે ચતુર રાજા! માતા, પુત્ર, પિતા, ભાઇ, સ્ત્રી અને મિત્રવર્ગ-એ સર્વે, સુવર્ણની મહોર ઉપરનાં રાજાવગેરેનાં ચિત્રના જેવાંજ જણાય છે. × પૂર્વજન્મમાં કરેલાં શુભ-અશુભ સર્વ કર્મો, પોતપોતાનું ફળ આપવામાટે પ્રાણીસન્મુખ આવીને ઉભાં રહે છે અને અંતરાત્મા, તે કર્મોનાં ફળને ઉપસ્થિત થયેલાં જાણી, તેનો ઉપભોગ કરવા માટે બુદ્ધિને પ્રેરણા કરે છે.[૪૧] જે પુરુષ,ઉદ્યોગનો આશ્રય કરીને તેમાં યોગ્ય સહાયકોને સંપાદન કરે છે, તે પુરુષનો કોઇપણ કાર્યસમારંભ કદી નિષ્ફળ થતો નથી.[૪૨] જે પુરુષ ચિત્તની એકાગ્રતાવાળો હોય છે, સાવધાન હોય છે, શૂરવીર હોય છે, ધૈર્યવાન હોય છે અને વિદ્વાન હોય છે, તે પુરુષનો, સૂર્યનાં કિરણો જેમ સૂર્યનો ત્યાગ કરતાં નથી તેમ, લક્ષ્મી કદી ત્યાગ કરતી નથી.[૪૩] જે નિર્દોષ મનુષ્ય આસ્તિકપણાનો ઉદ્યોગનો, ઉપાયનો, નમ્રતાનો તથા બુદ્ધિનો આશ્રય કરીને કાર્યનો આરંભ કરે છે, તેનું કાર્ય કદી વિનાશ પામતું નથી.[૪૪] પ્રાણી,જેવો ગર્ભની અંદર દાખલ થાય છે કે તુરતજ પૂર્વજન્મમાં કરેલાં શુભ-અશુભ કર્મો તેની સમીપ હાજર થાય છે; અને સમાન ગતિવાળો વાયુ કરવતથી વહેરેલા લાકડાના ભુક્કાને જેમ ઉરાડી દે છે, તેમ અનિર્વાર્ય એવું મૃત્યુ સર્વનો સંહાર કરનારા કાળની સહાય લઇને, પ્રત્યેક પ્રાણીને તેના વિનાશરૂપ કર્મફળની સન્મુખ લાવી મૂકે છે અને પછી તેનો નાશ કરી નાખે છે.*[૪૫] જગતનાં સર્વ મનુષ્યો, પોતે કરેલાં શુભ-અશુભ કર્મોના પ્રમાણમાંજ રૂપસંપત્તિ, પુત્રપૌત્રાદિ પરિવાર, ઉત્તમ કુળમાં જન્મ અને ધનધાન્યાદિક દ્રવ્યસમૃદ્ધિવગેરેને પામે છે. ”[૪૬]

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિર રાજા ! બુદ્ધિમાન પરાશર મુનિનો એ યથાર્થ ઉપદેશ સાંભળીને ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ રાજા જનકને ઘણોજ આનંદ થયો.[૪૭]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ પરાશરગીતા ” એ વિષયનો
અધ્યાય ૨૯૮ મો સમાપ્ત.

અધ્યાય ૨૯૯ મો

હંસગીતા-સત્ય, દમ, ક્ષમા અને જ્ઞાનની પ્રશંસા

॥ युधिष्ठिर उवाच ॥

सत्यं दमं क्षमां प्रज्ञां प्रशंसंति पितामह ॥
विद्वांसो मनुजा लोके कथमेतन्मतं तव॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે પિતામહ ! આ જગતમાં વિદ્વાન મનુષ્યો સત્યની, દમની, ક્ષમાની તથા જ્ઞાનની ઘણીજ પ્રશંસા કરે છે, તો એ વિષયમાં તમારો શો મત છે?[૧]

× અર્થાત્ સુવર્ણની મહોરનું મૂલ્ય, તેના ઉપરની રાજા વગેરેની છાપને આધારે અંકાતું નથી; પણ મહોરમાં રહેલા સુવર્ણથીજ અંકાય છે. તેમ, જગતમાં જે કંઇ સુખદુઃખાદિ મળે છે, તે પોતાનાં પૂર્વસંચિત કર્મને લીધેજ મળે છે. સગાંસંબંધીઓ તો માત્ર નિમિત્તભૂતજ છે.

* કહેવાનો ભાવ એ છે કે, દૈવેચ્છાએ જે કંઈ અન્નાદિક મળી આવે તે પર પ્રાણધારણા કરી લઇને કેવળ મોક્ષને માટેજ પ્રયત્ન કરવો જોઇએ.

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિર ! આના સંબંધમાં એક પ્રાચીન ઇતિહાસ હું તમને કહું છું, તે ઇતિહાસમાં સાધ્યદેવોનો તથા એક હંસનો સંવાદ વર્ણવેલો છે.[૨] એક સમયે અજન્મા અને અવિનાશી પ્રજાપતિ બ્રહ્મદેવ, સુંદર પાંખોવાળા હંસનું સ્વરૂપ ધારણ કરીને ત્રણે જગતમાં વિચરતા વિચરતા સાધ્ય દેવોની પાસે જઇ પહોંચ્યા.[૩] ત્યારે સાધ્યદેવોએ તેમને પૂછ્યું:-"હે પક્ષિરાજ ! અમે સાધ્ય નામના દેવો છીએ. અમે તમને મોક્ષધર્મના સંબંધમાં પૂછવા ઈચ્છીએ છીએ, કેમકે તમે મોક્ષધર્મને જાણો છો.[૪] હે પક્ષિ! અમે સાંભળ્યું છે કે, તમે મહાબુદ્ધિમાન છો, તમારૂં ભાષણ ઘણું ગંભીર છે અને તમારાં વાક્યો અતિ ઉત્તમ છે; માટે હે મહાત્મન્! તમે અમને કહો કે, તમે કોને સર્વના કરતાં શ્રેષ્ઠ માનો છો ? અને તમારૂં મન કોનાવિષે રમણ કરી રહ્યું છે?[૫] હે શ્રેષ્ઠ પક્ષિ ! જગતનાં સર્વ કાર્યોમાં તમે જે કાર્યને શ્રેષ્ઠ માનતા હો, તે કાર્યનો અમને ઉપદેશ આપો; અને હે પક્ષીરાજ! જે કાર્ય કરીને પુરુષ સર્વ બંધનોથી મુક્ત થઈ જાય, તે કાર્ય કયું છે, તે અમને કહો."[૬]

હંસે કહ્યું:-"હે દેવતાઓ ! મેં સાંભળ્યું છે કે, તપ, દમ, સત્ય અને ચિત્તજય-આ કાર્યજ જગતનાં સર્વકાર્યોમાં ઉત્તમ છે; માટે તેનું સેવન કરીને હૃદયની સર્વ ગ્રંથીઓને પુરુષે છોડી નાખવી જોઇએ, તેમજ પ્રિય-અપ્રિયનો ત્યાગ કરીને પોતાના મનને વશ કરવું જોઈએ.[૭] હરકોઈ મુમુક્ષુ પુરુષે બીજાનાં મર્મસ્થાનોમાં પીડા થાય તેવું કઠોર ભાષણ બોલવું નહિ, નીચ મનુષ્ય પાસેથી ઉત્તમ એવું શાસ્ત્રરહસ્ય લેવું નહિ અને જેનું શ્રવણ કરવાથી સામો મનુષ્ય ઉદ્વેગ પામે તેવી અમંગલ અને નરક આપનારી વાણી બોલવી નહિ;[૮] કેમકે નીચ મનુષ્યના મુખમાંથી છૂટેલાં દુષ્ટ વાક્યરૂપી બાણો બીજાનાં મર્મસ્થાનો ઉપર જેવાં પડે છે, કે તુરતજ તેનાવડે જખમી થયેલો તે મનુષ્ય, રાત દહાડો શોક કર્યા કરે છે, માટે બુદ્ધિમાન પુરુષે તેવાં વાક્યરૂપી બાણો છોડીને બીજાઓને વ્યથા ઉપજાવવી નહિ.[૯] કોઇ સમયે એકાદ મનુષ્ય, અત્યંત નિંદાભરેલાં વાક્યરૂપી બાણોનો પ્રહાર કરીને આપણને ખૂબ વીંધી નાખે, તોપણ આપણે તો તે વેળા શાંતિજ ધારણ કરવી; કેમકે ક્રોધ ઉપજાવનાર મનુષ્ય સામે જે પુરુષ ઉલટો હર્ષ દર્શાવે છે, તે પુરુષ તેના (ક્રોધ ઉપજાવનારના) સર્વ પુણ્યનું હરણ કરે છે.[૧૦] જે પુરુષ, સર્વનો તિરસ્કાર કરનારા અને આવેશને લીધે જગતમાં અપ્રિય થઇ પડનારા જ્વલંત ક્રોધને પોતાના નિયમમાં રાખે છે, તે પુરુષ પોતાના પર ક્રોધ કરનારા બીજા મનુષ્યોના પુણ્યનું હરણ કરે છે;એટલુંજ નહિ પણ તેનું ચિત્ત બીજાઓના જાણવામાં આવતું નથી,તેનું મન પ્રસન્ન રહે છે અને અદેખાઇરૂપ, અવગુણથી તે રહિત થાય છે.[૧૧] આર્ય પુરુષો કહે છે કે,ક્ષમા, સત્ય, સરલતા અને અહિંસા-આ ચાર ગુણોજ સર્વના કરતાં શ્રેષ્ઠ છે અને તેથીજ હું પોતે પણ કોઈનાથી નિંદાયો હોઉં છું, તોપણ કંઈ બોલતો નથી અને કોઇએ મને માર્યો હોય છે તોપણ તેને ક્ષમા આપું છું.[૧૨] સર્વ શાસ્ત્રોમાં એજ કહેવામાં આવ્યું છે કે, વેદનું રહસ્ય સત્ય છે, સત્યનું રહસ્ય દમ છે અને દમનું રહસ્ય મોક્ષ છે.[૧૩] જે પુરુષ અત્યંત વૃદ્ધિ પામેલા વાણીના વેગને, મનના વેગને, ક્રોધના વેગને, તૃષ્ણાના વેગને,ઉદરના વેગને તથા ઉપસ્થના વેગને સહન કરે છે તે પુરુષનેજ હું બ્રાહ્મણ અથવા મુનિ માનુંછું. વળી ક્રોધ કરનારા કરતાં ક્રોધ નહિ કરનારો ઉત્તમ છે,ક્ષમા નહિ કરનારા કરતાં ક્ષમા કરનારો પુરુષ ઉત્તમ છે,મનુષ્યથી ભિન્ન પ્રાણી કરતાં મનુષ્ય પ્રાણી ઉત્તમ છે અને અજ્ઞાનીના કરતાં જ્ઞાની પુરુષ ઉત્તમ છે.[૧૫] જે પુરુષ બીજાથી નિંદા કરાયો હોય છતાં તેની નિંદા કરતો નથી, પણ ઉલટો તેને ક્ષમા આપે છે, તે પુરુષનો ક્રોધ, તેની નિંદા કરનારા સામા પુરુષનેજ બાળી નાખે છે,ઉપરાંત તેના પુણ્યનું હરણ કરે છે;[૧૬] તેમજ જે પુરુષ અત્યંત નિંદા કરાયો હોય અથવા અત્યંત સ્તુતિ કરાયો હોય છતાં નિંદા કરનારાને કે સ્તુતિ કરનારાને અપ્રિય કે પ્રિય કહેતો નથી;

વળી કોઇએ માર માર્યો હોય છતાં ધૈર્ય ધારણ કરીને તેને મારતો નથી એટલુંજ નહિ પણ તેના સંબંધમાં પાપી વિચાર પણ કરવા ઈચ્છતો નથી, તે પુરુષને દેવતાઓ પણ ચાહે છે.[૧૭] પોતાનું અપમાન કરવામાં આવ્યું હોય, પોતાને માર મારવામાં આવ્યો હોય અથવા પોતાની નિંદા કરવામાં આવી હોય, છતાં જે પુરુષ તેવા પાપીને પણ પોતાનું કલ્યાણ કરનાર જેવોજ માનીને નિત્ય ક્ષમા આપે છે, તે પુરુષ સિદ્ધિપદને પામે છે.[૧૮] હું સર્વ રીતે પૂર્ણ થયો છું, છતાં નિત્ય આર્યપુરુષોનું સેવન કરૂં છું,મને તૃષ્ણા રહી નથી, ક્રોધ પણ રહ્યો નથી,હું કોઈ પણ લાભ મેળવવાની ઈચ્છાથી ધર્મનો ત્યાગ કરતો નથી તેમ વિષયસુખ પ્રાપ્ત કરવામાટે કોઇ દેવાદિકની પ્રાર્થના પણ કરતો નથી.[૧૯] મને કોઈ શાપ આપે છે તોપણ હું તેને સામો શાપ આપતો નથી; કેમકે હું જાણું છું કે, દમ-ઇંદ્રિયનિગ્રહ એજ મોક્ષનું દ્વાર છે. વળી હું તમને એક મોટી ગુહ્ય વાત કહું છું કે, મનુષ્યજન્મ કરતાં શ્રેષ્ઠ બીજું :કંઈ પણ નથી.[૨૦] ધીર પુરુષ મેઘમંડળથી મુક્ત થયેલા ચંદ્રની પેઠે પાપોથી મુક્ત થઇને શુદ્ધ થાય છે અને પોતાના મરણકાળની આકાંક્ષા રાખી ધૈર્યવડે સિદ્ધ થાય છે.[૨૧] ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલો જે પુરુષ, બ્રહ્માંડમંડપનો સ્તંભરૂપ હોઇને સર્વ મનુષ્યોમાં પૂજ્ય ગણાય છે અને જેને માટે જગતના સર્વ લોકો અતિ ઉચ્ચ અભિપ્રાય આપે છે,તે જિતેન્દ્રિય પુરુષ (મૃત્યુ પછી) દેવલોકમાંજ જાય છે.[૨૨] બીજાની સ્પર્ધા કરવાનોજ જેઓનો સ્વભાવ હોય છે, તેવા મનુષ્યો પુરુષની અંદર રહેલા કલ્યાણકારક ગુણોનું ગાન કરવાની કદી ઈચ્છા કરતા નથી,પણ તેઓના દોષોનુંજ ગાન કર્યા કરે છે.[૨૩]જે પુરુષની વાણી અને મન સારી રીતે રક્ષિત હોઇને નિયમમાં હોય છે, તેને વેદ,તપ અને ત્યાગ, એ સર્વનું ફળ પ્રાપ્ત થાય છે.[૨૪] વિદ્વાન પુરુષે મૂર્ખ પુરુષોની નિંદા અથવા અપમાન કરીને તેઓને ઉપદેશ આપવો નહિ. વળી તેવા મૂર્ખ પુરુષોદ્વારા બીજાઓની હિંસા થવા દેવી નહિ,તેમ પોતાની પણ હિંસા થવા દેવી નહિ.[૨૫] બુદ્ધિમાન પુરુષે પોતાનું અપમાન કરવામાં આવ્યું હોય તોપણ તે અપમાનને અમૃતતુલ્ય ગણીને તૃપ્તજ રહેવું; કેમકે અપમાન પામેલો જ્ઞાની પુરુષ સુખેથી ઉંઘે છે પણ અપમાન કરનારો પુરુષ વિનાશ પામે છે.[૨૬] ક્રોધી પુરુષ યજ્ઞ કરે છે, દાન આપે છે, તપ તપે છે અથવા હવન-હોમ કરે છે,તે સર્વનો યમદેવ નાશ કરે છે. તાત્પર્ય કે, ક્રોધી પુરુષનો સર્વ પરિશ્રમ કેવળ વ્યર્થજ થાય છે.[૨૭] હે ઉત્તમ દેવો! જે પુરુષનાં ઉપસ્થ, ઉદર, હાથ અને વાણી-આ ચાર વિષયનાં દ્વારો બરાબર સુરાક્ષત હોય છે--નિયમિત હોય છે, તે પુરુષ ધર્મવેત્તા કહેવાય છે.[૨૮] જે પુરુષ સત્ય, દમ, સરળતા,અહિંસા, ધૈર્ય અને ક્ષમા-એ પાંચ ગુણોનું અતિશય સેવન કરે છે, સ્વાધ્યાય કરવામાં નિત્ય તત્પર રહે છે, જગતના કોઇ પણ મનુષ્યની સ્પૃહા રાખતો નથી અને એકાંતપ્રદેશમાંજ નિવાસ કરે છે, તે પુરુષ સ્વર્ગરૂપ ઊર્ધ્વગતિને પામે છે.[૨૯] જેમ ગાયનું વાછરડું ચારે આંચળોને ધાવે છે, તેમ મનુષ્યે સત્ય, દમ, ક્ષમા અને જ્ઞાન-એ ચારેનું સર્વદા સેવન કરવું. તેમાં પણ સત્યના કરતાં જે અધિક પવિત્ર કરનારૂં હોય એવું એક પણ સાધન મને ક્યાંય મળ્યું નથી.[૩૦] હું સર્વત્ર વિચરતો વિચરતો મનુષ્યોને તથા દેવોને પણ એજ કહ્યા કરૂં છું કે, નૌકા જેમ સમુદ્ર તરવાનું સાધન છે, તેમ સત્ય સ્વર્ગલોકમાં ચઢી જવાનું પગથીઉં છે.[૩૧] પુરુષ જેવાઓનો સહવાસ રાખે છે, જેવાઓનું સેવન કરે છે અને જેવો થવાની ઈચ્છા રાખે છે, તેવોજ અવશ્ય થાય છે.[૩૨] જો સત્પુરુષનું સેવન કરે છે તો સત્પુરુષ થાય છે, દુષ્ટનો સહવાસ રાખે છે તો દુષ્ટ થાય છે, તપસ્વીની સાથે બેસેઉઠે છે તો તપસ્વી થાય છે અને ચોર લોકોની સંગતિ કરે છે તો ચોર થાય છે. તાત્પર્ય કે, વસ્ત્રને જેવા રંગથી રંગવું હોય તેવા રંગથી રંગી શકાય છે, તેમ પુરુષને જેવો સંગ હોય તેવો તે થાય છે.[૩૩] આવા હેતુથીજ દેવતાઓ સદા સત્પુરુષો સાથેજ વાર્તાલાપ કરે છે, પણ મ-

નુષ્યના ભોગોને જોવાની એ ઇચ્છા રાખતા નથી. જેમ ચંદ્રમા અમૃતમય છે, તોપણ નિત્ય સમાન સ્થિતિમાં રહેતો નથી અને વાયુ પણ મંદ, મધ્યમ તથા તીવ્રગતિ કરીને સમાન સ્થિતિમાં રહેતો નથી,તેજ પ્રમાણે જગતના સર્વ વિષયો વૃદ્ધિ તથા હ્રાસના ધર્મવાળા હોઈને નિત્ય સમાન સ્થિતિમાં રહેતા નથી. આ રીતે જે પુરુષ જાણે છે,તેજ ખરો તત્ત્વવેત્તા છે. [૩૪] જે જીવાત્મા, હૃદયમાં અંતર્યામીતરીકે રહેલો છે, તે જીવાત્મા જ્યારે રાગદ્વેષથી રહિત થાય છે અને સત્પુરુષોના માર્ગઉપર સ્થિતિ કરે છે, ત્યારે દેવતાઓ પ્રસન્ન થાય છે.[૩૫] જે પુરુષો શિશ્ન તથા ઉદરનેજ તૃપ્ત કરવામાં નિરંતર આસક્ત રહે છે, ચોરી કરવાના કાર્યમાં તત્પર રહે છે અને કઠોર વાણી બોલે છે, તે પુરુષો પ્રાયશ્ચિત્ત કરીને કદી શુદ્ધ થાય છે, તોપણ દેવતાઓ તેઓનો દૂરથી ત્યાગ કરે છે. [૩૬] જે પુરુષ સત્વહીન હોય છે, સર્વભક્ષક હોય છે અને પાપકર્મ કરનારો હોય છે, તે પુરુષ દેવતાઓને પ્રસન્ન કરી શકતો નથી, પણ જે પુરુષો સત્યવ્રતનું પાલન કરે છે, કૃતજ્ઞ હોય છે અને ધર્મપરાયણ હોય છે, તે પુરુષોજ દેવોને પ્રસન્ન કરી શકે છે.[૩૭] વિદ્વાનો કહે છે કે, જેવું તેવું અથવા જેમ આવે તેમ બોલ્યા કરવું તેના કરતાં મૌન ધારણ કરવું તે ઉત્તમ છે, મૌનના કરતાં સત્ય ભાષણ કરવું તે વધારે ઉત્તમ છે, તેમાં પણ ધર્મયુક્ત સત્ય બોલવું તે ઘણુંજ ઉત્તમ છે અને તેમાં પણ સત્ય તથા ધર્મયુક્ત જે પ્રિય ભાષણ તે સર્વના કરતાં ઉત્તમોત્તમ છે.”[૩૮]

સાધ્યોએ પૂછ્યું:-“આ મનુષ્યલોક કોનાવડે ઘેરાયલો છે ? કોને લીધે પ્રકાશમાં આવી શકતો નથી? કયા હેતુથી મિત્રોનો પણ ત્યાગ કરે છે અને શામાટે સ્વર્ગલોકમાં જઇ શકતો નથી?”

હંસે કહ્યું:-“આ મનુષ્યલોક અજ્ઞાનવડે ઘેરાયલો છે, મત્સરને લીધે પ્રકાશમાં આવી શકતો નથી, લોભને લીધે મિત્રોનો પણ ત્યાગ કરે છે અને સંગના દોષથી સ્વર્ગલોકમાં જઇ શકતો નથી.”[૪૦]

સાધ્યોએ પૂછ્યું:-“બ્રાહ્મણોમાં કયો બ્રાહ્મણ એકલો રહીને પણ રમણ કર્યા કરે છે, કયો બુદ્ધિમાન પુરુષ અનેક મનુષ્યોની સાથે રહેવા છતાં પોતે એકલોજ મૌન અવસ્થામાં બેસી રહે છે, કયો પુરુષ શરીરે દુર્બળ હોવા છતાં પોતે એકલોજ બળવાન ગણાય છે અને કયો પુરુષ કોઈની સાથે કલહ કરવા તૈયાર થતો નથી?”

હંસે કહ્યું:-“બ્રાહ્મણોમાં જે બ્રાહ્મણ જ્ઞાની હોય છે તે એકલો રહીનેજ રમણ કર્યા કરે છે. જ્ઞાની પુરુષ અનેક મનુષ્યોની સાથે રહે છે, તોપણ પોતે એકલોજ મૌનવ્રત ધારણ કરીને બેસી રહે છે. જ્ઞાની પુરુષ દુર્બળ હોય છે તોપણ બળવાન ગણાય છે અને તેવો જ્ઞાની પુરુષજ કોઈની સાથે કલહ કરવા તૈયાર થતો નથી.”[૪૨]

સાધ્યોએ પૂછ્યું:-“બ્રાહ્મણોમાં દેવપણું શું છે ? સાધુપણુ શું છે? અસાધુપણું શું છે? અને મનુષ્યપણું શું છે?”[૪૩]

હંસે કહ્યું:—બ્રાહ્મણોમાં સ્વાધ્યાય એ દેવપણું છે, વ્રતનિષ્ઠા એ સાધુપણું છે, નિંદા એ અસાધુપણું છે અને મરણધર્મ તે મનુષ્યપણું છે.

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિર! સાધ્યોનો તથા હંસનો આ ઉત્તમ સંવાદ મેં તમને કહ્યો. તેમાંથી સાર એ લેવાનો છે કે, સ્થૂલ અને સૂક્ષ્મએવા બે ભેદોવાળું જે ક્ષેત્ર, તે કર્મોનું ઉત્પત્તિકારણ છે અને નાશવંત છે, પણ સત્તામાત્ર એવું જે ચૈતન્ય તે સત્ય છે—અવિનાશી છે.[૪૫]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “હંસગીતા સમાપ્ત” એ વિષયનો અ૦૨૯૯મો સમાપ્ત.

અધ્યાય ૩૦૦ મો

યોગવિધિ

॥ युधिष्ठिर उवाच ॥

सांख्ये योगे च मे तात विशेषं वक्तुमर्हसि।
तव धर्मज्ञ सर्वं हि विदितं कुरुसत्तम ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે ધર્મને જાણનારા કુરુશ્રેષ્ઠ પિતામહ ! સાંખ્ય (વેદાંત) અને યોગ, એ બન્નેમાં શી વિશેષતા રહેલી છે? તે મને કહો;

કેમકે હે તાત! તમે સર્વ કંઇ જાણો છો.[૧]

ભીષ્મે કહ્યું:-હે રાજા! સાંખ્યવેત્તા બ્રાહ્મણો કેવળ સાંખ્યનીજ પ્રશંસા કરે છે અને યોગવેત્તા યોગીઓ કેવળ યોગનીજ પ્રશંસા કરે છે.વળી પોતપોતાના પક્ષનો ઉત્કર્ષ બતાવવામાટે તેઓ શ્રુતિ-સ્મૃતિનાં ઉત્તમ પ્રમાણો પણ દર્શાવે છે.[૨] હે શત્રુસંહારક રાજા! યોગમાર્ગને અનુસરનારા મહાબુદ્ધિમાન યોગીઓ (જીવ અને ઈશ્વરને અન્યોન્યથી ભિન્ન માનીને) કહે છે કે, “આ જગતમાં ઇશ્વરનો જો અભાવજ હોય તો જીવની મુક્તિ કેવી રીતે થશે? માટે ઈશ્વર છેજ” આવી ઉત્તમ યુક્તિ કહીને તેઓ ઇશ્વરનું અસ્તિત્વ સિદ્ધ કરે છે.*[૩] હવે, સાંખ્યને અનુસરનારા બ્રાહ્મણો, પોતાના મતને સિદ્ધ કરવામાટે આવી ઉત્તમ યુક્તિ પ્રદર્શિત કરે છે કે, “જે પુરુષ જૂદી જૂદી સર્વ ગતિઓને જાણી લઇને વિષયભોગથી વિરક્ત થાય છે, તે પુરુષ દેહનો ત્યાગ કર્યા પછી મોક્ષનેજ પામે છે,એ સ્પષ્ટ છે. એથી બીજું છેજ નહિ.” આમ કહેનારા મહાબુદ્ધિમાન સાંખ્યશાસ્ત્રીઓ, સાંખ્યનેજ મોક્ષદર્શનતરીકે માન્ય કરે છે.×[૪,૫] આ બન્ને પક્ષો-

---

* યોગમાર્ગને અનુસરનારાઓ માને છે કે, જીવ, શુભ-અશુભ જે કંઈ કર્મ કરે છે, તેનો પ્રેરક ઈશ્વરજ છે. વળી ઈશ્વરજ શુભ કર્મ કરનારાઓને ઉચ્ચગતિ અર્પણ કરે છે અને અશુભ કર્મ કરનારાઓનો અધ:પાત કરે છે. જીવ તો કેવળ અજ્ઞાની અને અસમર્થજ છે, જેથી ઈશ્વરની પ્રેરણાને લીધેજ સુખદુ:ખાદિનો તે અનુભવ કરે છે. ઈશ્વરની જ્યારે પ્રેરણા થાય છે, ત્યારે જીવ સ્વર્ગમાં જાય છે અને ઇશ્વરની પ્રેરણાને અધીન થઇનેજ નરકમાં જાય છે. વળી ઈશ્વરનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે યોગમાર્ગીઓ કહે છે કે, પૃથ્વી ઉપર અંકુરાદિક જે જે પદાર્થો ઉત્પન્ન થાય છે, તેઓ સર્વે કાર્યરૂપજ છે અને જે જે કાર્ય હોય તેનો કર્તા અવશ્ય હોવોજ જોઇએ. જેમકે, ઘડારૂપ કાર્યનો કર્તા કુંભાર હોય છે. તે પ્રમાણે અંકુરાદિક કાર્યનો કર્તા ઈશ્વર જગતમાં હોવોજ જોઇએ. વળી તેઓ કહે છે કે, જો ઈશ્વર ન હોય તો ચૈતન્યરૂપ જીવ, કોઇ અનિષ્ટ કાર્યમાં સ્વત: પ્રવૃત્તિ કરેજ નહિ; કેમકે તે જાણે છે કે, આ કાર્ય અનિષ્ટ ફળને આપનારૂં છે, માટે જણાય છે કે, ચૈતન્યરૂપ જીવનો અધિષ્ઠાતા કોઈ જૂદોજ છે અને તેજ સર્વનો પ્રેરક હોઇને ઈશ્વર નામને ધારણ કરે છે. કદાચ કોઇ કહેશે કે, કર્મજ જીવને પ્રેરણા કરનારૂં છે, પણ તેમ કહેવું સંભવતું નથી; કેમકે કર્મ તો પ્રકૃતિનું કાર્ય હોઇને જડજ છે અને જે જડ હોય તેને પ્રેરકપણું કદી સંભવેજ નહિ. માટે સિદ્ધ થાય છે કે, લોહચુંબકની પેઠે ઉદાસીન રહીને પણ પોતાની સત્તામાત્રવડે ઈશ્વર સર્વનો પ્રેરક છે અને તે પોતેજ ભકતો ઉપર અનુગ્રહ કરે છે, માટે મોક્ષને આપનારો ઈશ્વર અવશ્ય છેજ, એવો યોગમાર્ગીઓનો મત છે.

× અર્થાત્ સાંખ્ય આચાર્યો માને છે કે, જેમ એક સ્ફટિકમણિ શુદ્ધ હોય છે છતાં લાલ રંગનાં પુષ્પની સાથે મૂકવાથી તે લાલ રંગનો દેખાય છે અને તે સમયે તેનામાં સ્ફટિકપણું નહિ દેખાતાં પદ્મરાગમણિનો ભાસ થાય છે, પણ તેના તેજ સ્ફટિકને ત્યાંથી ઉઠાવી લઇને ચંદ્રની ચાંદનીમાં મૂકવામાં આવે છે તો તેનામાં ઈંદ્રનીલમણિનો ભાસ થાય છે. આવી રીતે જૂદી જૂદી ઉપાધિનો યોગ થતાં તેમાં અનેક અધ્યાસપરંપરાઓ ઉદ્ભવ્યાજ કરે છે. તે પ્રમાણેજ ચિદાત્મા, પોતે શુદ્ધ છે છતાં માયાના યોગથી ઈશ્વરરૂપે ભાસે છે, અવિદ્યાને લીધે બ્રહ્મબુદ્ધિનો જ્યારે નાશ થાય છે ત્યારે સૂત્રાત્મારૂપે ભાસે છે, અવિદ્યા જ્યારે પ્રબલ થઇ જાય છે ત્યારે વિરાટ્રૂપે ભાસે છે અને અવિદ્યા અત્યંત વધી પડે છે, ત્યારે સમગ્ર વ્યષ્ટિદેહનો અભિમાની વિશ્વાત્મારૂપે ભાસે છે. આમ એકના એકજ ચિદાત્માવિષે અનેક અધ્યાસપરંપરાઓ ઉત્પન્ન થાય છે. જેમ ઘડાની અંદરના ભાગમાં રહેલી દીવાની કાંતિ માત્ર અંદરના ભાગનેજ પ્રકાશિત કરે છે પણ ઘડાના મોઢેથી તેને લગાર બહાર કાઢવામાં આવે છે એટલે ઘરના અમુક અમુક ભાગોને પ્રકાશિત કરે છે અને સંપૂર્ણરીતે ઘડામાંથી જ્યારે બહાર કાઢવામાં આવે છે, ત્યારે ઘરના સમગ્રભાગને પ્રકાશિત કરે છે, તેમ ચિદાત્મા, દેહરૂપ ઉપાધિથી ઢંકાયલો હોય છે, ત્યારે માત્ર દેહનેજ ભાસિત કરે છે, દેહની ઇંદ્રિયોદ્વારા જ્યારે બહાર નીકળે છે, ત્યારે બ્રહ્માંડની અંદર રહેલા શબ્દાદિક વિષયોને ભાસિત કરે છે અને ગુરુએ કહેલી યુક્તિ પ્રમાણે દેહ

માંથી જે પક્ષ પોતાને સંમત હોય તે પક્ષની યુક્તિનેજ આપણે સ્વીકાર કરવો અને જે વચન પોતાના પક્ષને હિતકારક હોય તેનેજ ગ્રહણ કરવું. તેમાંપણ તમારા જેવા શિષ્ટમાન્ય પુરુષોએ તો શિષ્ટ પુરુષોના મતનેજ સ્વીકાર કરવો જોઈએ.[૬] હે યુધિષ્ઠિર! યોગશાસ્ત્રને માનનારા વિદ્વાનો, પોતાના મતનું સ્થાપન કરવામાટે પ્રત્યક્ષ કારણો પ્રદર્શિત કરે છે અને સાંખ્યશાસ્ત્રને માનનારા વિદ્વાનો વેદોક્ત પ્રમાણોને અનુસરીને પોતાના શાસ્ત્રને સિદ્ધ કરે છે, પણ હે તાત! હું તો આ બન્ને શાસ્ત્રોને પ્રમાણભૂતજ માનું છું; કેમકે હે રાજા! આ બન્ને મતો શિષ્ટ પુરુષોને માન્ય* છે અને બન્નેનું જો શાસ્ત્રાનુસાર આચરણ કરવામાં આવે છે, તો બન્ને પરમ ગતિપ્રત્યે લઈ જાયજ છે.[૮] હે નિર્દોષ રાજા! સાંખ્ય અને યોગ એ બન્ને મતમાં શૌચ, તપ, દયા અને વ્રતધારણ—એ તો સમાનજ છે, તોપણ તેઓનું દર્શન—શાસ્ત્ર અન્યોન્યથી ભિન્ન છે.×[૯]

ઉપરતી આત્મબુદ્ધિનો જ્યારે સંપૂર્ણ નિરાસ થઈ જાય છે, ત્યારે બ્રહ્માંડની અંદર રહેલા સમગ્ર પદાર્થોને ભાસિત કરે છે અને તે સમયે તે માને છે કે, હું સર્વના આત્મારૂપ વિરાટ્ છું. પછી અવિદ્યા કંઇક ઓછી થાય છે. ત્યારે માને છે કે, હું સૂત્રાત્મા છું. પછી અવિદ્યાને વશ થઇને તે માને છે કે, હું ઈશ્વર છું અને માયાનો જ્યારે સમૂળગો નાશ થાય છે, ત્યારે શુદ્ધ ચિદાત્મારૂપેજ તે પ્રકાશેં છે. આવો અનુભવનો ક્રમ છે. જે બ્રહ્મવેત્તા પુરુષ વિશ્વની વિરાટ્, સૂત્રાત્મા, ઈશ્વર અને શુદ્ધચૈતન્યને પ્રાપ્ત કરાવનારી પૂર્વોક્ત ચાર ગતિઓનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરે છે, તે પુરુષનો દેહના નાશ પછી મોક્ષજ થઇ જાય છે. તાત્પર્ય કે, અજ્ઞાનના બળને લીધે પરબ્રહ્મવિષે ઈશ્વર, સૂત્રાત્મા આદિ વિવિધ સ્વરૂપનો અધ્યાસ થાય છે, પણ અજ્ઞાનનો ક્રમે ક્રમે જ્યારે નાશ થતો જાય છે, ત્યારે તે તે અધ્યાસનો પણ નાશ થતો જાય છે અને પૂર્વ પૂર્વરૂપનો સાક્ષાત્કાર થવા માંડે છે; પછી સંપૂણ રીતે અધ્યાસની નિવૃત્તિ થઇ જાય છે, ત્યારે શુદ્ધ સ્ફટિકની પેઠે આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રકાશે છે, એમ અનુભવના બળ ઉપરથી સિદ્ધ કરી શકાય છે; તોપછી ઈશ્વરરૂપ જૂદા ચૈતન્યને માનવાની શી જરૂર છે? એમ સાંખ્યશાસ્ત્રીએ માને છે.

નીલકંઠ

* યોગવાસિષ્ઠમાં કહ્યું છે:—

द्वौ क्रमौ चित्तनाशस्य योगो ज्ञानं च राघव ।
योगोवृत्तिनिरोधोहि ज्ञानं सम्यगवेक्षणम् ॥
असाध्यः कस्यचिद्योगः कस्यचित्तत्त्वनिश्चयः ।
प्रकारौ द्वौ ततो देवो जगाद परमः शिवः॥

“હે રામચંદ્ર! ચિત્તવૃત્તિનો નિરોધ કરવાના બે માર્ગ છે. એક તો યોગમાર્ગ અને બીજો જ્ઞાનમાર્ગ. યોગનું સામાન્ય લક્ષણ એજ છે કે, વૃત્તિઓનો નિરોધ કરવો; અને જ્ઞાનનું સામાન્ય લક્ષણ એ છે કે, “બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે” આવી સમ્યગ્દૃષ્ટિ કરવી; તેમાં કેટલાએકને યોગમાર્ગ ગહન થઈ પડે છે અને કેટલાએકને જ્ઞાનમાર્ગ ગહન થઇ પડે છે; માટે પરમ દેવ શંકરે યોગ અને જ્ઞાનરૂપ બે મોક્ષમાર્ગનાજ પ્રકારો કહ્યા છે.

× સાંખ્યવેત્તાઓ કહે છે કે, મહત્તત્ત્વ આદિ સકારણ એવું આ જગત, દોરડીમાં દેખાતા સર્પની પેઠે કેવળ મિથ્યા હોઇને આત્માની અંદર દેખાય છે, માટે સમ્યગ્દૃષ્ટિરૂપ અધિષ્ઠાનના જ્ઞાનથી તેનો જ્યારે બાધ કરવામાં આવે છે, ત્યારે સંસારના બીજરૂપ અજ્ઞાનનો તથા સંસારનો મૂલથીજ ઉચ્છેદ થઈ જાય છે; પણ યોગવેત્તાઓ એમજ માને છે કે, “**हेयं दुःखमनागतम्**”—અનાગત એવું જે દુઃખ તેજ હેય છે—ત્યાગ કરવા યોગ્ય છે.” અને દ્રષ્ટા તથા દૃશ્યનો જે સંયોગ તેજ હેયનો—અનાગત દુઃખનો હેતુ છે; માટે મહત્તત્ત્વ આદિ દૃશ્ય પદાર્થોમાં તદાકાર થયેલી ચિત્તની વૃત્તિનો નિરોધ કરવાથીજ દ્રષ્ટા અને દૃશ્યનો આપોઆપ વિયોગ થઇ જશે અને પછી ચિત્તવૃત્તિની દૃશ્યપદાર્થ સાથેની જે એકરૂપતા તેનો જ્યારે અભાવ થઇ જશે, ત્યારે દ્રષ્ટા, પોતાના મૂળસ્વરૂપમાંજ અવસ્થાન કરશે. આ રીતે પ્રથમ કારણનો નાશ કરવાથી કાર્યનો પણ નાશ થઇ જશે અને તેને લીધે સ્વરૂપાવસ્થાનરૂપ કૈવલ્યસિદ્ધિ પ્રાપ્ત થશે; તોપછી જગતનું મિથ્યાત્વનિરૂપણ શામાટે કરવું જોઇએ? ભગવાન પતંજલિ પણ એમજ કહે છે કે:— “**योगश्चित्त वृत्तिनिरोधः तदा द्रष्टुः स्वरूपेऽवस्थानं वृत्तिसारूप्यमितरत्र**”—ચિત્તવૃત્તિનો દૃશ્યપદાર્થોથી નિરોધ કરવો, તેનું નામ યોગ કહેવાય છે અને તે યોગનો અભ્યાસ જ્યારે ચાલુ હોય છે, ત્યારે દ્રષ્ટા, કેવળ પોતાના સ્વરૂપમાંજ સ્થિતિ કરે છે;

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે પિતામહ ! યોગ અને સાંખ્યમાં વ્રત, શૌચ, દયા અને ફળ જો સમાનજ છે,તોપછી તે બન્ને શાસ્ત્ર કયા કારણથી ભિન્ન છે ? તે મને કહો."[૧૦]

ભીષ્મે કહ્યુ:–રાગ, મોહ, સ્નેહ, કામ અને ક્રોધ–આ પાંચ દોષોનો કેવળ યોગમાર્ગનોજ આશ્રય કરવાથી નાશ કરી શકાય છે; પણ યોગદ્વારા દૂર કરેલા તે દોષો પુનઃ કોઈ સમયે પ્રાપ્ત થાયજ છે; (અર્થાત સાંખ્યદ્વારા દૂર કરેલા રાગાદિ દોષોનો કદી ઉદયજ થતો નથી,પણ યોગદ્વારા દૂર કરેલા તે દોષોનો પુનઃ કોઇ સમયે ઉદય થાયજ છે; માટે યોગમાર્ગમાં વિઘ્નનો સંભવ હોવાથી તે મુખ્ય નથી.)[૧૧] તથાપિ યોગમાર્ગનો આશ્રય કરનારા યોગીઓ પણ પાપથી મુક્ત થઇને, મોટાં માછલાંઓ જાળને તોડી નાખીને જળની અંદર જેમ પેસી જાય છે, તેમ મોક્ષપદને પામેજ છે.[૧૨] તેમજ જાળમાં સપડાયલા બળવાન મૃગો તે જાળને તોડી નાખીને નિર્ભય માર્ગે જેમ દોડી જાય છે,તેમ યોગીઓ પણ સર્વ પ્રકારનાં બંધનોથી મુક્ત થઈને નિર્મળ માર્ગને પામેજ છે.[૧૩] હે રાજન્! બળવાન યોગીઓ,લોભથી થનારાં સાંસારિક બંધનોને છેદી નાખીને પરમ કલ્યાણકારક નિર્દોષ માર્ગને પામેજ છે;[૧૪] પણ હે રાજા! નિર્બળ મૃગો, જાળની અંદર ફસાઇ પડીને જેમ વિનાશ પામે છે,તેમ યોગબળવિનાના દુર્બળ પુરુષો અંતે વિનાશનેજ પામે છે, એમાં કંઇ સંદેહ નથી.[૧૫] હે રાજેન્દ્ર! જેમ જાળમાં સપડાયલાં નિર્બળ માછલાં મૃત્યુનેજ પામે છે, તેમ અત્યંત દુર્બળ યોગીઓ પણ સંસારબંધનમાં સપડાઈને મરણશરણજ થાય છે.[૧૬] હે શત્રુદમન રાજા! જેમ નિર્બળ પક્ષીઓ, શિકારીની સૂક્ષ્મ જાળમાં પણ સપડાઇ પડીને મૃત્યુવશ થાય છે પણ બળવાન પક્ષીઓ તો તે જાળને તોડી નાખીને છૂટી જાય છે, તેમ હે શત્રુતાપન રાજા! નિર્બળ યોગીઓ કર્મથી થનારાં સાધારણ બંધનોથી પણ બંધાઇ જઇને વિનાશ પામે છે–યોગમાર્ગથી ભ્રષ્ટ થાય છે, પણ બળવાન યોગીઓ તો તે બંધનોને તોડી નાખીને મુક્ત થાય છે.[૧૭,૧૮] હે સમર્થ રાજા! દુર્બળ અને અલ્પ એવા અગ્નિને મોટાં સ્થૂલ કાષ્ઠોથી જો ઢાંકી દેવામાં આવે છે તો તે શાંત પડી જાય છે, તેમ નિર્બળ યોગી પણ અનેક પ્રકારના સાંસારિક ભાવોથી દબાઈ જઇને યોગમાર્ગથી ભ્રષ્ટ થાય છે;[૧૯] પરંતુ હે રાજા! તેનો તેજ અલ્પ અગ્નિ, પવનના સપાટાની સહાય લઈને એટલો બધો બળવાન થઇ જાય છે કે, આખી પૃથ્વીને બાળી નાખવી હોય તોપણ સત્વર બાળી નાખે છે;[૨૦] તેમ યોગી પણ (યોગમાર્ગમાંજ સ્થિર રહીને) જ્યારે પ્રદિપ્ત તેજવાળો અને મહાબળવાન થાય છે ત્યારે, પ્રલયકાળના સૂર્યની પેઠે આખા જગતનું શોષણ કરી શકે છે.[૨૧] હે રાજન્! જેમ એક દુર્બળ પુરુષ જળના પ્રવાહમાં તણાઇ જાય છે, તેમ બળહીન યોગી પણ વિષયોના સપાટામાં સપડાઇ પડે છે;[૨૨] પણ એક હાથી જળના તે મહાન પ્રવાહને એકદમ થંભાવી દે છે, તેમ યોગી પણ યોગબળને પામ્યા પછી અનેક વિષયોને તુચ્છકારી કાઢે છે.[૨૩] હે પાર્થ! યોગબળને પામેલા સમર્થ યોગીઓ, પોતાના યોગના પ્રભાવથી પ્રજાપતિઓ,ઋષિઓ, દેવો અને સર્વ મહાભૂતોના શરીરમાં પણ સ્વતંત્ર રીતે પ્રવેશ કરી શકે છે.[૨૪] હે રાજા! યોગી પુરુષ, એટલો બધો તેજસ્વી બની જાય છે કે, કોપેલા યમની, અંતકની કે ભયંકર પરાક્રમી મૃત્યુની પણ તેનાપર સત્તા ચાલી શકતી નથી.[૨૫] હે ભરતશ્રેષ્ઠ! યોગી પુરુષ, યોગબળને પ્રાપ્ત કર્યા:પછી હજારો શરીરો ધારણ કરી શકે છે અને તે સર્વ શરીરો વડે આખી પૃથ્વીમાં વિચરી શકે છે.[૨૬] હે તાત ! કેટલાએક યોગી પુરુષો, પોતાના યોગબળથી અનેક જાતના વિષયભોગો સંપાદન કરે છે અને પુનઃ સૂર્ય જેમ પોતાના તેજના ગુણને સમેટી લે છે, તેમ તે સર્વ વિષયોને સમેટી લઇને ઉગ્ર. તપશ્ચર્યાનો આરંભ કરે છે.[૨૭] હે રાજા ! યોગબળનો આશ્રય કરનાર યોગી, સર્વ

કેમકે તે સમયે ચિત્તની વૃત્તિ, દૃશ્યથી વિમુખ થઇને અન્ય સ્થળેજ એકરૂપ થઇ હોય છે."

પ્રકારનાં બંધનોને તોડી શકે છે અને તેથીજ મોક્ષ મેળવવામાં તેનું સ્વતંત્ર સામર્થ્ય ઘટી શકે છે, એમાં કંઈ સંશય નથી.[૨૮] હે રાજા! યોગનો આશ્રય કરવાથી શરીરની અંદર જે જે બળ પ્રાપ્ત થાય છે, તે સર્વ મેં તમને દૃષ્ટાંતમાટે કહ્યાં, તોપણ પુનઃ હું તમને સૂક્ષ્મ દૃષ્ટાંતો કહું છું, સાંભળો.[૨૯] હે ભરતશ્રેષ્ઠ! નાભિ આદિ હરકોઈ પ્રદેશમાં ચિત્તને સ્થિર કરવામાટે યોગીઓ ધારણા કરે છે, તેના સંબંધમાં હું તમને સૂક્ષ્મ દૃષ્ટાંતો કહું છું, તે તમે સાંભળો.[૩૦] જેમ એક ધનુર્ધારી, પ્રમાદરહિત થઈને એકાગ્ર ચિત્તથી બાણનો પ્રયોગ કરે છે, તો લક્ષ્યને વીંધે છે, તેમ યોગી પુરુષ, ચિત્તને સ્થિર કરી સારી રીતે યોગાનુષ્ઠાન કરે છે તો, અવશ્ય મોક્ષને પામે છે.[૩૧] જેમ એક પુરુષ, જળથી ભરેલું પાત્ર મસ્તકપર ચઢાવીને, પોતાના મનને તે પાત્રમાંજ જો સ્થિર કરે છે, તોજ નિસરણીનાં પગથીઆંપર ચઢી શકે છે;[૩૨] તે પ્રમાણેજ હે રાજા! જે યોગી પોતાના મનને બરાબર નિશ્ચલ કર્યા પછી યોગમાર્ગમાં આસક્ત થાય છે,તે યોગીજ પોતાના આત્માને સૂર્યસમાન તેજસ્વી કરી શકે છે.[૩૩] હે કુંતાપુત્ર મહારાજા! જેમ એક ચાલાક નાવિક, મહાસાગરમાં ચગડોળે ચઢેલી પોતાની નૌકાને ઘણી ઝડપથી તીર ઉપર લાવી મૂકે છે, તેમ તત્ત્વવેત્તા યોગી પણ, યોગદ્વારા ચિત્તની એકાગ્રતા સંપાદન કરીને, મૃત્યુસમયે આ દેહનો ત્યાગ કરીને દુર્ગમ સ્થાનમાં જઇ પહોંચે છે.[૩૪,૩૫] હે મહાપુરુષ! જેમ એક કુશલ સારથિ, રથમાં ઉત્તમ ઘોડાઓ જોડીને તેમાં બેઠેલા ધનુર્ધારીને, તેણે ધારેલા સ્થાનમાં ઘણીજ ઝડપથી લઈ જાય છે, તેમ હે રાજા! અત્યંત સાવધાન થઇને ચિત્તની ધારણાઓ કરનારો યોગી પુરુષ, લક્ષ્યસામે છોડેલા બાણની પેઠે સત્વર પરમ સ્થાનમાં જઇ પહોંચે છે.[૩૬,૩૭] જે યોગી પોતાના આત્માને પરમાત્માવિષે યોજીને કેવળ નિશ્ચળ અવસ્થાએ યોગાસનપર સ્થિતિ કરે છે, તે યોગી પોતાનાં સર્વ પાપોનો નાશ કરે છે અને જ્ઞાનથી પવિત્ર થયેલા આત્મનિષ્ઠ પુરુષોના અવિનાશી પદને પામે છે.[૩૮] હે મહાપરાક્રમી રાજા! અહિંસાદિ મહાવ્રતોનું પાલન કરનારો જે યોગી નાભિ,કંઠ, મસ્તક,હૃદય, છાતી, બે પડખાં, ચક્ષુ, શ્રોત્ર અને નાસિકા—વગેરે સ્થાનોમાં પોતાના સૂક્ષ્મ મનની સારી રીતે ધારણા કરે છે, તે યોગી મોટા પર્વત જેવડાં શુભ અશુભ–સર્વ કર્મોને સત્વર બાળી નાખે છે અને તેની જો ઇચ્છા હોય તો ઉત્તમ યોગનો આશ્રય કરીને તત્કાળ મુક્ત થઇ જાય છે.”[૩૯-૪૧]

યુધિષ્ઠિરે પૂછ્યું:-‘હે ભરતવંશી પિતામહ! યોગી, કેવા પ્રકારના આહારોનું ભક્ષણ કરીને તેમજ કોનાપર વિજય મેળવીને યોગબળને પામી શકે છે, તે મને કહો.[૪૨]

ભીષ્મે કહ્યું:-“ હે ભારત! અન્નના કણોનું ભક્ષણ કરીને, તલના ખોળનો આહાર કરીને તેમજ ઘી,તેલ વગેરે ચીકટ પદાર્થોનો ત્યાગ કરીને યોગી યોગબળને પામી શકે છે.[૪૩] વળી હે શત્રુદમન રાજા! જળમાં રાંધેલી જવની રાબડીનો અથવા બીજા કોઈ રુક્ષ અન્નનો માત્ર એકજ વખત દીર્ઘકાળપર્યંત આહાર કરનારો પવિત્ર યોગી,યોગબળને પામી શકે છે.[૪૪] જે યોગી ઘણાં પખવાડીઆંસુધી, ઘણા મહિનાઓસુધી, ઘણી ઋતુઓસુધી,ઘણાં વર્ષોસુધી અથવા અમુક દિવસોસુધી દૂધમિશ્ર જળનુંજ પાન કરીને પ્રાણધારણા કરે છે, તે યોગીને યોગબળ પ્રાપ્ત થાય છે.[૪૫] હે રાજા! સદાકાળને માટે માંસનો ત્યાગ કરીને સારી રીતે શુદ્ધચિત્ત થયેલો યોગી, યોગબળને પામે છે.[૪૬] ધ્યાન તથા અધ્યયનની સંપત્તિથી રાગાદિક દોષોવડે મુક્ત થયેલા મહાબુદ્ધિમાન મહાત્માઓ કામ, ક્રોધ, ટાઢ, તાપ, વર્ષા, ભય, શોક, શ્વાસ, પુરુષપ્રિય વિષયો, દુર્જય અરતિ (સ્ત્રીસંગના અભાવથી, ઉત્પન્ન થનારૂં અસ્વાસ્થ્ય), ઘોર તૃષ્ણા, સ્ત્રી આદિના સંગથી ઉત્પન્ન થનારૂં સુખ, નિદ્રા અને દુર્જય તંદ્રા–વગેરેના ઉપર વિજય મેળવીને પોતાના સૂક્ષ્મ આત્માને બુદ્ધિદ્વારા પ્રકાશિત કરે છે.[૪૭-૪૯] હે ભરતશ્રેષ્ઠ! આ યોગરૂપી મહા-

માર્ગ, બ્રહ્મવેત્તા વિદ્વાન પુરુષોને પણ મહાદુર્ગમ થઈ પડે છે,તો પછી કોઈ સામાન્ય મનુષ્ય તો ભાગ્યેજ એ માર્ગમાં ક્ષેમકુશળ ગમન કરી શકે ![૫૦] જેમ કોઇ એક તરુણ પુરુષ અનેક સર્પોથી ભરપૂર, મોટા મોટા ખાડાવાળા, જળથી રહિત, પુષ્કળ કાંટાવાળા, ભક્ષ્ય પદાર્થવિનાના, ઘીચ ઝાડીવાળા, દાવાનળથી બળી ગયેલાં વૃક્ષોવાળા અને ચોર લોકોથી વ્યાપ્ત એવા ઘોર જંગલમાં ભાગ્યેજ ક્ષેમકુશળ રહીને પસાર થઇ શકે છે, તેમ આ યોગમાર્ગનો આશ્રય કરીને ભાગ્યેજ કોઈ એકાદ બ્રાહ્મણ ક્ષેમકુશળ રહીને તેમાં આગળ વધી શકે છે અને કોઇકજ તે માર્ગદ્વારા મોક્ષ પામી શકે છે; કેમકે તે માર્ગ અનેક વિઘ્નોથી ભરપૂર છે, એમ શાસ્ત્રકારોએ કહ્યું છે.[૫૧-૫૩] હે રાજા! સજૈયાની તીક્ષ્ણ ધાર ઉપર પણ (કોઈ જાતની યુક્તિ કરીને) સ્થિર રહી શકાય છે પણ યોગની ધારણાઓમાં ચિત્તનો જય નહિ કરનારા પુરુષોથી ભાગ્યેજ સ્થિર રહી શકાય છે.[૫૪] હે તાત ! જેમ નાવિકવિનાની નૌકા મનુષ્યોને સમુદ્રમાં ડૂબાડી દે છે, તેમ બરાબર સ્થિર નહિ થયેલી ધારણા, પુરુષોને અશુભ ગતિ આપનારીજ થઇ પડે છે;[૫૫] પરંતુ હે કુંતાપુત્ર ! જે પુરુષ યોગની ધારણાઓમાં વિધિ પ્રમાણે ટકી શકે છે,તે પુરુષ જન્મ, મરણ, સુખ, દુઃખ-વગેરે સર્વથી મુકત થાય છે.[૫૬] જૂદાં જૂદાં અનેક શાસ્ત્રોમાં યોગનું જે ફળ કહેવામાં આવ્યું છે, તેજ મેં તમને કહ્યું છે અને યોગવિધિના પરમ કૃત્યનો મેં કહ્યું તે પ્રમાણેજ દ્વિજાતિઓએ નિશ્ચય કર્યો છે.[૫૭] હે મહાત્મન્ ! પરબ્રહ્મને પ્રાપ્ત કરવા, એજ યોગનું પરમ ફળ છે અને જે મહાત્મા યોગીને આ પરમ ફળ પ્રાપ્ત થયું છે, તે યોગી સમર્થ દેવ બ્રહ્મા, વર આપનારા વિષ્ણુ, શંકર, ધર્મ, કાર્તિકસ્વામી, મહાપ્રભાવશાળી બ્રહ્માના પુત્રો, કષ્ટદાયક તમોગુણ, અતિમહાન રજોગુણ, શુદ્ધ એવો સત્વગુણ અને પરા એવી પ્રકૃતિ-વગેરે સર્વમાં પ્રવેશ કરી શકે છે,તેમજ વરુણની પત્ની સિદ્ધ દેવીને, સર્વ પ્રકારનાં તેજને તથા મહાન ધૈર્યને પ્રાપ્ત થાય છે; એટલુંજ નહિ પણ નક્ષત્રગણોથી યુક્ત નિર્મળ ચંદ્રમા,સમગ્ર દેવતાઓ, સર્પો, પિતૃઓ, પર્વતો, સમુદ્રો, નદીઓ, જળયુક્ત મેઘો, નાગો, વૃક્ષો, યક્ષો, દિશાઓ, ગંધર્વો, પુરુષો અને સ્ત્રીઓ-એમાંના કોઈનું પણ સ્વરૂપ ધારણ કરવું હોય તો યોગી પુરુષ ધારણ કરી શકે છે અને તે તે સ્વરૂપમાંથી પાછો એકદમ મુક્ત પણ થઇ શકે છે.[૫૮-૬૧]

હે રાજા ! યોગશાસ્ત્રના સંબંધની જે આ કથા મેં તમને કહી છે, તે મહાવીર્યવાન દેવ પરમાત્માનાજ વિષયની હોઇને પરમ શુભદાયક છે. વળી મહાત્મા યોગી પુરુષ, કેવળ નારાયણસ્વરૂપજ બની જઇને જગતનાં સર્વ પ્રાણીઓ કરતાં અધિક ઐશ્વર્યવાળો થાય છે અને માત્ર સંકલ્પ કરતાંની સાથેજ પાંચ ભૂતોની નવી સૃષ્ટિને પણ ઉત્પન્ન કરી શકે છે.[૬૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"યોગવિધિ" એ વિષયનો અધ્યાય
૩૦૦ મો સમાપ્ત.

અધ્યાય ૩૦૧ મો

સાંખ્યકથન

॥ युधिष्ठिर उवाच ॥

सम्यक्त्वयाऽयं नृपते वर्णितः शिष्टसंमतः ॥
योगमार्गो यथान्यायं शिष्यायेह हितैषिणा॥

યુધિષ્ઠિરે પૂછયું:-"હે રાજન્ ! મને પોતાનો શિષ્ય જાણીને મારૂં હિત કરવાની ઇચ્છાથી તમે, શિષ્ટ પુરુષોએ માન્ય કરેલા યોગમાર્ગનું ન્યાયપૂર્વક અને ઉત્તમ પ્રકારે વર્ણન કરી બતાવ્યું[૧] તો હવે, હું તમને સાંખ્યમાર્ગનો વિધિ પૂછું છું, માટે તેનું સંપૂર્ણ રીતે વર્ણન કરો; કેમકે આ ત્રણે જગતમાં જેટલું જ્ઞાન રહેલું છે તે સર્વ તમારા જાણવામાં છે."[૨]

ભીષ્મે કહ્યું:-જેઓએ આત્માને જાણેલો છે, તેવા સાંખ્યવેત્તા મહર્ષિઓનું જે સૂક્ષ્મજ્ઞાન છે, તે હું તમને કહું છું, તેનું તમે શ્રવણ કરો; કેમકે જે એ જ્ઞાનને કપિલ આદિ સમર્થ મુનિઓએ

ગતમાં પ્રકાશિત કર્યું છે.[૩] વળી હે રાજા ! એ સાંખ્યજ્ઞાનમાં કોઇ પ્રકારના સંશયો જોવામાં આવતા નથી, તેમાં અનેક પ્રકારના ગુણો રહેલા છે અને દોષોનો તો કેવળ અભાવજ× છે.[૪] ઉપરાંત હે રાજા ! આ સાંખ્યજ્ઞાન સંપાદન કર્યા પછી પુરુષો મનુષ્યોના, પિશાચોના, રજોગુણના, યક્ષોના, સર્પોના, ગંધર્વોના, પિતૃઓના, તિર્યંચોના, ગરુડના, વાયુઓના, રાજર્ષિઓના, બ્રહ્મર્ષિઓના, અસુરોના, વિશ્વેદેવાઓના, દેવર્ષિઓના, યોગેશ્વરોના, પ્રજાપતિઓના અને બ્રહ્મદેવના સર્વ દુર્જય વિષયોને પણ અત્યંત દોષભરેલા અથવા કેવળ મિથ્યાસ્વરૂપજ ગણી કાઢે છે; તેમજ આયુષના અંતિમ સમયને, લોકના યથાર્થ સ્વરૂપને, સુખના પરમ તત્ત્વને, વિષયની તૃષ્ણા રાખનારાં પ્રાણીઓને, નિત્ય સમયાનુસાર પ્રાપ્ત થનારાં દુઃખને, પશુપક્ષીઓના દુઃખને, નરકમાં પડનારાઓના દુઃખને, સ્વર્ગના સમગ્ર ગુણદોષોને, વેદવાક્યોના ગુણદોષને, જ્ઞાન થતાં પ્રાપ્ત થનારા અભિમાન આદિ દોષોને, જ્ઞાન થતાં પ્રાપ્ત થનારા અદ્વેષ આદિ ગુણોને, સાંખ્યજ્ઞાન થતાં પ્રાપ્ત થનારા ગુણદોષને, [૧]સત્વગુણમાં રહેલા દશ ગુણોને, [૨]રજોગુણમાં રહેલા નવ ગુણોને, [૩]તમોગુણમાં રહેલા આઠ ગુણોને, [૪]બુદ્ધિમાં રહેલા સાત ગુણોને, [૫]મનમાં રહેલા છ ગુણોને, [૬]આકાશમાં રહેલા પાંચ ગુણોને, [૭]બુદ્ધિમાં રહેલા ચાર ગુણોને, [૮]તમમાં રહેલા ત્રણ ગુણોને, [૯]રજમાં રહેલા બે ગુણોને તથા [૧૦]સત્વમાં રહેલા એક ગુણને જાણીને તેમજ પ્રકૃતિના લયસમયે તથા આત્મતત્ત્વના દર્શનસમયે સર્વ વિષયોની તથા ગુણોની શી અવસ્થા રહે છે, તેને યથાર્થ રીતે જાણીને જ્ઞાનવિજ્ઞાનથી યુક્ત થયેલા અને સાત્વિકભાવ આદિ મોક્ષોપયોગી કારણોથી શુદ્ધ થયેલા અંતઃકરણવાળા સાંખ્યવેત્તા મહાત્માઓ, વાયુઓ જેમ આકાશમાં ગતિ કરે છે, તેમ પરમ પવિત્ર મોક્ષપદને પામે છે.[૫-૧૭] આ જગતમાં જેટલા રૂપવાન પદાર્થો છે તેની સાથે દષ્ટિનો સંબંધ રહેલો છે, ગંધવાન પદાર્થોની સાથે ઘ્રાણેન્દ્રિયનો સંબંધ રહેલો છે, શબ્દની

× અર્થાત્ આત્મા સત્ય હશે કે અસત્ય, એક હશે કે અનેક–ઇત્યાદિ સંશયો સાંખ્યશાસ્ત્રમાં નથી. તેમાં તો સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે, આત્મા એકજ છે. વળી દષ્ટિના ભેદને લીધે જ્ઞાનકાંડને તથા કર્મકાંડને પરસ્પર વિરોધ ઉભો થાય છે, તે પણ સાંખ્યમાં નથી તેમજ આત્માને અનેક માનનારાઓના મનમાં જે જે દોષો ઉપસ્થિત થાય છે, તે સાંખ્યશાસ્ત્રમાં ઉપસ્થિત થતા નથી; માટે સાંખ્યજ સર્વના કરતાં શ્રેષ્ઠ છે.

૧ આનંદ, પ્રીતિ, ઉદ્વેગ, પ્રકાશપણું, પુણ્ય: કરવાનો સ્વભાવ, સંતોષ, શ્રદ્ધા, સરલતા, ત્યાગીપણું અને ઐશ્વર્ય–આ દશ ગુણો સત્વગુણના છે.

૨ આસ્તિકપણું, ઉદારતા, સુખદુઃખનું સેવન, ભેદ, પુરુષાર્થ, કામ, ક્રોધ, મદ અને ગર્વ તથા દ્વેષવાળા અત્યંત વાદવિવાદ–આ નવ ગુણો રજોગુણના છે.

૩ અજ્ઞાન, મોહ, મહામોહ, તામિસ્ર, અંધતામિસ્ર, નિદ્રા, પ્રમાદ અને આલસ્ય–આ આઠ ગુણો તમોગુણના છે.

૪ મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રા–એ સાત ગુણો બુદ્ધિના છે.

૫ શ્રોત્ર, ત્વચા, નેત્ર, રસના, ઘ્રાણ અને મન–એ ૭ ગુણો મનના છે.

૬ પૃથ્વી, જળ, વાયુ, તેજ અને આકાશ–એ પાંચ ગુણો આકાશના છે.

૭ સંશય, નિશ્ચય, ગર્વ અને સ્મરણ–એ ચાર ગુણો બુદ્ધિના છે.

૮ કર્મમાં અપ્રવૃત્તિ, કર્મનો વિરોધ અને વિપરીત પ્રવૃત્તિ–એ ત્રણ ગુણો તમોગુણના છે.

૯ પ્રવૃત્તિ અને દુઃખ–એ બન્ને ગુણો રજોગુણના છે.

૧૦ પ્રકાશરૂપ ગુણ સત્વગુણનો છે.

આ બધા મળીને કુલ પંચાવન ગુણો થાય છે. તેમાંથી માત્ર એક પ્રકાશરૂપ સત્વગુણજ સ્વીકારવા યોગ્ય છે. બાકીના સર્વ ગુણો કેવળ ત્યાજ્યજ ગણાય છે. જે પુરુષો આત્મતત્ત્વનું આલોચન કરે છે, તેઓજ આ સમગ્ર ગુણોના યથાર્થ સ્વરૂપને જાણી શકે છે, એમ દર્શાવવા માટેજ આ અધ્યાયમાં પાંચમા શ્લોકથી આરંભીને છેક સત્તરમા શ્લોકસુધીમાં એકવાક્યતા મૂકી છે અને હજીપણ છેક બાવનમા શ્લોકસુધી સાંખ્યમાર્ગનુંજ મહત્ત્વ વર્ણવે છે.

સાથે શ્રોત્રેન્દ્રિયનો સંબંધ રહેલો છે, રસની સાથે જિહ્વાનો સંબંધ રહેલો છે, સ્પર્શની સાથે ત્વચા ઇંદ્રિયનો સંબંધ રહેલો છે, વાયુને આકાશનો આશ્રય છે, મોહને તમોગુણનો આશ્રય છે, લોભને ઈષ્ટ-અનિષ્ટ અર્થોનો આશ્રય છે, ચરણની ગમનક્રિયાને વિષ્ણુદેવનો આશ્રય છે; હસ્ત ઇંદ્રિયને ઇંદ્રદેવનો આશ્રય છે, ઉદરને અગ્નિદેવનો આશ્રય છે, જળને પૃથ્વીદેવીનો આશ્રય છે, તેજમાં જળ રહ્યું છે, વાયુમાં તેજ રહ્યું છે, આકાશને મહત્તત્ત્વનો આશ્રય છે, મહત્તત્ત્વને બુદ્ધિનો આશ્રય છે, બુદ્ધિને તમોગુણનો આશ્રય છે, તમોગુણને રજોગુણનો આશ્રય છે, રજોગુણને સત્વગુણનો આશ્રય છે, સત્વગુણને જીવાત્માનો આશ્રય છે, જીવાત્માને માયાવી દેવ નારાયણનો આશ્રય છે અને નારાયણને મોક્ષનો-માયારહિત શુદ્ધ સ્વરૂપનો આશ્રય છે; પણ તે મોક્ષને કોઇનો આશ્રય નથી-અર્થાત મોક્ષ સર્વથા સ્વતંત્રજ છે.[૧૮-૨૩]

સ્વપ્નનું શરીર, જે સોળ વિકારોનુંજ બનેલું હોઇને કેવળ સત્વગુણપ્રધાન છે, તે શરીરનું ઉત્પત્તિકારણ સ્વભાવ અને પૂર્વજન્મનાં કર્મોજ છે. બુદ્ધિની વૃત્તિ, તે શરીરને પ્રકટ કરનારી છે અને તેથીજ એમ કહેવાય છે કે, સ્વભાવ અને ચેતનાબુદ્ધિની વૃત્તિ એ તે સૂક્ષ્મશરીરનો આશ્રય કર્યો છે. જે આત્માવિષે પુણ્ય કે પાપનો લેશમાત્ર સંબંધ નથી, તે અસંગ :આત્મા એ લિંગશરીરની અંદર ઉદાસીન અથવા મધ્યસ્થપણે રહેલો છે. હે રાજા ! જેમ એક કર્મને લીધે સ્વપ્નનો પ્રપંચવિલાસ ઉત્પન્ન થાય છે, પણ તે પ્રપંચવિલાસમાં આત્માનું અસંગપણું અને સ્થૂલશરીરથી ઉત્પન્ન થનારાં દુઃખોથી રહિતપણું સ્પષ્ટરીતે અનુભવાય છે; તે પ્રમાણેજ જાગ્રત અવસ્થાના ભ્રમવિલાસમાં પણ વિષયવાસનાવાળા પુરુષોનું કોઇ બીજું કર્મ કારણતરીકે હોય છે) એમ સમજીને નિશ્ચય કરવો જોઇએ કે, ઇંદ્રિયાદિ સર્વ પદાર્થો, કેવળ અવિદ્યાને લીધેજ આત્માના આશ્રિત હોય તેવા જણાય છે. (અર્થાત કેવળ અવિદ્યાને લીધેજ તે અનાત્મભૂત પદાર્થોનો આત્માવિષે આરોપ કરવામાં આવ્યો છે.) વિષયોની વાસનાને અધીન થઇને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિરૂપ ત્રણ-અવસ્થાઓમાં સંચાર કરનારો આત્મા, સંસારબંધનથી કોઇ કાળે પણ મુક્ત થઈ શકે તેમ નથી. આ પ્રમાણે વેદોક્ત વિજ્ઞાનપૂર્વક આત્માના મોક્ષનું દુર્લભપણું જાણી લઇને, હજારોમાંથી કોઇ એકાદ પુરુષજ નીચે દર્શાવેલાં કારણોદ્વારા સંસારથી વિરક્ત થઇને મોક્ષબુદ્ધિનો આશ્રય કરે છે.[૨૪-૨૬]

જેમકે, પ્રત્યેક શરીરમાં પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન-આવા પાંચ વાયુઓ રહેલા છે, તે વાયુઓનું એકીકરણ કરીને કેવળ અધોગતિ કરનારો છઠ્ઠો ‘ અધોનીલ ’ નામનો એક વાયુ પણ શરીરમાં રહેલો છે, તેમજ પ્રાણાદિક વાયુઓને એકત્ર કરીને ઊર્ધ્વગતિ કરાવનારો સાતમો ‘ પ્રવહ ’ નામનો એક વાયુ પણ શરીરમાં રહેલો છે. વળી આ સાતે વાયુના દરેકપ્રત્યે સાત સાત ભેદ થતા હોવાથી એકંદર ઓગણપચાસ વાયુઓ થઈ શકે છે અને જેમ વડનાં અનેક બીજોમાં પાછાં અનંત બીજો રહેલાં હોય છે, તેમ આ સર્વ વાયુઓમાં પાછા અનંત વાયુઓ પણ હોવાજ જોઇએ, જેથી ઉત્તરોત્તર અનંત સંસાર થવાનો સંભવ અવશ્ય રહેલોજ છે, માટે આ અજ્ઞાનનો તત્ત્વજ્ઞાનદ્વારા અવશ્ય નાશ કરવો જોઇએ. હે શત્રુતાપન રાજા ! વળી તે મુમુક્ષુ પુરુષ વિચારે છે કે, ઉત્તમ ધર્મમાર્ગનો આશ્રય કરનારા અનેક પ્રજાપતિઓ, ઋષિઓ, સપ્તર્ષિઓ, અનેક રાજાઓ, મોટા મોટા દેવર્ષિઓ અને સૂર્યસમાન તેજસ્વી એવા ઘણાખરા બ્રહ્મર્ષિઓ પણ મહાન એવા કાળના સપાટામાં સપડાઇને ઐશ્વર્યથી ભ્રષ્ટ થયા છે, મોટા મોટા ભૂતસમુદાયો પણ પ્રતિદિન નાશ પામતા જાય છે, પાપકર્મ કરનારા સંખ્યાબંધ મનુષ્યો યમલોકમાં જઇને વૈતરણી નદીમાં પડયા પડયા દુઃખનો અનુભવ કર્યા કરે છે અને નરકાદિ અશુભ ગતિઓને પામે છે, કર્મોની વિચિત્રતાને લીધે પ્રાણીઓને વિચિત્ર પ્રકારની

યોનિઓમાં અશુભ અવતાર લેવા પડે છે, માતાનું અશુભ ઉદર, જે રુધિર અને જળનું એક પાત્રજ છે તેમાં નવ માસપર્યંત પડી રહેવું પડે છે, નવ દ્વારવાળું આ શરીર જે કફ, મૂત્ર અને વિષ્ઠાથી ભરપૂર છે, તીવ્ર દુર્ગંધથી ગંધાઈ રહે છે, વીર્ય અને રુધિરથીજ ભરેલું છે, મજ્જા અને સ્નાયુઓથી વ્યાપ્ત છે અને સેંકડો નાડીઓથી ચારે બાજુ વીંટાયલું છે, તે અપવિત્ર શરીરમાં મારે ગોંધાઈ રહેવું પડે છે, મારે મારા આત્માનું હિત અવશ્ય જાણવું જોઇએ, તેને માટે વિવિધ પ્રકારના ઉપાયો કામે લગાડવા જોઇએ, તામસ પ્રકૃતિના જીવો, કે જેઓનાં ચિત્ત વિષયોની રમણીયતાથી ઘેરાઈ ગયેલાં હોય છે તેઓને સાત્વિક પ્રકૃતિના જીવો નિંદ્ય ગણી કાઢે છે, જેઓએ આત્માનો સાક્ષાત્કાર કરેલો છે; તેવા મહાન સાંખ્યવેત્તા. આચાર્યોએ સાંસારિક સર્વ વિષયોને નિંદ્યજ ગણેલા છે; ચંદ્ર તથા સૂર્ય જેવા તેજસ્વી ગ્રહોને પણ ગ્રહણની ભયંકર પીડા ભોગવવી પડે છે; પુણ્યનો ક્ષય થયા પછી તારાઓ પણ પૃથ્વીપર ખરી પડે છે; નક્ષત્રગણોમાં વિપર્યાસ થઇ જાય છે; સ્ત્રીપુરુષનાં જોડાંનો કરુણાજનક વિયોગ પ્રાપ્ત થાય છે; બીજાં પ્રાણીઓ પણ અત્યંત નિંદ્ય એવું અન્યોન્યનું ભક્ષણ કરી જતાં જોવામાં આવે છે; બાલ્યાવસ્થામાં કેવળ મોહનોજ અનુભવ થાય છે, દેહનો અશુભ નાશ અવશ્ય થવાનોજ છે અને રાગ તથા મોહની જ્યારે પ્રાપ્તિ થાય છે, ત્યારે ભાગ્યેજ કોઈ સ્થળે સત્વગુણની સ્થિતિ જોવામાં આવે છે. આ રીતે અનેક પ્રકારના વિચારો કરીને હજારોમાંથી કોઇ એકાદ પુરુષજ મોક્ષબુદ્ધિનો આશ્રય કરે છે.૨૭–૩૯ મોક્ષબુદ્ધિનો આશ્રય કરનારો તે મુમુક્ષુ પુરુષ, વેદોક્ત વિજ્ઞાનપૂર્વક જાણી લે છે કે, મોક્ષવસ્તુ અતિ દુર્લભ છે, કોઇ વસ્તુ ન મળી હોય તેને મેળવવા માટે મનુષ્યોને અત્યંત ઉત્કંઠા હોય છે; પણ તેજ વસ્તુ જ્યારે પ્રાપ્ત થાય છે, ત્યારે તે વિષેની ઉત્કંઠા શિથિલ થાય છે. વિષયોનો સ્વભાવ ઘણોજ દુષ્ટ હોય છે, પ્રાણીઓ જ્યારે મરણ પામે છે ત્યારે તેઓનાં શરીરો ઘણાંજ અમંગલ થઇ પડે છે, પ્રાણીઓએ ગૃહની અંદર નિવાસ કરવો તે મહાદુઃખદાયક છે, બ્રહ્મહત્યારા પતિત પુરુષોની ગતિ મહાદારુણ થાય છે, જે દુરાત્મા બ્રાહ્મણો મદિરાપાનમાં આસક્ત થાય છે અને ગુરુની સ્ત્રીસાથે પણ વ્યભિચાર કરે છે, તેઓની ગતિ અશુભજ થાય છે. જે પુરુષો પોતાની માતાપ્રત્યે અયોગ્ય વર્તન ચલાવે છે અને દેવોસહિત આ લોકમાં યોગ્યરીતે વર્તતા નથી, તે અશુભ કર્મી પુરુષોની દુર્ગતિજ થાય છે, જે પ્રાણીઓ પશુપક્ષીની જાતિમાં અવતરેલાં હોય છે, તેઓની ભિન્ન ભિન્ન પ્રકારની ગતિઓ થાય છે. વેદમાં પણ અનેક પ્રકારના વાદો જોવામાં આવે છે, ઋતુઓમાં વિચિત્ર પ્રકારના ફેરફારો થયા કરે છે, વર્ષોનો ક્ષય થાય છે, મહિનાઓનો ક્ષય થાય છે, પક્ષોનો ક્ષય થાય છે, દિવસોનો ક્ષય થાય છે, સમુદ્રની ભરતી અને ઓટ પ્રત્યક્ષ જોવામાં આવે છે, ચંદ્રનો ક્ષય અને વૃદ્ધિ પ્રતિદિન જોવામાં આવે છે, ધનનો નાશ અને વૃદ્ધિ પણ તે પ્રમાણેજ અનુભવાય છે, જેનો સંયોગ થયો હોય છે તેનો વિયોગ અવશ્ય થાય છે, યુગોનો પણ હ્રાસ થતો જોવામાં આવે છે, પર્વતો તથા નદીઓનો પણ કાળે કરીને નાશ થઇ જાય છે, વર્ણોનો (શ્વેત આદિ રંગોનો) પણ વિનાશ થઇ જાય છે; એટલુંજ નહિ પણ શરીરની આંતરસ્થિતિ તરફ દૃષ્ટિ કરીએ છીએ ત્યારે પણ જરા, મૃત્યુ, જન્મ–વગેરેનાં અનેક દુઃખો જોવામાં આવે છે, દેહની અંદર અનેક દોષો ભરેલા છે, ખરૂં જોતાં સર્વત્ર કેવળ દુઃખજ રહેલું છે, દેહની વ્યાકુળતાનો સારી રીતે અનુભવ થઇ શકે છે, ચિત્તના સર્વ દોષોનો આત્મામાં કેવળ આરોપજ કરવામાં આવ્યો છે અને આ મનુષ્યશરીરમાંથી અનેક પ્રકારના અશુભ ગંધોજ ઉત્પન્ન થાય છે, આવો મનમાં વિચાર કરીને મુમુક્ષુ પુરુષ મોક્ષબુદ્ધિનોજ આશ્રય કરે છે.૨૭,૫૨

યુધિષ્ઠિરે પૂછ્યું:–" હે મહાપરાક્રમી પિ-

તામહ ! આપણા શરીરમાં ઉત્પન્ન થયેલા કયા કયા દોષો તમારા જોવામાં આવે છે, તે મને સંપૂર્ણ રીતે કહો; કેમકે તે વિષયમાં મને સંશય રહે છે.”[૫૩]

ભીષ્મે કહ્યું:-હે શત્રુવિનાશન રાજા ! કપિલ મતને અનુસરનારા બુદ્ધિમાન સાંખ્યવેત્તાઓ શરીરમાં રહેલા પાંચ દોષોનું વર્ણન કરે છે, તે હું તમને કહું છું, સાંભળો.[૫૪] કામ, ક્રોધ, ભય, નિદ્રા અને શ્વાસ-આ પાંચ દોષો પ્રત્યેક પ્રાણીના શરીરમાં જોવામાં આવે છે;[૫૫] પરંતુ હે રાજા ! જ્ઞાની પુરુષ, ક્ષમાગુણવડે ક્રોધનો નાશ કરે છે, સંકલ્પોનો ત્યાગ કરીને કામનો નાશ કરે છે, સત્વગુણનો આશ્રય કરીને નિદ્રાનો નાશ કરે છે, સર્વ વિષયથી સાવધ રહીને ભયનો નાશ કરે છે અને આહારને અલ્પ કરી નાખીને શ્વાસનો નાશ કરે છે.[૫૬,૫૭] હે રાજન્ ! મહાબુદ્ધિમાન સાંખ્યવેત્તાઓ, સેંકડો ગુણોથી ગુણોને, સેંકડો દોષોથી દોષોને તથા સેંકડો વિચિત્ર પ્રકારનાં કારણોથી જૂદી જૂદી જાતના હેતુઓને યથાર્થ રીતે જાણી લઇને આ મનુષ્યલોક,જે પાણીના ફીણનીપેઠે ક્ષણમાં વિનાશ પામે તેવો છે,વિષ્ણુની સેંકડો માયાઓથી વીંટાયલો છે, ભીંત ઉપરના ચિત્રની પેઠે કેવળ નામમાત્ર છે, નલ નામના ઘાસની પેઠે નિઃસાર છે, નરકના ખાડાની પેઠે દુઃખમય છે, વર્ષાકાળના પાણીના પરપોટાની પેઠે નાશવંત છે, સુખથી રહિત છે, પરિણામે નાશનેજ પામનારો છે, મૃત્યુને વશ રહેનારો છે અને કાદવમાં ખૂતી ગયેલા હાથીની પેઠે રજોગુણ અને તમોગુણરૂપ કાદવમાં મગ્ન થયેલો હોઇને પરાધીન દશામાં જઈ પડયો છે, તે મનુષ્યલોકનો તથા પુત્રપૌત્રાદિના સ્નેહનો તેઓ ત્યાગ કરે છે.[૫૮-૬૧] વળી હે ભારત ! તે જ્ઞાની પુરુષો, સાંખ્યશાસ્ત્રમાં કહેલા મહાન જ્ઞાનયોગનો આશ્રય કરીને રજોગુણના તથા તમોગુણના અશુભ વિષયોનો નાશ કરે છે, તેમજ તપરૂપી દાંડાવાળા જ્ઞાનરૂપી શસ્ત્રને ધારણ કરીને સ્પર્શથી ઉત્પન્ન થનારા તથા દેહનો આશ્રય કરનારા સાત્વિક પવિત્ર વિષયોનો પણ મૂળમાંથી ઉચ્છેદ કરી નાખે છે.[૬૨,૬૩] તે પછી સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થયેલા તે યતિઓ જ્ઞાનરૂપી વહાણનો આશ્રય કરીને દુઃખરૂપી જળવાળા, ચિંતા અને શોકરૂપી મોટા ધરાવાળા, વ્યાધિ અને મૃત્યુરૂપી મોટા ઝૂડવાળા, મહાન ભયરૂપી મોટા સર્પોવાળા, તમોગુણરૂપી કાચબાવાળા, રજોગુણરૂપી માછલાવાળા, સ્નેહરૂપી કાદવવાળા, વૃદ્ધાવસ્થારૂપી દુર્ગમ ખડકવાળા, જ્ઞાનરૂપી બેટવાળા, કર્મોરૂપી ઉંડાઈવાળા, સત્યરૂપી તીરવાળા, નિયમમાં સ્થિર રહેનારા, હિંસારૂપી મોટા ઝડપદાર વેગવાળા, અનેક રસોરૂપી ખાણવાળા, ભિન્ન ભિન્ન વિષય ઉપરની પ્રીતિરૂપી રત્નોવાળા, દુઃખ અને સંતાપરૂપી પવનના સુસવાટાવાળા, શોક અને તૃષ્ણારૂપી મોટી ઘુમરીઓવાળા,તીક્ષ્ણ વ્યાધિઓરૂપી મોટા હાથીવાળા, હાડકાંના સમુદાયરૂપી ઘાટ-ગોદીવાળા, કફરૂપી ફીણવાળા, દાનરૂપી મોતીના સમૂહવાળા, રુધિરના ધરારૂપી પરવાળાંવાળા, હાસ્યરૂપી મોટી ગર્જનાવાળા, અનેક પ્રકારનાં અજ્ઞાનોથી મહાદુસ્તર, રુદનના અશ્રુના મેલરૂપી ક્ષારવાળા, સંગ અને ત્યાગરૂપી મોટા આશ્રયવાળા, પુત્ર અને સ્ત્રીરૂપી જળોવાળા,મિત્રો અને બાંધવોરૂપી બંદરવાળા, અહિંસા અને સત્યરૂપી કિનારાવાળા, પ્રાણના ત્યાગરૂપી મોટા તરંગોવાળા, વેદાંતરૂપી દ્વીપવાળા, પ્રાણીઓપરની દયારૂપ તરવાના ઘડાવાળા, મોક્ષરૂપી દુષ્પ્રાપ્ય તીરપ્રદેશવાળા અને વિષયોરૂપી વડવાનલથી વ્યાપ્ત એવા આ સંસારરૂપી મહાસાગરને તરી જાય છે અને પછી હે ભારત ! જન્મમરણના દુસ્તર ફેરામાંથી મુકત થઇને હૃદયરૂપ નિર્મળ આકાશમાં તેઓ પ્રવેશ કરે છે-અર્થાત દેહ ઉપરની આત્મબુદ્ધિ દૂર થતાંજ તેઓના હૃદયમાં આત્મજ્ઞાનનો ઉદય થાય છે.[૬૪-૭૨] હે રાજા ! તે સમયે પુણ્યશાળી એવા તે સાંખ્યવેત્તાઓના હૃદયાકાશમાં, કમળના નાળદ્વારા જેમ જળ પ્રવેશ કરે તેમ, સૂર્ય તેઓના મનદ્વારા પ્રવેશ કરીને પોતાનાં કિરણોવડે ચૌદ ભુ-

વનના વિષયો તેઓની પાસે હાજર કરે છે. × હે ભરતવંશી રાજા! રાગદ્વેષથી મુકત થયેલા, વીર્યબળથી યુકત અને તપરૂપી ધનવાળા તે યોગસિદ્ધ મહાત્માઓની અપેક્ષા રાખીને હૃદયાકાશમાં રહેલો ‘પ્રવહ’ નામનો વાયુ, તે સર્વ વિષયોને પોતાને સ્વાધીન કરે છે.[૭૪] હે ભારત! તે પ્રવહ વાયુ સૂક્ષ્મ છે, શીતલ છે, સુગંધદાર છે, સ્પર્શ કરતાં સુખકારક છે, સાતે વાયુઓમાં શ્રેષ્ઠ છે અને પવિત્ર લોકમાં ગતિ કરનારો છે. હે કુંતાપુત્ર! આ પ્રવહવાયુ, સાંખ્યવેત્તા યોગીઓને હૃદયાકાશમાંથી પરમ ગતિમાં લઈ જાય છે;[૭૫] અને હે રાજેન્દ્ર! તમોગુણના અતિસૂક્ષ્મ પરિણામરૂપ એવું તે હૃદયાકાશ, સાંખ્યયોગીઓને રજોગુણની પરમ ગતિરૂપ અહંકારપ્રત્યે લઈ જાય છે. પછી તે અહંકાર, સત્વગુણની પરમ ગતિરૂપ મહત્તત્ત્વ (અસ્મિતા માત્ર શુદ્ધ ત્વં પદાર્થ) પ્રત્યે લઈ જાય છે અને પછી હે શુદ્ધાત્મા! તે મહત્તત્ત્વ, સર્વનાથી પર રહેલા પ્રભુ નારાયણપ્રત્યે તેઓને લઈ જાય છે. ત્યારપછી શુદ્ધસ્વરૂપ તે નારાયણ પ્રભુ પંડે તે યોગીઓને પરમાત્મપદે પહોંચાડી આપે છે.[૭૬,૭૭] આ રીતે હે રાજા! પરમાત્મપદને પામીને કેવળ તેના રૂપજ બની ગયેલા તે પવિત્ર યોગીઓ મોક્ષનેજ પામે છે પણ પુનરાવૃત્તિને પામતા નથી.[૭૮] હે પાર્થ! જે મહાત્માઓ સુખદુઃખાદિ દ્વંદ્વોથી રહિત થયેલા છે, સત્ય અને સરળતામાંજ આસકત રહેનારા છે અને પ્રાણીમાત્ર ઉપર દયાવાળા છે તેઓની મેં કહી તેવી પરમ ગતિજ થાય છે.

યુધિષ્ઠિરે પૂછયું:–હે નિર્દોષ પિતામહ! વ્રતપાલનમાં સ્થિર રહેનારા તે સાંખ્ય યોગીઓ ભગવાન પરમાત્મારૂપી ઉત્તમ સ્થાનને પામ્યા પછી જન્મમરણાદિકનું સ્મરણ કરે છે કે નહિ? (અર્થાત મોક્ષપદને પામેલા જીવોને પૂર્વે અનુભવેલા જન્મમરણાદિકનું વિશેષ જ્ઞાન રહે છે કે નહિ ?)[૮૦] એ વિષયમાં જે સત્ય હોય તે મને કહો. હે કુરુવંશી પિતામહ! આવા પ્રકારના પ્રશ્નો પૂછવા માટે તમારાવિના બીજા કોઈપણ પુરુષને હું યોગ્ય માનતો નથી.[૮૧] મોક્ષવિષેના વેદમંત્રનો જ્યારે વિચાર કરીએ છીએ, ત્યારે આપણે જાણી શકીએ છીએ કે, મોક્ષમાં પણ મોટામાં મોટા બે દોષ રહેલા છે. જેમકે, મોક્ષ થયા પછી પણ પૂર્વે અનુભવેલા જન્મમરણાદિનું વિશેષ વિજ્ઞાન રહેતું હોય, તો તે એક મહાન દોષ છે; કેમકે મોક્ષ થયા પછી પણ તેવા અહંકારયુક્ત વિજ્ઞાનનું અસ્તિત્વ રહે તો પછી હે રાજા! કર્મમાર્ગરૂપ પ્રવૃત્તિધર્મજ મોક્ષના કરતાં ઉત્તમ છે, એમ મને જણાય છે; તેમજ મોક્ષપ્રાપ્તિ થયા પછી વિશેષ વિજ્ઞાન રહેતુંજ નથી. માત્ર સુષુપ્તિના જેવીજ મોક્ષાવસ્થા છે, એમ માનવામાં આવે તો પછી એનાથી અધિક બીજું કયું દુઃખ હોઈ શકે? કેમકે સુષુપ્તિ, જે કેવળ અજ્ઞાનનીજ અવસ્થા છે, તેના જેવી જો મોક્ષાવસ્થા હોય તોપછી તેને માટે વ્યર્થ પ્રયાસ શા માટે કરવો પડે? તેવી અજ્ઞાનાવસ્થા પ્રાપ્ત કરીને શો લાભ?[૮૨,૮૩]

ભીષ્મે કહ્યું:–હે તાત! તમારો આ પ્રશ્ન મહાકઠિન છે, મોટા મોટા પંડિતોને પણ મોહ ઉપજાવે તેવો છે, તોપણ હે ભરતશ્રેષ્ઠ! આ પ્રશ્ન ન્યાયાનુસારજ છે.[૮૪] આના સંબંધમાં નિશ્ચય કરવામાટે કપિલ મતના મહાત્માઓએ બુદ્ધિનો શ્રેષ્ઠ ઉપયોગ કર્યો છે અને તેઓએ જે પરમ તત્ત્વનો નિશ્ચય કર્યો છે, તેજ હું તમને યથાર્થરીતે કહું છું, સાંભળો.[૮૫] હે રાજા! પ્રાણીઓના શરીરમાં રહેલી ઇંદ્રિયોજ બહારના અને અંદરના સર્વ વિષયોને જાણે છે, જેથી તે ઇંદ્રિયો આત્માને વિશેષ જ્ઞાન ઉત્પન્ન થવામાં

× કહેવાનો આશય એ છે કે, જેમ કમળના નાળને જળમાં મૂકીને મુખવડે જળને ઉંચું ખેંચવામાં આવે છે, તો તે નાળના છિદ્રમાં થઇને જળ મુખની અંદર આવે છે, તેમ સૂર્ય, આત્માવિષે એકાગ્ર કરેલા યોગીઓના મનદ્વારા તેઓના હૃદયાકાશમાં દાખલ થઇને પોતાનાં કિરણોવડે ચૌદે ભુવનના વિષયો તેઓને લાવી આપે છે. અર્થાત્ યોગીના હૃદયાકાશમાં આત્મજ્ઞાનનો ઉદય થાય છે એટલે તેને સર્વજ્ઞપણું, સર્વના આત્માપણું અને સર્વ ભોગોના ભોક્તાપણું પ્રાપ્ત થાય છે.

હેતુરૂપ છે અને સૂક્ષ્મ એવો આત્મા તે ઇંદ્રિયોદ્વારાજ વિષયપ્રકાશન કરી શકે છે;[૮૬]* તોપણ એ લક્ષ્યમાં રાખવું કે, ઇંદ્રિયો આત્માના સંયોગથી જ્યારે રહિત થાય છે, ત્યારે કાષ્ઠ અથવા ભીંતના જેવી કેવળ જડજ બની જાય છે અને મહાસાગરમાં ઉત્પન્ન થયેલા જળના ફીણની× પેઠે વિનાશ પામે છે,એમાં સંદેહ નથી.[૮૭] હે શત્રુતાપન રાજા ! દેહાભિમાની પ્રાણી સર્વ ઇંદ્રિયોની સાથે જ્યારે નિદ્રાવશ થાય છે, ત્યારે તેનો સૂક્ષ્મ અંતરાત્મા, આકાશમાં જેમ વાયુ સંચાર કરે છે તેમ, સ્વપ્નના સર્વ વિષયોમાં સંચાર કરે છે-અર્થાત જાગ્રત અવસ્થાની પેઠે સ્વપ્નાવસ્થામાં પણ આત્મા, સર્વ વિષયોને પ્રકાશિત કરે છે; માટે જણાય છે કે, આત્મા સ્વતઃજ જ્યોતિસ્વરૂપ છે, ઇંદ્રિયોને લીધે જ્યોતિસ્વરૂપ નથી.[૮૮] હે ભરતવંશી રાજા ! આત્મા સ્વપ્નાવસ્થામાં પણ જાગ્રત અવસ્થાની પેઠેજ સર્વ વિષયોને સંપૂર્ણ રીતે જાણી શકે છે અને જોઇ શકે છે.[૮૯] સ્વપ્નાવસ્થામાં પોતાનો નિયંતા જ્યારે આરામ લેવા જાય છે, ત્યારે તેનાથી વિખૂટી પડી ગયેલી સર્વ ઇંદ્રિયો, ઝેરવિનાના સર્પની પેઠે પોતપોતાના સ્થાનમાંજ લીન થઇ જાય છે-અર્થાત ઇંદ્રિયો જો સ્વતઃ શક્તિવાળી હોય તો આત્માની સહાયવિના પણ પોતપોતાના વિષયમાં પ્રવૃત્તિ કરનાર થવી જોઇએ; પણ તેમ જોવામાં આવતું નથી તેથી જણાય છે કે,ઇંદ્રિયો કેવળ જડ છે અને ચૈતન્યની અપેક્ષા રાખનારી છે.[૯૦] વળી જાગ્રત અવસ્થામાં પણ સર્વ ઇંદ્રિયો પોતપોતાનાં સ્થાનોમાંજ પડી રહેલી હોય છે, ત્યારે આત્મા તેઓની સૂક્ષ્મ ગતિઓમાં વ્યાપ્ત થઇને તેઓને ચેતનવાળી કરે છે અને પછી તેઓદ્વારા વિષયોમાં વિચરે છે, એમાં સંશય નથી.[૯૧] તેજ પ્રમાણે હે ભારત ! સત્વગુણ, રજોગુણ, તમોગુણ, બુદ્ધિ, મન, આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વી અને ક્ષેત્રજ્ઞ-વગેરે સર્વના સમગ્ર ગુણોમાં તથા ક્ષેત્રજ્ઞસુદ્ધાંમાં પણ આત્મા વ્યાપી રહ્યો છે અને શુભ-અશુભ કર્મ, ક્ષેત્રજ્ઞમાંજ વ્યાપ્ત થઇ રહ્યાં છે. હે રાજા ! શિષ્યો જેમ ગુરુની સેવામાં હાજર રહે છે, તેમ સર્વ ઇંદ્રિયો પોતાના પ્રવર્તક આત્માની સેવામાં હાજર રહે છે.[૯૨-૯૫] જીવ જ્યારે પ્રકૃતિનું ઉલ્લંઘન કરે છે-પ્રકૃતિના સામર્થ્યનો નાશ કરે છે, ત્યારે પ્રકૃતિથી પર રહેલા, સુખદુઃખાદિ દ્વંદ્વોથી રહિત અને અવિનાશી એવા નારાયણસ્વરૂપ પરમાત્માને પામે છે;[૯૬] અને હે ભારત ! તે જીવાત્મા પરમાત્માને પ્રાપ્ત કર્યા પછી પુણ્ય-

---

*કહેવાનો ભાવ એ છે કે, બાહ્ય-આભ્યંતર સર્વ વિષયોનું વિશેષ વિજ્ઞાન ઇન્દ્રિયોદ્વારાજ થઇ શકે છે. જેમકે, બહાર રહેલા પદાર્થનું દર્શન વિજ્ઞાનનેત્રવડેજ થઇ શકે છે. જો નેત્ર ન હોય તો બાહ્યપદાર્થનું સ્વરૂપવિજ્ઞાન કદી થઇ શકેજ નહિ અને તેથીજ નેત્રવિનાના અંધ મનુષ્યને પદાર્થના સ્વરૂપનું વિજ્ઞાન થઇ શકતું નથી. વસ્તુસ્થિતિ આવી છે,તોપણ તેટલાથી આત્માની જ્ઞાનશક્તિમાં કોઈ જાતની ઉણપ આવતી નથી અથવા તેટલાથી આત્માની જ્ઞાતૃશક્તિ ઓછી કે વત્તી થઇ જતી નથી; કેમકે નેત્રવિનાનો પુરુષ પણ સ્વપ્નાવસ્થામાં અનેક પ્રકારના પદાર્થો જોઈ શકે છે. એજ પ્રમાણે સુષુપ્તિમાં તથા સમાધિમાં મન સુદ્ધાંનો લય થઇ જાય છે, તોપણ આત્માની જ્ઞાનશક્તિનો વિનાશ થતો નથી-આત્મા તો નિત્ય જ્ઞાનસ્વરૂપજ છે. ઇન્દ્રિયોના અભાવસમયે આત્મા, જ્ઞાનરહિત હોય તેવો જણાય છે પણ તેથી તે અજ્ઞાનસ્વરૂપ થઈ શકતો નથી. માત્ર ઇન્દ્રિયોના વિયોગને લીધેજ તેવો જણાય છે.એ રીતે મોક્ષાવસ્થામાં પણ આત્માના સર્વજ્ઞપણાને હાનિ પહોંચતી નથી. માત્ર તે અવસ્થામાં ઇન્દ્રિયોનો કેવળ અભાવ હોવાને લીધે તેને વિશેષ વિજ્ઞાન રહેતું નથી અને તે વિજ્ઞાનની તે અવસ્થામાં તેને અપેક્ષા પણ નથી.

× ઇન્દ્રિયોને ફીણની ઉપમા આપી છે, તે ઘણીજ બંધબેસતી છે. જળનું ફીણ જળથીજ ઉત્પન્ન થયેલું હોય છે, છતાં જાણે કોઇ સ્વતંત્ર પદાર્થ હોય તેવું દેખાય છે, પણ જળવિના એક ક્ષણભર ટકી શકતું નથી; તેમજ ઇન્દ્રિયો આત્મામાંથીજ અધ્યાસપૂર્વક ઉત્પન્ન થયેલી છે છતાં જાણે આત્માથી ભિન્ન હોય તેવી દેખાય છે, પણ આત્માનો વિયોગ થતાં એક ક્ષણભર પણ ટકી શકતી નથી.

પાપથી મુકત થઇને અનામય અને નિર્ગુણ એવા તેમના શુદ્ધ સ્વરૂપમાં પ્રવેશ કરે છે અને પછી પુનઃ તે સંસારમાં આવતો નથી. (તાત્પર્ય કે, પ્રકૃતિથી મુક્ત થયેલો જીવન્મુકત પુરુષ, સમાધિદશામાં પરમાત્માને પામીને સંસારમાં આવતો નથી, પણ સમાધિરહિત દશામાં તો પ્રારબ્ધકર્મને અનુસરીને સંસારમાં આવેજ છે, કેમકે)[૯૭] હે તાત! તે સમયે તેનું મન અને ઇંદ્રિયો હજી અવશેષ રહેલાંજ હોય છે,જેથી પ્રારબ્ધકર્મને અનુસરનારી ઇશ્વરની પ્રેરણાને અધીન થઇને તેઓ,(સમાધિરહિત દશામાં)સમયાનુસાર જીવની પાસે હાજર થાય છે.[૯૮] હે કુંતાપુત્ર! (કદાચ તમે કહેશો કે, સમાધિદશામાં જીવને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે તોપણ તેનો ઇંદ્રિયાદિક સાથેનો સંબંધ કેમ છૂટતો નથી? એનો ઉત્તર એજ છે કે,જ્યાંસુધી દેહ સાથેનો સંબંધ હોય છે,ત્યાંસુધી ઇંદ્રિયાદિકનો સંબંધ કાયમને માટે છૂટી શકતો નથી;પરંતુ) પછી અલ્પ સમયમાંજ પ્રારબ્ધકર્મની સાથે દેહનો જ્યારે નાશ થાય છે, ત્યારે આત્મગુણની ઇચ્છા રાખનારો અને જ્ઞાનસંપન્ન થયેલો તે મોક્ષભાગી જીવ, શાંતિસુખને (વિદેહમુક્તિને) પામી શકે છે.[૯૯]

હે રાજન્! મહાબુદ્ધિમાન સાંખ્યવેત્તાઓ મેં કહેલા આ જ્ઞાનનો આશ્રય કરીને પરમ ગતિને પામે છે; માટેજ હે કુંતાપુત્ર! સાંખ્યજ્ઞાન(વેદાંત)ના જેવું બીજું એક પણ જ્ઞાન જગતમાં નથી.[૧૦૦] આ સાંખ્યજ્ઞાનને અત્યંત ઉત્તમ માનવામાં આવ્યું છે, તેના સંબંધમાં તમારે સંશય રાખવો નહિ; કેમકે વિદ્વાનો કહે છે કે, સાંખ્યજ્ઞાન અક્ષર છે, ધ્રુવ છે, પરિપૂર્ણ છે, બ્રહ્મસ્વરૂપ છે, સનાતન છે, આદિ, મધ્ય અને અંતથી રહિત છે, દ્વૈતભાવથી રહિત છે, જગતના સ્રષ્ટારૂપ છે, અખંડ છે, નિર્વિકાર છે અને નિત્ય છે.[૧૦૧,૧૦૨] જેને લીધે જગતની ઉત્પત્તિ અને લય વગેરે સર્વ વિક્રિયાઓ પ્રવર્તે છે અને મોટા મોટા ઋષિઓ શાસ્ત્રમાં જેની પ્રશંસા કરે છે તેજ એ સાંખ્યજ્ઞાન છે.[૧૦૩] વળી ગુણનિષ્ઠ બુદ્ધિવાળા સર્વ બ્રાહ્મણો, દેવો અને શાંતિનિષ્ઠ મુનિઓ પણ બ્રહ્મજાતિને હિતાવહ આ સાંખ્યજ્ઞાનનેજ પરમદેવ અચ્યુત અને અનંતતરીકે માનીને તેની પ્રાર્થના કરે છે; તેમજ સારી રીતે યોગાનુષ્ઠાન કરનારા યોગીઓ અને વિશાળ દૃષ્ટિવાળા સાંખ્યશાસ્ત્રીઓ આ પરમ જ્ઞાનનીજ નિત્ય સ્તુતિ કરે છે.[૧૦૪,૧૦૫] હે કુંતાપુત્ર! શ્રુતિ કહે છે કે, સાંખ્યજ્ઞાન એ મૂર્તિરહિત એવા પરમાત્માની એક મૂર્તિરૂપ છે અને હે ભરતશ્રેષ્ઠ! નિર્વિષય એવું ઘટપટાદિનું જે જ્ઞાન તેજ એ સાંખ્યજ્ઞાન છે, એમ તત્ત્વવેત્તાઓ કહે છે.[૧૦૬]

હે રાજા! આ પૃથ્વી ઉપર સ્થાવર અને જંગમ એવાં બે પ્રકારનાં પ્રાણીઓ હોય છે. તેમાં સ્થાવર પ્રાણીના કરતાં જંગમ પ્રાણી ઉત્તમ ગણાય છે.[૧૦૭] હે રાજન્! મહાન વેદશાસ્ત્રોમાં, સાંખ્યશાસ્ત્રમાં (ચોવીસ તત્ત્વોની સંખ્યાવાળા કપિલ મુનિના દર્શનમાં) તેમજ યોગશાસ્ત્રમાં જે વિશાળ જ્ઞાન વર્ણવેલું છે અને પુરાણોમાં જે અનેક પ્રકારનું જ્ઞાન જોવામાં આવે છે, તે સમગ્ર સાંખ્ય (વેદાંત) વિજ્ઞાનમાંથીજ આવેલું છે;[૧૦૮] અને હે મહાત્મન્! મોટા મોટા ઇતિહાસોમાં, શિષ્ટ પુરુષોએ સેવેલા અર્થશાસ્ત્રમાં અને સર્વ જગતમાં જે કંઇ વિજ્ઞાન જોવામાં આવે છે, તે સમગ્ર કેવળ સાંખ્યવિજ્ઞાનમાંથીજ આવેલું છે.[૧૦૯] હે રાજન્! શમગુણનું પાલન,ઉત્કૃષ્ટ એવું મનોબળ, શાસ્ત્રોક્ત સૂક્ષ્મ જ્ઞાન, સૂક્ષ્મ તપ અને વિવિધ પ્રકારનાં સુખ એ સર્વ કેવળ સાંખ્યવિજ્ઞાનમાટેજ કહેલાં છે.[૧૧૦] હે પાર્થ! સાંખ્યજ્ઞાનના સાધકોને સાધનોની ખામીને લીધે કદાચ જ્ઞાનોત્પત્તિ ન થાય તોપણ તેઓ દેવોના લોકને પામેજ છે અને ત્યાં જઇને નિરંતર સુખનો અનુભવ કરે છે. પછી અમુક કાળપર્યંત દેવોનું અધિપતિપણું કરીને તે સાંખ્યભ્રષ્ટ યોગીઓ, પૃથ્વીપરના યત્નશીલ બ્રાહ્મણકુળમાં અવતરે છે અને કૃતાર્થ થાય છે;[૧૧૧] કેમકે ત્યાં જન્મ ધરીને પૂર્વજન્મના સંસ્કારને લીધે સત્પુરુષોએ સેવેલા ઉત્તમ સાંખ્યજ્ઞાનવિષે તેઓ અત્યંત આસક્ત રહે છે,જેથી દેવતાઓ જેમ સ્વર્ગલોકમાં પ્રવેશ

કરે છે, તેમ તે સાંખ્યયોગીઓ પરમાત્મસ્વરૂપમાં પ્રવેશ કરે છે-પરમાત્મારૂપ બની જાય છે.[૧૧૨] હે રાજા ! જે દ્વિજાતિઓ આ સાંખ્યજ્ઞાનમાં આસક્ત થયેલા છે, તેઓ તેનું સંપૂર્ણ તત્ત્વ જાણી શકયા ન હોય અથવા તેનું પરોક્ષ દર્શનજ કરી શકયા હોય તોપણ તેઓને તિર્યંચયોનિમાં જવું પડતું નથી, નરકગતિમાં જવું પડતું નથી અથવા પાપી લોકોની સાથે નિવાસ કરવો પડતો નથી. તાત્પર્ય કે, સાંખ્યનું પરોક્ષજ્ઞાન સંપાદન કરનારાઓની પણ સદ્ગતિજ થાય છે;[૧૧૩] પરંતુ હે રાજા! જે મહાત્મા પુરુષ અત્યંત વિશાળ, પરમ પુરાણ, મોટા સમુદ્રના જેવું ગંભીર, નિર્મળ, ઉદાર, રમણીય અને અપ્રમેય એવા આ સાંખ્યનું પરિપૂર્ણ જ્ઞાન ધરાવે છે, તે પુરુષ સાક્ષાત્ નારાયણસ્વરૂપજ બની રહે છે-અર્થાત સાંખ્યનું અપરોક્ષ જ્ઞાન સંપાદન કરનારો પુરુષ પરબ્રહ્મનેજ પામે છે.[૧૧૪] હે મનુષ્યોના દેવ! એ પ્રમાણે સાંખ્યશાસ્ત્રનું તત્ત્વ મેં તમને કહ્યું અને તેમાંથી સમજવાનું એજ છે કે, આ પુરાણ જગત કેવળ નારાયણરૂપજ છે અને જગતના અંતરાત્મા તે નારાયણ, સૃષ્ટિના આરંભસમયે જગતને ઉત્પન્ન કરે છે અને સંહારસમયે આખા જગતને પોતાનામાં સમાવી દઇને જળની અંદર શયન કરે છે.[૧૧૫,૧૧૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "સાંખ્યકથન" એ વિષયનો અધ્યાય ૩૦૧ મો સમાપ્ત.

અધ્યાય ૩૦૨ મો

વસિષ્ઠ અને જનકનો સંવાદ—ક્ષર તથા અક્ષરનું વર્ણન

॥ युधिष्ठिर उवाच ॥

किं तदक्षरमित्युक्तं यस्मान्नावर्तते पुनः ॥
किं च तत्क्षरमित्युक्तं यस्मादावर्तते पुनः॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:—હે રાજા! જેને પામીને મનુષ્ય પુનર્જન્મ પામતો નથી, તે અક્ષર કોને કહેવામાં આવે છે? અને જેનો આશ્રય કરવાથી મનુષ્યને પુનર્જન્મ પ્રાપ્ત થાય છે, તે ક્ષર કોને કહેવામાં આવે છે?[૧] હે શત્રુઓના સંહાર કરનારા મહાબાહુ! અક્ષર તથા ક્ષરનું યથાર્થસ્વરૂપ જાણવા માટે હું તમને પૂછું છું, માટે હે કુરુનંદન! તે મને કહો;[૨] કેમકે વેદમાં પારંગત થયેલા બ્રાહ્મણો, મોટા ભાગ્યશાળી ઋષિઓ અને મહાત્મા યતિઓ, તમને જ્ઞાનના એક ભંડારરૂપજ કહે છે.[૩] વળી દક્ષિણાયનના દિવસો હવે થોડાકજ બાકી રહ્યા છે, તે જ્યારે પૂરા થશે અને ભગવાન સૂર્ય જ્યારે ઉત્તરાયણના થશે, ત્યારે તમે પરમ ગતિને પામશો.[૪] તમે આ પૃથ્વીલોકમાંથી ચાલ્યા જશો, એટલે આવા કલ્યાણકારક ઉપદેશો અમે કોની પાસેથી સાંભળીશું? ખરેખર, તમે કુરુવંશમાં એક દીપકસમાન છો અને જ્ઞાનરૂપી જ્યોતિથી દીપી રહ્યા છો.[૫] હે કુરુવંશી રાજેન્દ્ર! હું તમારી પાસેથી ક્ષર તથા અક્ષરના સંબંધમાં સાંભળવા ઇચ્છું છું; કેમકે આવું ઉપદેશામૃત શ્રવણ કરીને હું તૃપ્તજ થતો નથી.[૬]

ભીષ્મે કહ્યું:—હે યુધિષ્ઠિર! આ ક્ષર તથા અક્ષરના સંબંધમાં એક પ્રાચીન ઇતિહાસ હું તમને કહું છું. તે ઇતિહાસમાં વસિષ્ઠનો તથા કરાલ નામના જનકવંશી રાજાનો સંવાદ વર્ણવેલો છે.[૭] એક સમયે ઋષિઓમાં શ્રેષ્ઠ, સૂર્યસમાન તેજસ્વી, અધ્યાત્મજ્ઞાનમાં કુશળ, આધ્યાત્મિક અનુભવથી નિશ્ચય કરનારા અને મિત્રાવરુણના પુત્ર મહર્ષિ વસિષ્ઠ, સ્વસ્થપણે આસન ઉપર બેઠા હતા. ત્યારે રાજા કરાલ-જનક, તેમની પાસે જઇને, બે હાથ જોડી, વિનયપૂર્વક સુંદર અક્ષરોવાળું અને કુતર્કથી રહિત એવું મધુર વાકય કહીને, મોક્ષવિષયક જ્ઞાનના સંબંધમાં આ પ્રમાણે પૂછવા લાગ્યો:-[૯,૧૦] "હે ભગવન્! જ્ઞાની પુરુષો, જેમનો સાક્ષાત્કાર કરીને પુનર્જન્મને પામતા નથી, તે સનાતન પરબ્રહ્મ કોણ છે? તે સાંભળવાની મને ઇચ્છા છે.[૧૧] વળી જેને 'ક્ષર' એવું નામ આપેલું છે તે વિષે અને સર્વ જગત જેમાં લય પામે છે, જેને 'અક્ષર' કહેવામાં આવે છે, જે આનંદરૂપ છે, જે સંસારથી મુક્ત કરનાર છે અને જે અદ્વૈતસ્વરૂપ છે, તે પર-

મ તત્ત્વ વિષે સાંભળવાની મને ઈચ્છા છે."૧૨

વસિષ્ઠે કહ્યું:–" આ જગત, જે 'ક્ષર' સંજ્ઞાને ધારણ કરનારૂં હોઇને અમુક કાળે વિનાશ પામે છે અને જે તત્ત્વ 'અક્ષર' સંજ્ઞાને ધારણ કરનારૂં હોઇને કોઈ કાળે પણ નાશ પામતું નથી, તે બન્નેનું સ્વરૂપ હું તને કહું છું, સાંભળ.૧૩ દેવતાઓનાં બારહજાર વર્ષનો એક ચતુર્યુગ (મનુષ્યોના ચાર યુગ) થાય છે, તેવા એક હજાર ચતુર્યુગનો એક કલ્પ થાય છે અને તે એક કલ્પનો બ્રહ્માનો એક દિવસ થાય છે.૧૪ વળી હે રાજન્! તેટલાજ પ્રમાણની બ્રહ્મદેવની એક રાત્રિ થાય છે. આ પ્રમાણે બ્રહ્મદેવના સમગ્ર આયુષ્યનો ક્ષય થઇ ગયા પછી બ્રહ્મદેવનો જ્યારે લય થાય છે, ત્યારે નિરાકારસ્વરૂપ ભગવાન શંકર યોગનિદ્રામાંથી જાગ્રત થાય છે અને અનંત કર્મ કરનારા મૂર્તિમાન હિરણ્યગર્ભને ઉત્પન્ન કરે છે. ભગવાન શંકરમાં અણિમા, લઘિમા, પ્રાપ્તિ વગેરે અષ્ટસિદ્ધિઓ સ્વતઃસિદ્ધ છે અને તે સર્વના ઈશ્વર છે, જ્યોતિસ્વરૂપ છે અને અવિનાશી છે, તેમજ તેમણે ઉત્પન્ન કરેલા હિરણ્યગર્ભ સર્વ તરફ હાથપગવાળા છે, સર્વ બાજુ નેત્ર, મસ્તક અને મુખવાળા છે, સર્વ તરફ શ્રવણવાળા છે અને જગતના સર્વ પદાર્થમાં વ્યાપ્ત થઈને રહેલા છે.૧૫–૧૭ એ ભગવાન હિરણ્યગર્ભને વેદાંત જાણનારાઓ બુદ્ધિ–મહત્તત્ત્વરૂપ કહે છે; યોગમાર્ગીઓ મહાન, વિરિંચિ અથવા અજ કહે છે; સાંખ્યશાસ્ત્રમાં તો અનેક નામો અને અનેક સ્વરૂપોવાળા તેમને કહ્યા છે અને તે હિરણ્યગર્ભનેજ વિચિત્ર સ્વરૂપવાળા વિરાટ્રૂપે અથવા એકાક્ષર ૐકારરૂપે શાસ્ત્રકારો વર્ણવે છે.૧૮,૧૯ વળી તે પોતેજ આખા ત્રૈલોક્યના સ્રષ્ટા છે અને તેમનાવડે આખું ત્રૈલોક્ય વ્યાપ્ત થયું છે; તેમજ તેમનાં સ્વરૂપો અનેક પ્રકારનાં છે, માટે તેમને વિશ્વરૂપ પણ કહેવામાં આવે છે.૨૦ મહાતેજસ્વી એ હિરણ્યગર્ભ જ્યારે વિકાર પામે છે, ત્યારે પોતેજ પોતાને અહંકારરૂપે, પ્રજાપતિરૂપે તથા વિરાટ્રૂપે ઉત્પન્ન કરે છે.૨૧ વિદ્વાનો કહે છે કે, અવ્યક્તરૂપ મૂળકારણમાંથી ઉત્પન્ન થયેલી હિરણ્યગર્ભરૂપ વ્યક્ત (દૃશ્ય) સૃષ્ટિ, સમષ્ટિરૂપ વિદ્યાસૃષ્ટિ કહેવાય છે અને હિરણ્યગર્ભથી ઉત્પન્ન થયેલી અહંકાર, પ્રજાપતિ અને વિરાટરૂપ વ્યક્ત સૃષ્ટિ અવિદ્યાસૃષ્ટિ કહેવાય છે.૨૨ આ પ્રમાણે સર્વના મૂળકારણરૂપ અક્ષર, હિરણ્યગર્ભ અને વિરાટ્–એ ત્રણેના યથાર્થ જ્ઞાન ઉપરથી અને અયથાર્થ જ્ઞાન ઉપરથી અવિધિ તથા વિધિ ઉત્પન્ન થયેલાં છે અને તેનેજ વેદશાસ્ત્રનું ચિંતન કરનારા પુરુષો વિદ્યા તથા અવિદ્યા એવા નામથી કહે છે.૨૩* હે

---

* આ શ્લોકમાં વિદ્યા તથા અવિદ્યાનું લક્ષણ દર્શાવ્યું છે. અર્થાત્ અક્ષર, હિરણ્યગર્ભરૂપ પ્રથમ સૃષ્ટિ અને વિરાટ્રૂપ બીજી સૃષ્ટિ–એ ત્રણમાંથી કોઇ એકનુંજ ઉપાસન કરવા મંડી પડવું તે અવિધિ અથવા અવિદ્યા છે અને **'तत्त्वमसि'** **'अहं ब्रह्मास्मि'** **'अयमात्मा ब्रह्म'** એમ જાણીને બ્રહ્મસ્વરૂપેજ સ્થિતિ કરવી પણ કોઇની ઉપાસના ન કરવી તે વિધિ અથવા વિદ્યા છે. આ વિષયને સ્પષ્ટ સમજાવવા માટે ટીકાકાર નીલકંઠ આવાં બે ઉદાહરણો આપે છે. જેમકે, એક પુરુષ દોરડીને જોઇને સર્પની ભ્રાંતિથી ભય પામે છે, ત્યારે કોઇ બીજો પુરુષ તેને સમજાવે છે કે, આ સર્પ નથી પણ દોરડી છે. એટલે તુરતજ તેને દોરડીનો સાક્ષાત્કાર થાય છે અને તેના ભયની નિવૃત્તિ થાય છે. આનું નામ વિધિ અથવા વિદ્યા છે. તેજ રીતે એક બીજો પુરુષ, કે જે પોતાનું હિત ઇચ્છનારા મનુષ્યના વાક્ય ઉપર શ્રદ્ધારહિત હોય, તેને દોરડીના દર્શનથી સર્પનો જ્યારે ભય ઉત્પન્ન થાય છે, ત્યારે કોઈ બુદ્ધિમાન પુરુષ તેને ઉપદેશ આપે છે કે, આ સર્પના ઉપર તું દોરડીની ભાવના કર, જેથી આ સર્પ દોરડી થઇ જશે. આ ઉપદેશનો સ્વીકાર કરીને તે પુરુષ ભ્રાંતિથી દેખાતા સર્પના ઉપર દોરડીની ભાવના કરે છે અને અંતે પોતે દેખેલા સર્પને દોરડીતરીકે જુએ છે. આનું નામ અવિધિ અથવા અવિદ્યા છે. વળી જેમ કોઇ પુરુષને સર્પ કરડયો હોય ત્યારે ગરુડની ભાવના કરવાથી તેનું ઝેર ઉતરી જાય છે તેમજ આ અવિદ્યાના સંબંધમાં સમજવાનું છે. તાત્પર્ય કે, અસત્યનાપર સત્ય બુદ્ધિ કરવી તે અવિદ્યા છે અને સત્યના પરજ સત્યબુદ્ધિ કરવી તે વિદ્યા છે.

રાજા ! અહંકારમાંથી પાંચ સૂક્ષ્મભૂતોની જે ઉત્પત્તિ થઈ છે, તે ત્રીજી ભૂતસૃષ્ટિ કહેવાય છે અને તે સૂક્ષ્મભૂતો સાત્વિક, રાજસ અને તામસ–એ ત્રણ પ્રકારના અહંકારનો આશ્રય કરીને જ્યારે વિકાર પામે છે, ત્યારે ચોથી વૈકૃતસૃષ્ટિ ઉત્પન્ન થાય છે.[૨૪] જેમકે વાયુ, તેજ, આકાશ, જળ, પૃથ્વી, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ–આ દશે તત્ત્વો એકીસાથે સૂક્ષ્મભૂતોમાંથી ઉત્પન્ન થયાં છે અને તેનેજ ચોથી વિકૃતસૃષ્ટિ કહેવામાં આવે છે; તેમજ સ્થૂલભૂતોમાંથી જેની ઉત્પત્તિ થાય છે, તેને પાંચમો ભૌતિકસર્ગ કહે છે.[૨૫,૨૬] હે રાજા ! શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જીહ્વા, ઘ્રાણ, વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ–આ જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો, મનની સાથે એકી વખતે મહાભૂતોમાંથી ઉત્પન્ન થયેલી છે અને તેનેજ ઇન્દ્રિયસૃષ્ટિ અથવા ભૌતિકસૃષ્ટિ કહેવામાં આવે છે. આ ચોવીસ તત્ત્વો× જગતનાં પ્રત્યેક પ્રાણીમાં રહેલાં છે, એમ જાણીને તત્ત્વદ્રષ્ટા બ્રાહ્મણો–બ્રહ્મનિષ્ઠ પુરુષો શોકનો ત્યાગ કરે છે.[૨૭–૨૯] હે મનુષ્યશ્રેષ્ઠ રાજા ! દેવ, દાનવ, મનુષ્ય, યક્ષ, ભૂત, ગંધર્વ, કિન્નર, સર્પ, ચારણ, પિશાચ, દેવર્ષિ, રાક્ષસ, ડાંસ, કીડા, મચ્છર, સડેલા પદાર્થનાં જીવડાં, કરમીઆં, ઉંદર, કૂતરાં, ચાંડાલ, મૃગલાં, ભિલ્લ, હાથી, ઘોડા, ગધેડાં, સિંહ, વ્યાઘ્ર, ગાય, બળદ અને વૃક્ષ—વગેરે જે કોઇ સ્થાવરજંગમ પ્રાણી જગતમાં દેખાય છે, તેઓ સર્વના શરીરમાં પૂર્વોક્ત ચોવીસ તત્ત્વોજ રહેલાં છે.[૩૦–૩૩] અમે સાંભળ્યું છે કે, દેહધારી પ્રાણીઓનાં જળ, પૃથ્વી કે આકાશ–એ ત્રણ પૈકી કોઈ એકમાંજ સ્થાન હોય છે, એ વાત નિશ્ચય છે.[૩૪] હે તાત ! જેની સંજ્ઞા વ્યક્ત છે, તે સમગ્રનો અંતે નાશજ થાય છે, માટે ચોવીસ તત્ત્વના સમુદાયરૂપ આ વ્યક્તસ્વરૂપને ક્ષર(નાશ પામવાના સ્વભાવવાળું) કહ્યું છે.[૩૫] અવ્યક્તમાંથી ઉત્પન્ન થયેલું, વ્યક્ત સંજ્ઞાવાળું તથા મોહાત્મક એવું આ જગત, જેમાં લય પામી જાયછે અને જેનો કોઇ કાળે વિનાશ થતો નથી, તે પરમ તત્ત્વને ‘ અક્ષર ’ એ પ્રમાણે કહ્યું છે.[૩૬] હે મહારાજા ! મહત્તત્ત્વ, કે જે સૌનાથી પ્રથમ ઉત્પન્ન થયેલ છે, તે પણ નિત્ય વિનાશશીલ હોવાને લીધે ક્ષરજ ગણાય છે. એ પ્રમાણે ક્ષર તથા અક્ષરના સંબંધમાં તેં મને જે પ્રશ્ન પૂછયો હતો તેનો ઉત્તર મેં તને આપ્યો.[૩૬] હવે પચીસમું તત્ત્વ, જે ‘વિષ્ણુ’ કહેવાય છે, તે સર્વ તત્ત્વોથી પર રહેલું છે અને તે પોતે તત્ત્વરૂપ નથી, છતાં ચોવીસ તત્ત્વોનું આશ્રયરૂપ હોવાથી તે પચીસમું તત્ત્વ ગણાય છે, એમ પંડિતો કહે છે.[૩૮] નાશવંત સ્વભાવવાળી જે પ્રકૃતિ છે, તેણેજ આ જગતરૂપકાર્યને ઉત્પન્ન કર્યું છે, માટે તે પ્રકૃતિ, જે ચોવીસમું અવ્યક્ત તત્ત્વ છે તે મૂર્તિવાળી છે અને સર્વની અધિષ્ઠાત્રી છે; પણ પચીસમો જે વિષ્ણુ, તે અમૂર્તિમાન હોઇને કોઇનો અધિષ્ઠાતા પણ નથી.[૩૯] ચોવીસમું અવ્યક્ત તત્ત્વ–પ્રકૃતિજ ચૈતન્યની છાયાનો આશ્રય કરીને સર્વ શરીરોના હૃદયમાં નિવાસ કરે છે. પચીસમું તત્ત્વ વિષ્ણુ તો કેવળ ચેતનમય છે, નિત્ય છે, માયાના યોગને લીધે મૂર્તિમાન હોય તેવા જણાય છે પણ વસ્તુતઃ તે અમૂર્તિમાનજ છે.[૪૦] સૃષ્ટિ અને પ્રલયના ધર્મને ધારણ કરનારી પ્રકૃતિના યોગથીજ, ચિદાત્મા ઉત્પત્તિ અને પ્રલયના ધર્મવાળો જણાય છે અને પોતે સદાકાળ નિર્ગુણ છે છતાં (તે માયાના યોગથીજ) જાણે સગુણ હોય તેવો દેખાય છે.[૪૧] આ રીતે આ મહાન આત્મા, સૃષ્ટિની ઉત્પત્તિને તથા લયને જાણનારો છે, છતાં પ્રકૃતિના સંગથી વિકારવાળો થઇને બુદ્ધિહીન અથવા મૂઢ બની જાય છે અને અહંભાવને ધારણ કરે છે;[૪૨] એટલુંજ નહિ પણ તામસ, સાત્વિક અને રાજસભાવોથી યુક્ત થઇને તે તે અનેક યોનિમાં એકસ્વરૂપપણાને પ્રાપ્ત થાય છે અને અજ્ઞાની પ્રાણીઓનું સેવન કરવાથી પોતાના શુદ્ધ સ્વરૂપને વિસરી જાય

× હિરણ્યગર્ભ, અહંકાર, વિરાટ્, આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વી, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જીહ્વા, ઘ્રાણ, વાક્, પાણિ, પાદ, ગુદા, ઉપસ્થ અને મન–આ ચોવીસ તત્ત્વોથીજ પ્રાણીનું શરીર બંધાયલું છે.

છે.[૪૩] પ્રકૃતિ આદિના સહવાસદોષથી પોતાના સ્વરૂપભાનથી ભ્રષ્ટ થયેલો તે આત્મા, 'દેહાદિક જડ પદાર્થોથી હું ભિન્ન છું,' એમ માનતો નથી અને "હું અમુકનો પુત્ર છું અમુક જાતિનો છું" આવા મિથ્યાભિમાનથી ગ્રસ્ત બની જઇને પ્રકૃતિના ગુણોનેજ અનુસરે છે.[૪૪] જીવાત્મા તમોગુણનો આશ્રય કરીને જૂદા જૂદા* તામસભાવોને પ્રાપ્ત થાય છે, રજોગુણનો આશ્રય કરીને રાજસભાવોને વહોરી લે છે અને સત્વગુણનો આશ્રય કરીને સાત્વિકભાવોને પામે છે.[૪૫] આ જગતમાં શુકલ, રકત અને કૃષ્ણ એવા ત્રણ વર્ણનાં સ્વરૂપોજ જોવામાં આવે છે. તેમાં શુકલવર્ણનું સ્વરૂપ સાત્વિક છે, રક્તવર્ણનું સ્વરૂપ રાજસ છે અને કૃષ્ણવર્ણનું સ્વરૂપ તામસ છે. પ્રકૃતિથી થયેલાં જે જે રૂપો જગતમાં દેખાય છે,તે સર્વ આ ત્રણ વર્ણો પૈકીજ હોય છે–અર્થાત આખું જગત કેવળ ત્રિગુણાત્મકજ છે.[૪૬]તેમાં વિશેષતા માત્ર એટલી છે કે, તમોગુણી જીવો નરકમાં જાય છે, રજોગુણી જીવો મનુષ્યલોકમાં અવતરે છે અને સત્વગુણી જીવો સ્વર્ગલોકમાં જઇને સુખનો અનુભવ કરે છે.[૪૭] હરકોઇ જીવ કેવળ પાપાચરણજ કર્યા કરે છે તો તિર્યંચ યોનિને પામે છે, પુણ્ય અને પાપ–એમ મિશ્ર આચરણ કરે છે તો મનુષ્યયોનિને પામે છે અને કેવળ પુણ્યમય આચરણ કરે છે તો દેવયોનિને પામે છે.[૪૮] એ પ્રમાણે જે કંઇ અવ્યકત (પ્રકૃતિ)માંથી ઉત્પન્ન થયેલું છે તે સર્વને વિદ્વાનો 'ક્ષર' કહે છે અને પચીસમું તત્ત્વ જે અક્ષરબ્રહ્મ છે તે કેવળ જ્ઞાનથીજ પ્રકાશે છે.[૪૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ મોક્ષ૦ પર્વમાં "વસિષ્ઠ અને કરાલ–જનકનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૩૦૨ મો સમાપ્ત.

અધ્યાય ૩૦૩ મો

વસિષ્ઠ–જનકનો સંવાદ–જીવનું અજ્ઞાન

॥ वसिष्ठ उवाच ॥

एवमप्रतिबुद्धत्वादबुद्धमनुवर्तते ॥
देहाद्देहसहस्राणि तथा समभिपद्यते ॥१॥

વસિષ્ઠે કહ્યું:–"હે જનક રાજા ! એ રીતે જીવાત્મા, પ્રકૃતિનો સંગ કરીને પોતાના વાસ્તવિક સ્વરૂપને ભૂલી જાય છે અને કેવળ અજ્ઞાનનેજ અનુસરે છે, જેથી એક દેહને પામ્યા પછી પુનઃ હજારો દેહને પામ્યા કરે છે.[૧] જીવને પ્રથમ ગુણોનો સંયોગ થાય છે અને પછી તે ગુણોના સામર્થ્યને લીધે તેને હજારો પશુપક્ષીની યોનિમાં અને કોઇ સમયે અનેક દેવયોનિઓમાં અવતરવું પડે છે.[૨] જીવાત્મા કોઇ વેળા મનુષ્ય થયા પછી સ્વર્ગલોકમાં જાય છે, કોઇવેળા સ્વર્ગલોકમાં થઇને મનુષ્યલોકમાં આવે છે અને કોઇ વેળા મનુષ્યજન્મનો ત્યાગ કરીને નરકના સ્થાનમાં જઇ પડે છે. આ રીતે અનંત સંસારને તે પામે છે.[૩] જેમ રેશમ બનાવનારો કીડો,પોતાનીજ લાળોના તાંતણાઓથી બંધાઇ જાય છે, તેમ જીવાત્મા ગુણોથી રહિત છે છતાં પ્રકૃતિના ગુણોથી બંધાય છે.[૪] તે પોતે સુખદુઃખાદિ દ્વંદ્વોથી રહિત છે છતાં જૂદા જૂદા અનેક જન્મો ધારણ કરીને સુખદુઃખાદિ દ્વંદ્વોને ભોગવે છે અને મસ્તકરોગ, નેત્રરોગ, દંતરોગ, ગળાનો રોગ, જલોદરરોગ, તૃષારોગ,જ્વરરોગ,ગંડરોગ, વિષૂચિકારોગ, શ્વેતકુષ્ઠ (કોઢ) રોગ, અગ્નિદાહ, ઉધરસ, શ્વાસ, અપસ્માર (તાણ અથવા વાઇનો રોગ) અને બીજાં અનેક શરીરમાં ઉત્પન્ન થનારાં પ્રકૃતિનાં સુખદુઃખાદિને પોતે ભોગવે છે અને તે સર્વને પોતાનાપરજ આવી પડેલાં માને છે.[૫–૭] વળી તે જીવાત્મા, કોઈ સમયે હજારો પશુપક્ષીની યોનિમાં અવતરીને અથવા કોઇ સમયે દેવયોનિને પ્રાપ્ત થઇને અભિમાનને લીધે માને છે કે, હું પાપી છું, હું પુણ્યશાળી છું ઈત્યાદિ.[૮] અજ્ઞાનને અધીન થયેલા તે જીવને કોઈવાર ઉજ્જવળ વસ્ત્ર પહેરવાં પડે છે, કોઇ-

---

* ક્રોધ આદિ તામસભાવો છે,પ્રવૃત્તિ આદિ રાજસભાવો છે અને પ્રકાશ આદિ સાત્વિક ભાવો છે.

વાર મલિન વસ્ત્ર પહેરવાં પડે છે, કોઇવાર ભોંય ઉપર સૂઇ રહેવું પડે છે, કોઇક વખતે દેડકાંની પેઠે હાથપગ સંકોચીને સૂઇ રહેવું પડે છે, કોઇ સમયે વીરાસન લગાવીને બેસવું પડે છે, કોઇવાર ચીંથરાં ધારણ કરવાં પડે છે, કોઇવાર ખુલ્લા પ્રદેશમાં પડી રહેવું પડે છે, કોઇ સમયે ઈંટોની શય્યાપર, કોઇસમયે કાંટાની શય્યાપર, કોઈ સમયે ભસ્મની શય્યાપર, કોઇ વેળા પથ્થરની શય્યાપર, કોઇ વેળા પૃથ્વીની શય્યાપર, કોઇ વેળા રણક્ષેત્રની શય્યાપર, કોઇ વખતે જળની શય્યાપર અને કોઇ સમયે કાષ્ઠની શય્યાપર–એમ અનેક પ્રકારની શય્યાઓપર સૂવું પડે છે; એટલુંજ નહિ પણ જૂદાં જૂદાં ફળ મેળવવાની આશાથી કોઈવાર મુંજનો કંદોરો ધારણ કરીને કેવળ નગ્ન અવસ્થામાં ભટકવું પડે છે અને કોઇવાર રેશમી વસ્ત્ર, કાળાં મૃગચર્મ, શણ અથવા ઊનનાં વસ્ત્ર, વ્યાઘ્રચર્મ, સિંહચર્મ, સુતરાઉ વસ્ત્ર, ભોજપત્ર, લંગોટરૂપ વસ્ત્ર, શીમળાના રૂનું વસ્ત્ર, કોઈવાર ઘાસનાં વસ્ત્ર અને કોઈકિવાર ફાટલાંતૂટલાં ચીંથરાંરૂપ વસ્ત્ર પહેરવાં પડે છે, છતાં તે બુદ્ધિહીન જીવ તે તે અનેક વસ્ત્રોને ધર્માદિકનાં સાધનરૂપ માને છે અને કોઇ સમયે વિચિત્ર પ્રકારનાં ભોજનોની તથા તરેહ તરેહનાં રત્નોની પણ અભિલાષા રાખે છે. ૮–૧૫

કોઇવેળા જ્યારે સિદ્ધિ મેળવવાની ઇચ્છા થાય છે, ત્યારે તે અજ્ઞાની જીવ એક એક માસના ઉપવાસ કરે છે, વળી ફળમૂળનો આહાર કરે છે, વાયુનું ભક્ષણ કરે છે, એકાંતરે ભોજન કરે છે, દિવસમાં એક વખત ભોજન કરે છે, ચોથે, છઠ્ઠે અથવા આઠમે કાળે ભોજન કરે છે, છઠ્ઠી રાત્રિએ ભોજન કરે છે, આઠમે દિવસે ભોજન કરે છે, સાતમી રાત્રિએ ભોજન કરે છે, દશમે અથવા બારમે દિવસે ભોજન કરે છે, કોઇ વેળા જળ ઉપર, ખોળ ઉપર, દહીંઉપર કે દૂધ ઉપરજ પોતાનું જીવન ટકાવી રાખે છે, કોઈકવાર ગોમૂત્ર પીનેજ રહે છે, કોઇ સમયે શાક અથવા પુષ્પનોજ આહાર કરે છે, કોઇ વખતે શેવાળ ખાઇને રહે છે, કોઈવાર ભાતનું ઓસામણ પીને રહે છે, કોઇ દિવસ ખરી પડેલાં પાંદડાં ખાઇને નિર્વાહ ચલાવે છે, કોઈ સમયે ખરી પડેલાં ફળોનું ભોજન કરે છે અને જૂદાં જૂદાં કૃચ્છ્રચાંદ્રાયણ આદિ વ્રતો પણ કરે છે; એટલુંજ નહિ પણ વિધિપૂર્વક અનેક પ્રકારના વેષો ધારણ કરે છે, ચારે આશ્રમોના માર્ગોનું સેવન કરે છે કોઇ સમયે જૂદા જૂદા કુમાર્ગોનું પણ સેવન કરે છે, પાશુપત અને પંચરાત્ર આદિ વિવિધ દીક્ષાઓ ગ્રહણ કરે છે, જૂદા જૂદા અનેક પાખંડોનો આશ્રય કરે છે, નિર્જન પ્રદેશમાં રહેલી શિલાઓપર બેસીને, વૃક્ષોની છાયામાં બેસીને, પર્વતપ્રદેશનાં ઝરણાંઓ પાસે બેસીને, એકાંત પ્રદેશમાં આવેલા નદી કે સમુદ્રાદિકના કાંઠાપર બેસીને, નિર્જન અરણ્યોમાં જઇને, પવિત્ર દેવાલયોમાં બેસીને, નિર્મળ સરોવરોનો આશ્રય કરીને તેમજ પર્વતની નિર્જન ગુફાઓમાં દાખલ થઇને જૂદા જૂદા અનેક મંત્રોનો જાપ કરે છે, વિવિધ પ્રકારનાં વ્રતોનું પાલન કરે છે, અનેક પ્રકારના નિયમો ધારણ કરે છે, જૂદી જૂદી તપશ્ચર્યાઓ કરે છે, અનેક પ્રકારના યજ્ઞયાગ કરે છે અને અનેક જાતના વિધિઓ કરે છે. ૧૬–૨૫

વળી તે જીવ કોઈ સમયે વ્યાપારમાર્ગે ચઢી જાય છે, કોઇ સમયે બ્રાહ્મણનાં કૃત્ય કરવા મંડી પડે છે, કોઇવેળા ક્ષત્રિયોના કર્મનું સેવન કરે છે અને કોઇ સમયે શૂદ્રજાતિનાં કર્મોનો સ્વીકાર કરી બેસે છે, તેમજ કોઇકવેળા તો દીન, અંધ, કૃપણ–આદિને દાન પણ આપે છે. વળી અજ્ઞાનગ્રસ્ત એવો જીવાત્મા સત્વ, રજ અને તમ–એ ત્રણ ગુણોનો તથા ધર્મ, અર્થ ને કામ–એ ત્રણ પુરુષાર્થોનો હુંજ કર્તા છું, એવું અભિમાન ધરાવે છે. ૨૭

આ રીતે પ્રકૃતિના પ્રભાવને લીધે જીવાત્મા, પંડેજ પોતાને વિભાગ પામેલો જુએ છે અને સ્વધાકાર, વષટ્કાર, સ્વાહાકાર, નમસ્કાર, યાજન, અધ્યયન અધ્યાપન, દાન, પ્રતિગ્રહ, યજન, અને બીજાં જે કંઇ કર્મો કરવામાં આવે છે, તે સર્વ હું પોતેજ કરૂં છું, એમ તે માને છે; ૨૮,૨૯

એટલુંજ નહિ પણ જન્મ, મૃત્યું, વિવાદ, યુદ્ધ અને બીજા જે કોઇ શુભ–અશુભ ક્રિયામાર્ગો

છે, તે સર્વમાં હું પોતેજ કર્તાહર્તા છું, આવું મિથ્યા અભિમાન તે કરે છે;[૩૦] કેમકે ખરી રીતે દેવી પ્રકૃતિજ સંસારની ઉત્પત્તિને તથા લયને કરે છે. (તેમાં આત્માને કંઈ લેવા દેવા નથી.) જેમ સૂર્ય પોતાની કિરણજાળને સાયંકાળે સમેટી લઈને એકલોજ રહે છે, તેમ પરમાત્મા પણ સૃષ્ટિને અંતે સર્વ ગુણોને પોતાનામાં સમાવી દઈને એકલાજ રહે છે. માત્ર ક્રીડાને માટેજ સૃષ્ટિના આરંભસમયે ગુણોને વિસ્તારે છે અને અંતે પાછા સમેટી લે છે. આમ વારંવાર કર્યા કરે છે, તોપણ તે પોતે તો એકલાજ છે.[૩૧,૩૨] પરમાત્મા પોતાનામાં કલ્પાયલા અને હૃદયને પ્રિય લાગે તેવા વિવિધ પ્રકારના પ્રાકૃત ગુણોને એ પ્રમાણે ઉત્પન્ન કરીને ઉત્પત્તિ તથા નાશના ધર્મવાળી ક્રિયાનો આશ્રય કરે છે, ક્રિયામાર્ગમાં આસક્ત થાય છે અને પોતે ત્રણ ગુણોના અધિપતિ છે છતાં (જીવરૂપે) ત્રણ ગુણોનો આશ્રય કરીને કર્મમાર્ગને સેવે છે અને "અમુક કર્મ અમુક ફળ આપનારૂં હોઇને આવશ્યક છે" એમ માને છે.[૩૩,૩૪] હે રાજા! પ્રકૃતિએ આ સર્વ જગતને કેવળ અંધ બનાવી દીધું છે અને સર્વ પદાર્થોને રજોગુણથી તથા તમોગુણથી વ્યાપ્ત કરી દીધા છે.[૩૫] હે રાજા! જીવાત્મા અજ્ઞાનને વશ થઇને માને છે કે, "સુખદુઃખ આદિ આ સર્વ દ્વંદ્વો આ પ્રમાણે નિત્ય આવ્યા કરે છે, મારે માટેજ તેઓ ઉત્પન્ન થાય છે અને મારી સામેજ તેઓ દોડયાં આવે છે, માટે તે સર્વને મારે કોઇ ઉપાયે દૂર કરવાં જોઇએ."[૩૬,૩૭] વળી તે માને છે કે, "હું જ્યારે દેવલોકમાં જઇશ, ત્યારે કેવળ પુણ્યકર્મોજ ભોગવીશ અને પાપકર્મોનો ત્યાગ કરી દઇશ. માત્ર આ લોકમાંજ શુભ-અશુભ કર્મના ફળનો ઉદય મારે ભોગવવો પડે છે. મારે સુખને ઉત્પન્ન કરનારૂંજ કર્મ કરવું જોઇએ, કેમકે એક વખત સુખ ઉપજાવનારૂં કર્મ કરવાથી મને આ જન્મમાં છેવટસુધી સુખ મળશે અને જન્મે જન્મે પણ સુખજ પ્રાપ્ત થશે;[૩૯] પરંતુ આ જન્મમાં હું દુઃખ ઉત્પન્ન કરનારૂં પાપી કર્મ કરીશ, તો અનંતકાળપર્યંત મને દુઃખજ પ્રાપ્ત થશે. મનુષ્યજન્મ મહાદુઃખદાયી છે અને નરકમાં પડવું તે પણ ઘણુંજ દુઃખદાયી છે.[૪૦] હું નરકલોકમાંથી મનુષ્યલોકમાં આવીશ અને પછી મનુષ્યલોકમાંથી કાળે કરીને દેવલોકમાં જઇશ અને ત્યાં દેવપણું પામ્યા પછી વળી પાછો મનુષ્યલોકમાં આવીશ."[૪૧] આવા અહંભાવવાળા વિચારો કરનારો જીવાત્મા, દેહ, ઇંદ્રિય આદિ સ્વરૂપરહિત પદાર્થને ચેતનત્વ, સત્યત્વ અને સુખત્વ આદિ પોતાના ગુણોથી યુક્ત હોય તેમ જાણે છે અને તેને લીધેજ તે મનુષ્યલોકમાંથી નરકમાં અને નરકમાંથી મનુષ્યલોકમાં આવ-જા કર્યા કરે છે.[૪૨] મમતાથી વીંટાયલો જીવાત્મા, તે અહંભાવને લીધેજ દેવપણાને, મનુષ્યપણાને તથા નરકને નિત્ય પામ્યા કરે છે અને તેમાંજ પરિભ્રમણ કર્યા કરે છે.[૪૩] આ રીતે મૃત્યુરૂપ પરિણામવાળા હજારો ને કરોડો શરીરોમાં તેને ભમવું પડે છે; કેમકે તે જીવ, શુભ-અશુભ ફળ આપનારાં કર્મો કરવામાંજ આસક્ત રહે છે. વળી તેને શરીરધારી થઇને ત્રણે લોકમાં ફળ ભોગવવું પડે છે.[૪૪] પ્રકૃતિજ હરકોઇ શુભ-અશુભ ફળવાળા કર્મને કરે છે અને પોતાની ઇચ્છાનુસાર ત્રણે લોકમાં વિચરનારી પ્રકૃતિજ તે કર્મના ફળને ભોગવે છે;[૪૫] તેમજ પશુપક્ષીપણું, મનુષ્યપણું અને દેવપણું-એમ ત્રણ પ્રકારનાં જીવનાં સ્થાનકો છે, તે પણ પ્રકૃતિથીજ ઉત્પન્ન થયેલાં છે, એમ જાણવું.[૪૬] વિદ્વાનો કહે છે કે, પ્રકૃતિને નિત્ય અનુમાનથીજ જાણી શકાય છે અને અમે પણ મહત્તત્ત્વ આદિ કાર્યો ઉપરથીજ તેઓના કારણરૂપ પ્રકૃતિનું અનુમાન કરીએ છીએ; તેમજ દેહાદિકમાં દેખાતા ચૈતન્યથી જીવાત્માનું અસ્તિત્વ પણ અનુમાનથીજ માની શકાય છે.[૪૭] તે આત્મા આઠ પુરીરૂપ ગર્ભમાં દાખલ થઇને નિર્વિકારસ્વરૂપમાં સ્થિતિ કરે છે અને દૃશ્યમાન પ્રકૃતિનો સાધક બને છે, તોપણ શરીરનાં શ્રોત્રાદિક દ્વારોનો આશ્રય કરીને, તેઓનાં કર્મોને પોતેજ કરેલાં માની બેસે છે.[૪૮] શ્રોત્રાદિક પાંચ જ્ઞાનેન્દ્રિયો અને વાણી આદિ પાંચ કર્મેન્દ્રિયો ત્રણ ગુણોની

સાથે રહીનેજ પોતપોતાના વિષયમાં પ્રવૃત્તિ કરે છે.[૪૯] આત્મા ઇંદ્રિયોથી રહિત છે અને અવિનાશી છે, તોપણ માને છે કે, હુંજ આ સર્વ કર્મોને કરૂં છું, મારેવિષેજ આ સર્વ ઇંદ્રિયો રહેલી છે અને હું નાશવંત સ્વભાવવાળો છું.[૫૦] વળી તે આત્મા લિંગશરીરથી રહિત છે, છતાં પોતાને લિંગશરીરવાળો માને છે, કાળધર્મ-મૃત્યુથી રહિત છે, છતાં પોતાને કાળધર્મવાળો માને છે, દેહાદિક મિથ્યા પદાર્થોથી ભિન્ન છે છતાં પોતાને તે પદાર્થોસાથે એકરૂપ થયેલો માને છે, ચોવીસ તત્ત્વોથી રહિત છે છતાં પોતાને ચોવીસ તત્ત્વોવાળો માને છે, પોતે કોઇને મારતો નથી છતાં પોતાને મારનારતરીકે માને છે, પોતે ચળસ્વરૂપવાળો નથી છતાં પોતાને ચળસ્વરૂપવાળો માને છે, પોતે ક્ષેત્રથી-શરીરથી ભિન્ન છે છતાં પોતાને ક્ષેત્રવાળો માને છે, પોતે સંસારથી રહિત છે છતાં પુત્રાદિને પોતાના સંબંધીતરીકે માને છે, પોતે તપશ્ચર્યા કરતો નથી છતાં પોતાને તપસ્વીતરીકે માને છે, પોતે સ્વર્ગાદિક ગતિમાં જતો નથી છતાં પોતાને તે તે ગતિમાં ગયેલો માને છે, પોતે ઉત્પત્તિથી રહિત છે છતાં પોતાને ઉત્પત્તિવાળો માને છે, પોતે ભયથી રહિત છે છતાં પોતાને ભયયુક્ત જાણે છે, પોતે નાશધર્મથી રહિત છે છતાં પોતાને નાશધર્મવાળો માને છે અને પોતે વિપરીત બુદ્ધિથી રહિત છે છતાં પોતાને વિપરીત બુદ્ધિવાળો માને છે. (આવી અજ્ઞાનદશામાં જીવાત્મા સબડયા કરે છે.)[૫૦-૫૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "વસિષ્ઠ કરાલજનક સંવાદ" એ વિષયનો અધ્યાય ૩૦૩ મો સમાપ્ત.

અધ્યાય ૩૦૪ મો

વસિષ્ઠ-જનકસંવાદ-અજ્ઞાનદશાનું ફળ

॥ वसिष्ठ उवाच ॥

एवमप्रतिबुद्धत्वादबुद्धजनसेवनात् ॥
सर्वकोटिसहस्राणि पतनांतानिगच्छति ॥१॥

વસિષ્ઠે કહ્યુંઃ-હે જનકરાજા ! એ પ્રમાણે પ્રકૃતિથી થયેલી મૂઢતાને લીધે અને મૂઢ મનુષ્યોના સંગદોષને લીધે જીવાત્મા નાશવંત પરિણામવાળાં હજારો ને કરોડો શરીરોને પ્રાપ્ત થાય છે.[૧] ચૈતન્યરૂપ સોળમી કળાથી યુક્ત એવો જીવાત્મા નાશરૂપ પરિણામવાળાં હજારો સ્થાનકોમાં ભટકે છે અને પશુપક્ષીરૂપે, મનુષ્યરૂપે અથવા દેવરૂપે અવતરે છે.[૨] વળી બુદ્ધિના વિપર્યાસને પામેલો તે જીવ, પોતાની અજ્ઞાનતાને લીધેજ, ચંદ્રમા જેમ હજારોવાર ક્ષયવૃદ્ધિને પામે છે તેમ પ્રાણીઓની હજારો યોનિઓમાં પુનઃપુનઃ જન્મ્યા કરે છે.[૩] હે રાજા ! ચંદ્રમાની જેમ સોળ કળાઓ છે, તેમ જીવની પણ સોળ કળાઓ છે. તેમાં દશ ઇંદ્રિયો અને મન, બુદ્ધિ, ચિત્ત તથા અહંકાર-એ ચૌદ કળાઓ સિવાયની મૂળ પ્રકૃતિરૂપ જે પંદરમી કળા છે, તેજ જીવને જન્મમરણ આપવામાં હેતુભૂત છે અને સોળમી કળા તો શુદ્ધ ચૈતન્યરૂપ હોઇને કેવળ અમૃતજ છે અને સર્વ પ્રકારના આનંદનું ધામ છે, એમ તારે જાણવું.[૪] મૂળ પ્રકૃતિરૂપ પંદરમી કળાને લીધેજ બુદ્ધિના વિપર્યાસને પામેલો જીવ અનેક પ્રકારના જન્મોને પામ્યા કરે છે અને આનંદના ધામરૂપ એવી સોળમી કળા તેને હરકોઇ જન્મમાં આનંદનોજ અનુભવ કરાવે છે.[૫] ચૈતન્યરૂપ તે સોળમી કળા, અત્યંત સૂક્ષ્મ છે અને તેજ 'સોમ' એવા નામથી પ્રસિદ્ધ છે. એ સોળમી કળાને ઇંદ્રિયો પાળી શકતી નથી પણ ઇંદ્રિયોનેજ પોતાની સત્તા સ્ફુતિ આપીને તે પાળે છે-અર્થાત્ ચૈતન્યરૂપ સોળમી કળાના સંબંધને લીધેજ ઇંદ્રિયો ચેતનાવાળી થઇને વિષયમાં પ્રવૃત્ત થાય છે.[૬] હે ઉત્તમ રાજા ! એ સોળમી કળાનો નાશ થયા વિનાજ દોરડી જેમ સર્પ બને છે તેમ તેમાંથી આ સર્વ જગત ઉત્પન્ન થાય છે. (એ સોળમી કળા નાશ નથી પામતી તેમાં હેતુ એ છે કે,) જેમાંથી ઉત્પન્ન થયેલું કાર્ય પુનઃ તેમાંજ લય પામે તેને પ્રકૃતિ કહેવામાં આવે છે. (જેમ ઘડારૂપ માટીનું કાર્ય પુનઃ માટીમાંજ લય પામી જાય છે માટે માટી ઘડાની પ્રકૃતિ કહેવાય છે,

તેમ આ સંસારરૂપી કાર્ય ચેતનાત્મક એવી તે સોળમી કળામાંથી, દોરડીમાં દેખાતા સર્પની પેઠે અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે અને પુનઃ જ્યારે જ્ઞાન થાય છે ત્યારે તેનો એ સોળમી કળામાંજ લય થઇ જાય છે; માટે તે સંસારરૂપ કાર્યની પ્રકૃતિ છે; અને પ્રકૃતિમાંથી કોઇ કાર્ય ઉત્પન્ન થાય છે ત્યારે તે પ્રકૃતિનો કંઇ નાશ થતો નથી) માટે સોળમી કલારૂપ પ્રકૃતિમાંથી દોરડીમાં જણાતા સર્પની પેઠે ઉત્પન્ન થયેલા સંસારરૂપ કાર્યનો જ્યારે નાશ થાય છે ત્યારેજ મોક્ષ થયો, એમ કહેવાય છે.[૭] જે વસ્તુને ધામ અથવા મોક્ષ કહે છે, તે આનંદાત્મક વસ્તુ જડ અને ચેતનના સમુદાયરૂપ થાય છે, ત્યારે પિંડબ્રહ્માંડરૂપે ભાસિત થાય છે અને તેમાં પણ મૂલપ્રકૃતિના કાર્યરૂપ દેહને "આ મારો છે" એવું અભિમાન કરીને જે જીવ, તેના ઉપર મમતા કરે છે તેને તે તે દેહોમાંજ ભ્રમણ કરવું પડે છે.[૮] જે મહાન આત્મા, ચોવીસ તત્ત્વોથી અલગ રહીને પચીસમો ગણાય છે, નિર્મળ છે અને શુદ્ધ છે, તેને નહિ જાણવાને લીધે તેમજ શુદ્ધ તથા અશુદ્ધનું સેવન કરવાને લીધે જીવ પણ શુદ્ધ અને અશુદ્ધ–એમ મિશ્રભાવવાળો બની જાય છે. વળી હે રાજા! કોઈ જીવ જ્ઞાની હોય તોપણ અજ્ઞાનીનું સેવન કરવાથી અજ્ઞાની બની જાય છે અને અજ્ઞાની હોય તોપણ જ્ઞાનીનો સંગ કરીને જ્ઞાની બની જાય છે, તેમજ ત્રિગુણાત્મક પ્રકૃતિનું સેવન કરવાથી પોતે પણ ત્રિગુણાત્માજ બની જાય છે. ૯–૧૧

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "વસિષ્ઠ કરાલજનક સંવાદ" એ વિષયનો અધ્યાય ૩૦૪ મો સમાપ્ત.

અધ્યાય ૩૦૫ મો

વસિષ્ઠ-જનકસંવાદ-અક્ષર અને ક્ષર

॥ जनक उवाच ॥

अक्षरक्षरयोरेष द्वयोः संबंध इष्यते ॥
स्त्रीपुंसोर्वाऽपि भगवन् संबंधस्तद्वदुच्यते ॥१॥

જનકે પૂછ્યું:–" હે ભગવન્ ! લોકમાં સ્ત્રી અને પુરુષનો સંબંધ જેવો આવશ્યક છે, તેવોજ ક્ષર તથા અક્ષરનો (પ્રકૃતિ તથા પુરુષનો) સંબંધ પણ આવશ્યક હોવો જોઈએ. (કેમકે તે વિના સૃષ્ટિની ઉત્પત્તિ થાયજ નહિ. જેમ)[૧] સ્ત્રી, પુરુષવિના ગર્ભને ધારણ કરી શકતી નથી અને પુરુષ સ્ત્રીવિના પોતાનાસમાન રૂપને ઉત્પન્ન કરી શકતો નથી. (તેમ પ્રકૃતિવિના પુરુષ નકામો છે અને પુરુષવિના પ્રકૃતિ નકામી છે.)[૨] જગતની સર્વ જાતિઓમાં પુરુષ અને સ્ત્રી અન્યોન્યસાથે સંબંધ કરે છે અને પછી અન્યોન્યના ગુણનો (વીર્ય તથા રજનો) આશ્રય કરીને પોતાના જેવા રૂપને ઉત્પન્ન કરે છે.[૩] ઋતુકાળે સ્ત્રી અને પુરુષ, રતિને માટે એકબીજાનો સંબંધ કરે છે અને પછી એકબીજાના ગુણનો આશ્રય કરીને પોતાના સમાન રૂપને કેવી રીતે ઉત્પન્ન કરે છે, એનું દૃષ્ટાંત હું તમને કહું છું.[૪] હરકોઇ ગર્ભ ઉત્પન્ન થાય છે તેમાં જે ગુણો પિતાના હોય છે અને જે ગુણો માતાના હોય છે, તે આપણે જાણીએ છીએ અને સાંભળીએ પણ છીએ કે, હાડકાં, આંતરડાં અને ચરબી–એ પિતા તરફના ગુણો છે અને ચામડી, માંસ તથા રુધિર–એ માતા તરફના ગુણો છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! વેદમાં તથા શાસ્ત્રમાં પણ એ પ્રમાણેજ કહ્યું છે;[૫,૬] અને જે આપણા વેદમાં તથા શાસ્ત્રમાં કહ્યું હોય તેને પ્રમાણરૂપ ગણવામાં આવ છે; કેમકે વેદ અને શાસ્ત્ર એ બન્ને સનાતન પ્રમાણતરીકે મનાય છે. (કહેવાનો ભાવ એ છે કે,) પુરુષ અને પ્રકૃતિ, અન્યોન્યના ગુણને ઢાંકી દઇને તેમજ અન્યોન્યના ગુણનો આશ્રય કરીને સ્ત્રી અને પુરુષની પેઠે ગાઢ સંબંધથી જકડાયલાં છે (તો પછી તે બન્નેનો સંબંધ કેવી રીતે છૂટી શકશે અને તેઓનો સંબંધ નહિ છૂટે ત્યાંસુધી મોક્ષ પણ કેવી રીતે સંભવી શકશે ?)[૮] હે ભગવન્ ! પ્રકૃતિ અને પુરુષનો સંબંધ અનિર્વાર્ય છે, તે ઉપરથી મને જણાય છે કે, મોક્ષધર્મ છેજ નહિ; અથવા મોક્ષના સંબંધમાં કોઇ પ્રત્યક્ષ દૃષ્ટાંત

હોય તો તે મને યથાર્થ રીતે કહો, કેમકે તમે સર્વ વિષયને પ્રત્યક્ષ રીતે જોનારા છો.૯ વળી અમે પણ તેવાજ મોક્ષની ઇચ્છા રાખીએ છીએ કે, જે દુઃખથી રહિત છે, દેહસંબંધથી રહિત છે, વૃદ્ધતાથી મુક્ત છે, નિત્યસ્વરૂપ છે, ઇંદ્રિયોથી પર છે અને ઇશ્વરથી પણ પર છે."૧૦

વસિષ્ઠે કહ્યું:–હે રાજા! તેં વેદ અને શાસ્ત્રના પ્રમાણપૂર્વક જે વાત કહી છે, તે તેમજ છે અને તેં વેદશાસ્ત્રના જે સિદ્ધાંતનો સ્વીકાર કર્યો છે તે પણ તેમજ છે.૧૧ તેં વેદનો તથા શાસ્ત્રગ્રંથનો સંપૂર્ણ અભ્યાસ કર્યો છે તોપણ હે રાજા! વેદોના તથા શાસ્ત્રોના વાસ્તવિક તત્ત્વનું તને યથાર્થજ્ઞાન નથી.૧૨ જે પુરુષ વેદોને તથા શાસ્ત્રોના ગ્રંથોને ધારણ કરવામાં તત્પર રહેતો હોય પણ તેના તાત્ત્વિક અર્થને ન જાણતો હોય તે પુરુષનું તે પઠનપાઠન કેવળ વ્યર્થજ છે.૧૩ જે પુરુષે, વેદશાસ્ત્રનું અધ્યયન કર્યું હોય પણ તેના તાત્ત્વિક અર્થને ન જાણ્યો હોય, તે પુરુષનું સર્વ અધ્યયન કેવળ ભારરૂપજ છે, પરંતુ જે પુરુષે વેદશાસ્ત્રના તાત્ત્વિક અર્થને જાણ્યો છે, તે પુરુષનું અધ્યયન વૃથા ગણાતું નથી–અર્થાત શાસ્ત્રોનું અધ્યયન કરીને કેવળ શબ્દપાઠીજ થવું નહિ પણ શાસ્ત્રોના રહસ્યાર્થને અવશ્ય જાણવો જોઇએ;૧૪ કેમકે અર્થજ્ઞાનપૂર્વક શાસ્ત્રાધ્યયન કરનાર પુરુષને કોઈ સમયે જો પ્રશ્ન પૂછવામાં આવે છે, તો યથાર્થ રીતે તેનો ઉત્તર મળે છે, જેથી પ્રશ્ન પૂછનાર મનુષ્યને સંતોષ થાય છે;૧૫ પરંતુ જે સ્થૂલ બુદ્ધિવાળો પુરુષ વેદશાસ્ત્રના રહસ્યને નહિ સમજતો હોવાથી, સભાઓમાં ગ્રંથના અર્થને કહી શકતો નથી, તે અલ્પજ્ઞ પુરુષ ગ્રંથના તાત્ત્વિક નિર્ણયને કેવી રીતે કહી શકશે?૧૬ અને તે મૂઢ પુરુષ શાસ્ત્રના તાત્ત્વિક નિર્ણયને જ્યારે નથી કહી શકતો, ત્યારે પોતે આત્મવેત્તા થયો હોય તોપણ જગતમાં ઉપહાસપાત્રજ થાય છે;૧૭ માટે હે રાજેન્દ્ર! મોટા મોટા સાંખ્યવેત્તાઓ અને યોગવેત્તાઓમાં જે યથાર્થ જ્ઞાન જોવામાં આવે છે, તેજ હું તને કહું છું, તું સાંભળ.૧૮ (ક્ષર તથા અક્ષરના સંબંધમાં) યોગવેત્તાઓ જે નિર્ણયને જુએ છે, તેજ નિર્ણયને સાંખ્યવેત્તાઓ અનુસરે છે. (અર્થાત્ વ્યવહારદૃષ્ટિએ સાંખ્ય અને યોગવચ્ચે વિરોધ હોય, એમ દેખાય છે તોપણ ફલ અને સાધનદૃષ્ટિએ તેઓ બન્નેની એકતાજ રહેલી છે.) આમ સમજીને જે પુરુષ સાંખ્યને તથા યોગને એકજ જુએ છે, તે પુરુષ બુદ્ધિમાન ગણાય છે.૧૯ હે તાત! તેં મને કહ્યું કે, ત્વચા, માંસ, રુધિર, મેદ, પિત્ત, મજ્જા, સ્નાયુ અને ઇંદ્રિયોનો સમુદાય એ સર્વ માતા–પિતાના સંયોગથી માતા અને પિતાથીજ ઉત્પન્ન થાય છે, એ વાત ખરી છે, તોપણ એક દ્રવ્યમાંથીજ બીજા દ્રવ્યની ઉત્પત્તિ થાય છે, એક ઇંદ્રિયમાંથી બીજી ઇંદ્રિય ઉત્પન્ન થાય છે, એક દેહમાંથીજ બીજો દેહ ઉદ્ભવે છે અને એક બીજમાંથીજ બીજું બીજ ઉત્પન્ન થાય છે.(કહેવાનો આશય એ છે કે, એક કાર્યને ઉત્પન્ન થવામાં બે બીજની અપેક્ષા રહે, એમ ક્યાંય જોવામાં આવ્યું નથી–અર્થાત્ તું માને છે કે સ્ત્રી અને પુરુષની પેઠે પુરુષ અને પ્રકૃતિએ બન્નેના સંબંધથી આ જગત ઉત્પન્ન થયું છે, પણ એમ માનવું તે યોગ્ય નથી; કેમકે) મહાત્મા પુરુષ (પરમાત્મા), કે જે ઇંદ્રિયોથી રહિત છે, બીજશક્તિ વિનાના છે, દ્રવ્યથી ભિન્ન છે અને દેહસંબંધથી રહિત છે, તેનામાં સ્વાભાવિક રીતેજ નિર્ગુણપણું હોવાથી ગુણોનો સંબંધ કેવી રીતે હોઇ શકે? ૨૦-૨૨ આકાશાદિ ગુણો તો ત્રિગુણાત્મિકા માયામાંથીજ ઉત્પન્ન થાય છે અને પુનઃ તે માયામાંજ લય પામે છે. આ રીતે ગુણો પ્રકૃતિથીજ ઉત્પન્ન થાય છે અને પ્રકૃતિમાંજ લય પામે છે.૨૩ ત્વચા, માંસ, રુધિર, મેદ, પિત્ત, મજ્જા, હાડકાં અને સ્નાયુ-આ આઠે પદાર્થો જેમ વીર્યમાંથી ઉત્પન્ન થાય છે, તેમ જગતના સર્વ પદાર્થો કેવળ પ્રકૃતિમાંથીજ ઉત્પન્ન થાય છે, એમ તારે જાણવું.*૨૪ જીવ,

---

* જેમ દ્રોણાચાર્યના શરીરમાં માતાવિના પણ કેવળ એક પિતાના વીર્યમાંથીજ ત્વચા આદિ આઠે પદાર્થો ઉત્પન્ન થયા હતા, તેમ દર્પણની

આકાશાદિ ગુણો, પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય-એ સર્વ પદાર્થો કેવળ પ્રકૃતિથીજ ઉત્પન્ન થએલા છે (માત્ર એક પરમાત્માજ પ્રકૃતિથી ઉત્પન્ન થએલા નથી) અને તેથીજ પરમાત્મા પ્રાકૃત જીવ કહેવાતા નથી કે પ્રાકૃત આકાશાદિ કહેવાતા નથી. (અર્થાત પ્રકૃતિરહિત પરમાત્મા, જીવ અને જગતથી ભિન્નજ છે.)[૨૫] જેમ વસંતાદિ ઋતુઓ સ્વતઃ મૂર્તિરહિત છે, તોપણ તેનાં કાર્યરૂપ પુષ્પફલાદિથી તેઓના સ્વરૂપને જાણી શકાય છે, તેમ પુરુષને પ્રાપ્ત થઈને મૂર્તિરહિત જણાતી પ્રકૃતિને પણ મહત્તત્ત્વ આદિ તેનાં કાર્યો ઉપરથી જાણી શકાય છે.[૨૬] એજ પ્રમાણે, હે તાત! મૂર્તિરહિત પચીસમા શુદ્ધ ચિદાત્માને પણ પ્રકૃતિ અને પ્રકૃતિનાં કાર્યને ભાસન કરવારૂપ હેતુવડે અનુમાનથી જાણી શકાય છે.[૨૭] એ પરમાત્મા આદિ અને અંતવિનાના છે, ત્રણ પ્રકારના માપથી રહિત હોવાને લીધે અનંત છે, સર્વના દ્રષ્ટા છે અને નિરામય-સુખદુઃખાદિ વિકારોથી મુક્ત છે, તોપણ દેહાદિક ગુણો ઉપર કેવળ "હું આ દેહાદિરૂપ છું" આવું મિથ્યાભિમાન કરે છે, તેથીજ ગુણરૂપ કહેવાય+ છે.[૨૮] આવા હેતુથીજ દેહાદિક ગુણોના સ્વરૂપને જેઓ જાણે છે, તેવા બુદ્ધિમાન પુરુષો, એમજ સમજે છે કે, ગુણવાન પ્રકૃતિથીજ આ સર્વ ગુણો (દેહાદિ પદાર્થો) ઉત્પન્ન થયેલા છે, નિર્ગુણ આત્માનો ગુણોની સાથે સંબંધજ ક્યાંથી હોઇ શકે? (અર્થાત ગુણી અને ગુણનોજ સંબંધ સંભવી શકે પણ નિર્ગુણ અને ગુણીનો સંબંધ કદી સંભવેજ નહિ.) જ્યારે આ જીવાત્મા પ્રકૃતિથી ઉત્પન્ન થનારા કામાદિક ગુણોનો તેનાપરના અભિમાનના ત્યાગવડે પરાજય કરે છે, ત્યારે તેની દેહાદિપરની આત્મભ્રાંતિનો નાશ થાય છે અને પોતાના પરમસ્વરૂપનું દર્શન થાય છે.[૩૦] સાંખ્યવેત્તાઓ અને યોગીઓ જેને બુદ્ધિથી પર રહેલા કહે છે અને બીજા તંત્રશાસ્ત્રીઓ પણ જેને અહંકારના ત્યાગથી જાણવા યોગ્ય માને છે, તે નિર્ગુણ પરમાત્મા, કેવળ જ્ઞાનમયજ છે, અજ્ઞાતસ્વરૂપ છે, અવ્યક્ત છે, ગુણસંબંધથી રહિત છે, સર્વના અંતર્યામી છે, અવિનાશી છે અને સર્વ કાર્યના અધિષ્ઠાતા છે.[૩૧,૩૨] જે વિદ્વાનો સાંખ્ય તથા યોગમાં કુશળ હોય છે અને પરમ પદની ઈચ્છા રાખનારા હોય છે, તેઓ એ શુદ્ધ ચિદાત્માને પ્રકૃતિ તથા ગુણોથી પર રહેલા પચીસમા તત્ત્વતરીકે જાણે છે.[૩૩] બાલ્યાદિ અને જાગ્રત આદિ અવસ્થાઓનો જેઓને ભય હોય છે, તેવા જ્ઞાનીપુરુષો, પ્રથમ જીવના સ્વરૂપનેજ સારી રીતે જાણે છે અને પછી જ્ઞાનદ્વારા તે જીવને પરબ્રહ્મ સાથે એકતા પમાડે છે. (અર્થાત જીવ અને પરબ્રહ્મને એકસ્વરૂપે જુએ છે.)[૩૪] હે શત્રુદમન રાજા! જીવ અને ઈશ્વરના અભેદને દર્શાવનારા આ શાસ્ત્રને જ્ઞાનીપુરુષોએ ઉત્તમ માન્યું છે, પણ અજ્ઞાનીઓએ જૂદાં જૂદાં શાસ્ત્રોને અનુસરીને આને ઉત્તમ શાસ્ત્ર માન્યું નથી.[૩૫] આ ક્ષર તથા અક્ષરનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રમાં અનેક વાદીઓએ પરસ્પર વાદવિવાદ ચલાવીને પોતાના મતને સારો કહ્યો છે અને બીજાના મતને સારો કહ્યો નથી; પણ એ વિષયમાં મારો તો એજ મત છે કે, જેનું સ્વરૂપ સદાકાળ એકજ રહે છે, તેને અક્ષર કહેવામાં આવે છે અને જેનું સ્વરૂપ અનેક પ્રકારનું થયા કરે છે, તેને ક્ષર કહેવામાં આવે છે.[૩૬] જ્યારે આ જીવાત્મા, ચિદાભાસસહિત પચીસે તત્ત્વો, જેઓ દોરડીમાં દેખાતા સર્પની પેઠે કેવળ ભ્રમથીજ ભાસિત થાય છે, તેઓમાં જ્ઞાનદ્વારા સારી રીતે નિરીક્ષણ કરવા માંડે છે, ત્યારે એ પચીસે તત્ત્વોનો બાધ કરીને છવ્વીસમા આત્માનો સાક્ષાત્કાર કરે છે અને તેજ સમયે તે જાણી શકે છે કે, કેવળ

પેઠે કેવળ ચિદાત્માના પ્રતિબિંબને ગ્રહણ કરનારી પ્રકૃતિમાંથીજ આ સર્વ જગત ઉત્પન્ન થયું છે, એમ સમજવું.

+ અર્થાત લિંગ-એટલે દેહાદિ ગુણો અને લિંગી-એટલે ચિદાત્મા-એ બેનો સંબંધ કેવળ આધ્યાસિક છે-અધ્યાસ અથવા ભ્રાંતિથીજ ભાસિત થનારો છે.

અભેદનેજ પ્રતિપાદન કરે છે તે શાસ્ત્રજ ખરૂં છે, પણ દ્વૈતનું પ્રતિપાદન કરે છે તે શાસ્ત્ર ખરૂં નથી.[૩૭] જે શાસ્ત્ર તત્ત્વ અને નિસ્તત્ત્વનું પ્રતિપાદન કરે છે-અર્થાત પચીસ તત્ત્વને ઉત્પત્તિવાળાં કહે છે અને પચીસ તત્ત્વોથી પર રહેલા નિસ્તત્ત્વ આત્માને ઉત્પત્તિરહિત કહે છે-તે શાસ્ત્ર બીજાં શાસ્ત્રોના કરતાં જૂદુંજ છે. વિદ્વાનો કહે છે કે, પચીસ તત્ત્વોની જે સૃષ્ટિ તે તત્ત્વ છે અને પચીસ તત્ત્વોથી પર રહેલા જે પરમાત્મા તે નિસ્તત્ત્વ છે. (તેમાં તત્ત્વ, ઉત્પત્તિવાળું હોઇને નાશવંત છે અને નિસ્તત્ત્વ, ઉત્પત્તિરહિત હોઇને અવિનાશી છે.) સૃષ્ટિના પ્રત્યેક વર્ગમાં-અર્થાત પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ વિષયો અને મન, બુદ્ધિ, અહંકાર, પ્રકૃતિ તથા ચિદાભાસ-આ પચીસ તત્ત્વોના પાંચે વર્ગમાં-જેની સ્ફૂર્તિ જણાય છે, તે છવ્વીસમું તત્ત્વ, સર્વ તત્ત્વોનું પણ સનાતન તત્ત્વ છે.[૩૮,૩૯]

ઇતિ શ્રીમહા૦શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "વસિષ્ઠ કરાલજનકસંવાદ" એ વિષયનો અધ્યાય ૩૦૫ મો સમાપ્ત.

* * *

અધ્યાય ૩૦૬ મો

વસિષ્ઠ-જનકસંવાદ-યોગનું રહસ્ય અને સાંખ્યદર્શન

॥ जनक उवाच ॥

नानात्वैकत्वमित्युक्तं त्वयैतदृषिसत्तम ॥
पश्याम्येताद्धि संदिग्धमेतयोर्वै निदर्शनम्॥१॥

જનકે પૂછ્યું:-"હે મહર્ષિ ! તમે કહ્યું કે જેનું એકજ સ્વરૂપ છે તે અક્ષર છે અને જેનાં અનેક સ્વરૂપો છે તે ક્ષર છે; પરંતુ એ બન્ને પક્ષમાં તત્ત્વનો નિશ્ચય કરવો તે સંદેહયુક્ત છે, એમ મને જણાય છે. (કેમકે એકત્વપક્ષમાં બંધ તથા મોક્ષની વ્યવસ્થા સિદ્ધ થઈ શકતી નથી અને અનેકત્વપક્ષમાં આત્માનો વિનાશપ્રસંગ પ્રાપ્ત થાય છે.)[૧] તેમજ હે નિર્દોષ ઋષિ! જે આત્મવસ્તુના સંબંધમાં અજ્ઞાનીઓનો અનુભવ હોય છે અને જ્ઞાનીઓનો અનુભવ હોય છે, તેના યથાર્થ સ્વરૂપને હું જાણી શકતો નથી, એમાં કંઈ સંશયજ નથી; કેમકે મારી બુદ્ધિ સ્થૂલ છે અને સ્થૂલ બુદ્ધિવાળાને અનુભવજ્ઞાન, દુઃસાધ્ય છે. (માટે મારો સંદેહ દૂર થાય તેવી કોઈ યુક્તિદ્વારાજ આત્મતત્ત્વનો મને ઉપદેશ આપો.)[૨] તેમજ હે નિષ્પાપ મુનિ! અક્ષર અને ક્ષરના સંબંધમાં તમે જે કારણ કહ્યું (કે જેનું એક સ્વરૂપ હોય તે અક્ષર છે અને જેનાં અનેક સ્વરૂપો હોય તે ક્ષર છે.) તે પણ બુદ્ધિની અસ્થિરતાને લીધે મારાથી સમજી શકાયું નથી;[૩]* માટે હે ભગવન્ ! એકત્વ, અને-

---

* ક્ષર અને અક્ષરના સંબંધમાં વસિષ્ઠે કહ્યું કે, જેનું એકજ સ્વરૂપ હોય તે અક્ષર અને જેનાં અનેક સ્વરૂપો હોય તે ક્ષર. તે સાંભળીને જનકને શંકા થઇ છે કે, અક્ષરને જાણવામાં એકત્વ હેતુરૂપ છે પણ એકત્વનો અર્થ શો કરવો એજ પ્રથમ વિચારવા જેવું છે. કદાચ કહેશો કે, ત્રણ પ્રકારના ભેદથી જે રહિત હોય તે એકત્વ-અર્થાત્, જેની અંદર સજાતીય આદિ ત્રણ પ્રકારના ભેદ ન હોય તેનું નામ એકત્વ, એમ કહેશો તો એ હેતુ ઉપરથી અક્ષરના સ્વરૂપનીજ અસિદ્ધિ થાય છે; કેમકે એવું એકત્વ કોઇ સ્થળે પ્રસિદ્ધ નથી. વળી તમે કહેશો કે, માત્ર એક વ્યક્તિ તેજ એકત્વ, તો આકાશને પણ અક્ષર કહેવું પડશે; કેમકે આકાશ, એક વ્યક્તિરૂપજ છે અને આકાશને અક્ષર માનશો તો સાંખ્યશાસ્ત્રના મત પ્રમાણે તે વિરુદ્ધ છે. એજ પ્રમાણે અનેકત્વના સંબંધમાં પણ મને શંકા રહે છે. તમે કહેશો કે, વ્યક્તિઓનો જે સમૂહ તેનું નામ અનેકત્વ. તો પછી પ્રધાન અને પરમાણુઓ પણ વ્યક્તિઓના સમૂહ હોવાથી ક્ષર તરીકે ગણાશે; અને શાસ્ત્રસિદ્ધાંતમાં તો પ્રધાન તથા પરમાણુઓને ક્ષર માન્યા નથી, તેનું કેમ? વળી તમે કહેશો કે, જે ભિન્ન ભિન્ન હોય તેનું નામ અનેકત્વ. આમ કહેવાથી પણ દોષ આવે છે; કેમકે સાંખ્યવાદીઓના મતમાં આત્માઓ ભિન્ન ભિન્નજ છે, જેથી તેઓને પણ ક્ષર કહેવા પડશે. આવા અનેક સંશયોને લીધે ક્ષર તથા અક્ષરના સંબંધમાં યથાર્થ રીતે સમજવાને માટે હું અશક્ત થઇ પડયો છું.

ર્તૃત્વ, જ્ઞાની, અજ્ઞાની, બુધ્યમાન–જીવ, વિદ્યા, અવિદ્યા, ક્ષર, અક્ષર, સાંખ્ય અને યોગ–આ સર્વ વિષયોના સંબંધમાં ભેદ અને અભેદની સાથે સંપૂર્ણ રીતે મને સમજાવો."૪–૫

વસિષ્ઠે કહ્યું:–હે મહારાજા! તેં મને જે પ્રશ્નો પૂછ્યા છે, તે સર્વનો હું તને વિચારપૂર્વક ઉત્તર આપું છું; પણ પ્રથમ યોગસંબંધી કર્તવ્યનું હું નિરૂપણ કરૂં છું, તેનું તું શ્રવણ કર.૬ યોગવિદ્યાને જાણનારા યોગીઓ કહે છે કે, જેઓને યોગ સાધવાની ઇચ્છા હોય, તેઓએ પ્રથમ ધ્યાનનેજ યોગનું અવશ્યકર્તવ્ય સમજવું જોઇએ; કેમકે અવિદ્યાને જીતવામાં ધ્યાનજ ઉત્કૃષ્ટ બળરૂપ થઇ પડે છે. તે ધ્યાનના આવા બે ભેદો કહેવામાં આવ્યા છે. એક તો ભાવના અને બીજું પ્રણિધાન.૭ તેમાં ધ્યાનનું સામાન્ય લક્ષણ એજ હોઇ શકે કે, મનની એકાગ્રતા કરવી અથવા પ્રાણાયામ કરવો. પ્રાણાયામના વળી બે પ્રકાર છે. એક સગુણ પ્રાણાયામ–એટલે સગર્ભ પ્રાણાયામ અને નિર્ગુણ પ્રાણાયામ–એટલે નિર્ગર્ભ પ્રાણાયામ. તે પૈકી પ્રથમનો પ્રાણાયામ તે માનસ પ્રાણાયામ છે.૮ હે રાજા! યોગ કરવાની ઇચ્છા રાખનારા પુરુષે, મૂત્ર અને વિષ્ઠાનો ત્યાગ કરતી વખતે તથા ભોજન કરતી વખતે યોગસાધના કરવી નહિ. બાકીના હરકોઇ સમયે યોગસાધના કરવામાંજ તત્પર રહેવું.૯ મનની પવિત્રતા જાળવનારા બુદ્ધિમાન પુરુષે સર્વ વિષયો તરફથી ઇંદ્રિયોને આકર્ષી લઇને બાવીસ પ્રકારની પ્રેરણાઓદ્વારા જીવને ચોવીસમા તત્ત્વથી પર રહેલા પરમાત્મા, કે જેમને યોગી લોકો જરા–મૃત્યુથી રહિત કહે છે, તેમના ધ્યાનમાં મગ્ન કરવો.૧૦,૧૧* અમે સાંભળ્યું છે કે, બાવીસ પ્રકારની એ પ્રેરણાઓદ્વારાજ પરમાત્માનો નિત્ય સાક્ષાત્કાર કરવો અને એ વાત તો નિશ્ચય છે કે, જે પુરુષનું ચિત્ત કામાદિક દુષ્ટ ભાવોથી પરાજિત થયું નથી, તે પુરુષજ આ યોગ નામના વ્રતમાં યોગ અધિકારી થઇ શકે છે.૧૨ વળી યોગસાધના કરનારા પુરુષે, સર્વ પ્રકારના સંગોનો ત્યાગ કરવો જોઇએ, આહાર અલ્પ લેવો જોઇએ, ઇંદ્રિયોને જિતવી જોઇએ અને પ્રતિદિન રાત્રિના પ્રથમ ભાગમાં તથા પાછળના ભાગમાં મનને આત્માના ધ્યાનમાં એકાગ્ર કરવું જોઇએ.૧૩ હે મિથિલાના રાજા!

---

* દશ અને અગીઆર–આ બન્ને શ્લોકમાં યોગના પાંચમા અંગ પ્રત્યાહારનુંજ વર્ણન કરેલું છે અને પ્રથમ આઠમા શ્લોકમાં યોગનું ચોથું અંગ ગણાતા પ્રાણાયામનું વર્ણન કરેલું છે. વળી તે પ્રાણાયામને સગુણ (સગર્ભ) અને નિર્ગુણ (નિર્ગર્ભ) એવા બે પ્રકારનો કહ્યો છે. આ પ્રાણાયામના સંબંધમાં મુનિ યાજ્ઞવલ્કયે કહ્યું છે કેઃ–

संपूर्णकुंभवद्वायुमंगुष्ठान्मूर्ध्नि मध्यतः ।
'धारयत्यनिलं बुध्या प्राणायामः प्रचोदितः' ॥

જેમ ઘડાને જળથી પૂર્ણ રીતે ભરવામાં આવે છે, તેમ પગના અંગુઠાથી આરંભીને મસ્તકના મધ્યભાગ સુધીના આખા શરીરને વાયુથી પૂર્ણ કરવામાં આવે છે, તેનું નામ પ્રાણાયામ કહેવાય છે." પ્રાણાયામના સગર્ભ અને નિર્ગર્ભ–એવા બન્ને ભેદો વાયુસંહિતામાં પણ કહ્યા છે. જેમકે, '**जपध्यानं विनाऽगर्भः सगर्भस्तत्समन्वयात्**'–ગાયત્રી આદિના માનસિક જપવિનાનો જે પ્રાણાયામ તે નિર્ગર્ભ પ્રાણાયામ કહેવાય છે અને ગાયત્રી આદિના માનસિક જપવાળો જે પ્રાણાયામ, તે સગર્ભ પ્રાણાયામ કહેવાય છે. આ પ્રાણાયામ કરતાં પહેલાં યમ, નિયમ અને આસન–એ ત્રણે યોગનાં અંગો અવશ્ય સિદ્ધ થવાં જોઇએ અને તોજ પ્રાણાયામ સિદ્ધ થઈ શકે છે; માટે પ્રથમ યમ, નિયમ અને આસન સિદ્ધ કર્યા પછીજ પ્રાણાયામ કરવો, એમ અહીં કહેવામાં આવ્યું નથી તોપણ સમજી લેવું. પ્રાણાયામ સિદ્ધ થયા પછી યોગનું પાંચમું અંગ પ્રત્યાહાર સિદ્ધ થવો જોઇએ, કે જેનું વર્ણન અહીં દશમા તથા અગીઆરમા શ્લોકમાં કરેલું છે. અર્થાત્ ઇંદ્રિયોને વિષયો તરફથી ખેંચી લઇને તથા વાયુની બાવીસ પ્રકારની પ્રેરણા કરીને જીવને પરમાત્માસાથે યોજી દેવો તેનું નામ પ્રત્યાહાર કહેવાય છે. મુનિ યાજ્ઞવલ્કય, પ્રત્યાહારનું લક્ષણ આ પ્રમાણે કહે છે:–

अष्टादशासु यद्वायोर्मर्मस्थानेषु धारणम् ।
स्थानात् स्थानात् समाकृष्य प्रत्याहारो निगद्यते॥

મનવડે સર્વ ઇંદ્રિયોને સ્થિર કરીને બુદ્ધિવડે મનને સ્થિર કરવું અને પછી પાષાણની પેઠે નિશ્ચળ થઇને આત્મસ્વરૂપનું ધ્યાન કરવું.[૧૪] યોગીપુરુષ, જ્યારે વૃક્ષના ઠુંઠાની પેઠે નિષ્કંપ રહે છે, પર્વતની પેઠે નિશ્ચળા થાય છે અને યોગવિધિની સર્વ ક્રિયાઓને બુદ્ધિપૂર્વક જાણે છે, ત્યારે તેને ખરો યોગી કહી શકાય છે.[૧૫] યોગાચાર્યો કહે છે કે, જે પુરુષ યોગારૂઢ અવસ્થામાં કંઈ સાંભળતો નથી, કંઈ સુંઘતો નથી, કશાનો સ્વાદ લેતો નથી, કોઇના સ્પર્શને જાણતો નથી, મનથી સંકલ્પવિકલ્પ કરતો નથી, કોઇ પદાર્થ ઉપર અભિમાન કરતો નથી અને કાષ્ઠની પેઠે નિશ્ચળ થઇને (ધ્યેયવિના) કોઇ પદાર્થનું જ્ઞાન ધરાવતો નથી, તે પુરુષ પોતાના શુદ્ધ સ્વરૂપને પામેલો કહેવાય છે.[૧૬,૧૭] જેમ વાયુવિનાના પ્રદેશમાં મૂકેલો દીવો નિશ્ચળ થઇને પ્રકાશ્યા કરે છે, તેમ યોગારૂઢ થયેલો યોગી પણ બુદ્ધિઆદિથી રહિત થઇને નિશ્ચળ અવસ્થામાં

શરીરનાં અઢાર મર્મસ્થાનોમાં વાયુને સ્થાપિત કરવો અને પછી એક એક સ્થાનમાંથી તેને બીજા બીજા સ્થાનમાં આકર્ષી જવો તેને પ્રત્યાહાર કહે છે. શરીરનાં અઢાર મર્મસ્થાનોમાં વાયુને કેવી રીતે પૂરવો અને એક એક સ્થાનનો ત્યાગ કરીને બીજા બીજા સ્થાનમાં કેવી રીતે આકર્ષી જવો, તે વિષે પણ યાજ્ઞવલ્કય કહે છે કે,

व्योमरंध्रात्समाकृष्य ललाटे धारयेत्पुनः ॥
ललाटाद्वायुमाकृष्य भ्रुवोर्मध्ये निरोधयेत् ॥१॥
भ्रूमध्याद्वायुमाकृष्य नेत्रस्थाने निरोधयेत् ॥
नेत्राद्वायुं समाकृष्य नासामूले निरोधयेत्॥२॥
नासामूलात्तु जिह्वाया मूले प्राणं निरोधयेत्॥
जिह्वामूलात्कंठकूपे ततो वायुं निरोधयेत् ॥३॥
कंठकूपात्तुहृन्मध्ये हृन्मध्यान्नाभिमध्यमे ॥
नाभिमध्यात्पुनर्मेढ्रे मेढ्राद्वह्न्यालये ततः॥४॥
देहमध्याद् गुदे गार्गि गुदाद्वै ऊरुमूलके ॥
ऊरुमध्यात्तयोर्मध्ये तस्माज्जान्वोर्निरोधयेत् ॥५॥
चितिमूले ततस्तस्माऽज्जंघयोर्मध्यमे तथा ॥
जंघां ततः समाकृष्य वायुं गुल्फे निरोधयेत् ॥
गुल्फादंगुष्ठयोर्गार्गि पादयोस्तं निरोधयेत् ॥
स्थानात्स्थानं समाकृष्य यस्त्वेवं धारयेद्धिया ॥
सर्वपापविशुद्धात्मा जीवेदाचंद्रतारकम् ॥६॥

યાજ્ઞવલ્કય ગાર્ગિને કહે છેઃ-હે ગાર્ગિ ! યોગ સાધવાની ઇચ્છા રાખનારાએ પ્રથમ યમ, નિયમ અને આસન-એ ત્રણ યોગનાં અંગો સિદ્ધ કરવાં અને પછી પ્રાણાયામ કરીને પ્રાણવાયુને છેક મસ્તકના મધ્ય ભાગમાં સ્થાપિત કરવો. તે પછી બ્રહ્મરંધ્રમાંથી વાયુને ખેંચીને લલાટ પ્રદેશમાં લઇ જવો, લલાટમાંથી આકર્ષીને બે ભ્રુકુટીની વચ્ચે લઇ જવો, બે ભ્રુકુટીમાંથી આકર્ષીને નેત્રસ્થાનમાં લઇ જવો, નેત્રસ્થાનમાંથી આકર્ષીને નાસિકાના મૂળમાં લઇ જવો, નાસિકાના મૂળમાંથી આકર્ષીને એ વાયુને જીભના મૂળભાગમાં લઇ જવો, જીભના મૂળમાંથી આકર્ષીને કંઠના ખાડામાં રોકી રાખવો, કંઠના ખાડામાંથી આકર્ષીને હૃદયના મધ્યભાગમાં સ્થિર કરવો, હૃદયના મધ્યભાગમાંથી આકર્ષીને નાભિના મધ્યભાગમાં લઇ જવો, ત્યાંથી આકર્ષીને ઉપસ્થમાં રોકી રાખવો, ત્યાંથી ખેંચીને જઠરમાં પૂરી રાખવો, જઠરમાંથી ખેંચીને ગુદામાં રૂંધી રાખવો, ગુદામાંથી આકર્ષીને સાથળના મૂળમાં ધારી રાખવો, સાથળના મૂળમાંથી ખેંચીને ઘુંટણના ભાગમાં રોકી રાખવો, ઘુંટણમાંથી ખેંચીને ચિતિના મૂળમાં લઇ જવો, ત્યાંથી આકર્ષીને જાંઘના મધ્યભાગમાં લઇ જવો, ત્યાંથી ખેંચીને પગની બે ઘુંટીઓમાં લઇ જવો અને ત્યાંથી ખેંચીને પગના બે અંગુઠામાં રૂંધી રાખવો. આ રીતે જે પુરુષ, શરીરનાં અઢારે મર્મસ્થાનોમાં વાયુનું આકર્ષણ કરી શકે છે, તે પુરુષનું ચિત્ત સર્વપાપોથી મુક્ત થાય છે અને તેનું જીવન ચંદ્ર અને તારાઓ જ્યાંસુધી ટકી રહે છે ત્યાંસુધી ટકી રહે છે.

એ પ્રમાણે યાજ્ઞવલ્કયે કહેલી અઢાર પ્રકારની પ્રેરણાઓ ઉપરાંત ધારણા, ધ્યાન, સમાધિ અને સત્વપુરુષાન્યતાખ્યાતિ (પ્રકૃતિ અને પુરુષનું અન્યોન્યથી પૃથક્પણાનું જ્ઞાન)-એ નામની બીજી ચાર પ્રેરણાઓ પણ છે. આ બધી મળીને બાવીસ પ્રેરણાઓદ્વારા જીવને પરમાત્માની સાથે યોજી દેવો, એજ પ્રત્યાહારનું સિદ્ધ સ્વરૂપ કહેવાય છે. આ પ્રત્યાહારદ્વારા જીવને પરમાત્માસાથે સંબંધ થાય છે, ત્યારે નદી જેમ સમુદ્રમાં મળી જઇને એકરૂપ બની જાય છે, તેમ જીવ પણ પરમાત્માસાથે એકીભાવનેજ પ્રાપ્ત થાય છે અને પછી '**एकमद्वितीयं ब्रह्म**' અવશેષ રહે છે.

પ્રકાશે છે અને તે વેળા તેનો પ્રાણવાયુ ઉંચે, નીચે કે આડોઅવળો ક્યાંય પણ ગતિને પામતો નથી. (અર્થાત 'न तस्य प्राणा उत्क्रामंत्यत्रैव समवनीयंते' યોગી પુરુષના પ્રાણ કોઈ સ્થળે ગતિ કરતા નથી, કેવળ આત્મસ્વરૂપમાંજ લીન થાય છે.)[૧૭]હે તાત! યોગી, જ્યારે પોતાના અનુભવના બળથી એમ કહી શકે છે કે, સર્વનો અંતરાત્મા, અંતર્યામી ઈશ્વર અને હૃદયમાં રહેલો હું પોતેજ જ્ઞેય અને જ્ઞાતારૂપ પરબ્રંહ્મ છું, ત્યારે તે આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે, એમ મારા જેવા મુનિઓએ કહ્યું છે.[૧૯] ધ્યાનમગ્ન યોગીને નિર્ધૂમ અગ્નિસમાન, કિરણમંડલવાળા સૂર્યસમાન અને આકાશમાં ઝબકતી વિજળીસમાન આત્માનાં, પોતાના હૃદયમાંજ દર્શન થાય છે.[૨૦] જે બ્રાહ્મણો ધૈર્યનિષ્ઠ હોય છે, બુદ્ધિમાન હોય છે, મહાત્મા હોય છે અને બ્રહ્મનું જ્ઞાન કરાવનારાં શાસ્ત્રોપર નિષ્ઠા રાખનારા હોય છે તે બ્રાહ્મણોને અજરામર એવા પરમાત્માનાં અવશ્ય દર્શન થાય છે.[૨૧] આત્મવેત્તાઓ કહે છે કે, તે પરમાત્મા અણુના કરતાં પણ અણુ છે, મહાનના કરતાં પણ મહાન છે અને પ્રાણીમાત્રને વિષે સ્થિતિ કરી રહ્યા છે, છતાં તે અવિનાશી તત્ત્વરૂપ પરમાત્મા કોઇના જોવામાં આવતા નથી.[૨૨] હે તાત! મહાન એવા તમસની પેલી પાર રહેલા અને માયાયુક્ત ઈશ્વરથી પર રહેલા તે લોકસ્રષ્ટાને, બુદ્ધિરૂપી દ્રવ્યવાળા મનરૂપી દીપકવડે પુરુષ, જોઈ શકે છે.[૨૩]વેદમાં પારંગત થયેલા સર્વ પુરુષો કહે છે કે, કેવળ પ્રકાશરૂપ, અજ્ઞાનથી રહિત, સૂત્રાત્માથી પણ ભિન્ન અને પ્રમાણાતીત એવા તે પરમાત્માનું જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે સંસારનો નાશ થાય છે; માટેજ એ પરમાત્માને 'तमोनुदः'–સંસારના સંહારક કહેવામાં આવે છે.[૨૪] બસ, યોગીઓના યોગનું આજ લક્ષણ હોઈ શકે કે, તેઓ યોગનો આશ્રય કરીને સર્વના દ્રષ્ટા, અજર, અમર અને અજ્ઞાનથી પર રહેલા પરમાત્માનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરી શકે. તે સિવાયનું બીજું યોગનું લક્ષણ શું હોઈ શકે? આ રીતે મેં તને યોગશાસ્ત્રનું યથાર્થસ્વરૂપ કહી દેખાડયું. હવે, જેમાં જગતના મિથ્યા પદાર્થોનું ઉત્તરોત્તર પ્રવિલાપન કરીને પરમાત્માનો સાક્ષાત્કાર કરવામાં આવે છે તે સાંખ્યજ્ઞાન હું તને કહું છું.[૨૫,૨૬] હે મહારાજા! પ્રકૃતિવાદી સાંખ્યવેત્તાઓ કહે છે કે, અવ્યક્ત પ્રકૃતિજ સર્વ તત્ત્વોમાં શ્રેષ્ઠ તત્ત્વ છે અને તેમાંથી બીજું મહત્તત્ત્વ ઉત્પન્ન થયું છે[૨૭] પછી તે મહત્તત્વમાંથી ત્રીજું અહંકાર નામનું તત્ત્વ ઉપન્ન થયું છે; તેમજ એ અહંકારમાંથી પાંચ સૂક્ષ્મ ભૂતો (પાંચ તન્માત્રાઓ) ઉત્પન્ન થયાં છે, એમ સાંખ્યશાસ્ત્ર જાણનારા વિદ્વાનો કહે છે.[૨૮] આ અવ્યકત વગેરે (અવ્યક્ત, મહત્તત્ત્વ, અહંકાર, શબ્દતન્માત્રા, સ્પર્શતન્માત્રા, રૂપતન્માત્રા, રસતન્માત્રા અને ગંધતન્માત્રા–એ) આઠ તત્ત્વોને તેઓ 'પ્રકૃતિ' કહે છે અને અગીઆર ઇંદ્રિયો તથા પાંચ સ્થૂલભૂતો– એ સોળ તત્વોને તેના વિકાર કહે છે. વળી તેઓ કહે છે કે, એ સોળ વિકારોમાં પણ પાંચ સ્થુલભૂતોને 'વિશેષ' કહેવામાં આવે છે અને પોતપોતાના વિષયોને વ્યક્ત કરનારી ઇંદ્રિયોને ઇંદ્રિયજ કહેવામાં આવે છે.[૨૯] બસ, આ ચોવીસ તત્ત્વો એજ સાંખ્યશાસ્ત્રનું રહસ્ય છે, એમ સાંખ્યના વિધિવિધાનને જાણનારા અને સાંખ્યમાંજ નિત્ય રમણ કરનારા વિદ્વાનો કહે છે.[૩૦] વળી તેઓ કહે છે કે, જે તત્ત્વ, જેમાંથી ઉત્પન્ન થાય છે, તેનો પુનઃ તેમાંજ પ્રતિલોમ (ઉલટા) ક્રમથી લય થાય છે અને સર્વ તત્ત્વો અંતરાત્માથીજ ઉત્પન્ન થાય છે.[૩૧] જેમ સમુદ્રના તરંગો સમુદ્રમાંથી ઉત્પન્ન થઇને પુનઃ સમુદ્રમાંજ લય પામે છે, તેમ આકાશાદિ ગુણો અનુલોમક્રમથી અહંકારાદિ ગુણોમાંથી ઉત્પન્ન થાય છે અને પુનઃ પ્રતિલોમક્રમથી તે ગુણોમાંજ લય પામે છે.[૩૨] હે શ્રેષ્ઠ રાજા! એ પ્રમાણે પ્રકૃતિ આદિની ઉત્પત્તિ થાય છે અને લય થાય છે; તેમજ પ્રકૃતિનો પણ પ્રતિલોમક્રમથી પુરુષની અંદર જ્યારે લય થાય છે, ત્યારે અસંપ્રજ્ઞાત સમાધિમાં આત્માનું એકત્વ સ્પષ્ટ રીતે અનુભવાય છે અને

સૃષ્ટિસમયે તેનું અનેકત્વ પણ દેખાય છે.[૩૩] હે રાજેન્દ્ર ! જ્ઞાનકુશલ પંડિતોએ આ પ્રમાણેજ સમજવું જોઈએ કે, અવ્યક્ત એવી અવિદ્યા અથવા માયાજ આત્માને અનેક સ્વરૂપોવાળો કરે છે. (અર્થાત્ આત્મા તો સદાકાળ એકજ સ્વરૂપવાળો છે પણ માયાજ તેને અનેક સ્વરૂપવાળો કરે છે; તોપણ તુચ્છ એવી માયા, આત્મામાં દ્વૈતપણું ઉત્પન્ન કરી શકતી નથીજ. જેમકે, દોરડીની અંદર ભ્રાંતિથી દેખાયલા સર્પથી દોરડીનાં બે સ્વરૂપ થતાં નથી, તેમ માયાની ઉપાધિવાળા આત્માના સંબંધમાં પણ સમજવું.)[૩૪] જે પુરુષને અર્થતત્ત્વનું સારી રીતે જ્ઞાન થયું હોય છે, તે પુરુષ એ વાતને જાણી શકે છે કે, આત્મા કેવળ એકજ છે પણ પ્રકૃતિના સંબંધને લીધેજ અનેક સ્વરૂપોવાળો દેખાય છે. તાત્પર્ય કે, સૃષ્ટિના પ્રલયસમયે આત્મા, એકજ સ્વરૂપે સ્થિતિ કરે છે અને સૃષ્ટિના આરંભ તથા મધ્યસમયે અનેક સ્વરૂપે ભાસે છે.[૩૫] પરમાત્મા ઉત્પત્તિસ્વરૂપ પ્રકૃતિના અનેક વિભાગો કરે છે અને તેનેજ 'ક્ષેત્ર' કહેવામાં આવે છે. આ ક્ષેત્રમાં, પચીસમા તત્ત્વરૂપ આત્મા, તેના અધિષ્ઠાતારૂપે રહે છે.[૩૬]× હે રાજેન્દ્ર! મોટા મોટા યોગી પુરુષોએ આ પ્રમાણેજ કહ્યું છે અને અમે પણ આ પ્રમાણેજ સાંભળ્યું છે કે, આત્મા પ્રકૃતિના વિકારરૂપ સર્વ ક્ષેત્રોમાં અધિષ્ઠાન કરે છે-પોતાની સત્તાના સમર્પણદ્વારા સર્વ ક્ષેત્રોના પ્રવર્તક છે; માટે સર્વ ક્ષેત્રોના અધિષ્ઠાતા કહેવાય છે.[૩૭] વળી તે પરમાત્મા, અવ્યક્તરૂપ ક્ષેત્રને સારી રીતે જાણે છે માટે 'ક્ષેત્રજ્ઞ' કહેવાય છે અને પ્રકૃતિના વિકારરૂપ એવા ક્ષેત્રમાં પોતે પ્રવેશ+ કરે છે માટે 'પુરુષ' કહેવાય છે;[૩૮] માટેજ ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞથી ભિન્ન કહેવાય છે અને ક્ષેત્રજ્ઞ એ ક્ષેત્રથી ભિન્ન કહેવાય છે. વળી ક્ષેત્રને વિદ્વાનોએ અવ્યક્ત કહ્યું છે અને પચીસમા ક્ષેત્રજ્ઞને ક્ષેત્રનો જ્ઞાતા કહ્યો છે;[૩૯] તેમજ જ્ઞાનને જ્ઞેયથી ભિન્ન કહેવામાં આવે છે અને જ્ઞેયને જ્ઞાનથી ભિન્ન કહેવામાં આવે છે. જ્ઞાનને અવ્યક્ત કહે છે અને જ્ઞેયને પચીસમા ક્ષેત્રજ્ઞરૂપ કહે છે.[૪૦] અવ્યક્તને ક્ષેત્ર, સત્વ અથવા ઇશ્વર કહે છે અને જે, ઈશ્વર આદિ સર્વ દૃશ્ય તત્ત્વોથી અન્ય છે, તેમજ નિત્ય અપરોક્ષ દ્રષ્ટાતરીકે પ્રસિદ્ધ છે, તે પચીસમું તત્ત્વ પરમાત્મા પોતેજ છે.[૪૧] બસ, આટલુંજ સાંખ્યશાસ્ત્ર છે અને સાંખ્યવેત્તાઓ પ્રકૃતિનેજ સર્વ જગતનું કારણ માને છે તેમજ સ્થૂલસૂક્ષ્મ ક્રમથી પ્રપંચનો ચિદાત્મામાં લય કરીને પરમાત્માનો સાક્ષાત્કાર સંપાદન કરે છે.[૪૨] વળી સાંખ્યવેત્તાઓ, પ્રકૃતિસહિત ચોવીસ તત્ત્વોની સંખ્યા કરીને પચીસમા આત્માને કેવળ નિસ્તત્ત્વજ કહે છે. (અર્થાત્ તેઓ કહે છે કે, આત્મા ચોવીસ તત્ત્વોથી પર રહેલો છે અને નિત્ય અપ

× કહેવાનો ભાવ એ છે કે, લોહચુંબકની પેઠે માત્ર પોતાની સ્વરૂપસત્તાથીજ પરમાત્મા પ્રકૃતિના પ્રવર્તક છે અને તેના અનેક વિભાગો કરે છે; માટે ચિદાત્માજ સર્વનો મુખ્ય અધિષ્ઠાતા છે. પ્રકૃતિ તો પોતાના કાર્યની અધિષ્ઠાત્રી હોઇને ગૌણ અધિષ્ઠાતાજ ગણાય છે.

+ અર્થાત્ જેમ માત્ર સ્વરૂપસત્તાથીજ સૂર્ય ઘાસને પ્રકાશિત કરે છે અને સૂર્યકાંતમણિદ્વારા ઘાસનો દાહક બને છે તથા તેદ્વારાજ તેમાં પ્રવેશ કરે છે પણ કોઈ જાતનો વ્યાપાર કરીને ઘાસમાં પ્રવેશ કરતો નથી, તેમ આત્મા પણ પ્રકૃતિદ્વારા સર્વ કાર્યોમાં પ્રવેશ કરે છે અને તે કાર્યનો પ્રકાશક બને છે; પરંતુ જેમ કુંભાર ઘડાનો અધિષ્ઠાતા છે-વ્યાપાર કરીને ઘડાને ઉત્પન્ન કરનારો છે અથવા જેમ બુદ્ધિ ઇંદ્રિયોના વ્યાપારને આધીન રહીનેજ સર્વ પદાર્થોને પ્રકાશિત કરનારી છે અથવા જેમ કુંડામાં પડેલું બોર કુંડાના એક ભાગમાંજ પડ્યું રહે છે, તેમ આત્માનું અધિષ્ઠાતાપણું, પ્રકાશકપણું કે વ્યાપકપણું એવું વ્યાપારગ્રસ્ત અને નિયંત્રિત નથી આત્મા તો કાષ્ઠમાં જેમ અગ્નિ સર્વત્ર વ્યા થઇને રહેલો છે અને ઘર્ષણાદિકના પ્રયોગથ જેમ પ્રકટ થનારો છે, તેમ પ્રકૃતિમાં અને પ્ર તિના કાર્યભૂત ક્ષેત્રોમાં વ્યાપ્ત થઇને રહેલો અને ચોવીસ તત્ત્વોનો સંયોગ થતાંજ પ્ર થનારો છે.

નીલક

રોક્ષરૂપજ છે.[૪૩] તાત્પર્ય કે ચોવીસ તત્ત્વોથી પર રહેલા પચીસમાં આત્માને પ્રકૃતિથી મુક્ત રહેરહેનારતરીકે જ્યારે જાણવામાં આવે છે, ત્યારે તેનો સાક્ષાસાક્ષાત્કાર થાય છે અને આત્માનો જેવો સાક્ષાત્કાર થાય છે કે તુરતજ કૈવલ્યપદ પ્રાપ્ત થાય છે.[૪૪] આ પ્રમાણે મેં તને સાંખ્ય નામનું સમ્યગ્દર્શન યથાર્થ રીતે કહી સંભળાવ્યું. આ સાંખ્યદર્શનનું જ્ઞાન ધરાવનારા પુરુષો બ્રહ્મના સારૂપ્યને અવશ્ય પામે છે;[૪૫] પણ વાસ્તવિક રીતે સમ્યગ્દર્શન એજ હોઈ શકે કે, બ્રહ્મની અંદર કેવળ ભ્રાંતિથીજ દેખાતા અહંકારાદિ સર્વ પદાર્થોમાં કેવળ બ્રહ્મદૃષ્ટિજ કરવી તે સમ્યગ્દર્શન છે. જેમ અજ્ઞાની પુરુષોને મહત્તત્ત્વાદિક આ સર્વ પદાર્થો દૃશ્ય હોવાને લીધે પ્રત્યક્ષ જોવામાં આવે છે,તેમ પ્રકૃતિના વિકારભૂત ગુણોથી રહિત થયેલા જ્ઞાની પુરુષોને પ્રત્યક્ષરીતેજ બ્રહ્મનો સાક્ષાત્કારથઇ શકે છે.*[૪૬] જે પુરુષો આ સમ્યગ્દર્શનની ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત થયેલા હોય છે, તેઓને સંસારના જન્મમરણના ફેરામાં પડવાનો પુનઃ પ્રસંગ કદી પ્રાપ્તજ થતો નથી; કેમકે તેઓ, બ્રહ્મસારૂપ્યરૂપ અક્ષરભાવને પામી ચૂકેલા હોય છે અને જીવંતદશામાંજ સત્યકામ, સત્યસંકલ્પ આદિ પરમ ઐશ્વર્યનો અનુભવ કરતાં હોઇને સમાધિદશામાં ઉપાધિરહિત એવા અવિનાશી સુખને પણ પ્રાપ્ત થયેલા હોય છે:[૪૭] પરંતુ હે શત્રુદમન રાજા! જે પુરુષો, આત્માનેજ અનેક સ્વરૂપે જોનારા છે, તેઓને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નથીજ, એમ સમજવું અને તે પુરુષો પુનઃ પુનઃ દેહને પામ્યા કરે છે–અર્થાત અભેદજ્ઞાનરૂપ સમ્યગ્દર્શનથી જેઓ રહિત હોય છે, તેઓનો જન્મમરણના ફેરામાંથી છૂટકારો થતોજ નથી.[૪૮] પણ જે પુરુષો આ સર્વ જ્ઞાનને વિશેષ રીતે જાણે છે, તેઓને કેવળ સર્વજ્ઞપણુંજ પ્રાપ્ત થયેલું હોવાથી શરીર ધારણ કરવું પડતું નથી અને તેઓને સંસારના સપાટામાં સપડાવું પડતું નથી.[૪૯] આ સમગ્ર જગતને અવ્યક્ત–માયાસ્વરૂપ કહેવામાં આવે છે,પણ પચીસમા આત્માને સર્વથી પર અને સર્વથી ભિન્ન કહેવામાં આવે છે માટે જે પુરુષ એ આત્માને જાણે છે તેને સંસારના દુઃખનો ભય રહેતો નથી.[૫૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "વસિષ્ઠકરાલજનક સંવાદ" એ વિષયનો
અધ્યાય ૩૦૬ મો સમાપ્ત.

અધ્યાય ૩૦૭ મો

વસિષ્ઠજનકસંવાદ-વિદ્યા અને અવિદ્યા

॥ वसिष्ठ उवाच ॥

सांख्यदर्शनमेतावदुक्तं ते नृपसत्तम ॥
विद्याविद्येत्विदानीं मे त्वं निबोधानुपूर्वशः॥१॥

વસિષ્ઠે કહ્યું:–"હે મહારાજા! એ પ્રમાણે મેં તને સાંખ્યદર્શન કહી સંભળાવ્યું. હવે, વિદ્યા અને અવિદ્યા વિષે હું તને અનુક્રમે કહું છું, તે તું મારી પાસેથી સાંભળ.[૧] વિદ્વાનો કહે છે કે, ઉત્પત્તિ અને પ્રલયના ધર્મવાળું જે અવ્યક્ત (પ્રધાન અથવા પ્રકૃતિ) તે અવિદ્યા છે અને ઉત્પત્તિ તથા પ્રલયના ધર્મથી મુક્ત પચીસમું આત્મતત્ત્વ તે વિદ્યા છે.[૨] હે તાત! ઋષિઓએ સાંખ્યદર્શનની દૃષ્ટિએ અવાંતર વિદ્યાના જે ભેદો કહ્યા છે,તે સર્વ હું અનુક્રમે કહું છું, તેનું તું શ્રવણ કર.[૩] અમે સાંભળ્યું છે કે, કર્મેન્દ્રિયોના સર્વ વ્યાપારનો ત્યાગ કરીને કેવળ "હું જ્ઞાનેન્દ્રિયરૂપજ છું" આવા પ્રકારનું જે ચિંતન કરવું તે, જ્ઞાનેન્દ્રિયવિદ્યા કહેવાય છે, જ્ઞાનેન્દ્રિયોના સર્વ વ્યાપારનો ત્યાગ કરીને કેવળ "હું પંચમહાભૂતરૂપજ છું" આવા પ્રકારનું જે ચિંતન કરવું તે પંચભૂતવિદ્યા કહેવાય છે, પંચમહાભૂતોનો મનમાં લય કરી દઈને કેવળ "હું મનરૂપજ છું." આવા પ્રકારનું જે ચિંતન કરવું તેને વિદ્વાનો મનોવિદ્યા કહે છે, મ-

---

* તાત્પર્ય કે, બ્રહ્મની અંદર બ્રહ્મનુંજ દર્શન થાય તે સમ્યગ્દર્શન છે, પણ બ્રહ્મની અંદર અહંકારાદ અબ્રહ્મનું દર્શન થાય તે સમ્યગ્દર્શન નથી. જેમ દોરડીમાં દોરડીનુંજ દર્શન થાય તે સમ્યગ્દર્શન છે, પણ દોરડીમાં સર્પનું દર્શન થાય તે સમ્યગ્દર્શન નથી પણ મિથ્યાદર્શનજ છે.

નનો પણ પાંચ સૂક્ષ્મભૂતોમાં લય કરી દઈને કેવળ "હું સૂક્ષ્મભૂતરૂપજ છું" આવા પ્રકારનું જે ચિંતન કરવું તેને સૂક્ષ્મભૂતવિદ્યા કહેવામાં આવે છે, પાંચ સૂક્ષ્મભૂતોનો અહંકારમાં લય કરી દઈને "કેવળ હું અહંકારરૂપજ છું" આવા પ્રકારનું જે ચિંતન કરવું તેને અહંકારવિદ્યા કહેવામાં આવે છે; તેમજ હે રાજા! અહંકારનો બુદ્ધિમાં લય કરી દઈને કેવળ "હું બુદ્ધિરૂપજ છું" આવા પ્રકારનું જે ચિંતન કરવું તેને બુદ્ધિવિદ્યા કહેવામાં આવે છે, બુદ્ધિનો તત્ત્વોની પરમેશ્વરી પ્રકૃતિમાં લય કરી દઈને "કેવળ હું પ્રકૃતિરૂપજ છું" આવા પ્રકારનું જે ચિંતન કરવું તેને પ્રકૃતિવિદ્યા અથવા પરમવિધિ કહેવામાં આવે છે અને તે પ્રકૃતિનો, સર્વથી પર રહેલા અને જ્ઞાનના પણ જ્ઞેયરૂપ એવા પરમાત્મામાં લય કરી દઈને "કેવળ હું બ્રહ્મસ્વરૂપજ છું" આવા પ્રકારનું જે ચિંતન કરવું તેને પરમ વિદ્યા કહેવામાં આવે છે.[૪-૮] સાંખ્યશાસ્ત્રમાં કહ્યું છે કે, અવ્યક્ત અથવા બુદ્ધિની વૃત્તિને જ્ઞાન કહેવામાં આવે છે અને પચીસમા આત્માને જ્ઞેય કહેવામાં આવે છે; તેમજ જ્ઞાન અવ્યક્તરૂપ છે અને જ્ઞાતા પચીસમો આત્મા છે.[૯] હે જનક રાજા! એ પ્રમાણે વિદ્યા તથા અવિદ્યાનું સ્વરૂપ મેં તને યથાર્થ રીતે અને ભેદનું કથન કરીને કહ્યું. હવે,જેને અક્ષર તથા ક્ષર કહેવામાં આવે છે, તેનું સ્વરૂપ હું તને કહું છું, તે તું મારી પાસેથી સાંભળ.[૧૦]

'હે રાજન્! પ્રકૃતિ અને જીવ–એ બન્ને અક્ષર કહેવાય છે અને ક્ષર પણ કહેવાય છે. તેનું કારણ શું છે? એ હું તને જ્ઞાનપૂર્વક યથાર્થરીતે કહું છું.[૧૧] બ્રહ્મનું દર્શન કરનારા જ્ઞાની પુરુષો કહે છે કે, પ્રકૃતિ અને જીવ–એ બન્ને આદિ અને અંતરહિત છે, બન્ને ઈશ્વર છે અને બન્નેને 'તત્ત્વ' એવી સંજ્ઞા આપવામાં આવી છે;[૧૨] પ્રકૃતિ કે જે મહત્તત્ત્વ આદિ ગુણોને ઉત્પન્ન કરવા માટે વારંવાર વિકાર પામ્યા કરે છે, તેનામાં જગતની ઉત્પત્તિ તથા નાશ કરવારૂપ સ્વાભાવિક ધર્મ રહેલો છે તેથી વિદ્વાનોતેને 'અક્ષર' કહે છે.×[૧૩] તેમજ પ્રકૃતિ અને પુરુષ (જીવ) અન્યોન્યનો આશ્રય કરે છે ત્યારેજ મહત્તત્ત્વ આદિ ગુણોની ઉત્પત્તિ થાય છે;માટે પચીસમો ચિદાભાસ (જીવ) પણ ગુણોનું ઉત્પત્તિક્ષેત્ર હોઇને પ્રકૃતિની પેઠેજ 'અક્ષર' છે,એમ પંડિતો કહે છે.*[૧૪] હે તાત! યોગી પુરુષ, પ્રકૃતિ આદિ આ સર્વ ગુણસમૂહને શુદ્ધ બ્રહ્મમાં જ્યારે લય પમાડી દે છે, ત્યારે પ્રકૃતિ આદિ ગુણોની સાથે પચીસમો (ઉપાધિયુક્ત) ચિદાભાસ પણ લય પામી જાય છે.÷[૧૫] જેમ પ્રલયસમયે મહત્તત્ત્વ આદિ ગુણો

× કેમકે પ્રકૃતિને જો ક્ષર માનવામાં આવે તો સંસારનું અનંતપણું ઘટી શકે નહિ અને સંસારનું અનંતપણું જો ન હોય તો '**नांतो न चादिर्न च संप्रतिष्ठा**'–આ સંસાર આદિ, અંત અને પ્રતિષ્ઠાવિનાનો છે' એ ગીતાના વાક્ય સાથે સ્પષ્ટ વિરોધ ઉભો થાય છે; માટે સિદ્ધ થાય છે કે, પ્રકૃતિ અક્ષર છે–અનંત છે.

* કહેવાનો ભાવ એ છે કે, ચૈતન્યની છાયાનો આશ્રય કર્યાવિના એકલી પ્રકૃતિ મહત્તત્ત્વ વગેરે ગુણોને ઉત્પન્ન કરી શકતી નથી; તેમજ પુરુષ પણ પ્રકૃતિરૂપ ઉપાધિનો આશ્રય કર્યાવિના એકલો રહીને મહત્તત્ત્વ આદિ ગુણોને ઉત્પન્ન કરી શકતો નથી. લોકમાં પણ આપણે જોઇએ છીએ કે, પુરુષના સંબંધવિનાની સ્ત્રી પ્રજા ઉત્પન્ન કરી શકતી નથી અને સ્ત્રીના સંબંધવિનાનો પુરુષ પણ પ્રજા ઉત્પન્ન કરવા શક્તિમાન થતો નથી; તેમજ પ્રકૃતિ અને પુરુષ, અન્યોન્યનો આશ્રય કરીનેજ જગતને ઉત્પન્ન કરે છે અને તેથીજ આ શ્લોકમાં પુરુષ (જીવ)ને પણ ક્ષેત્રતરીકે કહીને પ્રકૃતિની પેઠે 'અક્ષર' કહ્યો છે; કેમકે પુરુષને પણ જો અક્ષર માનવામાં ન આવે તો સંસારનું અનંતપણું ઘટી શકે નહિજ.

÷ આ પંદરમા શ્લોકમાં દર્શાવી દીધું છે કે, પ્રકૃતિ અને પુરુષ–એ બન્ને ક્ષર છે; કેમકે યોગી પુરુષ ગુણોનો ઉત્તરોત્તર લય કરીને શુદ્ધ બ્રહ્મમાં જ્યારે સ્થિતિ કરે છે, ત્યારે પ્રકૃતિરૂપ ઉપાધિના નાશની પાછળ ચિદાભાસ જીવ પણ પોતાની 'જીવ' સંજ્ઞાને છોડી દે છે અને કેવળ શુદ્ધ બ્રહ્મરૂપે અવશેષ રહે છે. આવા હેતુથીજ પ્રકૃતિ અને પુરુષને–બન્નેને ક્ષર કહ્યાં છે.

નો પ્રકૃતિમાં લય થઇ જાય છે ત્યારે એક પ્રકૃતિજ અવશેષ રહે છે, તેમ જ્ઞાનોત્પત્તિસમયે ક્ષેત્રજ્ઞ પણ (પ્રકૃતિરૂપ ઉપાધિનો ત્યાગ કરીને) પોતાના ઉત્પત્તિસ્થાન શુદ્ધ બ્રહ્મમાં લય પામે છે. ત્યારે કેવળ એક પરબ્રહ્મજ અવશેષ રહે છે. *[૧૬] હે જનક રાજા! યોગી પુરુષ, અસંપ્રજ્ઞાત સમાધિમાં જ્યારે આરૂઢ થાય છે અને તે સમયે નિર્ગુણ બ્રહ્મનો જ્યારે સાક્ષાત્કાર કરે છે. ત્યારે દેહના ગુણરૂપ શ્રોત્રાદિ ઇંદ્રિયો અને તેના વિષયોમાં તેનું વર્તન હોતું નથી અને તેથીજ મહત્તત્ત્વ આદિ ગુણોસહિત પ્રકૃતિનો તે સમયે નાશજ થઇ જાય છે. (અર્થાત પ્રકૃતિ અનાદિ–અનંત છે અને અક્ષર છે, તોપણ નિર્ગુણ બ્રહ્મનો જ્યારે સાક્ષાત્કાર થાય છે, ત્યારે તેનો નાશજ થઇ જાય છે અને તેથીજ પ્રકૃતિને ક્ષર પણ કહેવામાં આવે છે.)[૧૭] એજ પ્રમાણે અમે સાંભળ્યું છે કે, ક્ષેત્ર (પ્રકૃતિ)ના જ્ઞાનનો જ્યારે નાશ થાય છે, ત્યારે ક્ષેત્રજ્ઞ પણ પ્રકૃતિ અને તેના ગુણોથી મુક્ત થઇને શુદ્ધ બ્રહ્મરૂપે સ્થિતિ કરે છે અને તે દૃષ્ટિએજ તેનામાં ક્ષર (નાશધર્મ)પણું સંભવી શકે છે× [૧૮] આ ક્ષેત્રજ્ઞ પોતાના સાક્ષીપણાનો ત્યાગ કરીને જ્યારે 'ક્ષર' બની જાય છે, ત્યારે ગુણયુકત પ્રકૃતિને અહંરૂપે જાણે છે–અર્થાત્ પ્રકૃતિઉપર અહંભાવ કરે છે; પણ પોતાના ક્ષરપણાનો ત્યાગ કરીને જ્યારે અક્ષરરૂપ બને છે ત્યારે પોતાનું નિર્ગુણપણું જાણે છે–પ્રકૃતિપરના અહંભાવનો ત્યાગ કરીને તેના ગુણોથી મુકત થાય છે.[૧૯] અને તેજ સમયે પ્રકૃતિનો સમૂળગો ત્યાગ કરીને કેવળ શુદ્ધસ્વરૂપ થયેલો તે આત્મા જ્ઞાનસંપન્ન થઇને આ પ્રમાણે સમજી શકે છે કે, " આ પ્રકૃતિમાં અને મારામાં ઘણીજ વિલક્ષણતા છે–મારૂં સ્વરૂપ પ્રકૃતિથી ભિન્નજ છે.[૨૦] હે રાજેન્દ્ર ! જીવાત્માને પોતાના સ્વરૂપનું જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે પ્રકૃતિ સાથેના મિશ્રભાવને તે કદી પામતોજ નથી–અર્થાત પ્રકૃતિથી તે દૂરજ રહે છે; પણ જ્યાંસુધી તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું નથી, ત્યાંસુધી તો તે જીવાત્મા પ્રકૃતિસાથે મિશ્ર થયેલોજ જોવામાં આવે છે–બ્રહ્મસ્વરૂપથી ભિન્ન હોય તેવોજ દેખાય છે;[૨૧] પરંતુ અંતે (જ્ઞાનપ્રાપ્તિ થયા પછી) પરબ્રહ્મનો તેને સાક્ષાત્કાર થાય છે, ત્યારે પ્રકૃતિના સર્વ ગુણસમુદાયને એકદમ દૂર ફેંકી દે છે અને પોતાના આત્મસ્વરૂપને કદી નહિ ભૂલી જઇને (પૂર્વકાળના પોતાના અજ્ઞાનને માટે) આ પ્રમાણે પોતાની નિંદા કરે છે.[૨૨] " અરેરે ! મેં આ શું કર્યું ! માછલું જેમ જાળમાં સપડાઇ રહે, તેમ હું આટલા સમયસુધી આ દેહપાશમાંજ સપડાઈ રહ્યો. અરે ! કેવળ અજ્ઞાનથીજ તેને અનુસર્યો !![૨૩] હાય ! હું મારા મોહને લીધેજ એક દેહમાંથી બીજા દેહમાં સબડયા કર્યો ! અને માછલું જળનેજ પોતાનું જીવન માનીને જેમ એક ધરામાંથી બીજા ધરામાં દોડી જાય, તેમ હું પણ એક શરીરને છોડીને બીજા શરીરમાં ગયો ![૨૪] જેમ માછલું જળમાં રહીને અજ્ઞાનને લીધે જળનેજ પોતાના આત્મારૂપ માને છે, પણ પોતાને તેથી ભિન્ન માનતું નથી તેમ, મેં પણ આજદિવસસુધી અજ્ઞાનને અનુસરીને શરીરનેજ આત્મારૂપ માન્યું પણ મને પોતાને શરીરથી ભિન્ન જાણીને ઓળખ્યો નહિ.[૨૫] ધિક્કાર છે

---

* અર્થાત્ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, એટલે તુરતજ જીવાત્મા પોતાને વળગેલી ઉપાધિને દૂર ફેંકી દઇને શુદ્ધ બ્રહ્મના સ્વરૂપમાં બદલાઇ જાય છે, એકનો એકજ આત્મા પોતાની મલિનતાનો ત્યાગ કરીને શુદ્ધ થાય છે અને શુદ્ધ બ્રહ્મરૂપે પ્રકાશે છે. જ્ઞાન થાય એટલે આત્માનો કંઇ નાશ થતો નથી.

× ક્ષેત્રજ્ઞનું ક્ષરપણું એજ દૃષ્ટિએ કહેવામાં આવ્યું છે કે, ક્ષેત્રના જ્ઞાનનો જ્યારે નાશ થાય છે, ત્યારે પોતાના ક્ષેત્રજ્ઞપણાનો ત્યાગ કરીને આત્મા કેવળ બ્રહ્મરૂપજ બની જાય છે. નહિ કે પ્રકૃતિની પેઠે મૂલતઃ વિનાશ પામે છે. માત્ર પોતાની ક્ષેત્રજ્ઞ સંજ્ઞાથી મુક્ત થવું તેજ ક્ષેત્રજ્ઞનો નાશ છે. આવા આશયથીજ શ્રુતિમાં કહ્યું છે-**साक्षीचेता केवलो निर्गुणश्च**' આત્મા, સાક્ષીભૂત છે, ચૈતન્યરૂપ છે, એકજ છે અને નિર્ગુણ છે.

મને અજ્ઞાનીને, કે જે હું વિપત્તિઓમાં ડૂબી રહેલા આ શરીરને અનુસર્યો અને અજ્ઞાનને લીધે વારંવાર એક દેહનો ત્યાગ કરીને બીજા દેહમાં ફસાયા કર્યો ![૨૬] અફસોસ ! આ સંસારમાં આવીને મેં, " આ મારો બંધુ છે, આની સાથે રહેવાથી મારૂં કલ્યાણ થશે " આમ સમજીને અનેક શરીરોસાથે સ્નેહ બાંધ્યો અને અનેક શરીરોસાથે એકતા કરી; છતાં હું તો જેવોને તેવોજ રહ્યો ![૨૭] હાય ! હું અમુકને મારાસમાન જોતો હતો, મારી સમાનતા વળી બીજા સાથે કરતો હતો, અમુકને નિર્મળ માનતો હતો, અમુકને સ્પષ્ટ રીતે જોતો હતો અને મને પોતાને વળી એવા પ્રકારનો માનતો હતો.[૨૮] આ રીતે અજ્ઞાન અને મોહને અધીન થઇને હું નિઃસંગ હોવાં છતાં જડ અને સંગવાળી પ્રકૃતિના નચાવ્યા પ્રમાણે નાચ્યો અને આટલા સમયસુધી તે અવસ્થામાંજ રહ્યો.[૨૯] વળી હું આ પ્રકૃતિને વશ થઇ ગયો હતો અને તેથીજ આટલા સમયસુધી મેં મારા આત્માને ઓળખ્યો નહિ; પણ હવે ઉચ્ચ, મધ્યમ અને નીચ—એ સર્વની જોડે સંબંધ રાખનારી એ પ્રકૃતિની સાથે હું કેમ નિવાસ કરીશ ? (અર્થાત નહિજ કરૂં.)[૩૦] મેં પ્રથમ અજ્ઞાનપણે પ્રકૃતિની સાથે સહવાસ કર્યો હતો, પણ હવે સાંખ્ય અથવા યોગ ઉપર હું નિષ્ઠાવાળો થયો છું, જેથી આ સંસારમાં રહીને મને પોતાનેજ હું જાણીશ પણ સર્વની સાથે સમાન સંબંધ રાખનારી પ્રકૃતિસાથે સહવાસ કેમ કરીશ ? (અર્થાત નહિજ કરૂં.)[૩૧] હું નિર્વિકાર છું, છતાં તે વિકારવાળી પ્રકૃતિએ આજ દિવસસુધી મને છેતર્યો છે, માટે હવે હું તે પ્રકૃતિનો સંગ નહિ કરૂં.[૩૨] અરેરે ! પણ એમાં પ્રકૃતિનો કંઇ અપરાધ નથી. અપરાધ તો કેવળ મારોજ છે; કારણ કે હું પોતેજ સર્વ બાહ્યવિષયોમાં આસક્ત થઈને મારી મેળેજ પ્રકૃતિસન્મુખ ઉપસ્થિત થયો.[૩૩] હું પોતે અમૂર્તિમાન છું, છતાં પ્રકૃતિની અનેક પ્રકારની મૂર્તિઓમાં જઇ વસ્યો અને અમૂર્ત હતો છતાં મૂર્તરૂપ બન્યો, જેથી અહંતામમતાએ મારો પરાભવ કર્યો.[૩૪] હું મમતારહિત છું, છતાં પ્રકૃતિથી થનારી મમતાને લીધે તે તે અનેક યોનિઓમાં મમતા બાંધી બેઠો, પણ તે તે યોનિઓમાં મમતા બાંધીને મેં કયું આત્મસાધન કર્યું ?[૩૫] રે રે ! પ્રકૃતિનાં અનેક શરીરોમાં હું ભટક્યો, જેથી મારૂં ચિત્ત કેવળ ભાનવિનાનુંજ થઇ ગયું છે, માટે હવે અહંકારદ્વારા આત્માનો નાશ કરનારી તે પ્રકૃતિનું મારે કંઈ પણ કામ નથી;[૩૬] કેમકે એ પ્રકૃતિ પોતાનાં અનેક સ્વરૂપો પ્રકટ કરીને વારંવાર મને સંસારમાં ધકેલી દે છે, પણ હવે હું જાગ્યો છું—મને જ્ઞાન થયું છે, મારી મમતાનો નાશ થયો છે અને મારો અહંકાર દૂર થયો છે.[૩૭] આ પ્રકૃતિએજ મને અહંકારદ્વારા આત્માનો નાશ કરનારી મમતા ઉપજાવી હતી. પણ હવે એ મમતાથી દૂર થઇને તે પ્રકૃતિનો પણ હું ત્યાગ કરી દઇશ અને દ્વંદ્વભાવરહિત એવા પરમાત્માનોજ આશ્રય કરીશ.[૩૮] હું હવે એ પરમાત્માની સાથેજ એકસ્વરૂપ થઇશ પણ જડ એવી પ્રકૃતિની સાથે એકસ્વરૂપ થઇશ નહિ; કેમકે પરમાત્માની સાથે એકતા કરવાથીજ મારૂં કલ્યાણ થશે પણ પ્રકૃતિની સાથે એકતા કરવાથી મારૂં કલ્યાણ થશે નહિ."[૩૯] આ રીતે પચીસમો જીવાત્મા, છવ્વીસમા પરમાત્માનું જ્ઞાન મેળવ્યા પછી પરમજ્ઞાની થાય છે અને ક્ષર નાશસ્વરૂપ પ્રકૃતિનો ત્યાગ કરીને દ્વંદ્વરહિત અક્ષરપણાનેજ પામે છે.[૪૦] હે મિથિલાના રાજા ! જીવાત્મા, પ્રથમ અવ્યક્ત અને નિર્ગુણજ હોય છે, પરંતુ પ્રકૃતિ સાથે એકરૂપતા પામીનેજ વ્યક્તધર્મી તથા સગુણ બને છે; પણ જ્યારે તેને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે પુનઃ તેવોજ થઈ જાય છે. (અર્થાત્ પરમાત્માનો સાક્ષાત્કાર કર્યા પછી જીવ કેવળ નિર્ગુણસ્વરૂપજ થઈ જાય છે)"[૪૧]

એ પ્રમાણે ક્ષર તથા અક્ષરનો અનુભવ, જે કેવળ જ્ઞાનસંપન્ન છે, તે વેદશાસ્ત્રના અનુભવ પ્રમાણે મેં તને કહ્યો.[૪૨] હવે પુનઃ વિશેષ જ્ઞાન, જે કેવળ સંદેહરહિત છે, સૂક્ષ્મ છે અને નિર્દોષ છે, તે મેં સાંભળ્યું છે તે પ્રમાણેજ હું તને કહું.

છું, સાંભળ.[૪૩] મેં સાંખ્ય અને યોગ-એ બન્ને શાસ્ત્રના બરાબર અનુભવ પ્રમાણેજ તારી પાસે સાંખ્ય તથા યોગનું વર્ણન કર્યું છે અને (એ પણ કહ્યુંજ છે કે) જે સિદ્ધાંત સાંખ્યશાસ્ત્રમાં કહેવામાં આવ્યો છે, તેજ સિદ્ધાંત યોગશાસ્ત્રમાં પણ કહ્યો છે;[૪૪] છતાં હે રાજા ! સાંખ્યમાં એટલી વિશેષતા રહેલી છે કે, તેનું જ્ઞાન પ્રાણીમાત્રને બોધ ઉપજાવનારૂં છે અને તે શાસ્ત્રમાં શિષ્યોનું હિત ઇચ્છીને ઘણીજ સ્પષ્ટ રીતિથી જ્ઞાનનું વર્ણન કરવામાં આવ્યું છે;[૪૫] માટેજ વિદ્વાનો કહે છે કે, આ સાંખ્યશાસ્ત્ર બીજાં સર્વ શાસ્ત્રોના કરતાં શ્રેષ્ઠ છે અને યોગીઓ પણ એ સાંખ્યશાસ્ત્ર ઉપર અને વેદ ઉપર ઘણોજ આદર ધરાવે છે.[૪૬] હે રાજા! યોગશાસ્ત્રમાં પચીશ તત્ત્વસિવાય બીજા એક પણ તત્ત્વનું વર્ણન કરવામાં આવ્યું નથી; અને સાંખ્યવેત્તાઓએ તો પચીસમા જીવાત્માથી પર રહેલું છવ્વીસમું શુદ્ધ તત્ત્વ પણ વર્ણવ્યું છે. (અર્થાત્ યોગ અને સાંખ્યમાં માત્ર ભેદ એટલોજ છે કે, યોગશાસ્ત્રમાં પચીસ તત્ત્વો માન્યાં છે અને સાંખ્યશાસ્ત્રમાં છવ્વીસ તત્ત્વો માન્યાં છે.)[૪૭] વિદ્વાનો કહે છે કે, નિત્ય જ્ઞાનરુપ ચિદાત્માનું સ્વરૂપ અંતઃકરણની વૃત્તિસાથે જ્યારે એકરૂપ બની જાય છે, ત્યારે તેનું શુદ્ધ સ્વરૂપ, બોધનો અવિષય થઈ જતું હોવાથી બુધ્યમાનજ ગણાય છે-અર્થાત્ શુદ્ધ સ્વરૂપને જાણવાની ઇચ્છાના વિષયરૂપજ થઇ પડે છે; કેમકે તે દશામાં તેનું સ્વરૂપ જીવરૂપેજ દેખાય છે, માટે યોગશાસ્ત્રના મતમાં પણ બુદ્ધ અને બુદ્ધ્યમાન-એવા બે પદાર્થો માનવાજ પડે છે."[૪૮]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "વસિષ્ઠ અને કુશલ જનકનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૩૦૭ મો સમાપ્ત.

અધ્યાય ૩૦૮ મો

વસિષ્ઠ અને જનકનો સંવાદ-બુદ્ધ અને અબુદ્ધનો વિભાગ

॥ वसिष्ठ उवाच ॥

अथ बुद्धमथाबुद्धमिमंगुणविधिं शृणु ॥
आत्मानं बहुधा कृत्वा तान्येव प्रविचक्षते॥१॥

વસિષ્ઠે કહ્યું:-"હે જનક રાજા ! હવે બુદ્ધ તથા ગુણોના પ્રભાવવાળા અબુદ્ધના સંબંધમાં હું તને કહું છું, તે તું સાંભળ. આત્મા પોતાની માયાવડે (વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ, વિરાટ્, સૂત્રાત્મા અને અંતર્યામી રૂપ) ઘણાં સ્વરૂપો ધારણં કરીને પુનઃ તે સ્વરૂપોને પોતાનાં સત્યસ્વરૂપજ માને છે.[૧] વળી હે રાજા ! જીવાત્મા, "હું કર્તા છું, ભોક્તા છું" એવું મિથ્યા અભિમાન કરીને વિકાર પામે છે અને તેને લીધેજ પોતાના બુદ્ધબ્રહ્મસ્વરૂપને જાણી શકતો નથી; એટલુંજ નહિ પણ પ્રકૃતિના ગુણોને ઉલટો ધારણ કરે છે અને તેથી જગતની ઉત્પત્તિને તથા લયને તે કરે છે.[૨] હે રાજન્ ! જીવાત્મા આ સૃષ્ટિની અંદર ક્રીડા કરવામાટે નિરંતર અનેક સ્વરૂપે વિકાર પામે છે અને (હું મને જાણતો નથી) આવા પ્રકારના સ્વાશ્રિત અજ્ઞાનને તે જાણે છે, માટે તેને બુધ્યમાન કહે છે.[૩] હે તાત ! ગુણયુક્ત પ્રકૃતિ નિર્ગુણ પરબ્રહ્મને કદી પણ જાણી શકતી નથી. આવા હેતુથીજ વિદ્વાનો તેને 'જડ' કહે છે.[૪] જો કદાચ પ્રકૃતિ, કોઇને જાણી શકતી હોય તો માત્ર પચીસમા જીવાત્માનેજ જાણી શકે છે; (નહિ કે સંગરહિત એવા છવ્વીસમા પરબ્રહ્મને જાણી શકે છે !) કેમકે બુધ્યમાન પચીસમો ચિદાભાસજ પુણ્ય, પાપ, સુખ, દુઃખ-આદિનો સંગી છે. (અને જે સંગી હોય તેનેજ પ્રકૃતિ જાણી શકે છે.) આવા હેતુથીજ બુધ્યમાન પચીસમો પદાર્થ જો કે અસ્ફુટ છે અને અવિકારી છે, તોપણ (પ્રકૃતિનો સંગી હોવાથી) તેને મૂઢ કહેવામાં આવે છે, એમ અમે સાંભળ્યું છે.[૫] વળી પચીસમા મહાત્મા જીવને;

અવ્યક્ત–પ્રકૃતિનું જ્ઞાન હોય છે, તેથીજ તેને બુધ્યમાન કહેવામાં આવે છે તોપણ તે જીવાત્માને છવ્વીસમા શુદ્ધસ્વરૂપનું જ્ઞાન તો હોતુંજ નથી;[૬] અને છવ્વીસમું બુદ્ધતત્ત્વ જે અત્યંત નિર્મળ છે, પ્રમાણોથી પર છે અને સનાતન છે,તેને તો પચીસમા બુધ્યમાનનું તથા ચોવીસમા અવ્યક્ત (પ્રકૃતિ)નું–બન્નેનું સદાકાળ જ્ઞાન હોય છે.[×][૭] હે મહાતેજસ્વી રાજા! જે તત્ત્વ કાર્ય અને કારણરૂપ સર્વ પદાર્થોમાં પોતાની સત્તામાત્રથી રહેલું છે તેજ તત્ત્વ, છવ્વીસમું બુદ્ધતત્ત્વ છે; અને હે તાત! તે શુદ્ધતત્ત્વ જો કે અવ્યક્ત છે–અસ્ફુટ છે, તોપણ વિદ્વાનો તેને પરબ્રહ્મતરીકે જાણી શકે છે–ઓળખી શકે છે.[૮] પચીસમો જીવાત્મા જ્યારે માને છે કે, 'હું કોઈ જૂદોજ છું', હું અમુકનો પુંત્ર છું, બ્રાહ્મણ છું, ભણેલો ગણેલો છુ" ત્યારે માત્ર પ્રકૃતિનેજ જોઈ શકે છે–પ્રકૃતિમાંજ લીન થઈ રહે છે, પણ છવ્વીસમા શુદ્ધ પરમાત્માને જોઇ શકતો નથી;[૯] પરંતુ જ્યારે તે જીવાત્મા પોતાના શુદ્ધસ્વરૂપ તરફ દૃષ્ટિ કરે છે અને શુદ્ધ બ્રહ્મસંબંધી નિર્મળ પરમ વિદ્યાને સંપાદન કરે છે, ત્યારે તે વિદ્યાદ્વારા પ્રકૃતિનો પરાજય કરીને અદ્વૈતરૂપપરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે.[૧૦] હે રાજસિંહ! એ પ્રમાણે પચીસમો બુધ્યમાન-જીવાત્મા છવ્વીસમા બુદ્ધસ્વરૂપનો જ્યારે સાક્ષાત્કાર કરે છે, ત્યારે ઉત્પત્તિ અને પ્રલયના ધર્મવાળી પ્રકૃતિનો તે ત્યાગ કરે છે અને પોતે નિર્ગુણ (સત્વાદિગુણોથી રહિત) થઇને જાણી શકે છે કે, સત્વાદિ ગુણોવાળી પ્રકૃતિ કેવળ જડ છે, તેમજ પ્રકૃતિને પોતાનાથી ભિન્ન જોઈને કેવળ અદ્વૈતસ્વરૂપજ થઈ રહે છે.[૧૧,૧૨] જીવાત્મા કેવળ શુદ્ધસ્વરૂપનો સમાગમ કરીનેજ પોતે શુદ્ધસ્વરૂપને પામી શકે છે અને તે તત્ત્વનેજ વિદ્વાનો શુદ્ધસ્વરૂપ કહે છે, કે જે તત્ત્વ નિત્ય અપરોક્ષ છે અને જરામૃત્યુથી રહિત છે.[૧૩] હે માન આપનારા રાજા! પરમાત્મા દૃશ્ય એવાં શરીરાદિ તત્ત્વોનો (જીવરૂપે) આશ્રય કરે છે, તેથીજ તે પોતે કોઇ જાતનું તત્ત્વ નથી, છતાં તત્ત્વના જેવા દેખાય છે;અને તે હેતુથીજ બુદ્ધિમાન પુરુષો વસ્તુતઃ પચીસ તત્ત્વો કહે છે.[૧૪] હે તાત! ખરી રીતે આ જીવાત્મા મહત્તત્ત્વ આદિ કોઇપણ તત્વથી યુક્ત નથીજ અને તેથીજ તેને જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે સર્વતત્ત્વોથી રહિત થઇને ("अहं ब्रह्मास्मि" આવી વૃત્તિરૂપ) બુદ્ધના લક્ષણનો પણ તે ત્યાગ કરી દે છે.[૧૫] જ્ઞાની પુરુષ જ્યારે આવા પ્રકારનુંજ ચિંતન કરે છે કે, "હું અજરામર એવા છવ્વીસમા પરમાત્મારૂપજ છું" ત્યારે કેવળ પોતાના સામર્થ્યને લીધેજ તે પરમાત્માની સમાનતાને પામે છે, એમાં સંશય નથી.[૧૬] પણ જીવાત્મા, પ્રકાશમય એવા પોતાના જે સ્વરૂપવડે પચીસે તત્વોને સારી રીતે જાણી શકાય છે તે સ્વરૂપને પોતે જાણતો નથી તેજ તેનું અજ્ઞાન છે અને તે અજ્ઞાનને લીધેજ આ અનેક સ્વરૂપવાળો પ્રપંચ તેના જોવામાં આવે છે, એમ સાંખ્યશાસ્ત્રમાં કહ્યું છે;[૧૭] પરંતુ જ્યારે ચેતનયુક્ત પચીસમો જીવાત્મા માત્ર બુદ્ધિથી પણ અહંભાવને જાણતો નથી–અર્થાત ગાઢ નિદ્રાની પેઠે બુદ્ધિની સર્વ વૃત્તિઓનો જ્યારે નિરોધ કરે છે,ત્યારેજ છવ્વીસમા શુદ્ધ તત્ત્વરૂપે થઇ શકે છે.[૧૮] હે મિથિલાના રાજા! પ્રકૃતિનો સંગ કરવાનોજ જેનો ધર્મ થઈ રહ્યો છે, એવો જીવાત્મા વાણી અને મનથી અજ્ઞાત એવા છવ્વીસમા તત્ત્વની સાથે (જ્ઞાનદ્વારા) જ્યારે સમાનતાને પામે છે, ત્યારેજ પુણ્યપાપ–આદિના સંગથી રહિત થાય છે;[૧૯] એટલુંજ નહિ પણ વ્યાપક એવો, જીવાત્મા કેવળ નિઃસંગસ્વરૂપ એવા છવ્વીસમા

[×] કહેવાનો ભાવ એ છે કે, પ્રકૃતિને નિર્ગુણ પરમાત્માનું જ્ઞાન હોતું નથી; પણ સગુણ જીવાત્માનું જ્ઞાન હોય તેવો સંભવ છે. જીવાત્માને પ્રકૃતિનું જ્ઞાન હોય છે અને તેથીજ તે બુદ્ધિમાન કહેવાય છે. પણ નિર્ગુણ પરમાત્માનું તેને પણ જ્ઞાન હોતું નથી; કેમકે પ્રકૃતિના ગુણોનો તે સંગી છે. પરંતુ પરમાત્માને તો પ્રકૃતિનું તથા જીવનું–બન્નેનું જ્ઞાન હોય છે કેમકે, તે સર્વના અધિષ્ઠાતા છે.

અજન્મા પ્રભુને શરણે જાય છે અને તેમનો જ્યારે સાક્ષાત્કાર કરે છે, ત્યારેજ પ્રકૃતિનો ત્યાગ કરી શકે છે.[૨૦] હે નિર્દોષ રાજા ! છવ્વીસમા પરમાત્માનું જ્યારે જ્ઞાન થાય છે ત્યારે ચોવીસમું અવ્યક્તતત્ત્વ (પ્રકૃતિ) કેવળ નિઃસાર થઈ પડે છે-અર્થાત પરમાત્માનો સાક્ષાત્કાર થતાંજ પ્રકૃતિનો એકદમ લય થઇ જાય છે. એ પ્રમાણે ક્ષર પ્રકૃતિ, અક્ષર જીવાત્મા અને અક્ષર પરમાત્મા-એ ત્રણેનાં સ્વરૂપો, વેદમાં કહ્યાપ્રમાણેજ યથાર્થ રીતે મેં તને કહ્યાં છે. હવે, જીવાત્મા અને ચોવીસ તત્ત્વોનું પરસ્પર એકપણું કેવી રીતે છે અને ભિન્નપણું કેવી રીતે છે, એના સંબંધમાં આવાં શાસ્ત્રીય દૃષ્ટાંતો ઉપરથી સમજી લેવું.[૨૧,૨૨] જેમકે, ઉંબરાનું ફળ અને તેમાં રહેલા મચ્છરો પરસ્પર જાણે એકતાને પામ્યાં હોય તેમ જણાય છે, છતાં તેઓ પરસ્પરથી ભિન્ન છે, તેમજ જળ અને જળમાં રહેલાં માછલાં પરસ્પર જાણે એક હોય તેમ દેખાય છે, છતાં તેઓ અન્યોન્યથી ભિન્ન છે,તે પ્રમાણેજ પુરુષ અને પ્રકૃતિ, અન્યોન્યની સાથે એકતાને પામ્યાં છે, છતાં અન્યોન્યથી ભિન્ન છે.[૨૩] આ રીતે પુરુષ અને પ્રકૃતિને અન્યોન્ય સાથે એકતા કેવી રીતે થાય છે અને અન્યોન્યથી ભિન્નતા કેવી રીતે થાય છે, એ વિષયને આત્મજ્ઞાનપૂર્વક જાણવો, તેનું નામજ મોક્ષ કહેવાય છે.[૨૪] આવા આશયથીજ સાંખ્યવેત્તાઓ કહે છે કે, પચીસમો જીવાત્મા, જે પ્રત્યેક શરીરોમાં રહેલો છે, તેને સ્વરૂપજ્ઞાન સંપાદન કરાવીને અજ્ઞાન અને તેના કાર્યરૂપ મહત્તત્ત્વાદિ ગુણોથી અવશ્ય છોડાવવો જોઇએ;[૨૫] કેમકે એમ કરવાથીજ આ જીવાત્માની મુક્તિ થઈ શકે તેમ છે, નહિ તો કોઇ રીતે તેની મુક્તિ થાય તેમ નથી, એ વાત નક્કી છે. ચિદાત્મા દેહ અને દેહના ધર્મથી ભિન્ન છે, તોપણ દેહની સાથે એકીભાવને પામીને જાણે દેહના ધર્મવાળો હોય તેવો જણાય છે.[૨૬] હે મહાપુરુષ ! તે ચિદાત્મા જ્યારે કોઈ શુદ્ધ પદાર્થની સાથે એકીભાવને પામે છે, ત્યારે શુદ્ધ ધર્મવાળો જણાય છે; કોઇ બુદ્ધિમાનનો સંગ કરે છે, ત્યારે બુદ્ધિમાન જણાય છે; કોઈ મુક્ત પુરુષનો સમાગમ કરે છે, ત્યારે મુક્ત ધર્મવાળો જણાય છે; કોઇ વિયોગધર્મવાળાની સાથે સમાગમ કરે છે, ત્યારે વિયોગીસ્વરૂપ જણાય છે; કોઇ મોક્ષગામીનો સંગ કરે છે, ત્યારે મોક્ષગામી દેખાય છે; કોઈ પવિત્ર કર્મ કરનારાનો સંગ કરે છે, ત્યારે પવિત્ર દેખાય છે; કોઇ મહાતેજસ્વીનો સમાગમ કરે છે તો મહાતેજસ્વી દેખાય છે;કોઈ નિર્મળ ચિત્તવાળાનો સમાગમ કરે છે ત્યારે નિર્મળ ચિત્તવાળો જણાય છે; કેવલાત્માનો સંગ કરે છે, ત્યારે કેવલાત્મા જણાય છે અને કોઇ સ્વતંત્રનો સમાગમ કરે છે, ત્યારે સ્વતંત્ર જણાય છે.[૨૭-૩૦]

એ પ્રમાણે હે મહારાજા ! સનાતન, આદ્ય અને પવિત્ર એવા પરબ્રહ્મના સંબંધમાં જે કંઈ સત્યમાં સત્ય જ્ઞાન છે,તે સર્વ મેં તને કહ્યું છે; માટે ઈર્ષ્યાબુદ્ધિનો ત્યાગ કરીને આ જ્ઞાનને તમે અનુસરો.[૩૧] હે રાજન્! આ ઉત્તમજ્ઞાન, વેદોક્ત કર્મ કરવામાં નિષ્ઠા રાખનાર કર્મઠ પુરુષને તારે આપવું નહિ, પણ જે પુરુષને જ્ઞાન મેળવવાની અત્યંત તૃષ્ણા હોય અને જે પુરુષ નમ્ર સ્વભાવનો હોય તેવા મુમુક્ષુ પુરુષને બ્રહ્મસંબંધી બોધના કારણરૂપ એવું આ ઉત્તમ જ્ઞાન અર્પણ કરવું;[૩૨] તેમજ જે પુરુષ અસત્ય ભાષણ કરનારો હોય,શઠ હોય, નપુંસક હોય, કુટિલબુદ્ધિનો હોય અને પોતાની પંડિતાઇ બતાવીને બીજાને દુઃખ દેનારો હોય, તે પુરુષને આ પરમ જ્ઞાન આપવું નહિ. હવે કેવા પુરુષને આ જ્ઞાન આપવું,તે વિષે હું તને કહું છું, સાંભળ.[૩૩] જે પુરુષ શ્રદ્ધાળુ હોય, ગુણવાન હોય, બીજાની નિંદા કરવામાં પરાયણ રહેતો ન હોય, શુદ્ધ કર્મ કરનારો હોય, વિદ્વાન હોય, નિત્ય ક્રિયાનિષ્ઠ હોય, ક્ષમાશીલ હોય, પારકું હિત કરનારો હોય, શુદ્ધ ચારિત્ર્યવાળો હોય, વેદોક્ત આજ્ઞાઓપર પ્રીતિ રાખનારો હોય, વાદવિવાદનો ત્યાગ કરનારો હોય,સંપૂર્ણ વિદ્યાવાન હોય, વિશેષ જાણનારો હોય, ક્ષમાગુણને ધારણ કર-

નારો હોય, શમ તથા દમનું પાલન કરનારો હોય અને શક્તિમાન હોય, તેવા પુરુષનેજ આ પરમ જ્ઞાન અર્પણ કરવું;[૩૪,૩૫] પરંતુ જે પુરુષ મેં કહેલા એ ગુણોથી રહિત હોય, તેવાને આ જ્ઞાન આપવું નહિ; કેમકે આ શુદ્ધજ્ઞાન પરબ્રહ્મરૂપજ છે, એમ વિદ્વાનો કહે છે. વળી કુપાત્રને આવું પરમજ્ઞાન અર્પણ કરવાથી જ્ઞાનદાતા પુરુષનું કંઇ કલ્યાણ પણ થતું નથી.[૩૬] હે નરેન્દ્ર! કોઈ વ્રતભ્રષ્ટ પુરુષ આ જ્ઞાનના બદલામાં રત્નથી ભરેલી આખી પૃથ્વી અર્પણ કરવા તૈયાર થાય, તોપણ તે પુરુષને આ બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપવો નહિ; પરંતુ જે પુરુષ જિતેન્દ્રિય હોય તેને અવશ્ય આ જ્ઞાનનો ઉપદેશ આપવો.[૩૭] હે કરાલજનક! તારે હવે લેશમાત્ર ભય રાખવાનું કારણ નથી; કેમકે તેં પરમ પવિત્ર, શોકરહિત અને આદિ, મધ્ય તથા અંતવિનાનું ઉત્તમ બ્રહ્મજ્ઞાન આજે મારી પાસેથી બરાબર રીતે સાંભળ્યું છે.[૩૮] હે રાજન્! આ સર્વ જ્ઞાનના તત્ત્વરૂપ વસ્તુને જાણીને તું જન્મથી મુક્ત કરનારા, મરણધર્મથી છોડાવનારા, સર્વ દોષોથી મુક્ત અને મંગલસ્વરૂપ એવા નિર્ભય બ્રહ્મનો આજેજ સાક્ષાત્કાર કર અને મોહનો ત્યાગ કર.[૩૯] હે રાજા! જેમ તેં આજે મને પ્રસન્ન કરીને આ સનાતન બ્રહ્મજ્ઞાન સંપાદન કર્યું છે, તેમ મેં પણ ઉદાર ચિત્તવાળા ભગવાન બ્રહ્મદેવને યત્નપૂર્વક પ્રસન્ન કરીને તે સનાતન દેવની પાસેથી આ બ્રહ્મજ્ઞાન સંપાદન કર્યું છે.[૪૦] હે નરેન્દ્ર! તેં મને જે પ્રમાણે પ્રશ્ન પૂછ્યા હતા, તેના સર્વ ઉત્તર મેં તને આપ્યા છે. વળી તે ઉપરાંત, મોક્ષવેત્તાઓને પરમ આશ્રય કરવા યોગ્ય એવું આ મહાજ્ઞાન, કે જે બ્રહ્મદેવ પાસેથી મને પ્રાપ્ત થયું છે, તે પણ મેં તને કહ્યું."[૪૧]

ભીષ્મે કહ્યું:-હે મહારાજા યુધિષ્ઠિર! મહર્ષિ વસિષ્ઠના સંવાદને કહી બતાવીને મેં તમને પરબ્રહ્મનું જ્ઞાન ઉપદેશેલું છે. આ જ્ઞાનનો આશ્રય કરવાથી પચીસમા જીવાત્માને પુનર્જન્મ રહેતો નથી.[૪૨] જીવાત્મા પરમ જ્ઞાન સંપાદન કરીને પણ જરામૃત્યુરહિત પરમાત્માને જો યથાર્થ રીતે જાણી શકતો નથી, તો પુનર્જન્મને પામે છે.[૪૩] હે તાત! પરમ કલ્યાણકારક આ ઉત્તમ જ્ઞાન દેવર્ષિ નારદ પાસેથી યથાર્થ રીતે સાંભળીનેજ મેં તમને કહ્યું છે.[૪૪] મહાત્મા વસિષ્ઠ ઋષિએ આ પરમ જ્ઞાન બ્રહ્મદેવ પાસેથી પ્રાપ્ત કર્યું હતું, મહર્ષિ વસિષ્ઠ પાસેથી નારદે સંપાદન કર્યું હતું, નારદ પાસેથી આ સનાતન જ્ઞાન મેં જાણ્યું હતું અને મારી પાસેથી હમણાં તમે જાણ્યું છે. હે કૌરવ રાજા! આ પરમ જ્ઞાનનું શ્રવણ કરીને હવે તમારે શોક કરવો નહિ;[૪૫,૪૬] કેમકે હે રાજા! જે પુરુષે ક્ષર તથા અક્ષરનું જ્ઞાન સંપાદન કર્યું છે, તે પુરુષને ભય રહેતોજ નથી; પણ જે પુરુષ ક્ષર તથા અક્ષરને જાણતો નથી, તેનેજ (સંસારનો) ભય રહે છે.[૪૭] મૂઢાત્મા પુરુષ ક્ષર તથા અક્ષરના અજ્ઞાનને લીધેજ વારંવાર જન્મમરણને પામ્યા કરે છે અને પ્રત્યેક જન્મની અંતે મરણ પામીને પુનઃ મરણરૂપ પરિણામવાળા હજારો જન્મોને પામ્યા કરે છે.[૪૮] વળી તે અજ્ઞાની પુરુષને દેવલોક, પશુપક્ષી અને મનુષ્યજાતિમાં પણ અવતરવું પડે છે અને કાળે કરીને જ્યારે શુદ્ધ થાય છે, ત્યારેજ અજ્ઞાનસમુદ્રમાંથી તે બહાર નીકળે છે.[૪૯] હે ભારત! વિદ્વાનો કહે છે કે, અજ્ઞાનરૂપી મહાસાગર મહાભયંકર છે, જાણ્યો જણાય નહિ તેવો છે અને ઘણોજ અગાધ છે; કેમકે તે મહાસાગરમાં પ્રતિદિન અનેક પ્રાણીઓ ડૂબી મરે છે.[૫૦] હે રાજા! તમે અત્યંત અગાધ, જાણવાને અશક્ય અને સનાતન એવા તે મહાસમુદ્રને તરી ગયા છો, તેથી ખરેખર તમે રજોગુણ અને તમોગુણથી મુક્ત થયા છો.[૫૧]

ઇતિશ્રી૦ મહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "વસિષ્ઠ અને કરાલજનકના સંવાદની સમાપ્તિ" એ વિષયનો અ૦ ૩૦૮ મો સમાપ્ત.

* * *

અધ્યાય ૩૦૯ મો

વસુમાન અને ભૃગુવંશી ઋષિનો સંવાદ–શ્રેયઃસાધન

॥ भीष्म उवाच ॥

मृगयां विचरन् कश्चिद्विजने जनकात्मजः ॥
वने ददर्श विप्रेन्द्रमृषिं वंशधरं भृगोः ॥१॥

ભીષ્મે કહ્યું:–"હે યુધિષ્ઠિર! પૂર્વે વસુમાન નામનો એક જનકવંશી રાજા, નિર્જન અરણ્યમાં મૃગયા કરવા નીકળ્યો હતો. તેણે અરણ્યમાં ફરતાં ફરતાં ભૃગુવંશના એક ઉત્તમ બ્રહ્મર્ષિને ત્યાં બેઠેલા જોયા.[૧] રાજા વસુમાન તુરતજ તેમની સમીપમાં ગયો અને મસ્તકથી પ્રણામ કરીને તેમની સમીપમાં બેઠો. પછી ઋષિએ જ્યારે પ્રેરણા કરી, ત્યારે તેમની અનુમતિ લઇને આ પ્રમાણે પૂછવા લાગ્યો:–"હે ભગવન્! આ મનુષ્યદેહ ક્ષણભંગુર છે, છતાં પુરુષ તેનાપરની મમતાને વશ થઇ રહે છે; તોપછી તેવા પુરુષનું આ લોકમાં તથા પરલોકમાં શું કરવાથી કલ્યાણ થાય?" રાજાએ એ પ્રમાણે સત્કારપૂર્વક પ્રશ્ન કર્યો એટલે મહાતપસ્વી તે મહાત્માએ આવું શ્રેયસ્કર વચન કહેવા માંડ્યું."[૨–૪]

ઋષિએ કહ્યું:–"ઓ રાજા! આ લોકમાં તથા પરલોકમાં તારા મનને અનુકૂલ સુખ ભોગવવાની જો તને ઇચ્છા હોય, તો ઇંદ્રિયોને નિયમમાં રાખીને પ્રાણીઓનું અપ્રિય કરતાં તું અટક.[૫] હે તાત! ધર્મજ સત્પુરુષોને હિતકારક છે, સત્પુરુષોનો આશ્રય પણ ધર્મજ છે અને ધર્મને લીધેજ સ્થાવરજંગમસહિત ત્રણે લોક પ્રવૃત્તિ કરી રહ્યા છે.[૬] ઓ સ્વાદિષ્ટ પદાર્થોની કામના રાખનારા દુર્બુદ્ધિ! તું તૃષ્ણારહિત કેમ થતો નથી? તું (વિષયોરૂપી) મધને જુએ છે પણ તેને લેવા જતાં (નરકરૂપી) ખીણમાં પછડાઇ પડીશ, તે જોતો નથી.[૭] જે પુરુષને જ્ઞાનનું ફળ મેળવવાની ઇચ્છા હોય, તેણે જેમ જ્ઞાનનોજ પરિચય કરવો જોઇએ, તેમ જે પુરુષને ધર્મનું ફળ મેળવવાની ઇચ્છા હોય તેણે ધર્મનોજ પરિચય કરવો જોઇએ.[૮] ધર્મની ઇચ્છા રાખનારા દુષ્ટ પુરુષને શુદ્ધ કર્મ (સહેલું હોય તોપણ) ઘણુંજ દુષ્કર થઇ પડે છે, પણ ધર્મની ઇચ્છા રાખનારા સત્પુરુષને શુદ્ધકર્મ (ઘણુંજ કઠિન હોય તોપણ) અત્યંત સહેલું થઇ પડે છે.[૯] કોઇએક પુરુષ વનમાં રહેતો હોય પણ ત્યાં રહીને વિષયોના ગ્રામ્ય સુખનું સેવન કરતો હોય, તો તે પુરુષ ગ્રામવાસીજ ગણાય છે અને કોઈ એક પુરુષ ગ્રામમાં રહેતો હોય છતાં ત્યાં રહીને વનવાસી યતિના જેવું આચરણ કરતો હોય, તો તે પુરુષ વનવાસીજ ગણાય છે;[૧૦] માટે હે રાજા! તું નિવૃત્તિમાં તથા પ્રવૃત્તિમાં ગુણ અવગુણનો વિચાર કર અને પછી સાવધાન થઇને મન, વચન તથા કાયાના ધર્મ ઉપર શ્રદ્ધા રાખ.[૧૧] પ્રત્યેક પુરુષે નિત્ય અદેખાઇનો ત્યાગ કરીને સત્પુરુષોને દાન આપવું; પરંતુ તે દાન દેશ અને કાળને અનુસરતું હોવું જોઇએ, સત્કારપૂર્વક હોવું જોઇએ, વ્રત અને શૌચવડે યુક્ત હોવું જોઇએ અને જેને દાન આપવાનું હોય તેની ઇચ્છાનુસાર હોવું જોઇએ.[૧૨] પોતે જે દ્રવ્ય ન્યાયપૂર્વક મેળવ્યું હોય, તેનુંજ સુપાત્રને દાન કરવું અને દાન કરતી વેળા ક્રોધનો તથા સંતાપનો ત્યાગ કરવો; તેમજ દાન આપ્યા પછી તે નિમિત્તે ફુલાવું નહિ.[૧૩] જે બ્રાહ્મણ ક્રૂર ન હોય, પવિત્ર હોય, દમગુણને ધારણ કરનારો હોય, સત્ય વાણી બોલનારો હોય, સરળ હોય, યોનિશુદ્ધ હોય, કર્મથી શુદ્ધ હોય અને વેદને ભણેલો હોય–તે બ્રાહ્મણજ દાન આપવાનું પાત્ર ગણાય છે.[૧૪] જે સ્ત્રી પતિના સત્કારને પામેલી હોય અને એકનીજ પત્ની હોય (અર્થાત વ્યભિચારિણી ન હોય) તેવી સ્ત્રીજ યોનિશુદ્ધ પુત્રને ઉત્પન્ન કરનારી મનાય છે અને તેવી પતિવ્રતા સ્ત્રીથી ઉત્પન્ન થયેલો પુત્ર ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદમાં પારંગત થાય છે, વિદ્વાન થાય છે તેમજ (યજન-યાજન, અધ્યયન–અધ્યાપન, દાન અને પ્રતિગ્રહ –એ) છ કર્મો કરવામાં તત્પર રહે છે; માટે તે પુરુષ પાત્ર કહેવાય છે. (અને તેવા પાત્રનેજ દાન આપવું; કેમકે)[૧૫] દેશ, કાળ અને પાત્ર–એ ત્રણે–

ની યોગ્યતા-અયોગ્યતા પ્રમાણેજ દાતા પુરુષને ધર્મ તથા અધર્મની પ્રાપ્તિ થાય છે-અર્થાત દેશ, કાળ અને પાત્ર જો યોગ્ય હોય છે, તો દાન આપનાર પુરુષને ધર્મપ્રાપ્તિ થાય છે, પણ દેશ, કાળ અને પાત્ર જો દુષ્ટ હોય છે તો દાન આપનાર પુરુષને અધર્મજ ભોગવવો પડે છે.[16] જેમ શરીર ઉપરના થોડા મેલને પુરુષ ઘણી સહેલાઈથી દૂર કરી શકે છે પણ અત્યંત ઘટ્ટ બની ગયેલા પુષ્કળ મેલને દૂર કરવામાં ઘણોજ પરિશ્રમ કરવો પડે છે, તેમ અલ્પ પ્રમાણમાં થયેલા પાપને સહેલાઈથી દૂર કરી શકાય છે, પણ પુષ્કળ પ્રમાણમાં વધી પડેલા પાપને દૂર કરવામાં અત્યંત પરિશ્રમ કરવો પડે છે.[17] જેમ કોઇ એક પુરુષે રેચ લીધો હોય તો તેને રેચ લાગી રહ્યા પછી તુરતજ ઘૃતનું પાન કરાવ્યું હોય, તો ઉત્તમ ઔષધરૂપ થઇ પડે છે, તેમ પાપોથી મુક્ત થયેલો પુરુષ જો ધર્માચરણ કરે છે તો મરણ પછી પરલોકમાં ઘણોજ સુખી થાય છે.[18] પ્રાણીમાત્રનું મનજ પાપ તથા પુણ્યને ઉત્પન્ન કરનારૂં થઈ પડે છે. માટે પ્રત્યેક પ્રાણીએ પોતાના મનને અશુભ વિષયોથી આકર્ષી લઈને શુભ વિષયોમાંજ સ્થિર કરવું.[19] સર્વ મનુષ્યો સર્વ સ્થાનમાં સર્વ પ્રકારનાં કર્મો કરે છે, તે સર્વને જોઇને તારે તેઓની નિંદા ન કરવી પણ પૂજા કરવી-તેઓના તરફ આદરભાવ રાખવો. તને તારા જે સ્વધર્મમાં પ્રીતિ હોય, તેનું તું ઈચ્છાનુસાર પાલન કર.[20] હે ધૈર્યભ્રષ્ટ રાજા! તું ધૈર્ય ધારણ કરવામાં સ્થિર થજે. ઓ દુર્બુદ્ધિ રાજા! તું બુદ્ધિમાન થજે, ઓ શાંતિરહિત રાજા! તું શાંતિનિષ્ઠ થજે અને ઓ મૂર્ખ રાજા! તું ડાહ્યા પુરુષની પેઠે સંસારમાં વિચરજે.[21] મનુષ્ય પોતાના તેજને પોતાનું સહચર બનાવીને હરકોઈ ઉપાય મેળવી શકે છે અને આ લોકમાં તથા પરલોકમાં જે કંઇ શ્રેય પ્રાપ્ત થાય છે, તેનું મૂળકારણ ઉત્તમ ધૈર્યજ છે;[22] કેમકે મહાભિષ નામનો એક રાજર્ષિ ધૈર્યથી ભ્રષ્ટ થયો હતો, જેથી સ્વર્ગમાંથી પૃથ્વીપર પડ્યો હતો અને રાજા યયાતિ પુણ્યહીન થઈ ગયો હતો, છતાં ધૈર્યના પ્રભાવથી ઉત્તમ દિવ્ય લોકને પામ્યો હતો.[23] હે રાજા! તું ધર્મનિષ્ઠ તપસ્વીઓનું તથા વિદ્વાનોનું નિત્ય સેવન કર, જેથી ઉત્તમ બુદ્ધિને તથા શ્રેયને તું સંપાદન કરીશ."[24]

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિર! મુનિનું એ ભાષણ સાંભળીને રાજા વસુમાન, જે ઉત્તમ સ્વભાવનો હતો, તેણે વિષયવાસના તરફથી મનને પાછું વાળી લઈને ધર્મ કરવાનોજ દઢ નિશ્ચય કર્યો.[25]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"જનકાનુશાસન" એ વિષયનો
અધ્યાય ૩૦૯ મો સમાપ્ત.

અધ્યાય ૩૧૦ મો

યાજ્ઞવલ્કયગીતા-નવ પ્રકારની સૃષ્ટિ

॥ युधिष्ठिर उवाच ॥

धर्माधर्मविमुक्तं यद्विमुक्तं सर्वसंशयात् ॥
जन्ममृत्युविमुक्तं च विमुक्तंपुण्यपापयोः॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-હે પિતામહ! જે તત્ત્વ ધર્મ તથા અધર્મથી મુક્ત છે, સર્વ સંશયોથી રહિત છે, જન્મ તથા મૃત્યુથી મુક્ત છે, પુણ્ય અને પાપથી રહિત છે, મંગલસ્વરૂપ છે, સર્વદા ભયથી રહિત છે, સર્વદા અવિનાશી છે, હ્રાસથી રહિત છે, વિકારોથી મુક્ત છે, પવિત્ર છે અને નિત્ય ઉપાધિનો સંબંધ હોવા છતાં કૂટસ્થ ભાવથી યુક્ત છે, તે પરમતત્ત્વનું વર્ણન કરવા માટે તમે યોગ્ય છો.[1,2]

ભીષ્મે કહ્યું:-હે ભારત! આના સંબંધમાં એક પ્રાચીન ઇતિહાસ હું તમને કહું છું તે ઇતિહાસમાં યાજ્ઞવલ્કય તથા જનક રાજાનો સંવાદ વર્ણવેલો છે.[3] પૂર્વે દેવરાતના પુત્ર મહાયશસ્વી જનક રાજાએ ઋષિઓમાં શ્રેષ્ઠ અને પ્રશ્નવેત્તાઓમાં ઉત્તમ એવા યાજ્ઞવલ્કયઋષિને આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો હતો.[4] જનકે પૂછ્યું:-"હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! ઇંદ્રિયો કેટલી છે? પ્રકૃતિઓ કેટલી છે? કારણબ્રહ્મ શું છે? એ કારણબ્રહ્મથી પર કઈ વસ્તુ છે? જગતની ઉત્પત્તિ અને પ્રલય

કેવી રીતે થાય છે? કાળની સંખ્યા કેટલી છે? એ સર્વના સંબંધમાં તમે મને કહો. હું તમારો અનુગ્રહ મેળવવાની ઇચ્છા રાખું છું અને અજ્ઞાનને લીધે તમને પ્રશ્ન પૂછું છું. વળી તમે જ્ઞાનના એક ભંડારરૂપ છો, માટે તમારી પાસેથી એ સર્વ વિષયનું નિઃસંશયપણે શ્રવણ કરવાની મને ઇચ્છા છે." ૫–૭

યાજ્ઞવલ્કયે કહ્યું:–હે રાજા! તેં મને પ્રશ્ન પૂછ્યા છે, માટે તેના ઉત્તરમાં યોગીઓનું તથા સાંખ્યવેત્તાઓનું જે પરમજ્ઞાન કહેવાય છે, તેનું હું ખાસ વર્ણન કરૂં છું. તું સાંભળ.[૮] જો કે, તારાથી કંઇપણ અજાણ્યું નથી, છતાં કંઇ વિશેષ જાણવાની ઇચ્છાથી તું પ્રશ્ન કરે છે, માટે "પૂછનારને અવશ્ય ઉત્તર આપવો જોઇએ" એ સનાતન ધર્મને અનુસરી હું તારા પ્રશ્નનો ઉત્તર આપું છું.[૯] અધ્યાત્મનું ચિંતન કરનારા વિદ્વાનો કહે છે કે, પ્રકૃતિઓ આઠ છે અને વિકારો સોળ છે. (અર્થાત્ આઠ પ્રકૃતિ અને સોળ વિકાર–એમ કુલ મળી ચોવીસ તત્ત્વો છે.)[૧૦] તેમાં અવ્યક્ત, મહત્તત્ત્વ, અહંકાર, પૃથ્વી, વાયુ, આકાશ, જળ અને તેજ–આ આઠે તત્ત્વોને પ્રકૃતિ કહેવામાં આવે છે અને શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જીહ્વા, ઘ્રાણ, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, વાણી, હાથ, પાદ, ગુદા, લિંગ અને મન–આ સોળે તત્ત્વોને તું અને બીજા સૂક્ષ્મ બુદ્ધિવાળા કુશલ વિદ્વાનો 'વિકાર' કહે છે. તેમાંથી શ્રોત્રાદિ પાંચ જ્ઞાનેંદ્રિયો અને મન એ છ સિવાયના બાકીના દશ વિકારોને 'વિશેષ' કહેવામાં આવે છે; (કારણ કે તેમાંથી બીજા વિકારો ઉત્પન્ન થતા નથી) પણ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન એ છ વિકારોને વિશેષ કહેવામાં આવતા નથી. (કેમકે તેમાંથી બીજા વિકારો ઉત્પન્ન થાય છે.)[૧૧–૧૫]

હે રાજા! પ્રથમ સૃષ્ટિના આરંભસમયે અવ્યક્તમાંથી મહત્તત્ત્વ ઉત્પન્ન થાય છે. તેને વિદ્વાનો પહેલો 'પ્રધાનસર્ગ' કહે છે.[૧૬] મહતત્ત્વમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે, તેને વિદ્વાનો બીજો 'બુદ્ધિસર્ગ' કહે છે.[૧૭] અહંકારમાંથી આકાશાદિના ગુણોવાળું મન ઉત્પન્ન થાય છે, તેને ત્રીજો 'અહંકારસર્ગ' કહેવામાં આવે છે.[૧૮] મનથી પાંચ મહાભૂતો ઉત્પન્ન થાય છે, તેને ચોથો 'માનસસર્ગ' કહે છે[૧૯] પાંચમહાભૂતોમાંથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પાંચ ગુણો ઉત્પન્ન થાય છે, તેને પાંચમો 'ભૌતિકસર્ગ' કહે છે.[૨૦] શબ્દાદિ પાંચ ગુણોમાંથી શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જીહ્વા, અને ઘ્રાણ, એ પાંચ જ્ઞાનેંદ્રિયો ઉત્પન્ન થાય છે, તેને છઠ્ઠો 'બહુ ચિંતાત્મક' સર્ગ કહે છે;[૨૧] તેમજ હે રાજા! શ્રોત્રાદિક જ્ઞાનેન્દ્રિયો પછી પાંચ કર્મેન્દ્રિયો ઉત્પન્ન થાય છે તેને સાતમો 'ઇંદ્રિયસર્ગ' કહે છે.[૨૨] વળી એ ઇંદ્રિયસર્ગના પછી ઊર્ધ્વગતિ કરનારો પ્રાણવાયુ અને આડીઅવળી ગતિ કરનારા બીજા વાયુઓ ઉત્પન્ન થાય છે, તેને આઠમો 'આર્જવકસર્ગ' કહે છે[૨૩] અને હે રાજન્! તે સર્વ વાયુઓ કોઈ સમયે નીચેના ભાગમાં ગતિ કરે છે; અને જે વાયુ (અપાન) કેવળ નીચેના ભાગમાંજ ગતિ કરે છે તેને પણ વિદ્વાનો નવમો 'આર્જવકસર્ગજ' કહે છે.[૨૪] હે રાજા! એ પ્રમાણે નવ સર્ગો અને ચોવીસ તત્ત્વો વેદમાં કહ્યા પ્રમાણેજ મેં તને કહ્યાં.[૨૫] હવે, હે મહારાજા! એ ગુણોની મહાત્મા પુરુષોએ જે કાળસંખ્યા કહી છે, તે હું તને યથાર્થરીતે કહું છું; તું સાંભળ."[૨૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"યાજ્ઞવલ્કય અને જનકનો સંવાદ "એ
વિષયનો અધ્યાય ૩૧૦ મો સમાપ્ત.

અધ્યાય ૩૧૧ મો

યાજ્ઞવલ્કયગીતા–કાલગણના

॥ याज्ञवल्क्य उवाच ॥

अव्यक्तस्य नरश्रेष्ठ कालसंख्यां निबोध मे ॥
पंचकल्पसहस्राणि द्विगुणान्यहरुच्यते ॥१॥

યાજ્ઞવલ્કયે કહ્યું:– " હે મહાપુરુષ! હવે પ્રથમ અવ્યક્તની કાલસંખ્યા હું તને કહું છું. તેનું તું મારી પાસેથી શ્રવણ કર. દશહજાર કલ્પો જ્યારે પૂરા થાય છે, ત્યારે અવ્યકતનો એક દિ-

વસ થાય છે;[૧]* અને તેની રાત્રિ પણ તેટલાજ પ્રમાણની હોય છે. આ રીતે હે રાજા! તેનાં રાત્રિદિવસ જ્યારે પૂરાં થાય છે, ત્યારે તે જાગ્રત થાય છે અને તે સમયે પ્રાણીમાત્રના જીવનરૂપ ઔષધિનેજ (અન્નનેજ) પ્રથમ ઉત્પન્ન કરે છે.[૨] પછી તે, બ્રહ્મદેવને (મહત્તત્ત્વને) ઉત્પન્ન કરે છે, કે જેમનો જન્મ સુવર્ણના ઈંડાંમાંથી થયેલો છે. વળી અમે સાંભળ્યું છે કે, તે બ્રહ્મદેવ પ્રાણીમાત્રની એક મૂર્તિરૂપ છે.[૩] મહાન પ્રજાપતિ બ્રહ્મદેવ સુવર્ણના ઈંડામાં એક વર્ષપર્યંત રહીને બહાર નીકળ્યા અને તેમણે નીચેના ભાગમાં આખી પૃથ્વીને તથા ઉપરના ભાગમાં સ્વર્ગલોકને ઉત્પન્ન કર્યો.[૪] હે રાજન્! વેદમાં પણ કહ્યું છે કે, સ્વગ અને પૃથ્વી એ બન્ને ખંડનો જે મધ્યભાગ છે, તેને આકાશ કહેવામાં આવે છે. અને તે આકાશને પણ પ્રભુ બ્રહ્મદેવે રચ્યું છે.[૫] આ બ્રહ્મદેવની કાલસંખ્યા પણ વેદવેદાંગમાં પારંગત થયેલા વિદ્વાનોએ કહેલી છે કે, સાડાસાત હજાર કલ્પો વીતી જાય છે, એટલે ×બ્રહ્મદેવનો એક દિવસ થાય છે;[૬] તેમજ તેમની રાત્રિ પણ એટલાજ પ્રમાણની હોય છે, એમ અધ્યાત્મચિંતકો કહે છે. હે મહારાજા! મહર્ષિ બ્રહ્માએ પ્રથમ અહંકાર નામનું દિવ્યતત્ત્વ ઉત્પન્ન કર્યું અને બીજા ચાર પુત્રો (વ્યષ્ટિરૂપ મન, બુદ્ધ-ચિત્ત અને અહંકાર નામના ચાર પુત્રો) પોતાના દેહમાંથી ઉત્પન્ન કર્યા. આ ચારે પુત્રો પિતૃઓ(પાંચ મહાભૂતો)ના પણ પિતા છે-ઉત્પાદક છે, એમ સાંભળવામાં આવ્યું છે.[૭,૮] તેમજ હે પુરુષોમાં શ્રેષ્ઠ! સર્વ દેવો, (ઇંદ્રિયો), પિતૃઓના (પાંચ મહાભૂતોના) પુત્રો કહેવાય છે કે જે દેવોવડે (પાંચ ભૂતોવડે) ચરાચર સર્વ લોકો વ્યાપ્ત થઇ રહ્યા છે.[૯] પરમેષ્ઠી અહંકારે પૃથ્વી, વાયુ, આકાશ, જળ અને તેજ—એ પાંચે મહાભૂતોને (તથા મન આદિ ભૌતિક પદાર્થોને) ઉત્પન્ન કર્યા છે.[૧૦] આ અહંકાર, કે જે “ આહંકારિક ” નામના ત્રીજા સર્ગને ઉત્પન્ન કરનારો છે, તેની પણ કાલસંખ્યા વિદ્વાનોએ આ પ્રમાણે કહી છેઃ—પાંચ હજાર કલ્પો વીતી જાય છે, ત્યારે અહંકારનો (અહંકારનું ઉપાસન કરી અહંકારના સારૂપ્યને પામેલા પુરુષનો) એક દિવસ થાય છે.[૧૧] હે રાજેન્દ્ર! શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ—આ પાંચેને પાંચ વિશેષો કહેવામાં આવે છે અને તેઓ પાંચ મહાભૂતોની અંદર રહેલા છે.[૧૨] હે રાજન્! આ વિશેષોવડે જગતનાં સર્વ પ્રાણીઓ હમેશાં ઘેરાયલાંજ રહે છે અને સર્વનું આકર્ષણ કરનારા તે રૂપાદિક ગુણોને લીધેજ પ્રાણીમાત્ર અન્યોન્યની સ્પૃહા રાખે છે, અન્યોન્યનું હિત કરવામાં આસકત રહે છે, અન્યોન્યનું અપમાન કરે છે, અન્યોન્યની સ્પર્ધા કરે છે, અન્યોન્યનો વધ કરે છે અને પશુપક્ષીની જાતિમાં અવતરીને આ સંસારમાંજ ભ્રમણ કર્યા કરે છે. વિદ્વાનોએ કહ્યું છે કે, આ વિશેષોનો (વિશેષોના ઉપાસકો થઈ વિશેષોના સારૂપ્યને પામેલા પુરુષોનો) તથા મનનો દિવસ, ત્રણ હજાર કલ્પનો હોય છે.[૧૩-૧૫] તેમજ હે રાજા! તેઓની રાત્રિ પણ તેટલાજ પ્રમાણની હોય છે. હે રાજેન્દ્ર! ઇંદ્રિયોએ વાર્યું હોય, તોપણ મન તે તે વિષયોમાં દોડયાજ કરે છે[૧૬] અને ખરી રીતે તો ઇંદ્રિયો કંઈ જોઇ શકતીજ નથી, માત્ર એક મનજ સર્વ વિષયોને જોઇ શકે છે. ચક્ષુ રૂપવિષયને ગ્રહણ કરે છે તે મનને લીધેજ ગ્રહણ કરે છે પણ જ્યારે મન વ્યાકુળ હોય છે, ત્યારે ચક્ષુ ખુલ્લાં હોય છે, તોપણ કંઇ જોઇ શકતી નથી. જો કે મનુષ્યો કહે છે કે, સર્વ ઇંદ્રિયો તે તે વિષયોને જોઇ શકે છે પણ તેમ કહેવું તે ભૂલભરેલું છે; કેમકે ઇ-

---

* અર્થાત્ અવ્યક્તની ઉપાસના કરીને અવ્યક્તભાવને પામેલા પુરુષનો એક દિવસ દશહજાર કલ્પનો કહેવાય છે અને તેની રાત્રિ પણ તેટલાજ પ્રમાણની હોય છે. આપણું મનુષ્ય—આયુષ્ય, જેમ સો વર્ષનું ગણાય છે, તેમ તે પુરુષનું આયુષ પણ તે સંખ્યા પ્રમાણે સો વર્ષનુંજ હોય છે, એમ સમજવું.

×બ્રહ્મદેવનું ઉપાસન કરી બ્રહ્મદેવના સારૂપ્યને પામેલા પુરુષ.

દ્રિયો કોઈ પદાર્થને જોઈ શકતી નથી, માત્ર એક મનજ સર્વ પદાર્થોને જોઇ શકે છે. હે રાજન્ ! આપણે અનુભવીએ છીએ કે, મન જ્યારે વિરામ લે છે, ત્યારે સર્વ ઇંદ્રિયો પણ એની મેળેજ વિરામ પામે છે.[૧૭-૧૯] માટે ઇંદ્રિયોમાં જે વિરામ જોવામાં આવે છે, તે મનનોજ વિરામ છે અને તે કારણથીજ સર્વ ઇંદ્રિયોમાં મનનુંજ પ્રધાનપણું છે, એમ સમજવું.[૨૦] હે મહાયશસ્વી રાજા! શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, મનજ સર્વ ઇંદ્રિયોનો ઇશ્વર છે અને તે મન પ્રાણીમાત્રની અંદર રહેલું છે.[૨૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "યાજ્ઞવલ્કય અને જનકનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૨૧૧ મો સમાપ્ત.

અધ્યાય ૩૧૨ મો

યાજ્ઞવલ્કયગીતા-સૃષ્ટિનો પ્રલય

॥ याज्ञवल्क्य उवाच ॥

तत्त्वानां सर्वसंख्या च कालसंख्या तथैव च॥
मया प्रोक्ताऽनुपूर्व्येण संहारमपि मे श्रृणु॥१॥

યાજ્ઞવલ્કયે કહ્યું:-"હે રાજા ! મેં તને સર્વ તત્ત્વોની મૂળસંખ્યા તેમજ તેઓની કાલસંખ્યા અનુક્રમે કહી સંભળાવી, તો હવે તેઓના સંહારનું પણ તું શ્રવણ કર.[૧] આદિ અને અંતરહિત, નિત્ય અને અક્ષર એવા બ્રહ્મદેવ, પ્રાણીઓને વારંવાર ઉત્પન્ન કરે છે અને તેઓનો પાછો સંહાર કરે છે, તે આ પ્રમાણે છે:-[૨]ભગવાન અવ્યક્ત, પોતાના દિવસનો ક્ષય થયેલો જાણીને રાત્રે નિદ્રા કરવાની મનમાં ઇચ્છા કરે છે, ત્યારે અહંકારના અભિમાની પુરુષ રુદ્રને જગતનો સંહાર કરવાની પ્રેરણા કરે છે.[૩] એટલે તુરતજ ભગવાન રુદ્ર અવ્યક્તની પ્રેરણા પ્રમાણે લાખો કિરણો ધારણ કરે છે અને બળબળતા અગ્નિની પેઠે પોતાના શરીરને બાર સૂર્યરૂપે પ્રકટ કરે છે[૪] પછી હે રાજા ! જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજજ-એમ ચારે પ્રકારનાં પ્રાણીઓને પોતાના તેજવડે, સત્વર બાળીને ભસ્મ કરી નાખે છે.[૫] એટલે આંખના એક પલકારા જેટલા સમયમાં તો સ્થાવરજંગમ સર્વ જગતનો નાશ થઇ જાય છે અને આખી પૃથ્વી ચોતરફથી કાચબાની પીઠસમાન દેખાય છે.[૬] આ પ્રમાણે મહાબળવાન રુદ્રદેવ સમગ્ર પૃથ્વીને બાળી નાખીને, પાણીના પ્રબળ પ્રવાહથી ચોબાજુ બોળી દે છે.[૭] તે પછી પ્રલયકાળનો ભયંકર અગ્નિ સળગી ઉઠે છે, જેથી હે રાજેન્દ્ર ! તે સર્વ જળનો ક્ષય થઈ જાય છે અને જળનો જેવો ક્ષય થાય છે, કે તુરતજ અગ્નિની મહાન જ્વાળાઓ ભડભડાટ કરતી ચોબાજુ ભભુકી ઉઠે છે.[૮] આ રીતે એકદમ સળગી ઉઠેલો અગ્નિ, કે જે પ્રાણીમાત્રના શરીરમાં ઉષ્ણતારૂપે રહેલો છે, અતિ બળવાન છે અને સાત પ્રકારની જ્વાળાઓવાળો છે, તે અગ્નિનું મહાબળવાન ભગવાન વાયુ, આઠ સ્વરૂપો ધારણ કરીને ભક્ષણ કરી જાય છે અને અમાપ શક્તિવાળો તે વાયુ આડો-અવળો, ઉંચે અને નીચે ઘણાજ જોસથી ફુંકાય છે.[૮-૧૦] તે પછી અતુલ બળવાળા તે ભયંકર વાયુને આકાશ પોતેજ ગળી જાય છે અને તે આકાશને મોટી મોટી ગર્જનાઓ કરનારૂં મન ગળી જાય છે;[૧૧] મનને ભૂતાત્મા અહંકાર, કે જે પ્રજાપતિરૂપ છે, તે ગળી જાય છે અને તે અહંકારને ભૂત, ભવિષ્ય તથા વર્તમાનને જાણનારો મહાન આત્મા ગળી જાય છે.[૧૨] અનુપમ આત્મારૂપ તે મહત્તત્ત્વને પણ પ્રજાપતિ શંકર ગળી જાય છે, કે જે શંકર અણિમા, લઘિમા, પ્રાપ્તિ-વગેરે અષ્ટસિદ્ધિઓના ઇશ્વર છે, જયોતિસ્વરૂપ છે, 'અવિનાશી છે, સર્વ તરફ હાથ, પગ, નેત્ર, મસ્તક, મુખ અને કાનવાળા છે, તેમજ સર્વ જગતમાં વ્યાપ્ત થઈને રહેલા છે.[૧૩,૧૪] વળી તે શંકર પ્રભુ પ્રાણીમાત્રના હૃદયરૂપ છે અને માત્ર અંગુઠાના પર્વ જેવડા પ્રમાણવાળા છે. આ રીતે જગતના ઈશ્વર અને અનંત મહાત્મા શંકર જગતનો સંહાર કરે છે.[૧૫] તે પછી અક્ષય, અવ્યય, પરિણામરહિત, ભૂતભવિષ્યના સ્રષ્ટા અને નિર્દોષ એવા એક પરમાત્માજ અવશેષ રહે છે.[૧૬]

હે રાજેન્દ્ર ! એ પ્રમાણે જગતનો પ્રલય કેવી રીતે થાય છે,તે પણ મેં તને કહ્યું.હવે,અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવના સંબંધમાં તું સાંભળ.”

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “યાજ્ઞવલ્કય અને જનકનો સંવાદ” એ વિષયનો અધ્યાય ૩૧૨ મો સમાપ્ત.

અધ્યાય ૩૧૩ મો

યાજ્ઞવલ્કયગીતા–અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવત

॥ याज्ञवल्क्य उवाच ॥

पादावध्यात्ममित्याहुर्ब्राह्मणास्तत्त्वदर्शिनः ॥
गंतव्यमधिभूतं च विष्णुस्तत्राधिदैवतम् ॥१॥

યાજ્ઞવલ્કયે કહ્યું:–“ હે જનક રાજા! તત્ત્વવેત્તા બ્રાહ્મણો કહે છે કે, પ્રાણીના બે પગ તે અધ્યાત્મ છે,ગમનક્રિયા તે અધિભૂત છે અને વિષ્ણુ તેમાં અધિદૈવત છે. (ચરણ ઇંદ્રિયના તથા ગમનક્રિયાના અધિષ્ઠાતા દેવ વિષ્ણુ છે.)[૧] તેમજ તત્ત્વાર્થને જાણનારા વિદ્વાનો કહે છે કે, પાયુ (ગુદા) અધ્યાત્મ છે, મળનો ત્યાગ કરવો તે અધિભૂત છે અને સૂર્ય તેમાં અધિદૈવત છે. યોગના યથાર્થ સ્વરૂપને જાણનારા યોગીઓ કહે છે કે, ઉપસ્થ (લિંગ) અધ્યાત્મ કહેવાય છે, આનંદ અધિભૂત કહેવાય છે અને પ્રજાપતિ તેના અધિષ્ઠાતા દેવ છે.[૩] સાંખ્યવેત્તાઓ કહે છે કે, બે હાથ અધ્યાત્મ છે, તેનું કર્તવ્ય અધિભૂત છે અને ઇંદ્ર તેમાં અધિદૈવત છે. [૪] વેદવેત્તાઓ કહે છે કે, વાણી અધ્યાત્મ છે, તેનો વિષય અધિભૂત છે અને અગ્નિ તેનો અધિષ્ઠાતા દેવ છે.[૫] વેદશાસ્ત્રને જાણનારા વિદ્વાનો કહે છે કે, ચક્ષુ અધ્યાત્મ છે, તેનો વિષય–રૂપ અધિભૂત છે અને સૂર્ય તેનો અધિષ્ઠાતા દેવ છે;[૬] તેમજ શ્રોત્ર અધ્યાત્મ છે, શબ્દ અધિભૂત છે અને દિશાઓ તેમાં અધિદૈવત છે.[૭] જીહ્વા અધ્યાત્મ છે, રસ અધિભૂત છે અને જળ તેમાં અધિદૈવત છે.[૮] તેજ પ્રમાણે નાસિકા અધ્યાત્મ છે, ગંધ અધિભૂત છે અને પૃથ્વી તેમાં અધિદૈવત છે, એમ શ્રુતિદ્રષ્ટા પુરુષો કહે છે.[૯] વળી તત્ત્વજ્ઞાનમાં કુશળ મહાત્માઓ કહે છે કે, ત્વચા ઇંદ્રિય અધ્યાત્મ છે, સ્પર્શવિષય અધિભૂત છે અને પવન તેમાં અધિષ્ઠાતા દેવ છે.[૧૦] શાસ્ત્રપંડિતો કહે છે કે, મન અધ્યાત્મ છે, મનન અધિભૂત છે અને ચંદ્રમા તેનો અધિષ્ઠાતા દેવ છે.[૧૧] તત્ત્વવેત્તાઓ કહે છે કે, અહંકાર અધ્યાત્મ છે, અભિમાન અધિભૂત છે અને બુદ્ધિ તેની અધિષ્ઠાત્રી દેવતા છે.[૧૨] વળી તેજ પ્રમાણે તત્ત્વના યથાર્થ સ્વરૂપને જાણનારા પંડિતો કહે છે કે, બુદ્ધિ અધ્યાત્મ છે, બુદ્ધિનો વિષય અધિભૂત છે અને ક્ષેત્રજ્ઞ તેનો અધિષ્ઠાયક દેવ છે.[૧૩] હે તત્ત્વજ્ઞ રાજા! એ પ્રમાણે આદિ, મધ્ય અને અંતમાં કેવળ એકજ સ્વરૂપે રહેનારા પરમાત્માની આ સર્વ વિભૂતિઓ, પ્રત્યેક વ્યક્તિને દર્શાવી યથાર્થરીતે મેં તને કહી દેખાડી.[૧૪] હે મહારાજા ! પ્રકૃતિ, સ્વચ્છંદપણે પોતાની ઇચ્છાનુસાર ક્રીડા કરવામાટે સેંકડો ને હજારો (મહત્તત્ત્વાદિક) ગુણોને વિશેષ પ્રકારે પ્રકટ કર્યા કરે છે.[૧૫] જેમ મનુષ્યો એક દીવામાંથી હજારો દીવાઓ પ્રકટ કરે છે, તેમ પ્રકૃતિ પણ પુરુષનો સંબંધ ધરાવનારા સત્વાદિ અનેક ગુણોને પ્રકટ કરે છે.[૧૬] તેમાં ધૈર્ય, આનંદ, ઐશ્વર્ય, પ્રીત, ઇંદ્રિયોની પ્રસન્નતા, સુખ, શુદ્ધિ, આરોગ્ય, સંતોષ, શ્રદ્ધાળુપણું, દાતાપણું, ક્રોધનો અભાવ, ક્ષમા, સહનશીલતા, અહિંસા, સમાનતા, સત્ય, ઋણથી મુક્ત થવું, નમ્રતા, લજ્જા, શાંતપણું, પવિત્રતા, સરળતા, સદાચાર, લોલુપતાનો અભાવ, હૃદયની શાંતિ, ઇષ્ટ કે અનિષ્ટનો વિયોગ થયો હોય તોપણ મનની સ્થિરતા, દાન આપીને સર્વને વશ કરવાપણું, નિઃસ્પૃહપણું, પરોપકારીપણું અને પ્રાણીમાત્રપર દયા રાખવી–આ બધા સાત્વિક ગુણો છે;[૧૭–૨૦] તેમજ રૂપ અને ઐશ્વર્યનું અભિમાન, યુદ્ધ, લોભીપણું, નિર્દયતા, સુખ અને દુઃખ–એ બન્નેનું મિશ્ર સેવન,પારકી નિંદા કરવામાં પ્રીતિ, વાદવિવાદ કરવાની ટેવ,અહંકાર, હરકોઇનું અપમાન કરવું, ચિંતા, વૈરનું સેવન, પશ્ચાત્તાપ, ચોરી, નિર્લજ્જપણું, કુટિલપણું, ભેદ,

ક્રૂરતા, કામના, ક્રોધ, મદ, ગર્વ, દ્વેષ અને અત્યંત વાદવિવાદ કરવા–આ બધા રાજસ ગુણો છે. હવે તામસ ગુણોનો સમુદાય હું તને કહું છું, સાંભળ.૨૧–૨૪ મોહ, ઇંદ્રિયોની દુષ્ટતા, તામિસ્ર અને અંધતામિસ્ર–વગેરે તામસ-ગુણો છે. તેમાં મરણને અંધતામિસ્ર કહેવામાં આવે છે અને ક્રોધને તામિસ્ર કહેવામાં આવે છે. વળી જૂદા જૂદા પદાર્થોનું ભક્ષણ કરવાની અભિરુચિ, ભોજન કર્યું હોય છતાં અતૃપ્તિ, મદિરા આદિ અપેયનું પાન કરવામાં પણ અતૃપ્તિ, ગંધ, વસ્ત્ર, વિહાર, શયન, આસન, દિવસે ઉંઘવું, અત્યંત વાદવિવાદ કરવા અને પ્રમાદ રાખવો–વગેરેમાં પ્રીતિ, ગીત, વાદિત્ર અને નૃત્ય વગેરેમાં અજ્ઞાનને લીધે શ્રદ્ધા રાખવી અને જૂદા જૂદા ધર્મોનો દ્વેષ કરવો–આ બધા તામસ ગુણો છે.”૨૫–૨૮

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “યાજ્ઞવલ્કય અને જનકનો સંવાદ” એ વિષયનો અધ્યાય ૩૧૩ મો સમાપ્ત.

* * *

અધ્યાય ૩૧૪ મો

યાજ્ઞવલ્કયગીતા–ત્રિગુણાધીન જન્મ

॥ याज्ञवल्क्य उवाच ॥

एते प्रधानस्य गुणास्त्रयः पुरुषसत्तम॥
कृत्स्नस्य चैव जगतस्तिष्ठंत्यनपगाः सदा॥१॥

યાજ્ઞવલ્કયે કહ્યું:–“હે મહાપુરુષ! પૂર્વોક્ત સત્વાદિ ત્રણ ગુણો પ્રકૃતિનાજ છે અને તેઓ સમગ્ર જગતનો નિત્ય સંબંધ રાખનારા છે.૧ અવ્યક્તરૂપ ભગવાન, પોતે આ ત્રણ ગુણો સાથે જોડાઈને જીવાત્માને સેંકડો, હજારો, લાખો અને કરોડો સ્વરૂપે કરે છે. તેમાં જે સાત્વિક હોય તેને ઉત્તમ સ્થાન પ્રાપ્ત થાય છે, રાજસ હોય તેને મધ્યમ સ્થાન પ્રાપ્ત થાય છે અને તામસ હોય તેને અધમ સ્થાન પ્રાપ્ત થાય છે, એમ અધ્યાત્મનું ચિંતન કરનારા વિદ્વાનો કહે છે. મનુષ્ય આ જગતમાં જો પુણ્ય કરે છે, તો ઉચ્ચ ગતિ–દેવલોકને પામે છે, પુણ્ય–પાપ બન્ને કરે છે તો મનુષ્યગતિને પામે છે અને કેવળ પાપજ કરે છે તો અધોગતિને–પામે છે. હવે સત્વગુણ, રજોગુણ અને તમોગુણ–એ ત્રણે ગુણો જેની અંદર એકીસાથે રહે છે અથવા બબ્બેસાથે રહે છે, તેની શી ગતિ થાય છે, તે વિષે હું તને કહું છું, સાંભળ. કોઇ સમયે રજોગુણ સત્વગુણની સાથે મળેલો જોવામાં આવે છે, કોઈ વેળા તમોગુણ રજોગુણની સાથે મળેલો જોવામાં આવે છે, કોઇ વખતે સત્વગુણ તમોગુણની સાથે મળેલો જોવામાં આવે છે અને કોઈ સમયે અવ્યક્ત–પુરુષનો કેવળ એક સત્વગુણની સાથેજ સંબંધ થયેલો જોવામાં આવે છે. પુરુષ, કેવળ જો સત્વગુણથી યુક્ત હોય છે તો દેવલોકને પામે છે, સત્વ અને રજ બન્નેથી યુક્ત હોય છે તો મનુષ્યલોકમાં જન્મે છે, રજોગુણ અને તમોગુણથી યુક્ત હોય છે તો પશુપક્ષીની જાતિમાં અવતરે છે અને રજોગુણ, તમોગુણ તથા સત્વગુણ–એ ત્રણેથી યુક્ત હોય છે, તો મનુષ્યપણાને પામે છે; પરંતુ જે મહાત્માઓ પુણ્યપાપથી મુકત થયેલા હોય છે, તેઓને તો સનાતન, અવિનાશી અને અજરામર એવું મોક્ષપદજ પ્રાપ્ત થાય છે, કેમકે જ્ઞાની પુરુષોને તેવું શ્રેષ્ઠ સ્થાન મળવાનોજ સંભવ હોય છે, કે જે સ્થાન પરિણામધર્મથી રહિત છે, અવિનાશી છે, ઇંદ્રિયોથી પર છે, અવિદ્યાથી મુક્ત છે અને જન્મમૃત્યુરૂપ અંધકારને દૂર કરનારૂં છે.૨–૧૦ હે રાજા! એ પ્રમાણે જે સ્થાન અમૂર્ત બ્રહ્મદ્વારા પ્રાપ્ત કરી શકાય છે, તેના સંબંધમાં તેં મને જે પ્રશ્ન પૂછયો હતો, તેનો મેં તને ઉત્તર આપ્યો અને એ રીતે પોતાના કૂટસ્થ સ્વરૂપમાંજ સ્થિતિ કરનારો જ્ઞાની પુરુષ માત્ર ઉપલકદૃષ્ટિએ પ્રકૃતિમાં સ્થિતિ કરનારો કહેવાય છે. ૧૧ હે રાજા! પ્રકૃતિ કેવળ જડજ છે, છતાં પુરુષના આશ્રયથીજ જગતને ઉત્પન્ન કરે છે અને તેનો સંહાર પણ કરે છે.”૧૨

જનકે પૂછયું:–“હે મહાબુદ્ધિમાન ઋષિ! પ્રકૃતિ અને પુરુષ–એ બન્ને આદિ–અંતરહિત છે, અમૂર્તસ્વરૂપ છે, અચળ છે, પોતપોતાના

મૂળસ્વરૂપમાં સ્થિર રહેનારાં છે, પોતપોતાના સ્વભાવથી ભ્રષ્ટ નહિ થનારાં છે અને તેથીજ તેઓનું સ્વરૂપ પણ અગ્રાહ્યજ છે, છતાં હે મહર્ષિ! પ્રકૃતિને તમે જડ કેમ કહો છો અને ક્ષેત્રજ્ઞ-પુરુષને ચેતન કેમ કહો છો?[૧૩,૧૪] હે બ્રાહ્મણોના ઇંદ્ર! તમે મોક્ષધર્મનું સંપૂર્ણરીતે ઉપાસન કરો છો અને તેથીજ હું તમારી પાસેથી મોક્ષધર્મનું સંપૂર્ણ સ્વરૂપ યથાર્થ રીતે સાંભળવા ઇચ્છું છું.[૧૫] પુરુષ ભલે ચેતન હોય, તોપણ તેનું અસ્તિત્વ કેવી રીતે જાણી શકાય? (કેમકે અગ્નિનો નાશ થવાથી તેની ઉષ્ણતાનો પણ નાશ થાય છે અને ઉષ્ણતાનો નાશ થવાથી અગ્નિનો પણ નાશ અનુભવાય છે, તેમ પ્રકૃતિ અને પુરુષ, કે જેઓ હમેશાં એકસાથેજ રહેનારાં છે, તેમાંથી એક પ્રકૃતિનો નાશ થવાથી પુરુષનો પણ અવશ્ય નાશ થવો જોઇએ; અને પુરુષનો જો નાશ થતો હોય, તો પછી તેનું અસ્તિત્વ શી રીતે માની શકાય?) ધારો કે કદાચ પુરુષનું અસ્તિત્વ હોય તોપણ તેનું અદ્વૈતપણું કેમ સંભવી શકે? (કેમકે પ્રકૃતિ અને પુરુષ નિત્ય સાથેજ રહે છે અને વળી પુરુષ વિભુ છે તેમજ પ્રકૃતિ અવિનાશી છે.)વળી પ્રકૃતિ અને પુરુષ, કે જેઓનો હમેશાં સહયોગ છે, છતાં પુરુષ પ્રકૃતિવિના કેવી રીતે રહી શકે? તેમજ શરીરમાં રહેનારી ઇંદ્રિયોના કયા કયા દેવતાઓ છે? તે સર્વ મને કહો.[૧૬] વળી મને કહો કે, યોગદ્વારા પ્રાણનું ઉત્ક્રમણ કરનાર યોગીને તથા કાલવશાત્ મરણધર્મને પામનાર સામાન્ય જીવને કયું સ્થાન પ્રાપ્ત થાય છે?[૧૭] અને હે સત્પુરુષ! સાંખ્યજ્ઞાન તથા યોગજ્ઞાન–એ બન્નેનું જૂદું જૂદું સ્વરૂપ કેવું છે? તેમજ મૃત્યુસૂચક તત્ત્વો કયાં કયાં છે,તે પણ યથાર્થરીતે મને કહો; કેમકે હે ભગવન્! તમે હથેળીમાં રહેલાં આમળાંની પેઠે આ સર્વ વિષયને પ્રત્યક્ષપણે જાણનારા છો."[૧૮]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦પર્વમાં "યાજ્ઞવલ્કય અને જનકનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૩૧૪ મો સમાપ્ત.

અધ્યાય ૩૧૫ મો

યાજ્ઞવલ્કયગીતા-પ્રકૃતિ અને પુરુષ અન્યોન્યથી ભિન્ન છે.

॥ याज्ञवल्क्य उवाच ॥

न शक्यो निर्गुणस्तात गुणीकर्तुं विशांपते ॥
गुणवाँश्चाप्यगुणवान् यथातत्त्वंनिबोध मे॥१॥

યાજ્ઞવલ્કયે કહ્યું:–"હે તાત! જે આત્મા નિર્ગુણ છે, તેને ગુણવાન કરી શકાય તેમ નથી અને હે રાજા! જે પ્રકૃતિ ગુણવાન છે તેને કદી નિર્ગુણ કરી શકાય તેમ નથી. આ પ્રકૃતિ અને પુરુષના સંબંધમાં જે સત્ય સ્થિતિ છે, તે તું મારી પાસેથી સાંભળ.[૧] તત્ત્વવસ્તુનો સાક્ષાત્કાર કરનારા મુનિ મહાત્માઓ એમજ કહે છે કે, ગુણોથી જે યુક્ત હોય તેને ગુણવાનજ કહેવાય છે અને ગુણોથી જે રહિત હોય તેને નિર્ગુણજ કહેવાય છે.[૨] પ્રકૃતિ, જે સ્વાભાવિક રીતેજ ગુણોવાળી છે, તે ગુણોનું કદી ઉલ્લંઘન કરી શકતી નથી અને તે પોતે સ્વાભાવિક રીતેજ અજ્ઞાની છે છતાં પોતાનાપર આરોપિત કરાયલા જ્ઞાનીપણાને લીધે ગુણોનો ઉપભોગ કરે છે[૩] અને અદૃશ્ય એવો પુરુષ તો સ્વાભાવિક રીતેજ ગુણોને જાણતો નથી કે ભોગવતો નથી. (અર્થાત્ પુરુષ પોતાનાસિવાય બીજા કોઈ ભોગ્ય પદાર્થને કદી જોતોજ નથી, તોપછી તેનો ભોક્તા તો ક્યાંથીજ હોય?) વળી તે સ્વાભાવિક રીતેજ જ્ઞાની છે અને તેથી નિત્ય એમજ માને છે કે, મારાથી શ્રેષ્ઠ બીજો કોઈ છેજ નહિ.[૪] આ કારણને લીધેજ (એટલે પ્રકૃતિ ભોકતા છે અને પુરુષ અભોકતા છે, તે કારણને લીધેજ) અવ્યક્ત-પ્રકૃતિને જડ માનવામાં આવે છે, તોપણ તે ગુણોનો ઉપભોગ કરનાર નથી એમ ન સમજવું; કેમકે ચિદાત્માના પ્રતિબિંબને લીધે પ્રકૃતિ નિત્ય છે, અક્ષર છે અને ક્ષર પણ છે, નહિ કે કાષ્ઠ અથવા ભીંતની પેઠે કેવળ અચેતનજ છે. (અર્થાત્ અક્ષર અને ક્ષરરૂપ,ચેતન અને અચેતનરૂપ તથા નિત્ય એવી પ્રકૃતિ વસ્તુતઃ જડ હોવા છતાં ભોકતા થઈ

શકે છે.)[૫] પુરુષ પોતાના યથાર્થ સ્વરૂપના અજ્ઞાનને લીધેજ વારંવાર ગુણોની સાથે સંસર્ગ કરે છે અને તે પોતે પોતાના યથાર્થ સ્વરૂપને જ્યાંસુધી જાણતો નથી, ત્યાંસુધી ગુણોના સંસર્ગમાંથી કદી મુક્ત પણ થતો નથી.[૬] પ્રકૃતિના ગુણોના કર્તૃત્વપણાનો ગુણોના સંસર્ગને લીધે આત્મા ઉપર પણ અધ્યારોપ કરવામાં આવે છે અને તેથીજ તે સર્ગધર્મા કહેવાય છે; તેમજ યોગધર્મનું તે સેવન કરનારો છે, માટે 'યોગધર્મા' કહેવાય છે.[૭] વળી તે આત્મા પ્રજાઓના સ્રષ્ટાપણાનો પોતાનાપર આરોપ કરે છે, તેથી પ્રકૃતિધર્મા કહેવાય છે, બીજોના (સ્થાવરોના) કર્તાપણાને પોતે વહોરી લે છે, માટે બીજધર્મા કહેવાય છે અને તેજ પ્રમાણે (કામશમાદિ) ગુણોના ઉત્પન્ન કરવાપણાને તથા નાશ કરવાપણાને પોતે (અજ્ઞાનથી) સ્વીકારી લે છે, માટે તે પુરુષ ગુણધર્મા પણ કહેવાય છે.[૮,૯] આ રીતે કેવળ અભિમાનને લીધેજ પુરુષ ગુણોની સાથે એકરૂપતાને પામે છે, વાસ્તવિક રીતે તો ગુણોનો તે સાક્ષીજ છે–ગુણોની સમીપમાં રહીને તેઓનું નિરીક્ષણ કરનારોજ છે દુઃખાદિથી રહિત છે અને કેવળ છે. આવા હેતુથીજ અધ્યાત્મને જાણનારા અને સંસારના તાપથી મુક્ત થયેલા સિદ્ધ યતિઓ, કારણને તથા કાર્યને સદા અનિત્ય માને છે, એમ અમે સાંભળ્યું છે;[૧૦] અને પ્રાણીમાત્ર ઉપર દયા રાખનારા તેમજ કેવળ જ્ઞાનનોજ આશ્રય કરનારા નિરીશ્વર સાંખ્યવાદીઓ વળી એમ પણ કહે છે કે, 'પ્રકૃતિ માત્ર એકજ છે અને પુરુષો અનેક છે.'[૧૧] હવે પ્રકૃતિથી પુરુષ ભિન્નજ છે, એ વાતને હું દૃષ્ટાંતપૂર્વક કહું છું, સાંભળ. પ્રકૃતિ કેવળ અનિત્ય છે અને પુરુષ કેવળ નિત્ય છે; અને તેથીજ મુંજ (તે નામનું ઘાસ) અને તેમાં રહેલી ઈષીકા (સળી) વચ્ચે જેમ ભેદ રહેલો છે, તેમ પ્રકૃતિ અને પુરુષ વચ્ચે પણ ભેદ રહેલો છે.*[૧૨] ઉંબરાના ફળમાં રહેલો મચ્છર તે ફળથી ભિન્ન છે અને તે ફળનો સંયોગ કર્યા છતાં તેમાં લેપાઇ જતો નથી;[૧૩] તેમજ માછલું જળથી ભિન્ન છે અને જળ માછલાથી ભિન્ન છે, છતાં જળનો માત્ર સ્પર્શ કરવાથી માછલું તેમાં લિપ્ત થઇ જતું નથી.[૧૪] વળી માટીની હાંલ્લી અગ્નિથી ભિન્ન છે અને અગ્નિ, માટીની હાંલ્લીથી ભિન્ન છે, છતાં હાંલ્લીનો કેવળ સ્પર્શ કરવાથી અગ્નિ તેમાં લેપાઈ જતો નથી.[૧૫] કમળ જળથી ભિન્ન છે અને જળ કમળથી ભિન્ન છે, છતાં જળનો માત્ર સ્પર્શ કરવાથી કમળ જળથી લેપાઇ જતું નથી. (એજ પ્રમાણે આત્મા પ્રકૃતિથી ભિન્ન છે અને પ્રકૃતિ આત્માથી ભિન્ન છે, છતાં પ્રકૃતિનો માત્ર સંસર્ગ કરવાથી આત્મા પ્રકૃતિમાં લિપ્ત બની જતો નથી.)[૧૬] સર્વ સામાન્ય મનુષ્યો પણ પૂર્વોક્ત દૃષ્ટાંતરૂપ પદાર્થોનો નિત્ય સહવાસ કરે છે અને નિત્ય તેઓના સંબંધમાં આવે છે, છતાં તેઓના અન્યોન્યના સંબંધને યથાર્થ રીતે જોઇ શકતા નથી.[૧૭] જે પુરુષો આ પ્રકૃતિ અને પુરુષના સંબંધને બીજી રીતે (અનિત્ય છે છતાં નિત્યરૂપે–અન્યોન્યથી ભિન્ન છે છતાં અભિન્નરૂપે) જુએ છે, તે પુરુષો ખરેખર અજ્ઞાની છે અને તેઓને વારંવાર ઘોર નરકમાં (સંસારમાં) પડવું પડે છે–તેઓ સંસારના ફેરામાંથી કદી છૂટી શકતાજ નથી.[૧૮] બસ, આનું નામજ પ્રકૃતિ અને પુરુષના વિવેકવાળું ઉત્તમ સાંખ્યદર્શન છે અને આ રીતેજ પ્રકૃતિ તથા પુરુષનો વિવેક કરીને સાંખ્યવેત્તાઓ મોક્ષપદને

---

* અર્થાત ઈષીકાના બાહ્યભાગમાં રહેલું મુંજ ઈષીકાથી ભિન્ન છે, તેમ આત્માના બાહ્યપ્રદેશમાં રહેલી પ્રકૃતિ, આત્માથી ભિન્ન છે. શ્રુતિ પણ કહે છે કે:–'**अंगुष्ठमात्रः पुरुषोऽन्तरात्मा सदाजनानां हृदये सन्निविष्टः। तंस्वाच्छरीरात्प्रवृहेन्मुंजादिव इषीकां धैर्येणतं विद्याच्छुक्रममृतम्** ॥'–પ્રાણીમાત્રના હૃદયમાં માત્ર અંગુષ્ઠપ્રમાણનો અંતરાત્મા પુરુષ રહેલો છે. તેને મુંજમાંથી જેમ સળીને ધીમે રહીને બહાર કાઢવામાં આવે છે, તેમ ધૈર્યપૂર્વક શરીરમાંથી બહાર કાઢવો અને તેને શુક્ર તથા અમૃતસ્વરૂપ જાણવો.

નીલકંઠ

પામ્યા છે.[૧૯] વળી બીજા તત્ત્વકુશલ પુરુષોનો પણ એજ અનુભવ છે, જે મેં તને કહી સંભળાવ્યો છે. હવે હું તને યોગવેત્તાઓનો અનુભવ કહું છું."[૨૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "યાજ્ઞવલ્કય અને જનકનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૩૧૫ મો સમાપ્ત.

અધ્યાય ૩૧૬ મો

યાજ્ઞવલ્કયગીતા—યોગદર્શન

॥ याज्ञवल्क्य उवाच ॥

सांख्यज्ञानं मया प्रोक्तं योगज्ञानं निबोध मे।
यथाश्रुतं यथादृष्टं तत्त्वेन नृपसत्तम ॥ १ ॥

યાજ્ઞવલ્કયે કહ્યું:-હે ઉત્તમ રાજા ! એ પ્રમાણે મેં તને સાંખ્યનું જ્ઞાન કહ્યું. હવે મેં જે રીતે સાંભળ્યું છે અને જોયું છે, તે પ્રમાણે યથાર્થ રીતે યોગનું જ્ઞાન હું તને કહું છું, તેનું તું શ્રવણ કર.[૧] આ જગતમાં સાંખ્યના જેવું બીજું એક પણ જ્ઞાન નથી અને યોગના જેવું બીજું એક પણ બળ નથી. સાંખ્ય અને યોગ-એ બન્નેમાં શમદમાદિનું એકસરખી રીતે પાલન કરવું પડે છે અને તેઓ બન્ને સમાન રીતેજ મૃત્યુનો નાશ કરનારા છે.[૨] હે રાજા! જે પુરુષો બુદ્ધિહીન હોય છે, તેઓજ સાંખ્ય અને યોગને ભિન્ન ભિન્ન માને છે. અમે તો તેઓ બન્નેને નિશ્ચયપૂર્વક એકજ માનીએ છીએ;[૩] કેમકે યોગવેત્તાઓ જે તત્ત્વનો સાક્ષાત્કાર કરે છે, તેજ તત્ત્વોનો સાંખ્યવેત્તાઓ પણ સાક્ષાત્કાર કરે છે, માટે જે પુરુષ સાંખ્ય તથા યોગને એકજ જુએ છે, તેજ ખરો તત્ત્વવેત્તા કહેવાય છે.[૪] હે શત્રુદમન રાજા! *રુદ્રપ્રધાન વગેરે બીજા ઘણા યોગો છે, કે જેઓનું સેવન કરીને યોગીઓ દશે દિશાઓમાં પોતાના તેજ શરીરસાથે વિચરી શકે છે, એમ તારે જાણવું.[૫] હે નિર્દોષ રાજા ! યોગનો આશ્રય કરીને તું આઠ ગુણોવાળા સૂક્ષ્મશરીરની સાથે સર્વનો ત્યાગ કરીને જ્યાંસુધી પ્રલય થાય ત્યાંસુધી લોકોમાં સુખેથી વિહાર કર.[૬] હે મહારાજા! વિદ્વાનોએ કહ્યું છે કે, અણિમાદિક આઠ ગુણોવાળો યોગ વેદમાં વર્ણવેલો છે, તેમજ સૂક્ષ્મ એવા યોગનાં યમ નિયમાદિક આઠ× અંગો પણ કહેવામાં આવ્યાં છે.[૭] વળી યોગવેત્તાઓ કહે છે કે, યોગીઓને બે પ્રકારનાં ઉત્તમ યોગકૃત્યો કરવાનાં હોય છે. જેમકે, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે એક સગુણ (સબીજ) યોગકૃત્ય અને બીજું નિર્ગુણ (નિર્બીજ) યોગકૃત્ય.[૮] તેમાં હે રાજા ! પ્રાણવાયુના નિગ્રહપૂર્વક મનની (શરીરમાં રહેલા પંચમહાભૂતોમાં) જે ધારણા કરવી (અને તે તે સ્થાનોમાં તેના અધિષ્ઠાતા દેવોનું જે ધ્યાન કરવું) તેને સગુણ અથવા સબીજ યોગકૃત્ય કહેવામાં આવે છે અને પ્રાણવાયુના નિગ્રહપૂર્વક મનને કેવળ એકાગ્ર કરવું-અર્થાત્ ધ્યાતા, ધ્યેય અને ધ્યાનના વિભાગથી રહિત કરી કેવળ વૃત્તિશૂન્ય કરવું-તેનું નામ નિર્ગુણ અથવા નિર્બીજ યોગકૃત્ય કહેવામાં આવે છે.*[૯] વળી એ વાત પણ નક્કીજ છે કે,

---

* રુદ્ર એટલે પ્રાણ અને ઇંદ્રિયોનુંજ મુખ્યત્વે કરીને જેમાં આલંબન હોય છે તે, રુદ્રપ્રધાનયોગ કહેવાય છે. આ રુદ્રપ્રધાનયોગનો આશ્રય કરવાથી આકાશમાં ગમન કરવાની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

× જો કે, મૈત્રાયણીય શાખાના એક ઉપનિષદ્‌માં પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, તર્ક અને સમાધિ-આવાં છ અંગોનુંજ વર્ણન કરેલું છે, તોપણ વેદના બીજા ભાગોમાં યમ તથા નિયમ-એ બન્નેનું પણ વર્ણન કરેલું જોવામાં આવે છે, જેથી અહીં યોગનાં આઠ અંગો કહેવામાં આવ્યાં છે.

* આ શ્લોકમાં સગુણ યોગનું તથા નિર્ગુણ યોગનું સ્વરૂપ દર્શાવ્યું છે. તેમાંના સગુણ યોગના સંબંધમાં આ પ્રમાણે સમજવાનું છે. પ્રથમ પ્રાણવાયુનો નિગ્રહ કરીને-અર્થાત પ્રાણાયામની સ્થિરતા કરીને શિવયોગમાં કહ્યા પ્રમાણે પગનો અંગુઠો, પાની, મૂલભાગ વગેરેથી આરંભીને નેત્રાધારપર્યંતનાં સોળ સ્થાનકોમાં મનની અનુક્રમે ધારણા કરવી અને તે તે સ્થાનકોમાં બ્રહ્માદિક

જ્યારે પ્રાણવાયુના નિગ્રહપૂર્વક સગુણ યોગના અભ્યાસમાં મનની સ્થિરતા થાય છે, ત્યારેજ નિર્ગુણ યોગમાં મન એકાગ્ર થઇ શકે છે-અર્થાત્ સગુણ યોગને તથા નિર્ગુણ યોગને પરસ્પર અંગાગીભાવ છે-સગુણ યોગની સિદ્ધિવિના નિર્ગુણયોગની કદી પણ સિદ્ધિ થઈ શકતી નથી. હે મિથિલદેશના મહારાજા! પૂરક, રેચક અને કુંભક-એવા ક્રમથી પ્રાણાયામ કરનારો યોગી પુરુષ તે સમયે દેવતા આદિના ધ્યાનપૂર્વક જો પ્રાણાયામ કરતો નથી, તો તેના શરીરમાં વાયુની અધિકતા થઇ પડે છે. (અને તેને લીધે તેના શરીરમાં મોટા રોગો ઉત્પન્ન થવાનો *સંભવ રહે છે) માટે ધ્યાનવિનાનો પ્રાણાયામ કદી કરવોજ નહિ.[૧૦] વળી પ્રત્યેક યોગીએ

દેવતાઓનું ધ્યાન કરવું, તેને સગુણ યોગ કહે છે; અથવા યાજ્ઞવલ્કયે કહેલી પંચમહાભૂતોની ધારણા કરીને મનને ધ્યાનમગ્ન કરવું તે પણ સગુણ યોગનું સ્વરૂપ છે. યાજ્ઞવલ્કયે, પંચમહાભૂતોની ધારણાના સંબંધમાં આ પ્રમાણે કહ્યું છેઃ-પગથી આરંભીને ઢીંચણસુધીના ભાગને પૃથ્વીનું સ્થાન કહેવામાં આવે છે. ઢીંચણથી આરંભીને ગુદાપર્યંતના ભાગને જળનું સ્થાન કહેવામાં આવે છે, ગુદાથી આરંભીને હૃદયસુધીના ભાગને અગ્નિનું સ્થાન કહેવામાં આવે છે, હૃદયથી આરંભીને ભ્રકુટી સુધીના ભાગને વાયુનું સ્થાન કહેવામાં આવે છે અને ભ્રકુટીથી આરંભીને મસ્તકસુધીના ભાગને આકાશનું સ્થાન કહેવામાં આવે છે. તેમાં પૃથ્વીના સ્થાનમાં મનની ધારણા કરતી વેળા પરમેષ્ઠી બ્રહ્મદેવનું ધ્યાન કરવું, જળના સ્થાનમાં મનની ધારણા કરતી વેળા વિષ્ણુ ભગવાનનું ધ્યાન કરવું, અગ્નિના સ્થાનમાં મનની ધારણા કરતી વેળા રુદ્રદેવનું ધ્યાન કરવું, વાયુના સ્થાનમાં મનની ધારણા કરતી વેળા ઈશ્વરનું ધ્યાન કરવું અને આકાશના સ્થાનમાં મનની ધારણા કરતી વેળા સદાશિવનું ધ્યાન કરવું. વળી જે યોગીપુરુષ, પૃથ્વીના સ્થાનમાં **ल**કાર બીજસહિત વાયુનું સ્થાપન કરીને પાંચ ઘડી સુધી ચાર મુખવાળા બ્રહ્મદેવનું ધ્યાન કરે છે, તે યોગી પૃથ્વી ઉપર વિજય મેળવી શકે છે; તેમજ જળના સ્થાનમાં **व**કાર બીજસહિત વાયુનું સ્થાપન કરીને પાંચ ઘડીસુધી ચતુર્ભુજ નારાયણદેવનું સ્મરણ કરનારો યોગીપુરુષ, સર્વ પ્રકારના રોગોથી મુક્ત થાય છે, તેજ પ્રમાણે અગ્નિના સ્થાનમાં **र**કાર બીજસહિત વાયુનું સ્થાપન કરીને તરુણ સૂર્યસમાન તેજસ્વી એવા ત્રિનેત્ર રુદ્રદેવનું પાંચ ઘડીસુધી ધ્યાન કરનારો યોગી પુરુષ, અગ્નિથી કદી બળતો નથી. વળી વાયુના સ્થાનમાં તેના બીજસહિત વાયુનું સ્થાપન કરીને પાંચ ઘડીસુધી ઈશ્વરનું ધ્યાન કરનારો યોગી પુરુષ વાયુની પેઠે આકાશમાં ગમન કરી શકે છે અને આકાશના સ્થાનમાં **ह**કાર બીજસહિત વાયુનું સ્થાપન કરીને પાંચ ઘડી સુધી શંકર દેવનું ધ્યાન કરનારો યોગી પુરુષ સંપૂર્ણ યોગવેત્તા કહેવાય છે. આ સર્વ સગુણ યોગનુંજ સ્વરૂપ છે, એમ સમજવું, પણ નિર્ગુણ યોગનું સ્વરૂપ તો એવુંજ હોઇ શકે કેઃ-

"यदा पंचावतिष्ठन्ते ज्ञानानि मनसा सह ॥
बुद्धिश्च न विचेष्टेत तामाहुः परमां गतिम्॥"

જે અવસ્થામાં પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન કેવળ વૃત્તિશૂન્ય દશામાં સ્થિતિ કરે છે-અર્થાત્ જે અવસ્થામાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેય-એ ત્રણેનો વિભાગ કેવળ અદૃશ્ય થઇ જાય છે એટલુંજ નહિ પણ જે અવસ્થામાં બુદ્ધિ પણ કંઈ ચેષ્ટા કરતી નથી, તે અવસ્થાને પરમ ગતિ અથવા નિર્ગુણ યોગ કહેવામાં આવે છે.

* પવનયોગસંગ્રહ નામના એક ગ્રંથમાં કહ્યું છે કેઃ-

"प्राणायामेन युक्तेन सर्वरोगक्षयो भवेत्।
अयुक्ताभ्यासयोगेन महारोगसमुद्भवः॥"

દેવતાદિકના ધ્યાનપૂર્વક જો પ્રાણાયામ કરવામાં આવે છે, તો સર્વ પ્રકારના રોગોનો નાશ થાય છે પણ દેવતાદિકના ધ્યાનવિના જો પ્રાણાયામ કરવામાં આવે છે તો મોટા મોટા રોગોની ઉત્પત્તિ થાય છે." આવા હેતુથીજ યાજ્ઞવલ્કયે કહ્યું છે કેઃ-

नीलोत्पलदलश्यामं नाभिमध्ये व्यवस्थितं ॥
चतुर्भुजं महात्मानं पूरकेण विचिंतयेत् ॥१॥
कुंभकेन हृदिस्थानं ध्यायेत्तु कमलासनम् ॥
ब्रह्माणं रक्तगौरांगं चतुर्वक्त्रं पितामहम् ॥२॥
रेचकेनेश्वरं विद्याल्ललाटस्थं महेश्वरम् ॥
शुद्धस्फटिकसंकाशं निर्मलं पापनाशनम् ॥३॥

રાત્રિના પ્રથમ પ્રહરમાં પ્રાણાયામ કરીને ×બાર પ્રકારની નોદનાઓ (શરીરમાં રહેલાં જૂદાં જૂદાં બાર ચક્રોમાં તેના અધિષ્ઠાયક દેવોના ધ્યાનપૂર્વક ધારણાઓ) કરવી અને પછી રાત્રિના મધ્ય સમયે એક નિદ્રા લઇને છેલ્લા પ્રહરમાં પુનઃ તેની તેજ બાર નોદનાઓનો અભ્યાસ કરવો.[૧૧] એ પ્રમાણે વાયુની ધારણા કરવારૂપ ઉપાય કરીને શાંતચિત્ત બનેલો, દમગુણને ધારણ કરનારો, એકાંતનુંજ સેવન કરનારો અને આત્મામાંજ રમણ કરનારો જ્ઞાની યોગી અવશ્ય ચિત્તને યોગમાં સ્થિર કરી શકે છે.[૧૨] યોગી પુરુષો પાંચ ઇંદ્રિયોના દોષરૂપ ગણાતા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ–એ પાંચે વિષયોનો પ્રથમ નિરાસ કરે છે (અર્થાત્ પ્રાણાયામ કર્યા પછી પ્રત્યાહાર કરે છે) અને પછી સર્વ ઇંદ્રિયોને મનમાં લય પમાડી દઇને, મનને અહંકારમાં લય પમાડી દઇને, અહંકારને મહત્તત્ત્વમાં લય પમાડી દઇને અને મહત્તત્ત્વને પ્રકૃતિમાં

પ્રાણાયામ કરનારા યોગીએ, વાયુને પૂરતી વખતે નાભિપ્રદેશમાં રહેલા, કાળા કમળસમાન શ્યામ અને ચાર ભુજાઓને ધારણ કરનારા મહાત્મા વિષ્ણુનું ધ્યાન કરવું; વાયુને રોકતી વખતે હૃદયમાં બિરાજેલા, કમળના આસનવાળા, રતાશયુક્ત શ્વેત અંગવાળા અને ચાર મુખને ધારણ કરનારા પિતામહ બ્રહ્મદેવનું ધ્યાન કરવું અને વાયુને બહાર કાઢતી વખતે લલાટપ્રદેશમાં બિરાજેલા, શુદ્ધ સ્ફટિકસમાન કાંતિવાળા અને સર્વ પાપોનો નાશ કરનારા પવિત્ર શંકરદેવનું ધ્યાન કરવું. આ રીતે દેવતાઓના ધ્યાનપૂર્વક પ્રાણાયામ કરનારો યોગી પુરુષ, અવશ્ય સિદ્ધ થાય છે, પણ ધ્યાનરહિત પ્રાણાયામ કરનારો પુરુષ અવશ્ય રોગાદિકનો ભોગ થઇ પડે છે.

× આ બાર પ્રકારની નોદનાઓ, શિવયોગમાં આ પ્રમાણે કહી છે:–મૂળાધારમાં ત્રણ આવર્તોવાળું એક બ્રહ્મચક્ર છે, તેનો આકાર યોનિ જેવો છે અને તેનો મધ્યભાગ અગ્નિસમાન તેજસ્વી છે. આ બ્રહ્મચક્રમાં ઇચ્છિત ફળને આપનારી અધ:શક્તિ બિરાજે છે, માટે તેનું ધ્યાન કરવું. (૧) તે પછીનું બીજું સ્વાધિષ્ઠાન નામનું ચક્ર છે, તેનો આકાર ચાર પાંખડીઓવાળા કમળના જેવો છે અને તેના મધ્યભાગમાં પશ્ચિમાભિમુખ શંકર દેવ બિરાજે છે, માટે તેનું ધ્યાન કરવું. (૨) તે પછી નાભિના પ્રદેશમાં પાંચ આવર્તોવાળું એક ચક્ર છે, તેનો આકાર મેઘના જેવો છે, તેની કાંતિ વિજળીના જેવી છે અને તેના મધ્યભાગમાં સિદ્ધિને આપનારી કુંડલિની નામની અધઃશક્તિ બિરાજે છે, માટે તેનું ધ્યાન કરવું. (૩) તે પછી ચોથું હૃદયચક્ર છે, તેનું મુખ નીચે નમેલું છે, તેને આઠ પાંખડીઓ છે, તે સર્વ ઇષ્ટવસ્તુને આપનારૂં છે અને તેના મધ્યભાગમાં જ્યોતિર્લિંગના જેવી એક કર્ણિકા રહેલી છે, માટે તેનું ધ્યાન કરવું. (૪) તે પછી પાંચમું કંઠચક્ર છે, તેની પહોળાઇ ચાર આંગળની છે અને તેની વચ્ચે ઇડા તથા પિંગલા નામની નાડીના મધ્યભાગમાં સુષુમ્ણા નામની નાડી આવેલી છે, માટે તેનું ધ્યાન કરવું. (૫) તે પછી છઠ્ઠું એક ઘંટિકા નામનું ચક્ર છે, તે ગળાના આગળના ભાગમાં લટકતું છે અને તેમાં ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરવામાટે દશમદ્વારનું ધ્યાન કરવું. (૬) તે પછીનું સાતમું ભ્રૂચક્ર નામનું એક ચક્ર છે, તેની નાળ અને કંદ એકજ છે, તે ઉત્તમ વાણીને આપનારૂં છે, તેનો આકાર દિવ્ય શિખાના જેવો છે અને તેના મધ્યભાગમાં જ્ઞાનલોચન રહેલું છે, માટે તેનું ધ્યાન કરવું. (૭) તે પછી આઠમું નિર્વાણ નામનું ચક્ર છે, તે બ્રહ્મરંધ્રમાં આવેલું છે. તેનો આકાર અત્યંત સૂક્ષ્મ છે અને તેમાં મોક્ષને આપનારા જાલંધર દેવ રહેલા છે, માટે તેનું ધ્યાન કરવું. (૮) તે પછી નવમું આકાશબીજ નામનું ચક્ર છે, તે અત્યંત ઉત્તમ છે, તેને ત્રણ અણીઓ રહેલી છે, તે કોઈ એક પર્વતની સપાટીમાં રહેલું હોય તેવું જણાય છે અને તેના મધ્યભાગમાં આઠ પાંખડીઓવાળા કમળની અંદર ઊર્ધ્વશક્તિ નામની કલ્યાણ આપનારી દેવી બિરાજે છે, માટે તેનું ધ્યાન કરવું.(૯) આ નવે નોદનાઓ વાયુનો નિગ્રહ કરવાપૂરતીજ છે, માટે તે નવ નોદનાઓ કર્યા પછી મનને સમષ્ટિકાર્યમાં ધારણ કરવું તે દશમી નોદના છે. (૧૦) પછી કારણબ્રહ્મમાં મનને સ્થિર કરવું, તે અગીઆરમી નોદના છે (૧૧) અને તે પછી નિષ્કળ પરબ્રહ્મમાં મનને સ્થિર કરવું તે બારમી નોદના છે. આ બારે નોદનાઓનો યોગીએ, આગલી તથા પાછલી રાત્રિમાં અભ્યાસ કરવો.

લય પમાડી દઇને લય તથા વિક્ષેપનો પ્રતિસંહાર કરે છે અને તે પછી રજોગુણથી રહિત નિત્ય, અનંત, શુદ્ધ, પરિણામરહિત, કૂટસ્થ, સદાકાળને માટે અભેદ્ય, અજર, અમર, સનાતન, અવિનાશી, સર્વના નિયંતા અને નિર્વિકાર એવા કેવળ પરબ્રહ્મનુંજ ધ્યાન કરે છે.[૧૩–૧૭] હે મહારાજા! એ પ્રમાણે જે પુરુષ યોગનિષ્ઠ થયેલો હોય છે, (અર્થાત સમાધિમાંજ સ્થિતિ કરી રહ્યો હોય છે) તે પુરુષનાં લક્ષણો કેવાં હોય છે તે હું તને કહું છું, સાંભળ. સમાધિમાં સ્થિતિ કરનારો યોગી જે પ્રસન્નતાને પ્રાપ્ત કરે છે, તેનું લક્ષણ તૃપ્તિ પામીને સુખેથી શયન કરનારા પુરુષના જેવું હોય છે.[૧૮] વળી જેમ વાયુરહિત પ્રદેશમાં મૂકેલો તેલથી ભરેલો દીવો નિશ્ચળ અને ઊર્ધ્વ શિખાવાળો થઇને બળ્યા કરે છે, તેમ યોગી પુરુષ પણ નિશ્ચળ અને શાંત અવસ્થામાં રહીને સમાધિસુખને અનુભવે છે, એમ વિદ્વાનો કહે છે.[૧૯] જેમ એક પથ્થરને મેઘનાં જળબિંદુઓનો પ્રહાર થયા છતાં પણ કંઈ અસર થતી નથી, તેમ સમાધિસ્થ યોગીને શબ્દાદિક વિષયોની લેશમાત્ર અસર થતી નથી.[૨૦] વળી તેવો યોગી પુરુષ, સમાધિમાં જ્યારે મગ્ન હોય છે, ત્યારે તેની પાસે શંખ તથા દુંદુભિઓ વગાડવામાં આવે અથવા ભાત ભાતનાં ગાયનોનો તથા વાદિત્રોનો શબ્દ કરવામાં આવે તોપણ તે કંપાયમાન થતો નથી.[૨૧] જેમ એક સ્થિર મનનો પુરુષ, તેલથી ભરેલું પાત્ર હાથમાં લઈને પગથીઆં ઉપર ચઢવા માંડે અને તે સમયે બીજા પુરુષોએ હાથમાં તરવાર લઇને તેને ભય પમાડ્યો હોય છતાં તે પુરુષ નિર્ભય અવસ્થામાં રહીને તેલના એક પણ બિંદુને પૃથ્વીપર નહિ પડવા દેતાં બધાં પગથીઆંઓપર ચઢી જાય છે, તેમ યોગી પુરુષ પણ લયવિક્ષેપથી પરાભવ પામ્યા છતાં મનને એકાગ્ર રાખીને યોગમાર્ગમાં અતિ ઉત્કૃષ્ટરીતે આગળ વધે છે.[૨૨,૨૩] એ રીતે ઇંદ્રિયોની સ્થિરતા ઉપરથી અને નિશ્ચલતા ઉપરથીજ સમાધિનિષ્ઠ યોગી પુરુષનાં લક્ષણો જાણી શકાય છે.[૨૪] વળી તેવો યોગી પુરુષ સમાધિદશામાં જ્યારે સ્થિતિ કરે છે, ત્યારે તેજ પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરે છે, કે જે પરબ્રહ્મ મહાન તમસ્‌ના મધ્યમાં પણ અગ્નિની પેઠે જાજવલ્યમાન સ્થિતિમાં રહેલો છે.[૨૫] હે રાજન્! એ પરબ્રહ્મનો સાક્ષાત્કાર કર્યા પછી તે યોગી પુરુષ સાક્ષીશૂન્ય–નિર્જીવ એવા આ દેહનો ત્યાગ કરીને મહાન કાળે પણ મોક્ષપદને પામે છે. આવી એક સનાતની શ્રુતિ પ્રસિદ્ધ છે.[૨૬] બસ, આનું નામજ યોગીઓનો યોગ છે અને આ સિવાય બીજું યોગનું લક્ષણ પણ શું હોઇ શકે? બુદ્ધિમાન પુરુષો આ યોગને જાણીને પોતાના આત્માને કૃતકૃત્ય માને છે.[૨૭]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“જનક અને યાજ્ઞવલ્કયનો સંવાદ” એ
વિષયનો અધ્યાય ૩૧૬ મો સમાપ્ત.

અધ્યાય ૩૧૭ મો

યાજ્ઞવલ્કયગીતા–હઠયોગનું ફળ અને મૃત્યુસૂચક ચિહ્નો

॥ याज्ञवल्क्य उवाच ॥
तथैवोत्क्रममाणं तु शृणुष्वावहितो नृप ॥
पद्भ्यामुत्क्रममाणस्य वैष्णवं स्थानमुच्यते॥

યાજ્ઞવલ્કયે કહ્યું:–“ હે રાજા! જે યોગીએ (હઠ) યોગનો આશ્રય કર્યો હોય છે, તેને મરણ પછી કયા કયા લોક પ્રાપ્ત થાય છે તે વિષે હું તને કહું છું, તું સાવધાન થઇને સાંભળ. જે યોગીના પ્રાણ બે ચરણોદ્વારા નીકળી જાય છે તેને વિષ્ણુલોક પ્રાપ્ત થાય છે. (કારણ કે ચરણના દેવતા વિષ્ણુ છે, માટે જેના પ્રાણ ચરણદ્વારા નીકળી ગયા હોય તેને વિષ્ણુલોકજ મળવો જોઇએ. આ પ્રમાણે હવે પછીના શ્લોકોમાં પણ સમજવું)[૧] વળી જે યોગીના પ્રાણ જાંઘદ્વારા પ્રયાણ કરી જાય છે,તેને વસુ નામના દેવોનો લોક પ્રાપ્ત થાય છે અને જેના પ્રાણ ઢીંચણદ્વારા પ્રયાણ કરી જાય છે, તેને મોટા ભાગ્યવાળા સાધ્ય દેવોનો લોક પ્રાપ્ત થાય છે, એમ અમે સાંભળ્યું છે;[૨] તેમજ જેના પ્રાણ ગુદાદ્વારા પ્રયાણ કરે છે, તેને સૂર્યલોક પ્રાપ્ત

થાય છે; જેના પ્રાણ નિતંબદ્વારા પ્રયાણ કરે છે, તેને પૃથ્વીલોક પ્રાપ્ત થાય છે; જેના પ્રાણ બે સાથળોદ્વારા પ્રયાણ કરે છે, તેને પ્રજાપતિલોક પ્રાપ્ત થાય છે; જેના પ્રાણ બે પડખાંઓમાંથી પ્રયાણ કરે છે, તેને વાયુદેવનો લોક પ્રાપ્ત થાય છે; જેના પ્રાણ નાભિદ્વારા નીકળી જાય છે, તેને ઇંદ્રપણું પ્રાપ્ત થાય છે; જેના પ્રાણ બે બાહુઓદ્વારા નીકળી જાય છે, તેને પણ ઇંદ્રલોકજ પ્રાપ્ત થાય છે; જેના પ્રાણ છાતીદ્વારા પ્રયાણ કરી જાય છે, તેને રુદ્રનો લોક પ્રાપ્ત થાય છે; જેના પ્રાણ ડોકદ્વારા પ્રયાણ કરે છે, તેને મુનિશ્રેષ્ઠ નર ભગવાનનો લોક પ્રાપ્ત થાય છે; જેના પ્રાણ મુખદ્વારા નીકળી જાય છે, તેને વિશ્વેદેવાનો લોક પ્રાપ્ત થાય છે; જેના પ્રાણ શ્રોત્રદ્વારા પ્રયાણ કરે છે, તેને દિશાઓનું સ્થાન પ્રાપ્ત થાય છે; જેના પ્રાણ નાસિકાદ્વારા પ્રયાણ કરે છે, તેને વાયુલોક પ્રાપ્ત થાય છે; જેના પ્રાણ નેત્રદ્વારા નીકળી જાય છે, તેને અગ્નિનો લોક પ્રાપ્ત થાય છે; જેના પ્રાણ બે ભ્રુકુટીદ્વારા નીકળી જાય છે, તેને અશ્વિનીકુમારોનો લોક પ્રાપ્ત થાય છે; જેના પ્રાણ લલાટમાંથી નીકળી જાય છે, તેને પિતૃઓનો લોક પ્રાપ્ત થાય છે અને જેના પ્રાણ મસ્તકદ્વારા પ્રયાણ કરી જાય છે, તેને દેવોમાં શ્રેષ્ઠ વિભુ બ્રહ્મદેવનો લોક પ્રાપ્ત થાય છે. હે મિથિલા દેશના રાજા! એ પ્રમાણે મેં તને પ્રાણો નીકળી ગયા પછી પ્રાપ્ત થનારાં સ્થાનો કહી સંભળાવ્યાં. ૩–૭

હવે, વિદ્વાનોએ કહેલાં અરિષ્ટો× હું તને કહું છું, કે જે અરિષ્ટો (મૃત્યુસૂચક ચિહ્નો) એક વર્ષની અંદર મરણ પામનારા મનુષ્યને જણાય છે.૮ જે મનુષ્ય પૂર્વે કદી જોયેલી અરુંધતીને (અરુંધતીના તારાને), ધ્રુવને (ધ્રુવના તારાને), પૂર્ણચંદ્રને તથા દીવાને જોઈ શકતો નથી, તેનું મૃત્યુ એક વર્ષમાંજ થાય છે; ૯ તેમજ હે રાજા ! જે મનુષ્યો ચંદ્રના જમણા ભાગને જાણે ખંડિત થયેલો હોય તેવો જુએ છે અને બીજાના નેત્રની કીકીમાં પોતાના મુખપ્રતિબિંબને જેઓ જોઈ શકતા નથી, તેઓનું મૃત્યુ પણ એક વર્ષમાંજ થાય છે.૧૦ જે મનુષ્યની કાંતિ અને આકૃતિ એકદમ બદલાઈ જાય, જે પ્રથમ તેજસ્વી ન હોય છતાં એકદમ તેજસ્વી બની જાય, જે પ્રથમ બુદ્ધિહીન હોય છતાં એકદમ બુદ્ધિમાન થઈ જાય, જે પ્રથમ બુદ્ધિમાન હોય છતાં એકદમ બુદ્ધિહીન બની જાય, જે પ્રથમ તેજસ્વી હોય છતાં એકદમ નિસ્તેજ થઇ જાય, અને જેના સ્વભાવમાં એકદમ ફેરફાર થઈ જાય, તે મનુષ્યનું મૃત્યુ માત્ર છ માસમાંજ થાય છે ! વળી જે મનુષ્ય દેવોની અવગણના કરે છે, બ્રાહ્મણોની સાથે વિરોધ કરે છે અને જેના શરીરની કાંતિ કાળી અથવા ફિક્કી પડી જાય, તે મનુષ્યનું મૃત્યુ પણ છ માસમાંજ થાય છે; તેમજ જે મનુષ્ય ચંદ્રને તથા સૂર્યને કરોળીઆની જાળની પેઠે છિદ્રવાળા જુએ છે,તેનું મૃત્યુ માત્ર સાત દિવસમાંજ થાય છે. જે મનુષ્ય કોઇ દેવાલયમાં બેઠો હોય અને ત્યાં ઉત્તમ સુગંધી ફેલાઇ રહી હોય, છતાં તેને મડદાંના જેવી દુર્ગંધ આવે તે મનુષ્યનું મૃત્યુ પણ સાત દિવસમાંજ થાય છે અને જે મનુષ્યના કાન તથા નાક નમી જાય, જેના દાંત અને દૃષ્ટિ એકદમ રૂક્ષ થઈ જાય, જેને કોઈ જાતનું ભાન ન રહે અને જેના શરીરમાંથી ઉષ્ણતા ચાલી જાય, તે મનુષ્યનું મૃત્યુ તત્કાળ નીપજે છે. વળી હે રાજા ! જેના ડાબા નેત્રમાંથી અકસ્માત્ જળધારા ઝરવા લાગે અને જેના મસ્તકમાંથી જાણે ધૂમાડો નીકળતો હોય તેવું જણાય, તે મનુષ્યનું મૃત્યુ પણ તત્કાળજ નીપજે છે. આ મૃત્યુસૂચક ચિહ્નોને પ્રથમથીજ જાણી લઇને આત્મજ્ઞાની મનુષ્યે, પોતાના આત્માને રાતદિવસ પરમાત્મામાંજ યોજવો અને એમ કરતાં કરતાં જે સમયે મૃત્યુ થવાનું હોય, તે સમયની રાહ જોયા કરવી; પણ હે રાજા ! જે મનુષ્યને મરણ ઇષ્ટ લાગતું ન હોય તેણે આ ક્રિયાનોજ

× અહીં અરિષ્ટોનું કથન કરવાનું કારણ એ છે કે, પોતાના મૃત્યુને સમીપમાં આવેલું જાણીને પણ મનુષ્યે પોતાનું હિત કરવાનો પ્રયાસ અવશ્ય કરવો જોઇએ,એમ સૂચન કરવાનું છે.

આશ્રય કરવો કે, સર્વ ગંધોનો તથા રસોનો તેણે જય કરવો, ઉપરાંત સાંખ્યજ્ઞાનનું સેવન કરવું અને આત્માને જાણવો. જેથી યોગદ્વારા તત્પર થયેલા અંતરાત્માવડે મૃત્યુને પણ જીતી શકાય છે;[૧૧-૨૦] એટલુંજ નહિ પણ તેવો, આત્મનિષ્ઠ પુરુષ અજ્ઞાની મનુષ્યોને દુર્લભ એવા સનાતન સ્થાનને પ્રાપ્ત કરે છે, કે જે સ્થાન અવિનાશી છે, સમગ્ર રીતે સંપૂર્ણ છે, જન્મમૃત્યુથી રહિત છે અને સર્વ વિકારોથી મુક્ત છે.[૨૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "યાજ્ઞવલ્કય અને જનકનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૩૧૭ મો સમાપ્ત.

અધ્યાય ૩૧૮ મો

યાજ્ઞવલ્કયગીતા-પરબ્રહ્મનું સ્વરૂપ અને તેના જ્ઞાનનું ફળ

॥ याज्ञवल्क्य उवाच ॥

अव्यक्तस्थं परंयत्तत्पृष्टस्तेऽहं नराधिप ॥
परं गुह्यमिमं प्रश्नं शृणुष्वावहितो नृप ॥१॥

યાજ્ઞવલ્કયે કહ્યું:-હે જનક રાજા! જે તત્ત્વ, પ્રકૃતિને વિષે સ્થિતિ કરી રહ્યું છે, તે પરમતત્ત્વના સંબંધમાં તેં મને જે પ્રશ્ન પૂછયો છે તે પરમ ગુહ્ય છે, તોપણ તેનો ઉત્તર હું તને આપું છું, તું સાવધાન થઇને સાંભળ.[૧] હે મિથિલાના રાજા! ઋષિઓએ દર્શાવેલા વિધિનું આચરણ કરીને તેમજ નમ્રતાપૂર્વક વર્તીને મેં સૂર્યદેવ પાસેથી શુકલ *યજુર્વેદ સંપાદન કર્યો છે.[૨] હે નિર્દોષ રાજા! મેં ઘણીજ મોટી તપશ્ચર્યા કરીને સૂર્યદેવનું સેવન કર્યું હતું, જેથી મારાપર પ્રસન્ન થયેલા તે વ્યાપક દેવે મને આ પ્રમાણે કહ્યું હતું[૩]:-"હે બ્રહ્મર્ષિ! હું તારાપર પ્રસન્ન થયો છું, માટે તને જે અતિ દુર્લભ વર મેળવવાની ઇચ્છા હોય તેને તું માગી લે. હું તને તે આપીશ. મારી પ્રસન્નતા ખરેખર દુર્લભ છે.[૪]" તે સાંભળી, મસ્તકવડે પ્રણામ કરીને મેં સૂર્યદેવને કહ્યું:-"હે ભગવન્! મને યજુર્વેદનું જ્ઞાન નથી, માટે તેનું મને સત્વર જ્ઞાન થાય, એમ હું ઇચ્છું છું."[૫] તે પછી ભગવાન સૂર્યદેવે મને કહ્યું:-"હે બ્રહ્મન્! હું તને યજુર્વેદ અર્પણ કરૂં છું અને આ સમયેજ તારા શરીરમાં વાણીરૂપ સરસ્વતી દેવી પ્રવેશ કરશે."[૬] આમ કહીને વળી પણ તે ભગવાને મને કહ્યું કે:-"તું તારા મુખને ખુલ્લું કર." પછી મેં મારા મુખને ખુલ્લું કર્યું કે તુરતજ સરસ્વતી દેવીએ તેમાં પ્રવેશ કર્યો.[૭] હે નિર્દોષ રાજા! તે સમયે મારૂં શરીર અત્યંત બળવા લાગ્યું, જેથી મેં જળની અંદર પ્રવેશ કર્યો અને અજ્ઞાનને લીધે મહાત્મા સૂર્યના ઉપર હું કોપાયમાન પણ થઇ ગયો.[૮] એ પ્રમાણે મારૂં શરીર અત્યંત બળવા લાગ્યું, તે જોઇ ભગવાન સૂર્યે મને કહ્યું કે:-"એક મુહૂર્તભર આ દાહને તું સહન કર. તે પછી તારૂં શરીર શીતલ થઇ જશે."[૯] આમ તેમના કહેવા પ્રમાણે મારૂં શરીર શીતલ થઇ ગયું, એટલે ભગવાન સૂર્યે મને કહ્યું કે:-"હે બ્રાહ્મણ! તને બીજી વેદશાખાઓનાં પ્રકરણો અને ઉપનિષદોસહિત સંપૂર્ણ વેદ પ્રાપ્ત થશે.[૧૦] વળી હે ઉત્તમ બ્રાહ્મણ! તું સંપૂર્ણ શતપથ બ્રાહ્મણને રચી શકીશ અને તે પછી તારી બુદ્ધિ મોક્ષને માટે તત્પર થશે, જેથી અંતે સાંખ્ય તથા યોગવેત્તાઓને ઇષ્ટ એવા પરમ પદને તું પ્રાપ્ત થઈશ." એમ કહીને ભગવાન સૂર્ય ત્યાંથી અસ્ત થયા-અંતર્ધાન થયા;[૧૧,૧૨] અને હું પણ તેમનું વચન સાંભળીને તેમના ગયા પછી હરખાતો હરખાતો ઘેર આવ્યો તથા દેવી સરસ્વતીનું ચિંતન કરવા લાગ્યો.[૧૩] એટલે તુરતજ સ્વર તથા વ્યંજનોથી શોભાયમાન દેવી સરસ્વતી, ૐકારને આગળ કરી મારી સન્મુખ પ્રગટ થઇ.[૨૪] તે સમયે મેં દેવી સરસ્વતીને વિધિપૂર્વક અર્ઘ્યપ્રદાન કર્યું અને ભગવાન સૂર્યનારાયણની પણ ભક્તિપૂર્વક પૂજા કરી અને પછી તેઓનું ધ્યાન કરવામાંજ

---

* યાજ્ઞવલ્કયે પોતાના મામા વૈશંપાયન પાસેથી જે યજુર્વેદનું અધ્યયન કર્યું હતું, તે યજુર્વેદને મામા-ભાણેજ વચ્ચે તકરાર થતાં યાજ્ઞવલ્કયે ઓકી કાઢ્યો હતો અને પાછળથી સૂર્યની ઉપાસના કરીને નવો વેદ સંપાદન કર્યો હતો, તેનું નામ શુક્લયજુર્વેદ છે.

હું તત્પર રહેવા લાગ્યો.[૧૫] એમ કરતાં થોડોક કાળ વીતી ગયો એટલે રહસ્ય, સંગ્રહ અને પરિશિષ્ટસહિત સંપૂર્ણ શતપથ બ્રાહ્મણ, પરમ હર્ષપૂર્વક મેં રચી કાઢ્યું. (અર્થાત્ પોતાની મેળેજ શતપથ બ્રાહ્મણ મારા હૃદયમાં પ્રકટ થયું, એટલે મેં પરમ હર્ષપૂર્વક જગતમાં પ્રસિદ્ધ કર્યું.)[૧૬] એ શતપથ બ્રાહ્મણનું મેં મારા સો ઉત્તમ શિષ્યોને અધ્યયન કરાવ્યું અને તે એટલા માટેજ કે,મારા મામા મહાત્મા વૈશંપાયન અને તેમના શિષ્યોને મારે નારાજ કરવા હતા.[૧૭] પછી કિરણોવડે જેમ સૂર્ય દીપી નીકળે છે, તેમ શિષ્યોના પરિવારથી હું દીપવા લાગ્યો અને હે મહારાજા! તેજ સમયે મેં તારા પિતાની પાસે એક યજ્ઞ પણ કરાવ્યો. [૧૮] એ યજ્ઞમાં પોતપોતાના વેદની દક્ષિણાના સંબંધમાં મારે અને મારા મામાવચ્ચે ટંટો ઉભો થયો; પણ મારા મામાના પક્ષના દેવલ મુનિના દેખતાં મેં દક્ષિણાનો અર્ધભાગ સ્વીકારી લીધો.[૧૯] એ સમયે સુમંતુએ, પૈલે, જૈમિનિએ, તારા પિતાએ અને બીજા ઘણા મુનિઓએ મને માન પણ આપ્યું.[૨૦] હે નિર્દોષ રાજા! મેં સૂર્યદેવ પાસેથી પંદર શાખાઓવાળો યજુર્વેદ પ્રાપ્ત કર્યો છે અને રોમહર્ષે સર્વ પુરાણો પ્રાપ્ત કર્યાં છે.[૨૧] હે રાજા! ૐકારરૂપ બીજને તથા દેવી સરસ્વતીને આગળ કરીને ભગવાન સૂર્યનારાયણના પ્રભાવથી હું શતપથ બ્રાહ્મણને પ્રકટ કરવા તૈયાર થયો હતો અને તે અપૂર્વ કર્મ મેં મારી ઇચ્છાનુસાર સંપૂર્ણ પણ કર્યું છે; [૨૨,૨૩]એટલુંજ નહિ પરંતુ સમગ્ર શિષ્યોને તે સંપૂર્ણ ગ્રંથ (શતપથ બ્રાહ્મણ) સંગ્રહસહિત ભણાવી દીધો છે, જેથી સર્વ શિષ્યો પણ પરમ પવિત્ર થયા છે અને પરમ આનંદને પામ્યા છે.[૨૪] મેં સૂર્ય પાસેથી પ્રાપ્ત થયેલી વેદની પંદર શાખાઓરૂપ વિદ્યાઓનું મારી ઈચ્છાનુસાર એ પ્રમાણે સ્થાપન કર્યું છે અને હવે જ્ઞાન કરવાયોગ્ય પરબ્રહ્મનું ચિંતન કરવા માંડ્યું છે.[૨૫]

હે રાજન્! એક સમયે વિશ્વાવસુ નામનો એક ગંધર્વ, જે વેદાંતના જ્ઞાનમાં ઘણોજ કુશળ હતો, તે આ જગતમાં બ્રાહ્મણજાતિનું હિત શું છે અને સર્વોત્તમ જાણવા યોગ્ય વસ્તુ શી છે” એ વિષયનો મનમાં વિચાર કરીને મારી પાસે આવ્યો અને આવા પ્રકારના ચોવીસ વેદસંબંધી પ્રશ્નો મને પૂછવા લાગ્યો.[૨૬,૨૭]તે પ્રશ્નોમાં પચીસમો પ્રશ્ન આન્વીક્ષિકીવિદ્યાના સંબંધનો છે એટલે વેદાંતનું શ્રવણ કર્યા પછી યુક્તિપૂર્વક તેનું મનન કરવા વિષેનો છે અને બીજા પ્રશ્નો આ પ્રમાણે છેઃ- વિશ્વ શું છે? અવિશ્વ શું છે? અશ્વા એટલે શું? અશ્વ એટલે શું? મિત્ર કોણ? વરુણ કોણ? જ્ઞાન શું? જ્ઞેય શું? અજ્ઞ કોણ? તપ શું? તપા કોણ? અતપા કોણ? સૂર્યાદ કોણ? સૂર્ય કોણ? વિદ્યા શું? અવિદ્યા શું? વેદ્ય શું? અવેદ્ય શું? અચલ કોણ? ચલ કોણ? અપૂર્વ શું? અક્ષય શું? અને ક્ષય શું? [૨૮-૩૦] હે મહારાજા! ગંધર્વમાં શ્રેષ્ઠ અને અર્થને જાણનારા તે વિશ્વાવસુ રાજાએ અનુક્રમે તે ઉત્તમ પ્રશ્નો પૂછ્યા એટલે તેનું શ્રવણ કરીને મેં તેને આ પ્રમાણે કહ્યું:-“એક મુહૂર્તભર તું અહીં બેસ, જેટલામાં હું તે પ્રશ્નોનો વિચાર કરી લઉં.” તે સાંભળીને “બહુ સારૂં” એમ કહીને તે ગંધર્વરાજા શાંત થઈને બેઠો.[૩૧,૩૨] પછી મેં દેવી સરસ્વતીનું વારંવાર ચિંતન કરવા માંડ્યું, એટલે તુરતજ મારા મનમાં, દહિંમાંથી જેમ ઘી નીકળી આવે તેમ, તે પ્રશ્નોના ઉત્તરો સ્ફુરી આવ્યા. હે તાત! તે સમયે મેં વેદના ઉપનિષદ્ ભાગનું તથા વેદના વાક્યશેષરૂપ તર્કશાસ્ત્રનું બરાબર મથન કરવા માંડ્યું, જેથી સર્વ શ્રેષ્ઠ એવી આન્વીક્ષિકી વિદ્યાને પણ મારા મનમાં હું જોવા લાગ્યો.[૩૪] હે રાજાઓમાં સિંહસમાન જનક રાજા! જે વિદ્યા મોક્ષને માટે હિતકારક છે અને ત્રયી, વાર્તા તથા દંડનીતિની અપેક્ષાએ ચોથી ગણાય છે. તે જીવાત્માસંબંધી મોક્ષવિદ્યા, મેં તને જે પ્રમાણે કહી છે, તેજ પ્રમાણે વિશ્વાવસુ ગંધર્વને પણ કહી હતી[૩૫] અને તે સિવાયના બીજા ચોવીસ પ્રશ્નોનો ઉત્તર આપવામાટે પણ વિશ્વાવસુ ગંધર્વને મેં આ પ્રમાણે કહ્યું હતું કેઃ-“હે રાજા! તેં મને જે પ્રશ્નો પૂછ્યા છે તેના ઉત્તર હું તને કહું છું, સાંભળ.[૩૬] હે ગંધર્વેન્દ્ર! તેં મને પ્રશ્ન કર્યો છે

કે,વિશ્વ એટલે શું? અને અવિશ્વ એટલે શું? તેનો ઉત્તર સાંભળ. વિશ્વ એટલે અવ્યક્ત–પ્રકૃતિ, કે જે (પુરુષસિવાયનાં) સર્વ તત્ત્વોથી પર રહેલ છે, સંસારરૂપ ભયને ઉત્પન્ન કરનાર છે અને ગુણોના કર્તાપણાને લીધે ત્રિગુણાત્મક છે; તેમજ એ વિશ્વ અથવા પ્રકૃતિથી જે ભિન્ન છે અને નિષ્કલ છે, તે–પરમપુરુષ અવિશ્વ કહેવાય છે. વળી અશ્વ તથા અશ્વા પણ પુરુષ તથા પ્રકૃતિનું મિથુનજ કહેવાય છે–અર્થાત નિર્ગુણ એવો જે પુરુષ તે અશ્વ કહેવાય છે અને અવ્યક્ત અથવા સગુણ એવી જે પ્રકૃતિ તે અશ્વા કહેવાય છે; તેજ પ્રમાણે મિત્ર એ પુરુષનું નામ છે અને વરુણ એ પ્રકૃતિનું નામ છે.[૩૭–૩૯] વળી વિદ્વાનો કહે છે કે, પ્રકૃતિ એજ જ્ઞાનનો પર્યાય છે અને નિષ્કલ પુરુષ એજ જ્ઞેયનો પર્યાય છે–અર્થાત પ્રકૃતિ જ્ઞાનરૂપ છે અને પુરુષ જ્ઞેયરૂપ છે. હવે, અજ્ઞ કોણ અને જ્ઞ કોણ ? તે તું સાંભળ. કાર્યોપાધિને ધારણ કરનારો જે જીવ તે 'અજ્ઞ' કહેવાય છે અને કારણોપાધિને ધારણ કરનારો જે ઇશ્વર તે 'જ્ઞ' કહેવાય છે; પરંતુ તેઓ બન્ને ઉપાધિનો જ્યારે ત્યાગ કરે છે, ત્યારે એક નિષ્કલ બ્રહ્મજ કહેવાય છે.[૪૦] તેં મને પૂછ્યુ કે, તપા કોણ અને અતપા કોણ ? તેનો ઉત્તર તું સાંભળ. પ્રકૃતિને વિદ્વાનો તપા કહે છે અને નિષ્કલ પુરુષને અતપા કહે છે;[૪૧] તેમજ પ્રકૃતિ અવેદ્ય કહેવાય છે અને પુરુષ વેદ્ય કહેવાય છે. વળી તેં મને પૂછ્યું કે, ચલ કોણ અને અચલ કોણ ? તે પણ મારી પાસેથી સાંભળ.[૪૨] પ્રકૃત, જે વિકારયુક્ત થઇને જગતનું ઉત્પત્તિકારણ તથા વિનાશકારણ ગણાય છે, તેને વિદ્વાનો ચલા કહે છે અને પુરુષ, જે વિકારને પામ્યા વિનાજ જગતની ઉત્પત્તિનો તથા વિનાશનો કર્તા ગણાય છે, તેને નિશ્ચલ અથવા અચલ કહેવામાં આવે છે.[૪૩] જોકે શાસ્ત્રદૃષ્ટિએ તો પ્રકૃતિજ અવેદ્ય ગણાય છે અને પુરુષજ વેદ્ય ગણાય છે, તથાપિ પ્રકૃતિ દૃશ્ય હોવાને લીધે વેદ્ય પણ કહેવાય છે અને પુરુષ અદૃશ્ય હોવાને લીધે અવેદ્ય પણ કહેવાય છે.[૪૪] વળી અધ્યાત્મશાસ્ત્રમાં એવો નિશ્ચય કરવામાં આવ્યો છે કે, પ્રકૃતિ અને પુરુષ એ-બન્ને અજ્ઞાની છે, અનાદિ છે, અક્ષય છે, અજન્મા છે અને નિત્ય છે.[૪૫]* વિદ્વાનો કહે છે કે, જગતના ઉત્પત્તિકાળે પણ પુરુષ કેવળ અક્ષય રહે છે, માટેજ તેને અજન્મા અને અવિકારી કહેવામાં આવે છે; અને પુરુષનો કદી ક્ષયજ થતો નથી, માટે તેને અક્ષય પણ કહે છે.[૪૬] તેમજ પ્રકૃતિ ગુણોને ઉત્પન્ન કરનારી છે, તેથી તેમાં નિવાસ કરનારા ગુણોનો કદી નાશ થાય છે, તોપણ તેને વિદ્વાનો અક્ષય કહે છે. બસ, આનું નામજ આન્વીક્ષિકી વિદ્યા કહેવાય છે, કે જે વિદ્યા ત્રયી, વાર્તા અને દંડનીતિની અપેક્ષાએ ચોથી છે અને મોક્ષ મેળવવામાં મુખ્ય હેતુરૂપ છે.[૪૭]

હે વિશ્વાવસુ ! પ્રત્યેક મનુષ્યે, ગુરુગૃહે નિવાસ કરવારૂપ યત્ન કરીને શ્રવણમનનાદિકદ્વારા આન્વીક્ષિકીવિદ્યાસહિત ઋક્, સામ અને યજુર્વેદરૂપ ધન સંપાદન કરવું, એમ સર્વ વેદોનો એકાંત સિદ્ધાંત છે;[૪૮] કેમકે હે ગંધર્વ રાજા ! સર્વના અધિષ્ઠાનરૂપ જે પરમાત્મતત્ત્વમાંથી આકાશાદિ સર્વ પદાર્થો ઉત્પન્ન થાય છે અને પુનઃ તે અધિષ્ઠાનમાંજ લય પામી જાય છે, તે વેદના અર્થરૂપ આત્મવસ્તુને જેઓ જાણતા નથી, તેઓ આ સંસારમાં વારંવાર ભ્રમણ કર્યા કરે છે.[૪૯] જે પુરુષે અંગ–ઉપાંગસહિત વેદોનું અધ્યયન કરેલું હોય છે છતાં વેદ-

---

* આ શ્લોક ઉપર કોઇને શંકા થવાનો સંભવ છે કે, પ્રકૃતિ તો જડ છે, જેથી અજ્ઞાની હોઈ શકે પણ પુરુષ કે જે ચેતન છે,તેને અજ્ઞાની કેમ કહી શકાય? તેનું સમાધાન કરવા માટે ટીકાકાર નીલકંઠે લખ્યું છે કે, પુરુષ પણ પોતાનામાં વૃત્તિવિષયના અભાવને લીધે પોતે પોતાને જાણી શકતો નથી; તેમજ ધ્રુવ, અક્ષય, અજ અને નિત્યના સંબંધમાં પણ કેવળ વ્યવહારદૃષ્ટિએજ પુરુષ તથા પ્રકૃતિની તુલના છે, એમ સમજવું. વસ્તુતઃ ધ્રુવ, અક્ષય, અજ અને નિત્ય–એ ચારે વિશેષણો કેવળ પુરુષનેજ લાગુ થાય છે.

દ્વારા સાક્ષાત્કાર કરવા યોગ્ય પરમાત્મતત્ત્વનું જ્ઞાન સંપાદન કરેલું નથી, તે પુરુષ કેવળ વ્યર્થ વેદશાસ્ત્રનો ભારવાહીજ ગણાય છે-વેદિયું ઢોર ગણાય છે.[૫૦] હે ઉત્તમગંધર્વ ! કોઈ એક પુરુષ, કે જેને ઘી મેળવવાની ઈચ્છા હોય છે તે જો ગધેડીના દૂધનું મંથન કરે છે તો તેમાંથી ઘી મેળવી શકતો નથી, પણ વિષ્ઠાના જેવો દુર્ગંધી પદાર્થજ મેળવે છે;[૫૧] એજ પ્રમાણે જે પુરુષ વેદવેત્તા થયેલો હોય છતાં વેદ્ય-આત્માને તથા અવેદ્ય-પ્રકૃતિને જાણતો નથી, (અર્થાત પ્રકૃતિ તથા પુરુષના વિવેકને કરી જાણતો નથી) તે પુરુષ કેવળ મૂઢ બુદ્ધિનો ગણાય છે અને વેદશાસ્ત્રના જ્ઞાનનો વ્યર્થ ભારવાહીજ કહેવાય છે;[૫૨] માટે પ્રત્યેક પુરુષે નિત્યતત્પર અંતરાત્માવડે પ્રકૃતિ અને પુરુષનોજ સાક્ષાત્કાર કરવો જોઇએ, જેથી પુનઃ પુનઃ જન્મમરણનો સંભવજ ન રહે.[૫૩] આ સંસારમાં નિરંતર જન્મમરણ થયાજ કરે છે, તેનો મનમાં વિચાર કરીને પુરુષે વેદોક્ત કર્મકાંડસંબંધી નાશવંત ધર્મનો ત્યાગ કરવો અને અવિનાશી યોગધર્મનોજ આશ્રય કરવો.[૫૪] હે કશ્યપ ગોત્રના વિશ્વાવસુ ! હરકોઇ પુરુષ નિરંતર જ્યારે આત્મવસ્તુનોજ સાક્ષાત્કાર કરે છે, (શુદ્ધ એવા ત્વં પદાર્થનુંજ નિરંતર દર્શન કરે છે) ત્યારે તે કેવળ સ્વરૂપ થાય છે-અવિદ્યાથી મુક્ત થાય છે અને છવ્વીસમા શુદ્ધ સ્વરૂપને જોઈ શકે છે. (કેવળ તત્ પદાર્થનેજ સર્વત્ર જુએ છે.) [૫૫] જે પુરુષ મૂઢ હોય છે,તેનેજ સનાતન અને અદૃશ્ય એવા પરમાત્મા તથા પચીસમો જીવાત્મા, અન્યોન્યથી ભિન્ન દેખાય છે-અર્થાત્ મૂઢ પુરુષોની દૃષ્ટિએજ જીવાત્મા અને પરમાત્મા એવાં ભિન્ન સ્વરૂપો દૃષ્ટિગોચર થાય છે; પરંતુ વેદાંતનિષ્ઠ સાંખ્યવેત્તાઓને તો જીવાત્મા અને પરમાત્મામાં કંઇ ભેદજ દેખાતો નથી.[૫૬] જન્મમૃત્યુના ભયને લીધે પરમતત્ત્વને મેળવવા ઈચ્છનારા સાંખ્યવેત્તાઓ અને યોગીઓ-બન્ને પચીસમા અવિનાશી જીવાત્માને તથા છવ્વીસમા નિષ્કલ પરમતત્ત્વને અન્યોન્યથી ભિન્ન જોવાનું અભિનંદન આપતાજ નથી-અર્થાત સાંખ્યશાસ્ત્રીઓ અને યોગીઓ-બન્નેના મતમાં જીવાત્મા અને પરમાત્માનું ઐક્યજ સિદ્ધ કરેલું છે.[૫૭]

વિશ્વાવસુએ પૂછયું:- હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તમે કહ્યું કે, પચીસમો જીવાત્મા પણ અચ્યુત છે-અવિનાશી છે અને છવ્વીસમા પરમતત્ત્વથી અભિન્ન છે; પરંતુ તે તેમજ છે કે નથી, એ સંબંધમાં હું સમજી શકતો નથી, માટે તે વિષે મને સ્પષ્ટ રીતે કહો.[૫૮] હે બ્રહ્મર્ષિ ! આ વિષયનું મેં જૈગીષવ્ય, અસિત-દેવલ, પરાશર, બુદ્ધિમાન, વાર્ષગણ્ય, ભૃગુ, પંચશિખ, કપિલ, શુક, ગૌતમ, આર્ષ્ટિષેણ, મહાત્મા ગર્ગ, નારદ, આસુરિ બુદ્ધિમાન્ પુલસ્ત્ય, સનત્કુમાર, મહાત્મા શુક્ર અને તારો પિતા કશ્યપ-વગેરે ઘણા મહાત્માઓ પાસેથી શ્રવણ કર્યું છે; તેમજ રુદ્ર, બુદ્ધિમાન વિશ્વરૂપ, દેવતાઓ, પિતૃઓ અને દૈત્યો પણ કહે છે કે, સંપૂર્ણ રીતે જાણવા યોગ્ય એવું એક પરમતત્ત્વજ નિત્ય છે, એમ મેં સાંભળ્યું છે. (તોપણ મને તમારાપરજ વિશ્વાસ છે,માટે) હે બ્રાહ્મણ ! આ વિષયને તમારી બુદ્ધિથીજ સ્ફુટ થયેલો સાંભળવા હું ઇચ્છું છું; કેમકે તમે સર્વના કરતાં શ્રેષ્ઠ છો, સર્વ શાસ્ત્રોના વક્તા છો અને અત્યંત બુદ્ધિમાન છો. [૫૮-૬૪] વળી હે બ્રાહ્મણ ! આ જગતની કોઈપણ વસ્તુ તમારાથી અજાણી નથી, તમે દેવલોકમાં તથા પિતૃલોકમાં શ્રુતિના ભંડાર કહેવાઓ છો. [૬૫] ઉપરાંત બ્રહ્મલોકમાં વસનારા મહર્ષિઓ પણ કહે છે કે, નિરંતર તેજસ્વી ગણાતા જ્યોતિર્ગણોના પતિ ભગવાન્ સૂર્યે પોતેજ તમને યજુર્વેદ સમર્પણ કર્યો છે; [૬૬] તેમજ હે બ્રહ્મન્ યાજ્ઞવલ્કય ! તમે સંપૂર્ણ સાંખ્યજ્ઞાન અને સંપૂર્ણ યોગશાસ્ત્ર સંપાદન કર્યું છે અને વિશેષમાં ચર તથા અચરને પણ તમે નિઃસંશયપણે જાણો છો, માટે માખણરૂપ ઘીસમાન આ તત્ત્વજ્ઞાન તમારી પાસેથીજ શ્રવણ કરવા હું ઈચ્છું છું." [૬૭,૬૮]

યાજ્ઞવલ્કયે કહ્યું:-હે શ્રેષ્ઠ ગંધર્વ! હું તને સંપૂર્ણ તત્ત્વજ્ઞાનને ધારણ કરનારોજ માનું છું,

(અર્થાત્ તું સંપૂર્ણ રીતે તત્ત્વજ્ઞાની છે,એમ હું માનુંજ છું) તોપણ હે રાજા! જીવતત્ત્વના સંબંધમાં કંઈ વિશેષ જાણવાની ઇચ્છાથી તું મને પ્રશ્ન કરે છે,માટે હું તને શાસ્ત્રાનુસાર તે કહું છું.તું સાંભળ. [૬૯]હે ગંધર્વ! પ્રકૃતિ, જે કેવળ અબુધ્યમાન–અજ્ઞાનરૂપ અથવા જડ કહેવાય છે, તેને પચીસમું તત્ત્વ જીવાત્મા જાણી શકે છે; પરંતુ (જડ એવી) પ્રકૃતિ પચીસમા પુરુષ જીવને જાણી શકતી નથી.*[૭૦] વળી પ્રકૃતિમાં ચિદાત્માની છાયા પડે છે, તેથીજ તેને 'પ્રધાન' કહેવામાં આવે છે, એમ સાંખ્ય તથા યોગશાસ્ત્રને જાણનારા વિદ્વાનો, વેદોક્ત ×દૃષ્ટાંતને અનુસરીને કહે છે.[૭૧]હે નિર્દોષ ગંધર્વ! ચિદાભાસથી ભિન્ન એવો સાક્ષી,(જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં) અનેક દૃશ્ય પદાર્થોને જ્યારે જુએ છે-અર્થાત્ તે તે પદાર્થોની સાથે જ્યારે સંબંધવાળો થાય છે, ત્યારે (પોતાને) ચોવીસમા પ્રધાનતત્ત્વરૂપ અથવા પચીસમા જીવતત્ત્વરૂપ માને છે, પણ જ્યારે સુષુપ્તિ અથવા નિર્વિકલ્પ સમાધિ અવસ્થામાં કોઈ જાતના દૃશ્ય પદાર્થને જોતો નથી એટલે કોઈ પણ પદાર્થના સંબંધથી રહિત હોય છે–ત્યારે, (પોતાને) છવ્વીસમા પરમાત્મતત્ત્વરૂપજ જુએ છે.*[૭૨] પ્રધાન અથવા પ્રકૃતિ, જેને ચોવીસમું તત્ત્વ માનવામાં આવે છે, તે (ચિત્શક્તિની સત્તાને લીધે પોતાને) જુએ છે તોપણ પચીસમો જીવાત્માને જોઈ શક્તિ નથી અને પચીસમા જીવાત્મા (જ્યારે જ્ઞાનદશામાં આવે છે ત્યારે) એમજ માને છે કે, મારાસિવાય અથવા મારા કરતાં પર એવું બીજું એક પણ તત્ત્વ આ જગતમાં નથી; (અર્થાત ચોવીસમું પ્રધાન, આત્મસ્વરૂપ નથી પણ પચીસમો જીવજ આત્મસ્વરૂપ છે.) માટે જ્ઞાનદર્શી મનુષ્યોએ ચોવીસમા પ્રધાનને (પ્રકૃતિને) આત્માતરીકે કદી માનવુંજ નહિ.× જેમ એક માછલું જળને અનુસરે છે અને જળની પ્રવૃત્તિ પ્રમાણેજ પોતે પ્રવૃત્તિ કરે છે–જળ વહે છે ત્યારે પોતે પણ વહે છે, તેમ જીવાત્મા પણ પ્રકૃતિને અનુસરીને સંસારમાં પ્રવૃત્તિ કરે છે; પરંતુ આપણે જેમ જાણી શકીએ છીએ કે, માછલું જળથી ભિન્નજ છે, તેમ જ્ઞાની પુરુષ પણ પોતાના જ્ઞાનબળથી જાણી શકે છે કે, જીવાત્મા પ્રકૃતિથી ભિન્નજ છે. જીવને (અજ્ઞાનને લીધે) પ્રકૃતિ ઉપર સ્નેહ થાય છે, નિત્યનો સહવાસ થાય છે, તેનાપરનો અહંભાવ બંધાય છે અને પરમાત્માની સાથેના ઐક્યને પોતે જ્યારે ભૂલી જાય છે, ત્યારે અમુક કાળપર્યંત તેને સંસારમાં ડૂબી રહેવું પડે છે, પણ કાળે કરીને તેને જ્યારે જ્ઞાન થાય છે અને તેને લીધે પોતે જાણી શકે છે કે, "હુંજ શુદ્ધ ચિદાત્મા છું" ત્યારે, તેનો મોક્ષ થાય છે.[૭૩-૭૬] જે સમયે જીવાત્માને આવા પ્રકારનુંજ જ્ઞાન ઉત્પન્ન

---

* અર્થાત્ પુરુષ અથવા જીવની ચેતનસત્તાને લીધેજ જડ એવી પ્રકૃતિ, પ્રકાશમાન થાય છે–ચેતનના જેવી હોય તેમ જણાય છે. કહેવાનો આશય એ છે કે, ચેતનસ્વરૂપ એવું જીવતત્ત્વ બુદ્ધિ આદિ–પ્રકૃતિનું અગોચર છે અને તેથીજ તેને નિષ્કલ કહેવામાં આવે છે.

× તે દૃષ્ટાંત આ પ્રમાણે પ્રસિદ્ધ છે.

एक एव तु भूतात्मा भूते भूते व्यवस्थितः ।
एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत्–

એકનો એકજ ભૂતાત્મા પ્રત્યેક ભૂતની અંદર રહેલો છે. માત્ર જલમાં દેખાતા ચંદ્રના પ્રતિબિંબની પેઠે ઔપાધિક ભેદને લીધેજ ભિન્ન ભિન્ન સ્વરૂપવાળો દેખાય છે. આ દૃષ્ટાંત ઉપરથી એજ સિદ્ધ થાય છે કે "**प्रधीयते चितिच्छाया अस्मिन् इति प्रधानम्**–અર્થાત્ જેમાં ચેતનની છાયા પડે છે, તેનેજ પ્રધાન અથવા પ્રકૃતિ કહેવામાં આવે છે.

* આ શ્લોકનો સ્પષ્ટ આશય ટીકાકાર નીલકંઠે આ પ્રમાણે આપ્યો છે–જેને આપણે સાક્ષી કહીએ છીએ, તે એકજ જ્યારે સાક્ષ્ય–પદાર્થોના સાથે સંબંધ ધરાવે છે, ત્યારે જીવતત્ત્વ કહેવાય છે પણ જ્યારે સાક્ષ્ય–પદાર્થોની સાથે–અથવા પ્રકૃતિની સાથે સંબંધ ધરાવતો નથી, ત્યારે પરમાત્માજ કહેવાય છે.

× અહીં એજ કહેવાનું છે કે, ચોવીસમું તત્ત્વ પ્રકૃતિજ આત્મારૂપ છે, એવી ચાર્વાક અને બૌદ્ધની માન્યતા કેવળ ભૂલભરેલીજ છે.

થાય છે કે, “આ પ્રકૃતિ મારાથી ભિન્ન છે અને હું તે પ્રકૃતિથી ભિન્ન છું” ત્યારે તેને સાક્ષાત્કાર થાય છે કે, છવ્વીસમો પરમાત્મા-તે કેવળ હું પોતેજ છું.” જો કે, (લૌકિક દૃષ્ટિએ) એમ જણાય છે કે, “છવ્વીસમો પરમાત્મા જીવાત્માથી ભિન્ન છે અને પચીસમો જીવાત્મા, પરમાત્માથી ભિન્ન છે”પણ તત્ત્વવેત્તા સાધુ પુરુષોનો તો એજ અનુભવ છે કે, “પરમાત્મા, જીવાત્માના અધિષ્ઠાનરૂપ છે, તેથી જીવાત્મા અને પરમાત્મા બન્ને એકજ છે.[૭૮] આવા અનુભવને લીધેજ તે સાધુપુરુષો, જેઓ જન્મમૃત્યુના ભયથી ભયભીત રહે છે, યોગ અથવા સાંખ્ય ઉપરજ નિષ્ઠા રાખે છે, નિત્ય પવિત્ર હોય છે અને પરમાત્માનોજ મુખ્ય આશ્રય લે છે, તેઓ પચીસમા અવિનાશી જીવતત્ત્વને પરમાત્માથી ભિન્ન જોવાનું પસંદ કરતા નથી,પણ હે કશ્યપગોત્રી ગંધર્વ! તે જીવતત્ત્વને છવ્વીસમા પરમાત્મા રૂપજ જુએ છે.[૭૯] મનુષ્ય, જ્યારે કેવળ પરમાત્મારૂપજ બની રહે છે અને પોતાને છવ્વીસમા તત્ત્વરૂપેજ જ્યારે જુએ છે, ત્યારે સર્વજ્ઞ અને વિદ્વાન થઈને કદી પુનર્જન્મ પામતો નથી.[૮૦] હે નિર્દોષ વિશ્વાવસુ! એ પ્રમાણે મેં શ્રુતિમાં દર્શાવ્યા પ્રમાણેજ પ્રકૃતિ, જીવ અને પરબ્રહ્મનું સ્વરૂપ યથાર્થરીતે તને કહ્યું.[૮૧] જે પુરુષ દ્રષ્ટાને તથા દૃશ્યને તેમજ જ્ઞાનને તથા જ્ઞેયને કદી ભિન્નસ્વરૂપે જોતો નથી, તે પુરુષને કેવળ પરમાત્મારૂપ કહી શકાય છે, પચીસમા ચિદાભાસરૂપ પણ કહી શકાય છે, જગતના આદ્યકારણરૂપ કહી શકાય છે અથવા મહત્તત્ત્વાદિ કાર્યરૂપ પણ કહી શકાય છે.”*[૮૨]

વિશ્વાવસુએ કહ્યું:-હે સમર્થ યાજ્ઞવલ્કય! તમે મને સત્યકલ્યાણ દર્શાવ્યું છે અને સર્વ દેવોના આદ્ય તથા કલ્યાણના હેતુરૂપ પરબ્રહ્મના સ્વરૂપનું યથાવત જ્ઞાન કહ્યું છે માટે તમારૂં અક્ષય કલ્યાણ થાવ અને તમારૂં મન તથા બુદ્ધિ નિત્ય કલ્યાણમાંજ રમણ કરો.”[૮૩]

યાજ્ઞવલ્કયે કહ્યું:-“હે જનક રાજા! એ પ્રમાણે કહીને તે મહાત્મા ગંધર્વે, પ્રદક્ષિણા કરીને મને અભિનંદન આપ્યું. એટલે મેં પણ સંતોષપૂર્ણ દૃષ્ટિથી તેની સામે જોયું. પછી પોતાના ભપકાબંધ દેખાવથી પ્રકાશમાન જણાતો તે ગંધર્વ, આકાશમાર્ગે ચાલ્યો ગયો.[૮૪] હે રાજા! તે ગંધર્વે મેં કહેલા જ્ઞાનનો બ્રહ્માદિક દેવતાઓને ઉપદેશ આપ્યો છે, કેટલાએક મનુષ્યોને ઉપદેશ આપ્યો છે, કેટલાએક નાગરાજાઓને ઉપદેશ આપ્યો છે અને જ્ઞાનમાર્ગનો આશ્રય કરનારા સિદ્ધ પુરુષોને પણ ઉપદેશ આપ્યો છે.[૮૫] કારણકે સાંખ્યધર્મમાં આસક્ત રહેનારા સાંખ્યશાસ્ત્રીઓને, યોગધર્મમાં પરાયણ રહેનારા યોગીઓને તથા મોક્ષની ઈચ્છા રાખનારા બીજા કેટલાએક મનુષ્યોને મેં કહેલા આ જ્ઞાનમાંથીજ પ્રત્યક્ષ ફળ જોવામાં આવ્યું છે.[૮૬] હે રાજાઓમાં સિંહસમાન જનકરાજા! વિદ્વાનો પણ એમજ કહે છે કે, જ્ઞાન સંપાદન કરવાથીજ મોક્ષ થાય છે, અજ્ઞાનથી કદી મોક્ષ થતો નથી; માટે જેમ બને તેમ જ્ઞાનનુંજ યથાર્થરીતે શોધન કરવું જોઇએ, જેથી પોતાના આત્માને જન્મમરણના ફેરામાંથી મુકત કરાવી શકાય![૮૭] હરકોઇ શ્રદ્ધાળુ મનુષ્યે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અથવા તેના કરતાં પણ કોઇ નીચ મનુષ્ય પાસેથી નિરંતર જ્ઞાન સંપાદન કરવું જોઇએ અને તે જ્ઞાનપર શ્રદ્ધા રાખવી જોઇએ; કારણ કે નિત્ય શ્રદ્ધાસંપન્ન રહેનારા મનુષ્યમાં જન્મમરણનો સંચાર થઇ શકતો નથી.[૮૮] હું મારી બ્રહ્મબુદ્ધિપૂર્વક તને તત્ત્વશાસ્ત્રનો ઉપદેશ આપું છું કે, બ્રાહ્મણાદિ સર્વ વર્ણો કેવળ બ્રહ્મથીજ ઉત્પન્ન થયા છે અને તેઓ સર્વે નિત્ય બ્રહ્મનુંજ ઉચ્ચારણ કરે છે, એટલુંજ નહિ પણ (તું લક્ષ્યમાં રાખ કે,). આ સમગ્ર વિશ્વ કેવળ બ્રહ્મસ્વરૂપ છે.[૮૯] બ્રહ્મના મુખમાંથી બ્રાહ્મણો ઉત્પન્ન થયા છે, બ્રહ્મના બાહુઓમાંથી ક્ષત્રિયો જન્મ્યા

---

*ટીકાકાર નીલકંઠ લખે છે કે, આ શ્લોકમાં **“य एवं वेदाहं ब्रह्मास्मीति स इदं सर्वं भवति”** જે પુરુષ એમ જાણે છે કે, હું પરબ્રહ્મસ્વરૂપ છું, તેને આ સર્વ જગતરૂપ કહી શકાય છે.” આ શ્રુતિવાકયના અર્થને સ્પષ્ટ રીતે વર્ણવી બતાવ્યો છે!

છે, બ્રહ્મની નાભિમાંથી વૈશ્યો ઉત્પન્ન થયા છે અને બ્રહ્મના ચરણોમાંથી શૂદ્રો ઉત્પન્ન થયા છે;માટે સર્વ વર્ણોને બ્રહ્મથી ભિન્ન જાણવા નહિ.[૯૦]હે રાજન્! મનુષ્યો કેવળ અજ્ઞાનને લીધેજ તે તે અનેક કર્મોથી પ્રાપ્ત થનારી યોનિઓમાં જન્મે છે અને તે રીતેજ પાછા મરણધર્મને પામે છે, એ ઉપરથી જણાય છે કે, જ્ઞાનહીન મનુષ્યો, પોતાના ઘોર અજ્ઞાનને અધીન થઈનેજ પ્રકૃતિની સંસારજાળમાં ફસાઈ પડે છે;[૧] માટે હે રાજા! મનુષ્યે હરકોઇ ઉપાયે કેવળ જ્ઞાનજ પ્રાપ્ત કરવું જોઈએ,કે જે જ્ઞાન સર્વત્ર સ્થિતિ કરી રહ્યું છે અને આ સમયે મેં તને કહ્યું પણ છે. જે પુરુષ કેવળ જ્ઞાનમાંજ નિષ્ઠા રાખનારો હોય છે તે ભલે ગમે તે વર્ણમાં ઉત્પન્ન થયો હોય, તોપણ બ્રાહ્મણજ ગણાય છે અને તેવા જ્ઞાનનિષ્ઠ પુરુષનેજ નિત્યસિદ્ધ મોક્ષપદ પ્રાપ્ત થાય છે, એમ વિદ્વાનો કહે છે.[૯૨] હે જનકરાજા ! એ રીતે તેં મને જેના સંબંધમાં પ્રશ્ન પૂછયો હતો,તેનો મેં તને યથાર્થરીતે ઉત્તર આપ્યો છે, માટે હવે તું શોકરહિત થા. મેં તને ઉત્તમ પ્રકારે ઉપદેશ આપ્યો છે, માટે તેને અનુસરીને તું તારા ઇષ્ટ અર્થને સફળ કર,તારૂં નિત્ય કલ્યાણ થાઓ.”[૯૩]

ભીષ્મે કહ્યું:–હે યુધિષ્ઠિર ! બુદ્ધિમાન યાજ્ઞવલ્કયે એ પ્રમાણે ઉપદેશ આપ્યો, એટલે મિથિલાનો અધિપતિ રાજા જનક અત્યંત પ્રસન્ન થયો.[૯૪] પછી તે મોક્ષવેત્તા રાજાએ મહામુનિ યાજ્ઞવલ્કયની પ્રદક્ષિણા કરી અને તે મહામુનિ ત્યાંથી ગયા તે પછી ત્યાં બેસીને તેણે બ્રાહ્મણોને એક કરોડ ગાયોનું દાન આપ્યું, કેટલુંએક સુવર્ણ આપ્યું અને ખોબા ભરીને રત્નો આપ્યાં.[૯૫,૯૬] પછી કેટલોક કાળ વીતી ગયો એટલે પોતાના પુત્રને વિદેહ રાજ્યાસને બેસાડીને, મિથિલાધિપતિ જનક રાજાએ સંન્યાસધર્મનો આશ્રય કર્યો.[૯૭] હે રાજેન્દ્ર ! તે જનક રાજાએ સાંખ્ય તથા યોગશાસ્ત્રનો સંપૂર્ણ અભ્યાસ કર્યો હતો, અવિદ્યા (અજ્ઞાન)થી ઉત્પન્ન થનારા ધર્મ તથા અધર્મનો ત્યાગ કર્યો હતો, એટલુંજ નહિ પણ "હું અનંત છું–ત્રણે પ્રકારના પરિચ્છેદથી રહિત છું" આવો મનમાં નિશ્ચય કરીને ધર્મ–અધર્મ, પુણ્ય–પાપ સત્ય-અસત્ય અને જન્મ તથા મૃત્યુને પ્રકૃતિમાંથીજ ઉત્પન્ન થનાર માન્યું હતું અને આ સર્વ જગતને વ્યક્ત (બુદ્ધિઆદિ) અને અવ્યક્ત (અજ્ઞાન)નાજ કર્મતરીકે નિત્ય વિચાર્યું હતું–અર્થાત્ આ જગતને વ્યકત તથા અવ્યક્તનાજ કાર્યરૂપે તેણે માન્યું હતું;[૯૭-૧૦૦] કારણ કે પોતપોતાના શાસ્ત્રીય સિદ્ધાંતને અનુસરનારા સાંખ્યવેત્તાઓ અને યોગીઓ એમજ માને છે કે, પરબ્રહ્મ ઇષ્ટ તથા અનિષ્ટથી રહિત છે અને પરથી પણ પર છે.[૧૦૧] વળી તે વિદ્વાનો કહે છે કે, પરબ્રહ્મ નિત્ય છે–અવિનાશી છે અને પવિત્ર છે, માટે હે મહાપુરુષ ! તમે પણ (એ પરબ્રહ્મસ્વરૂપ હોવાને લીધે) નિત્ય પવિત્રજ થાઓ. આ જગતમાં જે કંઇ આપવામાં આવે છે, જે કંઇનો લાભ થાય છે, જે કંઇ આપેલું હોય છે, જેના સંબંધમાં સંમતિ અપાય છે, જે કોઇ દાન દેનારો છે અને જે કોઇ પ્રતિગ્રહ કરનારો છે–તે સર્વ કેવળ આત્મારૂપજ છે.[૧૦૨,૧૦૩] આત્મા એકજ આત્માનું સ્વરૂપ છે અને આત્માવિના બીજો કોઈ પણ પદાર્થ જગતમાં નથી, એ રીતે તમારે નિત્ય માનવું, તે સિવાય બીજો કંઈ વિચારજ કરવો નહિ.[૧૦૪] જે વિદ્વાન પુરુષે પ્રકૃતિને, જીવને તથા પરમાત્માને જાણ્યા નથી, તેણેજ તીર્થયાત્રા તથા યજ્ઞો કરવામાં આસક્ત રહેવું–અર્થાત્ પ્રકૃતિ તથા પુરુષના વિવેકને જાણનાર જ્ઞાની પુરુષને તીર્થયાત્રા અને યજ્ઞો કરવાની કંઈ જરૂરજ નથી.[૧૦૫]હે કુરુનંદન! સ્વાધ્યાયો કરવાથી, વિવિધ પ્રકારનાં તપશ્ચરણો કરવાથી અથવા અનેક જાતના યજ્ઞયાગ કરવાથી મોક્ષ કદી પ્રાપ્ત થતો નથી,માત્ર પરમાત્માનું જ્ઞાન સંપાદન કરીનેજ મનુષ્ય સર્વત્ર પૂજાય છે (અને મોક્ષને પામે છે)*.[૧૦૬]જે મનુષ્ય પ્રકૃતિનું ઉપાસન કરે છે,પ્રકૃતિ તેને સ્થાન પ્રાપ્ત થાય છે, જે

---

* આ શ્લોકથી "**प्लवाह्येते अदृढा यज्ञरूपा**–સંસારને તરવા માટે યજ્ઞાદિ સાધનો જો કે નૌકારૂપ થઈ પડે છે પણ તે નૌકાઓ અદૃઢ છે–

મનુષ્ય અહંકારનું ઉપાસન કરે છે તેને અહંકારનું સ્થાન મળે છે અને જે મનુષ્ય અહંકારથી પર રહેલા શ્રેષ્ઠ તત્ત્વની ઉપાસના કરે છે, તેને તે શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત થાય છે;[૧૦૭] પરંતુ જે મનુષ્યો શાસ્ત્રીય માર્ગમાં પરાયણ રહીને અવ્યક્તથી પર રહેલા પરમાત્માને જાણે છે, તેઓને જન્મ-મૃત્યુથી રહિત વિમુક્તપદ પ્રાપ્ત થાય છે, કે જે પદ સદ્રૂપ છે અને અસદ્રૂપ પણ છે.[૧૦૮]

હે રાજા! આ જ્ઞાન, જે પૂર્વે યાજ્ઞવલ્કય પાસેથી જનકરાજાએ સંપાદન કર્યું હતું, તેજ જ્ઞાનને મેં જનકરાજા પાસેથી મેળવ્યું છે. ખરેખર, આ જ્ઞાન યજ્ઞના કરતાં પણ ઘણું ઉત્તમ છે; કેમકે યજ્ઞો કરવાથી મનુષ્ય સંસારના ક્લેશને તરી શકતો નથી, પણ જ્ઞાનવડે તો સંસારને તરી શકે છે.[૧૦૯] હે રાજન! જ્ઞાનવેત્તાઓ કહે છે કે, જન્મ અને મરણનું દુઃખ તે કંઇ ભૌતિક દુઃખ નથી. (કે જેને સહેલાઈથી દૂર કરી શકાય! યજ્ઞો, તપ, નિયમો અને વ્રતોનું અનુષ્ઠાન કરવાથી મનુષ્યો, સ્વર્ગલોકમાં જાય છે પણ પુણ્યનો ક્ષય થયા પછી પુનઃ પૃથ્વીપર પડે છે;[૧૧૦] માટે હે રાજા! જે પરમતત્ત્વને અત્યંત શ્રેષ્ઠ, મહાપવિત્ર, કલ્યાણ-સ્વરૂપ, મોક્ષદાયક, નિર્મળ અને શુદ્ધ કહેવામાં આવે છે, તેની તમે ઉપાસના કરો; કેમકે દેહના યથાર્થ સ્વરૂપને જાણીને તમે જ્ઞાનયજ્ઞની જો ઉપાસના કરશો તો અવશ્ય તમે એક ઋષિ થઇ શકશો-તત્ત્વવેત્તા થઈ શકશો.[૧૧૧] પૂર્વે રાજા જનકને જે ઉપનિષદ્જ્ઞાનનો યાજ્ઞવલ્કયે ઉપદેશ આપ્યો હતો, તેજ આ ઉપનિષદ્જ્ઞાન છે, જેમાં શાશ્વત અને અવિનાશી એવા પરબ્રહ્મનું વર્ણન કરવામાં આવ્યું છે, માટે તેનું સેવન કરવાથી મનુષ્યને શોકરહિત અને પવિત્ર એવું અજરામર પદ પ્રાપ્ત થાય છે.[૧૧૨]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "યાજ્ઞવલ્કય અને જનકનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૩૧૮ મો સમાપ્ત.

અધ્યાય ૩૧૯ મો

પંચશિખ અને જનકનો સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

ऐश्वर्यं वा महत्प्राप्य धनं वा भरतर्षभ ॥
दीर्घमायुरवाप्याथ कथं मृत्युमतिक्रमेत् ॥१॥

યુધિષ્ઠિરે પૂછયું:-"હે ભરતવંશના શ્રેષ્ઠ પિતામહ! કેવું મહાન ઐશ્વર્ય પામીને અથવા કેટલું ધન સંપાદન કરીને મનુષ્ય દીર્ઘ આયુષ પ્રાપ્ત કરે? અથવા શું કરવાથી મૃત્યુને ઉલ્લંઘી શકે?[૧] શું તપશ્ચર્યા કરવાથી, મોટાં યજ્ઞયાગાદિ કર્મો કરવાથી, શાસ્ત્ર સંપાદન કરવાથી અથવા રસાયનના પ્રયોગો કરવાથી મનુષ્ય વૃદ્ધાવસ્થાને તથા મૃત્યુને પામતો નથી?"[૨]

ભીષ્મે કહ્યું:-"આના સંબંધમાં પણ એક પ્રાચીન ઈતિહાસ કહેવામાં આવે છે, કે જે ઇતિહાસમાં ભિક્ષુ પંચશિખનો તથા જનકનો સંવાદ વર્ણવેલો છે.[૩] પૂર્વે વૈદેહરાજા જનકે વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ અને ધર્માર્થના સંશયોથી રહિત થયેલા મહર્ષિ પંચશિખને આ પ્રમાણે પ્રશ્ન પૂછયો હતો કે:-[૪] "હે ભગવન્! કેવા પ્રકારનું વર્તન કરવાથી મનુષ્ય જરા તથા મૃત્યુનું ઉલ્લંઘન કરી શકે? તપ કરવાથી, જ્ઞાન મેળવવાથી, યજ્ઞયાગાદિ કર્મ કરવાથી અથવા શાસ્ત્રોનું પઠન-પાઠન કરવાથી શું જરા તથા મૃત્યુનું ઉલ્લંઘન થઈ શકે છે?"[૫]

વૈદેહ જનકે એવો પ્રશ્ન કર્યો, એટલે સર્વ પદાર્થને પ્રત્યક્ષરીતે જાણનારા મહર્ષિ પંચશિખે તેને આ પ્રમાણે કહેવા માંડયું:-"હે રાજા! જરા તથા મૃત્યુની કદી નિવૃત્તિ થતી નથી, છતાં તેઓની કદી નિવૃત્તિ થતીજ નથી એમ પણ નથી.[૬] દિવસો, મહિનાઓ અને રાત્રિઓ કદી નિવૃત્ત થતાંજ નથી (અર્થાત કાળની ગતિ અસ્ખલિત રીતે વહ્યા કરે છે) અને પ્રાણીમાત્ર નાશવંત છે તોપણ જે મનુષ્ય નિવૃત્તિ-નિષ્ઠારૂપ અવિનાશી માર્ગનો આશ્રય કરે છે, તેને લાંબા કાળે પણ જરામૃત્યુરહિત પદ પ્રાપ્ત થાય છે. જેમ એક પ્રવાહ નિરંતર ચાલુ રહે છે, તેમ પ્રા-

---

મજબૂત નથી" એ શ્રુતિવાક્યનો અર્થ સ્પષ્ટ રીતે સૂચવ્યો છે.

ણીમાત્રનો વિનાશ નિરંતર ચાલુજ રહે છે. કાળરૂપી એક મહાસાગર છે, તેને તરવામાટે કોઇ નૌકા જેવો પદાર્થ નથી, જરા અને મૃત્યુરૂપી મોટાં ઝૂડો તેમાં ઘૂમી રહ્યાં છે અને હરકોઇ પ્રાણી કે જે તે કાળરૂપી મહાસાગરમાં ખેંચાઇ રહ્યો છે અને ડૂબકાં ખાઈ રહ્યો છે, તેને સહાય કરવામાટે કોઈ પણ આવી શકતું નથી, એટલુંજ નહિ પણ જગતનો કોઇ પણ મનુષ્ય તેનો સંબંધી થઈ શકતો નથી, તેમજ તે પોતે પણ બીજા કોઇનો સંબંધી થઇ શકતો નથી.[૮,૯] સ્ત્રી અથવા બીજા બંધુઓની સાથે મનુષ્યને સંગત થયેલી છે, તે તો માર્ગમાં મળેલા મુસાફરની સંગત જેવીજ છે. આ જગતમાં સ્ત્રીપુત્રાદિની સાથેનો સમાગમ અનંતકાળપર્યંત કોઇને રહ્યો હોય, એમ પૂર્વે કદી બન્યુંજ નથી.[૧૦] જેમ વાયુ કાળે કરીને ઉત્પન્ન થયેલા વાદળાંના ઢગોને વિખેરી નાખે છે, તેમ મૃત્યુ પણ જગતમાં ઉત્પન્ન થયેલાં પ્રાણીઓ, કે જેઓ અન્યોન્યના વિયોગદુઃખને લીધે વારંવાર બૂમબરાડા પાડે છે, તેઓને એકદમ દૂર ફેંકી દે છે.[૧૧] પ્રાણી બળવાન હોય કે દુર્બળ હોય, નીચ હોય કે ઉચ્ચ હોય, પણ જરા અને મૃત્યુરૂપી બે વરૂઓ તેઓનું ભક્ષણ કરેજ છે.[૧૨] આ રીતે પ્રાણીમાત્ર નાશવંત છે તોપણ તેઓને વિષે રહેલો ભૂતાત્મા નિત્યરૂપી છે–અવિનાશી છે. માટે કોઇનો જન્મ થાય કે મરણ થાય, તે સમયે કોઈ પ્રકારે હર્ષ કરવો નહિ કે સંતાપ કરવો નહિ.[૧૩] પ્રાણીમાત્રે મનમાં આવો વિચાર કરવો જોઇએ કે, “હું ક્યાંથી આવ્યો છું, હું કોણ છું, ક્યાં જવાનો છું, કોનો સંબંધી છું, ક્યાં રહેલો છું, હવે પછી મારૂં શું થશે અને હું શામાટે કોનો શોક કરૂં છું?”[૧૪] હરકોઈ પ્રાણી તેનાં કર્મપ્રમાણે સ્વર્ગ અથવા નરકમાં જાય છે એનો અનુભવ કરનાર તે પ્રાણીવિના બીજો કોણ હોઇ શકે?” આવો વિચાર કરીને પ્રત્યેક મનુષ્યે શાસ્ત્ર પ્રમાણે વર્તીને દાનાદિક આપવું અને યજ્ઞયાગ કરવા.[૧૫]

અધ્યાય ૩૧૯ મો સમાપ્ત.

અધ્યાય ૩૨૦ મો

જનક અને સુલભાનો સંવાદ

॥ युधिष्ठिर उवाच ॥

अपरित्यज्य गार्हस्थ्यं कुरुराजर्षिसत्तम ॥
कः प्राप्तो विनयं बुद्ध्या मोक्षतत्त्वं वदस्व मे ॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે કુરુવંશના શ્રેષ્ઠ રાજર્ષિ ! એવો કયો પુરુષ થઈ ગયો છે, કે જે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યાવિના બુદ્ધિ વગેરેના લયસ્થાનરૂપ મોક્ષતત્ત્વને પ્રાપ્ત થયો હોય, તે મને કહો.[૧] વળી હે પિતામહ ! સ્થૂલદેહનો તથા સૂક્ષ્મ દેહનો ત્યાગ કેવી રીતે થઈ શકે? અને મોક્ષનું પરમ તત્ત્વ શું તે પણ મને કહો.”[૨]

ભીષ્મે કહ્યું:–હે ભરતવંશી યુધિષ્ઠિર! આ વિષયમાં પણ જનક તથા સુલભાના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસ કહેવામાં આવે છે.[૩] પૂર્વે ધર્મધ્વજ નામે પ્રસિદ્ધ થયેલો જનક રાજા, મિથિલા નગરીમાં રાજ્ય કરતો હતો. તે રાજા સંન્યાસના ફળરૂપ સમ્યગ્દષ્ટિને (વાસ્તવિક આત્મજ્ઞાનને) પ્રાપ્ત થયો હતો[૪] અને તેણે વૈદિક કર્મમાર્ગમાં, મોક્ષશાસ્ત્રમાં તથા દંડનીતિમાં ઘણો સારો પરિશ્રમ કર્યો હતો તેમજ ઇંદ્રિયોને વશ કરીને આખી પૃથ્વીપર તે રાજ્ય કરતો હતો.[૫] હે મહાપુરુષ! તે રાજાની સદાચારવાળી વૃત્તિનું શ્રવણ કરીને વેદવેત્તા વિદ્વાનો તથા બીજા અનેક મહાપુરુષો તેની વૃત્તિનું અનુસરણ કરવાની સ્પૃહા રાખતા હતા.[૬]

હવે, તે સમયે જ્યારે. સત્યયુગ ચાલતો હતો ત્યારે સુલભા નામની એક ભિક્ષુકી (સંન્યાસિની) કે જેણે યોગધર્મનો (સંન્યાસધર્મનો) આશ્રય કર્યો હતો, તે પોતે એકલીજ આખી પૃથ્વીપર વિચરતી હતી.[૭]* આખા જગતમાં

---

* આ શ્લોક ઉપર ટીકા કરતાં નીલકંઠ લખે છે કે, આ ઉપરથી જણાય છે કે, સ્ત્રીઓને પણ વિવાહની પહેલાં અથવા વિવાહ થઈ ગયા પછી સંન્યાસ લેવાને અધિકાર છે, માટે સ્ત્રીઓએ પણ (જો પોતાની ઇચ્છા થાય તો) વિવાહની પહેલાં અથવા વિધવા થયા પછી સંન્યાસધર્મનો આ-

ભ્રમણ કરનારી તે સુલભા સંન્યાસિનીએ જ્યાં ત્યાં અનેક સંન્યાસીઓના મુખથી જનકરાજાની પ્રશંસા સાંભળી કે, “ મિથિલેશ્વર જનકરાજા મોક્ષશાસ્ત્રમાં ઘણોજ કુશલ છે.”[૮] જનકના સંબંધમાં આવા અતિસૂક્ષ્મ વિષયની કથા સાંભળીને સુલભાના મનમાં સંશય થયો કે, આ વાત સત્ય હશે કે નહિ ? પછી તેણે સંકલ્પ કર્યો કે, મારે જનકરાજાને અવશ્ય મળવુંજ જોઇએ.”[૯] મનમાં એવો સંકલ્પ કરીને તે ભિક્ષુકીએ પોતાના યોગબળના પ્રભાવથી પોતાના પૂર્વરૂપનો ત્યાગ કર્યો અને અતિ ઉત્તમ સુંદર સ્વરૂપ ધારણ કર્યું.[૧૦] પછી તે સુંદર સ્ત્રી, જેની ભ્રમરો અતિ મનોહર હતી અને જેનાં નેત્રો કમળસમાન રમણીય હતાં, તેણે પોતાની ગમનશક્તિને શીઘ્રગામી અસ્ત્રના જેવી કરી મૂકી અને ચક્ષુના એક નિમેષ જેટલા સમયમાંજ તે મિથિલા નગરીમાં જઈ પહોંચી.[૧૧] તે ભિક્ષુકી અનેક મનુષ્યોથી ભરપૂર અને અતિ સુંદર દેખાતી મિથિલા નગરીમાં જઇ પહોંચીને ભિક્ષા લેવાને બહાને રાજા જનકને મળી.[૧૨]રાજા પણ તેણીના સુકુમાર શરીરને જોઈ પરમ આશ્ચર્યચકિત થયો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે, “આ કોણ હશે ? કોની સ્ત્રી હશે ? અને ક્યાંથી આવી હશે ?”[૧૩] મનમાં એવો વિચાર કર્યા પછી રાજાએ તેનું સ્વાગત કર્યું, ઉત્તમ આસન ઉપર તેને બેસાડી અને પછી પાદશૌચાદિથી તેની પૂજા કરીને શ્રેષ્ઠ અન્નવડે તેને તૃપ્ત કરી.[૧૪] ભિક્ષુકી સુલભા, ભોજન કરીને પ્રસન્ન થઈ. તે પછી સર્વ ભાષ્યોને જાણનારા બ્રાહ્મણોના મધ્યમાં મંત્રીઓથી વીંટાયલા રાજાજનકને અનેક પ્રકારના (મોક્ષ સંબંધી) પ્રશ્નો પૂછવા લાગી.[૧૫] સુલભાના મનમાં પ્રથમથીજ એવો સંશય હતો કે, રાજા જનક મોક્ષશાસ્ત્રમાં કુશલ હશે કે નહિ ? મુક્તનાં લક્ષણોવાળો હશે કે નહિ ?” આવા સંશયને લીધે તે યોગવિદુષી ભિક્ષુકીએ, પોતાના બુદ્ધિસત્વદ્વારા રાજાના બુદ્ધિસત્વમાં પ્રવેશ કર્યો, પોતાનાં બન્ને નેત્રોનાં કિરણોવડે રાજાનાં બન્ને નેત્રોનાં કિરણોને સ્તબ્ધ કરી દીધાં અને પ્રશ્ન કરતાં પહેલાંજ યોગનાં બંધનોથી રાજાને બાંધી દીધો.[૧૬,૧૭] હે મહારાજા ! રાજા જનકને પણ પોતાના યોગબળના સંબંધમાં ઘણોજ ગર્વ હતો. તેણે સુલભાના અભિપ્રાયને તત્કાળ જાણી લીધો.[૧૮] તે પછી છત્રાદિક બાહ્ય ચિહ્નોથી મુક્ત થયેલા રાજા જનકનો તથા ત્રિદંડ આદિ બાહ્યચિહ્નોથી મુક્ત થયેલી સુલભાનો તે સ્થળે (માત્ર એકજ સૂક્ષ્મ દેહમાં) જે સંવાદ થયો હતો તે હું તમને કહું છું, સાંભળો.[૧૯]

જનકે કહ્યું:—“ હે ભગવતિ ! તેં આવી (સંન્યાસધર્મને અયોગ્ય) દીક્ષા ક્યાં ગ્રહણ કરી છે ? તું હવે ક્યાં જવા ધારે છે ? તું કોની સ્ત્રી છે? અને ક્યાંથી આવે છે?[૨૦] ‘હરકોઇ મનુષ્યનું શાસ્ત્રાધ્યયન, વય અને જાતિ વગેરેમાં (જ્યાંસુધી સત્ય જાણવામાં આવ્યું ન હોય, ત્યાંસુધી તેના તરફ) પૂજ્યભાવ કદી બંધાતોજ નથી.’ આવો નિયમ હોવાને લીધે હું તારા અધ્યયન, વય અને જાતિના સંબંધમાં તને પ્રશ્ન પૂછું છું, માટે તેનો તું ઉત્તર આપ; કારણ કે, મારો તારી સાથે સમાગમ થયો, જેથી તે સર્વ તારે મને જણાવવું જોઇએ.[૨૧] તું જાણ કે, મેં મારાં છત્રાદિ રાજકીય ચિહ્નો ખરૂં જોતાં છોડીજ દીધાં છે (અર્થાત્ હું રાજા છું તોપણ વાસ્તવિક રીતે રાજ્યથી મુક્તજ છું.) હું તને સારી રીતે જાણવા ઇચ્છું છું અને હું માનું છું કે, મારે તને માન આપવું તે યોગ્યજ છે.[૨૨] મેં જેની પાસેથી આ મોક્ષ સંબંધી જ્ઞાન પૂર્વે સંપાદન કર્યું છે અને જેની સન્મુખ બીજો કોઇપણ પુરુષ મોક્ષનું પ્રવચન કરવામાટે અસમર્થ છે,તે મારા આચાર્યને હું ઓળખાવું છું, તે પણ તું મારી પાસેથી સાંભળ.[૨૩] મારા ગુરુનું નામ ‘ભિક્ષુ પંચશિખ’ છે, તેમનો જન્મ પરાશર ગોત્રમાં થયેલો છે, તેઓની વય વૃદ્ધ છે અને તેઓ પોતે એક મોટા મહાત્મા છે, તેજ પંચશિખ

શ્રય કરીને ભિક્ષાચરણ કરવું, મોક્ષશાસ્ત્રનું શ્રવણ કરવું, ત્રિદંડ ધારણ કરવો અને એકાંતમાં રહીને આત્મધ્યાન કરવું.

ભિક્ષુનો હું પરમ માન્ય શિષ્ય છું.[૨૪] તે મારા ગુરુએ જ્ઞાનકાંડ, ઉપાસનાકાંડ તથા કર્મકાંડના માર્ગોને યથાર્થરીતે જાણ્યા છે અને ત્રણ પ્રકારના મોક્ષધર્મમાં પણ તેમના સંશયો દૂર થયેલા છે.[૨૫] તે મારા આચાર્ય, જેઓ શાસ્ત્રમાર્ગને અનુસરીને આ ભૂમંડલ ઉપર વિચર્યા કરે છે, તેઓ પૂર્વે વર્ષાઋતુના ચાર માસસુધી મારી પાસે સુખેથી રહ્યા હતા.[૨૬] સાંખ્ય સિદ્ધાંતના મુખ્ય પદાર્થોને જેમણે યથાર્થરીતે પ્રત્યક્ષ જોયેલા છે, તે ભિક્ષુ પંચશિખે મને રાજ્ય ઉપરથી ભ્રષ્ટ કર્યાવિનાજ ત્રણે+ પ્રકારનો મોક્ષધર્મ સંભળાવ્યો છે,[૨૭] જેને લીધે હું એકલો રહીને ત્રણે પ્રકારની સમગ્ર મોક્ષવૃત્તિનું રાગાદિકથી મુક્ત થઇને આચરણ કરૂં છું અને પરમપદમાં સ્થિતિ કરૂં છું.[૨૮] મોક્ષ મેળવવામાં સાધનરૂપ જ્ઞાન સંપાદન કરવાનો પરમ ઉપાય એજ છે કે, વૈરાગ્યવૃત્તિ ધારણ કરવી; પરંતુ તે વૈરાગ્ય પણ કેવળ જ્ઞાનથીજ ઉત્પન્ન થાય છે કે, જેનાવડે મનુષ્ય, સંસારબંધનથી મુક્ત થાય છે.[૨૯] મનુષ્યને જ્યારે જ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યારે (મનનો નાશ કરવામાટે) તે યોગાભ્યાસરૂપી યત્ન કરે છે, યત્ન જ્યારે સિદ્ધ થાય છે ત્યારે આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે અને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે, એટલે સુખદુઃખાદિ દ્વંદ્વોનો નાશ થાય છે. આ રીતે (જ્ઞાન, વૈરાગ્ય અને યોગાભ્યાસ) એ ત્રણેની જેવી સિદ્ધિ થાય છે, કે તુરતજ મનુષ્ય મૃત્યુનો પણ જય કરી શકે છે.×[૩૦] મેં આ જ્ઞાનની પરમ કાષ્ઠા સંપાદન કરી છે, સુખદુઃખાદિ દ્વંદ્વોથી હું મુક્ત થયો છું અને મોહનો તથા સંગનો ત્યાગ કરીનેજ આ વ્યવહારક્ષેત્રમાં હું વિચરૂં છું.[૩૧] જેમ એક ક્ષેત્ર જળથી ભીંજાએલું હોઇને અત્યંત પોચું થયેલું હોય છે તોજ તેમાંવાવેલું બીજ અંકુરરૂપે ઉત્પન્ન થાય છે તેમ વાસનાઓરૂપી જળથી ભીંજાએલા મનુષ્યના દેહરૂપી ક્ષેત્રમાં તેનાં કર્મરૂપી બીજ પુનર્જન્મરૂપ અંકુરને ઉત્પન્ન કરે છે;[૩૨] પરંતુ બીજને માટીના એક કપાલમાં નાખીને જો શેકી નાખ્યું હોય તો અંકુર થવાનાં કારણોને પામીને પણ તે અંકુરિત થતું નથી–ઉગી નીકળતું નથી;

+ જ્ઞાનકાંડ, ઉપાસનાકાંડ તથા કર્મકાંડ, એમ ત્રણ પ્રકારનો મોક્ષધર્મ છે.

× આ ૩૦ મા શ્લોકમાં તથા પૂર્વના ૨૯મા શ્લોકમાં “વૈરાગ્ય, જ્ઞાન અને યત્નનાં અન્યોન્યના આશ્રયથીજ સિદ્ધિ થાય છે” એમ સૂચવ્યું છે. આ ત્રણનેજ યોગવાસિષ્ઠ આદિ ગ્રંથોમાં વાસનાક્ષય, વિજ્ઞાન અને મનોનાશ–એવા પર્યાયશબ્દોથી વર્ણવેલા છે અને તે ત્રણેની સિદ્ધિ અન્યોન્યના આશ્રયથીજ થાય છે, એમ કહ્યું છે. જેમકે:–

‘तत्त्वज्ञानं मनोनाशो वासनाक्षय एव च ।
मिथःकारणतां गत्वा दुःसाध्यानि स्थितानि हि ।
‘यावद्विलीनं न मनो न तावद् वासनाक्षय ।
न क्षीणा वासना यावच्चित्तं तावन्न शाम्यति ।
यावन्न तत्त्वविज्ञानं तावच्चित्तशमः कुत ॥
यावन्न चित्तोपशमो न तावत्त्ववेवदनम् ।
‘यावन्न वासनानाशस्तावत्तत्त्वागमः कुतः ॥
यावन्न तत्वसप्राप्तिर्न तावद्वासनाक्षयः’
‘एकैकशो निषेव्यंते यद्येते चिरमप्यलम् ।
तत्र सिद्धिं प्रयच्छंति मंत्राः संकीर्तिता इव”॥

તત્ત્વજ્ઞાન, મનોનાશ અને વાસનાક્ષય–આ ત્રણે સાધનો મોક્ષ મેળવવામાં ઉપયોગી છે, પરંતુ તેઓની સિદ્ધિ અન્યોન્યના આશ્રય ઉપરજ આધાર રાખે છે, જેથી તેઓ ત્રણે અત્યંત દુઃસાધ્ય થઇ પડે છે. મનુષ્યનું મન જ્યાંસુધી લય પામ્યું નથી, ત્યાંસુધી વાસનાઓનો ક્ષય થતો નથી અને જ્યાંસુધી વાસનાઓનો ક્ષય થયો નથી, ત્યાંસુધી ચિત્તની શાંતિ કદી થતીજ નથી. તેમજ જ્યાંસુધી તત્ત્વજ્ઞાન થયું નથી ત્યાંસુધી ચિત્તની શાંતિ થવી દુર્લભ થઇ પડે છે અને જ્યાંસુધી ચિત્તની શાંતિ થઇ નથી, ત્યાંસુધી તત્ત્વજ્ઞાન તો કયાંથીજ થઈ શકે એજ પ્રમાણે જ્યાંસુધી વાસનાઓનો નાશ થયો નથી, ત્યાંસુધી તત્ત્વજ્ઞાન થતું નથી અને જ્યાંસુધી તત્ત્વજ્ઞાન થતું નથી, ત્યાંસુધી વાસનાઓનો નાશ પણ થતો નથી; માટે એ ત્રણેનું અનુક્રમે, લાંબાકાળ સુધી અને સંપૂર્ણ રીતે જો સેવન કરવામાં આવે છે, તોજ તેઓની અન્યોન્યના આશ્રયને લીધે સિદ્ધિ થાય છે. દૃષ્ટાંત તરીકે, જેમ વૈદિક મંત્રોનું અનુક્રમે પઠન–પાઠન કરવાથીજ તેઓની સિદ્ધિ થાય છે તેમ.

તેમજ મારી બુદ્ધિને ભગવાન પંચશિખે,(પોતાના ઉપદેશના પ્રભાવથી)છેક નિર્બીજ કરી નાખી છે–વાસનાબીજથી રહિત કરી નાખી છે,જેથી તેની પ્રવૃત્તિ વિષયોતરફ થતીજ નથી.[૩૩,૩૪] (વળી હું સમજ્યો છું કે,) રાગ અને દ્વેષના વિષયરૂપ સ્ત્રી, શત્રુઆદિ પદાર્થો કેવળ મિથ્યા છે–સ્વરૂપરહિત છે, જેથી મારી બુદ્ધિ, શત્રુનો વધ આદિ અનર્થ કરવા તત્પર થતી નથી;તેમજ સ્ત્રી આદિનો સંગ્રહ કરવામાટે પણ લાલચુ થતી નથી.[૩૫]એટલુંજ નહિ પણ કોઈએક મારો મિત્ર ગણાતો પુરુષ, મારા જમણા બાહુને ચંદનવડે ચર્ચિત કરે અને બીજો મારો શત્રુ ગણાતો પુરુષ, મારા ડાબા બાહુને વાંસલાવડે છોલવા માંડે તોપણ તેઓ બન્નેનાપર મારો તો સમભાવજ રહે.[૩૬] આ રીતે હું સુખી છું, મેં તાત્વિક અર્થને પ્રાપ્ત કર્યો છે; મારી બુદ્ધિ માટીના ઢેફાંપર, પથ્થરપર અને સુવર્ણપર પણ સમાન રહે છે અને હું આસક્તિનો ત્યાગ કરીને રાજ્યાસને બેઠો છું. જેથી બીજા સંન્યાસીઓના કરતાં પણ .ઉત્તમ છું.[૩૭] મોક્ષવેત્તા કેટલાએક મહાપુરુષોએ મોક્ષમાર્ગમાં (જ્ઞાન,કર્મ અને ઉપાસના–એમ) ત્રણ* પ્રકારની નિષ્ઠાઓ કહી છે. તેમાં કર્મોનો સર્વ પ્રકારે ત્યાગ કરી કેવળ લોકોત્તર જ્ઞાન સંપાદન કરવું તેજ ઉત્તમ માર્ગ છે.(એમ તેઓનું માનવું છે.)[૩૮] તેમજ કેટલાએક મોક્ષશાસ્ત્રવેત્તા મનુષ્યો કહે છે કે, કર્મ તથા ઉપાસનાને ગૌણ પક્ષમાં રાખી મુખ્યત્વે કરીને જ્ઞાનનિષ્ઠાનોજ આશ્રય કરવો; (જેથી મોક્ષપ્રાપ્તિ થાય છે.) વળી બીજા કેટલાએક સૂક્ષ્મદર્શી કર્મયોગીઓ એમજ કહે છે કે,જ્ઞાન તથા ઉપાસનાને ગૌણ પક્ષમાં રાખી કેવળ (નિષ્કામ)કર્મનિષ્ઠાનોજ આશ્રય કરવો.[૩૯] આ રીતે મોક્ષમાર્ગમાં અનેક મત મતાંતરો છે; પરંતુ મહાત્મા પંચશિખે તો એક ત્રીજા પ્રકારનીજ નિષ્ઠા મને કહી છે; જેમકે પૂર્વોક્ત બન્ને પક્ષોનો ત્યાગ કરીને કર્મના ઉપકારની અપેક્ષા રાખ્યાવિના કેવળ જ્ઞાનનોજ આશ્રય કરવો અથવા પ્રયોજનનો અભાવ હોય છતાં કર્મોનો ત્યાગ નહિ કરીને કેવળ નિષ્કામ કર્મોજ કરવાં.[૪૦] કારણ કે, કોઈએક ગૃહસ્થ પુરુષ (ગૃહે રહીને પણ) યમ નિયમાદિમાં જો આસક્ત રહે છે તો તેની યોગ્યતા એક સંન્યાસીના જેવીજ છે અને જે કોઈ સંન્યાસીઓ સંન્યાસ ધારણ કરીને પણ રાગ, દ્વેષ, પરિગ્રહ, માન, દંભ તથા સ્નેહાદિકનું સેવન કરે છે તો, તેઓ સંન્યાસી હોવા છતાં ગૃહસ્થ સમાનજ ગણાય છે.[૪૧] જો કદાચ કોઇએક સંન્યાસીને ત્રિદંડ આદિ પરિગ્રહ હોવા છતાં પણ કેવળ જ્ઞાનના સાધનથીજ મોક્ષપ્રાપ્તિ થાય છે તો પછી કોઈએક રાજાને છત્રાદિકનો પરિગ્રહ હોવા છતાં કેવળ જ્ઞાનના સાધનથીજ મોક્ષપ્રાપ્તિ કેમ નહિ થાય? કારણ કે, પરિગ્રહ રાખવા છતાં તેના તરફની આસક્તિનો સર્વથા ત્યાગ કરવો જોઈએ, એ સિદ્ધાંતનું તો સંન્યાસીએ કે નિષ્કામ કર્મયોગીએ–બન્નેએ સમાન રીતેજ પાલન કરવાનું છે.[૪૨] મનુષ્યને જે જે કર્મમાં, જે જે દ્રવ્યમાં, જે જે સ્વાર્થમાં અને જેનો જેનો પરિગ્રહ કરવામાં જોડાવું પડે છે તેમાં તેમાં ક્ષુધાઆદિને દૂર કરવા જેવાં અનેક પ્રયોજનો હોય છે અને તે તે પ્રયોજનોને લીધેજ સર્વ પરિગ્રહઆદિનું સેવન કરવું પડે છે.×[૪૩] જે કોઇ પુરુષ, ગૃહસ્થાશ્રમમાં (પરિગ્રહ આદિની વિશેષતાને લીધે) બીજા દોષદૃષ્ટિ કરીને (અલ્પ પરિગ્રહવાળા)

---

* નીલકંઠ લખે છે કે, ત્રણ પ્રકારની નિષ્ઠાઓ આ પ્રમાણે સમજવી—જ્ઞાન, ઉપાસના તથા કર્મનું એકીસાથે સેવન કરવું તે પહેલી નિષ્ઠા છે, જ્ઞાન તથા ઉપાસનાનુંજ સેવન કરવું અને કર્મોનો ત્યાગ કરવો તે બીજી નિષ્ઠા છે અને ઉપાસનાનો તથા માનસિક કર્મો સુદ્ધાંનો ત્યાગ કરી કેવળ જ્ઞાનયોગનોજ આશ્રય કરવો તે ત્રીજી નિષ્ઠા છે,

× કહેવાનો ભાવ એ છે કે, અમુક પદાર્થનો અલ્પ પરિગ્રહ કરવાથી મોક્ષ થાય છે અને અમુક પદાર્થનો બહુ પરિગ્રહ કરવાથી બંધ થાય છે એવું કંઇ છેજ નહિ. માત્ર અમુક અમુક પદાર્થનો અલ્પ કે બહુ પરિગ્રહ કર્યાં છતાં તેમાં જો આસક્તિ થાય છે તો બંધ થાય છે અને જો અનાસક્તિ રહે છે તો મોક્ષ મળે છે.

સંન્યાસાશ્રમનો સ્વીકાર કરે છે તે પુરુષ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરે છે તોપણ ત્રિદંડઆદિ પરિગ્રહનો સ્વીકાર કરે છે અને તે સ્વીકારીને તે માંહેની આસક્તિથી કદી મુક્ત થતો નથી*.[44] ભિક્ષુકોને ‡ (સંન્યાસીઓને) તથા રાજાઓને કોઇનો નિગ્રહ કરવો અને કોઇનો અનુગ્રહ કરવો–તે રૂપ આધિપત્ય સમાનજ હોય છે જેથી ભિક્ષુકો પણ રાજાઓ સમાનજ ગણાય છે તોપછી ભિક્ષુકોની મુક્તિ થાય (અને રાજાઓની મુક્તિ ન થાય) તેમાં હેતુ શો? [45] આ ઉપરથી એમજ સિદ્ધ થાય છે કે, મનુષ્યનું હરકોઇ પદાર્થ ઉપર અધિપતિપણું હોય અથવા ઉત્તમ દેહમાં તેઓ સ્થિતિ કરી રહ્યા હોય તોપણ કેવળ જ્ઞાનથીજ સર્વ પ્રકારનાં પાપોથી મુક્ત થવાય છે,[46] આમ હોવા છતાં ભગવાં વસ્ત્ર ધારણ કરવાં, મસ્તક મુંડાવવું અને ત્રિદંડ તથા કમંડલુ ધારણ કરવાં–વગેરે સંન્યાસસૂચક ચિહ્નો કેવળ ઉન્માર્ગરૂપ છે–વ્યર્થ છે; એટલુંજ નહિ પણ તે તે ચિહ્નો મોક્ષનેમાટે છેક નિરુપયોગી જ છે, એમ હું માનું છું.[47] કારણકે, આશ્રમસૂચક બાહ્યચિહ્નો ધારણ કરેલાં હોય છે તો પણ મોક્ષ સંપાદન કરવામાં મુખ્યત્વે કરીને જ્ઞાન જ કારણરૂપ છે. તાત્પર્યકે, સાંસારિક દુઃખથી મુકત થવામાટે આશ્રમસૂચક બાચિહ્યહ્નો ધારણ કરવાં તે નિરર્થક છે.[48] અથવા અમુક અંશે દુઃખમાં ન્યૂનતા થાય, આવો વિચાર કરીનેજ ત્રિદંડઆદિ બાહ્યચિહ્નો ધારણ કરવાનો નિશ્ચય કર્યો હોય તોપછી છત્ર, ચામર વગેરે ચિહ્નો ધારણ કરીને રાજ્ય શામાટે ન કરવું ? શું તેમ કરવામાં સંન્યાસીના જેવીજ દુઃખમાં ન્યૂનતા દેખાતી નથી ?× [49] સારાંશ કે, સંન્યાસાશ્રમનો આશ્રય કરવાથીજ મોક્ષ પદ પ્રાપ્ત થાય છે અને ગૃહસ્થાશ્રમનો આશ્રય કરવાથી બંધન પ્રાપ્ત થાય છે, એવું કંઈ છેજ નહિ. હરકોઈ પ્રાણી હરકોઇ આશ્રમમાં રહીને કેવળ જ્ઞાનથીજ મુક્ત થઇ શકે છે;[50] માટે તારે જાણવું કે ધર્મ, અર્થ, કામ, રાજ્ય તથા પરિગ્રહ વગેરે બંધનકારક સ્થાનકોના મધ્યમાં હું રહ્યો છું છતાં બંધનરહિત સ્થાનમાં જ સ્થિતિ કરી રહ્યો છું.[51] જો કે, રાજ્ય અને ઐશ્વર્યરૂપી એક પાશ, સ્નેહના સ્થાનરૂપ હોઇને બંધનકારકજ છે; પરંતુ મેં મોક્ષરૂપ સરાણપર ઘસીને તીક્ષ્ણ કરેલી ત્યાગરૂપ તરવારથી તે પાશને છેદી નાખ્યો છે.[52] હે ભિક્ષુકિ! એ પ્રમાણે હું મુકત થયો છું તોપણ મને તારાપર આસ્થા થયેલી છે–(તને યોગના પ્રભાવવાળી જાણીને)–મને તારાતરફ આદરભાવ થયો છે; પરંતુ હું તને કહું છું તે સાંભળ. તારૂં આ સ્વરૂપ કેવળ ત્રણ ગુણોથી ઉત્પન્ન થયેલું હોઈને યોગાનુષ્ઠાનને માટે છેક અયોગ્યજ છે.[53] તારામાં આવી સુકુમારતા છે, તારૂં શરીર આવું

---

* અર્થાત્ ગૃહસ્થાશ્રમમાં રહેલા પુરુષનું સ્ત્રી પુત્રાદિ પરિગ્રહ ઉપર જેવા પ્રકારનું આધિપત્ય હોય છે તેવાજ પ્રકારનું સંન્યાસાશ્રમમાં દાખલ થયેલા સંન્યાસીનું પણ ત્રિદંડ આદિ પરિગ્રહ ઉપર પણ આધિપત્ય હોય છે. તે ઉપરથી એજ સિદ્ધ થાય છે કે, અમુક એક આશ્રમમાં રહેવાથી બંધ થાય છે અને અમુક એક આશ્રમમાં રહેવાથી મોક્ષ થાય છે, એવું કંઇ છેજ નહિ. મનુષ્ય હરકોઇ આશ્રમમાં રહે પણ તે આશ્રમમાં રહીને તેણે આસક્તિનોજ સર્વથા ત્યાગ કરવાનો છે.

‡ આ શ્લોકમાં જનક રાજા એમ કહેવા માગે છે કે, જેમ રાજાઓ ચોર વગેરેને શિક્ષા કરે છે અને સાધુ પુરુષોના પર કૃપા કરે છે તેમ, સંન્યાસીઓ પણ કોઇ દુષ્ટ શિષ્યને શિક્ષા કરે છે અને કોઇ ઉત્તમ શિષ્યનાપર કૃપા કરે છે; માટે રાજાઓ તથા સંન્યાસીઓ સર્વથા સમાનજ છે છતાં સંન્યાસીઓનેજ મુક્તિ મળે અને રાજાઓને મુક્તિ ન મળે, એવી માન્યતા છેક ભૂલભરેલી છે.

× ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે પણ આવા આશયથીજ ગીતામાં કહ્યું છે કે,

'दुःखमित्ये वयत्कर्म कायक्लेशभयात्त्यजेत्।
सकृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत्' ॥

કર્મ માત્ર દુઃખજનક છે, આવો વિચાર કરીને શરીરને દુઃખ થવાના ભયથી જે પુરુષ કર્મનો ત્યાગ કરે છે તે પુરુષ, એવા પ્રકારનો રાજસ ત્યાગ કરીને ત્યાગના ફળને મેળવી શકતો નથી.

રૂપાળું છે અને તારૂં વય પણ તરૂણ છે. આ રીતે તારામાં યોગવિરૂદ્ધ સમગ્ર સાધનો રહેલાં છે છતાં યોગ પણ રહેલો છે એ જોઈ, મને સંશય થાય છે.[૫૪] વળી તારી આ ચેષ્ટા, યોગિનીના વેષને માટે અત્યંત અઘટિત છે. કેમકે, હું મુક્ત છું કે નહિ, તેની પરીક્ષા કરવામાટે તેં મારા શરીરમાં બળાત્કારે પ્રવેશ કર્યો છે.✻[૫૫] (કદાચ તું કહીશ કે, તારાપર અનુગ્રહ કરવામાટે મેં તારા શરીરમાં પ્રવેશ કર્યો છે. તો તે પણ અયોગ્યજ છે કેમકે;) બીજાનો નિગ્રહ અને અનુગ્રહ કરવારૂપ કામવાસનાવાળા યોગીને સંન્યાસનું ફળ કદી મળતુંજ નથી. વળી તેં મારા શરીરનો સંગ કરીને તારા આશ્રમચિહ્નનું પણ રક્ષણ કર્યું નથી; કેમકે, તત્ત્વજ્ઞાન સંપાદન કરીને મુક્ત થયેલા મનુષ્યે પણ વ્યભિચાર વગેરે અકાર્યોથી પોતાની અવશ્ય રક્ષા કરવી જોઇએ.[૫૬] મારા શરીરમાં પ્રવેશ કરીને તેં જે જે અપરાધો કર્યા છે તે હું તને કહું છું સાંભળ. તેં પોતાના ચિત્તથી મારા શરીરનો આશ્રય કર્યો જેથી તને વ્યભિચારનો દોષ પ્રાપ્ત થયો છે.[૫૭] (અરે! વ્યભિચારિણી સ્ત્રીઓ પણ પ્રથમ સંકેત કર્યા પછીજ બીજાના નગરમાં અથવા ઘરમાં પ્રવેશ કરે છે તો પછી) તેં કોની સાથે સંકેત કરીને મારા દેશમાં અથવા રાષ્ટ્રમાં પ્રવેશ કર્યો છે? વળી તું કોના સંકેતને અનુસરીને મારા હૃદયમાં દાખલ થઈ છે?[૫૮] તું સર્વના કરતાં શ્રેષ્ઠ વર્ણમાં ઉત્પન્ન થયેલી એક બ્રાહ્મણી છે અને હું ક્ષત્રિય છું. જેથી આપણ બન્નેનો એક સંબંધ કદી થવોજ ન જોઇએ. માટે આવી વર્ણસંકરતા તારે કરવી જોઈએ.[૫૯] તું મોક્ષધર્મ (સંન્યાસાશ્રમમાં) રહેલી છે અને હું ગૃહસ્થાશ્રમમાં રહેલો છું; છતાં તેં મારા શરીરનો સંસર્ગ કર્યો જેથી, તારાપર મહાકષ્ટદાયી બીજો આશ્રમસંકરદોષ પ્રાપ્ત થયો છે.[૬૦] વળી હું જાણતો નથી કે, તું મારા સમાન ગોત્રની છે કે બીજાગોત્રની છે!! તેમજ તું પણ મને પોતાના ગોત્રનો કે બીજાગોત્રનો જાણતી નથી. છતાં મને સમાન ગોત્રનો ધારીને તેં મારા શરીરમાં પ્રવેશ કર્યો તેથી ત્રીજો ગોત્રસંકરદોષ તને પ્રાપ્ત થયો છે.[૬૧] વળી તારો સ્વામી જીવતો હશે અથવા ક્યાંય પરદેશ ગયો હશે તોપણ એ વાત તો નિશ્ચય છે કે, તું કોઈ એક પરપુરુષની સ્ત્રી છે, જેથી મારે અગમ્ય છે; છતાં તેં મારો સ્પર્શ કર્યો, તેથી ચોથો ધર્મસંકરદોષ ઉભો થયો છે.[૬૨] આ રીતે તેં કેવળ અકાર્યોજ કર્યાં છે; પરંતુ આવાં અકાર્યો કરીને તને કયું કયું કાર્ય સિદ્ધ કરવાની ઇચ્છા છે? તેં શું કરવાનો નિશ્ચય કર્યો છે? અથવા આવાં પાતકો તેં અજ્ઞાનથી કર્યાં છે કે મિથ્યાજ્ઞાનથી કર્યાં છે?[૬૩] અથવા ('न स्त्री स्वातंत्र्यमर्हति' સ્ત્રી, સ્વતંત્રતાને માટે યોગ્યજ નથી–એ શાસ્ત્રીય આજ્ઞાનું ઉલ્લંઘન કરવારૂપ) પોતાના દોષને અધીન થઈ તું છેક સ્વતંત્ર થઇ ગઈ છે; પરંતુ તારામાં લેશમાત્ર પણ જો શાસ્ત્રીય જ્ઞાન હશે તો તું સમજી શકીશ કે, આ સર્વ કાર્યો કેવળ અનર્થ કરનારાં છે.[૬૪] વળી, તું એક દુષ્ટ સ્ત્રી છે, એમ સિદ્ધ કરવામાં આ એક ત્રીજું ચિહ્ન સ્પષ્ટ જણાઈ આવે છે; કેમકે પોતાની વિજયેચ્છાને આમ ખુલ્લી કરી દઇને આપણા બન્નેના ચિત્તની એકતાનો તેં નાશ કર્યો છે.[૬૫] અરે! વિજયની ઈચ્છા રાખનારી તેં–દુષ્ટ સ્ત્રીએ મને એકલાનેજ જીતવાનો સંકલ્પ કર્યો છે, એમ નથી. પણ મારી આ સમગ્ર સભાને જીતી લેવાને તું ઈચ્છે છે.[૬૬] તું મારા પક્ષનું ખંડન કરવામાટે અને પોતાના પક્ષને પ્રકટ કરવામાટે પોતાની દૃષ્ટિને આ મારા પૂજ્ય સભાસદો તરફ ફેંકી રહી છે.[૬૭] ખરેખર, તું બીજાનો ઉત્કર્ષ જોવામાટે અસહનશીલ છે અને તેને લીધેજ ઉત્પન્ન થયેલા મોહથી મૂઢ બની ગઈ છે; કેમકે વિષ અને અમૃતને એકઠું કરવાની પેઠે પોતાની

✻ અર્થાત્ મુક્તનું એ લક્ષણજ ન કહેવાય કે, તેણે પોતાને નહિ ઘટે તેવાં કૃત્યો કરવાં અને બીજાનો પરાભવ કરવાની ઈચ્છાથી બીજાના શરીરમાં પ્રવેશ કરવો. વળી તારૂં આ શરીર હૃષ્ટપુષ્ટ દેખાય છે તે પણ તેં ધારણ કરેલા સંન્યાસીના વેષને માટે અયોગ્યજ છે. કેમકે, સંન્યાસીએ પોતાના શરીરનું શોષણ કરવું જોઇએ.

બુદ્ધિદ્વારા બીજાઓની બુદ્ધિઓમાં તું સંબંધ કરી રહી છે.[૬૮] જગતમાં એવો નિયમ છે કે જે સ્ત્રી અને પુરુષને અન્યોન્ય સમાગમ કરવાની ઇચ્છા હોય છે, તે સ્ત્રી અને પુરુષનો સમાગમ અમૃતતુલ્ય થઇ પડે છે; પરંતુ એક રક્ત (રાગી બનેલી) સ્ત્રીને પોતાના જેવો રક્ત પુરુષ ન મળે અને કોઈ વિરક્તની સાથે સમાગમ કરે તો, તેઓ બન્નેનો સમાગમ, કેવળ દોષજનક થઈ પડે છે એટલુંજ નહિ, પરંતુ પરિણામે વિષતુલ્ય થઇ પડે છે.[૬૯] આ રીતે મેં કહેલું લક્ષ્યમાં લઇને તું તારા સદાચરણનો ત્યાગ કરમા અને તારા સંન્યાસ ધર્મનું પાલન કર. હવે, હું તને પૂછું છું કે, “આ મુક્ત હશે કે નહિ” આવા પ્રકારની જે જીજ્ઞાસા તેં મારા સંબંધમાં કરી છે તેનો સર્વ ઉદ્દેશ જો કે ગુપ્ત છે તોપણ મારી પાસે ગુપ્ત રાખવાને તું યોગ્ય નથી. તું આવો સંન્યાસી વેષ ધારણ કરીને ગુપ્ત રીતે અહીં આવી છે, તેમાં તારૂં પોતાનું કાર્ય સિદ્ધ કરવાનો તારો ઉદ્દેશ છે કે બીજા કોઈ (મારા શત્રુ) રાજાનું કાર્ય સિદ્ધ કરવાનો તારો ઉદ્દેશ છે? બોલ, તેમાં જે કંઈ સત્ય હોય તે મને કહે, મારી પાસે કંઈ ગુપ્ત રાખવું, તે તને યોગ્ય નથી.[૭૦,૭૧] કેમકે (શાસ્ત્રકારો કહે છે કે,) રાજા, બ્રાહ્મણ અને સ્ત્રીઓના પાતિવ્રત્ય ગુણથી યુક્ત એવી કોઇ સ્ત્રીપાસે કપટ બુદ્ધિથી કદી જવું નહિ; કારણકે, તેઓની પાસે જો કપટબુદ્ધિથી જવામાં આવે છે તો તેઓ નાશકર્તા થઈ પડે છે[૭૨]રાજાઓનું બળ ઐશ્વર્ય ગણાય છે, બ્રહ્મવેત્તાઓનું બળ બ્રહ્મ ગણાય છે અને સ્ત્રીઓનું બળ ઉત્તમરૂપ, યૌવન તથા સૌભાગ્ય ગણાય છે.[૭૩] આ બળોને લીધેજ તેઓ બળવાન ગણાય છે; માટે સ્વાર્થની ઇચ્છા રાખનારા પુરુષે–અર્થાત્ પોતાનું હિત ઇચ્છનારા પુરુષે, તેઓની પાસે નિષ્કપટ ભાવથીજ જવું; કેમકે તેઓની સામે જો કપટ કરવામાં આવે છે તો, વિનાશજ થાય છે.[૭૪] માટે તું તારી જાતિને અધ્યયનને, વર્તનને, ભાવને તથા સ્વભાવને યથાર્થરીતે કહે અને અહીં આવીને તારે કયું કાર્ય સિદ્ધ કરવાનું છે, તે પણ કહે.”[૭૫]

ભીષ્મે કહ્યું:–હે યુધિષ્ઠિર! એ પ્રમાણે રાજા જનકે દુઃખદાયક, અયોગ્ય અને વિરુદ્ધ વચનો કહીને સુલભાનો તિરસ્કાર કર્યો તોપણ તે લેશમાત્ર કંપી નહિ.[૭૬] રાજા બોલી રહ્યો એટલે સુંદર દેખાવવાળી તે સુલભાએ, અતિ સુંદર વાક્ય. બોલવાનો આરંભ કર્યો.[૭૭]

સુલભાએ કહ્યું:–“હે રાજન! જે વાક્ય વાણીના નવ દોષોથી રહિત હોય, બુદ્ધિના નવ દોષોથી મુક્ત હોય અને વાણી તથા બુદ્ધિના અઢાર ગુણોથી યુક્ત હોય તે વાક્ય યોગ્ય અર્થવાળું ગણાય છે.×[૭૮] હે રાજા! જે વાક્યમાં +સૌક્ષ્મ્ય, સાંખ્ય, ક્રમ, નિર્ણય અને પ્રયોજનઃ આ પાંચે ગુણો સમાયલા હોય છે તે વાક્યજ પ્રમાણભૂત કહેવાય છે.[૭૯] હવે આ સૌક્ષ્મ્ય આદિ પાંચે ગુણોનાં લક્ષણો હું તને કહું છું, તે તું

× આ શ્લોકમાં જણાવેલા વાણીના નવ દોષો, બુદ્ધિના નવ દોષો અને વાણી તથા બુદ્ધિના અઢાર ગુણો આગળ કહેવામાં આવશે. સુલભાના કહેવાનો આશય એ છે કે, તું જે વાક્ય બોલ્યો છે તે, વાણી તથા બુદ્ધિના દોષથી ભરપૂર છે અને તેથીજ કેવળ સંબંધ વિનાનું છે.

+ સૌક્ષ્મ્ય વગેરે પાંચ ગુણોનો સ્પષ્ટાર્થ નીલકંઠે આ પ્રમાણે લખ્યો છે–જેમાં સંશય ઉત્પન્ન થાય તેવાં પદો ગોઠવવામાં આવ્યાં હોય–અર્થાત જેનો અર્થ કરતાં સંદેહયુક્ત થઇ જવાય, તે વાક્યમાં રહેલો સૌક્ષ્મ્ય ગુણ કહેવાય છે. જેમાં પૂર્વપક્ષ તથા ઉત્તર પક્ષ–બન્નેના ગુણ દોષનો બરાબર વિચાર કરવામાં આવ્યો હોય તે વાક્ય સાંખ્યગુણવાળું કહેવાય છે. જેમા નિર્ણીત કરેલા ગુણદોષનું સબળપણું તથા નિર્બળપણું વિચારવામાં આવ્યું હોય તે વાક્ય ક્રમ નામના ગુણથી મુક્ત કહેવાય છે. જે વાક્ય નિશ્ચિત અર્થને સૂચવનારૂં હોય તે વાક્ય નિર્ણય નામના ગુણવાળું ગણાય છે જે વાક્ય અમુક કર્તવ્ય અર્થને પ્રકાશિત કરતું હોય તે વાક્ય પ્રયોજન નામના ગુણવાળું કહેવાય છે. સુલભા, રાજા જનકને કહે છે કે, આવા પાંચગુણોવાળું વાક્યજ પ્રમાણ ગણાય છે–અર્થાત્ તારૂં વાક્ય આ પાંચ ગુણોથી રહિત છે, જેથી કેવળ નિરર્થકજ છે.

સાંભળ. આ પાંચે ગુણોનું લક્ષણ પદ, વાકય, પદાર્થ અને વાકયાર્થ–એમ ચાર પ્રકારે થઇ શકે છે.[૮૦] જ્યારે અમુક એક વાકયમાં (પદ રચનાની યુકિતને લીધે) ભિન્ન ભિન્ન અનેક અર્થો ઉપસ્થિત થતા હોય અને અમુક એકજ અર્થનો નિશ્ચય નહિ કરીને બુદ્ધિને અનેક કોટીઓનો સ્પર્શ કરવો પડતો હોય–અર્થાત અમુક એકજ અર્થનો નિર્ણય કરવામાટે બુદ્ધિને અનેક વિચારો કરવા પડતા હોય ત્યારે, એમ સમજવું કે, આ વાકયમાં સૌક્ષ્મ્ય નામનો ગુણ છે.[૮૧] તેમજ પૂર્વપક્ષ કે ઉત્તરપક્ષ માંહેના કોઇ પણ અર્થને ઉદ્દેશીને પ્રથમ દોષોનું તથા ગુણોનું પૃથક્કરણ કરવું તેનું નામ સંખ્યા નામનો ગુણ કહેવાય છે.[૮૨] એ રીતે ગુણદોષનો વિચાર કર્યા પછી અમુક વાકય પ્રથમ કહેવું અને અમુક વાક્ય પછી કહેવું. આવા પ્રકારનો જે વિચારક્રમ તેને વાક્યવેત્તાઓ ક્રમયોગ નામનો ગુણ કહે છે.[૮૩] વળી ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ એ ચારે વિષયોમાં અમુક એક વિષયની વિશિષ્ટતા જણાવીને અંતે વાકયવિચાર જ્યારે પૂર્ણ થાય ત્યારે પુનઃ તેજ વિષયને અત્યંત યુક્તિપૂર્વક કહી બતાવવો, તેનું નામ વિનિર્ણય કહેવામાં આવે છે.[૮૪] તેમજ હે રાજા! રાગ અથવા દ્વેષથી ઉત્પન્ન થનારાં દુઃખોવડે જે વિષયના સંબંધમાં અત્યંત ઉત્કંઠા ઉત્પન્ન થાય છે અને તેમાં પ્રવૃત્તિ કરવારૂપ અથવા તેમાંથી નિવૃત્તિ કરવારૂપ જે વૃત્તિ થાય છે, તેનું નામ પ્રયોજન કહેવામાં આવે છે.[૮૫] હે રાજા! સૌક્ષ્મ્યઆદિ આ પાંચે ગુણો જે વાકયમાં એકજ અર્થમાં પરિણામ પામ્યા હોય તેનું નામજ વાકય કહેવાય છે, એમ તું મારાવચન ઉપરથી નિશ્ચય કરી લે..[૮૬] જે વાકય યોગ્ય અર્થને જણાવનારૂં હોય, ભિન્ન ભિન્ન અનેક અર્થોથી રહિત હોય, ઉત્તમ વિશેષણોથી યુક્ત હોય, ટુંકું હોય, કઠોરતા રહિત હોય, સંદેહ વિનાનું હોય, સુકુમાર હોય, ગ્રામ્ય મનુષ્યોને સુખકર ન હોય, અસત્ય ન હોય ધર્માર્થકામરૂપ ત્રિવર્ગને અનુકૂળ હોય, સંપૂર્ણ સંસ્કારવાળું હોય, ન્યૂનતાથી રહિત હોય, છંદ અને વ્યાકરણના દોષથી રહિત હોય, ઉદારતાથી યુકત હોય, અધ્યાહારથી રહિત હોય, પ્રયોજનથી યુકત હોય, અને યુક્તિઓથી પૂર્ણ હોય તે વાકયનેજ હું ઉત્તમ કહું છું*[૮૭–૮૯] પરંતુ જે વાકય કામ, ક્રોધ, ભય, લોભ, દીનતા, અનાર્યપણું, લજ્જા, દયા અને માન–આ નવ બુદ્ધિના દોષોથી યુક્ત હોય તે વાકયને હું કોઇરીતે પ્રમાણ કહીશ નહિ. (અર્થાત જે વાકય બુદ્ધિના નવ દોષોથી યુકત હોય તે સર્વથા અપ્રમાણ ગણાય છે.[૯૦] હે રાજા! વક્તા, શ્રોતા અને વાકય–એ ત્રણે, સંપૂર્ણ ગુણોથી યુકત હોય અને સિદ્ધાંતને વિરોધ ન આવે તેમ, કથાનિર્ણયમાં પ્રવેશ કરતાં હોય તોજ કહેવાનો અર્થ પ્રકાશે છે–સ્પષ્ટરીતે સમજાય છે;[૯૧] પરંતુ જ્યારે કોઈ એક કહેવાના વિષયમાં, વક્તાપુરુષ, શ્રોતા પુરુષનું અપમાન કરે છે અને પોતે સ્વીકારેલા પક્ષનુંજ કથન કરે છેત્યારે, તેનું વાકય ઉત્કૃષ્ટ અર્થવાળું થઈને શ્રોતાના હૃદયમાં ચોંટતું નથી.[૯૨] તેમજ જે પુરુષ પોતાના સ્વાર્થનો (સ્વપક્ષના આગ્રહનો) ત્યાગ કરીને શ્રોતાને અનુકૂળ લાગે તેવા વિષયનુંજ પ્રતિપાદન કરે છે તે પુરુષનું વાકય પણ દોષવાળું ગણાય છે; કેમકે તેના વાકયમાં, મધ્યસ્થ રહેલા અનેક મનુષ્યોને શંકા થાય છે;[૯૩] પરંતુ હે રાજા! જે વકતા સ્વપક્ષ તથા પરપક્ષ–એ બન્નેને અનુકૂળ હોય તેવું ભાષણ કરે છે તેજ ખરો વકતા કહેવાય છે, બીજાને વકતા કહી શકાય નહિ.[૯૪] માટે હે

---

* શ્લોક ૮૭ માથી આરંભીને શ્લોક ૮૯ સુધીમાં વાકયના ૧૭ ગુણો કહેવામાં આવ્યા છે તે ગુણોનાજ પર્યાયતરીકે સાહિત્યશાસ્ત્રમાં વાકયના ચોવીસ ગુણો કહેવામાં આવ્યા છે; જેમકે શ્લેષ, પ્રસાદ, સમતા, માધુર્ય, સુકુમારૌતા, અર્થવ્યક્તિ, કાંતિ, ઉદારતા,ઉદારતા, ઓજ, ઔર્જિત્ય, પ્રેયાન, સુશબ્દતા, સમાધિ, સૌક્ષ્મ્ય, ગાંભિર્ય, વિસ્તર, સંક્ષેપ, સંમિતતા, ભાવિકતા, ગતિ, રીતિ, ઉક્તિ અને પ્રૌઢિ–આ ચોવીસે ગુણોનો અહીં કહેલા સત્તર ગુણોમાં સમાવેશ થઈજાય છે.

રાજન્! મારું વાક્ય, જે અર્થથી યુક્ત છે તેને તું એકાગ્રચિત્તે સાંભળ.

હે રાજન્! તું મને પ્રશ્ન પૂછે છે કે, 'તું કોણ છે? પણ તેનો ઉત્તર હું તને કહું છું; સાંભળ. જેમ લાખ અને લાકડું અથવા ધૂળના રજકણ અને જળનાં બિંદુઓ, સ્વાભાવિક રીતેજ અન્યોન્યને વળગી રહે છે; પરંતુ તેઓ અન્યોન્યથી ભિન્નજ છે તે પ્રમાણે પ્રાણીઓની ઉત્પત્તિના સંબંધમાં પણ સમજવું. તાત્પર્ય કે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને પાંચે ઇંદ્રિયો, વાસ્તવિકરીતે આત્માથી ભિન્ન છે તોપણ લાખ અને લાકડાની પેઠે આત્માને વળગી રહેલાં છે. હવે, મારામાં રહેલાં પંચમહાભૂતોને અથવા ઇંદ્રિયોને તું પ્રશ્ન કરતો હોય તો તે યોગ્યજ નથી; કેમકે તેઓનું સ્વરૂપ જડ હોવાને લીધે તેઓને કોઇ જાતનું જ્ઞાન નથી અને જ્ઞાનહીન જડપદાર્થને કદી પ્રશ્ન થઈ શકેજ નહિ, એ વાત નક્કી છે. (અર્થાત્ મારામાં રહેલાં ભૂતોને તથા ઇંદ્રિયોને તારાથી પ્રશ્ન થઈ શકે તેમ નથી; કેમકે તેઓ જડ છે. તેમજ હું, કે જે ચેતન છું તેને પણ તારાથી પ્રશ્ન થઇ શકે તેમ નથી. કેમકે, તું અને હું કંઈ ભિન્ન નથી. આમ હોવાને લીધે 'તું કોણ છે' એવા પ્રકારનો તારો પ્રશ્ન કેવળ અયોગ્યજ છે.)[૯૫-૯૭] શરીરમાં રહેલી પ્રત્યેક ઇંદ્રિયોને પોતાનું તથા પારકાનું જ્ઞાન બિલકુલ છેજ નહિ. ચક્ષુ ઇંદ્રિયને પોતાના સ્વરૂપનું જ્ઞાન છેજ નહિ તેમ શ્રોત્રેન્દ્રિયને પણ પોતાનું સ્વરૂપજ્ઞાન નથીજ.[૯૮] તે ઇંદ્રિયો, પરસ્પર વ્યભિચાર કરીને કદી વર્તી શકતીજ નથી. (અર્થાત્ એક ઇંદ્રિય બીજી ઇન્દ્રિયનું કામ કરી શકતી નથી.) તેમજ તેઓ એકીસાથે રહીને પણ, જળ અને ધૂળના રજકણો એકીસાથે રહે છે છતાં અન્યોન્યના સ્વરૂપને જેમ જાણી શકતા નથી, તેમ અન્યોન્યના સ્વરૂપને જાણી શકતી નથી.[૯૯] ચક્ષુઆદિ ઇંદ્રિયો ઘટઆદિને પ્રકાશિત કરવામાં બીજા બાહ્ય ગુણોની અપેક્ષા રાખે છે, તે વિષે પણ તું મારી પાસેથી સાંભળ. ઘટાદિનું દર્શન થાય છે તેમાં રૂપ, ચક્ષુ અને પ્રકાશ-એ ત્રણે પદાર્થો સહકારી કારણ ગણાય છે-અર્થાત રૂપ અને પ્રકાશની પેઠે ચક્ષુ ઇંદ્રિય પણ કેવળ સહકારીજ છે,×પ્રકાશક નથી.[૧૦૦] જેમ દર્શનના સંબંધમાં ચક્ષુ આદિ ત્રણ હેતુઓ હોય છે તેમ, બીજાં જ્ઞાન તથા જ્ઞેયના સંબંધમાં પણ તેવા ત્રણ ત્રણ હેતુઓજ હોય છે; પરંતુ સર્વ જ્ઞાન તથા જ્ઞેય (જાણવા યોગ્ય પદાર્થ) ના મધ્યમાં મન નામનો એક બીજો ગુણ પણ રહેલો છે.[૧૦૧] કારણકે મનને લીધેજ મનુષ્ય, સારાનરતા પદાર્થનો નિશ્ચય કરવામાટે સંકલ્પવિકલ્પ કરે છે. વળી બુદ્ધિ નામનો એક બારમો ગુણ પણ છે, જેનાવડે મનુષ્ય, મનના સંશયવિષયભૂત પદાર્થોમાં 'અમુક પદાર્થ આવા પ્રકારનોજ છે' આવો નિશ્ચય કરે છે.[૧૦૨] હવે, બારમા બુદ્ધિ નામના ગુણમાં સત્વ નામનો એક તેરમો ગુણ પણ છે. કે જેનાવડે "અમુક પ્રાણી ઘણા સત્વવાળો છે અને અમુક પ્રાણી અલ્પ સત્વવાળો છે, આવું અનુમાન કરી શકાય છે.[૧૦૩] તે સત્વમાં "હું કર્તા છું, ભોક્તા છું" આવું અભિમાન કરનારો ચૌદમો અહંકાર નામનો ગુણ પણ છે, જેનાવડે પ્રાણી, 'આ મારૂં છે, આ મારૂં નથી' એમ માને છે.[૧૦૪] વળી હે રાજન્! તે અહંકારમાં પણ બીજો એક પંદરમો ગુણ રહેલો છે, જેને 'વાસનાત્મક જગત' એવું નામ આપવામાં આવે છે.[૧૦૫] તે વાસનામાં પણ સોળમો અવિદ્યા નામનો ગુણ રહેલો છે, જેમાં પ્રકૃતિ (માયા) અને વ્યક્તિ (માયાનો પ્રકાશ) એ નામના બીજા બે ગુણો રહેલા છે.[૧૦૬] સુખ, દુઃખ, જરા, મૃત્યુ, લાભ, હાનિ, પ્રિય અને અપ્રિય-આ દ્વંદ્વયોગ ઓગણીસમો ગુણ છે. (અને તે, માયાનું કાર્ય છે.)[૧૦૭] તેમજ ઓગણીસમા ગુણ પછીનો વીસમો કાલનામનો ગુણ છે. (જેને અવિદ્યારૂપ ઉપાધિ ધારણ કરનાર જીવ કહેવામાં આવે છે.) આ

× ચક્ષુ આદિ ઇંદ્રિયો કદી પ્રકાશક હોઇ શકેજ નહિ; કેમકે તેઓ જડ છે. તે ઇંદ્રિયોનો જે પ્રકાશક છે, તે ચિદાત્માજ સર્વ બાહ્યપદાર્થોનો પણ પ્રકાશક છે.

રીતે વીસ ગુણોથીજ પ્રાણીમાત્રની ઉત્પત્તિ તથા નાશ થયા કરે છે, એમ તારે સમજવું.[૧૦૮] પૂર્વોક્ત વીસ ગુણોમાં પાંચ મહાભૂત, સદ્ભાવ યોગ (અહીં ઘડો છે, ઇત્યાદિ વ્યવહાર) અસદ્ભાવ યોગ (અહીં ઘડો નથી, ઇત્યાદિ વ્યવહાર), વિધિ (વાસનાના બીજરૂપ ધર્મ તથા અધર્મ), શુક્ર (વાસનાને જાગ્રત કરનાર સંસ્કાર) અને બલ (જેને માટે વાસના જાગ્રત થઇ હોય તે વિષયને પ્રાપ્ત કરવામાટેનો પ્રયત્ન)–આ દશ ગુણો મળીને એકંદર ત્રીસ ગુણો જગતમાં છે અને તે ત્રીસે ગુણો એકી સાથે જેમાં રહેલા છે તેને શરીર કહેવામાં આવે છે.[૧૦૯–૧૧૧] હવે,આ ત્રીસે ગુણોની ઉત્પત્તિના સંબંધમાં કેટલાએક (નિરીશ્વરવાદી સાંખ્ય) આચાર્યો એમ કહે છે કે,અવ્યક્ત અથવા પ્રકૃતિજ આ ત્રીસે ગુણોનું ઉપાદાન કારણ છે, કેટલાએક સ્થૂલદર્શી (કણાદ વગેરે નૈયાયિક) આચાર્યો એમ કહે છે કે પરમાણુઓ, અવ્યક્ત, અદષ્ટ અને ઈશ્વર, ત્રીસે ગુણોનું ઉપાદાન કારણ છે, કેટલાએક (કપિલમતાનુયાયી સેશ્વરસાંખ્ય) આચાર્યો એમ કહે છે કે, આ ત્રીસે ગુણોનું ઉપાદાન કારણ પ્રકૃતિ અને પુરુષ છે, કેટલાએક (ચાર્વાકમતાનુયાયી) આચાર્યો કહે છે કે પરમાણુઓજ આ ત્રીસે ગુણોનું ઉપાદાન કારણ છે, કેટલાએક વિદ્વાનો કહે છે કે, વ્યક્ત (પરમાણુઓ) અને અવ્યક્ત(માયા)–એ બન્નેત્રીસે ગુણોનું ઉપાદાન કારણ છે અને કેટલાએક વિદ્વાનો કહે છે કે ઈશ્વર, માયા,જીવ અને અવિદ્યા–એ ચાર તત્ત્વો પૂર્વોક્ત ત્રીસ ગુણોનું ઉપાદાન કારણ છે; પરંતુ અધ્યાત્મશાસ્ત્રનું ચિંતન કરનારા (વેદાંતી) આચાર્યો તો એમજ કહે છે કે, પ્રાણીમાત્રનું ઉપાદાન કારણ કેવળ પ્રકૃતિજ છે.[૧૧૨,૧૧૩] પ્રકૃતિનું મૂળ સ્વરૂપ અવ્યક્ત છે (ઇંદ્રિયોથી અગ્રાહ્ય છે) તોપણ ત્રીસ ગુણોને ઉત્પન્ન કરીને તે વ્યક્ત થઇ છે (ઇંદ્રિયથી ગ્રાહ્ય બની છે.) હે રાજેન્દ્ર! હું, તું અને બીજાં સર્વ પ્રાણીઓ, તે પ્રકૃતિમાંથીજ ઉત્પન્ન થયાં છીએ. (અર્થાત–પ્રાણીમાત્ર કેવળ પ્રકૃતિમાંથીજ ઉત્પન્ન થયેલ છે તો પછી “તું કોણ છે?” આવા પ્રકારનો તારો પ્રશ્ન અજ્ઞાન ભરેલોજ છે.)[૧૧૪] વળી, માતાના ગર્ભાશયમાં પિતાના વીર્યબિંદુનું સિંચન થાય છે એટલે વીર્ય અને રુધિરના મિશ્રભાવથી આવી જૂદી જૂદી અવસ્થાઓ ઉત્પન્ન થાય છે; જેમકે પિતાનું વીર્યબિંદુ માતાના ગર્ભાશયમાં પડે છે એટલે ત્યાંના રુધિરસાથે મિશ્ર થઇને કલલરૂપે ઉત્પન્ન થાય છે, કલલમાંથી બુદ્બુદ (પરપોટા) રૂપે થાય છે, બુદ્બુદમાંથી પેશી રૂપે થાય છે, પેશીમાંથી જૂદાં જૂદાં અંગો બંધાવા માંડે છે અને અંગો બંધાઈ રહ્યા પછી નખ અને રૂંવાટાં ઉત્પન્ન થાય છે.[૧૧૫,૧૧૬] હે જનક રાજા! બરાબર નવ માસ પૂર્ણ થાય છે તે પછી પ્રાણી માતાના ગર્ભાશયમાંથી બહાર નીકળે છે અને તે સમયે સ્ત્રીસૂચક અથવા પુરુષસૂચક–જે ચિહ્ન તેનામાં જોવામાં આવે છે તે ઉપરથી તેનાં નામ, રૂપ વગેરે ઉત્પન્ન થાય છે.[૧૧૭] પ્રાણીનો જે સમયે જન્મ થાય છે અને તે સમયે લાલ નખ અને આંગળીઓવાળું તેનું જે સ્વરૂપ જોવામાં આવે છે તે સ્વરૂપ તેને કુમારાવસ્થા પ્રાપ્ત થતાં જોવામાં આવતું નથી; તેજ પ્રમાણે કુમારાવસ્થા પછી જ્યારે યુવાવસ્થા પ્રાપ્ત થાય છે અને યુવાવસ્થા પછી જ્યારે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે તેનાં પૂર્વ પૂર્વ સ્વરૂપો જોવામાં આવતાં નથી.[૧૧૮,૧૧૯] કહેવાનું તાત્પર્ય એ છે કે,પ્રાણીમાત્રના શરીરમાં પૂર્વોક્ત ત્રીસ કળાઓ (ગુણો) રહેલી છે, કે જેઓનું કાર્ય અન્યોન્યથી ભિન્ન હોય છે–તેઓના સ્વરૂપમાં પ્રતિક્ષણે ફેરફાર થયા કરે છે; પરંતુ તે ફેરફાર ઘણોજ સૂક્ષ્મ હોવાથી જાણવામાં આવતો નથી.[૧૨૦] હે રાજન્! પ્રાણીના શરીરમાં રહેલા ત્રીસે ગુણોમાં, પ્રત્યેક અવસ્થાએ વૃદ્ધિ અને ન્યૂનતા થયા કરે છે; પરંતુ જેમ, દીવાની જ્વાળાગતિ પ્રત્યેક ક્ષણે ઓછીવધતી થયા કરે છે; છતાં અત્યંત સૂક્ષ્મતાને લીધે તે જોવામાં આવતી નથી તેમ પ્રાણીની અવસ્થાથી થનારી વૃદ્ધિ અને ન્યૂનતા પણ અતિ સૂક્ષ્મ હોવાને લીધે જાણવામાં આવતી નથી.÷[૧૨૧]

÷ સુલભા અહીં એમ કહેવા માગે છે કે,

આ રીતે આ સર્વ લોક, દોડતા ઉત્તમ ઘોડાની પેઠે નિરંતર અસ્થિર છે અને તેનો પ્રભાવ મેં કહ્યો તે પ્રમાણે અતિદુર્વિજ્ઞેય છે તો પછી આ સંસારમાં કોણ કોનું છે? અને કોણ ક્યાંથી આવ્યું છે કે નથી આવ્યું? એવા પ્રશ્નોજ અઘટિત છે–અર્થાત્ પ્રાણીમાત્રનો દેહ સર્વથા અનિત્યજ છે તો પછી તે વિષેની જીજ્ઞાસા કેવળ વ્યર્થજ છે.[૧૨૨] આ કોનું છે અથવા કોનું નથી? આ ક્યાંથી આવ્યું છે કે ક્યાંથી નથી આવ્યું? ઈત્યાદિ પ્રશ્નો કેવળ અજ્ઞાનમૂલકજ છે. કેમકે પ્રાણીમાત્રને આ સંસારસાથે શો સંબંધ છે? અરે! પોતાના હાથ, પગ વગેરે અવયવોસાથે પણ પોતાનો સંબંધ નથી તોપછી બીજાની સાથે સંબંધ તો ક્યાંથીજ હોઈશકે?[૧૨૩] જેમ સૂર્યકાંત (ચકમક) ની સાથે લોખંડને અફાળવાથી અને અરણિ વગેરેનાં કાષ્ઠોને બીજાં કાષ્ઠસાથે ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે તેમ, પૂર્વોક્ત ત્રીસ ગુણોના ઉદયમાત્રથી પ્રાણીઓ ઉત્પન્ન થાય છે.[૧૨૪] જો તું ખરેખરો બ્રહ્મનિષ્ઠ છે અને પોતાના દેહમાં રહેલા આત્માને અસંદિગ્ધપણે નિષ્કલ જુએ છે તો પછી તેના તેજ આત્માને બીજાના શરીરમાં પણ નિષ્કલ કેમ જોતો નથી?[૧૨૫] જો તું નિશ્ચયપૂર્વક જાણે છે કે, પોતાના શરીરમાં જે આત્મા રહેલો છે તેજ આત્મા બીજાના શરીરમાં પણ છે. તો પછી "તું કોણ છે? કોની છે?" ઇત્યાદિ પ્રશ્નો મને શામાટે પૂછે છે?[૧૨૬]

હે મિથિલાના રાજા! જે પુરુષ "આ મારૂં છે, આ મારૂં નથી" ઇત્યાદિ દ્વંદ્વભાવોથી મુક્ત થયેલો છે તેને "તું કોણ છે? કોની છે? ક્યાંથી આવી છે?" ઇત્યાદિ પ્રશ્નો પૂછવાનું શું પ્રયોજન હોય?[૧૨૭] જે રાજા શત્રુ, મિત્ર અને મધ્યસ્થની સામે અથવા સંધિ, વિગ્રહ કે વિજયને માટે ભિન્ન ભિન્ન યોગ્ય ક્રિયાઓ કરી રહ્યો છે તેનામાં, શું મુક્ત પુરુષનાં લક્ષણ હોઈ શકે ખરાં?[૧૨૮] જે પુરુષ, જગતનાં પ્રત્યેક કાર્યોમાં ત્રિવર્ગ (ધર્માર્થકામ)ના સાત વિભાગને સ્પષ્ટરીતે જાણતો નથી અને કેવળ ત્રિવર્ગની સાથેજ સંગવાળો હોય છે, તેનામાં શું મુક્તપુરુષનાં લક્ષણ હોઇ શકે કે?[૧૨૯] જેની દૃષ્ટિ પ્રિય, અપ્રિય, દુર્બળ કે બળવાન–હરકોઈના પર સમાન નથી તેનામાં શું મુક્ત પુરુષનાં લક્ષણ હોઇ શકે કે?[૧૩૦] હે રાજા! જેમ કોઈ અપથ્યશીલ (હિત અહિત–હરકોઈ પદાર્થનું સેવન કરનાર) પુરુષને ઔષધ આપવામાટે વૈદ્યોએ મનાઇ કરવી જોઈએ તેમ, યોગથી રહિત હોવા છતાં તને આવું મોક્ષ સંબંધી અભિમાન છે માટે તે તારા અભિમાનને તારા મિત્રોએ અટકાવવું જોઇએ.[૧૩૧] હે શત્રુદમન રાજા! મુક્ત પુરુષનું લક્ષણ એજ હોઇ શકે કે, તેણે સ્ત્રીઆદિ સંગનાં સ્થાનકોનો પોતાના મનવડે વિચાર કરીને તેઓને કેવળ પોતાના આત્મામાંજ જોવા જોઇએ અને નિરંતર આત્મામાંજ રમણ કરવું જોઇએ. આ સિવાય બીજું મુક્તપુરુષનું લક્ષણ શું હોઇ શકે? હવે, મોક્ષનોઆશ્રય કર્યા પછી પણ બીજાં આ સૂક્ષ્મ સંગનાં સ્થાનકો રહે છેકે, જેઓની પ્રવૃત્તિ શયન, ભોજન, ભોગ અને પાથરણ વગેરે ચાર અંગોમાં રહેલી હોય છે.' માટે તેના

પ્રાણીના દેહમાં પ્રત્યેક ક્ષણે ભિન્નતા થયા કરે છે. જેથી "તું કોણ છે?" એ તારા પ્રશ્ન સમયે મારો દેહ ભિન્ન હતો અને હું ઉત્તર આપું તે સમયે પણ મારો દેહ ભિન્નજ હોય. તો પછી હું તને કેવી રીતે ઉત્તર આપી શકું કે, હું કોણ છું અને કોની છું!! સારાંશ કે, તારા એ પ્રશ્ન અજ્ઞાનમૂલકજ છે.

× સુલભા અહીંથી એમ કહેવા ઈચ્છે છે કે, હે રાજા! તેં મને કહ્યું કે, તું કોની પરવાનગી લઇને મારા રાજ્યમાં તથા નગરમાં દાખલ થઇ? પણ તું નથી સમજતો કે, આખા રાજ્યમાંથી તથા આખા નગરમાંથી માત્ર અર્ધા ખાટલા જેટલી જગ્યાજ તારેમાટે નિર્માણ થયેલી છે. અર્થાત્ નગર કે રાજ્યઆદિની સાથે તારો કંઇ સંબંધજ નથી. તેજ પ્રમાણે ભોજન, આચ્છાદન તથા ઉપભોગના સંબંધમાં પણ તને અમુક નિયમિત ભાગજ મળે છે. તો પછી વ્યર્થ 'મારૂં મારૂં' એમ શામાટે કૂટયા કરે છે? અધિકની મમતા શામાટે કરે છે?

સંબંધમાં હું તને કહું છું, સાંભળ.૧૩૩ જે રાજા સમગ્ર પૃથ્વી ઉપર એક સમ્રાટ્તરીકે રાજ્ય કરતો હોય છતાં તેનું નિવાસસ્થાન માત્ર એક નગરમાં હોય છે.૧૩૪ તેમાં પણ માત્ર એકજ ગૃહમાં તે વસે છે અને એક ગૃહમાં પણ માત્ર એકજ શયનમાં રાત્રિ સમયે તે સૂવે છે.૧૩૫ અરે ! શય્યામાં પણ તેના અર્ધભાગને તેની રાણી, પ્રથમથી દબાવી બેસે છે. આ રીતે આખું સામ્રાજ્ય હોવા છતાં પણ તે સમ્રાટ્‌ને માત્ર અલ્પફળજ મળે છે. (તાત્પર્ય કે, અલ્પભોગથીજ નિર્વાહની સિદ્ધિ થાય છે તો પછી અધિકમાં મમતા રાખવી તે કેવળ× મોહજ છે.)૧૩૬ એ રીતે ઉપભોગમાં, ભોજનમાં તથા પાથરણ પણ રાજાને અમુક માપસરજ મળે છે; વળી કોઇને શિક્ષા કરવી હોય ત્યારે અથવા કોઈનાપર અનુગ્રહ કરવો હોય ત્યારે પણ રાજા સદાય પરતંત્ર રહે છે એટલુંજ નહિ; પરંતુ બીજાં અતિ અલ્પ કાર્યોમાં પણ રાજાની સદાય પરાધીનતાજ હોય છે તો પછી સંધિ, વિગ્રહ જેવાં મહાન્ કાર્યોમાં રાજાની સ્વતંત્રતા કયાંથીજ હોઇ શકે?*૧૩૭,૧૩૮ તેમજ પોતાની સ્ત્રીઓના સંબંધમાં તથા રમતગમત જેવી તુચ્છ બાબતમાં પણ રાજાને નિત્ય પરાધીન રહેવું પડે છે તો પછી અમાત્યોની સભામાં મંત્રણા કરતી વેળા રાજાની સ્વતંત્રતા કયાંથી હોઈ શકે?૧૩૯ રાજા, જે સમયે બીજાઓને આજ્ઞા કરે છે તે-સમયેજ માત્ર સ્વતંત્ર હોય છે પરંતુ આજ્ઞા કર્યા પછી પ્રત્યક ક્ષણે તેને પરાધીન રહીનેજ કાર્ય કરાવવું પડે છે.૧૪૦ રાજાને સુવાની ઇચ્છા થાય છે તે વેળા પણ રાજકીય કાર્યની ઇચ્છાવાળા મનુષ્યો તેને નિદ્રા લેવા દેતા નથી, શયન કરવાના સમયે પણ બીજાઓની (નોકરોની) અનુજ્ઞાપ્રમાણે તેને વર્તવું પડે છે અને કોઈ સમયે નિદ્રાવશ થયો હોય તોપણ અમુક કોઇ કાર્ય પ્રસંગને લીધે તેને ઉઠાડવો પડે છે. આ રીતે રાજા, સર્વવિષયોમાં પરતંત્ર છે.૧૪૧ રાજાને બીજા લોકો જ્યારે કહે છે કે, તમે સ્નાન કરો, આ પદાર્થનો સ્પર્શ કરો, આનું પાન કરો, આનું પ્રાશન કરો, અગ્નિમાં હોમ કરો, આનું દાન આપો, આજ્ઞા કરો અને અમારૂં સાંભળો-ત્યારેજ રાજા તે તે ક્રિયાઓ કરવા પ્રવૃત્ત થાય છે. આ રીતે રાજા કેવળ પરાધીનજ હોય છે. યાચક મનુષ્યો, નિરંતર પાસે જઇ જઇને રાજાની પાસે યાચના કરે છે; તોપણ દ્રવ્યનું રક્ષણ કરનારો તે રાજા, (દ્રવ્યમાંહેના લોભને લીધે) ઉત્તમ ગણાતા મહાજનોને પણ દાન આપવાનો ઉત્સાહ કરી શકતો નથી. ૧૪૩ રાજા, જો દાન આપે છે તો ખજાનો ખૂટી પડવાનો તેને ભય રહે છે, તેમજ દાન આપવાથી કદાચ વૈર ઉભું થશે, આવા પ્રકારનો તેને સંદેહ રહે છે. વળી કોઈ એક ક્ષણે વૈરાગ્યજનક દોષો પણ તેની સમીપ આવી પહોંચે છે.૧૪૪ જે પુરુષો બુદ્ધિમાન ગણાતા હોય, શૂરવીર ગણાતા હોય અને ગૃહસ્થ ગણાતા હોય તે પુરુષો પણ એક કાર્ય ઉપર જોડાયલા હોય છે તો તેઓના પર રાજાને શંકા આવ છે, કોઈ નિર્ભય સ્થળે પણ રાજાને ભય રહે છે અને જેઓ નિત્ય તેનું સેવન કરતા હોય તેઓનાથી પણ તે ભયભીત રહે છે.૧૪૫ હે રાજન્ ! એ પ્રમાણે મેં કહેલા આ

× કહ્યું છે કે,

‘गोशतादपिगोक्षीरं प्रस्थं धान्यशतादपि’ ।
प्रासादादपि खट्वार्धं शेषाः परविभूतयः ॥

સેંકડો ગાયો હોય તોપણ તેના માલીકને માત્ર એકજ ગાયનું દૂધ ઉપયોગી થાય છે. સેંકડો મણ અનાજ ભર્યું હોય તોપણ તેના માલીકને માત્ર એક શેર અનાજ ઉપયોગી થાય છે. મોટો એક મહેલ બંધાવ્યો હોય તોપણ તેમાંથી માત્ર અર્ધા ખાટલા જેટલી જગ્યાજ તેના માલીકને ઉપયોગની છે. બાકીની સઘળી સંપત્તિ પારકીજ ગણાય છે.

* રાજાને હરકોઈ કાર્ય પોતાના નોકરચાકરદ્વારાજ કરાવવાનું હોય છે તેથી રાજા સદાય પરાધીનજ ગણાય છે. વળી સંધિ, વિગ્રહ-ઇત્યાદિ મહાન કાર્યો કરતી વેળા પોતાના ખાસ સલાહકારોની રાજાને સંમતિ લેવી પડે છે અને તેઓની સંમતિ હોય તોજ તેવાં મહાન કાર્યોમાં રાજાથી આગળ વધાય છે.

પુરુષોકે, જેઓ રાજાના અંગતસેવક હોય છે તેઓનાપર પણ રાજા જ્યારે શંકાશીલ બને છે ત્યારે તેઓ, કોપાયમાન થાય છે અને તેમ થતાં તે પુરુષો તરફથી રાજાને કેવો ભય આવી પડે છે, તે તું જો.[146] હે જનક રાજા! હું તો એમજ માનું છું કે, સર્વ કોઈ મનુષ્ય પોતપોતાના ઘરમાં રાજાજ છે અને સર્વકોઇ ઘરધણી પોતપોતાના ઘરમાં શિક્ષા તથા કૃપા કરવાને શક્તિમાન હોય છે જેથી સર્વ મનુષ્યો રાજાઓ સમાનજ છે.[147] રાજાઓને જેમ પુત્રો, સ્રીઓ, આત્મા, ભંડાર, મિત્રો અને ધનસંગ્રહ હોય છે તેમ, સર્વ મનુષ્યોને પણ તે તે પદાર્થો હોય છે. માટે તે તે કારણોને લીધે રાજાઓ પણ બીજાઓની સમાનજ છે.[148] (વળી એ પણ નિશ્ચય છે કે, બીજાઓના કરતાં રાજા અધિક દુઃખી હોય છે; કેમકે) "આજે તો અમુક દેશનો નાશ થઈ ગયો, આજે તો અમુક નગર બળી ગયું અને આજે તો અમુક શ્રેષ્ઠ હાથી મરણ પામ્યો" ઇત્યાદિ સર્વ સામાન્ય વાર્તાઓનું શ્રવણ કરીને પણ તેઓપરના પોતાના મિથ્યા સ્વામિત્વના જ્ઞાનને લીધે રાજાને સંતાપ થાય છે.[149] રાજાને ઇચ્છા, દ્વેષ અને ભયથી ઉત્પન્ન થનારાં માનસિક દુઃખો કદી છોડતાંજ નથી; તેમજ મસ્તકરોગ આદિ અનેક રોગોથી તથા દેશમાં નાયક ગણાતા પુરુષોથી પણ તેને નિત્યનું દુઃખ રહે છે.[150] એટલુંજ નહિ પણ સુખદુઃખાદિ દ્વંદ્વોને લીધે રાજાનો પણ નાશ થાય છે, તેને સર્વ તરફથી શંકા રહે છે અને પ્રતિદિન રાત્રિઓની ગણત્રી કરતો કરતો અનેક સંકટોથી ભરપૂર એવા રાજ્યને તે સેવે છે.[151] ખરેખર, રાજ્યમાં સુખ તો અલ્પજ છે પણ દુઃખ ઘણું છે. તેમજ રાજ્ય એ એક નિઃસાર વસ્તુ છે,ઘાસના અગ્નિ જેવું તુચ્છ છે (અર્થાત્ ઘાસનો અગ્નિ જેમ લાંબોકાળ રહેતો નથી તેમ, રાજ્ય પણ લાંબોકાળ રહેતું નથી.) અને જળનાં ફીણ તથા પરપોટાની પેઠે અલ્પસમયમાંજ નાશ પામનારૂ છે.[152] આવા રાજ્યનો કયો પુરુષ સ્વીકાર કરે અને સ્વીકાર કરીને પણ કયો પુરુષ તેમાંથી શાંતિ મેળવે? હે રાજા! નગર, દેશ, સૈન્ય અમાત્યો–વગેરેને તું મારાં મારાં માની રહ્યો છે પણ તેઓ કોનાં છે? અથવા કોનાં નથી? (એ અત્યંત દુર્જ્ઞેય છે.) મિત્ર, અમાત્ય, નગર, રાષ્ટ્ર, દંડ, કોશ અને રાજા–આ સાતે રાજ્યનાં અંગ કહેવાય છે. જેમ ઉભી કરેલી ત્રણ લાકડીઓ અન્યોન્યના આધારે રહે છે તેમ, રાજ્ય પણ એ સાત અંગોના અન્યોન્યના આધારથીજ ટકી રહે છે. આ રીતે સાત અંગના અન્યોન્યના ગુણ ઉપર આધાર રાખનારા રાજ્ય કોનાવડે ગુણથી અધિક છે, નું કયું અંગ છે, તે જાણવું અશક્યજ છે–અર્થાત્ સાત અંગમાંહેના કયા અંગના અધિકગુણથી રાજ્ય ટકી રહ્યું છે, તે કંઇ કહી શકાતું નથી.[153–155] જે સમયે જે અંગ ઉપયોગી થઇ પડે છે તે સમયે તે અંગનીજ વિશેષતા મનાય છે અને જે સમયે જે અંગથી કાર્યની સિદ્ધિ થાય છે તે સમયે તે અંગનુંજ પ્રાધાન્ય ગણાય છે.[156] હે મહારાજા! મેં કહ્યાં તે સાત અંગો અને બીજાં વૃદ્ધિ, ક્ષય અને સ્થાન નામનાં ત્રણ અંગો–એમ એકંદર દશ અંગોજ રાજાની પેઠે રાજ્યને ભોગવે છે. જે રાજા મહાન ઉત્સાહ શક્તિવાળો હોય છે અને ક્ષાત્રધર્મમાં આસક્ત રહેનારો હોય છે તે રાજા પ્રજાઓ પાસેથી દશાંશ કર લઈનેજ સંતુષ્ટ રહે છે અને તે સિવાયનો બીજો(અધિક ગુણવાળો) રાજા તો દશાંશ કરતાં પણ ઓછો કર લઈને સંતુષ્ટ રહે છે. રાજા કંઇ અસાધારણ નથી; તેમજ રાજાવિનાનું કોઇ રાજ્ય પણ નથી.[157,158] વળી જો રાજ્ય ન હોય તો ધર્મ ક્યાંથી રહી શકે? અને ધર્મ ન હોય તો ઉત્તમ સુખ કેવી રીતે મળી શકે? આ જગતમાં જે શ્રેષ્ઠ ધર્મ છે તેજ રાજા તથા રાજ્યને પાવન કરનાર છે.[159] આખી પૃથ્વીની જેમાં દક્ષિણા આપવાની હોય છે તેવો અશ્વમેધ યજ્ઞ પણ શ્રેષ્ઠધર્મની યોગ્યતાને પહોંચી શકતો નથી. હે મિથિલાના રાજા! હું તેવાં સેંકડો ને હજારો કર્મોનું વર્ણન કરવા સમર્થ છું કે જે કર્મો રાજાને દુઃખદાયીજ હોય

છે. તેં મને કહ્યું કે, તેં મારા શરીરનો સંગ કેમ કર્યો? પણ તેમ કહેવું તને યોગ્ય નથી; કેમકે હું મારા પોતાના દેહનો પણ સંગ કરતી નથી તો પછી બીજાના દેહનો સંગ તો કેમજ કરૂં? (અર્થાત્ મેં મારા દેહઉપરની પણ મમતાનો ત્યાગ કર્યો છે તો પછી પરદેહની મમતા હું કેમજ કરૂં!) વારૂ, તેં તારા ગુરુ પંચશિખ પાસેથી નિદિધ્યાસન, શ્રવણ, મનન, યમ, નિયમ તથા નિશ્ચય-(બ્રહ્મ તથા આત્માના ઐક્યનો અનુભવ)-સહિત સંપૂર્ણ મોક્ષધર્મ સાંભળ્યો છે, છતાં હે રાજા! છત્રાદિ વિશેષ ચિહ્નો પર તને આસક્તિ કેમ રહી છે! તારે તો હવે, સર્વ પ્રકારના સંગનો ત્યાગ કરવો જોઈએ અને સંસારના પાશોને દબાવી દઇને રહેવું જોઈએ, અથવા તેં મોક્ષધર્મનું શ્રવણ કર્યું છે તોપણ શ્રવણ કર્યું નથી; અથવા તેં જે ધર્મનું શ્રવણ કર્યું છે તે કેવળ મિથ્યાજ છે; અથવા તેં જે મોક્ષધર્મનું શ્રવણ કર્યું છે તે, મોક્ષધર્મના જેવા કોઇ બીજા ધર્મનુંજ શ્રવણ કર્યું છે, એમ હું માનું છું. કેમકે મોક્ષસંબંધી ધર્મનું શ્રવણ કર્યાં છતાં પણ તું આ રીતે લૌકિક સંજ્ઞાઓને વળગી રહ્યો છે અને એક અજ્ઞાની મનુષ્યની પેઠે રાજ્યપરની આસક્તિથી તથા અંતઃપુરની સ્ત્રીઓથી બંધાઇ રહ્યો છે. વળી તું સર્વ પ્રકારે જો મુક્ત થયો છે તો મેં તારા બુદ્ધિસત્ત્વમાં પ્રવેશ કર્યો, તેથી તારો શો અપકાર થયો? અથવા શાસ્ત્રોક્ત નિયમ છે કે, યતિઓએ શૂન્ય સ્થાનમાંજ નિવાસ કરવો, જેથી મેં તારા જ્ઞાનશૂન્ય હૃદયમાં પ્રવેશ કરીને કોનો અને શો અપરાધ કર્યો? હે નિર્દોષ રાજા! મેં મારા હાથથી, બાહુથી, ચરણથી કે બીજા કોઇ શારીરિક અવયવોથી તારો સ્પર્શ કર્યો નથી. મેં તારી સામે જે સારી નરતીવર્તણુંક ચલાવી છે તે કેવળ એકાંતમાંજ ચલાવી છે-અર્થાત્ આપણે બન્ને જણાંજ જાણીએ તેમ હું તારી સામે વર્તી છું. તો પછી તારા જેવા મહાન કુળમાં ઉત્પન્ન થયેલા, લજ્જાળુ અને દીર્ઘદર્શી પુરુષે, અહીં સભાની વચ્ચે તેના સંબંધમાં કંઈ પણ કહેવું જોઈએ નહિ.[૧૬૦-૧૬૯] આ સભામાં આપણને માન્ય ગણાતા બ્રાહ્મણો તથા મોટા ગુરુજનો બેઠા છે અને તું પણ એ સર્વનો રાજા હોવાને લીધે ગુરુજ છે. આ રીતે આ સભામાં તમારૂં અન્યોન્ય ગૌરવ રહેલું છે.[૧૭૦] તેનો વિચાર કરીને તારે પરીક્ષા કર્યાપછીજ વાક્ય બોલવું જોઇએ અને તેમાં પણ હું-સ્ત્રી અને તું-પુરુષ-એ બન્ને વચ્ચેનો સંબંધ અહીં સભામાં તારે નજ કહેવો જોઇએ.[૧૭૧] હે મિથિલ દેશના રાજા! જેમ કમળનાં પાંદડાં ઉપર તેનો સ્પર્શ કર્યા વિનાજ જળ રહે છે તેમ, હું પણ તારો સ્પર્શ કર્યા વિનાજ તારામાં વસી છું.[૧૭૨] હું તારો સ્પર્શ કરતી નથી છતાં મારો સ્પર્શ તને જણાય છે તો, આવી શંકા થાય છે કે, ભિક્ષુ પંચશિખે તારા જ્ઞાનને અબીજ અથવા વાસનારહિત કેવી રીતે કર્યું છે?-અર્થાત્ આ સમયે મારા સ્પર્શને તું અનુભવતો હો તો એમજ કહી શકાય કે ભિક્ષુ પંચશિખે તારા જ્ઞાનને હજી વાસનારહિત કર્યું નથી.[૧૭૩] ખરેખર, (આવું શુષ્કજ્ઞાન સંપાદન કરીને) તું ગૃહસ્થ ધર્મથી ભ્રષ્ટ થયો છે અને મહાદુર્જ્ઞેય એવા મોક્ષને પણ નહિ પામીને બન્નેની વચ્ચેજ સ્થિતિ કરી રહ્યો છે, છતાં મોક્ષના સંબંધમાં મોટી મોટી વાતો કર્યા કરે છે.[૧૭૪] મુક્તનો મુક્તની સાથે સમાગમ થાય અથવા પુરુષ કે જે એક છે અને ચેતન છે તેનો, પ્રકૃતિ કે જે અનેક છે અને જડ છે તેની સાથે (આધ્યાસિક) સમાગમ થવાથી વર્ણસંકરતા કદી થતીજ નથી. તાત્પર્ય કે ભાવ (આત્મા) અને અભાવનો (પ્રકૃતિનો આધ્યાસિક) સમાયોગ થતાં વર્ણસંકરતા કદી થાયજ નહિ.*[૧૭૫] જે પુરુષને પ્રકૃતિ તથા

---

* સુલભાના કહેવાનો આશય એ છે કે, મેં તારો સ્પર્શ કર્યો નથી છતાં તું એમ જાણતો હો કે, મેં તારો સ્પર્શ કર્યો છે. પણ એમાં તારી ભૂલ છે; કેમકે, 'ચિદાત્મા' એકજ છે અને તે સદાને માટે મુક્ત છે. વળી ચિદાત્મા એકજ છે જેથી ચિદાત્માનો ચિદાત્માની સાથે સંબંધ થાય તે અઘટિતજ છે તેમજ પ્રકૃતિ મિથ્યા છે જેથી તેનો આત્માની સાથેનો સંબંધ પણ મિથ્યાજ છે આમ હોવા છતાં તું મારાપર વ્યર્થ આક્ષેપ શા માટે કરે છે કે, તેં વર્ણસંકરતા ઉત્પન્ન કરી!! **નીલકંઠ**

પુરુષનું વિવેકજ્ઞાન નથી તે પુરુષની દૃષ્ટિએજ વર્ણાશ્રમ ધર્મો છે. (કેમકે જગતને આત્માથી ભિન્ન માનનારા પુરુષને, તે ભેદ દૃષ્ટિને લીધે ભિન્ન ભિન્ન અનેક વર્ણાશ્રમો દેખાય છે) પરંતુ જેને પ્રકૃતિ તથા પુરુષનું વિવેકજ્ઞાન પ્રાપ્ત થયું છે અને જે પુરુષ જાણે છે કે, માત્ર શરીરોજ જૂદાં છે આત્મા તો એકજ છે તે પુરુષને બીજાં સર્વ શરીરોમાં પણ કેવળ આત્માજ દેખાય છે*[૧૭૬] જેમ હાથમાં કુંડું રહેલું હોય, કુંડામાં દૂધ રહેલું હોય અને દૂધમાં માખી પડી હોય ત્યારે તે ત્રણે પદાર્થો, વાસ્તવિક રીતે એકજ આશ્રયનો આશ્રય કરી રહ્યા છે છતાં તેઓ અન્યોન્યથી ભિન્નજ છે; કેમકે કુંડામાં દૂધનો ગુણ નથી, દૂધમાં કુંડાનો ગુણ નથી અને માખીમાં દૂધનો ગુણ નથી;આમ હોવા છતાં તે તે પદાર્થો પોતાની મેળેજ અન્યોન્યના ગુણને પામે છે, પણ ખરીરીતે તેઓ બીજાના આશ્રયને પામતાજ નથી.[૧૭૭,૧૭૮] હે રાજા ! તું જો ખરો બ્રહ્મનિષ્ઠ છે, તો આશ્રમો તથા વર્ણોનું આત્મસ્વરૂપથી ભિન્નપણું તું જાણતોજ હોઇશ અને એ રીતે પરસ્પર ભિન્નપણાનું તને જ્ઞાન હોવા છતાં વર્ણસંકરતા કેમ જણાય છે?[૧૭૯] હે રાજન ! લૌકિકદૃષ્ટિએ પણ વર્ણસંકરતાનો દોષ સંભવી શકતો નથી; કેમકે હું ઉત્તમવર્ણમાં (બ્રાહ્મણવર્ણમાં) ઉત્પન્ન થયેલી નથી, મારી જાતિ વૈશ્ય કે શૂદ્રની નથી. હું તારીપેઠે ક્ષત્રિય વર્ણનીજ છું, મારો જન્મ ઉત્તમ કુળમાં થયો છે અને હજીસુધી હું બ્રહ્મચર્યવ્રતથી ભ્રષ્ટ થઇ નથી.[૧૮૦] એક પ્રધાન નામનો રાજર્ષિ, જાહેરરીતે તારા સાંભળવામાં આવ્યો હશે. તેના કુળમાં હું ઉત્પન્ન થયેલી છું અને તું જાણ કે, મારૂં નામ 'સુલભા' છે.[૧૮૧] મારા પૂર્વજોના યજ્ઞોમાં સાક્ષાત્ ઇંદ્ર દેવે પોતે દ્રોણ, શતશૃંગ અને શક્રદ્વાર-વગેરે પર્વતોને ઇંટોને સ્થાને ગોઠવ્યા હતા.[૧૮૨] આવા પ્રસિદ્ધ રાજર્ષિઓના કુળમાં હું ઉત્પન્ન થયેલી છું. મને મારાસમાન પતિ ન મળ્યો, તેથી ગુરુઓએ મને મોક્ષધર્મનું શિક્ષણ આપ્યું અને પછી તે સમયથી આરંભીનેજ નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતના પાલનપૂર્વક આજદિનપર્યંત એકલી વિચરીને મુનિવ્રતનું હું આચરણ કરૂં છું.[૧૮૩] હું વેષધારિણી કપટી સંન્યાસિની નથી, હું પરદ્રવ્યનું હરણ કરતી નથી, તેમજ વ્રતધારણપૂર્વક સ્વધર્મમાં સ્થિર રહીને ધર્મમાં સંકરપણું પણ કરતી નથી.[૧૮૪] વળી હે રાજા ! મારી પ્રતિજ્ઞાનું પાલન કરવામાં હું દૃઢ રહું છું, વિચાર કર્યાવિના હું બોલતી નથી અને વિચાર કર્યાવિના તારીપાસે હું આવી નથી.[૧૮૫] મેં સાંભળ્યું હતું કે, તારી બુદ્ધિ મોક્ષધર્મમાં અત્યંત આસક્ત રહેનારી છે. જેથી તારૂં કુશલ ઇચ્છીને તારા મોક્ષધર્મને જાણવાની ઇચ્છાથી હું અહીં આવી છું.[૧૮૬] હું તને જે કંઇ કહું છું તે સ્વપક્ષને સિદ્ધ કરવાની ઇચ્છાથી અથવા પરપક્ષનું ખંડન કરવાની ઇચ્છાથી કહેતી નથી. (માત્ર તારૂં હિત ઇચ્છીનેજ હું બોલી રહી છું માટે મારાં વાકયોનું તારે આદરપૂર્વક શ્રવણ કરવું, કેમકે) જે પુરુષ પોતાનો વિજય થાય તે માટે મલ્લની પેઠે વાદવિવાદ કરવા ઉતરી પડતો નથી અને કેવળ પરબ્રહ્મમાંજ લીન રહે છે તે પુરુષજ મુક્ત કહેવાય છે.[૧૮૭] જેમ એક સંન્યાસી કોઇ શૂન્ય ગૃહમાં એકજ રાત્રિ નિવાસ કરે છે તેમ, હું પણ આજની એકજ રાત્રિ તારા શરીરમાં નિવાસ કરીશ.[૧૮૮] હે મૈથિલ ! તારા માનદાનથી તથા વાણીપૂર્વક અતિથિસત્કારથી પૂજાયલી હું પ્રસન્ન થઇને તારા શરીરરૂપી ઘરમાં આજે રહીશ અને આવતી કાલે અહીંથી ચાલી જઇશ."[૧૮૯]

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિર ! એ પ્રમાણે સુલભાનાં યુક્તિ અને અર્થવાળાં વાકયો સાંભળ્યા પછી રાજા જનક કંઇ બોલ્યોજ નહિ. (કેમકે, તે વાકયો

---

* અર્થાત્ આત્મા સંબંધી અપરોક્ષ જ્ઞાન મને પ્રાપ્ત થયું છે, જેથી હું એમજ અનુભવું છું કે મારૂં બુદ્ધિસત્ત્વ બીજે સ્થળે કયાંય છેજ નહિ. તારૂં સ્વરૂપ તેજ મારૂં સ્વરૂપ છે અને એકાત્મદૃષ્ટિએ મેં તારામાં પ્રવેશ કર્યોજ નથી.

સામે કંઇ ઉત્તર આપવો તે યોગ્યજ ન હતું.)×[૧૯૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમા
"સુલભા અને જનકનો સંવાદ" એ
વિષયનો અધ્યાય ૩૨૦ મો સમાપ્ત.

અધ્યાય ૩૨૧ મો

વ્યાસનો વૈરાગ્ય સંબંધી ઉપદેશ

॥ युधिष्ठिर उवाच ॥

कथं निर्वेदमापन्नः शुको वैयासकिः पुरा ॥
एतदिच्छाम्यहं श्रोतुं परं कौतूहलं हि मे ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-"હે પિતામહ ! પૂર્વે વ્યાસના પુત્ર શુકદેવને વૈરાગ્ય કેવી રીતે થયો હતો ? એ સાંભળવાની મને ઇચ્છા છે; કેમકે તેના સંબંધમાં મને પરમ કૌતૂહલ છે.[૧] હે કુરુવંશી ભીષ્મ! અવ્યકત (કારણ),વ્યકત (કાર્ય) તથા પરમતત્ત્વ (પરબ્રહ્મ)ના સંબંધમાં તમે તમારી બુદ્ધિપૂર્વક જે નિશ્ચય કર્યો હોય તે કહેવાને માટે તમે કૃપા કરો. તેમજ અજન્મા દેવ નારાયણની (સગુણ બ્રહ્મની) લીલાનું પણ તમે વર્ણન કરો."[૨]

ભીષ્મે કહ્યું:-"હે યુધિષ્ઠિર ! સ્વાભાવિક સદાચારનું આચરણ કરનારા અને સર્વ તરફથી નિર્ભય રહેનારા પોતાના પુત્ર શુકદેવને સમગ્ર વેદ સ્વાધ્યાયનું અધ્યાપન કરાવીને પિતા વ્યાસ આ પ્રમાણે ઉપદેશ આપવા લાગ્યા.[૩]

વ્યાસે કહ્યું:-"હે પુત્ર! તારે ધર્મનુંજ નિત્ય સેવન કરવું અને જિતેન્દ્રિય થઇને મહાતીક્ષ્ણ ટાઢનો, તાપનો, ક્ષુધાનો, પિપાસા (તૃષા)નો તથા વાયુનો નિત્ય જય કરવો.[૪] તેમજ સત્યનું, સરળતાનું, ક્ષમાનું, અનસૂયાનું (બીજાના ગુણોપરની અદેખાઇનું),ઇંદ્રિયના નિગ્રહનું, તપનું, અહિંસાનું તથા દયાનું વિધિપૂર્વક પાલન કરવું.[૫] તારે સર્વ પ્રકારની કુટિલતાનો ત્યાગ કરીને સત્યધર્મમાંજ આસકત રહેવું અને દેવતાઓ તથા અતિથિઓને અર્પણ કરતાં બાકી રહેલા અન્નનુંજ માત્ર પ્રાણ ટકાવી રાખવા ભોજન કરવું.[૬] હે પુત્ર! આ મનુષ્યદેહ જળના ફીણ જેવો ક્ષણભંગુર છે. આ દેહરૂપી વૃક્ષમાં એક પક્ષીની પેઠે જીવ બેસી રહ્યો છે. વળી તે દેહ અનિત્ય છે અને પોતાનાં પ્રિય મનુષ્યોની સાથેનો જે સહવાસ તે પણ અતિ ચંચલ છે. છતાં તું આમ બેસી કેમ રહ્યો છે? (પુરુષાર્થસાધનમાં પ્રવૃત્તિ કેમ કરતો નથી?)[૭] ખરેખર, તું બાળક છે-અજ્ઞાન છે અને તેથીજ તું સમજી શકતો નથી કે, આપણીસાથે નિત્યનો સંબંધ ધરાવનારા કામક્રોધાદિ શત્રુઓ, પ્રમાદરહિત થઇને સતત જાગ્યા કરે છે અને આપણા પ્રમાદનાં છિદ્રોને તાકી રહ્યા છે.[૮] વળી, દિવસો એક પછી એક પસાર થતા જાય છે, જેને લીધે આયુષનો તથા જીવિતનો ક્ષય થતો જાય છે; છતાં તું આત્મસાધનમાટે તત્પર થઇને દેવ અથવા ગુરુને શરણે કેમ જતો નથી?[૯] જે પુરુષો, પરલોકનાં કાર્યો કરવાનાં હોય છે છતાં ગાઢ નિદ્રામાં પડેલા હોય છે અને અત્યંત નાસ્તિક છે, તે પુરુષોજ કેવળ માંસ તથા રુધિરની વૃદ્ધિ કરનારા આ લોકના વિષયસુખને ઇચ્છે છે.[૧૦] જે પુરુષો, બુદ્ધિના મોહને અધીન થઇને ધર્મનો દ્રોહ કરનારા છે અને અવળે માર્ગે જનારા છે તે પુરુષો, કેવળ પોતેજ દુઃખી થાય છે એમ નથી, પણ તેઓનું અનુસરણ કરનાર બીજો મનુષ્ય પણ દુઃખીજ થાય છે.[૧૧] માટે જે મહાત્માઓ નિત્ય સંતુષ્ટ રહેતા હોય, વેદાધ્યયનમાં પરાયણ રહેતા હોય, માનસિક બળથી આમોટા ગણાતા હોય અને ધાર્મિક માર્ગમાં આરૂઢ થયેલા હોય તે મહાત્માઓનું તું શરણ લે અને આત્મસાધનના સંબંધમાં તેઓને પ્રશ્ન કર.[૧૨] ધર્મનો સાક્ષાત્કાર કરનારા તે વિદ્વાન મ-કર.પરમહાત્માઓના મતને મનમાં ધારણ કરીને પરમ નિત્ય બુદ્ધિપૂર્વક મનનો સંયમ કર કે જે મન, જેઓની બુદ્ધિ અવળે માર્ગેજ જનારૂં છે.[૧૩]

× ટીકાકાર નીલકંઠ લખે છે કે, સુલભાનાં વચનનો જનકે કંઇ પણ ઉત્તર ન આપ્યો, એ ઉપરથી જણાય છે કે,ગૃહસ્થાશ્રમમાં રહીને મુકિત મેળવવી તે અશકય છે; માટે મુક્તિ મેળવવાને સંન્યાસ ધારણ કરવો તેજ શ્રેયસ્કર છે.

માત્ર વર્તમાનકાળનુંજ દર્શન કરનારી છે અને "આવતી કાલ ઘણીજ દૂર છે" આમ માનીને જેઓ નિર્ભય રહે છે તેવા સર્વભક્ષી અને જ્ઞાનહીન પુરુષો આ મનુષ્યલોકને કર્મભૂમિતરીકે જોતા નથી-અર્થાત્ આ મનુષ્યલોક, જે કર્મભૂમિ કહેવાય છે-એટલે જ્યાં અવતરીને પ્રાણીઓએ આત્મોદ્ધારનાંજ કર્મો કરવાં જોઇએ, છતાં તે અજ્ઞાની પુરુષો, પોતાના કલ્યાણસંબંધી કર્મોને તિલાંજલિ આપે છે અને નિત્ય પ્રમાદનેજ અધીન રહે છે.[૧૪] જેમ રેશમનો કીડો પોતાની લાળવડે પોતાનેજ વીંટીને બાંધે છે તેમ, તું પણ તારા અજ્ઞાનવડે તને પોતાનેજ બાંધે છે,તેની તને ખબર નથી; માટે (વેળાસર ચેતીને)ધર્મરૂપી નિસરણીનો આશ્રય કર અને ધીમેધીમે તેનાપર ચઢવા માંડ.[૧૫]જે પુરુષ નાસ્તિક હોય, મર્યાદાનું ઉલ્લંઘન કરનારો હોય અને મોટા વાંસની પેઠે અત્યંત ઉદ્ધત રહેતો હોય તે પુરુષનો મહાનદીના પૂરની પેઠે તારે (નિઃશંક થઇને)ત્યાગજ કરવો.[૧૬] તું જાણ કે કામ,ક્રોધ, મૃત્યુ અને પાંચ ઇંદ્રિયોરૂપી જળથી ભરેલી આ સંસારરૂપી એક નદી છે; માટે યોગરૂપી નૌકાનો આશ્રય કરીને તે મહાનદીને તું તરી જા અને જન્મમરણના દુઃખમાંથી મુક્ત થા.[૧૭] આ સર્વ લોકનો મૃત્યુ નાશ કરી રહ્યું છે, જગતનાં સર્વ પ્રાણીઓને જરા દુઃખ આપી રહી છે અને દિવસો તથા રાત્રિઓ મનુષ્યના આયુષનું હરણ કરી, સફળ થઇને પસાર થઈ રહી છે, માટે ધર્મરૂપી વહાણની સહાય લઇને આ સંસાર સાગરને તું તરી જા.[૧૮] પ્રાણી, કોઈ સ્થળે ઉભું હોય કે સૂઇ રહ્યું હોય, પરંતુ મૃત્યુ તેની શોધ કરવામાટે જ્યારે નીકળે છે ત્યારે, અકસ્માત્ રીતે મૃત્યુના ગ્રાસભૂત થઇ પડેલા તે પ્રાણીને કોના તરફથી શાંતિ મળે તેમ છે ?[૧૯] મનુષ્ય, વિવિધ પ્રકારના વિષયોની શોધમાં હજી ઘૂમતોજ હોય છે અને વિષયવાસનાથી હજી અતૃપ્તજ હોય છે તેવામાં તો, વરૂની માદા જેમ ઘેટાને ઉઠાવી જાય છે તેમ, મૃત્યુ તે મનુષ્યને ઉઠાવી જાય છે.[૨૦] તું આ સંસારરૂપી અંધકારમાં જઈ રહ્યો છે, માટે તારે જ્ઞાનરૂપી મહાન દીપકને અવશ્ય ગ્રહણ કરવો જોઇએ, કે જે દીપકની શિખાઓ અનુક્રમે એકઠી થતી જાય છે અને ધર્મને લીધેજ જેની વૃદ્ધિ થયા કરે છે.[૨૧] પ્રાણી અનેક પ્રકારનાં શરીરો ધારણ કર્યે જાય છે. તેમાં કોઈ સમયેજ તેને મનુષ્યશરીર પ્રાપ્ત થાય છે, અને તેમાં પણ બ્રાહ્મણશરીરને તો કોઈ સમયેજ પ્રાપ્ત થાય છે. માટે હે પુત્ર ! તું તારા બ્રાહ્મણશરીરનું રક્ષણ કર.[૨૨] બ્રાહ્મણનું શરીર, વિષયોનો ભોગ કરવામાટે ઉત્પન્ન થતું નથી; પરંતુ આ મનુષ્યલોકમાં ઉત્પન્ન થઇને તેણે તપશ્ચરણરૂપી કલેશ સહન કરવાનો છે;જેથી પરલોકમાં અનુપમ સુખ પ્રાપ્ત થાય×[૨૩] બ્રાહ્મણનું શરીર અનેક પ્રકારનાં તપશ્ચરણો કરવાથી પ્રાપ્ત થાય છે. માટે તેને પામીને કેવળ વિષયભોગપરાયણ રહી તેને વ્યર્થ જવા દેવું નહિ. માટે તું પણ સ્વાધ્યાય, તપ તથા ઇંદ્રિયનિગ્રહમાં નિત્ય તત્પર રહીને પોતાનું કલ્યાણ ઇચ્છ અને નિરંતર કુશલપરાયણ રહી પ્રયત્ન કર.[૨૪] કેમકે મનુષ્યના આયુષરૂપી ઘોડો ઘણાજ વેગથી દોડયો જાય છે. એ ઘોડાનું સ્વરૂપ અદૃશ્ય છે, સોળ કળાઓરૂપી તેનું શરીર છે, તેનો આત્મા સૂક્ષ્મ છે; ક્ષણ, ત્રુટિ તથા નિમેષ તે ઘોડાનાં રૂંવાટાં છે, બે સંધ્યાઓ તેની ખાંધ છે,શુકલપક્ષ તથા કૃષ્ણપક્ષરૂપી તેનાં સમાન બળવાળાં નેત્ર છે અને મહિનાઓરૂપ તેનું અંગ છે.[૨૫] આ ઘોડો નિરંતર ઉગ્રવેગ ધારણ કરીને પાછળ જોતો જોતો દોડયો જાય છે;માટે તારાં નેત્ર જો બીજાને અધીન ન હોય તો-અર્થાત તું આંખે આંધળો ન હોય તો, પરમાત્માના વિષેનું શ્રવણમનન કરીને તારા મનને ધર્મપરા-

---

× શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે,

ब्राह्मणस्य तु देहोऽयं क्षुद्रकामाय नेष्यते।
कृच्छ्राय तपसे चेह प्रेत्यानंतसुखाय च' ॥

બ્રાહ્મણનું શરીર, ક્ષુદ્ર વિષયભોગને માટે ઇચ્છવા યોગ્ય નથી; કિંતુ કષ્ટદાયી તપશ્ચર્યાનેમાટેજ ઇચ્છવા યોગ્ય છે; કેમકે તેથી પરલોકમાં અનંત સુખ પ્રાપ્ત થાય છે.

ચણ કર.[૨૬] આ મનુષ્યલોકમાં જેઓનું વર્તન ધર્માચરણથી ભ્રષ્ટ હોય છે તે મનુષ્યો, તે તે અધર્મી ક્રિયાઓને લીધે યમલોકમાં અનેક પ્રકારનાં યાતનાશરીરોને પામે છે–અનેક વેદનાયુક્ત શરીરોને અનુભવે છે અને તેને લીધે નિરંતર દુઃખના પોકારો કર્યા કરે છે; એટલુંજ નહિ પરંતુ આ લોકમાં પણ તેઓને વિવિધ પ્રકારનાં અનિષ્ટોનો યોગ થાય છે અને તેઓનાં શરીર જૂદી જૂદી વેદનાઓથી વ્યાપ્ત હોઇને સદાને માટે ક્લેશનોજ અનુભવ કર્યા કરે છે.[૨૭] જે રાજા, સદાય ધર્મપરાયણ રહે છે અને ઉત્તમ અધમ-સર્વ વર્ણના લોકોનું સારી રીતે રક્ષણ કરે છે, તે રાજાને પુણ્યવાનોના દિવ્યલોક પ્રાપ્ત થાય છે; વળી તે રાજા અનેક પ્રકારનું ધર્માચરણ કરે છે, જેથી અંતે નિર્દોષ એવા મોક્ષસુખને પણ પામે છે.[૨૮] આ જગતમાં જે પુરુષ માતા, પિતા વગેરે ગુરુજનોના વચનનું અપમાન કરે છે, તે દુષ્ટ પુરુષ જ્યારે મરણ પામે છે ત્યારે (પોતાનાં દુષ્ટકૃત્યોનું પરિણામ ભોગવવા માટે) તેને નરકલોકમાં જવું પડે છે અને ત્યાં ગયા પછી તેના શરીરને ભયંકર દેખાવના કુતરાઓ, રુધિરનું પાન કરનારા કીડાઓ, લોખંડી ચાંચોવાળા પક્ષીઓ તથા કાગડા, ગીધ વગેરે અનેક પક્ષીગણો ફાડી ખાય છે.[૨૯] જે પાપી મનુષ્ય, પોતાની દુષ્ટ મનોવાસનાને અનુસરીને જગતમાં સ્થાપિત થયેલી *દશ પ્રકારની વૈદિક આજ્ઞાઓનું ઉલ્લંઘન કરે છે તે મનુષ્યને, યમલોકમાં રહેલા અતિદુઃખદાયક અસિપત્ર નામના વનમાં નિવાસ કરવો પડે છે.[૩૦] જે મનુષ્ય લોભી હોય છે, અસત્ય ભાષણ ઉપર પ્રીતિ રાખનારો હોય છે, ચોરી જેવાં નીચકર્મો કરવામાં આસક્ત રહે છે અને કપટ કરીને બીજાઓને દુઃખ ઉપજાવે છે, તે પાપકર્મી મનુષ્ય (મરણપછી) મહા ઘોર નરકમાં જાય છે અને ત્યાં જઇને અતિશય દુઃખને અનુભવે છે.[૩૧] જેમકે તે પાપી મનુષ્યને ઉષ્ણ જળવાળી વૈતરણી મહાનદીમાં સ્નાન કરવું પડે છે, તેનું શરીર અસિપત્રવનની તીક્ષ્ણ તરવારોથી ચીરાઇ જાય છે અને તેને ફરશીઓના વનમાં શયન કરવું પડે છે. આ રીતે મહાનરકમાં નિવાસ કરીને ઘણી મોટી વેદનાઓથી તે પીડાય છે.[૩૨] ઓ પુત્ર ! તું, બ્રહ્મદેવ આદિનાં મહાન સ્થાનકોનાં વખાણ કરે છે; પરંતુ તેઓના કરતાં શ્રેષ્ઠ એવા પરબ્રહ્મના સ્થાન તરફ દૃષ્ટિ પણ કરતો નથી. વળી, ભવિષ્યમાં આવી પહોંચનારી જરાના સંબંધમાં લેશમાત્ર વિચાર પણ કરતો નથી, કે જે જરા લાંબેકાળે પણ મૃત્યુનેજ સ્વાધીન કરનારી છે.[૩૩] તું હજીસુધી પણ બેસી કેમ રહ્યો છે ? ચાલ, મોક્ષમાર્ગમાં તું પ્રયાણ કર. કેમકે, તારો અત્યંત નાશ કરનારો મહાદારુણ ભય તારાપર આવી લાગ્યો છે. માટે સુખ મેળવવાનો પ્રયત્ન કર.[૩૪] મનુષ્ય જેવો મરણ પામે છે એટલે પ્રથમજ યમરાજાની આજ્ઞાપ્રમાણે તેને યમલોકમાં પહોંચતો કરવામાં આવે છે માટે કૃચ્છ્ર ચાંદ્રાયણ આદિ દારુણ તપશ્ચર્યાઓ કરીને યમરાજાને વશ કરવા તું પ્રયત્ન કર.[૩૫] મહાસમર્થ યમદેવ, જેને અટકાવવામાટે કોઇ શાકતમાન નથી અને જેને બીજાના દુઃખનું લેશમાત્ર જ્ઞાન નથી તે તારા મૂળનો, બાંધવોનો તથા જીવિતનો જેટલામાં નાશ કરી નાખે તે પહેલાં તું, પરલોકમાં હિત થાય તેવું કર્મ કરી લે.[૩૬] યમદેવનો વાયુકે, જે તારી સન્મુખજ વાયા કરે છે, તેનો ઝપાટો તને લાગે અને તું એકલોજ યમલોકમાં સીધાવી જા તે પહેલાં તું, પરલોકમાં પોતાનું હિત થાય તેવું કર્મ કરી લે.[૩૭] હે પુત્ર ! કાળરૂપ મહાતોફાની પવન, તારાથી કેટલેક દૂર રહેલા કોઇ બીજા પ્રદેશમાંજ હજી વાય છે; પરંતુ તેના તરફનો મહાન ભય જ્યારે તારી સમીપમાં આવી પહોંચશે ત્યારે તું દિશાઓને ભમતી જોશે, તારૂં વૈદિક જ્ઞાન એકદમ રૂંધાઇ જશે અને અત્યંત વિહ્વળ થઇને તારે તેની સન્મુખ જવું

---

* દશ પ્રકારની વૈદિક આજ્ઞાઓ આ પ્રમાણે છે–શૌચ પાળવું, સંતોષ રાખવો, તપ કરવું, સ્વાધ્યાય કરવો, ઈશ્વરનું ધ્યાન કરવું, હિંસા ન કરવી, અસત્ય ન બોલવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો અને વિશેષ પરિગ્રહ ન રાખવો.

પડશે; માટે તેના આવ્યા પહેલાં તું ઉત્તમ સમાધિ (યોગાનુષ્ઠાન) કરી લે.[૩૮,૩૯] તેં પ્રમાદને અધીન થઇને પૂર્વે જે કંઇ શુભ અશુભ કર્મો કર્યાં હશે તેનું અંતકાળે સ્મરણ આવતાં તારે પશ્ચાત્તાપ કરવો ન પડે, માટે પ્રથમથીજ કેવળ જ્ઞાનભંડારને તું ભરી લે.[૪૦] પ્રાણીના બળનો, અંગનો તથા રૂપનો નાશ કરનારી જરા, તારા શરીરને અત્યંત શિથિલ કરી નાખે તે પહેલાં, કેવળ જ્ઞાન ભંડારને તું ભરી લે.[૪૧] તારા જીવિતનો નાશ કરતી વેળા રોગને પોતાનો સારથિ (સહાયક) બનાવીને કાળ, તારા શરીરને બળાત્કારે ભેદી નાખશે. માટે તેના આવ્યા પહેલાં મહાન તપશ્ચર્યા તું કરી લે.[૪૨] કામાદિક ભયંકર વરૂઓ, જેઓ મનુષ્યદેહની સમીપમાંજ ઘૂમ્યા કરે છે, તેઓ સર્વ તરફથી તારી સામે ચઢી આવશે; માટે તેઓના આવ્યા પહેલાં પુણ્ય કરવાનો પ્રયત્ન તું કરી લે.[૪૩] તારો અંતકાળ તારી સમીપમાં આવશે ત્યારે તું એકલોજ સર્વત્ર અંધકારને જોયા કરીશ અને પર્વતનાં શિખર ઉપર સુવર્ણનાં વૃક્ષો જાણે ઉગ્યાં હોય તેવું તને દેખાશે; × માટે તે પહેલાં (ધર્માચરણની) ત્વરા કર.[૪૪] હે પુત્ર ! અનેક પ્રકારના કુસંગો અને ઉપર ઉપરથી મિત્ર દેખાતા તારા શત્રુઓ, તારી બુદ્ધિને ઉત્તમ જ્ઞાનથી ભ્રષ્ટ કરે તે પહેલાં તું પરબ્રહ્મસાથે સંબંધ જોડી દે.[૪૫] જે ધનને રાજા તરફનો ભય નથી, જે ધનને ચોરલોકોથી પણ ભય નથી અને જે ધન મરણ પામેલાનો પણ ત્યાગ કરતું નથી તે (જ્ઞાનરૂપ) ધન સંપાદન કરવામાટે તું તૈયાર થા.[૪૬] જેમ વિવાહસમયે પહેરામણીતરીકે જે ધન મળે છે તે ધન જેને મળ્યું હોય તેનેજ મળે છે; તેમાંથી સહોદર ભાઇને પણ ભાગ મળતો નથી; તેમજ પોતાના કર્મથી સંપાદન કરેલું જ્ઞાનરૂપી ધન, (પરલોકમાં) તેને પોતાનેજ ઉપયોગી થઇ પડે છે; તેમાંથી બીજા કોઇને લેશમાત્ર ભાગ મળતો નથી.[૪૭] હે પુત્ર ! જે ધનવડે પરલોકમાં જીવી શકાય છે, તે ધનનુંજ તું દાન કર અને જે ધન, અવિનાશી તથા અચળ કહેવાય છે તે ધનનેજ તું પોતે ઉપાર્જન કર.[૪૮] (તારો અંતકાળ જ્યારે ઉપસ્થિત થયો હશે ત્યારે) મનુષ્યોના મહાન મેળાવડામાં મિષ્ટાન્ન આદિ ખાવાના પદાર્થો રંધાઇને તૈયાર નહિ થયા હશે તે પહેલાં તો તારો સત્વર નાશ થઇ જશે–અર્થાત્ તારે એમ નહિ માનવું કે, “ મોટા મોટા મેળાવડાઓમાં વિવિધ પ્રકારના ભોગો ભોગવ્યા પછીજ હું મોક્ષને માટે પ્રયત્ન કરીશ. ” કેમકે ભોગો ભોગવવાનું હજી દૂર હશે, તેટલામાં તો તારાપર મૃત્યુનો ભય આવી પહોંચશે.[૪૯] મનુષ્ય જ્યારે મરણસંકટમાં આવી પડે છે, ત્યારે માતા, પુત્ર, બાંધવો કે પોતાનો પ્રશંસાપાત્ર પ્રિયજન–એમાંનો કોઈ પણ (તેને સહાય કરવામાટે) તેની પાછળ આવતો નથી; માત્ર તેને એકલાનેજ તે માર્ગે જવું પડે છે.[૫૦] હે પુત્ર ! પ્રાણી, જ્યારે પરલોકમાં પ્રયાણ કરે છે, ત્યારે તેણે પૂર્વજન્મમાં કરેલાં શુભ અશુભ કર્મોજ તેની સાથે જાય છે. (બીજાં કોઇ પણ તેની સાથે જતાં નથી.)[૫૧] મનુષ્યે, પુણ્ય તથા પાપકર્મો કરીને સુવર્ણ તથા રત્નોના મોટા ઢગો એકઠા કરી રાખ્યા હોય, પરંતુ તેના મૃત્યુ સમયે તેમાંનું કંઈ પણ; તેને (મૃત્યુથી છોડાવવારૂપ કાર્યમાં) સહાયતરીકે ઉપયોગી થઈ શકતું નથી.[૫૨] આ જગતમાં મનુષ્યોને પોતાના આત્માસમાન બીજો કોઈ પણ સાક્ષી મળતો નથી; જેથી તું જ્યારે પરલોકમાં જઇશ ત્યારે, તેં કરેલાં અથવા નહિ કરેલાં કર્મોનો સાક્ષી તારો આત્માજ થશે.[૫૩] મનુષ્ય, જ્યારે પરલોકમાં પ્રયાણ કરે છે ત્યારે, તેનો દેહ ચૈતન્યથી શૂન્ય થાય છે અને મરણ પામે છે. (તે ઉપરથી જણાય છે કે, કર્મોનો સાક્ષી આત્મા અવશ્ય છેજ.) વળી કેટલાએક યોગીલોકો, હૃદયાકાશમાં પ્રવેશ કરીને પોતાની જ્ઞાનદૃષ્ટિથી આત્માને સંપૂર્ણરીતે જોઇ શકે છે.[૫૪] પ્રાણીમાત્રના શરીરમાં અગ્નિ, સૂર્ય તથા વાયુ–એ ત્રણે

× કોઇએક પર્વતના શિખર ઉપર સુવર્ણના વૃક્ષો જાણે ઉગી નીકળ્યાં હોય, તેવો દેખાવ જણાયો તે મૃત્યુનું ચિહ્ન છે.

રહેલા છે અને તેઓ પણ ધર્મના દ્રષ્ટા હોઈને મનુષ્યે કરેલાં કર્મોના સાક્ષી થાય છે.[૫૫] દિવસો અને રાત્રિઓ, જેઓ સર્વ તરફ સંચાર કરીને સર્વપદાર્થોનો સ્પર્શ કરે છે અને જેઓની વૃત્તિ પ્રકાશ તથા ગૂઢ રહેલી છે, તેઓ પણ મનુષ્યના કર્મોના સાક્ષીતરીકે (પરલોકમાં)હાજર રહે છે; માટે તું તારા ધર્મનુંજ પાલન કર.[૫૬] પરલોકનો માર્ગ અનેક લોખંડી ચાંચોવાળાં પક્ષીઓ તથા વરૂઓરૂપી શત્રુઓથી વ્યાપ્ત છે અને વિચિત્ર સ્વરૂપવાળી ભયંકર માખીઓથી ઉભરાઇ રહેલો છે, માટે તું તારા કર્મનીજ રક્ષા કર; કેમકે તારાં કર્મ તે માર્ગે તને સહાયકતરીકે પ્રાપ્ત થશે.[૫૭] તેં પોતે જે કર્મો કર્યાં હશે તેમાંથી તે માર્ગે કોઈ પણ ભાગીદાર થશે નહિ. કેમકે, જેણે જે કર્મો કર્યાં હોય છે તેનું ફળ તેને પોતાનેજ ભોગવવું પડે છે. [૫૮] જેમ અપ્સરાઓ તથા મહર્ષિઓ, પોતાના કર્મફળરૂપ સુખનો સ્વર્ગમાં અનુભવ કરે છે તેમ, દૈવી વિમાન મેળવવાની ઇચ્છાથી પરલોકમાં પ્રયાણ કરનારા પુણ્યશાળી મનુષ્યો પણ પોતાનાં કર્મફળરૂપ સુખને પામે છે.[૫૯] આ મનુષ્યલોકમાં પાપરહિત રહેનારા અને શુદ્ધ જાતિમાં ઉત્પન્ન થયેલા કુશલાત્મા પુરુષોએ, જે કંઈ શુભ કર્મો કર્યાં હોય છે તેના ફળતરીકે, તેઓને ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે;[૬૦] એટલુંજ નહિ પણ તે પુણ્યશાળી પુરુષો, ગૃહસ્થ ધર્મરૂપ સેતુ(પૂલ)વડે (.સંસારમહાસાગરને તરી જઇને) પ્રજાપતિની, બૃહસ્પતિની તથા ઇંદ્રની સમાનતાને પામે છે અને અંતે પરમગતિ સંપાદન કરે છે.[૬૧] હું તને આવા અનેક હજારો ઉપદેશ આપવાનો ઉત્સાહ ધરાવી શકું છું; પરંતુ સંક્ષેપમાં એટલુંજ કહું છું કે સર્વને પવિત્ર કરનારો મહાસમર્થ ધર્મજ, બુદ્ધિહીન મનુષ્યોને મોહ ઉપજાવનારા પાપકૃત્યને દૂર કરનારો છે.[૬૨] તને ચોવીસ વર્ષો તો થઇ ગયાં છે અને આ સમયે તું પચીસ વર્ષનો થયો છે. માટે હવે, તું ધર્મનો સંચય કરી લે. તારૂં વય પ્રતિદિન વીત્યું જાય છે.[૬૩] પ્રમાદરૂપી ગૃહની અંદર નિવાસકરનારો કાળ, તારી ઇંદ્રિયોને પોતપોતાના વિષયભોગથી ભ્રષ્ટ કરે તે પહેલાં માત્ર એક શરીરની સહાય લઇને તું ધર્મપાલન કરવામાટે ઉતાવળ કર.[૬૪] મરણસમયે આગળના ભાગમાં તથા પાછળના ભાગમાં તું એકલોજ જો ગમન કરીશ અને સારીનરતી ગતિમાં પણ તારે એકલાનેજ જો જવું પડશે તો પછી આ દેહનું તથા દેહનો સંબંધ ધરાવનારાં સ્ત્રી પુત્રાદિનું તારે શું કામ છે ?[૬૫] પરલોકનો ભય જ્યારે ઉપસ્થિત થાય છે, ત્યારે પરલોકમાં જનારા મનુષ્યો એકલાજ ચાલી નીકળે છે; માટે પરલોકમાં હિતકારક કેવળ જ્ઞાનભંડારનેજ તું ભરી લે.[૬૬] યમદેવ, મહાસમર્થ છે; તેને કોઇનો સંગ નથી અને તેને અટકાવવા માટે કોઇ સમર્થ પણ નથી. (તેની જ્યારે ઇચ્છા થાય છે, ત્યારે) સમગ્ર કુળનો, મૂળનો તથા બાંધવોનો તે નાશ કરી નાખે છે; માટે તું ધર્મનો આશ્રય કર.[૬૭] હે પુત્ર! આ ઉપદેશ, મેં મારા શાસ્ત્રજ્ઞાનને તથા અનુમાનપ્રમાણને અનુસરીને તને આપ્યો છે. માટે મેં કહ્યું તે પ્રમાણે તું હમણાંજ કરવા માંડ.[૬૮] જે પુરુષ, પોતે એકલોજ પોતાનાં કર્મ કરીને દેહને પોષે છે અને અમુક પ્રકારના ફળની મનમાં આશા રાખીને બીજાને દાન આપેછે,તે પુરુષ અજ્ઞાનતથા મોહથી ઉત્પન્ન થનારા દુઃખાદિ ગુણોથી યુક્ત થાય છે;[૬૯] પરંતુ જે પુરુષ શુભક્રિયાઓ કરીને સદાચાર રાખે છે, તે પુરુષને 'तत्वमसि' આદિ વાક્યોથી થનારૂં સંપૂર્ણ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેને લીધે મોક્ષ નામના પરમપુરુષાર્થનું તેને દર્શન થાય છે. હે પુત્ર! મેં આપેલો આ ઉપદેશ,કોઈ કૃતજ્ઞ પુરુષનેજ તારે આપવો;કેમકે કૃતજ્ઞને આપેલો ઉપદેશ સાર્થક થાય છે.[૭૦] મનુષ્યે ગ્રામના મધ્યભાગમાં નિવાસ કરવાની જે પ્રીતિ કરવી તે, સંસારમાં બાંધી રાખનારી એક રજ્જુ (દોરડી)જ છે.માટે પુણ્યશાળી પુરુષો એ રજ્જુને કાપી નાખીને ચાલ્યા જાય છે; પણ પાપી પુરુષો તેને કાપી શકતા નથી.[૭૧] હે પુત્ર! તું જ્યારે મરણ પામીશ ત્યારે ધન, બંધુઓ કે પુત્રો તને શું કામ આવવાના છે? માટે તારી હૃ

દયગુફામાં રહેલા આત્માનીજ તું શોધ કર અને તારા પિતામહો અહીંથી ક્યાં ચાલ્યા ગયા છે; તેનો વિચાર કર. [૭૨] પ્રત્યેક મનુષ્યે કાલે કરવાનું હોય તે આજે કરી લેવું અને બપોરે કરવાનું હોય તે સવારમાં કરી લેવું; કેમકે મૃત્યુ એવી રાહ જોતું નથી કે, અમુક મનુષ્યે અમુક કાર્ય હજી કર્યું છે કે નથી કર્યું![૭૩] મનુષ્યનો જ્યારે નાશ થાય છે,ત્યારે તેના બાંધવો, જ્ઞાતિઓ તથા સુહૃદો (શ્મશાનસુધી) તેની પાછળ પાછળ આવે છે અને ત્યાં આવ્યા પછી મરેલાને અગ્નિમાં ફેંકી દઇને પાછા ઘરભણીજ ચાલ્યા જાય છે.[૭૪] તું પરમાત્માને પ્રાપ્ત કરવા ઇચ્છતો હોય તો, જે પુરુષો નાસ્તિક હોય, નિર્દય હોય અને પાપી ધર્મનો આશ્રય કરનારા હોય તેઓનો તારે આળસ રાખ્યાવિના નિઃશંકપણે ત્યાગ કરવો.[૭૫] આ સમગ્ર લોકને કાળ પીડી રહ્યો છે અને પ્રાણીમાત્રનો તે સંહાર કરી રહ્યો છે. માટે અતિમહાન ધૈર્યનો આશ્રય કરીને તું, સર્વપ્રકારે ધર્માચરણજ કર.[૭૬] પરમાત્માનું દર્શન કરવામાટે મેં તને જે આ ઉપાય દર્શાવ્યો છે તેનું સારી રીતે જ્ઞાન કરનાર મનુષ્ય, સ્વધર્મનું ઉત્તમ રીતે પાલન કરીને આ લોકમાં તથા પરલોકમાં સુખી થાય છે.[૭૭] જે પુરુષો, જાણે છે કે દેહનો નાશ થાય છે તોપણ મરણ છેજ નહિ અને સત્પુરુષોએ પાલન કરેલા માર્ગમાં જેઓ ચાલે છે તે પુરુષોનો કદી વિનાશજ થતો નથી. વળી જે પુરુષ, પ્રતિદિન ધર્મની વૃદ્ધિ કરે છે તે પુરુષજ પંડિત કહેવાય છે; પરંતુ ધર્મથી ભ્રષ્ટ થનારો પુરુષ મોહ પામો છે.[૭૮] મનુષ્ય, કર્મના માર્ગમાં જેવાં શુભ અશુભ કર્મ કરે છે તે પ્રમાણેજ તેને ફળ મળે છે. જે પુરુષ નીચકર્મ કરે છે તે નરકમાં પડે છે અને જે પુરુષ ધર્મકર્મ કરે છે તે સ્વર્ગમાં જાય છે.[૭૯] આ મનુષ્યજન્મ,સ્વર્ગે ચઢવાની સીડીરૂપ છે અને અતિ દુર્લભ છે; માટે મનુષ્યજન્મ પામીને મનને એટલું બધું સાવધ રાખવું જોઇએ કે જેથી પુનઃ જન્મમરણના ખાડામાં ન ગબડી પડાય! [૮૦] વિદ્વાનો કહે છે કે, જે પુરુષની બુદ્ધિ સ્વર્ગમાર્ગને અનુસરનારી હોઇને ધર્મનું કદી ઉલ્લંઘન કરતી નથી, તે પુરુષજ પુણ્યકર્મ કરનારો છે અને તેવા પુરુષનો તેના પુત્રો કે બાંધવોને કદી શોક પણ કરવો પડતો નથી.[૮૧] જે પુરુષની બુદ્ધિ અધર્મથી નહિ હણાયલી હોઇને કેવળ ધર્મનિશ્ચયમાંજ સ્થિર રહે છે તે પુરુષને સ્વર્ગલોકમાં સ્થાન મળે છે અને તેને નરકનો મહાભય રહેતોજ નથી.[૮૨] જે પુરુષો તપોવનમાંજ ઉત્પન્ન થયેલા હોય છે અને તપોવનમાંજ મરણ પામેલા હોય છે તેઓ કામભોગથી અજાણ્યા રહે છે અને તેથીજ તેઓને ધર્મનું અલ્પફળ પ્રાપ્ત થાય છે;×[૮૩] પરંતુ જેઓ પ્રાપ્ત થએલા કામભોગનો ત્યાગ કરીને શરીરવડે તપ કરવા માંડે છે તેઓને સંપૂર્ણ ધર્મફળ પ્રાપ્ત થાય છે; એટલુંજ નહિ પણ તેઓને ન મળે એવી કોઈ પણ વસ્તુ જગતમાં નથી, એમ હું માનું છું અર્થાત્ ભોગઆદિની સામગ્રી હોવા છતાં મનને વશ રાખીને કેવળ ધર્મનું આચરણજ કરવું તે સર્વોત્તમ છે. [૮૪] આપણે હજારો માતા પિતાઓનો અનુભવ કરી ગયા છીએ અને હવે પછી પણ કરીશું;તેમજ સેંકડો પુત્રોને તથા સ્ત્રીઓને આપણે પામી ચૂકયા છીએ અને ભવિષ્યમાં પણ પામીશું; તાત્પર્ય કે આ જગતમાં તારૂં કોણ છે?અને અમે કોના છીએ? અર્થાત્ કોઇ કોઇનું નથી.[૮૫] માત્ર હું એકલોજ છું, મારો કોઇ નથી; તેમ હું પણ બીજા કોઇનો નથી. હું તેવા કોઇને દેખતો નથી કે જેનો હું છું; તેમજ તેવો કોઇ મને દેખાતો નથી કે જે મારો છે.[૮૬] તારે બીજા કોઇની સાથે કંઇ કામ નથી. તેમ બીજા કોઇને પણ તારીસાથે કંઇ કામ નથી. જગતનાં સર્વ પ્રાણીઓ પોતપોતાનાં કર્મને અધીન થઇને ઉત્પન્ન થયેલ છે અને તું પણ હવે પછી તારા કર્મપ્રમાણેજ ઉત્પન્ન થઇશ.[૮૭] આ મનુષ્યલોકમાં જેઓ ધનવાન છે તેઓનાજ કુટુંબી મનુષ્યો, તેઓની સાથે કુટુંબીતરીકે વર્તન દેખાડે છે–અર્થાત્

× કેમકે, "સહેજે બાવા બ્રહ્મચારી" એ કહેવતપ્રમાણે ભોગ સાધનોના અભાવને લીધે, સૌ કોઇ ધર્માચરણ કરી શકે છે.

પાસે જો ધન હોય છે તોજ કુટુંબીજનો, કુટુંબીજનતરીકે સમીપમાં રહે છે; પણ જેઓ દરિદ્ર હોય છે તેઓનાં કુટુંબીજનો તો તેઓને જીવતા મૂકીને નાસી જાય છે.[૮૮] પુરુષ પોતાની સ્ત્રીઆદિનું ભરણપોષણ કરવામાટે અનેક પ્રકારનાં અશુભ કર્મ કરે છે; પરંતુ તે કર્મોના પરિણામે તેને આ લોકમાં તથા પરલોકમાં દુઃખજ પ્રાપ્ત થાય છે.[૮૯] મનુષ્ય, જોઈ શકે છે કે, કેવળ પોતાનાં કર્મોને લીધેજ આ જીવલોક છિન્ન ભિન્ન થઈ રહ્યો છે; માટે હે પુત્ર! મેં કહેલા ઉપદેશનું તું સંપૂર્ણરીતે આચરણ કર.[૯૦] આ મનુષ્યલોક એક કર્મભૂમિ છે, એમ વિચારીને પરલોકની ઇચ્છા રાખનારા પુરુષે નિરંતર શુભકર્મોજ કર્યા કરવાં.[૯૧] કેમકે સર્વભક્ષક કાળ, મહિનાઓ અને ઋતુઓરૂપી તવેથો તથા કડછી હાથમાં લઇને, સૂર્યરૂપી અગ્નિ સળગાવીને તેમજ દિવસો તથા રાત્રિઓરૂપી લાકડાંઓને તે અગ્નિમાં નાખીને, પ્રાણીઓનાં કર્મફળરૂપી સાક્ષીના દેખતાંજ સર્વ પ્રાણીઓને બળાત્કારે રાંધી ખાય છે.[૯૨] મનુષ્યપાસે ધન હોય પણ તેનું દાન અને ભોગ કરવામાં ન આવે તો, તે ધનનો શો ઉપયોગ? મનુષ્યમાં બળ હોય પણ તેના શત્રુનો પરાભવ ન કરે તો તે બળનો શો ઉપયોગ? મનુષ્યે શાસ્ત્રોનું અધ્યયન કર્યું હોય પણ જો ધર્માચરણ ન કરે તો તે શાસ્ત્રાધ્યયનનું શું ફળ? અને જે પુરુષ ઇંદ્રિયોને તથા મનને વશ રાખતો નથી, તે પુરુષમાં રહેલા આત્માનું શું પ્રયોજન છે?”[૯૩]

ભીષ્મે કહ્યું:–“વ્યાસે કહેલાં તે હિતવચન સાંભળીને શુકદેવજી, મોક્ષનો ઉપદેશ આપનારા પોતાના પિતાનો ત્યાગ કરીને વનમાં (તપશ્ચર્યા કરવામાટે) ચાલ્યા ગયા.”[૯૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“પાવકાધ્યયન” એ નામનો અધ્યાય
૩૨૧ મો સમાપ્ત.

અધ્યાય ૩૨૨ મો

જેવાં કર્મ તેવાં ફળ અવશ્ય મળે છે

॥ युधिष्ठिर उवाच ॥

यद्यस्ति दत्तमिष्टं वा तपस्तप्तं तथैव च ॥
गुरूणां वापि शुश्रूषा तन्मे ब्रूहि पितामह ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે પિતામહ! મનુષ્યે દાન, યજ્ઞ, તપ અથવા ગુરુજનોની સેવા–એમાંનું જે કંઈ કર્યું હોય તેનું શું ફળ મળે છે? તે મને કહો.”[૧]

ભીષ્મે કહ્યું:–“મનુષ્યની બુદ્ધિ જ્યારે અધર્મથી યુક્ત થાય છે, ત્યારે તેનું મન પણ પાપકર્મ કરવા તૈયાર થાય છે. આ રીતે પાપી કર્મ કર્યા પછી મનુષ્યને મહાન દુઃખમાં પડવું પડે છે.[૨] પાપકર્મી મનુષ્યો, નિત્ય દરિદ્ર થઇને એક દુષ્કાળમાંથી બીજા દુષ્કાળમાં જન્મે છે, એક ક્લેશથી બીજા ક્લેશને પામે છે અને એક ભયમાંથી બીજા ભયમાં આવી પડે છે. આ રીતે તેઓ મુવેલાના કરતાં પણ વધારે મુવેલા ગણાય છે–અર્થાત્ તેઓ, જીવતા હોય છે છતાં મુવેલા જેવાજ ગણાય છે;[૩] પરંતુ પુણ્યશાળી મનુષ્યો, શ્રદ્ધાળુ તથા સંયમી હોય છે જેથી નિત્ય ધનવાન થઇને એક ઉત્સવ પછી બીજા ઉત્સવને પામે છે અને એક સ્વર્ગસુખ પછી બીજા સ્વર્ગસુખને પામે છે.[૪] જેઓ નાસ્તિક હોય છે તેઓ ક્રૂર પશુઓ તથા હાથીઓથી અગમ્ય અને સર્પો તથા ચોરોથી ભયંકર એવા અરણ્ય પ્રદેશોમાં, ચામડાનાં મોજાં હાથે બાંધીને રખડયા કરે છે; તોપછી તેથી અધિક દુઃખ શું હોઈ શકે?[૫] પરંતુ જે મનુષ્યો, દેવો તથા અતિથિઓ ઉપર પ્રીતિ રાખે છે, દાનાદિક આપે છે અને સત્પુરુષો ઉપર પ્રેમ રાખે છે તેઓ, આત્મજ્ઞાનીઓના કલ્યાણકારક માર્ગનોજ આશ્રય કરનારા ગણાય છે.[૬] જેમ ધાન્યનાં ફોતરાં ધાન્યમાં ગણાતાં નથી અને પૂત્યંડ નામના કીડાઓ (કુદાંઓ) પક્ષીઓમાં ગણાતા નથી તેમ, જેઓનામાં ધર્મ નથી તેવા મનુષ્યો, મનુષ્યોમાં ગણાતા નથી.[૭] મનુષ્યે જે પ્રકારનું કર્મ કર્યું હોય છે, તે કર્મ

પોતાનો કર્તા જો દોડી જતો હોય છે તો ઝડપથી તેની પાછળ દોડી જાય છે અને જો સૂઇ રહેલો હોય છે તો તેનીસાથે સૂઇ જાય છે.[૮] પાપી મનુષ્ય પાપકર્મ કરીને ઉભો રહે છે, ત્યારે તેનું કર્મ પણ ઉભું રહે છે, જો દોડી જાય છે તો તેનું કર્મ પણ પાછળ દોડવા માંડે છે અને જો કંઇ કર્મ કરવા મંડે છે તો તેનું કર્મ પણ તે કરે છે. આ રીતે પુરુષની છાયાની પેઠે તેનું કર્મ, તેની પાછળજ લાગુ રહે છે.[૯] જે જે મનુષ્યે જે જે પ્રકારનું કર્મ પૂર્વે કરેલું હોય છે તે તે કર્મનું અતિનિશ્ચિત ફળ તે તે મનુષ્યને ઉત્તરોત્તર નિત્ય ભોગવવું પડે છે.[૧૦] જગતનાં પ્રાણીમાત્રને કર્મનો વિક્ષેપ, કર્મનું વિધાન અને કર્મનું રક્ષણ સમાન રીતેજ કરવાનું હોય છે અને કાળ તે સર્વ પ્રાણીઓને ચોતરફથી આકર્ષી લે છે.[૧૧] જેમ વૃક્ષોનાં પુષ્પો અને ફળો, પોતપોતાનો સમય આવતાં, કોઇની પ્રેરણા નહિ હોવા છતાં ઉગી નીકળે છે તેમ, પૂર્વજન્મકર્મમાં કરેલાં પણ પોતાના સમયને કદી ચૂકતાં નથી.[૧૨] તેમજ માન, અપમાન, લાભ, હાનિ, ક્ષય તથા વૃદ્ધિ જ્યારે આવી પહોંચે છે ત્યારે, (મનુષ્યની ઇચ્છા ન હોય તોપણ) તેઓને દૂર કરાતાં નથી; (અર્થાત્ એમાંનું જે કાળે જે થવાનું હોય છે તે થયાજ કરે છે.) પરંતુ તેઓ, પગલે પગલે નાશવંત છે.[૧૩] પ્રાણી ગર્ભશય્યામાં પ્રાપ્ત થાય છે, તે પછી તુરતજ પોતાના પૂર્વજન્મનાં સુખ દુઃખને (અનુક્રમે) પામે છે.[૧૪] બાલ્ય, તરુણ કે વૃદ્ધ-એમાંની હરકોઈ અવસ્થામાં આવીને મનુષ્ય જે કંઈ શુભ અશુભ કર્મ કરે છે તેનું ફળ પ્રત્યેક જન્મમાં તે તે અવસ્થામાં તેને ભોગવવું પડે છે.[૧૫] જેમ એક વાછરડો, હજારો ગાયોમાંથી પોતાની માતાને શોધી લે છે, તેમ પૂર્વજન્મનું કર્મ પણ પોતાના કર્તાને અસંખ્ય પ્રાણીઓમાંથી શોધી લે છે અને પછી તેની પાછળ પડે છે.[૧૬] જેમ એક મલિન વસ્ત્ર, જળમાં ધોયા પછી શુદ્ધ (મેલવિનાનું) થાય છે તેમ, પાપકર્મથી મલિન થયેલા પુરુષો પણ ઉપવાસો કરીને જો તપશ્ચર્યા કરે છે તો શુદ્ધ થાય છે અને પછી તેઓને લાંબાકાળસુધી અનંત સુખ પ્રાપ્ત થાય છે.[૧૭] હે મહાબુદ્ધિમાન યુધિષ્ઠિર! જે મનુષ્યો, લાંબાકાળસુધી તપશ્ચર્યાનું સેવન કરે છે તે મનુષ્યોનાં પાપો, તે તપરૂપધર્મથી નાશ પામે છે અને તેઓના સર્વ મનોરથો સિદ્ધ થાય છે. જેમ આકાશમાં પક્ષીઓનાં પગલાં દેખાતાં નથી અને જળમાં જેમ માછલાંઓનાં પગલાં દેખાતાં નથી તેમ પુણ્યશાળી પુરુષોની ગતિ પણ જોવામાં આવતી નથી.[૧૮] બસ, હવે, બીજાં અનેક આચરણ કરવા યોગ્ય કર્મોનું તથા બીજાઓ ધર્મવિરુદ્ધ વર્તતા હોય તેઓના અપરાધોનું કથન કરવાનું કંઇ પ્રયોજન નથી. માત્ર એટલુંજ કહેવાનું કે, પ્રત્યેક મનુષ્યે ઉત્તમ અને યોગ્ય એવું પોતાને હિતકારક કર્મ કરવું.

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ ધર્મમૂલિક ” એ વિષયનો અધ્યાય
૩૨૨ મો સમાપ્ત.

અધ્યાય ૩૨૩ મો

વ્યાસનું તપ અને વરપ્રાપ્તિ

॥ युधिष्ठिर उवाच ॥

कथं व्यासस्य धर्मात्मा शुको जज्ञे महातपाः॥
सिद्धिं च परमां प्राप्तस्तन्मे ब्रूहि पितामह ॥

યુધિષ્ઠિરે પૂછયું:-“હે પિતામહ! મહાતપસ્વી ધર્માત્મા શુકદેવ, વ્યાસથી કેવી રીતે ઉત્પન્ન થયા હતા? અને તેમને પરમસિદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થઈ હતી? તે મને કહો.[૧] તપોધન વ્યાસે, કઈ સ્ત્રીવિષે શુકદેવને ઉત્પન્ન કર્યા હતા? મહાત્મા શુકની માતા કોણ હતી અને તેમનો શ્રેષ્ઠ જન્મ કેવી રીતે થયો હતો, તે અમે જાણતા નથી.[૩] આ જગતમાં બીજા કોઇ પણ પુરુષને જે બુદ્ધિ થતી નથી, તે સૂક્ષ્મજ્ઞાનવિષેની બુદ્ધિ શુકદેવને બાલ્યાવસ્થામાંજ કેવી રીતે થઈ?[૪] હે મહાબુદ્ધિમાન પિતામહ! આ શુકદેવના ચરિત્રને હું વિસ્તારથી સાંભળવા ઇચ્છું છું. ખરેખર, આવું ઉત્તમ અને અમૃતસમાન મહાપુરુષનું ચરિત્ર સાંભળતાં મને તૃપ્તિજ થતી નથી.[૫] માટે

હે પિતામહ! શુકદેવનું માહાત્મ્ય, આત્મયોગ અને તેમનું વિજ્ઞાન મને અનુક્રમે કહો.[૬]

ભીષ્મે કહ્યું:–“પૂર્વકાળના ઋષિઓ, ધર્માચરણ કરતા હતા અને મોટા કહેવાતા હતા; તેમાં વર્ષો, પળીઆં, દ્રવ્ય કે બંધુઓ કારણરૂપ ન હતાં (માત્ર તેઓનું ધર્માચરણ તેઓના મહત્ત્વનું કારણ હતું) અમે એમજ કહેવા માગીએ છીએ કે, જે કોઇ ધર્માચરણ કરે છે તેજ અમારામાં મોટો ગણાય છે.[૭] હે પાંડુપુત્ર! તમે મને જેના સંબંધમાં પ્રશ્ન પૂછયો છે, તે સર્વનું મૂળ કેવળ તપ છે અને તે તપ ઇંદ્રિયોનો સંયમ કરવાથી થઇ શકે છે, બીજા કોઇ પ્રકારે થઇ શકતું નથી.[૯] મનુષ્ય, ઇંદ્રિયોના પ્રસંગને લીધેજ (ઇંદ્રિયોમાંની આસક્તિને લીધેજ) દોષપાત્ર બને છે, એમાં કંઈ સંશય નથી; પરંતુ ઇંદ્રિયોને જો નિયમમાં રાખે છે તો સિદ્ધિને પામે છે.[૮] હે તાત! ઇંદ્રિયોનો સંયમ કરવાથી જે મહાન ફળ પ્રાપ્ત થાય છે તેની તુલના, એક હજાર અશ્વમેધ યજ્ઞોના ફળની સાથે કે સો વાજપેય યજ્ઞોના ફળની સાથે થઇ શકતી નથી–અર્થાત્ એક હજાર અશ્વમેધ યજ્ઞનું ફળ તથા એક સો વાજપેય યજ્ઞનું ફળ, ઇંદ્રિયોના સંયમથી થનાર ફળ પાસે તુચ્છ છે.[૯] હવે શુકદેવનો જન્મ તેમનું યોગફળ તથા તેમને પ્રાપ્ત થયેલી ઉત્તમ ગતિ–એ સર્વ વિષયની કથા હું તમને કહું છું. શુકદેવને જે ગતિ પ્રાપ્ત થયેલી છે તે, પાપી પુરુષને દુર્વિજ્ઞેય છે.[૧૦] પૂર્વે, મેરુ પર્વતના શિખર ઉપર જ્યાં કરેણનાં વૃક્ષોનું વન આવેલું છે ત્યાં ભયંકર ભૂતગણોથી વીંટાયલા શ્રીમહાદેવ વિહાર કરતા હતા. હિમાલયની પુત્રી દેવી પાર્વતી પણ તેમની સાથેજ હતાં. તે સમયે કૃષ્ણદ્વૈપાયન વ્યાસ, તે મેરુવનમાં રહીનેજ દિવ્ય તપશ્ચર્યા કરી રહ્યા હતા.[૧૧,૧૨] હે કુરુવંશના શ્રેષ્ઠ રાજા! ભગવાન વ્યાસે, પુત્રની પ્રાપ્તિમાટે તપ કરવાનો આરંભ કર્યો હતો. તેમણે યોગધર્મમાં પરાયણ રહીને હૃદયમાં સર્વ ઇંદ્રિયોનો નિરોધ કર્યો હતો.[૧૩] તપશ્ચરણના આરંભસમયેજ વ્યાસે સંકલ્પ કર્યો હતો કે, મને અગ્નિ, ભૂમિ, જળ, વાયુ તથા આકાશના ધૈર્યની સમાનતા ધરાવનારો પુત્ર પ્રાપ્ત થાઓ.[૧૪] આવો સંકલ્પ કરીને, તેમણે ઉત્તમ તપશ્ચર્યાનો આરંભ કર્યો હતો અને પાપી મનુષ્યોને દુર્લભ શ્રી શંકરપાસે સંકલ્પ તથા યોગના બળથી વર સંપાદન કરવાનો નિશ્ચય કર્યો હતો.[૧૫] મહાસમર્થ વ્યાસે, તે વેળા સો વર્ષપર્યંત કેવળ વાયુનોજ આહાર કરીને શરીર ટકાવી રાખ્યું હતું અને વિવિધ સ્વરૂપો ધારણ કરનારા ઉમાપતિ મહાદેવનું આરાધન કરવા માંડયું હતું.[૧૬] તે સમયે સર્વ બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓ, સાધ્યો, વસુઓ, આદિત્યો, રુદ્રો, સૂર્ય, ચંદ્ર, વસુઓ, મરુદ્‌ગણો, સમુદ્રો, નદીઓ, અશ્વિનીકુમારો, દેવો, ગંધર્વો, નારદ, પર્વત, ગંધર્વ વિશ્વાવસુ, સિદ્ધો અને અપ્સરાઓ–એ સર્વે, લોકપતિ શંકરનું ઉપાસન કરવામાટે ત્યાં આવ્યાં હતાં.[૧૭-૧૯] રુદ્રનામધારી શ્રીમહાદેવ પણ કરેણના પુષ્પોની સુંદર માળા ધારણ કરીને ત્યાં આવેલા દેવમંડલના મધ્યમાં બિરાજ્યા હતા, જેથી જ્યોત્સ્નાને ધારણ કરનારા ચંદ્રની પેઠે શોભતા હતા.[૨૦] મેરુ પર્વતનું દિવ્ય વન, કે જે દેવો તથા દેવર્ષિઓથી વ્યાપ્ત છે, ત્યાં અસ્ખલિત વ્રત પાળનારા ઋષિ વ્યાસ, પુત્ર સંપાદન કરવા માટે ઉત્તમ સમાધિયોગમાં બેસી રહ્યા હતા.[૨૧] છતાં તેમની શરીરશક્તિ લેશમાત્ર ક્ષીણ થઇ ન હતી તેમજ તેમને કંઇ ગ્લાનિ પણ થઇ ન હતી, એ વાત ત્રણે લોકને આશ્ચર્યકારક થઈ પડી હતી.[૨૨] યોગારૂઢ થયેલા અને મહાતેજસ્વી તે વ્યાસઋષિની જટા, અગ્નિશિખાઓસમાન તેજસ્વી હોઇને પ્રજ્વલિત દેખાતી હતી.[૨૩] વ્યાસ ઋષિની આ કથા, ભગવાન માર્કંડેયે મને કહી હતી. સત્પુરુષોનાં ચરિત્રો નિત્ય તેમણેજ મને કહ્યાં છે.[૨૪] હે તાત! વ્યાસ ભગવાનની આ જટાઓ, હજીસુધી પણ તે તપના પ્રભાવથી જાજ્વલ્યમાન દેખાય છે અને અગ્નિની પેઠે પ્રકાશી રહી છે.[૨૫] હે ભરતવંશી રાજા! વ્યાસના એ તપોબળથી તથા ભક્તિથી મહેશ્વરે મનમાં પ્રસન્ન થઇને તેમને વર આપવાનો મનમાં નિશ્ચય કર્યો.[૨૬] પછી ભગવાન શંકર, વેદવ્યાસની સન્મુખ આ-

વીને જાણે હસતા હોય તેમ મુખ મલકાવીને આ પ્રમાણે બોલ્યાઃ-“હે દ્વૈપાયન! તું જેવી ઇચ્છા રાખે છે તેવોજ પુત્ર તને થશે. તારો પુત્ર અગ્નિ, વાયુ, પૃથ્વી, જળ તથા આકાશની પેઠે મહાપવિત્ર થશે; વળી તારો પુત્ર, “હું બ્રહ્મ છુ” એવા બ્રહ્મભાવનીજ ભાવના કરશે, બ્રહ્મમાંજ બુદ્ધિ રાખશે, બ્રહ્મસ્વરૂપ થશે અને બ્રહ્મનોજ આશ્રય કરશે. તે ઉપરાંત પોતાના તેજથી ત્રણે લોકને વ્યાપ્ત કરી દઇને અતુલ યશ સંપાદન કરશે.[૨૮,૨૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “શુકની
ઉત્પત્તિ” એ વિષયનો અધ્યાય
૩૨૩ મો સમાપ્ત.

અધ્યાય ૩૨૪ મો

શુકજન્મનો મહોત્સવ

॥ भीष्म उवाच ॥

स लब्ध्वा परमं देवाद् वरं सत्यवतीसुतः ॥
अरणीसहिते गृह्य ममंथाग्निचिकीर्षया ॥१॥

ભીષ્મે કહ્યુંઃ-“હે યુધિષ્ઠિર ! દેવ શંકર પાસેથી તે ઉત્તમ વરદાન મેળવ્યા પછી સત્યવતીના પુત્ર વ્યાસે, એક સમયે અગ્નિ ઉત્પન્ન કરવાની ઇચ્છાથી અરણીનાં બે કાષ્ઠ લઇને મથન કરવા માંડયું.[૧] હે રાજન્ ! એજ સમયે ભગવાન વ્યાસ ઋષિએ, પોતાના તેજવડે પરમ સુંદર રૂપને ધારણ કરનારી ઘૃતાચી નામની એક અપ્સરાને જોઈ.[૨] હે યુધિષ્ઠિર! તે વનમાં અપ્સરાને જોતાંજ ભગવાન વ્યાસ ઋષિ, એકાએક કામમોહિત થઇ ગયા.[૩] હે મહારાજા ! ઘૃતાચી અપ્સરા પણ વ્યાસને કામથી વિહ્વળચિત્તવાળા જોઇ, પોપટીનું સ્વરૂપ ધારણ કરીને તેમની સમીપમાં આવી.[૪] એ રીતે પોપટીના સ્વરૂપમાં ઢંકાયલી તે અપ્સરાને જોઈને વ્યાસનાં સર્વગાત્રોમાં કામદેવ પ્રસરી ગયો.[૫] વ્યાસ મુનિએ ઘણું મોટું ધૈર્ય ધારણ કરીને કામને રોકવા પ્રયત્ન કર્યો; પરંતુ અત્યંત ક્ષુબ્ધ થયેલા મનને તે વશ રાખી શકયા નહિ.[૬] ‘ભાવિ ભાવ અવશ્ય બનેજ છે, એ નિયમપ્રમાણે ઘૃતાચીના શરીરે મુનિને આકર્ષી લીધા હતા જેથી અગ્નિને ઉત્પન્ન કરવાની ઇચ્છાથી ઘણાજ યત્નપૂર્વક પોતાના મનને તે વશ રાખતા હતા; છતાં (તેમનો પ્રયત્ન કેવળ નિષ્ફળ નીવડયો અને) આખરે તેમનું વીર્ય, અરણિના કાષ્ઠ ઉપરજ એકદમ નીકળી પડયું. તોપણ બ્રાહ્મણ શ્રેષ્ઠ બ્રહ્મર્ષિ વ્યાસે, શંકારહિત મન કરીને અરણીનું મંથન ચાલુજ રાખ્યું. હે રાજા ! અરણી ઉપર પડેલા વીર્યનું એ પ્રમાણે મંથન થયું જેથી તેમાંથી મહાતપસ્વી શુકદેવ ઉત્પન્ન થયા.[૭-૯] અરણીમાંથી ઉત્પન્ન થયેલા મહર્ષિ શુકદેવ, જન્મ સમયેજ મહાયોગી હતા. તેથી યજ્ઞમાં હવ્યપદાર્થનું પ્રાશન કરીને પ્રજ્વલિત થયેલા અગ્નિની પેઠે શોભી રહ્યા હતા.[૧૦] હે કુરુવંશી રાજા! શુકદેવ ઉત્પન્ન થયા તે સમયે તેમનું સ્વરૂપ તેજવડે અત્યંત ઝળહળી રહ્યું હતું અને તેમણે પોતાના પિતા સમાનજ અતિશ્રેષ્ઠ રૂપ તથા વર્ણ ધારણ કર્યાં હતાં.[૧૧] જાણે નિર્ધૂમ અગ્નિ હોય તેમ, શુદ્ધાત્મા શુકદેવજી, તે વેળા શોભતા હતા. હે રાજા ! શુકનો જન્મ થયો તે વખતે નદીઓમાં શ્રેષ્ઠ ગણાતી ગંગા નદી, પ્રત્યક્ષ સ્વરૂપ ધારણ કરીને મેરુના શિખરપર આવી હતી અને પોતાની જળધારાવડે શુકદેવને તૃપ્ત કરી રહી હતી તેમજ હે કુરુવંશી રાજેન્દ્ર ! આકાશમાંથી એક દંડ તથા કાળું મૃગચર્મ પણ મહાત્મા શુકદેવને માટે ત્યાં પૃથ્વીપર પડયાં હતાં; એટલુંજ નહિ પણ તે વેળા ગંધર્વો ગાવાલાગ્યા, અપ્સરાઓ નૃત્ય કરવા લાગી, દેવોનાં દુંદુભિઓ મોટા ગડગડાટ સાથે વાગવા લાગ્યાં, ગંધર્વ વિશ્વાવસુ, તુંબુરુ, નારદ, હાહા અને હૂહૂ, શુકના જન્મનિમિત્તે સ્તુતિ કરવા લાગ્યા. ઈંદ્રાદિ લોકપાલો, દેવો, દેવર્ષિઓ તથા બ્રહ્મર્ષિઓ પણ ત્યાં આવી પહોંચ્યા અને વાયુ સર્વ જાતનાં દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યો.[૧૨-૧૭] તાત્પર્ય કે, શુકદેવના જન્મસમયે સ્થાવરજંગમ સર્વ જગત અત્યંત હર્ષમાં આવી ગયું હતું. મહાતેજસ્વી મહાત્મા શંકર પોતે, દેવી પાર્વતીની સાથે ત્યાં આવ્યા હતા અને તેમણે વ્યાસમુનિના પુત્ર શુ-

કદેવનો જન્મ થયો કે તુરતજ પ્રીતિ અને વિધિપૂર્વક તેમનો ઉપનયન સંસ્કાર કર્યો હતો. હે રાજા! તે પછી દેવના રાજા ઇંદ્રે પ્રસન્ન થઇને અદ્ભુત દેખાવનું દિવ્ય કમંડલુ તથા દિવ્ય વસ્ત્રો, શુકદેવને અર્પણ કર્યાં. હે ભારત ! તે સમયે હંસ, શતપત્ર, સારસ, પોપટ અને ચાષ–વગેરે હજારો માંગલિક ગણાતાં પક્ષીઓ, શુકદેવની જમણી બાજુ થઇને ઉડવા લાગ્યાં. એ પ્રમાણે અરણિમાંથી ઉત્પન્ન થયેલા મહાબુદ્ધિમાન અને મહાતેજસ્વી શુકદેવ, દિવ્ય જન્મ પ્રાપ્ત કર્યા પછી ચિત્તની એકાગ્રતાપૂર્વક વ્રતનું પાલન કરવા લાગ્યા અને તે મેરુવનમાંજ રહેવા લાગ્યા. હે મહારાજા ! રહસ્ય તથા સંગ્રહ સહિત સર્વ વેદો,જેમ તેમના પિતાને પ્રાપ્ત થયા હતા, તેમ જન્મ થતાંની સાથેજ શુકદેવને પ્રાપ્ત થયા હતા. તેમણે વેદો તથા વેદાંગોનાં ભાષ્યોનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું; છતાં (લોકવ્યવહારને અનુસરીને) ગુરુ બૃહસ્પતિને પોતાના ઉપાધ્યાયતરીકે સ્વીકાર્યા હતા અને હે મહારાજા! નિત્ય ધર્મનુંજ ચિંતન કરવા માંડયું હતું. મહામુનિ શુકદેવે, રહસ્યો તથા સંગ્રહોસહિત સમગ્રવેદોનું અધ્યયન કરીને તેમજ ઇતિહાસ તથા રાજધર્મનાં શાસ્ત્રોનો સંપૂર્ણ અભ્યાસ કરીને ગુરુને દક્ષિણાદાન કર્યાપછી સમાવર્તન સંસ્કાર પણ કર્યો હતો. પછી સદાનેમાટે બ્રહ્મચારી રહીને સાવધાનીપૂર્વક ઉગ્ર તપશ્ચર્યાનો તેમણે આરંભ કર્યો હતો. મહાતપસ્વી શુકદેવ, પોતાની બાલ્યાવસ્થામાં પણ જ્ઞાન તથા તપના પ્રભાવથી સર્વ દેવતાઓ તથા ઋષિઓના સલાહકાર અને માન્ય ગણાતા હતા. હે રાજા! તેમણે કેવળ મોક્ષધર્મનેજ (સંન્યાસનેજ) બીજા સર્વ આશ્રમોમાં અતિ મહત્ત્વનો જોયો હતો,તેથી તેમની બુદ્ધિ ગૃહસ્થાશ્રમરૂપ મૂળવાળા ત્રણે આશ્રમોમાં કદી રમણ કરતી ન હતી.[૧૮-૨૭]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “શુકની ઉત્પત્તિ” એ વિષયનો અધ્યાય ૩૨૪ મો સમાપ્ત.

અધ્યાય ૩૨૫મો

જ્ઞાનપ્રાપ્તિમાટે શુકનું મિથિલાગમન

॥ भीष्म उवाच ॥

स मोक्षमनुचिंत्यैव शुकः पितरमभ्यगात् ॥
प्राहाभिवाद्य च गुरुं श्रेयोऽर्थी विनयान्वितः॥

ભીષ્મે કહ્યું:–“હે યુધિષ્ઠિર ! “મોક્ષ કેવી રીતે મેળવવો” એ વિષેનો મનમાં વિચાર કરીને એક દિવસે શુકદેવ પોતાના પિતા પાસે ગયા અને વિનયપૂર્વક તેમને નમન કરીને મોક્ષરૂપ શ્રેય સંપાદન કરવાની ઇચ્છાથી આ પ્રમાણે પૂછવા લાગ્યા:–[૧] હે ભગવન્! તમે મોક્ષધર્મમાં કુશળ છો; માટે હે પ્રભુ! મારા મનને પરમ શાંતિ થાય તે પ્રમાણે મને ઉપદેશ આપો.”[૨] “પોતાના પુત્રનાં એ વચન સાંભળ્યા પછી મહર્ષિ વ્યાસે,તેને આ પ્રમાણે કહ્યું:–“તું મોક્ષશાસ્ત્રનું અધ્યયન કર અને બીજા અનેક પ્રકારના ધર્મોનો અભ્યાસ કર.”[૩] હે ભારત! પિતાની એ આજ્ઞા થઇ એટલે ધાર્મિકોમાં શ્રેષ્ઠ શુકદેવે સમગ્ર યોગશાસ્ત્રનો તથા સાંખ્યશાસ્ત્રનો અભ્યાસ કર્યો.[૪] પછી વ્યાસના જાણવામાં આવ્યું કે, મારો પુત્ર બ્રાહ્મી શોભાથી યુક્ત થયો છે, બ્રહ્મસમાન પરાક્રમી થયો છે અને મોક્ષધર્મમાં કુશળ થયો છે.[૫] ત્યારે, તેમણે શુકદેવને કહ્યું કે, “ તું મિથિલાના રાજા જનક પાસે જા, તે તને સમગ્ર મોક્ષશાસ્ત્રનો અર્થ કહેશે.”[૬]

તે પછી હે રાજા! પિતાની એ આજ્ઞા સ્વીકારી, શુકદેવ, ધર્મની નિષ્ઠા પૂછવાને તથા મોક્ષનો પરમ આશ્રય જાણવામાટે મિથિલા જવા તૈયાર થયા.[૭] જતી વખતે વ્યાસે, તેમને કહ્યું કે:–“તારે વિસ્મિત થયાવિના સામાન્ય એક મનુષ્યની પેઠે પગે ચાલીનેજ ત્યાં જવું પણ પોતાનો યોગપ્રભાવ દેખાડીને આકાશ માર્ગે જવું નહિ. તેમજ તારે સરલતા ધારણ કરીને જવું અને ત્યાં જઇને સુખ મેળવવાની ઇચ્છાથી સ્ત્રીઆદિ વિશેષ પદાર્થોની શોધ કરવી નહિ. કેમકે, તેવા વિશેષ પદાર્થો, સંસારમાં આસક્તિ કરાવનારા છે. તે રાજા, આપણો યજમાન છે માટે

તેની પાસે જઇને તારે અહંકાર કરવો નહિ; પણ તેના વશમાં રહેવું. તારા સંશયોને તે છેદી નાખશે. વળી તે રાજા ધર્મકુશલ છે, મોક્ષશાસ્ત્રમાં પણ નિપુણ છે અને મારો યજમાન છે; માટે તે તને જે કહે, તે તારે શંકા રાખ્યાવિના કરવું."

વ્યાસે એ પ્રમાણે હિતશિક્ષા કહી એટલે તે ધર્માત્મા મુનિ, આકાશમાર્ગે થઇને સમુદ્રોસહિત આખી પૃથ્વીનું ઉલ્લંઘન કરવા શક્તિમાન હતા છતાં પગે ચાલતાજ મિથિલા જવા નીકળ્યા.[12] ચાલતાં ચાલતાં પર્વતો, નદીઓ, તીર્થો, સરોવરો, અનેક શિકારી પશુઓથી વ્યાપ્ત અરણ્યો તથા વનોનું ઉલ્લંઘન કરીને તેમજ ઇલાવૃત્તખંડ, હરિવર્ષખંડ અને કિંપુરુષખંડ–એ ત્રણે ખંડોને અનુક્રમે ઓળંગીને તે શુકદેવ, ભરતખંડમાં આવી પહોંચ્યા. [13,14] ત્યાં ચીન, હુણ–વગેરે અનેક જાતિના મનુષ્યોથી વસાયલા વિવિધ પ્રકારના દેશો તેમણે જોયા અને પછી તે મહામુનિ, આ આર્યાવર્ત્ત દેશમાં આવી પહોંચ્યા.[15] પોતાના પિતાએ જે હિતશિક્ષા કહી હતી તેનુંજ ચિંતન કરતાં કરતાં તેમણે આકાશમાં ઉડતા પક્ષીની પેઠે ઝડપથી માર્ગ કાપવા માંડયો.[16] માર્ગમાં, રમણીય અને સમૃદ્ધ અનેક શહેરો તથા નગરો આવતાં હતાં; તેમજ તરેહ તરેહનાં રત્નો નજરે ચઢતાં હતાં. પરંતુ તેઓને તે જોતા હતા છતાં પણ વસ્તુતઃ તેમની દૃષ્ટિ તેમાં આસક્ત ન હતી.[17] માર્ગે ચાલતાં ચાલતાં ઘણા સુંદર બગીચાઓનું, અનેક પવિત્ર મંદિરોનું તથા રત્નોનું તે ઉલ્લંઘન કર્યે જતા હતા.[18] પછી થોડા સમયમાં તો ધર્મરાજા મહાત્મા જનકના રક્ષણ તળે રહેલા વિદેહ દેશમાં પણ તે જઈ પહોંચ્યા.[19] તે દેશમાં પુષ્કળ અન્ન, રસ તથા ભોજનથી ભરપૂર અનેક ગામડાંઓ તેમના જોવામાં આવ્યાં તેમજ સંખ્યાબંધ ગાયોથી ભરેલા વાડાઓ નેસડાઓ, ડાંગેર તથા જવથી ભરપૂર ખેતરો, હંસ તથા સારસોથી સેવાયલા પ્રદેશો અને સેંકડો શોભાયમાન કમલિનીઓથી સુશોભિત સરોવરો પણ તેમણે જોયાં.[20,21] આ વિદેહ દેશ, જેમાં મોટી સમૃદ્ધિવાળા મનુષ્યો વસી રહ્યા હતા તેને વટાવીને શુકદેવ, મિથિલાના મનહર ઉપવનમાં જઇ પહોંચ્યા, કે જે ઉપવન ઘણુંજ સમૃદ્ધિવાન્ હતું,[22] તેમાં પુષ્કળ હાથીઓ, ઘોડાઓ અને રથો જોવામાં આવતા હતા, તેમજ અનેક નરનારીઓની ઠઠ્ઠ જામી હતી છતાં મનના દૃઢ નિશ્ચયવાળા શુકદેવ, તે તરફ લક્ષ્ય પણ નહિ આપતાં આગળજ વધવા લાગ્યા.[23] તેમના મનમાં કેવળ મોક્ષસંબંધીજ વિચારો આવ્યા કરતા હતા અને તેનોજ ભાર તેમના મન ઉપર વહી રહ્યો હતો, તેમનું મન કેવળ આત્મામાંજ રમણ કરતું હતું અને તેથીજ તેમનું ચિત્ત પ્રસન્ન રહેતું હતું. આ રીતે શુકદેવ, મિથિલા પાસે આવી પહોંચ્યા અને મનમાં શંકા રાખ્યાવિનાજ નગરીના દરવાજામાં જેવા દાખલ થતા હતા કે તુરતજ દ્વારપાલોએ ઉગ્ર વાણી કહીને તેમને અટકાવ્યા.[24,25] તે સમયે લેશમાત્ર ક્રોધ કર્યાવિના ત્યાં ને ત્યાંજ તે ઉભા રહ્યા. વળી સૂર્યના પ્રખર તાપને લીધે, મુસાફરીના સખત પરિશ્રમને લીધે અને ક્ષુધા કે તૃષાની પીડાને લીધે તેમના શરીરમાં લેશમાત્ર ક્ષીણતા કે લેશમાત્ર ગ્લાનિ જણાતી ન હતી; તેમજ જે સ્થળે તે ઉભા હતા તે સ્થળે સૂર્યનો ઘણોજ તાપ હતો છતાં ત્યાંથી એક ડગલું પણ દૂર ખસ્યા નહિ. આ રીતે શુકદેવને સમભાવવાળા જોઇ, તે દ્વારપાલોમાંહેના એક દ્વારપાલને તેમનું અપમાન કર્યા બદ્દલ શોક થવા લાગ્યો. તેણે મધ્યાહ્નકાળના સૂર્યની પેઠે શુકદેવને ત્યાં ઉભેલા જોઇ, બે હાથ જોડી નમન કર્યું અને યથાયોગ્ય પૂજા કરીને રાજમહેલના બીજા દરવાજામાં દાખલ કરાવ્યા. હે તાત! શુકદેવજી ત્યાં બેઠા બેઠા પણ મોક્ષનુંજ ચિંતન કરતા હતા. તેમની દૃષ્ટિ સર્વત્ર સમાનજ હતી, તેથી છાયામાં તથા તડકામાં તેમને સમાનપણુંજ દેખાતું હતું. પછી એક મુહૂર્ત જેટલો સમય થયો એટલે રાજાનો મંત્રી, બે હાથ જોડીને તેમની પાસે આવ્યો અને રાજમહેલના ત્રીજા દરવાજામાં તેમને લઈ ગયો. ત્યાં અંતઃપુર

સાથે સંબંધવાળું પ્રમદાવન શોભી રહ્યું હતું. તે પ્રમદાવન કુબેરના ચૈત્રરથ નામના વનસમાન સુંદર હતું, જૂદાં જૂદાં અનેક જળાશયો તથા વિહારસ્થાનોથી યુક્ત હતું અને પુષ્પોથી ખીલી રહેલાં અનેક વૃક્ષોથી રમ્ય હતું. મંત્રીએ, તે ઉત્તમ પ્રમદાવનમાં શુકદેવને દાખલ કરાવ્યા અને એક આસન ઉપર બેસવાનું કહીને પોતે ત્યાંથી બહાર નીકળી ગયો. તેના ગયા પછી સુંદર વેષવાળી પચાસ વારાંગનાઓ શુકદેવપાસે દોડી આવી. તેઓ સર્વે સુંદર નિતંબવાળી હતી, અવસ્થાએ તરુણ હતી, પ્રીતિજનક દેખાવવાળી હતી, લાલવર્ણનાં સૂક્ષ્મવસ્ત્રોને ધારણ કરનારી હતી, શુદ્ધ સુવર્ણના અંલકારોને પહેરનારી હતી, વાતચીત કરવામાં કુશળ હતી, નૃત્ય અને ગાયનકળામાં નિપુણ હતી, હાસ્યપૂર્વક ભાષણ કરનારી હતી, રૂપમાં અપ્સરાઓસમાન હતી, કામના ઉપચારમાં કુશળ હતી, ભાવને જાણનારી હતી અને સર્વ વિષયોમાં પ્રવીણ હતી. આ સ્ત્રીઓએ પાદ્ય આદિ પૂજાસામગ્રી તૈયાર કરીને વિધિપૂર્વક શુકદેવની પૂજા કરી અને સમયાનુસાર તૈયાર કરેલા સ્વાદિષ્ઠ અન્નનું ભોજન પીરસી શુકદેવને તૃપ્ત કર્યા. હે તાત ! એ પ્રમાણે અંતઃપુરના પ્રમદાવનમાં શુકદેવે ભોજન કર્યું;તે પછી તે સ્ત્રીઓએ પ્રમદાવનનો એક એક સુંદર પ્રદેશ તેમને બતાવ્યો. આ રીતે હે ભારત! બીજાના અભિપ્રાયને જાણનારી તે સ્ત્રીઓએ જૂદી જૂદી ક્રીડાઓ કરીને, હસીને તથા ઉત્તમ રીતે ગાન કરીને ઉદાર બુદ્ધિવાળા તે શુકદેવની સેવા કરવા માંડી; પરંતુ અરણિમાંથી ઉત્પન્ન થયેલા શુદ્ધાત્મા શુકદેવ ઇંદ્રિયોને વશ રાખનારા હતા, પોતાનાં કર્મ કરવામાંજ આસક્ત રહેનારા હતા,સર્વ સંદેહોથી રહિત હતા અને ક્રોધને જીતનારા હતા,તેથી જરાય હર્ષ પામ્યા નહિ કે ક્રોધાયમાન પણ થયા નહિ. પછી તે ઉત્તમ સ્ત્રીઓએ શુકદેવને, દેવતાઓને યોગ્ય એવાં રત્નોથી શોભી રહેલું દિવ્ય આસન તથા દિવ્ય શય્યા અર્પણ કરી કે જે શય્યાપર મહાકિંમતી ઓછાડ ઓછાડેલો હતો. શુકદેવ, હાથપગ ધોઇને તથા સંધ્યોપાસન વગેરે નિત્ય નિયમ કરીને તે પવિત્ર શય્યાપર બિરાજ્યા અને તે સમયે પણ કેવળ મોક્ષવિષેનુંજ ચિંતન કરવા લાગ્યા. રાત્રિના પ્રથમ ભાગમાં કેવળ ધ્યાનપરાયણ રહીનેજ તે શય્યાપર પોતે બેસી રહ્યા અને પછી મધ્યરાત્રિનો સમય થયો, ત્યારે સમર્થ શુકદેવે, યોગશાસ્ત્રમાં કહેલા વિધિપ્રમાણે નિદ્રા લેવા માંડી. તે પછી એક મુહૂર્ત જેટલા સમયમાં તો શય્યામાંથી ઉઠીને શૌચાદિ નિત્યકૃત્ય કર્યું અને સ્ત્રીઓના પરિવારમાં પણ તે બુદ્ધિમાન મુનિ ધ્યાન કરવાજ બેસી ગયા.[૨૬-૪૩]

હે ભારત ! એ પ્રમાણે કૃષ્ણદ્વૈપાયનના પુત્ર શુકદેવે, રાજકુળમાં અસ્ખલિતપણે રહીને બાકીનોદિવસ તથા રાત્રિ વ્યતીત કર્યાં."[૪૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"શુકની ઉત્પત્તિ" એ વિષયનો અધ્યાય
૩૨૫ મો સમાપ્ત.

અધ્યાય ૩૨૬ મો

જનક અને શુકદેવનો સમાગમ તથા સંવાદ

॥ भीष्म उवाच ॥

ततः स राजा जनको मंत्रिभिः सह भारत ॥
पुरः पुरोहितं कृत्वा सर्वाण्यंतःपुराणि च ॥१॥

ભીષ્મે કહ્યું:–"હે ભરતવંશી રાજા! તે પછી રાજા જનક, મંત્રીઓને સાથે લઇને તથા પોતાના પુરોહિતને તેમજ સર્વ અંતઃપુરને આગળ કરીને ગુરુપુત્ર શુકદેવને મળવામાટે આવ્યા, તે સમયે તેમણે, એક આસન તથા વિવિધ પ્રકારનાં રત્નો પણ સાથે આણ્યાં હતાં અને પૂજાની સામગ્રી પોતાના મસ્તકપર ગ્રહણ કરી હતી.[૧,૨] રાજા જનકે, સર્વતોભદ્ર નામનું પરમ માન્ય ગણાતું આસન, જે અનેક રત્નોથી વિભૂષિત હતું, અમૂલ્ય બીછાનાંથી બીછાવેલું હતું અને ઋદ્ધિમાન હતું તે આસનને પોતાના હાથવડે સ્પર્શ કરીને પુરોહિતદ્વારા ગુરુપુત્રને અર્પણ

કર્યું.[૩,૪] વ્યાસના પુત્ર શુકદેવ તે આસન ઉપર બિરાજ્યા એટલે રાજાએ, પ્રથમ પાદ્ય તથા અર્ઘ્ય નિવેદન કરીને શાસ્ત્રવિધિપ્રમાણે તેમની પૂજા કરી અને એક ગાય દાનમાં આપી.[૫] બ્રાહ્મણશ્રેષ્ઠ શુકદેવે,શાસ્ત્રીયમંત્રવિધિપૂર્વક કરવામાં આવેલી રાજા તરફની પૂજાનો સ્વીકાર કર્યો અને ગાયને બીજા કોઇને આપી દેવાની આજ્ઞા આપી તથા રાજાનું સન્માન કરીને તેનું કુશલ પૂછયું.[૬,૭] હે રાજેન્દ્ર! સર્વ પરિવારસહિત રાજાને શુકદેવે કુશલ પ્રશ્ન પૂછયો તે પછી જનક રાજા તેમની આજ્ઞા લઇને સર્વ રાજકુટુંબસાથે ત્યાં બેઠો.[૮] રાજા જનક, ઉદાર સત્વવાળો અને ઉદાર કુળમાં ઉત્પન્ન થયો હતો. તેમણે શુકદેવ સામે બે હાથ જોડી,પૃથ્વીસુધી નમીને તેમને કુશલ સમાચાર પૂછયા અને પછી "આપ શા કારણથી અહીં પધાર્યા છો?" એવો પ્રશ્ન કર્યો.[૯]

શુકદેવે કહ્યું:–"હે રાજા! તારૂં કલ્યાણ થાઓ. મને મારા પિતાએ કહ્યું છે કે,આપણો યજમાન વિદેહ રાજા, જે 'જનક' એવા નામથી પ્રસિદ્ધ છે, તેને મોક્ષધર્મનું સંપૂર્ણ જ્ઞાન છે;[૧૦] માટે તું એની પાસે સત્વર જા. કેમકે, પ્રવૃત્તિ અથવા નિવૃત્તિના સંબંધમાં તારા હૃદયમાં જે સંશય ઉત્પન્ન થયો છે તેનો તે નાશ કરશે." આ પ્રમાણે મારા પિતાની આજ્ઞાથી હું તને મારા સંશયો પૂછવામાટે અહીં આવ્યો છું; માટે હે ધાર્મિકશ્રેષ્ઠ રાજા! મારા પ્રશ્નોના ઉત્તર યથાર્થ રીતે તું મને કહે.[૧૧,૧૨] બ્રાહ્મણે, આ જગતમાં શું કરવું જોઇએ? મોક્ષરૂપ પુરુષાર્થનું શું સ્વરૂપ છે? અને કયા સાધનથી મોક્ષને પ્રાપ્ત કરવો? જ્ઞાનથી મોક્ષ મળે છે કે તપથી મળે છે?[૧૩]

જનકે કહ્યું:–" હે તાત! જન્મથી આરંભીને બ્રાહ્મણે શું કરવું જોઇએ, તે હું તમને કહું છું, સાંભળો. બ્રાહ્મણને ઉપનયન સંસ્કાર થઇ જાય કે તુરતજ તેણે વેદાધ્યયન કરવા તત્પર થવું. હે સમર્થ શુકદેવ! તપ, ગુરુસેવા અથવા બ્રહ્મચર્યપરાયણ રહીને તેણે વેદાભ્યાસ કરવો, દેવો તથાપિતૃઓના ઋણમાંથી મુક્ત થવું,અદેખાઇનો ત્યાગ કરવો અને બરાબર નિયમો પાળીને વેદાધ્યયન સમાપ્ત થાય તે પછી ગુરુને દક્ષિણા આપવી અને ગુરુની આજ્ઞા લઇ સમાવર્તન સંસ્કાર કરવો; સમાવર્તન સંસ્કાર કરી લીધા પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરીને પોતાની સ્ત્રીસાથે નિવાસ કરવો અને ઇર્ષ્યાદિદોષથી રહિત થઇને શાસ્ત્રવિધિપૂર્વક અગ્નિહોત્ર લેવું.[૧૫-૧૭] તે પછી પુત્રપૌત્રાદિ સંતતિ ઉત્પન્ન કરીને વાનપ્રસ્થાશ્રમનો સ્વીકાર કરવો. તે આશ્રમમાં રહીને પણ પોતાના ગૃહસ્થાશ્રમ સમયના અગ્નિનું શાસ્ત્રવિધિ પ્રમાણે પૂજન કરવું–ગૃહસ્થાશ્રમના અગ્નિમાંજ હવન હોમ કરવો અને અતિથિઓનો સત્કાર કરવો.[૧૮] પછી ધર્મને જાણનારા તે બ્રાહ્મણે વનમાં, યોગશાસ્ત્રના વિધિપ્રમાણે અગ્નિનું આત્મામાં આરોપણ કરીને સુખદુઃખાદિ દ્વંદ્વોથી રહિત થવું અને વિરક્તચિત્ત થઇને સંન્યાસાશ્રમ ધારણ કરવો."[૧૯]

શુકદેવે પૂછયું:–" બ્રહ્મચર્યાશ્રમની પહેલાંજ કોઇને*જ્ઞાન તથા વિજ્ઞાન ઉત્પન્ન થયાં હોય અને કાયમને માટે હૃદયમાંથી સુખદુઃખાદિ દ્વંદ્વો દૂર થયાં હોય તો, તે પુરુષને પહેલા ત્રણ આશ્રમોમાં રહેવાની શી આવશ્યકતા છે?[૨૦] હે રાજા! એ વિષે હું તમને પૂછું છું. માટે વેદાર્થના તત્ત્વને અનુસરીને તમે મને કહો."[૨૧]

જનકે કહ્યું:–" શાસ્ત્ર કહે છે કે, જ્ઞાન તથા વિજ્ઞાન સંપાદન કર્યાવિના મોક્ષપ્રાપ્તિ થતી નથી; તેમજ ગુરુનો સંબંધ કર્યાવિના જ્ઞાનપ્રાપ્તિ થતી નથી.[૨૨] મનુષ્યને સંસાર સમુદ્રમાંથી તારનારા (નાવિકરૂપ) ગુરુ કહેવાય છે અને જ્ઞાન નૌકારૂપ કહેવાય છે; માટે બ્રહ્મને જાણ્યા પછી કૃતાર્થ થઇને સંસારને તરી ગયા પછીજ જ્ઞાન તથા ગુરુનો પુરુષે ત્યાગ કરવો.[૨૩] જગતના મનુષ્યોનો તથા વૈદિક કર્મોનો વિનાશ ન થઇ જાય તે માટે પૂર્વકાળના જ્ઞાની પુરુષોએ પણ વર્ણાશ્રમધર્મનું આચરણ કર્યું છે×.[૨૪]

---

* શાસ્ત્રજન્ય જે બુદ્ધિ તે જ્ઞાન કહેવાય છે અને અનુભવથી ઉત્પન્ન થયેલું જે જ્ઞાન તે વિજ્ઞાન કહેવાય છે.

×આ શ્લોકમાં જનકના કહેવાનો ભાવ એ છે કે:

માટે આશ્રમધર્મના પાલનરૂપ ક્રમને અનુસરીને અનેક જન્મોસુધી તે તે કર્મો કર્યા કરવાં, જેથી અંતે શુભ અશુભ કર્મોનો નાશ થઈ જાય છે અને મોક્ષપ્રાપ્તિ પણ થાય છે.[૨૫] વળી, અનેક જન્મોસુધી તે તે આશ્રમધર્મોનું પાલન કરીને જેની ઇંદ્રિયો અને મન શુદ્ધ થયેલાં હોય છે તે પુરુષને છેવટના જન્મસમયે બ્રહ્મચર્યાશ્રમમાં પણ મોક્ષપ્રાપ્તિ થઇ જાય છે[૨૬] અને આ રીતે જેને મોક્ષપ્રાપ્તિ થઇ છે તેવા વિદ્વાન પુરુષને પાછળના ત્રણ આશ્રમધર્મોનું પાલન કરવાની શી આવશ્યકતા છે ? કેમકે પરમતત્ત્વને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખનારા તે પુરુષને તે અર્થનો સાક્ષાત્કાર થઈ ચૂકયોજ હોય છે.×[૨૭] માત્ર, એ પુરુષે એટલુંજ કરવું આવશ્યક છે કે, તેણે રાજસ તથા તામસ દોષોનો નિત્ય ત્યાગ કરવો અને સાત્વિક માર્ગનો આશ્રય કરીને પોતાના અંતરાત્માવડેજ આત્માનાં દર્શન કરવાં.[૨૮] જે પુરુષ, પ્રાણીમાત્રવિષે પોતાના આત્માને જુએ છે અને પોતાના આત્માવિષે પ્રાણીમાત્રને રહેલાં જુએ છે તે પુરુષ, હંસપક્ષી જળમાં વિચરે છે છતાં જળથીજેમ લેપાતું નથી તેમ, સંસારમાં રહ્યા છતાં સંસારના બંધનકારક ધર્મોથી લેપાતો નથી-અર્થાત્ આત્મજ્ઞાની પુરુષને શુભ અશુભ કર્મોની કંઇ અસર થતી નથી.[૨૯] જે પુરુષ, સુખદુ:ખાદિ દ્વંદ્વોથી રહિત થઇને પરમ શાંતિને પામેલો હોય છે તે પુરુષ, દેહનો ત્યાગ કર્યા પછી મુક્ત થાય છે અને એક *પક્ષીની પેઠે આ જીવલોકમાંથી ઊર્ધ્વલોકમાં જઇને અનંત કાળપર્યંત મોક્ષસુખનેજ પામે છે.[૩૦] હે તાત ! આ વિષયમાં પૂર્વે, રાજા યયાતિએ કેટલીએક ગાથાઓ ગાયેલી છે કે જેઓને મોક્ષશાસ્ત્રમાં કુશળ ગણાતા દ્વિજાતિઓ હજીસુધી પણ ધારણ કરી રહ્યા છે, તે ગાથાઓ હું તમને કહું છું સાંભળો.[૩૧] “પરબ્રહ્મરૂપ જ્યોતિ પોતાની બુદ્ધિમાંજ રહેલું છે, બીજે કયાંય નથી; અને તે એકજ જ્યોતિ પ્રાણીમાત્રને વિષે પણ સમાન રીતેજ રહેલું છે. મનુષ્ય, ચિત્તને બરાબર એકાગ્ર કરીને જો જુએ છે તો પોતાની મેળેજ તેનો સાક્ષાત્કાર કરી શકે છે.[૩૨] જે પુરુષથી બીજાને ભય થતો નથી અને જે પોતે બીજાથી ભય પામતો નથી વળી જેને કોઇનાપર જ્યારે રાગ કે દ્વેષ રહેતો નથી, ત્યારે તે પુરુષ બ્રહ્મસ્વરૂપ થઈ શકે છે.[૩૩] જ્યારે મનુષ્ય, પ્રાણીમાત્રના પર મન, વચન કે કર્મથી પણ પાપી ભાવ કરતો નથી, ત્યારે તે બ્રહ્મસ્વરૂપ થઇ શકે છે.[૩૪] જ્યારે મનને આત્માસાથે યોજે છે, મોહજનક ઇર્ષ્યાનો ત્યાગ કરે છે તેમજ કામ તથા મોહને પણ તિલાંજલિ આપી દે છે ત્યારે મનુષ્ય, બ્રહ્મભાવને પામે છે.[૩૫] જ્યારે કોઇ શ્રવણ કરવા યોગ્ય ગીતઆદિમાં, દર્શન કરવા યોગ્ય સ્ત્રીઆદિમાં અને પ્રાણીમાત્રમાં સમાન દૃષ્ટિ રાખનારો થાય છે તેમજ સુખદુ:ખાદિ દ્વંદ્વોથી રહિત થાય છે, ત્યારે મનુષ્ય બ્રહ્મરૂપ થઇ શકે છે.[૩૬] જ્યારે સ્તુતિને, નિંદાને, સુવર્ણને, લોખંડને, સુખને, દુઃખને, ટાઢને, તાપને, અર્થને, અનર્થને, પ્રિયને, અપ્રિયને, જીવિતને તથા મરણને પણ સમાનજ ગણે છે, ત્યારે મનુષ્ય બ્રહ્મરૂપ થઇ શકે છે.[૩૭,૩૮] જેમ કાચબો, પોતાનાં સર્વ અંગોને પ્રસારીને પુનઃ સંકોચી લે છે તેમ, સંન્યાસીએ પણ વિષયોમાં પ્રસાર પામતી ઇંદ્રિયોને મનદ્વારા વશ કરવી જોઇએ.[૩૯] જેમ અંધકારથી છવાઈ ગયેલા ઘરને દીવાની સહાય-

---

મુનિ વામદેવની પેઠે કોઇ પુરુષને બ્રહ્મચર્યાશ્રમની પહેલાંજ જ્ઞાન વિજ્ઞાન પ્રાપ્ત થાય તોપણ તેણે, લોકોને માર્ગ ઉપર રાખવામાટે અને લોકોને શિક્ષણ આપવામાટે પણ વર્ણાશ્રમધર્મનું પાલન કરવું.

× તાત્પર્ય કે કેવળ ચિત્તશુદ્ધિ સંપાદન કરવા માટેજ આશ્રમધર્મો પાળવા પડે છે; પણ ચિત્તશુદ્ધિ પ્રાપ્ત થઇ ગયા પછી તો તે વ્યર્થજ છે.

* પક્ષીનું દૃષ્ટાંત એટલા માટેજ આપેલું છે કે, જેમ એક પક્ષીને એક પર્વત ઉપરથી બીજા પર્વત ઉપર જવું હોય તો તેને કંઈ નીચે ઉતરવાની જરૂર રહેતી નથી તેમ, જ્ઞાની પુરુષને પણ આ જીવલોકનો એક વખત ત્યાગ કર્યા પછી પુનઃ તે લોકમાં આવવાની જરૂર રહેતીન થી.

થી જોઇ શકાય છે તેમ, બુદ્ધિરૂપ જ્વલંત દીવાની સહાયથી આત્માનો સાક્ષાત્કાર થઈ શકે છે."[૪૦]

હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ શુકદેવ ! પૂર્વોક્ત ગાથાઓમાં જે કંઇ કહેવામાં આવ્યું છે તે સર્વ તમારે વિષે હું જોઉં છું. વળી બીજું જે કંઇ જાણવાનું છે તેને પણ તમે યથાર્થરીતે જાણો છો.[૪૧] હે બ્રહ્મર્ષિ ! તમારા પિતાની કૃપાથી અને તમને પ્રાપ્ત થયેલા શિક્ષણપરથી હું તમને જાણી શકયો છું કે, તમે વિષયોનું ઉલ્લંઘન કરી ગયા છો.[૪૨] હે મહામુનિ ! તમારા પિતાની કૃપાથીજ મને આવું દિવ્યજ્ઞાન પ્રાપ્ત થયું છે અને તે જ્ઞાનના બળથીજ હું તમને જાણી શકયો છું.[૪૩] તમારામાં સર્વના કરતાં અધિક વિજ્ઞાન રહેલું છે, અધિક ગતિ રહેલી છે અને અધિક ઐશ્વર્ય રહેલું છે, પણ તે તમારા જાણવામાં નથી.[૪૪] તમને સંપૂર્ણ વિજ્ઞાન ઉત્પન્ન થયેલું છે તોપણ બાલ્યાવસ્થાને લીધે, મનમાં રહેલા સંશયને લીધે અને સંસારથી ઉત્પન્ન થનારા ભયને લીધે તે પરમગતિને તમે પામી શકતા નથી;[૪૫] પરંતુ જ્યારે મારા જેવા પુરુષો તમારા સંશયને દૂર કરશે ત્યારે અને શુદ્ધ વ્યવસાય કરવાનો તમે આરંભ કરશો, ત્યારે હૃદયની સર્વ ગ્રંથિઓને છોડી નાખીને પરમગતિને પામશો.[૪૬] હે બ્રહ્મન્ ! તમને વિજ્ઞાન ઉત્પન્ન થયેલું છે, તમારી બુદ્ધિ સ્થિર છે અને લોલુપતાનો તમે ત્યાગ કર્યો છે; છતાં તમે જો વ્યવસાય નહિ કરો તો પરબ્રહ્મને પામી શકશો નહિ.[૪૭] હે મહાભાગ ! હું જોઈ શકું છું કે, તમને સુખ દુઃખ સમાન છે, તમારામાં લોભીપણું નથી, ઉત્સુકતા નથી, નૃત્યગીત આદિમાં તમને રાગ ઉત્પન્ન થતો નથી, બંધુઓતરફ તમને આસકિત નથી, ભયજનક વિષયોમાં પણ તમને ભય નથી અને માટીના ઢેફાંને, પથ્થરને તથા સુવર્ણને પણ તમે સમાન ગણો છો.[૪૮,૪૯] હું અને બીજા બુદ્ધિમાન પુરુષો પણ તમને જોઈ શકે છે કે, તમે અવિનાશી અને નિર્દોષ એવા ઉત્તમ માર્ગનો આશ્રય કર્યો છે.[૫૦] હે બ્રહ્મન્ ! બ્રાહ્મણજન્મનું જે ફળ ગણાય છે અને મોક્ષરૂપ પુરુષાર્થનું જે સ્વરૂપ છે તેની અંદરજ તમે સ્થિતિ કરી રહ્યા છો. બોલો, બીજું તમારે શું પૂછવાનું છે?"[૫૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
" શુકની ઉત્પત્તિ " એ વિષયનો
અધ્યાય ૩૨૬ મો સમાપ્ત.

અધ્યાય ૩૨૭ મો

શુકનું વ્યાસપાસે પુનરાગમન, હિમાલયવર્ણન

॥ भीष्म उवाच ॥

एतच्छ्रुत्वा तु वचनं कृतात्मा कृतनिश्चयः ॥
आत्मनात्मानमास्थाय दृष्ट्वाचात्मानमात्मना॥

ભીષ્મે કહ્યું:–"હે યુધિષ્ઠિર રાજા ! જનકનાં એ વચન સાંભળીને શુકદેવે, મનમાં દૃઢ નિશ્ચય કરીને બુદ્ધિદ્વારા આત્માનો આશ્રય કર્યો અને બુદ્ધિદ્વારાજ આત્માનો સાક્ષાત્કાર કર્યો, જેથી તે કૃતાર્થ થયા.[૧] આ રીતે પોતાનું કાર્ય પૂર્ણ કર્યા પછી સુખી અને શાંત થયેલા તે શુકદેવ, ઉત્તર દિશાતરફ મુખ કરીને, હિમાલયને ઉદ્દેશી, વાયુવેગે ત્યાંથી નીકળી પડયા.[૨] એજ સમયે દેવર્ષિ નારદ પણ સિદ્ધ તથા ચારણોથી સેવાયલા હિમાલયનાં દર્શન કરવામાટે ત્યાં ગયા હતા.[૩] એ હિમાલય પર્વત અપ્સરાઓના સમુદાયોથી વ્યાપ્ત હતો, શાંતિજનક શબ્દોથી ગાજી રહ્યો હતો અને હજારો કિન્નરોથી વિરાજી રહ્યો હતો. વળી તે પર્વતમાં મદ્ગુ, ખંજરીટ, વિચિત્ર દેખાવનાં જીવજીવક, સેંકડો પ્રકારના કેકાશબ્દથી શોભી રહેલા રંગબેરંગી મયૂરો, રાજહંસો અને શ્યામવર્ણવાળી કોયલો કલ્લોલ કરી રહ્યાં હતાં.[૫,૬] પક્ષીઓનો રાજા ગરુડ પણ તે પર્વતમાં નિત્ય રહેતો હતો; તેમજ ચાર લોકપાલો, દેવતાઓ તથા ઋષિગણો, લોકનું હિત કરવાની ઇચ્છાથી નિત્ય તે પર્વત ઉપર આવતા હતા. મહાત્મા વિષ્ણુએ પણ પુત્ર સંપાદન કરવામાટે તે પર્વત ઉપર તપશ્ચર્યા કરી હતી.[૭,૮] કાર્તિક સ્વામીએ, બાલ્યાવસ્થા-

માંજ તે પર્વતપર રહીને દેવતાઓનું અપમાન કર્યું હતું. (તે કથા આ પ્રમાણે છે.) પૂર્વે, ત્રણે લોકની અવગણના કરીને કાર્તિક સ્વામીએ, પોતાની શકિત, હિમાલયની તળેટીમાં મૂકી હતી અને તે સમયે તેમણે આ પ્રમાણે કહ્યું હતું:–"જે પુરુષ મારા કરતાં અધિક બળવાન હોય, બ્રાહ્મણોપર અત્યંત પ્રીતિ રાખતો હોય, જગતમાં બીજો બ્રહ્મચારી હોય અને ત્રણે લોકમાં પરાક્રમી ગણાતો હોય તે પુરુષ મારી આ શકિતને ઉંચકી લે અથવા કંપાવી દે."[૯,૧૦] તે સાંભળીને સર્વ લોકો ગભરાટમાં પડી ગયા અને વિચાર કરવા લાગ્યા કે, આપણામાંથી કયો પુરુષ આ શકિતને ઉપાડી શકે તેમ છે? વળી સર્વ દેવો પણ ભ્રમિત ઇંદ્રિયોવાળા તથા ભ્રમિત ચિત્તવાળા થઈ ગયા.[૧૧,૧૨] તે પછી ભગવાન વિષ્ણુએ જોયું કે, આ કાર્તિક સ્વામીએ સર્વ અસુરો, રાક્ષસો તથા દેવો સુદ્ધાંનું અપમાન કર્યું છે;માટે આ પ્રસંગે શું કર્યું હોય તો યોગ્ય ગણાય? આવો મનમાં વિચાર કરીને શુદ્ધાત્મા વિષ્ણુ ભગવાને, કાર્તિક સ્વામીના તે અપમાનને નહિ સહન કરીને તેમની સામે એકીટસે જોવા માંડયું અને પછી તે પ્રજ્વલિત શકિતને જમણા હાથવતી પકડીને પુરુષોત્તમ વિષ્ણુ તેને કંપાવવા લાગ્યા. બળવાન વિષ્ણુએ તે શકિતને જ્યારે કંપાવવા માંડી, ત્યારે પર્વતો, વનો અને અરણ્યોસહિત આખી પૃથ્વી કંપવા લાગી. આ રીતે મહાસમર્થ ભગવાન વિષ્ણુ, કાર્તિક સ્વામીની શકિતને ઉપાડી લેવામાટે પણ શકિતમાન હતા; છતાં તે શક્તિને માત્ર કંપાવી દઇને કાર્તિક સ્વામીનું તેમણે માન જાળવ્યું હતું. શકિતને કંપાવી દીધા પછી ભગવાન વિષ્ણુએ પ્રહ્લાદને આ પ્રમાણે કહ્યું:–[૧૩–૧૭] "જો, કાર્તિક સ્વામીનું પરાક્રમ કેટલું છે? આવું પરાક્રમ બીજો કોઇ પણ કરી શકે તેમ નથી." વિષ્ણુનું આ વાકય પ્રહ્લાદથી સહન થઇ શકયું નહિ. તેણે કાર્તિક સ્વામીની શકિતને ઉપાડી લેવાનો મનમાં નિશ્ચય કર્યો;[૧૮] અને તે શકિતને હાથવતી પકડી પણ ખરી; પરંતુ એને કંપાવી શકયો નહિ અને ઉલટો, મોટી ચીસ પાડીને પર્વતના શિખરપર મૂર્છિત અવસ્થામાં ઢળી પડયો."[૧૯] આ રીતે જે હિમાલયની ભૂમિ ઉપર હિરણ્યકશિપુનો પુત્ર પ્રહ્લાદ, વિહ્વળ થઈને ઢળી પડયો હતો તે પર્વતરાજ હિમાલયની પડોશમાં ઉત્તર દિશામાં જઈને વૃષભધ્વજ શંકર નિત્ય ઉગ્ર તપશ્ચર્યા કરી રહ્યા હતા. હે તાત! જે આશ્રમમાં શંકર તપશ્ચર્યા કરતા હતા તેની આસપાસ પ્રદીપ્ત અગ્નિ બળ્યા કરતો હતો; માટે તે પ્રદેશને "આદિત્ય પર્વત" એવા નામથી પણ ઓળખે છે. તે પ્રદેશમાં પુણ્યહીન પુરુષો જઈ શક્તા નથી; એટલુંજ નહિ પણ યક્ષો, રાક્ષસો તથા દાનવો સુદ્ધાં ત્યાં જઇ શકતા નથી.[૨૦–૨૨] તે પ્રદેશનો વિસ્તાર બરાબર દશ યોજનનો છે અને તેની આસપાસ અગ્નિની જ્વાળાઓ ભભુકી રહી છે. કેમકે, બુદ્ધિમાન્ મહાદેવ, ત્યાં તપશ્ચર્યા કરે છે, જેથી તેમનાં સર્વ વિઘ્નોને શાંત કરવામાટે વીર્યવાન ભગવાન અગ્નિ, મૂર્તિમાન સ્વરૂપે ત્યાં રહે છે. વળી તે સ્થળે દેવતાઓનાં એક હજાર વર્ષોસુધી એક પગે ઉભા રહીને મહાવ્રતધારી મહાદેવે, દેવોને સંતાપ ઉપજાવી દીધો હતો. આવા મહાન પ્રભાવવાળા પર્વતરાજ હિમાલયની પૂર્વદિશામાં એક એકાંત તટ ઉપર બેસીને મહાતપસ્વી વ્યાસમુનિ, પોતાના શિષ્યોને વેદાધ્યયન કરાવી રહ્યા હતા.[૨૩–૨૬] તેમના શિષ્યોમાં સુમંતુ, મહાભાગ વૈશંપાયન, બુદ્ધિમાન જૈમિનિ અને તપસ્વી પૈલ–આ ચાર મુખ્ય હતા.[૨૭] હિમાલયના જે પ્રદેશમાં શિષ્યોથી વીંટાયલા મહાતપસ્વી પિતા વ્યાસ બેઠા હતા, ત્યાં અતિ સુંદર આશ્રમને શુકદેવે જોયો.[૨૮] શુદ્ધાત્મા શુકદેવ, પિતાના આશ્રમ તરફ જ્યારે જતા હતા, ત્યારે આકાશમાં ઉદય પામેલા સૂર્યસમાન દેખાતા હતા અને તે સમયે પોતાની સમીપ આવતા પોતાના પુત્રને વ્યાસે પણ ચોતરફ સળગી ઉઠેલા અગ્નિસમાન તેજસ્વી જોયો; કેમકે તેની કાંતિ સૂર્યસમાન ઝળકતી હતી. વળી મહાયોગી મહાત્મા શુક

દેવ પણ વૃક્ષો, પર્વતો કે કોઇ પ્રદેશો ઉપર આસક્ત થયાવિનાજ ધનુષની દોરીમાંથી છૂટેલા બાણની પેઠે આશ્રમતરફ ચાલ્યા આવતા હતા.[૨૯,૩૦] એ રીતે પોતે આશ્રમમાં આવ્યા કે તુરતજ અરણિમાંથી ઉત્પન્ન થયેલા મહામુનિ શુકદેવે, પિતાના બન્ને ચરણોનો સ્પર્શ કર્યો અને ત્યાં સમીપમાં બેઠેલા વ્યાસના શિષ્યોને પણ તે મળ્યા.[૩૧] પછી મનમાં પ્રસન્ન થયેલા શુકદેવે, જનક રાજાની સાથેનો સંવાદ સંપૂર્ણ રીતે પિતાને નિવેદન કર્યો.[૩૨]

હવે,એક સમયે વીર્યવાન મહામુનિ વ્યાસ, હિમાલયની સપાટી ઉપર બેસીને પોતાના પુત્રને તથા શિષ્યોને વેદાધ્યયન કરાવી રહ્યા હતા.[૩૩] તે સમયે વેદાધ્યયનસંપન્ન થયેલા, મનને શાંત રાખનારા, ઇંદ્રિયોને જીતનારા અને અંગસહિત વેદોમાં પરમ નિષ્ઠાને પામેલા તપસ્વી શિષ્યો, તેમને વીંટાઈ વળીને બેઠા હતા. પછી તે માંહેના મુખ્ય શિષ્યોએ,બે હાથ જોડી ગુરુ વ્યાસને આ પ્રમાણે પ્રાર્થના કરી.[૩૩–૩૫]

શિષ્યોએ કહ્યું:–" હે ભગવન્! આપે અમને મહાતેજસ્વી બનાવ્યા છે અને અમારા યશની પણ વૃદ્ધિ કરી છે; તોપણ હવે, એક અનુગ્રહ આપે અમારાપર કરવો, એમ અમે ઇચ્છીએ છીએ."[૩૬]

શિષ્યોનું એ વચન સાંભળીને બ્રહ્મર્ષિ વ્યાસ, એકદમ બોલી ઉઠયા કે:–" હે વત્સો ! બોલો, મારે તમારૂં શું પ્રિય કરવાનું છે?"[૩૭]

હે રાજન્ ! ગુરુનું એ વાકય સાંભળીને શિષ્યો મનમાં હર્ષ પામ્યા.તેઓએ બે હાથ જોડી મસ્તકવડે પ્રણામ કરીને એકીસાથે આવું ઉત્તમ વચન ગુરુને કહ્યું:–" હે મહામુનિ ! આપ અમારા ઉપાધ્યાય છો. આપ અમારાપર પ્રસન્ન થયા છો તેથી અમારાં અહોભાગ્ય છે. અમે ઇચ્છીએ છીએ કે, આપ–મહર્ષિ, અમને એવું વરદાન આપો કે, અમારા પાંચસિવાય આપનો છઠ્ઠો શિષ્ય, (વેદપારંગતતરીકે) જગતમાં ખ્યાતિ પામે નહિ. આવો વર આપવામાટે આપ અમારાપર પ્રસન્ન થાઓ.[૩૮,૩૯] અમે ચાર આપના શિષ્યો અને આ પાંચમા અમારા ગુરુપુત્ર (શુકદેવ)–એટલાને વિષેજ સર્વ વેદો સ્થિતિ કરીને રહે, એવો વર મેળવવાની અમે ઇચ્છા રાખીએ છીએ."[૪૦]

શિષ્યોનું એ વચન સાંભળીને પરાશરના પુત્ર વ્યાસ, જેઓ ધર્માત્મા હતા, વેદાર્થના તત્ત્વને જાણનારા હતા, બુદ્ધિમાન હતા અને પરલોકના અર્થનું ચિંતન કરનારા હતા, તેમણે પોતાના શિષ્યોને ધર્મયુકત અને કલ્યાણકારક આવું વચન કહેવા માંડયું:–"જેને બ્રહ્મલોકમાં દીર્ઘકાળપર્યંત નિવાસ કરવાની ઇચ્છા હોય;તેણે જે પુરુષ બ્રાહ્મણ જાતિનો હોય અને બ્રહ્મનું શ્રવણ કરવાની ઇચ્છા રાખતો હોય તેને વેદાધ્યયન કરાવવું. હું ઇચ્છું છું કે, તમે અનેક થાઓ અને આ વેદ જગતમાં વિસ્તાર પામો–અર્થાત્ તમે તમારા અનેક શિષ્યોને વેદ ભણાવો અને જગતમાં વેદનો પ્રચાર કરો; પરંતુ લક્ષ્યમાં રાખવું કે, જેનામાં શિષ્યવૃત્તિના ગુણ ન હોય અને જે બ્રહ્મચર્યવ્રતથી ભ્રષ્ટ થયો હોય તેવા પાપી પુરુષને વેદ ભણાવવો નહિ. પ્રથમ તો શિષ્યની અંદર જે ગુણો હોવા જોઇએ તે સર્વ ગુણો યથાર્થરીતે તમારે જાણવા જોઇએ.[૪૧–૪૫] જેના ચારિત્રની પરીક્ષા ન કરી હોય તેવા પુરુષને કદી વેદવિદ્યા ભણાવવી નહિ. જેમ સુવર્ણ, ઉપરથી શુદ્ધ દેખાતું હોય તોપણ તેને તપાવીને, કાપીને તથા કસીને પરીક્ષા કરવામાં આવે છે, તેમ શિષ્યોની પણ તેઓના કુળ,ગુણઆદિનું નિરીક્ષણ કરીને પરીક્ષા કરવી. વળી જે કાર્ય શિષ્યોને માટે અયોગ્ય હોય અને જે કાર્ય મહાભયંકર હોય તેવું કાર્ય કરવાની શિષ્યોને આજ્ઞા આપવી નહિ.[૪૬,૪૭] જેની જેવી બુદ્ધિ હશે અને જે જેવો પાઠ લેશે તેના પ્રમાણમાંજ તેને વિદ્યા ફળશે; તોપણ આપણે એમજ ઇચ્છવું જોઈએ કે, સર્વ પ્રાણીઓ સંકટોને તરી જાઓ અને સર્વ પ્રાણીઓ કલ્યાણોને જુઓ.[૪૮] તેમજ બ્રાહ્મણને આગળ કરીને (તેનાદ્વારા) ચારે વર્ણોના મનુષ્યોને વેદ સંભળાવવો. આ રીતે વેદનું અધ્યયન કરવારૂપ કાર્ય એક મહાન કાર્ય

છે.(માટે તેમાં લક્ષ્ય આપવું.)[૪૯] બ્રહ્માએ દેવતાઓની સ્તુતિ કરવામાટે વેદોને ઉત્પન્ન કર્યા છે. જે પુરુષ મોહને અધીન થઇને વેદપારંગત બ્રાહ્મણની નિંદા કરે છે, તે પુરુષ બ્રાહ્મણનો અપરાધ કરીને અવશ્ય પરાભવ પામે છે. વળી જે પુરુષ અધર્મને અનુસરીને બીજાને વેદાધ્યયન કરાવે છે અને જે પુરુષ અધર્મને અનુસરીને વેદાધ્યયન કરે છે–તેઓ બન્નેમાંથી એકનું મૃત્યુ થાય છે અને બીજો જગતમાં દ્વેષપાત્ર બને છે.આ રીતે વેદનું પઠનપાઠન કેવી રીતે કરવું, તેનો સર્વ વિધિ મેં તમને કહ્યો. તેને હૃદયમાં રાખીને તમારે શિષ્યોપર ઉપકાર કરવો.” ૫૦–૫૩

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં અધ્યાય ૩૨૭ મો સમાપ્ત.

અધ્યાય ૩૨૮ મો

સાત વાયુનું વર્ણન

॥ भीष्म उवाच ॥

एतुच्छ्रुत्वा गुरोर्वाक्यं व्यासशिष्या महौजस॥
अन्योन्यं हृष्टमनसः परिषस्वजिरे तदा ॥१॥

ભીષ્મે કહ્યું:–“હે યુધિષ્ઠિર રાજા! વ્યાસના મહાતેજસ્વી શિષ્યો, ગુરુનું એ વાક્ય સાંભળીને મનમાં પ્રસન્ન થયા અને (હર્ષને લીધે) અન્યોન્યને ભેટી પડયા.[૧] તેઓ અન્યોન્યને કહેવા લાગ્યા કે, “આપણા ગુરુ ભગવાન વ્યાસે આપણને જે વચનો કહ્યાં છે તે વર્તમાનકાળમાં તથા ભવિષ્યકાળમાં–બન્નેમાં હિતકારક છે. તે વચનો આપણા મનમાં અત્યંત રૂઢ થઈ ગયાં છે અને આપણે હવે તે પ્રમાણેજ કરીશું.”[૨] આ પ્રમાણે એકબીજાને કહીને મનમાં અત્યંત પ્રસન્ન થયેલા તે વાક્યકુશળ શિષ્યોએ પુનઃ ગુરુને પ્રાર્થના કરી કે:–[૩] “હે સમર્થ મહામુનિ! આપને રુચતું હોય તો અમારી એવી ઇચ્છા છે કે, આ પર્વત ઉપરથી અમે પૃથ્વીપર જઇએ અને વેદની અનેક શાખાઓ કરીએ.”[૪] શિષ્યોનું એ વચન સાંભળીને પરાશરના પુત્ર પ્રભુ વ્યાસે, ધર્માર્થયુક્ત અને હિતકારક આવો પ્રત્યુત્તર આપ્યો:–[૫]“તમારી ઇચ્છા હોય તો તમે પૃથ્વીપર જાઓ અથવા દેવલોકમાં જાઓ;પરંતુ જ્યાં જાઓ ત્યાં તમારે પ્રમાદ રાખવો નહિ,(અર્થાત્ વેદનો સ્વાધ્યાય નિત્ય કર્યા કરવો.) કેમકે વેદ પુષ્કળ છળવાળો છે.”[૬] *

સત્ય વચન બોલનારા ગુરુએ એ પ્રમાણે આજ્ઞા આપી એટલે તે ચારે શિષ્યો, વ્યાસને પ્રદક્ષિણા કરીને તથા મસ્તકવડે વંદન કરીને પૃથ્વીપર ઉતરી પડયા. ત્યાં જઇને તેઓએ અગ્નિહોત્રથી આરંભીને સોમયાગ સુધીનું ચાતુર્હોત્ર કર્મ ચાલુ કર્યું અને બ્રાહ્મણો, ક્ષત્રિયો તથા વૈશ્યોની પાસે યજ્ઞો કરાવવા માંડયા.[૭,૮] પૃથ્વીપરના બ્રાહ્મણો પણ તેઓનો આદરસત્કાર કરવા લાગ્યા, જેથી તેઓ ગૃહસ્થાશ્રમમાં રહીને સુખપૂર્વક જીવન ગાળવા લાગ્યા,યાજન તથા અધ્યાપન કર્મમાં આસક્ત રહેવા લાગ્યા, શ્રીમંત થયા અને લોકમાં પ્રખ્યાત થયા.[૯]

હવે આ તરફ, પોતાના શિષ્યો પૃથ્વીપર ઉતરી પડયા તે પછી બુદ્ધિમાન વ્યાસ,કેવળ એક પુત્રનીજ સહાયવાળા થઇ પડયા તેથી એકાંતમાં ધ્યાનપરાયણ રહીને મૌન અવસ્થામાં બેસી રહેવા લાગ્યા.×[૧૦]આ રીતે પોતાના આશ્રમમાં તેઓ બેઠા હતા તેવામાં મહાતપસ્વી નારદે તેમને જોયા. પછી તેમની સમીપમાં આવીને નારદે,મધુર અક્ષરવાળી વાણીથી આ પ્રમાણે કહેવા માંડયું:–હે વસિષ્ઠ ગોત્રના બ્રહ્મર્ષિ! તમારા આ આશ્રમમાં વેદનો ધ્વનિ કેમ થતો નથી? તમે એકલા,કેવળ ધ્યાનપરાયણ રહીને જાણે કોઈનું ચિંતન કરતા હો તેમ, મૌન કેમ બેસી રહ્યા છો?[૧૨] આ હિ-

---

* કહેવાનો આશય એ છે કે, તમે વેદનો નિત્ય અભ્યાસ નહિ કરો તો વેદને ભૂલી જશો. માટે તેનો નિયમિત અભ્યાસ કર્યા કરજો.

× કહેવાનો ભાવ એ છે કે, વિદ્વાનોને પણ શિષ્ય આદિના સંયોગને લીધે સુખદુઃખ અવશ્ય થાય છે. ભગવાન વ્યાસને પણ શિષ્યોના વિયોગને લીધે ઉદાસીનતા જણાતી હતી, જેથી વેદનો અભ્યાસ છોડીને કેવળ મૌન અવસ્થામાંજ બેસી રહેતા હતા.

માલય પર્વત, વેદના ઘોષથી રહિત થઇ પડયો છે, તેથી રજ, અંધકાર અથવા રાહુથી ગ્રસ્ત થયેલા ચંદ્રની પેઠે શોભતો નથી.[૧૩] આ હિમાલય, દેવર્ષિઓના ગણોથી સેવાયલો છે; છતાં વેદના ધ્વનિથી રહિત છે, તેથી ભિલ્લલોકોનું નિવાસસ્થાન જેમ ન શોભે તેમ, પૂર્વની પેઠે શોભતો નથી.[૧૪] તેમજ અહીં વસનારા ઋષિઓ, દેવો અને મહાબળવાન ગંધર્વો વેદના ધ્વનિથી રહિત થઇ પડયા છે, જેથી પૂર્વની પેઠે શોભતા નથી."[૧૫]

નારદનું એ વચન સાંભળ્યા પછી વ્યાસે તેમને આ પ્રમાણે કહ્યું:-"હે મહર્ષિ ! તમે મને જે કહ્યું, તે મારા મનને અનુકૂળજ છે. તમે વેદવાદમાં કુશળ છો, સર્વજ્ઞ છો, સર્વદ્રષ્ટા છો અને સર્વત્ર કુતૂહલ જોવાનો તમારો સ્વભાવ છે; માટે તમે મને કહેવાને યોગ્યજ છો.[૧૬,૧૭] આ ત્રણે જગતમાં જે કંઇ બન્યું હોય છે તે સર્વ તમારા જાણવામાં હોય છે; માટે હે બ્રહ્મર્ષિ! તમે મને આજ્ઞા આપો કે, તમારૂં મારે શું પ્રિય કરવું?[૧૮] હે બ્રહ્મર્ષિ! મારા શિષ્યોથી હું છૂટો થયો છું, તેથી મારૂં મન અતિ પ્રફુલ્લ રહેતું નથી; તોપણ તમે મને કહો કે, મારે હવે શું કરવું?[૧૯]

નારદે કહ્યું:-" નિત્ય સ્વાધ્યાય ન કરવો તે વેદનો મળ ગણાય છે, બ્રાહ્મણ હોવા છતાં વ્રત ન પાળવું તે તેનો મળ ગણાય છે, વાહીક દેશના મનુષ્યો પૃથ્વીનો મળ ગણાય છે અને કૌતૂહલ તે સ્ત્રીઓનો મળ ગણાય છે.*[૨૦] માટે તમારા બુદ્ધિમાન પુત્રની સાથે તમે વેદનો સ્વાધ્યાય ચાલુ રાખો અને વેદના ધ્વનિથી રાક્ષસોના ભયથી થનારો અંધકાર દૂર કરો."[૨૧]

ભીષ્મે કહ્યું:-નારદનું વચન સાંભળ્યા પછી પરમ ધર્મવેત્તા વ્યાસે, "બહુ સારૂં" એમ કહીને અત્યંત હર્ષપૂર્વક વેદસ્વાધ્યાય કરવાનું દઢવ્રત લીધું.[૨૨] તેમણે પોતાના પુત્ર શુકદેવની સાથે ઉચ્ચસ્વરથી વેદસ્વાધ્યાય કરવાનો આરંભ કર્યો અને શિક્ષાગ્રંથમાં કહેલા વિધિ પ્રમાણે ઘોષ કરીને સર્વ લોકને ગજાવી મૂકયા.[૨૩] જૂદા જૂદા ધર્મોનું પ્રવચન કરનારા તેઓ બન્ને જણા એ પ્રમાણે વેદસ્વાધ્યાય કરી રહ્યા હતા, તેવામાં સમુદ્રના વાયુથી એકદમ વૃદ્ધિ પામેલો મોટો તોફાની પવન અત્યંત જોસથી વાવા લાગ્યો.[૨૪] તે જોઇ, " આ અનધ્યાયનો દિવસ છે" એમ મનમાં વિચાર કરીને વ્યાસે પુત્ર શુકદેવને વેદસ્વાધ્યાય કરતા અટકાવ્યા. પિતાએ એ પ્રમાણે પોતાને અટકાવ્યો એટલે તુરતજ શુકદેવ તેનું કારણ જાણવામાટે ઉત્સુક થયા. તેમણે પિતાને પૂછ્યું કે:-"હે બ્રહ્મન્ ! આ વાયુ કયાંથી ઉત્પન્ન થયો ? અને આ વાયુની ચેષ્ટા શી છે ? તે સર્વ તમે મને કહો."[૨૫,૨૬]

શુકદેવનો તે પ્રશ્ન સાંભળી વ્યાસને પરમ આશ્ચર્ય થયું. તેમણે અનધ્યાયના કારણવિષે પોતાની મેળે આ પ્રમાણે કહેવા માંડયું.[૨૭] "હે પુત્ર ! તને દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઇ છે, તારૂં મન સ્વતઃજ નિર્મળ થયું છે; વળી તું તમોગુણ તથા રજોગુણથી મુક્ત થઇને સત્વગુણમાં સ્થિતિ કરી રહ્યો છે;[૨૮] એટલુંજ નહિ પણ મનુષ્ય જેમ પોતાની છાયાને દર્પણમાં જુએ છે તેમ, તું પોતાના આત્માને બુદ્ધિદ્વારા જોઇ શકે છે; માટે તારી બુદ્ધિમાં સર્વ વેદોના અર્થોનો તારી મેળે ઊહાપોહ કરીને તે વિષેનો (એટલે આ વાયુ કયાંથી ઉત્પન્ન થયો વગેરેનો) નિશ્ચયપૂર્વક વિચાર કરી લે.[૨૯] મરણ પામ્યા પછી જે માર્ગે થઇને પ્રાણી સ્વર્ગલોકમાં જાય છે અથવા પિતૃલોકમાં જાય છે તે માર્ગ બે પ્રકારનો છે. એક પરમાત્માસંબંધી દેવયાનમાર્ગ (એટલે અર્ચિરાદિ માર્ગ) અને બીજો પિતૃયાન માર્ગ. (એટલે ધૂમાદિ માર્ગ.) તેમાં જે સાત્વિક ઉપાસક હોય છે, તે દેવયાનમાર્ગે થઇને અનુક્રમે મોક્ષને પામે છે અને રાજસ અથવા તામસ ઉપાસક, પુનર્જન્મને આપનારા પિતૃયાનમાર્ગે થઇને (પુણ્ય સંચય હોય ત્યાંસુધી અમુક અમુક દેવ-

---

* અર્થાત્ સ્વાધ્યાયનો અભાવ, વ્રતપાલનનો અભાવ, વાહીક દેશ અને કૌતૂહલ-આ ચારે વસ્તુઓ, અનુક્રમે વેદ, બ્રાહ્મણ, પૃથ્વી અને સ્ત્રીઓ -એ ચારેને દૂષણરૂપ ગણાય છે. એમ જાણવામાં આવ્યું છે કે, હાલ પંજાબ કહેવાતા દેશના એક ભાગનું નામજ પૂર્વે વાહીક હતું.

યોનિમાં રહીને) પુનર્જન્મને પામે છે.³⁰*

હવે, પૃથ્વીમાં (પિંડમાં-શરીરમાં) તથા અંતરિક્ષમાં (બ્રહ્માંડમાં) જ્યાં વાયુઓ વાય છે (એકત્ર થાય છે તે માર્ગો (વાયુને સંચાર કરવાનાં સ્થાનકો) સાત છે. તે વિષે હું અનુક્રમે કહું છું, સાંભળ.×³¹ પૂર્વોક્ત પૃથ્વીમાં તથા અંતરિક્ષમાં કેટલાએક સાધ્ય નામના+ દેવગણો તથા મહાબળવાન મહાભૂતો રહે છે, તેઓનો સમાન નામનો એક દુર્જયપુત્ર ઉત્પન્ન થયો.³² પછી તે સમાનને ઉદાન નામનો પુત્ર થયો, ઉદાનને વ્યાન નામનો પુત્ર થયો, વ્યાનને અપાન નામનો પુત્ર થયો અને અપાનને પ્રાણ નામનો પુત્ર થયો.³³ શત્રુઓને તપાવનારા અજિત પ્રાણને કોઈ પુત્ર જ થયો નથી.§ હવે, તે વાયુઓનાં ભિન્ન ભિન્ન કર્મોનું યથાર્થ રીતે હું વર્ણન કરૂં છું.³⁴ જે વાયુ પ્રાણીમાત્રને સર્વ પ્રકારની ચેષ્ટાઓ કરાવે છે અને સર્વ પ્રાણીઓને જીવાડે છે તે વાયુને 'પ્રાણ' કહેવામાં આવે છે.³⁵ જે વાયુ પ્રથમ કહેવાય છે અને પ્રથમમાર્ગમાં વહીને ધૂમાડાથી તથા ઉષ્ણતાથી ઉત્પન્ન થનારા મેઘસમુદાયોને ગતિમાન કરે છે તે વાયુનું નામ 'પ્રવહ' કહેવાય છે.³⁶ આ પ્રવહ વાયુ, ગગનમંડળમાં મેઘમાંહેના

---

* આ શ્લોકમાં દર્શાવેલા દેવયાનમાર્ગનું તથા પિતૃયાનમાર્ગનું છાંદોગ્ય ઉપનિષદ્‌માં વિસ્તારથી વર્ણન કરેલું છે.

× મનુષ્યના શરીરમાં કયા કયા વાયુઓ રહે છે, તેઓનાં સંચારસ્થાન કયાં છે, તેઓનો વર્ણ કેવો છે અને તેઓનું બીજ કયું છે, એ વિષે " નકુલીશયોગપારાયણ " નામના ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે:—

'प्राणो घ्राणाग्रहृन्नाभिपादांगुष्ठांतसंस्थितिः ॥
नील सोंकाररेफादिबीजेन विनियोजितः ॥ १ ॥
कृष्णोऽपानः कृकाटिस्थः पृष्ठपृष्ठांतपार्ष्णिगः॥
सतारकनकारांतबीजेन विनियोजितः ॥ २ ॥
चक्रचापनिभो व्यानस्त्वगिन्द्रियनिकेतनः ॥
तारकोपेतयातांतबीजतेजोविराजितः ॥ ३ ॥
मूर्धस्थो मध्यताध्यग्रकंठहृत्पत्तलाश्रयः ॥
उदानोह्यरुणच्छायस्तारकाक्रांतयांतयुक् ॥४॥
श्वेतः समानो हृन्नाभिसर्वसंधिनिकेतनः ॥
प्रणवाक्रांतलांतेन बीजेनात्यंतमुज्ज्वलः ॥ ५ ॥

શરીરમાં પહેલો પ્રાણ નામનો વાયુ છે. તેનું સંચારસ્થાન નાસિકાનો અગ્રભાગ, હૃદય, નાભિ અને પગના અંગુઠા સુધીનો ભાગ છે, તેનો વર્ણ ગળીના જેવો નીલ હોય છે અને તેનું બીજ ૐકારસહિત રેફનો આદિ વર્ણ છે-અર્થાત "ૐ **यम्**" એવું તેનું બીજ છે. બીજો વાયુ અપાન નામનો છે, તેનું સંચારસ્થાન ગરદન, વાંસો અને વાંસાથી આરંભીને છેક પાની સુધીનો ભાગ છે. તેનો વર્ણ શ્યામ છે અને તેનું બીજ ૐકારસહિત નકારનો છેલ્લો વર્ણ છે-અર્થાત્ 'ૐ **पम्**' એવું તેનું બીજ છે. ત્રીજો વાયુ વ્યાન નામનો છે.તેનું સંચારસ્થાન ત્વચા ઇંદ્રિય છે,તેનો વર્ણ ઇંદ્રધનુષના જેવો રંગબેરંગી છે અને તેનું બીજ ૐકારસહિત યકારના અંત્યનો અંત્ય વર્ણ છે-અર્થાત્ "ૐ **लम्**" એવું તેનું બીજ છે. ચોથો વાયુ ઉદાન નામનો છે. તેનું સંચારસ્થાન મસ્તક, તાલુનો મધ્યભાગ, કંઠ, હૃદય અને પગનાં તળીઆં છે અને તેનું બીજ ૐકારયુક્ત યકારનો અંત્ય વર્ણ છે-અર્થાત્ 'ૐ **रम्**' એવું તેનું બીજ છે. પાંચમો વાયુ સમાન નામનો છે. તેનું સંચારસ્થાન હૃદય, નાભિ અને સર્વ સાંધાઓ છે અને તેનું બીજ પ્રણવસહિત લકારનો અંત્ય વર્ણ છે-અર્થાત્'ૐ **वम्**' એવું તેનું બીજ છે." આ રીતે વાયુના પાંચ માર્ગોનું તે ગ્રંથમાં વર્ણન કરેલું છે. બાકીના -એટલે છટ્ઠો અને સાતમો માર્ગ તો જીવન્મુક્તિને તથા વિદેહમુક્તિને આપનારા છે, એમ આગળ કહેવાશે. **નીલકંઠ**

+ અહીં સાધ્ય નામના જે દેવગણો કહેવામાં આવ્યા છે તે શરીરમાં રહેનારી ઇંદ્રિયોનોજ પર્યાય છે; કેમકે ઇંદ્રિયોની સામાન્યવૃત્તિનેજ સમાન વગેરે વાયુઓનું નામ આપવામાં આવ્યું છે. સાંખ્યકારિકામાં પણ કહ્યું છે કે, "**सामान्या करणवृत्तिः प्राणाद्या वायवः पंच**"-ઇંદ્રિયોની સામાન્યવૃત્તિનેજ પ્રાણાદિ પાંચ વાયુઓ કહેવામાં આવે છે. મૂળમાં પૃથ્વી અને અંતરિક્ષ શબ્દથી પિંડ તથા બ્રહ્માંડજ વિવક્ષિત છે અને 'પિંડે તે બ્રહ્માંડે' એ ન્યાયપ્રમાણે પિંડ (શરીર) તથા બ્રહ્માંડનો અભેદજ માનવામાં આવ્યો છે.

§ અર્થાત પ્રાણવાયુનું બીજું કોઇ કાર્ય નથી, જેથી સર્વની અપેક્ષાએ તે સ્થૂલ છે. **નીલકંઠ**

જળસાથે મળી જઇને વિદ્યુતરૂપે થાય છે અને મહાતેજસ્વી બને છે.×”

બીજો (અપાન) વાયુ, જેનું નામ‘આવહ’ છે તે મોટી ગર્જના કરતો વાય છે. ઉપરાંત ચંદ્ર-આદિ જ્યોતિષ પદાર્થોનો ઉદયકર્તા છે અને પ્રાણીઓના શરીરમાં રહેલો જઠરાગ્નિ,તે વાયુની સહાયથીજ અન્નને ગ્રહણ +કરે છે, માટે વિદ્વાનો તેને“આદાન” પણ કહે છે. [૩૭,૩૮]

હવે, જે વાયુ ચારે સમુદ્રોમાંથી જળ લાવીને આકાશમાં રહેલા મેઘોની અંદર ધારણ કરી રાખે છે; વળી જે વાયુ મેઘમંડળમાં જળ ભરીને પર્જન્ય નામના વૃષ્ટિ કરનારા દેવને અર્પણ કરે છે, તે ત્રીજાવાયુને ‘ઉદ્વહ’કહેવામાં આવે છે. આ વાયુ અતિશય મોટો છે અને સદાકાળ ગતિ કરનારો છે. [૩૯,૪૦]

તેમજ જે વાયુ જૂદા જૂદા મેઘગણોને અનેક માર્ગે ખેંચી જાય છે, જેને લીધે એકત્ર થયેલા મેઘો વરસાદ વરસવાનો આરંભ કરે છે, જેના સામર્થ્યથી કોઇ સમયે એકઠા મળેલા અને કોઇ સમયે વિખરાઇ ગયેલા મેઘો મોટી મોટી ગર્જનાઓ કરીને ‘નદ’ નામને ધારણ કરે છે, જેની સહાયતાથી પ્રાણીઓનું રક્ષણ કરવામાટે ઉત્પન્ન થયેલાં વાદળાંઓ મેઘપણાને પામે છે અને જે વાયુ દેવગણોનાં વિમાનોને આકાશમાર્ગે વહે છે, તે ચોથા વાયુનું નામ ‘સંવહ’ છે. આ વાયુ મોટા મોટા પર્વતોને પણ તોડી પાડનારો છે. [૪૧–૪૩]

વળી જે વેગવાન વાયુ, ઘણોજ રૂક્ષ વાઇને પર્વતપર બેસી રહેલા મેઘોને છિન્નભિન્ન કરી નાખે છે,જેની સહાયથી મેઘો ‘બલાહક’* નામને ધારણ કરે છે, જેનો સંચાર દારુણ ઉત્પાતને સૂચવે છે અને જેની સાથે મોટી ગર્જના કરનારા મેઘો એકદમ ચઢી આવે છે, તે પાંચમો વાયુ ‘વિવહ’ નામે પ્રસિદ્ધ છે. આ વાયુનો વેગ ઘણોજ મોટો હોય છે. [૪૪,૪૫]

જેના વેગથી આકાશમાંનું દિવ્ય જળ પૃથ્વીપર નહિ પડતાં આકાશમાંજ વહે છે,જે વાયુ આકાશગંગાના પવિત્ર જળને આકાશમાંજ સ્થિર કરી રાખે છે અને જેનાવડે આખી પૃથ્વીને પ્રકાશિત કરનારો તથા એક હજાર કિરણોવાળો સૂર્ય પણ જાણે એકજ કિરણવાળો હોય તેવો દેખાય છે અને જેના બળથી ચંદ્રમા ક્ષીણ હોવા છતાં પણ સંપૂર્ણ મંડળવાળો થઇને વૃદ્ધિ પામે છે, તે છઠ્ઠો વાયુ ‘પરિવહ’નામે પ્રસિદ્ધ છે. આ વાયુ, વિજય કરનારાઓમાં શ્રેષ્ઠ ગણાય છે. [૪૬–૪૮]

હે અધ્યાત્મનું ચિંતન કરનારા પુત્ર! તું તારી શાંત બુદ્ધિથી સારી રીતે વિચારી જો કે, પ્રલયકાળે જે વાયુ પ્રાણીમાત્રના પ્રાણોનો સંહાર કરે છે, અરે ! એટલુંજ નહિ પણ મૃત્યુ અને યમ પણ જેના માર્ગને નિત્ય અનુસરે છે, વળી જે વાયુ નિરંતર ધ્યાનમાંજ રમણ કરનારા યોગી પુરુષોને મોક્ષ આપવાને સમર્થ છે, જેનો આશ્રય કરીને દક્ષ પ્રજાપતિના દશહજાર પુત્રો, વેગપૂર્વક દિશાઓના અંતને પામીગયા છે (અ-

---

×ટીકાકાર નીલકંઠ આ શ્લોકનો ભાવ દર્શાવતાં લખે છે કે, પૂર્વોક્ત નાસિકા, હૃદય, નાભિ અથવા પગનો અંગુઠો–વગેરે કોઇએક સ્થાનમાં નીલ વર્ણવાળા પ્રાણવાયુને રૂંધીને “ॐ **यम्**” એવા બીજશરીરનું ધ્યાન કરનારો યોગી, કેટલેક કાળે એવા પ્રકારની સિદ્ધિને પામે છે કે,તે જીવતા શરીરથીજ પ્રવહવાયુના માર્ગમાં સંચાર કરી શકે છે અને દેહાંતે પ્રવહવાયુના સ્વરૂપને પામે છે.

+ અપાન વાયુ જઠરાગ્નિનો ઉદ્દીપક છે. એના સંબંધમાં યોગી યાજ્ઞવલ્કય કહે છે કેઃ–

‘स्वयंत्वपानं संप्राप्य तेनैव सह मारुतः ॥
प्रवाति ज्वलनं तत्र प्राणो मध्यगतं पुनः॥१॥
वायुना वाजितो वह्निरपानेन शनैः शनैः॥
तदा ज्वलति विप्रेन्द्रे सकले देहमध्यगे॥२॥

હે શ્રેષ્ઠ બ્રાહ્મણિ ગાર્ગિ ! પ્રાણવાયુ પોતે અપાનની સમીપમાં આવી તે દ્વારા જઠરના અગ્નિને પ્રદીપ્ત કરે છે. આ રીતે અપાનવાયુ જઠરના અગ્નિને ધીમે ધીમે વધારે છે, ત્યારે જઠરાગ્નિ આખા શરીરમાં પ્રજ્વળી ઉઠે છે.”

નીલકંઠ

*બીજાના બળનો નાશ કરીને જે ગતિ કરે તેને બલાહક કહે છે.

ર્થાત બ્રહ્માંડને ભેદીને મોક્ષમાર્ગે ચાલ્યા ગયા છે) અને સંસારથી પરાભવ પામેલો પુરુષ (નિર્બીજ સમાધિ અવસ્થામાં) જેનો સ્પર્શ કરતાંજ પરમ પદને પામી જાય છે, પણ સંસારમાં પુનઃ પાછો ફરતો નથી, તે સાતમો વાયુ ‘પરાવહ’ નામે પ્રસિદ્ધ છે.આ વાયુ મહાદુર્જય છે.[૪૯-૫૨]

આ પ્રમાણે ×અદિતિના પુત્ર તે સાતે વાયુઓ, પરમ આશ્ચર્યકારક કર્મ કરનારા છે, નિરંતર અસ્ખલિત રીતે વાયા કરે છે, સર્વત્ર ગમન કરનારા છે અને સર્વને ધારણ કરી રાખનારા છે; પણ આ સમયે આ એક મોટું આશ્ચર્ય થયું છે કે, પર્વતોમાં શ્રેષ્ઠ આ હિમાલય પણ અત્યંત જોસથી વાયેલા તે વાયુના વેગથી એકદમ કંપી ઉઠ્યો છે.[૫૪] હે તાત! આ વાયુ, વ્યાપક દેવ પરમાત્માના શ્વાસરૂપ ગણાય છે. તેનો વેગ જ્યારે વધી પડે છે અને એકાએક તે વાવા માંડે છે, ત્યારે આખું જગત એકદમ ગભરાઈ જાય છે;+[૫૫]માટે વેદવેત્તા પુરુષો બહારનો વાયુ જ્યારે જોસથી વાતો હોય,ત્યારે વેદનું અધ્યયન કરતા નથી; કેમકે વાયુને (પરમાત્માના શ્વાસરૂપ વેદને) વાયુનો ભય હોય છે અને બાહ્યવાયુના સુસવાટાથી વેદરૂપ બ્રહ્મને(અથવા જગતરૂપ બ્રહ્મને) પીડા થાય છે.”[૫૬]

એ પ્રમાણે કહીને પરાશરના સમર્થ પુત્ર વ્યાસ, (વાયુ જ્યારે બંધ થયો ત્યારે) “હવે તું વેદાધ્યયન કર” એમ શુકદેવને કહીને આકાશગંગાતરફ ચાલ્યા ગયા. [૫૭]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“શુકની ઉત્પત્તિ” એ વિષયનો
અધ્યાય ૩૨૮ મો સમાપ્ત.

અધ્યાય ૩૨૯ મો

શુકદેવને નારદનો ઉપદેશ

॥ भीष्म उवाच ॥

एतस्मिन्नंतरे शून्ये नारदः समुपागमत् ॥
शुकं स्वाध्यायनिरतं वेदार्थान् प्रष्टुमीहया ॥

ભીષ્મે કહ્યું:-“હે યુધિષ્ઠિર રાજા! વ્યાસ ગયા તે સમયે સ્વાધ્યાય કરવામાં આસક્ત થયેલા શુકદેવની પાસે નારદમુનિ આવ્યા. શુકદેવે પણ દેવર્ષિ નારદને ત્યાં આવેલા જોઈ વેદોક્ત વિધિ પ્રમાણે અર્ઘ્યપ્રદાન કરી વેદના અર્થવિષે પ્રશ્ન પૂછવાની ઇચ્છાથી તેમનો સત્કાર કર્યો.[૧,૨] પછી મનમાં પ્રસન્ન થયેલા નારદે આ પ્રમાણે કહ્યું:-“હે ધાર્મિકોમાં શ્રેષ્ઠ વત્સ ! બોલ, હું તારૂં શું કલ્યાણ કરૂં ? હું તારાપર પ્રસન્ન થયો છું.”

હે ભરતવંશી રાજા! નારદનાં એ વચન સાંભળીને શુકદેવ બોલ્યા:-“આ લોકમાં જે હિતકારક હોય, તે માર્ગ બતાવીને તમે મારૂં કલ્યાણ કરો.” [૩,૪]

નારદે કહ્યું:-“ પૂર્વે, જેઓએ ચિત્તશુદ્ધિ સંપાદન કરી હતી તેવા ઋષિઓએ તત્ત્વ જાણવાની જ્યારે ઇચ્છા કરી, ત્યારે ભગવાન સનત્કુમારે તેઓને આવો ઉપદેશ આપ્યો હતો.[૫] “વિધાસમાન નેત્ર નથી, સત્યસમાન તપ નથી, રાગસમાન દુઃખ નથી અને ત્યાગસમાન સુખ નથી.[૬] આ લોકનાં તથા પરલોકનાં પાપી કર્મોથી નિવૃત્ત થઇને નિત્ય પુણ્યશીલ થવું,

---

× અદિતિ એટલે ખંડનશૂન્ય અથવા દીનતારહિત એવું પરમ ચૈતન્ય સમજવું. આ સાતે વાયુ પરમ ચૈતન્યના પુત્રો છે-અર્થાત્ પરમ ચૈતન્યનાંજ ભિન્ન ભિન્ન રૂપો છે.

+ આ શ્લોકનો ભાવાર્થ ટીકાકાર નીલકંઠે આ પ્રમાણે લખ્યો છે:-

“अस्य महतो भूतस्य निःश्वसित मेतद्य दृग्वेदो यजुर्वेदः सामवेदः”—

ઋગવેદ, યજુર્વેદ અને સામવેદ, મહાભૂત-પરમાત્માના એક નિઃશ્વાસરૂપજ છે.” આ શ્રુતિવચન પ્રમાણે વેદ, પરમાત્માનો નિઃશ્વાસજ છે, જેથી તે વેદનો અકસ્માત્ ઉચ્ચસ્વરે સ્વાધ્યાય કરવામાં આવે, ત્યારે આખું જગત વ્યથા પામી જાય; એટલુંજ નહિ પણ મૂળપુરુષના નિઃશ્વાસરૂપ વેદનું એકાએક ઉચ્ચસ્વરે પઠનપાઠન કરવામાં આવે તો કદાચિત્ સર્વ જગતનો સંહાર પણ થઇ જાય ! માટે બહારનો વાયુ જ્યારે ઘણા જોસથી ફુંકાતો હોય, ત્યારે પરમાત્માના શ્વાસરૂપ ગણાતા વેદનું અધ્યયન કરવું નહિ.

વૃત્તિને ઉચ્ચ બનાવવી અને યોગ્ય સદાચાર પાળવો–તે સર્વોત્તમ શ્રેય છે.[૭] આ મનુષ્યજન્મ, જે અતિદુર્લભ છે તેને પામીને જે પુરુષ સંસારમાં આસકત રહે છે, તે મૂઢ છે અને તેવો (સંસારાસકત) મનુષ્ય, દુઃખથી મુકત થવામાટે કદી સમર્થ થઈ શકતો નથી; કેમકે આસકિતજ દુઃખનું સામાન્ય લક્ષણ છે.[૮] જે પુરુષ સંસારમાં આસકત રહે છે, તેની બુદ્ધિ મોહજાળને વધારનારી થઇ પડે છે, જેથી વાસ્તવિક સુખથી તે ભ્રષ્ટ થાય છે; એટલુંજ નહિ પણ મોહજાળમાં ફસાઈ રહેલો તે પુરુષ આ લોકમાં તથા પરલોકમાં દુઃખી થાય છે.[૯] જે પુરુષને શ્રેય સંપાદન કરવાની ઈચ્છા હોય, તેણે હરકોઇ ઉપાય કરીને પણ કામ તથા ક્રોધનો નિગ્રહ કરવો; કેમકે મનુષ્યના શ્રેયનો ઘાત કરવામાટે કામ તથા ક્રોધજ નિત્ય તત્પર રહે છે.[૧૦] ક્રોધથી નિત્ય તપની રક્ષા કરવી, મત્સરથી લક્ષ્મીની રક્ષા કરવી, માન તથા અપમાનથી વિદ્યાની રક્ષા કરવી અને પ્રમાદથી પોતાના આત્માની રક્ષા કરવી.[૧૧] દયા એ પરમ ધર્મ છે, ક્ષમા એ પરમ બળ છે, આત્મજ્ઞાન એ પરમ જ્ઞાન છે અને સત્યસમાન બીજું શ્રેય નથી.[૧૨] સત્ય વચન બોલવું તે શ્રેયસ્કર છે, તોપણ તેવા કોઇ પ્રસંગે જેમાં અનેકનું હિત સમાયલું હોય તેવું અસત્ય વચન પણ અધિકાધિક શ્રેયસ્કર છે; માટે હું તો એમજ માનું છું કે, પ્રાણીમાત્રનું જેમાં હિત સમાયલું હોય તેજ અત્યંત સત્ય છે.[૧૩] જેણે સર્વ આરંભોનો ત્યાગ કર્યો છે, સર્વ આશાઓને તિલાંજલિ આપી છે, પરિગ્રહમાત્રને છોડી દીધો છે અને સર્વ વાસનાઓનો પણ ત્યાગ કર્યો છે, તેજ ખરો વિદ્વાન છે અને તેજ ખરો પંડિત છે.[૧૪] જે પુરુષ ઇંદ્રિયોના વિષયોનો, પોતાને વશ રહેનારી ઇંદ્રિયોદ્વારા ઉપભોગ કરે છે, વિષયોમાં આસક્ત નહિ થઇને શાંતચિત્ત રહે છે, વિકારોથી રહિત થાય છે, ચિત્તને આત્મધ્યાનમાંજ એકાગ્ર કરે છે અને દેહ તથા ઇંદ્રિયાદિકની સાથે તદાકાર થયાવિના તેઓની સાથે રહે છે છતં તેઓથી ભિન્નજ વર્તન કરે છે, તે જીવન્મુકત પુરુષ અલ્પસમયમાંજ પરમશ્રેય સંપાદન કરે છે.[૧૫,૧૬] હે મુનિ! જે પુરુષ કોઈપણ પ્રાણીનું દર્શન કરતો નથી, કોઇપણ પ્રાણીનો સ્પર્શ કરતો નથી અને કોઇ પણ પ્રાણીસાથે વાર્તાલાપ કરતો નથી, તે પુરુષને પરમ શ્રેય પ્રાપ્ત થાય છે.[૧૭] કોઇપણ પ્રાણીની હિંસા કરવી નહિ પણ પ્રાણીમાત્રસાથે મિત્રભાવ રાખી વર્તવું. આ મનુષ્યજન્મ પામીને કોઇની સાથે વૈર તો કરવુંજ નહિ.[૧૮] વિદ્વાનો કહે છે કે, પરિગ્રહનો ત્યાગ કરવો, અત્યંત સંતુષ્ટ રહેવું, આશાઓથી મુક્ત થવું અને ચપલતાથી રહિત થવું–તેજ મનને વશ રાખનારા આત્મવેત્તા પુરુષને પરમ શ્રેયસ્કર છે.[૧૯] હે તાત! તું પણ પરિગ્રહનો ત્યાગ કરીને જિતેન્દ્રિય થા અને જે સ્થાન આ લોકમાં તથા પરલોકમાં શોક અને ભયથી રહિત છે તે સ્થાનનો આશ્રય કર.[૨૦] હે સૌમ્ય! ધનાદિ ભોગ્ય પદાર્થોનો ત્યાગ કરનારા પુરુષો કદી શોકાતુર થતા નથી; માટે પોતાના (પોતાના ન હોવા છતાં પોતાના ગણાતા) ધનાદિ ભોગ્ય પદાર્થોનો ત્યાગ કરવો. તું તે ભોગ્ય પદાર્થોનો જો ત્યાગ કરીશ, તો દુઃખના તાપથી મુક્ત થઇશ.[૨૧] જે મુનિ નિત્ય તપશ્ચરણ કરતો હોય, દમગુણને ધારણ કરતો હોય, મનને વશ રાખતો હોય અને મોક્ષરૂપ અજિત સ્થાનને જીતવા ઇચ્છતો હોય, તેણે સંસારસંગના કારણરૂપ વિષયોનો કદી સંગજ ન કરવો.[૨૨] જે બ્રહ્મનિષ્ઠ પુરુષ, ગુણના સંગવાળા વિષયોમાં આસક્તિ રાખતા નથી અને એકલા વિચરવામાંજ આનંદમગ્ન રહે છે, તે પુરુષને અલ્પ સમયમાંજ અતિ ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે.[૨૩] જે મુનિ સુખદુઃખાદિ દ્વંદ્વોમાં રમણ કરનારાં પ્રાણીમાત્રમાં પોતે એકલોજ રમણ કરે છે, તેને તારે ઉચ્ચ જ્ઞાનથી તૃપ્ત થયેલો જાણવો અને તેવો જ્ઞાનતૃપ્ત પુરુષ કદી શોક કરતો નથી.[૨૪] પ્રાણી કેવળ શુભ કર્મોથી દેવજન્મ પામે છે, શુભ–અશુભ મિશ્રકર્મોથી મનુષ્યજન્મ પામે છે અને કેવળ અશુભ કર્મોથી પશુપક્ષીનો અધમ જન્મ પામે છે. આ રીતે પ્રાણી કેવળ પરાધીન છે.[૨૫] આ સંસારમાં મૃત્યુ અને જરાથી ઉત્પન્ન

થનારાં દુઃખો નિત્ય પ્રાણીને લાગુજ રહે છે અને તે તે દુઃખોથી પ્રાણી અત્યંત પીડાય છે; છતાં તું કેમ સમજતો નથી?[૨૬] તું તારા અહિતને હિત માને છે, નાશવંત પદાર્થને અવિનાશી માને છે અને અનર્થકારક પદાર્થને અર્થકારક માને છે; પરંતુ તું સત્યવસ્તુને કેમ સમજતો નથી? [૨૭] જેમ કોષેટો (રેશમ બનાવનારો કીડો) પોતે બનાવેલા અનેક તંતુઓથી પોતાનેજ બાંધે છે છતાં મોહને લીધે કંઇ સમજતો નથી, તેમ તું પણ તેં કરેલાં કર્મોથી તને પોતાનેજ બાંધે છે છતાં અજ્ઞાનને લીધે કંઈ સમજતો નથી.[૨૮] તારે પરિગ્રહનો સર્વથા ત્યાગ કરવો જોઇએ–પરિગ્રહ કરવાની તારે કંઈ જરૂર નથી, કેમકે પરિગ્રહજ દોષોનું મુખ્ય સ્થાન છે. જો, પરિગ્રહને લીધેજ કોષેટો બંધાય છે–નાશ પામે છે.[૨૯] જેમ વનના વૃદ્ધ હાથીઓ તળાવના કીચડમાં પડીને પીડાય છે તેમ પુત્ર, સ્ત્રીઆદિ કુટુંબપરિવારમાં આસક્તિ રાખનારાં પ્રાણીઓ પીડાય છે.[૩૦] જેમ મોટી જાળમાં ફસાઇને બહારના નિર્જળ પ્રદેશમાં આકર્ષાઈ આવેલાં માછલાંઓ ઘણાંજ દુઃખી થાય છે,તેમ સ્નેહજાળમાં ફસાઈને સંસારપ્રદેશમાં આકર્ષાયલાં પ્રાણીઓ પણ અતિશય દુઃખી થાય છે, તે તું જો.[૩૧] કુટુંબ, પુત્ર, સ્ત્રી, શરીર અને ધનાદિનો સંગ્રહ વગેરે સર્વ પદાર્થો પારકા છે અને નાશવંત છે; માત્ર પુણ્ય અને પાપજ પોતાનાં ગણાય છે. [૩૨] (જ્યારે મૃત્યુનો સંદેશ આવશે ત્યારે) સંસારના સર્વ પદાર્થોનો ત્યાગ કરીને તારે એકલાનેજ પરાધીન અવસ્થાએ જવાનું છે; તો પછી તું અનર્થને કેમ વળગી રહ્યો છે અને પુણ્યકર્મનું કેમ આચરણ કરતો નથી?[૩૩] મરણ પછી તારે જે માર્ગે પ્રયાણ કરવાનું છે, તે માર્ગ વિશ્રાંતિસ્થળથી રહિત છે, આશ્રયવિનાનો છે,. ભોજનમાટે ભાથું પણ ત્યાં મળતું નથી, માર્ગદર્શક ભોમીયો પણ ત્યાં છે નહિ અને કેવળ અંધકારને લીધે ઘનઘોર અરણ્યના જેવોજ તે જણાય છે. આવા માર્ગે તું એકલો કેવી રીતે જઇ શકીશ?[૩૪] તું અહીંથી જ્યારે ચાલી નીકળીશ, ત્યારે તારી પાછળ કોઇ આવશે નહિ; માત્ર પુણ્ય અને પાપજ તારી પાછળ પાછળ આવશે.[૩૫] વિદ્યા, કર્મ, શૌચ અને મોટા વિસ્તારવાળું જ્ઞાન–એ સર્વને કેવળ પરમાત્માની પ્રાપ્તિરૂપ પ્રયોજનને માટેજ આપણે અનુસરીએ છીએ; પરંતુ તે પ્રયોજન સિદ્ધ થઈ ગયા પછી તે સર્વનો અત્યંત ત્યાગ કરવામાં આવે છે.[૩૬] મનુષ્યે, ગામમાં નિવાસ કરીને સ્ત્રીપુત્રાદિ પરિવારપર પ્રીતિ કરવી તેજ તેને જકડી બાંધનારી એક દોરી છે; માટે પુણ્યશાળી પુરુષો તેને કાપી નાખીને ચાલ્યા જાય છે પણ પાપી પુરુષો તેને કાપી શકતા નથી.[૩૭] આ સંસારરૂપ એક નદી છે. તેને મનુષ્યે અવશ્ય તરી જવી જોઇએ. આ નદીનો રૂપવિષય તેજ કાંઠો છે, મનરૂપ પ્રવાહ છે, સ્પર્શ વિષયરૂપ બેટ છે, રસ વિષયરૂપ વહેણ છે, ગંધ વિષયરૂપ તેમાં કીચડ છે, શબ્દ વિષયરૂપ તેમાં જળ છે અને સ્વર્ગના માર્ગ તરફ તે મહાકષ્ટથી વહી જનારી છે;[૩૮] માટે આ નદી તરવી હોય તેણે ક્ષમારૂપ હલેસાંવાળી, ધર્મમાં સ્થિરતારૂપ દોરડાંવાળી, દાનરૂપ વાયુથી ભરેલા શઢવાળી અને ઘણી ઝડપથી માર્ગ કાપનારી સત્યરૂપ નૌકા પ્રથમ તૈયાર કરવી અને પછી તે નદીને તરી જવી.[૩૯] તું ધર્મનો, અધર્મનો, સત્યનો તથા અસત્યનો ત્યાગ કર અને સત્ય તથા અસત્યનો ત્યાગ કર્યા પછી જેનાવડે તું સર્વનો ત્યાગ કરે છે તેનો પણ ત્યાગ કર.[૪૦] (અર્થાત્ સંકલ્પ નહિ કરીને તું ધર્મનો ત્યાગ કર.) લાલચનો ત્યાગ કરીને અધર્મનો ત્યાગ કર, સત્ય તથા અસત્યનો બુદ્ધિવડે ત્યાગ કર અને પરમ તત્ત્વનો નિશ્ચય કરીને બુદ્ધિનો પણ ત્યાગ કર.[૪૧] મનુષ્યનું આ શરીર એક ઘરના જેવું છે; કેમકે હાડકાંઓની તેમાં થાંભલીઓ ઉભી કરી છે, સ્નાયુઓરૂપી તેમાં દોરડીઓ બાંધી છે, માંસ અને રુધિરનું તેમાં લીંપણ કરેલું છે, ચામડીથી તેને મઢી દીધેલું છે, અનેક દુર્ગંધી પદાર્થોથી તે ભરપૂર છે, મૂત્ર અને વિષ્ઠાથી તે વ્યાપ્ત છે, જરા અને શોકથી તે ઘેરાયલું છે, રોગોનું એક નિવાસસ્થાન છે, દુઃખસમયે આ-

તુર થનારૂં છે, રજોગુણરૂપી ધૂળથી તે ખરડાયલું છે અને વળી અનિત્ય પણ છે; માટે દેહપરની મમતાનો તું ત્યાગ કર.[૪૨,૪૩] આ સમગ્ર જગત, જે સ્થાવર અને જંગમ–એમ બે પ્રકારનું છે, તે પાંચ મહાભૂત, બુદ્ધિ, પાંચ ઇંદ્રિયો, પાંચ પ્રાણ અને ત્રણ ગુણનો સમુદાય એ સત્તર તત્ત્વોથી બનેલું છે. વળી એ સત્તર તત્ત્વોનો સમુદાય અવ્યકત કહેવાય છે. (અને દેહના નાશ પછી તે સમુદાયજ પરલોકમાં જનારો છે).[૪૪,૪૫] તેમજ એ સત્તર તત્ત્વોમાં ઇંદ્રિયોના પાંચ વિષયો, અહંકાર અને પ્રકૃતિ–એ સાત તત્ત્વોની ઉમેરણી થતાં વ્યકત તથા અવ્યકતમય ચોવીસ તત્ત્વો થાય છે અને આ ચોવીસ તત્ત્વો સાથે યુક્ત થનારૂં જે ચૈતન્ય તેને ‘પુરુષ’ કહેવામાં આવે છે. (આ રીતે પચીસે તત્ત્વોને જાણીને) જે પુરુષ ધર્મ, અર્થ, કામ, સુખ, દુઃખ, જીવિત અને મરણ–એ કોને પ્રાપ્ત થાય છે, આ વિષયને યથાર્થરીતે જાણે છે, તે પુરુષ ઉત્પત્તિ તથા નાશના સંબંધમાં પણ યથાર્થરીતે જાણી શકે છે; માટે જૂદાં જૂદાં અનેક જ્ઞાનોમાં જે કંઇ જાણવા યોગ્ય હોય છે, તેને પરંપરાથી અથવા અનુક્રમથી જાણવું.[૪૬–૪૮] આ જગતમાં જે પદાર્થને ઇંદ્રિયો ગ્રહણ કરી શકે છે તે ‘વ્યક્ત’ કહેવાય છે, પણ જે પદાર્થને ઇંદ્રિયો ગ્રહણ કરી શકતી નથી પરંતુ અનુમાનથીજ જાણી શકાય છે, તેને ‘અવ્યક્ત’ કહેવામાં આવે છે.[૪૯] જેમ એક તૃષાતુર મનુષ્ય જળની ધારાઓનું પાન કરીને તૃપ્ત થાય છે, તેમ એક દેહધારી મનુષ્ય ઇંદ્રિયોને જો નિયમમાં રાખે છે તો તૃપ્ત થાય છે; એટલુંજ નહિ પણ તે જિતેન્દ્રિય મનુષ્ય પોતાના આત્માને સર્વ જગતમાં વ્યાપ્ત થયેલો જુએ છે અને સમગ્ર જગતને પોતાના આત્મામાં વ્યાપ્ત થયેલું જુએ છે.[૫૦] જે પુરુષ સર્વ અવસ્થાઓમાં પ્રાણીમાત્રને સર્વદા આત્મારૂપે જુએ છે, તેને પર તથા અપર પદાર્થોનું જ્ઞાન થાય છે અને તેની જ્ઞાનમૂલક શકિત કદી નાશ પામતી નથી.[૫૧] જે પુરુષે મોહથી ઉત્પન્ન થનારા અનેક કલેશોનું જ્ઞાનદ્વારા ઉલ્લંઘન કરેલું છે, તેને પ્રાણીમાત્રનો સંયોગ હોવા છતાં કોઇ અશુભની સાથે સંયોગ થતો નથી;[૫૨] તેમજ આત્મવેત્તા પુરુષના બુદ્ધિપ્રકાશને લીધે જગતમાં લોકમાર્ગનો કદી નાશ થતો નથી. મોક્ષનો ઉપાય જાણનારા ભગવાન સનત્કુમારે કહ્યું છે કે, પ્રાણીના શરીરમાં રહેલો જીવાત્મા આદિતથા અંતથી રહિત છે, અવિકારી છે, અકર્તા છે અને અમૂર્તિમાન છે. જે પ્રાણી, પોતાનાં પૂર્વજન્મનાં કર્મોને લીધે નિત્ય દુઃખી રહે છે, તે પોતાનાં દુઃખોનો નાશ કરવામાટે બીજાં અનેક પ્રાણીઓનો સંહાર કરે છે; પરંતુ તે હિંસાકર્મને લીધે બીજાં ઘણાં નવાં કર્મો એકઠાં કરે છે.[૫૨–૫૫] જેમ એક રોગી મનુષ્ય, અપથ્ય પદાર્થોનું સેવન કરીને પુનઃ અધિકાધિક રોગી થતો જાય છે, તેમ મોહથી અંધ બનેલો મનુષ્ય પણ દુઃખને ઉત્પન્ન કરનારાં કર્મોમાં સુખ થવાની ભ્રમણામાં પડી જઇને નિત્ય અધિકાધિક મોહગ્રસ્ત થતો જાય છે. (અને નવાં નવાં પાપકર્મો ઉત્પન્ન કરે છે.)[૫૬] જેમ દહીં વલોવવાના રવૈયાને પ્રથમ બાંધીને મથવામાં આવે છે, તેમ મોહાંધ બનેલા મનુષ્યને તેનાં કર્મો, પ્રથમ બાંધી લે છે અને પછી પોતાના ઉદયકાળે તે તે યોનિમાં જન્મ આપીને અનેક દુઃખોદ્વારા મથે છે.[૫૭] આ રીતે કર્માધીન બનેલો મનુષ્ય વિવિધ પ્રકારની વેદનાઓથી ગ્રસ્ત થઇને ચક્રની પેઠે સંસારમાં ભમ્યા કરે છે; માટે તે કર્મરૂપ બંધનોથી નિવૃત્ત થઇને તું સર્વજ્ઞ થા, સર્વને જીતનારો થા અને સંસારના ભાવોનો ત્યાગ કરીને સિદ્ધ થા; કેમકે ધારણા, ધ્યાન અને સમાધિરૂપ સંયમથી તથા પોતાના તપોબળથી કર્મોનાં નવીન બંધનોને દૂર કરીને અનેક પુરુષો નિર્બાધ અને સુખજનક સિદ્ધિને પામ્યા છે.”[૫૮,૫૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં અધ્યાય ૩૨૯ મો સમાપ્ત.

અધ્યાય ૩૩૦ મો

નારદનો ઉપદેશ (ચાલુ)

॥ नारद उवाच ॥

अशोकं शोकनाशार्थं शास्त्रं शांतिकरं शिवम्॥
निशम्य लभते बुद्धिं तां लब्ध्वा सुखमेधते ॥

નારદે કહ્યું:-“હરકોઈ મનુષ્ય, શોકનો નાશ કરવામાટે શોકને દૂર કરનારાં, શાંતિજનક અને કલ્યાણકારક શાસ્ત્રનું જો શ્રવણ કરે છે, તો નિશ્ચયવાળી બુદ્ધિને પામે છે અને તે દ્વારા સુખી થાય છે.[1] જગતમાં શોકજનક તથા ભયજનક હજારો ને સેંકડો સ્થાનકો છે; પરંતુ તેઓની અસર પ્રતિદિન મૂઢ મનુષ્યનેજ થાય છે, બુદ્ધિમાનને થતી નથી;[2] માટે સર્વ અનિષ્ટોનો નાશ કરવા માટે હું તને એક ઉપાય કહું છું, તેને તું સાંભળ. મનુષ્યની બુદ્ધિ, જો વશ રહે છે તોજ તેના શોકનો નાશ થાય છે.[3] જેઓની બુદ્ધિ અતિ અલ્પ હોય છે, તેવા મનુષ્યો અપ્રિયના સંયોગથી તથા પ્રિયના વિયોગથીજ સર્વ માનસિક દુઃખોને પામે છે.[4] જે દ્રવ્ય ભૂતકાળમાં પોતાની પાસે હોય અને વર્તમાનકાળમાં પોતાની પાસેથી ચાલ્યું ગયું હોય, તે દ્રવ્યના ગુણોનો કદી વિચાર કરવો નહિ; કેમકે તેના ગુણોનો વિચાર કરનારો મનુષ્ય તે સાથેના સ્નેહબંધનથી છૂટી શકતો નથી.[5] મનુષ્યને જે જે વસ્તુ ઉપર રાગ થાય તે તે વસ્તુ ઉપર તેણે દોષદૃષ્ટિ કરવી અને તે વસ્તુ અનિષ્ટવર્ધક છે એમ જોવું; આમ કરવાથી તુરતજ તે વસ્તુ ઉપર વિરાગ થાય છે.[6] જે મનુષ્ય ગયેલી વસ્તુમાટે શોક કરે છે તેને ધર્મ, અર્થ કે યશ કદી મળતાં નથી; તેમજ જે વસ્તુનો એક સમયે અભાવ થયેલો હોય છે, તે વસ્તુ તેના સ્વામી પાસે પાછી કદી આવતી નથી.[7] પ્રાણીમાત્રનો ગુણોસાથે સંયોગ થાય છે, તેમજ તેઓની સાથે વિયોગ પણ થાય છે; માટે આવી સર્વસામાન્ય બાબતમાં કોઇ એકજ પ્રાણીને શોક કરવાનું કંઇ સ્થાન નથી.[8] જે પ્રાણી પોતાનો કોઇ સંબંધી મરણ પામ્યો હોય કે નાસી ગયો હોય, તેને માટે શોક કરે છે—અર્થાત ગયેલી વસ્તુનો જે શોક કરે છે, તેને તે દુઃખથી ઉલટું અધિક દુઃખ થાય છે; એટલુંજ નહિ પણ તેને પોતાની ઇષ્ટ વસ્તુના નાશરૂપ એક અનર્થ તો પ્રાપ્ત થયોજ હોય છે. તે ઉપરાંત પોતાના શરીરને સંતાપ થવારૂપ બીજો અનર્થ પ્રાપ્ત થાય છે.[9] જગતમાં જન્મમરણનો પ્રવાહ સદાકાળને માટે અવિચ્છિન્ન રીતે ચાલ્યા કરે છે, આવો પોતાની બુદ્ધિસાથે વિચાર કરીને ડાહ્યા પુરુષો મરેલાને માટે અશ્રુપાત કરતા નથી; કેમકે તેઓને જગતના સર્વ પદાર્થોનું સારીરીતે જ્ઞાન થયેલું હોય છે, તેથી અશ્રુપાત કરવો તે તેઓને યોગ્યજ લાગતું નથી.[10] જે સમયે શારીરિક અથવા માનસિક દુઃખ ઉપસ્થિત થાય, તે સમયે જો બની શકે તો તે દુઃખને દૂર કરવામાટે પ્રયત્ન કરવો; પણ તેમ ન બની શકે તો તેનો કંઇ વિચારજ કરવો નહિ.[11] દુઃખને દૂર કરવા માટે ખરૂં ઔષધ એજ છે કે, તેને માટે કોઈ પ્રકારનો વિચાર ન કરવો; કેમકે દુઃખસંબંધી વિચાર કરવાથી તે દૂર થતું નથી પણ ઉલટું તેથી અધિક થઇ પડે છે--અર્થાત દુઃખનો વિચાર કરવાથી તેમાં વધારોજ થાય છે.[12] મનુષ્યે પોતાના માનસિક દુઃખનો બુદ્ધિવડે નાશ કરવો અને શારીરિક દુઃખનો ઔષધોવડે નાશ કરવો, એજ વિજ્ઞાનનું સામર્થ્ય ગણાય છે; પરંતુ દુઃખ આવી પડે તે સમયે છેક બાળકો જેવા થઇ જવું નહિ.[13] મનુષ્યનું યૌવન, રૂપ, જીવન, દ્રવ્યસંગ્રહ, આરોગ્ય અને પ્રિયજનો સાથેનો સંવાસ—એ સર્વ આનત્ય છે—નાશવંત છે; માટે બુદ્ધિમાન પુરુષે તેમાં લુબ્ધ થવું નહિ.[14] જે દુઃખ સમગ્ર દેશપર આવી પડેલું હોય, તેને માટે કોઇ એકાદ મનુષ્યે શોક કરવો, તે યોગ્ય નથી; પણ તે દુઃખને દૂર કરવામાટે કોઈ ઉપાય જોવામાં આવતો હોય તો શોક નહિ કરતાં ઉપાય કરવામાટેજ તત્પર થવું.[15] મનુષ્યના આ જીવનમાં સુખ કરતાં દુઃખજ વધારે છે, એમાં કંઇ સંશય નથી. વળી મોહને અધીન થઇનેજ મનુષ્ય ઇંદ્રિયોના વિષયોપર સ્નેહ કરે

છે અને મરણને અપ્રિય માને છે.[૧૬] જે પુરુષ સુખ તથા દુઃખ--એ બન્નેનો ત્યાગ કરે છે, તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.વળી તેવા પુરુષને માટે પંડિતોને અત્યંત શોક પણ કરવો પડતો નથી.[૧૭] સામાન્ય એવો નિયમ છે કે, ધનને સંપાદન કરતીવેળા,તેનો ત્યાગ કરતીવેળા અને તેનું રક્ષણ કરતીવેળા મનુષ્યમાત્રને દુઃખજ થાય છે; માટે તે દુઃખજનક ધનનો જ્યારે નાશ થઈ જાય, ત્યારે કંઇ વિચારજ કરવો નહિ.[૧૮] મનુષ્યો જેમ જેમ વિશેષ ધનવાન થતા જાય છે, તેમ તેમ તેઓ અતૃપ્તજ રહે છે અને અંતે તેવી અતૃપ્ત અવસ્થામાંજ તેઓ નાશ પામે છે; માટે બુદ્ધિમાન પુરુષો સદાય સંતુષ્ટજ રહે છે.[૧૯] આ જગતમાં જેટલા જેટલા દ્રવ્યાદિકના સંગ્રહો છે, તેઓનું પરિણામ નાશ છે, ચઢતીનું પરિણામ પડતી છે, સંયોગનું પરિણામ વિયોગ છે અને જીવનનું પરિણામ મરણ છે.[૨૦] ખરેખર, તૃષ્ણાનો કદી અંતજ આવતો નથી, માટે સંતોષજ પરમ સુખરૂપ છે અને આવા હેતુથીજ પંડિતો સંતોષને ધનરૂપ માને છે.[૨૧] પ્રાણીનું આયુષ્ય નિત્ય ચાલ્યુંજ જાય છે, એક નિમેષ જેટલા સમયસુધી પણ તે ઉભું રહેતું નથી. આ રીતે પોતાનાં શરીરોજ કેવળ અનિત્ય છે, તો પછી તેનો સંબંધ ધરાવનારા કયા પદાર્થને નિત્ય માનવો?[૨૨] જે ભાવ (પરમાત્મા) પ્રાણીમાત્રમાં સ્થિતિ કરી રહ્યો છે અને મનનો અવિષય છે, તે ભાવનો બુદ્ધિપૂર્વક વિચાર કરીને જે પુરુષો જ્ઞાનમાર્ગે ગમન કરે છે, તેઓ કદી શોક કરતા નથી, પણ પરમ ગતિનો સાક્ષાત્કાર કરે છે.[૨૩] મનુષ્ય હજી વિષયોની શોધમાંજ ઘૂમ્યા કરતો હોય છે અને વિષયવાસનાઓથી હજી અતૃપ્તજ રહ્યો હોય છે, તેવામાં તો વ્યાઘ્ર જેમ પશુ પાસે આવીને તેને લઈ જાય છે, તેમ મૃત્યુ તેને લઇ જાય છે.[૨૪] આમ હોવા છતાં પણ મનુષ્યે (મૃત્યુના) દુઃખમાંથી મુક્ત થવામાટે અવશ્ય ઉપાય શોધવો જોઇએ અને તે ઉપાય મળી આવે ત્યારે શોક કર્યાવિના તેનો આરંભ કરી દેવો જોઈએ. પછી જ્યારે દુઃખથી મુક્ત થવાય, ત્યારે સર્વ વિષયોનાં વ્યસનનો ત્યાગ કરવો.[૨૫] મનુષ્ય ધનવાન હોય કે નિર્ધન હોય પણ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ–એ પાંચ વિષયોમાં માત્ર ઉપભોગસિવાય તેને કંઇપણ મળતું નથી.[૨૬] પ્રાણીમાત્રને વિષયોનો સંયોગ થયા પહેલાં કદી દુઃખ થતું નથી; (કેમકે તે સમયે પ્રાણી પોતાની મૂળપ્રકૃતિમાંજ સ્થિતિ કરી રહ્યો હોય છે.) માટે વિષયોનો વિયોગ થયા પછી પણ પોતાની મૂળપ્રકૃતિમાં સ્થિતિ કરીને શોક કરવો નહિ.[૨૭] જેને જિતેન્દ્રિય થવું હોય, તેણે ધૈર્યના બળથી લિંગ તથા ઉદરના વેગને રોકવો, ચક્ષુના બળથી હાથ તથા પગના વેગને રોકવો, માનસિક બળથી ચક્ષુ તથા શ્રોત્રેન્દ્રિયના વેગને રોકવો અને બ્રહ્મવિદ્યાના બળથી મન તથા વાણીના વેગને રોકવો.[૨૮] જે વિદ્વાન પુરુષ પ્રશંસાપાત્ર અથવા નિંદાપાત્ર હરકોઈ વિષયપર આસક્તિનો ત્યાગ કરીને કેવળ નમ્રભાવે જગતમાં વિચરે છે,તે પુરુષ સુખી થાય છે.[૨૯] વળી જે પુરુષ કેવળ આત્મામાંજ રમણ કરતો બેસી રહે છે, સર્વ ઈચ્છાઓનો ત્યાગ કરે છે, સર્વ ભોગ્ય પદાર્થોમાં નિઃસ્પૃહ રહે છે અને નિત્ય એકલોજ વિચરે છે, તે પુરુષ સુખી થાય છે.[૩૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
અધ્યાય ૩૩૦ મો સમાપ્ત.

અધ્યાય ૩૩૧ મો

સંસારસંગનો ત્યાગ કરી શુકદેવનું કૈલાસ તરફ જવું.

॥ नारद उवाच ॥

सुखदुःखविपर्यासो यदा समनुपद्यते ॥
नैनं प्रज्ञा सुनीतं वा त्रायतेनापि पौरुषम् ॥१॥

નારદે કહ્યું:–“જ્યારે મનુષ્યને સુખમાં દુઃખબુદ્ધિ થાય છે અને દુઃખમાં સુખબુદ્ધિ થાય છે,ત્યારે જ્ઞાન, નીતિ કે પુરુષાર્થ–એમાંનું

કોઇ પણ તેનું રક્ષણ કરી શકતું નથી;[×][૧]માટે એ બુદ્ધિવિપર્યાસથી પોતાનું રક્ષણ કરવામાટે મનુષ્યે સ્વભાવથીજ યત્ન કરવો જોઇએ; કેમકે યત્ન કરનારો મનુષ્ય કદી નાશ પામતો નથી. આ વાતને લક્ષ્યમાં રાખી, પ્રત્યેક પુરુષે જરા, મરણ તથા રોગોથી પોતાના પ્રિય આત્માનો ઉદ્ધાર કરવો.[૨] જેમ દૃઢ ધનુર્ધારી પુરુષો, તીક્ષ્ણ અણીવાળાં બાણોનો પ્રયોગ કરીને શત્રુઓને વીંધી નાખે છે, તેમ શારીરિક તથા માનસિક રોગો પ્રાણીઓનાં શરીરોને દુઃખી કરી મૂકે છે;[૩]અને એ અવસ્થામાં અનેક પ્રકારની તૃષ્ણાઓથી વ્યથિત થયો હોય તથા જીવવાની ઈચ્છાથી ટળવળતો હોય, તોપણ રોગના ભોગ થઇ પડેલા તે પ્રાણીનું શરીર વિનાશ તરફજ આકર્ષાય છે.[૪] જેમ નદીઓના પ્રવાહો એક વખત વહી જઇને પુનઃ પાછા ફરતા નથી, તેમ રાત્રિઓ તથા દિવસો પણ મનુષ્યોના આયુષનું હરણ કરીને પસાર થઈ જાય છે; તેઓ પુનઃ કદી પાછા ફરતા નથી.[૬] શુક્લપક્ષ તથા કૃષ્ણપક્ષ અનુક્રમે નિત્ય ચાલ્યાં જાય છે અને સંસારમાં જન્મેલા મનુષ્યોને પ્રતિદિન ક્ષીણ કરતાં જાય છે; પરંતુ તેઓ એક નિમેષ જેટલા સમયસુધી પણ ઉભાં રહેતાં નથી.[૬] જરારહિત આ સૂર્યદેવ પ્રાણીમાત્રનાં સુખદુઃખને જરા જીર્ણ કર્યે જાય છે અને ફરી ફરીને ઉદયાસ્ત પામ્યા કરે છે.[૭] મનુષ્યોએ પૂર્વે કદી નહિ જોયેલા અને જેઓને માટે કદી શંકા પણ નથી કરી એવા તેઓના ઈષ્ટ–અનિષ્ટ ભાવોને લઇને રાત્રિઓ નિરંતર પસાર થતી જાય છે.[૮] હરકોઇ પુરુષની ક્રિયાનું ફળ જો પરાધીન ન હોત, તો જે જે વિષયની તે ઈચ્છા કરત તે તે વિષયને યથેષ્ટ રીતે મેળવી શકત.[૯] આ જગતમાં ઘણા મનુષ્યો સંયમી, ચતુર અને બુદ્ધિમાન હોય છે, છતાં તેઓ સર્વ કર્મોથી જો ભ્રષ્ટ હોય છે તો હરકોઈ કાર્યમાં નિષ્ફળજ થાય છે–અર્થાત્ બુદ્ધિમાન અને ચતુર પુરુષોને પણ પોતાનાં કર્મ પ્રમાણેજ ફળ મળે છે.[૧૦] આપણે જોઇએ છીએ કે, કેટલાએક અધમ પુરુષો, જેઓ છેક મૂર્ખ હોય છે, ગુણથી રહિત હોય છે અને ફળ મેળવવાની આશાથી મુક્ત હોય છે છતાં સર્વ વિષયોથી સંપન્ન હોય છે.[૧૧] મનુષ્યોમાં બીજો વળી એવો મનુષ્ય પણ જોવામાં આવે છે, કે જે નિરંતર હિંસા કરવામાંજ તત્પર રહેતો હોય અને લોકોને ઠગવાના કાર્યમાંજ આસક્ત રહેતો હોય છતાં નિત્ય સુખચેનમાંજ ઉછરી રહેલો હોય છે.[૧૨] કોઇએક આળસુ મનુષ્ય, કોઇ પ્રકારનો ઉદ્યમ કર્યાવિનાજ બેસી રહે છે છતાં તેને લક્ષ્મી આવી મળે છે;અને બીજો કોઈ ઉદ્યમી પુરુષ નિત્ય કર્મ કરવામાં તત્પર રહે છે છતાં તેને પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ મળતી નથી.[૧૩] આમ થવામાં તારે એમજ કહેવું જોઇએ કે, તેમાં પુરુષનો અપરાધ નથી પણ તેના સ્વભાવનો (પૂર્વકૃત કર્મનો) અપરાધ છે. જેમકે, પુરુષનું વીર્ય ઉત્પન્ન થાય છે બીજે સ્થળે અને જાય છે બીજે સ્થળે. વળી તેને સ્ત્રીની યોનિમાં મૂકવામાં આવે છે, ત્યારે તેમાંથી ગર્ભ ઉત્પન્ન થાય છે અને નથી પણ થતો. સારાંશ કે, સ્ત્રીની યોનિમાં દાખલ થયેલું પુરુષનું વીર્ય, આંબાના મોહોરની સ્થિતિનેજ પામે છે–અર્થાત જેમ આંબાના મોહોરમાં સર્વત્ર ફળ આવતાં નથી, કેટલોક મોહોર ખરી પણ પડે છે, તેમ પુરુષના વીર્યથી કોઇ સમયે ગર્ભ બંધાય છે અને કોઇ સમયે ગર્ભ નથી પણ બંધાતો.[૧૪,૧૫] કેટલાએક મનુષ્યો પુત્રની ઇચ્છા રાખે છે અને તેની સિદ્ધિને માટે યત્ન પણ કરે છે,છતાં તેઓને ત્યાં પુત્રની ઉત્પત્તિ થતી નથી; અને કેટલાએક મનુષ્યો,કોપેલા સર્પથી જેમ ત્રાસ પામે,તેમ ગર્ભની ઉત્પત્તિથી ત્રાસ પામે છે છતાં તેઓને ત્યાં મરણ પામીને જાણે જીવતો થયો હોય તેમ, આયુષ્માન પુત્ર જન્મે છે.[૧૭] કેટલાએક પુત્રલોભી મનુષ્યો, દેવદેવીઓનું યજન કરીને તથા વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ કરીને સીમંત જેવો શુભ પ્રસંગ પ્રાપ્ત કરે છે

× અર્થાત્ બુદ્ધિનો વિપર્યાસ, કેવળ નાશનુંજ કારણ બને છે–એટલે સંસારનુંજ કારણ બને છે.

અને દશ માસપર્યંત પુત્રોને ઉદરમાં ધારણ કરે છે, ત્યારે તેઓને ત્યાં કુલને કલંક લગાડનારા પુત્રો ઉત્પન્ન થાય છે;[૧૮] અને કેટલાએક મનુષ્યો તે પ્રકારનાંજ માંગલિક કર્મો કરીને પુત્રો સંપાદન કરે છે જે પુત્રો પોતાનાં સારાં પગલાંને લીધે ધન, ધાન્ય તથા બાપદાદાઓએ સંચય કરેલા ભોગોમાં પુષ્કળ અભિવૃદ્ધિ કરી શકે છે.[૧૯] કોઈએક સમયે એવું પણ બને છે કે, સ્ત્રી અને પુરુષ એકબીજાનો સમાગમ કરે છે, ત્યારે પિશાચ વગેરેનો જાણે ઉપદ્રવ દાખલ થયો હોય, તેવો અનિષ્ટકારક ગર્ભ યોનિમાં પ્રવેશ કરે છે.[૨૦] પ્રાણી જેવો મરણ પામે છે અને સ્વર્ગ તથા નરકરૂપ અંકુરના બીજસમાન તેનું સ્થૂલશરીર, કે જે માંસ, રુધિર, કફ–વગેરે અનેક બીભત્સ પદાર્થોથી ભરપૂર હોય છે, તેનો જ્યારે નાશ થાય છે કે તુરતજ તેને બીજાં શરીરો પ્રાપ્ત થાય છે.×[૨૧] જેમ એક વહાણના ઉતારૂઓને લઈ જવામાટે બીજું વહાણ તૈયારજ રાખવામાં આવ્યું હોય છે, તેમ એક નાશવંત દેહ જ્યારે નાશ પામે છે અને બળીને ભસ્મીભૂત થઇ જાય છે, ત્યારે જીવને માટે પૂર્વના જેવુંજ બીજું નાશવંત શરીર (તેનાં કર્મોએ) તૈયારજ કરી રાખેલું હોય છે.[૨૨] સ્ત્રીપુરુષના સમાગમસમયે, પુરુષના વીર્યનું અચેતન બિંદુ, સ્ત્રીના ઉદરમાં દાખલ થાય છે (અને ત્યાં ગર્ભરૂપે ઉત્પન્ન થાય છે.) એ ગર્ભ કયા પ્રયત્નથી ઉદરમાં જીવતો રહે છે, તે તું જોઈ શકે છે?[૨૩] માતાએ ભક્ષણ કરેલાં અન્નપાનાદિ, તેના જે ઉદરમાં પચીને હજમ થઈ જાય છે, તેજ ઉદરમાં રહેલો ગર્ભ અન્નાદિની પેઠે શા કારણથી પચી જતો નથી?[૨૪] ગર્ભ ઉદરમાં રહ્યો હોય છે, છતાં માતાના મળમૂત્ર વગેરેની ગતિ સ્વાભાવિક રીતેજ નિયમિત હોય છે; પણ મળમૂત્રાદિને રોકી રાખવામાં તથા તેનો ત્યાગ કરવામાં, ગર્ભ ધારણ કરનારી માતા, (ગર્ભને લીધે) કંઈ પરાધીન થઇ પડતી નથી.[૨૫] આપણે જાણીએ છીએ કે કેટલાએક ગર્ભો, ઉદરમાં આવ્યા પછી સ્રવી પડે છે, કેટલાએક ગર્ભો જન્મ પામતા પામતા નાશ પામે છે અને કેટલાએકનો જન્મ થયા પછી વિનાશ થાય છે.[૨૬] વળી કેટલાએક પુરુષો પૂર્વોક્ત રીતે યોનિસંબંધ કરીને તેમાં પોતાનું વીર્ય મૂકે છે અને પુત્ર કે પુત્રીરૂપ પ્રજાને મેળવે છે; પછી તે પ્રજા પુનઃ સુખદુઃખાદિ દ્વંદ્વોમાં આસક્ત થાય છે.[૨૭] પ્રાણીનો દેહ, કે જે અતિ પ્રાચીનકાળથી સંબંધ ધરાવી રહ્યો છે, તેમાં રહેલાં પાંચ મહાભૂતોજ *સાતમી તથા નવમી દશાને પામે છે અને તેના આયુષ્યનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે પણ તેમાં રહેલાં પાંચ મહાભૂતોજ દશમી–અભાવદશાને પામે છે, પણ આત્માને કોઇ જાતની દશા પ્રાપ્ત થતી નથી.[૨૮] વળી એમાં કંઇ સંશય નથી કે, શિકારીઓ જેમ ક્ષુદ્ર મૃગોને પીડે છે, તેમ વ્યાધિઓ મનુષ્યોને જ્યારે પીડવા માંડે છે, ત્યારે તેઓનામાં ઉભા થવાનું પણ સામર્થ્ય હોતું નથી.[૨૯] રોગીઓ વ્યાધિઓથી પીડાય છે અને પુષ્કળ ધનનો વ્યય કરે છે, તોપણ વૈદ્યો, ઘણો ઘણો યત્ન કર્યા છતાં તેઓની વેદનાને દૂર કરી શકતા નથી.[૩૦] એટલુંજ નહિ પરંતુ તે વૈદ્યો અત્યંત કુશલ હોય છે, ઘણાજ ચાલાક હોય છે અને ઔષધોનો સંગ્રહ કરી રાખનારા હોય છે, છતાં તેઓ પોતે પણ શિકારીઓના સપાટામાં સપડાયલા મૃગોની

×કહેવાનો ભાવ એ છે કે, જ્ઞાનનું શરણ લીધાવિના દેહસંબંધનો કદી નાશ થતો નથી; કેમકે જ્ઞાનદ્વારા ઈશ્વરનો સાક્ષાત્કાર થવાથી કર્મબંધનો છૂટી જાય છે અને કર્મબંધનના છૂટકારાની સાથેજ શરીરસંબંધ પણ નાશ પામે છે. શ્રુતિ કહે છે કે,

'क्षीयंते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे'

પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે કે તુરતજ જ્ઞાની પુરુષનાં કર્મો નાશ પામે છે.

* શરીરની એકંદર દશ દશાઓ છે, એમ ટીકાકાર નીલકંઠ લખે છે. જેમકે, ૧ ગર્ભવાસ, ૨ જન્મ, ૩ બાલ્ય, ૪ કૌમાર, ૫ પૌગંડ, ૬ યૌવન, ૭ સ્થાવિર્ય, ૮ જરા, ૯ પ્રાણરોધ અને ૧૦ નાશ. આ દશ દશાઓમાંથી સાતમી અને નવમી એટલે સ્થાવિર્ય તથા પ્રાણરોધ દશા સમજવી.

પેઠે વ્યાધિઓના સપાટામાં સપડાઇ પડે છે.[૩૧] તેઓ અનેક પ્રકારના ઉકાળા પીએ છે અને જાત જાતનાં ઘીનું પ્રાશન કરે છે, છતાં મોટા હાથીઓએ ભાંગી નાખેલા વૃક્ષોની પેઠે જરાથી ક્ષીણ થયેલા જોવામાં આવે છે.[૩૨] આ પૃથ્વીપર મૃગો તથા પક્ષીઓ, જ્યારે રોગોથી પીડાય છે, ત્યારે તેઓની ચિકિત્સા કોણ કરે છે? ઘણું કરીને તો પશુઓ, પક્ષીઓ અને દરિદ્ર મનુષ્યો, કદી રોગપીડિત થતાજ નથી.[૩૩] જે રાજાઓ ભયંકર, અજિત અને ઉગ્ર તેજવાળા હોય છે, તેઓને પણ, શિકારી પશુઓ સામાન્ય પશુઓને જેમ ઝડપી લે છે તેમ, રોગો ઝડપી લે છે.[૩૪]

આ રીતે વેદનાથી મૂઢ બની ગયેલા લોકો, મોહ તથા શોકથી ઘેરાયલાજ રહે છે, તેવામાં તો જન્મમરણરૂપ અતિબળવાન પ્રવાહ અકસ્માત્, તેઓને ખેંચી જાય છે.[૩૫] તાત્પર્ય કે, પોતાનાં પૂર્વે કરેલાં કર્મોસાથે જોડાયલા દેહધારીઓ ધન સંપાદન કરીને, રાજ્ય મેળવીને અથવા ઉગ્ર તપ કરીને પણ પોતાનાં કર્મનું ઉલ્લંઘન કરી શકતા નથી. (જેનાં જેવાં કર્મ તેવાંજ તેને ફળ મળે છે. ભલે પછી તે મોટો ધનવાન હોય, મહારાજા હોય કે તપસ્વી હોય!)[૩૬] મનુષ્યો અનેક પ્રકારના ઉદ્યમ કરે અને તેનું ફળ તેઓની ઇચ્છાનુસાર પ્રાપ્ત થાય, તો જગતમાં કોઇ મરણ પામે નહિ, વૃદ્ધ થાય નહિ, અપ્રિયને જુએ નહિ અને સર્વ કોઈની કામનાઓ પરિપૂર્ણજ થાય.[૩૭]જગતના સર્વ મનુષ્યો ઉચ્ચ ઉચ્ચ સ્થિતિએ જવા ઇચ્છે છે અને યથાશક્તિ યત્ન પણ કરે છે, છતાં તેઓની ઇચ્છા સફળ થતી નથી.[૩૮] જે પુરુષો ઐશ્વર્યના મદથી છકી ગયેલા હોય છે અને મદિરાના મદથી ઉન્મત્ત થયેલા હોય છે, તેઓનું પણ પ્રમાદનો ત્યાગ કરનારા, સરળ, શૂરવીર અને પરાક્રમી પુરુષો સેવન કરી રહ્યા હોય છે.[૩૯] કેટલાએક મનુષ્યો પોતાનાપર આવી પડેલા કલેશો દૂર કરવામાટે કંઇ લક્ષ્ય પણ આપતા નથી, છતાં તેઓના કલેશો પોતાની મેળેજ દૂર થાય છે અને કેટલાએક મનુષ્યો કલેશો દૂર કરવા માટે અનેકાનેક યત્નો કરે છે, છતાં તેઓના કલેશો દૂર થતા નથી. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, મનુષ્ય પોતપોતાનાં કર્મોનુંજ ફળ ભોગવે છે, બીજાઓના કર્મમાંથી તેને કંઈ પણ મળતું નથી.[૪૦] અહો! કર્મનાં ફળમાં કેટલી મોટી વિષમતા જોવામાં આવે છે! તે તું જો.[૪૧] કેટલાએક મનુષ્યો પાલખીમાં બેસીને જાય છે, ત્યારે કેટલાએક મનુષ્યો તેઓની પાલખીનું વહન કરે છે.[૪૨]જગતના સર્વ મનુષ્યોને સમૃદ્ધિ સંપાદન કરવાની ઇચ્છા હોય છે, પરંતુ તેમાંના કેટલાએક મનુષ્યો રથમાં બેસીને જાય છે, કેટલાએક મનુષ્યો, (કોઇના) રથની આગળ આગળ ચાલે છે, કેટલાએક મનુષ્યો સ્ત્રીઓથી રહિત થઈ પડયા હોય છે ત્યારે કેટલાએકને ત્યાં અનેક જાતિની સેંકડો સ્ત્રીઓ હોય છે. એ રીતે જગતનાં સર્વ પ્રાણીઓ સુખદુઃખાદિ દ્વંદ્વોમાં રમણ કર્યા કરે છે અને એક પછી એક નાશને પામ્યા કરે છે; માટે જે સ્થાન તે દ્વંદ્વોથી રહિત છે અને સર્વથી ભિન્ન છે, તે સ્થાન તરફજ તું દૃષ્ટિ કર; પણ આ સંસારમાં મોહ કરીશ મા.[૪૩] તું ધર્મનો, અધર્મનો, સત્યનો તથા અસત્યનો ત્યાગ કર અને સત્ય તથા અસત્યનો ત્યાગ કર્યા પછી જેનાવડે તું સર્વનો ત્યાગ કરે છે, તે બુદ્ધિનો પણ ત્યાગ કર.[૪૪] હે મહર્ષિ! આ પરમ ગુહ્ય જ્ઞાન મેં તને કહ્યું છે, તેનો આશ્રય કરીને દેવતાઓ મનુષ્યલોકનો ત્યાગ કરી સ્વર્ગલોકમાં ગયા છે."[૪૫]

નારદનાં એ વચન સાંભળી, મહાબુદ્ધિમાન શુકદેવે, ધૈર્ય ધારણ કરી મનમાં વિચાર કરવા માંડ્યો; પણ 'હવે શું કરવું' તેનો તે નિશ્ચય કરી શકયા નહિ.[૪૬] પુત્રો તથા સ્ત્રીઓને લીધે મહાન કલેશ ભોગવવો પડે છે અને વિદ્યાભ્યાસ કરવામાં મહાન પરિશ્રમ પડે છે; માટે જેમાં અલ્પ કલેશ હોય અને મહાન ઉદય હોય, તેવું શાશ્વત સ્થાન કયું હશે?[૪૭] આ રીતે એક મુહૂર્તપર્યંત વિચાર કર્યા પછી ધર્મના અતિશ્રેષ્ઠ સ્વરૂપને જાણનારા શુકદેવે પોતાનું પરમ કલ્યાણ કરનારી અચળ ગતિ સંપાદન કરવા

માટે (મનમાં) આ પ્રમાણે કહેવા માંડ્યું કે:–[૪૮] " હું સંસારના સંબંધનો ત્યાગ કરીને ઉત્તમ ગતિ કેવી રીતે પામું ? શું કરવાથી પુનઃ આ સંસારસાગરમાં પાછો ન આવું ?[૪૯] હું તેજ પરમભાવને પ્રાપ્ત કરવા ઇચ્છું કે, જેને પ્રાપ્ત કરીને મનુષ્ય પાછો સંસારમાં આવતો નથી. મારા માનસિક નિશ્ચયપૂર્વક સર્વ સંગોનો ત્યાગ કરીને હું તેજ ગતિને પામીશ, કે જ્યાં મારા આત્માને શાંતિ મળશે. વળી તે ગતિને પ્રાપ્ત કર્યા પછી હું અક્ષય, અવિકારી અને સનાતનસ્વરૂપે સ્થિતિ કરીશ;[૫૦,૫૧] પરંતુ હું ધારૂં છું કે, તે પરમ ગતિ, યોગનો આશ્રય કર્યાવિના કદી મળી શકતી નથી. વળી જ્ઞાની પુરુષને યોગાદિક કર્મો કરવાથી નીચ એવો દેહસંબંધ પણ ઘટી શકતો નથી;[૫૨] માટે યોગનો આશ્રય કરી આ દેહરૂપી ગૃહનો હું ત્યાગ કરીશ અને વાયુસ્વરૂપ થઈ, સૂર્યમંડલમાં બિરાજેલા મહાન તેજમાં પ્રવેશ કરીશ.[૫૩] કેમકે, પિતૃયાનમાર્ગે થઈને ચંદ્રમંડલમાં દાખલ થયેલો જીવ, પુણ્યના ક્ષયસમયે સર્વ દેવગણોની સાથે કંપાયમાન થઇને જેમ પૃથ્વીપર પડે છે, તેમ દેવયાનમાર્ગે થઇને સૂર્યમંડલમાં દાખલ થયેલો જીવ, પુનઃ પૃથ્વીપર પડતો નથી, તેમ પુનર્જન્મ પામતો નથી.[૫૪] ચંદ્રનો એ સ્વભાવજ છે કે, અમુક સમયે તે ક્ષીણ થાય છે અને અમુક સમયે વૃદ્ધિ પામે છે. આ પ્રકારની ચંદ્રની વારંવારની ક્ષીણતાને તથા વૃદ્ધિને હું જાણું છું અને તેથીજ ચંદ્રલોકમાં જવાની મને ઇચ્છા નથી;[૫૫] અને સૂર્ય તો પોતાનાં ઉગ્ર કિરણોથી સર્વ લોકોને તપાવે છે અને નિત્ય અક્ષય મંડળવાળો રહીને સર્વ તરફથી તેજને ગ્રહણ કરે છે.[૫૬] આવા હેતુથીજ મને પ્રદીપ્ત તેજવાળા સૂર્યમંડલમાં જવાનું રુચે છે અને ત્યાં જવાથીજ મારો કોઈ પરાજય કરી શકશે નહિ, ઉપરાંત નિઃશંકચિત્તે હું રહી શકીશ.[૫૭] વળી સૂર્યના મંડલમાં મારા આ શરીરને હું નાખી દઇશ, જેથી ઋષિઓની સાથે સૂર્યના અતિદુઃસહ તેજને હું પામીશ.[૫૮] હવે સર્વ વૃક્ષોને, નાગોને, આ પર્વતને, પૃથ્વીને, દિશાઓને, આકાશને, દેવોને, દાનવોને, ગંધર્વોને, પિશાચોને, ઉરગોને, રાક્ષસોને તથા જગતનાં સર્વ પ્રાણીઓને હું જણાવું છું કે, સૂર્યમંડલના અંતર્યામી તેજમાં હું પ્રવેશ કરીશ,એમાં કંઈ સંશય નથી.સર્વ દેવો અને ઋષિઓ મારી યોગશકિતને જોજો."

એ પ્રમાણે કહીને શુકદેવે, લોકવિખ્યાત ઋષિ નારદની આજ્ઞા માગી; અને તેમની આજ્ઞા લીધા પછી તે પોતાના પિતા વ્યાસ પાસે ગયા.[૬૧] મહાત્મા મુનિ વ્યાસ પાસે જઇને શુકદેવે પ્રદક્ષિણા કર્યા પછી તેમને પ્રણામ કર્યા અને તેમની આજ્ઞા માગી.[૬૨] શુકદેવનું વચન સાંભળીને મહાત્મા વ્યાસ ઋષિ પ્રસન્ન થયા. તેમણે શુકદેવને આ પ્રમાણે કહ્યું:– " તને જોઇને મારાં નેત્રને હું પ્રસન્ન કરી લઉં ત્યાંસુધી તું અહીં ઉભો રહે. "[૬૩] પણ શુકદેવજી તો સર્વ ઇચ્છાઓથી રહિત થયા હતા, સર્વ ઉપરના સ્નેહનો તેમણે ત્યાગ કર્યો હતો અને સર્વ સંશયોથી તે મુક્ત થયા હતા. તેમણે કેવળ મોક્ષ મેળવવાનોજ વિચાર કરીને જવાનો મનમાં નિશ્ચય કર્યો હતો,[૬૪] જેથી પોતાના પિતાનો ત્યાગ કરીને તે મહામુનિ, સિદ્ધોના સમુદાયોથી સેવાયલા વિશાળ કૈલાસ પર્વત તરફ ચાલ્યા ગયા.[૬૫]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં " શુકદેવનું ગમન " એ વિષયનો અધ્યાય
૩૩૧ મો સમાપ્ત.

અધ્યાય ૩૩૨ મો

શુકદેવની યોગસાધના અને સિદ્ધિ

॥ भीष्म उवाच ॥

गिरिशृंगं समारुह्य सुतो व्यासस्य भारत ॥
समेदेशे विविक्ते स निःशलाक उपाविशत् ॥

ભીષ્મે કહ્યું:–હે ભરતવંશી યુધિષ્ઠિર રાજા ! કૈલાસના શિખર ઉપર આરૂઢ થયા પછી વ્યાસના પુત્ર શુકદેવ, ઘાસવિનાના અને એકાંત

એવા સપાટ પ્રદેશમાં (યોગ સાધવામાટે) બેઠા.[1] પછી યોગના ક્રમને જાણનારા શુકદેવે શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે પગથી આરંભીને શરીરના સર્વ અવયવોમાં અનુક્રમે ચિત્તની ધારણા કરવા માંડી.[2] વિદ્વાન શુકદેવ પૂર્વદિશા તરફ મુખ રાખીને એ પ્રમાણે યોગધારણા કરતા હતા, તેજ સમયે સૂર્યનો ઉદય થયો. એટલે પોતાના હાથપગને જોડીને નમ્રની પેઠે તે બેઠા.[3] વ્યાસના બુદ્ધિમાન પુત્ર શુકદેવ, જે પ્રદેશ ઉપર ધ્યાનમગ્ન અવસ્થામાં બેઠા હતા, ત્યાં પક્ષીઓનો સમુદાય ન હતો, કોઇનો શબ્દ પણ સંભળાતો ન હતો અને કોઇનું દર્શન પણ થતું ન હતું.[4] પછી તે વખતે સર્વ પ્રકારના સંગથી મુક્ત થયેલા પોતાના આત્માનાં તેમણે દર્શન કર્યાં અને તે પરમ તત્ત્વને જોઇને શુકદેવ અત્યંત હસવા લાગ્યા.[5] પછી વળી પણ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરવામાટે યોગમાર્ગનો તેમણે આશ્રય કર્યો અને મહાન યોગેશ્વર થઇ આકાશમાર્ગમાં પણ જવા માંડ્યું.[6] તે સમયે શુકદેવે દેવર્ષિ નારદની પ્રદક્ષિણા કરીને પોતાનું યોગસામર્થ્ય તે મહર્ષિને નિવેદન કર્યું.[7]

શુકદેવે કહ્યું:–" હે તપોધન ! મેં મોક્ષનો માર્ગ જોઇ લીધો છે. હવે તે માર્ગે જવામાટે હું તૈયાર થયો છું. હે મહાતેજસ્વી નારદ ! તમારી કૃપાથી હવે હું ઇષ્ટગતિને પામીશ. "[8] એમ કહીને વ્યાસના પુત્ર શુકદેવે નારદની આજ્ઞા લીધી અને પછી તેમને પ્રણામ કરી પુનઃ યોગદ્વારા આકાશમાં પ્રવેશ કર્યો.[9] શ્રીમાન શુકદેવે મનમાં દૃઢ નિશ્ચય કરીને વાયુનું સ્વરૂપ ધારણ કર્યું અને પછી કૈલાસના શિખર ઉપરથી ઉડીને આકાશમાર્ગે જવા માંડ્યું.[10] બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ શુકદેવ આકાશમાર્ગે જઇ રહ્યા હતા, તે સમયે તેમની કાંતિ ગરુડના જેવી જણાતી હતી અને તેમનો વેગ મન તથા વાયુના જેવોજ અતિ ઉતાવળો જણાતો હતો, જેથી સર્વ પ્રાણીઓ તેમને એકીટસે જોઇ રહ્યાં હતાં.[11] અગ્નિ તથા સૂર્યસમાન તેજસ્વી અને આકાશના લાંબા માર્ગે ગમન કરી રહેલા શુકદેવ પણ તે સમયે ત્રણે લોકોને કેવળ આત્મારૂપજ જાણી રહ્યા હતા.[12] વળી તેમનું ચિત્ત એકાગ્ર હતું, કોઈના તરફથી તેમને ભય ન હતો અને અવ્યગ્રપણે તે ગમન કરતા હતા, ત્યારે સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓ તેમનાં દર્શન કરી રહ્યાં હતાં, એટલુંજ નહિ પણ પોતાની શક્તિ અને યોગ્યતા પ્રમાણે તેમની પૂજા કરી રહ્યાં હતાં.સ્વર્ગવાસી દેવતાઓ પણ દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરીને તેમને વધાવવા લાગ્યા.[13,14] સર્વ ગંધર્વો તથા અપ્સરાઓના સમુદાયો તેમને જોઇને આશ્ચર્યચકિત થઇ ગયા અને સિદ્ધિને પામેલા ઋષિઓ પણ પરમ વિસ્મય પામ્યા.[15] તેઓ અન્યોન્યને કહેવા લાગ્યા કે, " તપથી સિદ્ધિને પામેલો આ કયો પુરુષ આકાશમાર્ગે ગમન કરી રહ્યો છે ? તેનું શરીર નીચેના ભાગમાં છે અને મુખ, (સૂર્યસામે દૃષ્ટિ હોવાથી) ઉંચું છે. ખરેખર, આ પુરુષ આપણાં નેત્રોને આનંદ પમાડે છે. "[16] તે પછી પરમ ધર્માત્મા અને ત્રણે લોકમાં વિખ્યાત થયેલા મુનિ શુકદેવ પૂર્વ તરફ સૂર્યસામે દૃષ્ટિ રાખીને આગળ વધ્યા.[17] હે રાજન્ ! આખાં આકાશને શબ્દથી જાણે ભરી દેતા હોય તેમ, ઝપાટાબંધ આગળ વધતા તે શુકદેવને જોઇને પંચચૂડા વગેરે અપ્સરાઓ, મનમાં અત્યંત ગભરાવા લાગી અને પરમ વિસ્મયને લીધે તેઓનાં નેત્રો અત્યંત પ્રફુલ્લ થઇ ગયાં.[18,19] તેઓ સર્વને મનમાં વિચાર થવા લાગ્યો કે:–" આ કયો દેવતા હશે,કે જેને આવી ઉત્તમ ગતિ પ્રાપ્ત થઈ છે ? ખરેખર, મુકત અને નિઃસ્પૃહના જેવો જણાતો આ દેવ, અહીંઆંજ આવે છે. "[20] પછી તે શુકદેવ મલયાચલ નામના પર્વત પાસે જઇ પહોંચ્યા, કે જે પર્વતમાં ઉર્વશી અને પૂર્વચિત્તિ નામની અપ્સરાઓ નિત્યને માટે નિવાસ કરે છે.[21] બ્રહ્મર્ષિના પુત્રને ત્યાં આવી પહોંચેલા જોઈ, તે બન્ને અપ્સરાઓને અત્યંત આશ્ચર્ય થયું અને તેઓ એકબીજીને કહેવા લાગી કે, " અહો ! વેદાભ્યાસમાં રમણ કરનારા આ બ્રાહ્મણમાં બુદ્ધિની એકાગ્રતા કેવી અદ્‌ભુત છે![22]

આટલા અલ્પ સમયમાંજ તે સાક્ષાત્ ચંદ્રની પેઠે આકાશમાં વિચરી શકે છે. ખરેખર, આ બ્રાહ્મણ પિતાની સેવા કરીનેજ આવી સર્વોત્તમ બુદ્ધિને પામ્યો છે.[૨૩] વળી આ પિતાનો ભક્ત છે, દૃઢ તપસ્વી છે અને પિતાનો ઘણોજ વહાલો પુત્ર છે. આના પિતા, આનાસિવાય બીજા કોઇના પર મન રાખતા નથી, છતાં તેમણે આને કેમ જવા દીધો હશે ?” ઉર્વશીનું એ વચન સાંભળીને પરમ ધર્મવેત્તા શુકદેવે સર્વ દિશાઓ તરફ દૃષ્ટિ કરી; કેમકે ઉર્વશીના વચનમાં તેમનું મન ગયું હતું.[૨૪,૨૫] તેમણે આકાશ, પૃથ્વી, પર્વતો, વનો, અરણ્યો, તળાવો અને નદીઓ–એ સર્વના તરફ પોતાની દૃષ્ટિ ફેંકી.[૨૬] એટલે ત્યાં વસનારા સર્વ દેવતાઓ, બે હાથ જોડીને ઘણાજ માનપૂર્વક શુકદેવનાં દર્શન કરવા લાગ્યા.[૨૭] પછી પરમ ધર્મવેત્તા શુકદેવે, તે સર્વ દેવતાઓને કહ્યું કેઃ–“ મારા પિતા, ‘હે શુક ! હે શુક !’ એમ મને બોલાવતા બોલાવતા મારી પાછળ જો આવે તો તમારેજ સાવધાન તેમને થઈને પ્રત્યુત્તર આપવો. આ મારૂં વચન મારાપરના સ્નેહને લીધે તમારે માન્ય કરવું યોગ્ય છે.”[૨૮,૨૯] શુકમુનિનું એ વચન સાંભળીને સર્વ દિશાઓ, અરણ્યો, સમુદ્રો, નદીઓ અને પર્વતો ચોતરફથી બોલી ઉઠયાં કેઃ–“ હે બ્રાહ્મણ! તમે જે પ્રમાણે આજ્ઞા આપો છો તે પ્રમાણેજ થશે. ઋષિ વ્યાસ તમને બોલાવશે ત્યારે અમે તેમને પ્રત્યુત્તર આપીશું.”[૩૦,૩૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ શુકદેવનું ગમન ” એ વિષયનો
અધ્યાય ૩૩૨ મો સમાપ્ત.

અધ્યાય ૩૩૩ મો

શુકચરિત્રની સમાપ્તિ

॥ भीष्म उवाच ॥

इत्येवमुक्त्वा वचनं ब्रह्मर्षिः सुमहातपाः ॥
प्रातिष्ठत शुकः सिद्धिं हित्वा दोषाँश्चतुर्विधान्॥

ભીષ્મે કહ્યુંઃ–“ હે યુધિષ્ઠિર રાજા ! મહાતપસ્વી બ્રહ્મર્ષિ શુકદેવ એ પ્રમાણે (સર્વ દેવતાઓને પોતાના પિતાને પ્રત્યુત્તર આપવાનું) કહીને સિદ્ધિ મેળવવા માટે આગળ ચાલ્યા. તે સમયે તે બુદ્ધિમાન શુકદેવે ચાર પ્રકારના સાત્વિક દોષોનો, આઠ પ્રકારના તમોગુણનો, પાંચ પ્રકારના રજોગુણનો તથા બુદ્ધિસત્વનો પણ ત્યાગ કર્યો હતો; તે એક અદ્ભુત જેવું હતું.[૧,૨]* તે પછી નિર્ધૂમ અગ્નિની પેઠે જાજ્વ-

---

* અહીં પહેલા તથા બીજા શ્લોકમાં, ચાર પ્રકારના સાત્વિક દોષો, આઠ પ્રકારનો તમોગુણ, પાંચ પ્રકારનો રજોગુણ તથા બુદ્ધિસત્વ–એ સર્વનો ત્યાગ કરીને શુકદેવ, સિદ્ધિ મેળવવામાટે ચાલ્યા, એમ કહેવામાં આવ્યું છે. તેમાં ચાર પ્રકારના સાત્વિકદોષો કયા છે, તમોગુણના આઠ ભેદ કયા છે, રજોગુણના પાંચ ભેદ કયા છે અને બુદ્ધિસત્વનો શુકદેવે શામાટે ત્યાગ કર્યો હતો, એ વિષે નીલકંઠ આ પ્રમાણે લખે છેઃ–ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય–આ ચાર સાત્વિક દોષો મોક્ષમાં વિઘ્નકર્તા થઇ પડે છે, માટે તેઓનો શુકદેવે ત્યાગ કર્યો. અથવા એનસ્, કિલ્બિષ, સંસર્ગ અને અનૈશ્વર્ય–આ ચાર દોષોનો તેમણે ત્યાગ કર્યો. મનુ પણ કહે છે કેઃ–

“प्राणायामैर्दहेदेनो धारणाभिश्च किल्बिषान् ॥
प्रत्याहारेण संसर्गान् ध्यानेनानैश्वरान् गुणान् ॥

પ્રાણાયામો કરીને એનસ્ (પાપો) નો નાશ કરવો, ધારણાઓ કરીને કિલ્બિષનો નાશ કરવો, પ્રત્યાહાર (ઇંદ્રિયજય) કરીને સંસર્ગોનો નાશ કરવો અને ધ્યાન કરીને અનૈશ્વર (કામ ક્રોધાદિ) દોષોનો નાશ કરવો. ”

આઠ પ્રકારની પુરીઓનેજ આઠ પ્રકારનો તમોગુણ કહેવામાં આવે છે. તે આઠ પ્રકારની પુરીઓ આ પ્રમાણે છેઃ—

“ भूतेन्द्रियमनोबुद्धि वासनाकर्मवायवः ॥
अविद्या चाष्टकं प्रोक्तं पुर्यष्टमृषिसत्तमैः ॥

પંચમહાભૂત, ઇંદ્રિયો, મન, બુદ્ધિ, વાસના, કર્મ, પાંચ વાયુઓ અને અવિદ્યા–આ આઠેને આઠ પુરીઓ કહેવામાં આવે છે; ’ અને તેનેજ આઠ પ્રકારનો તમોગુણ કહે છે. શુકદેવે આ આઠે પુરીઓનો ત્યાગ કરીને આઠ પ્રકારના તમોગુણનો ત્યાગ કર્યો હતો.

લ્યમાન દેખાતા તે શુકદેવે, સૂર્યમંડલના અંતર્યામી પરબ્રહ્મના સ્વરૂપમાં સ્થિતિ કરી, કે જે પરબ્રહ્મ નિત્ય છે, નિર્ગુણ છે અને લિંગરહિત છે.[૩] તે સમયે (શુક જેવા મહાપુરુષનો ઉપરામ થયો, જેથી જગતના અભાગ્યને સૂચવનારા અનેક ઉત્પાતો થવા લાગ્યા. જેવા કે,) આકાશમાંથી બળતી ઉલ્કાઓ પડવા લાગી, દિશાઓ બળવા લાગી અને પૃથ્વી કંપવા લાગી. આ રીતે તે ક્ષણે એક અદ્ભુત જેવું થયું હતું;[૪] એટલુંજ નહિ પરંતુ વૃક્ષો ઉપરની શાખાઓ ભાંગી પડવા લાગી, પર્વતોપરનાં શિખરો તૂટી પડવા લાગ્યાં, મોટા મોટા કડાકાઓને લીધે હિમાલય પર્વત પણ જાણે ચીરાઈ જતો હોય તેમ જણાવા લાગ્યું, સૂર્ય નિસ્તેજ બની ગયો, અગ્નિ ધુંધવાવા લાગ્યો અને જળના ધરાઓ, નદીઓ તથા સમુદ્રો ખળભળવા લાગ્યા.[૫,૬] શુકદેવે સૂર્યમંડલ તરફ જ્યારે પ્રયાણ કર્યું હતું, ત્યારે તેમને આવાં શુભ શકુનો થયાં હતાં:-જેવાંકે, તે વખતે મેઘનો સમુદાય, રસવાળું અને સુગંધીદાર જળ વર્ષી રહ્યો હતો અને વાયુ પવિત્ર તથા દિવ્ય સુગંધને લાવીને વાતો હતો.[૭] હે ભરતવંશી રાજા ! પરમ ગતિને પ્રાપ્ત કરવામાટે શુકદેવ, હિમાલય તથા મેરુ પર્વતના છેડાઓસુધી જ્યારે જઇ પહોંચ્યા હતા ત્યારે, તે બન્ને પર્વતોનાં પ્રથમનાં બે શિખરો, એક બીજા સાથે મળેલાં તેમના જોવામાં આવ્યાં હતાં. એ બન્ને શિખરો દિવ્ય હતાં, હિમાલય તથા મેરુ પર્વતમાંથી નીકળેલાં હતાં, તેમાંના એકનો રંગ ધોળો હતો અને બીજાનો રંગ પીળો હતો; તેમજ તેમાંનું એક શિખર કેવળ સુવર્ણનું હતું અને બીજું શિખર કેવળ રૂપાનું હતું, જેથી તેઓ બન્ને ઘણાં સુંદર દેખાતાં હતાં. તેઓનો વિસ્તાર સર્વ તરફથી સો યોજનનો હતો અને તેઓ બન્ને ઉત્તર દિશામાં પ્રકાશી રહ્યાં હતાં.[૮,૯] હે મહારાજા ! શુકદેવ, શંકારહિત મનથી તે શિખરો પાસે જેવા જઇ પહોંચ્યા કે, તુરતજ તે બન્ને શિખરો એકદમ જૂદાં થઈગયાં. (અને વચમાં માર્ગ થઇ ગયો.) આ એક અદ્ભુત જેવું થયું હતું. પછી તે બન્ને શિખરોની વચ્ચે થઇને શુકદેવ નીકળી ગયા હતા.[૧૦,૧૧] આ રીતે પર્વતોમાં ઉત્તમ ગણાતો મેરુ પણ શુકદેવની ગતિને અટકાવી શકયો ન હતો, જેથી તે સમયે સ્વર્ગમાં વસનારા સર્વ દેવગણોનો, ગંધર્વોનો તથા ઋષિઓનો અને તે પર્વતમાં વસનારા બીજા દેવતાઓનો મહાન હર્ષનાદ થઇ રહ્યો હતો. હે ભારત ! શુકદેવને ત્યાંથી પસાર થઇ ગયેલા જોઇને અને તે પર્વતના બે વિભાગ થઇ ગયેલા જોઇને સર્વ દિશાઓમાં “ ધન્ય, ધન્ય, ” એવો શબ્દ થઈ રહ્યો હતો. વળી હે મહારાજા ! શુકદેવે ત્યાંથી ગમન કર્યું, તે સમયે દેવો, ગંધર્વો, ઋષિઓ, યક્ષો, રાક્ષસો અને વિદ્યાધરોએ, દિવ્ય પુષ્પોથી તેમની પૂજા કરી હતી જેથી તે વેળા આખું આકાશ પુષ્પોથી ભરાઈ ગયું હતું. તે પછી ધર્માત્મા શુકદેવ રમણીય આકાશગંગા ઉપર થઇને ગયા હતા. ત્યાં તેમણે પુષ્પોથી ભરેલાં વૃક્ષોવાળાં સુંદર અરણ્યો જોયાં હતાં. વળી તે આકાશગંગામાં અનેક અપ્સરાઓ આનંદ પૂર્વક ક્રીડાઓ કરી રહી હતી, તે અપ્સરાઓ અને શુકદેવને શૂન્યના જેવા

હવે, અહીં રજોગુણના પાંચ પ્રકાર કહ્યા છે, પણ બીજે સ્થળે રજોગુણના નવ પ્રકાર વર્ણવેલા છે. જેમકે,

“अत्यागित्वमकार्पण्यं सुखदुःखोपसेवनम् ॥
भेदः परुषता चैव कामः क्रोधस्तथैव च ॥
दर्पो द्वेषोऽतिवादश्च एते प्रोक्ता रजोगुणाः ॥”

લોભીપણું, નિર્દયતા, સુખદુઃખનું સેવન, ભિન્નતા, કામ, ક્રોધ, ગર્વ, દ્વેષ અને અત્યંત વાદવિવાદ કરવા—આ નવે રજોગુણના ભેદ છે. શુકદેવે આ નવે રજોગુણના પ્રકારોનો ત્યાગ કર્યો હતો.

પૂર્વે ભગવાન નારદે કહ્યું હતું કે “**येन त्यजसि तत्त्यज** ” તું જેનાવડે સર્વનો ત્યાગ કરે છે, તેનો પણ ત્યાગ કરી દે ” એ ઉપદેશને અનુસરીને શુકદેવે, બુદ્ધિસત્વથી પ્રથમ સર્વનો ત્યાગ કરીને પાછળથી તે બુદ્ધિસત્વનો પણ ત્યાગ કર્યો હતો.

તથા નિરાકાર જોઇને વસ્ત્ર રહિતજ રહી હતી.

એ રીતે શુકદેવે ગમન કર્યું અને તે વાત તેમના પિતાના જાણવામાં આવી, ત્યારે સ્નેહાધીન થઇને તેમણે ઘણા વેગથી તેમની પાછળ દોડવા માંડયું; પરંતુ શુકદેવ તો વાયુપ્રદેશના ઉપરના ભાગમાં છેક અંતરિક્ષમાં ગતિ કરીને પોતાનો પ્રભાવ દેખાડી બ્રહ્મસ્વરૂપજ થઇ ગયા હતા. મહાન તપસ્વી વ્યાસ પણ બીજા પ્રકારની મહાન યોગગતિનો આશ્રય કરીને, જે માર્ગે શુકદેવે પ્રયાણ કર્યું તે માર્ગમાં એક નિમેષ જેટલા સમયમાં જઈ પહોંચ્યા. તે સમયે તેમણે જોયું કે, મારો પુત્ર શુકદેવ, પર્વતનાં શિખરોનો વિભાગ કરીને આગળ ચાલ્યો ગયો છે. વળી તે સ્થળે મોટા મોટા ઋષિઓ પણ પોતાના પુત્રનાં તે કર્મની પ્રશંસા કરી રહ્યા હતા. પછી વ્યાસે "હે શુક! હે શુક!" એવા દીર્ઘ સંબોધનથી પોતાના પુત્રને બોલાવ્યો, ત્યારે પિતાની બૂમ સાંભળીને અને અતિ ઉચ્ચ સ્વરે ત્રણે જગતને પિતાએ ગજાવી મૂકયું છે તે જોઇને સર્વવ્યાપક, સર્વના આત્મા અને સર્વસ્વરૂપ થયેલા ધર્માત્મા શુકદેવે 'મોઃ' એવા શબ્દથી પ્રત્યુત્તર આપીને આખું જગત્ ગજાવી મૂકયું. એ પ્રમાણે 'મોઃ' એવા એક અક્ષરવાળા શબ્દથી તેમણે જ્યારે ઉત્તર આપ્યો, ત્યારે સ્થાવરજંગમ સર્વ જગત, તે શબ્દના પડઘારૂપે ઉચ્ચ સ્વરથી તેનું ઉચ્ચારણ કરવા લાગ્યું અને તે દિવસથી આરંભીને હજીસુધી પણ પર્વતની ગુફાઓમાં તથા તેની સપાટીમાં જે શબ્દોનું ઉચ્ચારણ કરવામાં આવે છે, તે શબ્દો શુકે આપેલા પ્રત્યુત્તરની પેઠે પડઘારૂપે સંભળાય છે.

એ રીતે અદૃશ્ય સ્વરૂપમાં પોતાનો પ્રભાવ દર્શાવીને શુકદેવ, શબ્દાદિ સર્વ ગુણોનો ત્યાગ કરીને પરમ પદને પામ્યા હતા. તે સમયે અપાર તેજવાળા પોતાના પુત્રનો મહિમા જોઇને વ્યાસ ઋષિ પુત્રનોજ મનમાં વિચાર કરતા પર્વતના શિખર ઉપર બેઠા. તે વખતે ગંગાના તટ ઉપર સંખ્યાબંધ અપ્સરાઓ નગ્ન અવસ્થામાં રહીને ક્રીડાઓ કરી રહી હતી. તે સર્વ અપ્સરાઓ મુનિઓમાં શ્રેષ્ઠ ગણાતા વ્યાસ ઋષિને ત્યાં બેઠેલા જોઈ અત્યંત ગભરાઇ ગઇ અને લજ્જાને લીધે બેભાન જેવી બની ગઇ. તેઓમાંની કેટલીએક જળમાં છુપાઇ ગઈ, કેટલીએક લતાઓના ઝુંડમાં પેસી ગઇ અને કેટલીએક વસ્ત્રોને લઇને પોતાનાં અંગોને ઢાંકવા લાગી. તે જોઇને મુનિ વ્યાસે પોતાના પુત્રની કેટલી બધી મુક્ત દશા હતી (કે જેને જોઇને આ સ્ત્રીઓએ નગ્નદશામાંજ ક્રીડાઓ કર્યા કરી હતી) તેનો મનમાં વિચાર કર્યો અને પુત્રની તે ઉચ્ચ દશાનું અવલોકન કરી સંતોષ પામ્યા; તેમજ પોતે હજી સંસારમાં કેટલા બધા આસક્ત છે (કે જેને જોઇને આ સ્ત્રીઓ શરમાઇ ગઇ અને વસ્ત્રો પહેરવા તૈયાર થઇ) એ વિષેનો વિચાર કરી શરમાઇ ગયા.[૧૨–૩૧]

એ પ્રમાણે પોતાના પુત્રના વિચારમાંજ વ્યાસ ઋષિ ત્યાં બેઠા હતા, તેવામાં દેવો અને ગંધર્વોથી વીંટાયલા તથા મહર્ષિઓના સમુદાયોથી પૂજાયલા પિનાકધારી ભગવાન શંકર, તેમની પાસે આવ્યા.[૩૨] ત્યાં આવીને પુત્રના શોકથી સંતાપ પામેલા કૃષ્ણદ્વૈપાયન વ્યાસને પ્રથમ શાંત પાડીને મહાદેવ આ પ્રમાણે કહેવા લાગ્યાઃ–[૩૩]"પૂર્વે અગ્નિ,ભૂમિ, જળ, વાયુ તથા અંતરિક્ષના સમાન વીર્યવાળો પુત્ર તેં મારી પાસે માગ્યો હતો;[૩૪] જે ઉપરથી તેવા પ્રકારનાજ લક્ષણવાળો પુત્ર તારે ત્યાં ઉત્પન્ન થયો હતો. હે બ્રહ્મર્ષિ! તારો તે પુત્ર, તારા તપોબળથી પૂર્ણ હતો અને મારી કૃપાથી બ્રહ્મના તેજમય તથા પવિત્ર થઇને ઇંદ્રિયોને વશ નહિ રાખનારા દેવતાઓને પણ દુર્લભ એવી પરમ ગતિને પામ્યો છે, છતાં તેનો તું શોક શામાટે કરે છે?[૩૫–૩૬] આ પૃથ્વીપર જ્યાંસુધી પર્વતો રહેશે અને જ્યાંસુધી સમુદ્રો રહેશે. ત્યાંસુધી તારા પુત્રની અને તારી અક્ષય કીર્તિ રહેશે.[૩૭] હે મહામુનિ! તારાપર હું કૃપા કરૂં છું,તેથી આ લોકમાં સર્વ સ્થળે તારા પુત્રની છાયાને (પ્રતિમાને) તું જોઇશ."[૩૯]

હે ભારત! એ પ્રમાણે ભગવાન રુદ્રે પોતે

આવીને છાયાશુકનું દાન કરી વ્યાસનું સાંત્વન કર્યું; અને પોતાના પુત્રની છાયાનાં સર્વ સ્થળે દર્શન થવા લાગ્યાં એટલે તે વ્યાસમુનિ પરમ હર્ષ પામીને ત્યાંથી પાછા ફર્યા.[૩૯] હે ભરતશ્રેષ્ઠ રાજા! તમે મને પ્રશ્ન કર્યો હતો, તેથી શુકદેવનો જન્મ તથા ગતિ મેં તમને વિસ્તારપૂર્વક કહી છે.[૪૦] હે રાજા ! શુકદેવનું આ ચરિત્ર, દેવર્ષિ નારદે પૂર્વે મને કહ્યું હતું અને મહાયોગી વ્યાસ તો પગલે પગલે આ કથા મને કહેતા હતા.[૪૧] જે પુરુષ મોક્ષધર્મથી યુક્ત આ પવિત્ર ઇતિહાસનું પઠન-પાઠન કરે છે, તે પુરુષ શમગુણને ધારણ કરીને પરમ ગતિને પામે છે. ”[૪૨]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“શુકચરિત્રની સમાપ્તિ ”એ વિષયનો
અધ્યાય ૩૩૩ મો સમાપ્ત.

અધ્યાય ૩૩૪ મો

સર્વના કરતાં ઉત્તમ દેવ કોણ?

॥ युधिष्ठिर उवाच ॥

गृहस्थो ब्रह्मचारी वा वानप्रस्थोऽथ भिक्षुकः॥
य इच्छेत् सिद्धिमास्थातुं देवतां कां यजेत सः॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-“હે પિતામહ! ગૃહસ્થ, બ્રહ્મચારી, વાનપ્રસ્થ કે સંન્યાસી એમાંના જે કોઇને સિદ્ધિ મેળવવાની ઇચ્છા હોય, તેણે કયા દેવનું પૂજન કરવું?[૧] પુરુષને કયા માર્ગે અવિનાશી સ્વર્ગ પ્રાપ્ત થાય ? અને કયા માર્ગે પરમ કલ્યાણ પ્રાપ્ત થાય? તેમજ કયા વિધિ પ્રમાણે દેવનિમિત્તે હવનહોમ થઇ શકે ? અને કયા વિધિ પ્રમાણે પિતૃઓનું તર્પણ કરી શકાય?[૨] જે પુરુષ મુક્ત થાય છે, તે કયી ગતિને પામે છે? મોક્ષનું સ્વરૂપ શું છે ? અને સ્વર્ગે ગયેલા પુરુષે કેવું કર્મ કરવું જોઇએ, જેથી સ્વર્ગલોકમાંથી ભ્રષ્ટ ન થવાય![૩] વળી દેવોનો પણ દેવ કોણ છે? પિતૃઓનો પણ પિતા કોણ છે અને તેવું કોઈ બીજું તત્ત્વ છે, કે જે દેવોના દેવ કરતાં અને પિતૃઓના પિતા કરતાં પણ શ્રેષ્ઠ હોય ? હે પિતામહ! મારા આ પ્રશ્નોનો તમે ઉત્તર આપો.”[૪]

ભીષ્મે કહ્યું:-હે નિર્દોષ રાજા ! પ્રશ્નો કેવા પૂછવા, તે તમે જાણો છો અને તમારા પ્રશ્નો ઘણાજ ગૂઢ છે. હે રાજન્! દેવોની કૃપા ન હોય અથવા શાસ્ત્રોનું સંપૂર્ણ જ્ઞાન ન હોય, તો કેવળ તર્કબુદ્ધિથી સેંકડો વર્ષે પણ તમારા પ્રશ્નોનો ઉત્તર ન આપી શકાય. હે શત્રુહંતા રાજા! આ આખ્યાન ઘણુંજ ગહન છે, તોપણ મારે તમને કહેવુંજ જોઇએ.[૫,૬] આ વિષયમાં ઋષિ નારાયણ તથા નારદના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૭] મારા પિતા પણ મને કહેતા હતા કે, વિશ્વના આત્મા અને સનાતનસ્વરૂપ ભગવાન નારાયણ (નર, નારાયણ, હાર અને કૃષ્ણ-એવી) ચાર મૂર્તિઓ ધારણ કરીને ધર્મના પુત્રતરીકે પૃથ્વીપર અવતર્યા હતા.[૮] હે મહારાજા! પૂર્વે સ્વાયંભુવ મન્વંતરના સમયમાં જ્યારે સત્યયુગ ચાલતો હતો, ત્યારે સ્વયંભૂ ધર્મને ત્યાં નર, નારાયણ, હરિ અને કૃષ્ણ-એ નામના ચાર પુત્રો ઉત્પન્ન થયા હતા.[૯] તેઓમાં અવિનાશી એવા નર અને નારાયણ, બદરિકાશ્રમમાં જઇને સુવર્ણની પેઠે (અજ્ઞાનીઓને) મોહ ઉપજાવનારા શરીરરૂપી ગાડાનો આશ્રય કરીને તપશ્ચર્યા કરવા લાગ્યા.[૧૦] આ શરીરરૂપી ગાડું જે આઠ અવિદ્યાઓરૂપી પૈડાંવાળું છે, પાંચ મહાભૂતોથી યુક્ત છે અને ઉપર ઉપરથી મનને સુંદર લાગે તેવું છે, તેનો આશ્રય કરીને લોકના નાથ અને સર્વના આદ્ય તેઓ બન્ને-નર નારાયણ તપશ્ચર્યા કરી રહ્યા હતા. તે સમયે તેઓનાં શરીર કૃશ થઇ ગયાં હતાં, જેથી તેઓનું શરીર બહાર પ્રકટ થયેલી નાડીઓથી વ્યાપ્ત દેખાતું હતું.[૧૧] તેઓનું તપ અને તેજના પ્રભાવથી દેવતાઓ પણ તેઓની સામે દુઃખેથી જોઈ શકતા હતા. જે પુરુષના પર તે બન્ને દેવો કૃપા કરતા હતા, તે પુરુષજ તેઓનું દર્શન કરવામાટે યોગ્ય થઈ શકતો હતો.[૧૨] અને તે અવશ્ય, તે બન્ને દેવોની સંમતિ હશે અને તેથીજ હૃદયમાં અંતર્યામીએ પ્રેરણા કરી હશે; માટે મહાત્મા નારદ, મેરુ પર્વતના મહાન શિ-

ખર ઉપરથી ઉતરીને ગંધમાદન પર્વત ઉપર આવ્યા અને હે રાજન્! સર્વ લોકમાં વિચરતા વિચરતા સત્વર તે બદરિકાશ્રમના પ્રદેશમાં જઈ પહોંચ્યા.[૧૩,૧૪] તે વખતે નર–નારાયણ દેવનો આહ્નિક કર્મ કરવાનો સમય હતો. (જેથી તેઓ તે કર્મ કરવામાં રોકાયા હતા.) તે જોઈ નારદને પરમ આશ્ચર્ય થયું કે, જે આ સમગ્ર જગતના અધિષ્ઠાનરૂપ છે, જેમાં દેવો, અસુરો, ગંધર્વો કિન્નરો અને મોટા સર્પોસહિત સમગ્ર લોકો નિવાસ કરી રહ્યા છે, વળી પ્રથમ જે એકજ મૂર્તિ હતી તેજ અહીં ધર્મના કુળમાં ચાર સ્વરૂપે ઉત્પન્ન થઈ છે અને આ ચાર દેવતાઓએજ આજે ધર્મના ઉપર અનુગ્રહ કર્યો છે, કે જેઓનાં નામ નર, નારાયણ, હરિ તથા કૃષ્ણ છે, તેમાં હરિ તથા કૃષ્ણ પણ પૂર્વે કોઇ કારણને લીધે અહીં રહ્યા હતા અને આ સમયે ધાર્મિકોમાં શ્રેષ્ઠ આ નર તથા નારાયણ અહીં તપશ્ચર્યા કરી રહ્યા છે. ખરેખર, આ બન્ને જણા પરમ ધામરૂપ છે, છતાં આવી આહ્નિક ક્રિયાઓ કરવાનું આને શું પ્રયોજન હશે ?[૧૫-૧૯] મને પરમ આશ્ચર્ય છે કે, મહાબુદ્ધિમાન આ નર–નારાયણ, પ્રાણીમાત્રના પિતા છે, પરમ દૈવતરૂપ છે અને યશસ્વી છે, છતાં તેઓ કયા દેવનું પૂજન કરતા હશે અને કયા પિતૃઓને તૃપ્ત કરતા હશે?”[૨૦] મનમાં આવો વિચાર કરીને દેવર્ષિ નારદ, નારાયણ ઉપરની ભક્તિને લીધે એકદમ તે બન્ને દેવોની સમીપમાં પ્રકટ થયા.[૨૧] પછી દેવોનું તથા પિતૃઓનું કર્મ જ્યારે સમાપ્ત થયું, ત્યારે તેઓ બન્ને જણાએ નારદતરફ દૃષ્ટિ કરી અને શાસ્ત્રોકત વિધિપૂર્વક તેમની પૂજા કરી.[૨૨] આ રીતે મહાઆશ્ચર્યકારક અને વિધિપૂર્વક પોતાનો અપૂર્વ સત્કાર તેઓએ કર્યો, જેથી અત્યંત પ્રસન્ન થયેલા ભગવાન નારદઋષિ તેઓની પાસે બેઠા.[૨૩] પછી નારદે મહાદેવ નારાયણસામે દૃષ્ટિ કરીને મનમાં પ્રસન્ન થઈ તેમને નમસ્કાર કર્યા અને આ પ્રમાણે વચન કહેવા માંડયું.[૨૪]

નારદે કહ્યું:–“ વેદોમાં, પુરાણોમાં, વેદનાં અંગોમાં તથા ઉપાંગોમાં તમને અજન્મા, સનાતન, પિતા, માતા અને સર્વોત્તમ અમૃતરૂપે વર્ણવેલા છે.[૨૫] વળી ભૂતભવિષ્યનું આ સર્વ જગત તમારામાંજ સ્થિતિ કરી રહ્યું છે અને ગૃહસ્થાશ્રમ જેઓનું મૂળ ગણાય છે, તે સર્વ આશ્રમો, પ્રતિદિન અનેક મૂર્તિઓને ધારણ કરનારા તમારૂંજ પૂજન કરે છે; એટલુંજ નહિ પરંતુ તમે સર્વ જગતના પિતા, માતા અને સનાતન ગુરુરૂપ છો, છતાં તમે હમણાં કયા દેવનું પૂજન કરી રહ્યા છો અને કયા પિતૃને તૃપ્ત કરી રહ્યાછો? તે અમે સમજી શકતા નથી.”[૨૬,૨૭]

શ્રીભગવાને કહ્યું:–“ હે બ્રહ્મન્! તેં આ જે પ્રશ્ન પૂછયો છે તેનો ઉત્તર ખરેખર કહેવાને માટે અયોગ્ય છે; કેમકે તે પ્રશ્ન અમારા ગુપ્ત ચરિત્રસાથે સંબંધ ધરાવનારો છે અને સનાતન છે, તોપણ તું ભકિતમાન છે તેથી હું તને યથાર્થરીતે તેનો ઉત્તર આપું છું.[૨૮] પ્રાણીમાત્રના શરીરમાં સૂક્ષ્મ, જાણવાને માટે અશકય, અદૃશ્ય, કૂટસ્થ (નિર્વિકાર), અવિનાશી, ઇંદ્રિયો અને ઇંદ્રિયોના વિષયોથી રહિત તેમજ સર્વ મહાભૂતોથી ભિન્ન એવું જે તત્ત્વ રહેલું છે, તેનેજ સર્વનો અંતરાત્મા કહેવામાં આવે છે, તેનેજ ક્ષેત્રજ્ઞ કહે છે અને તેનેજ ત્રિગુણાતીત પુરુષ કહેવામાં આવે છે.[૩૦] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! એ ક્ષેત્રજ્ઞ પુરુષથી ત્રણગુણમય પ્રકૃતિ ઉત્પન્ન થઈ છે. (તોપણ પુરુષના કૂટસ્થપણામાં અથવા નિર્વિકારપણામાં કંઇપણ હાનિ પહોંચતી નથી. કેમકે) જે સત્તા (પરમાત્મસત્તા) પોતે અદૃશ્ય છે અને દૃશ્ય પદાર્થોમાં (ઘટાદિમાં) સદ્રૂપે રહે છે, તેજ સત્તા પરિણામધર્મથી રહિત હોવા છતાં સર્વનું ઉપાદાનકારણ બને છે–અર્થાત્ દોરડીમાં દેખાતો સર્પ કેવળ મિથ્યાજ છે–અજ્ઞાનથીજ દેખાય છે તેથી જેમ દોરડીમાં કોઇ જાતનો વિકાર જેમ નથી તેમ, બ્રહ્મમાં દેખાતું જગત કેવળ મિથ્યાજ છે–અજ્ઞાનથીજ દેખાય છે તેથી બ્રહ્મના કૂટસ્થપણામાં કોઇ જાતની હાનિ પહોંચતી નથી. બ્રહ્મ તો સદા અપરિણામી છે–

નિર્વિકાર છે.[૩૧]* તારે જાણવું કે, તે નિષ્કળ ચૈતન્યજ અમારા બન્નેનું મૂળ કારણ છે અને સત્ તથા અસત્ સર્વ વસ્તુનો જેમાં અંતર્ભાવ થાય છે, તે પરમ ચૈતન્યસ્વરૂપ આનંદાત્માનુંજ અમે પૂજન કરીએ છીએ, એટલુંજ નહિ પણ દેવ તથા પિતૃના-સર્વ કર્મમાં તે પરમાત્માનીજ અમે ભાવના કરીએ છીએ;[૩૨] કારણ કે હે બ્રાહ્મણ! તેનાથી બીજો કોઈ પિતા નથી અને તેનાથી બીજો કોઇ દેવ નથી. વળી તે એકનેજ આપણા સર્વનો આત્મા જાણવો અને તે સર્વાત્માનુંજ અમે પૂજન કરીએ છીએ.[૩૩] હે બ્રહ્મન્! તે પરમાત્માએજ લોકોનું રક્ષણ કરનારી સર્વ મર્યાદાઓ બાંધી છે અને દેવનું તથા પિતૃનું કર્મ સર્વ મનુષ્યે કરવું, એવી તેની પોતાનીજ આજ્ઞા છે.[૩૪] બ્રહ્મા, રુદ્ર, મનુ, દક્ષ, ભૃગુ, ધર્મ, યમ, મરીચિ, અંગિરા, અત્રિ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, વસિષ્ઠ, પરમેષ્ઠી, સૂર્ય, ચંદ્ર, કર્દમ, ક્રોધ અને વિક્રીત-આ એકવીસ પ્રજાપતિઓ તે પરમાત્માથી ઉત્પન્ન થયા છે અને તેઓ તેમનીજ સનાતન મર્યાદાને માન આપે છે.[૩૫-૩૭] બ્રાહ્મણોમાં ઉત્તમ ગણાતા તે સર્વ પ્રજાપતિઓ દેવનિમિત્ત તથા પિતૃનિમિત્ત કર્મને તે પરમ દેવ પાસેથીજ યથાર્થરીતે જાણીને નિત્ય તેનું અનુષ્ઠાન કરે છે અને તે આદિદેવદ્વારા પોતાની ઇષ્ટકામનાઓને પામે છે.[૩૮] જે પ્રાણીઓ સ્વર્ગમાં રહેલાં છે, તેઓ પણ પરમાત્માનેજ નમસ્કાર કરે છે અને તેમની કૃપાથીજ તેમણે આપેલાં ફળવાળી ગતિને પામે છે.[૩૯] શાસ્ત્રોમાં એવો નિશ્ચય કરવામાં આવ્યો છે કે, જેઓ સત્તર× ગુણોથી રહિત થયેલા હોય છે, ઉજ્જવલ તથા મલિન-સર્વ કર્મોનો જેઓએ ત્યાગ કર્યો હોય છે અને પંદર કળાઓનો જેઓએ ત્યાગ કરેલો હોય છે તે પુરુષો 'મુક્ત' કહેવાય છે.[૪૦] હે બ્રહ્મન્! જે સર્વ ગુણોથી યુક્ત છે અને નિર્ગુણ પણ છે, તે ક્ષેત્રજ્ઞજ મુક્ત પુરુષોની ગતિરૂપ છે.[૪૧] આ ક્ષેત્રજ્ઞનાં, જ્ઞાનયોગદ્વારા દર્શન થઇ શકે છે અને અમે બન્ને જણા તે ક્ષેત્રજ્ઞમાંથીજ નીકળ્યા છીએ, એમ જાણીને તે સનાતન આત્માનું પૂજન કરીએ છીએ.[૪૨] સર્વ વેદો, આશ્રમો અને ભિન્ન ભિન્ન મતોનો આશ્રય કરનારા સર્વ મનુષ્યો તે પરમાત્માનુંજ ભક્તિપૂર્વક પૂજન કરે છે અને પરમાત્મા સત્વર તેઓને શુભ ગતિ આપે છે;[૪૩] પરંતુ જે પુરુષો તે પરમદેવનીજ જગતમાં સર્વત્ર ભાવના કરે છે અને કેવળ તેમનીજ અનન્યભાવથી ભક્તિ કરે છે, તે પુરુષોને બીજાઓના કરતાં અધિક ફળ એજ મળે છે કે, તેઓ પરમાત્મામાંજ પ્રવેશ કરે છે-તે સ્વરૂપજ બની રહે છે.[૪૪] હે બ્રહ્મર્ષિ નારદ! અમારા ઉપર તને ભક્તિ છે અને પ્રેમ છે, જેથી આ ગુહ્યજ્ઞાન મેં તને કહ્યું છે અને અમારા ઉપરની ભક્તિથી તું તે શ્રવણ કરી શક્યો છે."

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
અધ્યાય ૩૩૪ મો સમાપ્ત.

અધ્યાય ૩૩૫ મો

શ્વેતદ્વીપવર્ણન અને પંચરાત્રમાહાત્મ્ય

॥ भीष्म उवाच ॥

स एवमुक्तो द्विपदां वरिष्ठो ।
नारायणेनोत्तम पूरुषेण ॥
जगाद वाक्यं द्विपदां वरिष्ठम् ।
नारायणं लोकहिताधिवासम् ॥१॥

ભીષ્મે કહ્યું:-હે યુધિષ્ઠિર રાજા! મનુષ્યોમાં શ્રેષ્ઠ નારદને, પુરુષોમાં ઉત્તમ નારાયણે એ પ્રમાણે કહ્યું, એટલે લોકોનું હિત કરવામાટે પૃથ્વીપર નિવાસ કરનારા નારાયણને નારદે આવું વાક્ય કહ્યું.[૧]

---

* તાત્પર્ય કે, અહીં કહેવામાં આવ્યું છે કે, '**तस्माद्व्यक्तमुत्पन्नं**' પુરુષથી પ્રકૃતિ ઉત્પન્ન થઇ." પણ પ્રકૃતિની તે ઉત્પત્તિ કેવળ કલ્પિતજ સમજવી; કેમકે પુરુષથી ભિન્ન એવો પ્રકૃતિ નામનો કોઇ પદાર્થજ નથી, જેથી પુરુષથી પ્રકૃતિ ઉત્પન્ન થતુંજ નથી અને તેને લીધેજ પુરુષનું નિર્વિકારપણું અચળ રહે છે.

× પાંચ પ્રાણ, મન, બુદ્ધિ અને દશ ઇંદ્રિયો.

નારદે કહ્યું:–"તમે સ્વયંભૂ છો, છતાં જેને માટે તમે ધર્મને ત્યાં ચાર સ્વરૂપે અવતાર લીધો છે, તે લોકોનું હિત કરવારૂપ કાર્ય તમે સિદ્ધ કરો. હું તમારી આદ્યમૂર્તિનાં દર્શન કરવામાટે હમણાં શ્વેતદ્વીપમાં જાઉં છું.[2] હે લોકના નાથ! હું નિત્ય ગુરુઓની પૂજા કરૂં છું, મેં બીજાની ગુહ્યવાત કદી પ્રકટ કરી નથી, વેદોનું અધ્યયન સારી રીતે કર્યું છે, તપશ્ચરણ કર્યું છે, અસત્ય ભાષણ કદી કર્યું નથી, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વર્તીને હાથ, પગ, ઉદર અને ઉપસ્થ–એ ચારે ઇંદ્રિયોનો મેં સંયમ કર્યો છે, શત્રુ તથા મિત્ર ઉપર પણ મને સમાન ભાવ છે, આદિદેવનું મેં શરણ લીધું છે અને અનન્યભાવથી તેમની હું ભક્તિ કરૂં છું.[3,4] આવા વિશેષ ગુણોને લીધે મારૂં અંતઃકરણ શુદ્ધ થયેલું છે, છતાં હું અનંત એવા તે ઈશ્વરનાં દર્શન કેમ ન કરૂં ?"

નારદનાં એ વચન સાંભળીને સનાતન ધર્મનું રક્ષણ કરનારા નારાયણે "બહુ સારૂં, તારી ઈચ્છા હોય તો જા." એમ તેને કહીને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે તેનું પૂજન કર્યું અને શ્વેતદ્વીપમાં જવાની આજ્ઞા આપી. બ્રહ્મદેવના પુત્ર નારદ પણ તે પુરાણ ઋષિનું પૂજન કરીને એકાએક આકાશમાર્ગે ઉડયા અને યોગબળના પ્રભાવથી મેરુ પર્વત ઉપર જઈ પહોંચ્યા. ત્યાં ગયા પછી તે નારદ મુનિ મેરુ પર્વતના કોઈ એકાંત શિખર ઉપર એક મુહૂર્ત જેટલા સમયસુધી બેઠા.[5–7] તે પછી તેમણે ઉત્તર તથા પશ્ચિમના મધ્યભાગમાં (વાયવ્ય કોણમાં) જેવી દૃષ્ટિ કરી, કે તુરતજ અતિ અદ્ભુત દેખાવનો પૂર્વોક્ત શ્વેતદ્વીપ તેમના જોવામાં આવ્યો. એ શ્વેતદ્વીપ ક્ષીરસમુદ્રની ઉત્તર દિશામાં આવેલો છે, તેનું નામ જગતમાં પ્રસિદ્ધ છે, તેનો વિસ્તાર ઘણો મોટો છે અને વિદ્વાનો કહે છે કે, મેરુ પર્વતથી બત્રીસ હજાર યોજન જેટલો તે દૂર છે. ત્યાં વસનારા મનુષ્યો સ્થૂલદેહ ઉપરની આસક્તિથી રહિત છે, શબ્દાદિ વિષયભોગથી દૂર રહેનારા છે, અનેક પ્રકારની ચેષ્ટાઓથી રહિત છે અને પરમાત્માનુંજ નિત્ય ધ્યાન કરનારા છે.[8,9] વળી તેઓ શરીરે શ્વેત છે–અર્થાત્ શુદ્ધ સત્વગુણી છે, બધાય પુરુષો છે, સર્વ પાપોથી રહિત છે, પાપી મનુષ્યોનાં નેત્રોને આંજી નાખે તેવા તેજસ્વી છે, તેઓનાં હાડકાં અને શરીરો વજ્રના જેવાં મજબૂત છે, માન તથા અપમાનને તેઓ સમાન માને છે, તેઓનાં ગાત્રો અને રૂપ દિવ્ય છે અને તેઓ સર્વે યોગપ્રભાવના બળથી યુક્ત છે.[10] વળી તેઓની ડોક માંસરહિત હોવાથી તેઓનાં મસ્તકની આકૃતિ છત્રના જેવી જણાય છે, તેઓનાં શબ્દ મેઘમંડળના જેવાં ગંભીર છે, તેઓના વૃષણ, ખભા તથા કેડનો મધ્યભાગ અત્યંત પુષ્ટ નથી, તેઓના પગ કમળની પાંખડી જેવા લાલ છે, તેઓને સાઠ દાંત છે અને આઠ ઉજ્જવળ દાઢો છે. વળી ત્યાંના મનુષ્યો પોતાની જીહ્વાઓવડે જગતનો ગ્રાસ કરનારા અને સૂર્યવડે સ્ફુટ થનારા મહાન કાળને (દૂધપાકની પેઠે) ચાટી જાય છે–અર્થાત્ તેઓ કાળનું પણ ભક્ષણ કરી જાય છે;[11] કારણ કે તે સર્વ લોકો જગતને ઉત્પન્ન કરનારા અને વેદો, ધર્મો, શાંત મુનિઓ તથા દેવોના પણ સ્રષ્ટા દેવ પરમાત્માને, માતા સૂતિકાગૃહમાં રહેલા પોતાના પુત્રને જેમ પ્રત્યક્ષ જુએ છે તેમ, પોતાના હૃદયમાં પ્રત્યક્ષ જુએ છે."[12]

યુધિષ્ઠિરે પૂછયું:–"હે પિતામહ ! શ્વેતદ્વીપના મનુષ્યો સ્થૂલદેહના સંગથી, શબ્દાદિ વિષયભોગથી અને સર્વ ચેષ્ટાઓથી રહિત કેમ છે? વળી તેઓ પરમાત્માનું નિત્ય ધ્યાન કરનારા અને બધાય પુરુષજાતિના કેમ છે? તેમજ તેઓ કેવા પ્રકારની ઉત્તમ ગતિને પ્રાપ્ત થાય છે ?[13] હે ભરતશ્રેષ્ઠ પિતામહ ! આ જગતમાં જેઓ મુક્તદશાને પામેલા હોય છે અને તેઓનામાં જે લક્ષણ જોવામાં આવે છે, તેજ લક્ષણ શ્વેતદ્વીપમાં વસનારા મનુષ્યોમાં શામાટે હોય છે ?[14] એ વિષે મને સંશય થયો છે અને પરમ આશ્ચર્ય થયું છે, માટે મારા સંશયને તમે દૂર કરો; કેમકે તમે સર્વ પ્રકારની કથાઓ જાણો છો અને તમારો અમને આશ્રય છે."[15]

ભીષ્મે કહ્યું:–" હે રાજન્ ! આ કથા, જે

મારે તમને કહેવાની છે, તે ઘણી વિસ્તારવાળી છે, મેં મારા પિતા પાસેથી સાંભળી છે અને સર્વ કથાઓના સારરૂપ છે.[૧૬] પૂર્વે ઉપરિચર નામનો એક રાજા હતો. તે આખી પૃથ્વીનો અધિપતિ હતો, ઇંદ્રનો મિત્ર હતો અને નારાયણ–હરિનો તે ભક્ત હતો.[૧૭] વળી તે રાજા પરમ ધાર્મિક હતો, નિત્ય પ્રમાદ રાખ્યાવિના પિતાની ભક્તિ કરતો હતો અને પૂર્વે નારાયણ પાસેથી વર મેળવીને તેણે ચક્રવર્તીપણું પ્રાપ્ત કર્યું હતું.[૧૮] પાંચરાત્ર નામનો વિધિ કે જે, પૂર્વે સૂર્યના મુખમાંથી નીકળ્યો છે, તેનો આશ્રય કરીને તે રાજા નારાયણનું પૂજન કરતો હતો અને નારાયણનું પૂજન કરતાં બાકી રહેલા પૂજાસાહિત્યથી પિતૃઓનું પૂજન કરતો હતો.[૧૯] એ રીતે પિતૃઓનું પૂજન કર્યા પછી બાકી રહેલા સાહિત્યથી બ્રાહ્મણોને તથા પોતાના આશ્રિતોને તે જમાડતો હતો અને બ્રાહ્મણોના જમ્યા પછી અવશેષ રહેલા અન્નનું પોતે ભોજન કરતો હતો. તે રાજા નિત્ય સત્ય ભાષણ બોલતો હતો, પ્રાણીમાત્ર તરફ અહિંસક વૃત્તિ ધારણ કરતો હતો અને દેવના દેવ, આદિ, મધ્ય તથા અંતરહિત, લોકના સ્રષ્ટા અને અવિનાશી દેવ નારાયણની અનન્યભાવથી ભક્તિ કરતો હતો.[૨૦,૨૧] શત્રુઓનો નાશ કરનાર તે રાજા નારાયણનો પરમ ભક્ત હતો તેથી દેવોના રાજા ઇંદ્રે પોતે પોતાની શય્યામાંથી તથા આસનમાંથી અર્ધભાગ તેને આપ્યો હતો.[૨૨] પોતાનું ધન, સ્ત્રી અને વાહન–વગેરે સર્વ પરિવાર ભગવાન નારાયણનો છે, એમ સમજીને તે સર્વ વસ્તુ ભગવાન નારાયણનેજ તે અર્પણ કરતો હતો.[૨૩] હે રાજન્! કામ્ય, નૈમિત્તિક–વગેરે સર્વ યજ્ઞની ઉત્તમ ક્રિયાઓ, પંચરાત્ર વિધિને અનુસરીનેજ નિત્ય એકાગ્રચિત્તે તે કરતો હતો.[૨૪] તે મહાત્માને ઘેર, પંચરાત્રને :જાણનારા મુખ્ય મુખ્ય બ્રાહ્મણો, ભગવાનને અર્પણ કરેલા નૈવેદ્યનો તથા ઉત્તમ પ્રતિના ભોજનનો ઉપભોગ કરતા હતા.[૨૫] શત્રુઓનો સંહાર કરનાર તે રાજા ધર્માનુસાર રાજ્યનું પાલન કરતો હતો, એમજ ન હતું પણ અસત્ય વાણી બોલતો ન હતો, તેનું મન કદી દુષ્ટ થયું ન હતું અને એક અણુ જેટલું શારીરિક પાપ પણ તેણે કર્યું ન હતું.

હે યુધિષ્ઠિર રાજા! જે સપ્તર્ષિઓ "ચિત્રશિખંડી" એવા નામથી પ્રસિદ્ધ છે, તેઓએજ પોતે એક નિશ્ચયના થઈને પંચરાત્ર નામનું ઉત્તમ શાસ્ત્ર કહ્યું છે. (જે શાસ્ત્રને રાજા ઉપરિચર અનુસરતો હતો.) તે શાસ્ત્ર ચારે વેદોની તુલના કરે તેવું છે, મહાગિરિ મેરુ ઉપર રચાયું છે, તેમાં લોકધર્મનું ઉત્તમ વર્ણન છે અને ચિત્રશિખંડી નામના મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને મહાતેજસ્વી વસિષ્ઠ–આ સાત ઋષિઓના સાત મુખમાંથી તે નીકળ્યું છે.[૨૬–૨૯] આ સાત ઋષિઓ મહત્તત્ત્વાદિ સાત પ્રકૃતિરૂપ છે અને આઠમા સ્વાયંભુવ, મૂળપ્રકૃતિરૂપ છે. આ આઠ પ્રકૃતિઓ જગતને ધારણ કરી રાખે છે અને એ આઠ પ્રકૃતિઓમાંથીજ પંચરાત્ર શાસ્ત્ર નીકળ્યું છે.[૩૦] જે સપ્તર્ષિઓ મનને એકાગ્ર રાખનારા છે, દમગુણને ધારણ કરનારા છે, સંયમ ઉપર પ્રીતિ રાખનારા છે, ભૂત, ભવિષ્ય તથા વર્તમાનને જાણનારા છે અને સત્યધર્મમાં પરાયણ રહેનારા છે, તેઓએ "આ વસ્તુજ શ્રેયસ્કર છે, આજ પરબ્રહ્મ છે અને આમાંજ લોકોનું સર્વોત્તમ હિત સમાયલું છે" આવો મનમાં વિચાર કર્યા પછી એ પાંચરાત્રશાસ્ત્ર રચ્યું છે.[૩૧,૩૨] તે શાસ્ત્રમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–એ ચારે પુરુષાર્થોનું વર્ણન કરવામાં આવ્યું છે, તેમજ સ્વર્ગ તથા પૃથ્વી ઉપરની સર્વ મર્યાદાઓ તેમાં દર્શાવી છે.[૩૩] પૂર્વોક્ત સપ્તર્ષિઓએ તથા બીજા ઋષિઓએ એકત્ર થઇને હરિ એવા દેવ નારાયણપ્રભુનું આરાધન કર્યું હતું અને દેવતાઓનાં એક હજાર વર્ષપર્યંત ઉગ્ર તપ કર્યું હતું,[૩૪] જેથી નારાયણની આજ્ઞાને અધીન થઇને દેવી સરસ્વતીએ, સર્વ ઋષિલોકોનું હિત કરવાની ઇચ્છાથી તે સર્વ ઋષિઓના શરીરમાં પ્રવેશ કર્યો હતો[૩૫] અને તેના પ્રભાવથી તપસ્વી ઋષિઓએ શબ્દ, અર્થ અને તેના હેતુઓમાં, આદિસર્ગમાં ઉત્પન્ન થયેલી તે વા-

ણીની સારી રીતે પ્રવૃત્તિ કરી હતી.[૩૬] સૃષ્ટિના આદિકાળમાં ૐકાર અને સ્વરોથી પૂજાપાત્ર થયેલા તે શાસ્ત્રને ઋષિઓએ જે સ્થળે સંભળાવ્યું હતું, તે સ્થળે દયાળુ ભગવાન પુરુષોત્તમ પ્રસન્ન થઇને અંતર્હિત શરીરે આવ્યા હતા અને અદૃશ્ય રહીને તે સર્વ ઋષિઓને તેમણે આ પ્રમાણે કહ્યું હતું.[૩૭,૩૮] "હે બ્રાહ્મણો! એક લાખ શ્લોકમાં રચાયલું આ પાંચરાત્ર શાસ્ત્ર ઘણુંજ ઉત્તમ છે, તેમાં સમગ્ર લોકતંત્રનો સમાવેશ કરવામાં આવ્યો છે, તેમાંથી ધર્મની પ્રવૃત્તિ થઇ શકશે, પ્રવૃત્તિ તથા નિવૃત્તિ-એ બન્ને માર્ગમાં આ શાસ્ત્રં પ્રમાણરૂપ થઇ પડશે; તેમજ આ શાસ્ત્રમાં યજુર્વેદ, ઋગ્વેદ, સામવેદ અને અથર્વવેદ-એ ચારે વેદોનો સમાવેશ કરવામાં આવ્યો છે.[૩૯,૪૦] હે વિપ્રો! બ્રહ્મદેવને, ક્રોધથી ઉત્પન્ન થયેલા રુદ્રને, પ્રકૃતિરૂપ ગણાતા તમને, સૂર્યને, ચંદ્રને, વાયુને, પૃથ્વીને, જળને, અગ્નિને સર્વ નક્ષત્રોને તથા બીજાં જે કોઇ ભૂતશબ્દથી કહેવાતાં પ્રાણીઓને મેં મારી કૃપાથી જગતમાં પ્રમાણરૂપ કર્યાં છે તેમજ પોતપોતાના અધિકાર પ્રમાણે વર્તન કરનારા બ્રહ્મવાદીઓને જેમ પ્રમાણરૂપ ગણવામાં આવે છે, તેમ આ ઉત્તમ શાસ્ત્ર પણ પ્રમાણરૂપ ગણાશે[૪૧-૪૩] વળી હું પણ આજ્ઞા આપું છું કે, આ શાસ્ત્રી અવશ્ય પ્રમાણરૂપ થશે; એટલુંજ નહિ પરંતુ સ્વાયંભુવ મનુ પોતે આ શાસ્ત્રમાંથીજ ધર્મોનું પ્રવચન કરશે, શુક્રાચાર્ય અને બૃહસ્પતિ પણ જ્યારે ઉત્પન્ન થશે, ત્યારે તમારી બુદ્ધિથી રચાયલા આ શાસ્ત્રને અનુસરીનેજ ધર્મોનું કથન કરશે.[૪૪,૪૫] હે ઉત્તમ બ્રાહ્મણો! સ્વાયંભુવ મનુએ કહેલા ધર્મો અને બૃહસ્પતિ તથા શુક્રાચાર્યે બનાવેલાં શાસ્ત્રો લોકોમાં જ્યારે પ્રચલિત થશે, ત્યારે તમે રચેલા આ શાસ્ત્રને પ્રજાનું પાલન કરનારો વસુ (ઉપરિચર) રાજા બૃહસ્પતિ પાસેથી સંપાદન કરશે.[૪૬,૪૭] તે રાજા ઉત્તમ ભાવનાઓથી ભાવિત હોઇને મારો ભક્ત થશે અને આ શાસ્ત્રને અનુસરીનેજ લોકમાં સર્વ ક્રિયાઓ કરશે.[૪૮] આ તમારૂં શાસ્ત્ર, જગતનાં સર્વ શાસ્ત્રોમાં ઉત્તમ ગણાશે; કેમકે આ શાસ્ત્ર ધર્મ તથા અર્થને આપનારૂં છે અને ઉત્તમ રહસ્યરૂપ છે.[૪૯] તમે આ શાસ્ત્રની જગતમાં પ્રવૃત્તિ કરશો, તેથી મોટા જ્ઞાની થશો અને રાજા વસુ, રાજલક્ષ્મીથી યુક્ત થઇને (સર્વ રાજાઓમાં) મહાન થશે;[૫૦] પરંતુ હું તમને કહું છું કે, રાજા વસુનું મૃત્યુ થશે તે પછી આ સનાતન શાસ્ત્ર, જગતમાંથી અંતર્હિત થશે. આ સર્વ મેં તમને કહ્યું."[૫૧]

એ પ્રમાણે કહીને ભગવાન પુરુષોત્તમ તે સર્વ ઋષિઓને જવાની આજ્ઞા આપીને કોઇએક દિશામાં અદૃશ્ય થઇ ગયા.[૫૨] પછી લોકના પિતારૂપ અને સર્વલોકોનું હિત તાકનારા તે ઋષિઓએ, ધર્મના કારણરૂપ તે સનાતન શાસ્ત્રનો જગતમાં પ્રચાર કર્યો[૫૩] અને તે પછી પ્રથમયુગના આરંભસમયે અંગિરાના પુત્ર બૃહસ્પતિ જ્યારે ઉત્પન્ન થયા, ત્યારે અંગ તથા ઉપનિષદ્‌સહિત તે શાસ્ત્રનું બૃહસ્પતિને અધ્યયન કરાવી, તે ઋષિઓ તપ કરવાનો નિશ્ચય કરી કોઇ ઇષ્ટ પ્રદેશમાં ચાલ્યા ગયા. ખરેખર, તે ઋષિઓ સર્વ લોકને ધારણ કરનારા હતા અને સર્વ મનુષ્યને ધર્મમાં પ્રવૃત્ત કરનારા હતા.[૫૪,૫૫]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
" નારાયણચરિત્ર " એ વિષયનો
અધ્યાય ૩૩૫ મો સમાપ્ત.

અધ્યાય ૩૩૬ મો

નારાયણમાહાત્મ્ય

॥ भीष्म उवाच ॥

ततोऽतीते महाकल्पे उत्पन्नेंऽगिरसः सुते।।
बभूवुर्निर्वृतादेवा जाते देवपुरोहिते ॥१॥

ભીષ્મે કહ્યું:-"એ રીતે મહાકલ્પ વીતી ગયા પછી દેવોના પુરોહિત અંગિરાના પુત્ર બૃહસ્પતિ જ્યારે ઉત્પન્ન થયા, ત્યારે દેવોને આનંદ થયો;[૧] કેમકે હે રાજા! 'बृहत्, ब्रह्म અને महत्'- એ ત્રણે શબ્દો મહાનનાજ પર્યાય છે અને વિદ્વાન બૃહસ્પતિ સર્વ પ્રકારના મહાન ગુણોથી યુક્ત હતા.[૨] રાજા ઉપરિચર, કે

જેનું બીજું નામ 'વસુ' હતું-તે, બૃહસ્પતિનો મુખ્ય શિષ્ય હતો અને તે સમયે સપ્તર્ષિઓએ રચેલા પાંચરાત્રશાસ્ત્રનો તેણેજ (બૃહસ્પતિ પાસેથી) સારી રીતે અભ્યાસ કર્યો હતો.[૩] રાજા વસુ દૈવી વિધિનું આચરણ કરીને અત્યંત શુદ્ધ હૃદયનો થયો હતો, જેથી ઇંદ્ર જેમ સ્વર્ગનું રક્ષણ કરે છે, તેમ તે રાજા પૃથ્વીનું રક્ષણ કરતો હતો.[૪] તે મહાત્મા રાજાએ અશ્વમેધ નામનો એક મહાન યજ્ઞ કર્યો હતો. તે યજ્ઞમાં ઉપાધ્યાય બૃહસ્પતિ હોતા થયા હતા, પ્રજાપતિના પુત્ર એકત, દ્વિત અને ત્રિત નામના ત્રણ મહર્ષિઓ 'સદસ્ય' થયા હતા અને ધનુષ, રૈભ્ય, અર્વાવસુ, પરાવસુ, મેધાતિથિ, તાંડ્ય, શાંતિ, વેદશિરા, શાલિહોત્રના પિતા કપિલ, કઠ, વૈશંપાયનના પૂર્વજ તૈત્તિરિ, કણ્વ અને દેવહોત્ર-આ તેર ઋષિઓ તથા પૂર્વોકત ત્રણ મહર્ષિઓ-એમ એકંદર સોળ ઋષિઓ તે યજ્ઞમાં સદસ્ય થયા હતા.[૫-૯] એ મહાયજ્ઞમાં સર્વ પ્રકારનાં સાહિત્યો તૈયાર રાખવામાં આવ્યાં હતાં. રાજા વસુ અહિંસક હતો, પવિત્ર હતો, ઉદાર હતો અને ફ્લેચ્છાનો ત્યાગ કરીને કર્મો કરવામાં પ્રશંસાપાત્ર થયો હતો, તેથી એ યજ્ઞમાં પશુનો વધ કરવામાં આવ્યો ન હતો. માત્ર અરણ્યમાં ઉત્પન્ન થયેલા ફળમૂલાદિકથીજ તે યજ્ઞમાં દેવોને ભાગો આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.[૧૦,૧૧] તે ઉપરથી દેવના દેવ ભગવાન પુરાણ પુરુષ તે રાજાપર પ્રસન્ન થયા. તેમણે બીજાઓની દૃષ્ટિથી અદૃશ્ય રહીને વસુ રાજાને પ્રત્યક્ષ દર્શન દીધાં,[૧૨] એટલુંજ નહિ પણ પોતાના ભાગના પુરોડાશને પોતે સુંઘીને ગ્રહણ કર્યો. આ રીતે દેવ હરિએ પોતાનો ભાગ હરી લીધો, તે જોઇ બૃહસ્પતિ ક્રોધાયમાન થઇ ગયા. તેમણે મોટા વેગથી સરવો ઉગામીને આકાશમાં ફેંક્યો અને ક્રોધને લીધે તેમનાં નેત્રમાંથી અશ્રુધારા ઝરવા લાગી.[૧૩,૧૪] પછી રાજા ઉપરિચરને તેમણે કહ્યું કે:-"મેં અહીં જે યજ્ઞભાગ તૈયાર રાખ્યો હતો, તેને દેવે પોતે મારી પ્રત્યક્ષમાં આવીનેજ લઇ જવો જોઇએ, એમાં કંઈ સંશય નથી."[૧૫]

યુધિષ્ઠિરે પૂછ્યું:-"યજ્ઞમાં તૈયાર કરવામાં આવેલા પોતાના ભાગોને દેવો પ્રત્યક્ષ આવીને લઇ જાય છે.છતાં વ્યાપક હરિએ બૃહસ્પતિની સમક્ષ આવીને યજ્ઞભાગ શામાટે લીધો ન હતો?"[૧૬]

ભીષ્મે કહ્યું:-"મુનિ બૃહસ્પતિ એ પ્રમાણે ક્રોધે ભરાયા એટલે મહારાજા વસુએ તથા સર્વ સદસ્યોએ તેમને શાંત પાડવા માંડ્યા.[૧૭] તેઓએ શાંતિપૂર્વક કહેવા માંડયું કે, "આ પ્રમાણે ક્રોધ કરવો તે તમને યોગ્ય નથી. વળી તમે ક્રોધાયમાન થયા, પરંતુ ક્રોધ કરવો એ સત્યયુગમાં ધર્મ ગણાતો નથી.[૧૮] હે બૃહસ્પતિ! જેને માટે તમે યજ્ઞભાગ તૈયાર રાખ્યો હતો, તે દેવ કદી ક્રોધાયમાન થતા નથી અને તેમનાં દર્શન કરવાં તે, તમારે માટે અથવા અમારેમાટે સર્વથા અશક્ય છે;[૧૯] પરંતુ જેનાપર તે કૃપા કરે છે, તે પુરુષજ તેમનાં દર્શન કરવામાટે યોગ્ય થઈ શકે છે." તે પછી એકત, દ્વિત અને ત્રિત નામના ચિત્રશિખંડી ઋષિઓ, બૃહસ્પતિને કહેવા લાગ્યા:-[૨૦]

"અમે બ્રહ્મદેવના માનસ પુત્રો છીએ. અમને કલ્યાણની ઇચ્છા હતી, તેથી એક સમયે અમે ઉત્તર દિશા તરફ ચાલી નીકળ્યા.[૨૧] ત્યાં જઇને હજારો વર્ષોપર્યંત કાષ્ઠની પેઠે એક પગે ઉભા રહીને અમે ઉત્તમ તપ કર્યું.[૨૨] જે પ્રદેશ ઉપર અમે પરમ દારુણ તપ કર્યું હતું, તે પ્રદેશ મેરુપર્વતના ઉત્તરભાગમાં ક્ષીરસમુદ્રના તટ ઉપર આવેલો છે.[૨૩] તે સમયે અમારા મનમાં એજ વિચાર આવ્યા કરતો હતો કે, વરને આપનારા, દેવના દેવ અને સર્વના કરતાં શ્રેષ્ઠ દેવ નારાયણનાં અમને કેવી રીતે દર્શન થાય? પણ તેવામાં અમારૂ તપોવ્રત સમાપ્ત થયું એટલે તુરતજ અમને જાણે હર્ષ ઉપજાવતી હોય તેમ સ્નિગ્ધ અને ગંભીર ગર્જના વાળી આવી આકાશવાણી થઇ:-"હે બ્રાહ્મણો! તમે અંતરાત્માને પ્રસન્ન રાખી અતિ મહાન તપશ્ચર્યા કરી છે.વળી તમે ભગવાન નારાયણનું દર્શન કરવાની ઈચ્છા રાખનારા ભક્ત છો, માટે તે ભગવાનનાં ત-

મને કેવી રીતે દર્શન થશે, તે હું તમને કહું છું, સાંભળો. ક્ષીરસાગરથી ઉત્તર દિશામાં શ્વેતદ્વીપ નામનો મહાતેજસ્વી બેટ છે. ત્યાં જે મનુષ્યો નિવાસ કરે છે, તેઓ નારાયણમાં પરાયણ રહેનારા છે, ચંદ્રસમાન કાંતિવાળા છે, અનન્યભાવથી ભક્તિ કરીને ભગવાન પુરુષોત્તમનું શરણ લેનારા છે, સનાતનદેવ સહસ્ર કિરણ સૂર્યમાં પણ તેઓ પ્રવેશ કરી શકે છે, સ્થૂલ દેહના સંગથી તેઓ રહિત છે, ઇંદ્રિયોના વિષયભોગોનો તેઓ ત્યાગ કરનારા છે, નેત્રચલન આદિ સર્વ ચેષ્ટાઓથી તે રહિત છે, પરમાત્માના ધ્યાનમાંજ નિરંતર તત્પર રહે છે અને શ્વેતદ્વીપમાં વસનારા તે સર્વ મનુષ્યો કેવળ પુરુષજાતિનાજ છે. હે મુનિઓ! તમે તે શ્વેતદ્વીપમાં જાઓ.ત્યાં મારૂં સ્વરૂપ પ્રકટ રીતે પ્રકાશે છે.[૨૪-૩૦] તે આકાશવાણી સાંભળીને અમે ત્રણે જણા તેણે દર્શાવેલા માર્ગે તે પ્રદેશમાં જઈ પહોંચ્યા.[૩૧] શ્વેતદ્વીપ નામના તે મહાદ્વીપમાં જઇને ત્યાંના મનુષ્યોને જોવાની મનમાં અમે ઇચ્છા કરી; પરંતુ તે સમયે અમારી દૃષ્ટિનો વિષય એકદમ નષ્ટ થઇ ગયો.(અર્થાત્ અમે આંધળાભીંત થઇ ગયા) અમારી દર્શનશક્તિ ત્યાંના તેજને લીધે હરાઈ ગઇ,જેથી કોઇ પુરુષને અમે જોઇ શકતા ન હતા. આ સ્થિતિ ઉપસ્થિત થઈ એટલે દૈવયોગે અમને એવું જ્ઞાન ઉદ્ભવી આવ્યું કેઃ-"જે મનુષ્યે, અહીં આવીને તપશ્ચર્યા કરી નથી, તે મનુષ્ય સહેજમાં પરમાત્માનાં દર્શન કરી શકતો નથી." પછી પુનઃ તેજ સમયે સો વર્ષપર્યંત અમે મહાન તપશ્ચર્યા કરી અને અમારૂં તપોવ્રત જ્યારે પૂર્ણ થયું, ત્યારે ઘણાજ સુંદર દેખાવના મનુષ્યો અમારા જોવામાં આવ્યા. તેઓ શરીરે ચંદ્રસમાન ઉજ્જ્વળ હતા, સર્વ લક્ષણોથી યુક્ત હતા અને નિત્ય પૂર્વ તથા ઉત્તર દિશા તરફ મુખ કરીને બે હાથ જોડી બ્રહ્મનો જાપ કર્યા કરતા હતા. તે મહાત્માઓ નિત્ય માનસિક જાપ જપે છે,જેથી ચિત્તની એકાગ્રતાને લીધે તેઓનાપર હરિ પ્રસન્ન રહે છે. હે મુનિશ્રેષ્ઠ બૃહસ્પતિ! યુગના વિનાશસમયે સૂર્યની જે પ્રભા હોય છે, તેજ પ્રભા તેઓમાંના એકે એક મનુષ્યમાં જોવામાં આવે છે. એ ઉપરથી અમે તો એમજ માન્યું કે, આ શ્વેતદ્વીપ, તેજનું એક નિવાસસ્થાનજ છે.[૩૨-૩૮] તે પ્રદેશમાં કોઇ પણ પુરુષ બીજાના કરતાં અધિક તેજવાળો છેજ નહિ. સર્વે પુરુષો સમાન તેજવાળાજ છે. હે બૃહસ્પતિ! તે પછી જાણે હજારો સૂર્યની કાંતિ એકીસાથે ઉદય પામતી હોય, તેમ એકાએક ઉદય પામતું તેજ અમારા જોવામાં આવ્યું. તે જોઇને ત્યાંના મનુષ્યો એકીસાથે તેની સામે દોડી ગયા. તે સમયે તેઓ બે હાથ જોડીને માત્ર 'નમઃ' એવો શબ્દજ બોલતા હતા, જેનો મહાન ધ્વનિ અમારા સાંભળવામાં આવતો હતો.[૩૯-૪૧] તે મનુષ્યો તેજરૂપે પ્રકટ થયેલા તે દેવને કંઇક બલિદાન ધરાવતા હતા; પરંતુ અમે તો તેના તેજથી એકાએક બેભાનજ બની ગયા હતા અને અમારાં ચક્ષુ, બલ તથા ઇંદ્રિયો, એટલાં બધાં નિશ્ચેષ્ટ થઇ પડયાં હતાં, જેથી અમે કંઇ પણ જોઈ શકતા ન હતા. માત્ર ત્યાંના મનુષ્યોએ ઉચ્ચારેલો આવો દીર્ઘ શબ્દ અમારા સાંભળવામાં આવ્યો હતો.[૪૨,૪૩]

"जितं ते पुंडरीकाक्ष नमस्ते विश्वभावन ।।
नमस्तेऽस्तु हृषीकेश महापुरुष पूर्वज ।।४४।।

હે પુંડરીકાક્ષ ! તમારો જય થાઓ. હે જગતનું રક્ષણ કરનારા હૃષીકેશ ! અમે તમને નમસ્કાર કરીએ છીએ. હે મહાપુરુષ ! હે સર્વના પૂર્વજ ! તમને અમારા નમસ્કાર હો."[૪૪] એ પ્રમાણે શિક્ષા યુકત અક્ષરવાળો શબ્દ અમારા સાંભળવામાં આવ્યો, તે પછી તેજ સમયે સર્વ પ્રકારના ગંધને વહેતો પવિત્ર વાયુ વાવા લાગ્યો અને કર્મમાં ઉપયોગી દિવ્ય પુષ્પો તથા દિવ્ય ઔષધિઓને ત્યાં લાવવા લાગ્યો. પછી પાંચ પ્રકારના કાળને જાણનારા તે એકાંતભકત મનુષ્યોએ પરમ ભકિતયુકત થઇને મન, વચન તથા કર્મવડે હરિ ભગવાનનું પૂજન કર્યું. ખરેખર, તેઓએ જે વાણીનું ઉચ્ચારણ કર્યું હતું, તે ઉપરથી અમે જાણી શકયા હતા કે, દેવ ના-

રાયણ, અવશ્ય અહીં આવ્યા છે; પરંતુ તેમની માયાથી મોહિત થયેલા અમે તેમને જોઈ શક્તા ન હતા. હે અંગિરસ ગોત્રીઓમાં શ્રેષ્ઠ બૃહસ્પતિ ! વાયુ જ્યારે શાંત પડી ગયો અને બલિ આપવાની ક્રિયા પણ જ્યારે પૂર્ણ થઈ, ત્યારે અમારાં ચિત્ત ચિંતાથી વ્યાકુળ બની ગયાં; કેમકે શુદ્ધ જાતિમાં ઉત્પન્ન થયેલા હજારો મનુષ્યો ત્યાં જોવામાં આવતા હતા પણ તેમાંના કોઇએ, મનથી કે દૃષ્ટિથી પણ અમારૂં સન્માન કર્યું નહિ; તેમજ એકભાવને અનુસરનારા કેટલાએક મુનિગણો પણ શાંતચિત્ત થઇને કેવળ બ્રહ્મભાવનુંજ ધ્યાન કરી રહ્યા હતા, જેથી તેઓએ પણ અમારાપર ભાવ દેખાડ્યો નહિ; પણ એટલામાં અત્યંત થાકી ગયેલા અને તપથી અતિ કૃશ થયેલા અમને, કોઈ શરીરરહિત પ્રાણી આકાશમાં આવીને આ પ્રમાણે કહેવા લાગ્યું.

તેણે કહ્યું:-“ તમે શ્વેત વર્ણના અને સર્વ ઈંદ્રિયોના ભોગોનો ત્યાગ કરનારા જે પુરુષો અહીં જોયા છે, તેઓનું દર્શન થવાથી દેવના ઈશ્વર નારાયણનાં પણ દર્શન થાય છે, માટે હે મુનિઓ ! તમે ત્રણે જણા જેમ અહીં આવ્યા હતા, તેમજ સત્વર પાછા ચાલ્યા જાઓ જે પુરુષ ભકિતરહિત હોય છે, તેને કોઇ પ્રકારે દેવનાં દર્શન થતાં નથી; પણ જેઓ ઘણા લાંબાકાળ સુધી ચૈંત એકાંતિક ભક્તિનું શરણ લે છે, તે પુરુષોજ પ્રભામંડળથી દુર્દશ્ય ભગવાન નારાયણનાં દર્શન કરી શકે છે. વળી હે ઉત્તમ બ્રાહ્મણો ! હજી તમારે એક મહાન કાર્ય કરવાનું બાકી રહેલું છે. આ સત્યયુગ જ્યારે વીતી જશે અને કાળમાં કેટલાએક ફેરફાર થયા પછી વૈવસ્વત નામના મન્વંતરમાં ત્રેતાયુગનો જ્યારે આરંભ થશે, ત્યારે દેવોનું કાર્ય સિદ્ધ કરવામાટે તમે સહાયક થઇ પડશો. ” અમૃતસમાન મધુર તે અદ્‌ભુત વાક્ય સાંભળીને તુરતજ અમે તેમની કૃપાથી અમારા ઇષ્ટ પ્રદેશમાં આવી પહોંચ્યા. આ રીતે દેવબલિ તથા પિતૃબલિને અર્પણ કરીને અમે મહાન તપ કર્યું હતું, છતાં દેવ નારાયણનાં અમને દર્શન થયાં નહિ, તો પછી તમે તેમનાં દર્શન કરવામાટે કેવી રીતે યોગ્ય છો ? ભગવાન નારાયણ સર્વના કરતાં શ્રેષ્ઠ છે, વિશ્વના સ્રષ્ટા છે, હવ્યકવ્યના ભોક્તા છે, આદિ તથા અંતથી રહિત છે, અદૃશ્ય સ્વરૂપ છે અને દેવો તથા દાનવોથી પણ પૂજાયલા છે. ”

એ પ્રમાણે એકત, દ્વિત અને ત્રિત મુનિએ તેમજ બીજા સદસ્યોએ ઘણા ઘણા સમજાવ્યા, એટલે ઉદાર બુદ્ધિવાળા બૃહસ્પતિએ ક્રોધરહિત થઇને યજ્ઞની સમાપ્તિ કરી અને દેવતાઓનું પૂજન કર્યું.[૪૫-૬૧] રાજા વસુ પણ યજ્ઞ સમાપ્ત થઈ રહ્યા પછી પ્રજાઓનું પાલન કરવા લાગ્યો; પણ પાછળથી બ્રાહ્મણોના શાપને લીધે સ્વર્ગમાંથી ભ્રષ્ટ થઇ પૃથ્વીમાં પેસી ગયો હતો.[૬૨] હે રાજાઓમાં સિંહસમાન યુધિષ્ઠિર ! સત્ય ધર્મમાં પરાયણ રહેનારો અને ધર્મ ઉપર નિરંતર પ્રેમ રાખનારો રાજા વસુ, પૃથ્વીમાં પ્રવેશ કરીને પણ નારાયણમાંજ પરાયણ રહેતો હતો અને નારાયણના નામનોજ જાપ કર્યા કરતો હતો, જેથી નારાયણની કૃપાથી પુનઃ સ્વર્ગલોકમાંજ તે ગયો હતો.[૬૩] રાજા વસુ પૃથ્વીતલમાંથી નીકળીને બ્રહ્મના પરમ સ્થાનમાં ગયો હતો અને નૈષ્ઠિક પુરુષોને યોગ્ય એવી પરમ ગતિને પામ્યો હતો.[૬૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “ નારાયણચરિત્ર ” એ વિષયનો અધ્યાય ૩૩૬ મો સમાપ્ત.

અધ્યાય ૩૩૭ મો

યજ્ઞમાં પશુવધનો મત આપવાથી વસુ રાજાની અધોગતિ.

॥ युधिष्ठिर उवाच ॥

यदा भागवतोऽत्यर्थमासीद्राजा महान् वसुः॥
किमर्थं स परिभ्रष्टो विवेश विवरं भुवः ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું:-“ હે પિતામહ ! મહારાજા વસુ ભગવાનનો અત્યંત ભક્ત હતો, છતાં સ્વર્ગથી ભ્રષ્ટ થઇને પૃથ્વીના પોલાણમાં કેમ પેસી ગયો ? ”[૧]

ભીષ્મે કહ્યું:-હે ભરતવંશી રાજા! આના સંબંધમાં પણ ઋષિઓ અને દેવોના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસ કહેવામાં આવે છે.[૨] પૂર્વે દેવોએ બ્રાહ્મણોને કહ્યું કે:-'અજ (બકરા)નો વધ કરીને તમારે યજ્ઞ કરવો અને તેમાં પણ 'અજ' શબ્દથી છાગ(બકરા)નુંજ ગ્રહણ કરવું જોઇએ, બીજા પશુનું ગ્રહણ થઇ શકે નહિ, એવી વૈદિકી મર્યાદા છે."[૩]

ઋષિઓએ કહ્યું:-"યજ્ઞોમાં અજ એટલે બીઆંથીજ હવનહોમ કરવો, એવી વૈદિકી શ્રુતિ છે. વળી અજ શબ્દનો અર્થ બીજજ થાય છે, માટે યજ્ઞમાં બકરાનો વધ કરવો તે યોગ્ય નથી. હે દેવો! યજ્ઞમાં પશુનો વધ કરવો, તે સત્પુરુષોનો ધર્મ નથી. વળી આ સત્યયુગના પવિત્ર કાળમાં પશુનો વધ કેમ કરી શકાય?"[૫]

ભીષ્મે કહ્યું:-એ પ્રમાણે ઋષિઓ અને દેવતાઓનો સંવાદ થઈ રહ્યો હતો, તેવામાં મહારાજા વસુ, તે માર્ગે થઇને જતો જતો ત્યાં આવી પહોંચ્યો.[૬] સમગ્ર સૈન્ય અને વાહનોની સાથે આકાશમાં વિચરનારો શ્રીમાન વસુરાજા ત્યાં આવ્યો, એટલે તેને જોઇને સર્વ બ્રાહ્મણો દેવોને ઉદ્દેશીને એકદમ બોલી ઉઠયા:-"આ વસુ રાજા નિત્ય યજ્ઞ કરનારો છે, મોટો દાતા છે, સર્વ મનુષ્યોમાં શ્રેષ્ઠ છે અને પ્રાણીમાત્રનું હિત કરવામાં પ્રીતિવાળો છે; માટે આપણા સંશયને તે અવશ્ય દૂર કરશે. આ મહારાજા વસુ શું અસત્ય વાક્ય બોલશે કે? (અર્થાત નહિજ બોલે.)" એ પ્રમાણે દેવો અને ઋષિઓએ પરસ્પર વાતચીત કરી તે પછી તેઓ બધા એકત્ર થઇને રાજા વસુ પાસે ગયા અને તેને પૂછવા લાગ્યા કે:-"હે રાજન્! બકરાનો હોમ કરીને યજ્ઞ કરવો કે ઔષધિઓનો હોમ કરીને યજ્ઞ કરવો? આ અમારો સંશય છે, માટે જે સત્ય હોય તે કહીને તે સંશયને તું દૂર કર. અમે તને પ્રમાણ તરીકે માન્ય કર્યો છે." તેઓએ એ પ્રમાણે પૂછ્યું, એટલે રાજા વસુ બે હાથ જોડીને તેઓને પૂછવા લાગ્યો કે, "હે ઉત્તમ બ્રાહ્મણો! તમારામાંથી કોને કયો મત ઈચ્છિત છે, તે મને સત્ય કહો."

ઋષિઓએ કહ્યું:-"હે રાજન્! ધાન્ય હોમીને યજ્ઞ કરવો, એવો અમારો મત છે અને દેવોનો મત એવો છે કે, પશુનો હોમ કરીને યજ્ઞ કરવો; તો આમાં જે સત્ય હોય તે અમને કહે."

ભીષ્મે કહ્યું:-દેવોનો મત જાણીને વસુએ, તેઓના પક્ષનો આશ્રય કર્યો અને કહ્યું કે, "બકરાનો હોમ કરીને યજ્ઞ કરવો." રાજાએ એ પ્રમાણે કહ્યું, એટલે સૂર્યસમાન તેજસ્વી તે મુનિઓ એકદમ કોપાયમાન થઇ ગયા.[૭,૧૪] તેઓએ દેવોનો પક્ષ કરનારા વિમાનમાં બેઠેલા વસુ રાજાને આવો શાપ આપ્યો કે:-"હે રાજન્! દેવોના પક્ષનો તેં સ્વીકાર કર્યો, માટે તું આકાશમાંથી નીચે પડ. આજથી આરંભીને તારી આકાશમાર્ગની ગતિ નષ્ટ થશે અને અમારા શાપના અભિઘાતથી પૃથ્વી ફાડીને તેના પોલાણમાં તું પેસી જઇશ."[૧૫,૧૬] હે રાજા! પછી તેજ ક્ષણે રાજા ઉપરિચર અંતરિક્ષમાંથી પૃથ્વીપર પડયો અને પૃથ્વી ફાડીને તેના પોલાણમાં પેસી ગયો;[૧૭] પરંતુ નારાયણની આજ્ઞાને લીધે તેની સ્મરણશકિત નષ્ટ થઇ નહોતી. એ રીતે રાજાની અધોગતિ થઈ એટલે સર્વ દેવતાઓ એકત્ર મળીને "વસુને શાપથી કેવી રીતે છોડાવવો" તે વિષેનો વિચાર કરવા લાગ્યા.[૧૮] તેઓ શાંત રહીને રાજાના ઉપકારવિષે કહેવા લાગ્યા કે:-"આ મહાત્મા રાજાએ કેવળ આપણે માટેજ શાપ વહોરી લીધો છે, માટે હે દેવતાઓ! આપણે બધાએ એકત્ર થઈને એ રાજાનો પ્રત્યુપકાર અવશ્ય કરવો જોઇએ." આવો બુદ્ધિપૂર્વક નિશ્ચય કરીને, તે દેવતાઓ રાજા ઉપરિચર પાસે ગયા અને પ્રસન્ન ચિત્તથી તેને કહેવા લાગ્યા:-"હે રાજા! તું બ્રાહ્મણોનો તથા દેવોનો ભકત છે, માટે દેવોના તથા અસુરોના ગુરુ ભગવાન હરિ, તારાપર પ્રસન્ન થશે અને તારી ઇચ્છાનુસાર તને શાપથી મુકત કરશે. વળી મહાત્મા પુરુષોએ પણ બ્રાહ્મણોનું માન અવશ્ય જાળવવું જોઇએ; તેમજ હે મહારાજા! બ્રાહ્મણોનું તપ

પણ (શાપરૂપે) અવશ્ય ફળવુંજ જોઈએ, જેથી તું આકાશમાંથી પૃથ્વી ઉપર એકાએક ભ્રષ્ટ થયો છે;[૧૯–૨૩] તોપણ હે ઉત્તમ રાજા ! તારા ઉપર એક અનુગ્રહ અમે કરીએ છીએ કે, હે નિર્દોષ રાજા! શાપના દોષથી જેટલા કાળપર્યંત પૃથ્વીના પોલાણમાં તું રહીશ, તેટલા કાળપર્યંત બ્રાહ્મણોએ એકાગ્રચિત્તપૂર્વક યજ્ઞોમાં હોમેલી ઘૃતધારા, તને પ્રાપ્ત થશે અને અમારૂં ધ્યાન કરવાથી તને કોઇ જાતની ગ્લાનિ થશે નહિ. હે રાજેન્દ્ર ! પૃથ્વીના પોલાણમાં તું નિવાસ કરીશ, ત્યારે ઘૃતધારાનું પાન કરવાથી તેજનું તારૂં પોષણ થશે, જેથી ક્ષુધા કે તૃષા તને લાગશે નહિ. પછી અમારા વરને લીધે દેવ નારાયણ તારા ઉપર પ્રસન્ન થશે અને તને બ્રહ્મલોકમાં લઇ જશે."[૨૩–૨૭] એ પ્રમાણે વસુ રાજાને વર આપીને તે સર્વ દેવતાઓ પોતપોતાને સ્થાને ગયા અને તપોધન ઋષિઓ પણ પોત પોતાને આશ્રમે ગયા.[૨૮]

હે ભારત ! પૃથ્વીના પોલાણમાં રહીને પણ રાજા ઉપરિચર, ભગવાન નારાયણની પૂજા કર્યા કરતો હતો, તેમના નામનોજ જાપ જપતો હતો અને પાંચ કાળે પાંચ મહાયજ્ઞ પણ કરતો હતો. તેણે ત્યાં રહીને પણ દેવાધિદેવ નારાયણને ભક્તિથી વશ કરી લીધા હતા.[૨૯,૩૦] આ રીતે તેની ભકિત જોઈ, ભગવાન નારાયણ–હરિ, તેનાપર પ્રસન્ન થયા. તેમણે જોયું કે, રાજા વસુ મારો અનન્ય ભકત છે અને મનને વશ રાખી મારામાંજ પરાયણ રહે છે.[૩૧] પછી વર આપનારા ભગવાન વિષ્ણુએ, પોતાની સમીપમાં બેઠેલા મોટા વેગવાળા પક્ષીરાજ ગરુડને, પોતાની આવી ઇચ્છા જણાવી કેઃ–[૩૨] "હે મહાભાગ્યવાન પક્ષિરાજ ! તું મારા વચનથી જા અને જો કે, મહારાજા વસુ, જે મોટો ધર્માત્મા અને તીક્ષણવ્રતને ધારણ કરનારો છે, તે બ્રાહ્મણોના પ્રચંડ કોપથી પૃથ્વીતલમાં પેસી ગયો છે. જેઓએ તેને શાપ આપ્યો હતો, તે બ્રાહ્મણોને હવે મનાવી લીધા છે; માટે હે ગરુડ ! મારી આજ્ઞાથી, તું સત્વર જા અને પૃથ્વીના પોલાણમાં ગુપ્ત રહેલા તથા માત્ર પાતાલમાંજ સંચાર કરનારા મહારાજા વસુને આકાશમાં વિહાર કરનારો કર."

ભગવાને એ પ્રમાણે કહ્યું, એટલે વાયુસમાન વેગવાળો ગરુડ, પોતાની બન્ને પાંખો ફફડાવીને, જ્યાં વસુ રાજા રહેતો હતો ત્યાં પૃથ્વીના પોલાણમાં દાખલ થયો.[૩૬] ત્યાં જઇને વિનતાના પુત્ર ગરુડે વસુરાજાને એકદમ ઉંચકી લીધો અને તેને લઇને સત્વર આકાશમાર્ગે તે ઉડયો. આ રીતે ગરુડે પોતાને આકાશમાર્ગમાં આણી મૂકયો, એટલે તેજ ક્ષણે મહારાજા વસુ પુનઃ આકાશમાં સંચાર કરનારો થયો અને અંતે પોતાના તેજ શરીરથી બ્રહ્મલોકમાં ગયો.[૩૭,૩૮] હે કુંતાપુત્ર ! એ પ્રમાણે મહાત્મા વસુ રાજા પણ દેવોની આજ્ઞાથી વાણીનો દોષ કરીને બ્રાહ્મણોના શાપને લીધે અધોગતિને પામ્યો હતો;[૩૯] પરંતુ તેણે સર્વના ઇશ્વર અને આદિપુરુષ એવા શ્રીહરિની એકાગ્રચિત્તથી સેવા કરી હતી, તેથીજ શાપથી સત્વર મુક્ત થઈને તે બ્રહ્મલોકને પામ્યો હતો."[૪૦]

ભીષ્મે કહ્યુંઃ–"શ્વેતદ્વીપના મનુષ્યો કેવી સ્થિતિના છે, એ વિષે મેં સર્વ વૃત્તાંત તમને કહ્યું. હવે ઋષિ નારદ શ્વેતદ્વીપમાં કેવી રીતે ગયા હતા અને ત્યાં જઇને તેમણે શું કર્યું હતું, તે સર્વ કથા હું તમને કહું છું, માટે હે રાજા ! એકાગ્રચિત્ત થઇને તમે સાંભળો."[૪૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
" નારાયણચરિત્ર " એ વિષયનો
અધ્યાય ૩૩૭ મો સમાપ્ત.

અધ્યાય ૩૩૮ મો

નારદે કરેલું નારાયણસ્તોત્ર

॥ भीष्म उवाच ॥

प्राप्य श्वेतं महाद्वीपं नारदो भगवानृषिः ॥
ददर्श तानेव नरान् श्वेतांश्चंद्रसमप्रभान् ॥१॥

ભીષ્મે કહ્યુંઃ–"ભગવાન નારદ ઋષિ મોટા શ્વેતદ્વીપમાં જઈ પહોંચ્યા, એટલે તેમણે ચંદ્રસમાન કાંતિવાળા સર્વ પુરુષોને શ્વેત વર્ણનાજ

જોયા.[૧] તેઓને જોઈને નારદે મસ્તક નમાવીને તેઓની પૂજા કરી, એટલે તેઓએ પણ નારદની માનસિક પૂજા કરી. વિપ્ર નારદને નારાયણનાં દર્શન કરવાની ઉત્કટ ઇચ્છા હતી, તેથી સર્વ પ્રકારનાં સંકટોમાં પણ નિત્ય જપપરાયણ રહેનારા તે નારદ, ચિત્તને એકાગ્ર કરી ત્યાં ઉભા રહ્યા અને પછી બાહુઓ ઉંચા કરી, નિર્ગુણ તથા સગુણ પરમાત્મા નારાયણની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.[૨,૩]

નારદ બોલ્યાઃ–"હે દેવદેવેશ (ઇંદ્રિયોની સાથે ક્રીડા કરનારા જીવના પણ અંતર્યામિ)! હે નિષ્ક્રિય (વ્યાપક)! હે નિર્ગુણ (સંગરહિત)! હે લોકસાક્ષિન્ (ઉદાસીન બોધસ્વરૂપ)! હે ક્ષેત્રજ્ઞ (સ્થૂળ તથા સૂક્ષ્મ દેહના પ્રકાશક જીવસ્વરૂપ)! હે પુરુષોત્તમ (શરીર, જીવ અને ઇશ્વરના કરતાં પણ શ્રેષ્ઠ)! હે અનંત (દેશ, કાળ તથા વસ્તુથી પરિમાણ રહિત)! હે પુરુષ (વ્યષ્ટિનાં સ્થૂળ, સૂક્ષ્મ તથા કારણ શરીરને બાળી નાખનાર)! હે મહાપુરુષ (સમષ્ટિનાં સ્થૂલ, સૂક્ષ્મ તથા કારણશરીરને બાળી નાખનાર)! હે પુરુષોત્તમ (સત્ય,જ્ઞાન અને અનંત આનંદસ્વરૂપ)! હે ત્રિગુણ (સત્વ,રજ અને તમસ્વરૂપ)! હે સત્વ,રજ અને તમના સમુદાયરૂપ! હે અમૃતસ્વરૂપ ! હે દેવસંજ્ઞક ! હે અનંતાખ્ય (શેનીજ્ઞાવાળા)! હે આકાશરૂપ ! હે સનાતનરૂપ ! હે કાર્ય અને કારણરૂપે ગ્રાહ્ય તથા અગ્રાહ્ય ! હે સત્યપ્રકાશ! હે નારાયણ! હે કર્મનાંફલદાતા ! હે સુપ્રજાપતે ! (હે મોક્ષગુરુ સનકાદિ) ! હે વનસ્પતે ! હે બ્રહ્મદેવ ! હે બ્રહ્માદિ જીવોના પતિ ! હે વાણીના પ્રવર્તક અથવા બૃહસ્પતિ ! હે ઇંદ્ર ! હે સૂત્રાત્મા ! હે સૂર્ય ! હે પ્રાણવાયુ ! હે વરુણ ! હે પૃથિવીપતે ! દિક્પતે ! હે મહાપ્રલયસમયે જગતના આધારભૂત ! હે અપ્રકાશ્ય ! હે બ્રહ્માને વેદ આપનાર ! હે બ્રાહ્મણ શરીરથી સિદ્ધ થનારા યજ્ઞ, અધ્યયન આદિરૂપ ! હે મહારાજિક નામના દેવ ! હે ચાતુર્મહારાજિક (તે નામના ચાર દેવગણોરૂપ)! હે પ્રકાશમાન! હે મહાતેજસ્વી ! હે સપ્તમહાભાગ (યજ્ઞમાં ગાયત્રી આદિ મંત્રોથી જેમને સાત ભાગ અર્પણ કરવામાં આવે છે તે) ! હે યમગણરૂપ ! હે ચિત્રગુપ્ત આદિરૂપ ! હે યમપત્નીરૂપ ! હે તુષિત (તે નામના દેવરૂપ) ! હે મહાતુષિત (તે નામના દેવરૂપ) ! હે મૃત્યુસ્વરૂપ ! હે મૃત્યુને સહાયરૂપ કામ રોગાદિને ઉત્પન્ન કરનારા ! હે મૃત્યુરહિત થવામાં સહાયભૂત શમ, આરોગ્ય વગેરેને ઉત્પન્ન કરનાર! હે કામાદિને વશ રહેનાર ! હે કામાદિને વશ નહિ રહેનાર ! હે નિર્દોષ ! હે અનંત ! હે શાસન કરવા યોગ્ય! હે યજ્ઞ ! હે મહાયજ્ઞ ! હે યજ્ઞસંભવ (ઋત્વિજ આદિરૂપ) ! હે યજ્ઞયોને (વેદરૂપ)! હે યજ્ઞગર્ભ (અગ્નિરૂપ) ! હે યજ્ઞહૃદય (યજ્ઞના અંગભૂત ઉપાસનારૂપ)! હે યજ્ઞસ્તુત ! (યજ્ઞમાં જેની સ્તુતિ કરવામાં આવે છે તે.) હે યજ્ઞભાગહર (યજ્ઞના હવિર્ભાગને ગ્રહણ કરનાર) ! હે પંચયજ્ઞ (પાંચ મહાયજ્ઞરૂપ)! હે પંચકાલકર્તૃપતે (અહોરાત્ર, માસ, ઋતુ, અયન અને સંવત્સર–એ પાંચ કાલ અને અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટા અને દૈવ–એ પાંચ કર્તા–એ સર્વના પતિ)! હે પંચરાત્રિક (પંચરાત્રશાસ્ત્રથી જાણવા યોગ્ય) ! હે વૈકુંઠ (અસ્ખલિત શક્તિવાળા) ! હે અપરાજિત (પરાજય કરવાને અશક્ય)! હે માનસિક (મનરૂપ ઉપાધિવાળા)! હે નામનામિક (પ્રત્યેક નામથી જાણવા યોગ્ય)! હે પરસ્વામિન્ (બ્રહ્માના સ્વામી)! હે સુસ્નાત (વેદવ્રતને સમાપ્ત કરનાર) ! હે હંસ (ત્રિદંડી સ્વરૂપ)! હે પરમહંસ (એકદંડીસ્વરૂપ)! હે મહાહંસ (દંડાદિથી રહિત)! હે પરમ યાજ્ઞિક ! હે સાંખ્યયોગરૂપ ! હે સાંખ્યમૂર્તિ ! હે અમૃતેશય (જીવના અંતર્યામિ)! હે હિરણ્યેશય (હૃદયમાં નિવાસ કરનાર) ! હે દેવેશય (ઇંદ્રિયોમાં રહેનાર)! હે કુશેશય (સમુદ્રના જળમાં શયન કરનાર) ! હે બ્રહ્મેશય (વેદમાં નિવાસ કરનાર)! હે પદ્મેશય (બ્રહ્માંડમાં વ્યાપ્ત રહેનાર) ! હે વિશ્વના ઇશ્વર ! હે વિશ્વક્સેન (ભક્તોનું રક્ષણ કરવા માટે જેમની સેના સર્વત્ર સંચાર કરી રહી છે તે.) ! હું ત-

મને નમસ્કાર કરૂં છું. હે જગદ્વ્યાપક ! તમે જગતના મૂળકારણ રૂપ છો, અગ્નિ તમારૂં મુખ છે, તમે વડવાનલરૂપ છો, આહુતિરૂપ છો, સારથિરૂપ છો, વષટ્કાર તમેજ છો, તમે ૐકાર છો, તપરૂપ છો, મનરૂપ છો, ચંદ્રમારૂપ છો, અવેક્ષણ(દૃષ્ટિ)થી સંસ્કાર પામેલું યજ્ઞસંબંધી ઘી તમેજ છો, તમે સૂર્ય છો, તમે દિશાઓના હાથીઓરૂપ છો, દિશાઓના પ્રકાશક તમે પોતેજ છો, વિદિશા–ખૂણાઓના પ્રકાશક પણ તમેજ છો, તમે હયગ્રીવરૂપ છો, જગતના કર્તા છો અને બ્રાહ્મણાદિ વર્ણોને ધારણ કરનારા તમેજ છો. હે પંચાગ્ને (ગાર્હપત્ય, દક્ષિણ, આહવનીય, સભ્ય અને આવસથ્ય–એ પાંચ અગ્નિસ્વરૂપ)! હે ત્રિણાચિકેત (જેણે ત્રણવાર નાચિકેત અગ્નિને એકઠો કર્યો છે તે,)! હે ષડંગનિધાન(છ અંગસહિત વેદસ્વરૂપ)! હે પ્રાગ્જ્યોતિષ (તે નામના સામરૂપ)! હે જ્યેષ્ઠસામગ (તે નામના સામથી ગાન કરવા યોગ્ય)! હે સામિક વ્રતધર (સામવેદીઓના વ્રતને ધારણ કરનાર)! હે અથર્વશિરા (અથર્વશિરસ્ નામના ઉપનિષદરૂપ)! હે પંચમહાકલ્પ (સૌર, શાકત, ગાણેશ, શૈવ અને વૈષ્ણવ–એ પાંચ સંપ્રદાયોનું શાસ્ત્રોથી પ્રતિપાદન કરવા યોગ્ય)! હે ફેનપાચાર્ય (તે નામના ઋષિરૂપ)! હે વાલખિલ્ય (૬૦,૦૦૦ વાલખિલ્ય નામના તાપસરૂપ)! હે વૈખાનસ (વાનપ્રસ્થરૂપ)! હે અભગ્નયોગ (અખંડ યોગરૂપ)! હે અભગ્ન પરિસંખ્યાન (અખંડ વિચારવાળા)! હે યુગના આદિરૂપ ! હે યુગના મધ્યરૂપ! હે યુગના અંતરૂપ ! હે આખંડલ (ઇંદ્રરૂપ)! હે પ્રાચીનગર્ભ (તે નામના મુનિરૂપ)! હે કૌશિક મુનિરૂપ ! હે પુરુષ્ટુત (અત્યંત સ્તુતિ કરાયલા)! હે પુરુહૂત (ઇંદ્રરૂપ) હે વિશ્વના કર્તા ! હે વિશ્વસ્વરૂપ ! હે અનંત ગતિવાળા ! હે અનંત ભોગોવાળા ! હે અનંત (અંતરહિત)! હે અનાદિ! હે અમધ્ય! હે વ્યક્તમધ્ય (જેમની મધ્યસ્થિતિ સ્પષ્ટ છે તે,)! હે અવ્યક્તમધ્ય (જેમની મધ્યસ્થિતિ અસ્પષ્ટ છે તે)! હે વ્યક્તનિધન (જેમનો અંત સ્પષ્ટ છે તે)! હે વ્રતના નિવાસસ્થાનરૂપ! હે સમુદ્રમાં નિવાસ કરનારા ! હે યશના નિવાસરૂપ ! હે તમના નિવાસરૂપ ! હે દમના નિવાસરૂપ ! હે લક્ષ્મીના નિવાસરૂપ ! હે વિદ્યાના નિવાસરૂપ ! હે કીર્તિના નિવાસરૂપ ! હે શ્રીના નિવાસરૂપ! હે સર્વના નિવાસસ્થાન રૂપ ! હે વાસુદેવ ! હે સર્વચ્છંદક (સર્વ મનોરથોને આપનાર)! હે હરિહય (રામાવતારમાં વાનર — હનુમાનનો ઘોડાતરીકે ઉપયોગ કરનાર)! હે હરિમેધ (અશ્વમેધ યજ્ઞરૂપ)! હે મહાયજ્ઞભાગહર (યોગરૂપ મહાયજ્ઞમાં જીવને આત્મસ્વરૂપમાં લય કરનાર)! હે વર આપનારા ! હે સુખ આપનારા! હે ધન આપનારા ! હે હરિમેધ (વિષ્ણુભક્તિરૂપ)! હે યોગના અંગભૂત યમરૂપ ! હે નિયમરૂપ ! હે મહાનિયમરૂપ ! હે કૃચ્છ્ નામના તપરૂપ ! હે અતિકૃચ્છ્ નામના તપરૂપ ! હે મહાકૃચ્છ્ નામના તપરૂપ ! હે સર્વકૃચ્છ્ નામના તપરૂપ ! હે નિયમને ધારણ કરનાર ! હે નિવૃત્તભ્રમ (ભ્રમરહિત)! હે પ્રવચનગત(બ્રહ્મચારીસ્વરૂપ) ! હે દેવકીપુત્ર ! હે વૈદિક ક્રિયાને પ્રવૃત્ત કરનારા ! હે જન્મરહિત ! હે સર્વની ગતિરૂપ ! હે સર્વના દ્રષ્ટા ! હે અતર્ક્ય ! હે નિર્વિકાર ! હે આકાશાદિ સૃષ્ટિરૂપ મહાન વિભૂતિવાળા ! હે વિરાટ્સ્વરૂપ! હે પવિત્ર ! હે મહાપવિત્ર! હે મંડલબ્રાહ્મણ આદિરૂપ ! હે વેદસ્વરૂપ! હે તર્કથી અગમ્ય ! હે અવિજ્ઞેય (રૂપાદિકથી રહિત હોવાને લીધે જાણવાને અશક્ય)! હે કાર્ય, કારણ તથા મહાકારણના મધ્યમાં શ્રેષ્ઠકારણરૂપ! હે પ્રજાઓની સૃષ્ટિ કરનાર! હે પ્રજાઓનો નાશ કરનાર! હે મહાન માયાવી! હે ચિત્રશિખંડિન્ (તે નામના મુનિરૂપ)! હે વર આપનાર! હે પુરોડાશનો ભાગ ગ્રહણ કરનાર! હે યજ્ઞને પ્રાપ્ત કરનાર ! હે તૃષ્ણાનો નાશ કરનાર! હે સંશયોનો નાશ કરનાર! હે સર્વવ્યાપક! હે નિવૃત્તિરૂપ! હે બ્રાહ્મણરૂપ! હે બ્રાહ્મણોપર પ્રીતિ રાખનાર! હે વિશ્વમૂર્તિ ! હે મહામૂર્તિ! હે લોકબંધુ! હે ભક્તવત્સલ! હે બ્રહ્મણ્યદેવ!

હું તમારો ભક્ત છું, તમારાં દર્શન કરવાની ઇચ્છા રાખું છું અને મોક્ષસ્વરૂપ આપને વારંવાર નમસ્કાર કરૂં છું.”

ઇતિ શ્રીમહા૦ શાતિ૦ મોક્ષ૦ પર્વમાં
અધ્યાય ૩૩૮ મો સમાપ્ત.

અધ્યાય ૩૩૯ મો

નારદને નારાયણનો સાક્ષાત્કાર

॥ भीष्म उवाच ॥

एवं स्तुतः स भगवान् गुह्यैस्तथ्यैश्च नामभिः॥
तं मुनिं दर्शयामास नारदं विश्वरूपधृक् ॥१॥

ભીષ્મે કહ્યું:–“હે યુધિષ્ઠિર રાજા! એ પ્રમાણે ગુહ્ય એવાં સત્ય નામોથી નારદે સ્તુતિ કરી, એટલે વિશ્વસ્વરૂપને ધારણ કરનારા ભગવાન નારાયણે નારદને દર્શન આપ્યાં.[૧] તે સમયે તેમનું સ્વરૂપ ચંદ્ર કરતાં કંઇક અધિક શુદ્ધ અને અધિક વિશેષતાવાળું હતું, તેમનો વર્ણ અગ્નિસમાન હતો, તેમની આકૃતિ કંઇક નક્ષત્રોના જેવી હતી, તેમનું શરીર પોપટના પીંછા જેવું કંઇક લીલું હતું, વળી કંઇક અંશે સ્ફટિકમણિના જેવા પણ તે દેખાતા હતા, મુખ્યત્વે કરીને શ્યામ વર્ણના કાજળના ઢગ જેવા તે શોભતા હતા, છતાં તેમની કાંતિ સુવર્ણના જેવી અથવા કંઇક રૂપાના જેવી પણ જણાતી હતી.[૨,૩] તેમનો વર્ણ પ્રવાલના અંકુર જેવો હોઇને કયાંક કયાંક શ્વેત પણ હતો; વળી કોઈ સ્થળે સુવર્ણ જેવા, વૈડૂર્યમણિ જેવા, નીલ વૈડૂર્ય જેવા, ઇંદ્રનીલ જેવા મોરની ડોકના જેવા તથા મોતીના હાર જેવા પણ તે દેખાતા હતા.[૪,૫] આ રીતે અનેક પ્રકારનું રંગબેરંગી સ્વરૂપ ધારણ કરનારા સનાતન દેવ શ્રીમાન હરિ નારદસન્મુખ જ્યારે પ્રકટ થયા ત્યારે, તેમને હજારો નેત્રો હતાં, સેંકડો મસ્તકો હતાં, હજારો ચરણ હતા, હજારો ઉદરો અને હજારો બાહુઓ હતા; છતાં કોઈ અંગમાં તેમનું સ્વરૂપ અવ્યક્ત (ઇંદ્રિયોથી અગ્રાહ્ય) પણ હતું. તે સમયે જિતેન્દ્રિય ભગવાન નારાયણ, પોતાના એક મુખથી ૐકારના ઉચ્ચારપૂર્વક ગાયત્રીનો જપ કરી રહ્યા હતા અને બીજાં મુખોથી ચારે વેદોનો સ્વાધ્યાય કરી રહ્યા હતા; ઉપરાંત આરણ્યક મંત્રપાઠનું ગાન કરી રહ્યા હતા.[૬-૮] વળી દેવોના ઈશ્વર અને યજ્ઞના પતિ તે ભગવાને પોતાના જૂદા જૂદા હાથમાં વદિ, કમંડલુ, ઉજ્જવળ મણિઓ, પાદુકાઓ, દર્ભ, મૃગચર્મ, દંડ અને જાજ્વલ્યમાન અગ્નિ ધારણ કર્યો હતો. તે પછી મનમાં પ્રસન્ન થયેલા બ્રાહ્મણશ્રેષ્ઠ નારદે, પ્રસન્નમૂર્તિ તે પરમેશ્વરને જોઇને, વાણીના સંયમપૂર્વક નમીને વંદન કર્યું; એટલે અવિનાશી તે આદિદેવે, મસ્તક નમાવીને ઉભેલા તે નારદને આ પ્રમાણે કહ્યું.[૯-૧૧]

શ્રીભગવાન બોલ્યા:–પૂર્વે એકત, દ્વિત, અને ત્રિત નામના ત્રણ મહર્ષિઓ, મારૂં દર્શન કરવાની ઇચ્છાથી આ પ્રદેશમાં આવ્યા હતા;[૧૨] પરંતુ તેઓને મારાં દર્શન થયાં નહિ; કેમકે મારા અનન્ય ભક્તવિના બીજા કોઇને મારાં દર્શન થતાં નથી. હે ઉત્તમ નારદ! તું મારો એકાંતિક ભક્ત છે.(તેથી તું મારાં દર્શન કરી શકયો છે.)[૧૩] હે બ્રાહ્મણ! ધર્મને ઘેર મારાં જે શ્રેષ્ઠ શરીરો (નર, નારાયણ, હરિ અને કૃષ્ણરૂપે) ઉત્પન્ન થયાં છે તેઓ અત્યંત શ્રેષ્ઠ છે; માટે જા, અહીં જેમ આવ્યો હતો તેમ તું પાછો જા અને તેઓનું સેવન કરી તારૂં કાર્ય સિદ્ધ કર.[૧૪] હે વિપ્ર! તારી જે ઇચ્છા હોય તેના સંબંધમાં મારી પાસેથી તું વર માગી લે; કેમકે વિશ્વમૂર્તિ અને વિકારોરહિત એવો હું, આજે તારાપર પ્રસન્ન થયો છું.”[૧૫]

નારદે કહ્યું:–“હે ભગવન્! આજે આપનાં મને દર્શન થયાં તેથી હે દેવ! મારા તપનું, યમનું તથા નિયમનું મને તત્કાળ ફળ મળી ચૂકયું છે.[૧૬] હે ભગવન્! જગતના દ્રષ્ટા, સિંહસ્વરૂપ, સનાતન અને સર્વ મૂર્તિ–આપ મહા પ્રભુનાં મને દર્શન થયાં, એજ મને મોટો વર મળી ચૂકયો છે. (કેમકે આપનાં દર્શનવિના બીજો મહાન વર છેજ નહિ.”)[૧૭]

ભીષ્મે કહ્યું:–એ પ્રમાણે પરમસ્વરૂપમાં સ્થિતિ કરનારા નારદને પોતાનાં પ્રત્યક્ષ દર્શન કરાવીને ભગવાન, પુનઃ તેને આ પ્રમાણે કહેવા

લાગ્યાઃ—હે નારદ ! હવે વિલંબ કર્યાવિના તું અહીંથી ચાલવા માંડ;[૧૮] કેમકે ઇંદ્રિયોના વિષયભોગનો ત્યાગ કરનારા અને ચંદ્રસમાન તેજસ્વી આ મારા ભકતો, એકાગ્ર થઇને મારૂં ચિંતન કર્યા કરે છે, માટે તેઓને વિઘ્ન થવું ન જોઇએ.[૧૯] આ સર્વ પુરુષો પ્રથમ મહાભાગ્યશાળી હોઇને મારા એકાંતિક ભકતો હતા; અને હવે રજોગુણ તથા તમોગુણથી મુક્ત થઇને અને સિદ્ધ થઇને મારા સ્વરૂપમાં તેઓ પ્રવેશ કરશે, એમાં કંઇ સંશય નથી.[૨૦] મારૂં સ્વરૂપ, જે સર્વ જગતનો આત્મા કહેવાય છે, જેનું દર્શન ચક્ષુઇંદ્રિયથી થઇ શકતું નથી, જેનો સ્પર્શ ત્વચાઇંદ્રિયથી થઇ શકતો નથી, જેનો ગંધ ઘ્રાણેન્દ્રિયથી લઈ શકાતો નથી, જેનો આસ્વાદ રસનેન્દ્રિયથી ગ્રહણ થઇ શકતો નથી, જેનામાં સત્વ, રજ તથા તમ—એ ત્રણે ગુણોની કંઈ અસર થતી નથી, જે સર્વત્ર વ્યાપક છે અને સર્વનું સાક્ષી છે,તેજ આત્મસ્વરૂપમાં મારા ભકતો પ્રવેશ કરે છે.[૨૧,૨૨] જગતમાં શ્રેષ્ઠ ગણાતા બ્રાહ્મણો, જેમાં પ્રવેશ કરીને સંસારના બંધનથી મુકત થાય છે, તેનેજ વાસુદેવ જાણવો અને તેનેજ સનાતન પરમાત્મા જાણવો.[૨૩] મહાપ્રલયના સમયે પ્રાણીમાત્રનાં શરીરોનો વિનાશ થઇ જાય છે તોપણ જેનો નાશ નથી, જેને અજન્મા, નિત્ય, સનાતન, નિર્ગુણ અને નિષ્કલ કહેવામાં આવે છે અને જે ચોવીસ તત્ત્વોથી પર રહેલા પચીસમા તત્ત્વતરીકે પ્રસિદ્ધ છે, તેનેજ નિષ્ક્રિય પુરુષ કહેવામાં આવે છે અને તેનાં દર્શન કેવળ જ્ઞાનદ્વારાજ થઈ શકે છે.[૨૪,૨૫] હે નારદ ! તે આત્મદેવનું માહાત્મ્ય અને મહિમા કેવો છે, તે તો તું જો ! શુભ—અશુભ કર્મોનો તેને કદી લેપજ લાગતો નથી.[૨૬] વિદ્વાનો કહે છે કે, સત્વ, રજ અને તમ—એ ત્રણે ગુણો પ્રાણીમાત્રના શરીરમાં રહે છે, એટલુંજ નહિ પરંતુ તેઓ શરીરના પ્રત્યેક અવયવોમાં સંચાર કર્યા કરે છે અને ક્ષેત્રજ્ઞ, તે ત્રણે ગુણોનો ઉપભોગ કરે છે છતાં ત્રણે ગુણો, તેનો ઉપભોગ કરી શકતા નથી. તાત્પર્ય કે, આત્મા ગુણોનો ભોક્તા છે છતાં નિર્ગુણ છે અને ગુણોનો સ્રષ્ટા છે, છતાં પોતાને ગુણોનો સ્પર્શ સુદ્ધાં થવા દેતો નથી.[૨૭,૨૮] હે દેવર્ષિ ! સૃષ્ટિનો જ્યારે પ્રલય થાય છે, ત્યારે જગતના આધારભૂત આ પૃથ્વી જળમાં લય પામી જાય છે, જળનો તેજમાં લય થઇ જાય છે, તેજનો વાયુમાં લય થઇ જાય છે, વાયુનો આકાશમાં લય થઈ જાય છે, આકાશનો મનમાં લય થઇ જાય છે, પરમ ભૂત મનનો અવ્યક્ત—પ્રકૃતિમાં લય થઇ જાય છે અને હે બ્રહ્મન્ ! તે અવ્યક્તનો નિષ્ક્રિય પુરુષમાં લય થઇ જાય છે. એ સનાતન પુરુષથી પર રહેલું અથવા તેના કરતાં શ્રેષ્ઠ એવું બીજું કોઇ પણ તત્ત્વ છેજ નહિ.[૨૯–૩૧] ખરેખર, સનાતન પુરુષ વાસુદેવવિના બીજું એક પણ સ્થાવરજંગમ માંહેનું ભૂત (તત્ત્વ), આ જગતમાં નથી, જે નિત્ય—અવિનાશી અથવા નિત્યસિદ્ધ હોય![૩૨] સારાંશ કે, મહાબળવાન ભગવાન વાસુદેવ, પ્રાણીમાત્રના આત્મારૂપ છે (અને નિત્ય છે). પૃથ્વી, વાયુ, આકાશ, જળ અને તેજ—એ પાંચ મહાભૂતોનો જે એકત્ર સમુદાય તેનેજ શરીર કહેવામાં આવે છે; અને હે બ્રહ્મન ! તે શરીરમાં જે પ્રવેશ કરે છે, તેજ અદૃશ્ય રહીને સત્વર ચેષ્ટાઓ કરાવનારા પ્રભુ વાસુદેવ કહેવાય છે; તેમજ ભગવાન વાસુદેવ શરીરને ચેષ્ટાવાળું કરે છે ત્યારે અમુક પ્રાણી ઉત્પન્ન થયો, એમ કહેવાય છે. હે બ્રહ્મન્ ! પૃથ્વી આદિ ધાતુના એકત્ર સંઘાતવિના શરીર કદી હોઇ શકેજ નહિ અને શરીરમાં જો જીવ ન હોય તો વાયુઓ, કદી ચેષ્ટા કરી શકે નહિ; માટે એ જીવને પ્રભુ સંકર્ષણ (જગતનો ધારક) અથવા શેષ કહેવામાં આવે છે.[૩૩–૩૬] એ જીવ ધ્યાન, પૂજન આદિ પોતાનાં કર્મવડે સનત્કુમાર (જીવન્મુકત)પણું પ્રાપ્ત કરી શકે છે.

હવે, પ્રાણીમાત્રનો જેમાં પ્રલય થાય છે અને પ્રાણીમાત્રનો જેથી ઉદય થાય છે, તે-પ્રાણીમાત્રના મનનેજ પ્રદ્યુમ્ન કહેવામાં આવે છે. આ પ્રદ્યુમ્ન; પૂર્વોક્ત સંકર્ષણથી ઉત્પન્ન થાય

છે અને તેજ કર્તા, કારણ તથા કાર્યરૂપ છે. વળી આ પ્રદ્યુમ્નથી સ્થાવરજંગમ સર્વ જગત ઉત્પન્ન થાય છે અને પ્રત્યેક કર્મોમાં અદૃશ્યરૂપે રહેનારા તે પ્રદ્યુમ્નનેજ (મનનેજ) અનિરુદ્ધ (અહંકાર) અથવા ઈશાન કહેવામાં આવે છે.[૩૭-૩૯] હે *રાજેન્દ્ર ! ભગવાન વાસુદેવ, જે ક્ષેત્રજ્ઞ અને નિર્ગુણાત્મા છે, તેજ પ્રભુ સંકર્ષણ અથવા જીવરૂપ છે, એમ સમજવું.×[૪૦] સંકર્ષણથી ઉત્પન્ન થયેલો પ્રદ્યુમ્ન મનરૂપ કહેવાય છે અને તે પ્રદ્યુમ્નથી ઉત્પન્ન થયેલા અનિરુદ્ધનેજ મહાસમર્થ અહંકાર કહેવામાં આવે છે.[૪૧] હે નારદ ! વાસ્તવિક દૃષ્ટિએ તો સ્થાવરજંગમ સર્વ જગત કેવળ મારાથીજ ઉત્પન્ન થાય છે, એટલુંજ નહિ પણ અક્ષર (જીવ), ક્ષર (પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર-વગેરે) સત્ (કારણ) તથા અસત્ (કાર્ય)-એ સર્વ, મારાથીજ ઉત્પન્ન થાય છે.[૪૨] મારા ભકતો મારામાં પ્રવેશ કરીને મુક્ત થાય છે અને પચીસમો નિષ્ક્રિય પુરુષ તે હું પોતેજ છું, એમ સમજવું.[૪૩] હું નિર્ગુણ છું, નિષ્કલ છું, દ્વંદ્વોથી રહિત છું અને પરિગ્રહથી મુકત છું. તારે કદી એમ ન જાણવું કે, આ પ્રત્યક્ષ દેખાય છે માટે રૂપવાન હશે-સગુણ હશે;[૪૪] કેમકે હે નારદ ! મારી ઇચ્છા થાય તો હમણાં-એક ક્ષણમાંજ મારા આ સગુણ સ્વરૂપનો હું ત્યાગ કરી શકું છું; (અને નિર્ગુણ સ્વરૂપ ધારણ કરી શકું છું.) કારણ કે હું સર્વ કંઇ કરવામાટે સમર્થ છું અને આખા જગતનો ગુરુ છું. આ સમયે મારા આ સગુણ સ્વરૂપને તું જોઇ રહ્યો છે, તે મેં સરજેલી માયાજ છે.[૪૫] તારે એમ જાણવું યોગ્ય નથી કે, હું સર્વનો પરમાત્મા,ભૂતમાત્રના ગુણોથી યુક્ત છું. (કેમકે હું નિર્ગુણ છું.)મેં મારી ચાર મૂર્તિઓ-(વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ)ના સંબંધમાં તને યથાર્થરીતે કહ્યું છે.[૪૬] હું પોતેજ જીવરૂપે સારીરીતે જણાયો છું અને મારામાંજ જીવનો અંતર્ભાવ થાય છે, તોપણ તારે એમ ન માનવું કે, મેં જીવને પ્રત્યક્ષ જોયો છે;[૪૭] કેમકે હે બ્રહ્મન્ ! હું સર્વત્ર વ્યાપક છું, પ્રાણીમાત્રનો અંતરાત્મા છું અને સર્વ પ્રાણીઓનાં શરીરોનો નાશ થઇ જાય છે છતાં હું નાશ પામતો નથી.[૪૮] હે મુનિ ! અહીં વસનારા આ સર્વ પુરુષો મોટા ભાગ્યશાળી હોઈને સિદ્ધ હતા અને મારા અનન્ય ભકત હતા, જેથી હવે તમોગુણ તથા રજોગુણથી મુક્ત થઇને તેઓ મારા સ્વરૂપમાં પ્રવેશ કરશે.[૪૯] જેને હિરણ્યગર્ભ કહેવામાં આવે છે, સર્વ લોકના જે આદિ છે, જેને ચાર મુખો છે અને જેને નિરુક્ત ગ્રંથમાં વર્ણવેલા છે, તે સનાતન દેવ બ્રહ્મા (મારી આજ્ઞાને અધીન થઇને) મારાં અનેક કાર્યોનું ચિંતન કર્યા કરે છે અને તેમની ઉત્પત્તિ મારા લલાટમાંથી થયેલી છે, તેમજ દેવ રુદ્ર, મારા ક્રોધમાંથી ઉત્પન્ન થયા છે. આ અગીઆરે રુદ્રો મારા જમણા પડખાનો આશ્રય કરી રહ્યા છે અને આ બારે સૂર્યો મારા ડાબા પડખામાં રહેલા છે, તે તું જો. વળી તું મારા આગળના ભાગમાં દૃષ્ટિ કર. ત્યાં દેવોમાં શ્રેષ્ઠ એવા આઠે વસુઓ નિવાસ કરી રહ્યા છે. નાસત્ય તથા દસ્ર નામના બે સ્વર્ગવૈદ્યો મારી પીઠના ભાગમાં રહેલા છે અને સર્વ પ્રજાપતિઓ તથા સપ્તઋષિઓ પણ ત્યાંજ રહેલા છે;તેમજ વેદો,સેંકડો પ્રકારના યજ્ઞો, અમૃત, ઔષધિઓ, તપ, નિયમો, અનેક પ્રકારના યમો અને આઠ પ્રકારનું મૂર્તિમાન ઐશ્વર્ય, મારા એકજ અવયવમાં એકીસાથે રહેલ છે. વળી શ્રી, લક્ષ્મી, કીર્તિ, પૃથ્વી, કકુદ્મિની અને વેદોની માતા દેવી સરસ્વતી પણ મારામાં નિવાસ કરી રહી છે, તે તું જો.હે નારદ ! જ્યોતિર્ગણોમાં શ્રેષ્ઠ આકાશચારી ધ્રુવ, મેઘ, સમુદ્રો, સરોવરો, નદીઓ અને મૂર્તિમાન એવા ચારે પ્રકારના પિતૃગણો મારામાં રહેલા છે, તેઓને તું જો; એટલુંજ નહિ પણ સત્વ, રજ અને તમ-એ ત્રણે ગુણો મૂર્તિ-

---

* ભગવાન નારાયણ, નારદને ઉપદેશ આપે છે, તેમાં 'રાજેન્દ્ર' એવું સંબોધન કયાંથી આવ્યું? તે કંઈ સમજાતું નથી.

× અર્થાત પરમાત્માથી ભિન્ન એવો જીવાત્મા નામનો કોઇ પદાર્થજ નથી.

રહિત અવસ્થામાં મારેવિષે રહેલા છે; તે પણ તું જોઈ લે. હે મુનિ! તારે લક્ષ્યમાં રાખવું કે, દેવોના કાર્ય કરતાં પિતૃઓનું કાર્ય વધારે ઉત્તમ છે: અને હું એકજ દેવોનો તથા પિતૃઓનો આદિપિતા છું. હું હયગ્રીવનું સ્વરૂપ ધારણ કરીને પશ્ચિમ તથા ઉત્તરના મધ્યભાગમાં આવેલા સમુદ્રપ્રદેશમાં નિવાસ કરૂં છું અને ત્યાં રહ્યો રહ્યો શ્રદ્ધાપૂર્વક આપવામાં આવેલાં હવ્યનું તથા કવ્યનું પ્રાશન કરૂં છું. સૃષ્ટિના આદિકાળમાં મેં ઉત્પન્ન કરેલા બ્રહ્મદેવે પંડે યજ્ઞસ્વરૂપ એવા મારૂં યજન કર્યું હતું, જેથી તેનાપર પ્રસન્ન થઈને મેં આવા ઉત્તમ વરો તેને આપ્યા હતાઃ–" હે બ્રહ્મન્! કલ્પના આદિકાળમાં તું મારા પુત્રરૂપે થઈશ અને સર્વ લોકોનો અધ્યક્ષ થઇશ. તારૂં પર્યાયનામ 'અહંકાર' એ પ્રમાણે પ્રસિદ્ધ થશે. તેં બાંધેલી મર્યાદાનું જગતનો કોઇ પણ પુરુષ ઉલ્લંઘન કરશે નહિ અને હે તપોધન! દેવો તથા દૈત્યોમાંના જે કોઇને વર મેળવવાની ઈચ્છા હશે તેઓને તું વર આપી શકીશ. વળી હે વ્રતાચારી મહાભાગ! ઋષિઓ, પિતૃઓ અને વિવિધ પ્રકારનાં સર્વ પ્રાણીઓમાં તું ઉપાસના કરવા યોગ્ય થઇ પડીશ.[૪૯-૬૪] હે બ્રહ્મન્! દેવોનું કાર્ય કરવામાટે જ્યારે જ્યારે હું અવતાર લઇશ, ત્યારે પિતા જેમ પુત્રને આજ્ઞા કરે તેમ, તું મને આજ્ઞા કરીશ અને શિક્ષણ આપીશ."[૬૫]

હે નારદ! આવા આવા બીજા અનેક ઉત્તમ વરો, મહાતેજસ્વી બ્રહ્માને મેં આપ્યા હતા અને પછી મનમાં પ્રસન્ન થઇ કેવળ નિવૃત્તિપરાયણજ હું રહેતો હતો;[૬૬] કારણ કે સર્વ ધર્મોનો ત્યાગ કરવો તેનેજ પરમ નિવૃત્તિ કહેવામાં આવે છે. 'માટે સર્વ અંગોનો ત્યાગ કરીને કેવળ નિવૃત્તિ સ્વીકારીનેજ વર્તન કરવું.[૬૭] સાંખ્યશાસ્ત્રનો નિશ્ચય કરનારા આચાર્યો કહે છે કે, વિદ્યાની સહાયવાળા અને સમાધિનિષ્ઠ રહેનારા ભગવાન કપિલ, આદિત્યમંડલમાં સ્થિતિ કરનારા મારાસ્વરૂપજ છે;[૬૮] તેમજ હે બ્રહ્મન્! વેદમાં જેમની સ્તુતિ કરવામાં આવે છે અને યોગશાસ્ત્રમાં જે પ્રસિદ્ધ થયેલા છે, તે યોગાસક્ત ભગવાન હિરણ્યગર્ભ હું પોતેજ છું.[૬૯] હું, જે સનાતન કહેવાઉં છું, તે પ્રત્યક્ષસ્વરૂપ ધારણ કરીને (સૂર્યરૂપે) આકાશમાં રહું છું, પણ એક હજાર યુગ વીત્યા પછી તેનો તેજ હું (ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને) જગતનો સંહાર કરીશ.[૭૦] તે સમયે સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓને મારામાં લય પમાડી દઇને હું એકલોજ વિદ્યાની સાથે સર્વત્ર વિહાર કરીશ.[૭૧] પછી વળી પણ મારી વિદ્યાના બળથી સર્વ જગતને ઉત્પન્ન કરીશ. આ જગતમાં જે મારી ચોથી મૂર્તિ છે, તેજ અવિનાશી સંકર્ષણને ઉત્પન્ન કરે છે.[૭૨] શાસ્ત્રકારો કહે છે કે, તેનું નામજ સંકર્ષણ છે, જે પ્રદ્યુમ્નને ઉત્પન્ન કરે છે અને તે પ્રદ્યુમ્નથી હું અનિરુદ્ધરૂપે ઉત્પન્ન થાઉં છું. આ રીતે વારંવાર સૃષ્ટિની ઉત્પત્તિ થયા કરે છે.[૭૩] અનિરુદ્ધની નાભિમાં એક કમળ ઉત્પન્ન થાય છે, તેમાંથી બ્રહ્માની ઉત્પત્તિ થાય છે અને તે બ્રહ્માથી સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે.[૭૪] તારે જાણવું કે, પ્રત્યેક કલ્પના આદિકાળમાં એ પ્રમાણે વારંવાર સૃષ્ટિ થયા કરે છે. જેમ આકાશમાં સૂર્યનો ઉદય તથા અસ્ત થયા કરે છે, તેમ પ્રત્યેક કલ્પના આદિ–અંતમાં સૃષ્ટિની ઉત્પત્તિ અને નાશ થયા કરે છે.[૭૫] જેમ સૂર્યનો અસ્ત થઇ ગયા પછી ફરી પણ મહાતેજસ્વી કાળ તેને (સૂર્યને) ગગનમંડળમાં લાવી મૂકે છે, તેમ હું પણ પ્રાણીઓના અનેક સમુદાયોથી ભરપૂર આ સમુદ્ર સુધીની પૃથ્વી પ્રલયકાળના જળમાં જ્યારે ડૂબી જશે, ત્યારે લોકોનું હિત કરવામાટે વરાહનું સ્વરૂપ ધારણ કરીને બળાત્કારે પુનઃ તેને પોતાના સ્થાન ઉપર લાવી મૂકીશ.[૭૬,૭૭] તે સમયે હું બળથી ગર્વિષ્ઠ થયેલા હિરણ્યાક્ષ દૈત્યનો વધ કરીશ અને પછી દેવોનું કાર્ય કરવામાટે નૃસિંહનું શરીર ધારણ કરી, યજ્ઞનો નાશ કરનારા દિતિપુત્ર હિરણ્યકશિપુનો પણ નાશ કરીશ. તે પછી કેટલોક કાળ જશે, ત્યારે વિરોચનનો બળવાન પુત્ર મહાસુર બલિ જગતમાં ઉત્પન્ન થશે. તેને દેવો, અસુરો કે રા-

ક્ષસો–એમાંના કોઇ પણ લોકો મારી શકશે નહિ. વળી તે બલિ ઇંદ્રને પોતાના રાજ્ય ઉપરથી ભ્રષ્ટ કરશે, ત્રણે લોકને સ્વાધીન કરશે અને ઇંદ્ર, તેની સામે યુદ્ધ કરવામાટે ટકશે નહિ, ત્યારે હું કશ્યપથી અદિતિના ઉદરે બારમા આદિત્યરૂપે (વામનરૂપે) ઉત્પન્ન થઈશ અને પછી બલિનું રાજ્ય, મહાતેજસ્વી ઇંદ્રને પુનઃ અર્પણ કરી દેવતાઓને પોતપોતાના સ્થાનકો ઉપર સ્થાપીશ. હે નારદ! તે સમયે સર્વ દેવતાઓને અવધ્ય થઈ પડેલા દાનવ રાજા બલિને પાતાલના તળીઆમાં હું ચાંપી દઇશ.[૭૮-૮૩] પછી જ્યારે ત્રેતાયુગનો સમય આવશે, ત્યારે ભૃગુના કુળમાં પરશુરામસ્વરૂપે ઉત્પન્ન થઇને બળ તથા વાહનોના સમુદાયથી ઉચ્છૃંખલ બની ગયેલા ક્ષત્રિયોનો હું સંહાર કરીશ.[૮૪] તે પછી ત્રેતા અને દ્વાપરયુગનો સંધિકાળ જ્યારે પ્રાપ્ત થશે, ત્યારે હું દશરથનો પુત્ર જગત્પતિ રામચંદ્ર થઇશ અને પ્રજાપતિના પુત્ર ઋષિ એકત તથા દ્વિત, પોતાના ભાઇ ત્રિતનો વધ કરવારૂપ પાપકૃત્યને લીધે વાનરરૂપે ઉત્પન્ન થશે.[૮૫,૮૬] હે બ્રાહ્મણ! તેઓ બન્નેના વંશમાં જે વાનરો ઉત્પન્ન થશે તેઓ મહાબળવાન, મોટા વીર્યવાળા અને ઇંદ્રતુલ્ય પરાક્રમી થશે; એટલુંજ નહિ પણ દેવોનું કાર્ય કરતી વેળા તેઓ, મને સહાય કરનારા થઇ પડશે. પછી તે સમયે પુલસ્ત્યના કુળમાં કલંકરૂપ રાવણ નામનો ઘોર રાક્ષસરાજા ઉત્પન્ન થશે, જેને લોકમાં કંટકરૂપ જાણીને પરિવારસહિત હું હણીશ. પછી દ્વાપર અને કલિયુગના છેલ્લા સંધિકાળમાં, કંસ રાજાનો વધ કરવામાટે મથુરા નગરીમાં હું પ્રકટ થઇશ. ત્યાં દેવોને કંટકરૂપ અનેક દાનવોનો સંહાર કરીને 'કુશસ્થલી' એવા બીજા નામવાળી દ્વારકા નગરીમાં હું નિવાસ કરીશ. વળી તે નગરીમાં જ્યારે નિવાસ કરીશ, ત્યારે પણ અદિતિનું અપ્રિય કરનારા નરકાસુરનો, ભૌમાસુરનો, મુરનો તથા પીઠ દાનવનો હું વધ કરીશ; તેમજ એક ઉત્તમ દાનવનો વધ કરીને, અનેક પ્રકારના ધનથી ભરપૂર અને સુંદર તેના પ્રાગ્જ્યોતિષ નામના નગરને હું દ્વારકામાં લાવીશ. તે પછી બાણાસુરનું પ્રિય કરનારા અને તેના હિતૈષી દેવ મહેશ્વર તથા કાર્તિકસ્વામી કે જેઓ લોકમાં નમસ્કારપાત્ર ગણાય છે, તેઓ બન્નેનો હું પરાજય કરીશ અને હજાર હાથવાળા બલિના પુત્ર બાણાસુરને જીતીને સાભનગરમાં વસનારા સર્વ દાનવોનો વિનાશ કરીશ. હે ઉત્તમ બ્રાહ્મણ! તે સમયે ગર્ગાચાર્યના તેજથી વૃદ્ધિ પામેલો કાલયવન નામનો એક વિખ્યાત મ્લેચ્છ રાજા ઉત્પન્ન થશે. તેનો નાશ પણ મારે હાથેજ થશે. વળી ગિરિવ્રજમાં જરાસંધ નામનો બળવાન અસુર રાજા ઉત્પન્ન થશે. તે રાજા સર્વ રાજાઓ સાથે વિરોધ કરશે અને સમૃદ્ધિમાન થશે; પરંતુ તેનો પણ મારી બુદ્ધિના પ્રભાવથીજ વધ થશે.[૮૭-૯૭] પછી ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિર જ્યારે યજ્ઞ કરશે અને તેના યજ્ઞમાં આખી પૃથ્વીના બળવાન રાજાઓ જ્યારે આવ્યા હશે, ત્યારે શિશુપાલ મારૂં અપમાન કરશે, જેથી સભાવચ્ચે તેનો હું વધ કરીશ.[૯૮] મારા તે સમયના અવતારમાં ઇંદ્રનો પુત્ર અર્જુન–એકલોજ મને સહાય કરનારો થશે; અને રાજા યુધિષ્ઠિરને તેના ભાઈઓની સાથે પોતાના રાજ્યાસન ઉપર હું સ્થાપિત કરીશ.[૯૯] તે સમયે લોકો કહેશે કે, જગતના ઈશ્વર ઋષિ નર–નારાયણ, લોકોનું કાર્ય કરવામાટે શ્રીકૃષ્ણ તથા અર્જુનરૂપે પૃથ્વીપર અવતર્યા છે અને દુષ્ટ ક્ષત્રિયોનો નાશ કરવામાટે તૈયાર થયા છે.[૧૦૦] હે ઉત્તમ નારદ! એ પ્રમાણે પૃથ્વીનો ભાર ઉતાર્યા પછી આત્મજ્ઞાન તરફ લક્ષ્ય કરીને સર્વ યાદવોનો તથા દ્વારકાનો હું ઘોર સંહાર કરીશ. આ રીતે મારાં કર્મો અનંત છે અને હું વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધ–એ ચાર મૂર્તિઓને ધારણ કરૂં છું.[૧૦૧,૧૦૨] પૃથ્વીનો ભાર ઉતાર્યા પછી હું મારા તેજ લોકમાં પાછો જઇશ, કે જે લોકનો મોટા મોટા બ્રહ્મવાદીઓ સત્કાર કરે છે. હે ઉત્તમ બ્રાહ્મણ! હંસ, કૂર્મ, મત્સ્ય, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ અને કલ્કિ–આ મારા દશ અવતારે

મુખ્ય છે.[૧૦૩,૧૦૪] જે સમયે વૈદિકી શ્રુતિનો નાશ થઈ ગયો હતો, તે સમયે હું પોતેજ તેને પાછી લાવ્યો હતો અને પૂર્વે સત્યયુગમાં મેં પોતેજ વેદોની તથા શ્રુતિઓની રચના કરેલી છે.[૧૦૫] જગતમાં મારા અનેક ઉત્તમ અવતારો થઈ ગયા છે, જેઓનું વર્ણન પુરાણોમાં તથા ધર્મશાસ્ત્રોમાં સાંભળવામાં આવે છે.[૧૦૬] મારા અવતારો, જગતનાં અનેક કાર્યો કરીને પુનઃ પોતાના મૂળસ્વરૂપને પામેલા છે અને મારા આ સ્વરૂપનું તને જે દર્શન થયું છે, તે દર્શન બ્રહ્મદેવને પણ હજીસુધી પ્રાપ્ત થયું નથી.[૧૦૭] તું મારો એકાંતિક ભક્ત છે–મારૂં એકલાનુંજ શરણ લેવાનો તેં નિશ્ચય કર્યો છે, જેથી મારા દર્શનને તું પામી શકયો છે; અને હે બ્રહ્મન્ ! તને મારાપર ભક્તિ છે, તેથી મેં આ સર્વ જ્ઞાન તને કહ્યું છે, કે જેમાં પુરાણવિજ્ઞાનનો, ભવિષ્યકાળના વૃત્તાંતનો તથા રહસ્યવિષયનો સમાવેશ કરવામાં આવ્યો છે.”

ભીષ્મે કહ્યું:–વિરાટ્ મૂર્તિને ધારણકરનારા અવિનાશી ભગવાન નારાયણદેવ નારદને એ પ્રમાણે ઉપદેશ આપીને તેજ સ્થળે અંતર્ધાન થઈ ગયા. મહાતેજસ્વી નારદ પણ ભગવાનના ઇષ્ટ અનુગ્રહને પ્રાપ્ત કરી નર–નારાયણનાં દર્શન કરવામાટે બદ્રિકાશ્રમમાં આવી પહોંચ્યા. હે તાત ! નારાયણે ઉપદેશેલી મહાન ઉપનિષદ્, કે જેમાંચારે વેદોનો, સાંખ્યનો તથા યોગનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને જેનું બીજું નામ “પંચરાત્રશાસ્ત્ર” એ પ્રમાણે પ્રસિદ્ધ છે, તેને નારદે જે રીતે જોયું અને સાંભળ્યું હતું, તેજ રીતે બ્રહ્મલોકમાં સર્વને કહી સંભળાવ્યું.

યુધિષ્ઠિરે પૂછ્યું:–“બુદ્ધિમાન નારાયણનું માહાત્મ્ય, ખરેખર આશ્ચર્યજનક છે; શું બ્રહ્મદેવ પોતે પણ તેને જાણતા ન હતા, કે નારદ પાસેથી તેનું શ્રવણ કરવાની તેમને ફરજ પડી? હું ધારૂં છું કે, ભગવાન પિતામહ, નારાયણદેવ પછી તુરતજ ઉત્પન્ન થયા છે, જેથી મહાતેજસ્વી તે નારાયણના પ્રભાવને તે પોતે (બ્રહ્મદેવ) કેમ ન જાણી શકે ?”

ભીષ્મે કહ્યું:–“હે રાજેન્દ્ર ! સૃષ્ટિના આદિકાળથી આરંભીને હજારો અને સેંકડો મહાકલ્પો વીતી ગયા છે અને તેમાં અનેક સર્ગો તથા અનેક પ્રલયો પસાર થઈ ગયા છે; પરંતુ પ્રજાઓને ઉત્પન્ન કરનારા પ્રભુ બ્રહ્મદેવ તે સર્વના આદિ કહેવાય છે--અર્થાત્ હજારો અને સેંકડો મહાકલ્પોની પહેલાં પ્રભુ બ્રહ્મદેવ તો હતાજ;[૧૦૮–૧૧૬] જેથી હે રાજા ! પ્રભુ બ્રહ્મદેવ તો દેવ નારાયણના માહાત્મ્યને સર્વના કરતાં અધિક રીતે જાણે છે, એટલુંજ નહિ પરંતુ પરમાત્માના સ્વરૂપને તથા પોતાની ઉત્પત્તિને પણ તે સારી રીતે જાણે છે;[૧૧૭] માટે બ્રહ્મલોકમાં બીજા સિદ્ધ પુરુષો આવ્યા હતા, તેઓનેજ નારદે વેદતુલ્ય એ પ્રાચીન ઉપનિષદ્ (પંચરાત્રશાસ્ત્ર) કહી સંભળાવી હતી. (બ્રહ્મદેવને પોતાને કહી સંભળાવી ન હતી.)[૧૧૮] હે રાજન્! તે શુદ્ધાત્મા સિદ્ધ પુરુષો પાસેથી સૂર્યનારાયણે તે ઉપનિષદ્ના જ્ઞાનનું શ્રવણ કર્યું હતું અને સૂર્યે, પોતાના અનુયાયી ઋષિઓને તે જ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો.[૧૧૯] જેઓએ સૂર્ય પાસેથી તે જ્ઞાન સંપાદન કર્યું છે, તે શુદ્ધાત્મા ઋષિઓ લગભગ છાસઠ હજાર જેટલા છે અને સૂર્યની પાછળ ચાલનારા તે સર્વ ઋષિઓને, જગતને તપાવનારા સૂર્યના લોકમાંથી ઉત્પન્ન કરવામાં આવ્યા છે.[૧૨૦] ભગવાન સૂર્યે, પવિત્ર અંતઃકરણવાળા તે સર્વ ઋષિઓને પંચરાત્ર ઉપનિષદ્નો ઉપદેશ આપ્યો. તે પછી હે તાત ! સૂર્યના અનુયાયી તે મહાત્મા ઋષિઓએ, મેરુપર્વત ઉપર એકત્ર થયેલા દેવોને તે ઉત્તમ જ્ઞાન કહી સંભળાવ્યું હતું. પછી તે દેવો પાસેથી અસિત નામના બ્રાહ્મણે તેનું શ્રવણ કર્યું[૧૨૧,૧૨૨] અને હે રાજેન્દ્ર ! મહામુનિ અસિતે પિતૃઓને તેનું શ્રવણ કરાવ્યું અને હે તાત ! મારા પિતા શાંતનુ પાસેથી શ્રવણ કરીને મેં તમને કહી સંભળાવ્યું છે. હે ભારત ! દેવો, કે મુનિઓ એમાંના જે જે પુરુષોએ, તે પુરાણ ઉપનિષદ્નું શ્રવણ કર્યું છે, તેઓ સર્વે પરમાત્માનું પૂજન કરેજ છે. વળી હે રાજા ! આ વૈદિક આખ્યાન, પરંપરાથી ચાલ્યું આવ્યું છે, માટે

જે પુરુષ વાસુદેવનો ભક્ત ન હોય તેને આ આખ્યાન તમારે કહેવું નહિ. હે રાજા ! તમે મારી પાસેથી જે સેંકડો આખ્યાનો સાંભળ્યાં છે, તે સર્વનો સાર આ આખ્યાનરૂપેજ બહાર કાઢયો છે. જેમ દેવતાઓએ સમુદ્રનું મંથન કરીને તેમાંથી અમૃત બહાર કાઢયું હતું, તેમ પ્રાચીનકાળના બ્રાહ્મણોએ શાસ્ત્રરૂપ સમુદ્રનું મંથન કરીને આ કથામૃત બહાર કાઢયું છે; માટે જે પુરુષ નિત્ય અનન્યભાવ રાખીને તથા એકાંત પ્રદેશમાં ચિત્તને એકાગ્ર કરીને આ આખ્યાનનું પઠન કરે છે અથવા શ્રવણ કરે છે, તે પુરુષ મહાન એવા શ્વેતદ્વીપને પ્રાપ્ત કરીને ચંદ્રસમાન તેજસ્વી થાય છે અને છેવટે હજારો કિરણોવાળા દેવ નારાયણમાં પ્રવેશ કરે છે, એમાં સંશય નથી. વળી આ કથાનું આદિથી શ્રવણ કરીને રોગી પુરુષ રોગથી મુક્ત થાય છે, જિજ્ઞાસુ પુરુષ પોતાની સર્વ જિજ્ઞાસાઓને પૂર્ણ કરે છે અને ભક્ત પુરુષ ભક્તની ગતિને પામે છે; માટે હે રાજન્ ! તમારે પણ પુરુષોત્તમ ભગવાનનું નિત્ય પૂજન કરવું.[૧૨૩–૧૩૧] હે મહાબાહુ યુધિષ્ઠિર ! સમગ્ર જગતના માતાપિતા અને ગુરુરૂપ તથા મહાબુદ્ધિમાન સનાતન ભગવાન જનાર્દન, જે બ્રહ્મણ્યદેવ કહેવાય છે તે તમારાપર નિત્ય પ્રસન્ન રહો."[૧૩૨]

વૈશંપાયન બોલ્યા:– " હે જનમેજય ! આ ઉત્તમ આખ્યાન સાંભળ્યા પછી ધર્મરાજા યુધિષ્ઠિર અને તેમના ભાઇઓ નારાયણની ભક્તિ કરવામાં તત્પર થયા અને નિત્ય નારાયણનો જપ કર્યા પછી એકે અવાજે તેઓ બોલી ઉઠતા કે:–"તે ભગવાન મહાપુરુષનો જય થાઓ" તેમજ આપણા શ્રેષ્ઠ ગુરુ મુનિ કૃષ્ણદ્વૈપાયન (વ્યાસ), નારાયણના નામનો નિત્ય જપ કરતા હતા તેમજ પ્રતિદિન આકાશમાર્ગે થઇને અમૃતના સ્થાનરૂપ ક્ષીરસમુદ્ર પાસે આવેલા શ્વેતદ્વીપમાં તે જતા હતા અને ત્યાં દેવાધિદેવ નારાયણનું પૂજન કરીને પુનઃ આશ્રમમાં આવી પહોંચતા હતા. "

ભીષ્મે કહ્યું:–હે યુધિષ્ઠિર ! નારદે કહેલું આ સર્વ આખ્યાન મેં તમને કહી સંભળાવ્યું છે. એ આખ્યાન પરંપરાથી ચાલતું આવેલું છે અને મારા પિતાએ પૂર્વે મને કહ્યું છે.

સૂત પુરાણીએ શૌનકને કહ્યું:–હે શૌનક ! વૈશંપાયને કહેલું એ સર્વ આખ્યાન સાંભળીને જનમેજયે પણ ઉત્તમ વિધિપૂર્વક નારાયણનું પૂજન કર્યું હતું; માટે હે ઉત્તમ બ્રાહ્મણો ! તમે બધા, જેઓ મહાન તપ કરનારા છો, વ્રતનું પાલન કરનારા છો, વેદને જાણનારા છો, નૈમિષારણ્યમાં વસનારા છો અને શૌનકના મહા યજ્ઞમાં આવ્યા છો–તેઓ સર્વે ઉત્તમ પ્રકારના હવનહોમવાળા યજ્ઞો કરીને સનાતન પરમેશ્વરનું વિધિપ્રમાણે યજન કરો. પરંપરાથી ચાલ્યું આવેલું આ આખ્યાન મને મારા પિતાએ પૂર્વે કહ્યું હતું.[૧૩૩–૧૩૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
" નારાયણચરિત્ર " એ વિષયનો
અધ્યાય ૩૩૯ મો સમાપ્ત.

અધ્યાય ૩૪૦ મો

યજ્ઞકર્તા અને યજ્ઞભોક્તા શ્રીનારાયણ પોતેજ છે.

॥ शौनक मवाच ॥

कथं स भगवान् देवो यज्ञेष्वग्रहरः प्रभुः ॥
यज्ञधारी च सततं वेदवेदांगवित्तथा ॥१॥

શૌનકે પૂછયું:–હે સૂત ! વેદ તથા વેદનાં અંગોને જાણનારા ભગવાન નારાયણ, મહાસમર્થ છે, તોપણ યજ્ઞોમાં અગ્રભાગને ગ્રહણ કરનારા યજ્ઞના ભોક્તા અને યજ્ઞના કર્તા તે કેમ થઇ શકે?[૧]* વળી ક્ષમાગુણને ધારણ કરનારા ભગવાન નારાયણ પ્રભુ નિવૃત્તિધર્મનો સ્વીકાર કરી બેઠા છે, એટલુંજ નહિ પણ તે મહાપ્રભુએજ સર્વ નિવૃત્તિધર્મોની રચના કરી છે;[૨] છતાં તેમણે દેવતાઓને પ્રવૃત્તિધર્મમાં (યજ્ઞમાં) ભાગ લેનારા કેમ કર્યા? જો તેમને પ્રવૃત્તિધર્મજ પ્રિય હતો, તો બુદ્ધિને પ્રવૃત્તિધર્મથી પાછી વાળના-

---

* અર્થાત યજ્ઞનો ભોક્તા અને યજ્ઞનો કર્તા એકજ હોય, તે વાત અત્યંત વિરુદ્ધ જણાય છે.

રા નિવૃત્તિધર્મો તેમણે શામાટે રચ્યા?[3] આ વિષયમાં અમને સંશય થયો છે. તે સંશય ઘણા કાળથી ગુપ્ત રહેલો છે, માટે તેનો તમે નાશ કરો. તમે ધર્મથી ભરેલી નારાયણની કથાઓ ઘણી સાંભળી છે.[4]

સૂતે કહ્યું:–હે શ્રેષ્ઠ શૌનક! આ વિષયમાં વ્યાસના બુદ્ધિમાન શિષ્ય વૈશંપાયનને જનમેજય રાજાએ પ્રશ્ન કર્યો હતો અને વૈશંપાયને તેને જે ઉત્તર આપ્યો હતો, તેજ પ્રાચીન ઉત્તર હું તમને આપું છું.[5] પ્રાણીમાત્રના પરમાત્મા દેવ નારાયણનું માહાત્મ્ય સાંભળીને મહાબુદ્ધિમાન જનમેજયે, વૈશંપાયનને આ પ્રમાણે પૂછ્યું.[6]

જનમેજયે પૂછ્યું:–આપણે જોઈએ છીએ કે, દેવો, અસુરો અને મનુષ્યોસહિત સર્વ લોકો અને બ્રહ્મદેવસુદ્ધાં સર્વ મહાત્માઓ, અભ્યુદય માટે કહેલી ક્રિયાઓ કરવામાંજ સર્વ પ્રકારે આસક્ત રહે છે.[7] ત્યારે હે બ્રહ્મન્! તમે તો એમ કહ્યું કે, મોક્ષધર્મજ ઉત્તમ છે અને ક્રિયાઓથી નિવૃત્ત થવામાંજ પરમ સુખ છે. (તેનું કેમ?) વળી અમે સાંભળ્યું છે કે, પુણ્યપાપનો ત્યાગ કરનારા મુક્ત પુરુષોજ હજારો કિરણોવાળા દેવ નારાયણના સ્વરૂપમાં પ્રવેશ કરે છે. ખરેખર, મને તો એમજ લાગે છે કે, સનાતન મોક્ષધર્મનું આચરણ અત્યંત દુઃખભરેલું હોવું જોઈએ; કેમકે સર્વ દેવતાઓ પણ જેનો ત્યાગ કરીને હવ્યકવ્યનું પ્રાશન કરનારા થઈ ગયા છે, અરે એટલુંજ નહિ પણ બ્રહ્મા, રુદ્ર, બળ દૈત્યનો નાશ કરનાર પ્રભુ ઇંદ્ર, સૂર્ય, ચંદ્ર, વાયુ, અગ્નિ, વરુણ, આકાશ, પૃથ્વી અને બીજા દેવતાઓ (કે જેઓ જગત્તત્ત્વના સંબંધમાં આપણા કરતાં અધિક જાણે છે તેઓ પણ), નિવૃત્તિમાર્ગદ્વારા નિર્માણ થયેલા આત્માના મોક્ષને (કરી) જાણતા નથી અને તેથીજ તેઓ અવિનાશી, અક્ષર તથા નિર્વિકાર એવા મોક્ષમાર્ગ-નિવૃત્તિધર્મનો આશ્રય કરતા નથી. (પરંતુ સૃષ્ટિનો સંહાર આદિ ક્રિયાઓ કરવામાંજ પ્રવૃત્ત રહે છે–પ્રવૃત્તિધર્મનોજ આશ્રય કરે છે.)× ૮–૧૨ હું ધારું છું કે, જેનો ફળભોગ ધર્મશાસ્ત્રમાં દર્શાવેલા અમુક કાળપર્યંતજ પ્રાપ્ત થાય છે, તે પ્રવૃત્તિધર્મનો જેઓએ આશ્રય કરેલો છે, તે ક્રિયાનિષ્ઠ પુરુષોને પ્રવૃત્તિમાર્ગમાં મહાન દોષ એજ જોવામાં આવે છે કે, તે દ્વારા પ્રાપ્ત થયેલો ફળભોગ અમુક પરિમિત કાળપર્યંતજ ટકી રહે છે, પણ કાયમને માટે રહેતો નથી.[13] હે વિપ્ર! માટે (પ્રવૃત્તિધર્મ શ્રેષ્ઠ કે નિવૃત્તધર્મ શ્રેષ્ઠ?) આ વિષયનો સંશય મારા હૃદયમાં શલ્યની પેઠે સાલ્યા કરે છે, માટે તે વિષેના ઇતિહાસનું કથન કરીને મારા સંશયને તમે દૂર કરો; કેમકે તેના સંબંધમાં મને પરમ કુતૂહલ થયું છે.[14] હે બ્રાહ્મણ! યજ્ઞોમાં દેવતાઓનેજ યજ્ઞના ભાગ લેનારા શામાટે કહ્યા છે? અને હે બ્રહ્મન્! યજ્ઞમાં દેવતાઓનું યજન શામાટે કરવામાં આવે છે?[15] હે ઉત્તમ બ્રાહ્મણ! જેઓ યજ્ઞમાં ભાગને ગ્રહણ કરે છે, તેઓ પોતેજ જ્યારે યજ્ઞ કરે છે, ત્યારે કોને ભાગ આપે છે?[16]

વૈશંપાયને કહ્યું:–અહો! હે રાજા! તારો આ પ્રશ્ન અત્યંત ગૂઢ છે. જેણે તપશ્ચર્યા કરી ન હોય, વેદાધ્યયન કર્યું ન હોય અને પુરાણો જાણ્યાં ન હોય, તે પુરુષ તારા આ પ્રશ્નનો ઉત્તર સત્વર આપી શકે નહિ. પૂર્વે મારા ગુરુ વ્યાસને આવા પ્રકારનોજ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો અને તેમણે જે ઉત્તર આપ્યો હતો, તેજ ઉત્તર હું તને આપું છું.[17,18] પૂર્વે મહર્ષિ કૃષ્ણદ્વૈપાયન–વ્યાસ અથવા વેદવ્યાસ, પોતાના શિષ્ય સુમંતુ, જૈમિનિ, દઢ વ્રતધારી પૈલ, ચોથો હું અને પાંચમા શુકદેવ–આ પાંચે જણાને ચાર વેદોનું તથા પાંચમા વેદરૂપ મહાભાર-

---

× નિવૃત્તિધર્મ ઉપર જનમેજય ત્યાંસુધી આક્ષેપ કરવા માગે છે કે, માત્ર લોકોને ઠગવા માટેજ નિવૃત્તિધર્મને ઉભો કરવામાં આવ્યો છે, એ વાત નિઃસંદેહ છે; કેમકે એમ ન હોય તો બ્રહ્માદિ દેવતાઓ નિવૃત્તિધર્મનેજ શ્રેયસ્કર જાણીને અવશ્ય તેનો આશ્રય કરત અને પરમ સુખ મેળવવામાં લુબ્ધ થઇને સૃષ્ટિની રચના આદિ ક્રિયાઓને તિલાંજલિજ આપી દેત; માટે જણાય છે કે, નિવૃત્તિધર્મ શ્રેયસ્કર નથી પણ ઉલટો દુઃખકર છે.

તનું અધ્યયન કરાવતા હતા. તેમના શિષ્ય અમે પાંચે જણા દમગુણને ધારણ કરનારા હતા, શૌચાચારથી યુક્ત હતા અને ક્રોધનો તથા ઇંદ્રિયોનો જય કરનારા હતા. એક સમયે સિદ્ધ અને ચારણોથી સેવાયલા મહાગિરિ મેરુપર્વતના સુંદર પ્રદેશ ઉપર બેસીને અમે પાંચે સહાધ્યાયીઓ વેદાભ્યાસ કરતા હતા. તે વેળા અમને આજ સંશય ઉત્પન્ન થયો હતો, જે હમણાં તેં મને પૂછયો છે. પછી અમે, તે સંશયને ગુરુ આગળ નિવેદન કર્યો, ત્યારે તેમણે જે ઉત્તર આપ્યો હતો, તે મેં બરાબર સાંભળ્યો છે,જેથી હે ભારત! હમણાં હું તને કહી સંભળાવું છું.[૧૯-૨૩] અમે–શિષ્યોએ, ગુરુને પ્રશ્ન પૂછયો, ત્યારે તે સાંભળીને, સર્વ અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનારા પરાશરના શ્રીમાન પુત્ર વ્યાસ,અમને આ પ્રમાણે કહેવા લાગ્યા:–[૨૪]"હે અતિઉત્તમ શિષ્યો! મેં અત્યંત મોટું અને પરમ દારુણ તપ કર્યું છે, જેથી ભૂત, ભવિષ્ય તથા વર્તમાન–એ ત્રણે કાળનું જ્ઞાન મને પ્રાપ્ત થયું છે.[૨૫]મેં એ રીતે તપશ્ચરણ કર્યું તથા ઇંદ્રિયોનો નિગ્રહ કર્યો ત્યારે દેવ નારાયણ મારાપર પ્રસન્ન થયા હતા અને તેમના પ્રસાદથીજ ક્ષીરસાગરના તટપ્રદેશ ઉપર મને યથેષ્ટ ત્રિકાળજ્ઞાન પ્રાપ્ત થયું છે. હું મારી દૃષ્ટિથી કલ્પના આદિકાળમાં જે કંઈ બન્યું હતું તે સર્વ જોઈ શકું છું, માટે તમારા આ સંશયનો ન્યાયાનુસાર ઉત્તમ ઉત્તર હું આપું છું, તમે સાંભળો. સાંખ્ય અને યોગને જાણનારા પુરુષો, જેને પરમાત્મા કહે છે, તેજ પોતાનાં કર્મવડે 'મહાપુરુષ' સંજ્ઞાને પામે છે. એ મહાપુરુષથી અવ્યકત ઉત્પન્ન થયું છે, જેને વિદ્વાનો 'પ્રધાન' કહે છે.[૨૫-૨૯] મહાસમર્થ એ અવ્યક્તથી લોકોને ઉત્પન્ન કરવામાટે વ્યકત ઉત્પન્ન થયું,જેને લોકમાં અનિરુદ્ધ અથવા મહાન આત્મા (મહત્તત્ત્વ) કહેવામાં આવે છે.[૩૦]આ મહાન આત્મા દૃશ્યસ્વરૂપે પ્રકટ થયો અને તેણે પિતામહ (બ્રહ્મદેવ)ને ઉત્પન્ન કર્યા. તે પિતામહ સર્વ પ્રકારના તેજથી ભરપૂર છે અને તેમનેજ અહંકાર કહેવામાં આવે છે.[૩૧] આ અહંકારથી પૃથ્વી, વાયુ, આકાશ, જળ અને તેજ એ પાંચ મહાભૂતો ઉત્પન્ન થયાં છે.[૩૨] વળી તે મહાભૂતોને ઉત્પન્ન કર્યા પછી, અહંકારે તેઓના ગુણોને ઉત્પન્ન કર્યા અને પાંચ મહાભૂતોથી જે મૂર્તિમાન પુરુષો ઉત્પન્ન થયા છે, તેઓનાં નામ હું તમને કહું છું, સાંભળો.[૩૩] મરીચિ, અંગિરા, અત્રિ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, મહાત્મા વસિષ્ઠ અને મનુ સ્વાયંભુવ–આ આઠેને મૂળપ્રકૃતિરૂપ જાણવા અને તે પ્રકૃતિઓમાં સર્વે લોકો સ્થિતિ કરી રહ્યા છે, એમ સમજવું.લોકના પિતામહ બ્રહ્મદેવે,લોકરચનાની સિદ્ધિ થાય તે માટે વેદો,વેદનાં અંગો,યજ્ઞો તથા યજ્ઞોનાં અંગોથી યુક્ત તે આઠેને ઉત્પન્ન કર્યા છે અને તે આઠ પ્રકૃતિઓથી આ જગત ઉત્પન્ન થયું છે.[૩૪-૩૬]રોષાત્મા રુદ્ર,બ્રહ્માના ક્રોધમાંથી ઉત્પન્ન થયા છે અને તેમણે પોતાના જેવા બીજા દશ રુદ્રોને ઉત્પન્ન કર્યા છે. આ રીતે આ અગીઆરે રુદ્રોને વિકાર પુરુષ કહેવામાં આવે છે.[૩૭] પછી લોકોની સિદ્ધિને માટે ઉત્પન્ન થયેલા તે રુદ્રો, પૂર્વોક્ત પ્રકૃતિઓ, સર્વે દેવો અને ઋષિઓ બ્રહ્મદેવની પાસે જઇને આ પ્રમાણે કહેવા લાગ્યા:–[૩૮] "હે ભગવન્! આપ સમર્થ દેવે, અમને ઉત્પન્ન તો કર્યા, પણ હે પિતામહ! જેણે જે અધિકારમાં વર્તવું જોઇએ, તે અધિકાર હજી અમને સોંપવામાં આવ્યો નથી.[૩૯] આપે અમને જે અધિકાર સોંપવા ધાર્યો હોય,તે અધિકાર કયા પ્રયોજનવાળા વિચારનો છે? અને તેનું પાલન કયા પ્રકારના અહંકારથી અમારે કરવું જોઇએ, તે અમને કહો.[૪૦] વળી અમને સોંપવા ધારેલા અધિકારનું પાલન કરવામાટે તમે અમને બળ આપો." તે દેવતાઓએ એ પ્રમાણે કહ્યું એટલે મહાદેવ બ્રહ્માએ તેઓને આવું વચન કહ્યું.[૪૧]

બ્રહ્મા બોલ્યા:–" હે દેવો ! મને આ વાત તમે જણાવી તે બહુ સારૂં કર્યું છે. તમારૂં કલ્યાણ થાઓ. તમને જે ચિંતા ઉત્પન્ન થઈ છે, તેજ ચિંતા મને પોતાને પણ ઉત્પન્ન થઈ છે.[૪૨] આ સમગ્ર જગતનું રક્ષણ કેવી રીતે કરવું અને તેમ કરવામાં તમારા તથા મારા બળનો નાશ

કેવી રીતે ન થાય ? (એ વાત મારા લક્ષ્યમાંજ છે.)[૪૩] ચાલો, આપણે બધા અહીંથી લોકના સાક્ષીરૂપ અને અવ્યક્તસ્વરૂપ ભગવાન મહાપુરુષને શરણે જઇએ. તે જે કંઇ હિતકારક હશે, તેજ આપણને કહેશે. "[૪૪] બ્રહ્મદેવે એ પ્રમાણે કહ્યું એટલે તે સર્વ ઋષિઓ અને દેવતાઓ બ્રહ્મદેવને સાથે લઇને લોકોનું હિત કરવાની ઇચ્છાથી ક્ષીરસાગરના ઉત્તરતટ ઉપર ગયા.[૪૫] ત્યાં જઇને તેઓએ બ્રહ્મદેવના કહેવા પ્રમાણે વેદવિધિ પ્રમાણે મહાદારુણ તપ કરવા માંડયું, કે જે તપ સર્વ પ્રકારની તપશ્ચર્યાઓમાં "મહાનિયમ" એવા નામથી પ્રસિદ્ધ છે.[૪૬] એ તપશ્ચર્યા કરતી વખતે તેઓએ દૃષ્ટિને ઊર્ધ્વભાગમાં સ્થિર કરી હતી, બાહુઓ ઉંચા રાખ્યા હતા, મન એકાગ્ર કર્યું હતું અને બરાબર સાવધાન થઇ કાષ્ઠની પેઠે એક પગે સ્થિર ઉભા રહ્યા હતા.[૪૭] તે દેવતાઓએ એ પ્રમાણે એક હજાર દિવ્ય વર્ષોપર્યંત મહાદારુણ તપશ્ચર્યા કરી.તે પછી વેદ અને વેદાંગથી શોભી રહેલી આવી મધુર વાણી તેઓના સાંભળવામાં આવી.[૪૮]

શ્રીભગવાન બોલ્યાઃ-"હે બ્રહ્માદિ દેવતાઓ અને તપોધન ઋષિઓ ! સ્વાગતવચન કહીને હું તમારૂં આદરાતિથ્ય કરૂં છું અને તમને સર્વને આ ઉત્તમ વાકય સંભળાવું છું કે,[૪૯] "લોકોનું મહાન હિત કરનારૂં તમારૂં કાર્ય મારા જાણવામાં આવ્યું છે. એ કાર્ય પ્રવૃત્તિધર્મથી યુક્ત હોઇને તમારી પ્રાણશક્તિમાં વૃદ્ધિ કરનારૂં છે, માટે અવશ્ય કરવા યોગ્ય છે.[૫૦] હે દેવો ! મારૂં આરાધન કરવાની ઇચ્છાથી તમે અતિ મહાન તપશ્ચર્યા કરી છે, માટે હે મહાસત્વશાળી દેવતાઓ ! તે તપનું ઉત્તમ ફળ તમે ભોગવશો.[૫૧] હે ઉત્તમ દેવતાઓ ! તમે અને લોકના પિતામહ તથા લોકના મહાન ગુરુ આ બ્રહ્મા ચિત્તને એકાગ્ર કરી, મારૂં યજન કરો[૫૨] અને પ્રત્યેક યજ્ઞમાં મારા યજ્ઞભાગોની કલ્પના કરો, જેથી હે ઇશ્વરો ! તમારૂં તમારા અધિકાર પ્રમાણે હું કલ્યાણ કરીશ!"

વૈશંપાયને કહ્યું:-હે જનમેજય ! દેવના દેવ તે મહાપુરુષનું એ વાકય સાંભળીને તે સર્વના શરીર ઉપર હર્ષનાં રોમાંચ થઈ ગયાં. પછી બ્રહ્માદિ દેવતાઓએ અને સર્વ મહર્ષિઓએ, વેદોક્ત વિધિપ્રમાણે વિષ્ણુયાગ કરવાનો આરંભ કર્યો. એ યજ્ઞમાં બ્રહ્મદેવે પોતે વિષ્ણુના ભાગની પ્રથમ કલ્પના કરી.[૫૪,૫૫] તેમજ દેવો અને દેવર્ષિઓએ પણ પોતપોતાનો ભાગ શ્રીવિષ્ણુદેવને અર્પણ કર્યો અને પછી સત્યયુગના ધર્મવાળા તથા પરમ સત્કારપૂર્વક નિવેદન કરાયલા તે હવિર્ભાગો અર્પણ કરીને તે સર્વ દેવતાઓ સૂર્યસમાન વર્ણવાળા, અજ્ઞાનથી પર રહેલા, સર્વત્ર વ્યાપક, સર્વના ઈશ્વર, વરને આપનારા, સર્વના પ્રભુ અને સનાતન દેવ તે મહાપુરુષની સ્તુતિ કરવા લાગ્યા.[૫૬,૫૭] તે પછી વર આપનારા તે મહેશ્વર દેવે, નિરાકારસ્વરૂપે આકાશમાં ઉભા રહીને તે સર્વ દેવોને આ પ્રમાણે કહ્યું:-[૫૮]" હે દેવો ! જેણે જે ભાગ મને આપ્યો છે,તે ભાગ મને પહોંચ્યો છે. હું તમારાપર પ્રસન્ન થયો છું, માટે આવૃત્તિરૂપ લક્ષણવાળું ફળ હું તમને અર્પણ કરૂં છું.*[૫૯] હે દેવો ! તમારા ઉપર થયેલી મારી કૃપાથી જે ફળ ઉત્પન્ન થયું છે, તેનું લક્ષણ આજ સમજવું. તમે પોતેજ સંપૂર્ણ અને શ્રેષ્ઠ દક્ષિણાવાળા યજ્ઞો કરીને મારૂં યજન કર્યું છે, માટે તમે પ્રત્યેક યુગમાં પ્રવૃત્તિમાર્ગના ફળભાગી થશો અને હે દેવો ! સર્વ લોકમાં જે જે પુરુષો યજ્ઞો કરીને મારૂં યજન કરશે, તેઓ સર્વે વેદોક્ત વિધિપ્રમાણે તમને પણ યજ્ઞભાગ અર્પણ કરશે; કેમકે આ મહાયજ્ઞમાં જે જે દેવતાએ મને જેવો યજ્ઞભાગ અર્પણ કર્યો છે,તે તે દેવતાને તેવોજ યજ્ઞ-

---

* કહેવાનો ભાવ એ છે કે, હું તમને સ્વર્ગાદિનાં દિવ્યસુખ અર્પણ કરૂં છું; પરંતુ પ્રવૃત્તિમાર્ગના ફળરૂપે જન્મમરણની આવૃત્તિ તમારે માટે રહેશેજ. અર્થાત્ તમે અર્પણ કરેલા યજ્ઞભાગના બદલામાં તમને મોક્ષ તો નહિજ મળે, પણ અમુક પરિમિત કાળપર્યંત સ્વર્ગાદિનાં દિવ્ય સુખો પ્રાપ્ત થશે અને તે સુખ ભોગવ્યા પછી પુનઃ જન્મમરણના ફેરામાં તમારે પડવું પડશે.

ભાગ અર્પણ કરવો, એવી મેં પોતેજ વેદસૂત્રમાં આજ્ઞા કરેલી છે; માટે જાઓ, યજ્ઞના ભાગરૂપ ફળ ભોગવવામાટે યોગ્ય થઇને તમે, લોકોનું રક્ષણ કરો અને પોતપોતાના અધિકાર ઉપર તમને જે રીતે નિમવામાં આવ્યા હોય, તે પ્રમાણે વર્તીને જગતનાં સર્વ હિતકાર્યોનું તમે ચિંતન કરો. આ જગતમાં પ્રવૃત્તિમાર્ગના ફળથી સત્કાર પામેલી જે જે ક્રિયાઓ પ્રચલિત થશે, તેવડે તમારા બળમાં વૃદ્ધિ થશે અને તેથી લોકોને ધારણ કરવામાટે તમે સમર્થ થશો. માત્ર તમારાપ્રત્યે મારી ભાવના એજ છે કે, સર્વ પ્રકારના યજ્ઞોમાં મનુષ્યો, તમને યજ્ઞભાગ અર્પણ કરીને સંતુષ્ટ કરશે અને તેવડે તમારે મને સંતુષ્ટ કરવો; કેમકે એવા ઉદ્દેશથીજ વેદો, યજ્ઞો અને ઔષધિઓની જગતમાં ઉત્પત્તિ કરવામાં આવી છે.[૬૦-૬૬] વળી વેદો, યજ્ઞો અને ઔષધિઓનો પૃથ્વી ઉપર જો ઉત્તમ પ્રકારે ઉપયોગ કરવામાં આવે છે, તોજ દેવતાઓ પ્રસન્ન રહે છે. હે શ્રેષ્ઠ દેવો! આ ચાલુ કલ્પનો ક્ષય થાય, ત્યાંસુધી પ્રવૃત્તિમાર્ગમાં તમે એક ગુણરૂપ થઇ પડશો, એમ ધારીનેજ મેં તમને ઉત્પન્ન કર્યા છે, માટે હે ઈશ્વરો! પોતપોતાના અધિકાર પ્રમાણે વર્તીને લોકોના હિતસંબંધીજ તમે ચિંતન કરો.[૬૭,૬૮] આ મરીચિ, અંગિરા, અત્રિ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ-એ સાતે ઋષિઓને મેં મારા મનથી ઉત્પન્ન કર્યા છે;[૬૯] માટે તેઓ મુખ્ય વેદવેત્તાઓ થશે, વેદના આચાર્યો ગણાશે, પ્રવૃત્તિધર્મના પ્રવર્તક થશે અને પ્રજાઓને વધારનારા થઇને પ્રજાપતિના અધિકારી થશે.[૭૦] ક્રિયાનિષ્ઠ એવા આ સપ્તર્ષિઓનો માર્ગ (પ્રવૃત્તિમાર્ગ), સનાતનતરીકે જગતમાં પ્રકટ થશે અને પ્રજાસર્ગ કરવામાં સમર્થ એવા તે માર્ગને 'અનિરુદ્ધ' એ પ્રમાણે લોકો કહેશે.[૭૧] વળી તેજ પ્રમાણે સન, સનત્સુજાત, સનક, સનંદન, સનત્કુમાર, કપિલ અને સનાતન-આ સાતે ઋષિઓ, જેઓ બ્રહ્મદેવના માનસપુત્ર કહેવાય છે, તેઓને પોતાની મેળેજ વિજ્ઞાન પ્રાપ્ત થયું છે અને તેઓએ નિવૃત્તિધર્મનો આશ્રય કર્યો છે;[૭૨,૭૩] તેમજ એ સાતે ઋષિઓ યોગવેત્તાઓમાં મુખ્ય છે, સાંખ્યજ્ઞાનમાં કુશળ છે, ધર્મશાસ્ત્રના આચાર્ય છે અને મોક્ષધર્મના પ્રવર્તક છે.[૭૪] સૃષ્ટિના આરંભમાંજ અવ્યક્ત એવી પ્રકૃતિથી ત્રણ ગુણોવાળો મહાન અહંકાર પ્રકટ થયો છે અને તે અહંકારથી તથા પ્રકૃતિથી જે અત્યંત પર છે, તેનેજ ક્ષેત્રજ્ઞ કહેવામાં આવે છે.*[૭૫] આ ક્ષેત્રજ્ઞરૂપ અથવા નિવૃત્તિમાર્ગરૂપ એવો હું ક્રિયાનિષ્ઠ પુરુષોને અથવા પ્રવૃત્તિધર્મનો સ્વીકાર કરી પુનરાવૃત્તિને પામનારા પુરુષોને ખરેખર દુર્લભ છું-દુષ્પ્રાપ્ય છું. વળી જે પ્રાણીને પ્રવૃત્તિરૂપ અથવા નિવૃત્તિરૂપ જે કર્મ કરવામાટે નિર્માણ કરવામાં આવ્યો હોય, તે પ્રાણી તે પ્રકારનુંજ કર્મ કરે છે અને તેને તે પ્રમાણેજ ફળ પ્રાપ્ત થાય છે. આ બ્રહ્મદેવ, જે લોકોના ગુરુ છે, જગતના આદિકર્તા છે અને પ્રભુ છે, તેજ તમારા માતા, પિતા અને પિતામહરૂપ છે. હું તેમને આજ્ઞા આપું છું, તેથી પ્રાણીમાત્રને તે વર આપનારા થશે.[૭૬-૭૮] આ બ્રહ્મદેવના લલાટમાંથી રુદ્ર નામનો જે પુત્ર ઉત્પન્ન થયો છે, તે મહાસમર્થ થશે અને બ્રહ્મદેવની આજ્ઞામાં રહીને પ્રાણીમાત્રનું રક્ષણ કરશે;[૭૯] માટે હે ઉત્તમ દેવો! તમે હવે પોતપોતાના અધિકાર ઉપર જાઓ અને વિધિપ્રમાણે લોકોનું હિતચિંતન કરો. ઉપરાંત સર્વ ક્રિયાઓની જગતમાં પ્રવૃત્તિ કરો, વિલંબ કરો મા.[૮૦] પ્રાણીમાત્રને તેઓની ગતિ અને કર્મો તમે પ્રદર્શિત કરો, કેમકે આયુષ્યનો કાળ કેવળ

---

* અહીં કહેવાનો ભાવ એ છે કે, અવ્યક્તથી ઉત્પન્ન થયેલો અહંકાર સાત્વિક, રાજસ અને તામસ-એમ ત્રણ પ્રકારનો છે, માટે સૃષ્ટિ પણ ત્રણ પ્રકારનીજ છે. તેમાં જેઓ સાત્વિક ઉપાસક હોય છે, તેઓ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યના બળવડે અહંકારથી પર રહેલા ક્ષેત્રજ્ઞમાં પ્રવેશ કરે છે અને રાજસ ઉપાસકો અહંકારથી નીચેની કોટીમાં રહેલા શબ્દાદિ વિષયનેજ પરમ પુરુષાર્થરૂપે માને છે તથા પ્રવૃત્તિમાર્ગનો સ્વીકાર કરી જન્મમરણને પામ્યા કરે છે.

મર્યાદિતજ હોય છે.[૮૧] જુઓ, લક્ષ્યમાં રાખો કે, હમણાં સત્યુગનો શ્રેષ્ઠ સમય ચાલી રહ્યો છે, માટે આ યુગમાં યજ્ઞનિમિત્તે કદી પશુહિંસા થવી નજ જોઇએ.[૮૨] હે દેવતાઓ! આ યુગમાં ચાર ચરણવાળા* ધર્મની સંપૂર્ણ પ્રવૃત્તિ થશે અને પછી ત્રેતાયુગનો આરંભ થશે, ત્યારે ધર્મના ત્રણ ચરણ બાકી રહેશે;[૮૩] કેમકે એ યુગમાં યજ્ઞનિમિત્તે મંત્રાદિથી પ્રોક્ષણ કરીને પશુઓનો વધ કરવામાં આવશે, જેથી ધર્મના ચોથા ચરણનો નાશ થશે.[૮૪] તે પછી દ્વાપર નામનો મિશ્રકાળ ઉપસ્થિત થશે. તેમાં ધર્મના બે ચરણનો નાશ થઈ જશે[૮૫] અને પછી કલિયુગની પ્રધાનતાવાળો ચોથો તિષ્ય નામનો કાળ પ્રાપ્ત થશે, તેમાં માત્ર એક ચરણ ઉપર ટકી રહેલો ધર્મ કોઇ કોઈ સ્થળેજ સત્તા ભોગવશે."[૮૬]

સર્વના ગુરુ ભગવાન આદિ પુરુષે એ પ્રમાણે કહ્યું, એટલે દેવતાઓ અને દેવર્ષિઓ તેમને કહેવા લાગ્યા કેઃ–" હે ભગવન્! જે સમયે ધર્મનો એકજ ચરણ બાકી રહેશે અને કોઇ અમુકજ ઠેકાણે તે ગતિ કરશે, તે સમયે અમારે શું કરવું ? ત અમને કહો. "

શ્રીભગવાન બોલ્યાઃ–"હે ઉત્તમ દેવતાઓ! જે પ્રદેશ ઉપર વેદો, યજ્ઞો, તપ, સત્ય, દમ અને અહિંસા–એ સર્વનો ધર્મપૂર્વક પ્રચાર હોય, તે પ્રદેશનું તમારે સેવન કરવું, જેથી તમને અધર્મના ચરણનો સ્પર્શ થશે નહિ."[૮૭–૮૯]

વ્યાસે પોતાના શિષ્યોપ્રતિ કહ્યુંઃ–" ભગવાન આદિપુરુષે એ પ્રમાણે ઉપદેશ આપ્યો, એટલે દેવો અને ઋષિઓ, તેમને નમસ્કાર કરીને પોતપોતાના ઇષ્ટ પ્રદેશ તરફ ચાલ્યા ગયા.[૯૦] એ રીતે દેવો ગયા તે પછી અનિરુદ્ધના શરીરમાં રહેલા ભગવાન આદિપુરુષનાં દર્શનની ઇચ્છાથી બ્રહ્મા એકલા ત્યાં ઉભા રહ્યા. એટલે તે આદિદેવે, ઘોડાના જેવા મસ્તકવાળું મહાનસ્વરૂપ પ્રકટ કરીને બ્રહ્માને દર્શન દીધાં. તે વેળા અંગસહિત વેદોનું તે અધ્યયન કરતા હતા અને કમંડલુ તથા ત્રિદંડને ધારણ કરી રહ્યા હતા.[૯૨] મહાતેજસ્વી દેવ પરમાત્માને હયગ્રીવસ્વરૂપમાં પોતાની સમક્ષ પ્રકટ થયેલા જોઇ, લોકસ્રષ્ટા પ્રભુ બ્રહ્મા, લોકોનું હિત કરવાની ઇચ્છાથી મસ્તકવડે તેમને પ્રણામ કરીને બે હાથ જોડી તેમની આગળ ઉભા રહ્યા, ત્યારે પ્રેમપૂર્વક તેને ભેટી પડીને ભગવાન આદિદેવે તેને આ પ્રમાણે કહ્યું.[૯૩,૯૪]

શ્રીભગવાન બોલ્યાઃ–" હે બ્રહ્મન્ ! લોકની સર્વ કાર્યવ્યવસ્થાનો હવે તારેજ વિધિપૂર્વક વિચાર કરવાનો છે. તું પ્રાણીમાત્રનો ધાતા છે–ધારણકર્તા છે, જગતનો પ્રભુ છે અને ગુરુ છે. હું આ સર્વ લોકતંત્રનો ભાર હવે તારાપર રાખી સત્વર નિશ્ચિંત થઇશ અને જ્યારે તારાપર કોઇ અસહ્ય દેવકાર્ય આવી પડશે, ત્યારે આત્મજ્ઞાનનો ઉપદેશ કરવામાટે જગતમાં પ્રકટ થઇશ" એમ કહીને ભગવાન હયગ્રીવ તેજ સ્થળે અંતર્ધાન થઇ ગયા અને બ્રહ્મદેવ પણ તેમની આજ્ઞા લઇને સત્વર પોતાના લોકતરફ વિદાય થયા.

એ રીતે મહા ઐશ્વર્યવાળા સનાતન ભગવાન પદ્મનાભ, યજ્ઞમાં ભાગ લઇને યજ્ઞના ભોક્તા છે અને નિત્ય યજ્ઞના ધર્તા અથવા કર્તા પણ છે. તેમણે અક્ષયધર્મનું સેવન કરનારા પુરુષોની ગતિરૂપ નિવૃત્તિધર્મનોજ આશ્રય કર્યો છે, છતાં લોકની વિચિત્રતા ઉત્પન્ન કરીને પ્રવૃત્તિધર્મોની પણ રચના કરી છે.[૯૫–૯૯] તે ભગવાન પ્રજાઓના આદિ, મધ્ય અને અંતરૂપ છે, સર્વના ધાતા (પોષણકર્તા) છે, ધેય(ધારણ કરવા યોગ્ય અથવા પોષણ કરવા યોગ્ય વસ્તુ)રૂપ છે, કર્તા છે અને કાર્ય છે. યુગના અંતસમયે સર્વ લોકોનો સંહાર કરીને યોગનિદ્રામાં તે શયન કરે છે અને યુગના આરંભસમયે યોગનિદ્રામાંથી જાગ્રત થઇને જગતને ઉત્પન્ન કરે છે;[૧૦૦] માટે નિર્ગુણ, મહાત્મા, અજન્મા, વિશ્વરૂપ અને સર્વ દેવોના ધામરૂપ તે પરમાત્મદેવને તમે નમસ્કાર કરો.[૧૦૧] એ ભગવાન મહાભૂતોના અધિપતિ છે, રુદ્રોના પતિ છે, આદિત્યોના પતિ છે, વસુઓના પતિ છે, અશ્વિનીકુમારોના પતિ છે, મરુદ્ગણોના પતિ છે, વેદ તથા યજ્ઞના પતિ છે,

---

* સત્ય, તપ, દયા અને અહિંસા–એ ચારેને ધર્મના ચાર ચરણ કહેવામાં આવે છે.

વેદાંગના પતિ છે, નિત્ય સમુદ્રમાં નિવાસ કરનારા છે, હરિરૂપ છે, મુંજના* જેવા કેશવાળા છે, શાંતસ્વરૂપ છે, પ્રાણીમાત્રને મોક્ષધર્મ કહેનારા છે, તપ અને તેજના પતિ છે, યશના પતિ છે, વાણીના પતિ છે, નદીઓના પતિ છે, જટાજૂટધારી છે, વરાહરૂપને ધારણ કરનારા છે, એક શૃંગને ધારણ કરનાર છે, સૂર્યરૂપ છે, હયગ્રીવસ્વરૂપ છે, ચાર મૂર્તિઓને ધારણ કરનાર છે, ગુહ્યરૂપ છે, જ્ઞાનદ્વારા દર્શન કરવા યોગ્ય છે, અક્ષર છે અને ક્ષર પણ છે; (માટે તેમને નમસ્કાર કરો.) એ અવિનાશી દેવ સર્વત્ર ગતિવાળા હોઇને સર્વત્ર સંચાર કરે છે, એટલુંજ નહિ પણ વિજ્ઞાનદૃષ્ટિથી જાણવાયોગ્ય તે આદિપુરુષ પરબ્રહ્મસ્વરૂપ છે. મેં મારી જ્ઞાનદૃષ્ટિદ્વારા આ સર્વ વાત પ્રથમથીજ જાણી છે અને તમે મને પ્રશ્ન કર્યો, તેથી તે સર્વ વાત યથાર્થ રીતે મેં તમને કહી છે; માટે હે શિષ્યો ! મારા આ વચનને તમે માન્ય કરો અને સર્વના ઇશ્વિર તે હરિનું નિત્ય સેવન કરો, વેદના મંત્રોથી તેમની સ્તુતિ કરો અને વિધિપૂર્વક તેમની પૂજા કરો. ”[૧૦૨-૧૦૯]

વૈશંપાયને કહ્યું:- હે જનમેજય ! બુદ્ધિમાન વેદવ્યાસે અમને એ પ્રમાણે કહ્યું, એટલે અમે-તેમના શિષ્યોએ, પરમ ધર્મવેત્તા તેમના પુત્ર શુકદેવે અને અમારા ઉપાધ્યાય વેદવ્યાસે પોતે ચારે વેદોની ઋચાઓવડે તે ભગવાનની સ્તુતિ કરી.[૧૧૦,૧૧૧] હે રાજન્ ! અમારા ગુરુ દ્વૈપાયને (વ્યાસે), પૂર્વે અમને જે પ્રમાણે કહ્યું હતું, તે પ્રમાણેજ આ સર્વ આખ્યાન, તારા પ્રશ્ન થી મેં તને કહી સંભળાવ્યું છે.[૧૧૨] જે પુરુષ, “ भगवते नमः ” એમ ઉચ્ચારણપૂર્વક ભગવાનને નમસ્કાર કરી બુદ્ધિની એકાગ્રતાપૂર્વક આ આખ્યાનનું શ્રવણ કરે છે અથવા નિત્ય કીર્તન કરે છે, તે પુરુષ નીરોગી થાય છે, બુદ્ધિમાન થાય છે અને બળ તથા રૂપથી યુક્ત થાય છે; એટલુંજ નહિ પણ આ આખ્યાનનું શ્રવણકીર્તન કરવાથી રોગાતુર મનુષ્ય રોગથી મુક્ત થાય છે, બંધાયલો મનુષ્ય બંધનથી મુક્ત થાય છે, કામાભિલાષી પુરુષ સર્વ કામનાઓને તથા દીર્ઘ આયુષ્યને પામે છે, બ્રાહ્મણ સર્વજ્ઞ થાય છે, ક્ષત્રિય વિજયી થાય છે, વૈશ્યને પુષ્કળ લાભ મળે છે, શૂદ્રને સુખ મળે છે, પુત્રરહિત મનુષ્યને પુત્ર મળે છે, કન્યાને ઇચ્છિત પતિ મળે છે, પ્રસૂતિસમયે સ્ત્રીને કષ્ટ થતું હોય તો તે કષ્ટથી મુક્ત થાય છે, ગર્ભિણી સ્ત્રી પુત્રને જન્મ આપે છે અને વાંઝણી સ્ત્રીને ગર્ભ રહે છે. સારાંશ કે, આ આખ્યાનનું શ્રવણકીર્તન કરવાથી પુત્ર, પૌત્ર અને સર્વ સમૃદ્ધિઓ પ્રાપ્ત થાય છે.[૧૧૩-૧૧૭] વળી જે પુરુષ મુસાફરીસમયે માર્ગમાં જતાં જતાં આ આખ્યાનનો પાઠ કરે છે, તે પુરુષ ક્ષેમકુશળ રહીને માર્ગને કાપી શકે છે. તાત્પર્ય કે આ આખ્યાનનું શ્રવણકીર્તન કરવાથી મનુષ્યને જે જે કામનાઓની ઇચ્છા હોય, તે સર્વ અવશ્ય પ્રાપ્ત થાય છે.[૧૧૮] મહર્ષિ વ્યાસ ભગવાનનું આ નિશ્ચિત વચન છે કે, મહાત્મા પુરુષોત્તમ અને દેવતાઓ તથા ઋષિઓના સમાગમનું જેમાં કીર્તન કરવામાં આવ્યું છે તે-આ આખ્યાનનું શ્રવણ કરીને ભક્ત પુરુષો મહાન સુખને પ્રાપ્ત કરે છે. ”[૧૧૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“નારાયણચરિત્ર” એ વિષયનો અધ્યાય
૩૪૦ મો સમાપ્ત.

અધ્યાય ૩૪૧ મો

ભગવન્નામસ્મરણમાહાત્મ્ય

॥ जनमेजय उवाच ॥

अस्तौषीद्यैरिमं व्यासः सशिष्यो मधुसूदनम्॥
नामभिर्विविधैरेषां निरुक्तं भगवन्मम ॥१॥

જનમેજયે પૂછયું:- હે ભગવન્ વૈશંપાયન ! વેદવ્યાસે પોતાના શિષ્યોની સાથે જૂદાં જૂદાં જે નામોવડે ભગવાન મધુસૂદનની સ્તુતિ કરી હતી, તે નામોનું રહસ્ય તમે મને કહો; કેમકે પ્રજાપતિના પતિ ભગવાન હરિનાં નામો શ્રવણ કરવાથી શરદ્ઋતુના ચંદ્રની પેઠે હું નિર્મળ થઈશ અને પવિત્ર થઇશ.[૧,૨]

---

* તે નામનું ઘાસ

વૈશંપાયને કહ્યું:- હે રાજન્ ! પ્રભુ હરિએ (શ્રીકૃષ્ણે) ગુણકર્મથી ઉત્પન્ન થયેલાં પોતાનાં નામોનું રહસ્ય, પૂર્વે અર્જુનને ચિત્તની પ્રસન્નતાપૂર્વક કહી સંભળાવ્યું હતું, તેજ હું તને કહું છું, સાંભળ.[૩] હે રાજા ! મહાત્મા કેશવના નામકીર્તનવડે શું ફળ પ્રાપ્ત થાય છે, એ વિષયમાં શત્રુવીરોનો સંહાર કરનારા અર્જુને શ્રીકૃષ્ણને આ પ્રમાણે પૂછ્યું હતું.[૪]

અર્જુને પૂછ્યું:-“ હે ભગવન્ ! હે ભૂતભવિષ્યના ઈશ્વર ! હે પ્રાણીમાત્રના સ્રષ્ટા ! હે લોકના ધામરૂપ! હે જગતના નાથ ! હે લોકોને અભય આપનારા ! હે દેવ ! વેદમાં તથા પુરાણોમાં મહર્ષિઓએ, તમારાં જે જે નામોનું કીર્તન કરેલું છે અને કર્મોવડે તમારાં જે નામો ગુહ્ય છે, તે સર્વનું રહસ્ય, તમારી પાસેથી સાંભળવાની મારી ઇચ્છા છે, કેમકે હે કેશવ ! હે પ્રભુ ! તમારાવિના બીજો કોઇ પણ પુરુષ તમારાં નામોના રહસ્યનું વર્ણન કરી શકે તેમ નથી. ”[૫,૭]

શ્રીભગવાન બોલ્યા:-“હે અર્જુન! ઋગ્વેદમાં, યજુર્વેદમાં,અથર્વવેદમાં, સામવેદમાં, પુરાણોમાં, ઉપનિષદોમાં, જ્યોતિષશાસ્ત્રમાં, સાંખ્યશાસ્ત્રમાં યોગશાસ્ત્રમાં અને આયુર્વેદશાસ્ત્રમાં મારાં અનેક નામોનું મહર્ષિઓએ કીર્તન કરેલું છે.[૮,૯] તેમાં કેટલાંએક નામો ગુણોથી ઉત્પન્ન થયેલાં છે અને કેટલાંએક નામો કર્મોથી ઉત્પન્ન થયાં છે. તેમાં હે નિર્દોષ અર્જુન ! કર્મોથી ઉત્પન્ન થયેલાં નામોનું રહસ્ય હું તને કહું છું, તું સાવધાન થઈને સાંભળ. હે તાત ! પ્રાચીન ઋષિમુનિઓએ, તને મારા સ્વરૂપનો અર્ધભાગ કહ્યો છે.(માટે મારાં નામોનું રહસ્ય હું તને કહું છું.) પ્રાણીમાત્રના પરમાત્મા, વિશ્વસ્વરૂપ, નિર્ગુણ, સગુણ અને મહાયશસ્વી દેવ નારાયણને નમસ્કાર હો. જેમના પ્રસાદથી બ્રહ્મા અને ક્રોધથી રુદ્ર ઉત્પન્ન થયા છે. વળી જે પરમાત્મા સ્થાવરજંગમ સર્વ જગતના ઉત્પત્તિસ્થાન છે(તેમને નમસ્કાર હો). હે સત્વશાળીઓમાં શ્રેષ્ઠ અર્જુન! *અઢાર ગુણોવાળો જે સત્વગુણ તેજ મારી પરાપ્રકૃતિ કહેવાય છે,તેજ આકાશ અને પૃથ્વીરૂપ છે, તેજ યોગવડે લોકોને ધારણ કરનારી છે, તેજ કર્મોનાં ફળરૂપ છે, તેજ નિર્બાધ ચૈતન્યરૂપ છે, તેજ જન્મમરણરહિત છે,તેજ સર્વથા અજય છે અને તેજ લોકોના આત્મારૂપ છે.[૮-૧૪] પરમાત્મામાં આરોપણ કરાયલા તે સત્વગુણથીજ સૃષ્ટિની ઉત્પત્તિ અને પ્રલય આદિ વિક્રિયાઓ થયા કરે છે અને એ સત્વગુણનો જેમાં આરોપ થયેલો છે, તે પુરાણપુરુષ તપ, યજ્ઞ, યજમાન, વિરાટ્ અને અનિરુદ્ધસ્વરૂપ હોઇને લોકોના ઉત્પાદક તથા સંહારક છે. હે કમળસમાન નેત્રવાળા અર્જુન! બ્રહ્મદેવની રાત્રિનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે મહાતેજસ્વી તે પુરાણપુરુષના પ્રસાદથી એક કમળ ઉત્પન્ન થાય છે અને તેમાં તેમનીજ કૃપાથી બ્રહ્મદેવ ઉત્પન્ન થાય છે;તેમજ બ્રહ્મદેવના દિવસનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે ક્રોધાયમાન થયેલા તે દેવના લલાટમાંથી એક પુત્ર ઉત્પન્ન થાય છે, જેને સૃષ્ટિનો સંહાર કરનાર રુદ્રદેવ કહેવામાં આવે છે.[૧૫-૧૮] આ બ્રહ્મદેવ અને રુદ્ર-બન્ને દેવો સર્વના કરતાં શ્રેષ્ઠ છે, પરમાત્માના પ્રસાદથી તથા ક્રોધથી તેઓ ઉત્પન્ન થયા છે અને તેઓ બન્ને દેવો, પરમાત્માએ દર્શાવેલા માર્ગને અનુસરીને જગતની ઉત્પત્તિ તથા સંહાર કર્યા કરે છે.[૧૯] જગતની ઉત્પત્તિ તથા નાશ કરવાના કાર્યમાં સર્વ વિશેષ સત્તા પરમાત્માની પોતાનીજ છે; કેમકે પ્રાણીમાત્રને વર આપનારા તે બન્ને દેવો તો માત્ર નિમિત્તભૂતજ છે. હે પાંડુના પુત્ર ! જટાજૂટને ધારણ

---

* ટીકાકાર નીલકંઠ લખે છે:-

“ प्रीतिः प्राकाश्यमुद्रेको लघुता सुखमेव च।
अकार्पण्यम संरंभः संतोषः श्रद्दधानता ॥
क्षमा धृतिराहिंसा च शौचमक्रोध एव च ।
आर्जवं समता सत्य मनसूया तथैवच ॥”

પ્રીતિ, પ્રકાશ, વૃદ્ધિ, લઘુતા, સુખ, ઉદારતા, શાંતિ, સંતોષ, શ્રદ્ધા, ક્ષમા, ધૈર્ય, અહિંસા, પવિત્રતા, સૌમ્યતા, સરળતા, સમતા, સત્ય અને અનસૂયા-આ અઢારે સત્વગુણના ગુણ કહેવાય છે.

કરનારા, જટિલ, મુંડ, શ્મશાનરૂપ ઘરનું સેવન કરનારા, ઉગ્ર વ્રતનું આચરણ કરનારા, પરમ દારુણ, દક્ષના યજ્ઞનો નાશ કરનારા અને ભગ દેવના નેત્રનું હરણ કરનારા યોગી રુદ્ર, પ્રત્યેક યુગમાં નારાયણસ્વરૂપજ ગણાય છે; અને હે પાર્થ! દેવના દેવ તે મહેશ્વરનું પૂજન કરવાથી મહાસમર્થ દેવ નારાયણનુંજ પૂજન કર્યું ગણાય છે. હે પાંડુનંદન ! હું સર્વ લોકોના આત્મારૂપ છું, માટે આત્મસ્વરૂપ દેવ રુદ્રનુંજ નિત્ય પ્રથમ પૂજન કરૂં છું; કેમકે સર્વના ઇશ્વર અને વર આપનારા શ્રીશંકરનું જો હું પૂજન કરૂં નહિ, તો ભલે હું શુદ્ધાત્મા છું છતાં મારૂં પોતાનું કોઇ પૂજન કરે નહિ. વળી સર્વ લોક હું જેને પ્રમાણ ગણું છું તેનેજ અનુસરે છે;× અને પ્રમાણભૂત હોય તેજ પૂજ્ય ગણાય છે, આવા હેતુથી રુદ્રદેવની હું પૂજા કરૂં છું. જે પુરુષ તે રુદ્રદેવને જાણે છે, તે મને જાણે છે અને જે તેને અનુસરે છે, તે મનેજ અનુસરે છે.[૨૦–૨૬] હે કુંતાપુત્ર! રુદ્ર અને નારાયણ–બન્ને એકજ સત્વરૂપ છે અને તે એકજ સત્વ બે વિભાગરૂપ થઇને લોકની પ્રત્યેક વ્યક્તિમાં અને પ્રત્યેક કર્મમાં સંચાર કર્યા કરે છે.[૨૭] હે પાંડવપુત્ર ! આ જગતમાં બીજો કોઇ પણ દેવ મને વર આપવાને યોગ્ય નથી, એવો મનમાં વિચાર કરી મેં પોતે મારા આત્મારૂપ અને મહાસમર્થ પુરાણ દેવ રુદ્રનું, પુત્રપ્રાપ્તિને માટે આરાધન કર્યું હતું; કેમકે વિષ્ણુ, આત્માવિના બીજા કોઇ દેવને કદી પ્રણામ કરે નહિ;*

માટેજ હું આત્મસ્વરૂપ દેવ રુદ્રને ભજું છું. બ્રહ્મા, રુદ્ર, ઇંદ્રાદિ દેવો અને સર્વ ઋષિઓ, દેવતાઓમાં શ્રેષ્ઠ દેવ નારાયણનુંજ પૂજન કરે છે. કેમકે હે ભારત! ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળનાં સર્વ પ્રાણીઓમાં વિષ્ણુજ મુખ્ય છે અને તેઓ સર્વને વિષ્ણુજ નિત્ય સેવવા યોગ્ય તથા પૂજનીય છે; માટે હવિષ્નને આપનારા અને ભકતોને શરણ દેનારા તે વિષ્ણુ ભગવાનને તું નમસ્કાર કર. હે કુંતાપુત્ર ! હવ્યકવ્યનું પ્રાશન કરનારા અને વર આપનારા તે દેવને તું વારંવાર નમસ્કાર કર. તેં મારી પાસેથી પ્રથમ સાંભળ્યું છે કે, મારા ભકતો ચાર પ્રકારના હોય છે.* તેઓમાં જેઓ એકાંતિક ભક્ત હોય છે અને મારાસિવાય બીજા કોઇ પણ દેવનું શરણ લેતા નથી તેઓજ (જ્ઞાનીઓજ) સર્વના કરતાં શ્રેષ્ઠ છે એટલુંજ નહિ પણ ફલેચ્છાના ત્યાગપૂર્વક કેવળ નિષ્કામ બુદ્ધિથી કર્મ કરનારા તે ભકતોને પરમ પ્રાપ્ય સ્થાનરૂપ હું પોતેજ હોઉં છું.[૨૮–૩૪] બાકીના જે ત્રણ ભકતો રહ્યા, તે ફલેચ્છારૂપ કામનાવાળા હોય છે માટે પોતપોતાના પુણ્યના પ્રમાણમાં સ્વર્ગાદિનાં દિવ્ય સુખો ભોગવ્યાપછી તેઓને પુનઃ પૃથ્વીપર પડવું પડે છે; પરંતુ જ્ઞાની ભક્ત તો સર્વના કરતાં શ્રેષ્ઠ છે–પુનરાવૃત્તિથી રહિત એવી પરમગતિનેજ પામે છે.[૩૫] વળી જે ભકતો જ્ઞાની પુરુષની પેઠેજ સર્વ ક્રિયાઓનું સેવન કરીને બ્રહ્માનું, શંકરનું કે બીજા કોઈ પણ દેવતાનું આરાધન કરે છે. તેઓ સર્વથી પર રહેલા મનેજ અંતે પ્રાપ્ત થાય છે. આરીતે હે પાર્થ! જૂદા જૂદા ભકતોના સંબંધમાં જે કંઇ વિશેષતા હતી તે તને કહી.

હે કુંતાપુત્ર! તું અને હું–બન્ને નર તથા નારાયણરૂપજ છીએ. માત્ર પૃથ્વીનો ભાર ઉતારવામાટે મનુષ્યના શરીરમાં આપણે પ્રવેશ કર્યો છે. હે ભારત ! હું અધ્યાત્મયોગને તથા જ્યાંથી હું આવ્યો છું તે મારા પરમ સ્વરૂપને જાણું છું; તેમજ નિવૃત્તિધર્મ તથા ઉન્નતિ આપ-

---

× ગીતામાં પણ કહ્યું છે કે, '**मम वर्त्मानुवर्तंते मनुष्याः पार्थ सर्वशः**' હે પાર્થ ! મનુષ્યો, મારા માર્ગનેજ સંપૂર્ણરીતે અનુસરે છે–અર્થાત્ હું જે માર્ગને પ્રમાણ ગણું છું, તે માર્ગનેજ લોકો સંપૂર્ણરીતે પ્રમાણ ગણે છે.

* શ્રી યોગવાસિષ્ઠ મહારામાયણમાં કહ્યું છે કેઃ—

"**सर्वभूतान्तरस्थाय नित्यमुक्त चिदात्मने ॥**
प्रत्यक्चैतन्यरूपाय मह्यमेव नमो नमः ॥१॥

પ્રાણીમાત્રના અંતઃકરણમાં સ્થિતિ કરી રહેલા, નિત્યમુક્ત, ચિદાત્માસ્વરૂપ અને પ્રત્યક્ચૈતન્યરૂપ–મને પોતાનેજ હું વારંવાર નમસ્કાર કરૂં છું.

* આર્ત્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની–એમ ચાર પ્રકારના ભક્તો ગીતામાં કહ્યા છે તે.

નારો પ્રવૃત્તિધર્મ પણ મારા જાણવામાં છે. સનાતનરૂપ હું એકલોજ સર્વ નરોના (જીવોના) આશ્રયસ્થાનરૂપ છું, માટે હું 'નારાયણ' કહેવાઉં છું;[૩૬,૩૯] અથવા નર એટલે આદિપુરુષરૂપ મારાથી ઉત્પન્ન થયેલા જળને નાર કહેવામાં આવે છે. એ નાર,પ્રથમ મારૂં આશ્રયસ્થાન હતું, તેથી હું + નારાયણ નામથી પ્રસિદ્ધ થયો છું.[૪૦] જેમ સૂર્ય પોતાનાં કિરણોવડે આખા વિશ્વને છાઇ દે છે, તેમ હું પણ મારી ચૈતન્યશક્તિથી આખા વિશ્વને છાઇ દઉં છું અને પ્રાણીમાત્ર મારામાં નિવાસ કરી રહ્યાં છે,માટે મારૂં ×'વાસુદેવ' નામ પ્રસિદ્ધ થયું છે.[૪૧] હે ભારત ! હું પ્રાણીમાત્રની ગતિરૂપ છું અને પ્રાણીમાત્રનો ઉત્પાદક છું. વળી આકાશ અને ભૂમિના સર્વ પ્રદેશમાં હું વ્યાપ્ત થઈ રહ્યો છું અને મારી કાંતિ સર્વના કરતાં ઘણી વધારે છે; એટલુંજ નહિ પરંતુ હે પાર્થ! દિવ્ય-અદિવ્ય સર્વ પ્રાણીઓ, પોતાના દેહાવસાનસમયે મનેજ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરે છે અને કાર્યરૂપ આ સર્વ જગતમાં મારૂં સંક્રમણ અથવા પ્રવેશ રહેલો છે, તેથી હું *'વિષ્ણુ' એવા નામથી ઓળખાઉં છું.[૪૨,૪૩] મનુષ્યો, ઇંદ્રિયનિગ્રહરૂપ દમગુણ ધારણ કરીને સિદ્ધિરૂપ મને પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે અથવા સ્વર્ગ, પૃથ્વી કે મધ્યલોકરૂપ મને સંપાદન કરવાની અભિલાષા રાખે છે, માટે હું ·|·'દામોદર' કહેવાઉં છું.[૪૪] અન્ન, વેદ, જળ અને અમૃત—એ ચારે પદાર્થોને "પૃશ્નિ" કહેવામાં આવે છે અને પૃશ્નિરૂપ તે ચારે પદાર્થો મારામાં રહ્યા છે, માટે મને *"પૃશ્નિગર્ભ" એવા નામથી મુનિઓ ઓળખે છે.[૪૫] પૂર્વે એકત અને દ્વિત નામના ઋષિઓએ, પોતાના ભાઇ ત્રિતને કૂવામાં નાખી દીધો હતો, ત્યારે ઋષિઓએ મને કહ્યું હતું કે, "હે પૃશ્નિગર્ભ! એકત અને દ્વિતે કૂવામાં નાખી દીધેલા આ ત્રિતનું તમે રક્ષણ કરો." પછી બ્રહ્માના આદ્યપુત્ર ત્રિત મહર્ષિએ, મારા 'પૃશ્નિગર્ભ' નામનું કીર્તન કર્યું હતું, તેથી કૂવામાંથી તે જીવતો બહાર નીકળી શકયો હતો. (આ મારા પૃશ્નિગર્ભ નામનો જપ કરવાનું ફળ છે.)[૪૫-૪૭] જગતને તપાવી રહેલા સૂર્યનાં, અગ્નિનાં તથા ચંદ્રનાં જે કિરણો સર્વત્ર પ્રકાશી રહ્યાં છે, તે મારા 'કેશ' કહેવાય છે, માટે સર્વજ્ઞ એવા શ્રેષ્ઠ બ્રાહ્મણો મને ×"કેશવ" કહે છે. પૂર્વે મહાત્મા ઉતથ્ય ઋષિએ પોતાની પત્નીના ઉદરમાં ગર્ભ ધારણ કર્યો હતો અને તેના ગર્ભાધાનસંસ્કાર કર્યા પછી ઉતથ્ય ઋષિ, પોતાની દૈવી માયાથી અંતર્ધાન થઇ ગયા હતા. પછી તે સમયે ઋષિશ્રેષ્ઠ બૃહસ્પતિ, મહાત્મા ઉતથ્યની પત્નીસાથે

+ 'नराणाम् अयनं नरायणः' नरायणः एव नारायणः' અથવા नराज्जातं नारं, नारं अयनं यस्य सः नारायणः

× वासयति–आच्छादयाति विश्वं અથવા वसति अस्मिन् विश्वं इति वासुः–वासुश्चासौ देवश्च वासुदेवः

* विच्छंति—गच्छंति—लीयंते अस्मिन् लोकाः इतिविष्णुः अथवा विच्छंति–प्रकाशंते लोकाः अस्मात् इति विष्णुःઅથવા विषति–सिंचति जगतः कामान् इति विष्णु અથવા वेवेष्टि-व्याप्नोति जगत् इति विष्णुः અથવા विच्छयति–दीप्यते तेजसा अधिकं इति विष्णुः અથવા विशेषेण स्नौति-प्रस्रवातिकामक्षीरम् इति विष्णुः

·|·दमनं-दामः–तेन उत्–उत्कर्षेण ऋच्छंति-प्राप्नुवंति स्वर्गादिकं यस्मात् इति दामोदरः

* पृच्छंति एनं जिज्ञासवः धर्मजातम, अ-અથવા पृच्छांति एनं क्षुधितादयः इति पृश्निः–वेदः, अन्नं, आपः, अमृतं वा. पृश्निः गर्भः–गर्भस्थाने यस्य सः पृश्निगर्भः

× केशैः–केशवत्सूक्ष्मैः सूर्यादिरश्मिभिः वाति गच्छति इति केशवः– આ 'કેશવ' શબ્દની વ્યુત્પત્તિથી–

"यदादित्य गतं तेजो जगद् भासयतेऽखिलं
यच्चंद्रमसियच्चाग्नौ तत्तेजो विद्धि मामकम्."

સૂર્ય, ચંદ્ર તથા અગ્નિમાં સમગ્ર જગતને પ્રકાશિત કરનારૂં જે તેજ રહેલું છે, તે મારૂંજ તેજ છે, એમ તારે સમજવું." આ ભગવદ્ગીતાના વચનનો અર્થ અહીં સિદ્ધ કરી બતાવ્યો છે.

મૈથુન કરવાની ઇચ્છાથી તેની પાસે આવ્યા અને મૈથુનમાટે તેમણે માગણી કરી. ત્યારે હે કૌન્તેય! તેણીના ઉદરમાં રહેલો ગર્ભ, જે પાંચ મહાભૂતોથી યુકત થઈ ગયો હતો, તેણે બૃહસ્પતિને કહ્યું કે:-“ હે વર આપનારા બૃહસ્પતિ! હું અહીં મારી માતાના ઉદરમાં આપની પહેલાંજ આવી ગયો છું; માટે આ સમયે મારી માતાને પીડા કરવી, તે તમને યોગ્ય નથી.” ગર્ભનું એ વાકય સાંભળી, બૃહસ્પતિ ક્રોધાયમાન થઇ ગયા. તેમણે એ ગર્ભને શાપ આપ્યો કે, “ હું અહીં મૈથુનને માટે આવ્યો હતો છતાં તેં મને અટકાવ્યો, માટે હું તને શાપ આપું છું કે, તું આંધળો થઇશ. એમાં કંઇ સંશય નથી.” બૃહસ્પતિના એ શાપથી ઉતથ્યના પુત્રને દીર્ઘકાળપર્યંત નેત્રમાં અંધકારજ રહ્યો, જેથી તે મહર્ષિનું નામ પ્રથમ “દીર્ઘતમા” એ પ્રમાણે પ્રસિદ્ધ થયું. પછી અંગ તથા ઉપાંગસહિત ચારે વેદોનું અધ્યયન કરીને તે ઋષિએ મારા આ ગુહ્ય નામનો જાપ કર્યો અને “કેશવ, કેશવ” એમ વારંવાર અનુક્રમે જાપ કરવાથી તે ચક્ષુવાળો થઇ ગયો-તેનાં નેત્રો અંધકારથી રહિત થઇ ગયાં. પછી તેના “દીર્ઘતમા” એ નામને બદલે “ગૌતમ” એવું નામ પ્રસિદ્ધ થયું.[૪૮-૫૬] એ પ્રમાણે હે અર્જુન! મારૂં આ ‘કેશવ’ નામ સર્વ દેવતાઓ અને મહાત્મા ઋષિઓને, પોતાના ઇચ્છિત વર આપનારૂં થયું છે. (આવો આ ‘ કેશવ ’ નામનો પ્રભાવ છે.)[૫૭]

*સર્વ પુરાણોમાં કહેવામાં આવ્યું છે કે, અગ્નિ અને સોમ-એ બન્ને આ સર્વ જગતના એક ઉત્પત્તિસ્થાનરૂપ છે અને તેથીજ સ્થાવરજંગમ સમગ્ર જગતને “ અગ્નિષોમમય ” કહેવામાં આવે છે. વળી અગ્નિ અને સોમ-એ બન્ને એક યોનિરૂપ કહેવાય છે, એટલુંજ નહિ પણ સર્વ દેવતાઓને અગ્નિરૂપ મુખવાળા કહેવામાં આવે છે અને અગ્નિ તથા સોમ-બન્ને-એક યોનિરૂપ હોઇને પરસ્પર યોગ્યતાવાળા થઇને સર્વ લોકોનું રક્ષણ કરીરહ્યા છે.[૫૮,૫૯]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં “નારાયણચરિત્ર” એ વિષયનો અધ્યાય ૩૪૧ મો સમાપ્ત.

અધ્યાય ૩૪૨ મો

અગ્નિ તથા સોમનું માહાત્મ્ય અથવા “હૃષીકેશ” આદિ નામોનું રહસ્ય

॥ अर्जुन उवाच ॥

अग्नीषोमौ कथं पूर्वमेकयोनी प्रवर्तितौ ॥
एष मे संशयो जातस्तं छिंधि मधुसूदन ॥१॥

અર્જુને પૂછયું:-“હે મધુસૂદન ! અગ્નિ અને સોમ, પૂર્વે એકજ યોનિ (ઉત્પત્તિસ્થાન)-વાળા કેવી રીતે થયા હતા? એ મને સંશય થયો છે, માટે મારા તે સંશયને તમે દૂર કરો.”[૧]

શ્રીભગવાન બોલ્યા:-“હે પાંડુનંદન ! આ વિષયમાં મારા પોતાનાજ તેજથી ઉત્પન્ન થયેલું એક પુરાણ આખ્યાન હું તને કહું છું, માટે હે પાર્થ ! મનને એકાગ્ર કરી, તું તું શ્રવણ કર.[૨] પૂર્વે ચારહજાર યુગોને અંતે, સર્વ સૃષ્ટિનો સંહારકાળ જ્યારે ઉપસ્થિત થયો હતો, ત્યારે સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓનો અવ્યક્તમાં લય થઈ ગયો હતો અને આખા જગતમાં કેવળ જળનોજ સમુદ્ર ફરી વળેલો હોઇને સર્વ પ્રદેશ ઉપર તેજ, પૃથ્વી અને વાયુનો અભાવ થઇ ગયો હતો તથા સર્વ તરફ ઘોર અંધકાર છવાઈ ગયો હતો.[૩] તે સમયે બ્રહ્મરૂપ કેવળ જળજ સર્વત્ર સ્થિતિ કરી રહ્યું હતું, તેવિના બીજો કોઇ પણ પદાર્થ

---

* અહીંથી પોતાના “ હૃષીકેશ ” નામનું રહસ્ય કહેવાનો ભગવાને આરંભ કર્યો છે. ‘હૃષીકેશ’ નામની વ્યુત્પત્તિ આ પ્રમાણે થાય છે.-“ **तापनात् आप्यायनाच्च लोकं हर्षयतः इति हृषी-जाठरान्नरूपौ अग्नीषोमौ तौ केशाः इव केशाः यस्य सः हृषीकेशः**-અર્થાત તાપ આપીને તથા પુષ્ટિ આપીને લોકોને જેઓ હર્ષ પમાડે છે, તે જઠરાગ્નિ અને અન્ન, અગ્નિ તથા સોમરૂપ હોઇને ‘ હૃષી ’ કહેવાય છે અને તે અગ્નિસોમરૂપ હૃષી, જેમના જાણે કેશ હોયની તે ‘ હૃષીકેશ ’ કહેવાય છે.

દૃષ્ટિગોચર થતો ન હતો.[૪] વળી તે વખતે રાત્રિ ન હતી, દિવસ ન હતો, સત્ ન હતું, અસત્ ન હતું, વ્યક્ત ન હતું અને અવ્યક્ત પણ ન હતું.[૫] આવી અવસ્થા જ્યારે ઉપસ્થિત થઈ, ત્યારે ઐશ્વર્યઆદિ નારાયણના ગુણોનો આશ્રય કરનાર, અજર, અમર, ઇંદ્રિયોથી રહિત, ગ્રહણ કરવાને અશક્ય, સંભવરહિત, વ્યવહારદૃષ્ટિએ સત્ય, અહિંસક, ચિંતામણિ રત્નની પેઠે ભાવસ્વરૂપ, જૂદી જૂદી અનેક પ્રવૃત્તિઓને ઉત્પન્ન કરનાર, વૈરરહિત, વિનાશશૂન્ય, જરા અને મૃત્યુથી રહિત, અમૂર્ત, સર્વવ્યાપક, સર્વકર્તા અને અનાદ્યનંત એવા તે પ્રલયકાળના અંધકારથી અવિનાશી પુરુષ–હરિ પ્રકટ થયા.*[૬] આ વિષયમાં આ શ્રુતિવાક્ય પ્રમાણભૂત છેઃ–[૭]

" પૂર્વે દિવસ ન હતો, રાત્રિ ન હતી, સત્ ન હતું અને અસત્ પણ ન હતું. માત્ર વિશ્વરૂપ અંધકારજ જ્યાં ત્યાં છવાઇ રહ્યો હતો." આનો અર્થ એજ હોઇ શકે કે, તે ગાઢ અંધકાર, વિશ્વરૂપ પરમાત્માની રાત્રિજ હતી.[૮]

એ પ્રમાણે અંધકારથી ઉત્પન્ન થયેલા પુરુષ, જે બ્રહ્માનું ઉત્પત્તિકારણ ગણાય છે, તેથી બ્રહ્મદેવ પ્રકટ થયા અને પછી તે પુરુષને પ્રજાઓ ઉત્પન્ન કરવાની ઇચ્છા થઈ, ત્યારે પોતાનાં બન્ને નેત્રોમાંથી અગ્નિને તથા સોમને તેમણે ઉત્પન્ન કર્યા. પછી જૂદી જૂદી ભૂતસૃષ્ટિ ઉત્પન્ન થઇ અને અનુક્રમે બ્રાહ્મણ,ક્ષત્રિય વગેરે પ્રજાઓની પણ ઉત્પત્તિ થઇ. જે સોમ છે તેજ બ્રહ્મ છે અને બ્રહ્મ છે તેજ બ્રાહ્મણો છે; પરંતુ જે અગ્નિ છે તે ક્ષત્રિય છે અને તેથીજ બ્રાહ્મણો, ક્ષત્રિય કરતાં અત્યંત બળવાન છે. કદાચ કોઇ કહે કે, બ્રાહ્મણો, ક્ષત્રિય કરતાં અધિક બળવાન શામાટે છે? તો તેના ઉત્તરમાં એજ કહી શકાય કે, તેઓના ગુણ જગતમાં પ્રત્યક્ષ જોવામાં આવે છે. જેવા કે, બ્રાહ્મણોના કરતાં ઉત્તમ એવું બીજું એક પણ પ્રાણી પૂર્વે કદી ઉત્પન્ન થયુંજ નથી; કેમકે જે પુરુષ બ્રાહ્મણના મુખમાં હોમે છે, તે પ્રદીપ્ત અગ્નિમાંજ હોમે છે, એમ સમજવું અને તે કારણથીજ હું કહું છું કે, બ્રાહ્મણવડે પ્રાણીમાત્રનું અને આખા ત્રૈલોક્યનું ધારણ થઇ રહ્યું છે. આ વિષયમાં વૈદિક મંત્રવાદ પણ તેમજ કહે છેઃ–" **त्वमग्ने यज्ञानां होता विश्वेषां हितो देवानां मानुषाणां च जगतः**–હે અગ્નિ ! તું સર્વ યજ્ઞોમાં હોતારૂપ છે–ઋત્વિજરૂપ છે અને સમગ્ર દેવતાઓ મનુષ્યો તથા જગતનું હિત કરનાર છે." આ મંત્રમાં " હે અગ્નિ! તું સમગ્ર યજ્ઞોમાં હોતારૂપ છે અને દેવતાઓ, મનુષ્યો તથા જગતનો હિતકારક છે " એમ કહીને બ્રાહ્મણની અગ્નિના કરતાં પણ અધિકતા દર્શાવી છે.[૯–૧૧] વળી અગ્નિ યજ્ઞમાં હોતારૂપ છે, યજમાનરૂપ છે અને બ્રાહ્મણરૂપ છે;[૧૨] તેમજ મંત્રોવિના હવનક્રિયા થઇ શકે નહિ, પુરુષવિના તપ સંભવી શકે નહિ અને દેવો, મનુષ્યો તથા ઋષિઓની પૂજા, હવિષ્ તથા મંત્રોવડેજ થઇ શકે છે, માટેજ પૂર્વોક્ત વેદમંત્રમાં કહ્યું છે કેઃ–" હે અગ્નિ ! સર્વ યજ્ઞોમાં તારી હોતાતરીકે યોજના કરવામાં આવી છે." મનુષ્યોને હવનહોમ કરવાના જે જે અધિકારો સોંપવામાં આવ્યા છે,તેમાં તેઓ બ્રાહ્મણદ્વારાજ હવનહોમ કરી શકે છે અને બીજાઓને યજ્ઞ કરાવવાનો અધિકાર કેવળ બ્રાહ્મણનેજ સોંપવામાં આવ્યો છે; પણ ક્ષત્રિય તથા વૈશ્ય જોકે દ્વિજાતિ ગણાય છે, છતાં યજ્ઞ કરાવવાનો અધિકાર તેઓને છેજ નહિ; માટે બ્રાહ્મણો અગ્નિરૂપ છે અને તેઓ જે જે યજ્ઞો કરે છે, તે દેવોને તૃપ્ત કરે છે અને દેવો પૃથ્વીને ધનધાન્યથી સમૃદ્ધ કરે છે. શતપથ નામના વૈદિક ગ્રંથમાં પણ કહ્યું છે કેઃ–" ब्राह्मणमुखे भवति– " જે વિદ્વાન પુરુષ પ્રદીપ્ત અગ્નિમાં હોમ કરે છે, તે બ્રાહ્મણોને તૃપ્ત કરી શકતો નથી, પણ બ્રાહ્મણના મુખમાં જો હોમે છે તો અગ્નિઆદિ સર્વ દેવોને તૃપ્ત કરી શકે છે."[૧૩,૧૪]

આ રીતે વિદ્વાન બ્રાહ્મણો, અગ્નિસ્વરૂપજ

---

* અર્થાત તે સમયના ઘોર અજ્ઞાનરૂપ અંધકારમાં ચિદાત્મા, વ્યક્તદશાને પામ્યો–અહંપ્રત્યયની વિષયતાને પામ્યો–હું છું, એવા અભિમાનને પ્રાપ્ત થયો.

છે અને અગ્નિ વિષ્ણુસ્વરૂપ હોઇને પ્રાણીમાત્રના શરીરમાં પ્રવેશ કરી તેઓના પ્રાણોને ટકાવી રહ્યો છે.[૧૫] આ વિષયમાં સનત્કુમારે ગાયેલા આવા શ્લોકો પ્રસિદ્ધ છેઃ–

“ ब्रह्मा विश्वं सृजत् पूर्वं सर्वादिर्निरवस्कृतम्॥
ब्रह्मघोषैर्दिवं गच्छंत्यमरा ब्रह्मयोनयः॥१६॥
ब्राह्मणानां मतिर्वाक्यं कर्म श्रद्धा तपांसि च॥
धारयंति महीं द्यां च शैक्यो वागमृतं तथा १७॥
नास्ति सत्यात्परो धर्मो नास्ति मातृसमो गुरुः॥
ब्राह्मणेभ्यः परं नास्ति प्रेत्य चेह च भूतये ।१८
नैषामुक्षा वहति नोत वाहा
न गर्गरो मथ्यति संप्रदाने ॥
अपध्वस्ता दस्युभूता भवंति
येषां राष्ट्रे ब्राह्मणा वृत्तिहीनाः ॥१९॥

સર્વના આદિદેવ બ્રહ્માએ, આ અવર્ણનીય જગત જ્યારે ઉત્પન્ન કર્યું, ત્યારે બ્રહ્માથી ઉત્પન્ન થયેલા સર્વ દેવતાઓ, બ્રાહ્મણોના વેદઘોષના પ્રભાવથીજ સૌની પહેલાં સ્વર્ગમાં ગયા હતા.[૧૬] જેમ એક શીકું દૂધ, ઘી–વગેરે પદાર્થોને ધારણ કરી રાખે છે, તેમ બ્રાહ્મણોની બુદ્ધિ અને વાણી વેદનાં વાકયોને, કર્મને, શ્રદ્ધાને, તપને, પૃથ્વીને તથા સ્વર્ગને ધારણ કરી રાખે છે.[૧૭] આ જગતમાં સત્યના જેવો બીજો ધર્મ નથી, માતાસમાન ગુરુ નથી અને આ લોકમાં તથા પરલોકમાં બ્રાહ્મણોસિવાય બીજો કોઈ પણ કલ્યાણકર્તા નથી.[૧૮] જે રાજાના રાજ્યમાં વૃત્તિહીન થઈ પડેલા બ્રાહ્મણો જ્યાં ત્યાં રઝળ્યા કરે છે, તે રાજાના રાજ્યમાં બળદો તથા ઘોડાઓ રથની ઝુંસરીને બરાબર ખેંચતા નથી, દહીં વલોવવાની ગોળીમાં દહીંનું ખૂબ મથન કરવામાં આવે, તોપણ માખણ નીકળતું નથી અને સર્વ લોકો ધર્મથી ભ્રષ્ટ થઇને લગભગ લૂંટારા જેવાજ થઈ જાય છે.[૧૯] વેદ,પુરાણ અને ઇતિહાસ–વગેરેનાં પ્રમાણો ઉપરથી એજ સિદ્ધ થાય છે કે, બ્રાહ્મણો નારાયણના મુખમાંથી નીકળેલા છે, સર્વના આત્મારૂપ છે, સર્વના સ્રષ્ટા છે અને સર્વસ્વરૂપ છે.[૨૦] વર આપનારા દેવના દેવ પરમાત્માએ, વાણીનું ઉચ્ચારણ નહિ કરવાનો જ્યારે સંકલ્પ કર્યો હતો, ત્યારે તેમના મુખમાંથી પ્રથમ બ્રાહ્મણો ઉત્પન્ન થયા હતા અને બ્રાહ્મણોથી બાકીના વર્ણો ઉત્પન્ન થયા છે.[૨૧] આ રીતે બ્રહ્મસ્વરૂપ એવા મેં પોતેજ બ્રાહ્મણોને પ્રથમ ઉત્પન્ન કર્યા છે, તેથી તેઓની વિશેષતા દેવો તથા અસુરો કરતાં પણ અધિક છે અને દેવો તથા અસુરોના મહર્ષિઓરૂપ તે બ્રાહ્મણોદ્વારાજ પ્રાણીમાત્રને મેં મર્યાદામાં રાખ્યાં છે અને તે તે સમયે શિક્ષા પણ કરી છે.[૨૨] *જ્યારે ઈંદ્રે અહલ્યાસાથે વ્યભિચાર કર્યો, ત્યારે તેની દાઢીમૂછ, ગૌતમના શાપથીજ પિંગટવર્ણી થઈ ગઈ હતી.[૨૩] કૌશિકઋષિના શાપને લીધેજ ઈંદ્ર વૃષણથી રહિત થઇ પડયો હતો અને પાછળથી તેની કૃપા મેળવીને બકરાના વૃષણ તેને પ્રાપ્ત થયા હતા.[૨૩]

શર્યાતિ રાજાના યજ્ઞમાં, સ્વર્ગના વૈદ્ય અશ્વિનીકુમારોને ચ્યવન ઋષિએ યજ્ઞનો ભાગ જ્યારે અર્પણ કરવા માંડયો, ત્યારે તેને અટકાવવામાટે વજ્ર મારવા તૈયાર થયેલા ઈંદ્રના બન્ને બાહુઓને ચ્યવન ઋષિએ સ્તબ્ધ કરી દીધા હતા.[૨૪]

પોતાના યજ્ઞનો રુદ્રે નાશ કર્યો તેથી કોપાયમાન થયેલા દક્ષ પ્રજાપતિએ, અતિ મહાન તપશ્ચર્યા કરીને રુદ્રના લલાટમાં ત્રીજા નેત્રની આકૃતિ ઉત્પન્ન કરી દીધી. (અને તેના રૂપને બેડોળ કરી નાખ્યું.)[૨૫]

ત્રિપુરાસુરનો વધ કરવામાટે રુદ્રદેવ જ્યારે તૈયાર થયા, ત્યારે શુક્રાચાર્યે પોતાના મસ્તક ઉપરની જટાને તોડી તોડીને રુદ્રસામે ફેંકવા માંડી, જેમાંથી અનેક સર્પો પ્રકટ થયા અને તેથી પીડાયમાન થયેલો રુદ્રનો કંઠ છેક શ્યામ થઈ ગયો; તેમજ પૂર્વે સ્વાયંભુવ મન્વંતરના સમયમાં નારાયણે રુદ્રના કંઠને હાથવડે પકડયો હતો, તેથી તે શ્યામ થઈ ગયો છે.[૨૬]

---

*અહીંથી કેટલાંએક ઐતિહાસિક દૃષ્ટાંતો આપીને બ્રાહ્મણોની શ્રેષ્ઠતા સિદ્ધ કરે છે.

અંગિરા ગોત્રના બૃહસ્પતિએ અમૃતને ઉત્પન્ન કરવામાટે ગાયત્રીપુરશ્ચરણનો જ્યારે આરંભ કર્યો હતો, ત્યારે એક જળાશયના તટ ઉપર જઇને તેમણે મંત્રાચમન કરવા માંડયું, પણ તે સમયે તે જળાશયનું જળ કંઇક મલિન હતું તે બૃહસ્પતિની દૃષ્ટિસમક્ષ પણ નિર્મળ થયું નહિ, તેથી બૃહસ્પતિને જળ ઉપર ક્રોધ ચઢયો. તેમણે તેને શાપ આપતાં કહ્યું કેઃ-" હું અહીં મંત્રાચમન કરવામાટે બેઠો છું, છતાં તેં તારી મલિનતાનો ત્યાગ ન કર્યો, માટે જા, આજથી આરંભીને માછલાં, મગરમચ્છ, કાચબા-વગેરે પ્રાણીઓને લીધે તું મલિનજ રહીશ." પછી તે સમયથી આરંભીને હજીસુધી પણ જળમાં અનેક જળચર પ્રાણીઓ ઉભરાઇ રહેલાં જોવામાં આવે છે.૨૭

પૂર્વે, ત્વષ્ટાનો પુત્ર વિશ્વરૂપ દેવતાઓનો પુરોહિત હતો. તે અસુરોનો ભાણેજ થતો હતો, છતાં દેવોને પોતાના યજમાન ગણીને પ્રત્યક્ષ રીતે યજ્ઞભાગ અર્પણ કરતો હતો અને અસુરોને પરોક્ષરીતે યજ્ઞભાગ આપતો હતો.૨૮તે જોઈ સર્વ અસુરો હિરણ્યકશિપુને આગળ કરી પોતાની બહેન-વિશ્વરૂપની માતા પાસે ગયા અને તેની પાસે આવો વર માગવા લાગ્યા કેઃ-" હે બહેન! ત્વષ્ટાથી ઉત્પન્ન થયેલો તારો પુત્ર વિશ્વરૂપ, જે ત્રણ મસ્તકોવાળો છે અને દેવતાઓનો પુરોહિત છે, તે દેવતાઓને પ્રત્યક્ષરીતે ભાગ આપે છે અને અમને પરોક્ષરીતે ભાગ આપે છે, તેથી દેવતાઓની પ્રતિદિન વૃદ્ધિ થાય છે અને અમારો ક્ષય થતો જાય છે; માટે વિશ્વરૂપને તારે અટકાવવો જોઇએ અને તે અમારાજ પક્ષનો આશ્રય કરે, તેમ તારે કરવું જોઇએ." અસુરોએ એ પ્રમાણે કહ્યું એટલે વિશ્વરૂપની માતા, નંદનવનમાં નિવાસ કરનારા પોતાના પુત્ર પાસે ગઈ અને કહેવા લાગી કે, "હે પુત્ર! તું બીજાના પક્ષની વૃદ્ધિ કરે છે અને પોતાના મોસાળપક્ષનો નાશ કરે છે, પણ તેમ કરવું તને યોગ્ય નથી." તે સાંભળી વિશ્વરૂપે પણ માતાના વચનને માન્ય ગણી તેનો સ્વીકાર કર્યો અને હિરણ્યકશિપુના પક્ષનો આશ્રય કર્યો.૨૯,૩૦ આ રીતે વિશ્વરૂપે હિરણ્યકશિપુની પુરોહિત પદવી સ્વીકારી લીધી, ત્યારે બ્રહ્મદેવના પુત્ર વસિષ્ઠ, જે હિરણ્યકશિપુનું પુરોહિતપણું પ્રથમથીજ કરતા હતા, તે હિરણ્યકશિપુ ઉપર ક્રોધાયમાન થઇ ગયા. તેમણે તેને શાપ આપ્યો કે, "તેં મને તિરસ્કારી કાઢીને મારા સ્થાને બીજા હોતાનો સ્વીકાર કર્યો છે, માટે તારો યજ્ઞ સમાપ્ત થશે નહિ અને તારો કોઇ અપૂર્વ પ્રાણીથી વધ થશે." વસિષ્ઠ ઋષિના એ શાપને લીધે હિરણ્યકશિપુનો નૃસિંહને હાથે વધ પણ થયો.૩૧ તે પછી વિશ્વરૂપે પોતાના મોસાળપક્ષની વૃદ્ધિ કરવામાટે મહાઉગ્ર તપ કરવા માંડયું. તે જોઇ ઇંદ્રે તેના વ્રતનો ભંગ કરવામાટે અનેક રૂપવતી અપ્સરાઓ તેની પાસે મોકલી, કે જેઓને જોઇને વિશ્વરૂપનું મન ક્ષુબ્ધ થઇ ગયું અને અતિ અલ્પ સમયમાંજ તે અપ્સરાઓમાં વિશ્વરૂપ આસક્ત બની ગયો. એ પ્રમાણે વિશ્વરૂપને પોતાનામાં આસક્ત થયેલો જાણી, તે અપ્સરાઓએ કહ્યું કે, "હવે તો, અમે જ્યાંથી આવી હતી ત્યાંજ પુનઃ જઇશું." ત્યારે વિશ્વરૂપે તેઓને કહ્યું, "તમે કયાં જશો? બેસો, અહીં મારીસાથે રહેવાથીજ તમારૂં કલ્યાણ થશે."તે સાંભળી અપ્સરાઓ બોલીઃ-"અમે દેવની સ્ત્રીઓ અપ્સરાઓ છીએ અને વર આપનારા મહાસમર્થ દેવ ઇંદ્રનેજ પ્રથમથી વરી ચૂકી છીએ."૩૨,૩૩ પછી વિશ્વરૂપે તેઓને કહ્યું ઠીક છે, ત્યારે તો આજેજ ઇંદ્રસહિત દેવતાઓ જગતમાં રહેવા નહિ પામે." એમ કહીને તેણે મંત્રોનો જાપ કરવા માંડયો કે તુરતજ તે મંત્રોના પ્રભાવથી ત્રણ મસ્તકોવાળું વિશ્વરૂપનું સ્વરૂપ અત્યંત વધી ગયું. પછી તેણે પોતાના એક મુખથી, ક્રિયાનિષ્ઠ બ્રાહ્મણોએ યજ્ઞોમાં જેટલા સોમરસનો હોમ કર્યો હતો તેનું પાન કરવા માંડયું, બીજા મુખથી જગતમાંના સર્વ અન્નનું ભક્ષણ કરવા માંડયું અને ત્રીજા મુખથી સર્વ દેવતાઓનું ભક્ષણ કરવા તે તત્પર થયો. આ રીતે સોમરસનું પાન કરીને સર્વ ગાત્રોમાં

વિશ્વરૂપને હૃષ્ટપુષ્ટ થતો જોઈને ઇંદ્રને તથા સર્વ દેવતાઓને ઘણી મોટી ચિંતા થઇ પડી. તુરતજ તેઓ પિતામહ બ્રહ્મદેવ પાસે જઇ પહોંચ્યા અને એકેઅવાજે પ્રાર્થના કરવા લાગ્યા કેઃ–"યજ્ઞોમાં હોમેલા સર્વ સોમરસનું વિશ્વરૂપે પાન કરવા માંડયું છે, અમે યજ્ઞભાગથી ભ્રષ્ટ થયા છીએ, અસુરોનો પક્ષ પ્રતિદિન વધતો જાય છે અને અમારો ક્ષય થતો જાય છે; માટે હવે અમારૂં જે રીતે કલ્યાણ થાય, તેવો કોઇ ઉપાય કરવામાટે તમે યોગ્ય છો." દેવતાઓની એ પ્રાર્થના સાંભળી બ્રહ્મદેવ બોલ્યાઃ–"ભૃગુગોત્રના દધીચ ઋષિ, જ્યાં તપ કરે છે, ત્યાં તમે જાઓ, તેની પાસે વરની યાચના કરો અને જે રીતે પોતાના શરીરનો તે ત્યાગ કરે, તે રીતે તમે કરો. પછી તેનાં હાડકાંવડે એક વજ્ર બનાવી વિશ્વરૂપનો વધ કરો.[૩૪-૩૬] બ્રહ્મદેવે એ પ્રમાણે કહ્યું એટલે ઇંદ્રસહિત દેવતાઓ, જે સ્થળે ભગવાન દધીચ ઋષિ તપ કરતા હતા ત્યાં જઈ પહોંચ્યા. ત્યાં ગયા પછી તે ઋષિ પાસે જઈને તેઓએ કહ્યું કેઃ–"હે ભગવન્! આપનું તપ અત્યંત કુશળતાભરેલું છે ને? આપના તપનો કોઇ રીતે નાશ થતો નથી ને?"[૩૭]ત્યારે દધીચ ઋષિએ કહ્યુંઃ–"હે દેવતાઓ! તમે ભલે પધાર્યા. બોલો, તમારૂં કયું કાર્ય મારે કરવાનું છે? તમે જે કહેશો તે હું કરીશ."[૩૮] દેવતાઓએ તેમને કહ્યુંઃ–"જગતનું હિત થાય તેમાટે આપ ભગવાને આપના શરીરનો ત્યાગ કરવો યોગ્ય છે."[૩૯] તુરતજ મહાયોગી દધીચ ઋષિએ, મનમાં લેશમાત્ર ઉદાસ થયાવિના સુખદુઃખને સમાન ગણીને પોતાના આત્માને પરબ્રહ્મસાથે યોજી દીધો અને શરીરનો પરિત્યાગ કર્યો.[૪૦] દધીચ ઋષિનો શુદ્ધ આત્મા શરીરનો ત્યાગ કરી ગયો, એટલે વિશ્વકર્માએ તેનાં હાડકાં લઇને તેમાંથી એક વજ્ર બનાવ્યું અને તે વજ્ર, જે બ્રાહ્મણના અસ્થિરૂપ હોવાથી બીજાં શસ્ત્રોથી અભેદ્ય હતું અને અજેય હતું, તેમાં વિષ્ણુદેવે પોતે પ્રવેશ કર્યો અને પછી ઇંદ્રે તે વજ્રવડે વિશ્વરૂપનાં ત્રણે મસ્તકોનું છેદન કરીને તેનો વધ કર્યો. એ રીતે વિશ્વરૂપનો વધ થયા પછી તેના પિતા ત્વષ્ટાએ વિશ્વરૂપનાં ગાત્રોનું મથન કર્યું અને તેમાંથી ઇંદ્રના શત્રુ વૃત્રાસુરને ઉત્પન્ન કર્યો; પરંતુ ઇંદ્રે તેનો પણ વજ્રવડે નાશ કર્યો.[૪૧] એ પ્રમાણે વિશ્વરૂપ અને વૃત્રાસુર–એ બે બ્રાહ્મણોનો વધ કરવાથી ઇંદ્રને બેવડી બ્રહ્મહત્યા લાગુ થઈ. તેના ભયથી દેવના રાજ્યનો ત્યાગ કરીને ઇંદ્ર, માનસસરોવરમાં ઉત્પન્ન થયેલી શીતલ કમલિનીની પાસે ગયો અને પોતાના ઐશ્વર્યના પ્રભાવથી અતિ સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરીને તેના મૃણાલની (દાંડલાની) ગ્રંથિમાં (ગાંઠમાં) પેસી ગયો.[૪૨] એ રીતે ઇંદ્રાણીનો પતિ અને ત્રણે લોકોનો રાજા ઇંદ્ર, બ્રહ્મહત્યાના ભયથી ત્યાં ભરાઇ પેઠો, એટલે આખું જગત રાજાવિનાનું થઈ પડયું, દેવતાઓમાં રજોગુણે અને તમોગુણે પેસારો કર્યો, મહર્ષિઓના મંત્રો નિષ્ફળ થઇ પડયા, રાક્ષસો પ્રકટ થવા લાગ્યા, વેદનો ઉચ્છેદ થવા લાગ્યો અને ઇંદ્રના અભાવથી બળરહિત થઇ પડેલા લોકો સહેલાઈથી જીતી શકાય તેવા થઇ ગયા.[૪૩] તે જોઇ દેવતાઓ અને ઋષિઓએ, આયુષના પુત્ર નહુષનો દેવના રાજ્ય ઉપર અભિષેક કર્યો. નહુષના લલાટમાં સર્વ પ્રકારનાં તેજોનો નાશ કરનારાં પાંચસો જ્વલંત રત્નો પ્રકાશી રહ્યાં હતાં, જેથી સર્વને ચકિત કરી દઇને ત્રણે ભુવનનું તે પાલન કરવા લાગ્યો.[૪૪] એ પ્રમાણે નહુષ જગતનો ઇંદ્ર થયો, એટલે સર્વ લોકો પોતાની મૂળપ્રકૃતિને પામીને સ્વસ્થ થયા તથા હર્ષ પામ્યા.[૪૫] એક સમયે નહુષે મનમાં વિચાર કર્યો કે, "ઇંદ્ર જેનો ઉપભોગ કરતો હતો, તે સર્વ વસ્તુઓ મને મળી ચૂકી છે, માત્ર ઇંદ્રાણી મને મળી નથી." આવો મનમાં વિચાર કરીને તે ઇંદ્રાણી પાસે ગયો અને તેને કહેવા લાગ્યો કેઃ–"હે સુભગે! હું દેવોનો ઇંદ્ર થયો છું, માટે તું મારો સ્વીકાર કર." તે સાંભળી ઇંદ્રાણી બોલીઃ--" તું સ્વાભાવિક રીતેજ ધર્મઉપર પ્રીતિ રાખનારો છે અને ચંદ્રવંશમાં ઉત્પન્ન થયો છે, માટે પરસ્ત્રીસાથે વ્યભિચાર કરવો તને યોગ્ય નથી." ત્યારે નહુષે

ઉત્તર આપ્યો:–"હું હમણાં ઇંદ્રના પદ ઉપર આરૂઢ થયો છું અને ઇંદ્રનું રાજ્ય તથા રત્નો મને મળેલાં છે, માટે તું મારો સ્વીકાર કરીશ, તેમાં કોઇ જાતનો અધર્મ નથી. વળી તને ઇંદ્રે ભોગવેલી પણ છે. (અર્થાત્ ઇંદ્રે ભોગવેલી સર્વ વસ્તુઓ હમણાં મનેજ મળવી જોઇએ, એ ન્યાય પ્રમાણે ઇંદ્રે ભોગવેલી વસ્તુમાંની તું પણ અત્યારે મનેજ પ્રાપ્ત થાય, તેમાં કંઈ અધર્મ નથી.") પછી ઇંદ્રાણીએ તેને કહ્યું:–"મેં આરંભેલું એક વ્રત હજી પૂર્ણ થયું નથી, માટે તે વ્રત જ્યારે પૂર્ણ થશે અને તેનું અવભૃથ સ્નાન હું કરીશ, તે પછી કેટલાએક દિવસે મારી મેળે હું તારી પાસે આવીશ." ઇંદ્રાણીએ એ પ્રમાણે કહ્યું એટલે નહુષ ત્યાંથી ચાલ્યો ગયો.[૪૬,૪૭] નહુષના ગયા પછી દુઃખ અને શોકથી વિહ્વળ થયેલી તેમજ સ્વામીના દર્શનની ઇચ્છાવાળી ઇંદ્રાણી, નહુષના ભયથી ત્રાસ પામીને બૃહસ્પતિ પાસે ગઇ. બૃહસ્પતિએ, અતિ ઉદ્વિગ્ન થયેલી ઇંદ્રાણીને જોઇને ધ્યાનવડે જાણી લીધું કે:–"પોતાના સ્વામીનું કાર્ય કરવા માટે તે તત્પર થયેલી છે." પછી બૃહસ્પતિએ તેને કહ્યું કે:–"તેં હમણાં જે વ્રત આરંભેલું છે, તેજ વ્રત કરીને તથા તપ કરીને વર આપનારી ઉપશ્રુતિ દેવીને તું બોલાવ; તે તને ઇંદ્રનાં દર્શન કરાવશે." બૃહસ્પતિના એ વચનપ્રમાણે મોટા નિયમોને ધારણ કરનારી ઇંદ્રાણીએ મંત્રોદ્વારા ઉપશ્રુતિદેવીને બોલાવી, જેથી તે દેવી, ઇંદ્રાણીની સમીપમાં આવીને બોલી કે:–"હું આ રહી. તેં મને બોલાવી છે, માટે હું તારીપાસે આવી છું. બોલ, હું તારૂં શું પ્રિય કરૂં?" દેવીનાં એ વચન સાંભળીને ઇંદ્રાણીએ પોતાનું મસ્તક નમાવી આ પ્રમાણે કહ્યું:–"હે ભગવતિ! મારા સ્વામીનાં દર્શન કરાવવાની તમે કૃપા કરો. તમે સત્ય અને મોક્ષસ્વરૂપ છો." પછી દેવી ઉપશ્રુતિ, ઇંદ્રાણીને માનસસરોવર ઉપર લઇ ગઈ અને ત્યાં કમલિનીના દાંડલામાં ભરાઇ બેઠેલા ઇંદ્રનાં તેને દર્શન કરાવ્યાં.[૪૮] તે સમયે પોતાની પત્નીને કૃશ અને નિસ્તેજ થયેલી જોઇને ઇંદ્ર મનમાં વિચાર કરવા લાગ્યો કે:–"અહો! મારાપર કેવું દુઃખ આવી પડયું છે? હું મારૂં રાજ્ય મૂકીને અહીં નાસી આવ્યો છું અને મારી આ દુઃખી પત્ની મને શોધી કાઢીને અહીં મારી સામે આવી પહોંચી છે." પછી ઇંદ્રે ઇંદ્રાણીને કહ્યું:–"તું હમણાં કેવી રીતે વર્તે છે?" ત્યારે ઇંદ્રાણીએ ઉત્તર આપ્યો:–"નહુષ મને પોતાની પત્ની બનાવવામાટે બોલાવે છે; પરંતુ મેં અમુક સમયની તેને અવધિ આપી છે." તે સાંભળી ઇંદ્રે કહ્યું:–"જા, તારે નહુષને કહેવું કે, જેમાં ઋષિઓને જોડયા હોય, તેવા કોઈ અપૂર્વ વાહનમાં તું બેસ અને પછી મને પરણ. જોકે મારા મનને ગમે તેવાં ઇંદ્રનાં ઘણાં મોટાં વાહનો છે; પરંતુ તે સર્વના પર હું બેસી ચૂકી છું માટે હવે કોઇ બીજાજ વાહનમાં મારે તારી સાથે બેસવું છે, માટે કોઇ નવાજ વાહનમાં બેસીને તારે મારી પાસે આવવું જોઇએ." ઇંદ્રે એ પ્રમાણે કહ્યું, એટલે ઇંદ્રાણી હરખાતી હરખાતી ત્યાંથી ચાલી ગઈ અને ઇંદ્ર પણ પુનઃ કમલિનીના દાંડલામાં પેસી ગયો.[૪૯] પછી ઇંદ્રાણીને પોતાની સન્મુખ આવેલી જોઇને નહુષે કહ્યું:–"તેં મને જે સમયની અવધિ આપી હતી તે હવે પૂર્ણ થઈ છે." ત્યારે ઇંદ્રાણીએ, ઇંદ્રે જે પ્રમાણે કહ્યું હતું તે પ્રમાણેજ નહુષને કહ્યું, એટલે તેણે મોટા મોટા ઋષિઓને એક વાહનમાં જોડયા અને તેના પર પોતે બેસીને ઇંદ્રાણીની પાસે જવા ચાલ્યો.[૫૦] હવે તેજ સમયે મિત્રાવરુણના પુત્ર ઋષિવર અગસ્ત્ય, કે જેમની ઉત્પત્તિ એક ઘડામાંથી થઇ હતી, તેમણે મહર્ષિઓનું અપમાન કરી રહેલા નહુષને જોયો અને એજ અરસામાં નહુષે પોતાના બન્ને પગથી તેમનો સ્પર્શ કર્યો. તે જોઈ અગસ્ત્યે નહુષને કહ્યું:–"અરે ઓ અકાર્ય કરનારા પાપી! જા, તું પૃથ્વીપર પડ અને જ્યાંસુધી પૃથ્વી તથા પર્વતો સ્થિતિ કરે, ત્યાંસુધી સર્પ થઇને રહે." મહર્ષિ અગસ્ત્યનું એ વાક્ય પૂર્ણ થયું કે તુરતજ નહુષ રાજા તે વાહન ઉપરથી પૃથ્વીપર ગબડી પડયો.[૫૧] એ રીતે નહુષના પડયા પછી વળી પણ

ત્રૈલોક્ય,ઇંદ્રવિનાનું થઇ પડયું, જેથી દેવો અને ઋષિઓ, ઇંદ્રને માટે ભગવાન વિષ્ણુને શરણે ગયા અને તેમને કહેવા લાગ્યા કેઃ–" હે ભગવન્ ! બ્રહ્મહત્યાથી પરાભવ પામેલા ઇંદ્રનું રક્ષણ કરવા માટે તમે યોગ્ય છો." તે પછી વર આપનારા ભગવાન વિષ્ણુએ દેવોને કહ્યું કેઃ–" ઇંદ્ર, વિષ્ણુદેવના પૂજનવાળો અશ્વમેધ યજ્ઞ કરે, જેથી પોતાનું સ્થાન તેને પ્રાપ્ત થશે." ભગવાનનું એ વચન સાંભળી દેવતાઓ અને ઋષિઓએ ઇંદ્રની ઘણી શોધખોળ કરી, પણ તેને જ્યારે જોયો નહિ ત્યારે તેઓએ ઇંદ્રાણીને કહ્યુંઃ–"જા, તું ઇંદ્રને બોલાવી લાવ." પછી તે ઇંદ્રાણી, પુનઃ માનસસરોવર ઉપર ગઇ, એટલે ઇંદ્ર તે સરોવરમાંથી બહાર નીકળ્યો અને બૃહસ્પતિને શરણે ગયો. બૃહસ્પતિએ તેની પાસે અશ્વમેધ નામનો મહાન યજ્ઞ કરાવ્યો.તેમાં કૃષ્ણસારંગ નામનો મૃગ જેવો પવિત્ર ઘોડો છૂટો મૂકીને અને પછીથી તે ઘોડાનુંજ વાહન કરીને બૃહસ્પતિએ દેવોના પતિ ઇંદ્રને પોતાને સ્થાને પહોંચતો કર્યો.૫૨ દેવરાજા ઇંદ્ર એ રીતે બ્રહ્મહત્યાના પાપથી જ્યારે મુક્ત થયો, ત્યારે દેવો અને ઋષિઓએ તેની સ્તુતિ કરવા માંડી. પછી તે સુખેથી સ્વર્ગમાં રહેવા લાગ્યો. આ રીતે બ્રાહ્મણોના તેજના પ્રભાવથી વૃદ્ધિ પામેલા ઇંદ્રે, પોતાના શત્રુઓનો સંહાર કરીને પુનઃ પોતાનું રાજ્યસ્થાન પ્રાપ્ત કર્યું હતું અને તેણે પોતાના બ્રહ્મહત્યાના પાપને સ્ત્રીઓ, આમ્ર, વનસ્પતિ અને ગાયો–એમ ચાર સ્થાનકોમાં વહેંચી દીધું હતું.૫૩

પૂર્વે મહર્ષિ ભરદ્વાજ આકાશગંગાના તટ ઉપર સ્નાનસંધ્યા કરવામાટે ગયા હતા. ત્યારે ત્રણ લોકમાં ત્રણ પગલાંઓ મૂકી રહેલા ભગવાન વિષ્ણુસાથે તે અથડાઈ પડયા એટલે ભરદ્વાજે જળવાળા હાથથી ભગવાનના વક્ષઃસ્થલમાં એવો તો પ્રહાર કર્યો, કે જેથી તેમના વક્ષઃસ્થલમાં (શ્રીવત્સ નામનું) એક લાંછન થઇ રહ્યું.૫૪

મહર્ષિ ભૃગુએ શાપ આપીને અગ્નિને સર્વભક્ષક બનાવી દીધો છે.૫૫

એક સમયે અદિતિ, " મેં પકવ કરેલા અન્નનું ભક્ષણ કરીને મારા પુત્ર દેવતાઓ અસુરોનો સંહાર કરશે" આવો મનમાં વિચાર કરીને રસોઇ કરતી હતી. તેવામાં બુધ, પોતાનું વ્રત સમાપ્ત થયેલું હોવાથી ભિક્ષા લેવામાટે ત્યાં આવ્યો અને અદિતિને કહેવા લાગ્યો કેઃ–" મને ભિક્ષા આપ;" પણ અદિતિએ તો પ્રથમથીજ સંકલ્પ કર્યો હતો કે, આ અન્નનું પ્રથમ દેવતાઓએજ ભોજન કરવાનું છે, બીજાએ નહિ, તેથી તેણે બુધને ભિક્ષા આપી નહિ. આ રીતે પોતાને ભિક્ષા ન આપી, તેથી બ્રહ્મરૂપ થયેલો બુધ, ક્રોધાયમાન થઇ ગયો. તેણે અદિતિને શાપ આપ્યો કે, વિવસ્વાન પોતાના બીજા જન્મસમયે એક અંડરૂપે તારા ઉદરમાં ઉત્પન્ન થશે, ત્યારે તારા ઉદરમાં ઘણી મોટી પીડા થશે." બુધે એ પ્રમાણે શાપ આપ્યો તે પછી વિવસ્વાન અદિતિના ઉદરમાં અંડરૂપે ઉત્પન્ન થયો હતો અને તેને લીધે અદિતિને ઘણીજ પીડા થઇ હતી. પાછળથી માતા અદિતિએ તે ઇંડાને ફોડયું હતું,જેમાંથી શ્રાદ્ધદેવ વિવસ્વાન્‘માર્તંડ’ એવા નામને ધારણ કરીને ઉત્પન્ન થયો હતો.૫૬

પ્રજાપતિ દક્ષને છાસઠ છોકરીઓ હતી. તેમાંથી તેર કશ્યપને પરણાવી હતી, દશ ધર્મને પરણાવી હતી, દશ મનુને પરણાવી હતી અને સત્તાવીસ ચંદ્રને પરણાવી હતી. ચંદ્રને પરણાવેલી સત્તાવીસે કન્યાઓ સમાન રૂપગુણવાળી હતી, જેથી તેઓને ‘નક્ષત્ર’ એવી સંજ્ઞા પ્રાપ્ત થયેલી છે. ચંદ્ર પોતાની સત્તાવીસે પત્નીઓ ઉપર જે પ્રીતિ રાખતો હતો તેના કરતાં અધિક પ્રીતિ તેમાંની એક ‘રોહિણી’ નામની પત્ની ઉપર રાખતો હતો, તેથી બાકીની સર્વ પત્નીઓ રોહિણી ઉપર ઈર્ષ્યાવાળી થઇને પોતાના પિતા દક્ષપાસે ગઇ અને તે વાત દક્ષને નિવેદન કરી કેઃ–" હે ભગવન્ ! અમે સર્વ પત્નીઓ સમાન પ્રભાવવાળી છીએ છતાં ચંદ્ર,રોહિણી ઉપર અધિક પ્રીતિ રાખે છે."પુત્રીઓનું એ વચન સાંભળીને દક્ષે કહ્યું કેઃ–"ચંદ્રના શરીરમાં ક્ષયરોગ અવશ્ય દાખલ થશે." દક્ષના એ શાપથી રાજા ચંદ્રના શરીરમાં ક્ષ-

યરોગ દાખલ થયો(અને અલ્પસમયમાં તો તેનું શરીર ક્ષયરોગવડે ઘેરાઇ ગયું) જેથી તે દક્ષને શરણે ગયો એટલે દક્ષે તેને કહ્યું કેઃ-“ તું પોતાની પત્નીઓ તરફ સમાન રીતે વર્તતો નથી, માટેજ તને ક્ષયરોગ લાગુ થયો છે.” પછી ત્યાં રહેલા ઋષિઓએ ચંદ્રને કહ્યુંઃ-“ તારૂં શરીર ક્ષયરોગથી ક્ષીણ થતું જાય છે, માટે પશ્ચિમ દિશામાં સમુદ્રના તટપર આવેલા ‘ હિરણ્યસરસ ’ નામના તીર્થમાં તું જા અને ત્યાં જઇને તેમાં સ્નાન કર.” મહર્ષિઓના એ કથન પ્રમાણે ચંદ્ર હિરણ્યસરસ તીર્થઉપર ગયો અને ત્યાં જઇને તેણે સ્નાન કર્યું, જેથી તેનો ક્ષયરોગ દૂર થયો. એ હિરણ્યસરસ તીર્થમાં સ્નાન કરવાથી ચંદ્રમા અત્યંત તેજસ્વી થઇને પ્રકાશવા લાગ્યો. તે દિવસથી આરંભીને તે તીર્થ, ‘ પ્રભાસ ’ એવા નામથી પ્રસિદ્ધ થયું છે.[૫૭] દક્ષના શાપથી હજીસુધી પણ ચંદ્ર માત્ર પૂર્ણિમાની રાત્રિએજ સંપૂર્ણ મંડળવાળો દેખાઇને છેક અમાવાસ્યાપર્યંત ક્ષીણ થતો જોવામાં આવે છે અને એ ક્ષયરોગના પ્રભાવથી તેનું શરીર મેઘના સૂક્ષ્મ અંશથી જાણે ઢંકાયલું હોય અને મેઘસમાન વર્ણવાળું હોય તેવું દેખાય છે તથા તેના શરીર ઉપર સસલાના જેવું નિર્મળ લાંછન પણ થઇ રહ્યું છે.[૫૮]

પૂર્વે, મહર્ષિ સ્થૂલશિરા મેરુ પર્વતના ઈશાનકોણમાં રહીને તપ કરતા હતા. તે સમયે તેમની આસપાસ સર્વ પ્રકારના ગંધને વહન કરનારો પવિત્ર વાયુ વાવા લાગ્યો અને તેમના શરીરને સ્પર્શ કરવા લાગ્યો. મહર્ષિ સ્થૂલશિરાનું શરીર તપથી અત્યંત તપી રહ્યું હતું અને કૃશ થઇ ગયું હતું, જેથી એ વાયુના સ્પર્શથી તેમના હૃદયમાં ઘણોજ સંતોષ થયો. પછી વાયુના વાવાથી તેમનું હૃદય સંતુષ્ટ થઈ રહ્યું હતું, તેજ સમયે આજુબાજુની વનસ્પતિઓએ પોતાનાં પુષ્પોની શોભા તેમને પ્રદર્શિત કરી, જેથી ઋષિએ તેઓને *શાપ આપ્યો કેઃ-“તમે સર્વકાળ પુષ્પોવાળી રહેશો નાહ.”

ભગવાન નારાયણ લોકોનું હિત કરવા માટે “ વડવામુખ ” નામના એક મહર્ષિ થઈને મેરુપર્વત ઉપરજ પૂર્વે તપ કરતા હતા. તેમણે એક સમયે સમુદ્રને પોતાની પાસે બોલાવ્યો; પણ તે આવ્યો નહિ, જેથી તેનાપર ક્રોધાયમાન થઇને તેમણે પોતાનાં ગાત્રોની ગરમીથી સમુદ્રને સ્થિર જળવાળો કરી દીધો અને તેના જળને પરસેવાના જળ જેવું ખારૂં કરી દીધું.[૬૦] વળી સમુદ્રને શાપ આપતાં કહ્યું કેઃ-“ તારૂ જળ પીવામાટે અયોગ્ય થઇ પડશે પણ વડવામુખ અગ્નિ તેનું પાન કરશે ત્યારે તે મધુર થશે.” આ શાપના પ્રભાવથી હજીસુધી પણ સમુદ્રનું જળ ખારૂં જણાય છે અને વડવાનલઅગ્નિ સમુદ્રમાંથી જળપાન કરે છે.[૬૧]

હિમાલય પર્વતની કન્યા ઉમાને પરણવાની એક તરફથી મહાદેવે ઇચ્છા કરી હતી અને બીજી તરફથી મહર્ષિ ભગુ પણ હિમાલય પાસે આવીને તેને કહેવા લાગ્યા કેઃ-“ તારી આ કન્યા મને આપ.” ત્યારે હિમાલયે કહ્યુંઃ-“ આ કન્યાના વરતરીકે અમે રુદ્રદેવનેજ શોધી લીધો છે.” તે સાંભળી ભૃગુ ઋષિએ તેને શાપ આપ્યો કેઃ-“ તારી કન્યાને વરવાની મારી ઇચ્છા હતી છતાં તેં મને ના પાડી છે, માટે જા, આજથી તું રત્નોનું પાત્ર થઈશ નહિ.”[૬૨] ભૃગુઋષિનું એ શાપવચન હજીસુધી પણ તેમ ને તેમજ સફળ થતું આવ્યું છે, (હિમાલયમાં રત્નો ઉત્પન્નજ થતાં નથી.) આવું બ્રાહ્મણોનું માહાત્મ્ય છે.[૬૩] અરે! ક્ષત્રિયો પણ બ્રાહ્મણોના પ્રસાદથીજ સનાતનકાળથી ચાલી આવેલી આ અક્ષય પૃથ્વીનો પોતાની પત્નીતરીકે ઉપભોગ કરે છે.[૬૪] આ રીતે ક્ષત્રિયોમાં રહેલું બ્રાહ્મણોનું તેજ અગ્નિ તથા સોમથીજ ઉત્પન્ન થયેલું હોઇને જગતને ધારણ કરી રહ્યું છે અને તેથીજ આખું જગત અગ્નિ તથા સોમને આધારે ટકી રહેલું છે.[૬૫]

---

* વનસ્પતિઓએ પુષ્પોની શોભા પ્રદર્શિત કરી તેમાં તેઓને શાપ આપવાનો હેતુ એજ હતો કે, પુષ્પ વગેરે પદાર્થો કામોત્તેજક હોઇને તપશ્ચરણમાં વિઘ્નકર્તા થઇ પડે છે.

એમ કહેવાય છે કે, અગ્નિ અને સોમ ઈશ્વરનાં નેત્રરૂપ ગણાય છે અને તેઓનાં કિરણો પરમેશ્વરના કેશ કહેવાય છે. તેમાં સોમ જગતને જાગ્રત કરતો (શાંત કરતો) ઉદય પામે છે અને અગ્નિ જગતને તપાવતો ઉદય પામે છે.[૬૬] હે પાંડુનંદન! અગ્નિ તથા સોમે કરેલાં એ કર્મથી–અર્થાત જગતને જાગ્રત કરવાથી તથા તપાવવાથી લોકોને ઘણો હર્ષ થાય છે, માટે અગ્નિ તથા સોમને “હૃષી” કહેવામાં આવે છે અને તે ‘હૃષી’ નામને ધારણ કરનારા અગ્નિ તથા સોમ જાણે મારાં બે કિરણો હોય તેવા છે, માટે સર્વનો ઈશ્વર, લોકોનું રક્ષણ કરનારો અને વરને આપનારો હું, “હૃષીકેશ” કહેવાઉં છું.[૬૭] વળી પ્રત્યેક યજ્ઞોમાં “इळोपहूता सह दिवा” ઈત્યાદિ મંત્રોવડે બોલાવાયેલો હું યજ્ઞના ભાગને ગ્રહણ કરૂં છું અને મારો વર્ણ હરિત રત્નના જેવો શ્રેષ્ઠ છે, માટે હું “હરિ” એવા નામથી પ્રસિદ્ધ થયો છું.[૬૮] પ્રાણીમાત્રમાં જે સાર રહેલો છે અથવા બળ રહેલું છે, તેને “ધામ” કહેવામાં આવે છે અને તે સત્ય ધામરૂપ હું પોતેજ સર્વ પ્રાણીઓમાં રહેલો છું, માટે બ્રાહ્મણોએ મને *“ઋતધામા” કહ્યો છે.[૬૯] પૂર્વે, પૃથ્વી જ્યારે નાશ પામી હતી–જળમાં ડૂબી ગઈ હતી, ત્યારે હું તેને ઉપર લાવ્યો હતો, જેથી દેવતાઓ× મને “ગોવિંદ” એ પ્રમાણે કહીને વાણીવડે સ્તુતિ કરે છે.[૭૦] વળી મારૂં “શિપવિષ્ટ” એવું પણ એક નામ પ્રસિદ્ધ છે. જે પુરુષ રોમરહિત હોય (અર્થાત્ જેનું શરીર રૂંવાટાંવિનાનું હોય) તેને “શિપિ” કહેવામાં આવે. છે અને તેવા શિપિ સ્વરૂપવાળા મારાથી આખું જગત વ્યાપ્ત થઈ રહ્યું છે, માટે મને ×“શિપિવિષ્ટ” કહેવામાં આવે છે.[૭૧] ઋષિ યાસ્કે, વ્યગ્રતાનો ત્યાગ કરીને અનેક યજ્ઞોમાં મારૂં ગાન કર્યું છે, માટે હું તે “શિપિવિષ્ટ” એવા ગુહ્ય નામને ધારણ કરનારો છું.[૭૨] આ નામનો પ્રભાવ એવો છે કે, ઉદાર બુદ્ધિવાળા ઋષિ યાસ્કે, “શિપિવિષ્ટ” એ નામથી મારી સ્તુતિ કરી હતી અને મારો પ્રસાદ મેળવી પાતાળમાં છુપાઈ રહેલા નિરુક્ત શાસ્ત્રને સંપાદન કર્યું હતું.[૭૩] પ્રાણીમાત્રનો આત્મા એવો હું, પૂર્વે કદી જન્મ્યો નથી, વર્તમાનમાં કદી જન્મતો નથી અને ભવિષ્યમાં કદી જન્મીશ નહિ; માટે હું “×અજ” કહેવાઉં છું.[૭૪] મેં ક્ષુદ્ર કે અસત્ય ભાષણ કદી કર્યું નથી અને મારી સત્ય વાણી બ્રહ્માની પુત્રી દેવી સરસ્વતીરૂપ હોઈને ઋતા કહેવાય છે–ત્રણે કાળમાં અબાધ્ય ગણાય છે.[૭૫] વળી હે કુંતાપુત્ર! મેં મારા આત્મામાં સત્–અસત્ સર્વ પદાર્થોનો સમાવેશ કર્યો છે, માટે મારા નાભિકમળરૂપ બ્રહ્મસદનમાં ઋષિઓ મને ‘સત્ય’ કહે છે.[૭૬] હું પૂર્વે કદી સત્વથી ભ્રષ્ટ થયો નથી. વળી તારે જાણવું કે, સત્વ મારાથી ઉત્પન્ન થયું છે અને હે ધનંજય! મારા પૂર્વજન્મના સત્વે મને આ જન્મમાં પણ છોડયો નથી, એટલુંજ નહિ પણ સર્વ ફલેચ્છાનો ત્યાગ કરીને તથા સર્વ દોષોથી રહિત થઈને સત્વપૂર્વક કર્મ કરવામાં હું તત્પર રહું છું અને કેવળ સાત્વિક જ્ઞાનદ્વારાજ મારાં દર્શન થાય છે, માટે સત્વશાળી પુરુષોમાં હું ÷“સાત્વત” કહેવાઉં છું.[૭૭,૭૮] હે પાર્થ! હું કાળરૂપી હળની મોટી કોશરૂપ થઈને આખી પૃથ્વીને ખોદી નાખું છું અને મારો વર્ણ કાળો છે, માટે હે અર્જુન! હું *“કૃષ્ણ” કહેવાઉં છું.[૭૯]

---

* ऋतं–अबाधितं धाम–सत्तास्फूर्तिरूपं यस्य सः ऋतधामा.

× गां–धरणीं विंदति–लभते इति गोविंदः

× हीनानि–त्यक्तानि रोमाणि इव रोमाणि–अंशवः–अवयवाः येन सः शिपिः–निष्कलः परमात्मा तेन–शिपिना रूपेण यत् किंचित् आविष्टं येन अतः अयं शिपिविष्टः

× न जायते त्रिषु कालेषु अपि इति अजः

* सत्वेन तायते–पालयते इति सात्वतः અથવા सत्वं तनोति–विस्तारयति इति सात्वतः અથવા सत्वं अस्ति अस्मिन् इति सत्वतः–एव सात्वतः અથવા सत्–ब्रह्म अस्ति एषां इति सत्वंतः सत्वतां इदं सात्वतं पांचरात्रादि तंत्रं. सात्वत ज्ञानेन दृष्टः सात्वतः

÷ कृषति इति कृष्णः

મેં પૃથ્વીને જળની સાથે, આકાશને વાયુની સાથે અને વાયુને તેજની સાથે મિશ્ર કરી દીધેલ છે, માટે મારૂં *"વૈકુંઠ" નામ પ્રસિદ્ધ થયું છે.[૮૦] નિર્વાણ-એટલે પરમ બ્રહ્મ અને તે નિર્વાણ એજ સર્વોત્તમ ધર્મ કહેવાય છે. આ નિર્વાણધર્મથી અથવા મોક્ષધર્મથી હું કદી ભ્રષ્ટ થયો નથી, માટે મારૂં "અચ્યુત" નામ પ્રસિદ્ધ છે.[૮૧] પૃથ્વી અને આકાશ-એ બન્ને જગતના મુખતરીકે પ્રસિદ્ધ છે અને તેઓ બન્નેને હું અનાયાસે ધારણ કરૂં છું, માટે મને +"અધોક્ષજ" કહે છે.[૮૨] વૈદિક શબ્દોના અર્થનું ચિંતન કરનારા વેદવેત્તા વિદ્વાનો નિત્ય યજ્ઞશાળામાં બેસીને "અધોક્ષજ" એ નામથી મારી સ્તુતિ કરે છે.[૮૩] પ્રાચીન કાળના મહર્ષિઓએ "अ" "धोक्ष" અને "ज" એવા ત્રણ શબ્દો એકત્ર કરીને અને તે શબ્દોનો અનુક્રમે સંહારક, પાલક અને ઉત્પાદક એવા ત્રણ અર્થો કરીને 'अधोक्षज" શબ્દનો ઉચ્ચાર કર્યો છે અને તેઓએ કહ્યું છે કે, પ્રભુ નારાયણવિના જગતમાં બીજો 'અધોક્ષજ' નથી.[૮૪] જગતમાં પ્રાણીમાત્રના પ્રાણને ધારણ કરી રાખનારૂં ઘૃત, મારા અગ્નિસ્વરૂપ તેજને વૃદ્ધિ પમાડનારૂં છે, માટે શાંત સ્વભાવના વેદવેત્તાઓ મને "ઘૃતાર્ચિ" કહે છે.[૮૫] કર્મથી ઉત્પન્ન થનારી ત્રણ ધાતુઓ, કે જેને વાત, પિત્ત અને કફ કહેવામાં આવે છે, તેના સમુદાયનેજ શરીર કહેવામાં આવે છે અને એ ધાતુઓ જ્યાંસુધી હોય છે, ત્યાંસુધી પ્રાણી જીવી શકે છે; પણ તેઓનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે પ્રાણી મરણ પામે છે, આવો મત ધરાવનારા આયુર્વેદશાસ્ત્રીઓ મને "ત્રિધાતુ" કહે છે.[૮૬,૮૭] હે ભારત! ભગવાન ધર્મ, જગતમાં "વૃષ" એવા નામથી પ્રસિદ્ધ છે, જેથી નિઘંટુકપદાખ્યાનમાં (તે નામના શબ્દકોશમાં) મને "વૃષોત્તમ" કહેવામાં આવ્યો છે, એમ તારે જાણવું.[૮૮] વળી કપિ એટલે વરાહ અને શ્રેષ્ઠ ધર્મ-એ બન્નેને "વૃષ" કહેવામાં આવે છે, તેથી પ્રજાપતિ કશ્યપ મને 'વૃષાકપિ' કહે છે.[૮૯] દેવો કે અસુરો પણ મારા આદિને, મધ્યને કે અંતને કદી જાણી શકતા નથી; કેમકે સર્વનો ઇશ્વર અને લોકોનો સાક્ષી એવો હું આદિ, મધ્ય તથા અંતથી રહિત છું અને એટલાજ માટે હું "વિભુ" કહેવાઉં છું.[૯૦] હે ધનંજય! સાંભળવાયોગ્ય એવાં પવિત્ર વચનોનુંજ હું શ્રવણ કરૂં છું, પણ પાપી વચનોને કદી સાંભળતોજ નથી; માટે હું "શુચિશ્રવા" કહેવાઉં છું.[૯૧] મેં જગતને આનંદ આપનારૂં અને એક શીંગડાવાળું વરાહનું સ્વરૂપ પૂર્વે ધારણ કર્યું હતું અને આ પૃથ્વીનો ઉદ્ધાર કર્યો હતો, માટે મારૂં "એકશૃંગ" નામ પ્રસિદ્ધ છે;[૯૨] તેમજ મેં વરાહનું સ્વરૂપ ધારણ કર્યું હતું, ત્યારે મારા શરીરના ત્રણ અવયવો (ખાંધ, મુખનો અગ્રભાગ અને દાઢ), અતિ ઉન્નત હતા, તેથી મારૂં "ત્રિકકુપ" નામ પ્રસિદ્ધ થયું છે.[૯૩] કપિલના સાંખ્યજ્ઞાનનું ચિંતન કરનારા પુરુષો જેને "વિરિંચ" કહે છે, તેજ હું પોતે છું અને પ્રાણીમાત્રને ચેતનાવાળાં કરીને સર્વ લોકનો હું સ્રષ્ટા છું, માટે "પ્રજાંપતિ" કહેવાઉં છું.[૯૪] વિદ્યાની સહાયવાળો હું-સનાતન પુરુષ સૂર્યમંડળમાં સ્થિતિ કરી રહ્યો છું; તેનેજ જ્ઞાનનો નિશ્ચય કરનારા સાંખ્ય આચાર્યો "કપિલ" (હિરણ્યવર્ણ) કહે છે.[૯૫] તેજસ્વી એવા જે પરમાત્માની વેદમાં સ્તુતિ કરવામાં આવે છે અને યોગીઓ નિત્ય જેની પૂજા કરે છે, તેજ હું; "હિરણ્યગર્ભ" નામથી પૃથ્વીપર પ્રસિદ્ધ થયો છું.[૯૬] વેદવેત્તા મનુષ્યો, મને એકવીસહજાર મં-

---

* विः-वाय्वम्बुतेजांसि, कुः पृथिवी, ठः आकाशः एतेषां समाहारः विकुंठाः, विकुंठानां श्लेषणकर्ता इति वैकुंठः અથવા विगता कुंठा-पंचानां भूतानां मेलने असामर्थ्यं यस्य सः विकुंठः, विकुंठः एव वैकुंठः

+ अधस् पृथिवी, अक्-आकाशं-ते उभे संजयति-संगेन-धारयति इति अधोक्षजः

અર્થાત્ પૃથ્વી અને આકાશ બન્નેને એકી સાથે ધારણ કરી રાખે તે "અધોક્ષજ" કહેવાય છે. **अधोक्** શબ્દની પૂર્વક **संज**ધાતુને '**क**' પ્રત્યય લગાડવાથી અને '**संज**' ધાતુના અનુનાસિકનો લોપ કરવાથી '**अधोक्षज**' શબ્દ સિદ્ધ થાય છે.

ત્રોવાળો ઋગ્વેદ કહે છે અને એકહજાર શાખાઓવાળો સામવેદ કહે છે;[૯૭] તેમજ અતિ દુર્લભ એવા મારા ભક્ત બ્રાહ્મણો આરણ્યક ઉપનિષદ્‌માં મારી પોતાનીજ સ્તુતિ કરે છે અને છપ્પન, આઠ તથા સાડત્રીસ એમ એકંદર એકસો એક શાખાઓવાળા અધ્વર્યુસંબંધી યજુર્વેદમાં મારૂંજ વર્ણન કરવામાં આવ્યું છે; તેમજ અથર્વવેદને જાણનારા બ્રાહ્મણો, મને પોતાનેજ પાંચ કલ્પોવાળા તથા કૃત્યાઓથી ભરપૂર એવા અથર્વવેદરૂપ માને છે. વળી વેદની જે જે શાખાઓ છે અને તે તે શાખાઓમાં જે જે વિદ્યાઓ છે, ગીતિઓ છે, સ્વરો છે અને વર્ણોના ઉચ્ચારો છે, તે સર્વ મેં પોતેજ કરેલા છે. હે પાર્થ! જગતની ઉત્પત્તિસમયે બ્રહ્માને વર આપનારૂં જે હયગ્રીવનું સ્વરૂપ ઉદય પામે છે, તે હું છું; તેમજ વેદના ઉત્તર ભાગમાં ક્રમ તથા અક્ષરોના જે વિભાગ પાડવામાં આવ્યા છે, તેને જાણનારો પણ હુંજ છું. મુનિ વામદેવે, જેને ધ્યાનમાર્ગ પ્રદર્શિત કર્યો હતો, તે મહાત્મા પાંચાલ મુનિએ, મારાજ પ્રસાદથી સનાતન એવા મારી પાસેથી વેદની ક્રમવિદ્યા પ્રાપ્ત કરી હતી. વળી નારાયણસ્વરૂપ એવા મારી પાસેથીજ વરદાન મેળવીને ક્રમવિદ્યામાં પ્રથમ પારંગત થયેલા બ્રાભ્રવ્યગોત્રના ગાલવ મુનિ, ઉત્તમ યોગબળને પ્રાપ્ત કરી ક્રમ તથા શિક્ષાને રચીને દીપી રહ્યા હતા.[૯૮–૧૦૪] પૂર્વે, કંડરીક કુળમાં બ્રહ્મદત્ત નામનો એક પ્રતાપી રાજા થયો હતો. તેને જન્મ તથા મરણનાં દુઃખો વારંવાર સ્મરણમાં આવતાં હતાં. છેવટે મારા પ્રસાદથીજ માત્ર સાત જન્મમાં યોગીઓની મુખ્ય સંપત્તિ તેને પ્રાપ્ત થઈ હતી.

હે પાર્થ! પૂર્વે, તેવા કોઈ કારણને લીધે ધર્મના પુત્રતરીકે હું પ્રસિદ્ધ થયો હતો, માટે હે કુરુસિંહ! મારૂં "ધર્મજ" એવું નામ કહેવાય છે.

પૂર્વે, ગંધમાદન પર્વતમાં ધર્મરૂપ વાહન ઉપર આરૂઢ થઇને નર તથા નારાયણ અખંડ તપશ્ચર્યા કરતા હતા અને તેજ સમયે બીજી તરફ દક્ષ પ્રજાપતિનો યજ્ઞ ચાલી રહ્યો હતો.[૧૦૫–૧૦૮] હે ભારત! એ યજ્ઞમાં દક્ષે રુદ્રને ભાગ આપ્યો ન હતો, જેથી રુદ્રે દધીચિઋષિના કહેવાપરથી તે વાત જાણીને દક્ષના યજ્ઞનો નાશ કર્યો. રુદ્રે, દક્ષના ઉપર કોપાયમાન થઇને તેજથી ઝળહળી રહેલું એક ત્રિશૂળ ફેંક્યું હતું. તે ત્રિશૂળ દક્ષના યજ્ઞનો સંપૂર્ણ નાશ કરીને બદરિકાશ્રમમાં, નર તથા નારાયણ જ્યાં તપ કરતા હતા ત્યાં, એકાએક જઈ પહોંચ્યું અને મોટા વેગથી ઉછળીને નારાયણના વક્ષઃસ્થલ ઉપર પડ્યું.[૧૦૯–૧૧૧] એ સમયે, એ ત્રિશૂળના તેજથી નારાયણના કેશ મુંજ નામના ઘાસ જેવા પીંગળા વર્ણના થઇ ગયા, તેથીજ હું "મુંજકેશવાન્" કહેવાઉં છું.[૧૧૨] પછી મહાત્મા નારાયણે હુંકાર શબ્દનો ઉચ્ચાર કરીને તે ત્રિશૂળને હાંકી કાઢ્યું, જેથી પોતાના પ્રતાપથી ભ્રષ્ટ થઇને શંકરના હાથમાંજ પાછું જઈ પડ્યું.[૧૧૩] તે જોઈ ક્રોધાયમાન થયેલા રુદ્ર, તે બન્ને તપસ્વી ઋષિઓ સામા દોડ્યા, એટલે વિશ્વાત્મા નારાયણે પોતાના હાથવડે રુદ્રનો કંઠ પકડી લીધો. એ પ્રમાણે રુદ્રનો કંઠ, નારાયણના પકડવાથી શ્યામ થઈ ગયો છે, માટેજ રુદ્ર, "શિતિકંઠ" નામથી પ્રસિદ્ધ છે. તે પછી રુદ્રનો વિઘાત કરવામાટે નરભગવાને, એક દર્ભની સળી ઉંચી કરી અને તેમાં મંત્રોની યોજના કરી કે તુરતજ એક મહાન ફરસી તેમાંથી પ્રકટ થઇ. તે ફરસીને નરભગવાને રુદ્રસામે ફેંકી, પરંતુ એકાએક તેના ટુકડા થઇ ગયા. આ પ્રમાણે મારી ફરસીના તે વેળા કટકા થઈ ગયા હતા, તેથી હું, "ખંડપરશુ" કહેવાઉં છું."

અર્જુને પૂછ્યું:–"હે યદુવંશી કૃષ્ણ! ત્રૈલોક્યને સ્તબ્ધ કરી દેનારા એ યુદ્ધમાં વિજય કોનો થયો હતો, તે મને કહો."

શ્રીભગવાન બોલ્યાઃ–"હે અર્જુન! રુદ્ર તથા નારાયણ, એ પ્રમાણે યુદ્ધ કરવા જ્યારે તૈયાર થયા હતા, ત્યારે જગતનાં સર્વ પ્રાણીઓ એકાએક ઉદ્વિગ્ન થઈ ગયાં હતાં, અગ્નિ, યજ્ઞોમાં હોમેલા ઉજ્જવળ હવિષને ગ્રહણ કરતો ન હતો, શુદ્ધાત્મા ઋષિઓના વેદપાઠો બરાબર દીપતા

નહતા, રજોગુણ અને તમોગુણે દેવોમાં પણ પગપેસારો કરી દીધો હતો, પૃથ્વી કંપી ગઇ હતી, આકાશ ફાટી ગયું હતું, સર્વ તેજસ્વી પદાર્થો નિસ્તેજ થઈ ગયા હતા, બ્રહ્મા આસન ઉપરથી ડોલાયમાન થઇ ગયા હતા, સમુદ્ર સૂકાઇ ગયો હતો અને હિમાલય ચીરાઈ ગયો હતો. એ રીતે હે પાંડુપુત્ર ! સર્વત્ર અશુભ નિમિત્તો ઉત્પન્ન થઇ રહ્યાં હતાં.૧૧૪-૧૨૨ પછી દેવગણોએ અને મહાત્મા ઋષિઓએ બ્રહ્મદેવ પાસે જઇને તે વાત નિવેદન કરી, એટલે તે સર્વને સાથે લઇને બ્રહ્મા, જ્યાં તે યુદ્ધ ચાલી રહ્યું હતું ત્યાં આવી પહોંચ્યા.૧૨૩ ત્યાં આવીને નિરુક્તમાં સ્તુતિ કરાયલા ચાર મુખવાળા બ્રહ્મા, બે હાથ જોડીને રુદ્રને કહેવા લાગ્યાઃ-" ચોબાજુ ખળભળી ઉઠેલા આ લોકોનું તમે કલ્યાણ કરો. હે જગતના ઈશ્વર ! આખા વિશ્વનું હિત કરવા માટે આયુધોનો તમે ત્યાગ કરો; કેમકે જે અક્ષર છે, અવ્યક્ત છે, સર્વનો નિયંતા છે, લોકોનું રક્ષણ કરનાર છે, કૂટસ્થ છે, સર્વના સ્રષ્ટા છે, દ્વંદ્વભાવથી રહિત છે અને વિદ્વાનો જેને અકર્તા કહે છે, તે પરમાત્માનીજ આ પવિત્ર મૂર્તિ (નરનારાયણ સ્વરૂપે) પ્રકટ થયેલી છે.૧૨૫,૧૨૬ આ નરનારાયણ ધર્મના કુળમાં ઉત્પન્ન થયા છે, મોટા તપસ્વી છે, દેવોમાં શ્રેષ્ઠ છે અને મહાન વ્રતને ધારણ કરનારા છે.૧૨૭ હે તાત ! સૃષ્ટિના આદ્ય સમયે કોઈ અલાકક કારણને લીધે તેમના પ્રસાદથી હું ઉત્પન્ન થયો છું અને સનાતનરૂપ તમે, તેમના ક્રોધમાંથી ઉત્પન્ન થયા છો;૧૨૮ માટે હે વરદાતા રુદ્ર ! હું, આ દેવતાઓ અને મહર્ષિઓની સાથે રહીને તમે નારાયણદેવને સત્વર પ્રસન્ન કરો અને લોકોમાં શાંતિ થવા દો. વિલંબ કરો મા. "૧૨૯

બ્રહ્મદેવે એ પ્રમાણે કહ્યું એટલે રુદ્રે, પોતાના ક્રોધાગ્નિનો ત્યાગ કરીને પ્રભુ નારાયણદેવને પ્રસન્ન કર્યા અને સર્વના આદ્ય તથા સર્વશ્રેષ્ઠ તે વર આપનાર પ્રભુનું શરણ લીધું.૧૩૦ દેવ નારાયણ પણ ક્રોધ તથા ઇંદ્રિયોને જિતનારા હતા અને ઈચ્છિત વરને આપનારા હતા, જેથી રુદ્રના પર પ્રસન્ન થયા અને તેમની મિત્રતા કરી.૧૩૧ પછી ઋષિઓ, દેવતાઓ અને બ્રહ્માથી પૂજાયલા જગન્નિયંતા હરિએ ઈશાનદેવ રુદ્રને આ પ્રમાણે કહ્યુંઃ-૧૩૨ "હે રુદ્ર! જે પુરુષ તમને જાણે છે, તે મને જાણે છે અને જે મને અનુસરે છે, તે તમનેજ અનુસરે છે. આપણા બન્નેમાં કંઈ પણ અંતર નથી, માટે તમે ભેદબુદ્ધિ રાખો મા.૧૩૩ તમારા ત્રિશૂળથી મારા વક્ષઃસ્થલમાં જે લાંછન પડી ગયું છે, તે આજથી આરંભીને ' શ્રીવત્સ ' નામે પ્રસિદ્ધ થશે અને મારા પકડવાથી ચિહ્નવાળા થયેલા તમે ' શ્રીકંઠ ' નામથી ઓળખાશો. "૧૩૪

શ્રીકૃષ્ણે કહ્યુંઃ-" એ પ્રમાણે અન્યોન્યને થયેલાં લાંછનને ઉત્તમ લક્ષણરૂપે ઉત્પન્ન કરીને તે નરનારાયણ ઋષિએ રુદ્રસાથે અતુલ મિત્રતા કરી૧૩૫ અને પછી દેવતાઓને જવાની આજ્ઞા આપીને શાંત ચિત્તથી તપશ્ચર્યા કરવા માંડી. " હે પાર્થ ! એ પ્રમાણે તે યુદ્ધમાં નારાયણનો જય થયો હતો, એ વિષેની કથા મેં તને કહી;૧૩૬ તેમજ હે ભારત ! નારાયણનાં ગુહ્ય નામો તથા ઋષિઓએ કહેલાં તેઓનાં રહસ્યો પણ મેં તને કહ્યાં. ૧૩૭ હે કુંતાપુત્ર ! આવાં આવાં અનેક સ્વરૂપો ધારણ કરીને હું પૃથ્વીલોકમાં, બ્રહ્મલોકમાં તથા સનાતન ગોલોકમાં વિચર્યા કરૂં છું.૧૩૮ આ મહાભારત યુદ્ધમાં પણ મેં તારૂં રક્ષણ કર્યું હતું, તેથીજ તને મહાન વિજય પ્રાપ્ત થયો છે અને યુદ્ધ જ્યારે ઉપસ્થિત થયું હતું, ત્યારે તારા અગ્રભાગમાં જે પુરુષ ચાલ્યા કરતો હતો, તે દેવના દેવ જટાધારી રુદ્રજ હતા, એમ તારે જાણવું. મેં તને પ્રથમજ કહ્યું છે કે, પરમાત્માના ક્રોધથી ઉત્પન્ન થયેલા ભગવાન રુદ્ર, સાક્ષાત્ કાળમૂર્તિજ છે.૧૩૯,૧૪૦ તેં જે જે શત્રુઓનો સંહાર કર્યો છે, તે સર્વને ભગવાન રુદ્રદેવે પ્રથમથીજ સંહારી નાખ્યા હતા;(અને તેથીજ તું યુદ્ધમાં શત્રુઓને મારી શક્યો છે.) માટે અતુલ પ્રભાવશાળી, દેવોના પણ દેવ, ઉમાના પતિ, જગતના ઈશ્વર અને સર્વના સંહા-

ર કરનારા તે અવિનાશી દેવને તું નમસ્કાર કર. હે ધનંજય ! મેં પ્રથમ વારંવાર તને કહ્યું છે કે, રુદ્ર, પરમાત્માના ક્રોધથી ઉત્પન્ન થયા છે અને હમણાં તેં જે કંઈ સાંભળ્યું છે, તે સર્વ એ રુદ્રદેવનોજ પ્રભાવ છે.”૧૪૨

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ નારાયણચરિત્ર ” એ વિષયનો અ-
ધ્યાય ૩૪૨ મો સમાપ્ત.

અધ્યાય ૩૪૩ મો

શ્વેતદ્વીપમાંથી પાછા ફરેલા નારદનો નરનારાયણ સાથે સમાગમ

॥ शौनक उवाच ॥

सौते सुमहदाख्यानं भवता परिकीर्तितम् ॥
यच्छ्रुत्वा मुनयः सर्वे विस्मयं परमं गताः ॥१॥

શૌનકે પૂછ્યું:–“હે સૂતપુરાણી ! તમે આ અતિમહાન આખ્યાન કહ્યું છે, જેનું શ્રવણ કરીને સર્વ મુનિઓ પરમ વિસ્મય પામ્યા છે.[૧] હે સૂતપુત્ર ! નારાયણની કથા શ્રવણ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે ફળ સર્વ આશ્રમોમાં નિવાસ કરવાથી કે સર્વ તીર્થોમાં સ્નાન કરવાથી પ્રાપ્ત થતું નથી.[૨] ખરેખર, સર્વ પાપોથી મુક્ત કરનારી નારાયણની પવિત્ર કથાનું આદિથી શ્રવણ કરીને અમે પવિત્ર અંગવાળા થયા છીએ.[૩] સર્વ લોકથી નમસ્કાર કરાયલા ભગવાન નારાયણ દેવનાં દર્શન, બ્રહ્માદિ સર્વ દેવતાઓને તથા મહર્ષિઓને પણ દુર્લભ છે, છતાં નારદે દેવ નારાયણનાં દર્શન કર્યાં, તેમાં હે સૂતપુત્ર ! તે દેવની અવશ્ય અનુમતિજ હોવી જોઇએ.[૪,૫] નારદે અનિરુદ્ધના શરીરમાં જગત્પતિ નારાયણનાં દર્શન કર્યાં. તે પછી પુનઃ દેવ નરનારાયણનાં દર્શન કરવામાટે તે શામાટે ગયા હતા, તેનું કારણ મને કહો.”

સૂતપુરાણીએ કહ્યું:–“ હે શૌનક ! પરીક્ષિતના પુત્ર રાજા જનમેજયને ત્યાં યજ્ઞક્રિયા ચાલી રહી હતી અને જૂદાં જૂદાં સર્વ કર્મો વિધિ પ્રમાણે થઇ રહ્યાં હતાં, ત્યારે મહારાજા જનમેજયે વેદના ભંડારરૂપ અને પોતાના પિતામહના પણ પિતામહ પ્રભુ વ્યાસઋષિને આ પ્રમાણે પૂછ્યું.

જનમેજયે પૂછ્યું:–“દેવર્ષિ નારદ, ભગવાનના વચનનું સ્મરણ કરતા કરતા શ્વેતદ્વીપમાંથી પાછા ફર્યા તે પછી તેમણે શું કર્યું ? નારદ બદરિકાશ્રમમાં આવીને ઋષિ નરનારાયણને મળ્યા પછી કેટલા કાળપર્યંત ત્યાં રહ્યા હતા? અને તેમણે કયી કયી કથાઓ પૂછી હતી? હે બ્રહ્મન્! ખરેખર, આ કથારૂપી અમૃત, કે જે જ્ઞાનનો એક ભંડારજ છે અને સર્વના કરતાં ઉત્તમ છે, તેને દહીંમાંથી જેમ માખણ કાઢવામાં આવે, મલયાચલમાંથી જેમ ચંદન કાઢવામાં આવે, વેદોમાંથી જેમ આરણ્યક ઉપનિષદ્ કાઢવામાં આવે અને ઔષધિઓમાંથી જેમ અમૃત કાઢવામાં આવે, તેમ એક લાખ શ્લોકવાળા મહાભારતના વિશાળ આખ્યાનમાંથી, બુદ્ધિરૂપી રવૈયાવડે ખૂબ મથીને બહાર કાઢવામાં આવ્યું છે.[૬–૧૩] હે તપોનિધિ ! તમે જે આખ્યાન કહ્યું છે, તે ખરેખર નારાયણની કથાનોજ આશ્રય કરનારૂં છે. અહો! પ્રાણીમાત્રનું રક્ષણ કરનારા અને સર્વના ઈશ્વર ભગવાન નારાયણ દેવ કોઇ અલૌકિક તત્ત્વ છે; અને હે ઉત્તમ બ્રાહ્મણ! નારાયણનું તેજ દર્શન કરવા માટે દુર્લભજ છે. જેમાં બ્રહ્માદિ દેવતાઓ, ઋષિઓ, ગંધર્વો અને સ્થાવરજંગમ સર્વ જગતનો પ્રલયકાળે સમાવેશ થઇ જાય છે, તે નારાયણના જેવું પવિત્ર બીજું એક પણ તત્ત્વ સ્વર્ગ કે પૃથ્વીમાં નથીજ, એમ હું માનું છું;[૧૪–૧૬] તેમજ નારાયણની કથાનું શ્રવણ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે સર્વ આશ્રમોમાં નિવાસ કરવાથી કે સર્વ તીર્થોમાં સ્નાન કરવાથી પણ પ્રાપ્ત થતું નથી.[૧૭] અમે તો જગતના ઈશ્વર હરિની સર્વ પાપોનો નાશ કરનારી કથાનું આદિથી શ્રવણ કરીને સર્વથા પવિત્રજ થઈ ગયા છીએ.[૧૮] મારી માન્યતા પ્રમાણે તેમાં કંઈ આશ્ચર્ય જેવું નથી કે, તે સમયના ભારતીય યુદ્ધમાં મારા પૂજ્ય (દાદા) અર્જુને વાસુદેવની સહાયતા લઇને ઉત્તમ વિજય મેળવ્યો હતો;[૧૯] કેમકે ત્રૈલોક્યના નાથ સાક્ષાત્ વિષ્ણુ ભગવાન જેને સહાય કરનારા હોય, તેને આ ત્રણે લોકમાં

કંઈપણ વસ્તુ અપ્રાપ્ય હોય, એમ હું માનતોજ નથી.[20] હે બ્રહ્મન્! તે મારા સર્વ પૂર્વજો ખરેખર, ધન્યવાદને પાત્રજ હતા; કેમકે ભગવાન જનાર્દન પોતે તેમનું હિત કરવામાટે તથા શ્રેય કરવામાટે સદા તત્પર રહેતા.[21] લોકમાં પૂજાયલા ભગવાન જનાર્દન, જેમનાં દર્શન કેવળ તપથીજ થઈ શકે છે અને જે શ્રીવત્સલાંછનથી શોભી રહેલા છે, તેમનાં તેઓએ સાક્ષાત દર્શન કર્યાં હતાં.[22] વળી તે મારા પૂર્વજોના કરતાં પણ પરમેષ્ઠિના પુત્ર નારદને હું વધારે ધન્ય માનું છું અને હું જાણું છું કે, અસ્ખલિત શક્તિવાળા નારદ ઋષિ મહાતેજસ્વી છે;[23] કારણકે જેણે શ્વેતદ્વીપમાં જઇને નારાયણનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં; પણ હે મુનિ! તે સમયે અનિરુદ્ધના શરીરમાં રહેલા દેવ નારાયણનું, તેમના પ્રસાદથીજ નારદને પ્રત્યક્ષ દર્શન થયું હતું; છતાં નારદ (મનુષ્યના શરીરમાં રહેલા) નરનારાયણનાં દર્શન કરવામાટે પુનઃ બદરિકાશ્રમમાં કેમ ગયા હતા? ત્યાં જવાનું નારદને શું પ્રયોજન હતું? તે મને કહો. પરમેષ્ઠીના પુત્ર નારદ શ્વેતદ્વીપથી પાછા ફરીને બદરિકાશ્રમમાં ગયા અને ત્યાં, ઋષિ નરનારાયણને મળીને કેટલા કાળપર્યંત રહ્યા તેમજ કયા કયા પ્રશ્નો તેમણે પૂછ્યા? વળી મહાત્મા નારદ, શ્વેતદ્વીપથી જ્યારે પાછા આવ્યા ત્યારે મહાત્મા નરનારાયણ ઋષિએ તેમને શું કહ્યું હતું? તે સર્વ યથાર્થરીતે તમે મને કહો."

× વૈશંપાયને કહ્યું:–" મહાતેજસ્વી ભગવાન વ્યાસને હું નમસ્કાર કરૂં છું, કે જેમના પ્રસાદથી નારાયણની આ કથા હું તને કહું છું. હે રાજન્! શ્વેતદ્વીપમાં, અવિનાશી ભગવાન નારાયણનાં દર્શન કરીને પાછા ફરેલા નારદઋષિ પરમાત્માએ આપેલા ઉપદેશને હૃદયમાં ધારણ કરતા એકદમ વેગથી મેરુ પર્વત ઉપર આવી પહોંચ્યા.[23-31] હે રાજા! મેરુપર્વત ઉપર આવ્યા પછી નારદના મનમાં મોટું આશ્ચર્ય એજ થયું કે, પોતે એટલે બધે દૂર જઇને પણ પુનઃ ક્ષેમકુશળ અહીં આવી પહોંચ્યા.[32] પછી મેરુપર્વત ઉપરથી ઉતરી પડીને તે ગંધમાદન પર્વત ઉપર આવ્યા અને ત્યાંથી આકાશમાર્ગે સત્વર પ્રયાણ કરીને બદરિકાશ્રમમાં જઇ પહોંચ્યા. ત્યાં જઇને તેમણે જોયું તો પુરાણ મહર્ષિ નરનારાયણ દેવ, ઘણુંજ મોટું તપ કરી રહ્યા હતા. તેઓ આત્મનિષ્ઠ જણાતા હતા, મહાન વ્રતને ધારણ કરનારા હતા, તેજથી સર્વ લોકને પ્રકાશિત કરનારા સૂર્ય કરતાં પણ અધિક જણાતા હતા, શ્રીવત્સના લાંછનવાળા હતા, પરમ પૂજ્ય હતા, જટામંડળને ધારણ કરનારા હતા, તેમની ભુજા ઉપર હંસનાં પગલાં જેવાં ચિહ્ન હતાં, તેમના બે ચરણોમાં ચક્રનાં લક્ષણ હતાં, તેમનાં વક્ષઃસ્થળ વિશાળ હતાં, તેમની ભુજાઓ લાંબી હતી, તેમના શરીરનો ચોતરફનો ભાગ મજબૂત હતો, તેમના મુખમાં સાઠ દાંતો હતા અને આઠ દાઢો હતી, તેમનો શબ્દ મેઘના ધ્વનિ જેવો ગંભીર હતો, તેમનાં મુખ સુંદર હતાં, તેમનાં લલાટ વિશાળ હતાં, તેઓની ભ્રમર, હડપચી અને નાસિકા મનોહર હતી અને તેઓ બન્નેનાં મસ્તક છત્રના જેવાં ગોળ હતાં. આવાં લક્ષણોથી યુક્ત તે બન્ને મહાપુરુષોનાં દર્શન કરીને નારદ હર્ષ પામ્યા અને તેઓ બન્નેએ પણ સ્વાગતવચન કહીને નારદની પૂજા કરી તથા શરીરસંબંધી કુશળતા પૂછી.[34-39] પછી પુરુષોમાં ઉત્તમ તે નરનારાયણને જોઈને નારદના મનમાં તે સમયે આવો વિચાર આવ્યો કે:–" ત્યાં શ્વેતદ્વીપમાં પ્રાણીમાત્રથી નમસ્કાર કરાયલા જે મહાપુરુષો મારા જોવામાં આવ્યા હતા, તેઓના જેવાજ આ બન્ને મહર્ષિઓ છે." મનમાં આવો વિચાર કરીને નારદે, તેઓ બન્નેને પ્રદક્ષિણા કરી અને પછી એક પાટલા ઉપર બિછાવેલા પવિત્ર દર્ભાસન ઉપર તે બેઠા. તપ, યશ અને તેજના નિવાસસ્થાનરૂપ અને શમદમાદિ ગુ-

---

× જનમેજયે વ્યાસને પ્રશ્ન કર્યો અને તેનો ઉત્તર આપ્યો વૈશંપાયને, એ કંઇ ગોટાળા જેવું લાગે છે; તોપણ તેનું સમાધાન કદાચ આ પ્રમાણે થઇ શકે ખરૂં. જેમકે, પોતાની સમીપમાં બેઠેલા ગુરુ વ્યાસની આજ્ઞા લઇને શિષ્ય વૈશંપાયનેજ જનમેજયને ઉત્તર આપ્યો હશે.

ણોથી યુક્ત તે બન્ને ઋષિઓએ પણ પોતાનું સવારનું કૃત્ય કરી લીધા પછી શાંતચિત્તે પાદ્ય તથા અર્ઘ્ય અર્પણ કરીને નારદની પૂજા કરી અને પછી અતિથિસત્કાર તથા આહ્નિક ક્રિયાઓ જેઓએ સંપૂર્ણ કરી હતી, એવા તે બન્ને મહાપુરુષો નારદની સમીપમાંજ બે પાટલાઓ ઉપર બેઠા. આ રીતે તેઓ ત્રણે જણા જ્યારે ત્યાં બેઠા, ત્યારે તે બદરિકાશ્રમનો પ્રદેશ, ઘીની આહુતિઓવડે ભડભડાટ પ્રજ્વલી રહેલી જ્વાળાઓવાળા ત્રણ અગ્નિઓવડે જેમ યજ્ઞમંડપ શોભે તેમ શોભી રહ્યો હતો. પછી વિશ્રાંતિપૂર્વક સુખેથી બેઠેલા અને જેમનો અતિથિસત્કાર કરવામાં આવ્યો હતો, એવા તે નારદને નારાયણે આ પ્રમાણે પૂછ્યું.

નરનારાયણ બોલ્યાઃ–“ સનાતન પરમાત્મા ભગવાન નારાયણ, જે અમારી મૂળપ્રકૃતિરૂપ છે, તેમનાં તેં શ્વેતદ્વીપમાં દર્શન કર્યાં કે ?”

નારદે કહ્યું:–“ વિશ્વરૂપને ધારણ કરનારા શ્રીમાન અવિનાશી પુરુષનાં મેં દર્શન કર્યાં; તેમજ શ્વેતદ્વીપમાં વસનારા મનુષ્યો, દેવો અને ઋષિઓને પણ મેં જોયા. વળી સનાતન પુરુષ–તમને બન્નેને જોઇને હમણાં પણ તે નારાયણનાંજ મને દર્શન થાય છે;[૪૦–૪૮] કેમકે જે લક્ષણો, અવ્યક્તસ્વરૂપને ધારણ કરનારા તે હરિમાં મેં જોયાં છે, તેજ લક્ષણો વ્યક્તસ્વરૂપને ધારણ કરનારા તમારા બન્નેમાં હું જોઇ રહ્યો છું.[૪૯] ત્યાં શ્વેતદ્વીપમાં તમને બન્નેને દેવ નારાયણની સમીપમાં ઉભેલા મેં જોયા હતા, તેથીજ પરમાત્માએ જેવી મને આજ્ઞા આપી કે તુરતજ હું અહીં આવ્યો છું.[૫૦] ખરેખર, આ ત્રણે જગતમાં ધર્મના પુત્ર તમારા બેવિના બીજો કયો પુરુષ છે, જે તેજ, યશ અને શોભામાં તે ભગવાનની તુલના કરી શકે ?[૫૧] તે ભગવાને સમગ્રક્ષેત્રજ્ઞ નામનો ધર્મ મને કહી સંભળાવ્યો છે અને ભવિષ્યમાં તેમના જે જે અવતારો થવાના છે, તે પણ મને કહ્યા છે.[૫૩] ત્યાં શ્વેતદ્વીપમાં, શ્વેતવર્ણવાળા જે પુરુષો નિવાસ કરે છે, તેઓ સર્વ પાંચ ઇંદ્રિયોના વિષયભોગથી રહિત છે, જ્ઞાનસંપન્ન છે અને નિત્ય પરમ ભક્તિપૂર્વક પુરુષોત્તમ નારાયણદેવનું પૂજન કર્યા કરે છે; તેમજ ભક્તો અને બ્રાહ્મણો ઉપર પ્રેમ રાખનારા પરમાત્મા નારાયણ ભગવાન પણ તે પુરુષોથી નિત્ય પૂજાઇને તેઓની સાથે રમણ કર્યા કરે છે. તે ભગવાન વિશ્વના ભોક્તા છે, સર્વત્ર વ્યાપક છે, માયાસાથે ક્રીડા કરનારા છે, લક્ષ્મીના પતિ છે, ભક્તો ઉપર વહાલ રાખનારા છે, કર્તારૂપ છે, કારણરૂપ છે, કાર્યરૂપ છે, અતિશય બળવાન અને તેજસ્વી છે, જગતના હેતુરૂપ છે, આજ્ઞારૂપ છે, ક્રિયારૂપ છે, વસ્તુતત્ત્વરૂપ છે અને મહાન યશસ્વી છે.[૫૪–૫૬] વળી તે પરમાત્મા પોતાના આત્માને તપસાથે યોજીને શ્વેતદ્વીપથી પણ પર રહેલા સ્વયંપ્રકાશ તેજરૂપે પ્રસિદ્ધ થયા છે[૫૭] અને તે શુદ્ધાત્મા ભગવાને ત્રણે જગતમાં શાંતિ ઉત્પન્ન કરી છે તથા હજી પણ તેવી શાંતિ પ્રસારવાની શુભ બુદ્ધિથી નૈષ્ઠિક વ્રતપાલનનો તેમણે નિયમ કર્યો છે.[૫૮] દેવોના નિયંતા તે ભગવાન, જે સ્થળે ઉગ્ર તપશ્ચર્યા કરે છે, તે સ્થળે સૂર્ય તપતો નથી, ચંદ્ર પ્રકાશતો નથી અને વાયુ પણ વાતો નથી.[૫૯] વિશ્વના સ્રષ્ટા તે પરમાત્મા, (તપશ્ચરણના આરંભસમયે) પૃથ્વી ઉપર આઠ આંગળની ઉંચાઇવાળી એક વેદિકા તૈયાર કરીને તેનાપર એક પગે ઉભા રહે છે અને બાહુઓ ઉંચા રાખી તથા ઉત્તર દિશા તરફ મુખ કરીને અંગસહિત વેદોનું આવર્તન કરતા કરતા મહાદુશ્ચર તપ કરે છે. બ્રહ્મા, ઋષિઓ, શંકર પોતે, બાકીના ઉત્તમ દેવતાઓ, દૈત્યો, દાનવો, રાક્ષસો, નાગો, ગરુડો, ગંધર્વો, સિદ્ધો અને રાજર્ષિઓ નિત્ય વિધિપૂર્વક જે હવ્યકવ્ય અર્પણ કરે છે તે સમગ્ર, દેવ નારાયણના ચરણમાં પ્રાપ્ત થાય છે;[૬૦–૬૩] તેમજ જેઓની બુદ્ધિ કેવળ એક પરમાત્મામાંજ લીન થયેલી હોય છે, તેવા પુરુષો જે જે ક્રિયાઓ કરે છે, તે સર્વ ક્રિયાઓનો નારાયણ દેવ પોતે પોતાના મસ્તકવડે સ્વીકાર કરે છે.[૬૪] આ ત્રણે લોકમાં જે મહાત્માઓ જ્ઞાનસંપન્ન હોય છે, તેઓવિના બીજો કોઇ પણ

પુરુષ તે પરમાત્માને અત્યંત પ્રિય નથી; અને તેઓ કરતાં પણ જે પુરુષ તેમના એકાંતભાવને પ્રાપ્ત થયેલો છે, તે તેમને અત્યંત પ્રિય છે.[૬૫] સર્વના પરમાત્મા ભગવાન હરિએ પોતેજ મને એ પ્રમાણે કહ્યું છે અને તે દેવે, મને આજ્ઞા આપી છે તેથીજ હું અહીં આવ્યો છું; માટે હવે તો તેમની ભક્તિ કરવામાંજ તત્પર રહીને અહીં તમારી બન્નેની સાથે નિત્ય રહીશ."[૬૫-૬૭]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
" નારાયણચરિત્ર " એ વિષયનો
અધ્યાય ૩૪૩ મો સમાપ્ત.

અધ્યાય ૩૪૪ મો

એકાંતિક ભકતોજ પરમાત્માને પામે છે.

॥ नरनारायणावूचतुः ॥

धन्योऽस्यनुगृहीतोऽसि यत्ते दृष्टः स्वयं प्रभुः॥
न हि तं दृष्टवान् कश्चित् पद्मयोनिरपि स्वयम्॥

નરનારાયણે કહ્યું:-" હે નારદ! તને ધન્ય છે. તાર ઉપર પરમાત્માએ કૃપા કરી છે; કેમકે પ્રભુ નારાયણનાં તને સાક્ષાત્ દર્શન થયાં છે. ખરેખર, બ્રહ્મદેવે પોતે પણ તે ભગવાનનાં દર્શન કર્યાં નથી, તોપછી બીજો પુરુષ તો તેમનાં દર્શનને ક્યાંથીજ પામી શકે?[૧] હે નારદ! પ્રકૃતિના પણ આદિકારણરૂપ ભગવાન પુરુષોત્તમનાં દર્શન, મહાકષ્ટથી થઇ શકે છે, આ અમે કહેલું વચન તારે સત્ય જાણવું.[૨] હે ઉત્તમ બ્રાહ્મણ! એ ભગવાનને પોતાના ભક્ત કરતાં અધિક પ્રિય લોકમાં કોઇ પણ નથી અને તેથીજ તેમણે પોતાનાં પ્રત્યક્ષ દર્શન તને દીધાં છે.[૩] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! એ પરમાત્મા જે સ્થાને તપ કરે છે, તે સ્થાનને અમારા બેવિના બીજો કોઇ પણ પુરુષ પ્રાપ્ત કરી શકતો નથી.[૪] ભગવાન પોતે તે સ્થાન ઉપર વિરાજી રહેલા છે, તેથી તે સ્થાનની કાંતિ, એક હજાર સૂર્યના કરતાં પણ અધિક છે.[૫] હે ક્ષમાશીલ પુરુષોમાં શ્રેષ્ઠ નારદ! જગતને ઉત્પન્ન કરનારા અને સર્વના પતિ તે નારાયણદેવથી ક્ષમા ઉત્પન્ન થાય છે અને તે ક્ષમા પૃથ્વીમાં દાખલ થાય છે.[૬] પ્રાણીમાત્રનું હિત કરનારા તે આદિ દેવથી રસ ઉત્પન્ન થાય છે અને તે રસ જળમાં દાખલ થાય છે, જેથી જળ પ્રવાહીપણાને પામે છે.[૭] તેમજ એ પરમાત્માથીજ રૂપ-ગુણવાળું તેજ ઉત્પન્ન થાય છે, જે સૂર્યમાં દાખલ થવાથી સૂર્ય પ્રકાશે છે.[૮] પુરુષોમાં ઉત્તમ તે નારાયણદેવથી સ્પર્શગુણ ઉત્પન્ન થાય છે અને તેવડે જોડાયલો વાયુ લોકોમાં વાયા કરે છે.[૯] સર્વ લોકના ઈશ્વર તે પ્રભુથી શબ્દગુણ ઉત્પન્ન થાય છે, જેનાવડે જોડાયલું આકાશ સર્વત્ર ખુલ્લું રહી શકે છે.[૧૦] વળી તે નારાયણદેવથીજ પ્રાણીમાત્રમાં રહેનારૂં મન ઉત્પન્ન થાય છે, જેનાવડે યુક્ત થયેલો ચંદ્રમા પ્રકાશગુણને ધારણ કરે છે.[૧૧] એ રીતે પ્રાણીમાત્ર જેમાંથી ઉત્પન્ન થાય છે, તે સ્થાનને વેદમાં 'સત્' કહેવામાં આવે છે અને તે સ્થાનમાં હવ્યકવ્યનું ભોજન કરનારા ભગવાન પોતે વિદ્યાની સાથે નિવાસ કરે છે;[૧૨] પરંતુ હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! લોકમાં પુણ્યપાપથી રહિત થઇને જેઓ શુદ્ધ થયેલા હોય છે અને કલ્યાણકારી માર્ગમાં જેઓ ગમન કરી રહ્યા હોય છે, તે પુરુષોને સર્વત્ર અંધકારનો નાશ કરનારો આદિત્યજ મોક્ષના દ્વારરૂપ થઇ પડે છે; (અર્થાત્ તેઓ પ્રથમ આદિત્યમંડળમાંજ પ્રવેશ કરે છે) અને સૂર્યના તેજથી ભસ્મીભૂત થયેલા તે પુરુષો કેવળ પરમાણુસ્વરૂપ થઈ જઇને તે દેવમાં પ્રવેશ કરે છે. પછી ત્યાંથી પણ મુક્ત થઈને તેઓ અનિરુદ્ધના શરીરમાં દાખલ થાય છે અને ત્યાં મનરૂપ થઈને પ્રદ્યુમ્નમાં પ્રવેશ કરે છે. વળી પ્રદ્યુમ્નમાંથી પણ નીકળીને તેઓ જીવરૂપ સંકર્ષણના શરીરમાં દાખલ થાય છે અને પછી જ્ઞાનયુક્ત તે શ્રેષ્ઠ બ્રાહ્મણો તથા ભક્તો, ત્રણે ગુણોથી રહિત થઇને તુરતજ પરમાત્માના સ્વરૂપમાં પ્રવેશ કરે છે.[૧૩-૧૭] આ રીતે શ્રેષ્ઠ એવા બ્રાહ્મણો, નિર્ગુણ સ્વરૂપ ક્ષેત્રજ્ઞમાં પ્રવેશ કરે છે. તારે જાણવું કે, સર્વના નિવાસસ્થાનરૂપ વાસુદેવજ ખરીરીતે ક્ષેત્રજ્ઞ છે.[૧૮] જે પુરુષો મનને એકાગ્ર કરનારા છે, નિયમનિષ્ઠ છે, ઈ-

દ્રિયોને વશ રાખનારા છે અને એકાંતભાવને પ્રાપ્ત થયેલા છે, તે પુરુષોજ વાસુદેવમાં પ્રવેશ કરી શકે છે.[૧૯] હે ઉત્તમ બ્રાહ્મણ! અમે બન્ને જણા પણ ધર્મને ઘેર ઉત્પન્ન થઇને આ સુંદર બદરિકાશ્રમમાં રહ્યા છીએ અને ઉગ્ર તપ કર્યા કરીએ છીએ.[૨૦] હે દ્વિજ! તે નારાયણદેવના, દેવતાઓને પ્રિય એવા જે જે અવતારો જગતમાં પ્રકટ થશે, તેઓ સર્વનું કલ્યાણ થાઓ, એમ અમે ઇચ્છીએ છીએ. હે દ્વિજોમાં ઉત્તમ! પોતપોતાના વિધિનું પૂર્વની પેઠેજ અમે આચરણ કરીએ છીએ અને 'સર્વકૃચ્છ્ર' નામના વ્રતનું રૂડી રીતે અમે પાલન કરીએ છીએ, જેથી હે તપોધન! અમે બન્નેએ પણ શ્વેતદ્વીપમાં તને જોયો હતો. ત્યાં તું ભગવાનની સાથે મળ્યો હતો અને મનમાં સંકલ્પવિકલ્પ કરતો હતો. વળી હે મહામુનિ! સ્થાવરજંગમ ત્રણે જગતમાં જે કંઇ શુભ–અશુભ થવાનું છે અને વર્તમાન સમયમાં જે કંઇ શુભ–અશુભ થઇ રહ્યું છે, તે સર્વ દેવના દેવ નારાયણે તને કહ્યું છે, એ સમગ્ર અમે જાણીએ છીએ."[૨૧–૨૪]

વૈશંપાયને કહ્યું:–" હે જનમેજય! મહાઉગ્ર તપ કરનારા તે નરનારાયણ ઋષિનું એ વાક્ય સાંભળીને નારદ, બે હાથ જોડીને નારાયણની ભક્તિ કરવા તત્પર થયા અને નારાયણના અનેક મંત્રો જપવા લાગ્યા. પછી દેવતાઓનાં એક હજાર વર્ષોસુધી નરનારાયણના આશ્રમમાં રહીને મહાતેજસ્વી ભગવાન નારદઋષિ, દેવ પરમાત્માનું તથા નરનારાયણનું પૂજન કરવા લાગ્યા.[૨૫–૨૭]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
" નારાયણચરિત્ર " એ વિષયનો
અધ્યાય ૩૪૪ મો સમાપ્ત.

અધ્યાય ૩૪૫ મો

પિતૃપિંડની કથા

॥ वैशंपायन उवाच ॥

कस्यचित्त्वथ कालस्य नारदः परमेष्ठिजः ॥
दैवं कृत्वा यथान्यायं पित्र्यं चक्रे ततः परम् ॥

વૈશંપાયને કહ્યું:–હે જનમેજય! કોઇએક સમયે બ્રહ્માના પુત્ર નારદે, દેવોનું કર્મ કર્યા પછી વિધિપૂર્વક પિતૃઓનું કર્મ કર્યું.[૧] તે જોઇ ધર્મના મોટા પુત્ર પ્રભુ નારાયણે, તેને આવું વચન કહ્યું:–" હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તું દેવોનું તથા પિતૃઓનું કર્મ કરીને કોનું પૂજન કરે છે?[૨] હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ નારદ! તે, તું મને શાસ્ત્રાનુસાર કહે. તું આ કયું કર્મ કરે છે? અને તેના કયા ફળની ઇચ્છા રાખે છે?"[૩]

નારદે કહ્યું:–" તમે પોતેજ પ્રથમ મને કહ્યું છે કે, દેવોનું કર્મ અવશ્ય કરવું જોઇએ અને શ્રેષ્ઠ યજ્ઞરૂપ સનાતન પરમાત્માજ સર્વ દેવરૂપ છે.(એવી ભાવના કરવી જોઇએ.)"[૪] તમારા એ કહેવાપ્રમાણે નિત્ય અવિનાશી ભગવાન વૈકુંઠનીજ ભાવના કરીને હું દેવનું તથા પિતૃઓનું કર્મ કરૂં છું. પૂર્વે લોકના પિતામહ બ્રહ્મા, એ વૈકુંઠ ભગવાનથીજ ઉત્પન્ન થયા છે[૫] અને તે બ્રહ્માએ પ્રસન્ન થઇને મારા પિતા* પ્રજાપતિને ઉત્પન્ન કર્યા છે. હું પ્રથમ બ્રહ્મદેવનો માનસપુત્ર હતો.[૬] હે સત્પુરુષ! હું, પ્રથમ નારાયણની પૂજા કરીને પિતૃઓનું યજન કરૂં છું; કેમકે તે નારાયણ ભગવાન સર્વના પિતા છે, માતા છે અને પિતામહ છે.[૭] તેમજ સર્વ પ્રકારના પિતૃયજ્ઞમાં જગતપતિ નારાયણનુંજ નિત્ય પૂજન કરવામાં આવે છે, તોપણ બીજી એક શ્રુતિ પ્રસિદ્ધ છે કે, પૂર્વે પિતૃઓએ પોતાના પુત્રોનું× પૂજન કર્યું હતું, કેમકે પિતૃઓ, વેદશ્રુતિને જ્યારે ભૂલી ગયા હતા, ત્યારે તેઓના પુત્રોએ તેઓને વેદાધ્યયન કરાવ્યું હતું અને તે-

---

* ટીકાકાર નીલકંઠ લખે છે કે, દક્ષના શાપથી નારદને પ્રજાપતિને ત્યાં પુનર્જન્મ લેવો પડયો હતો, એમ હરિવંશમાં છે.

× આવી એક પ્રસિદ્ધ આખ્યાયિકા છે કે, અગ્નિષ્વાત્ત વગેરે પોતાના પુત્રોને વેદાધ્યયન કરાવીને પિતૃઓ, અસુરોસાથે યુદ્ધ કરવા ગયા હતા. ત્યાં તેઓને ઘણાજ લાંબા સમયસુધી રહેવું પડયું તેથી તેઓ વેદ ભૂલી ગયા. પછી પોતાના પુત્રો પાસેથી તેઓએ વેદાધ્યયન કર્યું, માટે પુત્રો પિતૃઓના ગુરુ થયા. આવા આશયથીજ અહીં કહેવામાં આવ્યું છે કે, પિતૃઓએ પોતાના પુત્રોનું પૂજન કર્યું.

થીજ મંત્રો ભણાવનારા પુત્રો, પિતૃપણાને પામ્યા હતા.[૮,૯] આ વાત દેવો અને શુદ્ધાત્મા તમે બન્ને જણા અવશ્ય જાણો છો કે, પૃથ્વીપર પ્રથમ દર્ભ મૂકયા પછી તેઓના પર પિતૃઓના ઉદ્દેશથી ત્રણ પિંડો મૂકીને પુત્રો તથા પિતાઓએ અન્યોન્યનું પૂજન કર્યું હતું; પરંતુ મને એક શંકા થાય છે કે, પિતૃઓ પૂર્વે પિંડસંજ્ઞાને કેવી રીતે પામ્યા ?"[૧૦,૧૧]

નરનારાયણે કહ્યું:—"પૂર્વે સમુદ્રસુધીની આ સમગ્ર પૃથ્વી જળમાં ડૂબી ગઇ હતી, તેથી ભગવાન ગોવિંદે સત્વર વરાહનું સ્વરૂપ ધારણ કરીને તેનો ઉદ્ધાર કર્યો હતો.[૧૨] તે સમયે જળના કાદવથી ખરડાયલા શરીરવાળા ભગવાન પુરુષોત્તમે પૃથ્વીને પોતાના સ્થાનપર સ્થાપી હતી અને પછી લોકોનું કાર્ય કરવામાટે તે તૈયાર થયા હતા.[૧૩] સૂર્ય જ્યારે મધ્યપ્રદેશમાં આવી પહોંચ્યો હતો અને આહ્નિક કૃત્ય કરવાનો જ્યારે સમય થયો હતો, ત્યારે હે નારદ ! પ્રભુ વરાહ ભગવાને પૃથ્વીપર દર્ભ પાથરીને, પોતાની દાઢોપર વળગી રહેલા ત્રણ પિંડો, તેનાપર મૂક્યા. પછી તે પિંડોમાં પોતાના સ્વરૂપનીજ ભાવના કરીને તેમણે યથાવિધિ પિતૃકર્મ કર્યું.[૧૪,૧૫] એ રીતે પ્રભુ વરાહ ભગવાને ત્રણ પિંડોમાં પોતાનાજ સ્વરૂપની કલ્પના કરીને, પોતાના ગાત્રની ગરમીથી ઉત્પન્ન કરેલા સ્નેહપૂર્ણ તલથી તેનાપર પ્રોક્ષણ કર્યું હતું અને પછી તે દેવેશ, પૂર્વતરફ મુખ કરીને ઉભા રહ્યા હતા અને લોકોમાં મર્યાદા સ્થાપવામાટે આવું વચન બોલ્યા હતા.

વૃષાકપિ(ભગવાન વરાહમૂર્તિ)એ કહ્યું:—"લોકનો સ્રષ્ટા હું પોતેજ પિતૃઓને સરજવા માટે તૈયાર થયો છું, જેથી પિતૃકાર્યના ઉત્તમ વિધિ કયા? આવો મનમાં હું વિચાર કરતો હતો કે તુરતજ મારી દાઢો ઉપરથી દક્ષિણ દિશાની ભૂમિ ઉપર ત્રણ પિંડો પડયા, માટે એ ત્રણ પિંડનેજ પિતૃઓ જાણવા.[૧૮,૧૯] જો કે, એ ત્રણે પિંડો મૂર્તિરહિત હોઇને માત્ર ગોળાકાર સ્વરૂપનેજ ધારણ કરનારા છે, તોપણ તેઓ મેં ઉત્પન્ન કરેલા સનાતન પિતૃઓતરીકે લોકમાં પ્રસિદ્ધ થાઓ.[૨૦] પિતા, પિતામહ અને પ્રપિતામહ—એમ ત્રણસ્વરૂપે હું પોતેજ એ ત્રણે પિંડોમાં રહેલો છું, એમ જાણવું.[૨૧] મારાથી અધિક બીજો કોઈ પણ નથી, જેથી મારે પોતાને બીજા કોનું પૂજન કરવું ? આ જગતમાં મારો પિતા કોણ છે? માત્ર હુંજ સર્વનો પિતા છું, પિતામહ છું અને પ્રપિતામહ છું, આવા કારણથીજ આ ત્રણ પિંડોમાં હું નિવાસ કરૂં છું."

હે વિપ્ર! એ પ્રમાણે કહીને દેવના દેવ ભગવાન વૃષાકપિએ, એ ત્રણે પિંડોને વિસ્તારપૂર્વક વરાહ પર્વત ઉપર મૂકયા અને પછી તેમાં પોતાનુંજ પૂજન કરીને ત્યાં અંતર્ધાન થઈ ગયા. હે બ્રાહ્મણ ! પૂર્વે પિતૃઓ પિંડસંજ્ઞાને પામ્યા, તેમાં વસ્તુસ્થિતિ તે પ્રકારની છે અને હજીસુધી પણ તેઓ વૃષાકપિના વચનપ્રમાણે નિત્ય પૂજાય છે.[૨૨-૨૫] જે પુરુષો પિતૃઓનું, દેવોનું, અતિથિઓનું, ગાયોનું, ઉત્તમ બ્રાહ્મણોનું, પૃથ્વીનું તથા માતાનું મન, વચન ને કર્મથી નિત્ય પૂજન કરે છે, તેઓ વસ્તુતઃ વિષ્ણુ ભગવાનનુંજ પૂજન કરે છે; કેમકે તે ભગવાન પ્રાણીમાત્રના શરીરમાં રહેલા છે.[૨૬,૨૭] અમે સાંભળ્યું છે કે, સર્વના આત્મા મહાત્મા નારાયણ સર્વ પ્રાણીમાં સમાનરીતે રહેલા છે અને સુખદુઃખના મહાન ઈશ્વર છે."[૨૮]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "નારાયણચરિત્ર" એ વિષયનો અધ્યાય
૩૪૫ મો સમાપ્ત.

અધ્યાય ૩૪૬ મો

વાસુદેવની પ્રશંસા

॥ वैशंपायन उवाच ॥

श्रुत्वैतन्नारदोवाक्यं नरनारायणेरितम् ॥
अत्यंतं भक्तिमान् देवे एकांतित्वमुपेयिवान्॥

વૈશંપાયને કહ્યું:—"હે જનમેજય ! નરનારાયણે કહેલું એ વાકય સાંભળીને નારદ, દેવ નારાયણ ઉપર અત્યંત ભક્તિવાળા થયા અને

કેવળ તેમનુંજ ધ્યાન કરવા લાગ્યા.[૧] પછી નરનારાયણના આશ્રમમાં એકહજાર વર્ષસુધી રહીને, ભગવાનના આખ્યાનનું શ્રવણ કરી તેમજ અવિનાશી હરિનો સાક્ષાત્કાર કરી, હિમાલયમાં આવેલા પોતાના આશ્રમમાં તે ચાલ્યા ગયા; અને પ્રખ્યાત તપ કરનારા ઋષિ નરનારાયણ પણ નારદના ગયા પછી તેજ સુંદર આશ્રમમાં રહીને ઉત્તમ તપ કરવા લાગ્યા. હે રાજા ! અમાપ પરાક્રમવાળા અને પાંડવોના કુલધુરંધર તેં પણ આજે આ કથાનું આદિથી શ્રવણ કર્યું; તેથી તારો આત્મા પવિત્ર થયો છે; પરંતુ હે મહારાજા ! જે પુરુષ મન, વચન કે કર્મથી અવિનાશી દેવ વિષ્ણુનો દ્વેષ કરે છે, તે પુરુષને આ લોકમાં જ્યારે સુખ મળતું નથી ત્યારે પરલોકમાં તો કયાંથીજ મળે ? એટલુંજ નહિ પણ દેવોમાં શ્રેષ્ઠ દેવ નારાયણ હરિનો જે દ્વેષ કરે છે, તેના પિતૃઓ અનંતકાળપર્યંત નરકમાં સબડયા કરે છે. હે પુરુષોમાં વ્યાઘ્રસમાન રાજા ! જગતનો કોઇ પણ મનુષ્ય પોતાના આત્માનો દ્વેષ કેમ કરે ? અને ખરૂં જોતાં વિષ્ણુ એજ સર્વના આત્મા છે, આવો શાસ્ત્રસિદ્ધાંત છે. હે તાત ! ગંધવતીના પુત્ર વ્યાસ ઋષિ, જે અમારા ગુરુ છે, તેમણે કહેલું આ ઉત્તમ માહાત્મ્ય તેમની પાસેથીજ મેં સાંભળ્યું છે અને હે નિર્દોષ રાજા ! તેજ આખ્યાન મેં તને કહ્યું છે;[૨–૯] પણ હે રાજા ! નારદઋષિએ તો જગતના નાથ સાક્ષાત્ નારાયણ પાસેથી રહસ્ય અને સંગ્રહસહિત આ ધર્મ સંપાદન કર્યો હતો[૧૦] અને હે મહારાજા ! તેજ મહાન ધર્મ, પૂર્વે હરિગીતામાં મેં તને સંક્ષેપમાં વિધિપૂર્વક કહ્યો છે.[૧૧] હે પુરુષવ્યાઘ્ર ! તારે એમજ સમજવું કે, કૃષ્ણદ્વૈપાયન વ્યાસ ઋષિ, પૃથ્વીપર સાક્ષાત્ નારાયણરૂપજ છે; કેમકે તે પ્રભુવિના બીજો કયો પુરુષ મહાભારત જેવો ગ્રંથ રચી શકે ? અને જૂદા જૂદા ધર્મોનું પ્રવચન કરી શકે ?[૧૨,૧૩] હવે તેં ધર્મનું યથાર્થ તત્ત્વ સાંભળ્યું છે. વળી અશ્વમેધ યજ્ઞ કરવાનો તેં સંકલ્પ પણ કર્યો છે. (માટે તે મહાયજ્ઞનો તું આરંભ કર)."[૧૪]

સૂતપુરાણીએ કહ્યું:–" હે શૌનક ! તે પછી મહારાજા જનમેજયે આ મહાન આખ્યાનનું શ્રવણ કરીને યજ્ઞની સમાપ્તિ કરવા માટે સર્વ સામગ્રીઓ તૈયાર કરવા માંડી.[૧૫] હે શૌનક ! તમે મને પ્રશ્ન પૂછયો હતો, માટે આ નારાયણનું આખ્યાન, નૈમિષારણ્યમાં નિવાસ કરનારા સર્વ ઋષિઓવચ્ચે મેં તમને કહી સંભળાવ્યું છે.[૧૬] પૂર્વે સર્વ ઋષિઓ, પાંડવો, શ્રીકૃષ્ણ અને ભીષ્મ–એ સર્વના સાંભળતાં નારદે, બૃહસ્પતિને આ આખ્યાન કહી સંભળાવ્યું હતું.[૧૭] એ નારાયણ મોટા એક ઋષિ છે, મનુષ્યો અને જગતના પતિ છે, વિશાળ પૃથ્વીને ધારણ કરનારા છે, વેદ અને વિનયના ભંડાર છે, શમ તથા નિયમના નિધિ છે, યમ તથા નિયમમાં પરાયણ રહેનારા છે અને દેવતાઓનું હિત કરનારા છે. તે શ્રીહરિ, હે ઉત્તમ બ્રાહ્મણ ! તમારૂં હિત કરનાર થાઓ અને તમારી ગતિરૂપ થાઓ.[૧૮] વળી જે ભગવાન અસુરોનો નાશકર્તા છે, તપના નિધિરૂપ છે, અતિમહાન યશના પાત્રરૂપ છે, મધુકૈટભનો વધ કરનાર છે, સત્યયુગના ધર્મવેત્તાઓને ગતિ આપનાર છે, પ્રાણીમાત્રને અભય આપનાર છે અને યજ્ઞના ભાગને ગ્રહણ કરનાર છે, તે શ્રીપરમાત્મા તમારા શરણરૂપ થાઓ;[૧૯] તેમજ જે નારાયણ ત્રણ ગુણોથી યુક્ત છે, ગુણોથી રહિત છે, (વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધરૂપ) ચાર મૂર્તિઓને ધારણ કરે છે, પૂર્ત (વાવ આદિ) અને ઈષ્ટ (અગ્નિહોત્રાદિ)ના ફળભાગને ગ્રહણ કરે છે, નિત્ય અજિત છે અને અત્યંત ચપળ છે, તે ભગવાન પુણ્યશાળી ઋષિઓને આત્મગતિ અર્પણ કરો.[૨૦] હે ઋષિઓ ! લોકના સાક્ષીરૂપ, અજન્મા, પુરાણપુરુષ, સૂર્યસમાન તેજસ્વી, સર્વના ઈશ્વર અને અનેકની ગાતરૂપ તે પરમાત્માને તમે એકાગ્રચિત્તથી પ્રણામ કરો; કેમકે શેષશાયી નારાયણ ભગવાન પણ તે વાસુદેવને પ્રણામ કરે છે.[૨૧] હે ઉદાર બુદ્ધિવાળા શૌનક ! લોકના ઉત્પત્તિસ્થાનરૂપ તે વાસુદેવ ભગવાન સર્વથી પર રહેલા અને

સૂક્ષ્મ એવા મોક્ષના પરમ પદરૂપ છે-મોક્ષનું પરમ સ્થાન છે; માટેજ બુદ્ધિદ્વારા મનનો સંયમ કરનારા સાંખ્યવેત્તા યોગીપુરુષો, એ સનાતન પદનો સ્વીકાર કરે છે. ”૨૨

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ નારાયણચરિત્ર ” એ વિષયનો અ૦
૩૪૬ મો સમાપ્ત.

અધ્યાય ૩૪૭ મો

હયગ્રીવ અવતાર અથવા મધુકૈટભવધ

॥ शौनक उवाच ॥

श्रुतं भगवतस्तस्य माहात्म्यं परमात्मनः ॥
जन्म धर्मगृहे चैव नरनारायणात्मकम् ॥१॥

શૌનકે પૂછ્યું:-હે સૂતપુરાણિ ! સર્વના પરમાત્મા ભગવાન નારાયણનું માહાત્મ્ય અમે સાંભળ્યું; તેમજ ધર્મને ઘેર નરનારાયણસ્વરૂપે થયેલો તેમનો જન્મ પણ અમે સાંભળ્યો.[૧] વળી ભગવાન મહાવરાહે ઉત્પન્ન કરેલી પુરાતની પિંડોત્પાત્ત અને પ્રવૃત્તિ તથા નિવૃત્તિના વિષયમાં જેનો જેવો અધિકાર હોય તે પ્રમાણે તેણે વર્તવું, એ વિષે પણ સાંભળ્યું;[૨] પણ હે નિર્દોષ બ્રહ્મન્ ! તમે પ્રથમ કહી ગયા છો કે, હવ્યકવ્યનું પ્રાશન કરનારા ભગવાન વિષ્ણુએ ઇશાનકોણમાં આવેલા મહાસમુદ્રની પાસે મોટું હયગ્રીવનું સ્વરૂપ પ્રકટ કર્યું હતું અને તે સ્વરૂપનાં પરમેષ્ઠી ભગવાન બ્રહ્મદેવે દર્શન કર્યાં હતાં;[૩,૪] તો, હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ સૂતપુત્ર ! લોકોને ધારણ કરનારા ભગવાન હરિએ, મહાન પુરુષોએ પણ નહિ જોયેલું તેવું અદ્ભુત સ્વરૂપ શામાટે પ્રકટ કર્યું હતું ? તે સ્વરૂપનો પ્રભાવ શો હતો ? અને હે મુનિ ! દેવતાઓમાં શ્રેષ્ઠ, મહાતેજસ્વી અને પવિત્ર તે અપૂર્વ હયગ્રીવનું સ્વરૂપ જોઇને બ્રહ્માએ શું કર્યું હતું ?[૫,૬] હે બ્રહ્મન્ ! જ્ઞાનથી ઉત્પન્ન થયેલો આ અમારો પુરાણ સંશય છે, માટે હે મહાબુદ્ધિમાન સૂત ! મહાપુરુષનો તે અવતાર કહીને અમારા સંશયને તમે દૂર કરો. ખરેખર, હે બ્રહ્મન્ ! મહાપવિત્ર કથાઓ કહીને તમે અમને પવિત્ર કર્યા છે.

સૂતપુરાણીએ કહ્યું:-હે શૌનક ! ભગવાન વ્યાસે, પરીક્ષિતના પુત્ર જનમેજયને જે કથા કહી સંભળાવી હતી, તેજ વેદતુલ્ય પુરાણકથા સંપૂર્ણરીતે હું તમને કહું છું. દેવ હરિએ, હયગ્રીવનું સ્વરૂપ ધારણ કર્યું હતું, એ સાંભળતાંજ રાજા જનમેજયને પણ સંશય થયો હતો તેથી તેણે આ પ્રમાણે પૂછ્યું હતું.

જનમેજયે પૂછ્યું:-“ હે મહર્ષિ ! આપે કહ્યું કે, પરમાત્માને ભગવાન બ્રહ્માએ હયગ્રીવસ્વરૂપમાં જોયા હતા, પરંતુ હું આપને પૂછું છું કે, ભગવાને હયગ્રીવનું સ્વરૂપ શામાટે ધારણ કર્યું હતું, તે મને કહો. ”

વૈશંપાયને કહ્યું:-“ હે રાજા ! આ જગતમાં જે કોઇ દેહધારી પ્રાણી છે, તે સર્વ ઈશ્વરના સંકલ્પથી ઉત્પન્ન થયેલાં પાંચ મહાભૂતોથી વ્યાપ્ત છે અને તે ઈશ્વર, વિરાટ્સ્વરૂપને ધારણ કરનારા જગતના સ્રષ્ટા પ્રભુ નારાયણજ છે.[૭-૧૨] આ નારાયણ પ્રાણીમાત્રના અંતરાત્મા છે, વરને આપનારા છે, સગુણ છે અને નિર્ગુણ પણ છે. હવે હે મહારાજા ! સર્વ ભૂતોનો અત્યંત પ્રલય કેવી રીતે થાય છે, તે હું તને કહું છું, સાંભળ. પૂર્વે પ્રલયકાળ જ્યારે ઉપસ્થિત થયો હતો, ત્યારે સર્વત્ર સમુદ્રરૂપ થયેલા જળમાં પૃથ્વીનો લય થઈગયો હતો, જળનો તેજમાં લય થઈ ગયો હતો, તેજનો વાયુમાં લય થઈગયો હતો, વાયુનો આકાશમાં લય થઈગયો હતો, આકાશનો મનમાં લય થઈ ગયો હતો, મનનો મહત્તત્ત્વમાં લય થઇ ગયો હતો, મહત્તત્ત્વનો પ્રકૃતિમાં લય થઈ ગયો હતો, પ્રકૃતિનો પુરુષમાં લય થઇ ગયો હતો અને પુરુષનો સર્વવ્યાપક પરમાત્મામાં લય થઇ ગયો હતો. ત્યારે, સર્વ અંધકારરૂપજ થઈ રહ્યું હતું (સર્વ વિશેષવિજ્ઞાનનો લોપજ થઈ ગયો હતો) અને કંઇપણ જણાતું ન હતું. (અર્થાત્ કોઇ પ્રકારનું વિશેષવિજ્ઞાન ઉપલબ્ધજ થતું ન હતું.)[૧૩-૧૬] પછી તે અંધકાર, જે સર્વના મૂળકારણરૂપ પરમાત્મામાં (દોરીમાં

દેખાતા સર્પની પેઠે) મિથ્યા દેખાતો હતો (પણ સત્ય ન હતો) તેથી (જગતના કારણરૂપ પરમ-વ્યોમ નામના) બ્રહ્મ ઉત્પન્ન થયા અને તેમણે પુરુષ-શરીરનો આશ્રય કરીને સર્વ પદાર્થોનાં નામરૂપ ધારણ કર્યાં.[૧૭] હે મહારાજા ! એ આદિ પુરુષનેજ અનિરુદ્ધ કહેવામાં આવે છે, એનેજ પ્રધાન કહે છે અને એનેજ ત્રિગુણાત્મા અવ્યક્ત કહે છે, એમ સમજવું.[૧૮] પછી વિદ્યાની સહાયતાવાળા દેવ વિષ્વક્સેન, કે જેમને પ્રભુ હરિ કહેવામાં આવે છે, તેમણે યોગનિદ્રાનો આશ્રય કરી જળમાં શયન કર્યું;[૧૯] અને બહુ ગુણોવાળી વિચિત્ર સૃષ્ટિ ઉત્પન્ન કરવાનો વિચાર કરવા માંડયો.* એટલે તુરતજ આત્માના ગુણોને ધારણ કરનારૂં મહત્તત્ત્વ ઉત્પન્ન થયું.[૨૦] એ મહત્તત્ત્વથી અહંકાર ઉત્પન્ન થયો, કે જેને ચતુર્મુખ બ્રહ્મા અથવા સર્વ લોકના પિતામહ ભગવાન 'હિરણ્યગર્ભ' કહેવામાં આવે છે.[૨૧] એ રીતે બ્રહ્માંડરૂપ કમળમાં ભગવાન અનિરુદ્ધથી ઉત્પન્ન થયેલા, કમળસમાન નેત્રવાળા અને મહાતેજસ્વી સનાતન બ્રહ્મા હજાર પાંખડીઓવાળા એક કમળમાં તે સમયે બેઠા હતા.[૨૨] પછી અદ્‌ભુત કાંતિવાળા તે બ્રહ્માએ ચોતરફ જોયું તો કેવળ જળમય થયેલા લોકો તેમના જોવામાં આવ્યા. પછી સત્વગુણમાં સ્થિતિ કરનારા મહા સમર્થ તે પરમેષ્ઠીએ, વિવિધ પ્રકારના ભૂતગણો ઉત્પન્ન કર્યાં;[૨૩] પરંતુ બ્રહ્મદેવે લોકોને ઉત્પન્ન કર્યાં તે પહેલાં જે કમળ ઉપર તે બેઠા હતા, તેની એક પાંખડી ઉપર સૂર્યસમાન તેજસ્વી બે જળબિંદુઓ નારાયણે મૂકી રાખ્યાં હતાં. એમાંનું એક બિંદુ તમોગુણથી પૂર્ણ હતું અને બીજું-બિંદુ રજોગુણથી ભરપૂર હતું.[૨૪] આદિઅંતરહિત ભગવાન નારાયણે, તે બિંદુઓમાંથી મધસમાન કાંતિવાળું અને સુંદર પ્રભાવવાળું જે એક બિંદુ હતું, તે સામે દૃષ્ટિ કરી કે તુરતજ તેમની આજ્ઞાનુસાર તમોગુણને ધારણ કરનારો મધુ નામનો દૈત્ય, તેમાંથી ઉત્પન્ન થયો અને તેજ પ્રમાણે બીજું બિંદુ જે કઠિન હતું, તેમાંથી રજોગુણને ધારણ કરનારો કૈટભ નામનો દૈત્ય ઉત્પન્ન થયો.[૨૫,૨૬] પછી રજોગુણ અને તમોગુણથી યુક્ત તે બન્ને દૈત્યો, કે જેઓ મહાબળવાન હતા, તેઓ બ્રહ્મદેવના કમળનો દાંડલો પકડીને ચોબાજુ દોડાદોડ કરવા લાગ્યા.[૨૭] તેવામાં કમળ ઉપર બેઠેલા મહાતેજસ્વી બ્રહ્મદેવ, તેઓના જોવામાં આવ્યા. તે સમયે બ્રહ્મદેવ, સુંદર શરીરવાળા ચારે વેદોનું પ્રથમજ આવર્તન કરી રહ્યા હતા.[૨૮] મહાસુર મધુ અને કૈટભે બ્રહ્માની સમીપમાં રહેલા મૂર્તિમાન વેદોને જોઇને તુરતજ બ્રહ્મદેવના દેખતાં વેદોને ઉઠાવી લીધા અને પછી તે બન્ને મોટા દાનવો સનાતન વેદોને લઇને જળથી ભરેલા મહાસાગરમાં થઇને સત્વર રસાતલમાં પેસી ગયા.[૨૯,૩૦] એ રીતે વેદોનું હરણ થયું, તેથી વેદરહિત થઇ પડેલા બ્રહ્મા શોકાતુર થઈ ગયા. તેમણે સર્વનિયંતા પરમાત્માને આ પ્રમાણે કહેવા માંડયું.[૩૧]

બ્રહ્મા બોલ્યાઃ–"અરેરે! વેદો મારાં ઉત્તમ નેત્ર હતાં, વેદો મારૂં શ્રેષ્ઠ બળ હતું, વેદો મારૂં પરમ તેજ હતું અને વેદો મારૂં સર્વોત્કૃષ્ટ બ્રહ્મ હતું.[૩૨] હાય! તે બન્ને દાનવો, મારી પાસેથી ચારેય વેદોનું બળાત્કારે હરણ કરી ગયા છે, જેથી વેદરહિત થઇ પડેલા મારા સર્વ લોક અંધકારમય થઇ ગયા છે.[૩૩] વેદોવિના લોકોની ઉત્તમ સૃષ્ટિ હું કેવી રીતે રચી શકીશ? અહો! વેદના નાશથી મારાપર મહાન દુઃખ આવી પડયું છે.[૩૪] મારૂં હૃદય, તીવ્ર શોકથી વ્યાપ્ત થઇને અત્યંત ગભરાય છે. હું શોકસાગરમાં ડૂબી રહ્યો છું. અરેરે! આ દુઃખસમુદ્રમાંથી હવે મારો કોણ ઉદ્ધાર કરશે? મારા નાશ પામેલા વેદોને કોણ લાવી આપશે? અને એવો હું કોને પ્રિય હોઈશ?"

હે મહાબુદ્ધિમાન મહારાજા ! બ્રહ્મદેવ, એ પ્રમાણે વિલાપ કરી રહ્યા હતા, તેવામાં તેમને એક બુદ્ધિ સૂઝી આવી કે "પરમાત્મા હરિની હું

---

* વૈદિક શ્રુતિમાં પણ કહ્યું છે કે,

"**स ऐक्षत बहु स्यां प्रजाः प्रजायेय**"

'પરમાત્માએ વિચાર કર્યો કે, હું અનેકરૂપે થાઉં અને પ્રજાઓ ઉત્પન્ન કરૂં."

સ્તુતિ કરૂં.”પછી પ્રભુ બ્રહ્મા બે હાથ જોડીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.[૩૫-૩૭]

બ્રહ્મા બોલ્યાઃ–“ હે બ્રહ્મહૃદય ! હું તમને નમસ્કાર કરૂં છું. હે મારા પૂર્વજ ! હું તમને પ્રણામ કરૂં છું. હે પ્રભો ! તમે લોકના આદ્ય છો, ભુવનમાં શ્રેષ્ઠ છો અને સાંખ્ય તથા યોગના નિધિ છો. હે પ્રાણીમાત્રના અંતરાત્મન્ ! તમે વ્યક્ત તથા અવ્યક્તના સ્રષ્ટા છો, અચિંત્ય છો, કલ્યાણરૂપ માર્ગનો આશ્રય કરનારા છો અને વિશ્વના ભોક્તા છો. હે અયોનિજ ! લોકોના ધામરૂપ હું, તમારા પ્રસાદથી ઉત્પન્ન થયો છું અને સ્વયંભૂ એવા તમારાથીજ મારો પ્રથમ માનસજન્મ થયો છે, જેને બ્રાહ્મણો પૂજ્ય ગણે છે. તે પછી પુરાતની એવો બીજો મારો ચાક્ષુષ જન્મ પણ તમારાથીજ થયો છે. વળી હે વ્યાપકદેવ ! ત્રીજો મારો વાચિક જન્મ જે મહાન ગણાય છે, તે પણ તમારી કૃપાથીજ થયો છે અને ચોથો મારો શ્રવણ જન્મ પણ તમારાથીજ થયો છે;[૩૮-૪૧] તેમજ પાંચમો મારો નાસિકાજન્મ, જે અત્યંત શ્રેષ્ઠ કહેવાય છે તે પણ તમારાથીજ થયો છે અને છઠ્ઠો અંડજ જન્મ પણ તમેજ નિર્માણ કરેલો છે.[૪૨] હે પ્રભો ! આ મારો પદ્મજન્મ (કમળમાં ઉત્પન્ન થયેલો જન્મ) તે સાતમો જન્મ છે અને તે પણ તમારાથીજ થયેલો છે. આ રીતે હે ત્રિગુણાતીત ! પ્રત્યેક સર્ગમાં હું તમારોજ પુત્ર છું.[૪૩] હે પુંડરીકાક્ષ ! તમે સૌના આદ્ય હોઇને શુદ્ધ સત્વગુણમય છો, સર્વના ઈશ્વર છો, સ્વભાવરૂપ છો અને સ્વયંભૂ એવા તમને જગતનું ઇશ્વરત્વ જે પ્રાપ્ત થયું છે તેજ કર્મબંધનરૂપ છે.[૪૪] વેદરૂપી દૃષ્ટિવાળો અને કાળને જાણનારો હું, તમારાથી ઉત્પન્ન થયો છું; પરંતુ મારી વેદરૂપી દૃષ્ટિનો નાશ થઇ ગયો છે, જેથી હું આંધળો થઈ ગયો છું; માટે તમે જાગ્રત થાઓ.[૪૫] હું તમને પ્રિય છું અને તમે મને પ્રિય છો, માટે મારાં ચક્ષુ મને અર્પણ કરો. ”

બ્રહ્માએ એ પ્રકારે સ્તુતિ કરી એટલે સર્વવ્યાપક ભગવાન આદિપુરુષે યોગનિદ્રાનો ત્યાગ કર્યો અને વેદો પાછા લાવવામાટે તૈયારી કરી. પછી વેદોના નિવાસસ્થાનરૂપ તે પ્રભુએ પોતાના ઐશ્વર્યના પ્રભાવથી બીજું ઉજ્જ્વળ શરીર ધારણ કર્યું. એ શરીર સુંદર નાસિકાવાળું હતું, ચંદ્રસમાન તેજસ્વી હતું, ઘોડાના જેવા મુખવાળું હતું, તેના મસ્તકને સ્થાને નક્ષત્રો અને તારાઓસહિત આકાશ જણાતું હતું, તેના કેશ સૂર્યનાં કિરણસમાન કાંતિવાળા હોઇને ઘણાજ લાંબા હતા, તેના બે કાનને સ્થાને આકાશ તથા પાતાલ જણાતાં હતાં, લલાટને સ્થાને પૃથ્વી હતી, કેડના પાછળના ભાગને ઠેકાણે ગંગા તથા સરસ્વતી હતી, બે ભ્રમરને ઠેકાણે મોટા બે સમુદ્રો હતા, બે નેત્રને ઠેકાણે ચંદ્ર તથા સૂર્ય હતા, નાસિકાને ઠેકાણે સંધ્યા હતી, ૐકાર તેના સંસ્કારસ્થાને હતો, વિજળી તેની જિહ્વાતરીકે હતી, સોમપા આદિ પિતૃઓ તેના દાંતને ઠેકાણે હતા, ગોલોક અને બ્રહ્મલોક તે મહાત્માના બે હોઠને ઠેકાણે હતા અને હે રાજા ! ગુણોથી શ્રેષ્ઠ આ કાલરાત્રિ તેની ડોકને સ્થાને હતી. આવું અનેક મૂર્તિઓથી વ્યાપ્ત હયગ્રીવસ્વરૂપ ધારણ કરીને જગતના નિયંતા તે પ્રભુ ત્યાંથી અંતર્ધાન થઈ ગયા અને રસાતલમાં દાખલ થયા. ત્યાં જઇને યોગબળનો આશ્રય કરી શિક્ષાયુક્ત સ્વરવડે સામગાનનો તેમણે આરંભ કર્યો, એટલે પ્રાણીમાત્રને ગુણરૂપ અને હિતકારક ભગવાનનો તે સ્નિગ્ધ સ્વર, રસાતલના સર્વ પ્રદેશને ગજાવી મૂકવા લાગ્યો. તે સાંભળીને તે બન્ને અસુરો, અમુક સમયપર્યંત વેદોને ત્યાં બાંધી મૂકીને ઉતાવળા ઉતાવળા તે શબ્દ તરફ દોડયા, એટલે તેજ અરસામાં દેવ હયગ્રીવે, રસાતલમાં રહેલા ચારેય વેદોને લઈ લીધા અને બ્રહ્મદેવને અર્પણ કરી પુનઃ પોતાની મૂળસ્થિતિનો (યોગનિદ્રાનો) સ્વીકાર કર્યો.[૪૬-૫૮] પછી મહાસાગર ઉપર ઈશાન કોણમાં ઘોડાના મસ્તકનું સ્થાપન કરવામાં આવ્યું અને તે દિવસથી આરંભી, ભગવાન હયગ્રીવ, વેદોના સ્થાનતરીકે પ્રસિદ્ધ થયા.[૫૯] હવે, પેલી તરફ દાનવ મધુ અને કૈટભ, જે સ્થળે સામગાનનો શબ્દ સંભળાતો હતો ત્યાં આવ્યા, પણ તેઓએ કોઇને જોયું નહિ તેથી પુનઃ વેગથી

પોતાના નિવાસસ્થાન તરફ પાછા ફર્યા અને ત્યાં જઇને તેઓએ જોયું તો જ્યાં વેદોને મૂક્યા હતા, તે સ્થાન શૂન્યજ હતું. તુરતજ મહાબળવાન તે બન્ને અસુરો, અત્યંત વેગથી રસાતલના ઉપરના ભાગમાં જઇ પહોંચ્યા. ત્યાં જઇને તેઓએ જોયું તો તેજ આદિકર્તા મહાસમર્થ પુરુષ જ્વાળાઓની પંક્તિથી વીંટાયલી અને જળના ઉપરના ભાગમાં પોતાના પ્રમાણ પ્રમાણે રચાયલી શેષનાગરૂપી શય્યામાં યોગનિદ્રા ધારણ કરીને શયન કરી રહ્યા હતા. તે સમયે તેમની કાંતિ નિર્મળ ચંદ્રસમાન શ્વેત દેખાતી હતી, અનિરુદ્ધના શરીરમાં તે રહેલા હતા અને અતિ અતુલ પરાક્રમી જણાતા હતા.[૬૦-૬૪] એ પ્રમાણે નિર્દોષ, સત્વસંપન્ન અને સુંદર પ્રભાશાળી તે મહાપુરુષને જોઇને તે બન્ને દાનવરાજાઓ ખડખડાટ હસી પડયા અને રજોગુણ તથા તમોગુણથી ઘેરાયલા તેઓ બન્ને જણા અન્યોન્યને કહેવા લાગ્યા કે, શ્વેતવર્ણનો આ તેજ પુરુષ છે, કે જેણે રસાતલમાંથી વેદોનું હરણ કરીને અહીં નીરાંતે નિદ્રા લેવા માંડી છે; પણ આ કોનો પુત્ર હશે ? કોણ હશે અને અહીં સર્પના શરીર ઉપર શામાટે સૂઈ રહ્યો હશે ?”

એ પ્રમાણે કહીને તેઓએ મોટા મોટા શબ્દો કરીને હરિને જાગ્રત કર્યા. પુરુષોત્તમ ભગવાન પણ તેઓને યુદ્ધની ઇચ્છાવાળા જાણીને એકદમ જાગી ઉઠયા [૬૫-૬૮] અને તે બન્ને મહાસુરો સામે દૃષ્ટિ કરીને યુદ્ધ કરવાનો મનમાં વિચાર કર્યો. પછી તે બન્ને અસુરોનું તથા નારાયણનું યુદ્ધ થયું. તેમાં ભગવાન મધુસૂદને રજોગુણ તથા તમોગુણથી ઘેરાયલા મધુનો તથા કૈટભનો બન્નેનો, બ્રહ્મદેવનું માન જાળવવા માટે વધ કર્યો.[૬૯,૭૦] આ રીતે તેઓ બન્નેનો વધ કરીને તથા વેદોને પાછા લાવી આપીને ભગવાન પુરુષોત્તમે બ્રહ્માનો શોક દૂર કર્યો હતો.[૭૧] પછી બ્રહ્મદેવે પણ હરિ ભગવાનની પ્રેરણાથી અને વેદોના સત્કારથી સ્થાવરજંગમ સર્વ લોકની રચના કરી;[૭૨] અને હરિ ભગવાન પણ લોકોને ઉત્પન્ન કરવાની ઉત્તમ બુદ્ધિ બ્રહ્મદેવને અર્પણ કરીને જે સ્થળેથી પોતે આવ્યા હતા તેજ સ્થળે પુનઃ અંતર્ધાન થઇ ગયા.[૭૩]

એ પ્રમાણે મધુ-કૈટભ દૈત્યનો વધ કરીને શ્રીહરિએ, પ્રવૃત્તિધર્મનું સ્થાપન કરવામાટે ફરી પણ તેવું હયગ્રીવશરીરજ ધારણ કર્યું હતું.[૭૪] આ રીતે મહાભાગ હરિએ હયગ્રીવનું સ્વરૂપ ધારણ કર્યું હતું, જે ઇચ્છિત વરને આપનારૂં હોઈને ઈશ્વરી સ્વરૂપતરીકે પુરાણોમાં પ્રસિદ્ધ છે.[૭૫] જે બ્રાહ્મણ આ હયગ્રીવચરિત્રનું નિત્ય શ્રવણ કરે છે અથવા ધારણ કરે છે, તેનું અધ્યયન કદી નાશ પામતું નથી.[૭૬] પૂર્વે પંચાલ નામના મુનિએ, ઉગ્ર તપશ્ચર્યા કરીને દેવ હયગ્રીવનું આરાધન કર્યું હતું, જેથી શંકરે દર્શાવેલા માર્ગ પ્રમાણે વેદનું ક્રમજ્ઞાન તેને પ્રાપ્ત થયું હતું.[૭૭] હે રાજન્ ! તેં મને પ્રશ્ન પૂછયો હતો, તેથી વેદતુલ્ય અને પુરાણ આ હયગ્રીવનું આખ્યાન મેં તને કહી સંભળાવ્યું છે.[૭૮] દેવ નારાયણ, જે જે કાર્ય કરવામાટે જે જે શરીર ધારણ કરવાની ઇચ્છા કરે છે, તેને તેને પોતે પોતાના સ્વરૂપમાંથીજ ધારણ કરી શકે છે.[૭૯] શ્રીમાન્ એ નારાયણ, વેદના નિધિરૂપ છે, તપના ભંડાર છે, સાંખ્ય તથા યોગરૂપ છે, પરંબ્રહ્મસ્વરૂપ છે અને તેજ વ્યાપક દેવ, મુખ્ય હવિષરૂપ છે.[૮૦] વેદો કેવળ નારાયણનુંજ વર્ણન કરનારા છે, સર્વ યજ્ઞો કેવળ નારાયણ નિમિત્તેજ કરવામાં આવે છે, તપ કરવાનો ઉદ્દેશ નારાયણની પ્રાપ્તિરૂપજ હોય છે અને નારાયણજ સર્વના પરમ ગતિરૂપ છે.[૮૧] સત્ય નારાયણસ્વરૂપજ છે, ઋત પણ નારાયણનુંજ સ્વરૂપ છે અને નિવૃત્તિધર્મની પરાકાષ્ઠા કેવળ નારાયણજ છે;[૮૨] તેમજ પ્રવૃત્તિલક્ષણ ધર્મ નારાયણરૂપજ છે, પૃથ્વીમાં રહેલો શ્રેષ્ઠ ગંધ નારાયણરૂપ છે, જળમાં રહેલો રસગુણ નારાયણરૂપ છે, તેજમાં રહેલો રૂપગુણ નારાયણરૂપ છે, વાયુમાં રહેલો સ્પર્શગુણ નારાયણરૂપ છે, આકાશમાં રહેલો શબ્દગુણ નારાયણસ્વરૂપ છે, અવ્યક્તના ગુણ તથા લક્ષણોવાળું મન પણ નારાયણરૂપ છે, કાળ અને નક્ષત્રગણોનું નિવાસ-

સ્થાન પણ નારાયણરૂપ છે, કીર્તિ, શ્રી અને લક્ષ્મી દેવતા નારાયણપરાયણજ છે અને સાંખ્ય તથા યોગશાસ્ત્ર પણ નારાયણનુંજ પ્રતિપાદન કરે છે.[૮૩-૮૭] જગતના આ સર્વ પદાર્થોમાં જે કારણરૂપ ગણાય છે, તે પુરુષ, પ્રકૃતિ, સ્વભાવ, કર્મ અને દૈવ-એ પાંચે નારાયણરૂપજ છે;[૮૮] તેમજ અધિષ્ઠાન, કર્તા, જૂદા જૂદા પ્રકારનું કરણ, ભિન્ન ભિન્ન ચેષ્ટાઓ અને પાંચમું દૈવ-આ પાંચે કારણોની સંખ્યામાં પણ સર્વત્ર હરિની સ્થિતિ છેજ. આ ઉપરથી તત્ત્વને જાણનારા પુરુષોએ ચોતરફનાં કારણો તપાસીને આવો એકજ નિશ્ચય કર્યો છે કે, મહાન યોગેશ્વર હરિ અથવા પ્રભુ નારાયણ એકજ સર્વોત્તમ તત્ત્વ છે. આ શ્રીકેશવ ભગવાન, બ્રહ્માદિ દેવતાઓ, સર્વ મનુષ્યો, મહાત્મા ઋષિઓ, સાંખ્યવેત્તાઓ, યોગીઓ અને આત્મજ્ઞાની યતિઓ-એ સર્વના માનસિક વિચારોને જાણી શકે છે, પણ તે ભગવાનના વિચારને તેઓ જાણી શકતા નથી. જગતમાં જે કોઇ પુરુષો દેવોનું તથા પિતૃઓનું કર્મ કરે છે, દાન આપે છે અને મોટું તપ તપે છે-એ સર્વના ભગવાન વિષ્ણુજ આશ્રયરૂપ છે. આ વિષ્ણુ પોતાના ઐશ્વર્યબળનો આશ્રય કરીને પ્રાણીમાત્રમાં નિવાસ કરી રહ્યા છે, માટે "વાસુદેવ" કહેવાય છે.[૮૯-૯૪] જેમ ગ્રીષ્મા આદિ સમય, તે તે ઋતુઓસાથે જોડાઇને તદ્રૂપ બની જાય છે, તેમ નિત્ય, પરમ, મહર્ષિ અને મહાન ઐશ્વર્યવાળા આ વિષ્ણુ ભગવાન ગુણોથી રહિત છે, છતાં ગુણોસાથે જોડાઇને તદ્રૂપતાને પામે છે[૯૫] અને તે કારણથીજ મોટા મહાત્માઓ પણ તે પરમાત્માની ગતિને કે અગતિને જાણી શકતા નથી; પરંતુ જે મહર્ષિઓ કેવળ જ્ઞાનમય બની જાય છે, તેઓ તો અધિક ગુણવાળા તે આદિ પુરુષનો નિત્ય સાક્ષાત્કાર કરે છે.[૯૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "નારાયણચરિત્ર" એ વિષયનો અધ્યાય ૩૪૭ મો સમાપ્ત.

અધ્યાય ૩૪૮ મો

એકાંતભાવ અથવા સાત્વતધર્મ

॥ जनमेजय उवाच ॥

अहोह्येकांतिनः सर्वान् प्रीणाति भगवान् हरिः।।
विधिप्रयुक्तां पूजां च गृह्णाति भगवान् स्वयम्॥

જનમેજયે પૂછ્યું:-"અહો! ઘણી આશ્ચર્યની વાત છે કે, ભગવાન પોતાની ×એકાંત ભક્તિ કરનારા સર્વ પુરુષોના પર પ્રસન્ન રહે છે અને તેઓએ વિધિપૂર્વક કરેલી પૂજાને ભગવાન પોતે ગ્રહણ કરે છે;[૧] પરંતુ જેઓએ પોતાની વાસનાઓનો નાશ કરી નાખ્યો હોય છે અને પુણ્ય તથા પાપનો પરિત્યાગ કર્યો હોય છે, તેઓને તો તમારા કહેવાપ્રમાણે ગુરુપરંપરાથીજ જ્ઞાનપ્રાપ્તિ થાય છે[૨] અને તેઓ, (અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણની અપેક્ષાએ) ચોથી ગતિરૂપ પુરુષોત્તમ વાસુદેવને પામે છે; પણ ભગવાનના એકાંતિક ભકતો (નિષ્કામ ભકતો) તો સીધા પરમ પદનેજ પામે છે.[૩] આ ઉપરથી મને નિશ્ચય થાય છે કે, એકાંત ધર્મજ સર્વ કરતાં શ્રેષ્ઠ હોઇને ભગવાન નારાયણને પ્રિય છે; કેમકે તેનો આશ્રય કરનારા પુરુષો ત્રણ ગતિઓનું ઉલ્લંઘન કરીને (અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન તથા સંકર્ષણનું ઉપાસન નહિ કરીને) અવિનાશી હરિનેજ પ્રાપ્ત કરે છે.[૪] (હું ધારૂં છું કે, ભકતોની ગતિ જાપકોના કરતાં પણ શ્રેષ્ઠ છે; કેમકે) જે બ્રાહ્મણો ઉત્તમ વિધિ પ્રમાણે નિયમાદિનું પાલન કરીને ઉપનિષદસહિત વેદોનું પઠનપાઠન કરે છે અને જેઓ યતિધર્મનો આશ્રય કરે છે, તેઓના કરતાં પણ એકાંતભક્તિ કરનારા પુરુષોને ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે. આ ઉપરથી હું તમને પૂછું છું કે, આ એકાંતધર્મ કયા દેવે અથવા ઋષિએ કહ્યો છે? અને એકાંત ભકતોનું કયું આચરણ ક્યારે ઉત્પન્ન થયું છે? આ મારા સંશયને તમે દૂર કરો; કેમકે તે જાણવાનું મને પરમ કુતૂહલ છે.[૫,૭]

× નિષ્કામ ભક્તિ

વૈશંપાયને કહ્યું:–મહાભારતના યુદ્ધપ્રસંગે કુરુઓ અને પાંડવોનાં સૈન્યો યુદ્ધ કરવામાટે જ્યારે ગોઠવાઈ ગયાં હતાં અને બંધુઓના નાશનિમિત્તે અર્જુન જ્યારે શોકાતુર થઇ ગયો હતો, ત્યારે ભગવાને પોતે શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો ઉપદેશ આપી અગતિ અને ગતિના સંબંધમાં અર્જુનને સમજાવ્યું હતું અને તે સર્વ પ્રથમ મેં તને કહ્યું પણ છે. ખરેખર, આ એકાંતધર્મ, મનને નહિ જિતનારા પુરુષોને જાણવો કઠિન થઇ પડે છે; કેમકે એ ધર્મ ઘણોજ ગહન છે.[૮,૯] હે રાજન્! પૂર્વે, આદિયુગના સમયમાં *સામવેદતુલ્ય આ ધર્મને મહાદેવે પોતે અને નારાયણે, ધારણ કરી રાખ્યો હતો.[૧૦] હે મહારાજા! આ એકાંતધર્મના સંબંધમાંજ ધર્મરાજા યુધિષ્ઠિરે ઋષિઓના મધ્યમાં શ્રીકૃષ્ણ અને ભીષ્મના સાંભળતાં નારદને પૂછ્યું હતું;[૧૧] તેમજ હે ઉત્તમ રાજા! મને મારા ગુરુએ પણ આ ધર્મ કહ્યો છે; પરંતુ તે સમયે નારદે ધર્મરાજાને જે પ્રમાણે આ ધર્મનો ઉપદેશ આપ્યો હતો, તે પ્રમાણેજ હું તને કહું છું, સાંભળ.[૧૨]

હે રાજા! જ્યારે નારાયણના મુખમાંથી બ્રહ્માનો માનસિક જન્મ થયો હતો, ત્યારે નારાયણે પોતે તેજ ધર્મથી દેવકર્મ તથા પિતૃકર્મ કર્યું હતું; અને પછી હે ભારત! ફેનપ નામના ઋષિઓએ તે ધર્મનો અંગીકાર કર્યો, ફેનપ પાસેથી વૈખાનસોએ તે ધર્મનો સ્વીકાર કર્યો, વૈખાનસો પાસેથી સોમે તે ધર્મ સંપાદન કર્યો અને પછી તે ધર્મ પુનઃ કેટલાક સમયસુધી ગુપ્તજ રહ્યો.[૧૩–૧૫]

પછી હે રાજા! બ્રહ્માનો બીજો ચાક્ષુષ જન્મ થયો, ત્યારે બ્રહ્માએ પોતેજ નારાયણસ્વરૂપ એવા તે ધર્મનું સોમ પાસેથી શ્રવણ કર્યું અને પાછળથી રુદ્રને તે અર્પણ કર્યો; યોગમાં સ્થિતિ કરનારા રુદ્રે, પૂર્વે સત્યયુગના સમયમાં વાલખિલ્ય નામના સર્વ ઋષિઓને તે ધર્મનો ઉપદેશ આપ્યો અને પછી વળી પણ દેવની માયાથી અમુક કાળપર્યંત તે ધર્મ ગુપ્તજ રહ્યો.[૧૬–૧૮]

તે પછી બ્રહ્મદેવનો ત્રીજો વાચિક જન્મ થયો, ત્યારે પુનઃ નારાયણથીજ આ ધર્મ સ્વતઃ પ્રકટ થયો અને સુપર્ણ નામના એક ઋષિએ તપ, દમ તથા નિયમનું તીવ્ર પાલન કરીને પુરુષોત્તમ નારાયણ પાસેથી તે ધર્મ સંપાદન કર્યો. તે સમયે સુપર્ણ ઋષિએ, આ ઉત્તમ ધર્મની ત્રણ પ્રદક્ષિણા કરી હતી અને તેમણેજ આ ધર્મનો જગતમાં પ્રચાર કર્યો હતો, માટે આને "ત્રિસૌપર્ણ" નામનું વ્રત કહેવામાં આવે છે, કે જે વ્રત ઋગ્વેદના પાઠમાં ભણાયલું હોઇને અત્યંત કઠિન ગણાય છે. પછી તે સુપર્ણઋષિ પાસેથી જગતના આયુષરૂપ વાયુએ આ સનાતન ધર્મ સંપાદન કર્યો હતો અને વાયુ પાસેથી +વિઘસ અન્નનું ભોજન કરનારા ઋષિઓએ આ ધર્મ પ્રાપ્ત કર્યો હતો, તેમજ એ ઋષિઓ પાસેથી સમુદ્રે આ ઉત્તમ ધર્મ ગ્રહણ કર્યો હતો. આ રીતે સમુદ્રસુધી આવ્યા પછી તે ધર્મ વળી પાછો જગતમાંથી લુપ્ત થઇને નારાયણમાંજ સ્થિતિ કરી રહ્યો હતો.[૧૯–૨૪]

હે પુરુષવ્યાઘ્ર! તે પછી મહાત્મા બ્રહ્માનો ચોથો શ્રવણજન્મ× જ્યારે થયો હતો, ત્યારે આ ધર્મ કેવી રીતે પ્રચાર પામ્યો હતો, તે હું તને કહું છું, સાંભળ.[૨૫] જે સમયે દેવ નારાયણ હરિને જગત ઉત્પન્ન કરવાની મનમાં ઈચ્છા થઈ, તે સમયે તેમણે વિચાર કર્યો કે:–" જગતને ઉત્પન્ન કરે તેવો સમર્થ પુરુષ કોણ છે?" એ રીતે પોતે વિચાર કરતા હતા, તેવામાં તેમના કાનમાંથી પ્રજાઓને ઉત્પન્ન કરી શકે તેવો સ-

---

* અર્થાત્ જેમ સામવેદમાં કહેલું **'तत्त्वमसि'** એ મહાવાક્ય, અધિકારી પુરુષોને તત્કાળ જ્ઞાનજનક થઇ પડે છે, તેમ વૈષ્ણવ એકાંતધર્મ પણ શમદમાદિ ગુણવાળા ભક્ત પુરુષોને તત્કાળ મોક્ષ આપનાર થઇ પડે છે.

+ પંચ મહાયજ્ઞ કરતાં અવશેષ રહેલું જે અન્ન તે વિઘસ અન્ન કહેવાય છે.

× જગતના ચોથા સર્ગસમયે નારાયણના કાનમાંથી બ્રહ્મદેવનો જન્મ થયો હતો, માટે તે જન્મ શ્રવણજન્મ કહેવાય છે.

મર્થ પુરુષ નીકળી આવ્યો, જેને બ્રહ્મા કહેવામાં આવે છે. તેને જોઇ જગત્પતિ નારાયણે કહ્યું કેઃ-“ હે પુત્ર ! મુખ, ચરણ આદિ અવયવોવાળી સર્વ પ્રજાઓને તું ઉત્પન્ન કર, હું તારૂં કલ્યાણ કરીશ અને હે સુવ્રત ! તને બળ તથા તેજ અર્પણ કરીશ વળી તું મારી પાસેથી આ *સાત્વત ધર્મનો સ્વીકાર કર અને તેદ્વારા ઉત્પન્ન થયેલા સત્યયુગને વિધિપૂર્વક જગતમાં સ્થિર કર.” તે સાંભળી બ્રહ્માએ, દેવ હરિને નમસ્કાર કર્યા અને રહસ્ય તથા સંગ્રહસહિત સાત્વતધર્મનો તેમની પાસેથી સ્વીકાર કર્યો. એ ધર્મ આરણ્યક ઉપનિષદ્‌થી યુક્ત હતો અને સાક્ષાત્ શ્રીનારાયણના મુખથી પ્રકટ થયેલો હતો. ભગવાન નારાયણે મહાતેજસ્વી બ્રહ્મદેવને તે સાત્વતધર્મનો ઉપદેશ આપી આ રીતે કહ્યું કેઃ- “તું સર્વ યુગધર્મોને ઉત્પન્ન કરીશ અને નિષ્કામ કર્મરૂપ આ સાત્વતધર્મનો પણ જગતમાં પ્રચાર કરીશ.”એ પ્રમાણે કહીને અજ્ઞાનને પેલે પાર જ્યાં અવ્યક્ત રહેલું છે તેથી પણ પર રહેલા પોતાના ધામમાં તે ચાલ્યા ગયા.[૨૬-૩૨] પછી વરને આપનારા અને લોકના પિતામહ દેવ બ્રહ્માએ સ્થાવરજંગમ સર્વ લોકોને ઉત્પન્ન કર્યા અને પ્રથમજ પવિત્ર એવા સત્યયુગનું જગતમાં સ્થાપન કર્યું, જેથી પૂર્વોક્ત સાત્વતધર્મ સર્વ લોકોમાં વ્યાપ્ત થઇ રહ્યો.[૩૩,૩૪] તે સમયે લોકોને ઉત્પન્ન કરનારા બ્રહ્મદેવ તેજ આદ્યધર્મથી દેવેશ હરિ નારાયણ પ્રભુનું પૂજન કરતા હતા.[૩૫] પછી પિતામહ બ્રહ્માએ ધર્મની સ્થિરતા કરવામાટે અને લોકોનું હિત કરવામાટે સ્વારોચિષ નામના મનુને તે ધર્મનું અધ્યયન કરાવ્યું.[૩૫,૩૬] પછી હે રાજા ! સર્વ લોકોના પતિ મનુ સ્વારોચિષે, સાવધાન થઇને પોતાના પુત્ર શંખપદને તે ધર્મનું જ્ઞાન કરાવ્યું અને શંખપદે પણ પોતાનો ઔરસપુત્ર દિક્પાલ, કે જે સુવર્ણસમાન તેજસ્વી હતો તેને એ ધર્મ કહી સંભળાવ્યો. પછી જ્યારે ત્રેતાયુગનો સમય આવ્યો, ત્યારે વળી પાછો તે ધર્મ જગતમાંથી અદૃશ્ય થઇ ગયો.[૩૭,૩૮]

હે મહારાજા ! પછી બ્રહ્મદેવનો જ્યારે નાસત્ય (નાસિકામાંથી) જન્મ થયો, ત્યારે શ્રીહરિ-દેવ નારાયણ પ્રભુએ પંડે બ્રહ્મદેવની સમક્ષ એ ધર્મ કહી સંભળાવ્યો હતો અને બ્રહ્મદેવ પાસેથી ભગવાન સનત્કુમારે એ ધર્મનું અધ્યયન કર્યું હતું.[૩૯,૪૦] હે કુરુવંશમાં સિંહસમાન રાજા ! તે સનત્કુમાર પાસેથી પણ સત્યયુગના આદિસમયમાં પ્રજાપતિ વીરણે એ ધર્મનું અધ્યયન કર્યું હતું[૪૧] અને વીરણે પણ તે ધર્મનું રહસ્ય જાણી લઇને મુનિ રૈભ્યને તે અર્પણ કર્યું હતું. રૈભ્ય,ઉત્તમ વ્રતને ધારણ કરનારા પોતાના પવિત્ર પુત્ર સુવેધસને તે ધર્મ કહી સંભળાવ્યો હતો અને સુવેધસે,ધર્મનિષ્ઠ કુક્ષિ નામના રાજાને “ આનાવડે તું દિશાઓનું પાલન કરજે ” એમ કહીને તે ધર્મ અર્પણ કર્યો હતો. પછી વળી પાછો નારાયણના મુખથી ઉત્પન્ન થયેલો તે ધર્મ જગતમાંથી લુપ્ત થઈ ગયો હતો.[૪૨,૪૩]

પરંતુ પાછળથી ×હરિયોનિ બ્રહ્માનો જ્યારે અંડજ જન્મ થયો, ત્યારે ફરી પણ નારાયણના મુખથી આ ધર્મ ઉત્પન્ન થયો અને હે રાજન્ ! બ્રહ્મદેવે તેનું અધ્યયન કરીને સારીપેઠે જગતમાં પ્રચાર કર્યો. વળી તેમણે બર્હિષદ્ નામના મુનિઓને તે ધર્મનો ઉપદેશ આપ્યો.[૪૪,૪૫]પછી બર્હિષદ્ મુનિઓ પાસેથી સામવેદમાં પારંગત થયેલા જ્યેષ્ઠ નામના બ્રાહ્મણે તે ધર્મ સંપાદન કર્યો, કે જે બ્રાહ્મણનું નામ “જ્યેષ્ઠ સામવ્રત હરિ” એ પ્રમાણે પ્રસિદ્ધ થયું છે.[૪૬] આ જ્યેષ્ઠ પાસેથી રાજા અવિકંપનને તે ધર્મ મળ્યો અને પછી ફરી પણ જગતમાંથી તે અદૃશ્ય થયો તથા પ્રભુ હરિના સ્વરૂપમાં લીન થઈ ગયો.[૪૭]

હે રાજા ! તે પછી બ્રહ્માનો સાતમો આ પદ્મ જન્મ થયો, ત્યારે પણ નારાયણે પોતે એ ધર્મ, લોકને ધારણ કરનારા પવિત્ર પિતામહને યુગના આરંભસમયે કહી સંભળાવ્યો હતો અને પિતામહે પ્રજાપતિ દક્ષને પ્રથમ તે ધર્મ

---

* નિષ્કામધર્મનો-એકાંતધર્મનો

× હરિયોનિ એટલે પરમાત્માજ જેનું મૂળ ઉત્પત્તિકારણ છે તે.

અર્પણ કર્યો.[૪૮,૪૯] હે ઉત્તમ રાજા! પ્રજાપતિ દક્ષે, પોતાના જ્યેષ્ઠ દૌહિત્ર સૂર્યને તે ધર્મ અર્પણ કર્યો અને સૂર્ય પાસેથી વિવસ્વાને ગ્રહણ કર્યો.[૫૦] પછી ત્રેતાયુગના આરંભસમયે વિવસ્વાને મનુને અર્પણ કર્યો, મનુએ લોકોના કલ્યાણમાટે પોતાના પુત્ર ઇક્ષ્વાકુને કહી સંભળાવ્યો અને ઇક્ષ્વાકુએ સર્વ પ્રજાઓસમક્ષ તે ધર્મનું કથન કર્યું હતું, જેથી હજીસુધી પણ તે લોકોમાં વ્યાપ્ત થઇને રહ્યો છે; પરંતુ હે રાજા! પ્રલયકાળ જ્યારે ઉપસ્થિત થશે, ત્યારે પુનઃ તે નારાયણ પાસેજ ચાલ્યો જશે.[૫૧,૫૨]

હે મહારાજા! એ સિવાય બીજો યતિઓનો ધર્મ પણ છે, જે પૂર્વે હરિગીતામાં મેં તને સંક્ષેપથી કહ્યો છે.[૫૩] હે રાજા! એ યતિધર્મ, જગતના નાથ સાક્ષાત્ નારાયણ પાસેથી રહસ્ય અને સંગ્રહસહિત નારદે, સંપાદન કર્યો હતો.[૫૪] હે રાજન્! એ મહાન ધર્મ સર્વનો આદિ છે, સનાતન છે, જાણવો કઠિન છે અને દુઃખથી પાળી શકાય તેવો છે, માત્ર ભક્તપુરુષોજ તેને ધારણ કરી શકે છે.[૫૫] એ ધર્મનું સારી રીતે જ્ઞાન થવાથી અને અહિંસાધર્મથી યુક્ત એવાં ઉત્તમ પ્રકારનાં કર્મો કરવાથી ઈશ્વર–હરિ પ્રસન્ન થાય છે.[૫૬] વળી એ ધર્મમાં કોઈ વેળા એકલા વાસુદેવનીજ ભક્તિ કરવામાં આવે છે, કોઇ વેળા વાસુદેવ અને સંકર્ષણની ભક્તિ કરવામાં આવે છે, કોઇ સમયે વાસુદેવ, સંકર્ષણ અને પ્રદ્યુમ્ન–એ ત્રણેની ભક્તિ કરવામાં આવે છે અને કોઈવખતે વાસુદેવ, સંકર્ષણ,પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ–એ ચારેની ભકિત કરવામાં આવે છે.[૫૭] મમતારહિત અને અવયવરહિત એવો જે આત્મા તે શ્રીહરિ પોતેજ છે અને પાંચ ભૂતોના ગુણોથી રહિત તથા પ્રાણીમાત્રવિષે રહેલો જે જીવ તે પણ શ્રીહરિજ છે;[૫૮] એટલુંજ નહિ પણ પાંચ ઇંદ્રિયોને પ્રેરણા કરનારૂં મન પણ (અહંકાર પણ) શ્રીહરિરૂપજ છે. સારાંશ કે, એ પરમાત્મા લોકના પ્રવર્તક છે–અંતર્યામી છે, બુદ્ધિમાન છે, લોકના સ્રષ્ટા છે, અકર્તા છે, કર્તા છે, કાર્યરૂપ છે, કારણરૂપ છે અને હે રાજા! જેમ પોતાની ઇચ્છામાં આવે તેમ તે અવિનાશી પુરુષ, જગતમાં ક્રીડા કરે છે.[૫૯,૬૦] હે મહારાજા! આ એકાંતધર્મ, જે ઇંદ્રિયોને નહિ જિતનારા પુરુષોને દુર્વિજ્ઞેય થઈ પડે છે, તે ગુરુની કૃપાથી મેં તને કહ્યો છે.[૬૧] હે રાજા! આ જગતમાં એકાંત ધર્મનો આશ્રય કરનારા પુરુષો ખરેખર દુર્લભ છે; કેમકે હે કુરુનંદન! આ સર્વ જગત કેવળ એકાંતિક ભકતોથીજ વ્યાપ્ત હોત અને પ્રાણીમાત્રનું હિત કરનારા અહિંસક આત્મવેત્તા પુરુષોથીજ ભરપૂર હોત તો સકામ કર્મોવિનાની સત્યયુગનીજ પ્રાપ્તિ થઇ હોત.[૬૨,૬૩] એ પ્રમાણે હે રાજા! મારા ગુરુ ભગવાન વ્યાસ, કે જે ધર્મના જ્ઞાતા હોઇને બ્રાહ્મણોમાં ઉત્તમ છે, તેમણે પોતેજ સર્વ ઋષિઓની સમક્ષ શ્રીકૃષ્ણ અને ભીષ્મના સાંભળતાં ધર્મરાજાને કહ્યું હતું અને મહાતપસ્વી નારદ ઋષિએ વ્યાસ ભગવાનને પોતાને પણ પૂર્વે તે પ્રમાણેજ કહ્યું હતું.[૬૪-૬૫] દેવ નારાયણ પરબ્રહ્મસ્વરૂપ છે, ચંદ્રમાસમાન શ્વેત કાંતિવાળા છે અને અવિનાશી છે. જેઓ એકાંતધર્મનો આશ્રય કરનારા છે અને નારાયણમાંજ પરાયણ રહેનારા છે, તેઓ એમના સ્વરૂપને પામે છે."[૬૬]

જનમેજયે પૂછયું:–" એ એકાંતધર્મ ઘણા વિધિવાળો છે અને ઘણા જ્ઞાની પુરુષોએ સેવેલો છે, છતાં બ્રાહ્મણો તે ધર્મનોજ આશ્રય કેમ કરતા નથી અને જૂદાં જૂદાં વ્રતો શામાટે પાળે છે?"[૬૭]

વૈશંપાયને કહ્યું:–"હે રાજન્! પ્રત્યેક દેહના બંધારણમાં સાત્વિકી, રાજસી અને તામસી–એવા ત્રણ સ્વભાવો સ્થિતિ કરી રહેલા છે. તેમાં જે પુરુષ સાત્વિક સ્વભાવનો હોય છે તે સર્વના કરતાં શ્રેષ્ઠ છે અને તેજ પુરુષ મોક્ષ મેળવવાના નિશ્ચય ઉપર આવે છે.[૬૮,૬૯] એમાં પણ જે પુરુષ મહાન બ્રહ્મવેત્તા પુરુષને જગતમાં શોધી કાઢે છે અને પોતે પણ "કેવળ નારાયણનું શરણ લેવાથી મોક્ષ મળે છે" એમ જાણે છે, તે પુરુષજ ખરો સાત્વિક કહેવાય છે.[૭૦] આવો સાત્વિક પુરુષ નિત્ય પુરુષોત્તમનું ચિંતન કરે છે,

એકાંતભક્તિ કરવામાં સતત તત્પર રહે છે અને ભગવાન નારાયણનેજ પરમ આશ્રયરૂપ માને છે, તેથી પોતાના મનવાંચ્છિત અર્થને પામી શકે છે.[૭૧] જે બુદ્ધિમાન યતિઓ, મનને વશ રાખીને મોક્ષધર્મનો આશ્રય કરે છે અને સર્વ તૃષ્ણાઓનો ત્યાગ કરે છે,તેઓના યોગક્ષેમનો શ્રીહરિ પોતેજ નિર્વાહ કરે છે.×[૭૨] જે પુરુષ જેવો જન્મે છે કે તુરતજ તેનાપર મધુસૂદનની કૃપાદૃષ્ટિ પડે છે, તેજ પુરુષ ખરો સાત્વિક છે, એમ સમજવું અને તેવો સાત્વિક પુરુષજ મોક્ષ મેળવવાના નિશ્ચય ઉપર આવે છે.*[૭૩] ખરેખર,આ એકાંતિક ધર્મ, સાંખ્ય તથા યોગની પણ તુલના કરી શકે તેવો છે; કેમકે તે ધર્મનો આશ્રય કરનારા ભક્તો નારાયણરૂપ મોક્ષમાંજ પરમ ગતિને પામે છે;[૭૪] તોપણ હે રાજા! એ વાત નક્કી છે કે, નારાયણની કૃપાદૃષ્ટિને પાત્ર થયેલો પુરુષજ જ્ઞાની થઈ શકે છે; એમ ને એમ પોતાની ઇચ્છાથી કોઇ પુરુષ, જ્ઞાની થઇ શકતો નથી.[૭૫] હે રાજા! રાજસી અને તામસી–એવી બે મિશ્ર પ્રકૃતિઓ કહી છે, તેવડે યુક્ત થઇને અથવા તદ્રૂપ થઇને જે પુરુષ જન્મે છે, તે પુરુષ પ્રવૃત્તિનાં લક્ષણોથી યુક્ત થાય છે અને તેથીજ તેનાપર શ્રીહરિ, પોતાની કૃપાદૃષ્ટિ કરતા નથી; પરંતુ તેવો પુરુષ જેવો જન્મે છે કે તુરતજ લોકના પિતામહ બ્રહ્મદેવ, તેની દેખરેખ રાખે છે–અર્થાત્ તેના તરફ રજોગુણી અથવા તમોગુણી દેવનોજ દૃષ્ટિપાત થાય છે અને તેથી તેવા પુરુષનું મન રજોગુણ તથા તમોગુણથીજ ભરપૂર રહે છે. હે મહારાજા! દેવો અને ઋષિઓ, જો કે અત્યંત સત્વગુણનિષ્ઠ છે, તોપણ તેઓ કંઇક સૂક્ષ્મ અંશે સત્વગુણથી હીન થાય છે. (અર્થાત્ સાત્વિક અહંકારથી ઉત્પન્ન થયેલા દેવો અને ઋષિઓ કંઇક સૂક્ષ્માંશે પણ સત્વગુણથી હીન હોય છે) માટે તેઓ વૈકારિક કહેવાય છે.

જનમેજયે પૂછ્યું:–“ વૈકારિક પુરુષ, પુરુષોત્તમ નારાયણને કેવીરીતે પામી શકે છે ? તે સર્વ, તમે જે પ્રમાણે જોયું હોય તે પ્રમાણે મને કહો અને પ્રવૃત્તિના વિષયમાં પણ અનુક્રમે કહી સંભળાવો.”

વૈશંપાયને કહ્યું:–પચીસમો પુરુષ (જીવાત્મા), સર્વ ક્રિયાઓથી જ્યારે રહિત થાય છે અથવા સર્વ ઉપાધિનો જ્યારે ત્યાગ કરે છે,ત્યારે અતિસૂક્ષ્મ, તત્ત્વોથી યુક્ત અને અકાર, ઉકાર તથા મકાર–એમ ત્રણ વર્ણોથી સંયુક્ત એવા પરમ પુરુષને પામે છે–અર્થાત્ ઉપાધિથી મુક્ત થયેલો જીવ, શુદ્ધ પરમાત્માજ થઇ શકે છે; એ પ્રમાણે સાંખ્ય (આત્મા–અનાત્માનો વિવેક કરનારૂં શાસ્ત્ર), યોગ (ચિત્તવૃત્તિનો નિરોધ), વેદનું આરણ્યક (જીવ તથા બ્રહ્મનો અભેદ જણાવનારાં “तत्त्वमसि” આદિ વાક્યોથી ઉત્પન્ન થયેલું જ્ઞાન) અને પંચરાત્ર (ભક્તિમાર્ગ) એ સર્વ પરસ્પરનાં અંગરૂપ હોઇને સર્વથા એકજ કહેવાય છે, એ રીતે આ એકાંતિક પુરુષોનો ધર્મ, કેવળ નારાયણપરાયણજ છે–નારાયણનિષ્ઠજ છે.[૭૬–૮૨]

હે રાજન્! સમુદ્રમાંથીજ નીકળેલા જૂદા જૂદા જળપ્રવાહો પાછા જેમ સમુદ્રમાંજ પ્રવેશ કરે છે, તેમ ભગવાન નારાયણમાંથીજ નીકળેલા જૂદા જૂદા જ્ઞાનપ્રવાહો પુનઃ તે નારાયણમાંજ પ્રવેશ કરે છે.[૮૩] હે કુરુનંદન! આ સાત્વત ધર્મ

× ગીતામાં પણ કહ્યું છે કે:–

“अनन्याश्चिंतयंतो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्॥”

જે મારા ભક્તો, બીજાનું કોઇનું પણ ચિંતન કર્યાવિના કેવળ મારૂંજ ચિંતન કરે છે અને મારીજ ઉપાસના કરે છે, તેઓ નિત્ય મારી સાથેજ સંબંધ ધરાવનારા છે અને તેથીજ તેઓના યોગક્ષેમનો હું પોતેજ નિર્વાહ કરૂં છું.

* શ્રીમદ્‌ભાગવતમાં આવા આશયથીજ કહ્યું છે કે:–

“ईश्वरानुग्रहादेव पुंसामद्वैतवासना”–

ઈશ્વરનો જ્યારે અનુગ્રહ થાય છે, ત્યારેજ પુરુષોના હૃદયમાં અદ્વૈતવાસના અંકુરિત થાય છે–અર્થાત્ ઈશ્વરની કૃપાવિના મોક્ષ મેળવવાની ઇચ્છા પણ થતી નથી.

મેં તને કહી સંભળાવ્યો. જો તારામાં શક્તિ હોય તો એ ધર્મનું યથાયોગ્ય રીતે પાલન કર.[૮૪] મહાભાગ્યશાળી નારદે, ગૃહસ્થો તથા યતિઓની આ અવિનાશી એકાંતગતિ, મારા ગુરુ વ્યાસને એ પ્રમાણે કહી હતી;[૮૫] તેમજ વ્યાસે, બુદ્ધિમાન ધર્મરાજાને પ્રીતિપૂર્વક તે કહી હતી; અને તેજ એકાંતધર્મ ગુરુ પાસેથી સાંભળીને મેં તને કહ્યો છે.[૮૬] હે શ્રેષ્ઠ રાજા ! આ ધર્મનું આચરણ મહાકઠિન છે, જેથી તારી પેઠેજ બીજાઓ પણ આમાં મોહિત થયા છે.[૮૭] હે રાજા ! ભગવાન કૃષ્ણજ સર્વ લોકોનું રક્ષણ કરનારા છે, સર્વને મોહ ઉપજાવનારા છે, સર્વનો સંહાર કરનારા છે અને સર્વનું ઉત્પત્તિકારણ છે.[૮૮]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"નારાયણચરિત્રાંતર્ગત એકાંતભાવ" એ વિષયનો અધ્યાય
૩૪૮ મો સમાપ્ત.

અધ્યાય ૩૪૯ મો

વ્યાસની ઉત્પત્તિ

॥ जनमेजय उवाच ॥

सांख्यं योगः पांचरात्रं वेदारण्यकमेव च ॥
ज्ञानान्येतानि ब्रह्मर्षे लोकेषु प्रचरंति हि॥१॥

જનમેજયે પૂછ્યું:–" હે બ્રહ્મર્ષિ ! સાંખ્ય, યોગ, પાંચરાત્ર અને વેદનું આરણ્યક–આ સર્વ જ્ઞાનોનો લોકોમાં પ્રચાર છે;[૧] પરંતુ હે મુનિ ! તે સર્વ જ્ઞાનો, એકજ નિષ્ઠાવાળાં છે કે જૂદી જૂદી નિષ્ઠાઓવાળાં છે, તે મને કહો. વળી હું તમને પૂછું છું કે,એ જૂદાં જૂદાં જ્ઞાનોની પ્રવૃત્તિ કેવી રીતે થઇ, તે અનુક્રમે કહો. "[૨]

વૈશંપાયને કહ્યું:–" વિદ્વાન અને અતિ ઉદાર જે મહર્ષિને, સત્યવતીએ પરાશરસાથે પોતાનો સંબંધ કરીને દ્વીપના મધ્યપ્રદેશમાં પુત્રતરીકે ઉત્પન્ન કર્યા છે, તે અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનારા વ્યાસ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૩] કેટલાએક વિદ્વાનો કહે છે કે, મહર્ષિ દ્વૈપાયન પિતામહ બ્રહ્મદેવથી છઠ્ઠા પુરુષતરીકે ઉત્પન્ન થયા છે, ઋષિઓની સર્વ વિભૂતિઓથી યુક્ત છે, નારાયણના અંશમાંથી ઉત્પન્ન થયેલા હોઇને ભગવાન નારાયણનાજ પુત્ર છે અને વેદોના તો મોટા ભંડારરૂપ છે.[૪] સૃષ્ટિના આદિકાળમાં મહાવિભૂતિવાળા અને મહાતેજસ્વી ભગવાન નારાયણે પુરાણ મહાત્મા વ્યાસને પોતાના પુત્રરૂપે ઉત્પન્ન કર્યા છે, તોપણ તે અજન્મા કહેવાય છે.[૫]

જનમેજયે પૂછ્યું:–" હે ઉત્તમ બ્રાહ્મણ ! વ્યાસના જન્મવિષે તમે પોતેજ પ્રથમ કહ્યું છે કે, વસિષ્ઠનો પુત્ર શક્તિ નામનો હતો, શક્તિના પુત્ર પરાશર થયા અને પરાશરના પુત્ર મુનિ કૃષ્ણદ્વૈપાયન થયા; આમ કહેલું છતાં વળી પાછા તમેજ વ્યાસને નારાયણના પુત્ર કહો છો, તેનું કેમ ? શું, હમણાં તમે કહો છો તે મહાતેજસ્વી વ્યાસનો પૂર્વજન્મ છે ? હે મહાબુદ્ધિમાન વૈશંપાયન ! ભગવાન વ્યાસનો નારાયણથી જે રીતે જન્મ થયો હતો,તેની કથા તમે મને કહો."[૬-૮]

વૈશંપાયને કહ્યું:–" હે જનમેજય ! ધર્મનિષ્ઠ, તપના નિધિ અને જ્ઞાનમાંજ એકનિષ્ઠા રાખનારા મારા ગુરુ વ્યાસ, વેદના અર્થ જાણવાની ઇચ્છાથી હિમાલયની તળેટીમાં રહેતા હતા.[૯] તે સમયે તપથી શ્રમિત થયેલા છતાં તે બુદ્ધિમાન વ્યાસે મહાભારતનું આખ્યાન રચી કાઢ્યું હતું અને તેજ અરસામાં હે રાજા ! સુમંતુ, જૈમિનિ, અત્યંત દઢ વ્રતને ધારણ કરનારો પૈલ, ચોથો હું અને તેમના પુત્ર શુકદેવજી–આ પાંચે શિષ્યો,તેમની સેવા કરવામાં તત્પર રહેતા હતા.[૧૦,૧૧] ભગવાન વ્યાસ, ઉત્તમ પાંચ શિષ્યોથી વીંટાઇને હિમાલયની તળેટીમાં જ્યારે બેસતા હતા, ત્યારે પાંચ મહાભૂતોથી વીંટાયલા ભગવાન શંકરના જેવાજ શોભતા હતા. અમે પણ, અંગસહિત વેદોનું નિત્ય આવર્તન કરનારા અને ભારતના સર્વ અર્થોનું પ્રવચન કરનારા તે એકાગ્ર મનવાળા દમગુણનિષ્ઠ વ્યાસ ગુરુનું નિત્ય સાવધાન રહીને ઉપાસન કરતા હતા.[૧૩] એક સમયે કોઈ,

એક કથાના પ્રસંગમાં અમે તે ઉત્તમ બ્રાહ્મણને, વેદ તથા ભારતના અર્થવિષે અને નારાયણથી થયેલા તમના જન્મવિષે પ્રશ્ન કર્યો.[૧૪] ત્યારે, તે તત્ત્વજ્ઞ મહર્ષિએ, પ્રથમ વેદનો તથા ભારતનો અર્થ અમને કહી સંભળાવ્યો અને પછી નારાયણથી થયેલો પોતાનો જન્મ કહેવા માંડયો.

તેમણે કહ્યું કેઃ–" હે બ્રાહ્મણો ! આદિકાળમાં ઉત્પન્ન થયેલું આ ઉત્તમ આખ્યાન, તપદ્વારા મેં જાણ્યું છે અને તે શ્રેષ્ઠ આખ્યાન 'આર્ષેય' કહેવાય છે. તે હું તમને કહું છું, સાંભળો.[૧૬] પૂર્વે, કમળ જેનું ઉત્પત્તિકારણ હતું તે–સાતમો પ્રજાસર્ગ જ્યારે પ્રાપ્ત થયો,ત્યારે શુભ–અશુભથી રહિત અને મહાતેજસ્વી યોગેશ્વર નારાયણે પોતાના નાભિકમળમાંથી બ્રહ્મદેવને ઉત્પન્ન કર્યા અને જેવા તે પ્રકટ થયા,કે તુરતજ નારાયણે તેને આ પ્રમાણે કહ્યુંઃ– " તું મારી નાભિમાંથી ઉત્પન્ન થયો છે અને પ્રજાઓની સૃષ્ટિ કરવામાં સમર્થ છે, માટે હે બ્રહ્મન્ ! તું સ્થાવરજંગમ–વિવિધ પ્રકારની પ્રજાઓ ઉત્પન્ન કર."[૧૭–૧૯] નારાયણે એ પ્રમાણે કહ્યું, એટલે બ્રહ્મદેવનું મુખ ઉતરી ગયું અને તેનું મન ચિંતાથી વ્યાકુળ થઇ ગયું. તેણે વરને આપનારા અને સર્વના ઈશ્વર દેવ હરિને પ્રણામ કરી આ પ્રમાણે કહ્યુંઃ–" હે દેવેશ ! હું આપને નમસ્કાર કરૂંછું. મારામાં તેવી શી શકિત છે, કે જેના આધારે પ્રજાઓને હું ઉત્પન્ન કરી શકું ? હું બુદ્ધિહીન છું, માટે હે દેવ ! હવે પછી આપને જે કરવું હોય તે કરો." બ્રહ્માનું એ વચન સાંભળ્યું કે તુરતજ ભગવાન, ત્યાંથી અંતર્હિત થઇ ગયા અને બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ તે દેવેશે, બુદ્ધિનું ચિંતન કરવા માંડયું. એટલે તુરતજ સ્વરૂપને ધારણ કરનારી સાક્ષાત્ બુદ્ધિ, પ્રભુ હરિ પાસે હાજર થઇ. તે પછી યોગથી પર રહેલા ભગવાને પોતે, પોતાની યોગસત્તાદ્વારા, ઐશ્વર્યરૂપ યોગમાં રહીને સર્વત્ર ગતિ કરનારી બુદ્ધિમાં પ્રવેશ કર્યો અને પછી તે અવિનાશી પ્રભુએ, બુદ્ધિને આવું વચન કહ્યુંઃ–" લોકોને ઉત્પન્ન કરવારૂપ કાર્યને સિદ્ધ કરવામાટે તું, બ્રહ્માના શરીરમાં પ્રવેશ કર." ઈશ્વરની એ આજ્ઞા થઈ એટલે તુરતજ બુદ્ધિએ બ્રહ્માના શરીરમાં પ્રવેશ કર્યો.[૨૦,૨૫] એ રીતે બ્રહ્મદેવ, બુદ્ધિથી યુકત થયા એટલે પુનઃ હરિએ તેને દર્શન આપ્યાં અને ફરી પણ કહ્યું કેઃ–" વિવિધ પ્રજાઓને તું ઉત્પન્ન કર."[૨૬] "જેવી આજ્ઞા" એમ કહીને બ્રહ્મદેવે, હરિની આજ્ઞાને મસ્તકે ચઢાવી, એટલે ભગવાન તેજ સ્થળે અંતર્ધાન થઇ ગયા અને એક મુહૂર્ત જેટલા સમયમાં પોતાના દિવ્યસ્થાનમાં જઈ પહોંચીને ત્યાં રહેલી પોતાની મૂળપ્રકૃતિમાં એકસ્વરૂપ થઇ ગયા.[૨૭,૨૮] તે પછી એક સમયે, ભગવાનને પુનઃ આવા પ્રકારની બીજી એક બુદ્ધિ સૂઝી આવી કે, " પરમેષ્ઠી બ્રહ્માએ, આ સર્વ પ્રજાઓ ઉત્પન્ન કરી છે. તેમાં દૈત્યો, દાનવો, ગંધર્વો તથા રાક્ષસો પણ પુષ્કળ છે. ખરેખર, આ બિચારી પૃથ્વી, તેઓના ભારવડે દબાઇ ગઇ છે. વળી આ પૃથ્વી ઉપર અનેક દૈત્યો, દાનવો તથા રાક્ષસો ઘણા બળવાન થશે; કેમકે તેઓ જાતજાતની તપશ્ચર્યાઓ કરીને ઉત્તમ પ્રકારનાં વરદાનો પ્રાપ્ત કરશે અને તેથી તેઓ બધા ગર્વિષ્ઠ બની જઇને દેવોને, ઋષિઓને અને તપોધનોને અવશ્ય દુઃખ દેશે;[૨૯–૩૨] માટે અનેક પ્રકારનાં સ્વરૂપો ધારણ કરીને પૃથ્વીપર મારે અવતરવું અને અનુક્રમે પાપીઓને શિક્ષા કરીને તથા સત્પુરુષોનું રક્ષણ કરીને પૃથ્વીનો ભાર ઓછો કરવો તેજ યોગ્ય છે; અને એમ કરવાથીજ આ બિચારી સત્યમૂર્તિ પૃથ્વી, પ્રજાઓને ધારણ કરી રાખશે.[૩૩,૩૪] હું પાતાલમાં રહીને શેષનાગના સ્વરૂપે પૃથ્વીને ધારણ કરી રહ્યો છું, જેથી મેં ધારણ કરેલી આ પૃથ્વી સ્થાવરજંગમ સર્વ જગતને ધારણ કરી રહી છે,[૩૫] માટે યુગે યુગે જન્મ ધારણ કરીને પૃથ્વીનું હું રક્ષણ કરીશ." આવો મનમાં વિચાર કરીને ભગવાન મધુસૂદને જગતમાં પોતાનો પ્રાદુર્ભાવ કરવામાટે અનેક પ્રકારનાં સ્વરૂપો ઉત્પન્ન કર્યાં, જેમાં વરાહ, નૃસિંહ, વામન તથા મનુષ્ય–એ ચાર સ્વરૂપો મુખ્ય હતાં.[૩૬,૩૭] પછી "આ સ્વરૂપોવડે મારે

ઉદ્ધત દેવશત્રુઓનો સંહાર કરવો" આવો સંકલ્પ કરીને જગતસ્રષ્ટા ભગવાને "મોઃ" એવા શબ્દથી ગજાવી મૂકીને સરસ્વતીનો (વાણીનો) ઉચ્ચાર કર્યો એટલે તુરતજ તે સરસ્વતીમાંથી ઉત્પન્ન થયેલો "અપાંતરતમા" નામનો મહાસમર્થ પુત્ર ત્યાં પ્રકટ થયો.[૩૮,૩૯] તે ભૂત, ભવિષ્ય તથા વર્તમાનને જાણનારો હતો, સત્યવાદી હતો અને દ્રઢતાપૂર્વક વ્રતને ધારણ કરનારો હતો. તેણે મસ્તકવડે પ્રણામ કર્યા એટલે દેવોના આદિ તથા નિવિકાર દેવ હરિએ તેને કહ્યું કેઃ—"હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ મુનિ! વેદોના આખ્યાનના સંબંધમાં તારે જૂદી જૂદી શ્રુતિઓ કરવી. હું તને આજ્ઞા આપું છું, માટે જા, મારા કહેવા પ્રમાણે તું કર." ભગવાને એ પ્રમાણે કહ્યા પછી સ્વાયંભુવ મનુનો કાળ જ્યારે ઉપસ્થિત થયો, ત્યારે ઋષિ અપાંતરતમાએ વેદોના જૂદા જૂદા વિભાગ કરી નાખ્યા, જેથી ભગવાન હરિ, તેના એ કર્મથી પ્રસન્ન થયા તેમજ તેણે તપેલા મહાન તપથી, યમથી તથા નિયમથી તેને (પ્રત્યક્ષ દર્શન આપીને) કહ્યું કેઃ—"હે પુત્ર! પ્રત્યેક મન્વંતરોમાં તું મારા પુત્રરૂપે ઉત્પન્ન થઇને આ પ્રમાણેજ વેદોનો પ્રવર્તક થઇશ અને હે બ્રહ્મન્! તું સર્વદા અચળ થઇશ તેમજ કોઇ પણ પ્રાણી તારી અવગણના કરી શકશે નહિ. વળી, ચોથો તિષ્ય નામનો કાળ (કલિકાળ) જ્યારે ઉપસ્થિત થશે, ત્યારે ભરતકુળમાં ઉત્પન્ન થયેલા કુરુવંશી રાજાઓ, પૃથ્વીપર મહાત્માઓતરીકે પ્રસિદ્ધ થશે. તેઓ પણ તારાથી ઉત્પન્ન થશે અને તેઓના કુળમાં માંહોમાંહે જ્યારે ભેદ પડશે, ત્યારે માત્ર તારાવિના એકબીજાનો વિનાશ કરવામાટે તેઓ તત્પર થશે. હે ઉત્તમ બ્રાહ્મણ! તે યુગમાં પણ તપોબળથી યુક્ત થઈને તું વેદોના અનેક વિભાગો કરીશ. પછી કૃષ્ણ (કલિ) યુગનો જ્યારે આરંભ થઈ જશે, ત્યારે તારો વર્ણ પણ કાળો થઈ જશે અને તું વિવિધ પ્રકારના ધર્મોનો તથા જ્ઞાનોનો ઉત્પાદક થઈશ.[૪૦–૪૭] તું તપશ્ચર્યા કરવામાં તત્પર રહીશ, તોપણ રાગથી મુક્ત થઇશ નહિ અને તારો પુત્ર (શુકદેવ) મહેશ્વર (શંકર)ના પ્રસાદથી રાગરહિત થઇને પરમાત્મારૂપ થઇ જશે. આ મારૂં વચન મિથ્યા થશે નહિ.[૪૮] બ્રાહ્મણો જેને પિતામહનો માનસ પુત્ર કહે છે, જેની બુદ્ધિ ઘણીજ ઉત્તમ છે, જેની કાંતિ સૂર્ય કરતાં પણ અધિક છે અને જે તપના મુખ્ય ભંડારરૂપ છે, તે વસિષ્ઠ ઋષિના વંશમાં મહાપ્રભાવશાળી પરાશર નામના મહર્ષિ ઉત્પન્ન થશે. એ પરાશર વેદના ભંડારરૂપ, સર્વ કરતાં શ્રેષ્ઠ, મહાન તપસ્વી અને તપના નિવાસરૂપ હોઈને તારા પિતા થશે. વળી એ પરાશર ઋષિ, કોઇ એક કન્યામાં ગર્ભાધાન કરશે અને તેમાંથી તું તેના પુત્રરૂપે ઉત્પન્ન થઇશ, તેથી તારૂં નામ "કાનીનપુત્ર" એ પ્રમાણે પ્રસિદ્ધ થશે.[૪૯–૫૧] તું ભૂત,ભવિષ્ય તથા વર્તમાનકાળના સર્વ સંશયોનો નાશ કરીશ અને તપોબળના પ્રભાવથી ભૂતકાળમાં વ્યતીત થયેલા હજારો યુગોને મેં બતાવેલા તું જોઇ શકીશ, તેમજ હજારો યુગોની ઉથલપાથલને તું જાણી શકીશ.[૫૨,૫૩] વળી હે મુનિ! આદિ તથા અંતરહિત અને લોકમાં ચક્રધારીતરીકે પ્રસિદ્ધ થયેલા મારૂં તું ધ્યાન કરીશ, તેથી તારૂં સત્વ ઘણું મોટું થઇ પડશે અને તારી ખ્યાતિ અતુલ થઇ પડશે, આ મારૂં વચન મિથ્યા થશે નહિ. ભવિષ્યકાળમાં સૂર્યનો પુત્ર શનૈશ્ચર નામનો મહાન મનુ થશે. તેના સમયમાં પણ હે વત્સ! મનુઆદિના ગણમાં પ્રથમ તુંજ મારા પ્રસાદથી ઉત્પન્ન થઇશ,એમાં સંશય નથી.[૫૪–૫૬] આ જગતમાં જે કંઈ જણાય છે, તે સર્વ મારૂં ચેષ્ટિત છે, તેમાં કોઇ મનુષ્ય કંઇ વિચાર કરે છે અને કોઈ મનુષ્ય કંઇ વિચાર કરે છે; પણ વસ્તુતઃ હું મારી ઇચ્છાનુસારજ કરૂં છું."

સરસ્વતીના પુત્ર ઋષિ અપાંતરતમને એ પ્રમાણે કહીને ઈશ્વર હરિએ "જા, હવે તું તારૂં કામ કર" એમ કહીને રજા આપી. તેજ હું, દેવ હરિની કૃપાથી અને તેમની આજ્ઞાથી "અપાંતરતમા" નામથી ઉત્પન્ન થયો હતો અને પુનઃ વસિષ્ઠના કુળમાં પણ જન્મ પામીને 'વ્યાસ'

એવા નામથી પ્રસિદ્ધ થયો છું.[૫૭-૫૯] એ રીતે નારાયણના પ્રસાદથી અને નારાયણના અંશથી ઉત્પન્ન થયેલો મારો પૂર્વજન્મ મેં તમને કહ્યો.[૬૦] હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ શિષ્યો! પૂર્વે, ચિત્તની પરમ એકાગ્રતા કરીને મેં પરમ દારુણ તપ કર્યું હતું.[૬૧] હે પુત્રો! તમે મને પૂછ્યું હતું તેથી અને તમે મારા ભક્ત છો તેથી તમારા ઉપરના સ્નેહને લીધે મેં મારા પૂર્વજન્મની તથા ભવિષ્યજન્મની સર્વ કથા તમને કહી છે."[૬૨]

વૈશંપાયને કહ્યું:–હે જનમેજય રાજા! ઉદાર મનવાળા અમારા ગુરુ વ્યાસ, પૂર્વે કેવી રીતે ઉત્પન્ન થયા હતા, તે વિષેની કથા તમે મને પૂછી હતી,માટે તે મેં કહી છે. હવે, હે રાજર્ષિ! સાંખ્યયોગ, પાંચરાત્ર, વેદ અને પાશુપત–એ સર્વ જ્ઞાનોના સંબંધમાં હું તને કહું છું, સાંભળ. તેમાં પ્રથમ તો એમજ સમજવું કે, એ સર્વ જ્ઞાનો ભિન્ન ભિન્ન મત ધરાવનારાં છે.સાંખ્યજ્ઞાનના વક્તા મહર્ષિ કપિલ કહેવાય છે અને યોગના વેત્તા પુરાણપુરુષ હિરણ્યગર્ભજ છે, બીજો કોઇ નથી.[૬૫] ઋષિ અપાંતરતમા, વેદોના આચાર્ય કહેવાય છે અને તેજ ઋષિને કેટલાએક મનુષ્યો, "પ્રાચીનગર્ભ" એવા નામથી પણ કહે છે.[૬૬] ભગવાન શંકર, જે ઉમાના પતિ, ભૂતોના પતિ, શ્રીકંઠ અને બ્રહ્માના પુત્ર કહેવાય છે, તેમણે શાંત ચિત્તથી "પાશુપત" નામનું જ્ઞાન કહેલું છે[૬૭] અને પાંચરાત્ર શાસ્ત્રને તો ભગવાન પોતેજ સંપૂર્ણ રીતે જાણે છે. વળી હે મહારાજા! આ સર્વ જ્ઞાનોમાં શાસ્ત્ર અને જ્ઞાનદૃષ્ટિએ જોતાં પ્રભુ નારાયણજ પરમાર્થરૂપે વર્ણવેલા છે, પરંતુ અજ્ઞાની મનુષ્યો, એ રહસ્યને સમજી શકતા નથી;[૬૮,૬૯] પણ શાસ્ત્રકર્તા વિદ્વાનો તો એમજ કહે છે કે, પ્રત્યેક શાસ્ત્રમાં ઋષિ નારાયણનેજ એક નિષ્ઠારૂપ અથવા પરમ ગતિરૂપ કહેવામાં આવ્યા છે, સિવાય બીજો કોઇ પણ પરમ ગતિરૂપ છેજ નહિ અને મારૂં પોતાનું પણ એજ વચન છે કે, વૈદિક અનુભવના બળથી જે પદાર્થોને નિઃસંશયપણે સિદ્ધ કરવામાં આવ્યા છે,તે સર્વમાં સદાકાળ હરિનો નિવાસ છે;પરંતુ જે પદાર્થો કુતર્કના બળથી સંશયભરેલા થઇ પડેલા છે,તેઓમાં હરિનો નિવાસ નથી.[૭૧] હે રાજા! પાંચરાત્રશાસ્ત્રને જાણનારાઓ પણ જો, વેદોક્ત ક્રમને અનુસરે છે તોજ એકાંતભાવને પ્રાપ્ત થઇને હરિમાં પ્રવેશ કરી શકે છે.[૭૨] હે રાજન્! સાંખ્ય તથા યોગ–એ બન્ને સનાતન છે, તેમજ સર્વે વેદો પણ સનાતન છે.વળી સર્વ ઋષિઓએ એકે અવાજે પ્રતિપાદન કર્યું છે કે, આ પુરાણ વિશ્વ, કેવળ નારાયણરૂપજ છે;[૭૩] એટલુંજ નહિ પરંતુ આ સર્વ લોકોમાં તથા સ્વર્ગ, અંતરિક્ષ, પૃથ્વી અને જળના લોકમાં જે કંઇ વેદોક્ત શુભ કર્મ અથવા વેદવિરુદ્ધ અશુભ કર્મ થઇ રહ્યું છે, તે સર્વના પ્રવર્તક ઋષિ નારાયણજ છે.[૭૪]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
" વ્યાસની ઉત્પત્તિ " એ વિષયનો
અધ્યાય ૩૪૯ મો સમાપ્ત.

અધ્યાય ૩૫૦ મો

બ્રહ્મા અને રુદ્રનો સંવાદ

॥ जनमेजय उवाच ॥

बहवः पुरुषा ब्रह्मन्नुताहो एक एव तु ॥
कोह्यत्र पुरुषः श्रेष्ठः को वा योनिरिहोच्यते॥१॥

જનમેજયે પૂછ્યું*:–હે બ્રહ્મન્! પુરુષો અનેક છે કે એકજ છે? જો અનેક પુરુષો છે તો તેમાં શ્રેષ્ઠ કોણ? અને સર્વનું મૂળ ઉત્પત્તિસ્થાન કોણ?[૧]

વૈશંપાયને કહ્યું:–" હે કુરુકુળમાં ઉત્પન્ન થયેલા રાજા! સાંખ્ય ÷ તથા યોગશાસ્ત્રના સિદ્ધાંતપ્રમાણે જગતમાં અનેક પુરુષો છે, પરંતુ વૈદિ-

---

* જગતમાં અનેક પુરુષો (આત્માઓ) ન હોય, તો એક પુરુષ બંધાય છે ત્યારે બીજો મુક્ત થાય છે. એ વ્યવસ્થા ઘટી શકે નહિ; છતાં શ્રુતિમાં તો એમજ કહ્યું છે કે, પુરુષ એકજ છે. તે ઉપરથી સંશયમાં પડીને જનમેજયે વૈશંપાયનને પૂછ્યું.

÷ કપિલમુનિનું સાંખ્ય.

ક સિદ્ધાંતને અનુસરનારા પુરુષો એ વાતને માન્ય કરતા નથી. તેઓ તો એમજ કહે છે કે, પુરુષ એકજ છે.[૨] જો કે, ઉપાધિના ભેદથી જૂદા જૂદા અનેક પુરુષો જોવામાં આવે છે, તોપણ તેઓનું મૂળસ્વરૂપ એકજ છે અને તે એકજ પુરુષ, ગુણોથી અધિક હોઇને આખા વિશ્વરૂપ છે, એના સંબંધમાં હું તને કહું છું.×[૩] આત્માનો સાક્ષાત્કાર કરનારા, તપથી યુક્ત, દમગુણને ધારણ કરનારા અને જગદ્વંદ્ય મહર્ષિ વ્યાસ ગુરુને નમસ્કાર કરી, પુરુષની એકતાવિષે હું તને કહું છું.[૪] હે રાજા ! સર્વ વેદોમાં પુરુષની એકતાવિષે સારી રીતે વર્ણન કરવામાં આવ્યું છે અને તે પ્રખ્યાત સત્યનો ઋષિઓમાં શ્રેષ્ઠ ભગવાન વ્યાસે, યથાર્થ વિચાર કર્યો છે.[૫] હે ભારત! કપિલ આદિ ઋષિઓએ, સામાન્ય નિયમ તથા અપવાદ પ્રદર્શિત કરીને અધ્યાત્મનાં અનેક શાસ્ત્રો કહ્યાં છે;[૬] પરંતુ વ્યાસે સંક્ષેપમાંજ પુરુષની એક્તા કહી બતાવી છે, તેજ હું તને મહાતેજસ્વી વ્યાસના પ્રસાદથી કહું છું.[૭]

હે રાજા ! આ વિષયમાં બ્રહ્મા તથા રુદ્રના સંવાદરૂપ એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે.[૮] હે રાજા! ક્ષીરસમુદ્રના મધ્યપ્રદેશમાં સુવર્ણસમાન કાંતિવાળો "વૈજયંત" નામનો એક મહાન પર્વત પ્રસિદ્ધ છે.[૯] ત્યાં દેવ બ્રહ્મા, પોતે એકલાજ રહીને નિત્ય અધ્યાત્મ ગતિનું ચિંતન કરતા હતા અને પોતાનું વૈરાજસદન (બ્રહ્મભુવન) છોડીને તે પર્વતનુંજ સેવન કરતા હતા.[૧૦] એક સમયે, બુદ્ધિમાન બ્રહ્મા તે પર્વત ઉપર બેઠા હતા, તેવામાં તેમના લલાટથી ઉત્પન્ન થયેલા તેમના પુત્ર રુદ્ર, દૈવેચ્છાએ ત્યાં આવી ચઢયા.[૧૧] મહાન યોગેશ્વર રુદ્ર, આકાશમાર્ગે થઇને પ્રથમ જતા હતા, પરંતુ (બ્રહ્મદેવને ત્યાં જોઇને) આકાશમાંથી તે પર્વતના શિખર ઉપર ઉતરી પડયા.[૧૨] તેમણે બ્રહ્મદેવની આગળ જઇને પ્રીતિપૂર્વક તેમના ચરણમાં વંદન કર્યું, એટલે બ્રહ્માએ પોતાના ચરણમાં પડેલા રુદ્રને જોઇને જમણા હાથવડે પકડી ઉભા કર્યા અને પછી તે સમર્થ પ્રજાપતિએ, ઘણે કાળે આવેલા પોતાના પુત્ર(રુદ્ર)ને આ પ્રમાણે કહ્યું.[૧૩,૧૪]

પિતામહે કહ્યું:—"હે મહાબાહુ ! તું ભલે આવ્યો. તું મારી સમીપમાં આવ્યો છે, તે બહુ સારૂં થયું છે. હે પુત્ર ! તારાં સ્વાધ્યાય અને તપ નિરંતર નિર્વિઘ્ને થયા કરે છે ને ? ખરેખર, તું નિત્ય ઉગ્ર તપશ્ચર્યા કરે છે, માટે તે સંબંધમાં હું તને પૂછું છું."[૧૫,૧૬]

રુદ્રે કહ્યું:—"હે ભગવન્! આપની કૃપાથી મારાં સ્વાધ્યાય અને તપ સદાય નિર્વિઘ્ને થયા કરે છે અને તે દ્વારા સર્વ જગતનું સતત કુશળ થયા કરે છે.[૧૭] મેં આપ-ભગવાનનાં ઘણાજ લાંબા સમય પહેલાં વૈરાજસદનમાં દર્શન કર્યાં હતાં, જેથી આજે આપના ચરણથી સેવાયલા આ પર્વત ઉપર હું આવ્યો છું.[૧૮] હે પિતામહ! આપ આવા એકાંતપ્રદેશમાં ગમન કરો છો, તેમાં મને પરમ કુતૂહલ થાય છે અને હું ધારૂં છું કે, આપના આ ચેષ્ટિતમાં કંઇ અલ્પ કારણ નહિ હોય.[૧૯] આપનું વૈરાજસદન, જે સર્વ કરતાં શ્રેષ્ઠ છે, ક્ષુધા તથા તૃષાથી રહિત છે, દેવો તથા અસુરોથી વસાયલું છે, અમાપ કાંતિવાળા ઋષિઓથી સેવાયલું છે અને ગંધર્વો તથા અ-

---

× વૈશંપાયનના કહેવાનો આશય એ છે કે, ઘટાકાશ, મહાકાશ-વગેરે ભિન્ન ભિન્ન દેખાતાં આકાશોનું મૂળસ્વરૂપ મહાકાશજ છે અને તે સર્વ આકાશોનો મહાકાશમાંજ લય થઇ જાય છે, જેથી આકાશ એકજ છે. તે પ્રમાણે આપણે જૂદી જૂદી ઉપાધિવાળા પુરુષોનું મૂળસ્વરૂપ એક મહાપુરુષજ છે અને આપણા સર્વનો અંતે મહાપુરુષમાંજ લય થતો હોવાથી આખા વિશ્વમાં પુરુષ એકજ છે અને આકાશ એક છે છતાં કાનનાં છિદ્રોરૂપી ઉપાધિના ભેદથી શ્રોત્રેન્દ્રિયની ભેદકલ્પના થતી હોવાથી કેટલાએક મનુષ્યો બહેરા હોય છે, છતાં બીજા કેટલાએક મનુષ્યો સારી રીતે સાંભળી શકે છે. તેજ પ્રમાણે અંતઃકરણરૂપ ઉપાધિના ભેદથીજ જીવભેદની કલ્પના કરેલી છે અને તેને લીધેજ એક પુરુષ બંધાયલો હોય છે અને બીજો પુરુષ મુક્ત થઇ જાય છે; તેમજ એક સુખી હોય છે, ત્યારે બીજો દુઃખી હોય છે.

પ્સરાઓથી વ્યાપ્ત છે, છતાં તેનો ત્યાગ કરીને આપ એકલા અહીં શામાટે આવ્યા છો?"[૨૦,૨૧]

બ્રહ્મા બોલ્યાઃ–"વૈજયંત નામના આ મહાન પર્વતનું હું નિત્ય સેવન કરૂં છું. (તેમાં કારણ એ છે કે,) અહીં રહેવાથી એકાગ્ર મનવડે વિરાટ્ પુરુષનું મારાથી ચિંતન થઇ શકે છે.[૨૨]

રુદ્રે પૂછ્યું:–"હે બ્રહ્મન્ ! આપ સ્વયંભૂએ અનેક પુરુષોને ઉત્પન્ન કર્યા છે અને હજી પણ બીજા અનેક પુરુષોને ઉત્પન્ન કર્યા કરો છો, તેમાં એ વિરાટ્ પુરુષ કોણ છે કે જે એક ઉત્તમ પુરુષનું તમે પોતે પણ ચિંતન કર્યા કરો છો? હે બ્રહ્મન્! એ મારા સંશયને દૂર કરવામાટે તમે તેનું વર્ણન કરો; કેમકે એના સંબંધમાં મને મહાન આશ્ચર્ય થાય છે."[૨૩,૨૪]

બ્રહ્મા બોલ્યાઃ–"હે પુત્ર! તેં અનેક પુરુષોના સંબંધમાં મને જે કહ્યું, તે તો આ રીતે કેવળ વિરુદ્ધજ છે અને પુરુષો અનેક છે, એવી દૃષ્ટિ કદી રાખવી પણ નહિ;[૨૫] કેમકે પુરુષ એકજ છે અને તેજ સર્વનો આધાર છે; એટલુંજ નહિ પરંતુ અનેક સ્વરૂપમાં દેખાતા સર્વ પુરુષોનું તે મૂળ કહેવાય છે. આ વિષયમાં હું તને કેહી બતાવું છું.[૨૬] એ પુરુષ વિશ્વરૂપ છે, સર્વથી શ્રેષ્ઠ છે, સર્વથી મહાન છે અને નિર્ગુણ છે. તે સનાતનમાં અનેક સ્વરૂપમાં દેખાતા આ સર્વ પુરુષો પણ નિર્ગુણ થઇને પ્રવેશ કરી શકે છે."[૨૭]

ઇતિ શ્રીમહા૦ શાતિ૦ મોક્ષ૦ પર્વમાં "નારાયણચરિત્રમાં બ્રહ્મા અને રુદ્રનો સંવાદ" એ વિષયનો અધ્યાય ૩૫૦ મો સમાપ્ત.

અધ્યાય ૩૫૧ મો

બ્રહ્મા અને રુદ્રનો સંવાદ-પુરુષની એકતાનું પ્રતિપાદન

॥ ब्रह्मोवाच ॥

शृणु पुत्र यथा ह्येष पुरुषः शाश्वतोऽव्ययः ॥
अक्षयश्चाप्रमेयश्च सर्वगश्च निरुच्यते ॥१॥

બ્રહ્માએ કહ્યું:–"હે પુત્ર! એ પુરુષ, જે કારણથી સનાતન અવિનાશી, અક્ષય, વાણી તથા મનના અવિષય અને સર્વવ્યાપક કહેવાય છે, તે હું તને કહું છું, સાંભળ.[૧] હે સત્તમ! એ પુરુષ વિશ્વાત્મા છે અને માત્ર જ્ઞાનવડેજ દર્શન કરવા યોગ્ય છે, તેથી બુદ્ધિ, ઇંદ્રિય–આદિથી યુક્ત અને શમદમાદિ ગુણોથી રહિત એવા તારાથી, મારાથી કે બીજાઓથી જોઈ શકાય તેવો નથી[૨]. તેને શરીર નથી છતાં સર્વ શરીરોમાં નિવાસ કરે છે અને શરીરોમાં વસે છે, છતાં પણ કર્મોવડે તે લેપાતો નથી.[૩] તે મારો, તારો તથા બીજાઓનો અંતરાત્મા છે અને પ્રત્યેક દેહધારીઓનો સાક્ષીભૂત હોવા છતાં કોઈનાથી કોઇ સ્થળે કદી જાણી શકાતો નથી.[૪] આખા જગતરૂપ મસ્તકવાળો, સમગ્ર વિશ્વનો ભોક્તા અને જગતમાં સર્વત્ર ચરણ, નેત્ર અને નાકવાળો તે એકજ પુરુષ, સર્વ ક્ષેત્રોમાં સ્વેચ્છાનુસાર અને સુખેથી સંચાર કરી રહ્યો છે.[૫] પ્રાણીઓનાં શરીર "ક્ષેત્ર" કહેવાય છે અને તેઓનાં શુભ–અશુભ કર્મો "બીજ" કહેવાય છે. એ સર્વને તે યોગાત્મા જાણે છે, માટે તેને "ક્ષેત્રજ્ઞ" કહેવામાં આવે છે.[૬] પ્રાણીઓમાં કોઈપણ પ્રાણી, સાંખ્યવિધિથી કે યોગવિધિથી તેની ગતિને કે અગતિને જાણી શકતો નથી.[૭] હું પોતે પણ તેની ગતિનું ચિંતન કરૂં છું, છતાં તેની ગતિને તથા અગતિને જાણી શકતો નથી, તોપણ મારા જ્ઞાનપ્રમાણે એ સનાતન પુરુષનું સ્વરૂપ હું તને કહું છું.[૮] સનાતન એવો તે એકજ પુરુષ "મહાપુરુષ" શબ્દને ધારણ કરે છે, તેનુંજ એકત્વ તથા મહત્ત્વ છે અને તેને એકનેજ પુરુષ કહેવામાં આવે છે.[૯] જેમ એકજ અગ્નિ, જગતમાં અનેક પ્રકારે પ્રકાશે છે, એકજ સૂર્ય આખા બ્રહ્માંડને પ્રકાશમાન કરે છે, એકજ વાયુ અનેક પ્રકારે વાય છે અને એકજ સમુદ્ર અનેક જળનું ઉત્પત્તિકારણ કહેવાય છે, તેમ એકજ પુરુષ, નિર્ગુણ હોવા છતાં આખા વિશ્વરૂપે ભાસે છે અને જગતનાં સર્વ સ્વરૂપો તે નિર્ગુણ પુરુષમાંજ પ્રવેશ કરે છે;[૧૦] પણ જ્યારે ગુણના વિકારભૂત એવાં શુભ–અશુભ સર્વ કર્મોનો ત્યાગ કરવામાં આવે છે, તેમજ સત્ય તથા અસત્યનો પણ ત્યાગ કરાય છે, ત્યારે નિર્ગુણસ્વરૂપ થઈ શકાય

છે.[૧૧] જે પુરુષ ચિંતન કરવાને અશક્ય તે પુરુષને જાણીને અનિરુદ્ધ,પ્રદ્યુમ્ન,સંકર્ષણ તથા વાસુદેવ–એમ ચાર સ્વરૂપે રહેલા સૂક્ષ્મભાવનું અનુક્રમે પ્રવિલાપન કરીને સમાધિનું અનુષ્ઠાન કરે છે, તે પુરુષ, અત્યંત શાંત થઇને કલ્યાણ-સ્વરૂપ પરમાત્માને પામે છે.[૧૨] એ પ્રમાણે કેટલાએક યોગમાર્ગી પંડિતો, એ પુરુષને પરમાત્મા કહે છે, કેટલાએક સાંખ્યશાસ્ત્રીઓ એકાત્મા કહે છે અને બીજા કેટલાએક જ્ઞાનચિંતક વિદ્વાનો કેવળ આત્માજ કહે છે; પરંતુ આ સર્વનો ભાવ સર્વથા એકજ છે.[૧૩] પરમાત્મા, નિત્ય નિર્ગુણ છે અને તેનેજ નારાયણ અથવા સર્વના આત્મારૂપ પુરુષ જાણવા.[૧૪] જેમ કમળનું પાંદડું જળથી લેપાતું નથી, તેમ આ પરમાત્માને કર્મનાં ફળસાથે કંઇ પણ સંબંધ નથી; પરંતુ જેને કર્મના મોક્ષસાથે તથા બંધનસાથે જોડાવું પડે છે, તે કર્માત્મા તો બીજોજ છે. (જેને 'જીવ' કહેવામાં આવે છે.)[૧૫] આ કર્માત્મા, સત્તર તત્ત્વવાળા લિંગશરીરસાથે જોડાય છે (અને તેનેજ જૂદાં જૂદાં કર્મફળ પ્રમાણે દેવ, મનુષ્ય, પશુપક્ષી–આદિ જન્મો ધારણ કરવા પડે છે.)આ રીતે એકજ પુરુષ અનેક પ્રકારનો થાય છે, (અર્થાત્ પુરુષની અંદર દેખાતું અનેકપણું કેવળ ઉપાધિને લીધેજ હોઇને તત્ત્વદૃષ્ટિએ પુરુષ એકજ છે.) એ વાત મેં તને અનુક્રમ પ્રમાણે કહી.[૧૬] જે પરમાત્મા, આ સમગ્ર લોકતંત્રના પ્રકાશક ચિજ્જ્યોતિરૂપ છે, તેજ પરમ જાણવા યોગ્ય છે, તેજ જાણનાર છે, તેજ જ્ઞાન કરવા યોગ્ય છે,તેજ માનનાર છે, તેજ માનવા યોગ્ય છે, તેજ ભોજન કરનાર અને ભોજ્ય વસ્તુ,સુંઘનાર અને સુંઘવાયોગ્ય વસ્તુ,સ્પર્શ કરનાર અને સ્પર્શ કરવાયોગ્ય વસ્તુ, દર્શન કરનાર અને દર્શન કરવાયોગ્ય, વસ્તુ સાંભળનાર અને સાંભળવાયોગ્ય, જ્ઞાતા અને જ્ઞાન કરવાયોગ્ય તથા તેજ સગુણ અને નિર્ગુણ છે. પણ હે તાત! પ્રધાન કહેવામાં આવે છે, જે વિધાતાની જેને આદ્ય સૃષ્ટિ મહત્તત્વને ઉત્પન્ન કરે છે, જેને બ્રાહ્મણો અહંકાર કહે છે અને જે લોકમાં આશીર્વાદરૂપ ગણાતાં વૈદિક ઉત્તમ કર્મોના ફળદાતા છે, તે સર્વ સનાતન અનાદિ અને અપરિણામી તે પરમાત્મારૂપજ છે અને અગ્નિહોત્રાદિ સર્વ કર્મો તે વાસુદેવને માટેજ ચિંતન કરવા યોગ્ય છે.[૧૭–૧૯] સર્વ દેવતાઓ અને શાંતચિત્તવાળા મુનિઓ, યજ્ઞશાળામાં બેસીને તેનેજ યજ્ઞભાગ અર્પણ કરે છે અને સર્વ પ્રજાઓનો આદ્ય તથા ઈશ્વર હું–બ્રહ્મા, તે પરમાત્માથીજ ઉત્પન્ન થયો છું અને તું મારાથી ઉત્પન્ન થયો છે.[૨૦] હે પુત્ર! સ્થાવરજંગમસહિત આ સર્વ જગત અને રહસ્યસહિત સર્વ વેદો પણ મારાથીજ ઉત્પન્ન થયા છે.[૨૧]એ રીતે પુરુષ ચાર મૂર્તિઓ (અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન,સંકર્ષણ અને વાસુદેવ–એ ચાર સ્વરૂપો) ધારણ કરીને પોતાની ઇચ્છાનુસાર જગતમાં ક્રીડા કરે છે.અને તે ભગવાન પોતાના જ્ઞાનથીજ જ્ઞાની હોઇને વાસુદેવરૂપ છે.[૨૨]હે પુત્ર! તેં મને જે પ્રશ્ન પૂછયો હતો તેનો મેં યથાર્થ ઉત્તર આપ્યો છે અને સાથે સાથે સાંખ્યજ્ઞાનમાં તથા યોગમાં જે પ્રમાણે વર્ણન કર્યું છે તે પણ મેં તને કહી સંભળાવ્યું છે."[૨૩]

ઈતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "નારાયણીય આખ્યાનની સમાપ્તિ" એ વિષયનો અધ્યાય ૩૫૧ મો સમાપ્ત.

અધ્યાય ૩૫૨ મો

નારદ અને ઇંદ્રનો સંવાદ–ઉત્તમ આશ્રમધર્મ કયો?

॥ युधिष्ठिर उवाच ॥

धर्माः पितामहेनोक्ता मोक्षधर्माश्रिताः शुभाः॥
धर्ममाश्रमिणां श्रेष्ठं वक्तुमर्हति मे भवान् ॥१॥

યુધિષ્ઠિરે પૂછયું:–"હે પિતામહ! મોક્ષધર્મના પવિત્ર ધર્મો તમે મને કહ્યા. હવે, સર્વ આશ્રમધર્મીઓમાં કયો આશ્રમધર્મી શ્રેષ્ઠ છે? તે મને કહો."[૧]

ભીષ્મે કહ્યું:–"હે રાજા! સર્વ આશ્રમોમાં જે જે આશ્રમધર્મનું કથન કરવામાં આવ્યું

છે, તે તે સ્વર્ગ તથા મોક્ષરૂપ મહાન ફળ મેળવવામાં સાધનરૂપ છે. ધર્મ, અનેક પ્રકારે થઇ શકે છે.તેની કોઇ પણ ક્રિયા નિષ્ફળ થતી નથી.[૨] હે ભરતશ્રેષ્ઠ રાજા! મનુષ્ય જે જે વિષયમાં અમુક એક નિશ્ચય કરે છે, તેનેજ ઉત્તમતરીકે માને છે, બીજાને ઉત્તમ માનતો નથી.[૩] હે પુરુષવ્યાઘ્ર! પૂર્વે મહર્ષિ નારદે, ઇંદ્રને જે કથા કહી હતી (જે તારા પ્રશ્નસંબંધી છે,) તે હું તને કહું છું, તેનું તું શ્રવણ કર.[૪] હે રાજન્! મહર્ષિ નારદ, સિદ્ધસ્વરૂપ હોઇને ત્રણે લોકમાં માન્ય થયેલા છે અને વાયુની પેઠે અસ્ખલિત ગતિવાળા થઇને સર્વ લોકમાં અનુક્રમે વિચર્યા કરે છે.[૫] હે મહાધનુર્ધર રાજા! તે નારદમુનિ, એક સમયે ફરતા ફરતા ઇંદ્રને ઘેર જઈ ચઢયા. એટલે ઇંદ્રે પણ તેમનો સત્કાર કર્યો ને તે પછી તેની સમીપમાં તે બેઠા.[૬] એક ક્ષણવારસુધી વિશ્રાંતિ લઇને નારદઋષિ સ્વસ્થપણે બેઠા, એટલે ઇંદ્રે તેમને પ્રશ્ન પૂછયો કેઃ–"હે નિર્દોષ મહર્ષિ! તમે કંઈ આશ્ચર્ય જોયું છે? કેમકે હે બ્રહ્મર્ષિ! તમે નિત્યસિદ્ધ છો, છતાં કંઇક કુતૂહલવાળ હોવાથી સ્થાવરજંગમ ત્રણે લોકમાં સાક્ષીની પેઠે વિચર્યા કરો છો;[૭,૮] જેથી હે દેવર્ષિ! લોકમાં કંઈપણ તમારાથી અજાણ્યું નથી, માટે તમે જે કંઈ આશ્ચર્યકારક સાંભળ્યું હોય, અનુભવ્યું હોય અથવા જોયું હોય, તે મને કહો.[૯] હે રાજન્! ઇંદ્રનાં એ વાકય સાંભળીને વકતાઓમાં શ્રેષ્ઠ ઋષિ નારદે, પોતાની સમીપમાં નમ્રતાથી બેઠેલા ઇંદ્રને એક મોટી કથા કહેવા માંડી.[૧૦] બ્રાહ્મણશ્રેષ્ઠ નારદે, જે વિધિ પ્રમાણે ઇંદ્રને કથા સંભળાવી હતી, તેજ વિધિપ્રમાણે તારા પ્રશ્ન ઉપરથી તે કથા હું તને કહું છું, તેનું તું શ્રવણ કર."[૧૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"ઉંછવૃત્તિ ઉપાખ્યાન" એ વિષયનો
અધ્યાય ૩૫૨ મો સમાપ્ત.

અધ્યાય ૩૫૩ મો

ઉત્તમ આશ્રમધર્મ કયો? (ચાલુ)

॥ भीष्म उवाच ॥

आसीत् किल नरश्रेष्ठ महापद्मे पुरोत्तमे ॥
गंगायाद क्षिणे तीरे कश्चिद्विप्रः समाहितः।१।

ભીષ્મ બોલ્યાઃ–"હે રાજા! ગંગાના દક્ષિણ તીર ઉપર આવેલા મહાપદ્મ નામના ઉત્તમ નગરમાં કોઈએક જિતેન્દ્રિય બ્રાહ્મણ રહેતો હતો.[૧] તે સ્વભાવે સૌમ્ય હતો, અત્રિગોત્રમાં જન્મેલો હતો,વેદમાં પારંગત થયો હતો, સર્વ સંશયોથી રહિત હતો, નિત્ય ધર્માચરણ કરતો હતો, ક્રોધને જિતનારો હતો, નિત્ય તૃપ્ત રહેતો હતો, ઇંદ્રિયોને વશ રાખતો હતો, તપ તથા સ્વાધ્યાય કરવામાં આસક્ત હતો, સત્ય ભાષણ બોલતો હતો, સજ્જનોમાં માન્ય થયો હતો, ન્યાયપૂર્વક દ્રવ્ય મેળવીને પોતાનું ગુજરાન ચલાવતો હતો અને પોતાના સદાચારધર્મનું પાલન કરતો હતો.[૨,૩] એ બ્રાહ્મણ, જ્ઞાતિ તથા સંબંધીઓથી વિસ્તારવાળા અને સત્વાદિક ગુણોના આશ્રયથી માન્ય થયેલા મહાન કુળમાં ઉત્પન્ન થયો હતો,તેથી ઉત્તમવૃત્તિનો આશ્રય કરીને પોતાનો નિર્વાહ ચલાવતો હતો.[૪] હે રાજન્! પોતાને ત્યાં ઘણા પુત્રોને ઉત્પન્ન થયેલા જોઈ, તે બ્રાહ્મણ મોટે ભાગે કર્મ કરવામાંજ સ્થિર થયો હતો અને પોતાના કુળધર્મ પ્રમાણે ધર્મક્રિયાઓ કર્યા કરતો હતો.[૫] એક સમયે તે બ્રાહ્મણે વેદોક્ત, શાસ્ત્રોક્ત અને શિષ્ટાચરિત–એમ ત્રણે પ્રકારના ધર્મનો મનમાં વિચાર કર્યો અને પછી તે આ પ્રમાણે બોલી ઉઠયોઃ–"અરેરે! શું કરવાથી મારૂં કલ્યાણ થાય! શું કર્યું હોય તો શ્રેય થાય! અને કયા ધર્મને ઉત્તમ આશ્રયરૂપ માનવો?" એ પ્રમાણે તે નિત્ય ખેદ કર્યા કરતો હતો અને કોઈ પ્રકારના નિશ્ચય ઉપર આવી શકતો ન હતો.[૬,૭] એ રીતે કોઈ જાતનો નિશ્ચય નહિ થવાથી પોતે કંટાળ્યો હતો, છતાં પણ પોતાના ઉત્તમ ધર્મમાં તે સ્થિર હતો. તેવામાં એક સમયે કોઈ શાંતચિત્તવાળો બ્રાહ્મણ, તેને ત્યાં અતિ-

થિતરીકે આવી ચઢયો.[૮] એટલે તે બ્રાહ્મણે, શાસ્ત્રોક્ત ક્રિયાપૂર્વક તેનો અતિથિસત્કાર કર્યો અને પછી બરાબર વિશ્રાંતિ લઇને તે સ્વસ્થ થયો, એટલે તેને (અતિથિને) આવું વચન કહ્યું.[૯]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ઉંછવૃત્તિ ઉપાખ્યાન” એ વિષયનો
અધ્યાય ૩૫૩ મો સમાપ્ત.

અધ્યાય ૩૫૪ મો

ઉત્તમ આશ્રમધર્મ કયો? (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

समुत्पन्नाभिधानोऽस्मि वाङ्माधुर्येणतेऽनघ ॥
मित्रत्वमभिपन्नस्त्वं किंचिद् वक्ष्यामि तच्छृणु॥

બ્રાહ્મણ બોલ્યોઃ–“હે નિર્દોષ અતિથિ! તમારી વાણીની મધુરતાથી ખરેખર, હું બંધાઇ ગયો છું-તમને અધીન થઇ ગયો છું અને તમારો મિત્ર થયો છું; માટે હું તમને કંઇક કહું છું, તે તમે સાંભળો.[૧] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! મારા ગૃહસ્થધર્મનો ભાર હવે મારા પુત્રોઉપર નાખીને મારે ઉત્તમ ધર્મનું આચરણ કરવું છે, પરંતુ હે દ્વિજ! એ ધર્મનો માર્ગ કયો છે? (તે હું જાણતો નથી.)[૨] હું મારા આત્માનો આશ્રય લઇને કેવળ એક આત્મામાંજ સ્થિતિ કરવા ઇચ્છું છું; (અર્થાત્ એકલો રહેવામાટે સંન્યાસ લેવાની ઇચ્છા કરૂં છું) પરંતુ સર્વસામાન્ય એવા વિષયરૂપ પાશોથી બંધાઇ જઇને વળી પાછો તે માટેની ઇચ્છા કરી શકતો નથી*.[૩] મારી અવસ્થા, પુત્રરૂપ ફળથી આશ્રિત થઇને લગભગ વીતી ગઇ છે, માટે હવે પરલોકના માર્ગમાં હિતકારક ભાથું લઇ લેવાને હું ઇચ્છું છું.[૪] આ લોકરૂપી સમુદ્રમાં તેને પેલે પાર જવાની મને પ્રબળ ઇચ્છા થઇ છે અને તેથીજ મને આવી બુદ્ધિ સૂઝી છે, પણ તેમાં મારે ધર્મરૂપ નૌકા ક્યાંથી મેળવવી ?[૫] આ મનુષ્યલોકમાં અનેક સત્વગુણી પ્રાણીઓ પણ કલેશો સાથે જોડાય છે અને અનેક પ્રકારની પીડાઓ ભોગવે છે. વળી પ્રજાઓ ઉપર અનેક પ્રકારના રોગોરૂપી યમરાજાની ધ્વજાપતાકાઓ ફરકી રહી છે, તે જોઇને મારૂં મન સાંસારિક ભોગોમાં આનંદ પામતું નથી; તેમજ સંન્યાસીઓને પારકે ઘેર ભિક્ષા માગતા જોઈ સંન્યાસધર્મમાં પણ મારૂં મન નારાજ થાય છે, માટે હે અતિથિ! તમે તમારી બુદ્ધિના બળથી (કોઈએક ઉત્તમ ધર્મ પસંદ કરી તે) ધર્મનો મને ઉપદેશ આપો.”[૬,૭]

એ પ્રમાણે ધર્મયુક્ત ભાષણ કરનાર તે બ્રાહ્મણનું વચન સાંભળીને પેલા બુદ્ધિમાન અતિથિએ,મધુરી વાણીથી આવું કોમળ વચન કહ્યું.[૮]

અતિથિએ કહ્યુંઃ–“હે બ્રાહ્મણ! હું પણ આ વિષયમાં મુંઝાયા કરૂં છું. મારો પણ એજ મનોરથ છે, પરંતુ એના સંબંધમાં મને કોઇ પ્રકારનો નિશ્ચય થઇ શકતો નથી; કેમકે સ્વર્ગનાં દ્વાર અનેક છે.[૯] કેટલાએક વિદ્વાનો મોક્ષની પ્રશંસા કરે છે, કેટલાએક બ્રાહ્મણો યજ્ઞના ફળનાં વખાણ કરે છે, કેટલાએક વાનપ્રસ્થ આશ્રમનો સ્વીકાર કરે છે, કેટલાએક ગૃહસ્થાશ્રમનો આશ્રય કરે છે, કેટલાએક રાજધર્મનો અંગીકાર કરે છે, કેટલાએક આત્મજ્ઞાનનો આશ્રય કરે છે, કેટલાએક ગુરુના સેવનરૂપ ધર્મનો સ્વીકાર કરે છે, કેટલાએક વાણીનો સંયમ કરવારૂપ ધર્મ માન્ય કરે છે, કેટલાએક માતાપિતાની સેવા કરીને સ્વર્ગમાં ગયા છે, કેટલાએક અહિંસા પાળીને સ્વર્ગમાં ગયા છે, કેટલાએક સત્યવડે સ્વર્ગમાં ગયા છે, કેટલાએક યુદ્ધમાં સામે પગલે મરણ પામીને સ્વર્ગમાં ગયા છે, કેટલાએક ઉંછવ્રતનું પાલન કરવાથી સિદ્ધ થઇને સ્વર્ગ માર્ગમાં ગયા છે, કેટલાએક વેદવ્રતમાં પરાયણ રહીને કેવળ સ્વાધ્યાયદ્વારા સ્વર્ગમાં ગયા છે, કેટલાએક પવિત્ર અને બુદ્ધિમાન પુરુષો મનમાં સંતુષ્ટ રહી જિતેન્દ્રિય થઇને સ્વર્ગમાં ગયા છે અને બીજા કેટલાએક પુરુષો, સરળ સ્વભાવના હોઇને બીજા કુટિલ માણસોને હાથે મરણ

---

* જેમ જઠરાગ્નિની મંદતાવાળો પુરુષ, અનેક પ્રકારના આહારની ઇચ્છા કરે છે, પરંતુ ઉદરના દોષથી ખાવાની ઇચ્છા કરી શકતો નથી, તેવીજ મારી સ્થિતિ છે.

પામ્યા છતાં પણ પોતાના સરળ ગુણનો ત્યાગ નહિ કરવાથી શુદ્ધચિત્ત થઈને સ્વર્ગમાર્ગે ચાલ્યા ગયા છે.[10-15] આ રીતે અનેક પ્રકારના લોકોએ ધર્મનાં અનેક દ્વાર ખુલ્લાં કરી મૂકયાં છે, જેથી મારી બુદ્ધિ પણ વાયુએ વિખેરી નાખેલી મેઘપંક્તિની પેઠે ઉદ્વિગ્ન થઈ ગઈ છે-ગોટાળામાંજ પડી ગઈ છે. ”[16]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ ઉંછવૃત્તિ ઉપાખ્યાન ” એ વિષયનો
અધ્યાય ૩૫૪ મો સમાપ્ત.

અધ્યાય ૩૫૫ મો

ઉત્તમ આશ્રમધર્મ કયો ? (ચાલુ)

॥ अतिथिरुवाच ॥

उपदेशं तु ते विप्र करिष्येऽहं यथाक्रमम् ॥
गुरुणा मे यथाऽऽख्यातमर्थतत्त्वं तु मे शृणु ॥

અતિથિ બોલ્યોઃ-“ હે બ્રાહ્મણ ! મને મારા ગુરુએ જે અર્થતત્ત્વ કહ્યું છે, તેનો હું તને અનુક્રમે ઉપદેશ આપું છું, તે તું મારી પાસેથી સાંભળ.[1] જે સ્થળે પ્રથમ આદિસર્ગમાં ધર્મચક્ર ચાલી રહ્યું હતું, તે સ્થળે ગોમતી નદીના તટઉપર આવેલા નૈમિષારણ્યમાં નાગ નામનું એક નગર છે.[2] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! તે સ્થળે સમગ્ર દેવતાઓએ પૂર્વે યજ્ઞો કર્યા હતા અને મહારાજા માંધાતાએ તે સ્થાન ઉપરજ ઇંદ્રનું અપમાન કર્યું હતું.[3] આવા માહાત્મ્યવાળા તે સ્થાનમાં એક ધર્માત્મા સર્પ રહે છે. તેનું નામ ‘ પદ્મનાભ ’ અથવા ‘ પદ્મ ’ એ પ્રમાણે પ્રસિદ્ધ છે.[4] હે ઉત્તમ બ્રાહ્મણ! કર્મ, જ્ઞાન તથા ઉપાસનારૂપ ત્રણે માર્ગમાં સ્થિતિ કરનારો તે નાગ મન, વચન અને કર્મથી પ્રાણીમાત્રને પ્રસન્ન કરે છે.[5] જે મનુષ્ય કોઈ પ્રકારે વિરુદ્ધ વર્તન કરે છે, તેને સામ, દાન, દંડ અને ભેદ-એ ચારે ઉપાયો યોજીને તે ઠેકાણે લાવે છે અને પોતાની ચક્ષુઆદિ ઇંદ્રિયોને વસ્તુતત્ત્વના ધ્યાનમાં લગાડી દઇને અનિષ્ટમાર્ગે જતાં અટકાવે છે;[6] માટે તેની પાસે જઈને તું તારા ઇચ્છિત પ્રશ્ન પૂછજે. તે તને ઉત્તમ ધર્મ બતાવશે, મિથ્યા ધર્મ કદી નહિ બતાવે;[7] કેમકે તે નાગ સર્વનો અતિથિસત્કાર કરે છે, બુદ્ધિશાસ્ત્રમાં કુશળ છે અને ઇચ્છવા યોગ્ય સમસ્ત ઉત્તમ ગુણોથી યુક્ત છે;[8] એટલુંજ નહિ પરંતુ તે નાગ, સ્વભાવે ઘણોજ શાંત છે, નિત્ય સ્વાધ્યાય કર્યાં કરે છે, તપ તથા દમગુણથી યુક્ત છે, ઉત્તમ સદાચારનું પાલન કરે છે, યજ્ઞયાગ કરે છે, મોટો દાતા છે, ક્ષમાશીલ છે, ઉત્તમ વ્રત પાળનારો છે, સત્યવાદી છે, અદેખાઈથી રહિત છે, શીલસંપન્ન છે, ઇંદ્રિયોને જિતનારો છે, પંચમહાયજ્ઞ કરતાં બાકી રહેલા અન્નનું ભોજન કરે છે, અનુકૂળ વચન બોલે છે, સર્વનો હિતકર્તા છે, સરળ સ્વભાવનો છે, કાર્ય તથા અકાર્યને ઉત્તમ પ્રકારે જાણનારો છે, સર્વની સાથે મિત્રતા રાખનારો છે, પ્રાણીમાત્રનું હિત કરવામાં પરાયણ રહે છે, ગંગાના ધરાના જેવો ગંભીર તથા પવિત્ર છે અને કુળવાન છે.[9-11]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ ઉંછવૃત્તિ ઉપાખ્યાન ” એ વિષયનો
અધ્યાય ૩૫૫ મો સમાપ્ત.

અધ્યાય ૩૫૬ મો

ઉત્તમ આશ્રમધર્મ કયો ? (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

अतिभारोद्यतस्यैव भारावतरणं महत् ॥
पराश्वासकरं वाक्यमिदं मे भवतः श्रुतम् ॥१॥

બ્રાહ્મણે કહ્યું:-“ હે અતિથિ ! જેમ મસ્તક ઉપર મોટો ભાર ઉપાડી જનારા પુરુષનો ભાર ઉતારી લેવાથી તેને ઘણુંજ સુખ થાય છે, તેમ બીજાને શાંતિ આપનારૂં તમારૂં આ વાકય સાંભળીને મને ઘણુંજ સુખ થાય છે.[1] જેમ મુસાફરી કરીને શ્રમિત થયેલા મનુષ્યને શય્યા હર્ષ

પમાડે છે, ઉભા રહીને થાકી ગયેલા મનુષ્યને આસન જેમ આનંદ પમાડે છે, તૃષાતુર થયેલા મનુષ્યને જળપાન જેમ તૃપ્ત કરે છે, ક્ષુધાતુર થયેલા મનુષ્યને ભોજન જેમ આનંદ ઉપજાવે છે, યોગ્ય સમયે આવી મળેલા અન્નથી જેમ અતિથિને આનંદ થાય છે, ઘણા સમયથી ઇચ્છા રાખનારા વૃદ્ધ પુરુષને યોગ્ય સમયે પુત્રપ્રાપ્તિથી જેવો આનંદ થાય છે અને જેનાવિષે મનમાં ચિંતન થયા કરતું હોય તેવા સ્નેહાળ ગ્ધ સંબંધીનું દર્શન થતાં જેવો હર્ષ થાય છે, તેવોજ હર્ષ તમે કહેલું વાકય સાંભળીને મને થયો છે.[૨–૪] હું આકાશસામે દૃષ્ટિ કરીને (મારી નિરાધાર સ્થિતિને) જોયા કરતો હતો અને મનમાં વિચાર કર્યા કરતો હતો તેવામાં તો તમે(આવીને) ઉત્તમ જ્ઞાનવચનો કહી સંભળાવી મને ઉપદેશ આપ્યો છે.[૫] તમે મને જે પ્રમાણે કહ્યું છે, તે પ્રમાણેજ હવે હું કરીશ; પણ હે સાધુ પુરુષ ! આજની રાત્રિ, તમે મારી સાથેજ રહો[૬] અને સંપૂર્ણ વિશ્રાંત થઇને તથા સુખપૂર્વક રાત્રિ ગાળીને પ્રભાતમાં તમારે જવું હોય ત્યાં જજો; કેમકે જુઓ, ભગવાન સૂર્ય મંદ કિરણોવાળા થઇ ગયા છે અને અસ્ત થવાની તૈયારીપર છે.”[૭]

ભીષ્મે કહ્યું:–“ હે શત્રુહંતા રાજા ! એ પ્રમાણે કહીને તે બ્રાહ્મણે, તેનો યોગ્ય સત્કાર કરવા માંડયો, એટલે પેલો અતિથિ પણ તે દિવસની રાત્રિ તેની સાથેજ રહ્યો. પછી તેઓ બન્ને જણા, ચોથા સંન્યાસધર્મનીજ વાતો કરવામાં એટલા બધા લીન થઇ ગયા, જેથી તે સમગ્ર રાત્રિ, દિવસની પેઠેજ સુખમાં પસાર થઇ ગઇ.[૯] પ્રાતઃકાળનો જ્યારે સમય થયો, એટલે તે બ્રાહ્મણે પોતાની શક્તિપ્રમાણે તે અતિથિની પૂજા કરી અને પછી પોતાનું કાર્ય સાધવાની ઇચ્છા કરી.[૧૦] ધર્મનિષ્ઠ તે બ્રાહ્મણે, મોક્ષસંબંધી કર્મો કરવાનોજ તે સમયે નિશ્ચય કર્યો હતો, તેથી તેનાં સ્વજનોએ તેને અનુજ્ઞા આપી એટલે તુરતજ પુણ્ય કરવાના નિશ્ચયવાળો તે બ્રાહ્મણ, પેલા અતિથિએ દર્શાવેલા સર્પરાજાના સ્થાનતરફ ચાલ્યો.”[૧૧]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ ઉંછવૃત્તિ ઉપાખ્યાન ” એ વિષયનો
અધ્યાય ૩૫૬ મો સમાપ્ત.

અધ્યાય ૩૫૭ મો

ઉત્તમ આશ્રમધર્મ કયો? (ચાલુ)

॥ भीष्म उवाच ॥

स वनानि विचित्राणि तीर्थानि च सरांसि च।
अभिगच्छन् क्रमेण स्म कंचिन्मुनिमुपस्थितः॥१

ભીષ્મે કહ્યું:–“ તે બ્રાહ્મણ, અનેક પ્રકારનાં વનો, તીર્થો અને તળાવોનું અનુક્રમે ઉલ્લંઘન કરતો માર્ગ કાપવા લાગ્યો. તેવામાં એક મુનિનો તેને સમાગમ થયો.[૧] બ્રાહ્મણે, પેલા અતિથિએ બતાવેલું નાગનું સ્થાન તેને પૂછયું, એટલે તે મુનિ પાસેથી તે વિષે બરાબર સાંભળીને પુનઃ તેણે આગળ ચાલવા માંડયું.[૨] અર્થવેત્તા તે બ્રાહ્મણ, યોગ્યરીતે ચાલતાં ચાલતાં અમુક સમયે તે નાગના સ્થાનસમીપ જઈ પહોંચ્યો અને ત્યાં જઇને તેણે “ હે નાગરાજા! હું એક બ્રાહ્મણ આપને ત્યાં આવ્યો છું” આવું શબ્દાલંકારવાળું વચન કહ્યું.[૩] બ્રાહ્મણનું તે વચન સાંભળી ધર્મ ઉપર પ્રેમ રાખનારી, પતિવ્રતા અને રૂપવતી એવી નાગપત્નીએ, તેને દર્શન આપ્યાં[૪] અને ધર્મપરાયણ રહેનારી તે નાગપત્નીએ સ્વાગતવચન કહીને વિધિથી તેની પૂજા કરી અને પછી “બોલો, હું તમારૂં કયું કાર્ય કરૂં.” એ પ્રમાણે બોલી.[૫]

બ્રાહ્મણ બોલ્યો:–“ હે પૂજ્ય નાગપત્નિ ! હું તમારી મધુર વાણીથી સન્માન પામી પરિશ્રમથી મુક્ત થયો છું. મને નાગદેવનાં સર્વોત્તમ દર્શન કરવાની ઇચ્છા છે.[૬] બસ, એજ મારૂં મહાન કાર્ય છે અને એજ મારી ઉત્કટ ઇચ્છા છે. હું, માત્ર તે કાર્યમાટેજ આ નાગદેવના આશ્રમમાં આજે આવ્યો છું.”[૭]

નાગપત્ની બોલી:-"હે બ્રાહ્મણ! મારા પતિ નાગદેવ, એક મહિનાના પોતાના વારા પ્રમાણે સૂર્યનો રથ ખેંચવા ગયા છે. તે લગભગ સાત આઠ દિવસમાંજ અહીં આવીને તમને અવશ્ય દર્શન આપશે.[૮] મારા પતિને જે કારણથી પ્રવાસ કરવો પડયો છે, તે કારણ તમે જાણ્યું. હવે, બીજું કયું કાર્ય છે? તેમને કહો."[૯]

બ્રાહ્મણ બોલ્યો:-" હે સાધ્વિ ! નાગદેવનાં દર્શન કરવાના નિશ્ચયથીજ હું અહીં આવ્યો છું, માટે હે દેવિ ! તેમના આવવાની રાહ જોતો આ વનમાંજ હું નિવાસ કરીશ."[૧૦] તમારા પતિ, જ્યારે અહીં આવે, ત્યારે " હું અહીં આવ્યો છું " એ વાત તેમને શાંતિથી જણાવવી અને મારા આવવાનું કારણ પણ તમારે તેમને કહેવું.[૧૧] હું પણ ગોમતી નદીના આ પવિત્ર તટ ઉપર ત્યાંસુધી નિવાસ કરીશ અને આહારનું નિયમિત સેવન કરી તમે કહેલા સમયની રાહ જોયા કરીશ. "[૧૨]

એ પ્રમાણે કહીને તે બ્રાહ્મણે, નાગપત્નીનાં મનનું વારંવાર સમાધાન કર્યું અને પછી ગોમતી નદીના તેજ તટ ઉપર તે ચાલ્યો ગયો.[૧૨]

**ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
" ઉંછવૃત્તિ ઉપાખ્યાન " એ વિષયનો
અધ્યાય ૩૫૭ મો સમાપ્ત.**

* * *

અધ્યાય ૩૫૮ મો

ઉત્તમ આશ્રમધર્મ કયો ? (ચાલુ)

॥ भीष्म उवाच ॥

अथ तेन नरश्रेष्ठ ब्राह्मणेन तपस्विना ॥
निराहारेण वसता दुःखितास्ते भुजंगमाः॥१॥

ભીષ્મે કહ્યું:-હે રાજા! તે તપસ્વી બ્રાહ્મણ, ત્યાં નિવાસ કરીને સર્વ આહારનો પણ ત્યાગ કરી બેઠો, જેથી ત્યાં વસનારા સર્પો ઘણોજ ખેદ પામ્યા.[૧] પછી નાગના બાંધવો, ભાઇઓ, પુત્રો અને સ્ત્રીઓ-એ સર્વે એકત્ર થઇને પેલા બ્રાહ્મણ પાસે ગયા[૨] અને ત્યાં જઇને તેઓએ જોયું તો નદીના તટ ઉપર એક એકાંતપ્રદેશમાં નિયમિત વ્રત ધારણ કરનારો તે બ્રાહ્મણ આહારનો ત્યાગ કરીને કંઈક મંત્રજાપ કરતો બેઠો હતો.[૩] પછી અતિથિસત્કાર કરવામાં પ્રસિદ્ધ થયેલા નાગરાજાના તે સર્વ બાંધવો, બ્રાહ્મણની સમીપમાં જઈને વારંવાર તેનું પૂજન કરવા લાગ્યા અને આવું સંદેહરહિત વાક્ય કહેવા લાગ્યા:-[૪]હે ધર્મવત્સલ તપોધન! તમે આ આશ્રમમાં આવ્યા, તેને આજે છઠ્ઠો દિવસ થઈ ગયો છે, છતાં તમે કોઈ પ્રકારના આહારમાટે કેમ કહેતા નથી?[૫] તમે અમારે ત્યાં અતિથિતરીકે આવ્યા છો, જેથી અમે તમારો સત્કાર કરવામાટે ઉપસ્થિત થયા છીએ. વળી, અતિથિનો સત્કાર કરવો એ અમારૂં કર્તવ્ય છે; કેમકે અમે સર્વે, કુટુંબથી યુક્ત છીએ.[૬] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! ફળ, મૂળ, પાંદડાં, જળ અથવા અન્ન-એમાંનું જે કંઇ તમને રુચે તેનો આહારમાટે સ્વીકાર કરી તમારે ભોજન કરવું યોગ્ય છે;[૭] કેમકે હે બ્રાહ્મણ! આહારનો ત્યાગ કરી તમે આ વનમાં નિવાસ કરો છો, તેથી ધર્મસંકટના દોષને લીધે બાળકથી વૃદ્ધપર્યંત અમારૂં સર્વ કુટુંબ મનમાં દુઃખી થાય છે.[૮] અમારા કુળમાં આજદિનપર્યંત કોઈ બાળહત્યા કરનારો થયો નથી, સંકટ સમયે પણ અસત્ય ભાષણ કરનાર કોઇ જન્મ્યો નથી અને દેવતા, અતિથિઓ તથા બંધુઓને ભોજન આપ્યા પહેલાં કોઇ ભોજન કરતો નથી.[૯]

બ્રાહ્મણે કહ્યું:-"તમારા આ ઉપદેશથી મેં આહાર કરીજ લીધો છે, એમ તમારે માનવું. નાગદેવને અહીં આવવામાટે આઠ દિવસનો અવધિ છે,છતાં આઠ દિવસ વીતી ગયા પછી પણ નાગદેવતા અહીં નહિ આવે તો આહારનો હું સ્વીકાર કરીશ, આવું તે નિમિત્તે મારૂં વ્રત છે. તમારે મારાસંબંધમાં કોઈપ્રકારનો સંતાપકરવો નહિ,તમે તમારે સુખેથી જાઓ. મારૂં આ સર્વ વ્રત નાગદેવના દર્શનનિમિત્તેજ છે, માટે

તેને ખંડિત કરવું તે તમને યોગ્ય નથી."૧૦,૧૨

હે રાજા! બ્રાહ્મણે એ પ્રમાણે આજ્ઞા આપી, એટલે તેઓ સર્વે નાગબાંધવો, બ્રાહ્મણને આહાર આપવારૂપ કાર્યમાં નિષ્ફળ થઇને પોતપોતાને ઘેર ગયા.૧૩

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ઉંછવૃત્તિ ઉપાખ્યાન" એ વિષયનો અધ્યાય ૩૫૮ મો સમાપ્ત.

અધ્યાય ૩૫૯ મો

ઉત્તમ આશ્રમધર્મ કયો ? (ચાલુ)

॥ भीष्म उवाच ॥

अथ काले बहुतिथेपूर्णे प्राप्तो भुजंगमः ॥
दत्ताभ्यनुज्ञः स्वं वेश्म कृतकर्मा विवस्वता १॥

ભીષ્મે કહ્યું:-"તે પછી કેટલાએક દિવસો વીતી ગયા અને પોતાનો અવધિકાળ જ્યારે પૂર્ણ થયો, ત્યારે નાગદેવ, પોતાનું કાર્ય સમાપ્ત કરી, સૂર્યની આજ્ઞા લઇને પોતાને ઘેર આવ્યો.૧ એટલે તુરતજ તેની સ્ત્રી પાદશૌચાદિકને માટે સર્વ સામગ્રી લઇ તેની સન્મુખ આવી, ત્યારે નાગદેવે તેને આ પ્રમાણે પૂછ્યું:-૨"હે કલ્યાણિ! દેવતાઓ તથા અતિથિઓનું પૂજન કરવામાટે પ્રથમ મેં તને જે યુક્તિયુક્ત વિધિ કહ્યો છે, તેને અનુસરીને તું વર્તે છે ને ? સ્ત્રીબુદ્ધિને અધીન થઇને અથવા મારા વિયોગથી શિથિલ થઇને હે સુશ્રોણિ! તેં ધર્મમર્યાદાને અકૃતાર્થ કરી તેનો ત્યાગ તો કર્યો નથી ?"૩,૪

નાગપત્ની બોલી:-"ગુરુની સેવા કરવી એ શિષ્યોનો ધર્મ છે, વેદોનું અધ્યયન કરવું એ બ્રાહ્મણોનો ધર્મ છે, સ્વામીની આજ્ઞા પાળવી એ સેવકોનો ધર્મ છે, લોકોનું રક્ષણ કરવું એ રાજાનો ધર્મ છે, પ્રાણીમાત્રનું રક્ષણ કરવું એ ક્ષત્રિયોનો ધર્મ છે, અતિથિસત્કારવાળા યજ્ઞો કરવા તે વૈશ્યોનો ધર્મ છે, બ્રાહ્મણો, ક્ષત્રિયો તથા વૈશ્યોની સેવા કરવી તે શૂદ્રનું કર્મ છે અને તેજ પ્રમાણે હે નાગરાજા! પ્રાણીમાત્રનું હિત ઇચ્છવું તે ગૃહસ્થોનો ધર્મ છે.૫-૭ વળી ઇંદ્રિયોને ધર્મસાથે વિશેષ સંબંધ રહેલો છે, માટે નિયમિત રીતે આહાર લેવો અને વ્રતનું પાલન કરવું તે ઇંદ્રિયોનો ખાસ ધર્મ છે.૮ હું કોનો છું, ક્યાંથી આવ્યો છું અને આ જગતમાં મારૂં કોણ છે ? આવો બુદ્ધિપૂર્વક નિત્ય વિચાર કરવો તે સંન્યાસીઓનો ધર્મ છે;૯ અને હે નાગેન્દ્ર! તમારા ઉપદેશથી હું યથાર્થરીતે જાણું છું કે, પાતિવ્રત્ય પાળવું તે સ્ત્રીઓનો પરમ ધર્મ છે.૧૦ આ રીત ધર્મને હું જાણું છું અને તમે નિત્યધર્મનિષ્ઠ મારા પતિ છો, છતાં હું સન્માર્ગનો ત્યાગ કરીને કુમાર્ગે કેમ જઇશ ?૧૧ હે મહાભાગ! દેવતાઓની ધર્મચર્યા કરવામાં મેં કદી પણ ઉણપ આવવા દીધી નથી, તેમજ અતિથિઓનો સત્કાર કરવામાં પણ નિત્યને માટે હું તત્પર રહી છું;૧૨ પરંતુ આજે સાત-આઠ દિવસ થયાં એક બ્રાહ્મણ અહીં આવ્યો છે, તે પોતાનું કાર્ય મને કહેતો નથી. માત્ર તમારાં દર્શન કરવાનીજ આકાંક્ષા દર્શાવે છે.૧૩ એ બ્રાહ્મણ તમારાં દર્શન કરવાની ઉત્કંઠાથી ગોમતીના તટ ઉપર બેસી રહ્યો છે અને તીક્ષ્ણ વ્રત ધારણ કરી વેદસ્વાધ્યાય કર્યા કરે છે.૧૪ હે નાગેન્દ્ર! તે બ્રાહ્મણે મને સત્યના સોગન આપીને આ પ્રમાણે કહ્યું છે કે, "તે નાગરાજા જ્યારે આવે ત્યારે મારી પાસે તેને અવશ્ય મોકલજો."૧૫ હે મહાબુદ્ધિમાન નાગદેવ! મારાં આ વચન સાંભળીને તમારે તે બ્રાહ્મણ પાસે જવું જોઇએ અને તમારે તેને અવશ્ય દર્શન આપવાં જોઇએ."૧૬

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ઉંછવૃત્તિ ઉપાખ્યાન" એ વિષયનો અધ્યાય ૩૫૯ મો સમાપ્ત.

અધ્યાય ૩૬૦ મો

ઉત્તમ આશ્રમધર્મ કયો?(ચાલુ)

॥ नाग उवाच ॥

अथ ब्राह्मणरूपेण कं तं समनुपश्यासि ॥
मानुषं केवलं विप्रं देवं वाऽथ शुचिस्मिते ॥१॥

નાગરાજાએ પૂછ્યું:–"હે પવિત્ર હાસ્યવાળી પત્નિ! તેં જેને બ્રાહ્મણના રૂપમાં જોયો છે,તે કોણ છે? શું,તે કેવળ મનુષ્યજાતિનો બ્રાહ્મણ છે કે કોઇ દેવ છે? હે યશસ્વિનિ! મનુષ્યજાતિનો તેવો કયો પુરુષ છે, જે મારાં દર્શન કરવાની ઈચ્છા રાખે છે છતાં પોતાને મળવામાટે મને આજ્ઞા કરી શકે છે?[2] હે કલ્યાણિ! અમે નાગદેવતાઓ દેવો, અસુરો તથા દેવર્ષિઓમાં મોટા વીર્યવાળા ગણાઇએ છીએ, બળવાન કહેવાઇએ છીએ અને શરીરમાં દિવ્ય ગંધને ધારણ કરનારા છીએ.[3] હું નિશ્ચય માનું છું કે, પ્રાણીમાત્રને અમે વંદન કરવા યોગ્ય છીએ, બીજાઓને વરદાન દેનારા છીએ, અમારા પણ અનુયાયીઓ અથવા ભકતો છે અને મનુષ્યોને તો ખાસ કરીને અમારાં દર્શન થવાં અશકયજ છે."[4]

નાગપત્ની બોલી:–" હે નાગદેવ! તેની સરળતા ઉપરથી હું જાણું છું કે, તે દેવ તો નથીજ. હે મહાક્રોધી નાગ! તેનામાં રહેલું એક લક્ષણ, હું વિશેષે કરી જાણું છું કે, તેની તમારા ઉપર અતુલ ભક્તિ છે.[5] જેમ વરસાદ ઉપર પ્રીતિ રાખનારો બપૈયો,વરસાદના જળની રાહ જુએ છે તેમ, બીજા કોઇ કાર્યની ઈચ્છાવાળો તે બ્રાહ્મણ તમારાં દર્શનની રાહ જોયા કરે છે;[6] માટે તમારાં દર્શનવિના તે બ્રાહ્મણને કોઈ જાતનું વિઘ્ન થાય, તેમ ન થવું જોઇએ. વળી આવા સત્કુળમાં ઉત્પન્ન થયેલો તમારા જેવો કોઈ પણ નાગ, અતિથિનો ત્યાગ કરીને પોતાના કુળમાં સુખેથી નજ રહી શકે;[7] માટે સ્વાભાવિક ક્રોધનો ત્યાગ કરીને તમે તેને દર્શન આપો, પણ તેની આશાનો ભંગ કરી પોતાના આત્માને બાળી નાખવાને તમે યોગ્ય નથી.[8] શાસ્ત્રકારો કહે છે કે, જે રાજા અથવા રાજપુત્ર, આશાને લીધે શરણે આવેલા મનુષ્યોનાં અશ્રુઓને લૂછતો નથી, તેને અવશ્ય ગર્ભહત્યાનુંજ પાતક લાગે છે.[9] વળી મૌન ધારણ કરવાથી જ્ઞાનફળની પ્રાપ્તિ થાય છે, દાન આપવાથી મહાન યશ મળે છે અને સત્યવાકય બોલવાથી વકતૃત્વશક્તિ પ્રાપ્ત થાય છે; એટલુંજ નહિ પણ સત્યભાષી મનુષ્ય, પરલોકમાં પૂજાય છે,[10] તેમજ પૃથ્વીનું દાન આપવાથી ઉત્તમ આશ્રમગતિ પ્રાપ્ત થાય છે અને ન્યાયપૂર્વક ધન સંપાદન કરવાથી મહાન ફળ મેળવી શકાય છે.[11] ધર્મવેત્તાઓ કહે છે કે, કોઈ પણ પુરુષ પ્રાણીમાત્રને પ્રિય અને પોતાનું હિત કરનારી હરકોઇ નિષ્પાપ ધર્મક્રિયા કરે છે, તો તેને નરકમાં જવું પડતું નથી."[12]

નાગરાજા બોલ્યો:–" હે સાધ્વિ! મારામાં રહેલું મોટું માન, અભિમાનથી ઉત્પન્ન થયેલું નથી, પણ મારી જાતિના દોષથી ઉત્પન્ન થયેલું છે. ખરેખર, મારા સંકલ્પના ક્રોધને વાણીરૂપી અગ્નિથી તેં બાળી નાખ્યો છે.[13] હે કલ્યાણિ! હવે હું જોઇ શક્યો છું કે, ક્રોધના જેવો બીજો કોઈ પણ અંધકાર જગતમાં છેજ નહિ અને તેમાં પણ આપણી સર્પજાતિ, વિશેષે કરીને તે દોષનું પાત્ર કહેવાય છે.[14] અરે! ઇંદ્રની સાથે સ્પર્ધા કરનારો પ્રતાપી રાવણ પણ, ક્રોધને અધીન થઇનેજ રામચંદ્રને હાથે રણમાં માર્યો ગયો હતો.[15] અંતઃપુરમાં રહેલો ગાયનો વાછડો પરશુરામે હરણ કર્યો, એ વાત સાંભળતાંજ અપમાનથી ઉપજેલા ક્રોધથી વ્યાકુળ બની ગયેલા કાર્તવીર્યના પુત્રો, પરશુરામને હાથે મરણ પામ્યા હતા.[16] સાક્ષાત્ ઇંદ્રની તુલના કરી શકે તેવો મહબળવાન કાર્તવીર્ય, પરશુરામને હાથે રણમાં માર્યો ગયો, તેમાં પણ ક્રોધજ કારણભૂત હતો;[17] માટે મેં પણ તારૂં આ વચન સાંભળીને તપના શત્રુરૂપ અને કલ્યાણોનો વિનાશ કરનારા ક્રોધનો ત્યાગ કર્યો છે.[18] હે વિશાળ નેત્રવાળી નિર્દોષ સ્ત્રિ! ખરેખર, હું મારા આત્માને ધન્ય માનું છું કે, મને આવી ગુણ-

સંપન્ન સ્ત્રી પ્રાપ્ત થઇ છે.[19] બસ, હવે હું ત્યાંજ જાઉં છું, કે જ્યાં તે બ્રાહ્મણ બેસી રહ્યો છે; અને તે મને જે વાક્ય કહેશે, તેમાં સર્વથા કૃતાર્થ થઇનેજ તે જશે.*[20]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ ઉંછવૃત્તિ ઉપાખ્યાન ” એ વિષયનો
અધ્યાય ૩૬૦ મો સમાપ્ત.

અધ્યાય ૩૬૧ મો

ઉત્તમ આશ્રમધર્મ કયો? (ચાલુ)

॥ भीष्म उवाच ॥

स पन्नगपतिस्तत्र प्रययौ ब्राह्मणं प्रति ॥
तमेव मनसा ध्यायन् कार्यवत्तां विचारयन् ॥१॥

ભીષ્મે કહ્યું:–“ પોતાની પત્નીને એ પ્રમાણે કહીને તે નાગરાજા, મનમાં તે બ્રાહ્મણનુંજ ધ્યાન કરતો અને તેને કયું કાર્ય હશે, તે વિષેનો વિચાર કરતો તે બ્રાહ્મણતરફ જવા ચાલી નીકળ્યો.[1] હે રાજા! બુદ્ધિમાન તે નાગરાજા, જે સ્વાભાવિક રીતેજ ધર્મ ઉપર પ્રીતિ રાખનારો હતો, તે પેલા બ્રાહ્મણ પાસે જઈને આવું મધુર વાક્ય બોલ્યો:–[2]“ હે બ્રાહ્મણ! હું તારી પાસે ક્ષમા માગીને કહું છું કે, મારાપર ક્રોધ કરવાને તું યોગ્ય નથી. તું અહીં આવ્યો છે, તેમાં તારે શું પ્રયોજન રહેલું છે?[3] હે દ્વિજ! હું તારી સન્મુખ આવીને સ્નેહપૂર્વક તને પૂછું છું કે, ગોમતીના આ એકાંત તટ ઉપર તું કોની ઉપાસના કરે છે?”[4]

બ્રાહ્મણ બોલ્યો:–“ હે શ્રેષ્ઠ નાગ! તું જાણ કે, મારૂં નામ ધર્મારણ્ય છે. હું પદ્મનાભ નાગનાં દર્શન કરવામાટે અહીં આવ્યો છું; કેમકે મારે તેનીસાથે એક કામ પડેલું છે.[5] મેં તેનાં સ્વજનો પાસેથી સાંભળ્યું છે કે, હાલમાં તે ક્યાંક બીજે સ્થળે ગયો છે, તેથી ખેડુત જેમ મેઘની રાહ જુએ તેમ, હું તેની રાહ જોઉં છું[6] અને યોગનિષ્ઠ તથા નિર્દોષ રહીને, તે નાગરાજાના કલેશ દૂર થાય અને તેનું કલ્યાણ થાય તે માટે વેદનો સ્વાધ્યાય કર્યા કરૂં છું.”[7]

નાગરાજ બોલ્યો:–“ અહો! ધન્ય! ધન્ય! હે મહાભાગ! તારૂં વર્તન કલ્યાણકારી છે, તું સત્પુરુષ છે, સજ્જન ઉપર પ્રેમ રાખનારો છે અને ખરેખર, તું નિર્દોષ છે; કેમકે પારકા તરફ પણ તું આવી સ્નેહલાગણીથી જુએ છે.[8] હે બ્રહ્મર્ષિ! તું જેને મળવા ઇચ્છે છે, તેજ હું પદ્મનાભ નાગ છું. તું તારી ઈચ્છાનુસાર મને આજ્ઞા કર. હું તારૂં શું પ્રિય કરૂં?[9] હે દ્વિજ! મેં મારાં સ્વજનો પાસેથી સાંભળ્યું કે, તું અહીં આવ્યો છે. તે ઉપરથી હું પોતેજ તારાં દર્શન કરવામાટે અહીં આવ્યો છું.[10] હે ઉત્તમ બ્રાહ્મણ! તું જે કાર્યમાટે અહીં આવ્યો છે, તે કાર્યને પૂર્ણ કરીનેજ આજે જઇશ; માટે નિશ્ચિંત થઇને તારે જે વિષયમાં મને જોડવો હોય તે વિષયમાં જોડ.[11] તું, પોતાના સર્વ હિતનો ત્યાગ કરીને અહીં મારૂં ઉપાસન કરી રહ્યો છે, તેથી અમને બધા સર્પોને તેં પોતાના ગુણોવડે ખરીદીજ લીધા છે.”[12]

બ્રાહ્મણ બોલ્યો:–“ હે મહાભાગ! તારાં દર્શન કરવાની લાલસાથી હું અહીંસુધી આવ્યો છું અને હે નાગરાજા! અમુક એક અર્થનું મને જ્ઞાન નથી, માટે તે અર્થને પૂછવાની મને ઇચ્છા છે.[13] હું વિષયોથી દૂર થઇને જીવની ગતિરૂપ પરબ્રહ્મને શોધવામાટે તૈયાર થયો છું; પરંતુ મારૂં ચિત્ત ચંચળ હોવાને લીધે ગૃહને વિષે આસક્ત થાય છે અને વળી પાછું ગૃહમાં રહેલા દોષોને જોવા લાગે છે;*[14] માટે હે પવનાશન! યશરૂપ કિરણોવાળા અને સ્વયંપ્રકાશ એવા તારા ગુણો, જે ચંદ્રનાં કિરણોની પેઠે શીતલ સ્પર્શવાળા હોઈ હૃદયને આનંદ પમાડનારા છે, તેથી યુક્ત એવો તું મારા પ્રશ્નને

---

* અર્થાત્ તે, જે કાર્ય કહેશે તેને હું સિદ્ધ કરીશ.

* આ રીતે હું ગૃહમાં આસક્ત નથી તેમ વિરક્ત પણ નથી.

પ્રથમ ઉત્તર આપ અને પછી હું તને જે કાર્ય કહું તે તું સાંભળજે.”[૧૫,૧૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
“ઉંછવૃત્તિ ઉપાખ્યાન” એ વિષયનો
અધ્યાય ૩૬૧ મો સમાપ્ત.

અધ્યાય ૩૬૨ મો

ઉત્તમ આશ્રમધર્મ કયો? (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

विवस्वतो गच्छति पर्ययेण ।
वोढुं भवाँस्तं रथमेकचक्रम् ॥
आश्चर्यभूतं यदि तत्र किंचिद् ।
दृष्टं त्वया शंसितुमर्हसि त्वम् ॥१॥

બ્રાહ્મણે પૂછ્યું:-“તું પોતાના વારાપ્રમાણે સૂર્યના એક ચક્રવાળા રથને વહન કરવા માટે જાય છે, તેથી ત્યાં સૂર્યલોકમાં તેવું કંઈ આશ્ચર્ય તારા જોવામાં આવ્યું હોય તો તું મને કહે.”[૧]

નાગ બોલ્યો:-“ભગવાન સૂર્ય અનેક આશ્ચર્યોના એક ભંડારજ છે; કેમકે જેને લીધે ત્રણ લોકમાં માન્ય થઇ પડેલાં સર્વ પ્રાણીઓ પ્રવૃત્તિ કર્યા કરે છે, જેનાં હજારો કિરણોમાં, વૃક્ષની શાખાઓમાં જેમ પક્ષીઓ નિવાસ કરે છે તેમ, અનેક સિદ્ધ મુનિઓ તથા દેવતાઓ નિવાસ કરી રહ્યા છે અને મહાસમર્થ એવો વાયુ પણ જેના મંડલમાંથી નીકળીને જેનાં કિરણોના આધારે જગતમાં વાયા કરે છે અને આકાશમાં ફુંકાયા કરે છે, તેથી મોટું આશ્ચર્ય બીજું શું હોઈ શકે?[૨-૪] હે બ્રહ્મર્ષિ! ભગવાન સૂર્ય, પ્રજાઓનું હિત ઇચ્છીને વાયુના અનેક વિભાગ કરે છે અને પછી વર્ષાઋતુમાં જળનો વરસાદ વરસાવે છે, એનાથી બીજું મોટું આશ્ચર્ય શું હોઈ શકે?[૫] જેના મંડળના મધ્યભાગમાં બિરાજેલો મહાન આત્મા, પોતાની સર્વોત્કૃષ્ટ કાંતિથી જાજ્વલ્યમાન થઇ લોકોનું નિરીક્ષણ કર્યા કરે છે, એનાથી બીજું મોટું આશ્ચર્ય શું હોઇ શકે?[૬] આકાશમાં શુક્ર નામનો જે શ્યામ મેઘ જોવામાં આવે છે, તે ભગવાન સૂર્યનોજ એક અંશ હોઇને વર્ષાઋતુમાં જળની વૃષ્ટિ કરી મૂકે છે, એનાથી બીજું મોટું આશ્ચર્ય શું હોઇ શકે?[૭] જે સૂર્ય, આઠ મહિનાસુધી પોતાનાં પવિત્ર કિરણોદ્વારા જળનું શોષણ કરી લઇને પુનઃ વર્ષાકાળ સમયે તેજ જળને પાછું આપે છે, એનાથી બીજું મોટું આશ્ચર્ય શું હોઇ શકે?[૮] હે બ્રાહ્મણ! જેના વિશેષ તેજમાં પરમાત્મા પોતે સ્થિતિ કરી રહ્યા છે, જેને લીધે સ્થાવર-જંગમસહિત આ પૃથ્વી બીજ ધારણ કરી રહી છે અને જેના મંડળમાં આદિ-અંતરહિત અને સનાતન મહાબાહુ પુરુષોત્તમ ભગવાન, નિવાસ કરી રહ્યા છે, એનાથી બીજું મોટું આશ્ચર્ય શું હોઇ શકે?[૯,૧૦] પરંતુ એ સર્વ આશ્ચર્યના કરતાં પણ એક મોટું આશ્ચર્ય, સૂર્યના સંબંધથી પ્રકાશી રહેલા આકાશમાં મેં જોયું છે, તે હું તને કહું છું, સાંભળ.[૧૧]

પૂર્વે, બરાબર મધ્યાહ્નના સમયે, સૂર્ય જ્યારે સર્વ લોકોને તપાવી રહ્યા હતા, ત્યારે સૂર્યના મંડળની સામે બીજો જાણે સૂર્ય હોય તેવો એક પ્રકાશમય પુરુષ અમારા જોવામાં આવ્યો, કે જેનું તેજ સર્વ તરફ પ્રસરી રહ્યું હતું.[૧૨] તેણે પોતાની કાંતિથી સર્વ લોકને પ્રકાશમાન કરી મૂકયા હતા અને આકાશને જાણે ચીરી નાખતો હોય તેમ સડસડાટ કરતો સૂર્યસામેજ તે ચાલ્યો આવતો હતો.[૧૩] તે સમયે તેનું તેજ, આહુતિઓનો જેમાં હોમ કરવામાં આવ્યો હોય તેવા અગ્નિના જેવું પ્રદીપ્ત કિરણોથી વ્યાપ્ત હતું અને તેનું સ્વરૂપ કોઇના જોવામાં આવતું ન હતું, તેથી બીજો જાણે સૂર્યજ હોય તેવો તે દેખાતો હતો.[૧૪] તે જ્યારે સમીપમાં આવ્યો, ત્યારે ભગવાન સૂર્યે પોતાના બન્ને હાથ તેની સામે ધર્યા એટલે તે પુરુષે પણ પોતાનો જમણો હાથ સૂર્યના હાથમાં આપી સામું સન્માન કર્યું.[૧૫] પછી જોતજોતામાં તો ગગનમંડળને ભેદીને તે પુરુષ, સૂર્યના મંડળમાં દાખલ થયો અને એક ક્ષણવારમાં તે અદ્ભુત

તેજ કેવળ સૂર્યરૂપ થઈ ગયું.[૧૬] તે સમયે એ બન્ને તેજનો જ્યારે સમાગમ થયો, ત્યારે અમારા મનમાં સંશય થઈ ગયો કે, આ બન્નેમાંથી સૂર્ય કોણ હશે ? આ રથમાં બેઠેલો છે તે સૂર્ય હશે કે, આ અહીં આવ્યો હતો તે સૂર્ય હશે ?[૧૭] એ રીતે અમને સંદેહ થયો, જેથી સૂર્યનારાયણને અમે પૂછ્યું કેઃ-"આ કયો પુરુષ બીજા સૂર્યની પેઠે ગગનમંડળને ભેદીને અહીંથી ચાલ્યો ગયો ?"[૧૮]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં
"ઉંછવૃત્તિ ઉપાખ્યાન" એ વિષયનો
અધ્યાય ૩૬૨ મો સમાપ્ત.

અધ્યાય ૩૬૩ મો

સર્વ આશ્રમધર્મોમાં *ઉંછવૃત્તિજ શ્રેષ્ઠ છે.

॥ सूर्य उवाच ॥

नैष देवोऽनिलसखो नासुरो न च पन्नगः ॥
उंछवृत्तिव्रते सिद्धो मुनिरेष दिवंगतः ॥१॥

સૂર્યે કહ્યુંઃ-"એ કોઇ દેવ, અગ્નિ, અસુર કે સર્પ ન હતો; તે તો ઉંછવૃત્તિનું વ્રત પાળીને સિદ્ધ થયેલો એક મુનિ હતો અને તે(પોતાની સિદ્ધિના બળથી) સ્વર્ગમાં ગયો છે.[૧] એ મુનિ, બ્રાહ્મણજાતિનો હોઈને ઉંછવૃત્તિનું જ્યારે પાલન કરતો હતો, ત્યારે ફળ, મૂળ તથા ખરી પડેલાં પાંદડાંનો આહાર કરતો હતો, જળનું પાન કરતો હતો અને કોઇ સમયે વાયુનું ભક્ષણ કરીને પણ સમાધિનિષ્ઠ રહેતો હતો.[૨] વળી એ બ્રાહ્મણે, વૈદિક સંહિતાઓવડે શંકરની સ્તુતિ કરી હતી અને સ્વર્ગગતિ પ્રાપ્ત કરવામાટે ઉદ્યમ કર્યો હતો, જેથી તે સ્વર્ગમાં ગયો છે.[૩] હે સર્પો! એ બ્રાહ્મણ કોઈની સંગતિ કરતો ન હતો, કોઈની આકાંક્ષા રાખતો ન હતો, નિત્ય શિલોંછવૃત્તિથી પોતાનો નિર્વાહ ચલાવતો હતો અને પ્રાણીમાત્રનું હિત કરવામાં તત્પર રહેતો હતો.[૪] ખરેખર, આ જગતમાં જેઓ ઉત્તમ ગતિને પામેલાં છે, તે પ્રાણીઓ ઉપર દેવો, ગંધર્વો, અસુરો કે સર્પો પોતાની પ્રભુતા ચલાવી શકતા નથી."[૫]

હે બ્રાહ્મણ! એ પ્રકારનું આશ્ચર્ય મેં ત્યાં જોયું હતું. જે એક મનુષ્ય જાતિનો પુરુષ પણ ઉંછવૃત્તિના પાલનથી સિદ્ધ થઈને પરમગતિને પામ્યો હતો અને હે બ્રહ્મન! હમણાં પણ તે સૂર્યની સાથે આખી પૃથ્વીમાં સંચાર કર્યા કરે છે."[૬]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ઉંછવૃત્તિ ઉપાખ્યાન" એ વિષયનો અધ્યાય
૩૬૩ મો સમાપ્ત.

અધ્યાય ૩૬૪ મો

ઉંછવૃત્તિજ શ્રેષ્ઠ છે. (ચાલુ)

॥ ब्राह्मण उवाच ॥

आश्चर्यं नात्र संदेहः सुप्रीतोऽस्मि भुजंगम ॥
अन्वर्थोपगतैर्वाक्यैः पंथानं चास्मि दर्शितः ॥१॥

બ્રાહ્મણે કહ્યુંઃ-"હે સર્પ! તેં કહ્યું તે ખરેખર આશ્ચર્ય છે, એમાં કંઇ સંદેહ નથી. હું તારાં યોગ્ય અર્થવાળાં વચનો સાંભળીને અત્યંત પ્રસન્ન થયો છું. તેં મને સત્ય માર્ગ દર્શાવ્યો છે.[૧] હે ઉત્તમ નાગરાજા! તારૂં કલ્યાણ થાઓ. હવે હું અહીંથી જઈશ. કોઇ સમયે ક્યાંય મોકલવો હોય કે આજ્ઞા કરવી હોય, ત્યારે તું મને સંભારજે."[૨]

નાગ બોલ્યોઃ-"અરે! પણ તારા હૃદયમાં રહેલું કાર્ય મને જણાવ્યાવિનાજ હમણાં તું ક્યાં જાય છે? હે બ્રાહ્મણ! જેને માટે તું અહીં આવ્યો છે, તે કાર્ય તું મને કહે.[૩] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તારા કહેવાથી અથવા નહિ કહેવાથી તારૂં કાર્ય મેં કર્યું હોય તોપણ હે સુવ્રત! મારી સંમતિ લઇને અને જ્યારે હું આજ્ઞા આપું ત્યારેજ તું જજે.[૪] હે બ્રહ્મર્ષિ! જેમ એક વૃક્ષ નીચે બેસીને મનુષ્ય ચાલી નીકળે છે, તેમ કેવળ મારાં દર્શન કરીને ચાલી નીકળવું તે તારા

---

* દાણાબજારમાં સાયંકાળના સમયે, વેપારીઓ જ્યારે ઘેર ચાલ્યા જાય, ત્યારે ત્યાં પડી રહેલા દાણાઓ વીણી લાવીને તેનાપર પોતાની આજીવિકા ચલાવવી, તેને ઉંછવૃત્તિ કહેવામાં આવે છે.

જેવા સ્નેહીને યોગ્ય નથી.[૫] હે ઉત્તમ દ્વિજ ! હું તારાપર ભક્તિવાળો છું અને તું મારાપર ભક્તિવાળો છે, તેમજ આ સર્વ નાગલોક પણ કેવળ તારોજ છે, તોપછી હે નિર્દોષ બ્રાહ્મણ ! હું તારો મિત્ર હોવા છતાં તને શી ચિંતા છે?"[૬]

બ્રાહ્મણે કહ્યું:–"હે આત્મવેત્તા નાગરાજ! ખરેખર, તું કહે છે તે તેમજ છે. સર્વથા દેવતાઓ પણ તારા કરતાં અધિક નથી;[૭] કેમકે આદિત્યમંડળમાં જે પુરુષ રહેલો છે તેજ તું છે, હું પણ તેજ છું અને જે હું છું તેજ તું છે તેમજ તું છે તે હું છું. વળી હું, તું અને સર્વ ભૂતસમુદાય તે બ્રહ્મસ્વરૂપજ છીએ.[૮] હે નાગરાજા! મને પુણ્યનો સંચય કરવાના સંબંધમાં સંશય હતો; પણ હવે હે સત્તમ! હું ઉંછવ્રતનુંજ પાલન કરીને અર્થસાધન કરીશ.[૯] હે સાધુ પુરુષ! મારો હવે એજ નિશ્ચય થઇ ચૂકયો છે; કેમકે મને ઉત્તમ સાધન મળી ગયું છે અને તેથી હું કૃતાર્થ થયો છું, માટે હે ભુજંગમ! હું તારી આજ્ઞા માગું છું, તારૂં કલ્યાણ થાઓ."[૧૦]

ઇતિ શ્રીમહા૦ શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ઉંછવૃત્તિ ઉપાખ્યાન" એ વિષયનો અધ્યાય ૩૬૪ મો સમાપ્ત.

અધ્યાય ૩૬૫ મો

ઉંછવૃત્તિની મહત્તા

॥ भीष्म उवाच ॥

स चामंत्र्योरगश्रेष्ठं ब्राह्मणः कृतनिश्चयः ।।
दीक्षाकांक्षी तदा राजँश्च्यवनं भार्गवं श्रितः।।१।।

ભીષ્મે કહ્યું:–"હે યુધિષ્ઠિર રાજા! એમ કહીને તે બ્રાહ્મણે નાગરાજાની આજ્ઞા લીધી અને પછી ઉંછવૃત્તિ સ્વીકારી લેવાનો મનમાં દૃઢ નિશ્ચય કરી, તેની દીક્ષા લેવાની ઇચ્છાથી ભૃગુગોત્રના ચ્યવન ઋષિ પાસે તે ગયો.[૧] પછી તે ચ્યવન ઋષિએ, જેના સંસ્કારો કર્યા હતા એવા તે બ્રાહ્મણે ઉંછવૃત્તિરૂપ ધર્મમાંજ સ્થિતિ કરી અને હે રાજન્! તે ધર્મવિષયની આ કથા પણ ચ્યવનને કહી સંભળાવી.[૨] હે રાજેન્દ્ર! ભૃગુવંશી ચ્યવન ઋષિએ, જનક રાજાની રાજસભામાં મહાત્મા નારદને આ કથા કહી સંભળાવી હતી[૩] અને પછી હે મહારાજા! તે નારદે, પુણ્યકર્મ કરનારા ઇંદ્રના પૂછવાથી દેવસભાની વચ્ચે આ કથા કહી હતી.[૪] હે રાજા! દેવરાજા ઇંદ્રે ઉત્તમ ગણાતા સર્વ બ્રાહ્મણોને આ પવિત્ર કથા પૂર્વે કહી હતી.[૫] હે રાજન્! જે સમયે પરશુરામની સાથે મારૂં દારુણ યુદ્ધ થયું હતું, તે સમયે વસુ નામના દેવોએ આ કથા મને કહી હતી[૬] અને હે ધાર્મિકશ્રેષ્ઠ રાજા! તેં મને પ્રશ્ન પૂછયો હતો, તેથી આ ઉત્તમ અને પવિત્ર કથા મેં તને યથાર્થ રીતે કહી છે.[૭] હે ભારત! તેં મને જે વિષયમાં પ્રશ્ન પૂછયો હતો, તે આ ઉંછવૃત્તિ સર્વોત્તમ ધર્મ ગણાય છે અને હે રાજા! તે બ્રાહ્મણ પણ ધૈર્યસંપન્ન હતો તથા ધર્માર્થને સિદ્ધ કરવામાં કોઇની આકાંક્ષા રાખતો ન હતો.[૮] વળી તે બ્રાહ્મણે સિદ્ધિ સંપાદન કરવાનો નિશ્ચય કર્યો હતો, જેથી નાગરાજાએ દર્શાવેલા આત્મકૃત્યને અનુસરીને યમ તથા નિયમોનું તે પાલન કરવા લાગ્યો, ઉંછશિલવૃત્તિ ધારણ કરી વનમાંજ રહેવા લાગ્યો અને છેવટે સદ્ગતિ પામ્યો."[૯]

ઇતિ શ્રી૦વ્યાસપ્રણીત એકલક્ષશ્લોકાત્મક મહા૦ સંહિતામાં શાંતિ૦ મોક્ષ૦ પર્વમાં "ઉંછવૃત્તિ ઉપાખ્યાન" એ વિષયનો અધ્યાય ૩૬૫ મો સમાપ્ત.

શ્રીશાંતિપર્વ સમાપ્ત

सस्ता साहित्यना उत्तम अने सस्ता ग्रंथो

खास महत्त्वना धार्मिक ग्रंथो

ગ્રંથનું નામ	પૃષ્ઠ	કદ ઇંચ	મૂલ્ય	પોસ્ટેજ
છોટમની વાણી	૨૬૪	૫×૯	૧)	૦)≡
પ્રીતમદાસની વાણી–સર્વથી મોટા સંગ્રહ	૪૨૦	૫×૯	૧॥	૦।-
અખાની વાણી–નવી આવૃત્તિ–પુષ્કળ વધારા સાથે	૫૦૦	૫×૮	૧॥	૦।=
શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા–નવી આવૃત્તિ	૭૦૦	૫॥।×૯	૨॥।	૦॥
શ્રીમદ્‌ભાગવત–ઉત્તમ ભાષાંતર	૭૦૦	૮ × ૧૧	૫)	૧)
શ્રી રામકૃષ્ણકથામૃત–બંને ભાગ ભેગા	૬૫૦	૫॥ × ૮	૨॥	૦।=
શ્રી દાસબોધ–નવી આવૃત્તિ	૬૨૦	૫॥× ૮	૨॥	૦।=
શ્રી વાલ્મીકી રામાયણ–મોટા બે ભાગમાં	૧૪૦૦	૬॥।×૧૦	૬)	૧।≡
મહાભારતનાં આદિ અને **સભાપર્વ**–ભાષાંતર	૬૦૦	,,	૨)	૦॥≡
સ્વામી રામતીર્થ–ગ્રંથ૧ થી ૪,ભાગ ૧ થી ૧૩	૨૪૦૦	૫॥ ×૮।	૮।	૧॥
સ્વામી વિવેકાનંદ–ગ્રંથ ૧ લો,ભાગ ૧–૨–૩	૫૭૫	,,	૨।	૦।=
,, ગ્રંથ ૨ જો, ભાગ ૪–૫	૬૦૦	,,	૨।	૦।=
,, ભાગ ૬–૭–૮–૯–૧૦–નોખા	૨૦૦૦	૫ ×૬॥।	૭)	૦॥।=
ગિરધરકૃત શુદ્ધ રામાયણ–ખાસ શુદ્ધ આવૃત્તિ	૭૮૪	૫॥।×૯	૨।	૦॥-
ધર્મતત્ત્વ–બંકિમકૃત ઉત્તમ ધર્મગ્રંથ	૨૪૮	૫॥ ×૮	૦॥।	૦)≡
યોગતત્ત્વ–રામચરકના ગ્રંથો ઉપરથી	૩૮૪	,,	૧।	૦।-
શ્રીભજનસાગર–બહોળા વધારાસાથે નવી આવૃત્તિ	૨૦૦	૫×૮	૦॥=	૦)≣
સ્વર્ગનું વિમાન { આ પુસ્તકો સ્વ૦અ.સું.પઢીયાર-	૩૮૪	૫×૯	૧।=	૦।
સ્વર્ગની કુંચી રચિત હોઇ એમાં અનેક	૩૭૮	,,	૧।=	૦।
સ્વર્ગનો ખજાનો દાખલાદૃષ્ટાંતપૂર્વક ઉત્તમ	૩૨૪	,,	૧।=	૦।
સ્વર્ગનો પ્રકાશ સદ્‌બોધ સમાયલો છે.	૩૩૬	,,	૧।=	૦।
શ્રીમદ્‌ભગવદ્‌ગીતા–ગુજરાતી, હિન્દી કે મરાઠી સરળ ટીકા સાથે			૦।=	૦)=
ભગવદ્‌ગીતા–મૂળ મૂળ .... મધ્યમ અક્ષર ૦।= મોટા અક્ષર ૦॥				
પંચરત્ન ગીતા–મૂળ મૂળ .... નાના અક્ષર ૦।=, મધ્યમાક્ષર ૦॥,મોટા અક્ષર ૦॥।				
છબીઓ–ભગવાનની, વ્યાસગણેશની તથા સર્વદમનની; દરેકનો ૦)-,૧૦ પ્રતના ૦॥				

उत्साह अने चेतनाप्रेरक पुस्तको

આદર્શ દૃષ્ટાંતમાળા–ભાગ–૧ લો	૩૩૬	૫॥×૮	૧)=	૦।
બંકિમનિબંધમાળા–ધર્મતત્ત્વસાથે નવી આવૃત્તિ	૫૯૦	૫॥×૮	૧॥।	૦।=
ભાગ્યના સૃષ્ટાઓ (સાદું પૂઠું)	૭૨૦	૫ ×૬॥।	૧।	૦।
સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ	૫૫૨	,,	૧।	૦)=
પ્રભુમય જીવન–અંગ્રેજીમાં લાખો પ્રત નીકળી છે.	૨૧૬	,,	૦॥।	૦)≡

આગળ ધસો—(નવી આવૃત્તિ	૪૬૯	પા।×૬	૧॥।	૦॥−
શુભસંગ્રહ	૧૫૦	પા॥×૮	૦)	૦)≡

उत्तम अने बोधदायक जीवनचरित्रो

ભારતનાં સ્ત્રીરત્નો—ત્રણ ગ્રંથોમાં	૨૧૦૦	પા॥।×૮।	૬)	૧।−
સ્વામી રામતીર્થની જીવનકથા—(ચોથા ગ્રંથરૂપે)	૬૪૦	,,	૨)	૦।≡
સ્વામી વિવેકાનંદ—સંપૂર્ણચરિત્ર (ભાગ ૯ મો)	૭૪૦	૫ ×૬॥।	૨॥	૦।−
જગતનો મહાન પુરુષ (મ૦ ગાંધીજી)	૩૫૦	,,	૧।	૦।
શ્રી શિવાજી છત્રપતિ	૫૨૮	પા॥।×૯	૨।	૦।≡
મહાન સમ્રાટ્ અકબર	૩૫૨	પા॥×૮।	૧।	૦।−
મહાત્મા ટૉલ્સ્ટૉય	૬૨૦	,,	૨॥	૦।≡
મહાન નેપોલિયન બોનાપાર્ટ	૮૪૦	,,	૩)	૦॥
વીર દુર્ગાદાસ	૨૪૦	પા।×૭।	૦॥।	૦)≡
શ્રીભક્તચરિત્ર અથવા ક્તિરસામૃત	૪૦૮	૫ ×૯	૧॥	૦।=
દાનવીર કાર્નેગી	૪૦૦	પા॥×૮	૧॥	૦॥=

इतिहास अने वैदकसंबंधी पुस्तको

રાજસ્થાનનો ઇતિહાસ—બે મોટા ગ્રંથોમાં	૧૫૩૦	૬॥।×૧૦	૧૦)	૧॥=
આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ	૭૦૦	,,	૪)	૦॥।
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન—ગાંધીજીકૃત	૧૪૦	૫ ×૬॥।	૦।−	૦)−

स्त्रीओ तथा पुरुषोमाटे बोधप्रद वार्ताओ

ટુંકીવાર્તાઓ—ભાગ ૧ થી ૪ ભેગા.	૬૦૦	૫ ×૬	૨)	૦।≡
ટુંકીવાર્તાઓ—ભાગ ૫મો—૨૮ સાંસારિક વાતો	૩૦૪	૫ ×૬॥।	૦॥।−	૦)≡
ટુંકીવાર્તાઓ—ભાગ ૬ ઠો—બોધપ્રદ ૨૭ વાતો	૩૬૦	,,	૧)	૦)≡
ટુંકીવાર્તાઓ—ભાગ ૭ મો—અનેક વાતો.	૩૫૦	,,	૧॥	૦)≡

बाळकोमाटे खास उपयोगी पुस्तको

સદ્ગુણી બાળકો—૬૯ બનાવોનો સંગ્રહ	૧૨૮	૫ × ૭॥	૦)	૦।−
બાળસદ્બોધ—વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ	૧૧૨	,,	૦।	૦॥−
બાળકોની વાતો—રસિક વાતચિતરૂપે ૨૧ પાઠ	૯૬	૫ × ૬॥।	૦।	૦)−
દુઃખમાં વિદ્યાભ્યાસ—સચોટ સાચાં દૃષ્ટાંતો	૯૦	પા॥ × ૮	૦।	૦)−
સુબોધક નીતિકથા	૧૮૪	પા।×૭।	૦।=	૦)=

સંપૂર્ણ મહાભારત, કાવ્ય **મુસલમાન મહાત્માઓ, તુલસીકૃત રામાયણ** ટીકા સાથે, **યોગવાસિષ્ઠ, ભારતના સંત અને વીર પુરુષો, સંતવાણીના બીજા ભાગો**—આ સર્વ ગ્રંથો બને તેમ સત્વર બહાર પડી જશે. સર્વ પુસ્તકોમાટે પોસ્ટેજ ઉપરાંત વી. પી. ખર્ચ પણ રૂ. ૧૦) સુધી રૂ. ૦। જૂદું ચઢે છે. રૂ. ૨૫) નાં પુસ્તકો લેવાથી કમીશન પણ મળશે. મૂલ્ય પ્રથમ મોકલી દશેક રૂ. નાં સામટાં પુસ્તકો રેલરસ્તે મંગાવ્યાથી ખર્ચ ઓછો આવશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { **મુંબાઈમાં**—કાલબાદેવીના મંદિર સામે.
અમદાવાદમાં—નદીને રસ્તે સેશનકોર્ટ પાસે

आ संस्थाना अति उत्तम अने सस्ता

ઉત્તમ ધાર્મિક ગ્રંથો	મૂલ્ય
સંપૂર્ણ મહાભારત-સાત ભાગમાં	૩૬)
શ્રીતુલસીકૃત રામાયણ-ગુજરાતી ટીકાસાથે	૬)
શ્રીવાલ્મીકિ રામાયણ-નવી આવૃત્તિ	૬)
શ્રીગિરધરકૃત શુદ્ધ રામાયણ	૨ા
શ્રીયોગવાસિષ્ઠ-મહારામાયણ-છપાય છે.	
શ્રીમદ્ ભાગવત-ઉત્તમ ભાષાંતર	૫)
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા-નવી આવૃત્તિ	૨ાા
શ્રીદાસબોધ-નવી આવૃત્તિ	૨ાા
શ્રીરામકૃષ્ણકથામૃત-બંને ભાગ ભેગા	૨ાા
સ્વામી રામતીર્થ ગ્રંથ ૧ લો-ભા. ૧ થી ૫	૨)
,, ,, ગ્રંથ ૨ જો-ભા. ૬ થી ૯	૨ા
,, ,, ગ્રંથ ૩ જો-ભા. ૧૦-૧૧	૨)
,, ,, ગ્રંથ ૪ થો-ભા. ૧૨-૧૩	૨)
સ્વામી વિવેકાનંદ ગ્રંથ ૧ લો-ભા. ૧-૨-૩	૨ા
,, ,, ગ્રંથ ૨ જો-ભા. ૪-૫	૨ા
,, ,, ભાગ ૬ થી ૮ નોખા	૩ા
,, ,, ભાગ ૯મો-સંપૂર્ણ ચરિત્ર	૨ાા
,, ,, ભાગ ૧૦મો-રાજયોગ	૧ા
ભગવદ્ગીતા-ગુજરાતી ટીકાસહિત ફરી છપાશે.	૦ા=
ભગવદ્ગીતા-મરાઠી કે હિંદી ટીકા સહિત	૦ા=
ભગવદ્ગીતા-મૂલમાત્ર-મધ્યમાક્ષર ૦ા, સ્થૂલાક્ષર	૦ાા
પંચરત્નગીતા-નાના ૦ા, મધ્યમ ૦ા=, સ્થૂલ	૦ાા
છોટમની વાણી	૧)
અખાની વાણી-મનહર પદસાથે	૧ાા
પ્રીતમદાસની વાણી-સચરિત્ર મોટો સંગ્રહ	૧ાા
ધર્મતત્ત્વ-બંકિમચરિત્ર સાથે	૦ાાા
યોગતત્ત્વ	૧ા
શ્રીભજનસાગર-નવી આવૃત્તિ	૦ા~
સ્વર્ગનું વિમાન-અ. સું. પઢિયારકૃત	૧ા=
સ્વર્ગની કુંચી ,, ,, ,,	૧ા=
સ્વર્ગનો ખજાનો ,, ,, ,,	૧ા=
સ્વર્ગનો પ્રકાશ ,, ,, ,,	૧ા=
મહાભારતનું શાંતિપર્વ-બીજી આવૃત્તિ	૫)
બીજા મહાત્માઓની સંતવાણી-હવે પછી છપાશે	
શ્રીભગવતી ભાગવત-થોડાજ સમયમાં નીકળશે.	

ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો

બંકિમનિબંધમાળા-ધર્મતત્ત્વ સાથે	મૂલ્ય ૧ાાા
આદર્શ દૃષ્ટાંતમાળા	૧)=
ભાગ્યના સૃષ્ટાઓ-(સાદું પૂઠું)	૧ા
સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ	૧ા
પ્રભુમય જીવન	૦ાા
આગળ ધસો-નવી આવૃત્તિ	૧ાાા
શુભસંગ્રહ-ભાગ ૧ લો-ત્રીજી આવૃત્તિ	૦ા
શુભસંગ્રહ-ભાગ ૨ જો	૨)

ઇતિહાસ અને વૈદક સંબંધી પુસ્તકો

રાજસ્થાનનો ઇતિહાસ-બે મોટા ગ્રંથોમાં	૧૦)
આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ	૪)
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન-ગાંધીજીકૃત	૦ા~

બોધદાયક જીવનચરિત્રો

ભારતનાં સ્ત્રીરત્નો—ત્રણે ગ્રંથ, નવી આવૃત્તિ	૬)
કાઉન્ટ ટૉલ્સ્ટૉયનું જીવનચરિત્ર	૨ાા
મહાન નેપોલિયન બોનાપાર્ટ	૩)
સ્વામી રામતીર્થની જીવનકથા	૨)
સ્વામી વિવેકાનંદનું સંપૂર્ણ ચરિત્ર	૨ાા
જગતનો મહાન પુરુષ (મ૦ ગાંધીજી)	૦ાાા
મહાન સમ્રાટ્ અકબર	૧ા
શ્રી શિવાજી છત્રપતિ	૨ા
વીર દુર્ગાદાસ	૦ાાા
ભક્તચરિત્ર અથવા ભક્તિરસામૃત	૧ાા
દાનવીર ઍન્ડ્રુ કાર્નેગી	૧ાા

બોધપ્રદ સામાજિક ટુંકી વાર્તાઓ

ટુંકી વાર્તાઓ-ભાગ ૧થી ૪-૬૬વાતો	૨)
ટુંકી વાર્તાઓ-ભાગ ૫ મો-૨૮ વાતો	૦ાાા~
ટુંકી વાર્તાઓ-ભાગ ૬ ઠ્ઠો-૨૭ વાતો	૧)
ટુંકી વાર્તાઓ-ભાગ ૭ મો-અનેક વાતો	૧ાા
દયાળુ માતા અને સદ્ગુણી પુત્રી	૦ા

બાળકો માટે ખાસ પુસ્તકો

સદ્ગુણી બાળકો-૬૯ ટુંકાં બાળચરિત્ર	૦ા
બાળસદ્બોધ-વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ	૦ા
બાળકોની વાતો-રસિક વાતચિતરૂપે ૨૧ પાઠ	૦ા
દુઃખમાં વિદ્યાભ્યાસ-સચોટ સાચાં દૃષ્ટાંતો	૦ા
સુબોધક નીતિકથા-બીરબલની લખેલી	૦ા=

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ અને મુંબઈ—૨